શ્રી સિદ્ધચક્ર

વર્ષ - ૫

(પાક્ષિક)

: પ્રકાશક :
સિદ્ધચક્ર માસિક પુનર્મુદ્રણ સમિતિ
જંબૂદ્વીપ જૈન પેઢી
પાલીતાણા - ૩૬૪૨૭૦

: સંપાદક :
પ.પૂ.આ.
શ્રી અશોકસાગરસૂરીશ્વરજી
મ.સા.

પૂ.આગમોદ્ધારક તથા તેઓશ્રીની

વિદ્વત્ કુલ મંડન શ્રુતસ્થવિર

શ્રી ઝવેરસાગરજી મ.સા.

પ્રથમ ગચ્છાધિપતિ

પૂ.આ. શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મ.સા.

આગમોદ્ધારક પૂ.આ.

શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.

શાસન સુભટ

પૂ.ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.સા.

વિ

શ્રી મહ

PADMAVATI

મવાણીને સુરક્ષીત રાખનારા પૂજ્યો

રજીમ. સા.

પ્રૌઢ પ્રતાપી

પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ

પૂ. આ. શ્રીહેમસાગરસૂરીશ્વરજી મહારાજ

જંબૂદ્વીપ પ્રણેતા

પૂ. પં. ગુરૂદેવ શ્રી અભયસાગરજી મ.સા.

પૂ. આ. ભગવંત

શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.સા.

શ્રી સિદ્ધચક

વર્ષ - ૫

(પાક્ષિક)

: પ્રકાશક :
સિદ્ધચક માસિક પુનર્મુદ્રણ સમિતિ
જંબૂદ્વીપ જૈન પેઢી
પાલીતાણા - ૩૬૪૨૭૦

: સંપાદક :
પ.પૂ.આ.
શ્રી અશોકસાગરસૂરીશ્વરજી
મ.સા.

-: પ્રાપ્તિ સ્થાન :-

શ્રી જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી
તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
ટે. નં. : ૨૩૦૭ - ૪૨૦૨૨

આગમોદ્ધારક પ્રતિષ્ઠાન
C/o સેવંતિભાઈ શાંતિલાલ શાહ
છાણી (વડોદરા) પીન : ૩૯૦૭૪૦
ટે. નં. : ૭૭૧૯૯૪

અશોકભાઈ સૂરજમલ શાહ
ન્યુ ગુજરાત ટ્રેડીંગ કાું.
બહુઆની પોળ, રાયપુરચકલા, અમદાવાદ-૧.
ટે. નં. : (ઓ.) ૨૧૪૭૧૭૨

આગમોદ્ધારક સંસ્થા
આગમ મંદિર રોડ,
ગોપીપુરા,
સૂરત, પીન : ૩૯૫૦૦૧

ગોડીજી જૈન દેરાસર
૧૨ - પાયધુની, વિજ્યવલ્લભ ચોક,
મુંબઇ - ૪૦૦૦૦૨

ઋષભદેવ કેશરીમલ જૈન શ્વે. પેઢી
બજાજ ખાના,
રતલામ (મ.પ્ર.)
પીન : ૪૫૭૦૦૧

ઋષભદેવ છગનીરામ પેઢી
શ્રીપાલ માર્ગ, ખારાકૂવા, ઉજ્જૈન (મ.પ્ર.)
પીન : ૪૫૬૦૦૬
ટે. નં. : ૫૫૩૩૫૬

સંવત :- ૨૦૫૮
કીંમત :- ૨૫૦/-
આસો. સુ. ૧૦
તા. ૧૫/૧૦/૨૦૦૨

મુદ્રક :- "કનક ગ્રાફીક્સ" : નેમ-પ્રભા પ્રીન્ટર્સ, ગોપીપુરા, સુરત. ફોન - ૭૪૧૯૩૪૯

નોંધ :- આ ગ્રંથ જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી ગૃહસ્થોએ જ્ઞાનખાતામાં રકમ ભરીને માલીકી કરવી.

પ્રશંસનીય પ્રસ્તાવના

જૈન શાસનના સ્થંભ આગમોદ્ધારકશ્રીના પ્રવચન સોહામણા

વર્તમાન યુગમાં લોકોના જીવનમાં સદ્‌વિચાર અને સદ્‌વર્તનનું સર્જન કરે એવા સાગરજી મહારાજજીના સાત્વિક પ્રવચનોની ઘણી જરૂર છે. ગુણો મેળવવાની તાલાવેલી જગાડે તેવી વાંચન સામગ્રી તથા વિશિષ્ટ સાહિત્યની જરૂરિયાત છે. જૈન શાસનમાં આગમની ખોટ પડી. ઘણા શાસ્ત્રો મુસલમાનોએ નાશ કર્યા જે રહ્યા તે પરદેશી મોં માંગ્યા દામ આપી લઈ ગયા. એ ખોટને પુરી કરવા સાગરજી મહારાજ મારવાડ ગયા. મોટી સાદડીમાં સ્થાનકવાસી સાથે ચર્ચા થઈ અને સ્થાનકવાસી નિરૂત્તર થઈને ચાલ્યા ગયા. આજે પણ ત્યાંના શ્રાવકો આનંદસાગરજીને નામથી યાદ કરે છે. અમે મારવાડ ગયા ત્યારે સાગરજી મહારાજની પ્રશંસા થઈ તે સાંભળતા અમે પણ ખુશ થયા.

ત્યાંથી સાગરજી મહારાજ માલવ દેશમાં ગયા ત્યાં શાસ્ત્રોના ખંડ-ખંડ ભેગા કરી મેવાડ ઉદેપુર ગયા ત્યાં ગોરજી મહારાજ પાસેથી આગમ વાંચવા મળ્યા. આયંબિલ તપમાં ગોરજી મહારાજ પાસે આગમ વાંચ્યા અને સાગરજી મહારાજ આગમોનું લખાણ કરતા ગયા. સાગરજી મહારાજની તીવ્ર બુદ્ધિ જોતા ગોરજી મહારાજ ખુશ થઈ ગયા. તે ટાઈમે મેડતાના શ્રાવકોએ ગોરજી મહારાજને ચાતુર્માસ કરવાની વિનંતી કરી અને કહ્યું આ વખતે ખત્તરગચ્છના વિદ્વાન સાધુઓ ચોમાસામાં આવવાના છે જો આપ પણ પધારશો તો અમારા અહોભાગ્ય.

ગોરજી મહારાજે તે શ્રાવકોને કહ્યું આ મુનિરાજને વિનંતી કરો. શ્રાવકોએ કહ્યું અમારે સામાન્ય મુનિનું કામ નથી ગોરજી મહારાજે કહ્યું આ કોઈ સામાન્ય મુનિ નથી. અને ગોરજી મહારાજે સાગરજી મહારાજને મેડતા ચાતુર્માસ કરવા મોકલ્યા.

સાગરજી મહારાજનો સારી રીતે નગરપ્રવેશ થયો ખતરગચ્છના સાધુઓ તેમની સામે શાસ્ત્રો અંગેની ચર્ચામાં ટકી શક્યા નહિ તેથી નિરૂત્તર અને નિસ્તેજ થઈ ખતરગચ્છા સાધુઓ ચાલી ગયા. મેડતાના શ્રાવકો બોલ્યા અમે તો કાચ લેવા નીકળ્યા હતા અને મહામુલું રત્ન અમને મલી ગયું અમારા તો ભાગ્ય ખુલી ગયા. આનો પડઘો ચારેબાજુ પડવાથી ગામે-ગામથઈ લોકો આગમોદ્ધારક સાગરજી મહારાજને વંદન કરવા આવે છે અને પોતાને ગામ કે શહેર પધારવા વિનંતી કરે છે.

ઉદેપુર ગોરજી મહારાજને આ સમાચાર મળતાં તેઓ ખુબ ખુશ થયા અને તેમને કહ્યું કે જૈન શાસનને દિપાવનાર આ મહાન સાધુ ખરેખર જૈન ધર્મના ઝંડા ફરકાવશે ચોમાસા પછી સાગરજી મહારાજ ઉદેપુર આવ્યા ગોરજી મહારાજે તેઓને ધન્યવાદ આપ્યા અને ગોરજી મહારાજે સાગરજી મહારાજને આગમનું વાંચન કરાવ્યું. વાંચન દરમ્યાન સાગરજી મહારાજે જેટલા આગમ મળ્યાં તેટલા લખી લીધા ત્યારબાદ તેઓ ત્યાંથી સૂરત પધાર્યા.

જૈનશાસન રત્નાકર સમુદ્ર જેવું છે એની અંદર રત્નો ભરેલા છે. તે શાસ્ત્રોમાંથી સાગરજી મહારાજે તત્વ રત્નને મેળવ્યું તથા આગમના તાત્વિક-માર્મિક અને મહત્વપૂર્ણ વ્યાખ્યાનો આપી અનેક આત્માઓના દિલ-દિમાગ પર અદ્‌ભૂત અસર કરી, વૈરાગ્યના રંગે રંગી મોક્ષમાર્ગના મુસાફરો બનાવ્યા.

પૂજ્યશ્રીના પ્રવચનોની તેમના શિષ્યોએ નોંધ કરી અને તે પુસ્તક તથા સિદ્ધચક્ર માસિક રૂપે પ્રકાશિત કર્યું અને તત્વજ્ઞાનીઓની તૃષા દૂર કરી આગમોદ્ધારક પ્રવચનકાર આચાર્યદેવ શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબે સાધુઓને આપેલ વાચનાઓ અને વાર્તાલાપ આદિમાં એવા સુયોગ્ય વચનોનો પ્રયોગ કર્યો છે કે જે સદા માટે સુંદર વચનામૃતો બની ગયા છે. પૂજ્યશ્રીનો આપણા ઉપર અસીમ ઉપકાર છે. પૂજ્યશ્રી અલૌકિક અને અદ્‌ભૂત ગુણ રત્નોના ભંડાર હતા. આગમોદ્ધારકશ્રીના પ્રવચનોથી જનમોજનમની તૃષ્ણા શમી જાય છે. વિષય-કષાયના ઉકળાટ શાંત થઈ જાય છે અને આપના કલ્યાણના દ્વાર ખૂલી જાય છે.

પૂજ્ય આગમોદ્ધારક બહુશ્રુત આચાર્ય શ્રીમદ્ આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે જેવી રીતે જ્ઞાન ક્ષેત્રે યોગદાન આપેલું છે તેવી જ રીતે તીર્થક્ષેત્રે રક્ષા માટે પણ તેઓશ્રીએ અમૂલ્ય યોગદાન આપેલું છે. આવા આગમોદ્ધારકશ્રીના આગમિક-તાત્વિક પ્રવચનો જે સિદ્ધચક્ર માસિકમાં છપાયેલા હતા જે હાલમાં અલભ્ય બનતા આચાર્યશ્રી અશોકસાગરસૂરીજી મહારાજે ભગીરથ પુરૂષાર્થ કરી ફરીથી છપાવવાનું કાર્ય કર્યું છે.

આગમના તાત્વિક પ્રવચનો સૌ કોઈ જિજ્ઞાસુ વાંચે-વિચારે અને પોતાનું કલ્યાણ કરે તો અશોકસાગરસૂરીજી મહારાજનો પુરૂષાર્થ લેખે લાગ્યો ગણાશે અને તેનો લાભ લઈ સૌ કોઈ અજર-અમર પદના ભોક્તા બને એજ મંગલ અભિલાષા.

પરમપૂજ્ય ગુરૂદેવ

દર્શનસાગર સૂરીશ્વરજીના પટ્ટધર શિષ્ય

જીતેન્દ્રસાગરસૂરિ

સંપાદકની કલમે

રળીયામણી શરદપૂર્ણિમાનાં સૌમ્ય દિવસે બહુશ્રુત આગમોધ્ધારક રુપ હિમાલય પરથી આગમવાણી રુપ ગંગાનું અવતરણ સિદ્ધચક્ર પાક્ષિક રૂપે વીર સં. ૨૪૫૮ વિ.સં. ૧૯૮૮ આજથી ૬૮ વર્ષ પૂર્વે થયું જેના સતત ૨૮ વર્ષ સુધી જિનશાસન રૂપી વિશ્વપર ધસમસતા પવિત્ર પ્રવાહથી અનેક સાધુ સાધ્વી, શ્રાવક-શ્રાવીકાની આગમ જિજ્ઞાસા રુપિ તૃષાથી ત્રસ્ત આત્માઓને તૃપ્તીનું કારણ બન્યું એટલું જ નહી આ આગમગંગાનો પ્રવાહ અનેક નાની નાની નદીઓ રૂપી ગ્રંથો અને પુસ્તકોમાં આજે પણ વહી રહ્યો છે.

ગંગાનો પ્રવાહ તો એકજ દિશામાં વહી રહ્યો છે. ત્યારે આ પૂ. આગમોધ્ધારકશ્રીની આગમ વાણીનો પ્રવાહ ચારે બાજુ વહ્યો છે જૈન શાસનનો આજે વિદ્યામાન દરેક સમુદાય ગચ્છ સંપ્રદાય વર્ગમાં એવો એકેય વર્ગ શોધ્યો નહી મળે કે જેઓએ આ .પૂ. આગમોધ્ધારકશ્રીની વાણીસમ ગંગાનો આસ્વાદ ન માન્યો હોય.

પૂજ્યપાદ આગમોધ્ધારકશ્રીનું સાહિત્ય જેટલું પ્રગટ થયું તેટલું હજી અપ્રગટ પેન્સીલોથી લખાયેલ સાહિત્ય પ્રગટ થવાની રાહ જોઈ રહ્યું છે.

પૂ. સાગરજી મ.ના વચનો ટંકશાળી ગણાય છે. તેઓશ્રી શું બોલ્યા ? તેઓશ્રીએ શું લખ્યું ? તેમનાં વચનો અડીખમ પથ્થર પરની લકીર જેવા સૌ ગણે છે.

અમદાવાદ જૈન નગરમાં મારા સં. ૨૦૪૯ નાં ચાતુર્માસમાં ભોજકકુલઅવતંસ પંડિત શ્રી અમૃતભાઈ વારંવાર આવતા મઝેની જ્ઞાનગોષ્ઠી થતી તેમાં તેઓએ એક અનોખો પ્રસંગ કહ્યો જેને તેજ વખતે મે નોટમાં લીપીબધ્ધ કરેલ. વાત એમ હતી કે તેરાપંથી સંપ્રદાય શ્રીભગવતિજી સૂત્રનું પ્રકાશન કરી રહી હતી તેમાં એક ન એવા સ્થાને ગોઠવાઈ ગયેલ કે કેમેય કરી અર્થ બેસે નહિ. આ ન બિનજરૂરી લાગતો હતો. મુનિઓ બેઠા, પંડિતો બેઠા, ચર્ચાઓ ચાલી પણ સાગરજીમહારાજે આ ન છાપ્યો છે માટે જરૂર કોઈ રહસ્યાર્થ હશે. જો કે તે ન એ પ્રેસમીસ્ટીક હતી. છતાંય સાગરજીનો ન કાઢતાં ધ્રુજારી છૂટતી. આવું તો તેઓશ્રીનું આગમ વિષયક આગવું પ્રભુત્વ હતું. આગમ પ્રભાકર પૂજય મુનિ શ્રી પૂન્યવિજજી મ.સા.ના પણ પૂ. સાગરજી મ. પ્રત્યેની નીષ્ઠાનાં અનેક આવા પ્રસંગો પંડિતજી પાસેથી જાણવા મળ્યા બીજા પણ કેટલાય પ્રસંગો છે જેમાં પૂજય મ.ની બહુશ્રુતતા આજે પણ ઝળકી રહી છે.

સં. ૨૦૫૪ નાં જંબૂદ્વીપનાં ચાતુર્માસ દરમ્યાન એક દિવસ પૂ.આ.શ્રી. નરેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.ની પાસે બેઠો હતો. સિધ્ધચક્ર માસીક આગમવાણીનાં અણમોલ ખજાનાં જેવું અત્યારે જીર્ણશીર્ણ

હાલતમાં છે. આનું પુન : પ્રકાશન ખૂબજ જરુરી છે. નહી તો આ આગમોનાં રહસ્યાર્થો જણાવનારો આ ખજાનો નષ્ટ પ્રાયઃ થઈ જશે. આ અંગે થોડુંક પ્રારંભીક કાર્ય વિનેય મુનિ સૌમ્યચંદ્ર સાગરે તથા મુનિ વિવેકચંદ્ર સાગરે પૂજ્યશ્રીની નીશ્રામાં બેસી શરુ કર્યુ પણ સમયના અભાવે આગળ ન વધ્યું. સાબરમતીમાં મુનિ પૂર્ણચંદ્રસાગર મ. સાથે પણ આ અંગે વિચારણા થયેલ.

આ સાલ સં. ૨૦૫૬નું આગમતીર્થ સમા સૂરત શહેર જ્યાં પૂ. આગમોધ્ધારકશ્રીએ અગ્યાર ચાર્તુમાસ કરી સુરતના પ્રત્યેકપરમાણુને આગમમય બનાવી દીધેલ જ્યાં પવિત્ર આગમમંદિર જૈનાનંદ પુસ્તક ભંડાર, શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ, શ્રી જૈન તત્વ બોધ પાડશાળા, શેઠ નગીનભાઈ મંછૂભાઈ જૈન સાહિત્યોધ્ધારક ફંડ આદિ વિશાળ જ્ઞાન પરબો જ્ઞાન તૃષાતુરોને પરમ તૃપ્તિનું કારણ બની છે જેનો પ્રભાવ આજે પણ વાડીનાં ઉપાશ્રયમાં પ્રવચનકારો શ્રોતાઓની સૂઝ બૂજ દ્વારા અનુભવી રહ્યા છે. આ સુરત શહેરનાં કૈલાસનગર શ્રી સંઘના ઉપાશ્રયમાં ચાતુર્માસ થયું.

પાલીતાણા જંબૂદ્વીપ ચાતુર્માસની એ અધૂરી ભાવના આપોઆપ સ્ફૂરી આથી અંતરમાં એક પ્રકારના માત્ર અનુભવી શકાય પણ લખી ન શકાય તેવા નાદનું પ્રગટીકરણ થયું અને પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીની પરમ કૃપાથી સિદ્ધચક્ર માસિકના તમામ અંકોનાં પુનર્મુદ્રણનાં સંકલ્પનો સાક્ષાત્કાર થયો સહવર્તીમુનિઓ સાથે વિચારણ થઈ. પરિણામે 'દેવાવિતં નમંસન્તિ' મુજબ ચારેબાજુથી તમામ અનુકૂળતાઓ અલ્પ પ્રયત્ને સહજતાથી મળવા લાગી કાર્યકળા કુશળ મુનિ સૌમ્યચંદ્રસાગરે નમસ્કાર ગ્રાફીક્સ વાળા શ્રી કનકભાઈ તથા જંબૂદ્વીપ પ્રીન્ટ વીઝનવાળા શ્રી કાંતિભાઈને બોલાવી કોમ્પ્યુટર - કાગળો વિ.ની સફળ કાર્યવાહી આરંભી લીધી.

સાગર સમુદાયના રાગી શ્રુતભક્ત અને વફાદાર એવા શ્રાવકોની એક કમિટી બનાવી. દેવગુરુની પરમકૃપા અને પૂજયપાદ ગચ્છાધિપતિ આ. ભ. શ્રી સૂર્યોદયસાગર સૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય આ. શ્રી નરેન્દ્ર સાગર સૂરીશ્વરજી મ.સાહેબના આશીર્વાદપત્રો પણ આવી ગયા. અને કાર્યનો પ્રારંભ થયો ચારેબાજુથી આર્થીક સહયોગ ન ધારેલો સહજ પ્રયત્ને આપોઆપ મળવા લાગ્યો. અને આ કાર્યનાં શ્રી ગણેશ થયા જેમાં સૌપ્રથમ વાડીનો ઊપાશ્રય, કૈલાસનગર જૈન શ્રીસંઘ, નાનપરા જૈન શ્રીસંઘ, અઠવા લાઈન્સ જૈન શ્રી સંઘ તથા શ્રી ઓંકાર સૂરિ આરાધના ભવને ઉલ્લાસથી કાર્યનાં પ્રારંભે મહત્વનો સહયોગ આપ્યો.

પ્રથમ તો ઝેરોક્ષ ફોટા કોપીનો વિચાર કરેલ જેમાં પ્રૂફ જોવાની મહેનત નહી પણ તેમાં પીળા અને ઝાંખા પડી ગયેલા પાનાની અસર પણ આવે વળી તે લેટર પ્રેસમાં છાપેલાં અક્ષરો આજના સમયને જોતાં અનુરુપ નહીં લાગવાથી બધું જ કોમ્પ્યુટરાઈઝ્ડ કરવાનું વિચાર્યું. મંગળ મુહુર્તે પ્રારંભાયેલું આ કાર્ય એટલા વેગથી ચાલ્યું કે આનુ પ્રૂફ કેમ જોવું ? રોજના ૩૦૦ થી ૩૫૦ પાનાં તૈયાર થવા લાગ્યા શરુમાં પ્રૂફ જોનારાઓએ પણ ઢગલાબંધ ભૂલો એમનીએમ રાખી છેવટે પ્રૂફ જોનારાઓ બદલ્યા.

અમોએ જ આ કાર્ય છેલ્લા પ્રૂફનું હાથમાં લીધું ચાતુર્માસની અનેક કાર્યવ્યસ્તતા છતાં સંતોષકારક કાર્ય થવા લાગ્યું જોકે મારા પૂ. ગુરુદેવશ્રી મઝાકમાં કયારેક કહેતા કે "ઈત્થિયા પુત્થિયા કભી ન શુધ્ધિયા" નાં ન્યાય મુજબ વધુને વધુ સમય આપવા છતાં, પ્રૂફરીડરો બદલવા છતાં ક્ષતિઓ તો આવી જ છે જે વાંચકો ક્ષમ્ય ગણશે. એક વાર તો એક ફર્મો છપાયા બાદ છેલ્લા ૧૦ પાનામાં ઘણી ભૂલો હતી. આ ફર્મો અમારા ચેકીંગમાં રહી ગયેલ જેથી છપાઈ ગયેલાં એ તમામ પાના કેન્સલ કરી તે ફર્મો પુનઃછાપ્યો છતાં એક મહામૂલો આગમનો ખજાનો નષ્ટભ્રષ્ટ થતાં બચ્યો એક સૂચન એ પણ આવ્યું કે પૂ. આગમોદ્ધારકશ્રીની ભાષા જયાં ક્લીષ્ટ છે તથા ગામઠી કહેવતો છે ત્યાં આજની ભાષામાં સરળ બનાવવી. પણ તેમ કરતાં દેશનાકારશ્રીનો ભાવ જ બદલાઈ જવાનાં ભયે તે સાહસ ન કર્યું અને જેમ હતું તેમ જ રાખી છપાવ્યું જો કે એક બે વાર શાંતિથી થોડું વાંચન ચાલુ રખાય તો આપોઆપ ગેડ બેસતી જાય અને આગમીક રહસ્યોની મઝા મનાતી જાય. "શુભેયથાશક્તિ યતનીયમ્ના ન્યાયનો પરમ આનંદ આજે અમારા આત્મામાં લહેરાઈ રહ્યો છે.

પ્રુફને જોવાનાં બહાને મને પણ નવા નવા કેટલાય મુદ્દા, નવીન તર્કો, નવાશાસ્ત્ર પાઠો, નવા દ્રષ્ટાંતો, નવીનવી કહેવતો વિ. પ્રાપ્ત થઈ જે સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિનું શુદ્ધિનું કારણ બન્યું. વિદ્વાન અને ગુણાનુરાગી પૂજય આ.શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સાહેબની આ ગ્રન્થની જ્ઞાનગર્ભીત અને રસોત્પાદક પ્રસ્તાવના તત્ત્વજ્ઞાનનાં ગંભીર રહસ્યોને આપોઆપ પ્રગટ કરે તેવી અને પૂજ્યપાદ આગમોધ્ધારકશ્રીની અણમોળ વાણીને જળકાવનારી તથા તેઓશ્રી પ્રત્યે અંતરંગ બહુમાન પ્રગટ કરાવે તેવી છે.

અમે આ સિધ્ધચક્રનાં અંકોનાં ટાઈટલ પણ જેવા રંગનાં હતાં તેવાજ રાખ્યા છે.

મારા આ કાર્યમાં મુનિ સૌમ્યચંદ્રસાગર તથા મુનિ વિવેકચંદ્રસાગર અનેક કાર્યવ્યસ્તતા હોવા છતાં સારા સહભાગી બન્યા છે.

લગભગ દરેક આ ગ્રંથમાં પૂ. આગમોદ્ધારકશ્રીની વિષયવાર જીવનપ્રભાની જ્યોત મૂકવામાં આવશે.

તથા પ્રથમથીજ તંત્રી તરીકે સેવા આપનાર ઝવેરી પાનાચંદ રુપચંદ (સૂરત) તથા ચીમનલાલ સવાઈચંદ સંઘવી (સૂરત)ની અનુમોદના કરીયે છીયે.

અન્તે ભગવતિ શ્રુતદેવી શાસનદેવતા અને પૂ. ગુરુદેવશ્રીની અસીમ કૃપાને વિનંતી કે આ કાર્ય ઝડપી સંપૂર્ણ બને અને જિજ્ઞાસુઓ આગમનાં રહસ્યોને પામી. જીવનમાં ઉતારી પરમપદને પ્રાપ્ત કરે એજ મંગળ કામના.

કૈલાસનગર જૈન ઉપાશ્રય
મજૂરા ગેટ,
સૂરત.
સં. ૨૦૫૭ કા.સુ.૧૫

અભયગુરુપાદપદ્મસેવી
અશોકસાગરસૂરિ

અમારું આયોજન.... તમારો સહકાર....

આ સિદ્ધચક્ર પાક્ષિકમાં લાભ લેવાનાં પ્રકારો.....

મુખ્યસ્તંભ

૧,૧૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં મુખ્ય સ્તંભ બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે પૂરા પેજ સાથે તમારું અભિનંદન કરશું.

આધારસ્તંભ

૫૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં આધારસ્તંભ બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે અર્ધા પેજમાં આભાર પ્રદર્શીત કરશું.

શ્રુતસ્નેહી

૨૫,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં શ્રુતસ્નેહી બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે પા. પેજમાં સહયોગી તરીકેનો લાભ મળશે.

શુભેચ્છક

૧૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં શુભેચ્છક બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો નામ આપનાર દાતા તરીકે આ સમ્યગ્જ્ઞાનની પરબમાં પ્રગટ કરશું.

રૂપિયા ૪૦૦૦ હજાર
ભરનાર સભ્યને સિદ્ધચક્ર માસિકનાં
તમામ અંકોના અઢાર દળદાર ગ્રંથોનો
એક સેટ આપવામાં આવશે.

મુખ્યસ્તંભ

* **શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર, પાલીતાણા.**
* **શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમ મંદિર, ગોપીપુરા, સુરત.**
* **શ્રી મહાવીર સ્વામિ જૈન દેરાસર, શ્રી નાનપરા જૈન શ્રી સંઘ, દીવાળીબાગ, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી ધૈર્યચંદ્રસાગરજી મ.સા.
* **શ્રી આદીનાથ જૈન દેરાસર, કૈલાસનગર જૈન શ્વે.મૂ.પૂ. શ્રી સંઘ, મજુરાગેટ, સુરત.** પ્રેરક :- સાધ્વીશ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા.
* **શ્રી આદિનાથ જૈન દેરાસર, અઠવાલાઈન્સ જૈન સંઘ, સુરત. શેઠ ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, લાલબંગલા, અઠવાલાઈન્સ, સુરત.**
* **શ્રી સંભવનાથ જૈન દેરાસર, શ્રી સંભવનાથ જૈન શ્વે.મૂ.પૂ. શ્રી સંઘ, વિજયવાડા.** પ્રેરક :- સાધ્વીશ્રી સુરક્ષાશ્રીજી મ.સા.

* **શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી વિજયદેવસૂરિ સંઘ તથા ગોડીજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, પાયધુની, મુંબઈ.**

* **શ્રી ધર્મનાથ દાદા જૈન દેરાસર, શ્રી જવાહર નગર શ્વે.મૂ.પૂ. સંઘ ગોરેગાંવ, મુંબઈ** પ્રેરક :- મુનિશ્રી સાગરચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, ચોપાટી, મુંબઈ** પ્રેરક :- મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી અનંતનાથ જૈન દેરાસર, સુરત. શેઠશ્રી નેમચંદ મેલાપચંદ ઝવેરી વાડી જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, સુરત.**

* **શ્રી માટુંગા જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, મુંબઈ. બ્રાહ્મણવાડા રોડના નાકે, માટુંગા, મુંબઈ - ૪૦૦૦૧૯.**

આધારસ્તંભ

* **શ્રી ઓમકારસૂરિ આરાધના ભવન ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત.**

* **શ્રી જૈન શ્વેતાંબર નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ પેઢી, નાગેશ્વર** પ્રેરક :- સચિવ દીપચંદજી જૈન ઉન્હેલ (રાજસ્થાન)

* **શ્રી ગોડીજી પાર્શ્વનાથજી જૈન દેરાસર, બાઈ ફુલકોરબાઈ ફકીરચંદ નેમચંદ ટ્રસ્ટ, પ્રવિણચંદ્ર રુપચંદ ઝવેરી, માળીફળીઆ, ગોપીપુરા, સુરત.**

* **શ્રી શીતલનાથ જૈન દેરાસર, શ્રી હરીપુરા જૈન ઉપાશ્રય, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી સૌભાગ્યચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી શાંતિનાથ જૈન દેરાસર, પૂ. પાદ આગમોદ્ધારક શ્રી દ્વારા સ્થાપિત ઋષભદેવ કેશરીમલ જૈન પેઢી, બજાજખાના, રતલામ. (મ.પ્ર.)**

* **શ્રી કુંથુનાથજી જૈન મોટા દેરાસર, ઊંઝા, જૈન મહાજન પેઢી, ઊંઝા.** પ્રેરક :- મુનિશ્રી લબ્ધિચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, અમદાવાદ.**

* **શ્રી ઋષભદેવ છગનીરામ જૈન શ્વે. પેઢી, ખારાકુવા, ઊજ્જૈન.**

* **શ્રી અર્બુદગિરિરાજ જૈન શ્વે. તપાગચ્છ ઉપાશ્રય ટ્રસ્ટ, ઈન્દોર પિપલી બજાર, ઈન્દોર, (મ.પ્ર.)**



શ્રુતસ્નેહી

* **શ્રી અજીતનાથ જિનાલય, શ્રી વાવજૈન શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, વાવ (બ.કાં.)** પ્રેરક :- સાધ્વીશ્રી પૂણ્યયશાશ્રીજી મ.સા.

* **શ્રી નમિનાથ જૈન દેરાસર, ખાનપુર જૈન શ્રી સંઘ, અમદાવાદ.**

* **શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરી (ઘર દેરાસર) સુરત નિવાસી, હાલ. પાર્લા (વે.) મુંબઈ.**

* **શ્રી સુપાર્શ્વનાથ સ્વામી જૈન દેરાસર, છાપરીયા શેરી, મોટા ઉપાશ્રય, સુરત.** પ્રેરક :- પૂ.પ. શ્રી નરચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી આદીશ્વર જૈન દેરાસર, જૈન શ્વે.મૂ.પૂ. શ્રી સંઘ શેઠ ડોસાભાઈ અભેચંદ પેઢી, ધાર્મિક ટ્રસ્ટ, ભાવનગર.**

* **શ્રી શાંતિનાથ જૈન દેરાસર શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ, પાલડી, અમદાવાદ.**

* શેઠશ્રી હઠીસિંહ કેશરસિંહ જૈન દેરાસર, શ્રુતનિધિ ટ્રસ્ટ, શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશન રિસર્ચ સેન્ટર, અમદાવાદ.

* શ્રી મુનિસુવ્રતસ્વામી જીનાલય, શ્રી કારેલીબાગ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ કારેલીબાગ, વડોદરા.

* શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર સંઘ, નવસારી, પ્રેરક :- પૂ.પ. મુનિશ્રી અક્ષયચંદ્રસાગરજી મ.સા.

* શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ, ભગવાન નગરનો ટેકરો, પાલડી. અમદાવાદ.

* શ્રી વેપ્રી શ્વેતાંબર મૂ.પૂ. જૈન સંઘ, મુ. ચેન્નાઈ. પં.પૂ. આ શ્રી નરદેવસાગરસૂરિ મ.સા.ની પ્રેરણાથી

* શ્રી વર્ધમાન જૈન શ્વેતામ્બર મૂ.પૂ. સંઘ, અમદાવાદ. ઉસ્માનપુરા ચાર રસ્તા, આશ્રમ રોડ, પીન-૩૮૦૦૧૪

શુભેચ્છક

* **શ્રી ગોડીજી પાર્શ્વનાથ શ્વે.મૂ.પૂ. તપ. જૈનદેરાસર, વોરાબજાર, ભાવનગર.**
* **શ્રી મણીનગર જૈન શ્વે. મૂ. પૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક :- પૂ.આ.શ્રી નિરંજનસાગરસૂરિ મ.સા.
* **શ્રી જૈન શ્વે. મંદિર શ્રી આદિશ્વર ભગવાન પેઢી તાજના પેઠ આકોલા.** પ્રેરક :- પ.પૂ.આ. શ્રી નરદેવસાગર સૂરિ.મ.સા.
* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક :- પૂ. સાધ્વીજી શ્રી સદ્‌ગુણાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂ. સાધ્વીજીશ્રી સુલસાશ્રીજી મ. સા. પાટણ.
* **શ્રી અભયસાગર જૈન ઉપાશ્રય, કીર્તિ સોસાયટી, સાબરમતી, અમદાવાદ** પ્રેરક :- પૂ. સાધ્વીજી શ્રી જયવંતાશ્રીજી મ. સા.
* **બુહારી શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ.** પ્રેરક:- પૂ. સા.શ્રી અમીતાશ્રીજી મ.સા.
* **શ્રી પોરબંદર શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ ટ્રસ્ટ** પ્રેરક :- પૂ.સા.શ્રી નિરૂજાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીશ્રીજી વિંદિતરત્નાશ્રીજી મ.સા.
* **શ્રી સરેલાવાડી જૈન શ્રી સંઘ, ઘોડદોડ રોડ, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ. સા.
* **શ્રી નાગેશ્વર જૈન શ્રીસંઘ, નાગેશ્વર** પ્રેરક:- પૂ. સાધ્વી શ્રી દમિતાશ્રીજી મ. સા.
* **પૂ. શ્રી ફલ્ગુશ્રીજી મ.સા. ના શિષ્યા પૂ.શ્રી અમિતગુણાશ્રીજી મ.ની ૧૦૦ ઓળીની સમાપ્તિ નિમિત્તે પારણા મહોત્સવ સમિતિ.** પ્રેરક:- પૂ. શ્રીના શિષ્યા- પ્રશિષ્યા પરિવાર.
* **સુંદરલાલ સેવંતિલાલ શાહ (ચાણસ્માવાળા) સુરત**

* **લલીતાબેન નાથાલાલ શાહના સ્મરણાર્થે સ્વ. નાનચંદભાઈ છગનલાલ શાહ (રાંદેરવાળા તરફથી)** પ્રેરક:- પ.પૂ.સાધ્વીજીશ્રી શમગુણાશ્રીજી મ.ના શિષ્યા પૂ. પ્રશાંતગુણાશ્રીજી મ.ના. શિષ્યા મૂ.સા. વિદિતપૂર્ણાશ્રીજી મ., પૂ.સા. શ્રી પ્રીતિવર્ષાશ્રીજી મ.સા. તથા પૂ.સા. શ્રીપૂર્ણભદ્રાશ્રીજી મ.

* **નાનુબ્હેન બંગલાના આરાધક બ્હેનો તરફથી** પ્રેરક:- પ. પૂ. સા. શ્રી રેવતીશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા. શ્રી શમગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ. સા.

* **શ્રી ગુણનિધિ શ્વે.મૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક:- પૂ. આ. શ્રી જિતેન્દ્રસાગરસૂરિજી મ. સા. તથા પૂ. મુનિ શ્રી પૂન્યપાળસાગરજી મ.

* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક:- પૂ.સા.શ્રી રેવતીશ્રીમ.ના શિષ્યા પૂ.સા.શ્રી શમગુણાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી વિજેતાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા. દિવ્યનંદિતાશ્રીના એકાંતર ૫૦૦ આયંબિલ અને પૂ.સા.શ્રી રાજનંદિતાશ્રીજીના શ્રેણીતપ નિમિત્તે

* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક:- પૂ.સા.પ્રશમધરાશ્રીજી મ. તથા પૂ.સા. શીલંધરાશ્રીજી મ.ની પ્રેરણાથી પૂ.સા.શ્રી કીર્તિધરાશ્રીનાં શિષ્યા પૂ.સા. વૃષ્ટિધરાશ્રી સા. કૃતિધરાશ્રીની દીક્ષા નિમિત્તે.

* **ચાણસ્મા જૈન મહાજન શ્રીસંઘ, ચાણસ્મા.**

* **દ.વી.પૌષધશાળા નાનપરા, અઠવાગેટ, સૂરત.**

* **શ્રી ચીમનલાલ ચુનીલાલ ઝવેરી, માલણવાળા, સૂરત.**

* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક:- પૂ. રંજનશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા. પ્રીયંકરાશ્રી મ.ની સ્મૃતિમાં પૂ.સા. શ્રી નિરંજનાશ્રીજી મ.

* **સગરામપુરા જૈન શ્રી સંઘ, સુરત.**

* **શ્રી રુપચંદ ફકીરચંદ ઝવેરી પરિવાર સુરત.**

* **અઠવાલાઈન્સ જૈન સંઘની બ્હેનો તરફથી** પ્રેરક:- પૂ.સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજીમ.
* **શ્રી વડોદરા શહેર જૈન સંઘ, શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય જાની શેરી, વડોદરા.**
* **શ્રી લલિતા, વનિતા, હીરા આરાધના ભવન, સાબરમતી, અમદાવાદ.** પ્રેરક:- પૂ. સાધ્વી શ્રી નિત્યાનંદશ્રીજી મ. ના શિષ્યા પૂ. સાધ્વી કલ્પજ્ઞાશ્રીજી.
* **વડાચૌટા સંવેગી જૈન ઊપાશ્ર. સૂરત.**
* **શ્રી કોટન ગ્રીન શ્વે. મૂર્તિ પૂજન જૈન સંઘ.** પ્રેરક:- પૂ. મલય-ચારુ **શીશુ દિવ્યપૂર્ણાશ્રીજી મ.**
* **છાણી જૈન શ્વે. શ્રી સંઘ - છાણી**
* **ભટાર રોડ જૈન શ્વે. શ્રી સંઘ, સુરત.**
* **એક સદ્‌ગૃહસ્થ હ : શકુબહેન રતલામવાલા** પ્રેરક:- પૂ.સાધ્વીજી શ્રી શીલરેખાશ્રીજી મ. તથા પૂ. સાધ્વીજીશ્રી વિશ્વવિદાશ્રીજી મ.ની
* **લુણાવાડા જૈન શ્વે શ્રી સંઘ** પ્રેરક:- પૂ.સાધ્વીજીશ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા.શ્રી અમિતગુણાશ્રીજી મ.
* **શ્રી ગુલાબચંદજી તારાચંદજી કોચર, નાગપુર.**
* **શ્રી સુધારા ખાતાની પેઢી, મહેસાણા.**
* **શ્રી વિદ્યાવિહાર બાલીભુવન, જૈન ધર્મશાળા, પાલીતાણા.**
* **શ્રી વિશા શ્રીમાલી તપાગચ્છ જ્ઞાતિ, જૈન પાઠશાળા, જામનગર.**
* **શ્રી વર્ધમાન ભક્તિ શ્વે.મૂ.પૂ. ઈરાની વાડી, જૈન સંઘ, કાંદીવલી (વે.)**

* શ્રી બુદ્ધિ-કીર્તિ-કૈલાસ-સુબોધ-મનોહર-જય ચેરીટેબલ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ.

* શ્રી લીલચંદભાઈ રંગજીભાઈ શાહ પરિવાર, દીલોદવાળા, હાલ - પાલડી, અમદાવાદ.

* શ્રી શાંન્તાક્રુઝ જૈન તપાગચ્છ સંઘ, શાન્તાક્રુઝ મુંબઈ.

* શ્રી આદીનાથ શ્વે.મૂ. જૈન સંઘ, કાનજીવાડી, શાંતાદેવી રોડ, નવસારી.

* શ્રી વલસાડ જૈન શ્વે. મહાવીર સ્વામી ભગવાન પેઢી, વલસાડ.

* શ્રી નાનચંદ ધનાજી ટ્રસ્ટ ઉપાશ્રય સુરત.પ્રેરક:- સાધ્વીશ્રી મનકશ્રીજી મ.

* ત્રિકમનગર જૈન શ્રીસંઘ, સુરત. નવા ઉમરવાડા, સુરત.

* શ્રી નગીબાઈ ચુનીલાલજી જૈન શ્વેતાંમ્બર ટ્રસ્ટ, મહિદપુર.

* શ્રી પૂ.સા. શ્રી વિપુલયશાશ્રીજી મ.ના શિષ્યા સા. શ્રી રમ્યશીલાશ્રીજી તથા સા. શ્રી ભવ્યશીલાશ્રીજી મ. ના સદ ઉપદેશથી શ્રી જસવંતીબેન પ્રભુદાસ ટોળીયા રાજકોટવાળા તરફથી

* શ્રી સંઘ બદનાવર (મ.પ્ર.) હ. શ્રી ભરતકુમાર સુંદેચા

* સ્વ. ગાંધી રતિલાલ પાનાચંદ વેજલપુરવાળા, વડોદરા. હ. ગાંધી પાનાંચદ ખેમચંદ પરિવાર, મુ. વડોદરા.

* શ્રી શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, મું. આણંદ. ભગવાન મહાવીર માર્ગ મુ. આણંદ, જી. ખેડા.

* પૂ. મનોહર ઈન્દુશ્રીજી મ.સા. ની શિષ્યાશ્રી શશીપ્રભાશ્રીજી મ. ની પ્રેરણાથી શ્રી રાજગઢ જૈન સંઘ (મ.પ્ર.) હ. શ્રી કૈલાસચંદ્ર જૈન

* * *
* *

જૈનશાસનનાં ઈતિહાસમાં પૂ. આગમોદ્ધારકશ્રીની શેષ સાહિત્ય સેવા

આગમોદ્ધારકની મુદ્રિત કૃતિઓ

(૧) સિદ્ધપ્રભા વ્યાકરણ (૨) મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ (૩) લઘુસિદ્ધપ્રભાવ્યાકરણ (૪) લઘુત્તમ નામકોષ (૫) તાત્વિક પ્રશ્નોત્તર ભાગ-૧ (૬) આરાધનામાર્ગ ભા.૧ (૭) નિસર્ગદશી, (૮) મંગળવિચાર (૯) સદ્ધર્માષ્ટક (૧૦) ચાંદનિકિષોડશિકા, (૧૧) જૈનભાંડાગારસ્તવ, (૧૨) દૃષ્ટિસંમોહવિચાર (૧૩) નયાનુયોગષ્ટક, (૧૪) લોપકપાટીશિક્ષા, (૧૫) વિધિવિચાર, (૧૬) હરિભદ્રસૂરિસમયદીપિકા, (૧૭) અંગપુરૂષપંચવિંશતિકા, (૧૮) આગમમંદિરચતુર્વિંશતિકા, (૧૯) આગમમહિમાસ્તવ, (૨૦) આગમસમતિસ્થાપનાસ્તવ, (૨૧) આગમસુગમતાસ્વ, (૨૨) આગમાર્થપ્રાધાન્યસ્તવ, (૨૩) જમાલિમતખંડન, (૨૪) જૈનપૂર્ણત્વાષ્ટાદશિકા, (૨૫) દ્રવ્યબોધત્રયોદશી, (૨૬) દ્વેષજયદ્વાદશિકા, (૨૭) ધર્મતત્ત્વવિચાર, (૨૮) ધર્માસ્તિકાયાદિવિચાર, (૨૯) સૌખ્યષોડશિકા, (૩૦) સિદ્ધચક્રમંદિરદ્વાત્રિંશિકા.

આગમોદ્ધારકની સંકલનાઓ

(૧) વિષયોનો વિસ્તારથી અનુક્રમ, (૨) (વિષયોનો) સંક્ષેપથી અનુક્રમ, (૩) વિશેષ ઉપયોગી, (૪) વિશિષ્ટતાઓ (૫) સાક્ષીભૂત અવતરણોનો અકારાદિક્રમ (૬) વાદો, (૭) લક્ષણ અને દૂષણ, (૮) વિશેષનામ, (૯) ઈતિહાસ, (૧૦) ભૂગોળ, (૧૧) જ્યોતિષ, (૧૨) તે તે ગ્રન્થકારના સમયના પ્રચલિત મતો, (૧૩) વ્યાકરણ, (૧૪) છંદોવિચાર, (૧૫) અલંકાર (૧૬) ન્યાયો, (૧૭) સાક્ષીભૂત (પ્રાચીન) ગ્રંથો, (૧૮) ઉપોદઘાત અને પ્રશસ્તિઓ, (૧૯) આચાર્યોનાં નામો, (૨૦) પ્રાચીન મતો, (૨૧) મતોનું સમાધાન, (૨૨) સૂક્તાવલી (પદ્યાત્મક) (૨૩) રાજકીય, (૨૪) પ્રજ્ઞાપ્ય, (૨૫) લોકોક્તિ, (૨૬) વ્યાખ્યાંતર (અન્ય વ્યાખ્યાઓ), (૨૭) ખંડનપક્ષ, (૨૮) પાઠાંતર (૨૯) પ્રસ્તાવના (અતિદેશ), (૩૦) સૂત્રાદિનો અકારાદિક્રમ, (૩૧) શંકાઓ અને તેનું સમાધાન (પ્રશ્નો અને ઉત્તરો), (૩૨) (શબ્દાદિનો), કઠિનઅર્થ, (૩૩) (ગદ્યાત્મક) સુભાષિત વાક્યો, (૩૪) નિક્ષોપાનો સંગ્રહ (૩૫) વાયુ અને વૃષ્ટિ (૩૬) સમાન અર્થવાચક શબ્દોના અર્તો (૩૭) ગચ્છો અને પટ્ટાવલી, (૩૮) દૃષ્ટાંત, (૩૯) સંપ્રદાય, (૪૦) વૈદ્યક, (૪૧) નય, (૪૨) સંસ્થાનાદિ, (૪૩) વિધિ, (૪૪) એકાર્થિક શબ્દો, (૪૫) અલ્પબહુત્વ, (૪૬) અનુમાન, (૪૭) સંકલના, (૪૮) પ્રત્યેક બુદ્ધોનાં નામ, (૪૯) વિસંવાદ, (૫૦) સંગ્રહ શ્લોક, (૫૧) સ્થલનિર્દેશ (૫૨) સામુદ્રિક, (૫૩) નિસીહભાસની ગાથાઓના આદ્યપદ તેમજ એના અધિકારોનો અનુક્રમ, આગમના અલ્પ પરિચિત શબ્દો.

અનુયોગદ્વારચૂર્ણિ વગેરેમાંથી દેશો વગેરે આઠ વસ્તુઓ તારવી છે. ત્રિષષ્ઠીશલાકાપુરૂષચરિત્ર, સમ્યક્ત્વકૌમુદી, ઉપદેશમાળા વગેરેમાંથી સુભાષિત વગેરે તારવ્યાં છે.

આગમોદ્ધારકની મુદ્રિત સંકલનાઓ

(૧) અંગાકારાદિ, (૨) ઉપાંગપ્રકીર્ણસૂત્રવિષયાનુક્રમાદિ, (૩) નન્દ્યાદિ ગાથાદિ અકારદિ, (૪) પંચાશકાદ્યકારાદિ, (૫) લલિતવિસ્તરા ટિપ્પણ, (૬) અલ્પપરિચિત સૈદ્ધાંતિક શબ્દકોશ ભા. ૧ (૭) આગમીયસૂકતાવલ્યાદિ, (૮) પરિણામમાળા, (૯) ત્રિષષ્ઠીયદેશનાસંગ્રહ, (૧૦) વિશેષાવશ્યકગાથાનો અકારાદિક્રમ અને અમુદ્રિત ગાથાઓ.

આગમોદ્ધારકની પ્રસ્તાવનાવાળા ગ્રંથો

(૧) આચારાંગચૂર્ણિ, (૨) અંગાકારાદિ, (૩) ઉપાંગપ્રકીર્ણસૂત્રવિષયાનુક્રમાદિ, (૪) કલ્પસૂત્ર (બારસા), (૫) કલ્પસૂત્રવૃત્તિ (સુબોધિકા), (૬) કલ્પસૂત્ર (સુબોધિકા), (૭) કલ્પસૂત્ર (કલ્પકૌમુદી), (૮) કલ્પસમર્થન, (૯) આવશ્યકસૂત્ર (સટીક, મલયગિરિ), (૧૦) પાક્ષિકસૂત્રસટીક, (૧૧) વિશેષાવશ્યકસૂત્ર (ઉત્તર ભાગ), (૧૨) દશવૈકાલિકચૂર્ણિ, (૧૩) ઉત્તરાધ્યયનચૂર્ણિ, (૧૪) નંદીસૂત્રચૂર્ણિ, હારિભદ્રીયવૃત્તિ, (૧૫) નન્દ્યાદિ ગાથાદિ અકારાદિ, (૧૬) અધ્યાત્મતપરીક્ષા (સ્વોપજ્ઞવૃત્તિ), (૧૭) અધ્યાત્મકલ્પદ્રુમ (બે ટીકા), (૧૮) આચારપ્રદીપ, (૧૯) ઉત્પાદાદિસિદ્ધિ (સટીકા), (૨૦) ઉપદેશમાલા (પુષ્પમાલા) (સટીક, મલ.), (૨૧) ઉપમિતિભવપ્રપંચાકથા (ઉત્તરાર્ધ), (૨૨) કથાકોષ, (૨૩) કર્મગ્રન્થ, (સટીક વિભાગ બીજો), (૨૪) કર્મપ્રકૃતિ (સટીક), (૨૫) કૃષ્ણચરિત્ર, (૨૬) ગુણસ્થાનક્રમારોહ, (૨૭) છન્દાનુશાસન, (૨૮) જલ્પકલ્પલતા, (૨૯) જીવસમાસપ્રકરણ, (૩૦) તત્ત્વતરંગિણી, (૩૧) તત્વાર્થસૂત્ર (સટીક), (૩૨) ત્રૈવિદ્યગોષ્ઠી, (૩૩) દેવવંદન (ચૈત્યવંદન ભાષ્ય), (૩૪) ધર્મકલ્પદ્રુમ (૩૫) ધર્મબિન્દુપ્રકરણ (સટીક), (૩૬) ધર્મપરીક્ષા કથા, (૩૭) ધર્મસંગ્રહ (ઉત્તર ભાગ), (૩૮) નવપદપ્રકરણ (લઘુવૃત્તિ), (૩૯) નવપદપ્રકરણ (બૃહદ્વૃત્તિ), (૪૦) નમસ્કારમાહાત્મ્ય, (૪૧) પંચવસ્તુકગ્રંથ, (૪૨) પંચશાકાદિ અકારાદિ, (૪૩) પંચાશકગ્રંથ (સટીક, પ્ર.આ.) (૪૪) પંચાશકગ્રંથ (સટીક દ્વિ. આ.) (૪૫) પ્રકરણસમુચ્ચય, (૪૬) પ્રવચનપરીક્ષા (ઉત્તર ભાગ), (૪૭) પ્રવચનસારોદ્ધાર (ઉત્તર ભાગ, સટીકા), (૪૮) પ્રવ્રજ્યાવિધાનકુલક (સટીક), (૪૯) પ્રશમરતિપ્રકરણ (સટીક), (૫૦) પ્રશ્નરત્નાકર, (૫૧) બુદ્ધિસાગર, (૫૨) ભવભાવના (પ્રાકૃત), (૫૩) મલયસુંદરીચરિત્ર, (૫૪) મહાવીરચરિત્ર (પ્રાકૃત), (૫૫) યતિદિનચર્યા, (૫૬) યુક્તિપ્રબોધ, (૫૭) લલિતવિસ્તરા, (૫૮) લલિતવિસ્તરા અને ટિપ્પણ, (૫૯) વન્દારૂવૃત્તિ (શ્રાવકવિધિ), (૬૦) વૃન્દારૂવૃત્તિ (શ્રાવકવિધિ), (૬૧) વિચારામૃતસારસંગ્રહ (વિંશતિસ્થાનકચરિત્ર), (૬૨) વીતરાગસ્તોત્ર (સટીક), (૬૩) શાસ્ત્રવાર્તાસમુચ્ચય (સ્વોપજ્ઞવૃત્તિ), (૬૪) શ્રાદ્ધદિનકૃત્યસૂત્ર (સ્વોપજ્ઞવૃત્તિ, પ્રથમ ભાગ), (૬૫) શ્રાદ્ધદિનકૃત્યસૂત્ર (સ્પોપજ્ઞવૃત્તિ, દ્વિતીય ભાગ) (૬૬) શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર (અર્થ દીપિકાવૃત્તિ), (૬૭) શ્રીપાલચરિત્ર (પ્રાકૃત), (૬૮) શ્રેણિકચરિત્ર, (૬૯) ષટ્પુરુષચરિત્ર, (૭૦) ષોડશક પ્રકરણ (વૃત્તિટિપ્પણયુક્ત), (૭૧) સમ્યક્ત્વ-પરીક્ષા-ઉપદેશકશતકૌ (૭૨) સિદ્ધપ્રભાવ્યાકરણ, (૭૩) સુબોધાસમાચારી (૭૪) સ્થૂલભદ્રચરિત્ર (૭૫) સ્યાદ્વાદ ભાષા. (૭૬) પંચવસ્તુક ભાષાંતર, (૭૭) પ્રવચનપરીક્ષાની મહત્તા, (૭૮) યોગદૃષ્ટિસમુચ્ચય, (૭૯) લઘુસિદ્ધપ્રભા વ્યાકરણ-સલઘુતમ-નામકોષ, (૮૦) ઉપદેશરત્નાકર ભાષાંતર.

અનુક્રમણિકા

૧	**અમારૂં નવું વર્ષ**	૧
૨	**આગમરહસ્ય-દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ**	-
→	શૂદ્રવર્ણની ઉત્પત્તિ	૪
→	બ્રાહ્મણ વર્ગની ઉત્પત્તિ	૫
૩	**સાગર સમાધાન**	-
→	બીજ, પાંચમ આદિની ક્ષયવૃદ્ધિ શ્રી જૈનશાસ્ત્ર પ્રમાણે હોય કે નહિ ?	૭
→	બીજઆદિ પર્વતિથિની આરાધનાની ક્રિયા શું ઉડાડી દેવી અને બેવડી કરવી ?	૭
→	બીજઆદિ પર્વતિથિના ક્ષયે તેની પહેલાના પડવાઆદિનો ક્ષય કેમ માનવો ?	૭
→	બીજઆદિનો ક્ષય હોય ત્યારે તેની આગળના દિવસે પડવો અને બીજ એમ બે'ય તિથિઓ માનવામાં શી હરકત ?	૮
→	આરાધના કરનાર બીજઆદિ પર્વતિથિના ક્ષયે પહેલાના પડવાઆદિ અપર્વતિથિમાં પર્વતિથિની જ આરાધના કરે ?	૮
→	બીજઆદિ પર્વતિથિના ક્ષયે પડવા આદિ અપર્વતિથિનો ક્ષય કેમ કહેવાય ?	૮
→	બીજઆદિ પર્વતિથિના ક્ષયે પડવા આદિ અપર્વતિથિનો ક્ષય કરવો અર્થાત્ પડવાદિ ન ગણવા એમ કોઈ શાસ્ત્રીય પાઠ છે..... ?	૮
૪	**સિદ્ધચક્ર એટલે જગતના આદર્શ મહાત્માઓ અને તેઓની મહાત્મ દશા**	૯
૫	**આગમોદ્ધારકની અમોઘ દેશના - પડવાના ભયે દીક્ષા ન રોકાય**	૧૫
→	બીજઆદિ પર્વતિથિની વૃદ્ધિમાં પડવાદિ અપર્વતિથિની વૃદ્ધિ કેમ મનાય ?	૨૧
→	उदयंमि ના જે તિથિ હોય તે જ उदयंमि जा तिहि ઈત્યાદિ વાક્યથી પ્રમાણ મનાય છે તેનું કેમ થાય ?	૨૧
→	પ્રશ્નશાસ્ત્રમાં પહેલી એકાદશી અને અપર એકાદશી આદિ જે કહેવાય છે તે પર્વતિથિની વૃદ્ધિ ન માને તો કેમ કહેવાય ?	૨૧
→	બ્રાહ્મણકુલને નીચગોત્ર કેમ ગણ્યું છે ?	૨૧
૬	**સમાલોચના**	૨૨
૭	**શ્રી પંચવસ્તુક (ભાષાંતર)**	૨૩
૮	**આગમરહસ્ય દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ**	-
→	જિનેશ્વર ભગવાનના અનુપકૃતપણાનો ખુલાસો	૩૨
→	અવધિજ્ઞાની દેશવિરતિ લે કે ?	૩૩

અનુક્રમણિકા

→	સર્વવિરતિ લેતાં પહેલા પ્રતિમા વહેવી જોઈએ ?	૩૪
→	શ્રી જિનવલ્લભ ભગવાન અભયદેવસૂરિજીના પટ્ટધર છે ?	૩૫
૯	**આગમોદ્ધારકની અમોઘ દેશના - કર્મરાજાનો લશ્કરી**	૩૭
૧૦	**શ્રાવકગુણોનો સમન્વય**	૪૦
૧૧	**સમાલોચના**	૪૪
૧૨	**શ્રી પંચવસ્તુક (ભાષાંતર)**	૪૭
૧૩	**આગમ રહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ**	-
→	ભગવાનનું આદ્યરાજાપણું, કેમ ?	૫૬
→	ત્યાગી પુરૂષોના પણ દાદા ભગવાન ઋષભદેવજી	૫૭
૧૪	**સાગર સમાધાન**	-
→	બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય અને પડવાઆદિ અપર્વતિથિએ આરાધાય તો તે ખોટું કહેવાય કે નહિ ?	૫૯
→	પર્વતિથિ માનવાનું લક્ષણ શું ?	૬૦
→	શ્રી હીરસૂરિજીના વચન પ્રમાણે પંચમીના ક્ષયે તેનું તપ પહેલાની તિથિમાં કરવું એમ જણાવેલ છે. અર્થાત્ પર્વતિથિના ક્ષયે પ્હેલાની અપર્વતિથિનો ક્ષય જણાવ્યો નથી તો અપર્વતિથિનો ક્ષય શા આધારે કરવો ?	૬૧
૧૫	**આગમોદ્ધારકની અમોઘ દેશના - કર્મરાજાનો લશ્કરી**	૬૩
૧૬	**શ્રી પંચવસ્તુક (ભાષાંતર)**	૭૧
૧૭	**ભગવાનના ચતુર્મુખપણાનું રહસ્ય**	-
૧૮	**આગમ રહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ**	-
→	તપસ્યાનું અનેરૂં સ્થાન	૮૦
→	તપસ્યા અંગે શંકા અને સમાધાન	૮૨
→	તપસ્યા એ અંતરાયનો ઉદય ગણાય ?	૮૪
૧૯	**શ્રાવક ગુણોનો સમન્વય**	૮૫
૨૦	**આગમોદ્ધારકની અમોઘદેશના - કર્મરાજાનો લશ્કરી**	૮૭
૨૧	**સાગર સમાધાન**	-
→	પુનમ જેવી પર્વતિથિનો ક્ષય હોય ને તેની પ્હેલાની ચૌદશ જેવી પર્વતિથિ હોય તો પુનમઆદિના ક્ષયે કોનો ક્ષય કરવો ?	૮૯

અનુક્રમણિકા

→ બીજઆદિ પર્વતિથિના ક્ષયે આગળની અપર્વતિથિનો ક્ષય ન કરે તો તેઓ કેમ બોલે અને તે રીતે બોલવામાં અડચણ શી ? વળી પુનમના ક્ષયે તેરશનો ક્ષય ન માને તો શું બોલે અને શી અડચણ આવે ? ૮૯

→ તિથિની વૃદ્ધિ જૈનશાસ્ત્ર પ્રમાણે હોય કે નહિં ? ૯૨

→ મુખ્યતાએ ઉદય અને સમાપ્તિ બે ન મળે તો સમાપ્તિવાળી તિથિ પ્રમાણમાં લેવી એમ નહિં ? ૯૩

→ પુનમ અને અમાવસ્યાના ક્ષયે તેરશનો ક્ષય કેમ કરાય ? ૯૩

૨૨ **સમાલોચના** ૯૨

૨૩ **શ્રી પંચવસ્તુક (ભાષાંતર)** ૯૫

૨૪ **''यः सद्बाह्यमानित्यं....'' શ્રી હેમચંદ્રસૂરિ** -

૨૫ **આગમરહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ** -

→ શ્રી જૈનશાસનમાં તપનું સ્થાન ૧૦૪

→ તપસ્યાના ધર્મની મુશ્કેલી ૧૦૫

→ શ્રી ઋષભદેવજીની તપસ્યા ગણાય ખરી ? ૧૦૭

૨૬ **સાગર સમાધાન** -

→ પુનમ અમાવસ્યાની વૃદ્ધિ એ કરાતી ચૌદશે ચૌદશનો ઉદય સમાપ્તિ કે ભોગવટો નથી તેનું કેમ..... ? ૧૦૮

→ પુનમ અને અમાવસ્યાના ક્ષયે પહેલાની ચૌદશ તો ઉદયવાળી છે, તેને કેમ પલટાવવી ? ૧૦૮

→ તત્વતરંગિણીમાં ક્ષય કે વૃદ્ધિમાં સમાપ્તિવાળી તિથિ લેવા લખ્યું છે તેનું કેમ ? ૧૦૯

→ પ્રભુપૂજા, સામૈયા અને સાધર્મિક ભક્તિમાં હિંસા થાય છે કે નહિ ? હિંસા છે તો પાપ લાગે કે નહિં ? તો યજ્ઞાદિની હિંસામાં પાપ કેમ લાગે ? ૧૦૯

→ પાણી વિના વઘારેલું શાક બીજે દિવસે વાસી ગણાય કે ? ૧૦૯

→ જેમ આદુ સૂકવીને ઉપયોગમાં લે તેમ બટાકા, શક્કરીયાં આદિ લઈ શકાય ? ૧૧૦

→ પોતાનો વિવાહ ન કર્યો હોય ત્યાં સુધી સર્વકુમારીકાઓને બહેન સમાન ગણવી તો પછી ભવિષ્યમાં તેમાંની કોઈ સાથે વિવાહ શી રીતે થઈ શકે ? ૧૧૦

→ રજસ્વલા સ્ત્રીને અડકવામાં ધાર્મિક દૃષ્ટિએ દોષ કેવી રીતે ? ૧૧૦

→ ટીપણામાં આરાધવાલાયક પર્વતિથિનો ક્ષય આવે છે પણ જૈન જ્યોતિષની ગણત્રીએ પર્વતિથિનો ક્ષય આવે કે નહિ ? ૧૧૦

અનુક્રમણિકા

૨૭	આગમોદ્ધારકની અમોઘ દેશના	૧૧૧
→	"धम्मो मंगलमुक्किट्ठं.....मार्ग देशकः"	
૨૮	શ્રાવકગુણોનો સમન્વય	૧૧૬
૨૯	સમાલોચના	૧૧૭
૩૦	શ્રી પંચવસ્તુક (ભાષાંતર)	૧૧૯
૩૧	પર્વની આરાધના અને શ્રીસંઘ	-
૩૨	કુટુંબીઓની કારમિ મમતા	-
૩૩	આગમરહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ	-
→	ઋષભદેવજીની તપસ્યાની પરાકાષ્ઠા	૧૨૮
→	ભગવાન મહાવીર અને કર્મવાદ	૧૩૧
→	ઉદ્યમવાદ એટલે શું ?	૧૩૨
→	ભવ્યતાના ભેદોની અનંતતા	૧૩૩
૩૪	આગમોદ્ધારકની અમોઘદેશના - રાગ-દ્વેષ સમીક્ષા	૧૩૫
૩૫	સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત અને સર્વદુઃખોનો નાશ કરનાર કોણ ?	૧૪૭
૩૬	સાગર સમાધાન	૧૫૦
→	જૈન ટીપ્પણાનાં અભાવે લૌકીક ટીપ્પણાના આધારે તિથિઓ અત્યારે મનાય છે કે પહેલા પણ મનાતી હતી.	૧૫૦
→	ભગવાન મહાવીર મહારાજના દશ સ્વપ્નોના ફળો ચીરકાલે કેમ થયાં ?	૧૫૩
૩૭	આ ભવ, પરભવ અને ભવોભવને માનનાર કોણ ?	૧૫૩
૩૮	સમાલોચના	૧૫૫
૩૯	શ્રીપંચવસ્તુક (ભાષાંતર)	૧૫૯
૪૦	નમસ્કાર મંત્રનો મહિમા	-
૪૧	આગમરહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ	-
→	ભવ્યતાની વિચિત્રતા	૧૭૬
૪૨	આગમોદ્ધારકની અમોઘદેશના	૧૭૯
→	આત્માની બાલ, યૌવન અને વૃદ્ધાવસ્થા	
૪૩	સાગર સમાધાન	-
→	સમ્યક્ત્વ અને જ્ઞાન બંને સાથે થાય છે તો તેમાં પરસ્પર ઉપકાર્ય ઉપકારક ભાવ કેમ ઘટી શકે ?	૧૮૭

અનુક્રમણિકા

→	સમ્યક્ત્વ અને ચારિત્રનો ઉપયોગ જ્ઞાન સાથે થશે ત્યારે અનેક ઉપયોગ થશે તેનું કેમ ?	૧૮૭
→	સમ્યગ્દૃષ્ટિના પરિગ્રહથી મત્યાદિ જ્ઞાનનું સમ્યગ્પણું કહેવાય છે તેમ ચક્ષુઆદિ દર્શનનું સમ્યક્પણું કેમ નથી કહેવાતું ?	૧૮૭
→	ખરતરગચ્છ અને તપાગચ્છવાળા બે કે વધુ ઉપવાસના પચ્ચક્ખાણમાં ફેર માને છે તો શાસ્ત્રાનુંસારી શું સમજવું ?	૧૮૭
૪૪	**સમાલોચના**	૧૮૯
૪૫	**શ્રી પંચવસ્તુક (ભાષાંતર)**	૧૯૧
૪૬	**રવિવારની સંવચ્છરીવાળાની માન્યતા**	૨૦૦
→	ઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષનો ખુલાસો	૨૦૧
→	જૈન ટીપ્પણાની સત્તા હતી કે કેમ ?	૨૦૨
→	જૈનશાસ્ત્ર પ્રમાણે પર્વતિથિનો અને દ્વિતીય પર્વતિથિનો ક્ષય	૨૧૧
→	વધારે તિથિભોગને માનનારા અને પડિકમણા વખતે તિથિ માનનારાઓને ચેતવણી	૨૧૨
→	ક્ષીણતિથિની સમજ	૨૧૩
→	ભળેલી તિથિ માનવામાં આચારલોપ	૨૧૪
→	તિથિવૃદ્ધિના વિચારને અવકાશની જરૂર	૨૧૯
૪૭	**આગમોદ્ધારકની અમોઘદેશના**	૨૨૯
→	આત્માની બાલ, યૌવન અને વૃદ્ધાવસ્થા	૨૨૯
૪૮	**શ્રી પંચવસ્તુક (ભાષાંતર)**	૨૩૯
૪૯	**શનિવારની સંવચ્છરી કરી અને બુધવારની કરવા માંગનાર ખુલાસો કરશે કે ?**	-
૫૦	**ભાદરવા સુદ-૫ એ પર્વતિથિ ખરી કે નહિ ?**	-
૫૧	**આગમરહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ**	૨૪૮
૫૨	**પર્વતિથિની ચર્ચામાં મનનીય પાઠો**	૨૫૧
૫૩	**સમાલોચના**	૨૫૮
૫૪	**સાગર સમાધાન**	-
→	ત્રેસઠ શલાકાપુરૂષોમાં કઈ કઈ પદવીઓ એક થી વધુ વખત આવી શકે ?	૨૬૨
→	તીર્થંકર સિવાય ચક્રવર્તિપણા આદિની પદવીઓને ધારણ કરનાર માટે ભવોની સંખ્યાનો નિયમ ખરો કે નહિ ?	૨૬૨

અનુક્રમણિકા

૫૫	શ્રી પંચવસ્તુક (ભાષાંતર)	૨૬૩
૫૬	ઋષિમતી કહેવાની મતલબ	-
૫૭	આગમરહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ	-
→	મોક્ષનો રસ્તો	૨૭૨
→	સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની સાથે ચારિત્રનું સહચરપણું	૨૭૩
→	સમ્યગ્દર્શનાદિ થવામાં હેતું	૨૭૪
૫૮	સાગર સમાધાન	-
→	અવધિજ્ઞાન દેવ-નરક ભવને અંગે નિયમિત થાય છે તેમાં એ સિવાય બીજો હેતુ કોઈ કહેવાય ખરો ?	૨૭૬
→	પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલાં આયુષ્યવાળા નારકી કે દેવ થાય છે ત્યારે તેઓને એક્કે કેમ નથી હોતા ? સમ્યગ્દૃષ્ટિ દેવ કે નારકીઓને પર્યાપ્તપણામાં બે જ્ઞાનવાળા માનવા ?	૨૭૬
→	તત્વાર્થકાર મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનને મહાવિષયવાળું કેમ કહે છે ?	૨૭૭
→	મેઘકુમારની દીક્ષા થઈ તેમાં સમ્યક્ત્વની સાથે જ સર્વવિરતિ થઈ એમ ખરૂં?	૨૭૭
→	તત્વાર્થમાં અવધિજ્ઞાનનાં અવસ્થિતાદિ ભેદો શાથી કહ્યા છે ?	૨૭૭
→	તત્વાર્થકારે અવધિજ્ઞાનના વર્ધમાન અને હીયમાન એ ભેદો ગણવાની જરૂર શી ?	૨૭૭
→	તત્વાર્થભાષ્યકાર મતિજ્ઞાનાદિનો સદ્ભાવ કેવલજ્ઞાન થાય ત્યારે હોય કે ન હોય તે બાબતમાં પોતાનો મત કેમ જણાવતા નથી.....?	૨૭૮
→	મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન માટે તત્વાર્થકારે અને નંદીસૂત્રમાં જુદી વાતો કેમ જણાવી ?	૨૭૮
→	હાલિકના જીવનો પ્રભુવીર સાથે સિંહ અને ત્રિપૃષ્ઠના ભવથી સંબંધ છે કે પહેલાં પણ સંબંધ છે ?	૨૭૮
→	અવધિજ્ઞાનના અનુગામી અને અનાનુગામી ભેદો અવગાહના ક્ષેત્રની અપેક્ષાએ કે દૃશ્યક્ષેત્રની અપેક્ષાએ ?	૨૭૮
→	દેવતાને અવધિજ્ઞાનનાં છ ભેદોમાંથી કોઈ અવધિજ્ઞાન હોય કે નહિ ?	૨૭૯
→	દેવતા અને નારકી પોતાના સ્થાનથી અને દૃશ્યક્ષેત્રથી બહાર જાય ત્યારે પણ તેટલું અવધિજ્ઞાન આગળ વધે કે નહિ ?	૨૭૯
→	પુનમના ક્ષયે ચૌદશે પુનમનું પણ આરાધન મહોપાધ્યાયશ્રી જણાવે છે તો ચૌદશ પુનમ ભેળી કેમ ન ગણાય ?	૨૭૯

અનુક્રમણિકા

૬૦	આગમોદ્ધારકની અમોઘ દેશના - સાધુત્વ અને મૃષાવાદ	૨૮૫
૬૧	શ્રી પંચવસ્તુક (ભાષાંતર)	૨૮૭
૬૨	શનિવારની સંવચ્છરીવાળા પાસેથી ખુલાસો કયો મેળવવો ?	-
૬૩	પ્રવચન પરીક્ષાનો પ્રૌઢ મહિમા	-
૬૪	પ્રવચનકારની શાસ્ત્ર વિરૂદ્ધ અને જુઠ્ઠી પ્રરૂપણા	-
૬૫	આગમરહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ	-
→	ભગવાન ઋષભદેવજીની પરોપકારમાં હેતુતા	૨૯૬
→	ભિક્ષાવૃત્તિ અને દીગંબરો	૨૯૭
૬૬	સમાલોચના	૨૯૯
૬૭	શ્રી પ્રવચન પરીક્ષાની અદ્વિતીય મહત્તા	૩૦૩
૬૮	શ્રી પંચવસ્તુક (ભાષાંતર)	૩૧૧
૬૯	સાધુઓનું સંઘમાં સ્થાન	-
૭૦	કદાગ્રહની પીછાણ કરો	-
૭૧	આગમ રહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ	-
→	લોચવિધાન	૩૨૦
→	શ્રી ઋષભદેવજી પ્રત્યે દયાના દુશ્મનોની કપોલ કલ્પિત કથા	૩૨૩
૭૨	સમાલોચના	૩૨૪
૭૩	સાગર સમાધાન	-
→	પર્વતિથિના ક્ષયે પહેલાની અપર્વતિથિનો ક્ષય શા આધારે કરાય છે ?	૩૨૫
→	પ્રભુ મહાવીરે પ્રિયમિત્રના ભવમાં કોની પાસે સાધુપણું લીધેલું ? ત્યાં દીક્ષા પર્યાય કેટલો ?	૩૨૫
→	શ્રી નંદનઋષિના ભવમાં અઢાર પાપસ્થાનક વર્જતાં છઠ્ઠું પાપસ્થાનક રાત્રિભોજન ગણીને વોસિરાવ્યુ છે અને રતિ-અરતિ નથી ગણ્યુ કેમ ?	૩૨૫
→	શ્રી આર્યરક્ષિત સૂરિજીએ શ્રી ભદ્રગુપ્તસૂરિજીને નિર્યામણા ઉજ્જૈનીમાં બીજે કરાવેલ ?	૩૨૬
→	કલ્પસૂત્રમાં ચંદ્રકુલનો અધિકાર કેમ નથી ?	૩૨૬
→	નાગેન્દ્રકુલ અને નાગિલીશાખા એક કે જુદા ?	૩૨૬
→	અભવ્યજીવોને આભોગિક મિથ્યાત્વ હોય કે નહિ ?	૩૨૬

અનુક્રમણિકા

૭૪	પ્રવચન પરીક્ષાની અદ્વિતીય મહત્તા	૩૨૭
૭૫	શ્રી પંચવસ્તુક (ભાષાંતર)	૩૩૫
૭૬	આરાધના અને ઉદયની તુલના	-
૭૭	આગમ રહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ	-
→	શ્રી ઋષભદેવજીના ગૃહસ્થપણાનો સમય અને અંતરાયની સ્થિતિ	૩૪૪
૭૮	સમાલોચના	૩૪૮
૭૯	પ્રવચનપરીક્ષાની અદ્વિતીય મહત્તા	૩૫૧
૮૦	શ્રી પંચવસ્તુક (ભાષાંતર)	૩૫૯
૮૧	પરમપવિત્ર પરમેષ્ઠિપદોનો અનુક્રમ	-
૮૨	આગમ રહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ	-
→	ભગવાનનું સાંવત્સરીક દાન	૩૬૮
→	અસંખ્યાતની સંખ્યા કેટલી મોટી છે ?	૩૬૯
→	સ્ત્રીઓ સંવચ્છરી દાન ન લે.....?	૩૭૧
૮૩	સાગર સમાધાન	-
→	પક્ખિઅપડિક્કમણાની સંખ્યા ઘટી તેનું કેમ ?	૩૭૨
→	મેઘકુમારના જીવે ત્રણ માંડલા કર્યા હતા ?	૩૭૨
→	ધાર્મિક પર્વોની આરાધના કયા માસની અપેક્ષાએ કરવી ?	૩૭૨
→	બીજ, પાંચમ આદિ તિથિઓ કર્મમાસ પ્રમાણે કે ચંદ્રમાસ પ્રમાણે થાય છે ?	૩૭૩
→	બીજઆદિ તિથિઓએ શાસ્ત્રકારો આરાધના કરવાનું કહે છે તો શીલઆદિ નિયમો તે સમાપ્ત થાય ત્યારે પૂરા કરવા વ્યાજબી છે ?	૩૭૩
→	તું બાલક છે અણસમજુ છે અને ધર્મનો અજાણ છે એવા માતાપિતાના કથનના ઉત્તરમાં જાણું છું તે નથી જાણતો અને નથી જાણતો તે જાણું છું એ જે કહેવું તે વ્યાજબી છે?	૩૭૩
૮૪	પ્રવચનપરીક્ષાની અદ્વિતીય મહત્તા	૩૬૭
૮૫	શ્રી પંચવસ્તુક (ભાષાંતર)	૩૭૧
૮૬	આગમોદ્ધારકની અમોઘ દેશના - સાધુત્વ અને મૃષાવાદ	૩૭૫
૮૭	બુધવારીયાની છાવણીના નોખા રસ્તા	-
૮૮	ગુરૂવારની સંવચ્છરીવાળાની એક નવિન યુક્તિ	-
૮૯	આગમ રહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ	-
→	શ્રી જિનેશ્વરોનું સંવચ્છરીદાન ભવ્યજીવોને પ્રતિબોધનું કારણ	૩૯૨

અનુક્રમણિકા

૯૦ સાગર સમાધાન -

→ અતિમુક્તજી મુનિએ દેશના સાંભળીને વૈરાગ્ય મેળવ્યો હતો કે સ્વયં મેળવ્યો હતો. ૩૯૪

→ અતિમુક્તજીએ પોતાના માતાપિતાને શો ઉત્તર આપ્યો. ૩૯૪

→ અતિમુક્તકજી કેટલા શ્રુતના ધારક હતા ? શું ઈર્યાવહિના અર્થ પણ તેઓ ન જાણતા હતા ? ૩૯૫

→ આર્યરક્ષિતસૂરિજીના પિતાના પ્રસંગ પછી ચોલપટ્ટો નિયમિત થયો, માત્રકની પ્રવૃત્તિ થઈ એમ ખરૂં ? તેઓએ કાલ કર્યો ત્યારે તેમના પિતા હયાત હતા ? ૩૯૫

→ ભગવાન વજ્રસ્વામીજી છ માસની ઉંમરમાં દીક્ષાવાળા ગણાયા, હરિભદ્રસૂરિ આદિની ટીકામાં ત્રણ વર્ષની ઉંમરે દીક્ષા લીધી એમ લખ્યું છે અને યુગપ્રધાનયંત્રમાં આઠ વર્ષનો ગૃહસ્થપર્યાય લખ્યો છે ? એ ત્રણેનો મેળ કેમ ? ૩૯૫

→ સાધુઓ સાધુ પાસે આલોયણ લે છે તો સાધ્વીઓ - સાધ્વી પાસે કેમ આલાયણ લેતી નથી ? ૩૯૫

→ આર્યસિંહગિરિના શિષ્યો ગણાવતા વજ્રસ્વામિને આર્યસમિત કરતાં પહેલા કેમ કહ્યા ? ૩૯૬

→ વજ્રસ્વામિને પુરીના શ્રાવકોએ ચૈત્યપૂજા જ મહાનધર્મનું અંગ છે માનીને પુષ્પ લાવવા વિનંતિ કરી છે ? ૩૯૬

→ વજ્રસ્વામિ સુધીના મુનિઓ પ્રાયઃવનમાં રહેતા હતા ? ૩૯૬

→ નંદિસૂત્રના રચયિતા દેવવાચકજી કે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણજી ? ૩૯૬

→ કેટલેક સ્થાને ચંદ્રકુલ એમ લખાય છે અને કેટલેક સ્થાને ચંદ્રગચ્છ એમ લખાય છે તેનું કારણ ? ૩૯૬

→ આર્યરક્ષિતજીની ઉંમર દીક્ષા વખતે કેટલી ? ૩૯૬

→ આર્યરક્ષિતસૂરિનો સ્વર્ગવાસ વીરસંવત ૫૮૪માં માનવો કે વીરસંવત ૫૮૭માં માનવો ? ૩૯૭

→ કાલિકાચાર્ય મહારાજ દ્વારા ઉજ્જયનિના ગર્દભિલ્લરાજાનો ઉચ્છેદ થયા પછી ઉજ્જયનિની ગાદીએ કોણ બેઠું ? અને તેનો રાજયધર્મ કયો ? ૩૯૭

→ વિજય આણસુરવાળાએ ષટ્પર્વીઘટાઘટ વિચાર લખ્યો છે તેમાં શ્રી કાલિકાચાર્યે સભા સમક્ષ કલ્પસૂત્ર વાંચ્યું એમ જણાવે છે તે કેમ ? ૩૯૭

→ તે ઘટાઘટમાં જણાવ્યું છે કે પાંચમની સંવચ્છરીનો પલટો આનંદપુરમાં પુત્રના શોકને નિવારવા લોકો આવવાના હતાં તેથી થયો અને ધ્રુવસેન રાજાએ આજ્ઞાપૂર્વક કરાવ્યો તે શું સાચું ? ૩૯૭

અનુક્રમણિકા

૯૧	આગમોદ્ધારકની અમોઘ દેશના - સાધુત્વ અને મૃષાવાદ	૩૯૯
૯૨	સંવચ્છરીના નિર્ણયવાળા શાસ્ત્રાર્થ બાબત	૪૦૭
૯૩	સર્વમાન્ય ધર્મ (સર્વ ધર્મ પરિષદમાં મોકલેલ લેખ)	૪૨૩
૯૪	સમાલોચના	૪૨૯
૯૫	શનિવારવાળા ખુલાશો કરશે કે ?	-
૯૬	બુધવારની સંવચ્છરીવાળા ખુલાશો કરશે કે ?	-
૯૭	આગમ રહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ	૪૪૦
→	માતા મરૂદેવાને અંગે અકામ નિર્જરાનો પ્રભાવ	૪૪૦
→	સમ્યક્ત્વ પ્રાપ્તિનું કારણ પણ અકામ નિર્જરા છે	૪૪૧
→	કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિના ક્ષયનો હેતુ અકામ નિર્જરા છે	૪૪૧
→	સમ્યક્ત્વ પ્રાપ્તિનાં કારણો સાથે અકામ નિર્જરાનો સમન્વય	-
→	કુતરાના જેવી દશા	૪૪૨
→	સુખ નહિ પણ સુખાભાશ	-
→	માત્ર ભવિતવ્યતાથી	૪૪૩
૯૮	આગમોદ્ધારકની અમોઘ દેશના	૪૪૪
→	ધર્મનું મૂલ્ય	-
→	માત્ર અહંભાવનો જ ખ્યાલ	-
→	ત્રણ વસ્તુની જરૂર	૪૪૫
→	પોતાનું જ લોહી ચાટતાં કુતરા	-
→	સાચું સુખ જાણતો નથી	-
→	આત્માને વિષયો હણે છે	૪૪૬
→	કર્મક્ષયની ઈચ્છા વગર ભોગવાતું તીવ્ર દુઃખ તે અકામ નિર્જરાને આભારી છે	૪૪૬
→	અકામ નિર્જરા કરતાં સકામ નિર્જરાની કિંમત ઉત્તમોત્તમ છે	-
→	સ્વ સમયમાં ભગવાન ઋષભદેવજીનું આધિપત્ય અને સેવ્યપણું	૪૪૭
→	આંબો અને ખાખરો	૪૪૭
→	તમે પણ બળદ છો	૪૪૮
→	તમે પણ એવા જ છો	-
→	વ્યાખ્યાનના ચાર પ્રકાર	૪૪૯

અનુક્રમણિકા

→ ચોક્ખી ચાંદી જેવો માલ -
→ એ ગપાષ્ટક નથી -
→ સોની અને વાણીયો ૪૫૦
→ સોનીભાઈને દિવાળી -
→ મદદ કોને કહેવી... ? -
→ ત્રીજી નિતી શાસ્ત્રની આજ્ઞા ૪૫૧
→ હંઅ.....! સાપ પકડાયો
→ તારો અવિશ્વાસ નથી
→ આખી બજાર ફર્યો ૪૫૨
→ દગાબાજ દુનિયા
૯૯ **સાગર સમાધાન** ૪૫૩
→ ઘટાઘટ વિચારમાં किं च चतुर्दशी पूर्णमासी चेत्युभे अप्याराधत्वेन संभते स्तः परं चातुर्मासिकलक्षणा ग्राह्याः नान्याः આવી રીતે લખીને ચોમાસીની પૂનમો જ આરાધવા યોગ્ય જણાવે છે તે શું સાચું છે.... ? -
→ ઘટાઘટ વિચારમાં આનન્દ સૂરિવાળા લખે છે કે ભાદરવા સુદ પાંચમના ક્ષયે તેનું તપ ચોથે કરવા જણાવે છે અને પૂનમનું તપ પડવે કરવા જણાવે છે તે કેમ મનાય....? ૪૫૪
૧૦૦ સાત ક્ષેત્રો અને ઉદ્યાપન ૪૫૫
→ રત્નત્રયી આરાધવાના ઉદ્દેશો ૪૫૭
→ વ્યક્તિના નામથી નહિં મનાતો જૈન ધર્મ ૪૫૮
→ જિનેશ્વરની હયાતિ સાથે જૈનધર્મની અનાદિની હયાતિ -
→ જઘન્યાદિ ભેદે થતું ધર્મનું આરાધન -
→ ધર્માધર્મ અનાદિ હોવાથી પુણ્યપાપની પણ અનાદિ છે ૪૫૯
→ જિનેશ્વરો વસ્તુના બનાવનારા નથી હોતા પણ બતાવનારા હોય છે. -
→ ઈશ્વરમાં સુખાદિના કતૃત્વની માન્યતાનો નિરાસ ૪૬૦
→ પુદ્ગલોની શક્તિ અને સ્વભાવ -
→ આત્માની સાથે કર્મનો સંબંધ અને તેની કાળાંતરે થતી અસર ૪૬૧
→ ઈશ્વર શિક્ષા દેવા લાયક છે..... ?

અનુક્રમણિકા

→ ઉપકાર દ્વારા એજ અવકાશ ઠાંકવાની સજ્જનો રીતિ ૪૬૨

→ ગુન્હાના ફલને આપનાર ઈશ્વર છે એવી માન્યતામાં થતી આપત્તિ -

૧૦૧ સમાલોચના ૪૬૩

૧૦૨ આગમ રહસ્ય - દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ -

→ સો ભાગે રાજ્યની વહેંચણી કેમ ? ૪૬૬

→ પુત્ર તરીકે મનાયેલા નમિ-વિનમિનો ભાગ કેમ નહિ ? ૪૬૭

૧૦૩ સમાલોચના ૪૬૯

૧૦૪ તિથિની ક્ષયવૃદ્ધિની સમજ ૪૬૯

૧૦૫ આગમોદ્ધારકની અમોઘ દેશના - ધર્મનું મૂલ્ય ૪૮૧

૧૦૬ ઉદયને નામે ફેલાવાતો ભ્રમ -

૧૦૭ પર્યુષણાપર્વ અને શ્રાવક વર્ગ ૪૯૫

૧૦૮ ચોમાસી અને સંવચ્છરી વચ્ચેના ૫૦ દિવસો કેમ ગણવા ? -

૧૦૯ તિથિ-હાનિ વૃદ્ધિનો વિચાર - શાસ્ત્રીય પુરાવા -

૧૧૦ પર્યુષણા પર્વ અને શ્રાવક વર્ગ ૫૧૯

૧૧૧ સમાલોચના ૫૪૩

૧૧૨ જૈનશાસનનો સાર -

૧૧૩ સમાલોચના -

૧૧૪ સિદ્ધચક્ર અને નવપદની વિચારણા ૫૪૬

૧૧૫ સાતક્ષેત્રો અને ઉદ્યાપન ૫૬૧

૧૧૬ પંચમવર્ષની પૂર્ણતાને અંગે નિવેદન ૫૬૯

૧૧૭ ધર્મવરચાતુરન્ત ચક્રવર્તી જિનેશ્વર ભગવાન છે ત્યારે શ્રી સિદ્ધચક્ર ચૌદ રાજલોકનું અદ્વિતીય ચક્ર છે. -

सिद्धचक्र

तंत्री

પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

– મુંબાઈ –

વર્ષ

૫

અંક

૧

પંચમ વર્ષ

આસો સુદિ પૂર્ણિમા

卐

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आसोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

૧૯૯૨ : : ૧૯૩૬

તા. ૩૦-૧૦-૩૬

વીર સંવત્ ૨૪૬૨

શ્રેષ્ઠિ ઋષભદેવજી કેશરીમલ જૈન શ્વેતામ્બર સંસ્થા
રતલામ તરફથી બહાર પડેલાં
અને
શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરતમાં મળતાં
ગ્રન્થરત્નો

૧	દશવૈકાલિકચૂર્ણિ .... જિનદાસગણી	૪-૦
૨	ઉત્તરાધ્યયનચૂર્ણિ .... જિનદાસગણી	૩-૮
૩	અનુયોગદ્વારચૂર્ણિ .... (હારિ૦વૃત્તિશ્ચ)	૧-૪
૪	નંદીસૂત્રચૂર્ણિ .... (હારિ૦વૃત્તિશ્ચ)	૧-૪
૫	પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં .... (આઠ ગ્રંથો)	૩-૦
૬	પંચાશકાદિ દશઅકારાદિ	૩-૦
૭	જ્યોતિષ્કરંડકટીકા	૩-૦
૮	યુક્તિપ્રબોધ: (સમયસારસમીક્ષા) .... ઉ. મેઘવિજયજી ગણી	૧-૦
૯	વંદારૂવૃત્તિ	૧-૪
૧૦	પયરણસંદોહ .... ૪૧ પ્રકરણો	૦-૧૨
૧૧	અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ-ઐન્દ્રસ્તુતિ	૦-૮
૧૨	ઋષિભાષિતાનિ	૦-૩
૧૩	પ્રત્યાખ્યાનપ્રકરણ - સારસ્વતવિભ્રમ વિશેષણવતી-વીશવીશી-દાન-ષટ્ત્રિંશિકા	૧-૮
૧૪	લલિતવિસ્તરા (સટીપ્પના) .... હરિભદ્રસૂરિ	૦-૧૦
૧૫	તત્ત્વતરંગિણી (તિથિનિર્ણયકૃત્) ધર્મસાગરજી ગણી	૦-૮
૧૬	બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ	૨-૮
૧૭	મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ	૦-૮

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

अर्हन्तो मोक्षमार्गोद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनीनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५ अंक १.

विक्रम सं. १९९२ वीर सं. २४६२ सन १९३६
आश्विन पूर्णिमा शुक्रवार ओक्टोबर ३०

अमारूं नवुं वर्ष

आ पत्र पोतानां चार वर्ष पूरां करीने पांचमा वर्षमां प्रवेश करे छे, अने ते प्रसंगे अमारा कदरदान ग्राहको अने सहायको गत वर्षोनी माफक ग्राहक अने सहायक रहीने पत्रनी प्रगतिमां फाळो आपशे एम ईच्छीने अमे जे कहेवा मागीए छीए ते एज छे के :-

पत्रोना व्होळा फेलावानी जरूर

जैनजनतामां मासिको, पाक्षिको अने साप्ताहिक पेपरो घणां अने घणी जगा परथी नीकळे छे. जो के जैनजनतानी संख्यानां हिसाबे तेटला बधा बहोळा प्रमाणमां मासिक विगेरे पेपरो नीकळतां नथी ए मानवुं खोटुं नथी, पण जैनधर्मना मासिक विगेरे पेपरो व्यवहारिक विषयने अग्रपद आपवाथी विमुख रहे ते स्वाभाविक होईने केवळ धार्मिक तत्त्व, व्यवहार के समाचारोथी मुख्यताओ भरेला होय छे अने ते धार्मिक विषय अने धार्मिक तत्त्वज्ञाननुं रसिकपणुं ज्यां ज्यां पूज्य मुनि महाराजाओना विहार अने चातुर्मास आदि होय त्यां ज ते धार्मिक तत्त्वनी जिज्ञासाआदि स्थिति लावववाथी धर्मना केन्द्रस्थानोथी ज ते मासिक विगेरेने पोषण मळे छे अने ते स्वाभाविक ज छे.

पत्रोनी बाबतमां गुजरातनी अनुकरणीयता

पण वर्त्तमानमां तेवो केन्द्रभूत प्रदेश अन्यक्षेत्रोमां रहेनारा भाविकोनी तत्त्वरसिकतानी खामी आदि कोईपण कारणथी मात्र गुजरातनो छे अने अन्यदेशमां नीकळता जैनपेपरो ए मुख्यताओ गुजरात उपर ज वधारे आधार राखे छे, अने तेथी जैनजनतामां सर्व भाषा बोलनारी सर्व देशनी

પ્રજા છતાં પણ ગુજરાતનાં સામાહિક, પાક્ષિક અને માસિકની સંખ્યા ઘણી ચઢીયાતી છે અને ઈચ્છીએ છીએ કે અન્ય દેશના મારા સાધર્મિક બંધુઓ તત્ત્વરસિક બનીને પોતપોતાના દેશમાં, પોતપોતાની ભાષામાં જૈનધર્મના તત્ત્વને સારી રીતે ફેલાવવા માટે માસિક વિગેરે પેપરો કાઢે અને નીકળતાં હોય તેમાં સારો વધારો કરી દિનપ્રતિદિન ધાર્મિક વાંચનમાં વધારો કરનારા થાય.

પત્રોના પ્રકાશનમાં આવશ્યકતા કઈ ?

જો કે કંઈ કંઈ અંશે અન્ય અન્ય દેશોમાં પણ અન્ય અન્ય ભાષાના સામાહિકો જૈનધર્મને ધારણ કરનાર મહાશયો તરફથી નીકળે છે, પણ તે નીકળતાં પેપરોને તેના વાચકવર્ગ તરફથી પૂરો સહકાર નહિ મળવાથી કફોડી સ્થિતિમાં આવવું પડે છે, પણ તેવાં ધાર્મિક પેપરોને તો શું પણ બીજાં સામાન્ય પેપરોને પણ વાચકોની મદદ ઉપર જ નિભાવ કરવાનો રહેતો નથી, પણ તે પેપરોનો નિભાવ જાહેરખબરની આવકથી અથવા તો તેવા રસિક અને દાનેશ્વરીની ગુપ્ત સહાયથી જ ચાલે છે. માટે દરેક દેશના તત્ત્વરસિકોએ ધાર્મિક પેપરની સ્થિતિ ટકાવીને ઉન્નતિ કરવી હોય તો એકલા ગ્રાહક તરીકે જ નહિ, પણ સહાયકારક તરીકે ફરજ બજાવવા તૈયાર થવું જોઈએ.

તંત્રીની જવાબદારી

જેવી રીતે રસિકોને માટે ગ્રાહક અને સહાયક બનવાની જરૂર છે, તેવી રીતે અગર તેનાથી અધિકદરજ્જે પેપરના તંત્રીએ અગર સંચાલકે ધર્મના ઉદયને ધ્યાનમાં રાખી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ત્રિકાલાબાધિત સિદ્ધાંતથી અવિરૂદ્ધપણે જ લખાણ કરવું જોઈએ.

પત્રકારોના ધ્યેયનો આદર્શ

આ સ્થાને એ જણાવવું અનુચિત નથી કે કોઈપણ વ્યક્તિ કે સમુદાયના ઉત્કર્ષ તરફ ધ્યાન નહિ આપતાં માત્ર પરમપૂજ્ય પરમાત્માના શાસન, તીર્થો, આગમ વિગેરેના ઉત્કર્ષને ધ્યાનમાં રાખીને પત્ર ચલાવનાર મનુષ્ય શાસનના સાચા સેવકો તરફથી આશીર્વાદને પામે છે, અને તેવી રીતે દિનપ્રતિદિન વર્ત્તીને શાસનનો ઉત્કર્ષ ચાહવાપૂર્વક લેખદ્વારા પ્રયત્ન કરનારાઓને જ શાસનસેવકો હંમેશા અપનાવે છે અને તેના લખાણને શુદ્ધબુદ્ધિથી વાંચીને દિનપ્રતિદિન આશીર્વાદ વરસાવતા રહે છે.

પત્રોના જન્મ અને વધવાના ધ્યેયમાં ફરક થવાનું પરિણામ.

પણ જેઓ કોઈ તીર્થ, શાસન કે ધર્મના વિકટ પ્રસંગે જન્મ લઈને પછી દુર્ગતિથી જીવને બચાવી લેનાર અને સદ્‌ગતિ આપવામાં જ કટિબદ્ધ થયેલા એવા ભગવાન જિનેશ્વરના શાસનને કોઈ સમુદાય કે વ્યક્તિના રાગમાં જઈને બેવફા નીવડે છે, તેઓ તરફ સાચા શાસનસેવકો શાપ વરસાવે છે, તેમજ જેઓ પોતાના જન્મથી જ શાસનની સેવા સમજ્યા નથી, બજાવવા તૈયાર થયા નથી.

સાચા શાસનસેવકો દૂર કયા પત્રથી ?

પણ કેવળ પોતાની સંસ્થા કે પોતાના આશ્રમોને પોષવા કે જાહેર કરવાના માત્ર ઉદ્દેશથી જ પત્રકાર બનીને પત્ર કાઢે છે અને પછી તે પત્રમાં પોતાના આશ્રયદાતાઓને ખોટું લગાડવા માટે કે અન્ય કોઈ પણ કારણથી અબાધિત એવા જૈનાગમોથી તેમજ સર્વથા સુંદર એવા જૈનઆચારોથી વિરૂદ્ધ લખાણ કરી, જૈનજનતાને માર્ગથી પતિત કરે છે અને ઉન્માર્ગે દોરે છે તેવાં પેપરો માટે તો સાચા શાસનસેવકો હંમેશાં દૂર જ રહે અને તેવા વિષથી ભરેલાં પેપરોને વિષવાયુની માફક રોકવા સર્વ પ્રયત્ન કરે તેમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી.

પ્રસ્તુત પત્રની વિશિષ્ટતા

પણ આ પેપર એક એવું પેપર છે કે જો આત્મપ્રશંસા ન ગણાતી હોય તો એમ કહેવું જોઈએ કે જૈનજનતામાં એવું કોઈપણ પેપર નથી કે જેનું અથથી ઈતિ સુધીનું લખાણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસનના ઉદયને ધ્યાનમાં રાખી આગમથી અબાધિતપણે પૂજ્ય પુરુષો તરફથી લખાતું હોય, પણ ફક્ત આ એકજ એવું પેપર છે કે જેમાં આગમના વિધવિધ પદાર્થો વિધવિધ યુક્તિથી સમજાવીને આગમની સાક્ષીઓ સાથે તત્ત્વનો પ્રચાર કરે છે, અને એટલા જ માટે આ પેપરની બીજી એક વિશિષ્ટતા જળવાઈ રહી છે અને જળવાશે તે એ કે આ પેપરના સર્વ અંશે લખનાર પૂજ્ય પુરુષના પણ સામૈયાના આડંબરો તેમજ તેઓશ્રીના ઉપદેશ અગર આશ્રયથી થયેલાં ઉપધાન, ઉદ્યાપન, અટ્ઠાઈમહોચ્છવ વિગેરે ધાર્મિક કાર્યોનો પણ હેવાલ આપવામાં આવતો નથી, તો પછી તેના ગ્રાહકો અને સહાયકોની પ્રશંસાના ડિંડિમ તો આ પેપર સ્વપ્ને પણ વગાડે જ ક્યાંથી ? અન્ય માસિક, પાક્ષિક કે સાપ્તાહિક પેપરોમાં જ્યારે તે સામૈયા વિગેરેને અંગે અંકોના અંકો સુધી તંત્રી, સહાયક કે લેખકના અંગત કરેલા ધાર્મિક કાર્યોના બણગા ચાલે છે. તે બધું મધ્યસ્થ દ્રષ્ટિએ જોનારને આ પત્રની વિશિષ્ટતા લાગ્યા સિવાય કદાપિ રહેશે જ નહિ.

આ પત્રરૂપ થાલમાં પીરસાતી રસવતી

સામાન્યપત્રને અંગે આટલું જણાવી મારા વાચકોને વિશેષતાએ એ જણાવવાનું છે કે આ પેપરમાં આગમરહસ્ય અને પૂજ્યપુરુષની અમોઘદેશના તથા ચતુર્વિધસંઘમાંથી કોઈએ પૂછેલા કે પૂછવાલાયક એવા પ્રશ્નોત્તરો વર્ષોથી આપવામાં આવ્યા છે અને આ વર્ષમાં પણ તેવી જ રીતે અપાશે.

સમાલોચનાની જરૂર શી ? અને સુંદરપણું કેમ જળવાયું છે ?

જગતમાં બને છે કે કોઈ પણ ચાહે જેટલો સાચો પણ પક્ષ હોય, છતાં પણ તેની ઉપર શંકા અને કટાક્ષ કરનારો વર્ગ નીકળ્યા સિવાય રહેતો જ નથી અને કેટલીક વખત તેવા કટાક્ષ કરનાર અને તેવી શંકા કરનારાઓને સામા ઉત્તરો આપતાં પત્રનું અને પત્રકારનું મુખ્ય ધ્યેય ચૂકી જવાય છે અને પછી ઉત્તર, પ્રત્યુત્તરમાં જ પેપરના આખા અંકોના અંકો ભરાય છે, તેવી સ્થિતિ આ પત્રની ન થાય અને શાસનથી વિરૂદ્ધ લખનારો, શંકા કે કટાક્ષ કરનાર અગર કોઈપણ હોય તો તેને સાચો માર્ગ સમજવા પૂરતો મુદ્દો આપવા માટે જ સમાલોચનાનો વિષય રાખવામાં આવેલો છે. જો કે સમાલોચનાના ટુંકા લખાણને અંગે કેટલાક ટીકા કરવા તૈયાર થાય છે અને થયા છે, છતાં તેઓએ કરેલી ટીકાને ધ્યાન બહાર ઘણી વખત કાઢી નાખીને આ પત્ર પોતાના ધ્યેયમાં અડગ રહેલું છે. જ્ઞાનપંચમી આદિ મોટા મોટા પર્વોના પ્રસંગે તે તે પર્વોની આરાધના કરનારાઓને તે તે પર્વની આરાધનામાં પરિણામની વૃદ્ધિ થાય તે માટે પ્રસંગે પ્રસંગે પર્વોનો મહિમા વગેરે પણ આ પેપર તરફથી જણાવવામાં આવે છે.

અનિયમિતતાની ક્ષન્તવ્યતા

જો કે દૈનિક અને સાપ્તાહિક પેપરોની વ્યવસ્થા માટે સારા પ્રમાણમાં સ્ટાફ રોકવામાં આવે છે અને ઘણા ભાગે તે નિયમિત નીકળે છે, છતાં તેમાં પણ સાપ્તાહિકો માત્ર કોઈ કોઈ વખત જ અનિયમિત થઈ જાય છે, પણ આ પાક્ષિક પેપર હોવાથી નિયમિત સગવડ કરવાના પ્રયત્નો છતાં પણ મુખ્યતાએ એકજ હાથે લખાવાનું હોવાથી અને મુદ્રણ તથા પ્રકાશન સ્થાન દૂર રહેવાથી નિયમિત નીકળી શકતું નથી, પણ તે અનિયમિતપણું બીજા કોઈ કારણથી નથી એમ વાચકો સહેજે સમજી શકે તેમ છે.

તંત્રી.



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

દ્રવ્યનંદીના પ્રસંગમાં ભગવાન જિનેશ્વર મહારાજની દ્રવ્યપૂજાના પ્રસંગમાં તેમનું પરહિતનિરતપણું વિચારતાં ભગવાન શ્રીઋષભદેવજીએ પરોપકારને માટે રાજગાદી કેમ સ્વીકારી, ક્ષત્રિયોની મૂળજાતિ અને પેટાજાતિઓ કેમ કરી, તેનો અધિકાર જણાવી વૈશ્યોની ઉત્પત્તિને અંગે કર્મ, શિલ્પ વિગેરેના અધિકાર આગળ જણાવવામાં આવી ગયા છે.

શૂદ્રવર્ણની ઉત્પત્તિ

આગળ જણાવ્યા પ્રમાણે પ્રથમ ક્ષત્રિયજાતિની ઉત્પત્તિ થઈ અને પછી વૈશ્યજાતિની ઉત્પત્તિ થઈ, પણ તે બંને જાતિઓમાં અનુક્રમે શૌર્ય અને ઉત્સાહનો પ્રસંગ હતો એ નિર્વિવાદ છે. જો કે ભગવાન ઋષભદેવજી મહારાજે લોકોના નિર્વાહને માટે શિલ્પ અને કર્મ વિગેરે બતાવ્યાં હતાં, તો પણ જેમ અનીતિનો પ્રચાર રોકવા માટે દંડ, શિક્ષા, કેદ વિગેરે સજાઓ નિયમિત થએલી હતી, તેવી રીતે ઉદ્યોગ સમજાવ્યા અને બતાવ્યા છતાં પણ જેઓ તે ઉદ્યોગને કરે નહિ તેઓને શિક્ષા કરવાનું હતું નહિ સર્વકાલે ઇતિહાસ તપાસીએ તો માલમ પડશે કે અનીતિના વર્ત્તનની જ સજાઓ નિયમિત થયેલી છે, પણ ઉદ્યોગ ન કરવાની સજા કોઈ પણ દેશ કે કોઈપણ રાજ્ય નિયમિત કરી શક્યા જ નથી અને તેવી જ રીતે ભગવાન ઋષભદેવજીને વખતે પણ નિરૂદ્યમિપણાની સજા નિયમિત ન થઈ હોય અને તેથી નિરૂદ્યમીવર્ગ પણ કેટલોક રહ્યો હોય તે અસંભવિત નથી અને તે નિરૂદ્યમિપણાને અંગે આળસુ છોકરો જેમ પાઠ ન કરતાં રમતગમતમાં વખત કાઢી નાખે છે, પણ જ્યારે તે આળસુ છોકરો ક્લાસમાં બેસે છે અને બીજા છોકરાઓના અભ્યાસ દેખે છે ત્યારે તે નામ નીચે ઉતરવાથી કે માસ્તરની શિક્ષાથી પોતાના રમતગમતમાં ગયેલા વખતને અંગે અને અભ્યાસ ન કરેલાને અંગે પશ્ચાત્તાપ થાય છે, તેવી જ રીતે તે ઉદ્યોગમાં નહિ ચઢેલા મનુષ્યોનો વર્ગ ક્ષત્રિય અને વૈશ્યોના શૌર્ય અને ઉત્સાહને અંગે થતી વૃદ્ધિ જોઈને પોતાના નિરૂદ્યોગિપણાને અંગે અફસોસ કરવા લાગ્યા, એટલું જ નહિ પણ તે નિરૂદ્યોગી વર્ગને પોતાના નિર્વાહની મુશ્કેલી લાગવાથી રોઈ રોઈને વખત કાઢવો પડ્યો અને તેથી શોચન (અફસોસ), રોદન (રોવું તે) ઉભય ધર્મવાળા હોવાથી તેઓ શૂદ્રોની જાતિ તરીકે ગણાયા. સામાન્ય રીતે એક તિતિઘોડો આખી પાયગાને નડે છે, તેવી રીતે શૌર્ય વિનાના અને ઉદ્યોગ વિનાના મનુષ્યો શૌર્યવાળા અને ઉદ્યોગવાળા વર્ગને નડનારા જ થાય એ અસંભવિત નથી અને તેટલા માટે જ તે નિરૂદ્યોગી વર્ગને શૌર્ય અને ઉદ્યોગવાળા વર્ગથી શૌર્ય અને ઉદ્યોગવાળા વર્ગનું રક્ષણ કરવા માટે તે નિરૂદ્યોગીવર્ગને જુદી જાતિમાં ગોઠવવાની જરૂર પડે તે સ્વાભાવિક જ છે અને તેથી જ શાસ્ત્રકારો પણ ક્ષત્રિયોની ઉત્પત્તિ વખતે શૂદ્રોની ઉત્પત્તિ નહિ કહેતા વૈશ્યોની ઉત્પત્તિ વખતે જ શુદ્રોની ઉત્પત્તિ થયેલી જણાવે છે. જો કે નિરૂદ્યોગી

વર્ગ ઉદ્યોગવાળો ન જ બની શકે કે ન જ બને એમ કહી શકાય નહિ, પણ ઘણો ભાગ અને પરંપરાના સંસ્કારો જ્યારે તેવી સ્થિતિમાં જ હોય ત્યારે તેને તે વર્ગમાં ગણવો જ પડે.

બ્રાહ્મણવર્ગની ઉત્પત્તિ

જો કે અન્યમતવાળાઓ બ્રાહ્મણવર્ણની ઉત્પત્તિ સર્વ વર્ણોમાં પહેલી માને છે, પણ સનાતનવાદીઓ રાજ્ય તરફથી વર્ણની વ્યવસ્થા થયેલી ગણીને અને બ્રહ્માએ કરેલી વર્ણવ્યવસ્થા અસંભવિત જાણીને નહિ માનીને ઉપર જણાવ્યા પ્રમાણે ક્ષત્રિયથી વર્ણવ્યવસ્થા શરૂ કરી અનીતિકારોની શિક્ષા માટે ક્ષત્રિય, જીવનનિર્વાહના ઉદ્યોગો કરવા માટે વૈશ્યો તથા નિરૂદ્યમીપણાને લીધે થયેલી શૂદ્રોની ઉત્પત્તિ પછી બોધ દેવાના પ્રસંગને પાછળથી બનવાવાળો ગણીને શૌર્યવાળા, ઉદ્યોગવાળા કે અફસોસ કરવાવાળા એ સર્વને આગામી ભવને માટે તત્પર થવા અને આ ભવની માયાને જંજાળ તરીકે ગણવા માટે બોધ આપવાવાળા વર્ગની પછી ઉત્પત્તિ થઈ એમ માને છે. સનાતનવાદીઓ એમ માને છે કે બ્રહ્માએ જ જો જગત બનાવ્યું હોય અને બ્રહ્માએ જ જો ચારે વર્ણની જુદી જુદી જાતો બનાવી હોત તો જેમ પશુ અને પંખીમાં જુદી જુદી જાતિના જુદા જુદા આકારો છે, તેવી રીતે આ ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને બ્રાહ્મણ જાતિના પણ જન્મથી જુદા જુદા આકારો જ હોત, પણ જ્યારે ક્ષત્રિય આદિ જાતિને અંગે કોઈપણ આકૃતિનો ભેદ નથી, તો પછી એમ કહેવું જ જોઈએ કે બ્રહ્માએ મૂળથી તે ક્ષત્રિય આદિ જાતિઓના ભેદો બનાવેલા નથી, પણ ઉપર જણાવ્યું તેવી રીતે કાલક્રમે જુદા જુદા સંયોગે જુદી જુદી જાતિઓની ઉત્પત્તિ થઈ અને તેના તેના રક્ષણ આદિ ગુણો પ્રમાણે તે તે જાતિઓનાં નામો લોકોમાં જાહેર થયાં અને પરંપરાએ ચાલ્યાં. આ સ્થિતિને લીધે બ્રાહ્મણવર્ગની ઉત્પત્તિ પાછળ થઈ, પણ તે શી રીતે થઈ તેનો વિચાર કરીએ.

ધર્મનો પ્રાદુર્ભાવ

સર્વ જાતિમાં દરેક સુજ્ઞ મનુષ્ય સમજી શકે તેમ છે કે આહાર, શરીર ઇંદ્રિયો, વિષયો અને તેનાં સાધનો તરફ જ લક્ષ્ય રહેલું હોય છે તેમજ તે આહારઆદિકને પ્રાપ્ત કરવા માટે જ એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના સર્વ જીવો તેમજ આર્ય કે અનાર્ય કોઈપણ જાતમાં ગણાતા મનુષ્યો તે આહાર આદિકની પ્રાપ્તિને જ ઇષ્ટ ગણનારા હોય છે. ટૂંકામાં કહીએ તો વિષયો અને તેનાં સાધનો મેળવવા કે વધારવામાં જ ઇષ્ટતા ગણેલી હોય છે. આવી સ્વાભાવિક સ્થિતિ હોવાથી તેમજ આત્મા હંમેશાં ચક્ષુની માફક બાહ્ય દૃષ્ટિવાળો હોવાથી વિષયો અને તેનાં સાધનો તરફ જ ઝૂકી રહેલો હોય છે. એ વાત તો કોઈને નવી સમજાવવી પડે તેમ નથી કે નેત્ર જો કે દરેક જીવને અંગે રત્નસમાન છે, છતાં તે નેત્ર જગતભરના અને ઇતર પદાર્થોને દેખવાને તૈયાર છે, અર્થાત્ બાહ્ય એટલે ચક્ષુ સિવાયના આખા જગતના પદાર્થોનો બોધ તે કરાવે છે, પણ તે આંખમાં લાલાશ હોય, ફૂલું હોય કે રજનો કણીઓ પડ્યો હોય, તો તેને આ આંખ જોઈ શકતી નથી. એવી જ રીતે આ આત્મા પણ આહાર, શરીર, ઇંદ્રિયો, વિષય અને તેનાં સાધનો તરફ જ જન્મથી મરણ સુધી એક સરખી મીટ માંડી રહેલો હોય છે, પણ ખુદ્ પોતે જીવ કોણ છે ? વળી તે વિગેરે કેવો છે ? ક્યાંથી આવ્યો છે ? અને ક્યાં જવાનો છે ? એ બાબતોનો સ્વાભાવિક રીતે જીવને એક અંશ પણ વિચાર આવતો નથી. આટલાને આટલા જ માટે ભગવાન જિનેશ્વરોએ શાસનની સ્થાપનામાં પહેલો ઢંઢેરો એજ જાહેર કર્યો કે:-મહાનુભાવો ! જીવ જેવી વસ્તુ છે

અને તે કોઈક સ્થાનેથી અહીં આવેલી છે અને અહીંથી આવીને આગળ કોઈ સ્થાને પણ ચાલી જવાની છે. આવો ઢંઢેરો પહેલો જાહેર કર્યો એટલા જ માટે કહેવાય કે બારે અંગમાં પહેલું આચારાંગ નામનું અંગ છે અને તેમાં પણ પહેલામાં પહેલું સૂત્ર આ ઢંઢેરાનું જ છે. વળી બીજી બાજુએ વિચાર કરીએ તો માલમ પડવું જોઈએ કે આ જગતમાં શરીર, આહારાદિકની ઇચ્છા સર્વને સરખી છતાં પણ કેટલાકને તે મળે છે અને કેટલાકને તે મળતા નથી, તેમજ કેટલી વખત તો નિરૂદ્યમીપણે રહેવાવાળાઓને તેની સિદ્ધિ થાય છે અને ઉદ્યમપૂર્વક વર્ત્તવાવાળાઓને તેની સિદ્ધિ નથી થતી, એટલું જ નહિ, પણ કેટલીક વખત તો પ્રાપ્ત થયેલામાં પણ હાનિ થાય છે, માટે સિદ્ધિ, અપ્રાપ્તિ અને હાનિનું કાંઈક અદૃષ્ટ કારણ માનવું જ જોઈએ, પણ આ બધો વિચાર ધર્મની સાથે જ સંબંધવાળો છે અગર ધર્મમય જ છે એમ છતાં તેની જડ કેવી રીતે જામી તે વિચાર કરવાની જરૂરીયાત ઓછી નથી. સામાન્ય રીતે જગતનો વર્ગ વિષયની ઇષ્ટતા ગણતો હોય અને તે તરફ જ મથતો હોય તે વખતે સ્વપ્નમાં પણ તે વિષયોને અનિષ્ટ ગણવાનું કોઈના પણ મનમાં ન થાય તે સ્વાભાવિક જ છે, છતાં જેને માત્ર આ ભવના સંસ્કારો ઉપર આધાર રાખવાનો હોતો નથી, પણ ભવાંતરોના પવિત્ર સંસ્કારો જ જેનું આ ભવનું જીવન ઘડે છે, તેવા મહાપુરુષોને સંસારની અનિષ્ટતા લાગે અને વિષયોની કટુતા ભાસે આ કારણથી તેવા કોઈપણ આદ્ય મહાપુરુષને દરેક બુદ્ધિશાળીએ આદિમાં માનવો જ જોઈએ કે જે ભવાંતરથી શુભ સંસ્કારો લઈને આવેલો હોય ચાલુ પ્રકરણને અંગે ભવાંતરથી શુભ સંસ્કારો લઈને આવેલો જીવ પણ તે જ છે કે જેણે ઉપર જણાવેલી ક્ષત્રિય આદિ વર્ણની વ્યવસ્થા કરેલી છે, અને તેજ મહાપુરુષને લોકોપકાર કર્યા પછી અનિષ્ટ વિષયનો ત્યાગ કરી આત્માના ઉદ્ધ્યને માર્ગે જવાનું થયેલું છે અને તે જ મહાપુરુષે જગતમાં ધર્મનો ડિંડિમ વગાડેલો હોવાથી તેને અંગે જ ધર્મની સાવચેતી કરવાવાળા બ્રાહ્મણવર્ગની ઉત્પત્તિ થઈ છે. તે ઉત્પત્તિ કેવી રીતે છે તે આગળ ઉપર વિચારીશું.

પ્રશ્ન ૮૩૯- બીજ પાંચમ આદિનો ક્ષય અને વૃદ્ધિ [illegible] પ્રમાણે હોય કે નહિ ?

સમાધાન- શ્રીસ્થાનાંગસૂત્ર તથા સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ સૂત્રો અને જ્યોતિષ્કરંડક આદિ પ્રકરણોને અનુસારે સાફ સાફ જણાય છે કે બીજા પાંચમ આદિ પર્વતિથિઓનો ક્ષય હોઈ શકે છે, પણ તિથિઓની વૃદ્ધિ થવાનો પ્રસંગ ઓછો છે, છતાં ક્ષય અને વૃદ્ધિના પ્રસંગો નિયત છે.

પ્રશ્ન ૮૪૦- શ્રી જૈનશાસ્ત્ર પ્રમાણે બીજ આદિ તિથિઓનો ક્ષય થાય છે અને વર્તમાનમાં લૌકિક ટાંણાંને આધારે ચાલવાનું હોઈને બીજ આદિ તિથિઓની વૃદ્ધિ પણ અનિયતપણે થાય છે, તો તે બીજ આદિની પર્વતિથિની આરાધન કરવાની ક્રિયા શું ઉડાડી દેવી અને બેવડી કરવી ?

સમાધાન- પર્વઅનુષ્ઠાનની ક્રિયાનો પર્વતિથિનો ક્ષય હોય તો પણ નાશ ન થાય તેમજ પર્વતિથિની વૃદ્ધિ હોય તો તેથી પર્વતિથિની ક્રિયાની વૃદ્ધિ પણ ન થાય એને તેથી જ શ્રીઉમાસ્વાતિવાચકજીના પરંપરાગત શબ્દો શાસ્ત્રકારો સ્થાને સ્થાન જણાવે છે કે ક્ષયે પૂર્વાતિથિઃ કાર્યા વૃદ્ધૌ કાર્યા તથોત્તરા અર્થાત્ બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય તો પહેલાંની તિથિને પર્વતિથિ તરીકે માનવી અને તિથિની વૃદ્ધિ હોય તો બીજી તિથિને એટલે ઉત્તરની તિથિને પર્વ તરીકે માનવી.

પ્રશ્ન ૮૪૧- જ્યારે બીજ આદિનો ક્ષય હોય એ અરસામાં શ્રીઉમાસ્વાતિવાચકજીના વચન પ્રમાણે પહેલાંની પડવા આદિમાં બીજ આદિ પર્વતિથિની ક્રિયા આરાધના કરી લેવી એ માની લઈએ પણ બીજ આદિ પર્વતિથિના ક્ષયે તેની પહેલાંની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય કેમ માનવો ?

સમાધાન- ધ્યાન રાખવાની જરૂર છે કે જે જે પર્વતિથિ બીજ આદિની આરાધના તપ આદિથી કરાય છે તે તે પર્વતિથિ સવારમાં જ કે સવારના પ્રતિક્રમણમાં પચ્ચક્ખાણના વખતથી જ લેવાય છે અને બીજી તિથિના સૂર્યોદયના વખત સુધી લેવાય છે, માટે જો બીજ આદિના ક્ષયે એકમપડવા આદિની સવારથી જો ત્રીજ આદિના સૂર્યોદય સુધી બીજ આદિ માની લઈએ તો પછી પડવા આદિ તિથિનો ક્ષય

માનવો જ પડે.

પ્રશ્ન ૮૪૨- બીજ આદિનો ક્ષય હોય ત્યારે તેને પહેલે દિવસે પડવો આદિ પણ માનીએ અને ક્ષય થયેલી પર્વતિથિ જે બીજ આદિ છે તે પણ માનીએ અર્થાત્ પડવા આદિને દિવસે પડવા આદિ પણ માનીએ પણ બીજ આદિ ક્ષય પામેલી પર્વતિથિ પણ માનીએ તો હરકત શી ? એટલે બીજ આદિ પર્વતિથિઓના ક્ષયે તેના પહેલાની પડવા આદિનો ક્ષય મનાય છે. તેના કરતાં તે પડવા આદિ તિથિઓ જે ઉદયવાળી છે તે પણ માનવી અને બીજ આદિ પર્વતિથિઓ અનુદયવાળી હોવાથી ક્ષીણ થયેલી છે તે પણ માનવી એમાં હરકત શી ?

સમાધાન- મહાનુભાવ ! બીજ આદિ પર્વતિથિનો ક્ષય થયો હોય, ત્યારે પડવા આદિ તિથિ ઉદયવાળી છે, માટે તેનો ક્ષય ન માનવો અને બીજ આદિ પર્વતિથિ ઉદય વિનાની છે તેની આરાધના માનવી, તો પછી આખી બીજ આદિ પર્વતિથિને અંગે જેને સચિત્ત ત્યાગ અને શીલ પાળવા આદિનો પ્રતિબંધ છે અને પડવા આદિ અપર્વતિથિઓનો પ્રતિબંધ નથી, તે મનુષ્ય બીજ આદિના ક્ષયે પડવા આદિના દિવસે તે સચિત્ત ત્યાગ આદિનો નિયમ અને અનિયમ કેવી રીતે રાખે ?

પ્રશ્ન ૮૪૩- આરાધના કરનાર મનુષ્ય બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય તોપણ તેની પહેલાંની પડવા આદિક અપર્વતિથિમાં આખી બીજ આદિ પર્વતિથિની જ આરાધના કરે.

સમાધાન- ત્યારે કહો કે તમારા કહેવા પ્રમાણે જ બીજ આદિ પર્વતિથિના ક્ષય વખતે પડવા આદિ અપર્વતિથિને પર્વતિથિપણે જ આરાધે, પણ તે પડવા આદિને અપર્વ તરીકે તેમાં અપર્વ પ્રમાણે વર્તી શકેજ નહિ, તો પછી સ્પષ્ટ થયું કે બીજ આદિ પર્વતિથિના ક્ષયે તેની પહેલાંની પડવા આદિ અપર્વતિથિનો ક્ષયજ થયો.

પ્રશ્ન ૮૪૪- બીજ આદિ પર્વતિથિના ક્ષયને પ્રસંગે પડવા આદિ અપર્વતિથિને અપર્વતિથિ તરીકે ન માની અને તે આખી પડવા આદિ અપર્વતિથિને ક્ષય થયેલી બીજ આદિ પર્વતિથિપણે માની, પણ બીજ આદિ પર્વતિથિના ક્ષયે પડવા આદિનો ક્ષય થયો કેમ કહેવાય?

સમાધાન- પડવા આદિ અપર્વતિથિ ઉદયવાળી છતાં તે આખી અપર્વ એવી પડવા આદિ તિથિને જ્યારે અખંડ બીજ આદિ પર્વતિથિ માની લીધી તો પછી પડવા આદિ અપર્વતિથિપણું રહ્યુંજ ક્યાં ? અર્થાત્ સ્પષ્ટ થયું કે બીજ આદિ પર્વતિથિના ક્ષયે પડવા આદિ અપર્વતિથિનો ક્ષય જ ગણ્યો

પ્રશ્ન ૮૪૫- બીજ આદિ પર્વતિથિના ક્ષયે પડવા આદિ તેની પહેલાંની અપર્વતિથિનો ક્ષય ગણવો અર્થાત તે દિવસે પડવા આદિ ન ગણવા એવો કોઈ શાસ્ત્રપાઠ છે ?

સમાધાન-તત્ત્વતરંગિણીમાં ચતુર્દશીના ક્ષયનો પ્રસંગ લઈને લખે છે કે

कथं त्रयोदश्याः चतुर्दशीत्वेन स्वीकारो युक्त इति चेत् सत्यं, तत्र त्रयोदशीतिव्यपदेशस्याप्यसंभवात्, किंतु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्

અર્થાત્ શંકાકાર કહે છે કે તેરસને ચૌદશપણે માની લેવી તે શું ઠીક કહેવાય ? એવી શંકાના ઉત્તરમાં જણાવે છે કે તારૂં કથન ઠીક છે, પણ તે દિવસે (ક્ષીણ ચૌદશની પહેલાંની તેરસે) તેરસ એવો વ્યવહાર પણ અસંભવિત છે, કેમકે પ્રાયશ્ચિત્ત પૌષધ આદિ કાર્યોમાં (તે તેરસે) આજ ચૌદશ છે એમજ કહેવાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ક્ષય પામેલી બીજ આદિ પર્વતિથિની પહેલાંના પડવા આદિ અપર્વનો ક્ષય કરી તે દિવસે બીજ આદિ તિથિ કહેવાય. આ રીતે સ્પષ્ટ છે કે પૂનમના ક્ષયે તેરસને ચૌદશ અને ચૌદશને પૂનમ કહેવી પડે. વળી પૂનમનો ક્ષય હોય ત્યારે ચૌદશનો ભોગ તેરસે અને પૂનમનો ભોગ ચૌદશે હોય તેથી આરોપ નહિ ગણાય.

(ચાલુ પાને ૨૩)

શ્રી સિદ્ધચક્રનો વધારો

૧ રવિવારની સંવચ્છરીવાળા બધા આચાર્યો વગેરેને આગ્રહી જાહેર કરવા એ કથીરશાસનને જ શોભે. કથીરના નોતરાની કિંમત કોઈ ન ગણે તેમાં કથીર કળકળે જ.

૨ પુનમના ક્ષયે જો ચૌદશે જ તેનું કાર્ય ચૌદશને પુનમ માનીને કરી લેવાનું હોય તો શ્રીહીરપ્રશ્નમાં એક જ સાથેના પાંચમ અને પુનમના ક્ષયના પ્રશ્નમાં પાંચમ ક્ષયે તેનું તપ પહેલી તિથિમાં કરવાનું જણાવી પુનમના ક્ષયે તેનું તપ પૂર્વતિથિમાં કરવાનું ન જણાવતાં **त्रयोदशीचतुर्दश्योः** એમ કહી તેરસ કેમ લે છે અને તેરસે ભૂલે તો નહિ કે ચૌદશે ભૂલે તો પડવે ક્ષીણપુનમનું તપ કરવાનું કેમ કહે છે ?

૩ જો તેરસે ક્ષીણપુનમનું કાર્ય મનાય અથવા તેરસની ભૂલે નહિ કે ચૌદશની ભૂલે પડવે તે પુનમનું કાર્ય થાય એમ માનનારા તેરસે અગર પડવે પુનમનો ઉદય માનશે કે ભોગ માનશે કે સમાપ્તિ માનશે?

૪ તત્ત્વતરંગિણીમાં પાંચમની પર્વતિથિ છે એમ માનીને જ ખરતરને પ્રસંગ આપતાં જણાવ્યું છે કે ચોથના ક્ષયને પ્રસંગે ત્રીજનો જ ક્ષય થાય, એ વાત દીવા જેવી છતાં શનિવારે ચોંટેલી આંખવાળો તે ન સમજે અને ન જોતાં કે જોતાં ખુલાસો નથી મળ્યો એમ બોલે જ.

૫ તપાગચ્છની સામાચારી પુનમ ક્ષયે તેરસનો ક્ષય અને પુનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરવાની ચાલુ છે એમ તો કથીરશાસનને પણ કબુલ છે, તો હવે તે નવી છે ને ખોટી છે એમ ઠરાવવાની કથીરશાસનની ફરજ છે. તેમ કર્યા વિનાનું શનિવારનું કથન કંથાશાસન ગણાય.

૬ પુનમના ક્ષયે ચૌદશ જે ઉદયવાળી છે તેમાં પુનમ ભોગવાય છે, માટે તેમાં બંને તિથિઓ છે એવા વાક્યને કથીરકાળજાવાળો ન સમજે તેમાં કથીરશાસન કોનો વાંક કહાડે ?

૭ પર્યુષણાની તિથિઓમાં ચોથ સુધી અખંડતા અને પાંચમ સુધી અખંડતાનાં વાક્યોનો ખુલાસો પર્યુષણા માત્ર અને પાંચમી સાથેની અપેક્ષાએ છે એમ જાહેર થયા છતાં તે ન જાણે કે દેખે તેમાં કથીરશાસનના તંત્રી કે નેતાના મન અને નેત્રનો જ દોષ છે.

૮ ભવભીરૂ મહાત્માઓ ખોટું જણાશે તો મિચ્છામિ દુક્કડં દઈશ એમ જણાવે તેમાં પણ જેને વિરોધ લાગે તો તે વિરોધશાસન જ હોય.

૯ શાસ્ત્ર, યુક્તિ અને પરંપરાથી ખુલાસો સમજવા કે આચરવાની જગો પર પ્રથમ કરણીને જ વળગી રહેવાનું કહે કે વળગી રહે તે જો પુચ્છગ્રાહી ન ગણાય તો બીજો કોણ ગણાય ? સામાચારી પ્રમાણે પોતે પુનમની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરી તથા સેંકડો વખત પૂર્વની અપર્વ તિથિનો ક્ષય અને વૃદ્ધિઓ પર્વક્ષયે કરી તેનું કેટલું પ્રાયશ્ચિત્ત કર્યું કે મિચ્છામિ દુક્કડં દીધા-પ્હાડ જેવા પોતાના દોષ ન દેખાય અને રાઈ જેવા પારકા દેખાય તે આનું નામ નહિં ?

૧૦ ચૌદશના ક્ષયે વ્રતાદિમાં તેરસે ચઉદશ માની તેરસનું નામ લેવાની પણ તત્ત્વતરંગિણીમાં **व्यपदेशस्याप्यसं भावत्** વચનથી ના પાડે છે, તો પછી પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો ક્ષય જ થયો અને જો એમ થાય તો પર્વની વૃદ્ધિના પ્રસંગે અપર્વની વૃદ્ધિ થઈ, અને તેથી જે તપાગચ્છની પરંપરા ચાલે છે, તે યુક્તિ અને શાસ્ત્ર બંનેથી સિદ્ધ છે, છતાં જેઓને શુદ્ધ પરંપરાને ન માનવાનું ચાલ્યું આવતું હોય ને તેથી પરંપરા ખોટી છે, નવીન છે એમ બોલવાનું થાય તેમાં શાસનસેવકોને નવાઈ લાગે જ નહિં.

૧૧ સંવચ્છરી ચોથે હતી નહિ. ત્યારનો પ્રશ્ન કરનાર ચોમાસી અને પાક્ષિકની સંખ્યાનો ચોમાસી

પલટવાથી વિચાર ન કરે તેમાં તેનો કે તેની આંખનો કંઈક દોષ જ હોય. હાલના બાધા લેનારા સંવચ્છરીનો ભેદ સમજીને જ બાધા લે છે. અને શ્રીહીરપ્રશ્નમાં મુખ્યતાએ પાંચમ જાળવવાનું કહે છે.

૧૨ ઘણા કલ્યાણકોની તપસ્યા એક સાથે થવાનું શાસ્ત્રકાર જણાવે છે, પણ પાક્ષિક અને પૂર્ણિમાનું અનુષ્ઠાન ભેળું કરતાં તો એક પર્વનો અને તેના અનુષ્ઠાનનો લોપ જ થાય એમ તત્ત્વતરંગિણીમાં જણાવે છે.

૧૩ પુનમના ક્ષયે કે વૃદ્ધિએ તેરસનો ક્ષય કે વૃદ્ધિ કરવાની પરંપરા ચાલ છે તે હિસાબે પાંચમના ક્ષયે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કે વૃદ્ધિએ વૃદ્ધિ કરનારા જ શાસ્ત્ર અને પરંપરાના આરાધક છે, અને પરંપરા છે એમ જાણવા છતાં અને તે ખોટી કે નવીન છે એમ સાબીત કર્યા સિવાય ઉદય અને સમાપ્તિના વમળમાં વહેનાર શનિવારવાળા જુઠા અને પરંપરા તથા શાસ્ત્રના પણ વિરોધી જ છે એમ કથીરશાસનને પણ માનવું જ પડશે.

૧૪ કથીરશાસનના કથન મુજબ પણ વચનથી બંધાયેલા હોય તેઓને છૂટવાની માંગણી કરવી જરૂરી છે, પણ શાસનથી વેરાઈ ગયેલાને તે ન્યાય ન સૂઝે એ સ્વાભાવિક છે. (પૂજ્ય આચાર્યની વાણીની જાહેરાત સિવાય ચીથરીઆની કિંમત ચીંથરા જેવી જ છે. શાસનનું પેપર બનવું હોય તો તેઓશ્રીની પાસે શાસ્ત્ર, યુક્તિ સાથે તથા પરંપરાના સમાધાન સાથે શનિવારની માન્યતા અને સભ્યતા બહાર પડાવે.)

૧૫ 'મુંબઈ સમાચાર' માં આવેલા જુઠાણાનો રદીઓ તેઓશ્રીના ભક્તો તરત આપી દે છે તે ભક્તો કે તેઓશ્રી જે કંઈ માંગ્યા છતાં પણ ખુલાસો નથી આપતા તેનું કારણ તે પત્રનું શાસનવૈરિપણું માન્યું હોય તો અસંભવિત નથી.

૧૬ ક્ષયપ્રસંગે બે પર્વ બે દિવસ હઠાય તો પછી ત્રણ પર્વે પૌષધ, ઉપવાસઆદિ આખી તિથિના કાર્યમાં ત્રણ દિવસ હઠવું થાય તે અસંભવિત નથી, જો તે ઉત્થાપક, આગ્રહી કે અનુષ્ઠાનને લોપનાર ન હોય.

૧૭ શ્રીમાન્ કલ્યાણવિજયજીએ છપાવવાની ના લખ્યાં છતાં તેઓની આજ્ઞાથી વિરૂદ્ધ થયેલા કાર્યમાં મહત્તા માનનાર તો શાસન શૂન્ય જ હોય, છતાં તેઓએ અંગત જણાવેલા સવાલોમાં કથીરશાસન કેમ નથી કાંઈ કથતું ?

૧૮ ઉત્તરો દેનાર તો આ શું ? આનું શું ? વગેરેનો ઉકેલ જ કરે.

૧૯ જો વાચકોને શબ્દની કટુકતા લાગે તો તેઓ કથીરના બધા સમુદાયો પરના કટુક પ્રહારો ઉપર ધ્યાન દે.

૨૦ બીજાઓને મિચ્છામિ દુક્કડં દેવડાવવા પહેલાં કથીરશાસનના પ્રભુએ અત્યાર સુધી પુનમના ક્ષયે અને વૃદ્ધિએ તેરસના ક્ષય અને વૃદ્ધિ કર્યા તેનો તથા પર્વની વૃદ્ધિ અને ક્ષયે પૂર્વની અપર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિ જાહેર કર્યા, અને તે પ્રમાણે દરેક વખત અનુષ્ટાન કર્યા તેનું પ્રાયશ્ચિત્ત લીધું ? અને તેમ હોય તો જાહેર કરવું જરૂરી છે, નહિતર તો લોકો માનશે કે આરામપંથીઓ ગાજરની પપુપડીની જેમ મન માને ત્યાં સુધી પરંપરા માનનારા છે.

૨૧ આટલા બધા લેખમાં પર્વના ક્ષય અને વૃદ્ધિએ પૂર્વની અપર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ ન કરાય એવો એક પણ શાસ્ત્રીય પાઠ પરંપરાને નવીન કે ખોટી ઠરાવવાળો નથી અપાયો એ કથીરશાસનના ફૂટકાટલાં કહાડનારને ન સૂઝ્યું કેમ ? તંત્રી

તા.ક.- કહેવાતા વીરશાસનપત્રની કમિટિએ કે તેના તંત્રીએ આગ્રહમાંથી નીકળવું હોય તો એક ડેપ્યુટેશન લઈ જઈ પ્રમાણો મેળવી નિર્ણય કરવા તૈયાર થવું વ્યાજબી છે. પણ સાચા શાસનસેવકોને પણ તે ડેપ્યુટેશનમાં જોડવામાં આવે તો જ શુદ્ધ કાર્ય થશે.

૩૦-૧૦-૩૬ તંત્રી

卐 શ્રી સિદ્ધચક્ર 卐

એટલે

જગતના આદર્શ મહાત્માઓ અને તેઓની મહાત્મદશા

આદર્શ મહાત્માઓ કેમ ?

સર્વ જગતમાં મનુષ્યો પોતાના આત્માને જેવા ૧ સ્વરૂપમાં કરવા માગતા હોય છે, તેવા જ આદર્શ મહાત્માઓ અને તેઓની મહાત્મપણાની દશાને ધ્યેય તરીકે રાખે છે. સ્વાભાવિક નિયમ છે કે મનુષ્યનું વર્તન ખરી રીતે તેના વિચારોથી ઘડાય છે અને તે વર્તન ઘડાયા પછી પ્રતિદિન તેઓ ઘડાયેલા વર્તન પ્રમાણે જ નિયમિત વર્તન રાખવામાં જ પોતાની શ્રેયઃસાધકતા ગણે છે. પણ તે વર્તનને ઘડવાવાળા તથા તે જ વર્તનને નિયમિત ચલાવનારા, વિચારો કંઈ આપોઆપ આવતા નથી, પણ તેવા વિચારોને અન્ય મહાપુરુષોદ્વારાએ મળેલા ઉપદેશથી જન્મવાનું થાય છે અને તે ઉપદેશદ્વારાએ જ વિચારોને પણ પરિપકવ થવાનું બને છે, પણ વક્તાઓ સદુપદેશની સરણીને લોકસમુહ આગળ ખડી કરતાં ઘણી વખત ભૂલી જાય છે કે મારા વિચારોના અવાજને શ્રોતાઓના મગજમાં માર્ગ મળે તે પહેલાં મારા વર્ત્તનનો પડઘો પૂરેપૂરી રીતે શ્રોતાના મગજમાં ઘણો જ વહેલો પડે છે અને આવી ભૂલના ભોગ તેઓ બને છે કે જેઓ પોતાના વિચારના અવાજો પોતાના વર્ત્તનથી જુદા રૂપમાં રજુ કરનાર હોય, પણ જે મહાપુરુષો પોતાના વર્ત્તનને પ્રથમ ઉચ્ચમાં ઉચ્ચકોટીમાં મૂકી દેતા હોય એટલું જ નહિ પણ પોતાના ઉચ્ચમાં ઉચ્ચ વર્ત્તનનું આવવું જોઈતું અને જેને જગતની આગળ રજુ કરવું છે, તેવું પરમદશાવાળું ફળ પ્રાપ્ત કર્યું હોય અને પછી જગતમાં પોતાના વિચારના અવાજો રજુ કરે તો તે મનુષ્ય એવી લાઈનમાં ઉપદેશ દેનારો ગણાય કે સિદ્ધિ થયા પછી સિદ્ધ થવાના રસ્તાને બતાવે છે, અર્થાત્ તેવા મહાપુરુષોનો ઉપદેશ અખતરારૂપ નથી હોતો પણ સિદ્ધ થયેલી અને સિદ્ધ થયેલા તરીકે બતાવી શકાય, એવી જ વસ્તુનો ઉપદેશ મહાપુરુષો તરફથી હોય છે.

કથની પહેલાં કરણીની કિમ્મત

આ વસ્તુ ધ્યાનમાં લેવાથી સ્પષ્ટપણે સમજી શકાશે કે મહાપુરુષોની કથની અને કરણીમાં એક અંશે પણ ભિન્નતા હોય નહિ. નાટકશાળાના થિયેટરો ઉપર ઉભા થતા મહાપુરુષોના પાત્રમાં અને જગઉદ્ધારક સાચા મહાપુરુષો વચ્ચે એટલો જ ફરક હોય છે કે નાટકમાં દાખલ થયેલું મહાત્માનું પાત્ર મહાત્માની સમાન તો શું પણ કેટલીક વખત કેટલાક મહાત્માઓના ઉપદેશથી ઘણી જ પ્રૌઢ રીતિએ અને ઘણા જ અભિનય સાથે વાક્પ્રવાહને વહેવડાવે છે, પણ માત્ર તે કથનીરૂપ હોઈને જગતમાં કે પ્રેક્ષકવર્ગમાં ધર્મનો અને નીતિનો ફેલાવો કરનાર થતું નથી એટલું જ નહિ પણ અનીતિની કંઈ બદીઓને નોતરૂં દેનારા જ થાય છે અને તેથી જ નાટકશાળાની નજીકમાં જ્યાં જુઓ ત્યાં જુગારખાના, કુટ્ટણખાના, કલાલની દુકાનો અને હલવાઈની દુકાનોનો જ વધારો હોય છે. કોઈપણ કાલે, કોઈપણ ગામે કે કોઈપણ સ્થાને નાટકશાળાઓના વધવાથી મંદિરોની વૃદ્ધિ, ધર્મની વૃદ્ધિ, સદાવ્રતોની વૃદ્ધિ, દાનશાળાઓની વૃદ્ધિ, ગુરુઆશ્રમોની વૃદ્ધિ કે દયા અને સત્ય આદિ

જગતને એક સરખી રીતે માનીતા ગુણોની વૃદ્ધિ થયેલી જોવાતી નથી કે સંભળાતી પણ નથી.

ધર્મનું વાતાવરણ કોણ ક્યાં જમાવે

પણ કરણીની નાગી તલવારે આત્માને કસીને કથની કરવાવાળા મહાત્માઓની પવિત્ર મૂર્તિ જ્યાં જ્યાં વાસ કરે છે અને પર્યટન કરે છે, ત્યાં ત્યાં ઉપર જણાવેલાં સર્વ સદ્‌વર્તનો અને સત્કાર્યો ડગલે ને પગલે અને સ્થાને ને સ્થાને પ્રત્યક્ષ જોવામાં આવે છે અને સંભળાય પણ છે,

સત્પુરુષોના સમાગમની ઉત્તમતામાં ઐકમત્ય

વળી જગતમાં દેવની વ્યક્તિ માનવાને અંગે કે ગુરુમહારાજની ગૌરવતા હૃદયમાં ધારવાને અંગે તેમજ આત્મા અને પરભવના કલ્યાણના માર્ગની શોધને અંગે અપરિમિત ભેદો સ્થાન સ્થાન પર જગતમાં જોવાય છે, તો પણ સત્પુરુષોના સમાગમની આવશ્યકતા માનવામાં કે સન્માર્ગની પ્રાપ્તિનું કારણ સત્સમાગમજ છે એ માનવામાં કોઈપણ સ્થાને કે કોઈપણ દર્શનમાં મતભેદ છેજ નહિ, અર્થાત્ સન્માર્ગની પ્રાપ્તિ કરાવનાર અને આત્માની શ્રેયઃસાધકદશા તેમજ સિદ્ધિ દશાને મેળવી આપનાર જગતમાં જો કોઈપણ હોય તો તે માત્ર સત્પુરુષ જ છે એમાં કોઈથી ના કહી શકાઈ એમ નથી, શકાતી નથી અને શકાશે પણ નહિ, આટલી વસ્તુ જ્યારે સિદ્ધ છે તો પછી હવે જે કંઈપણ વિચારવાનું રહે છે તે એજ કે સત્પુરુષો કોને કહેવા ?

મોક્ષ માટે સત્સેવાના વિચારનું માહાત્મ્ય

યાદ રાખવું જરૂરી છે કે કોઈપણ પુરુષ સત્પુરુષોની સેવા કરે ત્યારે તે સેવ્ય પુરુષોને સત્પુરુષો તરીકે માન્યા સિવાય તેઓની સેવા કરવા તૈયાર થતો જ નથી. અર્થાત્ વિચારશ્રેણિની અપેક્ષાએ તપાસીએ તો સર્વ આસ્તિક વર્ગ ઉત્તમ બુદ્ધિથી જ પોતાના સમાગમમાં આવેલા સત્પુરુષોની સેવા કરે છે. આવી રીતે વિચારશ્રેણીની સુંદરતાને પણ કેટલાક શાસ્ત્રકારો ઘણી જ ઉંચી કોટિમાં મૂકે છે, અને તેથી જ સ્પષ્ટ શબ્દોમાં તેઓ જણાવે છે કે જે આત્માઓ પરમપદ કે મહોદયપદ પામવાને નજીક કાલમાં નહિ તો દૂર કાલે પણ લાયક હોય તેઓ જ શિવપદ અને મોક્ષપદની પ્રાપ્તિની બુદ્ધિએ જ પસંદગીની ભૂલથી અસત્પુરુષો પણ સત્પુરુષો તરીકે હાથમાં આવ્યા હોય કે મળ્યા હોય તેઓની સત્પુરુષો તરીકે સેવા કરવા તૈયાર થાય છે.

સુંદર વિચારો કરતાં વિચાર સાથે સાધનની મહત્તા

એવી રીતે જો કે સત્પુરુષોની સદાનંદપદની પ્રાપ્તિના વિચારે કરાતી સેવાને કેટલાક શાસ્ત્રકારોએ સારા રૂપમાં સંબંદ્ધિત કરેલી છે, તો પણ તેમણે જણાવેલું સારૂં રૂપ વડલાના પ્રમાણમાં તેના બીજના પ્રમાણ જેટલું જ છે. અર્થાત્ સત્પુરુષસેવાનું સુંદર અને અલ્પકાળમાં ફળ મેળવવાવાળાને માત્ર તે સુંદર વિચારશ્રેણી ઉપર આધાર નહિ રાખતાં સાચામાં સાચા સત્પુરુષોને ઓળખવા, તેમનો ઉપદેશ શ્રવણ કરવો અને તે સત્પુરુષોએ આપેલા ઉપદેશનો કાયા, વચન અને મન એ ત્રિકરણયોગે અનુસરવા માટે યાવજ્જીવનને અંગે કટિબદ્ધ થવું જોઈએ.

આસ્તિક માત્રનું ધ્યેય અને તેનો રસ્તો

આ સ્થાને હરકોઈ આસ્તિકતા ધરાવનારો મનુષ્ય એટલું તો કબુલ જ કરશે કે આસ્તિકનું ઉંચામાં ઉંચું અને ખરામાં ખરું જો કાંઈપણ ધ્યેય હોય તો તે માત્ર પરમપદની પ્રાપ્તિ જ છે, અને એ વાત પણ દરેક આસ્તિકોએ કબુલ કરેલી જ છે કે કુટુંબ, ધન, જીવોની હિંસા એ વિગેરે સંસારી

જાળમાંથી નીકળ્યા સિવાય પરમપદની પ્રાપ્તિના રસ્તે જઈ શકાતું જ નથી. જેમ નાના કે મોટા કોઈપણ મનુષ્યે લોટ ફાકતી વખતે કોઈ શબ્દ ઉચ્ચારણ કરી શકાય જ નહિ. અર્થાત્ કોઈ શબ્દના ઉચ્ચારણની સાથે મોઢામાં આવેલો લોટ વિખરાઈ જ જાય તેવી રીતે પરમપદને માટે તૈયાર થયેલો મનુષ્ય હોય તો પણ કુટુંબકબીલા અને ધંધારોજગારની જાળમાં સપડાતાં તે પરમપદની ધારણાને સર્વથા ધક્કો મારનાર જ બને છે.

ત્યાગમાં ન આવનાર સાચી ધારણાવાળા

અને આ વિચારને અંગે જ જૈનશાસ્ત્રકારોએ સમ્યક્ત્વ ધારણ કરનાર એટલે શુદ્ધ પદાર્થોની ઉંચામાં ઉંચી શુદ્ધતાની દૃષ્ટિને રાખનારો મનુષ્ય ચાહે તેવી ઉંચી દૃષ્ટિવાળો હોય તો પણ તે શિવપદને મેળવી શકે જ નહિ અને તે જ કારણથી શુદ્ધ દૃષ્ટિને રાખવાવાળા દેવતા કે નારકીને ક્રોડપૂર્વ તો શું, અસંખ્યાત વર્ષે થવાવાળા કરોડો પલ્યોપમો તો શું, પણ સાગરોપમોના સાગરોપમો સુધી શુદ્ધ તો શું પણ પરમ શુદ્ધ દૃષ્ટિ રાખનારાઓને પણ શિવપદ મળતું નથી એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે.

જીવનાદિ નિર્વાહ માટે પણ પાપ કરનારની દશા

એટલું જ નહિ પણ જેઓ જીવનનિર્વાહ સિવાયની સંસારની સર્વ ખટપટ યાવજ્જીવને માટે છોડી દે છે અને વળી જીવનનિર્વાહને માટે પણ તેવી મોટી અને અધમ ખટપટ કરવાથી યાવજ્જીવને માટે પરહેજ રહે છે તેવા જૈનશાસ્ત્રમાં ગણાતા બારવ્રત ધારણ કરનારા મહાપુરુષોને પણ શિવપદની પ્રાપ્તિને માટે લાયક ન ગણતાં માત્ર જેમાં ઉંચાનીચાપણાની, સ્વામિસેવકપણાની વ્યવસ્થા જાળવવાની ફરજ છે, તેવા દેવલોકમાં ઉંચામાં ઉંચું સ્થાન મેળવી શકે છે એમ જણાવે છે અને તેથી જ કેટલાએ પશુપંખીઓ અને જાનવરો કોઈ મહાત્માના સંજોગે કે ભવાંતરના સંસ્કારે ઉપર જણાવેલા સદવર્તનને રાખવાવાળા હોય અને મનુષ્યોમાં પણ તેવું સદવર્તન રાખનારા હોય, તો પણ તેઓ માત્ર ઉપર જણાવેલા દેવલોકને જ મેળવી શકે છે, પણ નિર્વાણપદને તેઓ પણ મેળવી શકતા જ નથી.

મોક્ષના મુખ્ય માર્ગે આવવાની તૈયારીવાળાઓની સ્થિતિ

એ બધા કરતાં વધારે તો એ વિચારવા જેવું છે કે જે મહાપુરુષો કુટુંબકબીલાને તથા વ્યાપાર રોજગારની ખટપટને સર્વથા કરતા નથી, તેનાથી દૂર રહે છે, તેમાં ભાગ પણ લેતા નથી અને પોતાના નિવાસસ્થાનને છોડીને માત્ર સામાન્ય કુટુંબવર્ગવાળા સ્થાનમાં નિવાસ કરીને સાધુ મહાત્માઓની માફક સર્વ પ્રકારે વર્તાવ કરનારા કે જેઓ નોકરચાકરને દુનિયાદારીની ખટપટનો આદેશ નથી કરતા એટલું જ નહિ પણ પોતે દાટેલું કે જાણેલું એવું પોતાનું ધન હોય તે પણ પોતાના સંતાનોને જણાવવામાં પણ નિવૃત્તિ પામેલા હોય છે એવા મહાપુરુષોને પણ મોક્ષપદ પ્રાપ્તિ થતી નથી પણ માત્ર ઉપર જણાવેલા દેવલોકની પ્રાપ્તિ થાય છે એમ જણાવે છે.

સંસારથી અલિપ્ત જ પરમેષ્ઠી

આ બધી હકીકત વિચારનાર સુજ્ઞ મનુષ્ય સહેજે સમજી શકશે કે સંસારના ત્યાગ સિવાય સત્પુરુષની કોટિમાં કોઈ દિવસ કોઈથી પણ આવી શકાય જ નહિ, અને જો એ વાત બરોબર સમજવામાં આવશે તો આ નવપદમય સિદ્ધચક્રમાં પાંચ જ પરમેષ્ઠીપદે કેમ માનવામાં આવ્યા છે એનો ખુલાસો સહેજે સમજી શકશે, કારણ કે આ સિદ્ધચક્રમાં જણાવેલા પાંચે પરમેષ્ઠી એવા જ છે કે જેઓ સંસારની માયાજાળથી સર્વથા અને સર્વદા અલિપ્ત જ હોય છે,

શ્રી સિદ્ધચક્રમાં અપૂર્વ ખૂબી (પદ, ગુણી અને ગુણોના તથા સમુદાયઅંકની અચલતા)

આ શ્રીસિદ્ધચક્રમાં મુખ્યતાએ અરિહંત ભગવાન આદિ નવપદો છે તેને લીધે જેમ નવની સંખ્યા મૂલમાં છે, તેવી જ રીતે તે નવપદોમાં ગુણી તરીકે ગણાયેલા આદર્શપુરુષો જે અરિહંતાદિ પાંચ છે તેમના જણાવેલા ગુણોના આંકડાનો મેળ પણ નવનો થાય છે. ૧૨+૮+૩૬+૨૫+૨૭=૧૦૮ (૧+૮=૯). એવી જ રીતે જે સમ્યગ્દર્શનાદિ ચાર ગુણપદો જણાવવામાં આવેલાં છે તેના પણ શાસ્ત્રમાં જણાવેલા મુખ્ય ભેદોની અપેક્ષાએ ૫+૫+૫+ ૧૨=૨૭ (૭+૨=૯), એવી રીતે મૂળભેદનો આંક, આદર્શપુરુષોના ગુણોનો આંક અને ગુણોના મુખ્ય ભેદોનો આંક એ ત્રણે એક સરખી રીતે નીવડે એકડો થાય છે એટલું જ નહિ પણ ત્રણેને ભેગા કરીએ તો પણ નવ જ આવે છે. (૯+૧૦૮+૨૭=૧૪૪, (૧+૪+૪=૯) આ દૃષ્ટિએ શ્રીસિદ્ધચક્રના પદોની, આદર્શપુરુષોના ગુણોની અને આદર્શપુરુષના ગુણની પ્રત્યેકની અંકસંખ્યા પણ નવ અને સમુદાયની અંકસંખ્યા પણ નવને વિચારનારો મનુષ્ય તે યંત્રના ચમત્કારને ગણ્યા સિવાય રહેશે જ નહિ. જેવી રીતે આ સિદ્ધચક્રને અંગે મૂળભેદમાં પણ અભંગ એવો અંક છે, આદર્શપુરુષોના ગુણોનો અંક પણ અભંગ છે તેમજ તે ગુણના ભેદોનો અંક અભંગ હોઈ સર્વ સમુદાયનો અંક પણ અભંગ છે, તેવી રીતે આ આ સિદ્ધચક્રની આરાધનામાં પણ કોઈ મનુષ્ય **શ્રીસિદ્ધચક્રાય નમઃ** ગણે, કોઈ મનુષ્ય **અસિઆઉસા** ગણે, કોઈ મનુષ્ય **નમો નાણસ્સ** વિગેરે ગણે, ચાહે તે રીતે ગણે તો પણ તે પોતાના પરિણામને અભંગ રાખી શકે, અર્થાત્ એકલો સિધ્ધચક્રનો જાપ કલ્યાણ કરે છે, અગર **નમો અરિહંતાણં** વિગેરે પ્રત્યેક પદોનો જાપ કલ્યાણ કરે છે, અગર શ્રી **અસિઆઉસા નમઃ** નો જાપ કલ્યાણ કરે છે, અગર **નમો નાણસ્સ** વિગેરેનો પ્રત્યેક જાપ કલ્યાણ કરે છે, તેવી જ રીતે બધાનો જાપ પણ કલ્યાણ કરે છે અને જેવી રીતે બધાનો જાપ કલ્યાણ કરે છે તેવી રીતે પ્રત્યેકનો જાપ પણ કલ્યાણ કરે છે.

શ્રીસિદ્ધચક્રના પાંચ આદર્શ પુરુષો

શ્રીસિદ્ધચક્રની અંદર ગુણી તરીકે જે પાંચ આદર્શ પુરુષોને જે નમસ્કાર કરવામાં આવેલો છે, તે આદર્શ પુરુષો બીજા કોઈ જ નહિ પણ વીતરાગ, સર્વજ્ઞ, ભગવાન અરિહંત શાશ્વતપદને પ્રાપ્ત કરી જ્ઞાનાદિ અનંત ચતુષ્કને સર્વદા ધારણ કરનારા સિદ્ધ ભગવાન્ ! ભગવાન અરિહંતના આદેશને ઝીલીને તેને શાસનના હિતને માટે છુટાં ફૂલો કરતાં બનાવાતી માળા માફક તે આદેશને ગુંથનાર આચાર્ય ભગવાન અને માળા તરીકે ગુંથાયેલા સૂત્રને માળા જેમ માળી દરેક સજ્જન પુરુષોને અર્પણ કરે તેવી રીતે દરેક મોક્ષના અર્થીને તે આદેશની સૂત્રોરૂપ માળાને અર્પણ કરનાર ઉપાધ્યાય ભગવાન તેમજ જેઓ જિનેશ્વર મહારાજે પ્રગટ કરેલા મોક્ષમાર્ગના મુસાફર બનવા સાથે દરેક મોક્ષના બનતા મુસાફરોને દરેક પ્રકારની મદદ કરનાર સાથે સહાયક બને છે એવા સાધુમહારાજાઓ આ શ્રીસિદ્ધચક્રની અંદર આદર્શ પુરુષ તરીકે ગણાયેલા છે.

નવપદ કેમ કહેવાય છે ? (નવપદોમાં પદશબ્દનો દુરૂપયોગ)

ધ્યાન રાખવાની જરૂર છે કે આ શ્રીસિદ્ધચક્રમાં નવપદો કહેવાય છે તેનું કારણ એટલું જ છે કે તે નવેમાં રહેલી જાતિને મુખ્ય પદ આપવામાં આવેલું છે, પણ વ્યવહારકથનમાં જ માત્ર તે જાતિની મુખ્યતા સમજવાની છે, પણ આરાધના પ્રસંગને અંગે

કે માન્યતાને અંગે અથવા તો તેના જાપને અંગે જાતિને એટલું બધું અગ્રપદ આપવામાં આવેલું નથી. જો માત્ર અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુની પદવી કે જાતિને જ મુખ્યતાએ લઈને જો આ નવપદ કે સિદ્ધચક્ર બનાવવામાં આવ્યું હોય તો નમો અરિહંતાણં વિગેરેમાં બહુવચન વાપરવાની શાસ્ત્રકારો મહેનત કરત જ નહિ, અને ટીકાકારો પણ વ્યક્તિની વિવિધતા હોવાને લીધે નમો અરિહંતાણં વિગેરેમાં બહુવચન મેલીને નમો અરિહંતાણં સૂત્ર કર્યું છે એમ સ્પષ્ટ જણાવે છે, અને સાથે જ જણાવે છે કે જો એકજ વ્યક્તિ લેવી હોય તો નમો અરિહંતસ્સ એમજ લખાત, એટલું જ નહિ પણ અરિહંત નામનું પદ છે અને તે જ નમસ્કાર કરવા અને માનવા લાયક છે, પણ વ્યક્તિ અને તેના સમુદાયને આ નમસ્કાર અને માન્યતા સાથે સંબંધ નથી, એમ જો હોત તો નમો અરિહંત તણસ્સ અથવા નમો અરિહંતપયસ્સ એ કે એવા કોઈપણ પદનો વિનિયોગ કરત. અર્થાત્ જે મનુષ્યો પોતાની અજ્ઞાનતાથી કે કુટિલતાથી એમ માનવા, બોલવા કે જણાવવા તૈયાર થાય કે હું ભગવાન ઋષભદેવજી વિગેરે કે યાવત્ અમુક સાધુ વિગેરેને માનતો નથી, પણ અરિહંતપદને અને યાવત્ સાધુપદને માનું છું તો તે માત્ર જૈનશાસનથી વિરૂદ્ધ જ માન્યતા ગણાય, કેમકે પાંચ પદમાં કે નવે પંદમાં એકેમાં પણ પદશબ્દ તો છે જ નહિ, માટે પદશબ્દ તેનો કલ્પેલો અને કુટિલતાના પ્રભાવવાળો છે.

વ્યક્તિપૂજાથી જ જાતિપૂજા

જ્યારે આ કુટિલતાવાળા લોકો પદને નામે વ્યક્તિઓને ઉતારી પાડવા માગે છે ત્યારે શાસ્ત્રકાર તો એમ જણાવે છે કે **एगंमि पूइयंमि सव्वे ते पूइया होन्ति।** અર્થાત્ એક પણ અરિહંત આદિ પરમેષ્ઠીની તેના ગુણોદ્વારાએ પૂજા કરવામાં આવે તો સર્વ અરિહંત આદિ વ્યક્તિઓની પૂજા કરેલી ગણાય.

વ્યક્તિનિંદાથી જાતિનિન્દા

એવી રીતે એ વાત પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **एगंमि हीलियंमि सव्वे ते हीलिया होन्ति।** અર્થાત્ અરિહંતથી માંડીને સાધુ સુધીના પાંચ પરમેષ્ઠીમાંથી કોઈ પણ અરિહંતાદિ એક પરમેષ્ઠીની હેલના એટલે અભક્તિ, અનમસ્કાર, અનારાધના કે નિંદા કરવાથી સર્વ તે અરિહંત ભગવાન યાવત્ સાધુ મહાત્માની હેલના થાય છે.

નિહ્નવો ધર્મારાધના કરતાં દૂરભવ્ય કેમ ?

આ વાત સમજનારો મનુષ્ય સ્વપ્નમાં પણ અરિહંતાદિ કોઈ પણ વ્યક્તિની યાવત્ સાધુ મહાત્માઓની કોઈ પણ વ્યક્તિની નિંદા કે હેલના કરવાને પ્રવર્તી શકે જ નહિ. અર્થાત્ જેવી રીતે ગોશાલો અને જમાલિ વિગેરે નિન્હવો નવકાર બોલતા હતા, લોગસ્સ બોલતા હતા, સંયમ આરાધન કરતા હતા અને તેના ભક્તો દેવપૂજા વિગેરે ષટકર્મો કરતા પણ હતા, છતાં તેઓ એક મહાવીર મહારાજ કે યાવત્ દુર્બલિકાપુષ્પ જેવા એક મહાત્માની પ્રતિકૂળતા કરવાને લીધે કાંઈ પણ ફલ નહિ પામતાં દુર્ગતિની ગર્તામાં ગબડી પડ્યા, માટે પાંચ પરમેષ્ઠીની સમષ્ટિથી આરાધના કરવાની ઇચ્છાવાળાએ તે પંચ પરમેષ્ઠીમાંની વ્યક્તિની આરાધના કરવા સાથે વ્યક્તિની વિરાધનાથી સર્વથા પરાઙ્મુખ રહેવું જ જોઈએ અને એવી રીતે રહેનારો મનુષ્ય જ સાચી રીતે નવકારને ગણનારો અને પંચ પરમેષ્ઠીને આરાધનારો માની શકાય.

સમ્યગ્દર્શનાદિ ગુણોની મહત્તા

જેવી રીતે આ શ્રીસિદ્ધચક્રમાં પાંચ પરમેષ્ઠી રૂપી આદર્શ પુરૂષોની સંસારની માયાજાળથી સર્વથા ખસી જવાને લીધે આરાધ્યતા જણાવી છે, તેવી જ રીતે સમ્યગ્દર્શનાદિ ચાર ગુણો અથવા તો

આત્માના મુખ્ય ધર્મના ચાર પ્રકારો જણાવેલા છે. તે આત્માના ગુણોનું લક્ષ્ય રાખીને જ દરેક ભવભીરૂ અને શાશ્વતપદની સ્પૃહાવાળા મનુષ્યે પ્રવર્તવાનું હોય છે.

શ્રીજૈનશાસનનું ક્રીડપત્ર

અર્થાત્ આ સમ્યગ્દર્શનાદિનું ધ્યેય એજ જૈનશાસનની ક્રીડ કહીએ અગર ઉદ્દેશ્યપત્ર કહીએ તો તે ખોટું નથી. જેમ ઉદ્દેશ્યપત્રથી વિરૂદ્ધ વર્ત્તન કરનારાને સંસાર, સોસાયટી, કમિટિ કે સભામાં દાખલ થવાનો હકજ નથી, તેવી જ રીતે આ સમ્યગ્દર્શનાદિ રૂપી ધ્યેયને ચૂકનારા મનુષ્યને જૈનજનતામાં જગ્યા મળતી જ નથી. ઉપર જણાવેલા પાંચ આદર્શપુરુષોની આદર્શતા પણ આ સમ્યગ્દર્શનાદિરૂપ ધ્યેયને સારી રીતે પહોંચી વળેલા હોવાને અંગે જ છે. અર્થાત્ આ શ્રીસિદ્ધચક્રયંત્રમાં આદર્શપુરુષો અને તેની આદર્શતા જણાવેલી હોવાથી સંપૂર્ણપણે સર્વ સુજ્ઞ પુરુષોને આરાધવાલાયક જ છે એમ માનવું જ પડશે.

ઉપસંહાર

આવું ઉત્તમ સિદ્ધચક્ર મહારાજનું સ્થાન હોવાથી તેના પવિત્ર નામથી આ પત્રનું નામ રાખવામાં આવેલું છે અને તેથી આશા રાખીએ છીએ કે લેખક અને વાચકોના હૃદયમાં તે સિદ્ધચક્ર મહારાજા આ પત્રદ્વારાએ પણ ઓતપ્રોત થાય.



પડવાના ભયે દીક્ષા ન રોકાય

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના કલ્યાણાર્થે ધર્મોપદેશ આપતાં એક વાત વારંવાર જણાવી ગયા છે કે આ આત્મા પડે તેથી તેણે ચઢવાનું માંડી વાળવાનું નથી. બાળકો નિશાળે બેસે છે, ત્યારે તેઓ ભણવાનો આરંભ કરે છે. તેઓ શાળામાં જેટલું ભણે છે તે સઘળું કાંઈ તેઓ યાદ રાખી શકતા નથી. ઘણું ખરૂં ભણેલું તેઓ ભૂલી જાય છે, પરંતુ તેથી કોઈ એવો ઠરાવ કરી શકતું નથી કે જે ભૂલે છે તેમને ભણાવવા જ નહિ ! જો કોઈ સ્થળે એવો કાયદો થાય કે ભૂલે એવા વિદ્યાર્થીઓને ભણાવવા જ નહિ, તો તેનું પરિણામ એજ આવે કે સ્થળે સ્થળે નિશાળોને તાળાં જ ચારવાં પડે ! અને નિશાળો જ જ્યાં બંધ થાય એટલે ભૂલનારા તો ભણવાના બંધ જ થાય, પરંતુ તેની સાથે ન ભૂલનારાને પણ ભણતા બંધ થવું જ પડે ! આ સ્થિતિ ન ઉભી થાય તે માટે સમજુ માણસોની એ ફરજ છે કે તેમણે ભૂલનારાને માટે પણ જે પ્રમાણે ભણનારાને માટે શાળામાં દાખલ થવા પણું અને શાળા ચાલુ રાખવાપણું છે તે પ્રમાણે રાખવું જોઈએ.

એ જ પ્રમાણે તમારે શાસનક્ષેત્રમાં પણ સમજવાનું છે. જેઓ ક્ષાયોપશમિક ભાવવાળા આત્માઓ છે તેઓ ચઢતે ગુણસ્થાનકે પહોંચેલા નથી. તેવા આત્માઓને ક્ષયોપશમિક ભાવ રહેવાનો જ અને તેમને દૂષણ તથા અતિચાર આદિ પણ સહન કરવા પડે એવો સંભવ પણ રહેવાનો જ! ક્ષાયોપશમિક ભાવ અતિચાર પતનનાં સંભવવાળો છે તેથીજ અહીં દૂષણવાળાની હસ્તી પણ સંભવિત છે. આ જગતનો કોઈ પણ જીવ પડ્યા વિના એકદમ સીધો જ પરમપદે પહોંચી ગયો હોય એવું બન્યું જ નથી. કદાચ કોઈ પડ્યા વિના પણ પરમપદે પહોંચી જનારા તરીકે મરૂદેવી માતાનું ઉદાહરણ આપશે તો તેણે સમજવાનું છે કે મરૂદેવામાતા પડ્યા વિના પરમપદે પહોંચી ગયાં એ એક જગતના પ્રવાહનો અપવાદ અથવા તો આશ્ચર્ય જ છે, પરંતુ જે આશ્ચર્ય છે તેને આધારે વ્યવહાર નક્કી કરવો એ અશક્ય છે. મરૂદેવીમાતાના પરમપદગમનને શાસ્ત્રકાર મહારાજાઓએ પણ આશ્ચર્ય ગણ્યું છે, એટલે સિદ્ધ નક્કી થાય છે કે

જગતમાં કોઈ પણ જીવ પડયા વિના પરમપદે પહોંચતો જ નથી.

આપણા સઘળા તીર્થંકર ભગવાનોના વૃત્તાંતોને તપાસીશું તો તે ઉપરથી પણ એજ વાત સિધ્ધ થાય છે કે કોઈપણ તીર્થંકર ભગવાનો ચારિત્ર લીધા વિના જ મોક્ષે ગયેલા અથવા તીર્થંકરપદની પ્રાપ્તિવાળા થયા નથી ત્યારે બીજી તરફ વિરાધકો તો પહેલા ભવથી જ પાકતા આવેલા છે ! તીર્થંકર ભગવાનો પણ પડ્યા વિના જ પરમપદને પામ્યા છે એવું જો કોઈ કહેતું હોય તો તેનું એ કથન અસત્ય છે. તીર્થંકર ભગવાનોમાં કેટલાંક ચારિત્ર લીધા પછી દેવલોકે ગયા છે. તીર્થંકર ભગવાનો પણ મોક્ષ મેળવ્યા વિનાજ દેવલોકે ગયા છે એનો અર્થ એ છે કે તેમને મોક્ષ મેળવ્યા પહેલાં ચારિત્ર છોડવાપણાની પ્રાપ્તિ થયેલી જ છે. જે ભવમાં પોતાને સમ્યક્ત્વની પ્રાપ્તિ થયેલી હોય તેજ ભવમાં પોતે મોક્ષે ગયેલા હોય એવું એકપણ તીર્થંકરના સંબંધમાં બન્યું જ નથી. અને તેમણે જે ભવમાં ચારિત્ર લીધું તે જ ભવમાં તેમને મોક્ષ મળ્યો હોય એમ પણ થવા પામ્યું જ નથી. તીર્થંકર ભગવાનોની ભવના ક્ષયે પડવાની વાત દૂર રાખી હવે આપણે વર્ત્તમાન ભવ ઉપર આવીએ.

આજ સુધીના સઘળા તીર્થંકર ભગવાનના જીવનને તપાસીએ તો માલમ પડે છે કે કોઈપણ તીર્થંકર ભગવાન અપ્રમત્ત થયા વગર કેવળજ્ઞાની થયા નથી. પ્રમત્ત અને અપ્રમત્ત ચારિત્ર એ બંને હિંચકા જેવા છે. ચારિત્ર લીધા પછી દૂષિત થવા માત્રથી ચારિત્રનેજ અયોગ્ય કહી દઈએ તો તો આ જગતમાં એકે ચારિત્ર બને એવું જ નથી. પોતાનું પતન ન થાય એ તો દરેકને હંમેશાં ઈષ્ટ હોય છે. પોતાનું પતન ન થાઓ એમ બધા ઈચ્છે છે, પરંતુ તેટલા માત્રથી એવો નિયમ બાંધી શકાતો નથી કે જે ચારિત્ર લીધા પછી ન પડી શકે એવી ખાતરી હોય તેનેજ ચારિત્ર આપવું અને બીજાને આપવું જ નહિ ! સાધારણ વાતોથી જ તમે આ બાબત તપાસશો તોપણ તમારી ખાતરી થશે કે પતનના ભયથી દીક્ષા જ બંધ કરવી જોઈએ એમ કહેવામાં તદ્દન જંગલીપણું જ રહેલું છે. તમે પહેલવહેલાં એકાસણા આપો છો. એ એકાસણા પણ ભાંગે છે પરંતુ એકાસણા ભાંગે છે માટે તે આપવાજ નહિ એવો નિયમ તમે ઠરાવી શકતા નથી. જેમ અહીં તમે નિયમ ઠરાવી શકતા નથી તે જ પ્રમાણે દીક્ષાના સંબંધમાં પણ તમે એવો નિયમ બાંધી શકો નહિ કે જે દીક્ષામાં પતન ન થાય એવું હોય તે જ પ્રસંગમાં દીક્ષા દઈ શકાય છે.

દીક્ષા આપવાના સંબંધમાં તપાસવાની વસ્તુ એ છે કે દીક્ષા લેનાર અને દેનાર એ બંનેના પરિણામો ચોક્ખાં હોવા જોઈએ. દીક્ષા સંબંધીનો નિર્ણય પરિણામ ઉપર આધાર રાખે છે, પરંતુ તેનો આધાર ફળ ઉપર રહી શકતો નથી. ફળનો નિશ્ચય કરીને તો આ જગતમાં કોઈપણ કાર્ય બની શકતું જ નથી. તમે આંબાનું ઝાડ રોપો છો, એ વખતે તમે તેના ફળનો નિર્ધાર કરી શકતા નથી. કોઈપણ સારું કાર્ય આરંભો તેથી તમે તેના ફળનો વિચાર કરી શકતા નથી, એ જ પ્રમાણે દીક્ષા આપવાના સંબંધમાં પણ જો વિચાર કરી શકાતો હોય તો માત્ર પરિણામોનો જ વિચાર શક્ય છે, ફળનો વિચાર કરવો એ વાસ્તવિક છે જ નહિ. એથી જ ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબ કહે છે કે ક્ષાયોપશમિકભાવ વિના ક્ષાયિકભાવ કોઈપણ દિવસ આવી શકવાનો જ નથી. ભગવાન હરિભદ્રસૂરીશ્વરજીના આ વચન પરથી પણ એ જ સિદ્ધ થાય છે કે ભૂલવાનો સંભવ જોઈને ભણાવવાનું જ બંધ કરવાનું જેમ બની શકે એમ નથી તે જ પ્રમાણે પતન થશે દીક્ષા લીધા પછી, લેનારો આત્મા તે છોડી દેશે એવા ભયથી દીક્ષા આપવાની પણ બંધ કરી શકાતીજ નથી.

આજ વસ્તુ પંચવસ્તુમાં વિસ્તારપૂર્વક સમજાવવામાં આવી છે અને ત્યાં પણ આજ વાતનું પ્રતિપાદન થયું છે કે દીક્ષા લીધા પછી લેનારો આત્મા મલિન થશે, પતિત થશે, તે દીક્ષાનો ત્યાગ કરવા તૈયાર થઈ જશે એવી શંકાઓથી દીક્ષા આપવાની કદી ટાળી શકાતી જ નથી. પતિત થવાનો ભય કોને રહે છે અને એ ભય ક્યારે ઉભો થાય છે તેનો સહેજ વિચાર કરશો તો વ્યવહારથી પણ તમોને આ વાતની ખાતરી થશે. જે માણસ ઘોડા ઉપર ચઢે છે તે જ માણસને નીચે પડવાનો ભય ઉભો થાય છે, પરંતુ જે કદી ઘોડા ઉપર ચઢ્યો જ નથી, તે પડવાનો છે એ કેવી રીતે કહી શકાય? વળી મહાવીર ભગવાન જેવાની પાસે દીક્ષા લેવાની હોય તો તો તેઓ અમુક આત્મા ચારિત્ર લે છે તો તે પાળશે કે કેમ એ વાત પણ પોતાના જ્ઞાનના બળથી જાણી જ શકે, પરંતુ જેઓ એવું જ્ઞાન ધરાવતા નથી એવા સાધુ મહારાજાઓ કોઈ વ્યક્તિ દીક્ષા લેવા આવી તો હવે તે દીક્ષા લેનાર દીક્ષા ટકાવી રાખશે કે પતિત થશે એ કેવી રીતે ભાખી શકે વારૂં ? અને એમ જ થાય તો તો તેનું પરિણામ એ આવે કે આપણે દીક્ષા લેતા જ અટકી પડીએ. વળી યાદ રાખવાનું છે કે પોતાના જ્ઞાનથી ચારિત્ર લેનારો અમુક આત્મા પતિત થનાર છે એવું જાણવા છતાં પણ ભગવાન મહાવીરે તેવા આત્માને પણ દીક્ષા આપવાની ના નથી પાડી પરંતુ દીક્ષારૂપી અમૃત તેવાને પણ આપ્યું જ છે.

વ્યવહાર અને ધર્મશાસ્ત્ર બન્ને આ વાતનું પ્રતિપાદન કરે છે કે દીક્ષાથી પડશે, દીક્ષા લેનારો દીક્ષાનો ત્યાગ કરશે, તે દીક્ષા પાળી શકવાનો નથી એવા વિચારોએ દીક્ષા આપવાનો કદી પણ નિષેધ થઈ શકતો જ નથી. આજ કારણથી સાધુ બકુશકુશીલ વગેરેએ લીધેલી દીક્ષાને શાસ્ત્રે માન્ય રાખી છે અને તેમના સાધુપણાને સાધુપણા તરીકે માન્ય રાખ્યું છે. કેટલાક આત્માઓ એવી શંકા કરે છે કે બકુશકુશીલના સાધુપણાને સાધુપણું ન માનવું જોઈએ. શાસ્ત્રકાર મહારાજાઓ આ વાત સાથે મળતા થવાની ના પાડે છે. બકુશકુશીલના સાધુપણાને સાધુત્વ માનવાનું છે તે બીજા કશાથી જ નહિ, પરંતુ એક માત્ર **नैर्ग्रंथ्यं प्रति प्रस्थिताः** એ મુદ્દાથી જ ત્યાં સાધુપણું છે એ વાત માનવાની છે. શાસ્ત્રકાર મહારાજાઓ સ્પષ્ટ રીતે ફરમાવે છે કે દૃષ્ટિ, ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી, પરમપદ વગેરે જેના ધ્યેય તરીકે રહેલાં છે તેઓ સાધુ જ છે. જો આ સઘળી વસ્તુઓને ધ્યેય તરીકે માનનારો સાધુ પગથીયું ચુકી ગયો હોય તો તેને પાસથ્થા કુશીલિયા તરીકે માનવાના છે પરંતુ છતાં તેનું સાધુપણું તો શાસ્ત્રે નિર્વિવાદ રીતે સ્વીકારેલું જ છે.

એક બંદરેથી બંને સ્ટીમરો પોતપોતાના ધારેલા બંદરો તરફ જવા ઉપડે છે. એક સ્ટીમરનો વેગ સારો હોય, તે ઝપાટામાં ચાલનારી હોય, ગમે તેવી સારી ગતિવાળી હોય, પરંતુ જો તે સ્ટીમરની સોય અવળી થઈ ગયેલી હશે તો એ સ્ટીમર બંદર ન પહોંચતાં તે ખરાબામાં જઈને જ લાધી જ જશે! અને જે સ્ટીમરની સોય સીધી હશે તે સ્ટીમર કદાચ તેનો વેગ ઓછો હોય તો પણ ધારેલે બંદરે પહોંચી જશે ! સીધી સોયવાળી સ્ટીમર પોતાની ગતિ ધીમી હશે તો પણ પહોંચી જાય છે તો પછી જો એ સ્ટીમરની ગતિ પણ તેજદાર હોય તો તો પછી પૂછવુ જ શું ? હવે આ દેહરૂપી સ્ટીમરની સોય તે કઈ વસ્તુ હશે એ વાતનો વિચાર કરો. જે નિર્ગ્રંથપણાની ધારણા છે એજ સોય છે. આ સોય જે સ્થળે સહીસલામત છે તે સ્ટીમરની ગતિ થોડી હોય તો પણ તે સ્ટીમરનો બેડો પાર છે કારણ કે ધીમેધીમે કરતાં લાંબે વખતે પણ તે સ્ટીમર બંદરે આવીને અટકશે, પરંતુ જે સ્ટીમરની સોય જ ફરી ગઈ હશે

તે સ્ટીમર તો કદીપણ પોતાનું ભાગ્ય સુધારી શકવાની નથી અથવા તો બંદરે જઈ શકવાની નથી.

શાસ્ત્રકાર મહારાજાઓનો આજ સિદ્ધાંત સ્થાપિત સિદ્ધાંત અને સત્ય વસ્તુ હોવાથી જ પુલાક બકુંશ કુશીલ એ બધાને ભાવનિર્ગ્રંથ ગણ્યા છે. અર્થાત્ તેઓ ભાવ સાધુ ગણાયા છે, પરંતુ તેમને દ્રવ્યસાધુની કોટીમાં લીધા નથી. જો દૃષ્ટિ નિર્ગ્રંથપણા ઉપર જ હોય-સોય બરાબર હોય તો એ સાચી સોયવાળો સાધુ તે સાધુ ગણાવાને માટે સર્વથા લાયક જ છે, પરંતુ જો ત્યાંથી દૃષ્ટિ ફરી જાય તો પછી તે સાધુ તે સાધુ નહિ પણ કુસાધુ અને કુગુર જ છે ! પુલાક કુશીલ બકુશના સાધુત્વને સાધુત્વ માનવાનું કારણ એ છે કે તેમનો આધાર તેમનું લક્ષ્ય એ સહુ કાંઈ નિર્ગ્રંથપણાની ધારણા જ હતું. હવે બીજી એક ખાસ વાત યાદ રાખવાની છે તે એ છે કે નિર્દૂષણયુક્ત, શુકલ લેશ્યાવાળું ચારિત્ર, અવિરાધનાવાળું સાધુપણું, આ સઘળું હોય તો પણ તે પાળનારો આત્મા જો અભવ્ય હોય તો તેને ગુરુપણાની લાઈનમાં સ્વીકારવામાં આવ્યો નથી ! એવાઓની સ્ટીમર તૂટેલી સોય વડે જ દોડી રહેલી છે એમ માનવાનું છે. જે અભવ્યો છે, જે મિથ્યાદૃષ્ટિઓ છે તેઓ ચારિત્ર પાળે, શુકલલેશ્યાવાળું ચારિત્ર પાળે, અને ક્રોડપૂર્વ સુધીનું ચારિત્ર પાળે તો પણ એ ચારિત્ર તે મોઢે તેલ ઘી લગાડયા જેવું છે.

જે માણસ પોતે તેલ ઘી ખાય છે તેના તે તેલ ને ઘીથી તેના મોઢા ઉપર એક દહાડામાં જ ચીકાશ અને ચળકાટ આવી જતા નથી પરંતુ જો કોઈ માણસ દરરોજના પાશેર ઘીને હિસાબે આખો માસ ઘી ન ખાતાં એક આંગળી ભરીને ઘીજ જો મોઢે લગાડી દે છે તો તેના મોઢા ઉપર તરત જ ઘીનો ચળકાટ આવી જાય છે, તે જ પ્રમાણે અભવ્યોનું સાધુપણું એ ચળકતું-દેખાવનું સાધુપણું છે. જેઓ પૌદ્ગલિક ઈચ્છાને આધીન થઈને, સાધુઓની મહાનતા જોઈને, પોતે પણ મુનિ થઈ જવું એવી ઈચ્છાથી અને પૌદ્ગલિક ભાવથી દીક્ષા લે છે તેમનું સાધુપણું એ ચળકાટ મારતું સાધુપણું હોઈ તે માત્ર એવા આત્માઓને નવગ્રૈવેયક સુધી લઈ જાય છે ! આથી જ પુણ્યપ્રકૃતિને અંગે દ્રવ્યચારિત્ર કરતાં સમ્યક્ત્વને હલકું ગણવામાં આવ્યું છે, અથવા તો તે ચારિત્રને ઘણું ઉત્કૃષ્ટ માનવામાં આવેલું છે પરંતુ એ ચારિત્રની ઉત્કૃષ્ટતા તે જગતને દર્શાવવા માટે બહારથી ડોળ રૂપે કરેલી ઉત્કૃષ્ટતા છે. ભવ્ય છે તે સમ્યક્ત્વ પામ્યો છે પરંતુ તેનું સાધુપણું દ્રવ્યથી છે.

સમકીતિ છતાં દ્રવ્યસાધુપણું કેમ ?

હવે આ વાત સાંભળ્યા પછી તમોને એવી આશંકા થવા પામશે કે સમ્યક્ત્વધારી જીવ જો ચારિત્ર પામે છે તો તેનું તે ચારિત્ર એ દ્રવ્યસાધુપણું અથવા દ્રવ્ય ચારિત્ર કેમ બનવા પામે છે ? જે જીવ સમકીતિ જીવ છે તેવો જીવ પણ પોતાની ઈચ્છા ન હોવા છતાં વગર ઈચ્છાએ જગતની દેખાદેખીએ જ ચારિત્ર લે, તો તે ચારિત્ર એ દ્રવ્યચારિત્ર જ ઠરે છે. ધારો કે એક સ્ત્રી છે. તે સતી છે. સતી થવાનો કુલાચાર પડ્યો છે એટલે તે સતી થાય છે. એ સ્ત્રી પોતે એમ તો માને છે કે ધણી પાછળ બળી મરવું એ સારું છે, પરંતુ તેની બળી મરવાની ઈચ્છા નથી. વસ્તુ સાચી માને છે, વસ્તુ જરૂરી માને છે, વસ્તુ યોગ્ય છે એમ માને છે, પરંતુ તે છતાં એ વસ્તુને આદરવાની પોતાની ઈચ્છા ન હોય અને માત્ર કુળાચારે જ એ વસ્તુને અનુસરવું પડે તો તે દ્રવ્યપણે થયો ! જે સ્થળે જૈનોની પ્રચંડ જાહોજલાલી ચાલતી હતી તે વખતે પ્રાચીનકાળમાં ઘણે સ્થળે એવું બન્યું છે કે જો ધણી (રાજા) દીક્ષા લે તો તેની પાછળ તેની રાણીઓ, પ્રધાનો, અનુચરો વગેરે પણ દીક્ષા લેતા હતા. જ્યાં આગળ આવી પધ્ધતિ જ પડી જાય છે ત્યાં આગળ તમો ધર્મ કોને કહેશો તે તમારે વિચારવાની વાત છે.

પતિપત્નીનો ધર્મ વિચારીએ તો તેમનો એ ધર્મ જ છે કે પતિને પત્નીએ દુખઃસુખમાં અનુસરવું જ જોઈએ. કરોડાધિપતિ પુરુષને તેની પત્ની પરણ્યા પછી કોઈ સંયોગોમાં ઘણી ગરીબ થઈ જાય; રંક થઈ જાય અથવા હાથે પગે અપંગ બને તો કુલીન સ્ત્રી તેને એમ ન કહી શકે કે હું તારા ઘરની સુખસાહ્યબી અને નોકરચાકરોને જોઈને તને પરણી હતી, હવે તેમાંનું કાંઈ નથી એટલે મારેતારી સાથે કશી લેવાદેવા નથી ! અથવા કુલીન સ્ત્રી પોતાના ધણીને એમ ન કહી શકે કે હું તો તારા નીરોગી દેહ સાથે પરણી હતી, હવે આ રોગી દેહ સાથે મારે કાંઈ લેવાદેવા નથી ! સ્ત્રીની અધમ વાંચ્છનાઓ જે પુરી પાડી શકે તેજ ધણી જો તે એવી ઇચ્છાઓને પુરી ન પાડી શકે તો તેને ગણવાનો નથી એવા શબ્દો કદાપિ પણ કુલીન સ્ત્રીના મોઢામાંથી નીકળતા નથી ! અને જો એવા શબ્દો સ્ત્રીના મોઢામાંથી નીકળતા જુઓ તો તે કુલીન સ્ત્રી જ નથી ! આર્યપતિપત્નીનો ધર્મ એ પશ્ચિમના વિષયી લોકોના જેવો એક બીજાનો વિષય પુરો પાડવાના કોન્ટ્રાક્ટો નથી અથવા તો તે આજના કહેવાતા સુધારકો કહે છે તેવા સમાન હકના કોલકરારો પણ નથી ! હિંદુલગ્ન, આર્યલગ્ન તો એટલા માટે જ છે, ચારિત્ર બધા આત્માઓને માટે અશક્ય હોય-ચારિત્રને ન અનુસરી શકાતું હોય તેને જ માટે લગ્ન છે. મુખ્ય ધર્મ તો અખંડ બ્રહ્મચર્ય-અખંડ ચારિત્ર એ જ છે. આવા લગ્ન વડે પરણેલી આર્યલોહીવાળી સ્ત્રીઓ સતીધર્મ પાળવા અને પતિની સેવા અનુકૂળતા સાચવવા જ બંધાયેલી છે. નહિ કે છૂટાછેડાનો દાવો માંડવા !

ધન્નાજીના પ્રસંગમાં એની પત્ની તળાવની માટી ઉઠાવે છે તે સમયે તેના ભાવો કેવા હશે તેનો વિચાર કરો. ધન્નાજીની સ્ત્રી ધન્નાજીને કાયદો બતાવતી નથી. તે જાણે છે કે હું પતિના હુકમને પરણેલી છું અને તેથી પતિની આજ્ઞાને માન્ય રાખવી એ મારો ધર્મ છે. જે સમયે કુલીન સ્ત્રીઓ આવી સ્થિતિએ રહેતી હોય અને પતિ જે કરે તેને અનુસરવામાં જ પોતાનો ધર્મ માનતી હોય તે વખતે પતિ દીક્ષા ધારણ કરે તો સ્ત્રીઓ પણ પતિની સાથે જ દીક્ષા લેતી હતી, રાજા દીક્ષા લઈને દીક્ષિત થાય, તો તેની સાથે જ આખો રાણીવાસ પણ દીક્ષા લેતો જ હતો. હવે રાજાએ દીક્ષા લીધી હોય અને તે પ્રસંગમાં રાણીવાસ આખો જ દીક્ષિત થાય તો તે રાણીવાસની બધી જ રાણીઓમાં એક જ સાથે બધાને સરખો જ ભાવ થવા પામ્યો છે એમ તો ન જ બને ! આ રાણીઓમાંથી બધી જ રાણીઓને દીક્ષા લેવાનો ભાવ ન થયો હોય અથવા તેમને દીક્ષા પરત્વે અરૂચિ હોય અને તે છતાં તેમણે દીક્ષા લીધી હોય; તોય એટલી વાત તો ચોક્કસ જ હતી કે તેઓ દીક્ષા એ વસ્તુ સારી છે એવું તો માનતા જ હતા. એ જ પ્રમાણે વસ્તુને અથવા માર્ગને ઉત્તમ જાણ્યાં છતાં ઉત્તમ આચાર પણ અરૂચિએ આચરવો પડે તો તે દ્રવ્યચારિત્ર છે. વધારે સ્પષ્ટ રીતે કહીએ તો જે સમકીતિ આત્મા દીક્ષા સારી છે, તે કલ્યાણ કરનારી છે. મોક્ષ આપનારી છે, એમ જાણે અને તે છતાં અરૂચિએ દીક્ષાનો અંગીકાર કરે તો તે દીક્ષા એ દ્રવ્યચારિત્ર છે.

પર્યુષણાપર્વનો સંવત્સરીનો મહાપવિત્ર દિવસ ! એ દિવસે ઉપવાસ કરવો એના જેવું મહાપવિત્ર બીજું કાર્ય નથી. એ ઉપવાસ કરવો સારો છે એમ સમકીતિ માને, તે છતાં હૃદયના ઉલ્લાસથી જો તેણે ઉપવાસ ન કર્યો અને દેખાદેખીથી કર્યો, તો તે કાર્ય એ દ્રવ્યક્રિયા થઈ. દ્રવ્યદેશવિરતિધર્મ અથવા દ્રવ્યસર્વવિરતિધર્મ પુણ્ય પ્રકૃતિને તો વધારી મૂકનારો જ બને છે, પરંતુ દ્રવ્યધર્મ એ રસાયણની ગરજ સારતો નથી. સમ્યક્ત્વ જેમ આત્માની અંદર ઉતરીને રસાયણની

ગરજ સારે છે. તે પ્રમાણે દ્રવ્યચારિત્ર એ રસાયણની ગરજ સારતું નથી, અને તે આત્માની અંદર ઉતરીને આત્માનો જીવન પલ્ટો કરાવતું નથી. જે ચારિત્ર સમ્યક્ત્વ વિનાનું છે તે પણ નિષ્ફળ જાય છે એમ સમજવાનું નથી. જે દ્રવ્યચારિત્ર છે તે પણ પુણ્યપ્રવૃતિને તો વધારનારું જ છે. બહારથી લગાડેલું ઘી જેમ ચળકાટ મારે છે તેમ દ્રવ્યચારિત્ર એ બહારથી ચળકાટ મારનારી વસ્તુ છે, જ્યારે ભાવચારિત્ર એ મોક્ષે લઈ જનારી વસ્તુ છે. જે કોઈ આત્મા અતિચાર રહિત થાય, લાંબો કાળ એ રીતે અતિચાર રહિત થઈને શુકલલેશ્યા સહિતનું ચારિત્ર પાળે તે છતાં જો તે આત્મા સમકીતિ ન હોય તો તે મોક્ષ માર્ગે દોરાતો નથી. આથી જ 'દંસણ ભટ્ઠો' એ શબ્દો મૂકીને જણાવ્યું છે કે જે આત્મા ચારિત્રથી ખસે છે તે આત્મા મોક્ષમાર્ગથી પણ દૂર જ જાય છે. આ સઘળી ચર્ચા ઉપરથી જે સિદ્ધાંત નીકળે છે તે એ છે કે :- "જે સમ્યક્ત્વ ચૂક્યો તે મોક્ષમાર્ગ ચૂક્યો." હવે બીજી વાત આ ઉપરથી તમારે એ ધ્યાનમાં લેવાની છે કે જે આત્મા સ્થિતિના ભાગનો અને સંયોગનો વિચાર કરવામાં કચાશવાળો હોય તે આત્મા મોક્ષમાર્ગમાં ચાલતો હોય તો પણ માર્ગ ચૂકેલો જ છે. મોટો રસ્તો કેટલીક વખત અથડાવાનો થાય છે. તે રસ્તો પ્રવાસીને ખેતર વગડામાં કેમ ફસાવી નાખશે તેનો ભારે ભય રહે છે. એજ પ્રમાણે મિથ્યાત્વી અભવ્યઆત્માઓ સમ્યક્ત્વ છતાં દ્રવ્યવિરતિના ધારક હોવાથી તેઓ ખેતરરૂપ સંસારમાં અને નહિ તો છેવટે નવગ્રૈવેયકમાં રખડી પડે છે ! એજ પ્રમાણે આ જગતમાં દ્રવ્યદેશવિરતિ, દ્રવ્ય સર્વવિરતિ ઇત્યાદિ જે જે દ્રવ્યક્રિયાઓ છે તે જે જે સીધી લાઈન વિનાના છે, માર્ગ વિનાના છે, તે બધા મોક્ષભૂમિથી આત્માને દૂર હડસેલી કાઢનારા છે, અને આવી દ્રવ્યક્રિયાઓના ધારકો તે કદી પણ મોક્ષમાર્ગમાં ચાલી શકવાના જ નથી ! ખેતરપાધરનો રસ્તો માણસને ક્યારે ભૂલાવીને ચક્કરે ચઢાવી દે છે તેનો કાંઈ પત્તો લાગતો નથી, તે જ પ્રમાણે અભવ્ય મિથ્યાત્વીઓના ચારિત્રનું પણ સમજવાનું છે. અર્થાત્ અભવ્ય મિથ્યાત્વીઓનું ચારિત્ર તે ખેતરપાધરનો મોક્ષમાર્ગ છે અને સ્વરૂપનિશ્ચય એ સીધો મોક્ષમાર્ગ છે.

આત્માને સૌથી પહેલાં સ્વરૂપનો નિશ્ચય થવાની જરૂર છે. તમે કોઈ વસ્તુને ખરીદવા જાઓ તે પહેલાં પણ તમારે એ ચીજનું સ્વરૂપ જાણવું પડે છે. જે ચીજ તમારે ખરીદવાની છે તે ચીજનુંજ જો તમોને નામ જ ન આવડતું હોય તો જગલાને બદલે ભગલાને જ પરણાવી આવો ! આમ ન થાય તે માટે તમારે સૌથી પહેલું વસ્તુનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ જાણવાની જરૂર છે. હવે એ સ્વરૂપ તમારે શી રીતે જાણવું તે સમજો. તમે પોતે આ જગતમાં તમારી મેળેજ કોઈ વસ્તુના જાણકાર બનીને અવતરતા નથી, પરંતુ તમોને જન્મપરંપરાના સંસ્કાર અને તમારા પુરોગામીઓના અનુભવ ઉપર જ આધાર રાખવો પડે છે. તમે વસ્તુની પરીક્ષા જેના વચન ઉપર નિર્ભય રહીને કરી શકો એવો માણસ તે વસ્તુ પરત્વેનો પારગામી જ હોવો જોઈએ ! મિયાંભાઈનો લડકો અહિંસાનું શાસ્ત્ર ન રચી શકે. એ પ્રમાણે તમારે આત્માનું સ્વરૂપ જાણતાં પહેલાં આત્માના વિષયના પારગામીઓની મદદ લેવાની છે.

એ વાત તો તમોને નવેસરથી કહેવાની જરૂર જ નથી કે આ જગતમાં જો કોઈ આત્માના સંશોધક, તેના દૃષ્ટા અને તેને પ્રત્યક્ષ અનુભવનારા હોય તો તે ભગવાન તીર્થંકરદેવો છે. તીર્થંકરદેવોએ પોતે આત્માને જોયો હતો, તેમણે આત્માને અનુભવ્યો હતો, આત્માનું જ્ઞાનરૂપ તેમણે સિધ્ધ કર્યું હતું અને આ બધું તેમણે જ્ઞાનથી જોયું હતું ! અર્થાત્ આત્માના વિષયમાં આ ત્રણે લોકમાં ભગવાન તીર્થંકરદેવો

પૂર્ણ છે અને તેમણે દર્શાવેલો આત્મધર્મ પણ શંકારહિત અને સંપૂર્ણ છે. એ જિનવાણીને આધારે આત્માએ આત્માનું સ્વરૂપ વિચારવું જોઈએ અને સ્વરૂપનો નિશ્ચય કરવો જોઈએ. જ્યાં સુધી આત્માને તેના સ્વરૂપનો નિશ્ચય જ ન થાય ત્યાં સુધી તે ગુણસ્થાપકો, તેની મહત્તા, ત્યાં પહોંચવાના રસ્તા, ત્યાં ગયાથી થતા ફાયદાએ આત્મા કદી સમજી શકે નહિ.

આત્માનું સ્વરૂપ સમજવા માટે આમ જિનવાણી પર શ્રધ્ધા હોવી જોઈએ. હવે એ શ્રધ્ધા શી રીતે થાય અને જળવાય તેનો વિચાર કરો. આ શ્રદ્ધા ઉપજવા અને તે કાયમ રહેવા બાળપણાથી નાના બાળકોને વારંવાર પાછળ કહ્યા પ્રમાણેની ત્રિવિધ ગળથુથી આપવી જ રહી. એ ગળથુથી તે એ કે :-

૧. આ જીવ અનાદિનો છે.

૨. ભવ અનાદિનો છે.

૩. કર્મસંયોગ અનાદિનો છે.

જે માબાપ પોતાના બાળકોને સદૈવ આ ગળથુથી આપશે તે બાળકો દૃઢપણે જૈનત્વમાં શ્રદ્ધાવાળા, ધર્મનિષ્ઠ અને નીતિવાન થશે, પોતાના આત્માનું કલ્યાણ કરશે અને જગતને દૃષ્ટાંતરૂપ થઈ આ પવિત્ર આર્ય-પ્રજા, આર્યસંસ્કૃતિ અને આર્યદેશ-ભારતવર્ષનો જગતમાં ડંકો વગડાવશે.

(પાના ૧૦ નું ચાલુ)

પ્રશ્ન ૮૪૬- બીજઆદિના ક્ષયે તેની પહેલાંની પડવા આદિનો ક્ષય માની બીજ આદિ મનાય પણ બીજ આદિની વૃધ્ધિમાં પડવાઆદિની વૃધ્ધિ કેમ ગણાય ?

સમાધાન- ભગવાન્ ઉમાસ્વાતિવાચકજીના વચનથી બીજ આદિના ક્ષયે પડવા આદિનો ક્ષય કરી તે દિવસે બીજ આદિ મનાય, તો પછી તેમના જ વચન પ્રમાણે વધેલી બીજ આદિની વખતે બીજી બીજ આદિને જ બીજ તરીકે કહેવાય અને જ્યારે બીજી બીજ આદિને જ બીજ તરીકે કહેવાય તો પછી પહેલાંની બીજને બીજ ન કહેવાય પણ પડવો જ કહેવાય. અર્થાત્ અપર્વની તિથિ જ વધી શકે અને એજ પ્રમાણે પૂનમ અમાવાસ્યાના વૃદ્ધિના પ્રસંગે બે તેરસો કરવી જ પડે.

પ્રશ્ન ૮૪૭- ઉદયમાં જે તિથિ હોય તે જ ઉદયંમિ જા તિહી ઈત્યાદિ વાક્યથી પ્રમાણ મનાય છે તેનું કેમ થાય?

સમાધાન-ઉદયંમિ જા તિહી૰ એ વાક્ય ઉત્સર્ગ છે, અને ક્ષયમાં પૂર્વની લેવી અને વૃદ્ધિમાં ઉત્તરની પર્વતિથિ લેવી એ તેનાથી પ્રબલ છે. નહિતર બીજ આદિની ક્ષયે બીજ આદિમાં સૂર્યોદય ન હોવાથી પડવા આદિના સૂર્યોદયમાં બીજ આદિ આજ છે એમ કહેતાં મૃષાવાદ આદિ લાગશે અને બંને બીજ આદિ દિવસોએ સૂર્યોદય છતાં બીજી બીજ આદિમાં આજ બીજ આદિ છે એમ કહેતાં પણ મૃષાવાદ લાગશે, માટે ક્ષય વૃદ્ધિના પ્રસંગ સિવાય ઔદયિક તિથિ માનવાની છે.

પ્રશ્ન ૮૪૮- પ્રશ્નશાસ્ત્રમાં પહેલી એકાદશી અને અપર એકાદશી તથા પહેલી અમાવાસ્યા અને ઉત્તર અમાવાસ્યા એમ જે કહેવાય છે તે પર્વતિથિની વૃધ્ધિ ન માને તો કેમ કહેવાય ?

સમાધાન- બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે જેમ પડવા આદિને બીજ આદિ તરીકે ગણતાં પડવાનો ક્ષય કરવા છતાં માત્ર પંચાંગની અપેક્ષાએ કહેવાય છે તેમ અગીયારસ કે અમાવાસ્યાદિની વૃદ્ધિ નહિ માનવા છતાં માત્ર પચાંગની અપેક્ષાએજ પૂર્વ અને અપર એવા શબ્દો વાપર્યા છે.

પ્રશ્ન ૮૪૯-બ્રાહ્મણકુલને નીચગોત્ર કેમ ગણ્યું છે?

સમાધાન- જસ્સ બંભણા એ વગેરે શાસ્ત્રોનાં વાક્યોથી બ્રાહ્મણોમાં ઉત્તમ જાતિ અને ઉત્તમકુલો છે એમ માનવુંજ પડશે, પણ જેમ અમુક કાર્યોને અંગે અમુક કુલો જ ઉત્તમ ગણાય, જેમ રક્ષણને માટે ક્ષત્રિયો, વ્યાપારને માટે વણિક, તેવી રીતે તીર્થંકર, વાસુદેવાદિ પદવીઓ માટે ક્ષત્રિયાદિ કુલો જ ઉત્તમ ગણાય તેમાં આશ્ચર્ય નથી અને તે અપેક્ષાએ બ્રાહ્મણ કુલોમાં તીર્થંકરોની ઉત્પત્તિ ન હોય. શ્રીરામચંદ્ર કે શ્રીકૃષ્ણજી પણ ક્ષત્રિયોમાં જ થયા છે.

સમાલોચના

प्रबुद्धा नाभये स्वप्नान्, मरूदेवा न्यवेदयत् ।१२०। तद्विचारप्रवृत्तस्य, नाभेः शक्रादयस्तदा एत्य नित्वा जिनोत्पतमारव्याय च दिवं ययुः ॥१२१॥ पत्रे ४६ प्रव्रज्याविधानकुलके चोद्दस सुमिणा उसभाइया पासिय पडिबुद्धा, नाभिकुलकरस्स कहेइ, तेण भणियं-तुब्भ पुत्तो महाकुलकरो भविस्सइ, सक्कस्स आसणं चलियं, सिग्घं आगमणं, भणइ-देवाणुप्पिए! तव पुत्तो सयलभुवण मंगलालयो पढमराया पढमधम्मचक्कवट्टी भविस्सइ । आव० हा. १२०

આ બે પાઠો ઉપરથી સ્પષ્ટ થાય છે કે માતા મરૂદેવીના સ્વપ્નોનું રાજા અને જિનેશ્વર તરીકેનું ફલ શકઆદિઈંદ્રોએજ કહેલું છે. શ્રીકલ્પસૂત્રમાં નાભિમહારાજે સ્વપ્નોનું ફલ કહ્યું કહેવાય છે તે સ્વપ્ન. પાઠકના અભાવમાત્રને અંગે તેમજ મહાકુલકર થશે એમ જણાવવાની અપેક્ષાએ સમજવું. રાજા અને જિનરાજપણાની તો નાભિમહારાજાને તે વખતે કલ્પના પણ ન હોતી. (ખંભાત)

૧ શ્રીમાન્ કલ્યાણવિજયજીએ છાપાઓ ઉપર પોતાના ઉત્તરો નહિ છાપવા એમ લખ્યું હતું અને પોસ્ટથી વ્યવહાર કરવા જણાવ્યું હતું, છતાં કથીરને કટાઈ ગયેલી દશામાં જવું જ હોય ત્યાં તે પત્રને ખાઈ જાય તેમાં નવાઈ નહિ, છતાં તાત્ત્વિક ઉત્તરો તંત્રીયે આપેલા પણ છે.

૨ દિગંબરોની જુઠી હીલચાલમાં પણ વીરશાસને શાસનવેરને ઓકવાનું કર્યું છે.

૩ શ્રીમાન્ કલ્યાણ વિજયજીએ જ જે અંગત સવાલો કહી કથીરના પ્રભુને સોંપેલા છે, તેના ઉત્તર તો કથીરમાં કહોવાઈ ગયા છે, તેની અનોખી વાત છે. (વીરશાસન)

૧ પર્યુષણામાં કલ્પસૂત્રનું પઠન પાંચ દિવસે કરવું જ જોઈએ એવી સૂત્રઆજ્ઞા છે.

૨ કલ્પસૂત્રને સ્થાને તો પર્યુષણામાં બીજું સૂત્ર મુનિઓ ન જ વાંચે.

૩ મુખ્યતાએ યોગ વહેલા હોય એવા સાધુ જ કલ્પસૂત્ર વાંચે. શ્રાવકને માટે તો ઢાળો છે

૪ શ્રાવક શ્રીજ્ઞાનવિમલજીવાળી ઢાળો વાંચી શકે છે.

૫ અમાવાસ્યાએ કલ્પારંભ થાય ત્યારે એકમે જન્મ વંચાય, બાકી ચૌદશે શરૂ થાય તો અમાવાસ્યાએ અને પડવે શરૂ થાય તો બીજને દિવસે પણ જન્મવંચાય છે.

૬ ચતુર્દશી, અમાવસ્યા કે એકમે કલ્પારંભનો નિયમ નથી, પણ સંવચ્છરીથી પાંચ દિવસ પહેલેથી શરૂ થાય એ નિયમ છે વધારે દિવસો કલ્પનું વાંચન થાય તે શાસ્ત્રીય નથી. (જૈનધ્વજ)

૧ નવો પણ મેવો ચોમાસામાં ન લેવો એ વ્યવહાર ચાલે જ છે

૨ શ્રીબારસાસૂત્ર વાંચતા સામાન્ય અર્થ કહે તો તેનો નિષેધ નહિ.

૩ પક્ખી શરૂ થયા પછી પક્ખીની મુહપત્તિનું પડિલેહણ કરનારને છીંક આવવાથી ફેર કરવાનું અને કાયોત્સર્ગ વિગેરે કરવાનું થાય છે.

૪ આભરણો કરતાં પણ શ્રીજિનેશ્વરભગવાનની મૂર્તિની આશાતના ટાળવા માટે બંદોબસ્તની જરૂર ગણાય. (મારવાડ મેવાડ વગેરેમાં જુઓ) દર્શનનો અંતરાય ન થાય તેમ વહીવટદારોનો બંદોબસ્ત રખાય પણ છે, અને રાખવો જ જોઈએ.

૫ ભગવાન્ કેવલિમહારાજને સમયે વર્ત્તનાઓ અનન્તી વર્ત્તમાનપણે જાણવાની થાય છે. પહેલાં અનાગતપણે હતી. વળી ઉત્સુકતા નથી અને આત્મરમણતા છે. અનન્તો કાલ પણ એ જ દૃષ્ટિમાંજ જવાનો છે. (નાટક દેખનારે પુસ્તક અને વર્ત્તમાનમાં ફેર દેખ્યો જ છે.) (માનકુવા)

૧ શ્રાવકોને સત્ય અસત્ય ન વિચારતાં મલેલા સાધુનું જ અનુકરણ કરવું એ માર્ગ નથી (મુંબઈ-ઉ-)

૨ દ્રવ્યલિંગ અને દ્રવ્યક્રિયાની અનેકાન્તિકતા છતાં તેની નિરર્થકતાનું કથન એ માર્ગ નથી. (મુંબઈ. મો.)

૧ સુશ્રાવક લક્ષ્મીચંદજીએ જ તે સામાન્ય પ્રશ્નો કરેલા તેના જ તે ઉત્તરો હતા. તેમાં કોઈ સાધુ ઉપર આક્ષેપ કરવા જવું તે બીન જરૂર છે. (ચાણસ્મા) સુધારો-દિગંબરો બાબતમાં બૌદ્ધોએ ને સ્થાને બાદ્ધોને વાંચવું.

શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

આચાર્ય પુરન્દર ભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી વિરચિત

શ્રીપંચવસ્તુક

પાવનકારિણી પ્રવ્રજ્યાવિધાન

ભગવાન શ્રીહરિભદ્રસૂરિમહારાજ ગ્રંથના આરંભમાં મંગલાચરણ કરી ગ્રંથનું નામ વિગેરે પ્રારંભ જણાવે છે :-

णमिऊण ૧, ભગવાન શ્રીવર્ધમાનસ્વામીને સમ્યગ્ મન, વચન, કાયાના જોગે નમસ્કાર કરીને, તેમજ સાધુસમુદાય તે કુલ, અને કુલનો સમુદાય તે ગણ, અને તે ગણના સમુદાયરૂપી સંઘને પણ સમ્યક્ ત્રિકરણયોગે નમસ્કાર કરીને પ્રવ્રજ્યા (દીક્ષા) વિધિ વિગેરે પાંચ વસ્તુઓ જેની અંદર છે એવા પંચવસ્તુ નામના ગ્રંથને અનુક્રમે કથન કરીશ. ગા. ૧

જે પાંચ વસ્તુઓ આ ગ્રંથમાં વિસ્તારથી કહેવામાં આવશે તેનાં નામો જણાવે છે :-

પાંચ વસ્તુ

પવ્વજ્જા ૨, પ્રવ્રજ્યા એટલે દીક્ષાનું વિધાન (૧). દીક્ષિત થયેલાઓએ હંમેશ કરવાની ક્રિયા (૨). પ્રતિદિનની ક્રિયામાં તૈયાર થયેલાઓને મહાવ્રતમાં સ્થાપવા (૩) ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા થયા પછી સૂત્રોના વ્યાખ્યાન કરવારૂપ અનુયોગની આજ્ઞા અને સાધુસમુદાયરૂપી ગણને ધારણ કરવાની આજ્ઞા (૪) અને અંતમાં સંલેખનાનું વિધાન (૫) એ પાંચ વસ્તુઓ આ ગ્રંથમાં અનુક્રમે કહેવામાં આવશે. ગા. ૨ પ્રવ્રજ્યાવિધાન વિગેરેને વસ્તુ કહેવાનું કારણ જણાવે છે :-

કારણકાર્ય

एए ૩, એ પ્રવ્રજ્યાદિ વિધાન વિગેરે પાંચ વસ્તુઓ છે, કારણ કે જ્ઞાન વિગેરે મોક્ષને સાધનારા પરમ ગુણો એ પ્રવજ્યાવિધાન વિગેરેમાં રહે છે, તેમજ પ્રવ્રજ્યાવિધાન વિગેરે પાંચેમાં પહેલી પહેલી વસ્તુ કારણ છે અને પછી પછીની વસ્તુ ફળરૂપે છે. (૩) પ્રથમ પ્રવ્રજ્યાવિધાન નામની વસ્તુ જણાવવા, પ્રવ્રજ્યાવિધાનનાં અંતદ્વારો જણાવે છે.

પ્રવ્રજ્યાના પાંચ દ્વાર

પવ્વજ્જા ૪ (૧) પ્રવ્રજ્યાસ્વરૂપ (૨) તે પ્રવ્રજ્યા કોણ દઈ શકે ? (૩) તે પ્રવ્રજ્યા કોને દેવાય ? (૪) તે પ્રવ્રજ્યા ક્યાં દેવાય ? (૫) તે પ્રવ્રજ્યા કેવી રીતે દેવાય ? એ પાંચ દ્વારોને અનુક્રમે સંક્ષેપથી નિરૂપણ કરવામાં આવશે. (૪)

પ્રવ્રજ્યા પરમાર્થ

पव्वयणां ૫ પ્રવ્રજ્યાશબ્દનો અર્થ મન, વચન, કાયાથી કરવા, કરાવવા અને અનુમોદનારૂપ પાપવ્યાપારથી નીકળીને પવિત્ર ચારિત્રના વ્યાપારોમાં પ્રકર્ષપણે પ્રવર્તવું તેનું નામ પ્રવ્રજ્યા છે, એવી જ રીતે મોક્ષ પ્રત્યે ગમન કરવું તેનું નામ પણ પ્રવ્રજ્યા છે, કારણ કે દીક્ષા એ મોક્ષનું કારણ છે, તેથી તે દીક્ષામાં મોક્ષપણાનો આરોપ કર્યો છે. (૫)

જૈનશાસ્ત્રમાં દરેક વસ્તુની વ્યાખ્યા કરતાં ચાર નિક્ષેપા જણાવવાના હોય છે, અને તેથી અહીં પણ નામાદિ ચાર નિક્ષેપા જણાવે છે. :-

નામાઈ

નિક્ષેપા આ પ્રવ્રજ્યા નામપ્રવ્રજ્યા, સ્થાપના પ્રવ્રજ્યા, દ્રવ્યપ્રવ્રજ્યા અને ભાવપ્રવ્રજ્યા એવી રીતે ચાર પ્રકારની છે. તેમાં કોઈપણ જીવ અજીવાદિ વસ્તુનું પ્રવ્રજ્યા એવું નામ સ્થાપવામાં આવે કે પ્રવ્રજ્યા એવા અક્ષરો લખવામાં આવે તો તેને નામપ્રવ્રજ્યા કહેવામાં આવે છે, તેવી જ રીતે પ્રવ્રજ્યા આચરનાર મહાપુરુષોની આકૃતિને સ્થાપના પ્રવ્રજ્યા કહેવામાં આવે છે. અન્યતીર્થિક ચરક, પરિવ્રાજક વિગેરેની દીક્ષાને દ્રવ્યપ્રવ્રજ્યા કહેવામાં આવે છે અને છએ કાયાનો આરંભ અને બાહ્ય અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરાય તેને જૈનશાસનમાં ભાવ પ્રવ્રજ્યા કહે છે. ૬

આરંભપરિગ્રહનું સ્વરૂપ

દીક્ષાને અંગે આરંભ અને પરિગ્રહ વર્જવાના જણાવ્યા, તેથી આરંભ અને પરિગ્રહનું સ્વરૂપ કહે છે. પુઢવાઇ ૭, ચાઓ ૮, માટી, મીઠું વિગેરે પૃથ્વીકાય, નદી, કુવાદિના જલ વિગેરે અપ્કાય, અંગારા, જ્વાલા વિગેરે તેઉકાય, પૂર્વદિશા વિગેરેમાં વાતો વાઉકાય, વૃક્ષ, પત્ર, પુષ્પ, બીજ વિગેરે વનસ્પતિકાય અને બેઇંદ્રિયથી પંચેંદ્રિય સુધીના ત્રસકાય એ છકાય જીવોની જે હિંસા તેનું નામ આરંભ કહેવાય છે, તેવી જ રીતે રજોહરણ, મુહપત્તિ વિગેરે ધર્મને સાધનારાં ધર્મોપકરણોને છોડીને જે અધિક વસ્તુ રાખવી કે કોઈમાં પણ મૂર્છા કરવી તે બાહ્ય પરિગ્રહ કહેવાય, અને મિથ્યાત્વ વિગેરે અભ્યંતર પરિગ્રહ કહેવાય છે. (૭) આ આરંભ અને પરિગ્રહનો મન, વચન, કાયાથી પ્રવૃત્તિ રોકીને જે ત્યાગ કરવો તેનું નામ પ્રવ્રજ્યા એટલે દીક્ષા કહેવાય છે. અને તેનું સાક્ષાત્ તે જ ભવમાં કે કેટલાક જન્મને આંતરે નક્કી મોક્ષરૂપી ફળ થાય છે. (૮)

એકાર્થિકનામો

ઉપર જણાવેલી પ્રવ્રજ્યાના સમાન અર્થવાળાં નામો જણાવવાં તે પણ વ્યાખ્યાને ઉપયોગી હોવાથી પ્રવ્રજ્યાના સમાન અર્થવાળાં નામો એટલે પર્યાયો જણાવે છે :- પવ્વજ્જા ૯ પ્રવ્રજ્યા (૧) નિષ્ક્રમણ (ગૃહનો ત્યાગ કરીને સાધુતા ગ્રહણ કરવી) (૨) સમતા (ઇષ્ટ અને અનિષ્ટ એવા સચેતન કે અચેતન પદાર્થોમાં રાગદ્વેષ ન કરવો (૩,) ત્યાગ (આરંભ અને પરિગ્રહનો ત્યાગ) ૪, તેવી જ રીતે વૈરાગ્ય (બાહ્ય પદાર્થોની ઇચ્છા વિગેરેથી બંધાયેલા કર્મને આધીને થયેલા જીવો ચતુર્ગતિ સંસારમાં રખડે છે, માટે તે બાહ્યપદાર્થ અને તેની ઇચ્છા ઉપરથી મનનું ખસેડવું) ૫, ધર્માચરણ (અંગોપાંગાદિક શ્રુતનો સ્વાધ્યાય અને ક્ષાંતિઆદિક દશપ્રકારના ધર્મનું આચરવું) ૬, અહિંસા (સૂક્ષ્મ, બાદર, ત્રસ, સ્થાવર જીવોની હિંસા નહિ કરવાની ત્રિવિધ ત્રિવેધે પ્રતિજ્ઞા કરવી) ૭, દીક્ષા (ક્રોધ, માનાદિક છોડીને ઇંદ્રિયોને વિષયોથી નિવર્તાવીને મસ્તકનું મુંડન કરવું) ૮ એ આઠ પ્રવ્રજ્યાનાં એકાર્થિક નામો છે. ૯

એવી રીતે પહેલા દ્વારમાં પ્રવ્રજ્યાની વ્યુત્પત્તિ, નિક્ષેપા, સ્વરૂપ અને તેનાં એકાર્થિક નામો જણાવ્યાં, હવે બીજા દ્વારમાં તે પ્રવ્રજ્યાને દેવાવાળા ગુરુનું સ્વરૂપ જણાવે છે :- પવ્વજ્જા ૧૦, સમ્મં ૧૧, સત્ત ૧૨, તહ પવ ૧૩, એઆરિ ૧૪

દીક્ષાદાતાના ગુણો

દીક્ષા દેનાર ગુરુ દીક્ષાને માટે કહેવામાં આવશે એવા ગુણો સહિત હોવા જોઈએ. (જુઓ ગાથા ૩૨ થી ૩૬) ૧. તેમજ વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરેલી હોય, ૨ ગુરુકુલવાસની જેણે સેવા કરી હોય, ૩ દીક્ષા લીધી ત્યારથી સર્વદા અસ્ખલિત શીલ સહિત હોય, ૪ કાલાદિ આચારો પૂર્વક સૂત્રોનું અધ્યયન કર્યું હોય, ૫ અને તેથી અત્યંત નિર્મળ બોધ મેળવ્યો હોવાથી તત્ત્વ (ઐદંપર્યાર્થ) ને જાણનારા હોય, ૬ બાહ્ય અને અંતર વૃત્તિથી શાંત હોય, ૭ શાસન અને તેને આરાધનારા લોકો પ્રત્યે વાત્સલ્ય ભાવવાળા હોય, ૮ સર્વજીવનું હિત કરવાવાળા હોય, ૯ લોકોને ગ્રહણ કરવા લાયક વાક્યવાળા હોય, ૧૦ શિષ્ય વિગેરેને માર્ગમાં વર્તાવનારા હોય, ૧૧ ગાંભીર્ય ગુણવાળા હોય, ૧૨ ખેદ ન ધારણ કરે, ૧૩ પરલોકની પ્રધાનતાવાળા હોય, ૧૪ બીજાને શાંત કરવાની લબ્ધિવાળા હોય, તેવી જ રીતે ઉપકરણ મેળવવાની અને સફળ કાર્ય કરવાની લબ્ધિવાળા હોય ૧૫ શાસ્ત્રોના અર્થનું નિરૂપણ કરનાર હોય, ૧૬ અને પોતાના આચાર્યે આચાર્ય પદ આપેલું હોય, ૧૭ એવા આચાર્યને તીર્થંકરોએ દીક્ષા દેનાર તરીકે જણાવેલા છે.

પૂર્વોક્ત ગુણવાળા આચાર્યે દીક્ષા દેતાં કઈ ઇચ્છા ન રાખવી ? અને કઈ ઇચ્છા રાખવી ? તે જણાવે છે. એવા આચાર્યે પરિવાર વધારવા આદિકની ઇચ્છા ન રાખતાં દીક્ષા લેનારના ઉપકારને માટે અને કર્મક્ષયને માટે શાસ્ત્રોક્ત રીતિએ દીક્ષા આપવી.

એવા ગુરુ પાસેથી દીક્ષા લેનારને થતા ફાયદા જણાવે છે :- **ભક્તિ ૧૫**

અનુવર્તકપણાની શ્રેષ્ઠતા

પૂર્વે જણાવેલા ગુણરૂપી રત્નના સમુદ્ર એવા ગુરુ હોય તો નિશ્ચે શિષ્યોને ભક્તિ, બહુમાન અને શ્રદ્ધા થવા સાથે ચારિત્રમાં સ્થિરતા થાય છે. ૧૫ દીક્ષા દેનારને માટે જણાવેલા સત્તર ગુણોમાં અગીયારમો જે અનુવર્તક માર્ગમાં વર્ત્તાવવાપણાનો ગુણ જણાવેલો છે તે આચાર્ય અને શિષ્યને ઘણો ઉપકારી હોવાથી તેનું વિવેચન અને જરૂરીયાત જણાવે છે:- **અણુ ૧૬**

અનુવર્તક

અણુ ૧૭ આ દીક્ષાદાયક આચાર્યો મજબુત રીતે અનુવર્તક હોવા જોઈએ, અને તેથી તેઓ જીવોની વિચિત્રતા અનેક પ્રકારે મનના સ્વભાવો અને તેને માર્ગે લાવવાના ઉપાયો યથાસ્થિત રીતે જાણીને દીક્ષિતોનું અનુવર્તન કરે. ઘણા ભાગે નવદીક્ષિત સાધુઓ ગુરુની કરેલી અનુવર્તનાથી જ પરમ યોગ્યતાને પામે છે. રત્ન પણ શોધવાના ગુણથી જ ઉત્કૃષ્ટ પદવીને પામે છે.

શિષ્યનાં પ્રમાદ કાર્યોને દૂર કરવાથી જ ગુરુપદની સફળતા જણાવે છે :-

ગુરૂપણાની સાફલ્યતા

ઍથય ૧૮ આ સંસારમાં જીવને અનાદિકાલનો પ્રમાદમય અભ્યાસ હોવાથી ક્યા જીવોને પ્રમાદથી થયેલી સ્ખલનાઓ હોતી નથી. પણ જે આચાર્ય તે બધી સ્ખલનાઓને ગુરુપણું શિષ્યો પાસે દૂર કરાવે (અને અપ્રમત્તપણે શિષ્યને વર્તાવે) તેનું જ ગુરુપણું સફલ સમજવું. સમજાવવા માંડેલા શિષ્યના દુષ્ટપણાને લીધે ગુરુએ ઉદ્વેગ નહિ કરવાનું જણાવ્યું છે. ૧૮॥

એજ વાત લૌકિક દૃષ્ટાંતથી સમજાવે છે

કોણામ ૧૯ જે સારા સારા ઘોડાઓને વશ કરે તેવાઓની સારથિઓમાં ગણત્રી શી રીતે થાય ? દુષ્ટ એવા પણ ઘોડાઓને જે કેળવે, તે જ સાચો સારથિ કહેવાય છે, તેવી રીતે અહીં પણ વિનીત શિષ્યોને માર્ગમાં દોરે તેના આચાર્ય પણા કરતાં પ્રમાદવાળા શિષ્યોને જે આરાધક બનાવે તેનું જ સાચું આચાર્ય પદ કહી શકાય. ૧૯॥

અનુપાલન નહિ કરનાર આચાર્યની સ્થિતિ જણાવે છે :-

જો આય ૨૦ જે આચાર્ય શિષ્યોને હાવભાવ અને આદરસત્કારથી દીક્ષા આપીને સૂત્રવિધિએ પાલન કરતા નથી તે શાસનનો પ્રત્યનીક (શત્રુ) છે એમ સમજવું. ૨૦॥

પ્રત્યનીક આચાર્ય

શિષ્યે સેવેલા અકાર્યનું કારણ આચાર્ય જ છે એમ જણાવે છે :-

અવિ ૨૧ જિણ ૨૨ પરમાર્થને નહિ જાણનારા શિષ્યો આ લોક અને પરલોક સંબંધી જે વિરૂદ્ધ આચરણ કરે અને તેથી જે નુકશાન તેઓ પામે તે બધું તે આચાર્યને લીધે જ છે. ૨૧॥

જે કોઈ મનુષ્ય અધમ કાર્યને આચરતા તે શિષ્યોને દેખીને ચંદ્ર સમાન સ્વચ્છ એવા જૈનશાસનની જે નિંદા કરે તે પણ તે આચાર્યને લીધે જ સમજવી. ૨૨॥

અનુવર્તન કરવાનું ફળ જણાવે છે :-

જોપુણ ૨૩ પણ જે આચાર્ય વિધિપૂર્વક શિષ્યોનું અનુવર્તન કરે, શાસ્ત્રો ભણાવે અને ક્રિયામાં તૈયાર કરે, તે આચાર્ય તે શિષ્યોને તેમજ શિષ્યોની તેવી પવિત્રરીતિને દેખીને શાસનની અનુમોદના અને પ્રશંસા કરનારા બીજા જીવોને તેમજ પોતાના આત્માને પરમપદ પ્રાપ્ત કરાવે છે, કારણ કે :-

જ્ઞાનપ્રાપ્તિ ફળ

णाणाइ ૨૪ જ્ઞાન વિગેરેની પ્રાપ્તિ થવાથી શિષ્યોમાં રહેલા દોષો નાશ પામે છે, અને ચારિત્ર વૃદ્ધિ પામે છે, એવી રીતે પરંપરાએ દોષની હાનિ અને ચારિત્રની વૃદ્ધિથી શિષ્યો મોક્ષ મેળવે છે. ૨૪

પરંપરાનું પારમાર્થિક ફળ

એઆ ૨૫ આવા કલ્યાણની આકાંક્ષા અને પ્રવૃત્તિવાળા જીવો આ જૈનશાસનમાં છે એમ જાણનારા બીજા જીવોને શાસનમાં રાગ થાય અને તે રાગ તેઓને બોધિબીજ બને અને તે બોધિબીજવાળાઓને શાસ્ત્ર સાંભળવાની પ્રવૃત્તિ થાય યાવત્ પરંપરાએ તે અનુમોદનારામાં પણ મોક્ષપદ પ્રાપ્ત થવાનું બને.

કાર્યની સિદ્ધિ

ઇય ૨૬ એવી રીતે મોક્ષને મેળવનારા જીવોને મોક્ષનું કારણ, પોતાના અને પરના ઉપકારમાં હંમેશાં ઉદ્યમવાળા અને પોતાના ગુરુપદને સફળ કરનારા આચાર્ય તે ઈષ્ટ અનુવર્તનાથી મોક્ષરૂપી ઈષ્ટ કાર્યને સિદ્ધ કરે છે. ૨૬

શિષ્યોનું અનુવર્તન કર્યા છતાં શિષ્યો પાપ કરે તો આચાર્યને દોષ નથી એમ જણાવે છે :-

વિહિ ૨૭ શાસ્ત્રોક્ત રીતિએ માર્ગમાં વર્તાવેલા શિષ્યો કદાચિત્ કોઈક જગા ઉપર શાસ્ત્રમાં નિષેધેલા એવા હિંસાદિક પાપને આચરે, તો પણ ગુરુને તેનો દોષ લાગતો નથી, કારણ કે શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે ગુરુ મહારાજે વર્તન કરેલું છે. ૨૭

શંકા આહ ૨૮ શ્રોતા શંકા કરે છે કે શિષ્ય કદાચિત્ શાસ્ત્રથી વિરૂદ્ધ હિંસાદિક આચરે તો શિષ્યને દોષ લાગવાની પેઠે ગુરુને પણ દોષ લાગે એમ કહેવું તે ન્યાય શૂન્ય છે. એનો ઉત્તર દે છે કે ગુરૂએ અનુવર્તન નહિ કરવાથી શાસ્ત્રની આજ્ઞાનો ભંગ કર્યો તેથી તે પાપ ગુરુને લાગે છે, અને તે આજ્ઞાભંગ ગુરુમાં જ છે, બીજામાં નથી, તો ગુરુને તેથી લાગતું પાપ ન્યાય બાહ્ય કેમ કહેવાય? ૨૮

ઉપસંહાર

તમ્હા ૨૯ જે માટે અનુવર્તના કરવા અને નહિ કરવામાં મોક્ષપ્રાપ્તિ અને પાપબંધ છે, માટે આચાર્યે નવદીક્ષિતોને માર્ગમાં વર્તાવવા જ જોઈએ અને તે ગુરુ ગુણ યુક્ત હોય તો જ અનુવર્તનામાં સફળ થાય, માટે એવા જ ગુરુએ પ્રવજ્યા દેવી જોઈએ. ૨૯

પૂર્વોક્ત રીતિએ ઉત્સર્ગથી દીક્ષા દેનાર ગુરુના ગુણો જણાવી, કાલાદિકની વિષમતાથી અપવાદપદ જણાવે છે :-

અપવાદ પદે દીક્ષા દાતા

કાલ ૩૦ ગીત ૩૧

અવસર્પિણીકાળને લીધે મેધાદિકની હાનિ જરૂર થતી હોવાથી પૂર્વે જણાવેલા ગુણોમાંથી કેટલાક ગુણ ન હોય, તો પણ શીલવાળા બીજા આચાર્યે પણ દીક્ષા આપવી. સૂત્ર અને અર્થને જાણનારા યોગ (સંયમવ્યાપાર)ને કરનારા, ચરિત્રવાળા, શિષ્યોને ભણાવવામાં કુશળ, અનુવર્તક ને ખેદ નહિ પામનાર એવા અપવાદપદે દીક્ષા આચાર્ય હોય છે.

આ બીજા દ્વારમાં ઉત્સર્ગપદે દીક્ષા દેનારા આચાર્યના ગુણો અનુવર્તનાની મહત્તા ને અપવાદપદથી દીક્ષા દેવાલાયક આચાર્ય જણાવ્યાં.

હવે ત્રીજા દ્વારમાં દીક્ષા લેનારના ગુણો ઉત્સર્ગ અને અપવાદથી જણાવે છે :- પવ્વજ્જા ૩૨, તત્તો ૩૩, વિસયા ૩૪, એવં ૩૫, સુક્ક ૩૬ ૧ મગધઆદિ સાડીપચીસ આર્યદેશમાં જન્મ પામેલા ૨ માતાના પક્ષરૂપ જાતિ અને પિતાના પક્ષરૂપ કુલ એ બે જેનાં નિર્મળ હોય ૩, ૬૯ કોડાકોડની સ્થિતિ ખપવાથી અલ્પકર્મવાળા થઈ નિર્મળ બુદ્ધિવાળા હોય ૪ સંસારસમુદ્રમાં મનુષ્યપણું દુર્લભ છે, જન્મ એ મરણનું કારણ છે, લક્ષ્મી ચંચળ છે, વિષયો દુઃખના હેતુઓ છે, સમાગમ એ જરૂર વિયોગવાળો છે, દરેક સમયે આયુષ્ય ક્ષય થતું હોવાથી મરણ છે, પરભવમાં કરેલા કર્મોનો વિપાક ભયંકર છે, એવી રીતે સ્વભાવથી જ સંસારનું નિર્ગુણપણું જેમણે જાણેલું છે ૫ અને તે જાણવાથીજ સંસારને ત્યાગ કરવાની બુદ્ધિવાળા હોય ૬ કષાય અને હાસ્ય વિગેરે

જેમના પાતળા હોય ૭, ૮ કરેલા ગુણને જાણનાર ૯ વિનયવાળા ૧૦ રાજાદિકથી વિરોધ વગરના ૧૧ પંચેંદ્રિયથી પૂર્ણ ૧૨ શ્રદ્ધાવાળા ૧૩ સ્થિરતાવાળા ૧૪ અને ગુરુની પાસે આવેલા એવા જીવો દીક્ષાને લાયક ગણાય છે ॥

પૂર્વે જણાવેલી રીતિએ દીક્ષા લેનારના મુખ્ય ગુણો જણાવી અપવાદપદ કહે છે :-

काल ३७ नउ ३८ કાલની અધમતાના દોષથી પૂર્વે કહેલા ગુણોમાંથી કેટલાક ગુણો ન હોય, તો પણ જે ઘણા ગુણવાળા હોય તે દીક્ષાને યોગ્ય જાણવા, પણ માત્ર મનુષ્યપણુંઆદિ મળ્યું છે તેટલા માત્રથી લાયક ગણી લેવા નહિ, કારણ કે ઘણા ભાગે ગુણસંપન્ન જીવો જ ગુણની અધિકતાને સાધનાર હોય છે. ભગવાન હરિભદ્રસૂરિજી 'ધર્મબિંદુ' ગ્રંથમાં દીક્ષા દેનાર અને લેનારના ગુણોમાં ¼ ગુણ ઓછા હોય તેને મધ્યમપાત્ર અને અર્ધગુણવાળાને જઘન્યપાત્ર તરીકે જણાવે છે. વળી 'ધર્મસંગ્રહ'માં દીક્ષાના રાગમાત્રથીજ દીક્ષા લેવાને લાયક ગણેલા છે. ત્રીજા દ્વારને સમાપ્ત કરતાં કહે છે કે :-

एवं ३९ એવા લાયક અને સંસારથી વિરક્ત ચિત્તવાળા મનુષ્યોને દીક્ષા દેવી, કેમકે તે દીક્ષા અત્યંત દુષ્કર છે, તેમજ વૈરાગ્યવાળાને મજબુત આલંબન છે.

દીક્ષાનું દુશ્કરપણું જણાવે છે :-

अइ ४०, संसा ४१, गुरु ४२, विद्वा ४३, અનાદિકાળની સંસારવાસનાથી જેનું મૂળ દૃઢ થયેલું છે એવો મોહવૃક્ષ અત્યંત મોટો છે અને તેનું ઉન્મૂલન સર્વદા અપ્રમત રહેવાવાળાઓથી પણ દુઃખે કરી શકાય છે. અને તે અપ્રમાદ સંસારથી વિરક્ત થયેલાઓને જ હોય છે, પણ ભવાભિનન્દીઓને હોતો નથી. ભવાભિનન્દીઓને તો જિનવચન પણ ગુણકારક હોતું નથી, જે માટે ભારે કર્મી અશુદ્ધપરિણામવાળા જીવોને જિનવચનનું રહસ્ય રૂડી રીતે મેલા વસ્ત્રમાં કંકુનો રાગ ન પરિણમે તેમ પરિણમતું જ નથી.

જેમ ઉપદેશથી પણ ભુંડને વિષ્ટાથી વારી શકીએ નહિ, તેમ જેનું મન વૈરાગ્ય પામ્યું નથી, એવા સંસારના ભુંડ જેવા મનુષ્યને અકાર્ય કરવાથી રોકી શકાતા નથી.

ઉપસંહાર કરતાં જણાવે છે કે :-

ता ४४ તેટલા માટે ગીતાર્થ સાધુ દોષ રહિત અને ભાગ્યશાળીઓને દીક્ષા આપે છે, કેમકે વિપરીત વિધાન કરવાથી સ્વ અને પરનું અહિત થાય છે. એજ વાત જણાવતાં કહે છે કે,

अवि ४५, तस्स ४६, અવિનીત જીવ શિક્ષાને ગ્રહણ કરે નહિ. પ્રતિકૂળ આચરણ કરે અને તેવાને શિખવાડતાં પોતાના આત્માનું અહિત થાય અને તે અવિનીતને હિતની ઈચ્છા ન હોવાથી આર્તધ્યાન થાય, અને તેને આ ભવ અને પરભવનું જીવન નિષ્ફળ રહે, માટે વૈદ્યક્રિયાના દૃષ્ટાંતે તેવા અવિનીતનો દીક્ષાવિધિમાં ત્યાગ કરવો ઉચિત છે.

વૈદ્યક્રિયાનું દૃષ્ટાંત સમજાવે છે :-

गह ४७, तह ४८, जिण ४९, જેમ જગતમાં જે વૈદ્ય અસાધ્ય વ્યાધિની દવા કરવા જાય તે વૈદ્ય પોતાના આત્માને તેમજ રોગીઓને દુઃખમાં પાડે છે, તેવી રીતે ધર્મવૈદ્ય જેવા આચાર્ય અસાધ્ય ભવરોગવાળાઓને ભાવક્રિયા જેવી પ્રવ્રજ્યામાં જોડે તેમને પણ આજ ઉપમા લાગુ થાય. જો કે આ જગતમાં જૈનશાસનની ક્રિયાથી કોઈ પણ અસાધ્ય નથી, તો પણ જે જીવો તે દીક્ષા દેવાને લાયક હોય તેઓ જ સાધ્ય તરીકે ગણાય, તે જ તત્ત્વ છે.

દીક્ષા દેવાને લાયક જીવની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવસ્થા કહે છે :-

एएसि ५० દીક્ષાને લાયક જીવોની અવસ્થાનું પ્રમાણ વીતરાગોએ જઘન્યથી આઠ વર્ષે અને ઉત્કૃષ્ટથી અત્યંત વૃદ્ધ ન થાય ત્યાં સુધી જણાવેલું છે.

નિશીથચૂર્ણિ, પ્રવચનસારોદ્ધારટિપ્પણ, પ્રવચનસારોદ્ધારવૃત્તિ, ધર્મસંગ્રહ વિગેરેમાં ગર્ભથી સાત વર્ષ પુરા થતાં પણ દીક્ષાની યોગ્યતા માનેલી છે. વળી મેઘવિજયજી ઉપાધ્યાયે કરેલા 'યુક્તિપ્રબોધ' ગ્રંથમાં તો ગુરુ મહારાજના ઉપદેશથી પ્રતિબોધ પામનારાને માટે આ વયનો નિયમ ગણ્યો છે અને તેથી ભવાંતરના અવધિજ્ઞાનવાળા, જાતિસ્મરણવાળા કે જૈનકુલના સંસ્કારથી ભાવવાળા થયેલા જીવો માટે આ નિયમ નથી.

આઠ વર્ષથી ઓછી ઉમરવાળાને દીક્ષા ન દેવામાં કારણ.

तदहो ५१ આઠથી ઓછી ઉંમરવાળા બાળકો જગતમાં પરાભવનું સ્થાન બને અને ઘણા ભાગે આઠથી ઓછી ઉંમરવાળાને ચારિત્રના પરિણામ પણ હોય નહિ, આવશ્યકની અંદર વજસ્વામીના વૃત્તાંતમાં છ મહિનાની દીક્ષાનું કથન તો કોઈ વખત બનવાવાળા બનાવને જણાવનારું છે, બાળદીક્ષા બાબતે શંકા કરે છે:-

केइ ५२, अन्ने ५३, विण्णाय ५४, धम्म ५५, तह ५६, કેટલાક કહે છે કે જે તમે આઠ વર્ષની વયવાળા બાળકોને દીક્ષા લાયક ગણ્યા છે તે અયોગ્ય છે, કારણ કે તે અવસ્થામાં પણ બાળકપણું હોવાથી તે ચારિત્રને યોગ્ય નથી. વળી કેટલાકો યૌવનઅવસ્થા ગયા પછી જ થતી દીક્ષાને યોગ્ય માને છે કારણ કે લઘુવયવાળાઓને ભવિષ્યમાં દોષ થવાનો સંભવ છે અને યૌવનઅવસ્થામાં વિષય સેવન પછી થયેલાઓ વિષયબુદ્ધિથી રહિત હોવાથી દીક્ષાને સુખે પાળે છે, અને તેના ચારિત્રમાં વિરાધનાની શંકા પણ રહેતી નહિ, વળી લોકોમાં જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થ કહેવાય છે તે પણ બધા પોતપોતાને વખતે આદરવા જ જોઈએ, તેથી પણ દીક્ષા વૃદ્ધપણામાં જ લાયક ગણાય. વળી બાળદીક્ષિતોને કૌતુકથી કામ સેવવાની ઈચ્છા, સ્ત્રીની પ્રાર્થના, બળાત્કાર વિગેરે પણ દોષો થવાનો સંભવ છે, તે સર્વદોષો વૃદ્ધોને દીક્ષા આપવાથી નથી લાગતા.

ઉપર પ્રમાણે વાદીએ બાળ અને યૌવનવયની દીક્ષાનો નિષેધ કરી ફક્ત વૃદ્ધ અવસ્થાની જ દીક્ષા યોગ્ય ગણી, તેનો ઉત્તર શાસ્ત્રકાર જણાવે છે :-

भण्णइ ५७, तक्कम्म ५८, गय ५९, जोव्वण ६०, जइ ६१, संभा ६२, कम्मा ६३, तम्हा ६४, विण्णा ६५, અને अब्भा ६६, નાની અવસ્થા કર્મના ક્ષયોપશમથી થવાવાળા ચારિત્રની સાથે શું વિરોધી છે કે જેથી બાલ્યાવસ્થામાં દીક્ષાને યોગ્ય નથી એવો કદાગ્રહ પકડાય છે, કેમકે ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ શુભ પરિણામથી થાય છે, પણ વયને લીધે થતો નથી, માટે લઘુવય અને ચારિત્રનો કોઈપણ રીતે વિરોધ નથી. વળી કેટલાક વૃદ્ધપુરુષો પણ દુર્ગતિમાં લઈ જનારા કાર્યોને બાળકની માફક આચરે છે, અને ભાગ્યશાળી જુવાન અવસ્થાવાળા છતાં પણ અકાર્યને કરતા નથી, તેથી યૌવનઅવસ્થા અકાર્ય કરાવે જ છે એમ કહી શકાય નહિ. ખરી રીતે નિર્વિવેકપણું એજ જુવાની છે અને તત્વથી નિર્વિવેકપણાનો અભાવ એટલે વિવેક આવવો તે જ એજ જુવાનીનું ઉલ્લંઘન છે અને તે વિવેકનો કોઈ દિવસે પણ જિનેશ્વરોએ નિષેધ કર્યો નથી. શંકા કરે છે કે જો અવિવેકનો નિષેધ જ નથી તો આઠ વર્ષની વયનો નિયમ કેમ કર્યો ? ઉત્તરમાં જણાવે છે કે આઠથી ઓછી ઉમરવાળો બાળક લોકોને પરાભવનું સ્થાન થાય એ વિગેરે અનેક કારણો પૂર્વે જણાવેલાં છે તેથી નિષેધ કરેલો છે. વળી બાળક અને યુવાનો ભવિષ્યમાં દોષની સંભાવનાવાળા છે એમ જે કહ્યું તે પણ યોગ્ય નથી, કારણ કે લાંબો કાળ સંસારી થઈને વૈરાગી થયેલામાં પણ દોષની સંભવના સરખી જ છે. વળી કર્મોનું આગેવાન એવું મોહનીયકર્મ તે વેદના નાશ સુધી રહે છે માટે ચરમશરીરી જીવો પણ સંભાવનીય દોષવાળા ગણાય, અને તેથી વાદીના હિસાબે નવમાં अनिवृत्तिबादरगुणस्थानके પહેલાં દીક્ષા આપવી જોઈએ નહિ, અને દીક્ષા વગર નવમે ગુણઠાણે જીવોનું જવું થાય પણ નહિ, માટે સંભાવનીયદોષથી દીક્ષા નિષેધનારને વિષમદશામાં જવું પડશે. ચિરકાળ સંસાર અનુભવ્યો હોય તે દોષની સંભાવના વગરના હોય એમ જે કહ્યું તે પણ બાળ અને યૌવનની દીક્ષામાં સરખું જ છે, કેમકે વિષયના પ્રસંગથી રહિત એવા ઘણાએ બાળ બ્રહ્મચારીઓ હોય છે, વળી વિકારો અભ્યાસથી વધવાવાળા છે, અને તે વિષયનો અભ્યાસ અશુભ પ્રવૃત્તિનું કારણ છે, માટે વિષયથી સર્વથા દૂર રહેલા વધારે સુંદર છે, વળી પુરુષાર્થ સંબંધી થયેલ વાદીના કથનને ખંડન કરતાં કહે છે :-

थम्म ६७, असुहो ६८, अन्नम् ६९, मोक्खो ७०, तह ७१, इयरे ७२, तम्हा ७३,

વળી વાદીએ બાલબ્રહ્મચારીમાં દોષો જણાવ્યા તે પણ કહેવા માત્ર છે, કેમકે વિષયમાં પ્રવર્તેલાને તો સ્મૃતિ આદિ અત્યંત દુષ્ટ દોષો સહેજે થાય છે અને બાલબ્રહ્મચારીને જિનેશ્વરના વચનથી બુદ્ધિ ભાવિત થવાથી તેમજ વિષયનું અજ્ઞાનપણું હોવથી તે કૌતુકાદિ દોષો થતા જ નથી. તેથી એ વાત સિદ્ધ થઈ કે જઘન્યથી અષ્ટ વર્ષની વયવાળા પણ યોગ્ય છે અને ઉત્કૃષ્ટથી અત્યંત વૃદ્ધ ન થાય ત્યાં સુધી યોગ્ય છે, પણ સંસ્તારક શ્રમણ તો અત્યંત વૃદ્ધ પણ થઈ શકે.

પૂર્વ મહર્ષિઓએ શાસ્ત્ર-સમુદ્રનું મંથન કરી કાઢેલાં રત્નોમાંના કેટલાંક રત્નો

.....યાને.....

જૈન-તત્ત્વજ્ઞોને અમૂલ્ય અવસર

(૧) શ્રી આચારાંગસૂત્ર ભગવત્ શીલાંકાચાર્ય વિરચિત વૃત્તિ સમલંકૃત — સટીક ભા.૧ રૂા. ૫-૦-૦ / સટીક ભા. ૨ રૂા. ૨-૦-૦

(૨) ભગવતીજી સૂત્ર સટીક
શ્રી દાનશેખર સૂરીશ્વરવિરચિત વિષમપદ વ્યાખ્યા — કિંમત રૂા. ૫-૦-૦

(૩) વિશેષાવશ્યક ભાષ્ય સટીક ભા.૧
શ્રીકોટ્યાચાર્યવિરચિત વૃત્તિ સંયુત — કિંમત રૂા. ૫-૦-૦

(૪) પુષ્પમાલા સટીક,
મલધારીય ભગવદ્ હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞવૃત્તિ સહિત — કિંમત રૂા. ૬-૦-૦

(૫) તત્ત્વાર્થસૂત્ર ભાષ્ય સહિત-અને ભાષ્યાનુસારિ ટીકા સહિત, — કિંમત રૂા. ૬-૦-૦
ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરવિરચિત તત્ત્વાવબોધિની ટીકા સહિત
(ભાષ્ય જુદું પણ મળી શકશે) — કિંમત રૂા. ૧-૦-૦

(૬) બુદ્ધિસાગર — કિંમત રૂા. ૦-૩-૦
(સોની સંગ્રામસિંહ વિરચિત, ધર્મ અને નીતિમય ઉપયોગી લઘુગ્રંથ)

(૭) કલ્પકૌમુદી
(ઉપાધ્યાય શ્રીમત્ શાંતિસાગરજી વિરચિત કલ્પસૂત્રની વૃત્તિ સહિત — કિંમત. રૂા. ૨-૦-૦

(૮) ભવભાવના (સટીક) મલધારી ભગવાન્ હેમચંદ્રસૂરિવિરચિત
સ્વોપજ્ઞ વૃત્તિયુત. ભાગ ૧. — કિં રૂા. ૩-૮-૦

(૯) ષોડશક પ્રકરણ (ભગવાન હરિભદ્રસૂરિ વિરચિત, આચાર્ય
યશોભદ્રસૂરિ પ્રણીત-વૃત્તિ સહિત — કિં. રૂા. ૧-૦-૦

(૧૦) ષડાવશ્યક સૂત્રાણિ નૂતન કે બાલ વિગેરે સાધુ સાધ્વી યોગ્ય
સર્વ આવશ્યક-ક્રિયાનાં સૂત્રો વિધિ સહિત જેની અંદર સર્વ
વિધિઓ પણ ગોઠવવામાં આવી છે. — કિં. રૂા. ૦-૮-૦

.....નવા છપાતા ગ્રંથો.....

૧ અંગના અકારાદિ તથા બૃહલ્લઘુ-વિષયાનુક્રમ (૧૧ અંગના અનુક્રમ અકારાદિક્રમ)
૨ વિશેષાવશ્યક ભાષ્ય સટીક ભા.૨ (શ્રી કોટ્યાચાર્યા ટીકા)
૩ ઉત્પાદાદિ સિદ્ધિ (શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત)
૪ પ્રવ્રજ્યાવિધાનકુલક સમરાદિત્ય સંક્ષેપકાર શ્રીપદ્મપ્રભસૂરિ વિરચિત વૃત્તિ સહિત
૫ ભગવતીસૂત્ર (સટીક) ભગવાન્ નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ પ્રણીત-વૃત્તિયુક્ત
૬ પ્રવચન પરીક્ષા મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી ગણી)
૭ ભવભાવનાવૃત્તિ ભાગ ૨ જો.

-: પ્રાપ્તિસ્થાન :-

૧ શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત

૨ માસ્તર કુંવરજી દામજી, મોતી કડીયાની મેડી, પાલીતાણા

Regd. No. 3047

"શ્રી સિદ્ધચક"નું

પાંચમું વર્ષ

ગ્રાહકોને ખાસ લાભ

માત્ર બે રૂપિયા જેટલી સાવ નજીવી

રકમમાં

આગમરહસ્ય, સાગરસમાધાન, અમોઘદેશના, જૈનધર્મ, શાસ્ત્રો કે પત્ર ઉપર જાહેર કે ખાનગી થતા આક્ષેપોની ટુંકી સમાલોચના, જૈન ધર્મનું રહસ્ય સમજાવતા લેખો આદિનું લગભગ ૬૫૦ પાનાનું વાચન

તેમજ

આ વર્ષે બહાર પડનાર

"શ્રી તપ અને ઉદ્યાપન"

કોઈપણ જાતના મૂલ્ય વગર

ચાલુ લવાજમમાં ભેટ !

ગ્રાહક થવા આજે જ લખો :-

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

ધનજી સ્ટ્રીટ, ૨૫, ૨૭, મુંબઈ-૩

सिद्धचक्र

तंत्री

પાનાચંદ રૂપચંદ ઝવેરી

श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति

— મુંબઈ —

પંચમ વર્ષ

આસો વદિ ૦))

वर्ष

५

अंक

२

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

૧૯૯૨ : : ૧૯૩૬

તા. ૧૪-૧૧-૩૬

વીર સંવત્ ૨૪૬૨

શ્રેષ્ઠિ ઋષભદેવજી કેશરીમલ જૈન શ્વેતામ્બર સંસ્થા
રતલામ તરફથી બહાર પડેલાં
અને
શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરતમાં મળતાં
ગ્રન્થરત્નો

૧	દશવૈકાલિકચૂર્ણિ .... જિનદાસગણી	૪-૦
૨	ઉત્તરાધ્યયનચૂર્ણિ .... જિનદાસગણી	૩-૮
૩	અનુયોગદ્વારચૂર્ણિ .... (હારિ૦વૃત્તિશ્ચ)	૧-૪
૪	નંદીસૂત્રચૂર્ણિ .... (હારિ૦વૃત્તિશ્ચ)	૧-૪
૫	પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં .... (આઠ ગ્રંથો)	૩-૦
૬	પંચાશકાદિ દશઅકારાદિ	૩-૦
૭	જ્યોતિષ્કરંડકટીકા	૩-૦
૮	યુક્તિપ્રબોધઃ (સમયસારસમીક્ષા) .... ઉ. મેઘવિજયજી ગણી	૧-૦
૯	વંદારૂવૃત્તિ	૧-૪
૧૦	પયરણસંદોહ .... ૪૯ પ્રકરણો	૦-૧૨
૧૧	અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ-ઐન્દ્રસ્તુતિ	૦-૮
૧૨	ઋષિભાષિતાનિ	૦-૩
૧૩	પ્રત્યાખ્યાનપ્રકરણ - સારસ્વતવિભ્રમ વિશેષણવતી-વીશવીશી-દાન-ષટ્ત્રિંશિકા	૧-૮
૧૪	લલિતવિસ્તરા (સટીપ્પના) .... હરિભદ્રસૂરિ	૦-૧૦
૧૫	તત્ત્વતરંગિણી (તિથિનિર્ણયકૃત્) ધર્મસાગરજી ગણી	૦-૮
૧૬	બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ	૨-૮
૧૭	મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ	૦-૮

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

વર્ષ ૫		અંક ૨.
વિક્રમ સં. ૧૯૯૨	વીર સં. ૨૪૬૨	સન ૧૯૩૬
આશ્વિન અમાવાસ્યા	શનિવાર	નવેમ્બર ૧૪

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

જિનેશ્વર ભગવાનના અનુપકૃતપણાનો ખુલાસો

જિનેશ્વર મહારાજની દ્રવ્યપૂજાને અંગે ભગવાનના વિચારાતા ગુણોમાં જિનેશ્વર ભગવાનો તે તીર્થંકરપણાના ભવમાં કોઈના પણ ઉપકાર તળે દબાયેલા ન હોય એ વાત આગળ જણાવવામાં આવી ગયેલી છે, પણ તે વાતમાં એક હકીકત ધ્યાનમાં રાખવાની છે કે અન્ય જીવો તરફથી વિદ્યા વિગેરેની પ્રાપ્તિદ્વારાએ થતા અસાધારણ ઉપકારોની અપેક્ષાએ કે પોતે કરવા ધારેલા કાર્યમાં કોઈ પણ દેવેન્દ્ર, સુરેન્દ્ર કે નરેન્દ્રની સહાય ન લેવી અગર તે સહાયની દરકાર ન રાખવી એટલા માત્રથી જ પારકા ઉપકાર તળે નહિ દબાયેલાપણું સમજવું, અને તેથી જગતની સાધારણ પદ્ધતિ પ્રમાણે જન્મ આપવાને અંગે માતાપિતાનો ઉપકાર હોય અને તેથી તેઓના ઉપકાર તરીકે દબાયેલા હોય એમ માનવામાં વિશેષ અડચણ જેવું નથી. એવીજ રીતે ઈંદ્ર મહારાજા, વિજ્યા અને પ્રગલ્ભા પરિવ્રાજિકાઓ, મેઘ નામનો ચોર એ વિગેરે પોતાની મેળે પોતાની ભક્તિથી જે પ્રયત્નો ભગવાન મહાવીર મહારાજની અનુકૂળતા માટે કર્યા, તથા ધરણેંદ્ર નાગરાજે ભગવાન્ પાર્શ્વનાથજી મહારાજને કમઠે કરેલા ઘોર ઉપસર્ગની વખતે ભક્તિથી જે વૈયાવચ્ચ કરી તે બધી ભક્તિની બુદ્ધિથી હોવા સાથે ભગવાનના નિરપેક્ષપણાથી યુક્ત હતી, માટે ન તો તે ઉપકાર ગણાય અને ન તો તે ઉપકાર તળે ભગવાન દબાયેલા ગણાય. એવી રીતે ભગવાનનું અવ્યાહત અનુપકૃતપણું સમજી શકાય તેવું છે. વળી કેટલાકો ભગવાનના અનુપકૃતપણાનો ગુણ સ્વતંત્ર રીતે ન લેતાં પરહિતનિરત એ શબ્દમાં પડેલા પરશબ્દના વિશેષણ તરીકે લે છે, અર્થાત્ જે જીવોએ ભગવાન જિનેશ્વરોને કોઈપણ પ્રકારનો ઉપકાર કરેલો ન હોય એવા અન્ય જીવોના હિતમાં ભગવાન જિનેશ્વરો હંમેશાં તત્પર રહે છે. આવો અર્થ જેઓ કરે છે તેઓ અનુપકૃતની અંદર कृ ધાતુથી ભાવની અંદર क्त પ્રત્યય લાવે છે અને તેથી ઉપકૃત એટલે ઉપકાર નથી જેઓને તેને અનુપકૃત કહે છે અને જેઓ અનુપકૃતપદ સ્વતંત્ર રાખે છે, તેઓ કર્મમાં क्त પ્રત્યય લાવીને ઉપકૃત નહિ થયેલા એવા ભગવાન છે એવો અર્થ કરે છે. આ પ્રકરણમાં કર્મણિના क्त વાળો અર્થ મુખ્યતાએ ગણવામાં આવ્યો અને તેથી અનુપકૃતનું વિવેચન કરાયેલું છે. તે અનુપકૃતપણાની સાથે ભગવાનના પરહિતનિરતપણાનો ગુણ જણાવતાં ભગવાન ઋષભદેવજીના રાજ્યકાલને અંગે ક્ષત્રિયાદિ ત્રણ વર્ણોની ઉત્પત્તિ જણાવ્યા પછી બ્રાહ્મણવર્ણની ઉત્પત્તિને અંગે ભગવાન ઋષભદેવજીનું કેવળજ્ઞાન અને ભરત મહારાજનું શ્રાવકપણું જણાવી બ્રાહ્મણવર્ણની ઉત્પત્તિ કેમ થઈ તે જણાવવાને અંગે ભગવાન ઋષભદેવજીનો

ત્યાગધર્મ જણાવવો જરૂરી ધાર્યો છે.

ભગવાન ઋષભદેવજીનો ત્યાગ ધર્મ-અવધિજ્ઞાની દેશવિરતિ લે કે ?

કોઈ પણ તીર્થંકર કે જેઓ પહેલાંના ભવથી જ ત્રણ જ્ઞાન લઈને આવે છે અને તેથી જરૂર અવધિજ્ઞાનવાળા હોય જ છે અને તે જ કારણથી શાસ્ત્રકારો પણ **नेरइयदेवतित्थंकरा य ओहिस्सऽबाहिरा हुन्ति** એટલે નારકી, દેવ અને તીર્થંકર મહારાજા અવધિજ્ઞાનવાળા હોય છે એટલું જ નહિ પણ તેઓનું અવધિજ્ઞાન તેઓની ચારે બાજુના અતીંદ્રિય પદાર્થોને દેખાડવાવાળું છે અને તીર્થંકરોની માફક જ બીજા પણ જે મહાપુરુષો જન્મથી અવધિજ્ઞાનવાળા હોય અથવા તો કોઈપણ ગુણથી અવધિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લીધે અવધિજ્ઞાન પામેલા હોય તે અવધિજ્ઞાનવાળાઓમાંથી કોઈપણ અવધિજ્ઞાની ચાહે તો તે તીર્થંકર હોય અથવા તીર્થંકર સિવાયનો જીવ હોય તો પણ તે વિરતિ અંગીકાર કરે તો સર્વવિરતિનો જ અંગીકાર કરે, અવધિજ્ઞાની જો કે અવિરતિપણે રહે એ વાત સાચી, પણ વિરતિ અંગીકાર કરે ત્યારે તો સર્વવિરતિ જ અંગીકાર કરે, પણ દેશવિરતિ અંગીકાર કરે નહિ. શાસ્ત્રકારોએ અવધિજ્ઞાની જીવો દેશવિરિત કેમ અંગીકાર ન કરે તેનો સ્પષ્ટ હેતુ જણાવ્યો નથી, પણ કલ્પનાથી એમ જાણી શકાય કે દેશવિરતિ તેઓ જ લે છે કે જેઓ સર્વવિરતિનું સ્વરૂપ જાણે, સમજે અને તે લેવાની ઉત્કંઠાવાળા હોય, છતાં આરંભપરિગ્રહની કે વિષયકષાયની આસક્તિ નહિ છૂટી શકવાથી જેઓ સર્વવિરતિ લેવાને અશક્તિમાન હોય, આવું અશક્તિમાનપણું અવધિજ્ઞાની જેવા મહાપુરુષમાં ન હોય અને તેથી તેઓ જ્યારે પણ વિરતિ આદરવા માંગે ત્યારે સંપૂર્ણ વિરતિનો સ્વીકાર જ કરે અને તેથી શાસ્ત્રકારોએ અવધિજ્ઞાનવાળાને દેશવિરતિ જે શ્રાવકપણું તેને લેવાવાળા માન્યા નથી. જો કે અનેક શ્રાવકોએ દેશવિરતિ લીધા પછી અવધિજ્ઞાનો મેળવ્યાં છે અને તે અવધિજ્ઞાન મેળવ્યા પછી પણ તેઓ શ્રાવકપણામાં એટલે દેશવિરતિમાં જ રહેલા પણ છે, પણ આ વાત જે ચાલે છે તે પ્રથમથી અવધિજ્ઞાનવાળા જ હોય અને પછી જો વિરતિ લેતો તેઓ સર્વવિરતિ જ લે. એવી રીતે પૂર્વભવથી અવધિજ્ઞાન લઈને આવવાવાળા ભગવાન ઋષભદેવજીએ જો કે દેશવિરતિનું સ્વરૂપ જાણેલું, સમજેલું અને માનેલું હતું, છતાં તે દેશવિરતિ ન ગ્રહણ કરી, પણ સર્વવિરતિ જ ગ્રહણ કરી. વળી બીજી એ પણ વાત છે કે સર્વવિરતિનો સ્વીકાર પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ, વિગેરે સ્વયં ગુરુથી નિરપેક્ષપણે કરી શકે છે, પણ દેશવિરતિનો સ્વીકાર કોઈ પણ જગા પર, કોઈ પણ સ્થાને, કોઈ પણ મનુષ્યને સ્વયં હોવાનો લેખ સરખો પણ નથી અને તેથી સ્વયંસંબુદ્ધ એના ભગવાન કોઈના પણ શિષ્ય તરીકે ન હોય અવા તેથી તેમને દેશવિરતિ ન હોય અને કેવળ સર્વવિરતિ જ હોય એમ જે શાસ્ત્રકાર કહે છે તેમાં શંકાને સ્થાન નથી.

દેશવિરતિ વગર સર્વવિરતિ હોય કેમ ?

કેટલાકોનું માનવું છે કે પગથીયાં જેમ અનુક્રમે ચઢાય, તેવી રીતે વિરતિમાં પણ પ્રથમ દેશવિરતિરૂપી નાનું પગથીયું જ ચઢવું જોઈએ અને પછી જ સર્વવિરતિનું ગ્રહણ થવું જોઈએ. આવું કહેવાવાળાએ પ્રથમ તો ઉપર જણાવેલા ભગવાન જિનેશ્વરોના વૃત્તાંતો ઉપર ધ્યાન રાખવું. વળી શાસ્ત્રકારો સર્વસિદ્ધના અસંખ્યાતમા ભાગે જેટલા અનંતા સિદ્ધો

આવે તે બધાઓ દેશવિરતિ પામ્યા સિવાય જ સર્વવિરતિને પામેલા હોય છે. માટે દેશવિરતિ સિવાય સર્વવિરતિ હોય જ નહિ, એવું કહેનારાઓ ચરિતાનુવાદ અને સિદ્ધાંતના કથનથી વિરૂદ્ધ જ બોલવાવાળા છે.

સર્વવિરતિ લેવા પહેલાં પ્રતિમા વ્હેવી જ જોઈએ કે ?

વળી કેટલાકો શાસ્ત્રને અનુસરવાનો ડોળ કરી એમ જણાવવા માંગે છે કે ચોથા આરામાં કે હરિભદ્રસૂરિજીના વખતમાં ચાહે જો નિયમ હોય, પણ ભગવાન હરિભદ્રસૂરિજીના ફરમાન મુજબ તો આ દુઃષમકાલમાં તો પ્રતિમા વહન કર્યા પછી જ સર્વવિરતિ એટલે સાધુપણું અંગીકાર કરાય, એવું શ્રીપંચાશક પ્રકરણમાં સ્પષ્ટ છે, માટે વર્તમાનકાળમાં તો કોઈપણ મનુષ્યે દેશવિરતિ અને શ્રાવકની બાર પ્રતિમાઓ વહ્યા સિવાય સાધુપણું લેવાયજ નહિ. આવું કહેનારાઓએ પ્રથમ તો એ સમજવું જરૂરી છે કે જે પ્રમાણે શ્રાવકની પ્રતિમાઓ એક, બે, ત્રણ યાવત્ અગીયાર માસ સુધી વહેવાનો જાહેર પ્રઘોષ છે તેવો તે પંચાશકમાં પ્રતિમાના કાળનો નિયમિત નિયમ જ નથી. શ્રી પંચાશકકારના કહેવા પ્રમાણે શ્રાવકની પ્રતિમાઓનો ટાઈમ અંતર્મુહૂર્ત અંતમુહૂર્તનો પણ છે અને તેથી તે સર્વ પ્રતિમા માટે માત્ર અગીયાર અંતર્મુહૂર્તની જરૂર ગણાય અને તેથી બાળ એટલે આઠથી અધિક ઉંમરવાળાની દીક્ષાના નિષેધને માટે તથા ઘણા વર્ષો સુધી વૈરાગ્યવાળા મહાપુરુષને સંસારના જેલખાના અને દાવાનળમાં ગોંધી રાખવા માટે આ પ્રકરણનો કરાતો ઉપયોગ વ્યર્થ જ નીવડે છે. વળી આજ પંચાશકકાર મહાત્માએ શ્રીપંચવસ્તુપ્રકરણમાં દીક્ષાની જઘન્યવય જણાવતાં માત્ર આઠ વર્ષની જ વય જણાવી છે. જો ભગવાન હરિભદ્રસૂરિજીને દેશવિરતિ કે જેનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે, તેમજ શ્રાવકની પ્રતિમાઓ કે જેનો જઘન્યકાળ અંતમુહૂર્ત અંતર્મુહૂર્ત જેટલો છે, તેટલું પણ કાર્ય જો સર્વવિરતિને લેવા પહેલાં નિયમિતપણે રાખવાનું હોત તો દીક્ષાની જઘન્યવય આઠ વર્ષની કહેત જ નહિ, એટલું જ નહિ પણ, આઠ વર્ષથી ઓછી ઉંમરવાળાને દીક્ષા નહિ દેવાના કારણમાં ભગવાન હરિભદ્રસૂરિજી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે આઠ વર્ષથી ઓછી ઉંમરવાળાને વિરતિના પરિણામ જ હોય નહિ. અર્થાત્ ભગવાન હરિભદ્રસૂરિજી પોતે જ કોઈપણ વિરતિના પરિણામની વખતે જ સર્વવિરતિ એટલે દીક્ષાની યોગ્યતા જણાવે છે, તો આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે જેઓ સંસારમાં વિષય, કષાય અને આરંભ, પરિગ્રહમાં આસિકતવાળા થવાથી સર્વવિરતિ ન લેતાં દેશવિરતિ જ લઈને બેઠા હોય, તેવાઓએ સર્વવિરતિ મેળવવા માટે જરૂર શ્રાવકની પ્રતિમા વહન કરવી જોઈએ, અને આજ કારણથી ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ ગુરુતત્ત્વવિનિશ્ચયમાં ભગવાન હરિભદ્રસૂરિજીએ કરેલો સર્વવિરતિ પહેલાં પ્રતિમા વહેવાનો આદેશ મધ્યમ ક્ષયોપશમવાળાને માટે છે એમ ચોખ્ખા શબ્દોમાં જણાવે છે. વળી ભગવાન હરિભદ્રસૂરિજી પછી થયેલા અનેક મહાનુભાવો આઠ વર્ષની કે તેની આસપાસની ઉંમરે દીક્ષિત થયેલાના સેંકડો પુરાવાઓ જુદા જુદા ગચ્છની પટ્ટાવલીઓ પણ પૂરા પાડે છે. વળી ભગવાન હરિભદ્રસૂરિજીને પરમ

પૂજ્ય તરીકે માનનારા એવા અનેક ગ્રંથકારો કે જેમાં તત્વાર્થવૃત્તિકાર, યોગશાસ્ત્રટીકાકાર ભગવાન હેમચંદ્રસૂરિજી, મલ્લધારી આચાર્ય હેમચંદ્રસૂરિજી વિગેરે સર્વ માન્ય આચાર્યોએ પોતાના ગ્રંથોમાં દીક્ષાની જધન્યવય આઠ વર્ષથી જ ગણેલી છે. ચૂર્ણિકાર મહારાજ અને પ્રવચનસારોદ્ધાર ટીકાકાર વિગેરે મહાત્માઓએ તો ગર્ભથી આઠમા વર્ષે એટલે ગર્ભ રહ્યા ત્યારથી સાત વર્ષ અને એક દહાડો જ માત્ર જાય, ત્યારથી દીક્ષાની યોગ્ય ઉંમર ગણી શકાય છે, એમ સ્પષ્ટ શબ્દોમાં જ્યારે જણાવ્યું છે, ત્યારે જાણકાર અને શ્રદ્ધા ધારણ કરનારો કયો મનુષ્ય એમ કહેવાને તૈયાર થાય કે આઠ વર્ષે દીક્ષા ન આપવી, અગર પ્રતિમા વહન કરેલી હોય, તેવા મનુષ્યને જ દીક્ષા આપી શકાય.

ખરતર અને આગમીયાને મતે સર્વથા અને કેટલીક શ્રાવકપ્રતિમાના વ્યુચ્છેદની માન્યતા

જોકે ખરતરગચ્છવાળાઓ તો વર્તમાનકાળમાં સાધુઓની પ્રતિમા કે જે પહેલા સંઘયણ અને જધન્યથી નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધીના અધ્યયનની અપેક્ષા રાખનાર છે, તેથી તે સાધુઓની પ્રતિમાઓ ન માને તે તો સ્વાભાવિક છે, પણ જે શ્રાવકની પ્રતિમાઓમાં સંઘયણ કે વિશિષ્ટ શ્રુતઅધ્યયનનો નિયમ નથી એવી શ્રાવકની પ્રતિમાઓનો પણ વિચ્છેદ માને છે અને જાહેર પ્રરૂપે છે, એટલે ટુંકમાં એમ કહી શકીએ કે તેઓ માસકલ્પમર્યાદાનો પણ વિચ્છેદ અને શ્રાવકપ્રતિમાનો પણ વિચ્છેદ માનીને પોતાને કેવળ ઉચ્છેદક કોટિમાં જ મેલે છે, અને તે ઉચ્છેદકપણાના અભિપ્રાયને લીધે જ શ્રી પંચાશકપ્રકરણની ટીકા કે જે ભગવાન અભયદેવસૂરિજીએ કરેલી છે અને જે ભગવાન અભયદેવસૂરિજીને તે ખરતરવાળાઓ પોતાના ખોટી રીતે મહંત તરીકે માને છે, તેજ ભગવાન અભયદેવસૂરિજીના ટીકામાં કહેલા આચરવા અર્થવાળા ખુદ **આસેવ્યા** અને **અભ્યસનીયા** એવા ચોખ્ખા પદના અર્થને પલટાવવામાં પોતાની રંવિચક્ષણા તારવે છે.

શ્રીજિનવલ્લભ ભગવાન અભયદેવસૂરિજીના પટ્ટધર છે ?

ઉપરના અધિકારમાં ખોટી રીતે ભગવાન અભયદેવસૂરિજીને પોતાના ગચ્છના મહંત માનવાનું લખ્યું છે, તે એટલાજ માટે કે ભગવાન અભયદેવસૂરિજીના કાલધર્મ પછી વીસી કરતાં વધારે વર્ષનું આંતરૂં પડ્યા છતાં જિનવલ્લભને અભયદેવસૂરિજીના પટ્ટધર બનાવવાનું ધારે છે, એટલું જ નહિ પણ ભગવાન અભયદેવસૂરિજીએ પોતાની પાટે બિરાજમાન કરેલા શ્રીમાન્ વર્ધમાન આચાર્યથી સંબંધ નહિ લેતાં અભયદેવસૂરિજીની પાટે નહિ આવેલા એવા પ્રસન્નચંદ્ર અને તેમના શિષ્ય દેવભદ્રથી સંબંધ કરીને શ્રી જિનવલ્લભને ભગવાન અભયદેવસૂરિજીના પટ્ટધર શિષ્ય તરીકે જાહેર કરે છે. વળી ૧૧૩૭માં શ્રીજિનવલ્લભને માટે વિશેષઆવશ્યકની કોટયાચાર્યવાળી ટીકાની પ્રત લખનાર શ્રીનેમિકુમાર કે જેઓ શ્રીજિનવલ્લભના અનન્ય ભક્ત હતા તેઓ પણ તે ટીકાને અંતે જિનવલ્લભને કૂર્ચપુરગચ્છના અને કૂર્ચપુરગચ્છના શ્રીજિનેશ્વરાચાર્યના શિષ્ય તરીકે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરે છે. વળી તે શ્રીજિનવલ્લભની પાટે ગણાતા શ્રી જિનદત્ત પણ શ્રી જિનવલ્લભના મરણ પછી જ કેટલી મુદત ગયા

પછી પાટે ચઢી બેઠા છે, તેમને પણ એવી રીતે સંબંધમાં જોડ્યા છે, માટે ઉપર ખોટી રીતે મહંત માનેલા એમ જણાવ્યું છે. વળી તિલકાચાર્ય, જે આગમગચ્છીય છે, તેને તો શ્રાવકની ચાર પ્રતિમાઓ સિવાયની બાકીની સાત પ્રતિમાઓનો સર્વથા વિચ્છેદ માનેલો છે.

પ્રથમ પ્રતિમા વ્હેવાનો કે દેશવિરતિનો અનિયમ

આ બધી હકીકત સામાન્ય રીતે અપ્રાસંગિક લાગે તેવી છતાં પણ એટલા જ માટે લખી છે કે તે ખરતર અને આગમગચ્છવાળાઓથી તો શ્રાવકની પ્રતિમાઓ વહન કરીને જ સાધુપણું આપી શકાય એવો નિયમ કોઈપણ પ્રકારે કહી કે માની શકાય તેવો છેજ નહિ. વળી આવશ્યકચૂર્ણિ વિગેરે ગ્રંથકારો અનેક સ્થાને સમ્યક્ત્વ અને ચારિત્રની પ્રાપ્તિ એકી સાથે જણાવે છે, તે ઉપરથી પણ એમ સ્પષ્ટ કહી અને માની જ શકાય કે વર્તમાનકાળમાં કે અતીતકાળમાં દેશવિરતિ લેવાયા પછી જ સર્વવિરતિ લેવાય એવો નિયમ પટ્ટાવલી, ચરિત્રો, શાસ્ત્રો કે પંચાંગી એમાંથી કોઈપણ આધારે માની શકાય જ નહિ. સામાન્ય જીવો અંગે જ્યારે સર્વવિરતિ કરતાં દેશવિરતિ લેવી જ જોઈએ એવો નિમય ન રહે, તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન સરખાને માટે સર્વવિરતિ લેવા પહેલાં દેશવિરતિ લેવી જ જોઈએ એવો નિયમ કેમ રાખી શકાય? અને જો કોઈને માટે પણ એવો નિયમ નથી તો ભગવાન શ્રી ઋષભદેવજી દેશવિરતિનું આચરણ કર્યા સિવાય એકદમ જ સર્વવિરતિ લે તે અયોગ્ય ગણાય જ નહિ.

વાચકોને

સંવત્સરી બાબતમાં પ્રશ્નોત્તર, સમાલોચના અને વધારા દ્વારાએ નિર્ણય કરનારને ઉપયોગી લખાણ થઈ ગયેલું હોવાથી હવે તે સંબંધી લખવાનું ઉપયોગી નહિ જણાતાં બંધ કરવામાં આવે છે.

કર્મ રાજાનો લશ્કરી

(વર્ષ ચોથું અંક ૨૪થી ચાલુ)

આસીસ્ટંટ કલેકટર કે કલેકટરને પોતાની નોકરી છોડી દેવી હોય તો તેને માટે તેમને કાંઈ માથાફોડ કરવી પડતી નથી. તેમને નોકરી ન કરવાની ઈચ્છા હોય તો તેઓ તરત રાજીનામું આપી શકે છે અને કાયદો એવો છે કે જો તેમણે કાંઈ ગુન્હો ન કર્યો હોય તો સરકાર પણ તેમનું રાજીનામું મંજુર કરી દેવાને બંધાયેલી છે. સોલ્જરોને માટે એવી વ્યવસ્થા નથી. નોકરી છોડી જવા માટે રાજીનામું આપવું હોય તો પણ તે પરાધીન છે, તે રાજીનામું આપવા માગતો હોય તો પણ ન આપી શકે. સદ્‌ગૃહસ્થ અને સિપાઈ એ બંનેમાં આટલો ફરક છે. છતાં યાદ રાખવાનું છે કે તેઓ બંને સરકારના નોકર છે. કલેકટર પણ સરકારનો નોકર છે અને સોલ્જર પણ સરકારનો નોકર છે, પરંતુ તેમની શિક્ષિત અશિક્ષિતતાને અંગે તેમની વચ્ચે આટલો ફેર રહેલો છે. હવે એ ઉપરથી તમારે પણ પસંદગી કરવાની છે કે તમે આ જગતના કેવા નોકર થવાનું ઈષ્ટ માનો છો? સંસારરૂપી શહેનશાહતના તમે ગૃહસ્થનોકર થવા માંગો છો કે સોલ્જર નોકર થવા માંગો છો? તમારું સ્થાન તમેજ નક્કી કરી લો.

યાદ રાખવાનું છે કે સંસારરૂપી શહેનશાહતમાં રાજા અને રંક, સ્ત્રી અને પુરુષ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય બધાને નોકરી બજાવવાની છે. કોઈપણ આ શહેનશાહતમાં સ્વતંત્ર નથી જ. ભગવાન તીર્થંકરદેવો કે જેમના નામનું સ્મરણ થતાં આપણું શિર ઝુકી પડે છે, જેમની તાબેદારી કરવામાં ઈન્દ્રો પણ તૈયાર હતા તેવા સર્વજ્ઞ ભગવાનો પણ આ સંસાર શહેનશાહતના નોકરો જ હતા. તેમણે પણ નોકરી કરીજ છે, પરંતુ તેઓએ નોકરીમાંથી મુક્ત થયા છે! હવે વિચાર કરો કે તેઓ એ નોકરીમાંથી ક્યારે અને કેવી રીતે છૂટા થયા? જવાબ એકજ છે કે તેઓ જ્યારે સંપૂર્ણ કર્મના બંધનો તોડી શક્યા ત્યારે જ તેઓ મોક્ષે ગયા અને તેઓ મોક્ષે ગયા

ત્યારે જ તેઓ નોકરીમાંથી છૂટા થયા હતા. તીર્થંકર ભગવાનો, ગણધર ભગવાનો, કેવળી ભગવાનો એઓ પણ સઘળા કર્મની નોકરીમાં હતા. જ્ઞાનના ધણીઓ, સર્વજ્ઞો, ત્રણે જગતને ત્રણે કાળને વિષે સંપૂર્ણ રીતે જાણનારાઓ, તેઓ પણ કર્મની નોકરીમાં હતા, તો પછી આપણે કર્મની નોકરીમાં હોઈએ તેમાં શું આશ્ચર્ય?

હવે વિચાર કરો કે તમે પણ કર્મરાજાની નોકરીમાં હતા અને તીર્થંકરદેવો, ગણધર ભગવાનો અને કેવળી મહારાજાઓ પણ કર્મની નોકરીમાં હતા, તો પછી તમારી અને તેમની વચ્ચે તફાવત શો? તમે કહેશો કે અમે બંને સરખા. અમે કહીએ છીએ કે :

દીલ્હી હજી બહુ દૂર છે.

તમે અને તીર્થંકરદેવો ગણધર ભગવાનો અને કેવળી મહારાજાઓએ સઘળા મહાસમ્રાટ કર્મદેવ નરપતિના નોકરો તો ખરા, પરંતુ બન્નેની વચ્ચે મોટો ફરક પણ ખરો. કેવળીઓ, તીર્થંકરો અને ગણધરદેવો એ ગૃહસ્થ નોકરો હતા, ત્યારે તમે સોલ્જર નોકર છો. કેવળીઓ, તીર્થંકરો અને ગણધરો નોકરી કરે, પરંતુ જ્યારે તેમની ખાતરી થાય કે આ માર્ગે હિત નથી થતું, પણ અહિત થાય છે, તો તે જ પળે તેઓ નોકરીનું રાજીનામું ધરી દે અને એ કર્મદેવની કૃત્તાંતકાળ જેવી નોકરીમાંથી છટકી જાય, તમે એ પ્રકારના નોકર નથી. તમારી અને તેમની નોકરીમાં આ મહત્વનો ફરક છે. આ ફરક સમજો અને તે ફરક ટાળવાનો પ્રયત્ન કરો તો તમારો બેડો પાર છે.

જે કાર્ય કરતી વખતે હિતાહિત તપાસે છે, સારા-નરસાની પરીક્ષા કરે છે અને પછી અહિત લાગતું હોય તો રાજીનામું આપી દે છે, તેઓ સઘળા શિક્ષિત નોકર છે. જેનામાં પોતાનું હિતાહિત તપાસવાની ગુંજાશ નથી, જેને એ તપાસનો હક નથી એવાઓ તે માત્ર ઉપરની આજ્ઞાને જ અમલમાં મૂકવાવાળા છે અને તેઓની નોકરી સોલ્જરના જેવી છે. આપણે શબ્દોથી બોલીને પણ આપણી એ જ લાયકાત પુરવાર કરી રહ્યા છીએ. અક્કલ વિનાનો સોલ્જર પોતે જે કામ કરે છે, તેમાં તેનો કાંઈ બચાવ હોતો નથી. ઓફિસરનો આવો હુકમ છે માટે જ અમે આવું કરીએ છીએ, એટલો જ માત્ર તેનો બચાવ છે, તે જ પ્રમાણે આપણે પણ મોઢામાંથી એવા જ શબ્દો બોલીએ છીએ કે જેવા કર્મનો ઉદય હશે તે પ્રમાણે થશે. માલિકનો હુકમ સાચો છે કે જુઠો છે તે આવા સોલ્જરોને તપાસવાનો અવકાશ નથી. હુકમ ફાયદો કરનારો છે કે ગેરલાભ કરનારો છે, તે પણ સોલ્જર વિચારતો નથી, તે તો માત્ર એટલું જ શીખેલો છે કે હુકમ થયો માટે હુકમને તાબે થાઓ અને તે પ્રમાણે જ કાર્ય કરીને આપણી વફાદારી બતાવી આપો.

સોલ્જરને તેનો ઉપરી એવી આજ્ઞા કરે કે પોતાના રાજાની સામે થાઓ, તોપણ તે તેને માન્ય છે, તે તરત જ રાજાની પણ સામે થાય છે અને તેને તેનો ઉપરી જો એમ કહે કે કમાંડરને ગોળી માર તો તરત જ સોલ્જર તે હુકમને પણ માન્ય રાખી લે છે, તે બીજો કાંઈ વિચાર જ નથી કરતો, જેમ ત્યાં સોલ્જરો એ અક્કલના ફૂટેલા અને હૈયાના આંધળા નોકરો છે, તેવા આપણે કર્મરાજાના આંધળા નોકરો છીએ. કર્મરાજા જેવો હુકમ કરે છે તે જ પ્રમાણે આપણે પણ કાર્ય કરવાનું છે એમ આપણે માન્યું છે અને તે પ્રમાણે આપણે પણ એવો બચાવ કરીએ છીએ કે :- ભાઈ! અમે શું કરીએ? જે પ્રમાણે કર્મનો ઉદય તે પ્રમાણે થાય છે. હવે તમે કહેશો કે શું ત્યારે કર્મનો ઉદય એવા શબ્દો જ અમારે ન બોલવા? કર્મનો ઉદય થાય છે એ વાત જ ખોટી છે? કર્મનો ઉદય જો કોઈપણ શાસનમાં સારામાં સારી રીતે વૈજ્ઞાનિક પદ્ધતિએ દર્શાવ્યો હોય તો તે માત્ર જૈનશાસનમાં જ દર્શાવ્યો છે, અન્યત્ર કોઈપણ સ્થળે દર્શાવવામાં આવ્યો નથી.

જગતનો એક પણ ધર્મ એવો નથી કે જેની આખી ઈમારત માત્ર કર્મ ઉપરજ રચાયેલી હોય એ વાત તો તમે સહજ સમજી શકો છો કે આપણે સૌથી વધારે જાસુસી ક્યાં કરવી પડે છે? આપણા મિત્રોના રાજ્યોમાં આપણા પ્રતિનિધિઓ રહે, આપણા જાસુસો રહે, આપણા નોકરો રહે, પરંતુ તે બધું અલ્પ સંખ્યામાં જ હોય છે, પરંતુ જેની સાથે દુશ્મનાવટ હોય, જેના હલ્લાથી દેશને બચાવવો હોય, જેના આઘાતો સૌથી વધારેમાં વધારે ભયંકર હોય, તેવા જ શત્રુના હલ્લા સામે પૂરતી તકેદારી રાખવી પડે છે, તેના રાજ્યમાં વધારે નોકરો રાખવા પડે છે, ત્યાં વધારે જાસુસો મોકલવા પડે છે અને તેના બચાવની સામે વધારેમાં વધારે મજબુત બચાવના કિલ્લા પણ બાંધવા પડે છે. મિત્રરાજ્યની કેવી સ્થિતિ છે? તેના લશ્કરની શી દશા છે? તેના મુલકમાં દાણોપાણી કેટલો વખત ચાલે એટલાં છે? તેનીએ પૂરતી માહિતી આપણે રાખતા નથી. મિત્રરાજ્યોનાં ગામોની માહિતી દર્શાવનારા આપણી પાસે નકશાઓ પણ હોતા નથી, પરંતુ શત્રુની તો એ સઘળી બાબતો બરાબર અને પુરેપુરી તપાસાય છે. મિત્રોની પરિસ્થિતિ ધ્યાનમાં નથી લેવાતી અને શત્રુની પરિસ્થિતિ ધ્યાનમાં લેવાય છે એનું કારણ તમે વિચાર્યું ?

શત્રુની સાથે આપણે જંગ ખેલવો છે, એટલે શત્રુની સઘળી બાબતોથી આપણે પુરેપુરા વાકેફ હોઈએ તો જ શત્રુનો બરાબર સામનો આપણે કરી શકીએ. જો શત્રુની સ્થિતિથી આપણે પુરી રીતે વાકેફ ન હોઈશું તો આપણે શત્રુથી બચવાના કશા ઉપાયો લઈ શકવાના નથી. આટલા જ કારણથી યુદ્ધમાં ઉતરેલાં મહારાજ્યો મિત્રરાજ્યોની બાતમી મેળવતાં પહેલાં શત્રુસામ્રાજ્યની પુરેપુરી બાતમી મેળવે છે. આ ઉપરથી તમે સમજી શકશો કે કર્મની સામેજ જૈનશાસનને શા માટે મોરચા માંડ્યા છે? જગતના તમામ ધર્મવાળાઓએ જેવા કઠિન તીરો કર્મ ઉપર નથી માર્યા તેવા કઠિન તીરો જૈન શાસને કર્મરાક્ષસ સામે તાક્યાં છે. જ્યારે જૈનશાસનને કર્મની સામા કઠિન તીરો ફેંકવાની ગરજ પડે છે, ત્યારે તે વખતે જૈનશાસન કર્મની બાબતમાં બાકી રાખી શકે જ નહિ. બીજા શાસનોની ધર્મવ્યવસ્થા તરફ નજર નાખશો તો માલમ પડશે કે તેમણે પોતાના દેવોને ઈશ્વર, પરમેશ્વર, ભગવાન વગેરે નામોથી સંબોધ્યા છે અને એ નામે તેમણે એ દેવોની પૂજા, સેવા કરવાનો અને તે બહાને લાડુ ખાવાનો ઘાટ ગોઠવ્યો છે, અહીં તેવી યોજના નથી.

જૈનશાસન તીર્થંકર ભગવાનોને, કેવળી મહારાજાઓને, યા તો ગણધરદેવોને ભગવાન, સર્વેશ્વર, ઈશ્વર, સૃષ્ટિસર્જનહાર વગેરે નામોથી પૂજવાનું કહેતું જ નથી. જૈનશાસનને તો ઈશ્વર, પરમેશ્વર, ભગવાન, સર્વશક્તિમાન એવા શબ્દોની યોજના કરીને તેમની પૂજા ન કરાવતાં નમો અરિહંતાણં એજ શબ્દની યોજના કરેલી છે. આ યોજનામાં ભારે ભાવ સમાયેલો છે. ધ્યેય તરીકે જૈનશાસનને પરમેશ્વરશબ્દ આગળ ન મૂકતાં "અરિહંત" એ શબ્દ આગળ મૂકેલો છે. જો એમાં કાંઈ પણ હેતુ જ ન હોત તો જૈનશાસનને પણ 'નમો અરિહંતાણં' એમ ન કહેતાં ઈસરાણં, પરમેસરાણં એમજ કહ્યું હોત! અર્થાત્ ઈશ્વર, પરમેશ્વર એવા શબ્દો જ જૈનશાસનને પોતાના ધ્યેય તરીકે રાખ્યા જ નથી અને ધ્યેય તરીકે તો 'અરિહંત' શબ્દની જ યોજના કરી છે. અરિહંત શબ્દની મહત્તા સમજ્યા પછી તમે અરિહંતને 'ભગવાન્, દેવ, પ્રભુ, ઈશ્વર" વગેરે શબ્દો લગાડો તે એક જુદી વાત છે, પરંતુ જો ધ્યેય તરીકે કોઈ પદ મૂક્યું હોત તો તે માત્ર અરિહંતપદ છે બીજું નથી. હવે "ઈશ્વર" કે "પરમેશ્વર" શબ્દ ન વાપરતાં અહીં અરિહંત શબ્દની યોજના કરી છે, તે શા હેતુથી કરેલી છે તે વિચારો.

(અપૂર્ણ)

શ્રાવક ગુણોનો સમન્વય

જૈનશાસનનું ધ્યેયઃ-

દરેક જૈનને માલમ છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોએ જૈનમાર્ગ અથવા જૈનશાસનનું ધ્યેય એકજ રાખ્યું છે અને રાખવા જણાવ્યું છે અને તે એજ કે કર્મને જ શત્રુ તરીકે ગણવું. અર્થાત્ આ સ્થાને રૂપી જ પુદ્‌ગલો છે અને પુદ્‌ગલો રૂપીજ છે એવું શ્રીતત્ત્વાર્થના रूपिणः पुद्गलाः સૂત્રનું નિરૂપણ કરવામાં આવે છે તેવું નિરૂપણ સમજવું, એટલે કે જૈનશાસનમાં કર્મ સિવાય કોઈ શત્રુ નથી માન્યો અને કોઈ પણ જાતના કર્મને શત્રુતાની કોટી બહાર માન્યું નથી, અને આજ કારણથી નમો અરિહંત્તાણં એ પરમેષ્ઠિમંત્રમાં નિરૂક્તિના અર્થની અપેક્ષાએ અર્થ કરતાં અરિશબ્દથી કર્મને જ લીધું છે. એમ નહિ કહેવું કે ત્યારે નમો કમ્મહતાણં એમ ચોકખું જ કેમ કહી ન દીધું ? કારણ કે પ્રથમ તો અરિહંત એ માગધી શબ્દમાં મૂલ શબ્દ અર્હત્ છે એટલે જેઓ ઈંદ્રાદિકોએ કરેલી પૂજાને મેળવે છે તેઓને જ આ અરિહંતપદમાં નમસ્કાર છે અને તેથી કેવલજ્ઞાન પામેલા સામાન્ય કેવલિ કે જેઓ ઘાતિકર્મની ક્ષય અપેક્ષાયે કે ભવોપગ્રાહિ કર્મોનો નાશ કરી સર્વ કર્મક્ષયપૂર્વક સિદ્ધ થવાવાળા છે, છતાં તેઓ અશોકાદિક આઠ પ્રાતિહાર્યોની પૂજાને નહિ પામનારા હોવાથી અરિહંતપદમાં આવતા નથી પણ સાધુપદમાં જ આવે છે. આ હકીકત જે સ્વરૂપ શ્રીજિનેશ્વર મહારાજે જણાવ્યું તેમાં પણ કર્મનું નમો કમ્મહુંતાણં જો એવું પદ રાખીયે તો આવી શકેજ નહિં. બીજાું કર્મોનું હેયપણું કે ઉપાદેયપણું છે એ સમજાય નહિ. કદાચ કહેવામાં આવે કે કર્મને હણનારને આપણે નમો કમ્મહંતાણં એમ કહી નમસ્કાર કરીએ તેથી આપોઆપ કર્મનો હેયસ્વભાવ માલમ પડી જાય, પણ આ કહેવું વ્યાજબી નથી, કારણ કે જગતમાં વ્યકિત વ્યક્તિના શત્રુ જુદા જુદા હોય છે અને જે જે વ્યકિત પોતપોતાના શત્રુનો નાશ કરે તે વખાણાય છે પણ તેથી તે નાશ પામનાર જગત માત્રનો શત્રુ હોય એમ થતું નથી, તેવી રીતે અહીં કદાચ એમ માની લેવાય કે કર્મએ અરિહંત મહારાજથી પ્રતિકૂલ હશે અને તેથી તે કર્મ અરિહંતનો શત્રુ હશે. અર્થાત્ આપણને કે જગતના અન્યજીવને કર્મની સાથે શત્રુતા નહિ હોય. આવી ભૂલભરેલી માન્યતા ન થાય માટે સ્પષ્ટ શબ્દથી જૈનશાસનનું ધ્યેય જણાવી દીધું કે જૈનશાસનમાં કર્મ જ શત્રુ ગણાય અને કોઈ પણ દિવસ કર્મને મિત્રની કોટીમાં મ્હેલાય જ નહિ.

સંવર અને નિર્જરા એ જ ધર્મ

જે માટે શ્રીજૈનશાસનનું ધ્યેય કર્મની શત્રુતાને અંગે છે તે માટે તો જૈશાસનની માન્યતા પ્રમાણે નવાં આવતાં કે બંધાતાં કર્મને રોકવાં તે રૂપ સંવર અને આ ભવમાં અથવા અતીત ભવોમાં બંધાયેલાં કર્મોનો જે નાશ કરાય તે રૂપ નિર્જરા એ વસ્તુજ ધર્મના મુખ્ય ઉદ્દેશ તરીકે માનેલી છે.

નિર્જરા કેમ ? કેટલાક મતવાળાનું માનવું એવું છે કે કરેલાં કર્મોના ક્ષય થતો જ નથી. અર્થાત્ કરેલાં કર્મો તો ભોગવે જ છુટે છે, અને તે માટે અન્ય શાસ્ત્રાકારો સ્પષ્ટ જણાવે છે કેઃ-

कृतकर्मक्षयो नास्ति कल्पकोटीशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभं ॥1॥

અર્થાત્ કરેલાં કર્મનો કોડો કલ્પો થઈ જાય તો પણ ક્ષય એટલે નાશ થઈ જતો નથી, પણ કરેલું

કર્મ ચ્હાય શુભ હોય કે અશુભ હોય. તો પણ જરૂર ભોગવુંજ પડે છે. પણ આ માન્યતા ભૂલભરેલી છે અથવા જ્ઞાનાગ્નિ: सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुन। અર્થાત્ જ્ઞાનઅગ્નિ સર્વ કર્મોને બાળીને હે અર્જુન ! ભસ્મીભૂત કરી નાંખે છે એ વગેરે વાત પોતાનાં વાક્યોને વિચાર્યા કે માન્યા વિના ઉચ્ચરાઈ છે. જો કે એ વાત તદ્દન સાચી છે કે ભગવાન શ્રી જિનેશ્વર મહારાજના શાસનમાં શ્રીસર્વજ્ઞપ્રભુએ કહેલ અને ગણધર મહારાજાએ ગુંથેલ દ્વાદશાંગી જ મૂલ રૂપ અને સર્વ પ્રવૃત્તિનિવૃત્તિને દેખાડનાર હોઈ એક શાસ્ત્રના પૂર્વાપર ભાગની માફક ઉત્સર્ગ અને અપવાદ રૂપે વ્યવસ્થા થઈ શકે તેમ અન્યમતોમાં કોઈ એક શાસ્ત્રપ્રણેતા મૂલપુરૂષરૂપે ન હોવાથી વેદ, ઉપનિષદો, સ્મૃતિઓ અને પુરાણો જુદા જુદા પુરૂષોએ કહેલાં હોઈ તે શાસ્ત્રોમાં ઉત્સર્ગ અને અપવાદ રૂપની વ્યવસ્થા થઈ શકે નહિં અને કદાચ તેવી વ્યવસ્થા કરાય તો પણ જેમ અન્ય વસ્તુની સિદ્ધિ માટે કહેલા વિધાન અન્ય વસ્તુની સિદ્ધિ માટે કહેલ વિધાન અપવાદરૂપ થાય નહિ તેવીજ રીતે અન્ય મનુષ્યે કહેલ જે અન્યસિદ્ધિ માટેનુ વાકય હોય તેનો અન્ય મનુષ્યે કહેલ અન્યની સિદ્ધિ માટેનું વાકય અપવાદરૂપ થઈ શકે નહિં. છતાં ભગવાન જિનેશ્વરમહારાજના શાસનમાં તો ઘણી જગા પર कडाण कम्माण न मोक्खो अत्थि અર્થાત્ કરેલાં કર્મોનો કોઈ દિવસ છુટકારો નથી. અર્થાત્ જરૂર ભોગવવાં જ પડે છે. આવાં વાક્યો સ્પષ્ટપણે આવે છે, પણ પ્રથમ તો ભગવાન શ્રી જિનેશ્વર મહારાજના શાસનમાં કર્મનો ઉદય બે પ્રકારે માનવામાં આવેલો છે. એક પ્રદેશથકી કર્મોનો ઉદય અને બીજો રસથકી કર્મોનો ઉદય, એ બે પ્રકારના ઉદયમાં કર્મના પ્રદેશનો તો કોઈ દિવસ નાશ પામતો જ નથી. અર્થાત્ બાંધેલા સર્વ કર્મો પ્રદેશોની અપેક્ષાએ તો ભોગવવાં પડે છે, પણ તપસ્યાથી કે ધ્યાનાદિથી જો કર્મનો નાશ ન થતો હોય તો પછી વ્રતપચ્ચક્ખાણ કે તપજપની જરૂર રહે નહિં, કેમકે પૂર્વે જણાવેલી રીતિ કર્મોનો ક્ષય તો ભોગવ્યા વિના થાય જ નહિં. કદાચ કહેવામાં આવે કે કરેલાં કર્મોનો ક્ષય વ્રતપચ્ચક્ખાણ આદિથી ન થાય, પણ પુણ્યકર્મનો બંધ તેનાથી થાય અને તેથી તે વ્રતપચ્ચકખાણ આદિ ધર્મ કૃત્યોની સફળતા માની શકાય, પણ આ પ્રથમ તો ગેરવ્યાજબી છે, કારણ કે પ્રથમ તો સર્વઆસ્તિકવાદિયોનું મુખ્ય ધ્યેય મોક્ષ જ હોય, અને જૈનશાસન તો ખુદ તીર્થની નવેસર સ્થાપના અને ભગવાન જિનેશ્વર મહારાજની હયાતી બંધ થયેલા મોક્ષમાર્ગને પ્રવર્ત્તાવવા માટે જ માને છે. અને આ કારણને સ્પષ્ટ કરવા તો ભગવાન શ્રી ઉમાસ્વાતિવાચકજી મહારાજ પ્રરૂપણા કરનાર સ્થાપક અને પ્રવર્તક એવા શ્રી જિનેશ્વર મહારાજને નામે જે જિનમાર્ગ કહેવાતો હતો તેને સ્થાને ધ્યેય અથવા સાધ્યની મુખ્યતા રાખી सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः એ તત્ત્વાર્થના આદ્યસૂત્રમાં જૈનમાર્ગ એમ નહિં જણાવતાં મોક્ષમાર્ગ એમ જણાવેલ છે. વળી કોઈપણ તત્ત્વજ્ઞની અપેક્ષાએ પુણ્ય નામનું કર્મ શુભ છતાં પૌદ્‌ગલિક અને સંસારમાં રખડાવનાર હોવાથી પાપની માફક છોડવાલાયક ગણ્યા સિવાય રહેતો નથી, અને સર્વઆસ્તિકોએ માનેલું છે કે पुण्यापुण्यक्षयान्मुक्तिः અર્થાત્ પુણ્ય અને પાપ બંનેના ક્ષયથી જ મોક્ષ થાય છે. અર્થાત્ પુણ્ય એ મોક્ષનો રોધ કરનાર છે માટે કોઈપણ આસ્તિક ગણાતો મતપ્રવર્ત્તક પુણ્યને માટે શાસન પ્રવર્ત્તાવેજ નહિં. આ કારણ વિચારતાં માનવું જ પડશે કે વ્રતપચ્ચકખાણ આદિ ધર્મનો ઉપદેશ પુણ્યને માટે પ્રવર્ત્તાવેલો નથી. અનુકંપાદાન વગેરે નિર્જરા કે સંવરનાં કારણો નથી, પણ પુણ્યબંધના કારણો છે. તેનો ઉપદેશ દરેક આસ્તિકમતવાળાએ તો શું ? પણ શ્રી જિનેશ્વર મહારાજે તેથી શાતાવેદનીયાદિ શુભ કર્મો બંધાવવાનું જણાવી આદરવાલાયક તેનું

કેમ ? એવો સવાલ કોઈ તરફથી થાય તો તેઓએ જાણવું કે અનુકંપા અગર અનુકંપાદાન વગેરે નિર્જરા કરનાર જ નથી એમ સમજવું જ ભૂલભરેલું છે. મિથ્યાદૃષ્ટિ કે અભાવિત અવસ્થામાં થતી અનુકંપા અને અનુકંપાદાન આદિ નિર્જરા કદાચ ન કરાવે પણ પુણ્યબંધ કરાવે પણ તેથી અનુકંપા કે અનુકંપાદાનથી નિર્જરા નથી એમ કહેવાય જ નહિં. સમ્યગ્દૃષ્ટિ અને વિરતિવાળા જીવોએ કરાતી અનુકંપા અને અનુકંપાદાન નિર્જરાનાં કારણો છે અને તેથી જ સમ્યગ્દૃષ્ટિને અને વ્રતધારક જીવોને પણ બાલગ્લાનવૃદ્ધ આચાર્ય અને ગચ્છની અનુકંપા કરવાનું શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. એમ નહિં કહેવું કે અનુકંપા અને અનુકંપાદાન જો નિર્જરાનું કારણ હોય તો તે કઈ નિર્જરા ગણવી? કેમકે નિર્જરા શાસ્ત્રકારો સકામ અને અકામ એ બે પ્રકારની જણાવે છે. એમ નહિં કહેવાનું કારણ એ કે સમ્યગ્દૃષ્ટિ અને વ્રતધારિયો મુખ્યતાએ આત્માની નિર્મળતા માટે સારી પ્રવૃત્તિઓ કરવાવાળા હોવાથી તેઓને મુખ્યતાએ સકામ નિર્જરા જ થાય, કેમકે એમ ન માનીએ તો મેઘકુમારનો જીવ હાથી હતો તેને સસલાની અનુકંપાથી અકામ નિર્જરા ન થાત અને મનુષ્યપણું મળત નહિં. તિર્યંચપણાના કારણભૂત કર્મો બંધાવવાના કારણભૂત કર્મોનો ક્ષય કર્યા સિવાય મનુષ્યપણું મળત નહિં. વળી વૈતરણી વૈદ્યને અનુકંપાથી જ સમ્યક્ત્વ મળ્યું છે. જો અનુકંપાથી નિર્જરા થતી જ નથી એમ માનીએ તો અનુકંપાથી કર્મક્ષયોપશમાદિથી થવાવાળું સમ્યક્ત્વ થાય છે એમ માની શકાય જ નહિં. કદાચ એમ કહેવામાં આવે કે જો અનુકંપા વગેરેથી સમ્યક્ત્વ થાય છે, અને તેથી નિર્જરા માનવામાં આવે તો કઈ નિર્જરા માનવી ? કેમકે અકામ નિર્જરા તો ત્યાં જુદી **बालतवोऽकामनिर्ज्जराए य** એમ કહી સ્પષ્ટ જણાવી છે અને સકામ નિર્જરા લઈએ તો જેને નથી આત્માના અસંખ્યાત પ્રદેશનું જ્ઞાન, નથી આત્માના ચૈતન્યાદિ સ્વરૂપનું જ્ઞાન, નથી કર્મના ક્ષયથી થતી શુદ્ધ આત્મદશાનું ભાન, એટલું નહિં પણ જે મિથ્યાદૃષ્ટિની દશામાં ઘણાં કર્મોનો બંધ કરવાનું અને માત્ર અલ્પ જ નિર્જરા કરવાનું જણાવવામાં આવે છે અર્થાત્ હદ બહારનાં દુઃખ વેઠવાથી અલ્પ જ નિર્જરા જણાવવામાં આવે છે તેવી વખતે સકામ નિર્જરા હોય જ કેમ ? એવા કથનના સમાધાનમાં પ્રથમ એ સમજવાનું કે જો એક બાલતપથી સકામ નિર્જરા થાય છે એમ ઠરાવવા માટે અકામ નિર્જરા સિવાય બધાં તે અનુકંપા આદિ સમ્યક્ત્વનાં દેખાડેલાં સાધનો સકામ નિર્જરા કહે છે એમ માનવા તરફ દોરાઈએ તો તે જ સમ્યક્ત્વના હેતુને જણાવવાવાળી ગાથામાં **व्यसन** એટલે દુઃખને પણ સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ ગણીને નિર્જરાનું કારણ માનેલું છે તો શું આપણે મિથ્યાત્વિદશામાં વ્યસનો આવી પડે તેમાં સકામ નિર્જરા માની શકીશું? કદાચ કહેવામાં આવે કે અકામ નિર્જરાવાળાની જે દેવગતિ માની છે તે અને બાલતપસ્વીયોની દેવની ગતિ તેથી જુદી માનવામાં આવી છે માટે બાલતપને અકામ નિર્જરા કહેવાય કેમ ? આ કથનના સમાધાનમાં સમજવાનું છે કે જેઓ વગર ઈચ્છાએ એટલે વિરૂદ્ધ ઈચ્છા છતાં કોઈકના બલાત્કારવાળા અવરોધથી કે ઈષ્ટ સાધનોની ઈચ્છાં છતાં તે ન મળવાથી શીતોષ્ણ આદિનાં દુઃખ ભોગવે તેવા જીવોની જે અકામ નિર્જરા થાય તેનાથી વ્યન્તરઆદિ સામાન્ય દેવગતિ જણાવી છે અને જેઓ આત્માદિ પદાર્થોને યથાસ્થિત જાણતા નથી અને કર્મનું સ્વરૂપ તથા તેના આત્માના ગુણોને આવરવા વગેરે સ્વભાવ જાણતા નથી પણ દેવલોકાદિકની પ્રાપ્તિ માટે અભવ્યાદિની માફક દીક્ષા સુધીનાં ખુદ ભગવાન જિનેશ્વર મહારાજે જણાવેલ કષ્ટો કરે છે અથવા તપેશ્વરી એ રાજેશ્વરી જેવાં લૌકિક વાક્યો સાંભળી

રાજાપણું આદિ વસ્તુ આવતા ભવમાં મેળવવા બુદ્ધિપૂર્વક તપ આદિ કરે છે અને તેવાઓની જે દેવગતિ થાય છે તેમાં ફરક રહે એ સ્વાભાવિક છે અર્થાત્ સામાન્યથી અકામ નિર્જરા કહેવાય તો પણ સામાન્ય દેવગતિ દેનાર અકામ જિંરાને સ્થાને એમ કહી વિરૂદ્ધ ઈચ્છાએ કે વગર ઈચ્છાએ થતા જે કાયકલેશાદિરૂપ નિર્જરાનાં સાધનો તેનાથી થતી નિર્જરા અને બાલતપથી જે નિર્જરા થાય તેમાં કર્મો આદિને ન સમજાવા કે માનવાથી યથાસ્થિત જ્ઞાનાદિના અભાવે અકામે એટલે વાસ્તવિક કર્મ ન જાણવાથી વગર ઈચ્છાએ થતો કર્મનો નાશ એમ ભિન્ન કરી શકાય, પણ તેટલા અકામ નિર્જરા અને બાલતપ એવા ભિન્ન નિર્દેશ માત્રથી તો ગોબલી વર્દ ન્યાય ન લેતાં અભવ્ય મિથ્યાદૃષ્ટિઆદિને પણ સકામ નિર્જરા થાય છે એમ માની ભવ્ય આત્માને સુવર્ણની માફક શુદ્ધ કરનારી એવી સકામ નિર્જરા જે આત્મા તેના ગુણો તેના આવારક કર્મો અને તે કર્મોનો ભગવાન શ્રીજિનેશ્વર મહારાજે જણાવેલ સાધનો દ્વારા થતી નિર્જરા તરીકે ગણવામાં આવે છે તે માનવા તૈયાર થવું એ યોગ્ય ગણાય નહિ. વળી શ્રીજિનેશ્વર ભગવાનના શાસનમાં તપને સામાન્ય નિર્જરાના સાધન તરીકે જણાવી અનશનાદિક બાહ્ય છ ભેદના તપને અન્ય મતવાળા આદરે એટલા એકજ કારણથી બાહ્યપણું કહેલું નથી, કેમકે વિનય અને વૈયાવૃત્યાદિ જે અભ્યંતરરૂપે ગણાય છે તે પણ અન્ય મતવાળા કરતા તેમ નથી. કદાચ કહેવામાં આવે કે શ્રીજિનશાસનની રીતિપૂર્વક અન્ય મતવાળા પ્રાયશ્ચિત્તાદિ કરતા નથી માટે તે અન્ય મતવાળાઓ નથી આચરતા કહેવાય અને તેથી તે પ્રાયશ્ચિત્તઆદિ અભ્યંતર તપ કહેવાય તો આ કથન પણ વ્યાજબી ગણાય નહિં. કેમકે જેમ અન્યમતવાળાઓ પ્રાયશ્ચિત્ત આદિને જો ભગવાન જિનેશ્વર મહારાજના આદેશ પ્રમાણે અન્યમતવાળા નથી કરતા તો અનશનઆદિ બાહ્યતપ પણ અન્યમતવાળા ભગવાન જિનેશ્વરના આદેશ મુજબ કરતા નથી તો બાહ્યતપમાં ભગવાનના વિધિનો નિયમ નહિ રહે તો અભ્યંતર તપમાં તે નિયમ કેમ રખાય ? અને જો તેમ નિયમ ન રહે તો પછી બાહ્યપણું અને અભ્યંતરપણું અન્યમતવાળાના આચરણ અને અનાચરણ ઉપરથી કેમ લઈ શકાય ? આ અપેક્ષાએ શાસ્ત્રકારોએ અંત્યમાં એજ જણાવ્યું કે કર્મક્ષયનું પ્રબલ કારણ તે અભ્યંતરતપ ગણવું, અને આ અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિને બાહ્યતપ છે અને તેથી તે મિથ્યાદૃષ્ટિઓ સકામ નિર્જરાવાળા છે એમ માનવું વ્યાજબી ગણાય નહિ. ધ્યાનમાં રાખવું જરૂરી છે કે બાહ્ય તપમાં કાયકલેશને ગણાવ્યો છે અને કાયકલેશ તો એકેન્દ્રિયાદિ જીવોમાં પણ છે અને તેથી તેના હિસાબે સકલજીવોને સકામ નિર્જરા જ માનવી પડશે વળી તપસ્યાને ઉત્તરગુણ તરીકે શાસ્ત્રકારો જણાવે છે, અને સમ્યક્ત્વ તથા મહાવ્રતાદિ રૂપ મૂલ ગુણ વગરના જીવો અજ્ઞાની હોઈ ક્રોડાક્રોડ વર્ષ સુધી દુઃખ ભોગવે તો પણ અત્યન્ત અલ્પકર્મનો ક્ષય થાય અને તેવો કર્મક્ષય અકામ નિર્જરારૂપ જ ગણાય. એવા બધા વિચારો ધ્યાનમાં લેવાથી સમજાશે કે અનુકંપાદાન વિગેરે નિર્જરા કરાવનાર જ નથી એમ કહી શકાય જ નહિ. છતાં કદાચ તેનાથી પુણ્યબંધ પણ થાય છે પણ તે પુણ્યબંધ માટે શાસ્ત્રકારોનું વિધાન નથી. અર્થાત્ ભગવાન જિનેશ્વરોનો ઉપદેશ તો કર્મના સંવર અને નિર્જરા માટે છે, અને તે સંવર નિર્જરા દ્વારાએ મોક્ષ સાધવા માટે છે, માટે જ આ માર્ગને મોક્ષમાર્ગ કહેવાય છે. અને આજ કારણથી એમ કહી શકીએ કે વ્રતપચ્ચક્ખાણ આદિ તપવિનય આદિના કરવાથી મુખ્ય સાધ્ય નિર્જરા અને સંવર હોવાં જોઈએ અને ભગવાન જિનેશ્વર મહારાજાઓએ સમ્યગ્દર્શનાદિ સર્વધર્મો સંવર અને નિર્જરા માટે જ કહેલા છે.

(અપૂર્ણ)

સમાલોચના

૧ જો તિથિ સમાપ્તિને દહાડે પર્વતિથિ માનવી હોત તો ઉદય, ક્ષય અને વૃદ્ધિ માટે જુદાં જુદાં લખાણોની જરૂર નહોતી, તમારા પ્રભુને પૂછો કે **समाप्तातिथिर्मानं** એટલું જ કહો તો સામાન્ય, ક્ષય વૃદ્ધિવાળી તિથિઓને લાગુ થાત કે નહિ? પણ કથીરને શાસ્ત્રવિરૂદ્ધ નવું તુત શાસ્ત્રને ઓઠે કરવું છે, અને તેના પ્રભુ તેવું જ સમજ્યા હશે કે સમજાવતા હશે?

૨ અન્યોએ કરાતી સાંવત્સરિકની એકદિવસે જાહેર થયેલી ક્રિયાને માયામૃષા કે મૃષાવાદ ગણનારો પેટ કે આંતરડામાં તે જ રાખતો હશે. એ સિવાય આવું અધમ વર્ત્તન થાય જ નહિ.

૩ વાયડા મનુષ્યો જ અનેક કલ્યાણકની તપસ્યા સાથે થઈ શકે એ વાતને ન સમજે, અથવા તેમને નચાવનાર ન સમજાવે તો દિન નિયત એવા પૌષધાદિ ક્રિયામાં તે લગાડે.

૪ કથીર કુટનારે સમજવું જોઈએ કે રવિવારે સંવચ્છરી કરનારાઓ આગ્રહી ન હોતા, તેથી પોતપોતાની જે માન્યતા હતી તે જાહેર કરી હતી, પણ શનિવારની સંવચ્છરી કરનાર મુંબઈના બની બેઠેલા જ આગ્રહી હતા કે જેથી તેઓએ તમને શાસનપક્ષમાંથી કાઢી શેતાનપક્ષમાં નાંખી અત્યાર સુધીની પૂનમની વૃદ્ધિએ કે ક્ષયે તેરસની વૃદ્ધિ અને ક્ષય કરવાની શ્રીતપાગચ્છની પરંપરા અને પોતે પણ પહેલાંના તિથિની વૃદ્ધિ અને ક્ષયના લેખોથી વિરૂદ્ધ ફરી શાસ્ત્રથી પણ વિરોધી વમળમાં વહેવડાવ્યા છે એમ સમજવું. બે ત્રીજ માનનારા શ્રીતપાગચ્છની પરંપરા અને શાસ્ત્રો પ્રમાણે જ માનનારા છે એ વાત વર્ષોથી સ્પષ્ટ છે.

૫ શાસ્ત્રકારોએ અધિક માસને કાલચૂલા તો કહ્યો છે, પણ ફલ્ગુમાસની નવી કલ્પના તો કટ્ટા શાસનવૈરીએ પણ શાસ્ત્રને નામે ગોઠવી નથી. શાસનવૈરી પત્રે એટલું પણ ન વિચાર્યું કે શાસ્ત્રકારો કાલચૂલા જણાવતાં ફક્ત માસને કેમ લે છે? અધિક માસાદિક કહી તિથિ કેમ કહેતા નથી? શું તે વખતે તિથિઓ વધતી નહોતી? શાણાઓ સમજી શકશે કે વધેલો માસ તે જ નામે બોલાતો અને ગણાતો, પણ અધિક તિથિ તે જ નામે નિયતપણે બોલાતી કે ગણાતી ન હોતી. ફલ્ગુતિથિ અને ફલ્ગુમાસ એ શબ્દો શાસ્ત્રીય ક્યાં છે? એ તો ફાગણના ફાટેલાના ફાંટાનો જ શબ્દ છે. (વીરશાસન)

૧ પૂનમ અને અમાવસ્યાના ક્ષયે અને વૃદ્ધિએ તેરસનો ક્ષય અને વૃદ્ધિ કરાય છે એવી અનેક વર્ષોની પરંપરાનો બાધક પાઠ આપવો. ઉદયતિથિ માનવીએ સામાન્ય વાક્ય છે.

૨ **त्रयोदशीचतुर्दश्योः** ના અર્થનો ગોટાળો અને જુઠી કલ્પના છોડાય તો તે પાઠ બરોબર તેરસના ક્ષયની પરંપરાને સૂચવનાર છે.

૩ ચતુર્દશીના ક્ષયે તેરસે ચૌદશ કરવી અને તેરસ તરીકે ન ગણવી એમ સ્પષ્ટ **व्यपदेशस्याप्यसंभवात्** એમ કહીને જણાવે છે, છતાં પૂર્વ અપર્વતિથિનો ક્ષય ન માનવો એ જુઠો કદાગ્રહ નહિ તો બીજું શું?

૪ ટીપ્પણાની અપેક્ષાએ બે અમાવાસ્યા કહેલી હોય તેને આરાધનાની માન્યતાની વાતમાં કેમ લેવાય?

૫ આઠ દિવસની વાતમાં આઠની અને નવદિવસની વાતમાં નવની અપેક્ષા લેવામાં જે વિરોધ સમજે તેની દશા વીતરાગ જાણે.

૬ સંવચ્છરીની તિથિના પલટાને અંગે ચોમાસી પલટાઈ છે તેમાં બે મત છે જ નહિં.

૭ સૂર્યોદયવાળી તિથિની અપેક્ષાએ પચાસ કે સીત્તેર પંદર કે એકસો વીસનો નિયમ નથી, પણ તિથિ ભોગની અપેક્ષાએ જ છે.

૮ ફલ્ગુ કે અભિવર્ધિત નામ તિથિને લગાડે તે સાચું નથી, પણ કલ્પિત જ છે.

૯ તત્ત્વતરંગિણીમાં પૌષધને અંગે તિથિચર્ચા છે, તેથી બે તિથિઓનો ભોગ એકમાં હોય એમ કહી ઉદય ચૌદશે પૂનમની આરાધના વ્યાજબી ગણાતે છતાં બે ભેગા પૌષધો તો ન હોય.

(વીરશાસન)

૧ ચોમાસામાં ભગવાન જિનેશ્વરોનાં સમવસરણો હોય નહિં. ચોમાસા સિવાય પણ જ્યાં સમવસરણ ન થયું હોય અથવા નવો દેવતા આવે તો સમવસરણ થાય. સમવસરણ ન થાય તો પણ આઠ પ્રાતિહાર્યો તો જરૂર હોય જ, બારપર્ષપદાનો સમવસરણની દેશનાને અંગે નિયમ છે. સમવસરણ ન હોય ત્યારે બારે પર્ષદાનો કે તેને બેસવાનો ક્રમ હોય જ શાનો?

૨ વર્ત્તમાનકાલમાં જાતિસ્મરણ અને અવધિજ્ઞાનનો વ્યુચ્છેદ નથી, પણ તે છે એમ કહેવા માત્રથી ન મનાય, પણ પરીક્ષાયે સત્ય થાય તો મનાય.

૩ પ્રશ્નગ્રંથના હિસાબે મોતી ન વીંધાયું હોય તો સચિત્ત ગણાય.

૪ અભવ્યને પાદપોગમન અનશન દ્રવ્યથી હોવામાં અડચણ નથી.

૫ ભગવાન જિનેશ્વરકેવલી અને સામાન્યકેવલીનું આત્મબળ તો સરખું જ હોય છે, શરીર એ સાધન છે અને તેમાં ફેર હોય.

૬ અગ્નિ અને લોઢાના ગોળાનું દૃષ્ટાંત એકમેકપણા માટે છે. મૂર્ત અમૂર્તપણાની અપેક્ષાએ તો ઘટાકાશાદિ કે દ્રવ્યગુણાદિ દૃષ્ટાંતો લેવાય છે.

૭ ચૌદશે, અમાવાસ્યાએ કે પડવે કલ્પધર થાય, પણ છઠ્ઠની તિથિનો નિયમ નથી એમ શ્રીહીરપ્રશ્નમાં કહે છે. (મુંબઈ- વાડીલાલ)

૧ આજકાલ ચેલેંજની ચાખડીએ ચઢવાનો વાયરો વાયો છે. વાયરો એટલા માટે કહેવો પડે છે કે અજમેરના સ્થાનકવાસી ચેલેંજ ફેંકે છે પણ પ્રતિજ્ઞા બહાર પાડી શ્રી જૈનસૂત્રોમાંથી ૧ ભગવાન જિનેશ્વરની પ્રતિમાનાં દર્શન પૂજન કરવામાં પાપ છે.

૨ ભગવાન જિનેશ્વર મહારાજનું ચૈત્ય બનાવવામાં પાપ છે ૩. જૈન સાધુઓએ મુખપત્તિથી રાતદિન મુખ બાંધવું જોઈએ, એ પ્રમાણે હું સાબીત કરીશ, એમ પોતાની સહી સાથે જાહેર કરવું જોઈએ અને સભાપતિ સ્થાન, મુદત આદિ માટે મધ્યસ્થદૃષ્ટિએ જણાવવું જોઈએ, એમાંનું કાંઈ ન કરતાં શ્રાવકો પાસે પ્રતિજ્ઞાપત્ર આદિ સિવાય કાગળ કાળા કરાવવાનું થાય છે એ વાયરોજ છે. વળી શાસનવૈરી પેપર પણ ઉપાધ્યાય ક્ષમાવિજયજી તરફથી આરાધનામાં પર્વતિથિના ક્ષયે પહેલાની અપર્વતિથિનો ક્ષય ન થાય તેમજ પર્વતિથિ બેવડી પણ માની લેવી, એમ ચાલતી પરંપરાથી વિરૂદ્ધ છતાં એ હું શાસ્ત્રથી સાબીત કરીશ એમ સહી સાથેની પ્રતિજ્ઞા બહાર પાડવા સાથે મધ્યસ્થ આદિનું કંઈ કર્યા સિવાય ચેલેંજ શબ્દ વાપરી નાંખ્યો છે. આગળ પણ તે શાસનવૈરીના પ્રભુએ પણ આવી જ રીતે બે વખત ચેલેંજ શબ્દનો સઢ ચઢાવ્યો હતો. આશા છે કે અજમેર અને મુંબઈથી રીતસર ચેલેંજો બહાર પડશે તો સાચા શાસનસેવકોમાંથી જ જરૂર તે ઝીલવા બહાર આવશે.

(અમજેર-અમદાવાદ)

૧ ચૌદશને દિવસે ક્ષીણપૂર્ણિમા હોવાથી તે ચૌદશે ચૌદશ પૂનમ બન્ને છે એમ કહેવાથી ચૌદશ પૂનમના પૌષધ થઈ જાય એમ માને તેની તો બલીહારી જ ગણાય.

૨ આચાર્યાદિ જવાબ આપે જ તો ડેપ્યુટેશન નિમાય એવી વાણી જ વદનારની દાનત જણાવે છે.

૩ ક્ષયમાં અન્ય મતવાળાનું ઐક્યમત્ય જણાવેલું હતું તે વૃદ્ધિ જે અન્યને અમાન્ય ન હોય તેમાં લગાડનારને શું કહેવું ? (વીરશાસન)

૧ મોતીજીના ભંડારાની પ્રતમાં પર્યુષણામાં- અમાસો બે હોય તો ૧૩ બે કરવી, ૦)) કો ક્ષય હુવે તો ૧૨-૧૩ ભેગા કરવા. બારે માસની પૂર્ણિમા તથા ૦)) ક્ષય હુવે તો ૧૨-૧૩ બે ભેગી કરવી, અષાઢ કાર્તિકી ફાગણી ચૈત્રી આસો પૂનમ વૃદ્ધિ હોય તો ૧૩ દોય કરવી, એમ લખ્યું છે તે જાણ્યું. (ઉદયપુર)

૧ कत्तियआसाढफग्गुणमासे खउ पूर्णिमा 3 जइ होई ॥ ता संरवउ तेरसीइ ॥ भणिओ उजिणवरिंदेहिं ॥1॥

આ પ્રમાણે કાર્તિક અષાઢ અને ફાગણમાસમાં જો પૂનમનો ક્ષય હોય તો તેરસનો ક્ષય શ્રીજિનેશ્વરોએ કહેલો છે એવા અર્થને જણાવનાર તમારી ગાથા છે. પ્રાચીન નામાવળા ગ્રંથની અંતર્ગત આ ગાથા જોવામાં તો નથી આવી. જુની સામાચારીની પ્રતમાં આ ગાથા છે એ વાત જાણી. (રાધનપુર)

માનવંતા ગ્રાહકોને

આવતા અંકથી વી.પી. કરવામાં આવશે અને તેની સાથે **'શ્રી તપ અને ઉદ્યાપન'** નામનું ભેટનું પુસ્તક મોકલવામાં આવશે.

સ્થાનિક ગ્રાહકો આ પત્રની ઓફીસમાં લવાજમ ભરી ભેટના પુસ્તક સાથે અંક લઈ જઈ શકશે, જેથી વી.પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

બહારગામના ગ્રાહકોને ભેટના પુસ્તક સાથે અંક વી. પી. કરવામાં આવશે, જે સ્વીકારવા વિનંતી છે.

જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઈચ્છા ન હોય તેઓએ લખી જણાવવું કે જેથી વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

નવા ગ્રાહક થનારાઓએ પોતાનાં નામો સરનામા સહિત લખી જણાવવાં, કારણ કે ગ્રાહક પૂરતી જ નકલો છપાય છે, જેથી પાછળથી પસ્તાવું ન પડે.

મનિઓર્ડર કરનારે પત્રના લવાજમના રૂા. ૨-૦-૦ અને ભેટના પુસ્તકના ટપાલ ખર્ચના રૂા. ૦-૪-૦ મળી કુલ રૂા. ૨-૪-૦ નો મનીઓર્ડર કરવો.

લિ.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

ધનજી સ્ટ્રીટ, ૨૫, ૨૭ મુંબઈ નં. ૩

ગતાંક પા. ૩૦ થી ચાલું ..

પંચાવનમી વિગેરે ગાથાથી ધર્મ વિગેરે ચાર વર્ગોને સાધવાનું જે કહ્યું હતું તે અસાર છે, કારણ કે અર્થ અને કામ એ બે સ્વભાવથી જ સંસારને વધારનારા છે, અને સંસાર અશુભ તેમજ મહાપાપમય છે તેથી તેના ક્ષયને માટે બુદ્ધિશાળી પુરુષોએ ચારિત્રધર્મ જ કરવો જોઈએ. વળી મનુષ્યજીવન વીજળીના ચમકારા જેવું ચંચળ અને અસાર છે, અને કુટુંબીઓનો સંબંધ પણ તેવો જ છે, માટે સર્વ વખત ધર્મનું આરાધન જ કરવું જોઈએ. પરમાર્થની મોક્ષ એ ધર્મનુંજ ફળ છે, તેથી મોક્ષને માટે પણ જિનેશ્વર મહારાજે કહેલો ચારિત્રધર્મ જ વિષયકષાયને છોડીને કરવો જોઈએ.

વળી વાદીએ બાલબ્રહ્મચારીમાં દોષો જણાવ્યા તે પણ કહેવા માત્ર છે, કેમકે વિષયમાં પ્રવર્તેલાને તો સ્મૃતિ આદિ અત્યંત દુષ્ટ દોષો સ્હેજે થાય છે અને બાલબ્રહ્મચારીને જિનેશ્વરના વચનથી બુદ્ધિ ભાવિત થવાથી તેમજ વિષયનું અજ્ઞાનપણું હોવાથી તે કૌતુકાદિ દોષો થતા જ નથી, તેથી એ વાત સિદ્ધ થઈ કે જઘન્યથી અષ્ટ વર્ષની વયવાળા પણ યોગ્ય છે અને ઉત્કૃષ્ટથી અત્યંત વૃદ્ધ ન થાય ત્યાં સુધી યોગ્ય છે, સંસ્તારકશ્રમણ તો અત્યંત વૃદ્ધ પણ થઈ શકે.

ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતા માનનારા માટે કહે છે : **अण्णे ७४, उव ७५, सिअ ७६, ते चेव ७७, ताणि ७८** કેટલાક મંદબુદ્ધિવાળાઓ ગૃહસ્થાશ્રમ જ શ્રેષ્ઠ છે એમ માને છે, કારણ કે સર્વ આશ્રમવાળાઓ તે ગૃહસ્થોના આધારે પોતાનો નિર્વાહ કરે છે. એના ઉત્તરમાં જણાવે છે કે જો નિર્વાહના કારણપણાથી શ્રેષ્ઠતા આવતી હોય તો હળ, ખેડુત અને પૃથ્વી વિગેરેને શ્રેષ્ઠ માનવાં જોઈએ, કેમકે તે ગૃહસ્થો પણ તે હલાદિકને આધારે જ ધાન્ય આદિ પ્રાપ્ત કરી તે દ્વારાએ નિર્વાહ કરે છે, કદાચ એમ કહેવામાં આવે કે તે ખેડુત વિગેરે એમ માનતા નથી કે આ ધર્મનિષ્ઠ મનુષ્યોને અમે ઉપકાર કરીએ છીએ, તેથી તે આધારમાં હલાદિકનું મુખ્યપણું કેમ થાય? એના ઉત્તરમાં જણાવે છે કે તે હળાદિક આધાર ક્રિયા જો ગૃહસ્થ કરતાં અધિક છે તો પછી નહીં માનવાની મતલબ શી? અને એમ કહો કે તે હળાદિકને જ્ઞાન વિગેરે નથી માટે તે શ્રેષ્ઠ ન કહેવાય તો તમારા કહેવા પ્રમાણે જ જ્ઞાનાદિકનું જ શ્રેષ્ઠપણું થયું, અને સાધુને જ્ઞાનાદિક ગુણો તો ઘણા નિર્મળ હોય જ છે, તેથી તે સાધુનું જ શ્રેષ્ઠપણું યોગ્ય છે. વળી સંસારમાં છકાયનો આરંભ છે અને તે મહાપાપનું કારણ છે માટે ચારિત્રધર્મની પ્રવૃત્તિ સર્વ અવસ્થામાં શ્રેષ્ઠ છે. કુટુંબ વગરનાને દીક્ષાલાયક ગણનારાઓને માટે કહે છે :

अण्णे ७९, सोगं ८०, इअ ८१, आरंभ ८२, अण्णं ८३, अह ८४, सिअ ८५, बहु ८६, एवं ८७, तो पाण ८८, एवं ८९, अब्भु ९०.

કેટલાકો કહે છે કે ભાઈ વિગેરે કુટુંબ વિના જ મનુષ્યો આ કહેલી પ્રવ્રજ્યાને લાયક છે, કારણ કે તે કુટુંબ દીક્ષા લેનારને પાળવાલાયક છે અને તેથી દીક્ષા લેનાર તેનો ત્યાગ કરે તેમાં દીક્ષિત થનારને પાપ છે. વળી તે દીક્ષાર્થીના જવાથી દુઃખી થયેલું કુટુંબ જે શોક, આકંદ અને વિલાપ કરે તેમજ તે

દીક્ષાર્થી વગર તે કુટુંબ જે અપકૃત્ય કરે તે બધો દોષ દીક્ષાર્થીને લાગે. આ પક્ષના ઉત્તરમાં જણાવે છે કે તારા કહેવા પ્રમાણે હિંસા વિગેરેને પાપનાં કારણો ન ગણવાં જોઈએ, કદાચ જો તું એમ કહે કે હિંસાવિગેરે પણ પાપનાં કારણો છે, તો કુટુંબના પાલનમાં શું હિંસા વિગેરે નથી થતાં? જરૂર થાય છે. વળી આરંભવગર કુટુંબનું પાલન થતું નથી અને આરંભ (સંસારપ્રવૃત્તિ)માં જરૂર હિંસા વિગેરે થાય છે એ તો પ્રગટ જ છે. વળી કુટુંબનો ત્યાગ વધારે પાપમય છે કે જીવહિંસા વધારે પાપમય છે? તે વિચારો. જો કુટુંબનો ત્યાગ વધારે પાપમય હોય તો તેનું કાંઈક કારણ હોવું જોઈએ. કદાચ કહેવામાં આવે કે તે છોડેલા કુટુંબને પીડા થાય તેથી વધારે પાપ છે, તો તે કુટુંબના પાલનમાં બીજા જીવોને શું પીડા નથી થતી? કદાચ કહેવામાં આવે કે તે પારકા છે, તો સત્યસ્વરૂપના વિચારની અપેક્ષાએ કુટુંબ પણ આત્માથી ભિન્ન જ છે. કદાચ એમ કહેવામાં આવે કે કુટુંબીઓએ તેવું કર્મ કર્યું છે જે કર્મથી દીક્ષાર્થી તેમનો પાલક બને, તો તેના ઉત્તરમાં જણવવાનું કે ત્યારે તે દીક્ષાર્થી કેમ તેઓના પાલકપણે રહેતો નથી? વાદીને કબુલ કરવું જ પડશે કે તેઓના હવે તે કુટુંબીજનોએ દીક્ષાર્થી સિવાયના બીજા પાલકને યોગ્ય જ કર્મ કરેલું છે. માટે તે કુટુંબને છોડવામાં દોષ નથી. વળી અનંતજીવોની પીડાએ થોડા જીવોને સુખ આપવું તે સમજુઓને માન્ય નથી, અને કુટુંબનો ત્યાગ નહિ કરવામાં જલ વિગેરેના અનંત જીવોનો ઘાત થાય છે. કદાચ કહેવામાં આવે કે પરમેશ્વરે તે જલ વિગેરેના જીવો સંસારમાં એવી રીતે મરવા લાયક જ બનાવેલા છે માટે તે જલ વિગેરેની હિંસામાં દોષ નથી, તો આવી રીતે કર્ત્તાપણાનો વાદ અંગીકાર કરવામાં કુટુંબને ત્યાગ કરવાથી પણ દીક્ષાર્થીને દોષ કેમ લાગે? કેમકે તે કુટુંબ પણ પરમેશ્વરે તેવી રીતે ત્યાગ કરવાલાયક જ સરજાયું છે એમ માનવું પડશે, માટે હિંસા વિગેરે જ પાપનાં મોટાં કારણો છે, અને તે હિંસા વિગેરે કુટુંબના પાલનમાં જરૂર થાય છે, એ વાત આગળ પણ કહી છે. વાદી શંકા કરે છે કે તે દીક્ષાર્થી કુટુંબનો ત્યાગ કરે તેમાં થોડો પણ દોષ તે ધર્માર્થે તૈયાર થયેલાને કેમ ન હોય? એનો ઉત્તર દે છે કે **अन्नं च** એ ગાથામાં કહેલો જે અલ્પ દોષ તે માત્ર પક્ષની પરીક્ષા માટે જ કહેલો હતો. તત્ત્વથી તો મમતારહિતપણે વોસીરાવવાની દૃષ્ટિથી કુટુંબનો ત્યાગ કુટુંબઆદિકને શોક વિગેરે થાય તો પણ દોષવાળો નથી. નહિંતર અણસણ કરીને મરનાર મનુષ્યની પાછળ થતા શોક વિગેરેમાં પણ મરેલાને (કદાચ મરનાર સિદ્ધ થયો હોય તોપણ) પાપ માનવું પડશે. કેટલાક મનુષ્યો કુટુંબાદિકે સહિતવાળાને જ દીક્ષા માને છે તે સંબંધીનો વાદ જણાવે છે :

अण्णे ९१, जे पुण ९२, मज्जन्ति ९३, एवंपि ९४, संसार ९५, पालेइ ९६, दीसन्ति ९७, चइ ९८, मंस ९९, पयई १००, ता कीस १०१, अण्णा १०२, चेइअ १०३, एत्थ य १०४, ता थेव १०५, सुत्तं १०६, को वा १०७, धण्णा १०८.

કેટલાકો કહે છે કે કુટુંબાદિકે સહિત એવા જે ભાગ્યશાળીઓ છે તે જ આ દીક્ષાને લાયક છે, કેમકે તે છતી વસ્તુનો ત્યાગ કરવાવાળા હોવાથી ત્યાગી કહી શકાય, પણ જેઓ કુટુંબાદિકે હીન હોવાથી કર્મને લીધેજ ભિખારી બન્યા છે તે રખડતા મનુષ્યો તુચ્છ સ્વભાવવાળા હોવાથી ગંભીર કેમ બને?

વળી તેવા તુચ્છો અધિક પર્યાય પામીને તો ઘણા ભાગે અભિમાની જ થાય અને લોકોમાં પણ શાસનની નિંદા કરાવે અને વળી ભોગ મળેલો ન હતો તેથી ત્યાગી કહેવાય પણ નહિ. આ કથનના ઉત્તરમાં જણાવે છે કે આવું કહેવું તે માત્ર મૂર્ખાઓને આશ્ચર્ય કરનારું અને યુક્તિરહિત છે, કેમકે સત્યરીતિએ અવિવેકનો ત્યાગ કરવાથી જ ત્યાગી માન્યો છે અને તે અવિવેક જ પાપકાર્યનો નેતા અને સંસારની મૂળ જડ છે. તેથી તે અવિવેક ન છોડે તો બાહ્યત્યાગથી ફળ શું? તે દીક્ષિત અવિવેકને છોડે તો જ સાધુક્રિયાને રૂડી રીતે પાળે અને અવિવેક હોય તો કરેલો ત્યાગ પણ નિષ્ફળ છે, જો કે જગતમાં કઈ જીવો અવિવેક છતાં પણ બાહ્યત્યાગવાળા હોય છે, પણ તે પ્રવૃત્તિ તુચ્છ હોવાથી આ ભવ, પરભવ બંનેમાં તે પ્રવૃત્તિવાળાનું જીવન ફળરહિત છે. જેઓ સંસાર છોડીને આરંભ, પરિગ્રહમાં બીજા નામે વર્તે છે, તેઓ અવિવેકમાં જ ડુબેલા જાણવા. જેમ કોઈ અવિવેકી માંસ નહિં ખાવાનાં પચ્ચક્ખાણ કરીને આ દાંત સાફ કરનારી ચીજ છે એમ શબ્દ માત્ર જુદો કરીને માંસને સેવે છે, તેવી રીતે અજ્ઞાની મનુષ્ય આરંભને છોડીને દેવવિગેરેના બહાનાથી આરંભ કરે છે, કારણ કે લોકોમાં વિષને મધુર અને ફોલ્લાઓને શીતળા શબ્દથી જેમ કહેવાય છે તેવી રીતે શબ્દ માત્રનો ભેદ કરવા છતાં પણ જે વસ્તુ સ્વભાવે પાપરૂપ છે તે અયોગ્ય જ છે. વાદી શંકા કરે છે કે કૂવાના દૃષ્ટાંતે પૂજા દિકને શ્રેષ્ઠ જાણવી તેના ઉપદેશ વિગેરેમાં તે પૂજાઆદિકની અનુમતિ કેમ અપાય છે? તેના ઉત્તરમાં કહે છે કે તે પૂજા વિગેરે શ્રાવકોને લાયક છે એમ શાસ્ત્રની વાત બતાવવામાં સાધુને આરંભની અનુમોદના નથી, તેમજ ગચ્છવાસી સાધુને પણ લાયકગુણવાળાની અપેક્ષાએ શાસ્ત્ર પ્રમાણે વર્તતાં આરંભની અનુમોદના નથી, કેમકે શ્રાવક વિગેરે ન હોય તો શાસ્ત્રોક્ત યતનાથી પૂર્વે બનેલા ચૈત્ય વિગેરેમાં કંઈ ગુણનો સંભવ ધારીને અને માર્ગનો નાશ ન થાય એ મુદ્દાથી ગચ્છવાસી સાધુઓ પ્રવૃત્તિ કરે છે. નહિંતર ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન અને શ્રુત એ બધામાં તેણે ઉદ્યમ કર્યો સમજવો કે જેણે તપ અને સંજમમાં ઉદ્યમ કર્યો છે. આ તપ વિગેરે કરવામાં જે માટે અવિવેકના ત્યાગથી જ પ્રવૃત્તિ થાય છે, માટે તે અવિવેકનો ત્યાગ જ શ્રેષ્ઠ છે અને રૂડી રીતે બાહ્યત્યાગ થાય તે પણ તેનું જ ફળ છે, તેથી આ કુટુંબાદિકે સહિત છે કે નથી એ વિચારવું તે અવિવેકનો ત્યાગ થાય તો કોઈપણ રીતે ઉચિત નથી, અને આ અવિવેકનો ત્યાગથી જ તે કુટુંબ ન હોય તો પણ અવિવેકને છોડનાર મહાપુરુષને કોઈપણ જાતના દોષો થવાના નથી. વળી जे कंते એ દશવૈકાલિકની ગાથામાં ભોગવવાળાને ત્યાગી કહ્યો છે તે માત્ર વ્યવહારની અપેક્ષાએ તપ વિગેરે થવાથી જાણવો, પણ તે ગાથામાં કહેલો हु શબ્દ अपि શબ્દના અર્થમાં છે, ને તેથી સ્વજનાદિ વિનાનો પણ પચ્ચક્ખાણ કરનારો મનુષ્ય હોય તો તે પણ ત્યાગી કહી શકાય. સંસારચક્રમાં કોણ કોનો કુટુંબી થયો નથી? કોને કયા ભોગો મળ્યા નથી? માત્ર વિદ્યમાન ભોગોમાં પણ આસક્તિ થાય તે દુષ્ટ છે, ને તેથી તે આસક્તિ છોડવી જ જોઈએ. જો કે અવિવેક અને કુટુંબ બંનેના ત્યાગવાળા ભાગ્યશાળીઓ બીજાઓને ધર્મપ્રવૃત્તિનું પ્રાયે કારણ બને છે, આ વાતમાં વધારે વિસ્તાર કરવાની જરૂર નહિ ગણીને દીક્ષા લેવાવાળાઓનું દ્વાર પૂર્ણ કરે છે.

ओस १०९, दिच्च ११० દીક્ષા આપવાનાં સ્થાન વિગેરે જણાવે છે :-

પ્રથમ સમવસરણમાં દીક્ષા દેવી, તે ન હોય તો જિનચૈત્યમાં, શેરડીના વનમાં, પીપલા વિગેરે વૃક્ષોના સમુદાય જ્યાં હોય ત્યાં, અથવા પડઘાવાળા અને પ્રદક્ષિણાવર્ત જળવાળા સ્થાને દીક્ષાદેવી પણ ભાંગેલા, સળગેલા સ્થાને કે સ્મશાન શૂન્ય કે ખરાબ સ્થાને રાખ, અંગારો, કચરો કે વિષ્ટા આદિવાળા ખરાબ સ્થાને દીક્ષા દેવી નહિ. चाउ १११, तिसु ११२, संझा ११३, एसा ११४ ચૌદશ, પૂનમ, આઠમ, નોમ, છઠ, ચોથ અને બારસ તિથિ સિવાયની તિથિઓએ દીક્ષા દેવી. ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદમાં શિષ્યોની દીક્ષા કરવી તેમજ આચાર્યપદ અને ઉપાધ્યાયપદની અનુજ્ઞા તથા મહાવ્રતોનું આરોપણ પણ તે ચારનક્ષત્રોમાં કરવું, પણ તે નક્ષત્રમાં સૂર્ય આથમ્યો હોય તે संध्यागत નક્ષત્ર ૧ જે નક્ષત્રમાં સૂર્ય રહ્યો હોય તે रविगत નક્ષત્ર ૨ અપદ્વારવાળું विड्वर નક્ષત્ર ૩ ક્રુર ગ્રહે કરીને હણાયેલું संगह्यनक्षत्र ૪ સૂર્યની પાછળ રહેલું विलंबीनक्षत्र ૫ જેમાં ગ્રહણ થયું હોય તે राहुहतनक्षत्र ૬ જેની વચમાં થઈને ગ્રહ જાય તે ગ્રહભિન્ન નક્ષત્ર, એ સાત નક્ષત્રો દીક્ષામાં વર્જવાં જોઈએ, કેમકે કલેશ, ખેદ, પરાજય, વિગ્રહ, ચંચળપણું, કુભોજન, મરણ અને રૂધિરનું વમવું એવા દોષો અનુક્રમે એવા નક્ષત્રમાં દીક્ષિતને થાય છે. ઉપસંહાર કરતાં કહે છે કે પૂર્વોક્ત કહેલા ક્ષેત્ર અને કાળમાં દીક્ષા દેવી, એવી તીર્થંકરની આજ્ઞા છે. કર્મના ઉદયઆદિકનું ક્ષેત્રાદિક એ કારણ છે, માટે ક્ષેત્રાદિકશુદ્ધિનો પ્રયત્ન કરવો ॥ એવી રીતે ચોથા દ્વારની વ્યાખ્યા કરી કેવી રીતે દીક્ષા દેવી એ પાંચમું દ્વાર જણાવે છે.

पुच्छ ११५ દીક્ષાની રીતિ જણાવતાં પ્રશ્ન ૧ કથા ૨ પરીક્ષા ૩ સામાયિક આદિ સૂત્રનુંદાન ૪ ચૈત્યવંદનાદિક ૫ એ વિધિએ સમ્યગ્દીક્ષા આપવી એમ કહે છે. એ પાંચ દ્વારોમાં પૃચ્છનામનું દ્વાર કહે છે :-

धम्म ११६, कुल ११७ ધર્મકથા કે અનુષ્ઠાનથી વૈરાગ્ય પામેલાને દીક્ષા સન્મુખ થયેલાને પૂછવું કે : હે ભદ્ર ! તું કોણ છે? તું ક્યાં રહેનારો છે? અને શા માટે દીક્ષા લે છે? આ પ્રશ્નના ઉત્તરમાં તે દીક્ષાર્થી "હું કુલપુત્ર છું. કે બ્રાહ્મણ વિગેરે છું, હું તગરા નગરી કે મથુરા આદિમાં રહેવાવાળો છું અને પાપમય એવા સંસારના ક્ષયને માટે જ હે ભગવાન્ ! હું દીક્ષા લઉં છું" એવું ઉત્તરમાં કહેનારો તે દીક્ષાના વિષયમાં યોગ્ય છે. તે સિવાયના જીવોમાં યોગ્યતા કે અયોગ્યતા વિચારવાની જરૂર છે. એવી રીતે પ્રશ્નનામનું દ્વાર કહી, કથાનામના દ્વારને કહે છે :

साहि ११८, जह ११९, जह १२०, एमे १२१.

દીક્ષા દેનારે દીક્ષાર્થીને જણાવવું કે ઉત્તમ સાધુક્રિયા તુચ્છજીવોથી પાળી શકાય નહિં અને હિંસાદિકથી નિવૃત્તિ કરનારા જીવોને સારા સુખોની પ્રાપ્તિ અને દેવલોક ગમન વિગેરે શુભફળો થાય છે. જેવી રીતે જિનેશ્વરની આજ્ઞા આરાધવાથી મોક્ષ મળે છે, તેવી જ રીતે વિરાધેલી તે આજ્ઞા સંસારદુઃખને દેનારી પણ થાય છે. જેમ રોગી મનુષ્ય રસાયન જેવી દવા શરૂ કરીને અપથ્યસેવે તો નહિં દવા કરનારા કરતાં

જલદી અધિક નુકશાનને પામે છે, તેવી રીતે કર્મરૂપી ભયંકર વ્યાધિના નાશને માટે પ્રવ્રજ્યા અંગીકાર કરીને પ્રવ્રજ્યાથી વિરૂદ્ધ વર્તનારો ભગવાનની આજ્ઞાનો લોપક અને દુષ્ટ અભિપ્રાયવાળો થઈ અધિક કર્મ બાંધે છે. આવી રીતે કથાનામનું બીજું અંતર્દ્વાર પુરૂં કરી,પરીક્ષાનામનું ત્રીજું અંતર્દ્વાર કહે છે.

અબ્ભુ ૧૨૨ દીક્ષા દીધા પછી પણ સાધુપણાના આચારવિચાર આદિક દેખાડવા દ્વારાએ તેમજ સાવદ્ય (છકાયનો આરંભ)નો ત્યાગ કરે છે કે નહિ તે દ્વારાએ છ મહિના સુધી પરીક્ષા કરવી. કોઈક પાત્રની અપેક્ષાએ પરિણામી પાત્રમાં થોડો અને અપરિણામી પાત્રમાં ઘણો કાળ પરીક્ષા માટે જાણવો. એવી રીતે પરીક્ષા નામનું અંતર્દ્વાર કહી સામાયિક આદિ સૂત્રદાન નામનું અંતર્દ્વાર કહે છે. મલધારી શ્રી હેમચંદ્રસૂરિજીના કથન પ્રમાણે દીક્ષા પહેલાં પણ પ્રાયે છ માસ પરીક્ષાનાં વખત છે.

સોભણ ૧૨૩ વિશિષ્ઠ નક્ષત્રવાળા દિવસે ચૈત્યવંદનાદિક વિધિપૂર્વક સામાયિક, પ્રતિક્રમણ, ઈરિયાપથિક આદિ સૂત્રો જેને જે દેવા યોગ્ય હોય તે પાત્ર પ્રમાણે આપે. સૂત્રદાનદ્વાર પછી બાકીનો વિધિ જણાવે છે.

તત્તો ૧૨૪, **ચિઇ** ૧૨૫ પછી પોતાની શક્તિ પ્રમાણે વીતરાગની માલ્યાદિકે અને સાધુની વસ્ત્રાદિકે દીક્ષાર્થી પૂજા કરે. પછી ઉપયોગવાળા ગુરુ આ પ્રમાણે વિધિ કરે. ચૈત્યવંદન[1] રજોહરણ આપવું[2], લોચ કરવો[3], સામાયિકનો કાયોત્સર્ગ કરવો, ત્રણ વખત સામાયિક બોલવું અને ત્રણ વખત પ્રદક્ષિણા કરવી, એ હકીકત અનુક્રમે કહે છે :

સેહ ૧૨૬, **પુર** ૧૨૭, **ખલિય્** ૧૨૮, **વંદિય** ૧૨૯, **ઇચ્છા** ૧૩૦, **પુવ્વા** ૧૩૧ આચાર્ય શિષ્યને ડાબે પડખે રાખીને સાધુઓની સાથે વર્ધમાનસ્તુતિએ ચૈત્યવંદન કરે, સૌથી આગળ આચાર્ય બેસે અને બાકીના સાધુઓ અનુક્રમે પોતાના યોગ્ય સ્થાને બેસે. વિધિ કરતાં અસ્ખલિતાદિ ગુણવાળાં સૂત્રો અનુક્રમે બોલે, કેમ વિપરીતસ્થાન અને વિપરીતઉચ્ચારમાં વિધિ થાય છે. સ્ખલનાવાળું, મળેલું, ઉલટપાલટ, હીન અક્ષર, અધિક અક્ષર આદિ દોષયુક્ત વંદન કરતાં અસમાચારી થાય છે એમ સૂત્રકારની આજ્ઞા છે, ચૈત્યવંદન કરીને ઉભા રહેલા ગુરુની આગળ વંદના કરીને શિષ્ય બોલે કે આપની ઈચ્છાથી મને દીક્ષા આપો. પછી ગુરુ, ઈચ્છામો, એમ કહીને ઉભા થઈને નવકાર ગણીને જિનેશ્વર મહારાજે જણાવેલું રજોહરણરૂપી સાધુનું લિંગ આપે. તે રજોહરણ પૂર્વદિશા સન્મુખ, ઉત્તરદિશા સન્મુખ, જે દિશામાં જિનેશ્વર હોય તે દિશા સન્મુખ કે જિનચૈત્યની દિશાની સન્મુખ દેવું કે લેવું જોઈએ. હવે રજોહરણના શબ્દાર્થને જણાવે છે.

હરઇ ૧૩૨, **સંજમ** ૧૩૩ જે માટે જીવોની બાહ્ય અને અભ્યંતર રજને હરણ કરે તે માટે રજોહરણ એમ કહેવાય છે. પ્રમાર્જનારૂપ કાર્યનો રજોહરણરૂપ કાર્યમાં ઉપચાર છે. જે માટે પડિલેહણ વિગેરે સંજમના વ્યાપારો બંધાતા કર્મને હરણ કરનારા છે, અને તેનું કારણ રજોહરણ છે. અહીં રજશબ્દથી બંધાતું કર્મ લેવું. કેટલાકો સંયમના ઉપકરણરૂપ રજોહરણને નહિં માનનારા જે કહે છે તે જણાવી તેનો ઉત્તર

જણાવે છે.

કેઈ ૧૩૪, મૂઇંગ ૧૩૫, પડિ ૧૩૬, આય ૧૩૭ કેટલાક મિથ્યાત્વી એવા દિગંબરો કહે છે કે સંયમયોગનું કારણ રજોહરણ નથી, કારણ કે તે રજોહરણથી સંમાર્જન વિગેરે કરવામાં જીવોની વિરાધના થાય છે, કેમકે તેથી કીડી, મંકોડી વિગેરેનો નાશ થાય છે, તેઓ તેથી ત્રાસ પામીને અત્યંત ગમન કરનારા થાય છે, અને તેના દાણાઆદિ પડી જવાથી દાણાનો અંતરાય વિગેરે થાય છે. વળી રેતીથી દરો ઢંકાઈ જાય છે, અને રજોહરણમાં પણ જીવની ઉત્પત્તિ થાય છે. એ બધો પ્રકાર ઉપઘાત હોવાથી રજોહરણને સંયમનું સાધન માનવું નહિ. એવા કથનનો ઉત્તર આ પ્રમાણે સમજવો, પડિલેહણ કરીને તેવા પ્રકારના જીવોની રક્ષા માટે પ્રમાર્જન કરવાથી ઉપઘાત કેમ કહેવાય? સ્થંડિલ, માતરૂ વિગેરે વગર પ્રમાર્જને રાત્રે કરવામાં દોષ તો ચોકખો છે. રાત્રે સ્થંડિલ, માતરૂ રોકે તો આત્માની વિરાધના થાય અને વગર પ્રમાર્જને જઈને કરે તો જીવોની વિરાધના થાય. બન્ને પ્રકારે રજોહરણ જરૂરી છે, છતાં તેને સંયમના ઉપકરણ તરીકે નહિં માનનારના તીર્થંકરનું અજ્ઞાન ગણાય, ને તેથી ભગવાન તીર્થંકરોની આશાતના થાય, તેમજ શરીરની માફક વિધિપૂર્વક વપરાશ કરતા ઉપકરણમાં જીવોત્પત્તિ કે અંતરાયનો દોષ લાગે નહિં. એવી રીતે રજોહરણનું દ્વારા પુરૂં કરી લોચદ્વાર કહે છે :

અહ ૧૩૮, ઇચ્છા ૧૩૯ રજોહરણ લીધા પછી પરમભક્તિવાળો શિષ્ય ગુરુને વંદન કરીને ઈચ્છાકારેણપૂર્વક 'મને મુંડન કરાવો' એમ પ્રણામપૂવક કહે, ગુરુ પણ 'ઈચ્છામ' એમ કહીને ત્રણ વખત નવકાર ગણીને તે શિષ્યની અસ્ખલિતપણે ત્રણ ચપટી લઈ લોચ કરે. એવી રીતે લોચ (અષ્ટા) નામનું દ્વાર કહ્યું, હવે સામાયિક કાર્યોત્સર્ગ દ્વાર કહે છે :

વંદિ ૧૪૦, ઇચ્છા ૧૪૧, લોગ ૧૪૨, શિષ્ય ફરી આચાર્યને વંદન કરીને વૈરાગ્યવાળો છતાં કહે છે 'ઈચ્છાકારેણ' મને સમ્યક્ત્વ આપો. પછી 'ઈચ્છામો' એમ કહીને શિષ્યની સાથે ગુરુ પણ સામાયિક આરોપવા માટે 'અન્નત્થ ઊસસિએણં' સૂત્ર કહીને કાઉસ્સગ્ગ કરે, કાઉસ્સગ્ગમાં લોગસ્સ (સાગરવરગંભીરા સુધી) ચિંતવીને સંભ્રમ વગર નમસ્કારથી પારે.

એવી રીતે કાઉસગ્ગદ્વાર કહીને સામાયિક પાઠદ્વાર કહે છે : સામા ૧૪૩,

નવકારપૂર્વક ત્રણ વખત 'કરેમિ ભંતે' ઉચ્ચરાવે. તે વખતે શુદ્ધપરિણામવાળો અને આત્માને કૃતાર્થ માનતો શિષ્ય સામાયિકનો મનમાં જેમ ગુરુ બોલે તેમ અનુવાદ કરે. હવે પ્રદક્ષિણાદ્વાર કહે છે.

તત્તો ૧૪૪, તીવંદ ૧૪૫, વંદિ ૧૪૬, તુબ્ભે ૧૪૭, ણિત્થા ૧૪૮, અન્ને ૧૪૯, આહ ૧૫૦, આય ૧૫૧, આયં ૧૫૨, લોગુ ૧૫૩, વંદમ્ ૧૫૪, ભવ ૧૫૫, પછી ગુરુમહારાજ વાસક્ષેપ લઈને આચાર્ય હોય તો સૂરિમંત્રથી અને તે સિવાયના ગુરુ પંચ નમસ્કારથી જિનેશ્વરના ચરણકમળમાં વાસક્ષેપ કરે. પછી નમસ્કારપૂર્વક જ મોટા નાના અનુક્રમે સાધુ, સાધ્વી, અને શ્રાવક, શ્રાવિકાને વાસક્ષેપ આપે.

પછી જિનેશ્વર મહારાજને શિષ્ય પાસે વંદન કરાવે. પછી શિષ્ય ઉભો થકો વાંદીને કહે કે 'હુકમ કરો, શું કહું?'

ગુરુ કહે કે 'વાંદીને નિવેદન કર' પછી શિષ્ય વાંદીને અર્ધા નમેલા શરીરે ઉપયોગવાળો થકો એમ બોલે કે 'તમે મને સામાયિક આરોપ્યું, હવે શિક્ષા ઈચ્છું છું.' પછી ગુરુ શિષ્યના માથે વાસક્ષેપ દેતા થકા કહે કે, 'પ્રતિજ્ઞાનો નિર્વાહ કરનાર અને સંસારનો પાર પામનાર થા, તેમજ ઘણા જ્ઞાનાદિકગુણોએ કરીને વૃદ્ધિ પામ' એમ કહ્યા પછી શિષ્ય વંદન કરીને કહે કે આપને નિવેદન કર્યું, હુકમ કરો કે જેથી સાધુઓને નિવેદન કરું. કેટલાક આચાર્યો અહીં જિનેશ્વર આદિને વાસક્ષેપ દેવાનું કહે છે. પછી ગુરુમહારાજ 'વાંદીને નિવેદન કર', એમ કહે ત્યારે શિષ્ય અસ્ખલિત નવકારને ગણતાં અને ઉપયોગવાળો પ્રદક્ષિણા કરે, આ વખતે આચાર્ય વિગેરે બધા શિષ્યના માથા ઉપર વાસક્ષેપ આપે. એવી રીતે ત્રણ વખત જાણવું. કેટલાક આચાર્યો અહીં ફરી પણ કાઉસગ્ગ કરવાનું કહે છે. દીક્ષા વખતે જેની પરંપરાએ જે તપ દીક્ષા વખતે કરાવવામાં આવતું હોય તે આયંબિલ વિગેરે તપ નક્કી કરાવે, પણ કોઈપણ તપ કે આયંબિલ ન કરાવે તો દોષ નથી. પછી જિનેશ્વરના ચરણકમળમાં નમસ્કાર કરે, અને આસન ઉપર બેઠેલા આચાર્યને ભાવથી નમસ્કાર કરી બીજા સાધુઓને નમસ્કાર કરે. પછી તે નવદીક્ષિતને સર્વ સાધ્વીઓ અને શ્રાવકશ્રાવિકાઓ વંદન કરે. એ વિધિ થયા પછી એ નવદીક્ષિત સંભ્રમરહિતપણે આચાર્યની પાસે સામો બેસે, ત્યારે આચાર્ય તેને ભવસમુદ્રથી તરવા માટે યાનપાત્ર સમાન એવો જે ધર્મ તે એવી રીતે કહે કે જે સાંભળીને બીજો પણ શ્રોતા સંસારથી વૈરાગ્ય પામી દીક્ષાને અંગીકાર કરે. ધર્મકથનની રીતિ જણાવે છે :-

भूते १५६, देसे १५७, होइ १५८, सीले १५९, पण्ण १६०, तातह १६१, लध्धूण १६२, एअंमि १६३.

જીવોમાં ત્રસપણું, તેમાં પણ ઉત્કૃષ્ટ પંચેંદ્રિયપણું, તેમાં પણ મનુષ્યપણું, તે મળ્યા છતાં આર્યદેશ, તેમાં શ્રેષ્ઠકુળ, તેમાં ઉત્તમજાતિ, તેમાં પણ સારૂં રૂપ, તેમાં પણ અત્યંત બળ, તેમાં પણ દીર્ઘ આયુષ્ય, તેમાં હેય ઉપાદેયનો નિશ્ચય, તેમાં પણ સમ્યક્ત્વ, તેમાં પણ વિરતિની પ્રાપ્તિ, તેમાં ક્ષાયિક ભાવ અને તેમાં પણ કેવળજ્ઞાન, એ અનુક્રમે દુર્લભ છે. કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રાપ્ત થયા પછી પરમ ઉદયવાળો મોક્ષ પ્રાપ્ત થાય છે. આવી રીતે મોક્ષ સાધવાનો ઉપાય પંદર ભાગવાળો છે, તેમાં તને ઘણું પ્રાપ્ત થયું છે અને થોડું જ પામવું બાકી છે, તેથી તારે શીલમાં તેવી રીતે પ્રયત્ન કરવો કે જેથી થોડા કાળમાં તું મોક્ષને પામે, કેમકે વ્રતને અસાધ્ય હોય એવું આ જગતમાં કાંઈપણ નથી, અને તે વ્રત તને પ્રાપ્ત થયું છે. આ ચિંતામણિ કલ્પવૃક્ષ કરતાં અધિક, આ લોક અને પરલોકમાં ઉત્કૃષ્ટ સુખને દેનારૂં, તીર્થંકર આદિઓએ આચરેલું એવું વ્રત તને મળ્યું છે, તેથી તે જિનકથિત વ્રતમાં હંમેશાં પ્રમાદ રહિત રહેવું જોઈએ, અને સંસારનું ભયંકર નિર્ગુણપણું વિચારવું જોઈએ. પૂર્વોક્ત વિધિને નહિં સહન કરનારાઓનો પક્ષ અને તેનો ઉત્તર કહે છે :-

આહ ૧૬૪, સુવ્વ ૧૬૫, સંપા ૧૬૬, સઇ ૧૬૭, સચ્ચં ૧૬૮, જિણ ૧૬૯, લકિખ ૧૭૦, આહ ૧૭૧, જઇ ૧૭૨, વવ ૧૭૩, હોંતે ૧૭૪, અસઇ ૧૭૫, હોન્તિ ૧૭૬, તમ્હા ૧૭૭, છઉ ૧૭૮, આહ ૧૭૯.

કેટલાકો કહે છે કે વિરતિનો ભાવ તે જ તત્ત્વથી દીક્ષા છે એમ જિનેશ્વરનું જે માટે કથન છે તે માટે તેવી રીતિએ ઉદ્યમ કરવો કે જેથી પરિણામ થાય, પણ આ ચૈત્યવંદન આદિ વિધિ કરવાનું કામ શું ? શાસ્ત્રમાં પણ ભરતમહારાજ વિગેરેને ક્રિયાના આડંબર સિવાય પણ વિરતિનાં પરિણામ થયાં સંભળાય છે, તેમજ વ્રતનાં પરિણામ ન હોય તો કેવળજ્ઞાન ન થાય એમ શાસ્ત્રમાં કહ્યું છે. અર્થાત્ વિધિના અભાવે કેવળજ્ઞાનનો અભાવ કહ્યો નથી, તેમજ વિધિ કરવાથી પરિણામ થઈજ જાય એવો નિયમ નથી, જે માટે અભવ્ય એવા અંગારમર્દક વિગેરે પણ દીક્ષાનો વિધિ કરે છે. વળી, પરિણામ સાક્ષીત હોય તો વિધિ કરવો નિષ્ફળ છે, અને જો પરિણામ ન જ હોય તો દીક્ષાનો વિધિ કરાવતાં ગુરુને પણ મૃષાવાદ લાગે છે, માટે દીક્ષાનો વિધિ કરવો યોગ્ય નથી. વાદીના એ કથનના ઉત્તરમાં શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે વિરતિનો પરિણામ તે પ્રવ્રજ્યા કહેવાય એવું જિનેશ્વરનું કથન છે તે સત્ય છે, પણ આ વિધિ તે પ્રાયે પરિણામનો ઉપાય છે તેથી કરાય છે. રજોહરણ એ જિનેશ્વરે કહેલું સાધુચિન્હ છે અને તેને ગ્રહણ કરવામાં આજ વિધિ છે, મને આ પ્રાપ્ત થયો છે તેવી રીતે વિચારતાં શિષ્યને વિરતિનો પરિણામ થાય અને એ વાત કાર્ય દ્વારાએ જણાય છે, કારણ કે તે ચૈત્યવંદનપૂર્વક સામાયિક (પ્રવ્રજ્યા) લઈને સત્પુરૂષો પ્રાયે કિંચિત્ પણ અકાર્ય સેવતા નથી. ભરત વિગેરેની હકીકત કોઈક જ વખત બનવાવાળી હોવાથી વિધિના નાશ માટે તેને અહીં આગળ કરવી યોગ્ય નથી, કારણ કે સૂત્રમાં વ્યવહાર અને નિશ્ચય બંને સરખા કહેલા છે, તે જ જણાવે છે કે જો જિનમતને અંગીકાર કરે તો વ્યવહાર અને નિશ્ચય મ્હેલીશ નહિ, તેમાં પણ વ્યવહારનયનો નાશ કરવાથી તો જરૂર શાસનનો જ નાશ થાય છે. વ્યવહારપ્રવૃત્તિથી પણ હું દીક્ષિત છું વિગેરે શુભ પરિણામ થાય, અને તેથી જરૂર નિશ્ચયનયે માનેલા કર્મના ઉપશમ વિગેરે પ્રાપ્ત થાય. વિરતિનાં પરિણામ હોય તો પણ બાકીની પ્રતિક્રમણાદિકની ક્રિયાઓની પેઠે આજ્ઞાનું આરાધન થવાથી આ ચૈત્યવંદનાદિક વિધિ નકામો નથી, તેમજ આજ્ઞાઆરાધન કરવાની ભાવનાથી વિધિ કરાવવાવાળા ગુરુને શિષ્યનો પરિણામ ન હોય તો પણ જરાપણ મૃષાવાદ લાગતો નથી. કદાચ શિષ્ય કોઈક કર્મના ઉદયથી અયોગ્ય રસ્તે પ્રવર્તે તોપણ પરિવાર આદિની અપેક્ષા રહિત હોવા સાથે પરિણામની નિર્મળતા હોવાની ગુરુને તો જરૂર વિધિ કરવામાં ફાયદો જ છે, માટે આ પ્રવજ્યાનું વિધાન ગુણ થવાની અપેક્ષાએ યોગ્ય જ છે, અને વિધાન નહિ કરવામાં તીર્થનો નાશ થાય વિગેરે દોષો છે, કેમકે છદ્મસ્થ એવા ગુરુ શિષ્યના પરિણામને સમ્યગ્ જાણે નહિ અને તેથી દીક્ષા દે નહિ, તેમજ અવધિજ્ઞાનાદિક પણ તે દીક્ષા વિના બને નહિ તેથી અતિશયવાળાને પણ દીક્ષા દેવાનું રહેશે નહિ, તો પછી ચારિત્રધર્મ જ ક્યાં રહેશે? (અપૂર્ણ)

પૂર્વ મહર્ષિઓએ શાસ્ત્ર-સમુદ્રનું મંથન કરી કાઢેલાં રત્નોમાંના કેટલાંક રત્નો

.....યાને.....

જૈન-તત્ત્વજ્ઞોને અમૂલ્ય અવસર

(૧) શ્રી આચારાંગસૂત્ર ભગવત્ શીલાંકાચાર્ય વિરચિત વૃત્તિ સમલંકૃત — સટીક ભા.૧ રૂા. ૫-૦-૦ / સટીક ભા. ૨ રૂા. ૨-૦-૦

(૨) ભગવતીજી સૂત્ર સટીક
શ્રી દાનશેખર સૂરીશ્વરવિરચિત વિષમપદ વ્યાખ્યા — કિંમત રૂા. ૫-૦-૦

(૩) વિશેષાવશ્યક ભાષ્ય સટીક ભા.૧
શ્રીકોટ્યાચાર્યવિરચિત વૃત્તિ સંયુત — કિંમત રૂા. ૫-૦-૦

(૪) પુષ્પમાલા સટીક,
મલધારીય ભગવદ્ હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞવૃત્તિ સહિત — કિંમત રૂા. ૬-૦-૦

(૫) તત્ત્વાર્થસૂત્ર ભાષ્ય સહિત-અને ભાષ્યાનુસારિ ટીકા સહિત, — કિંમત રૂા. ૬-૦-૦
ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરવિરચિત તત્ત્વાવબોધિની ટીકા સહિત
(ભાષ્ય જુદું પણ મળી શકશે) — કિંમત રૂા. ૧-૦-૦

(૬) બુદ્ધિસાગર — કિંમત રૂા. ૦-૩-૦
(સોની સંગ્રામસિંહ વિરચિત, ધર્મ અને નીતિમય ઉપયોગી લઘુગ્રંથ)

(૭) કલ્પકૌમુદી
(ઉપાધ્યાય શ્રીમત્ શાંતિસાગરજી વિરચિત કલ્પસૂત્રની વૃત્તિ સહિત — કિંમત. રૂા. ૨-૦-૦

(૮) ભવભાવના (સટીક) મલધારી ભગવાન્ હેમચંદ્રસૂરિવિરચિત
સ્વોપજ્ઞ વૃત્તિયુત. ભાગ ૧. — કિં રૂા. ૩-૮-૦

(૯) ષોડશક પ્રકરણ (ભગવાન હરિભદ્રસૂરિ વિરચિત, આચાર્ય
યશોભદ્રસૂરિ પ્રણીત-વૃત્તિ સહિત — કિં. રૂા. ૧-૦-૦

(૧૦) ષડાવશ્યક સૂત્રાણિ નૂતન કે બાલ વિગેરે સાધુ સાધ્વી યોગ્ય
સર્વ આવશ્યક-ક્રિયાનાં સૂત્રો વિધિ સહિત જેની અંદર સર્વ
વિધિઓ પણ ગોઠવવામાં આવી છે. — કિં. રૂા. ૦-૮-૦

.....નવા છપાતા ગ્રંથો.....

૧ અંગના અકારાદિ તથા બૃહલ્લઘુ-વિષયાનુક્રમ (૧૧ અંગના અનુક્રમ અકારાદિક્રમ)
૨ વિશેષાવશ્યક ભાષ્ય સટીક ભા.૨ (શ્રી કોટ્યાચાર્યા ટીકા)
૩ ઉત્પાદાદિ સિદ્ધિ (શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત)
૪ પ્રવ્રજ્યાવિધાનકુલક સમરાદિત્ય સંક્ષેપકાર શ્રીપદ્મુમ્નસૂરિ વિરચિત વૃત્તિ સહિત
૫ ભગવતીસૂત્ર (સટીક) ભગવાન્ નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ પ્રણીત-વૃત્તિયુક્ત
૬ પ્રવચન પરીક્ષા મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી ગણી)
૭ ભવભાવનાવૃત્તિ ભાગ ૨ જો.

-: પ્રાપ્તિસ્થાન :-

૧ શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત

૨ માસ્તર કુંવરજી દામજી, મોતી કડીયાની મેડી, પાલીતાણા

Regd. No. 3047

"શ્રી સિદ્ધચક"નું

પાંચમું વર્ષ

ગ્રાહકોને ખાસ લાભ

માત્ર બે રૂપિયા જેટલી સાવ નજીવી

રકમમાં

આગમરહસ્ય, સાગરસમાધાન, અમોઘદેશના, જૈનધર્મ, શાસ્ત્રો કે પત્ર ઉપર જાહેર કે ખાનગી થતા આક્ષેપોની ટુંકી સમાલોચના, જૈન ધર્મનું રહસ્ય સમજાવતા લેખો આદિનું લગભગ ૬૫૦ પાનાનું વાચન

તેમજ

આ વર્ષે બહાર પડનાર

"શ્રી તપ અને ઉદ્યાપન"

કોઈપણ જાતના મૂલ્ય વગર

ચાલુ લવાજમમાં ભેટ !

ગ્રાહક થવા આજે જ લખો :-

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

ધનજી સ્ટ્રીટ, ૨૫, ૨૭, મુંબઈ ૩

सिद्धचक्र

तंत्री
પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ
૫

અંક
૩

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ
— મુંબઈ —

પંચમ વર્ષ
કાર્તિક સૂદિ પૂર્ણિમા

卐

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

१९९३ : : १९३६

તા. ૨૮-૧૧-૩૬

વીર સંવત્ ૨૪૬૩

પૂર્વ મહર્ષિઓએ શાસ્ત્ર-સમુદ્રનું મંથન કરી કાઢેલાં રત્નોમાંના કેટલાંક રત્નો

.....યાને.....

જૈન-તત્ત્વજ્ઞોને અમૂલ્ય અવસર

(૧) શ્રી આચારાંગસૂત્ર ભગવત્ શીલાંકાચાર્ય વિરચિત વૃત્તિ સમલંકૃત — સટીક ભા.૧ રૂા. ૫-૦-૦ / સટીક ભા. ૨ રૂા. ૨-૦-૦

(૨) ભગવતીજી સૂત્ર સટીક
શ્રી દાનશેખર સૂરીશ્વરવિરચિત વિષમપદ વ્યાખ્યા — કિંમત રૂા. ૫-૦-૦

(૩) વિશેષાવશ્યક ભાષ્ય સટીક ભા.૧
શ્રીકોટ્યાચાર્યવિરચિત વૃત્તિ સંયુત — કિંમત રૂા. ૫-૦-૦

(૪) પુષ્પમાલા સટીક,
મલધારીય ભગવદ્ હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞવૃત્તિ સહિત — કિંમત રૂા. ૬-૦-૦

(૫) તત્ત્વાર્થસૂત્ર ભાષ્ય સહિત-અને ભાષ્યાનુસારિ ટીકા સહિત, ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરવિરચિત તત્ત્વાવબોધિની ટીકા સહિત — કિંમત રૂા. ૬-૦-૦
(ભાષ્ય જુદું પણ મળી શકશે) — કિંમત રૂા. ૧-૦-૦

(૬) બુદ્ધિસાગર — કિંમત રૂા. ૦-૩-૦
(સોની સંગ્રામસિંહ વિરચિત, ધર્મ અને નીતિમય ઉપયોગી લઘુગ્રંથ)

(૭) કલ્પકૌમુદી
(ઉપાધ્યાય શ્રીમત્ શાંતિસાગરજી વિરચિત કલ્પસૂત્રની વૃત્તિ સહિત — કિંમત. રૂા. ૨-૦-૦

(૮) ભવભાવના (સટીક) મલધારી ભગવાન્ હેમચંદ્રસૂરિવિરચિત સ્વોપજ્ઞ વૃત્તિયુત. ભાગ ૧. — કિ રૂા. ૩-૮-૦

(૯) ષોડશક પ્રકરણ (ભગવાન હરિભદ્રસૂરિ વિરચિત, આચાર્ય યશોભદ્રસૂરિ પ્રણીત-વૃત્તિ સહિત — કિ. રૂા. ૧-૦-૦

(૧૦) ષડાવશ્યક સૂત્રાણિ નૂતન કે બાલ વિગેરે સાધુ સાધ્વી યોગ્ય સર્વ આવશ્યક-ક્રિયાનાં સૂત્રો વિધિ સહિત જેની અંદર સર્વ વિધિઓ પણ ગોઠવવામાં આવી છે. — કિ. રૂા. ૦-૮-૦

.....નવા છપાતા ગ્રંથો.....

૧ અંગના અકારાદિ તથા બૃહલ્લઘુ-વિષયાનુક્રમ (૧૧ અંગના અનુક્રમ અકારાદિક્રમ)
૨ વિશેષાવશ્યક ભાષ્ય સટીક ભા.૨ (શ્રી કોટ્યાચાર્યા ટીકા)
૩ ઉત્પાદાદિ સિદ્ધિ (શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત)
૪ પ્રવ્રજ્યાવિધાનકુલક સમરાદિત્ય સંક્ષેપકાર શ્રીપદ્મપ્રભસૂરિ વિરચિત વૃત્તિ સહિત
૫ ભગવતીસૂત્ર (સટીક) ભગવાન્ નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ પ્રણીત-વૃત્તિયુક્ત
૬ પ્રવચન પરીક્ષા મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી ગણી)
૭ ભવભાવનાવૃત્તિ ભાગ ૨ જો.

-: પ્રાપ્તિસ્થાન :-

૧ શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત
૨ માસ્તર કુંવરજી દામજી, મોતી કડીયાની મેડી, પાલીતાણા

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोयद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५		अंक ३
विक्रम सं. १९९३	वीर सं. २४६३	सन १९३६
कार्तिक सूदि पूर्णिमा	शनिवार	नवेम्बर २८

वार्षिक लवाजम रू. २-०-० छुटक नकल रू. ०-१-६

उद्देश

नवपदोमय श्री सिद्धचक्रनी आराधना अने श्री आचामाम्ल वर्धमान तपनी प्रवृत्ति पोषवा साथे आगमनी मुख्यतावाळी देशना, अने शंकाना समाधानोनो फेलावो करशे :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽद्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"आगमोद्धारक."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

વર્ણોત્પત્તિના ક્રમકારણ અને પ્રયોજનમાં તત્ત્વ શું ?

દ્રવ્યનંદીના પ્રસંગે ભગવાન જિનેશ્વરોની દ્રવ્યપૂજાને અંગે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોનું પરોપકાર નિરતપણું જણાવતાં જે વર્ણવ્યવસ્થા કરવાનો અધિકાર ચાલેલો છે, તેમાં અન્ય મતવાળાઓ વર્ણોની ઉત્પત્તિ માનતાં બ્રાહ્મણ આદિ વર્ણોની અનુક્રમે ઉત્પત્તિ માને છે, અર્થાત્ પહેલવહેલી બ્રાહ્મણવર્ણની ઉત્પત્તિ થઈ અને પછી બીજા વર્ણોની ઉત્પત્તિ થઈ એમ જણાવે છે, પણ તેમાં આદ્યવર્ણની ઉત્પત્તિનું પણ પ્રયોજન અનિવાર્ય હોય એવું જણાવાતું નથી, તો પછી બીજા વર્ણોની ઉત્પત્તિ માટેનું તો અનિવાર્ય પ્રયોજન જણાવાય જ ક્યાંથી ? ત્યારે સનાતનવાદીઓ સર્વ વર્ણમાં પ્રથમ ક્ષત્રિયવર્ણની ઉત્પત્તિ જણાવવા સાથે તેનું કારણ અને પ્રયોજન જણાવે છે. વળી તે ક્ષત્રિયવર્ણની અવાંતર જાતો પણ કયા કયા કારણથી અને કયા કયા પ્રયોજન માટે ઉત્પન્ન થઈ તે સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે અને ક્ષત્રિયવર્ણની ઉત્પત્તિની માફક જ વૈશ્ય અને શુદ્રવર્ણની પણ ઉત્પત્તિ કયા કયા કારણે અને પ્રયોજને થઈ તથા કેવા અનુક્રમે થઈ તે પણ જણાવે છે અને એ બધી હકીકત આગળ સારા રૂપમાં જણાવાઈ ગયેલી છે. હવે છેવટે ઉત્પન્ન થયેલી બ્રાહ્મણજાતિનો ક્રમ અને પ્રયોજન જણાવવાના પ્રસંગે ભગવાન શ્રી ઋષભદેવજીની સાધુતાનો પ્રસંગ વિચારવાનો છે.

સનાતનવાદિઓએ જણાવેલ વર્ણોત્પત્તિથી ચમકવું નહિં.

આ સ્થળે વાચકોએ ધ્યાનમાં રાખવું કે સનાતનવાદીઓ બ્રાહ્મણવર્ણની ઉત્પત્તિ જે ક્ષત્રિયાદિ વર્ણોની ઉત્પત્તિ થયા પછી જણાવે છે તે બ્રાહ્મણવર્ણની કોઈ પણ પ્રકારે અવજ્ઞા કે અનાદરના હેતુથી નથી અને તે મુદ્દો આગળ બ્રાહ્મણવર્ણની ઉત્પત્તિ જણાવીશું અને તેનું કાર્ય જણાવીશું તે ઉપરથી સ્પષ્ટ માલમ પડશે, માટે તેવો વિચાર બાંધવા પહેલાં બ્રાહ્મણોની ઉત્પત્તિ અને તેના કાર્યનું વર્ણન કરાય ત્યાં સુધી થોભવાની ખામોશ પકડવી તે યોગ્ય જ છે.

ભગવાનનું આદ્યરાજાપણું કેમ ?

ભગવાન ઋષભદેવજી જો કે ચક્રવર્તી કે વાસુદેવની સ્થિતિમાં નહોતા અને તેથી તેઓને ચક્રવર્તીને જે ચૌદ રત્નો હોય છે તે અને વાસુદેવને જે સાત રત્નો હોય છે તે બંનેમાંથી કોઈપણ એકે રત્ન હતું નહિ, છતાં તેઓ સમગ્ર મધ્યખંડના માલીક હતા, એટલું જ નહિ પણ ચક્રવર્તી કહો કે વાસુદેવ કહો, પ્રતિવાસુદેવ કહો કે માંડલિક કહો, કોઈપણ રાજાના તેઓ પિતામહ હતા એ વાત ચોક્કસ છે, કેમકે રાજા અગર રાજ્ય એવો શબ્દ જ ભગવાન ઋષભદેવજીએ ઉત્પન્ન કરેલો છે, અને આ અવસર્પિણીના સર્વ રાજાઓમાં ભગવાન ઋષભદેવજી જ પ્રથમ રાજા તરીકે જાહેર થયેલા છે અને તેથી શ્રી જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ અને શ્રી

પર્યુષણાકલ્પસૂત્ર જેવા જૈનોના મહાન સૂત્રોમાં તેઓને **पढमराया इवा** એમ કહી જેવી રીતે ઋષભદેવજી નામ છે, તેવી જ રીતે પ્રથમ રાજા એ પણ ભગવાન ઋષભદેવજીનું નામ જ ગણવામાં આવેલું છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી શ્રી ઋષભદેવજી ભગવાનનું પ્રથમ રાજાપણું અસાધારણ છે. એમ કહીને વિશેષદ્વારાએ **आदिमं पृथिवीनाथं** એમ કહે છે પણ સૂત્રકારો તો તે પ્રથમ રાજાપણાને નામ તરીકે જણાવે છે. પ્રથમ રાજાપણું એ નામ તરીકે લઈએ કે વિશેષણ તરીકે લઈએ, કોઈપણ પ્રકારે લઈએ તો પણ ભગવાન ઋષભદેવજી સર્વ રાજાઓના પિતામહ છે એમ કહેવામાં કોઈપણ પ્રકારની અતિશયોક્તિ કે અડચણ દેખાતી નથી.

ભગવાનની રાજ્યસાહેબી

જેવી રીતે ભગવાન ઋષભદેવજીનું પ્રથમરાજાપણું હતું, તેવી જ રીતે તેમની રાજ્યસાહ્યબી પણ પ્રથમ નંબરે જ હતી, કારણ કે ચક્રવર્તી અને વાસુદેવની સેવામાં જ્યારે હજારો યક્ષો કે જેઓ વ્યંતરનિકાયના હોઈ દેવજાતિમાં તેવા હલકા દરજ્જાના હોઈ, ઉત્તમ જાતિના ગણાતા નથી, તેવા યક્ષોથી સેવા પામતા હતા ત્યારે ભગવાન ઋષભદેવજી ખુદ્ વૈમાનિકના ઈંદ્રોથી તેમજ સર્વ યક્ષાદિ દેવતાઓના અધિપતિ વૈશ્રમણદેવથી પૂજા સત્કાર પામેલા હતા. ભગવાન ઋષભદેવજીની નગરી જે વિનીતાના નામથી શાસ્ત્રોમાં ઓળખાય છે તેની સર્વરચના ઈંદ્રના હુકમથી વૈશ્રમણે જ કરી હતી. વળી ભગવાન ઋષભદેવજી અને તેના કુટુંબના મહેલો અને તેની સજાવટ પણ ઈંદ્ર મહારાજના હુકમથી તે વૈશ્રમણદેવે કરેલી હતી. ભગવાન ઋષભદેવજી જનમ્યા પણ નહોતા, પણ માત્ર સર્વાર્થસિદ્ધથી ચ્યવીને માત્ર ગર્ભમાં જ આવ્યા હતા, તે વખતે પણ સૌધર્મ દેવલોકના શક ઈંદ્ર ભગવાન ઋષભદેવજીનું રાજાપણું અને ચક્રવર્તીપણું નાભિમહારાજા અને મરૂદેવામાતાની આગળ ગાયું હતું અને વ્યંતરના ઇંદ્રો સિવાય બત્રીસ ઈંદ્રોએ નાભિમહારાજા અને મરૂદેવામાતાની આગળ હાજર થઈ ભગવાન ઋષભદેવજીના તીર્થંકરપણાની દુંદુભિ વગાડી હતી, એટલું જ નહિ, પણ ભગવાન ઋષભદેવજીનો વંશસ્થાપનાનો મહોત્સવ, વિવાહનો મહોત્સવ અને રાજ્યાભિષેક મહોત્સવ વિગેરે દુનિયાદારીના મહોત્સવો પણ બધા ઈંદ્રમહારાજાઓએ જ હાજર થઈને કરેલા હતા. આ બધી વસ્તુ જણાવવાનું કારણ એક જ કે ભગવાન ઋષભદેવજીનો રાજ્યકાલ કોઈપણ પ્રકારે ચક્રવર્તી કે વાસુદેવથી ઉતરતો નહોતો.

ત્યાગી પુરુષોના પણ દાદા ભગવાન ઋષભદેવજી

વળી, જેમ તેઓ રાજાપણાને અંગે જગતના સર્વ રાજાઓના પિતામહ હતા, તેવી રીતે જગતના સર્વ ત્યાગી પુરુષોના પણ તેઓ પિતામહ જ હતા, અને તેથી જ તેઓનું નામ જૈનસૂત્રકારોએ પ્રથમ ભિક્ષાચર એમ જણાવવા **पढमभिक्खायरे** એમ કહેલું છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી પણ **आदिमं निष्परिग्रहं** એમ કહી ભગવાન ઋષભદેવજીને જ સર્વ ત્યાગીઓના પિતામહ તરીકે જણાવે છે. ભગવાન ઋષભદેવજીના પ્રથમ રાજાપણામાં તો ઈંદ્રાદિક દેવોનું અદ્વિતીય સાહાય્ય હતું, પણ ભગવાન ઋષભદેવજીની સાધુતામાં ઈંદ્રાદિક કોઈપણ દેવની સાહાય્ય હતી નહિ, તેમજ કોઈપણ તીર્થંકર, કોઈપણ કાળે દેવ, દાનવ કે નરેન્દ્રની સાહાય્ય સ્વીકારતા નથી અને ભગવાન ઋષભદેવજીએ પણ કોઈપણ દેવ કે ઈંદ્રની સાહાય્ય લીધી નથી.

ભગવાન ઋષભદેવજીના સાધુપણાની વિશિષ્ટતા

ભગવાન ઋષભદેવજીએ રાજ્યઋદ્ધિ, કુટુંબકબીલો અને દુન્યવી સુખોનો ત્યાગ કર્યો, એ જો કે આ ભરતમાં પહેલવહેલો હોઈને ચમત્કારરૂપજ હતો. વિશેષ ચમત્કાર તો એ હતો કે ભગવાન ઋષભદેવજીને દીક્ષા લીધી તે દિવસથી એક વર્ષ સુધી ભિક્ષા પામવાનો પ્રસંગ જ આવ્યો નહિ અને તેથી તેઓને સંપૂર્ણ એક વર્ષ સુધી સંપૂર્ણ નિરાહારપણે જ વિચરવું પડ્યું. તે ભગવાન ઋષભદેવજીનું એક વર્ષ સુધી નિરાહારપણે વિચરવું કેટલું બધું કઠિન હશે તે આજકાલના ધાનના ધનેડા અને પાણીના પોરા કોઈ પ્રકારે કલ્પનામાં પણ લાવી શકે નહિ, પણ ખુદ ભગવાન ઋષભદેવજીની સાથેના ક્ષત્રિય લોહીને ધારણ કરનારા ઉગ્ર ભોગ અને રાજન્યની જાતના જે ચાર હજાર દીક્ષિત થયેલા હતા, તેઓ તે ભિક્ષાની પ્રાપ્તિના કારણથી જ વનવાસી થઈ ફૂલફળનો આહાર કરનારા થયા. અર્થાત્ તેઓ પણ ક્ષત્રિયવટને અનુસરીને લીધેલી સાધુતાને ટકાવી શક્યા નહિ. એવી નિરાહારપણાવાળી સાધુતા ભગવાન ઋષભદેવજી મહારાજે એક વર્ષ સુધી નિભાવી.

ઇંદ્ર મહારાજા ભિક્ષાની વિધિથી અજાણ હતા કે શું ?

ભગવાન ઋષભદેવજીની વખત કોઈપણ ભિક્ષાચર રોટલાની ભીખ માંગનારો ન હતો, તેમજ લોકો પણ ધનધાન્ય, કણ કંચનની ઋદ્ધિથી સંપૂર્ણ સમૃદ્ધ હોઈ મનુષ્ય રોટલાનો કે ખોરાકનો ભિક્ષુક હોય એવી કલ્પના પણ લાવી શકતો ન હતો, તેમાં પણ પ્રથમ રાજા તરીકે પંકાયેલા અને ઇંદ્રની સાહ્યબીવાળા તરીકે જાહેર થયેલા જગતના દાદા ભગવાન ઋષભદેવજીને રોટલા અને ખોરાકની નિમંત્રણા કરે એ સ્વપ્ને પણ સંભવિત ન હોતું. વળી ભગવાન ઋષભદેવજી નિર્ગ્રંથની કોટીમાં ઉચ્ચકલ્પવાળા હોઈને વનવગડામાં જ સ્થિતિ કરનારા હોઈ માત્ર ભિક્ષાને અંગે જ લોકોના ઘર આગળ જતા હતા, તેથી તેઓ કોઈના પણ અતિથિ કે અભ્યાગત ગણી શકાય તેવો પ્રસંગ જ ન હતો. આવા કારણથી ભગવાન ઋષભદેવજીને સંપૂર્ણ એક વર્ષ સુધી કોઈએ પણ ખોરાકની વિનતિ કરી નહિ. જે પણ પ્રજાજનો તેઓના પવિત્ર આગમનથી પરમ હર્ષમાં આવતા હતા તે બધા, કોઈ રાજ્યની, કોઈ હાથીની, કોઈ ઘોડાની, યાવત્ કોઈ કોઈ તો કન્યાની દાનશક્તિ પ્રગટ કરવા તૈયાર થતા હતા, પણ આહાર અને ભિક્ષા દેવાય કે લેવાય એની તો તેઓને સ્વપ્નમાં કલ્પના પણ થતી ન હોતી, તો પછી ભિક્ષા લેવાની પ્રાર્થના કરવાનું વચન તો અંશે પણ નીકળે ક્યાંથી? જો કે કુટુંબી અને પ્રજાજન ભિક્ષા દેવાલેવાના વ્યવહારથી અનભિજ્ઞ હતા અને તેથી તે ભિક્ષા દેવા તૈયાર ન થાય એ સ્વાભાવિક હતું છતાં જે ઇંદ્ર મહારાજાઓએ ભગવાન ઋષભદેવજીની જન્મકાલથી તો શું પણ ગર્ભકાલથી જ સેવા ઉઠાવી હતી, તેવા ઇંદ્ર મહારાજાઓ જેઓ મહાવિદેહક્ષેત્રમાં વિચરતાં શાશ્વતા વિહરમાન જિનેશ્વરો પાસેથી ભિક્ષાનું અને દીક્ષાનું સ્વરૂપ સારી રીતે જાણતા હતા છતાં બાંધેલા કર્મનો ઉદય એક એવી ચીજ છે કે જેને દેવેન્દ્રોપણ મિથ્યા કરી શકતા નથી અને તેથી કોઈ પણ દેવેન્દ્રને લોકોને ભિક્ષાનો વિધિ બતાવવાનો વિચાર સૂઝ્યો જ નહિ, પણ વર્ષની આખરે સ્વયં જ્ઞાનથી ભગવાનના પુત્રના પુત્રને ભિક્ષા દેવાનો વિચાર સૂઝ્યો અને તે શ્રેયાંસકુમારે ભગવાન ઋષભદેવજીને ઇક્ષુરસરૂપી ખોરાકની વિનંતિ અને ભગવાનનું પારણું થયું.

પ્રશ્ન ૮૫૦ - બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય અને તેને પડવા આદિને દિવસે આરાધાય તો તે ખોટું કહેવાય કે નહિં ?

સમાધાન - ઉદયવાળી ન મળે કે કોઈક કારણથી ઉદયવાળી પર્વતિથિ ન લઈ શકાય તો પણ જે પણ દિવસે તે તે પર્વતિથિનો ભોગવટો હોય, તો પછી તે તે દિવસને તે તે પર્વતિથિ તરીકે આરાધાય તેમાં અડચણ નથી, કેમકે શ્રી ધર્મસાગરજી મહારાજ તિથિના ભોગની હયાતીને આધારભૂત ગણે છે. तत्त्वतरंगिणी पत्र ७ तद्भोगगन्ध स्याप्यभावात् અર્થાત્ પૂનમને દિવસે ચૌદશના ભોગનો ગંધ પણ નથી. વળી ચૌદશે ક્ષીણપૂનમની વાસ્તવિક સ્થિતિ છે એમ જણાવતાં કહે છે કે :-

त्रुटितत्वेन चतुर्दश्यां पौर्णमास्या वास्तव्येव स्थितिः

અર્થાત્ ક્ષીણ હોવાથી ભોગ હોવાને લીધે ચૌદશમાં પૂનમની ખરેખરી સ્થિતિ છે એમ કહેવું તે પણ ભોગની અપેક્ષાયે જ કહેવાય. વળી ખરતરી ચૌદશના ક્ષયે પૂનમે ચૌદશ કરી પાક્ષિક કરે છે તેને અંગે જે જણાવે છે કે तद्भोगगन्ध विषि અર્થાત્ પૂનમને દિવસે ચૌદશના ભોગની ગંધ પણ નથી તો પૂનમે ચૌદશ કેમ થાય ?

આ ઉપરથી જેઓ પૂનમના ક્ષયે તેની આરાધના તેરસે કરવાનું કહે છે તેઓને તેરસને દિવસે પૂનમનો ઉદય કે ભોગની ગંધ પણ નથી તે વિચારવાનું છે. જેઓ પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરે છે તેમને તો તેરસે ચૌદશનો અને ચૌદશે પૂનમનો ભોગવટો છે એ ચોકખું જ છે. વળી જેઓ પૂનમના ક્ષયે ચૌદશનો ઉદય છે અને પૂનમનો ભોગવટો છે એમ ચૌદશ પૂનમ ભેગાં કરવા માગે તેઓએ ખરેખર વિચારવું જોઈએ કે હજી તપસ્યા માત્રને અંગે સવાલ હોત તો શરૂઆત પૂનમની ગણી લેત પણ સચિત્તત્યાગ અને બ્રહ્મચર્ય જેવા દિનપ્રતિબધ્ધ નિયમોમાં બે દિવસ ક્યાંથી લાવશો? વળી શાસ્ત્રોમાં સ્થાને સ્થાને

चाउदसट्ठमुद्दिट्ठपुण्णिमासिणीसु णं

એમ કહી ચૌદશ અને પૂનમ કે અમાવાસ્યા બન્ને દિવસના પૌષધો કહે છે અને તે પ્રમાણે બે તિથિના

પૌષધો કરનારાને એકજ ચૌદશને દિવસે ચૌદશ અને પૂનમના પૌષધો કેવી રીતે કરાવી શકશે ?

પ્રશ્ન ૮૫૧ -પર્વતિથિ માનવાનું લક્ષણ શું ? કેટલાકો કહે છે કે ઉદયવાળી ને સમાપ્તિવાળી હોય તે તિથિ અથવા ઉદયવાળી તિથિ અથવા સમાપ્તિવાળી તિથિ એમ જુદી જુદી રીતે કહે છે. માટે તિથિ કઈ ગણવી ?

સમાધાન - જો ઉદયવાળી હોય તે જ તિથિ એમ કહીએ તો બીજ આદિનો ક્ષય હોય ત્યારે બીજ આદિ તિથિઓ ઉદયવાળી હોય નહિ. જ્યારે બીજ આદિનો ક્ષય હોય ત્યારે પડવો અને ત્રીજ આદિનો જ ઉદય હોય, માટે ઉદયવાળી હોય એજ તિથિ કહેવાય એમ માનનારો ભૂલે છે, પણ જો એમ કહે કે ક્ષીણપર્વનો પ્રસંગ ન હોય તો ઉદયવાળી તિથિ તે પ્રમાણે છે તો જે વખતે પર્વતિથિ જે બીજ આદિ છે તેની વૃદ્ધિ હોય ત્યારે તે બંને બીજોએ કે પાંચમ આદિ પર્વતિથિએ સૂર્યનો ઉદય હોય છે, તેથી બંને બીજ આદિને ઉદયવાળી હોવાથી પર્વતિથિ માની આરાધવી પડશે, એટલે કહેવું પડશે કે ક્ષીણ અથવા વૃધ્ધિના પ્રસંગમાં ઉદયવાળી તિથિ ન લેવી, પણ ઉદય અને સમાપ્તિવાળી હોય વળી તિથિ લેવી જેથી હંમેશાં ઉદય અને સમાપ્તિ હોય છે અને વૃધ્ધિ હોય ત્યારે ઉદય અને સમાપ્તિ બંને બીજે દિવસે જ હોય છે, તો એ વાત પણ સાચી નથી, કેમકે હંમેશની તિથિઓમાં તથા વધેલી તિથિઓમાં બીજે દિવસે ઉદય તથા સમાપ્તિ બંને હોય છે છતાં જે વખતે બીજ આદિ પર્વતિથિઓનો ક્ષય હોય ત્યારે ઉદય નહિં હોવાથી તે બીજ આદિ પર્વતિથિઓને અને તેની આરાધનાને ઉડાવી દેવી પડશે. આ બધું દૂષણ ટાળવા માટે જો એમ લે કે સમાપ્તિવાળી હોય તે તિથિ ગણવી તેથી રોજની તિથિઓમાં પણ ઉદયની સાથે સમાપ્તિ હોય છે. બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પણ તે બીજઆદિ પર્વતિથિની સમાપ્તિ પડવા આ દિને જ દિવસે હોય છે અને બીજ આદિની વૃદ્ધિ હોય ત્યારે તે બીજ આદિની સમાપ્તિ બીજે વારે જ હોય છે તેથી સમાપ્તિ થાય તે તિથિ ગણવામાં સામાન્ય તિથિમાં ક્ષીણ તિથિમાં કે વૃદ્ધ તિથિમાં એકકેમાં અડચણ આવશે નહિ. અને જો આમ જ હોય તો પછી શાસ્ત્રકારોને સામાન્ય તિથિ માટે **उदयंमि जातिही** તથા ક્ષીણ તિથિમાં **क्षये पूर्वा** વળી વૃદ્ધિમાં **वृद्धौ ज्ञेया तथोत्तरा** એમ જુદા જુદા લક્ષણો અને વિધાનો કરવાની જરૂર શી ? વળી **समाप्तिर्मानं** એમ માનવાથી અધિક માસના પ્રસંગમાં પણ તિથિની સમાપ્તિની માફક માસની સમાપ્તિ બીજા માસમાં છે તેથી બીજો માસ જ પ્રમાણ ગણાય છે તે વ્યાજબીજ ઠરશે, એટલે એમ કહેવું પડશે કે ઉદય પૂર્વ અને ઉત્તર તિથિ અથવા ઉત્તર માસનું જુદુ જુદુ વિધાન કરનારાઓએ નકામું જ ડોળ્યું છે, પણ જ્યારે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પડવા અને બીજ આદિ બંને તિથિઓ તે તે પડવા આદિને દિવસે સમાપ્તિ પામે છે તે વખતે એક વારમાં બંને તિથિઓ આવીને પંચાંગની માફક ટીપ્પણામાં પણ ભેળસેળખાતું થશે. તેથી સમાપ્તિ માત્રને પ્રમાણ ન જણાવતાં ઉદય આદિ જુદાં જુદાં સ્વરૂપો જણાવ્યા છે. વળી સમાપ્તિવાળી તિથિ માનવામાં આવે તો જેમ બીજાઓ બેસતી તિથિને માનનારા થઈને પ્રતિક્રમણ વખતે જ તિથિ આવે તેને માને છે તેવી રીતે સમાપ્તિનો પક્ષ લેવા જતાં પ્રતિક્રમણ વખતે સમાપ્ત થતી કે પચ્ચકખાણ લેતી વખતે તે તે સમાપ્તિ લેવાનો પ્રસંગ આવી જાય, આ માટે ઉત્સર્ગ માર્ગ જે તિથિમાં સૂર્યોદય થાય તે જ તિથિ તે તે તિથિના પૌષધ પ્રતિક્રમણના કાર્યમાં ગણવી એમ શાસ્ત્રકારોએ ઘણે સ્થાને ઉદયવાળી તિથિ માનવાનું કહી જણાવે છે, પણ અપવાદમાર્ગે જણાવે છે કે જો સૂર્યોદયવાળી તિથિ ન મળે તો ક્ષયમાં પૂર્વતિથિને પર્વતિથિ માનવી અને

બે ઉદયવાળી તિથિ મળે તો બીજા ઉદયવાળી તિથિને પર્વતિથિ તરીકે માનવી. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે ઉદયવાળી તિથિએ ઉત્સર્ગ અને ક્ષય તથા વૃદ્ધિમાં પહેલાની અને બીજી તિથિને પર્વતિથિ માનવી એ અપવાદ છે એટલે ક્ષય અને વૃદ્ધિના પ્રસંગમાં ઉદયવાળી તિથિની વાત કરવી તે મુની अत्र नुं इवर्णादेः સૂત્રથી मुन्यत्र બનાવવા જેવું જુઠું જ છે.

પ્રશ્ન ૮૫૨ -તપાગચ્છની સમાચારીવાળાને ક્ષયમાં પૂર્વતિથિ અને વૃધ્ધિમાં ઉત્તર તિથિ કરવાની અડચણ નથી પણ સવાલ એ છે કે પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરવો એ શા આધારે લેવું ? કેમકે શ્રી હીરસૂરિજીના વચન પ્રમાણે પંચમીના ક્ષયે તેનું તપ પહેલાની તિથિમાં કરવું એમ જણાવેલું છે. અર્થાત્ પર્વતિથિના ક્ષયે તેની પહેલાની અપર્વ તિથિનો ક્ષય જણાવ્યો નથી.

સમાધાન-મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી શ્રી તત્વતરંગિણીમાં જણાવે છે કે ચૌદશનો ક્ષય હોય અને તેરસે સૂર્યોદય હોય છે તો પછી તે ઉદયવાળી તેરસને ચૌદશ કેમ ગણવી ? એવી ખરતરની શંકાના ઉત્તરમાં ચોકખા શબ્દોમાં કહે છે કે પ્રાયશ્ચિત્ત આદિ (પચ્ચકખાણ પડિક્કમણું તથા તપ વગરે)માં તેરસનો ઉદય છતાં પણ તેરસ છે એવું કહેવાતું જ નથી, પણ તે પ્રાયશ્ચિત પડિકકમણ આદિ કાર્યોમાં ચૌદશ જ છે એમ કહેવાય છે. જુઓ તે પાઠ.

नन्वौदयिकतिथिस्वीकारान्यतिथितिरस्कार-
प्रवणयोरावयोः
कथं त्रयोदश्या अपि चतुर्दशीत्वेन स्वीकारो युक्त इति चेत् सत्यं, तत्र त्रयोदशीतिव्यपदेशस्याप्य-
संभवात्, प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति
व्यपदिश्यमानत्वात्

ખરતર શંકા કરે છે કે જે તિથિએ સૂર્યનો ઉદય હોય તે તિથિને માનનારા અને ઉદય વિનાની તિથિને છોડનારા એવા આપણે બન્ને છીએ તો પછી ઉદયમાં જે તેરસ છે તે તેરસને ચૌદશ તરીકે કેમ માની શકાય એવી શંકાના ઉત્તરમાં શ્રી ધર્મસાગરજી મહારાજ જણાવે છે કે તારી વાત સાચી છે પણ જ્યારે ચૌદશનો ક્ષય હોય અને તેરસે ચૌદશ કરાય તે વખતે તે તેરસને દિવસે તેરસ છે એવા કથનનો પણ સંભવ નથી પણ પ્રાયશ્ચિત્તપડિકકમણા આદિ કાર્યોમાં ચૌદશ જ છે એમ કહેવાય છે. આવા સ્પષ્ટ અક્ષરો છે છતાં જેઓ બીજ આદિ પર્વતિથિ આદિના ક્ષયે પડવાનો ક્ષય નથી માનતા તથા આરાધનાને માટે કાઢતાં ટીપ્પણામાં પણ $\frac{1}{2}$ $\frac{4}{5}$ $\frac{9}{8}$ $\frac{10}{11}$ $\frac{13}{14}$ $\frac{14}{15}$ એમ લખે છે તેંઓ શાસ્ત્ર અને પરંપરા બન્નેથી ઉલટ જ છે. જો કે તેવું લખનારાઓ પરંપરા અને શાસ્ત્રના લેખોની દરકાર ન કરવામાં, સોરઠને અનાર્ય કહેવાથી, માણસના આચાર ઉઠાવવાથી, સૂતક ઉઠાવવાથી, ઉંટડી દૂધને અભક્ષ્ય કહેવાથી, ઓળી સરખી અસજઝાયમાં કાલગ્રહણ લઈ પદવીઓ કરવાથી પાવરધા છે ને તેથી પોતાનું કાઢેલું ટીપ્પણું રદ કરશે નહિ એમ જણાય છે છતાં શાસ્ત્ર અને પરંપરાને માનનારો મનુષ્ય તો પરંપરા અને તેને અનુસરતો ઉપરનો લેખ વાંચી કદિ પણ પર્વતિથિના ક્ષયે તેની પહેલાની તિથિનો ક્ષય કહેવા કે લખવામાં ભૂલ કરશે નહિ.

વળી આજ અપર્વતિથિના ક્ષયની વાતમાં શ્રીધર્મસાગરજી મહોપાધ્યાય જણાવે છે કે **एतश्च त्वयाऽप्यंगीकृतमेव, अन्यथा क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लभेत अर्थात्** બીજ આદિ પર્વતિથિના ક્ષયે પહેલાંની અપર્વતિથિના ક્ષય તેં પણ કબુલ કરેલો છે, જો એમ ન હોય તો ઉદયમાં સપ્તમી હોય ત્યારે અષ્ટમીનો ક્ષય હોવાથી સાતમને દિવસે જે પૌષધાદિ કાર્ય કરો છો

તેને અષ્ટમીનું કૃત્ય કહી શકાશે જ નહિં. આ ઉપરથી પણ ચોકખું છે કે આઠમને ક્ષયે સાતમનો ક્ષય કરી તે દિવસ આઠમની આરાધના કરાય છે અને આઠમને નામે તિથિ બોલાય છે. વળી ક્ષીણ એવી પૂનમની ચૌદશે જ સ્થિતિ છે એમ જણાવીને પૂનમે કાં તો પૂનમ રહેશે અને કાં તો પાક્ષિક રહેશે એમ જણાવી બે તિથિની ભેગી આરાધનાની ના કહે છે જુઓ :-

आद्ये पाक्षिकानुष्ठानविलोपापत्तिः।

द्वितीये स्पष्टमेव मृषाभाषणं, पंचदश्या एव चतुर्दशीत्वेन व्यपदिश्यमानत्वात् અર્થાત્ પુનમ માનો તો પાક્ષિક અનુષ્ઠાનના નાશની આપત્તિ થાય અને જો તેને પાક્ષિક અનુષ્ઠાન કહો તો મૃષાવાદ ચોકખો જ છે, કેમકે પૂનમને ચૌદશ કહો છો. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે બે પર્વતિથિઓ એકઠી થઈ શકે નહિ. વળી શ્રી હીરસૂરિજીએ ક્ષીણપંચમીનું તપ તેની પૂર્વતિથિમાં કરવું એમ કહ્યું તે મુખ્ય તો પંચાંગની અપેક્ષાએ પૂર્વતિથિ એમ કહેવું જોઈએ. વળી શ્રી ઉમાસ્વાતિવાચકજીનો પ્રઘોષ ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા (ગ્રાહ્યા) વૃદ્ધૌ કાર્યા તથોત્તરા એવી રીતનો છે. અર્થાત્ પર્વતિથિનો ક્ષય હોય તો પહેલાની જે અપર્વતિથિ હોય તેને જ પર્વતિથિ કરવી અને પર્વતિથિ જો બેવડી હોય તો બીજી પર્વતિથિને જ પર્વતિથિ કરવી. એ ઉપરથી ચોકખું થાય છે કે પર્વતિથિના ક્ષયે પહેલાની અપર્વતિથિનો ક્ષય કરવો, અને તે તિથિને પર્વતિથિ કરવી અને વૃદ્ધિ હોય તો પહેલાની પર્વતિથિને પર્વતિથિ ન માનતાં બીજીને જ પર્વતિથિ માનવી એટલે પહેલાની અપર્વતિથિની વૃદ્ધિ ગણવી પડે. વળી જેઓ પહેલી અપર્વતિથિને રાખી તેમાં પર્વતિથિનું કામ કરવું એમ કહે છે તેઓએ વિચારવું જોઈએ કે એમ હોત તો પ્રથમ તો પ્રઘોષમાં તિથૌ અથવા પૂર્વસ્યાં એમ પદ નથી એ ચોકખું છે. વળી આગળ જણાવ્યું તેમ ધર્મકાર્યમાં તે તિથિને અપર્વતિથિને નામે બોલવાનો પણ નિષેધ કરેલો જ છે. વળી શ્રી ધર્મસાગરજી મહારાજ ચૌદશના ક્ષયે તેરસને ચૌદશ કરવાનું અને ચૌદશ જ કહેવાનું કહે છે તેમ એ પણ સ્પષ્ટપણે કહે છે કે

कारणविशेषमन्तरेण त्रयोदशीतिव्यपदेश-शंकाऽपि न विधेया

અર્થાત્ વિશેષ કારણ સિવાય તો તે કહેલી ચૌદશને દહાડે તેરસ છે એવું કહેવાની શંકા પણ ન કરવી, આટલું ચોકખું છતાં પર્વતિથિના ક્ષયે અપર્વતિથિને ઉપર લખે છે અને પર્વતિથિને નીચે લખી ટીપનું બહાર પાડે છે તેઓ પરંપરા અને શાસ્ત્રોને ઉઠાવવાવાળા થવા સાથે પોતાના ટીપ્પણાને માનનારાઓને કેવલ અવળે રસ્તે જ દોરે છે, માટે શાસનરસિકોએ તેવા ઉત્થાપકો અને તેમના ટીપ્પણાથી દૂર રહેવું. વળી પત્ર ૧૫માં જણાવે છે કે

निर्घोष्यमाणे अद्यापि त्रयोदशीमेव वदसि

અર્થાત્ ચૌદશ ક્ષયે તેરસને ઉડાડી ચૌદશ કરવાનું જાહેર કર્યા છતાં તેને તું તેરસ કહે છે.

તા.ક. ચર્ચાને સમેટયા છતાં ખોટાં પંચાંગો નીકળવાથી આ બાબત લખાણ શરૂ થયું છે.

અમદાવાદ જેવા સ્થાને જો તેઓ પર્વતિથિના ક્ષયે પહેલાની તિથિનો ક્ષય ન જ કહેવાય એવું સાબીત કરવા બે માસ પછી ચાર માસની અંદર સભાની વ્યવસ્થાપૂર્વક તૈયાર હોય તો આ લેખક પ્રતિપાદ કરવા તૈયાર છે.



કર્મરાજાનો લશ્કરી

(ગતાંકથી ચાલુ)

ઈશ્વર, પરમેશ્વર, ભગવાન એવા શબ્દો તીર્થંકરદેવોને લગાડી તેમની ઐશ્વર્યની ભાવનાથી તમે તેની પૂજા કરો એ જૈનશાસનને માન્ય નથી જ. ભગવાન મહાવીરદેવ "રાજપુત્ર" હતા એ વાત સાચી છે, પરંતુ તેઓશ્રી ભીખારી નહિ, પરંતુ રાજપુત્ર હતા, માટે રાજપુત્ર તરીકે તેમનાં સંભારણાં કાયમ રાખો એમ જૈનશાસન કહેતું નથી. જૈનશાસનનું કથન તો એટલું જ છે કે જો તેઓશ્રી કોઈપણ મુદ્દા પરત્વે પૂજ્ય હોય તો તે એજ મુદ્દા ઉપર પૂજ્ય છે કે તેઓશ્રી અરિહંત હતા અર્થાત્ તેઓશ્રીની પૂજામાં મુદ્દા તરીકે તો અરિહંતપદ જ જરૂરનું છે. ભગવાન મહાવીરની તમારે આરાધના કરવાની છે તે એકજ મુદ્દાથી કરવાની છે કે તેઓ અરિહંત હતા ! જો તમે ઐશ્વર્યથી, તેમના રાજપુત્રત્વથી કે તેમના શ્રેષ્ઠકુળથી તેમને પૂજતા હો તો એ તેમની પૂજાજ નથી. ભગવાન તરીકે જો તમે અરિહંત ભગવાનની પૂજા કરતા હો તો અરિહંત ભગવાન પૂજાતા નથી. તીર્થંકર ભગવાનો જો કોઈપણ સ્વરૂપે પૂજાતા હોય તો તે અર્હતરૂપે પૂજાય છે. કર્મરૂપ શત્રુને એમણે ઓળખાવ્યા હતા, એ શત્રુને કેવી રીતે હણવા તે એમણે બતાવ્યું હતું અને સ્વયં પોતે એ શત્રુને હણ્યા હતા તેથી જ એ કર્મશત્રુને હણવારૂપે જ એમના પૂજનને આ શાસન ટેકો આપે છે અને પ્રવર્તાવે છે.

જૈનશાસન ઈશ્વર, પરમેશ્વર કે રાજપુત્ર તરીકે કોઈપણ તીર્થંકરની પૂજા કરવાનું કદી ફરમાન કરતું નથી. આપણે તીર્થંકર ભગવાનને ઈશ્વર, પરમેશ્વર ભગવાન આદિ માનીએ છીએ, પરંતુ તેમની એ મહત્તા પણ કર્મશત્રુને હણવાને અંગે છે. ભગવાન મહાવીરદેવ રાજકુમાર હોવાથી પૂર્વાશ્રમમાં રાજ્યવાળા, લક્ષ્મીવાળા હતા અને ઐશ્વર્યવાળા હતા, માટે તે ઈશ્વર નથી, પરંતુ તેમનું આત્મિકબળનું ઐશ્વર્ય અને કર્મશત્રુને હણવાનું જે સામર્થ્ય હતું તેને જ અંગે તેઓ ઐશ્વર્યવાળા અર્થાત્

ઈશ્વર હતા અને તેથી જ આપણે તેમને પરમેશ્વર કહેવાના છે તથા એ રીતે પૂજવાના છે એટલે કે તેઓશ્રીની પૂજાને અંગે કર્મશત્રુને હણવાનું ધ્યેય એ મુખ્યતાએ છે. ભગવાન મહાવીરદેવની પૂજામાં જો ઈશ્વર તરીકેનું જ ધ્યેય હોત તો ઈશ્વર, પરમેશ્વર ઈત્યાદિ તો બીજા શાસનવાળાઓએ માનેલા જ હતા, ત્યારે કોઈ એમ પૂછશે કે શું બીજાએ માન્યું હોય તે ન માનવું અને બીજાઓથી ઉલટું માનવું એજ જૈનશાસનની મહત્તા છે ? જવાબ સ્પષ્ટ છે કે બીજાઓએ માન્યું હો કે ન હો, સત્યને સત્ય માનવું એ જૈનશાસનનો માર્ગ છે અને તે જૈનશાસન હરકોઈ ભોગે જાળવી જ રાખવા માગે છે.

બીજાઓ પોતાના દેવને ઈશ્વર માને છે, ત્યારે આપણે તેમને એ રીતે ગૌણ કરી નાખ્યા અને કોઈએ નહિ માનેલું એવું તેમનું અરિહંતપણું માની લીધું અને તેને જ ધ્યેય, ઉદ્દેશ તરીકે આગળ રાખ્યું છે. આપણે ભગવાનની જે મહત્તાને માન્ય રાખી છે તે અલબત્ત બધાથી જુદી છે, કોઈએ ન માનેલી એવી છે, કોઈએ ન કલ્પેલી એવી છે, પરંતુ તે છતાં તેમાં જ અપૂર્વ મહત્તા સમાયેલી છે. આપણે ભગવાનની ઠાકુરાઈની કદી કિંમત કરી નથી, તેમની મહત્તાને આપણે પૂજતા નથી, તેમના અપૂર્વ રૂપ, શરીર, સૌંદર્યની આપણે આરતી ઉતારતા નથી, તેમની ભગવાનપણાની સ્થિતિના પણ આપણે ઓવારણાં લેતા નથી, આપણે તેમની કોઈપણ સ્થિતિને પૂજ્ય માની હોય તો તે માત્ર ભગવાનની અરિહંત સ્થિતિને જ ! શ્રી જિનેશ્વરદેવોએ શું કાર્ય કર્યું છે તે જોશો તો માલમ પડશે કે તેમણે પોતે કર્મનો ક્ષય કર્યો છે, કર્મનો ક્ષય કરવાનો ઉપાય બતાવ્યો છે અને કર્મનો નાશ કરીને મેળવાતી અવસ્થા જણાવી છે, માટે જ એમને નમસ્કાર કરીએ છીએ. ખૂબ યાદ રાખજો કે આપણે ભગવાનની વિભવતાને નમતા નથી, આપણે ભગવાનના અરિહંતત્વને જ નમીએ છીએ.

હવે અહીં કોઈ એવી શંકા કરનારો નીકળી આવશે કે આપણે આઠ પ્રાતિહાર્યરૂપી પૂજાને લાયક ભગવાનને માન્યા છે, વ્યુત્પત્તિથી આપણે આઠ પ્રાતિહાર્યને લાયક એવો અર્થ કર્યો છે, એટલે આપણે ભગવાનની ઠકુરાઈ રાજત્વ એને પણ આરાધીએ છીએ. અશોકાદિ આઠ પ્રાતિહાર્યરૂપ દેવતાની કરેલી પૂજા, તેને લાયક તે અરિહંત અને તેમને આપણે નમસ્કાર કરીએ છીએ, એટલે આપણે પણ ભગવાનના ઈશ્વરત્વ તેના પરમેશ્વરપણાને-તેમના ભગવાનપણાને નમસ્કાર કરીએ છીએ. આવી શંકા કરનારાઓને કહો કે હે મહાનુભાવો ! જે બાહ્યદ્રષ્ટિવાળા છે તેને જ બાહ્યલક્ષણ બતાવાય છે. બાહ્યપણામાં અંતર્ગત લક્ષણ કે તત્ત્વ હોતું નથી અહીં પ્રાતિહાર્યની પૂજાને પામવું તે દ્રવ્યાર્હતપણું છે. જે આઠ પ્રાતિહાર્ય છે તે જિનેશ્વરના આત્માના ગુણરૂપ નથી. દેવતાએ અરિહંતની કરેલી પૂજા તે બેશક અરિહંતને હોય છે, પરંતુ એ આઠ પ્રાતિહાર્યની પૂજા તે ભગવાનના ગુણયા લક્ષણરૂપે નથી તે સમજવાની ખાસ જરૂર છે.

લક્ષણ બે પ્રકારનાં હોય છે. એક આત્મભૂતલક્ષણ છે, એક અનાત્મભૂતલક્ષણ છે. તમે પૂછો કે શાંતિભાઈ કોણ ? તો તમોને એવોજ જવાબ મળશે કે અમુક પ્રકારની ટોપી પહેરી હોય તે શાંતિભાઈ છે. શાંતિભાઈએ અમુક ટોપી પહેરી હતી, માટે અમુક પ્રકારની ટોપી પહેરી હોય તે શાંતિભાઈ, પરંતુ શાંતિભાઈ એ ટોપી કાઢી નાંખે તેથી કાંઈ તે શાંતિભાઈ મટી જતા નથી. ટોપી કાઢી નાંખે તો પણ તે શાંતિભાઈ છે, ટોપી રાખી મૂકે છતાં તે શાંતિભાઈ કાયમ છે. બાહ્યલક્ષણ તે આત્મામાં રહેલું લક્ષણ નથી - એ લક્ષણ તે શરીરરૂપ લક્ષણ પણ સમજવાનું નથી. અહીં જો કોઈ શાંતિભાઈનો ફોટો બતાવે તો અલબત્ત કહેવું

પડે કે એ લક્ષણ તે શાંતિભાઈનામાં રહેલું લક્ષણ છે, તેવી રીતે જે આઠ પ્રાતિહાર્યો છે તે અરિહંત મહારાજના આત્મરૂપ લક્ષણો નથી. ટોપી એ લક્ષણ છે, પરંતુ તે જેમ બાહ્યલક્ષણ છે, એ લક્ષણ આત્મા સાથે સંબંધ ધરાવતું નથી, તેમ એ આઠ પ્રાતિહાર્યોને પણ ભગવાનના આત્મા સાથે કશો સંબંધ નથી.

એકંદર રીતે જોવા જાઓ તો અરિહંતના કેટલા ગુણ છે તે ગણો. અરિહંતના બાર ગુણ છે. એ બાર ગુણમાં ચાર અતિશય છે અને આઠ પ્રાતિહાર્ય છે. એ આઠ પ્રાતિહાર્યલક્ષણ તે બાહ્યલક્ષણ છે. અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, ચામર, સિંહાસન, ભામંડળ, દુંદુભિ અને છત્ર એ સાત લક્ષણો દેવતાઓનાં કરેલાં લક્ષણો હતાં, એ સાત પ્રાતિહાર્ય ઉપરાંત આઠમું પ્રાતિહાર્ય તે દેવતાઓએ કહેલી વાણી હતી. હવે આ આઠમા પ્રાતિહાર્ય લક્ષણ માટે પણ કોઈને શંકા ઉઠાવવી હશે તો તે ઉઠાવી શકે છે. શંકાવાદીઓ એમ કહે છે કે ભલે તમે સાત પ્રાતિહાર્ય લક્ષણને બાહ્ય લક્ષણ કહો, પરંતુ તમે આઠમા પ્રાતિહાર્ય લક્ષણને બાહ્ય લક્ષણ નથી કહી શકતા. વાણીને બાહ્ય લક્ષણ કહી દેવામાં એક મોટો દોષ આવીને ઉભો રહે છે. એ દોષ શો છે તે જુઓ. શંકાવાદીઓ કહે છે કે અશોકાદિ સાત લક્ષણો દેવતાઓનાં કરેલાં હોવાથી તે બાહ્ય લક્ષણ છે, પરંતુ ભગવાનની વાણી એને તો બાહ્ય લક્ષણ ન જ કહેવું જોઈએ, કારણ કે વાણીને ભગવાનનું આત્મરૂપ લક્ષણ ન માનીને બાહ્ય લક્ષણ માની લેવાથી એક મોટો દોષ ઉભો થશે.

આ દોષ તરીકે તેઓ એમ જણાવે છે કે ભગવાનની જે દિવ્ય ધ્વનિ હતી તેમાં દિવ્યતા પણ દેવતાઓએજ પૂરેલી હતી અને તેથી દિવ્ય ધ્વનિ એ ભગવાનનું આત્મલક્ષણ નથી એમ માનશો તો તેથી ભગવાન ઉપર જ આપત્તિ આવી પડશે, કારણ કે એથી એમ સાબીત થશે કે ભગવાનની વાણીમાં દિવ્યતા રહેલી નથી અને જે દિવ્યતા છે તે તો માત્ર દેવતાઓએ ઉપજાવેલી છે. દેવતાઓએ જ દિવ્યતા ઉપજાવેલી માનશો તો આ રીતે ભગવાનની મહત્તા નષ્ટ થાય છે, માટે ભગવાનની મહત્તા અનિમેષ અભંગ રાખવા માટે પણ તમારે એ મંજુલધ્વનિને ભગવાનનું આત્મરૂપ લક્ષણ કહેવું જોઈએ અને દિવ્યધ્વનિ એ દેવતાઓનું પ્રાતિહાર્યપણું નથી એમ સ્વીકારવું જોઈએ. આવી રીતનો મિથ્યા તર્ક કરનારાઓ કેવી થાપ ખાય છે તે જુઓ : તમે અહીં ગવૈયાનો કંઠ અને તેના વાજિંત્રની મધુરતાનું ઉદાહરણ લો અને પછી વિચાર કરો કે એ સંગીતમાં જે મધુરતા છે તે વાદ્યની છે કે ગવૈયાના કંઠની છે ?

ગવૈયો ગાયન ગાય છે, તે ગાયનની સાથે જ તે વાદ્ય પણ વગાડે છે અને પરિણામે આખા સંગીતમાં મધુરતા અને સુંદરતા આવે છે, તો એ સંગીતમાં ગવૈયાના સ્વરની કિંમત ગણશો કે હારમોનિયમના સ્વરનું મૂલ્ય માનશો ? વાજિંત્ર ઘણું સારૂં હોય, બહુ મૂલ્યવાળું હોય, ભારે પરિશ્રમથી બનાવેલું હોય, પરંતુ જો ગવૈયો જ ગાવામાં કાચો હોય તો ? હવે તે જ પ્રમાણે ગવૈયો સંગીતકળામાં નિષ્ણાત હોય, તાલસૂરનો બરાબર જાણકાર હોય; ગાંધર્વ વિદ્યામાં પારંગત હોય પરંતુ તેને હારમોનિયમને બદલે એકાદ ડોબરૂં આપી મૂકો તો ? અલબત્ત વાજિંત્ર બરાબર ના વાગતું હોય તેથી કાંઇ ગાનારાના કંઠની મધુરતા અને તેનું મૂલ્ય ઘટતાં નથી, તે જ પ્રમાણે દેવતાઓએ કરેલા સ્વરપૂરણથી તીર્થંકર ભગવાનોની વાણીની મધુરતા થાય તેથી તેમના કંઠની મુખ્યતાએ મધુરતા નષ્ટ થતી નથી. બીજી બાજુએ વાદ્ય વગાડનારની ચાલાકી તે પણ મૂલ્ય વગરની તો હોતી જ નથી.

આજ ઉદાહરણ અહીં પણ લાગુ પાડશો તો તીર્થંકર ભગવાનોની દિવ્યવાણી એ દેવતાઓની પ્રાતિહાર્ય હતી કે ભગવાન શ્રી તીર્થંકરદેવોના આત્મલક્ષણરૂપી હતી તે સંબંધમાં તમને ઉપજેલી શંકા અવશ્ય નષ્ટ થઈ જશે.

હારમોનિયમ વગાડનારની ચાલાકી અર્થ વિનાની હોતી નથી, તે જ પ્રમાણે તીર્થંકર ભગવાનોની વાણી મનોહર હોવાથી સ્વરોની કિંમત પણ ચાલી જતી નથી. આથી સ્પષ્ટ થાય છે કે ભગવાનના સંબંધીના આઠે પ્રાતિહાર્યો તીર્થંકરના ગુણરૂપ નથી. અહીં એક વાત ખૂબ ધ્યાનમાં રાખવાની છે કે એકે આપણે મુખ્યતાએ લક્ષણના બે વિભાગ પાડયા છે. ટોપી અને ચહેરો એ માણસને ઓળખાવનારા આપણે બે ભાગ પાડીએ તો ચહેરો એ દેહને ઓળખાવનારૂં સ્વાભાવિક લક્ષણ બને છે, જ્યારે ટોપી એ દેહને ઓળખાવનારૂં સંયોગિક લક્ષણ બને છે. એજ પ્રમાણે ભગવાનને ઓળખવા માટે પણ અહીં બે ભાગ પાડવામાં આવ્યા છે. એક ભાગ તે આત્મરૂપ, બીજો ભાગ તે અનાત્મરૂપ આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આપણે ભગવાનને માટે દેવતાએ કરેલા આઠે પ્રાતિહાર્યો કાઢી નાંખ્યા નથી ! પરંતુ તે કાયમ જ રાખ્યા છે. શરીરને ઓળખાવનારો ચહેરો તે હંમેશનું સ્વાભાવિક લક્ષણ છે, તે જ પ્રમાણે આઠ પ્રાતિહાર્યો એ ભગવંતને ઓળખાવનારાં બાહ્ય લક્ષણો છે.

ન્યાયશાસ્ત્રકારોએ આ સંબંધમાં જે સાફ સાફ વાતો કરી છે તે બહુ જ સ્પષ્ટ છે અને મિથ્યાવાદીઓની આંખ ઉઘાડવાને માટે પુરતી છે. ન્યાયશાસ્ત્રકારોએ ચોકખું કહ્યું છે કે દેવતાનું આવવું, સુવર્ણમાં ચાલવું, છત્ર ધરાવવા આટલા માત્રથી ભગવંત એ અમારા મોટા નથી, ત્યારે હવે સ્વાભાવિક પ્રશ્ન થશે કે ભગવંત્ મોટા શાથી છે? અપાયાપગમાતિશયે, જ્ઞાનાતિશય, પૂજાતિશય અને વચનાતિશય આ ચાર અતિશયોથી જ તીર્થંકરદેવો મહાન છે. તેઓ મોટા છે અને તેથી જ આપણે તેમને પૂંજી રહ્યા છીએ. દેવતાઓનું આગમન, સુવર્ણ કમળમાં ચાલવું, છત્ર ધરાવવા, આ સઘળી વસ્તુઓ વૈક્રિય લબ્ધિવાળાઓમાં તથા ઇન્દ્રજાળીયા, માયાવીઓમાં પણ બહુ જ સ્વાભાવિક છે, પરંતુ ઉપરના ચાર અતિશયો માયાવીઓમાં, ઇન્દ્રજાળીયાઓમાં કે વૈક્રિય લબ્ધિવાળાઓમાં પણ સંભવી શકતા જ નથી.

તીર્થંકર ભગવાનોના આત્મલક્ષણ જોઈએ તો તે ચાર છેઃ (૧) મોહનો સર્વથા વિનાશ થવો, (૨) કેવળજ્ઞાન ઉત્પન્ન થવું (૩) સર્વ ભાષામાં પરિણામ પામનારી એવી યોજનગામિની ભાષા બોલવી અને (૪) અને જ્યાં જ્યાં બોલવાનું હોય ત્યાં સમોસરણ આદિની રચના કરવી. આ ચાર અતિશય બીજા કોઈનામાં પણ સંભવી શકતા નથી અને તે આપનામાં જ સંભવે છે માટે જ આપ અમારા મુરબ્બી અને મોટા છો. ભાવઅરિહંતપણાનું કારણ જુઓ તો તે આ ચાર અતિશય છે, હવે મોહ વગેરે અપાયોને દૂર કરવાનો માર્ગ શોધીને તેના મૂળમાં જઈએ તો કર્મનો નાશ એ ધ્યેય તરીકે જ લેવો પડે છે. આ ઉપરથી આપણે શી વસ્તુ ધ્યાનમાં લેવાની છે તે તપાસો. આપણે એ વાત ધ્યાનમાં લેવાની છે કે શાસ્ત્રકારોએ મોટાંમોટાં શાસ્ત્રો ભર્યાં છે. એ ભવ્યશાસ્ત્રોમાં વિસ્તારપૂર્વકના પાંડિત્યપ્રચુર એવાં વિવેચનો કર્યાં છે, દલીલો દર્શાવી છે, અને પાખંડના ખંડખંડ કરવાનો પ્રબલ પરિશ્રમ ઉઠાવ્યો છે, તેનું કારણ એક જ છે, શત્રુના ઘરની સળી સરખી નિર્જીવ વસ્તુમાં પણ ક્ષોભ થાય તે પરત્વે લક્ષ આપવું. એવું જનતાને દર્શાવવાનો જ તેમાં આશય છે.

જો તમે શત્રુના ઘરની સળી સંચરે તે પણ ધ્યાનપૂર્વક જોઇ લેશો નહિ તો પરિણામ એ આવશે

કે તમે તમારા શત્રુને કોઈપણ રીતે હરાવી શકવાના નથી. હવે જૈનશાસનમાં કઈ ચીજને તોડવાલાયક માની છે તેનો વિચાર કરો. જૈનશાસનમાં કર્મ એજ એક તોડવાની ચીજ માનવામાં આવી છે. કર્મ સિવાય બીજી કોઈપણ ચીજને તોડવાલાયક માનવામાં આવી જ નથી. કર્મ એજ જો તોડવાલાયક ચીજ છે, તો પછી શું કોઈ સ્થળે કર્મનો ઉદય કરીને તે દ્વારા આશ્વાસન લઈ શકાય ખરૂં ? અલબત્ત! કર્મનો ઉદય, કર્મનો ઉદય કરવાથી જ રોકી શકાતો હોય તો કર્મના ઉદયને અવશ્ય આગળ કરવો એ આપણું પરમ કર્તવ્ય છે. કર્મનો ઉદય, એ કર્મના ઉદયને આગળ કરવાથી અવશ્ય રોકી દેવાય છે, પરંતુ એથી એમ સમજવાનું નથી કે પોતાના આત્માને અંગે પણ "એ તો કર્મનો ઉદય છે." એમ કહીને ચાલવાનું છે. સૌથી પહેલી તો આપણે એ વાત વિચારવાની છે કે આપણા આત્માની અપેક્ષાએ કર્મનો ક્ષય કેવી રીતે થાય ?

આપણા આત્માની અપેક્ષાએ કર્મનો ક્ષય કેવી રીતે થાય તે પ્રશ્ન વિચારતાં પહેલા એ વાતનો વિચાર કરો કે શાસ્ત્રકાર મહારાજાઓએ નીરાગ અનુષ્ઠાન કયું ગણ્યું છે ? ક્રિયા કરવામાં શાસ્ત્રકાર મહારાજાઓએ કયું પ્રયોજન માન્ય રાખ્યું છે ? શાસ્ત્રો તો એ વાત આપણને ચોકખેચોકખી રીતે કહી રહ્યાં છે કે જ્યાં આચાર, તપસ્યા, વિનયની વાત ચાલે ત્યાં આ લોકમાં પૌદ્ગલિક સુખો મેળવવા માટે એ સઘળું કરવાનું નથી ! તે જ પ્રમાણે દેવલોક-પરલોક મેળવવા માટે પણ આચાર, તપસ્યા, વિનય વગેરે કરવાના નથી જ ! શબ્દથી કીર્તિ પામવાનો દંભી ઉદ્દેશ રાખીને અથવા તો ધર્માત્મા તરીકેનો યશ પામવાને માટે પણ આચાર, તપસ્યા, વિનય આદિ કરવાના નથી. આચાર, તપસ્યા, વિનય એ સઘળું માત્ર એક જ વસ્તુ માટે કરવાનું છે અને તે એક જ વસ્તુ તે કર્મક્ષય છે. કર્મક્ષયને માટે જ આચાર, તપસ્યા, વિનય એ સઘળું કરવાનું છે અને તેથી મગજમાં આ વાત સદૈવ કાયમ રહેવાની જ જરૂર છે કે કર્મક્ષયને અંગે જ તપ, આચાર, વિનય આદિની જરૂર છે.

કર્મક્ષય સિવાય બીજા કોઈપણ કારણથી તપ, આચાર, વિનય વગેરે એકે કામ કરવાનું નથી જ, અને તેથી જ તપ, આચાર, વિનય વગેરે સઘળું કરવામાં કર્મના ક્ષયની ઇચ્છા તેને જ માત્ર એક ધ્યેય તરીકે રાખવાનું શાસ્ત્રકારોએ સ્પષ્ટ રીતે ફરમાવ્યું છે. આથી જ સ્પષ્ટ થાય છે કે કર્મક્ષયને માટે જ તપ વિનય શ્રુત વગેરે કરવાનું છે. હવે તમે એમ કહેશો કે આ જે આજ્ઞા અર્થાત્ આ જે નિશ્ચય શાસ્ત્રકારોએ કહ્યો છે તે માત્ર સાધુને જ પાલવી શકે એમ છે, ગૃહસ્થોને આ નિશ્ચય પાલવે તેવો નથી અને તેથી જ શાસ્ત્રકારોએ નિશ્ચય અને વ્યવહાર બે કહ્યા છે. તમારી આ સમજણ ખરી છે કે ખોટી તે હવે તપાસો. શાસ્ત્રકારોએ વ્યવહાર કોને કહ્યો છે તે જોઈએ તો ખાત્રી થાય છે કે તમે જેને વ્યવહાર કહો છો તેને શાસ્ત્રકારો વ્યવહાર કહેતા નથી. શાસ્ત્રકારોએ આચાર અને ધર્મ એ બે કહ્યા છે. ધર્મની આચારપ્રવૃત્તિ તેને જ શાસ્ત્રકારોએ વ્યવહાર કહ્યો છે અને આત્માના જે ગુણો તેને શાસ્ત્રકારોએ નિશ્ચય કહ્યો છે. તમે દુનિયાદારીની દૃષ્ટિએ વ્યવહારનો જે અર્થ કરો છો તેવો વ્યવહારનો અર્થ શાસ્ત્રકારોએ લીધો નથી. નવકારમંત્રમાં પણ તમે જે एसो पंचनमुक्कारो सव्वपावप्पणासणो ગણો છો તે બીજા કોઈપણ કાર્ય માટે નહિ, પરંતુ માત્ર કર્મના ક્ષયને માટે જ ગણવાનો છે. હવે તમે જુઓ કે જૈનશાસનનું ધ્યેય કેવું મહાન અને કેવું પરમ પવિત્ર છે તે નવકારની વસ્તુ એ નાનામાં નાની ચીજ છે, છતાં તેમાંએ શાસ્ત્રકાર મહારાજાઓએ જો કાંઇ ધ્યેય રાખ્યું હોય તો તે કર્મના ક્ષયનું જ રાખ્યું છે. સર્વત્ર એક જ

ધ્યેયની ઘોષણા ગાજે છે, સર્વત્ર એક જ વાણી છે અને સર્વત્ર એક જ વસ્તુ પ્રવર્તે છે. એ ઉપરથી તમે જાણી શકશો કે કર્મક્ષય એનું જૈનશાસનમાં કેવું ભવ્ય અને ગંભીર સ્થાન છે ! હવે નવકારમંત્રને વિષે જરા વિચાર કરો. નવકારમંત્રમાં નવ પદો છે અને એ પદોદ્વારા થતું કાર્ય કર્મના ક્ષયને માટે જ છે. હવે આ નવ પદો ન બોલતાં જે પાંચ જ પદો ગણે છે અને ચાર પદો નથી ગણતા તેઓ ધ્યેયને જ ચૂકે છે એમ કહેવામાં શું લેશ માત્ર પણ હરકત છે ? નિઃસંશય આપણે એમ કહી શકીશું કે જેઓ પાંચ જ પદોને ગણીને ચાર પદોને અવગણે છે તેઓ કાંઇ પણ શંકા વિના પોતાના ધ્યેયને ચૂકી જ જાય છે, સાથે બોલવાવાળાઓ પણ પોતાનું ધ્યેય ચૂકી જાય છે તો પછી જેઓ એ ચારપદોને બોલતા જ નથી તેઓ પોતાનું ધ્યેય ચૂકી જાય તેમાં આશ્ચર્ય શું ?

નવકારમંત્રના આગલા ચાર પદોમાં કોઈપણ જાતનું સ્મરણ બાકી રહેવા પામતું નથી, છતાં નમો શબ્દ દરેક પદે બોલવામાં આવે છે એનું કારણ વિચારવા જેવું છે. શાસ્ત્રકાર મહારાજાઓ કહે છે કે સ્તુતિ બે પ્રકારે થાય છે. ઉત્તમગુણોનું કથન અને રૂપનું સ્મરણ એ બે પ્રકારે સ્તુતિ થાય છે. હવે જો તમે દેવોને કે આચાર્યોને નમસ્કાર કરતી વખતે તેમના ઉત્તમગુણોને લક્ષમાં લાવો તો જ તમારો નમસ્કાર થાય છે. જો તમે ગુણોને લક્ષમાં ન લાવો તો તમારે માટે નમો પદ બોલવું એ સર્વથા નકામું છે. તમે ચાર પદો ન ગણતાં છતાં એમ કહો કે અમે તો ભગવાનને નમસ્કાર કરીએ છીએ તો અહીં તમારે યાદ રાખવાનું છે કે ભગવાન એ કાંઇ તમારા નમસ્કારના જ ભૂખ્યા નથી. ભગવાન એવું ઈચ્છતા નથી કે ક્યારે મારા શ્રાવકો આવે છે અને તેઓ આવીને મને નમસ્કાર કરે છે ! તમે એમ કહેશો કે નમો પદ તો અમારા ભક્તિભાવને પ્રકટ કરનારું છે અને તેથી એ પદ જરૂરી છે તો પછી આગલા પદ ધ્યેય તરીકે છે તે તમે કઇ દૃષ્ટિથી ઉડાવી દો છો ? મહાનિશીથસૂત્રમાં નવકારમંત્રનો પાઠ વિધિ ! ઇત્યાદિ સઘળું આપેલું જ છે, અને તે એટલું બધું સ્પષ્ટ છે કે તેમાં કોઈપણ વાતે શંકા લઈ જવા જેવું નથી. નંદીસૂત્રમાં મહાનિશીથસૂત્ર માનવાનું પણ સ્પષ્ટપણે જ કહેલું છે. હવે કેટલાક એમ કહે છે કે ભગવતીજી સૂત્રમાં નવકારમંત્રના પાંચ પદો જ કહ્યાં છે, ત્યાં નવપદો કહ્યાં નથી માટે જ એ પાંચ પદો માનીએ છીએ, તેઓ ક્યાં સુધી સાચા છે તે વિચારીએ. આ દલીલ કરનારાઓએ સમજવાની જરૂર છે કે આવશ્યકસૂત્રનો એક ભાગ કબુલ રાખવો-તેનો આધાર લેવો તો બીજો ભાગ છોડી દેવો એ બુદ્ધિશાળીપણાનું લક્ષણ છે એમ કહી શકાય જ નહિ. તમે કાયદાની ચોપડીમાં અમુક ગુન્હાઓ માટે અમુક કલમો દાખલ કરો પછી તે ગુનાનો આરોપી આવે અને તે એવી દલીલ કરે કે આ કલમ સિવાયની બીજી કોઇ કલમ મારા કામને ગુન્હો ઠરાવતી હોય તો બતાવો ! આ કલમ સિવાયની બીજી કોઇ કલમ મારા કાર્યને ગુન્હો ઠરાવતી નથી માટે મારું કાર્ય એ ગુન્હો જ નથી! તમે સહેજે કબુલ રાખશો કે આરોપીની આ વાત કોઇપણ ન્યાયાધીશ તો માન્ય રાખી શકે જ નહિ. ન્યાયાધીશ માન્ય ન રાખી શકે તો ભલે પણ બચાવનો વકીલ પણ પોતાના અસીલની આવી વાતને પાગલપણું જ ગણી કાઢે !

ભગવતી સૂત્રમાં મંગળાચરણમાં પાંચ પદો કહ્યાં હોય તો તે કોને શોભે છે. એ વાત જોવાની છે. અહીં મુખ્ય એ વાત એ છે કે જૈનશાસનમાં નવકાર સરખી નાની ચીજનું પણ જો કોઇ ધ્યેય હોય તો તે કર્મનો ક્ષય એજ છે, તપ, સમાધિ, વિનય એ સઘળાનું ધ્યેય જોશો તો એટલું જ છે કે કર્મનો ક્ષય ! આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભગવાન શ્રી મહાવીરદેવના જૈનશાસનમાં એક જ

ધ્યેય છે કે કર્મનો ક્ષય. જેઓ કર્મના ક્ષયને બદલે કર્મનો ઉદય કહે છે તેઓ પોતાના આત્માને માટે કર્મનો ઉદય કરનારાઓ પરમપ્રતાપી જૈનશાસનના છત્રની બહાર છે.

એક સ્થળે બે છોકરાઓ રમતા હોય, રમતાં રમતાં તેમની વચ્ચે કલહ થાય. એક છોકરો બીજાને ધપ્પો મારે અથવા ગાળ દે અને પછી પૂછતાં જવાબમાં એમ કહે કે મેં ગાળ આપી છે-અમારા મોઢાથી ગાળ અપાઈ છે તો તે છોકરાની આ વાત આપણે બચાવ તરીકે કબુલ રાખી શકતા નથી. એજ પ્રમાણે એમ કહી દેવું કે આ તો મારા કર્મનો ઉદય છે, એ પણ કાંઇ બચાવ નથી. કર્મને તોડવાં કેવી રીતે અને તેનો ક્ષય કરવો કેવી રીતે એજ બે બચાવના રસ્તા છે. એ સિવાય બીજો કોઈ બચાવનો રસ્તો નથી. હવે તમે એમ કહેશો કે કર્મ તોડવાં એ બચાવનો રસ્તો છે તો કર્મનો ઉદય એ શા માટે બચાવનો રસ્તો નથી ? કારણ કે કર્મક્ષયદ્વારાએ કર્મ ઓછાં થાય છે તે જ પ્રમાણે કર્મોદયદ્વારા પણ કર્મો ભોગવાઈને ઓછાં જ થાય છે, તોપછી કર્મોદય એને પણ બચાવનો જ રસ્તો છે એમ કહીએ તો તેમાં ખોટું શું ?

આ સ્થળે તમારા પ્રશ્નનો ખુલાસો થવા માટે ભગવાન શ્રી મહાવીરદેવનો એક પ્રસંગ વિચારો. ભગવાન મહાવીરદેવને ગોવાળીયો સંગમ ઉપદ્રવ કરે છે ! એ સંગમનો આત્મા કોણ હતો ? ભગવાન મહાવીરના પૂર્વભવમાં જે આત્મા તેમની રાણીરૂપે હતો તે જ આત્મા શ્રીમાન્ મહાવીરદેવના સમયે સંગમરૂપે અવતર્યો હતો. પૂર્વ ભવની રાણી એટલે શું ? તમે જેને અર્ધાંગના કહો છો. જેને ગૃહલક્ષ્મી કહો છો તે જ જીવ અત્યારે ભગવાન મહાવીરદેવને મહાભયાનક ઉપસર્ગો આપી રહ્યો હતો. જે સમયે સંગમ ભગવાનને પીડા કરવાને તૈયાર થાય છે ત્યારે ભગવાન કહે છે કે : બિચારો કેવો કર્મોદયને આધીન થયો છે ? બધા જીવો જીવસ્વરૂપે સિદ્ધસમાન છે. બધા જીવો સિદ્ધસમાન હોવા છતાં આ બિચારો કર્મને આધીન કેવો થયો છે તે જુઓ. સંગમના આત્માને પોતાને મોક્ષમાર્ગે પ્રવૃત્તિ કરવાનું સૂઝતું નથી, છતાં તેને જે મોક્ષમાર્ગને પ્રવર્ત્તાવે છે તેના ઉપર જ અરૂચિ થાય છે ! સંગમના હાથે થતું કાર્ય એ તેના કર્મોના ઉદયથી થાય છે એમ માનવામાં પોતાના જે ક્રોધાદિ કર્મોનો જે ઉદય થતો હતો તે રોકાઇ ગયો.

કર્મોનો ઉદય રોકવા માટે કર્મોનો ઉદય વિચારવાની છૂટ છે પરંતુ કર્મનો ઉદય વધારવા માટે કર્મનો ઉદય વિચારવાની તો છૂટ જ નથી ! જો કર્મ વધારવામાં પણ કર્મોના ઉદયનો જ આધાર લેવાનો જ હોય તો શું પરિણામ આવે ? ચૌદશ હોય, રાત્રિ થઈ ગઈ હોય, એટલામાં પતેડીયાં-પાતરાં, ભજીયાં દીઠાં તો હાથમાં લઈને કહે, તારા કર્મનો ઉદય લે ખા, અને ગુપચુપ મોઢામાં મૂકવા માંડે તો ? આમ તો ગમે તે પાપ કર્મના ઉદયને બારણે સહીસલામત ઘુસી જ જાય ! અહીં તમે કર્મનો ઉદય વિચારો છો પરંતુ કર્મના ઉદયને લાવવા માટે કર્મનો ઉદય વિચારવાનું શાસ્ત્રકાર મહારાજાઓ કદી કહેતા જ નથી. હવે આ વાતમાંથી મૂળ વાતમાં આવો. આ જીવ એમ જ માને કે કર્મનો ઉદય હોય તેમજ બન્યા કરે અને તેમજ પ્રવૃત્તિ કર્યે જવાની છે, અને એજ અભ્યંતર દૃષ્ટિ પણ રહે તો પછી આ જીવની દશા અણસમજુ સોલ્જર જેવી થાય ! અને તેની સઘળી પ્રવૃત્તિ અણસમજુ સોલ્જરની નોકરી જેવી જ ગણાય ! સુશિક્ષિતપણાની નોકરીને કોઇ ગુલામી ગણતું નથી, પરંતુ અજ્ઞાનીઓની નોકરી એ ગુલામી જ ગણાય છે.

આજ ઉદાહરણ તમારે અહીં લાગું પડવાનું છે. તમોને કોઇ વસ્તુનો સ્પર્શ કરવાની ઇચ્છા થાય અને તમે પ્રવૃત્તિ કરવાની તૈયારીઓ કરો અથવા

તમે એમ કહો કે મારી અમુક કાર્ય કરવાની ઈચ્છા થઈ છે, માટે હું તે પ્રમાણે વર્તું છું, અથવા તો તમારી ઈચ્છા થાય અને ન જુઓ ૧૪: ન જુઓ આઠમ અથવા તો નાટક જોવાની ઈચ્છા થાય અને દોડો નાટક જોવા અને પછી એમ કહો કે એ તો મારા કર્મોદયે બન્યું છે એમાં હું શું કરું ? તો તમારી સ્થિતિ માત્ર સોલ્જરની ગુલામી ભરેલી નોકરી જેવી છે, અને એનો અર્થ એટલો જ થાય છે કે તમે માત્ર 'હાં જનાબ' એટલું કહીને સલામો ભરતા અને પગો ચાટતા નોકરી કરવાનું અને માત્ર હુકમ બજાવવાનું જ સમજ્યા છો. તમારું હિતાહિત જોવાનું તમે સમજ્યા નથી. હવે આ વસ્તુ સાંભળ્યા પછી તમારા મનમાં એવી શંકા પણ જન્મ પામશે કે અહિત સમજી ઈચ્છા રોકીએ તો તે આર્તધ્યાન કે રૌદ્રધ્યાન ? તમારા પ્રશ્નનો ઉત્તર હવે વિચારીએ. સમજો કે રાત્રિ થઈ છે. ચોવિહાર છે. અહીં તમોને પાણી પીવાની ઈચ્છા થાય અને તમો રાત થઈ છે, ચોવિહાર છે, માટે પાણી ન પીવું જોઈએ, એમ વિચાર કરીને ઈચ્છાને રોકો તો તે આર્તધ્યાન છે.

આર્તધ્યાન તે આપણી ઈચ્છાએ પ્રવર્તે છે, અર્થાત્ તેમાં આપણી ઈચ્છા ચાલે છે. ધારો કે એક માણસે પચ્ચક્ખાણ લીધાં છે, તે આત્મા પચ્ચકખ્ખાણ તોડવા તૈયાર થયો છે, પચ્ચકખાણ તોડવાનાં સાધન પણ એકઠાં કર્યાં છે અહીં તેને બીજો રોકે તો તે આર્તધ્યાન છે ? જે ધર્મને જાણનારો છે તેનું કર્તવ્ય શું હોય છે તેનો ખ્યાલ કરો. ધર્મ જાણનારાનું કર્તવ્ય વિચારશ્રેણીમાં લાકડા હોમવાનું નથી જ ! મેઘકુમારનો વિચાર દીક્ષાનો ત્યાગ કરીને સ્વગૃહે પ્રયાણ કરવાનો થયો હતો, તે સમયે ભગવાન શ્રી મહાવીરદેવે તેને આર્તધ્યાનમાં રોક્યો હતો. આર્તધ્યાન એટલે શું છે ? આર્તધ્યાન શી વસ્તુ છે એ જાણ્યા વિના આર્તધ્યાનને નામે ગમે તે વસ્તુને ઠસાવી દેવી એ વાત સમજ્યા વિના વિષય કષાય પોષવાને માટે શાસ્ત્રને નામે ખોટી સહી ઉભી કરવા બરાબર છે. જે આત્મા ઈચ્છા થાય અને તે ઈચ્છાને સારાસાર વિવેક વિના તાબે થઈ જાય તે આત્મા કર્મરાજાનો શિક્ષિત નોકર નથી પરંતુ બેવકુફ સોલ્જર નોકર જ છે એમ તમારે સમજી લેવાનું છે.

(અપૂર્ણ)

- ગતાંક પાના ૫૪ થી ચાલુ -

વળી ભરત મહારાજઆદિકના કથંચિત્ બનેલા બનાવો પણ પૂર્વભવના વિધિપૂર્વક થયેલા દીક્ષાના પ્રભાવથી જ છે. એમ જિનેશ્વરો કહે છે, અને પહેલા ભવની દીક્ષા સિવાય ભવાંતરમાં વગર વિધિએ ભાવ આવવા તે બનતું જ નથી, માટે દીક્ષાનો આ વિધિ કરેલો છે, અને તે સર્વ મુમુક્ષુઓને આદરવાલાયક છે.

"ગૃહસ્થપણું ઉત્તમ માનનારાની માન્યતા અને તેનો ઉત્તર જણાવે છે :

अण्णे १८०, बहु १८१, चतं १८२, सुह १८३, तम्हा १८४, किं १८५, जइ १८६, गेहा १८७, जो १८८, एसो १८९, कइया १९०, इअ १९१, दीणो १९२, संते १९३, परि १९४, जं १९५, कंखि १९६, मुत्ती १९७, जस्सि १९८, पढमं १९९, भणिअं २००, तेण २०१, लेसा २०२, तम्हा २०३, नय २०४, आरंभ २०५, तम्हा २०६, केइ २०७, चइऊ २०८, अवगासो २०९, तव २१०, वाहि २११, इअ २१२, णय २१३, सो हु २१४, देहे २१५, तत्थ २१६, चारि २१७, भिक्खं २१८, ईसिं २१९, चई २२०, एए २२१, मुत्तू २२२, तेण २२३, राया २२४, गिहि २२५, गुरू २२६, पर २२७

કેટલાકો કહે છે કે પાપના ઉદયથી સાધુઓ ઘર છોડે છે, અને પહેલા ભવમાં દાન નથી દીધાં, તેથી ઠંડા પાણી વિગેરેનો ઉપયોગ છોડે છે. જેમ ઘણા દુઃખે મેળવેલો પૈસો નિર્ભાગીયોનો નાશ પામે છે તેવી રીતે પુણ્યથી પ્રાપ્ત થયેલો ઘરવાસ પાપવાળાઓનો નાશ પામે છે. ઘરવાસ છોડયા પછી ઘરવગરનો, તરસ્યો, ભૂખ્યો ફરે તે પાપનો ઉદય કેમ નહિ કહેવાય ? શુભધ્યાનથી ધર્મ થાય છે, અને તે શુભધ્યાન સાધનહીનને ક્યાંથી હોય ? વળી શુભધ્યાનને મદદ કરનાર પણ સાધન તે સાધુ પાસે હોતાં નથી, માટે ગૃહાશ્રમમાં લીન, સંતુષ્ટ મનવાળો, આકુલતા વગરનો, બુદ્ધિમાન, પરોપકાર કરવાવાળો, અને મધ્યસ્થ એવો જે ગૃહસ્થ તે જ ધર્મ કરી શકે. આ પક્ષનો ઉત્તર કહે છે :

પાપનું સ્વરૂપ શું છે ? તેમજ પુણ્યનું સ્વરૂપ શું ? વાદી જણાવે છે કે મલિનપણે જે ભોગવાય તે પાપ કહેવાય છે, અને શુભપણે ભોગવાય તે પુણ્ય કહેવાય છે, જો એમ છે તો પછી પૈસો પેદા કરવાને અને કુટુંબના પાલન વિગેરેમાં શું સંકલિષ્ટવેદના થતી નથી ? અથવા સંકલિષ્ટ વેદનાનું સ્વરૂપ શું ? કદાચ એમ કહો કે ઘરવિગેરે ન હોવાથી જે વેદના થાય તે સંકલિષ્ટ કહેવાય તો, ઘરવિગેરેની મમતાવાળાને જ તે સંકલિષ્ટવેદના ઘટે, પણ મમતારહિતને તે ઘટે નહિં, વિદ્યમાન કે અવિદ્યમાન એવાં ઘરવિગેરેમાં આર્તધ્યાન રૂપ જે મમત્વભાવ તે જ પાપનો હેતુ છે, એ મલિનવેદનાનું સાચું રૂપ છે, અને તે મમતાભાવ પાપાનુબંધી પુણ્યના જ ઉદયથી વિદ્યમાન એવા ઘરવિગેરેમાં દૃઢપણે થાય છે, તેથી તેવું પુણ્ય પણ પરમાર્થથી પાપ જાણવું, તેમજ ક્યારે કિલ્લો તૈયાર થાય ? મને પ્રતિકુળ કોણ છે ? અથવા પ્રતિકૂળપણું કેમ થયું ? એવી અધમચિન્તા તે જ પાપનું કારણ છે, અને એવી ચિન્તાના ઝેરથી ભરાયેલો જીવ વિદ્યમાનવિષયોને પણ ભોગવી શકતો નથી, તો ધર્મ કરવાની વાત તો દૂર જ રહી એવી જ રીતે અવિદ્યમાન ઘર વિગેરેમાં પણ સમજવું. કૃપણ મનુષ્ય લોકોથી નિંદાયેલો, પેટ માત્ર ભરવામાં

પણ અશક્ત, અને ચિત્તથી પાપ કરનારો એવો મનુષ્ય હોય તો પણ તે જન્માન્તરના પાપો ભોગવે છે, અને નવાં પાપો બાંધે છે. સત્યરીતિએ વિદ્યમાન એવા ભોગોમાં પણ જેને મમત્વ નથી, દાનાદિક્રિયા દૃઢપણે કરે છે, અને ભવાંતરને માટે પણ પુણ્ય ઉપાર્જન કરે છે, તેને પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય કહેવાય, પણ આ શુધ્ધ પુણ્ય સંસારવૃક્ષના કારણભૂત વિષયોથી વૈરાગ્યનું કારણ બને છે, અને વળી ધર્મધ્યાનનો હેતુ થાય છે. શુભધ્યાનથી ભાવિત બુદ્ધિવાળા, અને વિષયથી વિરમેલા મહાપુરૂષોને જે સુખ થાય છે તે અનુભવથી મુનિવરો જ જાણી શકે છે, બીજો કોઇપણ જાણી શકતો નથી, કેમકે પંડિતોનું કહેવું છે કે ઇચ્છેલા અર્થની પ્રાપ્તિથી ઇચ્છા કરનારને તે સુખ નથી કે જે સુખ ઇચ્છાની નિવૃત્તિથી થાય છે. મોક્ષની ઇચ્છા પણ ઇચ્છા છે તેથી વિરુદ્ધપણું કહેવાશે નહિ, કેમકે તે મોક્ષ જિનેશ્વરોએ ઇચ્છાનિવૃત્તિનું જ મોટું ફળ કહેલું છે. જે પુરુષોને ઇચ્છાથી પ્રાપ્તિ થાય છે તેની અપેક્ષાએ આ ઇચ્છા ને અનિચ્છાની વાત કહી છે, કેમકે મોક્ષ તો કેવળી મહારાજા મનવગરના હોવાથી ઇચ્છા વગરના જ હોય છે, અને તેમને જ તે મળે છે તેથી ઇચ્છાને અભાવે જ મોક્ષ થાય છે. દીક્ષા લેતી વખતે જે મોક્ષ વિષયક ઇચ્છા છે તે શુભ હોવાથી નિષેધેલી નથી, અને તે જ પ્રશસ્ત ઇચ્છા નિરિચ્છકપણાનું કારણ બને છે. જિનેશ્વર મહારાજે પણ કહ્યું છે તે એક મહીનાથી બાર મહીનાના પર્યાયવાળો મહાશ્રમણ વ્યંતરથી અનુત્તર સુધીનાં સુખો કરતાં વધારે સુખ પામે છે, અને બાર મહીનાથી વધારે પર્યાયવાળો સાધુ શુક્લ ક્રિયાવાળો યાને શુધ્ધ આશયવાળો થઇને મોક્ષ પામે છે, અને તે ભગવાન સર્વોત્તમ સ્થાનને પામે છે. સારી લેશ્યા તે સુખવાળાને જ હોય છે એ વાત સિદ્ધ છે, તો આવી રીતે સુખના કારણરૂપ પ્રવજ્યાને પાપ તરીકે કેમ કહે છે ? માટે તત્ત્વને જાણકાર મુનિઓને નિર્મમત્વ ભાવ હોવાથી તેમજ કર્મક્ષયનું કારણ હોવાથી પુણ્યથી જ ધર્મધ્યાનમાં શુભ વેદના છે, અને તે શુભ વેદના ઘરવાસ છોડયા સિવાય થતી જ નતી, કેમકે તે ઘરવાસનું પાલન મમત્વ સિવાય થતું નથી. ઘરવાસમાં આરંભપરિગ્રહથી પાપ બંધાય જ છે, અને સંયમોપકરણનું તો તુચ્છપણું છે તેથી તેમાં પ્રતિબંધ થતો નથી, અને તેથી તે દેહ આહારાદિકની માફક સંયમોપકરણના સંગ્રહનો દોષ નથી, તેટલા માટે બુદ્ધિશાળીઓ પુણ્યના ઉદયે જ ઘરવાસ છોડે છે અને વિપાકે વિરસ હોવાથી ઠંડા પાણી વિગેરે વાપરતા નથી. એજ વાત જણાવે છે. કેટલાક અજ્ઞાનીઓ હિંસાવિગેરેથી સુખ માને છે, જ્યારે કેટલાકો તેમ માનતા નથી, તો હિંસાદિકથી સુખ માનનારાઓ પ્રવ્રજ્યાને અપુણ્ય ગણે તો આશ્ચર્ય નહિ. ચારિત્રવાળો, ઘર વિગેરેને છોડી સૂત્રને અનુસારે જે જે ક્રિયા કરે છે તે તે જિનેશ્વરને સંમત જ છે. તત્ત્વથી જાણકારને તો આત્મા એજ ઘર છે, મેં આ કરાવ્યું એ કથન દુઃખનું કારણ છે, તપ, શોષ અને પિપાસા એ વિદ્યમાન છતાં પણ દુઃખરૂપ નથી, કારણ કે કર્મરૂપી વ્યાધિનાં નાશનાં કારણો કહેલાં છે. જેમ વ્યાધિના ક્ષયને માટે સેવાતાં કટુ કરિયાતું વિગેરે ધૃતિને કરે છે અને કાંઇક નીરોગતા દેખાડે છે, એવી રીતે આ મુનિઓ પણ શુદ્ધભાવની સ્થિરતા, ગુરૂની આજ્ઞાનું માન્યપણું અને ચારિત્રની તીવ્રતાને દેખાડતા ધૈર્ય જ કરે છે. વળી તે તપ વિગેરે નિર્વિકલ્પે ધર્મ સાધવાની બુદ્ધિવાળાને ઘણા ભાગે દુખઃરૂપ હોતાં નથી, અને તે તપ વિગેરેનું એકાંતે કર્ત્તવ્યપણું કહ્યું નથી, કેમકે જેનાથી મનને આર્તધ્યાન ન થાય. ચક્ષુ આદિ ઇંદ્રિયોની હાનિ ન થાય, અને સંયમવ્યાપારને હાનિ ન થાય તે જ તપ કરવાનું છે. શરીરમાં મમતા વગરનો તે સાધુ જિનેશ્વરે કહેલી ક્રિયા છે એમ સમજી

અનાજનું ગ્રહણ કરે તે પાપનો વિષય કેમ કહેવાય ? તે ગ્રહણમાં પણ ધર્મધ્યાન છે, ઇચ્છા નથી, તેથી તે શુભ છે, અને આ બધું સાધુપણાનું અનુષ્ઠાન સુખ દેનારું છે એમ જાણવું. અજ્ઞાની મલિનપરિણામવાળો, મમતાવાળો, અને ચારિત્રરહિત એવો જે જીવ હોય તેને જિનેશ્વર મહારાજે ગોચરીનો પણ નિષેધ કરેલો છે, તેથી એમ નક્કી થયું કે અશુદ્ધપરિણામને ધારણ કરનારા આરંભવાળા, ગરીબો સંસારને વધારનારી જે દીક્ષા લે છે તે પાપના ઉદયથી જ છે. જેઓએ કાંઇક સુખ દેખાડીને કપટથી ઘણા પ્રાણીઓને દુઃખમાં નાંખ્યા હોય, તેઓને આવા પાપનો ઉદય હોય છે. જેઓ ઘરવાસ તેમજ દીક્ષાને છોડીને મોહને આધીન રહે છે તેઓ ગ્રહાશ્રમી કે પ્રવ્રજિત એક્કે કહેવાય નહિં, પણ કેવળ સંસારને વધારનારા જ છે. ઘરવાસમાં શુભધ્યાન આદિનો અભાવ હોવાથી પૂર્વોક્ત અધિકારદ્વારાએ વાદીનું કહેલું બધું ખંડિત થયું જાણવું. રાજાની રાણીઓ અને ચોરના દૃષ્ટાંતથી અભયદાનને છોડીને જગતમાં બીજો કોઇ પણ પરોપકાર નથી, અને ઘરવાસમાં સંપૂર્ણ અભયદાન હોતું જ નથી. પૂર્વે કહેલું દૃષ્ટાંત જણાવે છે. ચોરને શૂળીએ દેવા લઇ જાય છે. ચોર ગભરાય છે. રાજાની સ્ત્રીઓ દેખે છે, રાજાને વિંનતિ કરે છે કે આ ચોરને કાંઇક ઉપકાર કરીએ. રાજાએ હુકમ કર્યો, તેથી કોઇકે સ્નાન, કોઇકે વિલેપન કોઇકે ભૂષણ અને કોઇકે શુભઆહાર આપ્યો, જ્યારે અણમાનીતી એક રાણીએ તો અભયદાન આપ્યું, પછી તે રાણીઓમાં કોણે સારૂં દાન આપ્યું ? એનો વિવાદ થતાં ચોરને પૂછતાં અભયદાનનો સારાપણાનો નિર્ણય થયો. ગૃહસ્થને તો ભોજન માત્ર પણ છ કાયજીવની હિંસાથી જ થાય છે, માટે ગૃહસ્થપણું સારૂં કેમ કહેવાય ? તપઆદિકના દુઃખોને શિષ્યોની પાસે કરાવનાર ગુરુને કેમ દોષ ન લાગે એ વિગેરે ચર્ચા પણ ઉપરના વાદથી દૂર થઇ, કારણ કે જેમ કુશળવૈદ્યની દવા દુઃખ દે તોપણ પરમાર્થથી તે સુખનું કારણ હોવાથી દુઃખરૂપ નથી, તેવી રીતે સંસારના દુઃખોને નાશ કરનારું આ તપ પણ સુખરૂપ જાણવું ॥

इति प्रव्रज्याविधाननामकं प्रथमं वस्तु એવી રીતે દીક્ષા કેમ આપવી એ દ્વાર પુરૂં કરી પ્રવ્રજ્યાવિધાનને સમાપ્ત કરી પ્રતિદિનની ક્રિયાને કહેવાની પ્રતિજ્ઞા કરે છે.

પવ્વ ૨૨૮, એવી રીતે આ પ્રવ્રજ્યાનું વિધાન સંક્ષેપે કહ્યું, હવે બીજી વસ્તુ તરીકે મુનિમહારાજની પ્રતિદિન ક્રિયા કહીશ.

પવ્વ ૨૨૯, જે માટે દીક્ષિત થયેલો સાધુ પ્રમાદનો પરિહાર કરીને જે સૂત્રવિધિએ પ્રતિદિન ક્રિયા કરે છે અને ત્યારે તેની પ્રવ્રજ્યા જૈનશાસનમાં સફળ ગણી છે, પ્રથમ પ્રતિદિનક્રિયાના દશ ભેદો જણાવે છે :

પડિ ૨૩૦, ઉપધિનું પડિલેહણ ૧ ઉપાશ્રયનું પ્રમાર્જન ૨ વિધિએ ગોચરી લાવવી ૩ ઇર્યાવહિયાપૂર્વક કાઉસ્સગ્ગ કરવો ૪ ગોચરીનું આલોવવું ૫ ભોજન ૬ પાત્રાનું ધોવું ૭ સ્થંડિલ જવું ૮ વિરાધના વગરની સ્થંડિલની ભૂમિ ૯ પ્રતિક્રમણ અને કાલગ્રહણ વિગેરે ૧૦ એ દશ દ્વારો પ્રતિદિન ક્રિયા નામની વસ્તુમાં છે. તેમાં પહેલું પડિલેહણ નામનું દ્વાર કહે છે :-

ઉવ ૨૩૧, ઉવ ૨૩૨ અહીં પડિલેહણા સંયમને ઉપકાર કરનાર ઉપકરણોની જાણવી. નહિં

પડિલેહેલ ઉપકરણોમાં જીવહિંસાદિક દોષો જાણવા. ઉપકરણને આશ્રીને વસ્ત્ર અને પાત્રની પડિલેહણા હોય છે. દીક્ષા વખતે પહેલાં વસ્ત્રગ્રહણ કરવાથી તેમજ સૂત્રોમાં પાત્રૈષણા કરતાં વસ્ત્રૈષણા પહેલી કહેલી હોવાથી વસ્ત્રસંબંધી પડિલેહણા પહેલાં કહેવાશે. સવારે અને ચોથે પહોરે મુહપત્તિ, રજોહરણ ચોળપટ્ટો, ગુરૂની માંદાસાધુની અને નવાશિષ્યની, ઉપધિ પોતાના કપડાં અને સંથારો તેમજ ગુરુમહારાજે કહેલું અન્ય જે કંઈ હોય તે પડિલેહવું જોઈએ. હવે વસ્ત્ર પડિલેહવાની વિધિ કહે છે **उड्ढं** ૨૩૩, **वत्थे** ૨૩૪, **अंगुट्ठ** ૨૩૫, **परि** ૨૩૬, **इअ** ૨૩૭, **अदंस** ૨૩૮, **अणच्चा** ૨૩૯, **वत्थे** ૨૪૦, **तिरि** ૨૪૧, **छप्पु** ૨૪૨, **तइअं** ૨૪૩, **विहि** ૨૪૪, વસ્ત્ર અને કાયાનું ઊર્ધ્વપણું, સજ્જડ ગ્રહણ કરવાથી સ્થિરપણું, વસ્ત્રનું વિધિથી પડિલેહવું, પહેલાં વસ્ત્રને આગળ પાછળ ચક્ષુથી દેખવું, પછી વિધિથી પ્રસ્ફોટન કરવું અને પછી આગળ કહેવાશે તે વિધિએ પ્રમાર્જન કરવું. વસ્ત્ર અને કાયના ઊર્ધ્વમાં, કોઈક કહે છે કે ઉભો રહીને છેડાથી વસ્ત્ર પકડવું, પણ તે વ્યાજબી નથી, કેમકે લિપાયલાની માફક શરીરને નહિ અડાડતાં ઉભા પગે જમીનમાં નહિ લગાડતાં તીર્ચ્છે રાખી વસ્ત્રને પડિલેહે અંગુઠા અને આંગળીથી ત્રિભાગબુદ્ધિએ વસ્ત્રને ગ્રહણ કરીને સંભ્રમરહિત સ્થિરપણે ચક્ષુનો વ્યાપાર કરીને જે પડિલેહવાય તે સ્થિર કહેવાય. ઊતાવળ કર્યા વગર વાયુકાયની જયણાપૂર્વક, પ્રયત્નથી સમ્યગ્વસ્ત્રને બીજે પડખે ફેરવવું તે અત્વરિત કહેવાય. જો ત્વરિત કરે તો વાઉકાયની વિરાધનાદિ દોષો થાય. એવી રીતે બે પડખે દેખવાથી સર્વગ્રહણ થયું, તેથી સર્વ એટલે બધું વસ્ત્ર પહેલાં ચક્ષુએ દેખે, ત્યાં જો કીડીઆદિક જીવો ન દેખાય તો પ્રસ્ફોટન કરે અને દેખાય તો તે જીવોને વિધિપૂર્વક અન્યત્ર મૂકે. પ્રસ્ફોટન કરવાની વિધિ કહે છે. વસ્ત્ર કે શરીર નાચવું ન જોઈએ અને તે બે વળવા પણ ન જોઈએ, તથા નિરંતર ન જોઈએ અને તીર્ચ્છું લાગવું પણ ન જોઈએ, વસ્ત્રના છ પ્રસ્ફોટન પહેલાં કરવાં અને હાથલલનાં પ્રમાનર્જવાળાં નવા પ્રસ્ફોટન પછી કરવાં, અને પછી હાથમાં જીવોનું શોધન કરવું. વસ્ત્ર અને આત્માને આશ્રીને અનર્તિતને અને અવલિતના ચાર ભાંગા થાય. નિરંતર પડિલેહવું તેને અનુબંધી દોષ કહેવાય છે. તીર્ચ્છું, ઉપર કે નીચે વસ્ત્ર લાગવાથી મુસલી દોષ કહેવાય છે. તીર્ચ્છું ભીત વિગેરેમાં, ઉપર માળ વિગેરેમાં અને નીચે ભૂમિ વિગેરેમાં લાગવું થાય. એવી રીતે મુસલીદોષનું લક્ષણ કહેલું છે. પહોળા કરેલા વસ્ત્રમાં બે બાજુ નિરીક્ષણ કરતાં છ પ્રસ્ફોટન થાય છે, અને હાથમાં ત્રણ વખત પ્રમાર્જન કરી, ત્રણ ત્રણે આંતરિત, નવ પ્રસ્ફોટન જાણવા. હાથના રંગ સરખા અદૃશ્ય જીવોની રક્ષા માટે ત્રીજું પ્રમાર્જન છે, કેમકે પ્રમાર્જેલી ભૂમિમાં પડિલેહણ થયા પછી કાજો ન કાઢયો હોય તો તે ભૂમિ વપરાય નહિ એવો નિયમ છે. એવી રીતે વિધિની મુખ્યતાએ પડિલેહણક્રિયા જણાવીને હવે આગળ આચાર્ય મહારાજ (નિર્યુક્તિકાર) એજ પડિલેહણની ક્રિયાને પ્રતિષેધની મુખ્યતાદ્વારાએ જણાવે છે :

आर ૨૪૫, **वित** ૨૪૬, **गुरु** ૨૪૭, **उड्ढ** ૨૪૮, **पसि** ૨૪૯, **पसि** ૨૫૦, **धूण** ૨૫૧, **उड्ढा** ૨૫૨, **अणु** ૨૫૩, **नो** ૨૫૪, **खोड** ૨૫૫, **देव** ૨૫૬, **एए** ૨૫૭, **जीव** ૨૫૮, **एए** ૨૫૯ પડિલેહણના આ પ્રમાણે છ દોષ વર્જવા.

આરભડા ૧ સંમર્દા ૨ અસ્થાન સ્થાપના ૩ પ્રસ્ફોટના ૪ વિક્ષિપ્તા ૫ વેદિકા ૬

આરભડાદોષ તેને કહેવાય કે ઉલટું કરે, જલદી કરે કે બીજું બીજું લે. સંમર્દાદોષ તેને કહેવાય કે ખુણા અંદર રાખીને પડિલેહે અગર વીંટી ઉપર બેસીને પડિલેહે. અસ્થાન સ્થાપના તેને કહેવાય કે પડિલેહેલી ઉપધિને ગુરુની અવગ્રહાદિભૂમિમાં મ્હેલે. પ્રસ્ફોટનદોષ ત્યારે લાગે કે ધૂળથી ભરેલાનું વગર યતનાએ પ્રસ્ફોટન કે, પડિલેહેલા વસ્ત્રોની જેમ તેમ ફેંકે તે વિક્ષિપ્તાદોષ અને ઉર્ધ્વવેદિકા આદિ પાંચ પ્રકારની વેદિકા કરે તે વેદિકા દોષ. એવી રીતે પડિલેહણમાં છ પ્રકારના દોષો છે. ઢીંચણ ઉપર હાથ રાખીને પડિલેહણ કરવું તે ઉર્ધ્વવેદિકા કહેવાય, નીચે રાખે તે અધોવેદિકા, એક ઢીંચણ વચ્ચે રાખે તે એકતોવેદિકા, બે ઢીંચણ વચમાં રાખે તે દુહઓ વેદિકા, ઢીંચણની અંદર પડિલેહે તે અન્તર્વેદિકા, વસ્ત્ર ઢીલું પકડવું, એક છેડે પકડવું, હાથ કે ભૂમિમાં લોટાવવું, ત્રણથી વધારે વખત ધુણાવવું, પ્રસ્ફોટન વિગેરેમાં પ્રમાદ કરવો, અને શંકા થવાથી ગણતરી કરીને પડિલેહણ કરવી એ પડિલેહણના દોષો છે. ઢીલું લેવું કે ઉકેલ્યા વગરનું લેવું તે શિથિલ કહેવાય. વચમાંથી લેવું કે બીજે છેડે લેવું તે પ્રલંબ કહેવાય. હાથ અને ભૂમિને લોટે તો એટલે વીંટિયાને એક આંગળીએ લે તો તે આમર્ષદોષ કહેવાય. ત્રણ વખતથી વધારે વખત ધુણાવે અથવા તો ઘણાં લઈને એકઠાં ધુણાવે તો અનેકરૂપ ધુણનદોષ કહેવાય, તેવી રીતે પ્રસ્ફોટન અને પ્રમાર્જનામાં પ્રમાદી થઈને શંકાવાળો થયો છતો ગણતરી કરે તે પણ દોષ કહેવાય. ઊર્ધ્વ વિગેરેનું વિધિદ્વારાએ વર્ણન કર્યા છતાં પ્રતિષેધદ્વારાએ જે આ વર્ણન કર્યું છે તે શુદ્ધ અનુષ્ઠાન જ ફળ દેનાર છે એમ દેખાડવા માટે છે. નિર્યુક્તિકાર મહારાજા પણ કહે છે કે ન્યૂનપડિલેહણા, અધિકપડિલેહણા અને વિપર્યાસપડિલેહણા વર્જવાનું હોવાથી આઠ ભાંગા થાય, તેમાં પહેલો ભાંગો જ શુદ્ધ છે, બાકીના સાત અશુદ્ધ છે. ઓછી ન હોય, અધિક ન હોય, અને વિપર્યાસવાળી ન હોય તે પહેલો ભાંગો અને શુદ્ધ, બાકીના પછીના જે સાત ભાંગા તે અશુદ્ધ ભાંગા છે. પ્રસ્ફોટન, પ્રમાર્જન, અને વખતની અપેક્ષાએ ઓછા અધિકપણું જાણવું.

કેટલાકો કુકડો બોલે ત્યારે[૨], અરૂણોદય થાય ત્યારે[૩], પ્રકાશ થાય ત્યારે[૪], પરસ્પર દેખાય ત્યારે અને હાથની રેખા દેખાય ત્યારે[૫], પડિલેહણ માને છે. જે માટે છેલ્લી પોરસીમાં દિવસની પડિલેહણા થાય છે. માટે (રાત્રિની છેલ્લી પોરસીમાં રાઈપડિલેહણા થવી જોઈએ) એવો ભ્રમ કુકુટ આદેશવાળાનો છે, અને તેમાં અંધારૂં હોવાથી બાકીના મતો છે. શાસ્ત્રકાર કહે છે કે એ પાંચે વિરોધી છે, કેમકે અંધારાવાળા મકાનમાં સૂર્ય ઉદય થયા છતાં પણ રેખા દેખાતી નથી. શાસ્ત્રીય રીતિએ પડિલેહણા કાળ તો પાડિકમણું કર્યા પછી મુહપત્તિ, રજોહરણ, બે નિષદ્યા, ચોળપટ્ટો, સંથારો, ઉત્તરપટ્ટો, ત્રણ કપડાં અને કેટલાકના કહેવા પ્રમાણે અગીયારમા દાંડાનું પડિલેહણ થાય ત્યારે સૂર્યોદય થવો જોઈએ, કેમકે જીવદયા માટે પડિલેહણ છે, તેથી પડિકમણું સ્તુતિ કર્યા પછી દશ વસ્તુનું પડિલેહણ થાય ત્યારે સૂર્ય ઉદય પામે એ પડિલેહણનો કાળ જાણવો.

અસંબદ્ધ બોલવાવાળા પણ સરળ શિષ્યને આચાર્યોએ સમજાવવા જોઈએ એવું જણાવવા માટે પહેલાના પાંચ વૃદ્ધ કાળો જણાવ્યા. હવે અવિપર્યાસ અને વિપર્યાસપણું જણાવે છે, **ગુરુ ૨૬૦, પુરિ ૨૬૧, અપ્પડિ, ૨૬૨**

પુરુષનો અવિપર્યાસ તે કહેવાય કે આચાર્ય, તપસ્વી, ગ્લાન, નવદીક્ષિત અને વૈયાવચ્ચ કરનારની ઉપધિ પોતાની ઉપધિથી પહેલી પડિલેહવી, વસ્ત્રના અવિપર્યાસમાં પહેલાં સંસ્કાર ન કરવો પડયો હોય તેવાં પહેલાં પડિલેહીને પછી અલ્પસંસ્કારવાળાનું અને તે પછી બહુ સંસ્કારવાળાનું પડિલેહણ કરવું, પણ ગૃહસ્થો હાજર હોય કે ઉપધિ અનુચિત હોય કે ગુરુનું પડિલેહણ કરવાવાળો નિયમિત હોય તો પુરુષ અને ઉપધિનો વિપર્યાસ પણ કરે. પાત્ર અને વસ્ત્રની બાબતમાં પણ વિપર્યાસ સમજવો. ઉપસંહાર કરતાં કહે છે કે ઉપધિ નહિ પડિલેહવામાં જે આજ્ઞા વિગેરે દોષો છે તે જ દોષો અવિધિથી ઉપધિને પડિલેહવામાં પણ થાય છે, માટે પડિલેહણનો વિધિ જાણવો અને આદરવો જોઈએ. એવી રીતે ઉપધિની પડિલેહણનું પહેલું દ્વાર પુરૂં કરીને વસતિપ્રમાર્જનનું બીજું દ્વાર કહે છે-

पडि २६३, वस २६४, सइ २६५, अपम २६६ સવારે ઉપધિ પડિલેહીને વસતિની પ્રમાર્જન થાય છે, અને સાંજે તો પહેલી વસતિની પ્રમાર્જના કરીને પછી વસ્ત્રાદિનું પડિલેહણ થાય છે. અન્યવ્યાપારરહિતપણે ઉપયોગવાળા ગીતાર્થે વસતિપ્રમાર્જન કરવી-એથી ઉલટી રીતે વસતિને પ્રમાર્જતાં અવિધિ જાણવો. હંમેશાં રૂવાંટાવાળા, કોમળ, ચીકાશ વગરના, જેને વિધિએ ગાંઠ બાંધેલી હોય તેવા દંડાસનથી વસતિ પ્રમાર્જથી, પણ સાવરણી આદિકથી નહિં. વસતિ પ્રમાર્જવામાં ન આવે તો લોકનિંદા, ધૂળ લાગવાથી જીવ હિંસા, અને પગ નહિં પૂજવાથી ઉપધિનું મેલાપણું એ વગેરે દોષો થાય, અને ઉપધિને ધોવામાં અને નહિં ધોવામાં છકાયની વિરાધના તેમજ આત્મવિરાધના વિગેરે પણ દોષો થાયા

હવે પાત્રની પડિલેહણનું દ્વાર કહે છે :-

चरि २६७, तीआ २६८, भाण २६९, मुह २७०, चउ २७१, मूसग २७२, नवग २७३, कोत्थल २७४, इयरेसु २७५, भायण २७६, दाहिण २७७,

ચોથો ભાગ બાકી રહે એવો દિવસનો ભાગ એટલે પહોર બાકી રહે ત્યારે પાત્રનું પડિલેહણ કરવું, અને તે પડિલેહણ વીતરાગોએ આ રીતિએ કહેલું છે. અતીત અને અનાગત કાલે પડિલેહણ કરતાં જેમ આજ્ઞા વિરાધના વિગેરે દોષો લાગે છે, તેમ અવિધિએ પડિલેહવામાં પણ દોષ લાગે છે, માટે પાત્રની પડિલેહણ વિધિથી કરવી. તે વિધિ આ પ્રમાણે છે :-

માત્રકથી એક વેંત છેટે થાપેલા ભાજનની પાસે બેસી મુહપત્તિ પડિલેહીને બહાર ચક્ષુથી દેખે અને અંદર શ્રોત્ર ઘ્રાણ ને જિહ્વાથી ઉપયોગ કરે. પછી પડલાને ફરશે અને પડિલેહણના ઉપયોગવાળો આવી રીતે પાત્રાને પડિલેહે :-

મુહપત્તિએ ગુચ્છાને પડિલેહીને આંગળીમાં ગુચ્છાને લઈ પડલાને પડિલેહે. કેટલાક કહે છે કે ઉભે પગે પડલા પડિલેહવા, પણ તે ઉઠવા બેસવાના દોષથી નકામું છે, તે પડલાથી ઝોળીના ચારે છેડા પુંજીને ભાજનનો જે કાંઠો પકડવો હોય તે પુંજે, અને પછી પુંજણીથી પાત્રની અંદર અને બહાર ત્રણ ત્રણ વખત પુંજી, ભાજનના મધ્ય ભાગને પુંજે. મધ્ય ભાગને પછી પડિલેહવાનાં કારણો કહે છે:-ઉંદરે કરેલી રજનો ઢગલો, કરોળીઓ, પાણી અને માટી એ વિરાધનાના સ્થાન છે. નવાગામમાં દૂરથી ઉંદર

સચિત્ત રજ ખોદીને ઢગલો કરે. સ્નિગ્ધપૃથ્વી હોય તો ઝોળીને ભેદીને હરતનું (પાણીનાં બિંદુઓ) પેસે, ભમરી ઘર કરે, કરોળીયા વિગેરે પાત્રામાં લાગે, તેમજ સચિત્તરજ હોય તો ઉપર પુંજવું, હરતનુ હોય તો તે સુકાય નહિં ત્યાંસુધી રહેવું, કરોળીયા વિગેરેમાં ત્રણ પહોર વિલંબ કરીને પાત્રનો તેટલો ભાગ છેદી નાખવો, અથવા આખું પાત્ર છોડી દેવું, અને જુની માટીને જલદી કાઢી નાંખવી. પાત્રાં પુંજીને બહાર અને અંદર પ્રસ્ફોટન કરવું. કેટલાક તે ત્રણ વાર કરવું એમ કહે છે. પાત્રને જમીનથી ચાર આંગળ માત્ર ઉંચે રાખીને પડિલેહવું કે જેથી પડવાનો ભય ન રહે. પાત્રાંને કાંઠેથી જમણા હાથે લઈને ડાબી તરફ ત્રણ વખત પ્રસ્ફોટન કરે, ત્રણ વખત ભૂમિએ અને ત્રણ વખત તળીએ પ્રસ્ફોટન કરે. (આ ગાથા અન્યમતને દેખાડનારી છે.) અત્યારે પાત્રાં ભૂમિએ નથી થપાતાં તેમ બધું ન કરવું એમ કહેનારને કહે છે કે :-

काल २७८, अव २७९, णय २८०, दोसा २८१, દુષ્ષમાકાળના દોષથી ખીલીએ લગાડતા પ્રમાદથી ઓચીંતાનો હાથ લાગી જાય તો ખીલીએ ટાંગેલ વસ્તુ નીચે પડે ત્યારે તેનો ભંગ થાય માટે પાત્રાંને સીક્કગ (ગુચ્છા) બંધ કર્યા પછી અપ્રમત્તપણે બાકીનો વિધિ કરવો, પણ પાત્રાનું સ્થાપન છોડવાની માફક બધો વિધિ છોડવો નહિં, કેમકે તે સ્થાપન જ છોડવાનું પૂર્વાચાર્યોએ આચરેલું છે. જેમાં દોષ થોડો હોય અને ગુણ ઘણો હોય એવું જે કાર્ય અપેક્ષાથી ગીતાર્થો આચરે તે બધાઓએ પ્રમાણ ગણવું. (આ સ્થાને ટીકાકારે માસકલ્પના અવિહારનો આપેલો દાખલો દુર્ભિક્ષાશક્તિ આદિ કારણથી વિહાર થયો ન હોય તો પણ સચિત્ત અચિત્ત દ્રવ્ય સંબંધી તે વિહાર નહિ કરનારાનો હક, બીજા વિહાર કરનારાઓએ કાયમ રાખવો એને માટે છે, અથવા તો માસકલ્પથી મહીનો નિયત રહેવાનું થાય છતાં મહીનાની અંદર પણ વિહાર કરી શકાય, કેમકે તેવાં બધાં ક્ષેત્રો માસકલ્પને વિહારના લાયકનાં હોય નહિં, એ જણાવવાને માટે આ દૃષ્ટાંત છે, કેમકે એમ નહિ હોય તો આજ ગ્રંથમાં માસકલ્પને છોડીને બીજો વિહાર જ નથી એવું આગળ ૮૯૫ અને ૮૯૬ ગાથામાં જે નિવેદન કરેલું છે તે તદ્દન વિરૂદ્ધ થાય, વળી એમ જો ન હોય તો એકના કાર્યને સર્વને પ્રમાણ કરવાની ભલામણ અહીં હોત નહિ, માટે દુર્ભિક્ષાદિકનો અવિહાર કે તેવા ક્ષેત્રને અભાવે થતો માસકલ્પનો ભેદ કોઈએ સકારણ કર્યો હોય તો તે બીજાઓએ પ્રમાણ ગણવો એ જણાવવા માટે જ દૃષ્ટાંત છે.)

આગમનું ઉત્સર્ગ અપવાદમયપણું હોવાથી જિનેશ્વરોએ સર્વથા કાંઈપણ કરવાનું છે કે નથી જ કરવાનું એવું જણાવેલું નથી. તીર્થંકરમહારાજની તો એ આજ્ઞા છે, કે દરેક કાર્યમાં નિષ્કપટ થવું. તેનું કારણ એ છે કે રોગીપણામાં દવાની માફક જે કાર્યથી દોષો રોકાય અને પ્રથમનાં કર્મોનો નાશ થાય તે તે અનુષ્ઠાનો કરવાં. હવે ચાલુ પડિલેહણ અધિકારમાં બીજી વાત પણ કહે છે. **विंटि २८२, रय २८३, परि २८४, वासा २८५,** ઉપધિ પડિલેહીને વીંટીઓ બાંધવો અને પાત્રાંને રજસ્ત્રાણથી વીંટીને રાખવાં, નહિં તો ચોર ધાડ વિગેરેમાં વિપત્તિ થાય. ઋતુબદ્ધકાળમાં ઉપધિનું ધરણ અને પાત્રાનું બંધન કરવું, પણ ચોમાસામાં નહિં. રજસ્ત્રાણ અને ભાજનનું ધરણ ઋતુબદ્ધમાં કરવું. વરસાદમાં નિક્ષેપ કરવો, કેમકે વર્ષાઋતુમાં અગ્નિ, ચોર અને રાજ્યના ક્ષોભનો ભય ન હોવાથી વિરાધના થતી નથી. શેષઋતુમાં

ઉપધિ ન બાંધે તો ઉપધિ અને પાત્રાનું કોઈ હરણ કરી જાય, દાહ થાય, ભંગ થાય ને છકાયની વિરાધના થાય, અને તેનું રક્ષણ કરવા જાય તો સાધુ પોતે બળી જાય કે તેનું હરણ થાય, અને તેનો બચાવ ન કરવાથી ઉપધિ વગર જીવવિરાધના થાય તે દોષ લાગે. ચોમાસામાં અગ્નિ કે ધાડનો ભય હોતો નથી અને રાજાઓ પણ સ્વસ્થ હોય છે તેથી ઉપધિનું અબંધન અને સ્થાપન ચોમાસામાં કરવાનાં કહ્યાં ॥ એવી રીતે પાત્રની પડિલેહણાનું દ્વાર સમાપ્ત કર્યું. હવે ભિક્ષાનામનું દ્વાર કહે છે :-

कय २८६, काइय २८७, संदि २८८, अह २८९, तप्पु २९०, चिंतितु २९१, कह २९२, आव २९३, गुरुणा २९४, जस्स २९५, साहूण २९६, हिंडन्ति २९७,

માતરૂં વિગેરે કરીને તેમજ આચાર્ય પાસે કાલોચિત પ્રશસ્ત ઉપયોગ કરીને આવશ્યકી કહેવાપૂર્વક ને જેનો જોગ એવું બોલીને ભિક્ષા માટે જાય. આ અધિકારને વિસ્તારથી કહે છે. માતરાઆદિક કરીને દાંડો અને પાત્રાં લઈને ઉપયોગપૂર્વક ગુરુ પાસે ઉભો રહી ગુરુ મહારાજને કહે કે, હુકમ કરો, હું ઉપયોગ કરૂં. ગુરુની આજ્ઞા મળ્યા પછી ઉપયોગ કરાવવા કાઉસ્સગ્ગ કરું એમ બોલી અસ્ખલિતાદિગુણવાળું કાઉસ્સગ્ગનું સૂત્ર કહી કાઉસ્સગ્ગમાં રહે, અને તેમાં પંચનમસ્કાર ચિંતવે, કાઉસ્સગ્ગમાં નવકાર ચિંતવવાપૂર્વક જેને માટે જતો હોય તે વિચારે. કેટલાક કહે છે કે ગુરુ, બાળ, વૃદ્ધ અને નવદીક્ષિત માટે જ ધર્મવ્યાપાર કરું છું, મારે માટે કરતો નથી એમ વિચારે. પછી નવકાર બોલીને વિનયપૂર્વક ગુરુને કહે કે "હુકમ કરો," ગુરુ પણ ઉપયોગવાળા છતા "લાભ" એમ કહે. પછી અત્યંત નમ્ર એવા શિષ્યો સમ્યગ્ રીતિએ કહે કે "કેવી રીતે લઈશું ?" ત્યારે ગુરુ પણ તેવીજ રીતે કહે છે, જેવી રીતે પહેલાનાં સાધુએ લીધું છે, અર્થાત્ સાધુને અયોગ્ય લેવાનું ગુરુ નિષેધે છે. પછી સાધુઓ "આવસ્સિયાએ જસ્સ ય જોગો" એમ કહીને વસતિથી નીકળે. વગર કારણે સાધુને વસતિથી બહાર નીકળવું કલ્પતું નથી. આચાર્ય મહારાજે કે તેમણે ભળાવેલા કોઈ મોટા સાધુએ સ્વાધ્યાય વિગેરે કાર્યમાં કે ભિક્ષાટનઆદિમાં નહિં મોકલેલા સાધુનું સ્વચ્છંદતાના દોષથી વસતિ બહાર નીકળવું કલ્પતું નથી. જો "જસ્સ જોગો" એમ ન કહે તો ગચ્છને ઉપકાર કરનારા અને યોગ્ય એવાં પણ વસ્ત્રાદિક મળે તો પણ તે લેવાં કલ્પે નહિં, કેમકે શ્વાસોશ્વાસ સિવાય કોઈપણ કાર્ય ગુરુને પૂછયા સિવાય કરવું કે કાંઈપણ લેવું તે સાધુને કલ્પે નહિં, એવી મર્યાદા છે. વસતિથી બહાર નીકળ્યા પછી મૂર્ચ્છારહિતપણે શુદ્ધ ગવેષણામાં ઉપયોગવાળા અને શુદ્ધ અંતઃકરણથી મોક્ષને માટે તે સાધુઓ ગોચરી ફરે ॥ તેવા સાધુઓ દ્રવ્યાદિકના અભિગ્રહવાળા હોય છે, અને તે આવી રીતે અભિગ્રહો છેઃ-

लेव २९८, अट्ठ २९९, उज्जु ३००, काले ३०१, दिंतग ३०२, उक्खित्त ३०३, ओस ३०४, पुरिसे ३०५, गेजो ३०६, सत्थे ३०७,

લેપવાળું કે લેપ વગરનું દ્રવ્ય કે અમુક જ દ્રવ્ય અથવા અમુક દ્રવ્યથી એટલે કડછી વિગેરેથી ગોચરી લઈશ એવો અભિગ્રહ તે દ્રવ્યાભિગ્રહ કહેવાય.

(અપૂર્ણ)

(ટા. પા. ૪ થી ચાલુ)

વળી એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે કોઈપણ વસ્તુની ઉપર વિવેચન કરવું હોય તો તેનું સ્વરૂપ, તેના ભેદો અને તેના પર્યાયો જણાવવા જોઈએ, કેમકે પ્રથમ જો વસ્તુનું સ્વરૂપ જ જણાવવામાં ન આવે તો તે વસ્તુના ભેદો જણાવતાં કયા ભેદો રહી ગયા કે કયા ભેદો વધી ગયા તેની સમજ ન પડે, એટલું જ નહિ પણ તે ભેદોમાં તે વસ્તુનું લક્ષણ જાય કે નહિ તે સમજી શકાય જ નહિ, અને વસ્તુનું સ્વરૂપ અને ભેદો સમજ્યા પછી જો તેના પર્યાયો સમજવા કે સમજાવવામાં ન આવે તો માત્ર એક સાંભળેલા શબ્દને અંગે જ દોરાઈ જઈ અન્ય શબ્દો તે જ અર્થને જણાવનારા હોય, છતાં તે અન્ય શબ્દો ઉપર અરૂચિવાળો થાય અને તેથી તાત્ત્વિક એવી જે આઠ પ્રકારની પ્રવૃત્તિમાં જે પ્રથમ અંગ અદ્વેષ નામનું છે, તેને વિરાધનારો થાય, માટે વ્યાખ્યા કરનારાઓને તત્ત્વ, ભેદ અને પર્યાયોદ્વારાએ વ્યાખ્ય કરવી પડે છે, તોપછી ધર્મની વ્યાખ્યા કરતાં પણ તે તત્ત્વ, ભેદને અને પર્યાયને લેવા પડે તેમાં આશ્ચર્ય નથી.

જો કે ધર્મને ફળદ્વારાએ જણાવતાં અનેક જગા ઉપર શાસ્ત્રકારો જણાવે છે કે દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને બચાવવાથી તથા તે પ્રાણીઓને સદ્ગતિમાં દાખલ કરવાથી ધર્મ કહેવાય છે. પણ તેમાં ધર્મનું સ્વરૂપ જણાવાયેલું હોતું નથી, માટે ધર્મના સ્વરૂપ તરીકે જો કહેવા માંગીએ તો ઉપર જણાવેલો અનાશ્રવ અને નિર્જરારૂપ જ ધર્મ છે એમ પરમાર્થ દૃષ્ટિવાળાઓને કહેવું જ પડે, અને આજ કારણથી ધર્મના વાસ્તવિક સ્વરૂપને સમજાવતાં શાસ્ત્રકારોને वत्थुसहावो धम्मो એમ કહેવું પડે છે. એવી રીતે તત્ત્વથી વિચારેલા ધર્મના દાન, શીલ, તપ અને ભાવ એવા ચાર ભેદોને અનુક્રમે કહેવાથી ગૌણમુખ્યપણું થઇ જાય એમ ધારીને જ ભગવાને તે ધર્મના ચાર પ્રકારોને એકી સાથે કહેવા માટે ભગવાન પોતે જ જાણે ચારમુખવાળા થયા હોય નહિ, એમ ભગવાન હેમચંદ્રસૂરિજી સ્તુતિ કરતાં જણાવે છે.

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

Regd. No. B. 3047.

ભગવાનના ચતુર્મુખપણાનું રહસ્ય

दानशीलतपोभावभेदाद् धर्म चतुर्विधम् ।
मन्ये युगपदाख्यातुं चतुर्वक्त्रोऽभवद्भवान् ॥

(કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી)

શબ્દાર્થ :- હે ભગવાન ! તમે દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારના ધર્મને એકી સાથે કહેવા માટે ચતુર્મુખ થયા.

વિવેચન :- જૈનજનતામાં ધર્મના દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ભેદો છે એ હકીકત તો પ્રસિદ્ધ જ છે, પણ ધર્મનું સામાન્ય સ્વરૂપ વિચારીએ તો ધર્મને જાણનાર સર્વજ્ઞ સિવાય બીજો કોઇ હોઇ શકે નહિ, કેમકે કર્મને રોકવારૂપ સંવર અને કર્મોનો નાશ કરવારૂપ જે નિર્જરા તે ઉભયરૂપ જ જ્ઞાનધર્મ હોઇ શકે. જો કે પુણ્યધર્મ તો શુભ આશ્રવરૂપ પણ હોઈ શકે છે, પરંતુ જ્ઞાનધર્મ તો સંવર અને નિર્જરા સિવાય બીજા રૂપે હોય જ નહિ અને તે સંવર અને નિર્જરારૂપ જ્ઞાનધર્મ ન હોય તો સર્વ કર્મક્ષયરૂપ મોક્ષ થવાનો વખત જ આવે નહિ, કેમકે જે પુણ્યરૂપ ધર્મ છે તે આશ્રવરૂપ હોવાથી બીજું કંઇ નહિ તો પુણ્યની પરંપરાને જ વધાર્યા કરે અને મોક્ષની પ્રાપ્તિ તો પુણ્ય અને પાપ બંનેના ક્ષયથી જ થાય છે, એટલે જ્ઞાનીની દૃષ્ટિએ સોનાની બેડી જેવો પુણ્યધર્મ મોક્ષનું સીધું કારણ બની શકે જ નહિ, માટે મોક્ષના અનંતર કારણ કે સીધા કારણ તરીકે જ્ઞાનધર્મને એટલે અનાશ્રવ અને નિર્જરાધર્મને માન્ય સિવાય છૂટકો જ નથી. તે જ્ઞાનધર્મને યથાસ્થિત રીતે જાણવા માટે કોઈપણ જ્ઞાન સમર્થ હોય તો તે માત્ર કેવળજ્ઞાન જ છે, અને એટલા જ કારણથી શાસ્ત્રકારો परलोकविधौ मानं वचनं तदतींद्रियार्थदृग् व्यक्तं એમ કહી સ્પષ્ટ શબ્દોમાં પરલોકના વિધાનોમાં આગમને જ પ્રમાણ ગણીને અતીંદ્રિયાર્થદર્શિઓએ કહેલા વચનને જ આગમ તરીકે માનવાનું ફરમાવે છે, અને આજ કારણથી શાસ્ત્રકારો પણ केवलिपन्नत्तो धम्मो એમ કહી કેવલી મહારાજનો જ નિરૂપણ કરેલો ધર્મ હોય એમ સ્પષ્ટપણે જણાવે છે. એજ વાતને અનુસરીને કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી સ્તુતિ કરતાં જણાવે છે કે હે ભગવાન! આ ધર્મનું નિરૂપણ તમે જ કરેલું છે.

(જુઓ ટા. પા. ૩)

सिद्धचक्र

तंत्री

પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

— મુંબઈ —

વર્ષ

૫

અંક

૪

પંચમ વર્ષ

કાર્તિક વદિ ૦))

卐

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

૧૯૯૩ : : ૧૯૩૬

તા. ૧૩-૧૨-૩૬

વીર સંવત્ ૨૪૬૩

પૂર્વ મહર્ષિઓએ શાસ્ત્ર-સમુદ્રનું મંથન કરી કાઢેલાં રત્નોમાંના કેટલાંક રત્નો

.....યાને.....

જૈન-તત્ત્વજ્ઞોને અમૂલ્ય અવસર

(૧) **શ્રી આચારાંગસૂત્ર** ભગવત્ શીલાંકાચાર્ય વિરચિત વૃત્તિ સમલંકૃત — સટીક ભા.૧ રૂા. ૫-૦-૦ / સટીક ભા. ૨ રૂા. ૨-૦-૦

(૨) **ભગવતીજી સૂત્ર** સટીક
શ્રી દાનશેખર સૂરીશ્વરવિરચિત વિષમપદ વ્યાખ્યા — કિંમત રૂા. ૫-૦-૦

(૩) **વિશેષાવશ્યક ભાષ્ય** સટીક ભા.૧
શ્રીકોટ્યાચાર્યવિરચિત વૃત્તિ સંયુત — કિંમત રૂા. ૫-૦-૦

(૪) **પુષ્પમાલા** સટીક,
મલધારીય ભગવદ્ હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞવૃત્તિ સહિત — કિંમત રૂા. ૬-૦-૦

(૫) **તત્ત્વાર્થસૂત્ર** ભાષ્ય સહિત-અને ભાષ્યાનુસારિ ટીકા સહિત, — કિંમત રૂા. ૬-૦-૦
ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરવિરચિત તત્ત્વાવબોધિની ટીકા સહિત
(ભાષ્ય જુદું પણ મળી શકશે) — કિંમત રૂા. ૧-૦-૦

(૬) **બુદ્ધિસાગર** — કિંમત રૂા. ૦-૩-૦
(સોની સંગ્રામસિંહ વિરચિત, ધર્મ અને નીતિમય ઉપયોગી લઘુગ્રંથ)

(૭) **કલ્પકૌમુદી**
(ઉપાધ્યાય શ્રીમત્ શાંતિસાગરજી વિરચિત કલ્પસૂત્રની વૃત્તિ સહિત — કિંમત. રૂા. ૨-૦-૦

(૮) **ભવભાવના** (સટીક) મલધારી ભગવાન્ હેમચંદ્રસૂરિવિરચિત
સ્વોપજ્ઞ વૃત્તિયુત. ભાગ ૧. — કિં રૂા. ૩-૮-૦

(૯) **ષોડશક પ્રકરણ** (ભગવાન હરિભદ્રસૂરિ વિરચિત, આચાર્ય
યશોભદ્રસૂરિ પ્રણીત-વૃત્તિ સહિત — કિં. રૂા. ૧-૦-૦

(૧૦) **ષડાવશ્યક સૂત્રાણિ** નૂતન કે બાલ વિગેરે સાધુ સાધ્વી યોગ્ય
સર્વ આવશ્યક-ક્રિયાનાં સૂત્રો વિધિ સહિત જેની અંદર સર્વ
વિધિઓ પણ ગોઠવવામાં આવી છે. — કિં. રૂા. ૦-૮-૦

.....નવા છપાતા ગ્રંથો.....

૧ અંગના અકારાદિ તથા બૃહલ્લઘુ-વિષયાનુક્રમ (૧૧ અંગના અનુક્રમ અકારાદિક્રમ)
૨ વિશેષાવશ્યક ભાષ્ય સટીક ભા.૨ (શ્રી કોટ્યાચાર્યા ટીકા)
૩ ઉત્પાદાદિ સિદ્ધિ (શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત)
૪ પ્રવ્રજ્યાવિધાનકુલક સમરાદિત્ય સંક્ષેપકાર શ્રીપદ્યુમ્નસૂરિ વિરચિત વૃત્તિ સહિત
૫ ભગવતીસૂત્ર (સટીક) ભગવાન્ નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ પ્રણીત-વૃત્તિયુક્ત
૬ પ્રવચન પરીક્ષા મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી ગણી)
૭ ભવભાવનાવૃત્તિ ભાગ ૨ જો.

-: પ્રાપ્તિસ્થાન :-

૧ શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત

૨ માસ્તર કુંવરજી દામજી, મોતી કડીયાની મેડી, પાલીતાણા

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५		अंक ४.
विक्रम सं. १९९७	वीर सं. २४६७	सन १९३६
कार्तिक वद ०))	रविवार	डीसेम्बर १७

वार्षिक लवाजम રૂા. ૨-૦-૦ | छुटक नकल રૂા. ૦-૧-૬

उद्देश

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"आगमोद्धारक."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

તપસ્યાનું અનેરું સ્થાન

ભગવાનના વાર્ષિક તપ અને શ્રેયાંસના દાનનું સિંહાવલોકન કરવાને અંગે જણાવવાનું કે જૈનજનતા સારી રીતે જાણે છે જન્મજરા મરણ અને રોગશોકાદિકથી ભરેલા એવા આ સંસારસમુદ્રથી જીવનો ઉધ્ધાર કરવા ઇચ્છનારને સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર એ રત્નત્રયીને અંગીકાર કરવાની જરૂર છે. પણ તે અંગીકાર કર્યા છતાં પૂર્વના અસંખ્યાતભવોના બાંધેલા અને અનન્તભવથી પરંપરાએ બંધાઇ રહેલા કર્મ પડલને નાશ કરવા માટે જો કોઇપણ અમોઘ હથીયાર તરીકે વસ્તુ લેવા લાયક હોય તો તે માત્ર તપસ્યા જ છે. અજ્ઞાની ભદ્રક અને સામાન્ય જીવોના ઉપકાર માટે જ તપ છે એમ નહિં. પણ ભગવાન જિનેશ્વર મહારાજાને પણ ઉપકાર કરનાર એ તપ છે. ધ્યાન રાખવું જરૂરી છે કે કોઇ અતીત અનાગત કે વર્તમાનકાલે એ વસ્તુ બની નથી કે ચૌદસ્વપ્નથી સૂચવેલ છે ઉત્તમતા જેઓની એવા ભગવાન તીર્થંકરો મોક્ષ સિવાયની બીજી ગતિમાં ગયા હોય જાય અથવા જશે, એવું બને જ નહિં. ત્રિલોકનાથ ભગવાન તીર્થંકર મહારાજાઓ તો જરૂર તે જ ભવમાં મોક્ષને મેળવે જ છે. એવી રીતે જે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોનો તે ભવે જ મોક્ષ થવાનો નક્કી હોય છે. તેવા જિનેશ્વર ભગવાનો પણ તપને આદરે છે. તો પછી અજ્ઞાની આદિ જીવોએ તો તપ સિવાય મોક્ષ મેળવવાની ઇચ્છા કેવી રીતે રાખી શકાય ?

જ્ઞાન કરતાં તપની બળવત્તરતા કેમ ?

વળી એ પણ ચોકખું છે કે આત્માને ઉન્માર્ગે જતાં રોકનારી કોઇપણ ચીજ હોય તો તે જ્ઞાન છે પણ તે જ્ઞાન આત્માને ઉન્માર્ગે જતો ત્યાં સુધી જ બચાવી શકે કે આત્માને ઉન્માર્ગે ઉન્માર્ગપણે ભાન ન હોય અને પોતાની અજ્ઞાનદશાથી ઉન્માર્ગને ઉન્માર્ગ તરીકે સમજતો ન હોય અથવા સ્વરૂપે કરીને ઉન્માર્ગ હોય છતાં પણ વિધર્મ કુલમાં જન્મ થવાથી કે એવા સંસર્ગોથી કે અજ્ઞાનથી તેને સન્માર્ગ ગણતો હોય. કેમકે જ્યારે જ્ઞાનની જ્યોતિ પ્રકટે ત્યારે તે અજ્ઞાન અંધકારનો નાશ થાય છે અને તેથી તે જ્ઞાનવાળો બનેલો પ્રાણી સન્માર્ગને સન્માર્ગ તરીકે અને ઉન્માર્ગને ઉન્માર્ગ તરીકે સમજે છે, જેથી તે સન્માર્ગનો આદર કરે છે અને ઉન્માર્ગનો ત્યાગ કરે છે. છતાં સન્માર્ગ અને ઉન્માર્ગને સારી રીતે જાણનારા તથા તથા સન્માર્ગને આદરવામાં તથા ઉન્માર્ગને છોડવામાં જેઓ ઇચ્છા રાખે છે છતાં તેના સંયોગો અને સહચારીઓ એવા હોય કે જેથી તે સન્માર્ગને માનનાર અને સન્માર્ગને આદરવાની ઇચ્છાવાળો છતાં સન્માર્ગે જઇ શકે નહિં અને ઉન્માર્ગથી પાછો હઠવા માગે છતાં ઉન્માર્ગથી દૂર જઇ શકે નહિં અર્થાત્ શ્રદ્ધા અને જ્ઞાનના માર્ગમાં

જ્ઞાન બરોબર કાર્ય કરી દે છે, પણ આદરવાને સ્થાને એકલું જ્ઞાન એટલા બધા સામર્થ્યવાળું થતું નથી, માટે તેવે સ્થાને સંયોગ અને સહચારીઓને સુધારનાર કોઈ ચીજ જોઈએ અને તેવી ચીજ તે તપ છે. ઇંદ્રિય અને કષાયોને કાબુમાં રાખવાનું આત્માને જોર આપનાર કોઈપણ હોય તો તે તપ છે.

ભગવાનની જ્ઞાનની દશા

ભગવાન જિનેશ્વરો ગર્ભથી અરે ગયે ભવથી તો ત્રણ જ્ઞાન ધારણ કરનારા હોય છે અને તે જ્ઞાનો ભગવાનને અપ્રતિપતિતપણે એટલે કોઈ દિવસ પણ ખસે નહિ તેવા હોય છે. એટલું જ નહિં પણ ભગવાન જિનેશ્વરોને તો મતિશ્રુત અને અવધિરૂપ ત્રણ જ્ઞાનો ઘણાં જ નિર્મલ હોય છે અને તે ત્રણ જ્ઞાનોની સાથે વળી જાતિસ્મરણજ્ઞાન પણ ભગવાન તીર્થંકરોને જન્મથી અવશ્ય હોય છે. જગતના સામાન્ય જીવોને પોતાના વર્તમાન જન્મમાં પણ અમુક ઉમ્મર થયા પછી જ કે કંઈ અનુભવમાં આવે છે તેનું સ્મરણ થાય છે. અર્થાત્ બાલદશાનું સ્મરણ નથી હોતું, તો પછી જન્મદશા અને ગર્ભદશાનું તો સ્મરણ હોય જ ક્યાંથી ? જ્યારે ભગવાન શ્રી જિનેશ્વર મહારાજાઓને તો ગર્ભની દશાથી સર્વ અનુભવોનું સ્મરણ હોય છે અને તેથી જ ભગવાન મહાવીર મહારાજને ગર્ભ અવસ્થામાં પણ અંગોપાંગ સ્થિર કરી નિશ્ચલ રહેવાનો પ્રસંગ આવ્યો હતો. આ ભવનું સ્મરણ થાય એટલું જ નહિં, પરંતુ ભગવાન જિનેશ્વરોને ગર્ભદશાથી જ ભવાંતરના અનુભવને સ્મરણમાં લાવનાર અને રાખનાર એવું, જાતિસ્મરણ પણ ત્રણ જ્ઞાનની સાથે જ હોય છે, એવા ભગવાન જિનેશ્વરોએ પણ મોક્ષની પ્રાપ્તિ માટે તપસ્યાની જરૂરીયાત દેખી છે. આ ઉપરથી સામાન્ય જીવોએ સમજવું જોઈએ અને શાસ્ત્રકારો તેમ સમજાવે પણ છે કે આવા સમર્થજ્ઞાની અને મોક્ષે જવાનું જેઓને માટે નક્કી નિર્માણ થયેલું છે તેવા મહાપુરૂષો પણ તપસ્યાને આચરે છે, તો પછી સામાન્યજ્ઞાનવાળા અથવા તેવા જ્ઞાનથી પણ શૂન્ય એવા અજ્ઞાની જીવોએ મોક્ષ મેળવવાની ઈચ્છાવાળા થઈને ઘોરતમ તપસ્યા માટે કેમ ઉદ્યમ ન કરવો ? વળી એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે જે પણ ભવ્યજીવો ચારિત્રને ગ્રહણ કરે છે તે બધા કાંઈ ચારિત્રની ચાખડીયે ચઢવાની સાથે થવાવાળા જ્ઞાનને મેળવી શકતા નથી. જુઓ શ્રમણ ભગવાન મહારાજના સાધુઓ હજારોની સંખ્યામાં હતા, પણ ચારિત્રને પ્રભાવે થવાવાળા મનઃપર્યાયજ્ઞાનને ધરાવનાર તો માત્ર સેકંડોની સંખ્યામાં જ હતા. તેમાં પણ ચારિત્ર લઈને પાછળથી જ મનઃપર્યાવજ્ઞાનને મેળવનારા તે સાધુઓ મ્હોટે ભાગે હતા. પરંતુ ચારિત્રના અંગીકારની સાથે તો મનઃપર્યવરૂપ ચારિત્રના સહચરને મેળવનાર કોઈ પણ ન્હોતા, અથવા હતા તો માત્ર આંગળીને ટેરવે ગણાય તેટલા જ હતા. પરંતુ ભગવાન જીનેશ્વરોને માટે તો એ નિયમ જ છે કે તેઓ જ્યારે પણ ચારિત્રની ચાખડીયે ચઢે છે ત્યારે તેઓને ચારિત્રના ગુણની સાથે જ મનઃપર્યાય જ્ઞાન થાય છે. વળી અન્ય મહાનુભાવો, સાધુઓ થયા હોય અને કદાચ મનઃપર્યવજ્ઞાનને મેળવી પણ શકે તો પણ કોઈ કોઈને તો એવું મનઃપર્યવજ્ઞાન હોય કે જે ભવાંતર થતાં નાશ પામે અથવા કદાચ કેવલજ્ઞાન ભવિષ્યમાં થવાનું હોય તો પણ તે ઉત્પન્ન થયેલ મનઃપર્યાય જ્ઞાન ઋજુમતિની જાતિનું હોય કે જેથી કેવલજ્ઞાનની ઉત્પત્તિ સુધી રહે નહિં પણ વચમાં પડી જાય. પરંતુ જિનેશ્વર ભગવાનને તો ચારિત્રની ચાખડીયે ચઢતાની સાથે નિયમિત મનઃપર્યાય જ્ઞાન ઉત્પન્ન થાય જ છે. એટલું જ નહિં પરંતુ તે મનઃપર્યાય જ્ઞાન પણ જ્યાં સુધી કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અવિચલપણે રહે છે અને તેથી તે

વિપુલમતિનામનું મનઃપર્યાય જ્ઞાન કહેવાય છે. આવા ઉંચા દરજ્જાના મનઃપર્યાય જ્ઞાનવાળા થયેલા પણ શ્રી જીનેશ્વર મહારાજાઓ જ્યારે મોક્ષની પ્રાપ્તિ અને કર્મક્ષયને માટે તીવ્રતમ તપસ્યા આદરે છે તો પછી જેઓની અહોનિશ પ્રમત્તદશા ચાલતી હોય જેઓને મતિ અને શ્રુત એ બે જ જ્ઞાનો હોય અને તે પણ કહેવાનાં જ સામાન્ય જ્ઞાનોને ધારણ કરનારા હોય તેવા મહાનુભાવોએ મોક્ષપ્રાપ્તિ અને કર્મક્ષયની ઈચ્છા હોય તો તપસ્યાના આચારમાં આલસ્ય કરાય જ કેમ ?

પૂર્વ સંગતિક દેવોની આરાધના કરવા માટે અભયકુમાર આદિએ અઠ્ઠમની તપસ્યા જ કરેલ છે પણ સમ્યક્‌દર્શનાદિ ધારણ કરનારાઓની આરાધના કરી નથી, વળી ચક્રવર્ત્તી વાસુદેવોએ પણ સમ્યક્‌દર્શનાદિકની ભક્તિ સાધનના પ્રસંગે કરી નથી. વળી શાસ્ત્રકારોએ પણ સમ્યગ્‌દર્શનાદિકના દૂષણોની શુદ્ધિ કરવા માટે સમ્યાગ્‌દર્શનાદિકની ભક્તિનો માર્ગ મુખ્યતાએ નથી રાખ્યો પણ તપસ્યાનો માર્ગ જ બતાવ્યો છે, અર્થાત્ આલોચન પ્રતિક્રમણ તદુભય વિવેક અને વ્યુત્સર્ગથી જે દૂષણોની શુદ્ધિ ન થાય તેવા દૂષણોની શુદ્ધિ માટે શાસ્ત્રકારોએ પણ તપશ્ચર્યાને જ સ્થાન આપ્યું છે. પ્રાયશ્ચિત્તના અધિકારમાં આચાર્ય ઉપાધ્યાયઆદિની ભક્તિને તેવું સ્થાન ન આપતાં ત્યાં તપશ્ચર્યાને જ સ્થાન આપ્યું છે, આ જણાવેલી વાત તો સ્વશાસનને અંગે તપશ્ચર્યા માટે શુદ્ધ છે પણ પરશાસનને અંગે વિચાર કરીએ તો પણ તેમાં તપસ્યાને અગ્રસ્થાન મળે છે. જુઓ દેવદ્રવ્યના નાશ અને ભક્ષણના પ્રસંગે પણ શાસ્ત્રકારોએ અન્યમતવાળા રાજા મહારાજાની દ્રષ્ટિ ખેંચવા અને રક્ષણ કરાવવા તપસ્યા અને આતાપનાને સ્થાન આપ્યું છે. મિથ્યાદ્રષ્ટિ અથવા સમ્યગ્‌દૃષ્ટિદેવોનું આકર્ષણ કરનાર કોઈ જબરજસ્ત ચીજ હોય તો તે તપસ્યા છે. જુઓ હરિકેશી મહારાજ સરખા ચાંડાલ કુલવાળાને પણ તેઓની તપસ્યાને પ્રભાવે જ દેવતાઓ પણ સેવે છે. શાસ્ત્રોમાં તપસ્વીઓને પ્રભાવકના સ્થાનમાં ગણ્યા છે. આ બધું વિચારતાં જણાશે કે દેવ-દેવેન્દ્રો અને રાજા મહારાજાઓ તપસ્વી મહાત્માઓની સેવા કરનારા હોય છે. એવો તપનો અસાધારણ પ્રભાવ છે અને કેટલાકોને તે અસાધારણ પ્રભાવ માટે પણ કદાચ તપ કરવાનું થાય, પણ આ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો તો ગર્ભથી અને જન્મથી દેવદેવેન્દ્રોએ પૂજાયેલા છે, માટે તે ભગવંતોને તેવો દેવદેવેન્દ્રની પૂજાનો કે જગતના લોકોને આકર્ષવાનો પણ મુદ્દો હોતો નથી, એટલે સ્પષ્ટપણે કહેવું જોઈએ કે નક્કી મોક્ષે જવાવાળા છતાં વળી તે જ ભવમાં મોક્ષે જવાનો જેઓને માટે નિશ્ચય છે તેમજ જેઓ ચાર અપ્રતિપાતિ જ્ઞાનોને ધારણ કરનારા છે વળી જેઓની ગર્ભઅવસ્થાથી જ ઈન્દ્રો અને નરેન્દ્રો સેવા કરે છે એવા જિનેશ્વર ભગવાનો જ્યારે કેવલ મોક્ષની પ્રાપ્તિ અને કર્મના ક્ષયને માટે તપસ્યા કરે છે, ત્યારે જે આ જગતના અન્ય જીવો કે જેઓ નથી તેવા મોક્ષના નિશ્ચયવાળા નથી તદ્ભવ મોક્ષે જવાના નિશ્ચયવાળા નથી અપ્રતિપાતિ જ્ઞાનવાળા નથી મનઃપર્યાયજ્ઞાનવાળા અને જેઓ દેવેન્દ્ર અને નરેન્દ્રોથી સેવાયેલા પણ નથી તેવા જીવો મોક્ષને પામવાની ઈચ્છાવાળા અને કર્મક્ષયનું પરમધ્યેય રાખવાવાળા છતાં તેવી તપસ્યા તરફ બેદરકારી કે આલસ્ય દાખવે તે જીવોએ ખરેખર વિચારવા જેવું છે.

તપસ્યાને અંગે શંકા અને સમાધાન -

ઉપર જણાવ્યા પ્રમાણે જૈનશાસનને અંગે સમ્યગ્‌દર્શનાદિકની પ્રાપ્તિ થયા છતાં પણ તપસ્યાની અત્યંત જરૂર છે. પણ જેમ વસ્તુની સુંદરતાની અધિકતા હોય છે તેમજ તેમાં વિઘ્નોનો દરોડો પડે છે, શાસ્ત્રકારો પણ સ્થાને સ્થાને એજ જણાવે છે કે **શ્રેયાંસિ બહુવિઘ્નાનિ** અર્થાત્ કલ્યાણકારી કાર્યો ઘણા વિઘ્નવાળા હોય છે. આ બાબતમાં પણ બે મત જુદા પડે છે. એકમત શ્રીજિનભદ્ર

ક્ષમાશ્રમણજી આદિનો એવો છે કે કલ્યાણકારી કાર્યો હોય તે વિઘ્નબહુલતાવાળાં છે, જ્યારે બીજો શ્રીચંદ્રસેનસૂરિજીનો મત એવો છે કે બહુવિઘ્નોવાળા જે કાર્યો હોય તેજ કલ્યાણકારી કાર્યો ગણાય અર્થાત્ શ્રી જિનભદ્રક્ષમાશ્રમણ આદિના મંતવ્ય પ્રમાણે કલ્યાણકારીપણું એ હેતુ તરીકે છે અને વિઘ્નબહુલતાવાળાપણું સાધ્ય તરીકે છે અને એ અપેક્ષાએ આશ્રેયસિ વગેરેવાળું ઉત્તરાર્ધ વૈધર્મ્યદ્રષ્ટાન્ત તરીકે નહિં, પણ માત્ર વસ્તુની સમજાવ સમજાવે છે. કારણ કે વ્યતિરિકતદ્રષ્ટાન્ત લઈએ તો હેતુના અભાવે સાધ્યનો અભાવ લેવો પડે, અને તેમ તે લેવાય નહિં. પણ કદાચ સમવ્યાપ્તિપણું લઈએ તો ચાલી શકે શ્રીચંદ્રસેનસૂરિજીના મંતવ્ય પ્રમાણે તો બહુવિઘ્નવાળાપણું એ હેતુ વાક્ય છે અને ઉત્તરાર્ધનો ભાગ વ્યતિરેકવ્યાપ્તિનું સ્થાન બને છે. ટુંકાણમાં એટલું જ કહેવાનું કે કલ્યાણકારી કાર્યો જરૂર વિઘ્નવાળાં હોય છે, જ્યારે સર્વકલ્યાણકારી કાર્યો વિઘ્નોવાળાં હોય તો પછી તપસ્યા જેવા મોક્ષની પ્રાપ્તિ અને કર્મક્ષયના અસાધારણ કાર્યમાં વિઘ્નો હોય તેમાં તો નવાઈ જ શી ? આ તપસ્યાના કાર્યમાં શરીર સંહનની ખામી આદિ વિઘ્નો જેટલું નુકશાન નથી કરતા તેના કરતાં વિરોધી લોકોના વચનો વધારે નુકશાન કરે છે.

તપસ્યારૂપ કલ્યાણકારક માર્ગનો પ્રથમ નંબરે જો કોઈ વિરોધી હોય તો તે બૌદ્ધધર્મ જ છે, બૌદ્ધો તપસ્યાને માટે એમ જણાવે છે કે તપસ્યામાં અશાતાનો ઉદય થાય છે એ ચોક્કસ છે અને તેને પ્રધાનપદ આપીને બૌદ્ધો કર્મના અર્થાત્ અશાતાના ઉદયરૂપ તપને માનીને તેઓ તપને દુઃખરૂપ માને છે, અને તેથી તપની અધિકતાએ ગુણની અધિકતા માનવાની ના પાડે છે. આ સ્થાને સર્વજ્ઞશાસનને અનુસરનારાઓએ સમજવાનું કે પ્રથમ તો મોક્ષની પ્રાપ્તિ અને કર્મના ક્ષય માટે તપ કરાય છે, માટે તે તપ કરવાના પરિણામ ઔદયિક એટલે કર્મના ઉદયથી થયેલા નથી. જો કર્મના ઉદયથી એટલે અશાતાના ઉદયને લીધે એ પરિણામ થતા હોત તો નરક અને તિર્યંચ ગતિના જીવો મોટા તપસ્વી થઈ જાત. પણ તપ એ ચારિત્રરૂપ હોવાથી ક્ષાયોપશમિકાદિ સ્વરૂપ છે. વળી જો તપ કરતાં કર્મનો ઉદય થાય છે અને તેથી તે તપ ઔદયિક ગણવામાં આવે અને તેથી ગુણરૂપ ન ગણાય તો પછી ક્ષાન્તિમાર્દવ આદિ ધર્મો પણ ક્રોધાદિના ઉદયને વેદવા અને ફલ ન આપવા દેવું તે રૂપ છે તો તેનો પણ ગુણપણે અભાવ થશે. સંયમ પણ ઈંદ્રિયોના નિગ્રહરૂપ હોવાથી પીડામય ગણાશે, અને તેથી જો તપ મોક્ષનો માર્ગ નહિં રહે તો પછી સંયમ પણ મોક્ષનો માર્ગ નહિં રહે. વળી કોઈપણ દુર્જન મનુષ્ય કોઈપણ સત્પુરૂષને દુઃખ કરે છે તે પણ સત્પુરૂષના કર્મના ઉદય સિવાય નથી કરતો માટે દુર્જનોએ કરાતા ઉપદ્રવો સહન કરવા તે પણ દુઃખરૂપ થશે, અને તે સહનશીલતા પણ મોક્ષનો માર્ગ નહિં ગણાય. વળી શીત અને તાપને પણ સહન કરતાં જરૂર દુઃખ થશે માટે તે શીત અને તાપનું સહન પણ તપસ્વીપણાને જણાવનાર કે શોભાવનાર થશે નહિં. અર્થાત્ ક્ષમા આદિના કર્મોના ઉદયવાળા છતાં સાધનારને ધર્મરૂપ છે તેવી રીતે આ તપ પણ કર્મોદયને દુઃખરૂપ હોય છતાં સાધનારને ધર્મરૂપ છે. વળી આત્માના જ્ઞાનાદિગુણોને ક્ષાયોપશમિકભાવે પ્રાપ્ત કર્યા પછી તે તે જ્ઞાનાવરણીય આદિ ઘાતિકર્મોની ઉદીરણા કરીને ક્ષયના પ્રસંગ સાધવો પડે છે, માટે તે જ્ઞાનાદિકને પણ ગુણ તરીકે ગણી શકાશે નહિં, વળી આ તપસ્યા તો મુખ્ય ભાગે અશાતારૂપ અઘાતીનીજ ઉદીરણા કરનાર છે, ત્યારે જ્ઞાનાદિક જે ક્ષાયોપશમિકભાવે મળે છે તેમાં તો ક્ષયની ઈચ્છાવાળાને તે તે ઘાતીની ઉદીરણા કરવી પડે છે. તો પછી તે ઘાતિની ઉદીરણાવાળા જ્ઞાનાદિને મોક્ષપ્રાપ્તિનાં સાધનો કેમ માનીએ છીએ ? અને તો પછી અઘાતિની

ઉદીરણાવાળુ તપ હોય તેટલા માત્રથી તેને મોક્ષનો માર્ગ કેમ ન મનાય ? વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જ્ઞાનાદિક ગુણો માત્ર પોતપોતાની જાતના ઘાતિનો ક્ષય કરવામાં વધારે ઉપયોગી છે, ત્યારે આ તપસ્યા તો સર્વઘાતિ અને સર્વ અઘાતિના ક્ષયને માટે કાર્ય કરે છે, માટે તે તપને મોક્ષપ્રાપ્તિનું સાધન કેમ ન મનાય ? વળી જે જે જીવો કૈવલ્ય અને મોક્ષને પામ્યા નથી તે તે બધા જીવો તે તે પાપકર્મથી ઘેરાયલા છે એ ચોક્કસ છે. માટે પૂર્વભવના બાંધેલા પાપવાળાજ સર્વસામાન્ય જીવો છે અને તેથી જેઓ પોતાને છદ્મસ્થ છતાં પાપરૂપ ન માને તેઓ તણખલાથી ઢંકાતા ચોર જેવા છે. ઉપરની હકીકતથી સમજાશે કે દરેક છદ્મસ્થજીવે પોતાના ઘાતિ અને અઘાતિ કર્મોના ક્ષયને માટે તપસ્યાનો આદર કરવો જ જોઈએ.

તપસ્યા એ અંતરાયનો ઉદય ગણાય ?

બૌદ્ધ જેવા લોકો જ્યારે તપસ્યાને અશાતા એટલે દુઃખના ઉદયરૂપ જણાવીને નિવારે છે, ત્યારે કેટલાકો તો તપસ્યા એ અન્નપાણી રૂપ ભોગ્ય પદાર્થને ન મેળવવામાં કે મળવામાં ભોગાંતરાયનો ઉદય જણાવી તપસ્યાને ગુણપણામાંથી કાઢી નાંખે છે. પણ આ સ્થાને શાણાપુરૂષોએ સમજવાની જરૂર છે કે અંતરાય કોને કહેવો ! શબ્દની વ્યુત્પત્તિને તથા શાસ્ત્રને સમજનારા તો સમજી શકશે કે દાતાર કે લેનારની મરજી દાન કે લાભ માટે હોય અને વચમાં નડે તેનું નામ જ અંતરાયનો ઉદય કહેવાય. એવી રીતે જ જેને ભોગ અને ઉપભોગની ઈચ્છા હોય અને તે ઈચ્છા છતાં જ્યારે તે વસ્તુઓ ન મળે ત્યારે એને અંતરાયનો ઉદય કહી શકાય, પણ તપસ્યા કરનારા મનુષ્યો અન્નપાણીની ઈચ્છાવાળા છે અને તે મેળવવા જાય છે અને એને નથી મળતા તેથી ભૂખ્યા રહે છે એમ નથી. તપસ્યા કરવાવાળા જીવો તો ભોગ અને ઉપભોગના સાધનો મળે કે ન મળે તો પણ ભોગ અને ઉપભોગની ગવેષણા કર્યા સિવાય જ ત્યાગ કરે છે. અર્થાત્ મળેલ અને નહિં મળેલા તમામ ભોગ અને ઉપભોગના પદાર્થોના ત્યાગ કરે છે અને એટલા માટે જ શાસ્ત્રકારોએ **सव्वाओ मेहुणाओ वेरमणं** અને **सव्वाओ परिग्गहाओ वेरमणं** એવાં વ્રતો રાખ્યાં છે. જો અપ્રાપ્ત કે પ્રાપ્ત એવા ભાગોનો જ ત્યાગ કરવાનો હોત તો **पन्ताओ मेहुणाओ वेरमणं** અને **पत्ताओ परिग्गहाओ वेरमणं** અથવા **अप-त्ताओ मेहुणाओ वेरमणं** અને **अपत्ताओ परिग्गहाओ वेरमणं** એવાં વ્રતો રાખત. અર્થાત્ મહાવ્રતવાળાને જેમ પ્રાપ્ત કે અપ્રાપ્ત બંને પ્રકારનાં મૈથુનો અને પરિગ્રહો છોડવાના છે, તેવી રીતે તપસ્યાના પરિણામવાળાને પ્રાપ્ત અને અપ્રાપ્ત બંને પ્રકારના ભોગો છોડવા છે, માટે તે તપસ્યાને અંતરાયના ઉદયરૂપ છે એમ કહી શકાય જ નહિં. ધ્યાન રાખવાની જરૂર છે કે જો તપસ્યાને અંતરાયના ઉદયરૂપ માનવામાં આવશે તો બ્રહ્મચર્ય અને સંયમને મહાઅંતરાયરૂપ માનવા પડશે. બીજી બાજુથી વિચાર કરીએ તો કદાચિત્ સ્વપ્નદશામાં જેમ સંકલ્પદશાની બલવત્તરતા હોય છે તેમ કોઈ સંસ્કાર કે સંકલ્પ દશાની બલવત્તરતાને લીધે કદાચ તપસ્યામાં અન્નપાણીની ઈચ્છા થઈ પણ જાય તો પણ તે ઈચ્છાને રોકવા પ્રયત્ન કરવાની જરૂર ધર્મિષ્ટોની છે. પણ તેની પ્રવૃત્તિ કરી દેવા જેવું નથી. જો કે આહારપાણી આદિની થયેલી ઈચ્છા તેના ભોગથી નિવૃત્ત થઈ જાય છે એમ લાગે છે, પણ શાસ્ત્રકારો તે ભોગ દ્વારાએ થતી ઈચ્છાની તૃપ્તિથી થતી ઈચ્છાની નિવૃત્તિને શાસ્ત્રકારો એક ખભાનો ભાર બીજા ખભે લઈ જવા જેવું જ ગણે છે. અર્થાત્ તે પ્રવૃત્તિથી થયેલા સંસ્કારો તીવ્રકર્મો બંધાવવા દ્વારા રખડાવી મારનાર થાય છે. માટે કર્મબંધનથી ડરીને કર્મોના ક્ષય માટે તપસ્યામાં તત્પર રહેવું એ જ મોક્ષપ્રાપ્તિનો મુખ્ય રસ્તો છે અને તેથી જ ભગવાન જિનેશ્વર મહારાજાને પણ એવી ઉંચી અવસ્થામાં પણ મોક્ષને માટે તે તપસ્યાનો આધાર કરવો જરૂરી જણાયો છે.

શ્રાવક ગુણોનો સમન્વય

ગતાંક પાના ૪૩ થી ચાલુ

આનો અર્થ એવો તો ન જ કરવો કે સમ્યગ્દર્શનાદિધર્મથી પુણ્યનો બંધ થતો નથી. સમ્યગ્દર્શનાદિથી નિર્જરા આદિ થવા સાથે પુણ્યનો બંધપણ થાય છે. પણ ધ્યાનમાં રાખવું કે તે સમ્યગ્દર્શનાદિથી થયેલ પુણ્યનો બંધ કુશલાનુબંધવાળો અથવા નિરનુબંધવાળો જ હોય છે. અને તે સમ્યગ્દર્શનાદિથી થયેલ પુણ્યબંધ તે તેનું ગૌણફલ છે, પણ મુખ્ય ફલ તો તે કર્મનો સંવર અને નિર્જરા થાય એજ છે. અને જ્યારે સમ્યગ્દર્શનાદિરૂપ ધર્મનું સંવર અને નિર્જરા એજ મુખ્યફલ છે, તો સ્પષ્ટ થાય છે કે સર્વજ્ઞ ભગવાને જગતના જીવોના ઉધ્ધાર માટે મુખ્યફલ જે સંવર અને નિર્જરા છે તેને માટે જ તે સમ્યગ્દર્શનાદિનું નિરૂપણ કરેલું છે, અને જો એમ માનવું પડે તો પછી ધર્મથી કર્મનો ક્ષય થાય છે એમ માનવું જ પડે. અને તેથીજ कृतकर्म એ વાકય તથા कडाण कम्माण० એ વાક્ય કોઈક અપવાદવાળાં છે. અર્થાત્ વ્રતપચ્ચક્ખાણ આદિ અપવાદ છે. એટલે હવે એ ચોખ્ખો અર્થ થયો કે તપસ્યાથી નાશ ન થયો હોય અથવા તે કર્મનાં ફલો ભોગવવામાં ન આવ્યાં હોય તો કરેલાં કર્મોનો નાશ કોડો કલ્પોએ પણ થતો નથી.

કર્મનો ક્ષય એટલે શું ?

વાચકોને ઉપરના વિવેચનથી સ્પષ્ટ માલમ પડયું હશે કે ભગવાન શ્રીજિનેશ્વર મહારાજા વગેરેનો ધર્મ સંબંધિ ઉપદેશ કર્મના રોકાણ થવા રૂપ સંવરને માટે અને કર્મના નાશ થવા રૂપ નિર્જરાને માટે છે. તેમાં કર્મ આવવાના કારણો જે મિથ્યાત્વ અને અવિરતિ આદિ છે તેને રોકવાથી કર્મનો સંવર તો થઈ જાય. પણ જે કર્મો આત્માની સાથે ક્ષીરનીર ન્યાયે કે અગ્નિ અને લોઢાના ગોળાના ન્યાયે પૂર્વકાલમાં વળગી ગયેલાં છે. તેનો ક્ષય કેમ થાય ? એમ શંકા થાય તેના સમાધાનમાં સમજવાનું કે જેમ કર્મને આત્માની સાથે ક્ષીરનીર ન્યાયે બાંધવામાં આત્માના અશુભ પરિણામ કારણ છે તેમ આત્માના શુભ પરિણામ તે કર્મોને જુદા કરવામાં કારણ કેમ ન બને ? ભેગાં થયેલાં ક્ષીર અને નીરને જેમ હંસની ચંચુ જુદા કરી નાંખે છે. તેમ શુભ પરિણામથી આત્મા અને કર્મનો વિયોગ થાય તેમાં આશ્ચર્ય શું ?

શું ધર્મ કાર્યોથી કર્મ અકર્મ થાય છે ?

જો કે યોગના કૃત્યોને લીધે જ કર્મકૃત્યોનું આવવું થાય છે, અને યોગોના શુભપણા કે શુદ્ધપણાથી કર્મનું છુટવું થાય છે અને પરિણામની શુધ્ધતા કે અશુદ્ધતા એ આત્માના જ પર્યાયો છે, પણ યોગ જ તે પુદ્ગલોને કહેવાય કે જે પુદ્ગલો આત્મા સાથે પરિણમ્યા હોય અને આત્માએ વ્યાપારમાં લીધેલા હોય. અર્થાત્ યોગ એ વસ્તુ આત્માના પરિણામથી જુદી નથી અને તેથી જ યોગ દ્વારા એ આવેલાં પણ કર્મોનો બંધ આત્માની સાથે જ થાય છે. એ વાત સર્વને માલમ જ છે કે જીવોને મતિશ્રુત આદિ જ્ઞાનો હોય છે પણ તે ઉત્પત્તિની સાથે સંપૂર્ણ હોતાં નથી. અર્થાત્ પ્રથમ થોડુ ઉત્પન્ન થાય છે અને પછી અભ્યાસથી વધે છે. એ ઉપરથી

માનવું જ પડશે કે મતિ જ્ઞાનાદિને રોકવાવાળાં કર્મો આદિથી સર્વથા જતાં નથી. પણ થોડા થોડા જાય છે, અને આ હકીકત સમજવાથી સ્પષ્ટ સમજાશે કે શાસ્ત્રકારોએ જે મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનોને ક્ષાયોપશમિક ગણ્યાં અને ફકત કેવલજ્ઞાનનેજ ક્ષાયિક તરીકે ગણે છે તે વ્યાજબી જ છે. વળી આ વાત પણ અનુભવ બહાર નથી કે કરેલો અભ્યાસ કે જાણેલી હકીકત ભૂલાઈ જાય છે. અર્થાત્ જેમ ક્ષયોપશમથી તારતમ્યતાએ જ્ઞાનની તારતમ્યતા છે તેમજ જ્ઞાનનું આવૃત અને અનાવૃતપણું પણ ક્ષયોપશમને લીધે જ હોય છે અને તેથી જ તે મતિજ્ઞાનાદિ જ્ઞાનોને ક્ષાયોપશમિક કહેવામાં આવે છે. અર્થાત્ જ્ઞાનાવરણીયાદિ કર્મોને એવા માનવા જ જોઈએ જે અંશે આવરણ પણ કરે અને ગુણોનો આવિર્ભાવ થવા દે. અને તેથી જ સર્વથા તે જ્ઞાનાવરણીયાદિનો નાશ થયા વિના મતિઆદિક જ્ઞાનો પ્રકટ થઈ શકે છે.

સમ્યક્ત્વ અને દેશવિરતિના ગુણોની ક્ષાયોપશમિકતા

એ હિસાબે આત્માના ચારિત્ર ગુણને રોકનાર મોહનીય કર્મ જે ચારિત્રમોહનીય છે. તેનો ક્ષયોપશમ થાય ત્યારે જ દેશવિરતિપણું જે શ્રાવકપણું છે તે મળી શકે છે. અર્થાત્ આદિમાં મિથ્યાત્વદશા છતાં ભદ્રકભાવથી મોહનીયની સ્થિતિ ઘટી જાય છે. મિથ્યાત્વદશા હોય ત્યારે જે ધર્મ કાર્ય હોય તે કરવાથી પણ અનંતસંસારની દરેક સમયે જે વૃધ્ધિ થાય છે અને તેને લીધે મિથ્યાત્વવાળી દશામાં અનંત સંસારને પ્રતિક્ષણે અનન્તાનુબંધી કષાયોનો જ ઉદય હોય છે, તે બધુંસૂત્રથી વિરૂદ્ધ પ્રરૂપણા કે વર્તનમાં જે આગ્રહવાળો હોય અને સૂત્રથી વિરૂધ્ધ એવી પ્રરૂપણા અને વર્તન જે પોતે માનતો હોય તે વાળા જ ભગવાન તીર્થંકરો પણ હતા એમ પ્રરૂપે અને તે પ્રમાણે વર્તે એટલું જ નહિં, પણ ભગવાન જિનેશ્વરોએ નિરૂપણ કરેલા અને તેને અનુસારે જ પ્રરૂપણા અને વર્તન કરવાવાળાની નિંદા હેલના અને યાવત્ નાશને જે મિથ્યાત્વીઓ ઈચ્છે તેઓનાં ધર્મકાર્યો પણ અનન્તસંસારને વધારનાર થાય. પણ જેઓ કુલાદિ સામગ્રીની વિચિત્રતાને લીધે અન્યમત કે જૈનમતના પણ વિપરીત પ્રરૂપણા અને વર્તનવાળા હોવા છતાં પણ સત્યની ગવેષણાવાળા હોવા સાથે અસત્ય માલમ પડતાં કોઈપણ સંયોગ સામગ્રી હેલના કુટુંબસંયોગ અથવા બાપદાદાની પરંપરાને આડે ન લાવતાં સત્યમાર્ગને આદરવાની તત્પરતાવાળા હોય તેવા મનુષ્યો મિથ્યાત્વ દશાવાળા હોવા છતાં ગુણવાળા ગણાય છે, અને તેથી જ તેવાઓને મિથ્યાત્વ ગુણસ્થાનક છે એમ શ્રીહરિભદ્રસૂરજી અને કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રીહેમચંદ્રસૂરિજી વગેરે જણાવે છે, અને એવી ભદ્રકદશાવાળોજ મનુષ્ય મિથ્યાદૃષ્ટિ છતાંપણ ઘણી કર્મની સ્થિતિ તોડીને સમ્યક્ત્વ પમાવાને યોગ્ય બને છે.

(અપૂર્ણ)

(ટાઈટલ પાના ૩ થી ચાલુ)

જે તપસ્યાની અપ્રતિપાતિ એવાં ચાર જ્ઞાનને ધારણ કરનાર અને મોક્ષપ્રાપ્તિ અને કર્મક્ષયને માટે નિશ્ચયવાળા ભગવાન જિનેશ્વરોને જરૂર લાગી તે તપસ્યાની અજ્ઞાની કે સામાન્ય જ્ઞાની ગણાતાને જરૂર ન લાગે એ ખરેખર આશ્ચર્ય કે કલિકાલનું કૌતુક જ ગણાય.

કર્મરાજાનો લશ્કરી

(ગતાંકથી ચાલુ)

તમે દરેક પ્રવૃત્તિ વખતે કર્માધીનતાએ થયે તમારી જે ઈચ્છા થાય તે પ્રમાણે જ વર્તો તો તમારામાં અને કેવળ હુકમને માનઆપનારા સોલ્જરની નોકરીમાં કશો તફાવત જ નથી રહેતો. તમે પ્રત્યેક પ્રવૃત્તિ વેળાએ જો ઈચ્છાને જ તાબે થાઓ અને ઈચ્છા પ્રમાણે જ વર્તો તો તમે સોલ્જર નોકર છો પરંતુ જો તમે સારાસાર વિચારીને તે પ્રમાણેનું વર્તન રાખો તો તમે કર્મરાજાના શિક્ષિત નોકર છો. દરેક પ્રવૃત્તિ વેળાએ ઈચ્છા થાય તે પ્રમાણે જ ન વર્તતાં તમારા આત્માના હિતાહિતની અને કર્મબંધની વિચારણા કરીને પછી પ્રવૃત્તિ કરો તો એ તમારી સમજપૂર્વકની નોકરી છે, જેઓ માત્ર કર્મોદયનો જ જાપ જપે છે અને પ્રવૃત્તિ વેળાએ પણ ઈચ્છા પ્રમાણે વર્તન રાખીને તેને કર્મોદય કહે છે તેઓ કર્મરાજાના બેવકુફ મુર્ખા નોકરો છે. જેમ સોલ્જરને વિચાર કરવાપણું હોતુ નથી. માલિકનો જે હુકમ થાય છે તે હુકમ જ માત્ર તેને બજાવવાનો રહે છે. થયેલો હુકમ સાચો છે કે ખોટો છે કે થયેલા હુકમથી પોતાનું અથવા પરનું હિત થાય છે કે અહિત ? એવો કોઈપણ વિચાર સોલ્જરને કરવાનો હોતો જ નથી. તેને તો માત્ર જેમ વીજળીનું બટન દાબતાં જ દીવા થાય છે તે જ પ્રમાણે હુકમ મળતાં જ બંદુક ફોડવાની હોય છે. '

ઈંદ્રિયોના હુકમ થતાં અથવા ઈંદ્રિયોને વિષયની ઈચ્છા જાગતા જે ઈચ્છાને પાર પાડવામાં શું હિતાહિત રહેલું છે એ જોતો નથી અને ઈંદ્રિયોને તેના વિષયો ભોગવવાની ઈચ્છા થાય કે તરત તેનો ગુલામ બની જાય છે તે ઈંદ્રિયોનો સોલ્જર નોકર છે એમ સમજવું. જેઓ કર્મના ઉદયથી થતા વિચારો, ઈંદ્રિયોની પ્રેરણાથી થતી પ્રવૃત્તિઓમાં એમાં મારૂં હિત છે કે અહિત ? છે એ તપાસે છે અને પછી પ્રવૃત્તિમાં જોડાય છે તે કર્મરાજાનો શિક્ષિત નોકર છે. આત્મા અનાદિકાળથી કર્મરાજાની નોકરીમાં દૃઢપણે બાઝેલો છે તેમ આજ

સુધીમાં જે નોકરી કરી છે તે સઘળી સોલ્જરની જ નોકરી છે. આજ સુધીના અનેક ભવોમાં આત્માએ કર્મરાજાના હુકમ પ્રમાણે ઈંદ્રિયોની જેવી જેવી ઈચ્છા થઈ છે તેવી જ પ્રવૃત્તિ કરી છે અને એ પ્રવૃત્તિમાંથી તે કદી વિચારશીલ નોકર બન્યો જ નથી. હવે તમારે તમારી એ દશાને પ્રણામ કરીને વિચારશીલ નોકરની કક્ષામાં આવવાનું છે. જે શિક્ષા પામેલો છે ને વિચારવાળો છે તેવો આત્મા કર્મરાજાની કદીપણ ગુલામગીરી કરતો જ નથી, તે તો હંમેશાં શિક્ષિત નોકર બનવાના જ પ્રયત્નો કરે છે અને દરેક ભવ્યજીવોએ શિક્ષિત નોકર બનવું એમાં જ તેમના જીવનની સફળતા છે.

આ પ્રકારે જે આત્માઓ કર્મરાજાને ત્યાં અભ્યાસવાળા છે તે જૈનશાસનમાં શિક્ષિત નોકર બની શકે છે. આ આત્મા કર્મરાજાને ત્યાં અનાદિકાળથી નોકરી કરે છે તેનાથી એ નોકરીનો ત્યાગ કરી શકાય એવું નથી અને ત્યાગ કરીને ખસી જઈ શકાય એવી પણ તેની ઉજ્જવલ સ્થિતિ નથી. આવા સંજોગોમાં આત્મા જો આંખો મીંચીને કર્મોદય પ્રમાણેની પ્રવૃત્તિ કર્યે જ જાય અને ઈન્દ્રિયોના જે જે હુકમો થાય તે સઘળાને હાથ જોડીને પગે પડી બજાવતો જ રહે તો તે આ ગુલામી નોકરીમાંથી કદી છૂટકારો ન જ મેળવી શકે ? પરંતુ જો તે સમજપૂર્વકનો નોકર બને. ઈચ્છાઓ થાય તો તે ઈચ્છાઓને અમલમાં મૂકતા પહેલાં એથી હિત છે કે અહિત છે ? તે સંભાળપૂર્વક વિચારે અને તે પ્રમાણે જ તે વર્તે તો અવશ્ય કોઈક ભવમાં પણ તે ગુલામીમાંથી છૂટી શકે અને સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકે. તમારા આત્માને જ સુધારીને તમે બેસી રહો તેથી તમારો શુકવાર વળી જવાનો નથી. તમારા આત્માને સુધારવાની સાથે જ તમારે તમારા પરિવારને પણ સુધારવાની જરૂર છે. તે તમારી ફરજ તમે શી રીતે બજાવી શકો છો તેનો વિચાર કરો.

તમારા આત્માને તમારી સંતતિને તમારા સ્ત્રી આદિ સંબંધીઓને પણ સુધારવા અને ધર્મમાર્ગે પ્રર્વતાવવા એ તમારી ફરજ છે. તમે તમારા આત્માને તમારા પરિવારને તમારા સંબંધીઓને બધાને જો તમે કર્મરાજાના આંધળા નોકર ન બનાવવા માંગતા હો તો ત્રણ વસ્તુ ગળથુંથીમાં આપો (૧) આ આત્મા અનાદિનો છે (૨) ભવભ્રમણ અનાદિનું છે અને (૩) કર્મસંયોગ પણ અનાદિનો જ છે જે આત્માને આ ત્રણ વસ્તુઓ પચી ગઈ છે, અને જેણે આ ત્રણ વસ્તુને પોતાની રગેરગમાં પચાવી દીધી છે તે આત્મા કદાપિ પણ કર્મરાજાનો આંધળો અથવા મુર્ખ નોકર બની શકતો જ નથી. આ ગળથુથીને પોતાના હૃદયમાં પચાવનાર આત્મા સદા સર્વથા શુદ્ધ વિચારો જ કરી શકે છે. શુદ્ધ વિચારોનો તે અમલ કરે છે અને અશુદ્ધ વિચારો પોતાના આત્મામાં પ્રવેશ કરતા હોય તો પણ તેને પ્રવેશ કરવા ન દેતાં તેને રોકી રાખે છે.

જે આત્માએ આ ગળથુથી પીધી છે તે આત્મા પોતાના હિતાહિતની પરીક્ષા કરીને વર્તતો હોવાથી તે કર્મરાજાનો આંધળો નોકર ન બનતાં વિચારશીલ નોકર બને છે. ધર્મ ઉપર દ્રઢ રહે છે અશુદ્ધ વિચારોને આવતાં જ રોકવા પ્રયત્ન કરે છે અને ધીમે ધીમે મુક્તિને માર્ગે પગલાં માંડે છે. છેવટે અંતિમ શાંતિનું ધામ એવા મોક્ષને વિષે તે બિરાજમાન થાય છે.

પ્રશ્ન ૮૫૩-પૂર્વે જણાવ્યા પ્રમાણે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય ગણાય એ ઠીક છે. પણ પુનમ જેવી પર્વતિથિનો ક્ષય હોય ને તેની પહેલાની પણ ચૌદશ જેવી પર્વતિથિ હોય તો પુનમ આદિના ક્ષયે કોનો ક્ષય કરવો ?

સમાધાન-પંચાંગમાં પુનમ આદિ પર્વતિથિનો ક્ષય હોય તો પણ ટીપ્પણામાં તો તેની આરાધના ઉડાડાતી નથી, માટે ક્ષય લખાય જ નહિ, જેઓ ચઉદશઆદિ પર્વતિથિના ક્ષયે તેરસ આદિનો ક્ષય ન માનતાં $\frac{૧૩}{૧૪}$ એમ સરખાવટથી ને તેરસ ચૌદશ એકઠા એમ જણાવી જેઓ આરાધનાને માટે કરાવાતા ટીપ્પણામાં પર્વતિથિનો ક્ષય ભલે જણાવે, પણ त्रयोदशी चतुर्दश्योः ના પાઠ અને પરંપરાથી તેરસનો જ ક્ષય થાય છે અને કરાય છે, તેથી શાસ્ત્ર અને પરંપરા માનવાવાળા ટીપ્પણામાં તો ૧૩નો ક્ષય જ કહે છે. પર્વતિથિને ભેગી કરી દેવાવાળાઓ તે તે ભેગી કરેલી પર્વતિથિએ વાર કયો ગણાશે? કેમ કે વાર તો ચોવીશ કલાકનો જ હોય છે. વળી અપર્વ ક્ષયે પણ $\frac{૨}{૩}$, $\frac{૫}{૬}$ વગેરે કેમ ન લખવાં કેમકે ત્રીજ વગેરેની સમાપ્તિ તે બીજ આદિએ છે. શું ચોપડાં અને પત્રમાં $\frac{૧૩}{૧૪}$ લખીને વાર લખશે. વાર તો સૂર્યોદયથી શરૂ થાય છે અને તે દિવસે ચૌદશ તો ઘણીવારે શરૂ થશે. એક તિથિની સાથે એકવારનો વ્યવહાર પણ નહિં થઈ શકે. વળી તેરસના ક્ષયમાં તો પરંપરા સંગત થાય પણ તેરસ અને ચૌદશનો મિશ્રવાર તો એજ લોકો માની શકે. આ વાત એટલા માટે જ જણાવી છે કે શાસ્ત્ર અને પરંપરાથી પૂર્વની અપર્વતિથિ ક્ષય થાય એમ સાબીત છે, તો પછી પૂનમની પહેલાં ચૌદશની તિથિ અપર્વ નથી માટે ચૌદશનો ક્ષય ન કરાય, પણ તે ચૌદશ કરતાં પણ તેના પહેલાની અપર્વતિથિનો ક્ષય જ વ્યાજબી છે એમ સમજાય. વળી પૂનમના ક્ષયે પૂનમની આરાધના ચૌદશે કરવા માટે ચૌદશનો ક્ષય ન કરવાનો હોવાથી તો શ્રી હીરસૂરિજીએ હીરપ્રશ્નમાં પાંચમ અને પૂનમના ક્ષયમાં તેની તપસ્યા ક્યારે કરવી એવા પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં પાંચમના ક્ષયે તેનો તપ પાંચમથી પહેલાની તિથિમાં

કરવો એમ સ્પષ્ટપણે કહી દીધો પણ પૂનમના ક્ષયને માટે જુદો ઉત્તર આપ્યો. જો પૂનમના ક્ષયે પૂનમનું તપ ચૌદશે તેનો ક્ષય કરીને કે વગર ક્ષયે પણ કરવાનો હોત તો જેવી પંચમી માટે તેનાથી પૂર્વની તિથિમાં ભલામણ કરી તેવી જ રીતે પૂનમ માટે પણ સરખી ભલામણ કરત, પણ તેમ ન કરતા પૂનમના ક્ષયે પૂનમનું તપ કરવા त्रयोदशीचतुर्दश्योः એમ સ્પષ્ટપણે જણાવ્યું છે અને પંચમીના ઉત્તરથી જુદી રીતે ઉત્તર આપ્યો છે. અર્થાત્ પૂનમના ક્ષયે ચૌદશનો ક્ષય તે પર્વતિથિ હોવાથી ન થાય, તેથી તેમજ બે બ્રહ્મચર્યાદિ આરાધના એક તિથિમાં પણ બને નહિં માટે તેરસે ચૌદશ કરી ચૌદશે પૂનમ કરવી એમ સ્પષ્ટપણે જણાવ્યું છે. કેટલાકો કહે છે કે પૂનમના ક્ષયે ચૌદશનું તપ કરતો હોય તેથી પૂનમનું તપ તેરસ ચૌદશે કરવું એમ કહ્યું છે પણ આવું કહેનારાઓએ વિચારવું જોઈએ કે નથી તો ચૌદશનું તપ કરતો હોય તો પૂનમના ક્ષયે પૂનમનું તપ ક્યારે કરવું એમ જણાવ્યું, તેમજ ઉત્તરમાં પણ એમ નથી જણાવ્યું કે પૂનમનું તપ ચૌદશનું તપ કરતો હોય તો તેરશ ચૌદશે કરવું. વળી જો એમ હોત તો પંચમી અને પૂનમના ક્ષયે તેનું તપ કરવાના ઉત્તરમાં જુદાપણું ઠામ પાડતાં ચોકખું જણાવત કે પંચમી અને પૂનમના ક્ષયે તેનું તપ તેની પૂર્વતિથિમાં કરવું અને પછી જણાવત કે જો ચૌદશે તપ કરવા સાથે પૂનમનું તપ કરવાવાળો હોય તો, તેરસ ચૌદશે તે તપ કરે, પરંતુ એમ નથી જણાવ્યું. પણ પૂર્વની તિથિમાં પાંચમનું તપ કરવા ઉત્તર જુદો આપીને જે તેરસ ચૌદશ એમ બે વચનના પ્રયોગથી જણાવ્યું છે તેથી સ્પષ્ટ થાય છે કે પૂનમના ક્ષયે ચૌદશને પલટાવી તેરસે લાવવી અને ચૌદશને દિવસે પૂનમનું તપ કરવું અને પરંપરા પણ એવી જ છે વળી ઉદયપુર વિગેરેના ભંડારો તથા જુની સામાચારીની પ્રતોમાં પણ સ્પષ્ટ પણે એમ લખે છે કે પૂનમનો ક્ષય હોય ત્યારે તેરસનો ક્ષય કરવો. અર્થાત્ તેરસે ચૌદશ કરવી અને ચૌદશે પૂનમ કરવી, આ ઉપરથી નક્કી થાય છે કે પર્વતિથિનો ક્ષય ન કરવો, માટે ક્ષય પામતી પર્વતિથિના પહેલાં પણ જો પર્વતિથિ હોય તો તે પાછળની પર્વતિથિથી પણ પહેલાની અપર્વતિથિનો ક્ષય કરવો. આ જગા પર કેટલાકો કાલિકાચાર્ય મહારાજને માનવાવાળા છતાં ભાદરવા સુદ પાંચમના ક્ષયે કે વૃદ્ધિએ ચોથનો ક્ષય કે વૃદ્ધિ માને છે, તે યોગ્ય નથી તેઓએ ચૌમાસી પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરાય છે અને પરંપરા અને લેખથી મળતો છે, તે હિસાબે ભાદરવા સુદ પાંચમના ક્ષયે કે વૃધ્ધિએ ત્રીજની ક્ષય અને વૃદ્ધિ કરવી જ જોઈએ. કેટલાકો કહે છે કે બારપર્વની ક્ષય કે વૃદ્ધિ ન માનવી. પણ સંવચ્છરીની ચોથ બારપર્વમાં નથી માટે તેનો ક્ષય કે વૃદ્ધિ માનવામાં અડચણ નથી. આ વાત કહેનારે વિચારવું જોઈએ કે જો કાલિકાચાર્ય મહારાજે કહેલી ચોથની સંવચ્છરી કબુલ છે તો પછી ચોથ એ સંવચ્છરીની પર્વતિથિ જ છે અને ચૌમાસીની ચૌદશ જેમ કુત્રિમ છે છતાં તેની ચોમાસીની અપેક્ષાએ વૃદ્ધિ કે ક્ષય આચરાય નહિ તેવી જ રીતે ભાદરવા સુદ ચોથ પણ સંવચ્છરી કુત્રિમ છતાં પણ પર્વતિથિ તરીકે છે માટે તેની પણ ક્ષય કે વૃદ્ધિ ન જ મનાય. વળી ભાદરવા સુદ પાંચમ પર્વ તરીકે છે તો તેના કરતાં ભાદરવા સુદ ચોથ ઓછા મહત્ત્વવાળી નથી. કેમકે શ્રીહીરસૂરિજી પાંચમના તપવાળાને છઠ કરવાની શક્તિ ન હોય તોજ ભાદરવા સુદ ચોથના ઉપવાસમાં પાંચમનું તપ આવી ગયાનું જણાવે છે. માટે ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિ કે ક્ષય જેમ ન મનાય તેમ ભાદરવા સુદ ચોથ પણ સંવચ્છરીની તિથિ હોવાથી તેનો પણ ક્ષય કે વૃધ્ધિ ન થાય અને તેથી પાંચમની વૃધ્ધિએ કે ક્ષયે ત્રીજની જ વૃધ્ધિ અને ક્ષય કરવાં જ પડે. વળી કેટલાકો ઉદયવાળી ચૌદશ કેમ વિરાધાય એમ માની પૂનમના ક્ષયે તેનો તપ તેરસે અને તેરસે ભૂલી

જવાય તો તે પૂનમનો તપ પડવાને દિવસે કરવો આવું માનવાવાળા છે તેઓએ વિચારવું જોઈએ કે શું પૂનમને માટે તેરસે પડવો લો તેમાં પૂનમનો ઉદય કે સમાપ્તિ બંને કે તો શું પણ તેરસે કે પડવે પૂનમની તિથિનો કોઈભાગ સરખો પણ છે ? જો તેરસે કે પડવે પૂનમનો ભાગ પણ નથી તો તેરસે કે પડવે પૂનમ કેમ મનાય છે ? મહોપાધ્યાયશ્રીધર્મસાગરજી પૂનમને દિવસે ચઉદશના ક્ષયે પક્ખી કરનારને ભ્રાંતિવાળા કહે છે અને તેના કારણમાં ચૌદશના ભોગનો ગંધ પણ નથી એમ જણાવે છે કે તેથી તેરસે કે પડવાને દિવસે પૂનમનો ભોગ અંશે પણ ન હોવાથી પૂનમના ક્ષયે તેરસે કે પડવે પૂનમનો તપ માનવું તે ભ્રમિત ન કહેવાય ? શ્રીહીરસૂરિજી મહારાજે તેરસે ભૂલવાથી પડવો જણાવ્યો છે તેનું કારણ તો ચોક્ખું છે. તેરસે ચૌદશ ન કરી એટલે ચૌદશે ચૌદશ કરી પૂનમની બીજી તપસ્યા ચૌદશે સાથે લીધેલ હોવાથી પડવે પૂરી કરે, કેમકે ચૌદશે પૂનમની તિથિનો ભોગતો છે. તત્ત્વ એટલું કે પૂનમના ક્ષયે બારસ તેરસ જ ભેળાં થાય અને પૂનમની વૃદ્ધિએ બે તેરસ થાય. વળી પૂનમે પક્ખી કરનારને એક અનુષ્ઠાનના લોપક માન્યા છે તેમ ચૌદશ પૂનમ ભેગાં કરનારને પણ થશે.

પ્રશ્ન ૮૫૪-જેઓ બીજ આદિ પર્વતિથિના ક્ષયે તેની પૂર્વની અપર્વતિથિનો ક્ષય ન કરે તેઓ તિથિ કેમ બોલે અને તે રીતે બોલવામાં અડચણ શી ? વળી જેઓ પૂનમના ક્ષયે તેરસનો ક્ષય ન માની તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ ન કરે તેઓ કેમ તિથિને કહે અને તેમાં અડચણ શી ?

સમાધાન- શાસ્ત્ર અને પરંપરાને અનુસરીને જેઓ બીજ આદિ પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની પડવા આદિ તિથિનો ક્ષય કરે તેઓ તો પૂનમ કે અમાવાસ્યા આદિના બીજે દિવસે આજ બીજ આદિ છે એમ કહે અર્થાત્ પૂનમ કે અમાવાસ્યાની તિથિની પછી બીજ આદિનો જ વ્યવહાર કરે, પણ જેઓ બીજ આદિના ક્ષયે તેનાથી પહેલાની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય ન માને પણ પડવા અને બીજ આદિ ભેગાં છે એમ કહે તેઓને સવારના પ્રતિક્રમણ પહેલાં પૌષધ લેવાની વખતે જ બીજ આદિ પર્વતિથિ તો માનવી પડે. પચ્ચક્ખાણ લેતી વખતે બીજ આદિ માનવા પડે, સ્નાત્રાદિમાં બીજ આદિ માનવાં પડે, પૌષધ આદિ ન હોય તો પણ ભોજન વખતે અને આખો દિવસ લીલોતરી કે સચિત્ત છોડવામાં બીજ આદિ માનવા પડે, તિથિએ પ્રતિક્રમણ આદિની બાધા હોય તો સાંજે બીજ આદિ માનવાં પડે. બારતિથિ આદિમાં શીલનાં પચ્ચક્ખાણ હોય કે રાત્રિભોજનનાં પચ્ચક્ખાણ બાર તિથિને અંગે હોય તો રાત્રે પણ બીજ આદિ માનવાં પડે. તો પછી પડવો અને બીજ આદિ ભેગાં કહેનારે પડવો આદિ કઈ જગા પર રાખ્યાં ? સ્પષ્ટ થશે કે માત્ર વચનથી પરંપરા અને શાસ્ત્ર ઉઠાવવા આગ્રહ સેવ્યો. વળી પડવો અને બીજ આદિને ભેગાં કહેનાર કે ગણાવનાર શું સાંઠે ઘડી પડવા અને બીજ આદિને ભેગાં ગણાવશે કે ? જો સાંઠે ઘડી ગણાવે તો તે દિવસે બીજ આદિની તિથિના નિયમની વિરાધનાનું અડધું પ્રાયશ્ચિત ગણશે ? જો આખું પ્રાયશ્ચિત ગણશે તો પછી પડવા આદિ કહેવા સિવાય ક્યાં રહ્યા ? અને અડધી તિથિ અપ્રાયશ્ચિતની હતી તેને પ્રાયશ્ચિતમાં ગણી કે ? વળી જેઓ પૂનમના ક્ષયે તેરસને દિવસે પૂનમ કરવાનું કહે છે તેઓ શું પૂનમ કે અમાવાસ્યા પછી ચૌદશ આવી માનશે ? અને જો પૂનમ કે અમાવાસ્યા પછી ચૌદસ માને તો તે નહિં રહે લૌકિકમાં કે નહિં રહે શાસ્ત્રમાં. વળી તેરસે જ ભૂલવાથી શાસ્ત્રકારે પૂનમનો તપ પડવે કરવાનો જે જણાવ્યો તેજ શું નથી જણાવતો કે ચૌદશે પૂનમનું તપ થાય નહિં અને તેનું કારણ માત્ર તેરસે ચૌદશ ન કરી તેજ છે. વળી એથી ચૌદશ અને પૂનમ ભેગા

પણ ન જ થઈ શકે એમ પણ શું નક્કી નથી થતું? પૂનમનું તપ ભૂલ થાય તો પડવે કરવામાં આવવાથી સ્પષ્ટ થયું. કે તેરસનો ક્ષય ન થયો એટલે પડવાનો ક્ષય કર્યો. ભૂલને લીધે તો વગર ક્ષયે પણ આઠમ આદિના નિયમમાં બીજે દિવસે કરાય છે એમાં નવું નથી જ. વળી શ્રી ઉમાસ્વાતિના પ્રઘોષમાં પૂર્વા તિથિઃ કાર્યા એટલે પહેલાની જે અતિથિ હોય તે તિથિ કરવી એમ જણાવાયું છે. તેની જગા પર પૂનમ અમાવાસ્યાના ક્ષયે તેનું તપ તેરસે કરનારને તો ક્ષયે પૂર્વતર એમ માનવું પડશે. અને પૂર્વતરા એ પણ પૂર્વા જ છે. વળી એકમ આદિમાં જ બીજ આદિને માનનારાઓને પૂર્વત્યાં તિથૌ એવો પ્રથમાન્તની જગા પર સપ્તમ્યંતવાળો પ્રઘોષ માનવો પડશે અને જો પ્રથમાંત માનશો તો પર્વતિથિ જે બીજ આદિ છે તેના ક્ષયે પડવા આદિનો ક્ષય માની તે પડવા આદિને જ બીજ આદિ પણે કરવાં પડશે.

પ્રશ્ન ૮૫૫- બીજ આદિના ક્ષયે એકમ બીજભેગાં બોલે વગેરેમાં હરકત છે, પણ બીજ આદિ પર્વતિથિઓની વૃદ્ધિ હોય ત્યારે તેને બેવડી માની પહેલાની બીજ આદિને ફલ્ગુ બીજ અભિવર્ધિત બીજ કે ખોખાબીજ ગણે તો શી અડચણ આવે?

સમાધાન- પ્રથમ વ્રતનિયમ આદિ લેનારે વ્રત નિયમ લેતાં બીજ આદિ તિથિને નામે સામાન્ય રીતે પચ્ચક્ખાણ લીધાં હશે તેને આજ બીજ આદિ છે છતાં મારે વ્રત નિયમ પાળવાં નથી એમ કહેતાં નિયમઆદિ તુટશે, માટે ફલ્ગુઅભિવર્ધિત કે ખોખા બીજ છોડીને બીજી બીજ આદિએ મારો નિયમ છે એમ કહેવું પડશે, વળી શાસ્ત્રોમાં વર્ષનું નામ તો અભિવર્ધિત છે, પણ બીજ આદિ વધેલી તિથિનાં અભિવર્ધિત આદિ નામો તો માત્ર વ્યુત્પત્તિથી કલ્પિત છે, રૂઢ નથી. શાસ્ત્રકારો વળી મહિના વધે તેને પણ રૂઢિથી અભિવર્ધિત માસ નથી કહેતા, પણ અધિકમાસ કહે છે. જેઓ વધેલી તિથિને અભિવર્ધિત તિથિ કહેવા માગે છે તેઓએ શાસ્ત્રકારની દ્રષ્ટિના અભિવર્ધિત માસ અને અભિવર્ધિત તિથિનાં લક્ષણ સૂર્ય પ્રજ્ઞપ્તિ લોકપ્રકાશ વગેરેમાં જોવા કે જેથી સૂત્રથી વિરૂદ્ધ અને જુઠું બોલવું ન થાય - શ્રી ઉમાસ્વાતિજીના પ્રઘોષમાં उत्तरा तिथिः कार्या એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. પણ उत्तरस्यां એવી સપ્તમી વાળો લેખ નથી અને તેથી જ જેમ પર્વતિથિના ક્ષયે તેની પહેલાંની અપર્વતિથિ પર્વતિથિ તરીકે ગણાય. તપાગચ્છની પરંપરા સાથે કોઈ કોઈ જગા પર પુસ્તકોમાં પણ લેખો છે કે પૂનમ અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય કરવો અને વૃધ્ધિએ તેરસની વૃધ્ધિ કરવી, એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે બીજ આદિ પર્વતિથિની વૃધ્ધિએ તેના પહેલાની પડવા આદિ અપર્વતિથિની જ વૃધ્ધિ કરાય.

પ્રશ્ન ૮૫૬-તિથિની વૃધ્ધિ જૈનશાસ્ત્ર પ્રમાણે હોય કે નહિં !

સમાધાન- ચંદ્રમાસ ૨૯॥ દિવસનો અને કર્મમાસ ૩૦ દિવસનો હોવાથી બાર માસે છ તિથિ ઘટે એ તો બરોબર છે. પણ તિથિ વધવાની વાત તો જૈનશાસ્ત્રથી વિરૂદ્ધ છે, જો કે કર્મમાસ કરતાં સૂર્યમાસમાં અડધો દિવસ વધારે હોવાથી તિથિ વધે એમ કહેવાય પણ સૂર્યમાસની અપેક્ષાએ છે અને સૂર્યમાસ વ્યવહારમાં નથી લેવાતો વ્યવહારમાં માત્ર કર્મમાસ લેવાય છે, તેથી ટીપ્પણામાં લખાતી તિથિની વૃધ્ધિ શાસ્ત્રોક્ત નથી. વળી તે ઋતુમાસના વર્ષે જે દિવસ છ ઘટયા તેનો પાંચ વર્ષે એક મહિનો અને સૂર્યમાસના અડધા દિવસના હિસાબે એક માસ એમ ગણતા યુગમાં બે માસ વધે છે. એટલે પણ તિથિની વૃદ્ધિ હોઈ શકે નહિ.

પ્રશ્ન ૮૫૭-દરેક વર્ષે સંવચ્છરી કરતાં ત્રણસેંસાઠ દિવસ કરીયે એટલે પાંચ વર્ષે ૧૮૦૦ દિવસ થાય અને દિવસ તો ૧૮૩૦ થાય છે તે તો ત્રીસ દિવસની આલોયણનું શું થયું ?

સમાધાન- જેમ પાક્ષિક વગેરે સોલ દિવસે હોય છે તો પણ તિથિઓ તો પડવા બીજ આદિ પંદર

જ હોય છે. વર્ષમાં અધિક મહિનો હોય છે તો પણ મહિના તો શ્રાવણ આદિબાર જ છે, તેથી पनस्सण्हंसा दिवसाण અને बारसण्हं मासाणं એમ બોલવાથી તે અધિક તિથિ અને અધિક માસ આવી જાય તેવી રીતે ૧૮૩૦ દિવસના માસ વગેરે શ્રાવણાદિ નિયમિત છે અને મિચ્છામિદુક્કડં કહેતી વખતે બોલાઈ ગયા છે માટે એક મહિનાની આલોયણ રહી જતી નથી.

પ્રશ્ન ૮૫૭-મુખ્યતાએ ઉદય અને સમાપ્તિ બે ન મળે તો સમાપ્તિવાળી તિથિ પ્રમાણમાં લેવી એમ નહિં !

સમાધાન- જો એમ લઈએ તો આઠમને ક્ષયે સાતમને દિવસે સાતમનો ઉદય અને સમાપ્તિ બંને છે, માટે તે સાતમે આઠમ નહિ મનાય. માટે જ શાસ્ત્રકારોએ પર્વતિથિના ક્ષયે પહેલાની તિથિને જ પર્વતિથિ કરવી એમ સ્પષ્ટ જણાવ્યું છે. પૂર્વની તિથિમાં પર્વતિથિની ક્રિયા કરવી એવા અર્થ કરનારા ખોટા છે, કેમકે તે સ્થાને કોઈ પણ જગા પર पूर्वतिथौ એવો સપ્તમીવાળો પાઠ જ નથી. અને બે તિથિને સાથે માનનારા મિશ્રતિથિ માની તિથિવિરાધનાની આલોયણ આપી શકશે નહિં. વળી તત્ત્વતરંગણીનો પાઠ જે વીરશાસનમાં જ શ્રી જનકવિજયજીએ આપ્યો છે તેમાં જ ચૌદશના ક્ષયે તેરસે ચૌદશ જ માનવાનું અને તેરસનું નામ પણ નહિં હોવાનું સ્પષ્ટ જણાવે છે. છતાં તિથિને ભેગી કરીને કાઢેલાં પંચાંગોને વીરશાસન અને જૈનપ્રવચન નથી ફેરવતા તે કેવલ તેમનું દુરાગ્રહિપણું જ છે, પણ શ્રી સંઘ તેમની તેવી સ્થિતિ કઈ કાળથી જાણે છે તેથી ઘણે ભાગે તો ગોટાળો વળશે નહિં અને આ વાંચવાથી પણ સાવચેતી થશે.

પ્રશ્ન ૮૫૮-બીજ પાંચમ આદિ પર્વતિથિઓનો ક્ષય થાય ત્યારે તો તત્વતરંગિણી આદિના વચનથી તેનાથી પહેલાની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય થાય પણ પૂનમ અને અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય કેમ કરાય ?

સમાધાન- બીજ આદિ પર્વતિથિ આદિનો ક્ષય હોય ત્યારે તે ક્ષયવાળી તિથિની આરાધના ન ઉડે માટે તેના પહેલાની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય કરવો પડે અને તે પડવાઆદિને દિવસે આખી બીજ માની આરાધના કરાય. પણ જ્યારે પૂનમ અને અમાવાસ્યાનો ક્ષય હોય ત્યારે તે પૂનમ અને અમાવાસ્યાની પહેલાની ચૌદશ છે અને તે પણ પર્વતિથિ છે માટે તે ચૌદશને ઉડાડી દઈએ તો તેને અંગે સચિત્તત્યાગ અબ્રહ્મત્યાગ પૌષધોચ્ચાર વગેરે ઉડી જાય અને પાક્ષિકપણ ઉડી જાય, માટે તે વખતે તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કે અમાવાસ્યા કરાય છે અને તેથી જ પૂનમના ક્ષયે માત્ર તે પૂનમના જ તપના પ્રશ્નમાં શ્રીહીરસૂરિજીએ त्रयोदशीचतुर्दश्योः એમ દ્વિવચનથી ઉત્તર આપ્યો છે. વળી તેરસે ભુલવામાં પણ प्रतिपद्यपि એમ કહ્યું, પણ चतुर्दशीप्रतिपदोः એમ દ્વિવચનથી ઉત્તર ન કહ્યો. કારણ કે તેરસે ચૌદશ નથી કરી એટલે ચૌદશે ચૌદશ અને પડવે જ પૂનમ કરવી પડે. જેઓ ક્ષીણ પર્વતિથિને ભેગી કરી દે છે તેઓના મતે તો તેરસે ભુલતાં ચૌદશે એમ કહેવું પડત. એકઠાં ચૌદશે કરવાની અપેક્ષાએ તો પ્રથમ જ पूर्वस्यां એમ પાંચમના ક્ષયની માફક કહેવું પડત, વળી છઠને અંગે પણ જો આ પ્રશ્ન હોત તો જરૂર त्रयोदशीचतर्दश्योः ની માફક चतुर्दशीयः प्रतिपदोः એમ જ તેરસે ભુલના પ્રસંગે પણ કહેવું પડત. પણ તેરસે ચૌદશ નક્કી એટલે જ ચૌદશે ચૌદશ રહી અને પડવે પૂનમ કરવી પડી. જેમ તેરસે પૂનમ ન થાય તેમ ચૌદશે પૂનમ કરી પડવે ચૌદશ પણ ન જ થાય. માટે ક્ષીણપર્વની પહેલાં જો પર્વ હોય તો તે પર્વથી પણ પહેલાની અપર્વતિથિનો ક્ષય કરી બન્ને પર્વને આરાધવા જ જોઈએ.

સમાલોચના

૧ વડોદરાની લાયબ્રેરીમાં જોવાથી સ્પષ્ટ માલમ પડશે કે શ્રી મહાવીરચરિત્રની અસલ પ્રતમાં सुविहिया ને સફેદાથી खरयरिया કરેલું છે.

૨ શ્રી અભયદેવસૂરિ જિનવલ્લભ કે જિનદત્ત પણ ખરતર બિરૂદ લખતા નથી, તો ૧૧૭૦ અને ૧૧૭૧ લખાયું ક્યાંથી ? પ્રતો પરીક્ષા માંગે છે.

૩ પલ્લાકવિના ગ્રંથમાં તો વર્ધમાન સૂરિને ખરવરતર મળ્યું ગણાય, વળી खरय (?) એ શબ્દમાં વાચનારને શંકા કરવી જ પડે કે ખરતરગચ્છ આગલ લીટી સુરવર વર લધ્યનું તો નથી કેમ ?

૪ અવિચલ તપાગચ્છાધિપતિ શ્રી દેવેંદ્રસૂરિજીએ કર્મગ્રંથની ટીકામાં સ્પષ્ટપણે તપાબિરૂદ જણાવેલ છે.

૫ આચાર્યમહારાજ શ્રી વિજયસેનસૂરિજીએ પ્રવચનપરીક્ષાનું મંડન ખરતરના આચાર્યને જીતીને કર્યું છે. જુઓ વિજય પ્રશસ્તિ.

૬ કલ્પસુબોધિકા વગેરેમાં પણ કલ્પકિરણાવલીની ભલામણ સ્પષ્ટ છે.

૭ યુગપ્રધાન શબ્દ લખાવેલો હોય અને જગદ્‌ગુરૂ શબ્દ સ્વાભાવિક હોય એમ નથી? (જૈન)

૧ પૂનમના ક્ષયે તેનો તપ તેરસે કરવાનું કહેનારા તેરસે પૂનમની સૂર્યોદય કે સમાપ્તિ તો નહિં લાવી શકે, પણ ભોગવટો પણ નહિં લાવી શકે, તેવી રીતે પડવે પણ નહિં જ લાવી શકો. ક્ષીણ પૂનમ ચૌદશે કે તેરસે કરવી એનો તો નિર્ણય જણાવે વ્યપદેશ પણ તેરસનો ન કરવો એવા સ્પષ્ટ શબ્દ છતાં અપર્વનો ક્ષય પર્વક્ષયે ન સમજાય તેની બલીહારી.

૩ ડેપ્યુટેશન જો તમો ન નીમી શકો તો ના કહો. આચાર્યાદિ જવાબ આપવા બંધાય વગેરે ન લખો શાસનસુકાનીઓ તરફથી ડેપ્યુટેશન નીકળશે તો પહેલેથી જવાબોની જવાબદારી નહીં મંગાવે.

૪ तयोः નહિં પણ तस्याः થી ચૌદશે પૂનમ કરવાથી ચૌદશની વિરાધના નથી એટલું જ માત્ર સમજાય.

૫ પૌષધાદિ દિનપ્રતિબદ્ધ ક્રિયાનો ઉત્તર કેમ નથી. ઉપવાસો તો સાથે થાય, પણ પૌષધો સાથે ન ઉચ્ચરાય.

૬ તમારા પ્રભુએ પહેલા ચેંલેજમાં સમાલોચના કબુલ કરી છેડો આણ્યો અને બીજી ચેંલેજમાં સ્વીકાર થયે સંપાદકની સોડમાં ભરાયા એ હવે અસિદ્ધ રહ્યું નથી.

૭ તમારા લખાણ પ્રમાણે શ્રી ક્ષમાવિજયજી મુકામ મુદત અને પ્રતિજ્ઞાપત્ર કેમ જાહેર કરતા નથી ? એ જાહેર કરવાનું સમાલોચનામાં સૂચવ્યું છતાં કેમ તમોએ નથી કરાવ્યું ? (વીરશાસન)

૮ બે તેરસ કરવા માફક બે ત્રીજ કરવી જ જોઈએ એ દીવા જેવું છે. (તંત્રી. જનક)

૯ પાંચમપર્વની તિથિની વૃદ્ધિ ન થાય અને તેથી ચોથની અને તેની પણ પર્વતિથિપણાને લીધે વૃદ્ધિ ન થવાથી ત્રીજ બે ગણનારને એકાવન દિવસ કહેનારને શનિવારમાં ૪૯ દિવસ કહેવાય તે સ્વાભાવિક છે.

૧૦ જેમ છઠે સંવચ્છરી કરવાથી અતિક્રમણ કરતાં આજ્ઞાભંગ ગણાય તેમ પાંચમથી બે દિવસ પહેલી લેવામાં પોતાની માન્યતાને અનુસારે દોષ ગણે તેને શું કહેવાય ?

૧૧ પુનમે પક્ખી કરનારને જેમ એક અનુષ્ઠાનનો લોપ શ્રી ધર્મસાગરજીએ જણાવ્યો છે તેમ ચૌદશે પૂનમ કરનારને પણ એક અનુષ્ઠાનનો લોપ કેમ નહિં ?

૧૨ લક્ષણ ને સંજ્ઞામાં ભેદ સમજે તે તો અવમરાત્ર અને અતિરાત્ર માને, અભિવર્ધિત માસને અભિવર્ધિત તિથિનું માનશાસ્ત્રમાં જોવું. ફલ્ગુ અભિવર્ધિત સંજ્ઞા કેમ થાય છે? સૂર્યપ્રજ્ઞપ્તિ(૧૭૧) ના અવમ અને અતિરાત્રના પાઠને સમજનારો તો માસ કે તિથિ જે વ્યવહારમાં વધે છે તેને અભિવર્ધિત નામે ન કરે. અવમ અને અતિરાત્ર જ કહે છે.

૧૩ પૂનમ અમાવસ્યાની વૃદ્ધિ ન કરવાં એ પરંપરા અને શાસ્ત્રાનુસારી છે. માટે શનિવારી સંવચ્છરી કરી અને બુધવારી કરવા ધારે છે તેઓએ સાચે રસ્તે આવવું.

(ગતાંક પા. ૭૮ થી ચાલુ)

ઋજુક વિગેરે ગોચરીના આઠ પ્રકારો જે આગળ જણાવાશે તે પણ ક્ષેત્રાભિગ્રહ ગણાય, તેમજ ઉમરો બે પગ વચ્ચે રાખીને દે તે લેવું. સ્વગ્રામ કે પરગ્રામમાં લેવું, એટલા ઘરોએ લેવું એવો જે અભિગ્રહ તે પણ ક્ષેત્રાભિગ્રહ કહેવાય. પૂર્વે જણાવેલી ગોચરીની આઠ ભૂમિ તે આવી રીતે છે. પહેલા ઘરથી છેલ્લા ઘર સુધી જવું તે ઋજિવકા, છેલ્લા ઘરથી પહેલાં ઘર તરફ આવવું તે પ્રત્યાગતિકા, સામસામી લાઈનમાં એક એક ઘર છોડતાં વહોરવું તે ગોમૂત્રિકા, પતંગિયાની માફક અનિયમિત વહોરવું તે પતંગવિધિ, ચારે ખુણે વોહરવું તે પેટા, અને બે લાઈને વહોરવું તે અર્ધપેટા, મધ્યભાગથી વહોરતાં વહોરતાં બહાર નીકળવું તે અભ્યંતરશમ્બુક્કા અને બહારથી વહોરતાં વહોરતાં અંદર જવું તે બાહ્યશમ્બુક્કા, એ આઠ પ્રકારોમાંથી જે કોઈપણ પ્રકારે નિયમિત કરે તે ક્ષેત્રાભિગ્રહ. ભિક્ષાનો વખત પ્રાપ્ત થયા વિના પેહલે પહોરે ગોચરી ફરવાનો નિયમ તે આદિ, બીજે ત્રીજે પહોરે ગોચરી ફરવું એવો નિયમ તે મધ્ય, અને ચોથે પહોરે ગોચરી ફરવું તે અંત્ય એવી રીતે કાલાભિગ્રહ ત્રણ રીતે છે. એ ત્રણે કાલમાં ગોચરી ફરતાં થતા ગુણ અને દોષો કહે છેઃ- દેનાર અને લેનારને સૂક્ષ્મ પણ અપ્રીતિ ન થાય તે માટે પહેલો પહોર, અને આરંભની પ્રવૃતિ ન થાય તે માટે બીજો ત્રીજો પહોર, અને ચોથો પહોર કાલથી અતીત હોવાથી ભિક્ષા યોગ્ય નહિં. હવે ભાવઅભિગ્રહ કહે છે :-

ભાજનમાંથી કાઢેલું લેવાવાળા, ભાજનમાં નાંખેલું લેવાવાળા, ગાતો, રોતો કે બેઠો વિગેરે અવસ્થાવાળો દે તે જ લેવાવાળા, એવો જેઓ હોય તેઓ ભાવઅભિગ્રહવાળા કહેવાય. તેમજ ખસતો, સામો આવતો, ઉલટે મોંઢે હોય ઘરેણાંવાળો હોય, ઘરેણાં વગરનો હોય, એવી કોઈ પણ અવસ્થાએ આપે તો લેવું એવો જે અભિગ્રહ તે પણ ભાવાભિગ્રહ કહેવાય. આ કહેલા અભિગ્રહો પુરુષવિશેષને આશ્રીને જાણવા, કારણ કે જીવો વિવિધ પરિણામવાળા છે, તેથી કેટલાકો આવી રીતે જ શુદ્ધિ પામે. વાદી શંકા કરે છે કે : જેને તેને જે તે દુઃખ થાય તે તે તેને કર્મક્ષયનું કારણ માનવું જોઈએ, અને જો એમ ન હોય તો આ અભિગ્રહો સારા કહેવાય નહિં. એ કથનના ઉત્તરમાં જણાવે છે કે :- સ્વભાવે મોહાદિકને નાશ કરવામાં સમર્થ અને નિરવદ્ય હોવાથી શાસ્ત્રોમાં અભિગ્રહ કરવાનું જણાવ્યું છે, અને તીર્થંકરોએ પણ અભિગ્રહો કરેલા છે, માટે તે અભિગ્રહો સારા જ છે ॥

ગોચરીથી નિવર્તવાનો વિધિ કહે છે :

सुत्त ३०८, तक्काला ३०९, सुन्न ३१०, पाय ३११, एवं ३१२, हत्थु ३१३, उवरिं ३१४, जइ ३१५, वोसि ३१६, हरिअं ३१७, चउ ३१८, पुव्वु ३१९, काउ ३२०, तेउ ३२१, ते चेव ३२२, सुह ३२३, काय ३२४, जइ ३२५, चिन्ति ३२६,

ઉપયોગપૂર્વક સૂત્રમાં કહેલી વિધિએ ભિક્ષા લઈને પછી સામાચારીને નહિં ભેદતાં સાધુઓ ઉપાશ્રયે આવે. ઉપાશ્રયની આગળ ગોચરીમાં નહિં માલમ પડેલા અથવા તો માલમ પડયા છતાં તે વખતે કોઈ કારણસર નહિં પરિઠવેલા એવાં માંખીનું કલેવર કે કાંટો વિગેરે જે હોય તે પરઠવે. શૂન્યઘર કે દેવકુળ

ન હોય તો ઉપાશ્રયના બારણા આગળ પણ મક્ષિકા અને કંટક વિગેરે પરઠવીને ઉપાશ્રયમાં પેસવું. પેસતી વખત પગ પૂજે, નિસીહિ કહે, અંજલિ કરે, દંડ અને ઉપધિ સ્વસ્થાને મૂકે, પછી તે સાધુ ઉપયોગ અને સંવેગવાળા છતા વિધિથી ગોચરીની આલોચના કરે. પ્રવેશ કરે તે વખતે અગ્રદ્વારમાં, મધ્યમાં અને પેસતાં એમ ત્રણ સ્થાને ત્રણ નિસીહિ કરે અને ગૃહસ્થ ન હોય તો પગ પૂંજે, કપાળે હાથ લગાડવારૂપ કાયિકનમસ્કાર અને नमः क्षमाक्षमणेभ्यः એવું કહેવારૂપ વાચિક નમસ્કાર કરે, જો ભાજનમાં ભાર વધારે હોય તો વચનમાત્રથી પણ નમસ્કાર કરે, અને હાથ ઉંચો ન પણ કરે. દાંડો મેલવાને ઠેકાણે ઉપર અને નીચે પૂંજીને દાંડો મેલે. ચોળપટ્ટાને ઉપધિ ઉપર મેલે, ઝોળીને પાત્રા ઉપર મેલે, જો તેને માતરાની શંકા હોય તો પડલા સહિત પાત્રાં બીજા સાધુને આપીને, તેમજ ચોળપટ્ટાવાળો જ છતો માતરૂં વોસિરાવે. માતરૂં વોસરાવીને અસંભ્રાતપણે આવીને યોગ્ય દેશમાં સૂત્રમાં કરેલી વિધિથી પૂંજીને, ઇચ્છાકારેણ વિગેરે ઈરિયાવહીનું સૂત્ર કહીને ઈરિયાવહિયા પડિક્કમે અને અતિચારને શોધવા માટે બરોબર કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગમાં ઢીંચણથી ચોળપટ્ટો ચાર આંગળ ઊંચો અને નાભિથી ચાર આંગળ નીચો અને બે કોણીએ પકડેલો ચોળપટ્ટો અગર પડલા રાખે. પહેલાં જણાવેલ યોગ્યસ્થાને પગના આગલા ભાગે ચાર આંગળોનું અંતર રાખીને અને પાછલના ભાગમાં તેથી કંઈક ઓછું અંતર રાખીને જમણા હાથે મુહપત્તિ અને ડાબા હાથે ઓઘો રાખી કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગમાં રહેલો નીકળ્યાથી માંડીને તે પેસતાં સુધીના ગોચરીના અતિચારોને ચિંતવે. જે દોષ માલમ પડે તે મનમાં રાખે. તે દોષો લાગવાની અપેક્ષાના અનુક્રમવાળા હોય અગર આલોચનાની અપેક્ષાના અનુક્રમવાળા હોય, અર્થાત્ દોષોનું લાગવું અને આલોચવું એમાં ચાર ભાંગા હોય છે. તે આલોચનમાં શાસ્ત્રકારો ઈરિયાવહિયાના કાયોત્સર્ગને જ પ્રાયશ્ચિત કહે છે. જે માટે હંમેશાં શુભયોગ તે જ કર્મક્ષયનું કારણ છે, અને ચારિત્રની આરાધનાને નિમિત્તે થોડું પણ દૂષણ ન લાગે એવી રીતે, તેમાં ઉપયોગવાળો દોષોને વિચારે તે શુભયોગ જ છે, અથવા તો કાઉસ્સગ્ગમાં જે સંભાર્યું તેજ પ્રાયશ્ચિત છે કેમકે શાસ્ત્રોક્ત અનુષ્ઠાન અત્યંત નિર્જરાનું કારણ છે. શંકા કરે છે કે જો કાયોત્સર્ગ જ કેમકે પ્રાયશ્ચિત હોય તો માતરા વિગેરેની ઈરિયવહિયામાં પણ નિયત ચિંતવન વગરનો કાયોત્સર્ગ જ પ્રાયશ્ચિત તરીકે હોવો જોઈએ. સમાધાનમાં શાસ્ત્રકાર કહે છે કે તે કાઉસ્સગ્ગમાં પણ કુશલનું ચિંતવન તે જ નિયમિત છે, પણ લોગસ્સ ચિંતવવો એમ નિયમિત નથી. પછી બધા વ્યાપારો ચિંતવીને, નવકારથી કાઉસ્સગ્ગ પારીને લોગસ્સ કહીને, સાધુ વિધિપૂર્વક આલોચન કરે અને તે કઈ રીતે નહિં, આલોવવું અને તે કઈ રીતે આલોવવું તે જણાવે છે :-

वक्खि ૩૨૭, कह ૩૨૮, अव्व ૩૨૯, कह ૩૩૦, णट्ठं ૩૩૧, करे ૩૩૨, गीर ૩૩૩, एअ ૩૩૪, काले ૩૩૫, पुर ૩૩૬धर्मकथादिकथी गुરૂ વ્યાક્ષેપવાળા હોય, પરાઙમુખ હોય, વિકથાદિકથી પ્રમાદી હોય તો કહેલા દોષોનું ધારણ ન થાય માટે તેવી વખતે આલોવવું નહિ. એવી રીતે ભૂખનું નહિ સહન થવું વિગેરેના સંભવથી, આહાર કરતાં છતાં અને વેગને ધારવાથી મરણાદિનો સંભવ છે માટે તે હોવાથી માતરૂં કે સ્થંડિલની શંકાવાળા જો ગુરૂ હોય તો આલોવવું નહિં. ભાષ્યકાર પણ એજ કહે છે કે ધર્મકથાદિકથી વ્યાક્ષિપ્તપણું વિકથાથી પ્રમત્તપણું અન્યત્ર મુખ હોવાથી પરાઙમુખપણું, ભોજન કરતાં આલોચનાને સ્વીકારતાં ક્ષુધાની તીવ્રતા અથવા ભૂખનું મરવું થાય અને નિહાર કરતાં પણ આલોવતાં શંકા અને મરણ જાણવાં,

કેવા ગુરૂ આગળ કેવી રીતે આલોવવું તે જણાવે છેઃ-ગુરુ જો અવ્યાક્ષિપ્ત, અને ક્રોધાદિક વિનાના હોય તો આલોવવું ઉપશાંત, અને આલોયણ સાંભળવામાં ઉપયોગવાળા હોય તે ઉપસ્થિત કહેવાય. એમ સર્વ હોય તો 'હુકમ દો' એમ આજ્ઞા માગીને ગુરૂએ આપેલા વખતે આલોવવું ॥

આલોચન વખતે શું શું ન કરવું ? તે કહે છે. નૃત્ય, ચંચળપણું, ભાષા, મુંગાપણું, ઉંચે સ્વરે બોલવું તે બધું વર્જીને સુવિહિત સાધુ હસ્ત, પાત્ર અને ક્રિયા સંબંધી આલોયણ લે. નૃત્ય વિગેરેને સ્પષ્ટપણે જણાવે છે. હાથ, પગ, ભ્રમર, માથું, આંખ, હોઠ એ વિગેરેને, વિકાર તે નાચવું કહેવાય. હાથને શરીરમાં વિકારવાળી પ્રવૃત્તિ ન કરવી, કાયાથી પરાવર્તન અને ભાવથી મનોહર એવી ગોચરીના દોષો ઓળવવા તે ચલન કહેવાય. ગૃહસ્થની ભાષા છોડવી જોઈએ. અવ્યક્તભાષા તે મૂકપણું અને મોટા શબ્દે આલોવવું તે ઢઢ્ઢર દોષ, અને હાથ તથા પાત્ર સંબંધી ખરડયા અને નહિં ખરડયાપણાની જે ક્રિયા ગોચરી લેતાં થઈ તે આલોવવી, એ દોષ છોડીને ગુરુ અથવા ગુરુમહારાજે કહેલા અન્ય મુનિરાજા પાસે જે જે વસ્તુ જેવી જેવી રીતે ગ્રહણ કરેલી હોય તે પહેલેથી છેલ્લે સુધી આલોવે, કદાચ વખત ન પહોંચતો હોય કે થાકી ગયો હોય, અથવા ગ્લાનને વખત થઈ જતો હોય કે ગુરુ શાસ્ત્રના ચિંતનથી થાકેલા હોય તો સામાન્ય રીતે જ આલોવવું. પૂર્વકર્મ કે પશ્ચાત્ કર્મ કે અશુદ્ધિ ન હોય તો સામાન્ય રીતે આલોવવું. જો ઉતાવળ હોય તો જેટલું શુદ્ધ હોય તેટલું કહેવું. આલોવ્યા પછીનો વિધિ કહે છે :

आलो ३३७, उट्टंम् ३३८, ओण ३३९, क्काउं ३४०, ताहे ३४१, विणए ३४२

બધી ગોચરી આલોવીને માથું અને પાત્રાં પ્રમાર્જીને ઉપર નીચે તથા તિર્ચ્છું બધી દિશામાં બરોબર જુએ. ઉપરથી ગરોળી વિગેરે તિર્ચ્છામાંથી બિલાડી, કુતરૂં કે બચ્ચાં વિગેરે અને નીચેથી ખીલો, લાકડું, વિગેરે પડી ન જવાય તેના રક્ષણને માટે જુએ. નીચાં નમતાં મસ્તકથી જીવ ન પડે માટે પૂજવું. ઝોળી સંકોચાવાથી ત્રસજીવનો નાશ ન થાય માટે પાતરૂં પૂજવું. પછી હાથમાં પાતરૂં લઈને અડધા નમીને ગુરુને ભાતપાણી દેખાડવાં. પછી ભાતપાણીમાં બરાબર આલોચના ન થઈ હોય માટે શુદ્ધ અને અશુદ્ધને અંગે એક નવકારનો કાઉસ્સગ્ગ કરે, અથવા 'जइमे अणुग्गहं' એ ગાથા વિચારે. પછી વિનયથી સ્વાધ્યાયનું પ્રસ્થાપન કરીને બે ઘડી સ્વાધ્યાય કરે.

એમ કરવાથી વાયુઆદિનો ક્ષોભ ને થાક વિગેરે મટી જાય. હવે ભોજનનો વિધિ કહે છે :

दुविहो ३४३ इअरो ३४४ दिन्ने ३४५ इच्छिज्ज ३४६ परिणा ३४७ आह ३४८ वसा ३४९ जा तत्थ ३५० इअरे ३५१ धम्मं ३५२ दिन्ति ३५६ बायाली ३५४ राम ३५५ निद्ध ३५६, अह ३५७ कुक्क ३५८ गहणे ३५९ पय ३६० असुर ३६१ रागेण ३६२ जइ ३६३ निअ ३६४, સાધુમાંડલીમાં આહાર કરનારા તથા તે સિવાયના એમ બે પ્રકારના સાધુઓ હોય છે. તેમાં માંડલીમાં આહાર કરનારો સાધુ તો બધા સાધુ એકઠા થાય ત્યાં સુધી ટકે અને બીજો સાધુ ગુરુની પાસે આજ્ઞા લઈને પ્રીતિથી પરોણા, તપસ્વી, ગ્લાન અને નવદીક્ષિતોને બધાને નિમંત્રણ કરે. એમ કરવાથી મમતાનો ત્યાગ અને સાધર્મિકનું વાત્સલ્ય થાય છે, ગુરુએ તે આહારપાણીમાંથી તે પરોણા વિગેરેને આપ્યા પછી, અથવા તો ગુરુના

કહેવાથી પોતે આપ્યા પછી બાકી રહેલું આહારપાણી ગુરુની આજ્ઞાથી પોતે વાપરે. સાધુ લે કે ન લે તો પણ સાધુએ પ્રયત્નથી નિમંત્રણ કરવું તો જોઈએ જ કેમકે સાધુ ગ્રહણ ન કરે તો પણ નિમંત્રણ કરનારને તો પરિણામની નિર્મળતાથી નિર્જરા થાય જ છે, અને પરિણામની નિર્મળતા ન હોય તો ગ્રહણ કર્યા છતાં પણ નિર્જરા થોડી જ થાય છે. તેથી સાધુ વિધિ અને ભક્તિપૂર્વક પરોણા વગેરેને નિમંત્રણ કરે, અને પ્રીતિવાળો થાય. એ નિર્જરાની વાત ઉદાહરણથી જણાવે છે કે :-

જીરણશેઠે ભગવાનને પારણું ન કરાવ્યું અને અભિનવશેઠે કરાવ્યું, તેમાં જીરણશેઠને વિધિ અને ભક્તિ હતી, અને અભિવનશેઠને ભક્તિ ન હતી. જીરણશેઠમાં જે વિધિ અને ભક્તિ હતી તે જ મોક્ષનું કારણ બન્યાં. આ હકીકત કાંઈક વિસ્તારથી કહે છે :-

વિશાલાનગરીમાં ભગવાન ચોમાસું રહ્યા. દેવકુળમાં કાઉસ્સગ્ગ કર્યો. જીરણશેઠે દેખ્યાં. અત્યંતભક્તિથી પારણું કરાવવાને દિવસે પારણું કરાવવાનો મનોરથ કર્યો, ભગવાન અભિનવશેઠને ત્યાં ગયા, તેણે દાન દીધું, વસુધારા થઈ. લોકમાં ભાગ્યશાળી છે એમ અભિનવશેઠની પ્રશંસા થઈ. કેવળી મહારાજ પધાર્યા. શહેરમાં કોણ ભાગ્યશાળી છે ? એમ ગામલોકોએ પૂછયું. કેવળીમહારાજે જીરણશેઠને ભાગ્યશાળી જણાવ્યા. એમ માંડલીમાં નહિં આવવાવાળા સાધુનો વિધિ કહ્યો. માંડલીમાં આવવાવાળા સાધુઓ પોતાને આસને જઈને 'घम्मो मंगल' વગેરે સૂત્ર બીજાઓ ન આવે ત્યાં સુધી ભણે. 'घम्मो मंगल' નું અધ્યયન कहं नु कुज्जानुं અધ્યયન અને संजमे सुट्ठिअप्पाणं એટલું બધાએ ગોચરી પહેલું ગણવું જ જોઈએ. અથવા જે શાસનમાં જે ગણવાની પ્રવૃત્તિ હોય તેને તેના શાસનવાલા એ ગણવું. પછી સંવેગવાળો સાધુ રાગ અને દ્વેષના અભાવને તથા સમ્યગ્વાદને માનતો પોતે પોતાના જીવને શિખામણ દે. તે શિખામણ આ પ્રમાણે છે.

એષણાના બેતાલીસ દોષે વ્યાપ્ત એવા વનમાં હે જીવ ! તું ગોચરી ફરતાં ઠગાયો નથી, તો હમણાં ગોચરી વાપરતો રાગ અને દ્વેષે ન ઠગાય તેમ કર. પછી ગુરુનો હુકમ લઈને નવકાર ગણીને રાગદ્વેષરહિતપણે જેમ ગુંમડાને લેપ કરાય એ વિગેરેની માફક વિધિથી ભોજન કરે. પિત્તાદિકની શાંતિ માટે અને બુદ્ધિબળની વૃદ્ધિ માટે પહેલાં સ્નિગ્ધ અને મધુર આહારને વાપરે કેમકે તે સ્નિગ્ધાદિ વધે તો પરઠવાની પણ મુશ્કેલી થયા કદાચિત સ્નિગ્ધ અને મધુર આહાર અલ્પપરિકર્મ અને સપરિકર્મ પાત્રમાં હોય તો સ્નિગ્ધ મધુર ભોજનને વાપરી હાથ ધોઈ, પછી શુદ્ધ આહારને વાપરે. કુકડીના ઈંડાં પ્રમાણ અથવા તો નાના કોળીયા લેવાવાળાને કોળીયા માત્ર લેવું. મોટો સાધુ સ્વાભાવિક મુખવાળો રહીને વાપરે. કોળીયાનું ગ્રહણ અને મોઢામાં નાંખવું તે બાબતમાં બે પ્રકારની સામાચારી છે. પાતરામાંથી જ ગ્રહણ હોય છે, અને પ્રક્ષેપ મોઢામાં હોય છે, ધૂમ્ર અને અંગાર દોષને વર્જીને એક અને અનેક સાધુઓએ પ્રતરછેદ તથા કટકચ્છેદથી કે સિંહભક્ષણથી ખાવું. એક પડખેથી ખાતાં ખાતાં સંપૂર્ણ ખાય તે કટકચ્છેદ કહેવાય અને ઉપરથી નીચે સુધી ખાય તે પ્રતરચ્છેદ કહેવાય. જ્યાંથી શરૂ કરે ત્યાં સમાપ્તિ કરે તે સિંહભક્ષિત. પણ માંડલીમાં બેસવાવાળાને કટકચ્છેદનો વિધિ નથી. સુરસુર કે ચવચવ શબ્દો ન થાય તેવી રીતિએ આહાર કરવો. જલદી નહિં તેમજ ધીમું પણ નહિં, અને વળી ભોંય પડે નહિં તેવી રીતિએ મનવચન અને કાયાની

ગુમિવાળો જે ભોજન કરે તે પ્રક્ષેપશુદ્ધિ કહેવાય. ભોજનની ઉપર રાગ કરીને ખાવું તે અંગારદોષ કહેવાય અને તે ઉપર દ્વેષ કરીને ખાવું તે ધૂમ્રદોષ જાણવો. પરમાર્થ એ છે કે સાધુઓએ રાગદ્વેષ રહિતપણે ભોજન કરવું. રાગાદિકનું પ્રમાણ જેટલું હોય તેટલો જ કર્મબંધ થાય. પ્રાયે કરીને ભોજનનું અશુદ્ધપણું હોવાથી રાગાદિ થાય છે, અને તેને લીધે આત્માનું ચંચળપણું પણ થાય છે. સારી રીતે અભ્યસ્ત કરેલી અને વૈરાગ્યાદિમય એવી નિર્મળભાવનાઓથી જરૂર રાગાદિકદોષોનો ક્ષય થાય છે હવે ભોજનનાં કારણો જણાવે છે.

वेयण ३६५ णत्थि ३६६, ईरियं ३६७, नउ ३६८ जे ३६९ ક્ષુધાવેદનીય ને શમાવવા માટે, વેયાવચ્ચ કરવા માટે, ઇરિયા સમિતિને શોધવા માટે, સંયમના પાલન માટે, પ્રાણના રક્ષણને માટે અને છઠ્ઠું ધર્મચિંતનને માટે સાધુઓ ભોજન કરે. જગતમાં ક્ષુધા સરખી વેદના નથી તેથી ક્ષુધાની શાંતિ માટે ભોજન કરે. ભૂખ્યો વૈયાવચ્ચ ન કરી શકે માટે વૈયાવચ્ચ માટે ભોજન કરે, ભૂખ્યો થયેલો ઇરિયા સમિતિ ન શોધી શકે માટે ઇરિયા શુદ્ધિને માટે પણ ભોજન કરે, ભૂખ્યો પડિલેહણ વિગેરે સંજમનું પણ ન પાલન કરી શકે તેથી સંયમ માટે ભોજન કરે, તેમજ ભૂખ્યાના પ્રાણ બળ વિગેરે નાશ પામે માટે તે પ્રાણબળના બચાવ માટે ભોજન કરે. ભૂખ્યો સૂત્રાદિને ગણવામાં અને સૂત્રના અર્થ વિચારવામાં અશક્ત થાય તે ધર્મચિન્તા કહેવાય તે માટે પણ ભોજન કરે.

પણ સાધુએ રૂપ, રંગ કે બળને માટે ભોજન કરવું નહિ. પૂર્વે કહેલા ક્ષુધાદિકકારણોમાંથી કોઇ કારણે સાધુઓ ભોજન કરે, તે આહાર પણ વિગયવાળો નહિં. તેમ અતિશય પણ નહિં, પરંતુ પ્રમાણસર ભોજન કરે. ક્ષુધાદિકઆલંબનો સિવાય રૂપરંગને માટે જે ભોજન કરે છે તેઓને વર્ણાદિકનું વિચારોને લીધે તીવ્રકર્મસંબંધ થાય છે એમ જાણવું ॥

વિગયોનું વર્ણન કહે છે.

विगइ ३७०, खीरं ३७१, गो ३७२, चत्ता ३७३, दव ३७४, गल ३७५, सेसा ३७६, एगे ३७७, दहि ३७८, धय ३७९, भज्ज ३८०, खज्जूर ३८१, एत्थं ३८२ विगई ३८३, दीवा ३८४, एत्थ ३८५, अब्भं ३८६, पडु ३८७

દુર્ગતિથી ડરેલો જે સાધુ હોય તે વિકારને કરનારી એવી વિગયોને ખાય નહિં, કેમકે વિગયો વિકાર કરવાના સ્વભાવવાળી જ છે, અને તેથી તે વિગઈયો બળાત્કારે પણ ખાનારને દુર્ગતિએ લઇ જાય છે. તે વિગયોના ભેદો કહે છે. દૂધ[૧], દહિં[૨], માખણ[૩], ઘી[૪], તેલ[૫], ગોળ[૬], મદ્ય[૭], મધ[૮] માંસ[૯] તેમજ પકવાન્ન[૧૦] એ દશ પ્રકારની વિગયો છે. તેમાં ગાય, ભેંસ, ઊંટડી, પશુ અને મેંઢાના દુધો તે પાંચ દુધની વિગય છે. (આ ઉપરથી જેઓ ઉંટડીનું દુધ અભક્ષ્ય જ માને છે તે સૂત્રવિરૂદ્ધ બોલનારા છે એમ માનવું.) અભક્ષ્યવિગયોની ગણતરીમાં માંખણ વગેરે ચાર જ ગણાવ્યા છે. પિંડનિર્યુક્તિમાં પ્રથમ તો અન્યમતની વાત છે અને વળી સાથે મેંઢીનું દુધ પણ ગણ્યું છે. તો શું તે મેંઢીનું દુધ પણ અભક્ષ્ય ગણવું ? જો મેંઢીના દુધને અભક્ષ્ય ન ગણવું તો ઉંટડીના દુધને અભક્ષ્ય કહેતાં અણસમજ જ ગણાય.

સ્ત્રીનું દૂધ વિગેરે વિગય કહેવાય નહિ, તે પાંચ જાતિના વિગય તરીકે ગણાતાં દુધોમાં પણ ઊંટડી સિવાય બાકીના જાનવરોના દહિં વિગેરે હોય છે, પણ ઊંટડીના દૂધના દહિં ઘી થતાં નથી માટે ચાર જાતનાં દહી અને ઘી વિગયમાં લેવાં. માખણ, એ વિગય છે પણ તે અભક્ષ્ય છે. તલ, અળસી, કુસુંભ અને સરસવ એ ચાર તેલો વિગય કહેવાય. બાકીના ડોળીઉં વિગેરે વિગય કહેવાય નહિં. દ્રવગોળ અને પિંડગોળ એ બે પ્રકારે ગોળ હોય છે, કાષ્ઠ અને લોટથી થએલો દારૂ એમ પ્રકારે દારૂ હોય છે, માખીનું કુંતિયું અને ભમરાનું એમ ત્રણ પ્રકારે મધ હોય છે, જળચર, સ્થળચર અને ખેચરનું એમ ત્રણ પ્રકારે માંસ અથવા ચામડું, ચરબી અને લોહી એમ ત્રણ પ્રકારે પણ માંસ કહેવાય છે, એ ત્રણે વિગયો પણ અભક્ષ્ય છે. પહેલાના ત્રણ ઘાણ તળેલા હોય તેવાં પકવાન્ન વિગેરે પકવાન્ન વિગય કહેવાય છે. પણ ચોથા ઘાણથી વિગય ગણાતી નથી. અને તેથી સામાન્ય નીવીની પચ્ચક્ખાણવાળાને તે ખપે છે. તેમાં દોષ નથી, પણ કેવી રીતે થયેલાં છે તે માલમ ન પડે માટે ઘણા ભાગે વપરાતાં નથી. એક જ પુડલાએ આખો જો તવો ભરાય તો તેનો બીજો ઘાણ પણ કલ્પે, પણ તે લેપકૃત તો જરૂર ગણાય. દહીંની તર તે વિગય ગણાય, પણ છાશ વિગય ન ગણાય. દૂધ, માખણ અને પકવાન્ન તો ભેદ વગરનાં છે. ધૃતઘટ્ટ જેને મહીઆડું કહે છે તે વિગય ગણાય. કેટલાક આચાર્યો અડધા બળેલા ઘીમાં નાખેલા ચોખાથી થયેલા એવા વિષ્યંદનને વિગય તરીકે માને છે. સુખડી અને ખાંડ વિગરે તેલ અને ગોળ વિગયના નીવીઆતાં છે. મદ્ય અને મધના ખોળ અને મીણએ વિગય કહેવાય નહિ. પુદ્ગલમાં પિંડ એટલે કાલિજ્જ વિગય કહેવાય નહિ. માંસનો અવયવ જે રસક તે જરૂર વિગય ગણાય. ખજુર, દ્રાક્ષ, દાડમ, પીપળો, આંબલી વિગેરના પિંડરસો તે વિગય ન ગણાય, પણ લેપકૃત તો ગણાય. આ વિગયના અધિકારમાં જણાવેલી નીવીઆતાંના ઉત્કૃષ્ટ દ્રવ્યનો પરિભોગ તે કારણની અપેક્ષાએ છે, સામાન્યપણે નથી. વિગય પરિણામને પલટાવવાના ધર્મવાળી છે, અને તેથી તે વિગયથી મોહનો ઉદય થાય છે, અને મોહનો ઉદય થયા પછી ચિત્તને જીતવામાં અત્યંત ઉદ્યમવાળો પણ મનુષ્ય હોય તો પણ કેમ અકાર્યમાં ન વર્તે ? કયો મનુષ્ય દાવાનળની વચમાં રહ્યો છતાં તેની શાંતિ માટે વિદ્યમાન એવા જલાદિકને ન લે ? એવી રીતે આ સંસારમાં મોહઅગ્નિથી સળગેલા ને સ્ત્રીસેવવાની વૃત્તિ કરાવનાર એવી વિગયો સેવવાની ઘટના જાણવી. આ અધિકારમાં શરીરે દૃઢ એવો જે સાધુ હોય અને તેમ છતાં જે રસલોલુપતાએ વિગયોને ન છોડે, તેના પ્રત્યે આ નિષેધ છે, પણ શરીરઆદિના કારણસર વાપરનારને માટે નથી. જેમ ઉંજ્યા વગર ગાડું ચાલી શકે નહિં, તેવી જ રીતે જે સાધુ વિગય વગર નિર્વાહ ન કરી શકે તે સાધુ રાગદ્વેષ રહિતપણે પ્રમાણયુક્ત એવી વિગયને વિધિથી વાપરે. વર્તમાનમાં કે ભવિષ્યમાં જે વિગયથી સંયમયોગોની હાનિ ન થાય તેટલું પ્રમાણ વિગયવાળા આહારને અંગે પણ સાધુને માટે જાણવું ॥ મૂળ જે દ્વારગાથા હતી તેનું ભોજનદ્વાર કહી હવે પાત્ર ધોવાનું દ્વાર કહે છે.

अह ३८८, अच्छ ३८९, अन्तो ३९०. હવે ખાધા પછી હાથ ચોક્ખા કરીને ચોક્ખા કરેલાં પાતરાંને વસતિની બહાર લઈ જઈ ધોવાં જોઈએ. ગૃહસ્થની અવરજવર હોય તો અંદર પણ ધોવે. ઉપયોગપૂર્વક ચોક્ખા પાતરામાં ચોક્ખા પાણીથી ત્રણ વખત ધોવે, પણ અધાકર્મ આદિ આહારાદિકમાં કલ્પોની વૃદ્ધિ

કરે. મકાનમાં પાતરાં ચોક્ખાં કરેલાં છતાં બીજી ત્રીજી વખત ધોતાં પણ જો અનાજ દેખાય તો વસતિની અંદર તે જ વિધિએ ફેર પણ પાત્રાં ધોવાનું કરવું ॥ પ્રચ્છન્ન ભોજન કરવાનું કારણ અને એકાસણવાળાને પણ તિવિહારના પચ્ચક્ખાણનું કારણ જણાવે છે.

દાનથી પાછા હઠેલા સાધુઓએ એકાંતમાં જ ભોજન કરવું જોઈએ, નહિં તો દરિદ્રની માંગણી થતાં જો ન દેવામાં આવે તો તે દરિદ્રને દ્વેષ વિગેરે થવા સાથે તેને કર્મનો બંધ થાય. ભોજન કર્યા પછી એકાસણું હોય તો પણ અપ્રમાદને માટે અજ્ઞાન અને અનુભવથી કલ્યાણકારક જણાતું એવું તિવિહારનું પચ્ચખ્ખાણ જરૂર કરવું. એકાસણા કરતાં તિવિહારનાં આગારો પણ ઓછા થાય છે તે પણ ફાયદો છે ॥ હવે સ્થંડિલગમનનું દ્વાર કહે છે :-

काल ३९३ अह ३९४ कप्पे ३९५ कप्पे ३९६ ऐक्किक्को ३९७ अजुअलिया ३९८

કાલે અને અકાલે એમ બે પ્રકારે સ્થંડિલ જવાનું બને છે. ત્રીજી પોરસિએ સ્થંડિલ જવું તે કાલસંજ્ઞા કહેવાય. ત્રીજી પોરસી સિવાય બાકીની વખતે જવું તે અકાલસંજ્ઞા કહેવાય. પહેલી પોરસિએ ઠલ્લે જવાનું થાય તો ગુરુને પૂછીને ચોક્ખું પાણી લઈને સાધ્વીઓ કે અન્ય સ્ત્રીઓ જે દિશાએ ઠલ્લે જતી હોય તેનાથી બીજી દિશાએ ઠલ્લે જવું. કંઈક વધારે પાણી વહોરીને ગુરુની પાસે આલોવીને, ગચ્છને પૂછીને જવું. પણ એ અકાલસંજ્ઞા છે. ગોચરી નહિં ફરનારા અને ફરનારા બન્નેને માટે એ કાલસંજ્ઞા અને અકાલસંજ્ઞા જાણવી. પાતરાં ધોઈને પછી એકેક સાધુને બે બે પાતરાં દઈને બે બે સાધુ જોડલે ઠલ્લે જાય. અને પાણી તો ત્રણ જણને જોઈએ તેટલું લે. એજ વાત સમજાવે છે કે પાતરાં ધોઈને સંઘાડામાંનો એક સાધુ બંનેના પાતરાં રાખે અને બીજો સાધુ કોઈક અન્ય સંઘાડાના સાધુ સાથે પાણી લેવા જાય. એકેક સંઘાડો ત્રણ સાધુને જેટલું પાણી જોઈએ તેટલું લે, પછી આ આગળ કહેવાય છે તે સ્થંડિલ વિધિએ જાય. સ્થંડિલ જતાં સરખી ગતિએ સરખો ખભો રહે તેવી રીતે જવું નહિં. ચાલતાં ઉતાવળ ન કરવી, રસ્તામાં વિકથા ન કરવી, સ્થંડિલ જવા પહેલાં બેસીને ઇંટ આદિનાં ડગલ લેવાં. તે ડગલને ત્રણ વાર ખંખેરવાં. ડગલની સંખ્યાનું પ્રમાણ સ્થંડિલના જાડા પાતળા ઉપર આધાર રાખે છે. હવે સ્થંડિલની જગાનું સ્વરૂપ કહે છે :-

अणा ३९९, विच्छि ४००, एक्कं ४०१, दुग ४०२ अह उ वाम ४०३ दस ४०४ दस ४०५ अणा ४०६, तत्थावा ४०७ संविग ४०८ पर ४०९, पुरिसा ४१० एए ४११ दित्ता ४१२ गम ४१३, जत्थ ४१४ दव ४१५ आह ४१६ कलुस ४१७, आवा ४१८, आया ४१९. विसम ४२० जे ४२१ हत्था ४२२, दव्वा ४२३ हुन्ति ४२४

જે જગ્યાએ લોકોની અવરજવર ન હોય તે અનાપાત જે જગાએ સ્થંડિલ જવા બેઠેલાને લોકો દેખે નહી[1] તે અસંલોક કોઈ ત્રસ કે સ્થાવર જીવનો ઉપઘાત ન હોય[2] ઉંચાણ કે નીચાણ પણ વિના

સરખી જમીન[૩] દરઆદિના પોલાણ વગરની હોય[૪] થોડા કાલ પહેલાં જ અચિત્ત થયેલી હોય[૫] વિસ્તારવાળી હોય[૬] ગંભીર હોય[૭] નજીક ન હોય[૮] બિલ રહિત હોય[૯] અને ત્રસપ્રાણીઓ તથા વૃક્ષાદિના બીજે કરીને રહિત હોય[૧૦] એવી જમીનમાં સ્થંડિલ વિગેરે પરઠવવાં. એકથી દશ સુધીના એ પદોથી ભાંગા કરતાં એક હજારને ચોવીસ ભાંગા થાય, તે ભાંગા જણાવે છે. દ્વિકસંજોગોમાં ચાર ત્રિકસંજોગમાં આઠ, બાકીનામાં બમણા બમણા ભાંગા થવાથી સોલ બત્રીશ ચોસઠ એકસો અઠાવીશ બસો છપ્પન પાંચસો બાર અને એક હજારને ચોવીસ, એમ દશે પદોએ એક હજારને ચોવીસ ભાંગા થાય, અથવા તો પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વીથી ભાંગાના એકથી દશ સુધીના આંક ઉપર નીચે મેલીને, હેઠળના પાછલના આંકની સાથે ઉપરનો પહેલાનો આંક ગુણવો, અને જે રાશિ મળે તેને ઉપલાની સાથે ભાગવાથી સંયોગી ભાંગા આવે, એમ કરવાથી દશ સંજોગના ભાંગા આ પ્રમાણે થાય. દશ, પીસતાળીસ, એકસોવીસ, બસો દશ, બસો બાવન, બસો દશ, એકસો વીસ, પીસતાળીસ, દશ અને એક, એવી રીતે એકાદિક સંજોગે અનુક્રમે ભાંગા થાય, અને દશેના ભાંગાની દશે શુદ્ધ એવા ભાંગાની સાથે જોડવાથી એક હજાર ચોવીસ ભાંગા થાય. અનાપાત અને અસંલોક, અનાપાત અને સંલોક, આપાત અને અસંલોક તેવી જ રીતે આપાત અને સંલોક એમ ચાર ભાંગા થાય, વળી તેમાં સ્વપક્ષ અને પરપક્ષ એમ આપાત બે પ્રકારે સમજવો, સ્વપક્ષમાં પણ સાધુ અને સાધ્વી એમ બે પ્રકાર છે. સાધુમાં પણ સંવેગી અને પાસત્થા એમ બે પ્રકાર છે, સંવેગીમાં પણ સરખી સામાચારીવાળા અને જુદી સમાચારીવાળા એમ બે ભેદ જાણવા. અસંવેગીમાં પણ સંવિગ્નપાક્ષિક અસંવિગ્ન પાક્ષિક એમ બે ભેદ જાણવા. પરપક્ષમાં પણ મનુષ્ય તિર્યંચ એ ભેદો જાણવા. તે બધાના સ્ત્રી, પુરુષ, અને નપુંસક એવા ત્રણ ભેદો છે. રાજા, કૌટુંબિક અને સામાન્યજન એમ ત્રણ પ્રકારે પુરૂષઆપાત છે. તે ત્રણેમાં પણ શૌચવાદી અને અશૌચવાદી એવા બે બે ભેદો છે. એવી જ રીતે સ્ત્રી અને નપુંસક આપાતના પણ રાણી આદિ ભેદો સમજવા. પરતીર્થિ મનુષ્યોના પણ એજ વિભાગ જાણવા. તિર્યંચના વિભાગને હવે આગળ કહું છું. દુષ્ટ અને અદુષ્ટ એવી રીતે બે પ્રકારના તિર્યંચો હોય છે, તેમાં પણ જાતની અપેક્ષાએ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદો છે. એ પુરૂષ તિર્યંચોના ભેદ જણાવ્યા એવી રીતે સ્ત્રીઓ અને નપુસંકતિર્યંચો પણ જાણવા વળી તેમાં મેંઢા, ખર વિગેરે નિંદિત તિર્યંચો ગણાય અને ગાય વિગેરે અનિંદિત ભેદો જાણવા. સરખી સામાચારીવાળાના આપાતવાળા સ્થાનમાં સ્થંડિલ જઈ શકાય. બીજે સ્થાને જતાં વિપર્યાસ દેખવાથી કલેશ થાય, કદાચ અસંવેગીમાં જવું થાય તો તેઓના ઘણા પાણીના ઉપયોગને દેખીને કુશીલસેવન કે નવદીક્ષિતનું ભ્રષ્ટપણું વિગેરે બને. પરપક્ષ પુરુષના આપાતમાં તે પરપક્ષવાળા એવું ચિંતવે કે જ્યાં અમે જઈએ છીએ, અથવા અમારા કુટુંબીઓ જ્યાં જાય છે ત્યાં આ સાધુઓ પણ જાય છે, તેમ ધારીને તેઓ સાધુઓનો પરાભવ કરે અથવા તો કામથી એ વ્યાપ્ત થયેલા છે ને તેથી બીજી સ્ત્રીઓને સંકેત દે છે. એમ તેઓ ધારે.

(અપૂર્ણ)

ટાઈટલ પાના ૪ થી ચાલુ

માટે કરે છે અને બીજે ભવે જ્યાં જાય ત્યાં પણ વિશેષે કરીને ધનકુટુંબ-કબીલો ઋદ્ધિસમૃદ્ધિની ઇચ્છા રાખે છે તેવા વિમધ્યમ અને મધ્યમપ્રકારના જીવોને તેઓની તુલના દૃષ્ટિને અંગે જણાવાય કે જ્યારે તમો આવતા ભવમાં સુખની અને ઋદ્ધિસમૃદ્ધિની ઇચ્છા રાખો છો તો ધ્યાન રાખવાની જરૂર છે કે રસાલ જમીન હોય પુષ્કરાવર્ત્ત સરખો વર્ષાદ હોય તો પણ વાવ્યા વિના ખેડુતને પણ બીજી ફસલમાં કાંઇ મળતું નથી, તો પછી તે તમો મધ્યમ અને વિમધ્યમ જીવો વાવ્યા વિના ક્યાંથી મેળવશો ?

આ વાવવાની વાત જે શ્રી. હેમચંદ્રસૂરિ મહારાજે જણાવી છે તે ખ્યાલ રાખવા જેવી છે. એકલા ચારિત્રની દુષ્કરતા માટે ધ્યેય રાખીને જો આ શ્લોક રહ્યો હોત તો શ્લોકના પૂર્વાર્ધમાં પણ ત્યાગને સ્થાન આપત અને જણાવત કે **क्षेत्रेषु न त्यजेद् धनं** અર્થાત્ સદ્આદિ અવગુણોવાળું પણ ધન જીવો જ્યારે ભવાંતરના તેવી જાતના ઉચ્ચતમ જાતના મળતા પદાર્થો માટે પણ ક્ષેત્રોમાં વાપરવા દ્વારાએ છોડશે નહિં તો સર્વ ત્યાગરૂપ ચારિત્ર શી રીતે કરશે? પણ એમ ન જણાવતાં જે ધનને ક્ષેત્રોમાં વાવવાનું જણાવે છે તે ઉત્તમ અને ઉત્તમોત્તમ પુરુષો સિવાયના મધ્યમ અને વિમધ્યમ પુરુષોને પણ દાનમાં પ્રવર્તાવતા જણાવે છે અર્થાત્ જણાવે છે કે આ દાનથી મળતા દેવલોકની ઋદ્ધિઆદિ તપાસો. જુઓ કે દેવતાના ભવમાં જે જે દેવતાને જે જે વિમાન કે દેવલોકની માલીકી મળેલી છે તે કોઇ દિવસ તેમના દેવપણાના ભવ સુધી જવાની નથી. અર્થાત્ દેવલોકમાં ઇંદ્રપણું સામાનિકપણું કે લોકવાળા આદિપણું જન્મથી મળે છે અને મરણની દશા સુધી તેને ઇંદ્રપણું આદિ રહે છે. અર્થાત્ ઇંદ્રાદિકના ભવમાં ઇંદ્રાદિકપણું આવવા જવાવાળું નથી અને તેથી તે સત્પણ નથી, તેમ અનિત્ય પણ નથી. તો તેવી રીતે દેવદેવેંદ્રાદિની ઋદ્ધિને આપવામાં સમર્થ એવું પાત્રમાં ધન ન વાપરે તો તે મધ્યમ કે વિમધ્યમ મનુષ્ય ચારિત્રને ક્યાંથી આદરી અને આચરી શકશે ? ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી દાનને સ્હેલું મનાવે છે અને તે દાનની અપેક્ષાએ ચારિત્રને દુષ્કર જણાવે છે અને તેથી જ જણાવે છે કે ક્ષેત્રોમાં ધનને નહિં વાપરનારો દુષ્કર એવા ચારિત્રને ક્યાંથી કરી શકશે, ધ્યાન રાખવું કે દાન એ દ્રવ્યસ્તવ છે અને ચારિત્ર એ ભાવસ્તવ છે, વળી દાન એ એકાંકી અંગ છે ત્યારે ચારિત્ર એ શીલ તપ અને ભાવ એ ત્રણ અંગવાળું છે.

આ ઉપરથી એટલું જ સમજવાનું છે કે દાનને માટે જેઓ પરિણામનો ઉલ્લાસ ન કરી શકે તેઓ દુષ્કર એવા ચરિત્રને આદરી અને પાળી શકે નહિં. હિંસા કરનારા અને જુઠું બોલનાર ચોરીઓ કરનારા અને રંડી બાજીઓ કરનારા જીવો ચારિત્રને પામનારા અને પાળનારા થયા એમ શાસ્ત્રોમાં સ્થાને સ્થાને છે, પરંતુ કોઇપણ શાસ્ત્રમાં કોઇપણ સ્થાને ધનધાન્યાદિના કે કુટુંબકબીલાના, મમત્વને છોડયા સિવાયના સાધુ થયા અને સાધુપણું પાળ્યું એવા દાખલા નથી, માટે ચારિત્રની ભૂમિકા તરીકે સાત ક્ષેત્રે ધન વાપરવારૂપદાનની આવશ્યકતા સ્વીકારવી જ જોઇએ.

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

Regd. No. 3047

यः सद् बाह्यमनित्यं च, क्षेत्रेषु न वपेद् धनम्।
कथं वराकश्चारित्रं, दुश्चरं स समाचरेत्॥१॥

કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્ય

શબ્દાર્થ - જે મનુષ્યો જગતમાંથી ઉદ્યમદ્વારાએ મેળવી શકાય ઉદ્યમદ્વારાએ વધારી શકાય ન હોય તો નવેસર પણ આવે એવું ધન છતાં જો સર્વજ્ઞ ભગવાન અને તેઓના શાસનરૂપ સાતક્ષેત્રમાં ખરચવા દ્વારા વાવશે નહિં તો તે બિચારો રાંક ચારિત્ર શી રીતે આચરશે અને પાળશે.

ભાવાર્થ - વળી જે મનુષ્ય આત્માથી દૂર રહેનાર એટલું જ નહિં, પણ આત્માનીસાથે વળગેલા શરીરથી પણ દૂર રહેનાર એવા ધનને આત્માના ઉદય અને મોક્ષની યુક્તિ માટે નહિં વાપરે તે વરાક ચારિત્રને કેમ આચરશે અને આદરથી પાળશે ? તેમજ જે મનુષ્ય ધનની આવી સ્થિતિ સમજે છે કે તે ધન આ જન્મમાં અનેક વખત આવી મળે છે અને અનેક વખત જાય પણ છે અર્થાત્ લક્ષાધિપતિ હંમેશાં લક્ષાધિપતિપણે રહેતા નથી, તેમ દરિદ્રો પણ હંમેશાં દરિદ્રપણે રહેતા નથી. લાખો લક્ષાધિપતિઓ અંતરાયાના ઉદયે કંગાલ થઇ જાય છે અને લાખો દરિદ્રો અંતરાયના ક્ષયોપશમને લીધે લક્ષાધિપતિ અને કોટયાધિપતિ થાય છે. વળી લાખો મનુષ્યો એવા છે કે જેઓ પહેલાં લક્ષાધિપતિ હતા અને હવે કોટયાધિપતિ થયા છે. કોઇ એવા પણ મનુષ્યો છે કે જેઓ પહેલાં કોટીપતિ હતા અને હમણાં લક્ષાધિપતિ છે. એવી રીતે લક્ષાધિપતિ લોકો કોટીપતિ અને હજારપતિ બને છે અને હજારપતિઓ લક્ષાધિપતિ અને કોટીપતિઓ બને છે. એવી સંસારમાં ધનની વિચિત્રતા દેખીને તે ધનની અનિત્યતા તરફ એક અંશે પણ શંકા ન થાય તેમ છતાં એવા અનિત્યસિદ્ધ થયેલા ધનને પણ જેઓ શાશ્વત સુખમય અને નિત્ય અવ્યાબાધ એવા મોક્ષના સાધનભૂત પાત્રમાં ન ખરચે તે રાંકડો ચારિત્ર શી રીતે ગ્રહણ કરશે અને પાળશે ?

બીજી બાજુ વિચારીયે તો મનુષ્ય જ્યાં સુધી મોક્ષના પરમધ્યેયને પહોંચ્યો નથી તેમજ શ્રી નિર્ગ્રંથ પ્રવચનને છોડીને આખું જગત અને આખા જગતની સર્વવસ્તુ ભયંકર અનર્થરૂપ છે એવી ધારણાવાળો થયો નથી. અર્થાત્ જેમ ઉત્તમ પુરૂષ કે જેઓ સમ્યક્ત્વાદિને પામેલા છે અને જેઓના આત્મામાં મોક્ષની ઈચ્છા જ અસ્થિમજ્જાએ વ્યાપી રહી છે અને કેવલ મોક્ષને માટે જ ઉદ્દેશ છે અને મોક્ષ સિવાય જેઓને સ્વપ્ને પણ અન્ય ઇચ્છા થતી નથી અને જે ભાગ્યશાળીઓ માટે જ શાસ્ત્રકારોનું ફરમાન છે કે **मोक्खं मोत्तूण न किंपि पत्थेइ** અર્થાત્ મોક્ષ સિવાય કોઇપણ ચીજની એ સમ્યકત્વાદિવાળાને ઇચ્છા હોય જ નહિં. વળી જે મહાપુરૂષોને માટે ચક્રવર્તી અને દેવેન્દ્રાદિની સ્થિતિઓ પણ વિરસપણું ચોકખે ચોકખું દેખાડી રહી છે તે ઉત્તમપુરૂષોથી ઉતરતા નંબરના જેઓ વિમધ્યમ પુરૂષો કે મધ્યમપુરૂષો છે, જેઓને અનુબંધ વિનાનું ઉત્તમોત્તમ પુરૂષ જેવું કર્મ કરવાનું થતું નથી. તેમ કેવલ કુશલાનુંબંધવાળું છે જે ઉત્તમપુરૂષોનું કર્મ તે પણ કરવામાં આવતું નથી. પણ જેઓ કુટુંબકબીલા અને ધનમાલના સુખની ઇચ્છા આ ભવને

જુઓ ટાઇટલ પાનું ૩જું

सिद्धचक्र

तंत्री

પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

— મુંબઈ —

વર્ષ ૫

અંક ૫

પંચમ વર્ષ

માગશર સુદ ૧૫

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

૧૯૯૩ : : ૧૯૩૬

તા. ૨૮-૧૨-૩૬

વીર સંવત્ ૨૪૬૩

પૂર્વ મહર્ષિઓએ શાસ્ત્ર-સમુદ્રનું મંથન કરી કાઢેલાં રત્નોમાંના કેટલાંક રત્નો

.....યાને.....

જૈન-તત્ત્વજ્ઞોને અમૂલ્ય અવસર

(૧) શ્રી આચારાંગસૂત્ર
ભગવત્ શીલાંકાચાર્ય વિરચિત વૃત્તિ સમલંકૃત } સટીક ભા.૧ રૂા. ૫-૦-૦ } સટીક ભા. ૨ રૂા. ૨-૦-૦

(૨) ભગવતીજી સૂત્ર સટીક
શ્રી દાનશેખર સૂરીશ્વરવિરચિત વિષમપદ વ્યાખ્યા કિંમત રૂા. ૫-૦-૦

(૩) વિશેષાવશ્યક ભાષ્ય સટીક ભા.૧
શ્રીકોટ્યાચાર્યવિરચિત વૃત્તિ સંયુત કિંમત રૂા. ૫-૦-૦

(૪) પુષ્પમાલા સટીક,
મલધારીય ભગવદ્ હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞવૃત્તિ સહિત કિંમત રૂા. ૬-૦-૦

(૫) તત્ત્વાર્થસૂત્ર ભાષ્ય સહિત-અને ભાષ્યાનુસારિ ટીકા સહિત, } કિંમત રૂા. ૬-૦-૦
ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરવિરચિત તત્ત્વાવબોધિની ટીકા સહિત
(ભાષ્ય જુદું પણ મળી શકશે) કિંમત રૂા. ૧-૦-૦

(૬) બુદ્ધિસાગર કિંમત રૂા. ૦-૩-૦
(સોની સંગ્રામસિંહ વિરચિત, ધર્મ અને નીતિમય ઉપયોગી લઘુગ્રંથ)

(૭) કલ્પકૌમુદી
(ઉપાધ્યાય શ્રીમત્ શાંતિસાગરજી વિરચિત કલ્પસૂત્રની વૃત્તિ સહિત કિંમત. રૂા. ૨-૦-૦

(૮) ભવભાવના (સટીક) મલધારી ભગવાન્ હેમચંદ્રસૂરિવિરચિત
સ્વોપજ્ઞ વૃત્તિયુત. ભાગ ૧. કિ રૂા. ૩-૮-૦

(૯) ષોડશક પ્રકરણ (ભગવાન હરિભદ્રસૂરિ વિરચિત, આચાર્ય
યશોભદ્રસૂરિ પ્રણીત-વૃત્તિ સહિત કિ. રૂા. ૧-૦-૦

(૧૦) ષડાવશ્યક સૂત્રાણિ નૂતન કે બાલ વિગેરે સાધુ સાધ્વી યોગ્ય
સર્વ આવશ્યક-ક્રિયાનાં સૂત્રો વિધિ સહિત જેની અંદર સર્વ
વિધિઓ પણ ગોઠવવામાં આવી છે. કિ. રૂા. ૦-૮-૦

.....નવા છપાતા ગ્રંથો.....

૧ અંગના અકારાદિ તથા બૃહલ્લઘુ-વિષયાનુક્રમ (૧૧ અંગના અનુક્રમ અકારાદિક્રમ)
૨ વિશેષાવશ્યક ભાષ્ય સટીક ભા.૨ (શ્રી કોટ્યાચાર્યા ટીકા)
૩ ઉત્પાદાદિ સિદ્ધિ (શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત)
૪ પ્રવ્રજ્યાવિધાનકુલક સમરાદિત્ય સંક્ષેપકાર શ્રીપદ્યુમ્નસૂરિ વિરચિત વૃત્તિ સહિત
૫ ભગવતીસૂત્ર (સટીક) ભગવાન્ નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ પ્રણીત-વૃત્તિયુક્ત
૬ પ્રવચન પરીક્ષા મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી ગણી)
૭ ભવભાવનાવૃત્તિ ભાગ ૨ જો.

-: પ્રાપ્તિસ્થાન :-

૧ શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત

૨ માસ્તર કુંવરજી દામજી, મોતી કડીયાની મેડી, પાલીતાણા

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५		अंक ५
विक्रम सं. १९९३	वीर सं. २४६३	सन १९३६
मागशर सूदि पूर्णिमा	सोमवार	डीसेम्बर २८

वार्षिक लवाजम रु. २-०-० उद्देश छुटक नकल रु. ०-१-६

नवपदोमय श्री सिद्धचक्रनी आराधना अने श्री आचामाम्ल वर्धमान तपनी प्रवृत्ति पोषवा साथे आगमनी मुख्यतावाळी देशना, अने शंकाना समाधानोनो फेलावो करशे :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"आगमोद्धारक."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

શ્રી જૈનશાસનમાં તપનું સ્થાન -

આગલ આપણે તપસ્યાની જરૂરીયાતને જોઈ ગયા, અને તેની સાથે જ કર્મના ક્ષય અને મોક્ષની પ્રાપ્તિ માટે કરાતું તપ ધર્મરૂપ જ છે. પણ તે તપ ઉદયરૂપ નથી, અંતરાયરૂપ નથી, દુઃખરૂપ નથી. વળી એ પણ જોઈ ગયા કે મોક્ષના નિશ્ચયવાળા અને તે જ ભવે મોક્ષ પામવાના નિશ્ચયવાળા અને દેવેન્દ્રનરેન્દ્રોથી પૂજ્ય એવા પણ શ્રી જિનેશ્વર મહારાજે તપસ્યાને જ કર્મનો ક્ષય કરવા માટે પરમ સાધન તરીકે ગણેલી છે, વળી દાન નામનો ધર્મ બાહ્ય અને ક્ષણે ક્ષણે આવવા જવાવાળા પદાર્થની મુખ્યતાએ બને છે અને તેથી જેટલો દાનધર્મ રહેલો છે તેના કરતાં શીલધર્મ કે જે આત્માની અનાદિકાલથી પડી ગયેલી ખરાબ આદતોને આભારી હોવા સાથે આત્માની સાથે ક્ષીરનીરન્યાયે એકમેક થયેલ એવા શરીરના જ ફલરૂપ એવી જે ઇંદ્રિયો તેની ખરાબ આદતો અને અનાદિકાલથી જે બાહ્યસુખો તરીકે ગણવામાં આવેલા વિષયો હતા તેમજ જે વિષયો બાહ્યસંયોગ સામગ્રીના ફલરૂપ મનાયેલા હતા તે સર્વ શરીરની સુકુમાલતા ઇંદ્રિયોની સ્વચ્છંદ પ્રવૃત્તિ અને વિષયોના વિરમણરૂપ હોવાથી શીલધર્મનું પાલન દાનધર્મના પાલન કરતાં મુશ્કેલ છે. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે દાનધર્મની વખત આત્માએ ઉભા કરેલા મમત્વભાવને છોડવાનો હોય છે, તેમજ માત્ર વિષયોના સાધનોને છોડવાનું હોય છે, ત્યારે શીલધર્મમાં સુખ તરીકે અનુભવવામાં આવતાં અને અધીકારથી રાખેલા પદાર્થના ફલરૂપ એવા જે વિષયો છે તેની ઉપર કાબુ મેળવવાનો હોય છે. વળી બાહ્યપદાર્થો જે આત્માને પોતાની તરફ આકર્ષણ કરનારા હોતા નથી તેવા તે બાહ્યપદાર્થના એક અંશનો માત્ર ત્યાગ કરવાનો હોય છે. ત્યારે શીલધર્મના પાલનની વખતે તો આત્માને હરેક વખત આકર્ષણ કરતા અને મળ્યા પછી વિયુક્ત થતી વખતે આત્માની અસ્તવ્યસ્ત દશા કરી નાંખતા એવા વિષયો ઉપર કાબુ મેળવવાનો હોય છે, તેથી તે પણ શીલધર્મની દાનધર્મ કરતાં મુશ્કેલી જણાવે છે, બીજી એક વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે દાનધર્મ એ એક એવો ધર્મ છે કે જે માત્ર આત્માથી ભિન્ન રહેવાવાળા એવા પદાર્થના ઉપયોગથી બીજાના પૌદ્‌ગલિક એવાં દુઃખોને દૂર કરનાર હોય છે તેમજ અન્ય દાન પામનારાઓને ઈન્દ્રિયો સંબંધી સુખોને ઉપજાવનાર હોય છે, તેથી તે દાનધર્મની પ્રેરણા કરનારો પણ કોઇક વર્ગ હોય છે, અર્થાત્ દુઃખી અને યાચકો દાનધર્મને અંગે પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે પણ પ્રેરણા કરનારા હોય છે અને તેથી સ્વયં આત્માને દાનધર્મ આચરવાની ધારણા ન હોય તો પણ તે દાનધર્મની આચરણામાં ઇતરવર્ગ પ્રેરનાર કે પોષનાર બને છે, જ્યારે શીલધર્મથી ઇતરજનોનાં બાહ્ય દુઃખોનો દશ્યરીતે નાશ ન હોવાથી તથા ઇતરજનને તેનાથી બાહ્યસુખની ઉત્પત્તિ ન હોવાથી ઇતરવર્ગ તે

શીલધર્મનો પોષક કે પ્રેરક બનતો નથી, એટલું જ નહિં, પણ ખરાબ ચાલમાં સામેલ થયેલો પરવર્ગ તેમજ જેઓને અબ્રહ્માદિકથી સુખની માન્યતા થઇ છે એવો સંબંધી વર્ગ પણ પોતાનું બને ત્યાં સુધી શીલધર્મની દશાને દૂર કરાવવામાં જ મથનારો થાય છે. અર્થાત્ એ અપેક્ષાએ પણ દાનધર્મ કરતાં શીલધર્મની મુશ્કેલી છે. આવી રીતે દાનધર્મ અને શીલધર્મની આરોપિતમમત્વ ભાવના ત્યાગથી અને બાહ્યસુખમાં સામેલ થયેલા વર્ગની પ્રેરણાની બેદરકારી કરવી પડતી હોવાથી મુશ્કેલી છે, પણ તે દાનધર્મ અને શીલધર્મ કરતાં પણ તપસ્યાના ધર્મની તો અત્યંત મુશ્કેલી છે.

તપસ્યાના ધર્મની મુશ્કેલી

દરેક જીવ અનુમાનથી જાણી શકે છે અને શાસ્ત્રકારો સ્પષ્ટપણે સમજાવે છે કે આ સંસારમાં દરેક જીવને ચારે સંજ્ઞાઓમાં પહેલી આહાર સંજ્ઞા છે અને તે આહારસંજ્ઞા એવી જબરદસ્ત છે કે તેનો નાશ ઉચ્ચતમ ગુણઠાણાની પ્રાપ્તિ સિવાય શક્ય જ નથી. વળી મૈથુન પરિગ્રહ અને ભયનાં કાર્યો જ્યારે દરેક જીવની સમજણ શક્તિ થવા પછી જ થાય છે અને થઇ શકે છે, ત્યારે આહારને માટે તેવી કોઇ વિશેષ સમજણની દરકાર રહેતી નથી. શાસ્ત્રકારોના ફરમાવવા મુજબ સંસારના કોઇપણ જીવને કોઇપણ સમય આહાર વિનાનો રહેતો જ નથી. વિગ્રહગતિ સમુદ્‌ઘાતનો આઠ સમયનો કાલ અથવા અયોગિકેવલીપણું જે પાંચહ્રસ્વ અક્ષરોને મધ્યમસ્વરે ઉચ્ચારીયે તેટલા કાલ જેટલું છે, એ ત્રણે અવસ્થા સિવાયના સર્વસંસારી જીવો આહાર સિવાય એક પણ રહેતા નથી. એ ઉપરથી પણ સમજાશે કે આહારની દરકાર આ જીવને બીજી સર્વ જરૂરીયાતી ચીજોની દરકાર કરતાં વધારે છે. વળી દાનધર્મને અંગે જ્યારે માત્ર આરોપિત એવો સુખભાવ છોડવો પડે છે, અથવા બાહ્યસુખોનાં સામાન્ય સહેજે મળે એવાં સાધનો છોડવાં પડે છે, અને શીલધર્મને અંગે માત્ર પુદ્‌ગલના સંયોગથી ઉત્પન્ન થયેલા સુખના સંસ્કારોની ઉપર કાબુ મેળવીને માત્ર માનેલું સુખ જ છોડવું પડે છે. ત્યારે તપસ્યાને અંગે પ્રવૃત્તિ કરનાર મનુષ્યને બાહ્યસુખનાં સાધનોને મળ્યા છતાં ન વાપરવાં તેમજ બીજાં મેળવવા ઉદ્યમ કરવો નહિં અર્થાત્ આહારરૂપ જે બાહ્યસુખનું સાધન છે તે તપસ્યા કરનારને જે મળ્યું હોય તેનો પણ ઉપયોગ કરવો નથી, તથા તે મળેલા સિવાયના નવા મેળવવા માટે પણ ઉદ્યમ કરવાનો રહેતો નથી. યાદ રાખવું કે દાનને દેનારો મનુષ્ય જે અશનાદિનું કે રૂપૈયા આદિનું દાન કરે છે. તે મળેલા સાધનને દૂર કરે છે. પણ સાથે સાથે અન્યઅન્ય તે તે સાધનો મેળવવાનો ઉદ્યમ બંધ કરતો નથી. અર્થાત્ પદાર્થ છોડે છે. પણ દાનધર્મવાળો પ્રીતિ છોડતો નથી અને આહારને છોડવારૂપ તપસ્યામાં તો પદાર્થ છોડવાનો થાય છે. અને પ્રીતિ પણ છોડવાની થાય છે વળી શીલધર્મને અંગે પ્રવર્ત્તાવાવાળો જીવ વિષયકષાયની ઉપર કબજો રાખી કહેવાતાં એવાં ઇંદ્રિયોનાં સુખોનો ભોગ આપે છે, પણ એ દાનધર્મ અને શીલધર્મમાં દુઃખ થવાનો અંશે પણ પ્રસંગ નથી, જ્યારે આ તપધર્મમાં તો સર્વવેદનામાં **खुहा समा वेयणा नत्थि** એમ કહીને સ્પષ્ટપણે સર્વ વેદનામાં આગેવાન જણાવેલી એવી વેદના સહન કરવાની હોય છે. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે બાહ્યપદાર્થો તરફ જીવનું આકર્ષણ નથી, અર્થાત્ બાહ્ય પદાર્થો જે અશનાદિ અને રૂપૈયા વગેરે છે તે જીવને ખેંચનારા નથી. માત્ર જીવ પોતાની મેળે તે બાહ્યપદાર્થો તરફ ખેંચાય છે, અત્યાર સુધી ભવમાં

ભ્રમણ કરતા અને ભવિષ્યમાં પણ કરવાવાળા જીવોને તે બાહ્ય પદાર્થો જે આકર્ષક તરીકે લાગે છે તે કેવલ થાંભલાને બાઝેલો મનુષ્ય થાંભલે બંધાય અને પછી એવો પોકાર કરે કે મને થાંભલાએ બાંધ્યો છે એના જેવું જ તે બાહ્યપદાર્થોનું આકર્ષણ છે, અર્થાત્ બાહ્યપદાર્થો કોઈપણ પ્રકારે જીવને આકર્ષવાની શક્તિ ધરાવતા નથી, એવી જ રીતે ઇંદ્રિયો અને વિષયો પણ જીવને આકર્ષનાર નથી, એ પણ ચોક્કસ છે. ઈન્દ્રિયો અને વિષયોને જીવના આકર્ષનાર માનવા તે કેવલ ચણાએ ભરેલી ગોળીમાં માંકડો હાથ ઘાલી મુઠીમાં ચણા લે અને પછી મુઠી કાઢવા જાય અને ન નીકળે ત્યારે તે માંકડો એમ માની લે કે હું ગોળીથી બંધાયો છું. જેમ એ માંકડાની માન્યતા પોતાની ભૂલ ઉપર જ ઉભી થઈ છે, તેવી રીતે ઈન્દ્રિયો અને વિષયોમાં જીવ જોડાઈ જાય અને પછી ઈન્દ્રિયો અને વિષયોને આધીન થાય ત્યારે તે એમ સમજે કે ઈન્દ્રિયો અને વિષયોએ મને બાંધ્યો છે, પણ જેમ માંકડાને હાથ ઉપર સોટી વાગે અને મુઠી છોડી દે ત્યારે તેનો હાથ છુટો થઈ જાય છે, અર્થાત્ માત્ર હાથ ખોલવા સિવાય માંકડાને ગોળીથી છુટવા માટે બીજું કરવું પડતું નથી, તેવી રીતે ઇંદ્રિયો અને વિષયો તરફ આ જીવ પોતે ઝુક્યો છે અને ઇંદ્રિયો અને વિષયો મને બંધન કરનાર છે એમ માને છે. પણ જ્યારે સર્વજ્ઞ ભગવાનના શાસનની સોટી ભવી જીવને લાગે છે ત્યારે તે ભવિજીવ ઇંદ્રિયો અને વિષયોના બંધનથી છુટો થઈ જાય છે. અર્થાત્ ઇંદ્રિયોને ખેંચવા માટે વિષયો આવતા નથી. તેમજ મનને ખેંચવા માટે કષાયો પણ આવતા નથી. ઇંદ્રિયો અને મનનો સ્વભાવ વિષયો અને કષાયો તરફ જવાનો છે, પરંતુ વિષયો કે કષાયોનો સ્વભાવ ઇંદ્રિયો કે મનને ખેંચવાનો નથી. આ ઉપરથી સમજાશે કે દાનધર્મ અને શીલધર્મ એ બે ધર્મ આકર્ષકના જોરને નાશ કરીને કરવા પડતા નથી. પણ આહારની પ્રવૃત્તિ અને ઇચ્છા તો આ જીવને હંમેશાં આકર્ષનાર રહે છે, દરેક આદમી તપાસશે તો માલમ પડશે કે પોતે ભૂખને યાદ લાવતો નથી, પણ ભૂખ જ તે જીવને પોતાનું ભાન કરાવે છે. અર્થાત્ આ તપસ્યાની ક્રિયામાં આવનારને ભૂખનું આકર્ષણ અને દબાણ જીવ કોઈ જુદી જાતની જ અસર કરે છે. વળી એક વાત એ પણ વિચારવા જેવી છે કે બાહ્યસંયોગો કોઇ પણ જીવને અનાદિથી અનુકૂલતાવાળા નથી, તેમ ઇંદ્રિયો અને મન પણ અનાદિના અપ્રતિહતપણે નથી, છતાં તપસ્યાને અંગે છોડવો પડતો આહાર તો અનાદિકાલનો છે અને તે આહારની ઇચ્છા કરાવનાર તૈજસકાર્મણ શરીરો પણ અનાદિકાલથી કોઈપણ દિવસ કે સમય છુટા પડયા સિવાય આત્માની સાથેને સાથે જ ચાલુ રહેલા છે. એવા અનાદિના ગોઠીયા તરીકે રહેલા તૈજસકાર્મણના ઉપર પ્રભાવ પાડવાનું કાર્ય કરવા જેઓ માગે તેઓ જ તપસ્યા કરવાને તત્પર થઈ શકે. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે બાહ્યસંયોગો કંઈ કર્મ ઉદયના પ્રભાવે નથી, તેમજ ઇંદ્રિયોને વિષયોની પ્રાપ્તિ જે થાય તે પણ કર્મ ઉદયના પ્રભાવે નથી, કિંતુ ક્ષયોપશમના પ્રભાવે છે પણ આહાર કરવો કે આહાર કરવાની ઇચ્છા થવી તે તો કેવલ કર્મોના ઉદયને પ્રભાવે જ છે, માટે તપસ્યાને કરનારો મનુષ્ય ખરેખર કર્મો અને ઉદયોની સામા થનારો થાય છે. આ વાતને બરોબર સમજનાર મનુષ્ય સ્હેજે સમજી શકશે કે શાસ્ત્રકારો જેમ દાનધર્મથી મુખ્યતાએ ભોગોની પ્રાપ્તિ તથા શીલધર્મથી સુખસંપત્તિ જણાવે છે, તેમ તપસ્યા કરવાથી કર્મ ક્ષયરૂપી ફલ કેમ જણાવે છે? અથવા કર્મક્ષયને માટે

તપસ્યાની કેમ જરૂર જણાવે છે ? આ ઉપરથી એ પણ સમજાશે કે જો મહાવ્રતધારકપણું એ શીલધર્મનો ભંડાર છે અને દાનધર્મની દીવાદાંડી છે છતાં તે મહાવ્રતોને પ્રભાવકત્તાના ચિન્હ તરીકે શાસ્ત્રકારે ગણાવ્યાં નથી. પરંતુ શાસનના આઠ પ્રભાવકોમાં અષ્ટમથી અધિક એવી વિપ્રકૃષ્ટ તપસ્યા કરનારને અથવા લાગલગાટ અવિકૃષ્ટ એટલે અષ્ટમથી ઓછી તપસ્યા કરનારને પણ પ્રભાવક તરીકે ગણ્યા છે. એ ઉપરથી પણ સમજી શકાશે કે શ્રી જૈનશાસનમાં તપસ્યાને ઘણું જ ઉંચુ સ્થાન મળેલું છે અને તે ઉત્તમોત્તમ સિદ્ધસ્થાન તે તપસ્યાને માટે લાયક જ છે તેમાં કોઈ પણ રીતે શંકા થઈ શકે તેમ નથી.

ભગવાન શ્રી ઋષભદેવજીની તપસ્યા ગણાય ખરી ?

ઉપર જણાવ્યા પ્રમાણે તપસ્યા એક જરૂરી ચીજ અને દરેક કર્મક્ષય અને મોક્ષની ઇચ્છાવાળાને આદરવા લાયક તથા ચાર જ્ઞાનવાળા તદ્ભવ જરૂર મોક્ષે જવાવાળા ભગવાન જિનેશ્વરોએ આચરેલી ચીજ છે. પણ ચાલુ અધિકારમાં ભગવાન શ્રી ઋષભદેવજીએ જે બાર માસ સુધી આહાર ન કર્યો તે તપસ્યા તરીકે ગણવી કે કેમ ? એવી શંકાનું સ્થાન છે. આવી શંકાનું થવાનું કારણ એજ કે પ્રથમથી આહારનાં પચ્ચક્ખાણ કરે તેનું નામ તપસ્યા કહેવાય છે અને કહેવામાં અડચણ પણ નથી, પરંતુ ભગવાન શ્રી ઋષભદેવજી મહારાજે કાંઇ બાર માસ સુધીના આહારનો ત્યાગ કર્યો નથી, જો એમ બાર માસ સુધી આહારનો ત્યાગ કર્યો હોતો તો પછી ભગવાન શ્રી ઋષભદેવજીએ બાર મહિનાની તપસ્યા કરી એમ કેમ કહેવાય ? આવી શંકાના સમાધાનમાં પ્રથમ એ જણાવવાનું કે ભગવાન શ્રી ઋષભદેવજીના આ બાર મહિનાના અનાહારીપણાને ઉપદેશમાલાને કરનાર શ્રી ધર્મદાસગણીજી કે જેઓ શ્રમણ ભગવાન મહાવીર મહારાજના હસ્તથી દીક્ષિત થયેલા તથા અતિશયવાળા જ્ઞાનને ધારણ કરનારા હતા તેઓએ શ્રી ઉપદેશમાલામાં ભગવાનના આ બારમાસના અનાહારિપણાને જ તપ તરીકે ગણાવેલ છે. વળી શ્રમણ ભગવાન મહારાજાને પણ અડદના બાકુલના અભિગ્રહની પૂર્તિના અભાવમાં જે પાંચ દિવસ ન્યૂન છ માસ થયા છે તે કાલ પણ મહાવીરમહારાજની તપસ્યામાં જ ગણાયેલો છે. એ ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે કે આહારના ત્યાગ માત્રનું નામ તપસ્યા હોવાથી ચ્હાય તો તપસ્યાના ઉદ્દેશથી આહારનો ત્યાગ કરે, અથવા આહારના ત્યાગથી તપસ્યા થાય એ બેમાંથી કોઇ પણ પ્રકારે જે આહારનો ત્યાગ તો તપસ્યા ગણાય જ છે અને તેથી શાસ્ત્રકારો ગોચરી લેવા ગયેલા સાધુને ઉદ્દેશીને જ કહે છે **लभ्यते लभ्यते साधु साधु चैव न लभ्यतो अलब्धे तपसो वृद्धिः** અર્થાત્ સાધુ આહારપાણી મેળવવા માટે જાય તે વખતે વિચારે કે જો આહારપાણી મળશે તો પણ સારૂં અને નહિં મળે તો પણ સારૂં, કારણ કે જો આહારપાણી મળશે નહિં તો તપસ્યાની વૃદ્ધિ થશે. (અને મળશે તો તેથી જ્ઞાનદર્શનાદિની વૃદ્ધિ થશે.) આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે આહારપાણીની ઇચ્છાએ નીકળે તો પણ આહારપાણી ન મળે તોપણ તે તપસ્યા અને તપસ્યાની વૃદ્ધિ કરનાર છે એમ શાસ્ત્રકારો માને છે માટે ભગવાન શ્રી ઋષભદેવજીને આહારપાણીને માટે જવાનું થયું છતાં તે ન મળ્યાં તો પણ તપસ્યા થઇ છે અને તેથી ભગવાનનું સંવચ્છરી પ્રમાણે તપ ગણાયું છે.

પ્રશ્ન. ૮૫૮- પૂનમ અને અમાવસ્યાની વૃદ્ધિએ તેરસ વધારવાથી ન તો બીજી તેરસે ચૌદશનો અને કરાતી ચૌદશે પણ ચૌદશનો ઉદય સમાપ્તિ કે ભોગવટો પણ નથી, તેનું કેમ ?

સમાધાન - ઉદયનો અધિકાર શ્રી શ્રાદ્ધવિધિ વગેરેમાં પહેલાં લઈ તેની પછી ક્ષયવૃદ્ધિનું પ્રકરણ લીધું છે માટે ક્ષયવૃદ્ધિ પ્રસંગમાં ઉદય વગેરે જોવાય નહિં. જેઓ બે પૂનમો માનશે તેઓ ચૌમાસી છઠ કેમ કરશે ? કાર્તિક પૂનમનો વિહાર કેમ નહિં કરે?

પ્રશ્ન. ૮૫૯- જે વખત બીજઆદિતિથિનો ક્ષય હોય ત્યારે તો ઉદયવાળી ન હોય અને તેથી તેના કરતાં પહેલાની ઉદયવાળી પડવા આદિ અપર્વતિથિને બીજઆદિ માની લેવી, પણ પૂનમ અને અમાવસ્યાના ક્ષયે પહેલાની ચૌદશ તો ઉદયવાળી છે, તેને કેમ પલટાવવી ?

સમાધાન - પૂનમ અને અમાવસ્યાના ક્ષયની વખતે ચૌદશ ઉદયવાળી છે, પણ પૂનમ અને અમાવસ્યાનો ક્ષય હોવાથી તે પૂનમ અને અમાવસ્યાની આરાધના ઉડી જાય છે, માટે તેવે પ્રસંગે તિથિ આરાધવા માટે ઉદયને ગૌણ કરી આરાધના ટકાવાય છે. શું ઉદયવાળી ચૌદશ છે. તેમ જ્યારે બીજી તિથિઓનો ક્ષય હોય છે ત્યારે તેના પહેલાની તિથિ ઉદય કે ઉદયયુક્ત સમાપ્તિવાળી નથી હોતી ? અને હોય છે છતાં પર્વની આરાધનાને માટે તે પડવા આદિના ઉદયની ઉપેક્ષા કરી તો અહિં પૂનમના પર્વને ટકાવવા માટે ચૌદશના ઉદયની ઉપેક્ષા કરવી પડે અને તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કે અમાવસ્યા કરવી પડે. વળી જેઓ એકમ બીજ આદિ એકઠાં કરે છે તેઓ શું ચૌદશ પૂનમ કે ચૌદશ અમાવાસ્યા એકઠાં માનશે ? અને માને તો બે દિવસના આખા દિવસના સચિત્ત ત્યાગ કે પૌષધ આદિ નિયમો એક વખત ઉડાવી દેશે? નહિં ઉડાવે તો ચૌદશે કરેલો સચિત્ત ત્યાગ શું ચૌદશનો કહેશે કે પૂનમ અમાવસ્યાનો કહેશે ? આ વસ્તુસ્થિતિ વિચારતાં જો બે પર્વ સાથે આવે તો બેમાંથી કોઇના પણ ક્ષયે તેનાથી પહેલાના અપર્વનો ક્ષય જ કરવો પડે. **અર્થાત્ ક્ષય અને વૃદ્ધિના પ્રસંગ સિવાય ઉદયવાળી તિથિ લેવી એ નિયમ છે. જોડકા પર્વમાં ક્ષય વખતે ભોગવટાની હયાતી લેવી. અને વૃદ્ધિમાં પર્વનો ક્રમ લેવો.**

પ્રશ્ન. ૮૬૦- તત્ત્વરંગણીમાં ક્ષય કે વૃદ્ધિમાં સમાપ્તિવાળી તિથિ લેવા લખ્યું છે તે કેમ ?
સમાધાન - તિથિની વૃદ્ધિ હાની ન હોય ત્યારે જેમ ઉદયવાળી તિથિ લેવાનું લખ્યું છે, પણ પર્વ તિથિનો ક્ષય આવે ત્યારે તે ઉદયનો નિયમ નથી રહેતો, તેવી રીતે એકવડી પર્વતિથિ હોય અને તેની વૃદ્ધિ હાની થઈ હોય તો ક્ષીણમાં ઉદય મળે નહિં અને વૃદ્ધિમાં બે ઉદય હોય માટે સમાપ્તિ લેવાય, પણ જ્યાં બે પર્વ સાથે હોય અને બીજા પર્વની તિથિનો ક્ષય હોય તો તે સમાપ્તિનો અધિકાર લઇ શકાય નહિં, ધ્યાન રાખવું કે અપર્વતિથિના ઉદય અને સમાપ્તિ એ બન્ને છતાં તેને ગણી નથી, માટે બીજી અપર્વતિથિ બેવડાય ત્યારે ઉદય કે સમાપ્તિ કરતાં ભોગવટાનો સદ્‌ભાવ હોવો જોઈએ.

પ્રશ્ન. ૮૬૧-શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા ગુરૂમહારાજનાં સામૈયાં અને સાધર્મિકની ભક્તિ વગેરે કાર્યમાં જીવોની હિંસા થાય છે કે નહિ ? અને હિંસા થાય છે તો પાપ લાગે છે કે નહિ ? અને જો એ હિંસામાં પાપ ન લાગે તો યજ્ઞાદિની હિંસામાં પાપ કેમ લાગે ?

સમાધાન- શ્રી જિનેશ્વર મહારાજની પૂજા વગેરેમાં સ્થાવર જીવોનો વધ થાય છે. પણ પ્રમત્તયોગ એટલે વિષયકષાયાદિના લીધે થયેલ પ્રાણવધમાં હિંસા ગણાય છે અને તેથી જ તત્ત્વાર્થકારમહારાજ प्रमतयोगात् प्राणव्यपरोपणं हिंसा એમ કહી પ્રમત્તયોગથી થતા પ્રાણોના નાશને હિંસા જણાવે છે અને આજ કારણથી સાધુને નદી આદિ ઉતરવાની અને શ્રાવકોને ભગવાનની પૂજાદિક કરવાની શાસ્ત્રકારોએ આજ્ઞા આપેલી છે. જો તે પૂજા અને નદી ઉતરવા વગેરેમાં હિંસા માનીયે અને તેમાં પાપ માનીયે તો શાસ્ત્રકારો પાપના કાર્યોનો ઉપદેશ આપનારા થાય. પાપ નહિં થવા છતાં ભગવાનની પૂજા સાધુઓ કેમ નથી કરતા? એવો સવાલ કરવામાં આવે તો તેના ઉત્તરમાં સમજવાનું કે તે પૂજા સાધુપણાની પ્રાપ્તિ માટે છે અને તેની પ્રાપ્તિ સાધુઓને થઇ ગઇ છે માટે નિરોગ મનુષ્ય જેમ મફતીયા ઔષધને પણ ન લે તેમ સાધુઓને પૂજાને લેવાનું હોય નહિં. વળી સાધુને સંયમ સાધન સિવાયના કૃત્યથી દ્રવ્ય હિંસા કરવી એ પણ વ્યાજબી ગણાય જ નહિં, તેથી પણ ભગવાનની દ્રવ્યપૂજામાં સાધુ પ્રવર્ત્તતા નથી. શ્રાવકોને પણ પૂજાદિ કરતાં દ્રવ્યહિંસાદિ થાય છે પણ તેનાથી કર્મ આવવાની વખતે મોક્ષમાર્ગના સાધનની બુદ્ધિથી પૂજા કરેલી હોવાથી પાપ કર્મ લાગતાં નથી, અને વળી પૂજા કર્યા પછીના શુભભાવથી તે આરંભાદિથી થયેલ કદાચ પાપ હોય તો તે નિર્મલ નાશ પામે છે અને પુણ્યકર્મનો બંધ કરે છે, આટલું છતાં જેઓ સંસારમાં માટી મીઠાનો, કાચા પાણીનો, દીવા વગેરે અગ્નિનો, અને વનસ્પતિનો ઉપયોગ પાપના ભયથી ન કરતા હોય અને એકેંન્દ્રિયની દયામાં પરિણમેલા હોઇ સાધુપણાની ભાવનામાં લીન હોય તેવાઓ દ્રવ્યપૂજા ન કરે એમ શાસ્ત્રકારો પણ સ્પષ્ટપણે જણાવે છે અને તેથી જ સામાયિક અને પૌષધઆદિમાં શ્રાવકને પણ દ્રવ્યપૂજા કરવાનો નિષેધ જ છે. યજ્ઞાદિ કાર્યો ઋદ્ધિ પ્રાપ્તિ આદિને માટે કરાય છે. કોઇપણ યજ્ઞ મોક્ષને માટે હોતો નથી, અને હોય પણ નહિં, તેથી યજ્ઞ એ ત્રસ અને સ્થાવરની હિંસા પાપમય થવા સાથે મિથ્યાત્વથી ભરેલી છે. વળી કોઇપણ ધર્મી જીવ ત્રસજીવોની હિંસાને અંગે દયા વિનાનો હોય નહિં, તેથી યજ્ઞાદિકમાં કરાતી ને ત્રસની હિંસા તે પાપબુદ્ધિ અને પાપ વિનાની હોય જ નહિં.

પ્રશ્ન. ૮૬૨- પાણી વિના વઘારેલું શાક બીજે દિવસે વાસી ગણાય કે ?

સમાધાન - અન્ય પાણી ન લાગ્યું હોય તો પણ તે જો વઘારવાથી સુકાં થાય તો જ વાસી ન ગણાય.

પ્રશ્ન. ૮૬૩- જેમ આદુ સુકવીને ઉપયોગમાં લે છે તેમ બટાકા સકરીયાં આદિને લઇ શકે ?

સમાધાન - આદુ વગેરેનો ઔષધ માફક જ ઉપયોગ થાય છે પણ, બટાકા વગેરેનો શાક અને ખોરાક તરીકે ઉપયોગ થાય છે, માટે હિંસાનો પ્રસંગ દેખીને તે સુકા બટાકા આદિ ન લેવાય.

પ્રશ્ન. ૮૬૪- જ્યાં સુધી પોતાનો વિવાહ ન કર્યો હોય ત્યાં સુધી સર્વકુમારિકાઓને પોતાની બહેન સમાન માનવી તો પછી ભવિષ્યમાં તેમાંથી કોઈની પણ સાથે વિવાહ શી રીતે થઈ શકે ?

સમાધાન - જેમ ભાષણ સાંભળવા આવેલી સ્ત્રીઓમાં પોતાની સ્ત્રી પણ આવી હોય છતાં ભાષણ કરનારો સમુદાયે માતા અને બહેનો એમ કહે છે, ને તેમાં દોષ નથી, તેવી રીતે સમુદાયે કુમારિકાઓને બહેનપણે કહી હોય તો પણ પછીથી વિવાહ થાય તેમાં તે ભગિનીના ગમનનો દોષ કહેવાય નહિં. તે મનુષ્ય હું વિવાહ નહિં કરૂં એમ ધારીને સર્વકુમારિકાઓને બહેનો કહેતો નથી.

પ્રશ્ન. ૮૬૫- રજસ્વલા સ્ત્રીને અડકવામાં ધાર્મિકદૃષ્ટિએ દોષ કેવી રીતે ?

સમાધાન - સાધુ આદિના સ્વાધ્યાયને અંગે પણ ચોવીશ પહોર સુધી સો ડગલામાં રજસ્વલા ન જોઈએ, એમ શાસ્ત્રકારો જણાવે છે, તથા રજસ્વલા સાધ્વીને પણ ઋતુના ત્રણ દિવસ સ્વાધ્યાય વર્જવાનું જણાવે છે. એ ઉપરથી રજસ્વલાનું અશૌચપણું ચોક્ખું છે. તો પછી અશૌચથી દૂર રહેવું વ્યાજબી હોવાથી તેમજ વ્હાણ પાપડ આંખ આવેલી હોય તે ઉપર છાયા પડવા વગેરેથી થતું નુકશાન સ્પષ્ટપણે જાણનારો મનુષ્ય રજસ્વલાને અસ્પૃશ્ય કેમ ન ગણે ? બાકીના માત્ર ઉત્તરો લખવાથી સમાધાન થશે.

૧. સાધુઓ પણ પરમેષ્ઠિપદમાં હોવાથી તેમની સ્થાપના પૂજાય છે.

૨. ભગવાન શ્રી તીર્થંકરો હંમેશાં પહેલે અને ચોથે પહોરે દેશના આપે છે.

૩. બીજના ચન્દ્રને પગે લાગવાનું શાસ્ત્રીય વિધાન નથી. પણ તે વિમાનમાં શાશ્વતા બિંબો તો છે.

૪. કલ્પસૂત્રના નટના દૃષ્ટાન્તો વાસ્તવિક છે.

૫. સ્થાપનાચાર્યની સાક્ષીએ ક્રિયા હોવાથી વચમાં આડ ન આવવી જોઈએ.

૬. દૃઢપ્રહારીને તપથી કર્મનો નાશ થયો. જો કે તે ચાર મરનારને કર્મનો ઉદય પણ હતો. પણ તેનું કારણ દૃઢપ્રહારી બન્યા તેથી તેમને કર્મ લાગ્યું.

૭. આર્દ્રકુમાર વગેરે પ્રયત્નવાળા છતાં પણ પાપથી દૂર રહી શક્યાં નહિં માટે નવું કર્મ લાગે.

૮. જેને મારવાનું નિયાણું કર્યું હોય અને તે મોક્ષે કદી જાયે, પણ નિયાણું કરનાર તો દુર્ગતિમાં રખડે.

પ્રશ્ન ૮૮૬- ટીપ્પણામાં આરાધવા લાયક પર્વતિથિનો ક્ષય આવે છે. પણ જૈનજ્યોતિષની ગણત્રીએ પર્વતિથિનો ક્ષય આવે કે નહિં ?

સમાધાન - શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ જ્યોતિષ્કરંડક શ્રી સ્થાનાગસૂત્ર અને લોકપ્રકાશ આદિ શાસ્ત્રોમાં ભાદરવા વગેરેમાં અવમરાત્ર જણાવી એકમથી માંડીને બધી તિથિઓનો ક્ષય જણાવેલો છે, તેથી એકલા લૌકિકટીપ્પણામાં જ પર્વતિથિઓનો ક્ષય આવે છે એમ નહિં, પણ જૈનજ્યોતિષ ને હિસાબે પણ પંદરતિથિઓમાંથી કોઈપણ તિથિનો ક્ષય હોય એમ માનવું જ જોઈએ, એમ તો ખરૂં છે કે જેવી રીતે લૌકિકટીપ્પણામાં કોઈપણ વખતે કોઈપણ તિથિનો ક્ષય થાય છે તેવા જૈનજ્યોતિષમાં અનિયમિતપણે તિથિઓનો ક્ષય થતો નહોતો, પરન્તુ અમુક મહિને અમુક તિથિનો જ ક્ષય થાય એમ નિયમિત હતું, અને કર્મમાસમાં તિથિ કે પર્વતિથિ એકકેની વૃદ્ધિ થાય નહિં.



धर्मो मंगलमुत्कृष्टं, धर्मः स्वर्गापवर्गदः। धर्मः संसारकान्तारोल्लंधने मार्गदेशकः। ॥१॥

બંધ મોક્ષનું કારણ શું માત્ર મન જ છે?

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ ધર્મોપદેશ દેતા જણાવે છે કે અનાદિકાળથી આ સંસારમાં રખડી રહેલા આ જીવે જે જે ઇચ્છાઓ અને પ્રવૃત્તિઓ કરી છે તે માત્ર સુખની જ સિદ્ધિ માટેઃ હાટ, હવેલી, સોનું, રૂપું, હીરા માણેક પન્ના વિગેરે ગમે તેની ઇચ્છા કરી હોય તેમાં મુદ્દો સુખ મેળવવાનો જ હતો, પછી ભલે એકેંદ્રિયપણામાં હોય કે પંચેદ્રિયપણામાં હોય, સર્વત્ર આ એક જ મુદ્દો રહ્યો છે. હવે સુખ માટે અને સુખનાં સાધન માટે આ જીવ દરેક ભવે મથ્યો પણ પરિણામમાં શું ? મહેનત કરી કરીને મેળવેલું માત્ર પલકમાં પલાયન થઇ ગયું. અનંતી વખત ચારિત્ર લઇ અનંતી વખત નવગ્રૈવેયક સુધી જઇ આવ્યો છતાં હજી રખડે છે કેમ ? દરેક જન્મે સ્થિતિ આ છતાં આ જીવ હજી એમને એમ શા માટે વર્તે છે ? કૂતરાં સંજ્ઞી છે, તે ઝેરી બરફી ખાવાથી બીજાં કૂતરાંને મરતાં દેખીને, પછી તો તેવી બરફી આપવાવાળાને દેખતાં જ નાસી જાય છે. એકાદ બે કૂતરાંને મરેલાં દેખ્યાં કે એ પણ સમજી જાય છે કે આ બરફી મીઠી છતાં ઝેરવાળી છે, માટે મારી નાંખનારી છે, બીજી ઇન્દ્રિયો કરતાં રસનેંદ્રિય જીતવી સેંકડોગુણી અઘરી છે, અતિ કઠીન છે. તપની ભલામણ ભારપૂર્વક પણ એટલા જ માટે કરવામાં આવે છે. ઇંદ્રિયોનું પોષણ આહાર પર છે. રસના જે પાપોની પ્રવૃત્તિ કરાવે છે તે અનહદ છે. તંદુલીઓ મત્સ્ય વગર ખાધે સાતમી નરકે એથી જ જાય છે. મોટા મત્સ્યોની પાંપણમાં તંદુલીઓ મત્સ્ય રહે છે. પેલા મોટા મત્સ્યના મોંમાં પાણી સાથે આવેલાં નાનાં માછલાંઓમાંથી કેટલાકને પાછાં નીકળી જતાં જોઇ આ તંદુલીઓ વિચારે છે કે - અરે ! આ કેવો મૂર્ખો કે જે મોંમાં આવેલાં આ બધાં માછલાંને જવા દે છે ? એની જગાએ જો હું હોઉં તો એકને પણ જીવતું પાછું જાવા ન દઉં, બધા જ ખાઇ જાઉં, પણ મારી તેવી તાકાત નથી ! વિચારો કે રસનેંદ્રિયથી આત્મા કેટલું પાપ બાંધે છે ! આ ઠેકાણે તંદુલીઓ એક પણ ઇંદ્રિયની પ્રવૃત્તિવાળો નથી, માત્ર મનથી ખરાબ ખરાબ વિચાર કરવાથી સાતમી નારકીનું આયુષ્ય બાંધે છે, પરિણામે મરીને ત્યાં જ જાય છે. ઇંદ્રિયો પછી મન કે પહેલાં મન ? કોઇ દિવસ પણ ઇંદ્રિયો વગરના જીવમાં મન હોતું નથી. મન વગરના જીવો તો ઇંદ્રિયોવાળા છે પણ એકલા મનવાળા જીવો

જગતમાં નથી. 'ઇંદ્રિયો પછી થયેલા મનને વશ કર્યું તો ઇંદ્રિયો વશ કરવાની જરૂર નથી, જો મન વશ કર્યું તો ઇંદ્રિયો વશ કરીને શું કરવાના ? કેમકે મનુષ્યને બંધ તથા મોક્ષનું કારણ મન છે.' આવું કહેનારા તત્ત્વને ઉંડાણથી સમજ્યા નથી. 'કરેમિ ભંતે'માં શાસ્ત્રકાર, 'મણેણં વાયાએ કાયેણં' એમ ત્રણ યોગના ભાંગા કહે છે. જો મન જીતવા માત્રથી બંધ ચાલ્યો જતો હોય તો એક મનનો જ ભાંગો બસ છે, બીજા બે ભાંગાની જરૂર નથી; પણ શાસ્ત્રકારે તો મન, વચન, કાયાના ત્રણ ભાંગા જણાવ્યા. મનરૂપ પૃથ્વીની અંદર વિકલ્પના અંકુરાને ઉભું કરનાર કોણ ? રસનેંદ્રિય લૌલુપતા ન હોત, આહારનો વિષય ન હોત તો તંદુલીઓ મત્સ્ય શું મનથી એ વિચાર કરવાનો હતો ? ચિત્રામણ કરનાર ઇંદ્રિયો છે, રોગાન કરનાર મન છે. રોગાન રંગને સ્થિર કરે છે. મનની સ્થિતિ શાના ઉપર ? સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ, એ કર્ણ, એ ઈન્દ્રિયોમાં, ગમે તેના વિષય ઉપર જ મન જાય છે. મનને જવાનું બીજે સ્થાન નથી. ઓરડામાં રહેલો મુસાફર બારણાં દ્વારાએ જ દેખે છે, તેવી રીતે મન મુસાફર સંકલ્પ વિકલ્પો ઇંદ્રિયો દ્વારા જ કરે છે, ઇંદ્રિયોના વિષયો સિવાય એને કાંઇ વિકલ્પ કરવાનો નથી. તંદુલીયાના મનનો વિકલ્પ પેલાં માછલાંઓને ખાઇ જવાનો હતો એ વિષય તો રસનાઇંદ્રિયનો જ છે ! વિષયો જ મનને ઉત્પન્ન કરે છે. આટલા જ માટે શાસ્ત્રકારે ત્રિવિધ ત્રિવિધ પચ્ચખ્ખાણ કરવાના ન બને તો માત્ર કાયાએ ન કરવું એટલા જ પણ પચ્ચખ્ખાણ રાખ્યાં.

વિષયો દ્વારાએ મનની પ્રવૃત્તિ છે, છતાં કોઇપણ પ્રકારે પાપ રોકવું એ વિચારમાં જવું ઠીક છે. મન એ એક જ જો બંધ મોક્ષનું કારણ માનીએ તો પચ્ચખ્ખાણના ૪૯ ભાંગા ન રહે, ને એકવિધ દ્વિવિધ વગેરે મન વિનાના ભાંગાથી ત્યાગ કરવાનો રહે જ નહી.

સમાધાનની છૂટ, વિતંડાવાદની મનાઇ

ભગવાન શ્રી મહાવીરસ્વામી સરખા નિરૂપક, શ્રી ગૌતમસ્વામી જેવા શ્રોતા છતાં એ પણ શંકા કરે છે અર્થાત્ પૂછે છે : "હે ભગવન્! આપ કયા મુદ્દાથી કહો છો કે કોઇપણ કાળે સયોગી કેવળી મોક્ષે ગયો નથી, જતા નથી, અને જશે નહીં?" અર્થાત્ મિથ્યાદૃષ્ટિ નહિ ગયા તે બરાબર છે, પણ સયોગી કેવળી મોક્ષ ગયા નથી એ કેમ મનાય ? મિથ્યાદૃષ્ટિપણામાં કોઈ મોક્ષે જાય ખરો? મિથ્યાદૃષ્ટિ મોક્ષે જાય છે, પણ સમ્યગ્દૃષ્ટિપણું પામીને, મોક્ષે જાય છે. મિથ્યાદૃષ્ટિ મોક્ષે ન જાય તેમ કહેવું નથી. પણ જીવ મિથ્યાદૃષ્ટિપણામાં મોક્ષે જતો નથી. સયોગી કેવળી એટલે મન, વચન, કાયાના વ્યાપારવાળો કોઇપણ કેવળી મોક્ષે ગયો નથી, જતો નથી, જશે નહીંઃ પ્રશ્ન કોણ કરે છે ? ગૌતમસ્વામિજી ખૂદ તેઓ આવો પ્રશ્ન કરે તે ક્ષમ્ય ગણાય ? પદાર્થના ખુલાસા કરવાની, અને શંકાના સમાધાન કરવાની દરેકને છુટ છે, વિતંડાવાદની મનાઇ છે. વિતંડાવાદીનો ઉદેશ તત્ત્વ જાણવાનો નથી, પણ તત્ત્વને બગાડવાનો-ડોહોળવાનો છે. પાડો પાણીમાં જઇને પાણી ડહોળી નાંખે છે, ન તો પોતે ચોખ્ખું પીયે, ન બીજાને પીવા માટે ચોખ્ખું રાખે.

સમજવા માટેનો પ્રશ્ન ક્ષમ્ય છે.

ગૌતમસ્વામિજીના પ્રશ્નનો ભગવાને ખુલાસો કર્યો કે - जावं चणं०

જ્યાં સુધી જીવ લગીર પણ કર્મ કરે, આંખની પાંપણ જેટલો પણ કંપે, મનની પણ ચંચળતા હોય, આત્માની જુદી જુદી અવસ્થા થતી હોય, ત્યાં સુધી એ જીવ કર્મ બાંધે જ છે. એક અગર યાવત્ આઠ પ્રકારનાં કર્મ બાંધે, અર્થાત્ ત્યાંસુધી જીવ બંધ વગરનો હોય જ નહીં. આ જીવને આઠ પ્રકારના કર્મો બંધાય છે, એ શા ઉપરથી માનવું ?

જીવ કર્મને શી રીતે ગ્રહણ કરે છે ?

શાસ્ત્રકારે કહ્યું તેથી માનવું કે કાંઇ તર્કના વિચારને સ્થાન છે. પહેલાં તો આત્મામાં રહેલી ચંચલતાને ધ્યાનમાં લો. છાપાં વાંચનારાઓને માલુમ હશે કે શારીરિક સ્થિતિના જાણકારો કહે છે કે શરીરમાં લોહી મિનિટમાં માઇલોના માઇલોને વેગે દોડી રહ્યું છે, અને આટલા વેગે દોડી રહેલા લોહીની સ્વાભાવિક ઉષ્ણતા આપણે જાણી શકીએ છીએ. આત્મા જોડે તૈજસ શરીર હંમેશાં રહે છે. માત્ર નાભિસ્થાનના આઠ પ્રદેશો સ્થિર છે, બાકી બધા અરઘટની પેઠે યા ખલખલતા પાણીની પેઠે ફર્યા કરે છે. લોહીની વાતના આધારે આ તૈજસ શરીરવાળા આત્માની ચંચલતાની વાત પણ મનાશે. આવા વેગવાળો આત્મા પુદ્ગલને જરૂર પકડશે. જે પુદ્ગલોને પકડે છે તે કર્મ છે. લીધેલા ખોરાકમાં જેવી રીતે જઠરાગ્નિના પ્રતાપે સ્વાભાવથી જ હવે વિભાગ થઈ જાય છે, તેવી રીતે કર્મપ્રદેશોને પણ જ્ઞાનાવરણાદિ વિભાગ પણ યોગથી મનવચન કાયાથી થઈ જાય છે, ને તેથી યોગને જ અંગે જેમ પ્રદેશબંધ લાગુ થાય છે. તેમ આ પ્રકૃતિબંધ પણ તે યોગથી જ થઈ જાય છે. પ્રદેશના સાત આઠ ભાગ પડી જાય છે. જ્યાં સુધી ચંચલતા (ચલાયમાનપણું) છે ત્યાં સુધી કર્મબંધ છે. આત્મામાં જ્ઞાનાવરણીય કર્મ બીલકુલ હોય નહીં તો બહારના પુદ્ગલો જ્ઞાનાવરણીયમાં પરિણમી શકે નહીં, આંગળી હોય તો આવતા આહારના પુદ્ગલનો ભાગ આંગળીને મળે, કપાઇ ગઇ તો પછી તે આંગળીને આહારનો ભાગ મળે નહીં, ખોરાકમાંથી પહેલાં હોય એમાં પોષણ મળે. પહેલાંનો નાશ થાય (ક્ષય પામે) તો નવું પોષણ થતું નથી. સત્તા અને ઉદયમાં જ્ઞાનાવરણીય હોય ત્યાં સુધી જ નવા જ્ઞાનાવરણીયનો ભાગ તેમાં મળે.

जं वेयइ तं बज्झइ જે વેદાય તે જ બંધાય. શરીરના જે ભાગમાં લોહી ફરે તે જ ભાગને પુષ્ટિ મળે, જેમાં લોહી ફરતું બંધ થયું તે ભાગને ભાગ ન મળે. જે કર્મ સત્તામાં ન હોય, વેદવામાં ન હોય, ત્યાં નવું કર્મ થતુ નથી, એટલે નવો ભાગ મળે નહીં. પ્રદેશની અપેક્ષાએ જેટલું કર્મ પહેલા ગુણસ્થાનકવાળો બાંધે તેટલું જ તેરમા ગુણસ્થાનકવાળો બાંધે, પણ વિભાગમાં તેરમા ગુણસ્થાનકવાળાના જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મ નાશ પામ્યા છે અને બીજા અઘાતી બંધાતાં નથી એટલે બધું કર્મ શાતાવેદનીયમાં પરિણમે છે. મન, વચન, કાયાના યોગોથી, ઔદારિક વિગેરે કારણોથી જીવને કર્મનો બંધ છે, તેમાં પ્રકૃત્તિ અને પ્રદેશ બંધ યોગથી થાય છે. સ્થિતિબંધ જે બીજો બંધ તે કષાયથી થાય છે, લોહી વધ્યું એટલે હાડકાં વધ્યાં, વિકાર વધ્યો, એ વાત થતા કાર્યથી સમજીએ છીએ, પણ લોહી કેમ થયું તે સમજાતું નથી. તેવી રીતે તેવાં જ્ઞાન દર્શન અને યથાખ્યાત ચારિત્ર ન થયાં હોય ત્યાં સુધી યોગથી વિભાગ કેવી રીતે પડયો એ પણ સમજી શકીએ નહીં. જ્યાં સુધી આત્મામાં ચલાયમાનપણું છે ત્યાં સુધી કર્મો બંધાવાપણું છે અને એ કર્મ છે ત્યાં સુધી મોક્ષ મળવાનો નહીં. એથી 'પ્રવૃત્તિવાળા કેવળી કોઇ કાળે મોક્ષે જતા નથી, એનું કારણ ?' એવું ખુદ ગૌતમસ્વામી ભગવાન શ્રી મહાવીરદેવને પૂછી શક્યા, સમજવાને માટે પ્રશ્ન કરવાની દરેકને છુટ છે, જેને ડહોળવું હોય તેને માટે છુટ નથી. સામાન્યતયા એમ કહેવાય છે કે મિથ્યાદૃષ્ટિ મોક્ષે ગયા, પણ તેઓ મિથ્યાત્વ છોડીને સમ્યગ્દૃષ્ટિ થયા ત્યારે જ મોક્ષે ગયા છે. તેવી રીતે સયોગીપણામાં કેવળી મોક્ષે જાય નહીં, કેમકે શાતાવેદનીયનો પણ બંધ તો છે ને ! જ્યારે બંધ થતો અટકે થાય ત્યારે જ મોક્ષે જવાય.

'वायाए, कायेणं' પણ કહ્યું, તથા 'मणेण ઇત્યાદિ એમ પણ કહ્યું, તો બંધ મોક્ષનું કારણ શું ?

જો મન એક જ બંધનું કારણ હોય, મન સિવાય બંધ થતો જ ન હોય તો 'वायाए कायेणं'

એ કહેવાની કાંઇ જરૂર હતી નહીં. છેવટે એક કાયાથી ન કરવું એના પણ પચ્ચખ્ખાણ, વ્યાજબી ગણ્યા. મન કેવળ સંજ્ઞી પંચેંદ્રિયને હોય છે ત્યારે શું બીજા એકેંદ્રિય વિગેરે કર્મ બાંધતા નથી ? સંમૂર્ચ્છિમ મનુષ્યને કર્મબંધ ખરો કે નહીં ? કેમકે સંમૂર્ચ્છિમ મનુષ્યને મન હોતું નથી. જો મન વગર કર્મનો બંધ ન જ માનીયે તો અનાદિનો સંસાર ક્યાંથી ? એકેંદ્રિય વિગેરે અહીં આવ્યા તે નિર્જરાથી, એને મન તો નથી, નિર્જરા શાથી થઇ ? કેવી રીતે થઇ ? જો મન એજ કર્મબંધમાં કારણ હોય તો હિંસાદિ પાપો વચન તથા કાયાથી છોડવાની પણ જરૂર નહીં ને ? કાયાથી થયેલી હીંસામાં પાપ નહીં? ત્યારે હવે કોઇ પૂછશે કે તો પછી એ શ્લોકની ઉત્પત્તિ થઇ કેમ ? मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः કાર્યના કારણોમાં જ્યારે બે પદાર્થ હોય ત્યારે હંમેશાં મુખ્યત્વ ગૌણત્વ એમ બે પદ આપવાં જ પડે. પ્રવૃત્તિ અને મન એમાં મુખ્યતા કોને આપવી? 'મનઃ' પાસે 'એવ' કાર અર્થાત્ 'જ' કાર કેમ મૂક્યો ? સિદ્ધ થયું કે બીજી વસ્તુ ત્યાં છે તો ખરી, પણ એને ખસેડવી છે. જો બંધ મોક્ષમાં બીજી વસ્તુ સામેલ ન હોત તો 'એવ' કાર મૂકવાની જરૂર નહોતી, મન એજ જો બંધ મોક્ષનું કારણ હોય તો મન (વિચાર) જેવી અધમ વસ્તુ જગતમાં નથી. બકરીઇદના દિવસે જેઓ બકરીઓ મારે છે, તેમાં પણ તેઓના વિચાર ધર્મના જ છે, તો એ બધા તરી જવાના કે કેમ ? અનાચારીઓ, હિંસકો ધર્મને નામે હિંસાદિ અને અનાચાર પ્રવર્તાવે છે, એને ધર્મી ગણવા ? શું કાશીમાં કરવતમાં ધર્મ ? સતી થવાના નામે બાઇઓને ચિતામાં બાળી મૂકવી એ ધર્મ ? આમાં ધર્મ મનાવાય છે તો માનવો ? ગાય કે બકરીની હત્યા પણ તેઓ ધર્મના મુદ્દાથી કરે છે, તો શું કર્મનો બંધ ન થાય ? પ્રાચીનકાલમાં ચોરને કેદની સજા નહોતી થતી પણ એને સીધો ફાંસીના લાકડે ચઢાવી દેતા હતા. હવે ચોરોના સિદ્ધાંત સાંભળો તો તેઓ સીધા રસ્તે પ્રવર્તેલા છે એમ લાગશે. ચોરો શું કહે છે. "અમે લોકોને ગફલતથી સાવચેત રાખીએ છીએ. તમે લોકોને વચનથી સમજાવીને હુશીયાર કરો છો પણ અમે તો જીવનના ભોગે ચોરી કરીએ છીએ, અને તો જ લોકો સાવધ રહે છે. આવી શિક્ષા ભોગવીને પણ અમે જગતને જાગતું રાખીએ છીએ" આ ચોરને ઉપકારી માનવાને ? જો બંધ અને મોક્ષનું કારણ મન જ હોત તો પછી ધર્મના વિચારથી હિંસાદિ કરનારા આવા હિંસકો, ચોરો વિગેરે પણ મોક્ષે જાત. બંધ મોક્ષનાં કારણ વિચાર અને પ્રવૃત્તિ (એટલે મન અને વર્તન) બેય માન્યાં છે. એ શ્લોકમાં 'એવ' કાર મુકવાથી બીજી ચીજ છે એ તો ખરૂં, પણ એને ખસેડવાની જરૂર શી ! વિચાર તથા વર્તન, સારા કે નરસા, એક સરખા એ બે શરૂ કર્યા હોય, એમાં આકસ્મિક સંયોગે વર્તન કે વિચાર પલટાય તો તેમાં બંધ કોને આધારે માનવો ? તપસ્વી સાધુને મમ્મણના જીવે આગલા ભાવમાં કેસરીયા મોદક વહોરાવ્યા હતા, એ વખતે વિચાર વર્તન સરખાં હતાં, વહોરાવ્યા પછી પોતે મોદક ખાધા અને પછી વિચાર પલટાયો કે - 'આવો મોદક મેં આપી દીધો?' શુદ્ધપરિમાણમાં અશુદ્ધિ દાખલ થઈ. દૃઢપ્રહારી ચોર બ્રાહ્મણને ત્યાં ચોરી કરવા ગયો. બ્રાહ્મણને ગાયને છોકરાને અને સ્ત્રીને માર્યા. અહીં વિચાર તથા પ્રવૃત્તિ સરખી રીતે ખરાબ છે, પછી વિચાર પલટાયો, વર્તન નથી પલટયું, અશુદ્ધ વિચાર શુદ્ધ થયો, આ પલટો નકામો ગણવો કે કેમ ? તાત્પર્ય એ કે મન અને વર્તન સરખાં હોય અને આકસ્મિક સંયોગે મન કે વર્ત્તનનો પલટો થઈ જાય તો ત્યાં બંધ મોક્ષનો આધાર મન પર (વિચાર પર) છે. એક મનુષ્ય વાળાના દરદથી કંટાળી ગયો છે. કોઇ પાસે મરવા માટે ઝેર માંગ્યું, અથવા દ્વેષથી કોઇએ એને ઝેર આપ્યું. એ ઝેરના યોગે શરીરમાંથી વાળ નીકળી ગયા, પછી એવી દવા મળી ગઇ તેથી કે

સ્વાભાવિકપણે ઝેર ઉતર્યું અને એ બચી ગયો. હવે રક્ષક દવા આપનાર કે ઝેર આપનાર ? ઝેર દેનારની ક્રિયા અનુકૂલ ભલે પડી ગઈ પણ મન ક્યાં હતું ? આકસ્મિક સંયોગોમાં મન તથા વર્તનમાં ફેરફાર થાય ત્યાં બંધ મોક્ષનો આધાર મન પર સમજવો. આ ઉપરથી એમ પણ નહીં સમજવાનું કે વિચાર સુધારવા અને વર્તન ગમે તેમ રાખવાનું કહ્યું. વર્તન સાથે વિચાર જરૂર સુધારો !

મનમાં વિચારો પણ ક્યાંથી આવે છે ?

મન પણ વર્તન ઉપર જાય છે, જીંદગીમાં નહીં સુંઘેલ, નહીં દેખેલ પદાર્થનો કોઇ વિચાર કદી આવે છે ? નહીં, સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ આ પાંચના જ વિચારો આવે છે. ખરો આત્મામાં રંગ કરનાર તો ઇંદ્રિયો છે, જ્યારે મન તો રોગોનું રૂપ છે. તંદુલીયામત્સ્યને રસનાનો વિચાર ન હોત તો સાતમીનું આયુષ્ય ક્યાંથી બંધાત ? ત્યાં ઇંદ્રિયે ચિત્રામણ કર્યું છે, મને એને મજબુત બનાવ્યું છે, પાંચે ઇંદ્રિયોમાં રસનાને જીતવી વધારે કઠીન છે, કેમકે બાકીની બધી ઇન્દ્રિયોનો આધાર રસના ઉપર છે. બીજી ઇંદ્રિયોથી ધર્મ કરવામાં જેટલી આડખીલી નડે છે તેના કરતાં સેંકડો ગુણી આડખીલી રસનાથી નડે છે. સંકલ્પો ઇંદ્રિયોના વિષયો સિવાય થતા જ નથી. રસનાથી લીધેલા ખોરાકનો જેમ વિભાગ પડે છે, તેવી રીતે આત્માએ લીધેલા કર્મપુદ્ગલોના વિભાગ ઇંદ્રિયોના વિષયોના વિચારો આદિથી છે, પડે સાતથી આઠ કર્મોના વિભાગ પડે છે. આ જીવ આવી રીતે દરેક ભવમાં કર્મ બાંધે છે. જેમ ઉંદરનું કરડવું ફૂંકી ફૂંકીને થાય છે તેથી મનુષ્ય જાગતો નથી, તેમ આ જીવને દરેક કુટંબકબીલો વિગેરે બાહ્ય (પૌદ્ગલિક) પદાર્થો સુખરૂપ ભાસવાથી એમાં એ પ્રવર્તે છે, પણ સરવાળે શૂન્ય રહે છે. ખાતાવહી મોટી પણ સરવૈયામાં બંન્ને બાજુ મીંડાં? દરેક જન્મમાં આવી શૂન્ય પરિણામવાળી ખાતાવહી કેમ કરી ? અનાદિકાલથી સુખની ઇચ્છા છતાં સુખના આભાસમાં કેમ પ્રવર્ત્યો ? એ બધું તપાસાય, વિચારાય, અને ભૂલેલી દિશા પલટાય તો કામ થાય.

(જુઓ ૧૧૬ પાનાનું અનુસંધાન)

ખરો ? કહેવું જોઈશે કે જ્યાં સુધી આરંભપરિગ્રહમાં રહેલો હોય છે ત્યાં સુધી ધર્મકથા આદિના પ્રસંગે તે અબ્રહ્મ અને પરિગ્રહને અનિષ્ટ અને પાપસ્થાનક તરીકે સાચા મનથી કહે છે ગણાવે છે અને ગણે છે, છતાં તે અબ્રહ્મ અને પરિગ્રહના પ્રસંગ વખત એક રૂંવાડે પણ અનિષ્ટતા ભાસતી નથી. જો કે તે જ ગૃહસ્થ સમ્યક્ત્વને પ્રભાવે આશ્રવાદિને માનવાવાળો છે, પણ તેની વિચિત્ર પ્રવૃત્તિને લીધે તે મોહાધીન થઈ જાય છે, અને તેથી તે હિંસાદિક પાપોને પાપ તરીકે માનવાની હકીકત પોથીમાંના રીંગણાં જેવી કરી નાંખે છે. વિચાર કરનાર દરેક સદ્ગૃહસ્થનું વિચાર કરશે તો સ્પષ્ટ માલમ પડશે કે જે જે પરસ્ત્રીવિરતિ આદિના નિયમો છે તે પાપોથી તે સદ્ગૃહસ્થનું જેવું ચિત્ત ઉદ્વેગવાળું રહે છે, તેવું સામાન્ય પાપથી રહેતું નથી. આ વિચારવાથી સ્પષ્ટ થશે કે શાસ્ત્રકારો જે કારકનામનું સમ્યક્ત્વ અપ્રમતગુણવાળા સાધુઓને જ ગણે છે તે ખરેખર વાસ્તવિક જ છે. રોચકસમ્યક્ત્વમાં પણ તે હિંસાદિકનો પરિહાર ન કરે તો પણ તેની માન્યતા તો હિંસાદિકને હંમેશાં પાપ તરીકે માનવાવાળી જ રહે અને તેથીજ તે રોચક સમ્યક્ત્વવાળો છતાં પણ હિંસાદિકની પ્રવૃતિવાળાને દેવતરીકે અગર ગુરૂ તરીકે માનતો નથી. પણ અઢારે દોષો કરીને રહિત એવા જ દેવને દેવ તરીકે માને છે, તથા હિંસાદિક પાંચ પાપોથી વિરમેલાને જ ગુરૂ તરીકે માને છે, આ વાત સમજવાથી સ્હેજે સમજાશે કે સમ્યક્ત્વપામવાની સાથે જ અઢારે પાપસ્થાનોને વોસિરાવવાની દેશના હોય અને તેથી શાસ્ત્રકારો પહેલી દેશના સાધુપણાની જણાવે છે.

શ્રાવક ગુણોનો સમન્વય

ગતાંક પાના ૮૬ થી ચાલુ

સમ્યક્ત્વને શ્રાવકપણું ક્યારે કોણ અને કેવા મનુષ્ય લે ?

યાદ રાખવાની જરૂર છે કે સમ્યક્ત્વ ધર્મવાળો જીવ જરૂર જીવાદિતત્ત્વોની શ્રધ્ધાવાળો હોય છે અને તેથીજ શાસ્ત્રાકારો तत्तत्थ सद्दहाणं अथवा तत्वार्थश्रद्धानं सम्यग्दर्शनं। એમ જણાવે છે. જીવાદિતત્ત્વોને જે મનુષ્ય ન જાણતો હોય અને માત્ર શ્રીજિનેશ્વરમહારાજે કહેલું તત્ત્વ એજ તત્ત્વ છે એમ માને અથવા તે જ સાચું અને નિશંક છે કે જે જિનેશ્વરમહારાજા નિરૂપણ કરેલું છે, એવું જે ધારતો હોય તો તેને શ્રીહરિભદ્રસૂરિજી પંચવસ્તુમાં દ્રવ્યસમ્યક્ત્વ તરીકે જણાવે છે. વળી અન્યસ્થાને તો જીવાદિતત્વોને ઓધે માને છતાં જો તેના સત્પદ આદિ દ્વારો ન જાણે તો તેને દ્રવ્યસમ્યક્ત્વવાળો ગણે છે. અર્થાત્ ભાવસમ્યક્ત્વ અથવા વાસ્તવિકસમ્યક્ત્વ તેવા જીવોને જ હોય છે કે જેઓ સદાદિદ્વારોવડે જીવાદિતત્વને માનનારા હોય. જો કે વ્યવહારથી અરિહંતભગવાનને દેવ તરીકે પંચમહાવ્રત પાલક શુધ્ધ સાધુને ગુરૂ તરીકે અને શ્રીજિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલ ક્ષાંતિ આદિ દશપ્રકારના શ્રમણ ધર્મને ધર્મ તરીકે માનનારને સમ્યક્ત્વવાળા તરીકે ગણવામાં આવે છે, પણ જીવાદિ જ્ઞાનના પરિણામે તે તે દોષોને દોષો તરીકે માનનાર થવાથી આપો આપ તત્ત્વત્રયીને રત્નત્રયીની વાસ્તવિક શ્રધ્ધા થાય છે, પણ શ્રધ્ધા એ વ્યવહારની ચીજ ન હોવાથી અરિહંતોમહદેવો આદિ તત્વત્રયીની શ્રધ્ધાને સમ્યક્ત્વ કહેવાય છે, પણ વાસ્તવિક રીતે તો હિંસાદિક પાપસ્થાનોને પાપસ્થાન તરીકે માનવામાં જ સમ્યક્ત્વ છે. અર્થાત્ અનાદિકાલથી દરેક જીવને વિષયકષાય અને આરંભપરિગ્રહનું ઈષ્ટપણું હોવાથી તેઓને હિંસાદિક પાપોને પોતાના ઈષ્ટ એવા વિષયાદિના સાધન તરીકે ગણવાનું થતું હતું. તે જ હિંસાદિક અઢાર પાપસ્થાનેકોને હવે સાચી શ્રદ્ધાથી અનિષ્ટ તરીકે અને પાપ તરીકે માને.

હિંસાદિક પાપોને પાપતરીકે માનવામાં મુશ્કેલી

આ વાત તો સ્હેજે સમજાય એવી છે કે દરેક મનુષ્ય જ્યારે કાર્યને ઈષ્ટ તરીકે ગણે ત્યારે તે તેના કારણને ઈષ્ટ તરીકે જ ગણે છે. અર્થાત્ જ્યાં સુધી કામરાગ આદિ વિકારોની અનિષ્ટતા ન થાય, એટલું જ નહિં પણ ઈષ્ટ તરીકે લાગે, ત્યાં સુધી તે કામરાગ આદિના સાધનભૂત હિંસાદિ પાપસ્થાનોને ઈષ્ટ ગણ્યા વિના રહેજ નહિ તો પછી તે હિંસાદિકને અનિષ્ટ ગણવાનો અને તેનાથી દૂર રહેવાનો તો વાસ્તવિક પ્રસંગ આવે જ શાનો ? આ વાત તો અનુભવ બહાર નથી કે એકલા સમ્યક્ત્વવાળા ગણાતા તો શું ? પણ જેઓ બાર વ્રતોને ધારણ કરનારા ગણાય છે તેઓને પણ પ્રથમ વખત અથવા બીજી વખત પણ વિચાર થાય ત્યારે એક રૂંવાડે પણ શું અનિષ્ટતા લાગે છે ? અથવા પોતાના વ્યાપાર પ્રસંગે બે પૈસાનો લાભ થાય ત્યારે પણ એક અંશે પણ અનિષ્ટતા લાગે છે ? અને એમ થાય છે કે આ જીવને પાપનો પ્રસંગ પ્રચંડ થયો એટલું જ નહિં. પણ રાજી થયા વગર રહે છે.

(જુઓ અનુસંધાન પાનું ૧૧૫)

સમાલોચના

૧ શ્રી ભગવતીજી સૂત્રના અન્ત્યભાગની બે ગાથા ગણધરકૃત અને ત્રીજી જ અનિયમિત એમ ઠરાવવાનો લેખ ફલીભૂત ન થયો તેના પછાડા ખોટા ન મારો. શ્રી અભયદેવસૂરિજી ભગવાન સુધર્મસ્વામી કે શ્રી દેવર્ધિક્ષમાશ્રમણને લેખકગણે એ કલ્પનાની જ બલીહારી છે. વિશેષ ખુલાસા રૂબરૂ. (હીરાલાલ)

૧ જો તમારા પ્રભુ અને ઉ૦ ક્ષમાવિજયજી તમોને જાહેર રીતે પ્રતિનિધિ તરીકે નીમે તો તમોને ફાગણસુદમાં પાંચ આચાર્યની હાજરીમાં ઉત્તર અપાશે. પરંપરા ખોટી તમારે ઠરાવવાની છે. તે ધ્યાનમાં રાખવું.

૨ તિથિ ક્ષયવૃદ્ધિનો પાઠ द्वादशमासानां मध्ये षट् तिथयो न्यूना अपि, अधिका न भवन्ति અર્થાત્ કર્મમાસમાં જૈનોના ટીપ્પણાને અનુસારે બાર માસમાં છ તિથિઓ ન્યૂન પણ હોય, પરંતુ અધિક ન હોય, ધ્યાન રાખવું કે અવમરાત્ર ચંદ્ર અને કર્મમાસને અંગે છે, અધિક-અતિરાત્ર તો ચંદ્ર, સૂર્યમાસને અંગે છે. પણ કર્મમાસને અંગે નહિં, અતિરાત્ર જો કર્મમાસમાં લે તો યુગમાં બે માસ વધવાના રહે નહિં.

૩ तेरसि सहियं न पक्खियं होइ એ ગાથા અને એવી બીજી ગાથાઓ પુનમીયામતવાળાએ કલ્પીને જ્યોતિષકરંડકમાં ઘાલી દીધી છે, એનો પણ જેને ખ્યાલ નથી તેવા મનુષ્ય ચતુર્દશીના ક્ષયે તેરસે પક્ખી કરનારને વખોડે અને વૈયાકરણપાશ કહે એમાં નવાઇ શી ?

૪ એ લેખ ઉપરથી જ સાબીત થાય છે કે તે વખતે વિદ્વાનો તો પૂનમની ક્ષયે તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ જ કરતા હતા. તેઓ વ્યાકરણ પ્રમાણે અર્થ જ કરનારા હોવાથી નોઘડદાશ વૈયાકરણપાશ કરીને નવાજ્યા છે.

૫ આશ્ચર્યની વાત છે કે પ્રત્યાખ્યાન માત્રને અંગે તિથિના ઉદય કે સમાપ્તિ માની તેરસે અને પડવે પૂનમ માનવા તૈયાર થવાય છે.

૬ બે સાથે પર્વતિથિઓ ન હોય તે પ્રસંગનું લખાણ બે સાથે પર્વ હોય તેની ચર્ચામાં જોડાય નહિં.

૭ तस्या अप्याराधनं કહે છે तयोराराधनं નથી કહેતા. તેરસે પૂનમ તપ કે ચૌદશે એ બેમાંથી એકનો નિશ્ચય કરાશે. તો અસ્તોવ્યસ્ત કે વિતંડાવાદ નહિ કહેવાય.

૧ જૈનશાસ્ત્ર પ્રમાણે તિથિ કે પર્વતિથિની વૃદ્ધિ થાય છે એવી માન્યતા છે નહિં અને હતી પણ નહિં. જુઠાં હાંકવાની ટેવની હદ કઇ? શ્રીમાન્ કલ્યાણવિજયજીએ પણ ક્ષયની જ વાત લખી છે. અને લૌકિક ટીપ્પણાથી ક્ષયને વૃદ્ધિ બન્ને મનાય છે, ને તેથી જ ભીંતીયામાં તેવે પ્રસંગે પૂર્વની અપર્વતિથિનો ક્ષય અને વૃધ્ધિ કરાય છે. જૈનશાસ્ત્ર અને પરંપરાથી તમારાં ટીપ્પણાં ખોટાં અને લોકોને ધર્મારાધનમાં ભમાવવાના કાર્ય સિવાય બીજું કાર્ય કરનારાં નથી. (જૈનપ્રવચન)

૧ પર્વતિથિના ક્ષયે પ્રથમની અપર્વતિથિનો ક્ષય અને વૃધ્ધિએ પૂર્વની અપર્વ તિથિની વૃધ્ધિ કરાય છે. અને તે મુજબ જ શ્રી સંઘ માને છે. ને કહે છે, જેઓને તે વિરૂધ્ધ લાગતું હોય તે શાસ્ત્રાર્થથી સભાદ્વારા નક્કી કરે, તો પછી શ્રી સંઘને વિચાર કરવાનો રહે. પંચાંગોની હાલ જરૂર નથી. (મુંબઈ, સુરત)

૧ સંવત ૧૧૩૦ અથવા ૩૪માં અભયદેવસૂરિજી મહારાજ કાલ કરી ગયા હતા, તેઓએ પોતાની પાટે તો શ્રી વર્ધમાનસૂરિજીને થાપ્યા પણ હતા. ૧૧૬૮માં તો જિનવલ્લભ ફર્ચપુરી શ્રી જિનેશ્વનરને પોતાના ગુરૂ જણાવે છે. છતાં પાટનો સંબંધ જોડાય છે તે વિચારવું. મહારાજ આત્મારામજીએ સંવેગિપણામાં સાધુસંતતિના ક્ષસ્કંધ શ્રી બુઢ્ઢેરાયજીમહારાજને જ ગુરૂ ભણ્યા છે અને કહ્યા છે.

૨ सावयधम्मो य वुच्छिन्नोते ગાથા માનનારે તીર્થોદ્ધારપયન્નો શુદ્ધવૃત્તિથી જોવો. હાલ અવધિજ્ઞાનવાળા ન દેખાય તેથી અવધિનો વ્યુચ્છેદ કહેનાર શાસ્ત્રાનુ સારી તો ન જ હોય.

૩ શ્રી અભયદેવસૂરજિના શ્રાવકની પ્રતિમાવહનને નિયત કરવાની વાતમાં પોતાની પરંપરા લગાડનાર शुक्र उवाच ની પરંપરા તપાસે. (જયપુર-કવીન્દ્ર)

૧ જૈનપ્રવચને વ્યવસ્થાપક દ્વારા જુઠી અને કલ્પિત વાતો માટે લખવા માંડયું છે, તેની ખરી સમાલોચના તે અધિકાર પૂરો થશે ત્યારે થશે માટે ત્યાં સુધી વાંચકોએ અભિપ્રાય બાંધવો નહિ, ચોમાસામાં ભાવિતઆત્મા શ્રાવકાદિને દીક્ષા આપવાના પાઠો સ્પષ્ટ છે.

૨ गर्भाष्टम એવો ચોક્ખો પાઠ ન માનવો जन्माष्टम અર્થ કલ્પવો કે अष्टम નો આઠમું એવો અર્થ ન કરતાં પૂર્ણ આઠ અર્થ કરવો, તે સ્પષ્ટ જુઠું છે. છાણીમાં પણ रेखास्थ અને પૂર્ણ વિશેષણથી અષ્ટમનો અર્થ આઠમું માનવું પડયું હતું. અર્થ કબુલ કર્યો અને કાર્ય નહિ કરવાની આજીજી જેવી હાલત થઈ પણ માન્ય ન થઈ એ સાચું માનવું સારૂં છે.

૩ આવશ્યકચૂર્ણિ વગેરેમાં અવન્તીસુકુમાલ અને સહસ્ત્રમલ્લની તથા ગ્રન્થોમાં સિદ્ધર્ષિઆદિની રાતે દીક્ષા થયેલી સિદ્ધ છે.

૪ ग्रामचिंतक નો અર્થ રાજા તરફથી રહેતો ગામનો સંભાળનાર નોકર છે, ને રાજા એવો અર્થ તો પ્રવચનકારે ઠસાવી દીધો. ખરી રીતે ચર્ચા અનાદિથી પરોપકારની છે.

૫ તત્ત્વરંગિણીમાં પર્યુષણાની ચતુર્થીના ક્ષયે ત્રીજ કરાય પણ પાંચમ ન કરાય એ ચોક્ખું છે ને જણાવેલ પણ છે. પાંચમ અને ચોથનો ક્ષય ન થાય ત્યારે ત્રીજનો થાય એ એ વાક્યથી ચોક્ખું જ છે.

૨ તત્ત્વરંગિણીમાં પૌષધને અંગે તિથિની ચર્ચા શરૂ થઈ છે એ જોવાથી જ જણાય છે. અને તેથી બે પૌષધ એક દિવસે નહિં થાય એ કથન યોગ્ય જ છે. અને તેથી પૂનમ ક્ષયે તેરસેને ચૌદશે જ ચૌદશ અને પૂનમના પૌષધ થાય. (વીરશાસન)

૩ તત્ત્વરંગિણીમાં પર્વક્ષયે પૂર્વની અપર્વ તિથિ તો વિશેષ કારણે જ બોલવાની કહે છે. સોના જેવી પર્વતિથિને ગણીને ઇતર ધાતુ જેવી મૂલ અપર્વતિથિ કહે છે.

(ગતાંકથી ચાલુ)

થોડા કે ઘણા, મેલ કે ચોકખા પાણીએ કે કદાચિત લાવેલા પાણીના નાશથી પાણીના અભાવે શૌચ કરવાનો પ્રસંગ આવે તો તેઓ નિંદા કરે, તેઓના કદાચધર્મને સન્મુખ પરિણામ થયેલા હોય તો તે પણ બદલાઈ જાય અને શંકા વિગેરે દોષો થાય, નપુંસક અને સ્ત્રીમાં પણ ગ્રહણ કરવા વગેરેના જે દોષો થાય તે સમજવા. દુષ્ટ તિર્યંચો ઘા કરે, નિર્દિત તિર્યંચોમાં લોકોને શંકા વિગેરે થાય, જેવી રીતે આપાતનો અધિકાર ભેદપ્રભેદ સાથે કહ્યો, તેવી રીતે તિર્યંચોને છોડીને મનુષ્યનો સંલોક પણ દોષવાળો સમજવો. મેલા પાણીથી કે પાણી નહિં હોવાથી પુરૂષના આલોકવાળા સ્થાનમાં પણ દોષ થાય છે. નપુંસક અને સ્ત્રીમાં પણ એજ દોષો થાય છે. મોટા અને વિકારવાળા ચિહ્નમાં મૂર્ચ્છા થાય છે, તે માટે જ કહે છે કે ત્રીજામાં આપાતનો દોષ, બીજામાં સંલોકથી થયેલા દોષ અને પહેલામાં એક્કે પ્રકારનો દોષ નથી, માટે તેવા અનાપાત અને અસંલોકવાળા સ્થાને વિધિથી જવું. આત્મા, શાસન અને સંજમ એવી રીતે ત્રણ પ્રકારનો ઉપઘાત જાણવો. તેમાં બગીચામાં સ્થંડિલ જતાં પિટ્ટન વિગેરેનો ઉપઘાત, જાજરૂમાં સ્થંડિલ જતાં અશુચિનો ઉપઘાત, અને અગ્નિવાળામાં સંયમનો ઉપઘાત જાણવો. વિષમ જમીન હોય તો ધસી પડવાથી આત્માને નુકસાન અને નીચેના ભાગમાં ઉથલી પડતાં વિષ્ઠામાં પડવાથી ધોવા વગેરેમાં પણ છએ કાયાની વિરાધના, પોલાણમાં વિંછી આદિનો ઉપદ્રવ તેમજ સ્થંડિલ, માતરાના આક્રમણથી તેમાં રહેલ ત્રસ વિગેરેની પણ વિરાધના થાય. કુંભાર ચુનાવાળા વગેરેની ભટ્ટીઆદિકથી જે ઋતુમાં જે ભૂમિ અચિત્ત થઈ હોય તે ઋતુમાં તે ભૂમિ અચિરકાલકૃત કહેવાય અને બીજી ઋતુમાં તે ભૂમિ ચિરકાલકૃત કહેવાય. ગામ વિગેરે જ્યાં વસ્યું હોય ત્યાં બાર વરસ સુધી અચિરકૃત કહેવાય. ચારે બાજુએ એક હાથ લાંબુ તે જઘન્યવિસ્તીર્ણ અને બાર જોજન પ્રમાણ સ્થંડિલ તે ઉત્કૃષ્ટ વિસ્તીર્ણ કહેવાય, જઘન્યથી ચાર આંગળ છેટું તે જઘન્ય દૂરાવગાઢ કહેવાય, મકાન વિગેરેની નજીકમાં સ્થંડિલ કરવા તે દ્રવ્યાસન્ન કહેવાય અને તેમાં સંયમ અને આત્માની વિરાધના થાય, અને સ્થંડિલની ઉતાવળ થાય તે રૂપભાવાસ ન કહેવાય, તેમાં આત્મા, પ્રવચન, અને સંજમ એ ત્રણેની વિરાધના થાય. બિલવાળી જમીનમાં આત્મા અને સંયમવિરાધનાના દોષ છે, અને ત્રસ અને બીજમાં પણ તે જ દોષો છે. એ દશ પદોના બે આદિ સંયોગથી મુળ ભેદ કરતાં અધિક દોષો જાણવા હવે સ્થંડિલ જવાનો વિધિ કહે છે.

દિસિ ૪૨૫, **उत्तर** ૪૨૬, **संसत्त** ૪૨૭, **आलो** ૪૨૮, **उव** ૪૨૯, પૂર્વ દિશા ઉત્તર દિશા, પવન, ગામ અને સૂર્યને પુઠ નહિં કરીને તેમજ જેને સ્થંડિલમાં કીડા પડતા હોય તે છાયાવાળી જગ્યાએ ત્રણ વખત પ્રમાર્જન કરીને **जस्सुगडो** એમ કહીને સ્થંડિલ વોસરાવે અને શુદ્ધિ કરે. તેમાં ઉત્તર અને પૂર્વ એ બે દિશાઓ પૂજ્ય છે માટે તેને પુઠ ન કરવી. રાત્રિએ નિશાચરો દક્ષિણ દિશામાં આવે છે, માટે રાત્રિએ તે દક્ષિણ દિશા બાજુ પુઠ ન કરવી. પવનને પુઠ કરવાથી નાકમાં ખરાબ ગંધ આવે અને તેથી નાકમાં હરસનો રોગ થાય, માટે પવનને પુઠ ન કરવી અને સૂર્ય અને ગામને પુઠ કરવાથી લોકો નિંદા કરે, માટે પૂર્વાદિકને પુઠ વર્જવાનું કહ્યું છે. કીડા આદિ જીવવાળો સ્થંડિલ જેને થતો હોય તે

ઝાડમાં બહાર નીકળેલી એવી ઝાડની છાયામાં વોસરાવે, અને છાય ન હોય તો વોસરાવીને બેઘડી તેમને તેમ પોતાના શરીરની છાયા કરીને રહે કે જેથી તે જીવો છાયામાં રહ્યા થકા પોતાની મેળ જ પોતાનું આયુષ્ય પુરૂં કરે, સ્થંડિલ જવામાં ઉંચે, નીચે, અને તિર્છું દેખે પછી ગૃહસ્થ ન હોય તે પગ પૂજે અને અવગ્રહ માગીને વિધિથી તે જગ્યા પડિલેહે, સ્થંડિલ જતી વખત ડાબી સાથળ ઉપર ઉપકરણ (દાંડો અને ઓઘો) રાખે, અને જમણા હાથમાં પાણીનું ભાજન રાખે અને પછી તે જ જગ્યાએ કે બીજી જગ્યાએ ડગલથી શુદ્ધ કરી નજીકમાં ત્રણ ચોગળા પાણીથી ધોવે ॥ હવે સ્થંડિલની વિધિમાં અપવાદ જણાવે છે.

પઢમા ૪૩૦, તેણ ૪૩૧, તેણ ૪૩૨, તત્તો ૪૩૩, પૂર્વે કહેલા અનાલોક આદિ દશગુણવાળા સ્થંડિલની જગ્યાની બાબતમાં જો અનાલોક અને અસંપાતવાળી જગ્યા ન મળે તો જુદી સામાચારીવાળા, અસંવેગી અને ગૃહસ્થોના આલોકવાળા સ્થાને જવું, પણ ત્યાં દરેક સાધુએ જુદું જુદું પાતરૂં રાખવું, નક્કી હાથ પગ ધોવા અને તેમાં વળી ગૃહસ્થોનો આલોક હોય તો પાણી પણ વધારે લેવું, તેવી પણ જગ્યા ન હોય તો અશૌચવાદી પુરૂષના આપાતવાળી જગ્યાએ જવું, તે પણ ન મળે તો સ્ત્રી અને નપુંસકના આલોકવાળી જગ્યાએ જવું, પણ આલોક થતો હોય તે તરફ પુઠ કરીને બેસવું, અને હાથ પગ ધોવાની વિધિ પહેલાંની પેઠે કરવી.

તે પણ ન મળે તો, પુરુષ નપુંસક અને સ્ત્રી સહિત તિર્યંચના આપાતવાળે સ્થાનકે જવું, પણ ત્યાં નિંદિત અને દુષ્ટચિત્તવાળા જાનવરોનો આયાત છોડવો, પછી સ્ત્રી અને નપુંસકમાં આગલ જણાવેલ પ્રાકૃત આદિ ત્રણ પ્રકારના અશૌચવાદી લેવા, પણ ત્યાં બોલતાં બોલતાં અને ઉતાવળથી જવું, અને હાથ પગ ધોવા, હવે સાંઝના પડિલેહણ અને પડિકમણાથી પહેલાનો વિધિ કહે છે.

सण्णाइ ૪૩૪, पुव्वु ૪૩૫, पडि ૪૩૬, तत्तो ૪૩૭, पट्टग ૪૩૮, तस्स ૪૩૯, चउ ૪૪૦, अहि ૪૪૧, एमेव ૪૪૨, इत्थेव ૪૪૩, कालो ૪૪૪

સ્થંડિલથી આવેલો સાધુ ચોથો પહોર થયો જાણીને ઉપકરણની પડિલેહણા કરે. ચોથો પહોર ન બેઠો હોય તો સ્વાધ્યાય કરે. આજ ગ્રંથમાં પહેલાં જે સવારના પડિલેહણનો વિધિ કહ્યો છે તે જ વિધિ સાંજના પડિલેહણનો પણ જાણવો, પણ જે જુદાપણું તે સંક્ષિપ્તે હું કહું છું.

પડિલેહણ કરનાર બે પ્રકારના હોય છે. એક ખાનારા અને બીજા તે સિવાયના એટલે ઉપવાસવાળા, એ બન્ને પ્રકારવાળાને મુખવસ્ત્રિકા અને સ્વકાયની પહેલી પડિલેહણા હોય છે, પછી આચાર્ય અણશણવાળો, માંદો, અને નવદીક્ષિત જે સાધુ હોય તેની ઉપધિની પડિલેહણ કરે. તે પછી ગુરુને પૂછીને પાત્ર અને માત્રકની પડિલેહણ કરે, પછી તેમજ ગુરુઆદિકની આજ્ઞા લઈને પોતાની ઉપધિ શેષપાત્ર વસ્ત્ર અને પડિલેહવે. અને ભોજન કરનારો ઓઘાનું પડિલેહણ કરે, જે સાધુને જ્યારે પડિલેહણ પૂરી થાય ત્યારે તે સાધુ ભણવાનો, આવૃત્તિ કરવાનો, કે બીજો કોઈ વ્યવસાય પ્રયત્નથી કરે. પછી ચોથેભાગે ન્યૂન ચોથી પોરસી થાય ત્યારે કાલનું પ્રતિકમણ કરે, તેમાં પહેલાં સ્થંડિલ અને માતરાના ચોવીસ સ્થાનો

પડિલેહે . ઉપાશ્રયની અંદર નજીક, મધ્ય અને દૂર એમ ત્રણ ભૂમિ સહન કરનાર એટલે મધ્યમ શંકાવાળાની અપેક્ષાએ ત્રણ સ્થંડિલ માટે એવી જ રીતે સહન ન કરનારની અપેક્ષાએ ત્રણ સ્થંડિલ માટે ત્રણ ભૂમિ એવી જ રીતે સહન ન કરનારની અપેક્ષાએ પણ ત્રણ સ્થાને, એટલે તે આસન્નઆદિ બે બે કરતાં છ પડિલેહણા થાય, સ્થંડિલની માફક જ માતરામાં પણ બાર થવાથી સ્થંડિલ ભૂમિના ચોવીસ ભેદ થયા, તેમજ કાલ પડિલેહવાની ત્રણ ભૂમિઓ હોય, એકંદરે સત્તાવીસ પડિલેહણ થયા પછી સૂર્ય અસ્ત થાય, તે વખત સ્વાધ્યાય વિગેરેમાં ઉપયોગવાળા સારા સાધુઓને જણાવવા માટે ગીતાર્થ સાધુ આ પ્રમાણે જાહેર કરે : કાલગ્રહણવિધિ, ગોચરી, સ્થંડિલ, વસ્ત્રપાત્રની પડિલેહણ, એ બધું હે સાધુઓ ! સંભાળી લો, અથવા જે બાબતમાં અનુપયોગ થયો હોય તે સંભારી લો. આટલું થયા પછી પ્રતિક્રમણ કરાય તેનો વિધિ કહે છે :

जइ ૪૪૫, सेसा ૪૪૬, जो हुज्ज ૪૪૭, हत्थ ૪૪૮, आय ૪૪૯, जा ૪૫૦, मुह ૪૫૧, संवेग ૪૫૨, नमु ૪૫૩, उस्सग्ग ૪૫૪, संडंसं ૪૫૫, किइ ૪૫૬, आलो ૪૫૭, वंदित्तु ૪૫૮, परि ૪૫૯, विण ૪૬૦, कय ૪૬૧, दुप्प ૪૬૨, जो ૪૬૩, उप्पण्णा ૪૬૪, बस्स ૪૬૫, आलो ૪૬૬, तं ૪૬૭, परि ૪૬૮, आप ૪૬૯, सव्व ૪૭૦, सव्व ૪૭૧, एवं ૪૭૨, आय ૪૭૩, जाहु ૪૭૪, धिह ૪૭૫, असठेण ૪૭૬, विअ ૪૭૭, खामितु ૪૭૮, जीवो ૪૭૯, चोएइ ૪૮૦, तत्थवि ૪૮૧, एस ૪૮૨, सामा ૪૮૩, ऊसा ૪૮૪, इंसण ૪૮૫, सुअ ૪૮૬, चरणं ૪૮૭, सुद्ध ૪૮૮, सुकयं ૪૮૯, ,थुइ ૪૯૦, पम्हुट्ठ ૪૯૧, चाउ ૪૯૨, पाउ ૪૯૩, साम ૪૯૪, उस्सा ૪૯૫, ऊसा ૪૯૬, पाउ ૪૯૭, निहा ૪૯૮, तइए ૪૯૯, तइए ૫૦૦, सामा ૫૦૧, खामित्तु ૫૦૨, जइ ૫૦૩, तं ૫૦૪.

કોઈપણ જાતનો વ્યાઘાત ન હોય તો સર્વસાધુઓ ગુરુની સાથે જ આવશ્યક કરે, પણ શ્રાવકને ધર્મકથા કહેવા વિગેરેનો કદાચ આચાર્યને વ્યાઘાત હોય તો ગુરુમહારાજ પછીથી આવશ્યક શરૂ કરે. એટલે બાકીના (ગુરુમહારાજ સિવાયના) સાધુઓ ગુરુને પૂછીને સૂત્રાર્થનું સ્મરણ કરવા માટે યથાશક્તિ કાર્યોત્સર્ગ કરે, અને ગુરુ જ્યારે પડિક્કમણું ઠાવે ત્યારે દિવસના અતિચારો વિચારવા માંડે અશક્ત, બાલ, વૃદ્ધ, કે રોગી સાધુ આવશ્યકતા સહિત હોય તો નિર્જરાની અપેક્ષાવાળો છતાં પણ બેસે. આવશ્યકમાં પહેલું સામાયિક કહીને કાઉસ્સગ્ગ કરે, પછી ગુરુ સામાયિક કહે, અને પછી ગુરુની સાથે દિવસના અતિચારો કાઉસ્સગ્ગમાં વિચારે.

કેટલાક કહે છે કે ગુરુની સાથે સામાયિક કહે, તે એવી રીતે કે જ્યારે આચાર્ય સામાયિક બોલે ત્યારે તે સાધુઓ પણ કાઉસગ્ગમાં રહ્યાં છતાં સામાયિક ચિંતવે, અને પછી ગુરુમહારાજની સાથે જ દિવસના અતિચારો સાધુઓ વિચારે. ગુરુમહારાજ દિવસમાં પણ અલ્પ વ્યાપારવાળા હોવાથી દિવસના અતિચારો બે વખત વિચારે, તેટલામાં ઘણી ક્રિયાવાળા એવા બીજા સાધુઓ એક વખત જ વિચારે. સવારની એટલે સવારના ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહવાના વખતથી કાઉસ્સગ્ગ કરવાના વખત સુધીમાં જે અતિચારો થયા હોય તે કાંટાવાળા માર્ગમાં જેમ ઉપયોગથી જવાય તેમ ઉપયોગથી ચિંતવે.

સંવેગવાળા, નિર્મળચિત્તવાળા, ચારિત્રના પરિણામવાળા એવા તે સાધુઓ તે પછી પણ ચારિત્રની શુદ્ધિ માટે એમ ઉપયોગથી અતિચારનું ચિંતન કરે, નમસ્કારથી પારે, લોગસ્સ કહે, વંદન કરે, આલોવે, પ્રતિક્રમણ સૂત્ર કહે, વંદન કરે, અને આલોચના અને પ્રતિક્રમણમાં રહી ગયેલી અશુદ્ધિને દૂર કરવા કાર્યોત્સર્ગ કરે, આ સંક્ષેપથી જણાવેલ હકીકત વિસ્તારથી કહે છે. કાયોત્સર્ગ સમાપ્ત થાય ત્યારે નવકારથી પારે, પછી ચતુર્વિંશતિસ્તવ નામનો દંડક જે લોગસ્સ તે ઉપયોગપૂર્વક કહે, પછી સત્તર સંડાસા પડિલેહી બેસીને મુહપત્તિ પડિલેહવી, અને તેમજ તેવી જ રીતે કાયાનું પણ પ્રમાર્જન કરવું. પછી ઉપયોગવાળા સર્વે સાધુઓ અત્યંત વિનયથી જેવી રીતે વીતરાગોએ કહ્યું છે તેવી રીતે સર્વપ્રકારે શુદ્ધ એવું દ્વાદશાવર્ત નામનું વંદન કરે. કારણ કે આલોયણ લેવી, પ્રશ્નોત્તર પૂછવા, પૂજા, સ્વાધ્યાયને અપરાધના સ્થાનોમાં વિનયમૂલ એવું ગુરુને વંદન કરવું એ રીતિ છે. વંદના કરીને અનુક્રમે બે હાથે રજોહરણ પકડીને શરીરે અર્ધા નમેલા રહીને ઉપયોગપૂર્વક આલોચન કરે. પછી નિર્મળભાવવાળા, સંસારસમુદ્રથી ઉદ્વિગ્ન એવા સાધુઓ કાઉસ્સગ્ગમાં ચિંતવેલા સૂક્ષ્મ પણ અતિચારોને ગુરૂસમક્ષ આલોવે. કહ્યું છે કે સંવેગ પામીને આચાર્યના ચરણકમળમાં ફરી પાપ ન કરવાના પરિણામરૂપે સુવિહિત સાધુ આલોયણ જણાવે. જેવી રીતે પોતાને જંણાવે તેવી જ રીતે ભૂલેલા બીજાને પણ જણાવે. મનુષ્ય પાપ કરે તો પણ ગુરુની પાસે આલોયણ નિંદન કરીને ઉતરી ગયેલા ભારવાળા ભારવાહકની પેઠે તે પાપ કરનાર અત્યંત હલકો થાય છે. મન, વચન, અને કાયાના યોગોની ખરાબીથી પાપ બંધાય છે, તેથી જે સાધુ તે યોગોને સુધારે તેનું તે એટલે યોગની ખરાબીથી થયેલું અને બીજું પ્રમાદકષાયાદિ થયેલ પાપ પણ નાશ પામે છે. જેમ જગતમાં જે કુપથ્યથી જે વ્યાધિ ઉત્પન્ન થાય છે તે જ કુપથ્ય વર્જવાથી તે વ્યાધિ ક્ષય પામે છે, તેવી રીતે કર્મવ્યાધિમાં પણ સમજવું. અશુભ કર્મના ઉદયે ઉત્પન્ન થતી માયા, આલોચન, નિંદન ગર્હણ વિગેરે રૂપ કુશલવીર્યથી હણવી જ જોઈએ અને બીજી વખત તે માયા કરવી નહિં. તે લાગેલા દૂષણોનું મર્મ જાણનાર એવા ગુરુમહારાજ જે પ્રાયશ્ચિત કહે તે અનવસ્થા આદિ પ્રસંગથી ડરેલા સાધુઓએ તેવી જ રીતે આચરવું જોઈએ. દોષ આલોવીને, ગુરુ પાસેથી પ્રાયશ્ચિત લઈને પછી સામાયિક કથન કરવા પૂર્વક પ્રતિક્રમણ સૂત્ર કહે, તે પ્રતિક્રમણસૂત્ર ધૈર્ય અને બળવાળા થઈને ડાંસ અને મચ્છરને નહિં ગણતાં પદે પદે સૂત્રાર્થનો અત્યંત ઉપયોગ કરતાં થકાં કહે. સૂત્ર કહીને પછી વંદન કરીને આચાર્ય આદિક સર્વને ભાવથી ખમાવે. જે માટે શાસ્ત્રમાં કહ્યું છે કે આચાર્ય ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુળ અને ગણમાં જે કોઈને મેં કષાયવાળા કર્યા હોય તે બધાને હું ત્રિવિધે ખમાવું છું. ભગવાન સકળ શ્રમણસંઘને મસ્તકે અંજલિ કરીને ખમાવું છું, અને હું પણ તેમનો અપરાધ ખમું છું. નિર્મળમનથી ધર્મમાં પોતાનું ચિત્ત સ્થાપન કરીને સર્વજીવરાશિને ખમાવીને હું પણ તેમનો અપરાધ ખમું છું. એવા પરિણામવાળા સર્વસાધુઓ આચાર્યને ખમાવે. આચાર્ય પર્યાયથી જેષ્ઠ હોય તો આ વિધિ સમજાવો. જો પર્યાય જ્યેષ્ઠ ન હોય તો આચાર્ય પણ જેષ્ઠને ખમાવે, કેટલાક કહે છે કે એ ખમાવવામાં વિકલ્પ છે. જ્યારે કેટલાકો કહે છે કે શિક્ષક આદિની શ્રદ્ધા માટે લઘુ એવા પણ આચાર્યને જ ખમાવે. એવી રીતે આચાર્ય અને ઉપાધ્યાયને ખામીને બાકીના સાધુઓને યથાપર્યાયે ખમાવે. ખમાવવામાં ઉલટી રીતે કરવામાં કે તે ખમાવવાનું નહિં કરવામાં આજ્ઞાવિરાધનાદિક

દોષો છે પ્રતિક્રમણસૂત્ર કહ્યા પછી છેલ્લા બે સાધુ સિવાય બધાને ખમાવવાના છે. પણ આચરણાથી હવે પ્રતિક્રમણમાં ગુરુ અને બીજા બે સાધુ એમ ત્રણ ખમાવાનું છે. ધૃતિ અને સંઘયણ વિગેરેની તથા મર્યાદાની હાનિ જાણીને ગીતાર્થો નવદીક્ષિત અને અગીતાર્થના પરિણામની રક્ષા માટે આચરણા કરે છે. અશઠ એવા આચાર્યે કોઈપણ સ્થાને, કોઈપણ કારણથી અસાવદ્ય આચર્યું હોય અને બીજા ગીતાર્થોએ તે નિવાર્યું ન હોય તો એ બહુજન સંમત એવી રીતિ તે આચરણા ગણાય વળી આલોચન પચ્ચક્ખાણ અને ઉદ્દેશાદિકમાં મોટા સાધુઓ પણ આચાર્યને વંદન કરે, પણ પ્રતિક્રમણના ખામણામાં મોટા વંદન ન કરે, પણ આચાર્ય જ તેઓને કરે, એવી રીતે આચાર્ય આદિને ખમાવીને સર્વસાધુઓ દુરાલોચિત અને દુષ્પ્રતિકાંતને શોધવા માટે નિર્મળ એવા કાઉસ્સગ્ગો કરે. જીવ પ્રમાદે ભરેલો છે અને સંસારમાં પ્રમાદની ભાવનાથી પણ અનાદિથી વાસિત છે, તેથી સાધુમાં પણ તેવા અતિચારો થાય, માટે તેની શુદ્ધિનો કાઉસ્સગ્ગ કરે. કોઈ શંકા કરે કે એમ અશુદ્ધિની સંભાવના કરીએ તો કાયોત્સર્ગોમાં પણ તે અશુદ્ધિ થવાથી અનવસ્થા આવે ? તે શંકાના ઉત્તરમાં કહે છે કે પ્રમાદનો જય કરવાના કામમાં પ્રમાદ જીતીને પ્રવર્તવાથી અનવસ્થા રહેતી નથી. તે કાયોત્સર્ગોમાં પણ જે સૂક્ષ્મ દૂષણ રહે તે પણ તેનાથી જ જીતાય છે. કાયોત્સર્ગ વારંવાર થતા નથી, જે માટે સર્વ પણ સાધુનો વ્યાપાર સૂક્ષ્મ પણ પ્રમાદની પ્રતિકૂળતાવાળો છે. પ્રતિક્રમણમાં બીજો કાયોત્સર્ગ ચારિત્રનો છે. ત્રીજો દર્શનશુદ્ધિ માટે હોય છે, ચોથો શ્રુતજ્ઞાનનો છે, પછી સિદ્ધાણં ની સ્તુતિ, અને કૃતિકર્મ (વંદન) કરવાનું છે. હમણાં જણાવ્યો તે ચારિત્રશુદ્ધિ માટેનો કાયોત્સર્ગ ધર્મપ્રેમી અને પાપભીરુ સાધુઓ સામાયિક કથનપૂર્વક પચાસ શ્વાસોશ્વાસ (બે લોગસ્સનો) નો કરે. વિધિથી તે કાયોત્સર્ગ પારીને શુદ્ધચારિત્રવાળા સાધુ લોગસ્સ કહીને અરિહંતચેઈયાણં વિગેરે કહીને તેનો કાયોત્સર્ગ કહે. આ કાયોત્સર્ગ દર્શનશુદ્ધિ માટે છે અને પચીસ શ્વાસોશ્વાસનો છે. તેને વિધિથી પારીને પુક્ખરવદીવડે કહે, અને પછી શ્રુતઅતિચારની શુદ્ધિ માટે પચીસ શ્વાસોશ્વાસનો શ્રુતજ્ઞાનનો કાયોત્સર્ગ કરે. પછી તેને વિધિથી પારે ચારિત્ર એજ સાર છે, અને નિશ્ચયથી દર્શન અને જ્ઞાન એ બે ચારિત્રનાં અંગો છે, માટે સારભૂત એવા ચારિત્રમાં પ્રયત્ન કરવો જ જોઈએ. અહીં શુદ્ધિ તો પશ્ચાનુપૂર્વીએ છે. સર્વ અતિચારો શોધીને પછી સિધ્ધાણં એ સૂત્ર કહે, પછી પૂર્વ કહેલી વિધિએ ગુરૂને વંદન કરે, કેમકે લોકમાં પણ સારી રીતિએ કાર્ય કરનારા મનુષ્યો હુકમ લેતાં અને તે હુકમ બજાવ્યા પછી નિવેદનમાં નમસ્કાર કરે છે, તેમ અહિં જિનેશ્વર પણ આજ્ઞાની માફક પવિત્ર કાર્ય કરીને સ્વર અને શબ્દથી વધતી ત્રણ થોયો કહે, પણ તેમાં ગુરૂમહારાજ એક થોય કહે. પછી શેષ સાધુઓ ત્રણ થોયો કહે. એજ હકીકત કહે છે કે ગુરૂએ સ્તુતિમંગલ કહ્યા પછી શેષ લોકો થોય કે સ્તુતિ કહે. પ્રતિક્રમણ કર્યા પછી ગુરૂમહારાજની પાસે થોડો કાળ બેસવું, કારણ કે વિસ્મૃત થયેલી કોઈક મર્યાદા તેઓ યાદ કરાવે, અને એમ બેસવાથી વિનય પણ નાશ ન પામે, આ ગાથાઓથી જણાવાયેલ પ્રતિક્રમણના વિધિમાં શ્રુતદેવતા આદિનો કાઉસ્સગ્ગ નથી કહ્યો તેનું સમાધાન કરે છે કે શ્રુતદેવતા વિગેરેના કાઉસ્સગ્ગો આચરણાથી થાય છે. ચોમાસી અને સંવચ્છરીન દિવસે ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ અને પાક્ષિકમાં શય્યાદેવતાનો કાયોત્સર્ગ હોય છે. કેટલાકો ચોમાસીમાં પણ શય્યાદેવતાનો કાયોત્સર્ગ કરે છે. કાલગ્રહણ સ્વાધ્યાય આદિ બધો વિધિ અહીં વિશેષસૂત્રથી જાણવો. હવે પ્રભાતના પ્રતિક્રમણનો વિધિ યથાક્રમે જણાવવામાં આવશે. સામાયિકસૂત્ર બોલીને અહીં

પહેલો ચારિત્ર શુદ્ધિ માટે પચીસ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ ધીર પુરૂષો કરે છે. પછી વિધિથી કાઉસ્સગ્ગ પારીને શુદ્ધચારિત્રવાળા સાધુઓ લોગસ્સ કહીને દર્શનશુદ્ધિ માટે પચીસ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કહે છે, પછી પણ વિધિથી તેને પારીને શ્રુતસ્તવ કહે છે અને પછી ઉપયોગવાળા છતાં અહીં રાત્રિએ થયેલ અનિયમિતપણાનો કાઉસ્સગ્ગ કરે છે. સાંજના પ્રતિક્રમણની થોઈથી માંડીને ચાલુ કાઉસ્સગ્ગની ક્રિયા સુધીમાં રાત્રિ સંબંધી જે અતિચાર લાગ્યા હોય તે બધાને હૃદયમાં વિચારે, સવારના પડિક્કમણામાં અતિચારનો કાઉસ્સગ્ગ છેલ્લો કરવામાં કેમ આવે છે તેનું કારણ જણાવે છે કે નિદ્રાવાળા સાધુ અતિચારને બરોબર યાદ ન કરી શકે, તેમજ આલોચનની પહેલાના વંદનમાં માંહેમાંહે સાધુઓમાં સંઘટ્ટન થાય, અથવા અંધારા આદિથી કોઈ વંદન ન પણ કરે તો વંદન ન કરવાના દોષ લાગે માટે પ્રાભાતિક પ્રતિક્રમણમાં જ્ઞાનાદિના કાઉસ્સગ્ગ પહેલાં કરવાના કહ્યા, અને ત્રીજા કાઉસ્સગ્ગમાં રાત્રિના અતિચારો વિચારે અને છેલ્લાં તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં છ માસથી શરૂ કરી એકાદિ દિવસની હાનિ કરતાં કરતાં યાવત્ પોરસી કે નવકારશી સુધીમાંથી કોઈક પચ્ચક્ખાણ ધારે. એ જ વાત વિસ્તારથી કહે છે કે ત્રીજા કાઉસ્સગ્ગમાં રાત્રિના અતિચાર ચિંતવી, વિધિથી પારી પછી સિધ્ધસ્તવ (સિદ્ધાણં બુદ્ધાણં) કહીને આલોવીને પૂર્વ પ્રમાણે પ્રતિક્રમણસૂત્ર કહે. તે પ્રતિક્રમણ સૂત્રમાં સામાયિકસૂત્ર કહેવાય છે માટે જણાવે છે કે :- સામાયિકસૂત્ર વધારે વખત એટલા જ માટે કહેવાય છે કે સર્વ સાધુવ્યાપાર સામાયિકપૂર્વક જ છે, અને સામાયિક રૂપ ગુણ અર્થની સ્મૃતિ અને પાઠના સ્મરણથી પ્રાયે થાય છે એમ દેખાડવા માટે છે. પ્રતિક્રમણ પછી આચાર્યાદિકને ખમાવીને સામાયિક કથન પૂર્વક કાયોત્સર્ગ કરે. તે કાયોત્સર્ગમાં અમને ગુરૂએ કયા કામમાં જોડયા છે ? તે વિચારે. જેવી રીતે તે કાર્યને હાનિ ન થાય તેવી રીતે છ માસ આદિના અનુક્રમથી અશઠભાવે કરી શકાય તેવું તપ હૃદયમાં કરવાનું ચિંતવીને, તે પારી લોગસ્સ કહીને મુહપત્તિ પડિલેહી વાંદણાં દઈને તે કાયોત્સર્ગમાં ચિંતવેલો નવકારશીઆદિ તપ ગુરૂ પાસે અંગીકાર કરે ॥ હવે પચ્ચખ્ખાણ કરવાનો વિધિ કહે છે :

आगा ૫૦૫, नव ૫૦૬, दो ૫૦૭, दो ૫૦૮, सत्त ૫૦૯, पंच ૫૨૦, णव ૫૧૧, वय ૫૧૨, गह ૫૧૩, अब्भ ૫૧૪, एवं ૫૧૫, गम ૫૧૬, एवं ૫૧૭, सं ૫૧૮, तं ૫૧૯, मरण ૫૨૦, एत्तो ૫૨૧, संते ૫૨૨, तस्स ૫૨૩, नय ૫૨૪, नय ૫૨૫, नय ૫૨૬, उभ ૫૨૭, अण्णे ૫૨૮, णणु ૫૨૯, एवं ૫૩૦, उव ૫૩૧, जिण ૫૩૨, आह ૫૩૩, नो ૫૩૪, नो ૫૩૫, सय ૫૩૬, कय ૫૩૭, संवि ૫૩૮, भावि ૫૩૯, पुरिसं ૫૪૦, भर ૫૪૧, मुहिज ૫૪૨, पासम् ૫૪૩, सुह ૫૪૪.

જિનેશ્વર મહારાજાએ કહેલું એવું અને આગારોથી શુધ્ધ એવું ઉપયોગપૂર્વક વિધિએ પચ્ચખ્ખાણ કરે. તે નવકારશી આદિ પચ્ચખ્ખાણ માત્ર પોતે જ પાળવાનું છે, પણ પોરશી વગેરેમાં આહારાદિકનું દાન અને તેનો ઉપદેશ તો સમાધિ પ્રમાણે કરી શકાય ॥ પચ્ચખ્ખાણોના આગારો જણાવે છે.

નોકારશીમાં બે, પોરશીમાં છ, પુરિમઢ્ઢમાં સાત, એકાસણામાં આઠ, એકલઠાણામાં સાત, આંબેલમાં આઠ, ઉપવાસમાં પાંચ, પાણીમાં છ, ચરમમાં ચાર, અભિગ્રહમાં ચાર, અગર પાંચ, વિગયમાં આઠ

અગર નવ, પિંડવિગયમાં હોય તો નવ અર્થાત્ દ્રવવિગય હોય તો આઠ અને અભિગ્રહમાં વસ્ત્રનો અભિગ્રહ હોય પાંચ આગાર અને બાકીના અભિગ્રહોમાં ચાર આગાર હોય છે. વિગયમાં નવ અને આઠ આગારનો ખુલાસો કરે છે કે માખણ, તળેલું, ઝામેલું દહિં, માંસ, ઘી, ગોળ એ બધામાં નવ આગાર હોય. પચ્ચખ્ખાણોના અને આગારોના અર્થો આવશ્યક વિગેરેમાં વિસ્તારથી કહેલા છે. માટે તે ત્યાંથી જાણવા. આગારો કરવાનો હેતુ જણાવે છે :- પ્રતિજ્ઞાનો ભંગ થવામાં આજ્ઞાવિરાધના રૂપી મોટો દોષ છે, અને થોડા પણ વ્રતનું પાળવું એ ગુણ કરનાર છે, માટે આગારો કહ્યા છે, તેમજ ધર્મમાં ગુણ અને દોષનું અલ્પબહુપણું સમજવાની જરૂર છે, માટે પચ્ચખ્ખાણોના આગારો કહ્યા છે, ગ્રહણ કર્યા પ્રમાણે પાલન કરવાથી જ જરૂર અપ્રમાદનું સેવન થાય છે. અને તેવી રીતે સેવાતો અપ્રમાદ અનુક્રમે વધે છે. અને તે પ્રમાદનો સર્વથા નાશ કરે છે. સંસારમાં ભમતા જીવે પ્રમાદનો અભ્યાસ માટે ઘણા કાલ કર્મો છે તેથી પ્રમાદના અભ્યાસથી કોઈપણ પ્રકાર પચ્ચખ્ખાણનો ભંગ થાય માટે ભંગ ન થાય તેથી આગારો કહ્યા છે. કેમકે પચ્ચખ્ખાણના ભંગમાં આજ્ઞા, અનવસ્થા વિગેરે દોષો થાય છે, અને તેથી જન્મમરણ વિગેરે સર્વ અનર્થો થાય છે. કદાચ કહેવામાં આવે કે એવા પ્રમાદીને દીક્ષા જ કેમ હોય ? તો તે સવાલના ઉત્તરમાં સમજવું કે દીક્ષા તો ચારિત્રના પરિણામથી છે, અને ચારિત્રના પરિણામ આવવાની સાથે જ સર્વથા બધો પ્રમાદ ક્ષય પામતો નથી. વળી જે માટે આ પ્રમાદનો અનાદિકાલથી અભ્યાસ છે, તેથી જ તેના ક્ષયને માટે ઉદ્યમી થયેલાએ પચ્ચખ્ખાણોને લીધા પ્રમાણે પાળીને અપ્રમાદ આચરવો જોઈએ - વાદી કહે છે કે એ પ્રમાણે તો સામાયિક ચારિત્ર પણ નક્કી આગારવાળું જ લેવું જોઈએ, અને જો તે સામાયિક આગાર વગરનું છે, તો પછી પચ્ચખ્ખાણોમાં આગારો રાખવાનું શું કામ છે ? અહીં ઉત્તર દે છે કે સર્વપદાર્થમાં સમભાવ હોવાથી જ સામાયિક થાય છે, તેમજ તે સામાયિક યાવજજીવ માટે છે, તેથી વીતરાગોએ તેમાં આગારો કહ્યા નથી. તે જ વાત સ્પષ્ટ કરે છે કે સામાયિક એ ભાવ છે અને એ ભાવ મમત્વ વગરનો છે, તેમજ સમપણાને લીધે સર્વપદાર્થ વિષયક છે. જાવજીવરૂપી કાલની મર્યાદા પણ આવતા ભવમાં ભંગ ન થાય તેટલા માટે જ છે, પણ આવતા ભવમાં સેવીશ એવી ઇચ્છા રાખીને તે ઇચ્છાની અપેક્ષાએ જાવજીવની મર્યાદા નથી. મરણ કે જીતના વિચારથી જ તૈયાર થયેલા સુભટના જેવા પરિણામ હોય છે તે સરખો આ સામાયિકમાં પરિણામ છે, પણ હલકાના દૃષ્ટાંતોએ આ સામાયિક અપવાદનું સ્થાન નથી, આ વાત બારીકીથી સમજવાની છે, અને એટલા જ માટે અત્યંત અયોગ્યોને સામાયિક લેવા અને દેવાનો નિષેધ શાસ્ત્રોમાં કહેલો છે. જરૂર પડવાવાળો જાણ્યો હતો એવા આભીર વિગેરેને કેવલજ્ઞાનથી એજ સામાયિક અવશ્ય મુક્તિનું અવંધ્ય કારણ સમજીને જ કેવળી મહારાજાએ સામાયિક દેવડાવ્યું હતું. સામાન્યથી આ સામાયિક એ ચારિત્ર છતાં પણ સામાયિકની વિશિષ્ઠતા માટે નોકારશીઆદિ પચ્ચક્ખાણ કરવાનું આગમોમાં કહેલું હોવાથી, તેમજ અનુભવથી જણાતી વિશિષ્ઠતાવાળું થતું તેથી સામાયિક હોવાથી, નોકરશી વિગેરે પચ્ચકખાણો કેમ ન કરવાં ? આ આગારો સામાયિક પરિણતિના બાધક છે, એમ કહેવામાં આવે તો તેના ઉત્તરમાં જણાવે છે કે જેમ સુભટને મરણ કે જયના નિશ્ચયને બાધા ન આવે તેવી રીતે પ્રવેશ, નિર્ગમ, વારણના પ્રયત્નોમાં જેમ અપવાદો

છે, તેવી રીતે સામાયિકના નિશ્ચયવાળાને નોકારશી વિગેરેમાં આગારો સમજવા, તે સુભટને પ્રવેશ વિગેરેનો પ્રયત્ન છતાં પણ જીવનના મમત્વરહિતપણું નથી એમ નથી, તે મમત્વરહિત પરિણામ શત્રુનો પ્રતિકાર કરવારૂપ હેતુથી નક્કી સિદ્ધ થાય છે, અને તે સુભટને પહેલાના મરણ કે જયના ભાવને કોઈપણ પ્રકારે નુકસાન થતું નથી, પણ તે પ્રવેશાદિક વ્યાપારથી તે કાર્યની સિદ્ધિ થાય છે, અને એવી રીતે પ્રવર્તવાથી જ સુભટ સારી રીતે કાર્ય કરી શકે છે તેવી રીતે અહીં પણ આગારવાળું પચ્ચક્ખાણ પણ સામાયિકની સારી રીતે સિદ્ધિ કરી શકે છે, પણ આગારના નામે પચ્ચક્ખાણ ન લેવાં તે તો કેવળ મૂઢપણું જ છે. સામાયિક ઉચ્ચારની સાથે જ મરણ કે અનશન થવાનો કે કરવાનો નિશ્ચય નથી. તેમજ સામાયિકની ધારણા અને ભવાંતરની થવાવાળી અવિરતિથી બચવા માટે જ્ઞાનાદિ, પોષણના મુદ્દાથી દેહધારણની જ્યારે જરૂર છે તો પછી તે દેહના પોષણના સાધનમાં નિરંકુશપણે રાગદ્વેષ પૂર્ણપણે ન વર્ત્તાય માટે આહારસંબંધિ પ્રત્યાખ્યાનોની બાહ્યવસ્તુના સંયોગમાત્રને અંગે હોવાથી તે પચ્ચખ્ખાણ અને તેના આગારોની બુદ્ધિશાળીયો જરૂરીયાત સ્વીકારે જ છે. સર્વ અનશનાદિક વસ્તુમાં સમભાવપૂર્વક પ્રવૃત્તિ, નિવૃત્તિ હોવાથી અસનાદિક ભેદે લેવામાં આવતું પચ્ચખ્ખાણ પણ સામાયિકને બાધ કરનાર નથી. કાયોત્સર્ગ અને ઈરિયાસમિતિથી ગમનના દૃષ્ટાંતે આ સમજી શકાય તેમ છે. એટલે કાયોત્સર્ગમાં ઉચ્છવાસ આદિ આગારો અને ઈર્યાસમિતિમાં માર્ગ આલંબન વગેરે કારણો છે જ, સુભટને મરણ અને જય એ બંનેનો કોઈ કારણથી કોઈક વખત અભાવ થાય તો પણ ભવિષ્યમાં તેવા પ્રસંગે ક્ષયોપશમની વિચિત્રતા હોવાથી તેવો જ મરણ કે જય સંબંધી ભાવ થાય છે. તેવી રીતે ભાવાંતરના ગમનથી સામાયિક અને પચ્ચખ્ખાણ બંનેનો થોડા કાલ માટે અભાવ થયા છતાં પણ ભવાંતરમાં તેવો ક્ષયોપશમ થાય કે જેથી સામાયિક અને પચ્ચખ્ખાણ સંપૂર્ણપણે લાભ થાય. કેટલાકો કહે છે કે સાધુને ત્રિવિધ આહારનું અને થોડા કાળનું પચ્ચખ્ખાણ યોગ્ય નથી, કારણ કે સાધુ સર્વવિરતિવાળા છે, અને એવી રીતે કંઈક આહાર અને થોડા કાળના ભેદથી પચ્ચખ્ખાણ લેતાં તે સર્વવિરતિ કેમ રહે ? અહીં ઉત્તર દે છે કે : પૂર્વે જ જણાવ્યું છે કે આ પચ્ચખ્ખાણ અપ્રમાદ સેવન માટે છે, તો પાણીમાત્ર વાપરવાનું છૂટું રાખી બાકીના આહારનો ત્યાગ કરવાથી તે અપ્રમાદ અધિક છે, માટે ઈત્વરિક એટલે થોડા કાલ માટે ત્રિવિધાહારનું પચ્ચખ્ખાણ અયોગ્ય નથી, કદાચ કહેવામાં આવે કે કોઈક કારણસર દ્વિધાહારનું પચ્ચખાણ સાધુને કેમ ન હોય ? એ વિચારવા જેવું છે. પણ સાધુને ઘણા ભાગે અન્ન, અને પાન સિવાય ખાદિમ, સ્વાદિમનો ઉપભોગ કરવાની આજ્ઞા નથી, માટે દ્વિધાહાર પચ્ચક્ખાણની આચરણા કરી નથી. એવી રીતે આહાર સંબંધી વ્યાખ્યા કરી હવે તેના ઉપયોગની હકીકત જણાવે છે :

નોકારશી વિગેરે પચ્ચખ્ખાણ, વિગય કે નીવીઆતાં વિગેરેનો ઉપયોગ, પચ્ચખ્ખાણનું સ્પષ્ટ બોલવું, નવકારનો પાઠ કરવો, ગુરૂની આજ્ઞા લેવી એ વિગેરે વિધિ, અને પછી પણ ક્ષુધાવેદનીની શાંતિ વિગેરે કારણોથી વાપરવું એ સર્વ ઉપયોગ જાણવો. વિવેકવાળા અને ભાવનાપૂર્વક નિર્દોષ અને મમતા રહિતપણે કરાતું પચ્ચખ્ખાણ કેવળજ્ઞાનનો હેતુ છે એમ શ્રી જિનેશ્વરોએ દેખેલું છે.

(અપૂર્ણ)

પર્વની આરાધના અને શ્રીસંઘ

સમસ્ત શ્રીતપાગચ્છીય શ્રી સંઘને જણાવવું યોગ્ય છે કે કંઈ વર્ષોથી શ્રીતપાગચ્છ વગેરેની પર્વારાધનની ક્રિયા જોધપુરી ચં. (ચંડાંશુચંડૂ) પંચાંગના આધારે થાય છે અને તેથી તે પંચાંગ અનુસારે કાઢતા ભાવનગર વગેરેનાં ભીંતીંયા ટીપનાં કે પંચાંગોમાં તિથિઓનો ક્ષય અને વૃદ્ધિ ગણાતી હતી અને તેમાં જ્યારે બીજ આદિ પર્વતિથિઓનો ક્ષય આવતો ત્યારે તે બીજ આદિથી પહેલાની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય કરી બીજ પર્વતિથિ કરાતી હતી. તેમજ જ્યારે બીજ આદિ પર્વતિથિની વૃદ્ધિ આવતી હતી, ત્યારે તે બીજ આદિ પર્વતિથિની પહેલાની પડવા આદિની વૃદ્ધિ કરાતી હતી. વળી જ્યારે ચૌદશ પૂનમ જેવી બે પર્વતિથિઓ સાથે હોય અને તેવામાં જો ચૌદશ કે પૂનમ અથવા અમાવાસ્યાનો ક્ષય કે વૃદ્ધિ આવતી ત્યારે તેરસની જ વૃદ્ધિ અને હાની કરાતી હતી.

આ રીતિ કંઈ વર્ષોથી તપાગચ્છની પરંપરામાં ચાલી આવે છે, અને તે પરંપરા ચૌદશનાં ક્ષયે તેરસે ચૌદશ કરવી અને તેરસનું નામ પણ ન લેવું એવા તત્વતરંગિણીના તથા શ્રી હીરપ્રશ્નમાં છઠના સવાલમાં અમાવાસ્યાની વૃદ્ધિમાં પણ બીજી અમાવાસ્યા કલ્પસૂત્રના વાચન માટે ન જણાવતાં સામાન્ય અમાવાસ્યા કરી છે એ પાઠને અનુસારે યોગ્ય છે. માટે મુનિમંડળ મળીને અન્યથા નિર્ણય ન કરે ત્યાં સુધી અપર્વતિથિની ભેગી પર્વતિથિ લખનાર તથા પર્વતિથિઓને બેવડી લખીને મુંઝવનાર જૈન પ્રવચન કે વીર શાસન આદિના પંચાંગોને આધાર રાખવો નહિં.

તંત્રી

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

કુટુંબીઓની કારમી મમતા

અહો બચાવેલા જ ભક્ષકો (?) મોક્ષની નીસરણી જેવા અને ચુલ્લકાદિ દશ દૃષ્ટાન્તોએ દુર્લભ એવા મનુષ્ય ભવને પામનાર જીવ શું પાડો થાય ?

શું મનુષ્યપણામાં આવેલો જીવ એવાં પાપો બાંધે ખરો કે જેથી પાડો થાય ?

શું અનેક પ્રકારનાં એવાં પાપો છે કે જે પાપોના ઉદયે પાડાનો જન્મ લેવો પડે?

શું જે કુટંબની ઉપર રાગ હોય અને જે કુટુંબને માટે અનેક પ્રકારના પાપારંભ કર્યા હોય તે કુટુંબ તે પોષકને ખાનારા બને ખરા ?

શું કોઈ એવું દૃષ્ટાન્ત શાસ્ત્રોમાં છે કે કુટુંબને માટે પાપો કરીને થયેલો પાડો કુટુંબીઓએ મળીને માર્યો હોય એટલું જ નહિં પણ મારી ખાઈ ગયા હોય ? આ બધાનું સમાધાન નીચેની ગાથાનો અર્થ વાંચવાથી થઈ જશે.

काउं कुडुंबकज्जे समुद्द वणिउव्व विविहपावाइं।
मारेउ महिसत्ते भुजइ तैणावि कुडुंबेण॥१॥

શ્રી મલધારીજી

જેઓ કુટુંબજનોને માટે અનેક પ્રકારનાં પાપો આરંભપરિગ્રહ આદિ કરે છે તેઓ મનુષ્યપણાને પામ્યા છતાં પણ સમુદ્રદત્તવાણીયાની પેઠે કુટુંબજનોને માટે અનેક પ્રકારનાં પાપો કરીને પાડા પણે અવતરેલા પોતાના તે પાલક જનો જ મારીને ખાઈ જાય છે. આ હકીકત શ્રીમલધારી શ્રી હેમચંદ્રસૂરિજી સ્પષ્ટ શબ્દોથી ભવભાવનામાં જણાવે છે.

આ ઉપરથી વાંચકો સમજી શકશે કે મમત્વ અને તેને લીધે થતાં પાપોનાં ફલ ભોગવતી વખતે કુટુંબીજન દુઃખમાં ભાગ લેનાર નથી થતા એટલું જ નહિં, પણ તે દુઃખની પરાકાષ્ટાને પહોંચાડનાર તે જ પાલેળા કુટુંબીજનોનો જ થાય છે. માટે કુટુંબીજનો ઉપર મમત્વ અને તેને લીધે પૂરાતાં પાપોનો પરિપાક વિચારી નિર્ગ્રંથ માર્ગનું જ આ સંસારમાં આલંબન છે અને તે જ આત્માને દુઃખ તથા નિર્ભયથી બચાવનાર છે એ વસ્તુ વિવેકિઆત્માઓના હૃદયમાં ઓતપ્રોત થવી જરૂરી છે.

सिद्धचक्र

तंत्री

पानाचंद रूपचंद ઝवेरी

श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति

— मुंबाई —

वर्ष

५

अंक

६-७

पंचम वर्ष

पोस सुद १५

卐

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

१९९३ : : १९३७

जान्युआरी

वीर संवत् २४६३

श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०	तत्त्वतरंगिणी	०-८-०
उत्तराध्ययनचूर्णि	३-८-०	बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०	मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०	आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
पंचाशकादिदशअकारादि	४-०-०	भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०	पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०	तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०	पर्युषणादशशतकं	०-१०-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०	बुद्धिसागरः	०-३-०
विचाररत्नाकरः	३-०-०	विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
बन्दारूवृत्तिः	१-४-०	भवभावनावृत्तिः पूर्वार्धं	३-८-०
पयरणसंदोह	१-०-०	कल्पकौमुदी	२-०-०
अर्हिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०	षोडशकप्रकरणं सटीकं	१-०-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०	षडावश्यकसूत्राणि	०-८-०
बारसासूत्रं सचित्रं	१२-०-०	उत्पादादिसिद्धिः	२-८-०
ऋषिभाषितानि		तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
प्रत्याख्यानप्रकरण - सारस्वत,	१-८-०	सुबोधिका	प्रेसमां-
विशेषणवती-वीशवींशी		भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०	भवभावना (उत्तरार्धं)	प्रेसमां-
ललितविस्तरा	०-१०-०	प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
		प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद भगनलाल बदामीએ तंत्री शा. पानाचंद રૂપચંદ ઝવેરી માટે छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिએ लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५		अंक ६-७
विक्रम सं. १९९७	वीर सं. २४६७	सन १९३७
पोष सूदि पूर्णिमा		जान्युआरी

वार्षिक लवाजम रु. २-०-० उद्देश छुटक नकल रु. ०-१-६

नवपदोमय श्री सिद्धचक्रनी आराधना अने श्री आचामाम्ल वर्धमान तपनी प्रवृत्ति पोषवा साथे आगमनी मुख्यतावाळी देशना, अने शंकाना समाधानोनो फेलावो करशे :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्द्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"आगमोद्धारक."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

ભગવાન શ્રી ઋષભદેવજીની તપસ્યાની પરાકાષ્ઠા

ઉપર જણાવ્યા પ્રમાણે ભગવાન શ્રી ઋષભદેવજી જન્મથી ત્રણે અપ્રતિપતિત જ્ઞાનોવાળા અને દીક્ષા લીધા પછી અપ્રતિપતિત એવા ચારે જ્ઞાનવાળા ઇન્દ્રનરેન્દ્રના સમુદાયથી પૂજાયેલા ચરમ શરીરવાળા એવા હતા, છતાં સંસારસમુદ્રથી જલદી ઉતરી જવાની ઇચ્છાવાળાએ તપસ્યા તરફ જબરદસ્ત ઉદ્યમ કરવાની જરૂર છે. એમ ધારી તેઓએ તપસ્યા તરફ પ્રયત્ન જારી રાખ્યો.

ભાવિ કે ઉદ્યમ.

આ સ્થાને કેટલાક બિચારા જીવો ભાવનાએ ઉત્તમતા ધારણ કરવાવાળા છતાં સંસગ્ગીઈ વિણટ્ઠો ના ન્યાયને ચરિતાર્થ કરવા માટે હોય નહિં તેમ અન્ય ક્રિયાકાંડના કટ્ટાદુશ્મન અને ભવ તરવાના નિષ્કલંક સાધનભૂત તપસ્યાને તરછોડવા તૈયાર થનારા એવા દૂરભવ્ય કે ભવાભિનંદી જીવોનો યોગ મળે છે અને તેને લીધે બિચારા ક્રિયા વ્રત નિયમ અને તપસ્યાથી ત્રાસ પામી જાય છે, અને તે સંસર્ગવાળા તરફથી શિખવાયેલ વાક્યોને ઓઠા તરીકે આગળ ધરી ક્રિયા અને તપસ્યાથી ખસી જાય છે અને તપસ્યા કરવાથી બેનસીબ રહે છે.

માર્ગથી ખસી ગયેલા અને માર્ગમાં રહેલાઓને પણ ખસેડવામાં જ પોતાનું શ્રેય ગણનારા મનુષ્યો એવા ક્રિયા અને તપમાં આવેલા અથવા જેને આવવાનો સંયોગ થાય એમ છે તેઓને આ તો દ્રવ્ય ક્રિયા છે એમ ભરમાવી માર્ગથી દૂર કરી નાંખે છે. તેમાં જ્યારે બીજા તરફથી જણાવવામાં આવે કે જે મનુષ્ય બીજાના ભાવની સ્થિતિ જાણી શકે નહિં. ત્યાં સુધી ભાવની સ્થિતિ નથી એમ જાણી કે કહી શકે જ નહિં. અને ભાવની સ્થિતિના અભાવને જાણ્યા વિના ભાવના અભાવને ન જાણી શકાય, તેથી બીજાઓ આત્મકલ્યાણની દૃષ્ટિથી ક્રિયા નથી કરતા અથવા પૌદ્ગલિક દૃષ્ટિથી જ તપ અને ક્રિયા વગેરે કરે છે એમ કહેવાનો અનતિશયજ્ઞાનવાળાનો હક જ નથી અને તેવો અનઅતિશય જ્ઞાનવાળો છતાં એવી દ્રવ્યપણાની છાપ મારે તે કેવલ શ્રી જિનશાસનને નહિં માનનારો અને નહિં જાણનારો છે એમ સમજવું.

વળી દ્રવ્યક્રિયા એ એક એવી ચીજ છે જે ભાવક્રિયાને લાવનારી છે. શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ભાવથી શૂન્ય દ્રવ્ય હોય તે જ ભાવથી યુક્ત દ્રવ્યપણે પરિણમે છે. ક્રિયાની અપેક્ષાએ પણ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે જ્યારે અનન્તી વખત દ્રવ્યથી ધર્મની આરાધના થાય છે ત્યાર પછી જ ભાવ ધર્મની પ્રાપ્તિ થાય છે. તેમજ વ્યવહાર પ્રવૃત્તિ તો આખી દ્રવ્ય ઉપર જ આધાર રાખે છે, અને તેથી જ નૈગમાદિ ત્રણ નયોની માન્યતા જ ભાવને માટે નથી. શાસ્ત્રકાર સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે **નામાઇતિયં દવટ્ઠિયસ્સ** અર્થાત્ નૈગમ સંગ્રહ અને વ્યવહાર એ ત્રણે નયો કેવલ નામ સ્થાપના અને દ્રવ્યને જ માનનારા છે. વળી બીજી વાત એ પણ ધ્યાનમાં રાખાવની છે કે વર્ત્તમાનકાલમાં સૂત્રોની કે તેના પદાર્થોની વ્યાખ્યા નયોદ્વારા કરવાની નથી. કેમકે **આવંત અજ્જવયજ્ર** એ વાક્યથી ભગવાન વજસ્વામીજી સુધી જ દરેક

સૂત્ર અને દરેક પદાર્થે નયની વ્યાખ્યા કરવાની હતી અને ભગવાન વજ્રસ્વામીજી પછી અને ભગવાન આર્યરક્ષિતસૂરિજી મહારાજ પછીથી **मूढनइयं सुय कालियं** એમ કહી નયોદ્વારા વ્યાખ્યાનો નિષેધ કરાયલો છે, અને તેથી જ ધુરંધર આચાર્યો અને ઉપાધ્યાયો માત્ર પરંપરાથી સૂત્રમાં નિર્દિષ્ટ થયેલાં વસતિ અને પ્રસ્થક આદિ જેવાં જ દૃષ્ટાન્તો નયના અધિકારમાં જણાવે છે એમ છતાં પણ શાસ્ત્રકારો જણાવે છે કે જો કોઈક તેવો મનુષ્ય નયની વ્યાખ્યામાં નિષ્ણાત હોય અને શ્રોતા પણ નયની વ્યાખ્યા સમજવામાં કુશલ હોય તો નયની વ્યાખ્યા કરવી, પણ તે વ્યાખ્યા ઘણા ભાગે માત્ર નેગમાદિ ત્રણ નયથી જ કરવી. આ વાતને સમજનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે વર્ત્તમાનકાલમાં જેઓ દ્રવ્યક્રિયાની કે દ્રવ્યનિક્ષેપાની ગૌણતા કરનારા કે ઉત્થાપન કરનારા છે તેઓ શાસ્ત્રને અને આચાર્યમહારાજાઓના હુકમને એક્કેને માનનારા નથી. દાન અધ્યયન ખાનપાન વિનય વૈયાવચ્ચ એવાં એવાં વ્યવહારનાં સર્વ કાર્યો દ્રવ્યને આધારે જ પ્રવર્તે છે. જો દ્રવ્યની અપેક્ષા જ રાખવી યોગ્ય નથી તો પછી તે મનુષ્યને કંઈ બોલવું સાંભળવું કે સંભળાવવું પણ યોગ્ય નથી.

એવી રીતે જ્યારે કોઈ તરફથી દ્રવ્યક્રિયાની પણ આવશ્યકતા દેખાડવામાં આવે ત્યારે તે માર્ગથી ખસેલા લોકો તેવા ભવ્યજીવોને ભવિતવ્યતા અથવા ભાવીને નામે છેતરે છે અને ભરમાવે છે કે મનુષ્ય કંઈ કરી શકતો નથી, ભવિતવ્યતાએ જે બનવાનું હોય તે બને છે. વ્રત પચ્ચખ્ખાણ તપસ્યા નિયમ કે ક્રિયાકાંડ એમાંથી કંઈપણ કરવાની જરૂર નથી. માત્ર ભવિતવ્યતા હશે તેમ થયા કરશે.

આવું કહેનારાઓની ધારણા એવી હોય છે કે ભવિતવ્યતાને આગળ કરવામાં આવશે એટલે એ શ્રોતા એકલો ભવિતવ્યતા ઉપર આધાર રાખનારો થશે. એમ નહિં પણ તે શ્રોતા ભવિતવ્યાને નામે ભરોસો રાખવા સાથે ઉદ્યમ અને ક્રિયાકાંડને ઉખેડનારો થશે એટલું જ નહિ પણ ધિક્કારનારો પણ થશે. કેમકે તે અજ્ઞાન શ્રોતાને એની તો એકે અંશે પણ ખબર ક્યાંથી હોય કે સર્વજ્ઞ ભગવાન મહાવીર મહારાજ ભવિતવ્યતાને સ્વીકારનારા છે, પણ ઉદ્યમની નિરપેક્ષતા રાખવા પૂર્વક અથવા ઉદ્યમને રોકવાવાળી ભવિતવ્યતા તો ભગવાન જિનેશ્વર મહારાજાના મતે માનવામાં આવેલી જ નથી,

એવી ઉદ્યમથી નિરપેક્ષ અથવા ઉદ્યમને ધિક્કારનારી ભવિતવ્યતાને માનનારો જો કોઈપણ મત હોય તો તે માત્ર આજીવિક એટલે ગોશાલાનો છે, એટલા માટે ભગવાન મહાવીર મહારાજા તો **अत्थि उट्ठाणे अत्थि कम्मे अत्थि वले अत्थि विरिए अत्थि पुरिसकारपरक्कमे** એમ સ્થાન સ્થાન પર જણાવી ભવિતવ્યતાને માન્ય રાખવા છતાં ઉત્થાન કર્મ બલ વીર્ય પુરૂષકાર અને પરાક્રમને જ અગ્રપદ આપે છે.

વળી જો શ્રી જિનેશ્વરમહારાજનું શાસન એકલી ભવિતવ્યતા ઉપર જ આધાર રાખે અથવા બીજું કોઈ પણ દર્શન જો ભવિતવ્યતા એકલી ઉપર આધાર રાખે તો પ્રથમ તો તે ભવિતવ્યતાને થાપનારો મનુષ્ય વચન જ બોલી શકે નહિં. યાદ રાખવું કે વચનનું બોલવું તે પણ એકલી ભવિતવ્યતાથી થતું નથી, વચન એ વિવક્ષાથી જ થાય છે, અને વિવક્ષા એ જ્ઞાન અને વિચારની પછી જ થાય છે. એટલે એમ કહીએ તો ચાલે છે કે ભવિતવ્યતાને એકલીને જ આગળ કરનારો એકલી ભવિતવ્યતાને થાપવા માટે વચન બોલે તે જ વદતો વ્યાઘાત છે.

વળી ભવતિવ્યતાને કારણ તરીકે જો ગણવા જઈયે તો, દરેકની ભવિતવ્યતા જુદી જુદી છે કે એકસરખી છે ? એ કોયડાનો ઉકેલ કરવો જ પડે. જો સર્વની એકસરખી જ ભવિતવ્યતાને માનવામાં

આવે તો પછી કાર્યની જે વિચિત્રતા જગતમાં પ્રત્યક્ષ જણાય છે તે વિચિત્રતા વગરકારણની થઇ જશે. કેમકે તેના કારણ તરીકે મનાયેલી ભવિતવ્યતા તો એકરૂપી છે. વળી જો જગતમાં કાર્યોની વિચિત્રતા પ્રત્યક્ષ સિધ્ધ છે તો પછી તેના કારણરૂપે ગણાતી ભવિતવ્યતા જરૂર વિચિત્ર રૂપવાળી હોવી જ જોઇએ, કેમકે કારણની વિચિત્રતા વિના કાર્યની વિચિત્રતા થાય નહિ અને જયારે ભવિતવ્યતાની વિચિત્રતા માનીયે તો પછી તે ભવિતવ્યતાની વિચિત્રતા કરનાર કોઇ બીજું સહચારી કારણ હોવું જ જોઇએ અને ઉદ્યમ વગેરેને સહચારી કારણ તરીકે માનીયે તો સ્પષ્ટ થયું કે ભવિતવ્યતાની માફક જ ઉદ્યમઆદિ પણ કારણો છે.

વળી ભવિતવ્યતા એકરૂપ હોવાથી પરસ્પર વિરૂધ્ધ એવાં કાર્યો કરી શકે નહિં અને જગતમાં કાર્યો તો પરસ્પરવિરૂદ્ધતાવાળાં ઘણાં છે. માટે તે પરસ્પર વિરૂદ્ધ એવાં જગતનાં કાર્યો દેખીને કોઇ પણ અક્કલવાળો મનુષ્ય ભવિતવ્યતા કરતાં તેમજ ઉદ્યમ કરતાં પણ જુદા જ સ્વરૂપવાળાં કર્મોને માન્યા સિવાય રહી શકે જ નહિ.

વળી ભવિતવ્યતા જે કારણ તરીકે માનવામાં આવી તે કંઇ મનુષ્યોને સ્વાધીન વસ્તુ નથી. એટલે એને માટે મનુષ્ય પ્રયત્ન ન કરી શકે. પણ તે ભવિતવ્યતાની વિચિત્રતા કરનાર એવા ઉદ્યમો અને તે ઉદ્યમોને લીધે થતાં શુભ અને અશુભ કર્મો એ મનુષ્યને માટે ભવિતવ્યતાને માન્યા છતાં પણ દરેક સુજ્ઞમનુષ્યને તે ભવિતવ્યતાનું નિયમન કરનાર એવાં ઉદ્યમો અને શુભકર્મો કરવાની પ્રથમ નંબરે જરૂર રહે તે સ્વાભાવિક છે. અને તેથી જ ભગવાન મહાવીર ભવિતવ્યતાને કારણ તરીકે કથંચિત્ ગણવાવાળાં છતાં પણ **अत्थि उट्ठीणे इवा** ઇત્યાદી કહીને ઉત્થાન અને કર્મો આદિના સદ્ભાવને જણાવી તેને કરવા ફરમાવે છે.

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ભવિતવ્યતા એ ભવિષ્યની વસ્તુ છે અને કોઇ પણ કાર્યની સિદ્ધિ માટે જે કારણો જોઇએ તે કાર્યની કૃતિની વખત જ જોઇએ. એ વિચારથી માનવું જ પડશે કે ભવિતવ્યતા એ તો માત્ર એક ફલાદેશ જેવી વસ્તુ છે. જ્યારે શુભાશુભ ઉદ્યમ અને તેને લીધે થતાં કર્મો એ એક ગણિતાદેશ અથવા કારણભુત વસ્તુ છે. તો પછી જેમ ગણિત વિના ફલ અને કારણ સિવાય કાર્ય બનાવવાની ઇચ્છા રખાય નહિ. તેવી રીતે શુભાશુભ જાતના ઉદ્યમો અને તેનાથી ભવાંતરમાં રહીને પણ ફલ આપે એવાં શુભાશુભ કર્મો ન હોય તો ભવિતવ્યતા જેવી ચીજ જ કારણ વિના કાર્ય ન હોય તેની માફક રહે નહિ અને ફલ દેવાનું કે થવાનું રહે જ નહિં.

જગતમાં જેમ ચોમાસામાં વૃષ્ટિ ન હોય તો પણ ઉદ્યમ કરીને કૂવા કે નદીના અથવા દરીયાના શોધેલા પાણીથી ઉદ્યમ કરનારો મનુષ્ય ભૂખે મરતો નથી, તેવી જ રીતે અહિં પણ શુભ અને શુદ્ધ માર્ગે ઉદ્યમ કરનારો મનુષ્ય જરૂર ફલ મેળવે છે અને આજ કારણથી શાસ્ત્રકાર મહારાજાઓ.

नाणकिरियाहिं मोक्खो। ज्ञान क्रियाभ्यांमोक्षः। णायंमि तिण्हियवे अगिण्हियव्वंमि चेव अत्थंभि। जइयव्वमेव। सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः। मोहक्षयाज्जतानदर्शनावरणांतरायक्षयाच्च केवलं। कृत्स्नकर्मक्षयो मोक्षः

વગેરે ઉપદેશનાં સૂત્રો જણાવે છે. વળી ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ભવિતવ્યતાનો તો શું ? પણ માત્ર શુભાશુભકર્મ કે જે દૈવના નામે ઓળખાય છે તેના ઉપર આધાર રાખનારને પણ શાસ્ત્રકારો **यो दैवमिति०** શ્લોકને ફરમાવીને નપુંસકની લાઇનમાં મુકે છે. તો પછી તે દૈવ કરતાં પણ પાછળ રહેલી ભવિતવ્યતાનું જ આલંબન લેનાર તો કઇ સ્થિતિમાં મુકાય તે વાચકોએ આપોઆપ સમજવા જેવું છે.

વળી વાચકોએ ધ્યાનમાં રાખવાનું છે, કે કોઈપણ વાર્તા હકીકત કે ઉપદેશ પ્રામાણિક ત્યારે જ ગણાય કે જ્યારે તે વાર્તા વિગેરે અનુભવથી વિરૂદ્ધ ન હોય. એ હકીકત ધ્યાનમાં રાખીને વિચારશો તો માલમ પડશે કે ગમન આગમન ભોજન શયનઆદિ આખા જગત્નો વ્યવહાર અને પુણ્ય તથા પાપના કારણરૂપ ઉદ્યમોને કરવા માટે તેમજ આવેલા સુખના વધારા માટે અથવા આવેલા દુઃખના ઘટાડા માટે દરેક પ્રાણી પુરૂષકાર કરે છે અને સામાન્ય રીતે દરેક જીવ પોતપોતાના પ્રયાસ પ્રમાણે ઈષ્ટાનિષ્ટ ઉભયફળને મેળવે છે તો આવી જગા પર કેમ ભવિતવ્યતા ઉપર આધાર રાખી જગતમાં કોઈપણ અનુદ્યમપણે રહેતો નથી ? બીજાની વાત તો દૂર રહી, પણ ખુદ ભવિતવ્યતા જ છે એવું કહેનારા પણ ખાનપાન આદિને માટે ઉદ્યમ કરે છે જ. માટે જેમ વ્યવહારમાં ભવિતવ્યતાના આધારે રહેવાતું નથી તેમ આત્મકલ્યાણના માર્ગમાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવો એકલી ભવિતવ્યતાને આગળ કરે નહિ.

ભગવાન શ્રી ઋષભદેવજીએ કર્મક્ષય અને મોક્ષની પ્રાપ્તિને માટે માત્ર ભવિતવ્યતા જ કારણ છે એમ ન માનીને સંયમ અને તપસ્યાને માટે ઉદ્યમ કર્યો છે એ ચોકખું છે. વળી ભગવાન શ્રી મહાવીર મહારાજા અને શેષ જિનેશ્વર મહારાજાઓએ પણ સાવદ્યયોગનો ત્યાગ અને છ માસ તથા આઠ માસની તપસ્યા કરીને જાહેર કર્યું છે કે કર્મક્ષય અને મોક્ષની ઈચ્છાવાળા જીવોને કોઈ દિવસ પણ ભવિતવ્યતા ઉપર આધાર રાખી બેસી રહેવાનું છે જ નહિ.

ભગવાન હરિભદ્ર સૂરિજી શું કહે છે ?

ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ તો ભવિતવ્યતા તો શું ? કેમકે એ ભવિતવ્યતા તો આભવં પૂર્વ ભવના ઉદ્યમથી નિરપેક્ષ ગણાય, એટલું જ નહિં, પણ કથંચિત્ ભવિતવ્યતાનો વાદ ઉદ્યમને દૂર કરાવનાર અને બીજાએ કરાતા ઉદ્યમનું ખંડન કરવાના કાર્યમાં પણ વધારે કામ લાગનાર થાય છે. એવા ભવિતવ્યતાના આલંબને રહેવું એ તો અર્ધપુદ્ગલ કે એક પુદ્ગલાવર્તના કરતાં અધિક સંસાર રખડવાનો બાકી હોય તેવા જીવોને જ હોય, એમાં તો શું ? પણ કર્મવાદ કે જે પૂર્વભવમાં કરાયેલા પ્રયત્નોના ફલરૂપ છે અને કંથચિત્ આવતાં ભવના પ્રયત્નની જડરૂપ છે. તેવા કર્મવાદનું આલંબન કરનારો જીવ પણ અંત્યપુદ્ગલપરાવર્તમાં કે અર્ધપુદ્ગલપરાવર્તમાં મોક્ષે જઈ શકવાને યોગ્ય ગણાય નહિ એમ સ્પષ્ટપણે શ્રી ઉપદેશપદ વગેરેમાં જણાવે છે. આ ઉપરથી દરેક ભવ્યાત્માઓએ ધ્યાન રાખવાનું છે કે જો આત્માને શુક્લપાક્ષિક અને એક કે અર્ધપુદ્ગલપરાવર્તમાં મોક્ષની પ્રાપ્તિ કરવા લાયક બનાવવા હોય તો ગોશાલએ માનેલા અને આલસ્ય અપત્યના બાપ એવા ભવિતવ્યતાના વાદ કે કર્મનાવાદમાં પગલુ પણ ન માંડવું. પણ ઉદ્યમવાદમાં જ પગલાં માંડવાં જોઈએ.

ભગવાન મહાવીર અને કર્મવાદ

ઉપરની હકીકત બરોબર ધ્યાનમાં લેનારાઓ સ્હેજે સમજી શક્યા હશે કે જેઓ ભવિતવ્યાવાદ અને કર્મવાદ એટલે દૈવવાદની ધારણા છોડીને ઉદ્યમ ક્રિયા બલવીર્ય અને પુરૂષકાર પરાક્રમની ધારણા રાખનારા જીવો અને ધર્મની ધારણાવાળા શુક્લપાક્ષિક અને અંત્ય કે અર્ધ પુદ્ગલપરાવર્તવાળા જીવો માટે જ ભગવાન મહાવીર મહારાજે **अत्थि उट्ठाणे** ઈત્યાદિકનું વિધાન જણાવ્યું છે. ખુદ ગોશાલો મંખલિપુત્ર કે શાસ્ત્રોમાં આજીવિક નામે પ્રસિદ્ધ છે તેણે પણ આખી જીંદગી ભવિતવ્યતાવાદનો ઉપદેશ ચલાવ્યો, પણ અંત્યઅવસ્થામાં ભવિતવ્યતાવાદનું જુઠાપણું અને ઉદ્યમવાદનું સત્યપણું સ્વીકારવાની ફરજ પડી અથવા સ્વીકારવો પડયો હતો અને સ્વીકાર્યો હતો. તો પછી એવા મરદાલ જેવા ભવિતવ્યતાના વાદને કે દૈવવાદને કયો સમજુ મનુષ્ય કલ્યાણનો કામી હોય તો અંશે પણ આદરવા જાય ? સમજુ મનુષ્યની સમજણની સફળતા ત્યારે જ ગણાય જ્યારે તે મોક્ષ પ્રાપ્તિના મહારથ એવા ઉદ્યમવાદને આગળને આગળ વધારે.

ઉદ્યમવાદ એટલે શું ?

જગતમાં હિસાબની રીતિ એક સરખી હોય છે છતાં પણ જેમ જમેની બાજુના અને ઉધારની બાજુના હિસાબોમાં અધિકાર અને ન્યૂનતાને અંગે જોખમદારી અને જવાબદારી જુદા જુદા રૂપે છે, એવી રીતે ઉદ્યમવાદ એ પણ જરૂરી વસ્તુ છતાં જેઓ આરંભ પરિગ્રહ તથા વિષયકષાયોની પ્રવૃત્તિમાં કર્મનો ડર ન રાખે અને કેવલ ધમાલમાં જ જીવન કાઢે, તેવા લોકો ઉદ્યમવાદને મોખરે ચડે અને રહે તો પણ તેમાં તેઓની ભવોભવ રખડવાની જવાબદારી વધતીને વધતી ચાલ્યાં કરે છે. યાદ રાખવું જરૂરી છે કે હિસાબની રીતિને નહિ જાણનારો મનુષ્ય ઠગાઈને ખોઈને પોતાની પૂંજીને બરબાદી કરે છે તેવી જ રીતે બલ્કે તેથી ખરાબરીતિએ હિસાબને જાણવાવાળો છે તો પણ દેવાદારીમાં ડુબનારો મનુષ્ય પણ મીલ્કતની બરબાદી કરવાવાળો જ થાય છે. એમાં એટલા પ્રકારનો ફરક પડે છે કે તે હિસાબને ન જાણનારા ઉપર કોઈપણ સમજુને કે સરકારને પણ દયા ખાવાનો વખત આવે છે. પણ હિસાબને જાણનારો છતાં પારકી રકમો લાવી ખાનારો કે ખોટો હિસાબ ખતવનારો દયાને પાત્ર પણ રહેતો નથી. તેવી રીતે અહિં પણ જેઓ કદાચિત્ કોઈ સંસર્ગની શૂન્યતાને લીધે કે સમજણની ખામીને લીધે ભવિતવ્યતાના કે દૈવના વાદમાં પડેલો જીવો મોક્ષ મેળવવા મથનારા અને પરોપકારને માટે કટીબદ્ધ થયેલા મુમુક્ષુજીવોને દયા પાત્ર બને છે અને તેથી તેવા અણસમજુ ભવિતવ્યતા અને કર્મ કે દૈવવાદવાળા જીવોનો ઉદ્ધાર કરવાને પ્રયત્ન કરે છે અને તેમના ઉપર આવેલી દયાને સફલ કરી તે ભદ્રકજીવોને મોક્ષમાર્ગે પ્રયાણ કરવા કટીબદ્ધ કરે છે. અને ગોશાલામતથી વાસિત થયેલા એવા અનેક ત્યાગી અને ભોગી જીવો ભગવાન જિનેશ્વરોના ઉત્થાન આદિના માર્ગમાં આવ્યા અને મોક્ષમાર્ગમાં કટીબદ્ધ થયા પણ છે. પરંતુ જેઓ આત્મા સુકૃત દુષ્કૃત સદ્ગતિ દુર્ગતિ અને મોક્ષને ન માનતાં માત્ર વર્ત્તમાનમાં જેમ 'આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા' એવું કહેનારા નાસ્તિકો થઈ કેવલ પૌદ્ગલિકપદાર્થની જ નિગડમાં જકડાઈ જાય છે, અને કંચન કામિની કુટુંબ અને કાયાની ક્યારીમાં કચડાઈ પડે છે, તથા મોજમઝા અને એશ આરામમાં મશગુલ બને છે, તેવા ઉદ્યમવાદિયો જેવા નાસ્તિકો તો પ્રભુમાર્ગમાં આવવાને ઘણા ઓછાં જ ભાગ્યશાળી બને છે. આ હકીકત સમજાવવાનું કારણ એ છે કે ઉદ્યમવાદનો એ અર્થ તો ન જ કરાય કે જેઓ પાપ અને દુર્ગતિને દેનારાં કર્મોથી ડરનારા છે તેઓ કર્મવાદી છે અને તેવાઓને માટે ભગવાનશ્રી હરિભદ્રસૂરિજી અર્ધપુદ્ગલપરાવર્ત કે એક પુદ્ગલપરાવર્તથી અધિક સંસાર છે એમ જણાવે છે. કેમકે સંસારસમુદ્રથી પાર પામવા અને મોક્ષની પ્રાપ્તિ કરવા માટે પાપભીરૂપણું અને દુર્ગતિનો ભય તો પહેલે નંબરે જરૂરી છે. પણ દૈવ વાદ કે ભવિતવ્યતાનો જે નિષેધ કરવામાં આવ્યો છે તે જેઓ મોક્ષનાં સાધનો માટે ઉદ્યમ ન કરવા માટે અથવા ઉદ્યમના નિષેધના માટે દૈવ કે ભવિતવ્યતાને આગળ કરે છે તેઓને સમજાવવા માટે છે. મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે તો ઉદ્યમવાદો અને ઉત્થાનાદિની જરૂરીયાત તો પંચ પરમેષ્ઠિના પદો ઉપરથી સમજી શકાય તેમ છે. કેમકે દેવેન્દ્રાદિકોએ કરેલી પૂજાને અંગે તેમજ ઘાતિકર્મોનો સર્વથા નાશ કર્યો અને તે ઘાતિકર્મના નાશને માટે જ જેઓએ શાસનની સ્થાપના કરેલી છે એવાઓને જ અરિહંત કહેવાય છે. ભગવાન સિદ્ધમહારાજાઓ તો ખુદ સમ્યગ્દર્શન જ્ઞાન અને સમ્યક્ચારિત્રના પ્રભાવે જ શ્રી સિદ્ધપદને પામી શક્યા છે. વળી શ્રી સિદ્ધપદને પામવાવાળા જીવો હોય છે તેઓ મહાપ્રયત્નથી થવાવાળા સમુદ્‌ઘાતને કદાચિત્ ન પણ કરે, તો પણ અપ્રતિમવીર્યોલ્લાસથી જ થનારા એવા કર્મોને સરખો કરવાના પ્રયત્નરૂપ આવર્જીકરણ કર્યા સિવાય તો કોઈપણ જિનેન્દ્ર કે અજિનેન્દ્ર

કેવલિમહારાજ મોક્ષે જઈ શકતા જ નથી. માટે સર્વ સિદ્ધ ભગવંતો આવર્જીકરણના ઉદ્યમથી જ મોક્ષને પામ્યા છે અને પામશે. વળી આચાર્યમહારાજ ગચ્છપાલનના ઉદ્યમવાળા અને શ્રી ઉપાધ્યાયમહારાજ અંગોપાંગાદિને ભણાવવાના ઉદ્યમવાળા જ હોય છે, પંચપરમેષ્ટિમાં છેલ્લા જે સાધુમહાત્માઓ છે તે તો પોતે એ જ કૃત્ય બજાવે છે કે જેઓ મોક્ષને મેળવવા માટે તૈયાર થયા હોય તે જીવોને મોક્ષપ્રાપ્ત કરવામાં મદદ કરે, અને પોતે મોક્ષને રસ્તે જ પ્રવર્તે, આ શ્રી પંચપરમેષ્ટિની હકીકત સમજનારો અને તેની ઉત્તમતા સમજનારો કોઇ પણ સમજુ મનુષ્ય મોક્ષની સાધનાની વખત ભવિતવ્યતા અથવા દૈવના વાદમાં ધારણ કરી શકે જ નહિં. તેવો મનુષ્ય તો ઉદ્યમને જ આગલ કરી દાનાદિ અને દર્શનાદિમાં જ ઉદ્યમ કરનારો થાય.

ભવ્યત્વનો અવળો વિચાર કરનારાઓને.

આગળ જણાવ્યા પ્રમાણે કેટલાકો જ્યારે અનાદિકાલના નિગોદવાસમાંથી બહાર લાવનારી તેમજ યાવત્ અસંજ્ઞિપણામાંથી સંજ્ઞીપણામાં લાવનારી એવી ભવિતવ્યતાની હઠ અયોગ્ય રીતે પકડી બગાડે છે. યાદ રાખવું કે માતા પોતાના બચ્ચાને જન્મથી ધવડાવે છે પણ તે જ બચ્ચું જો મોટું થયા પછી ધાવવા માગે તો ધાવણને નથી પામતો, પણ માતા જેવી હિતકારિણી વ્યક્તિ તરફથી પણ માર ખાઇ બેસે છે. અર્થાત્ માતા અસમર્થ બાલકનું પોષણ કરનારી છે, પણ સમર્થને તેના યોગ્ય રસ્તે જવાની ફરજ પાડનારી છે, તેવી જ રીતે ભવિતવ્યતા અને કર્મવાદ પણ જીવને અનાદિનિગોદમાં કાઢીને સંજ્ઞિપંચેન્દ્રિયપણામાં અને સંજ્ઞિમનુષ્યપણામાં લાવનારી છે, પણ હવે જો આ જીવ સ્વયં મોક્ષમાર્ગના ઉદ્યમમાં ન વળગે તો ભવિતવ્યતા કે દૈવવાદ આ જીવનો દુર્ગતિથી બચાવ કરવા તૈયાર નહિં થાય, માટે સમજુ મનુષ્યોએ ભવિતવ્યતા કે કર્મના વાદને ન પકડતાં ઉદ્યમવાદમાં કટીબદ્ધ થવું જ જોઇએ. જેવી રીતે કેટલાક જીવો ઉદ્યમ વગરની ભવિતવ્યતાને પકડે છે તેવી રીતે વળી કેટલાક જીવો એ ભવિતવ્યતાની બહેન જેવી ભવ્યતાને પકડનારા હોય છે.

ભવ્યતાના ભેદોની અનન્તતા

ભવિતવ્યતા એક જ પ્રકારની હતી અને તેથી કારણોની દરકાર તે ભવિતવ્યતાને રાખવી પડતી હતી, પણ ભવ્યતા એ એવી ચીજ છે કે જે સ્વતંત્રપણે જ અનેક ભિન્નતાવાળી છે. જેમ મોરના ઇંડામાં કોઇએ રંગથી કરેલી વિચિત્રતા નથી, પણ સ્વાભાવિક જ વિચિત્રતા છે, તેવી રીતે જીવોમાં જે ભવ્યતાનો સ્વભાવ છે તે આપોઆપ વિચિત્ર જ છે. કેમકે અનાદિનિગોદવાસમાં સર્વજીવો સરખારૂપમાં રહેનારા છતાં તે નિગોદના એક ગોળામાં જે અનન્ત જીવો હોય છે તેમાંથી પણ માત્ર એકાદ કે ગણ્યા ગાંઠયા જ જીવો તે નિગોદમાંથી નીકળે છે વળી તેમાં આશ્ચર્યનો વધારે વિષય તો એ છે કે દરેક નિગોદમાંથી દરેક સમયે એકેક અસંખ્યાતમો ભાગ જે અનન્ત જીવ મય છે તે નીકળે છે. તેમાંથી માત્ર એકાદ જ ગણ્યા ગાંઠયા જીવો જ નિગોદ બહાર જાય છે. તેથી એટલું સમજવું જ જોઇએ કે ભવ્યતાના નાના સ્વભાવની જ તે તે જીવોને માટે વિચિત્રતા છે. વળી ભવ્યતાની વિચિત્રતા માનવાનું એટલેથી જ અટકતું નથી, પણ મોક્ષે જવાવાળા જીવોમાં પણ કોઇ જીવ કયે કાલે મોક્ષે જાય અને વળી કોઇ જીવ કયે કાલે મોક્ષે જાય, કોઇક જીવ તીર્થંકરપણું પામીને મોક્ષે જાય અને કોઇ જીવ ગણધરપણું પામી મોક્ષે જાય અને કોઇ જીવ પ્રત્યેકબુદ્ધ થઇને મોક્ષે જાય, વળી કોઇ બુદ્ધબોધિત થઇને મોક્ષે જાય, વળી કોઇક જીવ અંતકૃત કેવલિપણાથી મોક્ષે જાય. આ બધી મોક્ષે જવાવાળા જીવોમાં જે વિચિત્રતા છે તે ભવ્યતાની વિચિત્રતાને જ આભારી છે. વળી એના કરતાં

ભવ્યતાની વિચિત્રતા માનવામાં જબરદસ્ત એ પણ સાધન છે કે કેટલાક જીવો મોક્ષના બીજ રૂપ સમ્યક્ત્વને પામીને તેજ છેલ્લા સમ્યક્ત્વના ભવમા શ્રી મરૂદેવા માતા સરખા આશ્ચર્યરૂપે મોક્ષે જાય છે. જ્યારે કેટલાક જીવો અપ્રતિપાતિપણે પ્હેલા સમ્યક્ત્વથી જ સૈધાન્તિક અપેક્ષાએ મોક્ષે જઈ શકે છે, ત્યારે કેટલાક જીવો સમ્યક્ત્વને પામ્યા પછી પણ સમ્યક્ત્વથી પ્રાપ્તિ થઈને પાછા બીજી વખત સમ્યક્ત્વ પામીને મોક્ષે જાય છે. તેમાં પણ કેટલાક જીવો સમ્યક્ત્વ પામ્યા પછી સંખ્યાતકાલે પાછા સમ્યક્ત્વ પામી મોક્ષે જાય છે. કેટલાકો તો અસંખ્યાતકાલે તે સમ્યક્ત્વને બીજી વખતે પામે છે, અને કેટલાકો અનન્તકાલે તે સમ્યક્ત્વને બીજી વખત પામે છે. વળી કેટલાક જીવો સમ્યક્ત્વને સંખ્યાત વખત છોડનારા થાય છે ત્યારે કેટલાકો અસંખ્યાત વખત સમ્યકત્વને છોડીને ફેરા લેવાવાળા થાય છે. વળી કેટલાક સમ્યક્ત્વ પામવાના ભવમાં એકાદ દેશવિરતિ લેનારા થાય છે, અને કેટલાક જીવો અસંખ્ય વખત સમ્યકત્વની માફક દેશવિરતિને પણ લેનારા થાય છે. વળી કેટલાકો તો દેશવિરતિને પામ્યા સિવાય જ સર્વવિરતિને પામી મોક્ષે જનારા હોય છે. અને તેથી શાસ્ત્રકારો સિધ્ધ થયેલા સર્વજીવોએ સર્વવિરતિ તો ફરશી છે એમ માન્યું પણ તે સિધ્ધ મહારાજાઓના અસંખ્યાતમાં ભાગે દેશવિરતિ ફરશી પણ નથી. આજ કારણથી તો ભગવાન હરિભદ્રસૂરિજી શ્રી પંચાશકજીમાં દુઃષમાકાલમાં અબાલદીક્ષિતો માટે પ્રવ્રજ્યાવિધાનને પ્રતિમા વહન પૂર્વકતાના નિયમને જણાવવા પહેલાં જણાવે છે કે અનન્તા જીવો દેશવિરતિને પામ્યા પણ સિવાય મોક્ષને પામ્યા છે. સર્વજીવ સર્વવિરતિને ફરશ્યા કેમ ? આ સ્થળે એવી જરૂર શંકા થશે કે જેમ દેશવિરતિને નહિં ફરસેલા જીવોનો અસંખ્યાતમો ભાગ સિધ્ધોમાં છે, તેમ અન્યલિંગે અને ગૃહિલિંગે મોક્ષે ગયેલા જીવો છે. તેઓ સર્વવિરતિને ફરસ્યા સિવાય મોક્ષે ગયેલા ગણાય અને તેથી સર્વવિરતિને પણ નહિં ફરસનારો એવો પણ સિદ્ધનો અસંખ્યતામો ભાગ કેમ ન હોય ? પણ આવી શંકા કરવી વ્યાજબી નથી. કારણ કે શાસ્ત્રોમાં સર્વવિરતિ એ ભાવલિંગ તરીકે વર્ણવામાં આવી છે, અને ભાવલિંગને માટે ભજના છે જ નહિં. શાસ્ત્રોમાં ચારિત્ર રહિત પણ મોક્ષે જાય છે. એમ કહી જે ભજના ચારિત્રની જણાવે છે તે દ્રવ્યલિંગરૂપચારિત્રની અપેક્ષાએ છે. બાકી ભાવલિંગ રૂપ ચારિત્ર એટલે સર્વવિરતિની સ્પર્શના વિના તો કોઈપણ મોક્ષે જતો જ નથી. માટે હાય તો મોક્ષે જનારો સ્વલિંગ સિદ્ધ હોય અથવા ગૃહિલિંગ સિધ્ધ કે અન્યલીંગસિદ્ધ હોય તો પણ સર્વવિરતિને ફરસ્યા સિવાય તો કોઈપણ કેવલજ્ઞાન કે સિધ્ધિને પામતા જ નથી. એટલે જ સર્વસિધ્ધો સર્વવિરતિને ફરસવાવાળા જ છે. અર્થાત્ ભાવલિંગની ભજના નથી માટે સર્વવિરતિની ફરસના નિયમિત જ છે.

આ ઉપરથી ભવ્યતાની વિચિત્રતાને અંગે કેટલાકો દેશવિરતિને ફરશ્યા સિવાય જ મોક્ષે જાય છે અને એ વિકલ્પ જ લીધો. વળી કેટલાકો સર્વવિરતિ પામે તે પણ કેટલાક અંતર્મુહૂર્તની સર્વવિરતિથી મોક્ષને પ્રાપ્ત કરે ત્યારે કેટલાકો આઠ વખત એટલે આઠ ભવ સુધી ચારિત્રને ફરસનારા થાય અને પૂર્વકોટી જેવી લાંબા કાલ સુધીના ચારિત્રને પાલનારા થાય. આ વાત સમજવામાં આવશે એટલે એ વાતનો ખુલાસો સહજે થઈ જશે કે મહાત્મા મેઘકુમાર આદિ જેવા અનગારી તેત્રીશ સાગરોપમો પછી મોક્ષે જશે અને આનન્દાદિ દશ શ્રાવકો માત્ર ચાર પલ્યોપમ પછી મોક્ષે જશે એનું કેમ ? કારણ કે દરેક જીવની ભવ્યતા જુદા જુદા પ્રકારની હોવાથી શ્રી મેઘકુમારાદિની અને આનંદાદિકની તેવી તેવી ભવ્યતા સમજવી.

રાગ-દ્વેષ સમીક્ષા

જે ધર્મનું મૂલ્ય સમજે છે તેને જ ધર્મની મહત્તાનો ખ્યાલ આવે છે! *પ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષ એટલે શું? *આવકારદાયક રાગ દ્વેષના સ્વરૂપો *પ્રશસ્ત રાગ દ્વેષ એ પરિણામે મોક્ષ આપનારા છે. *ધર્મશ્રવણ અને ધર્મારાધનમાં મુદ્દો શો હોવો જોઈએ? *એક સમકીતી આત્માએ પોતે તો ધર્મ પાળવાનો છે જ, પરંતુ તે સાથે તેમણે સઘળા સમકીતીઓને ધર્મમાં દૃઢ રાખવાના પણ યત્નો કરવાના છે. *પ્રાચીનધર્માચાર્યોનો એ દિશાએ ભવ્ય પ્રયત્ન *આજના આપણા યત્નો કયાં અને આ પૂજય ધર્માચાર્યોના યત્નો કયાં?

ધર્મનો સ્વતંત્રપણે ઉપયોગ કોણ કરી શકે?

શાસ્ત્રકાર મહારાજા ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતા થકા એકની એક વસ્તુ અનેકવાર જણાવી ગયા છે. તેઓશ્રીએ ખાસ કરીને ભાર મૂકી મૂકીને એ ચીજ જણાવી છે કે આ સંસારમાં આત્માની માલિકીની જો કોઈપણ ચીજ હોય તો તે એક માત્ર ધર્મ છે. ધર્મ સિવાય બીજી એકપણ ચીજ આત્માની માલિકીની નથી. પરંતુ તે છતાં આત્માને એ પોતાની માલિકીની ચીજનો પણ સ્વતંત્રપણે વ્યવહાર કરવાનો અધિકાર નથી. જગતમાં પણ તમે જોશો તો એજ વ્યવહાર તમારી દૃષ્ટિએ પડશે. જગત્માં તમારી માલિકીની કોઈપણ ચીજ હોય પરંતુ તે ચીજના સદુપયોગાદિને તમે નહિ જાણતા હો એ ચીજનો સ્વતંત્રપણે વ્યવહાર કરવાની સત્તા તમોની મળતી નથી. એજ વસ્તુ અહીં પણ સમજવાની છે. ધર્મ એ તમારી માલિકીની ચીજ હોવા છતાં તેના સદુપયોગાદિને તમે જાણતા ન હોવાથી તેનો સ્વતંત્રપણે વ્યવહાર કરવાની સત્તા

ધર્મશાસ્ત્રકારો તમોને આપતા નથી.

ધર્મ ઉપર માલિકી હક આત્માનો છે.

ધર્મ એ આત્માની માલિકીની ચીજ છે. આત્માનો ધર્મ ઉપર સંપૂર્ણ કાબુ છે. પરંતુ ધર્મ એ કયા પરિણામો નિપજાવે છે તેની આત્માને માહિતી નથી. સૌથી પહેલા વસ્તુની કિંમત ખ્યાલમાં આવવી જોઈએ. જ્યાં સુધી વસ્તુના મૂલ્યની ખબર નથી હોતી ત્યાં સુધી વસ્તુનું મહત્ત્વ શું છે તે દ્રષ્ટિમાં આવતું નથી. વળી ત્યાં સુધી એ વસ્તુનો સદુપયોગ કયા પરિણામો નિપજાવે છે તેનો પણ ખ્યાલ આવતો નથી. કોઈને ત્યાં ધૂળ અથવા પત્થરોથી ભરેલી બે ચાર થેલીઓ પડી રહી હોય તેનો તેને સંતાપ થતો નથી, પરંતુ જો હુંડી એમને એમ પડી રહી હોય અથવા તો રૂપીયાંની થેલી એમને એમ પડી રહી હોય તો તેનો પેલાને શોક થાય છે, આવો શોક થવાનું કારણ શું છે? તે તપાસશો તો માલમ પડશે કે તેણે ધૂળની કિંમત ગણી નથી. પરંતુ રૂપીયાની કિંમત ગણી છે, અને તેથીજ તેને રૂપીયાને અંગે શોક થાય છે, પરંતુ ધૂળને અંગે શોક થતો નથી.

પડી રહેલી ધૂળને આપણે નકામી માની છે. એ ધૂળ ખરેખર જ નકામી છે કે કેમ તે કાંઈ આપણે જાણતા નથી. કદાચ એજ ધૂળમાં સોનાની રજકણો પણ કેમ ભળેલી ના હોય? અને તેની કિંમત લાખો રૂપિયાની કેમ ના થતી હોય તો પણ આપણે તે ધૂળને મૂલ્ય હીન જ માનીએ છીએ. કારણ કે આપણે ધૂળની કિંમત જ ગણી નથી. એજ પ્રમાણે જેને ધર્મનું મૂલ્ય નથી, જેના હૃદયમાં ધર્મનું મહત્ત્વ વસ્યું નથી તે મનુષ્ય પોતાના આત્મામાં ધર્મ પડી રહેલો હોવા છતાં તે ધર્મ તરફ તેની દ્રષ્ટિ ખેંચાવા પામતી નથી. આ સઘળાનું કારણ એજ છે કે ધર્મના મહત્ત્વથી હજી આત્મા અજ્ઞાન છે. દવાનો ઉપયોગ કરતા પહેલાં માણસ દવાના મહત્ત્વને સમજે છે. તે જાણે છે કે દવા રોગ મટાડનારી છે. દવાનું આવું મહત્ત્વ જાણ્યા પછી જ તે દવાનો ઉપયોગ કરવાના સંબંધમાં વિચાર ચલાવે છે, જે દવાના મહત્ત્વને જ જાણતો નથી તેને દવાને અંગે કાંઈ વિચાર કરવાનો જ હોતો નથી. અર્થાત્ જે આત્મા વસ્તુની કિંમત સમજતો નથી તે આત્માને એ વસ્તુના સદુપયોગને અંગે વિચાર કરવાનો હોતો જ નથી, એ જ પ્રમાણે જે ધર્મની કિંમત જાણતો નથી તેને ધર્મના સદુપયોગને અંગે પણ વિચાર કરવાનો હોતો જ નથી. માત્ર જેઓ ધર્મની કિંમત સમજે છે તેને જ એ ધર્મના સદુપયોગને અંગે વિચાર કરવાનો હોય છે.

ધર્મનુ મૂલ્ય સમજનારાને જ ધર્મને અંગે વિચાર કરવાનો હોવાથી જેઓ મિથ્યાત્વના ગુણઠાણામાં જ રહેલા છે તેમને ધર્મના સદુપયોગ દુરૂપયોગને અંગે વિચાર કરવાનો હોતો નથી. આત્માના તાબામાં અમૃતનો ઘડો ભરેલો છે. પરંતુ "મારા તાબામાં અમૃત હોવા છતાં હું ગટરનું પાણી જ કેમ પીધા કરૂં છું?" એવા વિચાર તે જ કરે છે જે અમૃતની મહત્તા અને ગટરના પાણીની હીનતાને જાણે છે. જે ગટરના પાણીની હીનતાને નથી જાણતો તેને તો ગટરનું પાણી અથવા તો ગંગાનું પાણી અથવા તો અમૃત હોય, એને અંગે કોઈપણ વિચાર જ કરવાનો હોતો નથી. એજ દશા મિથ્યાત્વીની છે. આત્મા અને પુદ્‌ગલ એ બંને પોતાને આધીન હોવા છતાં મિથ્યા દ્રષ્ટિની દૃષ્ટિમાં આત્મા વસતો નથી. ગટરનું ગંધાતું પાણી અને અમૃતનો ભરેલો કુંભ એ બંને પાસે પાસે મુકેલા હોય તો પણ જે જીવને અમૃતનો અને ગટરના ગંધાતા પાણીનો ખ્યાલ નથી તે જીવ ગટરના પાણીમાં જ લીન થાય છે અને અમૃતના ઘડામાં લીન થવાનું પસંદ કરતો નથી.

આત્માને પોતાને આત્મા તથા પુદ્‌ગલ બંને સ્વાધીન છે. પરંતુ તે છતાં મિથ્યાદૃષ્ટિ આત્મા પેલા

ગટરના ગંધાતા પાણીના કીડાની માફકજ આત્મામાં રમણ કરવાનું છોડી દે છે, અને તે મૂર્ખાઈને તાબે થઈને પુદ્‌ગલમાં જ રમણતા કરે જાય છે! આ દૃષ્ટિએ જોઈએ તો મિથ્યાદૃષ્ટિ જીવ કરતા તો નાનકડી કીડી સારી છે! નાની કીડી એ એક મુંગું જાનવર છે, તે છતાં તે નિરંતર મીઠાશનેજ તપાસે છે, કીડી પોતે મીઠાશમાં પહોંચી શકે કે ન પહોંચી શકે એ એક જુદી વાત છે. પરંતુ તે છતાં તે હંમેશાં મિઠાશને જ તપાસતી રહે છે. તમે વચ્ચે સાકરનો કટકો, ચોખો કે બાજરીનો દાણો મૂકો અને તેની ચારે બાજુએ રાખોડી પાથરો તો એ કીડીએ રાખોડીની ચારે બાજુએ જોઈએ તેટલા આંટા મારશે. એક આંટાથી એ કીડી કદાપિ પણ કંટાળી જઈ પોતાનો માર્ગ છોડતી નથી. રાખોડીની ચારે બાજુએ કીડી સંખ્યાબંધ આંટા મારે છે અને પછી તે સાકર, ચોખાનો દાણો કે બાજરીનો દાણો જે હાથમાં આવે તે ઉપાડી જાય છે. આ સઘળા કાર્યમાં કીડીની ધારણા જુઓ તો તે એક મીઠાશ ઉપર રહેલી છે. મનુષ્યે પણ એ કીડીના ઉદ્યમ ઉપર જ ધ્યાન રાખવાનું છે. કીડી મીઠાશ મેળવી શકે કે ન મેળવી શકે પરંતુ તેની ધારણા તો મીઠાશ ઉપર જ રહેલી છે. તે જ પ્રમાણે આત્માએ પણ મોક્ષ મળે કે ન મળે તો પણ ધ્યાન તો હંમેશાં મોક્ષ ઉપરજ રાખવાનું છે. જે સમકીતી જીવ છે તેણે બરાબર એ કીડીનું જ અનુકરણ કરવાની જરૂર છે. સમકીતી જીવે પહેલાં આત્માના તત્ત્વને ઓળખવું જોઈએ, આત્માના તત્ત્વને ઓળખ્યા પછી એ તત્ત્વને તે એકજ પ્રયત્નમાં મેળવી શકશે એવું કોઈ કહેતું નથી; કારણકે આત્મતત્ત્વરૂપી અમૃતની ચારે દિશાએ રાખોડી રૂપી કર્મો વેરાયલાં છે. પરંતુ આત્માની એ ફરજ છે કે તે આત્મતત્ત્વ રૂપી મીઠાશને ન પામી શકે તો પણ તેણે એ ધ્યેય-મીઠાશની માફક મોક્ષને પામવાનું ધ્યેય રાખીને કીડીના કાર્યની માફક આત્મતત્ત્વરૂપી અમૃત મેળવવાનો પ્રયાસ તો કર્યા જ કરવો જોઈએ. જે માણસ આવા પ્રયત્નમાં સતત મંડયો રહે છે અને પોતાનું આ કાર્ય છોડતો નથી તેને જ આપણે સાચો માણસ કહી શકીશું અને એ માણસ આજે નહિ તો આવતી કાલે અગર મોડો પણ જરૂર એ મીઠાશ જેવા મોક્ષને પામી શકશે.

આપણે મનુષ્ય કહેવાઈએ છીએ તો પણ આપણી દશા કેવી છે તે આ ઉપરથી સારી રીતે ખ્યાલમાં આવી શકે એમ છે. આપણે એકવાર પ્રયત્નો કરીએ. બેવાર પ્રયત્નો કરીએ, ત્રણવાર પ્રયત્નો કરીએ. પરંતુ જો તે પ્રયત્નોમાં ન ફાવીએ તો આપણે પ્રયત્નો કરવાના માંડી વાળીએ છીએ. આશ્ચર્યની વાત એ છે કે પ્રયત્નો કરતાં કુંજર કંટાળે છે કીડી કંટાળતી નથી?

અનાજના એક દાણાની ફરતે તમે રાખોડીની લાંબી હાર કરશો તો જ્યાં સુધી એ રાખોડી લીલી હશે ત્યાં સુધી કીડીઓએ રાખોડીની હારની ચારે દિશાએ ફર્યાજ કરશે, પણ જ્યાં એ રાખોડીની હાર સુકાઈ ગઈ કે તરતજ એજ કીડી સુકારાખોડા ઉપર-ચઢીને પસાર થઈને પણ પેલા દાણા પાસે પહોંચી જશે, અને તેમાંથી ઉપાડાય તેટલો દાણાનો હિસ્સો તે જરૂર ઉપાડી જ લેશે. અહીં જે મુખ્ય વસ્તુ ધ્યાનમાં રાખવાની છે તે કીડીની ધ્યેયપ્રિયતા છે. કીડી રાખોડીની હાર લીલી હોવાથી એ હાર ઉપરથી ચઢી જઈને અન્નનો દાણો કે સાકરને પામી નથી શકતી એ જુદી વાત છે, પરંતુ તેનું ધ્યેય તો એકાંત એ વસ્તુ પામવાનું જ રહે છે. એજ પ્રમાણે આ આત્માનો અને સિદ્ધવસ્તુનો સંબંધ પણ સમજવાનો છે. જ્યાં સુધી કર્મનું જોર હોય ત્યાં સુધી આત્મા સિધ્ધવસ્તુને ન મેળવી શકે એ જુદી વાત છે. પરંતુ જો સિધ્ધવસ્તુ એજ આત્માના લક્ષ્યમાં હોય તો જતે દાહાડે પણ આત્મા એ સિધ્ધવસ્તુને મેળવી શકે એ નિર્વિવાદ વસ્તુ છે. જો તમારા લક્ષ્યમાં જ અમુક વસ્તુ હોય. તો આજ નહિ તો વરસો પછી પણ

કુદરત તમોને એ વસ્તુ મેળવી આપ્યા વિના રહેવાની જ નથી. શાસ્ત્રકારોએ તો એ સનાતન નિયમ વર્ણવી જ દીધો છે કે જો તમે સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યું હોય અને પછી તમે આત્માનું જ સાધ્ય રાખીને ફરો તો કંઈપણ શંકા વિના જરૂર તમને નવ પલ્યોપમે દેશવિરતિ સંખ્યાતાસાગરોપમે સર્વવિરતિ અને એટલેજ સંખ્યાતા સાગરોપમે ઉપશમ અને એનાથી સંખ્યાતા સાગરોપમે ક્ષપકક્ષેણી તથા મોક્ષ મળે જ મળે ! આને તામ્રલેખ સમજો: જેમ તામ્રલેખ કે શિલાલેખ તરીકે કરી આપેલો દસ્તાવેજ ફરતો નથી તેમ શાસ્ત્રકારોએ તમોને કરી આપેલો આ દસ્તાવેજ પણ અખંડ અને અભંગ છે અને તે પણ કદી ફરે એવો નથી. શાસ્ત્રમાં કેટલીક વસ્તુ બહુલતાની અપેક્ષાએ પણ કહેવાય છે. પરંતુ આ મોક્ષના ધ્યેયરૂપ સમ્યક્ત્વ પછી જણાવેલ મોક્ષ પ્રાપ્તિનો ક્રમ સર્વવ્યાપક છે. અર્થાત્ વિકલ્પ વાદે આ ક્રમ નથી.

સમકીતીજીવને રખડપટ્ટી પર ચઢવાનું હોતુ જ નથી. પરંતુ સમકીતીજીવ રખડપટ્ટી પર ચઢે છે એનું કારણ એ છે કે તે પોતાના ધ્યેયને ચુકી ગયેલો હોય છે. એક વખત સમ્યક્ત્વ પામ્યા પછી આત્મા જો સાધ્ય ચૂકી જાય તો જ તે રખડપટ્ટીએ ચઢે છે. જો તે સાધ્ય ચૂકેલો હોતો નથી તો તેને રખડપટ્ટી કરવાની રહેતી જ નથી ! જેમ કીડી ગમે ત્યાં જતાં ગમે તેવા પ્રયત્નો કરતાં માત્ર મીઠાશને જ પોતાના એક ધ્યેય તરીકે રાખે છે, તે જ પ્રમાણે જો આત્મા પણ આત્માના સ્વરૂપ તરફ જ નજર રાખે છે તો તે આત્મા વહેલો મોડો પણ એ આત્માના ધ્યેયરૂપ આત્મતત્ત્વને જરૂર મેળવી શકે છે ! કીડીની દૃષ્ટિ પદાર્થ તરફ હોતી નથી, પરંતુ તેનું લક્ષ મીઠાશ તરફ જ હોય છે. બધી વસ્તુ સાચી છે. પરંતુ સૌથી શ્રેષ્ઠ તો મીઠાશ જ છે એમ તે માને છે. એજ પ્રમાણે સમકીતીનું પણ એજ લક્ષ્ય હોય છે કે ગમે તે પ્રકારે આત્માના ગુણોને પ્રકટ કરવા, ત્યાં જ મારા કાર્યની સિદ્ધતા છે, અન્યરીતિએ મારા કાર્યની સિદ્ધતા નથી!

આત્માના ગુણો પ્રકટ કરું એ સિવાય સમકીતીનું બીજુ લક્ષ હોતું જ નથી. સમ્યક્ત્વવાળો કોણ છે એ જાણવા માટે સમકીતીનાં લક્ષણો દર્શાવવામાં આવ્યા છે કે દેવગુરૂ વગેરેની ભક્તિ, ધર્મ સાંભળવાની ઈચ્છા ધર્મ ઉપર રાગ, તથા ધર્મ, ગુરૂ અને દેવના વૈયાવચ્ચમાં પોતાની શક્તિ પ્રમાણે નિયમો, એ સઘળાં સમ્યક્ત્વનાં લક્ષણો છે. પરંતુ સમ્યક્ત્વના આ લક્ષણો બીજાનું સમ્યક્ત્વ જાણવા માટેના છે. પોતાના આત્માનું સમ્યક્ત્વ જાણવા માટે શમઆદિ પાંચલિંગનાં નિયમો બતાવ્યા છે. વ્યવહારથી શુદ્ધ દેવાદિને માનવા શમાદિને ધારણ કરવા ગુરૂ ઉપર રાગ રાખવો, ધર્મ ઉપર રાગ રાખવો, દેવ ગુરૂના વૈયાવચ્ચમાં પ્રવર્તવું એ સઘળું સમ્યક્ત્વનું કાર્ય થયું ગણાય છે. આ વસ્તુ એવી છે કે તેમાં કોઈને પણ વિરોધ આવી શકવાનો નથી. સઘળાને જ આ વસ્તુ કબુલ રાખવી પડે તેવી છે. પણ અહીં એક ઘણો જ મુશ્કેલ અને મહત્ત્વનો સવાલ ઉઠે છે. આ સવાલ શું છે તે તપાસીએ.

એ પ્રશ્ન એ છે કે શમાદિનું પાલન શા માટે કરવામાં આવે છે ? ધર્મ ઉપર રાગ રાખવો તે પણ શા માટે ? ધર્મ શ્રવણની ઈચ્છા, વૈયાવચ્ચનો નિયમ તથા શુદ્ધદેવાદિને માનવા એ સઘળું શા માટે છે ? આપણે બજારમાં જઈએ છીએ ત્યાં માલ વેચાતો દેખીએ છીએ. તે વેચાણના ચોપડા લખાતા દેખીયે છીએ. લેવડદેવડ થતી દેખીએ છીએ. એ સઘળું શા માટે થાય છે તે વિચારતાં માલમ પડે છે કે એ સઘળું નફો મેળવવા માટે અને નફાની આશાએ થાય છે ! બજારમાં થતી લેવડ-દેવડ તે રૂપિયા આપવા લેવાના મુદ્દાથી થતી જ નથી. ચોપડા લખાય છે તે પણ ચોપડા લખવાના જ મુદ્દાથી

લખાતા નથી પરંતુ આ સઘળું થાય તે એક જ મુદ્દાએ થાય છે કે ત્યાં કમાણીનો હેતું છે. ત્યાં ખરી દૃષ્ટિ કમાણી ઉપર રહેલી છે અને તેના ઉપર જ આખો વ્યવહાર ચાલી રહેલો હોય છે. જેમ બજારમાં થતા સઘળાં કાર્યોનો પૃથક્ પૃથક્ કાંઈ સ્થાનિક હેતુ નથી તે જ પ્રમાણે અહીં શમાદિ પાંચ શુશ્રૂષાદિ કાર્યો પણ તેના સ્થાનિક હેતુરૂપે ગણવાના નથી.

ધર્મ સાંભળવો જ જોઈએ એ મુદ્દાએ ધર્મ શ્રવણ કરવાનું નથી. ધર્મ પર રાગ રાખવા માટે જ ધર્મ ઉપર રાગ રાખવામાં આવતો નથી, ગુરુ અને દેવના વૈયાવચ્ચ કરવાના ઈરાદે જ ગુરૂ અને દેવનું વૈયાવચ્ચ કરવાનું નથી. તે જ પ્રમાણે શુદ્ધદેવાદિકને પૂજવા જ જોઈએ એ મુદ્દાએ શુદ્ધ દેવાદિકને પૂજવાના નથી. પરંતુ તે બધું કરવામાં કાંઈક બીજો જ મુદ્દો રહેલો છે, એ મુદ્દો શું છે તે સમજો. બજારમાં માલની જે લેવડદેવડ થાય છે તેમાં લેવડદેવડ કરવી જોઈએ એજ હેતુ હોય તો તો પાંચ પૈસાની ટોપીના પાંચ રૂપીયા લેવાંને કોઈ તૈયાર થાય તો પણ તમો ને વાંધો ન જ નડવો જોઈએ. ગમે તે ભાવે પણ તમે... લેવડ દેવડ કરી લો. નામું લખવાના મુદ્દાથી જ તમે નામું લખવાના હો તો તો તમે ચોપડાઓમાં પણ ગમે તે વાત લખી શકો છો, અને રૂપીયા લેવા એજ મુદ્દાએ તમે જો દુકાને બેઠા હો તો તો પાંચસો રૂપીયાના માલના પાંચ રૂપીયા લઈને પણ તમે તેને વેચી દઈ શકો અથવા ખોટા પૈસા પણ તમે લઈ શકો ! પરંતુ તમે એવી પ્રવૃત્તિ નથી કરતા. તેનું કારણ એ છે કે એ બધા કાર્યોમાં તમારો મુદ્દો નફાનો છે.

વ્યવહારનાં બધા કાર્યોમાં તમે મુખ્ય મુદ્દો જુઓ તો તે કમાણીનો નફાનો જ છે. તે જ પ્રમાણે શમાદિ લક્ષણો પણ તેના સ્થાનિક મુદ્દાએ નહિં પરંતુ આત્માને સર્વથા કર્મ રહિત કરવાના જ મુદ્દાથી છે. એજ પ્રમાણે સમ્યક્ત્વના ત્રણ લિંગો છે તે પણ આત્માનો સ્વભાવ પ્રકટ કરવાના મુદ્દાએ જ છે, અન્ય કોઈ પણ મુદ્દાએ નથી. એજ પ્રમાણે શુદ્ધદેવાદિને માનવાના છે તે પણ કર્મનો ક્ષય કરવાના મુદ્દાથી જ માનવાના છે, અન્યથા માનવાના નથી. જો કર્મક્ષયનો મુદ્દો ઉડાવી દો અને તમે ધાર્મિક ક્રિયા કામો ચાલુ રાખો તો તેનો અર્થ તો એજ છે કે તમે કમાણી કરવી અર્થાત નફો કરવો એ મુદ્દો ઉડાવી દઈને વેપાર ધંધો કરવા માંગો છો. જો તમે નફાનો મુદ્દો ઉડાવી દો તો માલની આપ-લે ચોપડા લખવા અને પૈસાની લેવડ દેવડ એ સઘળું વ્યર્થજ લાગે. એમ અહિં પણ શમાદિ કે શુશ્રૂષાદિ એ સઘળું આત્માના કલ્યાણના મુદ્દાએ જ છે. અન્યથા વ્યર્થ જ છે. ઠીક, આટલું કબુલ કર્યા પછી પણ હજી એક બીજીવાત વિચારવાની છે.

ધારો કે એક વેપારી છે તે રૂની મોસમમાં લાખ ગાંસડી રૂની ખરીદી લે છે. અને તે લાખ ગાંસડી ખરીદી લઈને તેને રાખી મૂકે છે. સારો ભાવ મળે તો પણ એ ગાંસડીઓને તે વેચતો જ નથી ! તો આ વેપારનું પરિણામ એ જ આવવાનું કે ખોટ ! યાદ રાખવાનું છે કે રૂનો વેપાર નુકસાન કારક છે એમ નથી. તેનાથી તો તે વખત ફાયદો જ થાય છે. એ વાત સાચી છે. પરંતુ તેમ છતાં પણ જો નફાની દૃષ્ટિ ન રાખીએ તો પરિણામ એ આવે કે વેપારમાં ખોટ જ જાય. એજ પ્રમાણે અહીં પણ વિચારવાનું છે. તમે શુદ્ધદેવાદિને માન્ય રાખ્યા છે એનો અર્થ એ છે કે આપણે રૂની ગાંસડીઓ તો ભરી લીધી છે. પરંતુ એ ગાંસડીઓ ભરી લીધા પછી પણ જો નફાની દૃષ્ટિરૂપ મોક્ષ પ્રાપ્તિની દૃષ્ટિ ન રહે તો રૂની ગાંસડીઓ રૂપ શુદ્ધદેવાદિ મેળવ્યા છતાં પણ આપણે તો ખોટમાં જ ઉતરી પડવાના! આ ખોટને કોઈએ શુદ્ધદેવાદિને માનવાનું પરિણામ સમજવાનું નથી. તમે જાણો છો કે રૂનો વેપાર ખોટનો નહોતો. રૂનો વેપાર હંમેશાં નફો જ

આપનારો હતો. પરંતુ તે છતાં ખરીદેલું રૂ જે યોગ્ય મોસમમાં નથી વેચી મારતો તેને ભાગે તો ખોટ જ રહે રૂને યોગ્ય મોસમમાં ન વેચી દેવાને લીધે ખોટ જાય તો એ ખોટને માટે આપણે રૂને જવાબદાર ગણતા નથી. પરંતુ તે માટે રૂ ન વેચી દેવાની અને તેને સંગ્રહી રાખવાની નીતિને જ જવાબદાર ગણીયે છીએ. તે જ પ્રમાણે જે શુદ્ધદેવાદિને અનુસરે છે. તેમને પણ જાણવાની જરૂર છે કે શુદ્ધદેવાદિને અનુસર્યા વિના તો કલ્યાણ થવાનું જ નથી. પરંતુ શુદ્ધદેવાદિકને પણ એક માત્ર કર્મક્ષયના મુદ્દાથીજ આદરવા જોઈએ. શુદ્ધદેવાદિકને માનો પરંતુ તે છતાં જો કર્મક્ષયના મુદ્દાથી તેને ન માનો તો મુશ્કેલી તો તમારી સામેની સામે જ આવી ઉભી રહેશે. તમારી મુશ્કેલી શુદ્ધદેવાદિને માનવા છતાં પણ દૂર થઈ શકવાની નથી. હવે અહીં તમોને સહેજે એવી શંકા થશે કે કુદેવાદિકને માનનારાઓની મુશ્કેલી દૂર ન થાય અને તેમને નુકસાની ખમવી પડે એ તો ઠીક છે પરંતુ સુદેવાદિકને માનવા છતાં પણ નુકસાન થાય અને મુશ્કેલી ના ટળી શકે તો પછી સુદેવાદિકને માનવાથી લાભ શો ? અર્થાત્ સુદેવાદિકને માનવાથી પણ તેમાં જો કર્મક્ષયનો મુદ્દો ન હોય તો નુકસાન થાય છે એ વાત તમારું હૃદય કદાપિ પણ સહેલાઈથી કબુલ કરી શકવાનું નથી તમારી બુદ્ધિ સહેલાઈથી આ વાત કબુલ ના કરે તો ભલે, પરંતુ જો તમે જરા વધારે વિચાર કરશો તો આ વસ્તુને તમે સારી રીતે સમજી શકશો. તમે એક સાધારણ ઘરેણાનું જ ઉદાહરણ લો, ઘરેણું એ શોભા વધારનારી ચીજ છે કે શોભા ઘટાડનારી ચીજ છે ? તમારો જવાબ એજ હોઈ શકે કે ઘરેણુ એ શોભા વધારનારી ચીજ છે. પરંતુ એજ શોભા વધારનારી ચીજ ઘરેણું તમારું ઘર પણ મરાવે છે એ વાત ભૂલી જવા જેવી નથી. તમે ઘરેણા પહેરીને શ્રીમંતોને ત્યાં લગ્નમાં જાઓ તેનો વાંધો નથી. સરકારી ઓફિસમાં ફરી આવો તેમાં વાંધો નથી. પરંતુ જો એજ ઘરેણાં પહેરીને તમે દુર્જનોના વાડામાં ગમે તેમ રખડો તો એજ દુર્જનો તમારાં ઘરેણાની લાલચે તમારા ઉપર જાત જાતની આપત્તિ લાવવા તૈયાર થશે, અર્થાત્ ઘરેણું એ શોભા વધારનારી ચીજ હોવા છતાં તે ચીજને પણ દુર્જનોથી બચાવી લેવાની અનિવાર્ય જરૂર છે. ઘરેણું શોભા વધારે છે, તમોને શણગારરૂપ છે. તમારી પ્રતિષ્ઠા વધારે છે પરંતુ એજ ઘરેણાની દુર્જનથી રક્ષા ન થાય તો એજ ઘરેણું તમારો કચ્ચરઘાણ પણ કાઢી નાંખે છે.

પણ એજ સ્થિતિ અહીં શુધ્ધ દેવાદિકની છે. સુદેવ સુગુરૂ, ને સુધર્મ એ ત્રણે પદાર્થ રત્ન સમાન છે, અલંકાર સમાન છે, હીરામોતી સમાન છે, પરંતુ તેને પણ દુર્જનથી બચાવી લેવાની જ આવશ્કયતા છે, ક્ષાયિકભાવથી જ સુદેવ સુગુરૂ અને સુધર્મ આરાધવાના છે, એ આરાધનાની અંદર જો બીજું કાંઈ ભળી ગયું અને મારા તારાપણું ઘુસી ગયું. બીજો કાંઈપણ વિચાર પેસી ગયો તો સમજી લેજો કે ઘરેણાની દુર્જનોના હાથમાં ગયા જેવીજ પરિસ્થિતિ અહીં ઉદ્‌ભવે છે. શ્રીમાન્ નંદીવર્ધનનો પ્રસંગ અહીં વિચારજો. નંદિવર્ધનને ભગવાન શ્રીમહાવીરદેવ ઉપર અનન્ય રાગ હતો. હવે ભગવાન શ્રીમહાવીરદેવ કાંઈ ગમે તેવા સામાન્ય ન હતા. ભગવાન શ્રીમહાવીર ભગવાન્ તો સુદેવ હતા વીતરાગસ્વરૂપ હતા. સર્વ ગુણ સંપન્ન હતા, નંદીવર્ધન પણ ભગવાનની એ મહત્તાને જાણતા હતા. આ સઘળું જાણ્યા છતાં પણ નંદિવર્ધનનો પણ ભગવાન શ્રી મહાવીરદેવ ઉપર રાગ હતો તે માત્ર તેઓ તીર્થંકર ભગવાન હતા એટલા પુરતો જ ન હતો, પરંતુ ભગવાન પોતાના ભાઈ છે, એ વસ્તુ પણ ત્યાં ઓતપ્રોતપણે સામેલ હતી. ભગવાન શ્રીમહાવીરદેવના સંબંધમાં શું બોલવાનું હોય ?

જગતમાં જેમના સમાન બીજા સુદેવ નહિ. જેમની જોડીનો બીજો શાસ્ત્રવેત્તા નહિ, કે જેની જોડીનો બીજો પવિત્રાત્મા નહિ, એવા સાધુ પુરુષ ઉપર રાગ ! કહો એ રાગ જરા પણ અયોગ્ય વ્યક્તિ પરત્વે હતો ? નહિં, પરંતુ તેમ છતાં એ રાગમાં એ દૃષ્ટિ પણ સામેલ હતી કે આવા મહાન સુદેવ તે મારો ભાઈ થાય છે ! શ્રીમાન્ નંદિવર્ધનનો ભગવાનશ્રી મહાવીર દેવ ઉપર દેવપણાનો રાગ તો ખરો જ, પરંતુ તે સાથે ભાઈ તરીકેનો રાગ પણ તેમનામાં અપૂર્વ જ રહેલો હતો. હવે આ બંને પ્રકારના રાગનો જરા વિચાર કરી લેજો. શ્રીમાન્ નંદીવર્ધનનો ભગવાન શ્રી મહાવીર દેવ ઉપર જે દેવપણાનો રાગ હતો તે રાગ કર્મના ક્ષયોપશમને સાધનારો હતો, પરંતુ ભગવાન મારા ભાઈ છે એવા હેતુપૂર્વકનો તેમનો ભગવાન ઉપર જે રાગ હતો તે તો રાગ બંધનને આપનારો જ હતો, ભગવાન શ્રી મહાવીર દેવ એ એને એકજ વ્યકિત હતી. વ્યકિતમાં જુદાઈ નહતી, પરંતુ તે છતાં તેમના ઉપર નંદીવર્ધનનો જે રાગ હતો તે આમ બેપ્રકારનો હતો.

શ્રીમાન નંદિવર્ધનનો એક રાગ એ કારણથી હતો કે ભગવાન શ્રીમહાવીરદેવ "સુદેવ" અને બીજો રાગ એ કારણથી હતો કે ભગવાન જેવા સુદેવ એ પોતાના ભાઈ છે ! હવે ગણધર મહારાજા શ્રીગૌતમભગવાનનો રાગ કેવા પ્રકારનો હતો તે વિચારો ! પ્રથમ તો એ વાત વિચારવાની છે કે જે મોક્ષમાર્ગના ઉમેદવાર છે તેમણે એ બે વાતો ધ્યાનમાં રાખવાની છે. તે એક રાગ મુખ્યત્વે બે પ્રકારનો છે; સ્નેહરાગ અને તત્ત્વરાગ. ખૂબ ધ્યાનમાં રાખજો કે સ્નેહરાગ એ તો વજની સાંકળ છે, ભાઈ તરીકે કે કાકામામા તરીકે અથવા તો ગમે તે આત્મીય સજ્જન તરીકે તીર્થંકરદેવ કે સાધુમહાત્માઓ ઉપર રાગ રાખો તો એ સ્નેહરાગ છે, એ સ્નેહરાગ બંધનને આપનારો છે, અને તેથી સ્નેહરાગ એ વજ્રશૃંખલા કહેવાય છે, પરંતુ જ્યાં તત્ત્વપર દ્રષ્ટિ છે, જ્યાં તત્ત્વપર રાગ છે, જ્યાં તત્ત્વ જ પ્રિય છે તે રાગ વજ્રશૃંખલા તરીકે ઓળખાતો નથી, છતાં એ રાગ પણ મોહનીય કર્મોનો ભાઈ બંધ છે ! જો કે સુદેવ, સુગુરૂ અને સુધર્મ ઉપર જે રાગ છે તે તો શુદ્ધ હોવા છતાં જે રાગ રાખવામાં આવે છે તે રાગ મોહનીયકર્મનો સંબંધી છે. પરંતુ તેમ છતાં એટલી વાત યાદ રાખવાની છે કે એ રાગ અગ્નિ જેવો તેજસ્વી છે.

હવે તમો એવો પ્રશ્ન કરશો કે તમે એ રાગને અગ્નિ જેવો કેમ કહો છો, ખરી રીતે જૈન ધર્મનું બધું લક્ષ સાચી શાંતિ મેળવવા તરફ હોવાથી એ રાગને પાણીના જેવોજ રાગ કહેવો જરૂરી છે. ઠીક! અગ્નિનો સ્વભાવ શું છે એ વાત તો તમે જાણો જ છો. અગ્નિનો સ્વભાવ એવો છે કે કોઈ એને બાળી શકતું નથી, પણ અગ્નિ બધાને બાળે છે! અગ્નિમાં આવીને જો કોઈ વસ્તુ પડે તો પણ એ વસ્તુનો જ નાશ થાય છે, અને અગ્નિ કોઈ વસ્તુ ઉપર જઈને પડે તો પણ તેથી એ વસ્તુનો જ નાશ થાય છે ! અર્થાત્ અગ્નિ જ્યાં પડે તેને બાળે છે! શુદ્ધદેવાદિકના ઉપરનો પણ તેઓ શુદ્ધ હોવાને કારણે તે સંબંધી જે રાગ છે તે રાગ એવો છે કે આત્મામાં રહેલા કર્મોને જ તે બાળે છે, એથી જ એ રાગને શાસ્ત્રકાર મહારાજાઓએ અગ્નિના જેવો રાગ કહ્યો છે. રાગ અને દ્વેષના સંબંધમાં તમારે કેટલીક વાત વિચારી જોવાની છે. સઘળા જ રાગ તજવા જેવા છે, અથવા સઘળાજ પ્રકારના દ્વેષો પણ તજવા જેવા છે, એમ તમે એકાંતે માની લેશો નહિ. યાદ રાખજો કે જેને મોક્ષ મેળવવો છે તેણે તો એ રાગ દ્વેષને માર્ગેજ પ્રવૃતિ કરવાની છે. તમે જરૂર માની લેજો કે રાગ દ્વેષ એજ મોક્ષના રસ્તા છે, પરંતુ એ રાગ દ્વેષ કયા પ્રકારનો હોઈ શકે ? એ વાત તમારે તપાસવાની જરૂર છે. શુદ્ધગુરૂ

અને શુદ્ધધર્મ ઉપર જેમ વધારે રાગ રાખશો તેમ તેમ તમો મોક્ષની વધારે સમીપ જશો.

શુદ્ધદેવાદિ ઉપર રાગ રાખવો એ જેમ કર્તવ્ય છે તે જ પ્રમાણએ મિથ્યાત્વ, અવિરતિપણું વગેરે ઉપર દ્વેષ રાખવો એ પણ કર્તવ્ય જ છે. મિથ્યાત્વાદિ ઉપર પણ જેમ જેમ વધારે દ્વેષ રાખશો તેમ તેમ તમે મોક્ષની વધારે નજીક જશો. મિથ્યાત્વાદિ ઉપરના દ્વેષને અને નિર્જરાને સંબંધ છે. ઘાતીકર્મની નિર્જરાને અને દેવાદિના રાગને સંબંધ છે. શુદ્ધદેવાદિકની ઉપરનો રાગ જેમ તીવ્ર છે તે જ પ્રમાણે નિર્જરા પણ તેટલી જ તીવ્ર થવા પામે છે, જેટલા પ્રમાણમાં અહીં રાગ છે તેટલા જ પ્રમાણમાં અહીં નિર્જરા પણ તીવ્રસમજવાની છે. સમ્યક્ત્વાદિ ઉપર જેટલો તીવ્ર રાગ છે તેટલી જ તીવ્રપણે નિર્જરા પણ થાય છે. આજ વસ્તુ પરત્વે નવકારમંત્રમાં "નમો અરિહંતાણં" અરિ શબ્દ રાખવામાં આવ્યો છે. નવકારમંત્રમાં કોઈપણ સ્થળે કર્મ શબ્દ કહેવામાં આવ્યો જ નથી. કર્મ એ શત્રુ છે, અરિ છે, દુશ્મન છે. પરંતુ છતાં તેનું નામ સરખું પણ નવકારમંત્રમાં ન લેવામાં એ મુદ્દો રહેલો છે કે જૈનશાસનમાં પર તરીકે રહેલા શત્રુ અને મિત્ર એ બંને સમાન છે.

જૈનશાસનમાં શત્રુ અને મિત્ર બંને સમાન છે. માન અપમાન બંને સરખાં છે અને તેને જ સામાયિક ગણવામાં આવ્યું છે. ત્રસ સ્થાવર જીવોમાં સમાનતા રાખવાની છે, સ્વજન અને પરજનમાં સમાનતા રાખવાની છે, માનાપમાનમાં જેમ સમાનતા રાખવાની છે તેમજ શત્રુમિત્રમાં પણ સમાનતા રાખવાની છે, જો એ સ્થિતિ હોય તો જ તે સામાયિક છે. જો એ સ્થિતિનો અભાવ હોય તો એ વખતનું સામાયિક જ નથી, છતાં કર્મ ઉપર શત્રુભાવ તો રાખવાનો જ છે. કર્મ ઉપર એ શત્રુભાવ જેટલો વધારે છે તેટલી નિર્જરા પણ વધારે જ, એ શત્રુભાવને અને નિર્જરાને સંબંધ છે, પરંતુ પૌદ્‌ગલિક કારણોએ તમે કોઈને શત્રુમાનો અને એ શત્રુ ઉપર શત્રુભાવ રાખો તો તે શત્રુભાવ અને નિર્જરાને સંબંધ નથી જ પરંતુ બંધની સાથે તેનો સંબંધ છે ! શત્રુને હણનારાને નમસ્કાર કરવાનું શ્રી જીનભગવાનનું શાસ્ત્ર ફરમાવે છે, પરંતુ એ શત્રુ તે બાહ્ય શત્રુ નથી. અરિહંતત્વમાં કર્મ રૂપી શત્રુને હણનારાને જ સ્થાન છે, કર્મરૂપી શત્રુને ન હણે, અને તેને બદલે બાહ્યપૌદ્‌ગલિક ચીજોને હણનારો થાય તેને તો અરિહંતપણામાં સ્થાન જ નથી, તેનું સ્થાન તો હિંસકત્વમાં જ રહેલું છે.

હવે જૈનમાં શત્રુત્વ કેવું છે ? અને તે કોના સંબંધમાં છે ! તેનો વિચાર કરો. આત્માને અનાદિકાળથી જો કોઈ રખડાવનાર હોય તો તે ઘાતીકર્મ સિવાય બીજી એક પણ એવી કોઈ વસ્તુ નથી કે જે આત્માને આ મહાભયંકર ભવસાગરમાં રખડાવ્યા જ કરે, આ ઘાતીકર્મો તે જ આત્માના મહાપ્રબળ શત્રુઓ છે, એ નક્કી માનજો ! આ ઘાતીકર્મોને શત્રુઓ માન્યા છે અને એ ઘાતીકર્મો રૂપી શત્રુઓને હણવામાં જે શૂરવીર છે તેને જ નમસ્કાર કરવાનું છે. આથી જ કર્મ ઉપર જેટલી તેને જ તીવ્ર શત્રુતા તેટલી જ નિર્જરાની તીવ્રતા સમજવાની છે. જૈનશાસન જે શત્રુતાને પોષણ આપે છે, જે શત્રુતાને જૈનશાસન નિરંતર ધારણ કરવાનું કહે છે, તે આ પ્રકારની શત્રુતા છે અન્ય કોઈપણ પ્રકારની શત્રુતાને આ શાસન કદી પણ પોષણ આપતું નથી. હવે આ શાસન કયા પ્રકારનો રાગ પોષે છે તે જુઓ. બૈરી છોકરાંને સંસારવ્યવહાર એના ઉપરનો જે રાગ તે રાગને આ શાસન કદી પોષણ આપતો જ નથી, તે તો એજ પ્રકારના રાગને પોષણ આપે છે કે જે પ્રશસ્ત રાગ છે. જે રાગ કર્મરૂપી શત્રુને હણે છે, અને તે વિજેતા ઉપરનો જે રાગ તેને જ આ શાસન પોષણ આપે છે.

પ્રશસ્તરાગનો સંબંધ નિર્જરા સાથે હોય છે.

પ્રશસ્તરાગ અને પ્રશસ્તદ્વેષ એ બંનેનો સંબંધ નિર્જરા સાથે જ છે. જો પ્રશસ્તરાગને નિર્જરાની સાથે સંબંધ ન હોય તો તો પછી આપણને નમો અરિહંતાણંમ્ એમ કહેવાને માટે અવકાશ જ રહેતો નથી. જો કર્મક્ષયનો મુદ્દો જ ન હોય તો પછી અરિહંત ભગવાનોને વાંદવાનો હેતુ જ રહેવા પામતો નથી. અહીં શત્રુતાને પોષવાની છે, કારણ કે એ નિર્જરાની સંબંધિની છે, અર્થાત્ અહીં નિર્જરા પક્ષકાર બને છે. આ રીતે પ્રશસ્ત રાગદ્વેષને પોષવાના કહ્યા છે, પરંતુ એ બધામાં જુઓ તો મુખ્ય મુદ્દો તો કર્મક્ષયનોજ રહેલો છે. ભગવાન શ્રીમહાવીરદેવ મારા ભાઈ છે એવા વિચારે તેમના કોઈ પરિવારિક સજ્જનો તેમના ઉપર રાગ રાખે એ પ્રશસ્ત રાગ નથી, પરંતુ તેઓ કર્મરૂપી શત્રુને હણનારા મહા વિજેતા છે એ દૃષ્ટિએ કર્મક્ષયના મુદ્દાથી તેમના ઉપર રાગ રાખવો એ પ્રશસ્ત રાગ છે. અર્થાત્ રાગદ્વેષ પ્રશસ્ત હોવામાં પણ મુદ્દો તો કેવળ કર્મક્ષયનો જ રહેલો છે. બીજો નહિ. જો કર્મના ક્ષયના મુદ્દાને તમે ભૂલી જાઓ કર્મના ક્ષયનો મુદ્દો તમારા ધ્યાનમાં ન રહે, અને તે વિના જો તમે ભગવાન ઉપર સુગુરૂ ઉપર અથવા તો સુધર્મ ઉપર રાગ રાખો તો પણ તમારો એ રાગ નિર્જરાને આપી શકતો નથી.

જે જીવ મોક્ષમાર્ગમાં પ્રવર્તેલો છે, તે જીવને સ્નેહ એ તો વજ્રની સાંકળ સમાન જ છે. શાસ્ત્રકાર મહારાજાઓ તો કહે છે કે શુદ્ધદેવ, શુદ્ધધર્મ અને શુધ્ધગુરૂ ઉપરનો જે મારાપણાનો રાગ છે તે રાગ તો સ્નેહ રાગ જ છે. અલબત્ત શુદ્ધદેવાદિકો ઉપર તેઓ શુદ્ધ છે તેથી રાગ હોઈ શકે, પરંતુ તેમના ઉપર પણ મારાપણાથી મમત્વવૃત્તિથી તો રાગ ન જ હોઈ શકે. તમે આસ્તિક હો, આત્મા અનાદિ છે, ભવ સંબંધ અનાદિ છે, અને કર્મપણ અનાદિનાં છે, એવું અંતઃકરણથી માનતા હો અને અમુક વ્યક્તિને તમારી સાથે અનેકભવનો સંબંધ હોય અને તે વ્યક્તિ ઉપર તમોને તે સદ્‌ગુણી હોવા માટે જે રાગ થાય તે તત્ત્વરાગ હોય અને તે રાગને નિર્જરા સાથે સીધો સંબંધ છે, પરંતુ તે વ્યકિત સાથે તમારો ભવોભવનો સંબધ છે, એ વિચારે તમારો એ વ્યક્તિ ઉપર જે રાગ થાય તે રાગ સ્નેહરાગ હોઈને તેને અને નિર્જરાને જરાપણ સંબંધ નથી. હવે તમે એમ કહેશો કે ગમે તે કારણથી પણ ગુણી ઉપર રાગ હોય તો તે ગુણાનુરાગ કહેવાવો જોઈએ, તો તમે સદ્‌ગુણી ઉપરના રાગને ગુણાનુરાગ શા માટે કહેતા નથી?

તમારા આવા પ્રશ્નનો જવાબ એ છે કે આપણો સદ્‌ગુણી ઉપર ગુણી તરીકેનો જો રાગ ન હોય તો સદ્‌ગુણી ઉપર આપણે રાગ રાખ્યો છે એટલા જ કારણથી તે રાગ ગુણાનુરાગ કહેવાતો નથી. રાણી પોતાના બાળકો ઉપર રાગ રાખે છે. રાજમાતા પાટવીપુત્રને સ્તનપાન કરાવે છે, તેમાં એ માતાનો એવો હેતુ નથી કે બાળક આ દેશનો રાજા છે માટે મારે રાજપુત્રને સ્તનપાન કરાવવું જોઈએ. તે તો એ બાળકને પુત્રપણાથી જ પોષે છે. અગર કે પેલો બાળક રાજા છે, રાજમુકુટ તેને શીરે મૂકાવાનો છે, એ સ્પષ્ટ છે. છતાં માતાનો તેના ઉપરનો રાગ એ તો પુત્ર તરીકેનો જ રાગ છે, રાજા તરીકેનો રાગ નથી જ. ભગવાન મહાવીર મહારાજ જીવ્યા ત્યાં સુધી ગણધર ભગવાન ગૌતમદેવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવા પામી નહોતી, પરંતુ તેઓશ્રીનું કેવળજ્ઞાન રોકાઈ રહ્યું હતું. હવે વિચાર કરો . શ્રીમાન્ ગૌતમ મહારાજને જે વ્યક્તિ પર રાગ હતો તે વ્યકિતની મહત્તામાં જરાપણ ખામી ન હતી, ભગવાન શ્રીમહાવીરદેવના સુદેવપણામાં સંશયમાત્રનો પણ વાંધો ન હતો. ભગવાન પુરેપુરી વિશુદ્ધ વ્યક્તિ હતા, છતાં એ ભગવાન ઉપરનો પણ શ્રીમાન્ ગૌતમસ્વામીજીનો જે રાગ હતો તે રાગ તેમના

કેવળજ્ઞાનને રોકનારો બન્યો હતો ! ગુણાનુરાગ કોઈપણ સમયે કેવળજ્ઞાનને રોકનારો થઈ શકતો જ નથી, તે તો નિર્જરા સાથેજ સંબંધ ધરાવે છે, હવે જ્યારે ભગવાન ઉપરનો ગૌતમસ્વામીજીનો રાગ તેમના કેવળજ્ઞાનને ખાળે છે ત્યારે સહજ થાય છે કે એ સ્નેહરાગ હોવો જોઈએ.

મહાવીર ભગવાન એ ક્ષત્રિય છે, ગણધરદેવ ગૌતમસ્વામીજી બ્રાહ્મણ છે, એક રાજપુત્ર છે તો બીજો યજ્ઞ કરનાર છે, તો એ બંન્નેને પરસ્પર લાગે વળગે એવો તેમની વચ્ચે શો સંબંધ છે ? કશો જ નહિ ! આ સંયોગોમાં ભગવાન ઉપરનો ગણધર દેવ શ્રી ગૌતમસ્વામીનો રાગ તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી અટકાવે છે ! આથી જ ગૌતમસ્વામી ભગવાન શ્રીમહાવીરદેવને પૂછે કે હે ભગવાન મને તો આખા સંસાર કરતાં વિચિત્ર વસ્તુનો જ અનુભવ થાય છે. જગતનો એવો નિયમ છે કે જે પોતે શ્રીમંત હોય તે જ અન્યને શ્રીમંત બનાવી શકે છે, ગરીબ વ્યક્તિ પાડોશીને માલદાર બનાવી શકતો નથી. પરંતુ મારે ત્યાં તો અજબની વિચિત્રતા છે, હું ભિખારી છું. પરંતુ મારી પાસે જે આવી જાય છે તે સઘળા શ્રીમંત થાય છે !" ભગવાન ગૌતમસ્વામીજી પાસેથી જેઓ શ્રીમતી ભાગવતી દીક્ષા લેતા હતા તેઓ સઘળા કેવળજ્ઞાન પામી જતા હતા.

હવે જુઓ કે ભગવાનશ્રીગણધરદેવ ગૌતમસ્વામીજીને પોતાને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવા પામી ન હતી, અને તેઓશ્રીને હાથે દીક્ષા લેનારાઓને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ચૂકી હતી. આથી જ ભગવાન શ્રીમહાવીરદેવને ગૌતમસ્વામીએ કહ્યું હતું કે જગતમાં શ્રીમંત બીજાને શ્રીમંત બનાવી શકે છે, ભુખડી બારસ કાંઈ બીજાને શ્રીમંત કરી શકતો નથી, પરંતુ મારે ત્યાં તો એથી ઉલટું જ થાય છે. હું કેવળજ્ઞાનરૂપ જવાહીર વિનાનો ભુખડી બારસ છું, અને હું બીજાને દીક્ષા આપું છું તે દીક્ષિત થયા પછી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી મેળવીને શ્રીમંત થાય છે, જ્યારે હુંતો ભુખડી બારસનો ભુખડી બારસ જ કાયમ રહું છું ! આ વાત તો અંશે અક્ષીણમહાનસીલબ્ધિના પ્રભાવ જેવી છે. અક્ષીણમહાનસીલબ્ધિનો પ્રતાપ એવો જ છે કે જેને એ લબ્ધિ પ્રાપ્ત થઈ હોઈ તે પંદરસોને જમાડી શકે છે, પરંતુ તેને પોતાને તો ભુખ્યાને ભુખ્યા જ રહેવું પડે છે, અને જો તે જ જમી લે તો તેની અક્ષીણલબ્ધિ જ સફાચટ થઈ જાય છે, અને તે પાછો હતો તેવો બની રહે છે !

ગૌતમસ્વામી ભગવાન શ્રી મહાવીરદેવને કહે છે! મારી દશા તો આ અક્ષીણલબ્ધિવાળા જેવી જ થઈ કે મારી પાસે જે દીક્ષાના ઘરાક આવી ગયા તે તાલેવંત થઈ ગયા, અને હું પોતે તો ભિખારીનો ભિખારી જ રહ્યો ! મારી કોથળી તો કાણીને કાણી જ રહી ! ભગવાન શ્રીમહાવીરદેવ કહે છે હે ગૌતમ તારો અને મારો પરિચય આજકાલનો નથી. તું મારા ઘણા ભવના પરિચયવાળો છે, મારા સંસર્ગવાળો છે. મારી સાથે સંબંધ કરીને જોડાયેલો છે, માટે તારી જ કોથળીમાં કાણું છે, તેથી એ કોથળી બીજી કોથળીઓને ભરી શકે છે. પરંતુ પોતે તો ખાલીને ખાલી જ રહે છે ! પાણીયારણ પાણી ભરવા જાય અને તેનું બેડું કાંણું હોય તો તેનું બેડું કદી ભરી શકાતું નથી એજ કાણાં બેડાં વડે તેમાં પાણી... લઈ બીજા ઘડાઓ ભરીએ તો ધારો તેટલા ઘડા ભરી શકાય, પરંતુ એ કાણો ઘડો તો કદી ભરી શકાતો જ નથી ! એજ પ્રમાણે ગૌતમભગવાનની દશા છે. ગૌતમભગવાનને શ્રીમહાવીરદેવ સાથે ભવોભવનો સંબધ હતો, આ સંબંધને પરિણામે તેમને સ્નેહ રાગ હતો અને તેથી તેમની કોથળી કાણી હતી ! અને એ રાગ સ્નેહરૂપ હોવાથીજ ભગવાન શ્રીગૌતમ દેવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવા

પામી ન હતી.

ભગવાન્ શ્રીમહાવીરદેવ જેવા દેવ અને ગૌતમ જેવા ભક્ત; છતાં ભગવાન શ્રીગૌતમદેવ સ્નેહરાગમાં ઉતરી જવાથી તેઓ કેવળજ્ઞાન પામી શકયા ન હતા, પરંતુ કેવળજ્ઞાનમાં ઉલટો અંતરાય ઉભો રહેવા પામ્યો હતો ! આ ઉદાહરણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તમે શુદ્ધદેવાદિને માનો, પરંતુ તે છતાં પણ જો કર્મના ક્ષય ક્ષયોપશમ અને મોક્ષના મુદ્દાથી તમે તેને ન માનો અને શમાદિપણ કરો, પરંતુ તેમાં પણ જો તમારો કર્મક્ષયનો મુદ્દો ન જ હોય તો ધારેલું કાર્યપાર પડવા પામતું નથી !

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જ્યારથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય ત્યારથી એ વસ્તુનું મૂલ્ય સમ્યક્ત્વ ધારીને રૂંવાડે રૂંવાડે વસી જ જવું જોઈએ હું જે સઘળું ધર્મકાર્ય પણ કરું છું તેમાં મારી મુખ્ય નેમ તો અમુક હોવી જોઈએ. કીડી મીઠાઈને શોધવામાં જ મશગુલ રહે છે, તે બધું કરે છે પણ મીઠાઈની ફરતે ભમ્યા કરે છે. ગમે એટલી ઉંચી નીચી થાય છે પરંતુ તે બધામાં તેને હેતુ તો એકજ હોય છે કે મીઠાઈ મેળવવી. એજ દૃષ્ટિ સમકીતીની પણ હોવી જ જોઈએ.

સમકીતી સમ્યક્ત્વ પામે ત્યારથી જ તેની ધારણા એ તો હોવીજ જોઈએ કે હું ધર્મ ઉપર રાગ રાખું છું . ધર્મ શ્રવણ પર રાગ રાખું છું, દેવગુરૂ ઉપર રાગ રાખું છું, ગુરૂ શુશ્રૂષા કરૂં છું. પરંતુ તે બધામાં મુદ્દાની વાત તો એ છે કે મારે મીઠાઈ રૂપ મોક્ષ મેળવવો છે, અને એ મોક્ષના મુદ્દાએ જ, કર્મક્ષય હોતા મુદ્દાએ આ સઘળા ધર્મ કાર્યો કરી રહ્યો છું. કીડીની પ્રવૃત્તિ તમે જોશો તો મીઠાઈ મેળવવાને માટે તલ્લીન! તે મીઠાઈની ચારે પાસે ફરશે, મીઠાઈની ટોપલીની ચારે બાજુ તમે રાખોડીનો ઢગલો કરશો તો તે ઢગલાની ફરતી વારંવાર ફર્યા કરશે અને જ્યાં જરા સરખો રસ્તો મળ્યો કે ઉપર ચઢવા જ માંડશે, પછી તમે ગમે એટલા પ્રયત્નો કરશો તો પણ તે રોકાવાની નથી, આત્મપ્રકાશને માટે તલ્લીન રહેવું જોઈએ, જ્યાં જરા સરખી તક મળે કે તેણે એ માર્ગે વળી જ જવું ઘટે છે સમકીતની પ્રાપ્તિ થયા પછી આત્માનું વર્તન આ કીડીના જેવું જ મોક્ષાર્થે સતત ઉદ્યોગશીલ હોય છે.

મહાનિશીથસૂત્રમાં અને શ્રાવકપ્રજ્ઞપ્તિમાં શ્રાવકની મુસાફરીની વાત ચલાવવામાં આવી છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે એક શ્રાવકને દરિદ્રપણું આવ્યું છે, દરિદ્રતા આવવાથી તે વિચારે છે કે હું પરદેશમાં જાઉં, અને ત્યાં પરિશ્રમ પૂર્વક કાર્ય કરીને દ્રવ્ય મેળવું, કર્મનો ક્ષયોપક્ષમ થવાની અંદર દ્રવ્યાદિ ચાર કારણ છે, ઉદય થવામાં પણ ચાર કારણ છે. અર્થાત્ હું આ ક્ષેત્રનો ત્યાગ કરીને બીજા ક્ષેત્રમાં જઈશ, તો ક્ષેત્ર બદલાશે અને તેથી મને લાભ થશે ! આ ક્ષેત્રમાં મારૂં ચારિત્ર મોહનીય તૂટતું નથી, પરંતુ જો હું બીજા ક્ષેત્રમાં જાઉં અને તે એ ક્ષેત્ર મને મોહનીય તોડવામાં મદદ કરે અને હું મહાવ્રત લેવા વાળો થાઉં, તો મને મોટો લાભ છે. સ્વદેશમાં દારિદ્રય પામેલો પરદેશ જવા ધારે છે તેમાં પણ તેનો એ વિચાર છે કે ક્ષેત્રાંતર થવાથી કર્મોનો ક્ષયોપશમ થશે અને ચારિત્રની પ્રાપ્તિ થશે, તો મારા આત્માનું કલ્યાણ થઈ જશે, પરંતુ જો તે નહિ થાય અને કદાચ અંતરાયનો ક્ષયોપશમ થશે તો મને દ્રવ્ય મળશે, અને મારું દારિદ્રય જશે!

આ શ્રાવકનો પહેલો વિચાર તો એ છે કે ક્ષેત્રાંતર થવાથી ક્ષયોપશમ થશે અને ક્ષયોપશમ થવાથી ચારિત્ર પામીશ, આ તેનો મુખ્ય વિચાર, જો તેમ ન જ થાય તો પછી છેવટે અંતરાયનો ક્ષયોપશમ થવાથી દ્રવ્ય તો મળશે, એ તેનો ગૌણ વિચાર. કીડી મીઠાઈના ઢગલાની ચારે બાજુએ

ફરતી ફરે છે, પરંતુ તેનું ધ્યાન એક મીઠાઈ ઉપરજ હોય છે, તે જ પ્રમાણે સમકીતી પણ હંમેશાં ક્ષયોપશમના મુદ્દાવાળો જ હોય છે, પ્રથમ વસ્તુ તરીકે એનું લક્ષ જ ચારિત્રમાં હોય છે, કીડી મીઠાશ મેળવવાના હેતુથી કુંડાળાની આસપાસ ભમ્યા કરે છે, તે જ પ્રમાણે સમકીતી જીવન દૃષ્ટિ પણ મોક્ષ તરફ જ રહે છે. કીડી સાકરનો દાણો મેળવવા કુંડાળાની ચારે તરફ ફરતી ફરે છે. ત્યારે એવો વિચાર કરતી નથી કે મેં આ માર્ગમાં આટલું અંતર કાપ્યું છે. તે એવો જ વિચાર કરે છે કે મારે હજી તો આટલો પંથ કાપવાનો બાકી છે, અને હું એટલો પંથ કાપીશ ત્યારે જ મારી ફરજ પૂરી થશે.

સમકીતી જીવની દશા એજ પ્રમાણે હોવી જોઈએ, સમકીતીને કેવળજ્ઞાન પામવામાં જેટલી ઓછાશ હોય તે ઓછાશ બદલ જ તેને ખેદ થાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિનો આનંદ તેને જરૂર થવા પામે છે, પરંતુ તે આનંદ ઉપર જ તે પોતાની ગણતરી બાંધતો નથી. કીડી પોતે આટલું ચાલી છું એવી ગણતરી નથી ગણતી, પરંતુ આટલું બાકી રહ્યું છે એવી જ ગણતરી ગણે છે તે જ પ્રમાણે સમકીતી પણ પોતે જેટલી પ્રાપ્તિ કરી છે, તેનો વિચાર કરતો નથી, પરંતુ હજી મોક્ષ આટલા અંતરે છે. એજ તે વિચારે છે. અને એ અંતર વિચારીને તે દિશાએ જ પ્રયત્ન કરવામાં જ તે કર્તવ્ય માને છે. એ વૃત્તિજ હંમેશાં દરેકે રાખવી ઘટે છે, કીડી મીઠાશનાં કુંડાળામાં ઘુસવા માટે જેમ સતત પ્રયાસ કર્યા જ કરે છે તે જ પ્રમાણે સમકીતી જીવ પણ ક્ષયોપશમના કુંડાળામાં ઘુસવાના જ વિચારવાળો હોય છે. આ દૃષ્ટિએ જ્યારે આપણે વિચાર કરતા થઈશું ત્યારેજ આપણને લોકોત્તર દૃષ્ટિએ ધર્મનું મૂલ્ય સમજાશે તે વિના લોકોત્તરદ્રષ્ટિએ ધર્મનું મૂલ્ય સમજાવાનું નથી. અને ધર્મનું મૂલ્ય સમજાયા વિના આપણે ઉત્તમ ધર્મને કદાપિ પણ પામી શકવાનાયે નથી.

સિદ્ધ બુદ્ધ મુક્ત પરિનિર્વૃત અને સર્વદુઃખોનો નાશ કરનાર કોણ ?

ધર્માત્મા મુમુક્ષુ વૈરાગ્યવાન અને સમ્યગ્દૃષ્ટિ તરીકે જે જીવો હોય છે, અગર જે જીવો પોતાના આત્માને ધર્માત્માદિરૂપે પરિણમાવવા માગતા હોય છે, તે સર્વજીવોનું એક જ ધ્યેય હોય છે, અને તે બીજું કંઈ નહિં, પણ ઉપર જણાવેલું એક જ સિદ્ધપણું વગેરે. એ સિદ્ધપણા આદિના ધ્યેયની એટલી બધી પ્રબલતા અને ઉત્તમતા છે કે એ સિધ્ધપણાના ધ્યેય સિવાયના ત્યાગને પણ શાસ્ત્રકારો અત્યાગ માને છે, અને એ સિધ્ધપણાના ધ્યેયવાળાને અત્યાગ હોય તો પણ ત્યાગવાળો કથંચિત્ માને છે. અને એજ કારણથી પરમર્ષિયો જે જીવોને સિદ્ધપણા આદિના ધ્યેય સિવાય વૈરાગ્યઆદિને આદરવાનું થાય છે તેને સિદ્ધપણા આદિના પ્રશ્નો થવાનો નિયમ કહેતા નહિં. પણ જેઓ વૈરાગ્યાદિવાળા ન હોય, છતાં સિદ્ધપણા આદિના ધ્યેયવાળા થાય છે તેમને એક બે ત્રણ ભવમાં સિધ્ધઅવસ્થા પ્રાપ્ત થવાનું જણાવે છે. છેવટે સાત આઠ ભવે તો જરૂર સિધ્ધપદને મેળવે એમ જણાવે છે. કોઈપણ જીવ સિધ્ધપણા આદિ ધ્યેયમાં અવિચલપણે રહે તો શાસ્ત્રકાર મહારાજાઓ ચોક્ખા શબ્દોમાં ફરમાવે છે કે તે સાત આઠ ભવમાં મોક્ષ પામ્યા સિવાય એટલે સિધ્ધપણા આદિપણાને મેળવ્યા સિવાય રહેતો જ નથી. અને એટલા જ માટે સમ્યક્ત્વ કે જે ક્ષાયિકરૂપે કદાચ નહિં પણ હોય, પણ ક્ષયોપશમરૂપે હોય છે, પણ સ્થિતિ છાસઠ સાગરોપમ જણાવી મનુષ્યોના ભવોની માત્ર અધિકતા જણાવી છે. એટલે વિજય આદિ ચાર અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થનારા જીવોને ત્રણ ભવ મનુષ્યના અને વચમાં બે ભવ દેવના એમ પાંચ જ ભવ થાય અને આજ કારણથી **विजयाषु द्विचः** એમ તત્ત્વાર્થ વગેરેમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે, ત્યાં જણાય છે કે બીજી વખત વિજયાદિચાર અનુત્તરવિમાનમાં એટલે વચમાં એક જ મનુષ્યનો ભવ કરી બીજી વખત ઉત્પન્ન થનારો જીવ જરૂર આગળના મનુષ્ય ભવમાં મોક્ષ જ મેળવે છે. અર્થાત્ એ તત્ત્વાર્થનું કથન અપ્રતિપાતિ સમ્યક્ત્વાળાને અંગે જ વધારે યોગ્ય ગણાય. પહેલી વખત પણ મનુષ્યભવથી જ વિજયાદિ અનુત્તરોમાં જઈ શકે અને મોક્ષની પ્રાપ્તિ પણ મનુષ્યમાં જ થાય માટે વિજયાદિદ્વારાએ મોક્ષે જનારાને મનુષ્યના ભવ ત્રણ અને દેવના ભવ બે, એમ એકંદર પાંચ જ ભવ થાય. આવી રીતે અપ્રતિપાતિ સમ્યક્ત્વની અપેક્ષાએ વિજયાદિકમાં બે વખતની ઉત્પત્તિ લેવાથી શ્રી કર્મગ્રંથની અંદર વિજય આદિચાર અનુત્તરોમાં અનેક વખત કહેલી ઉત્પત્તિ અથવા ચાર ચાર વખત વિજયાદિમાં ઉત્પત્તિ અગર વિજયાદિ ચારમાં ઉત્પત્તિ બે વખત થઈ ગયા પછી પણ અચ્યુતાદિકમાં કહેલી ઉત્પત્તિનું મતાંતર સમજી શકાશે, કેમકે પ્રતિપાતિ એવા સમ્યક્ત્વની

અપેક્ષાએ જ જણાવેલ છે, વળી શ્રી પ્રજ્ઞાપનાસૂત્રમાં વિજય આદિ અનુત્તરવિમાનોના દેવતાઓની ભવિષ્યમાં અને અતીતકાલમાં વિજયાદિ અનુત્તર વૈમાનિકપણે સંખ્યાતી ઇંદ્રિયો થયેલી અને થવાની ગણાવી છે, તે પણ અપ્રતિપત સમ્યક્ત્વની અપેક્ષાએ વિશેષવાળી ગણાય, પણ પ્રતિપાતિ સમ્યક્ત્વની અપેક્ષાએ પણ તે ઇંદ્રિયોના સંખ્યાતાપણાનો વાંધો રહેશે નહિં. આવી રીતે વિજયાદિક અનુક્રમે અપ્રતિપત સમ્યક્ત્વવાળાને પાંચ ભવે જ મુક્તિ જવાનું બને. યાદ રાખવાની જરૂર છે કે એકલા સાધુમહાત્માજી સિદ્ધિ આદિના અર્થી હોય અને અપ્રતિપતિત સમ્યક્ત્વવાળા પણ તે જ હોય એવો નિયમ નથી, પણ સર્વવિરતિની અભિલાષવાળા છતાં પણ જેમ ખસને દુઃખરૂપ અને રોગસ્વરૂપ સમજવાવાળો અને તે ખસને દૂર કરવા મથન કરતો પણ ખસવાળો જેમ ચળના જોરે ખણવાવાળો થાય છે, તેવી રીતે દેશવિરતિને આદરી હોય અગર કોઇપણ પ્રકારની વિરતિને નહિં પણ આદરી હોય એવો દેશવિરતિ કે અવિરતિવાળો શ્રાવક પણ અપ્રતિપતિત સમ્યક્ત્વવાળો ન હોય તેમ નથી. અને તેવા દેશવિરતિ કે અવિરતિવાળા શ્રાવકને અચ્યુત નામના બારમા દેવલોકોથી આગલના દેવલોકોમાં ગતિ ન હોવાથી ગૈવેયકમાં પણ જઇ શકે નહિં, તો પછી વિજયાદિ અનુત્તરો જે ચાર છે તેમાં તો તેઓને જવાનું જ ક્યાંથી જ હોય ? એટલા માટે અને વિજયાદિ ચાર અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થવાની અપેક્ષાએ થતા પાંચ ભવના વિકલ્પની માફક જ બીજો વિકલ્પ પણ શાસ્ત્રકારો અપ્રતિપાતિ સમ્યક્ત્વવાળાની અપેક્ષાએ જણાવે છે કે કાંતો બે વાર વિજયાદિ ચાર અનુત્તરોમાં ઉપજીને અર્થાત્ ત્રણ વખત મનુષ્ય ભવમાં અને બે વખત દેવમાં ઉપજીને પાંચ ભવે મોક્ષે જ જાય અને એમ ન બને તો ત્રણ વખત અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થવાથી કંઇક અધિક છાસઠ સાગરોપમ સુધી અપ્રતિપતિત એવા સમ્યક્ત્વને ધારણ કરતા રોકાય અર્થાત્ જ્યારે અચ્યુત દેવલોકના ત્રણ ભવ લેવા પડે, કેમકે અચ્યુત દેવલોકમાં દેવતાઓની સ્થિતિ અધિકમાં અધિક બાવીસ સાગરોપમની આયુષ્ય સ્થિતિ છે. તેથી ત્રણ વખત તે અચ્યુત દેવલોકમાં ઉત્પતિ થવાથી છાસઠ સાગરોપમ દેવલોકના થાય. ત્યારે મનુષ્યના ચાર ભવ લેવા જ પડે. યાદ રાખવાની જરૂર છે કે પંચેન્દ્રિય તિર્યંચો અને નારકીઓ પણ સમ્યક્ત્વને ધારણ કરનાર હોય છે, તે સમ્યક્ત્વની ધારણાનો એવો અસાધારણ પ્રભાવ છે કે સમ્યક્ત્વને ધારણ કરવાનું નરક અને તિર્યંચના આયુષ્યમાં બને, પણ સમ્યક્ત્વને ધારણ કરતી વખત નરક અને તિર્યંચના આયુષ્યનો બંધ તો પણ કોઇપણ કાલે કોઇપણ જીવ કરે જ નહિં. અર્થાત્ જો ઔદારિક શરીર કે જે માત્ર મનુષ્ય અને તિર્યંચને જ હોય છે. તે ઔદારિક શરીરને ધારણ કરનારો જીવ જો સમ્યક્ત્વ ધારણ કરનાર છતો આયુષ્ય બાંધે તો તે કેવલ વૈમાનિકનું આયુષ્ય બાંધે, અને વૈક્રિયશરીર કે આ જન્મ સુધી નારકી અને દેવતાને જ હોય છે, તેઓ જો સમ્યક્ત્વને ધારણ કરતા છતાં આગલા ભવનું આયુષ્ય બાંધે તો કેવલ મનુષ્યભવનું જ બાંધે. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે અપ્રતિપતિ સમ્યક્ત્વની ભવાન્તર સમ્યક્ત્વવાળા સાધુની અપેક્ષાએ જેમ વિજયાદિચાર અનુત્તરના બે અને મનુષ્યના ત્રણ ભવ મળી પાંચ ભવ થાય, તેવી રીતે અપ્રતિપાતિ સમ્યક્ત્વને ધારણ કરનાર અવિરતિ અને દેશવિરતિવાળાની અપેક્ષાએ અચ્યુતપણાના ત્રણ ભવ અને મનુષ્યના ચાર ભવ મળી અપ્રતિપતિત સમ્યક્ત્વવાળા સાત ભવ થઇ શકે છે.

ઉપર જણાવેલ હકીકતથી સિદ્ધ બુદ્ધ મુક્ત પરિનિવૃત અને સર્વદુઃખાંતકૃતપણાની વાસના અવિચ્છિન્નપણે રહે તો પાંચ કે સાત આઠ ભવથી

ભવો વધારે કરવાના હોતા જ નથી. અપ્રતિપાતી એટલે નહિં પડવાવાળા જ સમ્યક્‌ત્વનો એટલે સિદ્ધપણા આદિના તન્મયપણાનો પ્રભાવ છે. એટલું જ નહિં, પણ એક વખત પણ જે મહાપુરૂષને તે સિધ્ધ બુધ્ધ મુક્ત પરિનિર્વૃત અને સર્વ દુઃખાંતકૃત્યની દશાની યથાવત રમણતા થઈ જાય તેવા મહાપુરૂષને પણ તે સમ્યક્‌ત્વ પોતાનો પ્રભાવ દેખાડયા વિના રહેતું જ નથી. મુખ્ય રીતિએ તો તે તેવા સમ્યક્‌ત્વને એક વખત પણ ધારણ કરી ગયેલો જીવ પતિત થઈ જાય તો પણ સંખ્યાત અને અસંખ્યાત અવસર્પિણીમાં તો જરૂર મોક્ષ પામે જ છે. જો કે સિદ્ધિપદની તમન્નાવાળા એવા કેટલાક હોય છે જેઓને અનન્તઉત્સર્પિણી અવસર્પિણી સુધી રખડવાનું થાય છે. પણ તે જીવો ઘણા જ ઓછા હોય છે, એટલું જ નહિં, પણ જેઓ સિદ્ધિપદવીની તમન્નાવાળા થઈને પોતે સિદ્ધિને રસ્તે ચાલવું તો દૂર રહ્યું, પણ તે સિદ્ધિની તમન્ના રાખી સિદ્ધિપદને રસ્તે ચાલતા હોય તેવાઓને પણ સિધ્ધિપદની તમન્નાથી ચૂકવે અથવા સિદ્ધિપદવીના રસ્તાથી ચ્યુત કરે. જેવી રીતે સિદ્ધિ પદવીના રસ્તાથી ચ્યુત કરનારને અનન્તઉત્સર્પિણી સુધી સિદ્ધિપદની તમન્ના થયા પછી રખડવું પડે છે, તેવી રીતે જ સિદ્ધિની તમન્ના રાખવાવાળા અને સિદ્ધિને માર્ગે પ્રવર્તેલા મહાનુભાવ પુરૂષોની પ્રતિકૂલતા કરવાથી પણ સિદ્ધિ પદની પ્રાપ્તિનું આંતરૂં અનન્ત ઉત્સર્પિણી થઈ જાય છે, પણ આવા જીવો ઘણા જ અલ્પ હોય છે, અને શાસ્ત્રકારો પણ ફરમાવે છે કે અપ્રતિપાતિ સમ્યક્‌ત્વવાળા સંખ્યાતકાલ પ્રતિપાતિ સમ્યક્‌ત્વવાળા અને અસંખ્યાતકાલપ્રતિપાતિ સમ્યકત્વવાળા અને અસંખ્યાતકાલ પ્રતિપાતિ સમ્યક્‌ત્વવાળા જીવોની ગણતરીની અપેક્ષાએ અનન્ત કાલ સુધી સમ્યક્‌ત્વ પામીને પણ રખડવાવાળ જીવો ઘણાં જ અલ્પ છે. એટલું છતાં એ તો ચોક્કસ છે કે એક વખત એક ક્ષણ વખત પણ જો સિદ્ધિપદની તમન્ના થઈ અને સિધ્ધિપદ સિવાય અન્ય કાંઈ પણ સાધ્ય છે જ નહિં, એવો નિશ્ચય જો જીવને થઈ ગયો તો તે જરૂર સિદ્ધિપદને મેળવવાળો જ થાય, અર્થાત્‌ એમ કહીયે તો ચાલે કે દુનિયામાં મનથી મોતીના ચોક પૂરાય તેની કિંમત નથી, પણ આ ભગવાન જિનેશ્વર મહારાજના શાસનમાં તો મનના પણ મોતીયે પૂરેલા ચોક સાચા કરે છે. અને આમ હોવાથી તો શાસ્ત્રકારો પણ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે કોઈપણ કાલે મુક્તિને નહિં પામનારા એવા અભવ્યજીવોને કોઈ દિવસ પણ સિદ્ધિપદની તમન્ના તો શું ? પણ સિધ્ધિપદની માન્યતા પણ થાય નહિં. આ જગા પર એક વસ્તુ બરોબર સમજવા જેવી છે, અને તે એ કે સિધ્ધિપદને ન માનનાર અગર સિધ્ધિપદની તમન્ના નહિં રાખનાર અભવ્ય જ હોય એવો નિયમ નહિં, પણ સિધ્ધિપદને માનનાર અથવા તેની તમન્ના રાખનાર જીવ તો ભવ્ય જ હોય એ ચોક્કસ છે. અર્થાત્‌ ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય એ ચોક્કસ ખરૂં. પણ તેથી ધૂમાડો ન હોય ત્યાં અગ્નિ જ ન હોય એવો નિયમ નહિં. એવી રીતે સિદ્ધિપદની તમન્નાના પ્રભાવે પાંચ ભવે સાત ભવે યાવત્‌ સંખ્યાત અસંખ્યાત કે અનંતભવે સિદ્ધિ મળવાનો નિશ્ચય છે પણ જેઓ સિદ્ધિપદની માન્યતાવાળા અને તમન્નાવાળા નથી તેઓ કોઈક દેવન્દ્ર નરેન્દ્રપણાની ઈચ્છા અથવા આ ભવના માનપાન વૃધ્ધિ સત્કાર સન્માનની ઈચ્છાએ સિધ્ધિપદવીને પ્રાપ્ત કરવાનો જ રસ્તો જે જ્ઞાન અને ક્રિયા એ બન્નેમાં હોય તેટલા ઉંચા પણ વધે, તો પણ તેઓ તે જ્ઞાન કે ક્રિયાના પ્રભાવે તો સિધ્ધિપદવી મેળવી શકે જ નહિં. આ વસ્તુ વિચારીને ભવ્યજીવોએ સિધ્ધ બુધ્ધ મુક્ત પરિનિર્વૃત અને સર્વદુઃખાંતકૃત્ત્વની તમન્નાવાળા થવું.

(ચાલુ)

૧૧ ભગવાન તીર્થંકરોની દેશના પહેલે પહોર અને છેલ્લે પહોર પ્રતિ દિવસે નિયમિત હોય છે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજે જે મોક્ષ પામતી વખત સોળ પહોરની દેશના આપી છે તે તો રાત દિવસ લાગલાગટ જાણવી.

૧૨ બીજના ચંદ્રને પગે લાગવાનું વિધાન શાસ્ત્રીય નથી. તે વિમાનમાં ભગવાનના બિંબ છે તેને વંદન સવારે સકલતીર્થ વગેરે કહેતાં થાય છે.

૧૩ શ્રી કલ્પસૂત્રમાં આવતાં નાટક જોવાનાં દૃષ્ટાન્તો થયેલા તરીકે હોવામાં અડચણ નથી.

૧૪ કોઈપણ ક્રિયામાં ગુરૂ અને ક્રિયા કરનારની વચ્ચે પંચેન્દ્રિયનું વચમાં આવવું ઈષ્ટ નહિં.

૧૫ હત્યા થઈ તેઓને કર્મનો ઉદય છતાં દૃઢપ્રહારિકારણ બન્યા તેથી પાપ લાગ્યું ને તે પાપ તપથી નાશ પામ્યું.

૧૬ આર્દ્રકુમાર આદિ દેવતાના નિષેધ વખતે જેવા તીવ્ર ઉદ્યમી હતા તેવા પાછળ ન રહ્યા, માટે પડયા, અને તેથી તેઓને પાપની પ્રવૃત્તિથી પાપ લાગ્યું કહેવાય.

૧૭ મોક્ષે જવાવાળાને મારવાનું કરેલું નિયાણું ફળે નહિં. પણ નિયાણું કરનારા તો મહાપાપ બાંધે.

૧૮ નિયાણું નિકાચિતપણે થાય માટે પ્રાયશ્ચિત્તથી ન મટે. અને મારતાં નવું પણ બાંધે.

૧૯ શ્રદ્ધા પહેલાં સામાન્ય જ્ઞાન તો હોય, પણ સમ્યગ્જ્ઞાન તો શ્રદ્ધા થયા પછી જ થાય.

૨૦ હિંસાને ઉપદેશાદિથી રોકવી એ ધર્મ છે. બાકી હિંસકને મારવો એ પણ અધર્મ જ છે.

૨૧ સમ્યગ્દૃષ્ટિને દ્રવ્ય પ્રત્યાખ્યાન અને દ્રવ્ય ચારિત્ર માનેલાં છે તેથી સમ્યગ્દૃષ્ટિને પણ ભાવશૂન્ય કે એવી દ્રવ્યક્રિયા હોવામાં અડચણ નથી.

૨૨ કેવળીમહારાજનું જીવન જેમ શ્વાસોચ્છવાસની સહચરતાવાળું છે તેવી રીતે યોગ્ય આહારવાળું પણ જાણવું. વળી વિનય વૈયાવચ્ચાદિ ઘાતિકર્મના ક્ષયને માટે હોવાથી કેવલિપણામાં જેમ તે નથી, તેમ તપસ્યા પણ ન હોય. અંત્યભાગે આહારનો

અભાવ સંલેખનાને અંગે છે.

૨૩ નપુંસક શ્રાવકધર્મને અને સમ્યગ્‌દૃષ્ટિપણાને આરાધી શકે.

૨૪ પર્વતિથિઓ આયુ બંધાય એ પ્રાયિક વચન છે. તિથિઓ ત્રીજે ત્રીજે ભાગે આવવાથી તેને આરાધનાર હંમેશાં ધર્મના ધ્યાનવાળો હોય, કોઈ દિવસ તિથિનો આગલો તો કોઈક દિવસ પાછલો ભાગ હોય. ધર્મ આરાધનારની પાપવૃત્તિઓ લુખી હોય, ને તેથી ઓછું કર્મ બાંધે.

૨૫ આલોચનામાં યાદ આવતાં પાપોની આલોચના થાય તો શુદ્ધિ થાય છે.

૨૬ સામાયિકવાળો વિશેષકારણે મરતા ત્રસ જીવને બચાવે એ શાસ્ત્રીય વાત છે.

૨૭ વિશેષ કારણ સિવાય અંજનશલાકા વિના પ્રતિમાની પૂજ્યતા ન ગણાય.

૨૮ યુગલિયામાં લગ્નવિધિ નથી તેમ પરસ્ત્રીગમન પણ નથી.

૨૯ અતિશયજ્ઞાનિના વચન કે તેવા જ્ઞાન સિવાય અનાકાર અનશન હોય જ નહિ.

૩૦ મરનાર સાવચેતીમાં ધર્માદા કરે તેનું તેને પુણ્ય લાગે.

૩૧ યુગલિયાઓ પાતળા કષાયવાળા અને મહારંભાદિ વિનાના હોવાથી નરકે ન જ જાય.

૩૨ શુદ્ધ સાધુપણાની પ્રરૂપણા કરે અને પોતાના પ્રમાદને ધર્મને નામે ઢાંકે નહિં, એમ જ શુદ્ધ સાધુને માને તે સંવિગ્નપાક્ષિક ગણાય.

૩૩ સમ્યગ્‌દૃષ્ટિનાં ગુણગાનો કરવાં એજ સમ્યક્‌ત્વવાળાને ઉચિત છે.

૩૪ ચઉક્કસાય એ શયનનું ચૈત્યવંદન ગણી એમાં ખમાસમણ દેવું એમ સેનપ્રશ્નમાં છે.

૩૫ મિશ્ર અને સમ્યક્‌ત્વ મોહનીય એ મિથ્યાત્વની અવસ્થાઓ છે માટે બંધમાં ૧૧૮ પ્રકૃત્તિ છે.

૩૬ બંધથી અને સંક્રમથી સત્તા હોવાથી સત્તાના બે પ્રકાર ગણવા પડે.

૩૭ પુરૂષનું આસન સ્ત્રીએ ત્રણ પહોર સુધી વર્જવું એ શાસ્ત્રીય છે. ત્રણ કલાકની વાત છાપાના દોષે હશે.

૩૮ દ્રવ્યપૂજા કરી ભાવપૂજા કરી લે. પછી પણ જો દ્રવ્યપૂજાનો પ્રસંગ હોય તો કરવામાં અડચણ નથી.

૩૯ ખરતરો શ્રાવકોની પ્રતિમા અત્યારે ન વહેવાય એમ જે કહે છે તે ઉત્સૂત્ર છે.

૪૦ કેવાલિકાલમાં જ ક્ષાયિક સમ્યક્‌ત્વ ઉત્પન્ન થાય.

૪૧ વર્ત્તમાનમાં ગુરૂની આજ્ઞાથી બહારવાળા બધા અસાધુ જ હોય એમ તો જ્ઞાની કહી શકે.

૪૨ ક્ષીણવેદના જીવને રજસ્વલા હોવાનો સંભવ નથી.

૪૩ સંસારદાવા એક જિન સર્વ જિન અને શ્રુતની સ્તુતિ રૂપ હોવાથી વ્યવહારમાં સ્તુતિ આદિ તરીકે ગણાય છે.

૪૪ ભગવાન સુમતિનાથજી વગેરેએ ભોજન દીક્ષાને દિવસે પણ કરેલ છે. શ્રી વીરનો આહારનો અભિગ્રહ પણ આંબિલ જ છે.

૪૫ સમ્યક્‌ત્વવાળો જીવ સમ્યક્‌ત્વની હાજરીમાં સાતમીએ ન જાય.

૪૬ કેવલજ્ઞાન પછી જિનેશ્વરો પહેલી દીક્ષા ગણધરોને આપે.

૪૭ ઉંધા હાથ એ સ્થાપન અને સવલા હાથ એ ઉત્થાપન મુદ્રા છે. જગમાં પણ એ સિદ્ધ છે.

૪૮ ડોળીયાનું તેલ વિગયમાં જ નથી. તેથી તેનું તળેલું પણ વિગયમાં ન હોય.

૪૯ ઘીના સર્વથા ત્યાગવાળો ઘીથી તળેલું પણ ન ખાય. તળાવાથી ઘી વિગય ન રહે એ સારૂં.

૫૦ વિજયાદશમી સુધી કાચી ખાંડ ન વ્હોરવાનું શ્રી સેનસૂરિજી જણાવે છે.

૫૧ હાજીખાની અમદાવાદ વિગેરે સ્થળે આંબેલમાં વપરાય છે.

૫૨ ચોમાસામાં પહેલીઋતુના પાપડ હોવાથી અભક્ષ્ય ગણ્યા તે વ્યાજબી ગણાય. (ખેડાસુ કાંતિલાલ.)

પ્રશ્ન. ૮૬૭-જૈનટીપ્પણાને અભાવે લૌકિકટીપ્પણાને આધારે તિથિઓ અત્યારે મનાય છે કે પહેલાં પણ મનાતી હતી ?

સમાધાન - પ્રાચીનગ્રન્થોમાં જે એમ લખે છે કે હમણાં જૈનટીપ્પણું નથી, એ ઉપરથી કેટલાકો એમ કહે છે કે પહેલાં જૈનટીપ્પણું પ્રવર્ત્તતું હતું, પણ મૂલસૂત્રોમાં અષાઢ આદિ મહિનાનો અને પડવા આદિ તિથિઓના વ્યવહાર હોવાથી પ્રથમ પણ વ્યવહાર લૌકિકટીપ્પણાને અંગે હોવો જોઈએ એમ કહી શકાય. કોઈપણ ચરિત્રમાં કોઈપણ પ્રસંગે કે કોઈપણ કલ્યાણકના પ્રસંગમાં જૈનોના માસ કે દિનનો વ્યવહાર સૂત્રકારોએ કે પંચાગીકારોએ કરેલો જ નથી. ફક્ત ભગવાન મહાવીરમહારાજના નિર્વાણનાં અધિકારમાં જ વર્ષમાસ તિથિનાં નામો જૈનજ્યોતિષને હિસાબે જણાવવામાં આવ્યાં છે, પણ તેમાં પણ વ્યવહાર તો કાર્ત્તિક વદ અમાવાસ્યાને નામે જ કરેલો હોવાથી વ્યવહારમાં લૌકિકટીપ્પણાની જ પ્રાધાન્યતા જણાવી છે.

પ્રશ્ન. ૮૬૮- રાત્રિના પહેલે બીજે ત્રીજે અને ચોથે પહોરે સ્વપ્ન દેખાય તો ૧૨-૬-૩ અને એક માસે ફલ આપે એમ કહેવાય છે, તો ભગવાન મહાવીરમહારાજને દશ સ્વપ્નોનાં ફલો ચિરકાલે કેમ થયાં ?

સમાધાન - એ જણાવેલ ફલાદેશનો કાલ અનિયમિત અને પ્રાયે જાણવો. કારણ કે ભગવાનની માતાને આવેલાં ચૌદ સ્વપ્નોનું ફલ નવ માંસ પહેલાં હોતું નથી. ને તે સ્વપ્નાં ત્રીજે પહોરે હોય છે. વળી તે સ્વપ્નો સ્વ પ્રત્યે છતાં પરને ફલ દેનાર થાય છે. હસ્તિપાલનાં સ્વપ્નો તો આખા શાસનમાં કાલે ફલવાળાં છે. અયોરાશિ વગેરેની ઉપર ચઢવા આદિનાં સ્વપ્ના ભવાંતરોએ ફલ દેનારા પણ હોય છે.

પ્રશ્ન. ૮૬૯- उदयंमि આદિ ગાથાઓથી પર્વતિથિ ઉદયવાળી પણ હોય તે કરવી, બેસતી ન કરવી, એમ નક્કી કરાય, પણ क्षये पूर्वा तिथिः कार्या એ વાક્ય શા માટે ? કેમ કે એવા વાક્ય ન હોત તો પણ ક્ષય પામેલી તિથિ પહેલે દિવસે જ હોય. અને તેથી તેની આરાધના પહેલે દિવસે જ થાત.

સમાધાન - બીજઆદિ પર્વતિથિઓ ક્ષય પામેલી હોય ત્યારે પહેલે દિવસે જ હોય એ બરોબર છે, પણ તે ક્ષીણ થયેલ પર્વતિથિ પહેલે દિવસ આખી હોય નહિં, અને ઉદયવાળી પણ હોય નહિં. તેથી क्षये पूर्वा એમ વિધાન કરી જણાવ્યું કે ઉદયવાળી ન મળે તો ઉદયવાળી પહેલાની તિથિ જે હોય તેને પર્વતિથિ કરવી. અર્થાત્ ઉદય અને સમાપ્તિવાળી છતાં પણ અપર્વતિથિનો ક્ષય ગણી એ અપર્વતિથિને જ પર્વતિથિ કરવી. આ વિધાન માટે આ વાક્ય ગણાય. નહિંતર તો પહેલાની તિથિમાં ભેગી પર્વતિથિ કરવી હોત તો ક્ષયે પૂર્વા કહેવાની જરૂર જ નહોતી. પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરવો એ ફલિતાર્થ છે. તેને છતાં વાચ્યાર્થ તરીકે લેવા જાય તો કુતર્ક કરનાર જ ગણાય.

આ ભવ પરભવ અને ભવોભવને માનનાર કોણ ?

દરેક સમજણ ધરાવનારો જીવ કે જેને શાસ્ત્રકારો યથાર્થ સંજ્ઞી તરીકે વિચારવાન તરીકે સંજ્ઞાવાળા તરીકે ઓળખાવે છે તેઓ જન્મ મરણની કેદમાં રહેલા નથી. યાદ રાખવું જરૂરી છે કે જેને પોતાના નિવાસસ્થાનનાં બારી બારણાં ઉપયોગમાં ન આવે અથવા બારી બારણાં હોય છતાં તે બારી બારણાંનું જેને ભાન ન હોય તે બારી બારણા વિનાના નિવાસસ્થાનમાં રહેનાર હોઈ કેદી તરીકે પોતાની અવસ્થા બનાવે છે. એવી રીતે આ સંસારરૂપ નિવાસમાં રહેનારોઓ જો પોતાના જન્મ પહેલાની અવસ્થા અને મરણ પછીની અવસ્થા જો જોઈ શકે અથવા જાણી શકે તો તેઓ સંસારના કેદી નથી, અર્થાત્ તેઓને માટે આ સંસાર એ બરોબર કારાવાસસ્થાન નથી. કારણ કે તે મહાનુભાવો પોતાના વર્ત્તમાનભવની આસપાસ જોઈ શકે છે અર્થાત્ આ ભવના જન્મથી પહેલાની અવસ્થા તથા આ ભવમાં થવાના મરણ પછીની અવસ્થાને જુએ છે તથા જાણે છે અને તેથી તેવા જીવોને આ સંસારરૂપ નિવાસ સ્થાન કેદ નહિં. પણ એક મુસાફરખાના તરીકે હોય છે. અને તેવા જીવો આ સંસારના કેદી નહિં, પણ સંસારના માત્ર મુસાફર જ છે. અને એવી રીતે આ જન્મને મુસાફરખાનું માનનાર તથા સંસારના મુસાફર બનનાર જીવોને જ શાસ્ત્રકારો સંજ્ઞાવાન એટલે સમજદાર ગણે છે અને એવી મુસાફરપણા અને મુસાફરખાનાની સમજને જ શાસ્ત્રકારો સમજ તરીકે ગણે છે. અર્થાત્ આ સંસારમાં ફરતા જીવોની સ્થિતિ બે પ્રકારની છે. એક તો કેદીપણાની સ્થિતિ છે અને બીજી મુસાફરપણાની સ્થિતિ છે. ભગવાન જિનેશ્વરમહારાજાઓ લોકાલોક પ્રકાશક ત્રિકાલવર્તિ પદાર્થોને કરતલ મધ્યગત બરોબર ગોળ એવા આમલાની માફક સાક્ષાત્પણે જાણનાર સર્વ જીવ અને અજીવોનો સર્વકાલના સર્વભાવોનો સાક્ષાત્કાર કરનાર એવા ઉતમોત્તમ કેવલજ્ઞાનને પામીને ભવાંતરથી કરેલા જગતના ઉદ્ધારપણાને ફલીભૂત કરવા જે પ્રતિબોધ દે છે જે ઉપદેશ આપે છે જે વસ્તુ જણાવે છે તે એજ કે આ જીવ સંસારનો કેદી ન રહે, અને મોક્ષ ન મેળવે ત્યાં સુધી પણ સંસારનો મુસાફર રહે, અને સંસારને મુસાફરખાના તરીકે માને. એટલા માટે તો ભગવાન જિનેશ્વરોની દેશનામાં જહજીવા બડઝંતી ઈત્યાદિ અધિકાર જણાવી સંસારીજીવોની મુસાફરીનું વર્ણન જણાવે છે, અને પર્યવસાનમાં મોક્ષના માર્ગનો પણ ઉપદેશ સ્પષ્ટ રીતે જણાવે છે. ગણધર મહારાજા કે જેઓ ભવાન્તરથી ભગવાન જિનેશ્વરના ભક્ત હોય છે અને ભગવાન જિનેશ્વરનાં વચનો ઝીલવામાં જ જેઓ આ ભવમાં પણ પોતાનું કૃતકૃત્યપણું ગણે છે, તે ભગવાન ગણધર મહારાજાઓએ પણ

ભગવાન જિનેશ્વરના તે મુસાફરપણા અને મુસાફરખાનાના ઉપદેશને પ્રભાવે કે ઉપદેશના અનુકરણ રૂપે જગત્‌ને સ્પષ્ટશબ્દોમાં એજ જણાવ્યું છે કે જેઓ આ સંસારમાં આ ભવના જન્મ મરણથી આગળ અને પાછળની અવસ્થાને જુએ તથા જાણે તે જ સંસારી તરીકે ઉપદેશના પ્રસંગમાં આવ્યા ગણી શકાય, અર્થાત્‌ સમજ સંજ્ઞા વિચારવાળા કે સમ્યગ્‌દૃષ્ટિ તે જ ગણાય કે જેઓ આ ભવમાં થતા અને થવાના જન્મ અને મરણ પછીની સ્થિતિનો જેઓ વિચાર કરે. જો કે આ વિચાર કેટલાક યુવકો કે પોતાના આત્મામાં નાસ્તિકપણું ઓતપ્રોત કરીને નથી સર્વજ્ઞને માનવા તૈયાર નથી સર્વજ્ઞ મહારાજના શાસનને માનવા તૈયાર એટલું જ નહિ, પણ ખરેખર કૂપમંડૂકનો અવતાર ધારણ કરતા હોય તેમ કેવલ પોતાની જ દૃષ્ટિ અને ધારણાને વળગી રહી દરીયાના ડેક્કાની હાંસી કરનાર અને સમુદ્રની સત્તાપણ પોતાના મગજમાં નહિં આવવાથી સમુદ્રને નહિં માનનારો થઈ કૂપમંડૂક બનનારાઓ પોતાને જેવા પોતાના શ્રોતા આગળ સમ્યગ્‌દૃષ્ટિ બને છે. પણ યાદ રાખવું કે કૂપમંડૂકની ગર્જના કરવામાં ચાલે છે. કૂપમંડૂક કદાચ દરીયાની દશાને સમજે નહિં અને સમુદ્રની સત્તાને કબુલ ન કરે તેટલામાત્રથી સમુદ્રની સત્તા નામશેષ થતી નથી, અને થવાની પણ નથી. તેમ આ યુવકો પણ સર્વજ્ઞ મહારાજ તથા તેના શાસનને નાકબુલ કરે અને ભવાંતરની સ્થિતિને માને નહિં, તેથી તે સર્વજ્ઞ ભગવાન તેમના શાસન અને પૂર્વ જન્મ તથા પશ્ચાતજન્મની સત્તા ઉડી જવાની નથી. વળી શાહમૃગ સિંહને દેખીને ધૂળમાં માથું ઘાલી દે તેથી તે શાહમૃગ બચી જતો નથી, તેમ આ યુવકો પૂર્વજન્મ અને પશ્ચાતજન્મની વાતોને ન માને અને પોતાનું કાળજું નાસ્તિકતાની ધૂળમાં ઘાલી પોતાનો સમ્યગ્‌દૃષ્ટિના નામમાં ઢંકાયેલો યુવક બને તો તેથી તે નાસ્તિક પૂર્વજન્મ અને પશ્ચાત્‌જન્મથી છુટી જવાનો નથી. માટે ભગવાન જીનેશ્વરો અને ગણધર મહારાજાઓએ સમજણ સંજ્ઞાવિચાર અને વિવેકને માટે એજ ઉપદેશ આવ્યો છે કે ગતભવને જાણો અને આ ભવ પરભવ અને ભવોભવને જાણો અને એ ગતભવ આભવ પરભવ અને ભવોભવને જાણશો તો જ તમો સમ્યગ્‌દૃષ્ટિ તરીકે સાચી રીતે ગણાશો.

સમાલોચના

૧ સત્યની જિજ્ઞાસાવાળા અને બુદ્ધિને દોરવવાવાળાને સત્ય ખોળવા અને સમજવાની તક છે.

૨ શ્રી સિદ્ધચક્ર તો સમાલોચના લખે છે, એટલે મૂળ લખાણ બંધ થતાં આપોઆપ તે બંધ થાય, અને આગળ થયું પણ છે. જેનો તે પત્રના સંપાદકે સમાલોચના નહોતી આવી એવો અર્થ પણ કર્યો છે.

૩ પ્રવચનછાપાવાળા નયસારને ગામનો રાજા મનાવે છે તે રાજા નથી, પણ નિર્યુક્ત ગામેતી કે તલાટી છે. વળી તીર્થંકર અનાદિકાલથી પરોપકારી જ હોય એમ કહે છે, જ્યારે ભગવાન જિનેશ્વર સામાન્યથી સમ્યક્ત્વવાળી અવસ્થામાં અને વિશેષથી વરબોધિ લાભ પછી પરોપકારિ જ હોય છે. તેમજ તેઓ ભગવાનના આદિ સમ્યક્ત્વને જ વરબોધિ ગણાવે છે જ્યારે લલિત વિસ્તરા આદિથી આદિ સમ્યક્ત્વ અને વરબોધિ જુદાં છે. છેવટે તેઓ ભાવતીર્થંકર માટે કહેલા પુરૂષોત્તમ પદની વ્યાખ્યાના આકાલં પદને તીર્થંકરના અનાદિભવને લગાડી અનાદી પરોપકારિપણું લગાડે છે. અનાદિકાલથી તીર્થંકરોના તે ભવને માટે અને અષ્ટકજીના ભાવાર્થ સાથે વરબોધિ લાભથી તો પરોપકારી હોય જ છે.

૪ જુઠાને વળગવું અને સાચાને સમાવું એ વીરશાસનનું નહિં પણ કથીરશાસનનું કાર્ય કહેવું પડશે. એ તો ચોક્ખું છે સારો માન્ય શબ્દ અધમસ્થાને રખાયો છે.

૫ તે છાપાએ કરેલી ઉશ્કેરણીના ઉત્તરમાં સંમૂર્છિમના સંતનીયા શબ્દ લખાયેલો છે.

૬ તેઓ પંચવસ્તુના વચનથી પરીક્ષા માટે છ માસ દીક્ષા રોકવાનું કહે છે. ધર્મબિન્દુના ભાષાંતરકારો એ તે પરીક્ષા વડીદીક્ષાને જ લાગુ પાડી છે.

૭ વાળીમુનિજીએ સર્વથા રાગદ્વેષ રહિત્તપણે રાવણને શિક્ષા કરી એમ તેઓ કહે છે, આપણે અંગત રાગ દ્વેષ વિના કરી એમ કહીએ છીએ.

૮ પાંચમ બે નહિં માનનારાઓને પાંચમની સંવચ્છરી કરી કહીને તેઓ માયામૃષાવાદનો સેવવા સાથે જુઠા કલંક દેનાર થાય છે.

૯ તેઓ તત્ત્વરંગિણી આદિ શાસ્ત્રો અને પરંપરાને ઉઠાવીને પર્વતિથિના ક્ષયે અપર્વતિથિઓ ક્ષય ગણવાની ના પાડે છે, અને જુઠાં પંચાંગો કાઢી લોકોને ધર્મઆરાધના કરતાં ડહોળે છે.

૧૦ તેઓ જુનાલેખોથી પૂનમ અને અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિનો લેખ છતાં બે પૂનમો માને છે. અને પર્વતિથિના નિયમવાળાને પણ પહેલી તિથિને પાંચમ આદિ કહે છે, અને પાલવા ના પાડે છે.

૧૧ સ્નો પાઉડર અમૂલ્ય વસ્તુ માટે અયોગ્ય લાગે તો વિનય પૂર્વક ખુલાસો કરવો.

अत एव આદિના ભેદો પણ બીજા છે.

(મહેસાણા, વાડીલાલ)

૧ તિથિક્ષયવૃદ્ધિ વિચારના લખનાર તેર બેસણાં છે એ વાત યોગ્ય માની વર્તવું એ એક અજ્ઞાન છે. કેમકે તે લેખ પૂનમની પક્ખી માનીને તેરસ સહિત પક્ખી ન હોય એમ કહે છે, અને છઠ અને આઠમની માફક

તેરસ અને પક્ખીનો અંતર ગણાવે છે. વળી વ્યાકરણ પ્રમાણે શાસ્ત્રનો અર્થ કરનાર અને તેને લીધે પૂનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કરનારને વૈયાકરણપાશ કહીને ગાળ દે છે, અને યુક્તિ કે લેખ આપતાં નથી, વળી તે લોકોને શાલિવાહને ચોથ કરાવ્યાનું જ્ઞાન નહિં તેથી તેઓએ ધુવસેને ચૌથ કરાવી લખી માર્યું છે, અને એ પ્રમાણે સંવચ્છરી પરિવર્તનનું સ્થાન પ્રતિષ્ઠાન છે, પણ વડનગર નથી, એ પણ તેર બેસણાવાળા સમજ્યા નથી. એ બધું ખરૂં, પણ તે બેસણાના લેખથી જ સાબીત થાય છે કે વિદ્વાનો પૂનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કરતા હતા. એ હકીકતવાલી પ્રત છે તે ઠીક છે.

શનિવાર વાળા પૂનમના ક્ષયે તેની આરાધના કોઇ વખતે તેરસે અને કોઇક વખતે ચૌદશે જણાવે છે. વળી શ્રી હીરસૂરિજી બીજી અગીયારસ વગેરેને ઔદયિકી કહીને પહેલીને અનૌદયિકી ગણાવી તેને પૂર્વ તિથિમાં નાંખે છે તે નથી માનતા એ નક્કી છે.

(લીંચ શ્રી કુમુદસૂરિ)

૧ સૂત્ર નિર્યુક્તિ ભાષ્યચૂર્ણિ અને હારીભદ્રીયાદિવૃત્તિને બનવાના વખત સુધી કર્મમાસ કે જે નિયમિત ત્રીસ દિવસનો જ ગણાય તેને આધારે જ હિસાબ અને પ્રવૃત્તિ હતી, અને તેમાં વૃદ્ધિ અને કે હાનિ કોઇ પણ તિથિ ગણાતી નહોતી. આ સાદી વાત ન સમજનારા ભાદરવા સુદ ચોથમાં ચમકે છઠ આદિને બેવડી માનીને પણ પચ્ચાસ અને સીત્તેરની ચર્ચા કરે.

૨ ભાદરવા સુદ ચોથની સાથે સંવચ્છરીનું નિયતપણું એ વાક્યને વગર સમજ્યે વળગવાવાળો જ એમ બોલે કે ભાદરવા સુદ પાંચમનો ક્ષય હોય તો એ શું ? અને પાંચમ બે હોય તો એ શું ? તેમ બોલનારો શું ચોથનો ક્ષય ત્યારે શું ક્ષયેપૂર્વા વચનને આગળ નહિં કરે ? અર્થાત્ ઉદયવાળી ચોથ ન હોય અને ત્રીજ ઉદયવાળી અને સમાપ્તિ ઉભયવાળી હોય તો શું ચોથનો ક્ષય માની સંવચ્છરીને ઉઠાવી દેશે ? કહો કે એમ નહિં જ કરે, પણ ઉદય અને સમાપ્તિવાળી ત્રીજ છે. છતાં તે દિવસે ઉદય વિનાની અને એકલી સમાપ્તિ જ ચોથ છે, છતાં ચોથ તે દિવસે જ કરશે. એટલે ન રહ્યો ઉભયનો મુદ્દો. અને ન રહ્યો ઉદય, તથા સમાપ્તિ ઉભયનો મુદ્દો માત્ર ક્ષયેપૂર્વા ના મુદ્દાથી જ ત્રીજની સવારથી બીજા સૂર્યોદય સુધી ચોથની જ ક્રિયા કરશે, તો પછી કહેવું જ પડશે કે ક્ષયેપૂર્વા૦ નો પ્રભાવ રાખીને ચોથની સંવચ્છરી નિયત છે. તો પછી વૃદ્ધૌ૦ ના નિયમને કેમ ખસડી શકશો ? શું બે ચોથો હશે તો ઉદયના નામે બે સંવચ્છરી કરશો ? કહો કે વૃદ્ધૌ ના નિયમને અનુસરીને બીજી ચોથે જ સંવચ્છરી થશે. એટલે સ્પષ્ટ થયું કે સંવચ્છરીનું જે ચોથની સાથે નિયતપણું છે તે વૃદ્ધૌ ના નિયમને જાળવીને છે. તો પછી તે જ વૃદ્ધૌ ના નિયમથી જે ચોથ બે ન મનાય તો પાંચમ પણ બે કેમ મનાય ? સામાન્ય રીતે કોઇપણ પર્વતિથિ ક્ષયે તેની પહેલાની કરવી અને વધે તો બીજી કરવી આવો ચોક્ખો અર્થ છે. પહેલાની અપર્વતિથિને પર્વતિથિ ન કહે કે માને તે ક્ષયેપૂર્વા કથનથી ઉલટો જ ગણાય.

૩ શ્રી હીરસૂરિજી વગેરે તો વધેલી તિથિઓમાં બીજી તિથિને જ **ઔદયિકી** ગણે છે અર્થાત્ પહેલીને ઉદય વગરની માને છે તો પછી પહેલી બીજ કે પૂનમ વગેરે શ્રી હીરસૂરિજીની માન્યતાથી વિરૂદ્ધ થાય છે અને ઉદય ન માનો તો કહેવું એ સ્પષ્ટ થયું કે અન્ય ઉદય થતા સુધી પહેલાની જ તિથિ ગણાય. કહો કે એ પ્રમાણે બે બીજ આદિ કહેવાય જ નહિં.

૪ તિથિ અને દિવસની ચર્ચા કરનારાએ યાદ રાખવું કે સૂત્રકારઆદિના કથન મુજબ

અષાઢ સુદના ચોમાસાથી સંવચ્છરીના દિવસની વચ્ચે કોઈ પણ અવમરાત્ર એટલે ઘટતી તિથિ હતી જ નહિ. તેઓને એ વિચાર કેમ નથી આવતો કે જો તે પચાસ દિવસની કલ્પ અવમારાત્ર આવે તો દશ પંચક કેમ થાય ? અને પાંચ દિવસની કલ્પવાંચન વ્યવસ્થા કેમ થાય ? તિથિને ભેગી માનવાદ્વારાએ પર્વતિથિનો ક્ષય માનનાર શું ચાર દિવસે કલ્પ વાચના માની લેત? યાદ રાખવું જરૂરી છે કે શ્રમણ ભગવાન મહાવીર શ્રીદેવાનન્દાના ગર્ભમાં બ્યાસી દિવસ રહ્યા તેમાં અવમરાત્ર એટલે તિથિ ક્ષય આવેલો જ છે. કર્મ માસની અપેક્ષાએ બ્યાસી રાત્રિદિવસ ગણ્યા છે. સંવચ્છરી પછીના સીત્તેર અને પહેલાના પચાસ પણ રાત્રિદિવસ લીધા છે.

૫ પડિક્કમણાની વખત તિથિ માનનારને પડિક્કમણનો ટાઈમ દૈવસીકપાક્ષિક ચાતુર્માસિક અને સંવચ્છરી માટે દિવસના બાર વાગ્યા પછીથી રાત્રના બારવાગ્યા સુધીનો હોવાથી જુદા જુદા વખતે જુદા જુદા પડિક્કમણાં થશે તેમ તિથિને ભેગી માનનારાઓને તિથિનાં પાક્ષિકાદિ પ્રતિકમણો અનિયમિત થશે.

૬ પર્વતિથિના ક્ષયે તેની પહેલા તિથિનો ક્ષય ગણી તેના સૂર્યોદયના વખતથી તિથિ ન માનનાર શ્રાદ્ધ વિધિમાં पुआ पच्चक्खाणं० ના વાક્યથી ઉલટો છે. કેમકે તેણે ઉદય વિના પૂજા પચ્ચક્ખાણ વગેરે માન્યા (વીર જનક)

૧. માગસર વદ ૧૦ થી વૈશાખ સુદ ૧૧ સુધી સાડા છ માસ થાય જ. કાર્તિક વદ જે શાસ્ત્રમાં ચાલુ તે જ માગસર વદ ગણાય, અને કાર્તિક વદથી ગુજરાતી ચૈત્ર વદિ પાંચ માસ અથવા શાસ્ત્રીય માગસરથી વૈશાખ વદ પાંચ મહિને આવે, અને તે વર્ષનો વખત યુગનો મધ્ય હોવાથી પોષ બે હોય એટલે વૈશાખ વદ કે ગુજરાતી ચૈત્ર વદે છમાસ થાય, અને પછી એક પક્ષ જવાથી બાર વર્ષ અને સાડાછમાસ થાય છે. અને સુબોધિકામાં બરોબર હિસાબ અપાયેલો પણ છે.

૨ આવશ્યકસૂત્રમાં નિર્ગમનો અધિકાર હોવાથી તેમજ શાસ્ત્ર પ્રણયનનો ઉપોદ્‌ઘાત પ્રસંગવાળો હોવાથી ભગવાન શ્રીમહાવીરના કેવલજ્ઞાન પછીના ચોમાસાઓનો હેવાલ અપ્રસ્તુત ગણાય. શ્રીઆચારાંગમાં ઉપધાનસૂત્રમાં પણ શ્રીમહાવીરે जो जइया ઈત્યાદિ નિર્યુક્તિવચનથી માત્ર છદ્મસ્થપણાની તપસ્યાનું વર્ણન હોય એ અસ્વાભાવિક નથી.

૩ મંડિકની જગા પર મંડિલ અને અંકપિતની જગા પર અકંપિક એવાં નામો લખવામાં જો અશુદ્ધિ ન હોય અને વિચાર પૂર્વક હોય તો ખુલાસાની જરૂર ગણાય.

૪ કેવલિપણાના ચોમાસાઓમાં રાજગૃહિ વગેરેમાં લાગલાગટ અને વચમાં બે બે ચોમાસાના પરિહાર સિવાયનાં ચોમાસ ગણાયાં છે, તેના ખુલાસાની જરૂર છે.

૫ શ્રી ચંપાનગરીથી વીતભય સુધીની એકજ વર્ષની ૧૦૦૦-૧૨૦૦ માઈલ જવાની અને આવવાની અડચણ નથી આવી તો પછી ઉજ્જયની તો તે કરતાં નજીક છે, તો ત્યાં ચંડપ્રદ્યોતને શ્રાવક બનાવવાનો અધિકાર નિશ્ચયવાળો નહિ તો સંદેહવાળો સ્થાન રાખવાની જરૂર હતી. શ્રીસિદ્ધાચલજી માટે પણ તેમજ રહે.

૬ આનન્દનું શ્રાવકપણું પન્નરમેં ચોમાસે રાખી ૩૬ મેં વર્ષે વિવાદ રાખ્યો છે, પણ તેનો શ્રાવકત્વકાલજ ૨૦ વર્ષનો છે, ૨૭મેં વર્ષે કામદેવને શ્રાવક કરવામાં આવ્યો છે, અને ૩૭મેં વર્ષે તેની પ્રશંસા કરી એ પણ ન બને એટલું જ નહિં, પણ તે પ્રશંસાનો અધિકાર પ્રતિમા પહેલો હોવાથી અને પ્રતિમાનો

વિચાર પન્દરમેં વર્ષે હોવાથી વિચારવા લાયક છે. ૨૩મેં સાલહી પિતાનો પ્રતિબોધ ગણતાં વીશ વર્ષ ભગવાનના કાલ ધર્મ પછી થાય, તેમજ ચુલ્લની પિતાના માટે પણ ગણાય.

૭ કામદેવ ચુલ્લનીપિતા સુરાદેવ ચુલ્લશતક કુંડકાલિક સદાલપુત્ર આદિના ઉત્સર્ગો અને વાદનું વર્ષ અપાયું હોય તો સારૂં હતું.

૮ મહાશતકના શ્રાવકપણાના પનરમેં વર્ષે સંદેશ છે. માટે એકતાલીસમે ચોમાસે ન ઘટે.

૯ આનન્દાદિદશે શ્રાવકોના ગામોમાં તેમને બોધ થયા પછી ભગવાન પનરમેં વર્ષે આવવા જોઈએ.

૧૦ વીલાસપુરમાં બે વખત આવવું એ તો જણાવાયું નથી, ૨૧મેં વર્ષે શ્રાવક કર્યો તો ૩૫મેં વર્ષે આવવાની જરૂર હતી.

૧૧ ત્રીજે ચોમાસે જયન્તીની ધર્મચર્ચા ગોઠવાઈ છે, તે તેની પ્રથમ શય્યાતરીની ખ્યાતિને શોભે નહિ ? વળી તેના જીવાજીવાદિકના જાણપણાવાળું વર્ણન વર્ષોના શ્રમણોપાસકને આભારી હોય. એના અધિકારમાં આવેલા કોણિક, દેવાનન્દા આદિના અતિદેશો પણ કેમ વિચાર ન માગે.

૧૨ કુંડકોલિકને નગરે બે વખત ભગવાનનું આવવું હોવું જાઈએ, એવી ત્રીજા ચોથા અને પાચમા શ્રાવકને માટે પણ હોય. કારણકે સ્વીકાર પરીક્ષા અને પ્રતિમાનો આદર એ ત્રણે જુદાં જુદાં છે.

૧૩ ૩૧, ૩૨ અને પાત્રીશમા વર્ષના ચોમાસા વિશાલામાં જણાવાય તે યોગ્ય નથી. ૨૭મા પહેલાં તેનો નાશ થઈ ગયો છે.

૧૪ ચંદ્રાવતરણ ચોવીસમેં રાખ્યું અને જયંતીની ચર્ચા ચંદ્રાવતરણ ઉદ્યાનમાં બની છે, તે ત્રીજે ચોમાસે રાખી છે.

૧૫ મહારાજા ઉદાયનની દીક્ષા ૧૭મા ચોમાસામાં રાખી છે, પણ તેનો પુત્ર અભીચિ કોણિકની સેવામાં ગયો છે.

૧૬ ૧૩-૨૦ અને ૨૩મા કેવલી અવસ્થાના અને પર્યાયના ૩૧-૩૨ અને ૩૫માં ચોમાસામાં વૈશાલીમાં લીધાં તે ઠીક નથી. વિશાલાનો તે પહેલાં નાશ થયો છે. અને ચેડા મહારાજના વંશજો કલિંગમાં ગયા છે.

૧૭ ચંપા અને પૃષ્ઠચંપા એમાં ત્રણ ચોમાસાં હોવાં જોઈએ. બે છદ્મસ્થપણામાં અને એક કેવલીપણામાં જોઈએ.

૧૮ આર્દ્રકની દીક્ષા ૧૨મેં વર્ષે રાખતાં કેટલુંક સાધુપણું ચોવીશ વર્ષ ગાર્હસ્થ્ય અને સાધુ લેતી વખત હસ્તિબંધનનું ત્રોટન એ ત્રણે બનાવનો વખત અત્રે છે તો પછી તે વખતે શ્રેણિકની હાજરી કેમ ગણવી ?

૧૯ મહારાજા ઉદયને દીક્ષા આપવા માટે ચંપાથી નીકળ્યા અને પછી રાજગૃહી આવ્યા, એવો સ્પષ્ટ લેખશ્રી ભગવતીજીમાં છે.

૨૦ શ્રી ભગવતીસૂત્રમાં सेवं भंते એકલો પાઠ विरड़ સાથેનો પાઠ અને समोसढेનાં સ્થાનો વિચારી લેવાની ને સામેલ કરવાની કેવલિવિહારમાં ઘણી આવશ્યકતા હતી. શ્રીભગવતીસૂત્ર કેવલિપણાના વિહારવાળું હોવા સાથે ક્રમદર્શક થાય તેમ છે.

૨૧ મેઘકુમારની દીક્ષા કેવલજ્ઞાનના પ્રથમ વર્ષે લેવાય છે. અને શ્રેણિકાદિને તે વખતે શ્રાવક કરાય છે. પણ મેઘકુમારની માતાના દોહલાની વખતે અભયકુમારનો અષ્ટમપૌષધ તથા ધારિણીરાણીનું ધર્મકથાથી સ્વપ્નનું જાગરણ કંઈક વિચાર માંગે છે. શ્રીત્રિશલામાતાની માફક પાર્શ્વસંતાનીયપણાને માટે ગવેષણાની દરકાર રહે એ અસ્વાભાવિક નથી. (અપૂર્ણ-વિશેષાંક)

(ગતાંકથી ચાલુ)

આ જગા પર કોઈક કહે છે કે જેમ જીવહિંસાના પચ્ચખ્ખાણ કર્યા હોય તો વ્રતભંગના ભયથી બીજા પાસે પણ હિંસા કરાવાય નહિં, તેવી રીતે ઉપવાસઆદિ તપસ્યાવાળો મનુષ્ય બીજાને જે આહાર દે કે દેવડાવે તે પણ નક્કી કરાવવું જ કહેવાય, અને તેથી પચ્ચખ્ખાણવાળાએ આચાર્યઆદિકને અશનઆદિ લાવી દેવાં જોઈએ. નહિં, તથા લાવી દેવાં કે લાવવાની સવડ પણ અન્યસાધુને માટે કરવી જોઈએ નહિં, આ વાત તો સિદ્ધ જ છે કે પચ્ચખ્ખાણનું પાલન કરવા કરતાં गिहिणो वेयावडियं એ આગમ વચનથી ગૃહસ્થની માવજતનો પણ અસંયમના પોષણને અંગે નિષેધ હોવાથી વ્રત કરતાં વૈયાવચ્ચ કોઈપણ પ્રકારે અધિક નથી. આવી શંકાના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે : નોકારશી વિગેરેના પચ્ચખ્ખાણ સાવદ્ય આદિના પચ્ચખ્ખાણની માફક ત્રિવિધિ ત્રિવિધ થતાં નથી, માટે શુદ્ધ એવા મુનિને તથા આચાર્યાદિને અન્નાદિક દેતાં કે તેમને માટે લાવતાં અથવા સવડ કરી આપવાથી પચ્ચખ્ખાણના ભંગનું કારણ થતું નથી, કેમકે દેવાના પચ્ચખ્ખાણ કર્યા જ નથી. મૂલ તો આ પચ્ચખ્ખાણમાં પોતાને પાલવાની પ્રતિજ્ઞા છે, પણ બીજાને, દાન દેવું તેમજ શ્રદ્ધાળુના ઘર બતાવવાં, વિગેરેરૂપ ઉપદેશનો નિષેધ કર્યો નથી, માટે પચ્ચખ્ખાણ કરનાર સાધુ પોતાની સમાધિ પ્રમાણે બાલ, ગ્લાનાદિકને આહાર આપી પણ શકે અને લાવવાનો ઉપદેશ દઈ પણ શકે, અર્થાત્ પચ્ચખ્ખાણ કર્યું હોય તોપણ આચાર્ય, ગ્લાન, બાલ અને વૃદ્ધોને પોતાના વીર્યાચારને સાચવતો થકો જો મળી શકે તો જરૂર અશનાદિક લાવીને આપે. તેવીજ રીતે સંવેગી અને અન્ય સમાચારીવાળાઓને ભિક્ષાદિક માટે શ્રાવકનાં કુલો પણ દેખાડે, તેમજ અશક્ત હોય તો સરખી સમાચારીવાળાને પણ શ્રાવકનાં કુલો દેખાડે, લાવી આપવું, તેમજ બતાવવું, તેમાં સમાધિ પ્રમાણે કરે. જિનવચનને જાણનારા અને મમતા રહિત એવા મહાનુભાવોને પોતાનામાં કે પરમાં કાંઈપણ ફરક હોતો નથી, તેથી બંનેની પણ પીડા વર્જે. હિંસાદિક પાપાને નિંષેધ્યાં નથી માટે જ ગૃહસ્થના વૈયાવચ્ચની મનાઈ કરી છે. અને સાધુઓને સંવરના રક્ષણઆદિ માટેજ પોષણ આપવા વૈયાવચ્ચ કરાય છે. માટે વૈયાવચ્ચ કરવામાં ગુણ છે અને તે એકાંતે છે. વેયાવચ્ચનો વિધિ આ પ્રમાણે છે. આચાર્ય વિગેરે પુરૂષ, સ્વાધ્યાય વિગેરે તેનો ઉપકાર અને શક્તિની ખામી વિગેરે તેના શારીરિક અપકાર જાણીને તેમજ પોતાને પણ જ્ઞાનદિકની મદદ, ગુરૂહૂકમની ખામીથી અને અપકાર અથવા તો તે ગ્લાનાદિકની અપેક્ષાએ ઉપકાર અને અપકાર જાણીને તેમજ આ શાસ્ત્રોક્ત અનુસ્થાનો છે એમ ધારીને નિઃસ્પૃહપણે વૈયાવચ્ચ કરવું. ભરતમહારાજે પણ પહેલાભવમાં ઉત્તમસાધુનું વૈયાવચ્ચ કર્યું, તેનાથી બંધાયેલા શાતા વેદનીયથી તે ભરત ચકવર્તિ રાજા થયો. આમાં ભરતક્ષેત્રમાં રાજ્ય કરીને તેમજ ઉત્તમસાધુપણું પાળીને, આઠે પ્રકારના કર્મથી મુકાયેલો એવો ભરત મોક્ષ પામ્યો. આવી રીતે વૈયાવચ્ચ પ્રાસંગિક ભોગોને દઈને, અનુક્રમે આજ્ઞા આરાધનથી મોક્ષફળને જરૂર આપે છે. સ્થાન કરતાં અનુકમ્પાદિકની પેઠે આ વૈયાવચ્ચમાં ગુણની અધિકતા સમજવી. કોઈક નગરનો એક માર્ગ સારા વૃક્ષોની છાયાએ કરીને સહિત હોય, અને બીજો છાયા વગરનો હોય, તેમ મોક્ષ માર્ગ પણ બે પ્રકારનો જાણવો. પહેલો માર્ગ સુખે પાર પામવાવાળા એવા તીર્થંકર વિગેરેને અનુકમ્પા અને વૈયાવચ્ચવવાળો હોય છે, અને બીજો સામાન્યસાધુઓને હંમેશા વૈયાવચ્ચ વગરનો હોય છે. તત્ત્વ એ છે કે પચ્ચખ્ખાણ કર્યા છતાં પણ અધિકરણ રહિત એવા આહારના દાન, અને ઉપદેશમાં દોષ નથી, પણ ગુણ છે, અને તેથી જ એવી રીતે

દાન ઉપદેશથી આ પચ્ચખ્ખાણ શુદ્ધ થાય છે. કહ્યું છે કે સ્પર્શન, પાલન, શોભિત તીરિત, તેમજ કીર્તિત અને આરાધિત એવું પચ્ચક્ખાણ હોય, તેમાં વારંવાર સમ્યગ્ ઉપયોગથી સાચવ્યું તે પાલિત કહેવાય. ગુરૂમહારાજને દીધા પછી બાકી રહેલા અશનાદિકને સેવવાથી શોભિત કહેવાય. પચ્ચખ્ખાણનો કાળ પૂરો થયા છતાં પણ થોડો કાળ રહેવાથી તીરિત કહેવાય. ભોજન વખતે અમુક પચ્ચખ્ખાણ કર્યું હતું એમ વિચારી ભોજન કરે તો તે કીર્તિત કહેવાય, અને એ બધા પ્રકારોએ સંપૂર્ણ રીતે રક્ષણ કરેલું પચ્ચખ્ખાણ તે આરાધીત કહેવાય. આ પચ્ચખ્ખાણ સંબંધી અંતર દ્વાર સમાપ્ત કરતાં કહે છે કે આ પચ્ચખાણ નિર્મળભાવવાળા જીવને ચારિત્રની આરાધના રૂપ હોવાથી તે મોક્ષ ફળને દેનારું છે. એમ જિનેશ્વરો કહે છે ॥ પચ્ચખ્ખાણનો અધિકાર કહી બાકીનો વિધિ જણાવે છે :-

થુઇ ૫૫૨, ગુરુણા ૫૫૩, ઉવ ૫૫૪, પ્રતિક્રમણને અંતે સાંજના પ્રતિક્રમણનાં નમોડસ્તુ કહેવાય છે, તેની પેઠે વિશાલની સ્તુતિ કહે, પછી અસ્ખલિતપણે દેવવંદન કરી, બહુવેલનો આદેશ માંગી, એવા પડિલેહે. સર્વપણ કાર્ય સાધુઓને ગુરૂના હુકમથી જ કરવું કલ્પે છે, માટે બહુવેલનો આદેસ સાધુઓ માગે છે, (તેથી ચક્ષુનિમેષાદિકરૂપ વારંવાર કરવાની ક્રિયા કે જેમાં પૂછવું અશક્ય છે તે ક્રિયાની રજા મળે છે) પછી ઉપધિસંદિસાવીને, સવારની વિધિમાં કહ્યું તેમ, આચાર્યાદિ અનુક્રમે ઉપધિ પડિલેહે પછી વચમાં સ્વાધ્યાય કરે, અને તે સ્વાધ્યાયના ગુણો આ પ્રમાણે છે :

आय ૫૫૫ आय ૫૫૬ आय ૫૫૭ सज्जायं ૫૫૯ नाणे ૫૫૯ जह ૫૬૦ नाणा ૫૬૧ बारस ૫૬૨ एत्तो ૫૬૩ जं ૫૬૪ आय ૫૬૫ एत्तो ૫૬૬ एसो ૫૬૭ उम्माय ૫૬૮ लहु ૫૬૯,

આત્માના હિતનું જ્ઞાન થાય[૧] ? તેવા જ્ઞાનથી પરમાર્થથી સંવર થાય[૨] નવું નવું જાણવાથી નવો નવો સંવેગ થાય[૩]. મોક્ષમાર્ગમાં નિશ્ચળતા થાય[૪]. ઉત્કૃષ્ટું તપ થાય[૫] કર્મની નિર્જરા થાય[૬] અને બીજાને ઉપદેશ દેનારો ગુણ બને[૭]. આ સાત ફાયદાને અનુક્રમે સમજાવે છે. આત્માને હિતને નહિ જાણનારો મનુષ્ય મૂર્ખ હોય છે, અને તે મૂર્ખ કર્મ બાંધે છે, અને તે કર્મથી અનંતા ભવસાગરમાં તે ભમે છે. આત્માના હિતને જાણનારો જ મનુષ્ય જીવહિંસાદિકની નિવૃત્તિ અને પરમાર્થ કરણની પ્રવૃત્તિમાં જે માટે સમર્થ થાય છે તે માટે આત્માનું હિત જાણવું જ જોઈએ. સમાધિવાળો અને વિનયયુક્ત સાધુ વાચનાદિસ્વાધ્યાયને આચરતો પંચેંદ્રિયના સંવરવાળો અને ત્રણ ગુપ્તિવાળો થવાથી એકાગ્ર મનવાળો થાય છે. જેમ જેમ જીવ અપૂર્વ અપૂર્વ અતિશયના રસના વિસ્તારવાળો શાસ્ત્રને સાધુ ભણે છે તેમ તેમ નવા નવા સંવેગની વાંછાવાળો મુનિ આનંદ પામે છે. વળી જ્ઞાનમાં રહેલો તેમજ દર્શન, તપ, નિયમ અને સંજમમાં રહીને નિર્મળ થતો સાધુ યાવજજીવપણ સ્થિરપણે વિચરે છે. જિનેશ્વરોએ કહેલા અભ્યંતર અને બાહ્ય ભેદે સહિત બાર ભેદવાળા તપમાં સ્વાધ્યાય સરખું તપ થતું નથી, થયું નથી, ને થશે પણ નહિ. આ સ્વાધ્યાયના જ કારણથી શુદ્ધ જ્ઞાન થતાં ત્રિકરણની શુદ્ધપ્રવૃત્તિથી નક્કી નિર્જરકપણું અને તે પણ ઉત્કૃષ્ટ થાય છે, સંવેગ રહિત હોવાથી અજ્ઞાની જીવો જે કર્મ કોડાકોડી વર્ષોએ નિરંતર દુઃખ વેઠીને ખપાવે તે કર્મો શ્વાસોશ્વાસ માત્રમાં ત્રણ ગુપ્તિવાળો જ્ઞાની ખપાવે છે. અન્યને ઉપદેશ

દેવાથી સ્વ અને પરનો ઉદ્ધાર થાય છે. તીર્થંકરની આજ્ઞાનું હિતૈષીપણું દીપન થાય છે અને ભક્તિ થાય છે, યાવત્ તીર્થનું પ્રવર્ત્તવું તે પણ જ્ઞાનથી જ થાય છે. આ જણાવેલો સ્વાધ્યાય અપ્રમત્તપણે વિધિથી જ હમેશાં કરવો જોઈએ. કેમકે અવિધિથી સ્વાધ્યાય કરવામાં ઉન્માદ વિગેરે દોષો શાસ્ત્રોમાં કહેલા છે, તે દોષો આ પ્રમાણે અવિધિ કરનારનું ચિત્ત વિભ્રમને પામે, દીર્ઘ એવા ક્ષય જવર વિગેરે રોગાતંકો થાય, પરમાર્થપણે કેવળીએ કહેલા ચારિત્રધર્મથી ભ્રષ્ટ થાય નાના મોટા, ને અત્યંત મોટા અવિધિમાં અનુક્રમે ઉપર કહેલાં ફળો જાણવાં, જે ઉત્કૃષ્ટ અવિધિ કરવાથી ધર્મથી ભ્રષ્ટ થવાય તે ઉત્કૃષ્ટદોષ જાણવો. હવે સૂત્ર આપવાના વિચારો જણાવે છે :-

जोगा ૫૭૦, सुतस्स ૫૭૧, छलि ૫૭૨, पव्वा ૫૭૩, जिण ૫૭૪ पव्वा ૫૭૫ मुंडा ૫૭૬ सिक्खा ૫૭૭ उव ૫૭૮ संभुज्जि ૫૭૯ एमा इ ૫૮૦,

યોગ્ય એવા શિષ્યોને અવસર પ્રાપ્ત એવું સૂત્ર દેવુંજ જોઈએ. તે કારણથી જ યોગાદિકે કરીને શુદ્ધ એવા ગુરૂએ સમ્યગ્ રીતે સૂત્ર આપવું એ અહિં વિધિ છે. જેઓ દીક્ષાને લાયક છે. તેઓ સૂત્રને લાયક જ છે. પણ આ સૂત્ર દેવાનો સ્થળે અધિકાર લેવાથી સૂત્રનું પ્રધાનપણું જણાવે છે, અથવા તો અધિકગુણવાળા સાધુને જ દેવું એમ જણાવે છે. દીક્ષાની વખતે કદાચ અયોગ્યતા ન જણાય અને પછી પણ અયોગ્યતા જાણી હોય તો તેને સૂત્ર વિગેરે આપવું નહિં, એમ સૂચવે છે. એજ વાત શાસ્ત્રકાર મહારાજ કહે છે :- જિનમતમાં નિષેધ કરેલાંની કદાચિત્ કથંચિત દીક્ષા થઈ પણ ગઈ હોય, તો પણ તેના મુંડન વિગેરે તો કરવાનું ના જ કહે છે. સૂત્રકારો ફરમાવે છે કે જેને દીક્ષા દેવાનો સૂત્રકારે નિષેધ કરેલો છે તેવાને લાભ દોષથી જે સાધુઓ દીક્ષા આપે છે તે સાધુ વ્યવહારથી ચરિત્રમાં રહ્યો છતાં તે જ ચારિત્રનો નાશ કરે છે. ભૂલથી દીક્ષા દઈ દીધી હોય તો પણ પછી અયોગ્ય જણાય તો મુંડન કરવું નહિ, અને અયોગ્ય જાણ્યા છતાં મુંડન કરે તો પહેલાં કહેલા આજ્ઞાદિક દોષો તેને લાગે. અજાણપણે મુંડન પણ કદાચ થયું હોય અને અયોગ્ય જણાય તો જ્ઞાન અને ક્રિયાની શિક્ષામાં અયોગ્ય ગણવો, છતાં જો શીખવે તો પહેલાં કહેલા આજ્ઞાદિક દોષોને પામે. અજાણપણાને લીધે શીખવ્યું હોય તોપણ ઉપસ્થાન (વડીદીક્ષા) કરવી યોગ્ય નથી. અને જો વડી દીક્ષા કરે તો પહેલાં કહેલા દોષો ચાલુ રહે (લાગે) ભૂલથી વડીદીક્ષા કરી દીધી પણ હોય અને પછી અયોગ્ય માલમ પડે તો ભોજન ક્રિયામાં જોડવા લાયક નથી. છતાં જો તેવાને માંડલીમાં ભોજન કરાવે તો પૂર્વે કહેલા દોષો લાગે. અનુપયોગથી માંડલીમાં ભોજન કરાવવાનું પણ થયું હોય તો પણ તેની સાથે વસતિ કરવી કલ્પતા નથી, અને કદાચ એમ છતાં પણ એક વસતિમાં વાસ કરે તો પહેલાંના દોષો ચાલુ સમજવા ॥ હવે સૂત્ર માટે યોગ્ય કાળ જણાવે છે.

काल ૫૮૧, ति ૫૮૨, दस ૫૮૩, दस ૫૮૪, बारस ૫૮૫, चोद्स ૫૮૬, सोलस ૫૮૭, एगूण ૫૮૮, उव ૫૮૯, जं ૫૯૦ एगेण ૫૯૧, मिच्छत्तं ૫૯૨ एवं ૫૯૩, गह ૫૯૪, ते ૫૯૫, विहि ૫૯૬, सम्मं ૫૯૭, तं ૫૯૮, गुरुणा ૫૯૯, बज्झ ૬૦૦ सीस ૬૦૧, परय ૬૦૨, अंगार ૬૦૩, एसो ૬૦૪, छउ ૬૦૫, जो ૬૦૬ मोत्तू ૬૦૭ देवय ૬૦૮

વર્ષ વિગેરે કાળના અનુક્રમે જે શિષ્યમાં જે સૂત્રની યોગ્યતા આવી તે વખતે તે સૂત્ર તે સાધુને ગીતાર્થે વંચાવવું. સૂત્રને માટે કાળક્રમ આવી રીતે છે.

ત્રણ વર્ષના પર્યાયવાળાને આચારપ્રકલ્પ અધ્યયન એટલે નિશીથસૂત્ર ભણાવવું. ચાર વર્ષવાળાને રૂડી રીતે સૂયગડાંગ ભણાવવું. પાંચ વર્ષવાળાને દશા કલ્પ અને વ્યવહાર. આઠવાળાને ઠાણાંગ અને સમવાયાંગ એ બે અંગ. દશ વર્ષવાળાને ભગવતીજી અગીયારવર્ષવાળાને ખુડીયા વિમાન પ્રવિભક્તિ વિગેરે પાંચ અધ્યયનો બાર વર્ષવાળાને અરૂણોપપાત વિગેરે પાંચ અધ્યયનો તેર વર્ષવાળા ને ઉત્થાનશ્રુત વિગેરે ચાર અધ્યયનો ચૌદવર્ષવાળાને જિનેશ્વરો આસીવિષનામનું અધ્યન ભણાવવાનું કહે છે. પંદરવર્ષવાળાને દૃષ્ટિવિષભાવના ભણાવાય. પછી એકોત્તર પણે વધતાં સોળ વિગેરે વર્ષમાં ચારણભાવના[૧] મહાસ્વપ્નભાવના[૨] તેજ નિસર્ગ[૩] અધ્યયનોભણાવાયઓગણીસ વર્ષ વાળાને દૃષ્ટિવાદ નામનું બારમું અંગ સંપૂર્ણ વીસવર્ષવાળો સર્વશાસ્ત્રને માટે લાયક ગણાય. સૂત્રોને માટે યોગ્યતા અને પાત્રતા જણાવે છે જે સૂત્રનું જે આંબેલ વિગેરે તપ શાસ્ત્રોમાં વર્ણન કરેલું છે તેજ સૂત્ર તેજ રીતિએ દેવું નહિંતર આજ્ઞા લોપ વિગેરે દોષો લાગે. તત્ત્વથી કેવળજ્ઞાને જાણીને કેવળીઓએ આ વિધાન કહેલું છે માટે તેનાથી ઉલટું કરવામાં આજ્ઞાભંગરૂપી મહાપાપ લાગે. તે આજ્ઞા દોષ વળી એકે અકાર્ય કર્યું. અને બીજો પણ તેના કારણથી જો અકાર્ય કરે તો એ અનવસ્થા નામનો દોષ એવી રીતે પરંપરા ચાલવાથી સુખશીલપણાની પરંપરા ચાલે અને સંજમ તપનો વિચ્છેદ થાય. વળી લોકોને સાધુઓની કથની અને કરણી જુદી લાગવાથી શ્રદ્ધા હોય તે ચાલી જાય, અને મિથ્યાત્વ પ્રાપ્તિ થાય, કેમકે સૂત્રમાં કહેલી રીતથી ઉલટી રીતે કરવામાં, એ ઉલટું કરનાર સાધુઓને દેખીને આ સૂત્રો વચન માત્ર છે. પણ પરમાર્થની એમ સૂત્રમાં કહ્યા પ્રમાણે નથી એવી તે દેખનારને શંકાનું કારણ બનવાથી મિથ્યાત્વ લાગે, અને એ આજ્ઞાભંગ આદિકથી, સંજમ અને આત્માની અનેક ભવસુધી ચાલવાવાળી, સ્વ અને પરનો ઘાત કરવાવાળી, અને જિનેશ્વરોએ નિષેધેલી એવી તીવ્ર વિરાધના થાય. જેવી રીતે જગત્માં વિધિરહિતપણે મંત્ર વિગેરે સિદ્ધ થતા નથી, પણ ઉલટાં નુકશાન કરનાર થાય છે તેવી જ રીતે અવિધિથી સૂત્ર દેવું. પણ, સિદ્ધિ નહિ આપતા નુકશાન કરનાર થાય છે એમ સમજવું. જેમ આ લોકમાં મંત્ર વિગેરે વિધિપૂર્વક હોય તોજ સફળ થાય છે, તેવી જ રીતે નક્કી સૂત્ર પણ વિધાનપૂર્વક જ લેવા દેવાથી પરલોકમાં ફળે છે. એ જ વાત જણાવે છે કે વિધિપૂર્વક સૂત્ર દેવામાં નકકી જિનેશ્વરની આજ્ઞાનું આરાધન થાય છે, અને બીજાઓને પણ વિધિ દેખાડવાની પરંપરા થઈ તેથી મોક્ષમાર્ગનું સ્થૈર્ય થાય છે. શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરવાથી બીજાને અને પોતાને આત્માને અત્યંત શ્રેષ્ઠ એવું સમ્યક્ત્વ મળે છે. એવી રીતે સંજમ અને આત્માની આરાધના મોક્ષ દેવાવાળી થાય છે. શાસ્ત્રમાં જે જે અંગ વિગેરેના અધ્યયનમાં જુદું જુદું તપ કહેલું છે તે તપ અહીં યોગવિધિના વિશેષગ્રંથોથી જાણવું. એ સૂત્ર ચારિત્રયોગમાં રહેલા અને વિશુદ્ધભાવવાળા ગુરુએ દેવું જોઈએ અને તેમ કરવાથી વક્તાના શુભભાવથી શ્રોતાના શુભભાવની વૃદ્ધિ થાય છે. આ વાત લોકોમાં પણ પ્રસિદ્ધ છે. નિર્મળ એવા બાહ્ય આચરણથી નિર્મળભાવરૂપ ચારિત્ર જાણવું. આંતરચારિત્ર ન હોય તો પણ બાહ્યચારિત્ર હોય તો છદ્મસ્થને આજ્ઞાથી ચારિત્ર માનવામાં દોષ નથી. શિષ્યને પણ તેમાં દોષ નથી, પરંતુ તેમાં પરિણામવિશદ્ધિથી ગુણ જ છે. જેમાં દુષ્ટ કારણ હોય તે સિવાયનો એ શુભપરિણામ બધે વખણાયલો

જ છે, જે માટે કહ્યું છે કે સંપૂર્ણ દ્વાદશાંગીના સારને જાણનારા મહર્ષિઓનું એજ તત્વભૂત કથન છે કે નિશ્ચયને અવલંબનારા જીવોને પરિણામ જ પ્રમાણ છે. જે માટે અંગારમર્દક નામના અભવ્ય આચાર્યના શિષ્યો પણ પરિણામ વિશેષથી શ્રુતસંપદાને પામ્યા છે. માટે તે પરિણામ વિશેષથીજ અહીં શ્રેષ્ઠ ગણાય છે. એ પરિણામ સૂક્ષ્મઅનુપયોગને લીધે કાંઈક અશુદ્ધ હોય તોપણ રાગાદિકથી બાધા નહિં પામેલો અને પોતાને યોગ્ય એવા વિષયમાં પ્રવર્તેલો હોવાથી શુદ્ધ જ છે. છદ્મસ્થજીવ શાસ્ત્રસંબંધી સર્વથા પરમાર્થને ન જાણે એ સહજ છે તેથી આસ્તિકયને લીધે છદ્મસ્થને શાસ્ત્રાનુસારે વર્ત્તવું તે જ યોગ્ય છે. મોહના ઉદયથી માત્ર પોતાની બુદ્ધિએ કલ્પેલો. તત્વથી વિરૂદ્ધ, પરિણામે શુદ્ધ લાગતો હોય તો પણ પત્થરમાં સોનાના પરિણામની પેઠે તે અશુદ્ધ જ કહેલો છે. તીવ્રદોષવાળા પ્રાણીને છોડીને અતત્વમાં તત્વપણાનું પરિણામ થાય જ નહિ તે તત્વ અને અતત્વ બન્નેની કોઈ પણ પ્રકારે સરખાવટ છે જ નહિં. અને તેમ ન હોવાથી કોઈપણ દિવસ કોઈને પણ તત્ત્વ અતત્ત્વની સરખાવટ થાય નહિં એ વાત પ્રસિદ્ધ જ છે. દેવતા અને સાધુ વિગેરેમાં પણ વિષય અને અવિષયના વિભાગથી પંડિતોએ સ્વમતિથી થએલી એવી નિપુણબુદ્ધિએ જે પણ પરિણામ થાય તે અશુદ્ધજ જાણવો, બીજી વસ્તુને સમાપ્ત કરતાં કહે છે કે :-

એસા ૬૦૯, પઢ ૬૧૦ સંક્ષેપથી આ સાધુઓની પ્રતિદિન ક્રિયા જણાવી. હવે વિધિપૂર્વક મહાવ્રતનું સ્થાપન જણાવીશ, કારણકે જૈનમાર્ગમાં પ્રતિદિનક્રિયાનો બરોબર અભ્યાસ કર્યા પછી વ્રતસ્થાપનાની ક્રિયામાં ભાગ્યશાળી શિષ્યો જરૂર યોગ્યતા પામે છે :-

इति प्रतिदिन क्रियाख्यं द्वितीयं वस्तु समाप्तं

संसार ६११, आवि ६१२ अहि ६१३ पढि ६१४ अप्प ६१५ सेह ६१६ पुव्वा ६१७ ए ६१८ एअम् ६१९ रागे ६२०.

હવે ત્રીજી વસ્તુમાં વ્રતસ્થાપનનાનો અધિકાર જણાવે છે. વ્રતો સંસારના ક્ષય માટે છે. તે વ્રતો જેને હોય, જેવી રીતે દેવાય અને જેવી રીતે પળાય, તે સર્વસંક્ષેપથી કહું છું. અવિરતિને લીધે કર્મ બંધાય છે, અને કર્મથી સંસારમાં ભ્રમણ થાય છે, માટે કર્મને ખપાવવાં માટે વિરતિ કરવી જ જોઈએ. અને તે વિરતિ વ્રતરૂપ જ છે, તેથી વ્રતો કર્મક્ષયનું કારણ કહેવાય. જેઓને શાસ્ત્ર પરિજ્ઞા (આચારાંગનું પહેલું અધ્યયન) કે દશવૈકાલિકનું ષડજીવનિકાય નામનું ચોથુ અધ્યયન વિગેરે આવડતાં હોય, છકાયની હિંસાને તજવાવાળા હોય શ્રદ્ધા અને સંવેગ વિગેરેવાળા, હોય, ધર્મની પ્રીતિવાળા, અને પાપથી ડરવાવાળા જે સાધુઓ હોય તે જ આ વ્રતસ્થાપનને યોગ્ય કહેવાય. કહ્યું છે કે ઉચિત સૂત્ર ભણ્યો હોય, તેનો અર્થ જાણ્યો હોય, અને છકાયની હિંસાને છોડનારો હોય તે સાધુ વ્રત સ્થાપનનેલાયક કહેવાય,. અને તે જ છકાયની હિંસાને નવકોટીએ (ત્રિવિધિ ત્રિવિધે) છોડે. એથી ઉલટાપણામાં દોષ જણાવતાં કહે છે કે યોગ્ય પર્યાય ન થયો હોય, છજીવનિકાય સ્વરૂપ જેની આગલ ગુરૂએ ન કહ્યું હોય અગર દીક્ષા લેનારે તે સ્વરૂપ

જાણ્યું ન હોય, તેમજ દીક્ષા દેનારે તેની પરીક્ષા ન કરી હોય, અને તે છતાં વડીદીક્ષા દેવામાં આવે તો જિનેશ્વર મહારાજે આજ્ઞાભંગઆદિ દોષો કહ્યા છે, માટે પર્યાયથી પ્રાપ્ત વિગેરેની વડીદીક્ષા કરવી. નવદીક્ષિતની ત્રણ પ્રકારે પર્યાયભૂમિઓ છે. સાત રાત્રિદિવસવાળી એક જધન્ય, ચાર મહીનાની બીજી મધ્યમ અને છમહીનાની ત્રીજીએ ઉત્કૃષ્ટિ, તેમા પહેલાં વડીદીક્ષા લઈને પતિત થયેલાને ક્રિયાનો પરિચય કરવા અને ઈન્દ્રિયોને જિતવા માટે જધન્યભૂમિ હોય છે. સૂત્ર નહિં સમજી શકવાવાળા, નિર્બુદ્ધિ, તેમજ શ્રદ્ધાથી શૂન્ય જીવને માટે ઉત્કૃષ્ટભૂમિ હોય છે. એવી જ રીતે નહિં ભણનાર અને શ્રદ્ધાની ખામીવાળાને, તેમજ ભાવિતઆત્મા એવા બુદ્ધિશાળીને પણ કરણ એટલે ઈદ્રિયોનાજયને માટે મધ્યભૂમિ હોય છે. એ પર્યાયને નહિ પામેલ નવદીક્ષિતને જે વડીદીક્ષા દે તે આજ્ઞાભંગ, અનવસ્થા, વિરાધના અને મિથ્યાત્વને પામે. તેવી જ રીતે રાગદ્વેષ કે પ્રમાદથી પર્યાયથી પ્રાપ્ત થયેલા એવા શિષ્યો છતાં પણ તે વડીદીક્ષા ન આપે તો તે આજ્ઞાભંગઆદિક દોષોને પામે છે. હવે વડીદીક્ષાને અંગે ક્રમ જણાવે છે :-

पिय ६२१, पिति ६२२, थेरे ६२३, इय ६२४, जं ६२५, सच्च ६२६, संज ६२७, पडि ६२८, तिण्ह ६२९, एए ६३०, अइ ६३१, अहवा ६३२, दो ६३३, दो पुत्त ६३४, राया ६३५, समयं ६३६,

પર્યાયને પ્રાપ્ત અને અપ્રાપ્તના અધિકારોમાં ભદ્રબાહુસ્વામી વિગેરેએ જે ક્રમ કહ્યો છે તે સંક્ષેપથી કહે છે : પિતા અને પુત્ર સાથે દીક્ષા લીધી, અને બંને સરખા પ્રાપ્ત થયા હોય તો તેઓની અનુક્રમે વડીદીક્ષા આપવી, પણ પુત્ર અધ્યનઆદિ પ્રાપ્ત થયો ન હોય તો સ્થવિરને વડીદીક્ષા વ્હેલાં આપવી એ ઠીક છે, પણ પુત્ર પ્રાપ્ત થયો હોય, પણ સ્થવિર ન પ્રાપ્ત થયો હોય તો વડીદીક્ષાનો શુદ્ધદિવસ આવે ત્યાં સુધી સ્થવીરને મહેનતથી શિખવાડવું, ને પિતા તથા પુત્રના અનુક્રમે જ વડીદીક્ષા કરવી, તે છતાં પિતા જો ન શીખ્યો હોય તો, પિતાની આજ્ઞાએ પુત્રને પહેલી વડીદીક્ષા આપવી. પણ તે પિતા પુત્રની વડીદીક્ષા પહેલાં કરવાનું ન ઈચ્છતો હોય તો સ્થવીરને રાજાઆદિકના દૃષ્ટાંતે સમજાવવો. તે છતાં જો તે પિતા ન જ ઈચ્છે તો પાંચ રોકાઈને ફરી પિતાને પુત્રને વ્હેલી વડીદીક્ષા આપવા માટે સમજાવવો. એવી રીતે ત્રણ વખત પાંચ પાંચ દિવસની રોકાવટ અને સમજાવટ કરતા છતાં જો એટલામાં જો સ્થવીર શીખ્યા હોય તો અનુક્રમે ઉપસ્થાપન કરવું, પણ પંદર દિવસ પછી સ્થવીરની ઈચ્છા ન હોય તો પણ ક્ષુલ્લકની વડીદીક્ષા કરવી, પણ જો તે સ્થવીર અભિમાની હોય અને પુત્રના મોટાપણાને લીધે દીક્ષા જ છોડી દે. કે ગુરુ અથવા ક્ષુલ્લક ઉપર દ્વેષ પામે, તેવું લાગતું હોય તો સ્થવીર શીખે ત્યાંસુધી પણ ક્ષુલ્લકને વડી દીક્ષા ન દેવી, પણ રોકવો શંકાકાર કહે છે કે ગુરુમહારાજના વચનને જે સાધુ ન માને તે સાધુને સામાયિક જ કેમ હોય ? અને સામાયિક ન હોય તો શાસ્ત્રના ન્યાયથી તેની ઉપસ્થાપના કરવી યોગ્ય જ નથી. કારણકે આ વડીદીક્ષા એ બીજું છેદોપસ્થાપનીય નામનું ચારિત્ર છે, અને પહેલા સામાયિક નામના ચારિત્રના નામના અભાવે તે બીજું ચારિત્ર કેમ હોય ? ચોકખું જણાય છે કે સામાયિક ચારિત્રના અભાવે છેદોપસ્થાપનીય ચારિત્ર દેવું તે અજ્ઞાનપણું સૂચવે છે. એ શંકાના ઉત્તરમાં જાણવું

કે નિશ્ચયનયે તો સામાયિક ચારિત્ર છતાં પણ સંજવલન કષાયના ઉદયનો નિષેધ નથી, સંજવલનકષાયો ચારિત્રના અતિચારનું કારણ બને છે, ને તે અતિચાર હોવાથી સામાયિક અશુદ્ધ જરૂર થાય છે. વળી દ્રવ્યલિંગ છતાં પણ સામાયિક ચારિત્ર પ્રાતિપાતી કહેલું છે. અને કોઈ બીજી જગા પર વારંવાર ચારિત્ર થાય પણ છે. જે માટે સૂત્રમાં કહ્યું છે કે સમ્યક્ત્વ શ્રુત અને દેશવિરતિ સામાયિક નવ હજાર વખત એકજ ભવમાં પણ આવે અને જાય અને સર્વવિરિત પણ એકભવમાં નવસો વખત સુધી આવે અને જાય, એ આવડજાવડની વચ્ચે અપ્રજ્ઞાપનીય હોય, પણ તેથી વાદીના કરેલા એવા આ છેદોપસ્થાનીય ચારિત્ર દેવામાં અજ્ઞાનતાઆદિ દોષો નથી, અને તે અપ્રજ્ઞાયનીય થયેલા સાધુનો પણ છદ્મસ્થગુરુએ ત્યાગ કરવો યોગ્ય નથી, કારણકે ગયેલું સામાયિક ચારિત્ર ફરીથી પણ થાય છે. વળી અતિસંકલેશ વર્જવા માટે અપ્રજ્ઞાપનીયની સાથે પણ ઉપધિઆદિ લેવા દેવારૂપ પરિભોગ કરવો તે વર્તમાન દુષમાકાળ અત્યંત કિલષ્ટ હોવાથી આચારરૂપ છે. એવી રીતે હવે પછીના રાજા પ્રધાન વગેરેના કહેવાશે એ અધિકારોમાં પણ જોડવું અથવા રાજા, નોકર વિગેરેમાં જ્યાં મોટું આંતરૂં હોય ત્યાં સ્વભાવ વિચારવો, જો વડીદીક્ષામાં તેઓનો સ્વભાવ ન વિચારવામાં આવે તો અનિષ્ટ ફળ છે જેનું એવો લોકવિરોધ થાય. બે સ્થવીરોએ પુત્રો સાથે દીક્ષા લીધી હોય અને તે સાથે શીખે તો સ્થવીરોની પહેલી ઉપસ્થાપના કરવી, પણ બે ક્ષુલ્લક લાયક થયા હોય અને સ્થવીર લાયક ન થયા હોય, ત્યાં પણ પહેલાંની પેઠે સમજાવટ અને ઉપેક્ષા કરવી. બે સ્થવીર અને એક ક્ષુલ્લક હોય, અથવા બે ક્ષુલ્લકો અને એક સ્થવીર હોય તેમાં પણ સ્થવીર ન શીખે તો રાજાના દૃષ્ટાંતે સમજાવીને ઉપસ્થાપના કરવી. પિતા-પુત્રની માફક રાજા અને અમાત્ય તેમજ રાજા અને શ્રેષ્ઠી તથા સાર્થવાહ, માતા અને પુત્રી, રાણી અને પ્રધાનની સ્ત્રી વિગેરેની દીક્ષા માટે પણ સમજવું. વળી જો રાજાઓ બે દીક્ષિત થયા હોય તો તેની વિધિ કહે છે. એક રાજા અને બીજો મોટો રાજાએ બંનેએ સાથે દીક્ષા લીધી હોય તો પણ પિતાપુત્રની પેઠે જાણવું. બે વિગેરે સરખા રાજાઓએ જો સાથે દીક્ષા લીધી હોય, અને સાથે શીખ્યા હોય તો તે બંન્નેને બે બાજુ રાખીને બંનેને સાથે વડીદીક્ષા દેવી. પિતાપુત્ર આદિના સંબંધ વગર ઘણાઓની એક સાથે વડીદીક્ષા હોય તો ગુરુએ કે બીજાએ ઉભા રાખવાના અનુક્રમનો નિયમ હુકમ વિગેરે ન કરવા, પણ ગુરુની નજીક હોય તેને મોટો કરવો. ગુરુની બે બાજુ બે પડખે રહેલાને સરખા કરવા, એવી રીતે બે નગરશેઠો, બે શેઠીયાઓ, બે પ્રધાનો, બે વાણીઆ, બે મિત્રને અંગે પણ સરખાપણું કે પહેલા શીખેલાની પહેલી વડીદીક્ષા જાણવી, ॥ હવે અકથન વિગેરેને માટે વિધિ કહે છે.

अकहि ६३७, एगिन्द्रि ६३८, जड़ ६३९, बहि ६४०, एए ६४१, तत्थ ६४२, जीव ६४३, आह ६४४, मंसं ६४५, भूमी ६४६, आहा ६४७, गम्म ६४८, बेइन्दि ६४९.

યોગ્યતા પ્રમાણે હેતુ અને દૃષ્ટાંતથી છ કાય અને પાંચ મહાવ્રતોને કહ્યા સિવાય કે તેનો અર્થ નહિ જાણનાર અથવા જાણકારની પણ પરીક્ષા કર્યા સિવાય ઉપસ્થાપના કરવી નહિ. એકેન્દ્રિય પૃવ્વીકાય વિગેરે છએ કાર્યો જીવરૂપ છે, જો કે એકેન્દ્રિયોને સ્પર્શ ઈન્દ્રિય સિવાય બાકીની રસના આદિ ઈન્દ્રિયોનો

અભાવ છે તો પણ તે પૃથ્વીઆદિકનું કાન વિગેરેનો નાશ છતાં પણ જેમ બધિરાદિકમાં જીવપણું છે તેમ જીવપણું જાણવું, જો કે કર્મને લીધે જેમ બધિરની શ્રોત્રઈન્દ્રિય આવરાયલી છે અને તે શ્રોતનો અભાવ છે છતાં પણ બાકીની ચક્ષુઆદિ ઈન્દ્રિયો તો છે જ, તો પછી શું તે બધિરને અજીવ કહેવો? ઘાણ અને જિહ્વા જેની હણાઈ હોય છે અને તે બહેરો અને આંધળો પણ હોય છે છતાં જેમ જીવપણું હોય છે તેમ એક સ્પર્શનઈન્દ્રિય હોય તો પણ તેમાં જીવપણું માનવું શું અયોગ્ય છે ? એજ દૃષ્ટાંતે ચઉરિંદ્રિયથી માંડીને પશ્ચાનુપૂર્વીએ એકેન્દ્રિય સુધીના જીવોને જીવ તરીકે સમજવા તેમાં ચઉરિંદ્રિયથી બે ઈન્દ્રિય સુધીના જીવોને તો પ્રાયે સર્વવાદીઓ જીવ તરીકે માને છે. પણ એકેન્દ્રિયના જીવપણામાં અજ્ઞાનથી ઘણા લોકો વિરૂદ્ધ પડે છે, તેથી તેમનું જીવપણું જેવી રીતે રીતે ઘટે તેવી રીતે સામાન્યે ઉપર જણાવેલ સ્પર્શનેન્દ્રિયથી સિદ્ધ થયા છતાં પણ વિશેષથી સંક્ષેપે કહું છું.

શંકા કરે છે કે જેમ બહેરાવિગેરેને તે તે વિષયનું જ્ઞાન કરનાર તે તે ભાવેંદ્રિયો નહિ છતાં દ્રવ્યઈન્દ્રિય એટલે તે તે ઈન્દ્રિયોના આકાર દેખાય છે, તેમ એકન્દ્રિયોને દેખાતો નથી. ઉત્તર દે છે કે એકેન્દ્રિયોને તેવું દ્રવ્યન્દ્રિયોને બતાવનાર કર્મ નથી. જેમ ચૌરિંદ્રિયને શ્રોત્રનું બતાવનારૂં કર્મ નથી છતાં તે જીવે છે, તેમ પરવાળાં, લવણ અને પત્થર વિગેરે પૃથ્વીના ભેદો સરખી જાતવાળા અંકુરા મેલે છે, માટે મસાઆદિની પેઠે પૃથ્વી સચિત્ત સમજવી. ભૂમિને ખોદવાથી સ્વાભાવિક રીતે તૈયાર મળતું એવું જે પાણી તે દેડકાંની માફક સચેતન છે અથવા તો પાણી આકાશમાંથી ઉત્પન્ન થઈને પડે છે માટે માછલાની માફક પાણી સચેતન છે. આહારથી વૃદ્ધિ અને વિહાર દેખાય છે માટે પુરુષની માફક અગ્નિ પણ સચેતન છે. ગાયઆદિકની માફક બીજાને પ્રેરણા વગર તિર્છો અનિયમિત દિશાએ જાય છે માટે વાયરો સચેતન છે. જન્મ, જરા, જીવન, મરણ, ઊંઘવું, આહાર, દોહલો, રોગ, તેમજ ચિકિત્સા વિગેરે બનાવો વનસ્પતિમાં થાય છે માટે તે વનસ્પતિ નારીની માફક સચેતન છે. કીડા, કીડી અને ભમરા વિગેરે બેઈન્દ્રિય આદિક જીવો તો અન્યમતવાળામાં પણ જીવ તરીકે સિદ્ધ જ છે. એવી રીતે નવદીક્ષિતને છકાય કહીને હવે વ્રતો કેવી રીતે સમજાવવાં તેનો અધિકાર કહે છે : પ્રાણાતિપાતવિરમણ, વિગેરે રાત્રિભોજન વિરમણ સુધીમાં છ વ્રતો એ સાધુને મૂળગુણરૂપ છે, એ વીતરાગોએ કહ્યું છે. સૂક્ષ્મ વિગેરે સર્વજીવોના વધનું સર્વથા વર્જન તે અહીં પ્રાણાતિપાતવિરમણ નામનું પહેલું વ્રત એટલે મૂળગુણરૂપ વ્રત કહ્યું છે. ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી મૃષાવાદનો ત્યાગ કરવો તે બીજો મૂળગુણ કરેલો છે. એવી રીતે ગ્રામ વિગેરે સ્થળે વગર આપ્યે અલ્પબહુ વિગેરે ન લેવું તે ત્રીજો મૂળ ગુણ કહેલો છે. દેવતા વિગેરેના મૈથુનનું સર્વથા વર્જવું તે ચોથો મુળગુણ છે. ગ્રામ વિગેરે સ્થળે અલ્પ કે બહુ પદાર્થના મમત્વનું વર્જન કરવું તે પાંચમો મુળગુણ જાણવો. અનશન વિગેરે ચારે આહારનું રાત્રિએ વર્જવું તે સાધુઓનો છેલ્લો છઠો મૂળગુણ કહ્યો છે. ॥ હવે છએ વ્રતોના અતિચારો જણાવે છે :-

पाणा ६५०, सुहु ६५१, कोहा ६५२, दिव्वा ६५३, असणाइ ६५४, पढ ६५५, बिइ ६५६, तह ६५७, साह ६५८, मेहु ६५९, पंच ६६०, दव्वा ६६१, छट्ट ६६२,

પહેલાવ્રતમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અને પંચેન્દ્રિય જીવોનું સંઘટ્ટન, પરિતાપન, અને ઉપદ્રાવણ તે અતિચારો જાણવા. બીજા મૃષાવાદવિરમણમાં નિંદ્રા સંબંધી જુઠું બોલાય તે સૂક્ષ્મ અતિચાર અને

ક્રોધાદિથી જે બોલાય તે બાદર મૃષાવાદદોષ, ત્રીજા મહાવ્રતમાં ઘાસ, ઈંટના કટકા, રાખોડો કે કુંડી વિગેરે વગર દીધી લેવાય તે સૂક્ષ્મ અતિચાર. તેમજ સાધુ, અન્યધર્મી કે ગૃહસ્થના સચિત્ત કે અચિત્તનું ક્રોધ આદિથી અપહરણ કરતાં બીજો સ્થૂલ અતિચાર, હસ્તકર્માદિકે કરીને કે ગુપ્તિ બરોબર ન પાળે તો મૈથુનનો અતિચાર. તેવી રીતે કાગડા, કુતરાં, બળદ કે બચ્ચાંના રક્ષણ અને મમત્વમાં પાંચમા વ્રતનો સૂક્ષ્મ અતિચાર અને લોભથી દ્રવ્યાદિકનું ગ્રહણ અથવા જ્ઞાનાદિક કારણને છોડીને અતિરિક્ત વસ્તુનું રાખવું તે બાદર અતિચાર કહેલો છે. છઠ્ઠાવ્રતમાં દિવસે લીધું. દિવસે ખાધું વિગેરે ચારભાંગે ધીર અનંતજ્ઞાનીઓએ અતિચાર કહેલો છે ॥ હવે સંબંધ જોડતાં આગળનો અધિકાર કહે છે :-

कहि ६६३, उड्ढा ६६४, विय ६६५, जह ६६६,

છકાય અને વ્રતોનું સ્વરૂપ એવી રીતે કહીને, બરોબર સમજાયાં હોય પછી આગળ કહીશું એ રીતે નવદીક્ષિતની ગીતાર્થદ્વારાએ પરીક્ષા કરવી. તે પરીક્ષા આ પ્રમાણે-અસ્થંડિલમાં ઉચ્ચાર વિગેરે કરવા, સચિતપૃથ્વીમાં કાયોત્સર્ગ વિગેરે કરવા, નદીઆદિકનાં પાણી પાસે સ્થંડિલ વિગેરે કરવાં, અગ્નિવાળા કે અગ્નિઉપર રહેલામાં સ્થંડિલ કરવો, વાયરાનું વિંજવું અને ધારવું એ વાઉકાયની બાબતમાં કરવાં, અને વનસ્પતિ અને ત્રસમાં પૃથ્વીકાયની માફક સ્થંડિલમાં પરીક્ષા કરવી, એવી જ રીતે છએ કાયથી ગોચરીમાં પણ પરીક્ષા કરવી, સર્વસ્થાને જો વિરાધના છોડે કે જોડે વાળાને આ અયોગ્ય છે એમ જણાવે તો તે વડીદીક્ષાને લાયક છે એમ જાણવું અને તે વડીદીક્ષાનો વિધિ આ પ્રમાણે છે.

अहि ६६७, गु, उद ६६८, गुरवो ६६९, काप्पर ६७०, पायो ६७१, ईसिं ६७२, दुविहा ६७३, तत्तो ६७४, तत्तो ६७५, अणुव ६७६, तम्हा ६७७

શિષ્ય છકાય અને છવ્રતોને સમજ્યો છે એમ જાણીને આચાર્ય શિષ્યને વડીદીક્ષા માટે પોતાને ડાબે પડખે રાખી એકેક વ્રત ત્રણ ત્રણ વખત ઉચ્ચરાવે પ્રદક્ષિણા કરાવે, સાધુઓને નિવેદન કરાવે, ગુરૂગુણે કરીને વૃદ્ધિ પામે એમ આશીર્વાદ આપે, અને સાધુની બે પ્રકારની અને સાધ્વીની ત્રણ પ્રકારની દિશા બાંધે, એ સંક્ષેપાર્થવાળી ગાથાનો વિસ્તારથી અર્થ કહે છે કે ઉદકાર્દ્ર એટલે સચિત્તપાણીથી ભીના હાથે ગૌચરી લેવી વિગેરેની પરીક્ષાથી જીવને જાણવાવાળો અને હિંસાનો ત્યાગ કરનાર છે એમ માલમ પડે તો ચૈત્યવંદન આદિ કરીને વ્રતો દે, તેમાં કાઉસ્સગ્ગ પણ કરે, ગુરૂ શિષ્યને ડાબે પડખે રાખીને આગળ જણાવીએ છીએ તેવી રીતે ઉપયોગવાળા છતાં એકેક વ્રત ત્રણ ત્રણ વખત ઉચરાવે. શિષ્ય કોણીથી ચોળપટ્ટી ધારણ કરવો, ડાબા હાથની અનામિકામાં સરખી રહે તેમ મુહપત્તિ રાખવી અને હાથીના દાંત સરખા હાથવડે એટલે મસ્તકે બન્ને હાથ રહે તેવી રીતે રજોહરણ રાખવું, એવી રીતે ઉપસ્થાપના એટલે વડીદીક્ષા કરવી. પછી શિષ્યો પ્રદક્ષિણા અને નિવેદન કરે, અને તે વખતે ગુરૂએ મોટા ગુણોએ વૃદ્ધિ પામ એમ આશીર્વાદ વચન કહેવું. આ સ્થાને ભવિષ્ય માટે બીજી પણ પરીક્ષા કહે છે.

શરીર નમાવીને અત્યંત ભાવનાવાળો એવો શિષ્ય જો સમવસરણમાં પોતાની મેળે ફરે તો તે શિષ્યને અને ગચ્છને બન્નેને જ્ઞાનાદિકની વૃદ્ધિ થાય ! સાધુને આચાર્ય ઉપાધ્યાય એવી બે દીશાઓ અને સાધ્વીને આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તની એમ ત્રણ દિશા જાણવી. (દિશાબંધ દિગ્બંધ કરાય છે, તેનો અર્થ એવો છે કે તેઓની આજ્ઞામાંજ વર્ત્તવું) વડીદીક્ષાને દહાડે આંબેલનીવી વિગેરે યથાયોગ્ય તપોપધાન કરાવવું, અને તે વડીદીક્ષા થયા પછી શિષ્યને માંડલીમાં પ્રવેશ કરાવવાનાં સાત આંબેલ જરૂર કરાવવાં. પછી પણ તે દીક્ષિતનો ભાવ જાણીને, વિધિથી અનેક પ્રકારે ઉપદેશ કરવો, અને જો પરિણમેલો લાગે તોજ માંડલીમાં પ્રવેશ કરાવવો. નહિં પરિણામ પામેલાને માંડલીમાં પ્રવેશ કરાવવામાં આજ્ઞાવિરાધનાદિક દોષો જાણવા. જે શિષ્યની વડીદીક્ષા ન થઈ હોય તેમજ માંડલીના સાત આંબેલ ન કર્યાં હોય છતાં તેની સાથે જે કોઈ સાધુ ભોજનઆદિક વ્યવહાર કરે તે સાધુ મર્યાદાને વિરાધક કહેલો છે. તેટલા માટે સંસારથી બચાવનાર ઉત્કૃષ્ટ એવી શાસનની મર્યાદા જાણીને પરિણમેલા શિષ્યને જ મંડલીમાં યથાવિધિએ પેસાડવો. હવે વ્રતોને પાળવાના ઉપાયો કહે છે :-

गुरु ६७८, जह ६७९, तह ६८०, जोगि ६८१, तह ६८२, सुस्सा ६८३, एमेव ६८४, एएसि ६८५, वित्तं ६८६, गुरु ६८७, तम्हा ६८८,

ગુરૂ[૧], ગચ્છ[૨], વસતિ[૩], સંસર્ગ[૪], ભક્ત[૫], ઉપકરણ[૬], તપ[૭], અને વિચારોમાં[૮] તેમજ ભાવના[૯], વિહાર[૧૦], યતિકથા[૧૧], અને સ્થાનમાં[૧૨], વ્રતવાળો સાધુ પ્રયત્ન કરે અને એમ કરવાથી તે સાધુને નિરાબાધપણે વ્રતો પાળવાનું બને તે દ્વારોમાં જે પહેલું ગુરુદ્વાર કહ્યું છે તે જણાવે છે, જેમ કોઈક પ્રકારે ભાગ્યયોગે કોઈકને ઘણું દ્રવ્ય મળેલું હોય તો પણ તે શહેરનો સારો રાજા ન હોવાથી[૧] તેમજ દુષ્ટજનોમાં રહેવાનું થવાથી[૨] તથા લક્ષણરહિત ખરાબ પાડોશવાળા ઘરમાં રહેવાથી[૩] જુગારી આદિની ખોટી સોબતથી[૪] જીભ વશમાં નહિં ટકવાના કારણથી વિરુદ્ધ ભોજન કરે તેથી[૫] લક્ષણરહિત ને નિન્દિત એવી વસ્ત્રાદિથી[૬], અજીર્ણમાં ભોજન કરવાથી[૭] ખરાબ વિચારોથી[૮] અશુભ પરિણામોથી[૯] અયોગ્ય સ્થાને ફરવાથી[૧૦], વિરુદ્ધ વાતોથી[૧૧] પાપનો ઉદય થઈ જાય ને તેથી ધનવાનનું ધન લોકોમાં પ્રગટપણે નાશ પામે છે, અને સારા રાજા આદિનો યોગ હોય તો તેમના પ્રભાવથી તે આલોક અને પરલોકમાં સુખ દેનારૂં ધન થાય, અને તે નિર્મળ રીતે વધે છે. એવી રીતે ચારિત્રરૂપી ભાવદ્રવ્યને માટે પણ સમજવું, પણ ચારિત્રના અધિકારમાં સુસ્વામી જન અને શુદ્ધ વર વિગેરે જાણવા, કેમકે વિશુદ્ધકાર્યોવાળા, ચારિત્રનું કારણ અને શાસ્ત્રાવિધિ આરાધવામાં તત્પર એવા એ આચાર્યાદિના પ્રભાવથી નક્કી ચારિત્ર વૃદ્ધિ પામે છે, જો કે ભાગ્યયોગે સુસ્વામી વિગેરે ન હોય તો પણ દ્રવ્યની વૃદ્ધિ કોઈકને થઈ પણ શકે, પણ આજ્ઞાના વિરાધન અને આરાધનથી અશુભ અને શુભ ફળ થવામાં તેમ કોઈપણ પ્રકારે અનેકાંતિકપણા માટે સંદેહ નથી. જે માટે આચાર્ય આદિકમાં પ્રયત્ન કરવો એવી ભગવાનની આજ્ઞા છે. તેથી આચાર્ય આદિનો પ્રયત્નો નહિં કરવામાં દોષો છે, અને પ્રયત્ન કરવામાંજ ગુણો છે, માટે નિર્મળપરિણાવાળો અને ચારિત્રનો અર્થી સાધુ તીર્થંકરની આજ્ઞાને આરાધતો ગુરુઆદિની આરાધનામાં વિધિથી જરૂર પ્રયત્ન કરે ॥ ગુરુદ્વારમાં જ વિશેષથી જણાવે છે કે -

ગુરુ ૬૮૧, ગુરુ ૬૯૦, બેયા ૬૯૧, અંતો ૬૧૫, ઇઅ ૬૯૩, એવમ્ ૬૯૪, તા ૬૯૫,

શ્રીમંત મનુષ્ય જેમ સારા રાજાને છોડે નહિ, તેમ હંમેશા ગુણ થવાના સંજોગથી ચારિત્ર ધન રૂપી ફળને આપનાર ગુરુના ગુણવાળા એવા ગુરુને છોડવા નહિ ગુરુકુળવાસ કરવામાં સારૂં એવું ગુરુ મહારાજનું દર્શન મળે, મહાનુભાવ એવા ગુરુનો વિનય મળે, બીજા મુમુક્ષુઓને માર્ગનું ભાન થાય, દીક્ષા વખતે કરેલું જે આત્માનું સમર્પણ તે સફળ થાય, અપ્રતિપાતિ એવા પરમવૈયાવચ્ચનો લાભ થાય, ગુરૂમહારાજના બહુમાનદ્વારા ગૌતમ આદિના મહાપુરુષોમાં પણ બહુમાન થાય, તીર્થંકરમહારાજની આજ્ઞાનું પાલન થાય, શુદ્ધ એવા આજ્ઞાદિકની પ્રાપ્તિ થાય, આદરેલા મહાવ્રતોનું સફળપણું થાય, તે મહાવ્રતોના સફલપણાથી ઉત્કૃષ્ટો પરોપકાર પણ થાય, અને પ્રાયે નિર્મળ એવા એ આત્માને શિષ્ય સંપત્તિ પણ શુભ થાય, એવી રીતે શુદ્ધમાર્ગને પામેલો સાધુ જન્માંતરે પણ શુદ્ધમાર્ગને જરૂર પામે અને તેથી જરૂર શાશ્વત અવ્યાબાધ એવો મોક્ષ થાય, જે માટે એવી રીતે જે ગુરુકુળવાસ તે મોક્ષનું કારણ છે તે માટે ગૌતમસ્વામી વિગેરે તે ભવે મોક્ષે જનારા મહાપુરૂષોએ પણ તે ગુરુકુળવાસ સેવ્યો છે. માટે પોતાના સંસારીકુળને છોડીને કુલીન એવા સાધુ આચાર્યમહારાજની સેવાને જરૂર આદરે, પણ એમ નહિ કરવાથી બંને કુળનો ત્યાગ થાય છે અર્થાત્ સંસારી કુલ છોડ્યું તેનું ફલ ન મળવાથી બન્ને કુલો છુટ્યાં, તે બન્ને કુલ છુટવાથી તે જરૂર અનર્થને પ્રાપ્ત થાય છે. હવે ગચ્છવાસથી થતાં ફાયદા કયા છે તે કહેવા માટે જણાવે છે :-

ગુરુ ૬૯૬, કેસિં ૬૯૭, એમેવ ૬૯૮, અણ્ણો ૬૯૯, સારણ ૭૦૦, સીસો ૭૦૧, નણુ ૭૦૨, સચ્ચ ૭૦૩, મોત્તણ ૭૦૪, એવં ૭૦૫,

ગુરુનો જે પરિવાર તે ગચ્છ કહેવાય, તે ગુરૂના સમુદાય રૂપ ગચ્છમાં રહેવાવાળાને દરેક પ્રકારના વિનયનો પ્રસંગ મળવાથી અત્યંત નિર્જરા થાય, તેમજ પરમકૃપાળુ આચાર્યાદિ મહાપુરૂષો તરફથી દોષના સ્મરણ આદિ થવાથી અજ્ઞાન અને પ્રમાદથી એક વખતે થઈ ગયેલા દોષોની ફેર પ્રાપ્તિ થતી પણ અટકે, આચાર્યાદિકને વિષે મહાનુભાવોનો જે વિનય થતો હોય તે દેખીને નવદીક્ષિતો પણ તે વિનયને કરતાં શીખે, તથા કર્મક્ષયને કરાવનાર સુયોગોનો નાશ થતો હોય તો તે ભાગ્યશાળી આચારને સંભાગ પણ આપી અટકાવે તેમજ અહિતની પ્રવૃતિ થતી હોય તો તે ભાગ્યશાળીયો નિવારણ પણ કરે, તેમજ હિતકારી એવા સમ્યગ્દર્શનાદિ કાર્યોમાં પ્રેરણા પણ કરે, એવી રીતે ગુરૂના સમુદાયરૂપી ગચ્છમાં વાસ કરવાથી સ્વ અન પર બન્નેને ફળની પ્રાપ્તિ છે. માંહોમાંહેની અપેક્ષાએ પણ તે તે શુભકાર્યોમાં વર્તે તો પણ ગચ્છવાસી જરૂર મોક્ષ સાધનારો થાય છે, એમ છતાં પણ કોઈક ગચ્છને છોડી દેવાની પણ જરૂર પડે છે તે છોડવા લાયક ગચ્છ જણાવે છે. જે ગચ્છ સ્મારણ આદિ વિનાનો હોય, ગુરુના ગુણથી હીન હોય, એવા ગચ્છને સંસારી કુટુંબ છોડનારે સાધુસૂત્રની વિધિએ છોડી દે. શિષ્ય ગુરુભાઈ, કે એકગણવાળો એવો સાધુ તે કાંઈ સુગતિએ લઈ જતા નથી, પણ તેમાં જો જ્ઞાન દર્શન અને ચારિત્ર એ ત્રણ જે નિર્મળ છે તો તેજ સદ્ગતિનો માર્ગ છે, કોઈ કહેશે કે ગુરુપરિવાર તે ગચ્છ છે, તો ગુરુકુળવાસ

કરનારને ગચ્છવાસ થઈજ જશે, અર્થાત્ ગચ્છવાસ જુદાં જણાવવાની જરૂર નથી. આવું કહે તેના ઉત્તરમાં જણાવે છે કે ગચ્છની જે રીતિ ઉચિત હોય તે રીતિએ જ ગચ્છમાં રહેવું અને ગચ્છની જ પ્રતિષ્ઠા જેવી રીતે વધે અને અન્ય સાધુને પણ ગચ્છવાસનું કારણ બને તેવી રીતે સાધુએ ગચ્છમાં રહેવું જોઈએ, એમ જણાવવા માટે ગચ્છવાસ ગુરૂકુલવાસથી જુદો કહેલો છે, કેમકે પરસ્પર ઉપકાર ન હોય ને ગુણાદિકનો પારમાર્થિક સંબંધ ન હોય તો તે ગચ્છવાસ કહેવાય તો પણ તે સ્વચ્છંદવાસ જ છે, એવી રીતે સામાન્યથી શુદ્ધભાવ છતાં પણ હંમેશા ગચ્છના સ્થવીરે આપેલા સંથારા આદિના પરિભોગથી વસતિ વિગેરે દ્વારોમાં પણ આ ગચ્છવાસની માફક સફળતા જાણવી. હવે વસતિ (ઉપાશ્રય)નું સ્વરૂપ જણાવે છે.

मूलु ७०६, पट्ठि ७०७, वंसग ७०८, दूमिअ ७०९, चाड ७१०, विह ७११,

હંમેશા સ્ત્રી, પશુ અને પંડકથી રહિત, તેમજ મૂળ અને ઉત્તરગુણોએ શુદ્ધ એવા સ્થાનોમાં સાધુઓએ રહેવું જોઈએ, નહિં તો વ્રતોમાં દોષ લાગે, મોભા તેના બે ટેકાઓ ચારે ખુણાની થાંભલીઓ, શુદ્ધ હોય તો તે વસતિ મૂળગુણે કરીને શુદ્ધ ગણાય, અને યથાકૃત કહેવાય. ભીતનાં દાંડાઓ વળીઓ, તાડછાં, ઢાંકણ, ભીંતોનું લીંપવું, દ્વારને સરખાં કરવાં, જમીન સરખી કરવી, એ બધા કાર્યોવાળી વસતિ હોય તો તે સપરિકર્મ વસતિ કહેવાય, ભીંતનું ધોળવું, ધૂપ દેવો, સુગંધિએ વાસિત કરવી, ઉદ્યોત કરવો, વસ્તુ માટે બળિ કરવો, જમીન લીંપવી, પાણી છાંટવું, અને કચરો દૂર કરવો, એ દોષો વિશોધીકોટિના છે. પૂર્વે જણાવેલી રીતિએ મહેલ વિગેરેમાં પણ મૂળ વિગેરે ગુણોનો વિભાગ જાણવો. તે મ્હેલ આદિ દોષોને સાક્ષાત્ નહિં કહેવાનું કારણ એ છે કે ઘણે ભાગે સમાપ્તકાર્યવાળા વિચરતા સાધુઓને ગામડામાં રહેવાનું હોય છે અને તેમાં ઉપાશ્રય મોભ વિગેરેવાળો જ હોય છે. માટે વસતિનું મૂળ ઉત્તર ગુણથી અશુદ્ધ જણાવતાં મોભ વિગેરે વિભાગ કર્યો. સામાન્યથી સ્થાનને અંગે દોષો જણાવ્યા હવે ઉપાશ્રયમાં મુનિયોના રહેવા તે અંગે ઉપાશ્રયના દોષો કહે છે.

काला ७१२, उव ७१३, जावं ७१४, अत्तट्ठ ७१५, पासंड ७१६, जा ७१७, एत्थ ७१८, वय ७१९, ઋતુબદ્ધ એટલે શિયાળા ઉનાળાના મળી આઠમાસમાં એક માસથી અધિક રહેવામાં આવે તો તે કાલાતિક્રાન્ત દોષ[૧] મહિનાથી કે ચાર માસતી બમણો વખત છોડ્યા સિવાય તે જ મકાનમાં આવવું તે ઉપસ્થાન દોષ[૨] બીજાઓએ વાપરેલા એવા સાધુ માટે કરેલા મકાનો તે અભિક્રાન્ત દોષવાળી વસતી[૩] બીજાઓએ નહિં વાપરેલા તેવા મકાનમાં પ્રવેશ કરે તે અનભિક્રાન્ત નામે દોષવાળી વસતિ[૪] ગૃહસ્થે પોતાને માટે કરેલું મકાન હોય તે સાધુને દઈને પછી પોતે નવું મકાન કરે તો તે પહેલાંનું મકાન વર્જ્ય નામે દોષવાળું છે, તે માટે વર્જ્યવસતિ[૫] કોઈપણ ધર્મવાળા પાખંડીઓ માટે નવો આરંભ કરે તે મહાવર્જ્યા[૬] નિર્ગ્રન્થ શાક્ય વગેરે જે શ્રમણો પાંચ પ્રકારના છે, તે શ્રમણો માટે જે મકાન કરે તે સાવદ્ય[૭] અને જે નિર્ગ્રન્થ સાધુ માટે કરે તે મહાસાવદ્ય[૮] એ પૂર્વ કહેલા દોષોથી રહિત, ગૃહસ્થોએ પોતાને માટે કરાવેલી, તેમજ જેમાં સાધુ માટે સંસ્કાર પણ ન કરેલો હોય તે અલ્પક્રિયા વસતિ[૯] પોતાના ઉપભોગને આશ્રીને

કરાવેલી તે સ્વાર્થે કરાવેલી જાણવી અથવા જિનબિંબની પ્રતિષ્ઠા માટે વસતિ છે એમ જાણવી. વચનથી જે શુદ્ધપ્રવૃત્તિ તે જ અહીં સ્વાર્થ જાણવો. બીજાઓને ભાવપીડાનું કારણ હોય તો વસતિ અનર્થરૂપ ગણવી ॥ વસતિની ઉત્પત્તિ અને સ્થિતિને અંગે મૂલ ઉત્તર ગુણો અને દોષો જણાવી હવે આપાધિકનિર્દોષતા માટે સ્ત્રીઆદિકે રહિતપણું જણાવે છે :-

थी ७२०, ठाणं ७२१, ठाणे ७२२, चंक ७२३, जल्ल ७२४, गीया ७२५, गंभीर ७५६, एवं ७२७, पसु ७२८, तम्हा ७२९,

જ્યાં સ્ત્રીઓનું રહેવું અને તેના ચિત્રામણો સ્વરૂપ ન દેખાય, તેના શબ્દો ન સંભળાય અને સ્ત્રીઓ પણ પુરૂષના સ્થાન તથા રૂપ ન દેખે ને શબ્દ ન સાંભળે તે સ્ત્રીવર્જિત વસતિ કહેવાય. જ્યાં સ્ત્રીઓ ગુપ્તકથા એટલે પરસ્પર ક્રિયાની કથા તે વિગેરે કરીને રહે તે સ્ત્રીઓનું સ્થાન ગણવું. સ્થાન હોય ત્યાં રૂપ જરૂર હોય છે, અને શબ્દ તો દૂર હોવાથી ન પણ સંભળાય, માટે સ્થાન, રૂપ અને શબ્દ ત્રણે વર્જવાં, જો તે ત્રણે વસ્તુઓ સ્ત્રીસંબંધી ન વર્જે તો સાધુઓની બ્રહ્મચર્યની ગુપ્તિ નાશ પામે, લજ્જા ઉડી જાય, સ્ત્રી સાથે પ્રીતિ વધવા માંડે, સાધુઓનું આ જુઓ તપ અને જુઓ સાધુઓનો વનવાસ એમ કહીને લોકો ધર્મ અને સાધુની હાંસિ કરે, આચાર રહિત જાણીને આહાર આદિકનો નિષેધ પણ કરે, અને નવા તેમજ માર્ગાભિમુખ લોકો પણ ધર્મમાં ન જોડાવાથી શાસનમાં હાનિ થાય, વળી તેવા સ્ત્રીવાળાસ્થાનમાં સ્ત્રીઓનું ચાલવું, ઉભા રહેવું, ચેષ્ટા કરવી, કટાક્ષ કરવા, અને અનેક પ્રકારના શૃંગારો થાય તે દેખીને ભુક્તભોગી અને અભુક્તભોગી બંને પ્રકારના સાધુને સ્મૃતિ આદિ દોષો થાય, સંસાર અવસ્થામાં જે મને ભોગો ભોગવ્યા હોય તે ભુક્તભોગી કહેવાય, અને તે સિવાયના હોય તે અભુક્તભોગી કહેવાય તેવી જ રીતે જલ્લે ટલે શરીરે પરસેવાથી લાગેલો મેલ અને ધુળઆદિ લાગવા રૂપ સામાન્ય જે મેલ, તે મેલે કરીને ભરેલા એવા સાધુઓના શરીરમાં અત્યારે અત્યંત રૂપવાળી જો કાંતિ છે, તો ગૃહસ્થપણે તો તેઓની સેંકડોગુણી કાંતિ હશે. (એમ ચિંતવીને સ્ત્રીઓ રાગવાળી થાય, અને તેથી સાધુના બ્રહ્મચર્યનો નાશ થવા આદિ અનર્થ થાય.) સ્ત્રીઓના ગીતો વચનો, હાસ્ય, મધુરવાણી, ઘરેણાનાં શબ્દો અને એકાંતની ક્રીડા વગેરેની વાતચીત સાંભળીને ભુક્તભોગ આદિને પૂર્વોક્ત દોષો લાગે. તેવીજ રીતે જે સાધુઓનો સ્વાધ્યાય કરતી વખત, ગંભીર, મધુર, સ્ફુટ સ્પષ્ટ અને સ્પષ્ટપણે વસ્તુને સમજાવનારો સારો મનોહર સ્વર છે, તેવા સાધુઓના ગાયનનો તો કેવા સ્વર હશે? (એમ સ્ત્રી સાધુ ઉપર મોહ પામે, અને પછી રાગાદિ અનર્થ થાય) એવી રીતે ન જીતી શકાય એવા મોહનીયકર્મના દોષથી પરસ્પર દૃઢરાગ થાય માટે સ્ત્રીવાળું સ્થાન સાધુઓએ વર્જવવું જ જોઈએ આ સંસારમાં મોહરૂપી દાવાનળમાં સળગી રહેલાઓને પશુ અને પંડક (નપુંસક) વાળા મકાનમાં પૂર્વભવના અભ્યાસથી પ્રાયે અશુભપ્રવૃત્તિ થાય છે, માટે સ્ત્રી પશુપંડકે કરીને રહિત એવા ઉપાશ્રયમાં નિર્મળ અને નિરિચ્છકભાવપણે સાધુ રહે જો સાધુ આ જણાવેલાથી વિપરીતસ્થાનમાં રહેતો આજ્ઞાવિરાધનાદિક દોષો લાગે. વળી સંસર્ગદોષ વર્જવા માટે પાપમિત્રોનો સંગ છોડવા માટે કહે છે કે :-

વજ્જિજ્જ ૭૩૦, જો ૭૩૧, સુરિં ૭૩૨, સુચિર ૭૩૩, ભાવુ ૭૩૪, જીવો ૭૩૫, અમ્બ ૭૩૬, સંસગ્ગી ૭૩૭,

પાસત્થા વિગેરે પાપમિત્રોની સોબત કરવી નહિં, પણ ધીર અને શુદ્ધચારિત્રવાળા એવા પુરૂષોની અપ્રમત્તસાધુઓએ સોબત કરવી. જે માણસ જેવાની સાથે દોસ્તી કરે છે, તે માણસ થોડાકાળમાં તેના જેવો થાય છે. કુલની સાથે રહેવાવાળા તલ પણ કુલની ગંધવાળા થાય છે. માટે મોક્ષમાર્ગના વિઘ્નરૂપ પાપમિત્રોની સોબત સર્વથા છોડવી. આ સ્થાને શંકા કરે છે કે વૈડૂર્યમણિ કાચની સાથે ઘણાલાંબા કાળ સુધી રહે તો પણ પોતાનામાં શ્રેષ્ઠગુણો હોવાથી તે વૈડૂર્ય કોઈ દિવસ પણ કાચપણાને પામતો નથી. તેવીજ રીતે શેરડીના વાડામાં ઘણો લાંબો કાળ રહેલું નળથંભ ઝાડ હોય છે તે જો સંસર્ગથીજ દોષ ગુણો થતા હોય તો કેમ મીઠું થતું નથી? એ શંકાના સમાધાનમાં જણાવે છે કે જગતમાં અન્યથી વાસિત થનારા અને વાસિત નહિં થનારા એવી રીતે બે પ્રકારનાં દ્રવ્યો છે તેમાં વૈર્ય અને નળથંભ એ બેના જેવા અન્ય પદાર્થની વાસિત ન થાય તેવા દ્રવ્યો હોય તે અવાસિતદ્રવ્ય કહેવાય છે. પણ શાશ્વતા કાલથી જીવ પ્રમાદઅદિક અશુભ ભાવનાએ જ સંસારમાં વાસિત થયેલો છે, તેથી તે સસંર્ગના દોષે જલદી વાસિત થઈ જાય છે, અર્થાત્ ગુણરહિત કે ક્ષાયોપશમિક ગુણવાળો જીવ અભાવુક દ્રવ્ય નથી. પણ અન્યથી વાસિત થનારા ભાવવાળો છે. જગતમાં આંબા અને લીંમડાનાં મૂળ જો એકઠાં થઈ ગયાં હોય તો લીમડાના સંબંધે આંબો પણ લીમડાપણું એટલે મધુરતાના નાશને પામીને બગડી જાય છે, પાસત્થાદિની સાથે સોબત કરવાથી તે તેવા સારા સાધુને પણ દોષોમાં પડવાનું નિમિત્ત થાય છે, વળી તે પાસત્થાદિની દાક્ષિણ્યતાથી આધાકર્માદિની પ્રવૃત્તિ થવાથી આચાર રહિતપણું થાય છે. વળી અધમ આચારવાળા થવાથી લોકમાં પણ નિંદા થાય છે, પાસાત્થાદિના પાપને સાધુના સંસર્ગથી બચાવ થાય છે અને તે મળવાથી સાધુને તે પાપની અનુમતિ થાય છે, તેમજ આજ્ઞાવિરાધનાદિક દોષો લાગે છે. હવે ભોજનનો વિધિ કહે છે.

ભત્તં ૭૩૮, સોલસ ૭૩૯, તત્થુ ૭૪૦, આહા ૭૪૧, પરિ ૭૪૨, સચ્ચિત્તં ૭૪૩, ઉદે ૭૪૪, કમ્મા ૭૪૫, સાહો ૭૪૬, નીઅ ૭૪૭, પામિચ્ચ ૭૪૮, સગ્ગામ ૭૪૯, માલો ૭૫૦ અણિ ૭૫૧, કમ્મુ ૭૫૨.

આધાકર્મ આદિ બેતાળીસ દોષોએ રહિત ભોજન હોય અને તે પણ આશંશારહિતપણે ખાવું જોઈએ. તે આધાકર્મઆદિમાં ઉગ્દ્મ વિગેરે બેતાળીસ દોષો આવી રીતે જાણવા. આધાકર્મ વિગેરે ઉદ્ગમના સોળ દોષો, ધાત્રી વિગેરે ઉત્પાદનાના સોળ દોષો, અને શક્તિ વિગેરે એષણના દશ દોષો એ ત્રણ મળીને ભોજનના બેતાળીસ દોષો થાય. તેમાં ઉદ્ગમ, પ્રસૂતિ, પ્રભવ એ વિગેરે એકર્થવાચક શબ્દો છે. અને અહીં પિંડના ઉદ્ગમનો અધિકાર છે, તેના સોળ ભેદો આ પ્રમાણે છે : આધાકર્મ[૧], ઔશિક[૨], પૂર્તિકર્મ[૩], મિશ્ર[૪], સ્થાપના[૫], પ્રાભૂતિકા[૬], પ્રાદુષ્કરણ[૭], ક્રીત[૮], અપમિત્ય[૯], પરિવર્તિત[૧૦], અભ્યાહૃત[૧૧], ઉદ્ભિન્ન[૧૨], માલાહૃત[૧૩], આચ્છિન્ન[૧૪], અર્નિસૃષ્ટ[૧૫], અધ્યવપૂરક[૧૬], એ પિંડોદ્ગમના સોળ દોષો છે હવે તે અનુક્રમે જણાવે છે :

સાધુને માટે સચિત્તનું જે અચિત્ત કરવામાં આવે અથવા તો અચિત્તને પણ રાંધવામાં આવે તે આધાકર્મી કહેવાય. [૧] સાધુઆદિને ઉદેશીને દુષ્કાળ પછી જે ભિક્ષાઓ દેવી અથવા બચેલું ભોજન બીજા સાથે ભેળવીને તપાવી જે દેવું તે ઔશિક કહેવાય [૨] આધાકર્મીના એક પણ અંશે સહિત જે બીજું શુદ્ધ ભોજન હોય તે પૂતિકર્મ[૩] ગૃહસ્થ અને સાધુને માટે પહેલાંથી ભેળું રાંધવું તે મિશ્ર કહેવાય[૪] સાધુએ માગેલા દૂધ આદિને દેવા થાપી રાખવું તે સ્થાપના[૫] સાધુને માટે સૂક્ષ્મ કે સ્થૂળપણે વિવાહ આદિ અવસરનું આઘાપાછાપણું કરવું તો પ્રાભૃતિકા દોષ કહેવાય[૬], નીચા બારણાવાળું ઘર અને અંધારાવાળા મકાનમાં ગોખલા વિગેરે જે કરવા તે પ્રાદુષ્કરણ દોષ કહેવાય[૭], દ્રવ્યાદિકે કરીને સાધુ માટે વેચાતી લાવે તે ક્રીત[૮], સાધુ માટે ઉછીનું લઈને આપે તે અપમિત્ય[૯], ગોરસ વિગેરે પલટાવીને આપે તે પરિવર્તિત[૧૦] સ્વગ્રામ કે પરગ્રામથી લાવીને જે આપે તે આહૃતદોષ[૧૧], છાણ આદિથી લીપેલાને ઉખેડીને આપે તે ઉદ્ભિન્ન દોષ[૧૨] માલ વિગેરેથી ઉતારીને આપે તે માલાપહૃતદોષ[૧૩] ચાકર પાસેથી છીનવીને માલિક આપે તે આચ્છિદ્યદોષજ[૧૪] સમુદાયના સામાન્ય ભોજનમાંથી એક જણ આપે તે અનિસૃષ્ટ દોષ[૧૫] પોતાને માટે રાંધવા માંડેલામાં સાધુ માટે નવું નાંખે તે અધ્યવપૂરક દોષ[૧૬] એ સોળ ઉદગમના દોષો ગૃહસ્થથી પ્રાયે થાય છે. એ સોળ ઉદ્ગમ દોષોમાં આધાકર્મી[૧] ઔદેશિકના પાખંડી શ્રમણ અને નિર્ગ્રંથ એ ત્રણ સંબંધી જે સમુદ્દેશાદિદોષો[૨] પૂતિકર્મ[૩] મિશ્ર[૪] બાદરપ્રાભૃતિકા[૫] અને અધ્યવપૂરક[૬] એ ઉદ્ધરી શકાય નહિં એટલે અવિશોધિ તેવા દોષો જાણવા. હવે સોળ ઉત્પાદનદોષ કહે છે -

उप्पा ૭૫૩, धाई ૭૫૪, पुव्विं ૭૫૫, घाइ ૭૫૩ जो ૭૫૭, कोह ૭૫૮, अति ૭૫૯ गब्भ ૭૬૦

ઉત્પાદન, સંપાદન અને નિર્વર્તન એ ઉત્પાદનના એકાર્થક શબ્દો છે. અહીં આહાર સંબંધી ઉત્પાદનનો અધિકાર છે, તેના સોળ દોષો આવી રીતે છે.

ધાત્રી[૧] દતી[૨] નિમિત્ત[૩] આજીવ[૪] વનીપક[૫] ચિકિત્સા[૬] ક્રોધ[૭] માન[૮] માયા[૯] લોભ[૧૦] પૂર્વ પશ્ચાત્સંસ્તવ[૧૧] વિદ્યા[૧૨] મંત્ર[૧૩] ચૂર્ણ[૧૪] યોગ[૧૫] અને ઉત્પાદનાનો મૂળકર્મ નામે[૧૬] સોળમો દોષ છે. તે દોષો અનુક્રમે કહે છે. ભોજન માટે છોકરાંને રમાડવા આદિદ્વારાએ ધાઈમાતાપણું કરે[૧] તેવી રીતે તે માટે સંદેશા લાવવા લઈ જવાથી દૂતિપણું કરે[૨] અતીતઆદિ કાલનું નિમિત્ત કહે[૩] તેમજ આહારાદિ માટે પોતાની જાતિઆદિક જાહેર કરે[૪] જે દાતા જેનો ભક્ત હોય તેની આગલ તેની પ્રશંસા કરે[૫] મૂર્ખ સાધુ આહારને માટે સૂક્ષ્મ કે બાદર વૈદક કરે[૬] ક્રોધના ફળની સંભાવના કરવાથી પિંડ લેવા તૈયાર થાય તે ક્રોધપિંડ[૭] પિંડ લેવા માટે ગૃહસ્થીને અભિમાન કરાવે તે માનપિંડ[૮] માયાથી દેવડાવે તે માયાપિંડ[૯] અત્યંતલોભથી ઘણું ભટકે તે લોભપિંડ[૧૦] માબાપ કે સાસુસસરાની સંબંધો આહારને માટે કહે તે પૂર્વસંસ્તવ અને પશ્ચાતવ્સંસ્ત[૧૧] તેમજ આહાર માટે વિદ્યા મંત્ર, ચૂર્ણ કે યોગનો પ્રયોગ કરે તે વિદ્યાઆદિક નામના પિંડદોષો જાણવા [૧૨, ૧૫] પિંડને માટે ગર્ભનું પરિશાટન વિગેરે કરે તે મૂળકર્મ દોષ [૧૬], એ સોળ ઉત્પાદનના દોષો સાધુથી થાય છે, હવે એષણાના દોષો કહે છે.

એસણ ૭૬૧, સંકિય ૭૬૫, કમ્માઇ ૭૬૩, મત્તગ ૭૬૪, અપરિ ૭૬૫,

એષણા, ગવેષણા, અન્વેષણા અને ગ્રહણ એ એષણાના એકાર્થક શબ્દો છે. અહીં આહારની એષણાનો અધિકાર છે. તેના દશ દોષો છે. શક્તિ પ્રક્ષિત[૨] નિક્ષિપ્ત[૩] પિહિત[૪] સંહત[૫] દાયક[૬] ઉન્મિશ્ર[૭] અપરિણત લિપ્ત[૯] અને છર્દિત[૧૦] એ દશ એષણાના દોષો છે. આધાકર્મ વિગેરે દોષોની જે આહારાદિકમાં શંકા થાય તે શક્તિ[૧] સહિત પાણી આદિ પદાર્થોથી જે સતિ હોય તે પ્રક્ષિત સચિત્તમાં નાંખેલું હોય તે જો લેવામાં આવે તો નિક્ષિપ્ત દોષ[૩] ફળાદિકે જે અશનાદિ ઢાંકેલું હોય તે જો લેતો પિહિત દોષ[૪] ન દેવાની ચીજ સચિત્ત પૃથ્વીવિગેરેમાં નાંખીને પછી તે ભાજનથી આપે તે સંહત અયોગ્ય એવા બાલાદિક જે ભિક્ષા આપે તે દાયકદોષ૬ બીજઆદિકે સહિત જે આહાર આપે તે ઉન્મિશ્ર દોષવાષા[૭] દેવાનું અશનાદિ દ્રવ્ય સચિત્ત હોય અથવા બેની માલીકીવાળા દ્રવ્યમાં એકનો દાનપરિણામ ન હોય તો અપરિણત દોષ[૯] ચરબીઆદિકે લીપાંયેલું તે લિપ્ત[૯] અને ઢોળતાં ઢોળતાં દે તે છર્દિત વેષ[૧૦] એ દશ એષણાના દોષો જાણવા હવે બેતાળીસ દોષોને ઉપસંહર કરી પાંચ માંડળીના દોષો જણાવે છે :-

એવં ૭૬૬, સંજો ૭૬૭, બત્તી ૭૬૮.

એવી રીતે બેતાળીસ દોષો ગૃહસ્થ સાધુ અને બંનેથી થવાવાળા છે, અને માંડળીના તો સંયોજન વિગેરે પાંચ દોષો આ પ્રમાણે છે, સંયોજના[૧], પ્રમાણ[૨], અંગાર[૩], ધૂમ[૪] અને કારણ[૫], એ પાંચ માંડળીના દોષો છે. તેમાં ઉપકરણો કે ભાતપાણીમાં ઉપાશ્રયની બહાર કે ઉપાશ્રયની અંદર સંયોગ કરવો તે સંયોજના દોષ[૧] બત્રીસ કોળીઆથી અધિક ખાવું તે પ્રમાણ દોષ[૨] વખાણીને ભોજન કરવું તે અંગાર દોષ[૩] નિંદા કરીને ભોજન કરવું તે ધૂમ દોષ[૪] વૈયાવચ્ચે વિગેરે કારણ વગર ભોજન કરવું તે કારણ દોષ[૫] ॥ એવી રીતે અવિધિમાં દોષ લાગે છે હવે ઉપકરણ નામના દ્વારનું નિરૂપણ કરે છે.

ઉવ ૭૬૯, દુવિહં ૭૭૦, જિણા ૭૭૧, પત્તં ૭૭૫, તિણ્ણે ૭૭૩, બારસ ૭૭૪, બિઅ ૭૭૫, રય ૭૭૬, તિણ્ણે ૭૭૭, પત્તગ ૭૭૮, એએ ૭૭૯, પત્તં ૭૮૦, એએ ૭૮૧, ઉગ્ગહ ૭૮૨, ઓક ૭૮૩, એસો ૭૮૪, ઉક્કો ૭૮૫, તિન્નેવ ૭૮૬, પડ ૭૮૭, ઉક્કો ૭૮૮, તિણ્ણેવ ૭૮૯, પત્તા ૭૯૦, ભુહ ૭૯૧, તિન્નિ ૭૯૫, ઇણ ૭૯૩, ઉક્કોસ ૭૯૪, એયં ૭૯૫, વેઆ ૭૯૬, દિજ્જો ૭૯૭, પત્તા ૭૯૮, પત્તગ ૭૯૯, રય ૮૦૦, પાય ૮૦૧, જેહિ ૮૦૨, ગિમ્હા ૮૦૩, ૮૦૪, ૮૦૫, અટ્ઠા ૮૦૬, પુક્ખ ૮૦૭, માણં ૮૦૮, મૂસગ ૮૦૯, છક્કાય ૮૧૦, અતરંત ૮૧૧, કત્યા ૮૧૨, તણ ૮૧૩, બત્તી ૮૧૪, આયા ૮૧૫, ચઉ ૮૧૬, સંપા ૮૧૭, જો ૮૧૮, સૂવો ૮૧૯, આય ૮૨૦, દુગુણો ૮૨૧, વેઉવ્વ ૮૨૨, પત્તાઈ ૮૨૩, કમઢ ૮૨૪, અહ ૮૨૫, પટ્ટોવિ ૮૨૬, અદ્ધો ૮૨૭, અંતો ૮૨૮,

(અપૂર્ણ)

ટાઈટલ પાના ચોથાથી ચાલુ

કેવળ આત્માની શુદ્ધ દશાને પ્રકટ કરનારાઓને જ જેમાં નમસ્કાર
કરવાનો છે એ નમન સૂત્ર કયું ? પંચપરમેષ્ઠિ સૂત્ર

કેવલ આત્મદશાના અવલંબને જ નમન કરવા લાયક એવા મહાપુરૂષો
ને જ નમસ્કાર કરાવાનાર સૂત્ર ક્યું ? પંચપરમેષ્ઠિ નમસ્કાર

ક્યું સૂત્ર ઉચ્ચારણ કર્યા પછી ભવ્યજીવને સૂત્રોનું અધ્યયન
કરાવાય ? પંચપરમેષ્ઠિ નમસ્કાર

ક્યું સૂત્ર આરાધનાં અટ્ઠમ આઠ આંબેલ અને પાંચ ઉપવાસો
કરવાનું સૂત્રકાર ફરમાવે છે ? પંચપરમેષ્ઠિ સૂત્ર

ઈરિયાવહી અથવા ચૈત્યવન્દનાદિ સૂત્રોનું અધ્યયન કરવા પહેલાં
સૂત્રકારો ક્યું સૂત્ર ભણાવવું જરૂરી ગણે છે ? શ્રી પંચપરમેષ્ઠિ સૂત્ર

સકલ શાસન બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર ક્યો ?
શ્રી પંચપરમેષ્ઠિ

સર્વકાલ સર્વક્ષેત્રે સર્વજીવોને મંગલ શરણ અને લોકોત્તમ હોય
તે કોણ ? પંચપરમેષ્ઠિ

. . . . . .

. . . . . .

મુંબઈના ગ્રાહકોને

મુંબઈના ગ્રાહકો સિવાય બીજા ઠેકાણાના વી.પી. શરૂ થઈ ગયા છે : માટે મુંબઈના ગ્રાહકોએ આઠ દિવસની અંદર લવાજમ ભરી જવા મહેરબાની કરવી. નહિ તો વી. પી. કરીશું. જેથી નવ આનાના ખરચમાં ઉતરવું પડશે.

- તંત્રી.

Regd. No. 3047

પંચપરમેષ્ઠિ (નમસ્કાર) મંત્રનો મહિમા

જૈનજનતાનો ગુરૂમંત્ર ક્યો ? પંચપરમેષ્ઠિ મંત્ર

સર્વશાસ્ત્રોની અંતર વ્યાપક સૂત્ર કયું ? પંચપરમેષ્ઠિ મંત્ર

સર્વસૂત્રોને અર્પણ કરતાં પહેલું શું અર્પણ કરાય ? પંચપરમેષ્ઠિ મંત્ર

ભગવાન ભદ્રબાહુસ્વામી બધી નિર્યુક્તિઓમાં પહેલી નિર્યુક્તિ

જે સૂત્રની કરી તે સૂત્ર ક્યું ? પંચપરમેષ્ઠિ મંત્ર

સૂત્રોની વ્યાખ્યા કરવા પહેલાં ક્યા સૂત્રની વ્યાખ્યા પહેલી કરાય ? પંચપરમેષ્ઠિ

સકલકાલમાં સર્વક્ષેત્રમાં એક સરખો જ સૂત્રપાઠ જેનો રહે એવું સૂત્ર કયું ? પંચપરમેષ્ઠિ સૂત્ર

બાર અંગ અને ચૌદ પૂર્વને ધારણ કરનારાઓને પણ મરણ સમયે આરાધના કરવાના સાધનભૂત સૂત્ર ક્યું ? પંચપરમેષ્ઠિ

સુદર્શન શેઠને તેવી ઉત્તમદશા લાવી આપનાર ભવાંતરનું સાધન ક્યું ? પંચપરમેષ્ઠિ નમસ્કાર

સમસ્ત પાપોનો નાશ કરવામાં સમર્થ એવો મંત્ર ક્યો ? પંચપરમેષ્ઠિ મંત્ર

રસ્તે ચાલતાં પણ ગણી શકાય એવું સૂત્ર ક્યું ? પંચપરમેષ્ઠિ સૂત્ર

અપવિત્ર અથવા પવિત્ર બન્ને અવસ્થામાં સ્મરણ કરાય એવું સૂત્ર ક્યું ? પંચપરમેષ્ઠિ મંત્ર

સર્વ મંગલોમાં, આદ્યમંગલ તરીકે ઉચ્ચારણ કરવાનું મંગલ ક્યું ? પંચપરમેષ્ઠિ નમસ્કાર

અનુક્રમે વગર અનુક્રમે અથવા અંતથી શરૂ કરીને પણ ગણી શકાય એવું સૂત્ર ક્યું ? પંચપરમેષ્ઠિ

(જુઓ ટાઈટલ પાનું ત્રીજું)

सिद्धचक्र

तंत्री

પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૫

અંક ૮

પંચમ વર્ષ

પોસ વદી ૦))

卐

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

१९९३ : : १९३७

ફેબ્રુઆરી

વીર સંવત્ ૨૪૬૩

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

— મુંબઈ —

श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०	तत्त्वतरंगिणी	०-८-०
उत्तराध्ययनचूर्णि	३-८-०	बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०	मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०	आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
पंचाशकादिदशअकारादि	४-०-०	भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०	पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०	तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०	पर्युषणादशशतकं	०-१०-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०	बुद्धिसागरः	०-३-०
विचाररत्नाकरः	३-०-०	विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
बन्दारूवृत्तिः	१-४-०	भवभावनावृत्तिः पूर्वार्धं	३-८-०
पयरणसंदोह	१-०-०	कल्पकौमुदी	२-०-०
अर्हिसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०	षोडशकप्रकरणं सटीकं	१-०-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०	षडावश्यकसूत्राणि	०-८-०
बारसासूत्रं सचित्रं	१२-०-०	उत्पादादिसिद्धिः	२-८-०
ऋषिभाषितानि		तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
प्रत्याख्यानप्रकरण - सारस्वत,	१-८-०	सुबोधिका	प्रेसमां-
विशेषणवती-वीशवींशी		भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०	भवभावना (उत्तरार्धं)	प्रेसमां-
ललितविस्तरा	०-१०-०	प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
		प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद मगनलाल बदामीએ तंत्री शा. पानाचंद રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५		अंक ८
विक्रम सं. १९९७	वीर सं. २४६७	सन १९३७
पोष वदि ०))	गुरुवार	फेब्रुआरी-११

वार्षिक लवाजम रु. २-०-० उद्देश छुटक नकल रु. ०-१-६

नवपदोमय श्री सिद्धचक्रनी आराधना अने श्री आयामाम्ल वर्धमान तपनी प्रवृत्ति पोषवा साथे आगमनी मुख्यतावाणी देशना, अने शंकाना समाधानोनो फेलावो करशे :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमासाः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"आगमोद्धारक."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

દ્રવ્યનંદીના પ્રસંગમાં નોઆગમ થકી વ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપના અધિકારને અંગે સ્નાત્રાદિકે કરાતી ભગવાન જીનેશ્વર મહારાજની પૂજાને ત્યારે દ્રવ્યપૂજા પણ કહી શકાય કે જ્યારે તે જીનેશ્વર ભગવાનો કોઈના પણ ઉપકાર તળે દબાયેલા ન હોય અથવા તો ઉપકાર નહિ કરનારા ઉપર પણ હિતની દૃષ્ટિમાં જ તત્પર હોય અથવા તો સ્વાભાવિકરીતે પણ એટલે ઉપકાર કરનારા ન હોય એટલું જ નહિ પણ કથંચિત્ કર્મના ઉદયથી અપકાર કરનારા સંગમઆદી જેવા જીવો હોય તેમની ઉપર પણ ઉપકાર કરવાની જ દૃષ્ટિ રાખનારા એવા જીનેશ્વર ભગવાન છે. તેવી ધારણા રાખીને પૂજા કરે તો તે વ્યતિરિક્ત તરીકે દ્રવ્ય પૂજા કરી શકાય. એ અધિકારમાં ભગવાન ઋષભદેવજીએ કરેલી વર્ણવ્યવસ્થાના સંબંધે છેલ્લામાં છેલ્લી બ્રાહ્મણવર્ગની ઉત્પત્તિ કેમ થઈ એ જણાવતાં ભગવાન ઋષભદેવજીની તપસ્યાનો અધિકાર શરૂ થયેલો છે.

'ભવ્યતાની વિચિત્રિતા'

આગળના અધિકારમાં ભવિતવ્યતાને ધર્મપ્રેમીઓએ સ્થાન ન આપવું જોઈએ એમ શાસ્ત્રીયવચનો અને હેતુ યુક્તિથી જાણવામાં આવેલું છે. જો કે સૂક્ષ્મ નિગોદમાંથી પહેલવહેલાં જીવનું નીકળવું, ભવિતવ્યતાને યોગે જ થાય છે અને તેવી રીતે અનુક્રમે બાદરનિગોદમાંથી બાદરપૃથી આદિમાં બેઈંદ્રિયાદિ ત્રણે પ્રકારના વિકલેંદ્રિયોમાં અને અસંજ્ઞિપંચેંદ્રિયતિર્યંચોમાં અનુક્રમે વધીને જીવોનું આવવું આગળ વધી વધીને કે પાછા પડીને ફેર વધવું અને મનુષ્યભવમાં ઉત્પત્તિ થવી, આ સર્વ બનાવની જડ શાસ્ત્રકારો ભવિતવ્યતાને જ માને છે. જો કે શાસ્ત્રકારોએ ભવિતવ્યતાની સાથે તે તે કર્મના બંધને અને ઉદયને આગળ રાખેલ છે. અર્થાત્ કોઈપણ જીવને તેવા કર્મનો બંધ થવા સિવાય કે તેવા કર્મનો ઉદય થયા જ સિવાય તે તે સ્થાનોમાં ચઢતા જ જવું અગર ચઢીને પછી પડ્યાં છતાં પણ પાછું ચઢવું એમાંનું કંઈપણ બનેલું જણાતું નથી એટલે ભવિતવ્યતાની સાથે કર્મની કારણતા તો અવિચળપણે રહેલી જ છે. છતાં શાસ્ત્રકારો તે તે સ્થાનોમાં ચઢતાં કે ચઢીને ઉતરીને ફેર ચઢતાં કર્મને મુખ્યપણે કારણ તરીકે ન લેતાં ભવિતવ્યતાને જ કારણ તરીકે લે છે, તેનું કારણ સ્પષ્ટ છે કે તે તે બાદરપણા વિગેરેનાં જે કર્મો સૂક્ષ્મનિગોદ વિગેરેમાં બાંધ્યાં તે તેથી બાંધનારા જીવોના અભિપ્રાયને અનુસરીને નહોતા, એટલે એમ કહી શકીએ કે અનાદિકાળથી સૂક્ષ્મનિગોદમાં વસેલો જીવ બાદરનિગોદપણું જાણતો પણ નહોતો.

જગતમાં સામાન્ય નિયમ છે કે ઈચ્છાની ઉત્પાતિ પણ જાણપણા સિવાય થતી નથી. જે મનુષ્ય જેટલું જ્ઞાન ધરાવે તે પ્રમાણમાં તે મનુષ્યની ઈચ્છાઓ થાય છે. દશ ચીજ જાણનારાઓને દશ ચીજ મેળવવાની ઈચ્છા થાય છે, ત્યારે સો ચીજ જાણનારાઓને સો ચીજ મેળવવાની ઈચ્છા થાય છે, એટલે જાણપણું થયા પછી તો તે જાણપણું વસ્તુની પ્રાપ્તિની ઈચ્છાને ઉત્પન્ન કરે છે અને તેથી જ મનુષ્યભવમાં સંજ્ઞિપણું મળે ત્યારે અનેક પ્રકારનાં જ્ઞાનો ઉત્પન્ન થાય અને તે જ્ઞાનમાં જણાયેલા પદાર્થોની ઈચ્છા થાય અને તેને માટે તે મનુષ્યો પ્રયત્ન કરે અને છેવટે તે કરેલા પ્રયત્નના ફલરૂપ ઈષ્ટપદાર્થને પ્રાપ્ત કરે, તેમાં તો ભવિતવ્યતા

કરતાં પણ અભિપ્રાયને અનુસરીને કરેલા પ્રયત્નોનો મુખ્ય ભાગ ગણી શકીએ અને તેથી જ તેવી જગા પર ભવિતવ્યતાનો અગ્રપદ નહિ આપતાં વિચાર કે કર્મને અગ્રપદ આપી શકીએ છીએ, અને તેથી જ દેવત્વ કે મનુષ્યત્વને ભવિતવ્યતાથી થયેલું ન માની શકીએ, પણ ઉદ્યમથી કે વિચારથી જ થયેલું માની શકીએ, પણ અનાદિ સૂક્ષ્મનિગોદમાં વસેલા જીવને જગતમાં જેમ વૃક્ષના જીવને રસનો ખ્યાલ પણ નથી બેઈંદ્રિય જીવોને ગંધનો ખ્યાલ પણ નથી તેઈંદ્રિય જીવોને રૂપનો ખ્યાલ પણ નથી. યાવત્ અસંતિ પંચેન્દ્રિય જીવોને મન જેવી વસ્તુનો ખ્યાલ નથી. ચઉરિંદિય જીવોને શબ્દોનો ખ્યાલ પણ નથી, તેવીજ રીતે તે અનાદિ સૂક્ષ્મનિગોદવાળાને પણ બાદરનિગોદપણાનો કે બાદરપણાનો ખ્યાલ પણ નથી. જો કે બાદરનિગોદ પણામાં કે પ્રત્યેકપણામાં યાવત્ સંજ્ઞિપંચેંદ્રિય મનુષ્યપણામાં પણ જઈને આવેલા સૂક્ષ્મનિગોદમાં અનંતા જીવો છે. તેમણે પણ તે સૂક્ષ્મનિગોદની અવસ્થાની અધમતાને લીધે બાદરનિગોદ કે બાદપણાનો ખ્યાલ નથી, તો પછી જેઓ બાદરનિગોદ કે બાદરપણું અનુભવી આવ્યા છે તેવા સાદિસૂક્ષ્મનિગોદના જીવોને પણ જ્યારે બાદરનિગોદ કે બાદરપૃથ્વીકાયાદિનો ખ્યાલ નથી તો પછી અનાદિકાલથી સૂક્ષ્મનિગોદમાં રખડતા એવા જીવોને તો બાદરનિગોદ કે બાદરપૃથ્વીકાયાદિપણાનો ખ્યાલ આવે જ ક્યાંથી? અને જ્યારે બાદરનિગોદ કે બાદરપૃથ્વીકાયાદિનો ખ્યાલ જ ન આવે તો પછી તે અનંતા સૂક્ષ્મનિગોદવાળા જીવો પોતાના કરતાં બાદરનિગોદમાં કે બાદરપૃથ્વીકાયાદિમાં રહેલી ઉત્તમતાતો સમજે જ ક્યાંથી ? નીતિકારોનો નિયમ છે કે વસ્તુનું હેયપણા કે ઉપાદેયપણાની બુદ્ધિ એજ જ્ઞાનનું ફલ છે. પ્રથમ કોઈપણ વસ્તુનું જ્ઞાન થયા સિવાય તેનું હેય કે ઉપાદેયપણું ધ્યાનમાં આવતું જ નથી, એવી રીતે જ્યારે જ્ઞાન થયા સિવાય હેય ઉપાદેયપણાની બુદ્ધિ થાય જ નહિ તો પછી સૂક્ષ્મનિગોદના જીવોનું પોતાનું સૂક્ષ્મનિગોદપણું ન જણાતું હોવાથી તેને નીકળવાની અર્થાત્ તે સૂક્ષ્મનિગોદપણાને છોડવાની બુદ્ધિ ક્યાંથી થાય જ? આ ઉપર જણાવેલી હકીકત બારીક દૃષ્ટિથી જોનારને હવે એવી શંકાનું સ્થાન રહેશે જ નહિં કે આ જીવ સૂક્ષ્મનિગોદપણે અનાદિથી સર્વકાલ કેમ રખડ્યો ? કેમ કે જગતમાં જેમ આંધળો રૂપને ન દેખે અને આખુ જીવન વ્યતીત કરે, તેવી રીતે સૂક્ષ્મનિગોદવાળાને પોતાની અધમતાનું ભાન કોઈ દહાડો થયું જ નથી, અને તેથી તે સૂક્ષ્મનિગોદના કારણભૂત કર્મોને છોડનારો ન થાય તે સ્વાભાવિક જ છે. પણ આશ્ચર્ય કારક એ રખડે તે નથી, પણ જગતમાં જેમ કોઈપણ આંધળો મનુષ્ય કોઈ દેવીચમત્કારદ્વારા રૂપને દેખનારો થાય તો તેમાં જ આશ્ચર્ય ગણાય, એવી રીતે અહિં પણ અનાદિકાલથી સૂક્ષ્મનિગોદમાં રહેલો છતાં પણ અને બાદરનિગોદ કે બાદરપૃથ્વીકાયાદિનું સ્વરૂપ નહિ જાણવાવાળો છતાં પણ બાદરનિગોદ કે બાદરપૃથ્વી આદિને સુન્દરપણે નહિં પિછાણતાં છતાં બાદરનિગોદ કે બાદરપૃથ્વી આદિમાં ઉપજવાના કારણભૂત કર્મો બાંધે એજ આશ્ચર્ય છે. આવી રીતના આશ્ચર્યભૂત બનાવની જડ શાસ્ત્રકારોએ ભવિતવ્યતાને બનાવી છે. પણ આ જડ તરીકે બનાવેલી ભવિતયતાને જાણનારા અને સમજનારા મનુષ્યોએ તો એક અંશ માત્ર ભવિતવ્યતાને આધારે ભુલવા જેવું નથી, વાંચકો એ ખ્યાલ કરવો જોઈએ કે દરિયામાં ડુબેલાઓ પણ ભવિતવ્યતાને જોરે કંઈ બચવા પામેલા છે અને તેવાં ભવિતવ્યતાનો સંકેત છે, છતાં શું સમજું મનુષ્ય તે ભવિતવ્યતાનો આધાર લઈને દરિયામાં ડુબી જાય ખરો ? કહવું પડશે કે ભવિતવ્યતાને યોગે દરિયામાં ડુબેલો કદી કોઈક આકસ્મિક સંજોગે બચી જાય તો પણ તેવો બચવાનો ભરોસો રાખી શકાય જ નહિ. તો પછી ભવિતવ્યતાને જોરે કદાચિત સૂક્ષ્મનિગોદમાંથી બાદરનિગોદપણું કે

બાદરપૃથ્વીકાયાદીપણું મળી જાય તો પણ તે ભવિતવ્યતાનો ભરોસો ન રખાય તે સ્વભાવિક છે. વળી જેમ અગ્નિએ સળગેલા મકાનમાંથી ભવિતવ્યતાને જોરે સેંકડે બે-કે પાંચ આદમી બચી પણ જાય, તો પણ વિચક્ષણ પુરૂષ સેંકડે બે પાંચ બચી ગયેલાના ભરોસે આગમાં ઝંપલાવતો નથી, તેમજ આગથી નિર્ભય પણ બનતો નથી, તો પછી અહિં તો સેંકડે બે પાંચ નહિં હજારે બે પાંચ નહિ લાખોએ બે પાંચ નહિ, કોડોએ બે પાંચ નહિ અસંખ્યાતા એ બે પાંચ નહિ. પણ માત્ર અનંતાએ બે પાંચના નિયમ પ્રમાણે તો નહિ પરંતુ કોઈકજ વખત કોઈક અનંતાના ઢગલામાંથી કોઈક એક બે પાંચ માત્ર બહાર નીકળે તેમાં જે ભવિતવ્યતા કારણ છે તે ભવિતવ્યતાનો આધાર શી રીતે રાખવો ! ધર્મિષ્ઠોએ ધ્યાન રાખવાની જરૂર છે કે આ સંજ્ઞિપંચેદ્રિય મનુષ્યપણામાં તમે વર્તો છો તેથી તમો તો સ્વતંત્રતાવાળા અને સ્વાધીન છો અને એ સ્વતંત્રતા અને સ્વાધીનતાનો ઉપયોગ રત્નત્રયીની આરાધના અને તત્વત્રયીની સેવામાં ન કર્યો તો દિવસની પાછળ જેમ રાત્રી લાગેલી જ છે તેવી રીતે વેડફી દેવાતી સ્વતંત્રતા પછી તે નિગોદની ભવિતવ્યતાનો જ વારો છે અને તે ભવિતવ્યતાની કેવી મુશ્કેલી છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ. આ બધી હકીકત વિચારતાં સ્પષ્ટ થશે કે અનાદિ સૂક્ષ્મનિગોદમાંથી નીકળીને સિદ્ધ થતાં અગર પડી પડીને ચઢતાં કોઈપણ પ્રેરક અને આલંબન હોય તો તે કેવળ ભવિતવ્યતાનુંજ છે અને આટલા જ માટે ઉપમિતિભવ પ્રપંચકાર શ્રીસિદ્ધર્ષિ મહારાજ તેવી દરેક ગત્યન્તરની સ્થિતિને ઉપજાવનારને ભવિતવ્યતાની જ ગુટિકા કહે છે, પણ વિચક્ષણપુરૂષોએ ધ્યાનમાં રાખવાનું કે - અસંજ્ઞિની ચઢતી પડતીના આધાર તરીકે ભવિતવ્યતાને આલેખવામાં આવી છે જ, પણ જ્યારે જ્યારે સંજ્ઞિપણું કે - સંજ્ઞિપંચેદ્રિય મનુષ્યપણું પ્રાપ્ત થયું છે ત્યારે ત્યારે તે સંજ્ઞિપંચેદ્રિયપણાની સ્થિતિ પછીની આગળની ઉત્તમ કે અધમ સ્થિતિ માટે ભવિતવ્યતાને જવાબદાર કે જોખમદાર ન ગણતાં તે સંજ્ઞિમનુષ્યોના વિચારો અને કર્મોને જ જવાબદાર અને જોખમદાર ગણ્યા છે. તેને અનુસરે જ સંજ્ઞિપંચેદ્રિયથી કે કોઈપણ સંજ્ઞિ મનુષ્યથી પોતાની જવાબદારી કે જોખમદારી ભવિતવ્યતા ઉપર નાખી શકાય તેમ નથી, તો પછી ધર્મપ્રેમી અને મુમુક્ષ મનુષ્ય ભવિતવ્યતાને ભરોસે ભગવાન જીનેશ્વર મહારાજાઓના વચનામૃતોનું પાન કર્યા છતાં પણ ભૂલે એવું તો બને જ કેમ ? અને જ્યારે સામાન્ય મુમુક્ષુ મહાત્માઓ ભવિતવ્યતાને ભરોસે મોક્ષના સાધનમાં પણ પ્રવર્તવાનું ભૂલે નહિ તો પછી ત્રિજગતનાનાથભગવાન તીર્થંકરો ભવિતવ્યતાને ભરોસે રહે અને મોક્ષની મુખ્ય સીડી જે તીવ્ર તપસ્યા જ છે તેની ઉપર ચઢવાનો ઉદ્યમ નકરે અને તે સીડી ઉપર ચઢ્યા સિવાય જ મોક્ષપ્રાપ્તિની ઈચ્છા રાખે કે મોક્ષની પ્રાપ્તિ કરે એ બને જ કેમ!

આ બધું વિચારતાં ભગવાન ઋષભદેવજીએ ભૂલમાં પાડનારી ભવિતવ્યતાનો ભરોસો ન રાખતાં અવિચળ અને અવ્યાબાધ એવા મોક્ષપદની પ્રાપ્તિ માટે તીવ્ર તપસ્યારૂપી તરવાર ઉપર વિચરવાનું પસંદ કર્યું છે. તેમાં કોઈ પણ જાતનું આશ્ચર્ય નથી. એટલું જ નહિં, પણ કેટલાકો ભવિતવ્યતાના ભરોસે ભૂલા ન પડવાવાળા છતાં પણ ભવસ્થિતિ અને ભવ્યતા જેવાં નામો આગળ કરીને ભૂલા પડે છે તેઓએ પણ સમજવું જોઈએ કે ભવ્યત્વ જો કે અનેક પ્રકારનું છે અને તેથી દરેક જીવમાં જો મોક્ષે જવાવાળાં હોય છે તો તથા ભવ્યત્વ જુદા જુદા રૂપે માનવામાં આવેલું છે, તો પણ તે તથાભવ્યત્વ ઘંટાલાલાના લોઢા જેવું સંસ્કાર ન થઈ શકે તેવું તો નથી જ અર્થાત્ ભવ્યતા અને ભવસ્થિતિને પરિપક્વ કરવા ધારનારો મનુષ્ય તેને પરિપક્વ કરનારા સાધનો મેળવી શકે છે અને તે તથાભવ્યતાને પરિપક્વ કરી શકે છે અને તેથી જ તે તથાભવ્યત્વ અને ભવસ્થિતિને પરિપક્વ કરવા માટે મુમુક્ષ મહાત્માઓએ કટિબદ્ધ થવાની જરૂર છે.

આત્માની બાલ્ય યૌવન અને વૃદ્ધાવસ્થા

આત્માની બાલ્યાવસ્થાનો કાળ, તે આત્માએ કેવી રીતે પૂરો કરવો ઘટે !સારો રાજા પોતાના એક સિપાઈ માટે હંમેશાં ચિંતાતુર હોય છે. સમકીતી જીવ પણ બીજા સમકીતી જીવની સમ્યક્‌ત્વની રક્ષા માટે તૈયાર જ હોય છે. કાર્ય કરવાની યા દેહ પાડવાની વાત આ શાસનમાં છે જ નહિ. તમારા સમ્યક્‌ત્વની રક્ષા થાય એટલું જ બસ નથી, પરંતુ દરેક સમકીતીના સમ્યક્‌ત્વની રક્ષા કરવાની તમારી ફરજ છે. મુનિસુવ્રતસ્વામીનો ભવ્યયત્ન, એકએક ધર્મીની જે કિંમત ગણે છે તે જ સાચો ધર્મી છે, અને એવી ધર્મસાધના જ અંતે મોક્ષ આપે છે.

શાસ્ત્રકાર મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે જણાવી ગયા છે કે આ જીવ પોતાની જ માલિકીનો ધર્મ હોવા છતાં એ ધર્મનો સદુપયોગ અને દુરૂપયોગ કેવાં પરિણામો નીપજાવે છે તે જાણતો નથી. અથવા તેનો ખ્યાલ રાખતો નથી, પરંતુ આત્મા જ્યારે સમ્યગ્‌દૃષ્ટિની પ્રાપ્તિ કરે છે ત્યારે તેને આ બધી બાબતોનો ખ્યાલ કરવાનું હોય છે. તમે જાણો છો કે બાળક રાજકુમાર હોય તે વખતે તેને પોતાના દરજ્જાનું કાંઈપણ જ્ઞાન હોતું નથી. તે પોતાનું સ્થાન કયું છે ? પોતાનો અધિકાર શો છે ? પોતાનાં શત્રુઓ કોણ છે ? તે કાંઈપણ જાણતો નથી. પરંતુ તે છતાં બીજા સરદારો શેઠ શાહુકારો અથવા મિત્રરાજાઓ તરફથી આવેલી ભેટોને તે સ્વીકારે છે, અને એ ભેટો તરફ તે નજર કરે છે. લોકો બીજી ત્રીજી કાંઈ વાત સમજતા નથી અને તેઓ ભેટ સોગાદો ધર્યે જ જાય છે ! આ ભેટ સોગાદોનો અવિરત ચાલુ રહેતો પ્રવાહ જોઈ રાજકુમાર રાચે છે અને એમ સમજે છે કે આ ભેટ અને સોગાદોના આપનારાઓ મને પોતાને ફાયદો કરનારા છે.

ચેતનાની અપૂર્વ સમૃદ્ધિ

અજ્ઞાન રાજકુમારને પોતાના રાજાપણાને લીધે જે સુખો ચોવીસે કલાક મળે છે તેનો તેને ખ્યાલ હોતો નથી અથવા એ ખ્યાલ લાવવાને માટે તે પ્રયત્ન કરતો નથી. પરંતુ પેલા ભેટ સોગાદોનો ઢગલો એજ તેને મન કિંમતી વસ્તુ છે, અને તે તેની જ કિંમત કરે છે. એજ પ્રમાણે આ આત્માની સ્થિતિ પણ છે. આત્મા આ કર્મપુદ્‌ગલોની સાથે એકાકાર થયેલો છે, અને પોતાની સ્થિતિ શું છે તેનો તે કદાપિ વિચાર સરખો પણ કરતો નથી. આત્માની પાસે ચેતનાની અપૂર્વ સમૃદ્ધિ પડેલી છે એ સઘળી સમૃદ્ધિ આત્માને પોતાના ઘરની છે, આત્માની સ્વતંત્ર માલકીની છે. એ મિલ્કત ઉપર આત્મા સિવાય બીજા કોઈનો આધાર નથી અને હક પણ નથી પરંતુ તે છતાં આત્મા ચેતનની અખંડ મિલ્કતના મૂલ્ય કરતાં શત્રુની ભેટો રૂપી વિષયો, અને વિષયોના સાધનોની જ કિંમત વધારે આંકે છે. આત્મા પોતાના શત્રુ તરફથી આવતી ભેટોનો વિચાર ચોવીસે કલાક કરે છે, પરંતુ તેને આત્માની ચેતનના મૂલ્યનું મહત્ત્વ શું છે તેનો ખ્યાલ જ આવતો નથી.

દુશ્મનો તરફથી આવતી ભેટોનો વિચાર આત્મા ચોવીસે કલાક કર્યે જ જાય છે. પરંતુ પોતાના ઘરનું રાજ્ય તે તપાસતો નથી, અથવા પોતાના ઘરની મિલ્કતની કિંમત કેટલી છે ? તે વાત પણ તે વિચારી જોતો નથી. રાજકુમાર પોતાની નાની વયે પોતાની સત્તા સમૃદ્ધિને વિચાર્યા વિના માત્ર ભેટ સોગાદોને જ તપાસે છે પરંતુ જ્યારે એજ રાજકુમાર જ્યારે સત્તર અઢાર વર્ષનો થાય છે ત્યારે તે એ ભેટ સોગાદોને જ જોઈને રીઝતો નથી પરંતુ પોતાની સાચી સ્થિતિને જ તપાસે છે. રાજકુમારમાં બાળકબુદ્ધિ હોય ત્યાં સુધી તો તે પોતાના ઘરની દશા ન તપાસતાં બાળકબુદ્ધિ પ્રમાણે ભેટ સોગાદોમાં જ ભૂલ્યો ભમે છે, પરંતુ જ્યાં તેની સગીરાવસ્થા મટી જાય છે કે તે તે જ ક્ષણે પોતાના રાજ્યની સ્થિતિ તપાસવા માગે છે? આત્માની દશા પણ આ અજ્ઞાન રાજકુમાર જેવી જ છે. આત્માને જ્યાં સુધી સમ્યક્‌ત્વ મળ્યું નથી ત્યાં સુધી તો તે વિષયો અને વિષયોના સાધનોમાં જ રચેલો પચેલો રહે છે, પરંતુ એકવાર તે જ્યાં સમ્યકત્વ મેળવે છે કે ત્યાં જ તેની આંખો ઉઘડી જાય છે !!

સમ્યક્‌ત્વ મેળવ્યા પછી એ આત્મા વિષયોપભોગો અને તેના સાધનો રૂપ કર્મક્રીડામાં રાચતો નથી, પરંતુ તે પોતાના આત્માની સ્થિતિ વિષે સાવધ રહેનારો બને છે, આપણો આત્મા એવો છે કે તે પોતાની સ્થિતિ ન તપાસતા ભેટના ભરોસામાં ભૂલ્યો છે, રાજકુમારને રાજ્યની અંદરથી જે ભેટો આવે છે તેના કરતાં પાડોશી શત્રુઓના તરફથી વધારે ભેટો આવે છે. રાજ્યની અંદરથી રાજકુમારને જેઓ ભેટો આપે છે તે ભેટો ભેટ આપનારાઓ પોતાની રાજભક્તિ અને પોતાની શક્તિના પ્રમાણમાં આપે છે. ત્યારે રાજ્યના શત્રુઓ જે ભેટ આપે છે તે રાજકર્તાને ભૂલાવામાં નાંખવા માટે અને પોતાનું શત્રુત્વ ખુલ્લું ન થવા દેવાને માટે હોય છે, એટલે રાજ્યની અંદરથી વફાદારો રાજાઓને જેટલી ભેટો આપે છે તેના કરતા શત્રુઓ તરફથી અપાતી ભેટો અનેક ગણી હોય છે. પાડોશી શત્રુઓ પોતાના પાડોશીને જે ભેટો ધરે છે તેનો હેતુ પણ કાંઈ પાડોશીને એકલો ખુશ કરવાનો અથવા તો તેને રાજી રાખવાનો હોતો નથી, પણ અન્ય હેતુ હોય છે. એ તો આપણે સારી રીતે જાણીએ જ છીએ.

પાડોશી શત્રુરાજા ભેટો મોકલે છે તેનો અર્થ તો એજ છે કે તે જાણે છે કે જો હું મારા પાડોશીને ભેટ સોગાદોથી ખુશ કરીશ નહિ અને હું તેનો મિત્ર છું. એ વાત તેના મગજમાં ઠસાવીશ નહિ, તો તેને

હું ભુલાવામાં નાખી શકીશ નહિં. પાડોશી શત્રુઓ પાડોશી રાજાઓને જે ભેટ સોગાદો ધરે છે તેમાં તેમનો પાડોશીઓને ભૂલાવામાં નાંખવાનો આવો નીચ મુદ્દો રહેલો હોય છે. રાજ્યભક્તો જેવી ભેટો આપે છે તેના કરતા અનેક ઘણી કિમતી ભેટો રાજ્યના શત્રુઓ આપે છે. સ્નેહી-સાચો સ્નેહી હંમેશા મિત્રપરત્વે નીતિમાન દરકારી રાખે છે. તે પોતાના મિત્ર તરફ ખરેખરો બેદરકાર હોતો નથી, પરંતુ તે કેટલીક વખત દેખાવામાં પણ બેદરકાર લાગે છે, છતાં તેનું ધ્યેય મિત્રનું સાચું હિત સાધવાનું જ હોય છે, એટલે તે મિત્રની ઝાઝી ખુશામત કરવા પ્રેરાતો નથી, પરંતુ જેને માત્ર જીભથી જ મિત્રતા દાખીને અંદરખાનેથી છરો મૂકવો છે, તે રખેને પોતાના ઈરાદાની બીજાને માહિતી થઈ જાય એ ઈરાદે શત્રુની વધારે ખુશામત કર્યો જાય છે ! અને જેમ બને એમ પોતાનો ઈરાદો છુપાવવાના જ પ્રયત્નો કરે છે !

જે માણસ બીજા રાજયની સ્થિતિ તપાસવા જાસુસ તરીકે આવે છે અને શત્રુને ભૂલાવવાનો પ્રયત્ન કરે છે, તેની ભક્તિ પ્રમાણમાં વધારે હોય છે "પરંતુ, એ વાંઝણી ભક્તિ છે ! ખરી રીતે જોશો તો તેને ભક્તિને પ્રેમરૂપ પુત્ર અવતરતોજ નથી, એટલે એ પુત્ર મારશે કે તારશે એ બેમાંથી એક પણ પ્રશ્ન વિચારવાનો હોતો નથી. પરંતુ આ પુદ્‌ગલની કરેલી વાંઝણી ભક્તિનો તો પુત્રરૂપ એવો અંધવિશ્વાસ જન્મે છે કે તેથી એ પુત્રનો પિતા થનારો ખેદાન મેદાન થઈ જાય છે, અને પાયમાલ બને છે !! આત્માની સ્થિતિ પણ એજ પ્રમાણેની તમારે સમજી લેવાની છે. આત્માને ભૂલાવામાં નાંખવા માટે મોહ મહારાજાએ આત્માની પાસે સંખ્યા બંધ જાસુસો મોકલી આપ્યા છે. આ જાસુસો કયા કયા છે તેની વિચારણા કરો. ખોરાક, શરીર, ઈન્દ્રિયો, અને તેના વિષયો, એ સઘળા આત્માને પાયમાલ કરવા માટે આત્માની પાસે મોહરાજાએ મોકલેલા જાસુસો છે, અને આત્મહિતવૃત્તિવાળાએ તેનાથી-આ જાસુસોથી બચવાની પ્રથમ જરૂર છે.

ચેતના એ આત્માના ઘરની વસ્તુ છે, સમ્યગ્‌દર્શન સમ્યગ્‌જ્ઞાન સમ્યક્‌ચારિત્ર, અનંતસુખ અને અનંત વીર્ય એ સઘળું તમારા ઘરનું છે, છતાં પણ જેટલું તમારા આત્માના અર્થમાં તે ઝળકતું નથી તેટલું શરીરાદિ જાસુસોના કાર્યમાં તમારા આત્મામાં ઝળકી ઉઠે છે ! જાસુસોનું કાર્ય તમારા આત્મામાં રાત દિવસ અવ્યાબાધ રીતે પ્રકાશિત થયા જ કરે છે ! અને એનો પ્રકાશ એવો ભવ્ય લાગે છે કે તમોને ચેતવાનો પણ વખત હોતો નથી મહારાજ્યો પોતાના માંડલિક રાજાઓ સાથે કેવી રીતે વર્તે છે એ વાત જો તમે તપાસશો તો આ વાતનો મર્મ તમારા બરાબર જાણવામાં આવશે જ. મોટા રાજયો, નાના મંડલિક રાજાઓની ચારે બાજુએ પોતાના જ જાસુસો અને અધિકારીઓ તરીકે ગોઠવી દે છે. નાના રાજ્યનો પ્રધાન હોય તે પણ ઉપરી રાજાનો મિત્ર હોય ખચાનચી, સેનાપતિ, મંત્રીઓ આદિ પણ સઘળા એવા જ હોય છે કે જે મોટા રાજાના મિત્રો જ હોય છે. આવી સ્થિતિમાં આ અધિકારીઓના કારસ્થાનોને એ બિચારો માંડલિક રાજા સમજી શકવાને શક્તિમાન હોતો નથી, અને એ બિચારો બધા અધિકારીઓને પોતાના મિત્રો જ માન્યા કરે છે.

આત્માની ચારે બાજુએ પણ મોહરાજાએ એજ પ્રમાણેના કર્મચારીઓ ગોઠવી દીધા છે. શરીર એ આત્માનો મુખ્ય કારભારી છે. આહાર એ આત્માનો મહાસેનાધિપતિ છે, અને ઈન્દ્રિયો એ આત્માના મંત્રીઓ છે. આ કારભારી સેનાપતિ અને મંત્રીઓ એ સઘળા મોહરાજાના ઘરના છે, અને આ

આત્મા એ સઘળાઓથી ઘેરાયેલો છે. આત્મા જ્યાં સુધી અજ્ઞાનદશામાં હોય છે ત્યાં સુધી તો, માંડલિક રાજાઓની માફક તે પોતે પોતાના આ કહેવાતા કર્મચારીઓને ભરોસો જ રહે છે. માંડલિકરાજા પોતાની આસપાસ ફેલાયેલા સઘળા કર્મચારીઓને તે પોતાના જ સમજે છે, તેમની જ મિત્રતામાં તલ્લીન રહે છે, અને તેમને જ પોતાના આધારભૂત જાણે છે, અને પોતાની ખાનગી યોજનાઓ પણ તેમની આગળ પ્રકટ કરે છે. અથવા પોતાની નિરધાર સ્થિતિ પણ તેમને જણાવી દે છે, પરંતુ તેનું પરિણામ એ આવે છે કે ઉપરી રાજાને આ વાતની તેના જાસુસ કર્મચારીઓ દ્વારા જાણ થતાં તે એજ માંડલિકરાજાને ગાદીએથી ઉઠાડી મૂકી રાજ ખાલસા કરી નાંખે છે અને માંડલિકરાજાને કારાગૃહના સળિયાની પાછળ હંમેશને માટે ઢકેલી દે છે !

આત્માની સ્થિતિ પણ એવી જ છે. આત્માનો બાળકાળ અનંતપુદ્‌ગલ પરાવર્તનો છે. જીવોનો યૌવનકાળ તો અર્ધપુદ્‌ગલ પરાવર્તકાળથી પણ ન્યૂન છે, અને આત્માનો વૃદ્ધત્વકાળ કોડપૂર્વ વર્ષ અથવા છેવટે પાંચ અક્ષર જેટલો જ છે. આત્માનો આ બાલ્યાવસ્થાકાળ પાંચ લાખ વર્ષનો છે એમાં આપણે સાંભળીએ ત્યાં તો આપણે ગભરાટમાં પડીએ અને ચમકી જઈએ આપણને એવી શંકા થાય કે પૂર્વકાલમાં આંખ ઉંચી થાય તો પછી આત્માના અનંતભવ થયા છે તે છતાં પાંચ લાખ વર્ષ શા માટે પુરાં થતાં નથી અને આત્માનું બાળકપણું શા માટે મટી જતું નથી. તમારા આત્માનો બાળકભાવ હજી મટયો નથી, એની સાબીતી એજ છે કે તમારો આત્મા હજી શત્રુમિત્રનું સ્વરૂપ સમજી શક્યો નથી. જો તમારો બાળકકાળ મટી ગયો હોત તો તમને જરૂર શત્રુમિત્રનું ભાન થવા પામ્યું હોત પરંતુ જ્યાં સુધી એ ભાન તમને થયું નથી ત્યાં સુધી તો એ વાત જ સ્પષ્ટ થાય છે કે તમારો બાળકભાવ હજી મટી શકયો જ નથી, જગતના વ્યવહારમાં પણ એવો નિયમ છે કે તમારી પોતાની મિલ્કતનો કબજો પણ તમોને ત્યારે જ મળે છે કે જ્યારે તમારી સગીરાવસ્થા મટી જાય. સગીરને તેની પોતાની માલિકીની વસ્તુઓનો પણ કબજો લેવાનો અધિકાર નથી, એજ પ્રમાણે અહીં પણ આ જીવને તેની પોતાની મિલ્કત મળવા પહેલાં તેને પણ તેની સાન આવવી જોઈએ, અર્થાત્ તેની સગીરાવસ્થા મટી જવી જોઈએ. જો તમારી એ સગીરાવસ્થા મટી જાય તો જ તમોને સાન આવી શકે, અને તો જ તમે તમારી મિલ્કતનો કબજો પણ લઈ શકો. તે સિવાય તો તમે તમારી મિલ્કત પણ મેળવી શકતા નથી. નાના છોકરાઓ પોતાના બાપની તિજોરી તરફ તકાસી રહે છે, પરંતુ તિજોરી તરફ તકાસી રહેવાથી કાંઈ તેને તિજોરી અથવા તો તિજોરીમાંના પૈસા મળી જતા નથી, પરંતુ એ પૈસા મેળવવાને માટે તો તિજોરી મેળવવાની લાયકાતની જ પ્રાપ્તિ કરવી પડે છે, અર્થાત્ સગીરાવસ્થા મટી જઈ સાન આવવાની જરૂર છે, એજ પ્રમાણે આત્માને પણ મોક્ષરૂપી તિજોરી ત્યારે જ મળે છે કે જ્યારે તે એ શક્તિને પ્રાપ્ત કરે છે. આવી શક્તિ પ્રાપ્ત ન થઈ હોય તો આત્માનો કાંઈ પણ દહાડો ન વળે!

જેમ બાળક તિજોરી તરફ જોયા કરે તેથી તેને તિજોરી મળી જતી નથી, તે જ પ્રમાણે આત્મા પણ મોક્ષ તરફ તરસ્યા કરે તેથી મોક્ષ મેળવી શકતો નથી. તિજોરી મેળવવાનો અધિકાર મળ્યા પહેલાં વરસોના વરસો સુધી તિજોરી તરફ જોયા જ કરો તો વરસો વહી જાય, પણ કાંઈ દહાડો ન વળે. તે જ પ્રમાણે જ્ઞાનની પ્રાપ્તિ કર્યા પહેલાં તમે મોક્ષને તાકી રહો તો તેથી મોક્ષ પણ ન જ મળે. જ્ઞાન લાવ્યા વગર તમે મોક્ષને તાકયા જ કરો તો તેમાં અર્ધપુદ્‌ગલ પરાવર્ત કાળ નીકળી જાય છે. બાળક જ્યારે આઠ દસ વર્ષથી નાનો હોય છે ત્યારે તેને કોઈ પણ જાતની

સમજણ હોતી જ નથી, તે તિજોરી શું એ કાંઈ પણ સમજતો જ નથી, હવે એજ બાળક જ્યારે આઠ દસ વર્ષનો થાય છે ત્યારે તે તિજોરીને અને તેના મહત્ત્વને જાણે છે, અને તેથી તિજોરી તરફ તાકવા માંડે છે, પરંતુ એ રીતે તિજોરી તરફ તકાસવાથી તેને તિજોરીનો કબજો મળતો નથી. તિજોરીનો કબજો તો ત્યારે જ મળે છે કે જ્યારે તે પુરાં અઢાર વર્ષ પસાર કરે અને અક્કલવાળો થાય.

બાળક આઠ દશ વર્ષનો થાય ત્યારે તે તિજોરીની મહત્તા સમજે છે અને તે પછી તિજોરી તરફ આંખો માંડે છે એજ પ્રમાણે આત્મા પણ એક પુદ્‌ગલપરાવર્ત બાકી રહે છે ત્યારથી જ મોક્ષને તાકવા માંડે છે. જે આત્માનો એક પુદ્‌ગલપરાવર્તથી વધારે સંસાર બાકી હોય છે તેને તો મોક્ષની ઈચ્છા જ થવા પામતી નથી. દુનિયાદારીમાં આપણે એવો નિયમ ઠરાવ્યો છે કે સોળે સાન આવે છે, એ સોળે સાન ન આવે ત્યાં સુધી આપણે તેવા માણસનો બોલવાનો અધિકાર પણ માન્ય રાખતા જ નથી. એ જ પ્રમાણે જ મોક્ષનો અધિકાર-મોક્ષ તરફ તાકવાનો અધિકાર પણ તેવાજ આત્માનો છે કે જેનો એક પુદ્‌ગલ પરવર્તથી વધારે સંસાર હોતો નથી. સોળવર્ષની ઉંમરે આત્માને સાન આવે છે પરંતુ આવ્યા પછી પણ તરત જ કાયદો તેને લાયક લેખવાની ના પાડે છે. એ માણસ લાયક તો ત્યારે જ લેખાય છે કે જ્યારે સાન આવ્યા પછીના પણ તેના બે વર્ષ પસાર થાય છે ! એજ રીતે આ આત્મા પણ અનંતા પુદ્‌ગલ પરાવર્તકાળને બાલ્યાવસ્થામાં જ પૂરા કરી દે છે...! અનંતા પુદ્‌ગલ... પરાવર્તકાળ સુધી તો બાલ્યવસ્થા જ હોય છે અને ત્યાં સુધી તો તે આત્માની મોક્ષ તરફ દૃષ્ટિ સરખી પણ જતી જ નથી. આત્માની જ્યારે એ મોક્ષરૂપી તિજોરી તરફ દૃષ્ટિ જાય છે ત્યારે જ તેની સાન તરીકેના તેના સમ્યક્‌ત્વનો કાળ છે. આ જીવ જ્યાં સુધી સમ્યક્‌ત્વને પામતો નથી ત્યાં સુધી શાસ્ત્રકારો આ જીવને બાળક ગણે છે. આથી જ શાસ્ત્રકાર ભગવાન હરિભદ્ર સૂરીજી ફરમાવે છે કે જ્યાં સુધી આ આત્માને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થઈ નથી ત્યાં સુધીનો આ આત્માનો સઘળો કાળ તે તેનો બાલ્યકાળ છે. સમ્યક્‌ત્વ વિનાના આત્માના સઘળા કાળને શાસ્ત્રકાર મહારાજાઓ બાળકાળ માને છે. બાળકાળનો આત્મા એવો હોય છે કે તે પોતાના ઘરની સ્થિતિના જેટલા વખાણ કરતો નથી અથવા પોતાના ઘરનું જેટલું ગૌરવ રાખતો નથી, તેટલું ગૌરવ તે પાડોશીના લાડ દેખીને પાડોશી માટે રાખે છે અને તેના જ વખાણ કરે છે! આવો બાળક આત્મા જે કાળ પસાર કરે છે તે સઘળો કાળ જૈનશાસન આત્માના બાળકાળ તરીકેજ ગણે છે.

નાના બાળકોને કાંઈ વાંક માટે તેના માબાપ સજા કરે છે એટલે તે બાળક પોતાના ઘરથી ભાગી જાય છે અને પાડોશીને ઘેર ભરાઈ જાય છે. આ રીતે પાડોશીને ઘેર છુપાઈ જવામાં તેને નવી વહુને પીયર મળ્યા જેવો આનંદ થાય છે. બાળક એ કૃત્રિમ આનંદને અનુભવે છે. પરંતુ તે એ આનંદના સ્વરૂપને અથવા પોતાના સાચા સ્વરૂપને સમજતો નથી. એજ પ્રમાણે આત્માને તેના પોતાના સાચા સ્વરૂપથી ભય થાય છે અને તેને પાડોશીને ત્યાં પૌદ્‌ગલિક સુખમાં ભરાઈ રહેવામાં આનંદ થાય છે. આત્માના એ પાડોશીઓ કોણ કોણ છે તે તમારે અહીં વિચારવાની જરૂર છે. શરીરાદિ જે પાંચ વસ્તુઓ છે તે પાંચે વસ્તુઓ એ આત્માના પાડોશીઓ છે. આત્મા પોતાનું સત્ય સ્વરૂપ છોડીને એ પાંચ પાડોશીઓને આશ્રયે તેમના ઘરમાં ભરાઈ જાય છે, અને તે પોતાના સ્વરૂપમાં ગૌરવ ન માનતા એ શરીરાદિ પાડોશીઓના પ્રેમમાં જ ગૌરવ અને

આનંદ માનતો બની જાય છે ! આત્માની આ દશા પેલા અજ્ઞાન રાજકુમાર જેવી છે અને તે સ્થિતિમાંથી તેને સમ્યક્ત્વ મળે ત્યારે જ તેની મુક્તિ થાય છે.

બાલ્યાવસ્થામાં આત્મા પોતાના શત્રુને અને મિત્રને સમાન ગણે છે. બાળક રાજકુમારને તેનો સ્નેહી મીઠાઈ આપે છે તો તે મીઠાઈનો પણ સ્વીકાર કરે છે અને તેનો શત્રુ જો મીઠાઈ આપે તો તે તેનો પણ સ્વીકાર કરે છે, પરંતુ તેની એ સ્થિતિ બદલાય છે અને તે યુવાવસ્થામાં આવે છે એટલે પછી તેની એવી જ દશા કાયમ રહેતી નથી. પોતાના શત્રુ કોણ છે અને મિત્ર કોણ છે તેને તે સારી રીતે ઓળખે છે અને પોતાના શત્રુને તે નખશિખાંત જાણી લે છે ! બાળક અવસ્થામાં જે રાજકુમાર શત્રુની ભેટ આવેલી જોઈને રાજી થાય છે તે જ રાજકુમાર પોતે જ્યારે મોટો થાય છે ત્યારે શત્રુની ભેટ આવેલી જોઈને રાજી થતો નથી પરંતુ એવી ભેટનો મર્મ ઓળખી લઈને સાવધ બને છે! એજ પ્રમાણે જ્યારે આ જીવાત્મા પણ મોહરાજાની ભેટોને જોઈને મોહ પામતો જ નથી, પરંતુ તેનો અંદરનો મર્મ સમજે છે, અને મોહદ્વારા થતી ભક્તાઈ કયા પ્રકારની છે એ તે જાણે છે, ત્યારે જ તે સમ્યક્ત્વ પામેલો છે એમ સમજવાનું છે. તમે સમકીતી ક્યારે ગણી શકાઓ? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે તમે જ્યારે મોહરાજાની ભક્તતાઈનો મર્મ સમજો ત્યારે તમે જરૂર સમકીતી.

સગીરવસ્થાને વટાવી ગયેલો રાજકુમાર પોતાના લશ્કરમાંથી એક સિપાઈ કદાચ ઓછો થાય તેથી તે એમ ધારતો નથી કે કાનખજુરાના અનેક પગોમાંથી જેમ એક પગ જાય તેનું તેને દુઃખ નથી તે જ પ્રમાણે મારા લશ્કરનો એક માણસ ઓછો થાય તેની પણ મને પંચાત નથી ! પોતાના લશ્કરમાંનો એક અદનો સિપાઈ ચાલ્યો જાય તો પણ તે તેની ખરેખર કિંમત ગણે અને તે પોતાની સ્થિતિને એક જોખમકારક સ્થિતિ માનીને તેના ઉપાયો પણ યોજે છે ! ભલેને મારા સૈન્યનો એક માણસ ઓછો થાય ! એ રીતે એક માણસ ઓછો થવાથી મારું શું નુકશાન થવાનું હતું ?" એવું વિચારવું એ કોઈ દહાડો સારા રાજાને પાલવતું નથી. જે રાજા થવા માંગે છે તેને તો પોતાના નાનામાં નાના એકપણ અદના પોલીસનો પણ હિસાબ રાખવો પડે છે અને એવા એક મનુષ્યના નુકશાનને પણ તે મહત્ત્વનું જ નુકશાન માને છે અને તે નુકશાનને ટાળવા તરફ પુરતી તકેદારી રાખે છે.

જેમ સારા રાજાને પોતાના એક અદના સિપાઈની પણ કાળજી રાખવી પડે છે તે જ પ્રમાણે જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા પામી છે તેવા આત્માને એક એક સમ્યક્ત્વધારીની પણ કિંમત હોય છે. આ સ્થિતિ જે આત્માને પ્રાપ્ત થઈ છે તે આત્મા જ પોતાની સ્થિતિ સમજેલો છે એમ માની લેજો. લશ્કરી માણસ કઈ વખત શું ન કરે તેનો કાંઈ ભરોસો હોતો નથી. એક સામાન્ય માણસ પણ સૈનિક બન્યા પછી ઘણા જ સાહસના અને શૌર્યના કામો જરા પણ ખચકાયા વિના કરી શકે છે. નેપોલિયન એક સાધારણ સિપાઈ હતો, છતાં એજ એક સાધારણ સિપાઈ વખત આવે આખા રાજ્યને દોરનારો બન્યો હતો અને તેણે આખી દુનિયા ડોલાવી નાંખી હતી. ક્યો માણસ કઈ વખતે શું પરાક્રમ કરશે તે આપણે જાણી શકતા નથી અને તેથી જ સારો રાજા પોતાના સામાન્ય સિપાઈને પણ એક કિંમતીમાં કિંમતી રત્ન માનીને સાચવે છે. જે રાજાને પોતાના સિપાઈઓની આવી કિંમત હોતી નથી તે રાજા પોતાનો ધર્મ ચૂકે છે એમ માનવામાં જરા પણ હરકત નથી જ.

કહે છે કે ફ્રેંચોનો સેનાનાયક નેપોલીયન એકવાર પોતાના જંગી કાફલા સાથે સમુદ્રમાં જતો હતો, એવામાં રાત પડી રાતનો ઘોર અંધકાર સાગર

પર ફરી વળ્યો હતો, કોઈને કાંઈ દેખાતું ન હતું, એ વખતે અચાનક એક વહાણમાંથી એક પીપ પડી ગયું ! જેવું પીપ પાણીમાં પડયું કે તે જ ક્ષણે મોટો ધબાકો થયો ! આ ધબાકો જેવો નેપોલીયનના સાંભળવામાં આવ્યો કે તે જ ક્ષણે તેણે આખી સેનાને ત્યાં જ રોકી નાંખી અને દરીયામાં પોતાનો સૈનિક પડયો છે એમ ધારીને તેણે તરનારાઓને સમુદ્રમાં ઉતાર્યા. તે તારાઓ બે દિવસ સુધી અંદર આથડયા! ત્રીજે દિવસે એક સિપાઈ અંદરથી એક મોટું પીપ શોધીને બહાર લાવ્યો. અને પીપ નેપોલીયનને આપ્યું. પીપ નેપોલીયને લીધું અને તરત જ તે પીપ શોધી લાવનારને ઈનામ આપ્યું. આ રીતે આ પીપ લાવનારને ઈનામ આપવામાં એકજ મુદ્દો કારણ ભૂત હતો કે આ માણસ દરીયામાંથી જે પીપ શોધી લાવ્યો છે જો મારો સૈનિક અંદર પડયો હોત તો તેને પણ શોધીને બહાર લઈ આવતે. નેપોલીયને પોતાનો એક સિપાઈ સમુદ્રમાં પડયો હશે એવા વિચાર માત્રથી પોતાનું આખું નૌકાસૈન્ય ત્રણ દિવસ ભરસમુદ્રમાં રોકી દીધું હતું ! નેપોલીયનના આ કાર્ય ઉપરથી જણાઈ આવશે કે તેને પોતાના એક સૈનિકની પણ કેટલી કિંમત હતી. જેમ નેપોલીયનાદિ સરદારોને પોતાના એક સિપાઈની મહત્ત્વની કિંમત હતી તે જ પ્રમાણે એક ધર્મીનું મૂલ્ય બીજા ધર્મીને હોવું જ જોઈએ. જેઓ મોક્ષના સાધકો છે તેઓ બધા ધર્મના સૈનિકો છે, એટલે જ એક ધર્મીજીવને બીજા ધર્મીજીવની મહત્ત્વની કિંમત હોવી જ જોઈએ. મોક્ષના સાધકો એ સઘળા જ ધર્મના સૈનિકો હોવાથી એવા એકએક સૈનિકનું આપણને મહત્વ હોવું જ જોઈએ. અને એક ધર્મીજીવને ધર્મમાર્ગમાં સ્થિર રાખવા માટે બીજા ધર્મીજીવોએ સદંતર કટિબદ્ધ રહેવું જ જોઈએ. અહીં પેલા રાજા અને પ્રધાનની વાતને સ્મરણમાં લાવવાની જરૂર છે. એક રાજા હતો. રાજા ધર્મનિષ્ઠ હતો, પરંતુ તેનો પ્રધાન પ્રખરનાસ્તિક હતો. રાજા ધર્મનું નિરંતર વર્ણન કરે, આ વર્ણન પેલો પ્રધાન સાંભળે ખરો, પરંતુ સાંભળીને છેવટે એકજ વાત આગળ કરે કે કર્મ બંધનનો હિસાબ મન પર છે. અને જેનું મન ચોખ્ખું ન હોય તેને કર્મનો બંધ લાગે છે. બીજાને કર્મનો બંધ લાગતો નથી ! અને મન કોઈ દિવસ ઠેકાણે રહે તેમજ નથી. માટે ધર્મ અને ધર્મી જેવી વસ્તુજ નથી.

નાસ્તિક પ્રધાનના આ વચનો રાજા સદા સાંભળતો અને સાંભળીને વિચાર કરતો કે હું એને માર્ગમાં લાવવાને માટે સત્પુરુષોના પવિત્રચરિત્રોનું વર્ણન કરું છું. ત્યારે આ મૂર્ખો તેના અવળા જ અર્થો કરે છે ! અને અછતા દૃષ્ટાંતો આપીને ધર્મને ખસેડી નાંખે છે. આવા પથરાને જો સુધારવો હોય તો એને એ વાતનો અનુભવ કરાવવો જોઈએ કે મન પણ માણસથી વશ કરી શકાય છે રાજાએ આવો વિચાર કર્યો. જોકે રાજાનો એ વિચાર બહુ સ્તુત્ય હતો, પરંતુ તે છતાં એ વિચારને અમલમાં મૂકવો એ કઠણ હતું. બીજાના આત્મા પાસે મન વશ કરાવવું એ કાંઈ સ્હેલી અથવા તો જેવી તેવી રમત વાત છે જ નહિ ! અંગ્રેજીમાં કહેવત છે કે **Who Will bell the cat?** અર્થાત્ બિલાડી ને ગળે ઘંટડી બાંધે કોણ...? એક વખત મહાત્મા અમથાલાલ ના રસોડામાં ઉંદરની મહાસભા થઈ. ઉંદરો ભેગા મળ્યા અને તેમણે વિચાર કર્યો કે આ બીલીબાઈ રોજ રોજ આવે છે અને આપણા ઉંદરબંધુઓને જેપ ફાવે તેમ ચાવી જાય છે, માટે એ મહાભયંકર ખુવારી અટકાવવા માટે આપણે કાંઈ ઉપાય કરવો જ જોઈએ. બધા ઉંદરો આ વિચાર ઉપર સંમત થયા ! એક બે ઘરડા ઉંદરો કાંઈ બોલવા જતા હતા, પરંતુ તરૂણ ઉંદરોએ તેમને ધમકાવીને બેસાડી દીધા, અને બધાએ ઠરાવ કરી દીધો કે બસ બિલાડીને ગળે ઘંટડી બાંધી દો કે જેથી તેના આવવાનો અવાજ સંભળાય અને પછી

તરત જ બધાએ નાસી જઈએ અને બિલાડીબાઈથી આપણી જાતને બચાવી લઈએ. આ નિર્ણય સાંભળતાં જ બધા રાજી થઈ ગયા અને મહાસભાની જે જે પુકારતા સરઘસ કાઢવા તૈયાર થઈ ગયા. પરંતુ એટલામાં એક ઘરડો ઉંદર આવીને ત્યાં ઉભો રહ્યો અને તેણે બધાને કહ્યું. કે "ભાઈઓ! આપણો નિર્ણય તો બહુજ સુંદર છે. પરંતુ મોટો પ્રશ્ન એ છે કે આપણામાંથી કયો નરવીર બિલાડીને ગળે ઘંટડી બાંધવા આગળ જશે ?" પેલા ઘરડા ઉંદરનો આ પ્રશ્ન સાંભળીને બધા ઉંદરો ઠરી ગયા! એકમેકના મોં સામે જોવા લાગ્યા. અને કયો નરવીર બિલાડીને ગળે ઘંટ બાંધવા જવા આગળ આવે છે તે જોવા લાગ્યા એટલામાં જોડેના ઓરડામાં એ અવાજ આવ્યો ? "મિ...યાઉ ! મિયા...ઉ !" તરતજ ઉંદર મહાસભામાં નાસાનાંસ થઈ ગઈ. ઉંદરો ભાગી ગયા અને ખેલ ખલાસ થયો !!

આજે આપણી બધાની સ્થિતિ પણ એ ઉંદર પરિષદ જેવી જ છે. આમ નહિ, આમ કરો, ફલાણું આમ કરવું જોઈએ, ફલાણી યોજના આમ આગળ ધપાવવી જોઈએ, એવું બોલનારા તો આજે આપણી સમાજમાં લાખો નહિં પણ કરોડો છે, પરંતુ આમ કરવું જોઈએ એને બદલે લાવો હું આમ કરું છું એવું કહેનારા કેટલા છે ? તે વિચારવાની જરૂર છે. રાજાએ વિચાર કર્યો કે મન વશ થાય છે એ વાતનો અનુભવ તો પ્રધાનને કરાવવો જ જોઈએ પરંતુ હવે પ્રશ્ન એ હતો કે એ વાત સંભળાવવામાં શી રીતે આવી શકે જેથી દિવાન બોલતો બંધ થાય અને તેના મિથ્યાત્વનો પણ અંત આવે ! રાજાએ નિશ્ચય કર્યો કે મારે સ્વાર્થ છોડીને, કોઈપણ ભોગ આપીને, જેટલો થાય એટલો પરિશ્રમ ઉઠાવીને પણ મારા આ કાર્યની સિદ્ધિ કરવી જ જોઈએ. "देहं पातयामि कार्यं साधयामि" આ નિયમને જૈનશાસ્ત્રકારો નથી માનતા ! જૈનશાસ્ત્રમાં તો "આ કાર્ય કરું જ " એવો નિયમ છે, પરંતુ અહીં દેહ પાડયાની વાત તો મંજુર છેજ નહિ.

પોતાના નાસ્તિક પ્રધાનને સમજાવીને ઠેકાણે લાવવા માટે પેલા રાજાએ હવે એક યુક્તિ અજમાવી. તેણે પોતાના પ્રાઈવેટ સેક્રેટરી બોલાવ્યો, તેને બધી વાત કહી, પ્રધાનને કોઈપણ રીતે ઠેકાણે લાવવો છે તે જણાવ્યું અને પછી કહ્યું કે મારો પોતાનો પહેરવાનો જે ચંદનહાર છે તે ગમે તે રીતે એ પ્રધાનને ઘેર એના દાગીના મૂકવાની પેટીમાં મૂકી આવજે ! પ્રાઈવેટ સેક્રેટરીએ રાજાની આ સૂચના મંજુર રાખી, અને હવે તે તેને અમલમાં લાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પ્રાઈવેટ સેક્રેટરીએ પહેલાં તો એવો માર્ગ લીધો કે પેલા પ્રધાન સાથે મિત્રાચારી બાંધી, પ્રધાન સાથે તેને એટલી બધી મિત્રાચારી થઈ ગઈ કે ઘરવટ જેવું બની ગયું. એક દિવસ કાંઈ પ્રસંગ આવ્યો. પ્રધાન એ દિવસે પોતાના દાગીના વગેરે કાઢવા તિજોરીની પાસે ગયો તેણે તિજોરી ખોલી અને તે અંદરથી દાગીના કાઢવા અને તપાસવા લાગ્યો એટલામાં તેના પેલા નવા ભાઈબંધે ધીમે રહીને પેલો ચંદનહાર જે રાજાની માલિકીનો હતો, તે પેલી તિજોરીમાં એક બાજુએ નાંખી દીધો અને તત્પશ્ચાત્ હંમેશના નિયમ પ્રમાણે પોતાને ઘેર ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારે પ્રાઈવેટ સેક્રેટરી રાજાને ત્યાં ગયો અને રાજાને ખબર આપી કે મેં હાર પેટીમાં મુકી દીધો છે માટે હવે તમારે જેમ કરવું હોય તેમ કરજો. રાજાએ બીજે દિવસે દરબારમાં જાહેર કર્યું કે મારો પોતાનો પહેરવાનો ચંદનહાર ખોવાયો છે માટે જે ગૃહસ્થ લઈ ગયો કે જેની પાસે કોઈ પણ રીતે આવ્યો હોય તેણે ચોવીસ કલાકમાં અને લાવીને પાછો સોંપી દેવો, જો તેમ કરવામાં કસુર

(જુઓ પા. ૧૮૮)

પ્રશ્ન-૮૭૦ સમ્યક્ત્વ અને જ્ઞાન બંને સાથે થાય છે તો તેમાં પરસ્પર ઉપકાર્ય ઉપકારકભાવ કેમ ઘટી શકે?

સમાધાન- જેમ ત્રિકાષ્ઠિકામાં પરસ્પર ઉપકાર્ય ઉપકારકભાવ છે તેમ એક સાથે થવાવાળા સમ્યકત્વ અને જ્ઞાનને પણ પરસ્પર ઉપકાર્ય ઉપકારકભાવ થાય.

પ્રશ્ન-૮૭૧ જીવને સ્વભાવે એક જ જાતનો ઉપયોગ હોય છે, તેથી મતિજ્ઞાનાદિ અને ચક્ષુદર્શનાદિનો સાથે અથવા એકીસાથે ઉપયોગ ન હોય, પણ સમ્યક્ત્વ અને ચારિત્રનો ઉપયોગ જ્ઞાન સાથે થશે ત્યારે અનેક ઉપયોગ થશે તેનું કેમ ?

સમાધાન- ધ્યાન રાખવાની જરૂર છે કે જીવના સ્વભાવરૂપ ઉપયોગના સાકાર અને અનાકાર એવા બે અને મતિજ્ઞાનાદિ તથા ચક્ષુદર્શનાદિ આઠ અને ચાર એમ બાર અનુક્રમે ભેદ અને પ્રભેદો છે, એટલે સમ્યક્ત્વ અને ચારિત્ર એ નથી તો ઉપયોગના ભેદો કે નથી તો પ્રભેદો. પણ તત્ત્વશ્રદ્ધાના કારણભૂત આત્માધ્યવસાય કે પાપની પ્રવૃત્તિને પાપ પ્રવૃત્તિ તરીકે મનાવનાર તથા પરિણતિને રોકવાવાળા પરિણામયુક્ત આત્માધ્યવસાયવાળાને વિશિષ્ટ એવો મતિજ્ઞાનાદિનો એક જ ઉપયોગ જીવને હોય છે.

પ્રશ્ન-૮૭૨ જેમ સમ્યગ્દષ્ટિના પરિગ્રહથી મત્યાદિ જ્ઞાનનું સમ્યગ્પણું કહેવાય છે તેમ ચક્ષુઆદિ દર્શનનું સમ્યક્પણું કેમ નથી કહેવાતું ?

સમાધાન- ધ્યાન રાખવાની જરૂર છે કે દર્શન એ અનાકાર નિર્વિકલ્પ કે અવ્યક્ત સ્વરૂપ છે અને તેથી તેમાં સમ્યક્ત્વ કે મિથ્યાત્વના પરિગ્રહથી વિશિષ્ટતા ન આવે. કેમકે પોતે જ નિર્વિશેષ છે અને તેથી ચક્ષુઆદિ દર્શનોનો સમ્યગ્ કે અસમ્યક્ એવો વિભાગ ન હોય. તત્કાલ ગર્ભમાં આવેલા જીવના શરીરમાં સ્ત્રી કે પુરૂષપદના ચિન્હો નથી હોતા પણ અંગોપાંગની સ્પષ્ટતામાં જ થાય છે.

પ્રશ્ન-૮૭૩ એક ઉપવાસને અંગે તો શ્રીતપાગચ્છવાળાઓ અને ખરતરગચ્છવાળાઓને પચ્ચક્ખાણમાં ફરક નથી, અર્થાત્ બંને માને છે. પણ તપાગચ્છવાળાઓ છઠઅઠમ આદિ કરવા હોય ત્યારે પ્હેલે દિવસે છઠઅઠમ આદિનાં પચ્ચક્ખાણ લે છે અને ખરતરગચ્છવાળાઓ હંમેશાં એક એક ઉપવાસનાં પચ્ચક્ખાણ લે છે અને તેમાં બીજે દિવસે છઠ ત્રીજે દિવસે અઠમ ચોથે દિવસે દશમ વગેરે ગણે છે, તો શાસ્ત્રાનુસારી શું સમજવું ?

સમાધાન- પ્રથમ તો શ્રીપંચવસ્તુઆદિ પ્રૌઢગ્રન્થોમાં રાત્રિક પ્રતિક્રમણાના અધિકારમાં છમાસના તપ સુધીમાં જે કરવો હોય તે ધારીને કાઉસ્સગ્ગ પારી ચિંતવેલા તપનું પચ્ચક્ખાણ લેવાનું જણાવે છે. વળી શ્રી આવશ્યકમાં શ્રી હરિભદ્રસૂરિજી અટ્ઠમ અને અટ્ઠમનું કોટીબદ્ધ પચ્ચક્ખાણ જણાવતાં અટ્ઠમ અટ્ઠમની કોટી મેળવવાનું જણાવે છે. વળી શ્રી ભગવતીજી જ્ઞાતાસૂત્ર અને વિપાક અંતગડ વગેરે સૂત્રોમાં આદ્યદિવસે જ અટ્ઠમગ્રહણ કર્યાના અધિકારો ઘણે સ્થાને છે. ખરતરગચ્છવાળા તરફથી કહેવામાં આવે છે કે જો પહેલા દિવસથી જ છઠ અઠમ આદિનાં પચ્ચક્ખાણ દેવા લેવામાં આવે તો શ્રી કલ્પસૂત્ર વગેરેમાં છઠ અને અટ્ઠમ આદિને માટે કહેલાં જે પાણી છે તે પહેલે દિવસથી વાપરવાનાં થાય, પણ આ તેઓનું કથન ચાલી શકે તેમ નથી, કારણ કે પ્રથમ તો જે જે ઉપવાસ છઠ અને અટ્ઠમ આદિને માટે પાણી જણાવ્યાં છે તે પહેલાંના ઉપવાસ આદિનાં પાણી છઠ અઠમ આદિની તપસ્યાવાળાને લાયક નથી, પણ આગળની છઠ અઠમ આદિ તપસ્યાવાળા માટે કહેલા પાણી પહેલાની ઉપવાસની તપસ્યામાં ન લેવાં એમ નથી, કેમકે જો એમ માનીયે તો એક બે ઉપવાસવાળાએ અષ્ટમઆદિમાં લેવાનું શુદ્ધ ઉષ્ણ પાણી વપરાય નહિં એમ માનવું પડે. ખરી રીતે તો એ શ્રી કલ્પસૂત્રનો પાઠ ચોમાસામાં લાગલગાટ ઉપવાસ છઠ અઠમ આદિ કરવાવાળાને માટે છે. વળી ખરતરો શ્રાવકોને પાણીના છ આગાર તો લેવાના માનતા જ નથી તો પછી શ્રાવકની અપેક્ષાએ તો પાણીના ફરકથી છઠ અઠમ આદિ ન કરવા એમ રહેતું જ નથી. વળી ભગવાન શ્રી અભયદેવસૂરિજી કે જેઓ ખરતરગચ્છતા નથી, એટલું જ નહિં, પણ જેઓની વખતે ખરતરગચ્છ ઉત્પન્ન જ થયેલો નહોતો, છતાં એ મહાપુરૂષને નામે જિનવલ્લભે પોતાની મહત્તા સ્થાપી તથા ખરતરવાળાઓ તેઓશ્રીના નામે પોતાના ગચ્છની મહત્તા જણાવે છે, અને તેને લીધે જ **श्रीउपदेशसप्ततिमां येभ्यः प्रतिष्ठामापन्नो गच्छः खरतराभिधः** અર્થાત્ ખરતરગચ્છવાળાઓ શ્રીઅભયદેવસૂરિજીના નામથી પોતાના ગચ્છની પ્રતિષ્ઠા વધારવા માગે છે, તે જ ભગવાન શ્રીઅભયદેવસૂરિજી શ્રીભગવતીજીવૃત્તિમાં સ્પષ્ટ જણાવે છે કે :-

चतुर्थ भक्तं यावद् भक्तं त्यज्यते यत्र तत् चतुर्थभक्तं, इयं चोपवासस्य संज्ञा, एवं षष्ठादिकमुपवासद्वया देरिति (શ૦૨૩-૧) આ વચનથી સ્પષ્ટ જણાવે છે કે પ્રથમથી ચોથા છટ્ઠા આઠમા અને દશમા આદિ ભક્તોનાં પચ્ચક્ખાણો કરાય. અને એવી રીતે સામટાં ભક્તો છોડાતાં હોવાથી જ છઠ અઠમ આદિનાં સાથે પચ્ચક્ખાણો દેવાં લેવાં તે શાસ્ત્રીય છે.

(અનુસંધાન પાના ૧૮૬ થી ચાલુ)

થશે તો મારે તાત્કાલિક પગલાં લેવા પડશે, અને જેના ઘરમાંથી હાર નીકળશે તે ચોર ગણાશે! ચોવીસ કલાક પુરા થયા એટલે રાજ્યના અધિકારીઓ પંચ સાથે શકદારોને ઘેર જમી કરવા ગયા ! જમીઓ કરતાં કરતાં પ્રધાનજીનો પણ વારો આવ્યો. પ્રધાનજીને ત્યાં જમી કરી તો અંદરથી હાર જડયો !! હવે હાર જડયા પછી પૂછવું જ શું ? મુદ્દો મળ્યો એટલે તે ગુન્હેગાર થઈજ ચુક્યો ! પ્રધાન ગુનેહગાર ગણાયો અને તેના ઉપર ચોરીનું તહોમત મુકવામાં આવ્યું. પ્રધાન ચોરીની વાત જાણતો જ નથી. એ વસ્તુ તદ્ન સાચી છે. તેમાં એક અંશનો પણ તફાવત નથી. છતાં પ્રધાન "ચોર નથી" એ વાત લોકો માનવાને તૈયાર નથી અને પ્રધાનના ઘરમાંથી મુદ્દો નીકળ્યો છે એ વાત તેને ચોર મનાવવા માટે પુરતી છે. (અપૂર્ણ)

સમાલોચના

૧ ચતુર્થષષ્ઠ વગેરે તપસ્યામાં ચાર છ આદિ ભોજનનો ત્યાગ ગણી અષ્ટમનો અર્થ અષ્ટ કરનારે चतुर्थ भक्तं यावद् भक्तं त्यज्यते यत्र तच्चतुर्थभक्तं, इयं चोपवासस्य संज्ञा, एवं षष्ठादिकमुपवासद्धयादेरिति એ ભગવતીજી ૨ શતક ૧ ઉદ્દેશાનું વાક્ય વિચારવું.

૨ षोडशे समदशे ઈત્યાદિક પૂરણાર્થવાળાની આગલ આવેલી સપ્તમી અતીત અર્થને હોઈ सति सप्तमी માટે છે, એ સમજવું श्रीपंचवस्तु-त्रिवार्षिकपर्यायस्य पंचदशवर्षस्य षोडशवर्षादिषु तुं એ પાઠ તેઓને વિચારવા જેવા છે. એ ઉપરથી સમજાશે કે સમદશે નો અર્થ સપ્તદશ વર્ષનો પર્યાય થઈ ગયા પછી, એવો ચોક્ખો અવયવથી અંત્ય અવયવ લેવાય છે. માટે તે સ્થળે પૂરકને ઉડાવવાનું પાલવે તેમ નથી, અને જઘન્યમાં અને અવયવ ન લેવાય.

૩ આદેસેણ વાળા પાઠમાં ગર્ભાષ્ટમ નો જન્માષ્ટમ પર્યાય માનતાં વચમાં दिक्खा શબ્દ છે તે ન ઘટે તે વિચારવું.

૪ લોકપ્રકાશના त्रयः पक्षाः પદો ચોકખાં છે,

૫ ધર્મસંગ્રહ વિગેરેમાં જન્માષ્ટમ ન લખતાં ગર્ભાષ્ટમ કેમ લખ્યું ? તે તો પૂરકને ઉડાવનાર જાણે. ગર્ભાષ્ટ પણ કેમ લખ્યું તે પણ તે જ જાણે.

૬ જઘન્યમાં અષ્ટમની પહેલી હદ આવે અને અધિક કહેવાથી સઘલા અષ્ટમ હદથી આગળ જાય એ ન સમજાય તેનું શું ?

૭ અપૂર્ણે વિશેષણથી પંચમ શબ્દ આખા વર્ષવાચક છે, પણ છેડા વાચક નથી, નહિતર આપંચમાત્ કહેવું પડત.

૮ વ્યવહારના પાઠમાં ગર્ભાના ના કૌંસમાં જન્મા શબ્દ લખનારો સત્યપ્રેમી કેટલો ?

૯ સવા છ વર્ષે દીક્ષા, મધ્યમ શૈક્ષભૂમિ ચાર માસ, વીશ વર્ષ પૂર્વના, અને અઢી વર્ષ પરિકર્મ, લેવાથી ઓગણત્રીસ પર્યાય આવે વળી સૂત્રોમાં વડી દીક્ષાનો જ પર્યાય ગણાય.

૧૦ अट्ठमपरिसाई એ જગા પર મંકારનું અલાક્ષણિકપણું અથવા આ દેશાંતરે લીધેલ ગર્ભાષ્ટમ અને જન્માષ્ટમના માટે अट्ठम પદ નથી, એવી દૃષ્ટ વ્યાખ્યાન જણાવનારાઓમાં ભૂલ કેમ નહિં ?

૧૧ અખિલમુનિ સંમેલનમાં જન્માષ્ટ જન્માષ્ટમ અને ગર્ભાષ્ટમ જાહેર થયા છે તો ત્યારે કે આટલો વખત ખોટું કેમ ન જણાવ્યું ? अट्ठवरि आइ दिक्खंपडिवंत्ती એમ કેમ નહિ ? દશા માટે આદિ શબ્દ ન લેનાર આદિ કહેલ દશાનો સંબંધ કેમ લગાડશે ?

૧૨ ગર્ભાષ્ટમ એ જ જન્માષ્ટમ છે. એવી જાહેર રીતે કરાતી મૂર્ખતા ચૂર્ણિકાર મહારાજના માથે નાંખનારાને શું કહેવાય ? ગર્ભાષ્ટ જન્મથી સાત વર્ષ અને પોણાત્રણ માસે તમારે થાય, તેનો પર્યાય જન્માષ્ટમ એટલે જન્મથી સાત વર્ષ અને એક દિવસથી થાય, છતાં એમ ચૂર્ણિકાર કહે છે એમ કહી કલંક દેનારની શી ગતિ ?

૧૩ અષ્ટમનો અર્થ જો પૂર્ણ અષ્ટ એવો જ થાય તો પછી જન્માષ્ટ અને જન્માષ્ટમનો તથા ગર્ભાષ્ટમ અને જન્માષ્ટમનો ફરક જ શા માટે? (पडिमाए પાઠ વારંવાર લખ્યો છે પણ पडित्ती લો)

૧૪ શૈક્ષભૂમિ અને પરિકર્મણા વિના જ હિસાબ જો મેળવવો તો પછી ગર્ભ કે જન્મ અથવા અષ્ટમ કે અષ્ટ લેવાની કે શંકાની જગ્યા જ ક્યાં છે ? કેમકે ૮+૨૦+૧=૨૯ થઈ જ જાય છે. વ્રતપ્રતિપત્તિ વડી દીક્ષા છે, એ સ્હેજે સમજાયું કેમ નહિ ? દરેક પરિકર્મના છ છ માસ ક્યાંથી લીધા ?

તા. ક :- જુઠા કહેલા અર્થો અને ફેરવેલા પાઠોનો ખુલાસો કોઈપણ શાસનપ્રેમી માગી શકે છે, પણ રૂબરૂનું કાર્ય છે તે તેમ થયે જ થાય. આટલું પણ અત્યારે સૂચનારૂપ છે.

(માર્ગણાદ્વાર-જંબુવિજયજી)

૧ नो आमुसेज्जा नो संफुसेज्जा એ ઔત્સર્ગિક નિષેધ જેમ कप्पइ ના અપવાદ આદેશમાં રહેતો નથી. પણ સંયમની સાધ્યતા બંન્નેમાં રહે છે. તેમ ઉદયનો મુદ્દો ક્ષયવૃદ્ધિમાં ન રહે એ સ્વાભાવિક છે. પણ આરાધના તો રહે. (નદી ઉતરતાં વધ નથી વર્જી શકાતો એ ચોક્ખું જ છે.) ક્ષયવૃદ્ધિમાં ઉદયનો અભાવ અને અધિકતા છે એ ચોક્ખું જ છે (નિયમ અને હેતુ શબ્દ જોડીને પલટો ન ખાવો.)

૨ બે ગાથાઓ ગણધરકૃત અને એક અનિયમિત એ જો પ્રશ્નરૂપ હોય અને હવે ટીકાના વચનથી સૂત્રકાર વગેરે મહાપુરૂષો સિવાય અન્યની કરેલી છે એમ સમજાયું હોય તો બસ છે. પ્રશ્નકાર તરીકે પ્રશ્ન ન હોય અને જિજ્ઞાસાથી હોય તો સારું, સમાલોચકથી તમે અજાણ, હોય તે સંભવિત નહિ. જામનગર છેટું ન ગણાય.

૩ વલ્લભ પટેલને વારંવાર જૈનધર્મની તેમાં ખાસ કરીને જૈનગુરૂની નિન્દા કરવાની ઘેલછા થઈ આવે છે. અર્થિપણા સિવાય સ્વરૂપ બરોબર જાણ્યા વિના માત્ર કાકદૃષ્ટિ સજ્જનતાને જણાવે નહિ. દૃષ્ટિવિપર્યાસ હોય ત્યાં જ ગોહત્યા જેવા કાર્યો કરનારને વખાણાય અને ધર્મની ખોટી રીતે નિંદા કરાય.

૪ ઉત્સર્ગસૂત્રને અપવાદસૂત્ર સામાન્યને વિશેષ પૂર્વને પર સૂત્રો બાધ ન કરતાં હોય એમ માનવામાં અજ્ઞાનતા નહિં ગણાય ? શું ક્ષય તિથિમાં ઉદય છે એમ માનવું અથવા વૃધ્ધિના બન્ને ઉદયો માનવા લાયક ગણાય ?

(વીર. મુંબઈ)

(ગતાંકથી ચાલુ)

છાए ૮૨૯, વેક ૮૩૦ દોન્નિ ૮૩૧, ખંધે ૮૩૨, સંથા ૮૩૩, પીઢગ ૮૩૫ વાસ ૮૩૪, ચમ્મં ૮૩૬, અક્ખગ ૮૩૭ ઓહેણ ૮૩૮ મુચ્છા ૮૩૯

વસ્ત્રપાત્ર વિગેરે ઉપકરણો તેવાં ધારણ કરવાં કે જેથી આત્માને તે ઉપકરણ ઉપર રાગ પણ ન થાય અને તેના મલિન આદિપણાથી લોકોમાં નિંદા પણ ન થાય, અને તે પણ પડિલેહણા આદિવિધિથી અને પ્રમાણસર રાખવાં. તેમાં ગણત્રી અને માને કરીને ઉપધિનું પ્રમાણ બે પ્રકારે છે. તેમાં જીનકલ્પીઆદિને માટે સૂત્રમાં આવી રીતે ગણત્રી કહી છે : જીનકલ્પીને બાર ઉપકરણ, સ્થવીરકલ્પીને ચૌદ ઉપકરણ અને સાધ્વીઓને પચીસ ઉપકરણ હોય છે. એ ઔધિક ઉપકારણ કહેવાય છે અને તેનાથી વધારે હોય તે ઔપગ્રહિક ઉપકરણ કહેવાય છે. પાત્ર [૧], ઝોળી [૨], પાત્રસ્થાપન (નીચેના ગુચ્છા) [૩], પૂજણી [૪], પડલા [૫], રજસ્ત્રાણ [૬] એટલે અંતરપટ અને ગુચ્છા ઉપર રાખવાના ગુચ્છા એ સાત પાત્રના ઉપકરણો કહેવાય. ત્રણ કપડા [૧૦] ઓઘો [૧૧] અને મુહપત્તિ [૧૨] એ બાર પ્રકારનો જિનકલ્પીને ઉપધિ હોય છે. જિનકલ્પીને એ બાર પ્રકારનો ઉત્કૃષ્ટ ઉપધિ જાણવો, પણ બધા જિનકલ્પીઓને એમ બાર પ્રકારની ઉપધિ હોય જ તેમ નિયમ નથી, કારણ કે નિશીથ ભાષ્યમાં કહ્યું છે કે : બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દશ, અગીયાર અને બાર એવા આઠ વિકલ્પો જિનકલ્પીને ઉપધિને વિષે છે. ઓઘો અને મુહપત્તિ એ બે હોય, એક કપડું તેની સાથે હોય તો ત્રણ, બે કપડાં સાથે હોય તો ચાર, ત્રણ કપડાં સાથે હોય તો પાંચ, કરપાત્રી જિનકલ્પીને આ પાંચ પ્રકારનો ઉપધિ હોય છે. કરપાત્રી તે જ જિનકલ્પીક બને કે જેના ખોબામાં હજારો ઘડાનું પાણી અથવા બધા દરિયાનું પાણી માઈ જાય, અર્થાત્ ઉપર શિખા વધે, પણ એક બિંદુ સરખું જમીન ઉપર ન પડે, પાત્રધારી જિનકલ્પીને નવ આદિ ઉપધિના ભેદો હોય છે. યાવત્ પૂર્વે કહેલી બાર પ્રકારની ઉપધિ તેમને હોવાથી જિનકલ્પીને ઉત્કૃષ્ટથી બારે પ્રકારે ઉપધિ હોય છે. એ બાર પ્રકારની ઉપધિમાં માત્રક અને ચોળપટ્ટો વધારવાથી સ્થવીરકલ્પીને ચૌદ પ્રકારે ઉપધિ થાય છે. સાધ્વીઓને પાત્ર વિગેરે પૂર્વે કહેલાં સાત પાત્રનાં અને બાકીનાં કપડા આદિ સાત એમ ચૌદ તો સ્થવીરકલ્પીના જેવાં જ ઉપકરણો હોય છે, પણ સાધ્વીઓને ચૌદમું પાત્રની જગા પર કમઢગ હોય છે. વળી અવગ્રહાનંતક [૧૫], પટ્ટ [૧૬], અર્ધોરૂક [૧૭], ચલનિકા [૧૮], અભ્યંતરનિવસની [૧૯], બાહ્યનિવસની [૨૦], કંચૂક [૨૧], ઉત્કક્ષિકા [૨૨], વૈકક્ષિકા [૨૩], સંઘાટી [૨૪], અને સ્કંધકરણી [૨૫], એવી રીતે અગ્યારઉપકરણો સાધ્વીઓ વધારે હોવાથી સાધ્વીઓને ઓઘોપધિને પચીસ ભેદે હોય છે. સર્વજિનકલ્પી આદિને પૂર્વે કહેલો ઉપધિ પ્રાયશ્ચિત્ત આદિના પ્રસંગમાં ઉત્કૃષ્ટાદિક ત્રણ ભેદે હોય છે. ચારપ્રકારનો ઉપધિ ઉત્કૃષ્ટો, ચારપ્રકારે અને છપ્રકારે મધ્યમ, અને ચારપ્રકારે જઘન્ય જિનકલ્પી અને સ્થવીરકલ્પીને ઉપધિ હોય છે તે બતાવે છે. ત્રણ કપડાં [૩] અને પાત્ર [૪] એ ઉત્કૃષ્ટ, ગુચ્છા [૧] પાત્રસ્થાપન [૨] મુહપત્તિ [૩] અને ચરવલી [૪] એ જઘન્ય ઉપધિ, પડલા, [૧] રજસ્ત્રાણ, [૨] અને ઓઘો [૩] અને ચરવલી [૪] એ જિનકલ્પીઓને ચાર પ્રકારનો મધ્યમ ઉપધિ, પણ સ્થવીરકલ્પીઓને ચોળપટ્ટો અને માત્રક સહિત ગણવાથી છપ્રકારનો મધ્યમ ઉપધિ જાણવો. સાધ્વીઓને ઉત્કૃષ્ટ આઠ પ્રકારનો ઉપધિ, મધ્યમ તેરપ્રકારનો ઉપધિ અને જઘન્ય ચારપ્રકારનો

ઉપધિ જાણવો. ઉત્કૃષ્ટ ઉપધિમાં ત્રણ કપડાં, અભ્યંતરનિવસની, [૪] બાહ્યનિવસની [૫] સંઘાટિકા[૬] સ્કંધકરણી [૭] અને પાત્ર [૮] એ આઠ જાણવાં, ઝોળી [૧] પડલા [૨] ઓઘો [૩] માત્રક [૪] કમઢક [૫] રજસ્ત્રાણ[૬] અવગ્રહાનંતક [૭] પટ્ટ [૮] અર્ધોરૂ [૯] ચલણીકા [૧૦] ઉત્કક્ષિકા [૧૧] કંચુક [૧૨] અને વૈકક્ષિકા [૧૩] એ તેરપ્રકારનો સાધ્વીને મધ્યમ ઉપધિ જાણવો. મુહપત્તિ [૧] ચરવળી [૨] પાત્રસ્થાપન [૩] અને ગુચ્છા [૪] એ ચારપ્રકારે સાધ્વીનો જઘન્ય ઉપધિ જાણવો ॥ એવી રીતે જિનકલ્પી સ્થવીરકલ્પી અને સાધ્વીઓને ઉપધિનું માન અને ઉત્કૃષ્ટાદિ ભેદો જણાવી હવે ઉપકરણનું માન જણાવે છે.

પાત્રાનું મધ્યમપ્રમાણ પરિધિથી ત્રણ વેંત ને ચાર આંગળનું જાણવું. એનાથી ઓછું હોય તે જઘન્ય અને વધારે હોય તે ઉત્કૃષ્ટ પાત્ર જાણવું. કાલવિશેષ જે જ્યેષ્ઠમાસ તેના પ્રમાણથી બનેલું અને પોતાના આહારની અપેક્ષાવાળું એટલે પેટની અપેક્ષાએ પાત્ર, બીજું પણ આ પાત્રનું માપ છે. જેઠમહીનામાં બે ગાઉથી આવેલો સાધુ જેટલું વાપરે તેટલો આહાર ભરતાં પાત્ર ચાર આંગળ ઓછું રહેવું જોઈએ. અપવાદપદે જંગલ, દુષ્કાલ, અને ઘેરા વિગેરેમાં મોટું પણ પાત્ર રખાય અથવા આચાર્ય આદિના વૈયાવચ્ચને કરનારો ઔપગ્રહિક એવા નંદીભાજનને ધારણ કરે, પણ તે વૈયાવચ્ચ કરનારો જ રાખે, બાકીના સાધુઓ તો પ્રમાણયુક્ત જ પાત્ર રાખે, પણ તે નંદી, ભાજનનો ઉપયોગ શહેરના ઘેરા વિગેરેની સ્થિતિમાં કોઈક ઋદ્ધિમાન શેઠ ભાજન ભરીને આપતો હોય ત્યાં જ થાય. બાકીના વખતમાં તેનો ઉપયોગ કરવાનો નિષેધ છે. ભાજનના પ્રમાણે ઝોળી એવી રીતે કરવી કે ગાંઠ લીધા પછી ચારે ખૂણા ચાર ચાર આંગળ રહે. પાત્ર સ્થાપન. અને ગુચ્છો તેમજ ચરવાળી એ ત્રણેનું પ્રમાણ ! એક વેંત અને ચાર આંગળ જાણવું. સચિત્તર જ વિગેરેના રક્ષણ માટે ઝોળી અને પાત્રસ્થાપન હોય છે. ભાજનના વસ્ત્રને પ્રમાર્જન કરવા માટે ગુચ્છો, પાત્ર પ્રમાર્જન માટે ચરવળી હોય છે. પડલાનું સ્વરૂપ અને માન વિગેરે હમણાં કહું છું જે પડલામાંથી સૂર્ય ન દેખાય તેવા કેલણના પાંદડાં જેવા હલકા ત્રણ, પાંચ અગર સાત પડલા હોય છે. ઉનાળામાં ત્રણ, શિયાળામાં ચાર, અને વર્ષાઋતુમાં ઉત્કૃષ્ટ પાંચ પડલા હોય છે, હવે મધ્યમ રીતિએ પડલાનું પ્રમાણ કહું છું: ઉનાળામાં ચાર, શિયાળામાં પાંચ અને ચોમાસામાં છ એ મધ્યમ પ્રમાણ છે. હવે પડલાનું જ જઘન્ય માન કહું છું. ઉનાળામાં પાંચ, શિયાળામાં છ, અને ચોમાસામાં સાત હોય છે. ત્રણે ઋતુઓમાં પડલા પાત્રાં ઉપર ઢંકાય છે. અઢીહાથ લાંબા છત્રીસ આંગળ પહોળા પડલા જોઈએ. અથવા તો પાત્રાં અને પોતાના શરીરને લાયક પડલા જોઈએ. પુષ્પ, ફળ, પાણી, રજ, રેણુ, તે કાકઆદિની વિષ્ટાના રક્ષણ માટે તેમજ ચિલ્લના ઢાંકવામાં અને વેદોદય છુપાવવામાં પણ પડલા ઉપયોગી થાય છે ભાજનની ચારેબાજુ વીંટાઈને ભાજનમાં ચાર ચાર આંગળ જાય એ રજસ્ત્રાણનું પ્રમાણ છે. ઉનાળા વિગેરેમાં ઉંદરની રજના સમૂહનું ને ચોમાસામાં અવશ્યાય (ત્રેહ) અને રજનું રક્ષણ થાય એ રજસ્ત્રાણના ગુણો જિનેશ્વરે કહેલા છે. જિનેશ્વરોએ છકાયની રક્ષા માટે પાત્રાં રાખવાનું કહ્યું છે. જે ગુણો મંડલીના ભોજનમાં છે, તે જ ગુણો પાત્રના ગ્રહણમાં છે. ગ્લાન, બાળ, વૃદ્ધ, નવદીક્ષિત, પ્રાધૂર્ણક અને આચાર્ય વિગેરે ગુરુ અને ભૂખ તથા તરસને નહિ સહન કરે તેવા સાધુને આશ્રીને સાધારણ અવગ્રહ માટે તેમજ

લબ્ધિરહિત સાધુ માટે પાત્રગ્રહણ કહેલું છે. કપડા સ્થવીરોને અધિક અથવા આત્મપ્રમાણ હોય છે. તે અઢીહાથ લાંબા હોય છે, તેમાં બે સુતરના અને ત્રીજો ઊનનો કપડો જાણવો. ઘાસનું લેવું, અગ્નિનું નિવારણ, ધર્મશુકલધ્યાનની વૃદ્ધિ, ગ્લાન અને મૃતકને ઢાંકવું, એ પ્રયોજન માટે કપડાં રાખવાનાં ભગવાને કહ્યાં છે. બત્રીસ આંગળનો લાંબો ઓઘો હોય, તેની દાંડી ચોવીસ આંગળની હોય, બાકીના આઠ આંગળ દશીઓનું માન હોવાથી ઓઘાનું પ્રમાણ બરોબર બત્રીસ આંગલ થાય છે. લેવામાં, મુકવામાં, ઉભા રહેવામાં, બેસવામાં, સુવામાં અને અંગોપાંગ સંકોચવામાં, પહેલાં પ્રમાર્જન કરવા માટે અને સાધુપણાના ભાન માટે રજોહરણ હોય છે. એક વેંતને ચાર આંગળ પ્રમાણ મુહપત્તિ હોય છે. મુખના પ્રમાણે પણ મુહપત્તિ હોય છે. સંપાતિમજીવો (જેમ મક્ષિકાદિ) અને રજરેણુના પ્રમાર્જન માટે મુહપત્તિ કહેલી છે, તે મુહપત્તિથી વસતિ પ્રમાર્જન કરતાં, નાસિકા અને મુખ બંધાય છે (નાકના હરસ હોય તો સ્થંડિલ જતાં પણ બાંધવી.) મગધદેશના પ્રસ્થ જેટલું અગર તેથી અધિક એવું માત્રકનું પ્રમાણ છે. શિયાળા, ઉનાળા ને ચોમાસામાં વૈયાવચ્ચ કરનારો આચાર્યાદિકને લાયક વસ્તુ એમાં ગ્રહણ કરે, ગોચરીનો સંકોચ હોય તો બધા સંઘાડાવાળા રાખે. ચોમાસામાં સંસક્તિ દોષવાળા આહારના પરિહાર માટે પણ તેનો અધિકાર છે. બે ગાઉથી આવેલો સાધુ એક ઠેકાણે બેસીને જેટલા દાળભાત ખાય તે માત્રકનું પ્રમાણ છે. આચાર્ય ગ્લાન, પ્રાધૂર્ણક, ઘૃતાદિની દુર્લભતા ગોચરી ઓછી મળવી, ભાતપાણીમાં સંસક્તિ થવી એટલાં કારણે અને ચોમાસામાં માત્રકનો ઉપયોગ કરવાનો છે. સ્થવીરને પાતળો, બે હાથનો, અને જુવાનને ચાર હાથનો ચોળપટ્ટી હોય છે. વેદઉદયમાં વાયરાથી ચિન્હના ફૂલવામાં, લજ્જામાં, અને વૃદ્ધઈંદ્રિયવાળામાં ઉપકારને માટે અને વેદોય નિવારણ માટે ચોળપટ્ટો કહેલો છે. સાધ્વીઓને પેટના પ્રમાણે કમઢકનું માણ પ્રજાણવું, જાતિસ્વભાવથી તેઓની તુચ્છતા હોવાથી હંમેશાં તે રાખવું જોઈએ. નાવડીના આકારે, સ્વરૂપ અને મનથી ગુહ્યભાગની રક્ષા માટે અવગ્રહાનંતક નામનું ઉપકરણ કહેલું છે, એ અવગ્રહાનંતક સજ્જડ કે સુંવાળો શરીરની અપેક્ષાએ જાણવો અવગ્રહાનંતકને ઢાંકતો મલ્લકચ્છની માફક કેડે બંધાય તેવો શરીરપ્રમાણે પટ્ટક જાણવો તે અવગ્રહાનંતક અને પટ્ટક બંનેને ઢાંકીને કેડના ભાગને ઢાંકે એવો અર્ધોરૂક હોય છે, નાટકણીની માફક નહિ સીવેલી, ઢીંચણ જેટલી જ ચલણિકા હોય છે, કેડથી અર્ધી સાથળ ઢંકાય એવી અંતરનિવસની શરીરની સાથે સજ્જડ હોય છે. કેડે દોરાથી બાંધતાં ઢીંચણ ઢંકાય તેવી બાહ્યનિવસની હોય છે. વગર સીવેલો શિથિલ અને સ્તનને ઢાંકનારો કંચુક હોય છે. જમણે પડખે ઉત્કક્ષિકા હોય છે. વૈકક્ષિકાનો પટ્ટ વળી કંચુક અને ઉત્કક્ષિકાને ઢાંકનારો હોય છે. સાધ્વીઓને સંઘાટીઓ ચાર હોય છે. તેમાં ઉપાશ્રયમાં બે હાથની, ગોચરી માટે અને સ્થંડિલ માટે ત્રણ ત્રણ હાથની અને વ્યાખ્યાનમાં નહિ બેઠાં થકાં બરોબર જેનાથી શરીર ઢંકાય એમાં અને કોમળ તથા છિદ્રવગરની એવી ચાર હાથની એક સંઘાડી હોય છે.

વાયરાથી ખસી ન જાય માટે ચાર હાથની સ્કંધકરણી હોય છે અને રૂપવાલી સાધ્વીને કદરૂપાપણા માટે કુબ્જકરણી પણ કરાય છે. આ બધો સાધ્વીનો ઉપધિ સંક્ષેપથી પડખે બાંધેલો, છિદ્ર વગરનો હોવા

સાથે સાંધેલો કે વગર સાંધેલો પણ હોય છે, અથવા તો અહીં જે જે ગચ્છ વિશેષે ઉપધિ સંબંધી આચરણા છે તે જાણી લેવી. હવે ઔપગ્રહિક ઉપાધિ કહે છે. બાજોઠ, આસન, દાંડો, દંડાસન, લોઢાનું ઘટ્ટક, સોય, નરણી, કાન, અને દાંત શોધવાની કડછી, એ જઘન્ય ઔપગ્રહિક છે. કાંબલી, સૂત્ર, તાડપત્ર, પલાશપત્ર, ને શીર્ષક એ પાંચ પ્રકારનાં વર્ષાત્રાણ, પાંચ પ્રકારના પડદા તથા બે પ્રકારના સંથારા, પાંચ જાતના દાંડા, પ્રશ્રવણ, સ્થંડિલ, અને શ્લેષ્મની કુંડીઓ, પાદલેખનિકા, ત્રણ પ્રકારનાં ચર્મ, સંથારો અને ઉત્તરપટ્ટો એ સર્વ સ્થવીરકલ્પીની મધ્યમ ઔપગ્રાહિક ઉપધિ છે અને સાધ્વીઓને પાણી રાખવા માટે વારક ઉપધિ વધારે જાણવો. સ્થાપનાચાર્ય, એક કે અનેક ભાગવાળો ઉત્કૃષ્ટ સંથારો, પાંચ પ્રકારનાં પુસ્તકો પાટી કે સમવસરણનું પાટીઉ એ ઉત્કૃષ્ટ ઉપધિ છે. સામાન્ય જેનું ગ્રહણ હંમેશ થાય પણ ઉપભોગ કારણ પડ્યેજ થાય તે ઓધોપધિ કહેવાય, અને જેનું ગ્રહણ અને ઉપભોગ બન્ને કારણસર થાય તે ઔપગ્રહિક ઉપધિ કહેવાય પ્રમાણ અને વાપરવાની યતનાથી એ બધો ઉપધિ મમતા રહિતોને સુંદર રીતે ચારિત્રને સાધનાર કહ્યા છે. નહિંતર તો અહીં પણ આજ્ઞા વિરાધનાઆદિક દોષો જાણવા ॥ હવે તપોવિધાનનામનું દ્વાર કહે છે :-

कायव्वं ૮૪૦, तित्थ ૮૪૧, किं पुण ૮૪૨, वय ૮૪૩, सुह ૮૪૪, अण ૮૪૫, पाय ૮૪૬ नो ૮૪૭, चिअ ૮૪૮, सह ૮૪૯, तम्हा, ૮૫૦, सिअ ૮૫૧, तुल्ल ૮૫૨, ता ૮૫૩, पडि ૮૫૪, एंअ ૮૫૫, एएण ૮૫૬, जं ૮૫૭, खंताइ ૮૫૮, णय ૮૫૯, जे केइ ૮૬૦ न कया ૮૬૧ कुसला ૮૬૨ अल ૮૬૩ अब्भिं ૮૬૪ બુદ્ધિશાળીઓએ પરિણામે અત્યંત સારું અને જિનેશ્વર મહારાજે આચરેલું એવું તપનું અનુષ્ઠાન સૂત્રમાં કહેલા વિધિએ શક્તિ પ્રમાણે અવશ્ય કરવું જોઈએ વિચાર કરવો જરૂરી છે કે જ્યારે દેવતાઓએ પૂજેલા અને ચાર જ્ઞાનવાળા હોવા સાથે તે જ ભવમાં અવશ્ય મોક્ષે જનારા એવા તીર્થંકર ભગવાનો બળ અને વીર્યને ગોપવ્યા સિવાય અનશન આદિ તપમાં ઉદ્યમ કરે છે. તો પછી બાકીના સાધુઓએ અનિત્ય એવા આ મનુષ્યપણામાં દુઃખક્ષયને માટે સમર્થ એવા તપના આચરણમાં કેમ ઉદ્યમ ન કરવો ? તપવિધાન કરવામાં વ્રતનું રક્ષણ કરવું તે પરમતપ છે એમ જિનેશ્વરો કહે છે, અને વળી તે તપથી નક્કી મોક્ષને દેનારી એવી અત્યંત ગુણવૃદ્ધિ થાય છે. વળી કરવા યોગ્ય તપનું સ્વરૂપ જણાવતાં કહે છે કે શુભયોગની વૃદ્ધિને કરનાર હોય શુભધ્યાને કરીને યુક્ત હોય અને નિઃસ્પૃહપણે જે અનશનઆદિ કરે તે તપ જાણવો, તપના બે પ્રકારમાં બાહ્યતપના છ ભેદો આવી રીતે છે-અનશન (ઉપવાસ વિગેરે)[૧] ઉણોદરી[૨] (ઉપકરણ ને આહારના પ્રમાણમાં ન્યૂનતા) ગોચરી અને ઘરનું માન વિગેરે કરવું [૩] વિગયનો ત્યાગ [૪] કાઉસગ્ગઆદિથી કાયક્લેશ એટલે કાયાની સકુમાલતા ટળે અને કોઈ પ્રકારના અશુભ ધ્યાનને રોકી શુભ ધ્યાન ટકાવી શકે એવી કાયાની સ્થિતિ કરવી [૫] તથા ઇંદ્રિય અને મનને ગોપાવવા માટે વિષયો અને કષાયોનો ત્યાગ વગેરે રૂપ સંલીનતા[૬] સર્વલોકો આ તપને આચરાતાં દેખી તપ તરીકે જાણે અને ગણે છે માટે તે બાહ્ય તપ કહેવાય છે. અભ્યંતર તપ, આમ છ પ્રકારે આલોચન વિગેરે જે પ્રાયશ્ચિત્ત[૧] જ્ઞાનઆદિ સંબંધી જે વિનય[૨] આચાર્યઆદિ સંબંધી જે વૈયાવચ્ચ[૩], વાચનાદિરુપ જે સ્વાધ્યાય[૪], ધર્મધ્યાનોદિ[૫] અશુદ્ધ આહાર આદિકનો ત્યાગ[૬] એવી રીતે છ પ્રકારે છે. પ્રાયશ્ચિત્તાદિ

અન્ય લોકો અને મિથ્યાત્વિઓ દેખે તથા કરે પણ છે. છતાં તેનો તપ તરીકે વ્યવહાર કરતા નથી, અને આ પ્રાયશ્ચિત્તાદિ કર્મ તપાવવામાં સમર્થ છે માટે આ છ પ્રકારને અભ્યંતર ગણવું વ્યાજબીજ છે. તપસ્યાની સિદ્ધિને માટે કહે છે. દુષ્ષમાકાલમાં અનશન આદિ તપ વગર શરીરનું પુષ્ટપણું (ધાતુવૃદ્ધિયુક્તપણું) શરીર છોડતું નથી, માટે અનશન આદિ તપ કરવું જ જોઈએ. પુષ્ટમનુષ્યને સંજોગ વિશેષ મળવાથી અશુભ પ્રવૃત્તિનું કારણ એવો મોહોદય થાય છે. અને તે મોહોદય થતાં જ્યારે વિવેકી મનુષ્ય પણ પોતાનું કાર્ય (કલ્યાણ) સાધી શકતો જ નથી તો પછી અદીર્ઘદર્શી તથા તપસ્યા નહિ કરનારો, અને વિવેકથી હીન મનુષ્ય તો કલ્યાણ કેવી રીતે સાધી શકે ? માટે હંમેશાં સાધુએ શરીરને કાંઈક પીડા કરનાર પણ અનશન આદિ તપ બ્રહ્મચર્યની માફક આદરવું જ જોઈએ. કોઈ કહેશે કે શ્રુતના ઉપયોગવાળો તત્વને જાણનારો, અને સંવેગવાળો સાધુ શુભ આશયવાળો હોવાથી તેને બ્રહ્મચર્યમાં પીડા નહિ થાય. તેના ઉત્તરમાં જણાવે છે કે એવી રીતે તો અનશન આદિ તપથી પણ તેવાને પીડા નહિં થાય. જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે કે શુભ ધ્યાનને બાધા કરનારું તપ નહિં કરવું, પણ શક્તિ અનુસાર તપમાં પ્રયત્ન કરવો જ જોઈએ, તેટલા માટે જેવી રીતે શરીરને અત્યંત પીડા નહિં થાય, તેમ પુષ્ટપણું પણ ન થાય, અને ધર્મધ્યાનની વૃદ્ધિ થાય, તેવું તપ કરવું, કર્મના ક્ષયોપશમથી તેમજ આજ્ઞાના આરાધનથી અનશનાદિતપ ભવ્યજીવને શુભભાવનું કારણ જ બને છે. નિર્મળભાવળા સાધુ વિગેરેને તત્વથી પૂર્વોક્ત વાત અનુભવ સિદ્ધ જ છે અને રાજાના હુકમ બજાવનારા બીજાઓને પણ હુકમ બજાવતાં કંઈક દુઃખ થવા છતાં મોટા લાભને જાણવાથી સારા રહેતા પરિણામની સ્થિતિ સ્પષ્ટપણે દેખાય છે. આ કહેવાથી જેઓ તપોવિધાનને અશાતાવેદનીયકર્મનો વિપાક માનીને, તેમજ તે તપને દુઃખરૂપ માનીને મોક્ષનું કારણ નથી માનતા, તેઓનું મત ખંડન થયું, આ તપ દુઃખરૂપ નથી, તેમ સર્વથા કર્મના ઉદયથી પણ થવાવાળું નથી, પણ જૈનશાસ્ત્રમાં તપને ક્ષયોપશમભાવમાં કહેલું છે. કારણ કે ક્ષાંતિ આદિ દશપ્રકારના સાધુધર્મમાં તપને લીધેલો છે, અને તે સાધુધર્મ ક્ષયોપશમભાવમાં રહેલો છે, અને દુઃખ તો સર્વ ઔદયિક ભાવનું છે, વળી કર્મનો બધો ઉદય મોક્ષનું કારણ નથી એમ નથી, કારણ કે પુણ્યાનુબંધી અને નિરનુબંધી એવો પણ કર્મોદય શાસ્ત્રમાં માનેલો છે. આ જગતને વિષે ધર્મ આરાધનમાં તત્પર જે કોઈ મહાપુરૂષો થયા છે તે કુશલાનું બંધી કર્મઆદિથી જ થયેલા છે, પણ ક્લિષ્ટકર્મના ઉદયથી વિષકંટકાદિ જેવા ક્ષુદ્ર સત્વો કોઈ દિવસ પણ ધર્મમાં શુભપ્રવૃત્તિ કરનારા થતા નથી, અને નિર્મળ અભિપ્રાયનું તેમજ શ્રેષ્ઠસુખનું કારણ હોવાથી શુદ્ધ એવું પુણ્યફળ જરૂર જીવને પાપથી હઠાવી દે છે. વધારે વિસ્તાર કરવાના પ્રસંગથી સર્યું, પણ કર્મક્ષયને ઇચ્છતા બુદ્ધિશાળીએ એ બાહ્યતપ પણ કરવું જ જોઈએ. સર્વ પણ સાધુઓને અભ્યંતર તપનું ન કરવું એ અનર્થરૂપ છે, માટે તે સર્વથા વર્જવું એમ શાસ્ત્રકારોએ સ્પષ્ટ જણાવેલું છે ! ! હવે તત્વવિચાર નામનું દ્વાર કહે છેઃ-

સમ્મં ૮૬૫, ગઇ ૮૬૬, સઇ ૮૬૭, એવં ૮૬૮, પડિ ૮૬૯, એવ ૮૭૦, સમ્મં ૮૭૧, જે ૮૭૨, ખુડુ ૮૭૩ એવં ૮૭૪, પદાર્થનું સ્વરૂપ ભાવનાની મુખ્યતાએ સમ્યગ્ વિચારવું જોઈએ, અને બહુશ્રુતગુરુ

પાસેથી સમજીને વિષય વ્યવસ્થા કરવી જોઈએ. જેમ બ્રાહ્મીપ્રમુખને સ્ત્રીપણું પ્રાપ્ત થવાના કારણભૂત માત્ર સૂક્ષ્મ અતિચારો તેનું જે મોટું પાપ જણાવ્યું છે તે કેમ ઘટે ? કેમકે સૂક્ષ્મઅતિચારનું એવું ફળ આવે તો પ્રમત્તસાધુઓ કે જે અતિચારની બહુલતવાળા જ છે તેમનું જે ધર્મકૃત્ય હોય તે પણ મોક્ષનું કારણ કેમ બને ! એ વસ્તુ એમ જ ઘટે કે કુષ્ઠ વિગેરેની દવાની માફક કર્મરૂપી મહારોગના ઔષધ જેવી પ્રવ્રજ્યા અંગીકાર કરીને જે સાધુ સૂક્ષ્મ પણ અતિચાર કરે તે અતિચાર તે કરનારાને ભવિષ્યમાં ભયંકર નીવડે છે. પ્રાયે કરીને તે અતિચારના દોષને ખપાવનાર શુદ્ધ અધ્યવસાય જ જાણવો, પણ અતિક્રમણ આદિમાં સામાન્ય રીતે અતિચારનું જે આલોચન માત્ર થાય તે તેવા દોષના ક્ષયનું કારણ નથી, કેમકે તે પ્રતિક્રમણ આદિ તો બ્રાહ્મી વિગેરેને પણ હતાં, એવી રીતે પ્રમાદીસાધુઓને પણ થતા દરેક અતિચારે તે નિવારવાના શુભ અધ્યવસાય હોય અને તેથી તેવો દોષ ન જ લાગે, અને તેનું ધર્માચરણ મોક્ષનું કારણ જ બને. કેમકે જેનો સમ્યક્ રીતે પ્રતિકાર કરવામાં આવ્યો હોય તેવું ઘણું વિષ હોય તો પણ તે મારનાર થાય નહિં, પણ વગર પ્રતિકારનું થોડું પણ ઝેર મારનાર જ થાય છે. એ દ્રષ્ટાંત અહીં ધ્યાનમાં રાખવું. પ્રતિકાર વગરના જે પ્રમાદી સાધુઓ હોય છે, તેમને જેમ બાણ શત્રુનો નાશ કરી પોતાના બચાવ માટે ઉપયોગી છે, છતાં તે અવળાં પકડેલાં બાણ શત્રુનો નાશ ન કરતાં પોતાનો જ નાશ કરે તેની માફક ધર્માચરણ પણ કર્મરૂપી અનિષ્ટને નાશ કરનાર છતાં શુભ અધ્યવસાય વગર અને અશુભ અધ્યવસાયવાળું હોવાથી અનિષ્ટફળ દેવાવાળું પણ કહ્યું છે. ક્ષુદ્ર અતિચારોનું તો મનુષ્યાદિ ગતિમાં જ અશુભફળ હોય છે અને મોટા અતિચારોના નરકાદિક ગતિમાં પણ ફળ ભોગવવાના હોય છે, એમ વિચારી એમ કેમ ન બને ? એવી રીતે સંવેગથી સમ્યગ્વિચાર કરવામાં આવે તો દિનપ્રતિદિન ચારિત્રની વૃદ્ધિ જ થાય, નહિંતર સંમૂર્છિમ પ્રાણી જેમ અનુબંધનું કારણ નથી તેવી રીતે સંવેગ વિનાની ક્રિયા પણ તેવી અનુબંધ વિનાની જ થાય અને દોષને માટે પણ થાય !! હવે ભાવના દ્વાર કહે છેઃ-

एवं ૮૭૫, सम्मं ૮૭૬, विजण ૮૭૭, जीअं ૮૭૮, विसया ૮૭૯, तत्तो ૮૮૦, तस्सेव ૮૮૧, असदा, ૮૮૨, तस्सेव ૮૮૩, जच्चइ ૮૮૪, चिन्तइ ૮૮૫, तस्सेव ૮૮૬, अच्चुग्गा ૮૮૭, पर ૮૮૮, भावे ૮૮૯, जो ૮૯૦, अत्थ ૮૯૧ दोस ૮૯૨, एत्थ ૮૯૩, जह ૮૯૪, ગુરુ આદિની નિશ્રાએ પ્રવર્તતા સાધુને કર્મોદયે સ્ત્રીમાં રાગ થાય અથવા તે સ્ત્રી આદિમાં પણ ન પણ હોય તો પણ આચારધારી મહાત્માને અશુભ મનરૂપી હાથીને વશ કરવા માટે અંકુશ સમાન એવા અને વિષયરૂપી વિષના ઔષધરૂપ એવા આ આગળ જણાવીશું તે પ્રકારો સમ્યક્ વિચારવા. ગીતાર્થ સાધુઓએ સહિત એવા મુનિરાજે એકાન્તમાં કે શ્મશાન આદિમાં પણ રહેલાએ આ જીવલોકનું અનિત્યપણું પહેલું વિચારવું. અનિયમિત કઠોર વાયરાએ હણાયેલા કુશાગ્રના જલબિંદુ જેવાં જ જીવન, યૌવન, ઋદ્ધિ પ્રિયસંયોગ વિગેરે સર્વ પદાર્થો હોવાથી તે અનિત્ય છે. ચિંતા, પ્રયાસ અને બહુદુઃખને કરવાવાળાં એવાં અને કિંપાકનાં ફળ જેવાં તેમજ પરિણામે માયા અને ઇંદ્રજાળ જેવા તથા પાપમય એવા વિષયો દુઃખસ્વરૂપ છે. સ્ત્રીના શરીરના કારણભૂત એવા

લોહી, વીર્યની અશુભતા વિચારવી તેમજ દુર્ગંધિ, માંસ, લોહી અને વિષ્ઠાથી ભરેલું તેનું શરીર વિચારવું, તેવી જ રીતે સ્ત્રીનો સર્વત્ર અને સર્વદા એકસરખો રાગ હોતો નથી, તેમ વિચારી સંધ્યાના વાદળાંની માફક તેનું સ્વભાવે ચંચળરાગપણું સમજવું, વળી લોકોમાં નિંદનીય પરલોકને બગાડનાર એવા બધા ખરાબ કાર્યોનું કારણ સ્ત્રીઓ છે એમ વિચારવું વાયરો અગ્નિ અને સાપ કરતાં પણ અત્યંત સ્વભાવથી જ દુર્ગ્રાહ્ય એવા મનનું ચંચળપણું વિચારવું, તેમજ જાત્યાદિકગુણ સહિત એવા ભર્તારથી પણ તે સ્ત્રીઓની નિરપેક્ષતા જોવી, તેમજ તે સ્ત્રીઓ પાપ સ્થાન છે, તેમજ અત્યંત કપટ સહિત છે, તે સમ્યગ્ વિચારવું, તે સ્ત્રીઓ ચિંતવે કાંઈ, કરે કાંઈ બોલે કાંઈ, આરંભ કંઈ અન્યનો જ કરે, એવી રીતે સ્ત્રીઓ માયાપ્રધાન હોય છે, સ્વભાવે તે નદીની માફક નીચગામી હોય છે. શાશ્વતાસુખનું સ્થાન એવો જે મોક્ષ તેને પમાડનાર એવું જે સદ્ધ્યાન તેનો શત્રુ પણ તે સ્ત્રીઓ જ છે. અત્યંત ઉગ્ર અને ઉત્કૃષ્ટ સંતાપને કરનારી છે. નારકીના તાપનું એ કારણ છે અને તેવી સ્ત્રીઓથી વિરક્ત થયેલા મહાનુભાવોને પ્રશમાદિગુણોનો લાભ આ ભવમાં જ થાય છે અને પરભવમાં પણ તે જ મહાનુભાવો આ સંસ્કારિત એવા વૈરાગ્યથી શરીર અને મનના અનેક દુઃખો પામ્યા વિના અત્યંત સુખને મેળવે છે. આવી રીતે ભાવના રાખનારને અત્યંત સંવેગથી શુદ્ધ એવા વ્યાપારો થાય છે અને તેમ થવાથી કિલષ્ટકર્મનો જરૂર ક્ષય થાય છે અને તે સંવેગથી નક્કી ચારિત્રની શુદ્ધિ પણ થાય છે. સ્ત્રી સંબંધી રાગને નિવારવાનું તે સ્ત્રીઓના સ્વરૂપ અને ફલ જણાવવા દ્વારાએ બતાવી અન્ય પદાર્થ ઉપર થતા રાગને ટાળવા માટે તે તે પદાર્થોનાં સ્વરૂપ તથા ફલ વિચારવાં એમ જણાવે છે. જે મનુષ્ય સ્ત્રી વિગેરેમાંથી જે દોષથી બાધિત થતો હોય, તે મનુષ્ય તેનાથી વિરુદ્ધ તે સંબંધી સ્વરૂપ અને ફલનો વિચાર કરે. દ્રવ્યમાં રાગ થતો હોય તો તેને ઉપાર્જન રક્ષણ કરવા આદિના કલેશને વિચારે, તેમજ તેના અભાવે ધર્મનું બનવું કેટલું બધું નિરૂપાધિતાને લીધે થાય છે તે વિચારે. દ્વેષ થતો હોય તો હંમેશાં સર્વભૂતોમાં મૈત્રી વિચારવા સાથે સર્વજીવોની સાથે થયેલો માતાપિતા આદિપણાનો અનંત વખતનો સંબંધ વિચારે અને અજ્ઞાન જો આત્માને બાધા કરતું હોય તો ચિત્તની સ્થિરતા કરી પ્રતીતિ પ્રમાણે વસ્તુનો સ્વભાવ વિચારવો. અહીં વ્રતોનો અધિકાર છે અને વિષયો વ્રતોથી પ્રતિકૂલ છે, ને તે વિષયોનું સ્થાન સ્ત્રીઓ છે, માટે વિશેષ ઉપદેશ સ્ત્રીઓને અંગે જણાવ્યો છે. જેમ અશુભ પરિણામવાળો જીવ ઘણાં કર્મને બાંધનારો થાય છે. તેવી જ રીતે શુભ પરિણામવાળો જીવ ઘણા કર્મને ખપાવનાર પણ થાય છે એ સમજવું ॥ હવે વિહારનામનું દ્વાર કહે છે.

अप्प ૮૯૫, मोक्तण ૮૯૬, एअंपि ૮૯૭, इयरसि ૮૯૮, गोअर ૮૯૯, एअस्स ૯૦૦, आई ૯૦૧ આચાર્યાદિકના ઉપદેશ પ્રમાણે સર્વપદાર્થથી અપ્રતિબદ્ધ એટલે મમતારહિતપણે ઉચિતતાએ માસકલ્પ આદિ વિહારે સાધુ જરૂર વિચરે. શંકાકાર શંકા કરે છે કે માસકલ્પ સિવાયનો સૂત્રમાં વિહાર જ કહ્યો નથી તો માસાદિ શબ્દમાં આદિ શબ્દ કેમ લીધો ? ઉત્તરમાં કહે છે કે તેવું દુર્ભિક્ષ અશક્ત આદિનું કાર્ય હોય તો માસથી અધિકપણું પણ થાય, માટે આદિ શબ્દ લીધો છે. (વિહારનો અને દીક્ષા સાથેનો પ્રસંગ હોવાથી આદિ શબ્દથી ચોમાસું ન લીધું) ફરી શંકા કરે છે કે ગુરુના વિહારથી શિષ્યનો વિહાર ગુરૂકુલ

અને ગચ્છવાસથી શિષ્ય ગુરૂની સાથે હોય તેથી પણ સિધ્ધ જ થયો છે, તો પછી વિહારનો અધિકાર જુદો કેમ કહ્યો ? ઉત્તરમાં જણાવે છે કે શિષ્યોએ તો મોહને જિતવા માટે જરૂર વિહાર કરવો. ગુરુ આદિને તો કારણસર કદાચ દ્રવ્યથી સ્થિર રહેવાપણું પણ હોય. વિધિમાં તત્પર અને ગીતાર્થ એવા સાધુઓને કોઈપણ દિવસ ભાવથી સ્થિરવાસ હોય જ નહિ. વૃદ્ધત્વાદિ કારણે સ્થિરવાસ જો હોય તો તેમાં પણ મહીનો થયા પછી ગોચરી આદિના સ્થાનોમાં પરાવર્તન જરૂર હોય છે. તેમજ સંથારો કરવાની જગ્યા આદિને વિષે પણ નક્કી પરાવર્તનનો વિધિ કહેલો છે. દ્રવ્યથી કદાચ ગુરૂ આદિના કારણે એ ન બને તો પણ જો મોહનો ઉદય થાય તો તો તે સાધુએ જરૂર વિહાર કરવો જ જોઈએ, એ જણાવવા માટે વિહારદ્વાર જુદું લીધેલું છે અથવા તો શિષ્યોને પ્રથમથી જ પ્રતિબંધ ન થાય તેમજ અપરિણામી આદિ શિષ્યોને વિધિનું સ્પર્શન થાય માટે વિહારદ્વાર કહ્યું છે. !! હવે સાધુકથા દ્વાર કહે છે :-

સડસાયા ૧૦૨, જિણ ૧૦૩, ભયવ ૧૦૪, અણુ ૧૦૫, ઇઅ ૧૦૬, અણ્ણેસિં ૧૦૭ વિસ્સોઅ ૧૦૮, ણો ૧૦૯, પાયં ૧૧૦ પુવ્વિં ૧૧૧, એઅં ૧૧૨, એણ ૧૧૩, નિચ્છય ૧૧૪,

સ્વાધ્યાય આદિકથી થાકેલો સાધુ તીર્થંકરના કુળવાસને અનુરૂપ એવા ધર્મવાળા મહાત્માઓની કથા વિધિપૂર્વક સંવેગ વધારવા માટે કરે. જૈનધર્મમાં સ્થિરપણે રહેલા પૂર્વકાળના સાધુઓનાં ચરિત્રો સાંભળે, અથવા ભાવપૂર્વક યોગ્યતા પ્રમાણે બીજાને એવા મહાનુભાવોની ધર્મ કથા કહે. ભગવાન દશાર્ણભદ્ર, સુદર્શન સ્થૂલભદ્ર અને વજ્રસ્વામીજીએ જેમ સંસારનો ત્યાગ કર્યો, તેમ સંસાર ત્યાગને સફળ કરનાર જ સાધુ હોય તે મહાપુરૂષોના શુધ્ધ ચારિત્રનું અનુમોદન કરીએ છીએ, એવી રીતે વિચારીને સંવેગની તીવ્રતાએ સાધુઓ પોતાના આત્માને શોધે. આમ ધર્મકથા કરવાથી આત્માનું સ્થિરપણું થાય, તે મહર્ષિઓના કુળમાં હું રહ્યો છું એમ તેમના બહુમાનથી શુદ્ધધર્મનું આચરણ થાય, તે પણ કલ્યાણ જ છે. તે ધર્મકથા સાંભળનાર બીજા સાધુઓને પણ એવી રીતે આત્માનું નક્કી સ્થિરપણું વિગેરે થાય છે, અને જન્માંતરે પણ આવી રીતે કરેલો કથા પ્રબંધ વિકથાને નાશ કરનાર થાય છે. શંકારહિતપણે મળેલા એવા દુર્લભચરિત્રના પરિણામની રક્ષા કરે અને નહિ મળેલા એવા ચારિત્ર પરિણામને પામે. એકલી વડીદીક્ષા માત્રથી ચારિત્ર છે એમ સમજવું નહિ, કેમકે અભવ્યને પણ દ્રવ્યથી તો તે દીક્ષા અને વડીદીક્ષા બંને હોય છે, જો કે વિધિ કરનારા છદ્મસ્થસાધુઓને તો તે પ્રવ્રજ્યાનો વિધિ સફળ જ છે, પ્રાયે કરીને આ વિધિનો નિયમ કહ્યો છે. નહિં તો વડીદીક્ષા વિનાના સામાયિકમાત્રથી પણ અનંતા જીવો મોક્ષે ગયા છે. તત્ત્વથી વિધિપૂર્વક ગુરુ અને ગચ્છ વિગેરેની સેવાથી આ ચારિત્રના પરિણામ પહેલાં હોય છતાં પણ ગોવિંદવાચક વિગેરે ઘણાંને પણ નવા થયાં છે. વિધિપૂર્વકનું વર્તન મોક્ષનું સાધક છે એમ તીર્થંકરો પણ કહે છે, કેમકે જ્ઞાન અને દર્શનનું ફળ વિધિપૂર્વક પ્રવર્તન કરવું તે જ કહેલું છે. વિધિપૂર્વક પ્રવૃત્તિએ કરીને રહિત જ્ઞાન અને દર્શન એ બંને નિશ્ચયથી હોતાં નથી અને વ્યવહારથી હોય તો તે પણ પોતાના ફળને સાધનાર હોતાં નથી. પૂર્વાચાર્યોએ કહ્યું છે કે જ્યારે ચારિત્રરૂપી આત્માનો ઘાત થાય ત્યારે નિશ્ચયનયથી જ્ઞાન અને દર્શનનો તો ઘાત જ છે, માત્ર વ્યવહારથી જ ચારિત્ર હણાય તો જ જ્ઞાન અને દર્શનની ભજના છે. ॥ પૂર્વોક્ત રીતિએ ચારિત્રની મુખ્યતા સાંભળી દર્શનવાદી કહે છેઃ

(અપૂર્ણ)

ચૌમાસી ચૌદશના ક્ષયે તેરસને દિવસે ચૌમાસી ન માને અથવા તેરસ માને તેનું કેમ ?

ननु भोः कालिकसूरिवचनात् चतुर्दश्यामागमादेशाच्च पंचदश्यामपि चतुर्मासिकं युक्तं, त्रयोदश्यां तद्वपदेशाभावेन द्वयोरपि विराधकत्वात् श्रीमत् एवैते दोषाः प्रत्यवसर्पन्ति, नास्मात् प्रतीति चेत्, अहो प्रपंचावसरेऽङ्गुलिपिहितश्रोत्रपथ्यभवद्भवान् येनेत्थं निर्घोष्यमाणे अद्यापि त्रयोदशीमेव वदसि, यद्वा अरण्यरुदन कृतं० इति काव्यं कविभिर्भवन्तमेवाधिकत्य क्विदधे यदेवमपि निरूपितं न स्मरसि

ખરતરવાળાઓ શંકા કરે છે કે શ્રી કાલિકાચાર્યમહારાજના વચનથી ચૌદશને દિવસે અને શાસ્ત્રોના વચનથી પૂનમે પણ ચોમાસી કરવી યોગ્ય છે. (પણ) તેરસને દિવસે તો ચોમાસી છે એમ કહેવાય જ નહિં, તેથી તમે તેરસે ચોમાસી કરો છો માટે શ્રીકાલિકાચાર્ય અને શાસ્ત્રો એ બન્નેના તમે વિરાધક બનો છો, માટે તમોને આજ્ઞા અને આચરણાના ભંગરૂપી દોષો લાગવાના છે. પણ હમો જે ચોમાસી ચૌદશના ક્ષયે તેરસનો ક્ષય કરી તેરસે ચૌમાસી ન કરતાં ચૌદશનો ક્ષય માની પૂનમે ચૌમાસી કરનાર છીએ તેમને આજ્ઞા કે આચરણાના ભંગ વગેરે દોષો નહિં લાગે, એના ઉત્તરમાં શ્રીધર્મસાગરજી મહોપાધ્યાય તત્ત્વતરંગિણી માં કહે છે કે આશ્ચર્યની વાત છે કે જ્યારે અમે વિસ્તારથી આગળ ત્રયોદશીનો ક્ષય કરી તે તેરસને ચૌદશના ક્ષયે ચૌદશ જ કહેવી પણ તેરસ કહેવી જ નહિં, એવું વિસ્તારથી સમજાવ્યું ત્યાં શું તમો આંગલીયે કાન ઢાંકીને બેઠા હતા કે જેથી આટલું બધું સ્પષ્ટપણે તે તેરસને ચૌદશનો ક્ષય હોય ત્યારે ચૌદશ જ-કહેવી, પણ તેરસ ન કહેવી, એમ જાહેર કર્યા છતાં હજુ તમો તે ચૌદશના ક્ષયવાળી તેરસને તેરસ કહેવાની ના કહ્યા છતાં અને તેરસને ચૌદશ જ કહેવી એમ જણાવ્યા છતાં હજુ પણ તે ચૌદશના ક્ષયથી ચૌદશ તરીકે જ ગણાતી તિથિને તેરસ જ કહો છો. અથવા તો જંગલમાં રોયા મડદાનું શરીર ચોક્ખું કર્યું કુતરાનું પૂછડું નમાવ્યું બ્હેરાના કાનમાં જાપ કર્યો ઊષરમાં કમલ વાવ્યું ઊષરમાં વર્ષાદ થયો આંધલાનું મોડું શોભાવ્યું જે મૂર્ખાની આગળ વાર્તા કરી. આ વાત કવિયોએ તમારા માટે જ કહી હશે, જે માટે એવી રીતે નિરૂપણ કર્યા છતાં યાદ કરતા નથી.

આ વાત વિચારનાર તેરસ અને ચૌદશ ભેગાં છે એમ કહેવા તૈયાર થાય જ નહિં. તત્ત્વથી પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની અપર્વતિથિનો ક્ષય કરી તે તિથિને પર્વતિથિ તરીકે જ બોલવી. મહોપાધ્યાય ધર્મસાગરજી.

પર્વતિથિના ક્ષયે તે ભેળી કરવી તે અપર્વનો ક્ષય કરવો ?

ननु औदायिकतिथिस्वीकारान्यतिथितिरस्कारप्रवणयोरावयोः कथं त्रयोदश्या अपि चतुर्दशीत्वेन स्वीकारो युक्त इति चेत् सत्यं, तत्र त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात्, किंतु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्

(ખરતરવાળાઓ શંકા કરે છે કે) આપણે બન્ને (તપાગચ્છ અને ખરતરગચ્છવાળાઓ) ઔદયિક રીતે એટલે જે તિથિમાં સૂર્યનો ઉદય હોય એવી તિથિને માનનારા અને અન્યતિથિ એટલે પડિક્કમણા વખતે હોય તે તિથિ માનવી એવી માન્યતાના તિરસ્કારવાળા છીએ તો પછી આપણને સૂર્યના ઉદય અને સમાપ્તિવાળી જે તેરસ છે તેનો જેમાં સૂર્યોદય નથી તેવી ચૌદશપણે સ્વીકાર કરવો કેમ ઘટે ? આના ઉત્તરમાં મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી ફરમાવે છે કે તારી વાત સાચી છે, પણ જ્યારે ચૌદશનો ક્ષય હોય અને તેરસને દિવસે ચૌદશ કરવાની હોય ત્યારે જો કે સૂર્યના ઉદય અને સમાપ્તિવાળી તેરસ છે તો પણ તે દિવસે તેરસ છે એવું કહેવાનો પણ સંભવ નથી. ચૌદશનો ક્ષય હોય ત્યારે તો તે તેરસને પ્રાયશ્ચિત્ત પડિક્કમણું અને પૌષધ આદિના કાર્યમાં આજે ચૌદશ જ છે એમ કહેવાય છે.

આ ઉપરથી જેઓ આરાધનાના કાર્યમાં અને આરાધના માટે કહડાતા ભીંતિયાં પંચાગોમાં ચૌદશના ક્ષયે તેરસનો વ્યપદેશ કરવા માંગે છે કે તેરસ ચૌદશ ભેગા છે એમ કહેવા કે કરવા માંગે છે તેઓ પોતાની ભૂલ સમજશે અને સુધારશે. ધ્યાન રાખવું કે ચૌદશના ક્ષયે શાસ્ત્રકાર તેરસને તેરસ કહેવાની ના પાડે છે, એટલું જ નહિ પણ चतुर्दश्येव એમ કહી તે તેરસને ચૌદશ જ છે એમ જણાવી નિશ્ચયે ચૌદશ જ છે એમ કહેવાની આજ્ઞા જણાવે છે.

તા.ક. :- ચૌદશના ક્ષયે જ્યારે તેરસની અપર્વતિથિ હોવાથી તેનો ક્ષય કરાય ત્યારે સ્પષ્ટ થયું કે પુનમનો ક્ષય હોય ત્યારે તે પુનમથી પહેલાની ચૌદશ એ પર્વતિથિ હોવાથી તેનો ક્ષય પણ ન કરાય, અને તેથી જેમ ચૌદશના ક્ષયે તેરસનો ક્ષય કરાય, તેમ પુનમના ક્ષયે પણ તેરસનો જ ક્ષય કરાય, અને તેથી જ તેરસે ચૌદશ અને ચૌદશે પુનમ કરવી જ પડે. તેરસનો સૂર્યોદય જેમ પર્વના ક્ષયને લીધે ન મનાયો તેમ પુનમના ક્ષયને લીધે ચૌદશનો પણ સૂર્યોદય ન મનાય. એવી જ રીતે ભાદરવા સુદ પાંચમ માટે પણ સમજવું.

મહોપધ્યાય શ્રીધર્મસાગરજી

सिद्धचक्र

तंत्री
પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ
— મુંબઈ —

વર્ષ
૫

સંવચ્છરી

તિથિ
નિર્ણય

અંક
૯/૧૦

પંચમ વર્ષ
મહા સુદિ ૧૫

सिद्धचक्रः
अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

૧૯૯૩ : : ૧૯૩૭

ફેબ્રુઆરી

વીર સંવત્ ૨૪૬૩



श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०	तत्त्वतरंगिणी	०-८-०
उत्तराध्ययनचूर्णि	३-८-०	बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०	मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०	आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
पंचाशकादिदशअकारादि	४-०-०	भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०	पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०	तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०	पर्युषणादशशतकं	०-१०-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०	बुद्धिसागरः	०-३-०
विचाररत्नाकरः	३-०-०	विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
बन्दारूवृत्तिः	१-४-०	भवभावनावृत्तिः पूर्वार्ध	३-८-०
पयरणसंदोह	१-०-०	कल्पकौमुदी	२-०-०
अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०	षोडशकप्रकरणं सटीकं	१-०-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०	षडावश्यकसूत्राणि	०-८-०
बारसासूत्रं सचित्रं	१२-०-०	उत्पादादिसिद्धिः	२-८-०
ऋषिभाषितानि		तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
प्रत्याख्यानप्रकरण - सारस्वत,	१-८-०	सुबोधिका	प्रेसमां-
विशेषणवती-वीशवींशी		भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०	भवभावना (उत्तरार्ध)	प्रेसमां-
ललितविस्तरा	०-१०-०	प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
		प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद मगनलाल बदामीए तंत्री शा. पानाचंद रूपचंद झवेरी माटे छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिए लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोयद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५		अंक ९/१०
विक्रम सं. १९९७	वीर सं. २४६७	सन १९३७
महा सूदि १५	गुरुवार	फेब्रुआरी-२५

वार्षिक लवाजम रा. २-०-० उद्देश छुटक नकल रा. ०-१-६

नवपदोमय श्री सिद्धचक्रनी आराधना अने श्री आचामाम्ल वर्धमान तपनी प्रवृत्ति पोषवा साथे आगमनी मुख्यतावाळी देशना, अने शंकाना समाधानोनो फेलावो करशे :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

कोश मध्ये जिनपती छे विमल ज्ञान रमाधिका,
सिद्ध शाश्वत सूरि जिनमत भानु वाचक पाठका;
मुनिराज शिवपद सेतुकारी चार ए दिशि पत्रमां,
दर्शनादिक चार विदिशे स्तवो श्रीसिद्धचक्रमां ॥१॥

"आगमोद्धारक."

રવિવારની સંવચ્છરીવાળાની માન્યતા

શનિવારે સંવચ્છરી કરનારાઓના પક્ષથી અનેક પ્રકારના અનેક પત્રોમાં અનેક લેખો આવ્યા. તે વાંચતાં એમ સ્પષ્ટ સમજાય છે કે તેઓ જે તિથિએ સૂર્યોદય અને તિથિની સમાપ્તિ હોય તે તિથિ માનવી એવા સિદ્ધાંતને જ અનુસરે છે. જો કે તેઓએ આપેલી શ્રાદ્ધવિધિ આદિ શાસ્ત્રોની ગાથાઓમાં કેવલ સૂર્યોદયવાળી તિથિને તિથિ તરીકે માનવાની વાત છે અને સૂર્યોદયવાળી તિથિ તરીકે માનવામાં તપગચ્છ કે ખરતરગચ્છમાં કોઈને મતભેદ નથી. પણ વિચાર એ કરવાનો રહે છે કે સૂર્યોદયવાળી તિથિને માનવાનું કઈ અપેક્ષાએ છે? શનિવારના પક્ષવાળાઓએ અને વિચારકોએ સમજવાનું છે કે વિક્રમની તેરમી સદી કે જેમાં અંચલગચ્છવાળાની શતપદી અને તેનો ઉદ્ધાર રચાયાં તેના કરતાં પહેલાના કાલથી આવો તિથિ બાબતનો મતભેદ ચાલતો હતો કે કેટલાકો સૂર્યોદયવાળી તિથિ માનતા હતા જ્યારે કેટલાકો પ્રતિક્રમણ વખતે આવતી તિથિને માનતા હતા. (જુઓ શતપદી. મતવૈચિત્ર્યદ્વાર) આવી રીતે તિથિ બાબતમાં મતવૈચિત્ર્યને અંગે શ્રાદ્ધવિધિકાર મહારાજને સૂર્યોદયવાળી તિથિને જ તિથિ તરીકે માનવાનું વિધાન જણાવવું પડ્યું છે. અર્થાત્ સૂર્યોદયવાળી તિથિને તિથિ તરીકે માનવાનું જણાવતાં સ્પષ્ટ કરવું પડ્યું કે પર્વતિથિની આરાધના સવારના પચ્ચખ્ખાણથી શરૂ થાય છે માટે પચ્ચખ્ખાણનો વખત જ્યારે જે સૂર્યોદયથી શરૂ થાય છે ત્યારે તે તિથિ હોવી જોઈએ અને તેથી જ પચ્ચક્ખાણના અધિકારમાં જ તે ગાથાઓ, લીધી છે. આ વાત પણ ચોક્ખી જ છે કે સવારનાં પચ્ચક્ખાણ સૂર્યોદયની અપેક્ષાવાળાં છે અને તે એકાસણા, આંબેલ અને ઉપવાસ વગેરે તિથિનાં પચ્ચખ્ખાણે દૈવસિક છતાં પણ અન્ય સૂર્યોદય સુધી પાળવાનાં હોય છે. માટે સૂર્યોદયવાળી તિથિને માનવાનો નિયમ રાખી પચ્ચક્ખાણ અને ઉદય વખતની તિથિને ન માનનારાઓને આજ્ઞાના વિરાધક વગેરે જણાવ્યા. આ ઉપર જણાવ્યા પ્રમાણે હકીકત હોવાથી તે હકીકત ક્ષય કે વૃદ્ધિના પ્રસંગ સિવાયની છે એમ સ્પષ્ટપણે સમજાય તેમ છે. છતાં ક્ષય કે વૃદ્ધિના પ્રસંગમાં જે શનિવારની સંવચ્છરીવાળા સૂર્યોદયની વાતને આગળ કરે છે તે કેવલ આગ્રહની ખાતર દુનિયાને જુઠ ભરમાવવા માટે જ છે. શનિવારવાળા મહાત્માઓ જો ઉદયવાળી તિથિના જ આગ્રહવાળા હોય તો તેઓ તિથિનો ક્ષય હોય ત્યારે વગર સૂર્યોદયવાળી તિથિને કેમ આરાધશે ? તેથી તેઓ તેઓના પોતાના મતે આજ્ઞાભંગાદિના દોષવાળા થશે કે નહિં ? કદાચ કહેવામાં આવે કે ક્ષીણતિથિમાં સૂર્યોદય હોય નહિં તેથી અન્ય ઉદયવાળી પણ તિથિ માનવી પડે. તો પછી જો આમ છે તો પછી નક્કી થયું કે સૂર્યોદયવાળી તિથિ ન લેવામાં જે આજ્ઞાભંગ આદિ દોષો છે તે ક્ષય સિવાયના પ્રસંગમાં જ લાગુ પડે

છે. વળી તે શનિવારવાળા મહાત્માઓએ વિચારવું જોઈએ કે જો ઉદયવાળી તિથિએ પર્વતિથિ ન માનવામાં આજ્ઞાભંગ આદિ દોષો લાગે છે તો જ્યારે લૌકિકટીપ્પણાને આધારે પર્વતિથિની વૃદ્ધિ હોય છે ત્યારે બન્ને તિથિએ સૂર્યોદય હોય છે તો શું શનિવારવાળા તે બન્ને તિથિઓને ઉદયવાળી હોવાથી આરાધન કરે છે કે કરશે ? તેઓના કહેવા અને કરવા પ્રમાણે તેઓ ઉત્તરની તિથિને જ આરાધે છે. તો પછી શું તેઓ પહેલી તિથિ સૂર્યોદયવાળી છે છતાં તેની આરાધના ન કરે તેથી આજ્ઞાભંગાદિના દોષોને નહિ પામે ? આ ઉપરથી એ પણ નક્કી થયું કે સૂર્યોદયવાળી તિથિ માનવાની વાત વૃદ્ધિના પ્રસંગમાં પણ લાગુ પડતી નથી. શનિવારવાળા મહાત્મા આટલું સમજી લે કે ક્ષય અને વૃદ્ધિમાં સૂર્યોદયવાળી તિથિ માનવી એ વાત સૂર્યનો ઉદય ક્ષીણમાં હોય નહિ તેથી અને વૃદ્ધિમાં બે સૂર્યોદય હોય તેથી તે ક્ષય અને વૃદ્ધિમાં લાગુ પડતી જ નથી. વળી શનિવારવાળા મહાત્મા પોતાની કલ્પનાથી પહેલો નંબર ઉદયનો બીજો સમાપ્તિનો અને ત્રીજો ઉદય તથા સમાપ્તિ ઉભયનો માને છે. પ્રથમ તો આ ત્રણ વિકલ્પ શાસ્ત્રીય જ નથી. વળી આ વિકલ્પો જ શાસ્ત્રીયદૃષ્ટિના નથી તો પછી તે વિકલ્પોની ચઢતી અને ઉતરતી કોટી કરવાનું તો હોય જ ક્યાંથી ? છતાં શનિવારવાળા મહાત્માઓએ વિચાર ન કર્યો કે જે પર્વતિથિનો ક્ષય હોય તેની પહેલાની અપર્વતિથિ તો ઉદય તથા સમાપ્તિ ઉભયવાળી હોય છે. તો પછી પર્વતિથિના ક્ષયે તેની પહેલાની અપર્વમાં પર્વકાર્ય કરવામાં આવે તો સ્પષ્ટ થયું કે અપર્વતિથિનો ઉદય અને સમાપ્તિ બન્ને હતા છતાં તેની જગા પર કેવલ સમાપ્તિવાળી પર્વતિથિ જ માની. તે તેમના મતે આજ્ઞાભંગ આદિ દોષ યુક્ત છે.

ઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષનો ખુલાસો -

વાચકોને સમજવાની જરૂર છે કે ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા, વૃદ્ધૌ કાર્યા તથોત્તરા ઈત્યાદિ શ્લોક શ્રીઉમાસ્વાતિવાચકજીનો બનાવેલ છે એવો પ્રઘોષ છે, એમ શ્રીશ્રાદ્ધવિધિઆદિશાસ્ત્રોમાં જણાવે છે. અને તપાગચ્છવાળા એ પ્રઘોષને અખંડપણે માનતા આવ્યા છે. આ પ્રઘોષને ખરતરગચ્છવાળા તિથિની વૃદ્ધિમાં પૂર્વની તિથિ કરતા હોવાથી માને નહિ. તેમજ અંચલગચ્છવાસી વગેરે પડિક્કમણાની વખતે તિથિ માનતા હોવાથી આ પ્રઘોષને માનતા નથી. અને તેથી શ્રીસેનસૂરિજીમહારાજને આદિત્યોદયવેલાયાં યા સ્તોકાઽપિ તિથિર્ભવેત્ આવા પારાશરસ્મૃતિના વચનથી સાબીત કરવું પડ્યું હતું જો કે કેટલાક આધુનિક ખરતરો ક્ષયે પૂર્વા૦ ના પ્રઘોષને ઉડાવી દેતા નથી. પણ વૃદ્ધૌ કાર્યા તથોત્તરાનો અર્થ ફેરવીને જણાવે છે કે ઉત્તરાનો અર્થ પ્રધાન કરવો, અર્થાત્ વધારે ભોગવાળી એવી ઉત્તમ જે પહેલાની તિથિ એ આરાધવા લાયક છે. એમ જણાવે છે. પણ તેઓએ એ પ્રઘોષ ન માનવો એ જુદી વાત છે, પણ પ્રઘોષને માનીને પ્રઘોષ કરનારને મૂર્ખ બનાવવા જેવું તો ન જ બોલવું જોઈએ. ખરતરોના હિસાબે તો ક્ષયવૃદ્ધૌસ્તિથિઃ પૂર્વા એટલો જ પ્રઘોષ બસ હતો. કેમકે ક્ષયમાં પૂર્વની અતિથિને તિથિ માનવી અને વૃદ્ધિમાં પૂર્વની સમાપ્તિ વિનાની પણ અધિકતાવાળી હોવાથી તેમના મતે પ્રધાન થયેલી પર્વતિથિ માનવી છે. એમ ખરતરો ધારેલો અર્થ એક પાદમાં આવે છતાં તે પાદ ભિન્ન કરવાથી કરનારની બુદ્ધિને લાંછન લાગે. વળી પૂર્વપાદના પૂર્વાનો અર્થ પહેલાની તિથિ એવો કરવો પડે, તો પછી તેના પ્રતિપક્ષ તરીકે ઉત્તરાનો અર્થ આગળની તિથિ એમ કરવો જ પડે. જો કે ખરતરોને ક્ષયે પૂર્વા એ નિયમ પણ બરોબર તો કબુલ થાય તેમજ નથી. કારણ કે અર્વાચીન એટલે હમણાંના ખરતરો અષ્ટમી

આદિના ક્ષયે સપ્તમીઆદિનો ક્ષય ગણી તે દિવસે અષ્ટમી માને છે. પણ ચૌદશનાં ક્ષયે તેરસનો ક્ષય કરી ચૌદશ ન કરતાં પૂનમને દિવસે ચૌદશ કરે છે. એટલે ખરતર ગચ્છવાળાઓ ક્ષયે પૂર્વા૦ના નિયમને માની કે પાળી શકે એમ નથી. તેઓના મતે તો ભાદરવા સુદ ચોથના ક્ષયે પંચમીએ જ સંવચ્છરી કરવાની હોય. પચાસ દિવસનો આંતરો નિયમિત કરવાનું જે તેઓનું ધ્યેય છે તે ત્યાં કેમ રહે એ તેઓને જ વિચારવાનું છે. આ બધા કથનનું તત્ત્વ એટલું જ કે ખરતરગચ્છવાળાઓથી ક્ષયે પૂર્વા૦ વાળો પૂરો નિયમ માન્ય થઈ શકે એમ નથી અને એ પ્રઘોષ સિવાય પર્વતિથિના ક્ષયે પૂર્વ અપર્વતિથિનો ક્ષય કરીને તે દિવસે જ ક્ષીણ એવા પર્વનું આરાધન કરવું એવા અભિપ્રાયનું કથન મળે તેમ નથી. એવી રીતે અંચલગચ્છવાળાને પણ સૂત્ર પંચાંગી કે પ્રાચીન પ્રકરણ અગર કોઈ પણ શાસ્ત્રમાં ક્ષય થયે પૂર્વતિથિ કરવી એવું કથન મળે એમ નથી. એટલું જ નહિં, પણ અંચલગચ્છવાળાઓના મતે તો ક્ષયે પૂર્વા૦ ના નિયમની જરૂર નથી, કેમકે તેઓ તો પ્રતિક્રમણની વખતે તિથિ આવે કે ભોગવટો હોય તે માનનારા છે. પણ તત્વદૃષ્ટિથી તેઓએ વિચારવાની જરૂર છે કે અષ્ટમીઆદિ પર્વતિથિઓ નિયત છે અને લૌકિકટીપ્પણાને અંગે જ ક્ષયે પૂર્વા૦ વગેરે નિયમ છે, એ તમોને કબુલ નથી તો સંધ્યાના બે પડિકમણાની વચ્ચે જ પર્વતિથિ આવી જાય, અર્થાત્ એકકે દિવસના સંધ્યાકાલે અષ્ટમી આદિ તિથિનો કોઈક વખત અભાવ હોય તો પછી અષ્ટમીઆદિની તિથિ ક્યારે કરવી ? તેઓના હિસાબે તો પૂર્વાઽકાલે તિથિઃ કાર્યા એવો પ્રઘોષ માનવો પડશે. અથવા તેઓના નિસ્તાર જ નથી. વળી બે દિવસ પડિકમણાની વખત તિથિ આવે તો શું કરવું? તેનું પણ તેઓને સ્વતંત્ર વિધાન મળવાનું જ નથી. આ બધી હકીકત જણાવવાનું તત્વ એટલું જ કે તપાગચ્છવાળા જ શ્રી ઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષને યથાર્થપણે માની શક્યા છે અને માની શકે છે. વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે જે તિથિમાં સૂર્યોદય હોય એ જ તિથિ માનવી એ ઉત્સર્ગ વચનને માને તેઓને માટે જ ઉદયવાળી તિથિ ન મળે અથવા બેવડા ઉદયવાળી મળે તો આરાધના ક્યારે કરવી એવી શંકા રહે. કેમકે તિથિના અધિક ભોગને માનનારા તથા પડિક્કમણા વખત તિથિ માનનારાઓને તો ક્ષય કે વૃદ્ધિનો સવાલ જ વિચારવાનો નથી.

વાચકજીના પ્રઘોષનું ઉત્થાન

મહારાજા ઉમાસ્વાતિવાચકજી પૂર્વધર હોય તેમાં તો કોઈથી શંકા થાય તેમ જ નથી. કારણ કે શ્વેતાંબરોના શાસ્ત્ર પ્રમાણે વાંચક તરીકે તેઓ જ ગણાય છે કે જેઓ પૂર્વગતશ્રુતને ધારણ કરનાર હોય અને શ્રી ઉમાસ્વાતિ મહારાજ વાચકપણે તો પ્રસિધ્ધ જ છે. પણ કેટલાકોના મુદ્દા પ્રમાણે તેઓ પ્રજ્ઞાપનાકાર શ્રીઆર્યશ્યામાચાર્યના ગુરૂ હોઈને દશ પૂર્વધર હતા એમ મનાય છે. તેઓના મત પ્રમાણે **इदमुच्चैर्नागरवाचकेन** એ પદ ઉચ્ચનાગરી શાખાને જણાવનાર નહિં પણ માત્ર શહેર અને મુખ્ય સ્થાનોની વાચકતા જણાવનાર ગણાય અને કેટલાકો **उच्चनागरी** શાખાના વાચક માની ઉચ્ચનાગરીશાખા આર્ય શાંતિશ્રેણિકથી નીકળેલી હોઈને તે શાખાની ઉત્પત્તિ વખત જ દશપૂર્વની હયાતી નહોતી તો શ્રી ઉમાસ્વાતિજીની વખત તો દશ પૂર્વની હયાતી હોય જ ક્યાંથી ? એમ વાચકજીના દશપૂર્વધરપણામાં મતભેદ છતાં તેઓશ્રીના પૂર્વધરપણામાં તો મતભેદ નથી જ એ ચોક્કસ છે.

જૈન ટીપ્પણાની સત્તા હતી કે કેમ ?

ભગવાન ઉમાસ્વાતિવાચકજીનું પૂર્વધરપણું નક્કી થયા પછી હવે એ વિચારવાની જરૂર રહે છે કે પૂર્વધરના કાલમાં જૈનજ્યોતિષને હિસાબે ટીપ્પણ ચાલતું હોય એ નિસ્સંશ છે. અને જૈનજ્યોતિષના હિસાબે તિથિનો કે પર્વતિથિનો ક્ષય હોય એ સ્વભાવિક હોય અને ક્ષયે પૂર્વા૦ એ નિયમ કરવો

પણ પડે. છતાં જૈનટીપ્પણાના હિસાબે કોઈ પણ તિથિની વૃદ્ધિ તો હોય જ નહિં. યાદ રાખવું કે શાસ્ત્રોમાં અતિરાત્ર એમ કહ્યું છે અને તેનો અર્થ તિથિની અધિકતા એવો થાય છે. પણ એ અતિરાત્ર સૂર્યમાસની અપેક્ષાએ છે અને સૂર્યમાસ તો કોઈ વ્યવહારમાં નથી. વળી યુગ જે પાંચ વર્ષનું હોય છે તેમાં ઋતુમાસ કર્મમાસ વચ્ચે દરેક મહિને અડધા દિવસનો ફરક હોવાથી પાંચવર્ષના સાઠ મહિનાને હિસાબે એક માસ વધે છે એટલે તિથિયો જે ક્ષીણ થઈ તેનો સરવાળો એ એક માસ વધવાથી મળી રહે છે. પણ જો સૂર્યમાસની અપેક્ષાએ તિથિની વૃદ્ધિ ચાલુમાં લઈ લેવામાં તો બીજો માસ જે યુગમાં વધારવો પડે છે. તે વધારવાનો પ્રસંગ જ નહિં આવે અર્થાત્ ચોક્કસ માનવું પડશે કે જૈનટીપ્પણાને હિસાબે કર્મમાસ કે જે વ્યવહારનો વિષય છે તેમાં તિથિની વૃદ્ધિ હોય જ નહિ. અને કોઈપણ તિથિની વૃદ્ધિ ન હોય પછી પર્વતિથિની વૃદ્ધિ તો હોય જ ક્યાંથી ? અને જ્યારે પર્વતિથિની વૃદ્ધિ જ જૈનટીપ્પણાને હિસાબે થાય નહિં તો પછી **वृद्धौ कार्या (ज्ञेया) तथोत्तरा** એ વાક્યને જન્મ જ ક્યાંથી મળે ? કહેવું પડશે કે શ્રીઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષને આધારે તેઓશ્રીના વખતે પણ લૌકિકમત પ્રમાણે જ તિથિની આરાધના થતી હતી. બીજી હકીકત એ વિચારવાની છે કે જૈનજ્યોતિષ સ્વતંત્ર રીતે સૈકાઓથી જુદું છે એ વાત સાચી છે અને જૈનજ્યોતિષના હિસાબે પૌષ કે આષાઢ સિવાય અન્ય કોઈ માંસ અધિક ન હોય અને એ જૈનજ્યોતિષ પ્રમાણે જ **कौटिलेयनीतिशास्त्र** માં પણ તિથિની હાનિ જણાવી છે. વળી યુગમાં પૌષ અને અષાઢ એ બે જ માસ વધે એમ પણ એમાં જણાવ્યું છે. એટલું જ નહિં. પણ વર્ષની શરૂઆત પણ તે કૌટિલેયમાં શ્રાવણવદિ એકમથી જ માની છે. એ ઉપરથી એમ કહી શકાય કે તે જમાનામાં જૈન જ્યોતિષ અને રાજ્ય જ્યોતિષ બન્ને સરખી રીતે ચાલતાં હશે, છતાં સર્વ પૂર્વધરોના કાલમાં જૈનજ્યોતિષ એમ ચાલ્યું હોય અથવા તેને આધારે જ વર્તન થયું હોય એમ નક્કી કહેવાય નહિં. પણ એટલું તો નક્કી કહી શકાય કે ભાષ્યકાર અને ચૂર્ણિકાર મહારાજના વખત સુધી લૌકિકવ્યવહાર જૈનજ્યોતિષને મળતા એવા જ્યોતિષથી ચાલતો હતો અને તેથી જ ભાષ્યકાર અને ચૂર્ણિકાર મહારાજાઓએ પર્યુષણાની વ્યાખ્યા કરતાં પૌષ અને અષાઢ એ બે માસની જ વૃદ્ધિ માની છે. અને એ હિસાબે શ્રાવણ કે ભાદ્રપદની વૃદ્ધિનો સવાલ કોઈપણ ભાષ્ય કે ચૂર્ણિઓમાં ચર્ચાયેલો જ નથી. એટલું જ નહિં, પણ ભગવાન શ્રીહરિભદ્રસૂરિજીના અનેક વિવરણો અને શાસ્ત્રો વિદ્યમાન છતાં તેમાં પણ કોઈપણ જગા પર શ્રાવણ કે ભાદ્રપદની વૃદ્ધિની ચર્ચા કે ખુલાસો નથી. એટલું જ નહિ પણ તે બાબતનો ઈશારો શુદ્ધાં નથી. ભગવાન શ્રીહરિભદ્રસૂરિજી ભાષ્યકાર અને ચૂર્ણિકારની નજીક થયેલા હતા. તે પણ એ શ્રાવણ અને ભાદ્રપદની વૃદ્ધિની ચર્ચા કે વિચારણા ન કરવાથી તેમજ સંવચ્છરીની રાત્રે કલ્પનું છેલ્લું વ્યાખ્યાન કરવાનું કથન જે શ્રી આવશ્યકમાં સ્પષ્ટ શબ્દોમાં છે તેથી જણાવી આપે છે. કહેવાની મતલબ એ કે ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી સુધી જ્યોતિષનો વર્ત્તાવ લોકોમાં પણ જૈનશાસ્ત્રને મળતા જ્યોતિષને આધારે જ ચાલતો હતો. હવે જ્યારે ભાષ્યકાર અને ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી સુધી જૈનજ્યોતિષ અને લૌકિકજ્યોતિષ એકરૂપે ચાલતાં હતાં અને તેને લીધે તે કાલના તે તે પ્રસિદ્ધ ગ્રંથોમાં શ્રાવણાદિ માસવૃદ્ધિના નામે કે પર્વતિથિની કે સામાન્ય તિથિની વૃદ્ધિને અંગે કોઈ સવાલ કે ચર્ચા ચાલી જ નથી તો પછી ભગવાન ઉમાસ્વાતિવાચકજીની વખતમાં અધિકતિથિની વિચારણા ક્યાંથી આવી કે જેથી **वृद्धौ कार्या तथो-त्तरा** એટલે તિથિ વધી હોય તો ઉત્તરની તિથિને પર્વતિથિ તરીકે કરવી એમ જણાવવાની જરૂર રહે. આવી શંકા થવી અસ્વાભાવિક નથી. પણ

એ શંકાની પ્હેલાં એક વાત ધ્યાનમાં રાખવી કે લૌકિકજ્યોતિષનું જ આલંબન હમેશાં તિથિની આરાધનામાં લેવામાં આવેલું હતું, કારણ કે અંગ ઉપાંગ કે પ્રકરણોમાં ભગવાન શ્રીજિનેશ્વર મહારાજાનાં ચ્યવનઆદિનાં કલ્યાણકો શ્રીજૈનશાસનના માસને નામે કે જૈનશાસનની તિથિને નામે જણાવવામાં આવેલા જ નથી. પણ તે કલ્યાણકો કાર્તિક આદિ લૌકિક માસો અને પડવા આદિ લૌકિક તિથિના નામે જ જણાવવામાં આવેલાં છે. શ્રીકલ્પસૂત્રમાં ભગવાન મહાવીર મહારાજનાં કલ્યાણકોમાં પણ ચ્યવનાદિક બધાં કલ્યાણકો કેવલ લૌકિકજ્યોતિષના માસ અને તિથિને નામે જ જણાવવામાં આવેલ છે. ફક્ત ભગવાન મહાવીર મહારાજાના નિર્વાણ કલ્યાણકને જ જૈનશાસ્ત્રના માસ આદિના નામોથી જણાવેલ છે. પરંતુ તે પણ એકલા લોકોત્તર જૈનજ્યોતિષના માસાદિનામે જ નહિં. પણ લૌકિક માસાદિના નામોની સાથે જ જણાવેલ છે. વળી વિચિત્રતા વધારે તો એ છે કે પ્રથમ લૌકિક માસાદિ નામો જણાવી અને પછી જૈનશાસ્ત્રનાં નામો જણાવ્યાં છે. તેમાં પણ સે અને સાના પ્રયોગો વાપરીને સ્પષ્ટ કર્યું છે કે લૌકિક જ્યોતિષનાં કાર્ત્તિક આદિ માસનાં નામો અને અમાવાસ્યાદિ તિથિનાં નામો જે પ્રસિદ્ધ અને સિદ્ધ ગણ્યાં જૈનજ્યોતિષનાં પ્રીતિવર્ધન અને નન્દિવર્ધન એવાં નામો સાંકેતિક તરીકે છે એમ જણાવ્યું છે. અર્થાત્ જૈનજ્યોતિષથી વ્યવહાર થયો હતો એમ માનવાનું કોઈ સાધન નથી. એટલું જરૂર જણાય છે કે ભાષ્યકાર અને યાવત્ ભગવાન શ્રીહરિભદ્રસૂરિજી સુધીના કાલમાં લૌકિક યોતિષ જુદાં નામોવાળું છતાં માસવૃધ્ધિના પ્રસંગમાં કૌટિલેયશાસ્ત્રના કથનના ઈશારાથી જૈનજ્યોતિષ પ્રમાણે જ બહુધા ચાલતું હશે. આટલું બધું છતાં પણ ભાષ્યકારઆદિ વખતમાં જગતમાં જૈનશાસ્ત્રથી જુદું પડતું લૌકિક જ્યોતિષશાસ્ત્ર નહિં જ ચાલતું હોય અને તે જુદાં જ્યોતિષને આધારે પૌષ અને અષાઢ સિવાયના મહિના અધિક નહિં જ આવતા હોય એમ માની શકાય તેવું નથી. અર્થાત્ કેટલાંક લૌકિક જ્યોતિષો કે જેઓ જૈનજ્યોતિષને અનુસરનારાં કે મળતાં નહોતાં, તે પણ ભાષ્યકારઆદિના કાલ કરતાં પણ પૂર્વકાલમાં પ્રવર્ત્તતાં તો હતાં જ. કેમકે જો એમ ન હોત તો શ્રીઆવશ્યનિર્યુક્તિમાં વસંતઋતુમાં અધિકમાસ હોવાથી કણેર ભલે ફુલે, પણ વસન્તે આંબાને તો ફુલાવાય જ નહિં. અને જો વસંતના અધિકમાસે આંબો ફુલે તો ઉપદ્રવ થાય, એમ જે કહે છે તે હકીકત આવશ્યકનિર્યુક્તિમાં ઘણી જ સ્પષ્ટ રીતે જણાવવામાં આવી છે, તે કહેત નહિ એ ઉપરથી બે વાત નક્કી થાય છે કે પૌષ અને અષાઢ સિવાયના માસોની વૃધ્ધિ માનનારો પણ કેટલોક પ્રાચીન પક્ષ હતો. વળી આવશ્યકની એ ગાથાનો અર્થ બરોબર સમજનારાઓએ એ પણ માનવું જ પડશે કે જૈનજ્યોતિષ અને તેને અનુસરનાર લૌકિક જ્યોતિષ તો બે અષાઢ હોય તો પણ બીજે અષાઢે ચોમાસી અને વર્ષનો અંત ગણી પહેલા આષાઢને નપુંસક ગણતા હતા એટલું જ નહિં, પણ જૈનશાસનથી જુદી રીતે વર્ત્તવું એવું પણ કેટલાક ભાગનું લૌકિક જ્યોતિષ પૌષ અને અષાઢ સિવાયના માસોની વૃદ્ધિ કરનાર પ્રવર્ત્તતું ત્યાં પણ પ્રથમ માસને તો નપુંસક માનતા હતા, અને તેથી આંબાનું પહેલું ફુલવુંડમરઆદિ ઉપદ્રવને કરવાવાળું ગણ્યું. અધિકમાસની વાત એટલા માટે જણાવી છે કે જૈન જ્યોતિષથી જુદી જાતનું જ્યોતિષ પણ ભાષ્યકારાદિથી પહેલાના નિર્યુક્તિકારના વખતમાં પ્રવૃત્ત થઈ ગયેલું હતું અને તેવા જ્યોતિષને અંગે ભગવાન્ ઉમાસ્વાતિવાચકજીને **वृद्धौ कार्या तथोत्तरा** એમ કહેવાની જરૂર પડે તે સ્વાભાવિક જ છે. વળી જૈન ટીપ્પણ કે જ્યોતિષને હિસાબે પણ તિથિ કે પર્વતિથિનો ક્ષય હિસાબસર આવે, એ માન્યતા તો સૂત્રકાર નિર્યુક્તિકાર ભાષ્યકાર ચૂર્ણિકાર અને

વૃત્તિકાર મહારાજાઓની હતી, અને તેમના ગ્રંથો પણ અવમરાત્રિઓ જણાવે છે, આમ છતાં પણ કોઈ સૂત્ર કે યાવત્ વૃત્તિકારોએ પર્વતિથિના ક્ષયે તે પર્વની આરાધના કરનારે તે પર્વતિથિની આરાધના માટે શું કરવું એનો વિચાર જણાવેલો જ નથી, એટલે કહેવું જ પડશે કે શ્રીઉમાસ્વાતિવાચકજીનો ક્ષયે પૂર્વાવાળો પ્રઘોષ જ સર્વને માન્ય હોય જ. અને ક્ષયે પૂર્વા૦ નો નિયમ અવિચલપણે સર્વને માન્ય હોય તો પછી કહેવું જ જોઈએ કે લૌકિકટીપ્પણના હિસાબે **वृद्धौ कार्या तथोत्तरा** એ નિયમ પણ પર્વતિથિ બેવડી ગણાય ત્યારે માનવો જ જોઈએ **वृद्धौ०** વાળા વિધાન સિવાય ક્ષયે પૂર્વા૦ વાળા વિધાનને જણાવનાર કોઈ શાસ્ત્ર અથવા અન્ય પ્રઘોષ છે જ નહિં. યાદ રાખવું કે આચાર્ય મહારાજ શ્રીરત્નશેખરસૂરિજી **श्रीउमास्वातिप्रघोषએમ** કહે છે. જો કે વાચકવિશેષણ લગાડ્યું નથી. છતાં અન્ય ઉમાસ્વાતિ પ્રસિદ્ધ ન હોવાથી ઉમાસ્વાતિવાચકજીનો પ્રઘોષ એમ જણાવે છે. પણ ખરતરવાળાઓએ જે શ્રીહરિભદ્રસૂરિજી અને શ્રીઉમાસ્વાતિવાચકજીના નામે **विचारवल्लभा** અને **तत्त्वतरंगिणी** આદિ નામે કલ્પિત ગાથાઓ ઘસડી મારી છે. તેમ ઘસડી મારતા નથી.

क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तराના અર્થનો નિર્ણય

તપાગચ્છવાળાઓમાં જે રવિવારની અને શનિવારની સંવચ્છરીમાં માન્યતાવાળા છે તે સર્વ પણ ક્ષયે પૂર્વાવાળા વાક્યોને એક સરખી રીતે માને છે. પણ એ વાક્યોના અર્થમાં બન્નેને ફરક પડે છે. શનિવારવાળા આ વાક્યોનો વ્યાકરણને અનુસારે વિભક્તિ કે કૃદન્ત નિયમને નહિં વિચારતાં એવો અર્થ કરે છે કે ક્ષયે એટલે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય અર્થાત્ બીજ આદિ તિથિમાં સૂર્યોદય ન હોય ત્યારે તે પર્વતિથિ જે બીજઆદિ ક્ષીણ થઈ હોય તેનું અનુષ્ઠાન તે બીજ આદિ ક્ષીણ તિથિથી પહેલાની પડવા આદિ અપર્વતિથિ હોય તેમાં કરવું, અને **वृद्धौ** એટલે બીજ આદિ પર્વતિથિની વૃદ્ધિ હોય એટલે બીજ આદિ તિથિઓ બે સૂર્યોદયવાળી હોય ત્યારે તે બીજ આદિ પર્વતિથિની આરાધના ઉત્તરની તિથિમાં એટલે બીજી બીજઆદિને દિવસે કરવી, આ શનિવારની સંવચ્છરી કરવાવાળાઓ તરફથી કરવામાં આવેલો અર્થ વિભક્તિઆદિ વિચારો સિવાયનો છે અને ખોટો છે એ આગળ ઉપર જણાવવામાં આવશે. પણ પ્રથમ તેઓ કલ્પનાથી સપ્તમી નથી ત્યાં સપ્તમી ગોઠવીને તથા જ્યાં પ્રથમા છે છતાં તેને ઉડાવીને તેઓ શું કહેવા અને કરવા માગે છે અને કેવો અનર્થ ડગલેને પગલે તેઓને આવે છે તે સમજાવવાની જરૂર છે.

શનિવારવાળા કહેવા માગે છે કે તપાગચ્છની જે પરંપરા ચાલે છે કે બીજ આદિ પર્વતિથિના ક્ષયે તેની પહેલાની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય કરવો અને બીજ આદિ પર્વતિથિની વૃદ્ધિ હોય એટલે બેવડી હોય તો ઉત્તરતિથિ એટલે બીજા દિવસની બીજ આદિને બીજ આદિ પર્વતિથિ કરવી એટલે પડવા આદિ અપર્વની વૃદ્ધિ કરવી, પણ બીજ આદિ પર્વતિથિઓને બેવડી ન માનવી. આવી રીતે કોઈ કાલથી તપગચ્છની પરંપરા ચાલે છે. એમ તો શનિવારવાળા પણ પોતાના લેખોમાં વારંવાર કબુલ કરે છે. પણ જણાવે છે કે તે પરંપરા અને પરંપરાગત અર્થ બન્ને ખોટા છે. એમ કહી **आयरियपंरपए आगयं जो उ छेयबुद्धिण केऽवेइ छेयवाई जमांली नासंसनी सिदिइ॥१॥** શ્રુતકેવલિ ભગવાન શ્રી ભદ્રબાહુ સ્વામીજી શ્રી સૂયગડાંગજીની નિર્યુક્તિમાં જે સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે આચાર્યની પરંપરાથી આવેલા સૂત્ર અર્થ કે આચારને જો કોઈ ડહાપણ દેખાડવા માટે નાશ કરવાની બુદ્ધિએ કોપે એટલે નામંજુર કરે કે ઉઠાવે તે મનુષ્ય જમાલિ (નિહ્વ)ની માફક નાશ પામે

છે, આવી શ્રુતકેવલિ-મહારાજની શિક્ષાને લાયક થવાથી ડરતા ન હોય તેવી દશા જાહેર કરે છે. પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરવો અને પર્વતિથિની વૃધ્ધિએ પૂર્વની અપર્વતિથિની વૃદ્ધિ કરવી. એવી માત્ર પરંપરા જ છે અને તેવો કોઈ લેખ કે શાસ્ત્ર વચનનો ઈશારો નથી એમ નથી. કિંતુ પરંપરાની માફક ક્ષયમાં અપર્વના ક્ષયનો અને વૃધ્ધિમાં પૂર્વની અપર્વતિથિની વૃધ્ધિ કરવાનો સ્પષ્ટ લેખ અને ઈશારો પણ છે. પણ તે આગળ જતાં જણાવીશું અને સ્પષ્ટ કરીશું. પરંતુ એ પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો ક્ષય નહિં માનતાં પૂર્વની અપર્વતિથિની કાયમ રાખી ક્ષય પામતી પર્વતિથિને તે અપર્વતિથિમાં મેળવીને માને છે એટલે બીજ પાંચમ આઠમ અગીયારસ ચૌદશ અને પૂર્ણિમાના ક્ષયે તેની પહેલાની પડવા આદિ તિથિને કાયમ રાખી તેમાં ભળેલી બીજ આદિ પર્વતિથિને માને છે. પરન્તુ એમ કરવા પહેલાં તેઓએ નીચેની હકીકતો ઉપર ધ્યાન આપવાની જરૂર છે.

૧ દીવાળીની અમાવાસ્યાનો ક્ષય હોય અને આસો વદ ૧૪ અને અમાવાસ્યા ભેગાં કરે તો સોળ પ્હોરના પૌષધ અને છઠની તપસ્યા શું એક જ ચૌદશના દિવસમાં કરાવી લેવરાવશે ?

૨ કાર્તિકસુદિ એકમનો ક્ષય હોય તો દીવાળી અને કેવલજ્ઞાન જે ગૌતમસ્વામીજી પામ્યા તેનો ઓચ્છવ ભેળો ગણાશે ?

૩ કાર્તિક સુદી ૧૫નો ક્ષય હશે ત્યારે શું કાર્તિક સુદ ૧૪ ની સવારે વિહાર કે જે કાર્તિકી પૂનમે છુટથી થાય છે તે કરી દેશે ? અને ચૌમાસી પડિક્કમણું પછી સાંજે કરશે ? પૂનમ છે એમ ગણીને તે દિવસે શું શું કરશે ?

૪ ચૌમાસી ઉતરવાને લીધે પાણી કાંબળીના કાલ વગેરેનો ઘટાડો સવારથી જ કરશે ?

૫ કાર્તિક સુદ ૧૪ કે પૂનમના ક્ષયે તિથિઓ ભેગી કરીને શું સાત દિવસની અઠાઈ માનશે ?

૬ કાર્તિકી પૂનમની યાત્રા શું ચૌમાસી પડિક્કમણ કર્યા પહેલાં કાર્તિક ચૌદશને દિવસે શ્રી સિદ્ધાચલજી ઉપર ચઢીને કરશો ?

૭ શું કાર્તિકી ચૌમાસી પડિક્કમણું કર્યા સિવાય સવારે ચોમાસું બદલી લેશે અને ચૌમાસી પડિક્કમણું પછી સાંજે કરશે ?

૮ બીજે સ્થાને પણ કાર્તિક પૂનમના ક્ષયે શ્રી સિદ્ધાચલજીનો પટ જુહારવા કાર્તિક સુદ ૧૪ને દિને જશે અને પટજુહારીને પછી ચૌમાસી પડિકકમણું પછી કરશે ?

૯ કાર્તિકીપૂનમનો ક્ષય હોય કે ચૌદશનો ક્ષય હોય તો અઠાઈના દિવસ આઠ રાખશે ?

૧૦ કાર્તિકસુદ ૧૫નો ક્ષય હોય ત્યારે ચોમાસીની અસજઝાય કેવી રીતે ચૌદશની સવારથી કરશે ?

૧૧ કાર્તિકીપૂનમના ક્ષયે શું સાધુઓ ચોમાસાના અવગ્રહની બહારથી ચૌદશે સવારે ગુરૂમહારાજ પાસે આવી ચૌમાસી પડિકકમણું કરી શકશે ?

૧૨ માગશર વદિ દશમના ક્ષયે શ્રીપાર્શ્વનાથના કલ્યાણકનાં ત્રણ એકાસણા નહિં કરતાં બે કરશે ?

૧૩ ચૈત્રમાસની ઓળીજીના નવદિવસમાંથી કોઈ પણ તિથિનો ક્ષય હશે તો શું આઠ આંબિલની ઓળી ગણશે અને કોઈપણ બે પદની આરાધના એકકે દિવસે કરશે ? એવી રીતે આસોમાસની ઓળીમાં અને બીજી અટ્ઠાઈઓમાં પણ કોઈપણ તિથિના ક્ષયે તેને ભેગી કરી દેવાથી અટ્ઠાઈના દિવસો ઘટાડશે ?

રવિવારની સંવચ્છરી કરનારા પરંપરા અને શાસ્ત્રલેખને માનનારા તો પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરે છે તેથી તેઓને કોઈ પ્રકારે આ અડચણો નહિ રહે.

કેટલાક શનિવારવાળા તરફથી ક્ષયે પૂર્વાનો જે વાસ્તવિક અર્થ છે કે પર્વતિથિના ક્ષયે એટલે સૂર્યોદયવાળી પર્વતિથિ ન મળે તો પૂર્વા એટલે તે બીજ આદિથી પહેલાની પડવા આદિની ઉદયવાળી તિથિ જે છે તે तिथिः પર્વતિથિ એટલે બીજ આદિપણે कार्या એટલી કરવી જોઈએ. આ ચોક્ખા અર્થને વિચારનાર મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે બીજ આદિ પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય કરવો જ જોઈએ અને તે પડવા આદિ અપર્વતિથિને જ બીજ આદિ પર્વતિથિ તરીકે માનવી જ જોઈએ. અને તે બીજ આદિના પ્રસંગે થતાં પૂજા પચ્ચક્ખાણ પડિક્કમણાં અને અન્ય જે જે નિયમો ગ્રહણ કરવાના છે અને જે બધામાં पूजा पच्चक्खाणं આદિ કરી સૂર્યોદયવાળા તિથિમાં કરવાનાં કહેલાં છે તે તત્વથી પડવા આદિના ઉદયને સમાપ્તિવાળી તિથિને જ બીજ આદિના ઉદયવાળી તિથિ તરીકે માની કરવાં યોગ્ય છે.

શનિવારવાળાના કહેવા પ્રમાણે જો બીજ આદિના ક્ષયે તે બીજ આદિ તિથિને પડવા આદિની જગા પર જ ન માનવી હોત અને પડવા આદિમાં બીજ આદિ ભેળવી દેવાં હોત તો આ વિધાનની જરૂર જ નહોતી. કારણ કે પડવા આદિમાં બીજ આદિ પોતાના ક્ષયની વખત ભળેલાં જ છે. શનિવારવાળાના કથન પ્રમાણે તો कार्या क्षयेऽनुदयेऽपि એટલું જ જણાવવાનું હતું. પરંતુ આ તો પૂર્વની તિથિને પલટાવીને ચોક્ખી રીતે ઉત્તરની તિથિકરવાનું વિધાન કરે છે. અને એ રીતે પલટાવવાનો અર્થ કરાય ત્યારે પૂર્વે જણાવેલી ઉદયવાળી તિથિનું આ વાક્ય અપવાદ થાય. અર્થાત્ બીજ આદિ પર્વતિથિઓ સૂર્યોદયવાળી લેવી, પણ જો તે બીજઆદિનો ક્ષય હોય અર્થાત્ સૂર્યોદયવાળી ન મળે તો પ્રસંગનાં પૂજા પચ્ચક્ખાણ પડવા આદિના ઉદયવાળી પૂર્વની અપર્વતિથિને પણ બીજ આદિ પર્વતિથિ બનાવીને અર્થાત્ પડવા આદિ ઉદયવાળી તિથિનો પણ ક્ષય કરીને બીજ આદિના ઉદય વગરની તે તિથિ છે છતાં તેને બીજ આદિના ઉદયવાળી માનીને તે તિથિનાં કાર્યો કરવાં. એથી સ્પષ્ટ થયું કે પોતાનો ઉદય એ ઉત્સર્ગ છે અને પરના ઉદયને પોતાનો ઉદય માનવો એ અપવાદ છે. વળી પૂર્વગ્રન્થથી સૂર્યોદય સિવાયમાં પૂજાપચ્ચક્ખાણ આદિ કરનારને આજ્ઞાની વિરાધના આદિદોષો બતાવ્યા છે તેનો ક્ષયના પ્રસંગે પોતાના અનુદયમાં અને પરના ઉદયમાં કરાય છતાં આજ્ઞા અનવસ્થાદિદોષોનું નિવારણ કરે છે. આ રીતે અર્થ લેવામાં ન આવે તો પૂર્વગ્રન્થમાં ઉદય વગરની તિથિમાં પૂજાપચ્ચક્ખાણઆદિ કરવામાં જણાવેલો દોષ અવસ્થિત રહી જાય. અને વળી તેમ થવાથી પૂર્વવાક્ય અને ઉત્તરવાક્ય પણ ભિન્નભિન્ન વિષયનાં થઈ જાય. અર્થાત્ વાસ્તવિક સૂર્યોદયવાળી જ્યારે બીજ આદિ પર્વતિથિ ન મળે ત્યારે આરોપિત ઉદયવાળી પણ લેવી અને આવો અર્થ લેવાથી જ जइ य न ताओ० ઇત્યાદિ ગાથાઓ જે તત્ત્વરંગિણીની ટીકામાં પૂર્વાચાર્યની કરેલી અને માન્ય તરીકે જણાવી છે તેની એક વાક્યતા થઈ શકશે.

પરંપરાવાળા અને શાસ્ત્રના લેખોને અનુસરનારાએ ક્ષયે૦ ના અર્થમાં બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય એટલે પ્હેલાની પડવા આદિ ઉદયવાળી તિથિને જ બીજઆદિ તિથિ તરીકે માને છે અર્થાત્ પડવા આદિનો ક્ષય માને છે તેમાં અને શનિવારવાળાઓ જે પરંપરા અને શાસ્ત્ર લેખોને જુઠા ઠરાવવા મથનારાઓ ક્ષયે૦ ના અર્થમાં બીજ આદિ પર્વતિથિનઃ ક્ષયે તે બીજ આદિની ક્રિયા તેની પહેલાની તિથિ જે પડવા આદિ હોય તેમાં કરવી એવો ઉટપટાંગ અને કલ્પિત અર્થ માને છે તે બેમાં ક્યાં ફરક પડે છે અને ક્યાં નથી ફરક પડતો તે વિચારીયે. અહિ આરાધના કે ક્રિયાવાચક કોઈ શબ્દ નથી, છતાં શનિવારને તે જોડવો પડે છે. તેમજ પૂર્વા એવું પ્રથમાન્તપદ છે પણ સપ્તમ્યંત નથી, છતાં પહેલાની પડવાઆદિમાં એવો સપ્તમીનો અર્થ

તેઓને કરવો પડે છે. વળી શનિવારવાળાઓની અપેક્ષાએ ઉલ્ટો અર્થ છે તે જોઈએ. બીજ આદિનો ક્ષય હોય ત્યારે તે બીજ આદિ તિથિઓ પડવા આદિને દિવસે ભોગવટાવાળી અને હયાત હોય છે. તો શું તેનાથી પૂર્વની અમાવાસ્યા આદિ તિથિઓને બીજ આદિ તરીકે ગણશે ? ધ્યાનમાં રાખવું કે પરંપરાવાળા ઉદયની અપેક્ષાએ આં વાક્ય હોવાથી કોઈ જાતનું ઉટપટાંગપણું નથી કરતા. એમને તો બીજ આદિ તિથિઓ ઉદયવાળી ન હોય તો પહેલાની પડવા આદિને પર્વતિથિ કરી લેવાનું છે, એટલે (पर्वतिथेः) क्षये (सूर्योदयवियोगे) पूर्वा (द्वितीयादितयापर्वतिथेः प्राक्तना) तिथिः (द्वितीयादि पर्वतिथिः) कार्या, (उभयोः प्रत्याख्यानादिव्यापकत्वविरोधात् द्वितीया पर्वतिथेः क्षये प्रतिपदादीनां द्वितीयादिपर्वत्वकरणात् प्रतिपदादीनां क्षयस्तदानीमावश्यक एव) આ અર્થ ખરતરવાળાને પણ માન્ય હોવાથી અષ્ટમીના ક્ષયે સપ્તમીનો ક્ષય કરી તેને જ આઠમ માને છે અને તેથી તે સાતમે જ આઠમનો પૌષધ કરે પણ છતાં અપર્વપૌષધ થયો એમ ન ગણે. ખરતરો અષ્ટમીના ક્ષયે સપ્તમીનો ક્ષય ન માને તો તેઓને અપર્વ એવી સપ્તમીનો પૌષધ માનવો પડે અને તેથી અપર્વપૌષધના નિષેધની તેઓની માન્યતા અટકી પડે. એવી જ રીતે બીજ આદિના ક્ષયે પણ પડવા આદિનો ક્ષય માની પડવા આદિને દિવસે જો બીજ આદિ ન માને તો પણ પડવો ચોથ દશમના પૌષધો માનવા પડે અને આ જ હકીકત શ્રી ધર્મસાગરજીએ તત્ત્વતરંગિણીમાં ખરતરોને અષ્ટમીના ક્ષયે સપ્તમીનો ક્ષય કરાય છે અને સપ્તમીને દિને આજ અષ્ટમી છે એમ માનીને જ પૌષધ કરાય છે એમ જણાવી સાબીત કરી છે. શનિવારની સંવચ્છરી કરનારા અને પર્વતિથિના ક્ષયે તેની પૂર્વની અપર્વતિથિનો ક્ષય નહિ માનતાં પૂર્વ અને અપૂર્વ બન્નેને ભેગાં માનનારાઓ અષ્ટમીના ક્ષયે છઠને દિવસે છઠ માને છે અને સાતમની સવારથી પૌષધ પચ્ચક્ખાણ નિયમનું ગ્રહણ અને એકાસન આદિ એ બધામાં આઠમ માને છે, છતાં પરંપરાવાળા ત્યાં સાતમનો ક્ષય માની છઠ અને સાતમ ભેગાં માની ઉદયવાળી સાતમના સવારથી જ ચોક્ખી આઠમ માને છે, અને સામાન્ય નિયમ પણ એ છે કે જે ક્ષીણતિથિ માનવી હોય તે તેની પહેલાની ઉદયવાળી તિથિની ભેગી બોલાય. જેમ સ્વાભાવિક રીતે સાતમનો ક્ષય હોય તો છઠ અને સાતમ ભેગાં છે એમ બોલાય. એવી શનિવારવાળાઓ આઠમ જેવી પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પરંપરા અને શાસ્ત્રાનુસારિયો જેમ છઠ સાતમને ભેગાં કહે તથા છઠ અને સાતમને ભેગાં કરવાથી જ સાતમનો ક્ષય ગણાયો. તે પરંપરાને ન માનનાર એટલું જ નહિં, પણ જુઠી ગણનાર અને કહેનાર શનિવારની સંવચ્છરી માનનારાઓ છઠની તિથિ અખંડ માને છે અને સાતમ તથા આઠમને ભેગાં લખે છે માને છે અને જણાવે છે તો ખુલ્લું થાય છે કે શનિવારવાળાઓ બીજ આદિ પર્વતિથિનો ક્ષય કહેવા લખવા અને ગણાવવા તૈયાર થયા છે, અને તેથી તેમના હિસાબે क्षये पूर्वा तिथिः कार्या પ્રઘોષ માન્ય નથી, અને પર્વતિથિના ક્ષયે તેનું કાર્ય પર્વનો ક્ષય માની તેનું કાર્ય સપ્તમીને સૂર્યોદયવાળી ગણી અને અષ્ટમીનો ક્ષય ગણીને જ કરે છે. તે શનિવારવાળાઓ જેમ બીજી તિથિઓનો ક્ષય હોય અને ત્રીજ ચોથ ભેગાં છઠ સાતમ ભેગાં એમ બોલે અને લખે, તેમ બીજ આદિ પર્વતિથિના ક્ષયે પણ પડવો બીજ ભેગાં ચોથ પાચમ ભેગાં સાતમઆઠમ ભેગાં વગેરે બોલે અને લખે છે, એટલે તેઓના હિસાબે તો क्षये पूर्वा तिथिः कार्या એ વાક્ય નિરર્થક જ છે. તેમના હિસાબે तो तिथावनुदये भोगः એમ કહેવું બસ હતું, અથવા जाए उदयं सूरो એમ કહેવાની જ જગ્યાએ જ जइया કહેવું બસ હતું કે જેથી क्षये पूर्वा વાળે અપવાદ કહેવો જ ન પડત, અર્થાત્ સ્વઉદય ન મળે તો

પૂર્વતિથિનો ઉદય લેવો એમ થાય, અને તેમ લેવાથી ઉદયવાળી પહેલાની તિથિનો ક્ષય ગણવો એમ કહેવું જ પડત નહિ. કહેવું જ પડશે કે પૂર્વા એમ કહેવા કે માનવાનો કોઈ અર્થ જ નથી. રવિવારવાળા બરોબર પરંપરા અને શાસ્ત્રને માનનારા રહે છે, પણ શનિવારવાળા શાથી ઉલટા થાય છે અને તેનું કેવું પરિણામ આવે છે એ હવે જોઈએ. પરંપરા અને શાસ્ત્રને માનનારાઓનું કહેવું છે કે ટીપ્પણામાં પર્વતિથિનો સૂર્યોદય તેમાં ન હોવાને લીધે ક્ષય આવે ત્યારે તેનાથી પહેલાની અપર્વતિથિનો ક્ષય કરવો અને તેથી તે અપર્વતિથિને પર્વતિથિ તરીકે કરવી. એટલે પર્વતિથિની પહેલાની અપર્વતિથિ તો તે સૂર્યોદયવાળી હોય તો પણ તે ક્ષીણ ગણવી. અર્થાત્ પર્વતિથિને ક્ષીણ થયેલી ન ગણવી માટે ક્ષયે પૂર્વાનું વાક્ય જરૂરી છે. એમ છે અને યોગ્ય છે, તો પછી ક્ષીણપર્વની પહેલાની તિથિ કદાચ પર્વતિથિ હોય તો અનુદયવાળી પણ પર્વતિથિનો ક્ષય ન ગણાય તો પછી ઉદયવાળી પર્વતિથિનો ક્ષય ગણાય જ કેમ? અને ઉદયવાળી અનુદયવાળી એકે પર્વતિથિનો ક્ષય ન જ ગણાવો તો પછી ચોક્ખું થઈ ગયું કે અનન્તર પર્વવાળી એવી પર્વતિથિના ક્ષયે તેની પરંપરતિથિનો ક્ષય ગણવો જ પડે અને તેથી જ પૂર્ણિમા કે અમાવાસ્યાના ક્ષયે તેની પહેલાની ચૌદશ હોવાથી તેનો ક્ષય ન કરતાં તેની પણ પહેલાની એવી તેરસનો ક્ષય કરે છે, અને તેથી જ ચૌદશ અને પૂનમને એકઠાં કરતાં જે શનિવારની સંવચ્છરીવાળાઓને અંગે ઉપર અડચણો જણાવી છે અને જેનું સમાધાન તેઓથી થયું નથી. અને થાય તેમ પણ નથી એમાંની એકકે અડચણ રવિવારની સંવચ્છરીવાળાને આવે તેમ નથી અને આવતી પણ નથી. અર્થાત્ પરંપરા અને શાસ્ત્રને માનનારાઓ સ્વાભાવિકપણે ઉદયવાળી ન હોવાથી ક્ષીણ થયેલી અગર પરની પર્વતિથિના ક્ષયથી પૂર્વભાવને લીધે ક્ષયના પ્રસંગને પામેલી જો પર્વતિથિ હોય તો પર્વતિથિનો આરાધનાના માર્ગમાં ક્ષય ગણાય નહિં. પણ તે ક્ષીણ એવી અથવા ક્ષયના પ્રસંગને પામેલી એવી પર્વતિથિના ક્ષયના પ્રસંગે તેની પૂર્વની અગર તેનાથી પણ પૂર્વની અપર્વતિથિનો જ ક્ષય ગણાય. આ જ કારણથી કહેવાતી શ્રીકુલમંડનસૂરિજીની અને પ્રાચીન પ્રતોમાં લખેલી મળી આવતી ગાથામાં કાર્તિકા ફાલ્ગુની અને અષાઢી પૂનમના તેરસનો ક્ષય કરવો એમ જિનેશ્વરમહારાજાઓએ કહેલું છે એમ જણાવવામાં આવ્યું છે. તથા ઉદયપુરના મોતીજીના ભંડારના જુનીપ્રતને છેડે પણ ચૌમાસી અને ચૈત્રી અશ્વિની પૂનમને ક્ષયે તેરસનો તથા પજુસણની અમાસના ક્ષયે પણ તેરસનો ક્ષય કરવો એમ સ્પષ્ટ જણાવેલ છે. આવી રીતે પરંપરા અને શાસ્ત્રપ્રમાણેની માન્યતાવાળા જે પહેલાની અગર તેનાથી પણ પહેલાની અપર્વતિથિનો એકપર્વના ક્ષયે કે દ્વિતીયપર્વના ક્ષયે ક્ષય કરે છે તે વ્યાજબી છે અને એ હિસાબે જ ભાદરવા સુદ પાંચમના ક્ષયે તેની પાછળ સંવચ્છરીની ચોથ એ પર્વતિથિ હોવાથી ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કરવો પડે અને કરાય જ છે. કદાચ કોઈ વખત કે કેટલોક વખત તેમ ન થયું હોય તો જાણ્યા સમજ્યા પછી પણ તેમ ન કરવું એમ સજ્જનોથી કહેવાય જ નહિં. ઉપર જણાવ્યા પ્રમાણે અપર્વના ભેગું પણ પર્વને કરી દેવાય નહિં અને તેથી સાતમઆઠમ આદિ ટીપ્પણામાં આઠમાદિના ક્ષયને લીધે ભેગાં હોય તોપણ આરાધના ના માર્ગમાં છઠ સાતમઆદિ ભેગાં કહેવાં અને ગણવાં પડે છે અને જો એમ તિથિઓમાં પર્વતિથિનો બચાવ કરવામાં ન આવે અને ત્રીજચોથઆદિ સામાન્ય તિથિઓની માફક પર્વતિથિનો પણ ક્ષય માનવામાં આવે અને ભેગાં બોલવામાં આવે અને તેમાં જો કોઈ પ્રકારની અડચણ ન હોય તો ક્ષયે પૂર્વા ના વિધાનની જરૂર જ નહોતી. આ પ્રઘોષનો બરોબર અર્થ વિચારવામાં

આવે તો સ્પષ્ટ માલમ પડશે કે આ પ્રઘોષ બીજી તિથિઓની માફક પર્વતિથિઓનો ક્ષય માનવા અથવા ત્રીજ ચોથ આદિ જેવી બીજી સામાન્ય તિથિઓ સૂર્યોદય વિનાની હોય છે ત્યારે જેમ પહેલાની સૂર્યોદયવાળી તિથિમાં ભળી જાય છે અને એવી ભેળવી દઈને બોલાય તથા ભેગી ગણાય છે, એવી રીતે બીજઆદિ પર્વતિથિઓ જૈનટીપ્પણા કે લૌકિકટીપ્પણાના આધારે સૂર્યોદય વિનાની હોય અને ક્ષીણ ગણાવવાનો તેથી વખત આવે તો તેમ કે ભેગી ગણવાનો પ્રસંગ ધર્મના આરાધકોને યોગ્ય નથી, માટે આ ક્ષયે પૂર્વા૦ ના વિધાનની જરૂર રહી, જો આ પ્રઘોષ ન હોય તો પણ ક્ષય પામતી એટલે સૂર્યોદય વિનાની બીજ આદિ તિથિ તેનાથી પહેલાની પડવા આદિ તિથિમાં જે તિથિ જે દિવસે હોય તે દિવસે તિથિની આરાધના તો થાય છે. એ સ્વાભવસિદ્ધ જ હતું. અને તેથી પડવા આદિને દિવસે બીજ આદિની આરાધના આપોઆપ આવતી હતી, એ પણ યાદ રાખવાની જરૂર છે કે પર્વતિથિના ક્ષયે પહેલાની સામાન્યતિથિને પર્વતિથિ તરીકે કરવાની કહે છે. પહેલાની પડવા આદિ તિથિના કોઇ અંશને પર્વતિથિ તરીકે બનાવવા કે માનવાનું કહેતા નથી. આ શ્લોકથી સ્પષ્ટ વિધાન થાય છે કે બીજ આદિ પર્વતિથિના ક્ષયે પહેલાની પડવા આદિ આખી અપર્વ તિથિને પર્વતિથિ બનાવવાની અર્થાત્ ઉદયવાળી અને સમાપ્તિવાળી પૂર્વની અતિથિ હોય. તો પણ તે અપર્વતિથિના દિવસને અપર્વતિથિ તરીકે ઉદય અને સમાપ્તિના હિસાબે હોવા છતાં તેને ન માનતાં તે દિવસને પર્વતિથિ તરીકે એટલે સમાપ્તિવાળા ઉદયવાળી તરીકે પર્વતિથિ નથી, તો પણ પર્વતિથિ તરીકે માનવી. આ ઉપરથી ઉદયવાળી તિથિ માનવી એવું જે પૂર્વનું કથન હતું તેના બે અપવાદ આ વાક્યથી થાય છે. એક તો પડવા આદિ તિથિ ઉદયવાળી છે છતાં બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોવાથી તેનો ઉદય અને ઉદય સમાપ્તિ ઉભય છતાં પણ તેને પડવા આદિ તરીકે ન માનવી અને બીજ આદિ ક્ષય પામેલ પર્વતિથિ તે દિવસે ઉદય કે ઉદયયુક્ત સમાપ્તિવાળી નથી છતાં તેને બીજ આદિ માનવી. આવા બે અપવાદિક વિધાનો કરવાથી નક્કી થયું કે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે અપર્વતિથિને પર્વતિથિ કરવી એટલે તેવા પ્રસંગે અપર્વનો ક્ષય ગણવો. કોઇપણ સમજુ મનુષ્ય ઇ આદિસ્વરના યઆદિ કર્યા પછી તે યઆદિ વ્યંજનોની સાથે ઇ આદિસ્વરોને બોલી કે લખી શકે જ નહિં.

વધારે ચર્ચાનું કારણ :-

સામાન્ય રીતે ક્ષયે પૂર્વાનો પરંપરા અને શાસ્ત્રદૃષ્ટિએ કરાતા પર્વતિથિના ક્ષયે તે તે પર્વતિથિના પહેલાની પડવા આદિનો ક્ષય કરી તે અપર્વતિથિને બીજ આદિ પર્વતિથિ બનાવવી એવા અર્થને અને પરંપરા અને શાસ્ત્રદૃષ્ટિથી વિરૂદ્ધપણે મનસ્વિપણે ક્ષયે પૂર્વાના પર્વતિથિ બીજ આદિનો ક્ષય હોય ત્યારે તે બીજ આદિની આરાધનાની ક્રિયા તે પર્વતિથિની પહેલાની પડવા આદિ જે અપર્વતિથિ હોય તેમાં કરવી. એવા સપ્તમ્યંત તિથિશબ્દ નહિં છતાં અને પ્રથમાંત તિથિ શબ્દ છતાં પ્રથમાંતને અનુસરનાર પરંપરાને ખોટી ઠરાવવા સપ્તમ્યન્તપણું કરી કરાતા અર્થને વધારે આંતરો નહિં દેખાય. કારણ કે પરંપરા અને શાસ્ત્રદૃષ્ટિવાળાઓ પડવા આદિનો ક્ષય માનીને તેજ પડવા આદિને દિવસે બીજઆદિ પર્વતિથિની આરાધના કરશે, અને મનસ્વિપણાથી ચાલનારા અને અર્થ કરનારાઓ પણ બીજ આદિ પર્વતિથિના ક્ષયે પડવાને દિવસે પડવો માનીને પણ સાથે બીજ ભળેલી માનીને તે જ પડવાને દિવસે બીજઆદિની ક્રિયા કરશે. અર્થાત્ પરંપરા અને શાસ્ત્રદૃષ્ટિવાળાઓ એકમ બીજ ભેગી એવું પર્વતિથિના ક્ષયે નહિં બોલે અને મનસ્વિપણાવાળા

જેમ ત્રીજ ચોથ ભેગાં બોલી ચોથનો ક્ષય જણાવે છે તેમ પડવા બીજ ભેળાં છે એમ બોલીને તથા લખીને પર્વતિથિના ક્ષયનો વ્યવહાર કરે છે. એમ લખવા અને બોલવાના વ્યવહારમાં જ માત્ર ફરક રહે, પણ બીજી કોઇ આરાધના આદિ ક્રિયામાં ફરક રહેતો નથી. પણ તત્ત્વદૃષ્ટિએ એમાં સૂર્યોદયના પહેલા ભાગથી આગળના સૂર્યોદયના પહેલા ભાગ સુધી પર્વતિથિની ક્રિયા કરવી છે, અને અપર્વને અંગે થતા કે રહેતા છુટાપણાની છુટી રાખવી નથી. છુટાપણું થઇ જાય તેનું પ્રાયશ્ચિત પણ આપવું છે. સૂર્યોદયથી પર્વતિથિના નિયમોને સાચવવા છે અને સચવાય પણ છે, અને તેમ છતાં તે દિવસે તે વખત અપર્વ અને પર્વ બન્ને છે એમ માનવા તૈયાર થવું છે, એ ઘેલીના પહેરણા જેવું છે. પણ જ્યારે જ્યારે બે પર્વ દિવસો ચૌદશ અને પૂનમ અથવા ચૌદશ અને અમાવાસ્યા જેવા અગર ભાદરવા ચૌથ જે સંવચ્છરી અને ભાદરવા સુદ પાંચમ જે પર્વતિથિ છે એવા સાથે હોય અને તેમાંથી બીજાં પર્વ જે પૂનમ અમાવાસ્ય કે પાંચમ છે તેનો ક્ષય લોકિકટીપ્પણાને અનુસારે આવે, ત્યારે સ્પષ્ટ ભેદ જણાય.

જૈનશાસ્ત્ર પ્રમાણે પર્વતિથિનો અને દ્વિતીય પર્વતિથિનો ક્ષય :-

જૈનશાસ્ત્રને જાણનારા તથા માનનારા એવો કોઇથી પણ એમ તો ન જ કહેવાય કે શ્રી જૈનશાસ્ત્રના જૈનજ્યોતિષને આધારે કે કેટલાકની માન્યતા પ્રમાણે જૈનટીપ્પણાં કદી નીકળતાં હોય તો તેને આધારે પર્વતિથિનો ક્ષય થતો નહોતો. કેમકે શાસ્ત્રોમાં સ્થાને સ્થાને અવમરાત્ર એટલે હીનતિથિનો અધિકાર જણાવેલો જ છે. અને લૌકિક ઋતુના હિસાબે ત્રીજા સાતમાદિપર્વો ગયે એટલે ભાદરવા વદિ ૧ આદિનો ક્ષય હોય અને જૈનશાસ્ત્રની ઋતુના હિસાબે બે ચાર આઠ આદિ પર્વો ગયા પછી આસો વદિ એકમ આદિનો ક્ષય હોય. અર્થાત્ લૌકિક અને જૈન એ ઉભયના મતે દરેક ઋતુઓમાં એકસઠ દિવસે એકેક તિથિનો ક્ષય હોય, ફક્ત લૌકિક ઋતુઓનો આરંભ અષાઢથી થાય માટે ભાદરવા વદ એકમથી તિથિક્ષયની શરૂઆત થાય, અને લોકોત્તર રીતિ પ્રમાણે શ્રાવણ માસથી ઋતુની શરૂઆત થાય, માટે આસો વદ એકમની તિથિ પ્હેલા ક્ષયનો સમાવેશ થાય. એટલે લૌકિક હિસાબે ભાદરવા વદિ એકમ અને બીજ ભેગાં હોય અને પછી દરેક બબ્બે માસે ત્રીજ ચોથ ભેગાં પાંચમ છઠ ભેગાં, એમ અનુક્રમે હોય અને શ્રી જૈનશાસ્ત્રના હિસાબ આસો વદિ એકમ બીજ ભેગાં આગળ તેનાથી બબે માંસે ત્રીજ ચોથ ભેગાં પાંચમ છઠ ભેગાં થાય અને એમ આગળ પણ લેવું.

અવમરાત્ર અને ક્ષયતિથિનો ફરક :-

સામાન્ય રીતે લોકો અવમરાત્રનો અર્થ ક્ષીણ તિથિ તરીકે લે છે, ક્ષીણતિથિને અવમરાત્ર કહેતાં अवमा-न्यूना रात्रिःतिथिः એમ સમાસ કરી સમાસાન્ત અતૂપ્રત્યય લાવીને અવમરાત્ર શબ્દ બનાવે છે. પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે અવમરાત્રનો દરરોજ એકેક એકસઠ પૂર્ણાંક બાસઠ અંશ ઘટે છે, એમ શાસ્ત્રકારો સ્થાને સ્થાને માને છે. વળી લૌકિકઋતુની અપેક્ષાએ ભાદરવા વદિ એકમ અને લોકોત્તરની અપેક્ષાએ આસો વદિ એકમ વગેરે અવમતિથિઓ છે. એટલે ઓછામાં ઓછો કાલ સૂર્યોદયને ફરસવાવાળી તિથિઓ તે અવમરાત્ર કહેવાય છે. ધ્યાન રાખવું કે અવમશબ્દનો અર્થ ન્યૂન કે ઓછી એવો થશે. પણ અવમનો અર્થ ક્ષીણ નાશ કે ક્ષય નહિં થાય. ભાદરવા વદિ એકમે કે આસો વદી એકમે જ માત્ર ઓછી એટલે એક એકસઠ પૂર્ણાંક બાસઠ અંશવાળી તિથિ છે, તેથી શાસ્ત્રકારો અવમતિથિ અને પતન્તી પ્રવિષ્ટા એવા જુદા નામે જ બન્ને તિથિઓને જુદી જુદી જણાવે છે. અર્થાત્ યુગના પ્રારંભમાં પ્રથમ

અવમરાત્રિ આસો વદિ ૧ની ગણાય અને આસો વદની બીજ ક્ષીણ તરીકે ગણાય. એવી રીતે આગળ પણ છે. આ હકીકતને યર્થાથપણે સમજનારો મનુષ્ય અવમરાત્રને ક્ષીણરાત્ર કે ક્ષીણરાત્રને અવમરાત્ર તરીકે ગણવા તૈયાર થશે જ નહિ.

ક્ષીણતિથિ કઇ ?

ઉપરની હકીકત બરોબર સમજનારા સ્હેજે સમજી શક્યા હશે કે અવમરાત્ર સૂર્યોદયને ફરસનાર હોય છે અને તેથી અવમરાત્રનો ક્ષય હોતો નથી. પણ તે પડવાઆદિ અવમરાત્રમાં ભળવાવાળી એટલું જ નહિં, પણ એકસઠ એવા બાસઠ ભાગ સુધી રહેવાવાળી જે તિથિ હોય છે, અને તે બીજ ચોથ છઠ આઠમ આદિ તિથિઓ તે ક્ષીણ તિથિઓ હોય છે. જેમ એકમ અવમરાત્ર હોય અને બીજ ક્ષીણતિથિ હોય ત્યારે એકમ એકજ એકસઠીયા બાસઠ અંશવાળી હોય છે, પણ તે એકમ ભાદરવા સુદ પુનમને દિવસે એકસઠ જેટલા એકસઠીયા બાસઠ અંશ સુધી રહેવાવાળી હોય છે.

વધારે તિથિ ભોગને માનનારા અને પડિક્કમણા વખત તિથિ માનનારાઓને ચેતવણી

આવી રીતે અવમરાત્ર અને ક્ષીણતિથિની હકીકત ધ્યાનમાં ઉતારવાવાળા મધ્યસ્થને સ્પષ્ટ માલમ પડશે કે ભોગની અપેક્ષાએ તિથિ માની શકાય નહિં. કારણ કે સૂર્યોદયને માત્ર એક જ એકસઠ બાસઠીયા ભાગ જેટલી ફરસવાવાળી આસો વદિ એકમ આદિ તિથિયોને શાસ્ત્રકારોએ સ્થાન સ્થાન પર વિદ્યમાન તિથિ તરીકે માનીને અવમરાત્ર તરીકે સ્થાન આપ્યું. અને તેજ આસો વદિ એકમ આદિ અવમરાત્રિઓને દિવસે બરોબર એકસઠ એવા તિથિને અંગે આવતા સંપૂર્ણ બાસઠીયા એકસઠ ભાગ સુધી રહેવાવાળી તિથિઓને પર્વતિથિ ક્ષીણતિથિ કે પ્રવિષ્ટતિથિ તરીકે ગણાવે છે. વળી જો વધારે ભોગવાળી થાય તેને અંગે તિથિ ગણવામાં આવે તો દરેક ઋતુના ચાર પર્વ પછી અવમરાત્ર કે ક્ષીણરાત્રનો વખત ન આવે, પણ માત્ર બે પર્વના ત્રીશ દિવસ જાય એટલે બાસઠીયા એકત્રીશ ભાગ રહે એટલે તેનો બીજો દિવસ જ ત્રીશ બાસઠીયા એકસઠ ભાગ તિથિ થઇ જાય છે, માટે ત્યાંથી જ તે તે એકમને અવમરાત્ર માનીને તેની સાથેની જ ભાદરવા વદ બીજ આદિને અવમરાત્રમાં ભળેલી ક્ષીણતિથિ તરીકે માની લેવી પડે. પરંતુ કોઇપણ શાસ્ત્રકારે તેવી રીતે બે પર્વને અંત્યે અવમરાત્રિઓ કે ક્ષીણતિથિઓ માની નથી, અને તે બે પર્વની અનન્તરની બીજ આદિને કાંઇ ક્ષીણતિથિ તરીકે માની જ નથી. આ હકીકત સમજવાથી સ્પષ્ટ સમજાશે કે શાસ્ત્રકાર મહારાજાઓએ તિથિના વ્યવહારને માટે સૂર્યોદયને ફરસાવવાનું જ ધોરણ રાખ્યું છે. અર્થાત્ એક બાસઠીયા એકસઠ ભાગને ફરસવાવાળી તિથિ તે દિવસે ગણી લેવાય છે અને સૂર્યોદયને નહિં ફરસવાવાળી બીજ આદિ તિથિ આખીએ તે સૂર્યમાં હોય છતાં તે સૂર્યોદયને ન ફરસે માટે જ તેને ક્ષીણ ગણાય છે, આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે કે ઉદયવાળી તિથિએ જ પૂજા પચ્ચખાણ પ્રતિક્રમણ અને નિયમગ્રહણ કરવાનું જે કહે છે, અને ઉદયવાળી તિથિને છોડીને બેસનારને કે પડિક્કમણા વખતે હોવાની અપેક્ષાએ તિથિ માનનારાઓને શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞાના વિરોધ કરનારા મિથ્યાત્વ પામનારા વગેરે દોષો જણાવે છે એ બરાબર સૂત્રાનુસારે જ છે, એમ ચોથા પર્વ પછી દરેક ઋતુમાં અવમરાત્ર લેવાથી અને આસો વદિ બીજ આદિ તિથિઓ જ ક્ષીણતિથિઓ હોય જણાવવાથી સ્પષ્ટ જ છે. એ પણ સ્પષ્ટ થયું કે પડિક્કમણા વખતે જે તિથિ આવે તે તિથિ માનવી

અને તેનું અનુષ્ઠાન તે તે દિવસે કરવું એ પણ શ્રી જિનેશ્વર મહારાજની આજ્ઞાથી વિરૂદ્ધ જ છે. કારણ કે પડિક્કમણા વખતે જે તિથિ આવે તેને તિથિ તરીકે માનવી હોત તો દરેક ઋતુના પર્વ પછીના આવતા પડવાને જ અવમરાત્રિ તરીકે માનત અને ભાદરવા વદ બીજ આદિને જ ક્ષીણ તિથિ તરીકે માનત, કેમકે અડધી ઋતુ જાય એટલે અડધા કરતાં ઓછી તિથિઓ થઈ જવાથી સાંજના પડિક્કમણા વખત તે તિથિઓનું પલટાઇ જવું થાય છે. અને ભાદરવા વદ બીજ આદિ તિથિઓ જ પડિક્કમણાં ફરસવાવાળી નહિં હોવાથી તે ભાદરવા વદ બીજ આદિ તિથિને જ ક્ષીણ તિથિ માનવી પડત. પરંતુ શાસ્ત્રકારોએ ભાદરવા વદ બીજ આદિને ક્ષીણ તિથિ ન માનતા જે આસો વદ બીજ આદિને ક્ષીણ તિથિ તરીકે દરેક સ્થાને જણાવી છે, તેથી સ્પષ્ટ થાય છે કે પડિક્કમણા વખતે બેસે તે તિથિ માનવી અને પડિક્કમણાને જે તિથિ ન ફરસે તે ક્ષય પામેલી માનવી એ સૂત્રને અનુસરતું નથી, પણ સૂત્રથી વિરૂદ્ધ જ છે. સામાન્ય રીતે જોઇએ તો શાસનમાં દિવસના બાર વાગ્યા પછી દિવસ વ્યતિકાંત થયેલો ગણીને દૈવસિક પાક્ષિક આદિ પડિક્કમણાની ક્રિયા કરવાની થાય છે, અને તેમાં પણ કોઇ કોઇ ક્યારે ક્યારે પડિક્કમણા કરનારા હોય તેથી શું કોઇએ દૈવસિક કરવું અને કોઇએ પાક્ષિક કરવું ? આ હકીકત વિચારતાં પણ સ્પષ્ટ થશે કે પડિક્કમણાની વખત તિથિ બેસે તે માનવી એ શાસ્ત્રીય નથી, તેમ વ્યાવહારિક પણ નથી. એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે પાક્ષિક આદિ દિવસોએ ઉપવાસ છઠ વગેરે ન કરે તેને પ્રાયશ્ચિત છે અને તે પાક્ષિક આદિને અંગે કરાતી ઉપવાસ આદિ તપસ્યા તિથિના બેસવાની સાથે સંબંધ રાખનારી નથી, પણ સૂરે ઉગ્ગએ કે ઉગ્ગએ સૂરે એવા પાઠવાળાં પચ્ચખ્ખાણો હોવાથી સૂર્યોદયની સાથે જ સંબંધ ધરાવનારી છે. માટે તિથિનો સંબંધ સૂર્યોદયની સાથે જ રખાય છે પરન્તુ તિથિના અધિક ભોગવટાની સાથે કે પડિક્કમણાની વખતે આવવા સાથે નથી રખાતો અને તે વ્યાજબી જ છે.

સૂર્યોદયને પામીને સમાપ્ત થાય એ તિથિ

પૂર્વે જણાવેલ અવમરાત્ર અને ક્ષીણરાત્રનું પ્રકરણ બરોબર વિચારનારને પણ માલમ પડયું જ હશે કે પહેલી તિથિમાં થયેલા સૂર્યોદયને ઘણા વખત સુધી યાવત્ સાઠ એવા બાસઠીયા એકસઠ ભાગને ફરસવાવાળી છતાં પણ તે દિવસ તે અવમરાત્રિની બીજ આદિ તિથિ ગણાતી નથી. પણ માત્ર એક જ બાસઠીયા એકસઠમા ભાગના માનવાવાળી છતાં પણ સૂર્યોદયને ફરસીને જે આસો વદિ એકમ આદિ તિથિઓ સમાપ્ત થાય છે તે જ આસો વદિ એકમ આદિ તિથિઓ તે દિવસે ગણાય છે. આસો વદિ બીજ આદિ તિથિઓ જો કે તે સૂર્યમાં ઘણી રહે છે અને બેસે છે તથા સમાસ પણ થાય છે, છતાં તેનો ક્ષય માનેલો છે, માટે સ્પષ્ટ થયું કે સૂર્યોદયને પામીને સમાપ્ત થતી તિથિ માનવી એજ શાસ્ત્રાનુસારી છે.

ક્ષીણતિથિની સમજ

ઉપર જણાવેલ હકીકતને વિચારનારો સમજી શકશે કે જે જે તિથિમાં સૂર્યનો ઉદય થાય તે તે તિથિ જ ગણાય, અને જે જે તિથિમાં સૂર્યોદય ન થયો હોય અને પછી તે તિથિ ભળે સાઠ ભાગ શું પણ એકસાઠ ભાગ સુધી રહેનારી હોય તો પણ તેને પતત્તિથિ કે પતિતા તિથિ કહેવાય છે. જુઓ **लोकप्रकाशे सर्ग २८ श्लोक ८०३ एवं चद्वाषष्टितमी, नाम्ना सूर्योदये तिथिः। पतितेति ततो लोके, शुभकार्येष्वनादृता॥** અર્થાત્ બાસઠમી તિથિ સૂર્યોદયને પામતી નથી માટે લોકોમાં તે પડી ગઇ ક્ષય પામી એમ કહેવાય છે અને કોઇપણ શુભ કાર્યોમાં તે તિથિનો આદર કરાતો નથી. વળી **सोऽत्थ तिही परिहायइ** કે (તે બીજી તિથિ) અહિં નાશ પામે છે, એવા શાસ્ત્રના વચનથી પણ સૂર્યોદયને નહિં પામવાવાળી તિથિ ક્ષય પામેલી

ગણાય, વળી તે ક્ષીણ તિથિ પહેલામાં ભળેલી છે, તો પણ ક્ષય પામેલી ગણાય છે તેથી **युक्ता पतितया षष्ठ्या** એમ કહીને ક્ષય પામેલી છઠની સાથેની માધવદિપાંચમ જણાવી. એવી જ રીતે **द्वितीयात्तः समाविष्टा, जायते पतिता तिथिः** એટલે અવમરાત્રી પડવાની હોય અને તેમાં પેસી જઈને બીજ પતિત એટલે ક્ષીણ તિથિ ક્યારે થાય ? આવો શાસ્ત્રોમાં પ્રશ્ન છે. આ પ્રશ્ન પણ જણાવે છે કે ભળેલી તિથિને ક્ષીણ તિથિ જ કહેવાય. અર્થાત્ પડવો બીજ ભેળાં છે એમ કહેનારા શાસ્ત્ર અને વ્યવહારથી વિરૂધ્ધ વર્તનારા છે.) વળી ૨૬માં શ્લોકે **पतत्तिथिर्द्वितीयेति** એટલે ક્ષય પામેલી બીજની તિથિ ક્યારે હોય એમ પૂછયું. આ લોકપ્રકાશના અને આવી રીતના જ જ્યોતિષ્કરંડક અને સૂર્યપ્રજ્ઞપ્તિના લેખોથી પડેલી ભળેલી મળેલી તિથિને ક્ષીણ તિથિ કહેવામાં આવે છે. આજ કારણથી દુનિયાનાં બધાં પંચાગોમાં ક્ષય પામેલી તિથિની માત્ર ઘડીયો લખી બાકી નક્ષત્રાદિ કોઠાઓમાં શૂન્યો લખવામાં આવે છે. તેમજ એવી સૂર્યના ઉદયને નહિં પામનારી તિથિ ભીંતિયાટીપ્પણામાં લખાતી નથી. શાસ્ત્રકારો પણ **क्षये पूर्वा तिथिः कार्या** એ વચન કહી સૂર્યોદય વિનાની તિથિનો ક્ષય જ જણાવે છે. તત્ત્વરંગિણીકાર શ્રી ધર્મસાગરજી મહોપાધ્યાય પણ **तिहिपडणे पुव्वतिही** અર્થાત્ સૂર્યોદયને નહિં ફરસનારી તિથિને પડેલી એટલે ક્ષય પામેલી જ તિથિ જણાવે છે, આ ઉપરથી સ્પષ્ટ થશે કે જૈનપ્રવચન અને વીરશાસનને નામે ચાલતાં પત્રોએ જે ભેગી તિથિઓ લખી ભીંતિયાં પંચાંગો કાઢયાં છે. તે શાસ્ત્ર અને વ્યવહારથી વિરૂદ્ધ હોવા સાથે જુઠાં અને લોકોને ધર્મારાધન કરતાં ભ્રમ કરાવનારા છે.

ભળતી તિથિ એટલે શું ?

જૈનશાસ્ત્ર અને લૌકિકશાસ્ત્રને જાણનારા સ્પષ્ટ રીતે જાણે છે અને માને છે કે કોઈ પણ દિવસ એવો ન હોય કે જેમાં એકની એક તિથિ જ હોય અર્થાત્ જૈનશાસ્ત્ર પ્રમાણે દિવસ બાસઠ ભાગ પ્રમાણે હોય છે અને તિથિ એકસઠ બાસઠીયા ભાગ જેટલી હોય છે. તેથી કોઈપણ દિવસની બરોબર કોઈપણ તિથિ હોય જ નહિં. લૌકિક પંચાંગોમાં પણ એકેક તિથિમાં ભળેલી જ હોય છે. તો પછી ક્ષીણ તિથિને ભળેલી ગણીને બીજી બધી તિથિઓ વગર ભળેલી અને ચોક્ખી છે એમ સૂચવવું એ સત્ય વદનાર અને લખનારને શોભે જ નહિં. લૌકિક પંચાંગ પ્રમાણે જ તિથિની વૃદ્ધિ હોય છે. જૈનશાસ્ત્ર પ્રમાણે તો એકસઠ બાસઠીયા ભાગ જેટલી જ બધી તિથિઓ હોવાથી બાસઠ ભાગ પ્રમાણે દિવસથી કોઈ દિવસ વધે જ નહિં. અને જૈનશાસ્ત્રો પ્રમાણે તિથિઓની વૃધ્ધિ હોય જ નહિં. જો કે જૈનશાસ્ત્રોમાં અતિરાત્રિ એટલે અધિક દિવસનો અધિકાર ચાલ્યો છે. પણ તે અધિક દિવસ સૂર્યમાસની અપેક્ષાએ છે, અને વ્યવહારથી બહાર છે, માટે વ્યવહાર માસ કહો કે કર્મમાસ કહો એમાં તિથિની વૃધ્ધિ હોય જ નહિં, એટલે લૌકિક હિસાબે વૃદ્ધિ તિથિ સિવાય અને જૈનશાસનને હિસાબે કોઈ દિવસ, દિવસ આખા દિવસ જેટલી તિથિ હોય જ નહિં. અને તેથી સર્વતિથિઓ ભળેલી જ છે. આ ઉપરથી એ પણ નક્કી થયું કે અમુક તિથિને જ ભળેલી તિથિ તરીકે લખવી એ ખોટું જ છે.

ભળેલી તિથિ માનવામાં આચારલોપ

પૂર્વે જણાવ્યા પ્રમાણે તિથિને ક્ષીણ માનવાથી તો કાલની હાનિ નથી થતી તો પછી તિથિયોમાં પણ હાનિ વૃધ્ધિ કેમ થાય એવો પ્રશ્ન થયો અને ચંદ્રમાસ તથા કર્મમાસના ફરકની અપેક્ષાએ તિથિની હાનિ થાય છે એમ જણાવ્યું અને સૂર્યોદયને નહિં પામેલી તિથિને જ પતિત તરીકે સ્પષ્ટ જણાવી છે. આગળ જણાવી ગયા તેમ ક્ષય પામેલી તિથિને ક્ષીણ તિથિ તરીકે નહિં માનતાં ભળેલી તિથિ માનવાનું આ લોકને બીજું કંઈ કારણ નથી. અને

એકવડી પર્વતિથિઓમાં ક્ષીણ તિથિ કરીને માનવામાં કે, ભળેલી તિથિ તરીકે માનવામાં દેખીતી અડચણ આવે નહિં કે ભેદ પડે નહિં. કેમકે નામમાત્રથી પડવો બીજ આદિને ભેગી બોલે અને લખે છે. પણ તે ક્ષીણ તિથિની આરાધના તો સવારથી માંડીને સાંજ સુધી અને બીજા સૂર્યોદય સુધી પર્વતિથિ તરીકે જ માનીને કરે છે. એટલે સામાન્ય દૃષ્ટિએ અડચણ ન દેખાય. પણ જ્યારે લૌકિક હિસાબે કોઈપણ બેવડી ગણાતી પર્વતિથિમાં ઉત્તર પર્વતિથિનો ક્ષય હોય અને જૈનશાસન હિસાબે પણ પૌષસુદિ ૧૫નો યુગના મધ્યમાં અને બીજા અષાઢ સુદિ ૧૫નો યુગના અંતમાં ક્ષય હોય ત્યારે આવી રીતે ભળતી તિથિ માનનારને અડચણ આવશે. વાચકોએ યાદ રાખવું જરૂરી છે કે દરેક યુગના અન્ત્યે અષાઢ મહિના બે હોય અને તે દરેક બીજા અષાઢ મહિનામાં ચોમાસી પડિકમણું થતું હતું. અને શ્રી કાલિકાચાર્યમહારાજે સંવચ્છરી ચોથની કરી નહોતી ત્યાં સુધી અષાઢચૌમાસીનું પડિક્મણું પણ તે બીજા અષાઢની પૂનમે જ થતું હતું, એ પણ ધ્યાનમાં રાખવું. જ્યારે ચોમાસી પડિક્મણું પૂનમનું થતું હતું અને તેથી શ્રી સૂયગડાંગજીની ટીકામાં શ્રી શીલાંકાચાર્ય મહારાજા આરાધના લાયક પુર્ણિમા ગણાવતાં तिस्रश्चातुर्मासिकतिथयः એમ કહી પૂનમની ત્રણે ચોમાસીઓ હતી એમ જણાવે છે, અને ચોમાસીની પૂનમો હતી ત્યારે પણ પક્ખી તો ચૌદશની જ હતી, અને તેથી જ સેનપ્રશ્નમાં ચૌમાસી પૂનમની હતી ત્યારે પક્ખી પડિકમણાં ચોવીસ થતાં હતાં એમ જણાવ્યું છે. સર્વ તપાગચ્છ અને ખરતરગચ્છવાળાઓને પણ એ વાત તો કબુલ જ છે કે શ્રી કાલિકાચાર્યમહારાજની પહેલા અષાઢ આદિ પૂનમોએ ચૌમાસી થતી હતી અને દરેક પક્ષની ચૌદસેપકખી પડિક્કમણું થતું હતું, હવે આ જગા પર ભળતી તિથિને માનનારા અને કહેનારાઓએ વિચારવાનું છે કે દરેક બીજા અષાઢે જ્યારે પૂનમનો ક્ષય જ આવે અને પરંપરા તથા શાસ્ત્રના લેખને અનુસરે તેમજ ક્ષયે પૂર્વા ના નિયમને બરોબર વિચારી ક્ષય પામેલી પર્વતિથિની આરાધના પણ ન જવી જોઈએ તો ક્ષય કરેલીની આરાધના તો જાય જ કેમ ? ધ્યાનમાં રાખવું કે પૂનમનો ક્ષય યુગના મધ્ય ભાગે બીજા પૌષમાં અને યુગના અંત્યભાગે બીજા અષાઢમાં જૈનશાસનના હિસાબે જરૂર આવે છે, તો ક્ષયે પૂર્વાના નિયમથી ક્ષીણ એવી પૂનમ તો ચૌદશે કરી, પણ ચૌદશના દિવસે પૂનમ માનતાં ચૌદશનો ક્ષય થવા આવ્યો એટલે કહો કે પૂનમ તો ક્ષય પામેલી હતી પણ ચૌદશ તો ક્ષય પામેલી નથી પણ ક્ષય કરેલી છે માટે તેથી પણ પહેલાની પણ તેરસતિથિનો ક્ષય માની તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કરવી જ જોઈએ. એ વાત જુની ગાથાઓથી અને જુના લેખોથી સાબીત થવા સાથે પરંપરાથી પણ સાબીત થાય છે. એમ છતાં જેઓ ન તો ચૌદશનો તેવા પ્રસંગે ક્ષય માને કે ન તો તેરસનો ક્ષય માને, અને પૂનમનો ક્ષય માની ચૌદશ અને પૂનમ ભેગાં માને તેઓના મત દરેક યુગને અંતે આષાઢ સુદિ પૂનમનો ક્ષય હોવાથી તે બીજા અષાઢ સુદિ ચૌદશમાં પૂનમ ભેગી માની લે તેમાં પક્ખી પડિક્કમણું ઉડાવી દેશે કે ચૌમાસી પડિક્કમણું ઉડાવી દેશે ? જો તેવે વખતે તેરસનું પાખી પડિક્કમણ અને ચૌદશનું ચોમાસીપડિક્કમણું કરવાનું માનશે એટલે સ્પષ્ટ થયું કે આપોઆપ તેરસનો ક્ષય માન્યો. ચૌદશ તે વખત ઉદયવાળી છતાં પણ ચૌદશે પૂનમ માની અને તેરસે તેરસનો ઉદય છતાં અને ચૌદશનો ઉદય નહિં છતાં પણ તે દિવસે ચૌદશ માનવી પડી, એટલે એ પણ ચોક્કું થયું કે જેમ ભળતી તિથિ ન મનાય તેમ ઉદયનો નિયમ પણ ક્ષય સિવાય અને વિશેષે કરીને ઉત્તરપર્વની તિથિના ક્ષય સિવાયમાં જ લાગુ પડે, અને જેઓ ઉત્તરપર્વના ક્ષયમાં પણ ઉદયનો નિયમ પકડી જ રાખે તેઓને દરેક યુગના અંતે

પક્ખી પડિક્કમણાનો પ્રસંગ જ પ્રાપ્ત થાય અને ચૌમાસી પડિક્કમણોને ઉડાવી દેવું જ પડે કેમકે તે બીજા અષાઢ સુદિ ચૌદશનો ઉદય છે પણ પૂનમનો ઉદય નથી. અને કહાંય એમ માની લે કે સૂર્યોદયવાળી તિથિ જ માનવી એ નિયમ ક્ષય અને વૃદ્ધિના પ્રસંગ સિવાયના વખત માટે છે તો ચૌદશ પૂનમ ભેળાં માનવામાં વગર ઉદયવાળી પૂનમ માનીને ચૌમાસી પડિક્કમણ કરવું યોગ્ય માનશે તો પક્ખી પડિક્કમણું નહિં મનાય અને લોપવું જ પડશે. આમ શાસ્ત્રના હિસાબે પક્ખી કે ચૌમાસીને લોપ માનવો પડશે. કદાચ કહેવામાં આવે કે જ્યારે ચૌમાસી પૂનમની હતી ત્યારે પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરવો યોગ્ય હોય પણ અત્યારે તો ચૌમાસી ચૌદશની છે માટે પૂનમના ક્ષયે તેરસનો ક્ષય માનવાની જરૂર નથી તો આ કથન નકામું છે, કારણ કે ચૌમાસી પૂનમની હતી ત્યારે પૂનમના ક્ષયે તેરસનો ક્ષય પૂર્વધરોએ અને બધાએ માન્ય કર્યો હોય તો પછી ચૌમાસી બદલાવાથી તે તેરસના ક્ષયની રીતિ બદલાવવાનું યોગ્ય ગણાય જ નહિં. વળી શું એમ કહેવાને તે પક્ષવાળા કે અન્ય કોઈ પણ હિમ્મત કરી શકશે કે પૂર્વધર મહારાજાઓ ઉદયવાળી તિથિનો નિયમ માત્ર સામાન્ય પ્રસંગમાં તિથિના અધિક ભોગની માન્યતા અને પડિક્કમણાના વખતે મનાતી તિથિના પક્ષનો નિરાસ કરવા ઉપયોગમાં લેતા હતા અને ક્ષય કે વૃદ્ધિના પ્રસંગમાં તે નિયમ નહિ રાખતાં ક્ષયે પૂર્વા આદિના નિયમને નહોતા લાગુ કરતા. પણ તે ઉદયના નિયમને હમે રાખી તે ઉદયયુકતા નિયમને લાગુ કરીશું-એમ નહિં કહેવાનું કારણ એ છે કે પૂર્વધરોના વચન કે માન્યતા ઉઠાવવી કે ઉડાવવા તૈયાર થવાનું કાર્ય ભવભીરૂથી તો બને જ નહિં. વળી એ પણ યાદ રાખવું કે દરેક માસની પૂનમ શ્રાવકોએ દેશપૌષધ આદિથી તો આરાધવાની છે. અને તેથી દરેક પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરી તેરસે ચૌદશ માની તેનો સંપૂર્ણ પૌષધ કરવો જ પડશે. અર્થાત્ પંચમી આદિ એકવડી પર્વતિથિના ક્ષયે તેની પહેલાની એક જ તિથિ પલટાવવી પડશે, પણ પૂનમ જેવી કે બેવડી પર્વતિથિઓમાં ઉત્તર પર્વતિથિના ક્ષયે તેની પહેલાની બન્ને તિથિઓ પલટાવવી જ પડશે અને એમ નહિં કરવામાં એક પર્વની દિનપ્રતિબધ એવી પૌષધાદિ ક્રિયાનો લોપ જ માનવો પડશે. આમ હકીકત હોવાને લીધે શ્રી સેનસૂરિજી મહારાજે પાંચમના ક્ષયે તેનો તપ પૂર્વતિથિમાં કરવો એમ જણાવ્યું. પણ સાથે જ પૂનમના ક્ષયે તેનો તપ પૂર્વની તિથિમાં કરવાનું ન જણાવતાં પૂનમના ક્ષયે બે તિથિને પલટાવવાની હોવાથી त्रयोदशीचतुर्दश्योः એમ દ્વિવચનથી ઉત્તર દીધો. એટલું જ નહિં. પણ પૂનમની પહેલાની ચૌદશ છતાં તેરસે ભૂલી જાય તો પણ પૂનમનું તપ પૂનમની પૂર્વતિથિ જે ચૌદશ છે એમાં જણાવવા त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यपि એમ જણાવી સ્પષ્ટપણે બે પર્વતિથિઓને ભેગી કરવાની મનાઈ જ કરી છે. વળી જો त्रयोदशीचतुर्दश्योः એ દ્વિવચનનો પ્રયોગ બન્નેના પલટા માટે ન હોય પણ ચૌદશે અને પૂનમે તપ કરનાર માટે હોય તો પ્રથમ તો પ્રશ્નકારે એકલા પૂનમના તપનો જ પ્રશ્ન કરેલો છે માટે તે કથન યોગ્ય નથી. વળી તિથિઓને ભેળવી દઈને ચૌદશને પૂનમને ભેગાં કરવાં હોત તો પણ त्रयोदशीचतुर्दश्योः એમ કહેવું વ્યાજબી નહોતું. ચૌદશના તપની સાથે પૂનમના તપને કરનાર માટે એ त्रयोदशीचतुर्दश्योः એમ લઈએ તો પણ આવી જ ગયું કે ચૌદશનો તપ તેરસે અને ક્ષીણ પૂનમનો તપ ચૌદશે કરવો. અર્થાત્ સ્પષ્ટ થયું કે પૂનમના ક્ષયે તેરસનો જ ક્ષય કરવો. વળી ધ્યાન રાખવું જરૂરી છે કે જો ચૌદશના તપને કરવાવાની અપેક્ષાએ त्रयोदशीचतुर्दश्योः એમ દ્વિવચન કહ્યું હોત પણ બે તિથિના પલટાને માટે ન કહ્યું હોત તો त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यपि એમ પ્રતિપદને એકવચનથી ન જણાવાત. કેમકે

તેઓના મત પ્રમાણે પૂનમનો તપનો પ્રશ્ન ચૌદશના તપવાળાને લેવો છે. તો પછી બન્ને તપને માટે चतुर्दशीप्रतिपदोः એમ દ્વિવચન જ બે તપસ્યાને માટે કહેવું પડત. વળી ભેગી તિથિ માનનારને તો પૂનમ ક્ષય પામી તો પણ તેનો તપ ચૌદશના તપની સાથે જ થવાથી प्रतिपद्यपि એમ કહેવાનું રહેતું નહોતું. પરન્તુ ફક્ત चतुर्दश्यां એમ જ કહેવાની જરૂર હતી. અર્થાત્ चतुर्दशीप्रतिपदोः એમ ન કહ્યું કે ન તો चतुर्दश्यां એમ કહ્યું, તે ઉપરથી એટલું સ્પષ્ટ થયું કે ચૌદશના તપને અંગે દ્વિવચન નથી, પણ પૂનમના ક્ષયે બે તિથિના પલટાને અંગે જ દ્વિવચન છે. કદાચ એમ કહેવામાં આવે કે त्रयोदशीचतुर्दश्योः એ દ્વિવચન પ્રયોગ હોવાથી એમ અર્થ લઈએ કે ક્ષીણ એવી પૂનમનો તપ તેરસે કરવો અને ચૌદશનો તપ તો ચૌદશ ઉદયવાળી છે માટે ચૌદશે જ કરવો એમ નક્કી થયું, અને તેરસે પૂનમનું તપ ભૂલી જાય તો પછી ચૌદશને દિવસે જ ચૌદશનો તપ કરવો અને પૂનમનો તપ તેરસે ન થયો તો હવે પડવાને દિવસે કરવો. પરંતુ આ કહેવું વ્યાજબી નથી, કારણ કે બીજ, પાંચમ, આઠમ અને ચઉદશની માફક પુનમ પણ ઉદયવાળી જ લેવાની છે. કોઈપણ જગો પર એકલી ચઉદશ જ ઉદયવાળી લેવી પણ બીજઆદિ ઉદયવાળી ન હોય તો પણ ચાલે. વળી ક્ષયને પ્રસંગે કે વૃધ્ધિને પ્રસંગે ઉદયનો નિયમ ન રહે પણ ભોગવટાનો નિયમ રહી શકે, એમ કહેવામાં આવે તો તે યોગ્ય છે, કારણ કે તેરસે ચૌદશનો ભોગ છે અને ચઉદશે પુનમનો ભોગ છે, માટે તે હિસાબે પણ તેરસે ચૌદસ અને ચૌદશે પૂનમ એમ પૂનમના ક્ષયે બે તિથિઓનો પલટો કરવો જ પડે. વળી વિચારવું જોઈએ કે શું તેરસે કે પડવે ક્ષીણ થયેલ પૂનમનો ઉદય તો નથી જ , પણ સાથે ભોગવટો પણ નથી જ . પ્રથમ તો તિથિઓ ભેગી માનવાની અપેક્ષાએ તો પૂનમના ક્ષયે તેરસે કે પડવે તે પૂનમની તપસ્યા કરવાનું કહેવાય જ નહિં. એટલે સ્પષ્ટ થયું કે પર્વતિથિઓ બે હોય તો તે બે પર્વો અગર અપર્વમાં પર્વતિથિ ભેગી તો થાય જ નહિં. વળી તેરસે ભૂલી જવાય તો પૂનમનું તપ ચૌદશે કરવાનું નથી જણાવ્યું તેનો પણ અર્થ ખુલ્લો જ છે કે તેરસે જો પૂનમનો ક્ષય છે એમ યાદ ન આવ્યું અને તેથી તેરસે તેરસ જ માનીને તેરસનો બધો વ્યવહાર કર્યો, છતાં જો ચૌદશે પૂનમનું તપ કરવાનું જણાવે છે તો સ્પષ્ટ થઈ જાય કે ચૌદશનો ક્ષય માની લેવો અને તે દિવસે પૂનમ માની લેવી. અર્થાત્ તેરસે ચૌદશ ન કરી તો પહેલે દિવસ ચૌદશ કરવી અને પછી બીજો દિવસ જે પડવાનો છે તે દિવસ વગર છૂટકે પૂનમનો તપ કરવો જ પડે. તેરસે પૂનમનું તપ કરવું અને પૂનમના તપવાળાઓ તેરસે પૂનમ માનવી અને તે પૂનમ પછી બીજે દિવસે ચૌદશ માનવી એમ કહેવા કે કરવાથી અલૌકિકપણે પૂનમ પછી ચૌદશ માનવાનું થઈ પડશે. વળી એ હિસાબે તો ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજને દિવસે પાંચમ માનવી પડશે અને પાંચમ પછી તેને બીજે દિવસે ચોથ માનવી પડશે. વળી અમાવાસ્યાના ક્ષયે તેરસે અમાવાસ્યા માનવી પડશે અને અમાવાસ્યાને બીજે દિવસે ચૌદશ માનવી પડશે. અર્થાત્ પૂનમના ક્ષયે ભેગી તિથિઓ પણ નહિં મનાય, તેમ તેરસે પણ પૂનમ નહિં મનાય. પરન્તુ પૂનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ જ મનાશે. અને એ ઉપરથી નક્કી થશે કે સૂર્ય ઉદયનો, સમાપ્તિનો કે ઉદયની સાથે સમાપ્તિના નિયમો બે પર્વ સાથે ન હોય અને ઉત્તર પર્વનો તેમાં ક્ષય ન હોય તેવી તિથિના ક્ષયને અંગે જ છે, અને એમ માનવાથી દરેક યુગના અંતે અષાઢ સુદ ૧૫ નો ક્ષય હોય જ અને ત્યારે તેરસે પક્ખી પડિક્કમણું કરી ચૌદશને દિવસે જ ચૌમાસી પડિક્કમણું કરવું જોઈએ, અને તેમજ થતું પણ હતું. ખરતરગચ્છવાળાઓ પણ પર્વતિથિના ક્ષયે તેની પહેલાની અપર્વતિથિનો ક્ષય

માનીને તે અપર્વતિથિને જ પર્વતિથિ તરીકે માનીને જ ક્ષીણ અષ્ટમીના પ્રસંગમાં સપ્તમીનો ક્ષય ગણી તે સપ્તમીને જ અષ્ટમી ગણીને અષ્ટમીના પૌષધ વગેરે કરે છે. કેમકે તેઓના મત પ્રમાણે પર્વતિથિ સિવાય પૌષધ હોય નહિં, અને અપર્વમાં પૌષધ કરે તો તે અવિધિ ગણાય, માટે તે ખરતરો પણ સાતમમાં ભળેલી આઠમ માનતાં નથી અને માની શકાય પણ નહિં, જો કે તે ખરતરવાળા અન્ય તિથિઓના ક્ષયે તે ક્ષય પામેલી પર્વતિથિની પહેલાની અપર્વતિથિનો ક્ષય માનીને તે દિવસે પર્વતિથિ માની પૌષધાદિ કરે છે. પણ જ્યારે ચૌમાસી કે અન્ય પણ ચૌદશનો ક્ષય હોય છે ત્યારે તેઓ તેરસનો ક્ષય કરી તે દિવસે ચૌદશ ન કરતાં પૂનમનો ક્ષય કરી તે દિવસે ચૌદશનું ચઉમાસી કે પક્ખી પડિક્કમણું કરે છે. પણ તેઓની તે પ્રવૃત્તિ ધંગધડા વગરની છે. એટલું જ નહિં, પણ માત્ર પોતાની કલ્પનાથી જ ઉભી કરેલી છે, કેમકે એ પ્રવૃત્તિ શ્રી કાલિકાચાર્ય મહારાજે કરેલી પલટાની આચરણાં કરતાં પહેલાની હોઇ શકે જ નહિ, કારણ કે ઉપર જ જણાવ્યું તેમ દરેક બીજા અષાઢે પૂનમનો ક્ષય જ હોય અને ખરતરગચ્છવાળો પજુસણાને માટે જો કે પહેલા ભાદરવામાં પજુસણ કરી લે છે છતાં અષાઢની વૃદ્ધિ હોય તો ત્યારે બીજા અષાઢમાં જ શાસ્ત્રકારો ચઉમાસી જણાવે છે અને ખરતરગચ્છવાળાઓ તેમ માને છે પણ ખરા. પજુસણના આંતરાના પચાસ દિવસ કે વીસ દિવસ સહિત મહિનાની માફક તે બીજે અષાઢે ચૌમાસી પડિક્કમણું કરતાં નથી તો પંચમાસી પડિક્કમણું માનતો કે નથી તો दसण्हं पक्खाणं કે पन्नाससयं राइंदियाणं એમ પાઠ બોલતા, અને બોલે તો પણ શાસ્ત્રથી વિરૂધ્ધ ઠરે. કારણ કે શાસ્ત્રોમાં અભિવર્ધિત વર્ષે અષાઢ વધેલો હોય ત્યારે પણ સ્થિરતા માટે વીસ દિવસ અષાઢ ચૌમાસીથી જ જણાવેલા છે, પણ અષાઢ પંચમાસીથી જણાવેલા નથી. એટલે સ્પષ્ટ થયું કે બીજા અષાઢમાં જ ચૌમાસી પડિક્કમણું થતું હતું અને તે કાલમાં ચૌમાસી પડિક્કમણું પૂનમને દિવસે થતું હતું એમ ચોક્કસ છે અને ખરતરગચ્છવાળા તેમ માને પણ છે. તો પછી તે ખરતરગચ્છવાળાઓને પણ પક્ખી અને ચૌમાસી બન્ને પડિક્કમણાં જાળવવા માટે બીજા અષાઢ સુદિ ૧૫ના નિયમિત ક્ષયને લીધે દરેક અષાઢ વૃદ્ધિવાળા યુગની વખતે અષાઢ સુદિ તેરસનો ક્ષય થાય એમ માનવું જ પડશે. આ બધા વિવેચનનું તત્ત્વ એટલું છે કે દરેક માસની પૂનમ અને અમાવાસ્યાની ક્ષયે કે તેની વૃદ્ધિએ અથવા તેનાથી પહેલાની ચૌદશના ક્ષયે તેરસનો જ ક્ષય કરવો તે પડે. તે પ્રમાણે પૂર્વધર મહારાજના વખતમાં થતો હતો, અને ખરતરગચ્છવાળાઓને પણ તેમજ માનવું પડે છે. અને શ્રી તપાગચ્છની પરંપરા પણ તેમજ ચાલુ જ છે. વિશેષમાં વીરશાસન પત્રનાવિભુ અને પ્રવચનપત્રના પ્રભુના માનીતા અને સકલામગ રહસ્યવેત્તા તરીકે તેણે જાહેર કરાવેલાએ પણ અત્યાર સુધી પૂનમ કે ચૌદશના ક્ષયે તેરસનો ક્ષય જાહેર કર્યો છે અને તે પ્રમાણે જ અનુષ્ઠાનો પણ કર્યા. અને કરાવ્યા છે, એમ સ્પષ્ટ છે અને વી૦ વિભુ અને પ્ર. પ્રભુએ પણ તેમજ કર્યું છે. એટલું જ નહિ. પણ પૂનમ અમાવાસ્યાની કે ચૌદશની વૃદ્ધિએ વૃદ્ધિ પણ તેરસની જ વૃદ્ધિ છાપી છે કરી છે અને કરાવી જ છે. હવે હમણાં પ્રેમ. જંબુ, રામનો મત તે બધાથી જુદો થયો છે અને પર્વતિથિના ક્ષયે અપર્વના ક્ષયને માનવાની ના પાડે છે. અને ઇતરતિથિઓની માફક ભેગી તિથિ માનવા તૈયાર થયા છે અને ચૌદશની પક્ખી તથા પૂનમની ચૌમાસીની વખતે પૂનમના ક્ષયનું કેમ થતું હતું તે વિચાર્યા સિવાય અત્યાર સુધીના બધા જુઠું બોલનારા અને કરનારા હતા અને હમે ભેળમાં ભળીયે છીએ અને ભેળવીયે છીએ તેજ સાચું છે એમ કહેવા તૈયાર થયા છે.

શાસનદેવ તેઓને સદ્‌બુદ્ધિ આપે અને તેઓ પૂર્વધરોની માન્યતા અને આચરણા તથા પૂર્વાચાર્યોની આચરણા અને માન્યતાને જુઠી નહિં છતાં તેને જુઠી જણાવી આચાર્ય ગણ અને કુલ તેમજ યાવત્ શ્રી સંઘની આશાતના કરી ઘોરકર્મના બંધનથી બચે.

આજ પ્રમાણે જ ભાદરવા સુદ પાંચમ કે ચોથનો ક્ષય હોય ત્યારે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કરવો જ પડે. ધ્યાનમાં રાખવાની જરૂર છે કે અષાઢ વગેરે માસોની પૂનમે ચોમાસી થતી હતી અને શ્રી કાલકાચાર્યમહારાજથી ચોમાસી ચૌદશની થાય છે. છતાં પૂનમમાંથી ચોમાસીપણું ગયા છતાં પૂનમનું પર્વપણું ગયું નથી. તેવી જ રીતે ભાદરવા સુદ પાંચમમાંથી સંવચ્છરીપણું ગયા છતાં પાંચમનું પર્વપણું ગયું નથી. ચોમાસીની પૂનમો જેમ ચોમાસીની અપેક્ષાએ ખોખું ગણાય છતાં પર્વની અપેક્ષાએ પૂનમ ખોખું નથી. તેવી જ રીતે ભાદરવા સુદ પાંચમ પણ સંવચ્છરીની અપેક્ષાએ ખોખું ગણાય છતા તે પાંચમ તિથિ પર્વની અપેક્ષાએ ખોખું નથી. અને તેથી જ આચાર્ય શ્રી હીરસૂરિજી વગેરે જ્ઞાનપંચમીના વ્રતવાળાને મુખ્યપણે ભાદરવા સુદ ચોથ અને પાંચમનો છઠ કરવો એમ જણાવે છે. અને વળી જ્ઞાનપંચમીના વ્રતવાળાને ત્રીજ, ચોથ અને પાંચમનો અઠ્ઠમ કરવાનું છે. એવી રીતે જ્યારે પાંચમને પર્વતિથિ તરીકે જરૂર માનવી જ જોઈએ તો પછી તે ભાદરવા સુદ પાંચમનો લોકિકટીપ્પણામાં ક્ષય હોય ત્યારે તે લોકિકટીપ્પણાને આધારે ચલાતું હોવાથી ક્ષય માનવાનો વખત આવે અને ક્ષયે પૂર્વા ના નિયમે તેની પ્હેલાની ચોથનો ક્ષય કરવો પડે. અને ચોથ એ અષાઢ આદિની ચૌદશની પેઠે સંવચ્છરીની તિથિ હોવાથી તેનો પણ ક્ષય થાય નહિં. માટે અષાઢીઆદિ પૂનમ કે ચૌદશના ક્ષયે તેરસનો ક્ષય કરવો જોઈએ અને કરાય છે તેમ ભાદરવા સુદ પાંચમ કે ચોથનો ક્ષય હોય તો પણ ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કરવો જ પડે, યાદ રાખવું ક્ષયે પૂર્વા એ નિયમ અમુક તિથિને માટે લેવો અને અમુક તિથિને માટે ન લેવો એમ નથી. વળી ચોથના ક્ષયે ત્રીજનો ક્ષય કરી તે ત્રીજે સંવચ્છરી કરવી એ એ તરંગિણીના લેખ સિદ્ધ છે, તો પછી પાંચમ ક્ષયે ત્રીજનો ક્ષય કરી તે ત્રીજે સંવચ્છરી કરવી તેજ વ્યાજબી છે.

તિથિની વૃદ્ધિના વિચારને અવકાશની જરૂર

ધ્યાન રાખવાની જરૂર છે કે જૈનશાસ્ત્રના હિસાબે પંદર તિથિમાંથી કોઈપણ તિથિ દિવસના બાસઠીયા એકસઠ ભાગથી વધારે હોતી નથી અને સર્વે દિવસો તો બાસઠ ભાગ જેટલા જ હોય છે. એટલે જૈનશાસ્ત્રને હિસાબે કોઈ પણ દિવસ તિથિની વૃદ્ધિ તો હોતી જ નથી અને હોય પણ નહિં. તિથિઓની હાનિ તો તિથિઓ એકસઠ ભાગ જેટલી હોવાથી આવે છે અને તેમાં પણ અમાવાસ્યા અને વદિ એકમ સિવાયની બધી તિથિઓનો ક્ષય યુગાર્ધ યુગાર્ધને હિસાબે આવે છે. માટે જૈનશાસ્ત્રના હિસાબે સામાન્ય તિથિઓનો કે પર્વતિથિઓનો ક્ષય હોવાનો તો સ્હેજે સંભવ છે. પણ સામાન્ય તિથિની કે પર્વતિથિ એ બેમાંથી કોઈની પણ વૃદ્ધિ થવાનો તો શ્રી જૈનશાસ્ત્રના હિસાબે સંભવ જ નથી. આ વાતનો વાંચકોએ બરોબર નિશ્ચય સમજવાની જરૂર છે. જૈનશાસ્ત્રને હિસાબે જે તિથિઓનો ક્ષય આવે તે પણ આસો વદ બીજનો પહેલો ક્ષય આવે પછી માગશર વદિ ચોથનો ક્ષય પછી માઘ વદિ છઠનો ક્ષય પછી ચૈત્ર વદિ આઠમનો ક્ષય, પછી જ્યેષ્ઠ વદિ નવમીનો ક્ષય, એવી રીતે એકાંતરે મહિને એટલે બબે મહિને એકાંતરે તિથિનો ક્ષય અનુક્રમે આવે, અને દરેક યુગની મધ્યમાં પૌષ વધે ત્યારે તે બીજા પૌષની પૂર્ણિમાનો ક્ષય હોય જ અને યુગના ઉત્તરાર્ધમાં પણ એકાંતરે માસે એકાંતર તિથિનો ક્ષય આવવાથી યુગના અન્ત્યે જે બે અષાઢ હોય છે.

તેના બીજા અષાઢ સુદિ પૂનમનો નિયમિત ક્ષય જ આવે. આવી રીતે આવતા તિથિઓના ક્ષયમાં માત્ર એ જણાવેલો નિયમ છે, પણ એમ નથી થતું કે અમાવાસ્યાનો અને વદિ એકમનો કોઈ પણ માસમાં કે યુગના કોઈ પણ વર્ષમાં ક્ષય આવે, પરંતુ વર્ત્તમાનમાં જે લૌકિકટીપ્પણાને આધારે દીક્ષા પ્રતિષ્ઠાદિ તથા પર્વની આરાધનાદિ કરવામાં આવે છે તે લૌકિકટીપ્પણામાં તો દિવસના માન કરતાં તિથિઓનું માન વધારે પણ હોય છે અને ઓછું પણ હોય છે. અને તે વધારે કે ઓછાપણું તિથિઓનું જે હોય છે તે ઋતુના કે મહિનાને હિસાબે નિયમિત નથી, અને તેથી તે લૌકિકટીપ્પણામાં નથી તો નિયમિત તિથિઓની હાનિ આવતી એટલે વગર અનુક્રમે અને અમાવાસ્યા તથા વદિ એકમ સુદ્ધાંનો પણ ક્ષય આવે છે. તેમજ તિથિઓની વૃદ્ધિ કે જે જૈનશાસ્ત્રને હિસાબે થાય જ નહિં, છતાં તિથિની તો શું ? પણ પર્વતિથિની પણ વૃદ્ધિ આવે છે. આ બધી હકીકત વિચારનારને સમજવામાં સ્હેજે આવશે કે ક્ષયે પૂર્વાનો નિયમ તો ભગવાન જિનેશ્વરમહારાજના વખતનો છે એમ માનવું જ પડશે. અર્થાત્ બીજ આઠમ ચૌદશનો તથા પાંચમ અને પૂનમનો ક્ષય જૈનજ્યોતિષને હિસાબે પણ આવે છે અને તે બધી પર્વતિથિઓ છે, માટે તેની આરાધના માટે તો જૈનશાસ્ત્રકારોને જૈનપંચાગ કે જ્યોતિષ પ્રવર્ત્તતું હોય ત્યારે પણ વ્યવસ્થા કરવી જ પડે. એટલે પર્વતિથિનો ક્ષય માને ત્યારે તેની આરાધના માટે વ્યવસ્થા કરવી જ જોઈએ. જોકે વ્યવસ્થા વિના કરે પણ તિથિના નામે કરવામાં આવતી આરાધના પહેલે દિવસે જેટલો કાલ તિથિ રહે તેટલી આરાધના કરી શકાય. પણ જૈનવાચકોને એ વાત તો ખ્યાલ બહાર નહિં જ હોય કે પર્વતિથિને અંગે થતી આરાધના કરવા માટે કરવા જોઈતા ઉપવાસ એકાસણાદિ અથવા પરિપૂર્ણ પૌષધો ઓછામાં ઓછી અહોરાત્રની અપેક્ષાને રાખવાવાળા હોય છે. સચિત્તત્યાગ અને બ્રહ્મચર્ય જેવા નિયમોથી પણ થતી તિથિની આરાધના ઓછામાં ઓછી અહોરાત્રની હોય જ છે. આવી રીતેની આરાધનાની હકીકત વિચારી શું તો સ્પષ્ટ માલમ પડશે કે જ્યોતિષને હિસાબે બીજ આદિ પર્વતિથિઓનો ક્ષય પણ આવે અને ઓછી તો હંમેશાં જ ત્રીસે દહાડા અને બારે માસ હોય છે માટે અહોરાત્ર સુધી તિથિની આરાધના કરવા માટે શાસ્ત્રકારોને વ્યવસ્થા કરવી જ પડે વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે મૂલસૂત્રોમાં શ્રાવકોના રીવાજને જણાવતાં પણ શાસ્ત્રકારો આઠમ ચૌદશ વગેરેની આરાધના જણાવતાં પરિપૂર્ણપણે એટલે અહોરાત્રના માનથી આરાધના જણાવે છે. એ ઉપરથી એ નક્કી થયું કે તિથિઓની આરાધના કરનારો તિથિઓને અંગે આરાધના કરે એ સાચું છે છતાં એ ચોક્કસ છે કે તિથિઓની આરાધના કરનારને અહોરાત્રની શરૂઆતથી તીથી આરાધના શરૂ કરવી પડે અને અહોરાત્રના અંત સુધી તે આરાધના કરવી જ જોઈએ. આ સ્થાને એ વાત તો હવે સમજાવવવી પડે તેમ છે જ નહિં કે તિથિઓ કોઈ દિવસ પણ અહોરાત્ર પ્રમાણ હોય જ નહિં. એટલું જ નહિં, પણ અહોરાત્રની શરૂઆતથી કોઈપણ તિથિની શરૂઆત થાય એમ હોય નહિં, તેમજ તિથિની શરૂઆત સાથે જો અનુષ્ઠાન અને આરાધનાનો સંબંધ નિયત કરવામાં આવે તો કોઈપણ આરાધના કે અનુષ્ઠાન અહોરાત્ર જેટલું થાય જ નહિં, આ ઉપરથી સ્હેજે સમજાઈ જવાશે કે અહોરાત્રની શરૂઆત હોય તે વખતે શરૂ થતી હોય અથવા

પહેલેથી ચાલતી હોય તો પણ અહોરાત્રની શરૂઆત વખતે હોય તે તિથિ જ આરાધનામાં માનવી જોઈએ. અને અહોરાત્રના અન્તની સાથે તિથિનો અન્ત તે તિથિની આરાધના માટે આરાધના કરનારાએ માનવો જ જોઈએ. આજ કારણથી સૂત્રને અનુસરનારા મહાનુભાવ આચાર્યો સૂર્યોદય વખતની તિથિને જ પ્રમાણ ગણે છે. જ્યારે આવી રીતે દરેક તિથિનો સંબંધ સૂર્યોદયની સાથે જ આરાધન માટે છે તો પછી ક્ષય પામેલી તિથિની પણ જેઓને આરાધના કરવી જ હોય તો તેઓને આરાધવા લાયક તિથિને પણ અહોરાત્ર સુધી અખંડપણે આરાધવા માટે અહોરાત્રની શરૂઆત સાથે તિથિ શરૂ કરવી જ જોઈએ. અને તેમ હોવાથી જ ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા એવો શાસ્ત્રકારોએ નિયમ કર્યો અને આજ્ઞા કરી, જો કે તિથિનો ક્ષય એટલે સર્વથા નાશ કે અભાવ તો કોઈ દિવસ પણ થતો જ નથી. પણ સર્વતિથિઓ પોતપોતાના નિયમ પ્રમાણે દિવસના ભોગવટામાં હોય છે જ. અને તેવી રીતે સામાન્ય તિથિઓ કે પર્વતિથિનો સર્વથા નાશ કે અભાવ હોતો જ નથી. પણ અહોરાત્રની શરૂઆત અને સમાપ્તિ સાથે પર્વતિથિની આરાધનાનો સંબંધ હોવાથી તેમજ સૂર્યોદયની વખતે હાજર હોય, તે જ તિથિને આરાધનામાં લેવાતી હોવાથી જે તિથિ સૂર્યોદયની શરૂઆત વખતે ન હોય તે તિથિને ક્ષીણ તિથિ અથવા ક્ષય તિથિ કહેવાય છે અને આવી રીતે સૂર્યોદયની સાથે સંબંધ ન ધરાવતી તિથિઓ જ ક્ષીણતિથિ તરીકે ગણાતી હોવાથી બીજઆદિ પર્વ તિથિયો પણ જો સૂર્યોદય વખતે હાજર ન હોય તો તે બીજઆદિ પણ ક્ષીણતિથિ તરીકે ગણાય. અને જ્યારે પર્વતિથિનો સૂર્યોદય સાથે સંબંધ ન હોવાથી ક્ષય હોય ત્યારે આરાધના કરનારે પર્વતિથિને કયા સૂર્યોદયથી માનવી એવી શંકાના ઉત્તરમાં ઉત્તર સૂર્યોદયવાળી ઉત્તર તિથિને માનવાનો નિષેધ જણાવી સ્પષ્ટ કહે છે કે ક્ષયે એટલે બીજ આદિ તિથિ સૂર્યોદયવાળી ન હોય તો તે ક્ષીણ થયેલ તિથિના અહોરાત્રની શરૂઆત પૂર્વાઃ એટલે તે બીજ આદિ ક્ષય પામેલી તિથિથી પહેલાની જે અપર્વ તિથિ છે તેને તિથિઃ એટલે બીજ આદિ પર્વતિથિ પણે કરવી. જો કે કેટલાક શાસ્ત્ર અને પરંપરાને જુઠી કહેવાથી કૃતાર્થ થનારા અને ઉઠાવવામાં ઉદ્યત થનારા આ પાદનો એવો અર્થ કરે છે કે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેની ક્રિયા પૂર્વનીતિથિમાં કરવી. પણ આવો અર્થ કરનારા ક્રિયા શબ્દ ક્યાંથી લાવે છે ? અને તિથિમાં એવો અર્થ કરવા માટે સપ્તમી ક્યાંથી લાવે છે ? વળી એવી રીતે તિથિશબ્દથી ક્રિયા અને પ્રથમાના સ્થાને સપ્તમી ગોઠવવાથી પણ અર્થસિદ્ધિ નથી થતી, પણ અનર્થ થાય છે. કેમ કે ક્ષય પામેલી તિથિ પહેલાની તિથિમાં તો હોય જ છે અને તેથી તે ક્ષય પામેલી તિથિની ક્રિયા પ્હેલાની તિથિમાં કરવી આ વાકય ન કહ્યું હોત તો પણ નવું નથી તેનો પરસંગ ત્યાં જ હતો એટલે એવા અર્થથી કોઈપણ સાધન નથી બનતું, એટલુંજ નહિં, પણ અધુરૂં સાધન બને છે, કારણ કે ક્ષયની આપત્તિથી મટે નહિ. ક્ષય પામેલી તિથિ જ અક્ષય કરવામાં આવે તો જ ક્ષયની આપત્તિ ખસે. અર્થાત્ બીજ આદિ પર્વતિથિ જો સૂર્યોદયને ન પામેલી હોવાથી ક્ષીણ થઈ હોય તો તેનાથી પહેલાની પડવા આદિ અપર્વતિથિ તેને તિથિ એટલે પર્વતિથિ ક્ષય પામેલી પર્વતિથિ માનવી એટલે પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરી તે સ્થાને પર્વતિથિ કરવી. આવી રીતે અર્થ કરવાથી પૂર્વ અને તિથિઃ એ પદો જુદાં છે તેની સફળતા થશે અને પ્રથમાંતપણું પણ વ્યાજબી ગણાશે. અન્યથા ક્ષયે પૂર્વતિથૌ ક્રિયા એટલું જ કહેવું પડત. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કાર્યા એવું કૃદંત છે અને તેનું કર્મ બીજું કંઈ નથી, પણ તિથિ એજ કર્મ છે, અર્થાત્ ક્ષય પામેલી છતાં તિથિ બનાવવી

છે. અને વળી પહેલાની (તિથિનેજ) તિથિ બનાવવી છે, તેથા પૂર્વા અને તિથિઃ આ પદો જુદા રાખી કર્મની પ્રથમાવાળાં રાખ્યાં છે. છતાં આવો સીધો અર્થ ન કરવાથી જ અને અવળો સમમ્યંતવાળો અર્થ ન કરવાથી જ તેઓને તિથિને ભેગી માનવી પડે છે. પૂર્વમાં પણ જો અપર્વતિથિ ન હોય અને પર્વતિથિ હોય અને બીજી પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તો તેવો અર્થ કરનારાઓને એક પર્વતિથિને ક્ષય જરૂર માથે પડે છે પણ બરાબર વિચારીને અર્થ કરનારાઓને જેમ ક્ષય પ્રાપ્ત એવી પર્વતિથિને પૂર્વની અપર્વને સ્થાને ગોઠવવાની છે તેવી રીતે ક્ષયસ્થાનને પ્રાપ્તિ એવી પણ જો પર્વતિથિ હોય તો ત્યાં પણ ક્ષયે પૂર્વા રસ્તો ખુલ્લો થાય છે, અને તેથી ક્ષય પામેલી કે ક્ષયને પમાડાતી બન્ને પ્રકારની તિથિઓ માટે લાગુ કરાય છે. અર્થાત્ સ્વભાવક્ષીણનો વિચાર કરવો અને કૃત્રિમક્ષીણનો વિચાર ન કરવો એ દીર્ઘદષ્ટિને લાયક ન ગણાય. વળી એ પણ સિદ્ધ જ છે કે જૈનશાસ્ત્ર પ્રમાણે બીજ આદિ એકવડી પર્વતિથિનો ક્ષય આવે એવો ચૌદશ અને પૂનમ જેવડી બેવડી પર્વતિથિઓમાં પણ તે બન્નેનો ક્ષય આવે છે, અને લૌકિકટીપ્પણાને અનુસારે તો ચૌદશ અને અમાવાસ્યાનો પણ ક્ષય આવેજ છે. માટે આ ક્ષયે પૂર્વા વાળો પ્રયોગ બંને પ્રકારના સિદ્ધાંતને લાગુ છે. જો કે પૂર્વે જણાવ્યું તેમ જૈનજયોતિષને હિસાબે તિથિમાત્રનો કે પર્વતિથિનો ક્ષય જ હોય જ અને વૃદ્ધિ તો પર્વતિથિની તો શું ? પણ સામાન્યતિથિની પણ હોય નહિ, છતાં આ શ્લોકના બીજા પાદમાં જે વૃદ્ધૌ કાર્યા તથોત્તરા એમ કહીને જણાવે છે કે વૃદ્ધિ હોય તો ઉત્તરા તિથિ કરવી અર્થાત્ પર્વતિથિને માટે આ બે પાદ છે. એટલે જેમ પર્વતિથિનો ક્ષય સૂર્યોદયવાળી તિથિની આરાધના કરનારને પાલવે જ નહિં અને તેથી જયારે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તો તેના પહેલાની અપર્વતિથિને પર્વતિથિન તરીકે બનાવવી પડે તેવી જ રીતે અન્ય અપર્વતિથિના સૂર્યોદયની મર્યાદાએ અહોરાત્ર પ્રમાણે પર્વતિથિ આરાધનારને તિથિની વૃદ્ધિ થાય તે પણ પાલવે નહિં. તેથી જયારે બે સૂર્યોદયને ફરસવાવાળી તિથિ લૌકિકઅપેક્ષાએ થાય અને વૃદ્ધિ પામે ત્યારે પૂર્વની તિથિનો અહોરાત્ર અન્ય તિથિના અહોરાત્રને ફરસે નહિં, પણ ઉત્તરતિથિનો અહોરાત્રજ ઉત્તરતિથિના એટલે આગલી ત્રીજા વગેરે અપર્વતિથિના અહોરાત્રને ફરસનારે હોય, અને તેમ હોવાથી આરાધનાનું સ્થાન બને, માટે બીજી પર્વતિથિનેજ પર્વ તરીકે ગણવી. આ વાકયથી સ્પષ્ટ થાય છે કે જેમ સૂર્યોદયને ન પામવાથી પર્વતિથિ જો ક્ષય પામી હોય તો અપર્વતિથિના સૂર્યોદયથી તેને પર્વ તિથિ બનાવવી તેવી જ રીતે બે સૂર્યોદયને પામેલી તિથિયો હોય તો બીજી તીથીને જ પર્વતિથિના સૂર્યોદયવાળી માનવી અર્થાત્ બીજા અહોરાત્રથીજ પર્વતિથિનું અહોરાત્ર ગણવું. એટલે પૂર્વના અહોરાત્રને પર્વતિથિના સૂર્યોદયવાળો ન ગણતા તેનાથી પૂર્વની જે અપર્વતિથિ હોય તેના સૂર્યોદયવાળી ગણાવી અને જો તે પડવાના અહોરાત્રને પડવાનો અહોરાત્ર ગણીને કે અન્ય કોઈપણ પ્રકારે અખંડપણે તે અહોરાત્રને બીજ આદિ પર્વના અહોરાત્ર તરીકે માની અખંડપણે ન આરાધે તો તે બીજ આદિ પર્વતિથિનો વિરાધક કહેવાય અથવા બે બીજ છે એમ કહી એકજ બીજને આરાધે તો તે પણ વિરાધક જ થાય. આ વાકયમાં સાથેસાથેએ પણ તત્વ સમજવાનું છે કે બીજ આદિ પર્વઆરાધના કરનાર જો બીજ આદિતિથિ સૂર્યોદય વિનાની હોય તો પણ પડવાના સૂર્યોદયથી બીજનો સૂર્યોદય ગણી આરાધના કરી લે. એવી રીતે પોતાનો સૂર્યોદય પર્વતિથિ આરાધના શરૂ કરે. પરન્તુ તેવી બેમાથી કોઈપણ રીતે સૂર્યોદયથી અહોરાત્રની શરૂઆત હોય તો તે સૂર્યોદયથી અને તે ક્ષીણ હોય તો તેની પહેલાંની જ અપર્વતિથિ હોય તેના સૂર્યોદયથી

કરાય, અને તે અખંડઆરાધના ત્યારેજ ગણાય કે તે બીજઆદિની તિથિની કરવા માડેલી આરાધના તે બીજઆદિ પર્વતિથિથી આગળની તિથિના સૂર્યોદયના આરંભ સુધીની હોય. અર્થાત્ આગળની ત્રીજ આદિતિથિનો સૂર્યોદય ન થાય ત્યાં સુધી તે પર્વતિથિની આરાધના કરનારે આરાધનાની ક્રિયા ખંડિત કરાય નહિં. જૈનજયોતિષને હિસાબે પણ જયારે બીજ આદિ પર્વતિથિનો ક્ષય તો આવેજ છે અને તે બીજ આદિની આરાધના જયારે તે બીજઆદિનો ક્ષય હોય ત્યારે પણ કરવી જ જોઈએ એમ છે. તો જેમ અખંડીત બીજઆદિ હતી તે વખતે જેમ ત્રીજ આદિના અહોરાત્ર સુધી થતી હતી તેવી જ રીતે આરાધના બીજ આદિની આરાધના પૂર્વતિથિના સૂર્યોદય ગણીને કરવી પડે, અને તેવીજ જૈનશાસ્ત્રના હિસાબે કોઈપણ તિથિની વૃદ્ધિ હોય નહિં, છતાં લૌકિકટીપનાને આધારે અપર્વતિથિની તો શું પણ પર્વતિથિ જે બીજઆદિ છે. તેની પણ વૃદ્ધિ થાય છે, તો તેવી વૃદ્ધિ આવે ત્યારે આગલ પાછલના અપર્વના અહોરાત્રને ફરસનાર એવા અહોરાત્રને પર્વતિથિના તરીકે લેવો. અર્થાત્ પર્વતિથિનો ક્ષયે અપર્વતિથિના સૂર્યોદયને અહોરાત્રને શરૂઆત માટે પર્વતિથિનો સૂર્યોદયને માનવો એ શાસ્ત્રાનુસારી છે, એવીજ રીતે લૌકિકટીપ્પણાએ પર્વ તિથિની વૃદ્ધિ હોય તો આગળના અર્પવના અહોરાત્રને ફરસનારા એવા અહોરાત્રને જ પર્વતિથિ તરીકે માનવો જોઈએ એટલે આગળપાછળના અપર્વતિથિના અહોરાત્રને ફરસતા અહોરાત્રને પર્વતિથિ માનવી. આ ઉપરથી ચોકખું થાય છે કે બીજ આદિ પર્વતિથિ સંબંધી અહોરત્રના સિદ્ધાન્તને અક્ષીણ અને અવૃધ્ધ રાખવાની સિધ્ધાંતથી આ વાકયો છે.

જેવી રીતે પહેલા પાદમાં અહોરાત્રની મર્યાદા નિયમિત કરવા માટે અર્પવના સૂર્યોદયને પર્વનો સૂર્યોદય ઠરાવવા દ્વારા અપ્રામના વિધાનદ્વારા પ્રયત્ન છે, તેવીજ રીતે બીજા પાદમાં લૌકિકટીપ્પણાને અનુસારે પહેલી તિથિના અહોરાત્રને પડવા આદિ અપર્વના અહોરાત્ર તરીકે આગળના ત્રીજઆદિઅર્પવના અહોરાત્ર સુધીનો અહોરાત્ર ન હોવાથી પર્વતિથિના અહોરાત્ર તરીકે ઓળખાવવાનો નિષેધ કરી ઉત્તરના અહોરાત્રનેજ આગળના અપર્વના સૂર્યોદયથી શરૂ થનારા અહોરાત્રને ફરસનાર હોવાથી પર્વ માનવાનું વિધાન કરે છે. એટલે उत्तरवै એમ અવધારણ કરી પૂર્વના અહોરાત્રને પર્વતિથિ તરીકે માનવાની ના પડે છે, અને તે વિધિ તથા નિષેધદ્વારા જણાવે છે કે પૌષધાદિના નિયમ અહોરાત્ર પ્રમાણના અને આગળના અપર્વના અહોરાત્રની આદિ સુધીના હોય છે તથા વ્રત લેતી વખત પણ जाव अहोरं तं जाव दिवसं सेसदिवसं जाव रत्तिं એમ કહેવાય છે, તેથી અપર્વના અહોરાત્રને બંને બાજુએ ફરશે તે અહોરાત્રને પર્વતિથિનું અહોરાત્ર જણાવ્યું. આ ઉપરથી સાબીત થયું કે ક્ષયને માટેનું વિધાન જેમ શાસ્ત્ર અને પરંપરાને અનુસરીને અપર્વના ઉભય અહોરાત્રની ફરસનાના મુદ્દાથી નકકી થયેલ છે, તેવી રીતે લૌકિકટીપ્પણાને અનુસરીને તિથિવૃધ્ધિની વખતે પણ ઉભયબાજુના અપર્વના સમાપ્તિ અને સૂર્યોદયથી શરૂ અને સમાપ્ત થનારા અહોરાત્રની ફરસનાને અનુસરીને છે. ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જેથી પર્વતિથિની આરાધનાનો પચ્ચખ્ખાણ અને પૌષધ આદિને અંગે સૂર્યોદયથી પ્રારંભ અને પૂર્ણ થતા અહોરાત્રથી સંબંધ છે તેથી પચ્ચક્ખાણોમાં उग्गए सूरे તથા सूरे उग्गए વગેરે મર્યાદાદર્શકશબ્દોનું કથન કરાય છે અને પૌષધનું વ્રત પણ મુખ્યતાએ રાત્રિક પ્રતિક્રમણની શરૂઆત પહેલાંજ जाव अहोरत्तं કહી લેવામાં આવે છે. એવી રીતે પચ્ચખ્ખાણ અને પૌષધનો મર્યાદાકાલ પણ અહોરાત્રનો આરંભ થયા પછી જ આવે છે.

કામદેવદિશ્રાવકોના અધિકારથી પણ સ્પષ્ટ સમજાય છે, કે લીધેલા પૌષધનો નિયમ અન્ય સૂર્યોદયવાળા અન્ય અહોરાત્રના સબંધથી થાય છે અને તે કામદેવાદિ શ્રાવકોએ તથા શંખાદિકે અન્ય અહોરાત્રના સૂર્યોદયના સદ્‌ભાવથી પોતાના પૌષધવૃતની સીમા આવી રહેવાની હોવાથી તે વખત ન પારવાનું ધારી શ્રમણ ભગવંત મહાવીર મહારાજાને વંદન આદિ કર્યા પછી પૌષધ વ્રતને પારવાનો વિચાર કર્યો. વર્ત્તમાનકાલમાં પણ પચ્ચક્ખાણ અને પૌષધો અપર્વના અહેારાત્રના છેડાના સૂર્યોદિયથી પહેલાં શરૂ કરાય છે અને આગળના અપર્વના અહોરાત્રના આરંભના સૂર્યોદયની મર્યાદા સુધીના કરવામાં આવે છે. અને તેથીજ નોકારશીના કાલને રાત્રિભોજન વિરમણ નામના વ્રતના કાંઠારૂપ ગણે છે. આ બધી સ્થિતિ વિચારીનેજ બીજ આદિપર્વતિથિના ક્ષયે જેમ અહોરાત્ર અખંડ કરવા અપર્વતિથિના સૂર્યોદયને લઈને પર્વતિથિનો અહોરાત્ર અખંડ રાખ્યો, તેવીજ રીતે લૌકિકસાધનોમાં પર્વતિથિની વૃદ્ધિ આવે અને વર્તમાનમાં તે લૌકિક ટીપ્પણાને આધારે વર્તવાનું થાય તેથી પર્વતિથિની વૃદ્ધિ થવા છતાં અહોરાત્ર નિયત કર્યો ભગવાન જિનેશ્વર મહારાજ આદિની વખતે પણ પર્વતિથિની ક્ષય તો આવતો જ હતો અને કેટલીક તિથિયો પહેલી તિથિના સૂર્યોની સાથે સાઠ ભાગ જેટલી ભોગવાતી હતી, તોપણ તેનો જો એક શેષ ભાગ જે આગળના દિવસના સૂર્યોદયને સ્પર્શીને પૂરો થયો હતો તે તિથિ તે સૂર્યોદયને સ્પર્શીને પૂરી થાય માટે તેજ દિવસે ગણાતી હતી. દૃષ્ટાન્ત તરીકે જૈનજયોતિષ પ્રમાણે ભાદરવા સુદ પૂનમને દિવસે આસો વદ એકમનો સાઠ ભાગ જેટલો અંશ ભોગવાઈ જતો હતો, છતાં તે પૂનમને દિવસે આસો વદિ એકમ નહોતી માનતા, પણ માત્ર એકજ અંશ બીજે દિવસે તે એકમ હોય. તો તે આસો વદિ એકમ છે એમ કહી તિથિ એજ માનતા હતા. એટલ તિથિઓની માન્યતા સૂર્યની સાથે સંબંધવાળી રાખ્યા છતા વધારે કે ઓછા ભોગનો સવાલ રખાયોજ ન્હોતો અને રખાય પણ નહિં. એટલે લૌકિકટીપ્પણાને અંગે તિથિની વૃદ્ધિ થાય તેમાં વધારે ભોગવટો કયે દિવસે થાય છે અને ઓછો ભોગવટો કયે દિવસે થાય વધારે ભોગવટો કયે દિવસે છે એ વિચારાયજ નહિં. સામાન્ય રીતે તો કોઈ પણ બીજ આદિ તિથિયો પહેલે દિવસે હોય તેટલી ઘડી સુધી હોય છે છતાં પણ તે પ્હેલા દિવસે કોઈ પણ બીજઆદિ આજ છે એમ માનતું નથી. પણ બીજે દીવસે એક બે ભાગ જેટલી પણ બીજ હોય છે છતાં તે એક ભાગવાળી તિથિના દિવસને જ બીજ આદિ તરીકે માને છે. સામાન્ય ક્ષયવગરની તિથિઓમાં પણ આવો નિયમ છે અને ક્ષય પામેલી તિથિમાં પણ સૂર્યોદયને કરનારી મૂલતિથિ અલ્પ હોય છે, અને ભોગવટોમાં આવનારી અને ક્ષય પામનારી તિથિ તો ઘણા ભોગવાળી હોય છે, તો પણ તે દિવસે પણ પંચાગોમાં તે ઘણા ભાગવાળી તિથિને ગણતા નથી. આ ઉપરથી ઘણો ભાગ કઈ તિથિ છે એ ઓછો ભાગ કઈ તિથિ છે એ વિચારને સામાન્ય તિથિઓ જે ગણાય છે તેમાં પણ સ્થાન નથી અને ક્ષય તરીકે ગણાતી તિથિની વખતે તો મુદ્દલ સ્થાન નથી. આ ઉપરથી આટલું તો સ્પષ્ટ થશે કે જૈનજયોતિષનો હિસાબે પર્વતિથિઓ કરવામાં પણ તિથિના ભોગવટાનો સવાલ હતો નહિં અને હોઈ શકે પણ નહિ તો પછી લૌકિકટીપ્પણાને આધારે વર્તવાનું થતું હોવાતી તિથિની વૃદ્ધિ આવે ત્યારે કયે દિવસે તે બેવડા તિથિનો વધારે ભોગવટો છે કે કયે દિવસે ઓછો છે તે જોવાનું સુત્રાનુસારિયોને રહ્યું નહિં હવે ક્ષય પામેલી પર્વતિથિ તે દિવસના સૂર્યોદયને ફરસેલી નહોતી અને આરાધના તો સૂરાઈ હુંતિ જેણઽહોરત્તાં એ વચનને આલંબને પણ સૂર્યોદયથી શરૂ થવા જોઈએ, માટે ક્ષયે પૂર્વા એમ કહી પૂર્વની

અપર્વતિથિના સૂર્યોદયના પ્રથમ ભાગથી ક્ષીણ એવી પર્વતિથિ માનવું જણાવ્યું. એવી રીતે બેવડી થયેલી તિથિમાં પણ ભોગના વધારે કે ઓછાપણાની વિવક્ષા ન રાખતાં અન્ય આગળના અર્પવના અહોરાત્રને આરંભે અહોરાત્રનો છેદ થાય એમ ગણી ઉત્તરતિથિનેજ પર્વતિથિ તરીકે માનવામાં આવે તો કહો કે બીજા અહોરાત્રે પચ્ચક્ખાણ પૌષધ આદિ કરે છતાં પહેલા અહોરાત્રનો વિરાધક જ થાય સામાન્ય ચૌદશના નિયમવાળો મનુષ્ય જેમ ચૌદશના દિવસનો નિયમ સાચવે અને રાત્રિનો નિયમ ન સાચવે અથવા રાત્રિનો સાચવે અને દિવસનો નિયમ ન સાચવે તો તે આરાધક નહિં, પણ વિરાધકજ ગણાય જો કે ભલે તે દિવસ ચૌદશ માત્ર બેઘડીજ સૂર્યોદયથી ફરસેલી હોય અથવા આરાધનાને માટે ફરસાવેલી તો પણ તે તિથિ અખંડ ત્યારે જ આરાધેલી ગણાય કે તે માનેલી તિથિનો અહોરાત્ર બરોબર જાળવે અને ઉત્તરતિથિના અહોરાત્રની શરૂઆત સુધી રહે, એવી રીતે તિથિની વૃધ્ધિમાં પણ ઉત્તરની અપર્વતિથિના સૂર્યોદયથી તેના અહોરાત્રની શરૂઆત થાય નહિં અને આ પર્વના અહોરાત્રનો તેના સૂર્યોદયથી અંત આવે નહિ ત્યાં સુધી અખંડ આરાધના રહેવી જ જોઈએ. અને એ અન્ય અહોરાત્રના આરંભે તિથિનો છેદ થવાના મુદ્દાએ જ વૃદ્ધિમાં ઉત્તર તિથિને જ પર્વતિથિ તરીકે રાખવામાં આવી. એક બીજી વાત એ છે કે ભગવાન જિનેશ્વર મહારાજાના વખતમાં તિથિની કે પર્વતિથિની વૃદ્ધિ નહોતી થતી, પણ દરેક યુગમાં મધ્યભાગે પૌષ અને અંત્યભાગે અષાઢની વૃદ્ધિ તો થતી જ હતી. તેમાં જો કે પૌષને અંગે કોઈ નિયમિત વિશેષ ક્રિયા નહોતી કે જેથી પહેલો પૌષ તે વખતે પ્રમાણ હતો કે બીજો પૌષ પ્રમાણ ગણાતો હતો તેનો નિર્ણય કરી શકાય. પણ યુગના અંત્યમાં જે અષાઢ બે આવતા હતા, તે અષાઢની સાથે પ્રતિબધ્ધ એવી અષાઢ ચૌમાસીની ક્રિયા હતી અને તે અષાઢ ચૌમાસીની ક્રિયા પહેલા અષાઢમાં નહોતી થતી, પણ બીજા અષાઢમાં જ થતી હતી. અને અષાઢ બે છતાં અને ચૌમાસીની ક્રિયા અષાઢ માસની સાથે પ્રતિબધ્ધ છતાં પહેલા અષાઢે ચૌમાસી ન્હોતી થતી, પણ બીજે અષાઢે ચૌમાસી થતી હતી, એવું તો ખરતર ભાઈઓ પણ માને જ છે, તો પછી બીજ આદિ તિથિઓ બેવડાય ત્યારે ત્રીજ આદિની સાથે સંબંધવાળી આરાધના બીજ વગેરેમાં કેમ નથી કરતા એનો વિચાર એઓએ જ કરવાનો છે.

કેટલાકનું કહેવું એમ થાય છે કે અધિકમાસને પણ હિસાબમાં લેવો એવી ખરતરગચ્છના આદ્યપુરૂષોને ધારણા થઈ, અને તેથી શ્રાવણવૃદ્ધિએ બીજા શ્રાવણમાં પર્યુષણા કરવી અને ભાદરવાની વૃદ્ધિ હોય ત્યારે પહેલા ભાદરવામાં પર્યુષણા કરવી, એમ તેઓએ નિશ્ચય ર્ક્યો, અને એવી રીતે પહેલા ભાદરવામાં પર્યુષણા કરતી વખત પહેલો ભાદરવો ભાદરવા તરીકે ગણ્યો, અને તેથી માસવૃદ્ધિમાં પહેલો મહિનો પ્રામાણિક માન્યો એટલે તિથિની વૃદ્ધિમાં પહેલી તીથીને પ્રમાણિક માની લીધી. પણ વાસ્તવિક રીતિએ અષાઢ માસની સાથે સંબંધ એવી ચૌમાસી બીજે અષાઢે થતી હતી તેમજ ભાદરવા સાથે સંબંધવાળાં પર્યુષણ પણ બીજે ભાદરવે થાય, અને તે માસવૃદ્ધિમાં બીજા માસની પ્રામાણિકતાની માફક તિથિની વૃદ્ધિમાં બીજીતિથિને જ પ્રામાણિક ગણીને તે જ દિવસે તિથિ માનવાનું પૂર્વાચાર્યોએ નિયત ર્ક્યું. વળી પૌષમાસની વૃદ્ધિ થાય ત્યારે તે વખતની ચૌમાસી તો ખરતરોએ પણ ફાગણમાં માની છે, અર્થાત્ જો બન્ને પૌષને હિસાબમાં ગણ્યા હોત તો કાર્તિક ચૌમાસીથી મહા મહિનામાં જ ચાર મહિના થાય અને ચૌમાસી માઘ સુદિ ચૌદશે જ માનવી પડે અર્થાત્ માઘ સુદિ ચૌદશે ચૌમાસી નહિં માનવાથી પણ નક્કી થયું કે પૌષ બે નહિં ગણતાં

એક જ ગણ્યો છે. એટલે એ પૌષની વૃદ્ધિ થયા છતાં પૌષની વૃદ્ધિનો હિસાબ ન રાખવાથી તથા વળી બીજા અષાઢની સુદિની ચૌમાસી નક્કી હોવાથી સિદ્ધ થયું કે ભગવાન જિનેશ્વર મહારાજાઓની વખતે પણ માસની વૃદ્ધિ થયા છતાં તે માસને અંગે સંબંધવાળી ક્રિયા બેવડી કરતા નહોતા, એટલું જ નહિં પણ પહેલા આષાઢની શુદ પૂનમને ચૌમાસી તરીકે કહેતા પણ નહોતા. વળી તે હિસાબે જૈનટીપ્પણાની પ્રવૃત્તિ ન હોય અને લૌકિકટીપ્પણાની પ્રવૃત્તિને આધારે જ પર્વોની તિથિઓ આરાધાય છે તો પણ પહેલા અષાઢની સુદ ચૌદશને ચૌમાસી ચૌદશ ગણતા નથી, વળી પહેલાં પણ પહેલા અષાઢની શુકલપૂર્ણિમાને ચૌમાસી ન્હોતા માનતા, પણ બીજા અષાઢની સુદિ પૂનમને જ અષાઢ ચૌમાસી માનતા હતા. એ બધા ઉપરથી જેમ પૂનમના ક્ષયે પૂર્વાચાર્યો અષાઢ બીજાની શુદ તેરસે પક્ખી અને તે જ બીજા અષાઢની સુદ ચૌદસે ચોમાસી કરતા, તેથી પર્વના ક્ષયે પૂર્વતિથિનો ક્ષય કરવામાં આવતો હતો અને તેવી રીતે બીજા અષાઢની શુકલ પૂર્ણિમા અગર ચૌદશે ચોમાસી મનાતી હતી અને મનાય છે, તેથી નિયમ બાંધ્યો કે તિથિની વૃદ્ધિ થાય તો બન્નેને આરાધ્યના નામે ન બોલવી પણ માત્ર બીજી તિથિને જ આરાધ્યને નામે બોલવી. એટલે વધેલી બીજમાં પ્હેલી અને બીજી બીજ છે વગેરે કહેનારાઓ શું અષાઢ વૃદ્ધિએ પહેલા અષાઢે પ્હેલી ચૌમાસી ખોખા ચૌમાસી અભિવર્ધિત ચૌમાસી કે ફલ્ગુ ચૌમાસી છે એમ કહેશે ખરા ? અને તે પહેલા અષાઢની શુકલ ચતુર્દશીને પહેલી ચૌમાસી વગેરે શબ્દોથી નહિં કહે તો પછી પર્વતિથિની વૃદ્ધિ થાય તો પણ પ્હેલી બીજ યાવત્ ફલ્ગુ બીજઆદિ તરીકે કહેવાય જ કેમ ? વળી ક્ષયે પૂર્વા ના વિધાનથી ક્ષીણ થયેલી તિથિને ક્ષીણ થવા ન દેતાં પૂર્વતિથિને પર્વતિથિ ઠરાવી તેવી જ રીતે વૃદ્ધૌ કાર્યા તથોત્તરા એમ કહી બેવડી તિથિઓ થઈ ત્યારે તો પહેલી અને બીજી બન્ને તિથિઓ હતી, છતાં નિયમ કર્યો કે ઉત્તરા એટલે બીજી બીજ આદિને જ તિથિ માનવી. ધ્યાન રાખવાની જરૂર છે કે અહિં પર્વતિથિને માટે અધિકાર લીધો છે. તેથી कार्या એ વિધિ ક્રિયાપદરૂપકૃદંત રાખ્યું છે. અને તેનું કર્મ તિથિ એટલે પર્વતિથિ છે. એટલે પર્વતિથિ વધી હોય તો તિથિ બે માનીને બીજી તિથિને જ પર્વતિથિ કરવી એવો અર્થ થાય. પણ એવો અર્થ તો નકામો, કારણ કે બીજ આદિ પર્વતિથિઓની વૃદ્ધિ માની એટલે પ્હેલી અને બીજી એમ બન્ને બીજ આદિ થઈ જ ગઈ છે, પછી પર્વતિથિની વૃદ્ધિ થઈ હોય તો બીજી બીજ આદિને પર્વતિથિ કરવી એમ કહેવું તે સિદ્ધ થયેલાના કથન સિવાય નવું કંઈ ન હોવાથી એ વૃદ્ધૌ૦ વાળું વાક્ય જ નકામું ગણાય. આવી સ્થિતિ હોવાથી શાસ્ત્રોને જાણનારો મનુષ્ય સ્હેજે બોલશે કે સિદ્ધ થયેલાનું પણ વિધાન કરાય છે, અને તેવું વિધાન નિયમને માટે થાય છે. એવી રીતે જ અહીં પણ તિથિને વધેલી માનવાથી બન્ને તિથિઓમાં બીજઆદિ પર્વતિથિપણું આવેલું જ હતું, છતાં વૃદ્ધૌ कार्या तथोत्तरा એ વાક્યથી ફેર વિધાન કરવાથી સ્પષ્ટ કર્યું કે બીજી તિથિ જે બીજ આદિની હોય તેમાં જ પર્વતિથિપણું કરવું. અર્થાત્ બીજ આદિ પર્વતિથિઓ ટીપ્પણામાં વધેલી હોય તોપણ બીજી બીજ આદિ તિથિમાં જ પર્વતિથિપણું માનવું. પણ પહેલી બીજ આદિને બીજ તરીકે માનવી જ નહિ. અને આવી રીતે અર્થ કરવાથી વાસ્તવિક અર્થ થશે એટલું જ નહિં, પણ બીજ પાંચમ યાવત્ પૂનમના પ્રતિદિન કરવાના પૌષધ બ્રહ્મચર્ય આદિ નિયમો પહેલી બીજ આદિને દિવસે નહિં સચવાય તો તેમાં નિયમને દોષ લાગશે નહિં. કેમકે એ પહેલાની તિથિ બીજ આદિપણે રહી જ [illegible]. આ પ્રમાણે જ્યારે વધેલી તિથિને પર્વતિથિ તરીકે ગણવાની નથી. પણ તેને એકમ આદિઅપર્વપણે જ ગણવાની છે. તો

પછી જો તે વૃદ્ધિ પામનારી તિથિ એકવડા પર્વવાળી નહિં પણ બેવડા પર્વવાળી હોય અર્થાત્ વૃદ્ધિ પામનાર તિથિની પહેલાં પણ પર્વતિથિ હોય તો તેની પણ વૃધ્ધિ ન જ થાય. કેમકે જ્યારે સ્વયંક્ષીણ થયેલ પર્વતિથિને ઉડાવી ન દેવાય તો ક્ષય સ્થાનાપન્ન થવા ક્ષયમાં આવતી પર્વતિથિને તો ઉડાવાય જ નહિ. પણ તેના પહેલાની અપર્વતિથિનો ક્ષય કરવો પડે, ત્યારે સ્વયં પર્વતિથિની વૃદ્ધિ ન કરાય તો પછી વૃધ્ધિસ્થાનાપન્ન એવી તો પર્વતિથિની વૃધ્ધિ કારાય જ કેમ ? એટલે તે પૂનમ અને અમાવાસ્યાની વૃધ્ધિ ન થાય અને ચૌદશની પણ વૃધ્ધિ ન થાય, તો પછી સ્વયંચૌદશની વૃધ્ધિ જ્યારે ન થાય તો પછી વધેલી એવી પૂનમ કે અમાવાસ્યાના વૃદ્ધિને સ્થાને આવેલી ચૌદશની વૃદ્ધિ તો થાય જ કેમ ? એટલે ઉદયપુરના ભંડારની પ્રતોમાં પૂનમ અને અમાવાસ્યાની વૃધ્ધિએ બે તેરસો કરવાનું વિધાન જે સ્પષ્ટ છે તે જ વ્યાજબી ગણાય અને તપાગચ્છની પરંપરા પણ તેમજ છે કે પૂનમ કે અમાવાસ્યાની ટીપ્પણામાં વૃદ્ધિ હોય ત્યારે આરાધનમાં અને તે આરાધના માટે કરાતાં ભીંતીયો પંચાંગોમાં તેરસની જ વૃદ્ધિ કરાય છે અને લખાય છે. વીરશાસનના વિભુ અને પ્રવચનના પ્રભુએ માનેલા રહસ્યવાળાઓએ એમજ પૂનમ અને અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ લખી છે અને કરાવી પણ છે. તેઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે શાસ્ત્રોમાં અધિકમાસનો કાલચૂલાશબ્દથી વ્યવહાર કરાયેલો છે. અને તિથિઓને પણ વધ્યા છતાં તે તે રૂપે પર્વતિથિ કહેવી હોત અને માનવી ન હોત તો કાલતિથિ તરીકે પણ તેને જણાવત. વળી ખોખા પૂનમ અમાવાસ્યાવાળાઓ ચૌદશ પૂનમના કે ચૌદશ અમાવઆસ્યાના છઠના નિયમવાળા છઠના નિયમનું શી રીતે કરશે ? વળી કાર્તિક પૂનમ બે હશે ત્યારે તેઓ બે તેરસ નહિ માનતાં તેમજ ચૌદશ પણ કલ્પનાથી બે નહિ માનતાં પૂનમ જ બે માનશે તો પછી પહેલી પૂનમે તેઓને વિહાર કરવો યોગ્ય ગણાશે કે બીજી પૂનમે વિહાર યોગ્ય ગણાશે ? જો પ્હેલી પૂનમે વિહાર યોગ્ય ગણે તો કહેવું પડશે કે પહેલી પૂનમ સાચી માની વિહાર માન્યો એટલે **વૃદ્ધૌ** વાળો નિયમ ઉડી ગયો. અને બીજી પૂનમે વિહાર યોગ્ય માનશે ચૌદશના પડિકકમણ વખતે કાલપરાવર્ત્તનઆદિની સાથે વિહારની છુટ માનશે કે નહિ ? અને માને તો પછી વિહાર યોગ્ય ન ગણવા છતાં વિહારની છુટ જણાવવી તે યોગ્ય રહેશે ? વળી જ્યારે જ્યારે ચૌમાસીની પૂનમની વૃદ્ધિ હશે ત્યારે ચૌમાસીના છઠને તો જલાંજલિ જ આપવી પડશે. અથવા અપર્વ તપસ્યા કરી વગર કારણે પર્વની વિરાધના વ્હોરવી પડશે. વળી જેમ ક્ષયે પૂર્વાનો નિયમ ન માનવાથી કોઈ પણ ઓળી કે ચૌમાસી અથવા પજુસણની અઠાઈઓમાં કોઈ પણ તિથિનો ક્ષય હશે ત્યારે ક્ષયે પૂર્વાના વાક્યથી જેઓ પહેલાની અપર્વતિથિ ક્ષય? કરશે અને તેથી અપર્વતિથિઓનો ક્ષય થશે, તેથી તેઓને તે આઠ અને નવ દિવસની પૂર્ત્તિને માટે એક તિથિ પહેલાં ઓળી બેસાડવાનું થશે તથા પજુસણ અને અઠાઈઓ બેસાડવાનું થશે. પણ બીજાઓ તો પર્વનો કે અપર્વનો એકકે તિથિનો ક્ષય નહિં માનતા હોવાથી અને તિથિઓને ભેળસેળવાળી માનતા હોવાથી સાત દિવસની અઠાઈ અને આઠ દિવસની ઓળી માનનારા થશે, તેવી જ રીતે પુનમ કે ચૌદશને બેવડી માનનારા થવાથી તમારા હિસાબે ખોખા તિથિને નકામી ગણી તેથી નવ દિવસની અઠાઈઓ અને દશ દિવસોની પણ ઓળીઓ માનવાનો વખત આવશે. તમારી ખોખા પૂનમે કે ચૌદશે આંબિલ નહિં કરે તેની પણ ઓળી ગણાશે. છુટું ખાઈ લેશે કે ચ્હાય તેમ ખાશે તો પણ તમારા મતે અઠાઈ ગણાશે. અને એ વાત બીજાને માનવી અને કરવી શોભે એમ જ નથી. પરંપરા ગત અર્થને અને શાસ્ત્રને માનનારાઓ તો તિથિનો ક્ષય અને

વૃદ્ધિ યથાયોગ્ય માનશે, તેથી ચૌમાસીની ચૌદશ કે પૂનમ એક પણ વધ્યાં હશે તો તેરસનો જ ક્ષય અને વૃદ્ધિ કરશે, અને તેથી તેઓને ચૌમાસી ઓળી વિહાર કે છઠની તપસ્યા એકકેમાં અડચણ આવશે નહિં અને આવી પણ નથી. આ વસ્તુને યથાસ્થિત સ્પષ્ટ સમજી શકે તો उदयभिं जा तिही એ ગાથાઓનો આ ક્ષયે પૂર્વા એ તથા વૃદ્ધૌ૦ એ અપવાદો છે. કેમકે ક્ષયે પોતાનો ઉદય નહોતો તેથી પૂર્વની અપર્વતિથિનો લીધો અને વૃદ્ધિમાં બન્ન દિવસોએ સૂર્યનો ઉદય હતો છતાં બીજા સૂર્યોદયને જ તિથિ સાથે સંબંધ ધરાવનાર ગણ્યો. આ વસ્તુ સમજવાથી સમજુ મનુષ્યોને સ્પષ્ટ માલમ પડશે પર્વતિથિના ક્ષય કે વૃદ્ધિના પ્રસંગે ઉદયવાળી તિથિ ગણાય એમ બોલી દેનાર માર્ગનો છાયો છોડી ગયેલો જ છે. બાધિત વચનને બાધને સ્થાને બોલીને સિધ્ધિ કરવા મથનાર નર્યો કેવો ગણાય તે વાચકો સ્વયં સમજશે.

ઉપરની હકીકતથી સ્પષ્ટ થાય છે કે દ્વિતીય કે પહેલા પર્વના ક્ષયે તેનાથી પહેલાની અપર્વતિથિનો જ ક્ષય થાય અને તેની વૃધ્ધિએ અપર્વની જ વૃદ્ધિ થાય અને પરંપરાએ તથા પ્રાચીન લેખોથી પણ પૂનમ અને અમાવાસ્યાના ક્ષયે કે વૃધ્ધિએ તેરસની જ ક્ષય અને વૃદ્ધિ સિદ્ધ થાય, છે, માટે ભાદરવા સુદ પાંચમની તિથિ સંવચ્છરીના ચોથના પર્વથી આગળનો દિવસ હોવાથી ભાદરવા સુદ ચોથના ક્ષયે કે ભાદરવા સુદ પાંચમના ક્ષયે ભાદરવા સુદ ત્રીજરૂપ અપર્વતિથિનો જ ક્ષય થાય અને ચોથ કે પાંચમની વૃધ્ધિ હોય તો ભાદરવા સુદ ત્રીજની જ વૃધ્ધિ થાય એ પરંપરા અને શાસ્ત્રગ્રન્થોને અનુસરનારી રીતિ છે, માટે જેઓએ આ વર્ષે રવિવારની સંવચ્છરી કરી હતી અને જેઓ આવતે વર્ષે પણ ભાદરવા સુદ પાંચમની લૌકિક ટીપ્પણામાં વૃધ્ધિ હોવાથી ત્રીજની વૃધ્ધિ કરીને ભાદરવા સુદ ચોથને ગુરૂવારે સંવચ્છરી કરશે તે શાસ્ત્રગ્રન્થોને અનુસરનારા હોવા સાથે પરંપરા અને પોતાના વચનને પણ માનનારા ગણશે.

આ લેખ ખુલાસા માટે અને વિચારવા માટે પ્રગટ કરવાની જરૂર જણાઈ છે. કદાચ નિર્ણય માટે સાચા શાસનપ્રેમિઓ ડેપ્યુટેશન લઈ જવા માગે તો માર્ગદર્શક પણ આ લેખ બનશે તો તે પણ ઉપયોગ ઘણો જ ઉંચો થશે.

અંક ૯-૧૦ યુક્ત અંક ૧૦

મહા વદ ૦)) તા. ૧૩-૩-૩૭

આત્માની બાલ્ય યૌવન અને વૃદ્ધાવસ્થા

(ગતાંકથી ચાલુ)

રાજાએ છેવટે ન્યાય પ્રયત્ન કર્યો કે રાજાના હારની ચોરી અને તે ચોરી કરનારો પ્રધાન પોતે! પછી જોવાનું શું હોય ? રાજાએ તરત જ પ્રધાનને ગરદન મારવાનો હુકમ કર્યો ! પ્રધાને ઘણી આજીજી કરી, સાચી વાત જણાવી, પણ રાજાનો હુકમ અવિચળ તે અવિચળ ! હવે પ્રધાને પોતાના પેલા કૃત્રિમમિત્રની સહાય લેવાનો વિચાર કર્યો. તેણે એ પ્રાઈવેટ સેક્રેટરીને કહ્યું 'ભાઈ ! તું મારો મિત્ર છે, અને અનેક વખતે મેં તને મદદ કરી છે, તો આજે તું મને મદદ કર, અને મને આ દુઃખમાંથી છોડાવ, રાજાને તું કહીશ તો રાજા તારી વાત માન્ય રાખીને મને છોડી મુકશે, માટે તું એ રાજાને કહે કે ગમે તેવો પણ એ પ્રધાન રાજ્યને ઉપયોગી છે અને તેણે વફાદારીથી નોકરી બજાવી છે, માટે તેને ગરદન ન મારતાં તેનો આટલો દોષ માફ કરવો, પેલા પ્રાઈવેટ સેક્રેટરીએ તે વાત કબુલ રાખી, અને તે તેને રાજા પાસે લઈ ગયો. પ્રાઈવેટ સેક્રેટરીએ રાજાની સાથે મળીને આગળથી જ બધી ગોઠવણો તો કરી જ રાખી હતી. પરંતુ બહારથી ડોળ કરતો બોલ્યો, તેણે કહ્યું, "મહારાજ! આ પ્રધાને આપનો મહાભયંકર ગુન્હો કર્યો છે, અને તેથી તે ફાંસીની સજાને લાયક છે, એમાં જરાપણ શંકા નથી. પરંતુ એ રાજ્યનો વફાદાર સેવક હતો. એણે રાજ્યની વફાદારી ભરેલી ચાકરી બજાવી છે, માટે એના આ અકસ્માત બનેલા ગુન્હા તરફ આંખ આડાકાન કરવા અને તેને આટલી વખત દયા લાવીને જીવવા દેવો ! રાજાએ પણ આગળથી સંતલસ કરી રાખ્યા પ્રમાણે કહ્યું, 'મારો ન્યાય અને મારી સજા એ આ જગતમાં કદી પણ ખુદ ઈન્દ્ર નીચે ઉતરીને આવે તો તે પણ ફેરવી શકતો નથી, પરંતુ આ પ્રાઈવેટ સેક્રેટરી મારો ઘણો જ વિશ્વાસુ માણસ છે અને જ્યારે તે પોતે જ મને અરજ કરે છે ત્યારે તેના દબાણને વશ થઈને જ હું પ્રધાનજીને ફરમાવેલી ફાંસીની સજા મુલત્વી રાખું છું. રાજાએ પ્રધાનની સજા મુલતવી રાખી પરંતુ તે સાથે તેણે પોતાની એક શરત રજુ કરી. આ શરત એ હતી કે પ્રધાને ધીજ કરીને પોતાની સત્યતાની રાજાને ખાતરી કરી આપવાની હતી અને જો એ પરીક્ષામાં પ્રધાન સફળ થાય તો તેને નિર્દોષ માની છોડી મૂકવાનો હતો. પ્રધાને તો આ ધીજની વાત પણ

માન્ય રાખી જ લીધી અને તે ધીજ કરીને પોતાની નિર્દોષતા સિદ્ધ કરી આપવાને તૈયાર થયો. ધીજ તરીકે એવું ઠરાવવામાં આવ્યું કે પ્રધાને એક તેલથી પૂરો ભરેલો વાડકો લેવો, એ વાડકો લઈને તેણે આખા બજારમાં ફરી આવવું, જો એ તેલના વાડકામાંથી ટીપું પણ તેલ નીચે ન પડે તો જાણવું કે પ્રધાન સાચો અને પ્રામાણિક છે, અને તેમ થતાં તેની સજા મુલત્વી રાખવી. બીજે દિવસે સવારે પ્રધાન તેલનો વાડકો લઈને નીકળવાનો હતો, રાજાએ એ દિવસને માટે ખાસ ગુપ્ત રીતે આખો રસ્તો શણગારાવ્યો. ઠેકઠેકાણે વાજીંત્રો મૂકાવ્યા. મિઠાઈઓની નાનાવિધ દુકાનો તૈયાર કરાવી, અને ઠેકઠેકાણે નટોના ખેલ પણ ચાલુ કરાવી દીધા. રસ્તાની શોભા એવી મનોહર થઈ હતી કે ગમે તેવો ત્યાગી હોય તો તેને પણ આંખ ઉંચી કરીને જોવાનું મન થઈ જતું હતું.

પ્રધાને હાથમાં વાડકો લીધો અને તે તો સીધો જ રસ્તે ચાલતો થઈ ગયો ! આજુબાજુ નજર પણ ન નાંખે, અને સીધેસીધો જ ચાલતો જાય ! જાણે રસ્તો શૂન્ય છે, રસ્તા પર માણસ જ નથી. પોતે નિર્જન અરણ્યમાં ચાલે છે. એ પ્રમાણે પ્રધાન ચાલે છે, અને પેલો તેલનો વાડકો સાચવે છે ! રસ્તા પરની અલૌકિક શોભા તે નથી જોતો કે નથી તેનું ચિંતવન કરતો. આખરે પ્રધાન ગામમાં ફરીને રાજસભામાં વાડકો લઈને પાછો આવ્યો. રાજાની સામે હાજર થયો, અને પેલો વાડકો મૂકી દીધો. રાજાએ તેને પૂછયું, "મહાશય ! તમે જે રસ્તાપર ફર્યા હતા તે રસ્તાનું તો જરા વર્ણન કરો. પ્રધાન સાહેબ જવાબ આપે છેઃ "મહારાજ ! મેં તો મન એવું કાબુમાં લઈ લીધું હતું કે પૂછવાની વાત જ નહિ. આજુબાજુ જોયું પણ નથી, અને શું થાય છે તે દેખ્યું પણ નથી." આ સાંભળીને રાજાએ તરત ટોણો માર્યો કે કેમ મહાશય ! તમે તો એમ કહેતા હતા કે એકવીસ જન્મ થાય તો પણ મન કાબુમાં આવવાનું નથી, તો પછી આ વખતે આ એકજ અવતારે તમારું મન કાબુમાં આવી ગયું એ કેવી રીતે બન્યું. ?

પ્રધાને કાન પકડયો અને તેણે કહ્યું, "માબાપ! બોલવામાં તો સહેલાઈથી બોલી જવાય છે કે લાખ મરણ થાય તો પણ મન કાબુમાં નહિ આવે, પરંતુ જ્યારે આવી પડે છે ત્યારે તો એકજ મરણ પણ મનને કાબુમાં લાવવાને માટે પુરતું નીવડે છે. હવે જો એકજ મરણ મનને ઠેકાણે લાવવાને માટે પુરતું છે તો પછી આ સાધુઓ તો અનંત મરણોને નજરે થતા જુએ છે, તો પછી તેઓ પોતાના મનને ઠેકાણે લાવે તેમાં શી નવાઈ વારૂં ? પ્રધાને રાજાની આગળ માથું નમાવ્યું અને કહ્યું કે મહારાજ આપની વાત સોએ સો ટકા મને કબુલ છે, રાજાએ આ ઉદાહરણમાં ચોકખો પ્રપંચ રચ્યો હતો, પરંતુ તેને આ પ્રપંચ કેમ રચવો પડ્યો હતો તે વિચારો. રાજાએ આ પ્રપંચ એકજ મુદ્દાએ રચ્યો હતો. કે મારા સૈન્યનો એક સિપાઈ પણ ફુટવો ન જ જોઈએ. રાજનીતિ કુશળ રાજાઓ પોતાના લશ્કરના એક સાધારણ સિપાઈને પણ કોઈ બેવફા બનાવે. તે સહન કરતા નથી અને તેને ગરદન મારે છે.

રાજાઓને એના એકએક સિપાઈની કિંમત હોય છે એનો એક પણ સિપાઈ પરવશ થાય કે બેવફા બને તે એનાથી સહન થતું નથી. એજ વૃત્તિ આપણામાં આવવાની જરૂર છે. એક ધર્મી અધર્મી થતો હોય તો ધર્મીએ પેલાને અધર્મી થતો અટકાવવાના સઘળા પ્રયત્ન કરી છૂટવા જ જોઈએ, તો જ એ ધર્મી તે સાચો ધર્મી છે. જે ધર્મી બીજાને

અધર્મી થતો જુએ, પાપમાં પડતો જુએ, અને છતાં જે ધર્મીનું રૂવાડું સરખું પણ ફરકતું નથી તે કેવા પ્રકારનો ધર્મી છે ? તેનો ખ્યાલ કરજો. મુનિસુવ્રતસ્વામીજીને કેવલજ્ઞાન થયેલું હતું, તો પણ તેઓ રાતોરાત પેઠાણપુરથી નીકળીને એક ઘોડા માટે ભરૂચ આવ્યા હતા. ધર્મની દૃષ્ટિએ આત્માના મહારાજ્યને જેમણે જાણ્યું હોય તેવાઓ તો એક ધર્મી વધે તે માટે પણ ભગીરથ પ્રયત્નો કરવા તૈયાર થાય છે, તે ઉપરની વાત ઉપરથી માલમ પડી આવે છે. શ્રીમાન મુનિસુવ્રતસ્વામી તો કેવળી હતા, તેમના જ્ઞાનમાં કાંઈ ખામી નહતી, તે છતાં એક ઘોડાને માર્ગે લાવવા માટે તે તીર્થંકર જેવાએ ભગીરથ પ્રયત્ન કર્યો હતો. મુનિસુવ્રતસ્વામીજી ૬૦ જોજનનો વિહાર કરીને ભરૂચ સુધી આવ્યા હતાં. ક્યાં આપણાં પૂર્વાચાર્યોના ભગીરથ પ્રયત્ન અને ક્યાં આજે એ ધર્માચાર્યોની પ્રવૃત્તિને ડુંગર ખોદીને ઉંદર કાઢવાની પ્રવૃત્તિ "કહીને હસવાની આપણી મનોવૃત્તિ !! મુનિસુવ્રતસ્વામીજીનું કાર્ય શું હતું તે જરા ધીરજપૂર્વક તપાસો. તેમણે પેઠણપુરથી ભરૂચ સુધીનો પ્રવાસ કર્યો અને તે પણ એક રાતમાં !! પરંતુ આટલો પ્રવાસ કરીને તેમણે કર્યું શું ? શું ફળ મેળવ્યું ? તો જવાબ એ છે કે તેમણે એક મરતા ઘોડાને સુધારવાને માટે સાઠ જોજનનો એકરાતમાં વિહાર કર્યો હતો, ત્યારે આજે તો આપણે તેમના જેવાના મહાન કાર્યને માટે પણ કહી દઈએ છીએ કે ઓહો એ કામમાં તે શું દહાડો વળ્યો ! આ તો ખોધો ડુંગર અને માર્યો ઉંદર ! ખરી વાત એ છે કે આવા ઉદ્‌ગારો તેના મોઢામાંથી જ નીકળે છે કે જે ધર્મના સાચા રહસ્ય અને સાચા પ્રેમથી અજ્ઞાન છે અને ધર્મનું સાચું રહસ્ય જ સમજયા નથી.

જે ધર્મનું સાચું રહસ્ય સમજ્યો છે તેવાને તો એક ધર્મી જીવ અધર્મી થાય તો પણ આકાશ પાતાળ એક થઈ ગયા જેવું લાગવું જ જોઈએ, કમઠ તપસ્વી ધુણી ધખાવીને બેઠો હતો અને તે પોતાની ધુણીમાં નાગને બાળી મૂકતો હતો, તે માટે પાર્શ્વનાથજીએ તેની સાથે વાદવિવાદની તડાતડી કરી હતી. આ વાદવિવાદની તડાતડીમાં પણ પાર્શ્વનાથજીનો મુદ્દો તો એકજ હતો કે પેલા બળતા કાળા નાગને બચાવી લેવો. નાગ એટલે જગતનું હલકામાં હલકું અને અત્યંત તિરસ્કારાયેલું પ્રાણી! પરંતુ તેનું પણ જો હિત થાય તો તેને માટે પણ એક સાચા મહાત્મા કેવો પ્રયત્ન કરે છે તે જુઓ. એક પ્રાણીના હિતના સાધન માટે પણ જે આવો પરિશ્રમ ઉઠાવે છે તે જ ધર્મી છે. ધર્મનું તત્ત્વ સમજેલો ધર્મી બીજા ધર્મીને માર્ગમાં રાખવામાં અને લાવવામાં કોઈ દિવસ જરા પણ ઓછાશ રાખતો નથી. જે આત્મા ધર્મીઓને માર્ગમાં લાવવા કે સ્થિર રાખવામાં બેદરકાર રહે છે તે આત્મા ધર્મનું સ્વરૂપ જ સમજયા નથી એમજ કહેવું પડે છે. અને જે આત્મા ધર્મનું તત્ત્વ સમજયો નથી તે જ આત્મા ધર્મી જીવને ધર્મમાર્ગમાં લાવવા કે દૃઢ કરવામાં બેદરકાર રહે છે.

લશ્કર વિના રાજ્ય નથી. લશ્કર જ ન હોય તો રાજ્યનો કાંઈ અર્થ જ થતો નથી, તેથી જ રાજનીતિને સમજનારો રાજા સૌથી પહેલો પોતાના લશ્કરની કાળજી રાખે છે અને તેનો સહકાર શોધે છે, તે જ પ્રમાણે સમ્યક્‌ત્વી જ્ઞાની, સમ્યક્‌ચારિત્રવાળો, પણ આત્મા જાણે સમ્યગ્‌દર્શન પામેલો આત્મા પણ જ્ઞાનચારિત્રવાળાનો સહકાર જ શોધે છે. એવા સહકાર વિના તે પણ રહી શકતો જ નથી. આત્માને પણ આ જગતમાં કર્મરાજા સાથે યુદ્ધ ખેલવું છે, અને તે એ રણસંગ્રામ પાંડવો અને કૌરવોની લડાઈ કે યુરોપી મહાયુદ્ધના કરતા પણ મોટો છે અને આત્માને મળતો વિજય એ સમ્રાટ દુર્યોધન, જ્યુલીયસ સીઝર, નેપોલીયન

બોનાપાર્ટ કે નાવિકનેલ્સનના વિજય કરતાં પણ મોટો વિજય છે, પરંતુ એટલી વાત યાદ રાખવાની છે કે દુન્યવી લડાઈઓ અને આત્માની લડાઈઓમાં બહુ મોટો તફાવત છે. ભવ્યાત્માને લશ્કર, લડાઈ કિલ્લો એ સઘળું જુદુ હોય છે અને એનો રણસંગ્રામ એ પણ જુદી જ ચીજ છે. જગતના વ્યવહારમાં લશ્કરની જીત એને રાજાની જીત ગણી છે. અહીં સ્વયંરાજાને જ વિજય મેળવવાનો હોય છે.

હવે એ પ્રશ્નનો વિચાર કરો કે આત્માનું લશ્કર કયું? આત્માને લોભાવીને પાપમાં પડવાના જે જે સાધનો છે તે સઘળું મોહરાજાનું લશ્કર છે અને આત્માના જે પરિણામ છે તે સઘળા આત્માના સૈનિકો છે, પરંતુ આ આત્માના આંતર સૈનિકો છે, હવે આત્માના બાહ્યસૈનિકો ક્યા ક્યા છે તે જોઈએ. આ જાતના જેટલા ભવ્યજીવો છે તે સઘળા આત્માના સૈનિકો છે, અને એ સૈનિકોના મહાન સૈન્યવડે જ આત્માએ મોહરાજાને હરાવીને પોતાનો વિજય સ્થાપવાનો છે, હવે જ્યારે આ દૃષ્ટિ તમારામાં આવશે ત્યારે જ તમે ભગવાન મુનિસુવ્રતસ્વામીજીના કાર્યની મહત્તા અને આવશ્યકતા કેટલી હતી તે સારી રીતે સમજી શકશો. આ સ્થિતિની પ્રાપ્તિ થયા વિના મુનિસુવ્રતસ્વામીના કાર્યને તમે ઓળખી શકવાના નથી. સેનાપતિ અથવા સિપાઈ પોતે એકલો ગમે તેટલો બળવાન હોય તો પણ તે આખા રાજ્યને બચાવી શકતો નથી. કદાચ તે પોતાનો બચાવ કરી લે તે સંભવીત છે, પરંતુ તેનાથી આખા સામ્રાજયનો બચાવ ન જ થઈ શકે.

જેમ એક સિપાઈ આખા સામ્રાજયને તે ગમે તેવો જબરો હોવા છતાં પણ બચાવી શકતો નથી, તે જ પ્રમાણે એક વ્યકિત ગમે તેટલી ધર્મનિષ્ઠ હોય અને ધર્માચારમાં મજબુત હોય તો પણ તે આખા શાસનને બચાવી શકે જ નહિ. અને તે એકલો આત્મા પોતે ગમે એવો બળવાન હોવા છતાં મોક્ષમાર્ગને સાધી શકે નહિ. એક સિપાઈને જેમ બીજા સિપાઈની જરૂર પડે છે તેમ એક ધર્મીને પણ બીજા ધર્મીની અવશ્ય જરૂર પડે છે. આખું સૈન્ય રણભૂમિમાં ન જાય અને માત્ર એક સિપાઈ જ તલવાર લઈને "આવી જા બચ્ચા ?" કહીને રણભૂમિમાં જઈને ઉભો રહે તો તેનો પત્તો લાગતો નથી. શત્રુના સૈનિકો તે એક સૈનિકને તો ઝપાટામાં ઉડાવી દે છે પરંતુ જો બીજા સૈનિકો સાથે મળે છે એટલેજ પલટન ઉભી થાય છે. અને એવી પલટનજ શત્રુઓનો બરાબર સામનો કરી શકે છે. એજ સ્થિતિ પ્રમાણે એક ધર્મી જીવ ઉપર મિથ્યાત્વ, અવિરતિ, કષાય ઈત્યાદિનો હુમલો થાય તો બીજો ધર્મીજીવ એ હુમલાને પણ કદી સહન કરી શકે નહિ.

જેઓ પોતાના જાતીય મહત્ત્વને સમજે છે તેઓ સારી રીતે આ વાત જાણે છે કે તેમના એક છુટક મનુષ્ય પર જે હુમલો થાય છે તે એક છુટકપરનો હુમલો નથી, પરંતુ આખી જાતિ ઉપરનો હુમલો છે અને તેથીજ એવી એક વ્યકિત પર હુમલો થાય છે, ત્યારે બીજી વ્યકિતઓ "છોને...સાળો એ માર્યો જતો, મારા ઉપર ક્યાં હુમલો થાય છે કે મારે રક્ષા માટે જવું જોઈએ," એવું વિચારીને તટસ્થ રહી શકતી જ નથી, એજ પ્રમાણે જ્યારે એક ધર્મી જીવ ઉપર હુમલો થાય, વિષય, કષાય, અવિરતિ, મિથ્યાત્વ આદિ એક ધર્મી ઉપર તીર ફેંકે ત્યારે મારા ઉપર ક્યાં હલ્લો થાય છે એમ જાણીને બીજો ધર્મી જીવ કદીપણ તટસ્થ થઈ શકતો નથી. ધર્મા જીવ તો સારી રીતે જાણે છે કે એ સઘળા હલ્લા પર્યાયે મારા ઉપર જ છે અને તેથી મારી એવા સઘળા હલ્લાઓને મારી હઠાવવાની ફરજ છે. એ સંબંધમાં તમે તીર્થંકર દેવોનું ડહાપણ લેશો તો આ વાત વધારે સ્પષ્ટ રીતે સમજી શકશો. તીર્થંકરદેવો ઈન્દ્રનરેન્દ્રથી પૂજાતા હતા, તેમણે

આત્માની સંપૂર્ણ સમૃધ્ધિ પ્રકટ કરી હતી, અને છતાં તેઓ બીજા સમકીતીજીવોને સહાય કરતા રહ્યા હતા.

શ્રીમાન તીર્થંકરદેવોની વ્યકિતગત આત્મીય સમૃદ્ધિ અપાર હતી તેમાં અંશમાત્રની ન્યૂનતા ન હતી, છતાં તેઓ અહોરાત્ર બીજા જીવોને સમકીત, વિરતી પમાડવા અને વિષય કષાય ટાળવાના પ્રયત્નો કર્યા જ કરતા હતા. આપણે બધા પરસ્પરની શક્તિએ શક્તિવાળા છીએ ત્યારે ચક્રવર્તીઓ તો પોતાને શક્તિવાળા હોય છે. એક ચક્રવર્તી કૂવાની પાળે ઊભો હોય અને ૮૪ લાખ હાથી ઘોડા આદિને એક સાંકળે બાંધીને તેની સાથે ૯૬ કરોડની પાયદળ સેના જોડી તે બધાની પાસે ચક્રવર્તીને ખેંચાવીએ તો પણ ચક્રવર્તી એક ડગલું પણ આગળ કે પાછળ ખેંચાતો નથી. તેને જરાપણ નમાવી શકાતો નથી. ચક્રવર્તીની માફક તીર્થંકર દેવો પણ જાતીય બળવાળા છે, તેઓ પોતાના આત્માબળથી જ મોક્ષેને પામે છે. બીજા ભવ્યોના ભેગા બળથી તેમને કાંઈ મોક્ષ મળેલો હોતો નથી. આવા મહાપુરુષો સુદ્ધાં જો એક જીવ પણ મિથ્યાત્વ, અવિરતિ કે કષાયમાં આવી પડે તો તેને તેમાંથી તારવાને માટે દોડાદોડી કરી મૂકે છે ! આપણે બધા સિપાઈઓની રક્ષાથી રક્ષાયેલા છીએ, જ્યારે મહાપુરુષો સ્વયંબળથી રક્ષાયેલા છે તે છતાં તેઓ અવિરતિ અને કષાયના હલ્લા સામાન્ય મનુષ્ય ઉપર થાય તેઓ તરત જ તેની વહારે ચઢે છે. આપણે કૃષ્ણમહારાજની કથામાં પણ એજ વાતને સાંભળીએ છીએ. શ્રીકૃષ્ણની આખી દ્વારિકા બળી ગઈ ત્યારે તેઓ કોસંબંવન તરફ ગયા ! અહીં આર્ય અને અનાર્યનો સંબંધ બગડેલો હતો. શ્રીકૃષ્ણ ત્યાં ગયા ત્યારે પોતાનું સૈન્ય દ્વારિકામાં ખલાસ થઈ ગયું હતું, અને બીજી તરફ તેઓ જ્યાં ગયા ત્યાં શત્રુઓએ તેમને ઘેરી લીધા. આ વખતે શત્રુઓના લશ્કરની સામે થવામાં બલદેવ અને શ્રીકૃષ્ણને બીજા કોઈની મદદ લેવી પડી નહોતી. બંને ભાઈઓએ માત્ર પોતાના બાહુબળથીજ શત્રુના લાખોના સૈન્યને હરાવ્યું હતું. ચક્રવર્તી વાસુદેવો અને એ કાંઈ લશ્કરના બળ ઉપર જ આધાર રાખનારા ન હતા, એજ પ્રમાણે શ્રીમાન મહાવીર ભગવાન આદિ તીર્થંકર દેવો પણ કાંઈ બીજા ભવ્યોના જોરથી મોક્ષે જનારા ન હતા.

તીર્થંકરો સ્વયંબળથી જ મોક્ષે જવાની શક્તિવાળા હતા, છતાં તેઓ પણ એકેએક જીવની ખબર રાખનારા હતા, એકને પણ તેઓ વિરતિમાંથી ખસવા દેતા ન હતા, એક જીવને તેઓ કષાયની પરિણતીમાં જવા દેવાને તૈયાર ન હતા, અને કોઈ જાય તો તેને બચાવવા માટે આ પરમોપકારી દેવાધિદેવો પણ દોડાદોડ કરી મૂકતા હતા ! તમે બરાબર તપાસ કરીને જોશો તો તમોને માલમ પડશે કે બધા મોહવશ જીવો કુતરાના જેવો સ્વભાવ ધરાવનાર છે. જો કુતરો વિરોધિ કુતરા આગળ એકલો હોય તો તે બે પગની વચ્ચે પુંછડી ઘાલીને ભાગી છૂટે છે, પરંતુ જો એજ એક કુતરા સાથે બીજા પાંચ કુતરા ભેગા થઈ જાય તો તેઓ બધા મળીને રણસંગ્રામ મચાવે છે ! આપણને પણ જો કોઈ પણ જાતનો ટેકો દેનારો કે સાથ આપનારો મળે છે તો જ આપણે ધર્મ કરવાને તત્પર રહીએ છીએ, પરંતુ જો એકલા પડીએ તો અવિરતિ કષાયમાં જ ઉતરી જઈએ છીએ, અર્થાત્ આપણી આ વૃત્તિ પણ તમે સરખાવી જોશો તો બરાબર કુતરાના જેવી જ જણાઈ આવશે.

આપણો જીવ પણ એજ દશાનો છે કે જો તેને બીજા સમજાવે બીજા તેને માર્ગમાં સ્થિર રાખવા પ્રયત્નો કરે તો જ તે ધર્મમાં સ્થીર રહે છે, પરંતુ જો એકલો પડે છે તો તરત અધર્મી બની જાય છે. અહીં યાદ રાખવાનું છે કે આ જે અધર્મી શબ્દ વપરાય છે તે કોઈની અપેક્ષાએ વાપરવામાં આવતો

નથી, પરંતુ સ્વતંત્ર રીતે વપરાય છે. અધર્મી તરીકે કે ઉત્સૂત્રભાષી નિન્હવ તરીકેની છાપ કયારે મળે છે તે વિચારજો. વ્યવહાર સૂત્રમાં સાફ સાફ કહ્યું છે કે જો કોઈ આચાર્ય જૈનતત્ત્વોથી ભિન્ન એવી બીજી કાંઈ પ્રરૂપણા કરતો હોય તો તે વખતે બીજા આચાર્યોએ ભેગા થવું, અને જાહેર કરવું કે ફલાણે દહાડે અમુક બાબતનો નિર્ણય કરવામાં આવશે. આ નિર્ણયની વાત જાહેર થયા પછી પેલા સાધુની ફરજ છે કે તેણે નિર્ણયનો સમય નજીક આવતાં ઠરાવેલ સ્થાને આવીને જ રહેવું જોઈએ. નિર્ણયનો આ દિવસ તદ્દન નજીક આવી ગયો હોય તો પેલો સાધુ ઉપાશ્રયે જવા પણ રહેતો નથી, અથવા પગ પૂંજવા જેટલો પણ ખોટી થતો નથી, પરંતુ સીધો પેલા ચર્ચાને સ્થાને આવવાને જ વિહાર કરે છે.

હવે બીજી બાજુએ શાસનને સંઘની શી ફરજ માની છે તે જુઓ. સંઘની એ ફરજ માની છે કે સંઘે એ સાધુને ત્રણવાર બોલાવવા મોકલવો, અને તેને ખુલાસો કરવાની તક આપવી આટલું છતાં પણ જો પેલો સાધુ ન જ આવે અને પોતાના કાર્યનો બચાવ ન જ કરે, તો સંઘે શ્રીશાસ્ત્રોને અનુસરીને ઠરાવ કરી દેવાનો છે, અને એ શાસ્ત્રોને અનુસરતો જે નિર્ણય થાય છે તે જ આખરી ન્યાય છે. લૌકીક ન્યાય પણ એવો જ છે કોઈપણ કેસમાં કાંઈપણ ફેંસલો આપતાં પહેલાં સરકાર પ્રતિવાદીની ગેરહાજરીમાં કાંઈપણ હુકમ ફરમાવી દેતી નથી, પરંતુ પ્રતિવાદીને પહેલો સમન્સ મોકલવામાં આવે છે. છતાં જો પ્રતિવાદી ન આવે તો તેને ચોપદાર જઈને લઈ આવવાનો પ્રયત્ન કરે છે. આરોપીથી વકીલ ન કરી શકાતો હોય તો આરોપીને સરકાર પોતાને ખરચે વકીલ કરી આપે છે, અને જો તે છતાં પણ આરોપીનું બિનગુન્હેગારપણું સાબીત ન જ થાય તો જ તેને સજા કરવામાં આવે છે.

આપણું શાસન તો સ્પષ્ટ રીતે એમ કહીજ રહ્યું છે કે આપણે વ્યકિતથી કોઈને અધર્મી કહેવાને તૈયાર થવાનું જ નથી. આટલી બધી જ્યાં ઉદારતા છે ત્યાં આપણે ધર્મથી ખસતાને બચાવી લેવાને માટે કેટલો ઉદ્યમ કરવો જરૂરી છે તે વિચારો. કુતરો જો હડકાયો થાય તો તેને બીજા કુતરાઓ પણ પોતાના સમુહમાં રાખતા નથી. બધા કુતરાઓ એને જોઈને જ ભાગી જાય છે, કારણ કે તેઓ જાણે છે કે આ એક સુધારક આપણામાં ઘુસી જશે તો બધાનું સત્યાનાશ વાળશે ! પણ એજ કુતરાઓ સંયુક્ત થઈ ભેગા બળથી શત્રુ પર ધસે છે અને એવો જબ્બર હલ્લો મચાવે છે કે તે હલ્લાથી તેઓ વાઘ જેવાને પણ એકવાર તો ડરાવી દે છે ! આપણો આત્મા એ કાંઈ ભગવાન તીર્થંકર દેવોના જેવો સ્વયંબુદ્ધ તો નથી જ, તો પછી સંઘ શક્તિ પર ઝઝુમનારા આપણે તો એક એક ધર્મીની કિંમત કેટલી માનવી જોઈએ તેનો વિચાર કરો. રાજાને મોઢે જેમ એવા શબ્દો શોભતા નથી કે છો ને મારો એક સિપાઈ ગયો તો શું ઘટી જવાનું છે ? તે જ પ્રમાણે આપણે મોઢે પણ એ શબ્દો શોભતા નથી કે છો ને એક ધર્મી અધર્મી થયો તો તેમાં આપણી ખીચડી કયાં ઘટવાની છે ?

જે આત્મા આ પ્રકારના શબ્દો બોલે છે તેને માટે સમજી લેવું કે આપણે આત્માના રાજ્યને હજી ઓળખ્યું નથી અને આપણે ભવ્યોના સમૂહને આત્માના સામ્રાજ્યના લશ્કર તરીકે પીછાણ્યા જ નથી. જો આપણે એને એ રીતે પીછાણ્યા હોત તો આપણા મનમાં એવો જ વિચાર આવત કે આપણો એક પણ લશ્કરી શા માટે ઓછો થાય ? શા માટે વધે નહિ ?? અને અધર્મી ધર્મી કેમ ના બને ??? ખરી વાત તો એ છે કે આત્મા જ્યારે પોતાની વસ્તુસ્થિતિને ઓળખે ભવ બાલકકાળને ઓળંગી જાય અને ધર્મ યૌવન અવસ્થામાં આવે અને સ્વપરની વહેંચણમાં સમજનારો થાય ત્યારે જ તે સમ્યગ્દષ્ટિપણું પામે છે. સમ્યગ્દષ્ટિત્વ માટે સ્વપરની વહેંચણમાં સમજનારો તો થવો જ

જોઈએ, પછી એ વહેંચણીને અનુસરનારો ન બને કે બને તે જુદી વાત છે. પરંતુ જે એ વહેંચણમાં જ ન સમજે તેનાથી તો સમ્યક્ત્વ જરૂર દૂર જ છે. જે સમ્યગ્દૃષ્ટિ છે તેને તો એક ધર્મી ઓછો થાય એક ધર્મી દૂર જાય તેની ઘણી કિંમત છે, અને તે માટે પણ તેના હૃદયમાં લાગણી થાય છે.

લશ્કરના ઉમેદવારોની અરજીની કિંમત કાંઈ બધી જ વખતે થતી નથી, પરંતુ જ્યારે લડાઈ સળગે છે ત્યારે લશ્કરના ઉમેદવારોની અરજીની કિંમત થાય છે. મોહરાજા સામે આપણે લડાઈ જાહેર કરી છે, એવે સમયે ઉમેદવારની અરજી રૂપ ધર્મીઓની કિંમત તો આપણને હોવી જ જોઈએ. લડાઈ શરૂ થાય છે ત્યારે કમાન્ડર ઈન ચીફ એ વાતનો વિચાર નથી કરવા બેસતા કે આ નવા નવા ઉમેદવારો આવે તો છે પણ એ બધા લશ્કરમાં જોડાઈને શું ઘોળશે ? ઘોળવા ન ઘોળવાની અહીં વાતજ નથી, અહીં તો પહેલી વાત લશ્કરને માટે જે અરજી આપે છે તેની ભાવના કેટલી છે તે જ માત્ર જોવાનો પ્રશ્ન છે. પરીક્ષામાં દર વર્ષે જેટલા ઉમેદવારો બેસે છે તેટલા કાંઈ બધા જ પાસ થતા નથી, પરંતુ તેટલા માત્રથી જ યુનિવર્સિટી કાંઈ હુકમ બહાર પડતી નથી કે જે પાસ થવાના હોય તેને જ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે ! એજ પ્રમાણે અહીં પણ ધર્મીવર્ગની કિંમત ગણવાની છે.

શ્રીમાન જીનેશ્વર ભગવાનના શાસનને જે માને છે, સદ્‌ગુરુને માને છે,જે ધર્મમાં શ્રધ્ધા રાખે છે. તે બધા મોહરાજા સાથેની લડાઈમાં જરૂરના છે, પછી ભલે તેમની શ્રીજીનશાસનમાં શ્રધ્ધા એ ન તત્ત્વસમજને અનુસરતી હોય, તત્ત્વ સમજ્યા વિનાની હોય કે યશ વદ્ધા આ લોકના પૌદ્‌ગલિક સાધનો મેળવવાનો તેમાં ઈરાદો રહેલો હોય!! લશ્કરમાં પૂરતી રીતે કેળવાયેલા ઘોડાની જરૂર હોય છે. પરંતુ જો તેવો કેળવાયેલો ઘોડો જ ન મળે તો શુરા સૈનિકો તેટલા માટે કાંઈ યુધ્ધ અટકાવી રાખતા નથી. બિનનકેળવાયેલો ઘોડો હોય તો તેને પણ તેઓ કેળવીને ચલાવી લે છે, આમ લડાઈમાં બિનકેળવાયેલો ઘોડો કામ લાગી શકે છે, પરંતુ ખોડો ઘોડો લડાઈના કામમાં આવી શકતો જ નથી અને જો ભૂલેચુકે ખોડો ઘોડો તમે લડાઈની સેનામાં દાખલ કરી દો તો તે ઘોડો પોતાની સાથે પોતાની ઉપર બેસનારાનો પણ નાશ કરે છે, અર્થાત્ જો તમારે સૈન્યને સલામત રાખવું હોય અને લડાઈ જીતવી જ હોય તો તમારે ખોડા ઘોડાથી તો દૂર રહેવાની જરૂર જ છે.

આત્મહિત સાધવા માટે કર્મ સાથેના રણસંગ્રામમાં પણ ખોડા ઘોડા ન ઘૂસી જાય તે તમારે જોવાની જરૂર છે. જેઓ ધર્મ સમજીને આત્માનું સ્વરૂપ વિચારીને અને મોક્ષની મહત્તા માનીને ધર્મને માર્ગે વળ્યા છે તેમને માટે તો કાંઈ કહેવા કરવાનું છે જ નહીં, એવો સમુદાય તો જીનેશ્વવર ભગવાનના શાસનની શોભારૂપે છે, પરંતુ તેમની સાથે એવો વર્ગ પણ ચાલી શકે છે કે જેઓ દ્રવ્યભાવથી સુદેવ સુગુરૂ અને ધર્મના ઉપાસક બન્યા હોય! શાસનરથમાં આ બંને પ્રકારના માણસો ચાલી શકશે, પરંતુ જેઓ ધર્મનો ધ્વંસ કરવા માંગે છે અને ક્રિયાનું નામ સાંભળીને જ જેને કંટાળો આવે છે તેવા અધમ માણસો રૂપ ખોડા ઘોડા તો આ શાસનમાં એકપળને માટે પણ ચાલી શકે એવા નથી જ. હવે અહીં મુદ્દાનો એક પ્રશ્ન વિચારવા જેવો છે કે ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીજી એક જાનવરને મરણને કાંઠે ઉભા રહેલા એક જાનવરને સમ્યક્ત્વ પમાડવા માટે ભગીરથ પ્રયત્ન કરે છે અને છેક સાઠ જોજનનો વિહાર કરીને ભરૂચ સુધી આવે છે, ત્યારે બીજી બાજુએ ભગવાન શ્રી મહાવીરદેવ ૫૦૦ રાજકુમાર સહિત જેમણે દીક્ષા લીધી છે તેમજ પોતાના ભાણેજ એવા જમાઈ એવા જમાલીને પણ સંઘ બહાર કાઢી મૂકે છે પછી બંનેમાં કયા વર્તનને આપણે અનુકરણીય માનવું જોઈએ.

ખરી રીતે તપાસીએ તો આવો પ્રશ્ન કરનારો મૂર્ખ છે. માતા પોતાના બાળકને લાડ લડાવે છે, પોતે ભૂખી રહીને પણ તેને શીરો ખવડાવે છે, પરંતુ એજ બાળકને જો તાવ આવ્યો હોય તો તેને એની એજ માતા રોટલીનો ટુકડો પણ આપતી નથી ! છતાં એક વખતે એ માતાને દયાળુ અને બીજી વખતે તેને જ ઘાતકી કહી શકાતી નથી. ખરી વાત તો એ છે કે માતાનું સઘળું વર્તન બાળકની હિતબુધ્ધિથી ભરેલું છે, અને તેથી તે નિર્દોષ છે. તે જ પ્રમાણે ભગવાન મુનિસુવ્રતસ્વામીજી અને ભગવાનશ્રી મહાવીરદેવ એ બંનેના વર્તનમાં ચોખ્ખી રીતે એક વાક્યતા જ નજરે પડે છે, લડાઈને માટે નિમાયેલો કમાન્ડીંગ ઓફિસર નવા ઉમેદવારો નોકરી લેવા જાય છે તો તેને લશ્કરમાં રાખવા માટે આતુર જ હોય છે, અને તે સઘળાની અરજી લે છે, પરંતુ જેટલી ત્વરાથી તે ઉમેદવારોની અરજી લે છે તેટલી જ કાળજીથીતે નાલાયક ઉમેદવારોને તો શું ? પણ લશ્કરીને પાછા ઢકેલી પણ કાઢે છે ! કમાન્ડીંગ ઓફીસર અરજી લેવા પણ તૈયાર છે અને નાલાયકોને ઢકેલી કાઢવા પણ તૈયાર છે, એજ એક વસ્તુ શ્રીમાન મહાવીરદેવ અને ભગવાન મુનિસુવ્રતસ્વામી બંનેના જીવનમાં નજરે પડે છે.

એક જીવ સમ્યક્ત્વ પામવાનો હતો એટલે તરત જ ભગવાન મુનિસુવ્રતસ્વામી પોતાનું સઘળું કાર્ય પડતું રાખીને એક રાતમાં સાઠ જોજનનો વિહાર કરીને ગયા હતા અને ધર્મના માર્ગમાં તેને દાખલ ક્યો હતો, જ્યારે તેનાથી ઉલટું જમાલી બીજાને પણ બગાડે અને સત્યથી ચલિત કરે એવો જણાયો હતો એટલે તેને ભગવાને વિદાય કરી દીધો હતો ! એક આગની ચીનગારીને નાની સરખી છે એમ ધારીને આપણે તેની ઉપેક્ષા કરતા નથી, પરંતુ એ ચીનગારીને પણ હોલવી જ નાખીએ છીએ, અને જો એ ચીનગારીને નથી હોલવી નાંખતા તો એ જ ચીનગારી ઘાસના આખા બીડનો વિનાશ કરી નાંખી શકે છે. એજ પ્રમાણે જો એક આત્મા નુકશાન પામેલો હોય તો તે બીજા હજારોને નુકશાન પહોંચાડે છે, એક સડેલું પાન બીજા હજારો પાનોને સડાવે છે, અને એક ગધેડું બધા ઘોડાઓને ભૂકતા બનાવી દે છે, માટે એ રીતની એક બગડેલી વસ્તુ હોય તો તે બીજી સારી વસ્તુઓને પણ બગાડતી હોવાથી તેવી એક બગડેલી ચીજને દૂર કરવામાં જ સજ્જનો પોતાનું કર્તવ્ય માને છે.

આ સઘળી વસ્તુઓ ઘણાને સમજવામાં મુશ્કેલ પડે છે. આ મુશ્કેલીનું કારણ એ છે કે આપણે લડાઈમાં ઉતર્યા છીએ એ વાત હજી આપણા સમજવામાં જ આવી નથી.જે સમયે એ વાત આપણા સમજવામાં આવશે કે આપણે એક મહાન રણસંગ્રામમાં પડ્યા છીએ અને યુદ્ધની દશા ભોગવીએ છીએ, તે વખતે આ સઘળી વસ્તુ આપોઆપ આપણને સમજાશે. રણસંગ્રામની સ્થિતિ આપણે સમજ્યા જ નથી અને આપણે હજી મોહને ભરોસે જ ભૂલેલા રહીએ છીએ. "अन्नं वै प्राणाः" એને જ આપણે તત્ત્વ ગણ્યું છે અને ભૂલભૂલામણીના પડળ આપણી આંખોએ એવા ચઢી ગયા છે કે જેથી સત્યવસ્તુને આપણે જોઈ શકતા જ નથી. આપણે કહીએ છીએ કે "शरीरमाद्यं खलु धर्मसाधनं" આ વાક્ય જો કે ખરી રીતે તદ્દન સાચું છે, પરંતુ તે છતાં અજ્ઞાનથી લોકોએ તેને ખોટી રીતે ગોઠવી દીધું છે, અને તેથી પરિણામ એ આવ્યું છે કે હજારો સ્થળે આ વાક્યે અનર્થ પેદા ક્યો છે.

'शरीरमाद्यं खलु धर्म साधनं' આ વાક્યનો મર્મ સમજો. શરીર ટકાવવાનીજ ફરજ શા માટે તો તેનો જવાબ એ છે કે શરીર ધર્મનું સાધન છે માટે, અર્થાત્ ધર્મ માટે તેને ટકાવવાની જરૂર છે. પરંતુ એ શરીર જો ધર્મનું સાધન ન હોય તો તેને ટકાવવું બિનજરૂરીજ છે. તમે દુકાને મુનિમ રાખો છો, પરંતુ એ મુનિમ શા માટે રાખો છો ? તેનો

વિચાર કરો. મુનિમ તમારી દુકાન ચલાવવા માટે છે. તમે તમારા મુનિમની પ્રતિષ્ઠા જાળવો છો, ઘણે ભાગે તેના કહ્યાને જ પ્રમાણ માનો છો, અને તમે પણ જો કાંઈ નવું કામ કરવાનું હોય તો પહેલાં તમારા મુનિમનીજ સલાહ લો છો. પેઢીને માટે તમોને મુનિમ આટલો જરૂરી છે, પરંતુ તે બધામા એ તમારો મુદ્દો તો એજ છે કે પેઢીની આંટ વધારવી અને તેને જાળવવી. તમારો મુનીમ જ્યાં સુધી તમારા આ મુદ્દાને પોષતો રહે છે ત્યાં સુધી જ તમે એને લાડ લડાવો છો, પરંતુ જો એ મુનીમ જ તમારી પેઢીને સળગાવી મૂકવાને તૈયાર થાય તો પછી તમે એ મુનિમને ઘડીભર પણ તમારે ત્યાં ઉભો રાખતા નથી, પરંતુ તરત જ ધક્કો મારીને વિદાય કરી દો છો ! ફરી તમે એનું મોઢું પણ જોવા માગતા નથી.

એજ પ્રમાણે અહીં સમજવાનું છે. શરીર શું છે ? શરીર એ તમારી ધર્મરૂપી પેઢીનું નાક છે, અને તેથી એ ધર્મરૂપી પેઢીના નાક તરીકે જ એને સાચવવાનું છે, પરંતુ જો એ શરીરરૂપી નાક જ તમારી ધર્મરૂપ પેઢી ડુબાવા તૈયાર થાય તો ! તો એવા મુનિને ખાંસડા જ મારો !! આ શરીરરૂપી મુનિમના પણ ત્યાં સુધી જ લાડ લડાવવાના છે કે જ્યાં સુધી આ શરીર એ ધર્મ સાધવાનું સાધન છે પરંતુ જો એ સાધનવડે ધર્મ સધાતો બંધ થયો તો એને માટે ફાંસીનું લાકડું પણ તૈયાર હોવું જ જોઈએ, એજ અણશણ. આ શરીર જો ધર્મનું સાધન ન બને તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો નિર્વાહ કરનારું ન દેખાય તો તે વખતે "सव्वं तिविहेण वोसिरामि" એ પણ હોવું જ જોઈએ. અહીં શરીરમાદ્યં ખલું ધર્મ સાધન એવું બોલનારો ભૂલ ક્યા કરે છે તે જુઓ. એ ભૂલ તમે લક્ષમાં લેશો એટલે આ વાક્યથી આજ સુધીમાં કેવી ખોટી ગેરસમજ ફેલાઈ છે અને તેથી કેવા અનર્થો ફેલાયા છે તે તમે સહેલાઈથી સમજી શકશો.

અહીં કોડી હલાલ અને બચકા હરામની વાત ધ્યાનમાં લો, રસુલખા કરીને એક મીયા હતા. મીયા મૂલના ભૂખડું, આંગળા ચાટીને પેટ ભરે એવા, પણ તેમની જીભ એવી મીઠી હતી કે જેની સાથે વાત કરે તેને એમજ થાય કે ખરેખર આં મિયા બિચારા ખુદાનો અવતાર છે, અને આલમનું ભલું કરવાને માટે જ દુનિયામાં અવતર્યા છે ! એક વખત એવું બન્યું કે મિયા રસ્તેથી જતા હતા એટલામાં તેમને પગે કાંઈ ઠેસ વાગી ! વાંકા વળીને જુએ છે તો મિયાએ એક કોડી પડેલી દીઠી અને સાથે એક બચકું-પોટકું પડેલું દીઠું, ઘોર અંધારૂં બધે ફરી વળેલું હતું, કોઈ કોઈને જોતુ નહોતું એટલે મીયાંએ તો ધીમેરહીને કોડી અનેપોટલું ઉંચકીલીધું અને ઘેર આવ્યા, ઘેર આવીને પોટડું છોડીને જુએ છે તો અંદરથી તો સોના મહોરો નીકળી ! સોનામહોરો જોઈ મીયાની આંખ ચસકી ! મહોરો હજમ કરવાનું મન થયું. પણ પોતે આજ સુધીમાં ગામમાં સાચા બોલા તરીકેની નામના મેળવી હતી, કદાચ આ વાત બહાર જાય તો પોતાની આબરૂં ધુળ ભેગી બની જાય. આ ભયથી મીયા ડર્યા અને તેમણે એક બીજી યુક્તિ શોધી કાઢી.

બીજે દિવસે મીયાએ એક થાળી લીધી, એક વેલણ લીધું, અને ગામમાં નીકળી પડ્યા. મહોલ્લે મહોલ્લે ઉભા રહી પહેલાં વેલણ વડે થાળી ઠોકે અને લોકોને જાગૃત કરે, પછી જબરી બાંગ મારે કે ખોવાય છે કોઈની કોડી ? અને ધીમે કહે કે કોઈનો બચકો ! આ મિયાને જડી એ ચીજ. પરંતુ આ રસુલમિયાને તો કોડી હરામ છે ! માટે માલિકે આવીને પોતાનો માલ લઈ જવો." મીયા આવી બૂમ મારે ખરા, પણ તેમાં "ખોવાયા છે કોઈની કોડી" એ વાત જોરમાં બરાડે અને 'બચકો' એ શબ્દો એટલા ધીમે બોલે કે પોતે બોલે અને પોતે જ સાંભળે ! આમ મિયા આખા ગામમાં ફરી આવ્યા પણ ન તો કોઈ કોડીનો માલિક જડ્યો, ન કોઈ બચકાનો માલિક મળ્યો, અને ધીમે રહીને મીયા બચકો પચાવી ગયા !

મિયાને કોડી અને બચકો બને જડ્યા હતા, પરંતુ મીયાએ બચકો સંતાડી કોડી આગળ કરી હતી, એજ પ્રમાણે આપણે શરીર શબ્દ જાહેર કરીએ છીએ, પણ તે ધર્મનું સાધન છે એ વાત ધીમે બોલી એ શબ્દો ને પાછળ રાખી તેને ગળી જઈએ છીએ. શરીરમાદ્યં ખલુ ધર્મસાધનં એમ તો બધા બોલે છે, પરંતુ કેટલાએ એવો વિચાર કર્યો છે કે શરીર ધર્મનું સાધન છે માટે જ એ જરૂરી છે, પરંતુ જો એ શરીરથી ધર્મ ન સધાતો હોય તો એ શરીરની જરૂર જ નથી. બીજી રીતે બોલો તો એમ પણ બોલી શકાય કે આ શરીર એ તો એક પ્રવાસ માટે આત્માને મળેલો ઘોડો છે, અને એ ઘોડો જ્યાં સુધી મુસાફરીમાં સાથ દે છે ત્યાં સુધી જ તે ચંદી મેળવવાને હકદાર છે, અને આપણે તેને ચંદી પુરી પાડવા માટે જવાબદાર છીએ. પરંતુ એ ઘોડો જો અટકી ગયો ને નકામો થયો તો પછી તે આપણી પાસેથી ચંદી મેળવવાને હકદાર નથી, તે જ પ્રમાણે આપણે પણ તેને ચંદી આપવાને માટે જવાબદાર નથી.

અડી ગયેલા અને નકામા ઘોડાના ભાગ્યમાં તો એ જ વાત લખાયેલી છે કે તે આસપાસનું સુકું ઘાસ ખાય અને દહાડા પૂરા કરે ! આપણામાંના પણ જેઓ ધર્મને બહાને ધર્મનો નાશ કરવાને માટે તૈયાર થાય છે તેમની એ તૈયારીનું કારણ એજ છે કે મોહમહીપતિના હથિયારોના નિશાન બની ચુક્યા છે. આપણું શરીર, શરીરની ઇંદ્રિયો, આહાર ઇત્યાદિ સઘળું ધર્મને માટે ઉપયોગી છે, પણ તમે તેને એ રીતે ત્યારે રજુ કરી શકો છો કે જ્યારે તમે ધર્મને જ આગળ કરતા હો, જો ધર્મને આગળ ન કરો તો તમારે આ બાબતમાં જરાપણ ધર્મ સાધનશબ્દને આગળ લાવવાનો અધિકાર જ નથી.

આપણે શરીર ઇન્દ્રિયો આહાર એ બધાને મોહ તરફ જવા ન દઈએ અને તેને ધર્મને માર્ગે જ વાળીએ, એ સ્થિતિ ક્યારે ઉત્પન્ન થાય તે સમજો. જે વખતે તમારો આત્મા મોહના પરિણામોને અને મોહથી થતા મહાભયંકર નુકસાનીને સમજી શકે છે ત્યારે જ તે ઉપલી સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે, તે સિવાય તે ઉપલી દશા મેળવી શકતો જ નથી.

ઉપલી સ્થિતિને મેળવ્યા પછી જેઓ મન,વચન, ક્રિયા એ બધાને ધર્મને માર્ગે વાળે છે અને ધર્મ જ એક સાધવા યોગ્ય છે, અને બીજું બધું જુલ્મ દાયક છે, એમ માને છે, તેઓ જ આ સંસારમાં સાચી દૃષ્ટિ મેળવી શકેલા છે, તેઓ એક એક ધર્મીની વ્યાજબી કિંમત અને મહત્તા ગણે છે, અને સામુદાયિક રીતે એક બીજાની સહાયતાથી પોતાનું જીવન ધર્મને માર્ગે આગળ વધારવા જ પ્રયત્ન કરે છે.

(ટાઈટલ પા. ત્રીજાથી ચાલુ)

૨. તત્ત્વતરંગિણીનું વિવેચન સહિત ભાષાન્તર કહેવાતા વીર (?) શાસનમાં આપવા માંડયું છે. પણ તે પુરૂં આપી શકશે નહિ. છતાં જો આપશે તો વાચકો સ્પષ્ટ જોઈ શકશે કે તેમાં તો ચૌદશના ક્ષયે તેરસને તેરસને નામે બોલાવવાની જ ના કહે છે, અને તે તેરસને ચૌદશને નામે જ બોલાવવાની કહે છે. એટલે પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની અપર્વતિથિનો ક્ષય કરવો એ પરંપરા શાસ્ત્રાનુસારિણી જ છે. જેમ પર્વતિથિના ક્ષયે તેની પહેલાની અપર્વતિથિનો ક્ષય વ્યાજબી છે તેમ પર્વતિથિની વૃદ્ધિએ પણ પહેલાની અપર્વતિથિની વૃદ્ધિ જ વ્યાજબી છે. એ સમજવું સ્હેલ છે, અને તેથી પૂનમ અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિએ તેરસની કરાતી ક્ષય વૃદ્ધિ અને ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ત્રીજની જ ક્ષય વૃદ્ધિ કરવી વ્યાજબી છે. એમ જણાયા વિના નહિ રહે. (તે વિવેચનકાર પોતાના ભયને લીધે સ્થાને સંજ્ઞા જેવાં સંસ્કૃત નામો ગોઠવે કે ઢુંઢીયાઓ ભગવાનની પૂજાનો નિષેધ કરવા દયા નામ ગોઠવે છે તેમ ઉદયનું નામ ગોઠવે અને મહત્વ આપવા જાય તો તેથી સાચી શ્રદ્ધા અને આચરણવાળા ભ્રમમાં પડશે નહિ એ ચોક્કસ સમજવું.)

(ગતાંકથી ચાલુ)

ણણુ ૧૧૫, એવં ૧૧૬, એઅ ૧૧૭, ઇઅ ૧૧૮, સમ્મ ૧૧૯, એવ ૧૨૦, નેવ ૧૨૧, તેસિંપિ ૧૨૨, તહ ૧૨૩, મરુ ૧૨૪, સઙ્ઘ ૧૨૫, ઉવ ૧૨૬, હરિ ૧૨૭, ણણુ ૧૨૮, તહ ૧૨૯, ઇઅ ૧૩૦, એવં ૧૩૧,

સૂત્રમાં યુક્તિથી સમ્યક્ત્વગુણની પ્રાધાન્યતા કહેલી છે, જે માટે કહ્યું છે કે ચારિત્ર રહિત જીવ મોક્ષ પામે, પણ દર્શન રહિત જીવ મોક્ષ પામે નહિ. એ વચનથી સમ્યક્ત્વ જ નિશ્ચિત મોક્ષનું સાધન છે, કેમકે સમ્યક્ત્વના સદ્‌ભાવે જ મોક્ષની પ્રાપ્તિ કહી છે, એવું કોઈ કહે તેના ઉત્તરમાં જણાવે છે કે સમ્યક્ત્વને મોક્ષનું કારણ જે કહ્યું છે તે એક રૂપીયાથી વધારે રૂપીયા થઈ અત્યંત ધનવાન થવાય તેની માફક પરંપરાએ જ જાણવું, પણ એક રૂપીયા માત્રથી જેમ ઋદ્ધિમાન થવાતું નથી, તેમ એકલા દર્શનમાત્રથી સીધો મોક્ષ મળતો નથી. સમ્યક્ત્વમાં અપ્રમત્તપણું થવાથી ચારિત્રમોહનીય નાશ પામે અને તેથી શ્રાવકપણા આદિની પ્રાપ્તિ થાય અને તે શ્રાવકપણા આદિથી મોક્ષ થાય અર્થાત્ શ્રાવકપણામાં અપ્રમતપણે વર્તે અને તેથી સર્વવિરતિચારિત્રની પ્રાપ્તિ થાય અને તે ચારિત્રને વિષે અપ્રમત્તપણે વર્ત્તવાથી ક્ષપક શ્રેણિ અને કેવલજ્ઞાન મેળવી મોક્ષ પામે, પણ એકલા સમ્યક્ત્વમાત્રથી મોક્ષ થતો જ નથી, જે માટે શાસ્ત્રમાં કહ્યું છે કે સમ્યક્ત્વ પામ્યા પછી બે પલ્યોપમથી નવ પલ્યોપમની સ્થિતિ ખપાવે ત્યારે શ્રાવક થાય, અને આગળ અનુક્રમે સંખ્યાતા સંખ્યાતા સાગરોપમ ખપાવે ત્યારે ચારિત્ર[૧] ઉપશમશ્રેણી[૨] અને ક્ષપકશ્રેણી[૩] ની પ્રાપ્તિ થાય. એવી રીતે દેવ અને મનુષ્યજન્મમાં અવિચળ સમ્યક્ત્વવાળો હોય, યાવત્ એકભવે પણ સમ્યક્ત્વઆદિક મોક્ષ સુધીનાં બધાં વાનાં પણ પામે, પણ ઉપશમશ્રેણી ને ક્ષપકશ્રેણી બે એકભવે ન હોય. શંકાકાર કહે છે કે એ પ્રમાણે તો ચારિત્ર વગર મોક્ષ ન થાય એમ નક્કી થયું, શાસ્ત્રકાર કહે છે કેઃ ભાવચારિત્ર વગર મોક્ષ થતો જ નથી, પણ સોમેશ્વર આદિ અંતકૃત્‌કેવળીને દ્રવ્યચારિત્ર ન હોવાથી તે દ્રવ્યચારિત્રમાં ભજના કહી શકાય. વસ્તુતાએ તો તે સોમેશ્વર આદિકને પણ અન્યભવની અપેક્ષાએ તો દ્રવ્યચારિત્રપૂર્વક જ તેવા પ્રકારનું ભાવચારિત્ર જાણવું. કેમકે તેઓનું ઉત્તમપણું છે, અને અનેક યોગથી જ ચરમશરીરીપણું મેળવી શકાય છે, કેમકે દુઃખે જીતી શકાય એવો મોહ અનાદિકાળનો છે ભવના કુશળ યોગથી જ ચરમશરીરિપણું મેળવી શકાય છે, કેમકે દુઃખે જીતી શકાય એવો મોહ અનાદિકાળનો છે શંકા કરે છે કે મરુદેવીમાતાને ભાવચારિત્ર, દ્રવ્યચારિત્રપૂર્વકનું નથી. કેમકે તે અનાદિ વનસ્પતિકાયમાંથી જ મરૂદેવાપણે જન્મેલાં છે અને મનુષ્યગતિ સિવાય દ્રવ્યચારિત્ર તો હોય જ નહિં, તેમ જ અત્યંત વૃદ્ધ અથવા તો કોઈ દિવસ પણ ત્રસપણાને નહિં પામેલાં છતાં તેઓ સિદ્ધ થયેલાં છે. એના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે આ વાત સાચી છે, પણ તે અત્યંત સ્થાવરપણાથી આવી તરત મોક્ષ પામવાની વાતને સૂત્રમાં આશ્ચર્યભૂત ગણેલી છે. જૈનશાસનમમાં પૂર્વઆચાર્યોએ બીજાં પણ આશ્ચર્યો કહેલાં છે તે કહે છે. મહાવીરમહારાજને ઉપસર્ગો થયા, તેમનું ગર્ભાન્તરમાં સંક્રમણ, મલ્લીનાથજીનું સ્ત્રીપણું, મહાવીર મહારાજની પહેલી દેશનામાં દીક્ષા ન થવી, કૃષ્ણનું અમરકંકાનગરીએ જવું, મૂલવિમાનો

સાથે ચંદ્ર-સૂર્યનું આવવું, જુગલિયાના અપહારથી હરિવંશકુલની ઉત્પત્તિ, ચમરેન્દ્રનું સૌધર્મદેવલોકે જવું, એક જ સમયે એકસો આઠ ઉત્કૃષ્ટ અવગાહનામાં મોક્ષે ગયા, અસંયત અવિરતની પૂજા, એ દશે આશ્ચર્યો અનંતકાળે થાય છે. શંકા કરે છે કે આ દશ આશ્ચર્યોમાં મરુદેવાની મુક્તિને તો આશ્ચર્ય તરીકે જણાવેલી નથી. ઉત્તરમાં જણાવે છે કે એ વાત સાચી છે, પણ જે દશ આશ્ચર્યો કહ્યાં છે તે ઉપલક્ષણ તરીકે સમજવાં, અને તેથી આખો ભવચક્ર વનસ્પતિમાં રહીને તરત મનુષ્યમાં આવેલો મોક્ષે જાય એ પણ અનંત કાળે બને તેવું છે, માટે આશ્ચર્ય તરીકે કહ્યું છે. બીજાઓને પહેલા જ ભવમાં સમ્યક્ત્વથી મોક્ષ સુધીની પ્રાપ્તિ થવાની યોગ્યતારૂપ તથા ભવ્યત્વ ન હોવાથી, તેમ અનાદિવનસ્પતિપણું ન હોવાથી દ્રવ્યચારિત્ર વિના મોક્ષ નથી. એ ઉપરથી મોક્ષનું પરમસાધન દ્રવ્યચારિત્ર જ છે, અને તે દ્રવ્યચારિત્ર હોય તો ગુરૂગચ્છવાસ આદિ બીજું બધું હોય છે જ, ચર્ચાને ટુંકાવી ત્રીજું દ્વાર સમાપ્ત કરી ચોથા દ્વારની પ્રસ્તાવના કરે છે કે એવી રીતે સંક્ષેપે સાધુઓને વ્રતમાં સ્થાપન કરવાની એટલે વડીદીક્ષાની વિધિ જણાવી. હવે અનુયોગ અને ગચ્છની અનુજ્ઞાનો અધિકાર ચોથા દ્વારમાં કહું છું.

जम्हा ૧૩૨, इहरा ૧૩૩, अणु ૧૩૪, कालो ૧૩૫, किंपि ૧૩૬, अणु ૧૩૭, सो ૧૩૮, जं किंचि ૧૩૯,

જે માટે જેઓ વ્રતવાળા હોય અને અનુક્રમે તે કાલને ઉચિત એવા સકલસૂત્રાર્થને ગ્રહણ કરનારા હોય તેવા સાધુને જ તીર્થંકરોએ અનુયોગની અનુજ્ઞાને ઉચિત માનેલા છે. એ સિવાયના સાધુઓને અનુજ્ઞા કરવામાં આવે તો ગુરૂને મૃષાવાદ લાગે, લોકમાં શાસનની હીલના થાય, ગચ્છના સાધુઓના ગુણોનો નાશ થાય, અને સમ્યગ્જ્ઞાનાદિની પ્રવૃતિ નહિં થવાથી તત્ત્વથી તીર્થનો પણ નાશ થાય. અનુયોગની અનુજ્ઞા એટલે શું ? તે સમજાવે છે. અનુયોગ એટલે હંમેશાં અપ્રમત્તપણે વિધિથી તમારે વ્યાખ્યાન કરવું, આવો અનુયોગ અનુજ્ઞાશબ્દનો અર્થ હોવાથી જો કાલોચિત એવા સૂત્રાર્થને ધારણ કરનાર તે ન હોય તો એ વ્યાખ્યા કરવાની આજ્ઞાને આપનારું વચન દરિદ્રને આ રત્ન તું અમુકને આપજે એમ કહેવાની માફક નકામું ગણાય. જેમ દરિદ્રની પાસે રત્ન હોય જ નહિં, તો પછી તે બીજાને આપે શું ? એવી રીતે જે કાલોચિતસૂત્રાર્થને પોતે ધારણ કરતા નથી તે બીજાને શું આપે ? કંઈક ભણ્યો છે, એવું જે કથન તે ગુણથી મહંતોને ખાડાઆદિમાં પડતા મનુષ્યને કૃશાદિની માફક આલંબનરૂપ નથી, અને એવા અતિપ્રસંગથી મૃષાવાદ પણ લાગે. અનુયોગ દેવાવાળો એટલે શ્રીજિનેશ્વર ભગવાનના સૂત્રોની વ્યાખ્યા કરનારો તો લોકોના સંશયોને બરાબર નાશ કરનારો જ હોય અને લોકો પણ નિપુણજ્ઞાનને માટે જ તેની પાસે આવે છે. તે લોકોને તે અનુયોગ દેનાર અલ્પશ્રુતવાળો હોવાથી રાંકડો ગંભીર એવા શાસનના પદાર્થોના સ્વરૂપમાં એકાંતે અનભિજ્ઞ હોવાથી બંધાદિક સૂક્ષ્મપદાર્થોને કેવી રીતે સમજાવશે ? એને યદ્વા તદ્વા બોલવાવાળો દેખીને અહો આ પ્રવચનધર છે ? એવી લોકોમાં તેની અને પ્રવચનની અવજ્ઞા થશે, અને તે બંધાદિથી મોક્ષસુધીના જે નિરૂપણીય પદાર્થો છે તે પદાર્થોના સ્વરૂપની પણ અસારતા જણાશે. વળી ગુણહાનિ અને તીર્થઉચ્છેદ માટે કહે છે.

सीसाण ૧૪૦, अप्प ૧૪૧, तो ૧૪૨, नाणा ૧૪૩, णय ૧૪૪, इय ૧૪૫,

અગીતાર્થ એવા તે આચાર્યો હોય તો તેઓ શિષ્યોને સંસારથી પાર પમાડનારી અને ઉત્કૃષ્ટી એવી જ્ઞાનાદિકની અધિકાધિક પ્રાપ્તિ કેવી રીતે કરાવી શકે ? તેમ જ તે આચાર્ય પોતે અલ્પશ્રુત હોવાથી તુચ્છ હોય અને હેય તથા ઉપાદેયનું જ્ઞાન પણ યથાર્થ રીતે તેને ન હોય, તેમજ તુચ્છપણાથી મિથ્યાભિમાનને લીધે બીજા બહુશ્રુત પાસેથી પણ તે જ્ઞાનાદિ મેળવે નહિં, અને તેથી તેના જે શિષ્યો હોય તેઓ બહુકાળે પણ નક્કી તેવા અવગુણવાળા જ થાય, એવી રીતે પરંપરાએ બાકીના પ્રશિષ્ય આદિની પણ ગુણહાનિ જાણવી, અને જીવાદિ પદાર્થ અને સૂત્રાદિ સંબંધી વિશિષ્ટ જ્ઞાનાદિકના અભાવે તે આચાર્ય અને તેના શિષ્યોનાં પરિવ્રાજકો-બાવાની માફક ભિક્ષાટન અને મસ્તકમુંડન આદિક સર્વ નકામા જાણવાં. આગમશૂન્ય મનુષ્યે માત્ર પોતાની મતિથી જ કરેલું શિરલોચ આદિ અનુષ્ઠાન તે ફળ દેતું નથી, પણ રોગની દવાની માફક આગમને અનુસારે જ કરેલું હોય તે અનુષ્ઠાન ફળ દે છે, એટલે અગીતાર્થ આચાર્યથી ચારિત્ર લેનાર અને તેની પરંપરાવાળાને અનર્થ ફળવાળું માત્ર દ્રવ્યલિંગ જ થાય, અને તેથી તત્ત્વથી તીર્થનો ઉચ્છેદ સમજવો, કેમકે તે દ્રવ્યલિંગથી કંઈ મોક્ષરૂપ ફળ મળે નહિં. એવી રીતે અનુયોગની અનુજ્ઞાને માટે જે અયોગ્ય તેઓને જણાવી હવે અનુયોગને લાયક કેવા હોય તે જણાવવા કહે છે.

कालो ૧૪૬, जहे ૧૪૭, सव्व ૧૪૮, अवि ૧૪૯, ता ૧૫૦, અજ્ઞાનીને અનુયોગની અનુજ્ઞા કરવાથી ઉપર જણાવ્યા પ્રમાણે અનર્થ થાય છે, તેટલા માટે નક્કી કાલોચિતસૂત્રાર્થમાં બરોબર નિશ્ચિતબુદ્ધિવાળાને જ અનુયોગની આજ્ઞા કરવી. સૂત્રાર્થને શ્રવણ કરવા માત્રથી અનુજ્ઞાને લાયક નથી, જે માટે કહેલું છે કે, જેમ જેમ ઘણાં શાસ્ત્રો સાંભળે, તથાવિધલોકોને બહુ બહુ માનીતો થાય, ઘણા મૂઢશિષ્યોનો પરિવાર એકઠો કરે, તેમ તેમ તે શાસ્ત્રનો વૈરી છે, કારણ કે સર્વજ્ઞભગવાને કહેલું, અતિશયોથી ભરેલું, ભાવાર્થવાળું, એવું શાસ્ત્ર પણ સંઘટિત હેતુ યુક્તિ પૂર્વક ન કહેતાં અજ્ઞાની આચાર્ય તુચ્છપણે કહે, અને તેથી બીજા મતના શાસ્ત્રોથી સર્વજ્ઞ શાસ્ત્રને હલકું કરે, વળી તત્ત્વનો અજાણ એ આચાર્ય સમ્યક્પ્રકારે ઉત્સર્ગ અને અપવાદને જાણે નહિ, અને તે ઉત્સર્ગ તથા અપવાદનો પ્રયોગ વિરૂદ્ધ સ્થાને અયોગ્યપણે કરવાથી તે અગીતાર્થ જરૂર સ્વ અને પરનો નાશ કરનાર થાય, તેટલા માટે નિશ્ચિત કાલોચિતસૂત્રાર્થવાળાને જ તેના પોતાના તેમજ તેના શિષ્યના અને તેના અનુમોદનારાઓના અને દેનારના અને વળી પોતાના આત્માના હિતને માટે આચાર્ય અનુયોગની અનુજ્ઞા કરે. અનુજ્ઞાનો વિધિ કહે છે.

तिहि ૧૫૧, तत्तो ૧૫૨, पेहिंति ૧૫૩, पट्ट ૧૫૪, तत्तोवि ૧૫૫, अभि ૧૫૬, इअरो ૧૫૭, तो ૧૫૮, दव्व ૧૫૯, नवरं ૧૬૦, तिपय ૧૬૧, उव ૧૬૨, देइ ૧૬૩, उट्टेन्ति ૧૬૪, भणइ ૧૬૫, आय ૧૬૬, वंदन्ति ૧૬૭, धण्णो ૧૬૮, इहरा ૧૬૯, परमो ૧૭૦, एवं ૧૭૧,

જ્યારે સંપૂર્ણ તિથિ હોય, યોગ શુભ હોય, ત્યારે કાલગ્રહણ કરીને તેનું નિવેદન કર્યા પછી સમવસરણ અને નિષદ્યા કરી, વસતિ પ્રવેદન કર્યા પછી મૂલ આચાર્ય પોતાની નિષદ્યાએ બેસે અને યથાજાતોપકરણવાળો શિષ્ય કે જેને અનુયોગની અનુજ્ઞા કરવાની છે તે તેમની આગળ ઉભો રહે. પછી મુહપત્તિ પડિલેહી, તે મુહપત્તીથી મસ્તકસહિત સમગ્ર કાયાને પૂંજી, દ્વાદશ આવર્તવાળું વંદન દઈ પછી સ્વાધ્યાયને સંદેશાવી

તે સ્વાધ્યાયને પઠાવવાનો આદેશ માંગે, પછી ગુરૂએ તે સ્વાધ્યાય પઠાવવાની આજ્ઞા આપી એટલે ગુરૂ અને શિષ્ય બંને સજ્ઝાય પઠાવે. પછી ગુરૂ નિષદ્યા ઉપર બેસે, અને શિષ્ય સ્વાધ્યાયનું નિવેદન કરે, પછી પણ બંને ઉપયોગપૂર્વક અનુયોગનું પ્રસ્થાપન કરે. એટલે અનુયોગના પ્રસ્થાપનનો કાઉસ્સગ્ગ કરી મુહપત્તિ પડિલેહી પછી વાંદીને શિષ્ય અનુયોગની અનુજ્ઞા માગે. પછી આચાર્યગુરુ અક્ષોને મંત્રીને, વિધિપૂર્વક દેવ વાંદે અને પછી ઉભા થકા નવકાર અને સંપૂર્ણ નંદીસૂત્ર કહે. શિષ્ય પણ મુહપત્તિથી મોઢું ઢાંકીને વૈરાગ્યવાળો, ઉપયોગી અને શુદ્ધ પરિણામવાળો થઈ તે સાંભળે, એવી રીતે નંદીસૂત્ર કહી ગયા પછી ક્ષમાશ્રમણના હાથે આ સાધુને અનુયોગની દ્રવ્ય ગુણ પર્યાયે કરીને અનુજ્ઞા કરૂ છું એમ કહે, પછી વંદન કરીને શિષ્ય **संहिसह किं भणामो** એ વિગેરે સામાયિકની વિધિની માફક સાત ખમાસમણની વિધિ કરે. પણ સમ્યગ્ ધારણ કર, અને બીજાઓને નિરૂપણ કર એમ આચાર્યગુરૂ કહે. શિષ્ય જ્યારે **इच्छामो अणुसट्ठिं** એમ કહે ત્યારે ત્રણ પ્રદક્ષિણા કરીને ગુરૂ નિષદ્યા ઉપર બેસે અને કાઉસગ્ગ કર્યા પછી શિષ્ય પોતાની નિષદ્યાને લઈને ભગવાન અને આચાર્યને ત્રણ પ્રદક્ષિણા કરી, ગુરુને વંદન કરે. પછી ગુરુ પાસે પોતાની નિષદ્યાએ બેસે, ત્યારે ગુરુ મહારાજ પોતાની આચાર્યપરંપરાએ આવેલા મંત્રપદો શિષ્યને કહે, અને સુગંધી ચૂર્ણવાળી વધતી અક્ષોની ત્રણ મુઠીઓ શિષ્યને દે. મુઠીઓને તે ઉપયોગવાળો શિષ્ય વિધિથી ગ્રહણ કરે. પછી આચાર્ય પોતાની નિષદ્યા એટલે આસનથી ઊઠે, તે જ આસને નવા આચાર્ય શિષ્ય બેસે, અને શેષ સાધુ સહિત મૂલ આચાર્ય તે નવા આચાર્યને વંદન કરે. પછી નવા આચાર્ય વ્યાખ્યાન કરે, એથી મૂલઆચાર્યગુરુની માંગણીથી તે જ મૂલઆચાર્યના આસન ઉપર રહેલો તે શિષ્ય નંદીઆદિક શાસ્ત્રનું શક્તિ પ્રમાણે વ્યાખ્યાન કરે, અથવા તો પર્ષદા જેવી બાલાદિ પ્રકારની દેખે તેવું વ્યાખ્યાન કરે. આ વિધિમાં આચાર્યના આસન ઉપર શિષ્યનું બેસવું, શિષ્યને મૂલ આચાર્યગુરૂએ વંદન કરવું તે પરસ્પર ગુણની તુલ્યતા જણાવવા માટે હોવાથી બેમાંથી એકકેને પણ અયોગ્ય કે કર્મબંધ કરાવનાર નથી. પછી સાધુઓ નવીન આચાર્યને વંદન કરે, નવીન આચાર્ય નિષદ્યાથી ઉઠે, મૂલઆચાર્ય તે પોતાના મૂલ આસને બેસે અને નવીન આચાર્યની પ્રશંસા કરે. કેટલાકો કહે છે કે વ્યાખ્યાનની પહેલા મૂલઆચાર્ય નવા આચાર્યની પ્રશંસા કરે. પ્રશંસા આવી રીતે કરે, તું ધન્ય છે કે જેણે સર્વદુઃખને હરણ કરનાર એવું જિનવચન બરોબર જાણ્યું છે, હવે હંમેશાં તારે આ જિનપ્રવચનનો સમ્યગ્ ઉપયોગ કરવો, નહિંતર સુખશીલપણાથી તું શાસનનો દેવાદાર રહીશ, તેમજ ખરાબ રીતિએ ગુણમય જિનવચનનો જે પ્રયોગ કરવો તે જિનપ્રવચનના અપ્રયોગ કરતાં પણ અત્યંત પાપમય છે, માટે આ જિનવચનનો પ્રયોગ કરવાના પ્રયત્નમાં એવો પ્રયોગ કરવો કે જેથી આ પ્રયોગથી જ તમોને કેવળજ્ઞાન થાય. વળી બીજા પ્રાણીઓના માટે પણ મોહને દૂર કરવા તેમજ સંવેગની તીવ્રતાથી આ જિનપ્રવચનનો પ્રયોગ કેવલજ્ઞાનનો પરમ હેતુ બને. એવી રીતે પ્રશંસા કરીને અનુયોગના વિસર્જન માટે આઠ શ્વાસોચ્છવાસનો બન્ને આચાર્ય કાઉસ્સગ્ગ કરે, શિષ્ય કાલ પડિકમ્મી, તપનું પ્રવેદન કરે. પછી સકલસંઘ વિધિ પ્રમાણે નક્કી દાન કરે ॥ હવે તે નવી આચાર્યનું કાર્ય બતાવે છે.

पच्छा ૧૭૨, मज्झत्था ૧૭૩, मज्झत्था ૧૭૪, बुद्धि ૧૭૫, धम्मत्थी ૧૭૬, पत्तो ૧૭૭, छेअ ૧૭૮, सो ૧૭૯, अइ ૧૮૦, तेसि ૧૮૧, आमे ૧૮૨, न ૧૮૩, अविअ ૧૮૪, एव ૧૮૫, एव ૧૮૬, अप्प ૧૮૭,

પછી તે આચાર્ય શાસનના કાર્યમાં હંમેશાં ઉપયોગવાળો છતાં શાસ્ત્રવિધિએ યોગ્ય શિષ્યોને અનુયોગ એટલે સૂત્રોનું વ્યાખ્યાન આપે, મધ્યસ્થ, બુદ્ધિશાળી અને ધર્માર્થી એવા જે શિષ્યો હોય તે જ સામાન્ય રીતે સિદ્ધાંત સાંભળવાને યોગ્ય ગણાય છે, તેવી રીતે જે સૂત્રવિશેષ શ્રીનિશીથઆદિ છે તેને આશ્રીને તો પ્રાપ્તાદિ હોય તે જ યોગ્ય ગણાય છે. જે જીવો મધ્યસ્થપણે હોય તે કોઈપણ જગ્યા ઉપર કદાગ્રહ કરે નહિં, તથા પ્રાયે પવિત્ર આશયવાળા હોય, અને તેઓ નજીકમાં મોક્ષ પામનારા હોય છે. બુદ્ધિયુક્ત શિષ્યો સર્વત્રસૂક્ષ્મ અને બાદર ગુણ તથા દોષોને અતિગંભીરપણે કષ, છેદ અને તાપથી શુદ્ધ તરીકે હૃદયમાં અંગીકાર કરે છે. કચરામાં જેમ હડા નામની વનસ્પતિ પ્રતિબંધવાળી હોતી નથી, તેમ ધર્માર્થી શિષ્ય આ લોકના ધનકણકંચનાદિ પદાર્થોમાં પ્રતિબિંધ વગરનો હોવાથી તેને મોહરહિત સહેજે કરી શકાય છે. આગળ કાલઆદિને ઉચિત એવાં સૂત્ર આપવા જણાવ્યું તેથી પ્રાપ્તઆદિ સમજાવે છે. સૂત્રના અધિકારમાં જે ત્રણ વર્ષ આદિ દીક્ષાપર્યાયથી કલ્પિક હોય તેને પ્રાપ્ત કહેવાય છે, અને આવશ્યકથી માંડીને સૂયગડાંગ સુધીમાં જે સૂત્ર જે સાધુ ભણ્યો હોય તે સાધુ તે સૂત્રનો કલ્પિક કહેવાય છે, પણ નિશીથ વિગેરે જે છેદસૂત્રો છે તેમાં તેનો ત્રણ વર્ષ આદિ સમય થયો હોય તોપણ જે શુદ્ધઅંતઃકરણવાળો, ધર્મની પ્રીતિવાળો અને પાપથી ડરનારો એવો પરિણામક સાધુ જણાય તે જ યોગ્ય ગણાય. નિશીથાદિ છેદસૂત્રો પરિણામકને આપવાનું કારણ જણાવે છે. તે પરિણામક એવો સાધુ ઉત્સર્ગ અને અપવાદ વિગેરેનો યથાસ્થિત જાણનાર અને આચરનાર હોવાથી વિષયવિભાગોને જે માટે હિતમાં જ પરિણામાવે તે માટે તેની આગળ જ તે નિશીથાદિછેદસૂત્રોનું વ્યાખ્યાન કરાય. અતિપરિણામી અને અપરિણામી એવા શિષ્યોને વિચિત્ર એવો કર્મદોષ હોવાથી તેઓને નવજ્વરાદિની માફક-કાલથી અસાધ્યયોગમાં ઔષધ દેતાં અહિત જેમ થાય તેની માફક છેદસૂત્રોનું વ્યાખ્યાન તેઓને અહિતકારી છે. તે અતિપરિણામક અને અપરિણામકને જે માટે તેવા છેદસૂત્રોના વ્યાખ્યાનથી ઉત્સર્ગ અને અપવાદનું યથાસ્થાન પરિણમન ન થતાં વિપર્યાસ થવાથી અનર્થ થાય છે, માટે તે બુદ્ધિમાન આચાર્યે તેમના હિત માટેજ તેમની આગળ છેદસૂત્રોનું વ્યાખ્યાન કરવું નહિં. પૂજયો પણ કહે છે કે કાચા ઘડામાં નાંખેલું પાણી જેમ ઘડાનો જ નાશ કરે છે અર્થાત્ પાણીરૂપ આધેયનો તો નાશ થાય છે જ. તેમ છેદસૂત્ર તુચ્છને આપવાથી તે તુચ્છપ્રાણીનો અસ્થાન ઉપયોગ થવાથી તે તુચ્છ જીવો-પ્રાણીનો નાશ કરે છે. મિથ્યાભિનિવેશે કરીને ભાવિત બુદ્ધિવાળા તે અપરિણામક આદિથી પરંપરાએ પણ બીજા પુરુષોને શુદ્ધસ્વરૂવાળો પુરુષાર્થ પ્રાપ્ત થતો નથી. વળી તે અપરિણામીઆદિ જીવોને અભિનિવેશ ભાવ અનાદિકાળથી રહેલો છે, આવું સમજીને છેદસૂત્રના અર્થનું વ્યાખ્યાન પરિણામક એવા યોગ્યની આગળ જ કરવું. વિધિ પ્રમાણે ઉપસંપદાથી આવેલા એવા ગુણયુકતોને આચાર્યમહારાજે સૂત્ર, અર્થઆદિનું ક્રમે વ્યાખ્યાન દેવું, પણ તે દેવાતું સૂત્ર કે અર્થ પોતાના આત્માથી નિશ્ચિત થયેલું હોવું જોઈએ. ઉપસંપદા ગ્રહણ કરવાની રીતિ જણાવે છે. ઉપસંપાદાનો કલ્પએ છે કે પોતાના ગુરુની પાસે જે સૂત્રાર્થ હોય તે ગ્રહણ કરીને તેનાથી અધિક ગ્રહણ કરવાને સમર્થ અને ગુરુની આજ્ઞા પામેલા

જે શિષ્ય હોય તે જ ઉપસંપદા લે. નવદીક્ષિતોના પરિવારવાળા, અને એકલા એવા ગુરુ પાસેથી શિષ્ય ઉપસંપદની આજ્ઞા માગે નહિં, અને આચાર્ય પણ પરિણતપરિવાર આદિવાળો જે ગુરુ ન હોય તેના શિષ્યને ઉપસંપદા આપે નહિં. વિશેષથી ઉપસંપદાનો વિધિ જણાવે છે.

संदिट्ठो ૯૮૮, गुरु ૯૮૯, अस्सामित्तं ૯૯૦, બીજે ઉપસંપદ લે એવો આદેશ જેને ગુરુએ કહેલો હોય અને જે ગુરૂ પાસે ઉપસંપદ લેવાનું ગુરૂએ કહ્યું હોય તે ગુરુ પાસે ઉપસંપદ લે, તેમાં ઉપસંપદ લેનાર અને દેનાર માંહોમાંહે પરીક્ષા કરે. આવેલો સાધુ તે આચાર્યના ઉન્માર્ગે જતા સાધુઓ હોય તેઓને અટકાવે. ત્રણ વખત મિચ્છામિ દુક્કડં દીધા પછી પણ બંધ ન થાય તો ગુરુને કહે. પણ ગુરુને એ વાત સંમત હોય અને સાધુને કંઈ ન કહે તો શિથિલ જાણીને આચાર્યનો ત્યાગ કરે. એટલે ઉપસંપદા ન લે. ગચ્છના સાધુઓ પણ તેવી જ રીતે આવેલા સાધુની પરીક્ષા કરે. ગુરુનો પણ આચાર છે કે કઠોર અને અધિક વચનો શુદ્ધ નિષ્ઠાને સમજનાર એવા સાધુને કહે, પછી વિધિથી ઉપસંવાદ લેતાં કલ્યાણ શ્રુતસ્કંધ માટે અને અમુક કાળ સુધી એમ અરિહંતાદિકની સાક્ષીએ તેમજ કાયોત્સર્ગપૂર્વક સ્થાપન કરે. પછી શિષ્યે સ્વતંત્રતા છોડવી અને ગુરુએ તે ઉપસંપદાવાળાનું સમ્યગ્ પાલન કરવું. આ ઉપસંપદાનું પ્રયોજન જણાવે છે કે એમ કરવાથી નિર્મમત્વભાવ થાય, બીજા ગુરુની અપેક્ષાએ આચાર્યની અધિક પૂજયતા થાય, ભગવાને એ કલ્પ કહેલો છે. તેથી આજ્ઞા પાલન થાય અને શુભભાવરૂપ હોવાથી શાસ્ત્રનું જ્ઞાન પરિણમે, આટલા જ માટે ઉપસંપદ પામેલા શિષ્યે મળેલી આચાર્યને દઈ દેવી અને ગુરુએ તેના ઉપકારની બુદ્ધિએ તે વસ્તુઓ ગ્રહણ કરવી. એવી રીતે ઉપસંપદાનો વિધિ જણાવી હવે સૂત્ર વ્યાખ્યાનનો વિધિ કહે છે.

अह ૯૯૧, जम्हा ૯૯૨, जो ૯૯૩, आणा ૯૯૪, तो ૯૯૫, भग ૯૯૬, होन्ति ૯૯૭, कालो ૯૯૮, एत्थं ૯૯૯, ता ૧૦૦૦,

જેમ જેમ શિષ્યોને શાસ્ત્રનું જ્ઞાન થાય તેમ તેમ કેવળશાસ્ત્રથી જ જણાય તેવી વસ્તુઓ શાસ્ત્રદ્વારાએ કહેવી અને શાસ્ત્રસિદ્ધ વસ્તુઓ છતાં પણ જો તે યુકિતગમ્ય હોય તો યુકિતદ્વારાએ જ કહેવી, જે માટે પ્રજ્ઞાપક અને કથાનું લક્ષણ નિર્મળ બુદ્ધિવાળા એવા પૂર્વાચાર્યોએ આગમથી કહેલું છે, કે જે આચાર્ય યુકિતગમ્ય એવી વસ્તુમાં હેતુદ્વારાએ જ નિરૂપણ કરે, અને કેવળ આગમગમ્ય એવી વસ્તુમાં આગમથીજ નિરૂપણ કરે, અર્થાત્ આગમિકવસ્તુમાં મતિને મુઝવનારી યુકિતઓ કહે નહિં. તેવા આચાર્યનેજ સિદ્ધાંતનો વ્યાખ્યાતા કહેલો છે, તેથી ઉલટાને સિધ્ધાંતનો વિરાધક કહેલો છે. આજ્ઞાથી ગ્રાહ્ય એવો અર્થ આજ્ઞાથી જ કહેવો, અને દષ્ટાંતસિદ્ધ એવો અર્થ દૃષ્ટાંતથી જ કહેવો, એ સૂત્રાર્થનો કથનવિધિ છે, ઉલટું કહેવામાં વિરાધન છે, તેટલા માટે શાસ્ત્રના પદાર્થો જણાવતાં શાસ્ત્રમાં ગૌરવ ઉત્પન્ન કરવા પૂર્વક ઉત્તમ એવા દષ્ટાંતોએ સહિત અને નિશ્ચયઆદિ અનેક નયાર્થવાળો તેમજ ભગવાનમાં પ્રતીતિ કરનારો પદાર્થ ગંભીર અને સુંદર વચનોથા શ્રોતાને નક્કી સંવેગ કરે, એવી રીતે આગમ અને હેતુદ્વારાએ, વ્યાખ્યાન કરવું જોઈએ, એથી ઉલટું કરવામાં ઉલટાપણાથીજ દોષો છે, માટે પોતાની પાસે આવેલા શિષ્યોને બુદ્ધિમાન્ આચાર્ય પૂર્વોકત રીતે જ સમજાવે. એથી ઉલટું કરવામાં કાલનું આલંબન કરાય તો તે સર્વથા શરણભૂત નથી, કેમકે મંત્રવગરના વિષ વિગેરે આ કાળમાં પણ સુખ દેનારા થતા નથી. કિન્તુ દુઃખને દેનારા

જ થાય છે. વ્યાખ્યાનની બાબતમાં જાણી જોઈને બધું પણ ઉલટુ કરાતું હોય તો તે પાપરૂપ જે કાર્ય તે વિષાદિના સરખું જાણવું અને મંત્રસમો સૂત્રનો વ્યાપાર જાણવો, તેટલા માટે દુઃષમાકાલમાં પણ સાવચેતીથી શકિત પ્રમાણે સૂત્રોને આધારે વ્યાખ્યાન કરવાનો ઉદ્યમ કરવો ॥ હવે તે સૂત્રના વ્યાખ્યાનનો વિધિ જણાવતાં વ્યાખ્યાનનો વિધિ આ પ્રમાણે જણાવે છેઃ-

मज्जण १००१, ठाणं १००२, दो १००३, गाव १००४, सव्व १००५, निरा १००६, अहि १००७, गुरु १००८, वक्खाण १००९, चोएइ १०१०, अह १०११, जह १०१२, आसा १०१३, ण १०१४, निच्छ १०१५, वव १०१६, एत्थ १०१७ વ્યાખ્યાન કરવાની ભૂમિનું પ્રમાર્જન કરવું, વ્યાખ્યાન કરનાર ગુરૂઆદિકનું આસન રચવું, સ્થાપનાચાર્ય પધરાવવા, આચાર્યને વંદન કરવું, અનુયોગ માટે કાઉસ્સગ્ગ કરવો, અને વ્યાખ્યાન સાંભળ્યા પછી તેનો અનુવાદ કરનારો જે જયેષ્ઠ કહેવાય છે (પર્યાયે લઘુ હોય તોપણ વ્યાખ્યાનનો અનુવાદ કરનાર જે હોય) તેને વંદન કરવું ઉપર જણાવેલ અનુયોગ શ્રવણનું કથન સ્પષ્ટપણે સમજાવે છે કે વ્યાખ્યાનનું સ્થાન પૂંજીને, બે નિષદ્યાઓ તૈયાર કરવી, તેમાં એક નિષદ્યા તો ગુરૂમહારાજને બેસવા માટે, અને બીજી તેનાથી કાંઇક ઉંચી નિષદ્યા સ્થાપનાચાર્ય માટે. (આ ઉંચી નિષદ્યાથી સમવસરણનું ઉપલક્ષણ થાય છે) શરીરની વ્યાધિવાળા આચાર્ય માટે ઉચિતસ્થાને શ્લેષ્મ અને માતરાનું ભાજન એમ બે ભાજન રાખવાં. વારંવાર માત્રાની શંકા જેને થતી હોય તેવા આચાર્યે પણ હંમેશાં વ્યાખ્યાન તો કરવુંજ જોઈએ, એવો આ બે પાત્રો રાખવાની વિધિનો ભાવાર્થ છે જેટલાઓ સાંભળે તે બધા ઉપયોગપૂર્વક મુહપત્તિ પડિલેહીને એકીસાથે ભાવથી ગુરૂને વંદન કરે પછી અનુયોગના પ્રારંભને માટે સર્વ સાધુઓ કાયોત્સર્ગ કરે અને આચાર્યને ફરી વંદના કરે. કેટલાક કહે છેકે અનુભાષકને પણ તે વખતેજ વંદન કરે. પછી ગુરૂના અવગ્રહની બહાર અત્યંત નજીક નહિં કે દૂર પણ નહિં, તેવા સ્થાને રહી ઉપયોગવાળો છતો ગુરૂનું વચન સાંભળે. નિદ્રા અને વિકથા છોડીને ગુપ્તિવાળા થઈને, હાથ જોડીને ભકિત તથા બહુમાનપૂર્વક ઉપયોગવાળાએ વ્યાખ્યાન સાંભળવું, તેમજ અર્થે કરીને યુકત, મધુર, સુભાષિત એવા શાસ્ત્રવચનોની ઇચ્છાવાળાએ હસતામુખપણે ગુરૂને રોમાંચ કરવા સાથે વ્યાખ્યાન સાંભળવું. ગુરૂના સંતોષથી, ગુરૂની ભકિતથી તેમજ ગુરૂમહારાજને અંગે અંતઃકરણની પવિત્રતાથી ઈષ્ટસૂત્રના અર્થનો જલદી પાર પમાય છે. કેમકે આ વિધિથીજ કર્મનો ક્ષય બની શકે. વ્યાખ્યાનની સમાપ્તિ પછી માતરાઆદિકનો ઉપયોગ કરીને અનુભાષક એવા જયેષ્ઠને વંદન કરે. કેટલાક આચાર્યો વ્યાખ્યાનની શરૂઆતમાં પહેલાં વંદન કરવાનું કહે છે. દીક્ષાપર્યાયે કરીને જે અધિક હોય તેને જયેષ્ઠ સમજી અનુયોગના અધિકારમાં તેના વંદનનો નિયમ નકકામો છે, એમ જણાવતાં શંકાકાર કહે છે કે પર્યાયે કરીને જયેષ્ઠ એવો સાધુ જો સૂત્રાર્થની ધારણા રહિત હોય અને વળી વ્યાખ્યાનની લબ્ધિ વગરનો હોય તો તેવાને આ અનુયોગને પ્રસંગે વંદન કરવું નકામું છે. કદાચ કહેવામાં આવે કે વય અને પર્યાયે કરીને નાનો હોય તો પણ અનુભાષકજ આ અનુયોગના પ્રસંગમાં ગણાય. (અને તેથી તે અનુભાષક એવા જયેષ્ઠને વંદન કરવું જોઈએ) આને માટે શંકાકાર કહે છે કે દીક્ષાપર્યાયે મોટા સાભળનારા સાધુ હોય અને અનુભાષક યદિ દીક્ષાપર્યાયે નાનો હોય અને તેથી તે નાનાને મોટો વંદન કરે, તો તે નાના સાધુને મોટા પાસે વંદન કરાવવાથી આશાતના લાગે. આવી શંકાના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે જો કે વયઆદિએ કરીને પણ અનુભાષક લઘુ હોય તોપણ સૂત્રાર્થને ધારણ કરવામાં નિપુણ હોય અને વ્યાખ્યાનની લબ્ધિવાળો હોય તે જ સાધુ

અહીં અનુભાષકના પ્રસંગમાં જેષ્ઠ લેવો. જિનવચનના અનુભાષકરૂપી ગુણને આશ્રીને મોટો પણ તેને જે વંદન કરે છે તે વંદન કરવામાં તે નાના સાધુને આશાતના પણ નથી, કારણકે અનુભાષકગુણે કરીને તે નાનો સાધુ પણ રત્નાધિક છે. આ અનુયોગને સ્થાને નિશ્ચયનયથી વય કે પર્યાય એકકે પ્રમાણભૂત હોઈ આલંબન થનાર નથી. લાયક એવા વ્યવહારથી તે વય અને પર્યાયની પ્રામાણિકતા છે, યથાયોગ્ય સ્થાને બન્ને નયની હકીકત લેવા માટે જણાવે છે કે. બંને નયથી મનાયલું પ્રમાણ સમજવું. કયો સાધુ કયા ભાવમાં વર્તે છે ? એ હકીકત નિશ્ચયથી જાણી શકાતી નથી, પણ જે પહેલો ચારિત્રમાં દાખલ થયો તેને વ્યવહારથી વંદન કરાય છે. વ્યવહાર પણ એટલો બધો બળવાન છે કે વ્યવહારને ધર્મ તરીકે જાણતા એવા કેવલી મહારાજ પણ પોતાના ગુરૂઆદિ પોતાના કેવલજ્ઞાનની ઉમત્તિથી અજાણ્યા હોય ત્યાં સુધી છદ્મસ્થ એવા ગુરૂને પણ તે કેવલીમહારાજ વંદન કરે છે. વ્યાખ્યાનનો વિધિ કહ્યા પછી વ્યાખ્યાનને લાયક વસ્તુ જણાવે છેઃ-

वक्खाणे ૧૦૧૮, सिस्से ૧૦૧૯, सम्मं ૧૦૨૦, पाण ૧૦૨૧, बज्जा ૧૦૨૨, जीवाइ ૧૦૨૩, एएहिं ૧૦૨૪, एसो ૧૦૨૫, एत्थ ૧૦૨૬, कल्ला ૧૦૨૭, सम्मं ૧૦૨૮, तम्मि ૧૦૨૯, भूअत्थ ૧૦૩૦, जम्हा ૧૦૩૧, आइ ૧૦૩૨, णय ૧૦૩૩, पच्छावि ૧૦૩૪, तस्स ૧૦૩૫, णय ૧૦૩૬, किं ૧૦૩૭, सव्व ૧૦૩૮, जे ૧૦૩૯, लिंगे ૧૦૪૦, एवं ૧૦૪૧, भण्णइ ૧૦૪૨, जह ૧૦૪૩, तह ૧૦૪૪, ૧૦૪૫

જે જે કાલે જેટલું જેટલું નંદિઆદિ જિનવચન પ્રવર્તતું હોય તેટલું ભાવાર્થપૂર્વક કહેવું અથવા શિષ્યોને તે નન્દીઆદિ સામાન્યસૂત્રો કરતાં વધારે યોગ્ય દેખે તો દષ્ટિવાદ આદિની વ્યાખ્યા પણ કરે, અથવા તે દષ્ટિવાદ આદિથી ઉદ્ધરેલા કોઈ પરિજ્ઞાઆદિસ્તવની વ્યાખ્યા કરે અથવા તે નંદિઆદિકને જ વખાણે. કષ, છેદ અને તાપે કરીને શુદ્ધ એવો ધર્મ જેમાં વર્ણન કરાય તે સ્તવપરિજ્ઞા આદિ શાસ્ત્રો ઉદ્ધૃત સૂત્ર કહેવાય. આવી રીતે ઉદ્ધૃતના પ્રસંગમાં જે સ્તવપરિજ્ઞાની સૂચના કરી તે સ્તવપરિજ્ઞા દોઢસો કરતાં અધિક ગાથાના પ્રમાણવાળી છે તેથી તેની વ્યાખ્યા કરતાં પહેલાં ઉત્તમશ્રુતની વ્યાખ્યા કરે છે, પ્રાણવધ વગેરે પાપસ્થાનોનો જે સર્વથા નિષેધ અને ધ્યાન, અધ્યયન વિગેરેનો જે સર્વથાવિધિ કરાય તેનું નામ ધર્મકષમાં શુધ્ધ કહેવાય. જે બહ્મક્રિયાથી તે વિધિ અને નિષેધનો બાધ ન થાય, પણ નિરતિચારપણે તે વિધિ અને નિષેધ ઉત્પન્ન થાય.

(અપૂર્ણ)

શનિવારની સંવચ્છરી કરી અને બુધવારની કરવા માગનારા ખુલાસો કરશે કે ?

૧ કોઈપણ શાસ્ત્રકાર પર્વતિથિના ક્ષયે અપર્વતિથિનો ક્ષય કરવાની ના કહે છે ?

૨ કોઈપણ શાસ્ત્રકાર પર્વતિથિનો ક્ષય હોય તો અપર્વતિથિની ભેગી પર્વતિથિ કરવી એમ જણાવે છે અર્થાત ટીપ્પણાની માફક આરાધનામાં પડવો બીજ આદિ ભેગી કરવાનું કહે છે ? એમ હોય તો ક્ષયે પૂર્વાની જરૂર શી ? તે તિથિ પહેલામાં ભળેલી જ છે.

૩ બે પર્વ ચૌદશ પૂનમ કે ચૌદશ અમાવાસ્યા જેવાં સાથે હોય અને તેમાં બીજા પર્વની તિથિનો ક્ષય હોય તો શું તે બે પર્વો એકઠા ગણવાં ? અને બ્રહ્મચર્ય સચિત્તત્યાગ અને પૌષધ આદિ જેવા નિયમો જો બાર તિથિના હોય તો તે વખતે શું અગીયાર તિથિ પાળવી ?

૪ આસો કે ચૈત્રની પૂનમનો ક્ષય હોય તો શું ચૌદશ અને પૂનમને ભેગાં ગણી આઠ દિવસની ઓળીયો ગણવી ? અને જો નવ દિવસ ગણવાં તો શું પક્ખીને દિવસે ચૈત્રી અને આસોની પૂનમ ગણી લેવી ? શું પક્ખીને દિવસે ચૈત્રી પૂનમના દેવ વાંદવા?

૫ કાર્ત્તિક સુદ પૂનમનો ક્ષય હોય તો ચૌદશ પૂનમ ભેગાં માની સવારે વિહાર કરીને બીજે સ્થળે જઈને ચૌમાસી પડિક્કમણુ કરશે કે ? શું ચૌમાસી પડિક્કમણું ક્યાં પહેલાં પટ જુહારશે કે શ્રી સિદ્ધગિરિ ઉપર યાત્રા કરવા જશે ?

૬ જો પૂનમના ક્ષયે તેરસનો ક્ષય યોગ્ય હોય તો પછી ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવો યોગ્ય ગણાય કે નહિ ?

૭ પૂનમની વૃદ્ધિએ પરંપરાથી બે તેરસો કરાય છે, છતાં પર્વતિથિની વૃધ્ધિ ન માનવી એ વાતને ના કબુલ કરતાં જેઓ પર્વતિથિઓની વૃદ્ધિઓમાની બે પૂનમો માને છે કે કહે છે અથવા લખે છે તેઓ ચૈત્ર આસો માસની પૂનમ વધતાં ખોખા તિથિએ આંબિલ તોડી નાંખશે ? શું તેઓ બે પૂનમ કે ચૌદશ છતાં ઓળી આઠમથી નહિં બેસાડતાં સાતમથી જ ઓળી બેસાડશે?

૮ અષાઢઆદિની પૂનમો બે હશે તો શું પક્ખી ચૌમાસીનો છઠ ઉડાવી દેશે ? વચમાં ખોખા પૂનમ હોવાથી શું છઠ નહિં કરાવતાં વચમાં પારણું કરાવી બેએ ઉપવાસ છુટાછુટા કરાવશે? છતી શક્તિએ ચૌમાસીનો છઠ નહિં કરાવે કે નહિં કરવા દે ?

૯ કાર્ત્તિક પૂનમો બે હશે તો ચોમાસી પડિકકમણાને બીજે દિવસે શ્રીસિદ્ધચલજીની યાત્રા કે શ્રીસિદ્ધાચલજીના પટનું જુહારવું નહિં કરે અને રોકશે ? શું પહેલે દિવસે વિહાર છુટો જાહેર ક્યો અને વિહાર નહિં કરે ?

૧૦ ચૌદશના ક્ષયે પૂનમને દિવસે પક્ખી કરનાર ખરતરોને જેમ શાસ્ત્રકાર એક અનુષ્ઠાનનો લોપ કરનાર તરીકે જણાવે છે. તેમ પૂનમના ક્ષયે પૂનમ અને ચૌદશ એકઠાં કરનાર પણ એક અનુષ્ઠાનને લોપનારા નહિં બને ?

તા. ક. ૧ રવિવારે સંવચ્છરી કરનારાઓ તો શ્રીતત્વરંગિણીકાર શ્રીધર્મસાગર મહોપાધ્યાયના વચનથી ચૌદશના ક્ષયે તે ચૌદશની પહેલાંની તેરસ કહેવાય જ નહિ, પણ ચૌદશ જ કહેવાય, એમ માને છે, અને તેમ જ પૂનમના ક્ષયે ચૌદશને ચૌદશ કહેવાય જ નહિ, પણ પૂનમ જ કહેવાય અને તેથી પહેલાની તેરસને તેરસ કહેવાય જ નહિ, પણ ચૌદશ જ કહેવાય એમ માને છે, તેથી તેઓને નિયમ પડિક્કમણું વિહાર અને યાત્રા બાબતમાં મુશકેલી રહેતી નથી અને રહેશે પણ નહિ.

(જુઓ પાનુ ૨૩૮)

ભાદરવા સુદ પાંચમ એ પર્વતિથિ ખરી કે નહિ ?

पर्युषणाचतुर्थ्याः क्षये पञ्चमीस्वीकारप्रसंगेन त्वं व्याकुलो भविष्यसीत्यापि ज्ञेयं
श्रीधर्मसागरमहोपाध्याय

કાર્ત્તિકઆદિ મહિનાઓની અજવાળી પાંચમને પર્વતિથિ તરીકે દરેક માને છે. પણ ભાદરવા સુદ પાંચમને કેટલોક વર્ગ ખોખા પાંચમ ગણી પર્વતિથિ તરીકે પણ માનવાની ના પાડે છે. પરન્તુ ભાદરવા સુદ પાંચમની તિથિ શ્રીસંવચ્છરીપર્વની અપેક્ષાએ ખોખું છે. પણ પર્વતિથિની અપેક્ષાએ ખોખું નથી, પણ પર્વતિથિ જ છે. ભાદરવા સુદ પાંચમની તિથિને તપગચ્છ અને ખરતરગચ્છવાળા બન્ને પર્વતિથિ તરીકે માનતા આવ્યા છે અને તેથી જ જેમ શ્રીહીરસૂરિજી મહારાજે પંચમીના તપ કરનારા માટે શક્તિ હોય તો ચોથ અને પાંચમનો જ છઠ કરવો એમ જણાવેલ છે, તથા તેમ જ પંચમીના તપવાલાને અઠમ કરવો હોય તો મુખ્યતાએ ત્રીજ ચોથ અને પાંચમનો અઠમ કરવાનું આચાર્યમહારાજાઓએ જણાવેલ છે. અને તેથી સ્પષ્ટ કર્યું છે કે ભાદરવા સુદ પાંચમ સંવચ્છરીની અપેક્ષાએ ખોખું છે, પરન્તુ પર્વતિથિની અપેક્ષાએ ખોખું નથી. અર્થાત્ ભાદરવા સુદ પાંચમ પર્વતિથિ તો છે જ. એવી જ શ્રીધર્મસાગરજી મહોપાધ્યાય પણ ખરતરગચ્છવાળાઓ કે જેઓ ચઉદશના ક્ષયે બીજે દિવસે પુનમ અમાવાસ્યાની પર્વતિથિ હોવાથી પુનમ અને અમાવાસ્યાએ પક્ખી માને છે (ખરતરવાળાઓ બીજ પાંચમઆદિનો ક્ષય હોય ત્યારે તો પડવાચોથઆદિ ખ્હેલાની તિથિયોનો ક્ષય માની તે પડવાચોથઆદિના દિવસોએ જ બીજપાંચમઆદિનું આરાધન કરે છે. માત્ર ચઉદસના ક્ષયે જ તેરસનો ક્ષય માની તેરશે ચઉદશ ન કરતાં પુનમ અમાવાસ્યાની તિથિયો પર્વતરીકે હોવાથી પુનમ અમાવાસ્યાએ પક્ખી માને છે) તેઓને શ્રીધર્મસાગરજી મહોપાધ્યાય કહે છે કે ભાદરવા સુદ ચોથનો જ્યારે ક્ષય આવે ત્યારે તમો અને હમો ત્રીજનોક્ષય કરી તે ત્રીજને દિવસે ચોથ માની સંવચ્છરી કરીયે છીયે, તો તમારે તો ચોથના ક્ષયે ત્રીજને દિવસે સંવચ્છરી ન કરવી જોઈયે. પણ પુનમની માફક બીજે દિવસે એટલે ભાદરવા સુદ પાંચમ જે તમારે અને હમારે બન્નેને હિસાબે પર્વતિથિ તરીકે છે, તે ભાદરવા સુદ પાંચમે સંવચ્છરી કરવાનો અનિષ્ટ પ્રસંગ આવશે. આ અધિકાર બરોબર તપાસનારો ભાદરવા સુદ પાંચમને પર્વતિથિ તરીકે તો માન્યા શિવાય રહેશે જ નહિં, અને ભાદરવા સુદ પાંચમ એ પર્વતિથિ છે એમ નક્કી થાય તો પછી બીજી બીજ પાંચમઆદિ પર્વતિથિયોની માફક તે ભાદરવા સુદ પાંચમની વૃધ્ધિ પણ ન થાય તેમ ક્ષય પણ તેનો ન જ મનાય. યાદ રાખવું જરૂરી છે કે **क्षये पूर्वा तिथिः कार्या** એ વાક્ય બીજ પાંચમઆદિ બધી જ પર્વતિથિયો માટે છે, અને **वृद्धौ कार्या तथोत्तरा** એ વાક્ય પણ બધી બીજપાંચમઆદિ તિથિયો માટે છે. (પક્ખી ચોમાસી અને સંવચ્છરીની તિથિયો માટે જ એ વાક્ય છે અને બીજપાંચમઆદિ તિથિયો માટે એ વાક્ય નથી એમ કોઈપણ ભવભીરૂ કહી શકશે જ નહિં.)

આ ઉપરથી મધ્યસ્થપુરૂષો સ્પષ્ટપણે સમજી શકશે કે ભાદરવા સુદ પાંચમ એ પર્વતિથિ છે, માટે જેમ આષાઢઆદિ માસની પૂર્ણિમાના ક્ષયે તેરશનો ક્ષય અને વૃદ્ધિએ તેરસની વૃધ્ધિ કરાય છે (તેમાં ચોમાસી ત્રણ આવે છે અને પક્ખી તો ચોવીશ (૨૧) આવે છે, એમ વિચાર કરાતો જ નથી.) તેમ સંવચ્છરી એક આવે છે અને પાંચમો બાર આવે છે એવો મનસ્વી ખોટો વિચાર ન કરતાં ભાદરવા સુદ પાંચમના ક્ષયે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય અને તેની વૃદ્ધિએ પણ ભાદરવા સુદ ત્રીજની જ વૃદ્ધિ કરવી યોગ્ય છે. માટે રવિવારની સંવચ્છરી જેઓએ કરી તે શાસ્ત્રાનુસારી ગણાય.

તા. ક. અત્યારે પ્રચલિત અને પ્રસિદ્ધ એવા ગ્રન્થોમાં તિથિના ક્ષય અને વૃધ્ધિની યથાસ્થિત સારરૂપે ચર્ચા કરી હોય તો તે માત્ર મહોપાધ્યાય શ્રીધર્મસાગર મહારાજના તત્ત્વતરંગિણી અને પ્રવચનપરીક્ષા નામના જ ગ્રન્થોમાં જ છે. અને તેથી જ આ યુગની વારંવાર તિથિની ચર્ચામાં તેઓશ્રીના નામે અને તેઓશ્રીના ગ્રન્થોને નામે ચર્ચા વધારે થાય છે. એ તો ચોક્કસ છે કે સ્વમતની બાબતમાં ચર્ચા યોગ્ય મતભેદોનો બધો ખુલાસો આ જ સાતસો આઠસો વર્ષોમાં તેઓએ જ કરેલો છે.

सिद्धचक्र

- પંચમ વર્ષ -

- ફાગણ સુદિ ૧૫ -

વર્ષ ૫

અંક ૧૧

卐

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

तंत्री
પાનાચંદ રૂપચંદ ઝવેરી

१९९३ : : १९३७

માર્ચ

વીર સંવત્ ૨૪૬૩

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ
– મુંબઈ –



श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०
उत्तराध्ययनचूर्णि	३-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०
पंचाशकादिदशअकारादि	४-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०
विचाररत्नाकरः	३-०-०
बन्दारूवृत्तिः	१-४-०
पयरणसंदोह	१-०-०
अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०
नवपदप्रकरणंबृहद्वृत्तिः	४-०-०
बारसासूत्रं सचित्रं	१२-०-०
ऋषिभाषितानि	
प्रत्याख्यानप्रकरण - सारस्वत, विशेषणवती-वीशवींशी	१-८-०
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०
ललितविस्तरा	०-१०-०
तत्त्वतरंगिणी	०-८-०
बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
पर्युषणादशशतकं	०-१०-०
बुद्धिसागरः	०-३-०
विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
भवभावनावृत्तिः पूर्वार्धं	३-८-०
कल्पकौमुदी	२-०-०
षोडशकप्रकरणं सटीकं	१-०-०
षडावश्यकसूत्राणि	०-८-०
उत्पादादिसिद्धिः	२-८-०
तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
सुबोधिका	प्रेसमां-
भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
भवभावना (उत्तरार्धं)	प्रेसमां-
प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद मगनलाल बदामीએ तंत्री शा. पानाचंद रूपचंद ઝवेरी माटे छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिએ लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

णमो वीयरायाणं

卐 શ્રી સિદ્ધચક્ર 卐

(પાક્ષિક)

अर्हन्तो मोक्षमार्गोयद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

વર્ષ ૫		અંક ૧૧
વિક્રમ સં. ૧૯૯૩	વીર સં. ૨૪૬૩	સન ૧૯૩૭.
ફાગણ સૂદિ ૧૫	શુક્રવાર	માર્ચ-૨૬

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकाया ममलिनरमयाऽऽढ्याः सदास्थानमासाः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતિ છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત્ સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

દ્રવ્યનંદીના પ્રસંગમાં જીનેશ્વર ભગવાનની પૂજાના પ્રસંગમાં ભગવાન ઋષભદેવજીનું પરહિતપણું જણાવતાં ભગવાનની વાર્ષિક તપસ્યાને અંગે ઉદ્યમની પ્રબલતા જણાવી ભવિતવ્યતા અને ભવ્યતાના ખોટા આલંબને નિરૂત્સાહ ન થવા માટે આગળ જણાવવામાં આવ્યું. ધ્યાન રાખવાની જરૂર છે કે પારિણામિકભાવમાં જો કે ભવ્યતાનો એક જ ભેદ જણાવ્યો છે, તો પણ તે ભવ્યતા દરેક ભવ્યોમાં જુદા જુદા રૂપની છે, અને તેથી તે દરેક પ્રાણીની જુદી જુદી ભવ્યતાને તથા ભવ્યતાના ભેદે ઓળખવામાં આવે છે તેથી ભવ્યતાને અંગે જ મોક્ષ જનારા ભવ્યજીવોમાં તેવા તેવા દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવના અનેક ભેદોનો સમાવેશ પામે છે.

આવું તથાભવ્યત્વ પણ સંસ્કારથી સંસ્કારિત શી રીતે કરી શકાય ? તે સાધન સ્પષ્ટ શબ્દોમાં પૂર્વધર મહારાજા જણાવે છે. જેમકે પુદ્ગલનું પરિણામ જ ઘટપટાદિરૂપે થાય છે અને તે તેનો સ્વભાવ છે છતાં તે પુદ્ગલાદિમાં ઘટપટાદિપણું થવામાં પુરુષપ્રયત્નની જરૂર દરકાર રહે છે એવી રીતે જીવમાં ભવ્યત્વ અને તથાભવ્યત્વ સ્વાભાવિક છે, છતાં પણ તેના પરિપકવપણામાં સાધનોની ખાસ જરૂર છે. કર્મના ઉદયને માટે જેમ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ અને ભવની દરકાર આવશ્યકીય છે અને તે દ્રવ્યાદિકની દરકાર વગર કોઈપણ કર્મ ઉદયમાં આવી શકતું જ નથી, તેવી જ રીતે ભવ્યત્વના પરિપાકમાં પણ તેના સાધનોની દરકાર રહે એ સ્વાભાવિક છે. ભવ્યત્વ કે તથા ભવ્યત્વના પરિપાક માટે દરેક ધર્મિષ્ઠ પુરુષને આકાંક્ષા થાય એ અસ્વાભાવિક નથી. કારણ કે સાધકસામગ્રીએ કરીને ભવ્યત્વ કે તથાભવ્યત્વ પરિપકવ થાય તો જ મુમુક્ષુ એવો ભવ્યજીવ મોક્ષને મેળવી શકે, તેટલા માટે પૂર્વધર મહારાજાએ પંચસૂત્ર નામના પ્રકરણમાં ભવ્યત્વ કે તથાભવ્યત્વને પરિપકવ કરવાનાં સાધનો બતાવેલા છે. સામાન્ય રીતે તે સાધનોની સંખ્યા ત્રણની જ આપેલી છે. પ્રથમ અરિહંત, સિદ્ધ, સાધુ અને જીનેશ્વર મહારાજના ધર્મનું જ શરણ કરવું, તેને લોકોત્તર માનવા, તથા મંગલરૂપ માનવા. બીજા સાધન તરીકે મિથ્યાત્વ, અવિરતિ, કષાય કે પ્રમાદને લીધે જે જીવને સમ્યક્ત્વ, મૂલગુણ કે ઉત્તરગુણોમાં દોષો લાગ્યા હોય, અગર ધર્મીપણાના અંગે કરવા લાયક કાર્યો ન થયાં હોય, ધર્મીઓને નહિ છાજતાં તેમ નહિ કરવા લાયક કાર્યો થઈ ગયાં હોય અને પદાર્થોની વિપરીત પ્રરૂપણા થઈ હોય તે બધાં પાપોની નિંદા જુગુપ્સાદિ કરવાં. જૈનશાસ્ત્રની શૈલી પ્રમાણે અગ્નિભૂતિ ગણધરમહારાજાએ કહેલી વાત જ્યારે વાયુભૂતિજી ગણધરમહારાજના માનવામાં આવી નહોતી પણ શ્રમણભગવાન મહાવીર મહારાજાને તે અગ્નિભૂતિની કહેલી વાતનો ખુલાસો પૂછતાં જ્યારે અગ્નિભૂતિ ગણધરમહારાજના કહેવા પ્રમાણે પદાર્થોનો નિર્ણય થયો, ત્યારે વાયુભૂતિજી તે અગ્નિભૂતિની આગળ તે અગ્નિભૂતિની કહેલી વાતને ચોક્ખારૂપે કબુલ કરી, એટલું જ નહિ પણ પહેલાં અગ્નિભૂતિની વાત કબુલ નહોતી કરી, તેનો સ્પષ્ટપણે ખમતખામણાં કરી શુદ્ધિ માર્ગ લીધો. આ ઉપરથી દરેક ધર્મીની વાત કરનાર કે પ્રરૂપણા કરનાર મનુષ્યે સત્યપદાર્થના કથનની પ્રતીતી ન થઈ હોય તેને માટે કેટલો બધો પ્રયત્ન કરીને સુધારો

કરવા જેવું છે તે સમજી શકાય તેમ છે. પ્રરૂપણાની વાતને માટે વધારે એટલા જ માટે કહેવું પડે છે કે જેમ જગતમાં વ્યવહાર તરફ દૃષ્ટિ રાખનારા મનુષ્યો દેવ ગુરુ અને ધર્મ સંબંધીદૂષણોને આલોવવાં જેટલા તીવ્ર અધ્યવસાયથી તૈયાર થાય છે તેના ઘણા ઓછાભાગે મૃષાવાદ, દાનચોરી, અપ્રામાણિકતા વિગેરે સાહજીક દોષોનું પ્રાયશ્ચિત લેવા તૈયાર થાય છે તેવી રીતે મોક્ષમાર્ગના ધોરી બનેલા મુનિમહારાજાઓ વિષય કષાય અને મિથ્યાત્વાદિના દોષોનું જેવા ઉલ્લાસથી અને પ્રયત્નથી આલોચન કરવા અને શુદ્ધિ કરવા તૈયાર થાય છે. તેનાથી થોડા હિસ્સે પણ સત્ય પ્રરૂપણા માનવામાં ન આવી હોય તેને કબુલ કરવા માટે કે તે સત્યપ્રરૂપણા કરનારની આગળ "મિચ્છામિ દુક્કડં" દઈ, ખમતખામણા માટે તૈયાર થવાય તો તે શ્રેયસ્કર છે તેને અંગે આ વિવેચનની જરૂર પડી છે.

વાચક પુરુષો સમજી શકશે કે આ દુષ્ષમકાળના પ્રભાવે ધર્મમાં મતભેદોનો રાફડો ફાટેલો છે. તે રાફડાની ખરી જડ અવિરતિ આદિની પ્રવૃત્તિ નથી, પણ બીજાની સત્ય પ્રરૂપણા ન માનવી અને પોતાની ખોટી પ્રરૂપણાને વળગી રહેવામાં આવ્યું છે તે જ છે. જો સત્યમાર્ગનો ખપી મનુષ્ય થાય અને અસત્યમાર્ગથી દૂર રહેવાપણું જેઓ શબ્દરૂપે દરેક વાતમાં જાહેર કરવામાં આવે છે તેવી રીતે અંતઃકરણથી સત્યપદાર્થનું ખપીપણું અને અસત્યથી દૂર રહેવાપણું વાસ્તવિક રીતે અમલમાં મુકાતું હોત, તો મતભેદનો મુદ્દલ પ્રસંગ જ ન હોત, તો પછી મતનો રાફડો ફાટવાની તો વાત જ ક્યાં રહે. કેટલાક મુગ્ધ મનુષ્યો જો શ્રાવક હોય તો (વિવરીયપરૂવણાએ) કહીને પડિક્કમી લઈએ છીએ તેથી અમારી ખોટી પ્રરૂપણાનો બચાવ થશે એમ માને છે અને સાધુ શ્રાવક બન્ને ઉસ્સુત્તો ઉમ્મગ્ગો વિગેરે પદોથી અમે સૂત્ર વિરૂદ્ધ અને માર્ગ વિરૂદ્ધની પ્રરૂપણા અને પ્રવર્ત્તનાનો મિચ્છામિ દુક્કડમ્ રોજ ઘણી વખત દઈએ છીએ તેથી સૂત્ર વિરૂદ્ધ અને માર્ગ વિરૂદ્ધ પ્રરૂપણા કે આચરણાનું પ્રાયશ્ચિત્ત અમારું નિષ્ફળ થઈ જશે એમ માને છે પણ તેઓએ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ભગવાન મલ્લીનાથ મહારાજે પહેલા ભવમાં કરેલી માયાનું પડિક્કમણું કરતા જ હતા અને પીઠ મહાપીઠના જીવે પણ ઈર્ષ્યાદ્વારાએ કરેલી માયાનું પ્રતિક્રમણ નહોતું કર્યું એમ નહિ. છતાં તે મહાપુરૂષોને તે માયાના વિપાકરૂપે સ્ત્રીપણું મળ્યું અને ભોગવવું જ પડ્યું. આટલા જ માટે ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ શ્રીપંચવસ્તુની અંદર સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે સાધુપણામાં અગર ધર્મમાં થતા બારીકમાં બારીક દોષો પણ પૃથક્પણે પ્રાયશ્ચિત્તાદિ કરીને શોધવા જ જોઈએ, અને એવી જ રીતે બારીકપણે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ અતિચારોને બારીક રીતે શોધે તે જ મહાત્મા શુધ્ધમાર્ગમાં વધવાવાળો થાય, પણ પ્રતિક્રમણાદિની જે પ્રતિદિન કરાતી ક્રિયા તે તેવા અતિચારોને સર્વથા શુદ્ધ કરવાને સમર્થ નથી. આ ઉપરથી પ્રતિક્રમણાદિ ક્રિયાઓ નિષ્ફળ છે જ એમ કહેવાની મતલબ નથી, પણ અતિચારોની વાસ્તવિક શુદ્ધિ માટે પ્રતિદીન કરાતી ક્રિયા કરતાં વિશેષ પ્રયત્નની આવશ્યકતા છે અને તે વાત ધ્યાનમાં રાખવાથી ભવ્યત્વને પરિપાક કરનારું જે બીજું સાધન પાપજુગુપ્સા નામનું છે તે વાસ્તવિકરીતે અમલમાં લીધેલું ગણાય.

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે શાસનમાં નિન્હવ તરીકે જાહેર થયેલા જમાલિ આદિ પુરૂષોએ પ્રતિદિન ઉભય વખત પ્રતિક્રમણ નહોતું કર્યું એમ નહિ, પણ તે પડિક્કમણામાત્રથી તેઓનો નિન્હવપણાનો દોષ ટળી ગયો હોય એમ શાસ્ત્રકારોએ પણ માન્યું નથી. માટે દરેક મુમુક્ષુએ પોતાના આચાર વિચાર અને ઉચ્ચારના પાપોનું આલોચન કરવાની સાથે વિપરીત પ્રરૂપણા કે અશ્રદ્ધાનું આલોચનાદિ કરવાનું કોઈ દિવસ

ચૂકવાનું નથી. આ સ્થાને વિશેષ ધ્યાન રાખવાની જરૂર છે કે શાસ્ત્રકારો ભવ્યત્વ કે તથાભવ્યત્વના પરિપાક માટે સુકૃતકાર્યોની અનુમોદના રૂપ ત્રીજું સાધન બતાવે છે, પણ તેનો નંબર ત્રીજો રાખી પાપની નિંદાને બીજા નંબરે રાખે છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે મુમુક્ષુજીવોએ સત્કાર્યોની અનુમોદના કરવી એ જો કે જરૂરી છે, તો પણ તેના કરતાં ચઢતા નંબરે પાપની નિંદા કરવાની જરૂર છે, જેવી રીતે આ પાપ નિંદા કરેલા પાપોની આલોચનાદિ કરવાં, તે ભવ્યત્વ કે તથાભવ્યત્વના પરિપાકનું સાધન છે. તેવી જ રીતે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર આદિ સુકૃતો કે માર્ગાનુસારિની પ્રવૃત્તિને અનુમોદવી એ પણ ભવ્યત્વના પરિપાકનું ત્રીજું સાધન છે. આ ત્રીજા સાધનમાં દરેક મનુષ્યો પોતા તરફથી થયેલા કે પોતાને અનુકુલ એવા મનુષ્યો તરફથી થયેલા સત્કાર્યોને તો અનુમોદવા તૈયાર જ રહે છે. પણ મુમુક્ષુજીવોએ વિશેષ એમાં ધ્યાન આપવાની જરૂર છે કે પ્રથમ નંબરે તો ધર્મના સત્કાર્યો કરનારા પોતાનાથી વિરૂદ્ધ હોવા જોઈએ જ નહિ પણ છતાં કદાચિત્ તેવા સંયોગે ધર્મકાર્ય કરનારાની સાથે અનુકૂલતા તેવી ન હોય તો પણ તેના સદ્કાર્યોની તો અનુમોદના હંમેશાં રહેવી જ જોઈએ. કેટલાક મનુષ્યો ગુણની અને સત્કાર્યની અનુમોદનાના વખતે તે ગુણવાળા કે સત્કાર્યવાળાના સદ્ભૂત કે કલ્પિત અવગુણોને આગળ કરીને તે ગુણો કે સત્કાર્યોને ઓલવવા કે પ્રશંસાના પ્રસંગે દોષો બોલવા તૈયાર થાય છે. પણ મુમુક્ષુપુરુષોએ આવસ્તુ ધ્યાનમાં રાખવાની છે કે સર્વથા દોષ કે અવગુણથી કલંક વગરના એવાં સત્કાર્યો સદ્ગુણો તો માત્ર વીતરાગ પરમાત્મામાં જ હોય છે તો તે અપેક્ષાએ તો વીતરાગ પરમાત્મા સિવાય કોઈના સત્કાર્યો કે સદ્ગુણો અનુમોદવા લાયક રહેશે જ નહિ. એટલું જ નહિ, પણ ખુદ પરમેષ્ઠિમાં પણ અરિહંત ભગવાન અને સિદ્ધમહારાજ સિવાય બાકીના ત્રણ પરમેષ્ઠિઓમાં સદ્ગુણો અને સત્કાર્યો માનવાની પણ મુશ્કેલી થશે, અને તેથી પછી નમસ્કાર કરવાનું તો રહેશે જ ક્યાંથી ? શું તાર્થ સાધુ હોય અને તે આચાર્યાદિકનું વૈયાવચ્ચ કરે તો તે સત્કાર્ય અને સદ્ગુણ તરીકે વખાણવા લાયક ન ગણાય ? શું. જેઓ શ્રુતધર કે પૂર્વધર ન થયો હોય અને સાધુ મહાત્મા જો તપસ્યા કરે તો તે તેની તપસ્યા સત્કાર્ય કે સદ્ગુણ ન ગણાય ? અર્થાત્ પોતાના કલ્પેલા કે સદ્ભૂત અવગુણોથી કોઈના સદ્ગુણો કે સત્કાર્યો ઢાંકવાનું ન થાય, તે મુમુક્ષઓએ વિશેષે ધ્યાનમાં રાખવાની જરૂર છે વળી એક એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે. કે કરેલા સુકૃતકાર્યો આત્માને જેટલાં સદ્ગતિનાં સાધન બને છે, તેના કરતાં તે સત્કાર્યો અને સદ્ગુણોની થતી અનુમોદના ઘણી ઉચીગતિને દેનારી થાય છે. દરેક વર્ષે પર્યુષણામાં આપણે સાંભળીએ છીએ કે એક જંગલી હાથી પોતે કરેલી સસલાની દયાની તત્પરતા જો અંત અવસ્થાએ રાખી શક્યો તો જ તે શ્રેણિકમહારાજને ઘેર રાજપુત્રપણે જન્મી શ્રમણ ભગવાન મહાવીર મહારાજની પાસે ચારિત્ર ગ્રહણ કરી, યાવત્ અનુત્તર વિમાનના સુખોને પામવા શ્રીમેઘકુમારનો જીવ ભાગ્યશાળી થયો. આ વાત જ્યારે બરોબર લક્ષમાં લેવામાં આવશે, અને એની અવસ્થાએ સત્કાર્ય અને સદ્ગુણની અનુમોદના થશે, ત્યારે સમાધિ મરણની જણાવેલી દુર્લભતા મુમુક્ષુ જીવો બરાબર સમજી શકશે. ઉપર જણાવેલા ચઉસરણ દુષ્કૃતનિંદા અને સુકૃતની અનુમોદના એ જ તથાભવ્યત્વના પરિપાકનાં સાધનો છે. એ બરાબર સમજીને મુમુક્ષુ જીવોએ તે શરણાદિક અંગીકાર કરવા તરફ પ્રયત્ન કરવાની જરૂર છે, પણ ભવ્યત્વના બહાને પુરૂષાર્થ હીન થવું તે ધર્મિષ્ઠોને કોઈપણ રીતે શોભે તેમ નથી. અને તેથી જ ભગવાન ઋષભદેવજી મહારાજાએ મોક્ષમાર્ગ તરફ પ્રયત્ન કરવાની આવશ્યકતા જોઈ વાર્ષિક તપ આચરેલો છે. તે વાર્ષિક તપની વખતે નમિ વિનમિના પરોપકારમાં ભગવાન ઋષભદેવજી કેવી રીતે સાક્ષી કે સાધનરૂપ થાય છે તે આપણે જોઈએ.

પર્વતિથિની ચર્ચામા મનનીય પાઠો

પડવો બીજ આદિ અપર્વતિથિ અને પર્વતિથિઓને ભેગી નહિં કહેતાં બીજ આદિ પર્વતિથિ તરીકે જ કહેવાની જરૂર

૧ नन्वौदयिकतिथिस्वीकारान्यतिथितिरस्कार-प्रवणयोरावयोः कथं त्रयोदश्या अपि चतुर्दशीत्वेन स्वीकारो युक्त इति चेत् सत्यं, तत्र त्रयोदशीतिव्यपदेशस्याप्यसंभवात्, किंतु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात् (तत्त्व. ४)

(ખરતરવાળા શંકા કરે છે કે) ઉદયવાળી તિથિને માનવામાં અને ઉદયવિનાની તિથિ નહિં માનવામાં આપણે બન્ને તત્પર છીએ, તો પછી તેરસની તિથિને ચૌદશ તરીકે સ્વીકારવી તે યોગ્ય કેમ કહેવાય. (એના ઉત્તરમાં કહે છે કે) એ તમારી વાત સાચી છે. પણ ત્યાં ચૌદશના ક્ષયે તેરસે ચૌદશ કરીયે છીએ ત્યારે તે તેરસને દિવસે તેરસ એવું એવું નામ પણ બોલવાનો સંભવ નથી. પરન્તુ (ચૌદશ આદિતિથિઓએ ઉપવાસ છઠ વગેરે ન કરે તો પ્રાયશ્ચિત્ત છે) એ પ્રાયશ્ચિત્ત વગેરેના કાર્યમાં (તેરસને દિવસે આજ) ચૌદશ જ છે એમ કહેવાય છે.

આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય ગણી તે પડવા આદિને દિવસે પડવો આદિ છે એમ નહિ કહેવું, પણ તે પડવા આદિને દિવસે ધર્મની આરાધના કરનારે આજ બીજ આદિ છે એમ જ કહેવું. આ ઉપરથી જે પરંપરા છે તે આ શાસ્ત્રના વાક્યથી સિદ્ધ થાય છે. ધ્યાન રાખવું કે તેરસની ભેગી ચૌદશ ગણવી હોત તો આવી શંકા અને આ સમાધાનને સ્થાન જ નથી. કેમકે તેમાં તેરસનો તિરસ્કાર નથી અને આખી ચૌદશ ન માનવાથી ચૌદશનો સ્વીકાર પણ નથી માટે પ્રશ્નોત્તર ચૌદશ ક્ષયે તેરસના ક્ષયને જણાવે છે.

૨ मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्तः (तत्त्व. ४)

જો કે સૂર્યોદયવાળી તો ચૌદશના ક્ષયની વખતે તેરસ જ છે. પણ મુખ્યપણે તે ઉદયવાળી તેરસને ચૌદશપણે જ કહેવી યોગ્ય છે.

૩ अन्यथा क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाण-मष्टमीकृत्यव्यपदेशं न लभेत (तत्त्व.४)

આઠમની તિથિનો ક્ષય હોય ત્યારે તે સાતમને જો આઠમ ન માનો અર્થાત્ સાતમનો ક્ષય ન માનો તો તે ક્ષીણઆઠમનું જે પૌષધ આદિ કાર્ય તે સાતમને દિવસે કરતાં છતાં આ જ આઠમની તિથિ છે અને તેની આરાધના કરીએ છીએ એમ કહી શકાય નહિં.

૪ आबालगोपालं प्रतीतमेव अद्याष्टम्याः पौषधोऽमाकमिति (तत्त्व. ४)

(આઠમનો ક્ષય હોય છે ત્યારે સાતમનો ક્ષય કરીને સાતમને દિવસે આઠમ કરીને પૌષધ કર્યો

હોય છે અને તેથી) બાલગોપાલમાં પ્રસિદ્ધ છે કે આ જ મારે આઠમનો પૌષધ છે, અર્થાત્ તેવે વખતે સાતમનો ક્ષય મનાય છે સામત અને બોલાતી તે પણ નથી.

૨ ચૌદશની સાથે પૂનમ કે અમાવાસ્યા ન ભેળવાય.

૫ पौषधव्रतमेवाश्रित्य सामान्येन गृहीता दृश्यन्ते अतस्तदपेक्षयैव युक्तयोदर्श्यन्ते (तत्त्व. ४)

(પૂનમ અને અમાવાસ્યાની તિથિઓ ફક્ત શ્રાવકોના) પૌષધવ્રતને જ આશ્રીને સામાન્ય રીતે (શાસ્ત્રોમાં) લીધેલી દેખાય છે માટે પૌષધની અપેક્ષાએ જ યુક્તિઓ દેખાડાય છે.

આ ઉપરથી પૂનમ કે અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય કરી તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કે અમાવાસ્યા નહિં ગણતાં ચૌદશની સાથે પૂનમ કે અમાવાસ્યાને ભેગી ગણનારાઓ શું ચૌદશ પૂનમ કે ચૌદશને અમાવાસ્યાના બે પૌષધ એકીદિવસે કરશે ? અને સૂત્રોમાં તો આઠમ ચૌદશ અમાવાસ્યા અને પૂનમના પૌષધો શ્રાવકોએ કરવા એમ સ્થાને સ્થાને સૂચવ્યું છે.

૬ किंच-पर्युषणाचतुर्थ्याः क्षये पंचमीस्वीकार प्रसंगेन त्वं व्याकुलो भविष्यसि(तत्त्व. ५)

(ચૌદશના ક્ષયે ખરતરવાળાઓ પૂનમ પર્વ છે એમ ધારી પૂનમને દિવસે પક્ખી કરે છે. તેથી તે ખરતરોને કહે છે કે) ભાદરવા સુદ ચોથનો ક્ષય હશે ત્યારે તે ચોથને બીજે દિવસે પાંચમની તિથિ પર્વતિથિ છે. માટે તમારે સંવચ્છરી પાંચમની કરવાનો પ્રસંગ આવશે, અને તમો વ્યાકુળ થશો. (આ ઉપરથી ભાદરવા સુદ પાંચમની સંવચ્છરી પલટાઈ, પણ તે પાંચમનું પર્વતિથિપણું પલટાયું નથી એમ સ્પષ્ટ છે. અને તેથી ચોથના ક્ષયે ત્રીજનો ક્ષય કરવો પડે, તેમ પાંચમની પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની ભાદરવા સુદ ચોથ એ સંવચ્છરી મહાપર્વ હોવાથી તેનો ક્ષય ન થાય, માટે પૂનમ અમાવાસ્યાના ક્ષયે તેરસના ક્ષયની માફક પાંચમના ક્ષયે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કરવો જ પડે. મધ્યસ્થ અને સત્યશોધકોને આ પાઠ ખરેખરો રસ્તો બતાવે છે.

૭ चतुर्दशी पौर्णमासी चेत्युभे अप्याराध्यत्वेन संमते स्तः, तद्यदि भवदुक्तरीतिराश्रीयते, तर्हि पौर्णमास्येवाराधिता, चतुर्दश्याराधनं दत्तांजलीव भवेत् (तत्त्व ५)

ચૌદશ અને પૂનમ એ બન્ને પણ તિથિઓ આરાધવા લાયક માનેલી છે. હવે જો તમારી રીતિ એટલે પૂનમને દિવસે ચૌદશના ક્ષયે પક્ખી કરવાનું માનીયે તો પૂનમની તિથિની જ આરાધના થઈ. અને ચૌદશની આરાધનાને તો જલાંજલિ આપ્યા જેવું થયું. (આ ઉપરથી ચૌદશ અને પૂનમ કે અમાવાસ્યાને ભેગા કરી નાંખનારા પણ સમજે છે કે તેમના મતે પણ માત્ર ચૌદશનું જ પૌષધ આદિથી આરાધન થયું. પણ પૂનમ કે અમાવાસ્યાના પૌષધ બ્રહ્મચર્ય સચિત્ત ત્યાગ આદિ નિયમોને તો જલાંલિજ દેવાઈ. એવી જ રીતે ભાદરવા સુદ પાંચમનો ક્ષય માનનારને સંવચ્છરીની આરાધના થઈ. પણ જ્ઞાનપાંચમના નિયમોની તો વિરાધના જ થઈ, અને જલાંજલિ અપાઈ. ત્રીજનો ક્ષય કરી ત્રીજને દિવસે ચોથ અને ચોથને દિવસે પાંચમ માનનારાને જ બન્ને આરાધના થઈ શકે.)

૮ किंच-क्षीणपाक्षिकानुष्ठानं पौर्णमास्यामनुयष्ठीमानं किं पंचदश्यनुष्ठानं पाक्षिकानुष्ठानं वा व्यपदिश्यते ?, आद्ये पाक्षिकानुष्ठानविलो-पापत्तिः, द्वितीये स्पष्टमेव मृषा भाषणं, पंचदश्या एव चतुर्दशीत्वेन व्यपदिश्यमानत्वात्(तत्त्व.५)

વળી જ્યારે ચૌદશનો ક્ષય હોય અને પૂનમને દિવસે તમો (ખરતરવાળાઓ) પક્ખીનું પૌષધાદિ અનુષ્ઠાન કરો તેને તમો પૂનમનું આરાધન ગણશો કે પક્ખીનું આરાધન ગણશો ? જો તે પૂનમનો દિવસ હોવાથી પૂનમનું તે પૌષધઆદિ અનુષ્ઠાન ગણશો, તો પક્ખીના પૌષધાદિ અનુષ્ઠાનોનો લોપ થવાની આપદા આવશે અને જો એ પૂનમે કરાતું આરાધન પક્ખીનું છે એમ કહેશો, તો ચોક્ખું મૃષાવાદિપણું જ થશે. કારણ કે તે દિવસે પૂનમ છે અને તેનું અનુષ્ઠાન થાય છે, છતાં ચૌદશનું અનુષ્ઠાન કરીએ છીએ એમ બોલો છો. (આ ઉપરથી ચૌદશ સાથે પૂનમ કે અમાવાસ્યાને એકઠી કરી નાંખનારાઓને પણ એક અનુષ્ઠાનને લોપનાર જ માનવા પડશે. ક્ષયવૃદ્ધિની રીતિની બહાર જવાથી આવો પ્રસંગ આવી પડે એ સ્હેજે સમજાય તેમ છે. ક્ષયને પ્રસંગે ઉદયવાળી સાતમ આદિ છતાં આઠમ આદિ કહેવાય છે અને વૃદ્ધિમાં બીજી તિથિને જ ઔદયિકી કરીને ઉદયવાળી એટલે તિથિ તરીકે માની છે. વળી ખરતરો પૂનમ માનીને તે દહાડે પક્ખી કરે છે તેથી પૂનમ માનવી અને પક્ખી કરવી તેથી મૃષાવાદી ગણાય.)

९ कारणविशेषमन्तरेण तत्र त्रयोदशीतिव्यपदेशशंकाऽपि न विधेया (तत्त्व. ७)

વિશેષ કારણ સિવાય ચૌદશનો ક્ષય હોય અને તેથી તેરસે ચૌદશ કરવામાં આવે ત્યારે તે ચૌદશને દિવસે તેરસ છે કહેવાની પણ શંકા ન કરવી જોઈએ. (આ ઉપરથી સ્પષ્ટ થશે કે પડવા બીજ, સાતમ આઠમ, અગર ચૌદશ પૂનમ ભેગાં છે. એમ લખનારા ટીપ્પણાવાળા વીર (?) શાસન અને જૈન (?) પ્રવચનના પત્રને ચલાવનાર વગેરે મનુષ્યો લોકોને ધર્મના માર્ગથી દૂર કરી દેનારા જ છે. શાસનનો મહાન ભાગ્યોદય છે કે તેવાં ટીપ્પણાથી સવેલા શાસનાનુરાગી ચેતી ગયા છે.) ઉપરની હકીકત બરોબર વિચારનારને સ્પષ્ટ માલમ પડશે કે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી અપર્વ તિથિનો ક્ષય કરવો અને તે દિવસે પર્વતિથિ કહેવી જ અને આખો દિવસ પર્વતિથિ માનવી. પણ ભેગી ન માનવી. તેમ જ બીજી એવી પણ પર્વતિથિનો ક્ષય હોય તો કોઈપણ પર્વ ભેગું કરીને તેનું અનુષ્ઠાન ભેળવી દઈ અનુષ્ઠાનના લોપક બનવું નહિં.

क्षये पूर्वा तिथिः कार्या એવા પાઠની પ્રબલતા

કેટલાક મહાનુભાવો મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી મહારાજે ખરતરવાળાઓ કેટલીક વખત બીજઆદિના ક્ષયની વખતે બીજ આદિને સ્થાને પડવા આદિ અપર્વતિથિને લઈ તેને બીજ માને છે ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરસને ચૌદશને સ્થાને ન લેતાં તે ક્ષીણ ચૌદશથી પછી આવતી પૂનમ અમાવાસ્યાની તિથિને પક્ખી તરીકે લે છે માટે તેઓની અપેક્ષાએ क्षये पूर्वा तिथिः कार्या એ શ્રીઉમાસ્વાતિવાચકજીના વાક્યમાં **कार्य** અને ગ્રાહ્યાનો ફરક ન હોવાથી અને વિશેષ અધિકાર ગ્રહણનો હોવાથી ગ્રાહ્યા એવો પ્રયોગ જણાવ્યો છે, પણ એટલા માત્રથી જેઓ **कार्या** ના પાઠને ખસેડવા માગે છે તેઓએ ધ્યાનમાં રાખવું કે મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજીએ જે શ્રાદ્ધવિધિ ઉપરથી એ વાક્ય લીધું છે, તે શ્રાદ્ધવિધિમાં क्षये पूर्वा तिथिः कार्या એવો સ્પષ્ટ **कार्या** પદ વાળો જ પાઠ છે. (પ. ૧૫૨) વળી તે જ શ્લોકમાં વૃદ્ધિના અને ભગવાન શ્રીમહાવીરમહારાજના નિર્વાણના અધિકારમાં પણ **कार्या** અને **कार्य** એવાં પદો સ્પષ્ટપણે છે. વળી મહાવીરમહારાજના નિર્વાણના અધિકારે ગ્રાહ્યાં એવું રહી શકે તેમ નથી. માટે **कार्या** એવું જ પદ સાર્વત્રિક માનવું પડશે વળી શ્રીસેનપ્રશ્ન[૧] ઉલ્લાસ ૧૦૨મા પ્રશ્નોત્તરમાં क्षये पूर्वा तिथिः कार्या એવો

પાઠ છે વળી ત્રીજા ઉલ્લાસના ૧૮૫ મા પ્રશ્નોત્તરમાં પણ ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા એવો જ પાઠ છે. માટે કાર્યા એ જ પાઠ પ્રામાણિક માની શકાય. જો કે સામાન્ય રીતે ગ્રાહ્યા અને કાર્યા એ બેમાં ફરક નથી, પરન્તુ વર્ત્તમાનમાં કેટલાકો ગ્રાહ્યા એવા પાઠને જ માનીને તથા કાર્યા પાઠને ન માનીને એમ જણાવવા મથે કે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેની આરાધના માટે તે બીજ આદિ ક્ષય પામેલી પર્વતિથિની જગા પર પડવા આદિ પહેલાની તિથિ લેવી અર્થાત્ પડવા આદિમાં ક્ષીણ થયેલ બીજ આદિને ભેળવી દેવી. પ્રથમ તો એવો અર્થ ઉઠાવનારાઓએ ઉપરની શ્રીતત્ત્વતરંગિણીના અર્થ સાથે આપેલા પાઠો ઉપર ધ્યાન આપવું, જેથી સ્પષ્ટ માલમ પડશે કે ક્ષીણ થયેલ પર્વતિથિ હોય તો તે ક્ષીણ થયેલ પર્વતિથિ તરીકે જ પહેલાની તિથિને લેવી, અને તેને અપર્વતિથિ તરીકે કરવી કે ગણવી પણ નહિ. અર્થાત્ બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તે બીજ આદિથી પહેલાની જે પડવા આદિ તિથિ હોય તેને જ બીજ આદિ તિથિ તરીકે કરવી. એટલે સ્પષ્ટ થયું છે કે બીજ આદિ પર્વતિથિના ક્ષય તેનાથી પહેલાની પડવા આદિ તિથિનો ક્ષય કરવો જોઈએ. અહિં પૂર્વસ્યાં એમ સમજી નથી. પણ પૂર્વા એમ પ્રથમા છે તેથી પૂર્વમાં એવો અર્થ નહિ થાય પણ આખા પડવાને બીજ આદિ કરવાં. પહેલામાં તો હતી જ નવું શું કહ્યું ?

બે પર્વતિથિઓ સાથે હોય અને તેમાં બીજી પર્વતિથિનો ક્ષય હોય ત્યારે શું કરવું ?

ચૌદશ અને પૂનમ અથવા ચૌદશ અને અમાવાસ્યા જેવી બે તિથિઓ સાથે આવતી હોય અને તેમાં જો પહેલાની પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તો તેનાથી પહેલાની તેરસ જે અપર્વતિથિ હોય તેને ક્ષય કરી તેરસને દિવસે ચૌદશ થાય અને પૂનમ કે અમાવાસ્યાને દિવસે પૂનમ કે અમાવાસ્યા થાય, પણ જ્યારે પૂનમ કે અમાવાસ્યા જેવી બીજી પર્વતિથિનો ક્ષય હોય ત્યારે શું કરવું ? કેમકે તે ક્ષય પામેલી પૂનમ કે અમાવાસ્યાની પહેલાની ચૌદશ એ પણ પર્વતિથિ છે અને તેથી તેનો ક્ષય કરી શકાય નહિં. આ સ્થાને પરંપરા અને શાસ્ત્રોના લેખોને અનુસરનારાઓ તો જેમ ચૌદશનો સ્વયં ક્ષય હોય અને તેરસનો ક્ષય કરાય છે. તેમ પૂનમ કે અમાવાસ્યાના ક્ષયને લીધે જ્યારે ચૌદશના ક્ષયનો પ્રસંગ આવ્યો, ત્યારે પણ તેનો ક્ષય ન કરતાં તે ક્ષયના પ્રસંગમાં આવેલી ચૌદશથી પહેલાની તેરસનો ક્ષય કરે છે. અર્થાત્ જેમ સ્વાભાવિક ક્ષયથી તેનાથી પહેલાની તિથિનો ક્ષય કરાય છે તેવી જ રીતે ક્ષયના પ્રસંગે આવેલી હોય તો પણ તેનાથી પહેલાની એવી તેરસનો જ ક્ષય કરાય છે, કેટલાક મહાનુભાવો તેવી વખતે ચૌદશ અને પૂનમ અથવા ચૌદશ અને અમાવાસ્યા ભેગાં કરવા જણાવે છે, તેઓને એક તિથિનો લોપ માનવો પડે છે. અર્થાત્ શાસ્ત્રકારો પર્વતિથિનો ક્ષય ન રાખવાનું જે જણાવે છે તે તેઓની ધ્યાનમાં બરોબર ઉતર્યું નથી, શું બે તિથિઓ જે ચૌદશ પૂનમ અને ચૌદશ અમાવાસ્યાના પૌષધો થતા હોય તો તેઓ શું એક દિવસે બે પૌષધ કરાવશે ? શું બન્ને તિથિઓના બ્રહ્મચર્યની બાધા છતાં એક જ તિથિએ બ્રહ્મચર્ય પળાવી બે તિથિવાળી મનાવશે ? શું ચૌદશ પૂનમ અને ચૌદશ અમાવાસ્યાની તિથિઓએ લીલોતરીનો કે સચિત્તમાત્રનો ત્યાગ હશે તો શું એક દિવસ જ તે નિયમ પળાવશે અને બે દિવસની આરાધના ગણાવશે ? વળી જો પૂનમના ક્ષયે તે પૂનમનું કાર્ય ચૌદશ એવી તેનાથી પહેલાની તિથિમાં કરી લેવાનું હોત તો શ્રીહીરપ્રશ્નમાં જે પાંચમ અને પૂનમનો ભેદ પાડે છે તે પાડત નહિં. પાંચમ અને પૂનમના ક્ષયમાં તેના તપનો પ્રશ્નનો ઉત્તર કરતા ભેદ જણાવ્યો છે, તે વિચારવા જેવો છે, જુઓ તે પાઠ

पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते, पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यपीति।

જો પાંચમનો ક્ષય હોય તો તેનો તપ તેનાથી પહેલાની તિથિમાં કરાય છે, અને પૂનમનો ક્ષય હોય તો તેનો તપ તેરસ અને ચૌદશમાં કરાય છે, અને તેરસે ભૂલી જવાય તો પડવાને દિવસે પણ કરાય છે. આ પાઠ જોનારને સ્પષ્ટ માલમ પડશે કે પૂનમના ક્ષયે તેની આરાધના તેનાથી પહેલાની તિથિ જે ચૌદશ છે તેમાં જો કરવાની હોત તો જુદો ઉત્તર દેવો પડતે જ નહિ. પાંચમના ક્ષયે તેની આરાધના તેનાથી પહેલાની તિથિ જે ચોથ છે તેમાં કરવાની કહી છે. હવે જો પૂનમના ક્ષયે તેની આરાધના જો તેનાથી પહેલી એવી ચૌદશમાં જ કરવાની હોત તો પ્રથમ તો ઉત્તરમાં પાંચમ અને પૂનમનો ભેદ પાડવો જ ન પડત. પરંતુ પાંચમ અને પૂનમના ક્ષયે તે તે *तिथिनी तपस्या ते ते पांचम अने पूनमनो क्षय होवाथी तो ते ते क्षीण एवी पांचम अने पूनमनी* પહેલી એવી ચોથ અને ચૌદશે કરવાની હોત તો એક જ ઉત્તર દેવાની જરૂર હતી. પણ પાંચમની તપસ્યા માટે પહેલાની તિથિમાં કરવાનો ઉત્તર દીધો અને પૂનમને માટે જુદો ઉત્તર દીધો તે સ્પષ્ટ જણાવે છે કે ક્ષીણ એવી પૂનમની તપસ્યા ચૌદશને દિવસે તો કરવાની નથી જ. આ ઉત્તરના જુદાપણાથી ચોક્કું થાય છે કે પૂનમના ક્ષયે ચૌદશ અને પૂનમ ભેગાં તો થાય જ નહિં. આ સ્થાને કેટલાકો એમ કલ્પના કરે છે કે પાંચમ કરતાં પૂનમને માટે જુદો ઉત્તર એટલા માટે આપ્યો છે કે પૂનમનું તપ કરનારો મનુષ્ય ચૌદશનું તપ જરૂર કરનારો હોય છે. માટે ઉત્તરકાર મહારાજે ચૌદશ અને પૂનમ એ બંને તપને માટે પાંચમથી જુદો ઉત્તર આપ્યો છે અને તેથી જ દ્વિવચન त्रयोदशीचतुर्दश्योः એવું કહીને ઉત્તર આપ્યો છે. પરંતુ આવું કહેનારાઓએ વિચારવું જોઈએ કે પ્રથમ તો પ્રશ્નકારે पूर्णिमायां च त्रुटियां कुत्र એટલે પૂનમનો ક્ષય હોય ત્યારે તે પૂનમનું તપ ક્યારે કરવું એમ જ પૂછેલું છે. પ્રશ્નમાં એવો વિકલ્પ જ નથી કે ચૌદશનું તપ કરવા સાથે પૂનમનું તપ કરતો હોય તો પૂનમના ક્ષયે તેનું તપ ક્યાં કરે, અને ચૌદશનું તપ કરતો ન હોય અને પૂનમનો ક્ષય હોય તો તે ચૌદશ અને પૂનમ બન્નેનું તપ ક્યારે કરે ? વળી શ્રીસિદ્ધાચલજીની યાત્રા કરનારો છઠ્ઠ ન કરી શકે તો એકલી ચૈત્રી અને કાર્તિકી પૂનમે તપ કરે છે એ નક્કી જ છે. વળી ઓળી કરનારા પણ કેટલાક ભાગ્યશાળીઓ છઠ્ઠ ન થઈ શકે તો પણ એકલી ચૈત્રી અને આસો સુદ પૂનમનો જ ઉપવાસ કરવાવાળા હોય છે. પખવાસાની તપસ્યા કરનાર પણ ચૌદશે તપ ન કરે તો પણ પૂનમનું તપ ચાલતું હોય ત્યારે પૂનમને દિવસે જરૂર તપ કરે છે. વળી શાસ્ત્રકાર મહારાજાઓ માત્ર ચઉમાસીનો જ છઠ્ઠ કરવાનું જણાવે છે, પરંતુ પક્ખીનો તો ઉપવાસ કરવાનું જણાવે છે. તેથી પણ દરેક પૂનમ કે સામાન્ય પૂનમે *ચૌદશ અને પૂનમના તપનો એટલો પ્રસંગ જ નથી* કે જેથી પૂનમનો તપ કરનારો ચૌદશનો તપ કરતો જ હોય એમ માની લેવાની જરૂર પડે, તેમજ પ્રશ્નમાં કે ઉત્તરમાં ચૌદશનું તપ થતું હોય તો આ પ્રશ્ન કે ઉત્તર છે એમ કોઈ જણાવતું નથી. વળી જે વખતે ચોમાસી પડિકકમણાં પૂનમનાં હતા ત્યારે પણ જેઓ ચૌદશ અને પૂનમનો છઠ્ઠ ન કરી શકે તેવાઓ એકલી પૂનમે તપ કરે એ પણ સ્વભાવિક છે. એ બધી વાત વિચારનારને સ્પષ્ટ સમજાશે કે પૂનમના તપને અંગે માત્ર પ્રશ્ન ઉત્તર છતાં જે પાંચમથી પૂનમ માટે જુદો ઉત્તર દીધો અને त्रयोदशीचतुर्दश्योः એમ દ્વિવચનથી જે ઉત્તર દીધો તેથી સ્પષ્ટ છે કે પૂનમનો ક્ષય હોય તો પૂનમને ચૌદશનાં ભેગી અથવા ચૌદશનો ક્ષય કરીને ચૌદશને દિવસે ગોઠવાય નહિ. પણ તેરસનો

ક્ષય કરી તેરસને દિવસે ચૌદશ અને ચૌદશને દિવસે પૂનમ કરી તેની તેની તપસ્યા તે તે દિવસે કરવી. એ જ શાસ્ત્રકારને સંમત છે. જેઓ પૂનમના ક્ષયે પૂનમને ચૌદશના ભેળી કરવા માગે છે તેઓના હિસાબે તો તેરસને અડકવાનું કે તેરસનું નામ લેવાની પણ જરૂર નથી. વળી જેઓ પૂનમની પર્વતિથિના ક્ષયે તે પૂનમ પર્વતિથિનું તપ તેરસે કરાવવા માગે છે તેઓએ વિચારવું જોઈએ કે તેરસને દિવસે શું પૂનમનો સૂર્યોદય છે તિથિની સમાપ્તિ છે કે પૂનમનો ભોગવટો છે ? હજી તેરસે ચૌદશનો અને ચૌદશે પૂનમનો સૂર્યનો ઉદય કે તિથિની સમાપ્તિ નથી, છતાં તિથિનો ભોગવટો તો છે. વળી કોઈપણ શાસ્ત્રમાં એવું તો લખાણ છે જ નહિ કે આઠમ અગર ચૌદશની જ તિથિઓ ઉદયવાળી આરાધવી અને પૂનમ વગેરે માટે ઉદયાદિની જરૂર નથી જો એમ નથી તો માત્ર ચૌદશના ઉદયને પકડી રાખવો અને પૂનમને ઉદય સમાપ્તિ એ બન્ને અથવા સમાપ્તિ અગર ભોગવટો પણ નથી તેવી તેરસને દિવસે નાંખવા ક્યો શાસ્ત્રાનુસારી મનુષ્ય તૈયાર થાય ? કેટલાકો કહે છે કે એ ઉત્તરમાં જે જણાવ્યું છે કે त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यपि એમ કરી પૂનમનું તપ તેરસે કરતાં ભૂલી જાય તો પડવે પણ કરે. તે ઉપરથી એમ કેમ ન થાય કે ચૌદસને તો ઉદય આદિવાળી છે. માટે પલટાવવી નહિ પણ ક્ષીણ પૂનમનું તપ તેરસે ન થયું તો પડવે પણ કરવું. પણ એવું કહેનારાઓમાં. ચૌદશની ભેગી જ પૂનમ કરી નાંખવી એવું જેઓ કહેનારાઓ અને માનનારાઓ છે તેઓને તેરસ કે પડવો એકકે બોલવાની જરૂર જ રહેતી નથી. તથા ચૌદશને ઉદયવાળી પકડી રાખવી એવું કહેનારાઓને ચૌદશને જ ઉદયવાળી લેવી પણ પૂનમને ઉદયવાળી ન મળે તો સમાપ્તિ કે ભોગવટાવાળી પણ ન લેવી એવું જણાવનારો કોઈપણ પાઠ નથી મળવાનો. માટે ચૌદશને સ્થિર રાખી પૂનમને તેરસે કે પડવે લઈ જવી એ વાત આ દ્વિવચનવાળા પાઠવાળા પ્રશ્નોત્તરને લીધે સાબીત કરી શકાય તેમ જ નથી. વળી મુખ્યત્વે તેરસે પૂનમ માનવી. અને પછી તેના બીજે દિવસે એટલે પૂનમ પછી ચૌદશ માનવી એવું તો કોઈપણ અક્કલવાળો માની શકે નહિં, કેટલાકો તરફથી એમ કહેવાય છે કે શાસ્ત્રકારે તેરસે ભૂલી જવાય તો પડવે પૂનમનું તપ કરવાનું કેમ કહ્યું ? આ શંકાનો ઉત્તર સહેલો છે અને તે એ જ કે તેરસનો જ્યારે ભૂલી જવાથી ક્ષય ન કર્યો અર્થાત્ તેરસને દિવસે ચૌદશ ન કરી, ત્યારે ચૌદશને દિવસે ચૌદશ કરવી જ પડે, અને જ્યારે ચૌદશ તેરસનો ક્ષય કરવો ભૂલી જવાને લીધે કરવી જ પડી તો પછી તે ચૌદશને બીજે દિવસે પૂનમનો ક્ષય હોવાથી પડવો જ આવે અને તેથી ચૌદશની પછી આવતી પૂનમનો તપ પૂનમના ક્ષયને લીધે પડવે જ થાય એ સ્વાભાવિક છે. આ ઉપરથી સ્પષ્ટ થયું કે તે તિથિનો તપ કરતો હોય કે ન કરતો હોય તો પણ પર્વતિથિનો ક્ષય કે પર્વનું ભેગાપણું પર્વ કે અપર્વ કોઈની સાથે થાય જ નહિં. વળી પ્રવૃત્તિ તો આખા શાસનને અંગે એક સરખી હોય, ભલે પછી કોઈ તેમાં તપસ્યાથી તિથિની આરાધના કરતો હોય અથવા સચિત્તાદિ ત્યાગથી આરાધના કરતો હોય અથવા ન કરતો હોય. આ ઉપરથી સ્પષ્ટ થયું કે જે પર્વતિથિથી પ્હેલાની પર્વતિથિ હોય અને તેવી બીજી પર્વતિથિનો ક્ષય હોય તો તે પ્હેલાની તિથિથી પણ પહેલાની અપર્વતિથિનો ક્ષય કરવો જોઈએ અને તેથી પૂનમ કે અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય અને વૃદ્ધિએ વૃદ્ધિ કરવાની જે પરંપરા ચાલે છે તે ઉપર જણાવેલ પ્રશ્નોત્તર ગ્રંથને અનુસારે જ છે.

એકવડી પર્વતિથિના ક્ષયમાં જેમ પ્રવૃત્તિમાં

ભેદ પડતો નથી, તેમ એકવડી પર્વતિથિની વૃદ્ધિમાં પણ પ્રવૃત્તિમાં ફરક પડતો નથી. ફક્ત બીજ આદિના ક્ષયને પ્રસંગે પરંપરા અને શાસાનુસારિયો પડવાનો ક્ષય કરી બીજ તે દિવસે માને ત્યારે પરંપરાદિથી છુટા પડનારાઓ પડવો બીજ આદિ ભેગાં છે એમ માને છે, અર્થાત્ ચોથ આદિનો ક્ષય માની જેમ ત્રીજ ચોથ ભેગાં છે એ વગેરે બોલાય છે તેમ પર્વતિથિનો પણ ક્ષય બોલે છે. પણ પ્રવૃત્તિમાં તો સવારથી પર્વતિથિની આરાધના કરે છે અને કરવાનું માને છે. આ કારણથી એકવડી પર્વતિથિના ક્ષયની વખતે પડવા આદિનો ક્ષય માનનાર કે ન માનનારની પ્રવૃત્તિમાં ફરક પડતો નથી. તેવી જ રીતે બીજ આદિ એકવડી પર્વતિથિના વૃદ્ધિમાં જેઓ બીજ આદિ પર્વતિથિયોને બેવડી માને અને લખે છે, છતાં બીજી પર્વતિથિ જ આરાધવા લાયક છે અર્થાત્ પહેલી તિથિને બીજ આદિ તરીકે તો માને છે અને લખે છે, પણ બીજી બીજ આદિને આરાધવા લાયક માનીને પ્હેલી બીજ આદિને ખોખા બીજ છે વગેરે કહે છે. તેથી બીજ આદિતિથિ બેવડી હોય તો તે બીજ આદિ પર્વતિથિને બેવડી ન માનવી, કે જેથી બીજ આદિ માનીને પણ તેની આરાધના ન કરાય અને વિરાધના થાય. પરન્તુ જેમ પર્વતિથિના ક્ષયની વખતે તે તે પર્વતિથિમાં સૂર્યોદય ન્હોતો છતાં તેની પહેલાની તિથિનો સૂર્યોદય લીધો, તેવી રીતે અહિં પર્વતિથિમાં બે સૂર્યોદય હોવાથી પહેલાના દિવસના સૂર્યોદયને તે વધેલી બીજ આદિથી પહેલાની જે પડવા આદિની અપર્વતિથિ છે તેમાં નાંખવો પડ્યો, અને તેથી જ્યારે જ્યારે બીજ આદિ પર્વતિથિયો બેવડાય ત્યારે ત્યારે તે બીજ આદિથી પહેલાની પડવા આદિ તિથિઓને બેવડાવવી, એમ માનનારા અને લખનારા જે પરંપરાને અનુસરનારા છે તેમાં ફરક પડતો નથી. પણ પૂનમ કે અમાવાસ્યા જેવી બીજી જગ્યાએ રહેલી પર્વતિથિની જ્યારે વૃદ્ધિ આવે છે ત્યારે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારાઓ બે તેરસ કરી ચૌદશ અને પૂનમને સાથે જ રાખે છે, તેથી તે પરંપરાવાળાને પૂનમો બે છે એમ માનવી અને એક જ પૂનમ આરાધવી એમ કરવું પડતું નથી, અને નથી તો કાર્તિકઆદિના છઠ્ઠ બગડતા કે નથી તો યાત્રા કે પટ જુહારવાનું કાર્ય અથડામણમાં ચઢતું. પરંતુ કેટલાકો પર્વતિથિની વૃદ્ધિ માનવા તૈયાર થયા છે, માત્ર પર્વતિથિની આરાધના બીજી તિથિએ કરવી એમ કહે છે. તેઓએ ધ્યાન રાખવું જોઈએ, શ્રી હીરસૂરિજી મહારાજ બીજી પર્વતિથિને જ ઔદયિકી એટલે સૂર્યોદયવાળી ગણે છે, જુઓ શ્રીહીરપ્રશ્ન પ્રકાશ ત્રીજો પ્રશ્ન પાંચમો पूर्णिमावास्ययोर्वृद्धौ पूर्वमौदयिकी तिथिराध्यत्वेन व्यवह्रियमाणाऽऽसीत्, केनचिदुक्तं श्रीतातपादाः पूर्वतनीमाराध्यत्वेन प्रसादयंति तत् किमिति प्रश्नः, अत्रोत्तरं-पूर्णिमामावस्योर्वृद्धौ औदयिक्येव तिथिराराध्यत्वेन विज्ञेया, પૂનમ અને અમાવાસ્યાની વૃદ્ધિ થાય ત્યારે પ્હેલેથી ઉદયવાળી-એટલે બીજી પૂનમ વગેરે આરાધ્ય છે એમ રીવાજ હતો. પણ કોઈકે કહ્યું કે શ્રીપૂજ્યજી મહારાજ પહેલાની પૂનમ વગેરે આરાધવા લાયક છે એમ જણાવે છે તો તે વાત કેમ છે ? આવો પ્રશ્ન થયો તેમાં ઉત્તર આ પ્રમાણે છે. પૂર્ણિમાદિની વૃદ્ધિ થાય તો ઉદયવાળી તિથિ જ આરાધવા લાયક છે એમ જાણવું. ઉપર જણાવેલ પ્રશ્ન અને ઉત્તર બન્નેમાં પહેલી પુનમ આદિને ઉદયવાળી જ ગણતા નથી. અને સામાન્ય સમજણ ધરાવનારો મનુષ્ય પણ સમજી શકે તેમ છે કે જ્યાં સુધી ઉત્તરની તિથિનો સૂર્યોદય ન થાય કે ન ગણાય, ત્યાં સુધી બીજી તિથિ થઈ ગણાય જ નહિં. એટલે પૂનમ કે અમાવાસ્યાની ટીપ્પણામાં વૃદ્ધિ હોય તો પણ શ્રીહીરસૂરિજી મહારાજ પ્રશ્ન અને ઉત્તરદ્વારા પહેલી પૂનમ કે અમાવાસ્યા

(જુઓ ટા. પા. ૩)

સમાલોચના

૧ પ્રશ્નોતરૈકષષ્ટિશતકમાં જિનવલ્લભ પોતે જ सद्गुरुः श्रीजिनेश्वरसूरयः એમ સ્પષ્ટપણે જણાવે છે. વળી અષ્ટસપ્તતિકા પ્રકરણમાં તે તેમ જ જણાવે છે. ૧૧૩૭ની પુનાની પ્રતમાં પણ તેમ સ્પષ્ટ છે. ૧૧૬૮માં મરનાર આખું વર્ષ ગ્રંથ ન જ બતાવે એમ તો નહિ.

૨ સંઘપટ્ટકમાં શ્રીસંઘને વ્યાઘ્ર જેવો ભયંકર જણાવવામાં આવેલ છે કે ?

૩ મહારાજ બુટેરાયજી મોટા સાધુ સમુદાયના મૂલ હોવાથી વૃક્ષ સ્કંધ કહેવાય.

૪ सावयधम्मो એ જગા પર પ્રતિમા ધર્મ જેવાનો પૂરાવો અને શ્રીઅભયદેવસૂરિજીના વાક્યનો ખુલાસો વિચારે, અને સમજે તે સાચા રસ્તે રહે. પાંચમા આરાને છેડે શ્રાવકધર્મનો વ્યુચ્છેદ થાય એ સ્વભાવિક છે.

(જય-કવીન્દ્ર)

૧ મહારાજ શ્રી આત્મારામજીની શતાબ્દી વખતે જેઓ જન્મ વખતે કલ્યાણરૂપ કેમ હોય છે એમ કહીને વિરોધ કરતા હતા તેઓ જ હવે પોતાના ગુરૂના જન્મને કલ્યાણરૂપ મનાવે છે.

૨ તત્વાર્થ ભાષ્યકારે જે ભવવાચક જન્મ શબ્દ લીધો તેને ન સમજનાર મરણના પ્રતિપક્ષવાળો જન્મ લે અને જન્મ મરણનાં દુઃખોને જોડે.

(મુંબઈ સ્વર્ગારો.)

૧ તત્ત્વતરંગિણીમાં તિથિની ચર્ચા મુખ્યતાએ પૌષધ માટે છે તો ચૌદશ પૂનમ ભેગા કરનારને પ્રતિદિન કર્ત્તવ્ય એવી પૌષધ ક્રિયાઓનો લોપ લાગે છે.

૨ એક પૌષધાદિ કરી બેનાં ફલ માનવાં ન શોભેજ.

૩ પર્વતિથિયોનો ક્ષય ન હોય એમ કોઈ માનતું જ નથી. પણ આરાધનાનો ક્ષય ન હોય અને આરાધના બેની એક પણ ન ચાલે.

૪ જૈનમત પ્રમાણે સામાન્ય તિથિ કે પર્વતિથિની વૃદ્ધિ થાય છે, એ કહેવું હવે તો આગ્રહ જ છે, લૌકિકટીપ્પણાથી વૃદ્ધિ મનાય છે.

૫ तिथिः એ પ્રથમાને ન સમજે તે જ પૂર્વતિથિમાં એવો અર્થ કરે અને તે ખેંચે.

૬ तस्याः એક વચનને ન સમજે તે જ तयोः એમ ગણી બે પર્વ ભેગાં માને.

૭ કલ્યાણકમાં પણ પ્રતિનિયત ક્રિયાના સંબંધે તેમજ થાય. બાકી તપ તો સાથે થાય.

૮ સામાન્ય તિથિઓનો ઉદયાધિકાર છે છતાં તે જેમ ક્ષય વૃદ્ધિમાં કાર્ય ન લાગે, તેમ બે પર્વમાં કે દ્વિતીય પર્વની વૃદ્ધિમાં ભોગનો નિયમ ન રહે અને તેથી જ क्षयवृध्ध्योर्भोगपृत्तौ એમ ન કહ્યું

૯ 'सस्वरादुतः' ને સમજવાવાળો જાણે જ કે અવ્યવધાનના અસંભવે એક વર્ણવ્યવધાન લેવાય તેવી રીતે ક્ષયની વખતે પહેલાની પણ પર્વતિથિ હોય તો તેનાથી પહેલાની લેવાય, જે આરાધનાને અખંડિત રાખવા પહેલામાં જવું પડે તો તે આરાધનાને માટે પૂર્વતરમાં જવું જ પડે

પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિહાનિએ તેરસની વૃદ્ધિહાનિ કરવી તે પરંપરાને અનુસરતું હોવા સાથે લેખને પણ અનુકુલ છે. માટે તે પરંપરાને ઉઠાવવાવાળા કદાગ્રહી ગણાય. પૂનમના ન્યાયથી ભાદરવા સુદ પાંચમની ક્ષય વૃદ્ધિએ ત્રીજની ક્ષય વૃદ્ધિ કરનાર જ માર્ગમાં છે.

(વીર. તત્ત્વ)

૧ ચૌદશને ક્ષયે તેરસને દિવસે ચૌદશ જ છે એમ કહેવું તેરસ છે એમ કહેવું નહિં અને તેરસ છે એમ જણાવનાર મૂર્ખ ગણવો, આવા સ્પષ્ટ લેખો છતાં ક્ષય ન માને તેને શું કહેવાય ?

૨ ગૌણમુખ્યનો ન્યાય આરાધના (પ્રાયશ્ચિત્તાદિ) સિવાયમાં છે.

૩ વિશેષકારણે પણ ઉદયવાળી તેરસ હોય છતાં તેને તાંબા સમાન ગણી કિંમતમાં હિસાબ વગરની જણાવી છે. ચૌદશ પૂનમ ભેગી કરનારા શું તે વખત ચૌદશને ગૌણ કે તાંબાને સ્થાને ગણાશે ?

૪ તમારામાંના મતે તેરસે અને ભૂલ થાય તો પૂનમનું પડવે કાર્ય કરવાનું કહેનારા ભૂલ્યા છે?

૫ એકવાક્યતાના હેતુ તરીકે કહેલ इत्यभिप्रायेणोक्तत्वाद्वा વાક્ય કેમ ખવાયું ? પ્રાયશ્ચિત્તાદિના પક્ષે અને મુખ્યે પણ ચૌદશ જ છે. એમ કહેવું યોગ્ય છે. એ જણાવેલ સ્પષ્ટ અર્થ ઓળવવો યોગ્ય નથી.

૬ વ્યપદેશ ન કરાય એટલે કહેવાય જ નહિં અર્થાત્ ક્ષય કરાય એ ચોકખું છે.

૭ બળવાન કાર્યવાળી તેરસ એ કથન છલ ગણાય विशेषकार्यमन्तरेणो પોતે જ અર્થ વિશેષ કારણ સિવાય તેરસ કહેવાય જ નહિં એમ કહેલ છે.

૮ અન્યતિથિઓના ક્ષયે તે ભેગી થાય તેમ જ તેરસ ચૌદશ પણ ભેગી કરનાર તિથિનો લોપક ગણાય.

૯ પૂર્વ પૂર્વતિથિમાં ભોગ હોય જ છે અને ભોગ તો માનો છો. (વી૦ આરા૦)

૧ નિગોદછત્રીશી અને પુદ્ગલ ષટત્રિંશિકા શ્રીઅભયદેવસૂરિજીની નથી. પણ તેમનાથી પૂર્વાચાર્યોની છે.

गाथाप्रपंचो वृद्धोक्तोऽभिधीयते (भ० २४१ पत्रे) इहाल्पबहुत्वाधिकारे वृद्धा गाथा एवं प्रपंचितवन्तः (भ०४९४) अयं च सूत्रार्थोऽमूभिर्वृद्धोक्तगाथाभिर्भावनीयः (भ०५२८)

શ્રીમાન્ અભયદેવસૂરિજીની મહત્તા તો સર્વને કબુલ છે. પણ ખરતરો પોતાના મહિમા માટે જુઠું લખે છે.

૨ ૧૬૭૫ ના લેખમાં જહાંગીર પાદશાહે યુગપ્રધાનપદ દીધું એમ છે. ૧૬૮૧ માં દેનારનું નામ જ નથી છાપ્યું. (જિન. પ્રરિ. છ)

૩ ૧૦૨૪માં દુર્લભસેન રાજા હતો એ વાત ખરતરના જિનહંસાદિને શોભે. વગર રાજાએ વળી બે વિરૂદ્ધ (બિરૂદ) કહેનારને શું કહેવું ?

૪ सुविहिया આ પદનું खरयरिया એમ સફેદાથી ખરતરોએ તાડપત્રમાં કર્યું છે. વડોદરામાં એ પ્રત છે તે જોવી. જુની લીપીનાસુનો खनोइवनो र य અને हि नो रि સફેદાથી કરેલો છે તે જોવો.

૫ શ્રીપાર્શ્વનાથ ચરિત્રમાં રીપોર્ટમાં खरयरो णाया નથી જ. ખરતરમાં છે પણ પૂર્વાર્ધમાં વિશેષણો આવી ગયાં છે કોઈપણ પ્રકારે બુદ્ધિસાગરજી છે નહિ તેમજ પ્રસિદ્ધાર્થમાં णाया કહેનારની દશા પણ ચોકખી છે.

૬ सुरवर ને સ્થાને खरयर કરી દ્યો પણ वर શબ્દ દેવતાને આપોઆપ ખેંચે છે.

૭ गुरुपारतंत्र्य गणधरसार्धशतक પંચસિની વૃત્તિ લીલાવતી પ્રભાવક ચરિત્ર આદિમાં ખરતરની ગંધ પણ નથી. गण० પ્રકરણમાં वसतौ प्राक्तवशीर बिरूदा भगवन्तः એ વાક્ય જ

પ્રક્ષિપ્તપણું જ ખરતરનું જણાવાશે.

૮ પ્રભાવક ચારિત્ર તો જણાવે છે કે રાજાના આગ્રહથી ચૈત્યવાસીઓએ જગ્યા આપવા દીધી. મહેરબાનીનો આવો અર્થ ખરતરો કરે છે.

૯ ખરતરોની પટ્ટાવલીઓમાં શ્રીજિનેશ્વરસૂરિ મહારાજનો નંબર નિયમિત નથી. (શું તે બધી કલ્પિત હશે ?)

૧૦ (૧૦ પત્ર) पाठांतर होनेके कारण આ વાક્યે શું લેખકને કલ્પિતતા લાગેલી છે એમ નથી જણાવાતું ? ખુલ્લા શબ્દમાં લેખક ગચ્છભક્ત હોય તેથી ન લખે. બાકી તે પટ્ટાવલીયો પાઠાંતરવાળી નહિં. પણ જુઠાપાઠ અને ગુરૂશિષ્યાદિના સંબંધવાળી છે.

૧૧ લેખક ગચ્છનો ભક્ત હોય અને તેથી મહાવીરમહારાજ અને શ્રીપાર્શ્વનાથ ચારિત્રના પલટાવેલા પાઠ માને અને દેવતાઈ વરદાનને ખરયર બનાવ્યું અને તે પણ વર્ધમાનસૂરિજી હોય છતાં શ્રીજિનેશ્વરસૂરિમાં લગાડે.

૧૨ લેખક રાજાના 'ખરા' શબ્દ ગચ્છના બિરૂદનો મહેલે છે. (જો કે જિનપાત પહેલાની કોઈ તે વાત જ નથી કરતા.)

૧૩ મહોપાધ્યાય ધર્મસાગરજીને ખરતરગચ્છનું ખંડન કરવાની ફરજ ગણધર સાર્ધશતકના લંબાણ આદિ શબ્દોએ તથા જિનપ્રજાના કરેલા तपोदूषण तपोटमत ગ્રંથે પાડી છે. સત્યભક્ત અસત્યને ન જ સહન કરે તો પછી અસત્ય સત્યની ખોટી નિંદા કરે તે કેમ સહે ?

૧૪ ખરતરમાં જિનપતિથી શ્રીઅભયદેવસૂરિજીને ખરતર તરીકે ઘસડ્યા. તેથી જ મહોપાધ્યાયજીને જ તે બાબત સત્ય બીના પ્રગટ કરવી ફરજીયાત થઈ.

૧૫ જિનપતિ પછી શ્રીઅભયદેવસૂરિજીને નામે ખરતરો મગરૂરી લેવા લાગ્યા તેથી તો શ્રીસોમધર્મગણીજીને योग्यः प्रतिष्ठामायत्नो गच्छः खरतराभिधः એમ લખી સ્પષ્ટ કરવું પડ્યું કે શ્રીઅભયદેવસૂરિજીના નામે ખરતરગચ્છની લોકમાં પ્રતિષ્ઠા થઈ. ખરતરોના મુદ્દા પ્રમાણે પણ શ્રીઅભયદેવસૂરિજીથી ખરતરગચ્છ થયો તો નથી જ. અને નવાંગીવૃત્તિ આદિમાં ખરતર નામ છે પણ નહિ. કલ્યાન્તર્વાચ્ય તો અનુવાદ ખરતરનો કરે છે. શ્રીહીરસૂરિજીનું વાક્ય પણ પ્રઘોષ જણાવી ખરતરોની હીલચાલ જ જણાવે છે.

૧૬ (૩૨) શ્રીસોમસુંદરસૂરિજી એ ઉપદેશસપ્તતિ નથી કરી પણ શ્રીસોમધર્મે કરી છે. આ વસ્તુ ખરતરોની સભા ન સમજી ? વળી એક જ કાર્ત્તિક માસમાં પાટણ અને ખંભાતના દસ્તાવેજો હાજરીવાળા થાય છે એ શું ?

૧૭ આ ચાર પ્રદીપ અને પ્રભાવક ચરિત્ર છપાયેલાં પણ છે. ૧૦૮૦માં થયાનું કે રાજવિવાહનું નામ નિશાન નથી. દસ્તાવેજોની સચ્ચાઈ કેવી. ? સહી સાચી અને વાંચી સમજી થઈ હશે કે શું ? સાર્ધશતકમાં ખરતરોના બિરૂદનું નામ પણ નથી.

૧૮ શ્રીદેવેંદ્રસૂરિજીએ શ્રીકર્મગ્રંથ આદિની ટીકાઓમાં સ્પષ્ટ તપાગચ્છ બિરૂદ પહેલાં અને ચૈત્રવાલ ગચ્છની ઉપસંપદામાં છે. એ કેમ નથી સમજાતું ?

૧૯ શ્રીઉત્સૂત્રકંદકુદ્દાલને અંગે થયેલ વાતને ઉપાધ્યાયજીના બધા ગ્રંથોને જોડનારો અનર્થવાળા મિચ્છામિદુક્કડંથી શાસ્ત્રોને પણ અમાન્ય ગણશે. યાદ રાખવું કે પ્રવચનપરીક્ષાની

ચર્ચામાં ખરતરોને શ્રીવિજયસેનસૂરિજી મહારાજે પાટણ અને અમદાવાદમાં ૧૧૯૨, ૯૩ના બન્ને ચોમાસામાં હરાવ્યા. અને તે જ પ્રવચન પરીક્ષાને શ્રીસંઘે બાદશાહી વાંજિત્રોના ઠાઠથી વધાવી લીધો (જુઓ વિજયપ્રશસ્તિ) જિનચંદ્રગીત વિધિ સ્થાનક આદિમાં આ વાત ન લેવાય જ. વિજયપ્રશસ્તિ પછી પટ્ટાવલીમાં લેવાય. વિહારમાત્રમાં તો પરાજયને જય લેખે જ.

૨૦ જયસોમે સમજવું જ જોઈએ કે જગદ્‌ગરુ પદ જૈનોમાં ભગવાનને અંગે જાહેર હતું. અને શંકરાચાર્યાદિ તે ધરાવતા તેથી બાદશાહ આપે તેમાં નવાઈ શી ? શ્રીહીરસૂરિજીએ વાવેલા વૃક્ષની છાયાનો લાભ જિનચંદ્રને મળે તેમાં ખોટું શું ? જગદ્‌ગુરૂ પદ દેનાર બાદશાહ હોય અને શેખ કદાચ ખીજાય તેમાં મોગલાઈ નથી?

૨૧ શ્રી હીરસૂરિજીની સાથે અકબર બાદશાહ વગેરેનાં અમારિ પડહો વગડાવ્યાનાં તે વખતનાં ચિન્હો અમદાવાદ સાહિત્ય પ્રદર્શનમાં રજુ થયેલાં છે. (જી. વ. ૨૪)

૨૨ આચાર્યની વાત છે કે જિનચંદ્રના વિહારવર્ણનમાં નાની નાની વાતોના ઈસારા છે અને યુગપ્રધાનપદનો ઈસારો પણ નથી. ગ્રંથોની પુષ્પિકાઓ કેટલીક ગ્રંથ લખનારની લખેલી હોય છે એને કેટલીક તો પાછલાઓએ પણ લખેલી હોય છે. ખરતરોમાં તો વિશેષ એ રીત છે એમ ભંડારો જોનારને જણાય છે.

તા. ક. પ્રકાશ 'સમાલોચનાર્થે' એમ લખી સમાલોચના માગી છે તે ન અપાય તો અંગીકાર જેવું થાય માટે અપ્રાસંગિક પણ આટલું ઈસારારૂપ જણાવ્યું છે.

(જિનચંદ્ર)

૧ સૂચના આપી હતી. નમુના માટે ફેર તપાસો. ૧. પ્રશ્ન ૧૦ને અંગે ભગવાન શ્રીઋષભદેવજીના બાર શ્રીનેમિનાથજીના નવ ભગવાન મહાવીર મહારાજના ભવ સત્તાવીશ જે છે તે નથી તો ક્ષાયિક સમ્યક્‌ત્વવાળા અને નથી તો અપ્રતિપાતિ સમ્યક્‌ત્વવાળા. ૨ વાસુદેવોને સમ્યક્‌ત્વ નિર્ણીતિ પણ છે. पंचरिहंते ગાથાની ટીકા જોવી. અન્યધર્મના અનુષ્ઠાન તરીકે ગણાયેલી ક્રિયા મિથ્યાત્વને વધારનાર હોઈ અયોગ્ય જ છે એ સમજાવવું ત્યાં જરૂરી છે. (૧૨) ૩ કેવલજ્ઞાનવાળી સ્ત્રીઓને પણ છદ્મસ્થ સાધુ વાંદે નહિ. સમવસરણમાં મણ સાધુઓની પાછળ તેઓ બેસે (૧૫) ૪ અતિચારની આઠ ગાથા ન આવડે તો આઠ નવકાર ગણવાનો શાસ્ત્રીય લેખ છે. તો પછી વંદિત્તા માટે પચ્ચાસ નવકાર વ્યાજબી નથી એમ કેમ કહેવાય ? ખપીઓએ વંદિતુ સૂત્ર શિખવું જ જોઈએ એમ કહેવાય (૧૬) ૫ ઔપશમિકમાં પણ જિનકર્મ નિકાચિત થાય છે. सम्मदिट्ठी એવું જ શાસ્ત્રકાર પણ કહે છે. (૨૨) ૬ વર્ત્તમાનકાલમાં શ્રાવકપ્રતિમાને વહીને જ સાધુપણું (બાલાદિસિવાયે) લેવું એવો ચોક્કો પાઠ શ્રીહરિભદ્રસૂરિજીના પંચાશકમાં છે, સાધુપણામાં આકારો નથી. શ્રીસેનસૂરિજીની વખત પ્રતિમાવહનની વાત પણ લેખ સિદ્ધ છે (૨૫) ૭ શ્રીઆર્યમહાગિરિ અને સુહસ્તીજી આદિની માફક યુગપ્રધાનો સાથે પણ હોય. (૨૬) (જૈનધર્મ૦)

પ્રશ્ન-૮૭૪ ત્રેશઠશલાકાપુરૂષોમાં કઈ કઈ પદવીઓ ભવચક્રમાં એકથી વધારે વખત આવી શકે ?

સમાધાન-ફક્ત ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પદવી ભવચક્રમાં એક જ વખત આવે. બાકી ચક્રવર્ત્તીપણા આદિની પદવીઓ ભવચક્રમાં ઘણી વખત આવી શકે છે. આ જ કારણથી જિનકર્મને નિકાચતી વખત જ तइयभ बोसक्कइत्ताणं એવો નિયમ નિર્યુક્તિકાર મહારાજા વગેરે સ્પષ્ટ શબ્દોથી જણાવે છે. અર્થાત્ સંસારચક્રને ત્રણ ભવ જેટલો બાકી રહે તેવું કરીને જ જિનકર્મને નિકાચિત્ કરી શકાય એટલે નક્કી થયું કે તીર્થંકર પદવી તો ભવચક્રમાં એક જ વખત અને અંત્યભવમાં જ હોય. પરંતુ ચક્રવર્તી આદિ પદવીઓનો બંધ વખતે સંસારને ઓછો કરવાનો નિયમ ન હોવાથી તે પદવીઓ ભવચક્રમાં ઘણી વખત પણ આવી શકે ? આ જ કારણથી શ્રીભગવતીસૂત્રમાં દેવાધિદેવપણાનું આંતરૂ જણાવ્યું નથી. પણ નરદેવપણાનું એટલે ચક્રવર્ત્તીપણાનું આંતરૂં એક જીવની અપેક્ષાએ જણાવેલું છે.

પ્રશ્ન ૮૭૫ ભગવાન જિનેશ્વર મહારાજાઓ તો તદ્ભવેજ મોક્ષે જાય પણ ચક્રવર્ત્તી તથા બલદેવ તો મોક્ષે પણ જાય અને સદ્ગતિએ જાય તો દેવલોકે પણ જાય. અને ચક્રવર્ત્તી જો ચક્રવર્ત્તીપણું છોડીને ત્યાગી ન થાય તો નરકે પણ જાય અને વાસુદેવ તથા પ્રતિવાસુદેવ તો નરકે જ જાય. એ વાત શાસ્ત્રસિદ્ધ છતાં તે તીર્થંકર સિવાયની ચક્રવર્ત્તીપણા આદિની પદવીઓને ધારણ કરનારાઓને માટે ભવોની સંખ્યાનો નિયમ ખરો કે નહિં ? પંદર ભવોથી વધારે ભવો ચક્રી વગેરે ન કરે એમ કેટલાક કહે છે તે ખરૂં છે ?

સમાધાન-જો કે વર્ત્તમાન અવસર્પિણીના ત્રેશઠશલાકા પુરૂષોમાં એકની એક પદવી બે વખત કોઈપણ જીવને આવી નથી. પરંતુ સર્વકાલ માટે એવો નિયમ કરાતો નથી કે એકની એક પદવી એક જીવને બીજી વખત ન જ આવે. શ્રીભગવતીસૂત્રમાં કંઈક અધિક સાગરોપમને આંતરે બીજી વખત ચક્રવર્ત્તીપણું આવે એમ સ્પષ્ટ જણાવે છે. વળી તે જ સ્થાને ઉત્કૃષ્ટ અંતર અપાર્ધ પુદ્ગલપરાવર્ત્તનું જણાવે છે તેથી એમ માની શકાય કે ચક્રવર્ત્તી થયા પછી પંદર ભવે ચક્રવર્તી આદિ મોક્ષે જાય એવું નિયમથી નથી.

(ગતાંકથી ચાલુ)

અને ઘટી શકે તેવો જે ઉપદેશ તે ધર્મમાં છેદ જાણવો. બંધ તથા મોક્ષાદિને અનુકૂળ એવા જીવાદિપદાર્થોનું નિરૂપણ તે ધર્મના અધિકારમાં તાપ જાણવો. તે કષ, છેદ અને તાપ એ ત્રણે કરીને શુદ્ધ એવો જે ધર્મ તે જ સમ્યગ્‌ધર્મપણાને પામે છે. એ ત્રણ વડે કરીને જે ધર્મ શુદ્ધ ન હોય અગર કોઈપણ એક પ્રકારની અશુદ્ધિવાળો હોય તો તે ધર્મ યથાર્થપણે ધર્મના ફળને દેવામાં સમર્થ થતો નથી. એ ધર્મ જ જે માટે જગતના સર્વ પદાર્થોમાં ઉત્તમ પુરૂષાર્થ છે, માટે એ ધર્મની બાબતમાં જે ઠગાયો તે મનુષ્ય સકળકલ્યાણોથી ઠગાયો જ છે એમાં કોઈ સંદેહ નથી, અને જે ધર્મમાં ન ઠગાયો તે કલ્યાણમાં કોઈ દિવસ પણ ઠગાતો નથી, માટે બુદ્ધિમાનોએ બુદ્ધિપ્રધાન એવી દૃષ્ટિથી ધર્મની સમ્યક્ પરીક્ષા કરવી. જેને મોક્ષનું બીજ (સમ્યક્ત્વ) પ્રાપ્ત થયું હોય છે તેને આ લોકનાં બધાં કલ્યાણો મળે છે, અને પરભવમાં શુભપરંપરાવાળાં એવાં દેવ અને મનુષ્યનાં સુખો પણ નક્કી મળે જ છે. સાચાતત્ત્વોની શ્રદ્ધારૂપ તથા પ્રશમાદિરૂપ ચિહ્નોથી જણાતું અને શુભઆત્માના પરિણામ સ્વરૂપ એવું જે સમ્યકત્વ તે જ મોક્ષનું બીજ છે. તે સમ્યક્ત્વ મળ્યા પછી નિર્મળભાવવાળા જીવને હંમેશાં સુખ જ હોય છે અને ભાવથી ધર્મમાં પ્રવર્તેલા જીવને શુભ અનુબંધ જ હોય છે. સાચા પદાર્થને કહેવાવાળા શાસ્ત્રોથી જ સાચાપદાર્થની શ્રદ્ધા થાય છે, અને તેવું શાસ્ત્ર શ્રીવીતરાગમહારાજના જ વચનરૂપ હોય છે. અપૌરૂષેય એટલે પુરૂષે નહિ કહેલું એવું વચન સર્વથા જે માટે હોય જ નહિં તે માટે અપૌરુષેય તરીકે ગણાતું વચન તે સત્યાર્થને જણાવનાર કહેવાય જ નહિં. તેમ જ પુરૂષે કહેલું હોવાથી જે પૌરૂષેય વચન હોય તેમાં પણ દોષવાળાનું વચન સત્યાર્થને જણાવનાર કહેવાય નહિં. શંકાકાર કહે છે કે એ જિનવચનથી પણ સત્યપદાર્થની શ્રદ્ધા નક્કી થાય જ છે એમ સિધ્ધિ થતી નથી. કેમકે સર્વજીવોએ આ જૈનપ્રવચનનું શ્રુત પણ અનંતી વખત મેળવેલું છે. વળી પૂર્વે જિનપ્રવચનનો યોગ ન જ પ્રાપ્ત થયેલું હોય એમ માનવામાં બીજો કોઈ હેતુ નથી, કેમકે અનાદિનો સંસાર હોવાથી તેમાં કોની કોની સાથે કોનો કોનો સંબંધ થયો નથી ? પહેલાં અનન્તી વખતના પમાયેલા જિનશ્રુતથી સમ્યક્ત્વ ન થયું અને હવે જો તે સમ્યક્ત્વ થાય, તો તે સમ્યક્ત્વ થવાનું કરાણ શું ? અને જો વગર કારણે જ તે સમ્યક્ત્વ થતું હોય તો તે સમ્યક્ત્વ હંમેશાં હોય અથવા તો કોઈ દિવસ પણ ન થાય. કારણ મળવાથી થવાવાળી જે ચીજ હોય તે અહેતુક કહી શકાય નહિં અને અહેતુક ચીજ હોય તે કાં તો હંમેશાં હોય જ અથવા કદાપિ ન જ હોય, એવી રીતે પણ સમ્યક્ત્વની ઉત્પત્તિ થવી સંભવિત નથી. વળી સર્વસંયોગો કર્માધીન છે, અને તે કર્મ પણ ઉત્કૃષ્ટ સ્થિતિથી એક કોટાકોટિ સુધી સ્થિતિવાળું અનંતી વખત થઈ ગયેલું છે. સમ્યકત્વ પામવાવાળાને કોટાકોટિ સિવાય અધિક સ્થિતિનું કોઈ કર્મ નથી અને તેટલું અંતઃ કોટાકોટિ તો કર્મ ઘણી વખત થયું. અનાદિકાળમાં એક જ વખત ગ્રંથીભેદ થાય છે તો કાલભેદે જુદા જુદા જીવોને સંયોગે જુદે જુદે કાલે સમ્યક્ત્વ કેમ થાય ? અહીં ઉત્તર દે છે કે બીજા હેતુનું કામ શું છે ? કેમકે કાલભેદે શાસ્ત્રથી જ પ્રાયે સમ્યક્ત્વ થાય છે, અને શાસ્ત્રપ્રાપ્તિમાં પણ તે કાલભેદ જ હેતુ છે, આ જગા પર શંકા કરે છે કે તે શાસ્ત્ર પણ પહેલાં ઘણી વખત પ્રાપ્ત થયું, કેમકે સર્વજીવોનો અનન્ત વખત ગ્રૈવેયકમાં ઉપપાત જરૂર થયેલો છે એમ સૂત્રમાં

કહ્યું છે, અને તે ગ્રૈવેયકનો ઉપપાત સાધુવેષ વગર થયો જ નથી, કેમકે કહ્યું છે કે સમ્યક્ત્વ વગરના જે લોકો સાધુપણાનો વેષ ગ્રહણ કરે છે તેનો પણ ઉપપાત ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયક સુધી હોય છે અને જ્યારે અનન્ત વખત દ્રવ્યસાધુપણું આમ ગયું તો પછી સાધુપણામાં આ સૂત્રપોરસીઆદિક જ નિત્યકર્મ વીતરાગોએ યથાયોગ્ય કહેલું છે, તે બધું અનન્ત વખત થઈ ગયું છે, અર્થાત્ શાસ્ત્રની પ્રાપ્તિ અનંતી વખત થઈ, પણ તેનાથી કેમ સમ્યક્ત્વ થયું નહિ ? અથવા તો એજ શાસ્ત્ર કાલભેદે સમ્યક્ત્વનો હેતુ બને કેમ ?, આ બધા પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે શ્રુતધર્મ મળ્યો હતો, પણ કોઈપણ પ્રકારે જીવના વીર્યનો ઉલ્લાસ થયો ન હતો અને સમ્યક્ત્વ તો વીર્ય ઉલ્લાસથી જ થાય, અને તે સમ્યક્ત્વના કારણભૂત વીર્ય પણ પ્રાયે શાસ્ત્રોથી જ થાય. જેમ ખારાદિકમાં ઘણી વખત નંખાયેલો છતાં વેધ પરિણામને નહીં પામેલો પણ ઉત્તમમણિ કોઈ કાલે મળેલા તે જ ખારાદિકથી વીંધાય છે. તેવી રીતે અનેક વખત શુદ્ધધર્મના સંયોગની પ્રાપ્તિ થાય છતાં નહિં થયેલો એવો જે વીર્ય ઉલ્લાસ થાય તે શુદ્ધ ધર્મથી જ થાય છે અને તેથી ભવ્યજીવ સિદ્ધિ પામે છે. તે જીવનો જ તેવો સ્વભાવ છે કે તેટલી જ વખત શાસ્ત્રધર્મ થઈ ગયા પછી કોઈક કાલે થયેલા શાસ્ત્રધર્મથી જ તેટલું વીર્ય પામે છે અને તેથી સમ્યક્ત્વ પામે છે. શંકાકાર કહે છે કે **आहेणं १०४६, भण्णाह १०४७, आयरिय १०४८, कालो १०४९, सव्वेवि १०५०, नवि १०५१, एत्थंपि १०५२, एअं १०५३, एय १०५४, कम्माइ, १०५५, अह १०५६, भद्यन्ते १०५७, अह १०५८, जं १०५९, णय १०६०, तस्स १०६१, तत्तो १०६२, जिण १०६३, सम्मं १०६४, तम्हा १०६५, तनो १०६६** પૂર્વે કહ્યા પ્રમાણે સ્વભાવવાદ અંગીકાર કરવાથી તો તમે પોતાનો સર્વકર્મોની અંતઃ કોટી કોટી સ્થિતિ થાય તો જ સમ્યક્ત્વ થાય આવી રીતે જણાવેલ કર્મવાદ છોડી દીધો, આના ઉત્તરમાં કહે છે કે અમારે એકાંત કર્મવાદ કોઈપણ પ્રકારે ઈષ્ટ નથી, તેમજ સ્વભાવવાદ પણ સર્વથા અનિષ્ટ પણ નથી, કેમકે દુષમાકાલની રાત્રિના નાશ માટે સૂર્યસમાન હોવાથી દિવાકર તરીકે ગણાતા અને સંમતિનામના શાસ્ત્રથી જેમનો જશ પ્રસારેલો છે એવા શ્રુતકેવલી સિદ્ધસેન આચાર્ય કહેલું છે કે કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને ઉદ્યમ એ કારણોમાંથી કોઈ જગતનું કોઈ એકજ કારણ છે એમ માને તો તે મિથ્યાત્વ છે, અને પરસ્પર અપેક્ષાવાળાં તે સર્વ કાલાદિકો જગતના કારણો છે એમ માને તો તે સમ્યક્ત્વ કહેવાય, એવી રીતે કાલાદિક સર્વે વસ્તુઓ સમુદાયે કાર્યને સાધનારાં કહેલાં છે અને એવી જ રીતે સર્વકાર્યમાં તે પાંચે પદાર્થો સમ્યક્પણે ઘટે છે. આ જગતમાં મગનું રાંધવું આદિક કોઈપણ કાર્ય એકલા કાલાદિકથી થતું નથી, પણ કાલાદિક પાંચે એકઠા થાય ત્યારે જ થાય છે. માટે તે કાલાદિક બધા એકઠા થયેલા જ કર્મના ઉદયથી અને યત્નથી થનાર વસ્તુમાં કારણો ગણાય. અહીં સમ્યક્ત્વ પ્રાપ્તિમાં પણ એવી જ રીતે અમે સ્વભાવ પણ કારણ તરીકે માનેલો છે અને તે પણ વિચિત્રભવ્યપણારૂપ સ્વભાવ જ અહીં કારણ તરીકે સમજવો. જો આ ભવ્યપણું જે છે તે પણ જો સર્વજીવોને સર્વથા સરખું જ હોય તો કાલાદિકના ભેદ સિવાય તુલ્યપણે સર્વજીવને મોક્ષે જવું થાય. વળી સર્વથા એકસ્વભાવવાળા ભવ્યત્વને માનીએ તો કર્માદિના અધિક ન્યૂનપણાથી પણ કાંઈ પણ ફરક પડે નહિં, અને કર્મની સ્થિતિ વધારે છતાં પણ સમ્યક્ત્વ માનીયે તો અભવ્યને પણ સમ્યક્ત્વ અને મોક્ષનો પ્રસંગ આવે (દેશનાવિગેરેથી

તેને પણ સમ્યગ્‌દર્શન પ્રગટ થાય.) જો ભવ્યપણાનો તેવો કાલાદિક ભેદે ભિન્નતાવાળો સ્વભાવ ન માનીએ તો તે એકસ્વરૂપ મનાયેલો હોવાથી કર્માદિકનો તેવો કાલાદિકભેદે ભિન્નફલ કરવા રૂપ સ્વભાવને ભિન્નફલને કરનારો થાય નહિ, આ ભવ્યત્વની વિચિત્રતાની વાત બુદ્ધિશાળીઓએ વિચારવી. કદાચ કહેવામાં આવે કે દેશના વિગેરે સાધનો સમ્યગ્‌દર્શનઆદિને કરવાવાળાં નથી એમ માનીયે અને તેથી અભવ્યને મોક્ષ પ્રાપ્તિનો પ્રસંગ નહિં આવે, પણ તેમ માનીયે તો ભવ્યમાં પણ તે દેશનાદિ સમ્યક્‌ત્વઆદિને કરનારાં કેમ બને? કહેવામાં આવે કે ભવ્યત્વ હોય તો દેશનાદિથી સમ્યક્‌ત્વ આદિ થાય, તો ભવ્યપણું બધા ભવ્યજીવોને સરખું છે એમ તમોએ માન્યું છે અને તેથી તે ભવ્યપણું પણ આવી રીતે એકસ્વરૂપ હોવાથી અભવ્યની દેશના જેવું જ થશે. કદાચ એ દોષના ભયથી ભવ્યપણાનો તેવો સરખાપણાનો સ્વભાવ ન માનો તો તત્ત્વથી ભવ્યપણાની વિચિત્રતારૂપ અમારો જ પક્ષ કબૂલ થયો. જે માટે તે ભવ્યપણું એક છતાં પણ અનાદિ છે અને તે ભવ્યપણાનો પરિપક્વ થવાનો સ્વભાવ પણ આત્મભૂત હોવાથી અનાદિ છે, એમ કહેવાથી બાકીના કર્માદિક નકામાં છે એમ નહિં સમજવું, કેમકે તથા સ્વભાવવાળું ભવ્યપણું પણ પોતાના પરિપક્વપણાની માફક જ કાલાદિકની પણ અપેક્ષા રાખેજ છે. પરમાર્થથી વિચિત્ર સ્વરૂપવાળા તે કારણોના સમુદાયથી જ જીવ તેવા પ્રકારનું અન્યોઽન્ય અપેક્ષાએ વીર્ય પામે છે અને તેથી તેને દ્રવ્ય સમ્યક્‌ત્વ પ્રાપ્ત થાય છે, અને તે દ્રવ્યસમ્યક્‌ત્વથી ભાવસમ્યક્‌ત્વ થાય છે અને તે ભાવસમ્યક્‌ત્વથી અનુક્રમે કે સાથે ચારિત્ર પ્રાપ્ત થાય છે અને તેથી અનુક્રમે કેવળજ્ઞાનાદિકની પ્રાપ્તિ થાય છે. ઉપર જણાવેલ સમ્યક્‌ત્વના દ્રવ્ય અને ભાવ એવા જે ભેદો છે તે જણાવે છે, જિનવચન જ તત્ત્વ છે એવી જે રૂચિ તે દ્રવ્યસમ્યક્‌ત્વ અને યથાસ્થિત જીવાદિ ભાવોના હેયાદિના વિભાગવાળા જ્ઞાનથી થતી શ્રદ્ધા તે ભાવસમ્યક્‌ત્વ કહેવાય છે. ને દ્રવ્યસમ્યકત્વ કરતાં ભાવસમ્યક્‌ત્વની શ્રેષ્ઠતા જણાવે છે, જેના ગુણો ન જાણ્યા હોય એવા સુંદરરત્નમાં જે શ્રદ્ધા હોય તેના કરતાં ગુણો જાણ્યા પછી થતી શ્રદ્ધા અનંતગુણી હોય છે અને તેટલા જ માટે ભાવસમ્યક્‌ત્વ એ દ્રવ્યસમ્યક્‌ત્વ કરતાં અનન્તગુણ શુદ્ધ જાણવું અને એવું ભાવસમ્યકત્વ જ પ્રશમાદિલિંગોને ઉત્પન્ન કરનારું છે, અને એવા ભાવસમ્યક્‌ત્વથી જ તીવ્ર શુભભાવ થાય છે, અને તે તીવ્ર એવા શુભભાવ થવાથી શુદ્ધચારિત્ર પરિણામ થાય છે, અને તે ચારિત્રપરિણામથી દુઃખરહિત અને શાશ્વત સુખવાળો એવો મોક્ષ મળે છે. શ્રુતધર્મની મહત્તા એ દ્રવ્યસમ્યક્‌ત્વ છે અને તે જ ભાવ સમ્યક્‌ત્વનું કારણ છે. એમ પ્રાસંગિક વસ્તુ કહીને જે ચાલુ અધિકાર શ્રુતધર્મની શુદ્ધિનો છે તેને કહે છે.

સુઅ ૧૦૬૭, સુહુમો ૧૦૬૮, જહ ૧૦૬૯, થૂલો ૧૦૭૦, જહ ૧૦૭૧, તેટલા માટે શ્રુતધર્મની કષ વિગેરેએ કરીને પરીક્ષા કરવી જોઈએ, ઉષરભૂમીમાં સેંકડો વખત થયેલો વર્ષાદ નિષ્ફળ જાય છે, તો પણ રસાલ જમીનમાં વર્ષાદ વિના ધાન્યની ઉત્પત્તિ થાય છે એમ કહી શકાય જ નહિં. એવી રીતે અભવ્ય કે ભવ્યજીવમાં અનન્તી વખત શ્રુતધર્મની પ્રાપ્તિ નિષ્ફળ થઈ છે, છતાં ચરમાવર્તે ભવ્યજીવને પણ થતા સમ્યગ્‌દર્શનાદિમાં તે શ્રુતધર્મ કારણ છે એમ માનવાના કોઈ પણ પ્રકારે ગેરવ્યાજબીપણું નથી, કેમકે પૂર્વ જણાવ્યું તેમ પ્રાયે શ્રુતધર્મથી જ સમ્યક્‌ત્વ અને ચારિત્ર થાય છે, અભવ્ય તથા ભવ્યજીવોને પણ અનન્ત વખત શ્રુતધર્મ આવ્યા છતાં ચારિત્રધર્મ નથી થયો માટે પ્રાયે એવું કહ્યું છે. કષનું સ્વરૂપ

કહે છેઃ જે શાસ્ત્રમાં સાવદ્યવિષયક પ્રતિષેધ અત્યંતપણે કર્યો હોય તેમજ રાગાદિકનો જેનાથી નાશ કરવામાં આવે એવાં સમર્થ ધ્યાનાદિ જેમાં જણાવ્યાં હોય તે શાસ્ત્ર કષશુદ્ધ કહેવાય. જેમ મન વચન કાયાએ કરીને બીજા જીવની સર્વથા પીડા ન કરવી અને રાગાદિકથી પ્રતિકુળ થાય એવું ચિત્તમાં ધ્યાન હંમેશાં કરવું જોઈએ, એવું જે શાસ્ત્ર તે કષથી શુદ્ધ થયેલ કહેવાય, પણ જેમાં સ્થૂલહિંસાનો જ માત્ર નિષેધ હોય, પણ સર્વ સાવદ્યવિષયક વિષય ન હોય અને રાગાદિકને નાશ કરવામાં સમર્થ એવાં ધ્યાનઆદિ ન જણાવ્યાં હોય અને માત્ર પૃથ્વીવ્યાદિ અને પદોનાં જ ધ્યાનો જણાવ્યાં હોય તે શાસ્ત્રો કષથી અશુદ્ધ કહેવાય, જેમ કોઈ શાસ્ત્રમાં એમ કહ્યું હોય કે મરનારો જીવ હોય મારનારો પ્રાણીને વિચારનાર હોય વળી તે પ્રાણીને મારવાની ક્રિયા હોય અને તે પ્રાણીના પ્રાણનો જો નાશ થાય તો હિંસા થાય, એવું શાસ્ત્ર કષથી અશુદ્ધ કહેવાય. એવા શાસ્ત્રોના દાખલાને જણાવતાં કહે છે કે જે શાસ્ત્ર હાડકાં વગરનાં જે જીવો હોય તેવા એક ગાડાં જેટલા જીવો મારે તો એકજ હિંસા ગણાય એમ કહેનાર હોય, વળી બ્રહ્મહત્યાદિ કરનારો હું છું એમ અવિદ્યમાન એવા પણ પોતાના દોષો પાપશુદ્ધિને માટે કહેવાય તો તેમાં મૃષાવાદ નથી એમ જણાવનાર શાસ્ત્રો હોય તે વિગેરેમાં તેમજ અકારઆદિ અક્ષરોનું ધ્યાન કરવું, એમ કહેનાર શાસ્ત્રોમાં કષશુદ્ધ હોય નહિં. એમ શ્રુતધર્મની કષશુદ્ધ જણાવીને હવે છેદશુદ્ધિ જણાવે છેઃ

सइ ૧૦૭૨, एएण ૧૦૭૩, गह ૧૦૭૪, जे खलु ૧૦૭૫, जत्थ ૧૦૭૬, एयं ૧૦૭૭, गइ ૧૦૭૮, तह ૧૦૭૯,

અનેક પ્રકારના સંયમયોગોમાં ધાર્મિકજનની હંમેશાં જે અપ્રમાદપણે વૃત્તિ તે બાહ્યઅનુષ્ઠાન કહેવાય છે. એ શાસ્ત્રમાં કહેલાં બાહ્ય અનુષ્ઠાન વડે કરીને પૂર્વોક્ત વિધિનિષેધનો બાધ ન થાય અને તે વિધિનિષેધ બંને ઉત્પન્ન થાય એવા અનેકવચનોથી શુદ્ધ એવું જે શાસ્ત્ર તે શુદ્ધ કહેવાય. જેમ સાધુએ હંમેશાં માતરૂપરઠવવા વિગેરે સર્વકાર્યો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં અપ્રમત્ત રહીને જ કરવું. વળી પ્રમાદ કરનારા એવા વસતિઆદિનો પરિહાર કરવો. તેમજ મધુકરવૃત્તિએ શરીરનું પોષણ કરવું, જ્યાં વિવિધ પ્રકારના સંયમયોગોમાં ધાર્મિકની વૃત્તિ અપ્રમત્તપણે ન હોય તે અનુષ્ઠાન કહેવાય. એવા અનુષ્ઠાનો વડે પ્રતિષેધ અને વિધિનો બાધ થાય, તેમજ તે વિધિ અને પ્રતિષેધ બન્ને બને પણ નહિ. તેથી એવા વચનોવાળું શાસ્ત્ર તે છેદથી અશુદ્ધ કહેવાય. જેમ દેવતાની આગલ ગાયનઆદિ કાર્યમાં સાધુએ ઉદ્યમ કરવો જોઈએ. હાસ્યાદિક કરવાં જોઈએ, અસભ્યવચન (હું બ્રહ્મઘાતી છું વિગેરે) કહેવાં જોઈએ, અન્યમતને માનનારાનો નાશ ઈચ્છવો જોઈએ, એકજ ઘરે અન્ન લઈને ભોજન કરવું, તરવારની ધારા વિગેરેથી શરીર ઉપર ઘા કરવો, એ બધાં બાહ્ય અનુષ્ઠાનો પાપરૂપ છે, એવી રીતે કષ અને છેદની શુદ્ધિ જણાવી હવે તાપની શુદ્ધિ કહે છે.

जीवा ૧૦૮૦, एएण ૧૦૮૧, संता ૧૦૮૨, संत ૧૦૮૩, इहरा ૧૦૮૪, निच्छो ૧૦૮૫, एगन्ता ૧૦૮૬, ण ૧૦૮૭, पिंडो ૧૦૮૮, एवं ૧૦૮૯, सक ૧૦૯૦, वेएइ ૧૦૯૧, णय ૧૦૯૨, इअ ૧૦૯૩ एयं ૧૦૯૪ જીવાદિ પદાર્થનું જણાવાતું સ્વરૂપ જો દૃષ્ટ એટલે પ્રમાણથી સિધ્ધ એવા પદાર્થો અને ઈષ્ટ

એટલે અનુભવથી સિદ્ધ અને ઈચ્છેલા પદાર્થોના સ્વભાવથી વિરૂદ્ધ ન હોય અને બંધાદિને સિદ્ધ કરનાર હોય તે અહીં તાપશુદ્ધ શાસ્ત્ર કહેવાય. એ તાપની પરીક્ષા વડે કરીને જે શાસ્ત્ર શુદ્ધ હોય તે તાપશુદ્ધ જાણવું અને જે તે જણાવેલ એવા તાપથી અશુદ્ધ હોય તે શાસ્ત્ર કષ અને છેદથી શુદ્ધ હોય તો પણ અશુદ્ધ જાણવું. જેમ જીવને કથંચિત્ સત્ કથંચિત્ અસત્, કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય આદિ અનેક ધર્મવાળો માનીએ તોજ સુખ દુઃખ કર્મબંધ વિગેરે ઘટી શકે, એકાંતે સદ્આદિ માનીને જીવાદિને બીજારૂપે માની અન્યથા માનીએ તો એ બધું ઘટે જ નહિં. સ્વરૂપે કરીને વિદ્યમાન અને પરરૂપે કરીને અવિદ્યમાન એવો જીવ માની એ તો જ જીવનું વિશિષ્ટપણું માન્ય થાય અને તે વિશિષ્ટપણાથી વિશિષ્ટ એવા સુખાદિક પણ થઈ શકે, નહિં તો સત્તાઆદિ માત્રનો સર્વકાલે અને સર્વ પદાર્થોમાં સદ્ભાવ હોવાથી એ સુખાદિની વિશિષ્ટતા ન થાય, અને વિશિષ્ટતાના અભાવે વિશિષ્ટતાને માટે કરાતો ઉદ્યમ એ અજ્ઞાન જ ગણાય. જે પદાર્થ નિત્ય હોય તે હંમેશાં એકસ્વભાવવાળો હોય છે અને તે રીતિએ જીવ જો દુઃખ સ્વભાવવાળો હોય તો એ દુઃખના નાશનો સંભવ નહિં હોવાથી દુઃખના નાશ માટે કેમ પ્રવર્તે ? તેમજ ઉત્પત્તિની સાથે જ નાશ પામવાવાળો એવો એકાંત અનિત્ય એવો જો જીવ હોય તો એક સમયમાં એટલે ઉત્પત્તિની વખતે પલટો કરાવનારી ચીજ જ નહિં હોવાથી તે પલટાનો સંભવ જ નથી. કારણ અને કાર્યનો એકાંત અભેદ માનવાથી વિશિષ્ટ એવો કારણનો જે પર્યાય તે નાશ ન પામતો હોવાથી એકાંત અભેદપક્ષમાં તેમજ ભેદપક્ષમાં પણ વિશિષ્ટ કાર્ય થઈ શકે નહિં. માટીનો પિંડ પણ તે માફક ઘડારૂપે પરિણમે નહિં, કેમકે પિંડભાવનું વિદ્યમાનપણું છે, ભેદના એકાંતપક્ષમાં જો તેનો તે સર્વથા પિંડભાવ જાય તો જ ઘટપણું થાય, અને મૃત્તિકાદિક ધર્મો તો પ્રત્યક્ષ ચાલુ રહે છે. ઉપર જણાવ્યા પ્રમાણે કથંચિત્ સદ્આદિ ધર્મવાળો આત્મા પરિણામી બની શકતો હોવાથી મિથ્યાત્વ આદિના પરિણામવાળો થાય છે, અને તેમ પરિણમવાથી જ મિથ્યાત્વ આદિ કારણોથી જ કર્મને બાંધે છે અને સમ્યક્ત્વઆદિ કારણોથી કર્મને છોડે છે. જો કે સમ્યક્ત્વ એ નિર્જરાનું કારણ નથી, પણ સમ્યક્ત્વથી થતી પરિણામ શુદ્ધિથી નિર્જરા થાય છે. વળી આત્મા પરિણામી હોઈ ને કર્મ અને આત્માના તથા કર્તા ભોક્તાપણાના એક આધારપણાથી પોતાના કરેલાં કર્મો પોતે ભોગવે છે, નહિંતર નિત્ય માનવામાં આવે તો હંમેશાં કર્તા, ભોક્તપણું કે બંને વાનાં સાથે જ આવે, પણ આગળ-પાછળ અનુક્રમે આવેજ નહિં, જુવાનપણામાં ચોરી આદિક કરેલી હોય તેનું ફળ પાછળથી અથવા અંત્યમાં ભોગવે છે અને પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી તે ભોગવનાર કર્તાથી જુદો નથી. વળી અનુભવ, લોક અને આગમથી એમ સિધ્ધ છે કે પાપપરિણતિને લીધે હું કેવું ફળ પામ્યો? એ ઉપરથી કથંચિત્ જુવાન અને વૃધ્ધપણું ભિન્ન જ છે એમ એકાંતે ભેદપક્ષ પણ જુઠો સમજવો. આ જીવ મનુષ્યાદિકના ભવમાં કરેલાં કર્મો દેવઆદિકના ભવોમાં ભોગવે છે, તેથી તે કર્મોને કરવાપણાનો અને ભોગવવાપણાનો પર્યાય જીવનો જ છે એમ માનવાથી તે બધું ઘટી શકે. જો જીવ એકાંતે નિત્ય હોય તો કર્તા કે ભોક્તાપણામાંથી એક સ્વભાવપણું જ રહે અને તેમજ એકાંતે અનિત્ય હોય તો ઉત્પત્તિ પછી તરત જ નાશ પામવાથી પોતાનું કરેલું શુભ કે અશુભ કર્મ ભોગવે કોણ ? એવી રીતે એકાંતે નિત્યાનિત્યવાદને અયોગ્ય જણાવી હવે જીવ અને શરીરનો ભેદાભેદવાદ કહે છે :

જીવ ૧૦૯૫, ઉભય ૧૦૯૬, એત્થ ૧૦૯૭, નઉ ૧૦૯૮, એવં ૧૦૯૯, ણઉ ૧૧૦૦, એવં ૧૧૦૧, તય ૧૧૦૨, હેદીર્ણ ૧૧૦૩, અકરિંતો ૧૧૦૪, મોક્ખો ૧૧૦૫, તમ્હા ૧૧૦૬, અણુ ૧૧૦૭, દીસઇ ૧૧૦૮, એમાઇ ૧૧૦૯, એઅ ૧૧૧૦, જીવ અને શરીરનો કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ સાક્ષાત્ અનુભવાય છે, તેમજ જીવનું કથંચિત્ મૂર્તામૂર્તપણું છે તેથી તેમજ સ્પર્શ થયા પછી પદાર્થનું જ્ઞાન થાય છે તેથી વળી બંનેએ કરેલું એટલે જીવ અને શરીરે કરેલું કર્મ જીવ અને શરીર બંને ભોગવે છે માટે તેવી જ રીતે બંનેમાંથી કર્યા વિના કોઈ ભોગવતું નથી, માટે કર્મના બંધાદિકનો સદ્ભાવ ભવ અને કર્મના કે જીવ અને શરીરના ભેદાભેદ માનવા સિવાય ઘટતો નથી, માટે જીવ અને દેહનો ભેદાભેદ માનવો આ ભવમાં શરીરદ્વારાએ હિંસા કરીને જે પણ કર્મ બાંધ્યું તે જ કર્મ કટુકરૂપે ભવાંતરમાં આજ જીવ ભોગવે છે. ઓદારિક શરીરવાળાએ કરેલું કર્મ નરકમાં અન્ય જીવ માનીને તે અન્ય જીવે ભોગવવું થાય છે એમાં માનીએ તો કૃતનાશ અને અકૃતાગમ બળાત્કારે આવે. કેમકે મનુષ્યે કરેલું ન ભોગવ્યું અને નારકીએ નથી કર્યું ને ભોગવ્યું. એવી રીતે ક્રૂરમનથી જીવે જે કર્મ બાંધ્યું હોય તે કર્મના ભયંકર વિપાકો ભવાંતરના શરીરે તે જીવથી જ ભોગવાય છે, વળી શરીરરહિત જીવને અથવા જીવવગરના શરીરને વેદના નથી હોતી, માટે એકલો જીવ કે એકલું શરીર ભોગવે છે એમ કહી શકાય નહિ, અને લોકવ્યવહાર આદિની વિરૂદ્ધતાથી તે જીવ જ શરીર છે કે શરીર જ જીવ છે એમ પણ માની શકાય નહિ. વળી જીવ અને શરીરનો ભેદાભેદ માનીએ તો જ શરીરના નાશ અને ઉપકારથી પાપ અને પુણ્યની ઉત્પત્તિ મનાય નહિંતર ઘટાદિકના નાશ અને ઉત્પત્તિની પેઠે તે શરીરના ઉપકાર અને નાશથી પુણ્ય પાપ ઘટે. નહિં, શરીરથી આત્મા સર્વથા અભિન્ન માનીએ તો શરીરના નાશે જીવનો નાશ થઈ જાય અને તેથી પરલોકના અભાવથી બંધાદિકનો અભાવ થાય. શરીરદ્વારાએ શરીરને વિષે નુકસાન અને ફાયદો કરવાથી જ બંધ વિગેરે થાય છે, પણ અમૂર્ત એવો એકલો કર્ત્તાનો આત્મા કાંઈપણ કરી શકતો નથી અને નહિં કરવાવાળો જો બંધાય એમ માનીએ તો હંમેશાં સર્વજીવોને સર્વ કર્મ બંધાવાનો પ્રસંગ આવે, માટે જીવ અને શરીરના કથંચિત્ ભેદાભેદપણામાં જ કર્મના બંધાદિક ઘટે છે. મોક્ષ પણ બંધાયેલાનો જ હોય છે. જો કર્મનો બંધ જ ન હોય તો પછી મોક્ષ કોનો ? વળી તે હંમેશાં કેમ ન હોય ? અથવા હેતુથી જ કેમ થાય ? અને તે પુરુષાર્થ કેમજ ગણાય ? માટે બંધાયેલાનો જ મોક્ષ હોય છે, અને તે બંધ પણ પરંપરાએ અનાદિ જ ઘટે છે, નહિંતર કોઈપણ કાલે બંધની શરૂઆત લઈયે તો તેનાથી પહેલાં બંધ ન હોવાથી તે વખતે મુક્તદશા જ માનવી પડે. શંકા કરે છે કે જ્યારે ત્યારે પણ વર્તમાનકાળે બંધ હોય છે તેથી તે બંધ તો કુત્રિમ ગણાય અને તે અપેક્ષાએ બંધ આદિવાળો ગણાય. તો પછી તેવા બંધને અનાદિ કેમ કહેવાય ? ઉત્તરમાં કહે છે કે દરેક વર્તમાન ક્ષણ વર્તમાનપણે વર્તી ગયેલા હોવાથી અતીત થાય છે. અને એવા અતીત કાલને જેમ પ્રવાહે અનાદિ કહીએ છીએ, અર્થાત્ વર્ત્તમાનકાલે જે વર્ત્યો તે જ અતીત કહેવાય છે, છતાં અનાદિપ્રવાહથી તેમ થાય છે માટે જ અતીતકાલને અનાદિ ગણીએ

છીએ, તેમ બંધનું પણ પ્રવાહે બાંધવાનું વર્ત્તમાનકાલનું છતાં પણ અનાદિપણું માનવું. જીવમાં નવા જ્ઞાનાદિગુણોની ઉત્પત્તિ અનુભવસિદ્ધપણે દેખવાથી કર્મનો નાશ માનવો જોઈએ, અને તેવી રીતે દેશે નાશ થનારા કર્મનો સોનાના મેલની પેઠે સર્વથા પણ નાશ માનવો જોઈએ. તે કર્મથી સર્વથા મુકાયેલો જે આત્મા તે જ સર્વથા મુક્ત જાણવો. ઇત્યાદિ પદાર્થવાદ જે શાસ્ત્રમાં હોય તે શાસ્ત્ર તાપશુદ્ધ જાણવું, અને બુદ્ધિમાન ધીરપુરુષે તેનો જ અંગીકાર કરવો. આવી રીતે આ કષાદિના નિરૂપણવાળું જે શ્રુત તે ઉત્તમશ્રુત કહેવાય. અનુજ્ઞામાં ઉત્તમશ્રુત કહેવાનું કહ્યું તેની સાથે કહેલા આદિશબ્દથી સ્તવપરિજ્ઞા વિગેરેનું પણ વર્ણન લેવું. એમાં પ્રથમ ગૌણ મુખ્યપણે બે પ્રકારના સ્તવનું વર્ણન કરાય છે. હવે તે સ્તવપરિજ્ઞા કહે છે :-

दव्वे ११११, जिण ११११, दव्वे १११३, धम्मत्थ १११४, सो १११५, इय १११६, कट्ठा १११७, तस्स १११८, नंदाइ १११९, सुद्धस्स ११२०, कार ११२१, ते ११२२, धम्म ११२३, लोए ११२४, सासय ११२५, पिच्छिस्सं ११२६, पडि ११२७, ता ११२८, સ્તવ બે પ્રકારે છે (૧) એક દ્રવ્યસ્તવ અને (૨) બીજો ભાવસ્તવ. તેમાં ભાવસ્તવના રાગથી વિધિપૂર્વક જિનભવનાદિકનું જે કરવું તે દ્રવ્યસ્તવ કહેવાય અને નિરતિચાર એવો જે સંયમ આદરવો તે ભાવસ્તવ કહેવાય. દ્રવ્યસ્તવમાં જે મુખ્યતાએ જે જિનભવન કરાવવાનું કહ્યું છે તેનો વિધિ સંક્ષેપથી આ પ્રમાણે છે : ૧. ભૂમિ શુદ્ધ હોવી જોઈએ. તપસ્વીઓને આવવા-જવા અને રહેવા લાયક સ્થાને અને અસ્થિઆદિ રહિત એવી જે ભૂમિ તે દ્રવ્યશુદ્ધ ભૂમિ કહેવાય, અને જેમાં બીજા પડોશી વગેરેને અપ્રીતિ ન હોય તે ભાવશુદ્ધ ભૂમિ કહેવાય. કેમકે ધર્મ કરવાને માટે તૈયાર થયેલા જીવોએ શ્રી જિનભવનાદિક તો શું ? પરંતુ સંયમ પણ એવી જ રીતે કરવો લાયક છે. આ ધર્માર્થી જીવે કોઈને પણ અપ્રીતિ ન ઉપજાવવી એ હકીકતમાં ભગવાનનું દ્રષ્ટાંત જાણવું. તે ભગવાન મહાવીર મઠના સ્વામીને અપ્રીતિ એવી પ્રબલ છે કે જેથી એ ઉત્કૃષ્ટ મિથ્યાત્વનું બીજ થાય એવી છે એમ જાણીને ભરચોમાસામાં એક પક્ષ ગયા પછી પણ તે તાપસના આશ્રમથી વિહાર કરી ગયા. એવી રીતે દરેક ધર્મિષ્ઠે સમ્યક્ પ્રયત્ન કરીને હંમેશાં લોકોની અપ્રીતિ શક્તિ હોય ત્યાં સુધી તો વર્જવીજ જોઈએ, છતાં પણ જ્યાં અન્યની અપ્રીતિ વર્જવી અશકય હોય ત્યાં ધર્માર્થીએ પોતાના આત્માનો જ દોષ વિચારવો. બીજો કોઈ અવગુણ ન હોય તો પણ ભવાંતરનું કર્મ તે અપ્રીતિનું કારણ છે, એમ વિચારવું. સર્વગુણ સંપૂર્ણ ભગવાનવીરને દેખીને હાલિકને ઉત્કૃષ્ટ અપ્રીતિ ભવાંતરના વૈરથી જ થઈ હતી. એ હકીકત ધ્યાનમાં લઈને પોતાના કર્મનો દોષ ગણવો. ભૂમિ શુદ્ધિ કહ્યા પછી કાષ્ઠાદિ જે જિનભવનમાં ઉપયોગિ દ્રવ્ય છે તેની શુદ્ધિ કહે છે. કાષ્ઠાદિ દલ પણ તે જ શુદ્ધ કહેવાય કે જે અન્યમતના પણ દેવના મંદિરથી કે શ્મશાનથી લાવવામાં આવ્યું ન હોય, ગજા ઉપરાંતના ભારથી બળદ વિગેરેને પીડા કરીને અવિધિથી લાવવામાં ન આવ્યું હોય, તેમજ પોતે કરાવેલું પણ ન હોય. તે કાષ્ઠાદિ દ્રવ્યોને શુદ્ધાશુદ્ધ જાણવાનો આ ઉપાય છે. તે કાષ્ઠાદિક લાવવાની વાત થતી હોય કે તેને લેવા જતા હોઈએ તે વખતે જો નંદી આદિ શુભ શબ્દ, ભરેલો કલશ, સુંદર ધર્મચારી પુરુષો અને વ્યવહાર લગ્ન આદિ

હોય તો શુભ શુકન હોવાથી તે મળનાર કે મેળવાશે તે દલ શુદ્ધ જાણવું, અને રોવા આદિકના ખરાબ શબ્દો વિગેરે અપશુકન હોય તો તે કાષ્ઠાદિક દલ અશુદ્ધ જાણવું. ગ્રહણ કરેલા શુદ્ધ એવા કાષ્ઠાદિને લાવવામાં પણ પ્રશસ્તદિવસ, શુભમુહૂર્ત શુકન વિગેરે જાણવા. આ જિનમંદિર કરાવતાં ચાકરોને કોઈ દિવસ ઠગવા નહિ, પણ દૃષ્ટ અને અદૃષ્ટફળને દેવાવાળું એવું અધિક દાન કરવું. તુચ્છ બિચારા ચાકરો માત્ર થોડું વધારે દેવાથી સંતોષ પામે અને સંતોષ પામેલા તેઓ પહેલાં કરતાં અધિક સારૂં કામ કરે. વળી કેટલાક નોકરચાકરો તેવા અધિકદાનથી ધર્મની પ્રશંસા કરી બૌધિબીજને વાવે અને કેટલાક લઘુકર્મી તો તે અદિકદાનથી જ માર્ગને પામે, ઈતર લોકોમાં પણ તે ધર્મિષ્ઠની આવી ઉદરતાથી આ ધર્મ ઘણો સારો છે અને ઉત્તમ પુરુષોએ આ ધર્મ કહેલો છે. એમ વિચારો આવવાથી ધર્મની ઘણી પ્રશંસા થાય છે અને તેવી સારી પ્રશંસાથી શાસનની ઉન્નતિ થાય છે, જિનભવન બનાવવાથી તેના શ્રવણ અને દર્શનથી ત્રિલોકનાથ જિનેશ્વર ભગવાનના ગુણોનું જ્ઞાન અને સ્મરણ થાય છે અને તેમ થવાથી તેમની પ્રતિમા સ્થાપવા માટેની નક્કી શુધ્ધ પ્રવૃત્તિ થાય છે અને તેથી કર્તાના ભાવની ઘણી વૃદ્ધિ થાય છે. ભગવાન જિનેશ્વરના મંદિરમાં વંદન કરવાને માટે આવેલા ભાગ્યશાળી જ્ઞાનાદિગુણોવાળો, ગુણરૂપી રત્નને માટે નિધાન સમાન અને મહાધૈર્યવાળા એવા સાધુમહાત્માઓને હું અહીં દેખીશ. વળી સ્ત્રી અને હથીયારઆદિ કલંક વિનાના એવા જિનેશ્વરના બિંબને દેખીને બીજા પણ ભવ્ય જીવો પ્રતિબોધ પામશે અને પછી તે ભવ્યજીવો છ કાયની શ્રદ્ધાવાળા થઈ આત્માના ઉદય માટે સંયમધર્મને કરશે, માટે મારું જે દ્રવ્ય હંમેશાં આ જિનભુવનમાં વપરાય તે જ સાચું દ્રવ્ય છે. આવો જે અસ્ખલિત વિચાર તે મોક્ષરૂપી ફળને દેનાર એવી સ્વાશયવૃદ્ધિ એટલે પ્રશસ્ત એવા પરિણામની વૃદ્ધિ જાણવી. મંદિર કરાવ્યા પછીનું કાર્ય કરે છે.

णिप्फा ૧૧૨૯; जिण ૧૧૩૦, तारि ૧૧૩૧, णिप्फा ૧૧૩૨, चिइ ૧૧૩૩, सत्तीए ૧૧૩૪, गुण ૧૧૩૫, तप्पु ૧૧૩૬, एअम्मि ૧૧૩૭, तप्पूआ ૧૧૩૮,

યતનાથી જિનભવનને બનાવીને તેમાં વિધિએ કરાવેલું સુંદર ભગવાન જિનેશ્વરનું બિંબ, ભ્રાંતિરહિતપણે વિધિથી સ્થાપન કરાય છે. તે બિંબ કરાવવાનો વિધિ આ પ્રમાણે છે. તે પ્રતિમાજી બનાવનાર કારીગર ગુણવાન હોય તો શુભવખતે તેને વાસચંદનાદિથી પૂજીને પોતાની ઋદ્ધિપ્રમાણે બહુમાનથી મૂલ્ય આપે. કારીગર તેવો ગુણવાન ન હોય અને ગુણવાન્ ન મળવાથી અગુણવાન એવા કારીગરને કદાચ રોકવામાં આવે તો તેના હિતને માટે ઉદ્યમવાળો એવો શ્રાવક તેના વખત પ્રમાણે બિંબનું ઉચિત મૂલ્ય નક્કી કરે. એમ કરવાથી દ્રવ્યનો અસદવ્યય કે ભાવનો નાશ ન થાય. એવી રીતે તૈયાર થયેલા સમ્યગ્ બિંબની પ્રતિષ્ઠામાં આ વિધિ છે. પોતાને ઠેકાણે શુભકાલે ઉચિતપૂજાએ અધિવાસન કરવું. પ્રતિષ્ઠા વખત થાય ત્યારે ચૈત્યવંદન કરવું. (અપૂર્ણ)

પ્રશ્ન ૮૭૬ ચક્રવર્ત્તી આદિપણું પામ્યા પછી ફેર પણ ચક્રવર્ત્તી આદિપણું અપાર્ધ પુદ્ગલ પરાવર્ત્ત પછી પામે તો શું ચક્રવર્ત્તીપણું પામીને તિર્યંચાદિ ગતિમાં જાય ? ત્રેશઠશલાકા પુરૂષ થયા પછી કોઈ પણ તિર્યંચની ગતિમાં ન જાય એવો નિયમ નહિં ગણવો?

સમાધાન પ્રથમ તો શ્રી ભગવતીસૂત્રમાં જણાવેલ અપાર્ધપુદ્ગલ પરાવર્ત્તનું અંતર તિર્યંચની ગતિમાં ગયા સિવાય પૂરું થાય જ નહિ. વળી ભગવાન્ મહાવીર મહારાજનો જીવ ત્રિપૃષ્ઠવાસુદેવ થયા પછી નરકે જઈ સિંહ થયા છે અને તે પછી પણ અનેક તિર્યંચના ભવો કર્યા છે. ત્રિપૃષ્ઠ અને ભગવાન મહાવીરનું અંતર સો સાગરોપમ જેટલું ગણાય, તેમાં દેવલોક અને નરકના તો એંશી સાગરોપમ થાય, તો તે સિવાય બાકીનો કાલ પૂરવા તિર્યંચ ગતિમાં જાય. શાસ્ત્રકાર પણ તિર્યંચ ભવો ગણાવે છે.

પ્રશ્ન ૮૭૭ મહાવીર મહારાજે નન્દન ઋષિના ભવમાં એક લાખ વર્ષ સુધી સાધુપણું પાળ્યું અને તેમાં અગ્યાર લાખ એંસી હજાર છસેંને પીસ્તાલીસ ૧૧૮૦૬૪૫ માસખમણ કર્યા તે શી રીતે ? કેમકે લાખ વર્ષના ૧૨ લાખ મહિના થાય, પણ માસખમણો અને તેના પારણાના દિવસના મહિના ગણતાં ૧૨૧૯૯૯૯ ને ૨૫ દિન થાય તે કેમ મળે?

સમાધાન- જો કે ઋતુ અગર કર્મ નામના મહિનાને હિસાબે વર્ષમાં બાર માસ હોય છે, પણ જે પાંચવર્ષે બે માસ વધે છે, તેમાં દરેક વર્ષે છ તિથિઓ ઘટતી હોવાથી એક માસ તો પડતી તિથિઓને પેટે પાંચ વર્ષમાં જાય, પણ બીજો એક મહિનો વધારે થાય તેના દિવસોને પાંચ વર્ષને હિસાબે લઈએ તો દરેક વર્ષે ૬ દિવસ વધી ૩૬૬ દિવસ થાય, તેથી છ લાખ દિવસ અથવા વીસ હજાર મહિના વધે અને તેથી બાર લાખ અને વીસ હજાર મહિના થાય. તો તેમાં પારણા સાથે ૧૧૮૦૬૪૫ માસખમણ જાય અને ૪૬મા માસખમણનાર૫૫૫માં દિને શ્રી નન્દાનમુનિજીએ કાલ કાર્યો હોય તે સંભવિત છે.

(અનુસંધાન પા. ૨૫૭ થી ચાલુ)

વાસ્યાએ પૂનમ કે અમાવાસ્યાનો સૂર્યોદય માનવા જ તૈયાર નથી. પહેલી પૂનમે આદિને જ ઉદય વિનાની પૂર્વાચાર્યો માનતા હતા એમ જ નહિ. પણ દરેક બેવડાતી તિથિમાં પ્હેલી તિથિને તે તિથિના સૂર્યોદય વિનાની જ માનતા હતા, આજ કારણથી શ્રી સેનસૂરિ મહારાજ ત્રીજા ઉલ્લાસના ૩૬૩ માં પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે औदयिक्येकादश्यां श्रीहीरविजयसेनसूरिनिर्वाण-चैत्यादिकार्यमिति અર્થાત્ શ્રી સેનસૂરિજી મહારાજે પણ બીજી અગિયારસને જ ઉદયવાળી જણાવી છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે પહેલી પર્વતિથિ તે પર્વતિથિના સૂર્યોદયવાળી જ માની નથી. એટલે તેની પહેલાની તિથિનો જ તે સૂર્યોદય ગણાયો એટલે પર્વતિથિની વૃદ્ધમાં પહેલાની તિથિ વધે એટલે બે બીજ આદિ પર્વતિથિઓ બેવડી હોય તો એકમ આદિ જે તેનાથી પહેલાની અપર્વતિથિ હોય તેજ વધે, એ હિસાબે પૂનમની વૃદ્ધિએ ચૌદશ બે થવા આવે. પરંતુ ચૌદશ પણ પર્વતિથિ હોવાથી તે સ્વયં વધી હોય તો પણ બે ન થાય તો પછી આગળની તિથિના વૃદ્ધિસ્થાનને લીધે તો વધે જ કેમ ? માટે પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ જે પરંપરાથી કરાય છે તે વ્યાજબી છે અને જેમ પૂનમ અમાવાસ્યા એ બે ઉત્તર પર્વતિથિ છે તેવી રીતે શ્રી હીરપ્રશ્નના ચોથા અને ત્રીશમા પાનાના જ્ઞાનપંચમીવાળા પ્રશ્નથી ભાદરવા સુદ પાંચમ પણ ઉત્તર પર્વતિથિ તરીકે સાબીત છે. માટે ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિએ કે ક્ષયે ભાદરવા સુદ ત્રીજની જ વૃદ્ધિ કે ક્ષય કરવા એ શાસ્ત્રને પરંપરાને અનુસરતું છે.

ઉપરના પાઠોને વિચારનારો અને સમજનારો મનુષ્ય ગયે વર્ષે થયેલી રવિવારની સંવચ્છરી અને આવતે વર્ષે ગુરૂવારે સંવચ્છરી કરાશે તેને જ શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારી તથા સત્ય માનશે એમ ખાતરી છે.

ઋષિમતી કહેવાની મતલબ

ભગવાન મહાવીર મહારાજના પાટાનુક્રમે વનવાસ-કોટિક વગેરે નામો જેમ ક્રિયાની ઉચ્ચતાને લીધે મળેલા છે અને તે નામોમાં કોઈ જાતના પણ અભિનિવેશને સ્થાન નથી, તેવી રીતે વર્ત્તમાનકાલમાં વર્ત્તતા સર્વગચ્છોમાં માત્ર તપાગચ્છ જ એવો ગચ્છ છે કે જેની ઉત્પત્તિ માત્ર ક્રિયા-તપની ઉગ્રતાને લીધે જ થયેલી છે. આમ છતાં પણ શ્રી શીલાંકાચાર્ય મહારાજ જે જણાવે છે કે કોઈપણ સદ્‌ગુણ જગતમાં એવો નથી કે જે ગુણને દુર્જનોએ દૂષિત ન કર્યો હોય તે અક્ષરે અક્ષર સાચું જ જાણે ન કરવું હોય તેમ જિનપ્રભનામના ખરતરાચાર્ય સર્વગુણ સંપન્ન અને શુદ્ધ સામાચારીમય ત[illegible]ચ્છની પણ **तपोऽटास्तेन कीर्तिताः** એમ કહી આખો ગ્રંથ બનાવી નિંદા કરી. આવી સ્થિતિ જિનપ્રભે કરી તેની પહેલા પણ ગણધરસાર્ધશતકમાં **मुद्धाणायवणगया** ગાથામાં તેમજ સંદેહદોલાવલીમાં તપાગચ્છની મેલધારણ અને આયામની ક્રિયાની નિંદા કરી સૂત્રથી વિરુદ્ધ પ્રરૂપણા સાથે જુઠી નિંદા કરેલી છે. આ લખવાનું કારણ એટલું જ કે ખરતર વગેરે ગચ્છવાળા તો શું ? પરંતુ કેટલાક કાલજાવિનાના તપગચ્છવાળા પણ એમ માને છે કે ખરતરગચ્છનું ખંડન શ્રી ધર્મસાગરજીએ કરીને ક્લેશ ઉભો કર્યો છે. પણ આ માન્યતા ખોટી છે. ઉપાધ્યાય મહારાજે તો ત્રણસેં ત્રણસેં વર્ષ નિંદા કરનારાઓને માત્ર જવાબ વાળ્યો છે. ખરતરઆદિની માફક શાસ્ત્રાનુસારી માન્યતાનું ખંડન કર્યું નથી. વર્ત્તમાનમાં પણ ખરતરોએ પર્યુષણાનિર્ણય જેવા અનેક પ્રકાશનો બહાર પાડ્યાં તે તો ખરતરે એ અને અક્કલના અધુરા તપાગચ્છીઓએ જોયાં કર્યું છે. પણ કોઈ તપાગચ્છવાળા બોલે ત્યારે બન્નેને કીઢિયો ચઢી જાય છે. ખરતરવાળાઓ ક્યાં સુધી પ્હોંચે છે તેનો નમુનો જોવા જેવો છે. ખરતરની વિધિ થાનક ચૌપાઈમાં તપાગચ્છવાળાને ઋષિમતી તરીકે ઓળખાવવામાં પણ ચૂક્યાં નથી. ઢુંઢીયાઓમાં રિષી શબ્દ ચાલે છે અને તપાગચ્છાચાર્ય શ્રી હેમવિમલસૂરિજી પાસે દાનર્ષિ શ્રીપતિ ગણપતિ અને લટકણર્ષિ વિગેરેએ રિષીપણું છોડી દીક્ષા લીધી તથા જગદ્‌ગુરુ આચાર્ય શ્રી હીરસૂરિજી પાસે રિષીયોના પૂજ્ય મેઘજી ઋષિએ ત્રીસ સાધુઓ સાથે દીક્ષા લીધી અને વળી તેમની બાબતમાં વધારે એ છે કે મેઘજી ઋષિ દીક્ષા લેવા પ્હેલાં વાજતે ગાજતે ભગવાનને મંદિરે દર્શન કરવા ગયા તથા બાદશાહ અકબર તે વખતે અમદાવાદ આવેલા અને મેઘજી ઋષિનો ઘણા ઠાઠમાઠથી દીક્ષા મહોત્સવ કરેલો. આ કારણથી થયેલી તપાગચ્છની ઉન્નતિને સહન નહિં કરી શકવાથી ઈર્ષ્યાળુ પ્રકૃતિ ધારણ કરનાર ખરતરોએ તપાગચ્છવાળાને ઋષિમતી કહેવા શરૂ કર્યા જણાય છે. મેઘજી ઋષિની દીક્ષા પ્હેલાંના કોઈ ખરતરના ગ્રંથમાં તપાગચ્છવાળાને ઋષિમતી કહેલા જણાતા નથી. વર્ત્તમાનમાં પણ મહારાજા બુટેરાયજી વગેરે સંખ્યાબંધ સાધુઓ ઋષિપણું છોડીને તપાગચ્છમાં દીક્ષિત થયેલા છે. તેમની ઉપર પણ ખરતરના + + હલ્લો કરવામાં બાકી રાખી નથી જ. આશા છે કે ઋષિમતીનું બીજું કંઈ કારણ હોય તો સુજ્ઞો સ્પષ્ટપણે જણાવશે.

તા.ક. :- તપાગચ્છની ઈર્ષ્યાએ ખરતરવાળાઓએ બાદશાહ અકબર તરફ મીટ માંડી હતી એ વાત તો ખરતરોના પટ્ટાથી જ સમજાય છે. વર્ત્તમાનમાં પણ કૃપાચંદ્રજીના પ્રયત્નો રતલામ અને સેલાનાવાળા જાણે જ છે. શાસનદેવ સદ્‌બુદ્ધિ આપે અને બંને ગચ્છવાળા પ્રભુમાર્ગમાં સ્થિર થાય અને આવે. જિનચંદ્રવાળાને સુધારો સમજવા માટે આ પૂરતું છે.

सिद्धचक्र

तंत्री

પાનાચંદ રૂપચંદ ઝવેરી

श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति

— મુંબઈ —

પંચમ વર્ષ

ફાગણ વદિ ૦))

वर्ष ५

अंक १२

१९९३ : : १९३७

એપ્રિલ

વીર સંવત્ ૨૪૬૩

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०	तत्त्वतरंगिणी	०-८-०
उत्तराध्ययनचूर्णि	३-८-०	बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०	मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०	आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
पंचाशकादिदशअकारादि	४-०-०	भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०	पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०	तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०	पर्युषणादशशतकं	०-१०-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०	बुद्धिसागरः	०-३-०
विचाररत्नाकरः	३-०-०	विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
बन्दारूवृत्तिः	१-४-०	भवभावनावृत्तिः पूर्वार्ध	३-८-०
पयरणसंदोह	१-०-०	कल्पकौमुदी	२-०-०
अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०	षोडशकप्रकरणं सटीकं	१-०-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०	षडावश्यकसूत्राणि	०-८-०
बारसासूत्रं सचित्रं	१२-०-०	उत्पादादिसिद्धिः	२-८-०
ऋषिभाषितानि		तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
प्रत्याख्यानप्रकरण - सारस्वत,	१-८-०	सुबोधिका	प्रेसमां-
विशेषणवती-वीशवींशी		भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०	भवभावना (उत्तरार्ध)	प्रेसमां-
ललितविस्तरा	०-१०-०	प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
		प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद मगनलाल बदामीએ तंत्री शा. पानाचंद રૂપચંદ ઝવેરી માટે छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिએ लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोयद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

વર્ષ ૫		અંક ૧૨
વિક્રમ સં. ૧૯૯૩	વીર સં. ૨૪૬૩	સન ૧૯૩૭
ફાગણ વદિ ૩૦	રવિવાર	એપ્રિલ-૧૧

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લવર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽद्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

નંદીના નિરૂપણને અંગે દ્રવ્યનંદીના પ્રસંગમાં દ્રવ્યનિક્ષેપાનો વિચાર કરતાં સ્નાત્રાદિકે કરીને કરાતી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પૂજા દ્રવ્યપૂજા તરીકે ત્યારે જ ગણી શકાય કે ભગવાનનું, બીજાના ઉપકારની તળે નહિ દબાવાપણું તેમજ બીજાઓના હિતમાં લીન રહેવાપણું અગર, જેના તરફથી ઉપકાર ન થયો હોય તેવાના પણ હિતમાં લીનપણું વિચારવામાં આવે. એ પ્રસંગને અંગે ભગવાન જીનેશ્વરોનું પરોપકારદૃષ્ટિપણું વિચારતાં યુગાદિદેવ ભગવાન ઋષભદેવજી મહારાજે ચલાવેલી નીતિને અને રીતરિવાજને અંગે વર્ણોની ઉત્પત્તિ જણાવતાં ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રની ઉત્પત્તિ બતાવ્યા પછી બ્રાહ્મણ વર્ણની ઉત્પત્તિને અંગે ભગવાન ઋષભદેવજીના કેવળજ્ઞાનનો અધિકાર લેવો જરૂરી હોઈ તેના અંગે ભગવાન ઋષભદેવજીની તપસ્યાનું વર્ણન કરવામાં આવે છે. તેમજ એકાન્ત ભવિતવ્યતા કે ભવ્યતાનું. આલંબન લઈને નિરૂદ્યમ થવાવાળાઓને માટે કંઈક જણાવી, હવે જ્ઞાનિદૃષ્ટપણાને ઓઠે રહેવાવાળાને કંઈક, પ્રસંગસર જણાવવું જરૂરી છે.

મોક્ષનો રસ્તો ?

કેટલાક મહાનુભાવો ધર્મશાસ્ત્રને માનનારા તથા જાણનારા હોવા છતાં શાસ્ત્રોક્ત પવિત્ર ક્રિયા કરવામાં નિરૂદ્યમી થયેલા હોય છે કે, અવળાપન્થે ઉતરેલા હોય છે, અને તે મહાનુભાવો શાસ્ત્રના વચનનો દુરૂપયોગ કરીને ખોટી રીતે બચાવ કરતાં જણાવે છે કે જ્ઞાનીમહારાજે જ્યારે અમને વિરતિની કે, બીજી કોઈપણ તેવી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થવાની દેખી હશે ત્યારે તે આપોઆપ અગર અમારા ઉદ્યમથી યાવત્ અમારી ઈચ્છા અને ઉદ્યમ નહિં છતાં પણ કોઈપણ તેવા ભાગ્યશાળી પ્રેરકથી પણ તે પ્રવૃત્તિ જ્ઞાનીએ દીઠા પ્રમાણે બની જશે. માટે અમારે એ સંબંધી ઉદ્યમ કે તેનો વિચાર કરવાની જરૂર નથી, આવું કહેનારા મહાનુભાવોએ પ્રથમ તો એ સમજવાની જરૂર છે જ કે - જે ત્રિલોકનાથ તીર્થંકર મહારાજના જ્ઞાને કરીને દેખેલું બનવાનું છે તે જ ત્રિલોકનાથ તીર્થંકર મહારાજાઓએ 'संबुज्सह किं न बुज्सह' 'जयं चरे जयं चिट्ठे' ઈત્યાદિક વચનોથી સ્પષ્ટપણે જીવોને ધર્મની પ્રવૃત્તિ કરવાનું જણાવેલું છે જ તો એ વચનને વિચારવાવાળો મનુષ્ય જ્ઞાનીએ દીઠું હશે તે બનશે. એવા વિચારને અંગે નિરૂદ્યમી થઈ શકે જ નહિં.

સમ્યક્ચારિત્ર વિનાની જ્ઞાન કે દર્શનની આરાધનાની નિષ્ફળતા

વળી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોએ મોક્ષના માર્ગ તરીકે જે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્ર દર્શાવેલાં છે. તેમાં પણ સ્પષ્ટપણે સૂચવ્યું છે કે, સમ્યક્ચારિત્ર વગરના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય તો પણ તે મોક્ષનો માર્ગ નથી, તેમજ કેવલ તેવાળાને આરાધક પણ કહી

શકાય નહિં, યાદ રાખવું જરૂરી છે કે, ચારિત્ર વગરનું સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાન જીવને અસંખ્યાતી વખત મળી જાય છે, તો પણ સમ્યગ્‌દર્શનની આરાધના અગર સમ્યગ્‌જ્ઞાનની આરાધના તો ફક્ત આઠ જ વખત મળે છે અને તેથી જ ભગવતીસૂત્રમાં સમ્યગ્‌દર્શન તેમજ સમ્યગ્‌જ્ઞાનની જઘન્ય આરાધનાએ પણ આઠમે ભવે જ મોક્ષ કહેલો છે. આ વાતને બારીક દૃષ્ટિથી વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે અસંખ્યાત વખત મળેલું સમ્યગ્‌દર્શન કે સમ્યગ્‌જ્ઞાન કે અસંખ્યાત વખત મળેલું સમ્યગ્‌દર્શન કે સમ્યગ્‌જ્ઞાન આરાધનાના માર્ગમાં ઉપયોગ નીવડયું નહિં, પણ જ્યારે ચારિત્રનું સહચારિપણું થયું. ત્યારે જ તે સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાન આરાધના માર્ગમાં ઉપયોગી થયાં. એજ કારણથી જેમ ચારિત્રની જઘન્ય આરાધનાએ આઠમે ભવે મોક્ષ થવાનો, નિયમ છે તેમજ સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાનની જઘન્ય આરાધના પણ આઠમે ભવે મોક્ષ દેનારી જણાવી છે. એટલે સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાનની જઘન્ય આરાધનાને અંગે જણાવેલા ભવોની સંખ્યા સ્પષ્ટ જણાવે છે કે, સમ્યક્ચાત્રિ વગરની સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાનની પ્રાપ્તિ આરાધનારૂપ ગણાય જ નહિં. આ વસ્તુ માનનારો અને જાણનારો મોક્ષાર્થી જીવ સમ્યક્‌ચારિત્ર તરફ ઝુક્યા વિના રહે જ નહિં. વળી તે શ્રી ભગવતીસૂત્રના વચનથી એક બીજી વાત પણ સમજવા જેવી છે કે સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાનની જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટ કોઈપણ આરાધના ચારિત્રની આરાધના વગરની તો જણાવી જ નથી. જો કે ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધનાનો જ સંબંધ લેવામાં આવ્યો નથી. કેટલીક સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાનની આરાધનામાં ચારિત્રની મધ્યમ અને જઘન્ય આરાધના પણ જણાવી છે. એમ ખરૂં પરન્તુ ચારિત્રની મુદ્દલ આરાધના ન હોય એવી તો સમ્યગ્‌દર્શન કે સમ્યગ્‌જ્ઞાનની જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટમાંથી કોઈપણ પ્રકારની આરાધના જણાવેલી જ નથી અને તેથી જેમ બીજી જગા પરની પેઠે સિઅ અત્થિ સિઅ નત્થિ એવું ભજના વાક્ય કાંઈ કહેવામાં જ આવેલું નથી. આ આરાધનાની હકીકતને વિચારનારને સ્પષ્ટપણે માલુમ પડશે કે ચારિત્રની આરાધનાની સાથેની જ સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાનની ગણેલી હોવાથી આરાધનાને તે ક્રિયાની સાથે જ ગણેલી છે.

સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌દર્શનની સાથે ચારિત્રનું સહચરપણું

તત્વાર્થ સૂત્રકાર ભગવાન ઉમાસ્વાતી વાચકજી 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' એવા પહેલા સૂત્રમાં મોક્ષમાર્ગનું એકવચન કહીને સ્પષ્ટપણે સમજાવે છે કે સમ્યક્‌ચારિત્રને મેળવે તો જ તે સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાન મોક્ષનો માર્ગ કહી શકાય. વળી તેજ ભગવાન ઉમાસ્વાતી વાચકજી ભાષ્યમાં પણ સ્પષ્ટ રીતે જણાવે છે કે 'एकतराभावेऽप्यसाधनानि' અર્થાત્‌ સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાન કે સમ્યક્‌ચારિત્ર એ ત્રણમાંથી કોઈપણ એકનો અભાવ હોય તો તે બાકીનાં રહેલાં બે મોક્ષનાં સાધન બની શકે જ નહિં. અર્થાત્‌ સમ્યક્‌ચારિત્ર હોય ત્યાં તો સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાન જરૂર હોય જ છે. પણ સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાન હોય ત્યારે ચારિત્રની ભજના છે, અને તેથી જ ભાષ્યકાર એમ કહે છે કે 'पूर्वलाभे भजनीयमुत्तरम्' જો કે આ વાક્યની કેટલાક ટીકાકારો એમ વ્યાખ્યા કરે છે કે પૂર્વ પૂર્વના લાભે ઉત્તરની ભજના ગણી એટલે સમ્યગ્‌દર્શન મળ્યું હોય, તો પણ સમ્યગ્‌જ્ઞાનની ભજના ગણવી, અને સમ્યક્‌ચારિત્રની પણ ભજના ગણવી તથા સમ્યગ્‌જ્ઞાન મળ્યું હોય તો પણ સમ્યક્‌ચારિત્રની ભજના ગણવી. આ વ્યાખ્યા લોકોત્તર એવા

અંગપ્રવિષ્ટાદિશ્રુતના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન તરીકે ગણીને વ્યાજબી કહી શકાય, છતાં મિથ્યાજ્ઞાનના અભાવથી થતું સમ્યગ્જ્ઞાન જ્યારે લેવામાં આવે ત્યારે તો સમ્યગ્દર્શનવાળો કોઈપણ જીવ અજ્ઞાનવાળો હોય જ નહિં, તેની અપેક્ષાએ તથા પૂર્વશબ્દ એક જ વખત હોવાથી અર્થાત્ પૂર્વપૂર્વલાભે એવી રીતે પૂર્વશબ્દ બે વખત નહિં હોવાથી પૂર્વલાભનો અર્થ કેટલાક ટીકાકારો 'પૂર્વલાભે' માં પૂર્વ શબ્દનો સમાસમાં દ્વિવચનથી કરી પૂર્વના બે એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો લાભ થયે છતે આગળના ચારિત્રની ભજના જાણવી, એમ જે કેટલાક વ્યાખ્યાનકારો જણાવે છે તે ઘણું જ વ્યાપક વ્યાખ્યાન છે. તેઓ વળી એમ પણ જણાવે છે કે 'भजनीयमुत्तरम्' એ વાક્યમાં ભાષ્યકાર જ ઉત્તર શબ્દ એક વચનમાં વાપરે છે, भजनोत्तरयोः એમ લખતા નથી, તેથી સ્પષ્ટ થાય છે કે ત્રણેમાં પરસ્પર ભજના નથી પણ પહેલા બે એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની સાથે માત્ર સમ્યક્ચારિત્રની જ ભજના લેવી, તેથી उत्तरलाभे नियतः पूर्वलाभः એ વાક્યની વ્યાખ્યામાં પણ उत्तरोत्तरलाभे એમ નથી લખ્યું, તથા पूर्वपूर्वलाभः એમ પણ નથી લખ્યું. તેથી પણ કેટલાક ટીકાકારો ઉત્તરલાભેનો અર્થ માત્ર ચારિત્રરૂપી, ત્રીજા સાધનનો લાભ થાય ત્યારે તેની પહેલાં બે જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે તેનો લાભ નક્કી થઈ ગયેલો છે એમ જાણવું એવું જણાવે છે.

જ્ઞાન દર્શનનું સહચારિપણું

જૈન જનતા એ વાતને સારી રીતે સમજી શકે છે કે જેમ અગ્નિની અંદર ઉષ્ણતા અને દાહકતા બન્ને એકી જ સાથે નિયમિતપણે ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે આત્માની અંદર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બન્ને એકી જ સાથે ઉત્પન્ન થાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિમાં એક સમયનો પણ આંતરો રહેતો નથી, તો પછી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બેમાં સહચારિપણું નિયમિત જ છે. અને તેથી સમ્યગ્દર્શનવાળામાં સમ્યગ્જ્ઞાનની ભજના કહી શકાય જ નહિ. ઉપર જણાવ્યા પ્રમાણે સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ અને સમ્યક્ચારિત્રની ઉત્પત્તિમાં ભજના હોય એ કંઈ અસ્વાભાવિક નથી. પણ મોક્ષમાર્ગ તો ત્યારે જ કહી શકાય કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાની સાથે સમ્યક્ચારિત્રનું સહચરપણું થાય, આ વસ્તુ વિચારનારો મનુષ્ય જો જૈનશાસ્ત્રની યથાસ્થિત શ્રદ્ધાવાળો હોય તો સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થતાં જ આરાધકપણું તથા મોક્ષનો માર્ગ પ્રાપ્ત છે એમ નિશ્ચયથી માની શકે.

સમ્યગ્દર્શનાદિ થવામાં હેતુ

ધ્યાનમાં રાખવા જેવું છે કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બીજો ઉપદેશ મળ્યા છતાં પણ આત્માના અપૂર્વ વીર્યના ઉલ્લાસે જ મળવાવાળી છે તેવી જ રીતે ચારિત્રપણ આત્માના અપૂર્વ વીર્યના ઉલ્લાસથી જ મળવાવાળી છે. જો કે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં યથાપ્રવૃત્તિ નામનું કરણ સમ્યક્ત્વ પામવાવાળા જીવને ઉપયોગ વગર સ્વાભાવિક રીતે મળવાવાળું છે. પણ ત્યાં સુધી તો અભવ્ય અને ભવ્યો પણ અનન્તી વખત આવે છે. પરન્તુ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ બે કરણો જ આગળ સમ્યક્ત્વ તરફ જીવને લઈ જાય છે. અપૂર્વકરણ અનન્તાનુબંધી કે જે સમ્યક્ત્વના ઘાતક છે તેનો નાશ કરે છે અને અનિવૃત્તિકરણ કે જે સમ્યક્ત્વને રોકવાવાળા મિથ્યાત્વને વેદવાનો વખત બંધ કરી નાંખે છે. આ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામના બન્ને કરણો ભવ્યજીવો જ કરી શકે છે. તે બે કરણોને અભવ્યજીવ કોઈ દિવસ પણ કરી શકતો નથી અને તે બે કરણો આત્માના પ્રયત્નથી જ સાધ્ય છે. યથાપ્રવૃત્તિ કરણ જો કે અનુપયોગથી થાય પણ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ તો આત્માના તીવ્ર ઉપયોગ અને

તીવ્રવીર્યના ઉલ્લાસની અપેક્ષા રાખે જ છે અર્થાત્ જ્ઞાનીએ દીઠું હશે તેમ બનશે એમ વિચારી નિરૂદ્યોગી અને નિર્વીર્ય પ્રવૃત્તિવાળાને તો સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિનો અવસર આવી શકે જ નહિં. અને સમ્યગ્‌દર્શન ન હોય ત્યાં સુધી સમ્યગ્‌જ્ઞાન ન જ હોય, એ વાત જૈનજનતાને જણાવવી પડે તેમ પણ નથી અને સમ્યગ્‌દર્શન પામ્યા પછી પણ જીવ જ્યારે તીવ્ર વીર્ય ઉલ્લાસવાળો થાય અને સમ્યક્ત્વ વખતે રહેલી મોહનીયકર્મની સ્થિતિમાંથી સંખ્યાતા સાગરોપમથી જેટલી સ્થિતિ ચાહેતો તત્કાળ કે ચાહે તો કાળાન્તરે પણ જીવ ખપાવે ત્યારે જ ચારિત્રને પામી શકે. તો આવી રીતે મોહનીય કર્મની સ્થિતિનું ખપાવવું વગર ઉદ્યમે માત્ર જ્ઞાનીએ દીઠું હશે તેમજ બનશે. એવા એકાન્તિક વિચારવાળા હોઈ વીર્યની સ્ફુરણા વગરના જીવોને કેવી રીતે બની શકે ? તે સમજવું મુશ્કેલ નથી. આ જગા પર એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે શાસ્ત્રકારો વિરતિ વગરના એકલા સમ્યક્ત્વને ધારણ કરવારૂપ ચોથા ગુણઠાણાની સ્થિતિ ઉત્કૃષ્ટથી કંઈક અધિક તેત્રીસ સાગરોપમ માત્ર જણાવે છે. પરન્તુ સમ્યક્ત્વની સ્થિતિ છાસઠ સાગરોપમની જણાવે છે. તે ઉપરથી નક્કી થાય છે કે ભવાન્તરથી સમ્યક્ત્વ લઈને આવેલો જીવ તે ભવમાં વિરતિ કે જે દેશથી હો કે સર્વથી હો તે અવશ્ય હોવી જ જોઈએ. પરન્તુ એ બન્ને ઉદ્યમથી જ થવાવાળાં છે. અને તેથી જ શાસ્ત્રકારો પણ **ज्ञात्वाभ्युपेत्याकरणं विरतिव्रतम्** એમ કહી જાણવાનો પ્રયત્ન ૧ પાપ નહિ કરવાની પ્રતિજ્ઞાનો પ્રયત્ન ૨ અને પાપ ટાળવાનો પ્રયત્ન થાય તેને જ વ્રત અગર મહાવ્રત કહે છે. તે ઉદ્યમપૂર્વક થવાવાળી દેશવિરતિ કે સર્વવિરતિ જો ન ધારણ કરે તો તેનું ભવાંતરનું સમ્યક્ત્વ ટકે જ નહિં. ભવાંતરથી લાવેલું સમ્યક્ત્વ ત્યારે જ ટકે કે જ્યારે તે પોતાના મનુષ્યભવમાં દેશવિરતિ કે સર્વવિરતિમાંથી એકે પણ વિરતિને કરનારો હોય, આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે સમ્યક્ત્વને ધારણ કરનારો જીવ હોય તે તો જરૂર વિરતિ તરફ વધવા માટે પ્રયત્નને કરનારો જ હોય. અને પ્રયત્નની અપેક્ષા જરૂરી છે એમ માનનારો જ હોય. અને તેથી ગર્ભથી શું પણ જન્માન્તરથી પણ ત્રણ જ્ઞાનને ધારણ કરનારા ભગવાન શ્રી ઋષભદેવજીએ ચારિત્રને અંગીકાર કરીને ભવ્યોને સન્માર્ગ દેખાડેલો છે.

(ટાઇટલ પા. 3 થી ચાલુ)

૧૨ આઠ ઉપવાસથી છ અઠ્ઠાઈઓને આરાધનાર તે અઠ્ઠાઈઓમાં ક્ષયતિથિ હોય તે સાત ઉપવાસ કરે તો નિયમ તુટે નહિ ને? અથવા તિથિની વૃદ્ધિ હોય તો ખોખાતિથિને દિવસે છુટું રાખી શકે કે?

૧૩ સવારમાં પચ્ચક્ખાણ લેતાં કે પડિક્કમણામાં અથવા ભાવનામાં **का तिही अज्ज वासरे** એટલે આજ દિવસે કઈ તિથિ છે તેવા પ્રશ્નના ઉત્તરમાં ક્ષય કે વૃદ્ધિ હોય તો ભેગી તિથિ અગર ખોખું છે એમ ધારે કે બીજ આદિ છે એમ ધારે ? **छण्हं तिहीण** એ પાઠ માનનાર ચાર જ તિથિ છે એમ કહે ખરો ?

૧૪ બીજ આદિના ક્ષયે પડવા આદિનો ક્ષય ન કરાય અને પૂનમ અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ ન કરાય એવો કોઈપણ ચોક્ખો પાઠ કોઈએ આપેલ છે ?

તા. ક. આવતી સંવચ્છરી બુધવારની કરવાનું કહેનાર પાસેથી સુજ્ઞોએ આટલા ખુલાસા મેળવવા જરૂરી છે.

પ્રશ્ન ૮૮૮-અવધિજ્ઞાનના દ્વિવિધોઽવધિઃ એમ કહી જણાવેલ બે ભેદમાં ભવપ્રત્યયિક અવધિજ્ઞાનનું ક્ષયોપશમનિમિત્તથી જુદાપણું માત્ર દેવનરક ભવને અંગે નિયપિત થાય છે તેમાં એ સિવાય બીજો હેતુ કોઇ કહેવાય ખરો ?

સમાધાન-ભવપ્રત્યયમાં પ્રથમ તો તેનું કારણ ક્ષયોપશમ છે જ. છતાં તે ભવનો ક્ષયોપશમ ઘેંસના ગાંઠીયા જેવો હોવાથી કોઇ કાલે પણ તે મનઃપર્યાયઆવરણના ક્ષયોપશમ તરફ કે કેવલજ્ઞાનના આવરણના ક્ષય તરફ વધવા દે જ નહિં અને ક્ષયોપશમપ્રત્યયમાં આગળ તો વધવાની છુટ છે. ક્ષયોપશમવાળું અવસ્થિત પણ હોય, જ્યારે આભવપ્રત્યયિક અવસ્થિત જ હોય છે, જ્યારે આભવપ્રત્યયની પ્રાપ્તિમાં આત્મપરિણામની ચહાય જેટલી વૃદ્ધિ થાય કે હાનિ થાય તો પણ તેથી જ્ઞાનની વૃદ્ધિ હાનિ થતી જ નથી. આવાં કારણોથી જ લક્ષણના પ્રયત્નનો પ્રસંગ છતાં દ્વિવિધોઽવધિઃ એમ ભેદ જણાવ્યા તે વ્યાજબી છે.

પ્રશ્ન ૮૮૯-દેવ અને નારકીના ભવને અંગે જ જો અવધિ કે વિભંગ થાય તો પછી અસંજ્ઞિતિર્યંચો જ્યારે પલ્યોપમના અસંખ્યાતમાભાગ જેટલા આયુષ્યવાળા નારકી કે દેવ થાય છે ત્યારે તેઓને અપર્યાપ્ત અવસ્થામાં અવધિ કે વિભંગ એક્કે કેમ નથી હોતા ? અને જો દેવ કે નરકમાં ઉત્પન્ન થઇ પર્યાપ્ત થયા પછી ભવ લઇયે તો શું સમ્યગ્દૃષ્ટિ દેવ કે નારકીઓને અપર્યાપ્તપણામાં બે જ્ઞાનવાળા માનવા ?

સમાધાન-સંમૂર્ચ્છિમો માત્ર ભવનપતિ અને વ્યંતરમાં તથા પ્રથમ નરકમાં જ જાય છે.માટે અલ્પ ગણી અવિવક્ષા ગણી હોય અથવા સંજ્ઞાની અપેક્ષાએ જ વ્યુત્પત્તિ કરી હોય. અથવા પ્રવૃત્તિ નિમિત્તને જુદું રાખી વ્યુત્પત્તિ કરી હોય. શ્રી મલયગિરિમહારાજ પ્રજ્ઞાપનમાં ચોકખું જણાવે છે કે સમ્યગ્દૃષ્ટિને મનુષ્ય તિર્યંચનું આયુષ્ય પુરૂં થાય કે તેના અનંતર સમયે જ દેવ કે નરકમાં જનારને ત્રણે જ્ઞાન હોય છે. એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિની મુખ્યતાએ ભવપ્રત્યય એવો વ્યપદેશ હોય.

અસંજ્ઞીજીવો કાલ વખતે સમ્યગ્‌દૃષ્ટિ ન જ હોય.

પ્રશ્ન ૮૯૦-શ્રી ભગવતીજી અને પ્રજ્ઞાપનાદિમાં શ્રુતજ્ઞાન કરતાં મતિજ્ઞાનના પર્યાયો અનભિલાપ્ય પર્યાયોને પણ મતિજ્ઞાન જાણે એમ કહી વધારે જણાવ્યા છે ત્યારે તત્વાર્થકાર મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનને મહાવિષયવાળું કેમ કહે છે.

સમાધાન-તત્વાર્થકાર મહારાજા મોક્ષમાર્ગના ઉદ્દેશથી જ્ઞાનનો અધિકાર મુખ્યતાએ લેતા હોવાથી તે લોકોત્તર શ્રુતને શ્રુત તરીકે લે છે અને તેથી જ શ્રુતના અંગપ્રવિષ્ટાદિક વિભાગો કરે છે અને મતિજ્ઞાન તરીકે માત્ર વર્ત્તમાનવિષયને જણાવનાર ઈન્દ્રિય અને મનનું જ જ્ઞાન લે છે અને તે પણ પારિણામિક રૂપવાળું લે છે. તેથી ત્રિકાલના પદાર્થો ઓઘાદેશે સર્વ દ્રવ્ય સર્વભાવ તે સર્વજ્ઞના વચનથી જણાય છે એમ ગણીને શ્રુતને મહાવિષય ગણે છે. ઉપદેશથી કે તેના અનુસારે થતા જ્ઞાનને મતિજ્ઞાન ન ગણતાં શ્રુત ગણીને તેને મહાવિષય ગણે છે.

પ્રશ્ન ૮૯૧-શ્રી મેઘકુમારની દીક્ષા થઈ તેમાં સમ્યક્ત્વની સાથે જ સર્વવિરતિ થઈ એમ ખરૂં ?

સમાધાન-

दोहलयं अणुसरिउं मेहकुमारोत्ति से कयं नाम।
परिवड्ढिओ य कमसो कलाउ सिग्धं अहिज्जेइ॥
अह जोव्वणमणुपत्तो अहिलसणिज्जं सुरंगणाणंपि
तो परिणइ धूयाओ नरेसराणं सुरूवाओ॥९३॥
तत्थागओ कयाइवि सिरिवीरजिणेसरो विहरमाणो
तस्संतिए य सोउं जिणधम्मं सावओ जाओ॥९४॥
अह विहरिऊण भयवं पुणरवि तत्थागओ तओ
दिक्खं।
मेहुकुमारो गिण्हइ संविग्गो तस्स पासम्मि॥९५॥

અર્થ- અકાલે મેઘનો દોહલો ધારિણીરાણીને થયો હતો તેને અનુસારે તે કુમારનું મેઘકુમાર એવું નામ કર્યું, અનુક્રમે તે મોટો થયો અને જલદી કલાઓ શિખી ગયો ॥૧૨॥ પછી દેવીઓને પણ ઈચ્છવા લાયક એવી યૌવન અવસ્થાને તે મેઘકુમાર જ્યારે પામ્યો ત્યારે મોટા રાજાઓની સારારૂપવાળી કન્યાઓ-કુમારિકાઓને પરણ્યો ॥૧૩॥ કોઈક દિવસ ભગવાન મહાવીર મહારાજા વિહાર કરતા કરતા ત્યાં આવી સમોસર્યા (ત્યારે) તેઓશ્રીની પાસે ધર્મને સાંભળીને તે મેઘકુમાર શ્રાવક થયો એટલે સમ્યક્ત્વ કે સમ્યક્ત્વ સાથે દેશવિરતિને પામ્યો ॥૧૪॥ પછી ભગવાન મહાવીર મહારાજા દેશાંતરોમાં વિહાર કરીને બીજી વખત જ્યારે રાજગૃહી આવ્યા ત્યારે સંવેગ પામેલા એવા મેઘકુમારે તેઓશ્રીની પાસે દીક્ષા અંગીકાર કરી ॥૧૫॥ આવા આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રના ભવભાવનામાં જણાવેલા વચનથી શ્રી મેઘકુમારે પહેલાં શ્રાવકપણું પાળીને જ દીક્ષા લીધેલી છે. (ભગવાન્ મહાવીરના કેવલજ્ઞાનના પહેલા ચોમાસે મેઘકુમારની દીક્ષા માનનારાઓ આ ઉપરથી વિચાર કરશે.)

પ્રશ્ન ૮૯૨-શ્રી નન્દીસૂત્રમાં અવધિજ્ઞાનના છ ભેદોમાં પ્રતિપાતી અને અપ્રતિપાતી એવા ભેદો ગણ્યા છે અને શ્રી તત્ત્વાર્થમાં અવસ્થિત એવા ભેદો કહ્યા છે તે શાથી ?

સમાધાન-શ્રી નન્દીસૂત્રમાં એક વખતના અવધિજ્ઞાનને અંગે ભેદ લીધેલા હોય અને તેથી પ્રતિપાતી અપ્રતિપાતી ભેદો લે. અને શ્રી તત્ત્વાર્થમાં યાવત્ અવધિજ્ઞાનનો વિચાર લીધેલો હોવાથી અવસ્થિત ભેદમાં સરખાવટ છતાં અનવસ્થિતમાં પ્રતિપાતી લેવા સાથે નવું ઉત્પન્ન થનાર અવધિ પણ લીધું છે.

પ્રશ્ન ૮૯૩-તત્ત્વાર્થકાર જ્યારે અનવસ્થિતમાં વધતું ૧ ઘટતું ૨ વધતું ઘટતું ૩ એ ત્રણે ભેદો છે. તો પછી વર્ધમાન અને હીયમાન એ બે ભેદો ગણવાની જરૂર શી ?

સમાધાન-વર્ધમાનભેદમાં અંગુલના અસંખ્યાતમા ભાગથી ક્રમસર વધતું અને હીયમાનમાં સર્વલોકમાં દેખીને અનુક્રમે ઘટતું અવધિજ્ઞાન લીધું છે. પણ અનિયમિત રીતે વધતું અને અનિયમિત રીતે ઘટતું અવધિ જણાવવા માટે અનવસ્થિતમાં વૃદ્ધિ અને હાનિ બે જુદાં અને ભેગાં લીધાં છે.

પ્રશ્ન ૮૯૪-તત્ત્વાર્થભાષ્યકાર મહારાજા મતિજ્ઞાનાદિનો સદ્‌ભાવ કેવલજ્ઞાન થાય ત્યારે હોય કે ન હોય એ બાબતમાં કેચિત્ કેચિત્ કહીને હોવાનું અને ન હોવાનું જણાવે છે. પણ પોતાનો મત જણાવતા કેમ નથી ?

સમાધાન-જો કે મતિજ્ઞાનાદિની સાથે કેવલજ્ઞાન હોય અને ન હોય એવા બન્ને પ્રકારને ભાષ્યકાર કેચિત્ ના નામે જણાવે છે. પણ ગ્રન્થકારોની શૈલી હોય છે કે પોતાના મતને પણ કેચિત્ નામે જણાવે. તેથી તેઓ એમ જણાવે છે કે કરાતું વ્યાખ્યાન મારા દ્વારા આચાર્યવર્યોનું છે અને કેચિત્ કે અન્યેથી જે મને લાગે છે તે જણાવું છું.પણ ખુદ સૂત્રકાર મહારાજ અચતુર્થ્યઃ કરીને સ્પષ્ટ કરે છે કે મતિજ્ઞાનાદિનો સદ્‌ભાવ કેવલજ્ઞાનની સાથે ન હોય. વળી ભાષ્યકાર મહારાજ પણ અપ્રતિપાતી અવધિજ્ઞાનને જણાવતાં આકેવલપ્રાપ્તેઃ એમ કહી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થતાં અપ્રતિપાતી અવધિજ્ઞાન પણ ચાલ્યું જાય એમ સ્પષ્ટ જણાવે છે.

પ્રશ્ન ૮૯૫-શ્રી નન્દીસૂત્રમાં જ્યાં મતિ ત્યાં શ્રુત અને જ્યાં શ્રુત ત્યાં મતિ હોય કહે છે, ત્યારે તત્ત્વાર્થ ભાષ્યકાર મતિ હોય ત્યાં શ્રુતની ભજના કેમ કહે છે ?

સમાધાન-શ્રી નન્દીસૂત્રકાર મહારાજ સામાન્ય શ્રુતજ્ઞાન લે છે અને તેથી તેના અક્ષરાદિ ભેદો કહે છે અને શ્રી તત્ત્વાર્થકાર મોક્ષોપયોગી શ્રુત લે છે અને તેથી અંગ આદિ જ ભેદો પાડે છે.

પ્રશ્ન ૮૯૬-ગજસુકુમાલને સોમા નામની બ્રાહ્મણ કન્યા ક્ષત્રિયાથી થયેલી એક જ સ્ત્રી હતી કે બીજી કોઈ સ્ત્રી હતી ?

સમાધાન-શ્રી ગજસુકુમારજીને દ્રુમ નામના રાજાની પ્રભાવતી નામની સ્ત્રી પણ હતી. (પ્રવજ્યાવિધાનવૃત્તિ)

પ્રશ્ન ૮૯૭-હાલિકના જીવનો ભગવાન મહાવીર મહારાજાના જીવની સાથે સિંહ અને ત્રિપૃષ્ઠના ભવથી સંબંધ છે કે પહેલાં પણ સંબંધ છે ?

સમાધાન-ભગવાન મહાવીર મહારાજાનો જીવ જ્યારે વિશાખભૂતિના ભવમાં હતો ત્યારે તે સિંહના જીવ વિશાખનન્દી તરીકે ભાઈપણે હતો. ઉદ્યાનમાં રહેવાથી વૈરની જડ બંધાઈ અને મથુરામાં હાંસી કરી અને ત્યારે ઘણા બલવાલો થવા સાથે તેના મારવાનું નિયાણું બાંધ્યું. તેથી ભવો ભમીને સિંહપણે આવેલા તે વિશાખનન્દીને માર્યો. છેલ્લા ભવમાં તે હાલિક થયો. અને આગલ દેવશર્માનો જીવ પણ તે જ ગણાય છે.

પ્રશ્ન ૮૯૮- આનુગામિ અવધિજ્ઞાન અને અનાનુગામિક અવધિજ્ઞાનમાં ઉત્પન્ન થયેલ અવધિજ્ઞાનવાળાની સાથે ક્ષેત્રાંતરમાં આવે તે આનુગામિક અને ન આવે તે અનાનુગામિક એમ કહેવાય છે. પણ તે અવગાહનાના ક્ષેત્રની અપેક્ષાએ ગણવું કે દૃશ્યક્ષેત્રની અપેક્ષાએ ગણવું ?

સમાધાન-તત્ત્વાર્થભાષ્ય અને તેની ટીકામાં અનાનુગામિકના અધિકારમાં यत्र स्थितस्योत्पन्नं અર્થાત્ જ્યાં રહેલાને ઉત્પન્ન થાય એ વગેરે કહેવાથી તેમજ प्रश्नादेशपुरुषज्ञानवत् એમ કહી જે દૃષ્ટાન્ત આપે છે અને यत्र સ્થાને ના અર્થમાં ઉપાશ્રયમાં કાયોત્સર્ગ રૂપ સ્થાનમાં એમ લે છે તેથી અવગાહિનાનું વ્યાવહારિક સ્થાન ગણાય. શ્રી નન્દીસૂત્રમાં સાંકલે બાંધેલા દીવાનું દૃષ્ટાંત હોવાથી દૃશ્યક્ષેત્રની અપેક્ષાએ અનાનુગામિકપણું લેવાય. આનુગામિકભેદમાં તો શ્રી તત્ત્વાર્થમાં સૂર્યપ્રકાશ અને ઘટની રક્તતાનું અને શ્રી નન્દીસૂત્રમાં માથે રાખેલ સગડીનું દૃષ્ટાન્ત છે. તેથી તેમાં અવગાહ

કે દેશ્યક્ષેત્રનો ભેદ નહિ પડે.

પ્રશ્ન ૮૯૯-તત્ત્વાર્થમાં षडविकल्पः शेषाणाम् એમ કહી મનુષ્ય અને તિર્યંચને આનુગામિક આદિ છ ભેદવાળું અવધિજ્ઞાન જણાવે છે તો નારકી અને દેવતાને અવધિજ્ઞાનના એ છ ભેદોમાંથી કોઈ ભેદો હોય કે નહિં ?

સમાધાન-શ્રી આવશ્યકનિર્યુક્તિમાં अणुगामिओऽ એ ગાથામાં નારકી અને દેવતાને આનુગામિક નામના ભેદવાળું જ અવધિજ્ઞાન હોય એમ જણાવેલ છે. વળી ओहिस्सऽबाहिरा એમ કહીને પણ જણાવે છે કે દેવ અને નારકીનું અવધિજ્ઞાન આનુગામિક જ હોય. વળી દરેક દેવતા નારકીના અવધિનું ભવને અંગે નિયમિતપણું હોવાથી તે અવસ્થિત ભેદવાળું હોય છે. તે દેવનારકીના ભવ સુધી તે નથી પડતું માટે તે અપ્રતિપાતિ ભેદે છે. એટલે આનુગામિક અને અવસ્થિત કે અપ્રતિપાતિ ભેદવાળું અવધિ તે દેવ નારકીને હોય છે, અનાનુગામિ, પ્રતિપાતિ, અને વર્ધમાન કે હીયમાન ભેદો તેઓને ન હોય.

પ્રશ્ન ૯૦૦-દેવતા અને નારકીઓને જે અવધિનું નિયત ક્ષેત્ર છે તે પોતપોતાના સ્થાનમાં હોય ત્યારે તો ઠીક, પણ જ્યારે તેઓ તે પોતાના સ્થાનથી અને દેશ્યક્ષેત્રથી બહાર જાય ત્યારે પણ તેટલું અવધિ આગળ વધે કે નહિં ?

સમાધાન-સ્થાન કે દેશ્યક્ષેત્રથી પણ બહાર જનાર દેવનારકીને પણ સ્વપ્રમાણમાં અવધિ રહે છે એમ માનવું જોઈએ. અન્યથા ચાર દેવલોક સુધીનાં દેવતાઓ વાલુકાપ્રભામાં મિત્રને દેવા કે શત્રુને અશાતા દેવા જ્ઞાન ન હોવાથી જઈ શકે નહિં. અને *ભવનપતિના પરમાધાર્મિક* દેવો નરકમાં અવધિજ્ઞાન વગરના થઈ જાય. ફક્ત ઊર્ધ્વલોકમાં અન્ય દેવની નિશ્રાયે જાય તો ત્યાં અવધિ વધવાનો સંભવ નથી. નીચે દેખવાનો સ્વભાવ અવધિનો જે ગણાય છે તે આ સ્થાને ઘણો જ ઉપયોગી છે.

પ્રશ્ન ૯૦૧-પૂનમના ક્ષયે ચૌદશે પૂનમનું પણ આરાધન મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી જણાવે છે તો ચૌદશ પૂનમ ભેળી ન કેમ ગણાય ?

સમાધાન-પૂનમના ક્ષયે ચૌદશ પૂનમ ભેગી ન થાય, પણ તેરસનો ક્ષય માની તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ થાય, તેમાં ચૌદશને દિવસે પૂનમનો ભોગ હોવાથી અને તેરશે ચૌદશનો ભોગ હોવાથી ચૌદશે પૂનમનું પણ આરાધન થઈ જાય. ત્યાં ભોગની હયાતી હોય છે અને આરાધના થાય છે.

પ્રશ્ન ૯૦૨-પૂનમના ક્ષયે તપસ્યા માટે પાક્ષિક ચાતુર્માસિક છઠ્ઠનું દૃષ્ટાન્ત કેમ કીધું છે ?

સમાધાન-પક્ખી અને ચઉમાસીના છઠના અભિગ્રહવાળા કંઈ એક દિવસે બે ઉપવાસ કરી લેતા નથી. પરંતુ એક દિવસે ષષ્ઠનું પચ્ચક્ખાણ લઈ બીજે દિવસે પુરૂં કરે છે. તેવી રીતે તેરસે ચૌદશ માની તે દિવસે કરેલો તપ ચૌદશે માનેલી પૂનમથી પૂરો થાય છે. માટે એ દૃષ્ટાન્ત છે. જો એમ ન માનીયે બે દિવસના પૌષધ બ્રહ્મચર્ય અને સચિત્તદિત્યાગવાળાને શું એક જ દિવસ પાલન કરવું. આજ્ઞાનું બહાનું શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધમાં ન ચાલે.

સમાલોચના

૧ પુરાણ (પતિત) અને શ્રાવકને માટે તે पव्वाविज्जंति એમ ચોક્ખો પૂર્વધરનો પાઠ છે. અન્ય મતવાળામાં રાજાદિનું વિધાન અપવાદે છે.

૨ ગર્ભાષ્ટમનો અર્થ જન્માષ્ટમ તથા અષ્ટમનો આંઠ જ એવો અર્થ કરનાર કોણ હોય ? નિશીથચૂર્ણિ કે જેમાં જન્માષ્ટમ ગર્ભાષ્ટમ અને જન્માષ્ટમ છે તેનું નામ ખસેડનાર કેવો? જન્માષ્ટમ અને ગર્ભાષ્ટમ સુધી બાલક ગણતાં વચમાં જન્માષ્ટમ આવે એ ન સમજાય ? વિરોધિઓને અંગે ઠરાવમાં અષ્ટમની પૂર્ણતા જણાવેલી દેખે અને પહેલેથી જ પાઠના અર્થમાં જણાવેલ અષ્ટમની શરૂઆત જાણ્યાં છતાં ઓળવે તેનું કેવલી કલ્યાણ કરી શકે ?

૩ રાત્રિએ પ્રશસ્તતા ન હોય એમ માનનાર કેશરાથી થયેલ પદવીને પોતાના ગુરૂએ લખેલ છે તે પણ જોયું ? अवंतिसुकुमालादिथी दीक्षा राते छे.

૪ ચારિત્રને ભેદનાર બને તેવું કથન ચારિત્રના દૃઢ પરિણામ પહેલાં ન હોય. કથામાં દીક્ષાના પરમફલોના કથન પછી અને સાથે વિરાધનફલનું કથન છે. અને તે પણ દીક્ષાભિમુખતાના નિશ્ચય થયા અને જાણ્યા પછી જ છે.

૫ રજોહરણાદિથી દીક્ષિત કરીને જ સામાયિક ઉચ્ચરાવાય છે અને તે પંચવસ્તુમાં સ્પષ્ટ જ છે. વળી સામાયિક સૂત્ર દીક્ષા પછી ભણાવવાની વાત પણ વ્યવહારવૃત્તિમાં ન જોવાય તે આશ્ચર્ય.

૬ અવ્યક્તને માટે રજા જોઈએ એમ શાસ્ત્રકાર કહે છે. આચારપાલનના અંગીકારને ચૂર્ણિકાર પરીક્ષા કહે છે તે કોણ ના માને?

૭ શ્રી નિશીથચૂર્ણિઆદિ અને પંચવસ્તુની પછી બનેલા યતિજીતકલ્પાદિ જે અનુવાદ વિનાના ગ્રંથો છે તેમાં એક દિવસ પણ પરીક્ષા માટે છ માસ રોકવાની વાત નથી.

૮ પરીક્ષાની મુદત માટે આવશ્યકનું નામ દેનાર જુઠો અને જુઠા અર્થને કરનારો છે એ વાત લેખથી સિદ્ધ થઇ ગયેલ છે.

૯ સાવદ્ય ત્યાગ પહેલાં સાવદ્ય પરિહાર આદિનો ઉડાઉ જવાબ છે.

૧૦એ વડીદીક્ષા માટેની પરીક્ષા છે એમ ધર્મબિંદુના ભાષાંતરમાં સ્પષ્ટ છે છતાં હઠ જ પકડે. આ આજ્ઞાપાલન નહિ પણ ઓઠું છે.

૧૧ધર્મબિન્દુમાં પરીક્ષાનું સૂચન ન કબુલ કરનારે તેનો પાઠ વિસ્તાર વિધાનવાળો તેમાંથી આપવો જોઇએ.

૧૨પ્રશ્નવિધિ કરતાં જવાબ અને અંગીકારરૂપ ચૂર્ણિકારે જણાવેલ પરીક્ષા કોણ એક કહે છે. ચૂર્ણિનો પાઠ જાણ્યા પછી પણ ન સમજાય તે શું.

૧૩પહેલાં પરીક્ષાવાળા ભાષાંતરની વાત ઉપજાવી સંમેલનમાં કહી જ નથી.

૧૪દીક્ષા પહેલાં સાધુચર્યા દેખાડવાનો અને આદિ શબ્દનો અર્થ દેખાડવામાં તેમજ પરિણામક દીક્ષા પહેલાં માનવામાં શાસ્ત્રાન્તરનો પાઠ કેમ બતાવાતો નથી.

૧૫માનેલો ઓછો કાલ કયો અને તેનો પાઠ કેમ નથી અપાતો ?

૧૬'અભ્યુપગતને પણ'- આવું સ્પષ્ટ છે ત્યાં ન માનનારને શું કહેવું ?

૧૭સાધ્વાચારના અંગીકારની પરીક્ષાને દીક્ષા પહેલાં માનનારો મનુષ્ય આચાર કથનને દીક્ષદાન પહેલાં નથી માનતો એમ કહેવું એ કથન કલંક કહેવાય.

૧૮સાવદ્યના ત્યાગ વગર સાવદ્ય ત્યાગની પરીક્ષા માનનારે તેના પ્રકારો તો શાસ્ત્રોથી આપવા જોઈએ. વડીદીક્ષાની પરીક્ષાના તો પ્રકાર છે જ.

૧૯વિરોધિઓની સામે સમુદાયવાચક અમારા શબ્દ કયા અર્થમાં અને કયા મુદ્દે હોય એ ન સમજે તેને શું ? ઉત્કૃષ્ટનું માન હોય અને અલ્પમાં બેઘડી જેવો પણ કાલ પરીક્ષા માટે લેવો હોય તો ચર્ચા શાની ?

૨૦ભાવિભાવ પછી ગુણવિશેષ હેતુ અપાય છે તેની પ્રબલતા ન સમજે તેને ગુણ કેમ થાય?

૨૧નિષેધ કર્યા પછી આપેલી દીક્ષાને ગુણહેતુમાં ન લે તે વગર નિષેધની જમાલિ દીક્ષાને તેવી કેમ ગણે ?

૨૨પ્રવચનકાર નન્દિષેણની નિષેધેલી દીક્ષામાં મોક્ષહેતુ સિવાય બીજું કારણ શાસ્ત્રથી જણાવે.

૨૩પડી જશે એવા સંભવને અંગે થતા દીક્ષાના નિષેધના ઉત્તરને પણ તે રૂપે ન સમજે તેની બલીહારી.

૨૪પ્રવાજનની પરીક્ષા અચિત્તભોજનાદિના અંગીકારથી ચૂર્ણિકારે સ્પષ્ટ શબ્દોમાં કહી છે. पवज्ज પદનું વિવરણ પણ તે જ કહે છે. તેથી અન્યથા નિયમ કેમ ? છ માસનો નિયમ ન કરાય.

૨૫મનકમુનિજીની દીક્ષામાં નિષ્ફેટિદકાનું નિવારણ અપાય નહિં અને આપ્યું મનાય નહિં એ શું?

૨૬શક્તિરહિત અનુકરણાદિની વખતે કહેલાં વાક્યોથી અનુકરણનો સર્વથા અભાવ જોનારે વિશેષાવશ્યકમાં જણાવેલા ક્થંચિત્ સાધર્મ્ય જાણવું અને શ્રી સિદ્ધચક્રમાં આપેલા સંખ્યાબંધ પાઠો જોવા અને સમાધાન કરવું.

૨૭દીક્ષા લેવા નીકળતાં જે દાન દેવાય છે તે સંવચ્છરી દાન તરીકે કહેવાય છે તે કેમ ઓળખાશે ?

૨૮'કર્યો છે તો' આ વાક્ય અનુકરણરૂપ છતાં ન માને તેને શું ?

૨૯વસ્ત્રધારણથી સવસ્ત્રધર્મે પ્રરૂપાય એ અનુકરણ માટે ન ગણે તેને શું કહેવું ?

૩૦અર્થવ્યાખ્યા માટે લાગેલા કેવલ વિશેષણને ન સમજે અને અનુકરણને લગાડી દે તેને શું કહેવું?

૩૧ સર્વે નયો મિથ્યાવાદી છે અને શાસ્ત્રવાક્યો એક નયવાળાં છે એ સ્પષ્ટ नयानामेकनिष्ठानां प्रवृत्तेः श्रुतवर्त्मनि એમ કહી દિવાકર મહારાજા ફરમાવે છે.

૩૨ सर्वविरतानन्तवियोजकः એ સૂત્ર ચોક્ખું છતાં ન માને તેને શું કહેવું ? આચારાંગવૃત્તિમાં સામાન્ય ધર્મ કહી पूर्वप्रतिपन्नसर्वविरतेः એમ જણાવી સ્પષ્ટ કહે છે છતાં ન સમજે તેને શું?

૩૩સાતની ક્ષપકતા પણ ઉપશમકમાં જોડે તેમાં કોને નવાઈ ન લાગે ? उपशमेश्रेण्यारूढः એમ સ્પષ્ટ છે છતાં એકવીસ ગણે તેને શું? આદ્ય સમ્યક્ત્વમાં પણ સાતનો શમક મનાય છે તેનું સ્થાન ક્યાં છે ? તત્ત્વાટીકાકાકર તો क्षपयति उपशमयतिवा એમ બન્નેને લે છે આચા ઉત્પત્તિનો અર્થ લે છે ઉત્પત્તિ જુદી સૂચવે છે તેનું શું ?

૩૪ધારયતિ એના વ્યુત્પતિ અર્થમાં અને પહેલાં કહેલ દુર્ગતિથી ધારનાર એવી વ્યાખ્યાનમાં તત્વ ન સમજે તેને શું ?

૩૫અરહંતેસુ ય રાગો૦ એ વગેરે વચનોથી પ્રશસ્તરાગનું વિધાન ન માને તેને શું ?

૩૬સમ્યગ્દૃષ્ટિ અને પ્રસંગસર ઐહલૌકિક માટે આરાધના કરે તેમાં મિથ્યાત્વ જ છે એમ

કહેનાર દ્રવ્યક્રિયાને ઓળખે તો સારૂં.

૩૭પ્રથમ તો वाच्यते तदपि द्रव्यप्रत्याख्यानं ને માનનારો મરીચિનું દ્રવ્યચારિત્ર જ માને. મહિમા દેખ્યાની વાત સ્પષ્ટ છતાં ન સમજાય શું ? શ્રુત પણ સમ્યક્ત્વ જ છે.

૩૮ઔપશમિક સમ્યક્ત્વને માટે अकयतिपुंजो अखवियमिच्छो કહેલાં વિશેષણો ન સમજે તેને શું ?

૩૯નલિનીગુલ્મ માટે અવન્તીજીની દીક્ષા આદિ ન સમજે તેને શું ? વિષયો સારા નથી કહેવાતા. દીક્ષા સારી કહેવાય છે.

૪૦શ્રી શત્રુંજય સીક્કે આખા સોરઠને અનાર્ય કહ્યો છે એ વાત સ્પષ્ટ છે, રામભરોસો એમાં કામ ન લાગે.

૪૧વાલીજીની રાવણ ઉપર અપ્રીતિરૂપ દ્વેષ થયો તો જ શિક્ષા થઈ, કાર્ય છોડીને અંગત શબ્દ દાખલ કર્યો છે.

૪૨તેના તિરસ્કારોથી શિક્ષા કરવાની ધારણા ગણી જ નથી.

૪૩વધ પણ અનુમોદનીય થાય એ પરવચન છે રક્ષા અનુમોદનીય થાય એ જિનવચન છે પૂજાનો પણ આરંભ અનુમોદનીય નથી.

૪૪સુબોધિકામાં સામાન્ય કાષ્ઠ શબ્દ જોતાં છતાં પણ ન માને તેને શું ? વિશેષ હકીકત હોય તે વૃત્તાંત કહેવાય તે પણ નથી સમજાયું.

૪૫રાજા કહ્યા નથી, ગ્રામપતિ ગ્રામસ્વામી કહેલા છે એ કથનમાં વાંઝણી માં જેવું છે. ગ્રામનિયુક્ત-નોકર-તલાટી ન કહેવાય ?

૪૬એક વાતના પેટા ભેદને કે શિખામણને ભિન્ન વૃત્તાંત ગણનારની બલીહારી.

૪૭મોહને ટકાવી રાખવા અભિગ્રહ કર્યો એ કબુલ કરે અને મોહના ઉદયથી ના કબુલ કરે એ મનુષ્ય અષ્ટકજીને ક્યાંથી કબુલે ?

૪૮એક વાત નવી થઈ કે મોહનો ક્ષયોપશમ થાય તો પણ તેને કુટુંબ માટે રોકે તો પણ સમ્યગ્દૃષ્ટિપણું શોભે. દીક્ષા નથી થવાની એ શું ન જણાય ? અભિગ્રહ એ નિશ્ચલતાનું પરિણામ નહિં. લેખક જ અનુકંપા જણાવે છે. અવધિજ્ઞાનથી સ્નેહ જાણ્યો છે. મરણ નહિં. આવશ્યકનો પાઠ જોવો.

૪૯મેઘકુમારના જીવે વગર સમ્યક્ત્વે અનુકંપા કરી એ શાસ્ત્રસિદ્ધ છતાં મિથ્યાત્વને અનુકંપા ન જ હોય એમ પર વચની જ બોલે.

૫૦સાધુ માટે શક્યપ્રવૃત્તિનો નિયમ. સમ્યક્ત્વની સાથે એ નિયમ માની દેશવિરતિ પણ અશક્ય જ હતી એમ માને એ પરવચન.

૫૧દેવારાધન માટે કૃષ્ણમહારાજે અવિરતપણામાં અષ્ટમ પૌષધ કરેલા છે. તો અશક્ય કેમ ગણવું?

૫૨વાલી સર્વથા રાગદ્વેષ વગરના અને પ્રવચન વાત્સલ્ય (ચૈત્યરક્ષા) કરનાર એ પરવચન જ હોય. વીતરાગને લબ્ધિનું ફોરવવું પણ તેમજ.

૫૩ભક્તો તો મહાત્માના મરણમાં શોકવાળા જ હોય વાચકજીએ મરણને ઉત્સવ નથી માન્યો. તપ આદિથી યુક્તતાને માની છે. ઇન્દ્ર ભરત વગેરેના શોકો શાસ્ત્રકારો જણાવે છે. સુત્રકાર પણ જિનેશ્વરાદિ મરણે લોકાંધકારાદિ જણાવે છે.

૫૪સંઘાદિ માટે કરેલા વૈક્રિયમાં પણ આલોચન પ્રતિક્રમણ ભગવતીજી અને તેની વૃત્તિમાં સ્પષ્ટ છે.

૫૫જિનપૂજાની હિંસા પણ કર્મનું કારણ છે એ જાણનારો પ્રાણાંત કરે તેવી શિક્ષામાં સર્વથા કર્મબંધ છે જ નહિં એ કેમ માને ?

૫૬મહામોહનીયના કારણોમાં ગણધરમહારાજા અને બલાત્કારથી દીક્ષાથી પાડવાની વાત સમવાયાંગમાં ચોકખી જ છે. કુટુંબને અંગે ભરતે સુંદરીને શ્રેણિકે અભયકુમારને રોક્યાનું

છે જ. મોહહેતુક અને મોહજન્ય છે, પણ અહિં અધિકાર મહામોહનીયનો છે.

૫૭સમ્યક્ત્વ પછી અને પહેલાં પરાર્થોદ્યત ન જ હોય એવું પરવચન કહે છે. શ્રી સિદ્ધચક્ર તો માત્ર નિયમનો અભાવ કહે છે.

૫૮સમ્યક્ત્વ પછી અને પહેલાં પણ તીર્થંકરોમાં પરાતીર્થોદ્યતપણું હોય જ એ વાત શાસ્ત્રની નહિ, પણ પરવચનની છે.

૫૯પુરૂષોત્તમપણાને અંગે જણાવેલી પરાર્થોદ્યતપણું આદિ હકીકત સમ્યક્ત્વ પછી જ નિયમિત હોય એમ કેમ ન મનાય ?

૬૦ભાદરવા સુદ ૪ના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનું સ્પષ્ટ છે અને તેથી પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય આવ્યો. તત્ત્વતરંગિણીકાર ચૌદશના ક્ષયે તેરસ ચૌદશ કરવાનું અને તે દિવસે તેરસ છે એમ કહેનારનું અતિશય મુર્ખપણું જણાવે છે. ચૌદશ પૂનમના પૌષધ અને બ્રહ્મચર્યાદિવાળા એક દિવસ પાળશે ? ઉદયાત ચૌદશે પૂનમ ક્ષીણ છતાં પણ હોય છે તેથી ચૌદશે પૂનમ આરાધાય અને ચૌદશ તો તેરસે આરાધાઈ ગઈ.

તા.ક. :- ૧ સિદ્ધચક્રને નામે ટીકામાં આપેલી હકીકત આખી અને સંબંધ સાથે નથી અપાઈ કેમ ? વિસ્તાર કરનારે આખો ભાગ અને વર્ષ અંક પૃષ્ઠ સાથે લખવું. સારૂ છે. ઘણી જગા પર વગર લખેલું અને માનેલું જ પરવચને ટીકામાં લીધું છે.

૨ વગર મુખત્યારીયે પણ સંપાદક જો કે બોલે છે, પણ જોખમદાર તો તે જ છે.

૩ ચૌદરાજનીજ જગા પર રાજ, સુયગડાંગની જગા પર સમવાયાંગ એ રસની જગા પર ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જોઈએ જ. (જૈન પ્રવચન)

૧ ગઈ સાલનો પત્રવ્યવહાર બધો તિથિચર્ચાનો બહાર પાડવા ઈચ્છા થઈ છે તો અડચણ નથી. વાચકોને એટલી ભલામણ કરવી કે આદ્યંત તે ચર્ચા અને ત્યારપછીથી અત્યાર સુધીની બધી તિથિ સંબંધી ચર્ચા વાંચી વિચાર બાંધે પણ અધુરે વિચાર ન બાંધે. લોકોપકાર માટે તો બધા તિથિ સંબંધી લેખોની ચોપડી થાય તો વિચારકોને સવડ થાય. એકેક પક્ષથી તો વિચારો ઘણા બહાર આવે છે. વિશેષમાં કોઈ તટસ્થ તારણ સાથે બહાર પાડે તો લોકોને ગ્રાહ્ય થશે. પ્રશ્ન અને ઉત્તરોનો વિષય પત્રોમાં ઘણો જ ચર્ચાઈ ગયો પણ છે. (શ્રીમાન્ કલ્યાણ.)

૧ બાર તિથિનું બ્રહ્મચર્ય અને પૌષધનો ચૌદશ પૂનમનો નિયમ અને સચિત્તત્યાગમાં ચૌદશ પૂનમ ભેગી કરનારને સચવાશે નહિં જ.

૨ વ્યપદેશ કરનારને મુર્ખ કહે છે ત્યાં નામવાળી પણ થાય છે. એ કથન શાસ્ત્ર વિરૂદ્ધ છે. મુહુર્ત્તાદિવિશેષ કારણે જ તે ગણાય અને ચૌદશ સોના જેવી ગણી તેરસ તાંબા જેવી ગણી તેની કિમ્મત જ ગણવાની ના કહી છે.

૩ ચૌદશના ક્ષયે તેરસનું નામ ન રહે અને પૂનમના ક્ષયે ચૌદશ તો આખી જ અને તે નામે રહે એ આશ્ચર્ય.

૪ પડવેનો અર્થાત્ ચૌદશ પડવે એવો અર્થ કરનાર બોલવા લાયક નથી. चतुर्दश्यां કે चतुर्दशीप्रतिपपदो એમ નથી કહ્યું એટલે તો ભેગી કરનારને નિરાધારપણું જ છે.

૫ તેરસને જો સંબંધ નથી તે તેરસે ભૂલે તો પડવે એમ શા માટે કહ્યું. ભેળીવાળાને તો તેરસને અટકવાની જ જરૂર નથી.

૬ શાસ્ત્ર અને પરંપરાને માનનારા તેરસે પૂનમનો નથી કહેતા. દ્વિવચન હોવાથી તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમનું તપ કરે છે. માત્ર તેરસે તેરસનો

ક્ષય કરી ચૌદશ કરવી ભૂલી ગયા તો પછી ચૌદશે ચૌદશ કરી ચૌદશ પછી આવતી પૂનમ ચૌદશને બીજે દિવસે પડવે જ થાય એ ચોક્ખું ન સૂઝે તેની બલીહારી. ભૂલને પંથ ઠરાવવો તે ઠગાઈ. ભેગી માનનારા ઓળી અઠાઈ અને યાત્રાનું કેમ કરશે ?

૭ ખોખા પૂનમ માનનારા છઠ કેમ કરશે, ત્યાં છઠનો પ્રશ્ન નથી. ખોટી કલ્પના છે त्रयोदश्यां અને प्रतिपद्यपि એકવચન જ એક જ ઉપવાસને જણાવે છે, અને પ્રશ્ન પણ એકલી પૂનમના તપનો. વળી પાંચમને અંગે જે પ્રશ્ન ભેલો છે તેમાં તો છઠનો સંભવ જ નથી. ભેગી માનનારને પડવે જવાનું જ ન રહે. દ્વિવચનની પણ એક તપમાં જરૂર ન રહે. ચોથ પાંચમની માફક ચૌદશે પૂનમ લેવી હોત તો એક જ ઉત્તર બસ હતો.

૮ પૂર્વ અને પૂર્વતરના ક્ષયવાળાને ગુંચવણ નથી. ભેગી માનનારાને ડગલે પગલે તે થાય પણ છે તે કેમ જાય ?

૯ સામાન્ય ચોથના પર્વ વિનાની પાંચમના ક્ષયની વાત સંવચ્છરી સાથેની પાંચમને જોડનારને શું કહેવું ?

૧૦ભાદરવા સુદ પાંચમને પર્વ માનવું અને તેથી તેના ક્ષયે તેના પણ પહેલાં પર્વ હોવાથી પૂનમઆદિ માફક પૂર્વતરમાં જવું એ નથી કેમ સમજાતું ?

૧૧ પૂર્વતિથિમાં લેવી એ સામાન્ય વાક્યને આગળ કરી તેઓએ કરેલા ક્ષયને ઓળવનારને શું કહેવું ? (વીર)

૧ તેરમાને છેડે સૂક્ષ્મકાયયોગ રોકતાં ત્રીજો ભાગ ન્યૂન કહે છે, ચઉદમેં નહિ.

૨ સ્વપ્નમાં અલ્પનિદ્રા છે. દર્શનાવરણીયનો ક્ષયોપશમ કેમ ? (જૈનધર્મ.)

૧ संशयात्मा विनश्यति ને સફલ કરનારો જ 'કાંઈકને કંઈ' સમજી શક્યા વિના નહિં રહે એમ કહે અને પીઠ ફેરવવા વિશેષ પાઠઆદિ લખે.

૨ શુદ્ધ શાસ્ત્રદૃષ્ટિવાળા એ વાક્ય ખરેખર વેશ્યાના ઘુમટાના જેવું જ છે. પરંપરા અને શાસ્ત્રોને ડગલે ને પગલે ઉઠાવનારાઓ શુદ્ધશાસ્ત્રદૃષ્ટિ ક્યાંથી ગણાયા ?

૩ વાંચકો કે વિદ્વાનો જે ભૂલ જણાવે તે સુધારવા શ્રી સિદ્ધચક્ર તો તૈયાર જ છે. પણ પરવચનોની તો પરંપરામાં પણ એ નથી બન્યું. ભૂલો કરવી અને બતાવનારને ભાંડવા એ પરવચન નીતિ ?

(જૈનપ્રવચન)

તા.ક. :- અનેક લેખો લખાયાથી વાચકોને જરૂર કંટાળો આવશે, પણ તે પક્ષ શાસ્ત્રાર્થ કરવા ન માને અને પ્રતિનિધિ મોકલી ખુલાસો ન મેળવે, પણ અગડંબગડં ભરડે ત્યાં આટલું ટુંકું લખવું ઠીક જણાયું છે. વાચકો તરફ નથી માનતા માટે ચર્ચા બંધ કરવાની ભલામણ ધ્યાનમાં રહેશે. ઉત્પાદક સંપાદકની સોડમાં રહ્યા છે તે તો સ્પષ્ટ છે.

૧ પુરાણ (પતિત) અને ભાવિક શ્રાવકને શ્રી નિશીથચૂર્ણિકાર સ્પષ્ટ શબ્દોમાં દીક્ષા લેવાનું કહે છે.

૨ ગર્ભાષ્ટમની મર્યાદા જન્મથી જ સવા છ વર્ષ ગયે શરૂ થાય એ વાત પણ તેમજ છે.

૩ આચાર્ય ભક્તિસૂરિએ બુધવારની સંવચ્છરી ક્યાં જાહેર કરી તે પુરાવા સહિત લખાય તો સાચું.

૪ સંવચ્છરી જે રવિવારે થઈ છે અને ગુરૂવારે થશે તે વ્યાજબી છે, માટે તેની વિરૂદ્ધ પ્રલાપ વ્યર્થ જ છે.

(મુંબઈ સ૦)



-: સાધુત્વ અને મૃષાવાદ :-

મૃષાવાદ બોલનારાઓ મૃષાવાદનો મર્મ સમજે છે કે ?, ☼ મૂલ્ય સમજ્યા વિના મૂલ્યવાન વસ્તુઓનો ઉપયોગ કરી શકાય કે નહિ ? જેવા દેહના રોગો છે, તેવા જ આત્માના પણ રોગો છે અને આત્માના રોગો દેહના રોગોથી મહા ભયંકર છે. ☼ આ જગતમાં દીવાની જરૂર આંધળાને છે કે દૃષ્ટિવાળાને ? ☼ આંધળો દીવો ઇચ્છે છે કે દેખતો દીવો ઇચ્છે છે ? ☼ પચ્ચક્ખાણ ક્યારે લઈ શકાય ? જે આત્માને પચ્ચક્ખાણનો ભાવ થયો નથી તે આત્મા પચ્ચક્ખાણની પ્રતિજ્ઞા કેવી રીતે કરી શકે ? ☼ એ પ્રતિજ્ઞાને ગુરૂદેવની સાનિધ્યમાં થાય તો તેથી મૃષાવાદનો દોષ ગુરૂદેવને લાગે કે ન લાગે ? ક્યાંનો વિચાર અકર્તવ્ય છે. પરંતુ ક્યાં પછી જે છે તેનો જ વિચાર કર્તવ્ય છે.

ધર્મની કિંમત જાણવાની જરૂર

શાસ્ત્રકાર મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં એ વાત વારંવાર જણાવી ગયા છે કે જે કોઈ ધર્મ કરવા ઇચ્છે છે તેણે સૌથી પહેલાં ધર્મની કિંમત જાણવાની જરૂર છે. ધર્મ કરનાર ધર્મની કિંમત ન જાણતો હોય અને છતાં તે ધર્માચરણ કરે તો તે ધર્માચરણ મિથ્યા તો થતું નથી. ધર્મની કિંમત જાણ્યા વિનાનો ધર્મ પણ ફળને આપનારો તો નિવડે જ છે. પરંતુ છતાં ધર્મ આચરનારે ધર્મ જાણવો જ જોઈએ એ વાત શાસ્ત્રકારોએ જરૂર માની છે. નાનો બાળક હીરામોતીના અલંકારો પહેરીને રસ્તામાં ફરતો હોય તેને પણ તે અલંકારો ફેંકી દેવાનું જે કહે છે તે માણસને આપણે પ્રામાણિક કહેતા નથી, પરંતુ બદમાસજ કહીએ છીએ. જે માણસ ચોર છે લુંટારો છે અથવા તો બદમાસ છે તે જ માણસ છોકરાને પહેરેલા દાગીના ફેંકી દેવાનું કહે છે, સારો માણસ અથવા ગૃહસ્થ કદાપિ તેને એવું કહેતો નથી. બાળક અજ્ઞાન છે અને અજ્ઞાનપણામાં તે અલંકારો ધારણ કરે છે તો તેના અથવા તો તેના ઇષ્ટમિત્રોની ફરજ

એ છે કે તેમણે એ નાદાનને હિરામોતીની કિંમત સમજાવવા પ્રયત્ન કરવો જોઈએ.

જેમ હીરામોતીના મહત્ત્વને ન સમજનારા પણ એ અલંકારો ધારણ કરે છે પણ ધર્મનું મૂલ્ય ભલે ન સમજતો હોય છતાં તે એથી શોભે જ છે, યાદ રાખવાનું છે કે હીરામોતીનું મૂલ્ય ન સમજનારા પાસે આપણે એ વસ્તુઓ ફેંકાવી દેતા નથી જ, પરંતુ તેને એ વસ્તુઓની કિંમત જ સમજાવીએ છીએ, તે જ પ્રમાણે અજ્ઞાનતાથી પણ ધર્મને આચરનારા પાસે ધર્માચરણ છોડાવી ન દેતાં તેને ધર્મનું મૂલ્ય સમજાવવું એજ સજ્જનોની ફરજ છે. જે કોઈ ધર્મનું, ધર્મની ક્રિયાનું અથવા ધર્મના પરિણામનું મૂલ્ય નથી સમજતા તેમની પાસે ક્રિયાઓ છોડાવી દેવાની જેઓ વાતો કરેછે તે વાતો કરનારા પણ સ્વાર્થી અને શાસનની દૃષ્ટિએ અસત્યભાષીઓ જ છે. ખરી રીતે તો એવા ધર્મનું મૂલ્ય ન સમજ્યા છતાં ધર્મ આચરનારાઓને પણ ધર્માચરણ કરતા રહેવા દઈ વધારામાં તેમને ધર્મનું મૂલ્ય સમજાવવાનો પ્રયત્ન કરવાની જ જરૂર છે.

નાનો બાળક દવામાં સમજતો નથી તે દવા પીવાનું યોગ્ય માનતો નથી અને દવા પીવા ચ્હાતો નથી એટલા જ માટે આપણે તેને દવા પીવાની છોડાવી દેતા નથી, પરંતુ તેને સમજાવી પટાવીને દવા પાઈએ છીએ, કારણ કે ઈચ્છા ઉપરાંત દવા પાવામાં આવી હોય તો પણ એ દવા નુકશાન ન કરતાં ફાયદો જ કરે છે.નાનો બાળક અજ્ઞાન છે તે માંદો હોય, બિછાને પડેલો હોય, ત્રિદોષ જેવા મહાભયંકર વ્યાધિથી પીડાતો હોય તેને તમે દવા પાવા જાઓ તો એ બાળક કદાપિ પણ દવા પીવાની ખુશી તો ન જ બતાવે, પરંતુ બાળક દવા પીવા ખુશી નથી માટે તેને દવા જ ન પાવી જોઈએ એમ કોઈ કહેતુ નથી, અને જો એવું કોઈ કહેનારો હોય તો તે બાળકનો મિત્ર નથી, પરંતુ બાળકનો ઘાતક જ છે. દવાનો ગુણ શુદ્ધિ લાવવાનો હોય છે માણસ બેભાન થઈને પડ્યો હોય, પોતાના દેહની પણ શુદ્ધિ ન હોય, છતાં તેવા માણસને તમે શુધ્ધિની દવા આપો તો તેથી તેને ગેરલાભ થતો જ નથી, પરંતુ ફાયદો જ થાય છે. અને પેલો બેભાન થયેલો માણસ શુધ્ધિમાં આવે છે. આપણો આત્મા એ પણ ધર્મરૂપી દવાનો જ પરિચયવાળો થઈ અભિલાષી થવો જોઈએ છે.

આ આત્માને રોગ થયો છે અરે મહાભયંકર રોગ થયો છે. આત્માને થયેલો રોગ સીધો સાદો નથી, કષાયોરૂપી ભયંકર રોગો તેને વળગેલા છે, એ રોગોમાંથી મુક્ત કરવાને માટે જ તીર્થંકરદેવોએ આત્માને માટે- ધર્મજ નામની સિદ્ધ ઔષધી નિર્માણ કરી છે. દાક્તર જે દવાઓ આપે છે તે દવાનું સ્વરૂપ, તે દવા એ ક્યા દ્રવ્યથી બની છે ? કેવી રીતે બની છે ? એ બધી વસ્તુ દરદીઓ જાણતા નથી, તેમ દાક્તર એ સઘળું સમજાવીને જ દરદીને દવા આપતો નથી, એજ પ્રમાણે આ ભવ્યજીવ પણ સંસારતાપથી પીડાતો દરદી હોવાથી તેમજ અજ્ઞાન હોવાથી તે પણ ધર્મને સમજી શકતો નથી. આ સંયોગોમાં જીવના હિતૈષીનું તો એ કામ છે કે તેણે જીવને ધર્મના આચારોમાં લાવી ધર્મનું સ્વરૂપ સમજાવવુંજ જોઈએ. એટલાજ માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ સ્થળે સ્થળે કહ્યું છે કે ગમે તેવું પચ્ચક્ખાણ હોય કદાચિત્ ખંડિત પચ્ચક્ખાણ હોય અથવા તો લાલચ આદિથી કરાયેલું પચ્ચક્ખાણ હોય, પરંતુ એ દરેક પ્રકારનું પચ્ચક્ખાણ જિનભક્તિઆદિવાળું હોય તો સાચા પચ્ચક્ખાણને લાવનારૂં જ નીવડે છે.

(અપૂર્ણ)

(ગતાંકથી ચાલુ)

સ્તુતિની વૃદ્ધિ કરવી, અસંમૂઢપણે શાસનદેવતાનો કાઉસગ્ગ કરવો, તેમાં લોગસ્સ યાદ કરી, જાઈ આદિનાં ફુલોથી પૂજા કરવી. અને યોગ્યસમયે નવકારપૂર્વક સ્થાપના કરવી. પ્રતિષ્ઠા વખતે શક્તિ મુજબ સંઘપૂજા કરવી, કેમકે દિશાદેવતાદિની પૂજાથી શ્રીસંઘની પૂજા બહુ ગુણવાળી છે, વળી શાસ્ત્રમાં (तित्थयर पवयण એ ગાથામાં) તીર્થંકરથી બીજા નંબરે પ્રવચનશબ્દથી શ્રીસંઘને ગણ્યો છે. સમ્યગ્દર્શન આદિ ગુણોના સમુદાયમય જ શ્રીસંઘ છે, પ્રવચન તીર્થ અને સંઘ એ બધા એકાર્થક શબ્દો છે. એ પ્રવચન એટલે તીર્થની મહત્તાને લીધે જ તો તીર્થંકરદેવ પણ એ શ્રીસંઘને દેશનાની આદિમાં જ નમે છે. શ્રીસંઘની મહત્તા માટે એ શ્રીજિનેશ્વર ભગવાન શ્રીસંઘને નમસ્કાર કરે છે એ વાત જણાવી છે. છતાં ભગવાન જિનેશ્વર મહારાજ કેવલી થયા છતાં શ્રીસંઘને નમસ્કાર કેમ કરે ? એવી થતી શંકાના સમાધાનમાં જણાવે છે કે પ્રથમ તો એ તીર્થંકરપણું જ સંઘના આલંબનથી મળ્યું છે, વળી તીર્થંકરે પૂજેલા સંઘની જગતમાં વધારે પૂજા થાય, શ્રીસંઘના ગુણોને કૃતજ્ઞતાપૂર્વકનો વિનય થાય, વળી કૃતકૃત્ય થયેલા ભગવાન જેમ કેવલિ છતાં ધર્મ દેશના દે છે તેમ તીર્થને પણ નમે છે. (તીર્થંકર નામકર્મથી ઉચિત પ્રવૃત્તિ હોવાને લીધે આ કરે છે.) આ સંઘની પૂજાના કરતાં જગતમાં તેવું કોઈપણ ઉત્તમપાત્ર નથી કે જેની પૂજા બાકી રહી ગણાય, તેમજ તે શ્રીસંઘના કરતાં જગતમાં કોઈપણ પૂજ્ય એવું ગુણપાત્ર પણ બીજું છે નહિં. શ્રીસંઘની પૂજાનું પરિણામ જ મહાફળદાયી જાણવું. સર્વ શ્રીસંઘની પૂજા ન કરી શકે તો દેવતાના પગરૂપી એક અંગની પૂજાના દૃષ્ટાંતે શ્રીસંઘના એક ભાગને પૂજનારો પણ ભાગ્યશાળી છે. પ્રતિષ્ઠા પછી પૂજાનો વિધિ કહે છે :-

तत्तो ११३९, जिण ११४०, सुह ११४१, विविह ११४२, विहिआ ११४३, एवं ११४४, भावे ११४५, जं ११४६, जं पुण ११४७, भोगाइ ११४८, उचिया ११४९, जिण ११५०, सव्वत्थ ११५१, जम्हा ११५२, जइणो ११५३, असुह ११५४, कडु ११५५, पढमाउ ११५६, जिण ११५७, तत्थ ११५८, पडि ११५९, भाव ११६०, एंअ ११६१.

તે શ્રાવક ઋદ્ધિપ્રમાણે આડંબરથી, વિધિપૂર્વક, હંમેશાં તે સ્થાપન કરેલી જિનપ્રતિમાની નિયમિતપણે પૂજા કરે. પૂજાનો વિધિ આ પ્રમાણે છે. સ્નાનઆદિકથી પવિત્ર થયેલો શ્રાવક પૂજામાં લીન થયો છતાં પોતાના મસ્તક વિગેરેને ખંજોરવા વિગેરેથી નહિં ફરસતો શ્રેષ્ઠ અને સુગંધી એવાં ફૂલ આદિથી પૂજા કરે. શુભ ગંધવાળો ધૂપ, પાણી, અને સર્વોષધિવિગેરેથી પહેલાં પ્રભુનું પ્રક્ષાલન કરવારૂપ સ્નાત્ર કરે, પછી કેસર આદિનું વિલેપન કરે. અત્યંત સુગંધવાળી, ને મનોહર દેખાવવાળી પુષ્પમાળા ભગવાનને ચઢાવે, અનેક પ્રકારે નૈવેધ ધરે. આરતી વગેરે કરે, ધૂપ કરે, સ્તુતિ કરે, વિધિથી વંદન કરે, પછી શક્તિ મુજબ ગાયન, વાજિંત્ર, નાટક કરીને દાન અને ઉચિત સ્મરણ કરે. આ પૂજાનું કાર્ય શાસ્ત્રોક્ત છે એમ મનમાં ધારીને હંમેશાં શાસ્ત્રના બહુમાનને વહન કરવા સાથે એ પૂજા કરનારને એ પૂજનનું અનુષ્ઠાન

ચારિત્રનું કારણ બને છે, પણ આ લોકના કે કીર્તિ આદિના વિચારથી કરેલી પૂજા ચારિત્રનું કારણ બનતી નથી. એવી જ રીતે શાસ્ત્ર બહુમાન દ્વારાએ કરાતી પૂજા ભાવસ્તવ અને આજ્ઞાઆરાધનમાં રાગ પણ ગણાય. આનાથી વિપરીતપણે કરાતી પૂજા દ્રવ્યસ્તવ પણ ગણાય નહિં. શાસ્ત્રના બહુમાન સિવાયની વિપરીત પૂજાને પણ જો દ્રવ્યસ્તવ ગણીએ તો પછી આજ્ઞાથી વિરૂદ્ધપણે લોકોમાં ઘર કરવા આદિક જે ક્રિયાઓ થાય છે તે બધી પણ દ્રવ્યસ્તવ તરીકે કહેવી પડે. કદાચ એમ કહેવામાં આવે કે આ કીર્ત્તિ આદિને માટે પણ કરાતી પૂજા વીતરાગને અંગે થતી હોવાથી દ્રવ્યસ્તવ કહેવી એમાં અડચણ શી ? તો વીતરાગને કરાતા તિરસ્કાર વિગેરે પણ ભગવાન વીતરાગને અંગે જ છે માટે તે પણ દ્રવ્યસ્તવ ગણાય. કદાચ કહેવામાં આવે કે વીતરાગને ઉદ્દેશીને ઉચિત ક્રિયા એટલે પૂજા આદિ હોય તો જ દ્રવ્યસ્તવ ગણવો, તો આજ્ઞાની આરાધના તે જ ઉચિત છે, અને જે પૂજા ઔચિત્યની ગવેષણા વગરની, તેમજ ભાવશૂન્ય હોય છે તે વીતરાગ આદિને અંગે પણ હોય તો પણ ભાવસ્તવનું કારણ ન બનવાથી દ્રવ્યસ્તવ કહેવાય નહિં. જો કે તીર્થંકરના મહિમાથી આ કીર્ત્તિઆદિને માટે કરાતી પૂજા ભોગાદિક સંસારીફળને આપે, તો પણ તે ફળ બીજી રાજસેવા ધનવ્યયઆદિ રીતે પણ થાય છે અને વળી સંસારિક ફળ તુચ્છ છે. ઉચિત અનુષ્ઠાનની બુદ્ધિ એટલે દેશવિરાતિની અવસ્થામાં ભગવાનની આજ્ઞાને અનુસરીને આ વિધિ મારે કરવા લાયક છે એવી બુદ્ધિથી આ દ્રવ્યસ્તવ જો સાધુઆચારના એટલે ભાવાચારની સરખો છે, તો પછી તેને દ્રવ્યસ્તવ કહેવામાં ફક્ત ભાવની અલ્પઉત્પત્તિ છે તે જ કારણ છે, જિનભવનાદિ કરાવવા દ્વારાએ આ દેશવિરતિને ઉચિતક્રિયાનો શુભ યોગ છે, છતાં પણ સર્વ પ્રકારે આજ્ઞારૂપ જે સાધુ ધર્મ છે તેનાથી તો કેવળ તુચ્છ જ છે. સર્વત્ર મમતા રહિતપણારૂપ હોવાને લીધે સાધુક્રિયા મોટી છે અને આ દ્રવ્યસ્તવ કોઈક તુચ્છમાં મમત્વને લીધે તુચ્છ છે. મમત્વ જીવને નિશ્ચયે દૂષિત કરે છે અને દૂષિત થયેલાનો સર્વ વ્યાપાર વિષવ્યાપાર જેવો જ છે.ત્યાગ કરવા લાયક હિંસાદિક સર્વ પદાર્થથી ત્રિવિધ ત્રિવિધે સર્વથા નિવર્તેલા અને સર્વથા મમત્વરહિત હોવાથી અદૂષિત એવા સાધુઓનો લેવા લાયક એવો હોવાથી અને ભગવાન જિનેશ્વરની આજ્ઞામાં વર્ત્તનાર હોવાથી સર્વથા શુદ્ધ વ્યાપાર છે. વળી આ દ્રવ્યસ્તવ કાંટાવાળા વૃક્ષથી નદીને પાર ઉતરી જવા જેવો અસમર્થ છે, ઝાંખરૂં એવું છે કે વધારે ભારને તારે પણ નહિં અને પકડનારને પીડા પણ કરે. પરંતુ તેટલા આલંબનથી પણ ડુબતો બચે, એવી રીતે આ દ્રવ્યસ્તવ આરંભ મમત્વવાળો છતાં સંસારમાંથી બચાવી લે છે, ત્યારે ભાવસ્તવ સંપૂર્ણ નદીને બાહુથી તરવા જેવો છે, અથવા તો કટુક ઔષધાદિક પીને સામાન્ય રોગને નાશ કરવા જેવો દ્રવ્યસ્તવ છે, ત્યારે ઔષધ વગર રોગને નાશ કરવા જેવો ભાવસ્તવ છે. દ્રવ્યસ્તવથી પુણ્યબંધ થાય છે અને સુગતિ, સંપત્તિ, વિવેક વિગેરે તે દ્રવ્યસ્તવથી થાય છે અને પરંપરાએ કાલાંતરે તે દ્રવ્યસ્તવથી ભાવસ્તવ પણ મળે છે. જિનબિંબની પ્રતિષ્ઠાના ભાવથી ઉપાર્જન કરેલા કર્મોને લીધે હંમેશાં પોતાનું નિર્દોષપણે સુગતિમાં રહેવું થાય છે, ત્યાં સુગતિમાં પણ સાધુ મહાત્માના દર્શનની પ્રાપ્તિ થાય છે અને તેથી થયેલા ભાવથી દ્રવ્યસ્તવથી ઉપાર્જન કરેલા કર્મોને લીધે ગુણ ઉપર રાગ થાય છે અને કાલાંતરે અનુક્રમે ગુણ કરવાવાળું સાધુપણાની ભાવના રૂપ સાધુ દર્શન પણ થાય છે. વળી બીજાઓ આ જિનમંદિર અને પ્રતિમાથી બોધ પામશે એવો જે

ભાવ ભવન અને બિંબની કરતી વખતે હતો તે ભાવથી ઉપાર્જન કરેલા કર્મોથી ભવાંતરે ભાવચારિત્રની પ્રાપ્તિ થાય છે, અને એ ભાવચારિત્ર તે જ શુદ્ધ સંયમ છે. તે તીર્થંકરોની આજ્ઞાને લીધે લાયક એવી પ્રવૃત્તિ કરવાથી આ શુદ્ધસંયમ તે ભાવસ્તવ છે, અને તીર્થંકરને અંગે બાહ્ય અને અભ્યંતર અન્ય સર્વ પદાર્થોથી નિરપેક્ષપણે આજ્ઞાનું કરવું તે જ ઉચિત છે. આ કાર્ય સાધુને છોડીને બીજો મનુષ્ય તીર્થંકરના ગુણોનું જ્ઞાન ન હોવાથી તેમજ ચારિત્ર મોહનીયના જોરથી સમ્યક્ પ્રકારે કરી શકે જ નહિં. ભાવસ્તવના દુષ્કરપણામાં કારણ જણાવે છે.-

जं ११६२, जोए ११६३, करणाइ ११६४, भोमाई ११६५, ण ११६६, इय ११६७, सोइंदि ११६८, एवं ११६९, एत्थ ११७०, एक्को ११७१, जम्हा ११७२, एअं ११७३, जह ११७४, एवं ११७५, आणा ११७६, भावं ११७७, उस्सुत्ता ११७८, इयरा ११७९, गीअत्थो ११८०, गीअस्स ११८१, नय ११८२, ता ११८३, ऊणत्त ११८४, ता ११८५, परम ११८६, विहिआ ११८७, सव्वत्थ ११८८, तह ११८९, एत्तो ११९०.

જે આ અઢાર હજાર શીલાંગનું પાલન ભાવસ્તવમાં અત્યંત ભાવપૂર્વક થાય છે તે અઢાર હજાર આવી રીતે : યોગ, કરણ, સંજ્ઞા, ઈંદ્રિય, પૃથ્વીકાય આદિ અને ક્ષાંતિઆદિરૂપ શ્રમણ ધર્મ એ જે ત્રણ ત્રણ ચાર પાંચ દશ અને દશ ભેદે અનુક્રમે છે, તે સર્વને પરસ્પર ગુણવાથી અઢાર હજાર શીલાંગ બને છે. એ યોગઆદિના ત્રણ વગેરે ભેદો અને ગુણકાર સમજાવે છે. મન વિગેરે ત્રણ કરણો કહેવાય, અને કરવું કરાવવું આદિ ત્રણ યોગો કહેવાય, આહારઆદિ ચાર સંજ્ઞા ગણવી, શ્રોત્રઆદિ પાંચ ઈંદ્રિયો ગણવી, પૃથ્વીકાય આદિ પાંચ સ્થવર અને બે ઈંદ્રિય આદિ ચાર ત્રસ ભેદ એ નવ જીવ અને અજીવ ગણવાથી એ પૃથ્વીકાયાદિ દશ ગણવા અને ક્ષાંતિ આદિ દશ પ્રકારનો શ્રવણ ધર્મ ગણવો. એ અઢાર હજાર શીલાંગનો ભાવાર્થ નીચે પ્રમાણે :-

ક્ષાંતિસહિતપણે શ્રોત્રેંદ્રિયના સંવરવાળો, આહારસંજ્ઞાને છોડનારો છતાં સાધુ મને કરીને પૃથ્વીકાયનો આરંભ ન જ કરે, એ પહેલું શીલાંગ ગણાય. એવી રીતે માર્દવઆદિ નવનો પૃથ્વીકાયની હિંસા છોડવા સાથે સંબંધ જોડવાથી દશ શીલાંગ થાય અને એવી રીતે થયેલા દશને અપકાય વિગેરે નવમાં પણ જોડીએ એટલે નેવું થાય અને બધા મળીને સો થાય. જેમ શ્રોત્રેંદ્રિયે સો ભેદ મળ્યા, તેવી રીતે બાકીની ચક્ષુઆદિ પાંચ ઈંદ્રિયો પણ લઈએ તો પાંચસો થાય. એવી રીતે એક આહારસંજ્ઞાના યોગે જેમ પાંચસો આવ્યા તેમ બધી સંજ્ઞા લઈએ તો બે હજાર થાય. જેમ મને કરીને એ બે હજાર આવ્યા તેમ વચન અને કાયાએ કરીને પણ લઈએ તો છ હજાર થાય. એવી રીતે જેમ કરણે કરીને છ હજાર મળ્યા તેમ કરવાના અને અનુમતિના છ છ હજાર લઈએ એટલે અઢાર હજાર થાય. આ અઢાર હજાર ભાંગામાં બુદ્ધિમાનોએ આ તત્ત્વ જાણવું કે એકપણ શીલાંગ શુદ્ધ ત્યારે જ હોય કે બીજા બધા શીલાંગોનો સદ્ભાવ હોય. જેમ આત્માનો એક પ્રદેશ બીજા અસંખ્યાત પ્રદેશે સહિત જ હોય તેવી રીતે અહિં એક પણ શીલાંગ શેષ શીલાંગોએ સહિત જ સમજવું, અર્થાત્ એક પ્રદેશે ઊન એવા આત્માના સર્વ પ્રદેશોને જીવ ન કહેવાય,

તેવી રીતે એક પણ શીલાંગ જો ઓછું હોય તો શીલાંગ કહેવાય નહિં. જે માટે એ અઢાર હજાર શીલાંગ સર્વસાવદ્યયોગની વિરતિ કરવાથી હોય છે, ને તે વિરતિ તત્ત્વથી એક જ સ્વરૂપ હોય છે. પણ એ શીલાંગોમાં વિભાગ પડે નહિં. આ હકીકત વિરતિ ભાવની અપેક્ષાએ સમજવી, પણ બાહ્ય પ્રવૃત્તિને આશ્રીને સમજવી નહિં, કારણ કે તે બાહ્ય પ્રવૃત્તિ તો ભાવ વિના પણ હોય છે. જેમ કાઉસ્સગ્ગમાં રહેલા તપસ્વીને કોઈએ પાણીમાં નાંખ્યો, તે વખતે તે મહાત્મા પાણીના વધમાં પ્રવર્તેલી કાયાવાળો છે, છતાં ભાવથી ચલિત નથી, અને તેથી તે તત્ત્વથી પ્રવર્તેલો નથી. એવી જ રીતે મધ્યસ્થ સાધુ શૈક્ષ અને ગ્લાનાદિકને માટે ભગવાનની આજ્ઞાથી કોઈ અપવાદમાં પ્રવર્તેલો હોય તો પણ તે તેવી રીતે પ્રવર્તેલો છે માટે નહિં પ્રવર્તેલો જ જાણવો, કેમકે તે સાધુ આજ્ઞાને આધીન છે, અને તે આજ્ઞા સર્વજ્ઞ ભગવાનના વચનથી સર્વ જીવોને વૈદ્યકના દ્રષ્ટાંતે એકાંત હિતકારિણી જ છે. એવી રીતે અપવાદની પ્રવૃત્તિ ભાવસાધુના અઢાર હજાર શીલાંગ રૂપ વિરતિભાવને બાધ કરતી નથી, પણ પોતાની બુદ્ધિએ કલ્પેલા વિકલ્પથી શુધ્ધ ગણાતી હોય તો પણ ગીતાર્થોએ નિષેધ કરેલી એવી વસ્તુઓને અંગીકાર કરવા રૂપ ઉત્સૂત્ર પ્રવૃત્તિ કરે છે, તો પણ ભવમાં ભમાડનાર એવો અભિનિવેશ ન હોય તો અનુબંધ પડતો નથી, (કારણ કે જો એમ ન હોય તો ગચ્છભેદે સામાચારીનો ભેદ હોવાથી માત્ર ગચ્છભેદથી અનુબન્ધવાળો બંધ થઈ જાય અને જો એમ માનવામાં આવે તો સામાચારીના ભેદમાં જ મિથ્યાત્વ થઈ જાય છે અને તેને અંગે જિનવચનની યથાસ્થિતતાએ શ્રદ્ધા રહે તો કાંક્ષામોહનીયનો જણાવેલો અભાવ ન રહે) પણ ગીતાર્થે નિષેધેલી પ્રવૃત્તિ જો આગ્રહથી કરાતી હોય તો તે પ્રવૃત્તિ જરૂર અનુબંધવાળી હોય છે અને ચારિત્રના શૂન્યભાવ વગર એવી પ્રવૃત્તિ થાય નહિ, તેથી જ પૂર્વાચાર્યો આ વાત કહે છે કે એક તો ગીતાર્થનો સંજમ અને બીજો ગીતાર્થની નિશ્રાએ રહેનારનો સંજમ છે. પણ એ સિવાય ત્રીજો કોઈ પણ પ્રકારનો વિહાર એટલે સંજમ તીર્થંકર ભગવાનોએ કહેલો નથી. ગીતાર્થની પ્રવૃત્તિ ઉત્સૂત્ર હોય જ નહિં, તેમજ ગીતાર્થની નિશ્રાવાળા અગીતાર્થની પણ ઉત્સૂત્ર ન હોય. કારણ કે ગીતાર્થ મુનિમહારાજ નિશ્રાવાળાની અશુદ્ધ પ્રવૃત્તિ રોક્યા સિવાય રહે નહિં ચારિત્રવાળો નક્કી કોઈ દિવસ પણ ભગવાન જિનેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરે જ નહિં અને ગીતાર્થપુરૂષ યોગ્યતા જાણીને બીજાને ઉત્સૂત્ર પ્રવૃત્તિથી નિવારણ કર્યા સિવાય રહે જ નહિં, એવી રીતે ગીતાર્થ અને તેની નિશ્રાવાળા બંનેને જ શુદ્ધચારિત્ર હોય, તે સિવાય બીજાઓને શુદ્ધચારિત્ર હોય જ નહિં, તેટલા માટે સંપૂર્ણ વિરતિપણું અઢાર હજાર શીલાંગરૂપ જ સમજવું. કોઈ દિવસ પણ શીલાંગોનું આ સંખ્યાની અપેક્ષાએ ઊનપણું હોય જ નહિં, જે માટે પ્રતિક્રમણસૂત્રમાં પણ અઢાર હજાર શીલાંગવાળા જ વંદનીય ગણ્યા છે, તેટલા માટે અનંતમરણાદિ સ્વરૂપ એવા આ સંસારને જાણીને અને ગુરુઉપદેશથી મરણાદિ રહિત મોક્ષ જ છે એમ જાણીને સંસારથી વિરક્ત થાય. વળી તીર્થંકરની આજ્ઞાથી અવિરતિમાં થતા ભયંકર દોષોને જાણીને મોક્ષાર્થી જીવ શુદ્ધભાવે આ શીલાંગને અંગીકાર કરે અને ઉપયોગ પૂર્વક શક્તિ પ્રમાણે શાસ્ત્રોક્ત અનુષ્ઠાનોને તેમજ શક્તિ બહારના અનુષ્ઠાનોને સાંધતો, કર્મદોષોને ખપાવતો, સર્વત્ર મમતા રહિત, આગમમાં તત્પર, એકાગ્રમનવાળો, અમૂઢલક્ષ, વળી તૈલપાત્રને ધારણ કરનારના દ્રષ્ટાંત માફક અપ્રમત્ત અથવા રાધાવેધને સાધનારની માફક સાવચેત એવો સાધુ જ આ જિનેશ્વર મહારાજે જણાવેલ આચારોને કરવાને સમર્થ થાય છે. પણ બીજો તુચ્છ જીવ એને પાલવા સમર્થ થતો

નથી. આજ કારણથી પૂર્વાચાર્યોએ પ્રમાણ યુક્ત જ (પ્રમાણથી સિદ્ધિ કરવા પૂર્વક) આ આચાર પાલનાર મહાત્માને જ ભાવ સાધુ કહેલો છે. તે પ્રમાણ આ પ્રકારે છે :

सत्थु ११९१, विस ११९२ इअ ११९३, मग्ग ११९४, एवं ११९५, चउ ११९६, इअ रुभि ११९७, तं ११९८, गुत्ती ११९९, जे १२००, जो १२०१, उद्दिट्ठ १२०२, अण्णे १२०३, तम्हा १२०४, अलं १२०५, अपरि १२०६, निच्छय १२०७, आरा १२०८.

શાસ્ત્રમાં કહેલા ગુણવાળો જ સાધુ કહેવાય, પણ બાકીના શાસ્ત્રોક્ત ગુણોથી જેઓ રહિત હોય તે સાધુ ન કહેવાય એ અમારી પ્રતિજ્ઞા છે. તે બાકીનાને સાધુ તરીકે ન માનવામાં અગુણત્વહેતુ જાણવો અને ઉલટાપણે સુવર્ણનું દ્રષ્ટાંત જાણવું. વિષનો ઘાત કરવો, રસાયણરૂપ થવું, મંગળ માટે કામ આવવું, નમવાનો સ્વભાવ, દક્ષિણ બાજુએ આવર્ત થવો, ભારેપણું, અદાહ્યપણું અને નહિં કહેવાપણું એ આઠ ગુણ સોનામાં હોય છે. તેવી રીતે સાધુરૂપી સાધ્યમાં પણ અનુક્રમે આઠ ગુણો જણાવતાં કહે છે કે મોહરૂપી વિષેનો નાશ કરે, મોક્ષના ઉપદેશરૂપી રસાયણરૂપે, તે જ પરિણામે ગુણથી મંગલાર્થપણું, વિનયવાળાપણું, યોગમાર્ગને અનુસરતા હોવાથી દક્ષિણાવર્તપણું, ગંભીર હોવાથી ભારેપણું, ક્રોધ રૂપ અગ્નિથી નહિ બળવાપણું અને હંમેશાં શીલભાવવાળા હોવાથી નહિ કહેવાપણું સમજવું, કારણ કે સાધર્મ્ય ન હોય તો પ્રાયે દૃષ્ટાંત હોય નહિં, કષ, છેદ, તાપ અને તાડનારૂપી ચાર કારણે શુદ્ધ જે સુવર્ણ હોય તે જ વિષઘાત અને રસાયણઆદિ આઠ ગુણોવાળું હોય. સોનારૂપ દૃષ્ટાન્તમાં કષઆદિ જણાવીને હવે દાર્ષ્ટાન્તિક તરીકે લીધેલા સાધુઓમાં કષાદિ ચારની ઘટના કહે છે. સાધુમાં પણ વિશિષ્ટલેશ્યા તે કષ, એકાગ્રપણું તે છેદ, અપકાર કરનાર ઉપર પણ અનુકંપા તે તાપ, અને આપત્તિમાં પણ ચિત્તનું નિશ્ચલપણું તે તાડના, આવા સર્વગુણોએ સહિત સાચું સોનું હોય, પણ બનાવટી કે માત્ર નામરૂપવાળું સોનું હોય તે એવું ન હોય. એવી રીતે ગુણ સહિતને તથા રહિતને સાધુ અને અસાધુ તરીકે જાણવા. જો કે બનાવટી સોનું, સોનાના રંગવાળું કરાય છે, તો પણ બાકીના ગુણો ન હોવાથી તે સોનું ગણાતું નથી. આ સૂત્રમાં સાધુના જે ગુણો કહ્યા છે તે ગુણોથી સહિત ઉત્તમસોનાની માફક ગુણના નિધાન એવા પુરુષોમાં જ સાધુપણું હોય છે. બનાવટી સોનાની માફક વર્ણવાળો છતાં પણ બીજા ગુણો ન હોવાથી જ ગુણરહિત જે સાધુ હોય તે ગોચરી કરવા માત્રથી ભિક્ષુ કહેવાય નહિં આધાકર્મી એવાં આહારપાણી ભક્ષણ કરે, પૃથ્વીકાયાદિ છકાયની હિંસા કરે, ઘર કરે, જલમાં રહેલા જીવોને પ્રત્યક્ષપણે પીએ તે સાધુ કેમ કહેવાય ? (જો કે છકાયની હિંસામાં અપ્કાયની હિંસા આવી ગઈ હતી. પણ કેટલાકો શરીરની જરૂરીયાત માટે જલ હોવાથી તેના સચિત્તપણાને અંગે તેટલું બધું લક્ષ્ય નથી રાખતા, તે માટે અથવા દિગંબર જેવાઓ ભાજન નહિં રાખવાના કારણથી પાણીના ત્રણ ઉકાલાને અચિત્તતાનું કારણ ન માનતાં સચિત્ત પાણી વાપરે છે માટે પણ અપ્કાયની વાત જુદા રૂપે કહેવી જરૂરી ગણી છે અથવા શ્રીમહાનિશીથમાં સચિત્ત જલના ભોગને સાધુતાના ઘાતકમાં પહેલો નંબર આપ્યો છે માટે પણ અપ્કાયના પાનની વાત જુદી કરી છે)

બીજા પણ કષાદિક ગુણો અહીં હોવા જોઈએ. આ પૂર્વે કહેલી પરીક્ષાઓથી સાધુની પરીક્ષા કરવી જોઈએ, માટે આ શાસ્ત્રમાં સાધુના જે ગુણો કહેલા છે તેવા અત્યંત શુદ્ધ ગુણવાળો જ સાધુ કહેવાય, કારણ કે તે જ મોક્ષને સાધનાર છે. આ અધિકારમાં વિસ્તાર કરતા નથી, પણ બીજાઓ પ્રતિબોધ પામશે એવા ભાવથી ઉપાર્જન કરેલા નિરનુંબંધ કે કુશલાનુંબંધ કર્મના સંબંધે ભાવચારિત્ર પ્રાપ્ત થાય તે નક્કી થયું. મંદિર સંબંધી અપ્રતિપતિત એવી શુભચિંતાના ભાવથી ઉપાર્જન કરેલા કર્મોને લીધે ભાવચારિત્રના અંતને પામે છે અને તેથી તે આરાધના મેળવે છે. નિશ્ચયનયની અપેક્ષાએ ચારિત્ર લેવાના સમયથી મરણ સુધી હંમેશાં વિધિપૂર્વક સંજમનું પાલન તે જ આરાધના છે, અને આરાધક જીવ સાત આઠ ભવે પરમ યથાખ્યાતચારિત્રને પામીને જરૂર મોક્ષ પામે છે. દ્રવ્યાભાવસ્તવનું વ્યાપીપણું જણાવવા સાથે સ્થાને જણાવે છે :-

दव्व १२०९, जइणो १२१०, तंतम्मि १२११, मल्लाइ १२१२, ओसरणे १२१३, णय १२१४, गो १२१५, कज्जं १२१६, जिण १२१७, ता, १२१८, जं च १२१९, एअस्स १२२०, इहरा १२२१, सक्खा १२२२, एएहिंतो १२२३, अकसिण १२२४, सो १२२५, अणु १२२६, सुव्वइ १२२७.

એવી રીતે પરસ્પર સંબંદ્ધ એવા દ્રવ્યભાવસ્તવનું સ્તવસ્વરૂપ નિશ્ચયથી જાણ્યા પ્રમાણે કહ્યું. સાધુને પણ અનુમોદનાદ્વારાએ દ્રવ્યસ્તવ હોય છે. આ હકીકત શાસ્ત્રથી સિદ્ધ થયેલી જાણવી. શાસ્ત્રમાં ચૈત્યસ્તવની અંદર સાધુને પણ ભગવાનના પૂજાસત્કાર માટે કાયોત્સર્ગ કરવાનો કહ્યો છે, અને તે પૂજાસત્કારાદિ તો દ્રવ્યસ્તવ સ્વરૂપ જ છે. પૂજા માલ્યાદિથી બને છે અને સત્કાર શ્રેષ્ઠવસ્ત્રાદિથી બને છે. બીજાઓ પૂજા અને સત્કારના સ્વરૂપમાં વિપર્યાસ પણ માને છે. બંને પ્રકારે પણ તે પૂજા અને સત્કારએ દ્રવ્યસ્તવ જ છે. સમવસરણમાં ભગવાને પણ જે માટે રાજાઆદિએ કરાતા બલિઆદિકનો નિષેધ નથી કર્યો, તેથી જણાય છે કે ઉચિતોને દ્રવ્યસ્તવની આજ્ઞા છે. કોઈ દિવસ પણ મોક્ષથી પ્રતિકૂળ એવા વ્યાપારની આજ્ઞા ભગવાન કરે નહિં, અને મોક્ષને અનુકૂળ એવો વ્યપાર સાધુઓને બહુમત ન હોય તેમ ન જ બને. કોઈક તરફથી કદાચ ભાવનો જે અંશ તે જ ભગવાનને બહુમત છે એમ કહેવામાં આવે તો દ્રવ્ય વગર ભાવ હોતો નથી એ સિદ્ધાંત છે કારણ કે દ્રવ્ય એ જ ભાવનું કારણ છે, માટે તત્ત્વથી દ્રવ્યની અનુમોદના થઈ જ ગઈ. આહારથી થવાવાળી તૃપ્તિને ઇચ્છનારને તે ભાવથી અનંતર એવું એનું દ્રવ્ય જે કારણ તે પણ ઇચ્છેલું જ છે, તેથી જ ભરત મહારાજા વિગેરેને જિનભવન કરાવવા આદિમાં નિષેધ કર્યો નથી, પણ શલ્ય વિષઆદિની ઉપમાઓએ કરીને કામનો નિષેધ કર્યો છે, એ ઉપરથી શાસ્ત્રદ્વારાએ દ્રવ્યસ્તવનો નિષેધ ન થવાથી પ્રસંગ પ્રાપ્તનો પ્રતિષેધ ન કરાય તો અનુમત ગણાય એ ન્યાયે જિનભવનાદિરૂપ દ્રવ્યસ્તવ તે સંમત થયો. એવી રીતે બાકીના મુનિઓને પણ દ્રવ્યસ્તવમાં અનુમોદનાઆદિ વિરૂદ્ધ નથી. વળી ભગવાનનો ચાર પ્રકારે ઔપચારિક વિનય જે કરવો જોઈએ તે પણ દ્રવ્યસ્તવ સિવાય બીજો બની શકે નહિ. એ ઔપચારિક વિનયને અંગે જ ચૈત્યસ્તવમાં સાધુઓને પણ પૂજનાદિના ફલની પ્રાપ્તિનું ઉચ્ચારણ યુક્ત છે, નહિંતર તે ઉચ્ચારણ અયોગ્ય જ થાત અને તે **वंदणवत्तियाए** આદિના પાઠના ઉચ્ચારણ વગરની વંદના કહેલી નથી એ બધા ઉપરથી નક્કી થાય છે કે સાધુને પણ ઔપચારિક વિનયનું સંપાદન કરવાનું

ઈષ્ટ જ છે. સંપૂર્ણ સંયમ હોવાથી અને કિંચનાદિ દ્રવ્ય ન હોવાથી તેમજ શાસ્ત્રની મર્યાદાએ સાધુઓને સાક્ષાત્ દ્રવ્યસ્તવ સ્વયં કરવા લાયક માન્યો નથી, કેમકે મુનિઓને સ્વયં કરવાની અપેક્ષાએ ભાવપ્રધાન જ હોય છે. મુનિ સિવાય ધર્મના અધિકારી જે શ્રાવકો છે તેઓને તો ભાવસ્તવના કારણ તરીકે દ્રવ્યસ્તવ સાક્ષાત્ કહેલો જ છે. જે માટે કહ્યું છે કે દેશવિરતિવાળા કે જેઓ સંપૂર્ણ સંયમમાં પ્રવર્ત્યા નથી તેઓને કૂવાના દૃષ્ટાંતથી સંસારને પાતળો કરનાર એવો આ દ્રવ્યસ્તવ લાયકછે. એમ નહિં કહી શકાય કે ત્યાં ચૈત્યસ્તવ આવશ્યકમાં પુષ્પાદિકરૂપ દ્રવ્યસ્તવ કહેલાં છે. પણ જિનભવન આદિ કહ્યાં નથી, કેમકે તે આવશ્યકમાં જે આદિ શબ્દ જે કહેલો છે તેથી જ કહેલો છે. વળી જો જિનભવન ન હોય તો ભગવાનની મૂર્ત્તિઓ ન હોય અને તે ભગવાનની મૂર્ત્તિઓ ન હોય તે ફૂલ વિગેરે કોને અંગે હોય ? એમ નહિ કહેવું કે ત્યાં મુનિને માટે પુષ્પાદિકનો સ્પષ્ટ નિષેધ છે, કેમકે તે નિષેધ પોતાને કરવાની અપેક્ષાએ છે, પણ અનુમોદનાને માટે નથી. વજ્રસ્વામીજીએ દ્રવ્યસ્તવ કરાવ્યો છે એમ પણ શાસ્ત્રોમાં સંભળાયછે, તથા પૂર્વધરોમાં ધર્મરત્નમાળા વિગેરે ગ્રન્થોમાં જિનભવનાદિ દ્રવ્યસ્તવની દેશના પણ છે. આ બાબતમાં જિનભવનાદિ કરવામાં થતી હિંસા અને યજ્ઞાદિમાં થતી હિંસાની સરખાવટ કરતાં શંકા-સમાધાન કરે છે.

આહેવં ૧૨૨૮, પીડા ૧૨૨૯, અહ ૧૨૩૦, સિઅ ૧૨૩૧, એગિંદિ ૧૨૩૨, એઅંપિ ૧૨૩૩, સિઅ ૧૨૩૪, અહ ૧૨૩૫, કિં ૧૨૩૬, અગ્ગા ૧૨૩૭, णय ૧૨૩૮, णय ૧૨૩૯, एवं ૧૨૪૦, णय ૧૨૪૧, અહ ૧૨૪૨, અહ ૧૨૪૩, णय ૧૨૪૪, तम्हा ૧૨૪૫, किम० ૧૨૪૬, जह ૧૨૪૭, सइ ૧૨૪૮, तब्बिंब ૧૨૪૯, પીડા ૧૨૫૦, આરંભ ૧૨૫૧, તા ૧૨૫૨, ण य ૧૨૫૩, ण अ ૧૨૫૪, અગ્ગી ૧૨૫૫, અત્થિ ૧૨૫૬, પરિ ૧૨૫૭, ઇઅ ૧૨૫૮, એગિંદિ ૧૨૫૯, સુદ્ધાણ ૧૨૬૦, અપ્પા ૧૨૬૧, જયણેહ ૧૨૬૨, જયણાએ ૧૨૬૩, પસા ૧૨૬૪, સા ૧૨૬૫, એત્તો ૧૨૬૬, વર ૧૨૬૭, गं ૧૨૬૮, तत्थ ૧૨૬૯, एव ૧૨૭૦.

શિષ્ય શંકા કરે છે કે શ્રીજિનભવન આદિને ધર્મ માટે કરવાં જોઈએ એમ માનવાથી હિંસાપણ ધર્મને માટે થાય અને તે હિંસા દોષકારિણી નથી એમ પણ ઠરે અને જો એમ ઠરે તો પછી વેદ વિહિત હિંસા તેવી દોષ વગરની કેમ માનતા નથી ? કદાચ કહો કે તે યજ્ઞાદિની હિંસાથી તે બકરાઆદિને પીડા થાય છે, તો તે પીડા તો ચાલુ પૃથ્વીકાય આદિની હિંસામાં પણ સરખી જ છે. વળી વૈદ્ય ઉપકારી છતાં રોગીને પીડા કરે છે જ, તેથી પીડાથી અધર્મ જ છે એમ કહી શકાય નહિ. રોગીને પરિણામે તે દેવાતી દવાથી સુખ થાય છે એમ કહો તો તે યજ્ઞમાં પણ હણેલા જીવોને પણ સુખ સંભળાય છે. કદાચ કહો કે સુખ થાય તો પણ રંડીબાજી આદિની પેઠે ધર્મ કહેવાય નહિ, કદાચ કહો કે ત્યાં જિનભવનાદિમાં કરવાવાળાને શુભભાવ થાય છે તો યજ્ઞ કરવાવાળા બ્રાહ્મણોને પણ શુભભાવ જાણવો. કદાચ કહો કે પૂજામાં એકેંદ્રિયઆદિકની હિંસા થાય છે, તો યજ્ઞમાં તો તેનાથી ઘણા થોડા જ હણાય છે, કેમકે સર્વે જીવોને ન હણવા એવું શાસ્ત્રીય વચન સર્વજીવોની હિંસાને વર્જવાનું હોવાથી ધર્મને માટે થતી હિંસા દુષ્ટ નથી એમ તો કહી શકાય જ નહિં. આવી રીતના પૂર્વપક્ષના ઉત્તરમાં કહે છે કે વચનમાત્રથી એમ

ધર્મ થાય કે અધર્મ થાય એમ થઈ શકતું નથી, નહિંતર દુઃખી પ્રાણીઓને મારનાર સંસારમોચકના ધર્મનું નિર્દોષપણું થાય. કદાચ કહો કે તે વચન સાચું નથી તો બીજું વેદની હિંસાએ નિર્દોષ છે એ વચન સાચું છે તેનું શું પ્રમાણ ? કદાચ કહો કે પ્રામાણિકપણે લોકો જ તેવો સંસારમોચકોને અનુકૂળ પાઠ બોલતા નથી, તો વેદના પ્રમાણપણામાં પણ સર્વલોક એકમતના નથી, કદાચ કહો કે લોકોએ છઠું જે સંભવ નામનું પ્રમાણ છે તે પ્રમાણને માનીને પાઠ માનેલો છે. અને વેદથી વિરૂદ્ધતા તો થોડા લોકોની જ છે. તેના ઉત્તરમાં કહે છે કે આ વાતમાં પણ પ્રમાણ નથી, કારણ કે સર્વસ્થાનના સર્વે લોકો દેખવામાં આવ્યા નથી અને તેથી લોકોના થોડા ઘણાપણામાં નિશ્ચય નથી, કદાચ કહો કે બધા લોકોને દેખીને શું કામ છે ? સકલ લોકોને દેખ્યા વિના પણ જેમ મધ્યદેશમાં વેદ માનનારાની બહુમતિ છે તેમ બધા ક્ષેત્રમાં વેદને માનનારાઓની બહુમતિ માટે સમજવું, એમ કહેવું તે વ્યભિચારવાળું હોવાથી યોગ્ય નથી. અગ્રાહારવાળા જેમ મધ્યદેશમાં ઘણા બ્રાહ્મણો દેખાય છે તેમ શુદ્રો ઘણા દેખાતા નથી, અને તે દેખવા માત્રથી બધે દક્ષિણોત્તર દેશો કે અનાર્ય દેશોમાં પણ આમ હોય એમ માની શકીએ નહિ. વળી ઘણાઓનો નિર્ણય સારો જ હોય અને થોડાનો નિર્ણય સારો ન જ હોય એમ કહી શકાય નહિ, કેમકે જગતમાં ઘણા મનુષ્ય મૂઢો હોય છે અને વિદ્વાન મનુષ્યો થોડા જ હોય છે. કોઈપણ રાગાદિકે રહિત એવો સર્વજ્ઞ પુરુષ છે નહિં કે જેથી ફરક પડે,કેમકે જૈમિનીના મતે સર્વે પુરુષો રાગાદિવાળા જ છે, અર્થાત્ વચનમાત્રથી ધર્મ તથા અદોષપણું માનીએ તો ચંડિકાદિની આગળ બ્રાહ્મણને મારનાર મ્લેચ્છોને પણ ધર્મવાળા અને અદોષવાળા માનવા પડે. એમ નહિ કહેવું કે તેમને પણ વચન એટલે તેમનું શાસ્ત્ર હિંસામાં કારણ નથી, કેમકે સર્વ મ્લેચ્છો દ્વિજઘાતના વાક્યથી બ્રાહ્મણને મારતા નથી. કદાચ કહો કે મ્લેચ્છનું વચન બધે પ્રામાણિક ગણાયું નથી, તો આ વેદનું વચન પણ બધે મનાયું નથી, માટે એ પણ મ્લેચ્છ વચનના સરખું જ છે. કદાચ કહો કે મ્લેચ્છનું વચન સંસ્કૃત નથી તો આ વેદનું વચન પણ મ્લેચ્છોએ સંસ્કૃત માનેલું નથી. કદાચ તે મ્લેચ્છ વચન વેદાંગતરીકે નથી તો દ્વિજવચન વેદાંગ છે એમાં પણ કાંઈ પ્રમાણ નથી. કદાચ કહો કે મ્લેચ્છવચન વેદમાં સંભળાતું નથી તો ઉચ્છિન્નશાખાવાળું તે મ્લેચ્છોનું વચન કેમ નહિં હોય ? વળી વેદના વચનમાત્રથી ધર્મ અને નિર્દોષપણું ભાષા સરખી ભાષાવાળું હોવાથી મનાય નહિ. બીજી પણ કલ્પનાઓ એવી રીતે સાધર્મ્ય વૈધર્મ્યથી દુષ્ટ જાણવી. તેટલા માટે પંડિતપુરૂષે સર્વત્ર નિર્વિશેષપણે વચનમાત્રને પ્રવૃત્તિનું કારણ માનવું નહિં, પણ વિશિષ્ટપણાવાળું જ વચન પ્રવૃત્તિનું કારણ માનવું. આ વિશિષ્ટતા કઈ ? એ પ્રશ્નના ઉત્તરમાં જે દૃષ્ટ અને ઈષ્ટથી વિરૂદ્ધ ન હોય, વળી અત્યંત અસંભવિત પણ ન હોય, એવું વિચારીને શુદ્ધબુદ્ધિએ કહેલું વાક્ય-વચન હોય એ વિશિષ્ટતા જાણવી. જેમ અહીં સ્તવના અધિકારમાં ભાવ આપત્તિને નાશ કરવારૂપી ગુણે સહિતપણું હોવાથી દ્રવ્યસ્તવમાં થતી પૃથ્વીકાય આદિની હિંસા થવા છતાં આત્માને શ્રીજિનેશ્વરોના ગુણોનું સ્મરણ આદિ થવાથી ઉપકાર થાય છે.

(અપૂર્ણ)

શનિવારની સંવચ્છરીવાળા પાસેથી ખુલાસો ક્યો મેળવવો ?

૧ ત્રીજ ચોથ, છઠ્ઠ સાતમ, નવમી દશમી, અને બારસ તેરસ, આદિ સર્વતિથિઓ ભેગી હોય જ છે, તો પછી ભીંતીયાકાગળમાં પડવો બીજ, ચોથ પાંચમ આદિ જે ભેગાં લખવાં તેથી બીજી તિથિઓનું ભેગાપણું ઓળવાય છે કે નહિં ?

૨ પડવો બીજ, ચોથ પાંચમ, સાતમ આઠમ કહો છો, તો આખી આઠમ અને આખી બીજ આદિ ભેગાં ગણવાં, કે જેટલો પડવો વગેરે તેટલો પડવો વગેરે અને બીજ વગેરે બેસે ત્યારથી બીજ આદિ ગણવાં ? જો આખા પડવા આદિને આખી બીજ આદિ ભેગાં ગણવાં કહો, તો કહો કે શું પડવા આદિની સવારે પણ બીજ આદિ અને બીજ આદિ બેઠા પછી પડવા આદિ માનો છો ?

૩ ઉદયવાળા પડવા આદિ છતાં સવારથી બીજ આદિ માની પૌષધ આદિ કરો તો પછી પડવો આદિ ક્યાં રહ્યાં, કે જેથી પડવાનો ક્ષય ન કહેતાં પડવો બીજ આદિ ભેગાં છે એમ કહો છો ?

૪ ચોક્ખી બીજ આદિ પર્વતિથિએ થયેલો નિયમભંગ અને પડવા આદિથી ભેગી બીજ આદિ હોય ત્યારે થયેલો પર્વતિથિના નિયમનો ભંગ એ બેની આલોયણમાં તિથિના ભેગાપણાથી શું ફેર પાડશો ?

૫ પડવા બીજ આદિ ભેગાં હોય ત્યારે બીજ આદિ બેસી ગયા પછી અને બીજ આદિ બેઠા પહેલાં થયેલા નિયમના ભંગને સરખા નહિ ગણો ? સરખા ગણો તો ભેગાપણું ક્યાં રહ્યું ?

૬ ચૌદશ પૂનમ આદિ ભેગાં ગણો તો બન્ને દિવસે પૌષધ કરવાના નિયમવાળાને એક જ પૌષધથી સરી જશે ? બ્રહ્મચર્યનો અને સચિત્તાદિના ત્યાગનો નિયમ એક જ દિવસ પાળવો કે કેમ ? ખોટી આણ જણાવવા કરતાં પાઠ જોઈએ.

૭ ઓળી અને અઠ્ઠાઈના અનુક્રમે નવ અને આઠ દિવસો હોય છે તેમાં ચૌદશ પૂનમ એકઠાં માનીને ઓળીના આઠ અને અઠ્ઠાઈના સાત દિવસો માનશો ?

૮ પજુસણની અઠ્ઠાઈમાં કોઈપણ તિથિનો ક્ષય હોય તો બે તિથિ ભેગી આરાધીને સાત દિવસનાં પજુસણ માનશો કે ?

૯ કાર્તિકી પૂનમનો ક્ષય હોય તો સવારે વિહાર કરીને સાંજે ચૌમાસી કરશો ?

૧૦ કાર્તિકી પૂનમ બે હોય તો ચૌમાસી કરીને ખોખા પૂનમને પૂનમ નહિં માનવાથી યાત્રા કે વિહાર નહિં કરો ?

૧૧ ચૌમાસીને દિવસે ઉપવાસ કરીને વચલી પૂનમ જેને તમે ખોખા પૂનમ કહો છો તે દિવસે ખાઈને બીજા પૂનમે ઉપવાસ કરનારને છઠ્ઠનું પચ્ચકખાણ આપશો ? પૂનમની વૃદ્ધિમાં ચૌમાસીનો છઠ્ઠ કેમ કરશો ?

(જુઓ અનુસંધાન પા. ૨૭૫)

પ્રવચનપરીક્ષાનો પ્રૌઢમહિમા

પ્રતિપક્ષિઓની સાથે સભામાં અન્ય તટસ્થોદ્વારા શાસ્ત્રાર્થના સત્યપણાની ચર્ચામાં જીત મેળવનાર વાદગ્રંથ કયો ? પ્રવચનપરીક્ષા

કર્તા સિવાયના શાસનધોરી મહાનુભાવે પ્રતિપક્ષિઓ સાથે રાજસભામાં શાસ્ત્રાર્થ કરી સાચો ઠરાવવામાં આવેલો વાદ ગ્રંથ કયો ? પ્રવચનપરીક્ષા

પ્રતિપક્ષવાળાની તરફેણદારી કરનારે જીતને માટે વાજંત્રોથી વરઘોડો કઢાવ્યો હોય તેવા વાદગ્રંથ કયો ? પ્રવચનપરીક્ષા

વાદિના વિજયથી શ્રી સંઘે વાજંત્ર સાથે વરઘોડો કાઢી વધાવેલો ગ્રંથ કયો ? પ્રવચનપરીક્ષા

ગ્રંથકારની ગેરહાજરીમાં પણ વાદિઓની સાથે સભામાં શાસ્ત્રાર્થમાં જય પામનારો વિવાદગ્રંથ કયો ? પ્રવચનપરીક્ષા

તા.ક.- ઉપર જણાવેલી હકીકત અક્ષરશઃ જાણવાની ઈચ્છાવાળાઓએ વિજયપ્રશસ્તિ-કાવ્ય જોવા પ્રયત્ન કર્યો.

પ્રવચનકારની શાસ્ત્રવિરૂદ્ધ અને જુઠી પ્રરૂપણા

૧ ગર્ભાષ્ટમપદમાં અષ્ટમનો અર્થ આઠણું નહિ પણ આઠ પૂરાં.
૨ ગર્ભાષ્ટમ એટલે જન્માષ્ટમ જ લેવું.
૩ પુરાણ અને શ્રાદ્ધને માટે તેણ તે **पव्वाविज्जंति** એવું વિધાન છે તે વિધાન ન ગણવું.
૪ સર્વથા રાગદ્વેષ રહિત (વીતરાગ) પણ લબ્ધિ ફોરવે.
૫ લબ્ધિ ફોરવાય તેનું પ્રયોજન શ્રેષ્ઠ હોય તો પછી તે લબ્ધિનું ફોરવવું પણ પડિક્કમવા યોગ્ય નહિં.
૬ લબ્ધિનું ફોરવું અપવાદપદ ગણવું. (અપવાદપદ પ્રમાદવાળું જ માનવું)
૭ ગુરૂતત્ત્વવિનિશ્ચયનો અર્થ જુઠો કર્યો છે.
૮ આવશ્યકવૃત્તિનો અર્થ જુઠો કર્યો છે.
૯ વિશેષાવશ્યકનો અર્થ જુઠો કર્યો છે.
૧૦ તીર્થંકર ભગવાનો અનાદિકાલ (નિગોદ અવસ્થા)થી પણ પરોપકારપણાના ગુણવાળા જ હોય છે.
૧૧ જિનેશ્વર મહારાજનું પહેલું સમ્યક્ત્વ તે જ વરબોધિ કહેવાય.
૧૨ સોરઠને શ્રી વીરમહારાજની વખત સાધુના વિહારને અભાવે અનાર્ય કહ્યો છતાં શ્રી શત્રુંજયક્ષેત્રને અનાર્ય કહ્યું નથી.

सिद्धचक्र

तंत्री
પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ
– મુંબઈ –

વર્ષ
૫

અંક
૧૩

પંચમ વર્ષ
ચૈત્ર સુદિ ૧૫

卐

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

૧૯૯૩ : : ૧૯૩૭

એપ્રીલ

વીર સંવત્ ૨૪૬૩

श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०	तत्त्वतरंगिणी	०-८-०
उत्तराध्ययनचूर्णि	३-८-०	बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०	मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०	आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
पंचाशकादिदशअकारादि	४-०-०	भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०	पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०	तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०	पर्युषणादशशतकं	०-१०-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०	बुद्धिसागरः	०-३-०
विचाररत्नाकरः	३-०-०	विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
बन्दारूवृत्तिः	१-४-०	भवभावनावृत्तिः पूर्वार्धं	३-८-०
पयरणसंदोह	१-०-०	कल्पकौमुदी	२-०-०
अर्हिसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०	षोडशकप्रकरणं सटीकं	१-०-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०	षडावश्यकसूत्राणि	०-८-०
बारसासूत्रं सचित्रं	१२-०-०	उत्पादादिसिद्धिः	२-८-०
ऋषिभाषितानि		तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
प्रत्याख्यानप्रकरण - सारस्वत,	१-८-०	सुबोधिका	प्रेसमां-
विशेषणवती-वीशवींशी		भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०	भवभावना (उत्तरार्धं)	प्रेसमां-
ललितविस्तरा	०-१०-०	प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
		प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद मगनलाल बदामीએ तंत्री शा. पानाचंद रूपचंद ઝवेरी माटे छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिએ लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोयद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५		अंक १७
विक्रम सं. १९९७	वीर सं. २४६७	सन १९३७
चैत्र सूदि १५	रविवार	એપ્રિલ ૨૫

वार्षिक लवाजम रु. २-०-० छुटक नकल रु. ०-१-६

उद्देश

नवपदोमय श्री सिद्धचक्रनी आराधना अने श्री आचामाम्ल वर्धमान तपनी प्रवृत्ति पोषवा साथे आगमनी मुख्यतावाळी देशना, अने शंकाना समाधानोनो फेलावो करशे :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"आगमोद्धारक."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

ભગવાન ઋષભદેવજીની ત્યાગિપણે પણ પરોપકારમાં હેતુતા

દ્રવ્યનંદીના પ્રસંગમાં, દ્રવ્યપૂજાના અધિકારે ત્રિલોકનાથ તીર્થંકરનું પરહિતરતપણું વિચારતાં ભગવાન ઋષભદેવજીનું જેમ પરોપકારીપણું આગળ વર્ણવ્યવસ્થાદિને અંગે વિચાર્યું અને બ્રાહ્મણવર્ણ અંગે વિચારવાનું છે, તેમાં ભગવાન શ્રી ઋષભદેવજીનો દીક્ષા અધિકાર વિચારતાં નિરૂદ્યમી જીવોને ભગવાન ઋષભદેવજીના દૃષ્ટાન્તથી સ્પષ્ટપણે સૂચવવામાં આવ્યું કે મોક્ષથી જે જીવો જો નિકટ હોય છે તો ભવિતવ્યતા કે ભવ્યતાનો એકાન્ત આધાર ન લેતાં કર્મ બલ, વીર્ય વિગેરેની ઉપયોગિતાને સ્વીકારે એ વાત જણાવાઈ.

ધર્મકાય ધર્મદેવપણું અને ભિક્ષાવૃત્તિથી પરોપકાર

સામાન્ય રીતે સાધુ થનાર દરેક મહાત્મા પરોપકારલીન હોય છે અને તેથી જ તે સાધુમહાત્માની કાયાને ધર્મકાય તરીકે ગણવામાં આવે છે. તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ઋષભદેવજી સરખા મહાપુરૂષો ધર્મમય જ કાયાવાળા હોય તેમાં આશ્ચર્ય શું ? વળી એ વાત ધ્યાનમાં રાખવાની છે કે પંચમહાવ્રતધારી સમસ્ત સાધુવર્ગ શ્રીભગવતીસૂત્રના વચન પ્રમાણે ધર્મદેવ તરીકે ગણાય છે. ચક્રવર્તી જેમ નરદેવ કહેવાય છે. તેવી જ રીતે સાધુ મહાત્માઓ પણ ધર્મદેવ તરીકે જ ગણાય છે. કેટલાક ભદ્રિકજીવો ગુરૂમહારાજને લગાડાતો દેવ શબ્દ સાંભળીને ચમકે છે. પણ શ્રી ભગવતી સૂત્રના વચનને વિચારનારો મનુષ્ય સર્વ સાધુ મહાત્માના વર્ગને ધર્મદેવ તરીકે ગણેલો જોઈ આચાર્ય ઉપાધ્યાય કે સાધુને અંગે આચાર્યદેવ ઉપાધ્યાયદેવ કે ગુરૂદેવ વિગેરે શબ્દો વપરાતા સાંભળી ચમકશે નહિ. પણ ખરેખર તે શબ્દોની વાસ્તવિકતા સમજશે. સાધુ મહાત્માને જ્યારે ધર્મદેવ તરીકે ગણાય તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને દેવાધિદેવ તરીકે ગણવામાં આવે તો સમ્યગ્દૃષ્ટિ મહાપુરૂષોને તો તેથી ઘણો જ અપૂર્વ આનંદ ઉપજે. વળી એક વાત ધ્યાનમાં રાખવાની છે કે પંચમહાવ્રતધારી મહાત્મા માત્ર ભિક્ષાવૃત્તિ કે જે મોક્ષના સાધનભૂત જે સમ્યગ્દર્શનાદિ છે. તેના કારણ તરીકે ગણાયેલા એવા શરીરને ધારણ કરવા માટે છે, તે ભિક્ષાવૃત્તિ પણ દાતારના ઉપકારને માટે જ કરે છે અને તેથી ભગવાન હરિભદ્રસૂરિજી गृहिदेहोपकाराय એમ કહી ભિક્ષાવૃત્તિનું પ્રયોજન શરીરના ઉપકારની સાથે ગૃહસ્થોના ઉપકારને જણાવે છે, આ વાક્યમાં વિશેષ એ ધ્યાનમાં રાખવાનું છે કે દેહના ઉપકાર કરતાં ગૃહસ્થના ઉપકારને મુખ્ય પદવી આપવામાં આવી છે. કેમકે જો એમ ન હોત તો देहगृहयुपकाराय એમ લખત. પણ તેમ નહીં લખતાં જે गृहिदेहोपकाराय એમ લખ્યું છે. તે સ્પષ્ટપણે જણાવે છે કે સાધુમહાત્માને ભિક્ષાવૃત્તિમાં દેહઉપકારનું સત્વ જો કે રહેલું છે તો પણ તે મુખ્ય નથી, પરંતુ ખરૂં મુખ્ય સત્વ તો ગૃહસ્થના ઉપકારનું જ છે, આજ કારણથી કવચિત કથામાં જે સંભળાય છે કે, ભાવનાની ધારણાએ ચઢેલા દાતારે ઘી દેવા માંડ્યું, તેમાં ઘી ઢોળાવવા માંડ્યું, તો પણ

મહાત્માઓએ દાનનો નિષેધ કર્યો નહિ. વળી કેટલેક સ્થાને શય્યાતરના પિંડનો સર્વશાસનમાં સર્વસાધુઓને માટે નિષેધ છતાં પણ ગીતાર્થ આચાર્યોને તે શય્યાતરનો ભાવ સાચવવાની વિધિ જણાવવામાં આવી, કેટલીક અપેક્ષાએ દાન દેનાર મહાપુરૂષની એટલી બધી ઉત્તમતા હોય છે અને ઉત્તમતા ગણાય છે કે તે જે ઉત્તમતાને અંગે મહાવ્રતો લેવાવાલા સાધુમહાત્માને અંગે મહાવ્રતો લેતી વખતે જે અતિશયો ન થાય તે વસુધારા આદિ પાંચ દિવ્ય પ્રગટ થવા રૂપ અતિશયો તે દાન દેનારા મહાપુરૂષને અંગે કરાય છે. જો કે સાધુમહાત્માને દેવાની ભિક્ષાવૃત્તિ તે દ્રવ્ય સાધન છે. તો પણ કોઈક કોઈક વખતે પાત્રવિશેષની અને દાતારવિશેષની અપેક્ષાએ તે દ્રવ્યસ્તવની મહત્તા હોઈને તેને અંગે પાંચ દિવ્યો પ્રગટ થાય છે. એટલું જ નહિ પણ શીતકાળની અસાધારણ ઠંડીને લીધે કંપના એવા કોઈ [illegible] જીવે તે મહાત્માની ઠંડી દૂર કરવાને માટે અગ્નિ સળગાવ્યો હોય, તો ત્યાં પણ શાસ્ત્રકાર મહારાજ એમ કહે છે કે સાધુએ પોતાને અગ્નિએ તાપવું વિગેરે નથી કલ્પતું, છતાં પણ તે અગ્નિ સળગાવનાર ભક્તજીવને તો અનુકંપાનો ગુણ અને પુણ્યની રાશિનો બંધ થયો છે, એમ સ્પષ્ટ જણાવવું, અને વળી તે અગ્નિ સળગાવવાથી તે સાધુની ભક્તિ કરી છે એમ પણ જણાવવું. શાસ્ત્રોમાં સાંભળીએ છીએ કે શ્રી ભગવાન મહાવીર મહારાજા જ્યારે કેવળી અવસ્થામાં હતા અને અપ્રતિહત અનંત વીર્યને ધારણ કરતા હતા તે વખતે પણ થયેલા તેમના રોગને નિવારણ કરવા માટે કલ્પસૂત્ર વિગેરેમાં શ્રાવિકાગણમાં અગ્રપદને ધારણ કરવાવાળી એવી રેવતીજીએ ખુદ ભગવાન મહાવીર મહારાજ માટે જ પાક તૈયાર કર્યો હતો-આ રેવતીશ્રાવિકા એકલી શ્રાવિકામાં જ અગ્રપદ ધરનારી હતી એટલું જ નહિ, પણ ભવિષ્યમાં તીર્થંકર થવાવાળો જીવ પણ એ રેવતીશ્રાવિકા તરીકે હતો. આ સર્વ હકીકત વિચારનાર સુજ્ઞપુરૂષ સહેજે સમજી શકશે કે સાધુમહાત્માની ભક્તિ કરનારા અને સાધુમહાત્માને દાન દેવાવાળા જીવો કેટલા બધા અધિકાધિક લાભને મેળવતા હશે-અને એવા જ લાભની યોગ્યતા દાતારમાં સમજીને દાતારના ઉપયોગ માટે સર્વ પંચમહાવ્રત ધારી સાધુગણ ભિક્ષાવૃત્તિ કરે તેમાં આશ્ચર્ય નથી, અને તે રીતિએ ત્રિલોકનાથ તીર્થંકર ઋષભદેવજી ભગવાન પણ દીક્ષાના અંગીકાર પછી દાતારોના ઉપકારને માટે ભિક્ષાવૃત્તિ કરે તેમાં તો કોઈ પણ જાતનું આશ્ચર્ય નથી ?

ભિક્ષાવૃત્તિ અને દિગંબરો

વાચકવૃન્દે ધ્યાન રાખવાની જરૂર છે કે સાધુ મહાત્માઓમાં કેટલાક મહાત્માઓ ફક્ત એક જ ઘરના અભિગ્રહવાળા હોય છે અને તેવા મહાત્માઓ એક જ ઘરથી [illegible] એટલું જ [illegible] એવું [illegible] મહાત્માઓને એટલું પુરું ન થવું એ ઉપર લક્ષ્ય આપતું જ નથી અને એવી જ રીતે ખુદ તીર્થંકર ભગવાનો ભિક્ષાવૃત્તિ માટે ફરે છે. પણ તેમ ફરતાં જે કોઈ એક ઘરથી કંઈપણ અલ્પએવી કલપ્ય વસ્તુ મળી જાય છે તો તેટલાથી જ તેઓ પારણું કરી લે છે, જૈનશાસ્ત્રને શ્રવણ કરનારો વર્ગ સહેજે સમજી શકે છે કે ચંદનબાલાને ધનાવહ શેઠે આપેલા માત્ર થોડા જ બાકળા હતા, તેટલા માત્રથી જ શ્રવણ ભગવાન મહાવીર મહારાજે કંઈક ન્યૂન છમાસિક તપનું પારણું કર્યું. વલી સંગમદેવના ઉપસર્ગ વખતે વત્સપાલી ડોશીએ વગર મહોત્સવે રાંધેલી ખીર જે પ્રમાણમાં કેટલી હોય તે શ્રોતાએ સહેજે સમજી શકે તેમ છે તેટલી જ ખીર માત્રથી શ્રમણ ભગવાન મહાવીર મહારાજે છમાસી જેવા તપનું પારણું કર્યું. આ વસ્તુ સમજીને જેઓ ભિક્ષાવૃત્તિની સ્થિતિ ન સમજે તેઓને શાસન સમજાયું નથી એમ કહેવું ખોટું નથી.

દિગમ્બર સાધુઓનો ભિક્ષાવૃત્તિમાં અનુકરણ માટેનો ખોટો ઢોંગ

દિગમ્બરસાધુઓ કે જેઓ જીનેશ્વરનું અનુકરણ કરવાનું જણાવે છે તેઓએ વિચારવું જોઈએ કે શું કોઈપણ તીર્થંકર મહારાજે તેમના માટે કરેલા આહારને વાપર્યો છે ? કહેવું પડે છે કે શ્રી દિગમ્બર સાધુઓને તેનો ઉત્તર નકારમાં જ આપવો પડશે. તો પછી તે દિગમ્બર સાધુઓ પોતાને નિમિત્તે કરેલા કે કરાવેલા આહારને ગ્રહણ કરી કેવી રીતે પોતાનામાં સાધુપણું માને છે ? વળી તીર્થંકરના અનુકરણના નામે લોકોને ભરમાવનારા દિગમ્બરો લોકોનાં ઘરમાં ભિક્ષાવૃત્તિ માટે કેવી રીતે પેસી જાય છે ? શું કોઈપણ તીર્થંકર. ભિક્ષાવૃત્તિ માટે દાતારના ઘરમાં ગયેલા છે ? વળી દિગમ્બરો કોળિયે કોળિયે ગૃહસ્થો પાસેથી ભોજન લે છે તેવી રીતે કોઈપણ તીર્થંકરે એકએક કોળીઓ ગૃહસ્થો પાસેથી લીધો છે! દિગમ્બરો એક્કે કોળીએ ગૃહસ્થો પાસે પાણીથી હાથ ધોવરાવે છે. તો કોઈપણ તીર્થંકરે પારણું કરતાં એવી રીતે ગૃહસ્થોને ત્યાં ગૃહસ્થોના પાણીએ હાથ ધોવડાવ્યા હોય એમ શાસ્ત્રમાંથી દેખાડશે ? કોઈપણ તીર્થંકરે ઘરમાં પારણું કર્યું હોય. કોળીએ કોળીએ હાથ ધોયા હોય. ગૃહસ્થોએ પોતાના પાણીએ કોળીએ કોળીએ હાથ ધોવરાવ્યા હોય તે વાત પણ શાસ્ત્રમાં નથી. તો પછી ગૃહસ્થો હાથ ધોયેલું પાણી પરઠવે તે તો તીર્થંકરોના સંબંધમાં હોય જ શાનું ? જ્યારે આવી રીતે છે તો પછી દિગમ્બર સાધુઓ પોતાની અસંજમની પ્રવૃત્તિને તીર્થંકરનું અનુકરણ છે એમ જણાવી જે બચાવ કરે છે તે તીર્થંકર મહારાજની કેવી આશાતના કરે છે તે વાચકગણો સહેજે સમજી શકશે ?

વાચકોએ ધ્યાન રાખવું કે સર્વ તીર્થંકર મહારાજાઓને એવી લબ્ધિ દીક્ષાગ્રહણ કરે ત્યારથી હોય જ છે કે તેમના હાથમાં રસ જેવી પાતળી ચીજ ઘડાને ઘડા પ્રમાણમાં ઠાલવવામાં આવે તો પણ તેમાં શિખા જ વધે, પરન્તુ એકબિંદુ સરખું પણ નીચે પડે નહિ, એવી લબ્ધિવાળા જીનેશ્વર મહારાજા વિગેરે પાત્રને ન ધારણ કરે તે દેખીને કે માનીને જેઓ તેવી લબ્ધિ વગરના હોય છતાં પણ અસંજમની બેદરકારી રાખી પાત્ર ન રાખે તેઓની પૂર્વે દિગમ્બરોને અંગે જણાવેલી દશા થાય તેમાં આશ્ચર્ય નથી. તીર્થંકર મહારાજાઓને જે છદ્મસ્થપણામાં પણ અન્તરાયનો ક્ષયોપશમ હોય છે અને તેથી સંપૂર્ણ આહાર વિગેરે એક જ જગા પર મળે છે અને તે નિર્દોષ હોય તેવો ક્ષયોપશમ સામાન્ય સાધુને દરેકને હોય એવું જો દિગમ્બરો માને તો ખરેખર મોટી ભૂલ જ કરે છે.

સાધુ માત્રને અંગે એષણાસમિતિ એનું નામ છે કે દાતાર ન જાણે તેવી રીતે ભિક્ષાવૃત્તિ કરવા જવું અને ઉંછવૃત્તિ એટલે પશ્ચાતકર્મ વિગેરે ન થાય એવી રીતે થોડું થોડું લેવું. આવી રીતની એષણાસમિતિ દિગમ્બરોને સ્વપ્ને પણ ન સંભવે. કેમકે તેઓ તો તેઓ પાત્ર વિગેરે નહિ રાખતા હોવાથી અને એક જ ઘેરે સમગ્ર ભોજન કરે છે તેથી સ્પષ્ટપણે સમજાય તેમ છે. દિગમ્બર સાધુઓને માટે ભિક્ષાવૃત્તિ માધુકરીવૃત્તિ-ગોચરી એ વિગેરે શબ્દો દેશવટો જ પામેલા છે. એ દિગમ્બર સાધુઓ માટેનો મેમાન-પરોણા જેવા જ શબ્દો વાપરી શકાય. કેમકે તેઓ એક જ ઘેરે સમગ્ર ભોજન લે છે. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન શ્રીઋષભદેવજીનું પારણું ઈક્ષુના રસથી વગર પાત્રે થયેલું છે એમ આગળ જણાવાશે તેથી આટલું વિવેચન કરવાની જરૂર પડી.

પ્રકૃતમાં તો માત્ર ભગવાન ઋષભદેવજી સર્વદા પરોપકારમાં પ્રવર્ત્તેલા હોવા સાથે સાધુપણું ગ્રહણ કર્યા પછી પણ કેવી રીતે દાતારો ઉપર ઉપકારો કરે છે તે જણાવવા પૂરતો છે. ભગવાનને વરસ સુધી ભિક્ષા કેમ ન મળી. તે વિગેરે અધિકાર આગળ જોઈશું.

સમાલોચના

૧ અતિમત્તામુનિજીને ભગવાને નાવડીની રમત પેટે ઈર્યાવહિ પડિક્કમવાની કહી એ ખોટું છે. પણ આચારથી મુનિજીએ જ ઈરિયાવહી કરવા માંડી છે.

૨ અતિમત્તાજી ઈરિવહીયાના અર્થને પણ તે વખતે નહોતા જાણતા એ કથન ખોટું છે.

૩ અતિમત્તાજીના અધિકારનો ઉપસંહાર આખો અયોગ્ય છે. (જૈન પ્રવચન)

૧ શ્રીહીરપ્રશ્નમાં પંચમીના તપનો ઉત્તર પૂનમથી જુદો હોવાથી તે પાંચમ પહેલાના પર્વ વિનાની લેવાય એ ચોક્ખું છે.

૨ ચૌદશ પૂનમ વગેરેના જુદા તપો ઉડાડવા અને પાંચમને પ્રસંગે જુદો શક્તિ છતાં ન કરવા માનવું અને સર્વ ઠેકાણે એવું કલ્પિત અને વિરોધવાળું વિશેષણ લગાડવું કોને શોભે ?

૩ રોહિણી અને પંચમીની તિથિઓ ઉદયવાળી મળતી હોય તો પણ કારણે તેની આરાધના ભળતી એટલે વગર ઉદયવાળીમાં કરાવાય એમ માનનાર એકાંતઉદયના આગ્રહવાળો નહિ રહે. નક્ષત્રનિમિત્તના સંયોગને અંગે બન્ને તિથિઓને કેમ ભેળવાય છે ? ક્ષય વૃદ્ધિ એ કારણ નથી એમ તો ન જ કહેવાય.

૪ સામાન્ય પર્વતિથિ માત્રને અંગે જે ક્ષયે પૂર્વા૦ નું વિધાન છે છતાં મોટી નાની પર્વતિથિ માનનાર ક્યાં જાય છે તે સમજાય તેમ છે. શું પૂનમે ચોમાસીની વખતે પક્ખી ઉડાવશે ? ચૈત્રી આસોની ચૌદશનો ક્ષય માનશે અને આઠ દિવસની ઓળી અને સાત દિવસની અઠ્ઠાઈ કરશે ? શક્તિને અભાવે તો નોકારશીએ પણ શુદ્ધિ આપે તે શું અન્યસ્થાને લેવાય ?

૫ પરંપરા અને લેખથી આજ્ઞાનુસારી તિથિ જાળવી શકે છે ત્યાં ભેગાની અશક્તિની અનિયંત્રિતેતરપણાનાં કૂટ આલંબનો છે.

૬ શક્તિવાળાથી સંવચ્છરીમાં પણ પાંચમ ન સચવાય એ વાત સમજનાર પાંચમને ભેળવે શું ? મુખ્યવૃત્તિની વાત ન સમજે તે જ ભેળવવા માગે. કારણની વાત ક્ષયમાં ભેળવનાર પાંચમ ચોથના ક્ષયે સંવચ્છરીએ શું ખાવાનું કહે છે ?

૭ પરંપરા અને શાસ્ત્રથી વિરૂદ્ધ બોલે અને વર્તે તે જે વિધિની વાત કરે તે હાસ્ય જ છે.

૮ ચૌદશના ક્ષયે તેરસનું નામ લે તે મૂર્ખ એમ જ્યારે શાસ્ત્રકાર સ્પષ્ટ કહે છે તો પછી ચોથ ક્ષયે ત્રીજ અગર પાંચમ ક્ષયે ચોથ અને પહેલી તિથિને બોલે તે કેવો ગણાય ?

૯ પંચમીના તપવાળાને અનુપયોગે પણ અષ્ટમ પહેલો થયો તો પાંચમે એકાસણું કરવું સારૂં એ વચન માનનારો ઉડાવે ?

૧૦ મોક્ષ જેવા મુખ્યપદાર્થને માનનારો છતાં પણ ક્રિયમાણ કૃતને પણ ન માને તે કેવો ?

૧૧ યોગ અને ચર્યાનો શબ્દ આરાધનામાં જોડનારે પ્રથમની તિથિને ઔદયિકી નથી માની ને કેમ ન વિચાર્યું ? તથા અતિરત્ત શબ્દ વિચારવો. બીજના ક્ષયે બારસને ખેંચાય નહિ તે વાતને પૂનમ ક્ષયે તેરસની ક્ષયની પરંપરા આદિ ઉઠાવનાર કેમ વળગે? મહોપાધ્યાયજીએ તેરસનું નામ લેવાનું ના કહી સ્પષ્ટપણે પૂર્વ અપર્વનો ક્ષય જણાવેલો છે.

૧૨ કર્મમાસમાં ભાગાદિ પ્રમાણે પણ ક્ષય તો હોય, પણ વૃદ્ધિ ન હોય અને જો તેમ ન હોય તો યુગમાં બે માસ ન વધે. અને નિયમિત જ રહે. કર્મમાસમાં તિથિની વૃદ્ધિ તો લૌકિકટીપ્પણાં માન્યા પછી જૈનશાસ્ત્રોમાં છે. કર્મમાસની ચર્ચામાં સૂર્યમાસની ગોઠવણ શાથી થાય છે એ સમજવું સ્હેલું છે.

૧૩ સંવચ્છરીમાં પણ દેવસી કરનાર આનો સમાવવાની વાત કેમ કરે ? સંવચ્છરીમાં રાતદિવસ અને માસપક્ષ બોલાય છે, ત્રણ ચોમાસી બોલાતી નથી. પૂર્વધરોએ પક્ખીને દિવસે ચોમાસી આચરી તે પરંપરાને માનનારને જ માન્યા ગણાય. આનો સમાવવાની વાત કરનારા રાયદેવસી પક્ખી ચોમાસીને સંવચ્છરીમાં સમાવી દે તો નવાઈ નહિં.

૧૪ બાર તિથિ કે કલ્યાણકમાં ઓછા થતા નથી, પણ ભેળવામાં ઓછી થાય છે, અને ઓછી કે અધિકની અડચણ નથી, તો ક્ષયે પૂર્વા૦ ના વિધાનની જરૂર નથી એમ ગણવું.

૧૫ પરંપરા અને શાસ્ત્રથી વિરૂધ્ધ ચાલનારા તો થયા હવે આજ્ઞાનો ઢોંગ શરૂ થયો. બે આરાધનાની પરંપરા અને આજ્ઞા તો સ્પષ્ટ છે. ઉડાવવાની આજ્ઞા બોલવા કરતાં લેખથી જણાવવી.

૧૬ પૌષધ આદિને અંગે તિથિચર્ચા તત્ત્વત૦માં છે. (વીર.)

૧ ચતુર્થ ષષ્ઠઆદિનો અર્થ ચાર છ આદિ થતા તો પછી चतुर्थं भक्तं यावत् કહેવું પડત જ નહિં.

૨ અતીત અને આરંભને સમજે નહિં, સત્તરમું ગયા પછી અને સોલમું બેઠા પછીના અર્થ ન સમજે. પાંચ લાલન અને દશ તાડન પછી સોલમાનો આરંભ ન દેખે અને સોલ પૂરાં દેખે તેની બલિહારીવર્જવામાં અષ્ટમ આખું જાય. नवमद मेसु લખે એ આદિ દશા માટે, અષ્ટમવરિ રિસાઈ માની અષ્ટમને વર્જવું છે તે માર્ગણ ક્યું ? એકલો અંત પૂરણમાં ન હોય તેથી અંતરા અને परिणममाणंसि સરખા વિશેષણો પૂરણાર્થ સાથે હોય છે. જધન્યસ્થાને આદિ જ હોય.

૩ દીક્ષાશબ્દનો અધ્યાહાર થાય પણ પર્યાયની વચમાં ન હોય.

૪ त्रयः पक्षाः એવાં ચોક્ખા પદો છતાં બે કહે તેની બુદ્ધિ કેમ ઘટી ?

૫ મતમતાંતર દર્શનનું કાર્ય પ્રકરણકારો ન કરે અને સામાન્ય ઉંચો નીચો કાલ દેખાડે.

૬ પંચમનો અર્થ આખું પાંચમું (બારે માસ) આવે તેથી જ અપૂર્ણ વિશેષણ હોય, પૂર્ણ જ અર્થ હોય તો आपंचभ्यः કહેવું પડે. અથવા गतेषु पंचसु કહેવું પડે.

૭ જન્માના કૌંસમાં ગર્ભા૦ કરી દઈ તેને શુદ્ધિ કહેનારની સફેદ શુદ્ધિ જ ગણાય.

૮ ૮-૨૦-૧ થી ૨૬ થવામાં ગોટાળો કહેનાર સત્યને સમજે. નિશાળ દવાખાના કચેરી વગેરેમાં આઠમું બેસે ત્યારે આઠ લખાય છે જ.

૯ અલાક્ષણિકપણું તો મકારનું જગા જગા પર આવે છે અને અષ્ટમનો અર્થ આઠ પૂરાં જ ગણવાં એવો અર્થ આઠ વર્ષોમાં પણ નથી શોધી શક્યા.

૧૦ શ્રીમાન્ પુણ્યવિજયજીએ ત્રણે પક્ષને માટે આઠ થી એમ લખ્યું છે, માટે આઠ પછી ન લખવું, એમ સ્પષ્ટ કહેલું છે. કાયદો અઢાર ન કહેતાં પૂરાં એમ કહે છે, ગામમાં પેઠો, ગામમાં છે, ગામથી નીકળ્યો, એ વાક્યો ધ્યાનમાં રાખનાર અષ્ટમના આરંભ વર્ત્તમાન અને અતીતને સ્હેજે સમજશે.

૧૧ મતાંતરો જણાવવામાં મધ્યનું મત ગતાર્થ ન ગણાય તે સમજણવાળો તો સમજે-

૧૨ અષ્ટમનો આઠ પૂર્ણ અને આઠમું એવા બે અર્થ કરનાર કલ્પનાકુશલ કેવો ? તે વળી એક જ પંક્તિમાં ને પ્રકરણમાં કરે તેને શું કહેવું ?

૧૩ માર્ગણાદ્વારના લેખકે જુઠા અર્થો કર્યા છે તેની જ આ સૂચના અને ભવિષ્યનો ઈશારો છે. તે લેખકે જ આના અને પહેલાના ઉત્તરો આપવા. (માર્ગણ)

૧ અપવાદમાં આમર્શ નથી વર્જાયો એ સ્પષ્ટ કેમ ન સમજાય ?

૨ કથીરના શાસનની છાયામાં કોણ કમભાગ્ય લુંપાય ? જિનશાસનમાં તો આશ્રિત થનાર ભાગ્યશાળી જ હોય.

૩ ક્ષયે પૂર્વનો ઉદય અને વૃદ્ધિએ ઉત્તર ઉદય અનુક્રમે અછતો લેવો અને છતાં છોડવો, તો ઉદયની ત્યાં અનિયમિતતા થઈ જ.

૪ ખરતરની ચર્ચામાં અર્થની અનુકૂળતાએ **ग्राह्य** કહ્યું તે વિપરીતપણે લઈને મૂલ **कार्यानो** અર્થ ન માને અથવા તત્ત્વતરંગિણીકાર તેરસનું નામ લેવાનું જ ના કહે છે તે ન માને, તેની દશા જ્ઞાની જાણે પૌષધાદિમાં તિથિ ભેળી હોય નહિં, ફક્ત પૂનમના ક્ષયે તેરસે ચૌદશ કરેલી હોવાથી ચૌદશને દિવસે પૂનમ છે માટે તેનું પણ આરાધન જણાવે છે. **तयोः** એમ દ્વિવચન તો નથી જ.

૫ પરંપરા ચાલી છે તે જુઠી છે એમ કહેનારા શાસ્ત્ર અને પરંપરાને ઉથલાવનારા જ છે.

૬ શાસ્ત્રાનુસારી સ્વર્ગસ્થ હોય કે હયાત હોય તેની અશાતના ભવભીરૂ કરે જ નહિં. પણ આગ્રહી મનુષ્યો જુઠા બચાવ કરે.

૭ કર્મમાસે ક્ષય છે પણ વૃધ્ધિ નથી એ સશાસ્ત્ર અને વિચારપૂર્વક જ લખ્યું છે, પણ કર્મમાસમાં જૈનશાસ્ત્ર તિથિની વૃધ્ધિ માને છે એ કથન જુઠું છે જ.

૮ પૂનમના ક્ષયે તેરસનો ક્ષય માનો એટલે અમાવાસ્યા ક્ષયે તો આપોઆપ આવે, ભેળસેળપંથીને તો તેરસ કે ભૂલથી પડવો એ બન્ને નકામા છે.

૯ જુઠું જાણ્યા પછી પણ સત્યપણ પોકારવું એ શાસનની અને પ્રવચનમાં તો ન જ હોય.

૧૦ પંચાંગોને લીધે લખવાનો ખુલાસો છતાં પોલ ખુલ્લી પડવાથી સજ્જનતાને તિલાંજલિ અપાય છે. (વીર !)

તા.ક. ક્ષયના પ્રસંગે પૂર્વ તિથિના ઉદય અને સમાપ્તિ બન્નેની અને વૃદ્ધિમાં પૂર્વના ઉદયની કચુંબર કરનારા શું જોઈને ઉદયની હઠ પકડે છે. ક્ષય વૃધ્ધિ સિવાયમાં ઉદય લેવાય છે જ.

૧ પલ્લીવાલલોકો હજારો વર્ષથી શ્વેતાંબર જૈન છે, એને માટે ભાવનગરથી બહાર પડેલ લેખમાલાના ૧૩૯૭નો લેખ ૬૫ મો અને ૧૫૧૦ નો લેખ ૨૬૧મો જોવો. વળી એ પલ્લીવાલોની શ્વેતાંબરતાને લીધે તો શ્વેતાંબરમાં આખો પલ્લીવાલ નામે ગચ્છ થયો છે. જુઓ ૧૫૦૭નો ૨૨૧મો લેખ. વળી આત્માનન્દ સભાવાળા લેખસંગ્રહમાં પણ ૧૩૫૬નો ૫૭મો તથા ૧૩૦૦નો ૫૪૫ નંબરનો પલ્લી અને પલ્લીજ્ઞાતીયનો સ્પષ્ટ છે. વળી ૧૬૮૧નો ૪૧૯ નંબરનો લેખ પલ્લીવાલગચ્છનો ચોક્ખો છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પલ્લીવાલજ્ઞાતીય શ્વેતાંબર સંપ્રદાયની છે. તે પલ્લીવાલોને દિગંબર ઠરાવવાની ચેષ્ટા કેવલ અધમાધમ છે. માટે દિગંબરીયો આત્યકાલ સુધી શ્વેતાંબરનાં તત્ત્વાર્થાદિ શાસ્ત્રો શ્રીકેશરીયાજી આદિ તીર્થો અને અનેક પુબડ આદિ જ્ઞાતીયોને પોતાના ઠરાવવા તનતોડ ખોટી મહેનત કરી છે છતાં હજુ તેઓ પોતાની તે અધમવૃત્તિ છોડે તો સારૂં છે.

૨ મૂલાચારનામનો દિગંબરનો ગ્રંથ આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય અને પયન્નાઓની

ગાથાઓ ઉઠાવી બનાવાયો છે. શ્રીસ્થાનાંગસૂત્રનું વ્યાખ્યાન વાંચ્યું હોત તો સ્પષ્ટ માલમ પડત કે વાચનાદિ ચાર પ્રકારના સ્વાધ્યાય માટે પ્રથમાદિ સંધ્યાઓ અયોગ્ય ગણી છે, અને તે અસ્વાધ્યાયમાં શ્રુતની અભક્તિઆદિ દોષો છે. ધ્યાનનો વ્યાઘાત વર્જવા અસજઝાય છે. એ કથન કોઈ પ્રકારે માન્ય કરે તેમ નથી. તો બીજી પૌરૂષી ધ્યાનનો વખત છે. પણ અસજઝાય નથી. શ્વેતાંબરો નથી અર્હદભગવંતોને વાણીરહિત માનતા અને નથી તો સંધ્યાકાલે જિનેશ્વરનો સભાબંધીએ ઉપદેશ માનતા,વ્યવહારના પાઠથી તથા **पठंति** એવું કહીને વાચનાદિ સ્વાધ્યાય જ ધીમેથી કરવા કહે છે.

૩ શ્રીતત્વાર્થસૂત્રમાં જ **दर्शनविशुद्धिविनय-संपन्नता** આદિ કારણો દેખાડનાર જિન નામ કર્મમાં દર્શન હેતુ નથી એમ કહી શકે ? રાગ જોડવા હોય તો **सरागसंयमनी** માફક જ કહેવાની જરૂર છે. અપ્રમત્તમાં જિન કર્મબંધ છે કે ? ત્રણ નરક અને દેવલોકમાં જિન નામકર્મનો બંધ છે કે નહિં ?

૪ સ્વભાવની અભિવ્યક્તિને અંગે ભવ્યત્વ નથી પણ ભવ્યત્વને અંગે અભિવ્યક્તિ છે. ભવ્યત્વ એ અનાદિપારિણામિક ભાવ છે. વળી નિગોદમાં જ રહે છે એવા પણ ઘણા ભવ્યો છે, બધા ભવ્યો અલ્પજ્ઞ નથી, સદોષ નથી, રાગી નથી.

૫ આખરે દિગંબરે માન્યું કે દક્ષિણના વસવાટ પછી દિગંબર મત થયો અને તેઓ માલવામાંથી જુદા પડ્યા. માધુકરીવૃત્તિ સર્વત્યાગીની છે તે દિગંબરોને પાત્રાદિ છોડવાથી છોડવી પડી, અને એષણાસમિતિને જલાંજલી આપી એક જ ઘરમાં ખાવું શરૂ કરવું પડ્યું. દુષ્કાલને લીધે વસ્ત્રપ્રાય રાખવા માંડ્યા એ કથન તો કાલજ્ઞા વગરનો માને, અને કહે. શ્રીભદ્રબાહુસ્વામી સુધી જિનકલ્પ હતો એમ કોઈ જૈનઆગમ કહેતો નથી. શ્રીજંબુસ્વામીજીના મોક્ષ પછી જિનકલ્પનો વ્યુચ્છેદ કહે છે. તત્ત્વાર્થકાર મહારાજા જ વેદ અને લિંગની ભજના જણાવે છે, અને ટીકાકારો પણ કલ્પલિંગની ભજના જણાવે છે માટે શ્વેતાંબરોએ નથી તો નવી સરલતા કરી અથવા નથી તો તેમ કરવાનું પ્રયોજન. પરંતુ દિગંબરોને નાગાપણાનો આગ્રહ થવાથી અન્યલિંગાદિના મોક્ષને ઉઠાવીને ઉત્થાપક થવું પડ્યું છે. જૈનઆગમમાં કૂરગડુએ ખાધુ એમ કહ્યું જ નથી. સ્થાનકવાસી તો તમારી પેઠે ચોપડા ચોરની માફક આગમો નથી માનતા એમ નથી. અમોલખઋષિએ લખેલો અર્થ જુઠો છે. સંપ્રદાય મોહથી તેમ લખ્યું હોય તો તે જાણે. તમારા સાધુઓ કુવા આદિથી પાણી લાવતાં અને અન્નાદિ લાવતાં અને બનાવતાં જોડે રહે છે કે જેથી અનુચ્છિષ્ટ જ છે એ નિશ્ચય થાય.

૬ સુ. મિઠનલાલજીના પત્રમાં માત્ર પુસ્તક મોકલ્યાનો વાત છે. તેનો કહેલો ભાવાર્થ માત્ર લેખકની કુટિલતા જ સુચવે છે.

(દિગં. જૈનદ.)

મુંબઈના ગ્રાહકોને તાકીદની સૂચના

આથી જણાવવાનું કે હજું કેટલાંક ગ્રાહકોના લવાજમ બાકી છે તેઓને વિનંતિ છે કે આ પત્ર વાંચેથી બે દિવસમાં લવાજમ તુરત ભરી જવું. જો તેમ કરવા ઢીલ થશે તો મુંબઈ ખાતે પણ વી. પી. થી લવાજમ વસુલ કરવા પડશે જેથી નાહકનું નવ આના જેટલું વધુ ખર્ચ ભરવું પડશે. એ જ...

તંત્રી.

શ્રી પ્રવચન પરીક્ષાની અદ્વિતીય મહત્તા

જૈનશાસ્ત્રોમાં સૂત્રોના ચાર વિભાગો દ્રવ્યાનુયોગઆદિરૂપે કરવામાં આવેલા છે. પરંતુ તે ચારે અનુયોગોમાં દ્રવ્યાનુયોગને મોક્ષમાર્ગના મૂલરૂપે મહત્તા મળી શકે છે, કારણ કે નિર્યુક્તિકાર ભગવાન જણાવે છે કે **दविए दंसणसोही** અર્થાત્ મોક્ષ પ્રાપ્તિના મૂલમાર્ગરૂપ સમ્યક્ત્વની નિર્મલતા દ્રવ્યાનુયોગથી થાય છે. વળી એ બીના પણ જૈનોની ધારણા બહાર નથી કે ક્રિયાના વિષયમાં અનેકપ્રકારની સામાચારી હોય પણ તેથી મોક્ષની પ્રાપ્તિને બાધ ન આવે, અને તેથી જ ચૂર્ણિકાર મહારાજા સરખા તથા ખુદ મૂલસૂત્રકારો પણ સામાચારીના ભેદો માને છે. એટલે ક્રિયાની નિયમિતતા ન કરી શકાય. તેમ જ સમ્યગ્જ્ઞાનને અંગે બારમા ગુણઠાણા સુધી ચાર જ્ઞાનવાળા જાય તેમ માત્ર અષ્ટપ્રવચન માતાના જ્ઞાનવાળા પણ જાય. અર્થાત્ ક્રિયા અને જ્ઞાનની અનિયમિતતા મોક્ષમાર્ગમાં ધારવી, નહિં હોય તો ન ચાલે પણ અનિયમિતતા ચાલે પણ શ્રદ્ધાની અનિયમિતતા મોક્ષમાર્ગમાં ચાલી શકે જ નહિ અને આજ કારણથી **वयभक्खरं च इक्कंपि** એમ કહી શ્રદ્ધાની ન્યૂનતાને શાસનમાં સ્થાન નથી એમ શાસ્ત્રકારોએ નક્કી કરેલું છે અને તેથી જ **सव्वगयं सम्मत्तं** એમ નિશ્ચિત થયેલું છે, આ કારણથી તો દ્રવ્યાનુયોગનાગ્રંથોને શાસનપ્રભાવક શાસ્ત્રો તરીકે માન્યા છે, અને તેવા શાસ્ત્રોના જ્ઞાનની રક્ષા માટે તો સાધુમહાત્માઓને ચોમાસામાં પણ વિહાર કરવાની શાસ્ત્રો આજ્ઞા આપે છે. કહેવું જોઈએ કે શાસ્ત્રકારમહારાજાઓએ યથાસ્થિત પદાર્થની શ્રદ્ધા લોકોને થાય અથવા થયેલી હોય તેની દૃઢતા કે વૃદ્ધિ થાય તેની ઘણી મોટી જરૂરીયાત જોઈ છે. વળી જૈનજનતા એ વાત પણ સારી રીતે જાણે છે કે જૈનશાસ્ત્રોમાં જ્ઞાની અને વ્રતવાળા તેઓ જ મનાયા છે અને મનાય છે કે જેઓ સમ્યગ્દર્શનને ધારણ કરનાર હોય. તત્ત્વાર્થ ભાષ્યકાર મહારાજ પણ **उत्तरलाभेतु नियतः पूर्वलाभः** એમ કહીને પણ એ જ સૂચવે છે કે મોક્ષમાર્ગને અંગે પ્હેલો લાભ સમ્યગ્દર્શનનો થવો જ જોઈયે, વળી એ પણ સમજવા જેવું છે કે અલ્પારંભ પરિગ્રહવાળો થઈને યાવત્ અગીયારમી પ્રતિમા સુધી પહોંચીને પાંચમા ગુણઠાણાવાળો શ્રાવક શ્રમણભૂત એટલે સાધુ સમાન ગણાય છે તેની ગતિ પણ એકલા સમ્યગ્દર્શનને ધારણ કરનારાઓના સરખી જ છે. એટલે બન્નેની અચ્યુતદેવલોક સુધીની જ ગતિ થાય છે. આ હકીકત દેશવિરતિની કિમ્મત ઓછી આંકવા માટે નથી. કેમકે દેશવિરતિથી થયેલી આરાધના તેના કાર્યભૂત શ્રમણધર્મને આ ભવ કે ભવાંતરે જરૂર લાવશે, તેટલું એકલું સમ્યક્ત્વ નહિં લાવી શકે.

પણ સમ્યક્‌ત્વની મહત્તા કેટલી બધી છે. એ જણાવવા પૂરતું જ આ કથન છે. સજ્જનો સુજ્ઞ હોય તે તાત્પર્ય સમજે, પણ કેટલાક પરવચનીઓ ભાવાર્થ ન સમજે તેને માટે આ ખુલાસો કરવો જરૂરી છે. તાત્પર્ય એ છે કે દેશવિરતિની ઉત્કૃષ્ટતા છતાં જે ગતિ થાય એ ગતિ એકલું સમ્યકત્વ મેળવી શકે છે. ભગવાન મુનિસુવ્રતસ્વામીજીએ એકઘોડોના જીવને સમ્યક્‌ત્વ થવાથી પોતાનો રાત્રિની વખતનો સાઠ યોજન જેટલો લાંબો વિહાર પણ સફલતાવાળો વર્ણવ્યો હતો. ભગવાન મહાવીર મહારાજે શ્રધ્ધાની ખાતર કુંડકોલિકના ઘરે ઠામડાં સુકાતાં હતાં ત્યાં જઈ ઉપદેશ કર્યો હતો. ભગવાન પાર્શ્વનાથજી મહારાજે સાચીશ્રદ્ધાને અંગે જ કમઠતાપસની સાથે વાદ કર્યો હતો. આ બધી હકીકત વિચારતાં સ્પષ્ટ સમજાશે કે ભગવાન તીર્થંકરોએ અને તેમના શાસનના ધુરંધર આચાર્યોએ શ્રદ્ધાની ઉત્પત્તિ અને રક્ષા માટે અનહદ પ્રયત્નો કર્યા છે. આ સ્થાને એકવાત ઉપર ધ્યાન ખેંચવાની જરૂર છે કે કુંડકોલિકને ભગવાન મહાવીર મહારાજે સમજાવ્યો તે કેવલ ગોશાલાના નિયતિવાદ એટલે ભવિતવ્યતાના એકાંતને દૂર કરવા માટે જ હતું. યાદ રાખવું કે ગોશાલાની માન્યતા ભગવાન શ્રીઋષભદેવાદિક ત્રેવીશ તીર્થંકરોને માનવાની તો હતી જ, ગોશાલો પોતે ચોવીશમો તીર્થંકર બનવા માંગતો હતો. એટલે આ ઉપરથી સમજી શકાય તેમ છે કે ભગવાન અરિહંતને દેવ માને શુદ્ધ સાધુને ગુરૂ માને કે ભગવાન જિનેશ્વર મહારાજે કહેલા તત્ત્વને ધર્મ માને એટલે સમ્યક્‌ત્વવાળો થયો અને તેની સાથે વાદવિવાદ ન હોય અથવા તેઓની મંતવ્યતાનું ખંડન ન હોય, એમ નથી.અને જો એમ હોય તો પછી ગોશાલાના મતના ખંડનનો પ્રસંગ જ ન હોય, વળી જમાલિ પણ દેવ ગુરૂ ધર્મને તો માનતો હતો. છતાં તેને શાસ્ત્રકારોએ સાચી શ્રધ્ધાવાળો ગણ્યો નથી.

આ બધું કહેવાની મતલબ એ છે કે જેમ અન્યમતવાળાઓએ નિરૂપણ કરેલ પદાર્થોની અસત્યતા જણાવવી જરૂરી ગણાય, તેમ વ્યવહારથી સમ્યક્‌ત્વવાળા ગણાતા અથવા કહેવડાવનારાના પણ અસત્યપદાર્થોની કદાચિત્ શ્રદ્ધા થાય,તો તે પણ સમ્યક્‌ત્વને અંગે પાલવતું નથી અને આજ કારણથી જેમ સૂત્રકારઆદિ મહારાજાઓએ નાસ્તિકાદિ અને અજ્ઞાનવાદિઓના પદાર્થોનું અસત્યપણું જણાવ્યું છે, તેવી જ રીતે ભગવાન જિનેશ્વર મહારાજના શાસનને માનીએ છીએ એમ કહેનારાઓના પણ અસત્યનું અસત્યપણું સાબીત કરીને ભવ્યોને સાચી શ્રદ્ધાવાળા કરવાની ઓછી જરૂર નથી જોઈ. અને તેથી જ શ્રીસુયગડાંગજીવ વગેરેમાં અજ્ઞાનવાદિઓના ખંડનની માફક શ્રીભગવતી વગેરે શાસ્ત્રોમાં જમાલિ આદિનો વાદ અસત્ય દર્શાવવામાં પ્રયત્ન થયો છે. જેમ દર્શનને માનનાર તરીકે ઉન્માર્ગની પ્રરૂપણા કરનાર એકલા ગોશાલા અને જમાલિનું જ ખંડન શાસ્ત્રકારોએ કરેલું છે એમ જ નથી પણ શ્રીઠાણાંગસૂત્ર, આવશ્યકનિર્યુક્તિ, ઉત્તરાધ્યયન નિર્યુક્તિ અને વિશેષાવશ્યકભાષ્ય આદિ અનેકસ્થાને જમાલિઆદિ નિન્હવો કે જેઓની માન્યતા દ્રવ્યથકી સમ્યક્‌ત્વવાળી શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મને માનવાની હોય છે તેઓનું વિસ્તારથી અનેક હેતુ યુક્તિયોથી ખંડન કરાયેલું છે. કેટલાકનું કહેવું એવું થાય છે કે નિન્હવ આદિ વિરોધિયોનું ખંડન શાસ્ત્રદ્વારાએ કરાય. પણ કોઈપણ જૈનનામધારીનો અસહકાર ન કરાય, આવું કહેવાવાળા જો પોતાની અશક્તિને અંગે અસહકાર ન કરવાની વાત કરે તો એ જુદી વાત છે, પણ જો અસહકાર કરવો લાયક નથી એમ કહેતા હોય તો ભગવાન દુર્બલિકા પુષ્પમિત્ર આદિ શાસન ધુરંધરોને ગોષ્ઠામાહિલ આદિનો સકલસંઘસમક્ષ બારે પ્રકારનો કેવો નિયમિત અસહકાર કરવો પડ્યો છે તે આવશ્યક આદિ શાસ્ત્રો સ્પષ્ટપણે જણાવે છે. ધ્યાન રાખવાની જરૂર છે કે જ્યારે જૈનધર્મને માનનારાઓના હાથમાં રાજ્યસત્તા નહોતી ત્યારે

માત્ર અસહકાર જ કરાયો, પણ જે વખત રાજ્યસત્તામાં જૈનધર્મનો પ્રવેશ થયો ત્યારે આચાર્ય ભગવાન શ્રીદેવસૂરિજીની વખતે દિગંબરોને મહારાજા સિદ્ધરાજજયસિંહસોલંકીયે ગુજરાતથી બહાર કાઢયા, અને આ વાત ગુજરાતમાં દિગંબરોની વસ્તિ નહિ અથવા નહિં જેવી હોવાથી અને માત્ર વર્ત્તમાનમાં બહારથી આવેલી અલ્પસંખ્યા હોવાથી સ્હેજે સમજાય તેમ છે. વળી રાજર્ષિ શ્રીકુમારપાલ મહારાજે પૂનમની પક્ખી માનનારાઓને પાટણથી બહાર કાઢયા હતા. જેથી છુપી રીતે આવનાર ને સાઢપુનમીયા થવું પડ્યું હતું. શ્રદ્ધાહીન પોતે બની બીજાની શ્રદ્ધા ફેરવનારાઓનો અસહકાર અને બહિષ્કાર જ મહાપુરૂષોએ કર્યો છે એમ નથી, પણ ઇંદ્રમહારાજે સજા કરી જેમ અયોગ્ય રીતે ભગવાનને ઉપસર્ગ કરનાર સંગમને નિર્વાસનની અને અન્યદેવોએ યષ્ટિમુષ્ટિ આદિથી તર્જના કરી. હરિકેશિને ઉપદ્રવ કરનાર છાત્રોને તિદુક્યક્ષે લોહી વમતા કર્યા. વિષ્ણુકુમારમહર્ષિ કે જેઓ ચંપા(ભાગલપુર)પાસેના મંદાર (મંદર) પર્વત ઉપર ચોમાસું હતા, તેમણે હસ્તિનાપુર આવી નમુચિને શિખામણ આપી છતાં તે ન માની ઉપઘાતનો મારગ આદર્યો તેથી પ્રાણાંત સજા કરી. નિન્હવોને અંગે પણ સુદર્શનાની સાડી કુંભારે બાળી. માણિભદ્રયક્ષે બેઈંદ્રિયોના ઉપયોગવાળાને આરક્ષકશ્રાવકોએ સમુચ્છેદવાદીને ભક્તશ્રાવકોએ સમુચ્છેદવાદીને શિક્ષાને જોરે સાચામાર્ગમાં આણ્યા છે. આ બધી હકીકત તપાસનારા સ્પષ્ટપણે સમજી શકશે કે માર્ગથી વિરૂદ્ધ એવી પ્રરૂપણાઓ કરીને લોકોને ભમાવનાર જો ભોગી કે ત્યાગી કોઈપણ હોય તો તે અસહકાર બહિષ્કાર અને શિક્ષાને લાયક જ છે. જો કે જગતમાં ગુન્હેગારો જેમ સજાના કડકપણા સામે અણગમો દર્શાવે છે અને સત્તાને શ્રાપ આપે છે, તેમ વર્ત્તમાનના શ્રદ્ધાહીનો અને શાસનવિડંબકો અસહકાર બહિષ્કાર અને શિક્ષાને ઉડાવવા અને ઉઠાવવા ભગીરથ પ્રયત્નો કરે છે, પણ શ્રદ્ધાહીન થઈને. બીજાને શ્રદ્ધાહીન કરાવનારાઓના શાસનસેવકો તો પોતાના અને શાસનના બચાવ માટે અસહકારક આદિમાં પ્રવર્ત્તે એ કોઈપણ પ્રકારે અયોગ્ય છે એમ તો સુજ્ઞ મનુષ્ય કહી શકશે જ નહિં. સુજ્ઞ મનુષ્યને સમજવું ઘણું જ સ્હેલું છે કે વિચાર અને માન્યતાના ભેદવાળાઓને દગલબાજ રાજ્યદ્રોહીની માફક સત્પુરૂષોથી છેટા કરી નાંખવા જ જોઈએ. જો યુવકો સાચા અંતઃકરણવાળા અને પ્રામાણિકમતભેદવાળા હોય તો તેઓએ પોતે જ પોતાના વિચારો અને માન્યતા જુદી હોય તો ખસી જવું જ જોઈએ. આપણે જોઈ શકીએ છીએ કે પ્રામાણિક એવા રાજ્યના અધિકારિઓ પોતાના અભિપ્રાયથી વિરૂદ્ધ જ્યારે રાજ્ય અમલ હોય છે ત્યારે હોદ્દાનાં રાજીનામાં સ્વયં રજુ કરી દે છે અને સંસ્થાના ઉદ્દેશો પોતાને કબુલ નથી હોતા તો સંસ્થામાંથી પણ રાજીનામાં આપી નીકળી જાય છે. કેટલાકોનું કહેવું એમ થાય છે કે ગચ્છવિભાગનો કાલ જે તેરમીસદીનો માનવામાં આવે છે તેની પહેલાના કાલમાં નિન્હવ તરીકે જાહેર કરવાનું બન્યું હોય અથવા આગમના પુસ્તકારોહના પૂર્વકાલીન ઉત્થાપકો નિન્હવો ગણાયા હોય, તેથી જ સાત નિન્હવોની ગણતરી થઈ છે, માટે પુસ્તકારોહ પછી કે ગચ્છભેદની સદીથી કોઈને નિન્હવ કહેવો વ્યાજબી નથી. આવું કહેનારાઓએ સમજવું જોઈએ કે પુસ્તકારોહ કે ગચ્છભેદ પછીથી કદાચ કોઈને નિન્હવ તરીકે જાહેર કરવામાં ન આવે, પણ જેઓ એક પણ પદાર્થનો ઉત્થાપક બને તે શું ઉત્થાપકપણાના દોષમાંથી બચી જશે ? વળી આચાર્યમહારાજ-શ્રીમલયગિરિજી सत्तोया એ વાક્યમાં સાતની સંખ્યાને ઉપલક્ષણ તરીકે ગણી ઉપધાનના ઓળવનારને સ્પષ્ટપણે નિહ્નવ તરીકે જણાવે છે. (જુઓ પત્ર ૪૦૧) જો કે આચાર્યમહારાજ હીરસૂરિજી વગેરે સાત સિવાયને નિહ્નવ ન કહેવો એમ ફરમાવે છે, પણ તે માત્ર પરસ્પર ક્લેશને

નિવારવા માટે જ છે, અને તેથી નિન્હવ કહેવો નહિં એમ જણાવે છે, પણ તેથી કંઈ નિન્હવ થનારનું નિન્હવપણું મટી જતું નથી. એમ જો માનવામાં ન આવે તો શું તે ઉપધાન અપલાપ કરનાર આદિને માટે અશનાદિ અકલ્પ્ય ગણવા કોઈ તૈયાર છે ? કેમકે પાસત્થાદિના શય્યાતરો અને આધાકર્મ વર્જવાનું છે. અવ્યક્ત તરીકે નિન્હવોને ગણેલા હોવાથી તેના નિમિત્તે કરેલું વર્જવાનું નથી. વળી શ્રીહરિભદ્રસૂરિજી અને બીજા પણ પ્રવચન વેદિયો સાત સિવાયના દિગંબરોને તો નિન્હવથી પણ વધારે ગણી તેનો અધિકાર નિન્હવમાં લે છે અને તેને સર્વવિસંવાદી નિન્હવ તરીકે માને છે અને તેથી જ તેને માટે કરેલા અશનાદિની ભજના પણ નથી રાખતા. આ બધી નિન્હવોની વિચારણાને મગજમાં લેનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે અરિહંતો મહ દેવો વગેરેને માનવારૂપ દ્રવ્યસમ્યક્ત્વ કરતાં પણ પદાર્થની યથાસ્થિત શ્રદ્ધા થવી એ ઘણી મુશ્કેલ છે પણ ઘણી જરૂરી છે. ખરતર ગચ્છીયજિનલાભ જે શ્રી હીરસૂરિજીથી પછી થયેલ છે તેઓ આત્મપ્રબોધગ્રંથમાં ઢુંઢીયાને નિન્હવ સિદ્ધ કરે છે.

આ કારણથી ભગવાન્ ઉત્તરાધ્યયન સૂત્રકાર વગેરે ચાર મનુષ્યાદિ અંગેની દુર્લભતા જણાવતાં **माणुसत्तं सुई सद्धा** એમ કહી શ્રદ્ધાની દુર્લભતા જણાવે છે. અર્થાત્ સમ્યક્ત્વના પરિણામ કરતાં શ્રદ્ધાની પ્રાપ્તિ દુર્લભ છે, એમ સ્પષ્ટ કરે છે. ઉત્તરાધ્યયન નિર્યુક્તિકાર મહારાજ પણ **सम्मदिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ । सद्दहइ असब्भावं अणभोगा गुरुनिओगा वा ॥१॥** સમ્યગ્દૃષ્ટિ જીવ જૈનશાસનના સદભૂત પદાર્થોનો જે ઉપદેશ થાય તેની તો જરૂર શ્રદ્ધા કરે, પણ ગુરૂપરંપરાએ કોઈ પદાર્થ વિપરીત રીતે ચાલ્યો આવતો હોય અને તે પ્રવચનથી વિરૂધ્ધ છે એમ ન માલમ પડતાં તે સૂત્રાનૂસારિ છે એમ મનાયો હોય તો તેવી વખતે તે દ્રવ્યસમ્યક્ત્વથી શોભિત છતાં પણ અસત્યપદાર્થની શ્રદ્ધાવાળો રહે, માટે જ સાચી શ્રદ્ધા દુર્લભ છે વળી પોતાની અજ્ઞાનતાને લીધે કોઈ પદાર્થ શાસ્ત્રથી વિરૂધ્ધ હોય છતાં પણ સાચો મનાઈ જાય ત્યારે પણ સાચી શ્રદ્ધા દુર્લભ છે, માટે ચાર અંગોમાં સમ્યક્ત્વને સ્થાન ન આપતાં શ્રદ્ધાને સ્થાન આપવામાં આવ્યું છે એમ કહેવાય. જો કે કેટલાક ટીકાકારો ગુરૂની પરંપરાથી આવેલા અસદ્ભાવને માનવામાં કે અજ્ઞાનથી શાસ્ત્રથી વિરૂધ્ધ એવા પદાર્થોની શ્રદ્ધા થાય તેમાં સમ્યગ્દૃષ્ટિપણું રહે એમ કહે છે, પણ તેને માટે શ્રી શાન્તિસૂરિજી મહારાજ ફરમાવે છે કે જો ગુરૂના વચનથી પણ અસદ્ભાવને માનવામાં સમ્યક્ત્વની ક્ષતિ ન હોત તો જમાલિના શિષ્ય અને શિષ્યાઓને જમાલિને છોડી ભગવાન મહાવીર મહારાજ પાસે આવવું પડત જ નહિં. આમ છતાં પણ એમ તો કહી શકાય કે આચાર્ય ભગવાન શ્રીહરિભદ્રસૂરિજી પંચવસ્તુમાં શ્રુતધર્મથી દ્રવ્યસમ્યક્ત્વ થવાનું જણાવી તેના સ્વરૂપમાં ભગવાન્ અરિહંતમહારાજે કહેલા જીવાદિ તત્ત્વો કબુલ કરે તે દ્રવ્યસમ્યક્ત્વ ગણાય અને યથાસ્થિત તે જીવાદિ પદાર્થોની શ્રદ્ધા થાય તેને ભાવસમ્યક્ત્વ કહેવાય.અને આ ભાવ સમ્યકત્વ પૂર્વે જણાવેલા દ્રવ્યસમ્યકત્વ કરતાં અનંતગુણશુદ્ધિવાળું છે એમ જણાવે છે. એટલે ગુરૂપરંપરાથી કે અજ્ઞાનથી અસદ્ભાવ પદાર્થોની શ્રદ્ધા રાખનારને દ્રવ્યસમ્યક્ત્વવાળા ગણીયે અને યથાસ્થિતપણે પદાર્થોને માનનારા ભાવ સમ્યક્ત્વવાળા છે એમ માનીયે તો જમાલિના શિષ્યોને ભાવસમ્યક્ત્વ માટે ભગવાન પાસે આવવું પડે અને ભગવાન વાયુભૂતિ કે ગૌતમસ્વામી સરખાને પણ યથાર્થ પદાર્થને ન માનવાનું થયાં છતાં પણ સર્વજ્ઞવચનની પ્રતીતિ હોવાથી સમ્યક્ત્વવાળા માનવામાં પણ અડચણ આવે નહિં. આ કારણથી શ્રીઉત્તરાધ્યયનસૂત્રકાર વગેરે મહાપુરૂષોએ ચાર અંગોની દુર્લભતા

જણાવતાં सम्मं એમ કહેવા કરતાં ભાવસમ્યક્ત્વની દુર્લભતા જણાવી सद्धा એમ જણાવ્યું છે એમ ચોક્કસ મનાય.

આ ઉપર જણાવેલનો પરમાર્થ એટલો જ છે કે જેમ અન્યમતના અસદ્‌ભૂત પદાર્થની શ્રદ્ધા સમ્યક્ત્વને નુકશાન કરનાર છે તેવી જ રીતે સ્વમતના અપદાર્થની શ્રદ્ધા થાય કે યથાસ્થિત શ્રદ્ધા ન થાય અથવા વિપરીત પદાર્થની શ્રદ્ધા થાય તો તેથી પણ યથાસ્થિત પદાર્થની શ્રદ્ધારૂપ ભાવસમ્યક્ત્વને તો બાધ થાય જ છે અને આ જ કારણ તપાસતાં માલમ પડશે કે જમાલિ વગેરેના વાદોનો શાસ્ત્રકારોને જે વિરોધ કરવો પડ્યો છે તે યોગ્ય જ છે એમ માલમ પડશે.

કેટલાકો વળી કહે છે કે જ્યાં તત્ત્વભેદ હોય ત્યાં જ વિરૂદ્ધતા ગણવી, પણ ક્રિયા તો એવી ચીજ છે કે તેના ભેદથી સમ્યક્ત્વનો કે મોક્ષમાર્ગનો ભેદ પડતો નથી. અર્થાત્ ક્રિયાના ભેદની વિરૂદ્ધતાના ખંડનમાં કે પોતાની ક્રિયાના મંડનમાં ઉતરવું વ્યાજબી નથી. આવું કહેનારાઓ જો કે પરસ્પરની વિરૂદ્ધતાવાળી લાગણીને શાંત કરવાનો ઉદ્દેશ જણાવે છે. જો કે વિરૂદ્ધતાની લાગણી શાંત થાય એ કોઈને અનિષ્ટ નથી, પરન્તુ સત્યના રક્ષણ પૂર્વક જો વિરૂદ્ધતાની લાગણી શાંત થાય તો જ તે ઈષ્ટ છે. બાકીના સત્યના ભોગે જો શાંતિ ઈચ્છવા લાયક ગણીયે તો શ્વાસના દરદથી હેરાન થનારને શ્વાસથી રહિત કરી દેવા જેવું જ થાય. વળી એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જમાલિ વિગેરે નિન્હવો કાંઈ જીવાદિ પદાર્થને નહિં માનનારા તો નહોતા જ. વળી ગોષ્ઠામાહિલ નામના નિન્હવને તો એક સામાયિકસૂત્રમાં મર્યાદા દેખાડનાર जावज्जीव શબ્દ ન બોલવા માટે જ નિન્હવ ઠરાવવામાં આવેલો છે. અને સર્વજ્ઞ ભગવાન સીમંધરસ્વામીજીએ તે ગોષ્ઠામાહિલને સાતમો નિન્હવ છે એમ સ્પષ્ટ જણાવ્યું પણ છે. એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ધાર્મિક ક્રિયા જો મોક્ષને સાધનારી છે અને सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः એ વિગેરે વાક્યોથી જો ચારિત્ર એ મોક્ષનું સાધન છે, એટલું જ નહિં. પરન્તુ ચારિત્ર વિનાનાં સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાન પણ મોક્ષનો માર્ગ બનવાને લાયક નથી, તો પછી મોક્ષના મુખ્ય સાધનભૂત જે ચારિત્ર તેના વિપર્યાસમાં કે અશ્રદ્ધાનમાં વિરોધ ન હોવો જોઈએ એ કહેવું સાચા જૈનને તો શોભે જ નહિં. વળી તે કહેનારાઓએ વિચાર કરવાની જરૂર છે કે બંધના કારણો અધિકરણિકી આદિ ક્રિયાઓ છે તથા સંવર અને નિર્જરા જે મોક્ષનાં સાધનો છે તેનાથી વિપરીતતા એ મોક્ષમાર્ગનો વિરોધ ન ગણાય એવું કોણ કહી શકે ? વળી જેઓ શાસ્ત્રના વાક્યોને જાણે તથા માને છે તેઓને તો सव्वगयं सम्मत्तं એ પદ માન્ય હોવાથી કોઈપણ પદાર્થની કે ક્રિયાની વિરૂદ્ધતા ચલાવી લેવાની રહે જ નહિં. વળી જો ક્રિયાના ભેદદ્વારા સમ્યક્ત્વને કોઈ પણ પ્રકારે બાધ ન આવતો હોત તો ભગવાન ગણધર મહારાજા સામાચારીના અને માર્ગના ભેદથી કાંક્ષામોહનીયનો ઉદય અને વિપાક જણાવી તે રાખવો નહિ એમ જણાવત જ નહિં. આ સ્થળે જરૂર એવી શંકા થશે કે જ્યારે એમ છે તો પછી પરંપરાગત સામાચારીના ભેદને ચૂર્ણિકાર મહારાજા વગેરે કેમ પ્રમાણિક ગણે છે. આ શંકાના સમાધાનમાં સમજવાનું કે પરંપરાગત સમાચારીના ભેદો તપ અને વન્દનઆદિકની અપેક્ષાના છે અને તે પણ અન્યસામાચારી ભેદોના ખંડન વગરના છે. અર્થાત્ કષાયથી પ્રવર્ત્તાવેલા સામાચારીના કે ક્રિયાના ભેદો હોય અને પાછા તે આગ્રહથી થાપવામાં આવે અને સન્માર્ગની અને શાસ્ત્રાધારે થતી ક્રિયાનું ખંડન

કરવામાં આવે તો જરૂર તે મતોનું નિન્હવોના મતના ખંડનની માફક ખંડન કરવું એ જ પૂર્વધરોની માફક સર્વશાસનાનુરાગિયોને યોગ્ય છે. એટલું તો ચોક્કસ સમજવું કે વિરૂદ્ધપદાર્થનું ખંડન કરતાં, પણ વિરોધિ ઉપરની ભાવઅનુકંપા ખસવી જોઈએ જ નહિં. અર્થાત્ સ્વમતનું મંડન અને અસત્યનું ખંડન એ બન્ને માર્ગપ્રતિપાદનની દૃષ્ટિએ થવું જોઈએ, અને તેમ કરવું એ દરેક મુમુક્ષુનું કર્ત્તવ્ય જ છે.

જો કે સરાગદશાની હયાતી સુધી ઉન્માર્ગે જવાવાળા ઉપર વસ્તુતાએ તેને દૂષણથી બચાવવારૂપ ભાવદયા હોવા છતાં પ્રાયે ઉન્માર્ગે ચઢેલાઓ ઉન્મત્તતાને પામે એ સ્વભાવિક જેવું છે અને તેથી ઉન્માર્ગના ઉન્મત્તોને શાસ્ત્રના નેત્રોનું દાન કરી તે ઉન્મત્તતા ટાળી શકાય, પણ તે ઉન્માર્ગનું ગમન અત્યંત ઉન્મત્તતાવાળું થયેલું હોય છે ત્યારે તેને શાસ્ત્ર ચક્ષુ કાર્ય કરનાર થતી નથી. એકલી શાસ્ત્રચક્ષુ કાર્ય કરનાર નથી થતી એટલું જ નહિં પણ વાંદરાના હાથમાં આવેલા ચાટલાનો જેમ તે વાંદરો સદુપયોગ તો ન કરે પણ તે આરિસાનો જ નાશ કરનાર થાય છે, તેવી રીતે બિચારા કેટલાંક ભારે કર્મી જીવો શાસ્ત્રારૂપી ચક્ષુ જે શાસ્ત્રાનુસારી પરમકૃપાલુમહાત્માઓએ આપેલ હોય તેનો સદુપયોગ તો કરે નહિ, અને તે શાસ્ત્રચક્ષુના સદુપયોગથી પોતાના મિથ્યાત્વના અંધપણાને ખસેડવાની વાત તો દૂર રહી, પણ તે ઉન્માર્ગી કદાગ્રહી બનીને શાસ્ત્રરૂપી ચક્ષુને જ દૂષિત કરવા યાવત્ તેનો નાશ કરવા તૈયાર થાય છે ત્યારે શાસ્ત્રની પરમ ઉપયોગિતા અને મહત્તાના અવલંબને રહેનાર મહાત્માને પણ કષાયદશા આવવાનો વખત થાય છે. આટલા જ માટે શ્રીઉત્તરાધ્યયનસૂત્રકાર મહારાજ **अणासवा थूलवया कुसीला मिउपि चंडं पकरंतिसीसा** અર્થાત્ શિષ્યો એટલે ઉપદેશના પાત્રો પ્રથમ તો **अनाश्रव** એટલે શાસ્ત્ર અને આજ્ઞાના વચનને અંગીકાર કરનાર બને છે અને પછી જ્યારે મંતવ્યની વિરૂધ્ધ શાસ્ત્રપાઠોની હાજરી દેખાડવામાં આવે કે શાસ્ત્રીય એવું ગુરૂ મહારાજ યા ઉપદેશકનું વચન અંગીકાર કરવાનો સત્યને અંગે પ્રસંગ આવે ત્યારે વાંદરા અને આરિસાના દૃષ્ટાન્તે તે બિચારો ઉન્માર્ગગામી જીવ ગુરૂ અને શાસ્ત્ર બન્નેનાં દૂષણો જ બોલવા રૂપ **स्थूलवचस्क** એટલે અસંબધ્ધપ્રલાપ કરવાવાળો થાય છે. આવી હદ થવાથી શાસકગુરૂમહારાજને તેવા અધમોની વધારે અધમ દશા ન થાય માટે ઉપેક્ષા કરવી પડે છે અને સમુદ્રથી નીકળેલાં માછલાંઓની માફક તે ગુરૂ, ઉપદેશ અને શાસ્ત્રમાર્ગથી દૂર થયેલાઓ સદાચાર અને સાધુપણાની શ્રેણિથી સરકી જઈ **कुसीला** એટલે ઉત્તમપુરૂષોના પંથથી પતિતપણામાં આવી જાય છે. વળી અત્યંત ભારે કર્મી તો શાસ્ત્રકાર મહારાજાઓ **बुद्धोवघाई न सिया** એમ કહી જે આચાર્ય ઉપાધ્યાય અને ગુરૂ આદિના ઉપઘાતક બનવાનું વારંવાર નિષેધ કરે છે તેના પ્રસંગોમાં તે બિચારો આવી પડે છે અને પરિણામે **मिउपि चंडं पकरंति सीसा** એટલે ભવમાં બોધિ તારવાને માટે સજ્જ થયેલા અને ભાવદયાથી ભરેલા એવા ગુરૂમહારાજને તે શિષ્ય પ્રચંડક્રોધનો અવકાશ આપવાનો પ્રસંગ લાવનારા થાય છે. આ ઉપરથી સ્હેજે સમજાશે કે ભગવાન જિનેશ્વર મહારાજા કે શાસ્ત્રકાર મહારાજાઓ ક્રોધ કરવાનું વિધાન કરતા નથી અને કરે પણ નહિ. તે મહાપુરૂષો તો ગુણપ્રાપ્તિનું જ વિધાન કરે. પણ ક્રોધ કે તેના કાર્યરૂપ દંડનું વિધાન કરતા નથી. એટલું જ નહિં, પણ શ્રી ભગવતીજી આદિ સૂત્રોમાં શ્રી સંઘઆદિના કારણે પણ વૈકિય કરનારા મહાત્માને આલોચનાદિ સિવાય આરાધક થવાની પણ મનાઈ કરે છે. એ કારણથી સાધુ સમુદાયના રક્ષણ માટે સિંહને મારનાર આખા સાધુસમૂહ આદિ છએ ખંડના શ્રમણસંઘને

બચાવનાર શ્રીવિષ્ણુકુમાર અને યાવત્ સાધ્વીજીના સંયમને બચાવનાર શ્રીકાલકાચાર્ય મહારાજ વગેરે પણ આલોચણ લઈને શુદ્ધ થયેલા છે. જૈનના સકલસમુદાયમાં એ વાત પણ પ્રસિદ્ધ જ છે કે જંઘાચારણ અને વિદ્યાચારણ સરખા મુનિમહારાજાઓ દ્વીપાંતરે જઈ ચૈત્યવન્દન કરી આવે છે તેમણે પણ આલોચનાની જરૂર શાસ્ત્રકારોએ આરાધના માટે જણાવી છે. પરન્તુ ભિક્ષાચર્યા જેવા તપને અંગે અને પારિષ્ઠાપનિકા સમિતિ જેવા સંયમને અંગે પણ જ્યારે આલોચનાની જરૂર રહે તો પછી લબ્ધિ ફોરવવા આદિને અંગે આલોચનાની જરૂર રહે તેમાં નવાઈ શી ? જેમ ભિક્ષાચર્યા અને પરિષ્ઠાનિકા આદિ આલોચનાવાળાં રહે તેથી તે ભિક્ષાચર્યા આદિ સર્વથા છોડવા લાયક થતાં નથી, પણ અતિશય લાભનું કારણ હોવાથી આદરવા લાયક રહે છે, તેવી રીતે સરાગદશામાં રહેલા સમ્યક્ત્વાદિકને અંગે રાગાદિકની પ્રાપ્તિ થાય છે છતાં તે સમ્યક્ત્વઆદિ આત્માના ઉદ્ધારનો હેતુ હોવાથી આદરવા લાયક જ છે. આ ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાશે કે જેમ વીર્યાચારની સફલતા માટે ભિક્ષાચર્યાદિ દ્વારા વૈયાવચ્ચ કરવી જ જોઈએ. અને છતીશક્તિએ બાલગ્લાનની વૈયાવચ્ચ ન કરે તો આલોચણ આવે, અને ભિક્ષાચર્યાદિમાં ફરે તો પણ આલોવવું પડે, તો પણ જેમ વૈયાવચ્ચના લાભને માટે આલોવવું પડે તેવું પણ ભિક્ષાભ્રમણ ઈષ્ટ છે, તેવી રીતે શાસનના વિરોધિઓને સમજાવવા અને શાસનના રક્ષણને માટે કદાચ લબ્ધિ આદિનો પ્રયોગ કરવો જ પડે. અર્થાત્ તે કરવામાં આલોયણ આવે અને મહાશક્તિ છતાં તે ન નિવારે તો પણ બાલગ્લાનાદિનું વૈયાવચ્ચ ન કર્યાની આલોયણ આવે જ. યાદ રાખવું કે બાલગ્લાનાદિનું વૈયાવચ્ચ કરતાં અશુદ્ધ આહારપાણી લાવીને પણ સાધુએ વૈયાવચ્ચ કરવાનું છે તે વેયાવચ્ચ ન કરે તો પણ શાસ્ત્રકારો પ્રાયશ્ચિત્ત કહે છે અને અશુદ્ધ આહારપાણીથી બાલવૃદ્ધગ્લાનનું વૈયાવચ્ચ કરનારને પણ પંચકલ્યાણકનું પ્રાયશ્ચિત્ત કહે છે. જો કે સામાન્ય આલોચન તો દરેક ગોચરીમાં હોય જ છે. કેટલાક બિચારાઓ અપવાદપદને નામે શાસનપ્રત્યનીકો ઉપર થતા ક્રોધનો બચાવ કરી લઈ તેથી આપેલી શિક્ષાને આલોયણા લાયક નહિં એમ જણાવે છે. પણ તેઓએ સમજવું જોઈએ કે પ્રવૃત્તિને અપવાદ છે કે પરિણતિને અપવાદ છે. ખુદ વિધિથી અને આજ્ઞાપુરસ્સર કરવામાં આવતા આહારવિહાર નિદ્રા નદીનું ઉતરવું વગેરેમાં પણ જ્યારે આલોચના કાયોત્સર્ગાદિ પ્રાયશ્ચિત્તો શાસ્ત્રકારો સ્પષ્ટશબ્દોમાં જણાવે છે તો પછી લબ્ધિ આદિના કોઈપણ કાર્યમાં આલોચનાદિ ન હોય એવી કલ્પના જ અસ્થાનેછે. કોઈપણ સ્થાને રાગદ્વેષ કરવો ક્રોધ કરવો હિંસા કરવી એમ વિધાનરૂપ ન હોય. જો એમ માનવામાં આવે તો ક્રોધ અને હિંસાદિની અધિકતાએ અધિક નિર્જરા માનવી પડે. વળી અપવાદપદ કરેલી પ્રતિજ્ઞાનો ભંગ ન થવા દે અને બચાવ કરે. પણ આલોયણ આદિથી બચાવે નહિ. વળી નિર્જરાની સાથે સંબંધ ઉત્સર્ગનો છે,અપવાદનો નિર્જરાની સાથે સંબંધ નથી. તેમજ અપવાદપદો પરિહારને લાયક તો માનવાં જ પડે. અપવાદ એટલે જ કારણિક વિધિ, અપવાદનું સાધ્ય ઉત્સર્ગ માર્ગનું રક્ષણ હોય છે. અપવાદની વૃદ્ધિ ઉત્સર્ગની માફક કર્તવ્યદશામાં નહિં આવે. પચ્ચક્ખાણમાં અનાભોગાદિ અપવાદો છે છતાં અનાભોગસેવાનું પ્રાયશ્ચિત્ત લેવું પડે છે. લબ્ધિ સ્ફુરણા પ્રમાદ છે, અપવાદને પ્રમાદ જ હોય એમ નથી, કાઉસ્સગમાં શ્વાસ લેવો તો પણ અપવાદ છે, પણ પ્રમત્તતા નથી. લબ્ધિ ફોરવવી એ અપવાદ છે. તેમાં પ્રમત્તપણું નથી આવતું એમ નથી અને તેથી આલોચનાદિ કરવાની જરૂર નથી એમ શાસ્ત્રપાઠથી જો સાબીત થાય તો તે સ્હેજે માની શકાય. પણ ભગવતીજીમાં

સ્થાન સ્થાનપર (સંધાદિ) કાર્યસર પણ લબ્ધિ ફોરવનારને માયી કહીને આલોચનપ્રતિક્રમણની જરૂર જણાવે છે. આમ છતાં શાસનભક્તિવાળાઓને એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે અને તેથી તિન્દુક્યક્ષની માફક શાસનના વૈયાવચ્ચને માટે લબ્ધિનું વીર્ય ફોરવવું પડે તેમ કાર્ય કરવાની જરૂર રહે છે. શાસનપ્રત્યનીકોને જ્યારે લબ્ધિધારી પુરુષો આલોચનને લાયક પણ કાર્ય કરીને ઠેકાણે લાવવા કે શિક્ષિત કરવા તૈયાર રહે છે તો પછી લબ્ધિ વિનાના પણ શાસનભક્તો શાસનના પ્રત્યનીકોને ઠેકાણે લાવવા કે શિક્ષિત કરવા પોતાની બુદ્ધિ વકતુશક્તિ અને કવિશક્તિનો ઉપયોગ કરે તેમાં આશ્ચર્ય શું ? ભગવાન મહાવીર મહારાજાનો ગોશાલાએ કરેલો તિરસ્કાર એમ મહાનુભાવ સુનક્ષત્ર અને સર્વાનુભૂતિથી સહન ન થયો. વળી તિન્દુક્યક્ષથી શ્રીહરિકેશિજીને થયેલો પરાભવ સહન ન થયો, તેમ શાસનના સાચા ભક્તોથી શાસનપ્રત્યનીકો શાસન ઉપર ખોટા આક્ષેપો કરે અને સત્યને અસત્ય ઠરાવી અસત્યને સત્ય ઠરાવવા માગે તે સહન થઈ શકે જ નહિ. વાચકોએ આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે સૂત્રકારોએ અન્યતીર્થિઓને સમ્યક્ત્વ વિનાના ગણ્યા છે ભવમાં ભટકનારા ગણ્યા છે. પણ કુલ ગણ સંઘ સૂત્ર અર્થ કે તદુભયને આશ્રીને પ્રત્યનીક તરીકે તે તો કેવલનિહ્નવ આદિને જ ગણેલા છે, શ્રીનન્દીસૂત્ર અને શ્રીસમવાયાંગ વગેરેમાં દ્વાદશાંગીની વિરાધનાથી અનન્તો સંસાર ભટકવાની વાતમાં દૃષ્ટાન્ત તરીકે મરીચિ અને ગોષ્ટામાહિલ આદિ જ લેવાયા છે. વળી અન્યલિંગે તો કેટલાકની સિદ્ધિ થાય એમ પણ શાસ્ત્રકારોએ માન્યું છે, પરન્તુ કોઈ પણ શાસ્ત્રકારે કોઈપણ નિહ્નવ કે ગણઆદિના પ્રત્યનીકોનો મોક્ષ થવાનું જણાવ્યું જ નથી. વળી અન્યતીર્થીઓને દુર્લભબોધિપણું જ હોય એમ કહી શકાય નહિં અને શાસ્ત્રકારોએ પણ કહ્યું નથી. પરંતુ નિન્હવો અને શાસનપ્રત્યનીકોને માટે તો શાસ્ત્રકારોએ સ્થાન સ્થાન પર દુર્લભબોધિ થવાનું નિયમિત જણાવ્યું છે. પજ્જુસણના વ્યાખ્યાનો સાંભળનારાઓને પણ માલમ છે કે ભગવાન મહાવીર મહારાજાના જીવે મરીચિના ભવમાં એક કલ્પિત વેષમાં અંશે ધર્મ છે એમ બોલાવની ભૂલ કરી તેના પરિણામે કોડાકોડી સાગરોપમ સુધી સંસારનું પરિભ્રમણ કરાવનાર કર્મ બાંધ્યું. શાસનમાં સૂત્રાર્થના પ્રત્યનીકોનેજ બહુલકર્મા ગણ્યા છે એટલું જ નહિં. પરંતુતે સૂત્રાર્થના પ્રત્યનીકોનું વચન માનનારા કપિલ સરખાને પણ બહુલકર્મીજ માન્યા છે. વાંચકોએ સમજવું જરૂરી છે કે અન્યતીર્થીઓના નેતાઓને બાદ કરીએ તો મધ્યમ વર્ગ ધર્મની પ્રભાવના થાય તેમાં આનંદ અને અનુમોદનારા હોય છે, જ્યારે સૂત્રાર્થથી પ્રત્યનીક બનેલા સ્વતીર્થ તરીકે ગણાવતા લોકો ધર્મની જાહોજલાલી થાય ત્યારે પણ અત્યંત ઈર્ષ્યાળું અને નિંદ્રાખોર બને છે. અને આ સ્થિતિથી તેઓ સત્યધર્મના દ્વેષી થાય અને ગણાય તે સ્વાભાવિક છે અને તે દ્વેષના પરિણામે સ્વાભાવિક રીતે તેઓને સાચાધર્મની પ્રાપ્તિ થવી ભવાંતરે પણ દુર્લભ થાય એમાં આશ્ચર્ય શું ? મરીચિ સરખાને જ્યારે સાચા ધર્મ ઉપર પ્રીતિ હતી, અરૂચિ નહોતી, અને કપિલને સાચામાર્ગનું પ્રથમ ભાન કરાવવામાં આવ્યું પણ હતું. સાચાધર્મ તરફ વાળવા પ્રયત્નો થયાં હતા, છતાં એક વેષના અંગે બોલાયલો શબ્દ ધર્મપ્રકૃતિની દુર્લભતા કરનાર થાય, તો પછી જેઓ સાચાધર્મના વિરોધી બની સાચાધર્મમાં પ્રર્વતનારાઓની નિન્દા કરે, તેઓને કોડ કોડ તો શું ? પણ અસંખ્ય સાગરોપમે સંસારનો અંત લાવનાર ધર્મ મળે નહિં તેવું કહેવામાં અયુક્ત શું?

અપૂર્ણ

(ગતાંકથી ચાલુ)

આ જિનભવનનું કરાવવું આદિમાં ગણ્યું છે તેથી વિરૂદ્ધ નથી. સર્વક્ષેત્રોમાં હંમેશાં તીર્થંકરો ન હોવાથી જીવોને ભાવઆપત્તિથી તારવાવાળું નક્કી સાધન શ્રીજિનેશ્વરભગવાનનું મંદિર જ છે. તેમાં તેમના બિંબની પ્રતિષ્ઠા, વિભાગથી સાધુનું રહેવું, દેશના અને ધ્યાન વિગેરે થાય તેમાં એક એક વસ્તુ ભવ્યોને ભાવઆપત્તિ જે જન્મ જરા મરણ અને તેના કારણ ભૂત જે કર્મો તેથી તારવાના ગુણોવાળી છે, અને તેથી પૃથ્વીઆદિકની હિંસા તે પૃથ્વી આદિને પીડા કરવાવાળી છતાં પણ ભવ્યોને સમ્યગ્દર્શનાદિકગુણનું સાધન બનવાથી યોગ્ય છે, અને તે મંદિર અને પ્રતિમા વગેરેનું ગુણસાધનપણું તો પ્રત્યક્ષ દેખાય છે. આરંભવાળા જીવને આ પૂજા પ્રાયે બીજા કુટુંબ કામિની અને કંચનની ધારણાથી થતા અસદારંભની નિવૃત્તિ કરાવનારી છે, અને તેથી પૌદ્ગલિક આશંસાઓ રહિતપણાથી એવી સ્થાવરની એ પીડા પણ મોક્ષફળ દેનારી છે. માટે પીડાથી અધર્મ જ છે એમ વૈદ્યના દૃષ્ટાંતે બીજા ગુણો થવાથી કહી શકાય જ નહી, નહિંતર વૈદ્યને પણ અધર્મ જ માનવો પડે. વેદમાં કહેલી આલોકના ફલ માટે અને ત્રસજીવોની થતી હિંસા સમ્યક્ આપત્તિને ટાળવાના ગુણવાળી નથી, સમ્યગ્દર્શનઆદિની અપેક્ષાએ દૃષ્ટગુણવાળી નથી, તેમજ તેમાં દેવલોક અને સમૃદ્ધિ આદિની ઇચ્છા હોવાથી ઇતરહિંસાની નિવૃત્તિરૂપ પણ નથી. વળી એમ નહિં કહેવું કે મોક્ષરૂપ ફલની ધારણાપૂર્વકની આ પ્રવૃત્તિ હોવાથી આ પૃથ્વીઆદિની હિંસા પણ મોક્ષ સાધનારી થાય નહિં, કારણ કે મોક્ષ ફળવાળું જ વચન સારૂં કહેવાય, બાકીનું વચન અર્થશાસ્ત્ર આદિના વચન જેવું જાણવું. અગ્નિ મને આ પાપથી છોડાવો, એવી શ્રુતિ પણ વેદની હિંસાને પાપમય જણાવે છે, તેમજ अंधे तमसि એ સ્મૃતિ પણ તે જ કહે છે. આ શ્રુતિ અને સ્મૃતિ અન્યાર્થવાળી છે એમ પણ અનિશ્ચયપણું હોવાથી કહી શકાય નહિ. જિનભવનવિધિમાં એવું પાપનું વચન છે નહિ. વળી મરનારા જીવોનું સુખ પણ તેમાં ઇચ્છયું નથી. વધ કરનારાનું સુખ પણ જે વિપાકે દારૂણ છે તે ઇચ્છયું નથી, માટે પૂર્વપક્ષનું કથન અનર્થક છે. ઉપસંહાર કરતાં કહે છે કે દૃષ્ટ અને ઇષ્ટથી વિરૂદ્ધ એવું જે વચન હોય તેનાથી જે પ્રવર્તનારા હોય તેઓનો શુભભાવ ગણાતો હોય તો પણ તે મ્લેચ્છાદિના શુભભાવ જેવો જાણવો, જોકે જીવોમાં એકેંદ્રિયઆદિપણાનો ભેદ પાપના અલ્પબહુપણાનું કારણ ઇચ્છેલો છે, તો પણ શુદ્રદ્વિજઆદિની રીતિએ તે અલ્પબહુત્વ જાણવું. જેમ તેઓના માનવા પ્રમાણે હજારશૂદ્રોની હત્યાથી એક બ્રહ્મહત્યા થતી નથી, તેવી રીતે અહીં ગુણદોષચિંતાએ પૃથ્વ્યાદિ અને ત્રસાદિમાં અલ્પબહુત્વ જાણવું. પૂજાદિમાં જયણાથી પ્રવર્તવાવાળાને દ્રવ્યથી પણ હિંસા ઘણીજ અલ્પ થાય છે અને સર્વકાર્યમાં જયણા એજ ધર્મનો સાર છે એમ જરૂર ગણવુંજ જોઇએ. ધર્મને ઉત્પન્ન કરવાવાળી જયણા છે, ધર્મને પાળવાવાળી જયણા છે, ધર્મવૃદ્ધિ કરવા વાળી પણ જયણા છે, પરમાર્થથી જયણા જ એકાંતસુખને દેનારી છે. જયણાથી વર્તવાવાળો જીવ શ્રદ્ધા, બોધ અને આચરણદ્વારાએ સમ્યક્ત્વ જ્ઞાન અને ચારિત્રનો આરાધક કહેલો છે. અને બને છે. વળી આ ભગવાન જિનેશ્વરની જે પૂજા તે તેમાં થતી પૃથ્વી આદિ વિરાધના છે તેના જે દોષો છે તેનાથી અધિક દોષને નક્કી નિવારવાવાળી છે, તેથી તે પૂજા બુદ્ધિમાનોએ નિવૃત્તિપ્રધાન જાણવી જોઇએ. જિનભવનમાં પૃથ્વી આદિથી પ્રવૃત્તિ છે તેમાં જયણા કઇ રીતે છે એ સવાલના જવાબમાં

જણાવે છે કે પરિણત જળ અને કાષ્ઠશુદ્ધિઆદિ રૂપ પ્રાસુક ગ્રહણથી જયણા સમજવી, અને ઘણા પૈસાનું ખર્ચ થાય છે તે પણ સ્થાને થાય છે અને તે નિર્મલભાવ અને યોગ્ય ઉપયોગથી સર્વ ધર્મનું કારણ છે. આજ કારણથી અંશે આરંભ આદિ દોષવાળું છતાં પણ સર્વજીવોની પીડા હરણ કરનાર અને આર્ત અવસ્થા વારનાર હોવાથી બહુદોષને નિવારનાર શ્રીઆદિનાથ ભગવાને શિલ્પાદિનું વિધાન કરેલું છે તે પણ નિર્દોષ જાણવું. સર્વોત્તમ પુણ્ય સહિત તે ભગવાન સમ્યક્ત્વ મળ્યું ત્યારથી સર્વથા અન્ય જીવોના હિતમાં લીન, વિશુદ્ધ જોગવાળા અને મહાસત્વવાળા હતા. પ્રજાને બહુ ગુણ કરનાર જાણીને તેઓએ તે શિલ્પ આદિ દેખાડયું છે તો યથોચિતપણે પ્રજાનું રક્ષણ કરનાર એવાં ભગવાનને દોષ કેમ થાય ? શિલ્પાદિદર્શનમાં ભગવાનનું મુખ્ય ધ્યેય લોકોને બહુ દોષથી બચાવવાનો હતો. સર્પાદિથી રક્ષણ કરવા માટે ખાડાવિગેરેથી ખેંચતાં કાંટાદિ લાગવા રૂપ દોષો થાય તો પણ ખેંચનારનો આશય પવિત્ર જ છે. એવી રીતે નિવૃત્તિપ્રધાન હોવાથી આ જિનભવનાદિની હિંસા તે તત્ત્વથી અહિંસાજ છે. વળી, જયણાવાળાને વિધિ જ પૂજાદિક કરતાં થતી જે હિંસા તે તત્વથી અહિંસા જ છે.

અહીં બીજી વાત પણ જણાવે છે :-

સિઅ ૧૨૭૧, તઅ ૧૨૭૨, ઉવ ૧૨૭૩, ઇઅ ૧૨૭૪, અહિ ૧૨૭૫, તો ૧૨૭૬, તહ ૧૨૭૭,

એમ કહેવામાં આવે કે પૂજ્ય એવા શ્રીતીર્થંકરો કૃતકૃત્ય થઈ ગયેલ હોવાથી તેઓને ભક્તોએ કરેલ પૂજાથી કોઈપણ જાતનો ઉપકાર નથી, તેમજ તેને ઉપકાર તો માનીયે તો અકૃતકૃત્યપણું સંપાદન થાય, અને તેથી આશાતના થાય છે, વળી અધિકહિંસાની નિવૃત્તિથી ગુણાંતર થવાનો નિયમ નથી, માટે પૂજામાં થતી હિંસા તે સદોષ જાણવી. એના ઉત્તરમાં જાણવાનું કે ચિંતામણિ અગ્નિ અને ચંદનાદિને સેવન કરનાર તરફથી કોઈપણ ઉપકાર નહિં છતાં પણ તે ચિંતામણી આદિની વિધિથી સેવા કરનારો તેનાથી જ ફળ પામે છે. એ વાત જગતમાં પણ પ્રસિદ્ધ જ છે. અને એવી જ રીતે કૃતકૃત્ય એવા ભગવાનથી પણ ફળ થાય તેમાં કોઈપણ જાતનો વિરોધ નથી, અને ઘાતિકર્મનો ક્ષય કરી વીતરાગ સર્વજ્ઞ થયેલા હોવાથી જ કૃતકૃત્યપણાને લીધે જ તેમને પૂજ્ય માનેલા છે, તેથી તેમને પૂજવામાં આશાતના છે નહિ. વળી વિષયકષાય આદિ સહિત એવાં અને અનુબંધવાળાં અધિકરણોથી પૂજા આદિમાં પ્રવર્તતાં નિવૃત્તિ થવાથી અધિકનિવૃત્તિ પણ ગુણ છે, અને ભગવાનના દર્શનરૂપી શુભયોગથી શુદ્ધ એવું જે સમ્યગ્દર્શન તેના શુદ્ધિઆદિ ગુણાંતર પણ થાય છે, અને તેટલા માટે પૂજા સંબંધી હિંસા તે ગુણકારિણીજ છે એમ માનવું જોઈએ, પૂર્વે કહ્યા પ્રમાણે જયણાથી પ્રવૃત્તિ થાય માટે હિંસા અલ્પ છે. સર્વજ્ઞમહારાજના વચનથી આ બધું સંભવી શકે છે. નિશ્ચય કરીને કહેલા આગમથી અને નહિ નિવારેલા ગુરૂસંપ્રદાયથી પૂર્વોક્ત સર્વ સંભવિત જાણવું. વેદવચનનો વિચાર કરે છે.

वेअ १२७८, जं १२७९, तव्वा १२८०, अहिंस्स १२८१, वयणा १२८२, णा य १२८३, नो १२८४, ताणिह १२८५, न य १२८६, दुंतीय १२८७, एवं नो १२८८, णा कयाइ १२८९, तत्तो १२९०, णेवं १२९१, अकयो १२९२, नो अय १२९३, वेअ १२९४, णाहि १२९५, ता एवं १२९६, तह वेए १२९७, ता तस्स १२९८, जह १२९९, तत्तोदीहि १३००

વેદનું વચન ન સંભવે તેવું છે, કેમકે તે વેદવચન પુરુષે નહિ કહેલું એવું માનવામાં આવ્યું છે. આ નહિ કહેલું હોવા છતાં વચન હોય એ વસ્તુ અત્યંત વિરૂદ્ધ છે. કેમકે વચન માનવું અને વળી તે અપૌરૂષેય એટલે પુરૂષના કહ્યા વિનાનું માનવું એ યુક્ત નથી. કારણ કે બોલાય તે વચન કહેવાય, અને વક્તા ન હોય તો તે વચન બનેજ નહિ. તેટલા માટે વચનને અપૌરૂષેય માનવાથી વચનનો જ અસંભવ થઈ જાય. વળી જગતમાં પણ પુરુષના વ્યાપાર વગરનું વચન કોઈ જગ્યાએ સંભળાતું નથી, અને કદાચ વકતા ન દેખીયે અને દેવતાદિકનાં વચનો સંભળાય તોપણ અદૃશ્ય કર્તાથી જ તે થયેલાં છે એવી ધારણા થાય, કર્ત્તાપણાની શંકા તો જાય જ નહિ. અદૃશ્યકર્તાવાળું બીજું વચન સંભળાતું નથી તો તે અદૃશ્યકર્તાવાળા વચનમાં શંકા કેમ થાય એમ ન કહેવું, કેમકે કોઈ કોઈ વખત દેવતાઈ વચનો અદૃશ્યપણે સંભળાય છે અને અપૌરૂષેય વૈદિકવચનો તો કોઈ દિવસ અને કોઈ પણ ક્ષેત્રે સંભળાતાં જ નથી. લૌકિકવચનો પણ સર્વ તેમને તેમ કહેવાયેલા છે. તો પછી વેદમાં ક્યો ફરક છે કે જેથી તેમાં અપૌરૂષેયપણાનો આગ્રહ રાખવો વળી જો તે વેદનાં વચનોને અપૌરૂષેય માનીયે તો તો ન્યાયપૂર્વક વેદ વાક્યથી કોઈપણ વસ્તુમાં નિશ્ચય થઈ શકે નહિ, કેમકે તે અપૌરૂષેય હોવાથી તેનો અર્થ કરવામાં અતીંદ્રિયશક્તિ જોઈએ, અને તે અતિન્દ્રિય શક્તિ તો પુરૂષમાત્રથી જાણી શકાય જ નહિ, અને અતિશયવાળો અતીંદ્રિયદર્શી પુરૂષ જે સર્વજ્ઞ તેને તો તમે માન્યો જ નથી. કદાચ કહો કે લૌકિકવચનો કરતાં વેદવચનમાં પૌરૂષેય અને અપૌરૂષેયપણાનું જુદાપણું છે. તો પછી તેવી જ રીતે સ્વર્ગ અને ઉર્વશી વિગેરે શબ્દોના અર્થનું પણ લૌકિકઅર્થોથી જુદાપણું હોવું જ જોઈએ. વળી તે વેદવચન દીવાની માફક સ્વભાવથી પોતાના અર્થને કહી શકે જ નહિ. કારણ કે જો તેમ વેદના શબ્દો જ પોતાના અર્થને કહેતા હોય તો સંકેતનો ભેદ ન થાય અને ખોટા અર્થનો પ્રકાશ થાય જ નહિ દીવો ઈંદીવર (રત્ન)માં અછતી રક્તતા પ્રગટ કરે છે, ચંદ્ર પણ પીળા વસ્ત્રને ધોળું દેખાડે છે, તો તેટલા માત્રથી દેખવા કે દેખાડવા માત્રથી નિશ્ચય થાય નહિ. વળી એવા સંકેતથી અર્થ કરે એવા પ્રકારનું વચન ન હોવાથી આગમના પ્રયોગ માટે કરેલો ગુરૂસંપ્રદાય પણ ન્યાયથી વેદવચનમાં ઘટે નહિ, અને વેદનું વચન કોઈ દિવસ કોઈને પણ કોઈ વસ્તુમાં મારાથી નિશ્ચય થયો છે એવું કહેતું નથી, તેથી વૈદિકને તત્વતરીકે માનવો તે મોહ છે. તે વેદવચનના ઉપદેશકથી શિષ્યોને જ્ઞાન થાય તે પણ મોહ છે, તેમજ તેના અર્થનો પ્રયોગ કરવો તે પણ મોહ છે. પ્રયોગ ન નિવારવો તે પણ નક્કી મોહ જ છે. એટલે રૂપની વિશિષ્ટતાને સ્થાપન કરવામાં સર્વ જાત્યંધોની પરંપરાની માફક પરંપરાએ ગુરૂસંપ્રદાય પણ તેમાં પ્રમાણભૂત નથી. અપૌરૂષેયવાદી એમ કહે કે તમે પણ સર્વ સર્વજ્ઞોને આગમથી જ થયેલા માનો છો તો પહેલાંનો આગમ અપૌરૂષેય માનવો જોઈશે, અથવા તો આગમ વગર કોઈ વ્હેલા સર્વજ્ઞ થયા એમ માનવું જોઈશે. તેના ઉત્તરમાં કહે છે કે બીજ તથા અંકુર, અને જીવ તથા કર્મના સંબંધની પેઠે સર્વજ્ઞ અને આગમ બંને અનાદિ છે, તેથી આ પહેલો અને આ પછી એમ કહી શકાય નહિ, અથવા તો વચનરૂપ આગમ સિવાય પણ મરૂદેવી વિગેરે મોક્ષે ગયેલાં હોવાથી વચનરૂપ આગમથી જ સર્વજ્ઞ થાયછે એવો નિયમ નથી, અને શબ્દ આગમ તો વક્તાને

આધીન જ છે, જે માટે વેદવચનમાં અપૌરૂષેયપણા આદિ બધું ન્યાયથી અસંભવિત જ છે, તેથી અને સાચા વચનથી સિદ્ધ થનારી જે હિંસાદિક અને તેથી થનારા દોષઆદિની વસ્તુ તે વેદથી કેમ સિદ્ધ થાય? જેમ અરત્નમાં (ઘટઘટ ઘટ્ટાદિ)માં પત્થરપણાની સરખાવટ હોવાથી મસ્તકનું શૂલ શમાવવા વિગેરે રત્નના ગુણો તે ઘરઘરઘટ્ટાદિકમાં હોય નહિ, તેવી રીતે સામાન્યવચનમાં પણ સર્વજ્ઞવચનથી સાબીત થતા હિંસાદિકથી ઘટદોષાદિક પદાર્થો જાણવાનું હોય જ નહિ, અને તેટલા માટે પંડિતોએ ચાસપંચાસ-ન્યાયથી વચન છે અને અપૌરૂષેય છે એવી વસ્તુ કહેવા દ્વારાએ ન્યાયને એબ લગાડવી નહિ. વળી વેદમાં સામાન્યથી પહેલાં તો જીવની હિંસા ન કરવી એમ કહ્યું, અને ફરી ત્યાં જ વેદમાં સ્વર્ગને માટે હિંસા કરવાનું કહ્યું, તો વેદના વાક્યોના પ્રમાણપણાથી સ્વર્ગ ઋદ્ધિ આદિ ફળસિદ્ધિ હોય તો પણ દોષ તો નક્કી જ છે, કેમકે હિંસાના સામાન્યદોષનું નિવારણ સ્વર્ગાદિથી થતું નથી. જેવી રીતે આયુર્વેદમાં ડામ દેવાનો નિષેધ કરીને રોગના ક્ષય માટે વિધિથી તે ડામ દેવાનો કહ્યો, છતાં તે વિશેષ વચનથી ડામ દેતાં, ડામથી થનાર દુઃખ થવા રૂપી દોષ તો રોગ મટવા છતાં પણ જરૂર થાય જ છે. હવે દ્રવ્યભાવસ્તવને અંગે કહે છે.

कय १३०१, अप्प १३०२, दव्व १३०३, जं १३०४, जो १३०५, आरंभ १३०६, एत्तो १३०७, संतं १३०८, अस्सी १३०९, इत्थं १३१०, इअ १३११, एसेह १३१२, एवं १३१३,

યથોચિત દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ નક્કી માંહેમાંહે ભળેલા જ સમજવા. તેમાં દ્રવ્યસ્તવ સહકારી વિશેષથી અલ્પવીર્યવાળા શ્રાવકને કલ્યાણ કરનારો હોય છે, અને બહુવીર્યવાળા સાધુને બાહ્ય દ્રવ્યસ્તવના ત્યાગથી ભાવસ્તવ શ્રેષ્ઠ છે, એ તત્ત્વ સમજવું, જે પુરૂષ અલ્પતર વીર્ય હોવાથી દ્રવ્યસ્તવને પણ કરી શકતો નથી તે શુદ્ધ એવા ભાવસ્તવને કરશે એમ કહેવું તે અસંભવિત જ છે, કેમકે ભાવસ્તવ નક્કી અત્યંત ઉત્કૃષ્ટવીર્યની અપેક્ષા રાખે છે, અને સો પલ જેટલો ભાર નહિં ઉપાડનારો પર્વતને ઉપાડી શકે નહિં. એ ચોક્ખું જ છે બાહ્ય એવા ધનના ત્યાગદ્વારાએ જે તુચ્છવૃત્તિવાળો મનુષ્ય થોડો કાલ પણ આત્માને વશ કરતો નથી તે મનુષ્ય યાવજ્જીવને માટે સર્વનો ત્યાગ કેમ કરી શકે ? આરંભનો ત્યાગ કરીને ત્યાગી થયેલો સાધુ જ્ઞાનાદિકગુણોમાં વધતો હોવાથી દ્રવ્યસ્તવ નહિ કરે તે પણ દોષને માટે નથી. આ જ કારણથી શાસ્ત્રોમાં દાન, શીલ, તપ અને ભાવનામય ચાર પ્રકારના ધર્મોમાં દાનાદિકનો અનુક્રમ રાખ્યો છે, અને તે અનુક્રમ વગર ધર્મપણું ઘટે પણ નહિં. જગતમાં સહેજે મળવાવાળું, આત્માથી ભિન્ન, અને નાશધર્મવાળું એવું ધન પણ જે મનુષ્ય તુછતાથી પાત્રમાં ન આપે તે રાંકડો અતિદુર્ધર એવા ચારિત્રના આચારને શું ધારણ કરશે ? અને આચારરહિત મનુષ્ય શુદ્ધતપને માટે લાયક થતો જ નથી, જે શક્તિ પ્રમાણે તપ ન તે કરે ગળીયા બળદ જેવો મનુષ્ય આખા સંસારની વિરકતાદિ ભાવનાના સમુદાયમાં તન્મય કેમ થાય ? માટે દ્રવ્યસ્તવ એ દાનધર્મરૂપ છે એમ જાણવું, અને શુદ્ધ એવા શીલાદિકધર્મો ભાવસ્તવરૂપ સમજવા. ઉપસંહાર કરતાં કહે છે કે એવી રીતે આગમ અને યુક્તિથી તે તે સૂત્રને આશ્રીને બુધ્ધિમાનોએ દ્રવ્યસ્તવઆદિનું સ્વરૂપ પોતાની બુદ્ધિએ વિચારવું. એવી રીતે મેં તમોને આ સ્તવપરિજ્ઞા

સંક્ષેપથી જણાવી. આનો વિસ્તારથી ભાવાર્થ સૂત્રોદ્વારાએ જાણવો. પ્રવચનના હિતને વિષે ઉદ્યમવાળો આચાર્ય શિષ્યની સંપદા દેખીને સ્તવપરિજ્ઞા જેવા બીજા પણ જ્ઞાનપરિજ્ઞા વિગેરેની વ્યાખ્યા કહે છે.

इअ १३१४, सुत्तत्थे १३१५, संगहु १३१६, गीअत्था १३१७, एअ १३१८, विद्धा १३१९, कालो, १३२०, एव १३२१, कालो १३२२, लोगम्मि १३२३, गुरु १३२२४. तम्हा १३२५, दिवस्या १३२६.

સંક્ષેપે કરીને અનુયોગની અનુજ્ઞાનો વિધિ એવી રીતે જણાવ્યો. પૂર્વે જણાવેલ અનુયોગની અનુજ્ઞા પ્રમાણે બીજી જે ગણાનુજ્ઞા છે તે અનુયોગની અનુજ્ઞાવાળા આચાર્યને જ કેરાય કોઈખ વખતે અચાનક ગણાચાર્ય કાલ કરી જાય અને અનુયોગ અનુજ્ઞાવાલા આચાર્ય ન થાપ્યા હોય તો ગણાનુજ્ઞા બીજાને પણ કરાય ગણાનુજ્ઞાને યોગ્ય આચાર્યનું લક્ષણ કહે છે. સૂત્ર અને અર્થમાં નિપુણ હોય, ધર્મમાં પ્રીતિવાળો અને દૃઢ હોય, ગચ્છને વર્તાવવાના ઉપાયોમાં કુશળ હોય, ઉત્તમ જાતિ, અને ઉત્તમકુળવાળો હોય, ગંભીર આશયવાળો હોવા સાથે ઉપકરણાદિની અપેક્ષાએ લબ્ધિવાળો હોય, ઉપદેશ વિગેરેથી શિષ્યાદિના સંગ્રહ અને વસ્ત્રાદિકથી ગણને ઉપગ્રહ કરનારો હોય, ક્રિયાઓના અભ્યાસવાળો શાસનનો રાગી હોય, સ્વભાવથી પરોપકારી હોય, એવાને જિનેશ્વરોએ ગણનો સ્વામી કહેલો છે. તેવી જ રીતે યોગ્ય આગમવાળી, સંપૂર્ણ ક્રિયાવાળી, ઉત્તમકુળવાળી, ઉત્સર્ગ અને અપવાદને જાણનારી, ગંભીર, દીર્ઘપર્યાયવાળી અને વૃદ્ધ અવસ્થાવાળી જે સાધ્વી હોય તે જ પ્રવર્તિની હોય છે. પૂર્વે કહેલા ગુણોથી રહિતમાં જે ગણિપદ કે પ્રવર્તિની પદ આપે ને વળી જે અંગીકાર પણ કરે તે માનનો ઈચ્છક ગણાઈને આજ્ઞાખંડન આદિક દોષોને પામે છે. કેમકે ગૌતમસ્વામિ વિગેરે મહાપુરૂષોએ ધારણ કરેલા એવા અદ્વિતીય ગણધર શબ્દને જાણતો થકો પણ જે અપાત્રમાં સ્થાપે તે મૂઢજ કહેવાય. કાલોચિતગુણવગરનો જે આચાર્ય પદવી લે તે તથા દીધેલી પદવીને ક્ષુદ્રભાવવાળો છતાં સ્વશક્તિએ પાલન કરે નહિ તે પણ મૂઢ જાણવો. એવી જ રીતે આર્યચંદના વિગેરેએ ધારણ કરેલો જે પ્રવર્તિની શબ્દ તેને અપાત્રમાં જાણતો થકો જે સ્થાપન કરે ને ધારણ કરે તે પણ વિરાધક છે. કાલોચિત ગુણ રહીત એવી જે સાધ્વી પ્રવર્તિનીપદ લે તે તેમ જ લીધેલું પ્રવર્તિનીપદ સ્વશક્તિ મુજબ વિશુદ્ધ ભાવવાળી છતાં સમ્યક્ ન પાલન કરે તે પણ મહાપાપિણી સમજવી. જે માટે અયોગ્યને સ્થાપન કરતાં જ્યાં આચાર્ય એવા અજ્ઞાની છે ત્યાં શિષ્યો પણ એવા અજ્ઞાની જ હશે એમ લોકોમાં શાસનની નિંદા થાય. અને બીજા તે શાસનના શ્રોતાઓના સાચા ગુણોમાં પણ અનાદર થાય અને મોટાઓના ગુણોની અવજ્ઞા થવાથી ઘણો કર્મ બંધ થાય, અને અન્યજીવોને એવી રીતે કર્મબંધ થવાથી અયોગ્ય એવા લેનારને પણ અનર્થ થાય, અને તેથી આપનારને પણ આજ્ઞાવરાધકપણાથી ડુબવાનું થાય, તેટલા માટે તીર્થંકરની આજ્ઞાને આરાધતો ગુણવાળાને ગીતાર્થ એવા સાધુઓને તથા સાધ્વીને ગણિ કે પ્રવર્તિનીપદ આપે. યોગ્ય દીક્ષાના પર્યાય અને વયવાળો, ધીર, પિંડેષણાદિને જાણનારો બૃહત્કલ્પસૂત્રની પીઠિકાને જાણનાર અને સામાન્યથી અનુવર્તક નામન ગુણવાળો એવો આચાર્ય સ્વલબ્ધિવાળો કહેવાય ॥ "હવે આચાર્યના વિહારનો વિધિ જણાવે છે :

એસોડવિ ૧૩૨૭, જાઓ ૧૩૨૮, ગીઅત્થ ૧૩૨૯, ઉउ ૧૩૩૦, હવइ ૧૩૩૧, સ્વલબ્ધિમાન્ આચાર્ય ગુરુની સાથે કે ગુરુએ દીધેલા યોગ્ય પરિવાર સાથે વિચરે, પરિવાર ન હોય તો પણ સમાપ્તકલ્પની વિધિથી જ વિચરે. સમાપ્ત અને અસમાપ્ત તથા જાત અને અજાત કલ્પો સમજાવે છે. જાત અને અજાત એવો બે પ્રકારનો વિહાર હોય છે, અને તે એકેક સમાપ્ત અને અસમાપ્ત એવા ભેદે બે પ્રકારે હોય છે. ગીતાર્થનો વિહાર તે જાતકલ્પ કહેવાય અને ગીતાર્થની નિશ્રા સિવાય સ્વતંત્રપણે અગીતાર્થનો વિહાર તે અજાતકલ્પ કહેવાય. ઋતુબદ્ધમાં પાંચ અને વર્ષાઋતુમાં સાતસાધુનો સાથે વિહાર હોય તે સમાપ્તકલ્પનામનો વિહાર કહેવાય, અને તે તે ઋતુમાં તે તે સંખ્યાથી ઓછા સાધુઓનો વિહાર તે અસમાપ્તકલ્પ કહેવાય. અસમાપ્ત અને અજાત કલ્પવાળાને સામાન્યપણે ક્ષેત્રનું કે તેમાંથી મળતા સચિત્ત અચિત્ત કે મિશ્રદ્રવ્યનું સ્વામિત્વ હોતું નથી, પણ જાતકલ્પ અને સમાપ્તકલ્પ હોય તો જ તે ક્ષેત્રાદિનું સ્વામિત્વ હોય છે. જુદા જુદા કુલના અગીતાર્થ અને ગીતાર્થ બંને ભેગા મળી જે વિહાર કરે તો તેમનું તેઓએ કરેલ વ્યવસ્થા પ્રમાણે સ્વામિત્વ હોય છે. હવે સાધ્વીને માટે કહે છે.

વइ ૧૩૩૨, કેइ ૧૩૩૩, तं च ૧૩૩૪, जाग ૧૩૩૫ સાધ્વી પણ બાકીની સાધ્વીઓ કરતાં ગુણગણે કરીને અધિક હોય, ચિરદીક્ષિત હોય અને શ્રુતિઆદિથી પરિણમેલી હોય તે જ સ્વલબ્ધિને એટલે ક્ષેત્રાદિને મેળવવા કે તેના સ્વામિત્વને યોગ્ય કહેવાય. આ સ્થાને કેટલાકો કહે છે કે જે માટે સાધ્વીઓને વૃષભાદિસાધુથી જ તપાસેલું પ્રાયે વસ્ત્રાદિ હોય છે, તેમજ સાધ્વીઓ સ્વભાવે તુચ્છ હોય છે માટે તેને સ્વલબ્ધિ- હોવી જોઈએ નહિં, પણ સાધ્વીયોને વસ્ત્રક્ષેત્રાદિક માટે સાધુ નિશ્રા છતાં પોતાની ચેલીઓને અંગે ભિક્ષાદિકમાં તો તેને સ્વલબ્ધિ હોય છે. વળી વૃદ્ધઅવસ્થાને અંગે આચરેલું પણ છે. તથા યોગ્યપાત્રમાં તુચ્છતા નથી પણ હોતી. સાધ્વીઓને માટે જાત અને સમાપ્તકલ્પનો વિચાર તો પૂર્વે કહ્યા પ્રમાણે જાણવો, પણ દોષો અધિક જાણવા, અને સાધ્વીઓને ઉપધિ સૂત્રાનુસારે અધિક જાણવો॥ હવે ગણની અનુજ્ઞા કરવાનો વિધિ કહે છેઃ

एत्था ૧૩૩૬, इच्छा ૧૩૩૭, चइ ૧૩૩૮, सीसो ૧૩૩૯, आह ૧૩૪૦, संदिसह ૧૩૪૧, वंदितु ૧૩૪૨, वंदित्तु ૧૩૪૩, सीसम्मि ૧૩૪૪, सेसं ૧૩૪૫, दिन्ति ૧૩૪૬, उत्तम ૧૩૪૭, धण्णाण ૧૩૪૮, संधा ૧૩૪૯, अण्णाण ૧૩૫૦, ता ૧૩૫૧, मो एइ ૧૩૫૨, त्ता ૧૩૫૩, तुब्भे ૧૩૫૪, णय ૧૩૫૫, इहरा ૧૩૫૬, ता ૧૩૫૭, णाणस्स ૧૩૫૮, एवम् ૧૩૫૭, भणइ ૧૩૬૦, इणिं ૧૩૬૧, उट्ठितु ૧૩૬૨, अह ૧૩૬૩, अणु ૧૩૬૪, अणु ૧૩૬૫,

શિષ્યને ડાબે પડખે રાખીને પ્રાચીન આચાર્ય તેની સાથે દેવ વાંદે. પછી શિષ્ય આચાર્ય મહારાજને વંદન કરીને કહે કે **इच्छाकारेण दिग्** આદિની આજ્ઞા આપો, પછી આચાર્ય **इच्छामो** એમ કહીને અનુજ્ઞા માટે શિષ્યની સાથે કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગમાં લોગસ્સ ચિંતવે. નમસ્કારે પારે, અને પછી લોગસ્સ પ્રગટ કહીને નમસ્કારપૂર્વક અનુજ્ઞાનંદીને કહે, ભાવિતઆત્મા શિષ્ય પણ તે નન્દીસૂત્રને

ઉપયોગપૂર્વક સાંભળે. એ પછી વંદન કરીને **इच्छाकारेण० अम्ह** દિશા આદિની આજ્ઞા કરો. એમ કહે. પછી શિષ્ય વાંદીને **संदिसह किं भणामो ?** એટલે હુકમ કરો શું કહું ? એમ કહે, ત્યારે ગુરુ **वंदित्तुं पवेयह** એટલે 'વન્દન કરીને નિવેદન કર' એમ બોલે. પછી શિષ્ય વંદન કરીને નિવેદન કરે. એમ ગુરૂને નિવેદન કરીને પછી શિષ્યવંદન કરીને **तुब्भं पवेइयं, संदिसह साहूणं पवेयेमि** 'આપને નિવેદન કર્યું, હવે આપ આજ્ઞા કરો કે જેથી સાધુઓને નિવેદન કરૂં' એમ કહે. ત્યારે ગુરુ **पवेयहं** એટલે 'નિવેદન કર' એમ કહે. પછી શિષ્ય વંદન કરીને નમસ્કાર બોલતો ગુરુની પ્રદક્ષિણા કરે અને તે આચાર્યમહારાજ ભગવાનના ચરણકમલમાં વાસક્ષેપ નાંખીને પછી શિષ્યના મસ્તક ઉપર વાસક્ષેપ નાંખતા **गुरुगुणेहिं वड्ढाहि** એટલે 'ઘણા ગુણોથી વૃદ્ધિ પામો' એમ કહે. એવી રીતે ત્રણવાર પ્રદક્ષિણા વિગેરે કર્યા પછી ગુરુ પોતાની નિષદ્યા ઉપર બેસે. બાકીનું વિધાન સામાયિક આરોપણમાં જેમ કહ્યું છે તેમ જાણવું, પણ અહીં કાયોત્સર્ગ દિશાદિઅનુજ્ઞા માટેનો જાણવો. પછી નવીન આચાર્ય પ્રાચીન આચાર્યની પાસે. પોતાના આસને બેસે પછી શિષ્યાદિ તે બન્ને આચાર્યને વંદન કરે, અને જે મૂળ આચાર્ય હોય તે નવીન આચાર્ય અને સમગ્ર ગચ્છને એવી રીતે શિખામણ દે કે જે શિખામણ સાંભળવાથી બીજો જીવ પ્રતિબોધ પામે, ગણધરની શિખામણ કહે.

લોકોત્તર એવા તીર્થંકર મહારાજાઓએ કહેલું, ઉત્તમ ફળને આપનારૂં, અને જગતમાં ઉત્તમપુરૂષે ધારેલું એવું આ ઉત્તમપદ-ગણાચાર્યપદ તને પ્રાપ્ત થયું છે. ભાગ્યશાળીઓને જ આ પદ અપાય છે, અને ભાગ્યશાળીઓ જ એને બરોબર રીતે પાળે છે એ પદને પાળીને તે ભાગ્યશાળીઓ દુઃખનો પાર પામે છે. દુઃખીજીવોના રક્ષણમાં સમર્થ એવા ઉત્કૃષ્ટજ્ઞાનાદિકને પામીને સંસારના ભ્રમણથી ડરેલા જીવોનું જેઓ રક્ષણ કરે તેઓ જ ભાગ્યશાળી કહેવાય. જો કે અજ્ઞાનરૂપી વ્યાધિથી ઘેરાયેલા રોગીઓ પોતાના રોગનું સ્વરૂપ અને ભય નહિં સમજી શકવાથી ઔષધ કરાવવા તૈયાર ન થાય તો પણ તાત્વિક પરમાર્થ કરનાર વૈદ્યો તેવાના પણ રોગને નાશ કરે છે, તો તું લોકોત્તરમાર્ગનો વૈદ્ય છે, અને તારા શરણે આવેલા આ ભવદુઃખથી પીડાયેલા એવા જીવો છે, માટે તેઓને તારે પ્રયત્નથી છોડાવવા જોઈએ. પ્રમાદરહિત, પરોપકારમાં હંમેશાં ઉદ્યમવાળો, ઐહિકસુખની પિપાસા વગરનો અને મોક્ષના સુખમાં જ સાધ્યના રાખનારો જે મહાનુભાવ હોય છે તે જ તે અજ્ઞાનીઓને ભવરોગથી મુકાવે છે. જો કે તું તેવો જ છે, તો પણ શાસ્ત્રની મર્યાદાને લીધે તને માત્ર શિખામણરૂપે આટલું કહ્યું છે. તારી અવસ્થા પ્રમાણે તારે હંમેશા પ્રવર્તવું જોઈએ. હવે ગચ્છની શિખામણ કેવી હોય તે કહે છે.

સંસાર અટવીરૂપી મહાગહનમાં સિદ્ધિનગરીના સાર્થવાહ જેવા આ આચાર્યને તીવ્ર પ્રયત્નથી આરાધનામાં રહેવું. ક્ષણવાર પણ છોડવો નહિ, તેમજ જ્ઞાનના સમુદ્ર એવા આ પુરૂષનું વચન લોપવું નહિ, કેમકે એમ કરવાથી જ તમારો કરેલો સંસારત્યાગ સફળ થશે. અન્યથા તીર્થંકરની આજ્ઞાનો ભંગ થાય, અને તેમ થાય તો તમારા આ લોક અને પરલોક બંને નિષ્ફળ થાય, તેટલા માટે કોઈક વખત

એ તમારો તિરસ્કાર કરે, તો પણ કુલવધૂની માફક એમના ચરણકમળને છોડશો નહિ. ગુરુકુલવાસમાં રહેવાથી રહેનારો જ્ઞાન મેળવે છે, સમ્યગ્દર્શન અને ચારિત્રમાં સ્થિર થાય છે, માટે ભાગ્યશાળીઓ યાવજ્જીવ પણ ગુરુકુલવાસને છોડતા નથી. સાધુઓની માફક જ આચાર્યો સાધ્વીઓને શિખામણ દે અને આર્યચંદના, મૃગાવતી વિગેરેના પરમગુણો કહે. સ્વલબ્ધિવાળાને જણાવે કે પહેલાં તમારે વસ્ત્રાદિની લબ્ધિ ગુરુએ પારખેલી અને તે એકાંતનિર્દોષ જ હતી, પણ હમણાં વસ્ત્રાદિકને અંગે તે લબ્ધિ શાસ્ત્રાદિકને આધીન થઈ છે, માટે એ ઘણા ગુણવાળી થાય તેમ કરજે, એટલે કે સૂત્રને અનુસારે જ પ્રવર્તજે, એવી રીતે શિખામણ થયા પછી નવો આચાર્ય પરિવાર સહિત મૂળ આચાર્યની ત્રણ વખત પ્રદક્ષિણા કરી વંદન કરે. પછી પવેણુ કરે અને સમવસરણને અંગે જેવી જેની આચરણા હોય તે પ્રમાણે કરે, પછી નવો આચાર્ય મધ્યસ્થપણે શાસ્ત્રરીતિએ ગણનું પાલન કરે અને પ્રયત્નથી બીજાઓને પોતાના સરખા ગુણવાન બનાવે ॥ અનુયોગ અને ગણની અનુજ્ઞા એવી રીતે સંક્ષેપથી વર્ણન કરી અને હવે સંલેખનાના મૂળ દ્વારો કહું છું, કારણ કે અનુયોગ અને ગણની અનુજ્ઞા કર્યા પછી વિધિપૂર્વક તે અનુજ્ઞાનું પાલન યાવત્ ચરમકાળ આવે ત્યાં સુધી રૂડી રીતે કરે ॥

इति अनुज्ञावस्तु समाप्तं

એવી રીતે ચોથી અનુજ્ઞા નામની વસ્તુ કહી ॥ હવે પાંચમી સંલેખના નામની વસ્તુ કહે છે.

संलेहणा १३६६, ओहेण १३६७, परि १३६८, एसो १३६९, भणिऊण १३७०, अव्वो १३७१, सो १३७२, अणु १३७३, किं १३७४, पारद्ध १३७५, जिण १३७६, सय १३७७, गणि १३७८, गण १३७९, पिच्छामु १३८०, णय १३८१, उव १३८२, जाए १३८३, आणा १३८४, उव १३८५, परि १३८६, इंदिअ १३८७, इंदिअ १३८८, जेण १३८९, इअ १३९०, इक्किक्क १३९१, अप्पा १३९२, तव १३९३, इस १३९४, पढमा १३९५, एआसु १३९६, एएण १३९७, अह १३९८, उस्सासा १३९९, एत्तो १४००, मेहाइ १४०१, एगत्त १४०२, एगो १४०३, इय १४०४, एगत्त १४०५, इअ १४०६, पायं १४०७, सह १४०८, धिइ १४०९, पव्वा १४१०, जिण १४११, तइ १४१२, [illegible] १४१३.

જિનેશ્વરોએ આ સંલેખનાના અધિકારમાં વિચિત્ર તપસ્યા કરવાની કહી છે. કારણ કે તપ કરવાથી દેહ અને કષાય વિગેરે જરૂર પાતળા થાય છે. સામાન્યરીતે બધી તપસ્યા એવી છે તો પણ ચરમકાળમાં તપસ્યા વિશિષ્ટપ્રકારે લેવી વિધિપૂર્વક આચાર્યાદિપદ પાલન કરીને જિનકલ્પ વગેરે અભ્યુદ્યતવિહાર કે ભક્તપરિજ્ઞા અનશનઆદિ અભ્યુદ્યતમરણ કરવું એ જ સાધુઓને ઉચિત છે. જે માટે આ અભ્યુદ્યત વિહાર પણ ગચ્છ આદિ નિશ્રા વોસિરાવવા આદિ કારણોથી સંલેખનાની સરખો છે તે માટે સંલેખનાનાદ્વારમાં તેનું એટલે એઅભ્યુદ્યતવિહારનું કથન વ્યાજબી છે. માટે સંક્ષેપથી અભ્યુદ્યતવિહાર કહીને પછી દ્વારને અનુસારે જ સંલેખનાના વિધાનપૂર્વક અભ્યુદ્યત મરણ કહેવાશે. ॥ (અપૂર્ણ)

સાધુઓનું સંઘમાં સ્થાન.

જૈનજનતામાં શ્રીસંઘ શબ્દ એટલો બધો પ્રસિદ્ધ છે કે તે શબ્દને નહિ જાણનાર સૂર્યને નહિ જાણનાર જેવો ગણાય, પરન્તુ તેથી સંઘશબ્દના અર્થને સમજવામાં ઘણા લોકો અણસમજ ધરાવે છે, શ્રીસંઘને ભગવાન જિનેશ્વર મહારાજાઓ નમસ્કાર કરે છે, એ વાત સકલજૈનસમૂહમાં પ્રસિદ્ધ છે. પણ સુજ્ઞોએ સમજવું જોઈએ કે ભગવાન જિનેશ્વર મહારાજા **नमो संघस्स** એવું કોઈ દિવસ બોલતા જ નથી, ભગવાન્ તો દરેક સમવસરણમાં બીરાજતાં ધર્મદેશનાની આદિમાં **नमो तित्थस्स** એમ કહે છે, એટલે તેઓ તીર્થને નમસ્કાર કરે છે અને તીર્થ શબ્દનો અર્થ પ્રથમ નંબરે પ્રથમ ગણધર મહારાજા છે અને બીજે નંબરે શ્રીચતુર્વિધ સંઘ છે, તેમાં પ્રથમ ગણધર મહારાજા તો સ્વતંત્ર તીર્થ તરીકે છે, પણ શ્રી ચતુર્વિધ સંઘ સ્વયં તીર્થના અર્થ તરીકે નથી, પરન્તુ તીર્થ શબ્દનો સીધોઅર્થ પ્રવચન છે અને પ્રવચનનો અર્થ દ્વાદશાંગી છે અને તે દ્વાદશાંગી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ શ્રીચતુર્વિધ સંઘને આધારે છે માટે અધેય જે દ્વાદશાંગી, તેના નમસ્કારથી આધાર જે શ્રીચતુર્વિધ સંઘ તે નમસ્કાર કરવા લાયક ગણાયો છે. રત્નને ધારણ કરનાર સોનું કે હરકોઈ ધાતુ હોય ત્યાં રત્નની કિંમત થાએ જ છે. તેમજદ્વાદશાંગીના મહિમાને લીધે શ્રીસંઘનો મહિમા થાય છે, અને દ્વાદશાંગીના મુખ્ય અધિકારી **दुवालसंगंअहिज्जमाणेहिं** એવી શ્રી ઉપાસકદશાંગ આદિના વચનથી સાધુઓ જ છે માટે શ્રીસંઘમાં સાધુઓ જ અગ્રપદે છે ને સાધુ ભગવંતો હોય ત્યારે જ શ્રીસંઘ કહેવાય.

(અનુસંધાન ટાઈટલ પાના ૪ થી ચાલુ)

૭ ધ્યાન રાખવું જરૂરી છે કે પર્વતિથિના નિયમવાળાને પર્વતિથિનો ક્ષય ર્ક્યો પણ પાલવે તેમ નથી, તેવી જ રીતે પર્વતિથિની વૃદ્ધિ માને અને પર્વતિથિની નામે લીધેલા નિયમો ન સાચવે એ પણ પાલવે તેમ નથી. માટે પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો ક્ષય, અને પર્વતિથિની વૃદ્ધિએ તેનાથી પૂર્વની અપર્વતિથિની વૃદ્ધિ કરે જ છુટકો છે.

તા. ક- આ હકીકત સમજનારને માલમ પડશે કે રવિવારની સંવચ્છરી કરનારા કોઈપણ પ્રકારે કદાગ્રહી છે જ નહિ. તેઓ તો પરંપરા અને શાસ્ત્ર એ બન્નેના આધારે ચાલનારા છે. શાસ્ત્ર અને પરંપરા એ બન્નેને ઉઠાવીને જેઓને કલ્પિત કરવું છે, તેઓને જ કદાગ્રહ કરવાની જરૂર રહે છે. શાસ્ત્ર અને પરંપરાને કોઈપણ ખોટા ઠરાવ્યા સિવાય તેની વિરૂદ્ધ વાંધા મારવા અને વર્ત્તન કરવું તે મુમુક્ષુ જીવોને કોઈપણ પ્રકારે શોભે તેમ નથી.

કદાગ્રહની પીછાણ કરો

આજકાલ સંવચ્છરીની તિથિ બાબતની ચાલતી ચર્ચામાં જેમ સાધારણ રીતે બનવું શક્ય છે તેમજ બન્યું છે. સાધારણ ચર્ચાઓમાં સામાપક્ષને કદાગ્રહી કહીને પુરાવાની ગેરહાજરીમાં સંતોષ મનાય છે, તેમ આ વખત પણ શનિવારની સંવચ્છરી જેઓએ કરી છે, અને બુધવારની કરવા માગે છે, તેઓ રવિવારની સંવચ્છરી જેઓએ કરી છે તથા ગુરૂવારની સંવચ્છરી કરવાની માન્યતા ધરાવે છે તેઓને કદાગ્રહી વગેરે નામથી નવાજવા માંડ્યા છે, માટે સુજ્ઞોને વિચારસરણી સૂઝાડવા આ લખાણની જરૂર છે.

૧ કંઈ વર્ષોથી બીજ આદિ પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની પડવા આદિ અપર્વતિથિનો ક્ષયકરાય છે. કોઈયે તે અપર્વતિથિનો ક્ષય નવો શરૂ કરેલ નથી. બુધવાર કરવા માગનારાઓએ પણ પહેલાં બીજ આદિના ક્ષયે પડવા આદિનો ક્ષય ટીપ્પણામાં લખ્યો છે, અને એ પ્રમાણે ક્રિયા પણ કરેલી જ છે.

૨ બીજ આદિ પર્વતિથિની વૃદ્ધિ થતાં તેનાથી પહેલાંની પડવા આદિ અપર્વતિથિની વૃદ્ધિ કંઈ કાલથી થાય છે. બુધવારવાળાઓએ પણ લખી અને કરી છે.

૩ ચૌદશ પુનમ કે ચૌદશ અમાવાસ્યા જેવી બે સાથે આવતી પર્વતિથિનો ક્ષય હોય અથવા વૃદ્ધિ હોય તો ચૌદશનો ક્ષય કે વૃદ્ધિ કોઈએ અત્યાર સુધી લખી નથી, તેમ કરી પણ નથી. તેવે વખતે માત્ર તેરસની જ વૃદ્ધિ કે ક્ષય કરાય છે, અને બુધવાર વાળાઓએ પણ તેમ જ લખ્યું છે અને કર્યું છે.

૪ જેમ ચૌમાસીને માટે ચૌદશ એ સ્વાભાવિક તિથિ નહોતી, પણ શ્રીકાલકાચાર્ય મહારાજના અંગે પૂનમથી ખસેડીને ચૌદશે ચૌમાસી પ્રવર્ત્તી છે છતાં ચૌમાસી ચૌદશના ક્ષયને પ્રસંગે તેરસે ચૌમાસી કરવી પડે છે તેમ ભાદરવા સુદ ચોથનો ક્ષય હોય તો શાસ્ત્રાનુસારિજીવોને ત્રીજે સંવચ્છરી કરવી જ પડે.

૫ ચૌમાસીની પૂનમના ક્ષયે જેમ ચૌમાસીની ચૌદશનો ક્ષય ન કરતાં તેની પણ પહેલાની તેરસનો ક્ષય કરી તેરસે ચૌદશ, અને ચૌદશે જ પૂનમ કરાય છે, તેમ ભાદરવા સુદ પાંચમને ક્ષયે ચોથનો દિવસ સંવચ્છરીની નિયમિતવાળો હોવાથી તે ચોથનો ક્ષય ન થાય પણ ત્રીજનો ક્ષય કરવો પડે.

૬ પૂનમ કે અમાવાસ્યાની વૃધ્ધિ હોય છે, ત્યારે તેરસની વૃધ્ધિ કંઈ કાલથી થાય છે. શનિવારવાળાઓએ પણ તેવામાં તેરસની વૃદ્ધિ લખેલી છે અને કરેલી છે, તે પ્રમાણે ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિએ ત્રીજની વૃદ્ધિ કરવી જ જોઈએ એ ચોક્ખું જ છે.

(જુઓ ટાઈટલ પાનુ ૩ જુ)

सिद्धचक्र

तंत्री

પાનાચંદ રૂપચંદ ઝવેરી

श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति

— મુંબઈ —

વર્ષ ૫

અંક ૧૪

પંચમ વર્ષ

ચૈત્ર વદી ૦))

卐

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं बोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

૧૯૯૩ : : ૧૯૩૭

મે

વીર સંવત્ ૨૪૬૩

श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०	तत्त्वतरंगिणी	०-८-०
उत्तराध्ययनचूर्णि	३-८-०	बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०	मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०	आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
पंचाशकादिदशअकारादि	४-०-०	भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०	पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०	तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०	पर्युषणादशशतकं	०-१०-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०	बुद्धिसागरः	०-३-०
विचाररत्नाकरः	३-०-०	विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
बन्दारूवृत्तिः	१-४-०	भवभावनावृत्तिः पूर्वार्धं	३-८-०
पयरणसंदोह	१-०-०	कल्पकौमुदी	२-०-०
अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०	षोडशकप्रकरणं सटीकं	१-०-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०	षडावश्यकसूत्राणि	०-८-०
बारसासूत्रं सचित्रं	१२-०-०	उत्पादादिसिद्धिः	२-८-०
ऋषिभाषितानि		तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
प्रत्याख्यानप्रकरण - सारस्वत,	१-८-०	सुबोधिका	प्रेसमां-
विशेषणवती-वीशवींशी		भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०	भवभावना (उत्तरार्धं)	प्रेसमां-
ललितविस्तरा	०-१०-०	प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
		प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद मगनलाल बदामीએ तंत्री शा. पानाचंद रूपचंद ઝवेरी माटे छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिએ लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोयद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५		अंक १४
विक्रम सं. १९९३	वीर सं. २४६३	सन १९३७
चैत्र वदी ०))	सोमवार	मे १०

वार्षिक लवाजम रू. २-०-० उद्देश छुटक नकल रू. ०-१-६

नवपदोमय श्री सिद्धचक्रनी आराधना अने श्री आचामाम्ल वर्धमान तपनी प्रवृत्ति पोषवा साथे आगमनी मुख्यतावाळी देशना, अने शंकाना समाधानोनो फेलावो करशे :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽद्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

દ્રવ્યનંદીને અંગે ભગવાન જિનેશ્વર મહારાજાઓની દ્રવ્યપૂજાને પ્રસંગે પરહિતમાં રતપણાનો ગુણ યાદ કરવાનો હોવાથી ભગવાન ઋષભદેવજી મહારાજનું ચારિત્ર વિચારતાં તેમનાથી થએલી વર્ણવ્યવસ્થામાં બ્રાહ્મણવર્ણની ઉત્પત્તિને અંગે તેમના કેવલજ્ઞાનની ઉત્પત્તિનો વિચાર જરૂરી હોવાથી અને કોઈપણ તીર્થંકર મહારાજને ગૃહિલિંગે અન્યલિંગે કે કુલિંગે કેવળજ્ઞાન થયું નથી થાય નહીં ને થશે પણ નહીં એ નિયમ હોવાથી ભગવાન ઋષભદેવજીની દીક્ષાનો અધિકાર વિચારતાં ભવિતવ્યતા કે ભવ્યતાને ભરોસે ભૂલા ન પડે તે માટે ઉદ્યમની સિધ્ધિ જણાવીને તેમની દીક્ષાનો અધિકાર જણાવ્યો.

'લોચ વિધાન'

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન અને દરેક મહાનુભાવ મહાત્માઓ જ્યારે જ્યારે દીક્ષિત થાય છે ત્યારે ત્યારે પંચમુષ્ઠિક લોચ કરે છે. યાદ રાખવું જરૂરી છે કે દરેક દીક્ષિત થનારો પુરૂષ દીક્ષાના પ્રસંગે મુણ્ડિત થઈ સ્નાન કરે જ છે. આ દીક્ષા વખતે કરાતું સ્નાન દરેક દીક્ષિતના જીવનનું છેલ્લું સ્નાન હોય છે. કેમકે તેમણે દીક્ષિત થવાને લીધે સર્વ સંસારી સંબંધો છોડી દેવાના હોય છે. દીક્ષિત થયા પછી સંસારી અવસ્થાના કોઈપણ સંબંધી કે ન્હાય તેવા સગા સંબંધી મરણ પામે તો પણ તેને અંગે ત્યાગી થયેલાને સ્નાન હોતું જ નથી. માટે ત્યાગી થતી વખતે કરાતું સ્નાન તે છેલ્લું સ્નાન જ હોય છે અને તે છેલ્લું સ્નાન આવશ્યક ગણવામાં આવે છે. ત્રિલોકનાથ તીર્થંકરની પૂજા કરવાને માટે સ્નાન કર્યું હોય અને પૂજા અર્ચાઆદિ ઘણી જ સુન્દર રીતે કરીને આવ્યો હોય તેવો મનુષ્ય પણ દીક્ષા લેતી વખતે ફરીથી સ્નાન કરે છે. એટલું જ નહીં. પણ તે સ્નાનને અંગે અચિત્તજલનો વપરાશ રહેતો નથી, એવા કલ્પને ઉદ્દેશીને શ્રમણ ભગવાન મહાવીર મહારાજા કે જેઓ મહારાજા સિદ્ધાર્થ અને ત્રિશળાના સ્વર્ગ ગમન પછી સર્વથા સ્નાનને વર્જેલું હતું અને પોતાના નિમિત્તે કરેલો આહાર પણ વર્જેલો છતાં બે વરસ સુધી તેવી રીતે ગૃહસ્થપણે રહીને પણ દીક્ષા લેતી વખતે સચિત્ત જલથી સ્નાન કર્યું. જેવી રીતે દીક્ષા લેતી વખતે થતું સ્નાન તે છેલ્લું સ્નાન છે તેવી જ રીતે દીક્ષા લેતી વખતે થતું મુણ્ડન તે પણ મુખ્યતાએ છેલ્લું મુણ્ડન છે. આવી સ્થિતિમાં ભગવાન ઋષભદેવજી મહારાજ જે વખતે દીક્ષા લેતી વખતે પંચમુષ્ઠિ લોચ કરે છે તે વખતે ભગવાન ઋષભદેવજીના સુવર્ણરંગી શરીરના ખભા ઉપર શ્યામવાળનો જથ્થો દેખીને ઇંદ્રમહારાજની રૂચિ તે છેલ્લીમુષ્ઠિનો લોચ નહીં કરવા ઉપર થઈ અને તે ઉપરથી ભગવાન ઋષભદેવજીને ઇંદ્રમહારાજે તે છેલ્લી મુષ્ઠિનો લોચ નહીં કરવા માટે વિનંતી કરી.

'આચાર અને ભક્તોની વિનંતી'

ભગવાન શ્રીઋષભદેવજી મહારાજ પૂર્વભવથી યાવત્ ગર્ભથી ત્રણ જ્ઞાનવાળા છે, એટલે અપ્રતિપતિત અને વિશુદ્ધ એવા મતિ શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનને ધારણ કરનારા છે. તેમજ શાસ્ત્રોમાં જેમ નવપૂર્વથી ચૌદપૂર્વના ધારણ કરવાવાળા સામાન્ય સાધુઓને પણ આગમ વિહારી ગણી તેને માટે વચનનો પ્રતિબંધ ગણવામાં આવતો નથી અર્થાત્ તેઓ જેમ જ્ઞાનથી લાભ દેખે તેમજ કરે છે અને તેવી જ અપેક્ષાએ શાસ્ત્રકારો उदेसो पासगस्स नत्थि એમ કહી અતીન્દ્રિયોને માટે સ્પષ્ટપણે આગમના વચનને અવલંબનનો નિષેધ જણાવી સ્વતંત્ર જ્ઞાનનું જ અવલંબન રાખવાનું સર્વ ક્રિયામાં જણાવે છે, તો પછી ભગવાન્ શ્રીઋષભદેવજી ગર્ભથી અતીન્દ્રિય જ્ઞાનવાળા હોવાના લીધે ઇન્દ્ર મહારાજની વિનંતિને ધ્યાનમાં લઈ અનેક પ્રકારે લાભ દેખીને શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા પંચમુષ્ઠિલોચને ન આચરતાં ચારમુષ્ઠિથી લોચ કરે તેમાં કોઈપણ પ્રકારનો સવાલ રહેતો જ નથી. વળી તીર્થંકરમહારાજનું વર્ત્તન શાસ્ત્રની ઉત્પત્તિની પહેલાનુંજ છે અર્થાત્ તે વખતે તીર્થની સ્થાપના પણ થઈ ન હતી, અને શાસ્ત્રો રચાયાં પણ ન હતાં, અને આ જ કારણથી કેટલેક સ્થાને માતા મરૂદેવીને અતીર્થસિદ્ધ તરીકે ગણવામાં આવે છે, તો શાસ્ત્રની ઉત્પત્તિ વગર શાસ્ત્રસંબંધી પ્રતિબંધ ન હોય તે સ્વાભાવિકછે, છતાં ધ્યાન રાખવાની જરૂર છે કે ભગવાન ઋષભદેવજીની સાથે દીક્ષા લેનારા ચાર હજાર સાધુઓએ તો પંચમુષ્ઠિક જ લોચ કર્યા છે. કારણ કે ઇન્દ્રમહારાજે ભગવાન ઋષભદેવજીને પાંચમી મુષ્ઠિનો લોચ બંધ રાખવાની વિનંતિ કરી તે ઉપરથી તેઓ સમજી શકે કે દીક્ષા લેતી વખતે સાધુઓએ પંચમુષ્ઠિક લોચ કરવો જોઈએ. સામાન્ય પણ નિયમ છે કે પ્રતિષેધ કરાય તે પ્રાપ્તિપૂર્વકનો જ હોય, એટલે પંચમી મુષ્ઠિના લોચની નિષેધની વિનંતિ જ સાધુઓના પંચમુષ્ઠિક લોચને નિયમિત કરે તેમાં નવાઈ નથી. મુખ્ય વિચાર તો એ જ છે કે આચારની અધિકતા ગણવી કે ભક્તિની વિનતિની અધિકતા ગણવી ? વાચકવૃન્દને સારી રીતે યાદ હશે કેશ્રમણ ભગવાન મહાવીર મહારાજાને આખા છદ્મસ્થકાળમાં ઘોર ઉપસર્ગો થવાના હતા અને તે વાત ઇન્દ્રની ધ્યાનમાં બરાબર ઉતરી હતી, અને તેથી જ શ્રમણ ભગવાન મહાવીર મહારાજને ઇન્દ્ર મહારાજે વિનંતિ કરી કે ઉપસર્ગ નિવારણારૂપી વૈયાવચ્ચ માટે હું તમારી સેવામાં બાર વર્ષ સુધી રહું. પછી શ્રમણ ભગવાન મહાવીર મહારાજે આ ઇન્દ્રમહારાજની વિનંતીનો સ્વીકાર ન કર્યો અને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે અરિહંત ભગવંતો કોઈની મદદથી કેવલજ્ઞાન ઉપજાવે નહિં અને તેથી જ અર્થાપત્તિથી જણાવ્યું કે તમારે વૈયાવચ્ચમાં રહેવાની જરૂર નથી, આવી રીતે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે ભક્તની ભક્તિનો સ્વીકાર ન કર્યો તો પછી ભગવાન ઋષભદેવજી મહારાજે ઇન્દ્રની આ વિનંતિનો સ્વીકાર કરી પંચમુષ્ઠિક લોચરૂપી આચારનો ભેદ કેમ કર્યો ? આવો વિચાર કરતા પહેલાં ભગવાન ઋષભદેવજીના જ્ઞાનના ઉત્કૃષ્ટપણામાં ભરોસો રાખનાર મનુષ્ય તો અચકાયા વિના રહે જ નહિં, છતાં બીજી બાજુ વિચાર કરીએ તો ભક્તોની વિજ્ઞપ્તિને માન આપીને તેના ભાવનો ઉલ્લાસ કરવા શય્યાતરપિંડના નિષેધના પ્રસંગમાં શાસ્ત્રકારો શું શું કહે છે તે ઓછું વિચારવા જેવું નથી.

શ્રીકાલકાચાર્ય અને જૈનશાસન

ભક્તની ભક્તિના પ્રભાવને વિચારવાવાળો મનુષ્ય કાલકાચાર્યમહારાજનું દૃષ્ટાન્ત ધ્યાનમાં લીધા વિના રહેશે નહિં. કાલકાચાર્ય મહારાજે તેમજ તેમને અનુસરીને રહેનારા આખા વીરભગવાનના

શાસનને ફક્ત સાતવાહન રાજાની વિનંતિ ઉપરથી ભાદ્ર સુદ ૫ ની સંવત્સરી પલટાવીને ભાદરવા સુદ ૪ની સંવચ્છરી પ્રવર્ત્તાવી છે. આવા સંવચ્છરી જેવા પર્વના પલટાને જે આખું શાસન માન આપે છે તેની અસલ જડ ભક્તની વિનંતિ સિવાય બીજું કંઈ જ નથી. પણ ધ્યાન રાખવાની જરૂર છે કે કાલકાચાર્ય મહારાજ એવા પ્રભાવિક પુરુષ હતા કે જેથી તેઓએ ભક્તની વિનંતિનું આપેલું બહુમાન તે વખતના સકલશાસનને માનનારાઓએ અને પછીના પણ શાસનને માનનારા સર્વજનોએ તે પરાવર્ત્તનને કબુલ જ કરેલું છે.અંચળગચ્છવાળાઓ પણ કાલકાચાર્યની આચરણાને પોતાના શતપદી નામના ગ્રન્થમાં પ્રમાણિકપણે જણાવે છે, અને તેથી જ તે ચોમાસીના ઓગણપચાસ દહાડા સંવચ્છરી પહેલાં ગણાવે છે. તેથી જ તેઓ અસલથી જ કાલકાચાર્ય મહારાજે પલટાવીને પ્રવર્ત્તાવેલી જ સંવચ્છરી જે ભાદરવા સુદ-૪ તેને માનવાવાળા હતા. પણ પાછળથી પાશચન્દ્ર જેણે સોલમી સદીમાં નવો મત કાઢ્યો અને ચોથની સંવચ્છરીનું ઉત્થાપન ક્યું, એટલે કેટલાકના લખવા પ્રમાણે કાલકાચાર્ય મહારાજ પછી સત્તર સદી પછી અને કેટલાકના લખવા પ્રમાણે અગીયાર સદી પછી આ પાશચન્દ્રે ચોથની સંવચ્છરી પલટાવી પાંચમનું તૂત ઉભું ક્યું, કેટલાકના કહેવા પ્રમાણે તો તે સોની જાતનો હતો અને તેથી શાસ્ત્રના પૂર્વધરોનાં અને પૂર્વાચાર્યોનાં વચનોને ચોરે અને ઉત્થાપે તેમાં નવાઈ હતી જ નહી. આ વાતને અત્રે વધારે ચર્ચવાની જરૂર નથી. પરન્તુ માત્ર ભક્તની વિનંતીથી આચારમાં કેવો પલટો થાય છે અને તે પલટો પરમ્પરાગત મુનીવરો કેવી રીતે માન્ય કરે છે એટલે પૂરતા પ્રસંગો ઉપર જ આ હકીકત કહેવામાં આવી છે. યાદ રાખવું જરૂરી છે કે સ્થૂલીભદ્રમહારાજનું વેશ્યાને ત્યાં રહેવું અને ભગવાન ઋષભદેવજીનું ચારમુષ્ઠિક લોચનું કરવું વિગેરે વ્યક્તિગત જ માત્ર આચારભેદ છે, પરન્તુ કાલકાચાર્ય મહારાજે પ્રવર્ત્તાવેલી ભાદરવાસુદ ૪ની સંવચ્છરી માફક પરમ્પરાગત તિથિના સંબંધવાળો આચારભેદ નથી. આ ઉપરથી એમ સમજવાની પણ કોઈએ ભૂલ ન કરવી કે ભક્તોની ભક્તિ આગળ આચારને સ્થાન જ નથી. કેમકે ભગવાન ઋષભદેવજી મહારાજ અને કાલકાચાર્યજીએ સમ્પૂર્ણ વિધિથી અને જ્ઞાનથી વિચારીને સર્વથા નિર્દોષપણું દેખીને દોષની ઉત્પત્તિ વગરની જ ભક્તિનો સ્વીકાર કરેલો છે. સામાન્ય પ્રસંગથી આ ઉપર જણાવેલા લોચ સંબંધી પ્રસંગનો વિચાર કરી ગતાંકમાં જણાવેલા વાર્ષિક તપના કારણભૂત ભિક્ષા નહીં મળવાં અન્તરાયનો વિચાર કરીએ.

કાર્યની શ્રેયસ્કરતા અને વિઘ્નોની પરમપરા

આચાર્ય મહારાજશ્રી જીનભદ્રગણિ ક્ષમાશ્રમણજી વિગેરે મહાપુરૂષો દરેક કાર્યનું શ્રેયસ્કરપણું જણાવતાં તેમાં બહુ અન્તરાયોનો સમ્ભવ જણાવે છે, અર્થાત્ તેઓશ્રીના કહેવા પ્રમાણે જે જે શ્રેયસ્કર કાર્ય હોય તે બધાં બહુવિઘ્નવાળાં જ હોય છે અર્થાત્ બહુવિઘ્ન સહિતપણાને તેઓ સાધ્ય તરીકે રાખી શ્રેયસ્કરપણાને હેતુ તરીકે રાખે છે અને તેથીજ તેઓ જણાવે છે કે મોક્ષમાર્ગ જેવી અદ્વિતીયસિદ્ધિને માટે કરાતાં શાસ્ત્રો શ્રેયસ્કર જ હોય અને તેથી તેમાં ઘણાં વિઘ્નોનો સંભવ માનવો જ જોઈએ, અને તે વિઘ્નોના સર્વથાનાશને માટે દરેક મોક્ષાર્થી જીવોએ, દરેક શાસ્ત્રોના મંગલાચરણ કરવાં જ જોઈએ. જ્યારે શ્રીજીનભદ્રગણિ ક્ષમાશ્રમણજી વિગેરે મહાપુરૂષોનું આવું વક્તવ્ય છે ત્યારે કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચન્દ્રસૂરિજીના ગુરૂભાઈ શ્રીપ્રદ્યુમ્નાચાર્યજીના શિષ્ય શ્રીચંદ્રસેનાચાર્યનું એવું મન્તવ્ય છે કે **શ્રેયસ્કરત્વ** પદને હેતુ તરીકે ન લઈ **બહુવિઘ્નત્વ** પદને હેતુ તરીકે લેવું, અને બહુ વિઘ્નત્વને સાધ્ય તરીકે ન રાખતાં શ્રેયસ્કરત્વને જ સાધ્યતરીકે રાખવું, તેઓ જણાવે છે કે જો શ્રેયસ્કરત્વ એ હેતુ તરીકે ન હોય તો 'શ્રેયાંસિ

बहुविघ्नानि' એ શ્લોકમાં ઉત્તરાર્ધમાં 'अश्रेयसि प्रवृत्तानां, क्वापि यान्ति विनायकाः' એમ કહી શ્રેયસ્ત્વાભાવ અને વિઘ્નાભાવની જણાવેલી વ્યાપ્તિ કોઈપણ પ્રકારે સંગત થશે નહીં, જો કે એ ઉત્તરાર્ધ્ધ સામાન્ય ઉપષ્ટમ્ભક તરીકે છે કે વ્યતિરેક વ્યાપ્તિ જણાવવા તરીકે છે. તે વાત તો જુદી જ રહે છે. આ બે પ્રકારમાંથી કોઈપણ પ્રકારે લઈએ તો પણ એમ તો માનવું જ પડે કે જેમ આત્માના જ્ઞાનાદિકગુણો આવરણરૂપી વિઘ્નોથી હણાયેલા છે, પણ મિથ્યાત્વ અવિરતી કષાય વિગેરે જે આત્માના અવગુણો છે તેને આવરણ કરનારૂં કોઈ છે જ નહીં, માટે કલ્યાણકારી ચીજોની ચારે બાજુ વિઘ્નોનાં વંટોળીઆં હોય એ સ્વાભાવિક છે, અને તેથી દરેક કલ્યાણકારી કામ કરનારે વિઘ્નના વંટોળીયાઓને શમાવવા દરેક પળે કટિબદ્ધ રહેવાની જરૂર છે, આ બધું વિચારવાની જરૂર એટલી છે કે ભગવાન શ્રી ઋષભદેવજી મહારાજે કોઈ પણ કારણથી કોઈપણ ભવે લાભના અન્તરાયનું કર્મ બાંધેલું હતું. તેના જ પ્રતાપથી ભગવાન ઋષભદેવજીને બાર મહીના સુધી ભિક્ષાને માટે ફરવા છતાં પણ ભિક્ષા મળી નહીં.

ભગવાન ઋષભદેવજી પ્રત્યે દયાના દુશ્મનોની કપોલકલ્પિત કથા.

જો કે કેટલાકો આ જગા પર એમ જણાવે છે કે ભગવાન ઋષભદેવજી મહારાજ પહેલા ભવમાં મુસાફર તરીકે કોઈક માર્ગે જતા હતા, તે વખતે તે માર્ગની પાસેના કોઈક ક્ષેત્રમાં કોઈક ખેડૂતનો બળદ ખળામાં ફરતો ફરતો દાણા ખાતો જતો હતો, અને તેથી તેને ખેડૂત ઘાતકી રીતે મારતો હતો, આ દૃશ્ય જોઈ ભગવાન ઋષભદેવજી મહારાજના જીવે તે ખેડૂતને બળદને શીકી બાંધવા જણાવ્યું કે જેથી બળદ અનાજને ખાઈ શકે નહીં અને ખેડુત બળદને ઘાતકી રીતે મારે નહી. આવી રીતે બળદના મોંઢે શીકી બંધાવવાથી ભગવાન ઋષભદેવજીના જીવને અન્તરાય કર્મ બંધાયું અને તે અન્તરાયના ઉદયથી બારમાસ સુધી ભિક્ષા મળી નહીં. પરન્તુ આ કથન સૂત્ર નિર્યુક્તિ ભાષ્ય ચૂર્ણિ કે ટીકા આદિ એકકેમાં ન હોવાથી તેમજ ભગવાન ઋષભદેવજીના ચરિત્રમાં પણ તે હકીકત ન હોવાથી અન્તઃકરણથી દયાના દુશ્મનપણાએ ઉપજાવી કાઢેલી સમજવી. કારણ કે સર્વવિરતિ સિવાયનો દયાલુ માણસ જો ઘાતકીપણાથી બચાવવા માટે આવો ઉપાય કરતાં પાપ બાંધે તો પછી અનુકંપાઆદિની પ્રવૃત્તિને સ્થાન જ રહે નહી. માટે પૂર્વે જણાવેલી કથાને માનવી એ શાસ્ત્ર અને યુક્તિને અનુસારવાળાઓ માટે કોઈપણ પ્રકારે યોગ્ય નથી, પૂર્વે જણાવેલી કથાનું કથન તો કલ્પિત કલ્પનાવેલીના ફળ સિવાય બીજું કંઈ નથી, જેવી રીતે કેટલાક શાસ્ત્રથી અજ્ઞાત જીવો મરૂદેવા માતાએ પહેલા ભવમાં રત્નકંબળનું દાન કર્યું હતું એમ જણાવવા જીભ ચલાવે છે. પણ મરૂદેવા ભગવતી અનાદિ વનસ્પતિમાંથી આવેલાં હોઈ રત્નકંબળના દાનનો તેમને માટે સંભવ જ રહેતો નથી. આટલી વાત તો સાચી જ છે કે ભગવાન ઋષભદેવજી મહારાજના જીવે કોઈપણ ભવમાં કોઈપણ કારણથી લાભાન્તરાય કર્મ તો બાંધેલું જ હતું કે જે કર્મના ઉદયથી ભગવાન ઋષભદેવજી મહારાજ સરખા મહાપુરુષને બારમાસ સુધી ભિક્ષા માટે ફરવા છતાં પણ ભિક્ષા મળી નહીં. ધ્યાન રાખવા જેવું એ છે કે ભગવાન ઋષભદેવજી મહારાજ ૮૩ લાખ પૂર્વ જેટલા લાંબા વખત સુધી ગૃહસ્થપણામાં રહ્યા પણ ત્યાં આ કર્મને ઉદય આવવાનો વખત ન આવ્યો. પરન્તુ જાણે અન્તરાયે જ એમ વિચાર્યું હોય કે હવે તો આ મહાત્મા મારો સર્વથા ક્ષય કરવા કટિબદ્ધ થયેલા છે માટે મારૂં જોર અજમાવવું એમ ધારી સર્વવિરતિ લેવાની સાથે જ તે ઉદય આવ્યું, ભગવાન ઋષભદેવજી મહારાજના આ વૃત્તાન્ત ઉપરથી ધર્મીષ્ટજીવોએ બરોબર ખ્યાલ કરવો જોઈએ કે ધર્મને આચરતાં આદિમાં મધ્યમાં કે અન્ત્યમાં કોઈપણ જગાએ વિઘ્ન આવે તો પણ તે વિઘ્નથી એક અંશે પણ હતોત્સાહ ન થવું. પણ સર્વથા કર્મના ક્ષય માટે જ કટિબદ્ધ થવું.

સમાલોચના

૧ અન્ત્યરાજર્ષિના સવાલ વખતે અભયકુમારની દીક્ષા નથી ઘણી પછી છે.

૨ જં જાણં૦ વાક્યમાં કહેવાય અને સમજાય તેમ નથી એવું કથન ઠીક નથી.

૩ સંપાદક અને નોકરમનુષ્યના માથે નંખાય છે તે માયામૃષા ન હોય તો સારૂં.

૪ 'મરી જાય તારા' એ કથન નથી શાસ્ત્રીય અને નથી તો પ્રકરણાનુકૂલ.

૫ ભૃગુપુરોહિતને પુત્રની હકીકત કહેનાર દેવી નથી, પણ દેવ છે, તે પણ દેવરૂપે નહિં, પણ શ્રમણરૂપે છે.

તા. ક. જૈનપ્રવચનપત્રને પરવચન ધારી ટીકા સિવાયનું ન વાંચતાં અન્યે જણાવેલાની આ સમાલોચના છે, માટે બીજું કેમ નથી લખાતું એ પ્રશ્ન ન રહે. વર્ષોની ટીકા કરનારે અંક પેજ લખવાં. ટીકાકારે કલ્પિત અર્થ લખવાં પહેલાં સર્વ સંબંધસર લખવું. (જૈનપ્રવચન)

૧ કહેવાતી કોન્ફરન્સના કહેવાતા નેતાઓ ઐક્યની બુમો મારવા લાગ્યા તે સાચી જો હશે તો જુન્નેરના મૃત્યુઘંટના ઠરાવો પહેલે નંબરે ફેરવશે.

૨ બેન્કે કાઢવાના હિમાયતીઓ શરૂઆતથી ચોથા ભાગ જેટલી અનામત ઘરથી કરે, અને નજીવા વ્યાજે ચાલુખાતાં સારી રકમનાં પડાવે અને અન્ય વિધવા, ગરીબ, તથા ધર્માદારકમનું વ્યાજ સારૂં આપવાની ગોઠવણ કરે તો લોકને તે આશીર્વાદરૂપ નીવડે. નહિંતર તો વિધવા વગેરેનાં નાણાંનો પરિણામે નાશ જ થાય.

૩ બોલાયું બહુ, પણ બેકારી માટે બે પાંચ લાખની લોન પણ કહેવાતી કોન્ફરન્સે ઉભી કરી નહિં.

(મુંબઈ-સ્ટેડીંગ)

૪ શાસ્ત્રોને અભરાઈયે મ્હેલવાવાળા શાસનથી દૂર થયા છે, તે જો શાસ્ત્રોને માન્ય કરે તો શાસનમાં વગર પ્રતિબંધે આવી શકે. (જૈન)

૧ પૂનમ આદિ બે પર્વમાં ઉત્તરના ક્ષયે પૂર્વતરના ક્ષયની પરંપરા છે અને શ્રીહીરપ્રશ્નમાં તેરસ ચૌદશ એમ દ્વિવચન કહે છે, જુની પ્રતોના લેખો પણ છે, અને એવી જ વિરોધ વગરની પરંપરા છે. ઉદયનો સિદ્ધાંત ક્ષયે૦ થી બાધિત છે.

૨ ભગવાન પાર્શ્વનાથજીનાં ત્રણ કલ્યાણકો તે દિવસથી આરાધાય તેમાં પૂર્વતર જવું પડે. પણ સર્વ કલ્યાણકો દિવસ પ્રતિબદ્ધ નથી, પણ તપ પ્રતિબદ્ધ છે માટે અમાસથી ચોથે પહોંચનારનો કુતર્ક છે. પર્વની આરાધના એમ ન ઉડાવવી તે સારૂં છે અનેક કલ્યાણકો સાથે થાય છે. બીજ આદિ પર્વોને સાથે કરાય કેમ ?

૩ છત્રીશ પલની વાત ઉદયના જ જઘન્યને માટે છે. માનવાના નિયમ માટે નથી. નહિંતર વૃધ્ધિમાં વધારેનું શું થાય ?

(વીર !)

૧ મધ્યસ્થતાની છાયા પણ ન આવી શકે ત્યાં તે ન લખાય. અન્ય ગચ્છોની સંવચ્છરી આવી મળે તેનું

(જુઓ. પાનુ ૩૨૬)

પ્રશ્ન ૯૦૩- પર્વતિથિના ક્ષયે પહેલાની અપર્વતિથિનો ક્ષય કરાય છે. તે શા આધારે ?

સમાધાન-પ્રથમ તો ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા એ વાક્યમાં પર્વતિથિના ક્ષયે પહેલાની તિથિને જ પર્વતિથિ કરવાનું કહ્યું. તેથી આપોઆપ ક્ષય આવે છે. વળી તત્ત્વતરંગિણીકાર ચોક્ખા શબ્દોમાં જણાવે છે કે ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરસે ચૌદશ કરવી અને તે દિવસ તેરસ છે એમ કહેવું જ નહિં. વળી તેરસનો તે દિવસે વ્યપદેશ કરે તેને મૂર્ખ ગણ્યો છે. બીજું તેરસ ચૌદશ ભેગાં ગણીયે તો તિથિનો ભોગ શરૂ થાય ત્યારથી તિથિના નિયમો પાળવાના રહે. આખો દિવસ પાળવાના રહે નહિ. અને તિથિ બેસવા પહેલાં ખાધેલા સચિત્ત આદિની આલોયણ આપવી કે લેવી પડે નહિ. કેમકે તેરસ આદિની બાધા હતી જ નહિ. સૂર્યોદયના પહેલા ભાગથી તે દિને ચૌદશ માનવામાં આવે તો જ આખો દિવસ નિયમ વગેરેનો સંબંધ રહે. અને જો એમ માનીયે તો ચોક્ખું થયું કે તેરસનો ક્ષય કરવો. વળી તેરસ ચૌદશ ભેગાં હોય કે ચૌદશ ઉદયવાળી હોય તેમાં થયેલી નિયમવિરાધનાનું પ્રાયશ્ચિત સરખું નહિં અપાય. સરખું અપાય તો તેરસ ક્યાં રહી ? પ્રાયશ્ચિત્ત આદિમાં ચૌદશ જ છે એમ ચોક્ખું શાસ્ત્રકાર કહે છે. માત્ર મુહૂર્ત્તાદિકમાં તે તેરસ ગણાય એ વિશેષ કારણ છે.

પ્રશ્ન-૯૦૪ ભગવાન શ્રીમહાવીર મહારાજે પ્રિયમિત્રના ભવમાં કોની પાસે સાધુપણું લીધું ? અને ત્યાં દીક્ષા પર્યાય કેટલો હતો ?

સમાધાન-ભગવાન મહાવીર મહારાજે પ્રિયમિત્રના ભવમાં પાટલાચાર્ય પાસે સાધુપણું લીધેલું છેએમ પ્રદ્યુમ્નસૂરિજી પ્રવજ્યાકુલકની ટીકામાં જણાવે છે. કેટલીક જગા પર તે આચાર્યનું નામ પ્રોષ્ઠિલાચાર્ય પણ જણાવાય છે અને તેમનો દીક્ષા પર્યાય પાંચ કોડવર્ષનો પ્રદ્યુમ્નસૂરિજી જણાવે છે. કેટલીક જગા પર કોડવર્ષનો છે.

પ્રશ્ન-૯૦૫ ભગવાન મહાવીર મહારાજે શ્રીનન્દનના ભવમાં અઢાર પાપસ્થાનક વર્જતાં છઠું પાપસ્થાનક રાત્રિભોજન ગણીને વોસરાવ્યું છે અને રતિઅરતિને નથી ગણી તેનું કેમ ?

સમાધાન-કષાયો અને રાગદ્વેષમાં રતિઅરતિ આવી ગઈ એમ ગણીને અરતિરતિ ન લીધાં હોય અને રાત્રિ-ભોજનની ભયંકરતાથી તે હિંસાને વર્જવામાં આવી જાય છતાં જુદું લીધું હોય તો અસંભવિત નથી.

પ્રશ્ન-૯૦૬ શ્રીઆર્યરક્ષિતસૂરિજી શ્રીવજ્રસ્વામી પાસે ઉજ્જયિની ભણવા ગયા ત્યારે શ્રીભદ્રગુપ્તસૂરિજીને જે નિર્યામના કરવી તે ઉજ્જયિનીમાં જ બીજે ?

સમાધાન-શ્રીભદ્રગુપ્તસૂરિજીને કરાવેલી નિર્યામના ઉજ્જયિનીમાં નથી, પણ બીજે છે. નિર્યામણા કરાવ્યા પછી ઉજ્જયિની આવ્યા છે અને રાત્રે ઉજ્જયિનીથી બહાર રહ્યા છે. ઉજ્જયિનીમાં પણ જુદે ઉપાશ્રયે ઉતરીને આવ્યા છે.

પ્રશ્ન-૯૦૭ શ્રીકલ્પસૂત્રમાં સ્થવિરાવલીમાં કોટિકગણ અને વજ્રીશાખાનો અધિકાર આવે છે પણ ચંદ્રકુલનો અધિકાર કેમ નથી ?

સમાધાન-આચાર્યમહારાજ શ્રીવજ્રસ્વામીના શ્રીવજ્રસેનસૂરિશિષ્ય આચાર્ય હતા, તેમના બારદુકાલી પડવા પહેલાના શિષ્યોની પરંપરાનો ઉલ્લેખ ત્યાં થયો છે અને તેથી શ્રીચંદ્રસૂરિ સમંતભદ્રસૂરિ વગેરેનાં નામો જે વર્ત્તમાન ગચ્છોની પરંપરાની પટ્ટાવલીમાં છે તે શ્રીકલ્પસૂત્રમાં નથી.

પ્રશ્ન-૯૦૮ નાગેન્દ્રકુલ નાગિલીશાખા એક છે કે જુદા જુદા છે ?

સમાધાનઃ-આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજી શ્રીનંદીસૂત્રની ટીકામાં **નાઇલવંસ** પદનો અર્થ **નાગેન્દ્રકુલ** એવો કહે છે તેથી તે એક હોય તો ના કહી શકાય નહિં. કલ્પસૂત્ર સ્થવિરાવલીમાં તો આર્યનાગિલ આચાર્યથી નાગિલશાખા એમ જણાવેલ છે. અર્થાત્ કલ્પસૂત્રમાં નાગિલ એવું નામ નથી આપ્યું અને ચંદ્રનિર્વૃતિ કુલોઆદિની વ્યાખ્યા પણ નથી એમ જ ચંદ્ર નિર્વૃતિ નાગેન્દ્ર અને વિદ્યાધર આ ચારે સાથે હતા.

પ્રશ્ન-૯૦૯ અભવ્યજીવોને આભોગિક મિથ્યાત્વ હોય કે નહિં ?

સમાધાનઃ-મોક્ષને મેળવવાની ઈચ્છા જેને થાય તે અન્ત્યપુદ્ગલપરાવર્તવાળો હોય છે એમ શ્રીહરિભદ્રસૂરિજી **મોક્ખસઓડવિનન્દત્ય** અર્થાત્ છેલ્લા પુદ્ગદલપરાવર્તન સિવાય બીજા પુદ્ગદલપરાવર્તોમાં જીવને મોક્ષ મેળવવાનો વિચાર પણ થાય નહિં. તેથી મોક્ષના સાધન તરીકે સુદેવાદિની આરાધના અભવ્યને ન હોય. સંસારકારણે તો તે સુદેવાદિ અને કુદેવાદિ બન્નેને આરાધે.

(અનુસંધાન પાના ૩૨૪ થી ચાલુ)

દુઃખ શું ? અને અન્યનાં પર્વોના મળ્યાનો દાખલો માન્યતાના સ્થાને યોગ્ય ન ગણાય. વૃદ્ધિમાં ઉત્તર અને ઉદયને માનવાનો સિદ્ધાંત તેઓ માને છે કે ? ઋષિ પંચમીએ પાંચમ માની છે કે ? (મુંબઈ પુષ્પ)

૧ **यदि च भिन्ना एवोद्योतना जिनचन्द्राश्च सूरयः परस्परं तदा नैते प्रयो ग्रन्था एककर्तृका इति स्पष्टमेव** આ પંક્તિ જો પ્રવચનસારોદ્ધારની પ્રસ્તાવનામાં છે તે જોઈ હોત તો તે પ્રસ્તાવનામાં ત્રણે એક જ કર્તા માન્યા છે એમ ગણી લખવું પડત નહિ. (શ્રીઉત્તરા નેમિ૦)

૧ બુધવારની ગણેશચોથને નામે બુધવારે સંવચ્છરી કરવા માગનારે ગુરૂવારે ખોખા પાંચમ ન ગણતાં સાચી પાંચમ ગણવી જોઈએ. કારણ કે ઋષિપાંચમને લોકો ગુરૂવારે માનશે.

૨ શુધ્ધમાર્ગને બીજા કદાચ માને તો તે અશુદ્ધ થઈ જાય એ માન્યતા તો જગતના અસહકારવાળાને શોભે. ઘણી ચૌદશે અને આઠમે તમારી તિથિયોની ભેગી તેઓની પૂનમ વગેરે થાય છે તો તે પક્ખી વગેરેમાં તમો પોતાને તેવા અમાર્ગી ગણતા હશો. (મુંબઈ. પુષ્પ.)

(ગતાંકથી ચાલુ)

આ બધું કહેવાની મતલબ એ છે કે સાચા શાસનમિત્રોને સાચાધર્મથી વિરૂદ્ધ એવા અન્યમતોનું ખંડન કરવાની જેટલી ફરજ છે તેના કરતાં સ્વમતના ગણાતા વિરોધિઓના વિકલ્પોનું ખંડન કરવાની જરૂર ઓછી નથી. આજ કારણથી ભગવાન નિર્યુક્તિકાર અને ભાષ્યકાર મહારાજાઓને નિન્હવોનાં ખંડનો નિર્યુક્તિ આદિમાં વિસ્તારથી કરવાં પડ્યાં છે. જેવી રીતે શાસ્ત્રોનું પુસ્તકમાં આરોહણ થયું ત્યાં સુધીના સૂત્રાર્થ પ્રત્યનીકોની ખોટી પ્રરૂપણા અને તેના ખોટા વિકલ્પોનું ખંડન ક્રમસર ભાષ્યાદિકમાં મળે છે તેવી રીતે તે પછીના સૂત્રાર્થના પ્રત્યનીકોનું ખંડન કોઈપણ સ્થાને ક્રમસર યથાસ્થિતપણે પૂર્વપક્ષ ઉત્તરપક્ષ પૂર્વક થયેલું હોય તો તે કેવલ આ પ્રવચન પરીક્ષામાં જ છે. આટલા ઉપરથી આ પ્રવચન પરીક્ષાની શાસનસેવા અને ઉપયોગિતા સુજ્ઞપુરૂષો સ્હેજે સમજી શકશે. પાઠકોને એ વાત તો અજાણી નહિં જ હોય કે દેશના રક્ષણને માટે લડતા અને યાવત્ પ્રાણની પણ આહુતિ આપનારા યોદ્ધાઓ શત્રુઓના શ્રાપનું સ્થાન બને જ છે. અને કેટલાક દેશદ્રોહિયો સ્વદેશી હોય તો તેઓ પણ શૂરા સરદારોને કર, નાણાંની ભીડ આદિના નામે વગોવનારા જ થાય છે. એવી રીતે સિદ્ધાંતના પુસ્તકારોહણ પછી અને વર્તમાનમાં વર્ત્તતા એવા દિગંબરો સાથે શાસનપ્રત્યનીકોની સામે અસાધારણપણે શાસ્ત્રાર્થથી અને ગ્રંથોથી યુદ્ધ મચાવનાર આ ગ્રંથકાર મહાત્મા ઉપર પણ અનેક રીતે સ્વપર તરફથી પ્રહાર પડ્યા છે. પણ તે કોઈ પ્રકારે પણ આશ્ચર્ય કરતા નથી. પરંતુ કદરદાન ભૂપાલો જેમ મહારાજાસિદ્ધરાજે શ્રીત્રિભુવનપાલની જીતને અંગે તેમના ધાના માપ જેવડા મોટા મોતીની માલાઓ કરી કદર કરી હતી, તેમ શાસનની અદ્વિતીય ભક્તિવાળાઓ તો આ મહોપાધ્યાય ઉપર બીજાઓ હાય તેવા બખાલા કાઢે તો પણ તેઓની કિમ્મત કર્યા વિના રહેતા જ નથી.

વાદવિવાદનાં ગ્રંથોને કેટલાકો ક્લેશવર્ધક ગણે છે. અને તેમ જણાવી ગ્રન્થકાર મહાત્માની તેમ જ ગ્રન્થની નિંદાને નામે ગ્રંથની અને વાદવિવાદની નિંદા કરવા તૈયાર થાય છે. તેઓએ વાદિયોને પ્રભાવકમાં ગણ્યા છે, એ વાત સમજવી જ જોઈએ. વળી તેઓએ ભગવાનના પરીવારમાં વાદિમુનિઓની સંખ્યા પૃથક્ જણાવવામાં આવી છે અને વાદવિવાદના શાસ્ત્રોને જ શાસનપ્રભાવક શાસ્ત્ર ગણીને શાસ્ત્રકારો દર્શનપ્રભાવક શાસ્ત્રો તરીકે ગણે છે અને એને માટે તો સાધુઓને ચોમાસામાં પણ વિહાર કરવા વગેરેની આજ્ઞા આપે છે, એ ધ્યાનમાં રાખવા જેવું છે. આ વાતનું ધ્યાન રાખવા સાથે એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે કોઈક આચાર્ય મહારાજે એવા વાદિને ઉત્સાહ ન દીધો તેથી ગચ્છ આખો દર્શનશાસ્ત્રથી વિમુખ થયો અને આચાર્યની દુર્ગતિ થઈ. ભગવાન મહાવીર મહારાજના શાસનમાં પ્રતિપક્ષથી સભાદ્વારાએ અને તે પણ કર્તાની હાજરી છતાં અન્યવ્યક્તિદ્વારા જય મેળવનાર બીજો કોઈ પણ ગ્રંથ હોય તો આ એક જ પ્રવચન પરીક્ષા છે. પ્રતિપક્ષથી વિજય મેળવીને ગાજતે વાજતે જો કોઈપણ ગ્રંથ વધાવવામાં આવ્યો હોય તો તે આ પ્રવચનપરીક્ષા જ છે. જીતની સભામાં પ્રતિપક્ષની તરફેણદારી કરનારાના જ વાજિંત્રોથી જો કોઈપણ વિવાદમય ગ્રંથનું સન્માન થયું હોય તો તે આ પ્રવચનપરીક્ષાનું જ છે. મુસલમાની સરદાર (સુબા) તરફથી જો કોઈપણ વિવાદ ગ્રંથનો મહિમા કરાયો હોયતો તે આ પ્રવચનપરીક્ષા જ છે. આ હકીકત કલ્પિત કે અતિશયોક્તિવાળી નથી. પરંતુ યથાર્થ છે. એ આગળ અપાતા વિજયપ્રશસ્તિકાવ્યના પાઠથી બરોબર સમજાશે. પ્રસ્તુત ગ્રંથકાર મહોપાધ્યાય

શ્રીધર્મસાગરજી મહારાજ સોલમીના અંતમાં ને સત્તરમી સદીના આદ્યભાગમાં થયા એ જણાવવા માટે તેમના તત્ત્વતરંગિણી, પ્રવચનપરીક્ષા અને કલ્પકિરણાવલી આદિના પાઠો બસ છે. આ મહાત્મા શુભનામધેય યાવજ્જીવ વિગયોના ત્યાગવાળા અનેસંવિગ્નઆદિ ગુણવાળા શ્રીજીવર્ષિથી પ્રતિબોધ પામેલા હતા, જુઓ પ્રવ. પરીક્ષા પત્ર૮ यावज्जीवविकृत्यादिपरित्यागादिना संविग्नत्वादि-गुणैरद्वितीयपंडितशिरोमणिं, श्रीजीवर्षिगणिवचः-प्रबुद्धस्य मे प्रव्रज्याप्रतिपत्तिहेतुरुक्तः सूरिः આ ગ્રન્થકાર મહોપાધ્યાયને દીક્ષા સુગૃહીતનામધેય શ્રીઆનન્દવિમલસૂરિજીએ આપેલી છે. આ વાત પણ તેઓએ આ ઉપરથી જ સ્પષ્ટ કરી છે. પ્રવચનપરીક્ષાના પ્રથમવિશ્રામની ત્રીજી ગાથાથી આ વાત સ્પષ્ટ થાય છે. આ મહાપુરૂષના વિદ્યાગુરૂ પવિત્રાભિધાન શ્રીવિજયદાનસૂરિજી હતા. એ વાત ૫૬ ज्ञानसंपद्धेतुत्वेन परमोपकारिणं सूरिं स्मृतिगोचरीकुर्वन्नाह એમ શ્રીવિજયદાનસૂરિજીની સ્તુતિ કરનાર ચોથી ગાથાના અવતરણથી સમજાય છે. અત્યારે વર્ત્તતા વિજયશાખામાં આદ્યમાંઆદ્યવિજયનામને ધરનારા આ શ્રીવિજયદાનસૂરિજી છે. ત્યારપછી જ દરેક પાટે આવનાર આચાર્ય અને તે સમુદાયના સાધુઓ વિજયશાખાથી અંકિત થાય છે. મારવાડના વરકાણાજી પાસેના વીજાુઆ-વિજાપુર-વિજયપુર ગામને અંગે શાખાનું નામ વિજયાંકિત કરવામાં આવ્યું એવી કિંવદન્તી સંભળાય છે. આચાર્ય મહારાજ શ્રીઆનંદવિમલસૂરિજીના વખતમાં એક વિદ્યાસાગરજી ઉપાધ્યાય હતા કે જેઓ અન્યમિથ્યાદૃષ્ટિઓના સમુદાયોને પોતાની તરફ ખેંચીને શ્રીઆનન્દવિમલસૂરિજીના ભક્ત કરતા હતા, આ હકીકત માટે જુઓ विद्यासागरनामवाचकसहायस्याथ दुर्दर्गणान्, सेनानीरिव चक्रिणो रिपुनृपान् प्राक् स्वस्य वश्यान् व्यधात् ચક્રવર્તીનો સેનાપતિ જેમ શત્રુરાજાઓને પહેલાં પોતાને આધીન કરી લે છે, તેમ જે શ્રીઆનંદ વિમલસૂરિજીના ઉપાધ્યાય શ્રીવિદ્યાસાગરજી હતા તે મિથ્યાદૃષ્ટિઓને પહેલાં પોતાને આધીન કરી લેતા હતા. (હીરસૌભાગ્ય ૪ સર્ગ ૧૩૫) આજ વિદ્યાસાગરજી માટે આ ગ્રંથકાર મહોપાધ્યાયજી પણ જણાવે છે કે મહારાજ શ્રી વિદ્યાસાગરજી ઉપાધ્યાય પાસે પાશચંદ્રે પોતાનો નવો મત છોડી દઈ આચાર્ય મહારાજ શ્રી આનંદવિમલસૂરિજીને શરણે આવવાનું નક્કી કર્યું હતું, પણ પાછલથી જોધપુરના શ્રાવકોના દબાણથી પાશચંદ્રથી તે બન્યું નહિ. (પ્રવચનપરીક્ષા) જો કે ગ્રંથકાર મહાત્મા ઉપાધ્યાય મહારાજ વિદ્યાસાગરજીના શિષ્ય કે પ્રશિષ્યાદિ નથી. તેઓશ્રી તો શ્રી રાજસાગરસૂરિજીના શિષ્ય વૃદ્ધિસાગરજી આચાર્યના શિષ્ય હતા.આ હકીકત કલ્પકૌમુદી જે સંવત ૧૭૦૭માં બનેલી છે અને મહોપાધ્યાય શ્રીધર્મસાગરજીના શિષ્ય મહોપાધ્યાય લબ્ધિસાગરજીના શિષ્ય મહોપાધ્યાય શાન્તિસાગરે બનાવેલી છે તે ઉપરથી સ્પષ્ટ સમજાય તેમ છે. એટલે મહોપાધ્યાય ધર્મસાગરજીને પ્રતિબોધ કરનાર જીવર્ષિ હતા, તેઓના ગુરૂ શ્રી વૃદ્ધિસાગરજી હતા, તેઓને દીક્ષા-વડીદીક્ષા દેનાર શ્રી આનંદવિમલસૂરિજી હતા અને જ્ઞાનાભ્યાસ કરાવનાર શ્રી વિજયદાનસૂરિજી હતા. ગ્રંથકારનો દીક્ષા કાલ ૧૬૦૬ કરતાં વેહલો ન હોવો જોઈએ કારણ કે ૧૬૦૬માં શ્રી વિજયદાનસૂરિજીએ જગદ્‌ગુરૂ આચાર્ય શ્રીહીરસૂરિજીને જ્યારે દક્ષિણમાં દેવગિરિ (દૌલતાબાદ)માં ન્યાય આદિનો અભ્યાસ કરાવવા મોકલ્યા હતા ત્યારે આ મહોપાધ્યાય પણ તેમની સાથે જ હતા. જુઓ હીરસાભાગ્ય સર્ગ ૬ શ્લોક ૬.

पठता सह धर्मसागरयतिना देवगिरौ गुरु-र्व्यभात्। सहकार इव प्रफुल्लता, नवराजादन शाखिना वने ॥४६॥

મહોપાધ્યાયજીએ એ દેવગિરિમાં સમગ્ર ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો, એ હકીકત પણ તે જ હીરસૌભાગ્યના કથનથી નક્કી થાય છે, તેમાં લખે છે કે

स पपाठ सधर्मसागरोऽखिलनैयायिक-वाङ्मयं ततः

શ્રીહીરસૌભાગ્યમાં જગદ્‌ગુરૂનું વર્ણન ન હોવા છતાં તેમના વર્ણન સાથે શ્રીધર્મસાગરજી મહોપાધ્યાયને સમગ્ર ન્યાયશાસ્ત્રના પારગામી તરીકે જણાવે તે તેમના ન્યાયશાસ્ત્રના અભ્યાસને ઓછું શોભાવનાર નથી. વળી શ્રીહીરસૂરિજીની શોભાને વધારનાર તેઓશ્રી હતા તેથી જ શ્રીહીરસૌભાગ્યકાર कविना च बुधेन संनिधिसंस्थितभाजा એમ જણાવે છે, અને ટીકાકાર बुधेन तत्सार्थं पठनात् पंडितेन च અર્થાત્ ધર્મસાગરેણ એમ સ્પષ્ટ જણાવે છે, અને દૌલતાબાદના ચોમાસાને અંગે પણ श्रीधर्मसागरगणिप्रमुखैश्च महर्षिभिः એમ જણાવી ગ્રંથકાર મહાત્માની મહત્તા જણાવવા સાથે ૧૬૦૬ પહેલાં ગ્રંથકાર મહારાજને ગણિપદ મળી ગયાની વાત પણ જણાવે છે. આ ઉપરથી એમ ચોક્કસ મનાય કે શ્રીમાન્‌ની દીક્ષા ૧૫૯૬ કરતાં વ્હેલી હોવી જોઈએ. કારણ કે ભગવતીજીના યોગવહન કરવાથી ગણિપદ અપાય છે અને ભગવતીજીના યોગને માટે શાસ્ત્રમાં ફરમાવેલો દશવર્ષનો પર્યાય તો જરૂરી છે. આ ગણિપદ આચાર્ય મહારાજશ્રીવિજયદાનસૂરિજીએ આપેલું હોવું જોઈએ. કારણ કે આ જ મહોપાધ્યાયજી શ્રીતત્ત્વતરંગિણીમાં સ્પષ્ટ જણાવે છે કે एवं तवगणगयणे दिणयरसिरिविजयदाणसूरिपया। लहिऊण णाणलेसं અર્થાત્ મહારાજ-શ્રીઆનંદવિમલસૂરિજી પાસેથી દીક્ષા થઈ, પણ જ્ઞાનાભ્યાસ તો વિજયદાનસૂરિ પાસેથી કર્યો છે, અને જ્ઞાનાભ્યાસના અનુક્રમે ગણિપદ પણ શ્રીવિજયદાનસૂરિજીએ આપ્યું હોય. મહોપાધ્યાયજીએ કરેલા પ્રસિદ્ધ ગ્રન્થો નીચે છે.

૧ કલ્પકિરણાવલી (૪૮૧૪) ૨ પર્યુષણાદશશતક (સં. ૧૬૨૮) ૩ ઉત્સૂત્રપદોદ્‌ઘાટનકુલક (સં. ૧૬૧૭) (૭૧૬) ૪ ઈર્યાપથિકીષટ્‌ત્રિંશિકા (૮૦૦) ૫ તત્ત્વતરંગિણી ૬ પ્રવચનપરીક્ષા (૧૭૭૮૨) ૭ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ (૧૮૩૫૨) ૮ ગુરૂતત્ત્વપ્રદીપિકા (૧૦૦૦) ૯ પટ્ટાવલી (૬૦૬ સં. ૧૬૪૭) આ ગ્રન્થોમાં મળતા સંવત્સરના અંકોને હિસાબે પ્હેલો ગ્રન્થ તત્ત્વતરંગિણી ૧૬૧૫ ના ચૈત્ર માસમાં બનાવેલો ગણાય. બીજે નંબરે ઉતસૂત્રપદોદ્‌ઘાટનકુલક કે સંવત્ ૧૬૧૭માં રચેલું છે. ત્યારબાદ ત્રીજે નંબરે કલ્પકિરણાવલી ગણાય. એ ટીકા ૧૬૨૮માં આસો માસે બનાવી છે. ચોથે નંબરે પર્યુષણાદશશતક હોવું જોઈએ. કારણ કે ૧૬૨૮ની રચેલી કિરણાવલીમાં પર્યુષણાદશશતકનો સ્પષ્ટ ઉલ્લેખ છે. ધારણા કરવામાં જો ભૂલ ન થતી હોય તો એમ કહી શકાય કે પર્યુષણાદશશતક અને પ્રવચનપરીક્ષાની રચના સાથે હોવી જોઈએ. કારણ કે પર્યુષણાદશશતકમાં પ્રવચનપરીક્ષાનો અતિદેશ (૬૦૬ ગાથા પત્ર ૨૬માં). સ્પષ્ટપણે છે, અને પ્રવચનપરીક્ષામાં પણ આંચલિકવિશ્રામમાં પર્યુષણાદશશતકનો અતિદેશ છે. આવી રીતે અન્યોઽન્યગ્રન્થોના અન્યોઽન્યમાં જે અતિદેશો છે તે સાથે સાથેની રચનાને આભારી હોય. છતાં એટલું તો ચોક્કસ છે કે ૧૬૨૮ પહેલાં પર્યુષણાદશશતકની રચના હોવી જોઈએ. કેમકે કલ્પકિરણાવલી કે જેની રચના ૧૬૨૮ના આશ્વિન વદિ અમાવાસ્યાએ दीपोत्सवे राजधन्यपुरे એવા લેખથી સ્પષ્ટ છે એ કલ્પકિરણાવલીની ભલામણ પર્યુષણાદશશતકમાં પત્ર ૩૪ ગાથા ૧૦૭માં विस्तरस्तु मत्कृतकल्पकिरणावलीतोबोद्धः એમ કહી સ્પષ્ટ રીતે કરી છે. આ પ્રવચનપરીક્ષામાં એક વાત જરૂર વિચારવા જેવી છે કે અગ્યારે વિશ્રામના

ઉપસંહારમાં એક જ ૧૬૨૯ના ચૈત્ર સુદ ૧૦મી તિથિ આપવામાં આવી છે. ગ્રન્થની સંપૂર્ણતામાં તો સંપૂર્ણતાની તારીખ હોય, પણ અગ્યારે વિશ્રામો એક તારીખના હોય નહિં. પણ એનો ખુલાસો એમ થઈ શકે કે પોતે કુપક્ષકૌશિકસહસ્રકિરણ એવા નામથી આ ગ્રન્થ બનાવ્યો હોય કે જે નામ પર્યુષણાદશશતકમાં પોતે જણાવે છે, અને પછી તે ગ્રંથ જગદ્‌ગુરૂ શ્રીહીરસૂરીશ્વરજીને બતાવ્યો હોય. પછી શ્રી હીરસૂરિજી તરફથી પ્રવચનપરીક્ષા નામ આપવામાં આવ્યું હતું. શાસ્ત્રકાર પણ દરેક વિશ્રામે જગદ્‌ગુરૂ શ્રી હીરસૂરીજીએ આ ગ્રંથનું પ્રવચનપરીક્ષા નામ આપ્યું છે એમ સ્પષ્ટપણે જણાવે છે અને આ ગ્રંથનું તે પ્રવચનપરીક્ષા એવું નામ આપતી વખતની તારીખ બધા વિશ્રામોમાં લીધી હોય તો તે અસંભવિત નથી.આવી રીતે જગદ્‌ગુરૂએ આ ગ્રંથને પાસ કરવાથી જ જગદ્‌ગુરૂના સમયમાં મહોપાધ્યાય શ્રીધર્મસાગરજીની હયાતી છતાં પણ આ પ્રવચનપરીક્ષાનું સમર્થન શ્રી વિજયસેનસૂરિજી મહારાજને પાટણ અને અમદાવાદમાં જીતીને કરવું પડ્યું હોય તો તે અસ્વાભાવિક નથી. યાદ રાખવું જરૂરી છે કે મહોપાધ્યાયજીએ આ પ્રવચનપરીક્ષા પછી ૧૬૩૧ માં શ્રીજંબૂદ્વીપપ્રજ્ઞપ્તિની ટીકા કે જે અત્યારે ઉપલભ્ય જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિની ટીકામાં મોટામાં મોટી છે અને જુનામાં જુની છે. જગદ્‌ગુરૂહીરસૂરીશ્વરજીની તથા શ્રીશાન્તિચંદ્ર મહારાજની ટીકાઓ આ સૂત્ર ઉપર છે પણ તે બન્ને ટીકાઓ ઉપાધ્યાય મહારાજની ટીકા પછી થયેલી છે. વળી ૧૬૪૮ માં તો મહોપાધ્યાયજીએ પટ્ટાવલી કરી છે એટલે સ્પષ્ટ કહેવું જ જોઈયે કે શ્રીવિજયસેનસૂરિ મહારાજે ૧૬૪૨ અને ૧૬૪૩ માં જે પાટણ અને અમદાવાદમાં ખરતરોએ પ્રવચનપરીક્ષા ઉપર વાદ ઉઠાવ્યો અને જે વાદમાં રાજસભા અને અન્યતીર્થીય બ્રાહ્મણો સમક્ષ ખરતરાચાર્યને હરાવી જે પ્રવચનપરીક્ષાનો વિજય ડંકો વગાડ્યો હતો તે વખતે આ મહોપાધ્યાય મહારાજ વિદ્યમાન જ હતા. આ મહોપાધ્યાય શ્રીમાન્ વિજયસેન આચાર્યથી તો શું? પણ જગદ્‌ગુરૂશ્રીહીરસૂરીશ્વરજી મહારાજથી પણ મોટા હતા એ ચોક્કસ છે. કેમકે શ્રી હીરસૂરીશ્વરજીની દીક્ષા આચાર્ય મહારાજ શ્રી આનંદવિમલજીના સ્વર્ગ ગમન પછી થઈ છે. જો કે ગ્રંથકાર મહોપાધ્યાયજીની દીક્ષા આચાર્ય મહારાજ શ્રીઆનન્દવિમલસૂરીશ્વર પાસે થઈ છે. છતાં આ પ્રવચનપરીક્ષાની કસોટી જગદ્‌ગુરૂ શ્રીહીરસૂરિજીના સામ્રાજ્યમાં જ શ્રીવિજયસેન સૂરિજીમહારાજને પસાર કરવી પડી છે. આ હકીકત શ્રીવિજયપ્રશસ્તિના વાચકોથી અજાણી નથી.તેમાં આ પ્રમાણે સ્પષ્ટ લેખો છે :-

वक्षोजवेदर्तुसुधांशुमिते एतः पुनरेव पत्तने १० दुष्पाक्षिकोक्तलूकसहस्ररश्मिभिः, लुक्तस्य शास्त्रस्य हरेरिव श्वभिः। श्रीसागरैर्वाचकधर्मसागरैः, सूरेर्विवादः सममौष्ट्रिकैरभूत् ॥१०॥

(વિજયપ્રશસ્તિકાર કહે છે કે) શોભાના સમુદ્ર અને કુવાદિરૂપ ઘુવડોને અંગે સૂર્યસમાન એવા શ્રીધર્મસાગરજીએ બનાવેલા શાસ્ત્રસંબંધી (શ્રીવિજયસેન સૂરિજીને) સિંહનો કુતરાની સાથે જેમ ભેટો થાય તેમ આષ્ટ્રિક-ખરતરોની સાથે વાદ થયો.

पार्षद्यहृद्ये सदसि क्षमेशितुर्वैदत्रियामारमणैर्दिनैर्महान्। श्रीस्मेरराजीवदनैककार्मणं, तत्राप्यनूचानपतेरभूज्जयः ॥१०॥

સભાસદોએ કરીને મનોહર એવી રાજાની સભામાં ચૌદ દિવસ સુધી મોટો વાદ થયો, તેમાં જયરૂપી લક્ષ્મીવિકસ્વરવદન કમલનું અદ્વિતીયકાર્મણ એવો તે આચાર્ય મહારાજનો જય થયો.

અમદાવાદમાં થયેલા ખરતર સાથેના વાદ અને તેના જય સંબંધીનો અધિકાર પણ વિજયપ્રશસ્તિકાર આવી રીતે આપે છે.

वत्साभिधस्याथ नृपाधिकारिणः, कल्याणराजापरनामधारिणः। कक्षां प्रविष्टैः सुमहानहम्मदावादे विवादः सममौष्ट्रिकैः कृतः ॥१०/५॥ (પાટણમાં આવી રીતે હારી ગયા પછી ખરતરો કલ્યાણરાજ એવું બીજું નામ જેનું હતું તેવા વચ્છરાજ નામનો જે રાજયમાં અધિકારિ હતો તેના પક્ષમાં પેશીને રહ્યા, અને ત્યાં પણ ખરતરો સાથે અમદાવાદમાં પણ અત્યન્ત મોટો વાદ કર્યો.

ખરતરોએ પાટણમાં હારવાથી 'હાર્યો જુગારી બમણું રમે' એ કહેવતની માફક અમદાવાદમાં કલ્યાણરાજ નામનો અથવા વચ્છરાજ નામનો પોતાનો જે રાજયનો અધિકારી શ્રાવક હતો. તેની કુમક લઈને આચાર્ય મહારાજ શ્રીવિજયસેનસૂરિજી સાથે પાછો વિવાદ ઉભો કર્યો. તે વિવાદમાં પણ તપાગચ્છની અથવા પ્રવચનપરીક્ષાની જીતમાં કેવું પરિણામ આવ્યું તે માટે વિજયપ્રશસ્તિકાર શું કહે છે તે જોવા લાયક છે. તેઓ કહે છે કે-

तेषामनूचानवितानवज्रिणां, धाम्ना महिम्ना च वचोऽतिशायिना। स्फीतस्फुरद्वाङ्मयवित्तिवित्तमैः, शिष्योत्तमैः सत्तमशक्तिशालिभिः ॥६॥ श्रीखानखानासदसि प्रबुद्धधीविप्रोम्बरामुख्यजनैर्विराजिनि। तद्वाङ्मयव्यक्तविचारवाचनव्यक्तैः सभाविस्मयकारिवाग्भरैः ॥७॥ कल्याणराजस्य तथौष्ट्रिकाध्वभृत्संधस्य निर्मूलमहारि विभ्रमः। चन्द्रस्य तारानिकरस्य चाभितो, ध्वांतं हरद्भिः किरणै खेरिवं ॥८॥

તેથી હીરસૂરિજી કે જેઓ સાધુસમુદાયના માલીક હતા તેમના તે જ મહિમા અને વચનના પ્રભાવથી ઉજ્જવળ અસાધારણ તેજવાળા શાસ્ત્રોના જ્ઞાનમાં શ્રેષ્ઠ અને સર્વ અન્યશિષ્યોમાં ઉત્તમ અને અત્યંત ઉત્તમ શક્તિએ શોભવાવાળા શ્રીવિજયસેનસૂરિજી સાથે ખરતરોએ વિવાદ કર્યો. પણ તે વિજયસેનસૂરિજી મહારાજે અત્યન્ત બુદ્ધિશાળી અને તે (પ્રવચનપરીક્ષા) શાસ્ત્રના વિચારોને સમજવામાં ઘણા જ નિપુણ અને સભાને વિસ્મયપમારે એવા વચન વિલાસવાળા એવા પંડિત ઉંબરા વગેરે સભાસદોએ શોભતી એવી સુબાસાહેબ ખાનખાનાની સભામાં તે ખરતર નેતા જે કલ્યાણરાજ અને ઔષ્ટ્રિક (ખરતરના માર્ગને ધારનાર આખા ખરતર સંઘની) ભૂલ-અજ્ઞાનનો ચંદ્ર અને તારા સમુદાયની ચારે બાજુના અંધારાનો સૂર્યનાં કિરણો જેમ નાશ કરે છે તેમ નાશ કર્યો.

આવી રીતે બીજી વખત રાજયસભામાં આ પ્રવચનપરીક્ષાનો અને પરમાર્થથી કહીએ તો તપાગચ્છનો; ખરતરો સાથેના વાદમાં જય થયો એટલું જ નહિં. પણ તે વિજયનો મહિમા જગજાહેર કરવાના થયેલા ઉપાયો તે વખતે જે થયા તે પણ વિજયપ્રશસ્તિકાર જણાવે છે

श्रीखानखानार्पितवाद्यवादनैर्वाचालतानीतसमस्तदिग्मुखैः। शास्त्रं प्रतिस्थानमनीयताखिलश्राद्धैस्तदुत्साहमहोत्सवोत्सुकैः ॥९॥

તે વખતના અમદાવાદના સુબાએ આપેલાં વાજાં વગાડવાથી તેના શબ્દોએ સર્વદિશાનાં મુખો વ્યાપી ગયેલાં કરીને તે પ્રવચનપરીક્ષા શાસ્ત્ર તે ખરતરોની સાથેના વાદમાં થયેલી બીજી જીતના ઉત્સાહને ધારણ કરનાર એ ઓચ્છવમાં ઉત્સુકતાવાળા સર્વ શ્રાવકોએ દરેક સ્થાને વધાવી લીધું.

આના ઉપર જણાવેલો બનાવ જગદ્‌ગુરૂશ્રી હીરસૂરીશ્વરજીના સામ્રાજ્યમાં જ બનેલો છે. કેમકે

જગદ્‌ગુરૂનો સ્વર્ગવાસ ૧૬૫૨ના ભાદરવા સુદ ૧૧ થયેલો છે.

જો કે વિજયપ્રશસ્તિકારે ખરતર તરફથી થયેલા વાદીનું સ્પષ્ટ નામ આપ્યું નથી. કારણ કે તેઓને માત્ર જગદ્‌ગુરૂ શ્રીહીરસૂરિજી અને શ્રીવિજયસેન મહારાજની પ્રશસ્તિ કરવા ઉપર તથા મહોપાધ્યાય શ્રીધર્મસાગરજીની યથાર્થવાદિતાની સાથે તેમણે રચેલ પ્રવચનપરીક્ષાનો પ્રભાવ જણાવવા ઉપર જ તત્ત્વ હતું. તેમ જ જગદ્‌ગુરૂ શ્રીહીરસૂરિજીના વખતમાં અન્યગચ્છોની સાથે વૈમનસ્ય ન થાય એ મુદ્દો મુખ્ય હતો. વર્ત્તમાનકાલમાં પણ શ્રીતપાગચ્છવાળાઓનો તો મુદ્દો ગચ્છોમાં વૈમનસ્ય ન થાય તેવો જ હતો અને છે, છતાં ખરતરગચ્છવાળાઓ સિદ્ધાંતસામાચારી અને પર્યુષણાનિર્ણય વગેરે ગ્રન્થ બ્હાર પાડીને જાલ પાથરે છે. અને તપાગચ્છવાળા તો શું ? પણ સામાન્ય સભ્ય મનુષ્ય પણ જે અસત્ય અને અસભ્યભાષા ન વાપરે તેવી ભાષાથી રાજરાજેશ્વરોનેપૂજ્ય અને સત્ય પંથે ધર્મમાર્ગના ઉદ્યોતક શ્રીજગચ્ચંદ્રસૂરિજી આદિ સરખાને નવાજ્યા છે અને નવાજે છે, તેથી તપાગચ્છવાળા મહાનુભાવોને પણ સત્યના આવિર્ભાવ અને પોતાના સમુદાયને બચાવવા માટેના પ્રયત્નો કરવા જ પડે છે. વર્ત્તમાનકાલમાં પણ ખરતરોની રીતિ છે કે પોતે તો ખોટું અને ખરાબ લખવું અને બીજા સાચું લખે ત્યારે બૂમાબૂમ કરી મ્હેલવી, તેવી રીતી તેમની અસલથી છે. જો તેઓને પોતાને સુધારો કરવો હોત તો જગદ્‌ગુરૂપદધારક શ્રીહીરસૂરીશ્વરજીની વખતે ખરતરના આચાર્ય જિનચંદ્ર તરફથી શ્રીજગદ્‌ગુરૂ શ્રીહીરસૂરિજીને જગદ્‌ગુરૂપદ તથા છમાસના અમારિપડહાના ફરમાનોને આપનાર બાદશાહ અકબરની શિખામણ તે ખરતરોએ માન્ય કરી હોત. ખરતરગચ્છવાળાઓએ જિનચંદ્રની ચોપડી છપાવી છે તેના ૩૦પમેં પૃષ્ઠે બાદશાહના ફરમાનની નકલ આપી છે. તેમાં તેઓ જ જણાવે છે કે આ પ્રમાણેનું પાદશાહ અકબરે જિનચંદ્રની વિનતી ઉપરથી ફરમાન કાઢયું હતું. તે ફરમાનમાં આ બાબતનો અધિકાર આ પ્રમાણે છે.

'और जो कुछ उनके चेले धर्मसागरने 'प्रवचन परीक्षा' नामक पुस्तकमें उनकी बुराइ लिखी है उसको उनमें से दूर कर दे, और यदि उन्होंने अपनी पुस्तकोमें उसके विरुद्ध कुछ लिखा है तो उसे येभी दूर कर दे.'

આ લેખ વાંચનારને સ્પષ્ટ માલમ પડશે કે જિનચંદ્ર અનેતે લેખમાં જણાવ્યા પ્રમાણે જિનસિંહે પણ પ્રવચનપરીક્ષામાંથી ખરતરોની નિંદા જે ખરી રીતે શાસ્ત્રીય વસ્તુ અને બનેલા બનાવો હતા તેને દૂર કરવા માટે પાદશાહને વિનતી કરી હતી. વિનંતીશબ્દથી ખરતરોએ નારાજ થવાનું નથી. કેમકે તે ચોપડીમાં ૨૭૮ પૃષ્ઠમાં આપેલા ફરમાનમાં પ્રાર્થનાનો (?) અનુવાદ અને હુકમ શબ્દ આજ્ઞા શબ્દની સાથે ચોકખારૂપે છે. (હીરસૂરિના ફરમાનો ન તો સેવાના ગૌરવને મનાવવાવાળા છે અને નથી તો પ્રાર્થનારૂપ છે. પણ ખરતરોએ પોતાના માટે તેવું કરવા તે રસ્તો કર્યો) અત્યારે તો માત્ર એટલુંજ જણાવવાનું કે જો આ ફરમાન માને તો ગણધર સાર્ધશતક સંદેહદોલાવલી અને તપોમતકુટ્ટન વગેરે પોતાના ગ્રંથોમાંથી સુવિહિત આચાર્યો વાદીદેવસૂરિજી અને શ્રીહેમચંદ્રાચાર્ય જેવાની તથા શાસ્ત્રાનુસારિ તપાગચ્છની નિંદાનાં વાક્યો અને ગ્રંથો ઉપર હડતાલ ફેરવવી પડે અને એ વાત ખરતરગચ્છીઓને અને જિનચંદ્રને પાળવી નહિં. અને પાલવે પણ નહિં. તેઓને તો પોતાને નિંદા કરવી હતી અથવા રાખવી હતી અને અવિચ્છિન્નતીર્થ. રૂપ તપાગચ્છના પરમભક્તે લખેલી સાચી અને બનેલી હકીકત કહડાવી નાંખવી હતી. પણ પાશા ઉંધા પડવાથી એ વાત ત્યાં જ અટકી. અર્થાત્ ન તો ગણધરસાર્ધશતક વગેરેના

લેખો ઉપર હડતાલ ભુંસાઈ અને ન તો પ્રવચન પરીક્ષામાંથી ખરતરોને ખટકતી પણ સાચી લખાયેલી સાચી છતાં પણ ખરતરોને દુઃખ કરનારી હકીકત દૂર થઈ.

સ્પષ્ટ છે કે જિનચંદ્ર લાહોરમાં ૧૬૪૨ અને ૧૬૫૧ માં જઈને ચોમાસું રહેલ છે. તેમાં પણ સંભવથી એ વિનંતિ ૧૬૫૧માં પરિચય થયા પછી જ બની હોય. આ ઉપરથી વિચારવાની જરૂર છે કે શ્રીપ્રવચન પરીક્ષા માટે પહેલાં જિનચંદ્ર કે બીજા કોઈપણ ખરતરગચ્છીયોથી ઘણા પ્રયત્ને કંઈપણ બન્યું નથી અને છેવટે તેથી જ પાદશાહને ૧૬૫૧માં પ્રવચન પરીક્ષા ઉપર કંઈક રાજ્યદ્વારા દબાણ લાવવા પ્રયત્ન થયો છે. પણ તેમાં તે કંઈ મેળવી શક્યા નહિ, આ હકીકત ઉપર જણાવેલ ફરમાનના વાક્યથી ચોક્ખી જ છે. આ વસ્તુ સમજનારા સજ્જનો નીચેના જિનચંદ્ર ચોપડીનાં લખાણોની અસત્યતા આપોઆપ સમજી શકશે. પૃષ્ઠ ૧૨૪ "ચરિત્ર નાયક શ્રીજિનચંદ્રસૂરિજીને સમ્રાટ કે સમક્ષ વિદ્વાન મંડલી મેં ઉપરોક્ત પ્રવચન પરીક્ષાદિગ્રંથોકી નિસ્સારતા ઓર અસભ્યતા કો સિદ્ધ કિયા, વિદ્વાનોનેંભી ઉસ્કે અપ્રમાણિત ઔર અમાન્ય પ્રમાણિત કિયા" સજ્જનો દેખી શકશે કે ઉપર જણાવેલ અસલ લેખમાં નતો પ્રવચનપરીક્ષા સિવાય બીજા ગ્રંથની વાત છે. વિદ્વન્મંડલીનું નામનિશાન નથી. અપ્રમાણિત અને અમાન્યની ગંધ પણ નથી. પણ જે ખરતરોને શાસ્ત્રોમાં પણ પાઠો ફેરવવા પાઠાંતર ઉભા કરવા વગેરેની ટેવ પડી હોય તે પોતાના સ્વતંત્ર લેખમાં કેમ યદ્વાતદ્વા ન લખે? તેમાં સંસ્કૃતની સ્થિતિનો વિચાર એકબાજુ રાખીયે તો પણ પાદશાહની જ વાત લખે છે, વિદ્વાનોનું નામ પણ નથી. અને વિચારોને દૂર કરવાનું જ માત્ર છે. વળી જીનચંદ્રના વિહારપત્ર બન્ને સ્થાને ૧૬૧૭ અને ૧૬૪૧ ની વાત લખે છે પણ ૧૬૪૯ અને ૧૬૫૧ ના લેખો કે ચોમાસાની નોંધમાં પ્રવચન પરીક્ષા સંબંધી કાંઈ લખતા જ નથી. એટલે સુજ્ઞો સ્હેજે સમજી શકશે કે શ્રી પ્રવચન પરીક્ષા બાબત બાદશાહ પાસે વાદ છેડતાં પાશા ઉંધા વળવાથી એ બાબત સદરહુ સુધીની લખાયેલી હકીકતમાં તો મારી ખાધી. જિનચંદ્રના સ્વર્ગ પછી કેમ આ ગોઠવવી પડી એ વિજયપ્રશસ્તિના વાચકોને સમજાવવું પડે તેમ નથી. ખરતરગચ્છીય કુંભચંદ્રના લેખની પશ્ચિમતા અને અસંબદ્ધતા પાટણ અને અમદાવાદની વાતને એકંદર સ્પષ્ટ કરવાથી જણાય છે અને તેમ કાર્યને કરતાં વિદ્વત્તા સૂચવે છે. પણ તેનો સંવત્ અંક શ્રી વિજયપ્રશસ્તિકારની પાછળથી મળતો સંવત્સરનો છે, માટે ખરતરવાળાઓએ જીનચંદ્ર ચોપડીમાં પહેલાનો પાઠ આપવો સારો હતો. વળી તે કુંભચંદ્ર શાસન ધુરન્ધર શ્રી વિજયસેનસૂરિજીને માટે मूकीकृताः એત પાખંડિનઃ એવાં વચનો કહે અને ખરતરગચ્છીઓ એ ૨૬૫ પૃષ્ટના લખાણને એ વધાલી લે અને પછી શાંતિની વાતો કરે તે તો તપાગચ્છવાળા જો બધા નિર્માલ્ય હોય તો જ બને? વળી મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી મહારાજ લાહોરમાં ન હોય અને પંડિતોની સમક્ષ પ્રવચન પરીક્ષા ચર્ચાય અથવા જીનચંદ્ર ચર્ચા તે એ બધું પાછળ ભસવા જેવું જ ગણાય.

વળી ખરતરગચ્છીય કુંભચંદ્રે જે પાટણ અને અમદાવાદના જયની વાત લખેલ છે તે વિચારતાં અસત્ય જ જણાય છે. કારણ કે જિનચંદ્રના વિહારપત્ર પ્રમાણે ૧૧-૧૮-૧૯-૪૭-૫૭-૬૦ અને ૧૬૬૮નાં ચોમાસાં પાટણમાં થયેલાં હોવાથી સાત ચોમાસાં પાટણ થયાં છે અને ૪૩-૪૬-૫૪-૫૬-૫૯ અને ૧૬૬૭નાં જિનચંદ્રનાં ચોમાસાં અમદાવાદમાં થયાં છે. પણ કુંભચંદ્રના કથન મુજબ પહેલું પાટણ અને પછીનું બીજું જ અમદાવાદ જો જિનચંદ્રનું ચોમાસું હોય તો તે માત્ર ૧૬૪૨ અને તેંતાલીસનાં ૪ છે અને તેથી કુંભચંદ્ર જે જિનચંદ્રની

જીત બતાવે છે અને શાસન ધુરન્ધર શ્રીવિજયસેનસૂરિજીને પાખંડી કહી મૂંગા ઠરાવ્યાનું લખે છે તે સર્વથા ખોટું છે અને તપાગચ્છની જયની જાહેરાતનો માત્ર પ્રતિઘોષ જ છે. તેને અંગે તો ૧૬૫૯માં કે તે પછી લખાયેલ જિનચંદ્રના વિહારપત્રની બે નકલોમાંથી એકકેમાં પણ જયની વાત નથી. એટલું જ નહિં. પણ ચર્ચા સુદ્ધાંની વાત નથી. એટલે સુજ્ઞોને એમ માનવું જ પડશે કે શ્રીવિજયપ્રશસ્તિમાં પાટણ અને અમદાવાદમાં વિદ્વાન્‌મંડળ સમક્ષ પ્રવચન પરીક્ષાને સાચી ઠરાવ્યાની સાચી હકીકત લખાઈ એટલે તેના ઉત્તરમાં પોતાના પક્ષને બોલાવવા માટે કુંભચન્દ્રને ચંદરવો બાંધવો પડ્યો અને શ્રીવિજયસેનસૂરિજીએ વિદ્વાનો અને અધિકારિ સમક્ષ ખરતરોએ પ્રવચન પરીક્ષાનો વાદ ઉઠાવ્યો હતો તેમાં તે ખરતરોને હરાવ્યા એટલે શાસન ધુરંધર સવાઈ હીર શ્રીવિજયસેનસૂરિજીને પણ પાખંડી કહીને નવાજ્યા. કદાચ આપણે કલ્પના કરીયે કે ૪૨-૪૩માં વાદ થયો હશે અને જિનચંદ્રની જીત થઈ હશે, પણ વિહારપત્રમાં તેવી વાતનો ઉલ્લેખ નહિં થયો હોય. પરન્તુ આ કલ્પના ચાલી શકે તેમ નથી. કારણ કે તે વિહારપત્રમાં ૧૬૧૭માં પાટણ અને ૧૬૪૧માં જાલોરની ચોમાસી લખતાં ચર્ચા અને જય લખવામાં આવેલા જ છે. એટલે પાટણ અને અમદાવાદના ચોમાસાના પણ જયને ચીતરી કાઢત જ. પણ આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ૧૬૪૨ અને ૧૬૪૩ની પ્રવચન પરીક્ષાની ચર્ચામાં જિનચંદ્રને કોઈપણ પ્રકારે પંડિતો અને રાજસમક્ષ વાદ થયો હતો અને તે પૂરેપૂરો તપાગચ્છના જય નીશાનવાળો જ થયો હતો એટલે એમાં જિનચંદ્ર અને તેમના ભક્તોને એક અક્ષર પણ બોલવા જેવો વખત નહિં રહ્યો અને તેથી જ વિહારપત્ર કે જે આ ચર્ચા પછી સોળ વર્ષ કરતાં વધારે આંતરે લખાયો તેમાં તે ૪૨-૪૩ની વાતનો ઈસારો સરખો પણ થયો નથી. વળી જો ૪૨-૪૩ માં પ્રવચન પરીક્ષાને શાસનસુલતાન શ્રીવિજયસેન સમક્ષ ખોટી ઠરાવાઈ હોતતો જિનચંદ્રને કોઈ બલતરાનું કારણ જ ન રહેત કે જેથી ૧૬૪૯-૫૧ માં લાહોર અકબર પાદશાહને પ્રવચન પરીક્ષા બાબતની વિનંતી કરવી પડત. એક વાતએ પણ વિચારવા જેવી છે કે ૧૬૪૨-૪૩ નાં જિનચંદ્રનાં ચોમાસાં અનુક્રમે પાટણ અને અમદાવાદ થયાં છે તે ચોક્ખું જ છે. એ પણ ચોક્ખું જ છે કે તપાગચ્છવાળાઓ તથા ખરતરોએ ૪૨-૪૩ના પાટણ અને અમદાવાદના વિવાદને પ્રવચન પરીક્ષા કે જે સંવત્ ૧૬૨૯ના ચૈત્ર સુદ ૧૦મેં પુષ્યનક્ષત્રે જગદ્‌ગુરૂ શ્રીહીરસૂરિશ્વરજી મહારાજે પાસ કરી હતી અને જેનું કુપક્ષકૌશિક સહસ્ત્રકિરણ એવું કર્તાનું નામ છતાં એ ગ્રન્થને પ્રવચન પરીક્ષા એવું નામ આપ્યું હતું અને પ્રમાણ ઠરાવી. આજ કારણથી તો પ્રવચન પરીક્ષાના અગ્યારે વિશ્રામોમાં એક તિથિ છે અને સાથે શાસનાધીશ શ્રીહીરસૂરિજીના રાજ્યની સૂચના અને સ્તુતિ છે. તે પ્રવચનપરીક્ષાના સમય પછી તેર ચૌદ વર્ષે ખરતરોએ શાસનસુલતાન શ્રીવિજયસેનસૂરિજી સાથે વાદ ખડો ક્યો. આ હકીકત તો સ્હેજે સમજાય તેમ છે કે શ્રીતપાગચ્છવાળા મુરબ્બીઓને તો પ્રવચન પરીક્ષા ઉપર વાદ કરવાનો હોય જ નહિં. માટે સ્પષ્ટપણે ખરતરોને પણ કબુલ કરવું પડશે કે એ વાદ ખરતરોએ જ ઉભો કરેલો હતો અને શાસનઘોરી તપાગચ્છવાળાઓને તો માત્ર ઉત્તરદાયિત્વ હતું. વળી જો પાટણમાં ૧૬૪૨ના ચોમાસામાં જિનચંદ્રે આચાર્ય ભગવાન શ્રીવિજયસેનસૂરિજીને હરાવ્યા હોત તો ફેર અમદાવાદમાં ખરતરોને પ્રવચન પરીક્ષાનો વાદ ઉભો કરવો પડત જ નહિ. તેમજ આ પણ ચોક્ખું જ છે કે બન્ને સ્થળે ખરતરના જિનચંદ્ર જ વાદી તરીકે હતા. એટલે સાફ થઈ ગયું કે પાટણ અને અમદાવાદ બન્ને જગા પર ખરતરના જિનચંદ્રને હાર ખાવી જ પડી છે.

(અપૂર્ણ)

(ગતાંકથી ચાલુ)

અભ્યુદ્યતમરણનાં દ્વારો આ પ્રમાણે છે. અવ્યવચ્છિત્તિનું મન કરે[૧] પાંચ તુલના જિનકલ્પાદિવાળાને રાખવાનાં ઉપકરણો[૨] અને ઇંદ્રિયાદિને જીતવા રૂપી પરિકર્મ[૩] તપ, સત્ત્વ, શ્રુત અને એકત્વમાં ઉપસર્ગો સહન કરવા[૪] અપવાદથી વડલા નીચે કલ્પનો અંગીકાર[૫] એ છ દ્વારોમાં અવ્યવચ્છિત્તિનું મન નામનું દ્વાર કહે છે.

ઉત્તમ અને પ્રશસ્ત ધ્યાનવાળા વૃદ્ધ આચાર્ય મધ્યરાત્રિએ સૂતેલા કે બેઠા છતા હૃદયથી આમ વિચારે કે લાંબોકાળ સાધુપણું પાળ્યું વાચના દીધી, શિષ્યોને તૈયાર કરીને આચાર્યની પરંપરા સંબંધી દેવું ઉતાર્યું, હવે મારે શું કરવું ? ઉત્તમગુણવાળા જિનકલ્પાદિ વિહારે વિચરૂં ? કે વિધિપૂર્વક અભ્યુદ્યતમરણ અંગીકાર કરૂં ? આ અવસ્થામાં એ બેમાંથી જે લાયક વસ્તુ હોય તે કરવાથી પ્રવ્રજ્યા અખંડ થાય, નહિંતર છેડો ખરાબ આવવાથી પ્રવ્રજ્યા અખંડ થાય નહિં, એ પહેલું દ્વાર કહ્યું. ॥ અભ્યુદ્યતવિહાર અને અભ્યુદ્યતમરણનું સ્વરૂપ કહે છે. અભ્યુદ્યતવિહાર ત્રણ પ્રકારે છે. ૧ જિનકલ્પ, ૨ શુદ્ધપરિહારિક અને ૩ યથાલંદિક, એવી રીતે અભ્યુદ્યતમરણ પણ ૧ પાદપોપગમન ૨ ઇંગિની અને ૩ ભક્તપરિજ્ઞા એવી રીતે ત્રણ પ્રકારે છે. શ્રુતના બળે કે તેવાને પૂછીને ઘણું આઉખું બાકી રહેલું જાણીને ઘણા ગુણને મેળવવાની ઇચ્છાવાળા સાધુ અભ્યુદ્યતવિહારને અંગીકાર કરે. પ્રાયે કરીને અહીં અભ્યુદ્યતવિહાર જે જિનકલ્પિકાદિના આચરણમાં આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, અને ગણાવચ્છેદક એ પાંચ પુરૂષો અધિકારી હોય છે. તેઓની તુલના આવી રીતે છે. આચાર્ય થોડા કાલ માટે ગચ્છ બીજા જે તે ગચ્છના આચાર્ય હોય તેને ભળાવે અથવા જે સાધુ ઉપાધ્યાય આદિ જે સ્થાનમાં હોય તે તે સ્થાન થોડા કાળ માટે બીજાને આપે, આ આચાર્યાદિ સ્થાનને માટે અભિનવ આચાર્યાદિ ઉચિત છે કે નહિં તે પણ જુએ? કેમકે યોગ્યજીવોને પણ પ્રાયે નિર્વાહ કરવો મુશ્કેલ પડે છે, અને ઘણા ગુણોને છોડીને થોડા ગુણોને સાધનારૂં કાર્ય કરવાનું પંડિતોને ઇષ્ટ હોતું નથી, અર્થાત્ જિનકલ્પાદિકને આચરવાથી થતી નિર્જરા અનર્ગલ છે, પણ તેના કરતાં ગચ્છનું પાલન ન થાય તો ઘણું જ નુકસાન થાય છે, માટે નવા આચાર્ય ગચ્છનું બરાબર પાલન કરે છે કે કેમ ? તે જોવું અને તે જો બરોબર પાલનાર જણાય તો જ જિનકલ્પાદિ લે. કેમકે ડાહ્યા પુરુષો ઉત્તમપદાર્થની સિદ્ધિના પ્રયત્નવાળા જ હોય છે. હવે બીજું ઉપકરણનામનું દ્વાર કહે છે. તે અભ્યુદ્યતવિહારવાળા આચાર્યાદિ પોતાના કલ્પને ઉચિત, શુદ્ધ એષણાવાળું અને માનવાળું એવું જ ઉપકરણ ગ્રહણ કરે, કદાચ તેવું ન મળે તો ઉચિત તો યાવત્ યથાકૃત એટલે જેને લીધા પછી કંઈ પણ સંસ્કાર ન કરવો પડે તેવું ઉપકરણ લે, પણ જ્યારે ઉચિત આદિ ગુણોવાળું ઉપકરણ મળી જાય, ત્યારે વિધિથી યથાકૃતને વોસરાવે. એવી રીતે આજ્ઞા પાલનારાને તે યથાકૃત પણ ઉચિત જેવું જ ગણાય, કેમકે સંવર અને નિર્જરાની પ્રધાનપણાવાળી પરલોકની વિધિમાં સર્વથા આજ્ઞા જ પ્રમાણ છે, અને તે આજ્ઞાની આરાધનાથી જ ધર્મ થાય છે. બાહ્યવસ્તુ તો તે ધર્મ થવામાં નિમિત્ત માત્ર છે. આજ્ઞાને આરાધન કરવાના ઉપકારમાં વર્તતું હોય તે જ યથાર્થ ઉપકરણ કહેવાય. નહિંતર ગણાતું ઉપકરણ એ ઉપકરણ ન કહેવાય, પણ તેને અધિકરણ કહેવાય. ત્રીજું પરિકર્મનું દ્વાર કહે છે, ઇંદ્રિયાદિ જિતવાનો

અભ્યાસ તે પરિકર્મ કહેવાય. તેથી વિધિપૂર્વક ઇંદ્રિયોની આધીનતાને લીધે આત્માને આ લોક અને પરલોકમાં થતા અપાય વિગેરેનુ સમ્યક્ આલોચન કરે. શંકા કરે છે કે સાધુએ પહેલેથી જ ઇંદ્રિય કષાય અને યોગો વશ કરેલા જ હોય છે. અર્થાત્ આ પરિકર્મમાં ઇંદ્રિયો આદિને વશ કરવાની વાત નવી નથી. એવી શંકાના ઉત્તરમાં કહે છે કે ઇંદ્રયાદિના જયથી જ તે અભ્યુદ્યતવિહારરૂપ કલ્પની સિદ્ધિ ગણતો સાધુ તે ઇંદ્રિયો આદિને જીતવામાં વિશેષ યત્ન કરે. જો કે ઇંદ્રિયોઆદિને સરખી રીતે જીતવાના છે છતાં ઇંદ્રિયો અને યોગો પહેલાં પણ સ્થવિરકલ્પમાં સામાન્યથી જીતાયાં છે. પણ કષાયના જયે કરીને જેટલો અહીં અધિકાર છે તેટલો ઇંદ્રિય અને યોગના જયે કરીને નથી, કેમકે ઇંદ્રિય અને યોગો કષાયો વિના દુઃખ વધારવાવાળા થતા નથી. ઇંદ્રિયો અને યોગનો પણ જય નકામો તો નથી, માટે જણાવે છે કે ઇંદ્રિય અને યોગ સિવાય જે માટે કષાયો પણ થતા નથી તેથી કષાયના જયને માટે ઇંદ્રિય અને યોગનો જય પણ કરવો જ જોઈએ. હવે તપભાવના વિગેરે કહેશે-એવી રીતે અભ્યુદ્યતવિહાર કરવા માટે તૈયાર થયેલ મહાત્મા શુદ્ધભાવવાળો છતો પોરસી આદિ નવું તપ, ક્ષુધાને જીતવા માટે ત્રણગણું કરે. વેગવાળી નદીને વારંવાર ઉતરીને સીધા ઉતરવાવાળા સિંહનું અહીં દૃષ્ટાત સમજવું. એકેક તપ ત્યાં સુધી કરવું કે જેથી કદાચિત્ છ મહીનાના ઉપસર્ગ થાય અને આહાર ન મળે અથવા અશુદ્ધ મળે તો પણ ત્યાં સુધીનું તપ કરવાથી યોગને હાનિ ન થાય. અલ્પઆહારવાળા સાધુઓની ઇંદ્રિયો આહારની અલ્પતાને લીધે વિષયમાં પ્રવર્તતી નથી, તેમજ આહારના ત્યાગની તપસ્યાના અભ્યાસે ગ્લાનિ નહિં પામતાં અશનઆદિમાં આશક્ત પણ થતી નથી. જેને પાંચે ઇંદ્રિયો તપભાવનાથી દમાઈને આધીન થાય છે તે જ મહાત્મા ઇંદ્રિયોના યોગોનો આચાર્ય બની સમાધિના કરણોને ઇંદ્રિયો પાસે ઇચ્છા પ્રમાણે કરાવે છે.

આવી રીતે તપમાં તૈયાર થયેલો તે સાધુ પછી સત્ત્વ નામની ભાવના કરે, અને તે સત્ત્વભાવનામાં નિદ્રા અને ભયને જીતવા માટે આ પાંચ રીતે કાયોત્સર્ગરૂપી પ્રતિમાઓ કરે. પ્રથમ પ્રતિમા ઉપાશ્રયમાં, બીજી ઉપાશ્રયની બહાર, ત્રીજી ચોકમાં, ચોથી શૂન્યઘરમાં અને પાંચમી શ્મશાનમાં કરે. એમ અનુક્રમે પાંચ પ્રતિમા હોય છે. એ પ્રતિમાઓમાં પહેલાં લેવાતી થોડી થોડી નિદ્રાને જીતે. તેમ જ ઉંદરના સ્પર્શથી થતા તથા અકસ્માત્ ઉત્પન્ન થતા નહિં જીતેલા એવા ભયોને જીતે, એ જ અનુક્રમે બાળક, તસ્કર, અને દેવતા આદિકે કરેલા ભયને પણ જીતીને સત્ત્વશાલી નિર્ભય આત્મા સકલભારને વહન કરે. પછી એકાગ્રમનવાળા એ અનાકુલ એવા તે ભગવાન કાલનું માન જાણવા માટે સૂત્રભાવનાને સર્વથા સારી રીતે અભ્યસ્ત કરે. તે મહાપુરુષ સૂત્રભાવનાથી વાસિત થયેલ હોવાથી સૂત્રના હિસાબથી શ્વાસ, પ્રાણ, સ્તોક, મુહૂર્ત, પોરસી, અને રાત્રિ વિગેરે જાણે. આ સૂત્રના ઉપયોગથી જ હંમેશાં તે મહાત્મા અમૂઢલક્ષવાળો હોઈ દૂષણ નહિં લગાડતાં શુદ્ધકૃત્યોને કરે. મેઘાદિના આડંબરની વખતે બંને સંધ્યાના કાલ તેમજ ઉપસર્ગ વખતે પડિલેહણ, ભિક્ષા અને વિહારનો કાલ તેઓ છાયા વગર પણ જાણે, હવે એકત્વભાવના કહે છેઃ

તે મહાપુરુષ તત્વને હૃદયમાં કરતો, પરમઉપકારિ એવા ગુરુઆદિને વિષે દૃષ્ટિ પણ રાગને જીતવા માટે નહિં દેતો, મમત્વભાવ છોડીને એકત્વ ભાવના કરે. આત્મા એકલો જ છે બાકી બધું પણ સચેતન અને અચેતન માત્ર સંયોગથી જ થયેલું છે, અને એક મધ્યસ્થપણાને છોડીને સર્વ પ્રાયે દુઃખનું જ કારણ

છે. એવી રીતે પરમાર્થને સમજનાર મહાપુરૂષ સુખ અને દુઃખમાં સરખો, એવો સાધુ આત્મારામી થાય છે, અને પછી તે અનુક્રમે ઈષ્ટકાર્યને સિદ્ધ કરે છે. એકત્વભાવનાથી વૈરાગ્ય પામેલો મહાત્મા, કામભોગ, ગણ કે શરીર એ ત્રણે અગર એ ત્રણમાંથી એકમાં પણ આસક્તિવાળો થતો નથી અને શ્રેષ્ઠ યોગસાધનને પામે છે. હવે બલભાવના કહે છેઃ

એવી રીતે એકત્વ ભાવનાવાળો તે મહાત્મા કાયોત્સર્ગમાં ધૈર્યતાસ્વરૂપ, શરીર અને મનના બળને વિચારે છે. તે મહાપુરૂષને પ્રાયે કાયોત્સર્ગથી ધૃતિ થાય છે અને ભાવનાબળથી કાયોત્સર્ગ થાય છે.

અભ્યાસથી જેમ ભાર આદિ વહન કરવાનું શરીર આદિમાં બળ આવે છે તેવી રીતે સંઘયણ છતાં પણ અભ્યાસથી જ બળ આવે છે. હમેશાં શુભભાવથી ધૃતિ થાય છે, માટે કાયોત્સર્ગથી શુભભાવની સ્થિરતારૂપી ધૃતિ જેમ દરિદ્રને નિધાન આદિ ઈષ્ટના લાભથી ધૃતિ થાય તેની પેઠે ઉત્તમોત્તમ છે તે ધૃતિ કરે. ધૃતિ અને બળથી કેડ બાંધનારો, બુદ્ધિશાળી, કર્મના જયને માટે તૈયાર થયેલો કોઈ જગા પર વિખવાદ નહિં કરનારો મહાત્મા અત્યંત ઉપસર્ગોને સહન કરનારો થાય છે. આ તપ આદિની સર્વે ભાવનામાં સામાન્યથી આગળ કહીશું તે વિધિ હોય છે. આ જગ્યા ઉપર કેટલાકો ગાથાના 'ચ' શબ્દથી વિધ્યંતર પણ માને છે. અભ્યુદ્યતવિહાર માટે તૈયાર થયેલ મહાત્મા પ્રથમ ગચ્છમાં જ જિનકલ્પ જેવો રહ્યો થકો, આહાર ઉપધિ વિગેરેમાં પરિકર્મ કરીને પછી તે કલ્પ અંગીકાર કરે. તે મહાત્મા ત્રીજી પોરસીમાં લેપવગરનું અને સાત એષણાએમાંની પાંચ એષણામાંથી કોઈક પણ એક એષણાએ જ ભોજન લે, અને બે એષણામાંથી કોઈક પણ એક એષણાએ યથાકૃત ઉપધિ ગ્રહણ કરે. કરપાત્રી કે પાત્રવાળો સચેલક કે અચેલક જેવો પોતે થવાનો હોય તેવી રીતે પરિકર્મ કરે. હવે છેલ્લું કલ્પપ્રતિપત્તિદ્વાર કહે છે.

નિમ્માઓ ૧૪૧૪, खामेइ ૧૪૧૫, जं ૧૪૧૬, दव्वाई ૧૪૧૭, दाराणु ૧૪૧૮, पक्खी ૧૪૧૯, आभोएउं ૧૪૨૦, एत्थ ૧૪૨૧, इच्छा ૧૪૨૨, आवस्सि ૧૪૨૩, आवस्सि ૧૪૨૪, अहवा ૧૪૨૫.

ગચ્છમાં રહીને સૂત્ર અને અર્થ આદિથી તૈયાર થયેલા મહાત્મા પોતાના ગચ્છાદિકની અનુજ્ઞા અભિનવ આચાર્યઆદિકને કરે અને પછી વિધિપૂર્વક તે નવા આચાર્યાદિકની પ્રશંસા કરે, અને અત્યંત સંવિગ્નતાવાળો તે મહાત્મા બાળવૃદ્ધ સહિત સકલશ્રમણો-સંઘને યથોચિતપણે ખમાવે. પૂર્વકાલમાં વિરૂદ્ધ એવા જે કોઈ હોય તો તેને તો વિશેષે કરીને ખમાવે. તે ખમાવવાની રીતિ બતાવે છે કે શલ્ય અને કષાયરહિત એવો થયો છતાં હું, પહેલાં મેં પ્રમાદથી જે તમારા પ્રત્યે જે કાંઈ સારી રીતે વર્તન ન કર્યું હોય તે સર્વ હું તમને ખમાવું છું. પછી દ્રવ્યાદિકની અનુકૂળતા હોય ત્યારે દાનાદિક વિભૂતિપૂર્વક જિનેશ્વર આદિ જ્ઞાનીઓની પાસે જ જિનકલ્પ અંગીકાર કરે. અને તેવા જ્ઞાતાઓના અભાવે વડવૃક્ષ નીચે જિનકલ્પ અંગીકાર કરે. તે મહાત્મા ત્રીજીપોરસીએ ભાવનાપૂર્વક તે દિવસે વિશેષ તપવિધાન કરીને ગચ્છાદિકથી સર્વથા નિરપેક્ષપણે વિહાર કરે. થોડી ઉપધિવાળો તે મહાપુરુષ ગચ્છાશ્રમથી પંખીની માફક નીકળ્યા પછી જ્યાં સુધી દૃષ્ટિવિષય બંધ ન થાય ત્યાં સુધી ગચ્છવાળા સાધુઓ તે જ સ્થાને રહે અને પછી

આનંદ પામેલા તે સાધુઓ પાછા આવે. તે જિનકલ્પવાળા મહાત્મા નિર્વ્યાઘાત હોય તો માસકલ્પને લાયક ક્ષેત્ર જાણીને ત્યાં જઈને વિચરે. એ સંક્ષેપથી વિહાર કહેવાય. આ કલ્પમાં આ મહાત્માને દશ પ્રકારની સામાચારીમાં જે સામાચારી ભજનાએ છે તે ગુરુઉપદેશથી હું કહું છું. પ્રથમ તો દશ પ્રકારની સામાચારી આ પ્રમાણે છે. ઇચ્છાકાર[૧], મિથ્યાકાર[૨], તથાકાર[૩], આવસ્યકી[૪], નૈષેધિકી[૫], આપૃચ્છા[૬], પ્રતિપૃચ્છા[૭], છંદના[૮], નિમંત્રણા[૯], અને ઉપસંપદ્[૧૦]. એ દશ પ્રકારની સામાચારીમાં આવશ્યકી, નૈષેધિકી, મિથ્યાકાર, પૃચ્છા અને ગૃહસ્થને અંગે ઉપસંપદ્ એ પાંચ છોડીને બાકીની પાંચ ઇચ્છાકારઆદિ સામાચારીઓ જિનકલ્પીને ગચ્છવાસ ન હોવાથી હોય નહિં. કેટલાક કહે છે કે આવશ્યકી, નૈષેધિકી, અને ગૃહસ્થની ઉપસંપદાને છોડીને બાકીની સાતે સામાચારીઓ જિનકલ્પમાં હોય નહિં, અથવા તો પ્રતિલેખના આદિ નિત્યકર્મરૂપી ચક્રવાલ સામાચારીમાં જે જિનકલ્પક આદિને જે યોગ્ય હોય તે બધી કહેવી. જિનકલ્પ લેનારાને શ્રુત વિગેરેની મર્યાદા તો આવી રીતે છેઃ-

સુઅ ૧૪૨૬, ઓવાસે ૧૪૨૭, ભિક્ખા ૧૪૨૮, આયાર ૧૪૨૯, પઢમિ ૧૪૩૦, દિવ્વાઈ ૧૪૩૧, આયંકો ૧૪૩૧, અબ્ભુ ૧૪૩૩, એગો ૧૪૩૪, ઉચ્ચારે ૧૪૩૫, અમમત્તા ૧૪૩૬, કેચ્ચિર ૧૪૩૭, નો ૧૪૩૮, પાસ ૧૪૩૯, ઓવાસો ૧૪૪૦, એવં ૧૪૪૧, સાર ૧૪૪૨, સંઠવણા ૧૪૪૩, અણ્ણં ૧૪૪૪, પાહુડિઆ ૧૪૪૫, અજ્જિત્તિ ૧૪૪૬, દીવત્તિ ૧૪૪૭, ઓહાણં ૧૪૪૮, તહ ૧૪૪૯, સુહમ ૧૪૫૦, ભિક્ખા ૧૪૫૧, પાણગ ૧૪૫૨, લેવા ૧૪૫૩, અલ્લેવં ૧૪૫૪, ણાયંબિલ ૧૪૫૫, પડિમત્તિ ૧૪૫૬, જિણ ૧૪૫૭, માસં ૧૪૫૮, કહ ૧૪૫૯, અભિગ્ગ ૧૪૬૦, જિણ ૧૪૬૧, કિં ૧૪૬૨, સવ્વ ૧૪૬૩, અણિ ૧૪૬૪, તીએ ૧૪૬૫, પઢમ ૧૪૬૬, ઉગ્ગા ૧૪૬૭, તિહિં ૧૪૬૮, અહ ૧૪૬૯, કિં ૧૪૭૦, અણિ ૧૪૭૧, ચોએઽ ૧૪૭૨, ચોઅગ ૧૪૭૩, એસો ૧૪૭૪, ઇઅ ૧૪૭૫, ઇઅ ૧૪૭૬, ઇઅરે ૧૪૭૭, એવં ૧૪૭૮, એગાએ ૧૪૭૯, વીહીએ ૧૪૮૦, એએસિં ૧૪૮૧, અઇ ૧૪૮૨, એસા ૧૪૮૩.

શ્રુત[૧], સંઘયણ[૨], ઉપસર્ગ[૩], આતંક[૪], વેદના[૫], કેટલા[૬], ઠંડિલ[૭], વસતિ[૮], કેટલો કાળ[૯], ઠંડિલ[૧૦], માતરું[૧૧], અવકાશ[૧૨], ઘાસ અને પાટીઉં[૧૩], રક્ષણ[૧૪], સંસ્થાપન[૧૫], પ્રાભૃતિક[૧૬], અગ્નિ[૧૭], દીપ[૧૮], નજર રાખવી[૧૯], કેટલા રહેશે[૨૦], ગોચરી[૨૧], પાણી[૨૨], લેપાલેપ[૨૩], અલેપ[૨૪], આંબેલ[૨૫], પ્રતિમા[૨૬],માસકલ્પ[૨૭] એવી રીતે જિનકલ્પ સંબંધી ૨૭ દ્વારો કહેવામાં આવશે. તેમાં શ્રુતનામના દ્વારમાં નવમાપૂર્વની ત્રીજી જે આચારવસ્તુ તેનું જ્ઞાન જઘન્યથી હોય. કેમકે ત્યાં આચારવસ્તુમાં કાલનું નિરૂપણ છે માટે તેનું જ્ઞાન તો અવશ્ય હોવું જોઈએ અને ઉત્કૃષ્ટથી ન્યૂનદશપૂર્વ હોય, પહેલા સંઘયણવાળા અને ધૈર્યથી વજ્રની ભીંત જેવા પુરૂષો આ કલ્પને અંગીકાર કરે, પણ એ વજ્રઋષભનારાચ સિવાયના બીજા સંઘયણવાળા કોઈ દિવસ પણ તે કલ્પને અંગીકાર ન કરે. દેવતાઈ આદિ ઉપસર્ગો જિનકલ્પીને હોય અગર ન પણ હોય, અને જો હોય તો નિશ્ચયચિત્તવાળા અને દૃઢભાવનાવાળા એવા તેઓ તે ઉપસર્ગોને સહન કરે. જ્વરઆદિ રોગને અંગે પણ હોય અથવા ન પણ હોય, એવી ભજના જાણવી. કદાચ હોય તો નિષ્પ્રતિકર્મ

એટલે શરીરના કોઈપણ સંસ્કાર નહિં કરવાવાળા એવા તે મહાત્મા સહન કરે, એ ઔપક્રમિક વેદના કહેવાય. અને લોચાદિકથી થયેલી આભ્યુપગમિકી વેદના કહેવાય, એમ બંને પ્રકારની વેદના તેઓને હોય છે. ગણ ઉપધિ કે શરીર એ ત્રણેમાંએ તેઓને મમત્વ ન હોવાથી ભાવે કરીને સર્વથા નિરપેક્ષ એવા તે જિનકલ્પી ભગવાન વસતિઆદિમાં એકલા જ હોય, ને વસતિમાં એક જિનકલ્પી ભગવાન રહ્યા હોય ત્યાં સાત સુધી જિનકલ્પીઓ રહે, માટે દ્રવ્યથી તે એક અથવા અનેક પણ હોય. અનાલોક અને અસંપાતવાળા સ્થાને જ ઠલ્લો અને માતરૂં પરઠવે, અને તે જ જગા પર જુનાં વસ્ત્રોને નકામાં હોય તો પરઠવે. મમતારહિત, સાધુ માટે જેનું લીપવું વિગેરે નહિં કરેલાં હોય એવા સ્થાનમાં રહેનારા તેઓ હોય છે. ઢાકવું, પૂરવું, સંસ્કાર કરવો વિગેરેથી હીન એવી જિનકલ્પીની વસતિ એટલે જગ્યા હોય છે. સ્થવિરોને પણ પુષ્ટ આલંબન સિવાય એકલું પ્રમાર્જન કરવાનું પરિકર્મ જ હોય છે. તમે કેટલો કાળ અહીં રહેશો' એવું વસતિ માગતી વખતે જો ગૃહસ્થ પૂછે તો જિનકલ્પી ત્યાં રહે જ નહિ. 'તમારે અહીં ઠંડિલ કરવું નહિ' એવું જ્યાં ગૃહસ્થો કહે તે વસતિ પણ તેઓ લે નહિ. 'માતરૂં પણ આ સ્થાને જ કરવું, બીજે ન કરવું' એવું જ્યાં નિયમનવાળું વાક્ય કહે તે વસતિ પણ તેઓને યોગ્ય નથી. 'તમારે આ સ્થાને જ રહેવું, પણ આ સ્થાને ન રહેવું' એવું પણ જ્યાં કહે તે વસતિ પણ એમને કલ્પે નહિ. એવી રીતે તૃણ અને ફલકમાં પણ જો એવો વિકલ્પ હોય તો તે તૃણ અને ફલકાદિવાળી વસતિ પણ એમને કલ્પે નહિં. તે જ વસતિમાં જો બળદ આદિ વસ્તુને આણીને ગૃહસ્થ તે સાધુને રક્ષણ કરવાનું કહે તો તે પણ વસતિ અયોગ્ય. એવી રીતે સંસ્કાર કરવો કે પડતી વસ્તુની ઉપેક્ષા ન કરવી એવું જ્યાં દાતા કહે તે વસતિ પણ અયોગ્ય ગણાય. ચશબ્દથી બીજો પણ હુકમ, દાતા પોતાના હુકમ પ્રમાણે વર્ત્તવા જ્યાં કહે તે પણ વસતિ યોગ્ય નહિં. વળી જ્યાં ઘરદેવતા આદિને બળિઆદિ કરાતો હોય અને તે નાંખેલા બળિનું સાધુએ કરેલ કાઉસગ્ગને લીધે સ્થાન આઘુંપાછું કરવામાં આવે, અને શકુન આદિ ગ્રહણ ન થવાથી બલિ દેવામાં અંતરાય થાય તે સ્થાન પણ વર્જે. અગ્નિવાળું મકાન પણ ન લે. કેમકે પ્રમાર્જન કરતાં ધૂળ આદિથી અગ્નિકાયનો વ્યાઘાત થાય અને વસતિનું પ્રામાર્જન ન કરે તો અક્રિયા લાગે,અને અંગારાદિ અગ્નિના સ્પર્શમાં પણ વિકલ્પ લેવો. દીવાવાળી વસતિમાં સ્પર્શ તો જરૂર હોય છે અને તેથી જ આ દીવાવાળી વસતિના દ્વારથી દ્વાર જુદું કહ્યું છે. અને બાકીના પ્રમાર્જન આદી તો પહેલાં કરેલા દોષો જાણવા અમારા પણ ઘરનો ઉપયોગ દેનારો તું થઈશ' એવું રહેતી વખતે જ્યાં ગૃહસ્થ કહે તે વસતિ પણ કલ્પે નહિં, 'તમે કેટલા જણ અહીં રહેશો ?' એવું મકાન આપતાં ગૃહસ્થ નિયમન કરે તો તે મકાનને પણ તેઓ છોડી દે. કારણ કે જિનકલ્પી સૂક્ષ્મ પણ બીજાની અપ્રીતિ જે માટે છોડે છે તેથી બીજી વસતિ કોઈને પણ અપ્રીતિને કરનારી હોય તે લે નહિ. તેમને ત્રીજી પોરસીમાં જ ગોચરી હોય છે, અને પૂર્વે કહ્યા પ્રમાણે પિંડેષણાઓ અભિગ્રહવાળી હોય છે, અને ભોજન માટે એક જ પિંડેષણા હોય છે. તેઓ ભોજન સિવાયના કાળમાં પાણી પણ લેતા નથી, કેમકે શ્રુતના બળે તે સર્વપાણીને શુદ્ધ અશુદ્ધરૂપે જાણે છે. લેપે કરીને રહિત તેમજ લેપવાળા વ્યંજન વિગેરેથી પણ રહિત, તેમજ બીજીવસ્તુએ પણ મિશ્ર નહિ એવું તેઓને ભાતપાણી હોય છે. સ્વભાવે એકલું પણ લેપવાળું

ન લે, બીજા આચાર્યો તો આત્માના પરિણામે અલેપ હોવાથી અલેપકારી માને છે. વાયુ આદિ ધાતુના દોષથી અત્યંત શોષ અને થંડિલ ભેદ થાય માટે અલેપકારી પણ આયંબિલનું લે નહિં. પરંતુ મુખ્યપણે શરીરને અનુકૂળ ચોખા જેવું જ લે. માસાદિ પ્રતિમા અને આદિ શબ્દથી બાકીના અભિગ્રહો તેઓ કરતા નથી. કેમકે વિશેષે કરીને તેઓ અભિગ્રહમાં રહેલા જ છે.

જિનકલ્પ એ પદ એ સમસ્ત દ્વારને લાગુ પડે છે, પણ એમાં આ મર્યાદા કે તે અપવાદરહિત હોય. ક્ષેત્રમાં માસકલ્પ રહે અને ત્યાં છ ભાગ કલ્પે અને આધાકર્મી આદિ વર્જવા માટે દરેકમાં એક એક દિવસ ફરે. જિનકલ્પીઓ માટે દ્વારોની વ્યવસ્થા કહ્યા પછી પ્રસંગને માટે કાંઈક કહે છે.

આવી રીતે ફરતા જિનકલ્પીને આધાકર્મી કેમ હોય એવી શંકાનું સમાધાન સમજાવવા માટે કાંઈક તે અને બીજું પણ પ્રસંગે કહું છું. અભિગ્રહવાળા જિનકલ્પીને દેખીને, કોઈક શ્રાવિકા ભોજન તૈયાર કરે, તે ભોજન ત્રણ દિવસ પૂતિ કહેવાય. તેની વ્યાખ્યા આગળ કહેશે. એક વસતિમાં ઉત્કૃષ્ટ સાત જિનકલ્પીઓ હોય છે. જિનકલ્પના અભિગ્રહવાળા તપસ્યાથી સુકાયેલા અને મહાસત્ત્વવાળા એવા તેમને દેખીને સંવેગવાળી કોઈક શ્રાવિકા એમ બોલે કે હું નિર્ભાગી છું. શું કરૂં ? આ સાધુ તો આ જે ચાલુ ખોરાક છે તે તો લેતા નથી, અને સહજપણે દઈ શકું એવું અમારી પાસે બીજું કંઈ આજ નથી. હું કાલે બરોબર ભોજન તૈયાર કરીને આદરથી દઈશ. આવું સાંભળીને તે નિવારવા માટે ભગવાન કહે કે ભમરાનાં ટોળાં, ગાયોનાં ટોળાં, સાધુઓ, પંખીઓ, અને શરદઋતુના મેઘોનાં સ્થાનો અનિયમિત જ હોય છે. તેમ કહ્યા છતાં તે બાઈએ અજ્ઞાનથી ધારેલું ભોજન તૈયાર કર્યું, જિનકલ્પીએ બીજે દિવસે ઘરની તે લાઈન છોડી દીધા અને અદીન અને અપરિશ્રાંત એવા તે મહાત્મા બીજી વીથિમાં ફર્યા, તે વખતે પેલી બાઈએ કરેલું ભોજન પહેલા દિવસે આધાકર્મી ગણાય. અને પછી ત્રણ દિવસ સુધી તે ઘર જિનકલ્પિયોને પૂતિ ગણાય, તે પૂતિના દિવસોમાં તે ઘરનું બીજું પણ કંઈ લેવું કલ્પે નહિ. ત્રીજો દિવસ ગયા પછી જ તે ઘરનું કાંઈ પણ લેવું કલ્પે. એવી રીતે પકવાન્નને અંગે પણ કોઈ શ્રાવિકા એમ ધારે કે આજ મહર્ષિ નથી આવ્યા, પણ કાલે આવશે એટલે તેમને આપીશ, એવું વિચારે તો તે પકવાન્નવાળું ઘર બે દિવસ આધાકર્મી ગણવું, અને ત્રીજા વિગેરે દિવસોમાં પૂતિ ગણવું. ત્રણ દિવસો તે ઘરનું કાંઈપણ ન ખપે, છટ્ઠે સાતમે દિવસે જ ખપે. નહિં કર્યાનો પહેલો દિવસ અને બાકીના એક બે દિવસો આધાકર્મીના જાણવા, હવે સાતમે દિવસે પહેલી લાઈનમાં ફરી પણ ફરતા દેખીને શ્રાવિકા કહે કે, તે દહાડે આધાકર્મીના કેમ નહિ આવ્યા ? મેં તમારા માટે ખોટો ખર્ચ કર્યો, એમ તે શ્રાવિકા કહે ત્યારે ભગવાન જિનકલ્પી શ્રાવિકાને અનિયમિત વસતિઓ વિગેરે વાક્ય જે પૂર્વે જણાવ્યું છે તે વાક્ય આજ્ઞાને અનુસારે આધાકર્મી છોડનારો શુદ્ધમનવાળો એવો જિનકલ્પી કહે. શંકાકાર કહે છે કે વીથીમાં આવેલા જાણીને બોલ્યા વગર પહેલે જ દિવસે આધાકર્મી આદિક કરે, ત્યાં શું સમજવું ?, એના ઉત્તરમાં કહે છે કે, જો કોઈ એવી

રીતે અહીં આધાકર્મી આદિક કરે તો તે ભગવાન શ્રુતાતિશયવાળા હોવાથી ન જાણે એમ બને નહિ, પણ તેમનો એ કલ્પ છે કે આરંભ વર્જવા માટે પ્રથમના સ્થાને સાતમે દિવસે જ ફરે. વળી એવી રીતે અનિયમિત વૃત્તિવાળા તે મહારાજને દેખીને તેમને માટે કોઈપણ વસ્તુ કરવામાં શ્રાવકનો નિયમ ન રહે, તેમજ નિવારણ કરવાથી પ્રવૃત્તિ પણ થાય નહિ. સ્થવિરો પણ આજ્ઞાને લીધે અને ગુરુ આદિ નિમિતે હંમેશાં પણ દાતા આદિના દોષને નહિં દેખતાં મધ્યસ્થભાવે ફરે. એવી રીતે પ્રાસંગિક કહીને હવે ચાલુ અધિકાર કહે છે કે એવી રીતે તે ફરતા જિનકલ્પીયો એક વસતિમાં કેટલા રહે અને એક વીથિમાં કેટલા ફરે ? ઉત્તર દેતાં કહે છે કે માંહોમાંહે ભાષાને વર્જતા, આકસ્મિકયોગે એક વસતિમાં સાત સુધી જિનકલ્પીઓ રહે. એક એક જિનકલ્પી એક વીથિમાં હમેશાં ફરે. કેટલાક ભજના કહે છે, પણ તે યોગ્ય નથી, કેમકે સાત એકઠા થાય છે માટે જ પ્રાયે તેઓની સાત વીથીઓ કહેલી છે. રોજ તેને તે વીથીમાં ફરતાં અપમાન કેમ ન થાય ? એ સવાલના ઉત્તરમાં જણાવે છે તે અસલી શાસનને ગુણ કરનારૂં એવું આ વર્તન છે એમ સમજવું. જે માટે અતિશય જ્ઞાનવાળા તે જિનકલ્પિઓ છે, તેથી સ્થાનાદિક જે શાસ્ત્રોમાં ચિહ્નો કહેલા છે તેને તથા ચિહનોદ્વારાએ વીથીના વિભાગોને પરસ્પર જાણે છે. એવી રીતે સંક્ષેપથી જિનકલ્પીની સામાચારી કહી. હવે એમની ક્ષેત્રાદિની સ્થિતિ કહું છું.

खित्ते १४८३, पव्वा १४८४, खित्ते १४८५, जम्म १४८६, उस्स १४८७, णोसप्पि १४८८, पढमे १४८९, मज्झिम १४९०, तित्थे १४९१, अहिअ १४९२, पडिमाओ १४९३, एअस्स १४९४, अप्पुव्वं १४९५, पुव्वाही १४९६, वेओ १४९७, उवसम १४९८, ठिअ १४९९, आचेल १५००, लिंगम्मि १५०१, इअरं १५०२, लेसासु १५०३, णच्चंत १५०४, झणंमि १५०५, एवं १५०६, गण १५०७, पुव्व १५०८, दव्वाई १५०९, एयंमि १५१०, पव्वा १५११, उवएस १५१२, मुंडा १५१३, गुरु १५१४, आबण्ण १५१५, जम्हा १५१६, कारण १५१७, सव्वत्थ १५१८, णिप्पडि १५१९, अप्प १५२०, तइ १५२१, जंधा १५२२, एसेव १५२३.

ક્ષેત્ર[૧], કાલ[૨], ચારિત્ર[૩], તીર્થ[૪], પર્યાય[૫], આગમ[૬], વેદ[૭], કલ્પ[૮], લિંગ[૯], લેશ્યા[૧૦], ધ્યાન[૧૧], ગણત્રી[૧૨], અભિગ્રહ[૧૩], પ્રવ્રજ્યા[૧૪], મુંડન[૧૫], એ પંદર દ્વારો જિનકલ્પીઓ માટે કહેવામાં આવશે. મનથી લાગેલા દોષોમાં પણ તેઓને ચારગુરુ નામનું પ્રાયશ્ચિત હોય છે. તેમજ કારણે એટલે અપવાદને પ્રસંગે પણ નિષ્પ્રતિકર્મપણું એટલે સંસ્કાર નહિં કરવાપણું હોય છે. ત્રીજીપોરસીમાં જ તેમને ગોચરી અને વિહાર બન્ને હોય છે. ક્ષેત્રદ્વારામાં જન્મ અને વિદ્યમાનતા એમ બે પ્રકારે વિચાર કરવાનો છે. તેમાં જે ક્ષેત્રમાં જન્મ્યાં હોય તે જન્મ અને જ્યાં વિચરતા કલ્પ કરે ત્યાં વિદ્યમાનપણું જાણવું. સર્વે જિનકલ્પીઓનો કર્મભૂમિઓમાં જ જન્મ અને વિદ્યમાનતા જાણવી, પણ સંહરણ થાય તો કર્મભૂમિની માફક અકર્મભૂમિમાં પણ તે જિનકલ્પી હોય. અવસર્પિણીના બે આરામાં જન્મ અને વિદ્યમાનતા તથા ઉત્સર્પિણીમાં જન્મ અને સદ્‌ભાવની અપેક્ષાએ વિપરીત લેવું. નોઉત્સર્પિણી અને નોઅવસર્પિણીના ચોથા જેવા આરામાં શુદ્ધ

કાળ અને સરખા એવા સઘળા કાળમાં પણ સંહરણથી જ હોય છે. સામાયિક કે છેદોપસ્થાપનીય સંયમમાં જિનકલ્પ અંગીકર કરે અને પહેલો પામેલો તો કોઈપણ સંયમમાં હોય. અજિતઆદિના શાસનમાં સામાયિક ચારિત્રમાં અને પહેલા છેલ્લા તીર્થંકરના શાસનમાં છેદોપસ્થાપનીયમાં કલ્પ અંગીકાર કરે છે. અને પાછળથી વિશુદ્ધયોગવાળા બીજા પણ સંયમને પામે છે. જિનકલ્પીઓ તીર્થ સ્થપાયા પછી જ હોય છે, પણ તીર્થનો વિચ્છેદ થયો હોય કે તે ઉત્પન્ન ન થયું હોય ત્યારે જાતિસ્મરણ આદિથી અતીર્થમાં તે જિનકલ્પિયો હોતા નથી. અતીર્થમાં કેવળજ્ઞાન વિગેરે હોય તો જિનકલ્પી કેમ ન હોય ? એ શંકાનો ઉત્તર કહે છે કે વીતરાગોએ એમની આ સ્થિતિ જ કહી છે. તે માટે એ કાલ જાણવો. તેમાં કાંઈ યુક્તિ લગાડવાની હોતી નથી. ગૃહસ્થપણા અને સાધુપણાના ભેદથી બે પ્રકારનો પર્યાય હોય છે, અને તે એકેક પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારે હોય છે, જિનકલ્પીનો ગૃહસ્થપર્યાય જઘન્યથી ૨૯ વર્ષ જાણવો અને સાધુપણાનો પર્યાય ૨૦ વર્ષનો જાણવો, અને ઉત્કૃષ્ટથી તો બંને પણ દેશોનકોડપૂર્વ જાણવા. જિનકલ્પી તે જન્મમાં જિનકલ્પ લીધા પછી નવું આગમ ભણે નહિ, કેમકે તે પોતાને યોગ્ય એવા અભ્યાસ સિવાય ઉત્કૃષ્ટયોગના આરાધનથી જ કૃતકૃત્ય છે. પણ એકાગ્ર મનવાળો સંશય આદિના ક્ષય માટે હંમેશાં પહેલાં ભણેલું સમ્યક્ સંભારે. જિનકલ્પ લેતી વખતે પુરુષવેદ કે નપુંસકવેદ હોય, પણ પહેલાં લેનારો તો પછી સવેદી કે અવેદી પણ હોય. ઉપશમશ્રેણીમાં વેદ શમાવવાથી અવેદી બને. તે જન્મમાં કેવળજ્ઞાનનો જિનકલ્પવાળાને નિષેધ હોવાથી વેદ ખપાવવાથી અવેદી બને નહિં. તેઓ સ્થિત અને અસ્થિત બંને પ્રકારના કલ્પોમાં હોય છે. આચેલક્ય આદિ દશ કલ્પોમાં રહેલા તે સ્થિતકલ્પી કહેવાય અને શય્યાતર આદિ ચાર કલ્પમાં રહ્યા છતાં આચેલક્ય આદિ છમાં અનિયમવાળા હોય તે અસ્થિતકલ્પ. કહેવાય આચેલક્યાદિ દશ કલ્પો બતાવે છે. વસ્ત્રરહિતપણું, કોઈને પણ માટે કરેલ આધાકર્મત્યાગ, શય્યાતર અને રાજાનો પિંડનો ત્યાગ, પર્યાય પ્રમાણે વંદના, મહાવ્રતો, વડીદીક્ષાથીમોટાનાનાપણાનો વ્યવહાર સવાર સાંજ વગેરે વખત નિયમિત પ્રતિક્રમણ માસકલ્પ અને પુર્યષણાકલ્પ એ દશ કલ્પોને પાલનાર તે સ્થિતકલ્પ તરીકે જાણવા. તેમાંથી કેટલાકમાં રહે તે અસ્થિતકલ્પી જાણવા. તેઓની લિંગમાં ભજના એવી રીતે હોય છે કે અંગીકાર કરતી વખત દ્રવ્ય અને ભાવ બન્ને લિંગવાળા હોય, અને જિનકલ્પ લીધા પછી ભાવલિંગે તો જરૂર હોય. દ્રવ્યલિંગ તો કદાચિત્ વસ્ત્રની જીર્ણતા અથવા ચોરી વિગેરેથી કદાચિત્ વસ્ત્રાદિક ન પણ હોય, પણ તેવા દ્રવ્યલિંગ વગર પણ તેમના ભાવની હાનિ થતી નથી. તેની લેશ્યા વિગેરે-ત્રણ શુદ્ધલેશ્યામાં જ તેઓ કલ્પ અંગીકાર કરે.કૃષ્ણ આદિ લેશ્યામાં અંગીકાર કરે નહિં, પણ જિનકલ્પ લીધા પછી તો કથંચિત્ સર્વલેશ્યામાં હોય, છતાં અત્યંત ખરાબ તેમ જ ચિરકાલ સુધી ખરાબ લેશ્યામાં ન હોય, સામાન્ય રીતે ખરાબ લેશ્યામાં થોડો કાળ જ હોય, કેમકે કર્મોની ગતિ વિચિત્ર છે તેથી અશુભ લેશ્યા આવે તો પણ ઉદ્યમ જરૂર ફળ દે છે કે જેથી અશુભ લેશ્યા થયા છતાં પણ ફરી ચારિત્રની શુદ્ધિ થાય છે. વધતા એવા ધર્મધ્યાનથી જ કલ્પ અંગીકાર કરે છે,

(અનુસંધાન ટાઈટલ પાના ૪ થી ચાલુ)

આરાધનાની નિયમિતતા માટે તે પહેલી તિથિનો સૂર્યોદય હિસાબમાં ન ગણ્યો. જો કે ક્ષયને પ્રસંગે પર્વતિથિની સમાપ્તિ પ્રથમતિથિમાં છે અને વૃદ્ધિને પ્રસંગે પર્વતિથિની સમાપ્તિ ઉત્તરતિથિમાં છે. પણ સમાપ્તિ ઉપર જ એમ આધાર રાખવો હોય તો **जीव सूरो उद्दयं** અર્થાત્ જે તિથિમાં સૂર્યોદય થાય તે તિથિ વ્રત પચ્ચક્ખાણથી આરાધવી, એમ ન કહેતાં સામાન્યતિથિ એકવડી પર્વતિથિ ક્ષીણતિથિ અને વૃદ્ધતિથિ એ બધાને અંગે એક જ **तिही जत्थ समप्पइ** અર્થાત્ સમાપ્ત થાય તે તિથિ, એવું વ્યાપક લક્ષણ કરવાની જરૂર ગણાત. પરંતુ એમ નહિં કરતાં સૂર્યોદય ન હોય તો પણ ઠરાવ્યો અને હતો તો પણ ખસેડ્યો, તે કેવલ આરાધનાની ઉદય કરતાં પણ પ્રબલતા છે એમ માનીને છે અને આરાધનાની નિયમતતા અને પ્રબલતા ગણાશે તો ચૌદશ પૂનમ આદિ ભેગા અથવા ખોખા ચૌદશ આદિ કહેવાનો વખત નહિં આવે.

તા. ક. ધ્યાન રાખવું કે માસપ્રતિબદ્ધ નિયમો નથી હોતા, તેથી મલમાસ મનાય, પણ ક્ષયતિથિ પ્રબદ્ધતો નિયમો હોય છે માટે પર્વતિથિને મલતિથિ ન મનાય. પૂર્વતિથિ ન લેવાની ચર્ચામાં દૃષ્ટાન્ત તરીકે કદાચ અભિવર્ધિત ક્ષય ફલ્ગુ આદિની વાત થાય. પણ પર્વતિથિ બેવડી માનીને એક તિથિને જ આરાધી શકાય નહિ. ક્ષયે પૂર્વાની ગોઠવણીની માફક વૃદ્ધિમાં અપર્વની જ ગોઠવણી કરવી પડે અને તેથી જ પૂનમ અમાવાસ્યા કે ભાદરવા સુદ પાંચમ જેવી તિથિના ક્ષય કે વૃદ્ધિને પ્રસંગે તેરસ અને ત્રીજના ક્ષય કે વૃદ્ધિનો પ્રસંગ જ વ્યાજબી ગણાય.

આશ્રવના અંશો

આજ જિનરાજ તુ જ શાસને આવિયો મેળવ્યું જ્ઞાન અજ્ઞાન વારી
આશ્રવો હેતુ છે ભવતણા કારમા શાસને તુ જ કહ્યા તો કટુ નિવારી આ જ ॥૧॥
હોય અધિકરણ એ જાણી જીવેતરો જીવના અડસય વિધી નિવાર્યા
કલ્પના પીડ ને વધ તજો તંતથી કરણ કારણ સહિત અનુમતિ અનાર્યા આ જ ॥૨॥
ક્રોધ માને વળી દંભને લોભથી દાખીયા યોગ ચિત્ત તનુ વાચો
તિગ તિગ ચારને ત્રણ ગુણા સાંધતાં ભેદ સય આઠ એ શુદ્ધ જિન વાચો આ જ ॥૩॥
ભેદ અકસય કહ્યા એમ જિન આગમે જીવના આશ્રવે સુજન સમજો
રાખજો પગ પગે કર્મ બલ વારવા જાણીને શાસનાનન્દ રમજો આ જ ॥૪॥
નિર્વર્ત નિક્ષેપને યોગનિરસર્જના આશ્રવે ચાર એ અજીવ ભેદો
સાંભળી મનધરી વારિયે વીર્યથી શાસ્ત્ર ભાખ્યા સદાનન્દવેદે આ જ ॥૫॥

આરાધના અને ઉદયની તુલના

ચાલતી સંવચ્છરીની ચર્ચામાં એક પક્ષ આરાધનાને મુખ્યપદ આપે છે અને પાંચ છ દશ કે બાર તિથિઓની આરાધનામાં પ્રતિક્રમણ પૌષધ બ્રહ્મચર્ય સચિત્તત્યાગ આદિની નિયમિતતા રહેવી જ જોઈએ એમ માને છે. જો કે તપસ્યાની આરાધના તો શાસ્ત્રનાં વાક્યો અને તેને અનુસરનારી તપાગચ્છની સામાચારી પ્રમાણે છટ્ઠ અટ્ઠમઆદિનાં પચ્ચક્ખાણ ચોથા ભક્ત છટ્ઠાભક્ત આઠમા ભક્ત સુધીના ભક્તો જ્યાં છોડાય તે ચતુર્થ ભક્ત ષષ્ઠભક્ત અટ્ઠમભક્ત આદિ કહેવાય એવા શ્રીભગવતીજીની વૃત્તિના શ્રીઅભયદેવસૂરીજીના વચનને અનુસરીને એકીસાથે કરાય છે, પણ પૌષધ દેશાવકાશિક આદિ તો રોજ રોજ ઉચ્ચરવા અને પાળવાના હોયછે. આ જ કારણથી તેપાંચપર્વી આદિમાંથી કોઈપણ પર્વતિથિના ક્ષયની વખતે તે તે ક્ષય પામેલી તિથિથી પહેલાની અપર્વતિથિ કે જેમાં તે અપર્વતિથિમાં સૂર્યોદય હોય છે અને તે અપર્વતિથિની સમાપ્તિ પણ હોય છે છતાં તે અપર્વતિથિનો ક્ષય ગણીને તે અપર્વતિથિના સૂર્યોદયને અપર્વતિથિનો સૂર્યોદય ન ગણતાં તે સૂર્યોદયને પર્વતિથિનો સૂર્યોદય માની તે સૂર્યોદયના આગળથી જ પર્વતિથિ ગણી તેની આરાધના શરૂ કરવામાં આવે છે અને પર્વતિથિના સૂર્યોદયવાળી તિથિમાં જેવી રીતે આરાધના કરવામાં પૌષધ આદિ ક્રિયા થાય છે તેવી જ રીતે તે વખતે પર્વતિથિનો સૂર્યોદય નહિ હોવા છતાં અપર્વના સૂર્યોદયની પહેલેથી ક્ષયના પ્રસંગમાં થાય છે, વળી તિથિના અંગે લીધેલા નિયમની વિરાધના પણ તે અપર્વના સૂર્યોદયથી શરૂ કરાય છે અને કદાચ વિરાધના થઈ હોય તો અપર્વનો સૂર્યોદય છતાં પર્વના સૂર્યોદય જેવું જ પ્રાયશ્ચિત્ત અપાય છે. આ સઘળી હકીકત વિચારનારો સ્પષ્ટપણે સમજી શકશે કે મળે ત્યાં સુધી ઉદયવાળી પર્વતિથિ લઈ તેની આરાધના કરવી, પણ ઉદયવાળી ન મળે તો અપર્વના સૂર્યોદયમાં પણ પર્વનો સૂર્યોદય માનીને પણ આરાધના કરવી, આ ઉપરથી નક્કી થશે કે ઉદયની અન્વેષણા જરૂરી છે છતાં તેનાં કરતાં પણ આરાધનાની અન્વેષણા જરૂરી છે.

પર્વતિથિના ક્ષયને પ્રસંગે જેમ આરાધનાની નિયમિતતા માટે અપર્વતિથિનો સૂર્યોદય છતાં તે પર્વતિથિનો સૂર્યોદય ગણાયો, તેવી જ રીતે આરાધનાની નિયમિતતા માટે જ પર્વતિથિની વૃદ્ધિ હોય અર્થાત્ બે સૂર્યોદયવાળી તિથિ હોય ત્યારે બે અષાઢ થાય ત્યારે જેમ બીજા અષાઢે જે ચોમાસી થાય એમ શાસ્ત્રવચન અને પરંપરા છે, તેમ બીજી તિથિના સૂર્યોદયને તિથિનો સૂર્યોદય ગણી આરાધાય છે અર્થાત્ પહેલી તિથિમાં સૂર્યોદય છે છતાં

(જુઓ ટાઈટલ પાનુ ૩ જું)

सिद्धचक्र

तंत्री
પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ
— મુંબઈ —

વર્ષ
૫

અંક
૧૫

પંચમ વર્ષ
વૈશાખ સુદિ ૧૫

卐

सिद्धचक्रः
अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

૧૯૯૩ : : ૧૯૩૭

મે

વીર સંવત્ ૨૪૬૩

श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०
उत्तराध्ययनचूर्णि	३-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०
पंचाशकादिदशअकारादि	४-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०
विचाररत्नाकरः	३-०-०
बन्दारूवृत्तिः	१-४-०
पयरणसंदोह	१-०-०
अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०
बारसासूत्रं सचित्रं	१२-०-०
ऋषिभाषितानि	
प्रत्याख्यानप्रकरण - सारस्वत,	१-८-०
विशेषणवती-वीशवींशी	
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०
ललितविस्तरा	०-१०-०
तत्त्वतरंगिणी	०-८-०
बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
पर्युषणादशशतकं	०-१०-०
बुद्धिसागरः	०-३-०
विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
भवभावनावृत्तिः पूर्वार्धं	३-८-०
कल्पकौमुदी	२-०-०
षोडशकप्रकरणं सटीकं	१-०-०
षडावश्यकसूत्राणि	०-८-०
उत्पादादिसिद्धिः	२-८-०
तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
सुबोधिका	प्रेसमां-
भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
भवभावना (उत्तरार्धं)	प्रेसमां-
प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद मगनलाल बदामीએ तंत्री शा. पानाचंद रूपचंद ઝवेरी माटे छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिએ लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

णमो वीयरायाणं

卐 શ્રી સિદ્ધચક્ર 卐

(પાક્ષિક)

अर्हन्तो मोक्षमार्गोयद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

વર્ષ ૫		અંક ૧૫
વિક્રમ સં. ૧૯૯૩	વીર સં. ૨૪૬૩	સન ૧૯૩૭
વૈશાખ સુદિ ૧૫	મંગળવાર	મે-૨૫

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमासाः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

દ્રવ્યનંદીના વ્યતિરિક્ત ભેદમાં વ્યતિરિક્ત દ્રવ્યપૂજાના અંગે ભગવાનના અનુપકૃત અને પરહિતરનપણાના ગુણને વિચારતાં ભગવાન ઋષભદેવજી મહારાજના અધિકારમાં વર્ણોની ઉત્પત્તિના સંબંધમાં બ્રાહ્મણવર્ણની ઉત્પત્તિને અંગે ભગવાન્ ઋષભદેવજી મહારાજનું કેવલજ્ઞાન જણાવવા જે પ્રવ્રજ્યાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેને અંગે ભગવાને પ્રવ્રજ્યા લીધી, અને તરત જ પૂર્વભવે બાંધેલા અંતરાયકર્મનો ઉદય થયો અને તે અંતરાયના ઉદયને લીધે ભગવાન ઋષભદેવજી મહારાજ બારમાસ સુધી ભિક્ષાને ન પામ્યા તે અધિકાર સામાન્યથી ખાગળ જણાવી ગયા.

ભગવાન ઋષભદેવજીનો ગૃહસ્થપણાનો સમય અને અન્તરાયની સ્થિતિ

ભગવાન ઋષભદેવજી મહારાજ ત્રાંશીલાખ પૂર્વ જેટલો વખત ગૃહસ્થપણામાં રહ્યા. એટલે ચોરાશી લાખ ને ચોરાશી લાખ ગુણા કર્યા પછી, ફેર ત્રાંશી લાખ ગુણ કરીએ તેટલા બધા વર્ષો સુધી ભગવાન ઋષભદેવજી મહારાજ ગૃહસ્થપણે રહ્યા, પણ એક બાર મહિના જેટલા કાલે ભોગવવાનું અન્તરાય કર્મ તે ઠેકાણે કટકે કટકે પણ ભોગવવામાં આવ્યું નહીં અર્થાત્ એમ કહી શકાય કે તે ત્રાંશી લાખ પૂર્વ જેટલો કાલ કોઈપણ જાતની આબાધા સિવાય ભગવાન ઋષભદેવજી મહારાજે સુખમય અવસ્થામાં નિર્ગમન કર્યો, પણ પ્રવ્રજ્યા લેવાની સાથે તેટલા લાંબા કાળમાં પણ ઉદયમાં નહીં આવેલું કર્મ ઉદયમાં આવ્યું. વળી ભગવાન ઋષભદેવજી મહારાજ વિશેષે કરીને ગર્ભાવસ્થાથી જ ઈન્દ્રાદિકોને પૂજ્ય હતા અને તેથી ઈન્દ્ર મહારાજ સરખા ભક્તિમાં હાજર હોય તે વખત અન્તરાયને ઉદયમાં આવવાનો પ્રસંગ ન આવે તે સ્વાભાવિક જ છે.

એક તીર્થંકરની અધિક સ્તુતિ કરવાથી શું બીજાઓની અવગણના કરી કહેવાય ?

કેટલાક મહાનુભાવ મુનિવર્યો એવું કહેવાને માટે પ્રવૃત્તિ કરે છે કે એક તીર્થંકરની અધિક સ્તુતિ કરવાથી બીજા તીર્થંકરની અવજ્ઞા થઈ ગણાય. તો તેવા વચનો સાંભળીને કોઈક ભદ્રિક જીવને અત્રે પણ જરૂર અવજ્ઞાની શંકા થશે, પણ તેઓએ વિચારવું જોઈએ કે વંશની સ્થાપના ભગવાન ઋષભદેવજીની જ ઈન્દ્ર મહારાજાએ નિર્માણ કરેલી છે. બાકીના ત્રેવીશ તીર્થંકરોના વંશોની સ્થાપના ઈન્દ્રોએ કરેલી નથી. શું આ કહેવાથી બીજા તીર્થંકર ભગવાનોની અવજ્ઞા થઈ ? એમ જો લઈએ તો ગણધર મહારાજા સમવાયાંગ સૂત્રમાં વર્ત્તમાન ચોવીશીના તીર્થંકરોમાં ત્રેવીશ તીર્થંકરોને પૂર્વભવમાં ચૌદ પૂર્વને ધારણ કરનારા જણાવે છે અને ભગવાન ઋષભદેવજીને જ પહેલા ભવમાં ચૌદપૂર્વને ધારણ કરનારા જણાવે છે, [illegible]દપૂર્વીપણે ભગવાન ઋષભદેવજીને પહેલા ભવમાં જણાવ્યા અને બીજા તીર્થંકરોને તેમ નહીં જણાવતાં માત્ર અગીયાર

અંગના ધારણ કરનારા જણાવ્યા તો શું તેથી ભગવાન ઋષભદેવજીની અધિક સ્તુતિ ન થઈ ? અને બાકીના ત્રેવીશ તીર્થંકરોની ન્યુનતા જણાવવાથી શું તેમની અવજ્ઞા થઈ ?

ભગવાન તીર્થંકરોના આશ્રયી અવધિજ્ઞાન અને તેની મર્યાદા

એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન તીર્થંકરો તીર્થંકરપણાના ભવમાં ગર્ભથી ત્રણ જ્ઞાનવાળા હોય છે, પણ અવધિજ્ઞાનને અંગે પ્રમાણ જણાવતાં પહેલા ભવમાં અવધિજ્ઞાનનું જેટલું પ્રમાણ હોય તેટલું જ અવધિજ્ઞાનનું પ્રમાણ તીર્થંકરના ભવમાં પણ કેવલજ્ઞાન પામવા પહેલાંની અવસ્થામાં હોય. એ અપેક્ષાએ ભગવાન ઋષભદેવજી વિગેરે જેઓ અનુત્તર વિમાનથી ચવ્યા છે. તેઓને અનુત્તર વિમાનના દેવતા જેવું સંભિન્ન લોકનાડી અવધિજ્ઞાન હોય, પણ જેઓ મહાવીર ભગવાન આદિની માફક દસમા દેવલોક આદિથી ચ્યવેલા હોય તેઓને ચાર પાંચ નરક સુધીનું જ જ્ઞાન હોય અને તે ન્યૂનજ્ઞાનની વાત કરનારો શું તીર્થંકર ભગવાનની અવજ્ઞા કરનારો ગણાય ? અથવા ભગવાન ઋષભદેવજી આદિ જિનેશ્વરોના અવધિજ્ઞાનને અધિક કહેવાથી શું શેષ તીર્થંકરોની અવજ્ઞા ગણી કહેવાય ? એ વાત આગળ વધારીએ તો ત્રીજી નરકથી આવેલો કોઈક જીવ તીર્થંકર હોય તો તેનું અવધિજ્ઞાન ઉત્કૃષ્ટથી ત્રણ જ ગાઉનું હોય એમ માની લઈએ તો બીજા તીર્થંકરો જેઓ દેવલોકથી આવેલા છે તેમના અવધિજ્ઞાનના પ્રમાણ કરતાં તે ત્રીજી નરકથી આવીને થયેલા તીર્થંકરના જીવનું અવધિજ્ઞાન ઘણું જ જુજ હોય એમ કહેવામાં આવે તેથી શું તીર્થંકરોની અવજ્ઞા કરી કહેવાય ? અથવા તે ત્રીજી નરકથી આવેલા તીર્થંકરને તે ભવની અપેક્ષાએ પહેલી બીજી નરકથી આવેલા અગર સૌધર્માદિક દેવલોકથી આવેલા તીર્થંકર ભગવાનનું છદ્મસ્થપણામાં અવધિજ્ઞાન વધારે હોય એમ કહેવાથી શું ત્રીજી નરકથી અગર સામાન્ય પહેલી બીજી ત્રીજીથી આવેલા જીનેશ્વર ભગવાનની અવજ્ઞા કરી એમ કોઈ પણ બુદ્ધિમાન્ પુરૂષ કહી શકે ખરો ? જેમ અવધિજ્ઞાન તીર્થંકર ભગવાનોને છદ્મસ્થપણામાં પહેલા ભવના પ્રમાણ જેટલું હોય છે તેમ શ્રુતજ્ઞાન પણ છદ્મસ્થપણામાં પહેલા ભવના શ્રુતજ્ઞાન જેટલું જ હોય એમ હોવાથી ભગવાન ઋષભદેવજી મહારાજ એકલા જ છદ્મસ્થપણામાં ચૌદપૂર્વી હતા, પણ બાકીના ત્રેવીશ તીર્થંકરો તો છદ્મસ્થપણામાં અગ્યાર અંગના જ માત્ર ધારણ કરનારા હતા એમ કહી જે ભગવાન ઋષભદેવજીનું ચૌદપૂર્વીપણું જણાવવું તે શું બીજા તીર્થંકરોની આશાતના રૂપ છે ?

૧ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રે પ્રકારાંતરે કરેલી પ્રથમ ભગવાનની સ્તુતિ શું તે શેષની હેલના રૂપે ગણાય ? વર્ત્તમાન ચોવીશીના તીર્થંકર ભગવાનોમાં ભગવાન ઋષભદેવજીને જ પહેલા રાજા પહેલા સાધુ વિગેરે વિશેષણો લગાડયાં અને કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજી જેમ "आदिमं पृथ्वीनाथमादिमं निष्परिग्रहं" કહીને ભગવાન ઋષભદેવજીની પહેલા રાજા અને પહેલા સાધુ તરીકે સ્તુતિ કરે છે અને તે સ્તુતિ બીજા ત્રેવીશ તીર્થંકરોને લાગે તેવી નથી તે ચોક્કસ છે, તો પછી શું એમ કહેવામાં તેમ કહેનારે અગર કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્ય મહારાજે બીજા તીર્થંકરોની અવજ્ઞા કરી એમ બોલવાને અક્કલવાળો મનુષ્ય જીભ ચલાવી શકે ખરો ?

વર્ત્તમાન ચોવીશીમાં ભગવાન નેમનાથજી મહારાજને જ બાલબ્રહ્મચારી તરીકે વખાણવામાં આવે તો તેથી બાકીના ત્રેવીશ તીર્થંકરોની અવજ્ઞા થઈ એમ કોઈ માની શકે ખરો ? અને જો એમ

હોય તો કુમારે अरिट्ठनामेणं જેવાં શાસ્ત્રના વાક્યો ભગવાનની નિંદા કરનારાં છે એમ કહેવું પડે ? અને જો એમ કહેવામાં આવે તો શ્રુતકેવલી ભગવંતોએ તીર્થંકરોની અવજ્ઞા કરી છે એમ બોલવાની વાચાલતા કરવી જ પડે કે ?

વર્ત્તમાન ચોવીશીમાં ભગવાન પાર્શ્વનાથજી મહારાજને જ 'पुरिसादाणीय पासे नामेणं' એવું સૂત્ર રચીને યુગપ્રધાન ભગવાન ભદ્રબાહુસ્વામીજીએ ભગવાન્ પાર્શ્વનાથજીનું જ પુરૂષાદાનીય નામનું કર્મ જણાવ્યું અને તેથી ત્રેવીશ જીનેશ્વરો કરતાં ભગવાન પાર્શ્વનાથજીની પુરુષાદાનીયપણે વિશિષ્ટતા જણાવી, તો ભગવાન્ ભદ્રબાહુસ્વામીજી તીર્થંકર ભગવાનની અવજ્ઞા કરનારા હતા એમ બોલવાને કોઈપણ શ્રદ્ધાળુ જીવ તૈયાર થઈ શકે ખરો ?

ઉપરની સર્વ હકીકત સમજનારો મનુષ્ય સહેજે પણ સમજી શકશે કે કોઈપણ તીર્થંકરની વિશેષ ગુણે કરીને સ્તુતિ કરતાં બીજા તીર્થંકરોની અવજ્ઞા થાય છે એમ કહેનારો શાસ્ત્રની અપેક્ષાએ સમજણના ગર્ભમાં જ આવ્યો નથી. વળી આ વાત તો વિશેષે જૈનજનતામાં પ્રસિદ્ધ જ છે કે ભગવાન ભદ્રબાહુસ્વામીજીએ ભગવાન મહાવીર મહારાજાને જ આસન્ન ઉપકારી ગણ્યા છે, અને તેથી શ્રીપર્યુષણાકલ્પસૂત્રમાં પશ્ચાનુપૂર્વીએ કરીને પણ ભગવાન મહાવીર મહારાજનું ચરિત્ર પહેલાં જણાવ્યું. વળી શ્રીમાન હરિભદ્રસૂરિજી મહારાજ સરખા મહાપુરૂષોએ પોતાના ગ્રંથોની આદિમાં વિશેષે કરીને ભગવાન મહાવીર મહારાજને જ નમસ્કાર કરવારૂપી મંગલ કર્યું, તો શું તેઓ બીજા તીર્થંકર ભગવાનની અવજ્ઞા કરનારા હતા એમ ગણવા કોઈ સજ્જન તૈયાર થાય ખરો ? આ બધી હકીકત વિચારતાં જો એક તીર્થંકરની સ્તુતિ કરતાં અન્યની અવજ્ઞા થઈ એમ કહેવાય જ નહી તો પછી ભગવાન ઋષભદેવજીની ઈંદ્રમહારાજે વંશસ્થાપના, અભિષેક, વિવાહ વિગેરે કરી વિશેષ ભક્તિ કરી અને એવી ભક્તિ બીજા તીર્થંકરોની નથી કરી, એમ જણાવી ભગવાન ઋષભદેવજીની અધિકતા કરવામાં આવે તેમાં બીજા તીર્થંકરોની અવજ્ઞાનું સ્થાન છે જ નહીં.

આ હકીકત આ સ્થાને એટલા જ પૂરતી જણાવવામાં આવી છે કે અન્ય તીર્થંકર ભગવાનોની પાસે ઈંદ્ર મહારાજની હાજરી મુખ્યતાએ કલ્યાણકોની વખતે જ થાય છે, જ્યારે ભગવાન ઋષભદેવજી મહારાજની પાસે ઈંદ્ર મહારાજની હાજરીનો નિયમ ગૃહસ્થપણાની અવસ્થામાં પણ નિયમિત ન હતો અને ગૃહસ્થપણાની અવસ્થામાં પણ વારંવાર ઈંદ્રોનું તથા દેવતાઓનું આવવું થયેલું હોય અને તેઓને મદદ સતત રહેલી હોય એવા પ્રસંગમાં બાર મહીનાના અન્તરાય કર્મના ઉદયને પોતાનું જોર દેખાડવાનો વખત ન મળે તે સ્વાભાવિક જ છે.

જૈનજનતામાં કર્મના વિષયને જાણનારો વર્ગ સારી પેઠે જાણી શકે છે કે કર્મના ઉદયમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ પાંચ વસ્તુઓ મુખ્ય ભાગ ભજવે છે, અને તેથી ભગવાન ઋષભદેવજીને ગૃહસ્થપણાની અવસ્થામાં સર્વ ઈષ્ટવસ્તુનો સંયોગ હોવાથી અન્તરાયનો ઉદય ન આવે એ સ્વાભાવિક જ છે. ઈન્દ્ર મહારાજની મદદ સિવાયના વખતમાં પણ ભગવાન ઋષભદેવજીનું બુદ્ધિબળ અને પરાક્રમ એટલું બધું ગૃહસ્થપણામાં ફોરવાતું હતું કે જેથી તે અન્તરાયને ઉદયમાં આવવાને વખત જ મળે નહીં. અર્થાત્ ગૃહસ્થપણામાં સ્વોપાર્જિત વસ્તુનો ઉપભોગ હોવાથી તેમાં તે અન્તરાય કર્મ વચમાં ઉદયે ન આવી શકે, પણ સાધુપણું લીધા પછી બીજાનું દીધેલું જ જ્યાં મેળવવાનું હોય ત્યાં અન્તરાયને ઉદયમાં આવવું તે ઘણું જ સહેલું થઈ પડે.

શું તીર્થંકર મહારાજાઓ અવધિજ્ઞાનના સતત ઉપયોગી હોય છે?

કેટલાક મહાનુભાવો તીર્થંકર ભગવાનોની સ્તુતિ કરતાં તેમના જીવનની સ્થિતિને વખાણતાં તીર્થંકરનું (કેવળ) જ્ઞાનજીવન જ હોય છે અને તેથી એમ જણાવવા માગે છે કે તીર્થંકરો દરેક સમયે પોતાને પ્રાપ્ત થયેલા અવધિજ્ઞાનનો ઉપયોગ કરનારા જ હોય છે, પણ આ તેમનું કથન જૈનશાસ્ત્રને સાંભળનારો અને સમજનારો વર્ગ કદાપિ માની શકે તેમ નથી. જો કે તીર્થંકર ભગવાનોને ગર્ભથી આરંભીને કેવલજ્ઞાનની ઉત્પત્તિ સુધી ત્રણ જ્ઞાન હોય છે એમ માનવામાં જૈનજનતાનો કોઈપણ મનુષ્ય આનાકાની કરી શકે તેમ નથી, પણ તેની સાથે એટલું તો ચોક્કસ છે કે કેવલજ્ઞાન અને કેવલદર્શનની માફક મતિ-શ્રુત અને અવધિ તે સતત ઉપયોગવાળી ચીજ નથી, એનો ઉત્કૃષ્ટ ઉપયોગ કાલઅન્તર્મુહૂર્ત્તથી વધારે હોય જ નહી. અર્થાત્ અન્તર્મુહૂર્ત્તના ઉપયોગ પછી તે જ્ઞાનોનો અનુપયોગ કાળ હોય જ. વળી ભગવાન મહાવીર મહારાજાના ચરિત્રને જાણનારાઓ સમજી શકે છે કે દેવાનંદાનો શોક, માતા ત્રિશલા અને સિદ્ધાર્થ મહારાજાનો સ્નેહ, જન્માભિષેકની વખતે ઈન્દ્ર મહારાજનો સંશય વિગેરે જાણવામાં જ માત્ર અવધિનો ઉપયોગ થયો છે. અર્થાત્ સર્વકાલ તીર્થંકર ભગવાનો અવધિના ઉપયોગમાં જ રહેતા હતા અને અવધિના ઉપયોગ વગરનું તેમનું જીવન જ નહોતું એવું માનવાને કોઈપણ જૈન સમજું હશે તો તૈયાર થશે નહી. તેવી જ રીતે ભગવાન ઋષભદેવજી મહારાજે પણ દીક્ષા લીધા પછી બાર માસ સુધી જે ભિક્ષા માટે ભ્રમણ કર્યું છે. તે જ જણાવી આપે છે કે ભગવાન તીર્થંકરો સર્વદા અવધિના ઉપયોગથી જ વર્ત્તતા હોય તેવો નિયમ નથી. ભગવાન મહાવીર મહારાજે જેમ અડદના બાકળાને અંગે અભિગ્રહ કરીને કંઈક ન્યૂન છ માસ સુધી પર્યટન કર્યું હતું, પણ અવધિજ્ઞાનથી કયે દહાડે કોનાથી અભિગ્રહ પૂરો થવાનો છે એમ જોઈને પર્યટન બંધ કર્યું નહોતું, તેવી જ રીતે ભગવાન ઋષભદેવજી મહારાજે પણ અન્તરાયનો ક્ષયોપશમ ક્યારે થવાનો છે ? ભિક્ષા પ્રાપ્તિ ક્યારે અને કોનાથી થવાની છે ? એ વિગેરે હકીકત જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો જ નહોતો અને તેથી બારે માસ સુધી ભગવાન ઋષભદેવજી મહારાજે ભિક્ષાને માટે પર્યટન કર્યું છે અને અન્ય અન્ય ગૃહોએ ભિક્ષાને માટે ભમ્યા છે. સિધા અવધિજ્ઞાનથી જાણીને અક્ષય તૃતીયાને દિવસે શ્રેયાંસ કુમારના ઘેર જ આવેલા છે એમ બન્યું નથી. આ બધી હકીકત જાણનારો કોઈપણ દિવસ એમ માનવાને તૈયાર નહીં થાય કે ભગવાન જીનેશ્વરો સતત અવધિજ્ઞાનના ઉપયોગથી જ વર્ત્તતા હતા. જો કે ભગવાનનું જ્ઞાનપ્રધાન જીવન કે જ્ઞાનમય જીવન માનવામાં કોઈપણ જૈનને અડચણ છે જ નહીં, પણ તે જ્ઞાનપ્રધાન કે જ્ઞાનમય જીવનનો અર્થ અવધિજ્ઞાનના ઉપયોગથી જ ગણવો એમ નથી. પણ સંસારની લાલસા રહિતપણે સમ્યગ્દૃષ્ટિનું જીવન લુખાશવાળું હોય તેવી જ રીતે ભગવાનનું જીવન તત્વાદિકના જ્ઞાનપૂર્વકનું હોઈ સંસારિક કે પૌદ્ગલિક પદાર્થની આસક્તિ વગરનું હતું એમ માનવું એજ સર્વ પ્રકારે ઉચિત છે.

નમિ-વિનમિનું આવવું તેમની સેવા અને પૂજ્યની ભક્તિથી ભક્ત એવા ધરણેન્દ્રે આપેલું બાહ્યફલ વિચારવું આ સ્થાને આવશ્યક ગણી તેની પર વિચાર કરીએ.

સમાલોચના

૧ કૂર્ચપુરગચ્છના જિનેશ્વરને પ્રશ્નોત્તરૈકષષ્ટિકાર ગુરૂ તરીકે ગણે છે અને તે ચૈત્યવાસી જ છે.

૨ **सावद्यधम्मोथी** શ્રાવકનો સામાન્ય ધર્મ ન લેવો પણ પ્રતિમાધર્મ લેવો એવી પ્રાચીન વ્યાખ્યા કેમ નથી અપાતી ? કાલવ્યત્યયની પ્રાકૃતમાં નવાઈ નથી. અધિકાર હોય તે કહેવાય.

૩ આજ્ઞા-શાસ્ત્રને ન માનનારને હાડકાંનો ઢગ તો પૂર્વાચાર્યો કહે છે. સામાન્યે કરીને સંઘને વ્યાઘ્રની ઉપમા તો જિનવલ્લભજ દે. વર્ત્તમાનમાં ન હોય તો વ્યુચ્છેદ હોય એમ માનનારે અવધિ આદિનો જાતિસ્મરણ સાથે વ્યુચ્છેદ માનવો. (જૈન-કવીન્દ્ર)

૧ અષ્ટમંગલ એ પૂજાનું ઉપકરણ છે. આલેખવામાં મત્સ્યયુગલનો આકાર કરવો તે જ મત્સ્યયુગલ યવઆદિની રેખા સમાન ઉત્તમ છે. શ્રદ્ધાહીનતાને લીધે તિર્યંચ પૂજા લાગે.

૨ જિનેશ્વર ભગવાનના નખ કેશો અવસ્થિત રહે એ વાસ્તવિક હોવા સાથે ઈતરજનને ન હોવાથી તે અતિશય છે.

૩ ઢુંઢીયાઓ પણ ગુરુવંદન માટે નદીનું ઉતરવું માને છે, તો પછી દેશના શ્રવણમાં પુષ્પને માટે ચમકવું એ શ્રદ્ધાથી ચસકેલાને જ થાય.

૪ મનુષ્ય લોકના સમુદાયે કરેલી રૂઢિથી પવિત્ર વસ્તુઓ ન માનવી એ કચરાની અધમતાએ કમલ ન માનવા જેવું છે. (જૈન ધીરજલાલ)

૧ જૈન શાસ્ત્ર પ્રમાણે તો તિથિ નિયમિત જ $^{૬૧}/_{૬૦}$ દિવસાંશ હોય છે તેથી વધે જ નહિં. માત્ર લૌકિકટીપ્પણાને અંગે જ તિથિની વૃદ્ધિ છે. સૂર્યમાસની અપેક્ષાએ જે અતિરાત્ર છે તે કર્મમાસમાં ન હોય. કેમકે ત્રીસ દિવસનો જ છે.

૨ સમાપ્તિવાળી તિથિ ગણાય એ ખરતરોની સામાં યુક્તિ છે. પણ એકાંત શાસ્ત્ર વાક્ય નથી. નહિંતર તેરસ ઉદય સમાપ્તિવાળી છતાં તેને ચૌદશ કહેવાય ?

૩ બીજી અગ્યારસનો પ્રશ્ન છતાં બીજીને **औदयिकी** કહે છે, તે જ જણાવે છે કે પહેલી ઉદય વિનાની ગણવી એટલે અપર્વ જ થઈ.

૪ **स्वल्पापि**નો ભાવાર્થ જે ઉદય તે જ દિવસે સમાપ્તિ સૂચક ન હોય તે પ્રમાણભૂત નથી. એમ કહીને જણાવવો તે ખોટો છે. સ્વલ્પનો અર્થ અલ્પ છે.

૫ જૈનસૂર્ય પ્રજ્ઞાપ્ત્યાદિ શાસ્ત્રોથી કર્મમાસમાં તિથિની વૃદ્ધિ છે જ નહિં માટે એ વૃદ્ધિનું લખાણ જુઠું છે. કર્મમાસમાં તિથિ વધે તો યુગમાં બે માસ વધેજ નહિં.

૬ તિથિ ખાધાવારમાં ન આવે તેમ કરવું એ અર્થ કલ્પિત અને કદાગ્રહવાળો છે. પ્રશ્નોત્તરમાં તો તે નથી જ, ઉત્તરમાં ઠીક પડે એટલે અનુકૂલતાએ કરે એટલું જ છે. દિનનો નિયમ નથી એમ કહે નહિંતર **तिथौ न मुत्कलेन भाव्यं** એમ લખત.

૭ ચૌદશે કલ્પવાચન ચૌદશની વૃદ્ધિ સાથે આગળ ક્ષય હોય ત્યારે આવી જ શકે. પરંપરા અને શાસ્ત્રને ઉઠાવનારા પણ ક્ષય સિવાય તો ચૌદશે કલ્પવાચન ન જ લાવી શકે. ચૌદશની વૃદ્ધિનો સવાલ ચૌદશના કલ્પવાચનમાં જ સમાવવો પડશે. આગળ અમાવાસ્યાદિની જ વૃદ્ધિ અમાવાસ્યા

પ્રતિપદના વાચનમાં લીધી છે માટે અમાવાસ્યાની વૃદ્ધિ ટીપ્પણાની અપેક્ષાએ કહી, પણ આગળ બીજી અમાવાસ્યા એમ ન કહેતાં સામાન્ય અમાવાસ્યાનું કલ્પવાચન જણાવ્યું તેથી સ્પષ્ટ થાય છે કે આરાધનામાં બે અમાવાસ્યા માની જ નહોતી. બે તિથિ ભેગી માનનારને તો પક્ખી અને કલ્પધર એકઠા થવાથી છઠ્ઠ જ ઉડી જાય.

૮ તિથિની વૃદ્ધિ જૈનસૂત્રોથી કર્મમાસમાં ન હોય છતાં તેમ થાય છે એ કથન ખોટું છે. સામાન્ય રીતે પહેલી બીજી કહી છે, પણ આરાધનમાં બીજીને જ ઉદયવાળી ગણી છે. ઔદયિકીનો અર્થ ઉદયવાળી એવો થાય, ત્યાં ઉદય પ્રમાણભૂત છે એવો અર્થ કદાગ્રહથી અને કલ્પિત છે. તેનો ફક્ત અર્થ ઉદયવાળી એવો થાય અને પહેલાની ઉદય વગરની ગણાયાથી અપર્વ ગણાય. એથી ખોખું ન ગણાય માટે અર્થ ફેરવી નાંખ્યો તેથી એ અર્થ જુઠો અને કદાગ્રહથી કર્યો છે એમ ચોક્ખું છે. ચૌદશવૃદ્ધિએ ક્ષય આગળ હોય તો ચૌદશે જ કલ્પધર આવે. સામાન્ય રીતે ચૌદશ અને અમાવાસ્યાનો છઠ થાય છે તેથી ક્ષયવૃદ્ધિએ છઠના દિવસોનો પ્રશ્ન છે. ચૌદશે કલ્પધર હોય તો અમાવાસ્યાએ જ પારણું હોય. ક્ષયની વખત એક દિવસે બે તિથિ આરાધનારને ચૌદશનો કલ્પધર ક્યાંથી ? ખોખું માનનારાઓ અને ભેગી માનનારાઓને એ પ્રશ્ન જ ન હોય. અમાવાસ્યાની વૃદ્ધિમાં બીજી કે ઔદયિકી અમાવાસ્યા નથી કહી તેથી ટીપ્પણામાં અમાવાસ્યા વધે છતે તે અમાવાસ્યા વધી માની નથી. તિથિ ભેળી માનનારને તો અમાવાસ્યાના ક્ષયે પણ ચૌદશે અને અમાવાસ્યાએ જ કલ્પધર. અમાવાસ્યાને ક્ષયે ચૌદશનું કલ્પધર હોય એ કથન કલ્પિત છે. વીરશાસનમાં K.V. લેખકે પૂનમના ક્ષયે ચૌદશની જ આરાધનાથી ચૌદશ અને પૂનમની આરાધના ન થાય એવી કરેલી જાહેરાત.

૧ તે વદે છે કે ચૌદશ અને પૂનમ એ બેના પૌષધ કરવાના નિયમવાળાએ પૂનમનો ક્ષય હોય ત્યારે એકલો ચૌદશનો જ પૌષધ નહિં પણ બીજે દિવસે પણ પૌષધ કરવો જ જોઈએ. આ કથનમાં ન તો રહ્યો ઉદયનો નિયમ અને ન તો રહ્યો ક્ષયે પૂર્વાનો નિયમ. (પૂનમનો ક્ષય હોય ત્યારે ચૌદશને બીજે દિવસે તો પૂનમનો સૂર્યોદય હોય નહિં અને પડવો એ કંઈ પૂનમનો દિવસ પણ ગણાય નહિં. ખરતરો જેમ ચૌદશના ક્ષયે ઉત્તરમાં જાય છે તેમ આ બુધવારીયાઓને ઉત્તરતિથિમાં જ જવું પડ્યું છે. ફરક એટલો છે કે ખરતરો પૂનમનો દિવસ પર્વ ગણીને જાય છે ત્યારે આ બુધવારીયાઓને અપર્વ અનુદય લઈ પડવો લેવો છે, તેરસે ચૌદશનો અને ચૌદશે પૂનમનો ભોગ છતાં તે લેવો નથી અને શસ્ત્ર તથા પરંપરા ઉઠાવીને નવું કરવામાં આરામ માનવો છે.

૨ અઠ્ઠાઈ અને ઓળીમાં પૂનમના ક્ષયે ચૌદશ માત્રની આરાધનાથી ચૌદશ અને પૂનમની આરાધના મનાય નહિં એમ માનવું પડ્યું છે અને તેમ થવાથી કોઈપણ તિથિનો ક્ષય હોય તો આઠ અને નવ દિવસ અઠ્ઠાઈ અને ઓળીના માન્ય કરે છે. (એક દિવસે બે તિથિને આરાધાય તો પછી આઠ અને નવ દિવસનો નિયમ ન રહે એ ચોક્ખું જ છે.)

૩ કાર્તિકી અષાઢી આદિ પૂનમનાં કાર્યો બુધવારીયાઓને પડવાના ઉદયે અને પૂનમનો ભોગ પણ ન હોય ત્યારે કરવાં છે. (પર્વના ક્ષયની કે વૃદ્ધિની ચર્ચાને ન સમજતાં દ્વિતીય પર્વની ચર્ચામાં ઉતરતાં તે માર્ગ અને શાસ્ત્ર બંનેથી ચુક્યા છે.)

૪ વસ્તુતાએ ક્ષયે પૂર્વાને તથા પરંપરાને અનુસરીને પૂનમ અમાવાસ્યાની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરાય છે તે જ યોગ્ય છે એમ માનવું જ પડશે, અને તેથી રવિવારે સંવચ્છરી કરી અને ગુરૂવારે કરશે. તે જ યોગ્ય થશે.

૫ કલ્યાણકો તો એક દિવસે ઘણાં સાથે હોય છે.

૬ આજ્ઞાને નામે ને ચોમાસી તથા કલ્યાણકને નામે તિથિ ઓછીની વાત તો હવે જુઠી છે એ સમજાઈ ગયું અને ભેળસેળની વાત પણ રહી નહિં.

(કથીરશાસન)

૧ શ્રી તીર્થંકરદેવોના આંશિક અનુકરણમાં વિવાદ નથી એમ હવે વીર (?) શાસન માને છે.

૨ અન્યમતવાળા મળવાથી અન્યમતના ગણાય એ કથન આંખવાળાથી વિપરીત રહેતાં આંધળા થવા જેવું ગણાય એમ એ હવે વદે છે.

૩ પહેલા સમ્યક્ત્વ અને વરબોધિનો ભેદ લલિતવિસ્તરા આદિથી સ્પષ્ટ જણાવ્યા છતાં વીર (?) શાસનને માન્ય નથી.

૪ વરબોધિ એ પરાર્થોદ્યત થતા નથી, પણ જિનનામકર્મના નિકાચન વખતે થાય છે એમ તે માને છે.

૫ **औदयिकी** એ શબ્દનો ઉદયવાળી તિથિ એવો અર્થ સ્પષ્ટ છે. પ્રમાણભૂત ઉદયવાળી એવો અર્થ ખોટા આગ્રહનો છે. પહેલી તિથિને ઉદયવાળી ન માની તેથી પહેલાની જ વૃદ્ધિ ગણાય અને તેથી ફલ્ગુ કહેવાનું ન રહે.

૬ પૂર્વતિથિએ અને ઉત્તરતિથિએ આ સમમીવાળા અર્થ ખોટા અને કદાગ્રહના છે. **पूर्वा** અને **उत्तरा** એમ પ્રથમાંતપદો છે. **कार्या** અને **कार्ये** ને વિશેષણ માનનારે તિથિ આદિનું કર્મપણું નથી જાણ્યું. ક્ષયેના અર્થમાં માંખી હસે તેમ છે,

૭ અપવાદસ્થાનને પામેલો મંદસહનની ઉત્સર્ગ કરે તો વિરાધક થાય પર્વ તિથિનો ક્ષય કે વૃદ્ધિ વખતે ઉદયનો અવકાશ લેવા જાય તે અયોગ્ય જ થાય.

૮ ચૌદશના ક્ષયે તેરસ છે એમ કહેવું જ નહિં. જો કે તેરસ તે દિવસે ઉદય અને સમાપ્તિવાળી છે. છતાં ચૌદશ જ છે એમ કહેવું એમ તત્વતરંગિણીકાર ચોક્ખી રીતે અપર્વનો ક્ષય કહે છે છતાં ન માનનારની દશા જ્ઞાની જાણે પર્વતિથિની વૃદ્ધિમાં બીજા પર્વને જ ઉદયવાળી તિથિ માનીને પહેલાની તિથિને ઉદય વગરની માની અપર્વની જ વૃદ્ધિ જણાવે છે. ઉત્સર્ગાપવાદનો વ્યત્યય ન છતાં કહે તે આરાધક કેમ ?

૯ અપવાદનું બળવાનપણું માનવું તે લૌકિક છે એ બોલનાર લોકોત્તરમાર્ગથી ન ખસે તો સારું. ક્ષય અને વૃદ્ધિમાં અછતાઉદયમાં પર્વપણું અને પ્રથમ ઉદયવાળીનું અપર્વપણું માનનાર ઉદયનો એકાંત નહિં જ લે. વૃધ્ધિમાં બેએ ઉદયવાળી છતાં એકને આરાધનાર ઉદયમાં હોય તેની આરાધના કરવી જ જોઈએ એમ કેમ બોલે ?

૧૦ શાસ્ત્રકાર પૂનમના ક્ષયે **त्रयोदशीचतुर्दश्योः** એમ દ્વિવચનથી સ્પષ્ટપણે પૂનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કરવાનું કહે છે અને તેવી પરંપરા પણ છે. છઠ્ઠનો અભિગ્રહ પક્ખી ચોમાસીમાં હોય અને એકજ દિવસે એનું પચ્ચખ્ખાણ લઈ બીજે દિવસ પુરૂં કરે. કલ્યાણકો એક દિવસે અનેક હોય. તિથિ તો એક દિવસે એક જ આરાધાય. પર્વની વૃદ્ધિ કે ક્ષય ટીપ્પણામાં હોય પણ તેની આરાધના તો ઉડે પણ નહિ અને બેવડાય પણ નહિં. ખોટા પ્રશ્નો પક્ષને માથે ન નંખાય. (વીર ? શાસન)

૧ પ્રભાવકચરિત્રમાં શ્રીભદ્રગુપ્તસૂરિની નિર્યામણા પછી જ શ્રી આર્યરક્ષિતનું ઉજ્જયિની આવવું જણાવે છે અને આવશ્યકમાં **उज्जेणिं मज्झेणं** એમ છે.

(એક પત્ર)

(ગતાંકથી ચાલુ)

અર્થાત્ આ પ્રવચન પરીક્ષા પ્રથમ તો જગદ્‌ગુરૂની કસોટીમાં પસાર થઈ અને ૧૬૪૨-૪૩ માં ખરતરના જિનચંદ્રના વાદિપણાની કસોટીમાં પાટણ અને અમદાવાદમાં પસાર થઈ અને તેની દાઝથી જ પાદશાહદ્વારાએ પણ જિનચંદ્રે સાચી પ્રવચનની પરીક્ષાવાળી પ્રવચન પરીક્ષાને નષ્ટ કરવા પ્રયત્ન કર્યો. તેમાં પણ જિનચંદ્રના પાશા તો ઉંધા જ વળ્યા. આવી બાબતમાં આપણે કહી શકીએ કે શાસનસુરની અદશ્ય પણ અમોઘ સાહાય્ય શક્તિ છે. વળી આમાં વધારે તો એ વિચારવા જેવું છે કે પ્રવચન પરીક્ષાના કર્ત્તા તપોગચ્છાલંકાર મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી હતા અને એ વાત ખરતરોને માલમ પણ હતી, તો પછી શાસનાધિપતિ શ્રી વિજયસેનસૂરીશ્વરજી સામે તે પ્રવચન પરીક્ષાનો વાદ ખરતરોએ કેમ ઉભો કર્યો હશે ? વાચકોએ એમ નહિ ધારવું કે તે વખતે તપાગચ્છસંઘમાં અસાધારણ સ્તંભ સમાન મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજીની હયાતી નહિ હોય, અને તેથી ખરતરોના જિનચંદ્રે શાસનાધીશ્વર શ્રી વિજયસેનસૂરીશ્વરજી સાથે વાદ ઉભો કર્યો હશે, કેમકે સં. ૧૬૪૭ સુધીના તો મહોપાધ્યાયજીના બનાવેલા ગ્રંથો અત્યારે પણ વિદ્યમાન છે. તત્ત્વ એટલું જ કે હાર ખાધા પછી ધર્મસાગરજી સાથે બોલવાની પણ જિનચંદ્રાદિ ખરતરોની તાકાત નહોતી, અને ખરતરોએ ધાર્યું હશે કે શાસનાધિપતિ સામે પ્રવચન પરીક્ષાને નામે વાદ ઉઠાવીશું તો તેઓ ઉપેક્ષા કરશે. પણ જિનચંદ્રાદિ ખરતરોએ એવી ગણતરી કરવામાં નાહક થાપ ખાધી, અને તેમણે હારનો હારડો પહેરવો પડ્યો. વળી વિચિત્ર વાત તો એ છે કે જ્યારે પાદશાહને વિનંતી પ્રવચન પરીક્ષા માટે કરી હતી અને તેમાં તો સરખો ન્યાય થવાથી જિનચંદ્રાદિના લાભમાં ન થયું ત્યારે વિહારપત્રમાં ખરતરોએ લખી દીધું કે ઋષીમતિ કૃત કુમતિકંદકુદાલગ્રંથ (ઓ)૨૩ શ્રીજી હજુર કીધો ફરમાણ. ૭ (જિનચંદ્રપરિશિષ્ટ ક) ખરતરવાળાની બહાદુરી કેવી છે કે જે ગ્રંથ ૧૬૧૭ માં જલશરણ થયો એમ પોતે સંવત્ સોલસત્તોતરે૦ ૭ એમ્ પૃષ્ઠ ૪૩માં જણાવી દીધું છે. તે ગ્રંથને ૧૬૫૧ માં પાદશાહ અને પંડિતો દ્વારા જલશરણ થયાનું જણાવે છે. એટલે કહો કે જુઠાનાં ઝરણાં વહેવડાવવામાં પોતાની નિપુણતા જ તેઓએ બતાવી છે.

વળી (જિનચંદ્ર પૃષ્ઠ ૪૪માં) શ્રી ધર્મસાગરજીના નામે જે લેખ અપાય છે તેમાં તે ઉત્સૂત્રકંદકુદ્દાલને ન માનવા જણાવે છે પણ પોતાનો કરેલો છે એમ તો એક અંશે પણ જણાવ્યું જ નથી. વળી આશ્ચર્યની બીના તો એ છે કે મહોપાધ્યાયજીના કરેલા કઈ ગ્રંથો અત્યારે વિદ્યમાન છે અને તેમાં અરસપરસ સાક્ષીઓ પણ આવે છે. જેમ આજ પ્રવચન પરીક્ષામાં પર્યુષણા દશશતક અને તત્ત્વતરંગિણી વગેરેની અને તત્ત્વતરંગિણી વગેરેમાં પણ પર્યુષણા દશશતક વગેરેની સાક્ષી છે. વધારે આશ્ચર્યની વાત તો એ છે કે જે તત્ત્વતરંગિણીની આ પ્રવચન પરીક્ષામાં સાક્ષી છે એ તત્ત્વતરંગિણીને પણ સિંહવિજયજી જલશરણ કર્યાનું જણાવવા તૈયાર થયા છે. પણ ખુદ દર્શન વિજયજીનો લેખ એકલા કુમતિ કંદકુદ્દાલનો ચોક્ખો હોવાથી સિંહવિજયજીની વાત રહી શકતી નથી. તત્ત્વતરંગિણીમાં મુખ્યતાએ તિથિની વૃદ્ધિ અને હાનિને અંગે તપાગચ્છની માન્યતાને આગળ રાખી ખરતરોની તિથિ બાબતની માન્યતાનું ખંડન છે, તો તેમાં જલશરણ થવાનો અવકાશ જ ક્યાં છે ? હજી કદી ખરતરોએ માન્યતા ફેરવી નાંખી હોત અને તેથી તે તત્ત્વતરંગિણી ગ્રંથની જરૂર ન રહી હોત તો તો તે તત્ત્વરંગિણી ગ્રંથ નકામો થાત અને તેથી જલશરણ થયો એમ બોલાત. પરંતુ ખરતરોની માન્યતા તો તે તત્ત્વતરંગિણી ખંડન થયા પ્રમાણેની વર્ત્તમાન સુધી પણ ચાલે છે અને શ્રીતપાગચ્છવાળાઓની પણ માન્યતા પણ તે

તત્ત્વતરંગિણીમાં જણાવ્યા પ્રમાણેની વર્ત્તમાનકાળમાં પણ છે. કદાચ દર્શનવિજયજીના કથનનું તાત્પર્ય એમ હોય કે અન્ય ગચ્છવાળા એટલે ખરતરોને ખોટું લાગતું બચાવવાની જરૂર મહારાજ વિજયદાનસૂરિજીને લાગી હોય. કારણ કે આચાર્ય મહારાજ શ્રીવિજયદાનસૂરિજીના વખતમાં લોકોના અનુયાયીઓએ ચારે બાજુ જોરશોરથી ભગવાન જિનેશ્વરમહારાજની પ્રતિમા ઉઠાવવાનો નવો ધર્મ પ્રસરાવવા માંડયો હતો. તેમાં આ ખરતરાદિગચ્છોવાળા પરમાર્થનો વિચાર ન કરતાં શત્રુનો શત્રુ સ્હેજે મિત્ર એ ન્યાયને અનુસરી લોકોના મિત્ર ન બની જાય માટે તે ખરતરાદિગચ્છવાળાઓને શાન્ત રાખવા વિષકંટક કાઢવાના ન્યાયે એટલી પીડા વહોરી પણ લીધી હોય તો આચાર્ય મહારાજને તથા મહોપાધ્યાયજીને કોઈ પણ પ્રકારે કલંક છે જ નહિં. વળી આ બીના પણ ધ્યાનમાં લેવાની છે કે આચાર્ય મહારાજનો જ્યાં પ્રચુરતાએ વિહાર હતો ત્યાં જ પાશચંદ્ર સરખાનો નવો મત પણ પાશારૂપે પ્રવર્તેલો હતો. પાશચંદ્રે પોતાનો મત એ મુદ્દાથી ચલાવેલો હતો કે હું શાસનરૂપ તપાગચ્છના સમુદાયને પણ પોતાનો કરું અને લોંકાવાળાઓને પોતાના મતમાં ખેંચી લઉં. પાશચંદ્રે લોકોના સમુદાયને પણ પોતાના પાશામાં લેવા માટે જણાવ્યું કે શ્રી જિનેશ્વર મહારાજની પ્રતિમાને માનવાનું કે તેની પૂજા કરવાનું જણાવેલું જ નથી અને શ્રી જિનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજા કરવામાં પાપ થાય છે અને તે પૂજાના પાપને આલોવવા માટે પૂજા કર્યા પછી ઈરિયાવહી કરવી જોઈએ. શાસનને માનનારાઓને પોતાને આધીન કરવા જણાવ્યું કે ભગવાન જિનેશ્વર મહારાજે તો જેમાં કર્મબંધ અંશે પણ ન હોય એવો એવ સંવર નિર્જરામય ધર્મ જણાવેલો છે અને સંવર સમ્યક્ત્વના સાધન તરીકે ગૃહસ્થને એ શ્રી જિનપ્રતિમાની પૂજા કરવી જોઈએ. ભગવાનની પ્રતિમાને પૂજવામાં અધર્મ જ છે એમ માનનારા ખોટા છે અને ભરત મહારાજા આદિ મહાનુભાવોએ પૂજા કરી છે માટે ચરિતાનુવાદે ભગવાનની પ્રતિમાની પૂજા કરાય. અર્થાત્ પ્રભુ પ્રતિમાની પૂજામાં ધર્મ અને અધર્મ જણાવવા માંડયો. જો કે શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી વગેરે દ્રવ્ય આરંભ ગણીને અસંયમ માને છે પણ તેનું કર્મ તત્કાલ જ તે પૂજાના ભાવથી નાશ પામવાનું જણાવે છે અને વળી તે સિવાયના કર્મનો પણ તેનાથી નાશ જણાવે છે, છતાં આ પાશચંદ્રે ઈરિયાવહીયા સુધી પૂજાનું પાપ માન્યું. મતલબમાં પાશચંદ્રે જોધપુર આદિ તરફ આવી જાલ પાથરી. એવી જ રીતે મેવાડ તરફ વીજાનો મત પણ પ્રચાર પામ્યો તથા ગુજરાત તરફ કટુક મત પણ તે વખતે ચાલ્યો. આ બધા નવા ફુટેલા મતોને પહોંચી વળવા કદાચ ખરતરાદિ જુના મતોના વિરોધને શમાવવા કુમતકંદકુદ્દાલની પ્રરૂપણા રોકવાની આચાર્ય શ્રી વિજયદાનસૂરિજીને જરૂર જણાઈ હોય તો તે અસંભવિત નથી. પણ મર્યાદાપટ્ટકોમાં કે ઉપાધ્યાયજીના લેખમાં કુમતિકંદકુદ્દાલગ્રંથ મહોપાધ્યાયજીનો કરેલો હોય એમ જણાવેલું નથી. ખરતર આદિ લેખકો તો તત્ત્વતરંગિણીની વૃત્તિને કુમતિકંદ કુકાલ તરીકે ગણાવવા મથે છે. જુઓ (જિનચંદ્ર પૃષ્ઠ ૬૨) પણ તત્ત્વતરંગિણીનું નામ કુમતિકંદકુદ્દાલ નથી તેમજ સિંહવિજયજી કુમતિકંદકુદ્દાલ કરતાં તત્ત્વતરંગિણી ગ્રંથ જુદો જણાવે છે. એટલે તત્ત્વતરંગિણી એ કુમતિકંદકુદ્દાલ નથી એ ચોક્કસ છે. આ ગ્રંથની બાબતમાં ખરેખર એ વિચારવા જેવું છે કે એના નામનું જ નિયમિતપણું નથી. કેટલેક સ્થાને એને કુમતિકંદકુદ્દાલ કહે છે ત્યારે કેટલેક સ્થાને એને ઉત્સૂત્રકંદકુદ્દાલ કહે છે. વળી કેટલાકો તો સ્પષ્ટપણે કહે છે કે મહોપાધ્યાયજીની દીક્ષા પણ નહોતી થઈ તે પહેલાના ભંડારમાં તે પ્રત હાજર હતી. એટલે ઉપાધ્યાયજી તેનો કહેલો નહોતો અને તેરવાડાના પત્રમાં પણ તેની પ્રરૂપણા માટેજ નિષેધનો ઉલ્લેખ

છે એટલે એમ કહી શકાય કે કદાચ વ્હેલાનો હોય અને તેની પ્રરૂપણા કરતા હોય અને તેથી વૈમનસ્ય વધતુ દેખી નિષેધ કરવો પડ્યો હોય. ગુણ દેખાય તો વિરોધ કરવો એ ધ્યેય શ્રી વિજયદાનસૂરીશ્વરજીનું હોય અને જુઠાઓ જમાવટ કરે એવે વખતે મૌન ધારણ કરવું એ કોઈપણ પ્રકારે યોગ્ય નથી એવી ધારણા મહોપાધ્યાયજીની હોય. તે વખતના ત્રણે શાસનધુરંધરો પહેલી ધારણામાં રહ્યા હશે અને તેથી દરેક પટ્ટમાં બીજાને ઉશ્કેરવા નહિં એજ મતલબ મુખ્યતાએ તરી આવે છે. બીજી બાજુ મહોપાધ્યાયજી સત્યનું સમર્થન અને અસત્યનું ખંડન કરવામાં સ્વપરનો વિભાગ ન હોય એમ માનનારા હતા. એટલે અસત્ય હોય તો સર્વત્ર અને સર્વદા ખંડન કરવા લાયક જ છે. જો એ અસત્યના ખંડનમાં છતી શક્તિએ પ્રયત્ન ન થાય અને છતી શક્તિવાળા પુરૂષોની શાસનમાં હાજરીએ જો અસત્ય પક્ષવાળો સત્યનું ખંડન અને અસત્યનું પોષણ કરી જાય અને માર્ગાનુસારિયોને માર્ગથી પતિત કરે તેથી ઉન્માર્ગની પુષ્ટિ કરી જાય તો તે બાહ્યદ્રષ્ટિએ તે શક્તિવાળાને એબ લગાડે અને આત્માની દ્રષ્ટિએ તે અસ્થિરીકરણ અને અવાત્સલ્યરુપ સમ્યગ્‌દર્શનના મહાદૂષણોમાં આવી પડે. માટે અસત્યનું ખંડન અને સત્યનું મંડન શક્તિવાળાઓએ તો કરવું જ જોઈએ એવી માન્યતા ધરાવતા હતા. આવી ધારણા છતાં તેઓ માત્ર મારા કર્મક્ષયોપશમને અંગે એ અભિરૂચી મારી છે એમ માની सूत्रकाराणां विचित्रा गतिः એ ન્યાયને અનુસરતા હતા. જેમ સકલજીવને માટે ક્ષયોપશમનો એક પ્રકાર નથી તેમ શાસન પામેલા મહાપુરૂષો અને શાસનના મહારથી મહાત્માઓમાં પણ ક્ષયોપશમની વિચિત્રતા હોય છે અને તેથી જેમ પ્રભાવકોમાં કાંઈ એક વ્યક્તિ સકલ પ્રકારનું પ્રભાવકપણું ધરાવતી હોય એવો નિયમ નથી, પરન્તુ ક્ષયોપશમની વિચિત્રતાએ કોઈ કોઈ મહાત્મા કોઈ કોઈ પ્રકારે પ્રભાવક થાય છે. એવી રીતે શાસનસેવાના રસિકો જુદા જુદા ક્ષયોપશમવાળા હોઈ જુદા જુદા રૂપે શાસનસેવા કરવાવાળા થાય. એવી ધારણાવાળા તેઓ હતા અને એ એટલા ઉપરથી જણાય છે કે તેઓ (પૃષ્ઠ ૨૧૬ ભા. ૨)માં લખે છે કે- एकस्यापि जीवस्य कालादिसामग्रीवशात् कर्मणां क्षयोपशमवैचित्र्यं, तद्वशाच्च विचित्रा रूचयः, तदनुसारेण च शास्त्रादिरचना, यथा संप्रत्यपि मादृशस्यापि तथाविधोक्तप्रकारेण कर्मक्षयोपशमवैचित्र्यात् कुपाक्षिकविकल्पितमार्गतिरस्कारपूर्वकतीर्थव्यवस्थापने એક જીવને પણ કાલાદિસામગ્રીને લીધે કર્મના ક્ષયોપશમની વિચિત્રતા હોય છે અને તેને લીધે જ જુદી જુદી જાતની અભિરૂચિઓ થાય છે. તેમજ તે અભિરૂચિને અનુસરીને જ અર્થાત્ વિચિત્ર પ્રકારે શાસ્ત્રોની રચના થાય છે. જેમ વર્તમાનમાં પણ મારા જેવાને પણ કહ્યા પ્રમાણે તેવી કર્મના ક્ષયોપશમની વિચિત્રતાને લીધે કુપાક્ષિકોએ ઉભા કરેલા માર્ગનું ખંડન કરવાપૂર્વક ભગવાન તીર્થંકર મહારાજના માર્ગને સિદ્ધ કરવામાં અભિરૂચિ છે. આવી રીતે તેઓ પોતાનો ક્ષયોપશમ કુમતોના ખંડનપૂર્વક સન્માર્ગનું ખંડન કરવાવાળો છે એમ માનતા હતા અને તેથી જ તેવા ગ્રંથો કરવામાં પોતે પ્રવૃત્તિ કરતા હતા. ઈતિહાસને જાણનારાઓને માલમ પડે છે કે દેશના નિમિત્તે લડનારાઓ દેશની સંતતિને ફાયદો કરનારા બને છે પણ તેઓ શત્રુના આખા સમુદાયને અકારા બને છે, એટલું જ નહિં, પણ ખુદ દેશના લોકો કે જેઓ માત્ર વર્ત્તમાન દ્રષ્ટિ રાખનારા હોય છે તેવાઓને પણ તે દેશ અને દેશની આબરૂ માટે લડનારા અકારા લાગે છે, યાવત્ પોતાના કુટુંબીઓ કે જેઓ ખાનપાન અને એશઆરામમાં મશગુલ બનેલાઓ હોય છે તેઓને પણ અપ્રિય થઈ જાય છે. જો કે જીવના જોખમે શૂરા સરદારે મેળવેલી જીતનો મળતો લાભ મેળવવામાં તો કોઈ પાછળ રહેતો નથી. પણ માત્ર યોદ્ધાની સ્થિતિ અકારી થઈ

પડે છે. તેવી રીતે આ મહોપાધ્યાયજીએ કરેલું કુપાક્ષિકોનું ખંડન પણ અન્ય અને સ્વ બન્નેને અકારૂં થઈ ગયું હતું. એ વાત દર્શનવિજયજીએ કરેલ વિજયતિલકના રાસથી જેમ જણાય છે તેમ ખુદ મહોપાધ્યાયજીએ પોતે પણ ચોથા વિશ્રામમાં ૮૯ અને ૯૦ ગાથા લખી તે હકીકત સ્પષ્ટપણે જણાવી છે. અર્થાત્ મહોપાધ્યાયજીની ધ્યાન બહાર નહોતું કે હું કુપાક્ષિકોનું ખંડન કરૂં છું તેથી સ્વપક્ષવાળાઓ પણ કેટલાક નારાજ છે. જુઓ તે ગાથાઓ -

एएण कोइ मूढो मच्छरगमिओ हु कोइ कायालो। अब्भासवत्तिओ वा नेहंतो तंमि मुहरि सिया॥८९॥ एसो न दूसियव्वो न दूसिओ जेण पुव्वसूरीहिं। सोवि मुहमुदिओ खलु आणाइभंगाइ वयणेहिं॥९०॥

અર્થાત્ આ ઉપરથી જે કોઈ મૂર્ખ ઈર્ષ્યાથી ભરેલો બહુબોલો અથવા ખરતરોના પરિચયવાળો અગર તે ખરતર ઉપર રાગ ધરનારો વાચાલતા કરે કે એ ખરતરોનું ખંડન કરવું નહિ, કારણ કે પૂર્વાચાર્યોએ ખરતરોનું ખંડન કર્યું નથી એમ બોલે તેનું મોડું પણ આજ્ઞાભંગ આદિ શ્રીમુનિસુંદરસૂરિજીના વચનથી બંધ થઈ જાય છે. આ બધી હકીકત જો વિચારવામાં આવશે તો તેઓ સ્વગચ્છ પરગચ્છ બન્નેમાં અકારા કેમ થયા હશે? તેનો ખુલાસો થશે દેશને અંગે મવાલપક્ષ વિરોધિઓને કંઈ કરી શકતો નથી, તોપણ જહાલપક્ષના મનુષ્યોને તો વીણી વીણીને વીખી નાંખે છે. તેવી રીતે શાસનવિરોધીઓની સામે આંખ ઉંચી નહિં કરનારા કેટલાક તપાગચ્છ નામવાલાઓ મહોપાધ્યાયજીને તો વીખી નાંખવામાં ઘણો મોટો ભાગ ભજવતા હશે. ખુદ મહોપાધ્યાયજી જેઓને પોતાના વિદ્યાગુરૂ તથા યુગપ્રધાન તરીકે વર્ણવે છે તેઓ પણ કેવા વિરોધીઓથી ખસે છે તે વાત આત્માનંદપ્રકાશના પંદરમાં વર્ષના ત્રીજા ચોથા અંકના લખાણથી સ્પષ્ટ માલમ પડે છે. તેમાં જણાવે છે કે ખરતરોના શ્રાવકો પૂછવા આવ્યા કે શ્રીપૂજ્ય ! (શ્રીમાન્ વિજયદાનસૂરિજીમહારાજ તે વખત તીર્થાધિપતિ હતા) શ્રીઅભયદેવસૂરિ મહારાજ ક્યા ગચ્છના હતા? આવી રીતે ખરતરોના શ્રાવકોએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં મહારાજ શ્રીવિજયદાનસૂરિજી જણાવે છે કે 'પ્રધોષે તો ખરતરગચ્છે કહેવડાવાય છે.' આવી રીતે ખરતરોને ખોટું ન લગાડાય તેવો અભિપ્રાય રાખી પ્રધોષને આગળ કરવામાં આવ્યો. વાચકવૃંદ સ્હેજે સમજી શકે તેમ છે કે મહારાજ વિજયદાનસૂરિજી સહસ્રાભિધાનધારક શ્રીમુનિસુંદરસૂરિજી કે જેઓએ ગુણર્વાવલીમાં સ્પષ્ટપણે જિનદત્તક્રિયા કોશના ઉચ્છેદક તરીકે જિનદત્તને સૂચવી ખરતરોની ઉત્પત્તિ જિનદત્તથી થયેલી જણાવી છે તેઓની નજીક પાટ પરંપરાવાળા હોવાથી આચાર્ય મહારાજ શ્રીઅભયદેવસૂરિજીની વખતે ન તો ખરતરોની હયાતી હતી અને ન તો શ્રીઅભયદેવસૂરિજી ખરતર જેવા ગચ્છમાં થયા છે એમ નક્કી જાણવા છતાં શ્રીઅભયદેવસૂરિની બાબતમાં પ્રધોષને આગળ કરે તે સ્પષ્ટપણે સમજાવે છે કે આવેલા ખરતરોને નારાજ ન કરવા એ જ એઓનું ધ્યેય હોય. વળી ભગવાન અભયદેવસૂરિજીના કરેલા અનેકગ્રંથો વિદ્યમાન છતાં અને તેમાં પોતાનું ચંદ્રકુલ સ્પષ્ટપણે જણાવ્યા છતાં તેમની બાબતમાં પ્રધોષને આગળ કરે તે કેવલ ખરતરોને રાજી કરવા માટે જ હોઈ શકે.

વળી શ્રીઉમાસ્વાતિવાચકજીના ક્ષયે પૂર્વા૦ વાળા પ્રધોષની માફક અનુપલબ્ધ ગ્રન્થો કેમ ગણાય ? વળી કહેવડાવે છે એમ કહેવામાં પણ અહિ પ્રધોષ છે એમ પણ નહિ કહેતાં પ્રધોષે કહેવડાવે છે એમ જે જણાવે છે તે સ્પષ્ટ કરે છે કે મહારાજ શ્રીખરતરગચ્છવાળાને નાખુશ કરવા માગતા નથી

અને પ્રઘોષે કહેવડાવે છે એમ કહી ખરતરગચ્છવાળાઓને ખુશ કરે છે. આ વાત એટલેથી અટકતી નથી, પણ ખરતરોને નારાજ નથી કરવાના અને તેથી ખુશ કરવા માંડેલા આચાર્યશ્રીને જોઈને ખરતરવાળાઓએ ખટપટનું ખાતર વધારવા આચાર્ય મહારાજને વિનંતી રૂપે જણાવ્યું કે આપ એમ લખી આપો. અર્થાત્ પ્રવચન પરીક્ષાકાર મહાપુરૂષને શાસ્ત્રાર્થ કરતા અટકાવવાનો જબરદસ્ત રસ્તો ખંભાતના ખંધા ખરતરોએ લીધો. આચાર્યશ્રી પણ પ્રથમથી ખરતરોની આગળ પ્રઘોષે ખરતર કહેવડાવે છે એમ કહેલ હોવાથી તેમ લખી આપવા પણ તૈયાર થયા. જો કે આ કાગળનું વર્ષ તે જિનચંદ્રની ચોપડીમાં અપાયું નથી. પણ ૧૬૧૭નું તે વર્ષ હોવાનો સંભવ સ્હેજે થાય તેમ છે. કેમકે જિનચંદ્રના વિહારપત્રમાં જિનચંદ્રનું ચર્ચાવાળું ચોમાસું ૧૬૧૭માં પાટણ થયેલું જણાવવામાં આવ્યું છે. આ સ્થાને વિચક્ષણ પુરૂષો સમજી શકે છે કે ખરતરગચ્છીય જિનચંદ્રને ચર્ચામાં કેવી વિષમ દશા અનુભવવી પડી હશે. કેમકે જો તે જિનચંદ્ર શાસ્ત્રાર્થથી શ્રીઅભયદેવસૂરિજીમહારાજને ખરતરગચ્છના છે એમ સાબીત કરી શકતા હોત તો ખંભાત સુધી દોડવાની જરૂરત રહેત જ નહિં. એટલું જ નહિ. પણ મહારાજા વિજયદાનસૂરિજી માત્ર ક્લેશથી દૂર રહેવા અને ખરતરોને નાખુશ ન કરવા જે ત્રીજો રસ્તો કાઢે છે તે જિનચંદ્રના ભક્તને પસંદ પડત જ નહિ. જો કે તે રસ્તામાં જિનચંદ્રાદિ ખરતરોની મૂર્ખતા અને કદાગ્રહદૃષ્ટિ જ સૂચવાઈ રહી હતી, કેમકે આચાર્ય મહારાજ શ્રીવિજયદાનસૂરિજી પોતે તો શ્રીઅભયદેવસૂરિજી મહારાજને ખરતરગચ્છના માનતા નથી. પણ ખરતરવાળાઓ શ્રીઅભયદેવસૂરિજીને ખરતરગચ્છીય છે એમ કહેવડાવે છે એમ સ્પષ્ટ જણાવે છે. એટલે સ્પષ્ટ થાય છે કે ખરતરવાળા પોતાની પ્રતિષ્ઠા જમાવવા આચાર્ય મહારાજ શ્રીઅભયદેવસૂરિજીને ખરતરગચ્છના ઠરાવવા માગે છે. આ વાત શ્રીવિજયદાનસૂરિજીએ જ સૂચવી છે એમ નથી. પણ શ્રી ઉપદેશસપ્તતિકાર શ્રીસોમધર્મજી પણ येभ्यः प्रतिष्ठामापन्नो, गच्छः खरतराभिधः એ પદ્યાર્ધથી ખરતરગચ્છની પ્રતિષ્ઠા શ્રીઅભયદેવસૂરિ મહારાજને ખરતરો ખરતરગચ્છના છે, એમ કહી જમાવે છે, એમ સ્પષ્ટ જણાવે છે. આ વાત આટલેથી નથી અટકતી, પણ વિશેષ વિચારવા જેવું તો એ છે કે શ્રીવિજયદાનસૂરિજી ખરતરોને ઉત્તર આપતાં કહેવડાવે છે એવું કહે છે. અર્થાત્ કહીએ છીએ કે માનીયે છીએ કે છે એવું નહિં કહેતાં કહેવડાવે છે એમ કહે છે. વળી તે કહેવડાવવાના કારણની પોકળદતા જણાવતાં સ્પષ્ટ કહે છે કે પ્રઘોષે કરીને કહેવડાવે છે. અર્થાત્ શ્રીવિજયદાનસૂરિજીના તે વખત સુધી તો ભગવાન શ્રીઅભયદેવસૂરિ ખરતરગચ્છીય છે એમ માનવાને એક પણ શાસ્ત્રીય પૂરાવો હતો જ નહિં. શ્રી દેવભદ્રસૂરિજીના કહેલ પાર્શ્વનાથચરિત્ર અને શ્રીગુણચંદ્ર મહારાજના ભગવાન મહાવીર મહારાજના ચરિત્રના પાઠો સફેદા દઈને અને નવા લખીને બનાવેલી બનાવટ તો તે જિનચંદ્રના વખતમાં જ જેસલમેર તરફ તેણે બનાવેલી હોવાથી શરણ લેવા કામ લાગે તેવી જ નહોતી. અને તેથી જિનચંદ્રને આચાર્ય મહારાજ અભયદેવસૂરિજીને ખરતરગચ્છીય ઠરાવવાનો કોઈ રસ્તો જ નહોતો. આ ઉપરથી એ પણ સ્પષ્ટ છે કે પાટણથી જિનચંદ્રે ખંભાતના ભક્તોને પોતાની હાર થવાની નિરાશાથી વાકેફ કર્યા હશે અને ડૂબતાં તણખલું પકડે તેમ મહારાજ વિજયદાનસૂરિજી પાસે જઈને આવો સવાલ કરી લખાવી મોકલવા સૂચવ્યું હશે. જિનચંદ્રે કેવી જાલ ગુંથી હશે અને તે જાલ ગુંથવાનું કારણ કેટલી નિરાશા હશે તે સ્હેજે સમજાય તેમ છે. શાસ્ત્રોના પાઠોદ્વારા નિર્ણય કરવાનો શાસ્ત્રમાં વિષય હોય પછી પાટણ રહેલ

જિનચંદ્ર પોતાના ખંભાતના શ્રાવકદ્વારા આવું લખાવી લાવવાનો પ્રપંચ કેમ ખેલે છે ? તે ઓછું વિચારવા જેવું નથી. વળી જિનચંદ્ર ચોપડીના લખાણ પ્રમાણે જે પાટણ અને ખંભાતમાં લખાણપત્રો થયાં કહેવાય છે તે પણ કેવી જાલ હશે તે પણ આ ઉપરથી સમજાશે. જિનચંદ્રનું ચોમાસું ૧૬૧૭માં ખંભાત નથી એ ચોક્કસ છે. તેનાં ચોમાસામાં ખંભાતમાં ૧૮-૪૪-૫૫-૬૬-૫૮ એમ પાંચ ચોમાસાં જિનચંદ્રનાં થયેલાં છે. આ હકીકત વિચારનાર સ્પષ્ટ સમજી શકશે કે તે પાટણ અને ખંભાતનાં મતપત્રકો એક જણસજ છે. એ જિનચંદ્રના લખાણ ઉપરથી જ સ્પષ્ટ થાય છે કે એ મતપત્રકો વાદીની હાજરી વિનાનાં છે, એટલું જ નહિ પણ તેમાં જણાવેલા નામવાલામાં જે અત્યારે ઉપલબ્ધ અનેક ગ્રંથો છે તેમાં એક્કેમાં ૧૦૮૦માં ખરતરગચ્છ ઉત્પન્ન થયો કે શ્રીઅભયદેવસૂરિજી ખરતરગચ્છના હતા એવો એક પણ લેખ નથી. વધારે આશ્ચર્યની વાત તો એ છે કે તે જિનચંદ્ર પોતાની જાળમાં ફસાવતાં પણ શ્રીગુણચંદ્રાચાર્યકૃત શ્રીમહાવીરચરિત્ર કે શ્રીદેવભદ્રાચાર્યકૃત શ્રીપાર્શ્વનાથચરિત્ર કે જેના પાઠો પોતાના પલટાવેલા હતા તેની સાક્ષી આપી શકેલ નથી. પાલ્હે કૃત ખરતરપટ્ટાવલીવાળા દેશીકાવ્યની પણ सुरवर वर लद्ध ની જગા પર खरवर वर लद्ध એવું જે કરી નાંખ્યું છે તે પણ પાછળથી મતિની શૂન્યતાવાળાએ જ કર્યું છે કારણ કે વરદાન દેવતાને અંગે હોય છે. ખરતર એ વર છે એમ તો કોઈપણ સમજુ મનુષ્ય કરી શક નહિ. વળી એ વરદાન પણ શ્રીવર્ધમાનસૂરિજીને લગતું છે. છતાં તે सुरवर શબ્દની જગા પર જે જુની લિપિનો સ્ફુ હતો તેનો ख કરી નાંખ્યો અને व હતો તેનો ય કરી નાંખ્યો. આ પાલ્હેની કૃતિ પણ તે મતપત્રમાં દાખલ થયેલ જ નથી. આ મતનું તર્કટ શ્રી ધર્મસાગરજી મહારાજના જાણવામાં નહિ આવ્યું હોય, પણ ખંભાતમાંથી આચાર્ય મહારાજ શ્રીવિજયદાનસૂરિજી પાસેથી પ્રઘોષે કહેવડાવે છે એવું લખાવી લાવવાની જિનચંદ્રે ગુંથેલી જાળ તો મહોપાધ્યાયજીના જાણવામાં આવી ગઈ હતી. એ ખરેખર શાસનદેવની અપૂર્વ અદૃશ્ય સહાય જ ગણાય. એ જિનચંદ્રની જાળ મહોપાધ્યાય ધર્મસાગરજીને માલમ પડવાથી જ તેઓના ભક્તોએ એકદમ ખંભાત આચાર્ય મહારાજ શ્રીવિજયદાનસૂરિજી પાસે ખેપીઓ મોકલ્યો. આ ખેપીયો આવવાને લીધે 'શ્રી અભયદેવસૂરિજી મહારાજ પ્રઘોષે ખરતર કહેવડાવે છે' એવું પણ જે વિજયદાનસૂરિજી શ્રીપૂજ્યના હુકમથી આચાર્ય શ્રીહીરસૂરિજી લખી આપતા હતા તે પણ રોકાયું. ખંભાતના પરમ શ્રદ્ધાળુ શ્રાદ્ધ ઉદયકરણજી વગેરેના રોકાણથી તેવું પ્રઘોષ કહેવડાવવાની વાત પણ લખી અપાઈ નહિ અને તેથી જિનચંદ્રની બાજી બધી ઉંધીવળી. જો કે મહોપાધ્યાયજીએ આ પ્રવચન પરીક્ષામાં દિગંબરથી આરંભીને પાશચંદ્ર સુધીના સર્વ કુપાક્ષિકોનું ખંડન કર્યું છે અને જગદ્‌ગુરૂ આચાર્યશ્રી હીરસૂરિજીએ આ ગ્રંથનું પ્રવચન પરીક્ષા એવું નામ આપ્યા છતાં મહોપાધ્યાયજી શ્રીધર્મસાગરજી મહારાજે આ ગ્રંથનું કુપાક્ષિક કૌશિક સહસ્ત્રકિરણ એવું નામ રાખેલું હોવાથી ખુદ મહોપાધ્યાયજીનું નામ પણ કુપક્ષ કૌશિક સહસ્ત્રકિરણ એવું પ્રસિદ્ધ થયેલું હતું અને તેથી જ શ્રીવિજયપ્રશસ્તિકાર મહાશય પ્રવચન પરીક્ષાના કર્તા તરીકે શ્રીધર્મસાગરજીને જણાવવાની જગા પર दुष्पक्षोलुकभास्करैः એમ કહી શ્રીધર્મસાગરજીની કુપક્ષ કૌશિક સહસ્ત્રકિરણ તરીકેની થયેલી પ્રસિદ્ધિ જણાવે છે. આમ છતાં બીજા દિગંબર વગેરે કરતાં આ પ્રવચન પરીક્ષા ઉપર ખરતરોનો વધારે દ્વેષ છે એ ચોક્કખું છે. અને કઈ વખતે ખરતરોએ આ ગ્રંથને જુદો કરાવવા ઉદ્યમો કર્યા અને તેમાં ન ફાવ્યા

ત્યારે અકબરબાદશાહ પાસે પણ પ્રવચન પરીક્ષાને અપ્રમાણિક ઠરાવવા ભગીરથ પ્રયત્ન કર્યો. જો કે તે સર્વપ્રયત્નોમાં ખરતરોને તો ખોખાં જ મળ્યાં. જો કે આ પ્રવચન પરીક્ષાનો ચતુર્થાંશ જેટલો ભાગ ખરતરોની ચર્ચા માટે રોકાયેલો છે તોપણ દિગંબર અને લુંપકોને માટે પણ તેટલો જ લગભગ ભાગ રોકાયેલો છે, છતાં ખરતરોને આ પ્રવચન પરીક્ષાની ઉપર વધારે અપ્રીતિ અને રોષ વધારે રહે છે એ ખરતરોની કૃતિઓ તેઓએ લખેલી કેટલીક પ્રતોની પુષ્પિકાઓ અને યાવત્ જિનચંદ્રની ચોપડી વાંચનારાઓથી અજાણ્યું નથી. પણ તેનું કારણ આ પ્રવચન પરીક્ષાના વાચકોથી અજાણ્યું રહે તેમ નથી. કારણ કે મહોપાધ્યાય શ્રીધર્મસાગરજીએ જેસલમેરમાં ખરતરોને જુઠા પાડવા સાથે શાસ્ત્રોમાં મનગમતાં વાક્યો અને પદો લખવાવાળા સાબીત કર્યા હતા, એ પ્રવચન પરીક્ષાના ચોથા વિશ્રામની ૪૬-૪૭ અને ૪૮ મી ગાથાઓ ટીકા સાથે વાંચનારને સ્પષ્ટ માલમ પડે તેમ છે. તેમાં લખે છે કે साम्प्रतमपि तपागच्छीयरत्नशेखरसूरिकृतश्राव-कप्रतिक्रमणवृत्तौ श्रीअभयदेवसूरिरित्यत्र : खरतररघुरीणश्रीअभयदेवसूरिति प्रक्षिप्य लिखितं, तच्च जेसलमेरौ स्वास्येनैवाभ्युपपतमेवेति અર્થાત્ તે ખરતરોમાં એકલા પહેલાના જિનપતિ વગેરે શ્રીઆનંદસૂરિજી આદિને નામે ખોટી અને કલ્પિત શાક્ષી આપીને કદાગ્રહ પોષતા હતા એમ નહિ, પરંતુ વર્તમાનમાં પણ ખરતરગચ્છવાળાઓ તેવાં જ કાર્યો કરે છે અને હાલમાં જ શ્રીતપગચ્છના શેખર એવા શ્રીરત્નશેખરસૂરિજીએ કરેલ શ્રાવક પ્રતિક્રમણની વૃત્તિમાં શ્રીઅભયદેવસૂરિ એવું હતું ત્યાં ખરતર ધુરીણ એવું શ્રીઅભયદેવસૂરિજીને ખરતરગચ્છના ઠરાવી દેવા માટે ખોટું વિશેષણ લગાડી દીધું અને તે પોતે જ વિશેષણ લગાડ્યું છે એમ જેસલમરમાં પોતાના મ્હોડે જ કબુલ કર્યું છે. આ ઉપર જણાવેલી હકીકતને બારીકીથી વિચારનારાઓ મહોપાધ્યયજી ઉપર ખરતરોને કેમ દ્વેષ રહ્યો છે ? અને રહે છે તે સ્હેજે સમજી શકશે. જગત્માં ચોરી કરનારો પકડાય છે અને સજા પામે છે ત્યારે તે તે ચોર પોતાના અપરાધને ન જોતાં સજા કરનારાને જ અધમ અને અધમતમ તરીકે ગણે છે, તેમ આ ખરતરો પણ શ્રીઅભયદેવસૂરિજી મહારાજને ખોટી રીતે ખરતરગચ્છના તે છે એમ ઠરાવવા માટે પુસ્તકોમાં કલ્પિત એવા અનેક કદાગ્રહને જ પોષનારા પાઠો અને વિશેષણો ગોઠવે છે અને જ્યારે તે પકડાય છે ત્યારે પોતાના અધમકૃત્યને અધમ નથી ગણતા. એટલું જ નહિ, પણ ચોર જેમ ન્યાયાધીશ ઉપર રોષે ભરાય તેમ આ ખરતરો તેમના જુઠા અને પ્રપંચ પકડનારા શ્રીમહોપાધ્યાય ધર્મસાગરજી સરખા ઉપર દ્વેષ કરે છે. આવી રીતે અનેક પુસ્તકોમાં આ ખરતરોએ પુષ્પિકાથી વિશેષણથી લીટીઓ વચમાં ખોસીને ગોટાલા કરેલા છે. એ વાત સત્તરમી સદીના ખરતરોના લખેલા કે લખાવેલા પુસ્તકો જોનારથી અજાણી નથી. આ હકીકત સ્વાભાવિક છતાં વિશેષ વિચારવા જેવું તો એ છે કે મહોપાધ્યાય શ્રીધર્મસાગરજીએ તે શ્રાવકપ્રતિક્રમણની વૃત્તિમાં ખરતર થાય એવું લખનારા ખરતરને પકડ્યો અને તે ખરતરને મોઢે જ જેસલમેર કે જે શહેરને ખરતરો પોતાની રાજધાની જેવું માને છે અને માનતા હતા અને હજી પણ જિનદત્તના કદાગ્રહરૂપ દ્વેષ વૃક્ષના ફુલ તરીકે જ્યાં યાત્રાળુ સ્ત્રીઓને જિનેશ્વર ભગવાનની પૂજા આ કદાગ્રહમાં ગયેલા ખરતરો કરવા દેતા નથી અને દ્રૌપદી પ્રભાવતી સુવર્ણગુલિકાઆદિએ કરેલી ભગવાન શ્રીજિનેશ્વરોની પૂજા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છતાં ઢુંઢીયાઓની જેમ પ્રભુ પ્રતિમા પૂજાના પાઠોનો અપલાપ કરે છે અને પૂજાનો નિષેધ કરે છે. તેમ આ ખરતરો પણ તે બધા પંચાંગીની સ્ત્રી પૂજા સંબંધીના પાઠો ઉપર પગ દઈને ભાવિક શ્રાવિકાઓને પૂજા કરતી અટકાવે

છે. પણ ત્યાં સંઘના યાત્રિકો ઘણા ઓછા જાય છે અને યાત્રિકો ઉપાધિગ્રસ્ત હોય છે તથા તે સ્થાને એ ખખ્ખાપાર્ટીનું જોર હોવાથી તે બિચારા જિનદત્તની શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણારૂપી વેલડીનાં કડવાં ફલ ચાખીને કચવાતા મને સ્વદેશ સધાવે છે. તેવે સ્થાને મહોપાધ્યાયજીને તે ઘાલ ઘુસેડ કરનાર ખરતરને પોતાને મોઢે ઘાલ ઘુસેડ કરનાર તરીકે કબુલ કરાવતાં કેટલી મુશ્કેલી પડી હશે ? એમ જેમ સમજુઓની નજર બહાર ન રહી શકે. તેમ જ તે કબુલ કરનારને તે કબુલ કરાવનાર ઉપર કેવો માનભંગને નામે દ્વેષ થયો હશે તે પણ ન સમજાય તેમ નથી. ખરતરોએ કરેલ ઘાલમેલ જ માત્ર મહોપાધ્યાયજીએ ઉઘાડી પાડી અને તે ખરતરોને પોતાને મોઢે કબુલ કરાવી એટલું જ નહિં, પણ મૂલ પાઠોને પલટીને કલ્પિત પાઠોને નાંખવાનું કાર્ય પણ ખરતરોએ કર્યું છે. એ વાત પણ મહોપાધ્યાયજીએ લોકોની સાક્ષીએ તે ખરતરોની હાજરીમાં સિદ્ધ કરી. વાત એમ બની કે શ્રીગુણચંદ્રસૂરિજી મહારાજે કરેલ શ્રીમહાવીર ભગવાનના પ્રકૃતચરિત્રમાં **નિમ્મલા સાહુસંતઈ જાયા** એવું જે વર્ણન વાસ્તવિક રીતે હતું તે ફેરવી નાંખ્યું. આ વાત તો સર્વત્ર પ્રસિદ્ધ છે કે આચાર્ય મહારાજ શ્રીજિનેશ્વરસૂરિજીની વખત પાટણમાં મુખ્યતાએ અને દેશના ઘણા ખરા ભાગો સર્વથા ચૈત્ય વાસિયોનું સામ્રાજ્ય હતું અને તેને લીધે સાધુઓની પરંપરા ગયેલી હતી, તેવા વખતમાં પુરોહિતની મદદથી અને પાટણના મહારાજાની પ્રેરણાથી થયેલી ચૈત્યવાસિયોની અનુકૂલતાથી સારા નિર્મળચરિત્રને ધારણ કરનાર અને શાસ્ત્રોક્ત વિધિને અનુસરનારા સુવિહિત સાધુઓની પરંપરા પાટણના અને ગુજરાતના રહેઠાણથી શ્રીજિનેશ્વરસૂરિથી નિર્મલ અને સુવિહિત થઈ. આ વાત સ્હેજે એટલા ઉપરથી સમજાશે કે ૧૦૮૦ સુધીમાં ખુદ શ્રીજિનેશ્વરજીનો વિહાર તથા શ્રીઉદ્યોતનસૂરિ અને શ્રીવર્ધમાનસૂરિજીનો વિહાર બહુધા મારવાડ અને માળવામાં જ હતો, અને પાછળથી આચાર્ય મહારાજ શ્રીઅભયદેવસૂરિજીનો વિહાર બહુધા પાટણ ધોળકા ખંભાત વગેરે ગુજરાતના શહેર અને ગામોમાં થયેલ છે. યાવત્ શ્રીઅભયદેવસૂરિજીનો કાલધર્મ પણ ગુજરાતમાં પ્રખ્યાત એવા કપડવણજ શહેરમાં થયો હતો. આ બધી હકીકત વિચારનારો સ્હેજે સમજી શકશે કે શ્રીજિનેશ્વરાચાર્યથી ગુજરાતમાં નિર્મલ અને સુવિહિત એવી સાધુપરંપરા પ્રવર્ત્તી છે. આચાર્ય શ્રીજિનેશ્વરસૂરિજીને અંગે આવી ઉત્તમોત્તમ અને શોભાસ્પદ એવી હકીકતને જણાવનાર **નિમ્મલા** અને **સુવિહિયા** એ વિશેષણ વાસ્તવિક અને બરોબર હતાં. તેની જગ્યા ઉપર ચિત્રકૂટની ચંડચામુંડાના ચંડત્વથી ચિતરાયલા ચામુંડિકોએ (ખરતરોએ) **ખરયરિયા** અને **ખરયરી સાહુસંતઈ જાયા** એવું ઘસડી માર્યું. આવી રીતે જિનચંદ્રાદિ ખરતરોએ ઘુસેડી દીધું એટલું જ નહિ, પણ તેઓએ ધૃષ્ટતા ધારણ કરીને તે પુસ્તક મહોપાધ્યાયજીના આગળજ શ્રીઅભયદેવસૂરિજીને ખરતરગચ્છના ઠરાવવા માટે જુની પ્રત તરીકે રજુ પણ કરી દીધું. પણ મહોપાધ્યાયજી મહારાજ કસોટીની માફક કૃત્રિમપીતધાતુને પારખવામાં કુશળ હોવાથી ખરતરોની તે લુચ્ચાઈ અને ધૃષ્ટતાને જાહેર લાવી શક્યા, કેમકે એકલાં જેસલમેરમાં જ તે પ્રત હતી તેમ નહિ. નાડલોઈ વગેરે સ્થાનોમાં પણ જુની પ્રતોના ભંડારોમાં તે પ્રતો હતી, અને તેથી તે નાડલાઈ વગેરેથી તે પ્રતો મંગાવીને જેસલમેરમાં લોકોની સમક્ષ નક્કી કર્યું કે આચાર્ય મહારાજ શ્રીઅભયદેવસૂરિજી ખરતરગચ્છના થયા નથી અને આ ખરતરગચ્છવાળાઓએ લુચ્ચાઈ કરીને જુનીપ્રતોના પાઠો ફેરવી નાંખ્યા છે. આ બનાવનું એ પરિણામ આવ્યું કે ખરતરોના ગણાતા જેસલમેરમાં તે ખરતરોનું બોલવું જ બંધ થઈ ગયું અને આ બનેલી હકીકત મહોપાધ્યાયજી એ પ્રવચન પરીક્ષામાં દાખલ કરી. જુઓ પ્રવચન પરીક્ષા પૃષ્ઠ ૨૮૦ વિશ્રામ ૪ ચોથો ગાથા ૪૮. (અપૂર્ણ)

પછી તો બીજા પણ ધ્યાનોમાં હોય, તેમાં નિષેધ નથી. આવો તીવ્ર શુકલયોગ છતાં તીવ્રકર્મના પરિણામે આર્ત્તરૌદ્રનો ભાવ થાય, તો પણ તે અલ્પ અને અલ્પકાલ હોવાથી નિરનુબંધ હોય છે. જિનકલ્પીઓની તે કલ્પ લેતી વખત ઉત્કૃષ્ટ સંખ્યા નવસો સુધી હોય છે, અને જઘન્યથી એક વિગેરે પણ હોય છે, અને પહેલાં અંગીકાર કરેલાની ઉચિતક્ષેત્રમાં ઉત્કૃષ્ટી અને જઘન્ય બંને સંખ્યા નવહજાર સુધી હોય છે, અર્થાત્ કોઈક કાલ એવો હોય કે ઉચિત એવા ક્ષેત્રમાં નવ હજારથી ઓછા જિનકલ્પીઓ ન જ હોય. થોડા કાલ માટે થતા વિચિત્ર દ્રવ્યાદિ અભિગ્રહો તેઓને હોતા નથી, કેમકે તેમનો જાવજ્જીવનો કલ્પ જ અભિગ્રહરૂપ છે. તેમની ગોચરી વિગેરે નિયમિત અને નિરપવાદ જ હોય છે. તે તે આચારોનું પાલન કરવું એ જ એમને માટે વિશુદ્ધિકારણ છે, સંલેખના કરીને આદરેલા છેલ્લા અનશનવાળાની અવસ્થાની પેઠે આજ્ઞાથી પ્રવર્તેલા અને નિરપેક્ષ એવા જિનકલ્પીઓ પોતાનો કલ્પ છે એમ ધારીને દીક્ષા આપે નહિં, પણ કોઈકને નક્કી દીક્ષા લેનારો છે એમ જ્ઞાનથી જાણે તો તેને ઉપદેશ આપે, તે ઉપદેશ ગુણની અપેક્ષાએ દે, પણ દિગાદિ એટલે અમુક આચાર્યાદિ પાસે લે કે લેવી સારી છે એમ કુલ ગણ કે સંઘની દરકાર કર્યા વિના સામાન્ય રીતે પ્રવ્રજ્યા લેવાનો ઉપદેશ આપે. એ પ્રવ્રજ્યાના નિષેધથી મુંડનદ્વાર પણ સમજવું. શંકાકાર કહે છે કે પ્રવ્રજ્યા પછી જરૂર મુંડન હોય છે તો પ્રવ્રજ્યાદ્વાર કહ્યા છતાં મુંડનદ્વાર જુદુ કહેવાની જરૂર શી ? ગુરુ ઉત્તર દે છે કે પ્રવ્રજિતને મુંડિત કરવો જ જોઈએ એવો નિયમ નથી. કેમકે પ્રકૃતિએ અયોગ્ય છતો પ્રવ્રજિત થઈ ગયો હોય તો તેને મુંડવાનો નિષેધ પણ છે. વળી અતિશયજ્ઞાની પ્રવ્રજ્યાથી ભ્રષ્ટ થયેલા આદિની મુંડના કરે પણ ખરા, માટે જુદુ દ્વાર કહ્યું છે. તે જિનકલ્પીઓને મને કરીને સૂક્ષ્મ પણ અતિચાર લાગ્યો હોય તો જઘન્યથી સ્થવિરકલ્પિ કરતાં ચાર ગણું પ્રાયશ્ચિત્ત હોય છે, કારણ કે આ જિનકલ્પ તપસ્યામાં જેમ જિનકલ્પ ઉપવાસ આદિ કરે તેમ એકાગ્રતા પ્રધાન છે, અને તે એકાગ્રતાના ભંગથી મોટો દોષ લાગે છે. પ્રાયે ઉચિતતપના પર્યવસાનને સાધવાથી શુદ્ધ એવાં પણ જ્ઞાનાદિપાઠ વગેરે આલંબનરૂપી કારણો પણ એને હોતાં નથી. સર્વવિષયમાં નિરપેક્ષ એ મહાત્મા ક્લિષ્ટકર્મના ક્ષય માટે આરંભેલા કલ્પને જ બરોબર સાચવતો રહે છે. નિષ્પ્રતિકર્મ શરીરવાળો તે મહાત્મા આંખમાં લાગેલા ચીપીયા જેવા મેલ આદિને પણ કોઈ દિવસ દૂર કરતો નથી અને પ્રાણાંતિક કષ્ટમાં પણ અપવાદ સેવતો નથી, આ મહાત્મા અપવાદપદના કારણભૂત એવા અલ્પબહુત્વના વિચારથી પ્રવર્તનારા હોતા નથી, અથવા તો અત્યંત શુભભાવવાળા હોવાથી એમનો કલ્પ જ બહુ જ ઉંચી કોટીનો છે. તેઓને ત્રીજીપોરસીમાં ગોચરી અને વિહારનો કાલ હોય છે, બાકીની સાતે પોરસીઓમાં તેઓ કાયોત્સર્ગ કરે છે અને નિદ્રા તો પ્રાયે અલ્પ જ હોય છે. કદાચ તેવા કર્મોદયથી જંઘાબળ ક્ષીણ થાય ને તેથી કદાચ ગામાંતરે નહિં વિચરે, તેમ છતાં પણ તેમને દોષ લાગતો નથી, અને તે મહાભાગ્યશાળી તેની તે જ જગા પર પણ કલ્પપ્રમાણે જ પ્રવૃત્તિ કરે છે. આ શ્રીજિનકલ્પીને માટે જણાવેલ ભાવનાદિ પ્રકાર જ શુદ્ધપરિહારિક અને યથાલંદિકના કલ્પો જે આગળ કહેવાશે તેમાં પણ જાણવો, પણ જિનકલ્પી કરતાં યથાલંદિકની સંખ્યા વિષયનો આ ભેદ છે કે નવ સાથે લે, કે એકાદિક પણ લે.

તવ ૧૫૨૪, પુણ્ણે ૧૫૨૫, ઇત્તરિયા ૧૫૨૬, ખિત્તે ૧૫૨૭, પવ્વા ૧૫૨૮, ખિત્તે ૧૫૨૯, તુલ્લા ૧૫૩૦, તાણવિ ૧૫૩૧, સટ્ઠાણે ૧૫૩૨, ઠિઅ ૧૫૩૩, ગણઓ ૧૫૩૪, સત્તાવીસ ૧૫૩૫, પડિ ૧૫૩૬, એઅં ૧૫૩૭.

પરિહારિકો આયંબિલથી પરિકર્મ્મ કરે એ તપભાવનાનું જુદાપણું છે. જે પરિહારવિશુદ્ધિકો પછીથી સ્થવિરકલ્પમાં આવવાના હોય તેઓ ઇત્વરિક કહેવાય છે, અને જેઓ પરિહારકલ્પની સમાપ્તિ પછી જિનકલ્પ લેવાના હોય તેઓ યાવત્કથિક પરિહારવિશુદ્ધિક કહેવાય છે. પરિહારકલ્પ પૂરો થયા પછી જિનકલ્પ લે, અથવા ફરી તે જ કલ્પ લે, કે પાછા ગચ્છમાં આવે, એ ત્રણે પણ વસ્તુ તેમને કલ્પે છે. ઇત્વરિક પરિહારિકોને વેદના અને આતંકો હોતા નથી, પણ યાવત્કથિકોને તે વેદના આદિની ભજના જાણવી. જિનકલ્પી સાત ભાગકલ્પે છે પણ આ છ ભાગ કલ્પે છે. ગામના છ ભાગ તો જિનકલ્પીની પેઠે જાણવા. શુદ્ધપરિહારિકોની સ્થિતિ માટે ક્ષેત્ર આદિ અને પ્રવ્રાજન આદિ દ્વારો પૂર્વે ૧૪૮૩ અને ૧૪૮૪ ગાથાઓમાં જણાવ્યા મુજબ જાણવાં. પરિહારિકો ભરત અને ઐરવતક્ષેત્રમાં હોય છે. તેઓનું સંહરણ થતું નથી, તેથી જિનકલ્પિની અપેક્ષાએ વિદ્યમાનતાના કાલનો પણ ફરક જાણવો. સામાયિક અને છેદોપસ્થાપનીયચારિત્રના જઘન્ય સંયમસ્થાનકો થોડાં છે, તેનાથી અસંખ્યાત લોક જેટલાં પરિહારિકનાં સ્થાનકો છે. તે પરિહારિકો પહેલાના બે ચારિત્રમાં પણ હોઈ શકે, અને તેનાથી આગળ પણ સામાયિક છેદોપસ્થાપનીયના અસંખ્યાતા સંયમસ્થાનો છે. પરિહારિક કલ્પ લેતાં તો તે પોતાના સંયમસ્થાનમાં જ હોય, અને અતીતનયની અપેક્ષાએ તે પહેલા બીજા ચારિત્રના બીજા સંયમસ્થાનોમાં પણ વ્યવહારથી વર્તતો કહેવાય છે. નક્કી એ પરિહારિક સ્થિતકલ્પમાં જ હોય છે, તેને દ્રવ્ય અને ભાવલિંગ જરૂર હોય છે, અને લેશ્યા તથા ધ્યાનનાં દ્વારો તો જિનકલ્પી જેવાં જાણવાં. એ પરિહારિકવાળા સાધુઓ જઘન્યથી ત્રણ અને ઉત્કૃષ્ટથી સો સમુદાય એટલે નવસેં જન આ કલ્પ ગ્રહણ કરે છે, અને પહેલાં કરનારા તો ઉચિત ક્ષેત્ર અને કાલની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અને જઘન્યથી પણ સેંકડો હોય છે. કલ્પ લેનારા મનુષ્યે વ્યક્તિની અપેક્ષાએ જઘન્યથી સત્તાવીસ અને ઉત્કૃષ્ટથી હજાર સુધી હોય. પણ પહેલાંના પરિહારને પામેલા જઘન્યથી સેંકડો અને ઉત્કૃષ્ટથી હજારો હોય છે. ગણમાં નવ જણ હોવા જોઈએ અને પહેલાના નવમાંથી કોઈકનો અભાવ થાય અને ઓછા હોય અને પૂરા કરવા પડે તો એક વિગેરે પણ લેનારા હોય, તેમજ પૂર્વે લીધેલા પણ પ્રક્ષેપામાં એક અથવા પૃથક્ તો હોય. એવી રીતે જિનકલ્પથી પરિહરિકોનું જુદાપણું જણાવ્યું, હવે તેમનાથી યથાલંદિકનું જુદાપણું જણાવું છું.

લંડં ૧૫૩૮, ઉક્કોસ ૧૫૩૯, જમ્હા ૧૫૪૦, જો ૧૫૪૧, પડિ ૧૫૪૨, લગ્ગાદિ ૧૫૪૩, તેસિં ૧૫૪૪, ણ ૧૫૪૫, તીએ ૧૫૪૬, જિણ ૧૫૪૭, થેરાણં ૧૫૪૮, એક્કિક્ક ૧૫૪૯, ગણ ૧૫૫૦, પડિ ૧૫૫૧, એવ્વે ૧૫૫૨, કય ૧૫૫૩, ણાણ ૧૫૫૪, કેઈ ૧૫૫૫, અણ્ણે ૧૫૫૬, અબ્ભુ ૧૫૫૭, એવ ૧૫૫૮, ણય ૧૫૫૯, અઙ્ગંતિ ૧૫૬૦, ગુરુ ૧૫૬૧, અઙ્ગંત ૧૫૬૨, ગઇ ૧૫૬૩, તક્કાલ ૧૫૬૪, અહવા ૧૫૬૫, એતો ૧૫૬૬, એવમ્ ૧૫૬૭, સો ૧૫૬૮, અજ્જાઓ ૧૫૬૯, પડિસિદ્ધ ૧૫૭૦, કય ૧૫૭૧.

લંદ એટલે શાસ્ત્રમાં કાળ કહેવાય છે. અને તે લંદનામનો કાલ ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારે છે. યથાલંદિક કલ્પમાં આવેલા લંદશબ્દની વ્યાખ્યા જણાવે છે. જેટલી વખતે પાણીએ ભીનો હાથ સુકાઈ જાય તે વખત ને જઘન્યલંદ કહેવાય છે. પૂર્વકોટિના કાલને ઉત્કૃષ્ટલંદ કહેવાય છે, તે બેની વચમાં તો અનેકસ્થાનો કાલનાં હોય છે. પણ યથાલંદના આ અધિકારમાં પંચરાત્રિના કાલને ઉત્કૃષ્ટ લંદ કહેવાય છે જે માટે પાંચ રાત્રિ જ તેઓ વીથીમાં ભિક્ષા માટે ફરે તેથી તેઓ યથાલંદિ કહેવાય અને તેમનું ઉત્કૃષ્ટ પ્રમાણ પણ પાંચના ગચ્છ તરીકે જ હોય. પૂર્વે જે મર્યાદા જિનકલ્પમાં કહી છે, તે જ મર્યાદા યથાલંદિકોમાં પણ જાણવી, પણ સૂત્ર, ભિક્ષાચર્યા અને માસકલ્પમાં એ બે વચ્ચે ફરક છે. પરિહારિકો ગચ્છ સાથે સંબંધવાળા અને સંબંધ વગરના એમ બે પ્રકારે હોય છે, અને તે પણ ભવિષ્યમાં જિનકલ્પમાં અને સ્થવિરકલ્પમાં જવાવાળા હોવાથી બે પ્રકારના હોય છે. તેઓને ગ્રહણ કરવા માંડેલા અર્થમાં થોડો અર્થ બાકી હોવાથી તેઓને ગચ્છનો પ્રતિબંધ હોય છે. શુભ લગ્નાદિ ઉતરી જતાં હોય અને નજીકમાં બીજાં લગ્નાદિ ન હોય તો પ્રથમ યથાલંદિક કલ્પ લઈને તેઓ ગચ્છના ક્ષેત્રની બહાર જઈને રહે, અને બાકી રહેલો અર્થ ગ્રહણ કરે, પણ એ અર્થ ગ્રહણમાં વિશેષ એ છે કે આચાર્ય બહાર જઈને તેઓને અર્થ આપે, કારણ કે ગચ્છના ક્ષેત્રમાં આવવાથી વંદન અને અવંદન કરવાથી લોકોમાં નિંદા થાય. જો આચાર્ય જવાને શક્તિમાન ન હોય તો દોઢગાઉએ રહેલી પલ્લી, બે ગાઉએ રહેલું પ્રતિવૃષભગામ અથવા ક્ષેત્રની બહાર કે ક્ષેત્રમાં અન્યવસતિમાં તે યથાલંદિક આવી તે અર્થ લે તે સ્થાને લોકો ન દેખે તેવી રીતે જ સાધુઓ તેને વંદન કરે. અર્થ લે છતાં વંદન ન કરે બાકી રહેલો અર્થ લઈને તેઓ પોતાના કલ્પ પ્રમાણે વિચરે. જિનકલ્પ લેવાવાળા યથાલંદિકો થોડો અર્થ બાકી હોય ત્યારે અથવા કેટલાકના કહેવા પ્રમાણે યથાલંદિક કાળમાં રોગઆતંક છતાં પણ દવા કરાવે નહિ, આંખનો મેલ પણ દૂર ન કરવાથી તેઓ નિષ્પ્રતિકર્મ શરીરવાળા હોય છે. સ્થવિરયથાલંદિકોમાં એટલો વિશેષ કે તે અસમર્થ થાય તો તે સાધુને ગચ્છને આપી પણ દે, અને ગચ્છના સાધુઓ પણ સર્વ પરિકર્મ ફાસુકઅન્નતાદિએ તેઓનું કરે. તે સ્થવિરો એકેક પાત્રાવાળા અને વસ્ત્રવાળા હોય છે, પણ જિનકલ્પમાં જવાવાળા યથાલંદિકને વસ્ત્રપાત્ર આદિની ભજના જાણવી. જઘન્યથી તેઓનું પ્રમાણ ત્રણ ગણ અને ઉત્કૃષ્ટથી સેંકડો ગણોનું હોય છે. પુરૂષનું પ્રમાણ પણ જઘન્યથી પંદર અને ઉત્કૃષ્ટથી હજારો ગણું જાણવું. કલ્પમાં ઊનનો પ્રક્ષેપ કરવો હોય તો એકાદિ પણ જઘન્યથી તે કલ્પ લેવાવાળા હોય, અને ઉત્કૃષ્ટથી લેવાવાળા સેંકડો હોય છે. પહેલાના યથાલંદિકોનું ઉત્કૃષ્ટ અને જઘન્યથી કોટિપૃથકત્વ પ્રમાણ હોય છે. અહીં વિસ્તારરૂપ પ્રસંગે કરીને સર્યું. આ પ્રવચનમાં જિનકલ્પ, પરિહારકલ્પ ને યથાલંદિકકલ્પ લેવો તે જ ઉત્કૃષ્ટો વિહાર છે, અને તે ત્રણે કલ્પો સંલેખના જેવા શુદ્ધ જાણવા. પ્રાયે છેલ્લે કાળે અનવદ્ય એવો આ કલ્પ સત્પુરૂષોને કરવાનો છે. બાકીનો વખત તો આચાર્ય આદિકના કાર્યથી પ્રતિબંધ હોવાથી તે કલ્પ લેવાની ભજના જાણવી. કેટલાક કહે છે કે જિનાદિકલ્પોમાં શુદ્ધ સંજમનો યોગ હોવાથી તેમજ સ્થવિરના વિહાર કરતાં અહિં અત્યંત અપ્રમાદીપણું હોવાથી આ કલ્પો જ સારા છે. વળી કેટલાકો કહે છે કે પરોપકાર નહિ હોવાથી આ જિનકલ્પાદિ કલ્પો સારા નથી. વળી પરાર્થને અભાવે કલ્પાદિ લેવાનો પણ નિષેધ છે, તેથી

પણ સ્થવિરકલ્પોનું જ મુખ્ય પણું છે. કોઈપણ અભ્યુદ્યતવિહારની ઇચ્છાવાળો અને આચાર્યગુણવાળો લબ્ધિ સહિત સાધુ ઉપસ્થિત થયેલાને દીક્ષા આપે છે. તેની પ્રવ્રજ્યા ન થાય તો તે કલ્પ પાળવામાં અસમર્થને પણ દીક્ષા આપે. સ્નેહથી થતી દીક્ષામાં અલબ્ધિવાળો પણ અભ્યુદ્યત નહિ લેતાં ગુરનિશ્રાએ દીક્ષા આપે એવી રીતે સર્વથા સ્થવિરકલ્પ જ મુખ્ય છે એમ આગમથી સિદ્ધ થયું, તેમજ યુક્તિથી પણ સ્થવિરકલ્પમાં સ્વ અને પરનો ઉપકાર હોવાથી તે મોટો છે. વળી આ જિનકલ્પો આદિ કલ્પોથી બીજો કોઈ ઉપકાર થતો નથી, વળી આ સ્થવિરકલ્પથી કોઈકને શુભભાવ જોગે ચારિત્ર એ નિર્વાણનું સાધન બને છે અને તેથી બીજાઓને પણ આ સ્થવિરકલ્પ મોક્ષસુખનું કારણ છે. સ્થવિરો બીજાને દેવાતું ચારિત્ર પોતાના આત્મામાં પરિણમાવે છે, ગુરુતર એવો સંજમયોગ પણ ત્યાં સ્થવિરકલ્પમાં જ જાણવો. કેમકે જ્યાં સ્વ અને પરને સંજમ પળે, અને તે સંયમ સ્થવિરકલ્પમાં જ સમ્યક્ વૃદ્ધિ પામતો હોય છે. તત્વથી અત્યંત અપ્રમાદ પણ એ જ કહેવાય કે જે શુભભાવથી હંમેશાં બીજાઓને અપ્રમાદપણાની પ્રાપ્તિ કરાવાય. આવા એકાંતના ઉત્તરમાં જણાવે છે કે જો એમ છે તો પછી ગીતાર્થમુનિઓ પણ કાલોચિત અનશન સરખા આ અભ્યુદ્યતમરણ નામના ઉદ્યતવિહારને સ્થવિરકલ્પને છોડીને કેમ લે છે ? ચરમકાલે અભ્યુદ્યતવિહારને ઉચિતનો કલ્પ લેવાથી જ આજ્ઞાની આરાધના થાય છે અને આજ્ઞાની આરાધના એ જ મુખ્ય છે. શક્તિવાળી દશા છતાં તે શક્તિવાળો કલ્પ ન લે તો મળેલ એવા આત્મવીર્યના ક્ષયથી આત્માની હાનિ થાય અથવા તો આજ્ઞાનો ભંગ લાગે, કેમકે અધિકગુણ સાધવાને સમર્થ હોય એવા મનુષ્યોને હીન ગુણવાળાને લાયકનું કાર્ય કરવાથી આજ્ઞાભંગ ગણાય, અને શક્તિ પ્રમાણે હંમેશાં ઉદ્યમ કરવો જ જોઈએ. વળી સૂત્રમાં દશ પૂર્વ સંપૂર્ણ થયા હોય તેને જિનકલ્પાદિનો નિષેધ છે, કેમકે તે મહાનુભાવોને તે જિનકલ્પાદિ સિવાય જ ઘણા ગુણો થાય છે. એવી રીતે બન્ને કલ્પોનું તત્ત્વ જાણીને શક્તિ રહિત પુરૂષોએ અપ્રમત્તપણે સ્વ અને પરના ઉપકારમાં વિશેષે પ્રયત્ન કરવો, અને શુદ્ધ એવો સ્વપરનો પરોપકાર સ્થવિરકલ્પને છોડીને બીજા કલ્પોમાં થતો નથી, અને તે જ સ્વપરનો ઉપકાર ન બનવાના કારણથી અજાત અને અસમાપ્ત એવાનો જે વિહાર, અને અજાત અને સમાપ્ત તેના પણ વિહારનો નિષેધ કરેલો છે. અગીતાર્થનો વિહાર તે અજાત કહેવાય, અને ઋતુબધ્ધમાં પાંચથી ઓછા તથા અહીં વિહાર એટલે સાતથી ઓછા સાધુઓનો વિહાર જે થાય તે વીતરાગોએ અસમાપ્ત વિહાર કહેલો છે. પ્રતિષિધ્ધને વર્જવાવાળા સ્થવિરોનો વિહાર શુદ્ધ જ છે, એમ ન થાય તો આજ્ઞાભંગ થાય અને તે આજ્ઞાભંગથી નક્કી સંસારની વૃદ્ધિ થાય. અહીં વધારે વિસ્તાર કરતા નથી, પણ બુદ્ધિમાનોએ તે તે કલ્પનું પ્રધાનપણું જાણવું. એવી રીતે અભ્યુદ્યતવિહારનો અધિકાર પૂરો થયો ॥ હવે અભ્યુદ્યતવિહારની સાથે જે અભ્યુદ્યતમરણનો અધિકાર જણાવ્યો હતો તેનું સ્વરૂપ કહે છે :-

अब्भु १५७२, संलेहणा १५७३, चत्तारि १५७४, णाइ १५७५, वासं १५७६, देहम्मि १५७७, विहिणा १५७८, सइ १५७९, ओवक्क १५८०, थेव १५८१, जुगवं १५८२,

ધીર અને નહિં મરવાના સ્વભાવવાળા તીર્થંકરોએ અભ્યુદ્યતમરણો [૧]પાદપોપગમન, [૨]ઇંગિની અને [૩]ભક્તપરિજ્ઞા એવી રીતે ત્રણ પ્રકારે કહેલાં છે. એ મરણો પ્રાયે સંલેખના-પૂર્વક જ હોય છે, તેથી સંલેખનાને

પહેલાં કહીશ. પછી સંક્ષેપથી ત્રણે પ્રકારનાં અભ્યુદ્યતમરણોને અનુક્રમે કહીશ. સંલેખના કરનાર ચાર વર્ષ સુધી અક્રમથી વધારે એવી જે વિકૃષ્ટ તપસ્યા તે કરે [૪]પછી ચાર વર્ષ સુધી વિગયરહિત પારણાવાળી અને અક્રમથી ઓછી એવી જે અવિકૃષ્ટ તપસ્યા તે કરે [૯]પછી બે વર્ષ સુધી એકાંતરે આયંબિલ કરે[૧૦] અને છ મહીના સુધી અક્રમઆદિ જે અત્યંત વિકૃષ્ટ તપ તે ન કરે, અર્થાત્ સામાન્ય તપ કરે, પણ તપસ્યાને પારણે આયંબિલ કરે, ૧૦ા પછી બીજા છ મહીના સુધી વિકૃષ્ટ તપસ્યા કરે, [૧૧]અને તે પછી એક વર્ષ સુધી કોટિસહિત (લાગલાગટ) આયંબિલ કરે [૧૨]જેવી રીતે આ ઉત્કૃષ્ટ સંલેખના બતાવી તેવી જ રીતે અનુક્રમે સંઘયણ અને શક્તિનો ઘટાડો હોય તો તેને અનુસારે અર્ધી અથવા ચોથી જેટલી પણ સંલેખના કરે, સંલેખના કરવાનું કારણ એ છે કે સંલેખના કર્યા વગર મરણ સમયે એકદમ ધાતુઓ ક્ષીણ થવાથી જીવને છેલ્લા કાળે પ્રાયે આર્તધ્યાન થાય, પણ થોડા થોડા ધાતુને વિધિથી ખપાવતાં ભવરૂપીવૃક્ષના બીજરૂપ એવું જે આર્તધ્યાન છે તે થાય નહિ. વળી આ જગા ઉપર આ જુક્તિ જાણવી. હંમેશાં શુભભાવવાળાને થોડા થોડા નિરોધથી બાધા આવે નહિં, કેમકે મોટા બળે થોડાનો આરંભ કર્યો છે, અને એવી રીતે કરવાથી મહાબળવાળું સપ્રતિકાર ઉપક્રમણ થાય. અને ઉચિત રીતે આજ્ઞા કરવાથી વિશેષ શુભભાવ પણ થાય. વળી બાહ્ય (માંસાદિ) અને અભ્યંતર (શુભ પરિણામ)નું થોડું થોડું ઉપક્રમણ જેમ જેમ કરવા લાયક છે તેમ તેમ કરવાથી વખત જતાં તે પરિણામ કબજાના વિષયમાં આવે છે, પણ એકદમ ધાતુને ખપાવતાં ઉપક્રમની તીવ્રતા થવાથી પ્રાયે જીવનને બહુ મોટું સૈન્ય જેમ એકલા સુભટને પાડી નાંખે તેવી રીતે પાડી નાંખે છે. સંલેખના માટે શંકાસમાધાન કહે છે.

आह १५८३, तिविहा १५८४, मण्णइ १५८५, जा खलु १५८६, जा पुण १५८७, पडि १५८८, भरण १५८९, अब्भत्था १५९०, ता १५९१, उचिए १५९२,

આ સંલેખના ઉપક્રમના હેતુથી કરાય છે, માટે આત્મહત્યાનું કારણ ગણાય અને તેથી સમભાવમાં વર્તવાવાળા સાધુઓને આ સંલેખના જ કેમ લાયક હોય ? તેમજ શાસ્ત્રનો પણ વિરોધ છે, કેમકે પોતાના, પરના, અને બંનેના અંગે [૧]પર્યાયનો નાશ [૨]દુઃખોત્પાદ અને [૩]ક્લેશરૂપી એ ત્રણે પ્રકારની હિંસા ઘણી જ અનિષ્ટ ફળવાળી થાય એમ અનંતજ્ઞાની તીર્થંકરોએ કહેલું છે. એવી રીતે કરેલી શંકાનો ઉત્તર દે છે કે તારૂં કહેવું સાચું છે, પણ હિંસાના લક્ષણના અભાવથી તેમજ શાસ્ત્રોક્ત હોવાથી આ સંલેખના આત્મહત્યાનું કારણ નથી, કેમકે જે હિંસા પ્રમત્ત જોગવાળી હોય, રાગાદિદોષે સહિત હોય, અને આજ્ઞાથી બહાર હોય, તે જ હિંસા વર્જવાની હોય છે, પણ જે પ્રવૃત્તિ એ પ્રમત્તયોગ વિગેરેથી રહિત હોય અને વળી શુભભાવને વધારનારી હોય તો તે તો નક્કી જે શુદ્ધક્રિયાનું લક્ષણ છે તે જ તેમાં ઘટતું હોવાથી શુદ્ધક્રિયા જ કહેવાય. જે જીવ આ જન્મમાં કૃતકૃત્ય થયેલો છતાં માત્ર શુભમરણને માટે જ આ તપને અંગીકાર કરે છે તેને શાસ્ત્રોક્ત શુદ્ધક્રિયા થાય છે. વળી આ સંલેખના સહનશક્તિને પાલનાર હોવાથી મરણના પ્રતિકારભૂત છે, માટે ગુમડાને કાપવાની ક્રિયાની માફક તે મરણ નિમિત્ત નથી, તેમજ આત્માને વિરાધનારૂપ પણ નથી. કેમકે યથાસમય અસાધારણ શુભયોગનો જેમણે અભ્યાસ કર્યો છે, તેઓને જ તીર્થંકરોએ આ સંલેખનાનો ઉચિતસમય કહેલો છે. તેટલા માટે ચરમગુણને સાધનાર એવા ચરમસમયને

સમ્યગ્ રીતે આરાધના કરીએ. અને એવી રીતે પ્રવર્તતાં જ શુભભાવની વૃદ્ધિ થાય. શાસ્ત્રમાં પણ જિનેશ્વરોએ ઉચિતકાલે સંલેખના કરવાનું કહ્યું છે, અને તેથી તે વિહિતાનુષ્ઠાન હોવાથી પણ દુષ્ટ નથી. જિનેશ્વર મહારાજાએ કહેલા એવા ધ્યાનયોગે પરિણામની પણ સંલેખના કરે. હવે પોતાના પરિણામની સંલેખના કરવાનું બતાવે છે.

भाव १५९३, भावेइ १५९४, जम्म १५९५, धण्णो १५९६, एअस्स १५९७, चिंतामणी १५९८, इच्छं १५९९, तेसि १६००, नो १६०१, एत्थ १६०२, किं १६०३, तह १६०४, परसा १६०५, परि १६०६, जं पुण १६०७, धण्णंमि १६०८, सो चेव १६०९, जइवि १६१०, जमिह १६११, एसेव १६१२

વાસ્તવિક ભાવનાઓથી પ્રથમ તો સમ્યક્ત્વના મૂળને વધારે, વળી વિશેષે કરીને તે વખતે સ્વભાવથી સંસાર મહાસમુદ્રનું નિર્ગુણપણું વિચારે. જન્મ, જરા અને મરણરૂપી જલે કરીને ભરેલો દુઃખરૂપી જાનવરોથી સંકીર્ણ, જીવોને દુઃખનું કારણ, અને ભયંકર એવો આ ભવસમુદ્ર અનાદિકાલથી કષ્ટમય છે. મારો આત્મા ભાગ્યશાળી છે કે જેણે અપાર એવા આ ભવસમુદ્રમાં અનંતા ભવે પણ મળવું મુશ્કેલ એવું ધર્મરૂપ પ્રવહણ મેળવ્યું છે. હંમેશાં લાગ લાગટ પ્રયત્નથી પાલન કરાતા એવા ધર્મના પ્રભાવે, જન્માંતરમાં પણ જીવો દુઃખ અને દૌર્ગત્યને પામતા નથી. ધર્મ એ જ અપૂર્વ ચિંતામણી છે, ધર્મ એ જ અપૂર્વ કલ્પવૃક્ષ છે, ધર્મ એ જ પરમ મંત્ર છે, અને આ જગતમાં એ જ ધર્મ પરમઅમૃત રૂપ છે, મહાનુભાવ ગુરુઆદિકની વૈયાવચ્ચ ઇચ્છું છું, કે જે મહાનુભાવોના પ્રતાપથી આ ચિંતામણી રત્ન સમાન ધર્મ પ્રાપ્ત થયો છે, ને વળી પળાયો પણ છે. તેઓને નમસ્કાર કરું છું. વળી અંતઃકરણથી વારંવાર તેઓને જ નમસ્કાર કરું છું કે જેઓ બીજાના ઉપકાર તળે દબાયા સિવાય, બીજાના હિતમાં જ તત્પર રહેવાવાળા મહાપુરૂષો, તરવા લાયક એવા જીવોને એ ધર્મરત્ન આપે છે આ ધર્મરત્ન કરતાં આખા જગતમાં પણ ભવ્યજીવોને બીજું કોઈ હિત કરનાર નથી, કેમકે આ ધર્મરત્નથી જ ભવસમુદ્રથી જીવને પાર ઉતરવાનું થાય છે. આ સંસારમાં સર્વસ્થાનકો પુદ્ગલ સંજોગોથી ભરેલા હોવાથી તેના સેંકડો દુઃખોથી ભરેલાં અને પરિણામે ભયંકર હોવાથી ભયંકર પરંપરાવાળાં, અને સર્વથા પાપરૂપ છે. આવા સંસારમાં આથી વધારે કષ્ટકારી શું કહેવાય કે જે દશ દૃષ્ટાંતે દુર્લભ અને અત્યંત દુઃખરૂપ એવા મનુષ્યજન્મમાં આવીને અને વળી ધર્મને પામીને પણ સંસારમાં રતિ થાય છે. (કંથચિત્ મનુષ્યપણું પામેલાઓને આ દુઃખફળ એવા સંસાર સમુદ્રમાં જે સુખ લાગે છે તે ખરેખર કષ્ટકારી ગણાય. શાસનના સારભૂત એવા સંવેગને કરવાવાળા, પાપને ત્રિવિધત્રિવિધ નહિં કરવું એ રૂપ અકરણનિયમ વિગેરે જેનું શુદ્ધફળ છે એવા આશ્રવ સંવર આદિ સૂક્ષ્મપદાર્થોને સમ્યક્ રીતે વિચારે. વળી બીજાને સાવદ્ય યોગનો ત્યાગ કરાવવા પૂર્વક પોતે સંવેગમય થઈને જે સાવદ્યનો ત્યાગ કરે તે અકરણનિયમનો મુખ્ય હેતુ છે. એ હકીકત બરોબર વારંવાર ધ્યાનમાં લે, વળી શુદ્ધ એવું, પૂર્વાપર યોગે સહિત એવું, અને ત્રિકોટિથી શુદ્ધ એવું અનુષ્ઠાન સોનાના ઘડા જેવું હંમેશાં ઇષ્ટફળવાળું જ થાય છે, પણ અશુધ્ધ અનુષ્ઠાન માટીના ઘડા જેવું, જેમ તેમ માત્ર ફળ દે છે, પણ સુફળની પરંપરાને તે અશુદ્ધ અનુષ્ઠાન સાધતું નથી. ધર્મની અંદર અનુપયોગથી થયેલા સૂક્ષ્મ સૂક્ષ્મ પણ અતિચારોને એટલે રાતદિવસની ક્રિયાદ્વારેએ ઓઘે પણ છોડે અને પ્રતિપક્ષ ભાવનાથી તે બધા અતિચારોની નિંદા કરે. એમ સતત પ્રવર્ત્તતાં કદાચિત્ ભાવનાથી વીર્યપરિણામ ઉલ્લસે તો શ્રેણી અને

કેવલજ્ઞાનને પણ પામે, અને તે કેવલ પામવાથી ફરી મરે નહિં, કદાચિત્ કર્મસંયોગે શ્રેણી ન પામે, તો પણ સંવેગભાવનાવાળો જીવ સદ્‌ગતિ અને સમ્યક્‌ત્વ તો નક્કી જ પામે છે, કેમકે તીવ્ર શુભભાવનાએ ભાવિત એવો જીવ, જન્માંતરે પણ તેવી જ શુભભાવનાવાળો જ હોય છે. વાસિત એવા તલનું તેલ પણ સુગંધી હોય છે, તેમ શુભભાવનાના બળે કરીને બીજા ભવમાં પણ તે જીવનો જે શુભભાવ, તે જ બોધિલાભ રૂપ થાય છે ॥ આવી રીતે ભાવનાની સંલેખના જાણવી. હવે અનશન કરવાનો વિધિ કહે છે.

संलिहि १६१३, उव १६१४, अथ १६१५, सम १६१६, सव्वत्था १६१७, पढमि १६१८, णिव्वा १६१९, सीहाई १६२०, संघयणा १६२१, इंगिणि १६२२-२३, पच्चक्खइ १६२४, उव्वत्तइ १६२५, भत्त १६२६, वज्जइ १६२७, कंदप्प १६२८, जो १६२९, कंदप्पे १६३०, कह १६३१, भमुह १६३२, भासइ १६३३, वेस १६३४, सुर १६३५, णाणस्स १६३६, काया १६३७, सव्वे १६३८, जज्झाइ १६३९, अविसह १६४०, गूहइ १६४१, कोउअ १६४२, विम्हवण १६४३, भूईअ १६४४, पण्हो १६४५, पसिणा १६४६, तिविहं १६४७, एयाणि १६४८, अणु १६४९, णिच्चं १६५०, आहार १६५१, तिविहं १६५२, चंकमणा १६५३, जो १६५४, उम्मग्ग १६५५, णाणाइ १६५६, णाणाइ १६५७, जो पुण १६५८, तह १६५९, जो पुण १६६०, एयाओ १६६१, एयाओ १६६२,

એવી રીતે આત્માની સંલેખના કરીને ગૃહસ્થો પાસેથી જે પાટપાટલા લીધા હોય તે તેમને પાછા આપીને, સમ્યક્‌ એવી ભાવશુદ્ધિએ ગુરૂમહારાજ આદિકને ખમાવીને, બાકીના બધા સંબંધીઓને ગુણથી વખાણીને તે અનશનને સમયે વિશેષથી જીવે ધર્મમાં ઉદ્યમ કરવો, કારણ કે જગતમાં સર્વ સંજોગો વિયોગવાળા જ છે, એમ સંપૂર્ણ રીતે આત્માને સમજાવવો, વળી વિધિપૂર્વક શ્રી અરિહંતદેવને, અને ગુરૂમહારાજ વિગેરેને વાંદીને તેમની પાસે અશનાદિ સર્વ આહારનો ત્યાગ કરીને પછી સમભાવમાં રહેલો મહાત્મા ગુફા વિગેરેમાં જઈને સમ્યક્‌ પ્રકારે શાસ્ત્રોક્ત રીતિએ પાદપોપગમન નામના અનશનને કરે, સર્વત્ર મમતારહિત, દંડાયતાદિક જેવા સ્થાનથી રહીને વૃક્ષસમાન નિશ્ચેષ્ટપણે યાવજ્જીવથી મહાત્મા રહે. પહેલા સંઘયણવાળા મહાનુભાવો જ આ પાદપોપગમન નામના અનશનને કરે છે, અને મોક્ષપદનું પરમ કારણ એવો શુભભાવ પણ આ અનશન જ છે. એવી રીતે અહીં ક્રમને અનુસરીને નિર્વ્યાઘાતિક અનશન કહ્યું, બીજું (સવ્યાઘાતિક) નામનું મરણ સંભવે છે, જે માટે વીતરાગોએ કહ્યું છે કે સિંહાદિના ભયમાં સપડાયેલો સાધુ આઉખું કંઈક પહોંચતું છે એમ જાણીને તે સાધુ ગીતાર્થ હોય તે સ્થિર ચિત્તવાળો પાદપોપગમન નામનું અનશન કરે, પણ સંઘયણની ખામીથી જેઓ એવું અનશન કરવાને સમર્થ ન હોય તેઓ પણ થોડો કાલ સંલેખના કરીને શક્તિ પ્રમાણે વિધિથી સંવેગથી ભાવિત મનવાળો છતાં આત્માને નિઃશલ્ય કરીને શક્તિ પ્રમાણે ઇંગિનીમરણ કે ભક્તપરિજ્ઞા નામનાં બે મરણોમાંથી એકને કરે. તેમાં ઇંગિનીમરણનો વિધિ આ પ્રમાણે :

દીક્ષાના વખતથી ગુરૂમહારાજ પાસે આલોયણ દઈને, સમાધિ અને કાલને અનુસારે કેટલાક કાલની સંલેખના કરીને નક્કી ગુરૂ પાસે ચારે પ્રકારના આહારના પચ્ચક્ખાણ કરે, અને આ ઇંગિનીમરણવાળો સાધુ નિયમિત સ્થાનમાં નિયમિત પ્રવૃત્તિ પણ કરે પોતાના શરીરનું ઉદ્વર્તન અને પરિવર્તન કરે, માતરૂ આદિક કરે કે ન પણ કરે, ધૃતિવાળો સાધુ પોતાની ઉપધિનું પડિલેહવું વિગેરે પોતાનું કાર્ય પોતે જ કરે. હવે ભક્તપરિજ્ઞાનો વિધિ કહે છે.

આ અનશનની પહેલાં શિથિલવિહારી હોય તો પણ અંતઅવસ્થામાં સંવેગમાં આવેલો સાધુ ભક્તપરિજ્ઞા નામના અનશનને કરતાં પણ દીક્ષાથી માંડીને અંતસુધીની આલોયણ લે. જીવવીર્યના ઉલ્લાસવાળો મહાત્મા વિશેષે કરીને ત્યારથી સંક્લિષ્ટભાવનાઓ સર્વથા વર્જે અને તેથી આરાધના જરૂર પામે. વર્જવા લાયક અશુભ ભાવનાઓ જે પાંચ છે તે જણાવે છે કે કાંદર્પિકી, દેવકિલ્બિષીકી આભિયોગિકી, આસુરી અને સંમોહા, એ પાંચ પ્રકારની ભાવનાઓ તે સંકિલષ્ટભાવના કહેલી છે. જે સાધુપણાવાળો છતાં પણ જો કથંચિત્ એ ખરાબ ભાવનામાં વર્તે તો તે સાધુ તેવા પ્રકારના અધમદેવતાઓમાં જાય, પણ ચારિત્રહીન હોય તેને તો દેવગતિનો પણ નિયમ નહિં. તે પાંચ અશુભ ભાવનાઓ હવે અનુક્રમે જણાવે છે. ખડખડ હસવું, હાંસી કરવી, ને ગુરુ આદિની સાથે પણ કઠોર તથા વક્રોક્તિએ બોલવું. કામની કથા કહેવી, કામનો દ્વેષ કરવો, અને કામની પ્રશંસા કરવી તે સર્વ કંદર્પભાવના જાણવી. તે તે ભ્રમર, નેત્ર અને મોઢાએ કરીને તેવી તેવી ચેષ્ટા કરે કે જેથી પેટ દાબીને બીજો હસે, પણ પોતે હસે નહિં, તે કૌકુચ્યભાવના. શરદઋતુમાં મદોન્મત્ત થયેલા સાંઢની પેઠે જલદી જલદી બોલે અને ગતિ કરે, બધાં કાર્યો જલદી જલદી કરે, અને બેઠો થકો પણ અભિમાનથી ફૂટી જતો હોય તેવો લાગે, તે દ્રવશીલ ગણાય. ભાંડની માફક છલને દેખતો, પોતાને અને પરને વેષ અને વચને કરીને હાંસી ઉપજાવતો જે હોય તે હાસન કહેવાય. ઇંદ્રજાળ વિગેરે, તેમજ કુહેટકમાં પોતે વિસ્મય નહિં પામતો, તેવા કુતુહલીઓને વિસ્મય પમાડે તે વિસ્માપક કહેવાય. એ પાંચ પ્રકારની કંદર્પભાવના જાણવી.

શ્રુતાદિજ્ઞાનો કેવલીમહારાજ ધર્માચાર્ય, અને સર્વસાધુની નિંદા બોલનારો અને કપટી એવો મનુષ્ય કિલ્બિષિકી ભાવના કરે, તે જ પૃથ્વીઆદિ છકાયો, તે જ મહાવ્રતો નિદ્રા આદિ તે જ પ્રમાદો અને તે જ અપ્રમાદો શાસ્ત્રોમાં વારંવાર કહેવામાં આવે છે માટે તે શાસ્ત્ર શા કામનું ? અને મોક્ષને માટે પ્રવર્તેલા મહાત્માઓને શુભાશુભફલને જણાવનાર જ્યોતિષ અને સુવર્ણાદિ સિદ્ધિ કરનાર પ્રાભૃતશાસ્ત્રોથી શું કામ છે ? એવું બોલવું તે જ્ઞાનની નિંદા ગણાય. કેવલી ભવ્યઅભવ્ય સર્વને પ્રતિબોધ કેમ કરતા નથી ? પુરૂષ વિશેષે ઉપદેશ આપે છે, પણ અવિશેષપણે ઉપદેશ દેતા નથી, ઘાતિકર્મનો ક્ષય અને કેવલજ્ઞાનની ઉત્પત્તિથી અત્યંત કૃતકૃત્ય જણાયેલા તેઓ ગુરુની પણ ચાકરી કરતા નથી, એવા વિચાર આવવા તે કેવળીનો અવર્ણવાદ કહેવાય. (અપૂર્ણ)

(ટાઈટલ પાના ૪ થી ચાલુ)

અરિહંત ભગવાનો છે, અરિહંત ભગવાને નિરૂપણ કરેલા મોક્ષમાર્ગને આધારે જ સિદ્ધોને સિદ્ધિની પ્રાપ્તિ થઈ છે, માટે સિદ્ધ ભગવાનને અરિહંત મહારાજશ્રી પછી પંચપરમોષ્ઠિમાં દાખલ કરેલા છે. એ અરિહંત અને સિદ્ધમહારાજ સિવાયના આચાર્ય, ઉપાધ્યાય અને સાધુમહાત્માઓનો ક્રમ પાછળ અને ક્રમસર આવે તેમાં આશ્ચર્ય નથી. ભગવંત અરિહંત મહારાજે દેખાડેલા મોક્ષમાર્ગ તરીકે આચાર્ય મહારાજા પંચાચાર દેખાડનારા છે. ભગવાન જિનેશ્વરોના કથન સિવાય સ્વતંત્ર રીતે આચાર્યો બોલે નહિં અને જો કોઈપણ ભગવાન જિનેશ્વર મહારાજાના વચનને અનુસર્યા સિવાય કે વિરૂદ્ધ પણે બોલે તો તેને જૈનશાસનને માનનારાઓ અધમ પુરૂષતરીકે જ માને. એમ શંકા ન કરવી કે આચાર્ય ભગવાનનું કાર્ય તો અર્થ કહેવાનું જ છે અને અહીં આચારના દેશક કેમ કહ્યા ? એવી શંકા નહી કરવાનું કારણ કે આચાર્ય ભગવંતો અર્થ થકી તીર્થંકર મહારાજે અને સૂત્ર થકી ગણધર મહારાજે ફરમાવેલ પ્રવચનના અર્થોનું કથન કરે, પણ તે કથનમાં આચાર્ય ભગવંતનું ધ્યેય જ્ઞાનાચારઆદિક પાંચ આચારોની પ્રવૃત્તિનું જ હોય. આ વાતને બરોબર સમજવાથી એ પણ સ્પષ્ટ સમજાશે કે આચાર્ય મહારાજાઓ સામાન્ય રીતે દરેક સૂત્રના ઉદ્દેશ સમુદ્દેશ અને અનુજ્ઞા થયા પછી જ અનુયોગરૂપ અર્થને કેમ આપે છે. તથા પ્રવજ્યાને અંગીકાર કર્યા પછી મહાવ્રતોનું ઉપસ્થાપન થયા છતાં પણ આચાર પ્રકલ્પ આદિ માટે કેમ પર્યાયો જોવા પડે છે ? તેનો ખુલાસો સ્પષ્ટ થશે, વળી બૃહત્કલ્પઆદિ છેદગ્રન્થોને વંચાવવામાં તો શું ? પણ સંભળાવવામાં પણ પરિણામકપણું જોવાની કેમ જરૂર પડે છે ? કેમકે તે પણ સકારણ છે એમ સમજાશે. કારણ કે આચાર્ય મહારાજ અનુયોગ એટલે અર્થની જે વ્યાખ્યા કરે છે તે જ્ઞાનાચારાદિક પંચાચારના ઉદ્દેશથી કરે છે. જો કે શ્રીઉપાધ્યાયજી મહારાજ સૂત્રોની વાચના આપે છે. તે પણ પાત્ર અને પ્રાપ્તને જ આપે છે, અને સૂત્રનું દાન પણ પંચાચારને ઉદ્દેશિને જ હોય છે. પણ અવ્યાખ્યાત એવું સૂત્ર સુતેલા મનુષ્ય જેવું ગણેલું હોવાથી તે સૂત્રમાત્રના દાનથી આચારોનું પ્રકાશન ન માન્યું. આચાર્ય અને ઉપાધ્યાય મહારાજ પ્રવ્રજ્યા અને ઉપસ્થાપના કરે ત્યારે તે દીક્ષિત થયેલાને સહાયકારી વર્ગની જરૂર પડે તો તેથી મોક્ષમાર્ગમાં પ્રવર્ત્તનારા ભવ્યજીવોને સહાય કરનારો સાધુવર્ગ પંચપરમેષ્ઠિમાં છેલ્લે પદે ગણવામાં આવ્યો છે. આ ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે સાધુ મહાત્માઓ મોક્ષની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શનાદિનું પાલન કરે તે યોગ્ય જ છે, પણ શ્રીજૈનશાસનમાં સાધુઓની નમનીયતાનું સ્થાન એ મોક્ષમાર્ગની મદદ કરવાથી જ છે એ અવશ્ય ધ્યાન રાખવા જેવું છે.

પરમપવિત્ર પરમેષ્ઠિપદોનો અનુક્રમ

જગતમાં ગણિતના હિસાબે સંખ્યા એક સરખી હોય છતાં તેના અનુક્રમ ઉપર જ ગણિતનો આધાર રહે છે. શરૂઆતમાં જેમ બાર અને એકવીશમાં બંન્ને અંક એક સરખા છતાં જો અનુક્રમમાં ફેર પડે છે તો નવનો ફરક પડી જાય છે. યાવત્ સોની અંદરની સંખ્યામાં ઓગણીશ અને એકાણુંની સંખ્યાના આંકડા સરખા છતાં સંખ્યામાં કેવો મોટો ફરક પડે છે ? એ હકીકત કોઈપણ સુજ્ઞની જાણ બહાર નથી. એવી રીતે ૧૯૯ અને ૯૯૧, ૧૯૯૯ અને ૯૧૯૯ વગેરેની સંખ્યામાં પણ અનુક્રમ જાળવવામાં અને નહિ જાળવવામાં કેટલો બધો ફેર પડે છે તે સ્હેજ સમજી શકાય તેમ છે. આવી રીતે અંકમાં જેમ અનુક્રમની નિયમિતતા છે તેવી રીતે પરમપવિત્ર પંચપરમેષ્ઠિમાં પણ અનુક્રમની નિયમિતતા અનાવશ્યક નથી પણ અત્યંત ઉપયોગી છે. જો કે અનાનુપૂર્વીમાં ક્રમની અનિયમિતતા થાય છે. પણ જો ક્રમનું નિયમિતપણું ન હોય તો પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી બને જ નહિં અને જો પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી ન બને તો પછી અનાનુપૂર્વી હોય જ ક્યાંથી ? ધ્યાન રાખવાની જરૂર છે કે શાસ્ત્રકારમહારાજાઓ જ્યાં પૂર્વાનુપૂર્વી હોય ત્યાં જ પશ્ચાનુપૂર્વી પણ માને છે અને જ્યાં પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી હોય ત્યાં જ અનાનુપૂર્વીની હયાતી માને છે. જ્યાં અનાનુપૂર્વી હોય ત્યાં પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી હોવી જોઈએ. અને પૂર્વાનુપૂર્વી તથા પશ્ચાનુપૂર્વી ન હોય તેને શાસ્ત્રકારો અનાનુપૂર્વી કહેતા નથી પણ અવક્તવ્ય જ કહે છે. એ ઉપરથી સ્પષ્ટ થયું છે કે પંચપરમેષ્ઠિને અનાનુપૂર્વીથી ગણાય છે, છતાં તેમાં આધારરૂપ તો પૂર્વાનુપૂર્વી જ છે. અને પૂર્વાનુપૂર્વી ત્યાં જ હોય કે જ્યાં અનુક્રમનું નિયતપણું હોય. જૈનજનતામાં પાંચ પરમેષ્ઠિનો ક્રમ જાહેર જ છે. પરન્તુ તે અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય અને સાધુને નમસ્કારનો જે ક્રમ છે તે જેવો મોક્ષમાર્ગની સાધ્યતાને અંગે ઉપયોગી છે તેવો જ આગળ આગલપદોમાં પાછળ પાછળના પદોની અનુવૃત્તિ માટે પણ ઉપયોગી છે અરિહંતમહારાજા મોક્ષમાર્ગના ઉત્પાદક છે તેથી મોક્ષના અર્થી જીવોને આદ્યમાં નમસ્કાર કરવા યોગ્ય હોય તેમાં આશ્ચર્ય નથી ઋદ્ધિ સમૃદ્ધિ અને કુટુંબકબીલા જગતમાં દૃષ્ટપદાર્થો છે, પણ પ્રથમ નંબરે તે ઋદ્ધિ સમૃદ્ધિ આદિને અર્પણ કરનાર દેવ આદિની આરાધના થાય છે, એવી રીતે મોક્ષમાર્ગ અને મોક્ષની ઈષ્ટતા છતાં ભગવાન અરિહંતની આદિમાં આરાધના થાય એ સ્વાભાવિક છે. આ કારણથી સિદ્ધમહારાજ જો કે સર્વગુણે સંપૂર્ણ છે, છતાં તે સિધ્ધોનો જીવ પણ

(જુઓ ટાઈટલ પાનું ૩ જું)

सिद्धचक्र

पंचम वर्ष

वैशाख वदी ०))

वर्ष ५

अंक १६

तंत्री

पानाचंद रूपचंद ઝવેરી

श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति

– मुंबई –

卐

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

१९९३ : : १९३७

જુન

વીર સંવત્ ૨૪૬૩

श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०
उत्तराध्ययनचूर्णि	३-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०
पंचाशकादिदशअकारादि	४-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०
विचाररत्नाकरः	३-०-०
बन्दारूवृत्तिः	१-४-०
पयरणसंदोह	१-०-०
अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०
बारसासूत्रं सचित्रं	१२-०-०
ऋषिभाषितानि	
प्रत्याख्यानप्रकरण - सारस्वत,	१-८-०
विशेषणवती-वीशवींशी	
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०
ललितविस्तरा	०-१०-०
तत्त्वतरंगिणी	०-८-०
बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
पर्युषणादशशतकं	०-१०-०
बुद्धिसागरः	०-३-०
विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
भवभावनावृत्तिः पूर्वार्धं	३-८-०
कल्पकौमुदी	२-०-०
षोडशकप्रकरणं सटीकं	१-०-०
षडावश्यकसूत्राणि	०-८-०
उत्पादादिसिद्धिः	२-८-०
तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
सुबोधिका	प्रेसमां-
भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
भवभावना (उत्तरार्धं)	प्रेसमां-
प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कन्नपीठ बजार, सुरतमां शा. फकीरचंद भगनलाल बदामीએ तंत्री शा. पानाचंद रूपचंद ઝवेरी माटे छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिએ लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोयद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५		अंक १६
विक्रम सं. १९९७	वीर सं. २४६७	सन १९३७
वैशाख वदि ०))	मंगळवार	जुन-८

वार्षिक लवाजम रा. २-०-० उद्देश छुटक नकल रा. ०-१-६

नवपदोमय श्री सिद्धचक्रनी आराधना अने श्री आचामाम्ल वर्धमान तपनी प्रवृत्ति पोषवा साथे आगमनी मुख्यतावाळी देशना, अने शंकाना समाधानोनो फेलावो करशे :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કोश मध्ये जिनपती छे विमल ज्ञान रमाधिका,
सिद्ध शाश्वत सूरि जिनमत भानु वाचक पाठका;
मुनिराज शिवपद सेतुकारी चार ए दिशि पत्रमां,
दर्शनादिक चार विदिशे स्तवो श्रीसिद्धचक्रमां ॥१॥

"आगमोद्धारक."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

ભગવાન શ્રીઋષભદેવજી મહારાજે જગતમાં વ્યાવહારિકનીતિ પ્રવર્ત્તાવી સોયે પુત્રોની જુદા જુદા દેશનાં રાજ્યો આપી સંવચ્છરી દાન દઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરી એ અધિકાર તીર્થંકર મહારાજાના પરોપકારમાં લીનપણાના અંગે બ્રાહ્મણનામના વર્ણની ઉત્પત્તિને અંગે કેવલજ્ઞાનના સંબંધે પ્રવજ્યાનો અધિકાર વર્ણન કરતાં નમિવિનમિનો અધિકાર વિચારવાનો બાકી રાખેલો છે.

ભગવાનનું સાંવત્સરિક દાન

દરેક તીર્થંકર મહારાજાઓ પ્રવ્રજ્યાને ગ્રહણ કરવા પહેલાં એક વર્ષનો વખત હોય ત્યારથી નિયમિત સાંવત્સરિક દાન આપે છે. આ સાંવત્સરિક દાનને શાસ્ત્રકારો મહાદાન જણાવે છે. શાસ્ત્રકારોએ તે સાંવત્સરિક દાનને મહાદાન કહેલું હોવાથી કેટલાકો શંકા કરે છે કે-જો તીર્થંકર ભગવાનોનું તે સાંવત્સરિક દાન મહાદાન હોય તો સંખ્યાવાળું ન હોવું જોઈએ. કેમકે જો સંખ્યાવાળું હોય તો તેનાથી અધિક દાન દેવાવાળા પણ બીજા હોય અને તેથી તે અધિક દાન દેવાવાળાનું દાન તે જ મહાદાન કહેવાય, પણ તીર્થંકર મહારાજાનું નિયમિત સંખ્યાવાળું દાન તે મહાદાન કહેવાય નહીં, અને તીર્થંકરોનું અસંખ્યાતું દાન તો તમોએ માનેલું પણ નથી. કિન્તુ તીર્થંકર મહારાજાના દાનને સંખ્યાવાળું દાન તમોએ માનેલું છે. તમેજ શાસ્ત્રમાં જણાવો છો કે તીર્થંકર મહારાજા હરરોજ સૂર્ય ઉદયથી ભોજન વખત સુધી એટલે પહેલા પહોર સુધી સાંવત્સરિક દાન આપે છે અને તે દાનમાં પ્રતિદિન એક કોડને આઠ લાખ સોનૈયા તેઓ આપે છે અને એવી રીતે પ્રતિદિન દાનદેતાં વર્ષના ત્રણસોને સાઠ દિનના હિસાબે ત્રણ અબજ અને અટ્ઠાસી કોડ સોનૈયાનું દાન આપવામાં આવે છે. (આ જગા પર ધ્યાન રાખવાની જરૂર છે કે શાસ્ત્રોમાં સામાન્યરીતે કર્મમાસ કે જે નિરંશપણે ત્રીસ દિવસનો હોય છે, અને જે કર્મમાસની અપેક્ષાએ વર્ષના બરોબર ત્રણસોને સાઠ દહાડા સંપૂર્ણ થાય છે અને તે જ અપેક્ષાએ પ્રતિદિનના એકકોડ ને આઠલાખ સોનૈયાના દાનને ત્રણસો ને સાઠ ગુણા કરવાથી ત્રણ અબજ ને અટ્ઠાસી કોડ સોનૈયા થાય છે. એવી જ રીતે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાની તપસ્યા પણ જે સાડીબાર વર્ષે ગણાવેલી છે તે પણ કર્મવર્ષ અથવા કર્મમાસની અપેક્ષાએ જ છે.)

આવી રીતે જૈન શાસ્ત્રકારોએ જ્યારે ભગવાન તીર્થંકર મહારાજના સાંવત્સરિકદાનને સંખ્યાવાળું માનીને પણ મહાદાન તરીકે માન્યું છે. ત્યારે અન્યલોકોએ પોતાના મતને પ્રવર્ત્તાવવાવાળા મહાપુરૂષોનું દાન અસંખ્યાત એટલે સંખ્યા વગરનું માન્યું છે અને તેથી જ તેઓ પોતાના પ્રભુના દાનને યોગ્યરીતિએ અસંખ્યાત હોવાથી મહાદાન તરીકે કહેવડાવવાનો દાવો કરે છે. આવી શંકાના વચનો

સાંભળીને વસ્તુને યથાસ્થિત રીતે નહીં વિચારનારા મનુષ્યો જો કે તે અન્ય લોકોના કહેલા અસંખ્યાતદાનને માનવા તૈયાર થાય અને તેવા અસંખ્યાતાદાનને જ મહાદાન ગણી ભગવાન તીર્થંકર મહારાજના સંખ્યાવાળા દાનને મહાદાન નથી એમ માનવા તૈયાર થાય, પણ તેવી રીતે તૈયાર થનારાઓએ વિચારવું જોઈએ કે અસંખ્યાતાનું દાન જ અસંભવિત જ છે.

અસંખ્યાતની સંખ્યા કેટલી મોટી છે.

અહિંયાં સમજવું જોઈએ કે કર્મગ્રંથ અને અનુયોગદ્વાર વિગેરે શાસ્ત્રોમાં જણાવેલા અનવસ્થિત ૧ શલાકા ૨ પ્રતિશલાકા ૩ અને મહાશલાકા ૪ નામના ચાર પ્યાલાની રીતિએ અસંખ્યાતનું સ્વરૂપ જાણનારા સુજ્ઞ મનુષ્યો સમજી શકે તેવી સંખ્યામાં કે તેમાંથી માત્ર એક જ ઓછો ત્યાં સુધી તો અસંખ્યાત કહી શકાય જ નહિં તો પછી હોય તેવું ઉત્કૃષ્ટ સંખ્યાનું દાન પણ કોઈ દઈ શકે નહિં અને લઈ પણ શકે નહિ. ચક્રવર્ત્તિની છખંડની રાજઋદ્ધિ પણ અસંખ્યાતા ધનતરીકે નથી. તો પછી દાનમાં દેવાતી, લેવાતી લક્ષ્મીને અસંખ્યાતું કહી દેવું તે કેવલ અસંખ્યાતાની સ્થિતિને નહિં જાણવાનું જ પરિણામ છે.

ચક્રવર્ત્તી અને દેવતાઓથી પણ અસંખ્યાતા દાનનો અસંભવ.

ધ્યાનમાં રાખવું કે ચક્રવર્ત્તીના નવે નિધાનોમાં પણ અસંખ્યાત ઋદ્ધિ નથી. ચક્રવર્ત્તીનાં ચૌદ રત્નો પણ અસંખ્યાત ઋદ્ધિ રૂપ નથી. એટલે અન્યમતોના પ્રવર્ત્તક ચક્રવર્ત્તી પણ હોય તો પણ તે અસંખ્યાતનું દાન કરવાવાળો બની શકે નહિં. વળી દેવતાઓ અન્યસ્થાનોએથી સંહરીને જે લાવે તે પણ કાલનું પરિમિતપણું હોવાથી અસંખ્યાત ઋદ્ધિને સંહરીને પણ લાવી શકે નહિ. વળી દાનદેનારાના મહેલમાં પણ તે અસંખ્યાત ઋદ્ધિનો સમાવેશ થઈ શકે નહિ. તેમજ દાન દેવાવાળો પણ ક્રમસર ઋદ્ધિને દેતો હોવાથી અસંખ્યાતવાળું દાન દેવાવાળો બની શકે નહિં. લેવાવાળા પણ ગર્ભ જ મનુષ્યો બધા મળીને પણ અસંખ્યાતા હોય નહિં તો પછી છ ખંડ જેટલા ક્ષેત્રમાં તો અસંખ્યાતાનો સમાવેશ થાય જ ક્યાંથી ? અને જ્યારે છ ખંડમાં સર્વ મલીને પણ અસંખ્યાતા મનુષ્યોનો સમાવેશ ન થાય, તો પછી દાન લેવાવાળા અસંખ્યાત હોય એ માનવું એ કેવળ શ્રદ્ધાગમ્ય સિવાય બીજી રીતે તો ગમ્ય થાય જ નહિં અને તેવો યુક્તિથી બાહ્ય અને અસંભવિત પદાર્થ માનવો તે અંધશ્રદ્ધાવાળા સિવાય બીજાને શોભે જ નહિ.

સંખ્યાવાળું દાન છતાં મહાદાન કેમ ?

વાચકવર્ગને એ શંકા જરૂર થશે કે અસંખ્યાત ઋદ્ધિ નહિ હોવાથી, દાતારને અસંખ્યાત કાળનું દાન નહિ હોવાથી, અસંખ્યાત ઋદ્ધિનું સ્થાન દાતાર કે યાચક બન્નેમાંથી એકકેને નહિં હોવાથી, તેમજ યાચકોની સંખ્યા સંખ્યાતાની જ છે, પણ અસંખ્યાતની નથી. તેથી અસંખ્યાતાનું દાન ભલે અસંભવિત થાય, પરન્તુ ભગવાન જીનેશ્વરનું દાન થોડી સંખ્યાવાળું અને થોડા ટાઈમનું છે એ ચોક્કસ છે, તો પછી તેવા દાનને મહાદાન કેમ કહી શકાય? શું કોઈ મનુષ્ય આખો દિવસ તીર્થંકર જેવું દાન આપે અને એકથી વધારે વર્ષ સુધી અખંડિત પણે આપે તો તે શું મહાદાન ન થાય ? અને તે જ અપેક્ષાએ તીર્થંકરનું અલ્પદાન ન ગણાય ? એક પ્રહોરે એક ક્રોડને આઠ લાખ સૌનેયા આપે છે. તે અપેક્ષાએ કોઈ વધારે આપે તો તે દાનને જ મહાદાન કેમ ન ગણવું ?

તે કરતાં વળી એ વધારે વિચારવાનું છે કે ભગવાન જીનેશ્વર મહારાજાઓને તો માત્ર એક વર્ષ સુધી જ દાન દેવાનું છે અને વર્ષ પછી સર્વસાવદ્યનો

ત્યાગ કરી પ્રવ્રજિત થવાનું છે અને પ્રવ્રજિત અવસ્થામાં એ દ્રવ્યનું દાન બનવાનું નથી, એ ચોક્કસ છે. તો પછી વર્ષ કરતાં અધિક મુદત સુધી અને દરરોજ એક ક્રોડ ને આઠ લાખ સોનૈયા કરતાં વધારે અગર તેવી જ રીતે આખો દિવસ દાન દેનારો કોઈ હોય તો તેના દાનને મહાદાન કહેવું જ પડે, અને તે અપેક્ષાએ તીર્થંકર મહારાજાઓનું દાન તે અલ્પદાન ગણાય. આવું સુજ્ઞવાચકવૃંદે મનમાં લાવવું જ નહિં. કારણ કે ભગવાન તીર્થંકર મહારાજાઓનું પ્રતિદિન એક પહોર સુધીમાં જે એક ક્રોડને આઠ લાખ સોનૈયાનું દાન થાય છે, તે દાન એક પહોરની અપેક્ષાએ અને એક ક્રોડ ને આઠ લાખની અપેક્ષાએ જ મહાદાન તરીકે ગણેલું નથી. તેમજ લાગલાગટ ત્રણસો સાઠ દિવસ લગી તે પ્રમાણે દેવાય છે તેથી પણ ભગવાન તીર્થંકરોના દાનને મહાદાન તરીકે ગણેલું નથી. ભગવાન જીનેશ્વરોના દાનને મહાદાન તરીકે ગણવાનાં કારણો નીચે પ્રમાણે જાણવાં.

તીર્થંકર મહારાજાનું દાન ઇચ્છા પ્રમાણે મલે.

૧. ભગવાન તીર્થંકર મહારાજના દાનની વખતે શહેરના ત્રિક, શૃંગાટક, ચતુષ્ક, ચત્વર, રાજપથ, મહાપથ, વિગેરે દરેક સ્થાનોમાં એવી ઉદ્‌ઘોષણા કરવામાં આવે છે કે ભગવાન જીનેશ્વરની પાસે આવો અને તમારી જે ઇચ્છા હોય તે માગો, અર્થાત્ આ મહાદાનનો મૂલહેતુ કિમિચ્છકપણું છે. કિમિચ્છકપણાને સમજવાની સાથે સુજ્ઞ મનુષ્યોએ એ પણ સમજવાનું છે કે જેમ દેવતા પ્રસન્ન થયા છતાં ભક્ત મનુષ્યને વરદાન આપી જે જોઈએ તે માગવાનું કહે છે. છતાં તે ભક્તજનના મનોરથો પોતાના ભાગ્ય પ્રમાણે જ થાય છે, અને તેથી તે ભાગ્ય પ્રમાણેના વચનોથી જ દેવતા પાસે માગણી કરે છે. તેવી જ રીતે અહિંપણ શ્રીજીનેશ્વર ભગવાનના મહાદાનની વખતે સુર અને અસુરો સર્વત્ર ઉદ્‌ઘોષણા કરી યાચકોને ભગવાન તીર્થંકરોની પાસે લાવે છે, અને જે જોઈએ તે માગો તેમ સૂચવવામાં આવે છે, છતાં પણ તે યાચકો પોતાના ભાગ્યપ્રમાણે જ માગણી કરી શકે છે. તેથી કિમિચ્છકપણાના દાનનું અસંભવિતપણું રહેતું નથી. તેમજ એક જ મનુષ્ય બધું માગી લે તો પછી બીજાઓને તીર્થંકર મહારાજા ઋદ્ધિના અભાવને લીધે કંઈપણ આપી શકે નહિં એવા કુતર્કને પણ અત્રે સ્થાન રહેતું નથી.

ભવ્ય હોય તે જ દાન પામે.

૨. જગતના વ્યવહાર પ્રમાણે ઉત્તમ મનુષ્યોથી સ્પર્શાયેલી રજ પણ પવિત્ર ગણાય છે અને તે રજના સ્પર્શથી પણ અધમમનુષ્યો પોતાની અધમદશા છોડીને શુદ્ધદશાને પ્રાપ્ત કરે છે અને તે જ હિસાબે દરેક મતવાળાએ પોતપોતાના પૂજ્યપુરૂષોના સ્થાનોને પણ ઉત્તમ ગણી તેની યાત્રા કરવાનું રાખ્યું છે. તે હિસાબે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન કે જેઓના પરિણામ અનેક જન્મોથી જગતનું હિત કરવાના જ વર્ત્તી રહેલા છે. જગતમાં કોઈનું પણ અહિત કરવું એ તો જેઓને જન્માન્તરથી પણ બંધ થઈ ગયું છે, તેવા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોના કરસ્પર્શથી તે બાહ્યદ્રવ્ય કે જે પરિગ્રહરૂપ પાપનું સ્થાન છે. છતાં તે સુવર્ણ રજતાદિ બાહ્યદ્રવ્ય એટલું બધું પવિત્ર થાય છે કે તે ભગવાન જીનેશ્વર મહારાજાઓના હાથથી સ્પર્શીને દેવાયેલું સંવચ્છરીદાન ભવ્યજીવ જ મેળવી શકે છે. અર્થાત્ અભવ્યજીવો કે જેઓ કોઈપણ કાળે મોક્ષે જવાના નથી, તેમ મોક્ષે જવાને લાયક પણ નથી. તેવા અધમપુરૂષો તો ભગવાન જીનેશ્વરના દાનને પામતા જ નથી. અર્થાત્

જીનેશ્વર ભગવાનના સંવચ્છરીદાનને ગ્રહણ કરવું તે ખરેખર ભવ્યપણાની છાપ લેવા જેવું છે અને તેથી તે મહાદાન કહેવાય તેમાં આશ્ચર્ય નથી.

સ્ત્રીઓ સંવચ્છરી દાન ન લે.

૩. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને દેવાતું સંવચ્છરીદાન કેવળ પુરૂષોને જ લેવાનું હોય છે. કોઈપણ સ્ત્રીવર્ગને તે સંવચ્છરીદાન લેવાનું મન થતું જ નથી અને કોઈપણ સ્ત્રી તે લેવા જતી જ નથી. (આ વાતને સમજવાથી ભગવાન મહાવીર મહારાજના સંવચ્છરી દાનની વખતે દરિદ્રબ્રાહ્મણની સ્ત્રી તે સ્થાને હાજર છતાં સંવચ્છરીદાન કેમ ન મેળવી શકી અને શા માટે દાન સમ્પૂર્ણ થયા પછી પરદેશથી રખડીને નિર્ધનપણે આવેલા પોતાના ધણીને દાન વખતે પરદેશ જવા સંબંધી ઓલંભો આપ્યો. તેનો ખુલાસો અહિં બરોબર થઈ જશે. કેમકે સ્ત્રીઓને તે દાન લેવાનો અધિકાર નથી, તેમ તેણીઓને તેવી ભાવના પણ થતી નથી.

સંવચ્છરી દાનનો રોગનાશ ઉપર પ્રભાવ.

૪. જગતમાં અનેક વૈદ્યો અનેક સ્થાને અનેક રોગીઓની દવા કરવાવાળા હોય છે. છતાં જે વૈદ્યને યશકર્મનો ઉદય હોય છે તેના હાથે દેવાયેલી સામાન્ય દવાથી, પણ બીજાઓએ ઉંચા પ્રકારના અનેક જાતના ઔષધો આપ્યા છતાં તે બીજાઓના અપયશ કર્મને લીધે જે દરદો નાશ પામેલાં નથી હોતાં, તેવાં દરદોનો પણ નાશ થઈ જાયછે. તેવી રીતે ભગવાન જીનેશ્વર મહારાજના સંવચ્છરીદાનનો પણ એવો અચિંત્ય પ્રભાવ છે કે એ દાન લેનારને છ મહિના સુધી નવો રોગ થતો નથી અને તે દાન લેવાની વખત પહેલાં છ માસથી થયેલા રોગોની શાન્તિ થઈ જાય છે. આવી રીતના અપૂર્વ પ્રભાવવાળા દાનને મહાદાન કહેવામાં સુજ્ઞમનુષ્ય તો કોઈ દિવસ આંચકો ખાય જ નહિ. (ધ્યાન રાખવાની જરૂર છે કે દ્રવ્યક્ષેત્રાદિકને પામીને જેમ તે તે દ્રવ્યક્ષેત્રાદિક અશુભ હોય તો તે અશુભ દ્રવ્યક્ષેત્રાદિકને લીધે અશાતાવેદનીયનો પ્રચુર ઉદય થાય છે. તેવી જ રીતે શુભ દ્રવ્યક્ષેત્રાદિકનો સંબંધ થતાં તે અશાતાવેદનીયનો ઉદય રોકાઈને શાતાવેદનીયનો ઉદય પોતાનું જોર દર્શાવે છે. તેથી ભગવાન્ તીર્થંકરમહારાજના હાથથી સ્પર્શીને આવેલું દ્રવ્ય શુભદ્રવ્યરૂપે હોય અને તેથી છ માસ સુધી તેનો પ્રભાવ રહે, અને રોગોત્પત્તિ ન થાય તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી. ઔષધાદિકની માફક તે સંવચ્છરીવાળા દ્રવ્યથી પહેલાંના છ માસના રોગો નાશ પામે તેમાં પણ કંઈ આશ્ચર્ય નથી.)

દેવતાઓનું પણ સંવચ્છરી દાન માટે યાચકપણું.

૫. જગતમાં એ વાત તો જાણીતી છે કે-દેવતાઓ મનુષ્યોને વરદાન દઈને નવી નવી વસ્તુઓ અર્પણ કરે છે, પણ દેવતાઓ કોઈની પણ આગળ યાચક તરીકે આવતા નથી, છતાં ભગવાન જીનેશ્વર મહારાજાઓના સાંવત્સરિકદાનોમાં તો તેવા દેવતાઓ પણ યાચક તરીકે આવીને ઇચ્છા પ્રમાણે દાન લઈ જાય છે. અર્થાત્ કહેવું જોઈએ કે જો કોઈ પણ દાનને મેળવવા માટે દેવતાઓ તરસતા હોય, તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોનું સાંવત્સરિકદાન જ છે. આ અપેક્ષાએ પણ તીર્થંકર ભગવાનના દાનને મહાદાન કહેવું એ વ્યાજબી જ ગણાય.

દાન લેવાથી ધર્મપ્રેમી અને તત્વપ્રેક્ષકપણાંની પ્રાપ્તિ.

૬ ઉપર જણાવેલા પાંચ કારણો કરતાં છઠ્ઠુ કારણ

(જુઓ પા. ૩૭૪)

પ્રશ્ન ૯૧૦-જે વખતે પૂનમે ચોમાસી થતી હતી ત્યારે ચૌદશે પક્ખી અને પૂનમે ચોમાસી થતી હતી અને હમણાં ત્રણ ચોમાસીએ પક્ખી નથી થતી, તેથી પક્ખી પડિક્કમણાની સંખ્યા ઘટી તેનું કેમ?

સમાધાન- ચૌદશે પક્ખી અને અષાઢી આદિ પૂનમે ચોમાસીએ નિયમ હતો, પણ પૂર્વધરોએ આચરણા ચૌદશે ચોમાસીની કરી, તેથી પક્ખી તે દિવસે નથી થતી. પક્ખી ચોમાસી ભેગાં ન થાય તેથી તે પક્ખી બંધ કરી. આચરણને બહાને વર્તમાનમાં શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવી દઈ પર્વો ઉડાવવાની કોઈ વાત કરે તો તે માર્ગ કહેવાય નહિ. શું કાલકાચાર્ય મહારાજે એક દિવસ સંવચ્છરીમાં સકારણ પાછળ કર્યો તો એ બહાને નિષ્કારણ અલ્પજ્ઞ એક દિવસ વળી પાછળ કરી લે ? કલ્પનાથી આઠ દિવસની ઓળી અને સાત દિવસની અટ્ઠાઈ પણ તે ભેળસેળ તિથિવાળાને માનવી પડશે. રૂપૈયામાં આનો સમાય તો પછી પક્ખી ચોમાસી અને સંવચ્છરી એ દિવસ કેમ કરાય છે ? તથા સંવચ્છરી કરનારને રાઈદેવસી આદિ કરવાની જરૂર શું નહિ રહે ?

પ્રશ્ન ૯૧૧ - મેઘકુમારના જીવે હાથીના છેલ્લા ભવમાં દાવાનળથી બચવા માટે માંડલાં ત્રણ કર્યાં કે એક કર્યું ?

સમાધાન - સામાન્ય રીતે કલ્પસુબોધિકા વગેરેમાં એક માંડલું કર્યું અને કહે છે, વર્ષાના આદિ મધ્ય અને અંત્ય ભાગમાં તે એક માંડલાના તૃણવૃક્ષાદિનો નાશ કરતો હતો એમ કહે છે, પણ મલધારિ મહારાજ શ્રી હેમચંદ્રજી ભવભાવનામાં ત્રણે માંડલાં ત્રણે વખત જુદાં જુદાં જણાવે છે અને સાથે જણાવે છે કે પહેલું અને બીજું માંડલું ભરાઈ ગયેલું દેખીને ત્યાંથી પાછો વળી ત્રીજે માંડલે ગયો.

પ્રશ્ન ૯૧૨ - શાસ્ત્રકારો નિરંશ હોવાથી કર્મમાસ વ્યવહારમાં લેવાનું કહે છે તો ધાર્મિકપર્વોની આરાધના કયા માસની અપેક્ષાએ કરવી ?

સમાધાન - પાક્ષિક ચૌમાસી અને સંવચ્છરીમાં पन्नेरसाहं राइंदियाणं एक्कसयबीसराइंदियाणं અને तिन्निसयसट्ठीराइंदियाणं એમ અનુક્રમે બોલાય છે તે જો કર્મમાસની અપેક્ષા ન લઈએ તો બોલી શકાય જ નહિં. કારણ કે નક્ષત્ર ચંદ્ર સૌર કે અભિવર્ધિતમાંથી કોઈપણ માસની અપેક્ષા લેતાં બરોબર પંદર, એકસો વીસ અને ત્રણસે સાઠ દિવસ પક્ષ વગેરેમાં થાય

જ નહિ. એટલે પક્ષ વગેરેના રાત્રિ દિવસ જે સંખ્યામાં બોલાય છે તે કર્મ માસની અપેક્ષાએ જ બોલાય છે.

પ્રશ્ન ૯૧૩ - બીજ પાંચમ આઠમ અગ્યારસ આદિ તિથિઓ ચંદ્રમાસની તિથિઓની અપેક્ષાએ થાય કે કર્મમાસની અપેક્ષાએ થાય ?

સમાધાન - શાસ્ત્રકારો ચોક્ખા શબ્દોથી તિથિની ઉત્પત્તિ ચંદ્રના ચાર ઉપરથી જ જણાવે છે માટે બીજ આદિ તિથિઓ ચંદ્રમાસની અપેક્ષાએ થાય છે. પક્ખી ચૌમાસી અને સંવચ્છરી જે કર્મમાસની અપેક્ષાએ પનરસઆદિ દિવસોવાળા બોલાય છે તેની પણ ચૌદશ આદિ તિથિઓ તો ચંદ્રના ચારની અપેક્ષાએ જ લેવાય છે અને તેમાં ચંદ્રની અપેક્ષાવાળી તિથિઓ પણ પન્નર વગેરે જરૂર હોય છે. જૈનજ્યોતિષ પ્રમાણે તિથિનો ક્ષય જો કે દરેક બાસઠમે દિવસે થાય છે. છતાં તિથિ ત્યાં નાશ પામતી નથી. માત્ર જે તિથિ સૂર્યોદયને ફરસતી નથી તેનો ક્ષય થયો એમ જૈનજ્યોતિષ માને છે. એટલે જેમ કર્મ માસમાં પક્ષ આદિના પન્નર આદિ દિવસો હોય છે તેમજ પાક્ષિક આદિ પ્રતિક્રમણોની વચ્ચે તિથિઓ પણ પન્નર વગેરે બરોબર થાય છે. એટલે તિથિ ક્ષય પામે ત્યારે સૂર્યોદય તે તિથિમાં ન હોય, પણ તિથિનો નાશ તો છે જ નહિં અને એવી જ રીતે લૌકિકટીપ્પણા પ્રમાણે તિથિ વધે તો પણ તે પડવા બીજ આદિ પન્નર તિથિયોને નામે જ હોય છે. માટે બે સૂર્યોદયને ફરસનારી તિથિ વધી કહેવાય તે પડવા આદિ પન્નરથી અન્ય કોઈ સોલમી તો તિથિ હોય જ નહિં. માટે પન્નર આદિ બોલવું તે જ વ્યાજબી છે.

પ્રશ્ન ૯૧૪ - બીજ આદિ તિથિઓની જ્યારે આરાધના કરવાનું શાસ્ત્રકારો કહે છે ત્યારે તે તે બીજ આદિ તિથિઓનો આરંભ જ્યારે જ્યારે થાય ત્યારે ત્યારે તે તે બીજ આદિ તિથિઓના શીલ આદિ નિયમો શરૂ કરવા અને તે તે તિથિઓ સમાપ્ત થાય ત્યારે ત્યારે તે શીલ આદિના નિયમો પૂરા કરવા એ વ્યાજબી કેમ ન માનવું ?

સમાધાન - શાસ્ત્રકારોએ પક્ખી ચૌમાસી અને સંવચ્છરી માટે ઉપવાસ છટ્ઠ અને અટ્ઠમની તપસ્યા કરવાની જરૂર જણાવી છે અને તે ઉપવાસ આદિ પચ્ચક્ખાણોમાં સૂરે ઉગ્ગએ આદિ પદો રાખેલાં છે, તેથી બીજ આદિ તિથિઓની આરાધના કરનારે શીલ આદિના નિયમો સૂર્યોદયથી શરૂ કરવા જ જોઈએ અને બીજો સૂર્યોદય થાય ત્યાં સુધી પાલવા જ જોઈએ. વળી શાસ્ત્રોમાં આઠમ ચૌદશ પૂનમ અને અમાવાસ્યાને દિવસે સંપૂર્ણ પૌષધ પાળવાનું જણાવેલ છે અને સંપૂર્ણ પૌષધવ્રત પણ સંપૂર્ણ અહોરાત્રને અંગે છે. રાત્રિભોજનની વિરતિ પણ સૂર્યના આથમવા પછી થતી રાત્રિને અંગે જ છે, માટે વ્રતપચ્ચક્ખાણમાં સૂર્યના ઉદય અસ્તનો જ પૂરો સંબંધ છે, એમ માનવું જ જોઈએ. જો કે અહોરાત્રની ઉત્પત્તિ સૂર્યના ઉદય અને અસ્તથી જ છે પણ સૂર્ય માસ ૩૦॥ દિવસનો હોવાથી તેને સૌરતિથિ કહેવાય જ નહિ. અર્થાત્ ક્ષમણક આદિનો ઉચ્ચાર કર્મમાસની અપેક્ષાએ તિથિઓની આરાધના ચંદ્રમાસની અપેક્ષાએ અને વ્રતનિયમાદિ અહોરાત્રની અપેક્ષાએ કરાય છે. આમ હોવાને લીધે ઋતુમાસ જ્યારે બે થાય ત્યારે એક અવમરાત્ર માનીને તેની આગલી તિથિને ક્ષીણ માનવાની જરૂર થઈ જાય છે પણ વૃદ્ધિ તો તિથિની હોય જ નહિં, પણ શાસ્ત્રોમાં જે અતિરાત્ર કહીને વૃદ્ધિ જણાવે છે તે તિથિની વૃદ્ધિ માટે કે સૂર્ય દિવસની વૃદ્ધિ માટે નથી પણ અહોરાત્રની વૃદ્ધિ માટે છે. જો તિથિ લઈએ ૫૫$^{૬}/_{૬૨}$ વધવી જોઈએ અને સૌર દિવસ લઈએ તો ૬$^{૧}/_{૬૨}$ દિવસ વધે માટે અહોરાત્ર જ છે વધે એમ સમજવું.

પ્રશ્ન ૯૧૫ - તું બાલક છે અણસમજું છે અને ધર્મનો અજાણ છે એવા માતાપિતાના કથનના ઉત્તરમાં જાણું છું તે નથી જાણતો અને નથી જાણતો તે જાણું છું એમ જે કહેવું તે વ્યાજબી છે ?

સમાધાન - અતિમુક્તમુનિ માતાપિતાને એમ જણાવે છે કે રાગ અને દ્વેષ એ બે આલવાળો હોય તે બાલ કહેવાય, પણ હું તો રાગદ્વેષને ટાળવા તૈયાર છું અને તેમાં ખરી સમજણ મરણથી બચવામાં ગણાય અને દુર્ગતિથી આત્માને બચાવવામાં સમજણ ગણાય. તેમાં આયુષ્યના અભાવથી મરણ થાય છે એ સમજું છું, પણ મારૂં મરણ ક્યાં કેમ કેટલે કાલે અને ક્યારે થશે ? એ હું જાણતો નથી (અર્થાત્ અનિયમિતપણે મરણ આવે છે માટે સમજની સાથે જન્મમરણને ટાળનાર સંયમમાર્ગ લેવો જોઈએ.) વળી કઈ પ્રકારના કર્મો જીવો બાંધે છે કે જેથી જીવો નારક તિર્યંચ મનુષ્ય અને દેવની ગતિમાં ભમે છે, તે નથી જાણતો છતાં પણ પોતાના કર્મોથી જીવો ચારે ગતિમાં ભમે છે એમ જાણું છું, (અર્થાત્ ચારેગતિમાંથી બચવા માટે મારા આત્માને સંયમમાં જોડી દઉં છું કે જેથી તે કર્મો લાગે જ નહિ. આવી રીતે પોતાનામાં બાલપણાનો અભાવ જણાવી મરણની અનિયમિતતાથી સંયમની ઉતાવળ અને કુટુંબનું અશરણપણું જણાવી ચારેગતિથી બચાવનાર સંયમનું શરણપણું જણાવ્યું, તેથી મા-બાપે દીક્ષા અપાવી.) આ હકીકત માટે જુઓ અંતગડસૂત્ર ૨૪

अतिमुत्तं कुवारं अम्मापितरो एवं व०-वालेसि ताव तुमं पुत्ता ? असंबुद्धेसि०, किं तुमं जाणसि धम्मं ? तते णं से अतिमुत्ते कुमारे अम्मापियरो एवं व० - एवं खलु अम्मतावा ? जं चेव जाणामि तं चेव न याणामि, जं चेव न याणामि तं चेव जाणामि, तएणं तं अइ मुत्तं कुमारं अम्मापियरो एवं व० - कहं न तुवं पुत्ता ! जं चेव जाणासि जाव तं चेव जाणसि ?, त० सेअतिमुत्ते कुमारे अम्मापियरो, एवं०-जाणामि अहं अम्मतातो! जहा जाएणं अवस्स मरियव्वं, न जाणामि अहं अम्मतातो ! काहे वा कहिं वा कहं वा केचिरेण वा ?, न जाणामि अम्माताओ ? केहिं कम्मायायणेहिं जीवा अेरइयतिरिक्ख जोणिमणुस्सदेवेसु उववज्जंति जाणामि णं अम्मातओ ! अहा सतेहिं कम्माणेहिं जीवा नेरइय जाव उववज्जंति.

(અનુસંધાન પા. ૩૭૪ થી ચાલુ)

સુજ્ઞપુરૂષોએ ઘણું જ સમજવા જેવું છે અને તે છઠું કારણ એ છે કે ભગવાન જીનેશ્વર મહારાજાએ આપેલું સાંવત્સરિકદાન જે જે દેવતા કે મનુષ્યના હાથમાં જાય તે તે દેવતા કે મનુષ્ય તે લીધેલા દાનના પ્રભાવે જ શુદ્ધ ધર્મકાર્યને વિષે ઉદ્યમ કરવાવાળા જ થાય છે. એટલું જ નહિ પણ તે દેવતા અને મનુષ્યો તે સાંવત્સરિકદાનમાં મળેલા દ્રવ્યના પ્રતાપે જ હેય અને ઉપાદેય પદાર્થોને હેય ઉપાદેય પણે યથાસ્થિત રીતિએ જાણવાવાળા થાય છે. ઉપર જણાવેલી હકીકત ધ્યાનમાં લેનારા સજ્જનો તીર્થંકર મહારાજનું જે સાંવત્સરિકદાન તે મહાદાન કેમ કહેવાય છે તે સ્હેજે સમજી શકશે અને એ સાંવત્સરિકદાનનું મહાદાનપણું સમજવાથી બાહ્ય દ્રવ્યદાન દેવામાં પણ ત્રિલોકનાથ તીર્થંકર મહારાજાઓ કેવા પરોપકારને પ્રગટાવનારા થાય છે તે સમજી શકાશે. આવી રીતે સંવચ્છરી દાન દ્વારાએ ભગવાન જીનેશ્વરનું પરોપકાર લીનપણું વિચારી હવે નમિ વિનમિને અંગે જે પરોપકાર લીનપણું તે ભગવાન ઋષભદેવજી મહારાજને અંગે વિચારવાનું છે તે વિચારીએ.

ગતાંકથી ચાલુ

पुत्थंतरनिण्णयओ जेसलमेरुमि कूडलिहणाओ। खीणसरा। संजाया खरयरया जेण बहुखायं ॥४८॥ व्याख्या-पुस्तकान्तरनिर्णयात्-खरतर-लिखितपुस्तकादन्यस्मात् पुस्तकाद् नारदपुर्यादिभ्यः समानीतपुस्तकाद् यो निर्णयस्तस्मात् प्रासादेषु शिलोत्कीर्णवर्णलिखनादेश्च जेसलमेरौ कूटलिखनं जनप्रसिद्धं जातं तस्माद् बहु ख्यातं यथा स्यात् तथा खरतराः क्षीणस्वराः मान्द्यरोगग्रस्ता इवोच्चैः स्वरेण वक्तुमप्यशक्ताः संजाताः

ખરતરે લખેલા પુસ્તકથી બીજું જે નાડલાઈ આદિથી લવાયેલા પુસ્તકથી જે નિર્ણય થયો અને જિનમંદિરોમાંના શિલાલેખોના અક્ષરોના સદ્‌ભાવથી જેસલમેરમાં તે ખરતરોનું ખોટું લખાણ કરવાનું કરતુત ખુલ્લું થયું અને સેંકડો જનોમાં જાહેર થયું અને તેને લીધે ખરતરો એવા થઈ ગયા કે ઉંચે સ્વરે બોલવાની પણ તેઓમાં તાકાત રહી નહિં. ભગવાન મહાવીર મહારાજના શ્રીગુણચંદ્રસૂરિજી કે જેઓ શ્રીજિનેશ્વરસૂરિના શિષ્ય શ્રી અભયદેવસૂરિમહારાજના પ્રસન્નચંદ્રના કથનથી ચરિત્રને કરનારા છે તેઓ પોતાની પરંપરા જણાવતા साहाई तस्स चंदे कुलंमि એમ જણાવે છે. પરંતુ ખરતરપણાનું નામનિશાન પણ જણાવતા નથી. સુજ્ઞપુરુષો સ્હેજે સમજી શકશે કે જો શ્રી જિનેશ્વરસૂરિજીથી ખરતરગચ્છ નીકળ્યો હોત કે તેઓને જો ખરતરોનું કલ્પેલું ખડતલના પરાવર્ત્તનમાં થયેલું ખરતર બિરૂદ મળ્યું હોત તો શ્રી ગુણચંદ્રસૂરિજી જરૂર ચાંદ્રકુલની માફક ખરતરગચ્છને પણ જણાવત અને જ્યારે શ્રી જિનેશ્વરસૂરિજીની પરંપરાવાળા જ શ્રી ગુણચંદ્રસૂરિજી પોતાને ખરતરની પટ્ટપરંપરામાં કે તે ગચ્છમાં ન જણાવે તો પછી निम्मला અને सुविहिया साहुसंतई એ માત્ર ગુણને જણાવનાર જ વિશેષણ તરીકે રહે અને खरयरी કે खरयरिया લખી નાંખનારા ખોટા દસ્તાવેજ બનાવનારા જેવા જ ખરતરો ગણાય તેમાં આશ્ચર્ય શું ? આ વાત તો ખરતરોને પણ કબુલ જ છે કેમકે શ્રી જિનેશ્વરસૂરિજીએ જ ૧૦૮૦ માં જાવાલમાં બનાવેલ શ્રી અષ્ટકજીની ટીકા શ્રી જિનચંદ્રસૂરિજીની સંવેગરંગશાલા અભયદેવસૂરિજી મહારાજના અનેક વિવરણો તથા શ્રી જિનેશ્વરસૂરિજી અને શ્રી અભયદેવસૂરિજીની પરંપરાવાળા આચાર્યોના ગ્રંથો યાવત્ જિનવલ્લભ અને જિનદત્તના ગ્રંથોમાં પણ ખરતરગચ્છ તરીકેનું નામનિશાન જ નથી. ખરતરની ખાંપણને તો જિનપતિ પછી જ પ્રખ્યાતી મળી છે. એ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે શ્રી જિનેશ્વરસૂરિથી ખરતર નીકળ્યા જ નથી. આ બધી હકીકત માત્ર સત્યતાની ખાતર લખવી પડે છે. બાકી તો જૈની નામ ધરાવનાર કે ભગવાન મહાવીર મહારાજના શાસનમાં ગણાતા જીવો કંઈ ઉત્તમ જ હોય અને અધમ કે અધમાધમ ન હોય તેમ નથી. માટે શ્રી જિનેશ્વરજીથી ખરતરો થયા હોય તો પણ જિનવલ્લભ અને જિનદત્તની હલાહલ વિષ જેવી પ્રરૂપણાનું પાન કરનારો ગચ્છ થાય તો તે આખોએ પૂર્વજના નામને અજવાલી દિશાએ લઈ જવા કરતાં અન્ય દિશાએ જ લઈ જાય છે. ખરતરોનો ધંધો મોટાના નામે ચરી ખાવાનો હોવાથી જ તો उपदेशसमति કરનારને येभ्यः प्रतिष्ठामापन्नो, गच्छः खरतराभिधः એમ શ્રી અભયદેવસૂરિજીના વર્ણનમાં લખવું પડ્યું અને મહારાજ વિજયદાનસૂરિજીને પ્રઘોષે કહેવડાવે છે એમ જણાવવું પડ્યું. ખરતરો પણ ખરતરની ઉત્પત્તિથી અભયદેવસૂરિજીથી તો માનતાં નથી અને શ્રી અભયદેવસૂરિ મહારાજ પોતાને ખરતરગચ્છીય તરીકે જણાવતા નથી તો પછી ખરતરગચ્છની પ્રતિષ્ઠા શ્રી અભયદેવસૂરિજીથી શી રીતે થઈ ગણાય ? પરંતુ ઉપર જણાવ્યું તેમ જિનપતિએ પોતાના કે પોતાના પૂર્વજોના નામે પણ પ્રતિષ્ઠા મેળવી શકાય તેમ ન રહ્યું તેથી શ્રી અભયદેવસૂરિજીને નામે અને શ્રી જિનેશ્વરસૂરિજીના બહાને પ્રતિષ્ઠા

મેળવવા માંડી અને એ પ્રતિષ્ઠાની લાલચમાં જ ખરતર નામધારી ભવભયને નહિં ધારણ કરનારે શ્રાવક પ્રતિક્રમણવૃત્તિમાં અને શ્રી મહાવીર ચરિત્રઆદિમાં ખોટાં વિશેષણો ઘુસેડયાં. આ વાત મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજીના હાથમાં આવી અને પછી તેઓશ્રીએ તે ખરતરોના સ્થાને સ્થાને હાલહવાલ કર્યા. ખરતરોને તેથી તે મહાપુરુષ સામે ધૂલ ઉડાવવાનું થયું. સૂર્ય જેમ ધૂળ ઉછાળનારને ગણે નહિં તેમ સૂર્યની કિંમત કરનારા પણ તેના ઉછાળનારને ગણતા નથી. તેવી રીતે આત્મકલ્યાણના ખપી થઈને સાચા માર્ગને ગણનાર જીવો આ પ્રવચન પરીક્ષા જે વાસ્તવિક રીતે કુપક્ષકૌશિકસહસ્રકિરણ છે તેની કિંમત સમજશે અને તે યોગ્ય જ છે.

ખરતરના જિનપતિની કલ્પનાનાં બીજો ક્યાં અને તે ચીજોનો વપરાશ કેવી રીતે કર્યો ? તે વિચારીએ.

૧ અષ્ટકજીની ટીકામાં આપેલો જે ૧૦૮૦ સંવત્સરની સંખ્યા ઉપયોગમાં લીધી. (જો કે તે ૧૦૮૦ની વખતે આચાર્ય મહારાજ શ્રી જિનેશ્વરસૂરિજી શ્રી બુદ્ધિસાગરજી આચાર્ય અને ભગવાન અભયદેવસૂરિજી એ ત્રણે જાવાલમાં છે.) આચાર્ય મહારાજ શ્રી જિનેશ્વરસૂરિજીએ તે કાલમાં જાવાલમાં શ્રી અષ્ટકજીની ટીકા રચી છે શ્રી અભયદેવસૂરિજીએ તે સુધારી છે અને મહારાજ બુદ્ધિસાગરજીએ બુદ્ધિસાગર નામનું વ્યાકરણ પણ ૧૦૮૦ માં જાવાલમાં જ રચેલું છે. વળી એ બીના પણ સ્હેજે સમજાય તેવી છે કે જો તે શાલમાં પાટણમાં ચૈત્યવાસીયો સાથે વાદ થયો હોય અને જીત મેળવીને વસતિવાસ સ્થાપન કરતાં જીત મળી હોય તો તે શહેર અને તે જીલ્લો સામાન્ય રીતે છોડત જ નહિ.

૨ પ્રભાવકચરિત્રમાં દુર્લભ રાજાને પુરોહિતે કરેલી વિનંતીથી તથા ચૈત્યવાસિયોની અનુકૂલતાથી વસતિવાસને માટે મળેલી જગ્યાનો અધિકાર છે. તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ટીકામાં ઘણુ તેને અનુસરતો જ અધિકાર છે તેને ખરતર જિનપતિએ ચૈત્યવાસિઓનો વાદવિવાદ અને જીત કલ્પી લીધાં. ચૈત્યવાસિયોએ સ્વપ્ને પણ નહિં ધાર્યું હોય કે ભગવાન જિનેશ્વરસૂરિજીને જે અનુકૂલતા રાજાના અનુરોધથી કરી આપીએ છીએ તેને બદલે આ ખરતરો આ લોકોએ હરાવ્યા એવો અર્થ ઉઠાવશે. અર્થાત્ આમાંથી ખરતરો થશે અને તેમાં અમોને હાર ખાનારા કહી વગોવવા જેટલા હરામખોર પાકશે. વળી રાજા દુર્લભસેને કલ્પનામાં પણ નહિં લીધું હોય કે મારા વડીલો તરફથી ચૈત્યવાસિઓને પાટણમાં બીજા પક્ષવાળાને પેસવા ન દેવા એવું જે લખી આપવામાં આવ્યું છે તેનો બચાવ થાય અને પુરોહિતની વિનંતીનો તથા ગુણિ સત્કારનો લાભ પણ મળે એમ ધારી હું ચૈત્યવાસિઓના પક્ષને અનુરોધ કરીને આ ગુણિજનોને ચૈત્યવાસિઓએ કહેલે સ્થાને વસાવું છું તેનો ઉપયોગ ભવિષ્યમાં પાકનારા ભદ્રંભદ્રો ચૈત્યવાસિઓની જીતના બિરૂદમાં ફેરવશે. સુજ્ઞપુરૂષો ખરતરોને પૂછી શકે છે કે શ્રી જિનેશ્વરસૂરિજીની પહેલાં પાટણમાં વસતિવાસિઓનો કયા કારણથી પ્રવેશ રોકાયો હતો ? વસ્તુસ્થિતિથી જો ચૈત્યવાસિઓના પક્ષને લીધે રોકાયો હતો એમ, હોય તો પછી વિવાદ અને જીતની કલ્પના એ ગામમાં પેસવાના સાંસા અને પટેલને ઘેર પાણીનો ઉખાણો જ સફલતા પામ્યો. કદાચ કહેવામાં આવે કે કોઈક વખત ચૈત્યવાસિઓએ વસતિવાસીને પાટણમાં હરાવ્યા હોય અને તેથી વસતિવાસિઓને પાટણ છોડવું પડ્યું હોય તો શું જિનેશ્વરસૂરિજીને પૂર્વજોની પ્રતિજ્ઞાના લોપક માનો છો ? કહો કે પ્રતિજ્ઞા જાળવવાની ખાતર મલ્લવાદિજીને ભરૂચમાં જ બૌદ્ધો સાથે વાદ કરી મેળવવી પડી. તેમ શ્રી જિનેશ્વરસૂરિજીને બીજે સ્થાને પણ વાદ કરીને જીત મેળવવી પડત, વસ્તુસ્થિતિએ ચૈત્યવાસિઓ સાધુના

આચારને ન પાળવાવાળા છતાં સાધુના આચારને જ કહેનારા હોવાથી ચૈત્યવાસ અને વસતિવાસનો વિવાદ થવાનો સંભવ જ નથી. ખરતરના ગણધરસાર્ધશતકને વાંચનારાઓને માલમ હશે કે જિનવલ્લભના ગુરૂ કૂર્ચપુરગચ્છીય જિનેશ્વરને ત્યાં અને સોમચંદ્ર (જિનદત્ત)ના ગુરૂ સર્વદેવને ત્યાં સાધુ આચારની જ વ્યાખ્યા હતી. વળી શ્રી દ્રોણાચાર્ય કે જે ચૈત્યવાસિઓના આગેવાન હતા. તેમણે કરેલી શ્રી ઓધનિર્યુક્તિની ટીકા છે. તેમાં એકકે ગ્રંથમાં વસતિવાસનો નિષેધ કે ચૈત્યવાસનું વિધાન નથી. શાસ્ત્રમાં સ્પષ્ટ છે કે પાસત્થાદિકો પ્રરૂપણાઓ તો સાચા જ હોય છે અને એટલા જ માટે યથાછંદોને જુદા પણ પાડ્યા છે. તત્ત્વ એ છે કે ચૈત્યવાસ અને વસતિવાસનો વિવાદ જ નહોતો, ક્રિયા ભેદ તો જરૂર હતો. વળી જો આવો વિવાદ થયો હોત તો શ્રી અભયદેવસૂરિજી પાટણમાં જ ચૈત્યવાસી દ્રોણાચાર્ય પાસેજ સૂત્રની ટીકાઓ શોધાવત નહિં અને તેઓ શોધી આપત પણ નહિં.

૩ આચાર્ય મહારાજ શ્રી અભયદેવસૂરિજી વિવરણો કરવામાં મુખ્ય પ્રવચનવાળા હોવાથી તેમને પોતાના કરવા માટે વાદની કલ્પના અને જીતની વાતમાં શ્રી જિનેશ્વરસૂરિજીને ખોટી રીતે સંડોવ્યા.

૪ પાટણની પરંપરા પ્રમાણે ૧૦૮૦ માં દુર્લભ રાજા ગાદી ઉપર જ નહોતો. કેમકે દુર્લભરાજા તો ૧૦૭૭।। વર્ષે મરી ગયો હતો. શું દુર્લભરાજા ખરતરની ખાતર ભૂત થઈને આવ્યો હશે ? જિનપતિની કલ્પનાઓ કહેવાય તો તો કોઈક નવાજ પ્રકારની છે. શ્રી દર્શનસપ્તતિની ટીકા વિગેરેથી દુર્લભ રાજાને ખરતરોએ પકડ્યો.

૫ રાજાના ભંડારની પણ વાદવિવાદ ન હોવાથી ખોટી કલ્પના જ છે. તે સમયમાં રાજાઓના વર્ણનમાં જૈનભંડાર તે રાજાઓ પાસે હતા તેનું નામનિશાન પણ નથી.

૬ કુમારિકાએ પુસ્તક કાઢયું અને તે દશવૈકાલિક હતું તે ઉપરથી વાદ થઈ જીત થઈ એ બધું શશશૃંગના ધનુષ્યવાળો આકાશકુસુમનો શેખરો પ્હેરીને આ વંધ્યાપુત્ર જાય છે એવી કલ્પનાની માળા જેવું જ છે. દશ વૈકાલિકમાં ચૈત્યવાસનું ખંડન નથી તેમ દરેક સૂત્રમાં મુનિયોની અકિંચનતા સિદ્ધ જ છે.

ખોટી રીતે જિનપતિએ ગબગોળા હાંક્યા તેથી જ મહોપાધ્યાય ધર્મસાગરજીને આ પ્રવચન પરીક્ષામાં ખરતરોનું વિશેષે ખંડન કરવું પડ્યું છે.

તા.ક. હજી પણ જો તપાગચ્છવાળાને શાંતિમાં રહેવા દેવા હોય તો ગણધરસાર્ધશતક વૃત્તિ અને દોલાવૃત્તિ જેવાં પુસ્તકોને ખરતરોએ જલશરણ કરી નાંખવાં તો પછી તેના ખોટા લેખો નહિં રહે અને આ પ્રવચન પરીક્ષા જેવાનાં લખાણો મૂલે નાસ્તિ કુતઃ શાખા જેવાં થઈ જશે. જિનચંદ્રની ચોપડી સમાલોચના માટે તેના પ્રકાશકે મોકલી છે તેથી જ આ નિબંધ છપાયેલી પ્રવચન પરીક્ષાને અંગે લખાયો છે.

આ પ્રવચન પરીક્ષામાં જણાવેલા દશ કુપાક્ષિકોમાંથી ફક્ત એક આ ખરતરોના અધિકારમાં જ તેની ઉત્પત્તિના સંવત્માં વિવાદ થયેલો છે. બીજા નવેની ઉત્પત્તિના વર્ષની સંખ્યામાં કોઈ વિવાદ આવેલો નથી અને કોઈએ તે વિવાદ ઉભો કર્યો પણ નથી. ખરતરો પોતાની ઉત્પત્તિ ૧૨૦૪ માં માની લે તો આ વિવાદ આપોઆપ શમી જાય. વળી આખી પ્રવચન પરીક્ષામાં જો મતની ઉત્પત્તિના કારણભૂત આચાર્યનો વિવાદ હોય તો તે કેવલ ખરતરો માટે છે. ખરતરો શ્રી જિનેશ્વર મહારાજ આદિને ખરતર કરાવવા ખોટી રીતે ન પકડે પણ उत्तमाः स्वगुणैः ख्याताः એ ન્યાયને ધ્યાનમાં રાખી જિનદત્ત આદિની ખ્યાતિ શ્રી જિનેશ્વરસૂરિજી અને શ્રી અભયદેવસૂરિજીના નામે

ન રાખતાં જિનદત્તાદિની પોતા તરીકે પ્રસિદ્ધિ રાખે તેમાં શું ખોટું છે ? જિનદત્તે પોતે તો શ્રી જિનેશ્વરસૂરિજીનો વાદ જીત કે બિરૂદ એકકે ગણધરસાર્ધશતક આદિમાં લીધું નથી અને ખરતરપણું પણ જણાવ્યું નથી. એ બધી લીલા તો ખરતરોના જિનપતિની છે અને તે જિનપતિની લીલાને જિનપ્રભ કે જે પાછળથી તો તપાગચ્છ અને તપાગચ્છીય આચાર્યની પરમભક્તિમાં આગળ થયો તેણે પૂર્વ અવસ્થામાં શણગારી દીધો તેથી જ મહોપાધ્યાયજીને આ પ્રવચન પરીક્ષા દ્વારા જિનપતિની લીલા ખુલ્લી કરવી પડી છે. અર્થાત્ ખરતરો જે કરે છે કે મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી પ્હેલાં કોઈએ પણ અભયદેવસૂરિજી ખરતરોમાં નથી થયા એવું કહ્યું નહોતું તે અક્ષરે અક્ષર સાચું છે. કેમકે જિનપતિ પહેલાં કોઈએ અભયદેવસૂરિજીને ખરતરગચ્છીય તરીકે જણાવ્યા જ નહોતા તો પછી તે વાતનું ખંડન હોય જ ક્યાંથી ? આ ગ્રન્થમાં ખરતરના વિશ્રામમાં એકલી શ્રી અભયદેવસૂરિજીની જ ચર્ચા નથી પણ અધિક ઉત્સૂત્ર ઊનઉત્સૂત્રઆદિ અનેક પ્રકારની ખરતર મતના અને અન્ય ગચ્છો આદિના લેખથી કરી છે. આ પ્રવચન પરીક્ષામાં સેંકડો ગ્રંથોની સાક્ષીઓ આપીને વિષયને સ્ફુટ બનાવવા સાથે પ્રાસંગિક ઈતિહાસને પણ બરોબર ગોઠવ્યો છે. એ હકીકત સાક્ષી આદિના લીસ્ટથી જણાશે અને કયા કયા મતની કયા કયા વિશ્રામમાં અને કઈ રીતિએ ચર્ચા કરી છે તે આ ગ્રંથમાં છાપેલા મૂલબીજક અને અનુક્રમથી માલમ પડશે. યદ્યપિ આ ગ્રંથની કિંમત વધારે લાગશે પણ આવા ચર્ચાત્મક ગ્રંથોનો પ્રચાર અલ્પ અને કોઈની મદદ નહિં લેવાને તે આભારી ગણવી. છેવટે સમગ્ર ગ્રંથને વાંચી વિચારી યથાસ્થિત તત્ત્વશ્રદ્ધા કરનારા ભવ્યજનો થાય એવી આશા રાખી વિરમું છું.

આનંદસાગર જામનગર વૈશાખ શુક્લ ૧૫.

(ગતાંકથી ચાલુ)

ગુરુમહાત્માઓની જાતીઆદીકે કરીને નિંદા કરે, હાંસી કરે, તેઓની સેવામાં હાજર ન રહે, તેઓને અહિત કરનારો થાય, તેમનાં છિદ્ર જુએ, કથંચિત્ પ્રમાદની સ્ખલના જો ગુરુની થઈ હોય તો લોકોની સમક્ષ બોલે, અને તેમનાથી પ્રતિકૂળ વર્તન કરે, તે ધર્માચાર્યનો અવર્ણવાદ કહેવાય માંહેમાંહે સહન ન કરતાં દેશાંતરે ચાલ્યા જાય છે. મંદમંદ ચાલે છે, ગુરુને અંગે પણ કઠોર પ્રકૃતિવાળા રહે છે, ક્ષણમાત્ર રાગદ્વેષવાળા થાય છે, ગૃહસ્થો તરફ પ્રેમ દર્શાવે છે અને સર્વનો સંગ્રહ કરે છે, એમ બોલવું તે સાધુનો અવર્ણવાદ કહેવાય.

પોતાના સ્વભાવને છૂપાવે, બીજાના છતા ગુણો પણ ઢાંકી દે, ચોરની માફક સર્વની શંકા કરતો ગૂઢ આચારવાળો હોય તે માયી કહેવાય. એ પાંચ પ્રકારે કિલ્બિષિકી ભાવના જાણવી. સૌભાગ્યની પ્રાપ્તિ માટે બાલકોને સ્નાન કરાવવું, હોમ કરાવવો, મસ્તક ઉપર હાથ ફેરવવો, રોગ શમાવવા લુણ બાળવું, યોગગર્ભિત ધૂપ કરવો, અનાર્ય આદિ વેષો કરવા, ઝાડ આદિને ચલાવવાં, ઉપદ્રવની શાંતિ માટે થૂત્કાર કરવો કે બંધમંત્રાદિકે બંધન કરવું તે કૌતુકકર્મ ગણાય. રાખ, માટી કે સૂતર વડે કરીને, મકાન, શરીર કે ભાજનઆદિની રક્ષા કરવી, અથવા અભિયોગ આદિ કરવા તે ભૂતિકર્મ કહેવાય. પૂછવું તે પ્રશ્ન અથવા જે પોતે અંગુઠામાં, કરડાયેલામાં, ચાટલામાં, તરવારમાં, પાણીમાં કે ભિંતવિગેરેમાં કલ્પવિશેષથી ક્રોધી કે શાંત થઈને જુએ અને તે દ્વારા ઉત્તર મેળવે તે પ્રશ્ન કહેવાય. સ્વપ્નમાં વિદ્યાએ કહેલું શુભાશુભ નિમિત્ત બીજાને કહે, ઘંટિકાયક્ષે કહેલું સાંભળી ડોમ્બિ બીજાને શુભાશુભ કહે છે તે પ્રશ્નાપ્રશ્ન કહેવાય. અતીત, વર્તમાન અને અનાગત ભેદે ત્રણ પ્રકારે શુભ અને અશુભનું નિમિત્ત હોય છે. આમાં શુભ અને અશુભપણું અધિકરણ થાય કે ન થાય તેની અપેક્ષાએ સમજવું. અર્થાત્ ફલની અપેક્ષાએ નહિં, માનસન્માનને માટે કૌતુકાદિને કરનારો અભિયોગિક કર્મ બાંધે છે, પણ અહંકાર રહિત શાસન-પ્રભાવના માટે અપવાદપદે તે કૌતુકાદિક કરે તો આરાધક થાય છે, ને તે કૌતુક આદિ કરનારો ઉંચ્ચગોત્ર બાંધે છે. હંમેશા ક્લેશ કરનારો, ક્લેશ કરીને પ્રશ્ચાતાપ નહિં કરનારો, અપરાધી અને નિરપરાધી બંનેને અંગે ખમાવ્યા છતાં પણ પ્રસન્ન નહિં થનારો જે જીવ તે ક્લેશી ગણાય છે. જેના પરિણામ આહાર, ઉપધિ અને શય્યામાં હંમેશાં લાગેલા રહે છે અને તે આહારઆદિકને માટે જ સાકાંક્ષપણે તપ અને ઉપધાન કરે છે તે સંતપ્તતપ કહીએ. નિમિત્તના ત્રણ ભેદોમાં એકેક નિમિત્ત સુખદુઃખાદિએ છ ભેદે છે. તે અભિમાન અને અભિનિવેશથી કહે તો આસુરીભાવના કહે છે. શક્તિમાન છતાં પણ પૃથ્વીઆદિકાયમાં જવા આવવામાં અત્યંત નિર્દય રહે અને તેમ કરીને પણ જે પશ્ચાતાપ ન કરે તે નિર્દય કહેવાય. દુઃખથી કંપતા બીજાને દેખીને કઠિન ભાવવાળો પોતે કંપે નહિ તેને વીતરાગોએ નિરનુકંપ કહેલો છે. પારમાર્થિકજ્ઞાનાદિમય માર્ગને જે દૂષિત કરનાર અને વિરુદ્ધ એવા માર્ગનો ઉપદેશ કરનાર એવો મનુષ્ય ઉન્માર્ગદેશક પોતાના અને પરના આત્માને અહિતકારી હોય છે. જ્ઞાનાદિ ત્રણ પ્રકારના માર્ગને જે દૂષિત કરે, સ્વભાવે મૂર્ખ છતાં પણ માર્ગ આચારનારાઓને દૂષિત કરે તે માર્ગદૂષક કહેવાય. વળી પંડિતમાની પોતાની તર્કશક્તિથી જ્ઞાનાદિમાર્ગને દૂષિત કરી, ઉન્માર્ગને પામે તે માર્ગવિપ્રતિપન્ન કહેવાય. મતિ વગેરેનો જુદા જુદા જ્ઞાન અને ચારિત્રના ભેદોમાં મુંઝાય અથવા બીજાઓની ઘણા પ્રકારની ઋદ્ધિ દેખીને મુંઝાય તે પણ મોહભાવના

કહેવાય. વળી જે સાચી રીતે કે કપટભાવે બીજાને મુંઝવે અને સમયાંતરે તેને જ મુંઝવીને આધીન કરી લે તે મોહભાવના.

આ ભાવનાઓને ભાવવાવાળો સાધુ જો સંયમવાળો હોય તો દુષ્ટ દેવોમાં જાય છે અને ત્યાંથી ચ્યવ્યો થકો પણ અનંતા સંસારસમુદ્રમાં રખડે છે - ચારિત્રના વિઘ્નભૂત એવી આ ભાવનાઓને સર્વથા છોડે અને એવી ભાવનાઓને છોડવાથી જ સમ્યક્ચરણને પણ પામે.

आह १६३३, ववहार १६६४, अक्खंड १६६५, जो १६६६, कंदप्पा १६६७, किंतु १६६८, एआण १६६९, कय १६७०.

શંકા કહે છે કે એ કાંદર્પિકી વગેરે ભાવનાઓ ચારિત્રની વિરુદ્ધ નથી, કેમકે અહીં જ કહેવામાં આવ્યું છે કે જે સંજત હોય અને તેવી ભાવનાઓ કરે તો પણ તેવા અસુર આદિ પ્રકારના દેવતામાં જાય, અને ચારિત્રરહિત હોય તે સાધુઓને તો દેવલોકની ભજના જાણવી ઈત્યાદિ કહ્યું છે. આવી શંકાનો ઉત્તર દે છે કે એ કાંદર્પિકી આદિ ભાવનામાં વ્યવહારનયથી ચારિત્ર છે, કારણ કે તેવા અશુભ પરિણામ વગરનો પણ કોઈ કંદર્પાદિ ભાવના કરે, પણ નિશ્ચયનયે તો એ ભાવનામાં ચારિત્ર નથી, કારણ કે હંમેશાં ઉચિતપ્રવૃત્તિ હોય તો જ નિશ્ચયનયે અખંડ ગુણઠાણું માનેલું છે. સૂત્રમાં પણ જે માટે કહ્યું છે કે જે માણસ જે પ્રમાણે બોલે તે પ્રમાણે ન કરે તેના કરતાં બીજો મિથ્યાદ્રષ્ટિ કોણ ? કેમકે તે જુઠું બોલનાર અને તે બોલવાથી વિપરીત જુઠું કરનાર બીજાને શંકા કરતો મિથ્યાત્વને વધારે છે, અને શાસનમાં ચારિત્રની અંદર કરવા તો યોગ્ય પણે કંદર્પઆદિનો વાદ સંભળાતો નથી. માટે કંદર્પાદિનું સેવવું પણ ચારિત્રવાદને વિરાધનાર છે, પણ જે માટે ચારિત્રમાં પણ જાતિભેદે અસંખ્યાતા સંયમસ્થાનો કહ્યાં છે તેથી અહીયાં કદાચિત્ ભાવનાવાળા થયેલા હોય તો પણ તે ભાવનાઓ વર્જવી એમ કહેવામાં દોષ નથી, તેટલા માટે એ ભાવનાએ પહેલાં ભાવિત થયા હોય તેઓએ પણ ભાવપૂર્વક પશ્ચાતાપ આદિ કરીને અણશણ વખતે એ ભાવનાઓનો વિશેષે કરીને ત્યાગ કરવો જોઈએ. આ અધિકારમાં વિસ્તારથી સર્યું ॥ હવે સંક્ષેપથી સર્વનયે કરીને શુદ્ધ એવું ભક્ત પરિજ્ઞાનામના અનશનનું બાકીનું વિધાન કહું છું. હવે તે જ શેષવિધિ કહે છે;

वियउण १६७१, उव्वत्तइ १६७२, मेत्ती १६७३, सुह १६७४, इहरा १६७५, तय १६७६, तम्हा १६७७, सोच्चिय १६७८, तहवि १६७९, जं सो १६८०, संविग्ग १६८१, तत्तो १६८२, जो पुण १६८३, चोएइ, १६८४, गुरुकम्म १६८५, दुक्खं १६८६, अन्ने १६८७, मिच्छ १६८८, एत्थ १६८९, अण्णंपि १६९०, सव्वत्था १६९१, सो १६९२, एसो १६९३, सुक्काए १६९४, जे सेसा १६९५, तेऊ १६९६, एसो १६९७.

આલોયણ લઈને, સંયમશુદ્ધિ કરીને, તે વખતને ઉચિત એવી સંલેખના કરીને, ત્રિવિધ અગર ચતુર્વિધ આહારનાં પચ્ચક્ખાણ કરે, ઉદ્વર્તન અને પરિવર્તન પોતાની મેળે કરે, ને કદાચ તે કરવામાં અસમર્થ હોય તો અપ્રતિબદ્ધપણે સમાધિ કરનાર એવું ઉદ્વર્તન બીજા સાધુઓ પાસે પણ કરાવે. વળી તીવ્ર પરિણામવાળો પરમસંવેગને પામેલો, શાસ્ત્રદ્વારાએ સત્ત્વ (જીવ) ગુણાધિક (અધિકગુણવાળા) કિલશ્યમાન (ખેદાતા, દુઃખી થતા) - અને અવિનેય (જેને સન્માર્ગે લાવી ન શકાય તેવા)માં જિનેન્દ્રવચનને અનુસરીને અનુક્રમે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થભાવના અત્યંત વિચારે. શુભધ્યાનથી ધર્મ થાય

છે અને દેહની સમાધિથી જ પ્રાયે શુભધ્યાન થાય છે, માટે ધર્મને પીડા ન થાય તેવી રીતે દેહની સમાધિમાં પ્રયત્ન કરવો, નહિંતર છેવટનું સંઘયણ હોવાથી સ્થૈર્ય અને ધૃતિથી રહિત એવા દુર્બળમનવાળાને દેહની અસમાધિ હોય તો શુભધ્યાન તો ક્યાંથી હોય ? શુભધ્યાન ન હોય તો નક્કી તેને લેશ્યા પણ અશુભ થાય, અને તેથી પરભવમાં પણ અશુભલેશ્યામાં જ ઉપજે, માટે ગીતાર્થે શાસ્ત્રની આજ્ઞા મુજબ સર્વપ્રયત્નથી અનશનવાળાને શુભધ્યાન મેળવી દેવું. અપ્રતિપાતિત ભાવવાળો તે અનશનવાળો સાધુ પણ દુઃખે મળવાવાળા વિરતિભાવના રક્ષણને માટે તે તે ક્રિયાઓ તે બીજા સાધુઓ દ્વાર પણ કરે, એ અનશનવાળો સાધુ બીજા પાસે ક્રિયા કરાવે તો પણ શાસ્ત્રના વચનોમાં બહુમાનવાળો અને સંસારથી વિરક્ત એવો હોવાથી જિનેશ્વરોએ તે વખત આરાધક કહેલો છે. જે માટે તે સાધુ હંમેશાં પણ ભાવે કરીને પ્રાયે સંવિગ્નપાક્ષિક હોય છે. અસંવિગ્નપાક્ષિક તો મરણ વખતે પણ વિરતિરત્નને પામે નહિ. સંવિગ્નપાક્ષિક પણ શિથિલાચારી અપ્કાય આદિના પરિભોગોમાં કાયાથી પ્રમાદને લીધે પ્રવર્ત્યો હોય તો પણ પુરૂષને વિષે રંગાયેલી કુલવતી સ્ત્રીની માફક ધૈર્યમાં જ તલ્લીન હોય છે, અને તેથી તે સંવિગ્નપાક્ષિક પણ ધાર્મિક જ મનાય છે. મરણનું નિમિત્ત મળતાં શુભભાવની વૃદ્ધિથી તે ધર્મની તલ્લીનતાને લીધે જ કોઈક ભાગ્યશાળી સંવિગ્નપાક્ષિક વિરતિને પણ પામે છે, પણ જે કિલષ્ટચિત્તવાળો, શાસ્ત્રથી નિરપેક્ષ, સર્વત્ર અનર્થદંડ કરનારો અને તે તે પ્રકારે લિંગને લજવનારો માત્ર સાધુવેષધારી અસંવિગ્નપાક્ષિક હોય તે તો મરણકાળે પણ વિરતિરત્નને પામતો નથી. શંકા કરે છે કે સાધુ છતાં કિલષ્ટચિત્ત આદિ દોષોવાળો કેમ હોય ? ઉત્તરમાં કહે છે કે અત્યંત ભારેકર્મિપણાને લીધે પ્રાયે તેવો હોય, તેમજ તે ઘણા ભાગે દ્રવ્ય શ્રમણ હોય. ભારે કર્મથી પ્રમાદ થાય અને તે પ્રમાદ અત્યંત અધમ છે, કેમકે તે પ્રમાદથી અનેક ચૌદપૂર્વી આત્માઓ પણ અનંતકાયમાં રહે છે. જ્ઞાન મળવું મુશ્કેલ છે, જ્ઞાન મળ્યા પછી પણ ભાવના થવી અને રહેવી મુશ્કેલ છે, અને ભાવિતબુદ્ધિવાળો પણ જીવ વિષયોથી મહામુશ્કેલીથી વૈરાગ્ય પામે છે. કેટલાક તો ચારિત્રમોહનીયના ક્ષયોપશમ વગરના જ દીક્ષિતો પહેલેથી જ હોય છે, તેઓ પછીથી પણ ચારિત્ર પરિણામને પામતા નથી. મિથ્યાદ્રષ્ટિઓ પણ કેટલાક શાસનમાં દ્રવ્યલિંગ ધારણ કરવાવાળા બને છે અને તેથી કિલષ્ટચિત્તઆદિ દોષો તેવા સાધુઓને કેમ ન હોય ? અણશણના અધિકારમાં જે આહાર છોડવાનો કહ્યો છે તે માત્ર ઉપલક્ષણથી જ છે અને તેથી ઉપયોગવાળો સાધુ સર્વ ભાવશલ્યને પણ વોસિરાવેજ. સંવેગની તીવ્રતાથી મરણકાળે પોતાના આત્માને નિર્મળભાવવાળો જીવ શરીર આદિથી ભિન્નપણે માને અને તે જ આરાધક કહેવાય છે. વળી જે સર્વ મમતાનો ત્યાગ કરનાર, જીવન અને મરણમાં મધ્યસ્થ અને ચારિત્રના પરિણામે સહિત હોય તેને તીર્થંકર-ગણધરોએ આરાધક કહેલો છે.

તે આરાધના કરનારો પ્રથમ શિથિલાચારી છતાં સંવિગ્ન પાક્ષિક હોવાથી તે વખતે પણ થયેલ ચારિત્રના પરિણામથી જ પહેલાં કરેલાં દુષ્કૃતકર્મોને ખપાવીને, બીજો શુદ્ધજન્મ મેળવે છે અને ફરી પણ તે શુદ્ધજન્મમાં ચારિત્રને લાયક થાય છે. આ આરાધક ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારે છે. તેમનો જે વિશેષ તે લેશ્યાદ્વારાએ સ્પષ્ટ કહું છું. શુક્લલેશ્યામાં ઉત્કૃષ્ટ અંશ પરિણમાવીને જે મરે તે નક્કી ઉત્કૃષ્ટ આરાધક થાય. પછી શુક્લલેશ્યાના જઘન્ય મધ્યમ અંશો તેમજ પદ્મલેશ્યાના અંશોને પરિણમાવીને જે મરે તેને વીતરાગોએ મધ્યમ આરાધક કહેલો છે. તેજોલેશ્યાના અંશને પરિણમાવીને જે મરે તે આ શાસનમાં જઘન્ય આરાધક ગણાય છે. આવી રીતે કહેલો આરાધક સમ્યક્ત્વ આદિ સહિત

જ જાણવો. એકલી લેશ્યામાત્રથી આરાધક જાણવો નહિ, કેમકે તે લેશ્યા તો અભવ્યદેવતાઓને પણ હોય છે.

આરાહગો ૧૬૯૮, આરાહિ ૧૬૯૯, સવ્વણ્ણુ ૧૭૦૦, એયાણિ ૧૭૦૧, એયાણિ ૧૭૦૨, એયાણિ ૧૭૦૩, એયાણિ ૧૭૦૪, એયાણિ ૧૭૦૫, જા ઉણ ૧૭૦૬, એત્થવિ ૧૭૦૭, જમ્હા ૧૭૦૮, સુઅ ૧૭૦૯, સુત્તેણ ૧૭૧૦, તીઅ ૧૭૧૧, આગમ ૧૭૧૨, એવં ૧૭૧૩, ઇઅ ૧૭૧૪, ગાહગગં ૧૭૧૫.

આરાધક જીવ આરાધકપણાથી જ પાપોને ખપાવીને વિશુદ્ધ જન્મવાળો અને ફરી પણ ચારિત્રને લાયક થાય છે. એવી રીતે આરાધના કરીને સાત આઠ ભવની અંદર જ ત્રૈલોક્યના મસ્તક ઉપર રહેલા એવા નક્કી સિદ્ધિપદને પામે છે. વળી તે સિદ્ધ ભગવાન ત્યાં હંમેશાં સર્વજ્ઞ, સર્વદર્શી, અનુપમ સુખવાળા અને જન્માદિદોષે કરીને રહિતપણે રહે છે. આગમપ્રમાણે આ પાંચ વસ્તુને સમ્યક્ આરાધીને અતીતકાલમાં અનંતા જીવો કલેશનો નાશ કરીને સિદ્ધિપદને પામ્યા. એ પાંચ વસ્તુ આગમ પ્રમાણે સમ્યક્ આરાધીને વર્તમાનમાં પણ સમયક્ષેત્રમાં સંખ્યાતા જીવો સિદ્ધિપદને પામે છે. એ પાંચવસ્તુ આગમ પ્રમાણે સમ્યક્ આરાધીને ભવિષ્યકાલમાં અનંતા જીવો જરૂર મોક્ષે જશે. એવી જ રીતે સંસારમાં પાંચ વસ્તુને વિરાધીને અનેક જીવો સંસારને વધારવાવાળા થયા છે એમ જ્ઞાનીઓએ કહ્યું છે. આવી રીતે પાંચ વસ્તુની આરાધના વિરાધનાનું ફળ જાણીને તેની આરાધના માટે જ હંમેશા પ્રયત્ન કરવો, કેમકે આ સંસાર સમુદ્રથી તરવાનો આ પાંચવસ્તુ વિના બીજો ઉપાય જ નથી, આ પાંચવસ્તુમાં પણ ભવ્યજીવોએ શ્રદ્ધાસંપન્નપણે આગમની પરતંત્રતા તેજ સર્વથા મૂળ સમજવું. જે માટે આ ધર્મમાર્ગમાં છદ્મસ્થાને આગમ સિવાય બીજી વસ્તુ પ્રમાણભૂત હોતી જ નથી, માટે આગમની અંદર જ પ્રયત્ન કરવો. સિદ્ધાંતમાં નહિં કહેલાં એવાં અનુષ્ઠાનોમાં લીન એવા મનુષ્યો તેવા પ્રકારના શ્રુતબાહ્ય એવા અગીતાર્થાદિકને નિર્ણયમાં પ્રામાણિક કરતા હોવાને લીધે રાંકડાઓ જિનેશ્વરોની પ્રામાણિકતાને સમજતા નથી. જે મનુષ્ય પોતાની સરખા પ્રમાદીઓને ઉદાહરણ તરીકે લઈને સૂત્રોક્ત એવા વચનોથી પ્રેરાયેલા છતાં પણ સૂત્રોક્ત અનુષ્ઠાનાદિક અંગીકાર ન કરે તે મનુષ્ય પરમાર્થમાર્ગથી બહાર છે અને તેવો મનુષ્ય ધર્મમાં અધિકારી થતો નથી.

વર્તમાનકાલના સાધુઓની ક્રિયાની ન્યૂનતા દેખવાથી ભૂતકાલના બહુશ્રુતોએ પણ વંદન, કાર્યોત્સર્ગ આદિ નહિં કર્યું હોય, અથવા કેવી રીતે કર્યું હશે ? એવું કઠિન વ્રત પ્રામાણિક નથી. કારણ કે વર્તમાનમાં પણ કાલદોષથી શુદ્ધક્રિયા કંઈક કંઈક અંશે દેખાય છે, તેટલા માટે અપ્રમત્તોએ સિદ્ધિપદની ઈચ્છાપૂર્વક સર્વ અનુષ્ઠાન આગમની આધીનતાએ જ કરવું જોઈએ. એવી રીતે શક્તિ મુજબ થોડા પણ વંદનાદિ અનુષ્ઠાનને ક્રિયાદ્વારાએ કરનારાઓએ શ્રદ્ધા અને અનુમોદનાથી બાકીનું અશક્ય એવું પણ ધ્યાનાદિ અનુષ્ઠાન ભાવપ્રવૃત્તિથી કર્યું છે એમ સમજવું. આવી રીતે આ પંચવસ્તુ નામનો પ્રકરણગ્રંથ અગાધ એવા શ્રુતસમુદ્રથી મોક્ષપ્રાપ્તિની ઈચ્છાએ મારા સ્મરણને માટે ઉદ્ધર્યો છે. આ પ્રકરણમાં ગણતરી કરીને શિષ્યના હિતને માટે ૧૭૧૫ ગાથાનું પરિમાણ થાપેલું છે.

इतिश्रीहरिभद्राचार्यकृतपञ्चवस्तुप्रकरणभाषांतरं समाप्तम्



-: સાધુત્વ અને મૃષાવાદ :-

(ગતાંક પા. ૨૮૬ થી ચાલુ)

ખંડિત થયેલું પચ્ચક્ખાણ, વગર પરિણામે કરેલું પચ્ચક્ખાણ અને ક્ષયોપશમ વગર કરેલું પચ્ચક્ખાણ પણ સાચા પરિણામને લાવે છે, પરંતુ તેમાંએ એક મુદ્દાની તો આવશ્યકતા જ છે. જો એ મુદ્દો ન સચવાયો હોય તો તેવાં પચ્ચક્ખાણો સાચા પચ્ચક્ખાણને લાવનાર નીવડતા નથી.

"जिनोक्तमिति सद्भक्त्या, ग्रहणे द्रव्यतोऽप्यदः । बाध्यमानं भवेत् भावप्रत्याख्यानस्य कारणं ॥२॥" અર્થાત્ શ્રીજીનેશ્વર ભગવાને આ નિરૂપણ કરેલું છે માટે તે મારે લેવું જ જોઈએ આટલી જ ધારણાથી જે પચ્ચખ્ખાણ લેવાયેલું હોય તે પચ્ચખ્ખાણ કદાચ ટકી શકે નહિં, પરંતુ તૂટી જાય. લબ્ધીઆદિકની અપેક્ષાએ, વગર પરિણામે યા દ્રવ્યલોભથી લેવાયેલા પચ્ચખ્ખાણમાં પણ તેથી જ એ વાત જરૂરી રાખવામાં આવી છે કે એ પચ્ચક્ખાણો ગુરૂપાસે લીધેલા હોવા જોઈએ. શાસ્ત્રકાર મહારાજાઓએ પચ્ચખ્ખાણ ગુરૂ પાસે લેવાનું ઠરાવ્યું છે ત્યાં શિષ્યે એક અગત્યની શંકા કરી છે. આ શંકા ખાસ મનન કરવા જેવી છે. પરંતુ શંકા સાથે શંકાના સમાધાનનું પણ મનન કરવાની જરૂર છે. શંકા અને શંકાનું સમાધાન તપાસતા પહેલાં શિષ્યનું માનસ પહેલાં સમજવાનું છે.

"આત્માને પચ્ચખ્ખાણ લેવાં છે તો એ વ્રત પચ્ચખ્ખાણના પરિણામે યા વગર પરિણામે લેવાનાં છે ? હવે જો એના પરિણામની હસ્તિ છે તો પછી એમાં ગુરૂનું શું કામ છે ? પચ્ચખ્ખાણ કરવામાં જે પ્રતિજ્ઞા કરવાની છે તેમાં સ્પષ્ટ રીતે એ પ્રતિજ્ઞા કરવાની છે કે મન, વચન અને કાયાથી પચ્ચક્ખાણ કરૂં છું. પચ્ચખ્ખાણની આવી ઉગ્ર પ્રતિજ્ઞા છે, તે છતાં પચ્ચક્ખાણ લેનારાના મનનું ઠેકાણું નથી. જો મનનું ઠેકાણું નથી અને છતાં ગુરૂ પાસે; "મન વચન અને કાયાથી હું પચ્ચખ્ખાણ લઉં છું" એવા અર્થની શિષ્યે પ્રનિજ્ઞા કરવી એનું નામ તો ખોટો દસ્તાવેજ કરવો એમજ થાય ! હવે જો આવો ખોટો દસ્તાવેજ જ કરવો છે તો પછી તેમાં ગુરૂદેવને શા માટે વચ્ચે લાવવા જોઈએ ? ખોટો દસ્તાવેજ કરવો અને તે

પાછો ગુરૂની સાંનિધ્યમાં કરવો એનો અર્થ તો એજ થાય છે કે ખોટો દસ્તાવેજ કરી તે ઉપર સાક્ષી તરીકે ગુરૂની સહી લેવી ! વળી એનો અર્થ તો એજ છે કે શિષ્યે ગુન્હો કરવો અને ગુરૂની તે કાર્યમાં અનુમતિ મેળવવી !! આમ ન કરતાં જો પચ્ચખ્ખાણના જ પરિણામ હોય તો ગુરૂ વિના જ પચ્ચખ્ખાણ લેવાં એ શક્ય છે અને યોગ્ય પણ છે." શિષ્ય એવી શંકા કરે છે કે પરિણામ થયા વિના જ જો પચ્ચખ્ખાણ લઈએ તો તેમાં દોષ લાગે છે, માટે પચ્ચખ્ખાણના પરિણામવાળો તો શ્રીગુરૂદેવને વચ્ચે રાખ્યા વિના પચ્ચખ્ખાણ લેવાનો અધિકારી છે. આ શિષ્યની શંકા છે, હવે આ શંકા ઉપર વિચાર કરીએ પ્રસ્તુત શંકાનો વિચાર કરતી વખતે યાદ રાખવાનું છે કે

દીવાની જરૂર આંધળાને છે કે દેખતાને? આંધળાને દીવાની જરૂર ભલે ન હોય, પરંતુ તેથી કોઈ એમ તો નથી જ કહી શકવાનું કે દેખતાને દીવાની જરૂર જ નથી. દેખતાને દીવાનો પ્રકાશ મળે તો તેથી દેખતાનું કાંઈ જ અકલ્યાણ થવાનું જ નથી. પરંતુ ઉલટો તેને લાભ જ થવાનો છે. દેખતા માણસનો જો કાંઈ પણ દોષ અથવા પ્રમાદ થવાનો હશે તો એ દોષ અથવા પ્રમાદ દીવાથી દૂર જ થવા પામશે. તે જ પ્રમાણે જેને પચ્ચખ્ખાણના પરિણામો જ થયા હશે તે પણ જો શ્રી ગુરૂદેવ પાસે પચ્ચખ્ખાણ લેશે તો તેથી એને પણ ફાયદો જ થશે, તેનામાં કાંઈક વૃદ્ધિ જ થશે. પરંતુ તેથી ક્ષય તો નહિં જ થાય!!

આંખ પ્રકાશિત હોય તો ભલે, પરંતુ તે છતાં આંખને અજવાળું મળે તો તેથી આંખની રોશની કંઈ ઘટી જતી નથી. પરંતુ આંખ ઉલટી વધારે પ્રમાણમાં પ્રકાશિત થાય છે. આંખને ચશ્મા મળે તો તેથી આંખની શક્તિ ઘટતી નથી, પરંતુ આંખની શક્તિને ઉત્તેજન જ મળે છે. ચશ્મા એ આંખને મદદ કરવાને માટે હોવા છતાં તે આંધળાના ઉપયોગમાં આવતા નથી, પરંતુ દેખતાના જ ઉપયોગમાં આવે છે. આ બધા ઉપરથી સ્પષ્ટ થાય છે કે દેખતાને અવલંબન મળે તો તેથી દેખતાને કાંઈ પણ હાની ન થતાં થોડે યા ઘણે અંશે લાભ જ થવા પામે છે. એજ પ્રમાણે જેને પચ્ચખ્ખાણના પરિણામો થયા હોય તેવો આત્મા પણ જો શ્રી ગુરૂદેવ પાસે પચ્ચખ્ખાણ લે, તો તેથી તેને ગેરલાભ નથી, પરંતુ લાભ જ થાય છે. આપણે એક ક્ષણ પણ પરિણામને ભરોસે રહેવું એ પાલવી શકે એવું નથી. આપણે તો પરિણામને ભરોસે ન રહેતાં હંમેશા ક્રિયા ઉપર જ ધ્યાન આપવાનું છે. અને જે આત્મા પોતાની ક્રિયા ઉપર મદાર બાંધે છે તે જ ભવ્યાત્મા આ સંસારમાં કાંઈક કરી શકે છે.

તમે સાપને સાંડસામાં પકડ્યો હોય એ સાપને તમે જો જરાક સાંડશો ઢીલો કરીને છૂટો કરો તો તેનું પરિણામ એ આવશે કે તેથી તે સાપ પહેલો તો તેના ઉપર દયા કરીને એ સાંડશો ઢીલો કરનારનેજ ડંશ આપશે. સાપ રૂપી મોહમાં આપણે બધા સપડાયેલા છીએ. હવે જો આપણે એ મોહ સાપને ઢીલો મૂકી દઈશું તો આપણે જ તે મોહરૂપી સાપનો ભોગ થઈ પડીશું. ઘેર બેઠાં જો તમોને મોહનો ક્ષયોપશમ થાય તો તેને પકડીને છોડી દેવા જેવું જ થાય ! અને એ ઢીલો થએલો મોહ રૂપી સાપ તમોને જ કકડાવીને બાઝી પડે. સૌથી પહેલાં આત્મસાક્ષીએ ધર્મતત્ત્વને ઘેર કરવાનું છે. અર્થાત્ તેને આત્મસાક્ષીએ આત્મામાં પચાવવાનું છે, અને તે પછી એ જ તત્ત્વને સર્વ સાક્ષીએ ઘેર કરવાનું છે. પચ્ચખ્ખાણને માટે આ બે રીતના બંધનો રાખવા એમાં કાંઈ જ ખોટું નથી. સાપ નીકળ્યો હોય તો તે વખતે તમે પહેલાં એને ઘેરે રસોઈ બનાવવાની સાણસી હોય તે વડે પણ પકડાય તો પકડી લો છો, અને પછી એને મોટા ચીપીયા વડે પકડો છો ! તમે તે વખતે એવો આગ્રહ રાખતા નથી કે સાપને

ઘરને જ ચીપીયે પકડવો જોઈએ, અને પરાયા ઘરનો મોટો ચીપીયો એના ઉપયોગમાં ન જ લેવો જોઈએ.

એજ પ્રમાણે આત્મસાક્ષીએ ધર્મતત્ત્વ અંગીકાર કરવું એ ઘરના ચીપીયાથી મોહરાજાને પકડવા બરાબર છે. ઘરના ચીપીયા વડે મોહરાજાને પકડવો એનો અર્થ એ નથી કે તેટલાથી જ સંતોષ માનવાનો છે. ઘરના ચીપીયે મોહરાજાને પકડ્યા પછી ગુરૂ પાસે જવારૂપ મોટા ચીપીયા વડે તેને પકડવો જ જોઈએ. આત્મસાક્ષીરૂપ ઘેરને ચીપીયે મોહરાજાને પકડવો અંને પછી તેને ગુરૂ પાસે જવારૂપ મોટા ચીપીયા વડે પકડવો, એમ કરવામાં ખરી રીતે તો લેશમાત્ર પણ અડચણ નથી. પરંતુ ફાયદો જ છે. પચ્ચખ્ખખાણના પરિણામ હોય અને ગુરૂ પાસે જવું એ તો ફાયદાકારક વાત જ છે. પરંતુ પચ્ચખ્ખાણના પરિણામ ન હોય અને છતાં જેને પચ્ચખ્ખાણ લેવાં હોય તેણે પણ ગુરૂની પાસે પચ્ચખ્ખાણ લેવા જવું એ અવશ્ય લાભકારકજ છે.ધારો કે એક માણસને પચ્ચખ્ખાણના પરિણામ થયા નથી અને તેવો આત્મા પણ જો ગુરૂની પાસે પચ્ચખ્ખાણ લેવા જાય તો ગુરુના ઉપદેશથી તેનામાં કાંઈ પણ સ્વરૂપનિરૂપણની જાગૃતિ થાય અને એવી જાગૃતિ થાય તેથી પણ લાભ જ મળે છે. ગુરૂ પાસે પચ્ચખ્ખાણ લેવા એ પચ્ચખ્ખાણના પરિણામવાળાને પણ લાભકારક છે અને પરિણામ વિનાનાને પણ લાભકારક છે.એટલા જ માટે શાસ્ત્રકાર મહારાજાઓએ પચ્ચખ્ખાણ માટે તે ગુરૂ પાસે જ લેવા એવું ફરજીયાત ઠરાવ્યું છે.

હવે અહીં પહેલી વાત તો એ છે કે જેને પચ્ચખ્ખાણના પરિણામ થયા છે એવો આત્મા ગુરૂ પાસે જઈને પચ્ચખ્ખાણ લે એથી તેના પચ્ચખ્ખાણના પરિણામોમાં વધારો થાય છે અને તેથી પચ્ચખ્ખાણ લેનારાને ફાયદો જ થાય છે, બીજી વાત એ છે કે પચ્ચખ્ખાણના પરિણામો જ ન હોય છતાં તેવો આત્મા ગુરૂદેવ પાસે જાય અને ધર્મોપદેશ સાંભળે એટલે તેના પરિણામમાં વધારો થાય છે અને તેથી પણ પચ્ચખ્ખાણ લેનારાને ફાયદો જ થાય છે.પરંતુ હવે ત્રીજી એક મહત્ત્વની વાત વિચારવાની છે.ધારો કે એક આત્મા ગુરૂદેવ પાસે પચ્ચખ્ખાણ લેવાને ગયો, ગુરૂદેવે ધર્મોપદેશ આપ્યો, પરંતુ તેછતાં તેને પચ્ચખ્ખાણના પરિણામ ન થયા અને એવા સંયોગોમાં ગુરૂદેવે તે આત્માને પચ્ચખ્ખાણ આપ્યાં, તો એ પચ્ચખ્ખાણ આપનારા ગુરૂદેવને મૃષાવાદનો દોષ લાગ્યો ગણાય કે નહિ ? આ સંજોગોમાં તમે વ્યાવહારિકદૃષ્ટિએ જ જુઓ તો પણ તમો મૃષાવાદનો દોષ કોઈ પણ રીતે ગુરૂદેવને લગાડી શકતા નથી.

તમે એક દસ્તાવેજ કરો એ દસ્તાવેજ હડહડતો ખોટો હોય એમાં જોઈએ તેવા જુઠાણાં, બદમાસી, અને બીજાં કાળાકામો ભર્યા હોય અને તમારો એ દસ્તાવેજ તમે રજીસ્ટ્રેશન ઓફિસમાં લઈ જાઓ તો રજીસ્ટ્રાર સાહેબ તમારો એ દસ્તાવેજ પણ નોંધી આપે છે. રજીસ્ટ્રારે દસ્તાવેજની નોંધ કરી તેનો અર્થ એવો થતો નથી કે દસ્તાવેજના ખોટાપણામાં રજીસ્ટ્રાર પણ સામેલ છે. એ દસ્તાવેજ ખરો છે કે ખોટો છે તે તપાસવાનું અને તે સંબંધમાં નિર્ણય આપવાનું કામ સીવીલ અથવા ક્રિમિનલ કોર્ટનું છે. રજીસ્ટ્રારનું કામ તો માત્ર દસ્તાવેજની નોંધણી જ કરી લેવાનું છે અને તેથી જ એ નોંધણી કરી લેનારા રજીસ્ટ્રાર એ કાર્યને માટે જવાબદાર લેખવામાં આવતા નથી. દસ્તાવેજ રજીસ્ટ્રાર કરાવતી વખતે રજીસ્ટ્રાર સાહેબ તો એટલી જ વાતની તપાસ લે છે કે જે પાર્ટીઓ દસ્તાવેજ લઈને હાજર થઈ છે તે બંને પાર્ટીઓ

દસ્તાવેજના લખાણમાં સહમત છે કે નહિ, અને જો બંને પાર્ટીઓ દસ્તાવેજના લખાણમાં સહમત હોય તો રજીસ્ટ્રાર તો કાયદાથી એ ફરજ બજાવવા બંધાયેલા છે કે તેમણે એ દસ્તાવેજ નોંધવો જ જોઈએ, અર્થાત્, એ ખોટા દસ્તાવેજની નોંધણી માટે પણ કોઈ રીતે આપણે રજીસ્ટ્રારને જવાબદાર ઠેરવી શકતા નથી.

જેમ રજીસ્ટ્રાર પાસે તમે જે દસ્તાવેજ લઈ જાઓ તે દસ્તાવેજ જો કાયદેસર વિધિ થઈ હોય તો નોંધવાને માટે બંધાયેલા છે. તે જ પ્રમાણે જૈનશાસનમાં ગુરૂઓ પણ તેવા વ્રતો આપવાને ધર્માજ્ઞાનથી બંધાયેલા છે કે જે વ્રતો શાસને જણાવેલાં છે. કોઈ માણસ આવીને ગુરૂદેવ પાસે એવું વ્રત માગે કે "મને એવું વ્રત આપો કે હું એક પગ ઉંચો કરીને ભોજન કરવાને ઉભો જ રહી શકું" તો જૈન આચાર્ય તેવું વ્રત આપવાને બંધાયેલા નથી. પરંતુ જે વ્રતો જૈનશાસનને અનુકૂળ છે તેવાં વ્રતોની તમે માગણી કરો તો કાયદેસર વિધિરૂપ બીજી શાસ્ત્રીય યોગ્યતા જોયા પછી એ વ્રતો આપવાની જૈનગુરૂની ફરજ છે. વ્રતો એ સઘળા મોહના વિરોધી દસ્તાવેજો છે. એવા જે દસ્તાવેજો તમે રજુ કરો છો તે સઘળા દસ્તાવેજોને માટે જૈનાચાર્ય તો એક રજીસ્ટ્રાર સ્વરૂપે જ છે. ગુરૂ કાંઈ શાકભાજી લેનારાને બળાત્કારે અપાસરામાં ખેંચી લાવી તેને પચ્ચખ્ખાણ આપતા નથી. જે ગુરૂ પાસે જઈને પચ્ચખ્ખાણની માંગણી કરેછે તેવાને જ ગુરુદેવ તો પચ્ચખ્ખાણ આપે છે. આથી જ પચ્ચખ્ખાણના પરિણામ હોય તે પચ્ચખ્ખાણ લો અથવા તો તે ન હોય અને પચ્ચખ્ખાણ લો તેથી મૃષાવાદનો દોષ ગુરૂને અથવા તો જૈનાચાર્યને લાગતો નથી.

આવી સ્થિતિ હોવાથી જ શાસ્ત્રકારોએ એમ માન્યું છે કે પચ્ચખ્ખાણના પરિણામ થયા હોય તો પણ ગુરૂદેવ પાસે જ પચ્ચખ્ખાણ લેવા એ પણ યોગ્ય છે અને પચ્ચખ્ખાણના પરિણામ ન થયા હોય તો પણ ગુરૂદેવ પાસે જ પચ્ચખ્ખાણ લેવા એ યોગ્ય છે. વળી એ યોગ્ય છે એટલું જ નહિ પરંતુ બન્ને પ્રકારના આત્માઓ માટે ગુરુદેવો પાસે જ પચ્ચખ્ખાણ લેવા એ ફરજીયાત છે. પચ્ચખ્ખાણના પરિણામ થયા વગર, ક્ષયોપશમ થયા વગર, લબ્ધિ આદિની અપેક્ષાએ જેઓ પચ્ચખ્ખાણ કરે છે તેના અંતરમાં માત્ર આટલી વસ્તુ તો હોવી જ જોઈએ કે જીનેશ્વર મહારાજાએ આ પચ્ચખ્ખાણ કરવાનાં કહ્યાં છે માટે જ હું તેને અનુસરૂં છું. આવી ભાવનાપૂર્વક જેઓ પચ્ચખ્ખાણ કરે છે તે પચ્ચખ્ખાણ કદાચિત્ તૂટી જાય તો પણ એવા પચ્ચખ્ખાણો પરિણામે ભાવ પચ્ચખ્ખાણનું કારણ બને છે. અજાણ્યો આત્મા, ધર્મના પરિણામ થયા વિના પણ જો ધર્મારાધન કરે ધર્મ ક્રિયાઓ આદરે તો તે ધર્મ ક્રિયાઓ પણ તેને ફળ તો આપતી જ હોય, એ રીતે થતી ક્રિયાઓ પણ આદરણીય છે તે ત્યાગવા જેવી તો નથી જ.

અજ્ઞાન માણસ, ધર્મના રહસ્યને જાણતો ન હોય તેવો માણસ પણ જે ધર્મક્રિયાઓ આદરે છે એ ધર્મક્રિયાને અજ્ઞાન, અવિધિ, અણસમજુ વગેરે નામો આપી તે ક્રિયાઓને છોડાવી દેવાનો પ્રયત્ન કરવો એ તો સ્પષ્ટ અને ન માફ કરી શકાય એવી મૂર્ખાઈ જ છે. નાનો બાળક હીરા મોતીના ઘરેણા પહેરે છે એ બાળક હીરાના મોતીની કે ઝવેરાતની કિંમત સમજતો નથી. એને તો ઝાંખા હીરા કરતા કાચનો ચળકતો કટકો વધારે પ્રિય છે, પરંતુ સજ્જન માણસ એટલા જ માત્રથી કાંઈ બાળક પાસે હીરા મોતીના ઘરેણાં ફેંકાવી દેતો નથી જ ! પરંતુ તે ઘરેણાઓની બાળકને તે કિંમત સમજાવવા યત્નો કરે છે, અથવા બાળક કિંમત ન સમજે તો પણ એ દાગીનાનો તેની પાસે સંગ્રહ જ કરાવે છે. એજ પ્રમાણે અજ્ઞાનતા અથવા તો દ્રવ્યલોભથી પણ કોઈ

ધાર્મિક ક્રિયાઓ કરતો હોય તો સજ્જને કદાપિ પણ તેની પાસેથી તે ધર્મકૃત્યો છોડાવી ન દેતાં તેને એ કૃત્યોનું મહત્ત્વ સમજાવવું જોઈએ અને કદાચ ક્રિયાશિથિલ આત્મા એ મહત્ત્વ સમજાવેલું પણ ન સમજી શકે તો એ સમજ્યા વિના પણ એને એ ક્રિયા કરવાજ દેવી જોઈએ.

બાળકની પાસે સોનાનો દાગીનો ફેંકાવી દેનારો જેમ લુચ્ચો છે તે જ પ્રમાણે અજ્ઞાન ક્રિયાવાળાઓને ક્રિયા છોડી દેવાનો બોધ આપનારા પણ લુચ્ચા અને પાંખડી જ છે ! આ બધા ઉદાહરણો અને ચર્ચા ઉપરથી એજ વસ્તુ સાબીત થાય છે કે અજ્ઞાનીની દ્રવ્યક્રિયાઓ પણ કોઈ રીતિએ ત્યાગ કરવાને યોગ્ય તો છે જ નહિ. એક ચીજ તમે તેનું મૂલ્ય જાણનારાને આપો અને તેનું મૂલ્ય નહિ જાણતો હોય તેવાને આપો તો તેથી બંનેના આનંદમાં જરૂર ફેરફાર થશે. વસ્તુનું મૂલ્ય જાણનારાને વસ્તુ આપશો તો તેથી તેને અપાર આનંદ થશે, પરંતુ વસ્તુનું મૂલ્ય ન જાણનારાને તમે તે જ વસ્તુ આપશો તેથી તેને આનંદ થવાનો નથી ? લાખ રૂપીયાનો હીરાનો હાર ઝવેરીને આપશો તો તેની ખુશીનો પાર નહિ રહે, પરંતુ એજ હાર તમે ભરવાડને આપશો તો તેથી માત્ર તે રાજી થશે એટલું જ; એથી વધારે આનંદ તેને થવાનો નથી. એજ રીતે જે આત્મા વસ્તુનું મૂલ્ય સમજ્યા વિના ક્રિયા કરે છે તેને જેટલો આનંદ થાય છે તેના કરતાં લાખો ગણો આનંદ સમ્યક્ત્વવાળાને અને સંવર નિર્જરાને સમજ્યો હોય તેવાને થાય છે. જ્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ નથી અને નિર્જરા સંવરને સમજ્યો નથી ત્યાં સુધી તેની ક્રિયા કરતા છતાં એ ક્રિયા કરનારાને સાચો આનંદ થવા પામતો જ *નથી. જે સમજુ છે અર્થાત્* જે ધર્મના તત્ત્વોને સમજ્યો છે તેવો આત્મા પોતાને સમ્યક્ત્વ ન મળેલું હોય તે છતાં બીજાને ક્રિયા કરતાં દેખીને આનંદ જ પામે છે, અને તેનો એ આનંદ એવો અપૂર્વ હોય છે કે તેવો આનંદ કોઈ મિથ્યાદૃષ્ટિ આત્મા સંવર નિર્જરાની ક્રિયા કરે અને તે ક્રિયા કરવાથી એ મિથ્યાદૃષ્ટિને જેટલો આનંદ થાય તેની સમાન કદાપિ પણ થઈ શકતો નથી.

સમ્યગ્દૃષ્ટિ આત્મા સાધુમહારાજાઓને દેખીને જે આનંદ પામે છે તેવો આનંદ મિથ્યાદૃષ્ટિઓને સાધુઓને જોવાથી થવા પામતો નથી. મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિઓના આનંદમાં એવો જે ફેર પડે છે તેનું કારણ તપાસશો તો માલમ પડશે કે એ પ્રતાપ કિંમત સમજવાનો જ છે. ધર્મની કિંમત સમજવી એટલાજ માત્રથી આપણી ફરજ પુરી થવા પામતી નથી. આપણે અમૃતની કિંમત સમજીએ છીએ એટલે અમૃતનો તરત જ ઉપયોગ કરીએ છીએ, તે જ પ્રમાણે જો આપણે ધર્મની કિંમત સમજ્યા હોઈએ તો આપણી પણ ફરજ છે કે એ સમજણનો આપણે સદુપયોગ કરવો જોઈએ, જો તમો ધર્મ સમજ્યા છો તો સૌથી પહેલી તો તમારે એ વાત વિચારવાની છે કે તમોએ એ ધર્મ કેટલો આદર્યો છે અને હજી કેટલો આદરવો બાકી રહ્યો છે. આ વસ્તુનો જો તમે ગંભીરતાથી વિચાર કરો તો જ તમે ધર્મની કિંમત સમજ્યા તે પ્રમાણ છે.

અહીં બીજું એક ઉદાહરણ લો. એક છોકરો છે તે એક ધોરણમાં ભણતો હતો. ભણી રહ્યા પછી તે પાસ થયો અને પાસ થઈને ઉપલા ધોરણમાં ગયો. આ ધોરણમાં આ છોકરો દાખલ થાય છે તેજ દિવસે તેને તેના વર્ગશિક્ષક બસો દાખલા ગણવાના આપે છે. આ બાળક વિદ્યાર્થી ઘેરે આવીને દાખલા કરવા બેસે છે અને પહેલો જ દાખલો ગણે છે, આ વખતે એ છોકરાએ તેની કુલ મહેનતનો માત્ર $^{1}/_{200}$ જેટલોજ ભાગ કર્યો છે અને હજી તો બસોગણી મહેનત બાકી છે આ સંયોગોમાં તમે

તેને પૂછો કે ભાઈ, તારી કેટલી મહેનત બાકી છે તો તે જવાબ આપશે કે ભાઈ આટલા ગણી મહેનત બાકી છે ! જેને કામ કરવું છે તેને મહેનત બાકી છે તેનો ખ્યાલ છે. જે સમજુ છે. તે પોતાની અમુકગણી મહેનત બાકી છે એવું વિચારે છે. પરંતુ જો અણસમજુને તમે પૂછો તો તે એવો જ જવાબ આપશે કે મેં તો બધું કામ કરી લીધું છે હવે કાંઈ કરવાનું બાકી જ નથી !! અર્થાત્ જે અજ્ઞાની છે જેને પોતાની જવાબદારીનો ખ્યાલ નથી, તેવો જ આત્મા મેં બધું કરી નાંખ્યું છે અને હવે મારે કાંઈ પણ ધર્મકૃત્ય કરવાની જરૂર નથી એવું બોલે છે. જ્ઞાની તો એ પ્રમાણે પ્રમાદથી પણ કદી બોલી શકતા જ નથી.

ગ્રંથમાં ધર્મી અધર્મીના થોડાઘણાપણાની પરીક્ષામાં ચાર શ્રાવકોની કથા આવે છે. એ ચાર શ્રાવકો સમ્યક્ત્વવાળા હતા બારવ્રત કરનારા હતા દરેક તિથિએ પૌષધ કરનારા હતા છતાં તેઓ પોતે પોતાને અધર્મી માનતા હતા. કારણ કે તેઓ ધર્મનું મૂલ્ય અને પોતાની જોખમદારી સમજ્યા હતા. આપણી સ્થિતિ તો એ છે કે રવિવારે આપણે કામધંધો બંધ કરીએ છીએ, પરંતુ ધર્મની લાગણીથી ધર્મની કિંમત માનીને આપણે આઠમ યા ચૌદશને દિવસે અથવા તો પર્વતિથિએ તેને પર્વતિથિ છે એમ ધારીને કામધંધો બંધ કરી શકતા નથી ! આપણી આ નિર્લજજ દશાને તે શું કહેવું ! તે જ ખરેખર એક પ્રશ્ન છે. રવિવાર આવે અને બેંક જ બંધ એટલે મુંઝાઈને રહેવું પડેછે.પરંતુ આપણી મેળે આપણે આપણે પોતાનું પણ સાચવી શકતા નથી ! હવે પેલા શ્રાવકોની સ્થિતિ જુઓ. એ ચારે શ્રાવકો નિયમિત રહી પૌષધ આદિ કરતા હતા,નિયમિત સામાયિક કરનારા હતા, બાર વ્રતનું બરાબર પાલન કરનારા હતા, છતાં તેમની મનોદશા કેવી હતી તે વિચારો.

જેમ પેલો નિશાળે ભણનારો બાળક એમ ધારે કે મારે એકજ દાખલો થયો હોવાથી લાંબો પંથ કાપવાનો છે, તે જ પ્રમાણે પેલા ચાર શ્રાવકો પણ એમજ સમજતા હતા કે પોતાનું ધર્માચરણ એ તો હજી પાશેરામાં પહેલી પૂણીજ છે! અને હજી તો આપણે ભગીરથ કાર્ય કરવાનું છે, તેમની માન્યતા પેલા સમજુ બાળક છોકરા જેવી જ હતી! તેઓ એમજ માનતા હતા કે તેઓ ધર્મારાધનની જે કક્ષાએ પહોંચ્યા છે તે તો માત્ર હજી નવ ધોરણનો પહેલો જ દહાડો છે. એ પહેલે દહાડે બસો દાખલા ગણવાના મળ્યા છે અને એ બસો દાખલાઓમાં હજી તો માત્ર અર્ધોજ દાખલો થવા પામ્યો છે, અને હજી તો ભગીરથ કાર્ય કરવાનું છે. એ ચાર શ્રાવકો ધર્મારાધનની આટલી કક્ષાએ પહોંચેલા હતા છતાં તેમની માન્યતા આ પ્રકારની હતી ત્યારે તમારે તો હજી અગિયાર પગથીયા ચઢવાના છે! ચોથે પગથીયે તમે ઉભેલા છો અને ચૌદમે પગથીયે તમારે જવું છે. નિશ્ચયથી ગણો તો તમે પહેલે યા બીજે પગથીયે ઉભા હશો. હવે વિચાર કરો કે નિશ્ચયથી પહેલે યા બીજે પગથીયે ઉભા રહેલા તમો કેવી રીતે નિશ્ચિંત રહી શકો ?

મોક્ષ રૂપી મહેલની નીસરણીના ચૌદ પગથીયા ચઢવાના બાકી છે. છતાં તેનો વિચાર કર્યા વિના જે આત્મા પહેલેજ પગથીયે પથારી પાથરી સુઈ જાય છે તે છેલ્લે પગથીયે ક્યારે પહોંચી શકે ? જે આત્મા એવું બોલે કે ચાલો આપણો તો જન્મ કૃતાર્થ થઈ ગયો. આપણે તો હવે કાંઈ કરવાનું છે જ નહીં. તો તે આત્માનું કલ્યાણ ક્યે દહાડે થઈ શકવાનું હતું ? આજ વસ્તુ લક્ષમાં રાખીને પેલા ચાર શ્રાવકો ધર્મની સુંદરતા ગતીએ પહોંચેલા હોવા છતાં પોતાને અધર્મી કહેવડાવતાં હતા!

લોકો નકલી ધર્મ લઈને પોતાને ધર્મી માની બેસે છે પરંતુ સાચો ધર્મ શું છે તે તેઓ સમજતા નથી. જે વ્યક્તિ સાચો ધર્મ લઈને તે ધર્મને પ્રવર્તાવતો હોય તે આત્મા પોતાને કદી ધર્મી કહેવડાવતો નથી. લોકો તેને ઉત્કૃષ્ટ શ્રાવક તરીકે અથવા તો સાચા ધર્મી તરીકે ઓળખે છે, પરંતુ તે પોતે જ પોતાને માટે ધર્મી હું, હું ધર્મી કહીને દાંડી પીટતો ફરતો નથી. ઝવેરીની પાસે સાચો હીરો હોય છે છતાં ઝવેરી એ હીરાઓને જ હાથમાં લઈને * હું હીરાવાળો! * હું હીરાવાળો ! * એમ કહીને ચૌટેને ચકલે ફરવા મંડી જતો નથી. હીરાનો ઘરાક આવે તો પણ એ ચારે બાજુએ જોઈને ધીમે રહીને પેટીમાંથી બહાર કાઢે છે, અને ઘરાકને બતાવીને પાછો ગુપચુપ એની મેળેજ એ ઝવેરી હીરાને પેટીમાં મૂકી દે છે! ત્યારે નાનો બાળક કાચના ટુકડાને સત્તરવાર મારો હીરો મારો હીરો કહીને લોકોને બતાવે છે, તો પણ એ હીરો એવો નથી કે તેને કોઈ લઈ જાય! જે હીરાને કોઈ લેનારો નથી તે હીરો વધારે સો વાર બતાવાય છે, પરંતુ જે હીરો સહજમાં ઉપડી જાય એવો છે તેને પેટીમાંથી બહાર કાઢતા પણ ઝવેરી કાળજી રાખે છે.

આ દ્રષ્ટાંત ઉપરથી સમજવાનું એ છે કે જે ચીજ સાચી છે તેને માણસ ઠેકાણે ઠેકાણે બતાવતો ફરતો નથી. તે જ પ્રમાણે જે ખરો ધર્મી છે તે માણસ પણ પોતે કદી હું ધર્મી છું , હું ધર્મી છું એવી બાંગ મારતો ફરતો નથી. નવા વર્ગમાં પ્રવેશેલો બાળક જાણે છે કે હજી તો પોતાને ૧૯૯ દાખલા ગણવાના છે અને શાળામાં માત્ર એકજ દહાડો ભરાયો હોઈ ૩૬૫ દહાડા ભરવાના બાકી છે, એથી પોતે મેં એક દાખલો કર્યો છે, મેં એક દાખલો કર્યો. એવી કદી બડાશ હાંકતો નથી કે પોતાનું કરેલું કાર્ય સંભારતો નથી, એજ પ્રમાણે ધર્મી જીવ કદી પણ પોતાના ધર્માચરણને આગળ કરતો જ નથી. તત્ત્વજ્ઞાનની નિશાળના આપણે બધા જ નિશાળીયા છીએ. આપણે આ નિશાળમાં તો આવ્યા છીએ અને આપણે કરેલા કામની વાહવાહ પણ ખૂબ કરીએ છીએ. પરંતુ હજી ભગીરથ કામ કરવાનું બાકી છે, તેની આપણને કદી ચિંતા થઈ નથી અથવા આપણે કદી એ ચિંતામાં આખા જીવનની એક ક્ષણ પણ ગાળી નથી.

એટલું તો ખૂબ જ યાદ રાખજો કે જેઓ કેવલ ધર્મ ધર્મ પોકારે છે અને જેઓ પોતાને ધર્મી ગણાવે છે તેઓ તો ઉપર વર્ણવી છે એવી દશામાં કદી પણ હોઈ શકે નહિ પણ સાચા ધર્મીને તો પોતાને હજી કેટલું બાકી રહ્યું છે તે જ વિચારવાનું હોય છે, અને એ બાકી રહેલું પુરુ કરી નાંખવાને માટે જ તેઓ ચિંતાતુર પણ હોય છે. સાધારણબુદ્ધિથી વિચારશો તો પણ એ જ વાત તમારે માન્ય રાખવી પડશે કે થયું છે તેની વાહવાહ કરવાનો કાંઇ અર્થ જ નથી પરંતુ જે નથી થયું તે પુરું કરવા પર કાળજી રાખવી એજ વ્યવહાર છે. તમે કોઈને હજાર રૂપીયા ધીર્યા હોય અને તેમાંથી ત્રણસો રૂપીયા જમા થાય તો તમે એ જમા થયેલાની બાકી ખેંચતા નથી, અથવા તો જમા થયેલા રૂપીયા પાછા ફેરવતા નથી કારણ એ છે કે એ ત્રણસો કાંઇ તમોને ધર્માદામાં, ઈનામમાં કે બક્ષીસમાં મળ્યા નથી, એ તો તમે આપેલા તે જ તમોને પાછા મળ્યા છે, એટલે એ પાછા મળેલા પૈસાનું તમોને કૌતુક લાગતું નથી, પરંતુ જે વસુલ નથી થયા તેની જ તમે બાકી ખેંચો છો, એની જ તમે ઉઘરાણી પણ કરો છો, અને લાગ આવે દાવો કરીને પણ તમારા પૈસા વસુલ લો છો રૂપીયા, પૈસા, દાગીનાની તમોને આટલી કિંમત છે. જો કે ખરી રીતે તો તે પણ એક જાતની માટીના કટકા છે, નથી તમોને એક સેકન્ડ પણ વધારે જીવાડવાની સત્તા! નથી તમોને તાવ આવ્યો હોય તો તે ઉતારી નાંખવાની

સત્તા કે નથી તમારો ભવ સુધારી દેવાની સત્તા!!! તો પણ એ પથરા તમોને પ્યારા છે, અને તેની બાકી પડે તે માટે તમે ઉંચા નીચા થઇ જાઓ છો!!

જો માટીના રણ અંગે બાકીને માટે તમારી આ સ્થિતિ છે તો અહીં ધર્મરૂપી દૈવ દ્રવ્યના સંબંધમાં જે મોટી બાકી પડે છે તેની તમોને કેટલી કિંમત હોવી જોઈએ ? જો એ બાકીની તમોને કિંમત ન હોય તો તેનો અર્થ એટલો જ છે કે તમે ધર્મની કિંમત સમજ્યા જ નથી. તમારે મન તો ધર્મ એ એક ફુરસદની વસ્તુજ છે ! કાળા મહેલમાં રહેનારા શ્રાવકો આજ દૃષ્ટિને લક્ષમાં રાખીને પોતે મેળવેલા સ્થાનને ગાતા ન હતા. પરંતુ પોતાનું આટલું બાકી રહ્યું છે, એવું વિચારીને તે માટેજ ચિંતાશીલ રહેતા હતા. વ્યવહારમાં તમે જે પૈસા વસુલ આવે છે તે ખાતામાં વસુલ લઈ લો છો, જે આવ્યું તે લાભ માનો છો અને પામ્યાને અંગે જન્મ કૃતાર્થ સમજો છો તેજ પ્રમાણે અહીં દેશ, ક્ષેત્ર, સર્વવિરતિ વગેરે પામ્યા હો તે માટે તમારો મનુષ્યભવ સારો ગણો તો તે વાસ્તવીક છે, પરંતુ તેથી તમે ખાતાવહીમાં લાખના લેણામાંથી વીશહજાર આવતાં જે એંસી હજારની બાકી રહે છે તેને તમે ભૂલી શકતા નથી.

લાખ રૂપીયાના લેણામાં વીસ હજાર રૂપીયાની તમારી રકમ વસુલ થાય તેથી તમે ઠેકઠેકાણે વસુલાત થઇ છે એમ કહેતા ફરતા નથી. પરંતુ તે સાથે તમે એ વીસ હજાર ભૂલી પણ જઈ શકતા નથી. તમારા એ વીસ હજાર તમારે તમારા ચોપડામાં જમા તો લેવા જ પડે છે. એ જ પ્રમાણે તમે પણ એમ તો ખુશીથી કહી શકો છો કે જીનેશ્વરદેવની તમોને શ્રદ્ધા થઈ, તમે શ્રીજીનેશ્વરદેવનો ધર્મ પામ્યા, તમે એ પંથે તમારાથી શક્ય એટલી પ્રગતિ કરી, એથી તમારો માનવભવ સફળ થયો છે, પરંતુ તેથી તમે તમારા ખાતાની એંસી હજારની બાકી રૂપ જે અનેક બાકી ક્રિયાઓરૂપ ધર્માચરણ કરવાનું છે તે તો કદાપિ પણ ભૂલી શકવાના નથી. તમે આ વાત સારી રીતે સમજશો એટલે પેલા ચાર શ્રાવકો તેમને પોતાને અધર્મી કેમ માનતા હતા તેનો સારી રીતે ખ્યાલ કરી શકશો. એ ચાર શ્રાવકો એ વાત સારી રીતે... જાણતા હતા કે પોતે સમકીતી છે. બાર વ્રતવાળા છે. ધર્મારાધનમાં ચુસ્તપણે અનુસરવાવાળા છે. પરંતુ તે છતાં મોહમાર્ગની નીસરણીએ હજી તેઓ નીચેને જ પગથીયે ઉભા છે અને તેર પગથીયાં બાકી જ છે.

પહેલે પગથીયે તમે ઉભા રહો છો અને તમારે ચૌદમે પગથીયે ચઢવું છે એનો અર્થ એ કે તમે જે કર્યું છે તે માત્ર નામનું જ છે અને હજી તો તમારે ઘણું કરવાનું બાકી છે. આ ઘણું કરવાનું તમે નથી કરી શક્યા તેટલો અધર્મ જ છે અને તમારૂં દેવું હજી એટલું બધું બાકી છે કે જે તમો સાધારણ રીતે કહીએ તો ન ભરી શકો એટલું છે. સિદ્ધ પણામાં જે તત્ત્વ છે તે આપણું લેણું છે, એ આપણી કુલ રકમ છે, હવે એ હિસાબે વિચાર કરો કે તમોએ જે મેળવ્યું છે તે કેટલામો ભાગ છે ? અને તમારી જે વસુલાત બાકી છે તે કેટલામો ભાગ છે ? તમે કેટલું મેળવ્યું છે અને તમારે કેટલું મેળવવું છે ? એ મેળવવાની જે રકમો બાકી છે તેટલા આપણે ધર્મથી છેટા છીએ. પેલા ચાર શ્રાવકોના હૃદયમાં આજ ધારણા ઘર કરીને બેઠી હતી અને તેથી જ તેમણે પોતાને અધર્મી જણાવ્યા હતા. આ ચાર શ્રાવકો બિચારા પોતે ધર્મારાધન કરતા હોવા છતાં પોતે જ પોતાને અધર્મી ગણાવતા હતા, ત્યારે આજે તો દુનિયા જ અધર્મી થઈ ગઈ છે. એવી સુધરેલી ગાળ દેવાની રીત તમે શોધી કાઢી છે. આ તમારૂં કામ કેટલે દરજ્જે વ્યાજબી છે તે તમારે પોતાને જ વિચારવાનું છે.

(અપૂર્ણ)

બુધવારીયાની છાવણીનાં નોખા રસ્તા

પરંપરા અને શાસ્ત્રને માનનારાઓ જ્યારે રવિવારે સંવચ્છરી કરી છે અને ગુરૂવારની સંવચ્છરી કરવાના નિર્ણયવાળા છે તેની સામે શનિવારે સંવચ્છરી જેઓએ પરંપરા અને શાસ્ત્રોના વચનોથી વિરૂદ્ધપણે કરી છે તેઓ અને બુધવારે તેવી જ રીતે જેઓ કરવા માંગે છે તેઓની છાવણીના રસ્તા જુદા પડ્યા છે.

૧ કેટલાકો પૂનમના ક્ષયે તેનું તપ ચૌદશે કરી લેવું એટલે ચૌદશ-પૂનમ ભેગાં કરવાં એમ કહે છે.

૨ કેટલાકો પૂનમના ક્ષયે તેની તપસ્યા તેરસે કરવી એમ કહી તેરસે પૂનમ માનવાનું જણાવી ચૌદસ પહેલાં પૂનમ માની લેવા સૂચવે છે.

૩ કેટલાકો પૂનમના ક્ષયે બારતિથિની જગ્યા પર અગ્યારતિથિ માનવાનું કહી અગ્યાર તિથિ શીલ પાળવાની આજ્ઞાને નામે દુવાઈ ફેરવે છે.

૪ કેટલાકો પૂનમના ક્ષયે પુનમનું પૌષધઆદિ કાર્ય તેરસને કે ચૌદશને ન અટકાવતાં પડવે કરવાનું કહે છે. જે દિવસે પૂનમનો ઉદય સમાપ્તિ કે ભોગ એક્કે નથી.

૫ કેટલાક રૂપૈયામાં આનો સમાવવાના મતના છે. જો તેઓ સંવચ્છરીમાં બધું સમાવી ન દે.

આ બધા બુધવારીયાની છાવણીના રસ્તા વીર (કથીર) શાસનના વાચકોને માલમ જ છે.

તા.ક. :- ઉદયવાળી તિથિ ન કરે તો આજ્ઞાભંગ આદિ દોષો બોલનારાઓ ક્ષયમાં વગર ઉદયે અને વૃદ્ધિમાં ઉદયને ખસેડી કેમ આરાધના કરે છે ? સમજો કે ઉદયનો સિદ્ધાંત ક્ષયવૃદ્ધિના પ્રસંગ સિવાયમાં છે. ચૌદશના ક્ષયે તેરસે તેરસનો જ ઉદય ને સમાપ્તિ છે છતાં તેને ચૌદશ કેમ મનાય છે ? બેસતી તિથિ માને તેને માટે આજ્ઞાભંગાદિ દોષો છે.

ગુરૂવારની સંવચ્છરીવાળાઓની એક નવીન યુક્તિ

શ્રીતપાગચ્છની પરંપરા અને પૂર્વાચાર્યના ચૌદશના ક્ષયે તેરસનું નામ ન લેતાં ચૌદશ જ ગણવી તથા કહેવી એવો તેમજ પાંચમ કરતાં પૂનમના તપને માટે જુદો તથા દ્વિવચનવાળો ઉત્તર છે એવા અનેક વચનોથી પૂનમ જેવા બીજા પર્વના ક્ષયે તેનાથી પહેલાના તેરસ જેવા અપર્વનો ક્ષય થાય છે, તેમજ અગ્યારસ અને અમાવાસ્યાની વૃદ્ધિમાં બીજી અગ્યારસ અને અમાવાસ્યાને જ ઔદયિકા એટલે ઉદયવાળી ગણીને પહેલાની વધેલી તિથિને ઉદયવાળી જ ગણી નથી તેથી પર્વની વૃદ્ધિએ પહેલાની અપર્વતિથિની જ વૃદ્ધિ થાય છે અને તે જ કારણથી પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરાય છે તે પ્રમાણે ભાદરવા સુદ પાંચમના ક્ષયે કે વૃદ્ધિએ ભાદરવા સુદ ત્રીજનો જ ક્ષય કે વૃદ્ધિ કરવાં પડે. આ વાત ઘણી વખત નક્કી થઈ ચૂકી છે, પણ હમણાં એક સુજ્ઞ શ્રદ્ધાલુગૃહસ્થે જણાવેલ છે તે વિચારવા જેવું છે, તે જણાવે છે કે અત્યારે પાંચમ ચાલતી હોય, શ્રી કાલકાચાર્ય મહારાજ હાજર હોય, અને શાતવાહન જેવાની જરૂરી વિનંતી હોય તો તે શુક્રવારની પાંચમથી હઠાવીને ગુરૂવારે જ આવે એ ચોકખું છે. અર્થાત્ अणागयाए એ વિશેષણ આપીને ચોથ કહી છે એનો અર્થ પણ પાંચમથી એક તિથિ જ પહેલાં જેમ લેવું તેમ એકજ દિવસ પહેલાં લેવું વ્યાજબી છે. પરંપરા અને શાસ્ત્રને અનુસરનારાઓને તો ત્રીજની વૃદ્ધિ અને ક્ષય થવાથી એક તિથિ અને એક દિવસ જ આગળ થશે. પણ ભેગી કહેનારા તથા ખોખું માનનારાઓને ચોથ પાંચમ ભેગી માનવાથી એક તિથિ એ આગળ ન રહે અને પહેલી પાંચમને ખોખું માનવાથી એક દિવસ આગળ પણ નહિ રહે. માટે ગુરૂવારે આ વર્ષે સંવચ્છરી કરવી એજ યોગ્ય છે.

તા.ક. :- સૂર્યના ઉદયવાળી તિથિ માનવી એ બેસતી તિથિ માનવાના ખંડન માટે છે, ક્ષયમાં ઉદય ન હોય છતાં તિથિ મનાય છે, અને વૃદ્ધિમાં પહેલે દિવસે ઉદય હોય છતાં તે નથી મનાતો, યાદ રાખવું કે - કલ્યાણક તિથિ પર્વ છે પણ અનેક કલ્યાણકો સાથે પણ હોય છે.

सिद्धचक्र

तंत्री

પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

— મુંબઈ —

પંચમ વર્ષ

જેઠ

વર્ષ

૫

અંક

૧૭-૧૮

卐

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

૧૯૯૩ : : ૧૯૩૭

જુન - જુલાઈ

વીર સંવત્ ૨૪૬૩

श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०
उत्तराध्ययनचूर्णि	३-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०
पंचाशकादिदशअकारादि	४-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०
विचाररत्नाकरः	३-०-०
बन्दारूवृत्तिः	१-४-०
पयरणसंदोह	१-०-०
अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०
बारसासूत्रं सचित्रं	१२-०-०
ऋषिभाषितानि	
प्रत्याख्यानप्रकरण - सारस्वत,	१-८-०
विशेषणवती-वीशवींशी	
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०
ललितविस्तरा	०-१०-०
तत्त्वतरंगिणी	०-८-०
बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
पर्युषणादशशतकं	०-१०-०
बुद्धिसागरः	०-३-०
विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
भवभावनावृत्तिः पूर्वार्धं	३-८-०
कल्पकौमुदी	२-०-०
षोडशकप्रकरणं सटीकं	१-०-०
षडावश्यकसूत्राणि	०-८-०
उत्पादादिसिद्धिः	२-८-०
तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
सुबोधिका	प्रेसमां-
भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
भवभावना (उत्तरार्धं)	प्रेसमां-
प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद मगनलाल बदामीએ तंत्री शा. पानाचंद રૂપચંદ ઝવેરી માટે छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिએ लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोयद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५		अंक १७-१८
विक्रम सं. १९९३	वीर सं. २४६३	सन १९३७
જેઠ		જૂન-જુલાઈ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચકની આરાધના અને શ્રી આયામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकाया ममलिनरमयाऽऽद्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

ભગવાન જીનેશ્વર મહારાજની પૂજાને દ્રવ્યપૂજા તરીકે ગણવામાં પણ તેઓના અનુપકૃતપણા અને પરહિતરતપણાને વિચારવાની આવશ્યકતા છે એમ આપણે આગળ જોઈ ગયા છીએ, અને તેવી વિચારણાપૂર્વક કરાતી પૂજાને જ દ્રવ્યપૂજા તરીકે ગણી શકાય છે, તેથી જ દ્રવ્યનંદીના અધિકારમાં દ્રવ્યપૂજાના સંબંધમાં પરોપકાર નિરતપણું વિચારતાં બ્રાહ્મણવર્ણની ઉત્પત્તિને અંગે ભગવાન ઋષભદેવજીના કેવળજ્ઞાનના અધિકારની જરૂરી હોવાને લીધે, ભગવાન ઋષભદેવજીની પ્રવ્રજ્યાનો અધિકાર વિચારવો એ આવશ્યક ગણેલું છે.

શ્રી જીનેશ્વરનું સંવચ્છરીદાન ભવ્યજીવોને પ્રતિબોધનું કારણ

ભગવાન જીનેશ્વર મહારાજાઓ જ્યારે પણ દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે અનેક ભવ્ય જીવો ભગવાન જિનેશ્વર મહારાજના સંવચ્છરીદાનને લીધે પ્રતિબોધ પામે છે, અને અનેક ભવ્યજીવો ભગવાન જિનેશ્વર મહારાજની ત્યાગવૃત્તિને અંગે પણ પ્રતિબોધ પામે છે. ત્રિલોકનાથ તીર્થંકર મહારાજાઓનું જ્યારે પણ દીક્ષાકલ્યાણક હોય છે ત્યારે ઈંદ્રઆદિક દેવતાઓ અને લોકાંતિક જાતના દેવતાઓ પણ ધર્મતીર્થની પ્રવૃત્તિને માટે તીર્થંકર મહારાજાઓને વિનંતિ કરતાં તેમની સ્તુતિસ્તવનમાં લીન થાય છે અને તેથી ઘણા જીવો પ્રતિબોધ પામે તે યોગ્ય જ છે.

આત્મશ્રેય માટે ગુણોની આવશ્યકતા

જૈનશાસનને જાણનારા મનુષ્યે એક વાત જરૂર ધ્યાનમાં રાખવાની છે, અને તે એ કે જૈનશાસનમાં આત્મકલ્યાણને માટે જે ગુણોની જરૂરીયાત જણાવેલી છે, તે ગુણોની મુખ્ય જડ અને પહેલી સીડી હોય તો એ જ છે કે બીજા ઉત્તમ આત્માઓમાં રહેલા તે તે ગુણોની નિષ્પક્ષપાતપણે ગુણ તરીકે જ અનુમોદના કરવી જોઈએ. વાચકવૃંદે સમજવું જોઈએ કે પોતાના અંગત ગુણોને અગર પોતાના સંબંધીના ગુણોને જે વખાણવામાં આવે, તે ફળની દિશા તરફ આત્માને તેટલો નહિ લઈ જાય, કેમકે તેમાં મુખ્ય ભાગ સ્વત્વ અને સ્વસંબંધિત્વનો છે. ધર્મનો અર્થી થયેલો અને મોક્ષની અભિલાષાવાળો પુરુષ જો પોતાના આત્માના કલ્યાણને માટે ગુણની અનુમોદના અને ગુણનો રાગ કરવા માગતો હોય તો તે મનુષ્યે, જેના ગુણોની અનુમોદના થાય છે, તેના સંબંધિત્વનો અંશ પણ તેમાં અંશે પણ પ્રવેશ થવા દેવો નહિ.

ગુણાનુરાગ તે ભક્તિરાગ હોઈ પ્રકારાંતરે તે પણ સ્નેહરાગ થઈ જાય છે.

ધ્યાન રાખવું કે જેમાં સ્વત્વ અને સ્વસંબંધિત્વનો પ્રવેશ ન હોય, તેવી રીતે ગુણની જે પ્રશંસા અને તેવા ગુણ ઉપર જે રાગ, તે જ ખરેખર ગુણપ્રશંસા અને ગુણાનુરાગ હોઈ

રાગસ્વરૂપ છતાં પણ તે ભક્તિરાગ જ ગણાય છે, પણ તેનું નામ સ્નેહરાગ કહેવાતો નથી, પરંતુ જે વ્યક્તિ સંપૂર્ણ ગુણવાળી હોય, જેમાં રાગદ્વેષનો એક અંશે પણ સંભવ ન હોય, જે વીતરાગ પરમાત્મા સ્વરૂપ હોય, તેવા પરમાત્માની ઉપર પરમાત્માના ગુણો જાણીને પરજન આત્મા તરીકે રાગ રાખવા છતાં પણ આ ભવનો સ્વજનપણાનો, કુટુંબીપણાનો કે સંબંધીપણાનો એક અંશે પણ જો રાગ રહે તો તેવા ગુણીપુરુષ ઉપર ગુણીપુરુષે કરેલા રાગને પણ શાસ્ત્રકારો સ્નેહરાગ તરીકે ઓળખાવે છે, એટલું જ નહિં, પણ રાગ કરનારની વર્તમાનમાં દ્રષ્ટિ પણ તે તરફ ન હોય, પરંતુ તે સંપૂર્ણ ગુણવાન મનુષ્યના જીવની સાથે સેવાભાવી ગુણવાન મનુષ્યના જીવનો પૂર્વભવનો કંઈક સંબંધ હોય અને તેના સંસ્કારને લીધે જ, અજાણપણે પણ ગુણસહિતપણાના સંબંધ ની મહત્તા કે ઉપકારીપણાના ગુણની મહત્તાની સાથે કે તે સિવાય જે રાગદ્રષ્ટિ થાય તેમાં જો કે ગુણીરાગ અને ગુણાનુરાગ સાથે જ છે, છતાં શાસ્ત્રકારો તેવે સ્થાને પણ આંખ મીંચામણા નહિં કરતા ભવાંતરના સંસ્કારને લીધે થયેલા રાગને અંગે સ્નેહરાગ નામનો જ રાગ જણાવે છે. ધ્યાન રાખવું કે ગુણ અને ગુણી ઉપર જે રાગ તે સ્વયં પ્રશસ્ત હોઈ રાગમોહનીય કર્મને સર્વથા નાશ કરનારો હોવાથી મોહના ઘરનો છતાં પણ નિર્જરાની સાથે જ સંબંધ રાખનારો છે, પરંતુ જો કુટુંબીઆદિકના સંબંધને લીધે ગુણીપુરુષ ઉપર પણ ગુણવાન પુરુષે કરેલો રાગ હોય, તો તે રાગપણ સ્નેહરાગ જ કહેવાય અને તે નિર્જરાની સાથે સંબંધવાળો રહેતો નથી, પણ મોક્ષમાર્ગમાં પ્રવર્તેલા જીવોને વજ્રની સાંકળ માફક વિઘ્ન કરનારો જ થાય છે અને આ વાત ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજા અને ભગવાન ગૌતમસ્વામીના સ્નેહસંબંધને જાણવાવાળો મનુષ્ય સહેલાઈથી સમજી શકે એમ છે.

ગુણિપણાના સંબંધને લીધે દેવાદિનું આવવું.

આ બધું કહેવાનો મતલબ એટલો જ કે ભગવાન જિનેશ્વર મહારાજાના દીક્ષાકલ્યાણકના મહોત્સવમાં ઈંદ્રમહારાજાદિક દેવતાઓ અને લોકાંતિક જેવા સમ્યગ્‌દ્રષ્ટિઓ જે હાજરી આપે છે, સ્તુતિ કરે છે, ધર્મતીર્થ પ્રવર્તાવવાને માટે વિનંતિ કરે છે અને જય જય આરાવથી દશે દિશાને ગજાવી મ્હેલે છે. તેમાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ગુણિપણાનો સંબંધ જ માત્ર કારણ છે, અર્થાત્ તેમાં ભગવાન તરફનો શુદ્ધ ભક્તિરાગ જ તે ઈંદ્રાદિકદેવતાઓને કારણ તરીકે હોય છે.

દેવદૂષ્યનો ઉપયોગ શામાં અને તેની મહત્તા

આવી રીતે દીક્ષાકલ્યાણક કરવાને આવેલા ઈંદ્રમહારાજા, ભગવાનની દીક્ષાને વખતે તેમના લુંચિતકેશોને ક્ષીર સમુદ્રમાં પધરાવી દે છે અને દરેક તીર્થંકરને ખભે ઈંદ્ર મહારાજાઓ તે વખતે દેવદૂષ્યને સ્થાપન કરે છે. આ દેવદૂષ્યનો ઉપયોગ જિનેશ્વર મહારાજાઓને ઓઢવામાં, પાથરવામાં, ટાઢ કે શરદી ખાળવામાં કે એના જેવા બીજા કોઈપણ કામમાં હોતો જ નથી. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને ડાબે ખભે જે ઈંદ્ર મહારાજા દેવદૂષ્યો સ્થાપન કરે છે અને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો તે દેવદૂષ્યોને ધારણ કરે છે, તેમાં કેવળ અનાદિકાળના તીર્થંકરોનો ધર્મ જ આ દેવદૂષ્યને ધારણ કરવાનો છે, તે સિવાય બીજો કોઈ પણ હેતુ નથી. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને ખભે દીક્ષા લેતી વખત અનુધર્મપણાને માટે જે દેવદૂષ્ય ઈંદ્રોસ્થાપન

(અનુસંધાન પા. ૩૯૮)

પ્રશ્ન ૯૧૬ - અતિમુક્તમુનિએ દેશના સાંભળીને વૈરાગ્ય મેળવ્યો હતો કે સ્વયં મેળવ્યો હતો ?

સમાધાન - ભગવતીજી તથા અંતગડ એ બે સૂત્રોમાં તેમનો અધિકાર છે. તેમાં શ્રી ભગવતીજીમાં જે અતિમુક્તમુનિનો અધિકાર છે તેમાં માત્ર પાત્રોને તરાવવાના અધિકાર સિવાયનો ઈર્યાવહી કે કેવલજ્ઞાનનો અધિકાર નથી, શ્રી અંતગડસૂત્રમાં તો ભગવાન શ્રી ગૌતમસ્વામી સાથે ગામમાંથી આવી ભગવાન મહાવીરની દેશના સાંભળીને વૈરાગ્ય પામ્યા એમ સ્પષ્ટપણે જણાવે છે.

પ્રશ્ન ૯૧૭ - અતિમુક્તમુનિજીને તેમના માતપિતાએ દીક્ષા લેતાં રોકવા માટે શું કહ્યું અને અતિમુક્તમુનિજીએ તેનો શો ઉત્તર આપ્યો ?

સમાધાન - અતિમુક્તમુનિજીએ ધર્મ સાંભળવાથી વૈરાગ્ય થયેલો જણાવી દીક્ષાની આજ્ઞા માગી ત્યારે માતપિતાએ જણાવ્યું કે તું બાલક છે. અણસમજુ છે અને તું ધર્મને શું જાણે ? ત્યારે તેમણે ઉત્તરમાં એમ જણાવ્યું કે હે માતાજી ! હે પિતાજી ! હું જે જાણું છું તે જ નથી જાણતો અને જે નથી જાણતો તે જ જાણું છું.

પ્રશ્ન ૯૧૮ - જાણું છું તે નથી જાણતો વગેરે કહેનાર અતિમુક્તમુનિ કેટલા શ્રુતને ધારણ કરનાર હતા ? તે ઈર્યાવહીનો પણ ખરો અર્થ નહોતા જાણતા એ ખરૂં?

સમાધાન - તે અઈમત્તામુનિજી અગ્યાર અંગને ધારણ કરનાર હતા એમ શ્રી અંતગડસૂત્રકાર જણાવે છે. ઈર્યાવહીયાનો અર્થ નહોતા જાણતા એ શાસ્ત્રથી વિરૂદ્ધ વચન છે. દગમટ્ટી ની ઉપર તો અર્થ જાણતા હોવાથી પશ્ચાતાપ થયો એમ ઉપદેશપ્રસાદ કહે છે.

પ્રશ્ન ૯૧૯ - આર્યરક્ષિત સૂરિજીના પિતાના પ્રસંગ પછી ચોલપટ્ટો નિયમિત થયો માત્રકની પ્રવૃત્તિ થઈ એમ ખરૂં ? અને આર્યરક્ષિતસૂરિ મહારાજે કાલ કર્યો ત્યારે તેમના પિતા હયાત હતા ?

સમાધાન - આવ હા ૩ પૂ જુયલેણં-કડિપટ્ટગચ્છ-ત્તુવાણહ કુંડિઆબંભસુત્તાણિ ણ મુયઇ, મત્તણ ચેવસન્નાભૂમિ ગમ્મઇ, - આયરિઆ ભણંતિ-આણેહ સાડયં, તાહે ભણઇ-કિં એત્થ સાડણ ?, દિટ્ઠં જં દિટ્ઠવ્વં, ચોલપટ્ટઓ ચેવ ભવઉ, એવં તા સો ચોલ-પટ્ટંગિણ્હાવિઓ

પા, ૩૧૦-जहाऽहं वट्टिओ फग्गुरकिखअस्स गुट्ठामाहिलस्स य तहा तुम्हेहिं वट्टिअव्वं, मवज्या-विधाने पृ. ७ पू. मद्वृत्त्या वर्तितव्यं मे, बन्धौ मम च मातुले। साधुसाध्वीगणेऽन्यस्मिन्।

उत्तराध्ययने पा. ९७ जइ मम जुअलेणंताहे ते भणंति-अच्छह तुब्भे कडिपट्टएणं, मत्तएणं चेव सन्नाभूमिं गम्मइ-आणेह साउयं, ताहे भणइ-किंथ साडएणंति जं दट्ठव्वं तं दिट्ठं, चोलपट्टओ चेव मे भवउ, एवं ता सो चोलपट्टपि गिण्हाविओ

પા. ૧૭૩ इअरोऽवि भणितो जहाऽहं वट्टिओ फग्गुरकिखअस्स गुट्ठामाहिलस्स य तहा तुब्भेहिऽवि वट्टिअव्वं।

આ વગેરે પાઠો જોનારને સ્પષ્ટ માલમ પડશે કે આર્યરક્ષિતસૂરિજીની વખતથી ચોલપટ્ટો નિયમિત થયો નથી. નગ્ન શબ્દ જે ત્યાં વાપર્યો છે તે ચોલપટ્ટાને લીધે જ છે. નહિ કે સર્વથા વસ્ત્રના અભાવને લીધે. વળી માત્રક આપીશું એમ વિધાન નથી કરતા પણ માત્રકથી ઠલ્લે જવાશે એમ કહે છે. સ્થવિરકલ્પના ચૌદ ઉપકરણોમાં અસલથી માત્રકની હયાતી હતી. એમ કહી શકાય કે જે માત્રકનો ઉપયોગ સંજ્ઞાભૂમિમાં ન થતો હોય અથવા સામાન્ય સાધુ માટે ન થતો હોય તે વખતથી. સામાન્ય સાધુ માટે પણ થયો હોય અથવા અન્ય દર્શનની સત્તા કે મહત્તાને અંગે શાસનના બચાવ કે હેલના નિવારણ માટે ચૌદઉપકરણના માત્રકથી જુદુ માત્રક રાખવાનું કર્યું હોય તેથી શિથિલતાની આચરણા ન ગણાય અને આચાર્ય મહારાજ પોતાના કાલ વખતે ભાઈ અને મામાની ભલામણ કરે છે અને પિતાની ભલામણ નથી કરતા તેથી તેમના કાલધર્મ વખતે તેઓના પિતાની હયાતી હોવાનો સંભવ નથી. પ્રભાવકચરિત્રમાં માતુલ ભ્રાતા અને પિતા એમ કહી ભલામણ કરી એમ કહ્યું છે પણ પિતા શબ્દ પહેલો ન હોવાથી તેથી માત્ર આદર જણાવી પૂજ્યતાવાળા અન્ય પુરૂષો લીધા ગણાય.

પ્રશ્ન -૯૨૦ ભગવાન વજ્રસ્વામીજીએ છ માસની ઉમ્મરમાં छम्मासियं छसु जयं એ વચનથી દીક્ષાવાળા ગણાયા છે, વળી આવશ્યકની શ્રી હરિભદ્રસૂરિઆદિની ટીકાઓમાં પણ ત્રણ વર્ષની ઉંમરે દીક્ષા દીધી એમ લખ્યું છે અને યુગપ્રધાનયંત્રમાં આઠ વર્ષ ગૃહસ્થપણાનો પર્યાય લખ્યો છે તો એ ત્રણેનો મેળ કેમ મળે ?

સમાધાન - ભગવાન વજ્રસ્વામીને તેમની માતાએ સાધુને વ્હોરાવ્યા તે અપેક્ષાએ છ મહિને દીક્ षા માની છે. આટલા માટે જ શાસ્ત્રકારોએ શય્યાતરકુલમાં વજ્રસ્વામીજીનું પાલન થતું હતું ત્યાં પણ फासुअपडोयारो य से इट्ठो એમ પ્રાસુકથી પોષણ જણાવેલ છે. પછી ત્રણ વર્ષની વયે રાજ્યસભા સુધી તેમની માતાની તકરાર પહોંચતાં રાજ્યસભામાં રજોહરણ આપ્યું તેથી દીક્ષિત કર્યા અને શય્યાતરને ત્યાં ન રાખતાં સાધ્વીના ઉપાશ્રયે તે દીક્ષિત વજ્રસ્વામીને રાખ્યા, પછી આઠ વર્ષની વયે વડીદીક્ષા આપી સાધ્વીના ઉપાશ્રયે રહેવું બંધ કર્યું, તેથી વડી દીક્ષાની અપેક્ષાએ આઠ વર્ષ ગૃહસ્થ પર્યાયમાં ગણ્યા. આ સિવાય બીજું પણ સમાધાન બહુશ્રુતો કરે તો ના નહિં.

પ્રશ્ન ૯૨૧ સાધુઓ સાધુ પાસે આલોયણ લે છે તેમ સાધ્વીઓ સાધ્વીઓ પાસે આલોયણ કેમ નથી લેતી ?

સમાધાન - સાધ્વીઓને જેમ દ્રષ્ટિવાદ ન ભણાવાય તેવી રીતે આર્યરક્ષિતસૂરિજી પછીથી સાધ્વીઓને આચાર પ્રકલ્પ આદિ છેદસૂત્રો

આપવાના નિષેધને અંગે સાધ્વીઓને પણ આલોયણ આચાર્યાદિકસાધુઓ પાસે જ હોય છે.

પ્રશ્ન ૯૨૨-આર્યસિંહગિરિજીના શિષ્યો ગણાવતાં શ્રી વજ્રસ્વામીને આર્યસમિતિ કરતાં પહેલા કેમ કહ્યાં?

સમાધાન - આર્યસમિતિસૂરિજી તો શ્રી વજ્રસ્વામીના અર્પણ પહેલાના દીક્ષિત હોવાથી મોટા જ છે. પણ ધનગિરિજી મહારાજના સાહચર્યથી શ્રી વજ્રસ્વામીજીને બીજે નંબરે લીધા છે. પણ આગળ પરંપરા ચલાવતાં આર્યસમિતિજીની બ્રહ્મદ્વીપિકા શાખા પહેલી લઈ પછી વજ્રસ્વામીની શાખા લીધી છે તે ધ્યાન બ્હાર જવા દેવું નહિં.

પ્રશ્ન ૯૨૨ - શ્રી વજ્રસ્વામીજીને પુરીના શ્રાવકોએ ચૈત્યપૂજા જ મહાન ધર્મોના અંગો છે માનીને પુષ્પ લાવવા વિનંતી કરી છે ?

સમાધાન - પુરીના શ્રાવકો જિનોક્ત ધર્મના સર્વ અંગોને અંગ તરીકે માનતા હતા. પરંતુ બૌદ્ધોએ પોતાના ધર્મનો રાજા હોવાથી ઈર્ષ્યાને લીધે ફૂલો રોકાવ્યાં હતાં. યાવત્ પર્યુષણસરખા દેવતાના અનુકરણથી પણ મહાપૂજા કરવાના દિવસો છતાં પુષ્પ ન મળવાથી શાસનહેલના ગણી તે હેલના ટાળવા શ્રી વજ્રસ્વામીને વિનંતી કરી અને તેથી કમને પણ શ્રી વજ્રસ્વામીને પુષ્પો લાવવાનું મન થયું અને તેથી જ નિર્યુક્તિકાર અન્ય શાસનની અવહેલના અને શાસનની પ્રભાવનાના મુદ્દા જણાવે છે. પણ પૂજાનો મુદ્દો જણાવતા નથી. આલંબન લે તો પણ તે કૂરગણ્યું છે.

પ્રશ્ન ૯૨૩ - શ્રી વજ્રસ્વામીજી સુધી મુનિઓ પ્રાયેવનમાં રહેતા હતા એમ ખરૂં ?

સમાધાન-જયંતીનું પ્રથમ શય્યાતરીપણું સુસ્થિતઆચાર્યનું કલ્પકને ત્યાં રહેવું આર્યસુહસ્તિનું યાનશાલામાં રહેવું. બ્રહ્મચર્યની નવવાડો આચારાંગ અને દશવૈકાલિકમાં શબ્દરૂપાદિથી વસતિની પ્રતિબદ્ધતા વસતિના અનતિકાંતા દિ ભેદો આદિને જાણનારો તેમ ન માને. કથંચિત્ વનવાસની તો ના નહિં.

પ્રશ્ન ૯૨૪ - શ્રી નન્દીસૂત્રને રચનારા કોણ ? શ્રી દેવવાચકજી કે શ્રી દેવર્ધિગણિક્ષમાશ્રમણજી ?

સમાધાન - શ્રી નન્દીસૂત્રને ઉદ્ધારનારા શ્રી દેવવાચકજી છે તેમના ગુરૂનું નામ શ્રી દુષ્યગણીજી છે અને તેઓ આર્યમહાગિરીજીની પરંપરામાં છે અને શ્રી દેવર્ધિગણિક્ષમાશ્રમણજી તો સાંડિલ્યગણીના શિષ્ય છે અને શ્રી આર્યસુહસ્તિસૂરિજીની પરંપરામાં છે. એમ નન્દીસૂત્ર અને કલ્પસૂત્રમાં સ્પષ્ટ છે સર્વસૂત્રોના લેખનદ્વારા ઉદ્ધારક હોવાથી શ્રી દેવર્ધિજીને નન્દીના કર્ત્તા કહે તો જુદી વાત.

પ્રશ્ન ૯૨૫ - કેટલેક સ્થાને ચંદ્રકુલ એમ લખાય છે અને કેટલેક સ્થાને ચંદ્રગચ્છ એમ લખાય છે તેનું કારણ શું ?

સમાધાન - એક આચાર્યની સંતતિને કુલ અને સાપેક્ષ કુલોનો સમુદાય ગણ અને ગણનો સમુદાય તે સંઘ કહેવાય, એવું શાસ્ત્રીય વચન વિચારતા જણાશે કે અમુક પરંપરાની અપેક્ષાએ ચંદ્રકુલ હોય અને જ્યારે તેમાંથી બીજા ગચ્છોના ભેદ જુદા નીકળ્યા હોય ત્યારે તે જ ચંદ્રકુલવાળાને જ ચંદ્રગચ્છ (ગણ) લખવાનું થાય. ગચ્છ શબ્દનું મૂલ વડગચ્છ પછીનું જણાય છે.

પ્રશ્ન ૯૨૬ - આર્યરક્ષિતજીની ઉંમર દીક્ષાની વખતે કેટલી ?

સમાધાન - શ્રી પંચકલ્પચૂર્ણિમા સોળ વર્ષ પછી શૈક્ષનિષ્ફેટિકા નામનો દોષ માબાપની રજા ન હોય તો પણ નથી લાગતો એમ જણાવીને શ્રી આર્યરક્ષિતસૂરિજીની દીક્ષા શૈક્ષનિષ્ફેટિકાવાળી જણાવે છે તેથી તેમની દીક્ષા વખતે ઉંમર સોળની અંદર જ હોય, અને યુગપ્રધાનગંડિકામાં તેમનો ગૃહસ્થપર્યાય અડચારસ (બાર) વર્ષનો લખેલો જ છે, કેટલીક જગાએ બાવીસ વર્ષનો ગૃહસ્થપર્યાય

જણાવે છે ત્યાં શૈક્ષનિષ્ક્રેટિકા ગણાય નહિં. માત્ર રાજાદિના ઉત્પ્રાવ્રાજનના ભયથી અન્યત્ર ગયા છે માટે રાજાદિની અપેક્ષાએ ત્યાં તે દોષ લેવાય. પણ સામાન્ય સોળ પછી જ રજા વગર પણ દીક્ષા થાય તેમાં નિષ્ક્રેટિકા નથી એમ ભાષ્ય અને ચૂર્ણિકારો ચોક્ખું લખે છે.

પ્રશ્ન ૯૨૭ -શ્રી આર્યરક્ષિતસૂરિજીનો સ્વર્ગવાસ વીર સંવત્ ૫૮૪માં માનવો કે ૫૮૭માં માનવો?

સમાધાન - ગોષ્ઠામાહિલનું નિહ્નવપણું વીરસંવત્ (નિર્વાણ) ૫૮૪ વર્ષે થયું એ આવશ્યકનિર્યુક્તિ ઉત્તરાધ્યયનનિર્યુક્તિ તથા વિશેષાવશ્યક્ ભાષ્યમાં સ્પષ્ટપણે જણાવેલ છે અને આચાર્ય મહારાજના કાલધર્મ પછી જ તેઓ નિહ્નવ થયા છે. સંભવ છે કે ચૈત્રીવર્ષની ગણતરીયે ચોમાસામાં આચાર્યશ્રીજીનો કાલધર્મ થયો હોય અને ચોમાસા પછી ગોષ્ઠામાહિલ નિહ્નવ થયા હોય.

પ્રશ્ન ૯૨૮ -શ્રી કાલિકાચાર્ય મહારાજ દ્વારાએ ઉજ્જયિનીના ગર્દભિલ્લરાજાનો ઉચ્છેદ થયા પછી ઉજ્જયિનીની ગાદીએ કોણ બેઠું ? અને તેનો રાજ્યધર્મ કયો ?

સમાધાન - જે શાહિને ત્યાં શ્રી કાલિકાચાર્ય મહારાજ રહ્યા હતા તે શાહિ ઉજ્જયિનીની મુખ્ય ગાદીયે બેઠો અને જોડે આવેલા બીજા શાહિઓ માંડલિક તરીકે થયા અને તેઓ જૈનધર્મને જ રાજ્યધર્મ ગણતા હતા એમ શ્રી મલધારી હેમચંદ્રમહારાજ પુષ્પમાલાવૃત્તિમાં જણાવે છે. પારસદેશમાં રાજાને શાહિ તરીકે અને રાજાધિરાજને શાહીનશાહ તરીકે ગણતા. તેઓનો વંશ હોવાથી તેઓ શકકુલ અથવા શક તરીકે ગણાયા.

પ્રશ્ન ૯૨૯ - વિજયઆણસૂરવાળાઓએ ષટ્પર્વી-ઘટાઘટવિચાર લખ્યો છે તેમાં શ્રીકાલિકાચાર્યે સભાસમક્ષ કલ્પસૂત્ર વાંચ્યું એમ જણાવે છે તે કેમ?

સમાધાન - ભગવાન શ્રી હરિભદ્રસૂરિજીના વખત સુધી તો સર્વત્ર સંવચ્છરી પડિક્કમણું કરીને જ સાધુઓ કલ્પસૂત્રની પમીવાચના સાંજે જ કરતા હતા. માત્ર શ્રી નિશીથચૂર્ણિકાર કરતા પહેલેથી આનન્દપુરમાં મૂલચૈત્યમાં જ દિવસે કલ્પસૂત્ર વંચાતું હતું, એટલે તે વિચાર પ્રમાણે નથી તો ૯૯૩ માં આનન્દપુરમાં વાચના થઈ અને તેથી તેને શરૂ કરનાર કાલકાચાર્ય મહારાજા પણ નહોતા.

પ્રશ્ન ૯૩૧ - તે ઘટાઘટમાં જણાવ્યું છે કે પાંચમની સંવચ્છરીનો પલટો આનન્દપુરમાં પુત્રના શોકને નિવારવા લોકો આવવાના હતા તેથી થયો અને ધ્રુવસેનરાજાએ અવજ્ઞાપૂર્વક કરાવ્યો તે શું સાચું છે?

સમાધાન - શ્રી નિશીથચૂર્ણિ આદિ પ્રામાણિક શાસ્ત્રોમાં તો સંવચ્છરીની તિથિનું પરાવર્ત્તન પ્રતિષ્ઠાનપુરમાં થયેલું છે. લોકોના અનુયાયીપણાને લીધે ઈન્દ્ર મહોત્સવને લીધે કરાયું છે અને શાતવાહન રાજાની વિનંતીથી કરાયેલું છે, માટે ઘટાઘટ વિચારમાં જે આ પ્રમાણે લખ્યું છે તે શાસ્ત્રથી વિરોધી હોઈને સમ્યગ્દૃષ્ટિઓને માનવા લાયક જ નથી તે ઘટાઘટમાં આ પ્રમાણે લખેલું છે -

अधुना लोकाः! शृण्वन्तु भाद्रपदशुक्लपंचम्यां श्रीकालिकसूरीणा वार्षिकं पर्व करणीयमस्ति अतस्ते सूरिवराः ध्रुवसेनराजानमाहूय कथितुं लग्नाः-भो राजन्। पंचम्यां वार्षिक पर्व अस्ति तत्करणार्थं आगन्तव्यं अत्र, तदा राज्ञा भणितं - स्वामिन्। सत्यं, लोगविरूद्धच्चाओ इति वचनात् पंचम्यां अस्माकं पुत्रशोकनिवारणार्थं सर्वाः प्रजाः आगमिष्यंति तदा श्रीमतां पार्श्वे वार्षिक पर्वे महोत्सवार्थं ममागमनं न भविष्यति, अतः षष्ठया वार्षिकपर्व कर्त्तव्यं।

इति कथयित्वा राजा स्वसदने गतः, अथ तैः सूरिपादैः सर्वगीतार्थानाचार्यांश्च संमेल्य राजावदातः कथितः, तदा सर्वैर्गीतार्थैरुक्तं-यूयं महाप्रभावकाः श्रीमद्वीरवचनतः तत्रभवतां वचनं प्रमाणं, परं षष्ठ्यां वार्षिकं पर्व न जायते कुतः? आयुरनित्यं, अत चतुर्थ्यां वार्षिक पर्व कर्त्तव्यं, इति गीतार्थानां वचनमुररीकृत्य चतुर्थ्यां संघसमक्षं राजपुरस्सरं वार्षिकं प्रतिक्रमणमपि चतुर्थ्यामेव कृतं।

વધારે આશ્ચર્યની વાત તો એ છે કે એજ ઘટાઘટ વિચારમાં જ સાલાહણેણ રણ્ણા વગેરે બે ગાથા આવી છે તેથી ધ્રુવસેનરાજાએ સંવચ્છરીની તિથિ પલટાવકાવી એવું તેનું લખાણ જુઠું ઠરે છે.

પ્રશ્ન ૯૩૨ - किंच चतुर्दशी पौर्णमासी चेत्युभे अप्याराध्यत्वेन संमतेः स्तः, परं चार्तुमासिकलक्षणा ग्राह्या नान्धा इति એમ એ ઘટાઘટમાં તત્ત્વતરંગિણીને નામે જણાવ્યું તે સાચું છે ?

સમાધાન - किंच थी स्तः સુધીનો પાઠ તો તત્ત્વતરંગિણીમાં છે. પણ પરંથી આગળનો પાઠ નથી, તે આણસૂરવાળાએ જુઠો લખ્યો છે. તત્ત્વતરંગિણીકાર તો બધી પૂનમો માન્ય ગણે છે. જુઓ ગાથા ૫મીની ટીકાનો પાઠ.

यद्यप्यागमे चतुर्मासिकसंबंधिन्यस्तिस्रः पौर्णमास्यः अमावास्याश्च पुण्यतिथित्वेन महाकल्या-णतया प्रख्याता आराध्यत्वेनोक्तास्त-थापि क्वापि श्रावकाणां केवलं पौषधव्रतमेवाश्रित्य सामान्येन गृहिता दृश्यन्ते अतस्तदपेक्षयैव युक्तयो दृश्यंते,

(અનુસંધાન પા. ૩૯૨ થી ચાલુ)

કરે છે, તે દેવદૂષ્યની કિંમત એક લાખ સોનૈયાની હોય છે અને જિનેશ્વર ભગવાનો ધારણ કરે છે. આચાર્ય મહારાજ ગુણચંદ્રસૂરિજી ભગવાન મહાવીર મહારાજાના ચરિત્રમાં જણાવે છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજની દીક્ષા વખતે ઈંદ્ર મહારાજાએ સ્થપાયેલું દેવદૂષ્ય ખંડિત થઈ ગયું હતું, છતાં પણ તે બે ખંડની યોજના નવા દેવદૂષ્ય જેવી હોવાથી તે દેવદૂષ્યની કિંમત એક લાખ સોનૈયા આવી હતી, અને ભગવાન મહાવીર મહારાજનું દેવદૂષ્ય મહારાજા નંદીવર્ધનજીએ ઘણા જ ખુશી થવા પૂર્વક લાખ સોનૈયે લીધું છે. આ ઉપરથી ઈંદ્ર મહારાજાઓ ત્રિલોકનાથ તીર્થંકરોને ખભે દેવદૂષ્યો કેમ સ્થાપે છે અને ત્રિલોકનાથ તીર્થંકરો કેમ ધારણ કરે છે તેનો ખુલાસો થવા સાથે દેવદૂષ્યની વ્યવસ્થા કોઈપણ એક પ્રકારની નિયમિત હોય એમ પણ નથી. ભગવાન ઋષભદેવજી મહારાજના વખતમાં લોકોની હદ બહારની સમૃદ્ધિએ યુકતતા હોવાને લીધે, તેમના દેવદૂષ્યનું ખસવું ન થાય એમ માનીને ગ્રંથકારોએ યાવત્ શ્રવણત્વકાળમાં ભગવાન ઋષભદેવજીનું દેવદૂષ્ય વસ્ત્ર રહ્યું હતું એમ માને છે, જ્યારે કોઈક અપેક્ષાએ સૂત્રકાર મહારાજે કંઈક અધિક વર્ષ સુધી જ માત્ર દીક્ષા ..ીધા પછી અપાયેલા તે દેવદૂષ્ય વસ્ત્રનું ટકવું માનેલું છે. આ બે હકીકતોમાંથી કોઈ એક પણ હકીકત સત્ય હોય, તો પણ એ વાત તો સિદ્ધ જ છે કે નમી વિનમીની સેવા વખતે તે ઈંદ્રે દીધેલા દેવદૂષ્યની હયાતિ હોવા છતાં તેનો ઉપયોગ કોઈ પણ પ્રકારે તે નમિવિનમિની યાચનાને અંગે થયેલો નથી. નમીવિનમી કેમ સેવા કરવા આવ્યા, કેવી રીતે સેવા કરી અને કેમ ફળ મેળવ્યું એનો વિચાર કરવો તે સ્થાનસર ગણાય અને ..ેથી તેનો વિચાર કરીશું.



સાધુત્વ અને મૃષાવાદ

(ગતાંક પા. ૩૮૨ થી ચાલુ)

અહીં એક ઉદાહરણ યાદ રાખો. એક દંપતિનું જોડલું હતું, રાત્રે સૂઈ ગયા પછી સવારે ઉઠ્યા, ત્યારે પતિનું મોઢું નિરાશ થયેલું અને ઉતરી ગયેલું હતું. રાત્રિએ બંનેનો ઝઘડો થયેલો હતો, બંનેના મગજમાં રાતનો ઘુમરાટ તો હતો જ, એટલે સ્ત્રીએ પણ એ ઘુમરાટમાં જ પ્રશ્ન કર્યો કેમ આજે તમારૂં મોઢું ચઢેલું છે ? શું રાતનો ગુસ્સો હજી ઉતર્યો નથી કે ? "ઘણી ખીજવાયેલો હતો જ, તેવામાં આવો અચાનક પ્રશ્ન થયો, એટલે તેણે ગુસ્સામાં જ હોય તેમ જવાબ આપી દીધો, તેણે કહ્યું- "મને રાતના સ્વપ્નું આવ્યું, તેમાં એવો દેખાવ નજરે પડ્યો કે જાણે હું તો રાંડ્યો ! પેલી સ્ત્રી આ વાક્યનો મર્મ સમજી ગઈ. તે સુધરેલી અને શીખેલી હતી, એટલે પતિનો શબ્દ પોતાની પાસે ન રહેવા દેતાં તરતજ પતિદેવને પાછો આપી દીધો. તેણે પણ કહી દીધું કે : "નારે મારા પ્રાણધાર ! તમે શું કરવા રાંડો છો, ઈશ્વર કરેને તમારે બદલે હું જ રાંડું?" જો કે આ શબ્દો બોલવામાં તો સરળ હતા, પણ અર્થમાં ગંભીર હતા, અને તેનો આડકતરો અર્થ એજ નીકળતો કે હું શું કરવા મરૂં ? તમેજ મરો!"

તમે એમ કહી દો કે 'આ જગત અધર્મી થયું છે' તમારી એ વાણી પણ ઉપરના ઉદાહરણને મળતી જ છે. જગત અધર્મી થઈ ગયું છે એનો અર્થ એ કે તમે પોતે ધર્મી થયા છો ! જગત અધર્મી બન્યું છે. કળિયુગ આવી પહોંચ્યો છે એ બધાનો અર્થ એ કે બીજા અધર્મી ઠર્યા એટલે પર્યાયે તમે ધર્મી ઠર્યા. પણ આવી રીતે તમે ધર્મી થઈ શકતા નથી. તમો ત્યારે જ ધર્મી થઈ શકો છો કે જ્યારે તમે તમારા આત્માને જ તપાસશો, ત્યારેજ તમારામાં ધર્મની સાચી કિંમત સંબંધી સમજ આવશે. લાખો માણસોના મોઢાં સામે તમે આરિસો ધરશો તેથી તમારું પોતાનું મુખ તમો નિહાળી શકવાના નથી. તે જ પ્રમાણે બીજાને અધર્મી કહ્યાથી તમારું કલ્યાણ થવાનું નથી. લાખો લોકોને તમે તેનાં

મોઢાં બતાવશો તો તેઓ પોતાના મોઢાનો ડાઘ દૂર કરશે, પરંતુ તેથી તમારા મોઢાનો ડાઘ કેવી રીતે દૂર થશે ? બીજાઓને આરિસો બતાવતા ફરવાથી તમારા મોઢાના ડાઘા દૂર થવાના નથી, અથવા તમે પોતે સુધરી શકવાના નથી. અર્થાત્ એ તમારે સુધરવું હોય તો પહેલો તે આરિસો તો તમારા પોતાના જ મોઢાની સામે ધરવાની જરૂર છે. અને તેમ કર્યા પછી જ તમોને બીજાના મોઢાં સામે આરિસો ધરવાનો હક પણ મળે છે. જે પોતે પોતાનું મોઢું ચાટલામાં જુએ છે અને તે દ્વારા પોતાના મોઢાના ડાઘા દૂર કરે છે તેને જ બીજાને આરિસો બતાવીને તેના મોઢાના ડાઘા દૂર કરાવવાનો હક છે. બીજાને એવો હક રહેતો જ નથી ! તે જ પ્રમાણે જે પોતે સુધરી ગયો છે તેને જ બીજાને સુધારવાનો પણ હક છે. જે પોતે જ સુધર્યો નથી તે બીજાને કદી પણ સુધારી શકવાનો જ નથી. એટલા જ માટે કહેવામાં આવ્યું છે કે : "દરિદ્ર બીજાને ધનવાન કરી શકતો નથી" હવે બીજી વાત એ વિચારવાની છે કે આ કેવળી મહારાજાઓએ કહેલો ધર્મ છે, પરંતુ એ ધર્મ કહેવો કોને ? અર્થાત્ ધર્મોપદેશ આપવાનો અધિકાર કોને હોઈ શકે ? આ પ્રશ્નનો ઉત્તર નિશીથમાં પૂરો પાડવામાં આવ્યો છે. તેમાં સાફ સાફ અને સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે જે આચારપ્રકલ્પને જાણનારો હોય અને જે પંચમહાવ્રતધારી હોય તેને જ એ ધર્મ કહેવાનો અધિકાર છે. ખ્યાલમાં રાખજો કે અહીં એક જ વાત નથી કહી, પરંતુ બંને વાત સાથે કહેવામાં આવી છે. તે એ કે જે આચારપ્રકલ્પને જાણનારો પણ હોય અને પાછો પંચમહાવ્રતધારી પણ હોય!! જે છેદસૂત્રથી ભડકે છે તેમણે વિચારવાની જરૂર છે કે એ છેદસૂત્ર જાણ્યા વિના ઉપદેશ કરવાનો કોઈને અધિકાર જ નથી. આચારપ્રકલ્પ મહાનિશીથ નામના છેદ સૂત્રને જે જાણે છે અને જે પંચમહાવ્રતધારી છે તેને જ ઉપદેશનો અધિકાર છે. જેણે દર્પણમાં મુખ જોઈને પોતાનું મોઢું સાફ કર્યું છે તેને જ બીજાને મોઢે પડેલા ડાઘા દેખાડવાનો અધિકાર છે. એ જ પ્રમાણે પંચમહાવ્રતધારી સાધુઓ અને છેદસૂત્રના જ્ઞાતાઓ જે છે તેઓ જ પોતાનું મોઢું સાફ કરેલા માનવાના છે. સંસારના સંબંધોરૂપી ડાઘાઓ મોઢાં ઉપર પડેલા હોય છે એ ડાઘાઓ પંચમહાવ્રતધારી સાધુઓ અને આચારપ્રકલ્પરૂપ છેદસૂત્રના જ્ઞાતાઓએ ધોઈ નાંખ્યા છે. આથી જ તેમને બીજાને શાસ્ત્રરૂપ દર્પણ દર્શાવીને તેમના મોઢાના ડાઘા સાફ કરાવવાનો અર્થાત્ ધર્મોપદેશ આપવાનો અધિકાર છે. પોતે જ જે નાક કટ્ટો હોય તે બીજાને કદી દર્પણ બતાવવા જતો નથી ! એજ પ્રમાણે જે પોતે જ આચારપ્રકલ્પને જાણનારો અને પંચમહાવ્રતધારી ન હોય તે જ જો બીજાને ઉપદેશ આપવા જાય તો તેને પણ નાક કટ્ટા જેવો જ સમજવાનો છે. આથી જ એ વાત જરૂરી છે કે બીજાને દર્પણ દર્શાવીને તેના મોઢાના ડાઘા ટાળવા ઇચ્છનારે પોતાના મોઢા ઉપરના ડાઘા દર્પણ જોઈને જરૂર ટાળવા જ જોઈએ.

પહેલા તમે સુધરો.

ગમ્મત ખાતર એક બીજું ઉદાહરણ લો. હજામ બધાને દર્પણ બતાવે છે અને તેમના મોઢાં સાફ કરાવે છે અગર કરે છે પરંતુ એ હજામ પણ ઘરમાંથી બહાર નીકળતા પહેલાં અરિસામાં પોતાનું મોઢું જોઈ લે છે અને પછી જ તે બીજાને મોઢે અરિસા ધરે છે ! જે આટલી પણ બુદ્ધિ નથી દર્શાવતા તેઓ હજામના પણ હજામ છે.એ જ પ્રમાણે જેઓ પોતે સુધર્યા નથી, જેમણે પોતાના આચારવિચાર સુધાર્યા નથી. જેમણે પોતે પંચમહાવ્રત ધારણ કરીને અધર્માચારનો ત્યાગ કર્યો નથી. તેઓ પણ જો પાઘડી પહેરીને ધર્મોપદેશ આપવા નીકળી પડે તો તેમને શી ઉપમા આપવી તે તમારે બધાએ પોતે નક્કી કરી લેવાનું છે. આપણે

પોતાનું મોઢું જ સ્વચ્છ ન રાખીએ અને બીજાના મોઢાં સુધરાવવા નીકળી પડીએ તો શી આપણી દશા થાય ? તેનો ખ્યાલ તમારે બધાએ જાતે જ કરી લેવાનો છે.

ગધેડાને કહેવું શું ?

નેપોલીયને આખા ફ્રાન્સના તમામ માણસોને લડાઈમાં સાથ આપવાને બોલાવ્યા હતા, પરંતુ સૌથી પહેલો તો તરવાર લઈને તે પોતે જ નીકળી પડ્યો હતો.ઘરમાં બેઠાં બેઠાં જો તેણે ફ્રાન્સવાસીઓને લડવાની હાકલ કરી હોત તો ફ્રાંન્સીસીઓ તો એવા શોખીન છે કે તેઓ ઘરમાંથી બહાર પણ ન નીકળ્યા હોત ! એજ રીતે શાસ્ત્રકારોએ પણ એ વાત જરૂરી માની છે કે તેમણે અમોને એટલે ધર્મોપદેશકોને જ પહેલાં તો એ ઉપદેશ અમારા પોતાના જીવનમાં ઉતારવાની ફરજ પાડી છે. એક રજપુત હતો. તેણે એક ગધેડું પાળ્યું હતું. ગધેડાને તે રોજ નવડાવ્યાં કરે અને તેના ઉપર પોતાના નાના છોકરાને બેસાડીને ફરવા લઈ જાય ! એક દિવસ એવું બન્યું કેગધેડો જાત પર ગયો અને જ્યારે તે ગધેડાને નવડાવતો હતો ત્યારે તેણે તેને લાત મારી ! ગધેડાએ લાત મારી તે જોઈને પેલા રજપુતનો પિત્તો ખસી ગયો ! તેણે ગધેડાને સરસ્વતી સંભળાવવાના ઉદ્દેશથી જીભ તો ઉપાડી, પણ બોલે શું ? જો ગધેડાએ તેને લાત મારી હોત તો તરત તેણે એમ કહી દીધું હોત કે "એય ગદ્ધા લાત મારે છે ?" પણ ગદ્ધાએ જ ગદ્ધાશાહી કરી તો હવે પછી તેને વિશેષણો શું આપવા ? બિચારો રજપુત મુંઝાયો! પણ "ગદ્ધાસે કામ પડે તો ક્યા કરના ?, ચુપ રહેના!" એ ન્યાયે ચૂપ રહ્યો.

તમારૂં થર્મોમીટર અમોને નકામું છે.

દુનિયામાં જેને અક્કલ ન હોય તેને તમે મૂર્ખ કહો છો, ગદ્ધો કહો છો, અથવા હજામ કહો છો અથવા ગાંડો કહો છો, પરંતુ જ્યાં ખરી સ્થિતિ રૂપે જ તેઓ હાજર હોય ત્યાં તમારી બુદ્ધિ અટકી પડે છે. એમ તો તમારી દૃષ્ટિએ અમે પણ બધા ગાંડા જ છીએ. ! તમે દુકાન પર બેઠા છો, તમારો ગલ્લો પૈસાથી તર ભરેલો છે, અને તમારે બહાર જવાનું છે. તમે તમારા છોકરાને ગલ્લા પર બેસાડીને બહાર જાઓ અને તમારો છોકરો ગલ્લામાંથી પૈસા કાઢી ફેંકી દે તો તમે તેને ગાંડો કહો છો ! ત્યારે અમે તો એક મુઠીને બદલે બધા જ પૈસા પહેલાથી ફેંકી દીધા છે ! તમે પાઘડીને ભૂષણ સમજો છો. અમે એ લાલશિંગડું પહેલે જ ઝપાટે કાઢીને ફેંકી દીધું છે ! બૈરી છોકરાંને ઘરમાં રાખી પોતે બહાર રઝળતો ફરે એને તમે ગાંડાઈનું ચિન્હ ગણો છો, ત્યારે અમે પહેલે જ ઝપાટે બૈરી છોકરાંને તજી દીધા છે. અર્થાત્ તમારું થર્મામીટર તમે અમોને મૂકીને અમારું માપ લો તો તો એક જ જવાબ આવે કે અમે સાવ ગાંડા છીએ.

એ ગાંડપણ જરૂરી છે

તમારી અપેક્ષાએ અમે ગાંડા છીએ, પરંતુ એ ગાંડપણ એજ મુખની શુદ્ધિ છે, સંસારના ડહાપણ રૂપી ડાઘા જેણે ધોઈ નાંખ્યા છે, અને તમારી દૃષ્ટિનું ગાંડપણ જેણે મેળવ્યું છે તેઓ જ મોઢું સાફ કરી ચૂકેલા હોવાથી તેમને જ માત્ર બીજાના મોઢાના સામે દર્પણ ધરવાનો અધિકાર છે. અર્થાત્ એટલું જ જેણે સાધ્યું છે તેને જ આ શાસને ધર્મોપદેશ આપવાનો અધિકાર આપ્યો છે. પોતાનું મોં ચોક્ખું કરવું એટલે જ આચારપ્રકલ્પ રૂપ છેદસૂત્ર જાણવું અને પંચમહાવ્રતધારી બનવું. જે આટલે સુધી પહોંચ્યો છે તેને જ માત્ર ધર્મોપદેશ આપવાનો અધિકાર આ શાસને આપ્યો છે. પરંતુ આટલા ઉપરથી એમ સમજવાનું નથી કે આટલે પહોંચેલા સાધુએ લાંબી પહોળી પલાંઠી વાળી ફાંદ ફૂલાવી બેસી રહેવાનું છે ! શ્રીજિનશાસનના સાધુઓએ વિચારવાની જરૂર છે કે હું છટ્ટે અથવા

સાતમે પગથીયે ઉભો છું. પરંતુ તેટલા માત્રથી મારો દહાડો વળવાનો નથી, હજી તો મારે ઘણું સાધવાનું બાકી છે ! એ આગળના આઠ-સાતનું ધ્યાન ન રાખતાં સાધુ પણ પલાંઠી મારીને બેસી જાય એવું આ શાસને ઠરાવ્યું નથી.

બાકી કેટલી છે તે વિચારો

સાધુ મહારાજાઓએ પણ એ વાત તો વિચારવાની જ છે કે બીજાને મૂકાબલે મેં ઠીક ઠીક સાધ્યું છે, સાધ્યું એ સદ્‌ભાગ્ય છે. પરંતુ હજી તો મારે ઘણું સાધવાનું બાકી છે. તો પછી હુ લાંબો થઈને પલાંઠીવાળીને કેમ બેસી શકું ? ચાર જ્ઞાનના ધણિ એવા શ્રીમાન્ તીર્થંકરદેવો પણ પલાઠી મારીને બેસી ગયા નથી. શ્રીમાન્ ઋષભદેવજી અને ભગવાન મહાવીરસ્વામી જેવા પલાંઠીવાળીને ન બેઠા તો પછી આપણે કેમ પલાંઠીવાળીને બેસી શકીએ ? આવો વિચાર સાધુઓને પણ કરવાનો જ છે પણ તે ક્યારે આવે કે જ્યારે તેઓને એ ખ્યાલ આવે કે હજી મારે કેટલું બધું કરવાનું બાકી છે ? જો આ બાકીનું કરવાનો તેમને પણ ખ્યાલ ન હોય તો બીજો કોઈ પણ ખ્યાલ તેઓ રાખી શકે નહિ. નાનો છોકરો પહેલી ચોપડીમાં પહેલે નંબરે પાસ થાય અને તે મૂછ પર તાલ દેવાના ખોટા ખોટા ચાળા કરી બતાવે તો એનો અર્થ એજ છે કે તે પોતાની જોખમદારી અથવા તો પોતાને હજી કેટલું ભણવાનું બાકી છે તે સમજ્યો જ નથી, અને તે નથી સમજ્યો તેને જ પરિણામે મુંછો ઊપર તાલ દે છે ! સાધુઓ શ્રાવકોથી એક બે પગથીયે ચઢીયાતા છે, પરંતુ તેથી તેઓ પણ મુછે તાલ દે અને પલાંઠીવાળીને બેસી જાય તો તેનો અર્થ એટલો જ છે કે એ સાધુઓને પણ આ વાત હજી ખ્યાલમાં જ નથી કે પોતે ક્યાં છે ? અને પોતાને ક્યાં જવાનું છે ?

ત્યાં સુધી નિરાંત કેવી ?

તીર્થંકર ભગવાનો શક્તિમાં કાંઈ કમી ન હતી, તેમની શક્તિ અપૂર્વ હતી, છતાં તેઓ નિરાંતે જંપવાળીને બેઠા નથી, તેમણે વરસોના વરસો ઉચાટમાં ગાળ્યા છે. ત્યારે આપણે તો જાણે કૃતકૃત્ય થયા હોઈએ તેમ માની લીધું છે! કુકડીને નાની સરખી ડેફળી મળી જાય તો તેથી પણ તેને સંતોષ થઈ જાય છે. જો આપણે આટલું મેળવ્યું તેટલામાં જ ધરાઈ જઈએ તો આપણી દશા પણ એવી કુકડીના જેવી જ છે. તીર્થંકરદેવોને ચાર જ્ઞાન, ઉંચી વિરતિ ઉચ્ચ ચારિત્ર ઈત્યાદિ હતું, જ્યાં સુધી છેવટના સ્થાનની પ્રાપ્તિ ન થઈ ત્યાં સુધી તેઓ નિરાંતવાળીને બેઠા ન હતા. પરંતુ પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવાને માટે તેઓ સતત મથતા જ રહ્યા હતા. તેઓની આ દશા એટલા જ માટે હતી કે તેઓ ધ્યેય શું છે તે જાણતા હતા. આ ઉપરથી સહજ એ વાત આપણા ખ્યાલમાં રાખવાની જરૂર છે કે સમકીતની પ્રાપ્તિ થતી વખતે આત્માની સિદ્ધદશા કે સાધ્યરૂપ છે તે ધ્યાનમાં રાખવાની કેટલી જરૂર છે?

લક્ષ્યને યાદ રાખો

આ વાત અહીં મુખ્ય છે. મોક્ષ છોડીને બીજાની અહીં તો પ્રાર્થના જ કરવાની નથી.આપણામાં આજે જે ઓછાપણું છે જે ન્યૂનતા છે તે આપણા હૈયામાં રમી જ રહેવી જોઈએ. એ ન્યૂનતા જો આપણામાં ન રમી રહે તો આપણે કદી પણ એ ન્યૂનતાને ભેદી શકવાના નથી, લાખ લેવાના હોય અને તેમાં વીસ હજાર જમા થાય અને આપણે ઘણા આવ્યા ઘણા આવ્યા એમ કહીને આપણને કૃતાર્થ માનીએ તો તેનો અર્થ તો એટલો જ છે કે આપણે લાખમાં બાકીના લેવાના છે એ વાત જ ભૂલી ગયા છીએ, અથવા લાખ એટલે કેટલા તે આપણે જાણતા જ નથી. સિદ્ધિનું લક્ષ્ય હરદમ આપણા ખ્યાલમાં રહેતું જ નથી, અને તેથી જ આપણે ચૂકીએ છીએ. એક આંધળો માણસ હોય અને તે ઢેખાઢળીયાવાળી જમીનમાં જઈ પહોંચે, તેવી દશા આપણે પણ જો ધ્યેય ચૂકીએ તો

અનુભવીયે જ છીએ! કોઈ આંધળો માણસ ઢેખાઢળીઆવાળી જમીનમાં જઈ પહોંચે તો તેને સો વાર નીચે પડવું જ પડે, સો વાર નીચે પડવા છતાં પણ તે ઉપર ચઢી શકતો નથી, તે જ પ્રમાણે આપણે પણ જો સિદ્ધદશાને ભૂલી જઈએ તો આપણે પણ સો વાર પડવાની જ દશામાં જ જઈ પહોંચીએ.

આડે શું આવે છે ?

સામાયિક, પૂજા, પ્રતિક્રમણ ઈત્યાદિમાં પણ આપણને દુનિયાના પથરા આડે આવે છે. એનું કારણ જ એ છે કે આપણી આંખનું ય ઠેકાણું નથી અને એના સાધ્યનું પણ ઠેકાણું નથી. જેની આંખનું જ ઠેકાણું ન હોય તેના સાધ્યનું પણ ઠેકાણું ક્યાંથી જ હોય? ક્રોધ માન માયા લોભ એ બધા પથરાઓ ધર્મારાધનામાં આપણી આડે આવે છે. પરંતુ દીલગીરીની વાત એ છે કે એ મોટા પથરા આંખનું ઠેકાણું ન હોવાથી આપણને સૂઝતા જ નથી! આપણને નથી સૂઝતું એ તો ઠીક! પણ વધારે કમબખ્તીની વાત તો એ છે કે દેખતો-આંખોના ઠેકાણાવાળો આપણને એમ કહે કે ભાઈ! તને વાગ્યું છે તો આપણે તો તે માનવાને પણ તૈયાર જ નથી! જ્યારે લોહી નીકળતું આપણે દેખીએ છીએ ત્યારે જ આપણે એ વાત કબુલ રાખીએ છીએ કે આપણને વાગ્યું છે! એજ પ્રમાણે સાધુ પણ જો પોતે પોતાને કેટલું કરવાનું બાકી છે તેનો ખ્યાલ ન રાખે તો તેનું પરિણામ એ આવે કે તે કર્મના બંધન તરફ જ ઝૂકી જાય! અને તે એવા બંધન તરફ ઝૂકી જાય તો પણ તેની તેને ખબર જ ન પડે.

આંખે પડળ આવ્યાં છે!

એવા આત્માઓ પોતે કર્મના બંધનો તરફ ઝૂકી જાય એટલું જ નહીં પરંતુ જો કોઈ બીજો ભાવિક આત્મા તેનો એ દોષ બતાવે તો પણ તે માનવા તૈયાર થાય જ નહિ! અને વળી મગજમાં પોતે એવી ખુમારી જ રાખી રહે કે જે જીનકથિત છે તે ભલે ગમે તે હોય, પરંતુ અમે જે કરીએ છીએ તે જ ખરું છે. જેઓ કદાગ્રહી ન થાય તેવાઓ પોતાના અજ્ઞાનથી ભૂલ તો અવશ્ય કરે, પરંતુ જ્યારે બીજાને કોઈ જ્ઞાની તે ભૂલ તેના ધ્યાન પર લાવે અને શાસ્ત્રવચન બતાવે કે જોવે ત્યારે એ ભૂલ તે જરૂર કબુલ જ રાખી લે. રસ્તે ચાલતા જેહને રસ્તો કેવો છે? અને કેટલો લાંબો છે? તેનું જ ભાન ન રહે તો જરૂર પડી જાય! પરંતુ પડી જાય અને તેથી ઘા પડે, ઘામાંથી લોહીની ધારા વહી જાય, એ લોહી કોઈ બતાવે, છતાં પણ તે એમજ કહે કે ના મને તો ઘા થયો જ નથી. તો તો એમજ સમજવાનું છે કે એ અંધદાસજીની અંતર આંખોએ પણ પડળ જ આવ્યાં છે! જેની અંતર આંખે પડળો આવેલાં હોય તે દુર્ભાગી આત્મા જો પડી જાય અને તેનો ઘા થાય, લોહી નીકળે અને તેને કોઈ સુભાગી આત્મા તે ઘા બતાવે અને લોહી નીકળેલું દર્શાવે, તો પણ તેવા આત્મા તે જોઈ શકતા જ નથી.

બાકીનો જ વિચાર કર્તવ્ય છે.

એજ પ્રમાણે જેની શાસ્ત્રરૂપી આંખ ફૂટી ગઈ હોય તે જ પોતાની ન્યૂનતા દેખી શકતો નથી. જે પોતાની ન્યૂનતા દેખી શકતો નથી તે ધર્મમાં આગળ વધી શકતો નથી! માટે જ અભયકુમારે એવું કહ્યું છે કે તમે જે ધર્મ માની લીધો છે તે જ ધર્મ કહેવાય છે એવું માની લેશો નહિ. હવે પેલા ચાર શ્રાવકોની દશા તપાસો. એ ચારે શ્રાવકો પોતે કરેલા કાર્યનો હિસાબ ગણતા નથી, પરંતુ કેટલું કામ કરવાનું છે તેનો જ હિસાબ ગણે છે, એજ સ્થિતિ તમામ ધર્મીવર્ગની હોવી જ જોઈએ. જે ધર્મી છે તે કદાપિ પણ પોતે કરેલા ધર્મને ખતવતો નથી, પરંતુ પોતે કર્યા પછી કેટલું બાકી રહ્યું છે તે જ ખતવીને તે એ રકમને આંખ આગળ લાવે છે. સર્વજ્ઞ ધર્મી છે. એ વાત સાચી છે, પરંતુ ધર્મી છે તે સર્વજ્ઞ

હોવો જ જોઈએ એવું નથી. ધર્મી ધર્મનું સ્વરૂપ અને ધર્મના ભેદો ન જાણતો હોય એ બનવા જોગ છે, પરંતુ એવા ધર્મીની ફરજ છે કે તેણે પોતાની ધૂનમાં આવે તે જ ધર્મ છે એમ માની ન લેતાં પોતે અજ્ઞાન હોય તો બીજા જ્ઞાનીને ધર્મ પૂછવો જ જોઈએ અને બીજા દ્વારા કહેવાતો ધર્મ અને ધર્મનું સ્વરૂપ તેણે પ્રમાણભૂત માનવું જ જોઈએ.

હાંક સુલેમાન ! ગાલ્લી.

આંધળો પોતે દેખી શકતો નથી એ આંધળો જો એવો ઠરાવ કરે કે હું જે રસ્તે જાઉં છું તે જ એક સાચો રસ્તો છે અને મારે બીજાને રસ્તો પૂછવાની જરૂર જ નથી, તો પરીણામ એજ આવે કે તે હૈયાફૂટો જરૂર અફળાઈ જ મરે અને પાર પડી જાય! આંધળો આંધળો છે માટે તે દયાપાત્ર છે, પરંતુ તેણે આંધળાને સૂઝે છે તે જ સાચું છે એમ ન માની લેતાં દેખતાને પૂંછવું જ જોઈએ કે-ભાઈ, હું આંધળો છું અને દેખી શકતો નથી માટે કૃપા કરીને મને સાચો રસ્તો બતાવો! આપણી પણ દશા એ આંધળાના જેવી જ છે. કારણ કે આપણે બધા કેવળજ્ઞાનથી રહિત છીએ. કેવળજ્ઞાન એ આખા જગતને જગતભરની સર્વવસ્તુઓને સર્વકાળને માટે જોવા જાણવાની આંખો છે. એ આંખો જ્યાં સુધી આપણને નથી મળી ત્યાં સુધી આપણે આંધળા જ છીએ. માટે દેખનારાને પૂછવું જ જોઈએ એ આપણી ફરજ છે. જે સ્થળે શ્રીમાન્ જીનેશ્વરદેવોના શાસ્ત્રો ચક્ષુસમાન સ્પષ્ટ દર્શાવી દે છે એ સ્થળે પણ જે શાસ્ત્રથી દેખતો નથી એટલું જ નહીં પરંતુ જે જાણકારને પૂછતો ય નથી અને પોતાની જ બુદ્ધિ પ્રમાણે 'હાંક સુલેમાન! ગાલ્લી'. કહીને આગળ ચાલે તે કોઈપણ રીતે ધર્મ સાધી શકતો નથી. એટલું જ નહીં પરંતુ તે ધર્મ સાધવાને માટે સ્પષ્ટ રીતે નાલાયક છે.

દયાને પાત્ર કોણ ?

અજાણ્યો આંધળો દયાને પાત્ર છે, પરંતુ તેની પણ એટલી તો ફરજ છે જ કે તેણે બીજા જાણીતા દેખતાને રસ્તો પૂછવો જોઈએ. જો તે દેખતાને રસ્તો ન પૂછે તો તેનું પરિણામ એજ આવે કે તે પોતે તો જરૂર ડૂબે જ ડુબે! પરંતુ પોતાને ભરોસે પોતાની પાછળ ચાલનારાઓને પણ ડુબાડી જ મારે! હવે આંધળો રસ્તો પૂછે ત્યારે દેખતાની શી ફરજ છે તે વિચારો. દેખતાએ આવે વખતે દયાળુપણું રાખવું જોઈએ, અને આંધળાને અથડાવા કુટાવા ન દેતાં તેને બચાવી લેવો જોઈએ. તથા તેને ખાડા ટેકરાવાળો રસ્તો ન બતાવતા સીધો જ રસ્તો બતાવવો જોઈએ. આંધળો દેખતાને રસ્તો પૂછે છે કે ભાઈ ! મોક્ષપુરીએ પહોંચવાનો રસ્તો કયો? આ પ્રશ્નના જવાબમાં દેખતો, આંધળાને જો સારો રસ્તો ન બતાવે અને જાણી જોઈને ખાડા ટેકરાવાળો રસ્તો જ બતાવે તો એવો દેખતો તે ઘાતકી છે, એમ જ કહેવાય. જે શાસ્ત્રમાં શ્રદ્ધાવાળો છે, જેને શ્રીજિનશાસનમાં પ્રેમ છે તેવાઓ તો આવા ઘાતકી થવાનું સૂર્ય પલટી જાય કે ગમે તે થાય તો પણ કદી કબુલ ન જ કરે.

સાધુ મહારાજાઓ એ પંચ મહાવ્રતધારી છે. આંધળાઓ જેવા જીવો ભવસાગરના તૃષ્ણાદિક નેત્ર રોગમાં સપડાયેલાઓ સમજુ અને સમ્યગ્દૃષ્ટિ એવા સાધુ મહારાજાઓને રસ્તો પૂછે તો સાધુ મહારાજાઓની ફરજ છે કે તેમણે જનતાને સંસારનો કાંટાકાંકરાવાળો રાહ ન બતાવતા સર્વવિરતિનો કંટકરહિત માર્ગ જ બતાવવો જોઈએ. જે આત્મા માર્ગ ભૂલ્યાને આવો સીધો રસ્તો નથી બતાવતો, પરંતુ કાંટાકાંકરાવાળો જ રસ્તો બતાવે છે અર્થાત્ સંસારનો માર્ગ દર્શાવે છે, તે આત્માને

આપણે કેવા પ્રકારનો કહેવો જોઈએ વારૂં ?

મધ્યમ માર્ગ કોણ લે?

જે આત્મા બંને માર્ગમાં અજાણ્યો હોય તેને માટે એ રસ્તો છે. હવે જે બંનેમાં જાણીતો હોય તેને માટે કેવો રસ્તો હોઈ શકે તે જુઓ. જે આત્મા શહેરમાં પહોંચવા માગતો હોય પરંતુ ઉત્તમ રસ્તે પોતાની અશક્તિએ ન ચાલી શકતો હોય તો તેને મધ્યમ માર્ગે વાળવો એજ સાચો રસ્તો છે. પરંતુ તેને છોડી જ દેવો અને ફાવે ત્યાં ભટકવા દેવો અથવા તો શહેરને બદલે તેને એકાદ ભયંકર જંગલનો જ રસ્તો બતાવીને તેને અધમુવો કરી નાંખવો એ ધર્મ તો નથી જ, પરંતુ એ ધર્મનું ધોળે દહાડે ખૂન છે.

અશક્ત આત્માનો માર્ગ

જગતની જંજાળોમાં ફસાયેલો આત્મા એમ સારી રીતે જાણે છે કે જે સર્વવિરતિનો માર્ગ છે એજ માત્ર સારામાં સારો અને કલ્યાણ કરનારો છે. પરંતુ તેની એ માર્ગે જવાની તાકાત નથી. આવા અશક્તને ફેંકી દેવાનું તો શાસ્ત્રમાં કોઈપણ જગાએ લખ્યું જ નથી. અહીં ધર્મશાસ્ત્રવેત્તાની ફરજ છે કે સીધે રસ્તે તે ચાલી શકતો ન હોવાથી તેને તેણે બીજે રસ્તે બચાવના સાધન આપીને મોકલવો જ પડે. અહીં એક સાદુ ઉદાહરણ વિચારો. તમે પર્વતની આ બાજુ ઉભા છો પર્વતની પેલી બાજુએ તળેટીમાં જ મોટું શહેર છે. તમો એ શહેરમાં જવા માંગો છો, પરંતુ શહેરમાં જવાના બે રસ્તા છે. એક તો પર્વત ઉપર ચઢીને તમે શહેરમાં જઈ શકો છો અને બીજી રીતે પર્વતની તળેટીએ ફરીને પ્રદક્ષિણા કરીને જઈ શકો છો. પર્વતની ઉપર ચઢીને જવું એ રસ્તો બહુ ટુંકો છે. બહુ ટુંકો છે એટલું જ નહિ, પરંતુ કાંટા કાંકરા વિનાનો એ રસ્તો છે અને એ રસ્તે સહેલાઈથી તમે પેલા શહેરમાં જઈ શકો છો, પરંતુ તમારામાં પર્વત ચઢવાની શક્તિ જ નથી, તો પછી તમે શું કરશો? આવે વખતે તમે પ્રદક્ષિણા ફરીને લાંબે રસ્તે જ શહેરમાં જશો. હવે ધારો કે એ લાંબો રસ્તો સહીસલામત ન હોય, કાંટા-કાંકરાવાળો હોય અને જોખમ ભરેલો હોય, તો એ ટાંકણે તમારા હિતકર્તાની એ ફરજ છે કે તેણે તમોને જોડા પહેરાવીને પણ એ લાંબા રસ્તે મોકલવા જોઈએ, પરંતુ એ કોઈ પણ રીતે તમોને અરધે રસ્તે ભટકતા તો છોડી શકે જ નહીં, અને જે તમોને એ રીતે ભટકતા છોડી દે તે તમારા હિતૈષી જ નથી.

સર્વવિરતિ એટલે ધોરી માર્ગ

જગતમાં ફસાયેલો આત્મા સર્વવિરતિને ઉત્તમ તો ગણે છે, પરંતુ તેની અશક્તિ હોવાથી તે એ સર્વવિરતિનો રસ્તો ગ્રહણ કરી શકતો નથી. તો તેવા આત્માને છોડી ન દેતાં આપણી ફરજ છે કે તેને આપણે દેશવિરતિને રસ્તે મોક્ષપુરી તરફ વાળવો જોઈએ. જે આજે દેશવિરતિનો અનુયાયી બન્યો હશે. તે આજે નહિ તો આવતી કાલે આવતી કાલે નહીં તો પાંચસાત વર્ષે, છેવટે બે ચાર જન્મો પછી પણ જરૂર સર્વવિરતિને રસ્તે વળશે. પરંતુ સર્વવિરતિને રસ્તે આજે જ ન ચઢનારાને આપણે દેશવિરતિનો પણ રસ્તો નહીં બતાવીશું, તો તેની બિચારાની દશા શું થશે? તેનો તમે જ વિચાર કરો. જંગલમાં ફંટાતા રસ્તા ઠેઠ ગામમાં પહોંચતા નથી, પરંતુ ગામની નજીકમાં જ ભેગા થાય છે. ત્યારે ધોરી રસ્તો સીધો જ તમોને શહેરમાં લઈ જાય છે. પરંતુ જેની સીધે રસ્તે જવાની અશક્તિ હોય તેણે તો પેલે વાંકે રસ્તે પણ ચાલતા તો થવું જ જોઈએ. સર્વવિરતિ એ મોક્ષપુરીમાં પહોંચવાનો સીધો રસ્તો છે. એ રસ્તો એવો છે કે તમોને ઠેઠ દરવાજામાં લઈ જાય છે. સાધુપણું એ મોક્ષમંદિરે પહોંચવાનો સીધો રસ્તો છે, પરંતુ જે એ સીધે રસ્તે ન જાય તેનું શું? એ સીધો રસ્તો સીધો છે પણ સહેલો તો નથી જ! એ રસ્તે જંગી પથરાઓ

ચઢવાના છે ખડકો વટાવવાના છે અને શીખરો પસાર કરવાના છે.

હા, એ માર્ગ કઠણ છે

સર્વવિરતિનો રસ્તો કઠણ અને તે રસ્તે જવાની દરેક જણમાં શક્તિ ન હોય એ સમજી શકાય એમ છે. તેથી તો જીનેશ્વરદેવોનું આ પરમપ્રતાપી શાસન ફરમાવે છે કે એવાઓને રસ્તે છોડી ન દેતાં તેમને દેશવિરતિના સહેલે રસ્તે વાળવા જોઈએ. સર્વવિરતિનો રસ્તો સીધો છે, પરંતુ તે પત્થરાઓથી ભરપુર છે. એ રસ્તે ડુંગરો ચઢવાના છે, શીખરો-વટાવવાના છે, ખાડા ટેકરા કુદવાના છે, તેથી એ રસ્તે જે ન ચઢી શકે, જેને એ રસ્તે ચઢતાં હાંફ લાગી જાય, તેવાઓને માટે સર્વવિરતિને બદલે દેશવિરતિનો રસ્તો છે અને તે કેવળ વ્યાજબી જ છે. નિશાળમાં બાળકને દાખલ કરાવવો એ તેને પરીક્ષા અપાવવા માટે જ દાખલ કરાવવાનો છે, પરંતુ નાનો બાળક એકદમ મેટ્રિકની પરીક્ષા ન આપી શકે માટે તેને ધીમે ધીમે એ રસ્તા ઉપર લાવવાનો છે. પણ અહીં બીજી વાત ખાસ યાદ રાખવાની છે. જો તે વાત યાદ ન રાખશો તો બધો અર્થનો અનર્થ જ થઈ જશે ! તે વાત એ છે કે જેનામાં મેટ્રિક પાસ થવાની જ લાયકાત છે તેને પણ ફરજીયાત રીતે બાળપોથી ભણવી જ પડે છે, એવુ આ શાસન કદાપિ પણ કહેતું જ નથી. જેનામાં લાયકાત હોય તે આત્માને દેશવિરતિના કાંટાળે માર્ગે જવાની જરૂર જ નથી. તે તો સર્વવિરિતિના સીધે રસ્તે જરૂર દોડી શકે છે. હવે જેનામાં સર્વવિરતિનો સીધો રસ્તો લેવાની તાકાત નથી અને તે છતાં જે મોક્ષમાર્ગનો અભિલાષી છે તેણે સર્વવિરતિને બદલે દેશવિરતિનો માર્ગ લીધો, છતાં એ વાંકે રસ્તે પણ તે રોજ ન ચાલી શકે, તો તેને માટે જીનેશ્વર ભગવાનનું આ મહાપ્રતાપી અને પરમશાંતિદાયક શાસન શું ફરમાવે છે તે જોઇએ.

(અપૂર્ણ)

સંવચ્છરીના નિર્ણયવાળા શાસ્ત્રાર્થ બાબત

મુંબઈથી શ્રી પ્રેમસૂરિજીએ ગુરૂવારની સંવચ્છરીની ચર્ચા શેઠ નગીનભાઈ દ્વારાએ શરૂ કરી હતી, તેમાં બન્ને શાસ્ત્રાર્થ કરનારે મધ્યસ્થાને મળવાનું હતું, તેમજ ગુરૂવારપક્ષે કોઈનું પ્રતિનિધિપણું સ્વીકારવાનું હતું નહિં અને કરાર એવો હતો કે નગરશેઠ વગેરે પંચો અને સિરપંચો નીમે, છતાં શેઠ નગીનભાઈ અને જીવાભાઈએ મનસ્વિ કરાર લખ્યો, અને ગુરૂવારપક્ષને તે બતાવ્યા સિવાય તથા જુદી ખાનગી કબુલાત આપીને તારથી ના કહ્યા છતાં સહીયો લઈ જામનગરથી વિહાર કરાવી પછી ગુરૂવારવાળાને જામવણથલીમાં આપી. તેમજ જામનગરમાં થયેલ શરત મુજબ તૈયાર થયેલા વણથલીના મુસદ્દા ઉપર સહીયો લાવવા ના પાડવાથી પાછા જામનગર ગુરૂવાર પક્ષવાળા આવ્યા. તે વખત થયેલ તાર વ્યવહાર નીચે મુજબ છે.

પુને કરેલ તાર

રામચંદ્રસૂરિ, વેતાલપેંઠ જૈનશ્વેતામ્બર મૂર્ત્તિપૂજક મન્દિર ૨૯-૫-૩૭ ના મુંબઈ સમાચારના "જૈનચર્ચા"ના મથાળા નીચે સંવચ્છરીની તકરારના નિર્ણય માટે પુનાથી તમારો વિહાર જાહેર કરે છે. તમારી ખંભાત પહોંચવાની તારીખ જણાવો, જેથી હું ટાઈમસર ત્યાં આવીશ. હું જામનગર પાછો ફરૂં છું, કારણ કે જીવાભાઈએ શાસ્ત્રાર્થ કરનાર માણસોનાં નામો આપવાની અને ચેરમેન તરીકે અમદાવાદના નગરશેઠની સાથે એક બાજુના ચાર અને બીજી બાજુના ચાર મેમ્બરોની કમિટીથી નિમાયેલ પંડિતો અને સરપંચના નિર્ણયની કબુલાતના મુસદ્દા પર સહીઓ લાવવાની ના પાડી હતી.

આનન્દ સાગર ૩૦-૫-૩૭ અલીયાબાડા

આચાર્ય આનન્દ સાગરસૂરિજી અલીયાબાડા તા. ૩૧-૫-૩૭ પુનાકેમ્પ

રામચંદ્રસૂરીશ્વરજી તમોને જણાવવાને મને ફરમાવે છે કે તમારા તારો મળ્યા, ૨૯-૫-૩૭ ના મુંબઈ સમાચારના જૈનચર્ચાના મથાળા નીચેનો લેખ ફરીથી વાંચ્યો, આખા લેખમાં તમારા તાર મુજબ કોઈપણ જાતનું ડેકલેરેશન જડ્યું નહિં (અર્થાત્ વાંચ્યું નહિ.) તે મજકુર આર્ટીકલ સાથે મારે કાંઈ સંબંધ નથી, છતાં પણ તે આર્ટીકલનો છેલ્લો પેરેગ્રાફ જો તમો બેઉને શક્ય હોય તો હું ખુશીથી પસંદ કરૂં છું (કબુલ કરૂં છું)

મહેરબાની કરીને તે છેલ્લો પેરો ફરીથી વાંચો અને જો તમે અને વિજયનેમિસૂરિજી, તેના સ્ટેટમેંટ પ્રમાણે જાહેર કરો તો હું યોગ્ય સ્થળે આવવાને તૈયાર છું. વધારામાં મારી સમજ પ્રમાણે જો હું ખરો હોઉં તો જીવાભાઈ વિગેરેએ તમારી સલાહ મુજબ, મારા ગુરૂદેવની, મારી, મુનિ સિદ્ધિસૂરીશ્વરજીની, મુનિકલ્યાણવિજયજીની અને લબ્ધિસૂરીશ્વરજીની સહીઓ કરાર પર મેળવી (લીધી) અને તમારી પાસે

આવ્યા, પણ તમો અને વિજયનેમિસૂરિજીએ તે કરાર પર સહી કરવાની ના પાડી, તેથી જીવાભાઈને તે પોતાના પ્રયત્નો છોડી દેવાની ફરજ (જરૂર) પડી હતી, હું આટલું (અહિં સુધી) જાણું છું.

કેશવલાલ માણેકલાલ

પુના

આચાર્યશ્રી રામચંદ્રસૂરિ

તાર મળ્યો, રાજકોટ, ખંભાત, વડોદરા કે સુરતમાંથી સંવચ્છરીના નિર્ણય માટે સ્થાન પસંદ કરી વિહાર કરી તાર કરો. હું આવું, તમારૂં અને મારુ વાદી પ્રતિવાદીપણું નક્કી છે. મારા પહેલા તાર મુજબ નવ સદ્‌ગૃહસ્થોના નીમેલ પંડિત અને સરપંચ રહેશે ફરીથી જણાવું છું કે જીવાભાઈની સાથે આવેલ સહીવાળો કાગળ જીવાભાઈ, નગીનભાઈ, પોપટભાઈ અને ગિરધરભાઈની સાથે નક્કી થયેલ કરારથી ઉલટો જ હતો.

તા. ૧-૬-૩૭ અલીયાબાડા આનન્દ સાગર

આનન્દસાગરસૂરીશ્વરજી અલીયાબાડા તા. ૨-૬-૩૭

રામચંદ્રસૂરિજી તમને જણાવવા માટે મને ફરમાવે છે - તાર મળ્યો, મારા તારનો જવાબ નહીં જણાવવાથી (દેખાવાથી) દિલગીર છું. જીવાભાઈએ આણેલો મુસદ્દો શરતોથી જુદો હતો કે નહિ તે તમારે જીવાભાઈની સમક્ષ સાબીત કરવાનું છે. મુંબઈ સમાચાર જૈનચર્ચાના લેખ ઉપર તમે મને તાર કર્યો જે હું ખુશીથી સ્વીકારૂં છું. તમે તેનો જવાબવાળી શક્યા નથી. હજી પણ જો તમે અને વિજયનેમિસૂરિજી તે પ્રમાણે જાહેર કરો તો હું સુરત આવવાને મારું બનતું સઘળું કરીશ, મહેરબાની કરીને મને બેઉની સહીઓ સાથે જણાવો.

પુના કેમ્પ ૨-૬-૩૭ કેશવલાલ માણેકલાલ

રામચંદ્રસૂરિ, વેતાલપેંઠ જૈનમૂર્ત્તિપૂજકમન્દિર પુનાસીટી,

જીવાભાઈ, નગીનભાઈ, ગીરધરભાઈ, પોપટભાઈ, સમક્ષ નક્કી થયેલ કરારથી અમોને વિહાર કરાવ્યા પછી અહિંના કરારની માગણીથી મુંબઈથી આવેલ કાગળ ઉલટો અને ખાનગી શરતવાળો હોઈ, અન્યાયી હતો એમ વણથલીમાં ઘણા માણસો વચ્ચે પુરવાર કરવામાં આવ્યું હતું, અને મૂલ કરાર ઉપર સહી લાવવાને કોઈપણ તૈયાર ન હતું. એ સત્ય જીવાભાઈને મોકલો તો હજીપણ ઘણાની હાજરીમાં સાબીત કરી શકાય એમ છે. બે તારથી તમને વિહાર કરવા સૂચવ્યા છતાં ઉત્તર નથી. શનિવારના લેખના ઓઠા તળે ખોટાં બહાનાં લઈ તમારી જોખમદારીમાંથી છટકી જઈ તમે પુનાથી વિહાર કર્યો

નથી. જુઠા થયેલ વળગી એકપક્ષ (૧૫ દિવસ) વિહાર કરી ગુમાવી દેવામાં આવ્યું છે તેથી તમો મારી સાથે સંવચ્છરીનો શાસ્ત્રાર્થ કરવા બીલ્કુલ તૈયાર નથી એમ સ્પષ્ટ થાય છે.

આનન્દ સાગર જામનગર. તા. ૩-૬-૩૭

સાગરાનન્દસૂરિજી જામનગર

રામચંદ્રસૂરીશ્વરજી નીચે પ્રમાણે તમોને જણાવવા મને ફરમાવે છે. તમારો ૩જી જૂનનો તાર મળ્યો, એ અત્યંત દિલગીરી ભરેલું છે. કે તમે જાણી જોઈને મારા તારના તાત્પર્યને અડતા નથી અને નકામી અને અસત્ય બિના ચર્યો છો જે સ્પષ્ટ રીતે સાબીત કરે છે કે તમે ફક્ત સંવચ્છરીના સમાધાનના બહાના (ઠોળ) નીચે શાસ્ત્રાર્થનો જુઠો દેખાવ કરવાની મનોવૃત્તિ ધરાવો છો.

પુના કેમ્પ ૪-૬-૩૭ કેશવલાલ માણેકલાલ

આચાર્ય રામચંદ્રસૂરિ પુનાસીટિ

તાર મળ્યો, જુઠા કરારને વળગ્યા, શાસ્ત્રાર્થથી ખસ્યા, પુનાથી ખસ્યા નહિ અને જીવાભાઈને મોકલ્યા નહિ. આ બધું તમને જ શોભે.

જામનગર તા. ૫-૬-૩૭ આનન્દસાગર

આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજી જામનગર

રામચંદ્રસૂરિજી તમને જણાવવા મને ફરમાવે છે કે તમારો છેલ્લો તાર જોઈ મને ખેદ થયો છે (?) કે તમારા પોતાના હાથે તમારા જેવાની મશ્કરી કરાવવા સિવાય બીજું કંઈ નથી.

પુના ૫-૬-૩૭ કેશવલાલ માણેકલાલ

શ્રી રામચંદ્રસૂરિજી પુના સીટી

મશ્કરી હતી જ નહિ, માત્ર સત્ય હકીકત જ જણાવી હતી.

જામનગર આનન્દ સાગર તા. ૮-૬-૩૭

આચાર્ય શ્રી આનન્દ સાગરસૂરિજી જામનગર

વિજય રામચંદ્રસૂરિજી તમને જણાવવા મને નીચે પ્રમાણે ફરમાવે છે.

તાર મળ્યો. સંવચ્છરી ચર્ચા ફક્ત તમારે અને મારા વચ્ચે નથી, પણ બધા સાધુ સમુદાયને લાગુ પડે છે અને તો પણ રવિવાર પક્ષના કોઈના પણ પ્રતિનિધિપણા સિવાય જાણે એના પ્રતિનિધિ હો એ પ્રમાણે તમે તાર કરો છો તેથી તમારી જાતને હાસ્યજનક બનાવો છો આ વસ્તુ તમો ન સમજી શકતા હો તેનું કારણ તમે કોઈના હથિયાર બન્યા હો એ પણ હોય.

કરાર તમારી અને વિજયનેમિસૂરિજીની સલાહ પ્રમાણે શુદ્ધ આશયથી ઘડાયો હતો કે જેના ઉપર પણ વયોવૃદ્ધ આચાર્યદેવ વિજય સિદ્ધિસૂરીશ્વરજીએ સહી કરી, પણ તમે બંને જણાએ તેનો અનાદર કર્યો અને એવો કરાર આગળ ધર્યો કે જે ત્રાહિત પાર્ટીથી પણ સ્વીકારી શકાય નહિં અને તેથી શાંત વાતાવરણના નાશના કારણ તમો બન્યા, ત્યારબાદ ૨૯-૫-૩૭ મુંબઈ સમાચારની જૈનચર્ચામાં જણાવેલ શરતો કબુલ કર્યા વગર કે જેની સાથે મારે કંઈપણ સંબંધ નહોતો, તેમાં દર્શાવેલી શરતો સ્વીકાર કર્યા વિના તમે ૩૧-૫-૩૭ મીએ ખોટી રીતે તાર કર્યો, જવાબમાં મેં તમારા બેઉની સહીથી જાહેર કરવાનું ધ્યાન ખેંચ્યું તમે તેને ગળી ગયા, અને કોઈપણ સંબંધ વગરની વાતને જણાવી. જવાબમાં મેં ફરીથી બેઉને સહી માટે તથા અસત્ય બોલવાનું છોડી દેવાનું ધ્યાન ખેંચ્યું, જેથી તમે તમારા ત્રીજા તારમાં જુઠી અને ખેદજનક બિનાઓ જણાવી. પછી મેં બીજા (તે પછીના) તારમાં જુઠાણા સામે ચેતવણી આપી, અને તમે વધારાના ખોટા આક્ષેપોથી જવાબ આપ્યો, જવાબમાં તમારે પોતાને હાથે મશ્કરી નહિ કરવાની મને ફરજ પડી, તો પણ તમારા છેલ્લા તારમાં તે બિનાઓને ના કહેવાની હિંમત કરી, અને તમારું પોતાનું સાચું છે, આ વાત ભાર મૂકીને કહી. ખરેખર એ દયાજનક છે. તમે જૈન ચર્ચામાં જણાવેલ હકીકતથી વિરુદ્ધ બિનાઓનો તાર કર્યો, બેઉની સહીઓ સંબંધી જણાવવાનું લક્ષ્ય નહિં આપ્યું. તા. ૩૧મી તારીખથી તાર શરૂ કરીને અને ૩જી તારીખે ૧૫ દિવસ ગુમાવ્યાનો આક્ષેપ કરો છો. બંને જાહેર કરવામાં નિષ્ફળ જાવ છો, અને પુનાથી નહિ ખસવાનો, શાસ્ત્રાર્થથી ખસવાનો આરોપ મુકો છો. આવા કારમાં જુઠાણાં તમારાથી જ સેવી શકાય ?

જો તમારી આખી રવિવારની પાર્ટીના ખરેખર પ્રતિનિધિ તરીકે થવાનો દેખાવ ખરેખર સાચો જ હોય, ને જો તમે તમારા અને તમારી પાર્ટીઓના અભિપ્રાય (મત) સત્ય સાબીત કરવા શાસ્ત્રાર્થ માટે તૈયાર રહો, તો ખોટી તારબાજી કરીને પૈસાનો નિરર્થક વ્યય કરવાનું છોડી દો, અને નીચેની સૂચનાઓ ગ્રહણ કરો. તમને અને વિજયનેમીસૂરીજીને શનિવારની પાર્ટીના પ્રતિનિધિ મુની શ્રી કલ્યાણવિજયજી જે પ્રમાણે જણાવે છે તે પ્રમાણે સાચુ સમજીને વર્તો (સાચા દીલથી અમલ કરો)

કેશવલાલ માણેકલાલ પુના તા. ૧૦-૬-૩૭

રામચંદ્રસૂરિજી,

પુના

અન્ય કોઈની પણ દરકાર કર્યા વિના હું વર્ષોથી પરંપરા અને શાસ્ત્રને આધારે પૂનમ અમાવાસ્યાની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિની માફક ભાદરવા સુદિ. ૫ ની ક્ષય વૃદ્ધિએ ત્રીજની ક્ષય વૃદ્ધિ માનનાર અને કરનારો છું, અને શાસ્ત્રાર્થથી સાબીત કરવા તમને મધ્યસ્થલ સુરત આવવાનું અને મુનિકલ્યાણવિજયજીને તમે પ્રતિનિધિ નીમો છો તેમને મધ્યસ્થળ ચોટીલે આવવાના અનેક વખત પ્રયત્નો કર્યા છતાં પૂનેથી તમે ન ખસ્યા, અને અમદાવાદથી મુનિકલ્યાણવિજયજી ન ખસ્યા, એ અયોગ્ય છે.

સમુદાયનું પ્રતિનિધિપણું હોય તો જ શાસ્ત્રાર્થ કરાય એ શાસ્ત્રીય નથી તેમજ વ્યાવહારિક પણ નથી. માટે ખોટું બહાનું શું કામ કાઢો છો ? શું તમારા વડા ગુરૂઓએ બધા મન્દિરમાર્ગીઓનું પ્રતિનિધિપણું મેળવ્યા પછી જ સ્થાનકવાસી આદિની સાથે શાસ્ત્રાર્થ કર્યા હતા ? સ્થાનકવાસી વિગેરેથી પણ ઉતરતો દરજ્જો ન લો.

હું બીજાને આવવાની કે શાસ્ત્રાર્થ કરવાની મના કરતો નથી, તમો જીવાભાઈના જુઠા અને કલ્પિત લખાણને વળગ્યા છો, ને બન્ને પક્ષ વચ્ચે નક્કી થયેલ કરારને નાકબુલ કરો છો તે અન્યાય જ છે, અને મુનિકલ્યાણવિજયજી નક્કી થયેલ કમીટીના નામો ફેરવવાનું અને બધાનું પ્રતિનિધિપણું લઈને આવવાનું વિગેરે વાંધા કાઢે છે તે અન્યાય જ છે. તમો અને તમારા પ્રતિનિધિ બન્નેમાંથી કોઈએ શાસ્ત્રાર્થ માટે વિહાર કર્યો નથી, યોગ્ય પ્રતિનિધિત્વ, નામો ફેરવવાં આદિ પ્રપંચો રમી વખત ગુમાવ્યો, અને માત્ર ડોળજ કર્યો, જુઠા પકડવાળા તમોને એમજ કરવું પડે, પણ શાસનપ્રેમીઓ હવે તમારો પ્રપંચ સમજ્યા છે અને નિઃશંકપણે ગુરૂવારની જ સંવચ્છરી સાચી માનશે અને કરશે એ ચોક્કસ થાય છે.

શાસ્ત્રાર્થ માટે બોલાવ્યા છતાં તમારામાંથી કોઈ આવતું નથી, ને અસંભવિતસંમતિ લેવાની વાતો કરો છે. એ તમારી નબળાઈ જ છે પ્રતિનિધિપણું લીધા વિના પહેલેથી જ હું શાસ્ત્રાર્થ માટે તૈયાર હતો અને રહીશ.

એક અંશે પણ તમારામાં સચ્ચાઈ હોત તો આવાં બ્હાનાં નહિ કાઢતાં મધ્યસ્થાને આવ્યા હોત જામનગરથી વિહાર કર્યાને સોળ દિવસ થયા હતા તે ખરૂં જ છે.

જામનગર તા. ૧૨-૬-૩૭ આનન્દ સાગર

આચાર્ય સાગરાનન્દસૂરિજી

આચાર્ય શ્રી વિજય રામચંદ્ર સૂરિજીની આજ્ઞાથી જવાબ કાગળથી મોકલ્યો છે.

પુના તા. ૧૫-૬-૩૭ કેશવલાલ માણેકલાલ

રામચંદ્રસૂરિ શ્વેતાંબર જૈન મંદિર પુના સિટિ

તાર મળ્યો. તમારી ટપાલ અનામત રહેશે, જે મૌખિક શાસ્ત્રાર્થથી અપ્રામાણિકપણે ખસનાર અને વળી પોતાનું કામ બીજાને ભળાવનારની સાથે પત્રવ્યવહાર તમારા અસત્ય અને અવળાસવળા અર્થને કાબુમાં રાખવાને નક્કી કરાયેલી કમીટિથી નીમાયેલ પંચ મારફત થશે, નહિ તો કોઈ પણ નિષ્પક્ષ નિર્ણય કરનાર મનુષ્યને સિદ્ધચક્રનું વાંચન મોટે ભાગે બસ છે. મેં પણ તેવી જ રીતે વીરશાસન અને જૈનપ્રવચન વાંચ્યાં છે.

જામનગર તા. ૧૬-૬-૩૬ આનન્દ સાગર

મુનિરાજશ્રી કલ્યાણવિજયજી તરફનો તાર-૧ અમદાવાદ, તા. ૫મી જૂન

૧ આચાર્ય શ્રી સાગરાનન્દ સૂરીશ્વરજી

C/o પોપટલાલ ધારશીભાઈ જામનગર

(નકલ) ૨ આચાર્ય શ્રી વિજયનેમિ સૂરીશ્વરજી

C/o પોપટલાલ ધારશીભાઈ જામનગર

વન્દન સાથે જણાવવાનું કે મુંબઈ સમાચારમાં પ્રગટ થયેલા પ્રતાપસીંહ મોહનલાલભાઈ અને પાનાચંદ રૂપચંદ ઝવેરીના ખુલાસાઓ એવી ગેરસમજ ઉત્પન્ન કરનારાઓ છે કે હું સંવત્સરી સંબંધી ચર્ચા કરવાને અગર તેમાં ભાગ લેવાને તૈયાર હતો નહી, પરંતુ તે વાત સત્યથી વેગળી છે. હું તો હજુ પણ આખા શનિવાર પક્ષના પ્રતિનિધિ તરીકે પણ ચર્ચા કરવાને તૈયાર છું.

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિ સૂરીશ્વરજી મહારાજની પાસે સંઘવી નગીનદાસ કરમચંદ, જીવતલાલ પરતાપસી અને ગિરધરલાલ છોટાલાલ વિગેરે ગૃહસ્થોએ આવીને જામનગરમાં તમારી તથા શ્રી વિજયનેમી સૂરીશ્વરજીની સાથે થયેલી વાતચીત જણાવી તથા અમો ડ્રાફટ ઉપર સહી કરી આપીએ તો તમો અને શ્રી વિજયનેમી સૂરીજી ચર્ચા કરી નિષ્પક્ષ શાસ્ત્રીય નિર્ણય ઉપર આવવા તૈયાર છો તેમ જણાવ્યું. અમે તો આ બાબતથી અત્યંત ખુશી થયા કારણ કે તેથી સમાજને ઘણો જ લાભ થાય. પૂજ્ય ગુરૂદેવે કહેલું કે કલ્યાણ વિજય જોગમાં છે એથી જ ખંભાત મોકલી શકાય તેમ નથી. જો ચર્ચાસ્થળ અમદાવાદ રાખો તો અમારા પ્રતિનિધિ તરીકે તે જરૂર ચર્ચા કરશે અને જો તમે અમદાવાદ નક્કી ન કરી શકો ને ચર્ચા ખંભાત કરવાની રાખો તો પણ અમને જે નિર્ણય આવે તે કબુલ છે. આમ સ્પષ્ટ કહીને જ સહી અમો બન્નેએ કરી હતી, આમ છતાં સાચી વાતને તે બંને ખુલાસાઓમાં છુપાવી દેવાઈ છે, તે અનિચ્છનીય છે. હજુ પણ હું મારા પૂજ્ય ગુરૂદેવની આજ્ઞાથી તમને જણાવું છું કે આપ રવિવાર પક્ષનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત કરીને જલ્દી અમદાવાદ પધારો. હું આખાય શનિવાર પક્ષના પ્રતિનિધિ તરીકે ચર્ચા કરવા સંપૂર્ણ તૈયાર છું. એ યાદ રાખશો કે તમારી અને મારી વચ્ચેની આ ચર્ચાનું જે પરિણામ આવશે તે શનિવાર અને રવિવાર બન્નેય સંવત્સરી પક્ષના સરવેને બંધનકારક જ ગણાશે. અમદાવાદ આવવાનું આમંત્રણ કરવાનું કારણ માત્ર એજ છે કે હજુ હું જોગમાં છું અને માત્ર તે જ કારણે અમદાવાદ છોડી શકું તેમ નથી.

અન્યથા બીજા સ્થળે આવવાને પણ હું તૈયાર થાત, આથી મારી વિજ્ઞપ્તિ છે કે અમદાવાદને ચર્ચાસ્થળ તરીકે કબુલ કરવાની આપ આનાકાની કરશો નહિં.

કલ્યાણવિજય

આચાર્ય શ્રી સાગરાનન્દ સૂરીજીનો પ્રત્યુત્તર નં. - ૧ જામનગર તા. ૫ જૂન

મુનિરાજ કલ્યાણવિજયજી દોશીવાડા પોલ વિદ્યાશાળા અમદાવાદ તાર મળ્યો. અનુવંદન શાસ્ત્રાર્થ માટે તમારી તૈયારી છે એ જાણી ઘણો ખુશી થયો છું. શેઠ જીવતલાલે ૧૭મી મેએ લખ્યું હતું કે તમે

લબ્ધિસૂરિ અને જંબુવિજયજી ખંભાતમાં હાજર રહેશો. તમે યોગમાં છો એ તેમને ખબર હોવા છતાં આમ લખ્યું હોય તેમ જણાય છે. વળી શાસ્ત્રાર્થ ખંભાતમાં થશે એમ કાગલ (ડ્રાફ્ટ)માં સ્પષ્ટ જણાવ્યું હતું અને તેના ઉપર તમારી સહી હતી. યોગક્રિયા તો રસ્તામાં પણ થઈ શકે તેમ છે. અત્યારે રામચંદ્રસૂરિ શાસ્ત્રાર્થ વિષે વાતો કરી રહ્યા છે. મેં તેમને સુરત આવવાનું આમંત્રણ આપ્યું છે તેઓ જો સુરત આવે તો તમે પણ સુરત આવો, જો તે સુરત ન આવે તો તમે ચોટીલા આવજો. શાસ્ત્રાર્થ કરવા ઈચ્છનારે સામાપક્ષને પોતાને સ્થળે બોલાવવો તે ઈષ્ટ નથી. અમદાવાદના નગરશેઠના પ્રમુખપણા નીચે ચાર બુધવારવાળા અને ચાર ગુરૂવારની સંવચ્છરીવાળાઓની એક કમીટિ બનાવવામાં આવશે. જે બે પંચો અને એક સરપંચની નિમણૂંક કરશે. શાસ્ત્રો અને રૂઢી પ્રમાણે સંવચ્છરી ગુરૂવારની છે. જે હું સિદ્ધ કરી આપવા તૈયાર છું. ક્યારે ઉપડો છો તેનો સત્વર જવાબ આપશો.

આનન્દસાગર.

તાર ૨ અમદાવાદ તા. ૭મી જુન

આચાર્ય શ્રી સાગરાનન્દ સૂરીશ્વરજી

C/o પોપટલાલ ધારશીભાઈ જામનગર

વંદના. તાર મળ્યો. તમારા તરફથી પ્રતાપસિંહ મોહનલાલભાઈ અને પાનાચંદ રૂપચંદ ઝવેરી દ્વારા પ્રગટ થયેલા ખુલાસાઓમાં તમે ચર્ચા કરવાને સંપૂર્ણ તૈયાર છો તેવું ધ્વનિત કરાવો છો અને બીજી તરફ ચર્ચા કરવાનું તમને ખુલ્લું અને સ્પષ્ટ આહ્વાન કરાય છે ત્યારે ખોટાં બહાનાં શોધીને છટકી જવાનો પ્રયત્ન કરો છો. એમ તમારા જવાબથી સ્પષ્ટ જણાય છે. તે ઘણું જ દુઃખદ છે. શાસ્ત્રાર્થને માટે જે પુરા તૈયાર હોય અને જૈનસમાજમાં સત્યના પ્રવર્ત્તન દ્વારા શાંતિ સ્થપાય એવી જેની અભિલાષા હોય તે કદી પણ આવો ઉડાઉ જવાબ આપવાનું પસંદ કરે નહિં.

હું કબુલ રાખું છું કે - શાસ્ત્રાર્થને માટે જે તૈયાર હોય તેણે પોતાની જગ્યાએ બીજાને બોલાવવા એ વ્યાજબી અને યોગ્ય નથી. પણ તેની સામે મારે જણાવવું જોઈએ કે જે શાસ્ત્રાર્થ માટે તૈયાર હોય તેણે અશક્ય સંજોગો જોવા જોઈએ તે વ્યાજબી અને ખરૂં નથી.

મેં તમને વિનતિથી જણાવ્યું હતું કે-હું યોગમાં છું, એજ એક કારણથી મારે તમને અમદાવાદ આવવાનું આમંત્રણ કરવાની ફરજ પડી છે, નહિં તો બીજા સ્થળે હું જરૂર આવત.

તમો લખો છો કે-યોગની ક્રિયા વિહારમાં થઈ શકે છે. પણ તે મારે માટે અશક્ય છે.

કારણ કે -

વૃદ્ધાવસ્થાને અંગે મારા ગુરુદેવ અને બીજા દરદોને અંગે મારા બીજા વડીલો મારી સાથે વિહારમાં આવી શકે તેમ નથી અને આવી સ્થિતિમાં જો હું અમદાવાદ છોડું તો વિહારમાં યોગ થઈ શકે નહિં. એ તો શાસ્ત્રને જાણનાર સહેજમાં સમજી શકે તેમ છે. તમારા સિદ્ધચક્રના લેખો મેં જોયા છે અને તે છતાંય મને બરાબર એમ લાગ્યું છે કે તમે ગયા વર્ષની રવિવારી અને આ વર્ષની ગુરૂવારી સંવત્સરી

શાસ્ત્ર મુજબ વ્યાજબી છે એમ પુરવાર કરવાને સાચી રીતિએ શક્તિમાન નીવડ્યા નથી. આમ છતાં તમે દર્શાવો છો કે તમે ગુરૂવારી સંવચ્છરી શાસ્ત્રથી વ્યાજબી પુરવાર કરવા તૈયાર છો તો એજ જણાવવાનું કે એટલા માટે પણ આપે શાસ્ત્રાર્થનો આ અવસર સ્થળના નામે નહીં ગુમાવવો જોઈએ.

તમે એક તરફ સુરત જવાની અને બીજી તરફ અમદાવાદ નહીં આવવાની વાતો કરો છો, એ વિચિત્ર દેખાય છે. સુરત જવા તમો નીકળો તોય વરસાદ વિગેરેના કારણે પહોંચી શકો નહીં તેથી શાસ્ત્રાર્થની વાત આપો આપ રઝળી જાય અને તમો જાણો છો કે મારાથી અમદાવાદ છોડી શકાય તેમ નથી. તે છતાંય અમદાવાદની ના પાડી ચોટીલાની આજુબાજુ આવવાની આપ માગણી કરો છો આ બધાનો અર્થ એજ થઈ શકે કે તમે મારી સાથે શાસ્ત્રાર્થ કરવા માંગતા નથી.

હજું પણ હું જણાવું છું કે જો તમને તમારી માન્યતામાં સાચો વિશ્વાસ હોય અને શાસ્ત્રાર્થ કરવાની તૈયારી દેખાવની નહિ, પણ વાસ્તવિક હોય, તેમજ જૈનસમાજનાં સત્યના પ્રવર્ત્તન દ્વારા શાન્તિ સ્થાપવાની ઈચ્છા હોય તો મહેરબાની કરીને મારા અનિવાર્ય સંયોગો ધ્યાનમાં લઈ અમદાવાદની ના પાડવાનું હજુંય માંડીવાળો અને રવિવારે સંવત્સરી પક્ષનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત કરીને બનતી ત્વરાએ અમદાવાદ પધારો.

ચોમાસુ નજદીક આવે છે, વરસાદ દેખાવ દઈ ચૂક્યો છે, અને વિલંબ કરવાથી શાસ્ત્રાર્થ અશક્ય બનશે, માટે હવે નકામી વાતો કરીને સમય ન ગુમાવવાની હું ભલામણ કરૂં છું.

તમે જણાવો છો તેમ તમે જો સુરત જતા હો તો તમે અમદાવાદ આવો એવો મારો આગ્રહ જ નથી, પણ તમારું સુરત જવાનું આવી રીતિએ પડતું મૂકાય તો ઉપર જણાવ્યા મુજબ અમદાવાદ પધારવાની મારી વિનંતિ છે.

જીવાભાઈ શેઠે તા. ૧૭મીના પત્રમાં તમે જણાવો છો તેવી વાત લખી હોય તો પણ તે અમને રૂબરૂ મળ્યા પહેલાં જ લખેલી છે. સંઘવી નગીનદાસ કરમચંદ, ગીરધરલાલ છોટાલાલ અને જીવતલાલ પ્રતાપશી વિગેરે ગૃહસ્થો અમને તા. ૨૧મીએ મળ્યા હતા, એટલે હું યોગમાં છું તેવી ખબર તેમને તા. ૧૭મીએ ન હોય તે શક્ય છે.

એગ્રીમેન્ટ ઉપર અમોએ સહીઓ કરતાં પહેલાં જે શબ્દો નગીનદાસ વિગેરેને કહેલા તે મેં ગયા તારમાં જણાવ્યા છે તેથી તમારું તે વિષેનું બહાનું પણ વ્યાજબી નથી.

તમો જણાવો છો તેવી કમીટિની વાત પણ નગીનભાઈ, ગીરધરભાઈ કે જીવાભાઈએ એ ત્રણેમાંથી કોઈએ અમને સહી કરાવવા આવ્યા ત્યારે કરીજ નહોતી.

બંને પક્ષે સરખા મતાધિકારવાળી અને શાસ્ત્રાર્થ કરનાર બંને પ્રતિનિધિઓની સંમતિથી નીમાયેલી કમીટીના સાથે મળીને બંને પ્રતિનિધિઓ પંચો તથા સરપંચ નીમે તે જ ન્યાયી ગણાય.

શાસ્ત્રાર્થ કરવાને માટે આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજી જામનગરથી જામવંથલી સુધી વિહાર કરીને આવ્યા એવી વાતો વર્તમાનપત્રોમાં પ્રગટ કરાવો છો અને બીજી તરફ મેં તમને તારા કર્યો તેવો શાસ્ત્રાર્થનો

તાર में તેમને પણ કર્યો હતો. તે છતાં તેમના તરફથી તમે કે તે પોતે જવાબ આપતા નથી. પ્રતિનિધિત્વની વાતને પણ તમે અડતા નથી, તેનો પણ તમારે ખુલાસો કરવો જોઈએ.

છેલ્લે ફરીથી પણ હું એજ વિનંતિ કરૂં છું કે સમાજના ભલા ખાતર રવિવાર પક્ષનું પ્રતિનિધિત્વ મેળવી જલ્દી અમદાવાદ શાસ્ત્રાર્થ કરવા પધારો અને નાહક સમય ન ગુમાવો.

કલ્યાણવિજય

તાર ૨ જો જામનગર તા. ૮મી જૂન

મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી, દોશીવાડાની પોળ વિદ્યાશાલા, અમદાવાદ.

તાર મળ્યો. અનુવંદણા. સંવત્સરીસંબંધમાં મતભેદ હોવાનું જાહેર હોવા છતાં અને એક બાજુ તમે શનિવારની સંવત્સરીના પુરવાર કરનાર હોવા છતાં પુરતી સગવડ વિના યોગમાં દાખલ થયેલા હોવાથી શાસ્ત્રાર્થની ચેલેન્જ આપવામાં વ્યાજબી અને સાચા નથી. યોગની ક્રિયા કરાવનાર અને મદદગારને સાથે લઈને મધ્યસ્થળ જે ચોટીલા છે, તેને માટે એકદમ વિહાર કરી તાર કરો. સંઘના પસંદ કરાયેલા નવ ગૃહસ્થોની કમીટિ, પંડિત અને સરપંચ કોઈની પણ સંમતિ લીધા વગર નીમશે. તમારા વિહારનો તાર આવેથી માંદા અને બાલસાધુ સાથે પણ હું ચોટીલા આવીશ. સામી પાર્ટી પોતાના સ્થળે બોલાવી શકે નહીં, અને બીજે જઈ શકે પણ નહીં, તેથી મેં મુશ્કેલીઓ હોવા છતાં સુરત જવાનો નિર્ણય કર્યો હતો. જો તમો ચોટીલા આવો તો માંદા અને બાલસાધુઓને મુશ્કેલીઓ હોવા છતાં હું ચોટીલા પણ આવીશ, તેથી કોઈપણ સંજોગોમાં તમે ચોટીલા તરફ વિહાર કરી તાર કરો, વધારે નહીં જાણનાર પણ જો માત્ર તત્વતરંગિણી અને હીરપ્રશ્ન વાંચેલા હોય તો જ્યારે ચૌદશની ક્ષયતિથિ હોય ત્યારે તેરસને તેરસ તિથિ કહે નહીં અને જ્યારે બે પર્વતિથિ હોય ત્યારે ઉદયિક તિથિ એક બીજીને જ કહે, તે સ્વપ્ને પણ બુધવારની સંવત્સરી સાચી તરીકે સ્વીકારી શકે નહિં. શાસ્ત્રાર્થને માટે ૧૬ દિવસ સુધી જાહેર રીતે વિહાર કર્યા પછી, જામનગર મારા પાછા ફર્યા પછી અમદાવાદ આવવાને માટે ચેલેન્જ કરે અને ચોમાસુ નજીક હોવાની વાત કરે તેને ચેલેન્જ આપવાનું શોભતું નથી. જો તમે વિહાર કરવાનો ઈરાદો રાખતા ના-હોતો પુનાવાળાની માફક શાસ્ત્રાર્થ કરવાનો દંભ કરશો નહીં.

રવિવારની સંવત્સરી કરનાર સમુદાય ઘણો મોટો હોવાનું જાણીને, જ્યારે ચોમાસું નજીક આવે છે ત્યારે બધાની અનુમતિથી અમદાવાદ આવવાની મને (કલ્પિત શરતથી) ચેલેન્જ કરવામાં આવે છે. તે ડહાપણ ભરેલું નથી ?

જો તમારે સ્હેજપણ શાસ્ત્રાર્થ કરવાની ધારણા હોત, તો તમોએ તમારા ગુરુદેવની આજ્ઞા સાથે કોઈપણ મદદગાર અને યોગની ક્રિયા કરાવનાર મેળવી લીધો હોત. સાધુને માટે ડોળીની પણ રાહ જોયા વગર મુંબઈથી સાધુઓની સંમતિના નામે જીવાભાઈનો તાર મળવાથી મારે વિહાર કરવાની ફરજ પડી હતી અને સદરહુ માંદા સાધુને ઘણું સહન કરવું પડ્યું હતું. ચેલેન્જ આપનારે પોતાની મુદલે સગવડ

તરફ જોવું જોઈએ નહિં, જ્યારે તમે ચેલેન્જ આપી છે ત્યારે એકદમ ગમે તે ભોગે ચોટીલા જરૂર આવો. કોઈપણ જાતનું બહાનું ચાલશે નહીં એ નક્કી છે.

આનન્દ સાગર

તાર ૩ અમદાવાદ તા. ૯મી જુન

આચાર્ય શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી

C/o પોપટલાલ ધારશીભાઈ જામનગર

વંદના તાર મળ્યો. મારા બંને તારોમાં જણાવેલા અગત્યના મુદ્દાઓનો આપ જવાબ આપી શકતા નથી. આચાર્ય શ્રી વિજય નેમિસૂરિજીને ચર્ચા માટે તૈયાર કરી શકતા નથી. રવિવાર પક્ષનું પ્રતિનિધિત્વ મેળવી શકતા નથી અને અમદાવાદ આવવાની મારી વિનંતિ નહીં સ્વીકારતા તદ્દન નકામા અગર ખોટા મુદ્દાઓ ઉભા કરો છો એ સાફ પુરવાર કરે છે કે તમે શાસ્ત્રાર્થ કરવાને તૈયાર નથી. સાચી બિના આમ હોવા છતાં અમારે શીરે પોતાના બચાવ ખાતર નાહક દંભનો આરોપ મુકવાનું આપ સાહસ કરો છો, ત્યારે કહેવું પડે છે કે-આપના જેવાને તે કોઈ રીતિએ છાજતું નથી.

તમે પ્રતાપશી મોહનલાલભાઈ અને પાનાચંદ રૂપચંદ ઝવેરી મારફત શનિવાર સંવત્સરી પક્ષ સામે શાસ્ત્રાર્થની ચેલેન્જ તા. ૧લી અને તા. ૨જીમાં જાહેર કરી તેમાં અમદાવાદની વાત જ નથી પણ ચોટીલાની વાત છે અને તેમાં એવી ગેરસમજ ઉત્પન્ન કરવી કે - 'હું શાસ્ત્રાર્થ કરવાને કે તેમાં ભાગ લેવાને તૈયાર નથી.' આ ઉપરથી મારા ગુરૂદેવની આજ્ઞા મુજબ શનિવાર પક્ષનું પ્રતિનિધિત્વ મેં પ્રાપ્ત કર્યું અને તમારી ચેલેંઝ તા. પમીએ ઝીલી. આથી સ્પષ્ટ છે કે વાદી તમો છો અને તેથી તમારા જણાવ્યા મુજબ-તમારે તમારી પોતાની સગવડ જોવી ન જોઈએ અને કોઈપણ કારણને ભોગે તમારે અમદાવાદ આવવું જ જોઈએ.

પાંચમી જુને સુરત જવાની તૈયારી હોવાનો આપ દેખાવ કરો છો, અને આઠમી જુને અમદાવાદ સુધી આવવા જેટલી પણ નબળાઈ બતાવો છો તે સાચી વાતને સ્હેજમાં ખુલ્લી પાડનાર છે. ચેલેન્જ કરનારે ચેલેન્જ ઝીલાઈ ગયા પછી બહાનાં કાઢવાં તે ચાલી શકે નહીં.

આમ છતાં આપના તારમાંથી જણાઈ આવે છે કે આપ કોઈ રીતે અમદાવાદ આવવા તૈયાર નથી એટલા ખાતર હું સુચવું છું કે શ્રી સંઘમાં સંપ સ્થાપવાની જો તમારી અંતર ઈચ્છા હોય તો અત્રે બીરાજતા આચાર્ય શ્રી પદ્મસૂરિજી તથા બે દિવસમાં અત્રે પધારનાર આચાર્ય શ્રી વિજયદર્શનસૂરિજી કે જે બન્ને આચાર્યો શ્રી નેમિસૂરિજીના વિદ્વાન શિષ્યો છે તેમાંના કોઈને પણ રવિવાર પક્ષના પ્રતિનિધિ તરીકે અને તેમ ન બને તો તમો બંને આચાર્ય શ્રી સાગરાનન્દસૂરિજી અને આચાર્ય શ્રી નેમિસૂરિજી આપનું પ્રતિનિધિત્વ આપી શાસ્ત્રાર્થ કરવાની આજ્ઞા ફરમાવો, અને મને જણાવો.

કમીટિ માટેના અમારે જણાવવાના ચાર નામો આ રહ્યાં. સર કીકાભાઈ પ્રેમચંદ નાઈટ, શેઠ જમનાદાસ મોરારજી, જે.પી. શેઠ જીવતલાલ પ્રતાપશી અને શેઠ બકુભાઈ મણીલાલ તમે પણ તમારા ચાર નામો જણાવશો અને તે આઠ ગૃહસ્થોની કમીટિ પ્રમુખ, પંડિતો અને સરપંચ ચૂંટી કાઢશે.

તત્ત્વતરંગિણી અને હીરપ્રશ્નોની વાતો શાસ્ત્રાર્થ વખતે શોભે. વરસ્યા વગરનું ગાજવું નકામું છે.

કલ્યાણવિજય.

તાર ૩ જામનગર તા. ૧૦-૬-૩૭

મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી, દોશીવાડાની પોળ વિદ્યાશાળા, અમદાવાદ, તાર મળ્યો. અનુવંદના. પ્રતાપસીંહ અને પાનાચંદના લેખોમાં શાસ્ત્રાર્થ કરનાર બંને પક્ષો માટે ચોટીલા મધ્ય સ્થળ તરીકે સ્પષ્ટ જણાવેલ હોવા છતાં સંવત્સરી શાસ્ત્રાર્થ માટે તમો ચોટીલા આવવા તુરત જ કેમ નીકળતા નથી ? ફરજની રૂએ બંધાયેલ હોવા છતાં તમારે શાસ્ત્રાર્થ માટે ચોટીલા આવવું નથી ત્યારે તમે 'વરસ્યા વિનાનું ગાજવું' એમ કયા ઈરાદાથી તારમાં જણાવ્યું ? ચોટીલા માટે વિહાર કરવાનો તાર કરો, હું પણ વિહાર કરીશ, તમારા પક્ષ તરફથી ચુંટાઈ ગયેલા નગીનભાઈ અને મયાભાઈનાં નામો બદલવાનું શું કારણ છે ? કીકાભાઈ અને જમનાદાસને ચૂંટવામાં કાંઈ વાંધો ન હતો, જો કે તેઓને આવી બાબતમાં કાંઈ રસ નથી.

સત્ય વસ્તુ એ છે કે શાસ્ત્રાર્થ ફક્ત મારા અને તમારા વચ્ચે જ થવાનો છે. વરસાદ પહેલાં ચોટીલા પહોંચો, નહીંતર તમો તેનું બહાનું કાઢશો. જો તમે ચોટીલા આવવા નિષ્ફળ નિવડશો તો એ ચોક્કસ છે કે તમે મને છેતરવા માગતા હતા. અગાઉ નિર્ણય થઈ ચૂક્યા મૂજબ તમે નગરશેઠને પ્રમુખ તરીકે સ્વીકારતા નથી. એ તદ્દન ગેરવ્યાજબી છે. કોઈને બીજાને શાસ્ત્રાર્થ કરવા સોંપવાનું કહેવું, એ મુર્ખાઈભર્યું નથી ?

સિદ્ધચક્રનું વાંચન શાસ્ત્રાર્થમાંથી ખસી જવાના હેતુથી આપવામાં આવ્યું હતું ? મધ્યસ્થળે આવવું નહીં કમીટિનાં પસંદ કરેલાં નામો ફેરવવાં, બધાના પ્રતિનિધિપણાની વાત કરવી, બીજા શખ્સોને શાસ્ત્રાર્થ સુપ્રત કરવાનું. કહેવું આ બધી તમારી દંભી ચાલબાજી છે.

આનન્દ સાંગર

તાર ૪, અમદાવાદ તા. ૧૧મી જુન

આચાર્યશ્રી સાગરાનન્દ સૂરીશ્વરજી

C/o પોપટલાલ ધારશીભાઈ જામનગર

વંદના. તાર મળ્યો. પ્રતાપશી અને પાનાચંદ તમારા જ માણસો છે. ચોટીલા સ્થળની વાત તમારી કલ્પિત છે અને તેને તટસ્થતાના વાંધા ચઢાવવા, એ તમારી ચાલબાજી છે. શાસ્ત્રાર્થના નિયમો મુજબ

આહ્વાન સ્વીકારનારા તરીકે હું ચોટીલા આવવા બંધાયેલો નથી. અમે છેલ્લી વખતે જ કમીટિનાં નામો સૂચવ્યાં છે. સભ્યો અગાઉ પસંદ થઈ ચૂક્યા છે, એમ કહેવું એ જુઠાણું છે. રવિવાર પક્ષનાં ચાર નામો જણાવો. આ આઠે ગૃહસ્થો પ્રમુખ, પંચો અને સરપંચની પસંદગી કરશે. આમાં તમારી ડખલ ચાલશે જ નહીં. તમારા રવિવાર પક્ષમાં મતભેદ છે અને તેથી તમને પ્રતિનિધિત્વ મળતું નથી, રવિવાર પક્ષને મોટી બહુમતીમાં કહેવો એ જૈન સમાજને છેતરવાનું કૃત્ય નથી ? તમે અને આચાર્ય વિજયનેમિસૂરિજી શાસ્ત્રાર્થ માટે તૈયાર નથી અને આચાર્ય વિજય નેમિસૂરિજીના વિદ્વાન શિષ્યોને પ્રતિનિધિત્વ સોંપતા નથી. કારણ કે તમારા બે વચ્ચે વિચારોનો મતભેદ રહેલો છે. શનિવાર પક્ષની એકપણ ન્યાયી અને શાંતિની અભિલાષવાળી માગણી તમે કબુલ રાખતા નથી. આચાર્ય નેમિસૂરિજીનું મૌન અને શાસ્ત્રાર્થમાંથી નીકળી જવાની તમારી રમત પુરવાર કરે છે કે શાસ્ત્રાર્થ માટેનો જામવંથલીનો વિહાર એ કેવળ દંભ જ હતો. શનિવાર પક્ષના પ્રતિનિધિ તરીકે હું, શાસ્ત્રાર્થ માટે અમદાવાદ આવવા તમે આહ્વાનકાર તરીકે બંધાયેલા હોઈ આમંત્રણ કરું છું. કોઈ સંજોગોમાં તમો નિષ્ફળ નિવડો તો અમદાવાદમાં શાસ્ત્રાર્થ કરવા માટે કોઈપણ આચાર્યશ્રીને નીમો અને કમિટીના ચાર સભ્યોનાં નામો જણાવો. હું આપને વિનંતિ કરું છું કે હવે ગમે તે સંજોગો હેઠળ શાસ્ત્રાર્થ માટે તૈયાર થવાનું જ આપને શોભે.

કલ્યાણ વિજય

તાર ૪, જામનગર તા. ૧૨-૬-૩૭

મુનિશ્રી કલ્યાણવિજયજી, દોશીવાડાની પોળ વિદ્યાશાળા, અમદાવાદ.

જો કે શાસ્ત્રાર્થ માટે જામનગર અને અમદાવાદ વચ્ચે ચોટીલા લગભગ એક મધ્ય સ્થળ છે અને તે તટસ્થ સ્થળ છે. કારણ કે હું ત્યાં કદી ગયો નથી. છતાં તેને લાગતું વળગતું સ્થળ માનીને ત્યાં ન આવવું એ તો પાકો વિચાર કર્યા વિના કરેલા યોગનું પરીણામ છે. જામવંથલી મુકામે બંને પક્ષોની હાજરીમાં નામો નક્કી કરવામાં આવ્યાં છે. જો આઠ સભ્યોમાં મતભેદ પડે અને તેથી પ્રમુખ, પંચ અને સરપંચ નીમાય નહીં - શાસ્ત્રાર્થ કર્યા વિના છટકી જવાના આ તમારાં ખોટા બહાના છે, ત્યારે પ્રામાણિકતા તો બંને પક્ષોએ નિર્ણીત કરેલા નામોનો સ્વીકાર કરવામાં છે. જ્યારે તમો મતભેદોનું જાણો છો, ત્યારે બધાના પ્રતિનિધિત્વને વળગી રહેવું એ મુર્ખાઈ છે. એ બહાનું કાઢીને ભાદરવા સુદી પંચમીની ક્ષય વૃદ્ધિ એ ત્રીજની ક્ષય વૃદ્ધિમાં માનનાર અને તે મુજબ વર્ત્તન કરનાર મારી સાથે શાસ્ત્રાર્થ કરવામાં ઢીલ કરવી એ તદન નીચતા છે. હવે તમે તેને સત્ય માનીને ઢીલ કરો છો. તમે માત્ર દંભ કરો છો અને શાસ્ત્રાર્થ માટે વિહાર કરતા નથી. જો કે મધ્યસ્થ સ્થળે આવવું એ ન્યાય યુક્ત અને વ્યાજબી હતું, તો પણ તમે વિહાર કર્યો નહિં અને પ્રતિનિધિત્વ માટેની ખોટી માગણી કરી, કમીટિમાં ફેરફારો કર્યા તમારો એ દંભ ખુલ્લો પડી ગયો છે.

આનન્દ સાગર.

તાર. ૫ તા. ૧૪-૬-૩૭ અમદાવાદ

આચાર્ય શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી.

C/o પોપટલાલ ધારશીભાઈ જામનગર

મળ્યો. અમારા લખાણના જાણી બુજીને આડા અવળા જવાબો આપો છો એ શાસ્ત્રાર્થના કરેલા આડંબરમાંથી છટકી જવાની તમારી ચાલબાજી છે. જામવંથલીમાં અમો કે શનિવાર પક્ષના કોઈ આચાર્ય હતા જ નહિં તેમ તેમની સંમતિ લેવાઈ પણ નથી, છતાં બંને પક્ષો તરફથી નામો નક્કી થયાનું વારંવાર તમો જણાવો છો તે ખોટું અને ગળે પડનારું છે. સમાન પ્રતિનિધિત્વ ધરાવતા આઠ ગૃહસ્થોની કમિટિ પ્રમુખ-પંચો અને સરપંચ નીમી નહિ શકે, એમ તમારું કહેવું, એ ગૃહસ્થોની પ્રામાણિકતા અને ન્યાયપ્રીયતા ઉપર ત્રાપ મારનારું છે. શાસ્ત્રાર્થની ચેલેન્ઝ જાહેર કરતાં રવિવારના પક્ષના પ્રતિનિધિ હોવા જેવો ડોળ કર્યો. શનિવાર પક્ષને સુરત અને ચોટીલા બોલાવતાં એ ડોળ કાયમ રાખ્યો. હવે જ્યારે અમોએ રવિવાર પક્ષના મતભેદોની યાદી આપી અને જ્યારે ઉઘાડા પડ્યા, ત્યારે ઉશ્કેરાઈ ગયા છો અને ઉઘાડા પાડનાર અમોને ગાળો આપો છો. તે ગાળો તમને જ મુબારક હો. આચાર્ય નેમિસૂરિજી તમારી સાથે છે. રવિવાર પક્ષના નામે કુલાઓ છો છતાં તમારૂં મંતવ્ય તેઓને કબુલ કરાવ્યા પહેલાં શાસ્ત્રાર્થની ચેલેન્ઝ શનિવાર પક્ષને આપી તમારો મત કબુલ કરાવવાનો પ્રયત્ન કરો છો, એ તમારી દયાજનક સ્થિતિ દેખાડે છે. ચેલેન્ઝ આપનાર તરીકે અમદાવાદમાં આવવા તમે બંધાયેલા છો, છતાં મારે જો જોગ ક્રિયા ન ચાલતી હોત, તો તમારા હઠાગ્રહને આધીન થઈને હું ચોટીલા જરૂર આવ્યો હોત. ચેલેન્ઝના નિયમ મુજબ તમે કે નેમિસૂરિજી રવિવાર પક્ષનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત કરીને અમદાવાદ આવ્યા નથી. અત્રે બિરાજમાન આચાર્યોને શાસ્ત્રાર્થની આજ્ઞા કરી નથી. તમે અને નેમિસૂરિજી બંને અંગત શાસ્ત્રાર્થ કરવા અત્રે આવવા તૈયાર નથી, આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે રવિવાર પક્ષ શાસ્ત્રાર્થ કરવા સદંતર નિષ્ફળ નીવડ્યો છે. તમો એકલા જ તમારી જાત પુરતા શાસ્ત્રાર્થ કરવા તૈયાર હોવાનું જણાવો છો તો અમદાવાદ આવો, અત્રે આવવા ન માગતા હો તો તમારી માન્યતાઓ જુઠી કરાવવા હું લિખિત શાસ્ત્રાર્થ કરવા તૈયાર છું. શાસ્ત્રાર્થ સમાન દરજ્જે થશે. બેમાં કયી રીત પસંદ કરો છો ? લિખિત શાસ્ત્રાર્થ માટે તૈયાર હોવાની જો તમારી કબુલાત મળે તો તેની શરતો જણાવીશ.

બીન જરૂરી વાતો કરી લંબાણ ન કરો.

કલ્યાણ વિજય

તા. ૧૫-૬-૩૭, જામનગર.

મુનિરાજ શ્રી કલ્યાણ વિજયજી દોશીવાડાની પોળ, વિદ્યાશાળા, અમદાવાદ.

વિહાર કર્યો નહિં, નીમાઈ ગયેલ કમીટિ માની નહિ, પ્રતિનિધિપણાનાં બહાનાં કાઢયાં અને હવે તો બુધવારના પક્ષકાર જીવાભાઈ, નગીનભાઈ હાજર છતાં, તમારી અને બુધવારના આચાર્યની

ગેરહાજરીને નામે તે બેને અપ્રમાણિક માની તે કરાર જ નથી માનતા, તેથી તમારો મૌખિક શાસ્ત્રાર્થ કરવાનો દેખાવ જ હતો. સાચો નિર્ણય મૌખિક શાસ્ત્રાર્થથી જ થાય છતાં નક્કી થયેલ કમીટિના નીમેલ પંચદ્વારા-નહિ કે તમો લખો તે શરતો નક્કી થઈ. લિખિતની માગણી થાય તો સંઘની શાન્તિ માટે મારી તરફથી હું તૈયાર છું.

આનન્દ સાગર

તા. ૧૬-૬-૩૭ અમદાવાદ

આચાર્ય શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી

C/o પોપટલાલ ધારશીભાઈ - જામનગર.

મળ્યો. પ્રતાપસીંહ દ્વારા તા. ૧-૬-૩૭ શાસ્ત્રાર્થની ચેલેન્જ શનિવાર પક્ષને તમોએ આપી, તે લખાણમાં કમીટિનો શબ્દ સરખોએ નથી. રવિવારવાળાએ કમીટિ અને તે દ્વારા પંચો અને સરપંચ ચૂંટવાની વાત તમોએ પાછળથી શરૂ કરેલી ચાલબાજી છે. તમો વારંવાર જણાવો છો તેવી કમીટિ શનિવાર પક્ષે કબુલ પણ રાખી નથી. તમારા માણસ પાનાચંદ પણ તા. ૨ જી અને પાંચમી જુનના ખુલાસામાં પણ એજ વાત કહે છે. જીવાભાઈ અને નગીનભાઈ જામનગર પોપટલાલ ધારશીભાઈના ઉજમણા પ્રસંગે આવ્યા હતા, તેઓ શનિવાર પક્ષના પ્રતિનિધિ તરીકે વર્ત્યા જ નથી. સમાજમાં શાંતિ થાય અને સૌ કોઈ એકજ દિવસે સંવત્સરી કરે તેવા શુભ આશયથી જ તેમણે સંવત્સરીના ઝઘડાની પટાવટના પ્રયત્નમાં લાભ લીધો હતો. જીવાભાઈએ નવની કમીટિની વાતવાળા, તમારા પાછળથી તૈયાર કરેલ, એ મનસ્વી ખરડા ઉપર શનિવાર પક્ષની સહીઓ લાવવાની સાફ ના પાડી હતી, એ વાત સત્ય તમારા તા. ૨૧-૫-૩૭ ના પુનાના તારમાં પણ જણાવી છે. આ બધા દીવા જેવા આધારો તમારી મનસ્વી કમીટિ અમારા માથે ઠોકી બેસાડવાના અપ્રમાણિક પ્રયત્નો ખુલ્લા પાડે છે. હવે એ ખુલ્લું થયું છે કે તમારી માન્યતા સાબીત કરવાના શાસ્ત્રીય પુરાવા તમારી પાસે નથી એથી જ આવી ગંદી રમત રમી શાસ્ત્રાર્થની વાતને તમોએ તોડી પાડી છે. લિખિત શાસ્ત્રાર્થની યોજનાને પણ અત્યાર સુધી જેમ રૂબરૂ ભેગા થઈ શાસ્ત્રાર્થ કરવાની બીજી યોજનાઓને તોડી પાડી તેમ તોડી ન પાડો. શુદ્ધ હૃદયથી જો લિખિત શાસ્ત્રાર્થ પણ કરવા તૈયાર હો તો તેની તૈયારી પણ દેખાડો એટલે શરતો જણાવું. વીતંડાવાદ કે ચાલબાજીથી જગતની આંખમાં ધૂળ નહીં નાખી શકો એ નોંધી લ્યો.

કલ્યાણ વિજય.

મુનિરાજશ્રી કલ્યાણ વિજયજી

જામનગર તા. ૧૭-૬-૩૭

દોશીવાડાની પોળ વિદ્યાશાળા, અમદાવાદ.

તમે લખેલી ખોટી અને અનિચ્છવા જોગ બાબતો બાજુએ રાખતાં હું તમને ખબર આપું છું કે પ્રેમસૂરિજીએ જીવાભાઈના એગ્રીમેન્ટને કબુલ રાખ્યું હતું અને તેમણે અને તમે સ્વતંત્ર રીતે એ ડ્રાફટ

ઉપર સહી મૂકી હતી, એટલું જ નહિં પણ રામચંદ્રસૂરિએ પણ એ જ એગ્રીમેન્ટને કબુલ રાખ્યું હતું અને તેમણે અને તમે સ્વતંત્ર રીતે એ ડ્રાફટ ઉપર સહી મૂકી હતી, એટલું જ નહિં પણ રામચંદ્રસૂરિ પણ એજ એગ્રીમેન્ટને ખરો કહે છે. એ બિના સાબીત કરે છે કે જીવાભાઈ અને નગીનભાઈ તમારા માણસો છે. આખરી બાબતને તમે કબુલ રાખતા નથી અને ખરી કમીટિને તમે માનતા નથી અને તે ઉપરથી તમે મોઢેથી કે લિખિત શાસ્ત્રાર્થ કરવાની લાયકાત ગુમાવી છે અને એ રીતે તમે શાસ્ત્રાર્થ કરવા અશક્ત છો એ ચોક્ખી બિના ખુલ્લી પડી ગઈ છે. નક્કી થયેલ કમીટિ કબુલ રાખી, મારા આગલા તારની શરતો પ્રમાણે તમે વરતવા કબુલ હો તો હું લિખિત શાસ્ત્રાર્થ માટે પણ તૈયાર છું.

આનન્દ સાગર.

તા. ૧૯-૬-૩૭ જામનગર.

આચાર્ય શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી

C/o પોપટલાલ ધારશીભાઈ, જામનગર.

અમારી સખત તૈયારી જોઈને (શાસ્ત્રાર્થની) તમે હરકોઈ પ્રકારે બીકથી ગભરાવ છો, તમે બહાર પડી ગયા છો, એટલે તમારી તૂત જેવી કમીટિને આગળ ધરો છો. જે તમે કહો છો કે જીવાભાઈ અને નગીનભાઈએ સ્વતંત્ર રીતે તૈયાર કર્યો તે મુસદ્દા ઉપર અમે જરા પણ સંકોચાયા વગર સહી કરી, પણ તમે તે ડ્રાફ સ્વીકાર્યો નહિં ને નવો તૈયાર કર્યો. જે ડ્રાફ જીવાભાઈ અને નગીનભાઈએ સ્વીકારવાની ના પાડી અને તમે અને તમારા સાગરીતોએ હા પાડી (તમે કબુલ્યો) તમે જબરજસ્તીથી કબુલ કરાવવા પ્રયત્ન કરો છો આ એક જાતની શાસ્ત્રાર્થમાંથી કોઈપણ બહાને ખસવાની (છટકવાની) યુક્તિ છે. એમ મનાય છે.

આ પ્રમાણે તાર વ્યવહાર પાછળ સમાજના પૈસા વ્યર્થ જાય છે. હવે પછીના જવાબો ટપાલ મારફતે (અપાશે) અને સંઘની શાન્તિના ઓઠા નીચે શાસ્ત્રાર્થની તૈયારી માટે દેખાવ કરો છો, જે ખાલી વાસણ અવાજ ઘણો કરે એવું છે, છતાં પણ આવી નકામી વાત (અપ્રસ્તુત) છોડી દઈને શાસ્ત્રાર્થની સાચી તૈયારી વખત ગુમાવ્યા વગર દેખાડો.

ચાર નામ તરત જાહેર કરો એ જ સુંદર અને યોગ્ય વસ્તુ છે.

કલ્યાણ વિજય.

તા. ૧૯-૬-૩૭, જામનગર.

મુનિરાજશ્રી કલ્યાણ વિજયજી દોશીવાડાની પોળ વિદ્યાશાળા, અમદાવાદ.

વિહાર ન કરવાનું અને પ્રતિનિધિ બનાવવાનાં બહાનાની માફક નવી કમીટિનું બહાનું ન લો.

જીવાભાઈ જાહેર કર્યું છે કે એકરાર અમારો સ્વયં લખેલો હતો, તેમજ તે ખાનગી રીતે લખેલો હતો, એ તેમણે સાચા કરાર ઉપર ફરી સહિઓ લેવામાં શરમ લાગવાની જણાવી છે. માટે સત્ય કરારને ન માનવામાં તમારા પક્ષનું જુઠાપણું જ કારણ છે.

સત્ય કમીટિ માનો તો હું તૈયાર જ છું, નહિંતર તમે શાન્ત રહો.

આનન્દ સાગર.

(ઉપસંહાર)

આ ઉપરથી વાંચકો જોઈ શકશે કે બુધવારવાળાઓ વિહાર કરી મધ્યસ્થાને ન આવ્યા, તેથી અને ખોટી રીતે અને બની શકે પણ નહિ એવી પ્રતિનિધિપણાની આડ લઈને શાસ્ત્રાર્થ કરવાથી ખસી ગયા છે. માટે હવે સત્ય અને શાસનના પ્રેમિઓએ તો પૂનમ અને અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ થાય છે, તેમ શાસ્ત્ર અને પરંપરાને અનુસરીને જ ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ભાદરવા સુદ ત્રીજની જ ક્ષયવૃદ્ધિ કરીને ગુરૂવારને જ સંવચ્છરી કરવી જોઈએ. પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો જ ક્ષય અને પર્વતિથિની વૃદ્ધિએ પૂર્વની અપર્વતિથિની વૃદ્ધિ કરવી. એ શ્રી તત્ત્વતરંગિણી અને શ્રી હીરપ્રશ્ન આદિથી નક્કી જ છે. જૈનોમાં આરાધનામાં પર્વતિથિ નથી તો ભેલી મનાઈ અને નથી તો બેવડી મનાઈ એ ચોક્કસ છે.

હંમેશના રિવાજ મુજબ બુધવારીયાએ પોતાની પીછે હઠ ઢાંકવા માટે જુઠું લખી છાપાં કાળાં કર્યાં છે. પણ સત્ય અને શાસનપ્રેમી જનતા તેથી ભરમાશે નહિ. ભવિષ્યમાં દંભ કરનારાઓ ચાલુ ચર્ચા ન છપાવવી જોઈએ છતાં પૂર્ણ સત્યને ઢાંકી ન દે એટલા માટે આ તાર વ્યવહાર છપાયો છે.



પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રીમાન્ સાગરાનન્દસૂરીશ્વરજી
મહારાજ તરફથી સર્વધર્મપરિષદમાં મોકલાવેલો લેખ-

સર્વમાન્ય ધર્મ

ध्यायामि ज्योतिरर्हं गतनिधनमलं ज्ञानसच्छर्मयुक्तं,
मायामुक्तं प्रकृत्या विरहितमनद्यं कर्मदोषैर्विहीनम्।
शास्त्रोद्यं सर्वधर्मप्रचयमनुगतं विश्वजन्तूद्धरं यत्,
भव्यानां मोक्षमार्गप्रणयनरूचिरं शक्रवृन्दोपसेव्यम् ॥१॥

સજ્જનો ! આપ લોકોએ સર્વધર્મના રહસ્યને સાંભળવા માટેની જે પ્રણાલિકા શરૂ કરી છે. તે હિંદુસ્તાનની પ્રજાને માટે મોટા સૌભાગ્યને સૂચવનારી છે. જે કંઇ આ વિષયમાં હું કહીશ તે સર્વધર્મોની અનુકૂળતાનો ખ્યાલ રાખીને કહીશ. આથી આ લેખમાં જૈનધર્મ સંબંધી પારિભાષિક અને રૂઢપદાર્થોનો સમાવેશ ન થાય તો તેની ત્રુટી ગણશો નહિં.

સર્વધર્મનું ધ્યેય - હિંદુસ્તાનની પ્રજામાં ધર્મના વિષયમાં જો કે સેંકડો મતમતાંતરો છે, તો પણ દરેક ધર્મના રસ્તા જુદા જુદા હોવા છતાં દરેક ધર્મવાળાઓનું ધ્યેય તો મોક્ષની પ્રાપ્તિ જ છે. આ કારણથીજ ધર્મશાસ્ત્રકારોએ "यतोऽभ्युदयनिः श्रेयससिद्धिः सधर्मः" અર્થાત્ જેનાથી સ્વર્ગાદિસુખ અને મોક્ષના સુખની પ્રાપ્તિ થાય તેને ધર્મ માન્યો છે. અભ્યુદય એ ધર્મનું અનન્તર ફલ છે અને નિઃશ્રેયસ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થવી તે સર્વ-ધર્મના હિસાબથી ધર્મનું પરંપર ફલ છે. જેમ અનાજને વાવવામાં ઘાસ વગેરેની પ્રાપ્તિ અનન્તર ફલ છે. અને ધાન્યની પ્રાપ્તિ જ પરમ્પર ફલ છે. મોક્ષ જ ધર્મનું ઉત્કૃષ્ટ ફલ છે. આ વાત દરેક આસ્તિકોએ સ્વીકારેલી છે. જો કે નિઃશ્રેયસ અર્થાત્ મોક્ષ મુખ્ય અને ધ્યેય ફલ છે, પરંતુ ધર્મથી અભ્યુદયની પ્રાપ્તિ પહેલાં થાય છે. આથી નિઃશ્રેયસ શબ્દને આગળ ન રાખતાં અભ્યુદયશબ્દને આગળ રાખવામાં આવ્યો છે.

મોક્ષનો રસ્તો - દરેક આસ્તિક ધર્મ શાસ્ત્રકારોએ મોક્ષને જ ઉત્કૃષ્ટ ફલ માન્યું છે. તો ધર્મ એક એવી ચીજ હોવી જોઈએ કે જે જલ્દી (અલ્પ સમયે) અથવા લાંબાસમયે પણ મોક્ષને પ્રાપ્ત કરાવવાવાળી હોય, અર્થાત્ ધર્મનું આચરણ તે કરવાવાળાને એજ જન્મમાં મોક્ષની પ્રાપ્તિ કરાવે અથવા ભવાંતરમાં જ (બીજા જન્મમાં જ) મોક્ષની પ્રાપ્તિ કરાવે, અને એવો જ ધર્મ મોક્ષનું સાધન બની શકે. જો કે મોક્ષના સ્વરૂપમાં મતમતાંતરોની સંખ્યા ઓછી નથી, તો પણ સત્ય મોક્ષનો રસ્તો મળવાથી સત્યમોક્ષ પણ પોતાની મેળે જ પ્રાપ્ત થાય છે. (મળી જાય છે) આજ કારણથી ઘણા હિન્દુધર્મના શાસ્ત્રકારોએ મોક્ષનું સ્વરૂપ પ્રથમ ન જણાવતાં મોક્ષના કારણભૂત એવા ધર્મનું જ સ્થાન સ્થાન પર

સ્પષ્ટીકરણ કર્યું છે. જેમ જૈનશાસ્ત્રકાર ભગવાન ઉમાસ્વાતિવાચકજીએ તત્વાર્થસૂત્રની શરૂઆતમાં જ "सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः" એવું સૂત્ર બનાવીને સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સદ્‌વર્તનરૂપ મોક્ષનો રસ્તો બતલાવ્યો છે. આ સૂત્રથી નથી તો મોક્ષનું સ્વરૂપ બતલાવ્યું, તેમ નથી તો મોક્ષની ઉત્કૃષ્ટતા બતલાવી, એટલુંજ નહિં, પણ મોક્ષનું જે પરમધ્યેય તેનું પણ દિગ્દર્શન કર્યું નથી.

દુનિયામાં આપણે જોઈ શકીએ છીએ કે નગરના રસ્તા ઉપર ચાલવાવાળી વ્યક્તિ એ નગરના સાચા સ્વરૂપથી અજ્ઞાત હો. અથવા (અવળી) ઉલટી રીતે જાણતી હોય, તો પણ તે સાચાનગરને પામે છે જ.

તેવીજ રીતે મોક્ષનો જે રસ્તો છે. તે ઉપર ચાલવાવાળી વ્યક્તિ મોક્ષને સર્વરીતિએ જાણે અથવા ન પણ જાણે, તો પણ તે નિશ્ચે મોક્ષને પામે છે. આ વાતને અહિં પ્રસ્તુત લેખમાં લક્ષ્ય રાખી મોક્ષના સ્વરૂપમાં જે મતમતાંતરો છે તે સંબંધી જરાપણ વિવેચન કરવામાં નહિં આવે.

શું સ્વર્ગ અને મોક્ષ ધર્મનું લક્ષ્યાર્થ નથી?

કેટલાક સાક્ષરગણો, આસ્તિકશાસ્ત્રોમાં ધર્મના ફલરૂપે કહેલા એવા સ્વર્ગ તથા મોક્ષને ફક્ત વાચ્યાર્થમાં લઈ જાય છે, અને સંસાર સંબંધી આ ભવના સુખોની સિદ્ધિને જ ધર્મના લક્ષ્યાર્થમાં લે છે. અર્થાત્ હિંસા, અસત્ય, ચોરી, સ્ત્રીગમન, પરિગ્રહ, ગુસ્સો (ક્રોધ), અભિમાન, પ્રપંચ અને લોભને છોડવાથી શાસ્ત્રકારોએ જે સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ બતાવી છે. તે ફક્ત વાચ્યાર્થ એટલે શબ્દોનાજ અર્થ છે. એમ માને છે. એટલે છેવટે નથી કોઈ સ્વર્ગ જેવી વસ્તું કે નથી કોઈ મોક્ષ જેવી વસ્તું, પરંતુ સ્વર્ગ અને મોક્ષ શબ્દ આગળ રાખવાથી હિંસાદિ કરવાનું બંધ થઈ જાય તો જગતમાં સબલ વ્યક્તિ દુર્બલ વ્યક્તિને સતાવવાનો પ્રયત્ન ન કરે, અસત્ય ન બોલતાં સત્ય જ બોલવાવાવાળી હોવાથી પ્રામાણિક બને, કોઈની કોઈપણ વસ્તુ વગર હક્કે લેવાની ઈચ્છા ન કરે, શરીરની રક્ષા સારી રીતે કરે, સંગ્રહશીલ ન બનતાં પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો વ્યય દુઃખીજનોના ઉદ્ધાર કરવામાં કરે તથા ક્રોધાદિકવિકારોને આધીન ન બનતાં નિર્વિચાર દશા અથવા દુર્વિચારદશામાં (અવસ્થામાં) ન રહે. આવો ધર્મ શાસ્ત્રકારોનો અભિપ્રાય છે. તથા એનાથી આ ભવ સંબંધી કોઈપણ આપત્તિને તે ન પામે, એટલુંજ નહિં, પણ પોતાનું કુટુમ્બ અને આખી દુનિયાને પણ તે હિંસાદિને નહિ કરવાવાળી વ્યક્તિ, આવી રીતે ઉત્કૃષ્ટ સુખરૂપ કરી શકે આ લક્ષ્યાર્થથી શાસ્ત્રકારોએ સ્વર્ગ મોક્ષના કારણના નામથી ધર્મ બતલાવ્યો છે. આવું આ બંધુ કથન જે વ્યક્તિ પુનર્જન્મ અથવા બીજા ભવને માનવાવાળો હોય તેના જ મુખમાં શોભા આપી શકે, પરંતુ જે વ્યક્તિ પોતાને હિન્દુ જાતિમાં દાખલ કરવાની ઈચ્છા રાખતો હોય તે તો સ્વર્ગ મોક્ષને વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ એમ બન્ને રીતિએ માનવામાં અચકાશે નહિં. હિન્દુજાતિની માન્યતા એવી છે કે આત્માને એક ભવથી બીજે ભવ, બીજે ભવથી ત્રીજે ભવ, એવી રીતે ઘુમવાવાળો માને જ "હિન્દ" ધાતુ ઘુમવાના અર્થમાં છે અને ઘુમવાવાળો આ આત્મા હોવાથી શાસ્ત્રકારોએ આત્માને હિન્દુ માન્યો છે અને આવી રીતે હિન્દુઆત્માને માનવાવાળાઓને જ હિન્દુ ગણવામાં આવ્યા છે. ધ્યાન રાખવાની જરૂર છે કે જે પન્થના નાયકે એકજ પુર્નજન્મ માનીને વારંવાર પુનર્જન્મરૂપ ભવાન્તર નથી માન્યો તે

લોકોએ જ હિન્દુજાતિને કાફરશબ્દથી પોકારી છે, પ્રસ્તુત લેખમાં સર્વ ધર્મનો વિચાર હોવાથી તેનો વિશેષ વિચાર ન કરતાં વાસ્તવિક રીતિથી સ્વર્ગ મોક્ષને દેવાવાળો ધર્મ જ છે. આ વાત હિન્દુ જાતિને દરેક રીતિએ માન્ય છે. એવું સમજીને ધર્મના વિષયમાં કંઈક કહેવામાં આવશે.

દરેક હિન્દુશાસ્ત્ર આ વિષયમાં એકમતને ધારણ કરે છે કે ધર્મનું પરીણામ સ્વર્ગ અને મોક્ષ છે. અર્થાત્ કોઈ પણ હિન્દુ સ્વર્ગ અને મોક્ષને અસત્પદાર્થ માનતો નથી કે જેથી સ્વર્ગ અને મોક્ષને ફક્ત વાચ્યાર્થમાં રાખીને આલોક સંબંધી ફલને લક્ષ્યાર્થની રીતિથી ગણી લે. સામાન્ય શાસ્ત્રીય નિયમ પણ આપલોકોના ખ્યાલમાં છે કે વાચ્યાર્થનો બાધ હોવાથી વાચ્યાર્થને છોડીને એનાથી ભિન્નજ લક્ષ્યાર્થ લેવો. અહિંયા તો સ્વર્ગ અને મોક્ષ આ બન્ને પદાર્થો અનુમાન અને શાસ્ત્રથી સિદ્ધ છે. આથી અહિંયાં કોઈપણ પ્રકારે વાચ્યાર્થનો બાધ આવી શકે તેમ નથી. આવા યથાસ્થિત સ્વર્ગ અને મોક્ષનું કારણ ધર્મજ થઈ શકે છે. ધર્મ વિના જો સ્વર્ગ અને મોક્ષ થતું હોય તો આ દુનિયામાં વનસ્પતિ આદિ એકેન્દ્રિય વગેરે જીવોનું નીચજાતિમાં રહેવું અને ભટકવું થાત જ નહિ. જેમ થોડી સંખ્યાવાળા આદમીયો પુણ્યનું કાર્ય કરવા અને પુણ્યની ધારણા રાખવાવાળા હોય છે તેવીજ રીતે જગતમાં ધન, ધાન્ય, કુટુમ્બ, શરીર આદિ દરેક પ્રકારના આનન્દને પામવાવાળા લોક પણ થોડા જ હોય છે. આ નિયમથી સમજી શકાશે કે ધર્મ અને પુણ્યનું ફલજ સમૃદ્ધિ અને આનન્દ છે. તથા મનુષ્ય જન્મમાં જે કંઈ વધારે ધર્મ અને પુણ્ય કરાય એના ફલરૂપ આનન્દ અને સમૃદ્ધિ ભોગવવાનું સ્થાન સ્વર્ગ જ થાય એમ જરૂર હેતુ સમજવાળાને માનવું જ પડે. છેવટે જેમ શાન્ત આદમી પ્રસન્નતાથી દુનિયાના બાહ્ય પદાર્થોનો સંયોગ ન પામવાથી પણ અસીમ આનન્દને ભોગવે છે, તેવી જ રીતે સર્વ અદષ્ટ એટલે કર્મથી રહિત થઈ સ્વસ્વરૂપમાં રહેલો આત્મા પણ નિર્વચનીય આનન્દનો અનુભવ કરે એમાં કંઈ પણ આશ્ચર્ય છે જ નહિં. અને તેવી જ દશાને શાસ્ત્રકારોએ મોક્ષ માન્યો છે. આથી મોક્ષનો અસમ્ભવ માનવો એ શાસ્ત્રાનુસારિ તથા યુક્તિવાળા લોકોને માટે જરાપણ યોગ્ય નથી.

ધર્મનું સ્વરૂપ - ઉપર બતાવેલો ધર્મ સ્વર્ગ અને મોક્ષનું કારણ છે આ વાત દરેક આસ્તિક લોકો મંજુર કરે છે, પરન્તું ધર્મ કોને કહેવો એમાં જ મોટો વિવાદ છે. કેટલાક ભદ્રિક આત્માઓ તો ધર્મના જુદા જુદા રસ્તાઓ સાંભળીને જ ધર્મના તે તે ભેદોના નામથી ધર્મથી જુદા જ થઈ જાય છે, પરન્તુ તે આત્માઓએ વિચારવું જોઈએ કે - ચાંદી, સોનું, હીરા, માણેક, મોતી, પન્ના વગેરે દુનિયાભરની જે જે કિંમતી ચીજો ગણાય છે તે દરેક પરીક્ષાની જરૂર (દરકાર) રાખે છે. કારણ કે પરીક્ષા કર્યા વગર કોઈપણ વ્યક્તિ આ ચીજોને ખરીદ કરી શકતો નથી. તો પછી ધર્મ જેવી ચીજ જે આ જીંદગીને સુખવાળી બનાવે અને સાથે સાથે આવતી જીન્દગીની મનોહરતા બનાવવા સાથે શાશ્વતજ્ઞાન અને આનન્દમય એવા અવ્યાબાધપદને આપવાવાળી હોવાથી અનન્ત મૂલ્યવાળી છે, તે પરિશ્રમ અને પરીક્ષા કર્યા વિના કેવી રીતે સાચા રૂપથી જાણી શકીએ અને પામી શકીએ ? સુજ્ઞમહાશયોએ આ વાત ઉપર વિચાર કરવાની જરૂર છે કે જગતમાં જે ચીજથી જે ચીજ મલી જાય છે તે ચીજથી તે ચીજ ઓછી કિંમતવાળીજ હોય છે. એવી રીતે ખાન-પાન-શરીર-ઇન્દ્રિયો-વાણી-વિચાર-કુટુમ્બ-ધન-ધાન્ય વગેરે દરેક ચીજો ધર્મ એટલે પુણ્યથી જ મલે છે. આથી સ્પષ્ટ કહેવું જ જોઈએ કે ધર્મ એ અનન્ત મૂલ્યવાળી ચીજ છે અને એટલા માટે જ એની પરીક્ષા અવશ્ય થવી

જ જોઈએ. ધ્યાન રાખવાની જરૂર છે કે તરકારી લેવામાં ગડબડ થાય તો અડધા આનાનું નુકસાન થાય, કપડાં ખરીદવામાં અક્કલનો ઉપયોગ ન કરવામાં આવે તો બે ચાર આનાનું નુકસાન થાય. ચાંદીના ઘરેણામાં ચપળતા ન રહે બે ચાર રૂપિયાનું સોનાના ઘરેણામાં સાવચેતી ન રહે પચીસ પચાસ રૂપીયાનું, હીરામોતી ખરીદવામાં હુશીયારી ન રાખે તો હજાર બે હજારનું નુકશાન થાય. પરન્તુ પરીક્ષા કરાયા વિનાના ધર્મને લેવામાં પરીક્ષા કર્યા વિના પ્રવર્તે તો આ જીંદગી અને આવતી જીંદગીની બરબાદી થવાની સાથે સંસારચક્રમાં જીવનું ભટકવુ જ થાય છે. આથી ધર્મની ખાસ પરીક્ષા કરવાની જરૂર છે. પરીક્ષા કરીને જ ગ્રહણ કરેલો ધર્મ ઘણું કરીનો સાચો હોય છે.

ધર્મની પરીક્ષા - દુનિયામાં જે પદાર્થને આપણે જોઈએ છીએ. તેની પરીક્ષા આપણે જલ્દી કરી શકીએ છીએ, કારણ કે દુનિયાના બાહ્યપદાર્થોની પરીક્ષા એમના સ્પર્શ, રસ, વર્ણ, ગંધ, સ્થાન, આકૃતિ વિગેરથી થઈ શકે છે, પરન્તુ આ ધર્મ એવી ચીજ છે કે જેની પરીક્ષા સ્પર્શાદિથી ક્યારે પણ થઈ શક્તિ નથી. આથી જ ધર્મના વિષયમાં ઘણા મતમતાંતરો પણ છે અને પરીક્ષા કરવી પણ મુશ્કેલ છે. સ્પર્શાદિથી જે વસ્તુની પરીક્ષા થઈ જાય છે એમાં વિવાદનું સ્થાન રહેતું નથી. જેમ મૃદુ અને કર્કશ સ્પર્શ, મીઠો અને તીખો રસ, સુગંધ અને દુર્ગંધ, સુરૂપ અને કુરૂપ વગેરેમાં કોઈ પણ પ્રકારે કોઈનો પણ વિવાદ થતો જ નથી, કિન્તુ ધર્મ એવી ચીજ છે કે જે વ્યવહારના વિષયવાળી નથી, તેમ સ્પર્શાદિથી પરીક્ષા કરવા લાયક પણ નથી, આટલું હોવા છતાં પણ ધર્મની પરીક્ષા કોઈપણ પ્રકારે નથી જ થઈ શકતી એવું છે જ નહિં. જેમ આત્મા, બુદ્ધિ વગેરે પદાર્થો વ્યવહાર અને સ્પર્શાદિનો વિષય નથી તો પણ એ આત્મા વગેરે પદાર્થોને અક્કલવાળો આદમી અનુમાનથી જાણી શકે છે, એવી જ રીતે ધર્મની પરીક્ષા પણ અક્કલવાળો આદમી અક્કલથી કરી શકે છે.

વ્યાપક ધર્મની સ્થિતિ - જગતમાં દરેક અક્કલવાળા આદમીઓને આ વાતનો તો પુરો નિશ્ચય જ છે કે કોઈને પણ સતાવવું, જુઠ બોલવું, કોઈની ચીજ ઉઠાવી લેવી, સ્ત્રી તરફ ખરાબ દ્રષ્ટિ રાખવી અને દરેક રીતિએ સંગ્રહશીલ બનવું. આ દરેક કાર્યો ખરાબ માનવામાં આવેલાં છે. એટલે આ સતાવવા વિગેરે કાર્યોને રોકવાથી જ ધર્મ છે, આ વાતમાં કોઈ પણ આદમી વાંધો નહિ ઉઠાવી શકે. પરન્તુ સમજદાર મનુષ્ય આચરણની જેટલી કિંમત કરે છે તેનાથી વધારે કિંમત સારા વિચારની કરે છે. આથી મહર્ષિઓ ફરમાવે છે કે દરેક ધાર્મિકપુરૂષોએ ઈચ્છવું જોઈએ કે પોતાના આચરણને સુધારવાની સાથે વિચારોને પણ ઉન્નત બનાવવાની કોશીશ કરવી જોઈએ. સામાન્ય રીતે દરેક મનુષ્ય ઉંચા વિચારની જ ઈચ્છા કરે છે, પરન્તુ કેટલાક મનુષ્યોને તો ઉન્નત વિચાર કોને કહેવો તેનો પણ ખ્યાલ હોતો નથી, તેમ કેટલાક લોકોને ખ્યાલ હોવા છતાં પણ ઉન્નત વિચારનું પરિશીલન કરવામાં જ મંદતા રહે છે, કિન્તુ આ વાતનો નિશ્ચય છે કે જે આદમીને ઉન્નત વિચારનો ખ્યાલ હશે તે જ ઉન્નત વિચારનું પરિશીલન કરી શકશે આથી ધર્મનું સ્વાભાવિક સ્વરૂપ જે વિચારનું ઔન્નત્ય છે તેના પર વિચાર કરવાની જરૂર છે.

વિચાર ઔન્નત્યના ભેદો

મનુષ્યને ધર્મમાં પ્રવૃતિ કરવાની સાથે વિચારવું ઉન્નતપણુ જરૂરી છે. આ વાત દરેક દર્શનવાળાઓને મંજુર કરવી જ પડશે. કોઈપણ દર્શનવાળાએ એમ નથી કહ્યું કે વિચારની અધમતાની સાથે ધર્મનું અનુષ્ઠાન ધર્મરૂપમાં ગણવામાં આવે, ઘાયતો કોઈને દાન આપો,

સદ્‌વર્તન રાખો, ઘણા પ્રકારની તપસ્યા કરીને દુઃખને ઉઠાવો, અથવા તો સંસારની માયાથી દૂર થવાનું મન કરો, પરંતુ જ્યાં સુધી વિચારનું ઉન્નતપણું ન થાય ત્યાં સુધી એ દાનાનાદિકને કોઈપણ દર્શનવાળો ધર્મ તરીકે માની શકતો નથી, આ વાત પણ વિચારવાની જરૂર છે કે જેમ દાનાદિકની પ્રવૃતિ કરવા છતાં પણ વિચારનું ઉન્નતપણું ન હોય તો પછી જેમ સાચો ધર્મ થઈ શકતો નથી, તેવી જ રીતે વિચારનું ઉન્નતપણું હોવા છતાં નિશ્ચયથી દાનાદિકની પ્રવૃતિ ન પણ હો, તો પણ વિચારના ઉન્નતપણાને ધારણ કરવાવાળો નિશ્ચયથી જ ધર્મવાળો હોય છે. જો એમ ન માનવામાં આવે તો એકપણ વખતે આદમી નિર્ધન થઈ ગયો તો એ જન્મમાં અથવા બીજા જન્મમાં એને દાનાદિ ધર્મ કરવાનો સમ્ભવ જ નહિં રહે, આમ માનવાથી પરિણામ એ આવે કે નિર્ધનને દાનાદિ કોઈદિનપણ ન હોવાથી સ્વતઃધર્મ નહિ થાય, અને ધનવાનને ધનનો દુરૂપયોગ તથા અનુપયોગ વધારે હોવાથી ધર્મનો સંભવ ઘણો જ ઓછો થશે. આથી ધીમે ધીમે ધર્મનો અભાવ જ થઈ જશે. આ વાતોનો વિચાર કરવાથી સજ્જનગણ સ્હેજે સમજી શકશે કે ધર્મની અસલીજડ વિચારનું ઉન્નતપણુંજ છે. આ વિચાર ઉન્નતપણાને ચાર ભાગમાં આપણે વ્હેંચી શકીશું :-

(૧) દુનિયાભરના દરેક પ્રાણીઓ ચ્હાય તો સ્થાવર હોય અથવા તો ચલ હોય, સમજદાર હોય અથવા તો સમજવગરના હોય, સ્વદેશી હોય અથવા તો વિદેશી હોય, મિત્ર હોય અથવા તો શત્રુ હોય, હિંસક હોય અથવા તો દયાળુ હોય, ચ્હાય તેવા હોય, પરન્તુ કોઈપણ પ્રાણી ઉપર વૈરવિરોધની ભાવના ન હોય અર્થાત્ 'અપરાધની માફી લેવી અને દેવી' આ સિદ્ધાંતને આગળ ધરીને 'મૈત્ર્યસ્તુ તેષુ સર્વેષુ' અર્થાત્ દરેક જીવોને ફાયદો પહોંચાડવાવાળા થવું એ મારૂં સ્વાભાવિક કર્ત્તવ્ય છે. એવો વિચાર કરીને આ મૈત્રીભાવના સિદ્ધાંતથી જ જૈનશાસ્ત્ર ધર્મને ફરમાવે છે. આથી જૈનધર્મની વિદ્યમાનતામાં કોઈ જૈનરાજાએ અથવા સમાજે કોઈ બીજા ધર્મનાં મન્દિર-ધર્મસ્થાન અથવા તો ગુરૂસ્થાનને ઉઠાવવા માટે નથી તો કર્યો ઉદ્યમ કે નથી તો ઉઠાવી દીધાં કે લીધાં. જો કે આ મૈત્રીભાવનાને સંસારની મોજમાં રાચેલો આદમી નિર્બલતા અને કાયરતાના નામથી પોકારે છે. પણ સજ્જનગણ તો સ્વયં સમજી શકે છે કે જગતમાં એવો એક પણ સદ્‌ગુણ નથી કે જેને દૂર્જનોએ દૂષિત ન કર્યો હોય, આ વાતને વિચારીને જનસમુદાયની ખોટી બહેકાવટથી કોઈપણ સજ્જનગણ માફી દેવાની બુદ્ધિ મંદ નહિં કરે અને આ મૈત્રીગુણને ક્યારે પણ દૂર નહિં કરે. આ મૈત્રીભાવનાવાળો જ ધર્મ વિશ્વધર્મ થઈ શકે છે. જે ધર્મમાં વેર અને વિરોધરૂપ અગ્નિ પ્રગટ કરવાનો આદેશ હોય તે ધર્મ કદી પણ વિશ્વધર્મ થવાને માટે લાયક બની શકતો નથી.

(૨) જેવી રીતે દરેક પ્રાણીઓની હિતની ઈચ્છા કરવાની ધર્મનિષ્ઠ પ્રાણિને માટે જરૂર છે તેવી જ રીતે (પોતાથી) વધારે ગુણવાન આદમીને તરફ વધારેને વધારે સત્કાર સન્માન કરવાની ઈચ્છા વધારે દેદીપ્યમાન થવી જોઈએ. જે આદમી ગુણવાનને જાણી શકતો નથી અને ગુણવાનનો આદર સત્કાર સન્માન કરવા માટે હંમેશાં અભિરૂચિવાળો નથી હોતો, તે આદમી કદીપણ ધર્મનિષ્ઠ નથી બની શકતો. અનાદિકાલથી અજ્ઞાનથી ભરેલા આત્માને નવા નવા ગુણોની પ્રાપ્તિ કરવાનો એકજ રસ્તો છે અને તે એ છે કે ગુણવાન મહાત્માની એટલે સત્પુરૂષોના સન્માનની તરફ હંમેશાં નમતો રહે, કોઈપણ વ્યક્તિ ગુણ તથા ગુણવાનનું સન્માન કર્યા વિના કોઈ દિવસ પણ

ગુણવાન બની શકતો નથી અને તેથીજ શાસ્ત્રકારોએ સંતની સ્તુતિનો મોટો જ પ્રભાવ બતાવ્યો છે. આવી જે પ્રમોદ ભાવના તે વિચાર ઉન્નતપણાનો બીજો ભેદ છે.

(૩) જેવી રીતે અપરાધની માફી લેવાદેવાની સાથે સર્વ જીવોના હિતનું વિચારવું તથા સત્પુરૂષોની સેવાને માટે હંમેશાં ભાવનાયુક્ત રહેવું કહ્યું છે, તેવી જ રીતે શારીરિક અથવા તો આત્મિક તકલીફથી હેરાન થવાવાળો કોઇપણ પ્રાણી હોય, એ બધાની તકલીફ દૂર કરવાનો જે વિચાર થાય તે આ વિચાર ઉન્નતપણાનો ત્રીજો ભેદ છે. ખ્યાલ રાખવાની જરૂર છે કે જે પ્રાણીએ પાપ બાંધ્યું છે તે દુઃખને પામે છે, પરંતુ દુઃખ પામવાવાળી વ્યક્તિનું દુઃખ દૂર કરવાથી દુઃખ દૂર કરવાવાળાને ઘણો જ લાભ છે. જૈનશાસ્ત્રના હિસાબથી પાપનું ફળ એકલું દુઃખ ભોગવવાથીજ ભોગવાઈ જાય છે એમ નથી, પણ જેમ કેળાના અજીર્ણમાં ઈલાયચી અને કેરીના અજીર્ણમાં સૂંઠ આપવાથી વિકાર દૂર થઈ જાય છે, પણ તે કેળુ અગર કેરીની વસ્તુ ઉડી જતી નથી, તેવી જ રીતે બાંધેલા પાપનો રસ તુટી જાય અને ઓછો થઈ જાય, એથી તે દુઃખી પ્રાણીનું દુઃખ ઓછું થઈ જાય છે. દવા આપવાથી જેમ બિમારનું દુઃખ મટી જાય છે તેવી જ રીતે દયાળુમહાશયોના પ્રયત્નથી દુઃખીપ્રાણીયોનું દુઃખ પણ દૂર થઈ જાય છે. આથી દુઃખીપ્રાણીયોના દુઃખને દૂર કરવાનો જે વિચાર થાય તે વિચાર ઉન્નતપણાનો ત્રીજો ભેદ છે.

(૪) જગતમાં કેટલાક પ્રાણીઓ એવા હોય છે કે જેના હિતને માટે પ્રયત્ન કરો દુઃખ દૂર કરવા માટે તૈયાર થાઓ, તોપણ તે પ્રાણીઓના કર્મનો ઉદય વિચિત્ર હોવાથી અને તેને લીધે જ તેની મનોવૃત્તિ ખરાબ હોવાથી તેઓનું હિત ન થયા, આટલું જ નહિં, પણ તે પોતાની મેળે જ અથવા તો કોઈ પણ હેતુથી દુઃખના કારણમાં જ મસ્ત થઈ જાય એવા, પ્રસંગમાં કોઇપણ પ્રકારે તે હિત કરવાવાળા આદમીએ તે પ્રાણી પર દ્વેષ નહિં કરવો, કિન્તુ કર્મ તથા તેનાં ફલોનો વિચાર કરીને ઉદાસીનવૃત્તિમાં રહેવું, આ વિચાર ઉન્નતપણાનો ચોથો ભેદ છે.

ઉપસંહાર-આ ચારપ્રકારથી વિચારના ઉન્નતપણાને ધારણ કરવાવાળી વ્યક્તિ ધર્મનિષ્ઠ અથવા તો ધર્મપરાયણ બની શકે છે. આથી દરેક પ્રાણીએ દાનાદિધર્મ પરાયણતા ગ્રહણ કરવાની સાથે આ વિચાર ઉન્નતપણાને ધારણ કરવું જ જોઇએ.

આપ સજ્જગણોનો વધારે વખત નહિં લેતાં મારા કથનને સમાપ્ત કરતાં એટલું જ કહીશ કે સચ્ચિદાનન્દ આત્માને શોધવાને માટે તૈયાર થવાવાળા સજ્જનોને ઉપર જણાવેલા માર્ગમાં આવવું જ જોઇએ.

સમાલોચના

૧ બુધવારપક્ષ તરફથી આચાર્ય રામચંદ્રસૂરિજી આદિના શ્રાવક તરફથી મુંબઈથી સંવચ્છરીના વાર સંબંધીનો શાસ્ત્રાર્થ કરવા વિહાર કરવાનો તાર આવ્યો કે તે જ દિવસે ગુરૂવારની સંવચ્છરી કરનાર આચાર્યે શાસ્ત્રાર્થ માટે ખંભાત જવા વિહાર કર્યો છે એ. જગજાહેર છે, છતાં પુના અને અમદાવાદથી એક ડગલું પણ નહિં ખસનારા કયા મુખે પોતે શાસ્ત્રાર્થથી નથી ખસ્યા એમ જણાવે છે.

૨ તાર, પત્ર અને પેપરોથી સાબીત થયું છે કે તા. ૧૭-૬-૩૬થી પહેલાં અને પછી પણ પુનાવાલા સાધુઓને ખંભાત શાસ્ત્રાર્થ કરવા આવવું જ નહોતું.

૩ શેઠ નગીનભાઈના શ્રી લબ્ધિસૂરિજી ઉપરના તાજા પત્રથી પણ નક્કી થાય છે કે બુધવારવાળા તરફથી આચાર્ય લબ્ધિસૂરિજી, ઉપાધ્યાય જંબુવિજયજી કે મુનિરાજ કલ્યાણવિજયજી એ ત્રણેને હાજર રહેવાનું જે તા. ૧૭મીના પત્રમાં તેઓએ જણાવ્યું હતું કે કલ્પિત હતું અને કોઈએ ખંભાત શાસ્ત્રાર્થ કરવા આવવા કબુલ કર્યું નહોતું અને તેથી ત્રણમાંથી કોઈ નહિ આવે ક્ષુલ્લક આવે કોઈ ન આવે, એવી શરતે જામનગરથી ગુરૂવારવાળા સાધુઓને આ શેઠ નગીનભાઈ ઉનાળામાં ખંભાત સુધી તગડાવવા માગતા હતા, અને પુના અને અમદાવાદવાળાને ત્યાંને ત્યાં રાખવા હતા.

૪ મુનિરાજ કલ્યાણવિજયજી જો મધ્યસ્થાને આવ્યા હોત, પ્રતિનિધિપણાનો બુટ્ટો ન ઉઠાવ્યો હોત અને નક્કી થયેલ કમીટિને માની હોત તો અત્યારસુધી સંવચ્છરીના વારનો નિર્ણય થઈ ગયો હોત.

૫ લિખિત શાસ્ત્રાર્થની બાબતમાં પણ શ્રી કલ્યાણવિજયજી છૂપી રમત રમે છે. વાદીપ્રતિવાદીના પુરાવા બારોબાર શાસ્ત્રીઓ આદિ પાસે મોકલે છે. બધી રીતે પરસ્પર જાણ કરાય, શંકા સમાધાન કરાય, સાચા જુઠાપણાની પરીક્ષા થાય પછી જ ન્યાયાધીશની માફક શાસ્ત્રીઓ નિર્ણય આપે તે વ્યાજબી ગણાય તે રીતે તો તેમણે કબુલ કરી જ નથી.

૬ વાદીમાંના આચાર્ય કે વૃદ્ધ પ્રતિવાદી ચૂંટે અને પ્રતિવાદિના આચાર્યાદિ વાદી ચૂંટે એ ન્યાય કયો ?

૭ ત્રીજનો ક્ષય માનનારા બીજા સમુદાયમાં નથી તે બહાને પર્વતિથિને ખોખું માનનારાઓને કેમ ખસેડાય છે ?

૮ શાસ્ત્રોમાં અને જગતમાં પણ એકેક પ્રતિવાદી સામે વાદમાં ન ઉતરાય એમ કહેનાર કેટલો સમજદાર ગણાય?

૯ શ્રી કલ્યાણવિજયજી જે રૂપે પર્વતિથિને ખોખું ઠરાવે તે રૂપે ફેર કોઈ વાદને કરી શકે નહિં અને ત્રીજની વૃદ્ધિનો વાદ પણ કોઈ ફેર ન કરી શકે. એ ન્યાયની વાત છે. છતાં કેમ નથી સૂઝતી ?

૧૦ ત્રીજની વૃદ્ધિ માનનારાઓ બીજા ન હોવાથી આચાર્યદેવના પક્ષમાં કોઈ દાખલ થવાનું નહિ રહે અને પછી બોલવાનું પણ નહિ રહે, પણ પર્વ તરીકે ખોખાપાંચમવાળા વચમાં ન

આવે કે પછી પણ ન બોલે એ શ્રી કલ્યાણવિજયજીએ નક્કી કરેલું જ હશે.

૧૧ વાદી પ્રતિવાદી પરસ્પરના લેખને જાણી અને તેનું ખંડન કરે તે રીત છે. છતાં તે સિવાય પ્રતિનિધિ માત્ર એકેક પક્ષે લખેલ મુક્તિ પેકેટ શાસ્ત્રીને આપે અને તેથી નિર્ણય થાય અને તેની કબુલાત આપવી. આમ કહેનારો શાસ્ત્ર અને જગતના પણ વાદપ્રતિવાદના સિદ્ધાંતથી અજાણ છે.

૧૨ પરંપરાથી પૂનમઅમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ થાય છે છતાં તેને કલ્પિત કે ચાલીસ વર્ષનો રવૈયો કહી અવળે માર્ગે જાય અને દોરે તેને માટે ૧૮૧૫ નો સીધો પાઠ બસ છે.

૧૩ શ્રી ઋષભદેવજી કેશરીમલજીના નામે પ્રસિદ્ધિથી તેના છપાવનાર વગેરેની શ્રી દેવસૂરિજી ગચ્છસિદ્ધિ સાહજિક જ છે.

૧૪ ચૌદશના ક્ષયે તેરશનો ક્ષય કહેવો પર્વતિથિની લૌકિકટીપ્પણાથી થતી વૃદ્ધિમાં માત્ર બીજી જ ઔદયિક ગણાય અને પૂનમના ક્ષયે તેરસ ચૌદશના દ્વિવચનના ઉત્તરને ન માનનારા તથા ક્ષયવૃદ્ધિમાં બાધિત થયેલા સીધા ઉદયપક્ષનો વિરોધ ગણનારા તો શાસ્ત્રની પાઠશાળાથી દૂર છે. શાસ્ત્ર અને પરંપરાને અનુસરનાર જ આરાધક ગણાય.

(પાલીતાણા ધર્મશાળા)

૧૫ बीयाइपंचपव्विक्खयंमि पुव्वस्स तिहि खओ होइ। पुन्निमखए य तेरसि अमावस्साएविहए-मेव ॥१॥ वीसरणाए पडवा एवं भणियं च जिणवरिंदेणं। कत्तियआईबारसपुण्णिमऽमावास तुल्ला य ॥२॥ આવી રીતે બીજ આદિના ક્ષયે પહેલાની અપર્વતિથિનો ક્ષય કરવો અને પૂનમ અમાવાસ્યા જેવી સાથે પર્વવાળી તિથિના ક્ષયે તે બન્ને પર્વ તિથિઓથી પહેલાની તેરસનો ક્ષય કરવો. (એકલી ચોમાસીવાળી પૂનમો કે દીવાલી જેવી અમાવાસ્યાઓને આ નિયમ લાગુ ન કરવો પણ) અને ભૂલ થઈ જાય તો પડવાનો ક્ષય કરવો, એમ જીનેશ્વર ભગવાને કહ્યું છે અને બારે માસની પૂનમો અને અમાવાસ્યાઓ સરખી જાણવી. શ્રી વિજયદેવસૂરિજીના ગચ્છની પ્રાચીન પ્રતમાં આ ગાથાઓ છે. આ ઉપરથી નવા અને શાસ્ત્રથી વિરોધિ મતવાળાને માર્ગે આવવું જરૂરી છે. શ્રી આવશ્યક વૃત્ત્યાદિના નિર્નામક પટ્ટો અને શ્રી હીરપ્રશ્ન જેવામાં છુટક પત્રની ગાથાઓનું તેમજ કેટલીક અજ્ઞાત કર્તૃકટીકા અવચૂરિયોનું તત્ત્વ સમજનાર નામ નહિં હોવાથી અપ્રમાણ ન જ કરી શકે. વળી જેઓ પૂનમ અમાવાસ્યાના ક્ષયે તેરસના ક્ષય અને તેની વૃદ્ધિએ તેની વૃદ્ધિની પરંપરાને ઉથલાવવા કે જુઠી ઠેરવવા માગે તેને માટે તો તે વગર નામની જૂની પ્રતો પણ વજ્રઘાત છે. અસુરો પણ વજ્રાઘાતથી ડરે છે. શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવી દેવાની ધૂનમાં સાચું ન માનવું અને સાચું ગળે જાય નહિં એમ ધારી સાચાને જુઠું ભળી માનવું અને કહેવું એ આસન્ન ભવ્યને તો ન જ હોય.

૧૬ તિથિહાનિવૃદ્ધિ વિચારમાં ૮મા પૃષ્ઠે ૯૧ આ પ્રશ્ન વિચારને વાંચનારો. ૦૫ વગેરે લખાણ ગ્રન્થની સમાપ્તિના સંવત્ વગેરે પછી અને સમાપ્તિને સૂચવનારી લીટીઓ પછી છે અને છેવટે 'તેથી ગુરૂવારની સંવચ્છરી આ વખતે કરનારા શાસ્ત્ર અને પરંપરાને આરાધનારા છે' એવું ચોકખું નીચોડરૂપ છતાં શાનું ભાષાંતર છે એમ પૂછનારો સમજણના ઘરથી બહાર જાય છે ?

(મું. સં. જૈન)

૧ પલ્લીવાલ જાતિ શ્વેતાંબર છે એની જાણ માટે જ્યારે સેંકડો વર્ષોના શિલાલેખો વિગેરે જાહેર થયા છે, ત્યારે દિગંબરભાઈઓ તરફથી તેઓના દિગંબરપણા માટે કેમ હજી સુધી એક પણ પુરાવો બહાર આવતો નથી? વર્ત્તમાનયુગમાં અમુક દિગંબરકોમની સેવા બજાવી છે એ કાંઈ પુરાવો નથી. એનો અર્થ તો શ્વેતાંબરો તરફથી એવો થાય કે દિગંબરોના સહવાસથી વાસનાના થયેલા પલટાનો એ પ્રભાવ છે માટે એમના સહવાસમાં આવશો તો પરિણામે તેઓ તમોને ચક્ષુ આદિથી હીન એવા દેવને અને સંયમ ઉપકરણથી દૂર એવા અક્ષયનાગા સાધુને તથા દ્વેષના પોષણ સાથે અન્યાયના આચરણ કરવા રૂપ ધર્મને શીખવશે માટે સાવચેત રહેજો.

૨ ધર્મનું ખરૂં મૂલ જો હોય તો મનુષ્યના પરિણામ છે અને તે પરિણામ જ્યારે સાચામાર્ગને અનુસરનારા થાય ત્યારે તે મનુષ્ય માનેલા ખોટા દેવને અને તેની મૂર્ત્તિને ન માને, પોતાના માલિકીના મકાનમાંથી તેને ખસેડે અને સાચા માનેલ દેવને પધરાવે, તેને યોગ્ય વિધિ કહે અને તેણે કરેલા શાસ્ત્રોનો સંગ્રહ કરે એમાં નવાઈ શી ? કોઈપણ ધર્મવાળો યાવત્ દિગંબરો પણ તેને અન્યાય કહી શકે નહિં. કદાચ કહેવા જાય તો તેઓને દિગંબર બનાવનાર આચાર્યાદિને અન્યાયાચરણવાળાનો ખિતાબ મળે.

૩ શ્વેતાંબરના મૂળ આગમમાં ભોજરાજાની હકીકત છે એ કહેનારો જુઠું બોલનારાઓમાં પણ જાલીમ છે.

૪ અંત્યપૂર્વધર શ્રુતનો ઉદ્ધાર કરે તે અપેક્ષાએ શ્રી દેવર્ધિગણિક્ષમાશ્રમણજીએ પુસ્તકારોહ કરતી વખતે ભગવાનના વચનોને સ્પષ્ટ કરવા માટે ગાથા અને દૃષ્ટાન્તાદિ આપેલાં છે. તેમાં આગમનું ગણધરકૃતપણું મૂલ સ્વરૂપે જ પ્રસિદ્ધ હોવાથી જતું નથી. જિનેશ્વર ભગવાનના વચનને સમજાવતા દ્રષ્ટાન્ત સાક્ષી પૂરણને અન્ય અન્યરૂપે આપીએ તો પણ મૂલવાણી જિનેશ્વર ભગવાનની હોવાથી તે વાણી જિનેશ્વરની જ મૂલરૂપ છે. તેમ સ્પષ્ટપણે સમજાય તેમ છે.

૫ સુંસુમાના દ્રષ્ટાંતમાં આહારની આસક્તિને છોડવાનો ઉપનય છે.

૭ અનાચારથી ઉત્પન્ન થયેલા મનુષ્યને દીક્ષા આપતાં કે છ કાયના વધથી બનેલા મંદિરમાં દર્શન કરતાં તેમના મુનિઓને દિગંબરોએ શું અનાચાર અને આરંભને અનુમોદનાર માન્યા છે ? જો નહિં તો પછી ચર્મપંચકનો અપવાદ પદે થતો ઉપયોગ કેમ દુખ્યો ? લોકનો આહાર કેમ માનો છો ?

(જૈન દર્શન)

૧ તત્વતરંગિણીના અનુવાદકે અને વિવેચક પોતાનું નામ અનેક મહિનાઓથી સમાહિક પેપરમાં અનુવાદ અને વિવેચન આપવામાં આવે છે છતાં જાહેર કર્યું નથી, તે જો જાહેર થયું હોત તો તેમાં જે જુઠાની ઝડીયો ઠેકાણે ઠેકાણે વરસી છે તેનો જો તે અનુવાદાદિ કરનાર માર્ગની અપેક્ષાવાળો લાગે તો વિચાર કરી શકાય.

૨ જેઓ સાચામાર્ગના ખપી હોય અને શ્રી જીનેશ્વર મહારાજના કથનને માનવા માગતા હોય તેઓને તો આ અનુવાદક અને વિવેચકના આજ્ઞા આદિનાં વચનો કેવલ કલ્પિત તથા શાસ્ત્ર અને પરંપરાને લોપવાવાળાં અને વિરોધિ છે માટે તે માનવા યોગ્ય નથી.

૩ જો તે અનુવાદક અને વિવેચક વ્યવસ્થાપૂર્વક પોતાનું મૃષાવાદિપણું કબુલવા સાથે તે સુધારવા તૈયાર હોય તો તે તેનું જુઠાણું જાહેર કરવા બીજો કોઈ શાસનપ્રેમી નહિં નીકળે તો તે તત્ત્વતરંગિણીના અનુવાદકે

શબ્દાર્થો ખોટા કર્યા છે, જાણી જોઈને જ કદાગ્રહથી જ વાક્યોના અર્થો અને અતિદેશોના ખોટા અર્થો કર્યા છે, તથા પ્રકરણથી પણ વિરુદ્ધ અર્થો કદાગ્રહથી કર્યા છે તે જાહેર જણાવાશે.

૪ શાસ્ત્ર જ્યારે ક્ષીણપર્વતિથિને પૂર્વ પ્રબલપર્વ તિથિમાં સમાવી દેવાનું કહે છે અને વૃદ્ધિ હોય ત્યારે પહેલી તિથિને અપર્વ ગણવાનું કહે છે. આ અંકનું લખાણ શાસ્ત્રના ખોટા સિક્કાવાળું અને કદાગ્રહવાળું જ છે. શાસ્ત્રકારો તપસ્યાના ઉદેશવાળી કલ્યાણકતિથિપણ ઉત્તરદિનની તપસ્યાને ગણવાથી જ કરવા કહે છે અને પાક્ષિક અને પૂર્ણિમાના અનુષ્ઠાનો ભેગાં કરનારને અનુષ્ઠાનનો લોપક અને મૃષાવાદી કહે છે. વળી પ્રબલ અને અપ્રબલ પર્વની કલ્પના પણ સમાવવાના કદાગ્રહથી જ છે, વળી વધેલી તિથિમાં પહેલી તિથિ તે તિથિના સૂર્યોદયવાળી જ નથી ગણાતી, છતાં કદાગ્રહથી ખોખું આઠમ વગેરે કહે છે. શ્રી વિજયદેવસૂરિગચ્છની સામાચારીના જુનાં પાનાં જાહેર થઈને પૂનમની વૃદ્ધિએ તેરસ જ વધારાય એમ નક્કી થયા છતાં ખોખામાં જ ખખડે તેના વચનનો ભરોસો તો જૈન વેષધારી પણ રાખે નહિં.

૫ ચૌદશના ક્ષયે તેરસને દિવસે તેરસ બોલાય જ નહિ કિન્તુ આરાધકો તો ચૌદશ જ કહે છે. આવો, અને તે તેરસને તેરસ છે એમ કહેનારો મૂર્ખ શિરોમણિ છે એમ સ્પષ્ટ થયા છતાં જેઓ ભેળસેળવાદી થાય તેને કદાગ્રહના કુવામાં જ કહોવાવાનું હોય અને તેથી જ 'હાલમાં જેઓ ન પડે' આવું શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ લોકોને ઉંધાપાટા બંધાવવા લખે. ખરતરને માત્ર ઉદયની અપેક્ષાએ કહેલું જે વાક્ય છે તેથી કદાગ્રહ પોષવો અને ૪થે પૃષ્ઠે આરાધનામાં આઠમજ કહેવાય છે એ વાત ઉભય માન્ય છતાં ન લેવી તેનું કારણ આરાધકદશાની શૂન્યતા ન હોય તો સારું ?

૬ પોતે જગતની નિન્દા કરે તે તો વસ્તુનું સ્વરૂપ અને પોતે શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ નવો ખોખાપંથ અને ભેળસેળપંથ કાઢી શાસન ડહોળી નાંખે એને અંગે શાસનવાળા હિતશિક્ષા માટે જે કાંઈ બોલે તે ધોબીપણું છે એમ કહેનારા દુર્ભવ્યની કોટીમાં જાય નહિં તો કલ્યાણ ગણવું.

(વીર (?) શાસન)

૧ પ્રવચનપરીક્ષાની મહત્તાના લેખમાં જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે એ લેખનો એવી રીતે જન્મ જ જિનચંદ્રની ચોપડી કે જે તમારા પક્ષની સમાલોચના માટે મોકલી હતી તેથી છે. સાચા શાસનને અનુસરનારા તપાગચ્છની તમે ખોટી રીતે અને પેટ ભરીને નિંદા કરો અને તે તપાગચ્છવાળા સહન કરે અને સાચી વસ્તુ પણ ન કહે. એ કેમ બને ?

૨ શ્રી ભદ્રબાહુસ્વામી શ્રુત કેવલી હોવાથી પ્રરૂપણામાં કેવલી છે માટે તેઓને કલિકાલસર્વજ્ઞ તરીકે કહેવા તે અણસમજુઓજ સારૂં ગણે.

૩ ભાદરવા સુદ ચોથ કે પાંચમે વાંચવા માટે શ્રી કલ્પસૂત્રની રચના નથી થઈ, પણ અવસ્થાનરૂપ પર્યુષણ વખતે પાંચ રાત્રિએ શ્રુતકેવલિ મહારાજે ઉદ્ધરીને તૈયાર કરેલું તે પહેલાં કહેવાતું હતું અને હવે વંચાય છે.

૪ ભગવાન મહાવીર મહારાજા જેવા અને યાવત્ શ્રી દુર્બલિકાપુષ્પમિત્ર કે શ્રી કૃષ્ણાચાર્ય જેવા શાસનના નેતા ન હોવાથી તેમજ મણિનાગ જેવા શાસનના ભક્તો ન હોવાથી જ ખરતરોથી આટલી બધી સ્વછંદતાવાળી અને સૂત્રવિરોધી હીલચાલો ચાલી રહી છે.

૧ શ્રી હરિભદ્રસૂરિજી અને શ્રી અભયદેવસૂરિજીના વચનના વિરુદ્ધ જિનવલ્લભે કરેલી છકલ્યાણકની પ્રરૂપણા ખરતરો કબુલ કરે છે કે સમગ્ર સંઘનો વિરોધ છતાં જિનવલ્લભે ચ્યવન પછી બીજે નંબરે આવે તે ગર્ભાપહાર નામનું નહિં કે ગર્ભસંક્રમનામનું છઠ્ઠું કલ્યાણક જાહેર કર્યું હતું. ધ્યાન રાખવું કે પાંચમું નિર્વાણ કલ્યાણક ગણાય છે, તો શું છઠ્ઠું ગર્ભાપહાર માનતાં તે મોક્ષ પછી માનશે ?

૨ સ્ત્રીને જીનપૂજાનો નિષેધ કરી જિનદત્તે ખડતલગચ્છ કાઢયો.

૩ જૈનશાસ્ત્રોમાં સ્પષ્ટપણે બીજે અષાઢે ચોમાસી માની પહેલો મહિનો મલમાસ તરીકે માન્યા છતાં ખરતરોએ પજુસણ માટે મલમાસ પસંદ કર્યો.

૪ મલમાસને માનવાને લીધે પર્વની વૃદ્ધિ માનીને અનૌદયિક તરીકે ગણાયેલી પહેલી તિથિએ જ પર્વ માનવાની ફરજ પડી તે વ્હોરી લીધી. આરાધ્ય તિથિ ઉભયતઃ અપર્વને ફરશે. માટે જ અપર્વની વૃદ્ધિ થાય.

૫ શાસન અને શાસ્ત્રને અનુસરનારા એવા શ્રીતપાગચ્છની ખરતરો નિંદા કરે તે પણ ઈન્દ્ર મહારાજ જેવા ગુણસંપન્નના પક્ષકારની ગેરહાજરીને જ આભારી છે.

૬ ખરતરોનું ચાલ્યું છે ત્યાં તો અસલથી તપાગચ્છને થઈ શકે તેટલું સર્વપ્રકારે નુકશાન કર્યું છે કરે છે માટે સાચાઓએ ડરવાનું જ નથી એ ચોક્કસ છે.

(ખરતર સમિતિ, મુંબઈ)

૧ ભેગી તિથિ અને ખોખા તિથિ માનનારાઓ જો ઉદયવાળી તિથિ માનવી એ શાસ્ત્ર વાક્યને બરોબર સમજે તો બિચારાને શાસ્ત્ર અને પરંપરા ઉઠાવીને પર્વાપર્વને ભેગાં ન માનવાં પડે, બે પર્વ ભેગાં ન માનવાં પડે અને પર્વતિથિને બેવડી માનીને ખોખું પણ ન માનવું પડે. ઉદયવાળી તિથિ પ્રમાણ છે એ વાક્ય અયોગ કે અન્યયોગ વ્યવચ્છેદરૂપે નથી. કેમકે અયોગવ્યવચ્છેદરૂપે લેતાં અનુદયથી ક્ષય પામેલી પર્વતિથિ આરાધનારને આજ્ઞાભંગાદિ દોષો લાગે. વળી અન્યયોગવ્યવચ્છેદરૂપે લઈને ઉદયવાળી પ્રમાણ જ ગણવી. એમ લે તો બેવડી તિથિમાં પ્હેલી ઉદયવાળી છતાં ખોખું માનીને આરાધન નહિં કરે તેમાં આજ્ઞાભંગઆદિ દોષો લાગશે. માટે કહેવું જોઈએ કે એ વચન માત્ર અસંભવનો વ્યવચ્છેદ કરતાં તિથિના પ્રારંભથી તિથિ માનનાર કે પ્રતિક્રમણ વખતે તિથિ માનનારનો વિરાધક ભાવ જણાવે છે. એટલે એક પર્વ કે બે પર્વના ક્ષય અને વૃદ્ધિ પ્રસંગે જેઓ ઉદયના વાક્યને વળગે છે, તે બિચારા વાક્યનો અર્થ કે તેનું ફલ સમજતા જ નથી અને પોતે શાસ્ત્ર અને પરંપરાથી ખસી જાય છે તેમજ ભોળા જીવોને ખસેડી દે છે. યાદ રાખવા જેવું છે કે શ્રી હીરસૂરિજીમહારાજ **त्रयोदशी चर्तुदश्योः** એમ પૂનમના ક્ષયની વખત દ્વિવચન વાપરીને જ્યારે બે પર્વને ભેગાં કરવાનું ન રાખતાં પર્વોની જુદીજુદી આરાધના કરવાનું જણાવી દે છે, ત્યાં શ્રી ધર્મસાગરજી મહારાજ બે પર્વને ભેગાં કરવાનું જણાવેજ નહિ અને જણાવ્યું પણ નથી. પૂનમના ક્ષયે તેરસે ચૌદશ કરી ચૌદશે પૂનમ કરવી થાય છે તે જ ત્યાં જણાવે છે, તથા કલ્યાણકની આરાધના તપથી થતી હોવાથી ઉત્તરદિનને લઈને તપ પૂરવાનું જણાવ્યું છે માટે પર્વતિથિ ભેળસેળ કરવી કે ખોખુ તિથિ માનવી એ શાસ્ત્ર અને પરંપરા અનુસરનારાઓને શોભે જ નહિ.

૨ શ્રી આત્મારામજી મહારાજ શ્રી સિદ્ધગિરિજીની સ્તવના નહોતા કરતા એમ કોઈએ કહ્યું જ નથી. તેઓ ભગવાન મહાવીર મહારાજની વખત શ્રી સિધ્ધગિરિજીવાળા આખા સોરઠને અનાર્ય ગણતા હોતા એ વાત તો આર્યાનાર્યની ચર્ચા ન દેખનારો જ માને. (ડભોઈ. જંબુ.)

૧ આનન્દસૂરિના ગચ્છવાળાએ જે ઘટાઘટતિથિ વિચાર લખ્યો છે અને જેને લીધે ખોખું અને ભેળસેળ તિથિ માનવાનો મુનિ શ્રી કલ્યાણવિજયજી અને રામસૂરિ વગેરેએ શાસ્ત્ર અને પરંપરાથી વિરુદ્ધ મત ચલાવ્યો છે. તે આનન્દસૂરિના મતની વિચારણા કરતાં શ્રીવિજયદેવસૂરિજીની તિથિ સંબંધી માન્યતા જે અત્યાર સુધી સર્વ તપગચ્છવાળાએ પાળી છે તે પૂનમ અમાવાસ્યાની ક્ષય અને વૃદ્ધિએ તેરસની જ ક્ષય અને વૃદ્ધિ થાય એવી રીતિવાળી છે અને તે ઘણી પહેલેથી છે. કારણ કે આનન્દસૂરિના મતપત્રકમાં તે પૂનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કરવામાં આવે છે તેનું ખંડન છે. તેમાં જણાવે છે કે **वैयाकरणपाशैः उदयगतायां त्रयोदश्यां चतुर्दशीयते** શ્રી વિજયદેવસૂરિના ગચ્છવાળા શ્રી હીરસૂરિજીના પ્રશ્નોત્તરમાં પંચમીના ક્ષય કરતા જુદો અને **त्रयोदशीचतुर्दश्योः** એવો દ્વિવચનવાળો જે ઉત્તર છે તેથી તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કરતાં તેરસે ચૌદશ કરે છે તે વિજયદેવસૂરિવાળાને વૈયાકરણપાશ કરીને નિંદે છે. પણ એ ઉપરથી જ સ્પષ્ટ થાય છે કે પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરી તેરસે ચૌદશ કરવાનો રીવાજ ઘણો જ પહેલાનો છે. વળી એક વસ્તુ તો એ વિચારવા જેવી છે કે આણસૂરવાળાના જણાવવા પ્રમાણે ચતુર્દશીશબ્દથી ક્યડ લાવીને **चर्तुदशीयते** એવો પ્રયોગ વાપરીને ખુદ તેરસે જ ચૌદશ બનાવતા હતા એમ સ્પષ્ટ કરે છે. ધ્યાનમાં રાખવું કે આધારમાં ક્યડ પ્રત્યય લેવાતો નથી. એટલે જ્યારે તેરસે જ ચૌદશ થતી હોય તો તેરસનો ક્ષય આપો આપ થાય. આમદાની પાઘડી મામદો પહેરે એટલે આમદો ઉઘાડા માથાવાળો થાય જ. આ સ્થળે આમદાની પાઘડી મામદો પહેરે એ વાક્યનો અર્થ આમદો ઉઘાડા માથાવાળો છે એમ શબ્દાર્થથી નથી થતો પણ તે ભાવાર્થરૂપે છે, પણ તે ન માનનારો વર્ણમાં જન ગણાય, તેવી રીતે **क्षये पूर्वा तिथिः कार्या** એ વાક્યનો સીધો અર્થ એજ થાય કે જ્યારે પર્વતિથિ ઉદય વિનાની હોવાથી ક્ષયવાળી હોય ત્યારે જો કે પહેલાની તિથિ જે પડવા આદિ છે તેમાં બીજ આદિ તિથિઓ ભોગવટાથી તો રહેલી જ છે અને તેથી તે પડવા આદિને દિવસે બીજ આદિ માનવા માટે તો વિધાન કરવાની જરૂર જ નથી એટલે પડવા આદિમાં બીજ આદિ કરવા એવું કહેનારા તો વિધિ અપ્રાપ્તમાં હોય એટલું પણ નહિં સમજનારા ગણાય, તેથી સ્પષ્ટ થાય છે કે પડવા આદિનો જે ઉદય તે બીજ આદિનો ઉદય ગણવો, અને તેથી તે તિથિને બીજ આદિ તરીકે જ ધર્મિષ્ટોએ ગણવી અને તેને પડવા આદિ તરીકે ગણનારો મૂર્ખ છે એમ તત્વતરંગિણીકાર સ્પષ્ટપણે જણાવે છે, એવી જ રીતે તિથિની વૃદ્ધિ હોય ત્યારે તેઓ એવો અર્થ કરે છે કે ઉત્તરની એટલે બીજી બીજ આદિને તિથિ કરવી. આવો જેઓ અર્થ કરવા માગે છે તેઓએ પણ સમજવું જોઈએ કે બંને દિવસે સૂર્યોદય તે તિથિનો હોવાથી બીજીતિથિમાં તિથિપણું સ્વભાવે જ હતું, તેઓના મતે તો વાક્ય જ નિરર્થક છે, પણ જ્યારે બે દિવસનું ટીપ્પણાથી પર્વતિથિપણું હોવા છતાં પૂર્વતિથિના ઉદયને અપ્રમાણ ઠરાવીને ઉત્તરતિથિના ઉદયને પ્રમાણ ઠરાવવા દ્વારા નિયમ કરી દે તો જ વાક્યનો અર્થ વાસ્તવિક થાય. પણ એ હિસાબે પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિનો ક્ષય અને પર્વતિથિની વૃદ્ધિએ તેનાથી પહેલાના અપર્વની જ વૃદ્ધિ થાય એ ભાવાર્થ ચોકખો છતાં ન માને તેવો મનુષ્ય વર્ણની પણ બહાર જ ગણાય.

૨ આનંદસૂરિવાળા પણ પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિ થતાં બે પડવા માનવાનું કહે છે. પણ આ નવીનોની માફક પર્વતિથિને બેવડી માનવી અને ખોખાપર્વ માનવું એમ તો તેમણે કે અત્યાર સુધી કોઈએ કહ્યું કે કર્યું નથી.

૩ શ્રી વિજયદેવસૂરિજીના સમુદાય તરફથી એ લખાણ હોવાને લીધે વિશિષ્ટ નામ તે તિથિપત્રમાં ન હોય.

૪ શબ્દસર ભાષાન્તર મુખ્યતાએ હોવાથી અર્થાત્ ઇતર વિવેચન નહિં હોવાથી ભાષાન્તરકારે નામની જરૂર નહિં ગણી હોય.

૫ શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોનાં માત્ર નામ લખી દઇ વિરોધ ન જણાવાય. ખરી રીતે તો ક્ષયવૃદ્ધિના પ્રસંગ સિવાયને માટે તે ઉદયનો નિયમ છે તે સુજ્ઞો તો સમજે.

(પાલીતાણા. ધર્મશાળા)

૧ પ્રવચનમાં સંપાદકને નામે આવેલ લેખ જો તમારા આચાર્યનો હોય તો તેમાં કંઈકને કંઈક વિરોધ છે એ શરૂમાં જણાવી છેવટે વળી વિશિષ્ટપાઠની અપેક્ષા જણાવી નકામો ભાંગડો વાટ્યો તેના કરતાં શાસ્ત્રના સ્પષ્ટપાઠ અને સાચા અર્થથી વિરોધ દેખાડવા જરૂરી હતા અને છે કે જેથી શ્રી સિદ્ધચક્રનો લેખક પોતાની ભૂલ હોય તો સમજે અને તૂરંત સુધારી શકે.

૨ પરવચનના વક્તાના અસત્ય અને સૂત્રાદિથી વિરુદ્ધ લખાણો તો "अत एव" આદિના અનેકલેખોથી શ્રી સિદ્ધચક્રે પુરવાર કરી દીધેલા જ છે.

૩ તમે પણ જો માર્ગના ખપી હો, અને કલ્યાણની ચાહનાવાળા હો તો હવે પુનાથી અથવા અમદાવાદથી સવાલ પત્રક લઈને ખૂલાસો મેળવાવવા અહિં પ્રતિનિધિ તરીકે મોકલાવવા પ્રયત્ન કરો. એઓ પ્રતિનિધિના અને યાવત્ કોઈપણ ક્ષુલ્લક જેવો પણ આવશે એ પક્ષના છે. ગુરૂવારવાળા એવા પક્ષના નથી. (પુના. કેશવલાલ)

૧ મહાનુભાવ ! કેટલાક અજ્ઞાનથી કેટલાક પોતાના સમુદાયના આગેવાનના કથન કે દબાણથી સાધુ-સાધ્વીઓને પણ શાસ્ત્ર અને પરંપરાથી વિરુદ્ધ એવી બુધવારી સંવચ્છરી કરવી પડશે તો પછી જુદા જુદા ક્ષેત્રના શ્રાવકશ્રાવિકાઓને પોતાના ક્ષેત્રમાં બુધવારીયા પક્ષના જ સાધુસાધ્વીઓનો યોગ હોય અને તેને આધીન થવાથી માન્યતા ગુરૂવારની સંવચ્છરીની સાચી છતાં બુધવારી સંવચ્છરી કરવી પડે તેમાં શું કહેવું ? તે બધાનો ખરેખર ભાર તો તે લોકોને માથે જ છે કે જેઓ શાસ્ત્ર અને પરંપરાને ઉથલાવે છે અને પોતે અવળે રસ્તે જઈ બીજાઓને અવળે રસ્તે બળાત્કારે દોરે છે. ધ્યાન રાખવા જેવું છે કે અન્ય લિંગ અને કુલિંગનો આદ્યપ્રવર્ત્તક કોઈ દિવસ મોક્ષ પામ્યો નથી, પણ અન્ય લિંગ અને કુલિંગે રહેલા તો ઘણાએ મોક્ષ પામ્યા છે. (પાલીતાણા-મેડી)

૧ સાચી દ્રષ્ટિએ જોનારો મનુષ્ય તો શ્રી તત્ત્વતરંગિણીમાં ચૌદશના ક્ષયે તેનાથી પહેલાની તેરસના ક્ષયની માફક પર્વતિથિના ક્ષયે તેથી પહેલાની અપર્વ તિથિનો ક્ષય ચોકખો માની જ લે.

૨ પૂનમ અને પાક્ષિકનું અનુષ્ઠાન એકઠું ન થાય એ તત્ત્વતરંગિણીમાં કહેલી હકીકતને જાણનારો બે પર્વને ભેગાં કરવાનું કહેજ નહિં.

૩ ક્ષયમાં પૂર્વ અને વૃદ્ધિમાં ઉત્તરતિથિને માનનારો ઉદયના સિદ્ધાંતને તિથિની પ્રામાણિકતા સાથે જોડે, પણ અન્ય યોગ કે અયોગના વ્યવચ્છેદમાં જોડેજ નહિં.

૪ તત્ત્વતરંગિણીના અનુવાદક અને વિવેચકે શ્લોકની ગણતરીને હિસાબે અડધો ગ્રંથ તો અનુવાદ અને વિવેચન વિના છોડી જ દીધો છે અને પોતે તે છોડી દીધાનું કબુલ કરે છે, એટલે પૂરો નહિં કરે એ શ્રી સિદ્ધચક્રનું ભવિષ્ય સાચું જ થયું.

૫ અનુવાદક અને વિવેચકનું નામ આ વખત ચોમાસું બેઠા પછી કોઈપણ સાધુ રૂબરૂ

જવાબ લઈ ન શકે ત્યારે આવ્યું છે છતાં ભવિષ્યની વાત આગળ ઉપર અષ્ટમના અવળા લખાણની માફક રાખીને વર્ત્તમાનને ઉચિત ઉપાય શાસનપ્રેમિઓ યોજશે.

(વીર-તત્ત્વ)

इअ कम्मविवागोऽयं लिहिओ देविंदसूरीहिं ॥६१॥ कर्मविपाको॥ इअ सुहुमत्थविचारो लिहिओ देविंदसूरीहिं॥८६॥ षडशीतौ॥ देविंदसूरिलिहिअं सयगमिणं आयसरणट्ठा. ॥१००॥ शतके

આવી રીતે રચ્યાને માટે પણ લિખિત શબ્દ તેરમી સદીથી વપરાય છે, છતાં ઈતિહાસવેત્તા બુધવારીયા થાય ત્યારે તેને હૃદયમાં પડલો આવે.

૨ રાધનપુરવાળા પં. લાભવિજયજીની હોવી જોઈએ એ અનુમાન કરવું તે અજ્ઞાનપણું છતાં કલંકની પ્રત લાવનારની કસોટી નહિં થતાં તેનું નામ છુપાવાય એ બુધવારીયાના કારસ્તાનખાનામાં કલ્યાણનામ મુબારક રહે.

૩ જુદી અને એકઠી પ્રતોના ભેદથી અસત્ય અને જાળીપણાને બોલનાર તો બોબડો હોય તો જ શાસન અને જગતને હિત કરે.

૪ કલ્યાણના કણીયાના પણ કાંક્ષી હોય તો આગ્રહ છોડી દઈ પૂનમની વૃદ્ધીએ તેરસની વૃધ્ધીની માફક મળેલી ત્રીજની વૃધ્ધીના પુરાવાને જાળી કહેવાની, કુટિલતા ન કરતાં સાચા માર્ગે આવી બુધવારીયાપણામાંથી નીકળી જવું તે જ શ્રેષ્ઠ છે.

(વીર-મુંબઈ શ્રીમાન)

૧ द्वयोरप्याराधकत्वं એમ ન લખતાં तस्यां अपि લખ્યું છે તે જ ચૌદશની પછી પૂનમ કહે છે. ભેગી તિથિ કરવામાં તો એક અનુષ્ઠાનનો તત્ત્વતરંગિણીમાં લોપ માન્યો છે. (વીર.તત્વ)

૨ કર્મમાસ કરતાં સૂર્યમાસમાં અડધો દિવસ વધે તેમ શાસ્ત્રકાર કહે છે. પણ કર્મમાસમાં ન વધે એ વસ્તુ ન સમજે તે ચાલબાજી માને. સૂર્ય માસની અપેક્ષાની વૃદ્ધિ કર્મમાસમાં ન નંખાય. તેથી જ બીજો માસ યુગમાં વધારવો પડે છે. જૈનજ્યોતિષ શાસ્ત્રથી કર્મમાસમાં તિથિનો ક્ષય જ છે. માત્ર લૌકિકટીપ્પણાં પછીના શાસ્ત્રકારોએ માન્યા તેથી પ્રાયે એમ લખાય. શાસ્ત્ર પ્રમાણે ${}^{61}/_{62}$ માનજ તિથિનું હોય તેથી વધેજ નહિં. કર્મ માસની વાતમાં સૂર્ય કહીને ફરાય છે. ચંદ્ર સાડીઓ - ગણત્રીશ દિવસ સાથે સરખા કરવા કર્મના ત્રીસના સાડીઓગણત્રીસ કર્યા તે કર્મની હાનિ છે.

૩ મહા વદ ૦)) અમાવાસ્યાના ક્ષયે મહા વદ ૧૩નો ક્ષય કરાય. તેરસે ચૌદસ અને ચૌદસે અમાવાસ્યા મનાશે અને ચૌદસને દિવસેને કલ્યાણક આરાધાશે. તિથિઓ એક દિવસે બંને ન હોય, પણ કલ્યાણકો તો સાથે પણ હોય અને ઘણા પણ હોય છે.

૪ कर्मसंवत्सरे षड् अवमरात्रः એવો ચોકખો પાઠ માને છતાં કર્મ માસમાં તિથિ ક્ષય નહિં એમ કહે તેને શું કહેવું ?

૫ કર્મ માસની અપેક્ષાએ પડવા આદિની તિથિમાં બીજ આદિ તિથિનું ભળવું છે તેમ સૂર્યની અપેક્ષાએ જો તિથિઓ વધતી હોય તો તે જણાવવી.

૧ મહેન્દ્ર પંચાંગને માન્યાની વાત અસત્ય અને અસ્થાને છે. પૂનમના ક્ષયે તેરસનો શાસ્ત્ર અને પરંપરાથી ક્ષય સિદ્ધ છે માટે ભાદરવા સુદ પાંચમના ક્ષયે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય યોગ્ય છે. પર્વતિથિની વૃદ્ધિ ન હોય તો સંવચ્છરીની ચોથ કેમ વધારાય?

(મુંબઈ સમાચાર)

૧ આ કોણ ? નો ઉત્તર રામ કહેશે. આવા લેખોથી શું ? શ્રી હરિભદ્રસૂરિજી વગેરે ચોવીસમાં શ્રીવીરને પરમોપકારી અને આસન્નોપકારી કહે છે તે આશાતના નથી જ.

(વીર (?) શા.)

સાગર સમાધાન

પ્રશ્ન ૩૩૩ - ઘટાઘટવિચારમાં જણાવે છે કે यदा पूर्णिमा क्षीयते तदा तत्तपः त्रयोदश्यां क्रियते, तदनंतरं चतुर्दश्यास्तपः क्रियते, यत्तश्चातुर्मासिकं चतुर्दश्या वर्त्तमानत्वात् (मानं) पूर्णिमादिनस्तु क्षयं प्राप्तः अतः त्रयोदश्यां पूर्णिमायास्तपः पूर्यते, तपो विनिमये संमोहो नैव कार्यः અર્થાત્ પુનમના ક્ષયે તેનો તપ તેરસે કરવો અને પછી બીજે દિવસે ચૌદશનો તપ કરવો. કેમકે ચૌમાસી ચૌદશમાં છે અને પૂનમનો દિન તો ક્ષય પામેલો છે, માટે તેરસે પૂનમનો તપ પૂરો કરવો. તપની ફેરફારીમાં મુંઝાવું નહિં. આવું આનન્દસૂરિવાળાનું કથન છે તે કેમ ન માનવું ?

સમાધાન - પ્રથમ તો પૂનમના ક્ષયે તેનો તપ તેરસે કરવાનો હોત તો શ્રી હીરસૂરિજી ક્ષીણપૂનમના તપને માટે 'त्रयोदश्यां' એમ સ્પષ્ટપણે કહી દેત, પણ त्रयोदशीचतुर्दश्योः એમ દ્વિવચનથી ન કહેત. માટે ઉપર જણાવેલ આનન્દસૂરિનું વચન શ્રી હીરસૂરિજીના કથનથી વિરૂદ્ધ છે. વળી વ્યવહારથી પણ તેરસે પૂનમ કરવી અને તે પૂનમથી બીજે દિવસે ચૌદશ કરવી એમ કહેવું એ અઘટિત જ છે. એ બધા કરતાં શ્રી હીરસૂરિજી જ્યારે બારે માસની પૂનમો छण्हं तिहीण मज्झंमि એવા શ્રાધ્ધકૃત્યના વચનથી આરાધવા લાયક ગણે છે ત્યારે આ આનન્દસૂરિવાળા ત્રણ ચૌમાસીની જ પૂનમો આરાધવા લાયક છે એમ જણાવે છે અને તેથી ચૌમાસી ચૌદશ છે એ વિગેરે બોલે છે. તે સર્વથા ખોટું જ છે આસ્થાને એક વાત આનન્દસૂરિવાળાની ધંગધડા વગરની છે તે ધ્યાનમાં રાખવી. એ વાત એ છે કે આનન્દસૂરિવાળા ત્રણ પૂનમો જે ચૌમાસીની છે તે જ આરાધવા લાયક માને છે. પણ બારેમાસની પૂનમો આરાધવા લાયક માનતા નથી, અને તેથી તે આનંદસૂરિવાળા ચૌમાસી પૂનમના ક્ષયે તેરસનો ક્ષય માને છે અને તે સિવાયની નવ પૂનમોનો ક્ષય હોય ત્યારે પડવાનો ક્ષય માને છે, છતાં આ ઉપરથી પણ એટલું તો ચોક્કસ છે કે નવા મતવાળાની માફક ચૌદશ અને પૂનમને ભેગાં માનીને ભેળસેળપંથી તો નથી તો દેવસૂરવાળા અને નથી તો આણસૂરવાળા. કેમકે પૂનમના ક્ષયે દેવસૂરવાળા બારે માસ તેરસનો ક્ષય કરે છે અને આણસૂરિવાળા ત્રણ ચોમાસીની વખતે તેરસનો અને નવ વખત પડવાનો ક્ષય માને છે. જો કે તપ તો અતિક્રાન્ત અને ગતકાલે પણ બની શકે છે, પણ તેવા તપની વખત તે તિથિની માન્યતા કરવી તે તો અપ્રયોજન અને અયોગ્ય જ કહેવાય. વળી આશ્ચર્યની વાત તો એ છે કે ચૌદશના ક્ષયે તેરસનો ક્ષય કરી ચૌમાસી કે પક્ખી તેરસે થાય પણ પૂનમના ક્ષયે પક્ખી ચૌમાસી તેરસે ન થાય તેવું કથન વ્યાજબી ગણાવવા માગે છે. ક્ષયના પ્રસંગમાં સામાન્યથી તિથિનો ભોગ લેવો, તેરસે ચૌદશનો અને ચૌદશે પૂનમનો ભોગ છે, પણ તેરસે તો ક્ષીણ પૂનમનો ઉદય સમાપ્તિ કે ભોગ એકકે નથી તો પછી તેરસે કયા કારણથી પૂનમ માનવી અને પૂનમનું તપ યોગ્ય ગણાય છે?

પ્રશ્ન ૩૩૪ - જ્યારે ટીપ્પણામાં પૂનમની વૃદ્ધિ હોય ત્યારે સ્પષ્ટ શનિવારે તેરસ રવિવારે ચૌદશ અને સોમ તથા મંગળવારે પૂનમ હોય અને તે વખતે શનિવારે તેરસ કરવા સાથે રવિવારે પણ તેરસ કરાય અને સોમવારે ચૌદશ કરી મંગલવારે પૂનમ કરાય છે. તેમાં રવિવારે ચૌદશનો ઉદય હતો છતાં તે દિવસે ચૌદશના માની અને સોમવારે વગર ઉદયે ચૌદશ માની એ સર્વ ઉદયના સિદ્ધાંતનો અનાદર કરનાર અને ઉદય સમાપ્તિ કે ભોગ પણ ન હોય

તેવી તિથિઓ તે તે દિવસે માનવાથી મિથ્યાવાદ બોલનાર ન કહેવાય ?

સમાધાન - તે તિથિ પ્રમાણ કરવી કે જેમાં સૂર્યનો ઉદય હોય એ વાતને કોઈપણ નથી માનતું એમ છે જ નહિ, પરંતુ આ વાત જરૂર ધ્યાનમાં રાખવાની છે કે ઉદયવાળી તિથિને પ્રમાણ કરવી એવા વિધાનની જ જરૂર શી ? કહેવું જોઈશે કે તિથિના પ્રારંભની અપેક્ષાએ ભોગવટાની અપેક્ષાએ પ્રતિક્રમણ વખતે હોવાની અપેક્ષાએ સમાપ્તિની અપેક્ષાએ તિથિનું આરાધન કરવામાં આવે તો ઉપવાસ છઠ અઠમ આદિ ન બને. કેમકે તે ઉપવાસ આદિ તો બે સૂર્યોદયના આંતરાની સાથે સંબંધ રાખનારા છે. વળી દેશાવગાશિક પૌષધ અને અતિથિસંવિભાગ જેવાં વ્રતો કે જે તિથિઓને દિવસે અવશ્ય કરવાનાં હોય છે અને તે પણ અહોરાત્ર કે દિવસ અગર રાત્રિથી પ્રતિબદ્ધ હોય છે. માટે તિથિનો પ્રારંભ ભોગ કે સમાપ્તિ ગ્રહાય ત્યારે હોય તો પણ તિથિને અતિથિના અહોરાત્રની સાથે સંબંધ કરી દેવી જ જોઈએ અને તેમ તિથિને અહોરાત્રની સાથે સંબધ્ધ કરવાને માટે જ જે તિથિમાં સૂર્યોદયનો સંબંધ થાય તે તિથિને પ્રમાણ ગણવી એટલે સૂર્યોદયને ફરસવાવાળી તિથિ છે એમ ગણવી અને સૂર્યોદયને નહિં ફરસાવવાળી તિથિ ભલે થોડી હોય કે ઘણી હોય તો પણ તેની હયાતી ન ગણવી, પણ ક્ષય પામેલી ગણવી. ઉપર જણાવેલી હકીકત સમજનારો સ્પષ્ટપણે સમજી શકે કે અહિં તિથિપણાના વિધાન નથી પણ તિથિની ગણતરીનું અને પ્રામાણિકતા એટલે આરાધનામાં ઉપયોગિપણાનું વિધાન છે અને તે જ વાત શાસ્ત્રકારો **પમાણં** શબ્દ વાપરીને સ્પષ્ટ કરે છે. અહિં તિથિનું વિધાન નથી, પણ તિથિની પ્રામાણિકતા એટલે આરાધનાની ઉપયોગિતાનું વિધાન છે. પણ તે ઉદયયુક્તતાને ઉદ્દેશીને કહે છે અને તેથી જ **ક્ષયે પૂર્વા**નો અર્થ એજ કરવો પડે કે સૂર્યોદય વિનાની તિથિ હોય ત્યારે તેનાથી પૂર્વની ઉદયવાળી તિથિને પ્રમાણ માનવી એટલે ઉદયવાળી એકમ આદિને ઉદયવાળી બીજ આદિ માનવી અને એજ હિસાબે **વૃદ્ધૌ કાર્યા તથોત્તરા**નો અર્થ એજ કરવો પડે કે તિથિની વૃધ્ધિ હોય ત્યારે **ઉત્તરા** એટલે બીજી તિથિને જ ઉદયવાળી ગણીને પર્વતિથિપણે માનવી એટલે જેમ ક્ષયમાં પડવા આદિનો ઉદય બીજ આદિના ઉદયપણે લેવો તેવી જ રીતે બીજી બીજ આદિનો સૂર્યોદય જ બીજ આદિપણે માનવો. એટલે પહેલી બીજનો સૂર્યોદય એ બીજનો સૂર્યોદય જ નહિં, પણ તેને પડવાનો સૂર્યોદય માનવો અને આજ કારણથી આચાર્ય મહારાજ શ્રી હીરસૂરિજી બીજી અગ્યારસ વગેરેને જ ઔદયિકીતિથિ ગણે છે અને પહેલી બીજ વગેરેને અનૌદયિક ગણીને સ્પષ્ટપણે પડવા આદિપણે જણાવે છે. આ સર્વ હકીકત વિચારનારને સ્પષ્ટપણે માલમ પડશે કે માત્ર આરાધનાને અંગે જ ઉદયવાળી પ્રમાણ, પૂર્વોદય પ્રમાણ અને ઉત્તરોદય પ્રમાણ આ વ્યવસ્થા કરવામાં આવી છે અને તેથી શાસ્ત્રકારો સ્પષ્ટ કહે છે કે ઉદય ન હોય તો પણ એટલે પર્વતિથિનો ક્ષય હોય તો પણ ઉડાવવી નહિં. અછતો પારકો ઉદય પણ આરાધના માટે લેવો અને છતો પણ ઉદય આરાધના બેવડાઈ ન જાય માટે ન ગણવો. આ વસ્તુ જો બરોબર મગજમાં ઉતરશે તો સ્પષ્ટ થશે કે શનિવારે અને રવિવારે તેરસ માનીને સોમવારે ચૌદશ તથા મંગળવારે પૂનમ માનવી તેજ વ્યાજબી છે, વળી પૂનમ અમાવાસ્યાના ક્ષયની વખતે તો તેરસે ચૌદશનો અને ચૌદશે પૂનમ અમાવાસ્યાનો ભોગ હોવાથી જેમાં એકપર્વની આરાધનાની રક્ષા માટે કરાય છે તેમ બે પર્વની આરાધનાની રક્ષા માટે બે ઉદયો પારકા લેવા પડે અને ભોગ માત્રની અપેક્ષા જ રખાય એમાં આશ્ચર્ય

શનિવારવાળા ખુલાશો કરશે કે ?

આજ દિન સુધી ગયે વર્ષે શનિવારની સંવચ્છરી કરનારા તથા આ વર્ષે બુધવારની સંવચ્છરી કરવા માગનારાઓ પર્વતિથિઓની આરાધના કરવાના પ્રસંગમાં જણાવે છે કે જેમ તિથિઓની હાનિ થાય એ શાસ્ત્રોક્ત છે તેમ તિથિઓની વૃદ્ધિ પણ જિનશાસ્ત્રો મુજબની જ છે. આ બાબતમાં બીજાઓ જણાવે છે કે આસો વદ બીજ આદિ ત્રીશતિથિઓની જેમ જ્યોતિષ્કરંડક સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ શાસ્ત્રોમાં હાનિ જણાવી છે તેવી રીતે કયા કયા માસની કઈ કઈ તિથિઓની વૃદ્ધિ જૈનશાસ્ત્રોમાં જણાવી છે તે હજી સુધી કોઈથી પણ શાસ્ત્રના પાઠથી કેમ જણાવાયું નથી ? તો તે પોતાની સત્યતા ખાતર તેઓએ જાહેર કરવું જરૂરી છે. વળી શ્રી ઉત્તરાધ્યયનજી આદિ શાસ્ત્રોમાં એકેક અવમરાત્ર જણાવી જેમ છ મહિના ચૌદ દિવસના જણાવ્યા છે તેમ પક્ષના સોલ દિવસો કયા કયા મહિનાના કયા કયા પક્ષના કયા શાસ્ત્રમાં જણાવ્યા છે તે પણ જાહેર કરવું.

તા.ક. બીજો પક્ષ તો માને છે કે દરેક એકસઠ દિવસ પછી એક તિથિ જે ભાદરવા (આસો) વદ બીજ આદિની ક્ષીણ રાત્રિ થાય તેથી તિથિની હાનિ તો કર્મમાસમાં આવે, પણ સૂર્યમાસ જે ૩૦॥ દિવસનો હોય છે તેથી વર્ષે વધતા છ દિવસને હિસાબે એક માસ યુગને અંતે વધે છે. છ છ વધે તો પછી તેની જરૂર શી ? માસનાં બાર નામોની માફક તિથિનાં પંદર નામો છે અને **પન્નરસ રાઇંદિયાણં** વગેરેથી હાનિ લેવી પડે. ૨૯॥ થી મેળવવા હાનિ કરાય અને ૩૦॥ મેળવવા વૃદ્ધિ કરાય તો અવમરાત્ર રહેજ નહિં. હાનિનો તો એક મહિનો યુગમાં પણ વધે, પણ વૃદ્ધિ ભેલવાય તો બીજો માસ યુગમાં વધારવાથી વધારે ગોટાળો થાય. એ સ્હેજ સમજાય તેમ છે વળી દરેક વખતે ૬૧મે દિને હાનિ હોય અને જો બાસઠમે વૃદ્ધિ થાય તો હાનિ જ ક્યાં રહેશે ?

(ટાઈટલ પાના ૪ થાનું અનુસંધાન)

બુધવારીયા પણ આની બાધા આપે કે ખેંચ કરે તો તે ઉન્માર્ગ જ ગણાય.

બુધવારીઆ મધ્યસ્થળે આવ્યા નહિં, પ્રતિનિધિપણાની નવી શરત ઉભી કરી. શાસ્ત્રાર્થ કરનારનું નામ ન આપ્યું નક્કી કમીટી ન માની પોતાનો ખાનગી શરતવાળો કરાર મનાવવા માંડ્યો. સાચા ઉપર સહી ન લાવ્યા લિખિત પણ કમીટીદ્વારા ચર્ચા ન કરી પરસ્પર દેખાડી ખંડન કે સમાધાન લીધા વિના ન્યાય માન્યો તેથી મૌખિક અને શાસ્ત્રીય બંને પ્રકારના શાસ્ત્રાર્થ હમણાં અટક્યાં છે માટે આ ખુલાસા જરૂર કરવા.

બુધવારની સંવચ્છરીવાળાઓ ખુલાશો કરશે કે ?

૧ આપણા સમાજમાં કઈ વર્ષોથી જોધપુરી પંચાંગ મનાય છે એમ ખરું કે ?

૨ જોધપુરી પંચાંગમાં આ વર્ષે ભાદરવા સુદ પાંચમ બે છે એમ ખરું કે ?

૩ જોધપુરી પંચાંગમાં ઘણી વખત પૂનમ અને અમાવાસ્યાની વૃદ્ધિ આવી છે કે? અને તે વખતે જૈનસમાજે અને તમે તેરસની વૃદ્ધિ કરી છે કે ?

૪ પૂનમ અને અમાવાસ્યાની વૃદ્ધિએ જો તેરસની વૃદ્ધિ કરાય તો તે હિસાબે ભાદરવાસુદ પાંચમની વૃદ્ધિએ બે ત્રીજ કરવી તે જ યોગ્ય છે કે ? પૂનમની વૃદ્ધિએ ચૌદશ બે નથી થતી તો બે ચોથ ન થાય એમ ખરૂં કે ?

૫ પૂનમ અને અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય કરાય છે કે ? અને એ હિસાબે ભાદરવાસુદ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવો પડે કે ? ભાદરવા સુદ પાંચમના ક્ષયે પાંચમ કે ચોથનો પણ પર્વ હોવાથી ક્ષય ન થાય કે ?

૬ ચૌદશનો ક્ષય હોય ત્યારે આરાધનામાં તેરસને દિવસે તેરસ છે એમ કહેવું પણ નહિં, પણ ચૌદશ જ છે એમ કહેવું, એવું તત્વતરંગિણીની ટીકામાં ચોક્ખું કહ્યું છે કે ? આ ઉપરથી પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની અપર્વતિથિનો ક્ષય કરાય એ વ્યાજબી છે કે ?

૭ ક્ષયે પૂર્વા૦ માં પણ પર્વતિથિના ક્ષયે પહેલાની અપર્વતિથિને જ પર્વતિથિ કરવાનું કહે છે કે ? અને જ્યારે તે અપર્વતિથિને પર્વતિથિ કરાય તો પછી અપર્વતિથિનો ક્ષય થયો કે ? એ શ્લોકાર્ધમાં પૂર્વસ્યાં કે ઉત્તરસ્યાં નથીને ?

૮ શ્રી હીરપ્રશ્નમાં પર્વતિથિની વૃદ્ધિ હોય તો બીજીને જ ઉદયવાળી ગણીને ઔદયિકી એમ લખ્યું છે કે ? પ્હેલાની તિથિનો અંત બીજી તિથિના સૂર્યોદયથી ગણાય છે કે ? એ પ્રમાણે પહેલી બીજ વગેરેને ખોખાબીજ આદિ કહેવાનું જ ન રહે કે ?

૯ પૂનમના ક્ષયે તેનો તપ કરવાનું તેરસે નહિં કહેતાં તેરસ ચૌદશે કરવો એમ કહી *તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કરવાનું શ્રી હીરસૂરિજી જણાવે છે કે ? અને એકલી* તેરસની ભૂલે એકવચનથી પડવો તપસ્યામાં લેવો એમ કહે છે કે ? ચૌદશ પૂનમને ભેળાં કરવાનું હોય તો ચૌદશે કરવો એમ કહી ચૌદશે ભૂલે તો પડવે કરવો એમ કહેવું પડત કે ?

તા.ક.બુધવારની સંવચ્છરી કરનારા પાસે આટલા ખુલાસા જરૂર મેળવવા. કદાચ કોઈક વડીલોને આજ્ઞાને આગળ કરે તો તેઓને વડીલ પાસેથી ખુલાસો મંગાવી આપવા વિનંતી કરવી. આના ખુલાસા આપ્યા સિવાય જ

(જુઓ ટાઈટલ પાનું ૩ જું)

सिद्धचक्र

तंत्री

પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૫

અંક ૧૯

પંચમ વર્ષ

અષાઢ સુદી ૧૫

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

१९९३ : : १९३७

જુલાઈ

વીર સંવત્ ૨૪૬૩

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

– મુંબઈ –



श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०
उत्तराध्ययनचूर्णि	३-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०
पंचाशकाददशअकारादि	४-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०
विचाररत्नाकरः	३-०-०
बन्दारूवृत्तिः	१-४-०
पयरणसंदोह	१-०-०
अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०
बारसासूत्रं सचित्रं	१२-०-०
ऋषिभाषितानि	
प्रत्याख्यानप्रकरण - सारस्वत,	१-८-०
विशेषणवती-वीशवींशी	
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०
ललितविस्तरा	०-१०-०
तत्त्वतरंगिणी	०-८-०
बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
पर्युषणादशशतकं	०-१०-०
बुद्धिसागरः	०-३-०
विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
भवभावनावृत्तिः पूर्वार्धं	३-८-०
कल्पकौमुदी	२-०-०
षोडशकप्रकरणं सटीकं	१-०-०
षडावश्यकसूत्राणि	०-८-०
उत्पादादिसिद्धिः	२-८-०
तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
सुबोधिका	प्रेसमां-
भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
भवभावना (उत्तरार्धं)	प्रेसमां-
प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद मगनलाल बदामीએ तंत्री शा. पानाचंद રૂપચંદ ઝવેરી માટે छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिએ लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोयद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

વર્ષ ૫		અંક ૧૯
વિક્રમ સં. ૧૯૯૩	વીર સં. ૨૪૬૩	સન ૧૯૩૭
અષાઢ સુદ ૧૫	શુક્રવાર	જુલાઈ - ૨૩

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આયામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

દ્રવ્યનંદીને અંગે વ્યતિરિકતપૂજામાં તીર્થંકરનો પરોપકારનિરતપણાનો ગુણ વિચારતાં ભગવાન ઋષભદેવજીનો અધિકાર વિચારતા બ્રાહ્મણ વર્ણની ઉત્પત્તિને અંગે ભગવાન ઋષભદેવજીની દીક્ષાનો અધિકાર વિચારતા નમિવિનમિની સેવા અને તેના ફલનો વિચાર કરવાનો છે. ભગવાન ઋષભદેવજી મહારાજ વીસ લાખ પૂર્વ સુધીની ઉંમર સામાન્ય ગૃહસ્થપણામાં પુરી કરી અને ત્રેસઠ લાખ પૂર્વ જેટલો વખત રાજ્યની વ્યવસ્થા કરવામાં અને પ્રજાને રક્ષિત કરીને પોષવામાં રાખ્યો. તે ત્રેસઠ લાખ પૂર્વ જેટલા વખત સુધી રાજ્યનો વિસ્તાર કરતાં ભગવાન ઋષભદેવજીનો રાજ્ય વિસ્તાર એટલો બધો અધિક થયો હતો કે જે રાજ્યવિસ્તારને પાળવા માટે વ્હેંચતાં અને પુત્રોને સોપતાં સો વિભાગ કરવાની જરૂર પડી. તે વખતના સર્વ મનુષ્યોમાં ભગવાન ઋષભદેવજી મહારાજ સંભિન્નલોકનાડી સુધીના નિર્મલ અવધિજ્ઞાનને ધારણ કરનારા હોવાથી અપૂર્વ અને અદ્વિતીય જ્ઞાનને ધારણ કરનારા હતા જો કે ભરત મહારાજા અને બાહુબલજી તથા બ્રાહ્મણી અને સુંદરી એ પણ અનુત્તર વિમાનથી ચ્યવીને જ અવતરેલાં છે, પરંતુ તે ચારેમાંથી એક પણ જીવ અવધિજ્ઞાન સહિત અવતરેલો નથી, એટલું જ નહિં પણ વાસ્તવિક રીતે સમ્યકૂત્વ સહિત પણ તેઓમાંથી એકે જીવ અવતરેલો નહોતો.

માતા મરૂદેવાને અંગે અકામ નિર્જરાનો પ્રભાવ

માતા મરૂદેવા જો કે ભગવાન ઋષભદેવજીની જનેતા છે અને તે અત્યંત ઉત્તમ પ્રકૃતિના છે છતાં પણ તેમને અંગે તેવા જ્ઞાન કે તેવા સમ્યકૂત્વનો સંભવ જ નથી કારણ કે આવશ્યક ચૂર્ણિકાર વગેરે મહાપુરૂષો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે માતા મરૂદેવીને કોઈ પણ કાળે કોઈ પણ વખતે ત્રસપણું પણ મલે એવું હતું નહીં, એટલું જ નહિ પરંતુ તેઓ પૃથ્વી કાયિકાદિપણે પણ ઉપજેલાં નથી, ફક્ત અનાદિ વનસ્પતિપણામાં જ માતા મરૂદેવાનો જીવ અનાદિથી પરાવર્તન કરતો રહ્યો હતો અને તે અનાદિ વનસ્પતિપણામાંથી અકામ નિર્જરારૂપી પુણ્યના પ્રબલ પ્રભાવે માતા મરૂદેવાપણાની જીંદગીને મેળવી શક્યા. આ સ્થાને એક વાત વાચક વૃંદે જરૂર વિચારવી જોઈએ કે યદ્યપિ અકામ નિર્જરા હીરાની કિંમત કોલસાએ કરાય તેના જેવી છે છતાં કોલસાના સમુદાયના સતત વેપારથી શ્રીમન્ત નથી જ થવાતું એમ એકાંતે કહી શકાતું નથી. તેવી જ રીતે આ અકામ નિર્જરાપણ આત્માને કેટલો બધો ફાયદો પહોંચાડે છે એ હકીકત આ મરૂદેવા માતાના વૃત્તાન્ત ઉપરથી બરોબર સમજવા જેવી છે. શાસ્ત્રકાર મહારાજાઓ પણ અકામ

નિર્જરાથી દેવપણા સુધીની પ્રાપ્તિ જણાવે છે તો પછી અકામ નિર્જરાથી જુગલીઆપણું મળે તેમાં આશ્ચર્ય જ શું ?

સમ્યક્ત્વ પ્રાપ્તિનું કારણ પણ અકામ નિર્જરા છે.

ખ્યાલમાં રાખવું કે કેવલ પૌદ્‌ગલિક સુખો અને સારા ભવાંતરોને અંગે જ સાહેબી મેળવી દેવાનું કામ અકામ નિર્જરાનું છે, એટલું જ નહિં પણ અવ્યાબાધ પદની પ્રાપ્તિના કારણ ભૂત પાંચ મહાવ્રતરૂપી કે બાર વ્રતરૂપી ધર્મના મૂલ તરીકે છ ઉપમાને જે પામેલું છે તેવું મૂલ, દ્વાર, પ્રતિષ્ઠા, આધાર, ભાજન અને નિધિ આ છ ઉપમાઓ જેને લાગુ કરી શકાય છે અને જે સમ્યગ્‌દર્શન ચારિત્ર કરતાં પણ એક અપેક્ષાએ મોક્ષની સાથે નિકટ સંબંધ રાખે છે તે સમ્યક્ત્વને પ્રાપ્ત કરાવનાર અકામ નિર્જરા બને છે અને તેથી જ નિર્યુક્તિકાર મહારાજ 'अनुकंपकामणिज्जरं' એમ કહી અનુકંપાની માફક અકામ નિર્જરાને પણ સમ્યક્ત્વ સામાયીકના કારણ તરીકે સ્પષ્ટપણે જણાવે છે.

કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિના ક્ષયનો હેતુ અકામ નિર્જરા છે.

વળી જે કોઈપણ સમ્યક્ત્વની ઉત્પત્તિના વિષયને સમજનારો હશે તે સારી પેઠે સમજી શકશે કે કર્મની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ જે સિત્તેર કોડાકોડી સાગરોપમની હોય છે. તેમાંથી અંતઃકોટાકોટિ સિવાયની સર્વ સ્થિતિનો ક્ષય અકામ નિર્જરાને પ્રતાપે જ થાય છે.

વાચકવૃંદ શું તમે એ નથી સાંભળ્યું કે - સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા પહેલાં આદ્યકરણ કોઈપણ થતું હોય તો તે માત્ર યથાપ્રવૃત્તિકરણ જ છે અને તે યથાપ્રવૃત્તિકરણની વખતે કંઈક અધિક ઓગણસીત્તેર કોડાકોડ સાગરોપમની સ્થિતિ તોડી નાંખવી પડે છે અને તે જ સ્થિતિ તોડતી વખતે તે યથાપ્રવૃત્ત કરણવાળાને કોઈપણ જાતનું કર્મ તોડવાનો ઉપયોગ કે તેની અભિલાષા હોતી નથી. તે યથાપ્રવૃત્તિકરણવાળા જીવને નથી તે જીવાદિકતત્ત્વોનું જ્ઞાન અને શ્રદ્ધા અને નથી તો આશ્રવ સંવરાદિક તત્ત્વોનો અવબોધ આવી દશામાં જે અગણોસીત્તેરથી કંઈક અધિક સાગરોપમની સ્થિતિ જે તે વખતે તોડવામાં આવે છે તે કેવળ અકામનિર્જરાનો જ પ્રભાવ છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિનાં કારણો સાથે અકામનિર્જરાનો સમન્વય

આ સ્થાને જરૂર શંકા થશે કે ઉપર જણાવેલા હિસાબે તો દરેક સમ્યક્ત્વ પામનારો જીવ અકામનિર્જરાને પ્રતાપે જ સમ્યગ્‌દર્શનને પામે છે. જો કે અનુકંપા બાલતપ વિનય-વિભંગ વિગેરે અનેક કારણો શાસ્ત્રકારોએ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જણાવેલા છે, છતાં તે અનુકંપાદિક સર્વ કારણો અકામનિર્જરાદ્વારાએ થતા યથાપ્રવૃત્તિકરણના પ્રભાવે સમ્યક્ત્વને પમાડનારા બની શકે છે. આ ઉપરથી એક વાત ધ્યાનમાં લેવા જેવી છે કે अणुकंप कामणिज्जर- વિગેરે જણાવેલાં કારણો સર્વથા પરસ્પર ભિન્નરૂપે માની શકાય તેમ નથી કેમકે જો એમ માનવા જઈએ તો અનુકંપાદ્વારાએ થતા સમ્યક્ત્વમાં યથાપ્રવૃત્તિકરણની અકામનિર્જરાને સમ્યક્ત્વના કારણ તરીકે માની શકાય જ નહિ. એવી જ રીતે દાન અને વિનય એ બે કારણો જે સમ્યક્ત્વને ઉત્પન્ન કરનારાં ભિન્નપણે જણાવ્યાં છે તેમાં વિનય વગરનું દાન માનવું પડશે અને વિનય અને દાનથી સર્વત્ર સમ્યક્ત્વ પામ્યા પહેલાં સકામનિર્જરા થાય પણ અકામનિર્જરા ન જ થાય એમ સ્પષ્ટપણે માનવું પડે એટલું જ નહિં પણ નિર્યુક્તિકાર મહારાજે વિભંગજ્ઞાનને પણ સમ્યક્ત્વના કારણ તરીકે જણાવેલું છે તો તેવા વિભંગજ્ઞાનવાળાને

પણ અકામનિર્જરાથી ભિન્નરૂપે સકામનિર્જરા માનવી સાચી વસ્તુ ન સમજાતાં તે ઉલટો જ તર્ક કરે છે એ એવો તર્ક કરે છે કે જો મારૂં લોહી જ મીઠું લાગતું હોય તો મારૂં લોહી તો સદૈવ મારા શરીરમાં છે જ તો પછી આખો દહાડો જ મારી જીભ મને મીઠી જ લાગવી જોઈએ, પરંતુ આખી જીંદગી ચોવીસે કલાક મારી જીભ મીઠી થયા જ કરતી નથી અને આ લોહી ચાટું છું તે જ મીઠું લાગે છે એ પરથી સાફ થાય છે કે આ લોહી આવે છે તે મારા શરીરમાંનું નથી પરંતુ પેલા હાડકાનું છે.

કુતરાના જેવી દશા.

કુતરાના જેવી જ આ આત્મા પણ શંકા કર્યા જ કરે છે. આત્મા પણ જ્યાં સુધી મિથ્યાદ્રષ્ટિપણામાં હોય ત્યાં સુધી તે એવી શંકા કર્યા જ કરે છે કે જો આત્માનો સ્વભાવ જ સુખ મેળવવાનો છે તો આત્માનો એ સુખ સ્વભાવ પ્રકટ કેમ થવા પામતો નથી, ઠીક હાડકાના ઘર્ષણથી કુતરાનું તાળવું ભેદાય છે અને તે દ્વારા લોહીની ધારા વહી જાય છે પરંતુ એ વખતે કુતરાને એ વાતની ખબર પડતી નથી કે આ મારું તાળવું ભેદાયું છે અને તેમાંથી જ લોહી નીકળે છે ! એને તો એ વાતની ખબર ત્યારે જ પડે છે કે જ્યારે એનું તાળવું ભેદાઈને તેમાંથી જે લોહી નીકળે તે એની જીભ પર જ આવે છે ! કુતરો લોહીને સમજે છે પરંતુ તે વાત સમજતો નથી કે આ હાડકાથી લોહી નીકળે છે. હાડકું એ જડ પદાર્થ છે. તેનો તમે ચુરો કરી નાંખો, તેનો ભુકો કરી નાંખો, તેને ગમે તેમ અફાળો, પછાડો, ઝીકો તો પણ તેમાંથી લોહીરૂપી સુખનો છાંટો એ બહાર આવતો નથી' જડ પદાર્થમાં સુખ છે જ નહિ એ વાત પેલો કુતરો સમજતો નથી હૈયાફુટા કુતરાને એ વાતનો ખ્યાલ નથી, કે આ તો મારૂં જ જાય છે અને દસ ટીપા જાય છે ત્યારે તેમાંથી માત્ર ત્રણચાર ટીપા જ પાછા આવે છે ! જ્યાં સુધી મિથ્યાત્વ છે કુતરાની દશાને પામેલા આ જીવને પણ ખ્યાલ નથી જ કે મારો પોતાનો જ ભેદ થાય છે અને તેમાંથી જ ઘણા થોડા ભાગનું સુખ મને મળે છે. કુતરાને લોહી પર મોહ છે તે જ પ્રમાણે આ આત્માને પણ પૌદ્‌ગલિક સુખો ઉપર મોહ છે અને તેથી જ તેના આત્માનો ભેદ થઈને તેને લેશમાત્ર સુખ મળે છે. એ લેશમાત્ર સુખ પણ એવું તો નથી જ કે તે બારેમાસ ચાલુ જ રહે. એ સુખ પણ ક્ષણિક છે અને તે સુખ ક્ષણમાત્રમાં ફેરવાઈ જવાના સ્વભાવવાળું છે આટલું છતાં પણ જ્યાં સુધી જીંદગી ફરતી નથી અને આત્માને નવી જીંદગી મળતી નથી ત્યાં સુધી એ વાત તેના ખ્યાલમાં પણ આવતી જ નથી ! આ જીવમાં જ્યાં સુધી મિથ્યાદ્રષ્ટિત્વનો વાસ છે અને એ મિથ્યાદ્રષ્ટિપણું ટળે નહીં ત્યાં સુધી પૌદ્‌ગલિકવસ્તુઓથી થતું સુખ એ સાચું સુખ નથી એ વાતનો તેને ખ્યાલ જ આવતો નથી અને તે મિથ્યાદ્રષ્ટીજીવ એમજ માનતો રહે છે કે પૌદ્‌ગલિક પદાર્થોના સંયોગથી થતા સુખો એજ સાચા સુખો હોઈ તેમાં મારો હીસ્સો છે. સુખ સંબંધીનો જીવનો એ ભેદ ક્યારે અને કેવી રીતે ભાંગે છે તે હવે જોઈએ.

સુખ નહિ પણ સુખાભાસ

આત્માને જ્યારે સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે જ તે સમજે છે કે પૌદ્‌ગલિક વસ્તુઓના સંયોગથી જે સુખ મળે છે તે સાચું સુખ નથી પરંતુ માત્ર સુખાભાસ જ છે ! આત્મા એકેન્દ્રીય દશામાં હો, બે ઈન્દ્રીયવાળી દશામાં હો, ત્રણ ઈન્દ્રીયોવાળી દશામાં હો, ચાર ઈન્દ્રીયોવાળી દશામાં હો, કે પાંચ ઈન્દ્રીયોવાળી દશામાં હો, યાવત્ મનુષ્યોમાં ધર્મ આવતો નથી અર્થાત્ ધર્મ આવવો એ ઘણી મુશ્કેલ વાત છે તે સરળ વાત નથી ! ખાખરાના ઝાડ પર રહેતી ખીસકોલી તે સાકરના સ્વાદને કદી સમજતી નથી એટલું જ નહિ પરંતુ તે આંબાના ઝાડ ઉપર જાય તો પણ તેને કેરી ખાવાની ઈચ્છા થતી નથી એને તે તમે ખીસકોલીની કમનસીબી કહેશો કે બીજું

કાંઈ કહેશો? ખીસકોલી એક જ ઝાડ પર ઠરીઠામ બેસતી નથી, વલવલાટ કરવાનો અને એક ઝાડ પરથી બીજા ઝાડ પર ઠેકડા મારવાનો એનો સ્વાભાવ જ પડી ગયેલો છે અને તેથી તે એક ઝાડ છોડીને બીજો ઝાડ પર અને બીજું ઝાડ છોડીને ત્રીજા ઝાડ પર ઠેકડા માર્યા જ કરે છે. આમ ઝાડો ઉપર ઠેકડા મારતા મારતા તે કોઈ ભવિતવ્યતાને યોગે જ આંબાના ઝાડ ઉપર આવી ગઈ છે. આંબાના ઝાડ ઉપર આવી ગયેલી ખીસકોલી આંબાને મોઢું પણ ન લગાડે અને ઝપાટાબંધ નીચે ઉતરી પડીને ખાખરાના ઝાડ તરફ જ દોડી જાય તો તેને ખીસકોલીનું કમનસીબ જ કહેવું પડે છે.

માત્ર ભવિતવ્યતાથી

ખીસકોલીનો સ્વભાવ રખડવાનો જ છે અને રખડતાં રખડતાં તે જેમ ભવિતવ્યતાને જ યોગે આંબા ઉપર જઈ ચઢે છે તે જ પ્રમાણે આત્માનો પણ સ્વભાવ રખડવાનો છે અને તે રખડતો રખડતો આ માનવભવરૂપી આમ્રવૃક્ષ ઉપર આવી ચઢયો છે. હવે એ આમ્રવૃક્ષ ઉપર આવી ચઢેલો જીવ પણ જો આત્મ સુખનો અનુભવ ન લે તો તેને પણ કમભાગી જ લેખવો કે બીજું કાંઈ ? માનવભવમાં સર્વજ્ઞશાસનરૂપ આંબો આપણને મળ્યો છે એ કેવળ આપણી ભવિતવ્યતાનો જ પ્રતાપ છે બીજું કાંઈ જ નથી ! હવે ભવિતવ્યતાને યોગે જે મળી ગયું છે તેનો જો આપણે સદુપયોગ ન કરી લઈએ તો આપણા જેવો મુર્ખો બીજો કોણ ? પહેલે ભવે આત્માએ એમ ધાર્યું ન હતું કે મને સર્વજ્ઞ શાસન મળો ! મને જૈન કૂળ મળો, અથવા મને ભગવાન મહાવીરનું શરણ મળો. છતાં ભવિતવ્યતાને યોગે જ આપણે આંબે ચઢી આવ્યા છીએ ભવિતવ્યતાને જોરેજ આપણી સ્થિતિ સુધરી છે અને આપણે ભાગ્ય યોગે જ આ દશા પામ્યા છીએ હવે આપણે એનો શો ઉપયોગ કરવો તે વિચારવાનું છે.

ટાઈટલ પાના ત્રીજાથી ચાલુ

૧૨ સોસાયટીએ જામનગર આચાર્ય કે શ્રાદ્ધ વર્યને ધર્મ ને તાર કે કાગળ નહીં મોકલેલ છતાં સાધ્વી પાસે તે મોકલ્યાની જે જાહેરાત બહાર મૂકાવી છે તે ખરેખર ભવિષ્યની સાચી જાહેરાતોને પણ ધોકો પહોંચાડ્યા સિવાય રહેવાની નથી આ વસ્તુ સોસાયટી જાણી બુઝીને જ કરાવે તો પછી સોસાયટીની કિંમત શી ?

૧૩ સોસાયટીએ એક જાહેર સંસ્થા છે અને ધર્મને નામે સમુદાયના નાણાં એકઠાં કર્યા છે અને કરે છે પણ બબ્બે જુગો થવા આવ્યાં છતાં એક પણ વખતનો હિસાબ જાહેર થયો નથી તેથી સુજ્ઞ મનુષ્ય સહેજે માની શકે કે તે સોસાયટીના કાર્યકર્ત્તાઓ ધર્મના નામે એકઠા કરેલા નાણાંને ઉચાપત કરનારા હોય અગર તો તેનો અનીચ્છનીય ઉપયોગ કે દુરૂપયોગ કરનારા હોય આ વાતને જુઠી પાડવાનો એકજ રસ્તો સોસાયટી પાસે છે અને તે એકે તેઓ દરેક સોસાયટીઓ પોતપોતાના હિસાબ છપાવીને પોતપોતાના મેમ્બરોને પહોંચાડવા જોઈએ આમ થશે તો જેઓ સોસાયટી તરફ તિરસ્કાર ધરાવતા થયા છે અને અપાતી નાણાંની મદદ બંધ કરાવતા થયા છે તેઓ તે રસ્તાથી પાછા હઠવા લલચાશે.

ઉપસંહાર

ઉપરનો લેખ લખવાની મતલબ એટલી છે કે ખંભાતની સોસાયટી પોતાની ભૂલ દેખી પ્રાયશ્ચિત કરે અને મુંબઈ વિગેરેની સોસાયટીઓ જો તેમ ન કરે તો તેનો બોયકોટ કરે અને જો તેમાંનું કંઈપણ ન બને તો સોસાયટી સાધ્ય વિનાની થઈ ગઈ છે એમ જાહેર જનતા માનશે અને સાચા શાસન પ્રેમીઓ તેની સહાનુભૂતિથી સદાને માટે દૂર રહેશે. અસ્તુ.



-: ધર્મનું મૂલ્ય :-

ધર્મનું મૂલ્ય બધા સ્થાનોમાં સમાન છે ⁂ આત્મા વિષયોથી જ હણાય છે ⁂ પૌદ્‌ગલિક સુખ એ સાચું સુખ નથી પરંતુ સુખાભાસ છે ⁂ દુનિયાની દગલબાજીનું અદ્‌ભૂત દૃષ્ટાંત ⁂ આંબાનો સ્વાદ ખાખરાની ખીસકોલી ન સમજી શકે ⁂ ભગવાનનું વર્તન અનુકરણીય છે ⁂ મોક્ષ એજ એક મહત્ત્વની વસ્તુ છે. બીજું સઘળું મિથ્યા છે ⁂ સર્વવિરતિનો ઘોરી માર્ગ; તે રસ્તે ન ચાલી શકાય તો દેશવિરતિ ધર્મ પાળવાનો છે.

માત્ર અહંભાવનો જ ખ્યાલ.

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ આપતા ફરમાવી ગયા છે કે આ જીવ આ સંસારમાં અનાદિ કાળથી રખડ્યા કરે છે. એ જીવ આ સંસાર સાગરમાં રખડે છે એ તેની રખડપટ્ટીના આરંભથી તેનામાં ધર્મ સમજવાની પણ તાકાત ન હતી કારણ કે આ જીવ અનાદિ કાળથી સૂક્ષ્મનિગોદપણામાં રખડ્યા કરતો હતો. તે એકેન્દ્રિયમાં વસ્યો હતો અને ત્યાં ધર્મ ધર્મના સ્વરૂપ કે ધર્મના લાભાલાભ સમજવાની તેની તાકાત ન હતી. એકેન્દ્રિયાવસ્થામાં અને સૂક્ષ્મનિગોદ આદિમાં માત્ર જીવને પોતાના અહંભાવનો ખ્યાલ હોય છે "હું છું" એટલું તે જાણે છે પરંતુ હું તે કોણ એ વાત એ જીવ જાણતો હોતો નથી. અથવા હું એ શું પદાર્થ છું, મારી શું સ્થિતિ છે, મારે ક્યાં જવાનું છે, એ વાત તેના ખ્યાલમાં હોતી નથી. એકેન્દ્રિયની અથવા સૂક્ષ્મ નિગોદની દશાને પસાર કરીને જીવ બે ઈન્દ્રિયોવાળી દશામાં આવે છે. ત્યાંથી તે ત્રણ ઈન્દ્રિયોવાળી દશામાં આવે છે ત્યાંથી ચાર ઈન્દ્રિયોવાળી દશામાં આવે છે તત્પશ્ચાત્ તે પંચેન્દ્રિયની દશામાં પ્રવેશ કરીને મનુષ્ય ભવને ધારણ કરે છે.

ત્રણ વસ્તુની જરૂર.

એ મનુષ્ય ભવની ધારણા થાય ત્યાં સુધીને માટે તેને માત્ર એટલી જ સમજણ હોય છે કે મારે ત્રણ વસ્તુઓની જરૂર છે. હું છું અર્થાત મારું અસ્તિત્વ છે મને સુખ જ મળવું જોઈએ અને મારૂં દુઃખ ટળવું જોઈએ. દરેક જીવો પછી તે નાના હોય કે મોટા હોય પરંતુ સઘળા આટલી જ વસ્તુ સમજેલા હોય છે, એથી વધારે વસ્તુ તેમના સમજવામાં હોતી નથી? જે જીવ એટલું પણ સમજ્યો હોય કે હું છું . મને સુખ જ મળવું જોઈએ અને મને દુઃખ ન મળવું જોઈએ એવો કોઈ પણ જીવ જગતમાં નથી જગતમાં જે જીવ છે પછી તે જીવ ગમે તે દશામાં હોય તો પણ તે આટલી વસ્તુ તો જરૂર જાણે છે અને જાણે છે જ! દરેક જીવ આ ત્રણ વસ્તુ સમજે છે તે સુખ માગે છે અને દુઃખ માંગતો નથી છતાં એ દુર્ભાગી જીવ એ વાત તે કદી સમજતો નથી કે આ જે સુખ હું ઈચ્છુ છું તે સુખ મારા ઘરનું કે પારકાનું છે? દરેક જીવ સુખ માંગી રહ્યો છે પરંતુ તે બહારનું સુખ માગી રહ્યો છે. બહારના સુખથી તે રાજી થાય છે અને બહારના સુખમાં જ તે રાચે છે પરંતુ પોતાના આત્મામાં જે સુખ છે તે જ સાચું સુખ છે એ વાત તે કદી સમજતો નથી !

પોતાનું જ લોહી ચાટતા કુતરા.

મારા આત્મામાં જ સુખ છે અને મારા આત્મામાં જે સુખ છે તે જ સાચું સુખ છે એ વાત આ સંસારનો કોઈ પણ જીવ સમજ્યો નથી અને તેથી જ તેને હાથે કરીને દુર્દશા માંગી લીધી છે. તમે જોશો તો માલમ પડશે કે કુતરો મીટ માર્કેટ પાસે રખડે છે ત્યાં પડેલા હાડકાં તે ચાટે છે. ચાટતા ચાટતા એ હાડકું જ તેના તાળવામાં વાગે છે. તાળવામાંથી લોહી નીકળે છે એ લોહી હાડકાં પર પડે છે અને તે લોહી ચાટીને જ કુતરો રાજી થાય છે ! આ હિણભાગી પ્રાણી એમ જાણતો નથી કે એ લોહી પોતાના જ શરીરનું છે અને તે ધક્કો મારીને પોતે જ કાઢેલું છે ! આત્માનો સ્વભાવ આત્મીયસુખો ભોગવવાનો જ છે તે આત્મીયસુખોનો રસિયો છે તેથી જ તેના એ સ્વભાવને લીધે એ સુખોની ગેરહાજરીમાં એજ આત્મા પૌદ્‌ગલિક સુખો ભોગવે છે અને તેથી રાજી થાય છે ! હાડકા ચાટતી વખતે કુતરાને એવો ખ્યાલ હોતો નથી કે આ તો મારૂં જ લોહી ચાટું છું અને ખુશી થાઉં છું અને આ હાડકામાંથી તો લોહી નીકળતુંજ નથી ! તે તો એમજ સમજે છે કે આ હાડકું લોહીથી ભરેલું છે અને જેમ જેમ હું ચાટતો જાઉં છું. તેમ તેમ એ હાડકામાંથીજ લોહી નીકળ્યા કરે છે !

સાચુ સુખ જાણતો નથી.

કુતરાની માફક આ જીવને પણ સાચા સુખનો ખ્યાલ જ નથી. આ જીવ એમજ સમજી રહ્યો છે કે બાહ્ય ઉપચારોથી જે સુખ મળે છે તે જ માત્ર સાચું સુખ છે અને એ સાચા સુખનો આનંદ પણ અલૌકીક છે. કુતરો હાડકા ચાટવાની આ પ્રવૃત્તિ કાંઈ દિવસ બે દિવસ ચલાવીને બંધ કરતો નથી જ્યાં સુધી તે જીવે છે ત્યાં સુધી તેની એ પ્રવૃત્તિ ચાલુ અને ચાલુ જ હોય છે અર્થાત્ તેની આખી જીંદગી જાય છે ત્યાં સુધી તે એ વાત સમજતો નથી કે આ લોહી મારા શરીરમાનું જ છે કે હાડકામાંનું છે ! કુતરાની જીંદગી પલટે ત્યારે જ એ વાત જાણવામાં આવે છે કે પેલા હાડકામાં તો લોહી હતું જ નહિ અને ત્યાં જ લોહી છે એમ જાણીને કુતરાએ જે બધી પ્રવૃત્તિ કરી હતી તે સઘળી મિથ્યાજ હતી. આ જીવની પણ એજ દશા છે. જ્યાં સુધી આ જીવ મિથ્યાત્વરૂપી કૂતરાપણામાં છે ત્યાં સુધી તો તેને પણ એ વાતની તો ખબર જ પડતી નથી કે હું જે સુખો ભોગવું છું તે બધા પૌદ્‌ગલિક છે. એ આત્માના સુખો નથી અને તેથી જ એ સાચા

સુખો પણ નથી પરંતુ આત્માનું જે પોતાનું સુખ છે તે જ સાચું સુખ છે.

આત્માને વિષયો હણે છે.

હાડકામાં લોહી જ નથી એ વાતની કુતરાને ત્યારે જ ખબર પડે છે કે જ્યારે એનો અવતાર પલટે છે, એનો અવતાર જ્યારે પલટે છે ત્યારે જ એ જાણે છે કે આ હાડકું તો મને લોહી આપનારું નહોતું પરંતુ મારું તાળવું ભેદનારૂં હતું, અને મેં જે લોહી ચાટ્યું હતું તે પણ એ હાડકામાંનુ લોહી ન હતું. મારું જ લોહી હતું અને મારૂં જ લોહી મેં ચાટ્યું હતું ! જ્યાં સુધી આત્મામાં મિથ્યાદૃષ્ટિપણું હોય છે ત્યાં સુધી વિષયો આત્માને વીંધનારા છે. તે આત્મા પર સીધો પ્રહાર કરનારા છે અને આત્માની અધોગતિ કરનારા છે એની ખબર જ પડતી નથી ! અને આત્મા જે પૌદ્‌ગલિક સુખ ભોગવે છે એ તેનું પોતાનું નથી એનો પણ તેને ખ્યાલ આવતો જ નથી ! કુતરો હાડકા પરનું લોહી ચાટે છે એ લોહી મીઠું છે એવું તેને લાગે છે પરંતુ તેથી તેને પડે અર્થાત્ જીવ-કર્મ-સંવર-નિર્જરા-આશ્રવ-બંધ અને મોક્ષની શ્રદ્ધા જે વિભંગજ્ઞાનમાં અંશે પણ હોય નહિ તેવા વિભંગજ્ઞાનમાં સકામ નિર્જરાને માનવાને તૈયાર થવું પડે અને તેવી રીતે જીવ અને કર્મના જ્ઞાન સિવાય અને જીનેશ્વર ભગવાને કહેલાં કર્મોના ક્ષયના ઉપાયોને કર્મોના ક્ષયને માટે જોડવામાં ન આવે તો પણ તેને સકામનિર્જરા છે એમ માનવું પડે અને તેવું માનવું તે શાસ્ત્રથી સંગત થઈ શકે નહિ. માટે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં બીજા અનેક કારણો હોય તો પણ અકામનિર્જરારૂપી કારણ તો સર્વ કારણોમાં જોડવા જેવું જ છે.

કર્મક્ષયની ઈચ્છા વગર ભોગવાતું તીવ્ર દુઃખ તે અકામ નિર્જરાને આભારી છે.

એટલી વાત ખરી કે અનુકંપાદિકનો અભાવ છતાં કેવલ મહાદુઃખ ભોગવવા દ્વારાએ શીયાલ આદિકની પેઠે અકામનિર્જરાથી પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે તેથી નિર્યુક્તિકાર ભગવંતે અકામનિર્જરામાં મહાવ્રત સરાખાના ઉદાહરણને આગળ કરેલું છે અર્થાત્ કર્મક્ષયની ઈચ્છા વગર દુનિયાના તીવ્રમાં તીવ્ર ગણતા દુઃખોને ભોગવવાથી નિર્જરા થઈને જે સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાનો વખત આવે તેને જ નિર્યુક્તિકાર ભગવંતે અકામનિર્જરારૂપ કારણ તરીકે ગણાવેલી છે યથાપ્રવૃત્તિકરણમાં જો કે અકામનિર્જરા થાય છે છતાં તેમાં તીવ્રમાં તીવ્ર દુઃખ વેદનનો નિયમ નથી.

કેવલ માનસિક પરિણામની સહાયથી જ ઘણાં કર્મો તોડી પણ શકાય છે. માટે નિર્યુક્તિકાર મહારાજે તીવ્રમાં તીવ્ર દુઃખ ભોગવવાથી થતી વગર ઈચ્છાની નિર્જરાને અહીં અકામનિર્જરા તરીકે ગણાવીને સમ્યક્ત્વના કારણ તરીકે જણાવી છે પણ એ ઉપરથી તીવ્રમાં તીવ્ર દુઃખ ભોગવવા રૂપી અકામનિર્જરાના કારણ સિવાય બીજા બધા અનુકંપાદિક કારણોમાં સકામનિર્જરા થાય છે. એમ માનવા તૈયાર થવું એ ખરેખર અકામનિર્જરાનો પ્રસ્તુત અધિકાર બરોબર નહિ સમજ્યાને અંગે જ બને.

અકામનિર્જરા કરતાં સકામનિર્જરાની કિંમત ઉત્તમોત્તમ છે.

આ બધા અધિકારમાં તત્ત્વ એટલું જ છે કે અકામનિર્જરા કે જે જ્ઞાનવગરના જીવો માત્ર દુઃખ વેદવાથી મેળવે છે તે અકામનિર્જરાનો પ્રભાવ એટલો બધો જબરજસ્ત છે કે જેને લીધે જુગલીયાપણું મેળવી શકાય છે. દેવપણામાં ઉપજી શકાય છે અને સમ્યક્ત્વ રત્ન જેવા મોક્ષના અપૂર્વ સાધન રૂપ સમ્યક્ત્વને પણ મેળવી શકાય છે. આ બધું કહેવાનું એ મતલબ નથી કે ધર્મનું તત્ત્વ જાણનારાઓએ જીવાદિનું સ્વરૂપ અને કર્માદિનું સમપણું જાણી તેને તોડવા માટે ભગવાન જીનેશ્વર મહારાજાએ જણાવેલી ક્રિયા અને તપસ્યા તેવા પ્રકારના આદરને લાયક નથી. હીરાનો વ્યાપાર

હંમેશાં ઉત્તમ છે. કોઈક મનુષ્ય કોલસાના વ્યાપારથી લક્ષાધિપતિ થઈ ગયો હોય પણ તેથી કોટ્યાધિપતિપણું મેળવી આપનાર હીરાનો વ્યાપાર કોઈપણ દિવસ વ્યર્થ ગણાતો નથી તેવી રીતે અકામનિર્જરાનો જબરજસ્ત પ્રભાવ જુગલીયાપણું દેવપણું અને સમ્યક્ત્વની પ્રાપ્તિ રૂપે આગળ જણાવવામાં આવેલો છે પણ તેથી સમ્યક્ત્વ પામ્યા પછી કર્મનું ભયંકરપણું સમજ્યા પછી, સંસારની પીડાને પીછાન્યા પછી, વિષયની વિષમતાને વિચાર્યા પછી, બાહ્ય સંયોગની દૂરન્તતાને દીલમાં લાવ્યા પછી થતી એવી જે અકામનિર્જરા તેની કિંમત તો સર્વ ક્ષેત્રે અને સર્વકાલે ઉત્તમમાં ઉત્તમ છે એમાં કોઈપણ સુજ્ઞથી મતભેદ ઉભો થઈ શકે તેમ નથી.

સ્વ સમયમાં ભગવાન ઋષભદેવજીનું આધિપત્ય અને સેવ્યપણું

પૂર્વે જણાવ્યા પ્રમાણે મરૂદેવા માતા અકામનિર્જરાથી અનાદિ વનસ્પતિમાંથી નીકળીને જુગલીયાપણામાં આવેલાં હોવાથી ભવાંતરથી તેવા જ્ઞાનને તેઓ ધારણ કરનારાં જ નહોતાં તો પછી સર્વાર્થ સિદ્ધથી ચ્યવતા તીર્થંકર મહારાજના જેવા સંભિન્નલોકનાડિના અવધિજ્ઞાનને ધારણ કરનારા હોય જ ક્યાંથી? આ બધુ વિચારનાર સુજ્ઞ મનુષ્ય સ્હેજે સમજી શકે તે કાલના સર્વ ક્ષેત્રના સર્વ મનુષ્યો કરતાં ભગવાન ઋષભદેવજી મહારાજા જ જ્ઞાનાદિક ગુણોએ કરીને ઉત્કૃષ્ટ હતા અને તે વાત ઉત્કૃષ્ટ જ્ઞાનને ધારણ કરવાવાળા મહાત્માના આધિપત્યને સર્વ દેશનો સેવક વર્ગ બનીને કબુલ કરે તેમાં કોઈ જાતનું આશ્ચર્ય નથી અને એ હિસાબે ભગવાન ઋષભદેવજી મહારાજ સર્વઆર્ય ક્ષેત્રના તો સ્હેજે માલીક થાય તેમાં નવાઈ જેવું જ નથી. કેટલાક આચાર્યો તો આર્યઅનાર્યનું લક્ષણ જણાવતાં પણ એટલું બધુ કહી દે છે કે અવસર્પ્પિણીના આદ્યમાં થયેલા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની રીતિનીતિ જે ક્ષેત્રમાં પ્રવર્ત્તે તે જ ક્ષેત્રો આર્યો કહેવાય અને જેમાં તે ત્રિલોકનાથ તીર્થંકરની રીતિનીતિ ન પ્રવર્તે તે ક્ષેત્રને આર્ય કહેવાય જ નહી. આવી રીતે આર્યાનાર્યનું લક્ષણ કઈ રીતે કેટલી અપેક્ષાએ સાચુ ઠરે અગર જુઠુ ઠરે તે વિચારવાનું બાજુ પર રાખીને એટલું તો ચોક્કસ કહી શકીશું કે ભગવાન ઋષભદેવજી મહારાજની રીતિનીતિની આર્ય ક્ષેત્ર તરીકે ગણાતા સાડાપચીસ દેશોમાં તો બધે પ્રવૃત્તિ હતી જ અને તેથી સર્વઆર્યક્ષેત્રના તેઓ અધિપતિ હોય, આર્યઅનાર્યના રાજ્યોની વ્હેંચણી પોતાના પુત્રોમાં કરી હોય તેમાં આશ્ચર્ય નથી પણ પુત્રોને વહેંચતાં નમિ વિનમિ જે પૌત્ર તેનો ભાગ કેવો કેમ રહી ગયો તેને માટે વિચાર કરીશું.

આંબો અને ખાખરો

ખીસકોલી આંબો શું અને ખાખરો શું તેમાંથી એકે ચીજને જાણતી નથી. જો તે બેમાંથી એક પણ ચીજને જાણતી હોત તો તે આંબાને સ્વીકાર કરી દેત! અથવા ખાખરાનો ત્યાગ કરી દેતે પરંતુ તે ખાખરાનેય નથી સમજતી અને આંબાને ય નથી સમજતી અને આજ કારણથી આ ખીસકોલી જે પ્રકારે ખાખરાના ઝાડ ઉપર ચઢ ઉતર કરતી હતી તેવે જ પ્રકારે તે આંબાના ઝાડ ઉપર પણ ચઢઉત્તર કરવા જ મંડી જાય છે અને આંબાનો મીઠો સ્વાદ તે લઈ શકતી નથી! ખીસકોલીની માફક જ આ આત્મા પણ એકેંદ્રિયાવસ્થાથી માંડીને દોડાદોડી કર્યા કરે છે. તે વિષય સુખોમાં આળોટતો દુર્ગંધદાયક પદાર્થોને સહન કરતો અથડાતો કુટાતો માર ખાતો જુદા જુદા સ્થાને રખડયા જ કરે છે. એ જીવ ભવિતવ્યતાને યોગે જ આંબા રૂપ જૈન શાસનને આશ્રયે આવી પહોંચ્યો છે. હવે હજુ પણ તે જીવ કાંઈ સમજે જ નહિ અને દોડા દોડ - રખડપટ્ટી કર્યો જ જાય તો તેનો અર્થ એટલો જ કે તે ખાખરો અને આમ્ર વૃક્ષને સમજવા જ નથી અર્થાત્ તેને મન આમ્ર વૃક્ષ અને ખાખરાનું વૃક્ષ

બંને સરખાં જ છે જીવને ખાખરા રૂપ અન્ય ભવોમાં અને જૈન શાસનના કાય રૂપ આમ્ર વૃક્ષમાં તફાવત માલમ પડ્યો છે એમ ક્યારે કહી શકાય કે જ્યારે તે એ આમ્ર વૃક્ષના આંબાને બાઝી પડે ત્યારે!

તમે પણ બળદ છો.

આ જીવ અનાદિકાળથી ભવપરંપરામાં રખડયા જ કરે છે એ ભવ પરંપરામાં રખડતાં રખડતાં તે આમ્રવૃક્ષરૂપ જૈનશાસનને આશ્રયે આવી પહોંચ્યો છે હવે અહીંની પણ પ્રવૃત્તિ પહેલાના જેવી જ હોય તો એ જીવની કમબખ્તી જ કે બીજું કાંઈ? એકેન્દ્રિયથી આ આત્માની દોડાદોડી કાયમ છે તે પછી ઘોડો, ગાય વગેરેની દશા આવી ત્યાં પણ આ આત્મારામભાઈ તો એવાને એવા જ રહ્યા! ખાધું, પીધું માલીકનું કામ કીધું, અને જન્મ પૂરો કર્યો. બળદ કુતરામાં ગયા ત્યાં પણ દશા એની એજ કાયમ રહી, હવે આ માનવ ભવ આવ્યો. માનવભવમાં જૈનશાસન પામ્યા. અહીં પણ ખાવું પીવું અને કુટુંબના બળદીયા બનીને ભાર વહન કરવો, એની એજ વાત રાખીએ તો તેનો અર્થ એજ છે કે આપણને આંબો મળ્યો છે, પરંતુ તેને ય ઓળખ્યો નથી અને તેથી જ આપણી પૂર્વવત દોડાદોડી કાયમ જ છે. તમે જેને ત્યાં જન્મો છો તે પરિવારનું જ વૈતરૂં કરો છો. એ પરિવારને માટે જ તમારા દેહ બળ બુદ્ધિ બધું ખપાવી નાખો છો. જે કમાઓ છો તે પરિવારને માટે કમાઓ છો અને મૃત્યુનો ઘંટ વાગે કે ચાલતા થાઓ છો. તો હવે વિચાર કરો કે પોતાના ધણિને માટે રળનારો બળદીયો અને તમારા પરિવારને માટે રળનારા તમે એ બેમાં તફાવત શો રહ્યો?

તમે પણ એવા જ છો.

દુનિયામાં ગાય, બળદ, બકરી, ભેંસ, ઘોડા, ગધેડા વગેરેના જીવન કેવી રીતે પૂરાં થાય છે તે તપાસો. પછી તમે તમારું જીવન કેવી રીતે વિતાવો છો તે તપાસો અને પછી કહો કે તમારામાં અને તેમનામાં શો તફાવત છે? જો તેના જીવનમાં અને તમારા જીવનમાં તફાવત જ નથી તો એનો અર્થ એટલો જ છે કે ખાખરાની ખીસકોલી સાકરનો સ્વાદ સમજી જ નથી અને તેની દોડાદોડી તો હજુ ચાલુ જ રહેલી છે. ખાખરાની ખીસકોલીની દોડાદોડ ત્યાં સુધી જ ચાલુ રહેલી હોય છે કે જ્યાં સુધી તે આંબાને ઓળખતી નથી. એજ પ્રમાણે આપણે પણ તત્ત્વ ન સમજીએ ત્યાં સુધી આપણી દોડાદોડી પણ ચાલુ જ રહેવાની! આપણે જૈનશાસનને પામીએ અને જૈનશાસનનું સ્વરૂપ ન સમજીએ, શુદ્ધદેવાદિને ન સમજીએ અને આપણા મગજને આધારે જ ચાલીએ તો પછી આપણે આંબાને સમજવાજ નથી પામ્યા. એજ તેનો અર્થ છે. આપણા મગજને આધારે જ ચાલવાનું હોય, તો આપણે કઈ જીંદગીમાં આપણા મગજને આધારે નથી ચાલ્યા તે તપાસો. બધા જ ભવોમાં આપણે આપણા મગજને આધારે તો ચાલ્યા જ હતા! આંબા ઉપર ચઢેલી તે જ ખીસકોલી ભાગ્યશાળી છે કે જે કેરીને આધારે જ ચાલે છે, જે ખીસકોલી પોતાના વિચારને કેરી ઉપર જોડે અને તેને અનુલક્ષીને દોડાદોડ કરે તેનો જ જન્મ ખીસકોલીને સફળ માનવાનો છે. બીજાનો નહિ એજ પ્રમાણે આપણે સમ્યક્ત્વ પામ્યા હોઈએ, કર્મનો ક્ષયોપશમ અને ઉપશમ થઈને આત્માનો સ્વભાવ કેવી રીતે પ્રકટ થાય તે વિચાર સિવાય આપણો બીજો વિચાર જ હોઈ શકે નહિ, આપણે કોણ? આપણે છદ્મસ્થ છીએ આપણે કાંઈ સર્વજ્ઞ નથી અને આપણે સર્વજ્ઞ નથી એનો જ પર્યાય એ છે કે આપણી બુદ્ધિમાં ડગલે અને પગલે ભેદ હોવાનો જ.

વ્યાખ્યાના ચાર પ્રકાર

આજ કારણથી વિસ્તાર પૂર્વકની નયની વ્યાખ્યા બંધ કરી દેવામાં આવી છે ! વ્યાખ્યાના ચાર પ્રકાર છે ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય!

એ ચાર વ્યાખ્યાઓ પૈકી ઉપક્રમ, નિક્ષેપ અને અનુગમથી વ્યાખ્યા કાયમ રાખી છે અને નયની વ્યાખ્યા બંધ કરી દીધી છે ! નયના માર્ગો કેટલા છે એ વાત તપાસી જોશો તો માલમ પડશે કે દુનિયામાં જેટલા વચનો બોલાય છે તેટલા નયના માર્ગો છે. નયના રસ્તા આ પ્રમાણે અસંખ્ય હોવાથી જો તે પ્રમાણે વ્યાખ્યા કરવા બેસીએ તો શ્રોતાઓ તેમાંથી કાંઇ ગ્રહણ જ ન કરી શકે ! અને ક્યાંના ક્યાં જઇ પડે ! એટલા જ માટે વિસ્તારપૂર્વકની નય વ્યાખ્યાને જવા દેવામાં આવી છે અને તેને સ્થાને સ્વીકારવામાં આવ્યો છે. સઘળા નયોની વક્તવ્યતા જોશો તો તે ભિન્ન ભિન્ન પ્રકારની છે, પરંતુ સર્વનયોથી એક વાત તો સિદ્ધ જ છે કે જે ચારિત્રમાં અને જ્ઞાનમાં રહેલો છે તે સાધુ છે. સર્વ નયની વ્યાખ્યા જ કરવા બેસે તો તે એવી મુશ્કેલી ઉભી કરે છે કે તેથી આપણો શ્રોતૃવર્ગ સાચો પદાર્થ ગ્રહણ કરી શકેજ નહી અને બુદ્ધિ ચક્કરે જ ચઢી જાય છે.

ચોકખી ચાંદી જેવો માલ.

આપણે બધા છદ્મસ્થો છીએ આપણી બુદ્ધિ તુચ્છ છે અને ગુંચવાઇ જાય એવી છે. તેથી જ સર્વ નયની વ્યાખ્યા બંધ કરવી પડી છે અને અન્યથા વ્યાખ્યાઓ કરવામાં આવી છે. હવે એ બાબતમાં શાસ્ત્રકાર મહારાજાઓ શું કહે છે તે જુઓ. ખીસકોલી કોઇ ભવિતવ્યતાને યોગે આંબાના ઝાડ ઉપર આવી ચઢી તે વખતે તેણે એવો જ વિચાર કરવો જોઇતો હતો કે કેરી કઇ બાજુએ છે ? ખીસકોલીની માફક કોઇ ભવિતવ્યતાને યોગે જ આપણો આત્મા આ માનવભવમાં આવી ગયો છે. આ સમયે જો આ આત્મા ખીસકોલીની માફક જ કમનસીબ ન હોય તો તે બીજી ખટપટોમાં પડે જ નહિ અને માત્ર આત્મકલ્યાણને પંથે જ ચાલતો થાય! દુનિયાના વ્યવહારમાં તમે જોશો તો તેમોને માલમ પડશે કે દરેક દુકાન લઇ બેઠેલો વેપારી એમજ કહે છે કે મારો માલ સારો છે. મારા જેટલો બીજાનો કોઇનો માલ સારો નથી. બીજી દુકાને જાઓ તો તે દુકાનદાર પણ તમોને એમજ કહેશે "જુઓ શેઠ ! મારા જેવો ચોકખો ચાંદી સમાન માલ આ બજારમાં બીજો કોઈ રાખતો જ નથી! તેમાં ભૂલે ચુકે જો મારા બાજુવાળાને ત્યાં ગયા તો તો ભેરવી જ મારશે ! એ બધો સેકન્ડહેન્ડમાલ રાખે છે અને પછી તેનેજ સાફસુફ કરીને નવો કહીને વેચે છે. એજ પ્રમાણે જૈનશાસ્ત્રોમાં શ્રદ્ધા ઓછી હોય છે તે લોકો શાસ્ત્રને ગપાટો કહે છે અને તેમ કહી લોકોને ભરમાવીને ફસાવે છે.

એ ગપાષ્ટક નથી.

શાસ્ત્રોમાં ઓછી શ્રદ્ધા ધરાવનારો શાસ્ત્રોને "ગપ્પાષ્ટક" કહીને તમોને ભરમાવે છે આટલું છતાં જો તમે એની જાળમાં નથી સપડાતા તો તે તમારા ઉપર બુદ્ધિભેદરૂપી ભુરકી નાંખે છે અને એવી એવી વાતો કહીને તમારા મનમાં સંદેહ પેદા કરે છે કે તમે કાંઇ નિશ્ચય પર આવી શકો જ નહી ! પોતાની દુકાનનો જુઠો માલ વેચવા માટે વેપારીઓ સામાની દુકાનને શ્રાપ આપવા જેવી સ્થિતિ પેદા કરે છે અને તેના સારા માલની પેટ ભરીને નિંદા કરે છે. આવી ઠગવિદ્યાથી ભોળા અથવા મૂર્ખા ધરાકો છેતરાય છે, પરંતુ શાણા ધરાકો તેથી છેતરાતા નથી. તે તો જાણે છે કે વેપારીઓનું આ સઘળું અકાંડતાંડવ વેપારી ઇર્ષાને લીધે જ છે અને તેથી જ ડાહ્યા વેપારીઓ વેપારીઓની સલાહ પર જ આધાર ન રાખતાં પોતે જાતે જ માલ જુએ છે. માલના સારાસારપણાની ખાત્રી કરે છે, અને પછી જ તે માલ ખરીદે છે. જો આવી રીતે સારાસારપણાની ખાત્રી ન કરી લે અને જે આવે તે પકડી લે તો તેની દશા પેલા સોનીના વાણિયાભાઈબંધ જેવી જ થાય!

સોની અને વાણીયો.

એક સોની હતો. આ સોનીને વાણીયાની ભાઈબંધી હતી. વાણીયો વેપારીકળામાં કુશળ હતો તેણે ઘણાજીરાનો વેપાર કરીને મહામુસીબતે બિચારાએ હજાર ભેગા કર્યા. હવે તેને વિચાર થયો કે મેં હજાર ભેગા તો કર્યા, પણ મૂકવા કયાં ? જો હજાર ઘરમાં જ દાટે છે તો માબાપને ખબર પડે અને માબાપને ખબર પડે એટલે એ હજારે હજાર કાઢીને લઈ લે. બાપા કહેશે લાવ હરામખોર! જુદા પૈસા શા માટે રાખે છે ? મારી ભેગા જ રાખતાં શું કુતરા કરડે છે ? વાણીયાભાઈએ વિચાર કર્યો કે જરૂર આ પૈસા ઘરમાં તો ન જ દાટવા! ત્યારે તેને બીજો વિચાર સૂઝયો કે પૈસા ઘરમાં ન દાટતાં વ્યાજે મૂકવા ! પણ તરત તેને એ વાત યાદ આવી કે વ્યાજમાં મુદ્દલનું મોત છે ! વ્યાજે મૂકવા જાય અને જેને ત્યાં મૂક્યા હોય તેજ નાદારી લે અથવા ન આપે તો મુદ્દલ પણ સાથે લાંબા જ થઈ જાય ! માટે વ્યાજે તો મુકવા જ નહિ !

હવે તેને ત્રીજો વિચાર સૂઝયો. એ વાણીયાને એક સોની સાથે મિત્રાચારી હતી. એવી જીવજાન મિત્રાચારી કે વાત ન પૂછો. વાણીયાભાઈએ પેલા સોનીને કહ્યું કે ભાઈ મેં વેપાર રોજગાર ખેડી માંડમાંડ હજાર રૂપીયા ભેગા કર્યા છે, તે ઘરમાં દાટું તોય ભય છે, વ્યાજે રાખું તોય ભય છે, પણ ભય નથી એનો દાગીનો બનાવી શરીરે પહેરી રાખવામાં ! શરીરે પહેરેલા દાગીનાને ચોરો મારી જાણ બહાર લઈ શકવાના નથી ! તે ડુલ થવાનો નથી અથવા માબાપ શરીરે પહેરેલો દાગીનો લઈ લેવાના નથી. માટે મને આ હજાર રૂપીયાનો એક સરસ દાગીનો જ બનાવી આપ !

સોનીભાઈને દિવાળી.

સોનીભાઈએ જાણ્યું કે હવે દીવાળી આવી છે. એટલે સોનીભાઈ સતો થયો અને ઠાવકું મ્હોં રાખીને પેલા વાણીયાને કહેવા લાગ્યો કે ભાઈ ! આ જગત એવું છે કે પારકાને લડાવી મારવામાં જ મઝા માને છે ! વિવાહની ચોરી જોવા માટે આમંત્રણો આપવા છતાં પણ મહામુશીબતે માણસો ભેગા થાય છે ! ત્યારે જો કોઈ બે જણા રસ્તા પર નીકળીને ગાળાગાળી કરતા લડવા માંડે તો વણ તેડે હજારો માણસો તે જોવાને માટે ભેગા થઈ જાય! સોનીએ વાણીયાને ઉપદેશ આપવા માંડયો, જો ભાઈ ! આ જગતમાં પ્રીતિ વધારવી હોય અને પ્રીતિ ઘટવા ન દેવી હોય તો ત્રણ વાત ભૂલે ચુકે પણ કરવી નહિ. પહેલી વાત તો એ કે હોંસાતોષી ના કરવી. જો હોંસાતોસી કરીએ તો પ્રીતિ નાશ પામે છે. માટે તેમ ન કરતાં હોંસાતોષીજ છોડી દેવી. હોંસાતોષીના પ્રસંગો સજ્જનોમાં બનતા નથી તેવા પ્રસંગો મૂર્ખાઓમાં બને છે પરંતુ સજ્જનોમાં લેવડદેવડનો વ્યવહાર ચાલે છે અને એ લેવડદેવડનો વ્યવહાર જ છેવટે શાંતિભંગમાં પરિણમે છે, માટે જો સજ્જનોએ પોતાની મિત્રાચારી ટકાવી રાખવી હોય તો તેમણે પરસ્પરની લેવડદેવડનો ત્યાગ કરવો જોઈએ. પરસ્પરની પ્રીતિ રાખવા માટે ત્રીજું એ કારણ છે કે કોઈની સ્ત્રીને પરોક્ષપણે મળવું નહિં.

મદદ કોની કહેવી ?

સોનીનો આ ઉપદેશ સાંભળી વાણીયાએ કહ્યું, "ભાઈ ! તારો આ ઉપદેશ તો મારા ખ્યાલમાં આવતો નથી. શું સજ્જનોએ લેવડદેવડ રૂપ એકબીજાને મદદ જ ન કરવી ? સોનીએ કહ્યું;" ભાઈ! મદદ તો જરૂર કરવી. લાગણીથી મદદ કરવી. પરંતુ એ મદદ તરીકે જ મદદ કરવી, પાછા લેવાની આશાએ તો મદદ ન જ કરવી જોઈએ. કારણ કે એવી મદદ પરિણામે ઝેરરૂપ નિવડે છે. માણસ ગરજ વખતે જેનાથી સ્વાર્થ સાધવાનો હોય તેનો ગુલામ બની તેના પગ પણ દબાવે છે. પરંતુ ગરજ પત્યા પછી તે તેનું મોઢું જોવાને માટે પણ તૈયાર હોતો

નથી. તમે સામે મળી જાઓ અને તમારી દૃષ્ટિ ન હોય તો તે તમારી નજર તળેથી છટકી જવાનો પણ પ્રયત્ન કરે છે, કેમકે સામે મળશે તો ઉઘરાણી કરશે. અલબત્ત સામાનું દુઃખ સમજીને તેના દુઃખમાં ભાગ લઈને તમારે મદદ કરવી એના જેવું બીજું એકે કાર્ય નથી. પરંતુ તમારી એવી દૃષ્ટિ ન હોય અને તમે પૈસા પાછા લેવાની શરતે જ જો સામાને મદદ કરો તો તમારી એ મદદ પરિણામ એવું લાવે છે કે બન્ને મિત્રોમાં કલેશ જ ઉભો થવા પામે.

ત્રીજી નીતિશાસ્ત્રની આજ્ઞા.

મિત્રોની મિત્રતા ટકાવી રાખવી હોય તો નીતિશાસ્ત્રમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે વેપારી વેપારીઓ એક બીજાને ઘેરે જાય અને જો ઘરધણી ન મળે તો તેમણે ઘરધણીની ગેરહાજરીમાં તેની સ્ત્રીની સામે પણ ન જોવું જોઈએ. આવી રીતનું ઔદાર્ય હોય તો જ મિત્રતા ચીરંજીવી થાય છે. નહિ તો થાય નહિ. આપણી બંનેની ગાઢમિત્રતા લોકોની આંખમાં ખુંચે છે, અને તેઓ આપણી મિત્રતા તૂટી જાય અને આપણે ખૂબ લડીયે એમ ઈચ્છે છે, પરંતુ હું તો આપણી મિત્રતા ટકાવી રાખવા માંગું છું, અને તેથીજ હું તારા આ કામમાં વચ્ચે પડવા માંગતો નથી. સોનીના આવા બગભગતીયા વચનો સાંભળી આપણા વાણીયા ડાહ્યા થયા. તેણે કહ્યું, "દોસ્ત! તારી વાત તો સોએ સો ટકા સાચી છે, પરંતુ તું કહે છે એવું અભણ અજ્ઞાનીઓમાં અને કાચાકાનવાળામાં જ બને હું કાંઇ એવો કાચાકાનવાળો નથી કે તારો બીજાને મોઢે દોષ સાંભળી તારી સાથે હું લડી પડીશ ! માટે ગમેતેમ કરીને તારે મારું આટલું કામ તો જરૂર કરવું જ પડશે ! પેલો વાણીયો જેમ જેમ આગ્રહ કરે તેમ તેમ પેલા સોનીભાઈ તો ઉંચા ઉંચા થાય અને આઘેના આઘે બેસે ! સોનીભાઈ ના ની ના કહેતો જાય તેમ વાણીયો વધારે અને વધારે ખેંચતોજ જાય !

હેંઅ ! સાપ પકડાયો.

આખરે સોનીભાઈની ખાતરી થઈ કે હવે બરાબર સાપ પકડાયો છે. ભાઈને મારા પર પૂરો વિશ્વાસ બેઠો છે અને તેના મનમાં મારા કાર્ય વિષે શંકા આવવાની નથી. હવે સોનીભાઈ પીંગળ્યા જેવા થઈ તેણે કહ્યું, "જો ભાઈ આ કામમાં પડવાની મારી તો જરાય ઈચ્છા નથી, પરંતુ તું ઘણુંજ ખેંચે છે ત્યારે નિરૂપાય છું ! એક તરફ દુનિયા છે, પણ બીજી તરફ તારો સ્નેહ છે" કાલે સોનું લાવીને ઘેર આપી જજે. સોનીભાઈએ હા પાડી એટલે વાણીયાજી તો રાજી રાજી થઈ ગયા. બીજે દિવસે વહેલા વહેલા બજારે ગયા, સોનું આણ્યું અને સોનીભાઈને આપી દીધું. સોનીએ તો પહેલેજ દહાડેથી ઠગવિદ્યા ચલાવવા માંડી. તેણે સોનાની મોહનમાળા તૈયાર કરવા માંડી, તે જ સાથે પીત્તળની મોહનમાળા તૈયાર કરવા માંડી. બંનેના ઘાટ સરખા, આકાર સરખા અને રૂપ રંગ સરખા! એવો સરસ માલ બનાવ્યો કે કોઈને બંને મોહનમાળા સાથે મૂકી હોય, તો સાચી કઈ છે અને જુઠી કઈ છે તેની ખબર જ ન પડે ! મોહનમાળા તૈયાર થઈ રહી એટલે સોનીએ વાણીયાને સંદેશો કહેવડાવ્યો કે તમારો માલ તૈયાર છે માટે આવીને લઈ જાઓ.

તારો અવિશ્વાસ નથી.

વાણીયો આવ્યો. મોહનમાળા તો એવી સરસ હતી કે જોતાં વાર જ વાણીયા ભાઈ તો ખૂશ ખૂશ થઈ ગયા. સોનીએ વાણીયાને મોહનમાળા આપીને કહ્યું કે, જાઓ હવે તમારો આ માલ ચાર ચોકસીઓને બતાવી આવો અને તેના સાચા જુઠાની પરીક્ષા કરાવી આવો. વાણીયો કહે, અરે દોસ્ત ! મને કાંઇ તારી અણપતી જ છે? હું તને સારી રીતે ઓળખું છું. પછી વાંધો શું છે. મારો તારા પર વિશ્વાસ છે. સોની કહે, ના ! એવું હોય તો આપણે માલ આપવો નથી. સોનાના પૈસા

ગણીને લઈ જાઓ. છેવટે વાણીયો તૈયાર થયો અને તેણે મોહનમાળા લીધી. વાણીયો જરાક દૂર ગયો હશે એટલે સોનીએ તેને પાછો બોલાવ્યો ! વાણીયો કહે છે "ભાઈ ! શું કહે છે ?" સોની કહે, જો જે હોં કોઈને મારું નામ ન દેતો કે આ મોહનમાળા ફલાણા સોનીએ તૈયાર કરી છે. નામ દીધા વિના જ પરીક્ષા કરાવી આવજે. વાણીયાએ તો મોહનમાળા લઈ ચાલવા માંડ્યું. દરમિયાન પેલા સોનીભાઈએ ઘાટ ગોઠવ્યો. એક તપેલી લીધી. આ તપેલીમાં બે તળીયાં હતાં તળીયાની વચ્ચે જગા હતી. એ જગામાં પેલી પીત્તળની ખોટી મોહનમાળા ઢકેલી દીધી અને તપેલું ખીંટીએ ટાંકી મૂક્યું.

આખી બજાર ફર્યો.

વાણીયાભાઈ મોહનમાળા લઈને આખી બજાર ફરી વળ્યો પણ એ સાચી મોહનમાળાને ખોટી કોણ કહે ? સઘળા રાજી રાજી થઈ ગયા અને મોહનમાળાના ભારે વખાણ કરવા લાગ્યા. વાણીયાભાઈ તો મોહનમાળા લઈને રાજી થતો થતો સોનીને ત્યાં પાછો આવ્યો. તેણે કહ્યું, "દોસ્ત ! તું કારીગર તો ખરો હો ? તારી બનાવટની અને તારામાલની એકે એક જણ પ્રસંશા કરે છે ! ખરેખર તને મારે ધન્યવાદ આપવો જોઈએ ! સોની કહે, "હવે ધન્યવાદ તો ઠીક છે પણ પેલું ખીંટી પરનું તપેલું લે અને તેમાં નળમાંથી પાણી ભરી લાવ તને મોહનમાળા ધોઈને સાફ કરી આપું ! વાણીયાભાઈ તો ખુશ ખુશ થયેલા એટલે તેણે પોતાને હાથે જ પેલી તપેલી ઉતારી આપી અંદર પાણી ભરી આપ્યું અને તપેલી સોનીમહાજનને સ્વાધીન કરી દીધી. સોની કહે એમાં તારા હાથે જ પેલી પડીકીની દવા નાંખ. સોનીએ બતાવી તે પડીકીમાંથી વાણીયાએ દવા નાંખી ! દવા પડતાની વાર પાણી કાળા રંગનું બની ગયું. સોની કહે હવે એમાં તારી મોહનમાળા નાંખી દે. વાણીયાજીએ મોહનમાળા નાંખી દીધી એટલે સોની આગળ ઘસ્યો. ખુલ્લે દીલે અને ઉઘાડે હાથે તે તપેલાં પાસે જઈને બેઠો અને તપેલીમાં હાથ નાંખી ધીમે ધીમે મોહનમાળા ધોતો ગયો ! એમ કરતાં તેણી સીફતથી પેલા તપેલીના પેટામાં સાચી મોહનમાળા સેરવી દીધી અને ખોટી કાઢી લીધી. પીત્તળની મોહનમાળા પણ રાસાયનીક પાણીમાં ધોવાઈ ગઈ એટલે ચકચકવા લાગી. સોનીએ મોહનમાળા સાફ કરી લુંછીને વાણીયાને આપી.

દગાબાજ દુનિયા

સોની મહારાજ કહેઃ દોસ્ત ! દુનિયા કેવી દગાબાજ છે તે હવે જો ! જો તું આજ મોહનમાળા આખા ગામમાં ફેરવી આવ્યો છે પણ ત્યાં તને કોઈએ દોષ નથી બતાવ્યો. હવે આ મોહનમાળા લે અને મારું નામ દઈને બધે બતાવ ! એટલે તને ખબર પડશે કે આપણી મિત્રતા તોડાવવા જગતના લોકો કેટલા મથે છે તે ! સોની ભાઈના વચનોનેજ દેવવાણી સમજ તો પેલો વાણિયો મોહનમાળા લઈને ગયો. એક દુકાને બતાવી. દુકાનદારે પૂછ્યું, ભાઈ! આ કોણે ઘડી આપી છે ? જવાબ મળ્યો "રંગીલ સોનીએ !" દુકાનદાર કહે, ભાઈ ! તમે જીવતા સેતાનને હાથે ચઢ્યા છો ! હો ! તમારી મોહનમાળા પિત્તળની છે ! વાણિયો કહે, "હવે બેસો બેસો શેઠ! મને સોની સાથે લડાવી મારવાનો ધંધો લઈ બેઠા છો કે ! મોહનમાળા તો નરી સોનાની છે સોનાની સમજ્યા ! પારેખ સમજી ગયો કે આ બિચારાનો દાડો ઉઠ્યો છે ! તે મુંગો રહ્યો. અને વાણીયો મોહન માળા લઈને ઘેર વિદાય થયો ! હવે રોજ પિત્તળની માળા ગળામાં પહેરે છે અને રાજી થાય છે ! કોઈ વખતે ભોગજોગે કોઈ તેને કહે છે કે ભાઈ! આ મોહનમાળા તો જરા શક પડતી લાગે છે. તો કહે બેસ ! બેસ ! મારી સોની ભાઈ સાથેની દોસ્તી તોડાવી નાંખવા માંગે છે કે? એ સોનારણનો દીકરો જરાય જુઠો નથી સમજ્યા! ફરી આવી વાત બોલશો ને તો ઓટલા પરથી મારીસ ધક્કો ને ઉતારીશ નીચે ! હું કાંઈ કાચાકાનનો નથી સમજ્યા ! બિચારો વાણીયો ! તેણે જીંદગી સુધી પીત્તળને સોનું જાણીને તે મોહનમાળા સાચવી, તેને જાળવી અને તેજ પહેરતો રહ્યો!!! (અપૂર્ણ)

પ્રશ્ન ૯૩૫-ઘટાઘટ વિચારમાં किं च चतुर्दशी-पूर्णमासी चेत्युभे अप्याराधत्वेन संमते स्तः, परं चातुर्मासिकलक्षणा ग्राह्याः नान्याः આવી રીતે લખીને ચોમાસીની પૂનમો જ આરાધવા યોગ્ય જણાવે છે તે શું સાચું છે ?

સમાધાન - આનન્દસૂરિગચ્છવાળાઓ ચૌમાસી સિવાયની પૂનમો માનવાની ના કહે છે અને ચૌમાસી તો વર્ત્તમાનમાં ચૌદશે થાય છે એટલે તેઓને એકપણ પૂનમ આરાધવાની રહેશે નહિ. ખરી સ્થિતિએ જેમ પંચમી સ્વયંતિથિ છતાં સંવચ્છરી તરીકે આરાધાતી હતી અને સંવચ્છરી પલટી ગઈ છતાં તે પંચમીનું પર્વપણું ન ગયું. તેવી રીતે ચૌમાસી પલટી ગઈ છતાં પૂનમનું સ્વયં પર્વ પણું હતું તે ગયું નહિ, અને તેથી જ શ્રી શ્રાદ્ધદિનકૃત્યમાં- छण्हं तिहीण मज्झंमि, का तिही अज्ज वासरे એમ સ્પષ્ટપણે કહ્યું છે, અર્થાત્ બધી પૂનમો આરાધવા લાયક જ જણાવે છે, વળી તેની જ ટીકામાં પણ मासाभ्यन्तर इति गम्यते, षण्णां तिथीनां सितेतरासृष्टमी चतुर्दशीपूर्णिमाऽमावा-स्यालक्षणानां મધ્યે આવી રીતે દરેક મહિનાની અજવાળી અને અંધારી આઠમ ચૌદશ અને પૂનમ અમાવાસ્યારૂપી છ તિથિઓ આરાધવા લાયક જણાવી જ છે, માટે બીજી પૂનમો આરાધવા લાયક નથી એવું આનંદસૂરિવાળાનું કથન ખોટું છે. સૂયગડાંગજીમાં લેપશ્રાવકના અધિકારની વ્યાખ્યામાં ત્રણ ચોમાસીની પૂનમો જે ગણી છે તે પાંચમને સંવચ્છરી જેમ મુખ્યતાએ કહે તે રૂપે સમજવી. વળી તે ચરિતાનુવાદરૂપ છે વિધિવાદરૂપે નથી, તેમજ ભગવતીજી આદિમાં સામાન્યરીતે જ બધી પૂનમ અને અમાવાસ્યા સ્પષ્ટપણે તિથિરૂપે લીધાં જ છે. માટે ત્રણ સિવાય બીજી પૂનમો ન માનવી એ ખોટું છે.

પ્રશ્ન ૯૩૬ - ઘટાઘટ વિચારમાં આનન્દસૂરિવાળા લખે છે કે - यदा च भाद्रपसितचतुर्थी क्षीयते तदा तत्तपः पूर्वस्यां तृतीयालक्षणायां पूर्यते, यदा पंचमी क्षीयते तदा तत्तपः पूर्वस्यां तिथौ पूर्यते, यदुक्तं हीरप्रश्ने-यदा पंचमी क्षीयते तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते, यदा पूर्णिमा क्षीयते तदा त्रयोदशी

चतुर्दश्योः क्रियते, त्रयोदशीविस्मृतौ तु प्रतिपद्यपीति, अत्र त्रयोद्दशीविस्मृतौ तु प्रतिपद्यपि इत्युपलक्षणत्वात् छट्ठी सहिया न अट्ठमी तेरससहियं न पक्खियं होइ। पडिवइसहियं कयाइवि इय भणियं जिणवरिंदेहिं ॥१॥ प्रतिपद्यपि पूर्णिमायास्तपः पूर्यते, वैयाकरणपाशैः उदयगतायां त्रयोदश्यां चतुर्दशीयते, तदसत्, यत औदयिक्येव चतुर्दशी आराध्यते उदयात् અર્થાત્ ભાદરવા સુદ પાંચમના ક્ષયે તેનું તપ ચોથે કરવા જણાવે છે અને પૂનમનું તપ પડવે કરવા જણાવે છે તે કેમ મનાય ?

સમાધાન - શ્રી વિજયદેવસૂરિગચ્છવાળા સ્પષ્ટપણે પૂનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરવાનું લખે છે અને તે પ્રમાણે અત્યાર સુધી પણ દેવસૂરગચ્છવાળા સંવેગી અને યતિ બન્ને કરતા આવ્યા છે અને તે પ્રમાણે દેવસૂરગચ્છવાળાની માન્યતા જણાવનાર તિથિપત્રક પણ ૧૮૯૫નું લખેલું હતું તે છપાઈ ગયેલું છે. સામુદાયિક લખાણ હોવાથી એક કર્તાનું નામ ન હોય એ સ્વાભાવિક છે. વળી જુના પાના છે અને પરંપરા તે પ્રમાણે ચાલુ છે તો પછી તેને વર્ત્તમાન સાધુઓ દેવસૂરગચ્છવાળા થઈને ઉઠાવશે તેનું શું થશે તે જ્ઞાની જાણે. વળી શ્રી હીરપ્રશ્નમાં સામાન્ય રીતે પંચમીના તપની વાત છે તેને એ આણસૂરવાળાઓ ભાદરવા સુદ પાંચમને લગાડે છે તે કોઈ પણ પ્રકારે સમ્યગ્ કહેવાય નહિં, કેમકે જો ભાદરવા સુદ પાંચમનો પ્રશ્ન હોત તો પૂનમની માફક ત્રીજ ચોથ બેનેજ લખત. આણસૂરવાળાએ આપેલી છટ્ઠી ગાથા પૂનમીયાની કલ્પેલી છે. શાસ્ત્રમાં પૂનમને કોઈ પક્ખી કહેતું નથી, પૂનમીયાએ આવી તો ઘણી ગાથાઓ જ્યોતિષ્કરંડકમાં ઘાલી દીધી છે તે જ્યોતિષ્કરંડકની ટીકા સાથે જોવાથી માલમ પડશે. આવી ગાથાને દેવસૂરવાળા માને જ નહિ. વળી આ ઉપરથી જ સાબીત થાય છે કે દેવસૂરવાળા પૂનમના ક્ષયે તેરસનો ક્ષય ગણીને તેરસે ચૌદશ કરતા હતા એ ચોકખું થાય છે અને ચૌદશે પૂનમ કરતા હતા એ પણ ચોકખું થાય છે અને ચૌદશે પૂનમ કરતા હતા એ પણ ચોકખું જ થાય છે. ધ્યાન રાખવા જેવું છે કે પૂનમનો તપ તેની પૂર્વ તિથિ ચૌદશમાં કરી લેવો એમ હીરસૂરિજીનું વચન નથી. પૂનમનો ક્ષય છતાં તેરસે તે ક્ષયની વાત ન જાણી અથવા ભૂલી ગયો તો પછી ચૌદશે તો પૂનમ કરી શકે નહિ કેમકે ચૌદશ ઉડી જાય. વળી ચૌદશ પૂનમ ભેગી કરવાની હોત તો તેરસની ભૂલે પડવે તપ કરવાનું કહેત જ નહિં, પણ ચૌદશે કહેત અને પૂનમનો ક્ષય છતાં તેરસે ચૌદશ ન કરીએ એટલે ચૌદશે પૂનમ ન થાય એ ચોકખું જ છે. તેથી ચૌદશે ચૌદશ કરીને પડવાને દિવસે જ પૂનમનું તપ કરવું પડે. આવું ચોકખું તેરસના ક્ષયનું વાક્ય છતાં ભૂલને લીધે અને અપિ શબ્દથી કહેલું પકડી બેસે તેને શું કહેવું ? તે જાણવાનું જ્ઞાની સિવાય બીજાનું કામ નથી.

ખુલાસો

ગતાંક પાને ૪૩૦ માં ૧૮૧૫ છે ત્યાં ૧૮૯૫ સંવચ્છરી ચર્ચામાં બીજા વતીનું લખાણ પણ આવે છે.

સાત ક્ષેત્રો અને ઉદ્યાપન

સંસારભરમાં જે કોઈ મત પ્રવર્ત્તે છે તે મતમાં પ્રવર્ત્તવનારા લોકો જરૂર પોતાના મતના પોષણને માટે રાતદિવસ તૈયાર રહે છે અને તેને ઉદ્દેશીને દરેક આસ્તિકમતવાળાઓ કે લૌકિક આશાઓથી પ્રવર્ત્તેલા મતોને માનનારાઓ પોતપોતાના મતના અધિષ્ઠાયકો અને સંચાલકોના મહિમા માટે તેઓની સાક્ષાત્ પ્રભાવના કરવા અનેક પ્રકારે દ્રવ્યનો વ્યય કરે છે; એટલું જ નહિં, પણ તે મતનાં પ્રવર્ત્તકો હયાત હોય ત્યારે અને તે મતના પ્રવર્ત્તકો હયાત ન પણ હોય ત્યારે પણ તે તે મતને માનનારા લોકો તે તે મતના પ્રવર્ત્તકોની પ્રતિષ્ઠા વધારવા માટે તે મતના પ્રવર્ત્તકોની મૂર્ત્તિઓ કરે છે અને તે મૂર્ત્તિઓની ઘણા આડંબર સાથે પ્રતિષ્ઠાઓ કરી પોતપોતાની શક્તિપ્રમાણે ભવ્યમન્દિરો બનાવી તેવામાં તે મૂર્તિયો પધરાવે છે. જૈનેતરવર્ગમાં જ્યારે પૂર્વોક્તરીતિએ માત્ર પ્રવર્ત્તકોના મહિમાને માટે જ મૂર્ત્તિઓ અને મન્દિરો થાય છે, ત્યારે શાશ્વતપદને દેવાવાળા એવા જીનેશ્વર મહારાજના શાસનમાં ભગવાન જીનેશ્વર મહારાજની મૂર્ત્તિઓ અને મન્દિરો બનાવવામાં આવે છે, પણ તે જૈનશાસનને અનુસરનારાઓ જે મૂર્ત્તિ અને મન્દિરો બનાવે છે તેનો હેતુ ઘણો જ ઉંચો અને પવિત્ર હોય છે. સજ્જન મનુષ્યો સ્હેજે સમજી શકે તેમ છે કે અન્યમતોના હિસાબે તે તે મતના પ્રવર્ત્તકો પ્રથમથી જ ઈશ્વર સ્વરૂપ હોય છે અને તેથી જ તે મતને પ્રવર્તાવનારા પોતાનો મત પ્રવર્તાવવા માટે અવતાર લે છે અને એ અવતારની મૂર્ત્તિઓ બનાવવામાં આવે છે એટલે સ્પષ્ટ થયું કે નિર્મલતા છોડીને લીધેલા મલિનપણાવાળો આ આદર્શ છે. વળી આસ્તિકપણાને ધારણ કરનારા દરેક મતવાળાઓને એટલું તો ચોક્કસ એક મતે માનવામાં આવેલું હોય છે કે કંચન કામિની કુટુમ્બ વિગેરે વસ્તુઓ આત્માને ફસાવનારી છે અને તેના ત્યાગમાં જ આત્માના સાધનનું બીજ રહેલું છે, કેમકે જો તે કંચનકામિની આદિના ત્યાગદ્વારાએ આવેશ, અભિમાન, પ્રપંચ અને લોભને છોડવામાં આવે તો જ આત્માનું શ્રેય કરવાનું બીજ પ્રાપ્ત થઇ શકે. આવી સ્થિતિ હોવાથી જે જે મતના પ્રવર્ત્તકોના પ્રતિબિમ્બો સંયમને, ત્યાગને, શાંતિને, ક્ષમાને યાવત્ વીતરાગતાને સૂચવનારા ન હોય તે પ્રતિબિંબો કોઈ દિવસ પણ મોક્ષને માટે કે ધર્મને માટે આદર્શ તરીકે ગણાય જ નહિં.

જગતમાં નાટક કરનારાઓ અનેક વેષ લે છે પણ તેમાં સાચો વેષ લેનારો નાટકીયો નાટકની અવસ્થા સુધી તો બરોબર લીધેલા વેષને ભજવે છે. જમાનામાં પણ આ વાત સાંભળીએ છીએ કે હરિશ્ચંદ્ર મહારાજાના વેષને ધારણ કરનારા નાટકીયાએ મહારાણાને પણ તે અવસ્થામાં સલામ ભરી નહીં. વળી સાધુનો વેષ કાઢનાર બહુરૂપીએ દશ હજાર જેવી મોટી રકમને પણ હાથ સરખોએ અડકાડયો નહીં, તો પછી આ અન્યમતના દેવો જો પોતાને દેવ તરીકે કહેવડાવવા માંગે છે તો પછી તેઓએ દેવાતાઓની સાચી છાયા તો રાખવી જોઈતી હતી. આ બધું વિચારીને કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી જણાવે છે કે -

વપુશ્ચ પર્યંકશયં શ્લથં ચ દૃશૌ ચ, નાસાનિયતે સ્થિરે ચ।

ન શિક્ષિતેયં પરતીર્થનાથૈર્જિનેન્દ્રમુદ્રાઽપિ તવાન્યદાસ્તામ્ ॥૧॥

(અયોગ્યવ્યવચ્છેદદ્વાત્રિંશિકા)

હે જીનેશ્વર ભગવાન ! આ તમારી મુદ્રા છે ૧ તમારું શરીર પર્યંકાસને પ્રતિષ્ઠિત છે અર્થાત્ નથી તો પ્રહાર કરવાને તૈયાર થયેલા મનુષ્યની માફક વિષમાસનવાળું, તેમ નથી તો કામચેષ્ટામાં આસકત થયેલા મનુષ્યની માફક વિવિધ અધમચેષ્ટાને દેખાડનારું, પણ માત્ર તમારું શરીર પર્યંકાસને જ રહેલું છે ૨ વળી તમારું શરીર કોઈપણ પ્રકારના કોધઅભિમાન આદિ વિકારોથી રહિત હોવાને લીધે સર્વથા શિથિલ છે. અર્થાત્ કોધથી ધમધમેલા અને માનથી માતા થયેલા મનુષ્યોના મસ્તક અને ભુજાદિક અંગો જેમ સ્તબ્ધ હોય છે તેવી રીતે તમારા શરીરમાં અંશે પણ સ્તબ્ધતા નથી ૩ કોધ માન માયા કે લોભમાં વહન કરી રહેલા જીવોની દૃષ્ટિ જ્યારે લાલવિગેરે અનેક પ્રકારના રંગોને ધારણ કરી અને વિકારોને દર્શાવતી ફાટેલી અવસ્થામાં રહે છે ત્યારે આપની દૃષ્ટિ ધ્યાનદશામાં મગ્ન એવા મહાપુરૂષોની દૃષ્ટિની માફક માત્ર નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર હોય તેવી રીતે આપની પવિત્ર દૃષ્ટિ છે ૪ સંસારમાં ક્ષણમાત્ર કોધવાળા થનારા, ક્ષણ માત્રમાં ક્ષમાવાળા થનારા, ક્ષણમાત્રમાં વૈભવાદિ ઉપર રાગ ધરવાવાળા અને ક્ષણ માત્રમાં સમગ્ર જગત ઉપર વૈરાગ્ય ધારણ કરનારા જીવોની દૃષ્ટિ ક્ષણે ક્ષણે નવી નવી સ્થિતિને ધારણ કરી ચંચળતાને પામે છે. જ્યારે આપણી દૃષ્ટિ કેવલ નાસિકાના અગ્રભાગ ઉપર ગઈ છે; એટલું જ નહીં, પણ તેવી ને તેવી રીતે સર્વ અવસ્થામાં નાસિકાના અગ્રભાગ ઉપર નિયમિતપણે રહેવા સાથે સ્થિરપણે રહે છે. આ ચાર બાહ્ય વસ્તુઓ આપણી મુદ્રારૂપ છે, અર્થાત્ કેવલજ્ઞાનાદિક આત્મીયગુણો અને અન્તરાયક્ષયાદિક આત્મીયગુણોનાં કારણો તો આત્મામાં જ રહેલા હોય છે અને તેનું અનુકરણ કોઈ ન કરી શકે એ સ્વાભાવિક છે, છતાં આ આપની મુદ્રા જે છે તે તો બાહ્યવસ્તુ છે, છતાં આપની આવી નિર્મલ અને આદર્શરૂપ મુદ્રાને પણ આ પરમતના અધિષ્ઠાતાઓએ ગ્રહણ કરી નથી, તો પછી આપના અભ્યંતર એવા કેવલજ્ઞાનાદિક ગુણો અને અન્તરાયાદિદોષોનો અભાવ જે ખુદ દેવત્વનો સદ્‌ભાવ જણાવનાર અને કુદેવત્વનો અભાવ જણાવનાર છે તેને તો તેઓ બિચારા ધારણ કરેજ ક્યાંથી ? આ બધી હકીકત ઉપરથી વાચકવર્ગ જોઈ શકશે કે અન્યમતવાળાઓ અને જૈનમતવાળાઓ બન્ને પણ ઈશ્વર અવતાર અને તેની મૂર્ત્તિ એ ત્રણે વસ્તુને માને છે, પણ અન્યમતના હિસાબે નિર્મલ અવસ્થામાં રહેલો ઈશ્વર તે મલિનઅવસ્થામાં આવી અવતાર ધારણ કરે છે અને તે મલિન અવસ્થાની મૂર્ત્તિઓ તે તે દેવના ભક્તોને પૂજ્ય તરીકે ગણાય છે. જ્યારે જૈનમતના હિસાબે ચાહે તો સામાન્ય આત્મા હો, ચાહે કેવલી મહારાજનો આત્મા હો, ચાહે ગણધર મહારાજનો આત્મા હો, ચાહે તીર્થંકર મહારાજનો આત્મા હો, પણ તે સર્વ આત્માઓ અનાદિકાળથી મલિન અવસ્થામાં હતા અને વીતરાગપણાને પામેલા આત્માને અવતાર હોતો જ નથી, તેથી તે ત્રિલોકના તીર્થંકર વિગેરેનો અવતાર પણ ઘાતિ અને અઘાતી એમ બન્ને પ્રકારના કર્મોથી મલિનપણાની સાથે થયેલો હતો, પણ તેવા મલિન અવતારમાંથી તે મહાપુરૂષોએ આત્માને સર્વથા નિર્મલ કરવારૂપ ઈશ્વરપણું મેળવ્યું અને તેથી તે મહાપુરૂષોની મૂર્તિઓ પણ તે નિર્મળ અવસ્થાને ધારણ કરવાવાળી બનાવવામાં આવી, એટલે અન્યમતના હિસાબે તેઓના પરમેશ્વરની મૂર્ત્તિઓ મલિનદશામાં મ્હાલવાવાળી હોઈ મલિનદશાના

મનોરથોને ધરવાવાળાને માટે જ પૂજ્ય હોઈ શકે અને જૈનમતના હિસાબે ભગવાન જીનેશ્વરની મૂર્ત્તિ સમગ્રકષાય રહિતપણાને લઈને વીતરાગતાને ધારણ કરવાવાળી છે. ભગવાનની અવસ્થા તે અત્યંત નિર્મલ સ્વરૂપને ધારણ કરવાવાળી સ્પષ્ટપણે જણાય તેવી રીતે મૂર્ત્તિમાં પણ અવસ્થા ધારણ કરવામાં આવી એટલે જેઓને શાશ્વતસુખમય એવા મહોદય સ્વરૂપ મોક્ષપદને મેળવવું હોય તેઓને આ સર્વથા નિર્મલ એવા ઈશ્વર અવતારની આદર્શરૂપ મૂર્ત્તિની જ સેવા કરવાની અને તેનાં જ દર્શન કરવાની જરૂર ગણાય વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે અન્યમતવાળા પોતાના દેવોનું જે દર્શન, ભજન પૂજનદ્વારાએ આરાધન કરે છે તે માત્ર પોતાને પોતાના પરમેશ્વરે જન્મ આપ્યો, ઋદ્ધિ આપી, પૃથ્વી, પાણી, હવા, અગ્નિ, વનસ્પતિ વગેરે બાહ્યસુખનાં અને જીવનનાં સાધનો આપ્યાં, તે બધુ ઉપકાર તરીકે ગણીને તેના જ બદલામાં તેઓ પોતાના પરમેશ્વરનું પૂજન આદિ કરે છે. તત્વદૃષ્ટિએ વિચારીએ તો ધર્મીષ્ઠ મનુષ્ય તો ગર્ભ, જન્મ જરા અને મરણની અવસ્થાને દુઃખરૂપ જ ગણે છે. તો પછી શું આવા દુઃખોને દેનાર તરીકે ભગવાનને ઉપકારી માને છે ? વળી ઋધ્ધિ-સમૃદ્ધિ વિગેરે સંસારના સર્વ જીવોને મળેલાં હોતાં નથી, કિન્તુ આંગળીના ટેરવે ગણી શકાય તેવા ઓછી સંખ્યાવાળા લોકોજ કોઈક કોઈક સ્થાને સંપૂર્ણ ઋદ્ધિ-સમૃદ્ધિવાળા હોય છે અને તેથી એમ ચોક્કસ માનવું પડશે કે તે ઋદ્ધિ-સમૃદ્ધિ વિગેરેનું મળવું પોતાના પુણ્યના હિસાબે જ છે, છતાં પરમાનંદપદની પ્રાપ્તિમાં પરાયણ થયેલા પ્રાણીઓ તો ઋદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ-સત્તા-વૈભવ-ઠકુરાઈ યાવત્ સાહેબીને કર્મ-રાજાના મોહસુભટની એક દુષ્કાષ્ય જ્વાલા તરીકે ગણે છે. તો શું તેવી જ્વાલામાં ફસાવનાર આત્મા એક અંશે પણ વૈરાગ્યવાસિત આત્માને ઉપકારી થયો ગણાય ખરો ? પૃથ્વી વિગેરે આપવાની જે વાત ઉપકારી તરીકે જણાવવામાં આવે છે તે વાત પણ પ્રાચીનકાલમાં ચાહે તેમ અંધશ્રદ્ધાથી લોકોએ માની લીધેલી હોય, પણ વર્ત્તમાનકાલમાં વિજ્ઞાનના પ્રચારને લીધે શિક્ષિત થયેલો વર્ગ પૃથ્વી-અબરખ-પત્થર-કોયલા આદિકની અમુક વર્ષને આંતરે સ્વયં ઉત્પત્તિ દેખીને કોઈપણ પ્રકારે પૃથ્વીને બનાવનાર તરીકે પરમેશ્વરની મહત્તાને ગાવાને તૈયાર થઈ શકેજ નહી. વળી હવાને જાણનારો અને તે હવા દ્વારા એજ પાણીની ઉત્પત્તિને હવાની કૃત્રિમ અને નવી ઉત્પત્તિને અનુભવનારો મનુષ્ય હવા અને પાણી પરમેશ્વરે આપ્યાં છે એમ કહેવાને માટે કોઈપણ દિવસ અંધશ્રદ્ધા વિના તૈયાર થઈ શકેજ નહિ. વનસ્પતિની ઉત્પત્તિ ખેતર, વરસાદ અને મનુષ્ય પ્રયત્નથી થતી દેખનારો મનુષ્ય તે વનસ્પતિદ્વારાએ ભગવાનના ઉપકારને માનનારો થાય એ વાત પણ સંભવી શકે જ નહિ.

ઉપર જણાવ્યા પ્રમાણે અન્યલોકોએ માનેલો ઈશ્વરનો ઉપકાર જુઠો અને આરોપિત છે, છતાં પણ તે પૃથ્વીઆદિક દેવાના ઉપકારદ્વારાએ નોકરચાકર જેમ રાજામહારાજાનું આરાધન કરે તેમ ભક્તદ્વારાએ થતું ભગવાનનું આરાધન કોઈપણ પ્રકારે આત્માના અંશને પણ સ્પર્શી શકે નહિં. અન્યમતના દેવ તેના અવતાર અને ઉપકારને માટે ઉપર પ્રમાણે જ્યારે સ્થિતિ છે, ત્યારે ત્રિકાલાબાધિત જૈનશાસનથી મનાયેલા ભગવાન જીનેશ્વર મહારાજના અંગે અવતાર-દેવત્વ અને ઉપકારની કંઈક જુદી જ સ્થિતિ છે તે હવે વિચારીએ.

રત્નત્રયી આરાધવાના ઉદ્દેશો

શ્રીજીનેશ્વર મહારાજના શાસનમાં દેવ ગુરૂ અને ધર્મની આરાધનાના ઉદ્દેશો જુદા જુદા હોય છે, અને તેથી તેના આરાધનાના પ્રકાર પણ જુદાજ હોય છે. ભગવાન જીનેશ્વર મહારાજને આરાધનાનો

ઉદ્દેશ જુદો હોવાથી જ નીચે પ્રમાણે દેવને અંગે જૈનોનું મંતવ્ય રહે છે.

सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः।
यथास्थितार्थोःवादी च, देवोऽर्हन् परमेश्वरः ॥१॥

અર્થાત્ જૈનો પોતાના પરમેશ્વરને માનતાં વ્યક્તિ તરીકે પરમેશ્વરની માન્યતા રાખતા નથી અને તેથી જ જૈનશાસન અગર જૈનધર્મ, જૈનદર્શન, જૈનમત એવા શબ્દો રાખવામાં આવ્યા છે, પણ ઋષભદર્શન, અજીતદર્શન, યાવત્ વીરદર્શન કે વીરમત એવા શબ્દો રાખવામાં આવ્યા નથી.

વ્યક્તિના નામથી નહિં મનાતો જૈનધર્મ.

જૈનધર્મ સિવાય સર્વ આર્ય અનાર્ય ધર્મો માત્ર વ્યક્તિના નામે જ માનવામાં આવેલા છે. જેમકે વિષ્ણુના નામે વૈષ્ણવધર્મ, શિવના નામે શૈવધર્મ, ક્રાઇષ્ટના નામે ક્રીશ્ચન, જેમ આ પ્રાચીન ગણાતા અન્યદર્શનના ધર્મો વ્યક્તિથી જ પ્રચલિત થયેલા છે અને બારીકદૃષ્ટિથી વિચારીએ તો તે વ્યક્તિથી પ્રચલિત થયેલા હોવાને લીધે તે તે ધર્મને તે તે વ્યક્તિનો જન્મ પછી જ માનવાનો વખત રહે, અને તેથી કોઇપણ અન્યદર્શનવાળો પોતાના દર્શનને કે પોતાના મતને અનાદિની હયાતીવાળો માની શકે જ નહિ. પણ જૈનદર્શનના હિસાબે આ અવસર્પિણીના અંગે કે અતીત કે અનાગત એવી ઉત્સર્પિણીના અંગે થતા ચોવીસ ચોવીસ તીર્થંકરોમાં કોઇપણ જીનનામની તીર્થંકરનામની કે અર્હત્નામની વ્યક્તિ થયેલી જ નથી. અર્થાત્ જીન તીર્થંકર કે અર્હત્ જેવાં નામો કેવલ ગુણ અને ક્રિયાને જ સૂચવનારાં છે અને તેથી કોઇપણ કાલે કોઇપણ જીવ રાગદ્વેષ વિગેરે ઘાતિકર્મને જીતવાવાળો થાય તો તેને જિન કહી શકાય.

જીનેશ્વરની હયાતિ સાથે જૈનધર્મની અનાદિની હયાતિ

એવી રીતે જિન તરીકે ઓળખાવવામાં વ્યક્તિ તરીકેનો કોઇનો પણ સંબંધ નથી અને માત્ર ગુણ તરીકેનો સંબંધ છે. તેથી જો તે રાગદ્વેષને જીતવાના ગુણે કરીને જિન તરીકે ગણાતા પુરૂષની જો અનાદિ હયાતિ ન માનીએ તો એમ સ્પષ્ટ માનવું પડે કે અત્યારસુધીનો સર્વકાલ ગુલામી કરવાવાળા આત્માઓથી જ ભરેલો હતો. કોઇપણ આત્મા અનાદિથી અત્યાર સુધીમાં આત્મીયગુણોના વિકાસને કરવા પૂર્વક કર્મની કઠોરતાને કુટવાવાળો થયોજ નથી. આવી માન્યતા કરવી પડે. જો કે આવી માન્યતામાં પણ પરમાર્થથી કર્મના કઠોર કર્ત્તવ્યોના નાશને માન્ય સિવાય બીજો રસ્તો તો નથી જ કેમકે અનાદિના કોઇપણ કાળમાં તેવા રાગદ્વેષને જીતવાવાળા પુરૂષની હયાતી હતી જ નહિ, એવું સિદ્ધ કરવા માટે વાસ્તવિકરીતે અનાદિના જ્ઞાનવાળાની જરૂર પડે અને એવો જે અનાદિના જ્ઞાનવાળો હોય તે જિન અને સર્વજ્ઞ સિવાય બીજો બની શકે નહિ. એટલે કહેવું જોઇએ કે શ્રદ્ધાદ્વારાએ જિન તીર્થંકર કે અરિહંતને અનાદિથી પરંપરાએ હયાતિવાળા માનવા જોઇએ અને અનાદિની પરંપરાનો નિષેધ પ્રામાણિકપણે કરવો હોય, તો પણ અનાદિના નિષેધને જાણનારા માનવા જ જોઇએ, અને તેથી જીનેશ્વર આદિ જેવી સર્વગુણસંપન્ન વ્યક્તિઓની પરંપરા માનવી જ પડે.

જઘન્યાદિભેદે થતું ધર્મનું આરાધન.

વળી બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે ધર્મનું આરાધન અનાદિથી ન થતું હોય અને ધર્મને મધ્યપણે આરાધન કરનાર જો અનાદિકાલથી હોય એમ ન માનીએ તો ભગવાન જીનેશ્વરદેવોને જીનેશ્વરપદને મેળવવાને લાયકની સ્થિતિ આવવાનો વખત જ ન થાય.

કારણ કે ઉત્કૃષ્ટગુણોની આરાધના જેમ નિર્બીજ અંકુરા ન હોય, તેની માફક જઘન્ય અને મધ્યગુણોને આરાધવારૂપી બીજ સિવાય બની શકે જ નહિ. અને તે જઘન્ય તથા મધ્યમ આરાધના કરનાર સ્વંય સર્વથા સંપૂર્ણ આત્મબલવાળો ન હોય. તેથી તેને અન્ય ઉત્કૃષ્ટ મધ્યમ કે જઘન્યરૂપે ધર્મને આરાધના કરનારના આલંબનની અવશ્ય જરૂર રહે, એટલે કહેવું જોઈએ કે સર્વોત્કૃષ્ટ આરાધન કરવામાં તત્પર એવા જીવોની પરંપરા અનાદિની છે તેમ મધ્યમ અને જઘન્ય આરાધનાવાળાની પરંપરા પણ અનાદિની રહે. આ બધી વસ્તુ વિચારતાં જીનેશ્વર ભગવાન જે ઉત્કૃષ્ટ આરાધનાના ફલરૂપ છે તથા આચાર્યાદિ ગુરૂમહારાજ કે જેઓ ત્રિવિધ આરાધનાના માર્ગમાં પ્રવર્તેલા છે અને આત્માની નિર્મળતાના સાધન તરીકે ઉપયોગમાં લેવાતો મોક્ષમાર્ગ જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્ર એ ત્રણ સ્વરૂપ છે જે એવો અને હિંસા, જુઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહાદિ પાપોથી નિવર્ત્તવારૂપ છે તે પણ અનાદિનો છે.

ધર્માધર્મ અનાદિ હોવાથી પુણ્યપાપ પણ અનાદિના છે.

વાચકવૃંદે આ વસ્તુ બારીકાઈથી સમજવાની છે કે પુણ્ય કે પાપ કે ધર્મ કે અધર્મ વસ્તુરૂપે કોઈના બનાવેલા નથી, કેમકે પુણ્ય કે પાપ ધર્મ કે અધર્મરૂપી વસ્તુ જો નવી બનેલી હોય તો તે પુણ્યપાપ આદિ બનવાની પહેલાં હિંસા આદિક નહિં કરનારને પણ પાપ લાગી જતું હતું અને અધર્મ થઈ જતો હતો એમ માનવું પડે અને સાથે સાથે હિંસાદિ કરનારને પણ પાપ અને અધર્મ લાગતો જ નહોતો એમ માનવું પડે, વળી એવી જ રીતની માન્યતા કોઈપણ સમજુ કોઈપણ કાળે યુક્તિને સમજનારો હોય તો ધરાવી શકે નહિ, અને જ્યારે આવી રીતે વસ્તુસ્થિતિ છે તો યુક્તિને સમજનારાઓએ એ માનવું જ જોઈશે કે હિંસાદિના પરિહારમાં અનાદિથી જ ધર્મપણું રહેલું છે અને હિંસાદિકના આચરણમાં અનાદિથી અધર્મપણું રહેલું જ છે, અને આવી રીતે પુણ્ય પાપ ધર્મ અધર્મને અનાદિ માનવાથી દેવ અને ગુરૂ નામના બે તત્વો પણ અનાદિના માનવા જ પડે.

જીનેશ્વરો વસ્તુના બનાવનારા નથી હોતા, પણ બતાવનારા હોય છે.

આ જગા પર એક વસ્તુ ધ્યાનમાં રાખવાની છે કે દીપક અગર સૂર્ય જેવી પ્રકાશક વસ્તુ દૃશ્ય એવા પદાર્થને બતાવનાર હોય છે, પણ બનાવનાર હોતી નથી, તેવી જ રીતે જૈનશાસનના હિસાબ પ્રમાણે પુણ્ય પાપ ધર્મ કે અધર્મ જેવી અનાદિકાળથી સ્વભાવે સિદ્ધ વસ્તુ ભગવાન જીનેશ્વરો બનાવનારા નથી, પણ બતાવનારા છે. યાદ રાખવું કે અહિં ધર્મને બનાવનારા નથી પણ બતાવનારા છે એમ જે કહેવાય છે તે હિંસાદિક વગેરેના ત્યાગરૂપ આચરણમાં ધર્મપણાનો સ્વભાવ તેઓ અવિદ્યમાન હોય તો પણ ઉત્પન્ન કરતા હોય અને તેથી બનાવનાર બનતા હોય તેમ બનતું નથી. પણ હિંસાદિકના પરિહારનું આચરણ કરવું તે રૂપ જે ધર્મ તેને તો તે સંપૂર્ણપણે બનાવનારા એટલે ધર્મના આચરણને સંપૂર્ણપણે કરનારા છે. તેથી પોતાના આત્મામાં ધર્મને બનાવનારા છે એમ માનવામાં અડચણ નથી, પણ તે હિંસાદિના પરિહારના આચરણમાં ધર્મનો સ્વભાવ ન હોય અને તેને બનાવી દેવો એવા રૂપે ધર્મને બનાવનારા ભગવાન જીનેશ્વરો હોય તેમ નથી જ. ધર્મને બતાવનારા જે બને છે તે પણ ધર્મનું સ્વરૂપ કે જે કેવલ અતીન્દ્રિયદર્શીઓથી ગમ્ય હોય છે. કારણ કે તે ધર્મ પુદ્ગલના વિકાર કે પુદ્ગલસ્વરૂપે નથી, કિન્તુ તે કેવલ આત્માની પરિણતિરૂપ અને તે પરિણતિની શુદ્ધતાને અંગે આવતા કર્મના રોકાણરૂપ સંવર અને આવેલા કર્મના નાશરૂપ જે છે તે નિર્જરા સ્વરૂપ હોવાને લીધે પરમકૈવલ્યને ધારણ કરનારા મહાત્માઓથી જ તે જાણી શકાય છે. આ બધી હકીકત વિચારતાં સુજ્ઞપુરૂષોને જરૂર એ વાત કબુલ

કરવી પડશે કે જગતના તારક અને ઉદ્ધારક મહાપુરુષને સર્વપદાર્થોનું જ્ઞાન હોવું એ પહેલ નંબરે જરૂરી છે, એ તેથી જ જૈનદર્શનવાળાએ અરિહંત ભગવાનને પરમેશ્વર માનતાં પહેલે નંબરે સર્વજ્ઞપણાના ગુણને આગળ કર્યો છે.

ઇશ્વરમાં સુખાદિના કર્તૃત્વની માન્યતાનો નિરાસ

આગળ આપણે જોઈ ગયા છીએ કે અન્યમતવાળાઓની પોતાના દેવને માટે જેમ ભૌતિકપદાર્થો દેવાથી કે ભૌતિકપદાર્થના ઉત્પન્ન કરવાથી અગર સદ્‌ગતિ દુર્ગતિ દેવાથી પરમેશ્વરની ઉપકારિતા મનાયેલી છે તેમ શ્રીજીનેશ્વર મહારાજના શાસનમાં પરમેશ્વરનું પરોકારિપણું માનવાને અંગે ભૌતિક પદાર્થનું દાન કે ઉત્પત્તિ અગર સદ્‌ગતિ દુર્ગતિનું દેવુંએ કોઇપણ પ્રકારે પરમેશ્વરના ઉપકાર તરીકે માનવામાં આવતું નથી. એ સર્વ ચીજોનું મળવું અને ઉત્પન્ન થવું તે તે જીવોના કર્મને આધીન જ માનવામાં આવે છે કેટલાક તર્કવાદિઓ તરફથી શંકા કરવામાં આવે છે કે કર્મ એ જડ પદાર્થ છે અને તેથી તેને આત્માને વળગવાનું પણ ભાન ન હોય, સુખ દેવું કે દુઃખ દેવું તેનું પણ ભાન ન હોય, માટે તે કર્મ ભૌતિકપદાર્થની પ્રાપ્તિનું કારણ કે સુખ દુઃખની પ્રાપ્તિનું કારણ બની શકે નહિં, અને તેથી સર્વશક્તિમાન પરમેશ્વરને જગતને સુખ દુઃખના કરનારા કે સુખ દુઃખનાં સાધનો ઉત્પન્ન કરનારા માનવા તે જરૂરી છે.

પુદ્‌ગલોની શક્તિ અને સ્વભાવ

આવા તર્કના સમાધાનમાં સમજવાનું કે જે લોકો પુદ્‌ગલના સ્વભાવને અને પુદ્‌ગલની શક્તિને સ્વપ્ને પણ સમજનારા ન હોય તેવા જ લોકો આવા તર્ક કરી શકે. કેમકે સમજદાર મનુષ્યો તો સારી પેઠે સમજી શકે છે કે દરેક જાતના પુદ્‌ગલો પોતપોતાની શક્તિ અને પોતપોતાના સ્વભાવને ધારણ કરનારા હોય છે. સામાન્યરીતે શ્વાસ, વચન, મન, કાયા વિગેરેનાં પુદ્‌ગલો કેવા કેવાં ભિન્ન સ્વભાવવાળા અને કેવી કેવી ભિન્ન શક્તિવાળાં છે તે વાત વર્તમાન જમાનામાં વધારે સમજાવવી પડે તેમ નથી. વળી ક્ષણે ક્ષણે કેવી કેવી રીતે હવાદ્વારાએ પુદ્‌ગલનું શરીરમાં પ્રવેશ થાય છે અને તે પુદ્‌ગલો ટુંકી લાંબી મુદત સુધી કેવી રીતે અસર કરે છે અને તે બધી સારી અગર નરસી અસરમાં મનુષ્યનું મન હોય કે ન હોય તો પણ તે પુદ્‌ગલો તેના નિયમ પ્રમાણે સારી કે નરસી અસર કર્યાજ જાય છે માટે સુજ્ઞપુરષોને એ માનવું ઘણું સહેલું છે કે ચેતનનો સહકાર હોય અગર ચેતનનો સહકાર ન હોય; એટલુંજ નહિ, પણ ચેતનની ધારણા ચ્હાય જેવી વિરૂદ્ધ હોય તો પણ તે તે જાતના જુદાં જુદાં પુદ્‌ગલોમાં કંઈપણ કરવાનું સામર્થ્ય નથી અગર તે પુદ્‌ગલની કંઈપણ ક્રિયા બની શકતી નથી એમ કહેવું અગર માનવું એ એક અંશે પણ અક્કલવાળા મનુષ્યને શોભતું નથી. વાચકવર્ગ વસ્તુના સામર્થ્ય વિચારને માટે નીચેની વિગત ઉપર ધ્યાન રાખવાની જરૂર છે.

(૧) શું સાકર જેવા પદાર્થની કદાચ ચેતન મીઠાશ લેવાનો વિચાર નહિ રાખતાં કટુકતાનો સ્વાદ લેવાનો વિચાર કરે તો શું તે કડવી થાય ?

(૨) કરીયાતુ, વિગેરે સ્વભાવે કરીને કડવા પદાર્થો જે જે જગતમાં છે તે મીઠાપણાની બુદ્ધિથી કોઇ મનુષ્ય ખાવા માગે તો શું તેમાંથી મીઠાશને તે ચાખી શકે ખરો ?

(૩) મરચાંની તીખાશ છે એ સ્વભાવિક પણે સિદ્ધ જ છે છતાં તે મરચાં મને બળતરા ન કરો એવું ધારી લે તો તેટલા માત્રથી શું મરચાં ખાતાં બળતરા ન કરે ? અગર શું તે મરચાં ઠંડકની બુદ્ધિથી ઠંડક કરશે ?

(૪) વિષને ભક્ષણ કરનાર મનુષ્ય એને મારનાર તરીકે ન ધારે અગર મૂર્ખતાથી તેને જીવાડનાર તરીકે ધારે તો શું તેટલા માત્રથી વિષ

મારનાર નહિ થાય, અને જીવાડનાર થાય એમ બને ખરું ? કહેવું પડશે કે ચેતનની ઇચ્છાય જેવી ઇચ્છા હોય તો પણ તેની દરકાર કર્યા વિના જગતના પુદ્‌ગલો પોત પોતાના સ્વભાવ અને શક્તિ પ્રમાણે હરહંમેશ વર્ત્યા જ જાય છે. અટલે પુદ્‌ગલમાં સામર્થ્ય નથી એમ કોઇપણ પ્રકારે બુદ્ધિમાનોથી કહી શકાય જ નહિ.

આત્માની સાથે કર્મનો સંબંધ અને તેની કાળાંતરે થતી અસર

જેવી રીતે મનુષ્યની શારીરિક પ્રકૃતિના પ્રમાણમાં પુદ્‌ગલોનો પ્રવેશ તેના શરીરમાં થાય છે અને તે પુદ્‌ગલોનો પરિણામ તે શરીરવાળા જીવને વેઠવો જ પડે છે તેવી રીતે આત્માને પણ જે જે ક્ષણે જે જે રૂપે પ્રવર્ત્તવાનું થાય તે તે ક્ષણે તે તે રૂપથી અમુક એવા સૂક્ષ્મપુદ્‌ગલો કે જેને કર્મ કહેવામાં આવે છે તે વળગે જ છે અને જગતમાં સારાં અગર ખોટાં ગ્રહણ કરાયેલાં પુદ્‌ગલો કાળાંતરે પણ આત્માને અસર કરનારાં થાય છે તેવી રીતે કર્મપુદ્‌ગલો પણ પોતાની પરિકપકવ દશા થાય ત્યારે આપોઆપ જુદી જુદી અસર કરનારા થાય છે. પ્રત્યક્ષ દેખી શકીએ છીએ કે શરદી કે ગરમીની અસરથી કંઇક પ્રાણીઓના પ્રાણોનો નાશ થાય છે અને કંઇ નવી નવી ઔષધિઓથી અનેક પ્રકારના રોગોની શાન્તિ થતી પણ સ્થાને સ્થાને દેખીએ છીએ, તો પછી શુભ અને અશુભ પુદ્‌ગલોનું ગ્રહણ થવું અને તેને આધારે તે ગ્રહણ કરનારને તેના ફલોનું ભોગવવું થાય તેમાં આશ્ચર્ય શું ? શું કોઇ દહાડો પરમેશ્વરે સાકરમાં કડવાશ દેખાડી ? કરીયાતામાં મીઠાશ દેખાડી ? મરચામાં મોળાપણું દેખાડવું ? ધીમાં ગરમી દેખાડી ? વિષમાં જીવનનું સાધનપણું બતાવ્યું ? જો આ માંહેલું કંઇપણ બનતું નથી અને વિષાદિક પદાર્થોના તેના સ્વભાવ પ્રમાણે નિયમિત કાર્ય થયાં કરે છે અને તેથી જગતના જીવો પણ જે જે કાર્યની ઇચ્છા હોય છે તે તે કાર્ય કરનારા પદાર્થોને તે તે વખત ગ્રહણ કરે છે. હવે જો પરમેશ્વરને તેમાં કર્ત્તા તરીકે માનીએ તો વિષવિગેરેમાં મારણાદિ સ્વભાવ માનવાનો વખત જ રહે નહિ; એટલુંજ નહિ, પણ મરણ મારણ આદિની ઇચ્છાએ વિષાદિને લેવાનું ન રહે, પરંતુ પરમેશ્વરની જ્યારે મરજી હોય ત્યારે તે તે પદાર્થ તે તે કાર્ય કરનારો થાય એમ માનવું પડે, અને તેમ માનવાથી ઇશ્વરની મરજી આપણે ન જાણીએ ત્યાં સુધી કોઇપણ સારા કે નરસા બનાવને માટે સારે કે નરસા પદાર્થ ગ્રહણ કરવા તે મૂર્ખતા સિવાય બીજું કશું ગણાય જ નહિ કદાચ કહેવામાં આવે કે ઇશ્વરની મરજી સાકર વિગેરેમાં મીઠાશ વિગેરે રાખવાની જ છે તે સાકરના પદાર્થનો સ્વભાવ જે મીઠાશનો હતો તેમાં ઇશ્વરે મીઠાશ રાખવાનો વિચાર કર્યો, વિષનો જે મારણ સ્વભાવ હતો તેમાં ઇશ્વરે મારણ સ્વભાવ રાખવાનો વિચાર કર્યો વિગેરે કલ્પના બાલચાલને પણ પૂરી રીતે શોભે તેમ નથી તેમ કહેવું પડે.

ઇશ્વર શિક્ષા દેવા લાયક છે ?

જગતમાં અણસમજુ મનુષ્યની ક્રિયા શિક્ષાને પાત્ર બનતી જ નથી, તો પછી આ જગતના જીવો ઇશ્વરની અપેક્ષાએ અણસમજુ કરતાં પણ વિશેષ, અણસમજુ છે તેથી તેની ક્રિયા સજાને પાત્ર કેમ બને ? જગતમાં એ નિયમ છે કે અજ્ઞાનમનુષ્યે કરેલા ગુન્હાની માફી દેવાય છે. તો પછી જે પરમેશ્વરને પરમદયાળુ તરીકે કહેવામાં આવે છે. તે પરમેશ્વર આ જગતના અજ્ઞાની જીવોને પાપની માફી ન કરે તે કોઇપણ પ્રકારે તેમના દયાળુપણાને છાજતું નથી. જગતમાં ગુન્હાની હદ ધ્યાનમાં રાખીને શિક્ષાની સ્થિતિ નક્કી કરાય છે, તો પછી પરમેશ્વર જેવો જગતનો દયાળુ સંસારી જીવોના ક્ષણિક જીવનમાં થયેલા પાપોનો નરક જેવો ભયંકર બદલો આપે એ શ્રદ્ધાળુની તો કલ્પનામાં એ આવી

શકે તેવું નથી. જગતમાં એ પણ નિયમ છે કે જે જે દેશની પ્રજા જેવી જેવી રીતે સમજે તેવી તેવી રીતે તે તે દેશની પ્રજામાં કાયદાની જાહેરાત સત્તાધીશોએ સંપૂર્ણ રીતે કરવી જ જોઈએ. કોઈપણ સ્થાને યોગ્ય રીતિએ કાયદાની જાહેરાત કર્યા સિવાય ગુન્હો ઠરાવાતો જ નથી. તો પછી જે પરમેશ્વર કાયદાને પોતાના તરફથી દરકે સ્થાને જાહેર કરે નહિ અને જાણમાં આણે નહિ અને પાપ અગર દુષ્કર્મ થયું છે એમ જણાવીને દુર્ગતિરૂપે સજા કરે એ હકીકત સમજી મનુષ્યના હૈયામાં તો ઉતરી શકે તેમજ નથી.

ઉપકારદ્વારાએ જ અપકાર ઢાંકવાની સજ્જનોની રીતિ.

વળી જગતમાં સામાન્ય રીતે પણ જે સજ્જન મનુષ્યો હોય છે તેઓ અન્યનો જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટ એવો કોઈપણ પ્રકારનો અપરાધ હોય તો પણ તેની માફી આપવામાં જ ઉત્તમતા માને છે. સામાન્ય રીતે શઠપ્રત્યે શાઠય કરવું તે સજ્જનોનો માર્ગ નથી, પણ સજ્જનોના હિસાબે તો ઉપકારદ્વારાએ જ અપકારને ઢાંકવાનો હોય છે, તો પછી સજ્જનને પણ આરાધવા લાયક અને સજ્જનની પરમ કોટિએ પહોંચેલો પરમેશ્વર બાળ જુવાન કે વૃદ્ધ રોગી કે નિરોગી સુખી કે દુઃખી કોઈપણ જીવના અપરાધની નોંધો કરે અર્થાત્ કોઈપણ અંશે માફીનો રસ્તો જ ન લે અને ક્રમસર અપરાધ પ્રમાણે દંડ આપ્યા જ જાય, એટલું જ નહિ પણ અપરાધના દંડોની ક્રૂરતા કરે જગતના સામાન્ય રીતે ઘાતકીમાં ઘાતકી મનુષ્યથી નહિ થઈ શકે તેવી બધી જાતની ક્રૂરતા જગતમાં પરમેશ્વર વર્ત્તાવે છે. એવુ માનવા જાય તેવાઓની બુદ્ધિ બ્હેર નથી મારી ગઈ એમ કહેતાં પણ શરમ લાગે એવું છે !

ગુન્હાના ફલને આપનાર ઇશ્વર છે એવી માન્યતામાં થતી આપત્તિ

અજ્ઞાન અને અવાચકપણામાં મનુષ્ય અને ઢોરઢાંખરને પણ ગર્ભ અવસ્થામાં કેવલ દુર્ગન્ધિસ્થાનમાં અજવાળાનું નામ પણ જ્યાં નથી; તેવા સ્થાનમાં અંગોપાંગનું પ્રસારવાનું જેમાં લેશમાત્ર ન બને, મહિનાના મહિના સુધી ગોન્ધી રાખનાર પરમેશ્વર છે એમ માનીએ, તો પછી ખરેખર બુદ્ધિશાળીઓને એમ કહેવું પડે કે એવા પરમેશ્વરની વાતથી પણ ત્રાસ ત્રાસ થઈ જાય છે. આશ્ચર્યની વાત છે કે જગતના જીવોનો કંઈપણ અપરાધ કર્યો હોય તેને અંગે જગતના જીવો દંડ લે અર્થાત નુકશાન કરે એ જુદી વાત છે પણ જગતના જીવોએ પરમેશ્વરના કયા ગુન્હા કર્યા છે કે જેથી પરમેશ્વર આખા જગતને દંડ દેવા તૈયાર થાય છે. કદાચ કહેવામાં આવે કે જેમ રાજા પ્રજાના પરસ્પર થતા ગુન્હાઓનો દંડ ગુન્હેગારોને આપે છે, પણ પ્રજાને કાયદો હાથમાં લેવા દેતો નથી, તેવી રીતે પરમેશ્વર પણ જગતના જીવોમાં પરસ્પર કરાતા અપરાધોનો દંડ પોતે જ દે છે, પણ જગતના જીવોના હાથમાં કાયદો લેવા દેતો નથી, આવું જો કહેવામાં આવે તો કોઈપણ પ્રકારે તે ન્યાયસંગત નથી. કેમકે જો એ ગુન્હાની સજાઓ કરવી તે પરમેશ્વરનું કાર્ય છે એવું ગણાતું હોય તો પછી કોઈપણ રાજાને કોઈપણ ધર્મની અપેક્ષાએ સંન્યસ્ત થવાનું હોત જ નહિ, અને રાજાઓને સંન્યસ્ત થવામાં અંશે પણ કલ્યાણ છે એમ માનવામાં આવે તો પછી તે ઈશ્વરની પણ સજા કરવાની ક્રિયા તે અધમ ગણાવવી જોઈએ, અને તે ક્રિયા બંધ કરવી જોઈએ અને એ બંધ કરવું તે જ શ્રેયસ્કર ગણાવવું જોઈએ. વળી જગતમાં જે કંઈ હિંસા કરીને દુઃખ ઉપજાવે અર્થાત્ કોઈ પ્રાણી ઉપર ભયંકરમાં ભયંકર ઘાતકીપણું કરે તો તે ઘાતકીપણું વેઠનારા આત્માના પાપનું ફલ છે એમ માનવામાં બે મત થઈ શકે તેમ નહિ. (અપૂર્ણ)

સમાલોચના

૧ ભાદરવા સુદ પાંચમના ક્ષયે ચોથનો ક્ષય પ્રાપ્ત થાય પણ તે સંવચ્છરીનો દિવસ હોવાથી તેનાથી પહેલાની ત્રીજનો ક્ષય કરવો જોઈએ એ વાતને ન સમજે તે જ પાંચમને ત્રીજ કરવા માગે છે એમ બોલે.

(વીર-જૈન)

૧ જ્ઞાનપંચમીના તપવાળાને ચોથાપાંચમનો અને ત્રીજ ચોથ અને પાંચમનો અઠમ કરવાનું શાસ્ત્રીય વચન છે માટે પૂનમના ક્ષયે તેરસના ક્ષયની માફક ભાદરવા સુદ પાંચમના ક્ષયે તે પાંચમ પર્વનો અને તેનાથી પહેલી જે સંવચ્છરીની ચોથ તેનો પણ ક્ષય ન થાય માટે ત્રીજનો જ કરવો એ યોગ્ય જ છે.

૨ ક્ષયવૃદ્ધિના પ્રસંગમાં ઉદયની વાત લેનારો मुन्यत्र स्तः કરવાવાળા જેવો જ ગણાય.

૩ શ્રી દીપવિજયજી કવિએ ૧૬૭૧માં પૂનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ શ્રી દેવસૂરિવાળા કરતા હતા એમ સ્પષ્ટ જણાવેલ હોવાથી તે તિથિપત્રક માન્ય થાય છે.

૪ ૧૮૯૫ના લેખથી ચાલી આવતો રીવાજ ન માને અને ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિએ ત્રીજની વૃદ્ધિ ન કરે તે શાસ્ત્ર અને પરંપરાનો ઉત્થાપક કેમ ન કહેવાય ?

૫ આજની માફક જુના વખતમાં ખોટું બોલી શાસ્ત્ર અને પરંપરાનો ઉઠાવનારાઓથી મતો નીકળ્યા છે એ સમજાય અને કલ્યાણના માર્ગે જવાય તો કલ્યાણ અન્ય પ્રસંગનો અધિકાર ડહોળવો તે તમને જ મુબારક હો.

(વીર. શ્રી કલ્યાણવિજયજી)

૬ જો પૂનમના ક્ષયે તેરસ અને ચૌદશે પૌષધ અને તપ કરવા પડે તો ચૌદશની આરાધનાથી ચૌદશ પૂનમ બંનેની આરાધના થઈ ગઈ એ ક્યાં રહે ? એ ચોકખું ન સમજે તેને શું કહેવું ? ક્ષીણ તિથિની આરાધના ભેગી માનનાર અને ખોખા માનનારને અટ્ઠાઈઓ જુદી જુદી તિથિએ ન બેસાડવી પડે એ પણ ચોકખું જ છે. મનાય છે કંઈ અને કહેવાય છે કંઈ ?

૭ પૂનમે નવમો દિવસ આવે એવી રીતે ઓળી આરાધાય છે માટે હમારે આગળપાછળ ઓળીનું બેસવું થાય પણ ભેળી આરાધના માનનાર અને ખોખું માનનારને તો ન થાય એ પણ ચોકખું જ છે ચોથ સુધી આઠ દિવસ બરાબર માનનારા ચૌદશ સુધી બરોબર છે માને પૂનમની વૃદ્ધિ અને હાનિ છતાં અટ્ઠાઈ અને ઓળી નહિ ફેરવે અને તેથી શાસ્ત્ર અને પરંપરાના વિરાધક બનશે.

૮ શ્રી હીરસૂરિજીએ તો પૂનમની આરાધના ચૌદશમાં સમાવી જ નથી. એ હવે ઉત્થાપકોને ભાન આવ્યું.

૯ કલ્યાણકોના નામે તિથિ ક્ષયનો હાયડો બીન જરૂરી હતો એમ માન્યું તો કલ્યાણ સાચું જણાયા અને માન્યા છતાં જીભ અને કલમ સીધો રસ્તો ન લે એ નવું આશ્ચર્ય છે ?

(વીર-કે-વી.)

૧૦ પુના અને અમદાવાદથી બુધવાર પક્ષવાળા ખંભાત આવવા તૈયાર ન હોવાથી પ્રતિનિધિપણાની હઠ મૌખિક શાસ્ત્રાર્થ અને

કમીટી ન માનવાથી લિખિત શાસ્ત્રાર્થ બુધવારીયાઓએ ન કર્યો એ ચોકખું જ છે.

૧૧ એકલી સંવચ્છરી બાબત ચર્ચા નથી માટે ચોમાસુ ઉતરે પણ રીતસર મધ્યસ્થળે પ્રતિનિધિનો ઢોંગ કર્યા સિવાય કમીટિ માનીને આવશે તો પણ કલ્યાણ છે.

૧ શ્રી દેવસૂરવાળાના તિથિ પત્રકની મતલબ જ એ હતી કે જેઓ પૂનમની વૃદ્ધિ કે ક્ષયે તેરસની વૃદ્ધિ કે ક્ષય થાય છે, ચાલીસ વર્ષનો રવૈયો નથી પણ સેંકડો વર્ષની પરંપરા છે. વૃદ્ધિ અને ક્ષયમાં તો બુધવારીયાઓ પણ છતા ઉદયને ખસેડે છે અને અછતા ઉદયને લે છે. ભેળસેળ કે ખોખાવાદી ન થવું હોય તેને તો પૂનમની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ માનવી પડે અને તે જ હિસાબે ભાદરવા સુદ પાંચમની ક્ષય વૃદ્ધિએ ત્રીજની ક્ષય વૃદ્ધિ માનવી જ પડે - સાચું સમજે તે તો ગુરૂવારની જ સંવચ્છરી કરે બુધવારીયા પુના કે અમદાવાદથી નીકળવા તૈયાર નહોતા એ હવે છુંપું નથી પુરાવા ન માનવા અને ગપ્પ હાંકવી એ બુધવારવાળાઓને શોભે.

(મુંબઈ-ગોરધન)

ષડાવશ્યકસૂત્ર પા. ૬ (કહી નીચે પ્રાણે ચૈત્યવંદન ડાબો ઢીંચણ ઉભો કરી કહે. તે આ પ્રમાણે)

. આ પ્રમાણે ષડાવશ્યકસૂત્રોમાં ચૈત્યવંદન માટે જ આ મુદ્રા જણાવી છે તો મી. હીરાલાલે તેના નિષેધનો પાઠ આપવો.

પંચાશક ટીકામાં પા. ૫૯/૧

ननु चतुर्विंशतिस्तवादेरेवपाठो योगमुद्रया विधेयो न तु शक्रस्तवस्य, तंहि समाकुञ्चितवामजानु र्भूमिविन्यस्तदक्षिणजानु र्ललाटपट्टघटितकर-कुड्मलः पठतीति जीवाभिगमादिष्वभिधीयत इति ? सत्यम्, केवलं नानन्तरोक्तविशेषणयुक्त एव तं पठतीति नियमोऽस्ति, पर्यङ्कासनस्थः शिरोधिनि-वेशितकरकोरकस्तं पठतीत्यस्याऽपि ज्ञाताधर्म-कथासु दर्शनात्। तथा हरिभद्राचार्येणाऽपि चैत्यवन्दनवृत्तौ-''क्षितिनिहितजानुकरतलो भुवनगुरौ विनिवेशितन-यनमानसः प्रणिपातदण्डकं पठति'' इत्यस्य विध्यन्तर-स्याभिधानात्। ततोऽस्य पाठे विविधविधिदर्शनात् सर्वेषां च तेषां प्रमाणग्रन्थोक्तत्वेन विनयविशेषभूत-त्वेन च निषेध्धुमशक्यत्वाद्योगमुद्रयाऽपि शक्रस्तव-पाठो न विरूध्यते. विचित्रत्वान्मुनिमत्तानाम्। न चैतानि परस्परमति विरूद्धानि, सर्वैरपि विनयस्य दर्शितत्वादिति।

આ પ્રમાણે શ્રી પંચાશકજીમાં શક્રસ્તવ માટે બંને પ્રકાર હોવાથી ભૂલ કહેનારે ભૂલ સુધારવી જોઈએ. (જૈ. સ. હીરાલાલ)

* * *

(ટાઈટલ પાના ૪ થી ચાલુ)

૪ ઓટલે બેઠેલ સાધ્વી ઉપર માંડવા જેવું બાંધવાનો પ્રયત્ન સોસાયટીએ શું કર્યો?

૫ સાધ્વીને આવી હઠ નહીં પકડવા અને શાસનની હેલનાના બચાવને માટે અન્ય સ્થાને જવા આ સોસાયટીના કયા કયા મેમ્બરોએ પ્રયત્ન કર્યો ? અને કર્યો હોય તો તે કેમ હેન્ડબીલમાં સૂચવવામાં આવ્યો નથી.

૬ આવી રીતે જ્યારે સોસાયટી તરફથી હેન્ડબીલ નીકળ્યું છે ત્યારે સ્પષ્ટપણે માની શકાય કે જાહેર પેપરોમાં ખબર પત્રી તરીકે તે બાબતના શાસનની હેલના કરનારા આવતા લેખો તે તો એના જ હોય અને જો તેમ હોય તો ખરેખર સોસાયટીને ઓછું શરમાવવા જેવું નથી.

૭ વળી સાધ્વીજીને અનશનના નામે ખોટી બૂમ ઉડાવીને હદ બહારનો જુલમ છે કારણ કે ખબર પ્રમાણે હજુ તો સાધ્વી આહાર પાણી વાપરે છે પણ કદાચ જો તે સાધ્વી જાહેર આવેલા સમાચારોથી શરમાઈને કે કોઈપણ કારણથી અનશન કરી નાખે તો તે અકાળે સાધ્વી હત્યાનું પાપ ખરેખર સોસાયટીને માથે જ ચઢે. આ બાબતમાં સોસાયટીથી ના પડાય જ નહીં.

૮ જે સોસાયટી એક પુરૂષ વ્યક્તિને માટે અમદાવાદ, પાટણ અને મુંબઈમાં કોર્ટની હાજરીમાંથી તનતોડ ઉદ્યમ શાસનની હીલના બચાવવાને માટે કરતી હતી તે સોસાયટી આજે શાસનથી કેવી હાથ ધોઈ બેઠી છે કે સાધ્વીની પાસે નવાબ સાહેબ પાસે ફરિયાદ કરાવવા તૈયાર થઈ સાધ્વીને કોર્ટમાં લઈ જાય છે.

૯ મુંબઈના સોસાયટીના સુકાનીઓના તારથી સંવચ્છરી કરવાના વારના નિર્ણય માટે આચાર્ય મહારાજાઓનો જામનગરથી વિહાર થયો હતો છતાં ખંભાતની સોસાયટીવાળાઓએ સાધ્વીના પ્રસંગને અંગે એ વિહાર થયો છે એમ જન્મભુમિ વિગેરેમાં જણાવી શાન્તિની ચાહનાવાળા આચાર્યોને વગોવી બીજા ગામોના સંઘોમાં ઉશ્કેરણી થાય તેવું લખી હદ બહારના જુલમ કર્યો છે. (આશા છે કે મુંબઈના સોસાયટીના સુકાનીઓ વિહાર અને તેના અટકાવની યથાસ્થિત હકીકત ખંભાતની સોસાયટીને જણાવે અને જુઠા લખાણો કરવામાં ઝુકી પડેલી તે સોસાયટીને બચાવશે અગર તેની સાથેનો અસહકાર અને અસંમતપણું જાહેર કરશે.)

૧૦ ખંભાતની સોસાયટીના પક્ષકારોએ સંવચ્છરીના વારના ભેદને અંગે એટલું બધું ઉગ્રસ્વરૂપ ધારણ કર્યું છે કે સાંભળવા પ્રમાણે તપસ્યાવાળા વિહાર કરીને આવેલા અને માત્ર દર્શન કરીને જવું છે એવું જાહેર કરનાર સાધુઓને આહાર પાણી કરવા જેટલો વખત પણ જૈનશાળામાં અવકાશ દેવાની ઉદારતા નહીં બતાવતાં વિચિત્ર સંકુચિત વૃત્તિ જણાવી છે. (ઈચ્છીએ છીએ કે આ વાત સાચી દેખાતી છતાં જુઠી ઠરે કેમકે તેમ ઠરવાથી જ ગામે ગામ નવી હોળી સળગતી અટકે તેમ છે.)

૧૧ ખંભાતના શેઠ કસ્તુરભાઈ અમરચંદ એક શાસન સેવા કરનાર કુટુંબના છે પણ તેઓની વૃદ્ધાવસ્થાને લીધે વધેલી ભદ્રિકતાનો ખોટી રીતે લાભ ખંભાત કે અમદાવાદના અધમ વૃત્તિવાળા મનુષ્યો લે છે તે શાસન દેવ અટકાવે તો સારું શેઠજી વધારે ન સમજે તો એટલું તો જરૂર સમજે કે શાસન અને ધર્મમાં પડેલા ભેદો પોતાના ઘરમાં વાસ કરી ન દે તો સારૂં.

(જુઓ પાનુ ૪૪૩)

યંગમેન્સ જૈન સોસાયટીના વિસર્જન કે અસહકારની આવશ્યકતા

જૈન જનતા સારી રીતે જાણે છે કે જૈન સોસાયટીની સ્થાપના અને વૃદ્ધિ કોઈપણ ગચ્છમત કે સંઘડાના પક્ષકાર સિવાય કેવલ શાસનની સેવા કરવાની ધારણાથી કરવામાં આવી હતી અને સોસાયટી દરેક વખતે શાસનની ધગશની બૂમો મારતી હતી અને તે જ ધગશના રાગને લીધે શાસનના અનુરાગીઓ તેને પોષણ અને સહકાર આપતા હતા પણ એ સોસાયટીના સુકાનીઓએ અનેક કાર્યો કેવલ એક સંઘાડાના નહીં પણ એક વ્યક્તિના જ પક્ષપાતને અનુસરીને કર્યા અને તે કારણથી શાસનના અનુરાગી અનેક મહાશયોને સોસાયટીમાં શાસનની ધગશ ઘણી જ ઓછી છે, અલબત્ત તેઓને શાસનની ધગશ નથી પણ માત્ર વ્યક્તિના દ્રષ્ટિ રાગની જ ધગશ છે, એમ ચોકખે ચોકખું જયન્તિ સંમેલનનો પ્રસંગ વડોદરા પ્રકરણ, ઈડરસંમેલન, ભોયણી કમીટિ જામનગરની દેશવિરતિનો પ્રસંગ અને રવિવારની સંવચ્છરીના પ્રસંગથી ચોકખે ચોકખું દ્રષ્ટિરાગીપણું સાબીત થઈ ગયેલું હતું છતાં તે બધા પ્રસંગોમાં પક્ષના પોષણને અંગે શાસનને ધક્કો પહોંચવા જેવું તેવું ન હોવાથી સાચા શાસન પ્રેમીઓએ તે જોયા કર્યું તો તે જુદી વાત છે પણ વર્ત્તમાનમાં ખંભાતનો જે પ્રસંગ ઉભો થયો છે તેમાં ખંભાતની સોસાયટીના મંત્રીઓએ ખંભાતની સોસાયટીના મંત્રીઓના નામે જ એક હેન્ડબીલ બહાર પાડ્યું છે અને તે જ હેન્ડબીલમાં મુંબઈ, અમદાવાદ, પાટણ વિગેરે શહેરોની સોસાયટીઓને પોતાની સાથે સંડોવી છે તે ઉપરથી જો તે મુંબઈ વિગેરે શહેરોની સોસાયટી અથવા તેના સભ્યોને એક અંશે પણ શાસનની લાગણી હોય તો તેઓને માટે બીજો રસ્તો છે કહો તો પોતાની હુંફથી થતા આવા અનર્થોને રોકવા માટે સોસાયટી સંસ્થાનું વિસર્જન કરે અથવા તો ખંભાતની સોસાયટીની તે હુંફને જાહેર રીતે તોડી નાખી પોતાનું શોધન કરે આ બેમાંથી એક પણ રસ્તો જો મુંબઈ વિગેરે શહેરોની સોસાયટી નહીં લે તો આ શાસનની હેલનાનું કલંક એકલી ખંભાતની સોસાયટીને માથે નહીં રહેતાં સર્વ સોસાયટીઓના માથે આવશે અને સાચા શાસન પ્રેમી મનુષ્યો એમ માનશે તો તે સાચું ગણાશે કે મુંબઈ વિગેરે શહેરોની સોસાયટીઓ જ દોરી સંચાર કરીને જ ખંભાતની સોસાયટી પાસે આ કાર્ય કરાવે છે, ખંભાતની સોસાયટીવાળાઓ જો શાસનની કંઈપણ કિંમત જાણતા હો તો તેઓ પહેલી તકે પોતાનું હેન્ડબીલ વ્યક્તિગત છે એમ જાહેર કરવું જોઈએ, ખંભાતની સોસાયટીવાળાઓએ નીચેની બિનાઓ ઉપર ધ્યાન આપવું જરૂરી છે.

૧ ખંભાતની સોસાયટી શું ચાર પાંચ માસ માટે એક નાનું મકાન ભાડે રાખીને સાધ્વીને રહેવાની સગવડ કરી શકે તેટલી સ્થિતિ નથી ધરાવતી ?

૨ કહેવા પ્રમાણે ઉપાશ્રયમાં રહેતી પાંત્રીસ સાધ્વીઓની બીજે સગવડ થઈ શકી. તો આ એક જ સાધ્વીની સગવડ નહીં થવાનું કારણ તટસ્થપણે તપાસ્યું ?

૩ સાધ્વીને ઓટલે બેસતી અટકાવવા માટે શું સોસાયટીનું સામર્થ્ય નહોતું ?

(જુઓ ટાઈટલ પાનું ૩ જું)

सिद्धचक्र



तंत्री

પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

— મુંબઈ —

વર્ષ

૫

અંક

૨૦-૨૧

પંચમ વર્ષ

અષાઢ - શ્રાવણ

卐

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

卐

१९९३ : : १९३७

ઓગષ્ટ

વીર સંવત્ ૨૪૬૩

श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०	तत्त्वतरंगिणी	०-८-०
उत्तराध्ययनचूर्णि	३-८-०	बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०	मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०	आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
पंचाशकादिदशअकारादि	४-०-०	भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०	पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०	तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०	पर्युषणादशशतकं	०-१०-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०	बुद्धिसागरः	०-३-०
विचाररत्नाकरः	३-०-०	विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
बन्दारूवृत्तिः	१-४-०	भवभावनावृत्तिः पूर्वार्धं	३-८-०
पयरणसंदोह	१-०-०	कल्पकौमुदी	२-०-०
अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०	षोडशकप्रकरणं सटीकं	१-०-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०	षडावश्यकसूत्राणि	०-८-०
बारसासूत्रं सचित्रं	१२-०-०	उत्पादादिसिद्धिः	२-८-०
ऋषिभाषितानि		तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
प्रत्याख्यानप्रकरण - सारस्वत,	१-८-०	सुबोधिका	प्रेसमां-
विशेषणवती-वीशवींशी		भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०	भवभावना (उत्तरार्धं)	प्रेसमां-
ललितविस्तरा	०-१०-०	प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
		प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद मगनलाल बदामीए तंत्री शा. पानाचंद रुपचंद झवेरी माटे छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिए लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

णमो वीयरायाणं

卐 श्री सिद्धचक्र 卐

(पाक्षिक)

अर्हन्तो मोक्षमार्गोद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्चा
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

वर्ष ५ अंक २०-२१

विक्रम सं. १९९७ वीर सं. २४६७ सन १९३७
श्रावण ओगष्ट

वार्षिक लवाजम रू. २-०-० उद्देश छुटक नकल रू. ०-१-६

नवपदोमय श्री सिद्धचक्रनी आराधना अने श्री आचामाम्ल वर्धमान तपनी प्रवृत्ति पोषवा साथे आगमनी मुख्यतावाळी देशना, अने शंकाना समाधानोनो फेलावो करशे :-

श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સેતુકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"आगमोद्धारक."



આગમ-રહસ્ય

દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

સૂત્ર અને પંચાંગીથી એ વાત તો સિદ્ધ જ થયેલી છે કે આ અવસર્પિણીમાં પહેલવહેલો રાજ્યાભિષેક જો કોઈનો પણ થયો હોય તો તે ઋષભદેવજી મહારાજનો જ થયેલો છે. કારણ કે હકાર-મકાર અને ધિક્કારની રાજનીતિ તેમના પહેલેથી જ ચાલતી હતી, છતાં દૈહિકદંડની સજા કોઈપણ જુગલીયાના વખતમાં ચાલી નથી તેવી જ રીતે કેદ અને દેશથી બહાર કાઢવાની સજા પણ કોઈપણ વિમલવાહનાદિ યુગલીયાના વખતમાં ચાલી નથી, પણ કાલના પડતાપણાને લીધે જુગલીયાઓમાં પણ તે હાકાર આદિકનીતિનો પ્રભાવ પડ્યો નહિં અને તે જ કારણથી મર્યાદાને ઓળંગનારાઓના દમનને માટે જ પ્રજાના પોકારથી ભગવાન ઋષભદેવજીને રાજ્યાસન ઉપર બેસવાની નાભિમહારાજા તરફથી ફરજ પડી. તે ફરજને અંગે ઈંદ્ર મહારાજે પણ આવીને થતા રાજ્યારોહણમાં રાજ્યાભિષેકનો રંગ પૂર્યો. અનુક્રમે ભગવાનને રાજ્યોની વ્યવસ્થા કરવાની જરૂર પડી અને તેથી હસ્તિવિગેરેનો સંગ્રહ કર્યો અને બંદીખાનાવિગેરેની પણ વ્યવસ્થા કરવી પડી. આવી રીતે વ્યવસ્થા કરતાં અનુક્રમે સો દેશોની વ્યવસ્થા ભગવાન શ્રી ઋષભદેવજીના હસ્તક થવાથી તે સો રાજ્યો સ્થપાયાં, તે રાજ્યો ઉપર ભગવાન્ શ્રી ઋષભદેવજી મહારાજે દીક્ષા લેતી વખત પોતાના સો પુત્રોનો અધિકાર સ્થાપન કર્યો અને તેથી જ સૂત્રકાર વિગેરે કહે છે કે - 'पुत्तसयं रज्जसए अभिसिञ्चित्ता' ઈત્યાદિક વાક્યોથી એ વાત સ્પષ્ટ કરેલી છે.

સો ભાગે રાજ્યની વહેંચણી કેમ ?

આ સ્થાને એટલું જ વિચારવાનું છે કે ભગવાન્ શ્રી ઋષભદેવજીએ પોતાના જે સો પુત્રો હતા તેઓને સો દેશોનું રાજ્ય આપ્યું એ મૂલવિભાગની અપેક્ષાએ વ્યાજબી હતું. સામાન્ય રીતે જગતની રીતિએ પણ પુત્રની સંખ્યાએ જ પિતાની ઋધ્ધિનો ભાગ પડે છે, પણ પુત્રના પુત્રાદિની અપેક્ષાએ ઋદ્ધિનો પણ વિભાગ પડતો નથી. તો પછી રાજ્યનો વિભાગ તો તેવી રીતે હોય જ શાનો ? જો કે સામાન્ય રીતિએ તો રાજ્યનો વિભાગ જ ન હોય, કેમકે રાજ્યની રીતિ પ્રમાણે યુવરાજ તરીકે મોટા કુંવરને જ રાજ્યગાદીનો અધિકાર હોય છે અને મોટા કુંવર સિવાયના બાકીના કુમારોને નિર્વાહ પૂરતી જાગીર જ અપાય છે, પણ આ વિભાગ રાજ્યના કટકા નહિ થવાની દ્રષ્ટિએ નિયમિત કરવામાં આવેલો જણાય છે. કારણ કે એમ જો ન માનીએ તો ચક્રવર્ત્તીના યુવરાજ સિવાયના પુત્રોનું ભાગ્ય માંડલિકરાજા જે માત્ર દેશનો જ માલીક હોય છે તેના કુમાર કરતા ઓછું જ ગણાય. એટલે એમ કહેવું જ જોઈએ કે ચક્રવર્ત્તીને ઘેર જન્મ્યા તે કરતાં તે બીજા કુમારોના જીવો બીજા માંડલિક રાજાને ઘેર કુમાર તરીકે જન્મ્યા હોત તો સારૂં ગણાત. એટલે ચક્રવર્ત્તી ખરી રીતે એકજ કુમારનો પિતા હોય તો તે યોગ્ય ગણાય. પણ આવી સ્થિતિ ઋધ્ધિ પ્રધાનતાવાળી રાજ્યની સ્થિતિ રહેવી જોઈએ તે અપેક્ષાએ જ કરવામાં આવી છે એમ કહેવું ખોટું નથી. પરંતુ રક્ષા અને પાલનના પ્રધાનપણાની દ્રષ્ટિએ એક યુવરાજને રાજ્ય સોંપી દેવાની યુક્તિ તે ઘણી સારી રીતિ ગણાય નહિ. રક્ષા અને પોષણની નીતિની અપેક્ષાએ તો ઉત્તરવંશે પણ જેમ અધિકારનાં નિયમ ન રહે, તેમ મોટા કુંવરને રાજ્ય મલે તેવો પણ નિયમ ન

રહે, પરંતુ જેવી રીતે રક્ષા અને પાલન થઈ શકે તેવો જ નિયમ રહે, રક્ષા અને પાલનની સ્થિતિએરાજ્યની વ્યવસ્થા કરવામાં યોગ્ય કુમાર નાનો હોય તો પણ તેને રાજ્યગાદીનું સમર્પણ થઈ શકે અને રાજ્યની સ્થિતિ જો વિભાગથી રક્ષા અને પાલનને લાયક છે એમ લાગે તો નિવૃત્તદશાને પામતા અગર ઉત્તરાધિકારને કરવાને ઈચ્છનારા રાજાની પવિત્ર ભાવનાથી અખંડ રાજ્યનો અભિષેક અગર વિભક્ત રાજ્યના અભિષેકો મોટા કુમારને અગર કોઈ પણ એક કુમારને અગર જુદા જુદા કુમારને કરી શકે - આ સાચી વસ્તુ સ્થિતિ વિચારતાં ભગવાન ઋષભદેવજીને પોતાના તાબાના સો રાજ્યોની રાજગાદી સો પુત્રોને આપવી યોગ્ય લાગી હતી અને તેથી સોએ દેશોના રાજ્યોમાં સોએ પુત્રોનો અભિષેક કર્યો હતો ?

પુત્ર તરીકે મનાયેલા નમિ વિનમિનો ભાગ કેમ નહીં ?

એમ છતાં પણ જગતમાં જેમ ઔરસપુત્ર પિતાનો ભાગ લેવાને માટે હક્કદાર છે તેવી રીતે દત્તકપુત્ર પણ હક્કદાર છે એ સ્થિતિએ ભગવાન શ્રી ઋષભદેવજીએ જેવી રીતે ભરત-બાહુબલજી વિગેરેને પોતાના પુત્ર તરીકે રાખ્યા અને પાલ્યા, પોષ્યા હતા તેવી જ રીતે નમિ અને વિનમિ કે જેઓ ભગવાન્ શ્રી ઋષભદેવજીના સાક્ષાત પુત્રો નહોતા, પણ પુત્રના પુત્ર હતા. સીધી રીતિએ નમિ અને વિનમિ ભગવાન ઋષભદેવજીની પાસેથી રાજ્યનો ભાગ કે દેશનો હક્ક કંઈ પણ મેળવવાને હક્કદાર નહોતા, છતાં તે નમિવિનમિને ભગવાન ઋષભદેવજીએ પુત્ર તરીકે સ્થાપેલા હોવાથી રાજ્યનો ભાગ કે દેશ લેવાની માગણી કરવાને હક્કદાર હતા, પરંતુ જે વખતે ભગવાન શ્રી ઋષભદેવજીએ સો પુત્રોને સો દેશની રાજ્યગાદીઓ સમર્પણ કરી અને સંવચ્છરીદાનનો અસ્ખલિતપણે પ્રવાહ એક વર્ષ સુધી લાગલાગટ રીતે વહેવડાવ્યો તે સર્વ વખતે તે નમિ અને વિનમિ જેઓને ભગવાન શ્રી ઋષભદેવજીએ પુત્ર તરીકે રાખ્યા અને પાળ્યા પોષ્યા હતા તેઓ કોઈ તેવા પ્રયોજનસર ભગવાન શ્રી ઋષભદેવજીના રાજ્યની પણ હદ બહાર છેવટે કંઈ નહિં તો રાજ્યકારભાર જ્યાં ચાલતો હતો તે હદની બહાર તેઓ ભગવાનના હુકમથી ગયેલા હતા અને તેથી તેઓને આ રાજ્યની વહેંચણીની વાત કે મહારાજના સંવચ્છરીદાનની વાત તેઓના કાને સુધાં આવી નહીં. પરંતુ ભગવાન ઋષભદેવજી સો પુત્રોને રાજ્યનો અભિષેક કરીને સંવચ્છરીદાન દઈને પ્રવ્રજિત થયા ત્યારપછી તે નમિ અને વિનમિ ભગવાને આદેશેલા કાર્યને કરીને દેશમાં આવ્યા ત્યારે રાજ્યની રાજ્યના વિભાગની સંવચ્છરીદાનની અને ભગવાનની પ્રવ્રજ્યાની ખબર પડી.

શ્રી ભરત મહારાજની નમિવિનમિ પ્રત્યે કેવી ઉદારતા ?

આવી રીતે ભગવાનના હુકમથી કાર્ય કરવા ગયેલા અને કાર્ય કરીને આવેલા એવા નમિવિનમિને ભગવાને પુત્ર તરીકે રાખ્યા છે એ વાતની ભરતમહારાજને સંપૂર્ણ રીતે માહિતગારી હતી અને તેથી જ ભરત મહારાજે પોતાની લાયકાતને અનુસરીને પોતાને મળેલા અયોધ્યાના રાજ્યમાંથી ભાગ આપવા કહ્યું. માટે આ સ્થાને ભરત મહારાજની લાયકાત અને નિર્લોભતા કેટલી હશે તે ખરેખર વિચારવા જેવું છે. જો ભરત મહારાજને નમિવિનમિએ ભગવાને આપેલા હુકમનું પાલન કર્યું છે તેને અંગે સરખા ભાઈ તરીકે ન ગણે તેમજ ભગવાને પુત્ર તરીકે રાખ્યા અને પાળ્યા છે તે ધ્યાનમાં ન લે, તો પોતાના રાજ્યમાંથી કુમારભુક્તિ જેટલો ભાગ પણ આપવા તૈયાર ન થાય. છતાં ભરત મહારાજા પોતાની ઉત્તમતાને અંગે તે નમિવિનમિને પોતાને મળેલા રાજ્યમાંથી પણ રાજ્યનો ભાગ આપવા તૈયાર થયા છે, છતાં નમિ અને વિનમિ કુટુંબ આદિની સ્થિતિ ધ્યાનમાં લઈ ભવિષ્યમાં કોઈપણ મનુષ્ય કોઈપણ જાતનું અપમાનકારક વચન બોલી દે એવા કે બીજું કંઈપણ કરે એવા વિચારથી તે ભરત મહારાજા પાસેથી રાજ્યનો ભાગ લેવાની ના પાડી.

ભરતની ઉદારતાનો લાભ નહિં લેતાં નમિ વિનમિનું પિતાતુલ્ય દાદા પાસે ગમન અને તેની શુશ્રૂષા

ભગવાન ઋષભદેવજીએ પોતાને પુત્ર તરીકે રાખેલા છે માટે ભાઈ પાસેથી ભાઈના ભાગમાંથી ભાગ લેવા કરતાં પિતા તરીકે માનેલા દાદા ઋષભદેવજી પાસેથી ભાગ લેવો એમ નિશ્ચય કરી ભગવાન ઋષભદેવજીની પાસે તે નમિ અને વિનમિ બન્ને સરખી સલાહ કરીને આવ્યા. જો કે ભગવાન ઋષભદેવજીએ સર્વ રાજ્ય ઋદ્ધિનો ત્યાગ કર્યો છે અને સર્વ સાવદ્ય ત્યાગરૂપ પ્રવ્રજ્યા અંગીકાર કરી છે એ હકીકત તે નમિ અને વિનમિની ધ્યાનમાં પૂરેપૂરી હતી છતાં કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી એ અધિકારમાં જણાવે છે કે **अस्ति नास्तीति का चिन्ता, कार्या सेवैव सेवकैः** અર્થાત્ સ્વામિ પાસે કંઈ પણ દેવાની વસ્તુ છે કે નહિ એવો સેવકોને વિચાર કરવાનો હોય નહિં. પણ સેવકે તો સેવા કરવાની જ હોય. એમ ધારીને જ હોયની? તેમ દીક્ષિત થયેલા ભગવાન ઋષભદેવજીની સેવામાં તે નમિ અને વિનમિ તૈયાર થયા. ભગવાન ઋષભદેવજીની અપૂર્વરીતે સેવા કરતા હતા તેઓ ભગવાન ઋષભદેવજીનું જ્યાં જ્યાં જવું થાય ત્યાં ત્યાં પૃથ્વીનું પ્રમાર્જન કરે, તે કાઉસગ્ગ ધ્યાને રહે ત્યાં ચારે બાજુ જલનો છંટકાવ કરે અને ફૂલની વૃષ્ટિ ચારે બાજુ કરી ભગવાનની સેવામાં ઉભા રહેતા હતા. ભગવાનની પાસે ઉભા રહેતી વખત તે નમિ અને વિનમિના હાથમાં ચલકતી તરવારો હતી. તે તરવારોમાં ભગવાન્ શ્રી ઋષભદેવજીનું પ્રતિબિંબ પડવાને લીધે ભગવાન ઋષભદેવજી ત્રણ જગતના ઉદ્ધારને માટે ત્રણ રૂપવાળા થયા હતા તેમ દેખાતું હતું. શાસ્ત્રકારો અભિગમમાં ખડ્ગ છોડવાનું કહે છે પણ રાજ્ય ચિહ્નરૂપે હોય તેને માટે ગણાય આ તો સેવાનો રૂપે છે.

યથાસ્થિત ત્રિમૂર્ત્તિરૂપ ભગવાનની સ્તુતિ

કેટલીક જગા પર ગ્રંથકારો પણ એ ત્રણ રૂપની અપેક્ષાએ ભગવાન ઋષભદેવજીની ત્રિમૂર્ત્તિ તરીકે સ્તુતિ કરે છે. વિચક્ષણ પુરૂષો સમજી શકશે કે જેમ મુખનું યથાવત્ પ્રતિબિંબ જ આદર્શમાં હોય છે એથી સાક્ષાત્ મુખ અને પ્રતિબિંબિત થયેલા આદર્શના મુખમાં અંશે પણ દેખાવમાં ફરક હોતો નથી અને તેથી વાસ્તવિક રીતિએ ભગવાન ઋષભદેવજી જ ત્રિમૂર્ત્તિરૂપ ગણાય. કેમકે તે ત્રણ મૂર્ત્તિઓ એક સરખી જ હોય. રૂપ-રંગ વિગેરેમાં કોઈપણ જાતના ફરકવાળી તે હોતી નથી. જો કે જગતમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ ત્રણ ત્રિમૂર્ત્તિરૂપ ગણાય છે, પણ તે ત્રણેનું ત્રિમૂર્ત્તિરૂપ કહેવા કરતાં એ ત્રણેને ત્રિશરીરી કહેવા એ વધારે યોગ્ય ગણાય, કેમકે એ ત્રણેના આકારો વિગેરે કોઈપણ પ્રકારે મળતા નથી, પરંતુ ભગવાન ઋષભદેવજીનું મૂળ શરીર અને સેવામાં ઉભેલા નમિવિનમિની તરવારમાં પડેલા પ્રતિબિંબમાં કોઈપણ જાતના રૂપરંગ વર્ત્તન કે આકારમાં ભેદ ન હતો. વળી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર એ ત્રણ મૂર્ત્તિ નથી પણ ખુદ એ ત્રણે ચૈતન્યસ્વરૂપ છે અને તે ત્રણેમાં એકે પણ મૂર્ત્તિરૂપ નથી, જ્યારે અહિં ભગવાન ઋષભદેવજીના અધિકારમાં નમિવિનમિના ખડ્ગોમાં થયેલા પ્રતિબિંબો જે બે છે તે તો ખુદ મૂર્ત્તિરૂપે જ છે અને બંને બાજુ મૂર્ત્તિરૂપ હોવાથી મધ્ય બીરાજેલા ભગવાન્ ઋષભદેવજી સાક્ષાત્ વિદ્યમાન હતા છતાં પણ તેમને કાઉસ્સગને લીધે આકાર માત્રની અપેક્ષાએ મૂર્ત્તિરૂપે ગણી ત્રિમૂર્ત્તિ તરીકે ગણવામાં આવે તો તે યુક્તિયુક્ત હોવા સાથે શ્રધ્ધેય ઠરે છે. માટે ભગવાન ઋષભદેવજીની ત્રિમૂર્ત્તિ તરીકે કરેલી સ્તુતિ યથાસ્થિત છે એમ સજ્જનોને માનવાની ફરજ પડે છે. ઉપર જણાવ્યા પ્રમાણે સર્વકાલ નમિ અને વિનમિ ભગવાનની સેવા કરવા સાથે જે મુદ્દાથી આવેલા છે તે મુદ્દાને ભૂલતા નથી અને તેથી ભગવાનની આગળ ત્રણે કાળ નમસ્કાર કરીને એકજ માગણી કરે છે કે **राज्य-भागप्रदां भव** આવી રીતે નમિ અને વિનમિને અંગે કરવો જોઈતો વિચાર કરી નિર્ગ્રંથ એવા ભગવાનની સેવાથી થતી ફલની પ્રાપ્તિનો વિચાર કરીશું.

સમાલોચના

૧ સોસાયટીનો લેખ લખ્યાને તો બે માસ થયા છે. હમણાં જ તે બહાર આવ્યો. આટલી બધી મુદત થયા છતાં સુધારો નથી થયો પણ સુધારો સંભવ પણ નથી જ જણાતો. એમ ન હોત તો દિગંબર ખરતર અને પાયચંદની કુમક ન લેવાત. આટલી વખત પણ ખંભાત કે અન્ય સ્થાનની સોસાયટી ન ચેતે એટલે વિસર્જનમાં જ વિશ્રામ. વળી ખંભાતને સાવચેતી અપાતો લેખ ખંભાતને નામે જે અપાયો છે તે પ્રપંચ નથી ? (મુંબઈ)

૧ શરૂઆતમાં જ अथ तिथिवृद्धिहानिप्रश्नोत्तरं लिख्यते એવું ચોકખું ગ્રંથકારનું હેડીંગ છે. અંદર પણ મુખ્યતાએ પૂનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિનો વિચાર છે. છતાં શ્રી હીરપ્રશ્નનો પાઠ પાંચમ અને પૂનમના ક્ષય વખતે તેના તપને ક્યાં કરવો એ વિચાર છે જ. માટે तिथिहानिवृद्धिविचार એવું બાંધેલું સરનામું અયોગ્ય નથી જ.

૨ વળી ૧૮૭૧ના શ્રી દીપવિજયજીના પત્રથી તે પત્રક દેવસૂરવાળાનું જ છે એમ જણાય છે, આ રહ્યો તેનો કેટલોક ભાગ-

स्वस्ती श्री भरुअच सुरत कांहांनमपरगणे श्री विजयानंदसूरिगछिया समस्तसंप्रदायप्रति श्री वडोदराथी। लि। पं-दीपविजयजी वंदना। बीजु। तिथि बाबतः तुमारो खेपीयो आव्यो हतो ते साथे पत्र मोकल्युं ते पोहोतु हस्यै। बी। अमांस। पुंन्यम त्रुटती होई। ते उपर देवसूरिजीवाला तेरस घटाडें छै। -

सं-१८७१ आसो सुदि १, बिना स्वारथें श्याने विग्रह जोइइं, पाधरो न्याय छइ। ते करजो जी।

તેથી આખા દેવસૂરિનાગચ્છની આ માન્યતા છે એમ કહેવું યોગ્ય જ છે.

૩ આચાર્ય મહારાજ શ્રી વિજયદેવસૂરિજીને માટે વિજયપ્રશસ્તિકાવ્ય કે જે અનેકવર્ષોથી ટીકા સાથે છપાઈ ગયું છે તેને જાણનાર તો ઉત્તરાધિકાર છીનવાયાનું ગપ્પાષ્ટક ન જ માને એ સ્વભાવિક જ છે.

૪ સાગરવાળાઓનું ધન્ય ભાગ્ય મનાય કે તેઓના સંબંધી ગણાતા શ્રી વિજયદેવસૂરિજીની પરંપરામાં શાસન ચાલ્યું છે અને આણસૂરવાળા કે જેઓને શ્રીમાન્ કલ્યાણવિજયજી ઉત્તરાધિકારવાળા જણાવે છે તેઓની પરંપરામાં કોઈ સંવેગી રહ્યો નહિ અને પરંપરા પણ જણાઈ નહિ.

૫ જો કે શ્રી દીપવિજયજી શ્રીઆણસૂરગછીય હશે એમ જણાય છે, છતાં તેઓ ૧૮૭૧માં પણ શ્રી દેવસૂરિવાળા જુદા હતા એમ જણાવે છે. અર્થાત્ ભરૂચ વગેરેમાં એકજ ગુરૂના શિષ્યો આણસૂર અને દેવસૂરવાળાને ઝઘડો ચાલતો હતો, ખોટે નામે સાગરવિજયનો ઝઘડો જણાવવો અને પોતાનો પર્વક્ષયનો અને ખોખાપર્વનો મત જુઠાં જુઠાં બોલીને બચાવવો તે સજ્જનને લાયક નથી.

૬ ૧૮૭૧ના શ્રી દીપવિજયજીના પત્રથી એ પણ સ્પષ્ટ થાય છે કે શ્રી દેવસૂરિવાળા પૂનમ અને અમાવાસ્યાને ક્ષયે તેરસનો ક્ષય કરતા

હતા અર્થાત્ પૂનમના ક્ષયે ઉદયવાળી તેરસને ચૌદશ અને ઉદયવાળી ચૌદશને પૂનમ માનતા હતા. સ્પષ્ટ થાય છે કે ક્ષય અને વૃદ્ધિને પ્રસંગે ઉદયનો આગ્રહ તો આ નવા પંથવાળાને જ છે. કોઈપણ પહેલા પુરૂષને નહોતો અને હોય પણ નહિ. ઉદયની વાત જ બેસતી વગેરે તિથિ માનનારાઓના ખંડનને માટે છે.

૭ હજુ સુધી બુધવારીયા તરફથી પૂર્વની અપર્વતિથિની ક્ષય વૃદ્ધિ ન કરવી એવો એક પણ પૂરાવો અપાયો નથી.

૮ શ્રી હીરસૂરિજી વગેરે त्रयोदशीचतुर्दश्योः એમ અને બીજી તિથિને જ ઉદયવાળી લખે છે તે તો સાગરોની સ્હેથી નથી જ. માટે ખોટું લઢાવવું છોડી દઈ પરંપરાનો સાચો માર્ગ ગ્રહણ કરો તો કલ્યાણ.

(વીર. મુંબઈ)

૧ શ્રી હીરપ્રશ્નમાં પૂનમના ક્ષયે તેના તપ માટે त्रयोदशी चतुर्दश्योः એમ દ્વિવચનથી જેમ ઉત્તર આપે છે અને ત્રયોદશીનું વિસ્મરણ થયે છતે પડવાનું એકવચનથી છે એ સ્પષ્ટપણે તેરસનો ક્ષય કહે છે. સેંકડો વર્ષોથી પૂનમની વૃધ્ધિએ તેરસની વૃદ્ધિ થાય છે એ જણાવવા ૧૮૯૫ વાળો લેખ બસ છે. ગચ્છની મર્યાદા હોય તો નામ ન પણ હોય. વન્દિતાસૂત્ર વગેરેમાં કર્ત્તાનું નામ નથી. એટલે શું તે નથી મનાતાં ? ચાલીશવર્ષનો રવૈયો કહી ૧૮૯૫ના લેખથી ખોટા પડ્યા અને પરંપરા સાચી અને જુની સાબીત થઈ એટલે નામ વગેરેનાં ફાંફા મારો છો, પણ તેથી કંઈ વળવાનું નથી.

૨ જો કોઈ દેવસુરવાળાએ પૂનમની વૃધ્ધિએ તેરસ ન વધારી હોય તો જણાવવું. બાકી પ્હેલાના લેખો અને વર્ત્તમાન રીવાજથી નક્કી થાય છે કે પૂનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ જ બધાએ કરી છે.

૩ શ્રી કલ્યાણવિજયજીના લખવા પ્રમાણે રાધનપુરના ભંડારમાં ૧૭૯૨ની શ્રી વિનયવિજયજી મહારાજના શિષ્ય રૂપવિજયજીએ અને તે બીજી વખતે શ્રીરામવિજયજીએ લખેલી તિથિવાદની પ્રતમાં ભાદરવા સુદ પાંચમના ક્ષયે કે વૃદ્ધિએ ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કે વૃદ્ધિ કરવાનો ચોકખો પાઠ છે. એટલું છે કે બુધવારીયાઓ પ્રામાણિક રસ્તે ન જાય એટલે ૧૮૯૫નો જુઠો ૧૭૯૨ નો જુઠો એમ પોતાથી વિરૂદ્ધ એટલા જુઠા. (પૂનમનો દાખલો તો જાહેર અને જુનો છેજ) સત્યપ્રેમીને જન્મ આપનારી માતાને જ ધન્યવાદ અપાય.

૪ જૈનજ્યોતિષ પ્રમાણે તિથિનો ક્ષય આવતો નહોતો એમ કોઈ કહે નહિ. બાકી તિથિની વૃદ્ધિ તો ન જ હોય, ઉત્તરાધ્યયનમાં પૌરૂષીના માનમાં અવમરાત્ર લીધા, પણ અતિરાત્ર નહિ લીધા. અક્કલ હોય તો સમજે કે વર્ષે છના ક્ષયથી પાંચ વર્ષે એક મહિનો વધે, પણ બીજો મહિનો શાનો વધે છે ? અહોરાત્રની વૃદ્ધિ હોય અને પાંચ વર્ષે એકઠી થઈ મહિનો વધે. પણ તિથિ તો વધે જ નહિં.

૫. त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात् એ વિગેરે તત્ત્વતરંગિણીના પાઠથી અનેક વખત સમજાવાઈ ગયું છે કે પર્વતિથિના ક્ષયે પહેલાની તિથિ બોલાય નહિં, પણ चतुर्दश्येव એટલે ચૌદશ જ છે એમ કહેવાનું કહે છે. તેથી ધર્મના વિધાનમાં ચૌદશ અર્થાત્ બીજ આદિ પર્વતિથિ જ છે એમ સ્પષ્ટપણે જણાવાઈ ગયું છે. સાચી વાત સ્થિર મગજવાળો જ સમજે. પૂર્વની તિથિ કરે એટલે પડવો આદિ જ બીજ આદિ થાય એટલે પડવા આદિનો ક્ષય ગણાય અને

વૃદ્ધિમાં બીજીને જ તિથિ કરવી, એટલે પહેલી તિથિ ન જ ગણાય એ ચોકખું સમજાય તો પૂર્વના અપર્વની હાનિ અને વૃદ્ધિ એ સ્હેજે સમજાય. પૂર્વમાં અને ઉત્તરમાં એવો અર્થ કહેનારા તો વ્યાકરણ ભણવા બેસે તો સારૂં કે જેથી ખોટા અર્થો કરી શાસ્ત્ર અને સાચી પરંપરાને ઉઠાવે નહિ.

૬ લૌકિકટીપ્પણામાં તિથિ અને પર્વતિથિની વૃદ્ધિ સ્પષ્ટ છે, પરંપરા અને ૧૮૯૫નો લેખ બે પૂનમોએ બે તેરસ ગણતા અને કહેતા હતા એમ જણાવે છે. ફલ્ગુ અને ખોખાવાળી તો ખાખરામાં ખખડાવે છે. હજી સુધી ભેળસેળ અને ખોખાપંથીયોથી એક પણ પુરાવો આરાધનામાં ભેળસેળ અને ખોખા માટે સીધો અપાયો નથી અને અપાશે પણ નહિ. પરંપરા તો તેમનું ખોખું કરનારી જ છે. હીનતિથિએ સવારથી તે તિથિ માનવામાં અને વૃદ્ધિતિથિએ પહેલાની ઉદય અને પૂર્ણ ભોગવટાવાળીને પણ ફલ્ગુ કે ખોખુ માનવામાં આરાધના માટે ઉચિત છે અને મૃષાવાદ નથી, તો પછી આરાધનાની નિયમિતતા માટે શ્રી ઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષને અનુસારે પૂર્વની અપર્વની હાનિવૃદ્ધિ મનાય તેમાં દોષને સ્થાન જ ક્યાં છે ? ખરતરોને તો પૂનમ માનવી છે અને પક્ખીનું કામ કરવું છે માટે સ્પષ્ટ મૃષાવાદ લાગે છે.

૭ તત્ત્વતરંગિણીમાં તેરસ ન કહેવી, ચૌદશ જ છે એમ કહેવું અને તેરસ કહેનારો મૂર્ખ શિરોમણી છે એ વિગેરે જોવાથી અપર્વનો ક્ષય કરવો એ જ શાસ્ત્રીય છે એમ જણાશે.

૮ ભાદરવા સુદ પાંચમની ક્ષય વૃદ્ધિએ ત્રીજની ક્ષય વૃદ્ધિ માની છે અને માનીએ છીએ અને એજ સાચા ઠરે છે.

૯ પૂનમની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરવાની માફક જ ભાદરવા સુદ પાંચમની ક્ષય વૃદ્ધિએ ત્રીજની ક્ષય વૃદ્ધિ સ્વાભાવિક જ છે, માટે ખોખાપંથી અને ભેળસેળ પંથિયો તેને ન માને.

૧૦ ૧૮૯૫ નો લેખ વગેરે અને પરંપરાથી અપર્વનો ક્ષય અને વૃદ્ધિ સિદ્ધ છતાં ન માને તેની મરજી.

૧૧ ભાદરવા સુદ ચોથના ક્ષયે ક્ષયે૦ ના નિયમથી ત્રીજને ચોથ કરવી એટલે ત્રીજનો ક્ષય થઈ જ જાય.

૧૨ ભાદરવા સુદ પાંચમની પર્વતિથિ માનીને ખરતરોને જણાવ્યું છે કે ચૌદશના ક્ષયે પૂનમ લઈ શકો તો ભાદરવા સુદ ચોથના ક્ષયે ત્રીજ અપર્વનો ક્ષય નહિં થાય પણ પર્વ એવી પંચમીએ સંવચ્છરી કરવી પડશે એમ पंचमीस्वीकारेण વાક્યથી જણાય જ છે.

૧૩ ગયે વર્ષે રવિવારે અને આ વર્ષે ગુરૂવારે ટીપ્પણામાં ચોથ ન હોય છતાં તેને તત્ત્વતરંગિણી વગેરેમાં ઉદયવાળી તેરસ છતાં તેને તેરસ કહેનારને મૂર્ખ શિરોમણિ કહ્યો. એ હિસાબે ગયે વર્ષે રવિવાર અને આ વર્ષે ગુરૂવારે ધર્મ આરાધનાના પ્રસંગમાં પાંચમ છે એમ માને તે પણ મૂર્ખ જ ગણાય. માટે જ પરંપરા અને શાસ્ત્રને માનનારાઓએ રવિવારે ચોથ માની છે અને ગુરૂવારે ચોથ જ માનશે.

૧૪ ક્ષયે પૂર્વા- નો અર્થ બીજ આદિ પર્વ તિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાની પડવા આદિ તિથિને જ બીજ આદિ તિથિ બનાવવી. એ અર્થ શ્રી સિદ્ધચક્રમાં જણાવેલો છે. પડવો આદિ બીજ આદિ બની જાય તેથી પડવો ન રહે અને ક્ષય પામે એ ચોકખું જ છે. એવી જ રીતે બીજીતિથિને જ ઔદયિકી કહેવાથી તથા ઉત્તરાને જ બીજ આદિ માનવાનું શ્રી ઉમાસ્વાતિજીનું વચન છે તેથી આપોઆપ અપર્વની જ વૃદ્ધિ થાય. અર્થાપત્તિને શબ્દાર્થ ગણવાવાળા તો નિશાળે ફેર ફેરો ખાય.

૧૫ ક્ષય અને વૃદ્ધિ સિવાય જ ઉદયનો નિયમ

છે અને તે પણ આરંભક્રિયા કાલ કે સમાપ્તિ માનનારના ખંડન માટે છે. નહિતર ક્ષયમાં વગર ઉદયે અને વૃદ્ધિમાં છતે ઉદયે તિથિ માની અને ન માની તેનું શું ?

૧૬ કોપીની પ્રત જૈનાનંદ પુસ્તકાલયમાં તૈયાર છે. અનુવાદક અસત્ય અને અભિનિવેશી છે. વખત આવે તે સ્વરૂપે પ્રકાશમાં લવાશે જ.

૧૭ ધર્મારાધનની વિધિ સમજનારા તો તેરસ કહેનારની મૂર્ખતા જાણી અને માની છે, માટે બુધવારે ચોથ છે એમ માને જ નહિ.

૧૮ ચૌમાસી ચૌદશે જ થાય એમ છતાં જેમ ચૌદશના ક્ષયે તેરસે વગર ચૌદશના ઉદયે કરનાર આરાધક થાય તો પછી ગુરૂવારે ચોથ માનનાર જ આરાધક છે. **तद्भोगगन्ध-स्थाप्यभावात्** આ હેતુ વાક્યને સમજનારો સમાપ્તિને સાથે લેવી જ એમ ન કહે. જો કે ભોગનો અધિકાર યથાસંભવથી લેવાય. નહિંતર આઠમના ક્ષયે સૂર્યોદયની વખત શું આઠમનો ભોગ છે કે જેથી તે વખત શીલાદિ નિયમની હાજરી માનવી.

૨૦ ઉભયપર્વના ક્ષય કે વૃધ્ધિના પ્રસંગમાં સંપૂર્ણતાવાળો ભોગ કોઈ લખે નહિં અને કોઈ માનતું પણ નથી.

૨૧ કોઈપણ આરાધના કરનારે આરાધનામાં ચૌદશ પૂનમ વગેરે બે માની જ નથી. શ્રી વિજયહીરસૂરિજી મહારાજ બંને ઉદયવાળી હોવા છતાં બીજીને જ ઔદયિકી માનીને પહેલીને વગર ઉદયની જણાવી સ્પષ્ટપણે અપર્વ જણાવે છે.

૨૨ ટીપ્પણાનાં જે તેરસ હોય તે ગૌણ અને આરાધનામાં ચૌદશ જ છે એમ કહેવાય તે મુખ્ય છે અને તેથી જ **गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्येवेति व्यपदेशो युक्तः** એમ સ્પષ્ટ જણાવી આરાધનામાં તેરસ કહેનાર કે માનનાર મૂર્ખશેખર છે એ વાક્યની સંગતતા જણાવે છે.

૨૩ ક્ષયની વખતે ઉદય નહિં મળે અને ભોગ તથા સમાપ્તિ જ મળે. પણ વૃદ્ધિની વખતે ઉદય તો પહેલે દિવસે છે, માટે સમાપ્તિવાળો ઉદય મળે અને ઉભયપર્વ હોય ત્યાં પરંપરા અને શાસ્ત્રને અનુસારે ભોગ લેવાય અને વ્યવહારો લેવાય. પણ ભેળસેળીયા અને ખોખાપંથી તો શાસ્ત્ર અને પરંપરાને છોડીને સ્વચ્છંદી થાય.

૨૪ નિયમો તિથિને અંગે હોય છે. ક્ષય હોય તો પણ પર્વ માનીને જ આરાધાય છે. તેમ વૃદ્ધિ હોય તો પહેલીને ખસેડીને જ વ્યવસ્થા કરાય તે શાસ્ત્રીય છે. બે તેરસો તે બે પૂનમે જણાવે જ છે. વળી શ્રી હીરસૂરિજી મહારાજ બીજીને જ ઔદયિકી કહી પહેલીને અપર્વતિથિના નામે જણાવે છે જ.

૨૫ આરાધના પ્રસંગે તેરસને તેરસ તરીકે બોલનાર મહામૂર્ખ છે એમ જે તત્ત્વ-તરંગિણીમાં જણાવ્યું છે. તે વાંચે જાણે અને માને તે તો જરૂર ભેળસેળવાદિયોને પરંપરા અને શાસ્ત્રનો લોપનાર માનવા સાથે મૃષાવાદી જ નહિં પણ અભિનિવેશ મિથ્યાત્વી જ માને.

૨૬ ટીપ્પણામાં જેમ ચૌદશ આદિનો ક્ષય લખાતો અને બોલાતો હતો તો પણ આરાધનાના પ્રસંગમાં તો તેરસ છે એમ બોલનાર અને ચૌદશનો ક્ષય છે એમ બોલનાર મૂર્ખશેખર ગણાયો છે, તેવી જ રીતે ટીપ્પણામાં બે ચૌદશ કે બે પૂનમ આદિ હોય છતાં આરાધના પ્રસંગે બે પૂનમ કે બે ચૌદશ આદિ બોલી બંનેને ઔદયિકી માનનારો શ્રી હીરસૂરિજી મહારાજના વચનને અને પરંપરાને લોપનારો જ ગણાય છે. વાચકોએ વિચારવું કે ઔદયિક ચૌદશ અને ઔદયિક ચોથનો તેઓને વૃદ્ધિ પ્રસંગે પણ બાધ આવે છે તો પછી બે ચૌદશ પૂનમ હોય ત્યારે પહેલી ચૌદશ પૂનમનો ઉદય ફોગટીયો હતો કે જેથી તેને તેઓ ખોખા તિથિ

માને છે અને આરાધવાની ના કહે છે. કદાચ કહે કે સમાપ્તિ બીજે દિવસે છે તો કહો કે પહેલો ઉદય નકામો થયો છે. એમ અહીં ઉભયપર્વના પ્રસંગે પણ ઉદય ભોગ કે સમાપ્તિ એકકે રહે નહિં, પરંતુ માત્ર શાસ્ત્ર પરંપરા છે તે જ રહેશે અને એટલા માટે જ શાસ્ત્ર અને પરંપરાને માનનારાઓએ રવિવારની સંવચ્છરી કરી છે અને ગુરૂવારે કરશે. બાકી જેઓને આંખો મીંચીને ચાલનારાની માફક ભેળસેળપંથી અને ખોખાપંથીમાં જવું હોય તેઓને તો જ્ઞાની પણ નહિં બચાવી શકે. સત્ય માર્ગે જ કલ્યાણ છે અને શાસ્ત્ર અને પરંપરાથી જ સત્યમાર્ગ છે.

(પાલીતાણા ધર્મશાળા)

૧ જોધપુરી પંચાંગ માન્ય હોવાની સાથે ક્ષયમાં પૂર્વતિથિ કરવી અને વૃદ્ધિમાં ઉત્તરતિથિ કરવી આ પણ નિયમ છે જ. બીજી પાંચમ જ ઉદયવાળી મનાય. પહેલી પાંચમને પાંચમ કહે તે શ્રી ઉમાસ્વાતિવાચકજી મહારાજ અને શ્રી હીરસૂરિજી મહારાજને બોયકોટ કરનાર છે. પ્રઘોષને જુઠા કહેનારા કેશવકાન્તને શરમ કેમ નથી આવતી ? ક્ષયે પૂર્વા૦ નો સમમીથી અર્થ કરનારા રામપંથીયો પોતે જુઠા છે અને બીજાને માથે છટ્ટીનો અર્થ નાંખીને તેઓ અકથ્યકોટિમાં આવે છે. પૂનમ અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિનો રિવાજ સેંકડો વર્ષોનો હોવા સાથે તેના પુરાવા પણ મોજુદ છે. બેને બે ચાર કહેનારને ખોટા માનનાર જેવા આ રામપંથિયો છે. પૂર્વના અપર્વનો ક્ષય કે વૃદ્ધિ ન થાય, પાંચમ કે પૂનમના ક્ષયે કે વૃદ્ધિએ ત્રીજ કે તેરસની ક્ષય વૃદ્ધિ ન થાય, એવો એક પણ પાઠ રામપંથી કેમ આપતા નથી?

૨ બુધવારીયાઓ જે શ્રી સિદ્ધચક્રનો આઠ દિવસની અપેક્ષાએ અઠ્ઠાઈ ગણાવેલીનો દાખલો આપે છે તે જ પત્રમાં તે બાબતનો ખુલાસો અપાઈ ગયો છે કે ચોથની પહેલાની વધઘટની અપેક્ષાએ પજુસણની અઠ્ઠાઈ ગણવા માટેની ત્યાં વાત છે. બુધવારીયાઓ શું એટલું નથી જાણતા કે આષાઢી પૂનમ પર્વતિથિ છે અને અઠ્ઠાઈ ચોમાસીના છેડા સુધી છે અને તેની પહેલાની તિથિઓની વૃધ્ધિહાનિ ધ્યાનમાં લઈ તે બેસાડાય છે. છતાં પૂનમની અપેક્ષાએ જ્યારે વિચારીયે ત્યારે પૂનમની હાનિવૃદ્ધિ પણ ધ્યાનમાં લેવી જ પડે છે. આવી સાદી વાત તેઓ નથી સમજતા એમ તો નથી, પણ હઠ અને કદાગ્રહને લીધે જુઠું બોલવું અને જુઠું પ્રચારકાર્ય કરવું છે. પરંતુ હવે જૈનજગત બુધવારીયાઓથી ઘણેભાગે સાવચેત બની ગયું છે, છતાં હજી કોઈક સારા પણ બેનસીબ હશે કે જેઓએ હજી તેઓની ચાલબાજી નહિં જાણી હોય.

૩ પુના અને અમદાવાદથી વિહાર કર્યો નહિ, પ્રતિનિધિપણાની ખોટી શરત ઉભી કરી અને કમીટીની ના કબુલાત કરી બુધવારીયા લિખિત શાસ્ત્રાર્થથી ખસ્યા અને પરસ્પર દેખાડયા સિવાય ખાનગી કાગળથી લિખિત ચર્ચા કરવા જેવી છોકરરમત તેમજ સર્વાનુમત જેવો ઢોંગ ઉભો કરી લિખિતથી પણ બુધવારીયા જ ખસ્યા છે : (મુંબઈ-કેશવકાન્ત)

૧ અગુરૂલઘુ એ પદાર્થનો સ્વભાવ છે અને તે એવો છે કે તે કેવલિમહારાજ દેખે અને તે દેખનાર સકલ દ્રવ્યને દેખે તેમાં નવાઈ નથી. અરૂપીનું જ્ઞાન કેવલિને જ હોય. ગોત્રકર્મના ક્ષયથી અગુરૂલઘુતા થાય પણ જ્ઞાન તો તેનું જ્ઞાનાવરણીયના ક્ષયથી જ થાય. ભવસ્થકેવલિ અને મુક્તકેવલિને એ જ્ઞાન ગુણ સરખો છે. સ્વચ્છતા જેમ દર્પણ અને કાચમાં છે અથવા પ્રતિબંધ ધરવાનો સ્વભાવ બંનેમાં છે, એ સમાનતા છે.

૨ ઘડાના ભૂતકાલના મૃત્તિકાપિંડાદિપર્યાયો અને તેનું દ્રવ્ય અતીતપણે, પૃથુ બુંધ્નોદરાદિ આકાર અને દ્રવ્ય વર્ત્તમાનપણે અને કપાલાદિ પર્યાય અને દ્રવ્ય અનાગતપણે જેમ જણાય તેમ ત્રણ કાલનું જ્ઞાન થાય. અતીત વર્ત્તમાન ભવિષ્યપણે તે તે પદાર્થોનું સ્વરૂપ જાણવું તે ત્રિકાલ જ્ઞાન જાણવું.

૩ પ્રશસ્તપણાથી જિન ગુરૂવન્દનાદિમાં હિંસા મૃગપ્રશ્નાદિમાં મૃષાવાદ, યુગપ્રધાનાદિ જેવામાં દીક્ષા દેતાં અદત્ત અને સંયમોપકરણાદિમાં પરિગ્રહ હોય છતાં ભોગવવો પડે તેવો પાપ બંધ ન થાય અને ભક્તિ આદિ પરિણામથી પુણ્ય અને સાથે નિર્જરા થાય. મૈથુનમાં પ્રશસ્ત કષાયથી સેવા ન હોય.

૪ પ્રશસ્તપણું પુણ્યબંધ કરાવે અને સાથે નિર્જરા પણ કરાવે. સરાગતા બંધનું કારણ અને વિરતિપણું આદિ નિર્જરાનું કારણ. કેવલિ આત્માના પણ યોગો શાતાના કારણો છે. શુભકર્મ તેના ભોગે અને સમુદ્‌ઘાત નિર્જરે અને અશુભ કર્મ તપસ્યા તથા સમુદ્‌ઘાતથી નિર્જરે.

૫ નિષ્કષાયપણે થતી યોગની પ્રવૃત્તિ શુક્લલેશ્યાવાળી જ હોય. મનનો યોગ કેવલિને અનુત્તરસુર કે મનઃપર્યાયજ્ઞાનિના ઉત્તર માટે. ધર્મ દેશના માટે વચન અને કાયાની પ્રવૃત્તિ થાય, તેમાં શુક્લલેશ્યા હોવામાં અડચણ નથી.

૬ ઈંદ્રિયથી થતા સ્પર્શાદિનો ઉપયોગ મતિજ્ઞાન છે અને તે થયેલા મતિજ્ઞાનને કેવલિ જાણી લે છે.

૭ કેવલિયો અતીંદ્રિય હોવાથી જીવન મુક્તદશામાં પણ તેમને તેનો ઉપયોગ ન હોય, તો પછી સિધ્ધદશામાં તો તે ઉપયોગ હોય જ ક્યાંથી ?

૮ આયુઃ તો આયુઃકર્મ ઉપર આધાર રાખે, પણ તેની ગણત્રી વર્ષાદિથી કરવા માટે શ્વાસોશ્વાસથી શરૂઆત કરી. શાસ્ત્રોમાં પણ **सत्तपाणाणि से थोवे त्थ हट्ठस्स अणवगल्लस्स** ઈત્યાદિ કહીને ગણત્રી માટે તેનું આદિપણું લીધું. સમય અને આવલિકા લોકવ્યવહારનો વિષય નહિં, બાકી શ્વાસે નામકર્મ ભોગવાય છે.

૯ શ્રી જિનેશ્વરપ્રભુના આદરમાં પુણ્યબંધ અને નિર્જરા બંને છે. જુઓ **सव्वपावप्पणासणो** આદિ વાક્યો. આદર અનાદરમાં ઉદાસીનતા જો નિર્જરાનું કારણ માનીયે તો અસંજ્ઞિયો ઘણી નિર્જરા કરવાવાળા થાય. ઉદયનો ભોગ કે તપસ્યા એ નિર્જરાનો હેતુ છે. એ નિર્જરા પાપકર્મની છે.

૧૦ સંયોગ પછી બાર મુહૂર્ત્ત સુધી જીવસંક્રમે છે એમ ધ્યાનમાં છે.

૧૧ અજ્ઞાન અને અવિરતિપણામાં વેદાય તે વગેરે ભાવકર્મ ગણાય. (મુંબઈ-ફત્તેચંદ)

૧ પૂર્વગતસૂત્રમન્યચ્ચ વિનેયાન્ વાચયન્તીતિ વાચકાઃ એ પાઠથી પણ વાચકો પૂર્વગત સૂત્રને ધારણ કરનાર હોય એમ નક્કી થાય છે અને ટીકાકારો પણ સ્થાને સ્થાને **वाचकाः पूर्वविदः** એમ સ્પષ્ટ જણાવે છે. એટલે શ્રી પાર્શ્વનાથનું શ્રુત તે પૂર્વશ્રુત આવું કહેનારા શાસ્ત્ર અને પરંપરા બંનેની અશ્રદ્ધાવાળા છે. વળી શ્રીનન્દીસૂત્રમાં **वड्ढउ वायगवंसो** (૩૦) (૩૧) **वायगपयमुत्तमं पत्ते** (૩૨) **अणुपुधिं वायगत्तणं पत्ते नागज्जुणवायगं वंदे** (૩૬) એ આદિ વચનોથી તેમજ **वायग वंसं पवयणं च** (**आव. नि.**) ના વચનથી શ્વેતામ્બરોમાં જ રહેલો વાચકવંશ છે, પણ શ્વેતામ્બરોથી ભિન્નતાવાળો નથી. વળી શ્રી દેવવાચક જેઓ શ્રી નન્દીસૂત્રના કરનારા છે તેઓશ્રી પણ વાચકપદથી અંકિત જ છે. એ ઉપરથી વાચકોનો વર્ગ જુદામતનો હતો એ કથન જુઠું જ છે. શ્રી આવશ્યકચૂર્ણિમાં જે **अन्नो गणहरवंसो अन्नो य वायगवंसो** એમ જણાવવામાં આવેલ છે તે માત્ર વંશની

ભિન્નતા જણાવી આચાર્ય અને ઉપાધ્યાયની પરંપરા અને જુદા નમસ્કારનું પ્રયોજન જણાવવા માટે છે, પણ તેથી શ્વેતામ્બરોથી વાચકનો વર્ગ જુદો હતો એવી કલ્પના કરવી તે તો જુઠી જ છે. શ્રી નન્દીસૂત્રમાં વાચક અને ગણધર-સ્થવિર પરંપરાનાં નામો છે.

૨ મી. સુખલાલે પૃષ્ઠ ૧૮માં "ઉમાસ્વાતિ પોતે જ પોતાના દીક્ષાગુરૂને વાચક તરીકે ઓળખાવવા સાથે અગ્યારઅંગના ધારક પણ કહે છે." એમ જે લખ્યું છે તે ફક્ત તેમને વાંચન પરાલંબને હોવાથી થયું છે. કેમકે ત્યાં તો **शिष्येण घोषनन्दिक्षमण-स्यैकादशांगविदः** આવી રીતે વાચકપણા સિવાયનો જ લેખ છે. જો કે પૂર્વધરશ્રુતને ધારણ કરવાવાળા અગ્યાર અંગને રોજ વિચારનાર હોય અને તેથી વિચાર અર્થનો 'विद' ધાતુ લઈને કહી પણ શકાય.

૩ શ્રી ઉમાસ્વાતિજી **शुभः पुण्यस्य, अशुभः पापस्य** સૂત્રો (૬ અ. ૩-૪) થી પુણ્ય અને પાપને નથી માનતા એમ તો નથી જ. **सम्यक्त्वहास्य-पुण्यम्** (૬.અ.૨૬) સૂત્રથી પુણ્યફલ પણ પોતે જ જણાવે છે. માટે જે નવનો સાતમાં સંકોચ કરે છે તે કેવલ તર્કાનુસારિયોની અનુકૂલતા માટે અનન્તર્ભાવરૂપે અને શુદ્ધરૂપે તત્વ કહેવા માટે છે અને એ સમજવું મુશ્કેલ નથી.

૪ તર્કાનુસારિયોની અનુકૂલતા માટે શબ્દાદિનો મૂલભેદ સાંપ્રતનામથી લીધો છે અને તેથી જ શ્રી ઉપાધ્યાયજી મહારાજ **શ્રીનયરહસ્ય** આદિમાં તો તે રૂપેજ નયના ભેદો જણાવે છે અને નૈગમમાં સામાન્ય વિશેષોભયવાદિતા છે એ તો શાસ્ત્રસિદ્ધ જ છે. અનુયોગદ્વાર અને વિશેષાવશ્યકના સમજનારને તે અજાણ્યું નથી.

૫ દેશાવકાશિકવ્રત જો કે સર્વવ્રતોના સંક્ષેપરૂપે છે છતાં તેનો મુખ્ય આધાર દિશાપરિમાણના સંકોચ ઉપર રહેલો છે તથા તેના આનયન આદિ અતિચારો પણ ફક્ત દિગ્વ્રત સાથે સંબંધ રાખે છે. તેથી તર્કાનુસારિપણે દિગ્વ્રતની જોકે દેશવ્રત મ્હેલે તેમાં કંઈ સંપ્રદાય ભેદનું કારણ નથી. વળી ભોગોપભોગનું પરિમાણ પૌષધોપવાસ-વાળાને પણ અભિગ્રહ અને સંકોચદ્વારાએ કરવામાં બાધ નથી એ જણાવવા પૌષધ પછી એને લીધું. કેટલાકની એવી માન્યતા હતી કે સામાયિક પૌષધમાં આગારવાળાં પચ્ચક્ખાણો કરવાથી સમતાભાવ અને અવ્યાપારત્યાગનો બાધ થાય છે, તેના નિરાકરણની તર્કાનુસારિપણાને અંગે શાસ્ત્રકારે જરૂર વિચારી હોય. શ્રાવકના વ્રતોમાં મહાવ્રતની માફક એકરૂપપણું નથી માટે ક્રમનો નિયમ ન રહે. જેમ સૂત્રોમાં ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો પણ કહે છે અને સાતેને શિક્ષાવ્રતો પણ માને છે. ખુદ સાધુઓના મહાવ્રતો પણ સૂત્રોમાં અનાનુપૂર્વ્વીએ પણ જણાવાય છે. એથી તેમનું શ્વેતામ્બર ભિન્નપણું થતું નથી. શાસ્ત્રોમાં દેશાવગાશિકને જે દશમું રાખ્યું છે તે અગ્યાર બારમાવ્રતમાં સંકોચને સ્થાન નથી. તે માટે જો કે સામાયિક સાવધના ત્યાગરૂપ હોઈ તેમાં સંકોચને સ્થાન નથી. એમ સમજાય, પરંતુ તેમાં પણ સામાન્યે મિથ્યાત્વાદિ અનુમોદનાનો સંકોચ હોઈ શકે.

૬ શાસ્ત્રોમાં આત્માના સ્વરૂપને બાધ કરનાર માત્રને પાપપ્રકૃતિ ગણી અને તેથી સમ્યક્ત્વ મોહનીય આદિ પણ સ્વસ્વરૂપને તો કથંચિત્ બાધા કરનાર છે અને ગુણના ઘાતક છે માટે પાપરૂપ ગણાવ્યા અને તત્ત્વાર્થકાર મહારાજે અનુકૂલતાએ વેદાય એવી પ્રકૃતિઓને પુણ્ય માનીને સમ્યક્ત્વઆદિ પુણ્યમાં લીધાં. વળી તે સમ્યક્ત્વ મોહનીય આદિનો આવિર્ભાવ શુભહેતુથી ગણીને પણ પુણ્યપ્રકૃતિમાં તેને

કાર્ય કારણાનુસારિ એ તર્કને આશ્રયી ગણ્યું હોય જો સર્વથા તે પ્રકૃતિઓને પુણ્યરૂપે માની હોત તો તેને ઘાતિકર્મમાં ગણત નહિં અને તે ઘાતિના ક્ષયે કેવલજ્ઞાન થવાનું કહેત નહિં.

૭ તપનો પેટાભેદ જે પ્રાયશ્ચિત્ત નામનો છે તે પ્રાયશ્ચિત્તના દશ ભેદોમાં પારાંચિકમાં પણ અનુપસ્થાપન અનવસ્થાપ્યની માફક છે અને તેથી એકઠા કહે અથવા પ્રથમ સંહનનવાલાને જ તે હોય છે અને તે તે વખતે વ્યુચ્છેદ થયું હતું અથવા તે આચાર્યને જ હોય છે માટે તે ન કહ્યું હોય. પણ આવા ભેદના વૈચિત્ર્યથી મતભેદ ન મનાય.

૮ પ્રજ્ઞાપનાના પ્રથમપદમાં તથા ઠાણાંગમાં સરાગ સમ્યગ્‌દર્શન અને વીતરાગ સમ્યગ્‌દર્શન વગેરે સમ્યગ્‌દર્શનના ભેદો જાણનારા પ્રાણિયો સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌દૃષ્ટિના ભેદો દેખી ભિન્નતા ગણી શકે નહિં.

૯ અંતરદ્વીપને માટે યુગલીયાઓને આશ્રયીને છપ્પન હોય તેને આધારે ભાષ્યની પ્રતિનો બગાડો માન્યો. બાકી કોઈક વાચનાની અપેક્ષાએ બીજા પણ એવા ગૌતમાદિ દ્વીપો સામેલ કરી છન્નુ અન્તર દ્વીપો લેવાત તેમાં બાધ ન આવત. ચંદ્ર સૂર્ય માગધાદિ તીર્થો આદિના દ્વીપો પણ લવણ સમુદ્રમાં નથી એમ તો નથી. પણ તેવા વિવક્ષા ભેદથી કંઈ મતનું જુદાપણું મનાય નહિ.

૧૦ હાડકાના બંધારણની અપેક્ષાએ અર્ધવજ્રર્ષભનારાચ ન હોય, તો પણ શાસ્ત્રોમાં કેટલીક જગા પર શક્તિને સંહનન ગણે છે તે અપેક્ષાએ લે. એટલાથી જુદાપણું ન થાય. શું કોઈક અપેક્ષાએ રાત્રિભોજન વિરમણને કોઈક મહાવ્રત કહે તેથી તે જુદામત ના થાય. પાંચ પર્યાપ્તિઓ તો ભાષા અને મનની પર્યાપ્તિને એક ગણીને ભગવતીજી આદિમાં પણ સ્થાને સ્થાને છે. પરા પશ્યંતી મધ્યમાં અને વિખરીના ભેદોને વિચારતાં તર્કાનુસારીને માટે એ અયોગ્ય ન ગણાય.

૧૧ આઠમી, નવમી અને દશમી ભિક્ષુપ્રતિમા સાત સાત રાત્રિદિવસની સ્વયં પ્રમાણવાલી છે, પણ લાગલાગટ વ્હેવાથી સાતમે, ચૌદમે અને એકવીસમે દિવસે પૂરી થાય માટે તે પ્રમાણ કહેવાથી વિરોધ નથી.

૧૨ પુલાકાદિનિર્ગ્રંથો માટે તો શ્રી ઉત્તરાધ્યયન અને ભગવતીજી આદિમાં મતાંતરો છે. તેથી શું તેઓ ભિન્ન સંપ્રદાયવાળા હતા એમ કહેવાય ?

૧૩ દિગંબરના મૂલપુરૂષ જંગલમાં ચાલ્યા ગયા. નાગા રહ્યા એટલે પરંપરાના બીજા આગમોને ન પામ્યા અને તેથી તત્ત્વાર્થ જેવા નાના ગ્રંથને તેઓએ પોતાની માન્યતાથી વિરુદ્ધ છતાં અપનાવ્યો અને શ્રી જિનેશ્વરના વચનોનો તેઓને લાભ મળ્યો, તેથી સર્વથા વ્યુચ્છેદ માન્યો. તત્ત્વાર્થકાર મહારાજ શ્વેતામ્બર જ છે અને શ્રી તત્ત્વાર્થ સૂત્ર શ્વેતામ્બર શાસ્ત્ર જ છે એ હકીકત વિસ્તારથી જાણવી હોય તો તત્વાર્થકર્તૃમીમાંસા નામની ચોપડી જોવી.

૧૪ **દશાધ્યાયપરિચ્છિન્ને**૦ એ શ્લોક દિગંબરોની માન્યતાનો છે. કારણ કે તેઓને શ્રી જિનાગમનો વ્યુચ્છેદ માનવાનો હોવાથી સ્વાધ્યાયમાં આગમવચનો રહ્યાં નહિં.

૧૫ ગંધહસ્તિનામના કોઈક આચાર્ય થયા હોય એમ ન માનતાં વિશિષ્ટસામર્થ્યવાળા આચાર્યને તે ઉપનામ હોય એટલે તત્ત્વાર્થ ભાષ્યકાર, શ્રી સિદ્ધસેન દિવાકર, આચારાંગના પૂર્વવૃત્તિકાર, સૂયડાંગના પૂર્વવૃત્તિકાર વગેરેને તે વિશેષણ લાગુ થવામાં અડચણ નથી.

૧૬ મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી **સંભાવ્યતે** એમ કહી સંભાવનામાત્ર જણાવે છે, દીક્ષાગુરુ-વાચના ગુરુ કરતા આચાર્યગુરુ જુદા હોવાનું અસંભવિત નથી. જેમ શ્રી ધર્મસાગરજીને માટે જ પ્રતિબોધક ગુરુ

જીવર્ષિ હતા, દીક્ષાગુરુ શ્રી આનન્દવિમલજી હતા, વિદ્યાગુરુ શ્રી વિજયદાનસૂરિજી હતા અને આચાર્ય તરીકે શ્રી હીરસૂરિજી હતા, આચાર્ય ગુરૂ ત્યાં જણાવ્યા હોત તો પટ્ટાવલિના લેખને ભ્રમયુક્ત માની લેત.

૧૭ શ્રી શય્યંભવસૂરિજી શ્રી જિનપ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામેલા છે એ વાત તો શાસ્ત્રસિદ્ધ અને જાહેર છે, પરંતુ શ્રી ઉમાસ્વાતિજી બાબત તેવો લેખ કે પરંપરા ધ્યાનમાં નથી.

૧૮ શ્રી ઉમાસ્વાતિની માતાનું નામ ઉમા હતું. માત્ર તે વત્સગોત્રની હોય તેથી વાત્સી એવું નામ કહે. જેમ ભગવાન મહાવીર મહારાજની માતાનું સ્વયં નામ ત્રિશલા હતું. છતાં પિયરની મહત્તા અને રાજકુલથી કરેલ વિવાહને લીધે તેઓ વિદેહત્તા તરીકે કહેવાતાં હતાં.

૧૯ આત્માના ચૈતન્યાદિ ધર્મો જાણવા સાથે પુદ્‌ગલ માત્રનું સંયોગમાત્રપણું જાણી આત્માના જ્ઞાનાદિગુણોની પરિણતિમાં રમણતા થાય તે આત્માનુભવ અને તે અનિત્યાદિક ભાવનાના ધ્યેયથી શાસ્ત્રાભ્યાસ કરવાથી થાય.

૨૦ સભાષ્યતત્વાર્થવૃત્તિને વિલોકન કરનાર યથાવાત્ જૈનધર્મવિષયક તત્ત્વોનો જ્ઞાતા થઈ શકે.

૨૧ બુધવારવાળાને સત્યમાર્ગની સમીહા હોય એમ ન દેખાય અને તેઓની શાસ્ત્રને જાળી ઠરાવવાની અને પરંપરા તથા શાસ્ત્રને ઉઠાવવાની બુદ્ધિ દેખાય છે એટલે ત્યાં સમાધાનનો સંભવ જ નથી દેખાતો.

૨૨ શ્રાવકોએ દાન માટે લુબ્ધક દૃષ્ટાંત ન થતાં આતુરદ્રષ્ટાન્તવાળા થવું કે જેથી આરાધના મેળવી શકે.

૨૩ યુગપ્રધાનો માટે વર્ત્તમાનમાં વિશેષ નિર્ણય કરનારા સાધનો નથી. કલ્કિની બાબતમાં શ્રી વિક્રમ અને કીશ્ચનના સંવતોથી કંઈક ખુલાસો થાય, પણ તે રૂબરૂમાં નિઃશંક થાય.

૨૪ એકલવિહારી માટે મુનિસંમેલનમાં ઠરાવ થયો જ છે. સત્તા ચાલતી નથી. (મહેસાણા-વાડીલાલ)

૧ ખરતરવાળાઓ જેઓ **વૃદ્ધૌ કાર્યા તથોત્તરા** એવા શ્રી ઉમાસ્વાતિજીના પ્રઘોષને ન માને અથવા અડધાના પણ અડધા પ્રઘોષને માને તેઓને બે પાંચમમાં ચર્ચા ન જ હોય.

૨ ચૌમાસીની પૂનમની ક્ષયવૃદ્ધિએ પણ ચૌમાસી ચૌદશ જેવી મોટીતિથિ પલટાવનારી શાસનાનુસારિ શ્રી તપાગચ્છવાળાને તો સામાન્ય તિથિની પણ ક્ષય વૃદ્ધિ ન પાલવે એ ચોક્ખું જ છે. ચૌમાસી પલટી છતાં પૂનમ પર્વમાં છે તેવી રીતે સંવચ્છરી પલટયા છતાં પાંચમ પર્વમાંથી ગઈ નથી. ખરતરવાળાને તો સંવચ્છરીની ચોથના ક્ષયે ચૌદશના ક્ષયે પૂનમે પક્ખી કરવાની માફક પાંચમે પર્વ હોવાથી સંવચ્છરી કરવાની છે એટલે પાંચમની ચર્ચા ખરતરો માટે તો શાસનાનુસારિ શ્રીતપાગચ્છ કરતાં વધારે જરૂરી છે એટલે તેને તો આઠ દિવસની વાત જ કર્યાને ન પાલવે.

૩ પૂનમ અમાવાસ્યાને ન્યાયે ભાદરવા સુદ પાંચમની ક્ષય વૃદ્ધિ એ ત્રીજનો જ ક્ષય વૃદ્ધિ કરવી એજ શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારા શાસનાનુસારિ શ્રીતપાગચ્છને યોગ્ય હોવાથી ગુરૂવારની સંવચ્છરી આ વર્ષે કરવી યોગ્ય છે. બાકી બુધવારીયાઓ પોતાની ટોળીમાં વધારવા બુધવારીયાની વ્હારે ધાય એ સ્વભાવિક જ છે. પણ વિવેકી લોકો બુધવારીયામાં નામ નહિં નોંધાવે એ ચોક્કસ છે. (મુંબઈ-ક-મંડલ)

૧ શ્રી તત્ત્વતરંગિણીના જુઠા અને અનુક્ત અર્થો ગોઠાવાયા છતાં પણ પૂર્વતિથિનો ક્ષય ન કરવાની ચૌદશ-પૂનમ ભેગાં કરવાની અને ચૌદશ અને પૂનમની વચ્ચે ખોખા પૂનમ માનવાની સિદ્ધિ નથી થઈ શકી. એટલે ઘણા પ્રમાણો છે એમ ગપ્પ હાંકી છે અને તે ગ્રંથને

અપ્રમાણિક ઠરાવવા પહેલો નંબર લાવવા ઈચ્છયો છે. બારમાસ થયા ચર્ચામાં જેઓ બુધવાર પક્ષક્ષની સિદ્ધિ માટે એક પાઠ ચોક્ખો ન જાહેર કરે તે ઘણા પ્રમાણો છે એમ કહે તે ગપ્પ જ ગણાય.

૨ તિથિહાનિમતપત્રક સામુદાયિક છે અત્યાર સુધી આખો તપાગચ્છ તે પ્રમાણે કરે છે છતાં તે નથી માનવું એ કાશીજિતપણાને ધન્ય છે.

૩ તે રાધનપુરના પાના સત્ય હોવાનો પં.લાભવિજયજીગણિનો પત્ર હાજર છે. ખુશીથી વિશ્વાસીને મોકલવો કે જેથી પત્ર અને પ્રત બંને હાજર છે તે દેખાડાશે.

૪ સરકારી શોધકનું સર્ટીફીકેટ લઈને જ જાલી કહેવું એ સજ્જનને શોભતું ગણાય. હજી પણ નહિં મોકલો અને પાનાં તમારા લખવા મુજબ ૧૯૫૧ પછીના છે એમ સાબીત નહિં કરો ત્યાં સુધી તમો જુઠા કલંક દેનારની અધમતામાંથી નહીં નીકળી શકો. (જૈન-શ્રીમાન્)

તા.ક. : જાલીપણાના ખંડન માટે બહારના પેપરોમાં બીજાઓના તરફથી લેખો મોકલાવેલા સંભળાય છે.

૧ ચૌદશના ક્ષયે તેરસને તેરસ કહેવાય જ નહિ એ માન્યું તે ઠીક છે.

૨ પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે એકલીબીજી પર્વતિથિનેજ ઔદાયિકી માનવી એ માન્યું પણ તે ઠીક છે.

૩ પહેલા ભાદરવાની અપ્રમાણતાની માફક ટીપ્પણામાં એ પર્વતિથિઓ હોય તો પહેલી અપ્રમાણ તો છે. જો કે ટીપ્પણાની અપેક્ષાએ ઉદયવાળી છે છતાં તે પહેલીનો ઉદય જ અપ્રમાણ છે (ધ્યાન રાખવું કે તિથિનો વ્યવહાર જ સૂર્યોદયના આધારે જ છે. એ પ્રમાણે ભાદરવા સુદ બે પાંચમો ટીપ્પણામાં છે છતાં પહેલી પાંચમનો ઉદય પંચમી માટે અપ્રમાણ છે એટલે સૂર્યોદયને લીધે તિથિ માનનાર તેને પાંચમ કહે અથવા ગણે તો તે વદતો વ્યાઘાતઃ વાળો છે. એટલું જ નહિં બીજાઓ તે ઉદયની પાંચમના ઉદય તરીકે અપ્રમાણતા માને છે એમ જાણ્યા છતાં પાંચમ પાંચમ કહી જણાવે તે માયામૃષાવાદિનો મુકુટ છે.

૪ શિષ્યો કે થયેલ આચાર્યની કરણીની જવાબદારી ગણનારે નિહ્નવોને લીધે તેના આચાર્યોને દૂષિત કે અમાન્ય ગણવાનું ન થાય તો ભાગ્ય (?) (શાસન)

૫ પૂનમ અમાવાસ્યાની ક્ષય વૃદ્ધિ એ તેરસની થતી ક્ષય વૃદ્ધિ પરંપરાગત છે અને શ્રી દેવસૂરના પ્રસિદ્ધ પત્રથી તથા શ્રી હીરસૂરિજીના વચનથી સિદ્ધ થાય છે છતાં તે ન માનનારા ઉત્થાપક થવાની ના પાડે છે એ શું ? ભાદરવા સુદ પાંચમની ક્ષય વૃદ્ધિએ ત્રીજની જ ક્ષય વૃદ્ધિ માનવી પડે તેની જ મુંઝવણ કારણ છે.

(વીર (?) શાસન)

૧ ક્ષય કરનારા તો ટીપ્પણાની અપેક્ષાએ પૂર્વમાં અને ઉત્તરમાં એમ માની શકે પણ ભેળસેળવાળા પૂર્વા અને ઉત્તરા નહીં લગાડી શકે.

૨ શ્રી હીરસૂરિજીના **त्रयोदशीचतुर्दश्योः** અને **औदयिकी** પદો પૂર્વતરની અપર્વની જ ક્ષયવૃદ્ધિને સિદ્ધ કરે છે ૧૮૭૧, ૧૮૯૫ ના લેખો પણ વિજયદેવસૂરવાળાની એ પરંપરા સિદ્ધ કરે છે.

૩ ક્ષય વૃદ્ધિ વખતે અછતો ઉદય લેવાય છે અને છતો ઉદય છોડાય છે એ વાત સમજનાર ઉદયને ન પકડતા આરાધનાના જુદાપણાને જ પકડે.

૪ ચૌદશના ક્ષયે તેરસને તેરસ કહેનારો જેમ મૂર્ખ ગણાયો છે તેમ આ પાંચમની વૃદ્ધિએ ગુરૂવારે ચોથ કહેનારો મૂર્ખ અને માયામૃષાવાદી છે.

૫ ૧૭૯૨નો લેખ જાલી છે. ૧૮૧૫ નો કર્તા વગરનો છે. વગેરે કથન બુધવારીયાને શોભે.

૬ શત્રુંજ્યવાળા સોરઠને શ્રી આત્મારામજી મહારાજે તે વખત અનાર્ય કહ્યો હતો તે સૂર્ય જેવું છે.

તિથિની ક્ષય વૃદ્ધિની સમજ.

જૈનશાસ્ત્રો પ્રમાણે તિથિની હાનિ ન હોય?

જૈનશાસ્ત્ર શબ્દથી જૈનના જ્યોતિષ સંબંધી સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ શાસ્ત્રો જેમ ગણાય છે તેવી જ રીતે જૈનઆચાર્યોએ કરેલ શ્રી હીરપ્રશ્ન આદિ શાસ્ત્રો પણ જૈનશાસ્ત્રો તરીકે જ ગણાય છે. તેમાં બારમી સદીથી જે જૈનશાસ્ત્રો રચાયાં છે તેમાં તો લૌકિકટીપ્પણાનો આધાર લેવાયાનો સ્પષ્ટ ઉલ્લેખ છે અને તે લૌકિકટીપ્પણામાં તો જેમ જૈનના જ્યોતિષશાસ્ત્રથી જુદારૂપે પોષ અને અષાઢ સિવાયના મહિનાઓ વધે છે તેવી રીતે તિથિઓ પણ અનિયમિતરીતિએ ઘટે છે. જૈન જ્યોતિષમાં આસો વદથી શરૂ કરીને યુગના પૂર્વાર્ધમાં અને ઉત્તરાર્ધમાં એકેક મહિનાને આંતરે વદ બીજ આદિ સમતિથિ અને એકમ આદિ તિથિઓનો ક્ષય નિયમિતપણે છે. જેમકે

૧લું વર્ષ	૨જું વર્ષ	૩જું વર્ષ	૪થું વર્ષ	૫મું વર્ષ
વદ ૨ આસો	૫ શ્રા.	૯ શ્રા.	૫ શ્રા.	૩ શ્રા.
૪ માગશર	વદ ૧ માગશર	૧૩ માગશર	૨ માગશર	૬ અ. વદ
૬ માધ	૩ માધ	૧૫ પોષ અ.	૧૨ માધ	૫ આસો
૮ ચૈત્ર	૫ ચૈત્ર	૨ ચૈત્ર વદી	૧૪ ચૈત્ર	૭ માગ.
૧૦ જ્યે.	૭ જ્યે.	૪ જ્યે.	૧ જ્યે. શુ.	૯ માધ
				૧૧ ચૈત્ર
				૧૩ જ્યે.
				૧૫ અ.અ.

લોકોત્તર ઋતુની અપેક્ષાએ આ ક્રમ છે. પણ લૌકિકટીપ્પણામાં આવી રીતે ક્રમસર અને નિયમિત આંતર તિથિઓનો ક્ષય હોતો નથી. છતાં લૌકિકટીપ્પણાં કંઈ સદીઓથી મનાય છે, તેથી અનિયમિતપણે અને અનિયમિત આંતરે તિથિઓનો ક્ષય અર્વાચીન જૈનશાસ્ત્રના વચનથી જ મનાય છે. વળી ધ્યાનમાં રાખવું જરૂરી છે કે જૈનજ્યોતિષ પ્રમાણે કોઈપણ તિથિ $^{૬૧}/_{૬૨}$ થી વધારે હોય નહિં. તેમ કોઈપણ તિથિ $^{૧}/_{૬૨}$ સૂર્યોદયને ફરસ્યા સિવાયની હયાત ગણાય જ નહિં. પરંતુ લૌકિકટીપ્પણાને અનુસારે તેવો નિયમ નથી. તેમાં તો ૬૦ ઘડીથી વધારે પણ તિથિઓ હોય છે અને $^{૬૧}/_{૬૨}$ થી ઓછી પણ હોય છે. લૌકિક અને લોકોત્તર બંને માર્ગમાં આ વાત તો નક્કી જ છે કે કોઈપણ તિથિનો ક્ષય એટલે અભાવ તો હોતો જ નથી. પરંતુ જે તિથિ સૂર્યોદયને ન ફરસે તે તિથિનો ક્ષય ગણાય. એટલે નક્કી થાય છે કે કોઈપણ તિથિનો લાંબો કે ટુંકો ભોગવટો હોય છતાં તિથિનો વ્યવહાર સૂર્યોદયને ફરસનારી તિથિને નામે જ હોય છે અને સૂર્યોદયને નહિં ફરસનારી તિથિનો ક્ષય કહેવાય છે. આ હકીકત સીધી અને સાદી છે. છતાં એને નહિં સમજનારો અજ્ઞાનવર્ગ પણ ચાલુ જમાનામાં ઉત્પન્ન થયો છે કે જે પોતાનો મોટા જ્ઞાનિમાં ખપાવી અપર્વતિથિના ભેળસેળપણાનો વ્યવહાર કરે છે અને પડવો બીજ, ચોથ પાંચમ યાવત ચૌદશ પૂનમ ભેળાં છે એમ કહેવા અને લખવા મંડી પડે છે. લૌકિકટીપ્પણામાં જોનારાને સ્પષ્ટ માલમ પડશે કે ક્ષીણ થયેલી તિથિનો ભોગ કાલ જણાવ્યા છતાં બીજે બધે સ્થાને મીંડા જ હોય છે. જો તિથિનું ભેળાપણું લૌકિકટીપ્પણા-વાળાએ માન્યું હોત તો ઉદયવાળી અને અનુદયવાળી તિથિમાં સંયુક્તતા જણાવનાર ચિન્હ રાખવાની જરૂર પડત, અને તેમાં નક્ષત્રાદિ જણાવી. પરંતુ કોઈપણ દેશના કોઈપણ ટીપ્પણામાં

એવું સંયુક્તાનું ચિન્હ વગેરે કહેવામાં આવતું જ નથી. પરંતુ ઉપર જણાવ્યું તેમ અનુદયવાળી તિથિનું મીંડું જ મ્હેલવામાં આવે છે. વળી લોકોત્તર માર્ગમાં પણ $^{1}/_{६२}$ જેટલા ઉદયવાળી આસો વદ એકમ આદિ તિથિઓ કે જે અવમરાત્ર તરીકે એટલે ઓછામાં ઓછા માનની તિથિ તરીકે ગણાય છે તેની હયાતી મનાય છે. અને $^{६१}/_{६२}$ ભાગ જેટલા લાંબા ભોગવટાવાળી તે દિવસે વદિ બીજ આદિ તિથિ હોય છે છતાં તેને **પતન્તી** તિથિ તરીકે એટલે ક્ષય પામતી તિથિ તરીકે જણાવે છે, એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જેઓ તિથિયોનો ક્ષય માનવાની ના કહી ભેગી તિથિ કહેવા માગે છે તેઓ લોકોત્તર અને લૌકિક બંને માર્ગથી ખસેલા છે. વળી જેઓ ભેગી તિથિઓ માને છે, પણ ક્ષીણતિથિઓ માનતા નથી તેઓને **क्षये पूर्वा तिथिः कार्या** અર્થાત્ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તે પર્વતિથિથી પ્હેલાની જે અપર્વતિથિ હોય તેને પર્વતિથિ કરવી, અર્થાત્ પહેલાની અપર્વતિથિનો ક્ષય કરીને સમગ્રને પર્વતિથિ માનવી. આ શ્રી ઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષનું વાક્ય નકામું થઈ જશે.

ઉપરની હકીકત વિચારનાર સુજ્ઞ મનુષ્ય એક વાત અત્યંત જરૂરી છે તે જરૂર સમજી શકશે. તે એ કે જેમ લોકોત્તર રીતિ મુજબ આસો વદિ એકમ આદિની તિથિ અલ્પ એટલે માત્ર $^{1}/_{६२}$ ભાગ જેટલી છે અને તે જ દિવસે બીજની તિથિ $^{६१}/_{६२}$ ભાગ જેટલી છે. છતાં તે આખી તિથિને શાસ્ત્રકારો પડવા આદિ તિથિ માને છે અને બીજ આદિનો ક્ષય માની ત્રીજના સૂર્યોદયથી ત્રીજ આદિ તિથિ માને છે. અર્થાત્ નવી તિથિના સૂર્યોદય સુધી પૂર્વના સૂર્યોદયવાળી તિથિને જ માને છે. લૌકિક રીતિ પ્રમાણે પણ સૂર્યોદય વિનાની તિથિનો ક્ષય માની નવા સૂર્યોદય સુધી પૂર્વની તિથિ જ મનાય છે. આ ઉપરથી એક તો એ નક્કી થયું કે જે તિથિમાં સૂર્યોદય થયો હોય તે પછી બીજી તિથિનો સૂર્યોદય જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તે સૂર્યોદયવાળી તિથિ ક્ષય તો પળ માત્ર હોય અથવા સાઠ ઘડી જેટલી હોય તો પણ તે આખો અહોરાત્ર તે તિથિને નામે જ ઓળખાય અને તે દિવસે સૂર્યોદયને નહિં ફરસવાવાળી તિથિ ક્ષય તો એક પળ જેટલી હોય કે યાવત્ એક પલન્યૂન સાઠ ઘડી પ્રમાણની હોય તો પણ તે તિથિનો ક્ષય થયો એમ ગણવાનું અને કહેવાનું કહે છે અને તેથી જ બીજ આદિની પર્વતિથિઓ કે જે અહોરાત્ર સુધી અખંડ આરાધવાની હોય છે તેના અહોરાત્ર અનુષ્ઠાનો આખા રાત દિવસ સુધી થાય છે, તેથી પડવો અને બીજ આદિ તિથિઓને ભેગી તિથિ તરીકે બોલનારા અજ્ઞાની અને મૃષાવાદી થાય છે. એમ છતાં જ્યારે આગ્રહને લઈને જાણી જોઈને ક્ષય પામેલી તિથિ ભેળવીને પડવો બીજ આદિને ભેગા બોલે ત્યારે તો તેમ બોલનારની દશા આભિનિવેશવાળી હોવા સાથે હદ બહારના માયામૃષાવાદવાળી બને છે. વળી જેઓ એવી ભેગી તિથિ માને છે અને તેવી ભેગીતિથિએ થયેલ તિથિની વિરાધનાનું પ્રાયશ્ચિત જ્યારે ઈતર સૂર્યોદયવાળી તિથિના નિયમની વિરાધનાના સરખું આપે છે ત્યારે તો પોતાના હિસાબે જ અપ્રાયશ્ચિત્તમાં પ્રાયશ્ચિત્ત દેનાર બને છે અને તેવાને શાસ્ત્રકારો તો મહામિથ્યાત્વી લખે છે. નવી તિથિનો સૂર્યોદય ન થાય ત્યાં સુધી પહેલાની તિથિ જ ગણાય એ હકીકતથી એ પણ નક્કી થાય છે કે અષ્ટમી અગ્યારસ અને પૂર્ણિમાવાસ્યા આદિ પર્વતિથિઓની વૃદ્ધિ થાય ત્યારે શ્રી સેનસૂરિજી અને હીરસૂરિજી મહારાજ બીજી તિથિને જ ઔદયિકી તિથિ તરીકે સ્પષ્ટપણે જણાવે છે તેથી પહેલાની ટીપ્પણામાં લખેલી આઠમ વગેરે તિથિઓ સૂર્યના ઉદયવાળી છે છતાં તેમ ન ગણાય. એટલે આપોઆપ અષ્ટમી આદિના માનેલા ઉધ્ય પહેલાની સાતમ વગેરે જ

(જુઓ પાનું ૪૮૯)



ધર્મનું મૂલ્ય

(ગતાંકથી ચાલુ)

પીત્તળ સંઘરવા જેવી દશા.

અહીં પણ જો તમે સત્યને ન ઓળખશો તો તમારી દશા જન્મભર પિત્તળ સંઘરનારા જેવી જ થવાની છે. એ વાત યાદ રાખજો ! એ દશામાંથી જો તમારે ઉગરી જવું હોય તો તમારે આ શાસ્ત્રના વક્તવ્ય ઉપર ધ્યાન આપવું જ પડશે ! તે વિના તમારો છુટકો થવાનો નથી ! જમાલીની વાત વિચારી જોશો તો પણ તમોને એજ વાતની ખાતરી થશે. જમાલી જ્યાં સુધી નિન્હવ ન હતો ત્યાં સુધી તે પ્રરૂપણા પણ શાસનની જ કરતો હતો. એક સમયે આચાર્યદેવ શ્રીમાન્ આર્યરક્ષિતસૂરિજી મંદસોર-ઉજ્જૈન તરફ વિહાર કરતા હતા. એટલામાં તેમને સમાચાર મળ્યા કે મથુરામાં શાસ્ત્રાર્થ કરવા માટે વાદી ઉભો થયો છે અને તેનું ખંડન કરી આપણું મંડન કરવાને કોઈ સમર્થ સાધુની જરૂર છે! હવે શાસ્ત્રાર્થ માટે કોને મોકલવા ? કોઈ પણ સાધુ વાદીની સામે ટકી શકે એવું ન હતું. એ વખત આચાર્યશ્રીની દૃષ્ટિ ગોષ્ઠામાહિલ તરફ ગઇ ગોષ્ઠામાહિલ બહાદૂર હતો. સકળગચ્છમાં વિદ્વત્તાવગેરેમાં એક્કો હતો. આચાર્યદેવે તેને જ મથુરાવાદમાં જવા માટે રવાના કર્યો. ગોષ્ઠામાહિલે મથુરામાં જઈ વાદીને ઠેકાણે આણી નાંખ્યો. વાદ ભાંગી નાંખ્યો, અને જૈનશાસનનો જયજયકાર બધે વ્યાપી ગયો. ગોષ્ઠામાહિલે શાસનની વિજય પતાકા ફરકાવી તે જોઈ ત્યાંનો શ્રાવકવર્ગ મુનીજીની પાસે આવ્યો અને તેમણે તેમને નજીક આવેલું ચોમાસું ત્યાં જ ગાળવાની વિનંતિ કરી.

છેવટે ટોળી નાંખ્યું.

મથુરાના શ્રાવકોની વિનંતિને માન આપી ગોષ્ઠામાહિલે ત્યાંજ ચોમાસું કરી નાંખ્યું. હવે બીજી તરફ એવું બન્યું કે અહીં આચાર્યદેવ શ્રીમાન્ આર્યરક્ષિતજી કાળધર્મ પામ્યા. આચાર્યદેવશ્રી આર્યરક્ષિતજીના અંત્યસમયે તેમણે દુર્બલીકાપુષ્પને આચાર્ય પદવી અર્પણ કરી. આ વાતની ગોષ્ઠામાહિલને ખબર પડી એટલે તેનામાં દ્વેષ જાગૃત થયો. આચાર્યની પદવી પોતાને જોઈતી હતી

તે પોતાને ન મળી અને બીજાને મળી એટલે તેણે નાદાન બાળકોનો રસ્તો લીધો. નાના છોકરા કોઈ ચીજ પોતે માંગે અને તે ન મળે તો પોતે ખાતા નથી અને બીજાને ખાવા દેતાય નથી, પરંતુ ઢોળી નાંખે છે ! તેણે પણ તે જ રસ્તો લીધો. તેણે વિચાર કર્યો કે મને જોઈતું હતું, પરંતુ મને નથી મળ્યું, તો હવે મારે ખાવું પણ નહિં અને ખાવા દેવું પણ નહિં અને ઢોળીજ નાંખવું ! ગોષ્ઠામાહિલ તે નવા આચાર્યની પાસે ન ગયો અને તેમની સામે થઈ નિન્હવ થયો ! પચ્ચખ્ખાણમાં જાવજ્જીવ ન કહેવું અને આત્મા સાથે નીરક્ષીર ન્યાયે બંધ માનવો એ વાત મિથ્યાત્વના પડલમાં ભૂલી જવાઈ.

અહીં પક્ષપાત નથી.

આ શાસનમાં તમે જોશો તો સાફ જણાઈ આવશે કે વિજયપતાકાનો પણ કદી પક્ષપાત થયો નથી. અહીં માત્ર જો પક્ષપાત થયો હોય તો તે એક સત્યનો જ પક્ષપાત થયો છે. સત્યમાં જ સર્વસ્વ આ શાસને માન્યું છે. એ સત્યમાંથી ગોષ્ઠામાહિલે એકજ શબ્દ દૂર કર્યો એટલે તો એક સમર્થ વિજેતાને આ મહાપ્રતાપી જૈનશાસન નિન્હવ કહીને બહાર ફેંકી દે છે ! ગોષ્ઠામાહિલ જ્યાં સુધી નિન્હવ થયો ન હતો ત્યાં સુધી તેની શાસનમાં પ્રતિષ્ઠા હતી. શાસનનો તે એક મણિરૂપ હતો, પરંતુ જ્યાં તેણે પોતાનો ધર્મ છોડ્યો એટલે શાસને તેને જ છોડી જ દીધો ! જે શાસનમાં આવી કડક વ્યવસ્થા છે, જે શાસન એક શબ્દના અસત્ય માટે એક સમર્થ વિજયી વીરને નિન્હવ કહીને દૂર કાઢી નાંખે છે તે શાસનમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા કે આખો ચતુર્વિધ સંઘ પણ ભગવાન શ્રી જીનેશ્વરદેવના વચન પર ન રહે અને ગોષ્ઠામાહિલ બને તો તેની શી દશા થાય ? તેનો તમેજ વિચાર કરી લેજો. એથી જ આ શાસન વારંવાર કહે છે કે સર્વજ્ઞ સિવાય બીજા કોઈ પણ પુરૂષને આશ્રયે ન જાઓ, તેના વચન પર ભરૂસો ન રાખો અને તેના અનુયાયી ન બનો !

પ્રમાણ તરીકે તો એક જ.

સર્વજ્ઞના વચનને જ એક પ્રમાણ માનવાનું કહ્યું છે. તેમાંજ આ શાસનની જડ સમાયેલી છે. જમાલી નિન્હવ થયો તે પહેલાં તે કેવી પ્રરૂપણા કરતો હશે ? તેનો ખ્યાલ કરો. નિહ્નવ થયા પહેલાની તેની પ્રરૂપણા સર્વથા શાસનને અનુકૂળ જ હતી અને તે શાસનમાન્ય એવા જ વચનો બોલતો હતો. પરંતુ જ્યાં તેના મિથ્યાત્વનો ઉદય થયો અને તે નિન્હવ થયો એટલે હવે તેના મુખદ્વારા અવળા જ ઉદ્‌ગારો નીકળવા માંડ્યા ! મિથ્યાત્વનો ઉદય થાય એટલે આત્મા જુઠું પકડી રાખે છે. પછી એકવાર પકડ્યું તે પકડ્યું. પછી તેનાથી તે છોડી શકાતું નથી ! ખોટી વાત તમે એકવાર પકડી લો અને પછી તેની પાછળ તમે દોડાદોડી કરો તો તમારી ગણના પણ ખાખરાની ખીસકોલીમાં જ થવાની ! કેરી દેખાવમાં નાની છે અને આંબાનું ઝાડ, થડ, ડાળ, વગેરે બધું કેરી કરતાં મોટા હોય છે, છતાં સમજુની નજર હંમેશાં કેરી ઉપર જ રહે છે. એજ પ્રમાણે સર્વજ્ઞ વીરમહારાજના વચનો એજ એક કેરી છે. એવી જેની દૃષ્ટિ રહે છે તે જ આ શાસનમાં માન્ય રહી શકે છે, બીજાઓ નહિ. સર્વજ્ઞ મહારાજના વચનો સો રૂપે ફેલાવો, લાખરૂપ ફેલાવો યા અનેક રૂપે યા તેનો ગમે તે રીતે ફેલાવો કરો તેનો વાંધો નથી. પરંતુ એટલી વાત સો વાર યાદ રાખવાની છે કે એ બધા વચ્ચે સર્વજ્ઞ ભગવાનના વચનો મૂળ રૂપે તો હોવાં જ જોઈએ અને જે કાંઈ નવું લખાય, બોલાય કે પ્રચારાય તે બધામાં તેની સંપૂર્ણપણે છાયા પણ હોવી જ જોઈએ. જો એટલું ન હોય તો તે બધું પ્રચારકાર્ય નિરર્થક છે.

"છાયા નહિ તો કંઈ નહિ."

જે કાર્યમાં સર્વજ્ઞભગવાનના મંતવ્યોની અણિશુદ્ધ છાયા છે તેવાં સઘળાં કાર્યો પછી તે ગમે

તે રૂપે થતાં હોય તો પણ તેને આ શાસન મંજુર રાખે છે. પરંતુ જ્યાં એ છાયા નીકળી જાય છે કે ત્યાં એ વચનો પણ આપો આપ જ નામંજુર થઈ જાય છે. એક શબ્દમાં જ ફેરફાર કરનારો શાસનનો દિગ્વિજયી યોદ્ધો છતાં તે પણ આ શાસન સર્વજ્ઞ ભગવાનની છાયા વિનાની વાણી બોલવા માટે નિન્હવ ઠરાવે છે, તો પછી જેઓ સર્વજ્ઞ ભગવાનના વચનોને ભુંસવા કહે તેમાં વિકાર થયેલો છે એમ જાહેર કરે એમાં નવાઈ શી ? અને આગમોને થોથાપોથા કહીને તેને તિરસ્કારે તેની શી દશા થાય તેનો વિચાર કરજો. આવા લેભાગુઓનું સ્થાન આ શાસનથી બહાર છે. સૌથી પહેલી તો એ વાત જરૂરી છે કે સર્વજ્ઞ ભગવાનના વચનોની સંપૂર્ણ શ્રદ્ધા હોવી જ જોઈએ અને એ વચનોને આધારે જ આત્માના સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર એ રૂપ ત્રણે ધર્મની કિંમત સમજવાની છે. સર્વજ્ઞ ભગવાનના વચનોની શ્રદ્ધા વિના જો કોઈ ધર્મ પ્રરૂપવા બેસે તો તેનું ફળ એજ થાય કે તે હડફાલાલની માફક દવા લેવા મોકલ્યો હોય તો સાથે બાળવાનો સામાન પણ લેતો આવે!

જો આંબાનો સ્વાદ ચાખ્યો તો

જેણે આંબાનો સ્વાદ ચાખ્યો છે જેણે સર્વજ્ઞવચન રૂપી કેરીની મીઠાશ જાણી છે તે તો તેનો એવો રસિયો બને છે કે તેને તે રસ ચાખ્યા વિના ચેન જ પડતું નથી. તેને તમે એક જગાએથી રોકશો તો તે બીજી જગ્યાએથી તે રસ ચાખશે, પરંતુ એ રસ જ્યારે તે ચાખશે ત્યારે જ તેને ચેન પડશે, તે વિના નહિ ! એવા રસિયાને મા, બાપ, ભાઈ, ભાઈબંધ, બૈરી, છોકરાં કાંઈપણ નડતું નથી અને તે પોતાની ઈષ્ટવસ્તુ સિદ્ધ કરે જ છે. આંબા ઉપર ઠેકડા મારતી ખીસકોલીઓ કેટલીએ પડી જાય છે અને મરી પણ જાય છે, પરંતુ એ મરણની તેમને દરકાર હોતી નથી. જ્યારે ખાખરાના ઝાડ ઉપર ઠેકતી અને દોડાદોડ કરતી ખીસકોલી કદી પણ પડતી અથવા મરતી નથી, છતાં જે ખીસકોલીએ ખાખરાના ઝાડનો ત્યાગ કરીને એક વાર આંબાની લહેર લીધી છે અને કેરીનો સ્વાદ ચાખ્યો છે તે ખીસકોલી આંબા ઉપર મહાલવાનું અને કેરી ચાખવાનું કદી છોડતી નથી ! તેને તમે એક બાજુથી રોકશો તો તે બીજી બાજુએથી ઝાડ ઉપર ચઢશે અને એક વૃક્ષ ઉપર ન ચઢવા દેશો તો બીજો આંબો શોધી કાઢશે !

મીઠાશની મીઠી મઝા

સર્વજ્ઞવચનરૂપ આંબાની મીઠાશ ચાખેલાની તન્મયતા પણ એવી જ તીવ્ર હોય છે જેણે એક વાર ધર્મરૂપી આંબાનો રસ ચાખ્યો હોય, તેને પછી કોઈ પણ ચીજની પરવા રહેતી જ નથી! એ રસનો સ્વાદ જ એવો છે કે એ સ્વાદ જેણે એક વાર ચાખ્યો છે, તેને તે હંમેશાં જ જંખતો રહે છે. તેને જગતના સ્નેહ સંબંધો અથવા બીજા કશા જ અંતરાયો નડતા નથી. તે અભંગપણે પોતાનો માર્ગ પકડી રાખે છે અને તેમાં જ તે સાચા સુખ અને સંતોષનો અનુભવ કરે છે. તેને તે વસ્તુ છોડવાનો ગમે એવો વિકટ પ્રસંગ આવે તો પણ તે છોડતો નથી અને એવા વિકટ અવસરનો જ તે સામનો કરી લે છે. તમે એક આનો સાથે લઈને અરણ્યમાં જાઓ, અને તમોને સામે લુંટારાઓ મળે, તો તમે તમારા બચાવનો પ્રયત્ન જ કરો છો, પરંતુ તમારી પાસે એક જ આનો છે તેથી તમે એક આના જેટલો જ બચાવ કરો છો, રૂપિયો હોય તો રૂપિયા જેટલું બચાવમાં જોર વાપરો છો, અને મહોર પાસે હોય તો મહોર જેટલું બચાવમાં જોર વાપરો છો. એજ પ્રમાણે તમોને કોઈ મહોર આપવાવાળો નીકળી આવે તો પણ તમો એટલી જ સખ્ત રીતે તમારી મુઠ્ઠીવાળી રાખો છો. એ વખતે જો કોઈ જીવનમુડી તમારી પાસે હોય તો મરી જવું પડે તો કબુલ પરંતુ

તમારી મુઠી છોડતા નથી! આ સઘળુ શાથી બને છે તેનો વિચાર કરો, વસ્તુની કિંમત કરતાં તમે આબરૂની કિંમત વધારે સમજો છો, તેથી જ આ પ્રમાણે થાય છે.

ધર્મ પહેલો બીજું પછી

એજ ન્યાયે જે સર્વજ્ઞવચનની પવિત્રતા સમજ્યો છે, સર્વજ્ઞ વચનની પવિત્રતા જેણે અનુભવી છે, સર્વજ્ઞ વચનમાં જેને રસ પડ્યો છે, તેને એ રસાનુભવમાં ભાઈ, ભાંડુ, કુટુંબ, જીવન એમાંનું કોઈપણ આડે આવી શકતું જ નથી, અને તે બધાને ભોગે પણ પોતાનો તે રસાસ્વાદ ચાલુ જ રાખે છે! સમ્યગ્દૃષ્ટિ સ્ત્રીઓએ પુરુષોના દબાણથી અથવા તો તેની સગવડ સાચવવા ખાતર પણ સમ્યગ્દૃષ્ટિપણાનો અથવા તો ધર્મનો ત્યાગ કરવાનો જ નથી. એ વસ્તુ તો તેમણે પણ ઘણી જ ઉત્કૃષ્ટતાથી જાળવવાની જ છે. જ્યાં ધર્મ અને પતિ પ્રત્યેની ફરજો સામ સામે મૂકાય છે ત્યાં ધર્મને પસંદ કરવો એ જ ઈષ્ટ છે. ધારો કે એક હિંદુ સ્ત્રી છે અને તેનો ધણી પણ હિંદુ છે. આ જોડા વચ્ચે બહુ પ્રેમ છે, જરાય ખટરાગ નથી. સ્ત્રી પતિની આજ્ઞામાં રહે છે અને સ્ત્રીની સંપૂર્ણ સુખ સગવડો પતિ સાચવે છે! આ પતિપત્નીમાંથી પતિ વટલીને મુસલમાન થાય અને પોતાની સ્ત્રીને પણ વટલીને મુસલમાન થવાની આજ્ઞા આપે, તો તે વખતે પતિનો હુકમ માનીને સ્ત્રીએ પણ વટલી જવું એ શું ધર્મ છે? એ ધર્મ નથી, પરંતુ શેતાનીયત છે, આ સંયોગમાં સ્ત્રીની ફરજ છે કે તેણે પતિ તરફનો પ્રેમ છોડી દઈને ધર્મ ન બદલતાં પોતાના ધર્મને જ વળગી રહેવું જોઈએ. એજ પ્રમાણે સમકિતદૃષ્ટિઓએ પોતાના સમકિતની રક્ષા પણ અસ્ખલિતપણે અને અભંગરીતે કરવાની છે.

ધર્મનું મૂલ્ય બધે સમાન

ધર્મનું મૂલ્ય ચોથે ગુણસ્થાનકે હોય છે, તે જ ચૌદમે ગુણસ્થાનકે પણ હોય છે અને ચોથાથી ચૌદમા ગુણસ્થાનક સુધી દરેક ગુણસ્થાને ધર્મનું મૂલ્ય સમાન છે. સઘળા ગુણસ્થાનકમાં ધર્મનું મૂલ્ય અમુક ગુણસ્થાનકે વધારે છે અને અમુક ગુણસ્થાનકે ઓછું છે એમ માનવાનું નથી. તમે જાણો છો કે બજારમાં એક માણસ હીરાનો વેપાર કરે છે, તો બીજો માણસ મોતી વેચે છે, તો ત્રીજો માણસ મજીઠ, ખાખા કે જીવનનો વેપાર કરે છે, ત્યારે ચોથો માત્ર દલાલી કરીને જ રોટલો કુટી કાઢે છે. વેપારની સંગતતાનું કારણ દરેકની આર્થિક સ્થિતિ છે. ગરીબ હોય તે તેની શક્તિ પ્રમાણે વેપાર કરે છે, શ્રીમંત એની શક્તિ પ્રમાણેનો વેપાર કરે છે. અને કોટિધ્વજ હોય તે તેની શક્તિ પ્રમાણેનો વેપાર કરે છે આ રીતે વેપારની ભિન્નતા હોવા છતાં પણ તેઓ દરેક જણ વસ્તુમાં ભિન્નત્વ માનનારા નથી જ હોતા. સઘળા ઝવેરીઓ પછી ભલે તે તવંગર હોય કે ગરીબ હોય પણ સાચા મોતીને જ સાચું મોતી માને છે. કલ્ચરને કલ્ચર માને છે અને ખોટાને ખોટું માને છે! કોઈ એવો નથી નીકળતો કે જે ખરા મોતીને ખોટા કહે અને ખોટા મોતીને જ સાચા કહી દે! અને જો કોઈ એવો અણઘડ નીકળે કે તે સાચા મોતીને જ જુઠા કહી દે તો તેને ઝવેરી નહિ પણ હજામ કહેવો જ વાસ્તવિક છે.

ચોથે અને ચૌદમે

પોતાની પાસે આર્થિક સંપત્તિ સારી હોય તો તે તેવો વેપાર કરે, લાખો રૂપીયા હોય તો લાખોનો વેપાર કરે, હજારો રૂપીયા હોય તો તે હજારનો જ વેપાર કરે અને કાંઈ ન હોય અને અક્કલ હોય તો તે દલાલી કરીને જ રાજી થાય! પરંતુ એમાંથી કોઈપણ નંગ એવો નીકળતો નથી કે જે પથરાને હીરો કહે અને હીરાને પથરો કહી દે!! એજ પ્રમાણે ધર્મના મૂલ્ય વિષે પણ સમજવાનું છે. ધર્મનું જેટલું મૂલ્ય ચોથા ગુણસ્થાનકે રહેલાને હોય છે તેટલું જ ધર્મનું મૂલ્ય ચૌદમે ગુણસ્થાનકે પહોંચેલાને પણ

હોય છે, અને ચૌદમે ગુણસ્થાનકે પહોંચેલાને ધર્મનું જેટલું મૂલ્ય હોય છે તેટલું જ મૂલ્ય ચોથે ગુણસ્થાનકે રહેલાને પણ હોય છે! કયા સ્થાનકે ક્યારે પહોંચવું તે તમારી શક્તિ ઉપર અવલંબે છે. પરંતુ દરેક સ્થાનકે ધર્મનું મૂલ્ય તો સમાન જ હોય છે. અકષાયચારિત્રની પ્રાપ્તિ તો અગ્યારમા ગુણસ્થાનક પછીથી જ થાય છે અને તેરમે સ્થાનકે પહોંચેલાને યથાખ્યાતિ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. પરંતુ તેવા સઘળાનું ચિત્ત છેવટના એક લક્ષ્ય તરીકે તો અમુક જ વસ્તુ ઉપર હોય છે, અર્થાત્ બધાને મન મોક્ષની મહત્તા એક સરખી જ હોય છે.

શક્તિ પ્રમાણે ભક્તિ

કોઈ માણસ કલચરનો વ્યાપાર કરે છે, કોઈ બટનનો વેપાર કરે છે, પરંતુ તે બધાની દૃષ્ટિએ તો એજ વસ્તુ હોય છે કે ક્યારે આપણી સ્થિતિ આ વ્યાપાર દ્વારા સુધરે? અને ક્યારે આપણે સારો ઝવેરાતનો વેપાર કરી શકીએ! એ જ પ્રમાણે અહીં પણ સમજવાનું છે, અહીં કોઈ ચોથે ગુણસ્થાનકે હોય કે કોઈ આગળ હોય, પરંતુ બધાની દૃષ્ટિએ તો એક જ વાત હોય છે કે ક્યારે એ સ્થિતિની પ્રાપ્તિ થાય છે. જેમણે અગિયારમા યા બારમા ગુણસ્થાનકને લક્ષ્યમાં રાખ્યું છે, જેઓ કેવળીના વર્તનને અનુસરવાને તૈયાર થયા છે, જેમણે ક્ષીણકષાયના ઉદ્દેશથી વર્તન રાખ્યા છે તેવાઓ જ માત્ર સાધુ કહેવાને યોગ્ય છે, બીજા નહીં. ઝવેરી દરિદ્રપણામાં આવી ગયો હોય, તે લાખ રૂપિયાનું પાણીદાર મોતી જુએ તો તે જ ક્ષણે તેની એ મોતી ખરીદી લેવાની ઈચ્છા થઈ જાય છે! પરંતુ શું કરે? બિચારો લાચાર છે. ખીસા તરફ જોઈને તેને પોતાની વૃત્તિ દબાવી રાખવી પડે છે. એજ પ્રમાણે આ જીવ ચોથે ગુણસ્થાનકે હોય યા છઠે ગુણસ્થાનકે હોય, પરંતુ તે સઘળી વખતે તેની વૃત્તિ તો માત્ર ૧૧-૧૨-૧૩મું ગુણસ્થાનક મેળવવાની જ હોય છે.

મૂલ્ય તો સરખું જ

પોતપોતાની શક્તિ પ્રમાણે નાના મોટા વેપારી વધારે ઓછી લેવડદેવડ કરી શકે છે, નાનો મોટો વેપાર ખેડી શકે છે, પરંતુ તેથી તે કિંમતમાં વધારો ઘટાડો કરી શકતો નથી અથવા તે વસ્તુને અવસ્તુ અને અવસ્તુને વસ્તુ માની શકતો નથી! એજ પ્રમાણે ભવ્ય આત્મા ચોથે ગુણસ્થાનકે હોય અથવા ચૌદમે ગુણસ્થાનકે હોય તો પણ તેને માલની કિંમત-ધર્મનું મૂલ્ય એક સરખું જ હોય છે! જે કાંઈ ફરક છે. તે પોતાની શક્તિમાં જ છે!! સંસારમાં જે વેપારીઓ છે તે બધાજ કાંઈ ગાંસડીબંધ માલનો વેપાર કરી શકતા નથી. લેવડદેવડમાં તો દરેકને પોતાની શક્તિ પ્રમાણે સંકોચાવું યા ઉદાર થવું પડે છે. પરંતુ વસ્તુ અને વસ્તુની કિંમત એ બેમાં કોઈથી પણ વાંધો ઉઠાવી શકાતો જ નથી. એ ખૂબ યાદ રાખવાની જરૂર છે. પ્રત્યેક સમકિતિ ધર્મની કિંમત તો સરખી જ કરે છે. પણ વીર્યોલ્લાસ જે થવો જોઈએ તે થતો નથી! જગતના કાર્યોમાં વીર્યોલ્લાસ થાય છે. સંસાર વ્યવહારના કાર્યો આદરવા હોય તો તેમાં વીર્યોલ્લાસ થાય છે, મકાન બંધાવવું હોય તો તેમાં પચાસહજાર નાંખવા તરત જ તૈયાર થઈ જાય છે. પરંતુ વેપારમાં અમુક જ રૂપિયા નાંખે છે, લગ્ન કરવું હોય તો દેવું પણ કરે છે, પરંતુ લગ્નને માટે જેટલો વીર્યોલ્લાસ હોય છે તેટલો વીર્યોલ્લાસ વેપારમાં હોતો નથી. આ સઘળા મનુષ્યોના વર્તનમાં આપણે જે ફેરફારો જોઈએ છે તે સઘળા તેના વીર્યોલ્લાસને જ આભારી હોય છે.

પાંચ હજારનું પાણી

દુનિયાદારીમાં તમે પાંચ હજાર રૂપિયા ખરચીને નશ્વરદેહધારિણી સ્ત્રી લઈ આવો છો. એ દેહનો કાંઈ ભરોસો થતો નથી. આજે દેહ છે અને કાલે કદાચ પડી જશે! અકસ્માત થશે અને શરીરનો નાશ થશે, આવા સઘળા જોખમો હોવા છતાં તે જોખમ વહોરીને પણ સ્ત્રી પરણી લાવો છો અને

તેના દેહનો વિશ્વાસ રાખો છો. પરંતુ પાંચહજારનું પાર્સલ છોડાવવું હોય તો તેનો ભરોસો થતો નથી, હૃદયમાં અનેક શંકાઓ આવે છે કે રખેને પાર્સલમાંથી કાંઈ દગો તો નહીં નીકળે! એક બાજુ ઉપર વગર શંકાએ તમે હજારો રૂપિયા ખરચો છો અને બીજી બાજુએ તે જ રકમ ખરચતા તમોને વિચાર પડે છે એ બધાનું કારણ જોશો તો તે તમારો ઓછો વત્તો વીર્યોલ્લાસ જ છે. અમુક બાબત પરત્વે તમોને વીર્યોલ્લાસ થાય છે, જેથી ત્યાં તમે હજારો ખરચી નાંખો છો અને બીજી બાજુએ પૈસો ખરચતા પણ તમારો પગ પાછો પડે છે, 'મહારાજા શ્રેણીક ચોથે ગુણસ્થાનકે સ્થિત હતા અને તેમનું સમ્યક્ત્વ પણ ક્ષાયિકસમ્યક્ત્વ હતું છતાં કેદખાનામાં સો કોરડાનો પ્રચંડ માર ખાતી વખતે તેને સર્વવિરતિ લેવાનો વિચાર આવ્યો ન હતો, એનું કારણ એટલું જ હતું કે કોરડા ખાવાની બાબતમાં તેને વીર્યોલ્લાસ થયો હતો, જ્યારે એ સ્થળે સર્વવિરતિ લેવામાં તેને વીર્યોલ્લાસ થયો ન હતો.

સમાન મૂલ્ય

આ સઘળા ઉપરથી સમજવાનું એ છે કે ચોથાથી ચૌદમા ગુણસ્થાનક સુધીમાં પોતપોતાની શક્તિ પ્રમાણે આત્મા ક્રિયાનું યથાયોગ્ય સ્થાન લઈ શકે છે, પરંતુ તેને સઘળા ગુણસ્થાનકમાં ધર્મની કિંમત તો એક સરખી જ હોય છે. તેમાં ફેર હોતો જ નથી. ચોથાથી બીજા બધા ય ગુણસ્થાનકમાં આત્માની ભાવના તો એજ હોય છે કે ક્યારે મારા ભાગ્યયોગથી મને બારમા તેરમા ગુણસ્થાનકની કરણી મળે છે! ચોથા પછીના અને ચોથા ગુણસ્થાનકમાં જો એવી ભાવના ન હોય કે ક્યારે મને બારમા તેરમા ગુણસ્થાનકની કરણી મળે? તો સમજી લેવું કે હજી મેળવેલા સ્થાનમાં એટલી ન્યૂનતા છે. ચોથા અને તે પછીના બધાય ગુણસ્થાનકમાં જો એ દૃષ્ટિ ન આવે કે ક્યારે મને બારમા તેરમા ગુણસ્થાનકની કરણી મળે છે તો પછી આપણી રૂચિ જે પૂર્ણ નિર્ગ્રંથમાર્ગ તે તરફ જવાની જ કેવી રીતે હતી? અહીં કેટલાક અજ્ઞાનીઓ એવી શંકા કરે છે કે આપણા નિર્ગ્રંથો જે માર્ગે ચાલ્યા હતા તે માર્ગે જ આપણે ચાલવું કે શાસ્ત્રો જોઈને આપણી પ્રવૃત્તિ એ શાસ્ત્ર પ્રમાણે રાખવી જોઈએ, અહીં આવો પ્રશ્ન ઊઠાવવો એજ નકામો છે. ધારો કે તમે અને તમારો ભાઈબંધ એક બંગલાની નીચે ઉભા છો. તમારો મિત્ર તમારા દેખતાં સીડી ઉપર ચઢીને બંગલામાં જાય છે અને બારીમાં જઈને ઊભો રહે છે, હવે તે તમોને બારીમાંથી ઉપર બોલાવે, તો તમે તેને એવો પ્રશ્ન કરો કે ભાઈ! ક્યાંથી આવું દાદરેથી ચઢીને આવું કે અહિંથી કુદીને આવું?

ઉડવાની શક્તિ ન હોય તો?

વસ્તુસ્થિતિ એ છે કે તમે પ્રત્યક્ષ તમારા ભાઈબંધને દાદરે ચઢીને નજરે જોયો છે, કયે રસ્તે દાદર પર જવાય છે, અને ત્યાંથી ચઢીને ક્યાં જવું પડે છે, ત્યાંથી બારીમાં કેવી રીતે જઈ શકાય છે, એ સઘળું તમે જાણો છો. હવે તમારો ભાઈબંધ તમોને બોલાવે એ પ્રસંગે તમારે એકજ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે તે વાત એ છે કે તમે અંદર જાઓ, દાદર ચઢો, તેનો કશો વાંધો નથી, પરંતુ એ સઘળી પ્રવૃત્તિ કરતાં તમારી દૃષ્ટિ તો બારીમાં જ હોવી જોઈએ. આપણી શક્તિ એવી હોય કે આંખ મીંચીને ઉઘાડીએ તેટલામાં ઉડીને બારીમાં પહોંચી જઈએ તો પછી તમોને ઊડીને જતાં અટકાવે એવું આ જગતમાં કોઈ પણ નથી જ! પરંતુ જો તમારામાં ઉડીને જવાની શક્તિ ના હોય, તમે ઉડીને ન જઈ શકતા હો, તો તમારે દાદરે ચઢીને જવું એ પણ કુદરતી અને તમારા કર્તવ્યરૂપે જ છે. કેવળી મહારાજાઓએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી લીધી હતી, તેવી પ્રાપ્તિ જો તમે સ્વયં કરી શકતા હો, તો તમોને તે જ્ઞાન પ્રાપ્ત કરી લેતાં કોઈ ખાળતું નથી, પરંતુ તેવા જ્ઞાનની ગેરહાજરીમાં શાસ્ત્રવચનને અનુસરવાનું જ તમારું કર્તવ્ય છે.

તો શાસ્ત્રને અનુસરો

હવે આ ઉપરથી કોઈ એમ કહેવા નીકળે કે આ રીતે તો કેવળી મહારાજોના વર્તન અને શાસ્ત્ર કથન વચ્ચે વિરોધ આવે છે, તો તેનો જવાબ એ છે કે એ વિરોધ જ નથી. કેવળી મહારાજોમાં શક્તિ હતી. એટલે તેમણે એ જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું. આપણામાં એવી શક્તિ નથી એટલે આપણે શાસ્ત્રવચનને અનુસરવાનું છે. જો તમારા બંગલાને આગ લાગે તો તમો બારણું ખોભો કે ભીંતે અથડાયા કરો? મતલબ કે અહીં બહાર જવું એજ તમારું લક્ષ્ય હોય છે. બહાર જવું એ લક્ષ્ય ચોક્કસ, પછી જે રીતે બહાર જવાય તે રીતે બહાર જવાનું! આપણું દરેકનું લક્ષ્ય તો એજ હોવું જોઈએ અને છે કે સંપૂર્ણ તીર્થંકર, કેવળી, ક્ષીણમોહચારિત્ર વાળાના ચરિત્ર તરફ જ આપણી દૃષ્ટિ રહે પરંતુ જે અશક્તિમાન છે તેને માટે નિર્માણ કરેલા દાદરા પર તેણે ચઢવાનું છે. તીર્થંકર ભગવાનોએ જે માર્ગ દર્શાવ્યો છે અને જે ધર્મ પ્રરૂપેલો છે તે ખાલી ગમ્મત કરવા ખાતર બતાવ્યો નથી, એ ધર્મ બતાવેલો છે તે કેવળજ્ઞાન મેળવવા માટે અને મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ બતાવેલો છે.

અનુકરણીય શું?

દરેક કાર્ય પ્રસંગે આપણું લક્ષ્ય તો ક્ષીણમોહનીયના કેવળીના, તીર્થંકરના પવિત્ર વર્તન તરફ જ હોવું જોઈએ. તીર્થંકર ભગવાનોએ જે જે સઘળું કર્યું હતું તે સઘળું જ આપણે માટે અનુકરણીય પણ નથી જ. તીર્થંકર ભગવાને લગ્ન કર્યા હતા માટે આપણે પણ લગ્ન કરવાં જ જોઈએ. એ વાત આ શાસ્ત્રે કદી મંજુર રાખી જ નથી, મતલબ એ છે કે તીર્થંકર ભગવાનોને કર્મોના ઉદયથી-કર્મોનો ઉદય થવાથી જે બનાવો બને તે બનાવો અનુકરણીય, આદરણીય કે વંદનીય નથી જ. શું તીર્થંકર ભગવાનના વિવાહમાં સાધુઓ જાનઈયા બનશે? અથવા અનુકરણ તરીકે વિવાહ નહીં કરનારને અધર્મી ગણશે? કદી નહીં. તીર્થંકર ભગવાનોના જીવનમાં પણ જે બનાવો કર્મના ક્ષયાદિના કારણે બન્યા છે તે જ બનાવો ભવ્યાત્માઓને માટે અનુકરણીય છે, ભગવાન શ્રી મહાવીરદેવના કેવળજ્ઞાનને ચુપકી પકડાવી હતી. હવે તેમના કેવળજ્ઞાનને કેમ ચુપકી પકડાવી હતી તેનો વિચાર કરો. ભગવાન શ્રી મહાવીરદેવ આમ્રશાલવને સમોસર્યા હતાં. એ પ્રસંગની આ વાત વિચારો. ભગવાન નાલંદા નગરીમાં સમોસર્યા છે, ત્યાં સૂર્યાભદેવ આવ્યો. તેણે સમોસરણ રચ્યું, મહાવીર ભગવાને દેશના દીધી, એ પ્રસંગે સૂર્યાભદેવ ભગવાનને કહે છે કે હે ભગવાન! તમે તો સર્વદર્શી છો, સર્વજ્ઞ છો, ને બધુંય જાણો છો, પરંતુ આપણી ભક્તિને નિમિત્તે નાટક કરું?'

ભગવાન મૌન કેમ રહ્યા

સૂર્યાભદેવનું વચન સાંભળીને ભગવાન શ્રી મહાવીરદેવ મૌન રહે છે. હવે વિચાર કરો કે ભગવાનને અહીં 'હા' કહેવામાં શી અડચણ છે. ભગવાન શ્રીતીર્થંકરદેવ ક્ષીણમોહી છે. નાટકના સંબંધમાં એમને હા કહેવામાં પાપ લાગે તેમ નથી! પરંતુ તે છતાં ભગવાને કેમ હા ન કહી? તેનો વિચાર કરો હવે બીજી એ વાત વિચારો કે એમાં પાપ હતું તો 'ના' એવો જવાબ મહાવીર ભગવાને કેમ ન આપ્યો? જો એમને પાપ ન લાગતું હતું તો એમણે હા કેમ ન કહી? અર્થાત્ જો હા કહેવી અયોગ્ય હતી તો પછી ભગવાને ના પણ કેમ ન કહી? કોઈ એમ કહેશે કે ભક્તિનો અંતરાય પડે એટલા માટે ભગવાને ના કહી ન હતી, તો કોઈ કહેશે એ જવાબ પણ વાસ્તવીક નથી. કારણ કે પાપનો બંધ થતો હોય તો પણ ભક્તિ કરાય એ ભક્તિ કોઈપણ રીતે પસંદ કરવા જેવી નથી અને વિદ્વાનો કદી એવી ભક્તિને માન્ય પણ રાખતા જ નથી. હવે તમારે હિસાબે આ પ્રશ્નને પ્રસંગે ભગવાને શું કરવું જોઈતું હતું તેનો વિચાર કરો. તમારે હિસાબે તો ભગવાને અહીં સ્પષ્ટ રીતે ના જ કહી દેવાની જરૂર હતી

અને નાટકનો તેમણે ખુલ્લે ખુલ્લી રીતે વિરોધ જ કરવો જોઈતો હતો.

તરતજ 'હા' કહે.

હવે આ બાબતમાં શાસ્ત્ર શું કહે છે તે વિચારો. ભગવાનની પાસે કોઈ ભવ્યાત્મા આવીને તેમને એમ પૂછે કે મહારાજ! આપને વંદના કરું? તો ભગવાનને મૌન રહેવું પડે અને એમ પૂછે કે હે ભગવાન હું સાધુ મહારાજાને વંદના કરૂં તો તરતજ હા કહેવી પડે! બીજાને માટે ભગવાન વંદના કરવાની હા પાડે, પણ પોતાને માટે મુંગા જ રહે! મૌન જ રાખે?! કારણ?! ભગવાન હા એ નથી પાડતા અને ના એ નથી પાડતા તેનું કારણ શાસ્ત્ર એ આપે છે કે એ ભગવાનની પોતાની અંગત વાત હોવાથી જ ભગવાન તેમને ઉત્તર ન આપતાં મૌન રાખે વળી તીર્થંકરપદની પ્રાપ્તિ પછી જે વર્તન કરવાનું છે તે પોતાનો સાધુ સમુદાય ભવિષ્યમાં પોતાના જ કાર્યોને અનુસરવાનો છે એમ ધારીને જ રાખવાનું છે. હવે જો ભગવાન નાટક કરવાની હા કહે તો એનું પરિણામ પણ એજ આવે કે સરાગી સાધુઓ પણ નાટક ચેટક જોતાં શીખે! ભગવાન તીર્થંકર થયા પછી જે જે વર્તન કર્યું છે તે સઘળું વર્તન તેમણે એ વાત ધારીને જ કર્યું છે કે મારો શિષ્ય સમુદાય ભવિષ્યમાં મારા વર્તનને અનુસરનારો થશે અને તેથી મારા શિષ્યો માટે હિતકારી હોય એવું જ વર્તન કરવાની જરૂર છે.

પરમહંસ અને સ્થિતપ્રજ્ઞ

ભગવાન અરિહંત તો કેવળ સ્વરૂપ હતા. આપણે જૈનોએ જ એમને એવા માન્યા હતા એમ નહિ, પણ એઓશ્રીના વિરોધીઓએ પણ એમને પરમહંસ અને સ્થિતપ્રજ્ઞ તરીકે ઓળખ્યા હતા. પછી એમને વસ્ત્રની જરૂર ન હતી. છતાં ભગવાને એક વર્ષ સુધી વસ્ત્ર ધારણ કર્યું હતું. કારણ પણ એજ હતું કે તેઓ શ્રીમાનને સવસ્ત્રધર્મ પ્રરૂપવો હતો. સ્થવિરકલ્પીસાધુઓને માટે વસ્ત્રવાળો ધર્મ કહેવો હતો માટે જ ભગવાને પોતે પણ એક વર્ષ સુધી પોતાના દેહપર વસ્ત્ર ધારણ કર્યું હતું. તે જ પ્રમાણે ભગવાને સપાત્રધર્મ કહેવો હતો તે માટે ભગવાને પોતે જ પહેલું પારણું પાત્રથી કર્યું હતું. આ સઘળા શાસ્ત્રીયકથન ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભગવાનના પોતાના સઘળા વર્તનમાં એજ આશય રહેલો હતો કે મારું વર્તન એવું હોવું જ જોઈએ કે જે મારા શિષ્ય સંતાનોને માટે વાસ્તવિક અને અનુકરણીય હોય, અહીં કોઈ એવો પ્રશ્ન કરશે કે જો ભગવાનનું વર્તન સ્પષ્ટ આવા જ આશય પૂર્વકનું હતું તો પછી એ વર્તન મોજુદ હોવા છતાં હવે આગમોનું કામ છે? હવે આગમો નકામા છે!!

આગમ શા માટે ?

અહીં એવી શંકા કરવી એ સર્વથા નકામી જ છે. ભગવાને પોતે જે વર્તન કર્યું હતું તે વર્તન આપણે માટે આદરણીય છે એમાં જરા પણ શંકા છે જ નહીં. પણ મહાત્માઓના રસ્તાને બધા જ આત્માઓ અનુસરી શકે એ કદી બનતું જ નથી. કમાન્ડર-ઈન-ચીફ જે રીતનું વર્તન રાખે તેવું વર્તન - તેવી બહાદુરી લશ્કરનો પ્રત્યેક સિપાઈ દર્શાવી શકતો જ નથી. આથી જ પોતાનાથી ઓછી શક્તિવાળાને માટે કમાન્ડર-ઈન-ચીફને નવા નવા ધારા ઘડવા પડે છે. ભગવાન પણ અહીં કમાન્ડરને સ્થાને જ હતા. તેમણે પોતે જે વર્તન કર્યું હતું, તે વર્તન જો તમે કરી શકો એવી તમારામાં શક્તિ હોય તો ભગવાન કાંઈ તમોને ના પાડવા આવતા જ નથી. પરંતુ જેનાથી એ માર્ગે ન ચાલી શકાતું હોય તો તેને માટે ભગવાન તરફથી આગમ શાસ્ત્ર બતાવવામાં આવ્યું છે. આપણે અશક્ત છીએ તેથી આપણે ભગવાનના વર્તનને અનુસરી શકતા જ નથી, અને આપણને આગમને અનુસરવાનું જ રહે છે. શક્તિની આપણામાં ખામી છે તેથી જ એ ખામી ટાળવાને અંગે આગમો છે અને એ આગમો દ્વારા કથાયેલા માર્ગે આગળ આપણે શક્તિ મેળવવાની છે, આ સઘળાથી આગમની આવશ્યકતા છે એ વાત સિદ્ધ થાય છે.

(અનુસંધાન પા. ૪૮૦ થી ચાલુ)

બેવડી ગણાય જેમ પર્વતિથિનું ઉદય રહિતપણું હોવાથી ક્ષય હોય ત્યારે પડવા આદિ અપર્વતિથિ કે જે ઉદય અને સમાપ્તિ બંનેવાળી છે છતાં તેનો બાધ કરી **क्षये पूर्वा तिथि कार्या** એ નિયમથી પડવા આદિનો સૂર્યોદય બીજ આદિને લગાડ્યો અને તેથી જ ધર્મારાધનમાં પડવા આદિનો ક્ષય ગણાયો. તેવી જ રીતે ટીપ્પણામાં જ જ્યારે બીજ આદિની વૃદ્ધિ હોવાથી વૃદ્ધિનો પ્રસંગ આવે છે ત્યારે **वृद्धौ कार्या तथोत्तरा** એ નિયમથી પહેલી બીજ આદિના સૂર્યોદયને બીજ આદિનો સૂર્યોદય જ ન માન્યો અને તેથી આપોઆપ તે બીજ આદિથી પાછળની પડવા આદિ અપર્વતિથિની જ વૃદ્ધિ માનવી પડે. અર્થાત્ **क्षये पूर्वा०** ના પદ્યાર્ધથી જેમ પર્વતિથિના ક્ષયને પ્રસંગે અપર્વના ઉદયને પર્વતિથિનો ઉદય થાપે છે તેવી જ રીતે પર્વતિથિના બે ઉદય હોય ત્યારે માત્ર બીજી તિથિના જ ઉદયને પર્વતિથિના ઉદય તરીકે થાપીને પહેલાના ઉદયને અપર્વતિથિનો ઉદય ઠરાવે છે. આ બધી વાત સમજનારો સુજ્ઞ મનુષ્ય સ્હેજે સમજી શકશે કે **क्षये पूर्वा०** નું તાત્પર્ય જ એ છે કે પર્વતિથિના ક્ષયે અપર્વના ઉદયને પર્વનો ઉદય માનવો, એટલે અપર્વને ઉદય વિનાનું માનવું. એટલે સ્પષ્ટ થયું કે પર્વતિથિની ક્ષયે તેના પહેલાની અપર્વતિથિનો ક્ષય કરવો અને પર્વતિથિની વૃદ્ધિ થાય ત્યારે તેના બીજા સૂર્યોદયને જ પર્વતિથિના સૂર્યોદય તરીકે માનવો. એટલે પર્વતિથિની વૃદ્ધિ જો ટીપ્પણમાં આવે તો તે વધેલી તિથિના પહેલાની અપર્વતિથિના બે સૂર્યોદય માનવા અને તેથી પર્વતિથિની વૃદ્ધિએ તેનાથી પહેલાની બે અપર્વતિથિઓ જ કરવી. આ સ્થાને આ વાત બરોબર ધ્યાનમાં લેવા જેવી છે કે શાસ્ત્રકારો ક્ષીણ થયેલ પર્વતિથિને ક્ષીણ માનવા કે મનાવવા તૈયાર નથી. તેમ વૃદ્ધિ પામેલી પર્વ તિથિને બેવડી માનવા પણ તૈયાર નથી. તો પછી જ્યારે ક્ષીણ થયેલી કે વૃદ્ધિ પામેલીને ક્ષીણ કે વૃદ્ધિ માનવા તૈયાર નથી તો પછી દ્વિતીય પર્વ જે પૂર્ણિમા અમાવાસ્યા કે ભાદરવા સુદ પાંચમરૂપ છે તેના ક્ષય કે વૃદ્ધિના પ્રસંગને લઈને ચૌદશ કે ભાદરવા સુદ ચોથના ક્ષય કે વૃદ્ધિનો પ્રસંગ આવે તે તો ઈષ્ટ તરીકે ગણે જ કેમ ? એટલે સ્પષ્ટ થાય છે કે દ્વિતીયપર્વના ક્ષય કે વૃદ્ધિને પ્રસંગે પૂર્વ પર્વની વૃદ્ધિ કે ક્ષય ન થાય, પણ તે પ્રથમપર્વથી પહેલાની અપર્વતિથિની જ વૃદ્ધિ થાય કે ક્ષય થાય. તેથી પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિ કે ક્ષય હોય ત્યારે ચૌદશની વૃદ્ધિ કે ક્ષય ન કરતા તેનાથી પણ પહેલાની અપર્વરૂપ તેરસની વૃદ્ધિ કે ક્ષય થાય અને ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિ કે ક્ષય થાય તે પ્રસંગે સંવચ્છરીની ચોથની ક્ષય વૃદ્ધિ ન કરતાં તેનાથી પણ પહેલાની અપર્વરૂપ ત્રીજનો જ ક્ષય થાય કે વૃદ્ધિ થાય. તેથી ગુરૂવારની સંવચ્છરી કરશે તે જ શાસ્ત્ર અને પરંપરાના આરાધક થશે.

બુધવારની સંવચ્છરીવાળા જવાબ આપશે કે?

૧ જોધપુરી પંચાંગને વર્ષોથી માનીએ છીએ કે?

૨ જોધપુરી પંચાંગમાં ભાદરવા સુદ પાંચમ બે છે કે ?

૩ બીજ પાંચમ આદિ પર્વતિથિઓ જ્યારે જ્યારે બેવડી આવતી હતી ત્યારે ત્યારે અત્યાર સુધી બધા સાધુ બે એકમ બે ચોથ વગેરે કહેતા હતા, લખતા હતા અને કરતા હતા એમ ખરૂં કે ?

૪ શ્રી વિજયદેવસૂરિજીના ગચ્છવાળાની ૧૮૯૫ની સાલની લખેલી અને તેના પહેલેથી ચાલતી રીતિને જણાવનારી પ્રતમાં પૂનમની વૃદ્ધિ થાય તો તેરસની વૃદ્ધિ કરવી અને તેમ બે તેરસ ન કરે તેને ગુરૂલોપક અને ઠગ કહ્યો છે કે ?

૫ તમો વિજયદેવસૂરિજીની પરંપરામાં છો કે? અને શ્રી વિજયસિંહસૂરિજીની આજ્ઞાથી

થયેલા ક્રિયોદ્ધારને માનો છો કે ? અને જો માનો છો તો પછી શ્રી વિજયદેવસૂરિ કે જેઓ શ્રી વિજયસિંહસૂરિજીના પણ ગુરૂ છે તેમની તિથિ બાબતની શાસ્ત્રસિદ્ધ પરંપરા અત્યાર સુધી માનતા આવ્યા છો છતાં હવે ન માનવી તેનું કારણ શું ?

૬ ઉદય સિવાયની તિથિ કરે તે વિરાધક ગણાય આ સર્વને માન્ય છે, પરંતુ ક્ષયમાં ઉદય વગર અને વૃદ્ધિમાં એક ઉદયને છોડીને બીજે દિવસે આરાધના કરો છો તે કેમ ?

૭ આરાધનાને બલવતી માનો છો કે તિથિને બલવતી માનો છો ? આરાધનાને બલવતી માનો તો ચૌદશ પૂનમ કે સંવચ્છરીની ચોથ પાંચમ ભેગી કેમ માનો છો ? શ્રી તત્ત્વતરંગિણીમાં પૂનમે પક્ખી કરે તેને એક અનુષ્ઠાનનો લોપ કરનાર કહ્યો છે કે ? જો બે પર્વના અનુષ્ઠાન એકઠાં થતાં હોય તો લોપનો પ્રસંગ શાનો ?

૮ પૂનમના ક્ષયે એક પણ અનુષ્ઠાનનો લોપ ન થાય માટે તેરસ અને ચૌદશ એ બેને લેવાનું શ્રી હીરપ્રશ્નમાં કહ્યું છે કે ?

૯ શ્રી હીરપ્રશ્નમાં આઠમ આદિ પર્વતિથિ બેવડી હોય તો બીજી આઠમને ઉદયવાળી કહી છે કે ? ઉદયવાળી થાય ત્યારે તિથિ ગણાય અને ઉદય વગરની ચ્હાય તેટલી હોય તો પણ તિથિ ન ગણાય એમ ખરૂં કે ? અને પહેલી પાંચમ ઉદયવાળી ન ગણી તો પછી ચોથ જ થઈ કે બીજું કંઈ ?

૧૦ પૂનમ અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસનો ક્ષય અને વૃદ્ધિ ન કરવી એ કોઈ જગા પર શ્રી વિજયદેવસૂરિજીની પરંપરામાં કે શ્રી વિજયદેવસૂરિજીથી પહેલાના ગ્રંથમાં દેખ્યું છે?

૧૧ પૂનમના ક્ષયે તેરસે તેનું તપ કરવું અને બીજે દિવસે પૂનમ પછી ચૌદશનું તપ કરવું એ મત આણસૂરનો છે, પણ શ્રી દેવસૂરિજીનો તે મત નથી જ એમ ખરૂં કે ?

૧૨ આણસૂરવાળા પૂનમઅમાવાસ્યાની વૃદ્ધિએ પડવાની વૃદ્ધિ માને છે પણ ખોખાવાદિઓની પેઠે બે પૂનમ કે બે અમાવાસ્યા તો નથી માનતા એમ ખરૂં કે ? ટીપ્પણાની અપેક્ષાએ તો બે હોય છે ખરતરની ચર્ચામાં બીજી કહેવી પડે છે અનુષ્ઠાનમાં તો ઉદય વગરની જ ગણાય.

૧૩ પૂનમ અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય કહેનાર, લખનાર અને કરનારે ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવો એજ વ્યાજબી ગણાય કે ?

૧૪ પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ માનનારા શ્રી દેવસૂરિવાળાઓને ભાદરવા સુદ ૫ ની વૃધ્ધિ હોય ત્યારે ત્રીજની જ વૃદ્ધિ માનવી એ યોગ્ય છે કે ? અને એ હિસાબે સંવચ્છરી ગુરૂવારની જ આવે છતાં કેમ નથી માનતા ?

૧૫ તત્ત્વતરંગિણીની ચર્ચા પૌષધાદિ અનુષ્ઠાનોને અંગે છે અને તેમાં પક્ખી અને પૂનમ ભેગી થવાની સ્પષ્ટ ના કહે છે કે ?

૧૬ કલ્યાણકની તપસ્યા તો આગલો દિવસ લઈને કરવાની કહે છે કે ? અને પૌષધનો ઉચ્ચાર તેમ ન થાય કે ?

૧૭ ચૌમાસી પૂનમના ક્ષયે ખરતરો આગળનો દિવસ લઈને છટ્ઠ કરે છે કે ?

૧૮ પક્ખીએ કદાચ છટ્ઠનો અભિગ્રહ હોય અને પૂનમનો ક્ષય હોય તો ખરતરો આગળનો દિન લઈને તપસ્યા પૂરી કરે છે કે ?

૧૯ તપાવાળાને તો તેરસ ચૌદશ લેવાની છે એમ ખરૂં કે ?

તા.ક. :- પુના કે અમદાવાદથી કોઈપણ બુધવારવાળા મધ્યસ્થળે આવ્યા નહિં, પ્રતિનિધિપણાનું બહાનું કાઢયું, બે પક્ષ વચ્ચે નક્કી થયેલ કમીટી

ન માની, લિખિત ચર્ચા પણ કમીટી દ્વારા કરવાનું ન માન્યું અને પરસ્પરના ખુલાસા સિવાય બંધ પાકીટે પંચોને આપવાનું પકડયું તેથી એકકે પ્રકારે શાસ્ત્રાર્થ ન થયો માટે આ પ્રશ્નોના ખુલાસા હવે દરેક મુમુક્ષુને પહેલી તકે મેળવવા. બુધવારવાળા સાચા ખુલાસા કોઈપણ પ્રકારે શાસ્ત્ર અને પરંપરાને અનુસરીને કરવાના જ નથી, છતાં કોઈક જીવ ભવભીરૂ હોય અને આ હકીકતથી સમજે તો બસ છે. એમ ધારીને જ આ લખાણ કર્યું છે.

ગુરૂવારે સંવચ્છરી પર્વ આરાધન માટે

૧ ધર્મક્રિયાની સમાનકાલની જાળવણી કરવા માટે નિયમિત પંચાગની માન્યતા કરવાની જરૂર હોય તે સ્વાભાવિક છે અને તે કારણથી જૈનજનતાએ ચંડુપંચાંગને માન્ય રાખ્યું છે એમ તો શનિવારની સંવચ્છરીવાળાને માન્ય છે જ અને રવિવારની સંવચ્છરીવાળામાં પણ મોટે ભાગે માન્ય જ છે.

૨ અપર્વનો પૌષધ નહિં માનાનારા ખરતરો પણ ચૌદશના ક્ષયે તેરશને જ ચૌદશ માને છે.

૩ તત્ત્વતરંગિણીમાં ચૌદશના ક્ષયે તેરસને દિવસે તેરસ છે એમ કહેવું, પણ નહિં, એમ સ્પષ્ટ કહેલું હોવાથી પર્વતિથિની પહેલાની અપર્વતિથિનો ક્ષય જ મનાય.

૪ વળી તત્ત્વતરંગિણીમાં **प्रायश्चित्तादिविधौ चतुर्दयेवेति व्यपदिश्यमानत्वात्** એમ સ્પષ્ટ શબ્દે આરાધનાના કામમાં આજ ચૌદશ જ છે એમ કહેવાય છે એવું કહેલું છે, તેથી ચૌદશના ક્ષયે તેરસને દિવસે તેરસ છે એમ કહેવાય નહિં, તેમજ આજ ચૌદશ જ છે એમ કહેવાય. ધર્મમાં તેરસ ચૌદશને ભેગાં કહેનારા શાસ્ત્ર અને પરંપરાથી વિરુદ્ધ જ છે.

૫ પૂનમના ક્ષયે તેનો તપ તેરસ ચૌદશે કરવો એમ **त्रयोदशीचतुर्दश्योः** કહીને દ્વિવચનથી જણાવી પૂનમના ક્ષયે તેરસ ચૌદશ અને ચૌદશે પૂનમ કરવાનું સ્પષ્ટ કહે છે. ચૌદશ પૂનમ ભેળું કરવા હોત તો તેરસને અડકવું પડત જ નહિં. વળી તેરસે ભૂલે તો પડવે કરે એમજ કહ્યું છે તે તેમ ન કહેતાં ચૌદશે ભૂલે તો પડવે કરે એમ કહેવું પડત. વળી ચૌદશનો તપ સાથે લેવો હોત તો તેરસે ભૂલતાં ચૌદશ અને પડવો લેત, પણ એકલો પડવો ન લેત. પૂનમને તો ઉદય વિનાની સમાપ્તિ વિનાની અને ભોગ વિનાની પણ તેરસે લેવી અને ચૌદશ પહેલા પૂનમનો તપ કરવો એ શાસ્ત્રને અનુસારે નથી. ક્ષયના કે વૃદ્ધિના પ્રસંગે જેમ ઉદયનો એકાંત નિયમ ન હોય તેમ બે પર્વના લીધે ક્ષયના પ્રસંગે સમાપ્તિનો નિયમ ન રહે અને બે પર્વના પ્રસંગમાં વૃધ્ધિને પ્રસંગે ઉદય, સમાપ્તિ કે ભોગનો પણ નિયમ રહે નહિં.

૬ બીજી અગ્યારસ અને બીજી અમાવાસ્યાને જ શાસ્ત્રકારો **औदायिकी** એટલે ઉદયવાળી માને છે. તેથી પહેલાની અગ્યારસ અને પહેલી અમાવાસ્યા તરીકે જ માનતા નથી. યાદ રાખવું કે ઉદયને લીધે જ તિથિનો વ્યવહાર છે ઉદય ખસે તો તિથિ ખસે જ, તેથી પહેલી અગ્યારસ વગેરે ખોખા અગ્યારસ તરીકે માનવાનું પણ રહેતું નથી અને બીજીને જ ઉદયવાળી ગણવાથી પહેલાની દશમ આદિ અપર્વની તિથિને જ વધેલી શાસ્ત્રકારોએ સ્પષ્ટપણે જણાવી છે.

તા.ક. મહારાજ આત્મારામજીએ ૧૯૫૨ માં જ્યેષ્ઠમાં કાલ કર્યો હતો અને તેમણે પંજાબના ટીપ્પણાને અનુસારે સંવચ્છરી જણાવી હતી તેથી તે વર્ષે તેમને માનનારા અને પાછળથી તે લીટે ચાલનારાઓએ સંવચ્છરીઓ તેમ કરી છે. ચંડુપંચાંગ અને પરંપરાને માનનારાથી તો ગુરૂવાર સિવાય બીજે વારે આ વર્ષે સંવચ્છરી થાય તેમજ નથી.

અવમરાત્ર અને અતિરાત્રની સમજ

જૈનજ્યોતિષ પ્રમાણે શાસ્ત્રકારો જણાવે છે કે દરેક છ અવમરાત્ર અને છ અતિરાત્ર હોય છે. તેમાં અવમરાત્ર શબ્દનો અર્થ કેટલાકો તિથિનો ક્ષય થાય તેમ કરે છે, પરંતુ તેઓએ સમજવાની જરૂર છે કે લૌકિક અપેક્ષાએ ભાદરવા કાર્તિક આદિ એકેક માસને આંતરે અને લોકોત્તરમાર્ગની અપેક્ષાએ આસો માગશર આદિ એકેક માસને આંતરે અવમરાત્ર તો પડવા ત્રીજ આદિ હોય છે અને તે જ અવમ એટલે ઓછામાં ઓછી તિથિ એટલે માત્ર $^{1}/_{६२}$ તિથિ સૂર્યોદયની વખતે હોય, એનાથી ઓછા પ્રમાણમાં જૈનશાસ્ત્રને હિસાબે ઓછી તિથિ હોય જ નહિ, તેથી તે આસો વદ એકમ આદિને અવમરાત્ર કહેવાય છે. અર્થાત્ પડવા આદિની તિથિઓ અવમરાત્ર એટલે ઓછામાં ઓછા પ્રમાણવાળી તિથિઓ છે. તે અવમરાત્ર જે પડવા આદિ હોય છે તેમાં જ બીજ આદિ જે જોડેની તિથિઓ હોય છે તે તે પડવા આદિને દિવસે $^{६१}/_{६२}$ ભાગ જેટલી પરિપૂર્ણ હોય છે. જૈનશાસ્ત્રને અનુસારે કોઈપણ તિથિ $^{६१}/_{६२}$ થી ઓછી પણ નથી હોતી તેમ અધિક પણ હોતી નથી. સર્વ તિથિઓ $^{६१}/_{६२}$ ભાગ પ્રમાણ જ હોય છે. પણ અહોરાત્ર સંપૂર્ણ હોવાથી ૬૨ પ્રમાણ હોય છે અને તેથી જ પ્રતિદિન તિથિઓમાં $^{1}/_{६२}$ ભાગનો ઘટાડો થાય છે અને તે હિસાબે એકસઠમે દિવસે પડવાની તિથિ માત્ર $^{1}/_{६२}$ જેટલો ભાગ જ સૂર્યોદય ફરશે છે અને બાકીનો બધો $^{६१}/_{६२}$ જેટલો બીજનો જ હોય છે. પણ તે સૂર્યોદયને ફરસતો નથી અને તેથી જ તે બીજઆદિ તિથિને पतन्ती तिथिः, मिलन्ती तिथिः, पतिता तिथिः કે ક્ષય પામતી તિથિ તરીકે ગણવાનું શાસ્ત્રકારો જણાવે છે. અર્થાત્ આસો વદ એકમ આદિની તિથિઓ અવમરાત્ર તરીકે હોય છે, જ્યારે ક્ષીણરાત્ર તરીકે બીજ આદિ તિથિઓ જ હોય છે. માટે શબ્દના અર્થ અને શાસ્ત્રકાર મહારાજે अवमाः-न्यूनाः એમ અવમશબ્દનો અભાવ અર્થ નહિં કરતાં ન્યૂનતા એવો અર્થ કર્યો છે તેથી અવમરાત્ર શબ્દનો અર્થ ન્યૂનતિથિ એવો કરાય, પણ અવમરાત્રનો ક્ષય પામતી તિથિ એવો અર્થ થાય નહિં. જો કે અવમરાત્ર એટલે ન્યૂનતિથિ એ ક્ષીણરાત્રની સાથે એક જ દિવસે હોય છે તેથી તે સાહચર્યને લીધે લેવાય, પણ વસ્તુતાએ અવમરાત્રશબ્દનો અર્થ ન્યૂનતિથિ એવો છે. પણ ક્ષીણરાત્ર એવો નથી. વળી જૈનજ્યોતિષ શાસ્ત્રોને હિસાબે ઉપર જોઈ ગયા તેમ અવમરાત્ર અથવા ક્ષીણરાત્રમાં રાત્રિશબ્દથી માત્ર તિથિ એવો જ અર્થ લઈ શકાય. કેમકે પડવો અગર બીજ વગેરે તિથિઓ ન્યૂન થાય છે અને ક્ષીણ થાય છે, પણ કંઈ અહોરાત્ર ક્ષીણ કે ન્યૂન થતા નથી. ખરતરગચ્છના સમયસુન્દર પણ અષ્ટલક્ષીમાં अव નો અર્થ અવમરાત્ર એવો કહી તેના અર્થમાં તિથિ-હ્રાસ એમ જણાવે છે. અર્થાત્ તિથિનું ઉદયની અપેક્ષાએ ઘટવું અથવા ઉપલક્ષણથી તિથિનો સૂર્યના ઉદયને સ્પર્શ થાય નહિં તેથી ઉડી જવું લે તો પણ અવમરાત્ર શબ્દમાં રાત્રિશબ્દથી તિથિ જ લેવી પડે એટલે જૈનશાસ્ત્રને હિસાબે વર્ષમાં છ તિથિઓ ન્યૂન હોય અથવા ક્ષીણ થયેલી હોય એ સાચું છે. પરંતુ અતિરાત્રને સ્થાને રાત્રિશબ્દનો અર્થ અહોરાત્ર છે, પણ તિથિ એવો અર્થ અતિરાત્રશબ્દમાં રાત્રિશબ્દનો થાય જ નહીં. કારણ કે કર્મવર્ષ સંપૂર્ણ ત્રણસેં સાઠ દિવસનું હોય છે અને સૂર્યવર્ષ સંપૂર્ણ ત્રણસેંછાસઠ અહોરાત્રનું હોય છે. તેથી સૂર્યની અપેક્ષાએ જે અતિરાત્ર થાય તે સંપૂર્ણ અહોરાત્રરૂપ હોય છે. એ ઉપરથી વર્ષમાં છ અતિરાત્ર હોય છે એ વચન લઈને વર્ષમાં છ તિથિઓની વૃદ્ધિ જણાવે છે તેઓ તિથિ અને અહોરાત્રના ભેદને નથી સમજતા એ ચોક્કસ છે. ધ્યાન રાખવું કે તિથિ $^{६१}/_{६२}$ ભાગ હોય છે જ્યારે અહોરાત્ર $^{६२}/_{६२}$ સંપૂર્ણ હોય છે. વળી શાસ્ત્રકારોએ અવમરાત્ર અને ક્ષીણરાત્ર તરીકે

પડવાદિ અને બીજ આદિની તિથિઓને ગણાવી છે ત્યારે અતિરાત્રની કોઈ તિથિઓ ગણાવી જ નથી. કારણ કે અતિરાત્રને સ્થાને તિથિને સંબંધ જ નથી. શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ વગેરેમાં અવમ અને ક્ષીણરાત્રની તિથિઓ પડવા બીજ આદિ જણાવી. પરંતુ અતિરાત્રની તિથિયો જણાવી જ નથી. અતિરાત્રની અહોરાત્રપર્યાયતા માટે એક ઉદાહરણ લઈયે.

	આસો વદ પડવો	વદ ૨
કર્મમાસ	૬૧ દીવસ	૬૨મો
ચંદ્રમૌસ	પડવો $^{1}/_{62}$ બીજ $^{61}/_{62}$	ત્રીજ $^{61}/_{62}$ ચોથ $^{1}/_{62}$
સૂર્યમાસ	પૂર્ણ બે માસ	ત્રીજા માસનો પ્રથમ દિવસ એટલે એકસઠમો

શ્રાવણ વદ એકમે વર્ષનો આરંભ થાય એ અપેક્ષાએ માત્ર પહેલા અવમરાત્ર અને અતિરાત્રને ઉપરના કોઠાથી સમજી શકાશે અને એ ઉપરથી નક્કી થશે કે અવમરાત્ર શબ્દથી ગૌણપણે પણ તિથિની હાનિ લેવાશે પણ અતિરાત્ર શબ્દથી અહોરાત્રની વૃદ્ધિ લેવાશે પણ તિથિની વૃદ્ધિ નહિં લઈ શકાય. એટલે જૈનજ્યોતિષને હિસાબે તિથિની વૃદ્ધિ થાય છે એવું સૂર્યમાસની અપેક્ષાએ પણ નહિં લેવાય. અર્થાત્ જે તિથિની વૃદ્ધિ લેવાય છે તે માત્ર લૌકિકટીપ્પણાને અનુસારે જ છે. શાસ્ત્રોમાં ચોમાસા આદિની પ્રરૂપણા ગણધર પરંપરા પ્રમાણે કર્મ માસથી કહી છે અને તેથી જ ભગવાન્ મહાવીરની તપસ્યા બાર વર્ષ છ મહિના અને એક પક્ષ ગણી છે. તેમજ લૌકિક અપેક્ષાએ ભાદરવા વદમાં અવમરાત્ર ક્ષીણરાત્ર છતાં દશ પંચકના પચ્ચાસ દિવસ અને કાર્તિક વદનો અવમરાત્ર છતાં સીત્તેર દિવસ શેષમાં માન્યા છે.

ગુરૂવારની સંવચ્છરી વ્યાજબી કેમ છે ?

આ વર્ષે સંવચ્છરીની આરાધનામાં જે બે પક્ષ પડ્યા છે તેમાં એક પક્ષ ગુરૂવારનો છે, જ્યારે બીજો પક્ષ બુધવારનો છે. આ પક્ષ પડવાનું કારણ એ છે કે ગુરૂવારવાળા અને બુધવારવાળા બંને જોધપુરી પંચાંગ તો માને છે, પણ આ વર્ષે જોધપુરી પંચાંગમાં ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિ જણાવવામાં આવી છે, એટલે બુધવારવાળાઓ પાંચમને બેવડી માને છે અને ગુરૂ તથા શુક્રવારને દિવસે બે પાંચમો ગણે છે, અને તેથી ચોથને બુધવાર માની ચોથ બુધવારની સંવચ્છરી કરવા માંગે છે. જ્યારે શાસનને અનુસરીને ચાલનારા મહાનુભાવો આરાધનામાં પર્વતિથિનો ક્ષય પણ ન હોય અને વૃદ્ધિ પણ ન હોય એમ માને છે અને તેના કારણમાં સ્પષ્ટપણે જણાવે છે કે શાસ્ત્રકાર ચૌદશના ક્ષયે તેરસને દિવસે તેરસ છે એમ કહેવાની પણ ના કહે છે અને ધર્મના કાર્યમાં ચૌદશ જ છે એમ કહેવાનું સ્પષ્ટપણે જણાવે છે અને વળી જે કોઈ ચૌદશનો ક્ષય થયો હોય ત્યારે તેરસને દિવસે તેરસ છે એમ બોલે તેને મૂર્ખનો મુકુટ કહ્યો છે. તેથી જ્યારે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે ક્ષયે પૂર્વા ના નિયમથી પહેલાની તિથિ પર્વતિથિ બને અને તેથી તે અપર્વતિથિનો ક્ષય ગણાય. વળી બે પર્વતિથિયો સાથે હોય અને તેમાં બીજી પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વતરનો ક્ષય કરાય છે. અને તેથી જ શ્રી હીરપ્રશ્નમાં પૂનમના ક્ષયે તેની તપસ્યા માટે त्रयोदशीचतुर्दश्योः એમ કહી બે તિથિ ફેરવવાનું જણાવ્યું છે. આ પ્રમાણે શાસ્ત્રકારો કહે છે અને સેંકડો વર્ષોથી પરંપરા ચાલે છે. વીર (?) શાસન અને જૈનપરવંચને જે ટીપ્પણાં

આ વર્ષ પર્વતિથિનાં ક્ષયવાળાં અને ભેળસેળવાળાં કાઢયાં છે તે શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ છે અને એક જૈનબાલકે પણ માનવા કે અમલમાં મ્હેલવા જેવાં નથી. જેવી રીતે પર્વતિથિનો ક્ષય ન ગણવા બાબતમાં ઉપર જણાવ્યા પ્રમાણે શાસ્ત્ર અને પરંપરા છે તેમ વૃદ્ધિની બાબતમાં પણ શ્રી હીરસૂરિજી અષ્ટમી, અગીયારસ અને પૂનમ, અમાવાસ્યાની વૃદ્ધિ થઇ હોય ત્યારે જો કે ટીપ્પણામાં તો બન્ને દિવસે સૂર્યોદય હોય છે છતાં બીજી આઠમ વગેરેને જ ઔદયિકી એટલે ઉદયવાળી તિથિ ગણાવે છે અને પહેલી આઠમ વગેરેને દિવસે આઠમનો સૂર્યોદય થયેલો ગણવાની જ ના જણાવે છે, એટલે સ્પષ્ટ થયું કે તે દિવસે સાતમ વગેરે અપર્વતિથિઓને ગણવી. કારણ કે આઠમનો સૂર્યોદય નહિં તો આઠમ ક્યાં છે કે જેથી ખોખા આઠમ પણ તેઓ કરે. શ્રી ઉમાસ્વાતિ મહારાજ પણ **वृद्धौ कार्या तथोत्तरा** એટલે બેવડી તિથિ હોય ત્યારે બીજી આઠમ વગેરેને જ આઠમ વગેરે તરીકે એટલે ઉદયવાળી આઠમ વગેરે તરીકે ગણવી. આ રીતે જ પૂનમ અમાવાસ્યા જેવાં બેવડાં પર્વ હોય ત્યારે બન્નેનો પલટો કરાય છે અને તેથી પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ પરપંરાથી થાય છે. એ પરંપરા રામપંથીયો ભલે ચાલીસ વર્ષની છે એમ સમજાવે, પણ તે પરંપરા ઘણી જુની સેંકડો વર્ષોથી ચાલતી આવેલી છે. સંવત્ ૧૮૯૫ના શ્રી વિજયદેવસૂરિવાળા તરફનું તિથિપત્ર જે હમણાં જ છપાયું છે તેથી પણ તે સ્પષ્ટ થાય છે, માટે આ વર્ષ ભાદરવા સુદ પાંચમ બે હોવાથી તેરસની વૃદ્ધિના હિસાબે બે ત્રીજ કરવી જ પડે અને તેથી મંગળવારે અને બુધવારે ત્રીજ ગણનારો અને ગુરૂવારે ચોથ ગણનારો જ શાસ્ત્ર અને પરંપરાનો આરાધક છે, બુધવારે ચોથ છે એમ કહેનાર અગર ગુરૂવારે પાંચમ છે એમ કહેનાર ચૌદશના ક્ષયે તેરસને તેરસ કહેનારના જેવો મુર્ખશિરામણિ ગણાય છે. માટે ગુરૂવારવાળી ચોથને દિવસે જ સંવચ્છરી કરવી એ જ શાસ્ત્ર અને પરંપરાના આરાધકને યોગ્ય છે.

(ટાઈટલ પા. ૪ થી ચાલુ)

ચણ આવે તો હરકોઈ વખત પણ પૂજા માટે રાખ્યો છે, પડિક્કમણા માટે સામાન્ય રીતે દેવસિકાદિ વિશિષ્ટ પ્રતિક્રમણની અપેક્ષાએ કાલની નિયતતા છે, પણ તે તે નિયતતા પણ શરૂઆતના કાલવાળી નથી. વળી તેનો આપવાદિક વખત રાત દિવસના બારબાર વાગ્યા સુધી પણ છે. સામાન્ય રીતે આશાતનાદિના પ્રતિક્રમણમાં તો બાર વાગ્યા પછી રાત્રિ અને દિવસનું પ્રતિક્રમણ ગણવામાં આવે છે. માટે પડિક્કમણાનો વખત તિથિની શરૂઆતની સાથે નિયત થનારો નથી. તિથિને અંગે કરાતા નિયમગ્રહણમાં વખતનો કોઈ પણ નિયમ રહે નહિ. ઉપર જણાવ્યા પ્રમાણે પ્રત્યાખ્યાનના ગ્રહણ કાલના વખતની નહિં પણ પ્રત્યાખ્યાનની શરૂઆતના કાલના વખતની સાથે જ તિથિનો સંબંધ લેવાનો છે અને તેથી શાસ્ત્રકાર મહારાજે પ્રત્યાખ્યાનવેળા જે તિથિ માનવી એમ જણાવીને સાક્ષિમાં **उदयंमि जा तिहि** એમ કરીને ગાથા આપી. જો આવી રીતે પ્રત્યાખ્યાનની શરૂઆતનો કાલ ન લઈએ તો નિરુપણ અને સાક્ષી બન્ને જુદા પડી જાય છે અને તેમ થવું સામાન્ય વિચારકને પણ લાયકનું ગણાય નહિ. એટલે નક્કી થયું કે **तिथिश्च** વગેરે અને **उदयंभि जा०** ઈત્યાદિ ગ્રંથ પ્રત્યાખ્યાન આરંભ વખત અને સૂર્યોદયના વખતની સાથે તિથિનો નિયમ કરે છે, અને પૂજાતિક્રમણ આદિના વખતની સાથે તિથિ સંબંધનો વ્યવચ્છેદ કરે છે. એ ઉપરથી હવે **इयरीदू कीरमाणीए** એમ કહી જે ઇતરતિથિનો વ્યવચ્છેદ કરે છે તે અનુદય તિથિનો વ્યવચ્છેદ નથી તેમ ઉદયવાળી જ તિથિ માનવી એવું એકાંત વિધાન કરનાર પણ નથી. પરન્તુ પૂજાપડિક્કમણાદિના કાલથી તિથિ માનવાનો વ્યવચ્છેદ કરે છે. એમ જો માનવામાં ન આવે જો એમ જ માનવામાં આવે કે સૂર્યોદયની વખતે જે તિથિ હોય તો સિવાયની તિથિ માનવામાં આજ્ઞાભંગાદિ દોષો જણાવવામાં આવેલા છે તો તો પહેલે નંબરે ક્ષય પામતી બીજ આદિ તિથિઓ સૂર્યોદય વિનાની જ હોય છે એ ચોક્કસ છે અને તે આરાધાય છે એમ પણ ચોક્કસ છે, તો પછી તેવી સૂર્યોદય વિનાની બીજ આદિ તિથિને આરાધનાર આખું શાસન આજ્ઞાભંગઆદિના ભયંકર દોષોમાં સપડાઈ જાય, વળી **उदयंमि जा तिही सापमाणं** આ વાક્યને અવધારણની વિધિથી લઈને ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણે કરવી જોઈએ એમ લેવામાં આવે તો જ્યારે તિથિ બેવડી હોય અને તેના પહેલા દિવસના ઉદયમાં રહેલી તિથિ પ્રમાણ ન ગણવામાં આવે તો સ્પષ્ટપણે કહેવું જોઈએ કે તે પહેલા ઉદયને પ્રમાણે ન ગણવો એ પણ આજ્ઞાના ભંગવાળું જ થાય, એટલે કહેવું જોઈએ કે જેમ ઉદય વગરની ક્ષય તિથિને ન માનવી જોઈએ અને માને તો આજ્ઞાભંગઆદિ દોષો લાગે, તેવી રીતે બે દિવસના ઉદયવાળી તિથિએ બન્ને દિવસને પ્રમાણ ન ગણે તો તે પણ શાસ્ત્રની આજ્ઞાના ભંગ કરનાર જ થાય. કદાચ એમ કહેવામાં આવે કે ભગવાન શ્રી ઉમાસ્વાતિજીનો જે પ્રઘોષ છે કે ક્ષયમાં પૂર્વની તિથિ કરવી અને વૃધ્ધિમાં બીજી તિથિ કરવી. એ ઉપરથી અનુદયવાળી તિથિ કરવામાં દોષ નથી રહેતો અને ઉદયવાળી એક તિથિને ન માનવામાં પણ દોષ રહેતો નથી. આવું કહેનારે પ્રથમ તો શ્રાદ્ધવિધિના પૂર્વ વચનને ઔત્સર્ગિક માનવું જોઈએ અને શ્રી ઉમાસ્વાતિજીના વચનને આપવાદિક માનવું જોઈએ. જો શ્રી ઉમાસ્વાતિજીના વચનને આપવાદિક ન ગણવામાં આવે અને જુદો વિધિ છે એમ ગણવામાં આવે તો આજ્ઞાભંગાદિ દોષો પર્વતિથિના ક્ષય અને વૃધ્ધિમાં લાગવા જ જોઈએ. અને ભગવાન્ ઉમાસ્વાતિવાચકજીના વચનને આપવાદિક માનવામાં આવે તો આરાધનાની અખંડિતા અને નિયમિતતાનો નાશ એ બાધનું બીજ થાય, અને જો એવી રીતે આરાધનાની અખંડિતતા આદિ બાધનાં બીજો માનવામાં આવે તો પૂનમ અમાવાસ્યાની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરવામાં આવે છે તે સર્વથા યોગ્ય જ છે, અને ઉદયનો સિદ્ધાંત બાધિત થતો હોવાથી ઉદયવાળી કરવી એમ કહેનારો મહામૃષાવાદી અને શાસ્ત્રનો અજ્ઞાન એમ ઠરે છે અને તે જ પ્રમાણે બુધવારની સંવચ્છરી કરનારા પણ જાણવા. માટે ચોથ ગુરૂવારે જ સંવચ્છરી કરવી શાસ્ત્રના વચનોને સમજનાર માટે યોગ્ય છે.

ઉદયને નામે ફેલાવાતો ભ્રમ

उदयंमि जा तिही सा पमाणभियरीइ कीरमाणीए।
आणाभंगडवत्था मिच्छत्तविराहणं पावे॥१॥ श्राद्धविधि

આચાર્યમહારાજ શ્રી રત્નશેખરસૂરિજી મહારાજ શ્રી શ્રાદ્ધવિધિનામના પ્રકરણની અંદર પર્વકૃત્યોને જણાવતી વખત બીજ આદિપર્વોની તિથિઓ આરાધન કરનારે પૂજા પચ્ચખ્ખાણ પ્રતિક્રમણ અને નિયમગ્રહણમાં કઈ રીતિએ તિથિઓ લેવી તે જણાવતાં ઉપર જણાવેલ ગાથા તિથિના ક્રમણ અને સામાન્ય લક્ષણ માટે જણાવેલી છે. આ ગાથાથી સામાન્ય રીતે એમ જણાવે છે કે સૂર્યોદયની વખતે જે તિથિ હોય તે (પૂજા પચ્ચક્ખાણ પ્રતિક્રમણ અને નિયમગ્રહણમાં) પ્રમાણભૂત ગણવી. આ કારણથી જ શાસ્ત્રકારે અધિકારની શરૂઆતમાં જ તિથિને અંગે સ્પષ્ટ જણાવ્યું છે કે **तिथिश्च** (પ્રમાણભૂતતિથિ) **प्रातः प्रत्याख्या नवेलायां या स्यात् सा प्रमाणं** અર્થાત્ બીજ આદિ તિથિ કઈ લેવી તેના સમાધાનમાં જણાવે છે કે સવારે પચ્ચક્ખાણની વખતે જે હોય તે તિથિ પ્રમાણે ગણવી ને લેવી.

૧ પચ્ચક્ખાણ સવારે અને સાંજે બે વખત થાય છે. સવારે નવકારશી આદિ કરાય છે, અને પાણહારઆદિ સાંજે કરાય છે, તેમાં સાંજના પચ્ચક્ખણામાં માત્ર દિવસના છેલ્લા ભાગને મુખ્યતાએ સંબંધ છે એટલે સાંજના પચ્ચક્ખાણોનો મુખ્યતાએ તિથિ સાથે સંબંધ નથી.

૨ જેઓને રાત્રિભોજનના ત્યાગનું વ્રત ન હોય તેઓ દિવસ એટલે અહોરાત્ર ગણી અહોરાત્રના શેષભાગના પચ્ચક્ખાણ કરે. તેથી પણ સ્પષ્ટ થાય છે કે સાંજના પચ્ચક્ખાણનો અહોરાત્રની શરૂઆત સાથે સંબંધ થઈ શકે તેમજ નથી. એટલે સાંજના પચ્ચક્ખાણનો તિથિની શરૂઆત કે વ્યાપ્તિ સાથે સંબંધ નથી.

અદ્ધાપચ્ચક્ખાણમાં નવકારશી આદિ પચ્ચક્ખાણોનો સંબંધ જ અહોરાત્રની શરૂઆત સાથે હોય છે. જો કે તે નવકારશી આદિ પચ્ચક્ખાણ લેવાનો વખત તો સૂર્યના ઉદયથી પહેલાનો હોય છે, કેમકે પચ્ચક્ખાણનો વખત રાત્રિકપ્રતિક્રમણના તપચિંતવણાના કાઉસ્સગ્ગની વખતે છે, તે આખું રાત્રિકપ્રતિક્રમણ પુરૂં થયા પછી અગ્યાર પ્રતિલેખના થાય પછી સૂર્યનો ઉદય થાય એવો શાસ્ત્રનો નિયમ છે. માટે સવારે પ્રત્યાખ્યાનની શરૂઆત વખતે જે તિથિ હોય તે જ તિથિ આખા દિવસ માટે ગણવી.

આવી રીતે જણાવેલી બીજ આદિ પર્વતિથિઓ ચ્હાય ત્યારે બેસતી હોય અથવા ચ્હાય ત્યારે ઉતરતી હોય તેની દરકાર પૂજાપચ્ચક્ખાણ આદિ ક્રિયા કરનારે કરવી નહિં. પણ પ્રભાતે પ્રત્યાખ્યાનની શરૂઆત વખતે જે તિથિ હોય તેની ગણતરી ગણી તેને આધારે જ ઉપવાસ આંબિલ આદિ તિથિને લાયકનાં પચ્ચક્ખાણ કરવાં. જો કે બીજ આદિ તિથિને અંગે એકલાં પચ્ચક્ખાણ જ કરવાનાં હોય એમ નથી. પણ તે જ બીજ આદિ તિથિને અંગે પૂજા પડિક્કમણમાં અને નિયમગ્રહણ પણ હોય છે. છતાં શ્રી શ્રાદ્ધવિધિકાર શ્રી રત્નશેખરસૂરિજીમહારાજ આ વાક્યથી નક્કી કરે છે કે પૂજા વખતે પ્રતિક્રમણ વખતે કે નિયમગ્રહણ વખતે કઈ તિથિ છે કે કઈ તિથિ નથી એ જોવાનું નથી. પરન્તુ તે પૂજા પચ્ચક્ખાણ અને નિયમગ્રાહણમાં પણ તે જ તિથિ માનવી કે જે સવારના પ્રત્યાખ્યાનના શરૂઆતની વખત હોય આ હકીકત સમજતાં સ્પષ્ટ સમજાઈ જશે કે આ શ્રાદ્ધવિધિનો આ અધિકાર પ્રત્યાખ્યાનની વખતની તિથિની પ્રામાણિકતા જણાવે છે અને પૂજાઆદિના વખતની તિથિની પ્રમાણિકતાનો નિષેધ કરે છે.

આજ કારણથી **उदयंम्भि जा तिही सापमाणं** ઈત્યાદિગાથા સ્પષ્ટપણે જણાવવામાં આવી છે. વળી શાસ્ત્રીય રીતિએ નિયમિત વખત જો કોઈનો પણ હોય તો તે સવારનાં પચ્ચક્ખાણોનો જ વખત નિયમિત છે. પૂજા માટે સામાન્ય રીતે ત્રણે સધ્યા છે. પણ આજ્ઞવિકાની સિદ્ધિને અડ-

(અનુસંધાન ટા. પા. ૩ જાું)

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

卐 શ્રી સિદ્ધચક્ર 卐

(પાક્ષિક)

શ્રાવક-પર્યુષણા-વિચાર-અંક

अज्ञानध्वान्तशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः ! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु ॥१॥

વીર સંવત્ ૨૪૬૩	વર્ષ ૫	શ્રાવણ કૃષ્ણા ૦))
વિક્રમ સંવત્ ૧૯૯૩	અંક ૨૨	તા. ૪-૯-૩૭ શનિવાર

તંત્રી :

પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,

ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

दशवैकालिकचूर्णि	४-०-०	तत्त्वतरंगिणी	०-८-०
उत्तराध्ययनचूर्णि	३-८-०	बृहत्सिद्धप्रभाव्याकरण	२-८-०
पंचाशकादिशास्त्राष्टकं	४-०-०	मध्यसिद्धप्रभाव्याकरण	०-८-०
३५०, १५०, १२५ स्तवनानि	०-८-०	आचारांगसूत्रवृत्तिः (भागद्वयं)	७-०-०
पंचाशकादिदशअकारादि	४-०-०	भगवतीजीदानशेखरसूरिटीका	५-०-०
ज्योतिष्करंडकः सटीकः	३-०-०	पुष्पमाला मल. हेम. स्वोपज्ञा	६-०-०
पंचवस्तुकः स्टीकः	३-०-०	तत्त्वार्थटीका हारिभद्रीया	६-०-०
क्षेत्रलोकप्रकाशः	२-८-०	पर्युषणादशशतकं	०-१०-०
युक्तिप्रबोधः स्वोपज्ञः	१-१२-०	बुद्धिसागरः	०-३-०
विचाररत्नाकरः	३-०-०	विशेषावश्यकटीका (भागद्वयं)	११-०-०
बन्दारूवृत्तिः	१-४-०	भवभावनावृत्तिः पूर्वार्ध	३-८-०
पयरणसंदोह	१-०-०	कल्पकौमुदी	२-०-०
अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति	०-८-०	षोडशकप्रकरणं सटीकं	१-०-०
नवपदप्रकरणबृहद्वृत्तिः	४-०-०	षडावश्यकसूत्राणि	०-८-०
बारसासूत्रं सचित्रं	१२-०-०	उत्पादादिसिद्धिः	२-८-०
ऋषिभाषितानि		तत्त्वार्थकर्तुसमीक्षा	०-१०-०
प्रत्याख्यानप्रकरण - सारस्वत, विशेषणवती-वीशवींशी	१-८-०	सुबोधिका	प्रेसमां-
		भगवतीवृत्ति (अभयदेवीया)	प्रेसमां-
विशेषावश्यकगाथाक्रमादि	०-५-०	भवभावना (उत्तरार्ध)	प्रेसमां-
ललितविस्तरा	०-१०-०	प्रव्रज्याविधानवृत्तिः	प्रेसमां-
		प्रवचनपरीक्षा	प्रेसमां-

-: प्राप्तिस्थानं :-

सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद मगनलाल बदामीए तंत्री शा. पानाचंद रूपचंद झवेरी माटे छाप्युं अने श्री सिद्धचक्र साहित्य प्रचारक समितिए लालबाग भुलेश्वर मुंबईमांथी प्रगट कर्युं.

પર્યુષણપર્વ અને શ્રાવકવર્ગ

પર્વની પ્રસિદ્ધિ

જૈનજનતાનો વર્ગ પછી તે ત્યાગી હોય કે ગૃહસ્થ હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય, બાલ હોય, જુવાન હોય કે વૃદ્ધ હોય, શ્વેતામ્બર હોય કે દિગમ્બર હોય, સ્થાનકવાસી હોય કે મન્દિરમાર્ગી હોય, તપાગચ્છીય હોય, કે ખરતરગચ્છીય હોય, પાયચંદગચ્છીય હોય કે ઉપકેશગચ્છીય હોય, બાવીશટોળાવાળો હોય કે તેરાપંથી હોય, દિગમ્બરમતને અંગે પણ વીસપંથી હોય કે તેરાપંથી હોય અગર તારણપંથી હોય, પણ તે સર્વની અંદર પર્યુષણાપર્વ એટલું બધું પ્રસિદ્ધ છે કે તેને જણાવવું તે સૂર્યને જણાવવા જેવું જ ગણાય. એટલે પર્યુષણાપર્વની હયાતિને માટે કોઈપણ જાતનો સવાલ રહેતો જ નથી. જેવી રીતે પર્યુષણાની હયાતિ માટે સવાલજ નથી તેવી રીતે જૈન અને જૈનેતર સર્વવર્ગમાં જૈનનાં પર્યુષણના તહેવારની જૈનોના પર્યુષણ તરીકે પ્રસિદ્ધિ હોવાથી પર્યુષણની ઉત્તમતાને માટે પણ કોઈ પણ જાતનું વિવેચન કરવાની જરૂર રહેતી નથી. અર્થાત્ જૈનોએ શહેરે શહેર, ગામે ગામ અને ઘેર ઘેર એવી રીતે દરેક વર્ષે પર્યુષણાપર્વ ઉજવાયાં છે કે જેથી જૈનેતર વર્ગમાં પણ જૈનોના 'પજુસણ' તરીકે પ્રસિદ્ધિ થઈ છે અને રાજા મહારાજાઓ તથા તેના કર્મચારી વર્ગો પણ જૈનોના પજુસણને જૈનોની વિનંતિથી કે આપોઆપ સમજીને પણ મહત્તા આપી તેના માટે રજાના દિવસો પૂછીને કે પોતાની મેળે સમજીને પણ નિયત કરે છે. આવા ઉત્તમ અને સરખી રીતે સર્વજૈનોમાં મનાયેલા પર્યુષણપર્વની ઉત્તમતા કહેવા જવી એ ખરેખર સોના ઉપર ઢોલ ચઢાવવા જેવું જ થાય. માટે પજુસણની હયાતિ અને તેની ઉત્તમતાને માટે વિચાર નહિ કરતાં પજુસણની મુદત અને તેને અંગે શ્રાવકોનાં કર્ત્તવ્યોનો વિચાર આ લેખમાં કરવામાં આવશે.

જો કે પર્યુષણા મહાપર્વને અંગે સમસ્ત શ્રમણવર્ગનું કર્ત્તવ્ય ઓછું જરૂરી નથી, છતાં પણ શ્રમણવર્ગ પોતાના કર્ત્તવ્યને પોતાની મેળે સમજી પણ શકે એ સ્વાભાવિક છે અને તેની સાથે શ્રમણવર્ગને કદાચ અજાણપણું હોય તો પણ તે પર્યુષણપર્વનું અજ્ઞાન વાંચનથી કે ગુરૂકુલ વાસથી સ્હેજે ટાળી જાણી શકે તેમ છે, છતાં પણ સામાન્ય શ્રમણવર્ગને માટે તે પર્યુષણાપર્વના કર્તવ્યનું ભાન કરાવવાની જેટલી જરૂર છે તેના કરતાં શ્રાવકવર્ગને પર્યુષણાપર્વને અંગે પોતાના કર્તવ્યનું ભાન કરાવવાની અત્યારે વધુ જરૂર ગણી તે ઉપર જ કંઈ વિચાર કરીશું. તો તે અસ્થાને તો નહિ જ ગણાય.

પર્યુષણપર્વની મન્તવ્યતા.

જો કે પર્યુષણપર્વ ઉપર જણાવ્યા પ્રમાણે સર્વ જૈન જૈનેતરવર્ગમાં જૈનોના પજુસણ તરીકે પ્રસિદ્ધ છે, છતાં પર્યુષણપર્વની કાલમર્યાદાને અંગે પરસ્પર જૈનોમાં ભિન્નતા રહેલી છે. કેટલાક જૈનો જેઓ શ્રીકાલકાચાર્યમહારાજે પ્રતિષ્ઠાનપુરમાં શાતવાહન રાજાની વિનંતિથી ભાદરવા સુદ પંચમીથી એકજ દિવસ એટલે અનાગત એવી ચોથમાં પર્યુષણપર્વ કરવાનું પ્રવર્ત્તાવ્યું. એ હકીકત શ્રનિશીથચૂર્ણિ-પર્યુષણાકલ્પચૂર્ણિ અને દશાશ્રુતસ્કન્ધચૂર્ણિને જાણનારાઓથી અજાણી નથી. જેઓ ભગવાન મહાવીર મહારાજની પરમ્પરામાં થયેલા નથી અથવા તો શ્રમણ ભગવાન મહાવીર મહારાજથી અવિચ્છિન્નપણે શ્રીગૌતમસ્વામી ભગવાન આદિથી પ્રવર્તેલી અને શ્રીપર્યુષણાકલ્પ કે જેની સાક્ષી અને કથન શ્રીસ્થાનાંગસૂત્ર તથા સમવાયાંગ સૂત્રમાં આપવામાં આવી છે તે પર્યુષણા કલ્પનામના કલ્પસૂત્રની અંદર જણાવેલી સ્થવિરાવલિને માનવાવાળા હોય તેઓ તો ભાદરવા સુદ, પાંચમથી એક દિવસ પહેલાની ભાદરવા સુદ ચોથની સંવચ્છરી કરે તે જ યોગ્ય છે, અને તે પ્રમાણે કરે પણ છે. પરન્તુ દુષ્પમકાલ હુંડા અવસર્પ્પિણીના પ્રભાવે કેટલાકો સૂત્રોને માનવામાં પણ સર્વજ્ઞ મહારાજ વિગેરેના વચનોનો ભરોસો નહિં રાખનારા તેમજ સર્વજ્ઞ મહારાજે કહેલો અર્થ જે નિર્યુકિત ભાષ્યરૂપે ગુંથવામાં આવેલો છે તેને પણ નહિં માનનારા એવા કેટલાક લોકો થયેલા છે. અહિં ધ્યાન રાખવાની જરૂર છે કે સૂત્રની રચના ગણધર મહારાજાઓએ કરી છે તે માનવામાં આવે અને નિર્યુક્તિભાષ્ય વિગેરેમાં કહેવાતા પદાર્થો કે જે ખુદ શ્રીસ્થાનાંગ આદિ સૂત્રોના પાઠ પ્રમાણે અર્થરૂપ છે અને તેથી તે અર્થના કહેનારા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જ હોય છે. તેથી કેવલ સૂત્રને માનનારા કદાચ સર્વ સૂત્રને માને તો પણ નિર્યુક્તિ આદિક અર્થને નહિં માનનારા હોવાથી શ્રી ગૌતમાદિ ગણધર ભગવાનોને તેઓ માનનારા ઠરે, તો પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને તો ઉઠાવનારા જ બને. એ વાત તો સર્વને કબુલ કર્યા સિવાય છુટકો જ નથી કે તેવી રીતે તીર્થંકર ભગવાનોને તેઓનું કથન ન માનવા દ્વારાએ ઉઠાવવાવાળા પણ અરિહંત ભગવાનની સેવા જપ ધ્યાન વિગેરે તો કરનારા છે, છતાં ચોકખા શબ્દોમાં કહીએ તો એમ કહેવું જોઈએ કે સતીપણાનું પવિત્ર કાર્ય જે શીલનું પાલન છે અર્થાત્ પતિવ્રતાપણું છે તેને નહિં સાચવનારી સ્ત્રી જેવી રીતે સ્વામીના અંગે ખાનપાન, શરીરશુશ્રૂષા, ગૃહકાર્ય, લેવડદેવડ વિગેરેમાં આબેહુબ રીતે મદદ કરનારી હોય તો પણ તેણીનું તે મદદનું કાર્ય લુચ્ચાઈના રૂપમાં જ દાખલ થાય છે. જો કે ધણીને તેવી રીતે મદદ કરવી તે સ્ત્રીઓની પહેલી અને પવિત્ર ફરજ છે, છતાં પણ શીલની પરમપવિત્રતા એટલે પતિવ્રતાપણું નહિ જાળવવાને લીધે તે મદદ દુધપાક જેવી શ્રેષ્ઠ છતાં પણ તેમાં રહેલ અપવિત્રતારૂપી વિષ તે દુધપાકની દશાને ઝેરી બનાવી દે છે. તેવી રીતે અહિં પણ જેઓ

જિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલા નિર્યુક્તિઆદિક અર્થોને નહિ માનનારા અગર એક પણ વચનને ઉઠાવનારાઓનું જે કર્તવ્ય પૂજા, જપ અને ધ્યાનરૂપે હોય છે. તે અસતીની મદદ જેવું ફસાવનારૂં જ ગણાય છે, જો કે અન્યલિંગે પણ શાસ્ત્રકારોએ કેવલજ્ઞાન થવાની અને મોક્ષ પ્રાપ્ત થવાની સત્તા સ્વીકારી છે. તેમજ જૈનમતમાં તો શું પણ અન્યમતમાં પણ મોક્ષની ઈચ્છા થવાથી તથા માર્ગાનુસારિ બનવાથી તેનાં દયા, વિનય, પ્રિયભાષિપણું શીલ આદિ ગુણોને પ્રશંસવાનું શાસ્ત્રકારો સ્થાન સ્થાન ઉપર કહે છે, પણ તે પ્રશંસાને પાત્ર તેઓ જ હોય કે જેઓ મિથ્યાત્વવાળા હોવા છતાં પણ ભદ્રિકભાવવાળા હોઈને શુદ્ધમાર્ગના જરૂર ખપી હોય. એટલે કહેવું જોઈએ કે મિથ્યાદ્રષ્ટિના ગુણોની જે અનુમોદના અંશે પણ શાસ્ત્રકારોએ જણાવી છે તે મિથ્યાત્વગુણઠાણે રહેલા કે જેઓને યથાભદ્રકપણાને લીધે જ મિથ્યાત્વગુણસ્થાને રહેલા માનવામાં આવે છે તેઓના ગુણોની અનુમોદના કરવામાં કોઈ પણ જાતનો અન્તરાય હોઈ શકે નહિ ધ્યાન રાખવું કે જમાલિના સંયમની કે ગોશાલાના આચારની અનુમોદના કોઈપણ સ્થાને કોઈપણ શાસ્ત્રકારે કરેલી જ નથી, અને તે કરી શકાય પણ નહિં. કોઈક પ્રસંગને અંગે પણ કદાચ તેના તેવા કોઈપણ ગુણોનો દાખલો દેવો હોય તો પણ તેનું મિથ્યાત્વીપણું અને તેના અવગુણો જણાવીને જ તેના ગુણોને આગળ કરી શકાય. ભગવાન મહાવીર મહારાજે ગોશાલાના શ્રાવકોના સ્વરૂપને જણાવતાં જેમ આજીવિકોપાસકપણાને આગળ કર્યું, વળી આદ્યચક્રવર્ત્તિ ભરત મહારાજાએ ભવિષ્યમાં ભગવાન તીર્થંકર થનારા મરીચિને વન્દન કરતાં તેના પરિવ્રાજકપણા આદિનું અવંદનીયપણુ સભા સમક્ષ જાહેર કર્યું, તેવી રીતે આગ્રહવાળા મિથ્યાત્વીના મિથ્યાત્વની પ્રશંસા ન થઈ જાય, અથવા સમ્યગ્દ્રષ્ટિઓને મિથ્યાત્વમાં જવાનો પ્રસંગ ન આવે, અથવા મિથ્યાદ્રષ્ટિઓને મિથ્યાત્વમાં સ્થિર થવાનું કોઈપણ પ્રકારે ન બને, એવી સાવચેતી રાખી શકે અને રાખે તેવો જ પુરુષ આગ્રહવાળા મિથ્યાત્વીના ગુણોની પણ પ્રશંસા તેવારૂપે કરી શકે. પરમાર્થ એટલો જ કે કલ્પનામાં આવે તેટલાં સૂત્રોને માનનારા ભગવાનના કહેલા અર્થરૂપ નિર્યુક્તિઆદિને નહિં માનનારા લોકો ભગવાન કાલકાચાર્યે આચરેલી અને સમસ્ત શ્રીચતુર્વિધસંઘે અવિચ્છિન્નપણે કરેલી એવી ભાદરવા સુદ ચોથની પર્યુષણાને માનતા નથી. અને આગ્રહવાળા થાય છે તેથી તેમનાં કાર્યો અનુમોદનીય થતા નથી. કેટલીક વખતે તે પંચમીની સંવચ્છરીને માનનારાઓ પોતાની ઉત્થાપકતાને ઢાંકીને શાહુકાર થવા માટે પંચમીની સંવચ્છરીના પોષણમાં એમ બોલે છે કે ભગવાન મહાવીર મહારાજે અને શ્રમણ ભગવાન ગૌતમસ્વામીજી વગેરે સ્થવિરોએ ભાદરવા સુદ પાંચમની સંવચ્છરી માની હતી અને કરી હતી, તેથી અમો પણ તેને અનુસારે ભાદરવા સુદ પાંચમની સંવચ્છરી માનીએ છીએ, અને કરીએ છીએ. આવું બોલનારાઓએ

પ્રથમ તો એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ભગવાન મહાવીર મહારાજા કરતાં પહેલાંના તીર્થંકરોએ ચાર જ મહાવ્રતો આદર્યાં. પ્રરૂપ્યાં અને ઉચ્ચરાવેલાં છે. માટે જ જુનો રીવાજ ચાર મહાવ્રતો અંગીકાર કરવાં એજ વ્યાજબી હતો, પરન્તુ જે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે પાંચ મહાવ્રતો કહ્યાં તે માનવા, અને જે સાચા યુગપ્રધાન કે જેઓની યુગ પ્રધાનતા માટે પચાંગીકારો સાક્ષી પુરે છે. તેઓની આચરેલી અને પ્રવર્ત્તાવેલી એવી ચોથ ન માનવી તેનો અર્થ ઘેલીના પ્રેરણા જેવો જ ગણાય. વળી જો પહેલાના રીવાજને જ અનુસરવું એ શ્રેષ્ઠ છે એમ ગણીએ તો ભગવાન ઋષભદેવજી મહારાજ કરતાં પહેલાનાં અઢાર કોડાકોડી સાગરોપમ જેટલા લાંબા વખતમાં કેવલ ભાઈબ્હેનોના જ ઘર મંડાયાં છે. માતાપિતાના દેવાથી પરિણયનવિધિથી લગ્ન થયા પછી ઘર મંડાવાનો રિવાજ એક કોડાકોડ સાગરોપમ જેટલા વખતનો પણ પૂરો નથી, તો પછી શું જુના રીવાજના નામે પંચમીની સંવચ્છરી કરનારાઓ અઢાર કોડાકોડ સાગરોપમના રીવાજને અનુસરે ખરા ? અને કદાચ અનુસરવાની હા કહે કે ઉચ્છૃંખલ થઈને અનુસરે તેને જગતમાં બે પગે ચાલનારો મનુષ્ય પણ મનુષ્યપણાની ગણતરીમાં ગણે ખરો ?

ચોથની સંવત્સરી થયા પછી પાંચમની બોલનાર કેવા?

સુજ્ઞ વાચકવૃંદ એકી અવાજે એજ કહેશે કે જુના રીવાજના નામે બહેનની સાથે ગૃહવાસ કરનારો મનુષ્ય મનુષ્ય તરીકે ગણાય જ નહિં. તો પછી જુના રીવાજને નામે પંચમીની સંવચ્છરીને માનનાર, કરનાર કે કહેનાર મનુષ્ય પોતાનો જૈન હોવાનો દાવો કરી શકે જ કેમ ? આ વાત ધ્યાનમાં રાખીને જ આવશ્યકતાની ટીકામાં આચાર્ય મહારાજ શ્રીમલયગિરિજી સૂત્ર વિગેરેમાં જણાવેલા સાત આઠ નિન્હવોને અને સૂત્ર પુસ્તકારૂઢ થયા પછી ઉપધાનને ઓળવવા આદિકદ્વારાએ થયેલા નિન્હવોને અવ્યક્ત કહે છે. અર્થાત્ તેઓ નથી તો જૈન તરીકે, કારણકે જિનેશ્વરના આગમોને બરોબર માનતા નથી, તેમજ નથી તો પરપક્ષ એટલે અન્ય મતી તરીકે, કારણ કે તેઓ અન્યમતના હરિહરાદિને માનનારા પણ નથી, અર્થાત્ સૂત્ર અર્થ કે તદુભયના પ્રત્યનીકો નથી, સ્વતીર્થી તરીકે કે નથી તો પરતીર્થી તરીકે. ભગવાન હરિભદ્રસૂરિજી પણ તે નિન્હવોને અવ્યક્ત માનીને જ તેને નિમિત્તે કરેલા અશન ખાનપાન સ્વાદિમ વસ્ત્ર પાત્ર કે ઉપાશ્રયાદિની સાધુને વાપરવામાં ભજના જણાવે છે. જો તે નિન્હવો સ્વપક્ષી એટલે જૈન તરીકે હોય તો તેને માટે કરેલા અશનાદિનો સર્વથા પરિહાર જ કરવો પડે, અને જો તે નિન્હવોને અન્યમતી ગણવામાં આવે તો તેઓને માટે કરેલા અશનાદિને અંગે પરિહારનો સંભવ જ ન રહે, પણ તે નિન્હવો નથી તો જૈનધર્મી કે નથી તો અન્યધર્મી, એમ કહીને જ નિર્યુક્તિકાર મહારાજા વિગેરે પણ તેઓને અવ્યક્તજ જણાવે છે. જો કે કેટલીક વખત જૈન અને જૈનેતર તરીકે વિભાગ કરવાનો હોય ત્યારે તે નિન્હવોને પણ જૈન તરીકેના વિભાગમાં જ

ગણવા પડે છે. કારણ કે તેઓનો વેષ લોકોમાં જૈન તરીકે પ્રખ્યાતિને પામેલો છે અને તેઓ પોતાને લોકોમાં જૈન તરીકે ઓળખાવે છે અને તેથી જેમ આજીવિકા માત્રને અંગે દ્રવ્યથી સાધુપણું ધારણ કરનારા થઈને પછી પણ સાધુપણામાં આધાકર્મી આદિનો ભોગ છકાયનો વધ વિગેરે કરવાવાળા હોઈને શાસ્ત્રકારો જેઓને વાસ્તવિક રીતે ઉભયથી ભ્રષ્ટ જણાવે છે છતાં પણ વ્યયવહારિક રીતિએ જ્યારે ભોગી અને ત્યાગીનો વિભાગ કરવામાં આવે ત્યારે તેવા ઉભયભ્રષ્ટોને પણ નામથી ત્યાગી વર્ગમાં જ ગણવામાં આવે છે. તેવી રીતે ઉપર જણાવેલા અવ્યક્તોને પણ જૈન અને જૈનેતર તરીકે વિભાગ કરતાં જૈન તરીકે જ ગણાવવા પડે. પણ તેટલામાત્રથી જેમ ઉભયભ્રષ્ટોનું છઠ્ઠા સાતમા ગુણઠાણાની અપેક્ષાએ સાધુત્વમાં સ્થાન નથી. તેવી રીતે જીનેશ્વર મહારાજની આજ્ઞાને શિરોધાર્ય માનનારા હોય તેવાને જૈન કહેવાય, તે અપેક્ષાએ તે અવ્યક્તોને પણ જૈન કહી શકીએ જ નહિ, પણ ઉપર જણાવ્યા પ્રમાણે વ્યવહારથી તેઓને જગત જૈન તરીકે ઓળખે છે અને તેઓ પોતે પણ પોતાને જૈન તરીકે ઓળખાવે છે. તેથી તેઓને જૈનની કોટિમાં વ્યવહારથી ગણીએ તો પણ અનુચિત તો નથી જ. આ વાતનો વધારે વિસ્તાર અત્ર ન કરતાં વિભાગની દૃષ્ટિએ એટલું જ કહી શકીએ કે શ્વેતામ્બર જૈનોમાં ભાદરવા સુદ ચોથ અને પાંચમ માનનારા બે વિભાગ છે. જો કે પાંચમ માનનારા વિભાગમાં કેટલોક ભાગ ઉદયવાળી પાંચમને માનનારો હોય છે, જ્યારે કેટલોક વિભાગ પડિક્કમણાની વખતે આવનારી પાંચમને માનનારો હોય છે, તેથી પાંચમની સંવચ્છરીને માનનારાઓમાં બે વિભાગ પડે છે, પરંતુ સૂત્રના વચનને અનુસારે યુગપ્રધાન શ્રી કાલકાચાર્ય મહારાજે કરેલી અને પ્રવર્ત્તાવેલી ભાદરવા સુદ ચોથની સંવચ્છરીને માનનારાઓમાં તેવો ભાદરવા સુદ ચોથના ઉદયનો અને પડિક્કમણા વખતે આવતી ચોથનો ભેદ ધરાવનારા નથી. ભાદરવા સુદ ચોથની સંવચ્છરી માનનારાઓમાં કેવલ ભાદરવા સુદ ચોથ ઉદયવાળી માનવાવાળો જ વર્ગ છે. પણ પડિક્કમણા વખતે ભાદરવા સુદ ચોથ આવવી જોઈએ, એવું માનવાવાળો કોઈપણ વર્ગ નથી. કારણ કે ભાદરવા સુદ ચોથની સંવચ્છરીને માનવાવાળો સમસ્ત વર્ગ એમ માને છે કે તિથિ કે પર્વના માટે પળાતા નિયમ કે તપસ્યાની શરૂઆત સૂર્યના ઉદયથી થાય છે અને તેથી સૂર્યનો ઉદય અને તિથિનો આરંભ બે સરખા હોવા જ જોઈએ. વળી ટીપ્પણાની અપેક્ષાએ સૂર્યનો ઉદય નિયમિત હોય છે, જ્યારે પડિક્કમણાનો વખત શાસ્ત્રકારોએ એકાન્ત નિયમિત કરેલો નથી. જો કે ઉત્સર્ગથી ષડાવશ્યકરૂપ પ્રતિક્રમણને માટે દિવસ અને રાત્રિનો અંત્યભાગ નિયત થયેલો છે, છતાં પણ તે ષડાવશ્યકરૂપ પ્રતિક્રમણને માટે પણ અપવાદપદે દિવસના બાર અને રાત્રિના બારનો સમય નિયત કરવામાં આવેલો છે, અને એજ કારણથી

સાધુમહારાજાઓને સુખશાતા પૂછનારો તમામ જૈનવર્ગ દિવસના બાર સુધી **सुहराइ** કહે છે, અને દિવસના બાર વાગ્યા પછી **सुहदेवसि** એમ કહે છે. દિવસના અને રાતના બાર વાગ્યાના ટાઈમ પછી **राइदेवसि**નો ફેરફાર ન માનવામાં આવે તો તે કહેવાતા **सुहराइ** અને **सुहदेवसि** ના અધિકારો કલ્પિત થઈ જાય. વળી શિષ્યાદિકો ગુરૂમહારાજને દ્વાદશાવર્ત વન્દન કરે ત્યારે પણ દિવસના બાર વાગ્યા સુધી **राई वहक्कंता** એમ કહે છે અને રાત્રિના બાર વાગ્યા પછી **दिवसो वहक्कंतो** એમ કહે છે. તેવીજ રીતે કાલગ્રહણાદિક અનુષ્ઠાનોમાં પણ રાત્રિના બાર વાગ્યા પહેલાં વન્દન કરતાં **दिवसो वइक्कंतो** કહેવું પડે છે અને રાત્રિના બાર વાગ્યા પછી વન્દન કરતાં **राई वइक्कंता** એમ કહેવું પડે છે.

જૈનશાસ્ત્રના હિસાબે તિથિવૃદ્ધિ થાય કે ?

આ બધી હકીકત ધ્યાનમાં લેનારો મનુષ્ય ઉદય સિવાય બીજી તિથિ નિયમિત અને યુક્તિયુક્ત હોય એમ માની શકે નહિ તેમ કહી શકે પણ નહિં. વળી પક્ખી, ચૌમાસી, સંવચ્છરી વિગેરેને માટે જરૂર કરવા લાયક ઉપવાસાદિકનો આરંભ અને પૌષધાદિકનો આરંભ પણ સૂર્યના ઉદયથી થાય છે, માટે પણ સૂર્યના ઉદયને સ્પર્શવાવાલી તિથિ માન્ય કરવી એજ યુક્તિયુક્ત છે, અને તેથી ભાદરવા સુદ ચોથની સંવચ્છરી માનવાવાળો સમસ્ત સમુદાય એકીરૂપે ઉદયવાળી ભાદરવા સુદ ચોથને સંવચ્છરી તરીકે માને છે. એમ છતાં પણ જ્યારે ભાદરવા સુદ ચોથ બે હોય છે ત્યારે તે ચોથની **उदयात्** સંવચ્છરી માનવાવાળાઓના પણ મતભેદ પડે છે. ઉદયવાળી ભાદરવા સુદ ચોથની સંવચ્છરી માનવાવાળાઓનો સમસ્ત વર્ગ એમ તો કબુલ કરે જ છે કે સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ જૈનજ્યોતિષના યુગના હિસાબ પ્રમાણે કોઈપણ તિથિ $^{૬૧}/_{૬૨}$ અંશથી વધારે હોય જ નહિ. અને અહોરાત્ર બાસઠ બાસઠ અંશથી ઓછો કે વધારે હોય જ નહિ, તેથી આસો વદિ બીજ આદિ યુગ્મતિથિઓનો યુગના પૂર્વાર્ધમાં ક્ષય હોય અને યુગના ઉત્તરાર્ધમાં ચૈત્રસુદિ ત્રીજ આદિ વિષમતિથિનો ક્ષય હોય, પણ $^{૬૧}/_{૬૨}$ અંશથી તિથિનું પ્રમાણ વધારે ન હોવાને લીધે કોઇ દિવસ પણ તિથિની વૃદ્ધિ તો થાય જ નહિ. જો કે સ્થાનાંગ આદિસૂત્રોમાં જેમ છ અવમરાત્રો જણાવ્યાં છે, તેવી જ રીતે છ અતિરાત્રો પણ જણાવેલા જ છે, પણ તે અવમરાત્રો જ્યારે તિથિરૂપ છે અને તેથી તિથિની હાનિ જૈનજ્યોતિષ્ પ્રમાણે પણ નિયમિત થાય છે. ત્યારે જણાવેલા અતિરાત્રો તે તિથિરૂપ નથી, પણ અહોરાત્રરૂપ છે. તેથી તિથિની વૃદ્ધિ જૈનશાસ્ત્રોના હિસાબે કોઈપણ પ્રકારે થઈ શકે જ નહિ. સમજવાની જરૂર છે કે તિથિની ઉત્પત્તિ ચંદ્રની અપેક્ષાએ છે અને ચંદ્રમાસ સાડીઓગણત્રીસનો હોઈ કર્મમાસના ત્રીસ દિવસની અપેક્ષાએ અર્ધી તિથિએ ન્યૂન રહે અને તેથી જ વર્ષ દિવસે છ તિથિ ઘટવાનો વખત આવે છે. પરંતુ અહોરાત્ર સૂર્યથી જ થનારા છે અને સૂર્યનો મહિનો સાડીત્રીસ દિવસનો હોવાથી તેને તિથિની સાથે વૃદ્ધિ હાનિ કરવાનો સમ્બન્ધ રહેતો જ નથી, પરંતુ વર્ષના છ

અવમરાત્રોની અપેક્ષાએ પાંચ વર્ષના યુગમાં ત્રીસ તિથિ ખુટે અને સૂર્યના સાઠ મહિનાની અપેક્ષાએ યુગના કર્મથી ત્રીસ દિવસો વધે તેથી તે અવમરાત્રને અતિરાત્રને અંગે યુગમાં બે મહિના વધે છે. જો તિથિની વૃદ્ધિ થાય છે એમ જૈનજ્યોતિષના હિસાબે માનીએ તો પછી સાઠ સૂર્યમાસની અપેક્ષાએ યુગમાં બીજો મહિનો વધારવાનો પ્રસંગ રહે જ નહિ, છતાં શાસ્ત્રકારો દરેક યુગમાં બે માસ વધારીને અવમરાત્ર અને અતિરાત્રનો ખાડો પૂરો કરે છે. તેથી નક્કી થાય છે કે જૈનજ્યોતિષના હિસાબે તિથિનો ક્ષય હોય પણ વૃદ્ધિ તો હોઈ શકે જ નહિ. કેટલાકો એમ કહે છે કે જૈનજ્યોતિષના હિસાબે તિથિઓની વૃદ્ધિ થતી ન હોય તો **वृद्धौ कार्या तथोत्तरा** એવા શ્રીઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષને જન્મ મળતે જ નહિં. તેઓએ સમજવું જોઈએ કે લોકિકજ્યોતિષનું આલમ્બન જૈનોએ પૂર્વધરોના વખતમાં લીધું નથી એમ કહી શકાય તેમ નથી. કારણ કે ખુદ સૂત્રોમાં જ કાર્તિક વગેરે મહિના અને પડવા આદિક તિથિઓ આપવામાં આવેલી છે. તે કેવલ લૌકિકજ્યોતિષને અનુસરીને જ છે. જૈનજ્યોતિષમાં મહિના અને તિથિઓનાં નામ જુદાં જુદાં છે. એ હકીકત પર્યુષણાકલ્પસૂત્રને વાંચનારા અને સાંભળનારાઓથી અજાણી નથી. આ સ્થળે એક વાત જરૂર લક્ષ્ય ખેંચે તેવી છે કે જ્યારે પૂર્વધરોના વખતથી લૌકિક જ્યોતિષને અપનાવ્યું હતું અને તેથી જ આવશ્યકનિર્યુક્તિમાં **जइफुल्ला कनीयारडा** એગાથાથી વસંતઋતુમાં પણ અધિકમાસને માનવામાં આવેલો છે. શંકા થાય કે તો પછી ભાષ્યકાર અને ચૂર્ણિકાર મહારાજાઓએ અભિવર્ધિત અને ચંદ્ર વર્ષ જેવી જૈનજ્યોતિષની વ્યવસ્થા કેમ જણાવી ? આ શંકાના સમાધાનમાં જણાવવું જોઈએ કે જેવી રીતે નિશીથચૂર્ણિકાર વગેરે મહાપુરૂષો ભાદરવા સુદ ચોથરૂપી અપર્વની સંવચ્છરી કરતા હતા, છતાં પણ સૂત્ર વ્યાખ્યાનના નિરૂપણમાં તો પાંચમરૂપ પર્વના દિવસે સંવચ્છરી કરવાનું જણાવ્યું, અને અપર્વમાં સંવચ્છરી કરનારને પ્રાયશ્ચિત્ત જ જણાવ્યું. તેવી રીતે પૂર્વધરોની વખતે પણ લૌક્કિજ્યોતિષ અપનાવાયું હોય તો પણ સૂત્રોની યથાસ્થિતિ પરાપૂર્વથી આવતી વ્યાખ્યાને અનુસરીને અભિવર્ધિત અને ચંદ્રનું નિરૂપણ કરાતું હોય તો તે અસંભવિત નથી. અથવા તો ઉમાસ્વાતિવાચકજી મહારાજને નામે ચાલતો પ્રઘોષ અન્ય કોઈ પ્રામાણિક આચાર્યનો હોય છતાં પણ શ્રીઉમાસ્વાતિવાચકજીને નામે રૂઢ થયો હોય અથવા તો શ્રીઉમાસ્વાતિવાચકજી મહારાજે જૈનેતરોને પણ જૈનતર જ્યોતિષ માનવા છતાં જૈનપર્વની આરાધના કેવી રીતે કરવી તેવું જણાવવા માટે આ વાક્ય કહ્યું હોય. ગમે તેમ હોય પણ **वृद्धौ कार्या तथोत्तरा** એ વચન ભાદરવા સુદ ચોથની સંવચ્છરી માનવાવાળા સર્વ વર્ગને કબુલ જ છે. બારીકદ્રષ્ટિથી વિચારીએ તો પાંચમની ઉદયવાળી સંવચ્છરી માનવાવાળાઓને પણ લૌક્કિજ્યોતિષ-માનવું પડે છે અને તેથી જ ક્ષય

વૃદ્ધિમાં પૂર્વ અને ઉત્તરનો નિયમ માનવો જ પડે છે. એટલું જ નહિ, પણ સાંજના પડિક્કમણાની વખતે તિથિનો ભોગ ન આવે તેવું બને તે વખતે ક્ષયે પૂર્વા નો નિયમ તથા બે દિવસના પડિક્કમણાના વખતે આવતી તિથિને અંગે વૃદ્ધિમાં **उत्तरा** નો નિયમ માન્યા સિવાય છુટકો થઇ શકતો જ નથી. એટલે સંક્ષેપથી એમ કહેવું જોઇએ કે સર્વ શ્વેતાંબર વર્ગમાં તો ક્ષયે પૂર્વની અને વૃદ્ધિમાં ઉત્તરની તિથિ લેવાનો નિયમ અવિચલ જ છે. એટલું જ નહિં પણ જે દિગમ્બર લોકો શ્વેતાંબરોના પર્યુષણની સમાપ્તિ પછી શ્વેતાંબરોથી જુદા પડવા માટે પર્યુષણનો કાલ માને છે તેઓ પણ લૌક્કિટીપ્પણાનેજ અનુસરે છે, અને તે ઉપરથી તે દિગમ્બરોને પણ ક્ષયમાં પૂર્વની અને ઉત્તરમાં વૃદ્ધિની તિથિ માન્યા સિવાય ચાલે તેમ નથી. એ દિંગબરો પણ લૌક્કિપંચાંગ માને છે તેથી પણ એમ માનવું ખોટું નથી કે પૂર્વધરોના વખતથી તે અપનાવાયું હોય. એ સર્વ વિચારતાં ભાદરવા સુદ ચોથની જ્યારે વૃદ્ધિ હોય ત્યારે ભાદરવા સુદ બીજી ચોથને દિવસે સંવચ્છરી કરવી પડે, પણ પાંચમ માનનારા વર્ગમાં વૃદ્ધિમાં ઉત્તરાની તિથિને માને તો પણ ઉદયથી આરંભ કરનાર અને પ્રતિક્રમણમાં આવતી તિથિ માનનાર વર્ગમાં જુદાપણું પડે એ સ્વાભાવિક છે અને તે હિસાબે પર્યુષણની અટ્ઠાઇનો આરંભ જુદા જુદા દિવસે બને. છતાં સર્વ શ્વેતાંબર વર્ગ પર્યુષણાની અટ્ઠાઈનું આરાધન કરે છે એ તો ચોક્કસ જ છે.

જૈન જ્યોતિષમાં તિથિ સંબંધી શું ?

જૈનધર્મમાં જૈન જ્યોતિષના હિસાબે પર્વ કે અપર્વતિથિઓનો ક્ષય આવે છે અને વર્ત્તમાનમાં મનાતા લૌકિક પંચાંગની અપેક્ષાએ પર્વ અને અપર્વ બન્નેની હાનિ અને વૃદ્ધિ ઉભય આવે છે, પરંતુ જૈનવર્ગે ક્ષયવાળી તિથિમાં જો તે ક્ષય પામનારી પર્વતિથિ હોય તો તેની પહેલાંની અપર્વતિથિનો ક્ષય કરાય છે જ્યારે પર્વતિથિનો ક્ષય હોય અને તેના પહેલાની અપર્વતિથિનો ક્ષય સંપૂર્ણ ચોવીસ કલાકની તિથિની આરાધના માટે કરવો જ પડે, ત્યારે પર્વની વૃદ્ધિ હોય ત્યારે પણ પર્વની આરાધના માત્ર ચોવીસ કલાકની હોવાથી ચોવીસ કલાકથી વધારેની તિથિને ઉદયથી રહિત માનવી પડે અને તેથી અપર્વની વૃદ્ધિ થાય તે પણ સ્વાભાવિક છે અને આજ કારણથી ભગવાન ઉમાસ્વાતિવાચકજી મહારાજે "क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा" એમ કહી પર્વ તિથિનો ક્ષય હોય ત્યારે પહેલાની તિથિને પર્વ કરવું અને પર્વની વૃદ્ધિ હોય ત્યારે બીજી તિથિને જ પર્વતિથિ માનવી એટલે વધેલી પર્વતિથિમાં પહેલાની પર્વતિથિને પર્વતિથિ તરીકે ન ગણવી. એટલે ક્ષયની પહેલાના અપર્વને પર્વના નામે બોલાવવું અને વૃદ્ધિથી પ્હેલાના પર્વને અપર્વના નામે બોલાવવું, એમ સ્પષ્ટ કરી પર્વની ક્ષય અને વૃદ્ધિમાં તેનાથી પહેલાને અપર્વની ક્ષય વૃદ્ધિને સિદ્ધ કરી આપેલી છે, અને તે જ પ્રમાણે

પરંપરા ચાલતી હોવાથી શાસ્ત્રાનુસારિ સર્વસમુદાય ભાદરવા સુદ ચોથનો ક્ષય હોય ત્યારે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કરી ભાદરવા સુદ ત્રીજના દહાડે ચોથમાની તે ત્રીજની કરેલી ચોથના હિસાબે પર્યુષણની અટ્ઠાઈ બેસાડે છે અને તેથી જ કેટલીક વખતે ભાદરવાના શુક્લપક્ષના ત્રણ જ દહાડા પર્યુષણના લેવાય છે અને પાંચ દહાડા શ્રાવણ (ભાદરવા) વદના લેવા પડે છે. તેવી જ રીતે ભાદરવા સુદ ચોથ એ સંવચ્છરીનો નિયત દિવસ હોવાથી પર્વરૂપ છે તેની જો વૃદ્ધિ થાય છે તો બે ત્રીજ માનવામાં આવે છે અને તે કારણથી ભાદરવા સુદના પાંચ દિવસો પજુસણમાં આવવાથી શ્રાવણ (ભાદરવા) વદના ત્રણ જ દિવસ લેવા પડે છે. એકંદર સંવચ્છરીના આઠ દિવસો પહેલેથી પર્યુષણની અટ્ઠાઈનો આરંભ કરવામાં આવે છે. જો કે પર્યુષણના આઠે દિવસો "अट्ठाहियासु" એ વાક્યથી પર્વરૂપ છે, છતાં પણ તે આઠે દિવસનાં કાર્યો તિથિપ્રતિબદ્ધ નહિં હોવાથી તિથિ સિવાયના બીજા દિવસોની પજુસણની અટ્ઠાઈમાં થતી વૃદ્ધિ હાનિને પજુસણથી પહેલાની તિથિમાં લઈ જવાતી નથી અને આજ કારણથી શ્રી હીરસૂરિજી મહારાજના વખતે પણ કેટલીક વખતે ચૌદશે કલ્પધર આવતો, કેટલીક વખત ટીપ્પનાની વધેલી બીજી અમાવાસ્યાએ (જો કે શાસ્ત્રની અપેક્ષાએ તો અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની જ વૃદ્ધિ થતી હતી અને થાય છે, પણ ટીપ્પણાની અપેક્ષાએ બીજી અમાવાસ્યાએ કલ્પધર થવાથી ટીપ્પણાની અપેક્ષાની તિથિઓને અંગે પ્રશ્ન રહે. પ્રશ્ન અને ઉત્તરમાં તો અમાવાસ્યા બીજી કરી નથી તેથી શાસ્ત્રે બે અમાવાસ્યા માની નથી એ ચોક્કસ છે) તેમજ પડવે પણ કલ્પધર આવતો હતો અને તેથી છઠ્ઠનો પ્રશ્ન થયેલો હતો, એ પ્રશ્નોત્તર ઉપરથી સ્પષ્ટ માની શકાય છે કે પર્યુષણની અટ્ઠાઈના આઠ દિવસો પર્વતિથિરૂપ છતાં પણ તે તે તિથિને અંગે પ્રતિબદ્ધ ક્રિયાવાલી નહિં હોવાથી તે આઠ દિવસમાં ચૌદશ આદિ પર્વ સિવાયની તિથિઓની વૃદ્ધિ હાનિ માનવામાં અડચણ ગણેલી નથી. એવી જ રીતે પૂર્વકાલની સંવચ્છરીનો દિવસ જે ભાદરવા સુદિ પાંચમ તે પણ તિથિ પ્રતિબદ્ધ નિયમવાળો સંવચ્છરીનો પલટો થયા છતાં પણ શાસ્ત્રકારોમાં માનેલો છે.

ભા.સુ. પંચમીની ક્ષયવૃદ્ધિ ન થાય

અર્થાત્ જ્ઞાનપંચમીને અંગે આરાધના કરનારાઓને તે ભાદરવા સુદ પાંચમનો દિવસ પણ જરૂરી આરાધવાનો જ છે. કેટલાકો એવું સમાધાન કરે છે કે ભાદરવા સુદ પાંચમની આરાધના નહિ થઈ શકવાને લીધે જ જ્ઞાનપંચમીના આરાધનમાં પાંચ વર્ષ ઉપર પાંચ મહિના રાખવામાં આવેલા છે. આવું સમાધાન કરનારાએ સમજવું જોઈએ કે જ્ઞાનપંચમી સિવાયની તિથિઓ પણ તે તે તિથિઓ જેટલી સંખ્યાના વર્ષો અને મહિના સુધી આરાધવાની હોય જ છે. માટે જ્ઞાનપંચમીના આરાધનામાં ભાદરવા સુદિ પાંચમના પેટે પાંચ મહિના વધાર્યા છે એમ કહેવું કોઈપણ પ્રકારે વ્યાજબી નથી. વળી જો એવી રીતે પંચમીની

આરાધનાને અંગે ભાદરવા સુદ પાંચમને વગર જરૂરની ગણી હોત તો આચાર્ય મહારાજાઓ પ્રશ્નોત્તર ગ્રન્થોમાં જ્ઞાનપંચમીની આરાધના કરવા માટે પર્યુષણની ચોથનો ઉપવાસ કર્યા છતાં પણ પંચમીની અપેક્ષાએ છઠ્ઠ કરવાની શક્તિ ફોરવવાનો હુકમ કરત નહિ તથા અઠ્ઠમ કરવાવાળા જો જ્ઞાનપંચમીનું તપ કરવાવાળા હોય તો તેઓએ મુખ્યવૃત્તિએ ત્રીજચોથ અને પાંચમનો અઠ્ઠમ કરવો એવો હુકમ કરવો કરત નહિ એટલે ચોથ પાંચમના છઠ્ઠ અગર ત્રીજ ચોથ અને પાંચમના અઠ્ઠમની અપેક્ષાએ સ્પષ્ટ ફરમાવે છે કે ભાદરવા સુદ પાંચમનો ક્ષય થઈ શકે નહિ તેમજ ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિ પણ થઈ શકે જ નહિ. પરંતુ એ પાંચમની ક્ષયવૃદ્ધિનો પ્રસંગ હોય ત્યારે પજુસણની અઠ્ઠાઈના નિયમની સાથે નવ દિવસનો નિયમ કરી લેવો. એટલે આરાધવા લાયક પંચમીથી નવ દિવસ પહેલાં જ પર્યુષણનો આરંભ કરવો એટલે ભાદરવા સુદ પંચમીનો ક્ષય હોય તો ત્રીજનો ક્ષય ગણીને અને વૃદ્ધિ હોય તો ભાદરવા સુદ ત્રીજની વૃદ્ધિ ગણીને પર્યુષણાનો આરંભ કરવો. આ સ્થાને જેમ અષાઢ સુદ ચૌદશ સુધીની અઠ્ઠાઈ હોવા છતાં તેની અનંતર રહેલી પૂનમની પર્વતિથિને અંગે જો પૂનમનો ક્ષય હોય કે વૃદ્ધિ હોય તો તેરસનો ક્ષય કે તેરસની વૃદ્ધિ ગણીને જ અઠ્ઠાઈ બેસાડાય છે.

પર્વતિથિઓ ભેગી થાય કે ?

જેમ ભાદરવા સુદ પાંચમ પર્યુષણાની અઠ્ઠાઈની બહાર છતાં તેની વૃદ્ધિ હાનિને આધારેજ અઠ્ઠાઈ બેસાડાય. આ સ્થાને કેટલાકો પર્વતિથિના ક્ષયની વખતે પૂર્વની અપર્વ તિથિનો ક્ષય અને પર્વ તિથિની વૃદ્ધિની વખતે પૂર્વની અપર્વતિથિની વૃદ્ધિ માનવાનું હીરપ્રશ્ન અને તત્ત્વતરંગિણી આદિ શાસ્ત્રનું ફરમાન છતાં ઉભય પર્વ હોય ત્યારે પહેલા પર્વના ક્ષયે તો બે પર્વ ભેગા કરતા નથી, પણ બીજા પર્વના ક્ષયની વખતે બે પર્વ ભેગાં કરી દેવા માગે છે અને એકજ દિવસે બંને પર્વની આરાધના કરી શકાય એમ માને છે, પણ તેઓની આ માન્યતા કોઈ પણ પ્રકારે શાસ્ત્ર કે પરંપરાને અનુસરનારી નથી. કારણ કે એમ કરતાં પર્વતિથિઓને અંગે શીલનું પાલન સચિત્તનો ત્યાગ વિગેરે તિથિ પ્રતિબદ્ધ નિયમો જે હોય છે તેનું તો ખંડન જ થાય, એટલે એક પર્વ તિથિના નિયમને સાચવવા માટે જેમ શાસ્ત્રકારોને પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરવો પડ્યો તેવી જ રીતે ઉભયપર્વની તિથિના શીલાદિના નિયમો સાચવવા માટે ઉભયપર્વને અખંડ રાખીને તે ઉભયપર્વથી પહેલાની અપર્વતિથિને ક્ષય કરવો જ જોઈએ. વળી શાસ્ત્રોમાં ચૌદશ અને પૂનમ જેવી તિથિઓ પૌષધઆદિ કરીને પણ આરાધવાની જણાવેલી છે તો શું બે પર્વને ભેગાં માનનારાઓ એક દિવસે બે પૌષધ આદિ કરી લેશે? કહેવું જોઈશે કે એક દિવસે બે પૌષધ આદિ બનતા જ નથી. જો ચૌદશ પૂનમની તિથિઓ પૌષધ અને શીલાદિકના નિયમો દ્વારાએ આરાધવાની ન હોય, પરંતુ કલ્યાણકની તિથિઓની માફક મુખ્યતાયે તપદ્વારાએ જ આરાધવાની હોય તો શાસ્ત્રીયનિયમ પ્રમાણે છઠ્ઠ

આદિનો એકીસાથે ઉચ્ચાર થતો હોવાથી એક દિવસે ઉભયતિથિનાં છઠ્ઠ આદિ પચ્ચખ્ખાણ લઈ લેવાથી આરાધના કરી શકત અને તપની પૂર્ત્તિ બીજે દિવસે થાત. પરંતુ ચૌદશ પૂનમની તિથિઓ તેવી રીતે તપમાત્રથી આરાધવાની હોતી નથી. વળી જો તેઓ કહે છે તેમ ચૌદશ અને અમાવાસ્યાની પણ આરાધના એકઠી થઈ જતી હોય તો અમાવાસ્યાના ક્ષયે પજુસણના આઠ દિવસોની અઠ્ઠાઈનો નિયમ રહે નહિ અને તેવી જ રીતે ચૈત્ર અને આસો માસની ઓળીની અંદર જો પૂનમનો ક્ષય થતાં ચૌદશ પૂનમ બંનેની આરાધના એક દિવસે થઈ જતી હોય તો ઓળીના નવદિવસનો પણ નિયમ રહે નહિં, છતાં પજુસણની અઠ્ઠાઈ અને બંને ઓળીના નવ નવ દિવસનો જે નિયમિત નિયમ છે તે જ જણાવે છે કે એક દિવસે બે પર્વની આરાધના થાય જ નહિ. વળી જેઓ બીજા પર્વની વૃદ્ધિની વખતે પહેલા દિવસને ખોખું માનવા માગે છે તેઓને પ્રથમ તો ચૌમાસી પૂનમની વૃદ્ધિએ સંલગ્ન છઠ્ઠનો નિયમ રહી શકશે નહિ. વળી આસો અને ચૈત્ર માસની પૂનમની વૃદ્ધિએ એક દિવસને ખોખું માનવાથી દસ દિવસ પહેલેથી ઓળી બેસાડવી પડશે.

જ્ઞાનપંચમીના આરાધકે ભાદ. સુદિ-પંચમી ક્યારે આરાધવી?

ધ્યાન રાખવું કે છઠ્ઠને પેટે બે ઉપવાસ જુદા જુદા કરવા તે આપવાદિક છે, પણ લાગલાગટ બે ઉપવાસ કરીને છઠ્ઠ કરાય તે જ ઔત્સર્ગિક છે અને ઉત્સર્ગનો ઘા કરીને અપવાદને આગળ કરવો એજ ખોખું માનવાને લીધે જબરજસ્ત અનિષ્ટનો પ્રસંગ આવી પડે. ઉપર જણાવેલી બધી હકીકતથી કોઈક વખત શ્રાવણ વદ અગીયારસ, કોઈક વખતે શ્રાવણ વદ બારસ અને કોઈક વખત શ્રાવણ વદ તેરસથી પર્યુષણા પર્વનો આરંભ થાય અને તેનાથી જ આઠમે દિવસે સંવચ્છરી અને નવમે દિવસે જ્ઞાનપંચમીની આરાધનાવાળાને પંચમીની આરાધના કરવાનું બને, અને તેવી રીતે આઠ દિવસે જે આરાધના કરાય તેનું નામ પર્યુષણાની આરાધના કહેવાય છે.

આરાધના કોને કરવાની ?

ઉપર જણાવેલ પર્યુષણાની આરાધના માત્ર સાધુઓએ જ કરવાની છે કે માત્ર શ્રાવકોએ જ કરવાની છે કે ઉભયવર્ગે કરવાની છે, એનો વિચાર કરવો તે ઘણો જ જરૂરી છે.

પંચકની વૃદ્ધિએ પાંચ દિવસની પર્યુષણા સાધુને હોય છે?

કેટલાકોનું કથન એવું થાય છે કે સાધુઓને તો પંચક પંચકની વૃદ્ધિએ પર્યુષણા કરવાની હોવાથી તેઓને તો માત્ર પાંચ જ દિવસની પર્યુષણા કરવાની હોય છે. આવું કહેનારાઓએ સમજવું જોઈએ કે એ પંચક પંચકની વૃદ્ધિ નિયમિત અવસ્થાન એટલે **ગૃહિજ્ઞાત** રૂપ પર્યુષણાની અપેક્ષાએ જ છે. અને તે **ગૃહિજ્ઞાત** રૂપ પર્યુષણા માટે તો શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે જે વર્ષમાં અધિક·મહિનો

હોય અને અધિક મહિનાને લીધે જ વર્ષને અભિવર્ધિત વર્ષ કહેવામાં આવે છે તેવા દરેક અભિવર્ધિત વર્ષે ચોમાસાથી વીસ દિવસે પંચકવૃદ્ધિથી અવસ્થાનરૂપી પર્યુષણા કરવી. તો શું ગૃહિજ્ઞાત પર્યુષણાની સાથે સાંવત્સરિક પર્યુષણાને જોડનારાઓ અભિવર્ધિત વર્ષમાં ચોમાસીથી વીસ દિવસે સંવચ્છરી પર્યુષણા કરી લેશે? અને કદાચ પોતાના મતના આગ્રહને લીધે કહે કે હાં કરી લઈશું. તો વાસ્તવિક રીતે અભિવર્ધિત સંવત્સરમાં અગ્યાર મહિને જ પજુસણ (સંવત્સરી) થશે. કારણ કે પહેલા વર્ષના ભાદરવા સુદ ચોથથી બીજા વર્ષના શ્રાવણ સુદ ચોથે વાસ્તવિક રીતિએ અગ્યાર માસ જ થશે. વળી તે શ્રાવણ સુદ ચોથે સંવચ્છરી કર્યા પછી બીજે વર્ષે ભાદરવા સુદ ચોથે સંવચ્છરી કરવા જતાં ચંદ્રવર્ષ કે જેમાં શાસ્ત્રકાર બાર મહિનાનું જ વર્ષ ગણે છે તેમાં પણ તેર મહિનાનું થશે. કારણકે શ્રાવણ સુદ ચોથથી ભાદરવા સુદ ચોથે તેર મહિના થાય જ.

ગૃહિજ્ઞાત અને પર્યુ. અને સંવત્સરી એક છે?

પરમાર્થથી સંવચ્છરીનો મહિનો અનિયમિત થઈ જશે અને માત્ર ઉભય ચંદ્ર વર્ષ સિવાય કોઈ વર્ષમાં પણ શુદ્ધ બાર મહિને સંવચ્છરી થશે જ નહિ. આ બધી હકીકત વિચારનારો મનુષ્ય આળસથી પણ એમ ન બોલે કે ગૃહિજ્ઞાત પર્યુષણા અને સંવચ્છરી એક જ હોય, અને જ્યારે ગૃહિજ્ઞાત પર્યુષણા સંવચ્છરીની સાથે સંબદ્ધ નથી, તો પછી ગૃહિજ્ઞાત પર્યુષણાને અંગે કે અજ્ઞાત પર્યુષણાને અંગે જે કાર્યો કરવાનાં છે એને જ સંવચ્છરીને અંગે કરાતાં સંવચ્છરીના કાર્યો સાથે એકમેક કરી દેવાય જ નહિ અને અવસ્થાન પર્યુષણાને અંગે ઉણોદરી આદિ દશ પ્રકારનો કલ્પ કરવાનો હોય છતાં તેથી સંવચ્છરી પર્યુષણાને અંગે અટ્ઠમઆદિકનો કલ્પ એક થઈ જતો નથી, એટલે કહેવું જોઈએ કે સાધુમહાત્માઓને પણ સાંવત્સરિકને અંગે પર્યુષણાની અટ્ઠાઈની આરાધના નિયમિત જ છે.

શ્રાવકોને પર્યુષણા આરાધવાં ખરાં કે?

કેટલાક મનુષ્યો સાધુમહાત્માઓને જ સંવચ્છરીની અટ્ઠાઈની આરાધના કરવાનું માને છે. પણ શ્રાવકોને તે પર્યુષણની અટ્ઠાઈની આરાધના કરવાની જરૂરી હોય એમ માનતા નથી. જો કે કેવલ સૂત્રમાત્રને માનનારા મનુષ્યોથી શ્રાવકોને પર્યુષણાની અટ્ઠાઈની આરાધના કરવાનું સાબીત થઈ શકે તેમ જ નથી. કેમકે કોઈપણ અંગ ઉપાંગ પયન્ના આદિ સૂત્રોમાં શ્રાવકને અટ્ઠાઈની જરૂર આરાધના કરવી જોઈએ એવો મૂલપાઠ છે જ નહિ. શ્રી જીવાભિગમસૂત્રની અંદર નંદીશ્વરદ્વીપના અધિકારમાં 'तत्थ णं बहवे भवणवईवाणवंतर-जोइसवेमाणिया देवा तीहिं चउमासीहिं संवच्छरीए य अट्ठाहियाओ महामहिमाओ करेंति' એ વચનથી ઘણા ભવનપતિ વાણવ્યંતર જ્યોતિષ્ક અને વૈમાનિક દેવતાઓ ત્રણ ચૌમાસી અને સંવચ્છરીમાં અટ્ઠાઈ મહોત્સવનો મહિમા કરે છે. એટલે આઠે દિવસ મહિમા કરે છે. આવી રીતે સ્પષ્ટપણે

કહેવામાં આવેલું છે, છતાં તે મૂળસૂત્રને માનનારા અને નિર્યુક્તિ ભાષ્ય વિગેરેને નહિ માનનારા લોકોને દેવતાનું અનુકરણ કરવાનું શ્રાવકોને હોય એમ માનવામાં આવેલું જ નથી. એટલે તે માત્ર મૂલસૂત્રને માનનારાઓથી પોતાના ભક્ત શ્રાવકોને સંવચ્છરીની અઠ્ઠાઈ આરાધવાનો ઉપદેશ આપી શકાય તેમજ નથી, પરન્તુ જેઓ સૂત્રો માનવાની સાથે નિર્યુક્ત ભાષ્ય ચૂર્ણિ અને ટીકાને માનનારા છે તેઓને તો સંવચ્છરીની અઠ્ઠાઈની આરાધના કહેવાની કે કરવાની અડચણ જ નથી. કેમકે તેઓની અપેક્ષાએ તો શ્રાવકોને પણ સંવચ્છરીની અઠ્ઠાઈની આરાધના કરવાના સ્થાન સ્થાન પર ઉલ્લેખો છે.

શ્રાવકવર્ગને સાંવત્સરિક પર્વની આરાધના સનાતન સિદ્ધ છે તેના પુરાવા.

૧. પ્રથમ તો સૂત્રોની સાથે નિર્યુક્તિ વગેરે માનનારા મહાનુભાવો દેવતાનું અનુકરણ કરવાનું માન્ય ગણે છે, કેમકે તેઓ માને છે કે દેવતાઓ જો કે અવિરતિ હોવાથી **નો સંયત છૈ નોધર્મી** તરીકે ગણાય છે, પણ સમ્યગ્દૃષ્ટિ તરીકે અને વિવેકી તરીકે તેઓનો નંબર સૂત્રમાં મનુષ્યો કરતાં પણ ઘણો ઉંચો છે અને તેથી જ જીનેશ્વર મહારાજના ગર્ભાદિક કલ્યાણકોમાં નંદીશ્વરદ્વીપે જઈને અઠ્ઠાઈ મહોત્સવ કરે છે. તેમજ જન્માભિષેક દીક્ષામહોત્સવ અને કેવલજ્ઞાન મહોત્સવમાં અગ્રગણ્ય ભાગ તેઓ જ ભજવે છે. વળી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનો નિર્વાણમહોત્સવ કરવાનો લાભ અને પૂર્ણ ભક્તિથી ભગવાન જીનેશ્વરના અંગોને પૂજવા માટે દેવલોકમાં લઈ જવાનો લાભ તેઓજ મેળવે છે, અને શાસ્ત્રકારપણ શ્રાવકોને પ્રભુપૂજાનો ઉપદેશ આપતાં **'देविंदनायेणं'** એમ કહી ઈંદ્ર મહારાજના દ્રષ્ટાન્તે ઈન્દ્ર મહારાજની રીતિએ ત્રિલોકનાથ તીર્થંકરની પૂજા કરવાનું સ્થાને સ્થાને જણાવે છે.

દેવતા માટે શાસ્ત્રમાં શું ?

વળી આચાર્ય મહારાજા શય્યંભવસૂરિજી ધર્મનો મહિમા જણાવતાં મનુષ્યને ઉંચુ પદ ન આપતાં **देवावि तं नमंसंति** એમ કહી દેવતાઓ પણ (તેઓને) નમસ્કાર કરે છે. (કે જેનું ધર્મમાં હંમેશાં મન છે.) એમ કહી મનુષ્યોને ગૌણ એવા **अपि** શબ્દથી લે છે અને દેવતાઓને તો ધર્મીના સત્કારરૂપી વિવેકને અંગે મુખ્યપદ આપે છે. એવા દેવતાઓ સંવચ્છરીના અઠ્ઠાઈ મહોત્સવને નંદીશ્વરદ્વીપે જઈને જ્યારે કરે, ત્યારે શાસ્ત્રને અનુસરનારા અને દેવેન્દ્રનું અનુકરણ માનનારા શ્રદ્ધાળુ શ્રાવકો સંવચ્છરીની અઠ્ઠાઈની આરાધના અષ્ટાન્હિકા મહોત્સવથી કરે તેમાં નવાઈ શું? વાચકે ધ્યાન રાખવાની જરૂર છે કે દેવતાઓને **નો ધર્મી ને નો સંયતી** છે એમ કહી વગોવનારા અને તેના અનુકરણથી ત્રિલોકનાથ તીર્થંકરની પૂજાને નહિ માનનારા છતાં ઈંદ્ર મહારાજાદિ દેવતાઓએ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના કરેલા નિર્વાણ મહોત્સવનું અનુકરણ તો પોતાના સાધુ કે જેઓ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ અને વિરતિવાળા હશે કે નહિ તેમનો પણ મરણ મહોત્સવ કરે છે.

મૂર્તિ પૂજા નહિ માનનારાને કંઈક ?

વાચકે ધ્યાન રાખવું કે ત્રિલોકનાથ તીર્થંકરની પ્રતિમા કે જેની પૂજ્યતા અને આરાધ્યતા સૂત્રોમાં સ્થાને સ્થાને કહેવામાં આવેલી છે તે મૂર્તિની પૂજાને અંગે પત્થરપૂજા ગણનારા લોકો આવા મરણ પામતા સાધુઓના મહોત્સવને કહે તો તેઓની પૂજા એ મૃતકપૂજા અને તે લોકોને મૃતકના પૂજારી કહેવામાં કોઈપણ પ્રકારે કઠોર વચન ગણાય નહિ.

શ્રાવકોએ સાંવત્સરિક મહિમા કરવો જ જોઈએ ?

૨ આવશ્યક નિર્યુક્તિમાં ભગવાન વજ્રસ્વામીજીની વખતે પૂરિકાનામની નગરીમાં રાજા બૌદ્ધ હતો અને તે છતાં બૌધ્ધ લોકોને શ્વેતાંમ્બર જૈનસમાજની ધનાઢ્યાને લીધે મળતી પૂજાની સામગ્રીમાં હરિફાઈ કરતાં બૌદ્ધ સમાજ કોઈ પણ પ્રકારે ટકી શકતો નહોતો એટલે પૂજાની સામગ્રી યથેષ્ટ પ્રમાણે મેળવી શકતો નહોતો ત્યારે તે બૌદ્ધ લોકોએ પોતાના રાજાને રાજ ધર્મ છોડાવીને કેવલ આગ્રહી સ્થિતિમાં મૂક્યો અને તે એટલે સુધી કે અઢળકધન ખરચતાં પણ માલી લોકો પાસેથી જૈન ધર્મને પાલનારા લોકો ત્રિલોકનાથ તીર્થંકરની પૂજાને માટે પુષ્પો મેળવી શકે નહિ એવો હુકમ જાહેર કરાવ્યો એટલું જ નહિ પણ શ્રાવક પોતાના ઉપભોગને નામે પણ ફુલો લઈને મન્દિરે ન ચઢાવે માટે તેઓના પોતાના ઉપભોગને માટે પણ જૈનોને ફુલો દેવાની માલીઓને મનાઈ કરવામાં આવી. આવી સ્થિતિ કેટલોક કાલ ચાલ્યા પછી જ્યારે પર્યુષણા (સંવચ્છરી) ની અટ્ઠાઈનો ટાઈમ આવ્યો ત્યારે તે શ્રાવકો પણ અત્યંત તે પુષ્પના મનાઈ હુકમથી પીડિત થઈ ગયા. (આ જગા પર વાચકવૃંદે એ વસ્તુ વિચારવાની છે કે સાધુઓને જેઓ **गृहिज्ञात** પર્યુષણાની સાથે સાંવત્સરિક પર્યુષણાને એકઠી કરવા માટે એટલે એકજ માનવા જેઓ તૈયાર થાય છે તેઓએ વિચારવું જોઈએ કે સાંવત્સરિક અટ્ઠાઈનો મહિમા તો દેવતાઓ પણ નંદીશ્વરદ્વીપે કરે છે અને શ્રાવકોને પણ પોતપોતાના સ્થાને સાંવત્સરિક અષ્ટાન્હિકાનો મહિમા કરવો જ પડે છે અને તે દેવતા અને શ્રાવકોને કંઈ પંચક પંચક વૃદ્ધિનો સંબંધ હોતો નથી. એટલુંજ નહિ પણ જેટલા ક્ષેત્રોમાં શ્રાવકોની વસ્તી હોય તે સર્વસ્થાને સાંવત્સરિક પર્યુષણાની અટ્ઠાઈ વખતે સાધુઓ હોય જ એવો ભય રહે નહિ અને છે પણ નહિ તો પછી શું તેઓ સાધુના ક્ષેત્રવાળા શ્રાવકો જુદી સંવત્સરીની અટ્ઠાઈ કરે. સાધુમહાત્માઓ જે ક્ષેત્રમાં ચોમાસું હોય તે ક્ષેત્રના શ્રાવકો જુદી સંવત્સરી કરે, તેમજ દેવતાઓ પણ જુદી સંવત્સરી કરે, એ વસ્તુ જૈનશાસનને અને જૈનધર્મને વ્યવસ્થાસર રાખવાવાળી ગણાય ખરી ? આ બધો વિચાર કરતાં સુજ્ઞવાચકને સ્પષ્ટ માલમ પડશે કે **गृहिअज्ञात** કે **ज्ञात** પર્યુષણા ચ્હાય ત્યારે હોય, તો પણ સાંવત્સરિક પર્યુષણા તો શાસ્ત્રકારના મુખ્ય નિયમ પ્રમાણે ભાદરવા સુદ પાંચમના અંત્ય દિવસવાળી અને **'कप्पइ से आरओवि पज्जोसवित्तए'**

એવા સૂત્રકારના સ્પષ્ટ વચનને અનુસરીને યથાર્થ યુગપ્રધાન શ્રી કાલકાચાર્ય મહારાજે પ્રવર્ત્તાવેલી ભાદરવા સુદ ચોથના અંત્યદિવસવાળી સાંવત્સરિકપર્યુષણાની અટ્ઠાઈ દરેક વર્ષે અને દરેક સ્થાને નિયમિત જ હોય અને એ હિસાબે શ્રાવણ વધે કે ભાદરવો વધે, પણ બીજા ભાદરવા સુદિ ચોથના અંત્ય દિવસવાળી સંવચ્છરીની અટ્ઠાઈ શાસન અને શાસ્ત્રને અનુસરનારાઓએ આરાધવી જ જોઈએ.

ભગવાન વજસ્વામીના વખતમાં અટ્ઠાઈની આરાધના

આવી રીતનો પર્યુષણાની અટ્ઠાઈનો વખત આવી પહોંચ્યો. શ્રાવકો રાજાના હુકમથી ચૈત્ય પૂજા માટે કે પોતાના ઉપભોગને માટે પણ અઢળક ધન ખરચવા છતાં પણ પુષ્પો ન મેળવી શક્યા, તેથી તેઓને એક જ ઉપાય કરવાનો રસ્તો રહ્યો અને તે એ કે ગગનગામિનીવિદ્યાને ધારણ કરનાર તરીકે જાહેર થયેલા અને ત્યાં જ પુરિકાનગરીમાં પધારેલા શ્રીવજસ્વામીજી ભગવાનને તે વાતની વિજ્ઞપ્તિ કરવી. એ વિચારથી પુરિકાપુરીનો સકલશ્રાવકવર્ગ કે જેણે રુઢિથી સંઘ કહેવામાં આવે છે તે બધો એકઠો થયો, વિચારનો વિનિમય થયો, અંત્યે સર્વ શ્રાવકસંઘનો વર્ગ એકમતે થઈ ભગવાન વજસ્વામીજી પાસે રાજાના હુકમથી પુષ્પ નહિં મળવાની પીડા જણાવી, તેમના દ્વારાએ જ તે પીડાથી મુકિત થવા માટે વિનંતિ કરવાનો નિશ્ચય કરી ભગવાન વજસ્વામીજી પાસે આવ્યો. (જો કે શ્રાવકવર્ગ સારી પેઠે જાણતો હતો કે પૂષ્પપૂજા જેવી સ્વરૂપથી સાવદ્ય એવી પ્રવૃત્તિમાં સાધુમહાત્માનો આચાર હોય જ નહિ, છતાં આ કંઈ પુષ્પપૂજાનો એકલો વિષય નહોતો, પરન્તુ જૈનધર્મની નિર્માલ્યતાનો વિષય હતો. કારણ કે અનાદિથી જૈનોએ પરમપર્વ તરીકે માનેલા પર્યુષણપર્વમાં પણ તેઓ પુષ્પાદિક લાવીને પ્રભુભકિત ન કરી શકે અને શાસનની શોભા ન વધારી શકે, અને તે પણ સાધનના અભાવે તો નહિ જ, કિન્તુ સાધન છતાં વસ્તુ છતાં માત્ર જૈનધર્મના વિરોધી એવા બૌદ્ધલોકોની શિખવણીથી ભરમાયેલા એવા રાજાના હુકમથી તે વસ્તુ થાય તે શ્રાવકોને ઘણી જ દાહ કરનારી થાય તેમાં આશ્ચર્ય નથી. તેવી અન્યશાસનની બલાત્કારદશા અને જૈનધર્મની મ્લાનિ જાહેર લોકોમાં થાય તે નિવારવાની ફરજ આદ્ય નંબરે શ્રાવકોની છતાં પણ તેમાં તેઓ અશકત છે. માટે શાસનના સ્તંભ એવા સૂરિજી મહારાજની મદદ જરૂર લેવી જ જોઈએ એમ ધારીને તે સકલ શ્રાવક વર્ગરૂપી સંઘ આચાર્ય ભગવાન શ્રીવજસ્વામીજી પાસે પર્યુષણા અષ્ટાન્હિકામાં ભગવાનની પૂષ્પપૂજા માટે પૂષ્પોની સગવડ કરવા માટે વિનંતિ કરવા આવ્યો) આ વૃત્તાન્તથી એટલું સ્પષ્ટ છે કે દશ પૂર્વધરોના કાલથી પણ પહેલાંના સમયથી જૈનશ્રાવકો સાંવત્સરિકપર્યુષણાને અટ્ઠાઈ મહોત્સવથી અત્યંત આરાધતા હતા. (આ ઉપરથી કેટલાક સ્વયંકલ્પના કરનારાઓ એમ જણાવવા

માગે છે કે ભગવાન વજ્રસ્વામીજીની વખતે કેવલ ચૈત્યપૂજા એજ ધર્મનું મહાન અંગ ગણવામાં આવતું હતું તો તે કલ્પકોનું કથન વસ્તુસ્થિતિથી તદ્ન દૂર છે. કારણ કે ત્યાં પર્યુષણાની અઠ્ઠાઈની પૂજા દ્વારાએ થતી આરાધનામાં અન્ય મત તરફથી થયેલા અન્તરાયને લીધેજ પુષ્પ લાવવામાં મહત્વ ગણાયેલું છે, પણ સ્વરૂપે ચૈત્ય પૂજા કે પૂષ્પપૂજામાં જ મહત્વ હતું એમ હતું જ નહિ. સર્વકાલે યથાયોગ્યપણે શ્રાવક વર્ગરૂપી સંઘને અંગે ચૈત્યપૂજાનું મહત્વ કે દ્રવ્યસ્તવનું મહત્વ હતું જ અને વર્ત્તમાનમાં પણ છે. એમાં નવાઈ પણ નથી. અને તેવું મહત્વ કોઈની કલ્પનાથી નથી પણ શાસ્ત્રકારોના વચનને અનુસરતું જ છે.)

પરસ્પર વિરોધી રાજાઓ પણ પર્યુષણા આરાધના કેવી કરી ?

૩ જૈનજનતામાં એ વાત તો અત્યંત પ્રસિદ્ધ છે કે સિંધુસોવીરદેશના માલીક મહારાજા ઉદાયને માલવાના અધિપતિ ચણ્ડપ્રદ્યોતનને જીવતસ્વામીની પ્રતિમાને નિમિત્તે થયેલા સંગ્રામમાં હરાવીને કેદ કર્યો હતો, તેને પણ પર્યુષણાની આરાધના માટે જ કેદમાંથી છોડયો અને તેનો દેશ તેને પાછો સમર્પણ કર્યો, આ હકીકતને સમજનારને સ્પષ્ટ જાણવામાં આવશે કે પર્યુષણા (સાંવત્સરિક) જેવા પર્વમાં શ્રાવકોએ પણ નિયમિત રીતે પરસ્પર ખામણાં કરીને વિરાધનાથી અને દુર્લભ બોધિપણાથી દૂર થવાની પહેલે નંબરે જરૂર છે, અને તે કાર્ય શ્રમણભગવાન મહાવીર મહારાજના વખતથી પણ શ્રાવકો કરતા જ આવેલા છે.

નાગકેતુનું જવલંત દ્રષ્ટાંત

૪ દરેક વર્ષે કલ્પસૂત્રને વાંચનાર અને સાંભળનાર વર્ગ સારી પેઠે જાણે છે કે દરિદ્ર વાણોતર મરીને શ્રીકાન્ત સરખા મહેભ્ય શેઠીયાને ત્યાં જન્મ પામ્યો અને જન્મની સાથે કુટુમ્બીજનોએ પર્યુષણાની અઠ્ઠાઈની અંદર કરાતા અઠ્ઠમની વાતો કરાતી સાંભળીને જે બાળકે પર્યુષણાની અઠ્ઠાઈમાં અઠ્ઠમ કર્યો, અને જે અઠ્ઠમના પ્રભાવે ધરણેન્દ્ર નાગરાજનું આસન કમ્પાયમાન થયું અને તે ધરણેન્દ્રે આવીને તે બચ્ચાને બચાવ્યો, પોતાનો હાર તેના કણ્ઠે નાખ્યો, રાજાને પણ તે બચ્ચાની યત્નથી રક્ષા કરવા માટે સૂચના કરી, અને જેનું નાગકેતુ નામ સ્થાપન કરવામાં આવ્યું અને જે નાગકુમાર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પૂષ્પ પૂજા કરતાં તંબોલીયા સર્પે ડંખાયા છતાં અવ્યગ્ર રહ્યો અને તે અવ્યગ્રપણાને લીધે જ તે જ વખતે કેવલજ્ઞાન મેળવ્યું. આ સર્વ હકીકત કોઈપણ જૈનની જાણ બહાર તો નથી જ. એ ઉપરથી એટલું તો સ્પષ્ટ માનવું પડશે કે કેવલજ્ઞાનીઓના વખતમાં પણ શ્રાવકો પર્યુષણાની અષ્ટાન્હિકા નિયમિતપણે અઠ્ઠમથી આરાધતા હતા, જો એમ ન હોત તો આખા કુટુમ્બમાં પર્યુષણાની અઠ્ઠાઈના અઠ્ઠમની આરાધના માટે અઠ્ઠમ કરવાની વાત ચાલત જ નહિ અને જો કુટુમ્બીજન સંવચ્છરીની અઠ્ઠાઈની અઠ્ઠમની વાર્તા ઘણા ગાઢરૂપમાં કરત નહિં તો તે નાગકેતુકુમાર કે જેણે પૂર્વભવમાં જ પર્યુષણની અઠ્ઠાઈમાં અઠ્ઠમ કરવાનો વિચાર કર્યો હતો તેણે

તે અટ્ઠમની વાત સાંભળવાથી જાતિસ્મરણજ્ઞાન થાત નહિ એટલે કહેવું જોઈએ કે કેવલિ મહારાજના કાળમાં જન્મેલા નાગકેતુની વખતે અને તેથી પણ પહેલાં ઘણા કાલથી શ્રાવકો સાંવત્સરિક પર્વની અટ્ઠાઈની આરાધના કરતા જ આવ્યા છે અને તેથી વર્ત્તમાનમાં પણ તેવી રીતે શ્રાવકોએ સાંવત્સરિક અષ્ટન્હિકા-અટ્ઠાઈની આરાધના અટ્ઠમદ્વારાએ કરવી જ જોઈએ.

૫ આચાર્ય મહારાજ યુગપ્રધાન શ્રીકાલકાચાર્યજી જ્યારે પેંઠાણપુરમાં પધાર્યા છે અને ત્યાંનો શાલિવાહનરાજા કે જે પહેલેથી શ્રાવક જૈનધર્મી હતો, તેણે સાંવત્સરિકની પાંચમે જો સંવત્સરી કરવામાં આવે તો ચૈત્ય અને સાધુની સેવા દ્વારા એ સંવચ્છરીની કરાતી આરાધના બની શકશે નહિ એમ જણાવ્યું હતું. આ ઉપરથી પણ નક્કી થાય છે કે ભગવાન કાલકાચાર્ય મહારાજથી પહેલાના કાલમાં શ્રાવકો સાંવત્સરિક પર્વની આરાધના ચૈત્ય અને સાધુઓની સેવાદ્વારાએ કરતા હતા.

૬ પેંઠાનપુરમાં શાતવાહનરાજાની અગવડ ટાળવા માટે થયેલી વિનંતિથી ભાદરવા સુદ ચોથની સંવચ્છરી ભગવાન કાલકાચાર્યે મંજુર કરી તે વખતે પડવાને દિવસે જે ઉત્તરપાયણું અને અન્તરવાયણું રાણીઓને માટે જણાવવામાં આવ્યું છે તે ઉપરથી પણ સિદ્ધ થાય છે કે શ્રાવકવર્ગ પર્યુષણને અંગે સંવચ્છરીનો છેલ્લો દિવસ આવે તેવી રીતે અટ્ઠમ કરતો જ હતો.

૭ શાલિવાહનરાજાએ પોતાની રાણીઓને અમાવસ્યાનો ઉપવાસ જણાવેલો છે અને તેનું પારણું ભાદરવા સુદ એકમના દિવસે જણાવેલું છે તે ઉપરથી એ પણ સ્પષ્ટ થાય છે કે વર્ત્તમાનમાં કલ્પધરની અપેક્ષાએ જે ઉપવાસ શ્રાવકવર્ગ કરે છે તે કલ્પધરને નામે અમાવસ્યાએ કરાતો ઉપવાસ પણ પર્યુષણાને અંગે જરૂરી હોવો જોઈએ. યાદ રાખવું કે ત્યાં અમાવાસ્યાએ જણાવેલો ઉપવાસ પક્ખી શબ્દથી જણાવેલો નથી. પણ અમાવાસ્યાના નામે જણાવેલો છે. એટલે અમાવાસ્યાની કે પૂનમની પક્ખી હોય અને તેથી અમાવાસ્યાનો ઉપવાસ હોય એમ સ્વપ્ને પણ કલ્પના થવાનો સંભવ નથી. વળી પૂનમની અને અમાવાસ્યાની પક્ખી માનનારાઓએ સૂત્રમાં સ્થાન સ્થાન ઉપર **चाउद्दस अट्ठमुद्दिट्ठ पुण्णमासिणीसु** કહેવાતા વાક્યમાં સૂત્રકારને અજ્ઞાન માનવા પડશે. કેમકે **उद्दिट्ठ** શબ્દથી અમાવાસ્યા અને **पुण्णमासी** શબ્દથી પૂનમ એ બે એ જુદા લેવા કરતા સૂત્રકારની રીતિ પ્રમાણે તેઓને પક્ખી શબ્દ જ વાપરવો પડે. વળી પૂનમની અને અમાવસ્યાની પક્ખી કરનારા નવા વર્ગને પૂનમીયા મતવાળા કહેવા પડત જ નહિ. પરંતુ પૂનમીયાની માફક અમાવસીયા એમ જ કહેવું પડત બીજી વાત એ પણ ઉપર જણાવેલા સૂત્રના વાક્યને અંગે વિચારવાની છે કે આઠમ પછી ચૌદશ આવવાનો અનુક્રમ જગતસિદ્ધ છતાં શાસ્ત્રકારોએ જે ચૌદશને આઠમ કરતાં પહેલી મૂકી છે તે ચૌદશનુ મુખ્યપણું જણાવી ચૌદશની જ પક્ખી હોય તેમ નક્કી કરે

છે. એવું કહેવું નહિ કે જો ચૌદશની પક્ખી હોત તો ચૌદશ અને અમાવાસ્યાનો છટ્ઠ કરવાનો થાત અને તેથી શાતવાહન રાજા પોતાની રાણીઓને અમાવાસ્યાના ઉપવાસનું પારણુ નહિ કહેતાં પડવાને દહાડે છટ્ઠનું પારણું જણાવત. એમ નહિ કહેવાનું કારણ એટલું જ કે પાક્ષિક બારે માસમાં ચોવીસ વખત આવનારી છે અને કલ્પ મહિમા કે જેમાં સાધુઓ દિવસે નહિં તો રાતે પણ કલ્પસૂત્ર વાંચવાનો પ્રારંભ કરતા હોય તેવો પવિત્ર દિવસ તો બારમહિનામાં એક જ વખત હોય છે. અને તેથી જ તે આમાવાસ્યાને મહત્વ આપેલું હોય અથવા તો ચૌદશે ઉપવાસ છતાં પણ તેની વિવક્ષા ન કરેલી હોય. વર્ત્તમાનકાલમાં પણ છટ્ઠ નહિં કરી શકનારા ઘણા કલ્પધરનો ઉપવાસ જ કરે છે. કોઈપણ કારણ હોય,પણ નિશીથચૂર્ણિમાં અમાવાસ્યાનેં ઉપવાસ ગણાવેલો છે. પણ પક્ખી તરીકે તે ઉપવાસ ગણાવેલો નથી. તેથી અમાવાસ્યાએ પણ પર્યુષણાને અંગે ઉપવાસ કરવાનો રિવાજ ઘણા પહેલા વખતનો છે.

ઉપર જણાવેલા કારણોથી સ્પષ્ટ થશે કે શ્રાવકવર્ગમાં સાંવત્સરિ પર્યુષણાની અટ્ઠાઈની આરાધના નવી થયેલી કે કોઈએ કલ્પેલી નથી, પણ ખુદ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોના વખતથી જ અવિચ્છિન્નપણે ચાલી આવે છે. આજ કારણોથી વર્ત્તમાનકાળના શ્રાવકોએ પણ નિઃશંકપણે અને પરમભક્તિથી પર્યુષણાની અટ્ઠાઈની આરાધના જરૂર કરવી જોઈએ.

દેવતાઓ સાંવત્સરિક પર્વની આરાધના શી રીતે કરે ?

૧ ઉપરની હકીકતથી સ્પષ્ટ માલમ પડશે કે પર્યુષણા (સાંવત્સરિક)ની અટ્ઠાઈની આરાધના દેવતાઓને અને ચતુર્વિધ શ્રીસકલસંઘને પણ કરવાની હોય છે. તેમા દેવતાઓ અવિરતિ અને અપચ્ચક્ખાણી હોવાથી તેઓને વ્રતપચ્ચક્ખાણને અંગે સંબંધ રાખવાવાળી અષ્ટમની તપસ્યા તેમજ સામાયિક પ્રતિકમણની સાથે સંબંધ રાખવાવાળી ક્ષામણાની ક્રિયા અને દેવતાઓને પરંપર હિંસ્યહિંસકભાવ હોય નહિં, કેમકે તે નિરૂપક્રમ આયુષ્યવાળા છે. તેથી અમારી પડહો ન હોય આવી રીતે અટ્ઠમ; ખામણા અને અમારી પડહનું કાર્ય તેમને ન હોય, ફકત તેઓ બનાવી શકે તો શ્રીજીનેશ્વરમહારાજની ભકિત કરીને તે અટ્ઠાઈનુ આરાધન કરી શકે. જો કે ચતુર્વિધ સંઘની ભક્તિરૂપી સાધર્મિક ભકિત નામનું કાર્ય તેઓ ન જ સાચવી શકે એમ નથી તેમજ પીઠફલક સંસ્તારક આદિ દ્વારાએ શ્રીચતુર્વિધ સંઘની ભકિત કરી શકે છતાં તે કરવામાં તેઓ અધિકારી નથી.

દેવતાએ આપેલી ભિક્ષા તે સાધુ માટે અકલ્પનીય શાથી?

૨ વાચકવર્ગને યાદ હશે કે ભગવાન વજસ્વામીજીને તેમના પૂર્વભવના મિત્ર તિર્યગ્જૃંભક દેવતાઓએ ઘેબર અને કોલ્હાપાકની ભિક્ષા દેવા માંડી હતી, છતાં ભગવાન વજસ્વામીજી

બાલદશાથી પણ અત્યંત ઉપયોગી હોવાથી તે દેવતાઓને દેવતાપણે જાણી શકયા અને દેવતાનો પિંડ અકલ્પનીય છે એ મુદ્દાથી તે વજસ્વામીજી બાલકે ભિક્ષા પણ લીધી નહિં, જો કે વજસ્વામીજીના આવા ઉપયોગથી દેવ અત્યંત તુષ્ટ થયા અને ભગવાન વજસ્વામીજીને આકાશગામિની વિગેરે વિદ્યા આપી, પરંતુ એ દૃષ્ટાન્ત ઉપરથી એટલી વાત તો સ્પષ્ટ થાય છે કે દેવતાઓના અશનાદિકપિંડ સાધુ સાધ્વીઓને કલ્પતાં નથી. ભર જંગલમાં પગે શૂલ વાગવાથી ચાલવાને અશકત થયેલા વૃદ્ધસાધુએ બીજા સાધુઓએ વહન કરીને ગામ લઈ જવાની કરેલી વિનંતિને નહિ સ્વીકારી અનશન કર્યું હતું, તે વખતે તેનો પુત્ર જે સાધુ અવસ્થામાં હતો તેને સાધુઓ સમજાવીને લઈ ગયા હતા, છતાં પણ તે બાલસાધુ પિતાના પ્રેમથી પ્રેરાયેલો તે જોડેના સાધુઓને ઠગીને પણ પિતાની પાસે ચાલ્યો આવ્યો. જો કે તે વખતે વૃદ્ધ એવા તે પિતાએ પુત્રને ઓલંભો આપ્યો, પરંતુ પોતાથી ચાલી શકાય તેવું ન્હોતું અને બીજો કોઈ સાધુ પાસે નહોતો કે જેથી તેની સાથે તે બાલસાધુને મોકલીને ગચ્છમાં મેળવી શકે. એટલે બાલસાધુ પણ ત્યાં જંગલમાં જોડે જ રહ્યો. થોડી મુદતે તે વૃદ્ધ સાધુ કાલ કરીને દેવતા થયો અને અવધિજ્ઞાનથી તે બાલસાધુની હકીકત જાણી વૃક્ષના પોલાણમાંથી હાથ કહાડી તે બાલસાધુને ભિક્ષા આપી. પરંતુ તે જ ગચ્છ પાછો તે રસ્તે આવ્યો તે વખતે જ્યારે દેવતાઈ પિંડ લેવાતો માલમ પડ્યો ત્યારે તેને આલોચના પ્રતિકમણ કરાવ્યું એમ ઉત્તરાધ્યનની નિર્યુક્તિમાં જણાવ્યું છે, એ ઉપરથી પણ દેવતાના અશનાદિક પિંડ સાધુ સાધ્વીને ન કલ્પે એ ચોક્કસ જ છે અને જ્યારે શ્રમણભગવંતોની અશનાદિથી દેવતાઓ ભકિત ન કરે તો પછી શ્રાવકશ્રાવિકા તો તેમના અનુયાયીપણે રહેવાવાળો એક ક્ષુલ્લક વર્ગ છે માટે તેની ભક્તિનો લાભ મેળવવાનો પ્રસંગ પણ તેમને ન હોય. જો કે પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં સાધુસાધ્વીઓને રાજપિંડ અકલ્પનીય છે અને તેથી મૂર્ધાભિષિકત રાજા મહારાજાઓ બાર વ્રત ધારણ કરે ત્યારે બારમા વ્રતમાં શ્રાવક અને શ્રાવિકાઓની ભકિત અતિથિ તરીકે કરવાની હોય છે, અને તે ભકિત અશનાદિકથી પણ હોય છે, પરંતુ દેવતાઓને સ્વયં ઔદારકિ અશનાદિ હોતાં નથી તેથી સંવિભાગ તરીકે તેઓ અશનાદિકનું દાન દઈ શકે નહિં. એટલે સાધર્મિક ભકિતરૂપનું કાર્ય પણ દેવતાઓને સર્વથા દુર્લભ જ છે. એટલે દેવતાઓને શ્રી જિનેશ્વર મહારાજા ભક્તિ દ્વારા એ સાંવત્સરિકની અટ્ઠાઈ આરાધવાની હોય છે અને તેથી આગળ જણાવી ગયા તે પ્રમાણે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકદેવતાઓ શ્રીનંદીશ્વરદ્વીપમાં અટ્ઠાઈ મહોત્વસવ કરીને ચૈત્યપરિપાટીને અંગે જીનભકિત કરી સાંવત્સરિક પર્વની આરાધના કરે છે.

સાધુ સાધ્વીઓને અટ્ઠમનું તપ, લોચ કરવો, સાંવત્સરિક ક્ષામણાં કરવાં, ચૈત્યપરિપાટી કરવી

ઈત્યાદિક સાંવત્સરિકનાં કૃત્યો છે. નહિં કે **ગૃહિજ્ઞાત** કે **અજ્ઞાત** અવસ્થાનરૂપી પર્યુષણાનાં કૃત્યો દ્વારાએ સાંવત્સરિક અઠ્ઠાઈનું આરાધન કરવાનું હોય છે. પણ શ્રાવક શ્રાવિકાનો અધિકાર અહિ લેવાનો રાખ્યો છે માટે તેને જ અંગે વિચાર કરીશું.

અઠ્ઠાઈઓમાં લક્ષ્ય કેવલ ધર્મારાધનનું જ હોય

૧ સામાન્ય રીતે શ્રાવક શ્રાવિકાવર્ગે આઠમ ચૌદશઆદિ પર્વો આરાધવાની માફક છ અઠ્ઠાઈઓ કે જે ત્રણ ચોમાસી, બે ઓળી અને એક સંવત્સરીની અઠ્ઠાઈ મળીને થાય છે. તેમાં રથયાત્રાદિ ધાર્મિક ઉન્નતિનાં કાર્યો કરવા સાથે આરંભસમારંભથી વિરમીને દાન શીલ તપ અને ભાવમાં લીન થવાનું હોય છે. છતાં સાંવત્સરિક (પર્યુષણા) અઠ્ઠાઈમાં વિશેષ કરીને આત્મકલ્યાણ માટે ધર્મ આરાધન કરવાનું મળી શકે તેમ હોય છે, કારણ કે સાંવત્સરિક અઠ્ઠાઈની વખતે કે તે પહેલાં સાધુ સાધ્વીઓનું ચોમાસું રહેવાનું નિયમિત થઈ જાય છે અને તેથી ગુરૂમહારાજના આલંબનથી આત્માના ભાવની ઘણી જ ઉંચી વૃદ્ધિ થાય અને તેથી જ ઉચ્ચતમ કાર્યો કરીને ધર્મની ધ્વજા ફરકાવવાનો અને તે દ્વારાએ આત્મકલ્યાણનો માર્ગ સાધવાનું સૂઝે એમાં કંઈપણ અસ્વાભાવિક નથી.

મુનિમહારાજનો યોગ જે ક્ષેત્રમાં હોય ત્યાંના અગર તે સિવાયના ક્ષેત્રમાં રહેલા શ્રાવકશ્રાવિકા વર્ગે સાંવત્સરિક અઠ્ઠાઈની આરાધના તો જરૂર કરવી જ જોઈએ. પર્યુષણાની અઠ્ઠાઈની આરાધનાથી જે શ્રાવક શ્રાવિકાવર્ગ ચૂકે તે ખરેખર મનુષ્ય જન્મ અને મળેલી ધર્મની સામગ્રીને ખોઈ દઈ ચિન્તામણીરત્ન ફેંકી દેનાર જેવો મૂર્ખ બને માટે સર્વક્ષેત્રના સર્વ શ્રાવકશ્રાવિકાઓએ પર્યુષણાની અઠ્ઠાઈની આરાધના તો જરૂર કરવી જ જોઈએ. આ વાત વાચકવર્ગ ધ્યાનમાં લેશે તો જૈન જૈનેતરમાં પર્યુષણાપર્વની મહત્તા કેમ થઈ અને અવિચ્છિન્ન પ્રભાવશાલી વીતરાગ પરમાત્માના શાસનને આરાધનારા પૂર્વજોએ પર્યુષણાને મહત્તા કેમ આપી એ સર્વનો ભાવાર્થ સમજાઈ જશે. પર્યુષણાપર્વની આરાધના કરવા માગનારા શ્રાવક શ્રાવિકાવર્ગે આ પાંચ કૃત્યો ઉપર અવશ્ય લક્ષ્ય દોરવવું જોઈએ.

પર્યુષણાની અઠ્ઠાઈમાં આરાધના યોગ્ય શું?

૧ અમારી પડહો વજડાવવો. ૨. ચતુર્વિધ સંઘની ભક્તિ કરવી. ૩. પરસ્પર ચતુર્વિધસંઘમાં ખમતખામણાં કરવાં. ૪. અઠ્ઠમનું તપ જરૂર પૂર્ણ કરવું જોઈએ. ૫ દુષ્ષમકાલમાં પરમ આધારભૂત અને અજ્ઞાન અબુઝ વર્ગને પણ ધર્મની મુંગી દેશના દેનાર શ્રીજીનેશ્વર ભગવાનના ચૈત્યોને જુહારવાં. આ પાંચ કૃત્યો પર્યુષણાની અઠ્ઠાઈને આરાધનાવાળાએ જરૂર કરવાં જોઈએ. જો કે આ પાંચ કૃત્યોની માફક જ શ્રીકલ્પસૂત્રનું શ્રવણ પણ અત્યંત જરૂરી છે. પૂર્વાચાર્ય મહારાજાઓએ શ્રમણસંઘને જગત ઉદ્ધારક ત્રિલોકનાથ ભગવાન જીનેશ્વરોના ચરિત્રો કે જે દરેક ભવ્યાત્માને આદર્શરૂપ છે. તેનું શ્રવણ અને ગણધર મહારાજથી શ્રીદેવર્ધિગણિ ક્ષમાશ્રમણ સુધીના શાસનધુરંધર પુરૂષોનું નામકીર્તન અને ચરિત્ર શ્રવણ જે દ્વારાએ

કરવાનું રાખેલું છે. વળી સાધુઓની વિશેષ સામાચારી કે ચોમાસાને અંગે જ હોય છે તેનું પણ શ્રવણ થવાથી દેવ ગુરૂ અને ધર્મનું સુંદર સ્વરૂપ સમજી શકાય. વળી એકને એકરૂપે દરેક પાસે સાંભળવાથી તે દેવ ગુરૂ ધર્મની સ્થિતિ શ્રોતાઓના મગજમાં તાજીને તાજી જ રહે. માટે એકનું એકજ કલ્પસૂત્ર દરેક પર્યુષણામાં સાધુમહાત્માઓ સભા સમક્ષ વાંચે છે. જો કે કેટલાક વસ્તુને નહિ સમજવાવાળા અને શ્રદ્ધાની માન્યતા વગરના તેમજ કેવલબુદ્ધિની માન્યતા ધરાવી પદાર્થના શુષ્ક જ્ઞાનને જ પોષનારા લોકોને દરેક પર્યુષણ વખતે નિયમિત રીતે વંચાતા કલ્પસૂત્રનો પ્રભાવ અણગમતો થાય, પરંતુ કાગડાના કાકારવે જેમ દ્રાક્ષના માંડવા સુકાઈ જતા નથી તેવી રીતે તેવા શ્રદ્ધાથી વેગળા થયેલાના વચનથી શ્રી કલ્પસૂત્ર દરેક પર્યુષણે સાંભળવા માટે શ્રદ્ધાળુવર્ગ જે તૈયાર થાય છે તે કોઈપણ પ્રકારે મંદ થતો નથી, થવાનો નથી અને થાય પણ નહિં, છતાં એવા કલ્પસૂત્રનું શ્રવણ સાંવત્સરિક અઠ્ઠાઈના કાર્યોમાં નથી ગણાતું તેનું કારણ એજ કે કલ્પસૂત્રનું સભા સમક્ષ વાંચવું ઘણા જ પાછળના કાલથી થયેલું છે. પરંતુ શ્રોતાવર્ગે એક વાત આ જગા પર લક્ષ્યમાં રાખવા જેવી છે કે ઉપર જણાવેલા અમારિ પડહો આદિ કાર્યો કલ્પસૂત્ર સભા સમક્ષ નહિં વંચાવાની વખતે પણ શ્રાવકો કરતા હતા, તો જ્યારે કલ્પસૂત્ર શ્રવણનો લાભ નહોતો મળતો ત્યારે પણ શ્રાવકો અમારિપરડહાદિથી પર્યુષણાની અઠ્ઠાઈની આરાધના કરતા હતા તો પછી વર્ત્તમાનમાં સભા સમક્ષ વંચાતા કલ્પસૂત્રના રસનું પાન કરનાર શ્રોતાવર્ગ તો અમારિપડહાદિક પર્યુષણના નિયમિત કાર્યોમાં વિશેષથી જ પ્રવૃત્તિ કરે. એ અમારિપડહાદિક પાંચ કાર્યોમાં અમારિપડહાનું જે કાર્ય પ્રથમ નંબરે ગણાયેલું છે તે ઉપર પહેલો વિચાર કરવો તે સ્થાનસરજ છે.

અહિંસાપ્રધાન જૈનધર્મ અને ભાવદયા

જૈન તેમ જૈનેતરવર્ગ આ વાત તો સારી રીતે જાણે છે કે જૈનધર્મનો સિદ્ધાન્ત જ દયા ઉપર અવલંબીને રહ્યો છે, અને જૈનો પણ ધર્મનું સ્વરૂપ બતાવતાં **'अहिंसालक्खणस्स'- 'अहिंसा संजमो तवो' 'सव्वभूयप्पभूएसु' 'पाणभूयाइं हिंसइ बंधइ पावकम्मं तु'** ઈત્યાદિક પ્રતિદિન અભ્યસનીય અને પરિશીલનીય ગ્રંથોમાં સ્થાને સ્થાને તે દયાનો સાક્ષાત્કાર કરેલો છે. જો કે જૈનો દયા બે પ્રકારની માને છે. એક ભાવદયા અને બીજી દ્રવ્યદયા. ભાવદયા તેનું નામ છે કે પોતાના આત્માને કર્મથી બચાવી શુદ્ધ સ્વરૂપવાળો કરીને શાશ્વત્પદ સ્થાયી બનાવવો એટલે આત્માના સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપી પ્રાણો કે જે જીવજીવન છે અર્થાત્ પુદ્ગલરૂપી જડદ્રવ્યો દ્વારાએ તે સમ્યગ્દર્શનાદિકનું સ્વરૂપ સંકેલાયેલું નથી અને ખરેખરૂં જીવત્વ જ એ જ્ઞાનાદિ ભાવપ્રાણ સ્વરૂપ છે. દ્રવ્યપ્રાણો દરેક ગતિમાં જુદા જુદા થાય છે. એક ભવથી બીજે ભવે દ્રવ્યપ્રાણો લઈ જઈ શકાતા નથી. પરંતુ જ્ઞાનાદિરૂપી ભાવ પ્રાણોને લઈને જીવ પરભવ જઈ શકે છે અને એટલા જ માટે

શ્રીભગવતીસૂત્રની અંદર જ્ઞાન અને દર્શનને ઐહભવિક પારભવિક અને તદુભયભવિક માનેલાં છે. અર્થાત્ ઉત્પન્ન થયેલું જ્ઞાન અને દર્શન આ ભવમાં પણ ટકી શકે છે. પરભવમાં પણ જોડે આવી શકે છે અને તેનાથી આગળના ભવમાં પણ તે ટકી શકે છે. એટલું જ નહિ પણ આ ભવમાં ઉત્પન્ન થયું ત્યારથી અખંડપણે આ ભવ, પરભવ અને પરતરભવમાં પણ જઈ શકે છે. જેવી રીતે ભવની અપેક્ષાએ આ હકીકત સૂત્રકારોએ જણાવેલી છે. તેવી જ રીતે મુક્તદશામાં પણ જ્ઞાન અને દર્શનનું સદાસ્થાયીપણું માન્યું છે અને તેથી જ કેવલજ્ઞાન અને કેવલદર્શનને સાદિઅનંતભાંગે ગણવામાં આવેલાં છે. જો કે સમ્યક્ચારિત્રને પ્રાણ તરીકે ગણવામાં આવે છે. છતાં તે ચારિત્રને સૂત્રકાર મહારાજા ઐહભવિક જ ઠરાવે છે. પણ તે ચારિત્ર પ્રતિજ્ઞારૂપ હોવાની અપેક્ષાએ કથન કરે છે, પરંતુ મોહનીયકર્મના સર્વથા નાશથી થયેલો વીતરાગત્વગુણ જે પોતાનાથી ઈતર એવા જીવ કે અજીવ એવા પદાર્થના રાગ કે દ્વેષથી દૂરતર છે તે વીતરાગણું ઐહભવિક નથી. જેમ વીતરાગપણું કેવલ ઐહભવિક નથી તેમ પારભવિક કે ઉભયભવિક પણ નથી, કારણ કે વીતરાગ પરમાત્માને નવો જન્મ લેવાનો હોતો નથી. અને તેથી જ વીતરાગને પરભવ કે પરતરભવમાં જવાનું હોતું નથી. એટલે વીતરાગપણું પામેલો જીવ અવ્યયપદરૂપ જે સિદ્ધિ તેનેજ પોતાના ભવથી અનન્તર પ્રાપ્ત કરે છે, એટલે વીતરાગત્વગુણ તો સાદિ અનંત જ છે. આ બધું કહેવાનો ભાવાર્થ એટલો જ કે દયાના હિમાયતીઓએ પોતાના જીવને કર્મના ઉપદ્રવથી બચાવવા અને પોતાના સમ્યગ્દર્શનાદિ ભાવપ્રાણોને બચાવવા માટે જ કટિબદ્ધ રહેવું જ જોઈએ. વાચકવર્ગે યાદ રાખવું કે જૈનશાસ્ત્રકારોએ દ્રવ્યદયાની પણ જે કર્તવ્યતા બતાવી છે તે ભાવદયાના ઉદેશથી જ છે. છતાં ભાવદયાના ઉદેશ વગરની થતી દ્રવ્યદયા હોય તે પણ છોડવાલાયક નથી. પ્રથમ તો તેવી થતી દ્રવ્યદયાને ભાવદયાના ઉત્પાદક તરીકે કે પોષક તરીકે ઉપયોગમાં લેવાની છે. કલ્પના ખાતર માનીએ કે કોઈ અભવ્ય કે મિથ્યાદષ્ટિ જીવ પૌદ્ગલિક પદાર્થની પ્રાપ્તિને માટે જો દ્રવ્યહિંસાનો ત્યાગ કરતો હોય તો તેને દ્રવ્યહિંસાના ત્યાગથી અટકાવાય નહિ. પણ ભાવહિંસાના ત્યાગની પ્રેરણા કરાય અને આ વાત જ્યારે લક્ષ્યમાં રહેશે ત્યારે જ દ્રવ્યદયા વિગેરેના ઐહિભવિક અને પારભવિક ફલો શાસ્ત્રકારોએ કેમ જણાવેલા છે તેનો ખુલાસો થશે. જો કે વિષઅનુષ્ઠાન અને ગરલઅનુષ્ઠાન જરૂર વર્જવાનાં છે, પણ તેમાં વિષપણું અને ગરલપણું જ છોડાવવાનો ઉપદેશ હોય, પરંતુ અનુષ્ઠાન છોડાવવાનો ઉપદેશ કોઈ દિવસ હોય જ નહિ. આ વાત જો ધ્યાનમાં લેવામાં આવશે તો દરેક જીવ કે જે અનન્તાકાલથી વ્યવહાર રાશિમાં આવેલો છે તેની નવગ્રૈવેયક સુધી ઉત્પત્તિ જે શાસ્ત્રકારોએ સ્થાને સ્થાને જણાવી છે અને જે ઉત્પત્તિ દ્રવ્યચારિત્ર સિવાય થઈ શકતી નથી, તેનો ખુલાસો થશે. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન અને કેવલી

મહારાજાની વખતે પણ દ્રવ્ય ચારિત્રવાળાને ભાવચરિત્ર પ્રાપ્ત થવાના ઉપદેશો અપાય, પરંતુ ભાવચારિત્ર વગરના દ્રવ્યચારિત્રને રોકાય તો નહિંજ.

દ્રવ્યદયા

ધ્યાન રાખવું કે નવગ્રૈવેયક સુધી જવાનું જીવને ઉચ્ચતર સંઘયણની વખતે જ હોય છે અને ઉચ્ચતર સંઘયણના ચારિત્રની વખતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવંત અને કેવલિ મહારાજાઓનું વિચરવું ઘણે ભાગે જરૂર હોય છે. આ હકીકતથી પૌદ્‌ગલિક ઈચ્છાને પોષવા મંગાય છે એમ તો એક અંશે પણ વાચકે ધારવું નહિ, પરંતુ પૌદ્‌ગલિક ઈચ્છાવાળાનું પણ ધર્માનુષ્ઠાન છોડાવાય નહિં એટલું જ માત્ર અહિં તત્ત્વ છે. સામાન્ય રીતે ભાવદયાને માટે જણાવી હવે દયાનો જે બીજો ભેદ દ્રવ્યદયારૂપ જણાવ્યો છે તેનો વિચાર કરીએ.

સામાન્ય રીતે દ્રવ્યદયાને દુનિયા દયાશબ્દથી સંબોધે છે અને તેથી જ અભવ્ય કે મિથ્યાદ્રષ્ટિ જેવા ભાવદયાથી શૂન્ય જીવો પણ જ્યારે દ્રવ્યથી દયા પાળે છે, ત્યારે તેને લોકો દયાળુ તરીકે જાણે છે- માને છે - કહે છે અને વખાણે છે. દ્રવ્ય દયાની અંદર વપરાતો દ્રવ્યશબ્દ જેવો અપ્રધાન અર્થમાં છે, તેવી જ રીતે ભૂત અને ભાવિના કારણમાં પણ દ્રવ્ય શબ્દ વપરાય છે.

'દ્રવ્ય'નું સ્પષ્ટીકરણ

અંગારમર્દક નામના આચાર્યને તે અભવ્ય હોવાથી દ્રવ્યઆચાર્ય કહેવામાં આવતા હતા. એવી જ રીતે જગતમાં શિલ્પકળા શિખવનાર આચાર્ય ઉપાધ્યાયને પણ દ્રવ્યઆચાર્ય ઉપાધ્યાય તરીકે ગણવામાં આવે છે. આધાકર્મી આદિક આહારને નિરપેક્ષપણે ભોગવનાર ત્યાગી મનુષ્યને પણ જે દ્રવ્યસાધુ કહેવામાં આવે છે. તે સર્વ દ્રવ્યશબ્દના અપ્રધાન અર્થને જ આભારી છે. યાદ રાખવું કે દ્રવ્યથકી સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય અને સાધુ જે ગણવામાં આવેલા છે તે ભાવથી નિરપેક્ષ એકલા અપ્રધાનપણાને લઈને ગણવામાં આવ્યા છે. પરંતુ અરિહંત મહારાજનું અપ્રધાનપણું અરિહંતથી જુદા જીવમાં હોય જ નહિ. તેથી અરિહંત મહારાજને અંગે દ્રવ્ય અરિહંતપણું કેવલ તેઓની અતીત અને અનાગત દશાને લઈને જ ગણવામાં આવે છે. આજ કારણથી જિનશબ્દના નિક્ષેપામાં **દવ્વજિણા જિણજીવા** એટલે ભાવતીર્થંકરપણાની અવસ્થાને પામેલા અને પામવાવાળા જીવોને જ અતીત અનાગતકાલની અપેક્ષાએ દ્રવ્યજિન તરીકે ગણવામાં આવેલા છે. આ વાત જો બરોબર સમજવામાં આવશે તો ચૈત્યવન્દનાદિક સૂત્રોમાં સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય કે સાધુઓ જેઓ દ્રવ્યનિક્ષેપામાં હોય તેઓને વન્દન કેમ નથી કર્યું? અને દ્રવ્યજિનોને જ કેમ નમસ્કાર કર્યો છે? તેનો ખુલાસો થશે. અર્થાત્ દ્રવ્યસિદ્ધપણું વિગેરે ભાવસિદ્ધપણાદિકને નહિ પામનારામાં પણ હોય છે. પણ અહિં દ્રવ્યજિનપણું કે દ્રવ્ય અરિહંતપણું તો ભાવજિનપણું પામેલા કે પામવાવાળામાં જ હોય છે. આ બધો વિચાર દ્રવ્ય

શબ્દના અપ્રધાન અર્થને અંગે છે. તેવી રીતે દયાને અંગે પણ અપ્રધાન દયા જે કરાય તેનું નામ દ્રવ્યદયા કહેવું પડે. ધ્યાન રાખવું કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન વિગેરેએ જે દયા આદિકનું નિરૂપણ કરેલું છે તે કેવલ આત્માઓને કર્મના ઘેરામાંથી છોડાવી અવ્યાબાધપદ પ્રાપ્ત કરાવવા માટે જ છે. જો કે અનાજની ખેતીમાં ઘાસની ઉત્પત્તિ સ્વાભાવિક હોય છે તેવી રીતે અહિં દયા આદિને આચરનારો મનુષ્ય અવ્યાબાધપદને ન પામે ત્યાં સુધી પૌદ્‌ગલિક પદાર્થની જાહોજલાલીને મેળવે છે, પણ તે અહિં મુખ્ય ફલ તરીકે નથી. અનાજ વાવ્યાને પ્રભાવ જ છે કે ધાન્યની પહેલાં ઘાસને તો કરેજ. તેવી રીતે દ્રવ્યદયાનો સ્વભાવ જ છે કે તે ભાવદયાપૂર્વક તે કરવામાં આવી હોય તો પરંપરાએ મોક્ષને આપવા પહેલાં પૌદ્‌ગલિક જાહોજલાલી આપે પરંતુ ભાવદયા વગરની પણ દ્રવ્યદયા એટલી બધી પ્રભાવવાળી છે કે તે દ્રવ્યદયામાત્રથી ભાવદયા નહિં છતાં પણ નવગ્રૈવેયક સુધી લઈ જાય છે. યાદ રાખવું કે અકામ નિર્જરા પણ ત્યારે જ થાય છે કે યથાર્થબોધ નહિં હોવાથી જ્યારે કર્મક્ષયાદિકની ઈચ્છા સિવાય દુઃખો વેઠવામાં આવે, એટલું જ નહિ પણ તે દુઃખો પણ વેઠવાની ઈચ્છા ન હોય છતાં ક્ષુધા તૃષા-શીત-વાત-વધ-તાડન-તર્જન-આદિ દુઃખો વેઠવામાં આવે. (અકામ નિર્જરા અને બાલતપમાં એટલો જ ફરક છે કે અકામ નિર્જરામાં દુઃખ વેઠવાની બુદ્ધિ હોતી નથી અને બાલતપમાં યથાર્થ બોધ નહિં છતાં પણ અજ્ઞાનથી દુઃખ વેઠવાની બુદ્ધિ હોય છે) આવી રીતની અકામ નિર્જરાથી કે બાલતપથી તેઓજ દુઃખ વેઠીને દેવતા થઈ શકે છે કે જેઓ દુઃખ દેનાર પ્રત્યે કે દુઃખના કારણો પ્રત્યે દ્વેષવાળો ન હોય. તેવી રીતે અહિં પણ દ્રવ્યદયાથી તેઓ જ નવગ્રૈવેયક સુધી જઈ શકે કે જેઓ સમ્યગ્દર્શનાદિક ગુણો અને તેવાળા મહાપુરુષોનું સાધ્ય જે મોક્ષ તે પ્રત્યે દ્વેષવાળા ન હોય. પરંતુ તે નવગ્રૈવેયકે જવાનું મુખ્ય કારણ જેમ અકામ નિર્જરામાં કે બાલતપમાં દુઃખ વેઠવું એ છે, તેવી રીતે અહિં દ્રવ્યદયા છે. જેવી રીતે પૌદ્‌ગલિક લાભની ઈચ્છાથી કરાતી દયાને દ્રવ્યદયા ગણવામાં આવે, તેવી જ રીતે જે દ્રવ્યદયાના ફલ તરીકે હિંસાની પરિણતિ ભવિષ્યમાં થાય તો તેવી રીતે થતી દયાને પણ અપ્રધાન એટલે દ્રવ્ય દયા ગણવામાં આવે છે. શાસ્ત્રકારો કહે છે કે છ મહિના સુધી માંસના પચ્ચક્‌ખાણ કરીને પારણે માંસનું જમણ કરનારના પચ્ચક્‌ખાણને અપ્રધાન પચ્ચક્‌ખાણ જ ગણવામાં આવ્યું, તે અપેક્ષાએ તો જે દયાનો પરિણામ ખરેખર દયાની વૃદ્ધિમાં ન આવે, પરંતુ ભવોભવ રખડાવનાર થાય તો તે તેવી દયાને અપ્રધાનદ્રવ્યદયામાં કહેવી જ પડે. ધ્યાન રાખવાની જરૂર છે. માંસના જમણવાર કરનારના માંસનાં પચ્ચક્‌ખાણ એ દ્રવ્યપચ્ચક્‌ખાણ છે. છતાં તેમાં માંસના જમણવારનો જ નિષેધ કરી શકાય, પણ છ મહિના સુધી માંસની નિવૃત્તિ કરી તેનો નિષેધ તો ન કરી શકાય. તેવી રીતે પૌદ્‌ગલિક ઈચ્છાથી કરાતી અપ્રધાન દયામાં પણ પૌદ્‌ગલિક ઈચ્છારૂપી દોષનો જ નિષેધ કરી શકાય. પરંતુ દયાનો નિષેધ કરી શકાય નહિં.

(ટાઈટલ પા. ૪ થી ચાલુ)

પ્રતિક્રમણને માટે તિથિની વૃદ્ધિહાનિ કે માસની વૃદ્ધિહાનિનો હિસાબ નહોતો, પરન્તુ ચોમાસીથી સંવચ્છરીના આંતરાના પચાસ દિવસ માટે તો બરોબર દિવસનો જ હિસાબ હતો, અને તિથિનો હિસાબ નહોતો. કારણ કે સર્વ જૈનો જાણે જ છે કે અષાઢ ચોમાસીથી દશ વખત પંચક વૃદ્ધિથી સામાન્ય રીતે પર્યુષણા થતી હતી. તો પછી જો વઘઘટ લેવામાં આવે તો દશ પંચકો થાય જ નહિં. માટે એ હિસાબે બરોબર પચાસ દિવસો જ થવા જોઈએ અને ગુરૂવારે ચોમાસી થયેલી હોવાથી ગુરૂવારે સંવચ્છરીવાળાને પચાસ દિવસ બરોબર થાય. ધ્યાનમાં રાખવું કે લોકોત્તરઋતુના હિસાબે અષાઢ ચોમાસીથી સંવચ્છરી વચ્ચે ક્ષીણતિથિ આવતી જ નથી અને સંવચ્છરી પછીના દહાડામાં જ અવમરાત્ર આવે છે, आसाढ बहुलपक्खे० અને तइयंमि पव्वमि વગેરે લૌકિક ઋતુના છે એમ જ્યોતિષ્કરંડકટીકા વગેરે સ્પષ્ટ કહે છે. પણ તેમાં કંઈ ચઉદપંચકો લેવાયાં નથી અને લેવાતાં પણ નથી. માટે ગુરૂવારે સંવચ્છરી કરાય તો અસલના સાચા માર્ગને મળાય વર્તનામમાં લૌકિક ટીપ્પણાં મનાય છે તો તેની લીધેલી તિથિઓ પણ આરાધનાની રીતિએ લેવાય માટે ભાદરવા સુદની બે પાંચમો હોવાથી બે ત્રીજ ગણાયાથી ચોથ ગુરૂવારે પચાસ જ તિથિ થાય. ચૌદશ આઠમનો ટીપ્પણામાં ક્ષય હશે તો પણ આરાધનાવાળા સવારથી જ ચૌદશ આઠમ માનશે બીજાઓ ગુરૂવારે પાંચમ કરવાના નથી અને લોકોની આગલ ખોટું બોલે છે. ચૌદશના ક્ષયે તેરસનો ક્ષય કરી ચૌદશ માની પૌષધ કરનારને તેરસનો પૌષધ કર્યો કહેનાર જેવો ગણાય તેવો જ ગુરૂવારે પાંચમ છે એમ કહેનાર ગણાય. માટે ટીપ્પણાથી બુધવારે ચોથ ગુરૂવારે પાંચમ છે એમ આરાધનાવાળાથી કહેવાય જ કેમ ?

ચોમાસી અને સંવચ્છરી

વચ્ચેના ૫૦ દિવસો કેમ ગણવા ?

વારથી ગણવાનો હેતુ શો હોય ?

જો કે શ્રી જૈનશાસ્ત્રોમાં પક્ખી ચૌમાસી અને સંવચ્છરીના પ્રતિક્રમણો અને તેનાં ખામણામાં ૧૫-૧૨૦ અને ૩૬૦ દિવસો તિથિની અપેક્ષાએ ગણાય છે. એટલે ઘટેલી તિથિઓ ઓછી થતી નથી તેમજ વધેલી તિથિઓ અધિક થતી નથી. તિથિઓ તો શું ? પણ મહિનાની વૃદ્ધિ હાનિથી પણ તેની માસની સંખ્યામાં ફેરફાર થતો નથી અને તેથી અધિકમાસ છતાં પાંચમાસે પણ ચૌમાસી અને તેરમાસે જ સંવચ્છરી થાય છે.પરન્તુ ચૌમાસી અને સંવચ્છરીના આંતરાને માટે જે પચાસ દિવસનું પ્રમાણ છે તેમાં તો પચાસ દિવસનો આંતરો દિવસના હિસાબે જ લેવો પડતો હતો. જો કે અવસ્થાનરૂપ પર્યુષણાને અંગે તો શાસ્ત્રાકારોએ **अभिवड्ढियंमि वीसा** એમ જણાવી અધિકમાસનો હિસાબ ગણ્યો છે પણ સાંવત્સરિકને માટે તે અધિકમાસને હિસાબમાં ગણ્યો નથી. એ ચોક્ખું છે અને તેથી જ અગ્યારમહિને સંવચ્છરી કરવાનો કે વગર આભિવર્ધિતમાં તેર મહિને સંવચ્છરી કરવાનો ખરતરોની પેઠે પ્રસંગ આવે નહિં. મતલબ કે સાંવત્સરિક

(જુઓ ટાઈટલ પાનું ૩ જું)

अनंतलब्धिनिधानाय गौतमगणभृते नमोनमः।

ગઈ સાલ ભાદરવા સુદિ ચોથ રવિવારે અને આ સાલ
ભાદરવા સુદિ ચોથ ગુરૂવારે સંવત્સરી પર્વનું
આરાધન કરનારા શાસ્ત્ર અને પરંપરા
પ્રમાણે વર્તનારા છે તે બાબત

શાસ્ત્રીય પુરાવા

જેની અંદર પર્વતિથિની ક્ષય વૃદ્ધિ બાબત
સુંદર પ્રકાશ પાડતું સાહિત્ય છે.

સાચું એ મારું માનનારા હશે તેઓ શાસ્ત્રના પુરાવા વગરની પર્વક્ષય
ભેળસેળ અને ખોખાની હઠ છોડી સાચા માર્ગે આવી આરાધક થશે

વીર સંવત્ ૨૪૬૩
સંવત્ ૧૯૯૩
શ્રાવણ કૃષ્ણ પ્રતિપત્
આવૃતિ બીજી

-: પ્રકાશક :-
માલવાદેશાન્તર્ગતરત્નપુરીય
ઋષભદેવજી કેશરીમલજી
જૈનશ્વેતાંબર સંસ્થા

શ્રી જૈનભાસ્કરોદય પ્રેસમાં મેનેજર બાલચંદ હીરાલાલે પ્રકાશક માટે છાપ્યું.
જામનગર.

આગળ ઉપર જણાવેલ પ્રતોમાં તિથિ બાબતમાં એકસરખા પાઠો લગભગ છે. તેથી તેનું ભાષાંતર આપ્યું નથી પણ પૂનમની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ તથા ભાદરવા સુદ પાંચમની ક્ષય વૃદ્ધિએ ભાદરવા સુદ ઉની ક્ષય વૃદ્ધિની તારવણી નીચે પ્રમાણે છે.

આ પુસ્તકમાં છપાયેલ પુરાવા સંબંધી નોંધ અને તારવણી

નાં. ૧

આ પ્રત સાં. ૧૭૯૨ની છે. આ પ્રત ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજના શિષ્ય પંડિત રૂપવિજયજીએ લખેલી હતી, તેની ઉપર શ્રીરામવિજયજીએ સાં. ૧૭૯૨ની સાલમાં જેઠ સુદિ સાતમે બુધવારે થરાદમાં લખેલી છે.

૧. પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિનો ક્ષય થાય.
૨. પર્વતિથિની વૃદ્ધિએ પૂર્વતિથિ બેવડાય.
૩. પૂનમ અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય થાય.
૪. પૂનમ અમાવાસ્યાના વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ થાય.
૫. ભાદરવા સુદિ પની ક્ષયવૃદ્ધિએ ત્રીજની ક્ષયવૃદ્ધિ થાય.
૬. જૈનશાસ્ત્રાનુસારે પર્વતિથિ (આરાધના) વધે ઘટે નહિ.
૭. વિશેષજિજ્ઞાસુને વૃદ્ધ દેવેન્દ્રસૂરિકૃત યતિદિનકૃત્યસામાચારી જોવાની ભલામણ.
૮. પંચકવૃદ્ધિની અપેક્ષાએ દિવસો ૫૦ અને ૭૦ ગણ્યા છે. બાકી સંવચ્છરીની ચૌમાસી અને સંવચ્છરીનું અંતર લેવું અને તેથી સંવચ્છરીની રાત આગળના વર્ષમાં આવે.

નાં. ૨

આ પ્રતનું નામ તપાગચ્છની પર્યુષણા સમાચારી છે, તેમાં એક કુલમંડનસૂરિજીકૃત આલાપક છે, તિથિહાનિવૃદ્ધિ પ્રશ્નોત્તર છે અને પછી આ લખાણ છે, ત્યારબાદ અધિકમાસની પર્યુષણા સામાચારી છે. આ પ્રત મહોપાધ્યાય શ્રી દેવવિજયજીના શિષ્ય મુનિ જંબુવિજયજીએ લખેલી છે.

પર્વતિથિઓ કઈ કઈ ?

પૂનમ અમાવાસ્યાની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરવી.

તે ક્ષય વૃદ્ધિ કરવાની રીત.

એવી જ રીતે ભાદરવા સુદી પાંચમની ક્ષય વૃદ્ધિએ ત્રીજની ક્ષય વૃદ્ધિ કરવાનો આદેશ.

પૂર્વસૂરિકૃત સામાચારીની ભલામણ અને સાક્ષી.

નાં. ૩

આ પ્રત શ્રી દેવવાચકજીએ પૂર્વ સામાચારીમાંથી લખી. તેના ઉપરથી ૧૫૬૩માં ખંભાતમાં તેમના શિષ્ય યશોવિજયજીએ લખી. પછી તે વિનયવિજયજી મહોપાધ્યાયના શિષ્ય પં. મોહનવિજયજીએ સુરતમાં લખી છે.

પર્વતિથિ ક્ષય વૃદ્ધિ સંબંધી મેરૂવિજયજીની સામાચારી જોવાની ભલામણ.

પંચમીના ક્ષયે અને વૃદ્ધિએ તૃતીયાના ક્ષય અને વૃદ્ધિનો આદેશ.

પૂનમ-અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવી.

પર્વતિથિની ક્ષય વૃદ્ધિ ન થાય તથા પર્વતિથિઓ કઈ કઈ ?

સામાચારીનો પુરાવો.

નાં. ૪

આ પ્રતનું નામ પર્વતિથિ નિર્ણય છે. તેના અંતે તપાગચ્છીય રૂપવિજયજીએ આ પ્રત ૧૭૭૩ના વૈશાખ વદી ચોથે લખેલી હતી. તેમાં પ્રાન્તે આ લખાણ હતું.

પૂનમ આદિની ક્ષય વૃદ્ધિએ તેરસ આદિની ક્ષય વૃદ્ધિ બરાબર છે.

ભાદરવા સુદિ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય પરંપરાગત છે અને શાસ્ત્રીય છે.

તપાગચ્છીની સામાચારી આ પ્રમાણે જ છે.

આ પ્રત આ. વિજયદર્શનસૂરિજી મહારાજની પાસેથી આવી છે.

નાં. ૫

સં. ૧૭૯૨ની પ્રતમાં (નં.૧ વાળી પ્રતમાં) અંત્યભાગે જે ભલામણ કરી છે કે વિશેષ જિજ્ઞાસુએ વૃદ્ધદેવેન્દ્રસૂરિકૃત સામાચારી જોવી તે યતિદિનકૃત્યસામાચારીની આ પ્રત છે, તેનાં પાનાં ૧૩૦ છે, તેમાં પત્ર ૩૭, ૩૮, ૩૯ માં ધર્માધિકાર નામે વિભાગ છે તેની અંદર આ તિથિ સંબંધી નિશ્ચય કરવામાં આવ્યો છે, તેનો ઉતારો છે.

જૈનટીપ્પણાને હિસાબે પર્વતિથિની ક્ષયવૃદ્ધિ ન થાય.

ભાદરવા સુદિ પાંચમની ક્ષય વૃદ્ધિ એ ત્રીજની ક્ષય વૃદ્ધિ કરવાની આજ્ઞા અને શાસ્ત્રાર્થથી સિદ્ધ કરેલ ત્રીજનો જ ક્ષય.

પૂનમ આદિ પર્વતિથિની ક્ષય વૃદ્ધિએ તેરસ આદિની ક્ષયવૃદ્ધિ શાસ્ત્રોક્ત છે. પરંપરાગત છે.

ભાદ્ર૦ સુદિ પાંચમની ક્ષય વૃદ્ધિ એ ત્રીજની ક્ષય વૃદ્ધિ કરવાની રીત.

નાં. ૬

આ પાનું વડસ્માના ભંડારમાંનું છે. તે આ. વિજયોદયસૂરિજી મહારાજ તરફથી મળેલ છે. તે શ્રી દીપવજિયજીનો પત્ર છે. સં. ૧૮૭૧નું લખેલ છે.

શ્રીદેવસૂરગચ્છવાળા પહેલેથી જ પૂનમની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરતા જ હતા. અને એ દેવસૂરગચ્છ અને આણસૂરગચ્છનો મતભેદ છે.

નાં.૭

આ લખાણ ૧૬મી સદીનું છે. આ. વિજયઉદયસૂરિજી મહારાજ. આ વિજયનીતિસૂરિજી મહારાજ પં. લાભવિજયજી ગણી આદિ પાસેની પ્રતો ઉપરથી ઉતારેલ છે.

પૂનમના ક્ષયે તેરસનો ક્ષય થાય,
સંવત્સરી મહાપર્વ પાંચમના એકજ દિવસ પહેલાં થાય.
ભાદરવા સુદિ ચતુર્થી વૃદ્ધિએ પહેલી ન લેવી, બીજીજ આરાધવી.

નાં. ૮

આ પ્રત ૧૫૭૭ માં તપગચ્છીય દેવવાચકજીના શિષ્ય યશોવિજયજીએ લખી છે. તેના ઉપરથી મુનિશ્રી રૂપવિજયજી અને મુનિરામવિજયજીએ લખેલ છે.

જેવી રીતે પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરાય તેવી રીતે પૂનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરવી એવી પૂર્વાચાર્યની સામાચારીમાં કહ્યું છે.

ગયે વર્ષે (૧૫૭૬) શ્રી આણંદવિમલસૂરિ મહારાજે પણ શ્રાવણ સુદ પૂનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરી હતી અને અમોને આજ્ઞા આપી હતી એ તે પ્રતના લેખકનું કહેવું છે.

નાં. ૯

આ સંવાદમાં પણ પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિનો ક્ષય કરવાનું જણાવે છે. આ પ્રત મેરૂવિજયજીના સમયમાં લખાયેલી છે.

નાં. ૧૦

આ લખાણમાં ચૌદશ વધે તો પહેલી ચૌદશની બીજી તેરસ કરવી અને બીજી ચૌદશ ખડી રાખવી અને તેનું આરાધન કરવાનું જણાવ્યું છે. તેમજ પર્યુષણની પાંચમ વધે ત્યારે બે ચોથ કરી બીજી ચોથે સંવચ્છરીનું વિધાન છે. એવે ઠેકાણે સૂર્યોદયની જરૂર નથી એમ પણ જણાવ્યું છે.

આ વર્ષે શ્રી સંવત્સરી મહાપર્વ ગુરૂવારે જ આરાધાય એ સંબંધી તેમજ પર્વતિથિઓની હાનિવૃદ્ધિ સંબંધી

શાસ્ત્રીય પુરાવા

પાક્ષિકવિચારની સં. ૧૭૯૨ની પ્રતમાં અંત્યે તિથિહાનિવૃદ્ધિનો વિચાર આ પ્રમાણે છે ! -

यदि च तासु पर्वतिथिषु वृद्धिहानि तदा किं कार्य ? तदेवाह - प्रथमतो जैनागमानुसारेण एकाऽपि पर्वतिथिर्न हीयते न च वर्द्धते, लौकिकाभिप्रायेण (यदा) आयाती तदापि गीतार्थास्तदभिप्रायं त्यकत्वा स्वागमानुसारेण पर्वतथिवृद्धि क्षयं च न कुर्वंति, कथं ? क्षये पूर्वा तिथि कार्या, वृद्धौ कार्या तथोत्तरा इति वचनात् तथा आसाढ कत्तिय फग्गुणमासे (जइ) खओ पुन्निमा होइ । ता संखओ तेरसीए भणिओ जिणवरिंदेहि ॥ १ ॥ बीया पंचमी अट्ठमी एक्कारसी य चाउदसी य । ता संखओ पुव्वतिही अमावासाएवि तेरसी ॥ २॥ तथा आगम :- जम्हा पुन्निमाखए तेरसीखओ तम्हा पुन्निमावुड्ढीएवि तेरसीवुड्ढी जायइ इइ वयणं पुव्वसूरिहिं भणियं इति वचनात्, तथा च जइ पव्वतिहीखओ तह कायव्वो पुव्वतिहीए एवमागमवयणं कहियं तेलुक्कनाहेहिं ॥ १ ॥ चउमासीय वरिसे वुड्ढी भवे जा (सा) पुव्वतिहीए ठाविआणं पुव्वदिणे मिलिया दोऽवि तत्थ दिणे, ॥ १॥ तथा अट्ठमी चाउदशी पुन्निमा उदिट्ठा च पव्वतिही, एसु खओ न हविज्जइ, इइ वयणाओ इति वचनात्। आयरियावि एवमेव भण्णन्ति जम्हा पुन्निमाखए तेरसीखओ एवमेव वुड्ढीएडवि जायइइच्चाइ, यदि अष्टमीचतुर्दशीपूर्णमासी अमावास्यादिपर्वतिथिषु क्षयं (गतासु) सत्सु तत्पूर्वायासित्थेः क्षयो युक्तः तथा पूर्णमास्यमावास्यो क्षयेः चर्तुदश्या एव क्षयो युक्तियुक्तः परं त्रयोदश्याः क्षयस्तु न युक्तियुक्तः, तृतीयस्थानस्थितत्वान, सत्य, परं चर्तुदश्याः पर्वदिनत्वेन सूत्रकृतांगद्वितीयश्रुतस्कंधवृतौ अंगीकरणात् तस्याः क्षयो न भवत्यैव, एवमेवाष्टमीपूर्णिमामावास्यादितिथीनां क्षयोऽपि न भवति, अतः कारणात् गीतार्थास्त्रयोदश्या एव क्षयं कृर्वन्ति तदनुसारेणास्माभिरपि क्रियते, एवं भाद्रपद शुक्लपंचम्या अपि क्षयसद्भावे तृतीयायाः क्षयः क्रियते च, अत एव त्रयोदश्या क्षय एव युक्तियुक्त तद्दिन एव साधवः सर्वचैत्यानि सर्वसाधून् (वन्दन्ते) पाक्षिकतपः प्रतिक्रमणं क्रियन्ते (कुर्वन्ति)

न तु पूर्णमास्याः, पूर्णिमास्यास्तपस्तु तदा क्रियते यदि तद्दिने क्षयो न भवेत् तद्दिनकृत नियमो भवति स करोतु, परं प्रतिक्रमणं तु चर्तुदश्यामेव करोति, पूर्णिमास्यास्तु दैवसिक्र करातीति, यदि एवमपि तव न रोचते तर्हि हीनायां पूर्णमास्या चर्तुदश्या घटिका आकप्य पूर्णमास्या निक्षेपः कार्यः ततः जाता परिपूर्णा पूर्णिमा, हीना चतुर्दशी, तस्याः क्षयाभावात् त्रयोदश्या घटिकायाश्चतुर्दश्या निक्षेपः कार्यः ततः जाताः परिपूर्णा चतुर्दशी क्षीणा च त्रयोदशी जाता, अत एव तृतीयस्थानवतिक्षन्या अपर्वरूपायास्त्रयोदश्यायो युज्याते इति, यदि च पूर्णमास्या वृद्धो (द्धि) किंव कार्यं पूर्वोक्त, तद्धत् कार्यं. द्वे चैव त्रयोदश्यौ कार्ये कथमेव सत्य, परं चिरंतनसूरिभि एवंए क्रियते कार्यते च, कथं पूर्णिमास्यामावास्यौ कदापि जैनागमाभिप्रायेण न वर्धित्ते, परंतु लौकिकशास्त्राभिप्रायेण तु वर्धिता दृश्यते, परं अमतत्वेन तद्विषयो नांगीकृतः कथं ? आगमेन सह विरोधात्, विरोधश्चायं वृद्धौ उत्तरातिथि-कार्येति वचनात् एकैव उदयवती पूर्णिमा गृह्यते, सा तु द्वितीयैव, न तु आद्या, आद्या तु सामान्या अपर्वरूपा च, अत एव तस्या वृद्धैस्त्रयोदश्यामेवन्यास क्रियते, स्थापयेत इत्यर्थं एवमपि तव न रोचते तद्धेव कुरु वद्धिताया आद्यपूर्णमास्या घटिका चतुर्दश्या स्थाप्या, स्थापित्वेन च वद्धिता चतुर्दशी, साप्यागमाभिप्रायेण द्वे न भवेतां, अत एव तस्या आद्याया श्चतुर्दश्या घटिकाया त्रयोदश्या संयोजना कार्या एवं रीत्याडपि आगमशैल्याडपि अपर्वरूपा त्रयोदश्येव बर्धिता भवति, यद्येवमपि तव न रोचते तर्हि प्रथमा पूर्णिमा परित्यज्य द्वितीया पूर्णिमां भज इति. एवममुना प्रकारेणैव भाद्रपदशुक्लपंचभ्या क्षये वृद्धो च तृतीयस्थानवर्तिन्याः तृतीयायाः क्षयंः वृद्धिं च कुरु, मा कदाग्रहग्रथिले भव, आद्या पंचमी चतुर्थी स्थाने संस्थाप्य, द्वे चतुथ्यौ कृत्वो आद्या चतुर्थी परित्यज्य द्वितीया बज इती । तुष्यन्तु सज्जना इति न्यायेनेत्यलं चर्चया, पूर्णमासी तु मासे पूर्ण भवति ततो २ मास आयाति, पाक्षिकादिक्रिया तु चतुर्दश्यामेव कथं क्रियिते सत्यं, पूर्णिमातंर्गता, पाक्षिकादि तपः प्रभृतिप्रातकमणादः सर्वक्रिया गीताथैश्चतुदक्षश्यावं नीता, ततस्तदिने एव पाक्षिकप्रतिक्रमणादि सर्व क्रियते, परं पूर्णिमा तिथित्वेन नापल्यता, किन्तु पूर्वोक्तक्रयिा त्पल्यता, सापि पर्वतिथित्वेन प्रतिपादतिाडस्ति, अत एव सावणबहुलपकव इति सिद्धातवचनानुसारेण श्रावणकृष्णप्रतिपद आरभ्य पवचाशादिने पर्युषाण कार्या, दिनगणना तव - श्रावणकृष्णप्रतिपदेकं, पज्जमीपर्यतं दिनपंचक १ । २ । ३ । ४ । ५ एवं षष्ठया दशमी ६। ७ । ८ । ९ । १० । एवमेकादश्या अम्मास्यापर्यत । ११ । १२ । १३ । १४ । १५ । एवमेव दशमि पवचकै पर्युषणा कार्या आह च श्री कल्पसूत्रमाचार्यांव वासाण सवीसइराए मासे बइकवते पज्जोसवइ तथा वासाणं सवीसइराए मासे बइक्कंते सत्तरीराइवदणिल सेसेहि सम्मायावगे तथा पक्खस्स अद्धव अट्ठमी मासस्मद्धव तु पकक्खिव लोई । सोलसदिणे न पक्खिअं नणु कायव्यं तु कइयावि ॥ १ ॥ पक्खिपडिकमणाओ सट्ठपिलरम्मि अट्ठमी लोइ । तत्थे पच्चकखणा करेतति जिण (चंद) वयणाओ ॥ २ ॥ जलिआओ अट्ठमी लग्गाओ लुंति पक्खसवधीसु । सट्ठपिलर्मम करेति पक्खियपडिकमणव ॥ ३ ॥ पन्नरसमि य दिवसे कायवयं पकख

तु निमणेण चउदसीसहियं कइयावि न लु तेरस सोहसे दिवसे ॥ 4 ॥ अट्ठमीतिडीइ सहयि कायल्या अट्ठमी उ पायेणं । अह्न सत्तमि नेयं नत्रमे छट्ठे न कइयावि ॥ ५ ॥ आसाढबलुहपक्खे भद्दए कत्तए य पोसे य फग्गुण बइसालेसु च नायव्या ओमरताओ ॥ ६ ॥ तथा पक्षिकक्षामगणे अपि चारमासामं अट्ठ पक्खाँ त्रणसो सायठ राइदियाणं तथा सावत्सरिकक्षामणे बारसण्लं मासाणं चउरीस पक्खाणं त्रणसो सप्तालोरात्रै मासस्यैक पाद पवचदशालोरात्रैधक्षमासौ भवति, एवं त्रिशदलोरात्रैर्मास पूर्णमासो भवतीत्यादि । एवं ऋतुअयनसंत्सरे त्रिशताधिकषष्टयलोरात्रा भवमत ३६०, अत एव मासांते पूर्णिमा, दनंतरमाद्यमासस्य प्रथमदिवसो भवतीति । एवमेव भाद्रपदशुक्हपवचम्यतर्ग तसाववत्सरिकसंबंधिनी क्रिया सापि चतुर्थी नीता, परं पंचमी पर्वतिथित्रे रक्षिता, तत षष्ठीत आरम्य दशम्यत ६ ७ ९ १० । इत्येकं पंचकं ११ । १२ । १३ । १४ । १५ । इति द्वितीय १ । २ । ३ । ४ । ५ । तृतीयव ६ । ७ । ८ । ९ । १० । चतुर्थ, अनया रीत्या कार्तिकपूर्णमास्या चतुदक्षश पंचकमायति इति बोध्यं, अत परं वशिषजिज्ञासुभिर्वृद्धदेवेन्द्रसूरिकृता सामाचारी विहलोहकनीया, तत्रापि पाक्षिकप्रतिक्रमकरणं चर्तुदश्यमेव कथितं, पूर्णमास्यान्तु दैवसिकमिति सद्धि, विशेषचचक्षयाडलं । इति तिथिवादे सप्रमाणे चतुर्दशयामेव पाक्षिकप्रतिक्रमण कर्तव्यमिति महोपाध्याय श्री विनयविजयणिशिष्यपंडितरूपविजयजीगणिना हिखितमासीत्, तदुपरिष्टात् मया रामविजयेन, विक्रम संव १७९२ ज्येष्ठशुक्हसप्तभ्यां बुधवासरे श्रीथथरादनगरे अमरचन्द्रत्मजेन नरभेरामेण विखित, शुंभं भवतु श्रीश्रमणसवघस्स.

(एष तिथिविचार आचीर्णचर्तुदशीवादिविहितो वाचनोपयुक्त शुद्धि विधाय मुद्रति एवमग्रेतना अपि पाठा प्रतिभागाश्च, कुत्रिभिागाश्र, कुत्रिमत्भ्रान्त्यपाकृत्ये यथावच्छुद्धिमकत्वा यथादर्श मुद्रित एष ग्रन्थाशसवचय भविष्यत्येताबतैत विदुषा युक्ता, तथैव च भादपदस्य शुक्हपवचम्या क्षये वृद्धो च शुक्हतृतीयाया क्षयो वृद्धिश्च युक्ता परवपरागता च सा रीति, नार्वाचीनेति)

તપગચ્છની પર્યુષણાસામાચારીની પ્રતમાં લખેલ તિથિહાનિવૃદ્ધિનો વિચાર !-

तथा च श्राद्धविधौ-ततः श्राद्धेन पर्वदिनाः सर्वे विशिष्य पालनीयाः, पर्वाणि चैवमूचुः अट्ठमी चउद्दसी पुन्निमा य तहय अमा (वासा) हवइ पवावोमासम्मि य पव्वछक्कं तिन्नि अ पव्वाइं पक्खम्मि ॥१॥ तथा बीया पंचमी अट्ठमी एक्कारसी चाउदसी पण तिहीओ एआ सुअतिहीओ गोयमगणहारिणा भणिआ ॥ २॥ बीयादुविहे धम्मे पंचमी नाणेसु अट्ठमी कम्मे । एगारसी अंगाणं चउदसी चउदपुव्वाणं ॥ ३॥

एवं पंचपर्व्वी पूर्णिमामावासाभ्यां सह षट्पर्व्वी च प्रतिपक्षमुत्कृष्टा स्यात्, तथा च गाथाः पूर्वसूरिभिः प्रणीता "आसाढकत्तियफग्गुणमासे खओ पुन्निमा (इ जइ) होइ । ता संखओ तेरसीए भणिओ उ जिणवरिंदेहिं ॥ १॥ बीया पंचमी अट्ठमी एक्कारसी चउद्दसी य तासिं । खओ पुव्वतिहीओ (णं) अमावासाएऽवि तेरसीए ॥ २॥ पक्खस्स अद्धं अट्ठमी मासं अद्धाओ पक्खिअं होइ । (तेरसमे सोलसमे दिवसे न हुंति पक्खियं कयावि) ॥ ३॥ आसाढबहुलपक्खे भद्दवये कत्तिए य पोसे य । फग्गुण वइसाहेसु य नायव्वा ओमरत्ताओ ॥ ४॥ चउमासी वरिसे वुड्ढी भवे जा (सा) पव्वतिहीए ठावियाणं पुव्वदिणे मिलिया दोऽविय तत्थ दिणे॥ पुव्वाए तिहीयाए ठाविऊण जहाकम्मेणं पच्छा आराहणीया सूरुदयवेलासंपत्ते॥ पन्नरसंमि य दिवसे कायव्वं पक्खियं तु पाएणं । चउदसी सहियं कयाइवि न हु तेरस सोलसे दिवसे ॥ ८॥ अट्ठमीतिहीइ सहिआ कायव्वा अट्ठणी उ पायेणं । अहवा सत्तमिनेयं नवमे छट्ठे न कायव्वा ॥ ९॥ पक्खियपडिक्कमणाओ सट्ठियपहरम्मि अट्ठमी होइ । तत्थेव पच्चरवाणं करेंति पव्वेसु जिणवयणा ॥१०॥ जइया उ अट्ठमी लग्गा तिहिआओ हुंति पव्वसंधीसु । संधिपुरम्मि य नेया करंति पक्खियपडिक्कमणं ॥ ११॥ अत्थि (य) तम्मि य गन्धो तव्वसेण सा उण जायइ, एवं पुव्वसूरिहिं भणिअं एत्थ न संदेहो ॥ १२॥ पक्खंते तह मासंते जा भवे पुन्निमा वुड्ढी । तो तेरसीए भणिओ करिज्ज जिण (चंद) आणाए ॥ १३॥

इत्यादिगाथाकदम्बकैरपि पूर्णिमामावास्योः क्षये क्षयस्त्रयोदश्या भवतीति तव चेतसि चेद् विचारो नायांतस्तथापि श्रृणु, क्षये पूर्वा तिथिः कार्या इति पर्वतिथेः क्षये पूर्वा याऽपर्वतिथिस्तस्या एव क्षयः कार्यः, यदि पूर्णिमामावास्ययोः क्षयो भवति तदाऽनया रीत्या त्रयोदश्याः क्षयः कार्यः सा चैवं-पूर्णमास्यादिक्षये चतुर्दश्या घटिका अपसार्या, तदा च चतुर्दशी हीना जाता, सापि पर्वतिथित्वेन तस्याश्चतुर्दश्या क्षयो न भवत्येव, अतस्तस्यां त्रयोदश्या घटिका संयोज्या, जाता त्रयोदशीरिक्ता, सा त्वपर्व्वतिथिः, तस्या एव क्षयः कार्य इति, इत्येवं वृद्धावप्यवसेयं, तथाहि. यदा वर्द्धितपूर्णमास्या घटिका चतुर्दश्यां निक्षिप्ता तदा चतुर्दशी वर्द्धिता, सा द्वित्वं नेच्छति, साऽप्येकैव क्रियते, अत एव वर्द्धितचतुर्दश्या घटिका त्रयोदश्यां प्रक्षिप्ता, जाता त्रयोदश्या वृद्धिः, साऽपर्वत्वेन द्वे त्रयोदश्यौ क्रियेते गीतार्थैः, यदुक्तं सिद्धांतसागरे जम्हा पुन्निमाखए तेरसीखओ तम्हा पुन्निमावुड्ढीएवि जायइ इइ वयणं पूव्वसूरीहिं भणियं॥ इति सामाचार्यां, तथा च ॥ अट्ठमी चाउद्दसी पुण्णिमा उद्दिट्ठ इइ पव्वतिही, तासु खओ न हवइ, इइ वयणाओ इति वचनात् आयरियावि एवमेव भणंति तंजहा. 'आसढकत्तियफग्गुणमासेखओ पुन्निमा होई। तासं खओ तेरसी (ए इइ) भणिओ जिणवरिंदेहिं ॥ १॥ एवं सर्वपूर्णिमामावास्यास्वपि त्रयोदश्या एव क्षयः कार्यइति । द्वितीयापंचम्यष्टम्येकादशीषु पर्वतिथिषु चतुर्दश्याः क्षयस्तत्पूर्वदिने कार्य इति, एवं भाद्रपदशुक्लपंचम्याः क्षये तृतीयायाः क्षयः वृद्धौ चापि तृतीयाया एव वृद्धिःकार्या,

पूर्णिमावृद्धिवदिति । तथाहि-यतः पुर्णिमाभिवृद्धौ त्रयोदशीवृद्धिर्जायते तथा (तो) भाद्रशुक्लपंचमीवृद्धौ तृतीयावृद्धिर्जायते, नतु अन्यतिथिवृद्धिः, (ननु पंचमी चतुर्थ्यां संक्रमिता तदा भवद्भिः द्वे चतुर्थ्यै कथंन कियेते ?, तृतीयस्थानवर्तिनी तृतीया कथं वर्द्धिता इति त्वं पृच्छसि श्रृणु तत्रोतरं, जैनटिप्पनके तावत्पर्वतिथीनां वृद्धिरेव न भवति, ततः परमार्थतस्तृतीया एव वर्द्धिता न च चतुर्थी भवति,) लौकिकलोकोत्तरशास्त्रप्रतिषेधितत्वात्, तस्मात् (सिद्धं पंचमीवृद्धौ तृतीयावृद्धिरिति, चेत् पंचमीवृद्धौ तृतीयावृद्धिश्च तव न रोचते तदा चतुर्थीवृद्धिं कृत्वा प्रथमां परित्यज्य द्वितीयां चतुर्थी भज) इति पर्युषणापर्वण्यां तिथिविचारनामा सामाचारी समाप्ता इति ॥ श्री महोध्यायदेवविजयगणिशिष्य पं॰ जम्बूविजयेन सूत्रानुसारेण गुरूपदेशेन च लिखिता सुरतबंदरे इति । इति श्री महोपाध्यायदेवविजयविरचितसामाचार्यं पर्वतिथौ पर्युषणासामाचारी समाप्ता ॥



નાં. ૩

મહોપાધ્યાય શ્રી દેવવાચકજીનો ૧૫૬૩ની સાલનો પર્વતિથિનિર્ણય.

तथा चाह देववाचकोपाध्यायः, गाहा-आसाढ कत्तियफग्गुण मासं खओ पुण्णिमा होइ । तासं खओ तेरसि भणियो जिणवरिंदेहिं ॥ १ ॥ जइ पव्वतिहीखओ तह कायव्वो पुव्वतिहीए । एवमागमवयणं कहियं तेलुक्कनाणीहिं ॥ २ ॥ चाउम्मासियवरिसे वुड्ढी भवे जा पव्वतिहीए ठवियाण पुव्वदिणे मिलिया दोविय तत्थेव तद्दिणे । इति पाठांतरे ॥ ३ ॥ पुव्वाए तिहीयाए ठाविऊण जहा कमेणं । पच्छा आराहणिया सूरुदयवेला संपत्ते ॥ ४ ॥ तथा च पंडितमेरुविजयगणिभिः प्रोक्तं सामाचार्यां, तथाहि-अन्नदा पज्जोसवणाय'' आगए अज्जकालयेण सातावाहणो भणियो-भद्दवयजुण्हस्स पंचमीए पज्जोसवणा'' चूणौ, अत्र च पंचमीक्षये तृतीयाक्षयः वृद्धौ सैवाद्यपंचम्यपर्वरूपेण गणिता तृतीयायां प्रस्थापिता, तदनंतरं चतुर्थी, पश्चात् पंचमी चाराध्या इत्यर्थः, एवं सर्वपर्वतिथौ पौर्णमास्यावदवसातव्यमिति, तथा च अट्ठमी चाउद्दसी पुण्णिमा उद्दिट्ठा य, पव्वतहीसु खओ न हविज्जइ, इइ वयणाओ इति वचनात्, आयरियावि एवमेव भणन्ति, अतः एवोक्तम् सामाचार्यां बीया पंचमी अट्ठमी एगारसी च चउद्दसी तासं खओ पुव्वतिहिओ अमावासाएवि तेरसी, तंथा च ''जम्हा पुण्णिमाखए तेरसीखओ तम्हा पुण्णिमावुड्ढी एत्व तेरसीवुडढी जायइ इइ वयणं पुव्वसूरिहिं भणियं'' इति सामाचार्यां, अण्णथा चाउद्दसीपुण्णिमाणं छट्ठतवो कहं करिज्जही ?, जइ पुण्णिमावुड्ढी तो आइल्ला अपव्वरूवा अतो तेरसीए तुमं आणिज्जा, तत्थ दिणे तेरसी करिज्जा, तयनंतरं चउद्दसी,

पक्खियतवं चेइयवासहुवेदणं च पक्खियपडिक्कमणाइ सव्वं कुणतुं गीयत्था, एवमेव अम्हंपि करेमु इच्चाइ, एवमेव पज्जोसवणाएवि, तयनंतरं अवराविआयाया साचारहणीया, स तिही पव्वतिही तया कहिया जिणेहिं, अत एव प्रथमां परित्यज्य द्वितीयां पूर्णिमां भज इति पूज्यैः तात्पर्यार्थे उक्तः इति पूर्वाचार्यप्रणीतसामाचारीतः श्री देववाचकेनोच्यते, क्षये पर्व्वतिथिनिर्णयः पूर्वलिखित आसीत् तदुपरिष्टात् तच्छिष्येण यशोविज्येन श्री स्तंभपुत्र श्री चिंतामणिपार्श्वनाथाप्रसादत् विक्रमाब्दपंचशते त्रिषष्ट्यधिके (१५६३) पौर्णमास्यां भूमि जवारे लिखित इति पर्वतिथिनिर्णयः। इयं प्रत्यत्यन्तजीर्णत्वात् तदुपरिष्टात् महोपाध्याय श्री कीर्त्तिविजयगणिशिष्योपाध्याय श्री विनय (विजय) गणिशिष्यप्रवरपंडितशिरोमणि पंन्यासरूपविजयगणिशिष्यपंडित मोहनविजयगणिनाऽलेखि श्री सुरतबंदरे ॥.....



નાં. ૪

પર્વતિથિ નિર્ણય સં. ૧૭૭૩ની પ્રતમાં સમાપ્તિ પદ લખેલ તિથિ હાનિ વૃદ્ધિ વિચાર -

पर्वतिथिनिर्णयः तपागच्छीयमुनिश्री रूपविजय प्रत १७७३ वइशाख वदि ४ लिखि छे इति सामाचारी समाप्ता॥ पूर्णिमाना क्षये तेरसनो क्षय, सुदिपंचमना क्षये चोथनो संवत्सरीनी पांचमे त्रीजनो अने सामान्यपंचमीए चोथनो क्षय करवो. चउदशना क्षये तेरशनो, एकादशीना क्षये दशमनो, बीजना क्षये पडवो क्षय करिवो, पूर्णिमानी वृद्धि बे तेरस, चउदशनी वृद्धिए बे तेरस, आठमनी वृद्धिए बे सातम पांचमनी वृद्धिए बे चोथ एकादशीनी वृद्धिए बे दशम, बीजनी वृद्धिए बे पडवा करवा, ए प्रमाणे पूर्वाचार्यनी परम सत्य छे, आदरवा योग छे, पर्वतिथि आघी पाछी कराय नहि. बीजी तिथिने आदरवी, बीजी चउदशे पाखिनो तप अने पाखि पडिक्कमणुं करवुं, चौमासी तप चउदश पूनमनो करवो, चउमासी पडिक्कमणु पण ते दिहाडेज करवुं, संवच्छरीनो तप संवच्छरीए बीजी चोथे करवो. संवच्छरी पडिक्कमणुं पण ते दिहाडेज करवुं, इति तपागच्छनी समाचारी छइ ।



નાં. ૫

વૃદ્ધદેવેન્દ્રસરિકૃતયતિદિનકૃત્યસામાચારીમાં ધર્માધિકારમાં લખેલ તિથિ હાનિવૃદ્ધિ વિચાર -

अमुकं तपः षष्ठाष्टमादिलक्षणं अमुकवर्षे अमुकमासे अमुकदिवसे एव मया कर्त्तव्यं

सांवत्सरिकचातुर्मासिकस्तपः पूर्णमास्यर्धमासीअष्टमीनाणपंचमीएकादसीद्वितीयाकल्याणकतपः प्रभृतिषु यत् तस्मिन् वर्षे मासे तिथौ चैव करोति, नान्यथा, जैनागाभिप्रायेण तु एकाऽपि पर्वतिथिः क्षीयते वर्धते न च । लौकिकटिप्पनाभिप्रायेण तु त्रुटिता क्षीणा पतिता, वर्द्धिताऽधिकाऽपि भवति तदा किं कार्यमिति शिष्यो गुरुं प्रति पप्रच्छ, गुरुस्तं प्रत्याह-पर्युषणायां भाद्रशुक्लपंचम्याः क्षयो वृद्धिश्च टिप्पनानुसारेण यदि भवेत् तदा यथा पूर्णिमास्याः क्षये त्रयोदश्या एव गीतार्थैः क्षयः क्रियते । यदाहुः-आसाढकत्तियफग्गुणमासे खओ पुन्निमा होइ ता संखओ तेरसि भणिओ जिणवरिंदेहिं ॥१॥ एवमेव न्यायने भाद्रपदशुक्लपंचम्याः क्षये तृतीयायाः क्षयः क्रियते, पुनरपि स एव शिष्यो गुरुं पृच्छति-को हेतुत्र यत्पूर्णमास्याः क्षये त्रयोदश्याः क्षयो गीतार्थैः क्रियते ?, गुरुस्तं प्रत्याह-अत्र विद्यौ त्वं सावधानीभूय शृणु-चतुर्दश्याः पर्वतिथित्वेन क्षयः न क्रियते, अत एव अपर्वरूपायास्त्रयोदश्याः क्षयो युक्तियुक्त इति । पुनरपि पृच्छति-पूर्णिमातस्तृतीयस्थानवर्त्तिनी त्रयोदशी कथं क्षीयते ? तत्रापि शृणु कारणं-पूर्णिमायाः क्षय एव न भवति, तदंतर्गताया घटिकायाः सर्वथाऽभावो लौकिकटिप्पनके दृश्यते, तत्सत्यं, पुर्णिमांयां चतुर्दश्या घटिका कालमपेक्ष्य स्थापितेत्यर्थः, ततो जाता चतुर्दशी रिक्ता, तस्याः क्षयः केनाऽपि पूर्वधरेण न कृत इति श्रूयते पर्वतिथित्वेनेति, उक्तं च सिद्धांतसागरे-अट्ठमीचाउद्दसीपुन्निमा उद्दिट्ठा य पव्वतिहीएसु खओ न हविज्जइ, एत्थ यकरण्डे (यगारठाणे) चकारो भाणियव्वो, अतो पज्जोसवणाइ पव्वतिहिएसु एवमेव भाणियव्वं इति, अतः कारणात् अपर्वरूपायाः त्रयोदश्याः घटिका अपसार्या, अपसार्य च चतुर्दशी पूर्यते, अतः कारणात् अपर्वरूपायाः त्रयोदश्याः घटिका अपसार्या, अपसार्य च चतुर्दशी पूर्यते, अत एव तस्याः पूर्णिमायाः क्षये त्रयोदश्याः क्षयो युक्तियुक्तः क्रियते, एतदुक्तं श्राद्धविद्धौ-श्राद्धेन पर्वदिवसाः सर्वे विशेषेण पालनीयाः पर्वाणि चैममूचुः-अट्ठमी चउदसी य पुन्निमा य तह अमावसा हवइ पव्वं । मासम्मि पव्वछक्कं तिन्नि अ पव्वाइं पक्खम्मि ॥१॥ तथा। बीया पंचमी अट्ठमी एक्कारसी चउद्दसी य पण तिहीओ । एआ सुअतिहीओ गोयमगणहारिणा भणिआ ॥२॥ बीया दुविहे धम्मे पंचमी नाणेसु अट्ठणी कम्मे । एगारसी अंगाणं चउद्दसी चउदपुव्वाणं ॥३॥ अत एव सदाऽपि अमावास्यपूर्णिमादिपर्वतिथयः पर्वतिथि त्वेना राध्या एव। तथा च श्री श्राद्धदिनकृत्ये॰॥ अथ च-चउद्दसट्ठमुद्दिट्ठ पुन्नमासिणीसु णं पडिपुन्नं इत्यस्य व्याख्या-चतुर्दश्यष्टम्यौ प्रतीते उदिष्टासु महाकल्याणकसंबन्दितया पुण्यतिथित्वेन प्रख्यातासु तथा पूर्णमासीषुं च तिसृषु, चतुर्मासिकेष्वपीत्यर्थः इति सूत्रकृतांगद्वितीयश्रुतस्कंधवृत्तौ लेपश्रावकाधिकारे, इत्येतत्पर्वाराधनं चरितानुवावदरूपं, पंचमश्रावकप्रतिमावाहककार्त्तिकश्रेष्ठिवत्, न तु विधिवादरूपं, लक्षणं चेदं-पुनरेकेन केनचित् यत् क्रियानुष्ठानमाचरितं तच्चरितानुवादः, सर्वैरपि यत् क्रियानुष्ठानं क्रियते स विधिवादः विधिवादस्तु सर्वैरप्येकेनैव रूपेणाङ्गीकृतः, स एव प्रमाणं, न तु चरितानुवाद इति। सतु कारणिको, न तु नित्यो,

विधिवादस्तु नित्यः कर्त्तव्य इति रहस्यं । तस्मात पूर्णिमाऽमावास्योः क्षये त्रयोदश्या एव क्षयः कार्य इति वृद्धसामाचार्या। यदुक्तम्-क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा । श्री वीरज्ञाननिर्वाणं, कार्यं लोकानुगैरिह ॥१॥ 'जम्हा पुन्निमाखए तेरसीखओ हवइ तम्हा पुन्निमावुड्ढीएवि तेरसी वुड्ढीजा इइ वयणं पुव्वसूरिहिं भणियं' इति वचनात् । तथा च जइ पव्वतिहिखओ तया कायव्वो पुव्वतिहीए, एवं आगमवयणं कहियं तेलुक्कनाहेहिं॥२॥ चउमासीमवरिसे वुड्ढी भवेज्जा पव्वतिहीए ठावियाणं पुव्वदिणे मिलिया दोऽविय तत्थ दिणे ॥३॥ तथा। अट्ठमी चउद्दसी पुन्निमा उद्दिट्ठा य पव्वतिही, एसु खओ न हविज्जइ इह वयणाओ इति वचनात्, आयरियावि एवमेव भन्नंति, तंजहा-आसाढे कत्तियफग्गुणमासे खओ पुन्निमाए होइ, ता संखओ तेरसीए भणिओ जिणवरिंदेहिं॥१॥ तथा द्वितीयां पंचम्यष्टम्येकादशीचतुर्दशीषु यदि क्षयो भवेत्तदा तत्पूर्वायस्तिथः कार्यः, यदुक्तं-बीयापञ्चमी अट्ठमी एकारसी च चउद्दसी तासं खओ पुव्वतिहीओ, अमावासाएवि तेरसि, अमावास्यापूर्णमास्योः क्षये क्षयस्तु त्रयोदश्या एव। एवमेव भाद्रपदशुक्लपंचम्याः क्षये तृतीयायाः क्षयो बोध्यः। कस्मादेवं यत् भाद्रपदशुक्लपंचमीक्षये तृतीयायाः क्षयः क्रियते इति पृच्छसि तदुत्तरमेवं, चतुर्थी पर्वतिथित्वेन तस्याः क्षयाभावात् चिरंतनाऽऽचार्यैराद्दतत्वात्, अत एवाधुनाप्येवमेवास्माभिः क्रियते। यदमास्यायाः क्षये प्रतिपदः क्षयः करोति तन्मतमपास्तं यदुक्तं अमावासाएवि तेरसी, न तु पडवस्स इति, सत्यमेव, पुनः शिष्यो गुरूं पृच्छति-अथ पूर्णिमावृद्धौ युष्माभिः द्वे त्रयोदश्यौ कथं क्रियेते ? तस्योत्तरं-द्वे चतुर्दश्यौ केनापि सूरिणा न कृते, नाऽपि कारिते, अत एव पूर्णिमावृद्धौ द्वे त्रयोदश्यौ अस्माभिः क्रियेते, कथं तृतीयस्थाने स्थिता त्रयोदशी वर्द्धिता पूर्वसूरिणेति, जैनटिप्पनेके तावत् पर्वतिथिनां वृद्धिरेव न भवति. ततः परमार्तस्त्रयोदश्येव वर्द्धिता तत्सत्यं, परं तत्कारणं कथ्यतां कारणं तु चतुर्दश्याः वृद्धिः कदापि न भवति तदेकं कारणं पूर्वोक्तं तहा पुन्निमावुड्ढीए तेरसीवुड्ढी जायइइच्छाइ, एवमपि तव न रोचते तदा वर्द्धितपूर्णिमास्याः घटिकायाः चतुर्दश्यां निक्षेपः कार्यः, साऽपि द्विगुणिता जाता, साप्यैकेव क्रियते,न तु द्वे, अतः आद्या चतुर्दशीघटिका त्रयौदश्यां निक्षिप्ता, स्थापितेत्यर्थः अत एव पूर्वसुरिभिस्त्रयोदशी वर्द्धिता सा च अपर्वरूपेण गणिता, द्वितीया तु पर्वरुपैव गणिता, तस्मिन्नेव दिवसे पाक्षिकप्रतिक्रमणादितपः कुर्व्वन्ति मुनिसत्तमाः तदनंतरं पूर्णिमा, यदि च कल्याणकवासरः पर्वतिथि एकत्राऽऽयाति तदा किं कुर्व्वन्ति ते ? तत् मे कथयतां, सत्यं, परमं चतुर्थदिनं यावदपि तपः पूर्त्तिः कार्यते, पश्चाद्यथाशक्तिः, शेषं तु क्षयतिथिवद्ज्ञातव्यमिति, एवं भाद्रपदशुक्लपंचम्यां वर्द्धितायामपि वर्धितपूर्णिमावदवसेयमिति, एवमेव सत्यं, गतशंकोऽहंजातस्तिथ्यधिकारे इत धर्माधिकारे इति तपःकरणनिश्चये परस्योपदेशः स्वस्य कणं च सुनिश्चितं कथितम्॥



શ્રી દેવસૂરગચ્છવાળા પૂનમનો ક્ષય થતો હતો ત્યારે તેરસનો ક્ષય કરતા જ હતા એ સં. ૧૮૭૧ના શ્રી દીપવિજયજીના પત્રથી જણાય છે.

આ રહ્યો તેનો કેટલોક ભાગ :-

સ્વસ્ત શ્રી ભરુઅચ સુરત કાંહાંનમપરગણે શ્રી વિજયાનંદસૂરિગચ્છિયા સમસ્ત સંપ્રદાય પ્રતિ શ્રી વડોદરેથી લી. પં. દીપવિજયની વંદના। બીજુ તિથિ બાબતઃ તુમારો ખેપીયો આવ્યો હતો તે સાથે પત્ર મોકલ્યું તે પોહોતું હસ્યૈ। બી। અમાંસ। પુંન્યમ ત્રુટતી હોઇ તે ઉપર દેવસૂરિજી વાલા તેરસ ઘટાડે છે, તમે પડવે ઘટાડોં છો, ए તમારે કજીઓ। પણ બેહુ એક ગુરુના શિષ્યવાલા છે॥ બેહું જણ હીરપ્રશ્ન સેનપ્રશ્ન ઉપર લડો છો। અને માંહે વિચાર કરીને બોલતા નથી તે પ્રત્યક્ષ ગચ્છમમત્વ જણાઇ છે માટે વિચારવું.....સાં. ૧૮૭૧ આસો સુદિ ૧ બિના સ્વાર્થે શ્યાને વિગ્રહ જોઇઇ, પાધરો ન્યાય છઇ તે કરજોજી.

નાં. ૭

૧૬મી સદીની અધિક માસ પર્યુષણા વિચાર સામાચારીની પ્રતમાં ટીપ્પણમાં આ પ્રમાણે લખાણ છે :-

૧ पंचमीतो खयवुड्ढीए एगदिणअग्गओ चेव कया

૨ भाद्रपदशुक्लचतुर्थ्याः क्षये वृद्धौ च न आद्याऽपरा आराध्या इत्यादि

૩ जहा पुन्निमाखए तेरसिखओ तहा पुन्निमवुड्ढीएवि तेरसीवुड्ढी जायइ इइ पवयणं पुव्वसूरिहिं भणियं इति सामाचार्यां, अंतर्भूता हि पंचदशी चर्तुदश्यामिति वचनात् पंचमी चतुर्थ्यामंतर्भूतेत्यर्थः इति सामाचार्यां पंडित मेरुविजयगणिना प्रोक्तमिति विशेषार्थिना सा सामाचारी विलोकनीया इति।

૪ एकदिणाग्गओ चउत्थी पज्जोसवणा इति

૫ पक्खंते तह मासंते जा भवे पुन्निमा वुड्ढीए तो तेरसीए भणिओ, करिजा जिण (चंद) आणाए

૬ भाद्रपदशुक्लपंचम्या एकादिवसार्वागेव चतुर्थ्यामेव

૭ आसाढकत्तियफग्गुणमासं खओ पुन्निमा होइ, तासं खओ तेरसी भणिओ जिणविरंदेहि॥१॥ जइ पव्वतिहिखओ तह कायव्वो पुन्नतिहिए एवमागमवयणं कहियं तेलुक्कनाहेहिं। चउमासी वरिसे वुड्ढी भवे जा पुव्वदिए ठावियाणं पुव्वदिणे मिलिआ दोऽविय तत्थ दणे देववाचकोकोपाध्यायगाहा॥

આ પ્રત પં. શ્રી લાભવિજયજી ગણીએ ત્રણ ઠેકાણેથી લખી છે, એક અમદાવાદ લાલાભાઈની પોળમાં લલ્લુભાઈ ધનજીભાઈ શાહની પ્રત ઉપરથી, બીજી શ્રીમાન્ પં. ક્ષાંતિવિજયજીગણીની અને ત્રીજી વાવમાં વ્હોરા ખુબચંદ મૂલચંદની પ્રત ઉપરથી. પરંતુ લખાણ એક જ હોવાથી અમે આ એકનો જ ઉતારો આપ્યો છે.



अथ पर्वतिथिनिर्णयः ॥ पूर्वसूरिप्रणीतसामाचारीतः श्री देववाचकेनकृतगाथाओ॥ आसाढकत्तियफग्गुणमासे खओ पुण्णिमा होइ तासंखओ तेरसी भणिओ जिणवरेंदेहिं ॥१॥ बीया पंचमी अट्ठमी एक्कारसी च चउद्दसी य तासंखओ पुव्वतिथिओ अमावासाएवि तेरसी ॥२॥ पक्खस्स अद्धं अट्ठमी मासं अद्धाओ पक्खियं होइ। तेरस सोलसदिवसे न पख्खियं हुंति कइयावि ॥३॥ आसाढबहुलपक्खे भद्दवस्स कत्तिएएय पोसे य। फग्गुणवइसाहेसु अ नायव्वा ओमरत्ताओ ॥४॥ असढेण गीयत्थेण जं भासियं तं तहा कायव्वं। चउमासयिवरिसे तह कल्लाणगाइतिहीसु ॥५॥ जइ पव्वतिहि खओ तह तह। कायव्वो पुव्वतिहिए एवमागमवयणं कहियं तेलुक्कनाएहिं ॥६॥ चउमासियवरिसेवुड्ढी भवे जा पव्वतिहिए ठावियाण पुव्वदिणे मिल्लिया दोवि य तत्थ दिणे। तत्थेव पाठांतरे ॥७॥ पुव्वाए तिहिआए ठविऊण जहक्कमेणं पच्छा आराहणीया सूरुदयवेल संपत्ते ॥८॥ आसाढकत्तिय फग्गुण मासाण जाण पुण्णिमा होइ ता संखओ तेरसीए भणिओ जिणवरिंदेहिं। इयं गाहा प्रत्यंतरे पण्णरसम्मि दिवसे कायव्वे पक्खियं तु पाएणं। चउद्दसीसहियं कायावि न हुंति तेरस सोलसमे दिवसे ॥१०॥ अट्ठमी तिहीए सहियं कायव्वा अट्ठमी उपाएणं। अहवा सत्तमीमेवं नवमे छट्ठे न काय्ववं ॥११॥ पकस्स अद्धा अट्ठमी मासस्स अद्धाओ पक्खियं होइ। सोलसदिणे न पक्खियं न कयं हुंति कयावि ॥१२॥ पक्खियपडिक्कमणाओ सद्वियपहरम्मि अट्ठमी होइ। तत्थेव पञ्चकखाणं करेंति पव्वेसु जिणवयणं ॥१३॥ जहिआओ अट्ठमी लग्गा तिहीआओ पखंसधिसु संधिपुरम्मि य नेया करंति हि पक्खिपडिक्कमणं ॥१४॥ अत्थि तम्मि य गंथो तव्वसेण सा ऊण जायइ एं पुव्वसूरिहिं भणियं एत्थ न संदेहो ॥१५॥ उक्किट्ठा मज्झिमा जहण्णा पव्वतिही तिविहा भणिया वरिस चउमासिय अण्णमासपडिबद्धा भानायव्वा ॥१६॥ तथा चागमे। अट्ठमीचउद्दसीउद्दिपुण्णिमाइसु पव्वतिहीसु खओ न हवेइ इह वयणाओ इति वचनात्॥ जम्हा पुण्णिमाखए तेरसिखओद्वा होइ तम्हा पुण्णिमावुड्ढीएवि तेरसिवुड्ढीजा इइ वयणं पुव्वसूरिहिं भणियं इति वृद्धसामाचार्यां। तथा चोक्तं॥ पक्खंते तह भासंते जा भवे पुण्णिमावुड्ढिए तो तेरसीए भणिया करिज्ज जिणआणाए।.१७॥ एवं गुरुवएसेण भणिया भव्वस्स बोहाए सुत्ताणुसारेण कहिया लिहिया जसविजयेण ॥१८॥ इति तपागच्छीय श्री देववाचकोद्धृतपूर्वसूरिप्रणीतसामाचारीगाथासमूहः कथितश्च भव्यात्मंबोधाय देववाचकेन।

लिखितश्च स्वशिष्ययशोविजयेनायं पर्वतिथिनिर्णयः असौ च १५७७ सप्तसप्तत्यधिकपंचदशशतमितेऽब्दे वैशाखकृष्णनवभ्यां भूमिजवारे, मुनिश्रीरूपविजयेनपुनरलेखि, श्री आणंदविमलसूरिराज्ये पूर्णिमापाक्षिकप्रतिक्रमणमतोच्छेदनाय प्रथमं पर्वतिथिनिर्णयं कृत्वा आद्या पर्वतिथ्युदयवत्यपि सामान्यतिथित्वेन, सूरिपादा अप्येवमेवाकुर्वन्-यत् पूर्णिमायाः क्षये वृद्धौ च त्रयोदश्याः, एवमेव वयं कुर्मह इति, अन्यथा षष्ठतपः कथं स्यात्, चतुर्दश्यां तु पाक्षिकालोचनातपउपवासरूपं द्वितीयस्तु पौर्णमास्याः पर्वत्वेन द्वितीयं उपवासं करोति, अत एव चतुर्दश्यनंतरं पौर्णमासीति षष्ठतपोनिर्णीतिः इति तिथिनिर्णयः इति पर्वतिथिनिर्णयः लि मुनिरामविजयजी शुभं भवतु। गतवर्षेऽपि श्रावणशुक्लपूर्णिमावृद्धौ आचार्यश्री आणंदविमलसूरिणाप्येवमेवाकारीति सुष्ठुं कथितमस्मादादियदियतिसमूहानामिति।

નાં. ૯

-: ખરતર તપગચ્છ સંવાદ :-

તપા પાખી चउदसइ कहइ. खरतरपुनमइं पाखी कहइं सु खरतर जिनप्रभरिकृतदूसमदंडिकामध्ये चउदस पाखी कही छे (जी वारि बिइ चउदस आवे तिवारे तपा पाखी पडिक्कमणो करे, पहिलि चउदसे तपा बीजी तेरस कहे छे. ते मध्ये पूनिम होय तिवारे दुजी चउदशे पाखी पडिक्कमणो करइ छी.॥१४॥

खरतर सरव तिथि लेवइ घटे उपली तिथि लेवइ। तउ चउदसि पूनिममांहे कोई लेवइ ते किम कोइ जेहमणी पंचमी घटती चउथीमांहे कांई लेवइ, तउ चउदसी घटती पूनिममांहे लेवइ ते न जुडइ, तिणने चउदसी तेरसमांहे लीधी जुडत। घरना आचरण जे छे ते आगे पीछे जुडइ नहिं॥५५॥

खरतर अठमी घटती पोसह सातममांहे लेवइ तेणनां गाढा वांक पडइ, कांइ जिणेरा सातिम पोसह निषेधइ छइ-तथा आठम घटती जो नोमेइ कल्याणक हुवइ तउ पणि खरतर पोसह सातममांहे लेवइ छई ते कांइ लेवइ ? जेह भणी तेहने कल्याणक आराधे छे तेह भणी नवमइं पोसह लीधां रुडा दीसे, तेहिज इम लेवइ छे, चउदस घटती पुनममांहे पोषध करइ, परव जाणी लेवइ, खरतरा लौग कतइ तेरस

आराधि नहिं. चउदसि घटि तिवारेइ पूनिम परव छे. किणही आचार्ये कठे पण कियो नहि. दो आठमी के दो चउदसी-पजूसणमां दो पांचम करणी(ज्यारे पूनमनो क्षय होय त्यारे चउदसनो क्षय कराय खरो, पण चउदस पर्वतिथि होवाथी तेनो क्षय न थाय, तेथी ज तेरसनो क्षय अमे करीए छीए, अने ज्यारे पूनमनी वृद्धि होय त्यारे बे पूनम करवी, तेमां जे पहेली पूनमनी जे घडिओ विगेरेनो वधारो छे ते चउदशमां नांखवाथी चउदसनी घडिओ वधी जवाथी बे तेरसो करवी ते व्याजबी छे, पण पर्वतिथि तो न घटे के न बे थाय, एक तो तमाम गच्छवाला मानेज छे, एक न मानतो हो तो तमो जाणो) ओर दोइ सातम दो तेरसां और दो चउथीकरणेको ठेर ठेर कीयो है। तेण अम्हे पोसहि लेवां, आठम घटती तुमइ कल्याणक पोसहरा दिन छोडी जे सातममांहे पोसह करे छे। तिणनइ घणां वाकपडे छे आगइ पाछे जुडता नथी तिआं मूलाथि किठइ इंठा मनावइ तपा मास तथा तिथि वधइ तिवारइ पाछला लेवइ, खरतर पहिलि लेवइ, कठेइ पाछली पण लेवइ आपणा दाय आवे तिम करइ, तेणइं आगेपाछे न जुडइ, श्री तत्त्वारथ भाषमांहे कह्यो मास तथा तिथि वधइ ते पाछली लीजइ तिण मेली तिम्हीज लेवइ छइ॥५६॥

નં. ૧૦

આ જુની પ્રત પં. લાભવિજયજી પાસે છે પં. મેરૂવિજયજીની વખતે લખાયેલી તપ અને ખરતરના સંવાદની પ્રતમાં આ નીચેનો પાઠ છે.

खरतर एम कहे छे के चउदस घटे पून्निमा पर्वतिथि छे तेथी पून्निमा पोसह करियो तपा चउद्दस घटे तेरस संपूर्ण घटाडीने चउदस खडी राखणी, पोसह आदि सब क्रिया चउद्दसे करणी॥ ओर चउद्दसी वधे तब पहेली चउद्दसकी दुसरी तेरस करणी, उसिदिन तेरसकी क्रीया करणी ओर चउद्दसी खडी रखकर उसिदिन पोसह सब क्रिया करे॥ इसितरे पर्युषणाकी पंचमी वधे तब दो चोथ करके दूसरी चोथे संवत्सरीकी क्रिया करे, वांह पर सुर्योदयवेलाकी जरुरज नही, पहेली चउथी सुर्योदय ते तावती संपूर्ण होय तो पण उसिको सामान्य तिथिरूप गिणनी. क्युंके पंचमी आगे वोही चोथ हे इसि कारणसे शास्त्रमें भी क्रिया है पंचमीकी अगाउ एक दिन होवे तब संवत्सरीप्रतिक्रमणादि करना.

આપેલ પાઠોને અંગે કંઈક ! ! !

ઉપર જણાવેલ પાઠો ઉપરથી બે પૂનમો હોય ત્યારે પહેલી પૂનમને ખોખા પૂનમ માનનારા ખોટા છે એમ નક્કી થશે, તેમજ ચૌદશ ઉદયવાળી છે માટે ચૌદશે જ ચૌદશ કરવી એવું બહાનું કાઢનારા શાસ્ત્ર તથા પરંપરાને ઉઠાવનારા છે એમ નક્કી થશે. ઉપરના પાઠોથી નક્કી થાય છે કે શનિ અને રવિવારે પૂનમ હોય તો ગુરૂ અને શુક્રવારે બે તેરસો, શનિવારે ચૌદશ, અને રવિવારે પૂનમ થાય, અને એ પ્રમાણે તપાગચ્છની સામાચારી પણ છે.

પરિશિષ્ટ નાં. ૧

શ્રાધ્ધવિધિ, પ્રકાશ ૩ પત્ર ૧૫૨.

तिथिश्च प्रातः प्रत्याख्यानवेलायां या स्यात् सा प्रमाणं। सूर्योदयानुसारेणैव लोकेऽपि दिवसादिव्यवहारात्। आहुरपि-चाउम्मासियवरिसे, पक्खिअपंचट्ठमीसु नायव्वा। ताओ तिहिओ जासिं, उदेइ सूरो न अण्णाओ ॥१॥ पूजा पञ्चाक्खाणं पडिक्कमणं तहय निअमगहणं च। जीए उदेइ सूरो तीइ तिहीए उ कायव्वं ॥२॥ उदयंमि जा तिही सा प्रमाणमिअरीइ कीरमाणीए। आणाभंगणवत्थामिच्छत्तविराहणं पावे ॥३॥ पाराशरस्मृत्यादावपि "आदित्योदयवेलायां, या स्तोकाऽपि तिथिर्भवेत्। सा संपूर्णेति मन्तव्या, प्रभूता नोदयं विना ॥१॥" उमास्वातिवचः प्रघोषश्चैवं श्रूयते-"क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा। श्री वीरज्ञानिर्वाणं कार्यं लोकानुगैरिह ॥१॥"

તિથિ તો સવારે પચ્ચક્ખિાણની વખતે જે હોય તે પ્રમાણે ગણવી. સૂર્યોદયને અનુસારે જ લોકોમાં પણ દિવસાદિનો વ્યવહાર છે. કહેલું છે કે ચૌમાસી સંવચ્છરી પક્ખી પંચમી અને આઠમને વિષે તે તિથિઓ જાણવી કે જેમાં સૂર્ય ઉદય થાય. પરન્તુ બીજી નહિં ॥૧॥ પૂજા પચ્ચક્ખાણ પ્રતિક્રમણ અને નિયમગ્રહણ જે તિથિમાં સૂર્યનો ઉદય થાય તે તિથિમાં કરવું ॥૨॥ ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણ કરવી. પરન્તુ જો બીજી તિથિ કરવામાં એટલે પૂજા, પ્રતિક્રમણ અને નિયમગ્રહણ વખતની તિથિ કરવામાં આવે તો આજ્ઞાભંગ અનવસ્થા મિથ્યાત્વ અને વિરાધના પામે ॥૩॥ પારાશરસ્મૃતિમાં પણ (કહ્યું છે કે) સૂર્યોદયની વખતે જે થોડી પણ તિથિ હોય તે સંપૂર્ણ છે એમ જાણવું. (કારણ કે) ઘણી હોય તો પણ ઉદય વિનાની તિથિ ન માનવી. શ્રી ઉમાસ્વાતિવાચકજીનો પ્રઘોષ, તો એવો સંભળાય છે કે (પચ્ચક્ખાણની વખતે ઉદયવાળી કે એકલા ઉદયવાળી પર્વતિથિ ન મળે તે વખતની વ્યવસ્થા એમ કરે છે કે) ક્ષયે૦ પર્વતિથિના ક્ષયની વખતે પૂર્વતિથિના સૂર્યોદયને લેવો અને તિથિ બેવડી હોય ત્યારે બીજી તિથિ જ ઉદયવાળી ગણવી. આ પાઠથી સ્પષ્ટ થશે કે સાતમના સૂર્યોદયથી જ આઠમ ગણવી અને બીજી આઠમના સૂર્યોદયને જ આઠમનો સૂર્યોદય ગણવો. વળી ઉદયનો સિદ્ધાન્ત પૂજા પડિક્કમણનાદિના વખતની તિથિનો બાધ કરવા માટે છે, વળી શ્રી ઉમાસ્વાતિમહારાજનું વચન उदयमि૰ ના અપવાદરૂપ છે, તેથી ક્ષયની વખત ઉદય ન મળે અને વૃદ્ધિમાં એક ઉદયને મનાય નહિં તો પણ આજ્ઞાભંગ આદિ દોષો ન લાગે, જો શ્રી

ઉમાસ્વાતિજી મહારાજના વચનને અપવાદ ન માનતાં જુદો વિધિ છે એમ માનવામાં આવે તો ઉદયરહિતને અંગે અગર ઉદયવાળીને ન કરવાને અંગે આપેલાં આજ્ઞાભંગ આદિ દૂષણો તો અવિચલ જ રહે, આ ઉપરથી એ પણ સ્પષ્ટ થાય છે કે ક્ષયવૃદ્ધિની વખતે ઉદયને આગળ કરનારા ફક્ત લોકોને ભરમાવનારા જ છે. એક પર્વના ક્ષયે કે વૃદ્ધિએ જેમ તેનો ઉદય અનુદય ન જોવાય તેમજ બીજા પર્વની ક્ષય વૃદ્ધિએ પણ પર્વવ્યવસ્થા માટે જ બીજ આદિ પર્વના ઉદય અગર અનુદય ન જોવાય. અને એ રીતિએ પૂનમ અમાવાસ્યાની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ અને ભાદરવા સુદ પાંચમની ક્ષય વૃદ્ધિએ ભાદરવા સુદ ત્રીજની જ ક્ષય વૃદ્ધિ કરવી યોગ્ય છે અને તે રીતે ગુરૂવારે સવંચ્છરી કરનારા જ આરાધક થાય એ ચોક્કસ છે.

પરિશિષ્ટ નાં. ૨

प्राङ्मुद्रिते तिथिवृद्धिहानिमतपत्रके-

(આચાર્યશ્રી વિજયનીતિસૂરિજીમહારાજ દ્વારા પણ આ પ્રત આવી છે. તે પ્રત નાગોરમાં સં. ૧૯૦૨માં શ્રી ઉમેદસાગરે લખી છે.)

૧ पूर्णिमाभिवृद्धौ त्रयोदश्या वृद्धिर्जायते, न तु प्रतिपदः (पृ. २ पं. ९)

૨ ननु पूर्णिमा चतुर्दश्यां संक्रमिता तदा भवद्भिः द्वे चतुर्दश्यौ कथं न क्रियेते ? तृतिय स्थानवर्तिनी त्रयोदशी कथं वर्धिता इति त्वं पृच्छसि, श्रृणु तत्र उत्तरं-जैनटिप्पन तावत् पवतिथिनां वृद्धिरेव न भवति, ततः परमार्थतः त्रयोदश्येव वर्द्धिता (पृ. २ पं. १२)

૩ तस्मात् सिद्धं चैतत् पूर्णिमावृद्धौ त्रयोदशीवर्द्धनं (पृ. २ पं. १३)

૪ त्यज कदाग्रहं, कुरु पूर्णिमाभिवृद्धौ द्वे त्रयोदश्यौ, अन्यथा गुरुलोपी ठको (लोपको) भविष्यसीति दिक् (पृ. २ पं. ९)

૫ कदाग्रहं त्यक्त्वा यथावदागमानुसारेण पूर्वाचार्यपरंपरया च प्रवर्तितव्यं। परं कदाग्रहेण कृत्वा कुमार्गप्रवर्तनं न कार्यं, उत्सूत्ररूपणेनानंतसंसारवृद्धेः, तस्मात् सिद्धं चैतत् पूर्णिमाभिवृद्धौ त्रयोदशीवर्धनं (पृ. ४ पं. ५) (१८९५ चैत्र सु. १४ दिने लखी आपी छे)

પરિશિષ્ટ નાં. ૩

मुद्रिततत्त्वतरंगिणी ॥

तत्रत्रयोदशीतिव्यपदेशस्याप्यसंभवात्। किन्तु प्रायश्चितादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात् पत्र ३ पं. १

તેમાં ચૌદશના ક્ષયે (તેરસે તેરસ) કહેવાનો સંભવ જ નથી અર્થાત્ તેરસના ક્ષયનો વ્યવહાર છે એમ સ્પષ્ટ કરે છે. તેમજ ચૌદશનો ક્ષય હોય ત્યારે પણ ધર્મના કાર્યમાં તેરસે ચૌદશ જ છે એમ કહેવાય

છે એમ સ્પષ્ટ કહે છે. તેથી તેરસ ચૌદશ ભેગી કહેનારા અને લખનારા જુઠા ઠરે છે.

गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्त इति पत्र ३

આમાં ટીપ્પણાની અપેક્ષાએ તેરસ હોય તો પણ ધર્મમાં તો ચૌદશ જ છે એમ કહેવું યોગ્ય છે એમ કહે છે.

अन्यथा क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लभेत, आबालगोपालं प्रतीतमेव अद्याष्टम्याः पौषधोऽस्माकमिति पत्र-४

જો એમ ન હોય તો ક્ષય પામેલી અષ્ટમીનું કાર્ય સપ્તમીને દિવસે કરતાં આઠમના કાર્ય તરીકે ન કહેવાય. બાલગોપાલમાં પ્રસિદ્ધ છે કે આજ અમારે આઠમનો પૌષધ છે. સમજવાનું છે કે તેથી સાતમ આઠમ વિગેરે ભેગા કરનારા ખોટા છે. પૌષધ ઉચરવાનો વખત સૂર્યોદય પહેલાં છે અને તે વખતથી જ આઠમ ગણી છે.

पौषधव्रतमेवाश्रित्य सामान्येन गृहीता दृश्यन्ते अस्तदपेक्षयैव युक्तयो दर्श्यन्ते पत्र. ४

બે પર્વતિથિને ભેગી કરનારથી બે પૌષધ તો નહિં થાય. માટે દિવસ લેવો જ પડશે. પૌષધ વ્રતને (નહિં કે ઉપવાસને) આશ્રીને સામાન્ય બધી પૂનમો લીધી છે. નહિં કે ત્રણ ચોમાસીની પૂનમો લીધી છે. માટે તે (પૌષધ) ની અપેક્ષાએ યુક્તિઓ દેખાડાય છે. પર્વતિથિ ભેગી કરવાથી બે પૌષધ તો સાથે ન જ થાય બે દિવસ લેવા પડશે.

किंचः पर्यूषणाचतुर्थ्याः क्षये पंचमीस्वीकारप्रसंगेन त्वं व्याकुलो भविष्यसि पत्र. ५

વળી પજુસણ-સંવચ્છરીના ચોથના ક્ષયે (ચોથને બીજે દિવસે) પંચમીએ પર્વ હોવાથી તે પંચમીને દિવસે સંવચ્છરી તારે (ખરતરે) કરવી પડશે અને તેથી વ્યાકુલ થઈશ. આ ઉપરથી પંચમીનું પર્વપણું ઉડી ગયું નથી એમ સ્પષ્ટ થાય છે અને તેથી પાંચમ કે ચોથનો ક્ષય થાય નહિં એમ નક્કી થયું.

चतुर्दशी पौर्णमासी चेत्युभे अप्याराधनत्वेन संमते स्तः, तद् यदि भवदुक्तरीतिराश्रीयते तर्हि पौर्णमास्येवाराधिता, चतुर्दश्याराधनं दत्तांजलीव भवेत्

આમાં ચૌદશ અને પૂનમનાં એકઠાં માનનારાઓનું સ્પષ્ટ ખંડન છે. અહિં જણાવે છે કે ચૌદશ અને પૂનમ બન્ને આરાધવા લાયક છે અને તમારી રીતિ લઈએ તો પૂનમની જ આરાધના થઈ પણ ચૌદશની આરાધનાને તો જલાંજલિ જ દેવાઈ.

किंच क्षीणपाक्षिकानुष्ठानविलोपापत्तिः, द्वितीये स्पष्टमेव मृषाभाषणं, पंषदश्या एव चतुर्दशीत्वेन व्यपिदश्यमानत्वात्

આમાં ખરતરોને જણાવે છે કે જો ચૌદશના ક્ષયે પૂનમે અનુષ્ઠાન કરીને જો તેને પૂનમનું અનુષ્ઠાન કહેશો તો પાક્ષિક અનુષ્ઠાનનો લોપ આવશે અને તેને પક્ખીનું અનુષ્ઠાન કહેશો તો પૂનમનો ક્ષય ન માનતાં પૂનમ માનો અને ચૌદશનું અનુષ્ઠાન કરો તો જુઠ લાગશે.

कारणविशेषमन्तरेण तत्र त्रयोदशीतिव्यपदेशशंकाऽपि न विधेया पत्र ७

આમાં સ્પષ્ટપણે જણાવે છે કે કોઈ મુહૂર્તાદિક કારણ મોટું ન હોય તો ચૌદશના ક્ષયે તેરસને તેરસ કહેવાની શંકા પણ ન કરવી. અર્થાત્ આરાધનામાં ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરસ ક્ષય જ કરવો.

तिथिक्षये पूर्वैव तिथिर्ग्राह्या, वृद्धौ चोत्तरैव ग्राह्या, उपादेयेत्यर्थः प. ३

બીજ આદિ તિથિના ક્ષયે તેની પહેલાની પડવા આદિતિથિ બીજપણે લેવી એમ કહે છે. પડવા આદિને દિવસે ભોગવટાથી તો બીજઆદિ હતી જ, તો પછી આ વાક્ય જ શા માટે ? અને ઉદયથી પડવા આદિને બીજ આદિ ઠરાવે તો પછી પડવાઆદિનો ક્ષય આપો આપ થયો તેમ વૃદ્ધિમાં બીજીને જ તિથિ માનવી એટલે પહેલાના દિવસને તિથિ ન માનવી, એટલે આપો આપ બે પડવા આદિ થયા, યાદ રાખવું કે પૂર્વતિથિમાં અને ઉત્તરતિથિમાં એવો અહિં અર્થ કરનારા જુઠા છે.

अष्टम्यादितिथिक्षये सप्तम्यदिरुपा प्राचीना तिथिः चदुर्दशीक्षये चोत्तरा पञ्चदशी ग्राह्या प. ३

અહિં ખરતરોને અંગે પણ અષ્ટમ્યાદિક્ષયમાં સપ્તમ્યાદિ લેવાનું અને ચૌદશના ક્ષયે પૂનમ લેવાનું કહે છે. પણ સપ્તમ્યાદિમાં કે પૂનમમાં એમ કહેતા નથી.

क्षीणमपि पाक्षिक चतुर्दशीलक्षणं पूर्णिमायां प्रमाणं न कार्यं, तत्र तद्भोगगन्धस्याप्यसंभवात्, किन्तु त्रयोदश्यामेवेत्यर्थः प. ३

અહિં શાસ્ત્રકાર જે પૂનમમાં પાક્ષિકની અપ્રમાણતા કહે છે તે ખરતરો પૂનમને દિવસે પૂનમ માને છે ને વળી ચોદશના ક્ષયે ચૌદશ કહે છે તે માટે છે વળી પૂનમમાં ચૌદશના ભોગની ગંધ નથી એમ જે કહે છે તે પણ તે વખતે પાક્ષિકની વ્યવસ્થા ભોગવાળી મળે છે માટે છે. તેરસે ચૌદશનો ભોગ છે એટલે ભોગવાળી ચૌદશ છે. આ એક સામાન્ય હકીકત છે. બાકી જેમ વૃક્ષની ટોચે વાંદરાનો સંયોગ હોવા છતાં વૃક્ષના મૂલમાં જો વાંદરાનો સંયોગ માને તો તે ખોટો ગણાય. તેવી રીતે તેરસની સવારે તો ચૌદશનો ભોગ નથી, માટે તેરસની સવારે તે ચૌદશના પૌષધ પચ્ચખ્ખાણ આદિ કાર્યો થાય છે, તે તો ભોગ વિનામાં જ છે, છતાં ક્ષયે પૂર્વાના નિયમથી તેરસનો ઉદય જ ચૌદશનો ઉદય ગણેલો છે. અર્થાત્ એકાંત ઉદયને પકડનારે તો તેરસની સવારે કે તેરસને આખે દિવસે ચૌદશનું કાર્ય ન થાય, અને બે ચૌદશે બન્ને દિવસે પૌષધ પચ્ચખ્ખાણ કરવાં જ જોઈએ અને તે હિસાબે ક્ષયે પૂર્વા અને વૃદ્ધૌ ઉતરાનો નિયમ વ્યર્થ જ જાય.

प्रायश्चित्तादिविधावित्युक्तत्वात्

ધર્મની આરાધનામાં ચૌદશના ક્ષયે તેરસને દિવસે તેરસ કહેવાનો સંભવ જ નથી. અને ટીપ્પણાની અપેક્ષાએ તેરસને દિવસે ચૌદશ જ છે એમ કહેવાય છે. એટલે મહાપાધ્યાયજીની વખતે પણ ચૌદશના ક્ષયે તેરસનો ક્ષય બોલાતો જ હતો.

गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्त इत्यभिप्रायेणोक्तत्वाद्वा, एतच्च त्वयाऽप्यंगीकृतमेव, अन्यथा क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणाष्टमीकृत्यव्यपदेशं न लभेत. ३-४

ચૌદશના ક્ષયે તેરસને દિવસે તેરસ ન કહેવાય, પણ આરાધનાની અપેક્ષાએ ચૌદશ જ છે એમ કહેવાય એમ જણાવ્યું છે તેથી. વિરોધ નથી અથવા તો ટીપ્પણા અને આરાધનાની અપેક્ષા લેવાથી ટીપ્પણાની તેરસ ગૌણ છે, પણ મુખ્ય જે ધર્મની આરાધના તેની અપેક્ષાએ ચૌદશ જ છે એમ કહેવું યોગ્ય છે. એ અભિપ્રાયથી હવે તેરસ કહેવાની ના કહી હતી, એ વાત તો હે ખરતર ! તેં પણ કબુલ કરેલી જ છે. નહિંતર સાતમને દિવસે ક્ષય પામેલી આઠમનું પૌષધ આદિક કાર્ય કરતાં અષ્ટમીનું આ પૌષધ આદિ કાર્ય છે એમ કહી શકાય જ નહિં (ખરતરો પર્વ સિવાય પૌષધ માનતા નથી તેથી જો તેઓ અંશે પણ સાતમ માને તો અંશે અપર્વનો પૌષધ માનવો પડે, અર્થાત્ ખરતરો પણ સાતમ આઠમ પણ ભેગાં માની શકે તેમ નથી.)

क्रियतां नाम तर्हि तद्भीत्यैव चतुर्दशिकृत्यं त्रयोदश्यामपीति प. ४

(લોકની નિંદાના ડરથી આઠમનો ક્ષય થયા છતાં સાતમને આઠમ ગણી આઠમનું કાર્ય કરીએ છીએ. એમ ખરતરો કહે તેના ઉત્તરમાં કહે છે કે) તો પછી લોકનિંદાના ભયથી જ ચૌદશનું કાર્ય પણ ચૌદશના ક્ષયે તેરસને ચૌદશ જ એમ માનીને તે ચૌદશે કરો. (આથી પણ સ્પષ્ટ છે કે ચૌદશના ક્ષયે તેરસ ચૌદશ ભેગાં માનવાનાં નથી, પણ તે તેરસને ચઉદશ જ માનવાની છે, નહિંતર "त्रयोदशी चतुर्दश्यो."એમ કહેત.

सप्तम्यामेवाष्टम्यनुष्ठानमिति. प. ४

(ટીપ્પણાની) સાતમાં જ આઠમનું અનુષ્ઠાન. (અહિં ટીપ્પણાની સાતમ કહી પણ અનુષ્ઠાનની અપેક્ષાએ તો સૂર્યોદય પહેલાંથી આઠમ ગણી છે)

क्षीणाष्टमीयुक्ता सप्तमी चतुष्पर्व्वर्यन्तर्वर्त्तिनी न वा ? प. ८

ટીપ્પણાની અપેક્ષાએ ક્ષય પામેલી અષ્ટમીવાળી સાતમ ચાર પર્વમાં છે કે નહિં ? એ પ્રશ્ન કર્યો છે.

किं न क्षीणचतुर्दशीयुक्ता त्रयोदश्यपि प. ५

ટીપ્પણાની અપેક્ષાએ ક્ષય પામેલી ચૌદશવાળી તેરસ પણ ચાર પર્વમાં કેમ નહિં ?

कथं पञ्चदशी पाक्षिककत्वेनाङ्गीकार्या, पाक्षिकापेक्षया यथा त्रयोदशी तथा पञ्चदश्यपि, प. ५

(ખરતરોને કહે છે કે) પૂનમને પાક્ષિકપણે કેમ માનો છો ? કેમકે પાક્ષિકની અપેક્ષાએ જેવી તેરસ (અપર્વ છે અહિં તેરસ ચૌદશ નથી કહેતા. ને પર્વાપર્વ નથી કહેતા) તેવી જ રીતે પૂનમ પણ (અપર્વ છે.)

पाक्षिककृत्यं पञ्चदश्यां न युक्तमेव, चतुर्दशीमंतरेण तत्कृत्यस्य निषिद्धत्वात् प. ५

પાક્ષિકનું કાર્ય (પૌષધાદિ) તે પૂનમમાં યોગ્ય જ નથી. ચૌદશ સિવાય તે પાક્ષિકકાર્યનો નિષેધ છે માટે. અહીં ટીપ્પણું તપા અને ખરતરની માન્યતાની અપેક્ષાએ પૂનમ જણાવી છે. (આ લખાણ અને પૂર્વનું અનુષ્ઠાનલોપવાળું લખાણ સ્પષ્ટ કરે છે કે ખરતર અને શાસ્ત્રકાર પણ બે પર્વની ભેગી આરાધનામાં મળતા નથી)

यत्रष्टाप्यष्टमी परावृत्त्याभिमान्यते, पाक्षिकेण च किमपराद्धं ? यत्तस्य नामाऽपि न सह्यते इति नन्वेवं पौर्णमासीक्षये भवतामपि का गतिरिति चेत्

अहो विचारचातुरी यतस्तत्र चतुर्दश्यां द्वयोरपि विद्यमानत्वेन तस्या अप्याराधानं जातमेवेति. यतस्त्रुटितत्वेन चतुर्दश्यां पौर्णमास्या वास्तव्यैव स्थितिः, पत्र-५

ક્ષય પામેલી આઠમ, સાતમ જે હયાત છે તેનો ક્ષય કરીને પલટાવીને મનાય છે તો, પાક્ષિકે શો અપરાધ કર્યો કે તેની ક્રિયા પૂનમને પૂનમ માનીને તે દિવસે કરો છો અને પક્ખીનું નામ પણ સહન કરતા નથી ? પક્ખીને રાખતા જ નથી. વાદી શંકા કરે છે કે પૂનમનો ક્ષય હશે ત્યારે તમારૂં કેમ થશે?

તમો પક્ખીનું પક્ખી નામ ન રાખતાં તે પક્ખીને પૂનમ બનાવશો ત્યારે ચૌદશે પક્ખીનું નામ તમારે પણ નહિં રહે. (જો પર્વ ભેગાં થતાં હોય તો પક્ખીનું નામ નહિં રહેવાની ખરતરો શંકા ન જ કરત) ઉત્તરમાં કહે છે કે (ટીપ્પણાની) ચૌદશમાં ઉદયથી ચૌદશ અને ભોગથી પૂનમ એ બન્ને વિદ્યમાન છે માટે ક્ષીણ એવી પણ પૂનમનું પણ ચૌદશે આરાધન થયેલું જ છે. અપિશબ્દથી જો અહીં ચૌદશ પણ લેવી હોય તો બન્ને વિદ્યમાન હોવાથી બન્નેનું પણ આરાધન એમ ઉત્તર દેત. વસ્તુતઃ બન્ને છે એટલું જ કહેત. વળી द्वयोरपि समाप्तत्वेन तस्या अपि समाप्तत्वात् એ વાક્યે હેતુ અને સાધ્ય બન્ને એક થઈ જાય માટે બન્ને સ્થાને અપિશબ્દથી નષ્ટપણું સૂચવે છે.

જે માટે ક્ષય પામેલી હોવાથી ઉદયવાળી ચૌદશમાં પૂનમની ખરી સ્થિતિ છે. (અર્થાત્) ભોગવટાથી તો દરેક ક્ષય પામેલી કે મોટે ભોગે બીજી પણ તિથિ પહેલાની તિથિમાં હોય જ છે. પણ અહિં વાસ્તવિક સ્થિતિ જણાવે છે તેથી ક્ષીણપૂર્ણિમાની વખતે ચૌદશે ચૌદશની સ્થિતિ અવાસ્તવિક થાય, પણ પૂનમની સ્થિતિ વાસ્તવિક જ થાય એમ જણાવે છે.

त्रुटितचतुर्दशी पूर्णिमायां बुद्धयाऽऽराध्यते, तस्यां तद्भोगगन्धाभावेऽपि तत्त्वेन स्वीक्रियणाणत्वात् प. ५

(ખરતરને કહે છે કે) ક્ષય પામેલી ચૌદશને તમો પૂનમ બુદ્ધિથી કલ્પીને માનો છો. કારણ કે પૂનમે ચૌદશના ભોગનો ગન્ધ પણ નથી, છતાં તે પૂનમને પૂનમપણે પણ માનો છો અને વળી ચૌદશપણે પણ અંગીકાર કરો છો (ક્ષયે પૂર્વાના માનેલા નિયમને છોડીને તે નિયમ પ્રમાણે તેરસે ભોગવાળી મળવાવાળી ચૌદશ ન માનતાં પૂનમે પૂનમ અને ચૌદશ બન્ને માનો તે યોગ્ય નથી) (બીજા પર્વના ક્ષય વખતે પર્વવ્યવસ્થા માટે ભોગ લેવાય અને વૃદ્ધિ વખતે પહેલાનો ઉદય હોય છતાં એકનો ઉદય મનાય. પહેલાનો ઉદય અપર્વનો ગણાય.)

क्षीणपाक्षिकानुष्ठानं पौर्णमास्यामनुष्ठीयमानं किं पञ्चदश्यनुष्ठानं पाक्षिकानुष्ठानं वा व्यपदिश्यते ?, आद्ये पाक्षिकानुष्ठानविलोपापत्तिः, द्वितीये स्पष्टमेव मृषाभाषणं, पञ्चदश्या एव चतुर्दशीत्वेन व्यपदिश्यमानत्वात्, न च क्षीणे पाक्षिके त्रयोदश्यां चतुर्दशीज्ञानमारोपरूपं भविष्यतीती वाच्यं. तत्रारोपलक्षणस्य संभवात् प. ५

(પૂનમને દિવસે પૂનમ માની ક્ષય પામેલી ચૌદશ પણ માનનારાને પૂછે છે કે) ચૌદશના ક્ષયે પૂનમને દિવસે જે પક્ખીની ક્રિયા કરો તે શું પૂનમની ક્રિયા ગણો છો કે પાક્ષિકની ક્રિયા ગણો છો ? જો તેને પૂનમની ક્રિયા કહો તો પક્ખીની ક્રિયાનો નક્કી લોપ આવી પડશે. (આ હકીકત જો આ પરંપરા અને શાસ્ત્રને ઉઠાવીને ચૌદશ અને પૂનમની તિથિઓને ભેગી માનનારા વિચારશે તો ખરેખર બે પર્વ એકઠાં કરવાનું નહિં જ માને, અન જો બે પર્વો એકઠાં પણ ન થાય અને તેમાં વગર ભોગવટે પણ ન મનાય તો તેરસે ચૌદશનો ભોગવટો છે માટે તેરસનો ક્ષય માની તે દિવસ ચૌદશ અને ચૌદશે પૂનમનો ભોગવટો છે માટે પૂનમ માનશે. અને મહોપાધ્યાયજીના આ પાઠને તથા શ્રી હીરસૂરિજીના त्रयोदशी चतुर्दश्योः આ પાઠને મળતો જ આ અર્થ છે એમ માનશે.) જો પૂનમે ચૌદશની ક્રિયા છે એમ કહો તો ચોક્ખું જુઠું કારણ કે પૂનમ માનીને પણ તેને ચૌદશ કરો છો ચૌદશનો ક્ષય હોય ત્યારે ઉદયાત તેરસે પક્ખીના જ્ઞાનમાં તો આરોપના લક્ષણનો સંભવ નથી.

एवमेकस्मिन्नेव ख्यादिवारलक्षणे वासरे द्वयोरपि तिथ्योः समाप्तत्वेन विद्यमानत्वात् कौतस्कुत्यमारोपज्ञानम् ?, अत एत्रैव प्रकरणे-'संपूण्णत्तिअ काउ' मिति गाथायां या तिथिर्यस्मिन्नेवादित्यादिवारलक्षणे दिने समाप्यने स दिनस्ततिथित्वेन स्वीकार्य इत्याद्यर्थे संमोहो न कार्य इति ५

એવી રીતે રવિવાર આદિ લક્ષણ એક જ વારમાં તેરસ અને ચૌદશ બન્ને તિથિયો સમાપ્ત થઈ છે. તેથી વિદ્યમાન છે માટે તે વારે ચૌદશ માનવી તેમાં ખોટું જ્ઞાન ક્યાં છે ? (ધ્યાન રાખવું કે તેરસ અને ચૌદશની સમાપ્તિ હેતુ તરીકે છે અને ચૌદશ માનવી એ સાધ્ય છે. જો તેરસ ચૌદશ બન્ને માનવાની હોત તો હેતુ અને સાધ્ય એક થઈ જાત) આજ માટે આજ અધિકારમાં संपुण्णअे ગાથામાં જે રવિ આદિ વારે જે તિથિ સમાપ્ત થાય તે દિન તે તિથિપણે માનવો એ હકીકતમાં પણ મુંઝાવવું નહિં. (તેરસને દિવસે તેરસનો ઉદય અને સમાપ્તિ છે છતાં ચઉદશની પણ સમાપ્તિ છે માટે તે રવિઆદિ વારે ચૌદશ જ કહેવાય તેરસ ચૌદશને ભેળી માનનારને તો મોહ માટે આ કહેવાનું જ ન થાત.

अग्रेतनकल्याणकतिथिपाते प्राचीनकल्याणकतिथौ द्वयोरपि विद्यमानत्वादिष्टापत्तिरेवोत्तरं, ६

આગળની કલ્યાણતિથિનો ક્ષય હોય ત્યારે પહેલાની કલ્યાણતિથિમાં બન્ને કલ્યાણકોનું વિદ્યમાનપણું હોવાતી હમારે તો ઈષ્ટાપત્તી જ ઉત્તર છે. (આગળ સ્પષ્ટ કહે છે કે કલ્યાણકોને આરાધનાર તપ કરનાર જ હોય છે અને તપમાં એકીસાથે છઠ્ઠ વગેરેનાં પચ્ચખ્ખાણ થવાથી સાથે લેવાય અને તપ બીજે દિવસે પૂરો કરાય છે. યાદ રાખવું કે પૂનમની ચર્ચા પૌષધને અંગે છે અને પૌષધ તો સાથે બે થતા જ નથી. આટલા માટે તો પરંપરા અને શાસ્ત્રના ઉઠાવનારે यद्यप्या॰ એ વાક્યમાં નકાર છે નહિં, જોઈએ નહિં અને પૂરણરીતે સંગત પણ નથી, છતાં ખોસી ઘાલ્યો અને તે નકારવાળું વાક્ય જ સંગત માન્યું છે)

कल्याणकाराधको हि प्रायस्तपोविशेषकरणाभिग्रही भवति. प. ६

કલ્યાણકોને આરાધના કરનારો તો પ્રાયે તપવિશેષને કરનારો હોય છે. અર્થાત્ પૂનમે ચૌદશ કે ભેગાંઃ પર્વો માનનારની પેઠે એક પૌષધના લોપની બાધા તેમાં નહિં આવે)

एकस्मिन् हिने द्वयोरपि कल्याणकतिथ्योर्विद्यमानत्वेन तदाराधकोऽपि सन्ननंतरोत्तरदिनमादायैव तपः पूरको भवति, प. ६

એક જ રવિવાર આદિ દિવસમાં બેએ પણ કલ્યાણતિથિએ સમાપ્ત થાય છે માટે તે બન્ને કલ્યાણતિથિઓનો આરાધક છતાં આગળના જોડેના દિવસને લઈને જ તેના તપને પુરૂં કરનાર થાય છે. (આ ઉપરથી જેઓ પર્વતિથિઓ ભેગી કરી આરાધના ઉડાવી દે છે અને તેમાં આજ્ઞાની ખોટી દૂવાઈ ફેરવે છે તે ખોટા ઠરે છે. તથા પર્વતિથિના ક્ષયને પ્રસંગે તપવાળી કલ્યાણકતિથિના ક્ષયનો પ્રસંગ આપનારા આગ્રહવાળા ઠરે છે. કલ્યાણકને અંગે તપસ્યા હોય છે અને તે સાથે થાય છે અને પર્વતિથિઓને અંગે પૌષધ આદિ થાય છે અને તે એક દિવસે બે આદિ પૌષધનાં પચ્ચક્ખાણ સાથે લેવાતાં જ નથી.

पूर्णिमापाते पाक्षिकचातुर्मासिकषष्ठतपोऽभिग्रहीति, प. ६

ખરતરો ચૌદશના ક્ષયે પૂનમે પક્ખી કરે છે તો કોઈ પક્ખીનો છઠ કરનાર હોય તે આગળનો દિવસ લે, તેમજ પૂનમનો ક્ષય હોય ત્યારે તેને પક્ખી ચોમાસીનો છઠ આગળનો દિવસ લઈને જ કરવો પડે. શ્રી હીરસૂરિજી તેરસ ચૌદશનો છઠ કહે છે તેમાં પણ તેરસની ભુલે પડવો લઈને જ છઠ કરવો પડે એકલી પક્ખીમાં ઉપવાસનો નિયમ છે અને ચૌમાસીનો જ છઠનો નિયમ છે છતાં પક્ખીના છઠનો અભિગ્રહ હોય તો પક્ખી ચૌમાસી બન્નેમાં છઠ કરે અને આગળનો દિવસ લઈને જ છઠ પુરો થાય. પૂર્ણિમા ક્ષયનું કારણ એ કે તેમાં ટીપ્પણાની વગર પૂનમે પૂનમ અને વગર ચૌદશે ચૌદશ માની છઠ પૂરો થાય છે.

रत्नार्थी अपेर्गम्यत्वादन्यसङ्गयपि वस्त्रेण निबद्धमपि ताम्रादिना वा जटितमपि रत्नं गृह्णातिति भावः, यतस्तत्संबन्ध्यपि स्वीयस्वरूपापरित्यागेन स्वीयकार्यकरणसमर्थमेव, अन्यथा तथाविधमूल्यपि न लभेतिति, प.७

રત્નનો અર્થી હોય છતાં બીજાની સાથે રહેલ વસ્ત્રથી બાંધેલ અથવા તાંબા આદિ સાથે જડેલું પણ રત્ન જ લે છે એ તત્ત્વ છે તેનાથી જોડાયા છતાં પણ પોતના સ્વરૂપને ત્યાગ નહિં કરવાથી પોતાના કાર્યને કરવા માટે સમર્થ જ છે. એમ ન હોય તો તેવી કિમ્મત આવે નહિં. આ ઉપરથી જણાવે છે કે તેરસ એ વસ્ત્ર કે તાંબા સામાન છે અને ચૌદશ રત્ન સમાન છે. (રત્નની કિંમત કરતી વખતે વસ્ત્ર અને તાબાંની કિંમત ન થાય તેમ ચૌદશ જે રત્ન સમાન છે તેનો જ વ્યવહાર થાય. પણ વસ્ત્ર કે તાંબા જેવી તેરસનો વ્યવહાર ન થાય, એટલે તેરસ ચૌદશને ભેગી કરનારા રત્નની સાથે ચીંથરી અને તાંબાના કડકાની સરખી કિમ્મત કરનારા ગણાય.)

अथ कारणविशेषमन्तरेण तत्र त्रयोदशीति व्यपदेशशंकापि न विधेयेति, प. ७

મૂહૂર્તાદિક કોઈ મોટા કારણ સિવાય ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરસને દિવસે તેરસ એવા નામની શંકા પણ ન કરવી. (આ ઉપરથી ચોકખું છે કે તેરસ ચૌદશ આરાધનામાં ભેગા થાય નહિં લૌકિક ટીપ્પણાથી કહેવાય.)

न च पुनस्तम्रादीनां मूल्यं ददाति प्रतीच्छति वेति गम्यं, अल्पमूल्यत्वेन तदन्तर्गतत्वात् पत्र७

તાંબા આદિની સાથે રત્ન જડેલું હોય અને તે વેચવા જાય ત્યારે કોઈપણ મનુષ્ય તે રત્નના મૂલ્યથી જુદું તે તાંબા આદિનું મૂલ્ય આપતો પણ નથી અને લેતો પણ નથી એ સમજવું. કેમ કે રત્નની કિમ્મતમાં તે ઓછી કિંમતવાળા તાંબા આદિની કિમ્મત સમાઈ જાય છે એટલે રત્ન સમાન પર્વતિથિની સાથે તાંબાસમાન અપર્વતિથિને ભેગી ગણનારા રત્ન અને તાંબા આદિક સરખા ગણનારા છે.

एवं त्रुटिततिथिसंयुक्ता तिथिः कारणविशेषे उपयोगिनी भवन्त्यपि न पुनर्बलवत् कार्य विहाय स्वकार्यस्यैवोपयोगिनी, नहि अपरीक्षकचौरादिहस्तगतव्यतिरिक्तं रत्नं ताम्रमूल्येनेवोपलभ्यते, पत्र ७

એવી રીતે ક્ષય પામેલી (ચૌદશ આદિ) તિથિવાળી (તેરસ આદિ) તિથિ કોઈ (મુહૂર્ત્તાદિક) કારણ વિશેષમાં ઉપયોગવાળી હોવા છતાં પણ કોઈ સજ્જડ કાર્ય સિવાય પોતાના (તેરસ) આદિના કાર્ય માટે પણ ઉપયોગી ન જ થાય. પરીક્ષાને નહિ જાણનાર એવા ચોર વગેરેના હાથમાં આવેલા સિવાય તાંબાવાળું રત્ન તાંબાના મૂલ્યે મળે નહિં જ. આ ઉપરથી ચોક્ખું છે કે તેરસને દિવસે ક્ષય પામેલી ચૌદશ હોય છે ત્યારે જરૂરી કાર્ય સિવાય તેરસ તેરસને માટે જ ઉપયોગવાળી નથી. તેમજ તેરસ અને ચૌદશને ભેગાં કહેવાં તે રત્ન અને તાંબુ એકસરખાં ગણવા જેવું છે. રત્નની કિંમત બોલતાં તાંબાની કિંમત ન બોલે તે વ્યાજબી છે. પણ રત્ન અને તાંબાને સરખા કહેનાર જેવો જ તેરસ ચૌદશને ભેળાં કહેનાર ગણાય.

कथं न पंचदश्यामपि चतुर्दशीलक्षणकार्योपचार (इत्याशंकाम्) पत्र ८

પૂનમને દિવસે ચૌદશ લક્ષણ કાર્યનો ઉપચાર કેમ ન કરાય ? (આના ઉત્તરમાં ઉપચારને અયોગ્ય ન જણાવતાં નષ્ટ અને અતીત એવા કારણનો ભવિષ્યના કાર્યમાં ઉપચાર ન થાય એમ જણાવે છે.)

कज्जस्स पुव्वभावी नियमेणं कारणं पत्र ९

પૂનમ એ ચૌદશની પછી થનારી છે માટે પૂનમરૂપી કારણમાં ચૌદશરૂપી કાર્યનો ઉપચાર ન થઈ શકે, આ ઉપરથી સમજાશે કે છેટે રહેલી તેરસે તો પૂનમનો ઉપચાર કરવાનું યોગ્ય બની શકે જ નહિં.

हीनचतुर्दशी तावत् त्रयोदशीयुक्ताऽपि गृह्यमाणा न दोषमावहतीति पत्र ९

ક્ષય પામેલી ચૌદશ હોય ત્યારે તેરસમાં જોડાયેલી લેવાય તો પણ દોષ રહે નહિં (આ ઉપરથી તેરસ ચૌદશ ભેળી નહિં લેતાં આખી તેરસને ચૌદશ ગણવાનું કોઈપણ પ્રકારે દૂષિત નથી એમ સ્પષ્ટ થાય છે.)

पूर्वं पूर्णिमायां पाक्षिककृत्यमासीत् कालिकाचार्यादेशाच्च साप्रतं चतुर्दश्यामतस्तत्क्षये पौर्णमास्येव युक्तिमती पत्र १०

(ખરતરો કહે છે કે) પહેલાં પક્ખીની ક્રિયા પૂનમે હતી અને શ્રી કાલકાચાર્યના આદેશથી હમણાં ચૌદશે થાય છે. માટે ચૌદશના ક્ષયે પૂનમના યોગ્ય જ છે. (અહિં પૂનમ જ યોગ્ય છે એમ પ્રથમાવિભક્તિથી જણાવે છે અર્થાત્ ખરતરો પણ ઉત્તરનાં ન કહેતાં ઉત્તર એવી પૂનમ કહે છે.)

तिथिनां वृद्धौ हानौ च का तिथिः स्वीकार्येत्यत्रोभयोः साधारणं लक्षणमुत्तरार्द्धेनाह-'जं जाजंमि'त्ति-यस्मात् या तिथिर्यस्मिन् आदित्यादिवारलक्षणदिवसे समाप्यते स एव दिवसो वारलक्षणः प्रमाणमिति तत्तिथित्वेनैव स्वीकार्यः पत्र ११

તિથિઓની વૃદ્ધિ અને હાનિમાં કઈ તિથિ અંગીકાર કરવી એ શંકાના સમાધાનમાં ઉત્તરાર્ધથી સામાન્ય લક્ષણ કહે છે- જે માટે જે તિથિ જે રવિવાર આદિ લક્ષણ દિવસમાં સમાપ્ત થાય તે જ દિવસ પ્રમાણ ગણવો એટલે તે તિથિપણે સ્વીકારવો. (યાદ રાખવું કે આઠમ કે ચૌદશના ક્ષયે આઠમ અને ચૌદશ એ સાતમ અને તેરસને દિવસે સમાપ્ત થાય છે અને તેથી તે આખાવારને આઠમ અને ચૌદશ પણ લેવા અર્થાત્ સાતમ આઠમ અને તેરસ ચૌદશ ભેગાં કહેનારા આ વચનથી પણ ખોટા છે. વળી તે દિવસ આઠમ અને ચૌદશ તો માત્ર સમાપ્તિવાળી છે. પણ સાતમ અને તેરસનો તો ઉદય અને સમાપ્તિ બન્ને છે. છતાં શાસ્ત્રકાર પર્વતિથિને માટે તે સાતમ અને તેરસના ઉદય સમાપ્તિને ખસેડી નાંખે છે અને વગર ઉદયની એકલી સમાપ્તિવાળી આઠમ ચૌદશ લે છે અર્થાત્ ઉદય કે સમાપ્તિ પર્વ આરાધનાની વ્યવસ્થા માટે છે અને તેથી ચોથ કે ચૌદશના ઉદય કે સમાપ્તિને નામે ભેળસેળ કે પર્વવૃદ્ધિ માને તે શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ જ છે.

'क्षये पूर्वा तिथिर्ग्राह्या' तस्मिन्नेव दिवसे द्वयोरपि समाप्तत्वेन तस्या अपि समाप्तत्वात् पत्र १२

પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની તિથિ લેવી એટલે સ્પષ્ટ છે કે બીજના ક્ષયે પ્રત્યાખ્યાન વખતે પડવા આદિ તિથિને બીજ આદિપણે માનવી. પડવો બીજ આદિક ભેગાં કહેનારા ખુલાસો કરતા નથી કે તેઓ ચોવીશ કલાકમાં કેટલોક વખત પડવો બીજ આદિ માને છે કે વ્યક્તિથી બધે ભેગાં માને છે. શું પડવાઆદિના સૂર્યોદય વખતે બીજ આદિથી નોખા પડવો આદિ રાખે છે ? અને બીજ આદિ બે થાય છે ત્યારે પણ પડવા આદિ છે એમ માને છે ? વળી તે દિવસે બન્નેનું સમાપ્તપણું હોવાથી તે ક્ષય પામેલી તિથિનું પણ સમાપ્તપણું છે. જો तस्या अपि એ જગા પર ક્ષીણનો જણાવવા અપિશબ્દ ન માને અને બન્ને માટે તો અહિં કેમ લેશે ? અહિં અને આગળ ક્ષીણ માટે જ અપિશબ્દ છે.

एव क्षीणतिथावपि कार्यद्वयमद्य कृतवानहम् पत्र १३

એવી રીતે ક્ષીણતિથિમાંપણ કલ્યાણક અને ગણણાં જેવાં બે આજ મેં કર્યા યાદ રાખવું કે પક્ખી અને પૂનમમાં જે પૌષધઆદિ કાર્યો છે તે એક દિવસે બે નથી થતાં, પણ તપ સાથે લેવાય છે અને ગણણાં પણ બે ગણાય છે.

ननु भोः कालिकसूरिवचनाच्चतुर्दश्यामागमादेशाच्च पञ्चदश्यामपि चर्तुमासिकं युक्तं, त्रयोदश्यां तद्व्यपदेशाभावेन द्वयोरपि विराधकत्वात् श्रीमत एवैते दोषाः प्रत्यवसर्प्यन्ति, नास्मान् प्रतीतिचेत् अहो प्राक् प्रपंचावसरेऽंगुलीपिहितश्रोत्रपथ्यभवद् भवान् येनेत्थं निर्धोष्यमाणे अद्यापि त्रयोदशीमेव वदसि, यद्वा-अरण्यरुदनं कृतं शबशरीरमुद्वर्तितं, श्वपुच्छमवनामितं बधिरकर्णजापः कृतः। स्थले कमलरोपणं सुचिरमूषरे

वर्षणं. तदंधमुखमण्डनं यदबुधजने भाषण ॥१॥ मिति काव्यं कविभिर्भबन्तमेवाऽधिकृत्य विदधे, यदेवमपि निरूपितं न स्मरसि, ननु भो विद्वद्वरैयत्तावदुक्तं "क्षीणायां प्राचीना तिथिर्ग्राह्या." प. १४

ખરતર શંકા કરે છે કે કાલકાચાર્યના વચનથી ચૌદશ અને શાસ્ત્રના વચનથી પૂનમે પણ ચૌમાસી યોગ્ય છે. પણ તેરસને દિવસે તો તેને ચૌમાસી છે એમ કહી શકાય જ નહીં માટે તમે શ્રી કાલકાચાર્ય અને શાસ્ત્ર એ બન્નેના વિરાધક થયા માટે તમોને જ પૂર્વે જણાવેલ દોષો લાગવાના છે. પણ અમને નહિં લાગે એવી શંકાના ઉત્તરમાં જણાવે છે કે શું પહેલાં વિસ્તારથી સમજાવ્યું ત્યારે કાનમાં આંગળીઓ ઘાલી હતી કે જેથી આવી રીતે ઘંટ વગાડીને કહેવાયા છતાં પણ હજી તું તે દિવસને તેરસ જ કહે છે. (આગળ ચોકખી રીતે કહ્યું છે કે ચૌદશના ક્ષયની વખતે તેરસને તેરસ કહેવાની જ નથી, પરંતુ ધર્મના કાર્યમાં તે દિવસે ચૌદશ જ છે એમ કહેવાનું છે અર્થાત્ આ ઉપરથી સ્પષ્ટ કર્યું છે કે ચૌદશના ક્ષયની વખતે ટીપ્પણાની તેરસનો ક્ષય જ ધર્મારાધનમાં કરવાનો છે.) અથવા તો રણમાં રોયા, મુડદાના શરીરને નવરાવ્યું. કુતરાનું પુછડું નમાવ્યું, બ્હેરાના કાનમાં જાપ કર્યો, ઉખરમાં કમલ રોપ્યું, ઉખરમાં ઘણું વરસ્યું, આંધળા આગળ મોડું શોભાવ્યું જે મૂર્ખાની આગળ કથન કર્યું ॥૧॥ આ કાવ્ય તમને ઉદ્દેશીને જ કવિઓએ કહેલું છે. કેમકે આવી રીતે સ્પષ્ટપણે ધર્મઆરાધનામાં તેરસનું નામ જ ન લેવાનો અને ચૌદશ જ છે એમ કહેવાનો વ્યવહાર છે એમ જણાવ્યું છતાં યાદ નથી રાખતો. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ચૌદશના ક્ષયે તેરસનો ક્ષય માની ચૌદશ જ છે એમ જે માને અથવા તેરસ ચૌદશ આદિને ભેગાં માને તેને મૂર્ખશિરોમણી તરીકે સ્પષ્ટપણે શાસ્ત્રથી જણાવ્યો છે. વળી ખરતર કહે છે કે હે વિદ્વદુત્તમ ! તમોએ જે કહ્યું કે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પહેલાની તિથિ ધર્મારાધનામાં લેવી (આ ઉપરથી પણ પહેલાની તેરસ આદિને ચૌદશ આદિપણે લેવાનું કહે છે, પણ ભેગાં કરવાનું તો કોઇ પણ શાસ્ત્રકારે કોઈપણ જગો પર લખતા નથી. તેમ પરંપરા પણ નથી.)

ओत्सर्गिकप्रवचनापेक्षयाऽऽपवादिकप्रवचनावचनानुयायित्वात् पत्र १६

ઉત્સર્ગ એવા શાસ્ત્રના વચનની અપેક્ષાયે અપવાદવાળા શાસ્ત્રના વચનને અનુસરવાળા હોય છે માટે (આ ઉપરથી જેઓ ઉત્સર્ગ અને અપવાદ તથા ઉત્સર્ગથી અપવાદની બલવત્તરતા માનવાની આગમમાં જરૂર નથી એમ કહેનારાઓ છે તેઓનું અને અજ્ઞાન ખુલ્લું પડે છે. પોતાનો ઉદય ઉત્સર્ગ છે. વખતે પૂર્વનો ઉદય લેવો પડે. બે ઉદયની વખત એક ઉદયને છોડવો પડે એ અપવાદ છે, તે તેઓને માનવો નથી. અને તેથી જ તેઓને ભેળસેળપંથી અને ખોખાવાદી થવું પડે છે, અને એ અજ્ઞાનતાને પરિણામે જ ક્ષય વૃદ્ધિની વખતે ઉદયના નામે લોકોને ભરમાવે છે.

तद्वचनाकरणे द्वयोरपि विराधकत्वापत्ते : पत्र १६

શ્રી કાલકાચાર્યના વચનને ન માનવાથી શાસ્ત્ર અને આચાર્ય બન્નેના વિરોધી બનવું પડે છે (આવી રીતે શાસ્ત્ર અને પરંપરાથી એ અપર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિ સિદ્ધ છતાં ન માને તો બન્નેના વિરાધક બને છે)

जया य पक्खियाइ पव्वतिही पडइ तया पुव्वतिही चेव तब्भुत्तिबहुला पच्चक्खाण पूयाइसु धिप्पइ, पत्र २२

(ખરતરની વિધિપ્રપામાં જણાવે છે કે) જ્યારે પાક્ષિક આદિપર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી

પહેલાની તિથિ જ કે જે ક્ષય પામેલી પર્વતિથિના ભોગથી ભરેલી છે તે પચ્ચક્ખાણ પૌષધ વગેરેમાં લેવી. આમાં પણ પહેલાની તિથિ જ લેવાનું કહે છે. અર્થાત્ ચૌદશના ક્ષયે વધારે ચૌદશવાળી તેરસ જ ચૌદશપણે લેવાનું કહે છે. એટલે ચૌદશના ક્ષયે તેરસનો ક્ષય કરી ચૌદશ માનવાનું કહે છે. પણ તેરસ ચૌદશ ભેગાં માની ભેળસેળવાદિ થવાનું કહેતા નથી.

प्रायः शेषमुदायहीलनाभिप्रायेण तीर्थकृद्वचोविलोपाभिप्रायेण च महाशातनाकारित्वात् महापातकीति, किं च - अधिकक्रियायां हि प्रवृत्तिर्जिनोक्तवचनाश्रद्धावतामेव भवति, नान्यस्य, पत्र-२६ - २७

તેઓ મહાપાપી છે કે જેઓ મહાઆશાતના કરનારા છે કારણ કે તેઓ ઘણા ભાગે મોટા સાધુ સમુદાયની નિન્દાના અભિપ્રાયવાળા છે અને શ્રી જિનેશ્વર મહારાજનાં વચનને લોપવાની ધારણાવાળા છે. વળી અધિકક્રિયા (જો અપર્વના પૌષધનો નિષેધ કરતાં અપર્વ પૌષધ કરવા) માં પ્રવૃત્તિ શ્રી જિનેશ્વરના વચનની અશ્રદ્ધાવાળાને જ હોય (છતી વિધિ ઓળવીને શ્રી જિનેશ્વરની આજ્ઞાને નામે પર્વલોપથી બચનારની દશા તો આથી પણ અકથ્ય જ કહેવાય.)

त्वयाऽपि पर्वतिथिव्यतिरिक्तातिथिषु पौषधकरणास्वाङ्गीकाराच्च, क्षीणाष्टमीपौषधस्यापर्वरूपसप्तम्यां क्रियमाणत्वेनाङ्गीकारस्यापलपितुमशक्तेः प. २७

(ખરતરને કહે છે કે) તેં પણ પર્વતિથિ સિવાયની તિથિઓમાં પૌષધ કરવાનો અંગીકાર કરેલો છે. કેમકે ક્ષય પામેલ આઠમના પૌષધને અપર્વરૂપ એવી સાતમમાં કરાતો હોવાથી તે કરેલાને ઓળવવાનું બની શકે જ નહિં. (આ સ્થાને ઉદયની અપેક્ષાએ સપ્તમી એમ કહ્યું છે. આગળ પણ ઉદયની અપેક્ષાએ તેરસે પૂનમ એમ કહ્યું છે. બધી ધર્મઆરાધનાની અપેક્ષાએ તો આઠમ જ અને ચૌદશ જ ગણાય છે) અપર્વનો ક્ષય અને વૃદ્ધિ માનનારા આરાધનામાં પ્રથમા અને ટીપ્પણા પક્ષમાં સપ્તમી વિભક્તિ માની શકશે, પણ ભેળસેળવાળાથી પ્રથમા મનાશે જ નહિં.

चतुर्दशीपाते पाक्षिकप्रतिक्रमणं चातुर्मासिकप्रतिक्रमणं च पञ्चदश्यामेवेति प. ३५

ચૌદશના ક્ષયે પક્ખીપડિક્કમણું તેરસે અને ચૌદસીપડિક્કમણું પૂનમે કરવું એમ ખરતરોનું કથન છે ધ્યાન રાખવું કે ખરતરો પણ પર્વને લોપનાર કે ભેળસેળવાદી બનતા નથી.

तथेयमपि तिथिनां वृद्धौ हानौ च का तिथिरूपादेवा का च त्याज्या पत्र ५१

તેવી રીતે આ તત્વતરંગિણી પણ તિથિની વૃદ્ધિ અને હાનિમાં કઇ તિથિ લેવી અને કઈ તિથિ છોડવી એવી વ્યવસ્થા બતાવે છે. (અહીં પણ કઇ તિથિમાં કરવી અને કઈ તિથિમાં છોડવી એમ કહી ભેળસેળપણું જણાવતા નથી.

१ पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वश्यां तिथौ क्रियते, पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः, क्रियते, त्रयोदश्यां विस्मृतौ प्रतिपद्यपीति. (श्रीहीरः)

આમાં પૂનમના ક્ષયે પૂનમનું તપ ચૌદશે કરવાનું નથી કહેતા, તેમ તેરસે કરવાનું પણ નથી કહેતા, પરંતુ તેરસ ચૌદશે કરવું કહે છે. એટલે સ્પષ્ટ થાય છે કે તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કરવી તેરસે ભુલી જવાય તોપણ ચૌદશે કરવાનું કહેતા નથી, પણ પડવે કરવાનું કહે છે. એટલે તેરસે ચૌદશ ન કરી તો પછી પડવે જ પૂનમ કરવી કહે છે. છઠ માટે કહેતો પછી બે એક વચન ન બને.

૨ पूर्णिमावास्ययोः पूर्वमौदयिकी तिथिराध्यत्वेन व्यवह्रियमाणाऽसीत्, केनचिदुक्तं तातापादाः पूर्वतनामाराध्यत्वेन प्रसादयंति तत् किमिति प्रश्नः, अत्रोत्तरं-पूर्णिमामावास्ययोर्वृद्धौ औदयिक्येव तिथिराराध्यत्वेन विज्ञेया.

આમાં પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિ થાય ત્યારે બીજીને ઉદયવાળી માની છે અને પહેલી ઉદયવાળી માની નથી. એટલે ખોખા પૂનમ કે અમાવાસ્યા માનનાર જુઠા ઠરે છે. યાદ રાખવું કે ઉદયને લીધે જ તિથિ ગણાય છે. જેમ તે પહેલો ઉદય પૂનમનો ન ગણાય તેમ ચૌદશ પણ પર્વતિથિ હોવાથી તે બીજો ઉદય ચૌદશ તરીકે ગણી ચૌદશનો ઉદય તેરસનો ગણી બે તેરસો ગણવાનું સ્પષ્ટપણે જણાવે છે. તેરસે પૂનમનું કરવાનું કહેનારે તેરસ પૂનમનો ઉદય બતાવવો. ઉદયના કાર્યોમાં પડિક્કમણાની સાથે પચ્ચખ્ખાણ પણ ઉદયમાં જ કરવાં કહ્યાં છે. શ્રાદ્ધવિધિમાં તો પચ્ચખ્ખાણ વખતની તિથિ જ આખો દિવસ માનવા કહ્યું છે. માટે સાચું એજ છે કે ઉદયનો સિદ્ધાંત ક્ષય વૃદ્ધિના પ્રસંગ સિવાય જ બને છે. અને તેથી ઇયરીફના અર્થ પૂજા પડિક્કમણ વખતની કરે તો આજ્ઞાભાંગદિ જાણવાં.

૩ पर्युषणोपवासः पञ्चमीमध्ये गण्य ते न वा ? इति प्रश्नोऽत्रोत्तरम्-पर्युषणोपवासः षष्ठकरणसामार्थ्याऽभावे पञ्चमीमध्ये गण्यते, नान्ययेति । पत्र ४

પજુષણનો ઉપવાસ પાંચમમાં ગણવો કે, નહિ ? આ પ્રશ્નમાં ઉત્તર દે છે કે છઠ કરવાની શક્તિ ન હોય તો પજુસણનો ઉપવાસ પાંચમમાં ગણવો. (આ ઉપરથી ભાદરવા સુદ પાંચમને અપર્વ ગણી ક્ષય કે વૃદ્ધિવાળી માનનારા શાસ્ત્રના વિરોધી છે એમ નક્કી થાય છે.)

૪ यदा चतुर्दश्यां कल्पो वाच्यते, अमावास्यादिवृद्धौ वाऽमावास्यां प्रतिपदि वा कल्पो वाच्यते तदा षष्ठतपः क्व विधेयम् ? इति प्रश्नोऽत्रोत्तरम्-षष्ठपोविधाने दिननैयत्यं नास्ति इति यथारुचि तद्विधीयतामिति कोऽत्राग्रहः ? प्रकाश ३ पत्र १८

જ્યારે ચૌદશે કલ્પસૂત્ર વંચાય અથવા અમાવાસ્યા વગેરેની વૃદ્ધિ હોય અને અમાવાસ્યા કે પડવે કલ્પસૂત્ર વંચાય ત્યારે છઠની તપસ્યા ક્યારે કરવી એ પ્રશ્ન આનો ઉત્તર-છટ્ઠની તપસ્યા કરવામાં દિવસનું નિયમિતપણું નથી, માટે રૂચિ પ્રમાણે તે કરવો, એમાં આગ્રહ શો ? આમાં પ્રથમો તો ચર્તુદશીની વૃદ્ધિ હોવા સાથે આગળ ક્ષય હોય તો બીજી ચૌદશ કહેવી જોઈએ તેમ નથી કહેતા, વળી અમાવાસ્યાની વૃદ્ધિએ બીજી અમાવાસ્યાએ જ કલ્પવાચન આવે છતાં દ્વિતીય અમાવાસ્યા નથી કહેતા, એ ઉપરથી ચૌદશ અમાવાસ્યા બે નહોતી મનાતી એમ નક્કી થાય છે.

૫ येन शुल्कपञ्चम्युच्चारिताभवति स यदि पर्युषणायां द्वितीयातोऽष्टमं करोति तदैकान्तेन पञ्चम्यामेकाशनकं करोति उत यथारुच्या ? इति प्रश्नोऽत्रोत्तरम्-येन शुक्लपञ्चम्युच्चरिता भवति तेने मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः कार्यः, अथ कदाचिद् द्वितीयातः करोति तदा पञ्चम्यामेकाशनकरणप्रतिबन्धो नास्ति, करोति यदा भव्यमिति, प्रकाश ४ पत्र ३०

જેણે જ્ઞાનપંચમી ઉચરી હોય તે જો પજુસણમાં બીજથી અટ્ઠમ કરે તો પાંચમે એકાસણું કરે કે નહિં ? આ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે જેણે જ્ઞાનપંચમી ઉચરી હોય તે મુખ્યત્વે ત્રીજથી અટ્ઠમ કરે, પણ કદાચ બીજથી કરે તો પાંચમે એકાસનાનો નિયમ નહિં જો કરે તો સારૂં. આ ઉપરથી નક્કી થાય છે ભાદરવા સુદ પાંચમ પર્વતિથિ છે અને તેથી તેનો ક્ષય કે વૃદ્ધિ શાસ્ત્રાનુસારીઓથી થઈ શકે જ નહિં.

આ ભાષાંતરવાળા પાઠો પૂર્વ કે પૂર્વત્તર તિથિની ક્ષય વૃદ્ધિની સિદ્ધિ થવા માટે અને બુધવારવાળાઓએ કરેલા ભ્રમને દૂર કરવા માટે છે. ગુરૂવારવાળાને त्रयोदशीचतुर्दश्योः અને औदयीकी જેવા પૂર્વાચાર્યના સૂચક અને સાક્ષાત્ પ્રતિપાદક પાઠોનો આધાર છે, બાકી બુધવારીયાઓને તિથિ ભેગી કરવી બે પર્વો એક ક્રિયાથી આરાધવાં અને પર્વતિથિ માનીને પણ ખોખું ગણવું, એવો એકપણ પૌષધ આદિની આરાધના માટે સૂચક કે સાક્ષાત્ પાઠ મળ્યો નથી. માટે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારાઓ ગુરૂવારે સાંવત્સરિક કરી આરાધક થશે.

સિદ્ધચક્રનો વધારો

ગુરૂવારની સંવચ્છરીના પચાસ દિવસની ગણતરીને અંગે એક જિજ્ઞાસુને અપાયેલા ઉત્તરની ઉપયોગિતા હોવાથી આ વધારા તરીકે અપાય છે.

જૈન જ્યોતિષના સંવચ્છરીથી કાર્તિક ચૌમાસીની અંદર અવમરાત્ર આવીને તિથિનો ક્ષય આવતો હતો છતાં, શાસ્ત્રકારે સિત્તેર દિવસો જ ગણ્યા છે. વળી દરેક અવમરાત્ર છતાં પણ પંદરવાળો જ ગણવામાં આવ્યો છે. વળી ચાર મહિનામાં એક બે અવમરાત્ર જરૂર હોય તો પણ ૧૨૦ દિવસ ગણવામાં આવે છે તેથી શાસ્ત્રના વચનો પ્રમાણે તિથિની હાનિ સિવાય સામાન્ય રીતે સીત્તેર, પંદર અને એકસોવીસ દિવસો ગણવામાં આવેલા છે. વળી મહિનો વધ્યા છતાં પણ ચોમાસીની વખતે ચાર મહિનાને એકસોવીસ દિવસો કહેવામાં આવે છે તે ઉપરથી એ પણ શાસ્ત્રીય હિસાબે નક્કી થાય છે કે વૃદ્ધિ પામેલો મહિનો કે દિવસ એકે પણ વધારામાં ગણાતો નથી. ઉપર જણાવેલા જૈનજ્યોતિષના હિસાબની માફક વર્ત્તમાનમાં લેવાતા લૌકિક ટીપ્પણાથી પણ અધિક કે ન્યુન દહાડા થયા છતાં પક્ખી ચોમાસી અને સંવચ્છરીમાં પંદર, એકસોવીસ અને ત્રણસો સાઈઠ કહેવાય છે તેથી વૃદ્ધિ અને હાનિનો હિસાબ ગણ્યા સિવાય તિથિઓની ગણતરી લેવાય એટલે જૈન અને લૌકિક એ બન્ને જ્યોતિષની અપેક્ષાએ વૃદ્ધિ અને હાનિની ગણતરી કર્યા સિવાય તિથિની અપેક્ષાએ દિવસો ગણાય છે તેવી રીતે આ વખતે ચૌમાસી ચૌદશના ગુરૂવારથી ચોથ ગુરૂવારની સંવચ્છરીને દિવસે બરોબર પચાસ દિવસ જ તિથિઓથી થાય છે. યાદ રાખવું કે પાંચમતિથિ બેવડી થવાથી ચોથ બે બને અને તેના બેવડાપણાથી ત્રીજ બે બને તેથી ગુરૂવાર ચોથે પચાસ જ દિવસો થાય.

ચૌદશનો ક્ષય હોય તે વખતે તેરસનો દિવસે ચૌદશ જ છે એમ કહેવું જોઈએ છતાં તેરસને દિવસે જે તેરસ છે એમ કહે તેને તત્વતરંગિણીકાર **अरण्यरुद्नं कृतं** ઈત્યાદિ કાવ્યથી મૂર્ખશેખર બનાવે છે તેવી રીતે બેવડાવેલ તિથિમાં શ્રીહીરસૂરિજી મહારાજ બીજી આઠમ વગેરેને જ ઉદયવાળી ગણે છે એટલે પરંપરાથી આઠમ વગેરેની વૃદ્ધિ હોય ત્યારે સાતમ વગેરેની વૃદ્ધિ ગણાય છે, અને બે પર્વ જ્યારે સાથે હોય ત્યારે તે બે પર્વ કરતાં પણ પહેલાંની અપર્વની તિથિ જ બેવડી ગણાય, એટલે પૂનમ અમાવાસ્યા વધ્યાં હોય તો તેરસની તિથિ બેવડી ગણાય એ પ્રમાણે પરંપરા પણ છે, અને વિજયદેવસૂરિજીની માન્યતાનાં પાનાં પણ જે છપાવીને જાહેર કર્યા છે. તેથી પણ સ્પષ્ટ જણાય છે એ હિસાબે જેઓ ગુરૂવારની પહેલી પાંચમ ગણાવે છે તેઓ શાસ્ત્ર અને પરંપરા બન્નેના ઉત્થાપક છે પૂનમની વૃદ્ધિના ન્યાયથી મંગળવારે અને બુધવારે પૂનમ બે હોય અને તેરસ બે ગણીએ તેમ ભાદરવા સુદ પાંચમ બે હોવાથી ત્રીજ બે ગણવાની છે અને ગુરૂવારે જ ભાદરવા સુદ ૪ ગણવાની છે જેઓ ટીપ્પણામાં બુધવારે ચોથ છે એમ કહે તેઓ ટીપ્પણાની તેરસે તેરસ કહેનારને જેમ તત્વતરંગિણીકારે મૂર્ખશિરોમણિ બનાવ્યા છે તેવી રીતે મૂર્ખ શિરોમણિ બનવાને લાયક છે ટીપ્પણા પ્રમાણે બોલવાનું હોય તો **क्षयेपूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा** એ ઉમાસ્વાતિ મહારાજના પ્રઘોષને માનવાની જરૂર જ નહોતી જેઓ એ પ્રઘોષને માને તેઓથી તો બુધવારે ચોથ છે અને ગુરૂવારે પાંચમ છે એમ આરાધના પ્રસંગમાં સ્વપ્ને પણ બોલાય જ નહિ. માટે શાસ્ત્ર અને પરંપરાની અપેક્ષાએ ગુરૂવારે જ ચોથ છે એમ સમજવું. તંત્રી

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

卐 શ્રી સિદ્ધચક્ર 卐

(પાક્ષિક)

શ્રાવક-પર્યુષણા-વિચાર-અંક

अज्ञानध्वान्तशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः ! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु ॥१॥

વીર સંવત્ ૨૪૬૩	વર્ષ ૫	ભાદરવા સુદ ૧૫
વિક્રમ સંવત્ ૧૯૯૩	અંક ૨૩	તા. ૨૦-૯-૩૭ સોમવાર

તંત્રી :

પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,

ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

(ટાઈટલ પા. ૩ થી ચાલુ)

વીરમહારાજ જેવા શાસનના નાયકને પણ પૂર્વભવના વૈરો તીર્થંકરના ભવમાં પણ ભોગવવાં પડયાં, અને તેને લીધે નાવડી ડુબાડવાનું, કાનમાં ખીલા ઠોકવાનું, અને યાવત્ પામેલા ધર્મને હારી જવાનું હાલિકને થયું તે બન્યું. અરે ભગવાન શ્રી પાર્શ્વનાથજીને તો એકપક્ષનું અને અન્યાય કરનારનું પણ વૈર ભવોભવ નડયું છે. એ સર્વ હકીકતને સમજનારો મનુષ્ય વૈરવિરોધને ભૂલવા ભૂલાવવા માટે જ નહિં, પણ ખમવા અને ખમાવવાની વાતને એટલું બધું અગ્રપદ આપે છે કે તેને દરરોજ ક્રિયામાં સ્થાને યાદ કરે છે.

જુઓ પ્રતિક્રમણસૂત્રમાં :-

खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे।
मित्ती मे सव्वभूएसु वेरं मज्झ न केणइ ॥१॥

વળી આયરિયઉવજ્ઝાયસૂત્રમાં -

आयरिय उवज्झाए सीसे साहम्मिए कुल गणे अ।
जे मे केइ कसाया सव्वे तिविहेण खामेमि।१।
सव्वस्स समणसंघस्स भगवओ अंजलिं करिय सीसे।
सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहयंपि।२।
सव्वस्स जीवरासिस्स भावओ धम्मनिहियनियचित्तो।
सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहयंपि।३।

વળી સંસ્તારકપૌરૂષીસૂત્રમાં પણ -

खमिय खभाविय मइ खमिय सव्वह जीवनिकाय
सिद्धह साख आलोयणह मुज्झह वइर न भाव ।१।

આ ઉપરથી સમજાશે કે શાસ્ત્રકારોનું ધ્યેય ભૂલી જવા અને ભૂલાવવા કરતાં ઘણે જ ઉંચે દરજ્જે રહેલ ખમવા અને ખમાવવામાં રહેલ છે. જૈનશાસ્ત્રકારોએ ખમવા અને ખમાવવામાં એટલું બધું જોર આપેલું છે કે વર્ષે એક વખત કરવામાં આવતું સાંવત્સરિક પ્રતિક્રમણ જો કે જ્ઞાનાચારાદિક પાંચે આચારની શુદ્ધિ માટે કરવામાં આવે છે, છતાં તેવા સાંવત્સરિક પ્રતિક્રમણને ખમવા અને ખમાવવાના રૂપમાં મુખ્યતાએ રજુ કર્યું છે, અન તેને લીધે એટલે સુધી ફરમાવવામાં આવ્યું છે કે परं पज्जोसवणाओ अहिगरणं वयई અર્થાત્ સંવચ્છરીને દિવસે સર્વ જીવોની સાથે ખમત ખામણાં કરીને વૈર અને કલેશને વોસરાવવો.એટલું જ નહિં, પરન્તુ જે કોઇ જૈન સંવચ્છરીમાં વૈર વિરોધને ખમાવ્યા પછી તે દ્વેષ વિરોધને જો પાછો મ્હોડેથી બોલે તો તેને શાસન ધુરંધરોએ ચેતવી દેવો કે હે મહાનુભાવ ! સંવચ્છરીમાં ખમેલ ખમાવેલ ક્લેશને તું બોલે છે તે તને કોઇપણ પ્રકારે યોગ્ય નથી. આવું શાસન ધુરંધરોએ ફરમાવ્યા છતાં જો તે વૈરવિરોધને બોલવું બંધ ન કરે તો શાસ્ત્રકાર સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે એ ખમેલ ખમાવેલ વૈરવિરોધને બોલનારાને શ્રી સંઘમાંથી દૂર કરી દેવો. આ વસ્તુ સમજનાર મનુષ્ય શ્રી જૈનશાસનના વૈરવિરોધને શમાવવા ઉપર કેટલું બધું લક્ષ્ય રહેલું છે. તે સ્હેજે સમજી શકશે. વળી શ્રી જૈનશાસનમાં ખમવા અને ખમાવવામાં પ્રથમ ચારિત્રમાં સ્થિત થયેલો રત્નાધિક એટલે મોટો ગણાય છે તે અને પાછળથી ચારિત્રમાં સ્થિત થનારો અવમરાત્નિક એટલે નાનો ગણાય છે. તે, એ બન્નેમાં રત્નાધિકનો હંમેશાં અવમરાત્નિકે વિનય કરવો જ જોઈએ અને એ મોક્ષાર્થી જીવનું આવશ્યક કર્ત્તવ્ય છે અને તેથી પ્રતિદિન વંદન ખામણાઆદિ અવમરાત્નિક રત્નાધિકની આગળ કરે છે, છતાં આ સાંવત્સરિક ખમત ખામણાંને માટે તો એટલા સુધી શાસ્ત્રકારો ફરમાન કરે છે કે નાનાએ મોટાની પાસે અપરાધની માફી માગવી, એટલું જ નહિં, પરંતુ મોટાએ પણ નાનામાં નાના શિષ્યની પાસે માફી માગવી જોઈએ. શાસ્ત્રકારો તેના દૃષ્ટાન્તોમાં પણ જણાવે છે કે શ્રી ચન્દનબાલાની ચેલી મૃગાવતીએ પોતાનો અપરાધ ખમાવતાં કેવલજ્ઞાન મેળવ્યું. પરન્તું શ્રી ચંદન-

(અનુસંધાન પા. ૫૪૪)

પર્યુષણાપર્વ અને શ્રાવકવર્ગ (ગતાંકથી ચાલુ)

ભાવદયાનું કારણ દ્રવ્યદયા છે.

આજ કારણથી વિજયસેન આચાર્યના વચનથી પ્રતિબોધ પામેલા અંગારમર્દકના શિષ્યોએ અંગારમર્દક આચાર્યને છોડી દીધા. પણ તેમને ગૃહસ્થ બનાવ્યા નહિં. અપ્રધાન દયારૂપી દ્રવ્યદયાને અંગે વિચાર કર્યા પછી ભૂત અને ભવિષ્યના કારણરૂપ દ્રવ્યદયાને અંગે વિચાર કરતાં સુજ્ઞપુરુષોએ સમજવાનું છે કે ભાવદયાની પરિણતિને લાવનારી આ દ્રવ્ય દયા બને છે અને આજ કારણથી સમ્યક્ત્વના કારણોને જણાવતાં શાસ્ત્રકારો અનુકંપાને 'अणुकंपाऽकामनिज्जर' ઈત્યાદિક કહેતાં પ્રથમ સ્થાન આપે છે. વાંદરા સરખા તિર્યંચના ભવમાં ગયેલાને પણ દ્રવ્યથકી કરેલી દયા સંસ્કારદ્વારાએ સમ્યક્ત્વરૂપ કાર્ય કરનારી થાય છે અને તેથી જ મહાપુરૂષોની અનુકંપા દ્વારાએ જ વાંદરાને પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ એ હકીકત આવશ્યકસૂત્રને વાંચનારાઓથી કે સાંભળનારાઓથી અજાણી નથી. જેવી રીતે દ્રવ્યદયા સમ્યક્ત્વાદિક ભાવદયાનું કારણ બને છે તેવી જ રીતે જેના આત્મામાં ભાવદયાની પરિણિત થઈ હોય તેને દ્રવ્યદયાની પ્રાપ્તિ જરૂર હોય જ છે અને આજ કારણથી સમ્યક્ત્વના લક્ષણમાં સ્થાન સ્થાન પર અનુકંપાને લેવામાં આવેલી છે, તેવી જ રીતે ચારિત્ર મોહનીયના ક્ષયોપશમની પ્રાપ્તિ પછી જરૂર ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને ચરિત્રમોહનીયનો સર્વથા ક્ષય થયા પછી કેવલજ્ઞાનને પ્રાપ્ત કરી ગયા હોય અને જેને મોક્ષ અને ભવમાં કંઈ પણ ફરક વિચારવાનો નથી એવા મહાપુરૂષો પણ દ્રવ્ય ચારિત્ર કે જે દ્રવ્યદયામય જ છે તેનો અંગીકાર કરે છે. આ વાત જ્યારે સૂક્ષ્મદ્રષ્ટિથી વિચારવામાં આવશે ત્યારે માલુમ પડશે કે સ્થાનાંગસૂત્રની અંદર અહિંસકપણું એ કેવલજ્ઞાનીપણાનું ચિન્હ કેમ ગણ્યું છે. અર્થાત્ ક્ષીણમોહ થઈને કેવલજ્ઞાન પામ્યા પછી પણ કોઈપણ મહાપુરૂષ દ્રવ્યચારિત્ર એટલે દ્રવ્યદયામાં આવ્યા સિવાય રહેતો જ નથી. જો કે 'सिज्झन्ति चरणरहिआ' એમ કહીને કેવલ સમ્યક્ત્વ અને જ્ઞાનમાત્રથી મોક્ષ માનનારા લોકો મોક્ષના મુખ્ય સાધનભૂત ચારિત્રથી ભદ્રિકજનોને પરાઙમુખ રાખવા ચારિત્રરહિત મોક્ષે જાય છે એમ જણાવે છે. પણ યથાસ્થિત રીતિએ તપાસ કરીએ તો જેઓને દ્રવ્યચારિત્ર લેવાનો અંતર્મુહૂર્તથી વધારે વખત હોય છે તેઓ તો ચારિત્ર સિવાય મોક્ષે જતાં જ નથી, પરંતુ જેઓને ત્યાગ અને દ્રવ્યદયાના વિચારના પરિણામે કેવલજ્ઞાન થઈ ગયું છે, અને તે જીવોનું આયુષ્ય બે ઘડીથી ઓછું હોય છે તો તેઓ દ્રવ્યચારિત્ર માત્ર ન લઈ શકે. તેવાની અપેક્ષાએ દ્રવ્યચારિત્ર લીધા વિના મોક્ષ જવાનું કથંચિત્ કહી શકાય. પરંતુ તેટલા માત્રથી ચારિત્રનું મોક્ષહેતુકપણું જતું નથી. કોઈક મનુષ્ય હાથથી ચક્ર ફેરવે અને દંડનો ઉપયોગ ન કરે તેટલા માત્રથી દંડની ઘટપ્રત્યેની કારણતા ચાલી જતી નથી. વળી એ વાત તો અવશ્ય ધ્યાનમાં રાખવાની છે કે આરંભમય એવું ગૃહસ્થપણું સારૂં છે એવી ધારણા જેને હોય, અગર પ્રાણાતિપાતવિરમણ

આદિમયસાધુપણું બિનજરૂરી છે એવી ધારણા જેને હોય એવાને તો સમ્યક્ત્વ પણ હોતું નથી, તો પછી કેવલજ્ઞાન પામવાની અને સિદ્ધિ થવાની તો વાત જ ક્યાં રહી? વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે દ્રવ્યચારિત્ર વગર આયુષ્યના ટુંકાપણાથી મોક્ષે જનારાઓના દૃષ્ટાન્તને લેનારા જીવોને માટે શાસ્ત્રકારોએ ઉન્માર્ગદેશકપણું અને માર્ગનાશકપણું જ જણાવેલું છે. આ બધી હકીકત વિચારનારો મનુષ્ય જોઈ શકશે કે મોક્ષપ્રાપ્તિને માટે દ્રવ્ય ચારિત્ર લેવું તે અત્યાવશ્યક જ છે અને તેથી જ ભરત મહારાજા સરખા મહાપુરુષોએ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, છતાં બાહ્યપ્રવૃત્તિરૂપ દ્રવ્ય ચારિત્ર અંગીકાર કરેલું છે, આ ઉપરથી સ્પષ્ટ માલમ પડશે કે જ્યારે કેવલિભગવાનને દ્રવ્યચારિત્રની જરૂર છે તો પછી ઈતરજીવોને તેની આવશ્યકતા તો એક અંશે પણ ઓછી હોય. તેમ માની કે કહી શકાય જ નહિ. આ બધા વિવેચનથી એટલું સિદ્ધ કરવા માંગીએ છીએ કે જૈનધર્મને માનનારો મનુષ્ય દયા આદિમાં ઓતપ્રોત થવો જ જોઈએ.

દ્રવ્યદયાના પ્રકાર

ઉપર જણાવેલી દ્રવ્યદયાના બે પ્રકાર છે એક અનુકંપા અને બીજી હિંસાની વિરતિ. કેટલાકો અન્ય જીવોને બચાવવારૂપ અનુકંપાને નહિં માનીને હિંસાદિની વિરતિને જ અનુકંપારૂપે ગણે છે. તેઓ જણાવે છે કે અવિરતિજીવોનું જીવન કે મરણ એકકે ઈચ્છવાલાયક નથી. તેમ સાધ્ય પણ નથી. કારણ કે જો અવિરતિજીવોનું જીવન ઈચ્છવાલાયક ગણીએ તો **'सेअं ते मरणं भवे'** એટલે તારું મોત થાય તો સારું છે. એવું સૈદ્ધાન્તિક વાક્ય રાજીમતિદ્વારાએ કહેવાયેલું હોય નહિ. વળી શ્રીનિશીથસૂત્રમાં પશુજાતિ કે પંખી જાતિને બન્ધનમાંથી છોડાવવાનું જે પ્રાયશ્ચિત્ત જણાવવામાં આવ્યું છે તે પણ અવિરતિ જીવનું જીવન ઈચ્છયું હોત તો ઘટત નહિ.

सेअं ते मरणની શ્રેયસ્કરતા શાથી ?

આવી રીતે દ્રવ્યદયાના દુશ્મનો તરફથી કથન થાય છે. તેમાં પ્રથમ જે જણાવ્યું કે અવિરતિજીવોનું જીવન ઈચ્છવા જેવું હોત તો **सेअं ते मरणं भवे** એમ ન બોલત, તે બાબતમાં વિચક્ષણપુરૂષો ઊંડો વિચાર કરે તો સ્પષ્ટ સમજી શકશે કે એ વાકય ઉપરથી જ અવિરતિઓના જીવનને ઈચ્છવાનું સિદ્ધ થાય છે. કારણ કે અવિરતિઓનું મરણ પણ સર્વથા અનિષ્ટ જ હોત તો **सेअं ते मरणं भवे** એવું કહેવાની જરૂર જ રહેત નહિ. કેમકે અહિંયાં મરણની શ્રેયસ્કરતા મરણની અપેક્ષાએ નથી, પણ વમેલા ભોગને ગ્રહણ કરવા રૂપ પાનની ઈચ્છાને અંગે મરણ શ્રેયસ્કર ગણવામાં આવ્યું છે.આ જગા પર જો સર્વ જીવોના જીવનની સર્વથા ઈચ્છા ન રાખવાનું હોત કે મરણની પણ અનિષ્ટતા ન રાખવાની હોત તો પ્રતિજ્ઞા નહિં કરનારા માત્રને અંગે મરણની શ્રેયસ્કરતા થઈ જાત. પણ પ્રતિજ્ઞાના લોપને અંગે મરણની શ્રેયસ્કરતા જણાવાથી જેમ પ્રતિજ્ઞાવાળાના મરણની અશ્રેયસ્કરતા છે. તેવી જ રીતે મરણમાત્રની પણ અશ્રેયસ્કરતા છે. વળી નિશીથસૂત્રમાં જે બન્ધનથી છોડવાનું પ્રાયશ્ચિત્ત જણાવ્યુ છે તેમાં **कालुणवडिआए** એ વિશેષણ

રાખેલું હોવાથી સ્પષ્ટ થાય છે કે પ્રસંગસર દયાની બુદ્ધિથી પશુપંખી આદિકને છોડવવામાં પ્રાયશ્ચિત્ત નથી. ધ્યાન રાખવું કે 'कालुण' શબ્દ કાકલુદીવાળી દશાને સૂચવનાર છે અને તેથી જ વિપાકસૂત્રમાં જાત્યન્ધની આજીવિકા લોકોની કાકલુદીપૂર્વક થતી જણાવતાં 'कालुण' એ શબ્દ વાપરેલો છે. વળી શ્રનિશીથસૂત્ર મુખ્યતાએ ઉત્સર્ગમાર્ગને મૂલસૂત્રથી પ્રતિપાદન કરનાર છે. એ વાત દયાળુઓના ધ્યાન બહાર ગયેલી હોતી નથી.

દયાપ્રધાન ધર્મીએ :-

દયાના દુશ્મનોથી સાવચેત થવાની આવશ્યકતા.

જીવોના જીવન અને મરણો કેવલ જ કર્મહેતુક હોય છે એમ નહિ,કેમકે જો એમ હોત તો શ્રીસ્થાનાંગઆદિ સૂત્રોની અંદર "अज्झवसाण-निमित्ते" ઈત્યાદિક આયુષ્યના ઉપઘાતો જણાવવામાં આવત જ નહિ. પરંતુ સૂત્રકારોએ આયુષ્યના જે ઉપઘાત જણાવેલા છે તે ઉપરથી નક્કી થાય છે કે જલ્દીમાં કર્મ વેદાઈને ઉપઘાતથી પણ વ્હેલું મરણ થાય છે, અને તેવા ઉપઘાતો વર્જવાથી આયુષ્યનો જલ્દી અંત નહિ આવતાં ચિરંજીવીપણું થાય છે. આજકારણથી હિંસાની પ્રવૃત્તિ કરનારાઓને હિંસાનું પાપ લાગે છે. જો કોઈપણ જીવનું મરણ જો કોઈપણ જીવથી નિપજતું જ નથી, એવું માનવામાં આવે તો પછી જગતમાં હિંસા જેવી ચીજ જ મનાય નહિ અને જ્યારે કોઈપણ જીવનું મરણ કોઈના પણ પ્રયત્નથી થતું નથી અને તેથી કોઈપણ જીવની હિંસા થતી નથી, તો પછી હિંસારૂપી પાપસ્થાનકની જગતમાં હયાતિ જ નથી, એમ માનવું પડે, અને જ્યારે કોઈપણ જીવ કોઈને પણ મારતો નથી અને તેથી જગતમાં હિંસારૂપી પાપસ્થાનક છે જ નહિ. તો પછી પ્રાણાતિપાતથી વિરમવારૂપી મહાવ્રત પણ દયાના દુશ્મનોના મતમાં ટકી શકે જ નહિ. જે લોકો અમરણ પણ ઈચ્છવા લાયક નથી એમ માનવાવાળા છે અર્થાત્ તેઓ એમ કહે છે કે અવિરતિ જીવનું જીવન કે મરણ એકકે ઈચ્છવું નહિં, પણ માત્ર તેનું તરવું જ ઈચ્છવું, તે લોકોએ હિંસા નામનું પાપસ્થાનક નહિં રાખતા અતારણ નામનું પાપસ્થાનક રાખવું, અને પ્રાણાતિપાત વિરમણ એટલે બીજા જીવોના પ્રાણોના નાશથી પાછા હઠવારૂપને મહાવ્રત નહિ કહેવુ, પરંતુ અતારણવિમરણરૂપ મહાવ્રત કહેવું જોઈએ. પણ કોઈપણ શાસ્ત્રકારે અતારણ મહાવ્રતરૂપ કહેલું જ નથી. એથી ચોક્ખું થાય છે કે જીવોના મરણના કાર્યથી સાધુઓએ પાછા હઠવું જ જોઈએ અને જ્યારે મહાવ્રતને અંગે જીવોના પ્રાણોના વધથી પાછું હઠવાનું જ છે. તો પછી પ્રાણોના વધ કરનારાઓને પ્રાણ વધ કરતાં બંધ કરવા એ મહાવ્રતધારીની જરૂરી ફરજ છે. ધ્યાન રાખવું જોઈએ કે મહાવ્રતધારી પાસે મહાવ્રતના સાધન સિવાયની બીજી કંઈ પણ ચીજ આપવા લેવાની નથી. તેથી તે મહાવ્રતવાળાઓ પણ ઉપદેશ કે જે સાધુઓની મોટામાં મોટી મીલ્કત છે તેનો ઉપયોગ કરીને પ્રાણીઓને મારનારા મિથ્યાત્વી કે જેઓ

તરવા અને તારવામાં સમજેલા નથી તેઓને પણ બચાવે છે અને તે જો બચાવવું મહાવ્રતને અનુકૂળ હોય તો પછી ગૃહસ્થો કે જેઓની પાસે પ્રાણીઓને બચાવવાનાં અનેક સાધનો છે તેઓ તે દ્વારાએ તેનો ઉપયોગ કરી બીજા પ્રાણીને બચાવે એ જરૂરી કહેવાય એમાં નવાઈ નથી. કેટલાક દયાના દુશ્મનોનું એવું કહેવું થાય છે કે બચાવેલો પ્રાણી જીવીને જીવનપર્યન્ત જે હિંસાદિક પાપસ્થાનકો કરે તેની અનુમોદનાની ક્રિયા તથા કરાવણ ક્રિયા તે બચાવનારને લાગે. એ કહેવાવાળાએ પ્રથમ તો ધ્યાન રાખવું જોઈએ કે પ્રાણીઓને બચાવનાર મનુષ્ય તે બચેલો પ્રાણી પાપ સેવન કરે એ બુદ્ધિથી બચાવતો જ નથી, માટે તે બચેલા પ્રાણીએ સેવેલા પાપની અનુમોદના કે કરાવણની ક્રિયા લાગતી જ નથી. જો એમ ન માનવામાં આવે તો પ્રમત્ત અને અપ્રમત્ત સાધુઓ પણ દરેક સમયે સાત આઠ કર્મ બાંધીજ રહેલા છે, તો તેવાઓને દાન દેનારો મનુષ્ય અને તે દાન દ્વારાએ કે અન્ય રીતે તેમના શરીરને ટકાવી જીવાડવાવાળો મનુષ્ય ખરેખર સાત આઠ કર્મબંધનનો અનુમોદનાર જ થાય. એટલું જ નહિ, પરંતુ સૂત્રકારો પ્રમત્તદશાની સ્થિતિ અંતઃકોડપૂર્વની જણાવે છે, અને પ્રમત્ત કષાયાદિકના ઉદયને અંગે જ છે. તો તેથી છદ્મસ્થસાધુઓને દાન દેનારો મનુષ્ય જે કષાયરૂપી ભાવહિંસા છે તેની અનુમોદના અને કરાવણની ક્રિયાવાળો જ થશે એટલે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો એમ કહી શકાય કે દયાના દુશ્મનોના મતે અવિરતિ જીવને બચાવવાવાળો તો કેવલ અવિરતિના જ પાપોની અનુમોદના અને કરાવણાની ક્રિયાવાળો થાય, પણ તે દયાના દુશ્મનોના સાધુઓને દાન દેવાવાળો તો વ્રતધારિઓને ભાવહિંસાદિકમાં પ્રવર્ત્તાવવાળો થાય. અને ઉત્તમજીવને એવા અધમમાર્ગ જે કષાયાદિક ભાવહિંસારૂપ છે તેમાં પ્રવર્ત્તાવવાળો અને સ્થિર કરવાવાળો થવાથી અનંતગુણો દૂષિત થાય એમ માનવું જ પડે. વળી તે દયાના દુશ્મનોનાં સાધુ કે સાધ્વીઓને કોઈક ભદ્રિકે આહારપાણી વહોરાવ્યાં અને તે આહારપાણીથી તે સાધુસાધ્વીને વિકૃતદશા થઈ અને યાવત્ તેઓ પરસ્પર સમાગમ કરવાવાળા થયા, અને તેને પ્રતાપે જ બંને દુર્લભબોધિ થયાં. તો તે બધું પાપ તે દાન દેનારને લાગવું જ જોઈએ. વળી દેવતાપણામાં અવિરતિપણું છે એ ચોક્કસ છે, અને તે દીર્ઘકાલનું અવિરતિપણાનું જીવન સંયમથી જીવને પ્રાપ્ત થાય છે, કેમકે શાસ્ત્રકારો કહે છે કે 'पुव्विं तव संजमेणं भंते देवा देवलोएसु उववज्जंति' એટલે પહેલાના તપ અને સંજમે કરીને દેવતાઓ દેવલોકમાં ઉપજે છે. એટલે કહેવું જોઈએ કે જો તે જીવ અવિરતિ અને ભદ્રકપણે રહ્યો હોત તો તેવા દ્રવ્યસંજમને અંગે પણ પ્રાપ્ત થતી દેવતાની દીર્ઘજીંદગીને અને તે જીંદગીમાં લાંબા કાલ સુધી સેવાતા અવિરિતિપણાને પામત નહિ. છતાં જે અવિરતિજીવને ઉપદેશ કરીને સાધુપણું દેવામાં આવ્યું તેને લીધે તે સંજમવાળો જીવ તેત્રીસ સાગરોપમ સુધીના અવિરતિના કચરામાં રોલાવવાનો છે. તેથી તે તેત્રીસસાગરોપમની

અવિરતિના પાપની કરાવણા અને અનુમોદના સાધુપણું દેવાવાળા ગુરુમહારાજને જ લાગવી જોઈએ.

દયાના દુશ્મનોને બે બોલ

તીર્થંકર ભગવાનોએ જેઓને સાધુપણાં આપેલાં છે તેઓમાંના સેંકડો જીવો અનુત્તર વિમાનની તેત્રીસ સાગરોપમની અવિરતિદશામાં ગયેલા છે. જો તેઓને સાધુપણાં ન આપ્યાં હોત, સમ્યક્ત્વ ન આપ્યાં હોત, સમ્યક્ત્વને વિરતિનો ઉપદેશ ન આપ્યો હોત અને માત્ર ભદ્રકભાવનો ઉપદેશ આપેલો હોત તો તે સેંકડો જીવો તેત્રીસ સાગરોપમ જેટલા કાળના અવિરતિ તો થાત જ નહિ. એટલે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો દયાના દુશ્મનોના મતની અપેક્ષાએ સમ્યક્ત્વ દેશવિરતિ કે સર્વવિરતિનો ઉપદેશ દેવો તે દીર્ઘકાલની અવિરતિની ક્રિયાની અનુમોદના અને કરાવણા જ થાય. આ બધું સાંભળીને દયાના દુશ્મનો તરફથી એકજ બચાવ રહે છે કે મોક્ષના સાધનની બુદ્ધિએ સાધુના શરીરનું ધારણ કરવા દાન આપવામાં આવેલું છે. જ્ઞાન, ધ્યાન અને સંયમની વૃદ્ધિની ધારણાએ જ દાન આપવામાં આવેલું છે. કર્મ ક્ષય કરીને મોક્ષ મેળવે એ ધારણાએ જ સમ્યક્ત્વ અણુવ્રતો અને મહાવ્રતો આપવામાં આવેલાં છે. તેથી તે આહારાદિકના દાનમાં અને ઉપદેશ આદિના દાનમાં અંશે પણ દોષ નથી, પરંતુ અગણિત ગુણ જ હોય છે. તો પછી અહિં અન્ય અવિરતિજીવને બચાવવાળો મનુષ્ય પણ તે દુઃખી થયેલા અગર મરણ પામતા જીવના દુઃખને અને મરણને દૂર કરીને બચાવવું એટલી જ માત્ર બુદ્ધિવાળો છે, પણ તે બચેલો જીવ પાપ કરે તેવી બુદ્ધિ એક અંશે પણ તે દયાળું ને નથી. તો તેવા દયાળુ જીવોને હિંસાની અનુમોદના અને કરાવણાની ક્રિયા કેવી રીતે લાગે ? એ સમજુ મનુષ્યોના મગજમાં તો ઉતરી શકે તેમજ નથી. વળી તે જ દયાના દુશ્મનોને પૂછીએ કે તમારા સાધુઓના પાણીમાં કે આહારમાં કીડીઓ વગેર ચઢી જાય અગર શરીરમાં જુઓ અને કપડામાં માંકણ વિગેરે થાય તો તે જીવને એકાન્તમાં ઘાત ન થાય તેવી રીતે મૂકે કે નહિં ?

કદાચ એમ કહો કે શ્રીશય્યભવસૂરજી દશવૈકાલિકસૂત્રમાં 'एगंतमवणेज्जा नो णं संधायमावज्जेज्जा' એટલે તે ઉપકરણઆદિમાં ઉત્પન્ન થયેલા જીવોને એકાન્તમાં એટલે જે જગા પર તે સાધુથી અગર બીજાથી તે જીવોનો ઘાત ન થાય તેવી જગા પર તે જીવોને મેલવા, કોઈપણ પ્રકારે તે જીવો બીજા દ્વારાએ પણ મરી જાય તેવું કરવું નહિ. આ વાક્ય છે તેથી અમે તે જીવોને ઉતારીને એકાન્તમાં મેલીએ. તો આ જગા પર સ્વાભાવિક એ પ્રશ્ન થાય છે કે તમોએ તે જીવો કે જેઓ વિકલેન્દ્રિય હોવાથી આખા ભવમાં તરવાનાં સાધનો મેળવવાના જ નથી, પણ કેવલ અવિરતિપણે જ જીવન જીવવાના છે, તેઓને તમોએ પોતે બચાવ્યા, એટલે તેમના મરણને નિવાર્યું તથા બીજા જીવોથી પણ તે મરે નહિ એ ધારીને બીજા જીવોને પણ તે જીવોને બચાવવાવાળા બનાવ્યા, તો તે દયાના દુશ્મન એવા તમારા મતે

તે સાધુને કેટલું બધુ પાપ લાગ્યું ? અને હિંસાદિકની વિરતિ ત્રિવિધ ત્રિવિધ કરેલી હોવાથી તે જીવોના જીવના હિંસાદિક પાપોની અનુમોદના અને કરાવણ લાગવાથી મહાવ્રતોનો સર્વથા ભંગ થઈ ગયો. અને તે સર્વથા ભંગ કરવાનો ઉપદેશ શાસ્ત્રાકારોએ જ આપ્યો ગણાય. કદાચ કહેવામાં આવે કે અમને કે અન્યજીવને તે જીવની હિંસાથી કર્મ લાગત માટે તે કર્મથી બચવા માટે અમે એ જીવોને એકાન્તમાં મેલ્યા. આવા જવાબમાં પણ સ્પષ્ટ થાય છે કે બચાવવાથી જ કર્મના બંધનોથી બચી શકાયું, પરંતુ બચાવવાથી અંશે પણ કર્મનો બંધ તો થઈ શક્યો નહિ હવે જ્યારે મહાવ્રત ધારકો પણ અસંયત અને અવિરત એવા જીવોને બચાવે તેમાં જો અંશે પણ કર્મનો બંધ નથી તો પછી ગૃહસ્થ જીવો બીજા જીવોને બચાવે તેમાં તો કર્મનો બંધ હોય જ શાનો ? તે દયાના દુશ્મનોના સાધુઓને પૂછવામાં આવે કે તમારા પાણીએ ભરેલા પાત્રમાં કોઈક પંચેન્દ્રિય ઉંદરડી, ખીસકોલી કે ઘીરોલી જેવો સંજ્ઞિપંચેન્દ્રિય જીવ આવી પડે તો તમે તેને પાત્રમાંથી કાઢો કે નહિં ?, જો કાઢવામાં નહિં આવે તો પંચેન્દ્રિયની હિંસાનું પાપ ચોખ્ખું તમોને લાગશે અને જો કાઢવામાં આવશે તો જીવેલાના આચરેલાં સ્પષ્ટ અઢાર પાપસ્થાનકો લાગશે. કેમકે તે જીવો સંજ્ઞિપંચેન્દ્રિયો છે અને તેથી તે અઢારે પાપસ્થાનકો સેવનારા ગણાય અને તે બધાની કરાવણા અને અનુમોદના તમોને લાગવી જોઈએ. જો એમ કહેવામાં આવે કે અમારી તે બચેલા જીવો પાપસ્થાનકો સેવે એવી બુદ્ધિ નથી, માટે અમને પાપ નહિ લાગે, તો પછી જે જીવો દયાબુદ્ધિથી બીજાઓને બચાવે છે તેઓને પણ બચેલા જીવો અઢારે પાપસ્થાનકો કરે એવી બુદ્ધિ ન હોવાથી અંશે પણ પાપ નહિ લાગે, એજ ન્યાયનો રસ્તો છે. કેટલાક કુતર્કવાળાઓ સાધુઓના આહાર વસ્ત્રાદિકને અંગે જીવ બચાવવાના પ્રશ્નો કરે છે, પણ તેઓએ સમજવું જોઈએ કે સાધુઓએ સર્વ વસ્તુ મહાવ્રતને અંગે જ વાપરવા માટે ધર્મલાભ દઈને લીધેલી હોય છે, અને દ્રવ્યથકી બચાવવામાં મહાવ્રતને સીધો ઉપકાર જ છે નહિ. આ વાત જો સીધી રીતે સમજવામાં ન આવે તો જીનકલ્પી કે વિતરાગસાધુ કંઈપણ પ્રયત્ન કરે નહિં તો તે ઉપરથી શું દયાના દુશ્મનોનો આખો સંઘ સાધુસાધ્વીની રક્ષા માટે પણ કંઈપણ પ્રયત્ન કરશે નહિં ? અને જો કરશે તો કહેવું જોઈએ કે જેમ સ્થવિરકલ્પી સાધુઓ તથા શ્રાવકોનો ધર્મ સાધુસાધ્વીઓને અંગે વિનય વૈયાવચ્ચ આદિ કરવાનો અને બચાવવાનો છે. તેવી જ રીતે બાહ્યસાધનો આપવા દ્વારાએ મહાવ્રતધારીનો ધર્મ દ્રવ્યથકી જીવોને બચાવવાનો ન હોય તો પણ શ્રાવક શ્રાવિકાઓનો તો જરૂર તેવો ધર્મ હોય જ અને તેથી દુઃખ અને મરણથી બચાવવાની બુદ્ધિએ કરાતી અનુકંપા દરેક સમ્યક્ત્વવાળાઓ અને ધર્મીષ્ઠ આત્માઓ માટે લાયક જ છે.

અભયદાન પ્રધાનતા

શ્રી સૂયગડાંગસૂત્રમાં **दाणाणं सिट्ठं अभयं पहाणं** એટલે સર્વદાનોમાં અભયદાન જ શ્રેષ્ઠ છે, આમ કહીને સ્પષ્ટપણે મરતા જીવોને

અભયદાન દેવાનું શાસ્ત્રકારોએ ઉત્તમમાં ઉત્તમ માનેલું છે. ધ્યાન રાખવું કે હિંસાનાં પચ્ચખ્ખાણ જે અહિંસા છે તે દાન વસ્તુ નથી, પરંતુ તે જીવોને મરણનો ભય જે આવી લાગેલો હોય તેના બચાવવા માટે જે કંઈ દેવું પડે અગર જે બચાવ કરાય તેને જ અભયદાન કહી શકાય. અને તેથી જ અટ્ટાઈના વ્યાખ્યાનમાં તેમજ તે સૂત્રની ખીલવટમાં ચોરને જ અભયદાન આપ્યાનો દાખલો દેવામાં આવે છે. એટલે જેઓ શાસ્ત્રોને અનુસરનારા હોય તેઓની શ્રદ્ધા તો જીવોને બચાવવારૂપ અભયદાનમાં ઉત્તમત્તા છે એવી હોવી જોઈએ.

સમ્યગ્દૃષ્ટિજીવે પુણ્યબંધના કારણ આદરવાં કે નહિ ?

ભગવાન મહાવીર મહારાજા **જ્ઞાતાસૂત્રના** પહેલા અધ્યયનની અંદર શ્રીમેઘકુમારજીના પહેલા ભવોને જણાવતા સ્પષ્ટપણે જણાવે છે કે તે **મેઘકુમારના** જીવે હાથીના ભવમાં સસલાને બચાવવારૂપ અનુકંપા કરી હતી, તે અનુકંપાના પ્રતાપે સ્પષ્ટશબ્દોમાં કહે છે કે તે હાથીના જીવે મનુષ્યભવનું આયુષ્ય બાંધ્યું, એટલું જ નહિં પણ સંસારને ઘટાડી દીધો. આ અનુકંપા જે મનુષ્ય આયુષ્યને બંધાવનાર અને સંસારને ઘટાડનાર ગણી છે તે તો તે હાથીના જીવને સમ્યક્ત્વ વગરનો હોઈને જ એકલી અનુકંપા ગણીને જણાવેલ છે. એટલે તે હાથીએ સંસારને જે પાતળો કર્યો તેમાં કેવલ અનુકંપાને જ કારણ તરીકે માનવી પડશે. કેમકે તે હાથીને સમ્યક્ત્વ પણ નથી અને દેશવિરતિ પણ નથી. માટે સમ્યક્ત્વના પ્રભાવે કે દેશવિરતિના પ્રભાવે સંસારને પાતળો કર્યો છે તેમ તો કહી શકાય તેમ નથી જ. પરંતુ મિથ્યાત્વી દશા છતાં પણ કેવલ સસલાને બચાવવારૂપ જ અનુકંપાને લીધે મનુષ્ય આયુષ્યરૂપી પુણ્યપ્રકૃતિ બંધાઈ અને સંસાર પણ પાતળો થયો. આ ઉપરથી જેઓ એમ પણ કહેવા માગતા હોય કે સમ્યગ્દૃષ્ટિ જીવને પુણ્યબંધનનાં કારણો આદરવાનાં હોય જ નહિ. પણ તેને તો સંવર અને નિર્જરાનાં કારણો જ આદરવાનાં હોય. આવું કહેનારાઓએ પ્રથમ તો અહિં ધ્યાન રાખવું કે સસલાની અનુકંપાથી તે મિથ્યાદૃષ્ટિ હાથીના જીવને એકલું મનુષ્યના આયુષ્યરૂપી પુણ્ય બંધાયું છે એમ નહિ, પરંતુ સંસારનું પાતળાપણું કરનારી નિર્જરા પણ સજ્જડ થયેલી જ છે. અને જો પુણ્યપ્રકૃતિનાં કારણો ન જ આદરવાં હોય તો સમ્યક્ત્વ દેશવિરતિ અને સર્વવિરતિ પણ પુણ્યપ્રકૃતિને બંધાવનાર જ છે. માટે તે પણ ન આદરવાં જોઈએ. કદાચ કહેવામાં આવે કે સમ્યક્ત્વ દેશવિરતિ કે સર્વવિરતિ પુણ્યબંધનથી ઈચ્છાએ આદરવામાં આવતાં નથી, પરંતુ સંવર અને નિર્જરાની ધારણાએ આદરવામાં આવે છે, ત્યાં પુણ્ય પ્રકૃતિનો જે બંધ થાય છે તે તો પ્રાસંગિક છે. તો તેવી રીતે અહિં પણ સમ્યક્ત્વવાળો જીવ હોય અને તે સંસારને પાતળો કરવાની બુદ્ધિએ અનુકંપાને આદરે અને તેમાં પુણ્યબંધ થઈ જાય તેમાં આશ્ચર્ય શું ? જેવી રીતે અહિંયા અનુકંપાને લીધે સંસારનું પાતળાપણું મિથ્યાદૃષ્ટિને અંગે

જણાવેલું છે. તેવી જ રીતે પુષ્પમાલાની ટીકામાં મલધારી આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિજીએ પણ સમ્યગ્દૃષ્ટિઓને અનુકંપાથી નિર્જરાનો લાભ થાય એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવેલું છે. આ જગા પર કેટલાક દયાના દુશ્મનો એમ કહે છે કે અનુકંપા બે પ્રકારની છે. એક સાવદ્યઅનુકંપા અને બીજી નિરવદ્યઅનુકંપા.

દયાથી ખસેલાની અનુકંપા ?

એ બે પ્રકારની અનુકંપામાં મેઘકુમારનો જીવ જે હાથી તેણે તો નિરવદ્ય અનુકંપા કરેલી છે અને એવી અનુકંપા અમે પણ માનીશું. આવું કહેવાવાળાએ પ્રથમ તો એ વિચારવું જોઈએ કે પ્રથમ તો તે હાથીના જીવનું મરણ જ તે અનુકંપાને લીધે જ થયેલું છે. એટલે સસલાની અનુકંપાને લીધે જ હાથીનું મરણ નિપજ્યું છે. તે શું નિરવદ્યપણું કહેવાય ખરું ? બીજી બાજુ તે દયાના દુશ્મનોએ પોતાના સમ્પ્રદાયમાં પોતાના પ્રાણોનો નાશ થાય તો પણ બીજા જીવોને બચાવવા એવો ઉપદેશ કે માન્યતા સ્વપ્ને પણ રાખ્યાં છે ખરાં ? કહેવું જ જોઈએ કે શ્રીજ્ઞાતાસૂત્રમાં કહેલા ભગવાનના વચનોને માનનાર આસ્તિકો તો પોતાના પ્રાણને ભોગે પણ અનુકંપાવસ્તુ કરવા લાયક છે એમ માન્યા વિના રહેજ નહિ. વળી જ્ઞાતાસૂત્રના તે અધ્યયનને વાંચનારા, જાણનારા અને માનનારા મનુષ્યો સ્પષ્ટપણે સમજે છે કે તે હાથીએ એક જોજન જેટલા જંગલના વૃક્ષો વેલડીઓ અને ઘાસ સુદ્ધાંને ઉખેડી નાંખ્યાં છે. તે પણ એકજ વખત ઉખેડી નાંખ્યા છે એમ નહિ પરંતુ દરેક વર્ષે ઉખેડતો રહ્યો છે, એટલું જ નહિ, પણ દરેક વર્ષે ત્રણ ત્રણ વખત તે જંગલના વૃક્ષાદિક ઉખેડીને સાફ કરતો રહ્યો છે. આચાર્ય મહારાજ મલધારીય શ્રીહેમચંદ્રસૂરિજી તો એવાં ત્રણ માંડલાં કર્યા એમ જણાવે છે, તે અપેક્ષાએ જ્ઞાતાસૂત્રમાં જાતિવાચક એકવચન મૂક્યું હોય એમ ગણાય. આ હકીકત જણાવવાની મતલબ એટલી કે દરેક વર્ષે ત્રણ ત્રણ વખત આવા મહારંભો કરનારો મિથ્યાદૃષ્ટિ એવો હાથીનો જીવ પણ અનુકંપાના પ્રભાવે જ દુર્ગતિમાં ન જતાં મનુષ્યનું આયુષ્ય બાંધી શકયો. એટલે સ્પષ્ટ શબ્દોમાં કહી શકીએ કે એક સસલાના જીવને બચાવવાનો લાભ એટલો બધો થયો કે જેને લીધે દરેક વર્ષે ત્રણ ત્રણ વખત યોજન સુધીના વૃક્ષાદિકને છેદવાનો ભાર બધો ઉતરી ગયો અને ઉલટો લાભ તરીકે મનુષ્યના આયુષ્યનો બંધ થયો. અને તે સસલાને બચાવારૂપ અનુકંપાથી નિર્જરા એટલી બધી થઈ કે જે નિર્જરાથી સંસાર પાતળો થઈ ગયો. આ સ્થાને કેટલાક દયાના દુશ્મનો એમ પણ કહે છે કે સસલાને બચાવવાથી આ લાભ થયો નથી. પરંતુ સસલાને નહિ મારવાની બુદ્ધિથી આ લાભ થયો છે. જો કે આ વાક્યમાં પણ નહિં મારવાની બુદ્ધિ એ લાભ કરનારી છે એમ તો માનવામાં આવ્યું જ છે. તેથી સ્પષ્ટ શબ્દોમાં તો કબુલ જ થઈ ગયું કે નહિં મારવારૂપે બચાવવામાં તે લાભ જ છે એમ

આ દયાના દુશ્મનોને પણ કબૂલ કરવું પડયું છે. પરંતુ નહિં મારવાની વાત લઈએ તો પહેલા મંડલમાં જે બધા જીવો ભરાઈ ગયા હતા તેમનું મરણ ન થાય એ અપેક્ષાએ તે બીજા મંડલે ગયો, અને બીજા મંડલમાં પણ જીવો ભરાઈ ગયા હતા તેના બચાવને માટે જ ત્રીજા મંડલમાં ગયો હતો, અને ત્રીજા મંડલમાં પણ બીજા જીવોના બચાવને અંગે જ સંકોચાઈને રહ્યો હતો. એક મંડલની વાત કદાચ આગળ કરવામાં આવે તો તેમાં પણ બીજા જીવોના બચાવને માટે અંગોપાંગ સંકોચીને રહ્યો હતો એ વાત તો ચોખ્ખી જ છે. તો સૂત્રમાં તે સર્વ જીવોની અનુકંપા શાસ્ત્રકારોને જણાવવી પડત, પરંતુ તે નહિં જણાવતાં સૂત્રકાર મહારાજ વિગેરે કેવલ સસલાની જ અનુકંપાનો લાભ મનુષ્ય આયુષ્યનો બંધ અને સંસારનું પાતળાપણું કરવામાં જણાવે તે સ્પષ્ટ કરે છે કે જીવોને બચાવવાથી પુણ્ય અને નિર્જરા બંને મળે છે.

અમારીપડહ શા માટે ?

આ બધુ વિચારનારો મનુષ્ય તે હાથીએ કરેલી સસલાની અનુકંપા નિરવદ્યરૂપ હતી કે નહિં મારવારૂપ હતી એમ કદિપણ માની શકે જ નહિ. જ્યારે આવી રીતે એકજીવને પણ બચાવવામાં આટલો બધો લાભ છે તો પર્યુષણસરખા ઉચ્ચમાં ઉચ્ચત્તમ અઠ્ઠાઈપર્વની વખતે સર્વજીવોની હત્યા બચાવવા માટે અમારી પડહો વજાવે અને તે દ્વારાએ અમારિપ્રવર્ત્તન નામનું પર્યુષણાનું પહેલું કાર્ય દરેક શ્રધ્ધાલુ કરે તેમાં આશ્ચર્ય જ શું ?

મહારાજા શ્રેણિક અને અમારિપડહો

શ્રી ઉપાસક દશાંગસૂત્રમાં મહાશતકના અધ્યયનમાં સ્પષ્ટપણે જણાવે છે કે મહારાજા શ્રેણિકની રાજધાની રાજગૃહીમાં પણ અમારીપડહાની પ્રવૃત્તિ હતી અને તેથીજ ત્યાં સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે **अमाघाए घुट्ठे आविहुत्था** અર્થાત્ અમારિપડહાની ઘોષણા થયેલી હતી. આવી રીતે મહારાજા શ્રેણિક કે જેઓ પોતાના આત્માની અપેક્ષાએ વિરતિના અંશને પણ ધારણ કરી શકતા નહોતા, અર્થાત્ અણુવ્રતને નહિ ધારણ કરનારા હોવાથી અવિરતિ હતા, તેઓ પણ અમારીપ્રવર્ત્તનનું કાર્ય તો કરતા જ હતા. જ્યારે શ્રમણ ભગવાન મહાવીર મહારાજના ઉપદેશામૃતને પીવાવાળા શ્રેણિક મહારાજે રાજગૃહી નગરી જેવીમાં પણ અમારી પ્રવર્તન કર્યું તો પછી અન્ય શ્રધ્ધાળુ જીવોએ તે અમારીપ્રવર્ત્તનનું કાર્ય પહેલે નંબરે કરવું જોઈએ એમાં આશ્ચર્ય જ શું ?

ધ્યાન રાખવું કે અમારિપડહો વગડાવવાનો ઉપદેશ કોઈ પણ શૈવ,વૈષ્ણવ કે બૌદ્ધનો હતો પણ નહિ, અને હોય પણ નહિ, પરંતુ તે અમારિપડહો શ્રેણિક મહારાજે જૈનધર્મની દૃષ્ટિએ જ વગડાવ્યો હતો. જો કે ત્યાં જૈનવ્યવહારને અંગે અમારિપડહો વગડાવ્યો એવું ચોખ્ખું વાક્ય નથી. તો પણ મહાશતક શ્રાવક કે જે આઠમ, ચૌદશ, અમાવાસ્યા અને પૂનમને દિવસે અને ઉપલક્ષણથી અન્ય પણ પર્વોમાં પૌષધ કરતો હતો, તે મહાશતકને તે અમારિપડહાની વખતે પૌષધ હતો તેમ સૂત્રકાર ચોખ્ખા શબ્દોમાં જણાવે છે. આ વસ્તુ સમજનારો

મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે પર્યુષણાદિ તહેવારને અંગે જ તે અમારિપડહો હતો. અવિરતિ એવા શ્રેણિક મહારાજે પર્વની ઉત્તમતાને અંગે જ્યારે રાજગૃહી સરખી મોટી નગરીમાં અમારિપડહો વગડાવ્યો તો પછી દરેક વ્રતધારી શ્રાવકોએ પર્યુષણા સરખા મહાપર્વમાં અમારિપડહા માટે ઉદ્યમ કરવા સિવાય રહેવાય જ કેમ ?

ભગવાનવીરની અનુકંપા

વળી શ્રમણ ભગવાન મહાવીર મહારાજે ગોશાલા જેવા અધમાધમ જીવને બચાવવામાં પણ અનુકંપા આગળ કરી તો પછી જગતના અન્ય જીવો કે જેઓ ગોશાલાની પેઠે સાધુઓની હત્યા કરનાર અને તીર્થંકરોને બાળી નાંખવાનો ઉદ્યમ કરનાર જેવા અધમાધમ તો નથી જ. તો તેવા ગોશાલા જેવા ઘાતકીને બચાવવામાં પણ જો અનુકંપાને સ્થાન છે તો પછી ક્યા જીવને બચાવવામાં અનુકંપા નથી એમ માનવું ? માટે પર્યુષણ સરખા પવિત્ર દિવસોમાં ઉત્તમ મધ્યમ કે અધમ સર્વ જીવો માટે શ્રદ્ધાળુજીવો તો અમારિપડહો જરૂર વગડાવે. આ સ્થળે દયાના દુશ્મનો એમ કહે છે કે ભગવાન મહાવીર મહારાજે ગોશાલાને જે બચાવ્યો તે તેઓશ્રીની છદ્મસ્થદશાની વખતે જ છે અને છદ્મસ્થદશામાં તો અનુપયોગે પણ કાર્ય થઈ જાય એની ના પાડી શકાય નહિ. આ કથન સર્વથા જુઠું છે, કારણ કે પ્રથમ તો શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ભવાંતરથી સમ્યક્ત્વ અને ત્રણ જ્ઞાનને લઈને આવેલા છે, અને દીક્ષા લીધા પછી પણ ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું છે, તો તેવા મહાપુરૂષો અનુકંપારૂપી ધર્મ જ્યાં ન હોય ત્યાં અનુકંપારૂપી ધર્મ માને અને મિથ્યાત્વીની દશામાં આવે એવું કોઈપણ કાલે બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિ. એ ઉપરથી સ્પષ્ટ થયું કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજની છદ્મસ્થ અવસ્થામાં થયેલી અનુકંપા પણ ધર્મરૂપજ છે. વળી વિશેષે તો એ વિચારવા જેવું છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાએ ગોશાલાને બચાવવાની કરેલી અનુકંપાની છાપ પોતે કેવલિપણામાં અર્થાત્ કેવલજ્ઞાન પામ્યાને પણ ચૌદ વર્ષ થઈ ગયા પછી શ્રમણ ભગવાન મહાવીર મહારાજ એમ જણાવે છે કે મેં ગોશાલાને અનુકંપાથી બચાવ્યો હતો. આ બધી વાત વિચારનારો મનુષ્ય કોઈ દિવસ પણ એમ નહિ કહી શકે કે શ્રમણ ભગવાન મહાવીરરાજાએ ગોશાલાને બચાવ્યો તે અનુકંપારૂપ ધર્મ નથી. વળી શ્રીઅંતગડદશાંગસૂત્રમાં ક્ષાયિક સમ્યક્ત્વના સ્વામી કૃષ્ણ મહારાજે ઈંટોને ફેરવવાવાળા વૃદ્ધની અનુકંપાથી જે માત્ર પોતે તો એક જ ઈંટ ફેરવી છે. પણ તેમના સૈન્યે બધી ઈંટો ફેરવી દેવાથી વૃદ્ધને મદદ થઈ. તેને પણ ભગવાન નેમનાથજીમહારાજે વૃદ્ધની અનુકંપા તરીકે જણાવી. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ક્ષાયિક સમ્યક્ત્વવાળાઓ ડગલે પગલે અનુકંપા કરતા હતા અને તે ક્રિયા ઉપર ભગવાન નેમનાથજી મહારાજ સરખાની છાપ પડતી. આ ઈંટોનું ફેરવવું નિરવદ્ય અનુકંપામાં છે એવું તો દયાના દુશ્મનોથી પણ બોલી શકાય તેમ નથી, આવી જ રીતે હરિણીગમેષીદેવાદિના પણ અનુકંપામય શાસ્ત્રકારોએ સ્થાને સ્થાને દૃષ્ટાન્તો જણાવેલાં છે. વળી આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી તો પંચાશકની અંદર સ્પષ્ટશબ્દોમાં ફરમાવે છે કે કોઈપણ અષ્ટાન્હિકા કે કલ્યાણની યાત્રા હોય કે

પ્રતિષ્ઠા મહોત્સવાદિ હોય તો તેમાં રાજાઆદિકને સંતોષીને પણ અમારીપડહો વગડાવવો જ જોઈએ. તે જ પંચાશકમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે પ્રથમ તો આચાર્ય મહારાજ આદિ રાજાદિને ઉપદેશ આપી અમારિપડહ બજાવડાવે છતાં મહારાજાદિકનો સંયોગ ન હોય કે રાજાદિક સમજે તેમ ન હોય તો શ્રદ્ધાળુ ઋદ્ધિમાન શ્રાવકોએ રાજાદિકને ભેટણાં આપીને પણ અમારિપડહો વગડાવવોજ જોઈએ. આ ઉપરથી દયાના દુશ્મનોના બ્હેકાવટથી જે કેટલાકો બકે છે કે દ્રવ્ય દ્વારાએ એટલે દ્રવ્ય દઈને અમારિનું પ્રવર્ત્તન કરવું તે યોગ્ય નથી. તેઓ પોતાની બુદ્ધિને સુધારશે કે દ્રવ્યાદિકપ્રાભૃતો દેવાદ્વારાએ પણ શ્રદ્ધાળુએ અમારિપડહો વગડાવવોજ જોઈએ એમ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોથી જણાવે છે. સામાન્ય તહેવારને અંગે જ્યારે આવી રીતે અમારીપડહાની જરૂરીયાત શાસ્ત્રથી સિદ્ધ થાય છે તો પછી પર્યુષણા સરખા ઉત્તમોત્તમ તહેવારની વખતે શ્રદ્ધાળુએ અમારીપડહો વજડાવી પર્યુષણાનું આરાધન કરવું જ જોઈએ એમાં આશ્ચર્ય શું ? વળી આવશ્યક નિર્યુક્તિમાં રસનેન્દ્રિયની કથામાં સૌદાસની વખતે આખા શહેરમાં અમારિપડહો વજડાવ્યાની વાત સ્પષ્ટ શબ્દોમાં જણાવાયેલી છે. એટલે કહેવું જોઈએ કે અમારિપડહાના અમલ તળે એકલો પ્રજા વર્ગ રહેતો હતો એમ નહિ, પણ રાજા મહારાજાઓને પણ અમારી પાલન કરવાની ફરજ જ પડતી હતી. આ સર્વ ઉપરથી સિદ્ધ થાય છે કે પર્યુષણામાં શ્રદ્ધાસંપન્નોએ અમારી પ્રવર્ત્તનનું પહેલું કાર્ય અવશ્ય કરવું જ જોઈએ.

ઈતિ-અમારિપ્રવર્તન પ્રથમકૃત્ય

સંઘપૂજા નામનું બીજું કૃત્ય

બીજુ પર્યુષણાપર્વનું કાર્ય સંઘપૂજા નામનું હોવાથી સંઘના ભેદો તેઓની ભક્તિ અને પર્યુષણાને અંગે તે સંબંધિની આવશ્યક કર્ત્તવ્યતા વિચારવી જરૂરી છે તો તે ઉપર વિચાર કરીએ.

સંઘ કોને કહેવાય ?

એની ઉપમાઓ કયાં કયાં કઈ કઈ ?

શ્રમણસમુદાયને મુખ્યતાએ સંઘ તરીકે ગણવાનાં કારણો નીચે પ્રમાણે છે.

૧. વ્યવહાર ભાષ્યકાર વિગેરે મહાત્માઓ ગુણસમુદાયને સંઘ કહે છે અને સમ્યગ્દર્શન ચારિત્રમાં સ્થિર હોય તેને જ સંઘ તરીકે કહે છે.

૨. શ્રીનંદીસૂત્રમાં સંઘભટ્ટારકને મેરૂની ઉપમા આપતાં શ્રમણ મહાત્માઓને શિલોચ્ચય સમાન ગણાવે છે. ત્યારે શ્રાવકવર્ગને માત્ર તેને આધારે રહેવાવાળા પણ તેનાથી ભિન્ન એવા જે મોર તેની ઉપમા આપે છે.

૩. તે જ નંદીસૂત્રમાં સંઘભટ્ટારકને પદ્મની ઉપમા આપતાં શ્રમણ મહાત્માઓને જ્યારે પત્રની ઉપમા આપવામાં આવે છે ત્યારે શ્રાવકવર્ગને ભમરાની ઉપમા આપવામાં આવે છે. એવી રીતે બીજી ઉપમાઓમાં પણ શ્રમણ મહાત્માઓ ઉપમાના મૂલસ્વરૂપમાં રહે છે ત્યારે શ્રાવકવર્ગ પરિવાર કે તેના આધેય સ્વરૂપમાં રહે છે. (આ ઉપરથી સુજ્ઞવર્ગે સમજવાનું છે કે ધર્મતત્વને નહિ સમજનારો જે વર્ગ હોય તે જ એમ બોલે કે શ્રમણ મહાત્માઓનો આધાર શ્રાવકવર્ગ છે. કેમકે

સૂત્રકારો તો શ્રાવકવર્ગના આધાર તરીકે શ્રમણ મહાત્માઓને ગણાવે છે. જો કે અશન, પાન, ખાદિમ, સાદિમ વિગેરે વસ્તુ શ્રમણ મહાત્માઓને શ્રાવકો પાસેથી જ મળે છે, પણ ધ્યાન રાખવું કે તે શ્રમણ મહાત્માઓને શ્રમણોપાસકવર્ગ અશનાદિક જે આપે છે તે ભક્તિપૂર્વક પોતાના આત્માના નિસ્તારને માટે આપે છે. એટલે નિસ્તાર કરનારા કરતાં નિસ્તાર પામનારો મોટો હોય એવું એક અજ્ઞાની પણ માની શકે નહિ. વળી અશનાદિકની કિંમત જો તે મેરૂપર્વત જેટલી હોય તો પણ એક મિનિટના ચારિત્રની અનુમોદના જેટલી પણ ગણાય તેમ નથી. બાકી શ્રમણ મહાત્માઓ તરફથી ભવ્યજીવોના જે ઉદ્ધારો થાય છે. શાસન પ્રવર્તે છે ધર્મ ટકે છે. તે કોઈપણ પ્રકારે શ્રાવકવર્ગથી બને જ નહિ. શાસ્ત્રાકાર પણ કહે છે કે 'न विणा तित्थं नियंठेहिं' એટલે નિર્ગ્રંથમહાત્માઓ ન હોય તો તીર્થ એટલે શાસન હોય જ નહિ. આવું તો સ્થાન સ્થાન પર કથન મળે છે. પરંતુ એક પણ જગા પર सड्ढेहिं न विणा तित्थं એવું વાક્ય આંખમાં તેલ નાંખીને જોઈએ તો પણ શાસ્ત્રમાંથી મળે તેમ નથી. વળી ધર્મોપદેશનો અધિકાર જો શ્રાવકોને દેવામાં આવે તો ભરત મહારાજે ઉછેરેલા, પાળેલા અને પોષેલા જે માહનો તે જેમ શાસ્ત્ર અને વ્યાકરણ દ્વારાએ પણ श्रमणं ब्राह्मणं થી સૂચિત થતા શાસનના હંમેશના વૈરી બ્રાહ્મણો થયા, તેવી રીતે દેખાવમાં શાસનના પોષકપણાનો દેખાવ કરે, તો પણ તે ઉપદેશક થયેલા શ્રાવકો શાસનનો ઘાત કરનારા જ થાય. શાસ્ત્રકારોએ સાધુમહાત્માઓને પણ દીક્ષા પામવા કે વડીદીક્ષા પામવા માત્રથી કે એકલા જ્ઞાન માત્રથી ઉપદેશક થવાનો અધિકાર આપ્યો નથી, પરંતુ पकप्पजइणा कहेयव्वो એ વાક્યથી આચારપ્રકલ્પ એટલે નિશીથસૂત્ર સાંગોપાંગ ધારણ કરનારા હોય તેવાને જ ઉપદેશનો અધિકાર આપ્યો છે. એ ઉપરથી સ્પષ્ટ માલમ પડશે કે સાધુપણા સિવાય અને પ્રકલ્પધર થયા સિવાય જે કોઈ ધર્મનો ઉપદેશ આપે અને ધર્મોપદેશક બને તો શાસ્ત્ર અને શાસનના ચોર ગણવામાં આવે તો નવાઈ નથી. એમ નહિં કહેવું કે જો શ્રાવકને ધર્મોપદેશકનો અધિકાર જ નથી તો પછી શ્રાવકના પ્રતિક્રમણસૂત્રમાં विवरीयपरुवणा एय એ વાક્યથી વિપરીત પ્રરૂપણાથી પડિક્કમણું કરવાનું કેમ જણાવ્યું ? કેમકે ગામ ન હોય તો સીમાડો ક્યાંથી જ હોય? વૃક્ષનું મૂલ ન હોય તો શાખા ક્યાંથી હોય ? એ કહેવત જણાવતાં 'ग्रामाऽभावे कुतः सीमा' 'मूलं नास्ति कुतः शाखा' એ વાક્યો જગત પ્રસિદ્ધ છે. તેવી રીતે અહિં શ્રાવકને જો ધર્મોપદેશક બનીને ધર્મોપદેશ દેવાનો અધિકાર જ નથી એટલે પ્રરૂપણાનો સંભવ જ નથી. તો પછી વિપરીત પ્રરૂપણાનો સંભવ હોય જ ક્યાંથી ? અને જ્યારે વિપરીત પ્રરૂપણાનો અસંભવ છે, તો પછી સૂત્રકાર મહારાજે પ્રતિપાદન કરેલું વિપરીતપ્રરૂપણાનું પ્રતિક્રમણ તો સંભવે જ ક્યાંથી? આવું કોઈક તરફથી કહેવામાં આવે તો તે કોઈપણ પ્રકારે વ્યાજબી નથી. કેમકે શ્રીનંદિષેણજી સરખા

સાધુપણાથી પતિત થયા છતાં પોતાની અધમતાને જણાવતાં લગીર પણ સંકોચ ન પામવા સાથે શુદ્ધધર્મના રાગવાળા અને સમ્યગ્દૃષ્ટિ હોવાથી તે પશ્ચાતકૃત થયા છતાં પણ પૂર્વના આચારપ્રકલ્પના જ્ઞાનને અંગે દેશના દેવાના અધિકારી ગણાય અને તેમના જેવાઓને શ્રાવકપણાને અંગે પ્રતિક્રમણ કરતાં વિપરીત પ્રરૂપણા થવાનો સંભવધારી સૂત્રકારે શ્રાવકને માટે વિપરીત પ્રરૂપણાનું પ્રતિક્રમણ જણાવ્યું છે. એવું તે સૂત્રની વ્યાખ્યામાં ચોખ્ખા શબ્દોમાં કહેલું છે. વળી શ્રાવકકુલમાંથી આખું કુટુંબ હંમેશાં વ્યાખ્યાન સાંભળવાની ફુરસદ મેળવી શકે એમ સંભવવું અસંભવિત નહિ, તો દુઃસંભવિત તો છે જ. તેવી વખતે શાસ્ત્રકારો જણાવે છે કે કુટુંબનો અગ્રગણ્ય મનુષ્ય જે વ્યાખ્યાન સાંભળવા ગયો હોય તે પોતાના શેષકુટુંબને રાત્રિએ એકઠું કરીને ગુરુમહારાજની દેશનામાં આજકાલ આવી રીતે ધર્મનું નિરૂપણ થયું હતું એમ અનુવાદદ્વારાએ જણાવે અને તેવી વખતે પણ પ્રરૂપણા થવાનો અને તેને અંગે વિપરીત પ્રરૂપણા થવાનો સંભવ હોવાથી શ્રાવકે વિપરીત પ્રરૂપણાનું પ્રતિક્રમણ કરવાની જરૂર છે એમ પણ તે સૂત્રની વ્યાખ્યામાં સ્પષ્ટશબ્દોમાં જણાવવામાં આવ્યું છે. અને તેથી જ એમ કહીએ તો ચાલે કે તે સ્થાને જમાલિઆદિ નિન્હવો જે ઉત્સૂત્રભાષક તરીકે નિશ્ચિત થાય છે તેઓનો દાખલો નહિ દેતાં દેશવિરતિ ધર્મમાં રહેલો છતાં પણ અન્યલિંગને ધારણ કરનાર હોવાથી પોતાના સ્નાનાદિકઆચારમાં ગૌણપણે પણ ધર્મપ્રરૂપણા કરનાર એવા મરીચિનો દાખલો દેવામાં આવ્યો છે એ મરીચિના इत्थंपि इहयंपि એ વાક્યનો આચાર્ય મહારાજ શ્રીમલયગિરિજી સ્પષ્ટ શબ્દોમાં અર્થ જણાવે છે કે મરીચિએ કપિલને એમ કહ્યું કે હે કપિલ! આ જીનેશ્વર મહારાજના શાસનમાં સંપૂર્ણ એટલે પૂરેપૂરો ધર્મ છે અને આ મારા પરિવ્રાજકપણામાં અંશ માત્ર જ ધર્મ છે. આવી રીતે સ્પષ્ટ કહેનારાથી પણ પરિવ્રાજકલિંગનું એટલે સ્નાનાદિકનું કથંચિત્ ધર્મપણું કહેવામાં દુર્ભાષિતપણું થયું છે એમ સ્પષ્ટ કર્યું અને તેટલા માત્રથી ક્રોડાક્રોડ સાગરોપમ જેટલો સંસાર વધાર્યો. આ બધી વાત વિચારનારો મનુષ્ય કદિપણ એમ નહિં સમજે કે શ્રાવકોને શાસ્ત્રકારોએ ઉપદેશ આપવાનો અધિકાર આપ્યો છે. વાત પણ વિચારવા લાયક છે કે નિરારંભ અને નિષ્પરિગ્રહરૂપ ધર્મ કહેવાનો અધિકાર સારંભ અને સપરિગ્રહને હોય જ નહિ. વળી કેટલાક શ્રાવકો શ્રીસૂયગડાંગની ચૂર્ણિના વચન પ્રમાણે સર્વત્ર પ્રસંગમાં એમ બોલવાવાળા હતા કે **'अयमाउसो ! निग्गंथे पावयणे अट्ठे परमट्ठे सेसे अणट्ठे'** અર્થાત્ જે કોઈ મલ્યો હોય તેને કહે કે હે આયુષ્યમાન! આ નિર્ગ્રંથપ્રવચન જ અર્થ છે, આ નિર્ગ્રંથપ્રવચનજ પરમાર્થ છે, અને આ નિર્ગ્રંથપ્રવચન સિવાય જે કંઈ વસ્તુ જગતમાં છે તે સર્વ અનર્થરૂપ એટલે ભયંકર છે. આવી વાણી વદનારો નિર્ગ્રંથપ્રવચનનું ઓથે શ્રમણમહાત્માઓના અનુવાદે વચન કહે તેમાં પણ પ્રરૂપણા અને

વિપરીત પ્રરૂપણાનો સંબંધ રહે અને તેથી તેનું પ્રતિક્રમણ કરવું પડે તે નવાઈની વાત નથી, આ સ્થાને વિવેકીપુરૂષોએ ધ્યાન રાખવાની જરૂર છે કે શાસનથી ભાવિત એવા શ્રાવકો જ્યારે પોતાના પરિચયમાં આવનાર દરેકને આવી રીતે નિર્ગ્રંથપ્રવચનના રાગી કરતા હોય ત્યારે જ તેવા ભાવિત શ્રાવકોના નોકર, ચાકર, યાવત્ ગુલામો પણ જૈનધર્મથી જ વાસિત થાય. અને તે જ અપેક્ષાએ કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રીહેમચંદ્રસૂરિજી જણાવે છે કે स्यां चेटोऽपि दरिद्रोऽपि, जैनधर्मानुवासितः એટલે ગુલામ થવું, ચાકર થવું, તો પણ જૈનધર્મે વાસિત થવું, અર્થાત્ એવા શાસનથી ભાવિક શ્રાવકો પોતાના નોકર, ચાકર, દાસો અને ગુલામોને પણ શાસનથી ભાવિત કરતા હતા, આ ઉપરથી એમ કહીએ તો ખોટું નથી કે કમળના વનમાં પેઠેલો મનુષ્ય જો સુગંધ ન પામે તો તે કમળનું વન જ નથી, તેમ શાસનથી ભાવિત શ્રાવકના પરિચયમાં આવેલો નોકર, ચાકર-દાસ ગુલામ કે વહવૈઓ પણ જો શાસનથી ભાવિત ન થાય તો ખરેખર શ્રાવક પણ શાસનથી ભાવિત થયેલો ગણાય જ નહિ. વળી આનંદાદિક શ્રાવકોને માટે સૂત્રકાર જણાવે છે કે તેઓ દુકાને વ્યાપાર કરતા હતા એટલું જ નહિ, પણ ઉઘાડે માથે ધર્મનું પણ નિરૂપણ બીજાને અસર થાય તેવી રીતે કરવાને તૈયાર હતા. આ બધી વાતનું તત્ત્વ એટલું જ કે શ્રમણ નિર્ગ્રંથોની નિશ્રાએ પશ્ચાતકૃત-પતિત કે ઉપર જણાવ્યા પ્રમાણએ શ્રાવકોનું ધર્મ સંબંધી કથન હોય. એટલે મૂળ ઉપદેશક કેવલ શ્રમણ મહાત્માઓ જ હોય અને તેથી જ તેવા ધર્મના પ્રરૂપક શ્રમણનિર્ગ્રંથો સિવાય તીર્થ ન હોય તેમાં આશ્ચર્ય શું ? તેમજ ધર્મના ઉપદેશક પણ મૂલથી શ્રમણનિર્ગ્રંથો જ હોય અને તેથી શાસનની પ્રવૃત્તિ મન દ્વારાએ જ હોય તેમાં પણ આશ્ચર્ય હોય જ નહિ. આથી તીર્થના પ્રવર્ત્તનની અને તીર્થની સ્થિતિની કિંમત કરનારો મનુષ્ય કોઈ દિવસ પણ આટા અને આચ્છાદનની કિંમત વધારે ગણી શ્રમણનિર્ગ્રંથોનો આધાર શ્રાવકવર્ગ છે એમ કહેવાને તૈયાર થાય જ નહિ.)

૪ શાસ્ત્રકારો તીર્થશબ્દથી દ્વાદશાંગી લે છે અને તે દ્વાદશાંગીથી અગર બીજા શબ્દોમાં કહીએ તો પ્રવચન શબ્દથી દ્વાદશાંગીસૂત્ર લઈને તેના આધાર તરીકે સંઘની પૂજ્યતા ગણાવે છે અને દ્વાદશાંગીના અધિકારી તો ઉપાસક દશાંગના કામદેવના અધ્યયનના વચનથી જ શ્રમણ મહાત્માઓ જ છે એ નિશ્ચિત જ છે. માટે શ્રમણવર્ગ જ મુખ્યતાએ સંઘશબ્દથી કહેવા લાયક છે.

૫ શાસ્ત્રોમાં સાધુનો સમુદાય તે કુલ કહેવાય છે, અને કુલનો સમુદાય તે ગણ કહેવાય છે, અને ગણનો સમુદાય તે સંઘ કહેવાય છે. તેથી પણ શ્રમણવર્ગ જ મુખ્યતાએ સંઘશબ્દથી કહેવાય.

૬ પ્રતિક્રમણની અંદર 'सव्वस्स समणसंघस्स' એમ કહીને શ્રમણ સમુદાયનેજ ત્યાં લીધો છે. એમ તો નહિ કહી શકાય કે તે શ્રમણશબ્દ વ્યવચ્છેદક વિશેષણ છે. કેમકે ત્યાં भगवओ એમ

કહીને સર્વ શ્રમણસંઘને જ્ઞાનાદિક ઐશ્વર્યવાળો માનેલો છે. વળી શ્રમણશબ્દ વ્યવચ્છેદક લઈએ તો પણ બીજા ચાર પ્રકારના શાકયાદિક સંઘોના વ્યવચ્છેદને માટે તે શ્રમણશબ્દ ઉપયોગી થાય.

૭ કુલ સંઘ અને ગણના પ્રત્યનીકોની જે સ્થિતિ શ્રીભગવતીસૂત્રમાં બતાવી છે તે પણ શ્રમણ સમુદાયને સંઘ ગણીને જ બતાવેલી છે. આ હકીકત સાંભળીને કોઈપણ સુજ્ઞ મનુષ્યે એમ નહિ ધારવું કે આવું કહીને સાધુસાધ્વીને જ સંઘ તરીકે રાખી શ્રાવકશ્રાવિકાને સંઘની ગણતરીમાં લેવા જ નથી. કેમકે આધારના ગ્રહણથી જેમ આધેયનું ગ્રહણ થાય,રાજાના ગ્રહણથી તેના સેવકોનું ગ્રહણ થાય. તેવી રીતે શ્રમણવર્ગરૂપી આધારનું તથા સેવ્યનું ગ્રહણ થવાથી આધેય અને સેવકરૂપે રહેનારા અને તેથી જ શ્રમણોપાસકપણાના નામને ધારણ કરનારા શ્રાવકવર્ગનું ગ્રહણ થઈ જ જાય છે. અને તેથી જ શ્રીભગવતીજી વિગેરેમાં સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાએ ચારેને સંઘ તરીકે ગણવામાં આવે છે. જો કે યોગ કરતાં પણ રૂઢિ બલવાન છે એટલે શાસ્ત્રોના સંકેત અને વ્યુત્પત્તિદ્વારાએ જણાવાતા અર્થો કરતાં રુઢ થયેલો અર્થ શ્રોતાને પહેલો ધ્યાનમાં આવે છે, તે અપેક્ષાએ કંઈક સદીઓથી સંઘ શબ્દ કેવલ શ્રાવકવર્ગમાં જ રૂઢ થયેલો છે અને તેથી જ યાત્રાને માટે નીકળતા શ્રાવકસમુદાયના પોષક અને રક્ષકોને સંઘપતિ કહેવામાં આવે છે.

શાલિવાહન રાજાની સંઘ ભક્તિ ને પૂજા.

વળી શ્રીકાલકાચાર્ય મહારાજની સામા સંઘ લેવા ગયો હતો તેમાં પણ સંઘ શબ્દથી શ્રાવક શ્રાવિકા લેવા પડે છે. વળી પૂર્વાચાર્યોના ચરિત્રગ્રન્થોમાં અમુક શહેરના સંઘે વિનતિ કરી, અમુક શહેરના સંઘે પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો-નંદી મહોત્સવ કર્યો -તીર્થોદ્ધાર કર્યો-ચૈત્યોદ્ધાર કર્યો વિગેરે જે કહેવાય છે તે સર્વ રૂઢપણે શ્રાવકવર્ગને સંઘ શબ્દ ગણીને જ કહેવાય છે. પરંતુ શાસ્ત્રની અપેક્ષાએ આણાજુત્તો સંઘો સેસો પુણ અદ્ટિસંઘાઓ અર્થાત્ ત્રિલોકનાથ તીર્થંકર મહારાજની અને શ્રમણમહાત્મા તથા શાસ્ત્રની આજ્ઞાને ધારણ કરનારો જ સંઘ કહેવાય, પણ આજ્ઞાથી વિરૂદ્ધ વર્તનારો તો હાડકાંનો ઢગલો કહેવાય. એ વચનથી સ્પષ્ટ પણે શાસ્ત્રકારો જણાવે છે કે રૂઢ તરીકે ગણાતો શ્રાવક સમુદાય પણ સંઘ તરીકે તે જ ગણાય કે જે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન, શ્રમણ મહાત્મા, અને શાસ્ત્રની આજ્ઞાને ધારણ કરનારો જ હોય. યાદ રાખવું કે પશુ પંખીઓના ટોળાઓમાં પણ કોશકારોએ સંઘ શબ્દની રૂઢિ ગણેલી છે. તેવી રૂઢિ ભગવાન તીર્થંકર શ્રમણ મહાત્મા અને શાસ્ત્રની આજ્ઞાથી દૂર રહેનારા શ્રાવકવર્ગમાં થાય. આ બધી હકીકત માત્ર શબ્દના પ્રયોગને અંગે વિચારવામાં આવી છે. પરંતુ પર્યુષણના કૃત્યોમાં બીજા કૃત્ય તરીકે જણાવેલ સંઘભક્તિ નામના કાર્યમાં તો ચારે પ્રકારના એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ સંઘ જ ભક્તિનું સ્થાન છે. અર્થાત્ પોતાની શકિત અને પોતાના વૈભવ પ્રમાણે જેઓ એ ચતુર્વિધસંઘની ભકિત પર્યુષણા પર્વમાં કરે તેઓ જ પર્યુષણપર્વના આરાધક ગણાય. આટલા માટે જ શાલિવાહન રાજાએ પણ પર્યુષણમાં અત્તરવાયણે

અને ઉત્તરવાયણે સાધુઓને દાન દેવાનો ઉપદેશ અને ઈસારો સકલ સંઘસમક્ષ પોતાની રાણીઓને કર્યો હતો વળી એ વાત તો શાસ્ત્રથી સિદ્ધ છે કે પર્યુષણાની વખત ચ્હાય તો વૃદ્ધ હોય, ચ્હાય તો જુવાન હોય, કે શક્તિવાળો બાળક હોય તો પણ સર્વ શ્રમણ મહાત્માઓએ લોચ કરાવવો જોઈએ, કેમકે સૂત્રકાર સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે સંવચ્છરીથી આગળ શ્રમણ મહાત્માઓને ગાયના રૂંવાટા જેટલા પણ વાળ હોવા જોઈએ નહિ. અને એ વચનને આધારે જ્યારે પર્યુષણાને અંગે નિયમિત લોચ શ્રમણ મહાત્માઓએ કરવો જ જોઈએ ત્યારે શ્રાવકવર્ગને તેવા લોચવાળાઓની વિશેષ ભક્તિ કરવી તે મહાલાભનું કારણ છે જ શાસ્ત્રકારો પણ કહે છે કે **लोयकारीसु दिण्णं, सुबहुप्फलं होइ।** અર્થાત્ લોચ કરવાવાળા શ્રમણ મહાત્માઓને અંગે જે કંઈ દાન દેવામાં આવે તે અત્યંત ફલને દેવાવાળું છે આ હકીકત વિચારતાં અને પર્વ દિવસોએ કરેલું ધર્મકાર્ય સમુદ્રમાં ગયેલા પાણીના બિન્દુની માફક અક્ષય થઈ મહાફલને દેનાર થાય છે. એ વાત વિચારીને શ્રાવકવર્ગે શ્રમણ મહાત્માઓની પર્યુષણાને અંગે જરૂર ભક્તિ કરી સંઘપૂજાનું કાર્ય જરૂર બજાવવું જ જોઈએ.

સર્વ સાધુઓ નમસ્કારને લાયક છે તેમ ભક્તિને લાયક જ છે.

શ્રમણવર્ગ ઘણે ભાગે પર્યુષણમાં જેમ લોચ કરનારા હોય છે તેવી જ રીતે માસખમણ પાસખમણ જેવી તપસ્યાને પણ પર્યુષણા જેવા દિવસોમાં કરનારા હોય છે અને તેથી પર્યુષણાની વખતે અશનાદિકથી ભક્તિ કરવી તે મહાફલને દેનારી હોય તેમાં આશ્ચર્ય નથી. જો કે સાધુમહાત્મા અતિથિ હોવાને લીધે બારે માસ અને બારે માસના પર્વોમાં અશનાદિકથી પ્રતિલાભવા લાયક જ છે, છતાં જેમ સોનું ભાગ્યયોગે સુગંધવાળું થાય તેમ પર્યુષણાની વખતે દેવાતું દાન નિત્યઅનુષ્ઠાનની સાથે પર્વાનુષ્ઠાનને પણ જાળવવાવાળું થાય છે. જો કે એ વાત તો ખરી છે કે પ્રમત્ત, અપ્રમત્ત, જીનકલ્પી, સ્થવિરકલ્પી, ગીતાર્થ, અગીતાર્થ, બાલ યુવાન કે વૃદ્ધ જેમ, **नमो लोए सव्वसाहूणं** એ પાંચમાં પરમેષ્ઠિપદમાં નમસ્કાર કરવાને લાયક ગણાય છે તેવી જ રીતે સર્વ શ્રમણવર્ગ ચ્હાય તો ગીતાર્થ હો, ચાહે તો અગીતાર્થ હોય ચાહે તો તપસ્વી હોય કે ચ્હાય તો કૂરગડુક જેવો હોય, તો પણ હંમેશાં અશનાદિકથી પ્રતિલાભવા લાયક જ છે. સૂત્રકાર મહારાજાઓ ચાર પ્રકારના સર્વથા પૌષધને માટે નિયમ તરીકે કર્ત્તવ્યતા જણાવતાં ચૌદશ, આઠમ અને અમાવાસ્યા અને પૂનમ એ પર્વો લે છે. તે પણ શ્રમણનિર્ગ્રંથોને માટે સદા કર્તવ્ય તરીકે **अप्पाणं भावेमाणे विहरइ** એવું વાક્ય ફરમાવીને સાધુઓને સંયમતપથી આત્માની ભાવના હંમેશાને માટે જણાવે છે. તેવી જ રીતે શ્રાવકવર્ગને માટે **पडिलाभेमाणे विहरइ** એ વાક્ય કહીને સ્પષ્ટપણે શ્રમણાદિકને અશનાદિકથી

પ્રતિલાભવાનું નિત્ય કર્તવ્ય છે એમ સ્પષ્ટ જણાવે છે. શ્રમણ મહાત્માઓને પ્રતિલાભવામાં સૂત્રકારો મુખ્યતાએ એજ તત્વ જણાવે છે કે સાધુમહાત્માને સંયમમાં સહાય થાય અને એ સંયમના સહાયની અપેક્ષાએ તો સૂત્રકાર મહારાજા તે દાન દેનાર શ્રાવકવર્ગને ભવાંતરની સંયમની પ્રાપ્તિ થાય એ ફલ તરીકે જણાવે છે અને તે ભવમાં પણ દાનના ફલ તરીકે એકાન્ત નિર્જરાને જ જણાવે છે તે નિર્જરા પણ એવી કે જેની સાથે પાપનો અલ્પ પણ બંધ નહિ. આવી રીતે સર્વદા અને સર્વશ્રમણવર્ગને દાન દેવાનો લાભ લેવાનો હોવા છતાં પર્યુષણા જેવા પવિત્રપર્વમાં વિશેષે કરીને શ્રી સંઘભક્તિને અંગે શ્રમણવર્ગને દાન દેવું જ જોઈએ.

એક વાત ધ્યાનમાં રાખવાની છે કે પર્યુષણાના બીજા કૃત્ય તરીકે સંઘભોજનને કૃત્ય તરીકે નથી ગણાવતા, પરંતુ સંઘભક્તિને અને વાર્ષિકકૃત્યની અપેક્ષાએ કહીએ તો સંઘપૂજાને કૃત્ય તરીકે જણાવે છે. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે શ્રમણ વર્ગને એકલું દાન જ દેવું એટલા ઉપર પર્યુષણાના કૃત્યો બતાવવાનું તત્વ નથી. પરંતુ હરેક પ્રકારે જેવી જેવી રીતે સંયમને મદદ મળે તેવી તેવી રીતે અંતઃકરણના ઉલ્લાસથી અને ગુણના બહુમાનપૂર્વક શ્રમણ મહાત્માઓની ભક્તિ અને પૂજા શ્રાવકવર્ગે કરવી જ જોઈએ. ધ્યાન રાખવું કે જે શ્રાવકો પોતાની પર્યુષણા સંબંધી ફરજ સમજવા માગે છે અને પર્યુષણાનાં કૃત્યો જાણવા માગે છે તેવા આત્મહિતૈષી શ્રાવકવર્ગને જ આ પર્યુષણાનાં કૃત્યો તેમના હિતને માટે બતાવવામાં આવે છે. તેથી કોઈપણ બુદ્ધિશાળી એમ નહિં જ ધારી શકે કે શ્રમણ મહાત્માઓએ પોતાના માહાત્મ્યને માટે આવું કથન કરેલું છે. કોઈપણ સજ્જનની આગળ. સજ્જનના ગુણો જાણવા માગતો મનુષ્ય સજ્જનના ગુણોનો પ્રશ્ન કરે અથવા સજ્જનના ગુણોનો મહિમા જાણવા માંગે અથવા સજ્જનની સંગતિથી જે ફાયદા થાય છે તે જાણવા માગે તો સજ્જન મનુષ્ય તે સર્વ હકીકત જણાવે તેમાં સજ્જને આત્મગૌરવ માટે એ સજ્જનનું સ્વરૂપ કહ્યું છે એમ કોઈપણ અકક્લવાળો તો ધારી શકે જ નહિ. આત્માભિમાન તો ત્યારે જ ગણાય કે જ્યારે પોતાની વ્યકિત કે સહચરાદિને ઉદેશીને પોતાનું બહુમાન કરવા માટે કંઈ માહાત્મ્ય કહેવામાં આવે, પરંતુ જાતિમા રહેલો મનુષ્ય ઉત્તમજાતિનું જે બહુમાન જણાવે તે આત્મગૌરવમાં દાખલ થઈ શકે જ નહિ.

ભક્તિને પાત્ર શાથી થવાય ? અને કોણ?

પર્યુષણાઅષ્ટાન્હિકામાં સામાન્ય રીતે શ્રાવકોને ઉપવાસ છઠ્ઠ, અઠ્ઠમ, વિગેરે કરવાનાં હોય છે, તેમજ છઠ્ઠ અઠ્ઠમ વિગેરે તપસ્યાવાળાઓની અત્તરવાયણે અને પારણે ભકિત કરવાની જરૂર છે એમ જાણીને અનેક સ્થાનોએ સાધર્મિક વાત્સલ્યો નિયમિત થયેલાં હોય છે. એ ઉપરથી એમ કહી શકીએ કે શ્રાવકનું ચિત્ત સુપાત્રદાનને માટે બારે માસ હોય છતાં, તથાવિધ વિશિષ્ટ અશનાદિકરૂપ વિત્તનો સંયોગ પર્યુષણની અંદર વિશેષે હોય, તેથી

ચિત્ત વિત્ત અને પાત્ર . સં .ાગ તે વખતે સ્વાભાવિક રીતે વિશિષ્ટપણે હોય છે. તેમજ સાધુમહાત્માઓ પણ તે વખતે તપસ્યાને નિયમિત કરનારા હોય. કોઈક અનાગતપણે પર્યુષણાનાં અઠ્ઠમ આદિ કરનારા હોય અને કોઈક અતીતપણે પર્યુષણાના અષ્ટમાદિ કરનારા હોય. પણ મુખ્યતાએ તો સાધુવર્ગ પર્યુષણામાં જ અષ્ટમ આદિ કરનારા હોય છે અને તેથી તેઓની ભક્તિ પર્યુષણામાં કરવી તે પર્યુષણાને અંગે અત્યંત જરૂરી છે. જેવી રીતે સાધુમહાત્માઓ મહાવ્રતધારી હોવાને લીધે સકલસંઘને ભક્તિનું પાત્ર છે, તેવી રીતે શ્રાવકવર્ગ પણ સમ્યક્ત્વ અને અણુવ્રતાદિકને ધારણ કરનારો હોવાથી ભક્તિને પાત્ર છે, જો સમ્યક્ત્વગુણની કિંમત સમજનાર મનુષ્ય હોય તો તે જરૂર સમજે કે સમ્યક્ત્વ પામવાવાળો જીવ અર્ધપુદ્ગલપરાવર્ત્તની અંદર જરૂર મોક્ષને પામવાવાળો જ છે. દ્રવ્યચરિત્રને ધારણ કરનારાને માટે મોક્ષની નિયમિતતા નથી. કેમકે મિથ્યાદૃષ્ટિ અને અભવ્યજીવોએ અનન્ત વખત દ્રવ્યચારિત્રો લીધેલાં છે અને તે ચારિત્રો માંખીની પાંખ પણ દૂભાય નહિ તેવા પાળેલાં છે. કવચિત્ એમ કહીએ તો ખોટું નથી કે પરિણતિ સિવાય ઉત્કૃષ્ટ માં ઉત્કૃષ્ટ ચારિત્ર તેઓએ પાળ્યાં, અને તેથી તેઓ નવગ્રૈવેયક સુધી જઈ શકયા, પણ મોક્ષનો રસ્તો તો તેમાં તેઓને મલ્યો જ નહિં, પણ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર ભવ્યાત્મા તો મોક્ષનો રસ્તો મેળવનાર ગણાય એ ચોક્કસ જ છે. પણ તેથી જ તેવા સમ્યક્ત્વવાળા ભવ્યાત્માઓની પ્રસંશા અને ભક્તિ કરવી તે દરેક સમ્યક્ત્વવાળાની ફરજ છે. વળી એ વાત એટલા ઉપરથી માલમ પડશે કે સમ્યક્ત્વના આચારો દેખાડતાં શાસ્ત્રકારો સાધર્મિક વાત્સલ્યને ભૂલતા નથી. અર્થાત્ સમ્યક્ત્વ આદિ ગુણવાળાઓનું જેઓ વાત્સલ્ય ધારણ કરે તેઓજ દર્શનાચારને આરાધવાવાળા ગણાય. ધ્યાન રાખવાની જરૂર છે કે કૃષ્ણમહારાજ અને શ્રેણિક મહારાજ સરખા એક પણ અણુવ્રત કે ગુણવ્રતને ધારણ કરનારા નહોતા છતાં પણ કેવલ સમ્યક્ત્વની શકિતથી જ તીર્થંકરપણાને મેળવીને ત્રીજે ભવે મોક્ષે જશે. વળી શ્રીઆવશ્યકનિર્યુક્તિ જ્ઞાતાસૂત્ર આદિક આગમોમાં અને તત્ત્વાર્થસૂત્ર આદિ ગ્રન્થોમાં સમ્યક્ત્વને દર્શનપદથી આરાધનાની સ્પષ્ટતા કરવામાં આવી છે. ધ્યાન રાખવું કે જેમ ચારિત્ર અને જ્ઞાન આરાધવા માટે જ્ઞાનવાળા અને ચારિત્રવાળાને પણ આરાધવાની જરૂર છે. તેવી જ રીતે દર્શનની આરાધના કરનારાઓને પણ દર્શનપદને આરાધવાની સાથે દર્શનવાળાઓને આરાધવાની જરૂર છે અને એવી રીતે દર્શન અને દર્શનવાળાઓને આરાધવાથી તીર્થંકરપદ બાંધી શકાય છે, અને ત્રીજે ભવે મોક્ષે જઈ શકાય છે. એ વાતને સમજવાવાળો મનુષ્ય સમ્યક્ત્વમાત્રને ધારણ કરનારા સાધર્મિકમાત્રની ભકિત કરવામાં જરૂર ઉલ્લાસને ધારણ કરે યાદ રાખવાની જરૂર છે કે કોડાકોડી સાગરોપમ પછી તીર્થંકર થનારા અને પરિવ્રાજક વેષમાં રહેલા એવા મરીચિને ભરત મહારાજે ભવિષ્યના તીર્થંકરની અપેક્ષાએ સભા મધ્યે વન્દન કર્યું તો પછી સમ્યક્ત્વને ધારણ કરનારા ભાગ્યશાળી જીવો ભકિતને પાત્ર થાય તેમાં નવાઈ શી ?

સમ્યક્‌ત્વની બલિહારી

એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે ચારિત્ર જેમ આઠ ભવ જ મળે છે, અને આઠમે ભવે મળેલા ચારિત્રથી મોક્ષ જરૂર થાય છે જ. તેવી જ રીતે સમ્યક્‌ત્વ પણ એક એવી ચીજ છે કે તેને અખંડપણે ધારણ કરનાર અને આરાધનાર જીવ સાત ભવથી વધારે ભવ કરે જ નહિ. કારણ કે શાસ્ત્રકારો સ્પષ્ટપણે જણાવે છે કે સારી રીતે સમ્યક્‌ત્વને ધારણ કરનારો ત્રણ જ વખત અચ્યુતના ભવને કરી શકે એટલે ચાર ભવ મનુષ્યના અને ત્રણ ભવ દેવના થાય તેથી એકંદરે સાતભવે તે મોક્ષેજ જાય. એ અપેક્ષાએ ચારિત્રથી કોઈપણ પ્રકારે સમ્યક્‌ત્વને ઓછું ગણી શકીએ નહિ અને તેથી ચારિત્રવાળાની માફક સમ્યગ્‌દૃષ્ટિ ધારણ કરનારાઓની ભકિત પણ સુજ્ઞવિવેકી મનુષ્યોએ જરૂર કરવી જ જોઈએ. જો કે સમ્યક્‌ત્વ આવેલુ પડી જાય છે. અને તે સમ્યક્‌ત્વથી પતિત થયેલો જીવ અર્ધપુદ્‌ગલપરાવર્ત્ત સુધી સંસારમાં રખડે છે, પણ તેથી સમ્યક્‌ત્વ ગુણની મહત્તા અને આરાધના ઓછી થતી નથી. કેમકે જોઈએ તો ચારિત્ર પામેલા તો શું ? પરંતુ ઉપશમશ્રેણિએ ચઢી ગયેલા અગર ચારજ્ઞાનને પામેલા અથવા તો આહારક જેવી લબ્ધિને ધારણ કરનારા એવા ચારિત્રવાળા પણ પતિત થઈને અર્ધપુદ્‌ગલ પરાવર્ત્ત જેટલો કાલ સંસારમાં રખડે છે. તો શું એ અપેક્ષાએ સમ્યક્‌ત્વ, જ્ઞાન અને ચારિત્ર ત્રણે કરીને સહિત એવા ચારિત્રવાળાની ભકિતમાં કોઈપણ પ્રકારે સંકોચ થાય ખરો ? અને જ્યારે ચારિત્રમાં પણ પતિતપણાનો સંભવ છતાં તે ગુણની ઉત્તમતાને લીધે તે ગુણવાળાઓની ભકિત કરવામાં સંકુચિતપણું થતું નથી, તો પછી સમ્યગ્‌દૃષ્ટિના ગુણને નહિં વિચારતાં તેના પતિતપણાના કાલને વિચારીને સમ્યગ્‌દૃષ્ટિ તરફ ભકિતભાવની ન્યૂનતા થાય તે સુજ્ઞવિવેકીઓને કોઈપણ પ્રકારે યોગ્ય ગણાયજ નહિ. જેવી રીતે ચારિત્રની પરિણતિને આપણે દેખી કે સાક્ષાત્‌ જાણી શકતા નથી, પરંતુ માત્ર વ્યવહાર ચારિત્રથી વિરૂદ્ધ ન વર્ત્તતો હોય તેટલામાત્રથી તે વ્યવહાર ચારિત્રવાળાને આપણે સાધુ તરીકે માનીએ છીએ, તો પછી જેઓના સમ્યક્‌ત્વગુણને આપણે ન પણ જાણી શકતા હોઈએ, તો પણ ધર્મ સાંભળવાની ઈચ્છા, ચારિત્રધર્મ ઉપર રાગ, તેમજ ગુરૂ અને દેવના વૈયાવચ્ચમાં પોતાની સ્થિતિ પ્રમાણે નિયમિત રહેનારા મનુષ્ય કે જેઓ સમ્યગ્‌દૃષ્ટિના લિંગવાળા છે તેઓને સમ્યક્‌ત્વધારી તરીકે આરાધવા તે સુજ્ઞવિવેકીઓનું આવશ્યક કર્તવ્ય જ છે. ભગવાન હરિભદ્રસૂરિજી શ્રીપંચવસ્તુની અંદર સ્પષ્ટપણે જણાવે છે કે જેઓ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરને દેવ તરીકે માને, નિર્ગ્રન્થ સાધુમહાત્માઓને સાધુ તરીકે માને અને ત્રિલોકનાથ તીર્થંકર તથા કેવલિમહારાજે નિરૂપણ કરેલા ધર્મને ધર્મ તરીકે માને તેઓ ભલે તે વખતે વ્યવહાર સમ્યક્‌ત્વવાળા હોય, છતાં તેવી પરિણતિથી આત્મપરિણતિરૂપ શુદ્ધસમ્યક્‌ત્વ પ્રાપ્ત કરી શકેજ છે. આ ભગવાન હરિભદ્રસૂરિજીનુ વાકય ધ્યાનમાં રાખનારો મનુષ્ય

વ્યવહાર સમ્યક્‌ત્વવાળાને પણ આદરભાવથી જોયા સિવાય રહેશે જ નહિ. શાસ્ત્રકારોએ પણ સ્થાને स्थे दंसणसावया એમ જણાવી એકલા સમ્યક્‌ત્વને ધારણ કરનારા પણ ચતુર્વિધ સંઘની અંદર શ્રાવકવર્ગની અંદર પણ હોય છે, અને તેવાઓ ને પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન પણ દેશનાની આદિમાં પણ જેમને નમસ્કાર કરે છે. એવા ચતુર્વિધસંઘની અંતર્ગત જ છે. તો પછી સમ્યક્‌ત્વને ધારણ કરનારા શ્રાવકોને પણ તીર્થંકર મહારાજા સંઘની અંતર્ગત તરીકે નમસ્કાર કરે તેવા કેવલસમ્યક્‌ત્વને ધારણ કરનારા સમ્યગ્‌દૃષ્ટિજીવોની સુજ્ઞપુરૂષોએ આરાધના કરવી તે જરૂરી જ છે. જ્યારે એકલા સમ્યગ્‌દૃષ્ટિને ધારણ કરનારાઓની પણ આરાધના ઉપર જણાવ્યા પ્રમાણે જરૂરી છે, તો પછી જેઓ સમ્યક્‌ત્વની સાથે અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતોને ધારણ કરનારા હોય તેવાઓ તો સુજ્ઞપુરૂષોને ભકિતને પાત્ર બને તેમાં આશ્ચર્ય જ શું ? ધ્યાન રાખવું કે શ્રીભગવતીસૂત્રમાં પુષ્કલી વિગેરે શ્રાવકોએ પક્‌ખી સરખા દિવસોમાં પણ સાધર્મિક વાત્સલ્ય કર્યું છે એમ સ્પષ્ટ જણાવે છે, તો પછી સાધર્મિકના વાત્સલ્યને અંગે કોઈપણ દિવસ અનુચિત જ નથી એમ સ્પષ્ટપણે કહેવું જ જોઈએ.

ધ્યાન રાખવું કે જૈનનામધારી પણ અન્યમતના ભોજનઆદિક સમારંભમાં પ્રવેશ પણ કરતો નથી, તે તેના જૈનત્વના અભિમાનને અંગે જ છે અને તેથી જૈનનામ ધારણ કરનારની ભકિત છોડવા લાયક તો નથી જ.

શ્રાવક કેવા હોય ? શ્રાવકનું કુલ કેમ વખાણાય છે ?

જો કે શાસ્ત્રમાં માતાપિતા સમાન ભાઈ સમાન મિત્ર સમાન અને શોક સમાન એવી રીતે ચારપ્રકારના શ્રાવકો ગણાવ્યા છે અને તેમાં શોક સમાન શ્રાવકને કેવલ દ્રવ્યશ્રાવક ગણી મિથ્યાદૃષ્ટિ ગણેલો છે. તથા આદર્શાદિક ચાર ભેદે શ્રાવકો જણાવીને તેમાં વિષ્ઠા તથા ઝાંખરા જેવા પણ શ્રાવકો ગણવામાં આવેલાં છે. જો કે વિષ્ઠા અને ઝાંખરાસમાન શ્રાવકોને મિથ્યાદૃષ્ટિ તરીકે ગણ્યા છે. છતાં દ્રવ્ય શ્રાવક અથવા નામશ્રાવક તરીક તો તેઓને શાસ્ત્રકારો એ પણ ગણેલા જ છે. માટે સાધર્મિકની ભકિત કરતાં સાધર્મિક તરીકે ગણતા તેવા દ્રવ્યશ્રાવકો આવી જાય તો પણ તેથી સાધર્મિકની ભકિત કરનારને નુકસાન થયેલું છે એમ ગણવુ નહિ. યાદ રાખવું કે શ્રાવકના કુલમાં જન્મેલા પુત્ર હો કે પુત્રી હો, પણ તેણે આવશ્યકવૃત્તિકાર વિગેરે નિસર્ગ સમ્યગ્‌દર્શનવાળા ગણે છે. તે અપેક્ષાએ સમગ્રશ્રાવક અને શ્રાવિકાવર્ગ સાધર્મિક તરીકે ભકિત કરવાને લાયક છે. એ વાત તો જૈનજનતામાં અજાણી નથી કે શ્રાવકકુલમાં જન્મ માત્ર પણ પામવો ઘણો દુર્લભ છે. મૂલસૂત્રકારો પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ચુલ્લક (ચક્રવર્તીને ઘેરે આખા ભરતક્ષેત્રમાં બધે ઘેરે ભોજન કરીને ફેર ભોજન કરવાનો વખત પ્રાપ્ત થવો) આદિદશ દૃષ્ટાંતોએ જેવી રીતે દુર્લભ એવો મનુષ્યભવ પ્રાપ્ત થયાં છતાં પણ તે જ ચુલ્લકાદિ દશ દૃષ્ટાન્તોથી

અનુક્રમે આર્યક્ષેત્ર, ઉત્તમકુલ અને ઉત્તમજાતિની પ્રાપ્તિ પણ દુર્લભ જ જણાવેલી છે એ ઉપરથી શ્રાવકના ઉત્તમકુલમાં અને ઉત્તમજાતિમાં જન્મેલો જીવ જન્મથી જ ઉત્તમ ગણાય. શ્રાવકકુલમાં જન્મેલો કદાચિત્ ધર્મરહિત પણ હોય એની ના કહી શકાય નહિ, છતાં મગમાં જેમ કોયડું કોક કોક વખતે પણ હોય, પણ તેટલા માત્રથી મગને રાંધવાનુ બંધ કરાતું નથી. તેવી રીતે જૈનકુલમાં જન્મેલા પણ તેવા કદાચિત્ ધર્મના સંસ્કારોથી રહિત હોય, પણ તેટલા માત્રથી સાધર્મિકભક્તિ ઓછી કરાય જ નહિ. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે શ્રાવકની ઉંચામાં ઉંચી એજ ભાવના હોય કે આવતા ભવે જૈનધર્મની વાસનાથી રહિત એવું ચક્રવર્તીપણું ન હોય, પરંતુ જૈનધર્મની વાસનાથી વાસિત એવો નોકર ચાકર કે ગુલામ એવો પણ શ્રાવકને ઘેર થાઉં. આ ઉપરથી સમજી શકાશે કે આજ શ્રાવકકુલમાં કંઈ ભવ્ય આત્માઓ એવા છે કે જેઓએ શ્રાવકકુલના જન્મ માટે ચક્રવર્તીની ઋદ્ધિને પણ જલાંજલી આપી છે. જો કે આવી રીતે શ્રાવકકુલમાં જન્મેલા બાળકો ખરી રીતે તો અત્યંત ઉચ્ચતર સ્થિતિ અને લાયકાતવાળા જ છે. તો પણ તે શ્રાવક કુલનાં જન્મેલામાં પણ ધાર્મિક સંસ્કારની હીનતા કે શૂન્યતા જોવામાં આવે છે તેનો દોષ તે બચ્ચાને શિર હોય તેમા ના નહિં, પરંતુ તેમના માતાપિતા અને સગાંસંબંધીઓ તે બચ્ચાઓને ધાર્મિક સંસ્કાર નાંખવા અને વધારવા માટે બંધાયેલા જ છે. યાદ રાખવું કે ક્ષેત્રમાં ખેતી પણ કરી હોય, અનાજ પણ વાવ્યું હોય, વરસાદ પણ સારો વરસ્યો હોય, છતાં પણ રક્ષણની ખામીને લીધે ક્ષેત્રમાંથી કંઈપણ મેળવી શકાતું નથી. તેવી રીતે તથાવિધ ભવિતવ્યતાને લીધે અને પૂર્વભવમાં ઉપાર્જન કરેલા તીવ્રતર પુણ્યના સંયોગે શ્રાવકનો જીવ ઉત્તમકુલ ઉત્તમજાતિમાં આવ્યો, દેવગુરૂધર્મની જોગવાઈ પામ્યો અને જીનેશ્વર મહારાજે નિરૂપણ કરેલા અવિચ્છિન્ન પ્રભાવશાળી ત્રિકાલાબાધિત શાસનને પણ પામ્યો, છતાં માતાપિતાઓ તે જીવની ઉત્તમતાની રક્ષા ન કરે તો તેમાં માતાપિતા વિગેરેને દોષ ઓછો છે એમ કહેવાય જ નહિ? આજ વાત પર જ્યારે ધ્યાન રાખીશું ત્યારે સ્હેજે માલમ પડશે કે શ્રાવકોને હંમેશાં ધર્મ સાંભળવાનું કેમ રાખ્યું છે ? તથા ધર્મ સાંભળનારા શ્રાવકે રાત્રિના વખતે પોતાના કુટુંબને સાંભળેલા ધર્મનું સમજાવવાનું કેમ રાખેલું છે ? તેનું તત્વ માલુમ પડશે. જો કે કેટલાક વસ્તુને નહિ સમજનારા મનુષ્યો શ્રાવકોના કુલમાં જન્મ પામેલા બાળક અને યુવકોની ધર્મહીનદશા દેખીને ધર્મના પ્રવર્ત્તકો ગુરૂમહારાજાઓને દોષ દેવા તૈયાર થાય છે, પરંતુ તેઓએ સમજવું જોઈએ કે ધર્મોપદેશકનું કાર્ય ધર્મ સાંભળવાને માટે આવેલાને ધર્મ સંભળાવવાનું છે. માટે ખરી રીતિએ તો તે ધર્મથી હીન થનારા શ્રાવકના માબાપો જ દૂષિત છે કે જેઓએ બાળપણથી તેઓને ધર્મ સાંભળવામાં કે ધર્મ કરવામાં જોડયા ન હોય. શ્રાવકકુલમાં

જન્મેલો બાળક જો આંક ગોખતી વખતે પાંચ છ કે બત્રીસ બોલી દે તો માબાપને ચમકારો થાય. પરંતુ ધર્મસંબંધી તેનું અજ્ઞાન ગમે તેટલું તીવ્ર હોય તો પણ તે માબાપને ચમકારો થતો નથી. એટલે કહેવું જોઈએ કે માબાપે ઉદરભરણના શિક્ષણની જ કેવલ પ્રવૃત્તિ રાખેલી હોય છે. માતાપિતાઓ ઉદરભરણને માટે લેવાતા શિક્ષણ કરતાં એક અંશે પણ જો આત્મઉન્નતિના શિક્ષણની દરકાર રાખતા હોય તો બચ્ચાઓની ધર્મહીન દશા થવાનો વખત પણ આવે જ નહિ. માતાપિતાઓ પોતાના ઘરબાર, હાટ, હવેલી, પૈસા ટકા, ઘરેણાં ગાંઠાં અને બાગ બગીચાનો વારસો પુત્રને દેવા માગે છે, પણ તેઓ એ વાત તો ખરેખર ભૂલી જ જાય છે કે એ ઘર ઘરેણાંનો વારસો તો એ પુત્ર મિથ્યાત્વીઓના કુલમા જન્મયો હોત,. નાસ્તિકોનાં કુલમાં પણ જન્મયો હોત, અને યાવત્ મ્લેચ્છ કુલમાં જન્મયો હોત તો પણ તેને મળી શકત, તો પછી ધર્મથી વાસિત અને ધર્મથી રંગાયેલા એવા તમારા કુટુંબમાં જન્મીને ભવાન્તરમાં પણ કાર્ય કરે એવો ધર્મવારસો પણ પુત્રને મળ્યો નહિં, અને જો તમોએ ધર્મને વારસામાં ન આપ્યો તો પછી તે તમારી બાહ્ય મિલ્કતની રક્ષા ભલે થઈ હોય, છતાં તમારાં પૂર્વજો એ જે ધર્મને અંગે કરોડો રૂપૈયા ખર્ચ્યા છે, જીવના જોખમે પણ જે ધર્મનો બચાવ કર્યો છે, અને કુટુંબના ભોગે પણ જે ધર્મને પ્રવર્ત્તાવ્યો છે. એ ધર્મરૂપી ચિન્તામણિ તો માબાપની બેદરકારીને લીધે નાશ જ પામી ગયો, માટે માતાપિતાઓએ ધર્મ ચિન્તામણિનો નાશ ન થાય એટલા માટે બચ્ચાઓને જન્મથી ધર્મના સંસ્કારોવાળા બનાવવા જ જોઈએ. આ વાત જ્યારે ધ્યાનમાં રાખીશું ત્યારે સ્પષ્ટપણે માલમ પડશે કે જન્મ વખતે અત્યંત અશુચિપણું હોય છે તો પણ શાસ્ત્રકારોએ જન્મતઃ બાલકોને નવકાર સંભળાવવાનું અને તે નવકાર સાંભળવાળા બાળકને જન્મની વખતે નવકાર સાંભળ્યાનું મહાફલ કેમ બતાવ્યું છે ? તેનો ખુલાસો થશે. આવી રીતે બાળકોએ ધર્મને માટે તૈયાર થવાની જરૂર છે. માતાપિતા અને ગુરૂમહારાજાઓએ ધર્મ માટે તે બાળકોને તૈયાર કરવાની જરૂર છે. પણ એમાં કોઈ પણ પ્રકારે પ્રમાદનું સ્થાન ન રાખવું એ ચોક્કસજ છે.જો કે ઉપર જણાવવા પ્રમાણે શ્રાવકકુલવાળો સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી હોય, પરમાર્થથી હોય કે નિશ્ચયથી હોય અગર યાવત્ એમ કહીએ કે તે વગરનો પણ હોય તો પણ શ્રાવક માત્ર સાધર્મિક તરીકે આરાધવા લાયક જ છે, છતાં સાચા ગણાતા મોતીમાં પણ જીવનની કિંમત ઝવેરીઓ કર્યા સિવાય રહેતા જ નથી, તેવી જ રીતે સાધર્મિકવર્ગમાં પણ જેઓ અણુવ્રતવાળા, ગુણવ્રતવાળા અન શિક્ષાવ્રતવાળા હોય અથવા તો પ્રતિમાપ્રતિપન્નાદિક શ્રાવકો હોય તો તેની ભક્તિમાં વિશેષતા થાય તેમાં કોઈ પણ પ્રકારનું આશ્ચર્ય જ નથી. મધ્યમગુણવાળા શ્રાવકોએ તેવા ઉચ્ચતમ ગુણવાળા શ્રાવકોની વિશેષે ભક્તિ થતી દેખીને ઈર્ષ્યાનો અંધાપો ન લાવતાં ગુણની કિંમત સમજવાળા થવું જ જોઈએ યાદ રાખવું કે ગુણની

કિંમત સમજનાર અને ગુણોનું બહુમાન કરનાર જીવો જ શ્રીજૈનશાસનના હિસાબે અપૂર્વગુણોને પ્રાપ્ત કરી શકે છે, તથા પ્રાપ્ત થયેલા ગુણોને વધારી શકે છે અને યાવત્ ગુણની પરાકાષ્ટાને પણ પામે છે, અને તેથી જ શાસ્ત્રકારો ગુણના બહુમાનરૂપ ભાવનમસ્કારના ફલને એકાન્તિક અને આત્યન્તિક ગણાવે છે. સ્થાનાંગસૂત્રની અંદર અરિહંત મહારાજાદિકના અવર્ણવાદથી જેમ ભવાંતરે જૈનધર્મની પ્રાપ્તિ થવી પણ દુર્લભ જણાવી છે, તેવી જ રીતે સમ્યગ્દર્શનાદિકગુણોથી યુકત એવા શ્રીસંઘના પણ અવર્ણવાદ બોલનારને ભવાંતરે જૈનધર્મની પ્રાપ્તિ નહિ થવાનું અગર મહામુશ્કેલીથી જૈન ધર્મની પ્રાપ્તિ થવાનું જણાવ્યું છે. એ વાત ન સમજનારો મનુષ્ય સ્વપ્નમાં પણ સમ્યગ્દર્શનાદિક યુકત એવા શ્રીસંઘના કોઈપણ અવયવની અવજ્ઞા કરવાને તૈયાર થાય જ નહિ. તેવી જ રીતે સ્થાનાંગસૂત્રમાં જ શ્રી અરિહંત ભગવાનાદિકનાં સ્તુતિ સ્તવાદિક કરવાથી જેમ ભવાંતરે જૈનધર્મની પ્રાપ્તિ સુલભ થવાનું જણાવેલું છે, તેવી જ રીતે સમ્યગ્દર્શનાદિ સહિત એવા એ સંઘની પણ સ્તુતિ કરવાથી ભવાંતરમાં પણ જૈનધર્મની પ્રાપ્તિ સ્હેલથી થાય એમ જણાવવામાં આવ્યું છે. એ વસ્તુને સમજનારો મનુષ્ય સાધર્મિકોની ભકિત કરવામાં એક અંશે પણ ખામી કરે જ નહિ એ સ્વાભાવિક જ છે અને આ વાત જ્યારે ધ્યાનમાં રહેશે ત્યારે ચકવર્ત્તી ભરત મહારાજા માહનશાલા ચલાવવામાં કેટલું અઢળક ધન ખરચ્યું હતું, અને કેવી રીતે તે માહનશાલામાં રહેવાવાળા તે માહનોનો નિર્વાહ સંપૂર્ણપણે કરતા હતા ? તેનું તત્વ સમજાશે. વળી અભયકુમાર સરખા મગધદેશના રાજવીના મોટા પ્રધાન અને મુખ્ય કુંવર છતાં પણ એક પરદેશથી આવેલી કપટશ્રાવિકાની ભકિત માટે પણ કેટલા બધા આતુર હતા તેનું તત્વ સમજાશે. મહારાજા કુમારપાલે સાધર્મિકભકિતને માટે જ સર્વ શ્રાવકોનું દાન માફ કર્યું હતું અને તે દાનની માફીના પ્રતાપે ગુજરાત, મેવાડ, મારવાડ વિગેરેમાં શ્રાવકવર્ગની દિનપ્રતિદિન જાહોજલાલી થતી જ ગઈ અને તે હજુ કઈ સદીયો થઈ તો પણ મહાજનમાં આગેવાન તરીકે શ્રાવકવર્ગ રહેલો હોવાથી સ્પષ્ટ દેખી શકીએ છીએ.

ઉપરની સર્વ હકીકત વિચારીને પર્યુષણા જેવા પવિત્ર દિવસોમાં દરેક શ્રાવકે સાધર્મિક ભકિત નામના કૃત્યની અંદર સર્વ પ્રકારે પ્રયત્ન કરવો જ જોઈએ.

ક્ષમાપના

પર્યુષણાની અષ્ટાન્હિકાને અંગે શ્રાવકવર્ગને જેમ અમારિપ્રવર્તન અને સાધર્મિક ભકિતરૂપી કાર્યો કરવાનાં છે. તેવી જ રીતે સાધર્મિકને ખમાવવારૂપી કાર્ય પણ કરવાની જરૂર ઓછી નથી. શ્રીજ્ઞાતાસૂત્રની અંદર સ્પષ્ટ શબ્દથી જણાવવામાં આવ્યું છે કે જે મનુષ્ય પરધર્મી કે જે સંખ્યામાં ઘણા જ વધારે ગુણા હોય છે તે બધાનાં આકોશાઆદિ સહન કરવા છતાં જો જૈનધર્મને ધારણ કરનારાઓના આકોશઆદિ ન સહન કરે તો તે ઘણું સહન કરનારો છતાં પણ માત્ર દેશ આરાધક જ ગણાય. અને સંખ્યામાં ઘણા

એવા અન્ય ધર્મવાળાઓના આક્રોશઆદિ સહન નહિ કરવાવાળો છતાં પણ જે મનુષ્ય જૈનધર્મવાળા જીવોના આક્રોશ આદિકને સહન કરે છે તે અન્યધર્મીઓના નથી સહન કરતો તો પણ તે માત્ર દેશથી જ વિરાધક છે. આ વસ્તુની ઉપર જેઓ બારીકાઈથી નજર કરશે તેઓને સાધર્મિકોની સાથે ખમતખામણાં કરવાં કરાવવાની કેટલી જરૂર છે તે સમજાયા વિના રહેશે જ નહિ.

ક્ષમાપના કરવાનું ફળ

વળી શ્રી કલ્પસૂત્રમાં સામાચારીની અંદર સ્પષ્ટ શબ્દોમાં એમ કહેવામાં આવ્યું છે કે **જો નો उवसमइ तस्स नत्थि आराहणा जो उवसमइ तस्स अत्थि आराहणा** અર્થાત્ જેઓ પોતાના આત્માને કષાયાદિકથી પાછો હઠાવે નહિ, અને કરેલા અપરાધોની માફી આપે નહિ. તેને આરાધક પણું મળતું જ નથી. પરંતુ જેઓ પોતાના આત્માને કષાયાદિકથી પાછા હઠાવે છે અને સાધર્મિકના ભયંકરમાં ભયંકર ગુન્હા હોય તો પણ જેઓ માફી આપે છે અર્થાત્ માફ કરે છે. એટલે હૃદયના ખુણામાંથી પણ વૈરને કાઢી નાખે છે, તેઓ મોક્ષમાર્ગને અને સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રાદિને આરાધનારા બની શકે છે. આ વસ્તુ અંતઃકરણમાં કોરી રાખનાર મનુષ્ય પર્યુષણામાં સાધર્મિકોને ખમતખામણાં કર્યા સિવાય રહે જ નહિ. સિન્ધુસોવીરદેશનો અધિપતિ મહારાજા ઉદાયન કેવી રીતે ખમતખામણાં કરીને આરાધક થયો તે વાત પર્યુષણની અષ્ટાન્હિકાના વ્યાખ્યાનને સાંભળનારાઓની ધ્યાન બહાર નથી. તે ઉદાયન રાજાના દૃષ્ટાન્તમાં તેની દેવતાઈ મૂર્તિ ચણ્ડપ્રદ્યોતન ઉઠાવી ગયો હતો, અને જનાનામાંથી દાસીને પણ ઉપાડી ગયો હતો તે માલમ પડયા પછી જીવતસ્વામીની દેવતાઈ મૂર્તિની માંગણી કર્યા છતાં પણ તે ચણ્ડપ્રદ્યોતને મૂર્તિ પાછી આપી નહોતી; એટલું જ નહિ, પણ પોતાના સાગરીત ચૌદ મુકુટબદ્ધ રાજાઓને લઈને ઉદાયનની સામે રણ ખેડવા તૈયાર થયો હતો. તેવો તે ચણ્ડપ્રદ્યોતન હાર્યો છતાં તે ઉદાયન રાજા જીવતસ્વામીની દેવતાઈ મૂર્તિને પોતાને ગામ લઈ જવા પામી શકયો નહિં, કેમકે અધિષ્ઠાયદેવે જ વીતભયમાં જવાની જ ના પાડી. આવી રીતે જે મુદ્દાને અંગે લડાઈ કરી, ચણ્ડપ્રદ્યોતનને હરાવ્યો, તે મુદ્દામાં ઉદાયન રાજા નાસીપાસ થયો. સર્વ લશ્કર લઈને વીતભયપટ્ટણ તરફ પાછા જતાં દસપુર (મન્દસોર)માં ચોમાસું રહેવાની જરૂર પડી, તે વખતે પજુસણના દિવસોમાં સંવચ્છરીને દિવસે ચણ્ડપ્રદ્યોતનને ઉપવાસ છે એમ જણાવાથી તે ચણ્ડપ્રદ્યોતનને સાધાર્મિક ગણ્યો, અને તેને શિક્ષા માટે દીધેલો ડામ પણ રત્નના પટ્ટબંધથી ઢાંકી દીધો, અને તેનું જીતેલું રાજ્ય પણ પાછું આપ્યું; એટલું જ નહિ, પણ જે દેવતાઈ જીવતસ્વામીની પ્રતિમા ચણ્ડપ્રદ્યોતન ઉઠાવી ગયો હતો તેની પૂજાને માટે દસહજાર ગામો ઉદાયનરાજાએ ચણ્ડપ્રદ્યોતનને આપ્યાં. આ વાત જો ભાવિકશ્રાવકો હૃદયમાં ઉતારે તો તેઓને જરૂર સાધર્મિકને ખમાવવાનું કર્તવ્ય કરવા વીર્યનો ઉલ્લાસ થયા સિવાય રહે જ નહિ. વળી એક વાત એ પણ ધ્યાનમાં રાખવી કે ઉદાયનરાજાનો પુત્ર જે અભિચિનામનો હતો, તેને ઉદાયને રાજય ન આપ્યું, પરંતુ હરિકેશી નામના ભાણેજને આપ્યું. તે ઉપરથી તે અભિચિને ઉદાયનરાજા ઉપર અપ્રીતિ થઈ, તે અપ્રીતિ નહિં છુટવાને લીધે તે અભિચિ બારવ્રત ધારણ કરનારો થયો, શ્રાવકધર્મને પાળનારો થયો, અને અન્તઅવસ્થાએ પંદર દિવસનું અનશન પણ કર્યું, છતાં તેની ગતિમાત્ર ભવનપતિના અસુરકુમાર ભેદમાં જ થઈ. (અપૂર્ણ)

-: સમાલોચના :-

૧ શ્રી નન્દીચૂર્ણિ વ્યવહારવૃત્તિ અને બૃહત્કલ્પવૃત્તિઆદિ આગમો અને શ્રી હરિભદ્રસૂરિજીના પંચવસ્તુઆદિ પ્રાચીનશાસ્ત્રોને જાણનાર અને માનનાર તો સ્પષ્ટ કહેશ કે શ્રી કાલકાચાર્યે ફરમાવેલી ચોથની સંવચ્છરી ન કરે તે મિથ્યાત્વી બને જ. શ્રી નિશીથચૂર્ણિ પર્યુષણાકલ્પચૂર્ણિને જાણનારા તો સ્પષ્ટ જાણે છે કે એકલી ચોથની સંવચ્છરી જ આખા શાસનમાં થતી હતી, બારમી સદી પછીના નીકળેલા મતોથી જ નવેસર શાસનથી જુદી પડવા પાંચમ થઈ છે.

૨ જૈનોમાં પર્વોની આરાધના આઠમ ચૌદશ અમાવાસ્યા અને પૂનમ તિથિઓને નામે તથા પર્યુષણાની પૂર્ણા પર્વતિથિને નામે છે એ જાણનારો કોઈપણ દિવસ એમ કહે નહિં કે જૈનોમાં સૌર વર્ષથી પર્વારાધન થતું હતું. (મુંબઈ બા.)

૩ સંવચ્છરીપર્વને ખરતરો મલમાસમાં લે છે. શ્રીતપાગચ્છાદિવાળા શાસ્ત્રને અનુસરનારાઓ મલમાસમાં સંવચ્છરી કરતા જ નથી. અને ચોમાસી વગેરેની અઠ્ઠાઈઓ મલતિથિ આવે છતાં છેલ્લા દિવસથી આઠ દિવસ પહેલેથી બેસાડાય તેમ આ અઠાઈ બેસાડાય છે. શાસ્ત્રદૃષ્ટિએ તો એ ભાદરવા વદ છે, મલમાસ જ નથી.

૪ તપાગચ્છવાળાઓ તો શાસ્ત્રને અનુસરનારા હોવાથી શાસ્ત્રો બે અષાઢ તો જેમ બીજે અષાઢે ચૌમાસી જણાવે છે તેમ બીજે ભાદરવે સંવચ્છરી કરે છે. બાકી શાસ્ત્રથી વિરૂદ્ધવર્ત્તીને ખરતરો પચાસ દિવસનો આગ્રહ રાખે છે. તેઓએ આસો વધે ત્યારે આસોમાં વિહાર કરવો પડે. (મુંબઈ)

૧ બીજા પક્ષે મંજુર કર્યા સિવાય કરાર ગણનાર અને સહી કરનાર બુધવારીયા જ હોય. પુના અને અમદાવાદથી એક ડગલું હાલ્યા નથી જ. કમીટીદ્વારા લિખિત શાસ્ત્રાર્થ માટે વ્યવહાર બુધવારીયાઓએ કહ્યા છતાં પણ કર્યો નથી. પોતાના પક્ષના મનુષ્યો નાંખેલા હોય છતાં સર્વાનુમત નિર્ણયની વાત કરે તે બુધવારીયાઓને શોભે. ઈન્ટર્વ્યુના જુઠાપણાને જગતે જાણી લીધું છે. રતલામની હકીકત શ્રી હિતમુનિજી માટે કરેલ બુધવારની જાહેરાત જેવી થાય તો સત્યમુનિને વિચાર કરવો. બુધવારીયાઓ તરફથી કેવા જુલમો થાય છે તે તો અમદાવાદ અને પાલીતાણા વગેરેની હકીકત જણાવે છે. શ્રીમાન્ આદિમાંથી કોઈપણ ભાદરવા સુદ પાંચમ રૂપપર્વતિથિની હાનિ કે વૃદ્ધિ કહી શકાય એવો એક પુરાવો આપી શક્યા નથી એ ચોક્ખું છે. પૂનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ બતાવનારી પ્રતો તો બુધવારીયાઓ પાસે પણ થોકબંધ છે જ. જેને ભવાન્તરમાં જૈનકુલ પણ પામવું હોય તે તો વીરશાસનને કથીરશાસન બનાવે જ કેમ ? (મુંબઈ સ.)

૧ સોસાયટી ઉપર સાધારણ રીતે થયેલા આક્ષેપોનો બચાવ નથી, વળી ખંભાતની સોસાયટીના માનદમંત્રિયોની સહીવાળું તા. ૨૨-૫-૩૭નું હેંડબીલ યાદ કરી વાંચી જોયું હોત તો વાર્ષિકઉત્સવમાં ખોટા બચાવ ન જ કરાત, વસ્તુતાએ ધર્મપ્રિયતાવાળાનો અસહકાર વ્યાજબી જ છે, અને તે ન બને તો સોસાયટીનું વિસર્જન જે જણાવાયું છે તે જ વ્યાજબી છે. (અમ૦ સોસા૦ પ્રમુખ)

૧ પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ પૂર્વઅપર્વની અને દ્વિતીયપૂર્વની ક્ષયવૃદ્ધિએ પૂર્વતર અપર્વની ક્ષયવૃદ્ધિની પરંપરા છે અને શ્રી હીરપ્રશ્ન-તત્વતરંગિણી આદિ પણ તેને જ અનુકૂલ છે. આરાધનમાં ભેગી તિથિ માનવી, બે પર્વો ભેળાં માની એક પર્વનો પૌષધ લોપવો, તથા પહેલી પર્વતિથિને આરાધનામાં પર્વતિથિને નામે માનવી અને ખોખું માનવી એ એકપણ પાઠ નથી, માટે ગુરૂવારે જ સંવચ્છરી કરવી એ આરાધકનું લક્ષણ છે. વિહાર કરી બુધવારવાળા આવ્યા હોત, પ્રતિનિધિપણાનું બહાનું ન લીધું હોત, અને કમીટી માની હોત તો ગુરૂવાર થાપવા વિહાર કર્યો જ હતો. તે શાસ્ત્રાર્થથી ગુરૂવાર જ સાબીત થાત. લિખિતમાં પણ કમીટી માની ખુલાસા લઈ નિર્ણય લાવવા માન્યું હોત તો પણ ગુરૂવાર જ સાબીત થાત. ભગવાન મહાવીરના શિષ્ય એકાદશાંગી છતાં મિથ્યાત્વી થયા તેમાં કટુક ફલ કોને મળ્યાં ? (પાલીતાણા-ધર્મશાળા)

૧ શ્રી ભદ્રબાહુજી શ્રુતકેવલિ સાક્ષાત્ છે માટે તેમને કલિકાલ સર્વજ્ઞ કહેવા ઉંચુ નહિં પણ હલકું છે.

૨ ખરતરોના ગણધર સાર્ધશતકમાં જ જિનદત્ત ઔષ્ટ્રિકી વિદ્યાથી પાટણમાંથી જાવાલ ગયા એ ચોકખું લખેલ છે. ઉંટડીને વિદ્યારૂપ આપ્યું ?

૩ આગમોમાં બીજા અષાઢે ચૌમાસી થવાનું છે તો બીજી તિથિ અને માસને ન માનતાં પહેલી તિથિ અને માસને માનનારા અને થાપનારા શાસનના વિરોધી ગણાય જ.

૪ શાસ્ત્રીયદૃષ્ટિએ બીજા ભાદરવા સુદની પહેલાનો કૃષ્ણપક્ષ બીજી ભાદરવાનો ન ગણે તેવા અણસમજુઓની ખરતર સમિતિ કદર કરે.

૫ આગમોદય સમિતિના આગમોનું શુદ્ધિ પત્રક કરતાં કોઈ રોકે જ નહિં. અનેક પ્રતોથી મેળવીને જ તે છપાયેલ છે.

૬ ખરતરો પોતે કબૂલ કરે છે કે **अतिशयेन खराः खरतराः** એમાં શાસનાનુસારી તપાગચ્છવાળા નવું કહેતા નથી.

૭ **न घोएज्जा** આદિપાઠો મુદ્રિત આચારાંગમાં અનેક સ્થાને છે છતાં ન દેખે તેને કેવો ગણવો ? જુઠું અને યદ્વા તદ્વા લખાણ તમારૂં દર્પણ છે.

૧ અષાઢી ચૌમાસી પ્રતિક્રમણથી સાંવત્સરિક પ્રતિક્રમણની વચમાં પચાસ દિવસો જોઈએ એ સર્વ સંમત છે. હવે ચૌદશનો ક્ષય હોય અને તેરસે ચૌમાસી કરે તેઓને ઉદય તેરસે ટીપણામાં હતી છતાં ચૌદશ માનવાથી સંવચ્છરીએ એકાવન દિવસ નહિં થાય તેમ પૂનમ તેરસના હિસાબે બે પાંચમ હોવાથી બે ત્રીજ માનતાં ગુરૂવારે એકાવન તિથિ નહિં થાય.

શાસ્ત્રકારો આરાધનામાં પર્વતિથિની હાનિ પણ નહિં માને અને વૃદ્ધિ પણ નહિં માને એ જૈનોની રીતિ સમજવી જરૂરી છે. (પુના-મગનલાલ)

(ટાઈટલ પાના બીજાથી ચાલુ)

બાલાએ પણ મૃગાવતીની આશાતના ગણી તેને ખમાવતાં જ કેવલજ્ઞાન મેળવ્યું. આવી રીતે વ્યવહાર માટે ખમવા અને ખમાવવાની જ માત્ર વાત કરીને શાસ્ત્રકારો ઉપદેશની પર્યવસાનતા નથી કરતા, પરન્તુ ઉપદેશ્ય આત્માઓના જીવનને તે ફરસાવવા માટે સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે મહાનુભાવો ! ખમતાં અને ખમાવતાં છતાં પણ દરેક પોતાના આત્માને વૈરથી બચાવવા માટે પોતાના આત્માને અંતઃકરણથી શાન્ત કરવો જોઈએ અને બીજાને પણ શાન્ત બનાવવા કટિબદ્ધ થવું જ જોઈએ. ધ્યાનમાં રાખવું જોઈએ કે શ્રી મલ્લિનાથજી અને બ્રાહ્મીસુંદરીએ પૂર્વભવમાં મિત્રો અને ગુરૂની સાથે ખમત ખામણાં કર્યા નહોતાં એમ નથી. પરન્તુ આત્માની શુદ્ધિરૂપ ઉપશમ થયો નહિં તેથી બીજા ભવમાં સ્ત્રીવેદને ભોગવવો પડ્યો. આ વાત ધ્યાનમાં રાખી દરેક આત્માએ સર્વ જીવના તેમાં પણ શ્રી સંઘના વિશેષે કરીને અપરાધોની માફી આપવી અને લેવી, તથા પોતાના આત્મા અને પરના આત્માને ઉપશમમય બનાવવાં અંત્યમાં એટલું સમજવું જ બસ છે કે શ્રી જૈનશાસન ઉપશમને સાર ગણનારૂં છે. માટે ખમવું ખમાવવું ઉપશાંત થવું અને ઉપશાન્ત કરવા એજ પર્યુષણાનું મહત્કાર્ય છે.

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

(ટાઈટલ પા. ૪ થી ચાલુ)

નાશને માટે જ પ્રતિદિનની અને યાવત્ વાર્ષિકની ક્રિયા યોજવામાં આવી છે. શ્રી જિનશાસનની સમગ્રક્રિયાઓ સામાન્ય રીતે મોહનીયના નાશને માટે યોજવામાં આવેલી છે, છતાં મોહનીય કર્મમાં અલ્પમાં અલ્પ પ્રયત્નથી નાશ પામનારી અને મોહનીયના નાશની શરૂઆત કરનારી જો કોઈ પણ પ્રવૃત્તિ હોય તો તે ક્રોધ-કોપ-દ્વેષ-આવેશ-આદિનામોને ધરાવનાર જે અપ્રીતિ વૈરની બુદ્ધિ તેનો નાશ કરવાની ક્રિયા જ છે. આ વાતને લક્ષ્યમાં રાખીને ભગવાન જિનેશ્વર મહારાજાઓએ સમગ્રકષાયોનો નાશ કરવા માટે ઉપદેશ આપ્યો છે અને સ્થાને સ્થાને ક્રિયા બતાવી છે, છતાં ક્રોધ કષાય અને વૈરવિરોધને વોસરાવવા માટે તો સ્થાન સ્થાન પર ઉપદેશ અને ક્રિયાઓ વિશેષે જ બતાવી છે. આગળ વધીને વિચારીયે તો જૈનશાસનમાં માન માયા કે લોભમાં પણ શાસ્ત્રદૃષ્ટિએ કષાય નામ રહેલું છે, છતાં રૂઢિથી તો કેવલ ક્રોધ અને વૈરવિરોધમાં જ કષાયશબ્દની પ્રવૃત્તિ ચાલી છે. તેથી માન માયા અને લોભની પ્રવૃત્તિ થાય ત્યારે જૈનશાસન માન આવ્યું, માયા કરી, અને લોભ થયો, એમ કહે છે. પરન્તુ જ્યારે ક્રોધનો આવિર્ભાવ થાય ત્યારે જ કષાય થયો એમ કહે છે, એટલું જ નહિં, પણ કોઈપણ વાર્તાદિના પ્રસંગે કષાય થયો, કષાય આવ્યો, કષાય ચઢયો, એ વગેરે શબ્દો બોલાય છે ત્યારે ક્રોધ ચઢયો એમ પ્રતીતિપણ થાય છે. આ રૂઢીને શાસ્ત્રકારોએ પણ અંગીકાર કરેલી છે અને તેથી જ जे मे केइ कसाया सव्वे तिविहेण खामेमि એમ કહીને વૈરવિરોધના કારણભૂત ક્રોધ એટલે ક્રોધ કષાય આચાર્ય ઉપાધ્યાય શિષ્ય સાધર્મિક કુલ ગણ કે સંઘને ઉપજાવ્યો હોય તે સંબંધી સર્વને હું મનવચન કાયાએ કરીને ખમાવું છું. એમ જણાવે છે. ધ્યાનમાં રાખવું કે જગતમાં ક્રોધ કષાય અને વૈરવિરોધને શમાવવા માટે ભૂલી જાઓ અને ભૂલાવી દો, એમ કરવાની પદ્ધતિ અસરકારક ગણાય છે અને અમલમાં પણ મ્હેલાય છે. પણ જૈનશાસ્ત્રકારો તે રૂઢીને વૈરવિરોધની વૃદ્ધિને રોકવા માટે ઉપયોગી ગણે છે. પરન્તુ કષાય અને વૈરવૃત્તિને શમાવવાનો ખરો ઉપાય તો ભૂલવું અને ભૂલાવવું છે તે કર્યા છતાં પણ બીજો જ છે. અંદર કહોવાટ થતો બંધ ન થાય ત્યાં સુધી જેમ ઉપરની રૂઝ કાર્ય કરનાર થાય નહિં, તેવી રીતે ભૂલવું અને ભૂલાવવું એ માત્ર ઉપરની રૂઝ સમાન છે. પરન્તુ અંદરનો કહોવાટ મટાડવા જેવું તો કંઈક અન્ય જ કાર્ય છે. યાદ રાખવું કે ભૂલવા અને ભૂલાવવાનું તો સામાન્ય રીતે મરણ પામવાથી સર્વ જીવોને થવાનું જ છે અને થાય પણ છે. પરન્તુ તે મરણથી થતું ભૂલવું ભૂલાવવું અન્યકાર્યને વ્યાક્ષેપથી થતું ભૂલવું ભૂલાવવું અથવા લાજ શરમ કે એવા કોઈ અન્યકારણથી ક્રોધ અને વૈરવિરોધનું ભૂલવું અને ભૂલાવવું તે ખેતી કરી દાણા વાવી સમોરને ફેરવવા જેવું છે. જો કે આ ભવના બનાવોને અગ્રપદ આપનાર જીવો હોય પછી તે કાં તો ભવાંતર માનનારા ન હોય, અથવા ભવાંતરને ગૌણ કરનારા હોય, તેવાઓને માટે, જીવનની હયાતીમાં ભૂલી જવું અને ભૂલાવી દેવું એ વસ્તુ ઉપયોગી અને કાર્ય કરનાર હોય. પણ જેઓ ભવાંતરની મુખ્યતા રાખી આ ભવની ? આખી જીંદગી અને સર્વ સાધનસામગ્રીને તુચ્છ ગણનારા હોય તેવા આસ્તિકોને માટે તો તે ભૂલવા અને ભૂલાવવાનો જે માર્ગ છે તે કોઈ પણ પ્રકારે ઉચિત ગણાય નહિં. કારણ કે આસ્તિકો સમજી શકે છે કે વૈરવિરોધ અને ક્રોધ ભવાંતરમાં પણ મટાડયા ન હોય તો પોતાનું કાર્ય વૈરવિરોધ તેને ઉભાં કર્યા સિવાય રહેતાં નથી. વળી જૈનોને તો માલમ જ છે કે ભગવાન મહા-

(અનુસંધાન ટાઈટલ પા. ૨ જું)

જૈનશાસનનો સાર

ખમવું ખમાવવું - ઉપશાંત થવું ઉપશાંત કરવા.

વીતરાગ પરમાત્મા શ્રી જિનેશ્વર ભગવાનના અવિચ્છિન્નપ્રભાવશાળી ત્રિકાલાબાધિત શ્રી જૈન શાસનનો એજ અપૂર્વ મહિમા છે કે તેનો આદેશ કેવલ આત્માના અવ્યાબાધગુણોનો આર્વિભાવ કરવા માટે તે ગુણોને રોકનારાં આવરણોને ખસેડવા માટે જ છે. તેણે જણાવેલી અહોરાત્રની ક્રિયા જે અનેક પ્રકારની છે, પર્વ દિનની ક્રિયા પણ વિવિધ પ્રકારની છે, વાર્ષિક અને ચૌમાસી ક્રિયા પણ બહુ પ્રકારની છે. જન્મને ઉદ્દેશીને જણાવેલી ક્રિયા પણ જાત જાતની છે, છતાં તે સર્વક્રિયામાં એક જ ધ્વનિ હોય છે અને એ બીજો કોઈ જ નહિં, પણ આત્માના અવ્યાબાધગુણોના આવિર્ભાવને રોકનાર અદૃષ્ટોને આવતાં રોકવાં અને આવેલાં એવાં અદૃષ્ટો ક્ષય કરવા અને શમાવવા કટીબદ્ધ થવું. સુજ્ઞ મનુષ્યો જો આત્માર્થીપણાની દ્રષ્ટિએ અવલોકન કરશે તો માલમ પડશે કે શ્રી જિનેશ્વર મહારાજના શાસનની ઉત્તમોત્તમતા હોય તો તે માત્ર આવાં અદૃષ્ટોને રોકવાની અને નાશ કરવાની આજ્ઞાને લીધે જ છે. જૈનશાસનને સાંભળનાર અને સમજનાર વર્ગ સારી રીતે જાણે છે કે શ્રી જિનેશ્વર મહારાજે આત્માના ગુણોને આવરણ કરનાર અને તે ગુણોને આવરીને ભવ્ય એવા જીવને પણ અનાદિકાલથી સંસારમાં રખડાવનાર અદૃષ્ટોમાં મુખ્ય ભાગ ભજવનાર અથવા તેવા અદૃષ્ટોના મૂલરૂપ કોઈપણ જો અદૃષ્ટ હોય તો તે માત્ર મોહનીયનામનું અદૃષ્ટ જ છે. અને શાસ્ત્રકાર મહારાજાઓ સ્પષ્ટશબ્દોથી એટલા માટે જ ફરમાવે છે કે :-

सव्वकम्माणि खिज्जंति मोहणिज्जे स्वयं गए

અર્થાત્ મોહનીયકર્મનો નાશ થઈ જાય તો બાકીના સર્વકર્મોનો નાશ થઈ જાય છે. જગત્માં જેમ તાડવૃક્ષની મસ્તકસૂચીનો નાશ થવાથી આખો તાડ સુકાઈ જાય છે, તેવી રીતે આત્માંથી મોહનીયકર્મ જો ખસી જાય તો પછી બીજાં બધાં કર્મ નાશ પામી જ જાય છે. વાચકમહારાજજી પણ એજ ફરમાવે છે કે :- मस्तकसूचिविनाशात् तालस्य यथा ध्रुवो भवति नाशः। तद्वत् कर्मविनाशो मोहनीये क्षयं गते ॥१॥ એટલે મસ્તકસૂચિનો નાશ થવાથી આખા તાડવૃક્ષનો નક્કી નાશ થાય છે, તેવી રીતે મોહનીયનો ક્ષય થઈ ગયા પછી નક્કી બાકીનાં કર્મોનો નાશ થાય જ છે. ગુણસ્થાનકમારોહકાર પણ એટલા માટે જ મંગલમાં શ્રી જિનેશ્વર મહારાજને નમસ્કાર કરતાં हतमोहं એવું જ ફક્ત વિશેષણ આપ્યું છે. વળી કેવલજ્ઞાન સરખા અનન્ત અવ્યાબાધજ્ઞાનને પ્રાપ્ત કરવાના રસ્તા તરીકે પણ શાસ્ત્રકારોએ જે ક્ષપકશ્રેણિ જણાવી છે તેનું ફલ પણ માત્ર મોહનીયકર્મનો વિનાશ કરવો એજ છે. વળી ત્રિલોકનાથ ભગવાન જિનેશ્વરોના અનન્તા ઉત્તમોત્તમ ગુણો છતાં મુખ્યતાએ તેઓને વીતરાગ પરમાત્માના નામે બોલાવવામાં આવે છે અને સૂત્રકારો પણ नमो वीयरायाणं એમ કહી ભગવાન જિનેશ્વરને નમસ્કાર કરે છે. આ સર્વ હકીકતને વિચારનારો સુજ્ઞ સ્હેજે સમજી શકશે કે શ્રી જૈનશાસનનું જે ધ્યેય છે કે આત્માના અવ્યાબાધગુણોને રોકનાર એવા અદૃષ્ટોનો નાયક મોહનીય જ છે અને તેના

(અનુસંધાન ટાઈટલ પા. ૩ જું)

सिद्धचक्र

तंत्री

પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૫

અંક ૨૪

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

– મુંબઈ –

પંચમ વર્ષ

ભાદરવા વદિ ૦))

सिद्धचक्रः

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे
शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां
भेदनेऽनल्पवीर्ये
भव्याः ! शास्त्रोक्तिशुद्ध निखिलदुरितदं
प्रोज्झ मिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने
सिद्धचक्रे सदाऽस्तु

૧૯૯૩ : : ૧૯૩૭

ઓક્ટોબર

વીર સંવત્ ૨૪૬૩

સમાલોચના

૧ હજી સુધી મહિનાઓ થઇ ગયા છતાં અને અનેક વખત ખુલ્લા રૂપે પૂછવામાં આવ્યું છતાં કોઈપણ બુધવાર પક્ષવાળા અમુક માસે અમુક પક્ષે અમુક તિથિ વધવાનું અમુક જૈનજ્યોતિષ્ક શાસ્ત્રકારે કહ્યું છે એમ જૈન જ્યોતિષની અપેક્ષાએ કેમ જણાવતા નથી?

૨ જૈનાગમમાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ આરાધનામાં ન મનાય માટે જ ક્ષયે૦ આદિનો પ્રઘોષ દશપૂર્વધર કે જેનું વચન આગમરૂપ ગણી શકાય એવા શ્રી ઉમાસ્વાતિનો સર્વે કબુલ કરે છે.

૩ ૧૯૫૨ થી કલ્પિતપણે ભાદરવા સુદ પાંચમ રૂપ પર્વની ક્ષય વૃદ્ધિ માનનારા જાગ્યા છે. સત્તરમી સદીના સ્પષ્ટ લેખો છે કે પર્વતિથિની ક્ષય વૃદ્ધિ ટીપ્પણામાં હોય ત્યારે પૂર્વના અપર્વની ક્ષય વૃદ્ધિ કરાય અને પરંપરા પણ પૂનમની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરવાની છે. આવું સ્પષ્ટ છતાં બાવનના ચીલાને વળગે તેની સ્થિતિ જ્ઞાની જ જાણે.

૪ ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજની ક્ષય વૃદ્ધિ માનનારાઓને તો સંવચ્છરી પછી પાંચમના દિવસથી ૩૬૦ રાઈદિયાણંની શરૂઆત થશે. પરંતુ પંચમીનો પર્વતિથિ છતાં ક્ષય માનનારાઓને તો શકુનમાં મીંડું રહેશે અને વૃદ્ધિ માનનારને ખોખામાં જ ખેંચાવું પડશે.

૫ કાર્ત્તિક સુદ એકમના ક્ષયે આસો વદ ૦)) એ શ્રી ગૌતમ સ્વામીનું કેવલજ્ઞાન માનીને પડવો માનનાર વર્ષભેદનું નામ શું વિચારીને લઇ શકે ?

૬ શાસ્ત્રમાત્રના અર્થમાં પણ આગમ શબ્દ વપરાય, તે ન સમજતાં પીસ્તાલીસ આગમનની જ સાક્ષી માગનારા તત્ત્વથી ઇતરશાસ્ત્ર લોપક ન બને તો સારું. (વીર!)

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

णमो वीयरायाणं

卐 શ્રી સિદ્ધચક્ર 卐

(પાક્ષિક)

अर्हन्तो मोक्षमार्गोयद्भवकृत उदितानन्तभावाश्च सिद्धा
आचार्याः संघवर्या गणधरगदिताध्यापकाः पाठकाश्च
मोक्षाध्वसाधनोत्का मुनय इह सुदृग्बोधचारित्रयुक्तं
सेव्यं शश्वत् मुनिनां तप इति शिवदं स्तात् सदा
सिद्धचक्रं ॥१॥

વર્ષ ૫		અંક ૨૪
વિક્રમ સં. ૧૯૯૩	વીર સં. ૨૪૬૩	સન ૧૯૩૭
ભાદરવા વદિ ૦))	સોમવાર	ઓક્ટોબર ૪

શ્રી સિદ્ધચક્ર અને - નવપદની વિચારણા

આખા જગતમાં સામાન્યપણે કોઈપણ આસ્તિકવાદી મત એવો નથી કે જેઓ આત્મા અને કર્મ એ બેની માન્યતા ન ધરાવતા હોય, એટલું જ નહિં, પણ અમુક અપવાદને છોડી દઈને સર્વ આસ્તિકવાદીઓ આત્માના ચિદાનન્દસ્વરૂપને માનવાવાળા છે, અને તે ચિદાનન્દપણામાંથી ખસવું ન પડે તેવા પુનરાવર્તન વગરના મહોદય કહો, નિર્વાણ કહો, નવપદ કહો, શિવ કહો, સિદ્ધિ કહો અપુર્નભવ કહો, અપવર્ગ કહો, કે એવા કોઈ પણ નામે કહો એવા પદને સર્વે માનનારા છે. પરન્તુ આ વાત તો જગતમાં સિદ્ધ જ છે કે સંસારમાં રખડપટ્ટી કરવાવાળા દરેક આત્માઓ કર્મની જંજીરમાં જકડાયેલા છે, અને તેથી જેમ જીવમાત્રની ચક્ષુનો સ્વભાવ માત્ર બાહ્યદૃષ્ટિ તરીકે છે. એટલે કેવલ બીજા પદાર્થને જ જોવાનો છે, પરન્તુ અંતર્મુખ જોવાનો સ્વભાવ જ નથી, અને તેથી ચક્ષુના અંતર્ગત પડલોમાં કયા કયા ફેરફારો કઈ કઈ વખતે થાય છે ? એ જાણવું તો દૂર રહ્યું, પરન્તુ બાહ્યભાગમાં પણ ચક્ષુમાં થતા વિકારોને ચક્ષુ જાણી શકતી નથી. તેવી રીતે આ સંસારી આત્મા પણ કર્મથી જકડાયેલો

હોવાને લીધે તે પોતે કેવલ બહિર્મુખ જ દૃષ્ટિવાળો રહે છે. સંસારમાં રાચેલો માંચેલો જીવ બાલપણામાં માતાપિતાના સંયોગના જ વિચારમાં જ રહે છે. એનાથી વધારે ઉંમર થતાં ગોઠીયાઓના વિચારમાં રહે છે, અને ક્રીડાને જ વધારે પ્રિય ગણે છે, બચપણમાં જે માતાપિતાનો વિયોગ દુઃખમય લાગતો હતો તે અવસ્થા ભૂલી જાય છે અને ગોઠીયાના વિયોગને અગર રમતના વિઘ્નને દુઃખમય ગણવા લાગે છે. એનાથી અધિક ઉંમરમાં ઉપનયન થતાં માસ્તર અને વિદ્યાભ્યાસમાં જીવ લાગે છે. તે વખતે માતાપિતાથી છુટા રહેવાપણું ગોઠીયાથી છુટા રહેવાપણું અને રમતનું છુટવું તે તેને દુઃખમય નથી લાગતું, પરન્તુ માસ્તર બરોબર શીખવવાવાળો ન હોય અથવા અભ્યાસમાં નાપાસ થાય અગર તો પરીક્ષામાં માર્ક ઓછા મળે કે ક્લાસમાં નંબર ઉતરી જાય એ વસ્તુ એને દુઃસહ થઈ પડે છે.

પરભવની થવી જોઇતી ચિંતા

જગતમાં અભ્યાસની કંઈક દશા વધ્યા પછી પોતે જે અભ્યાસને કરે છે તેના ફલરૂપે પેટ પૂજા અને દ્રવ્યોપાર્જનનું સાધ્ય રાખે છે. અભ્યાસ પૂરો થયા પછી માતાપિતા ગોઠીયા રમત વિદ્યાભ્યાસ વિગેરે વસ્તુની સર્વથા ઇચ્છા ગૌણ થઈ જાય છે. પરન્તુ દ્રવ્યોપાર્જન ઉપર જ એકસરખું ધ્યેય થઈ જાય છે. તે ધ્યેય સાધતાં સાધતાં સ્ત્રી પુત્ર માતાપિતા ભાઈબહેન વિગેરેનો સંબંધ ઘણો જ પ્રીતિમય અને રૂચિકર થાય છે, અને તેને લીધે સર્વસાધ્યને ગૌણ કરીને જે દ્રવ્યોપાર્જનનું સાધ્ય રાખ્યું હતું તે પણ ગૌણ થઈ જાય છે અને દ્રવ્યવ્યય કરીને અગર દ્રવ્યઉપાર્જન અટકાવીને પણ કુટુંબપાલનની ફરજ અદા કરવી પડે છે. આ દ્રવ્યોપાર્જન અને કુટુંબના પરિપાલનની ફરજ પ્રવાહ ઘણો જ લાંબો ચાલે છે, અને એમ કહીયે તો ખોટું નહિં કે જૈનશાસ્ત્રની અપેક્ષાએ પ્રવ્રજ્યાનો અંગીકાર અગર અન્યમતની અપેક્ષાએ યત્યાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમનો અંગીકાર ન કરે તો જીંદગીની છેલ્લી અવસ્થા સુધી તે દ્રવ્યચિંતા અને કુટુંબની ચિંતામાંથી મુક્ત થતો જ નથી. હવે આ જગા પર વિચારવાનું એટલું જ છે કે જન્મથી મરણ સુધીમાં આ સંસારી જીવ જે માતાપિતા ગોઠીયા ક્રીડા વિદ્યાભ્યાસ દ્રવ્ય અને કુટુંબની ચિન્તા કરીને સમગ્ર જીંદગી ગુજારી તેમાંથી કઈ વસ્તુને આવતા ભવમાં સાથે લઈ જવાનો છે. એ વિચાર આ જીવને જ્યારે આવતો નથી તો એમ કહેવું જોઈએ કે ઘાંચીને ઘેરે જન્મેલો બળદ જેમ ગયા ભવનો કે આ ભવનો વિચાર કરે નહિ, અને તે ગયા ભવ કે આ ભવની વાત જાણે પણ નહિ, પરન્તુ માત્ર પોતાના માલિક ઘાંચીની ગુલામગિરિમાં આખો જન્મ ગુમાવે. તે બળદદ્વારાએ જ ઘાંચી જેમ પોતાના આખા કુટુંબનું પોષણ કરે, તેવી જ રીતે આ જીવ પણ જો પૂર્વભવ અને આગામી ભવનો વિચાર ન કરે અને કેવલ ઉપર જણાવેલી પોતાના માતાપિતા વિગેરેના સંયોગને આધીન જ ચિન્તામય જીવન ગુજારે અને અહિંથી પરભવ ગમન કરે, તો તે ઘાંચીના બળદમાં અને આ ભવવાળા જંતુમાં શો ફરક ગણાય ?

જીવને મૂલ ઇચ્છા કઇ ? ને શાથી ?

સુજ્ઞમનુષ્યને સ્હેજે સમજાય તેવું છે કે આ જીવ બાહ્ય દૃષ્ટિવાળો થઇ આખી જીંદગી માતાપિતાદિકને માટે મથન કરે છે, મહેનત કરે છે. પરન્તુ તેવી કોઇપણ અવસ્થા આ જીવની નથી કે જેમાં આ જીવ પોતાના પૂર્વભવ અને અનન્તર આગામિભવનો વિચાર કરે. ધ્યાન રાખવું કે જગતમાં જીવને માનો, કે ન માનો પુણ્યપાપને માનવાં કે ન માનવાં, ભવાન્તર અને મોક્ષને માનવા કે ન માનવા, એવા મતમતાંતરો છે. પરન્તુ ઉપર જણાવેલા માતાપિતાદિક પદાર્થો તો જીંદગીને અંતે છોડી દેવા જ પડશે એ વાતમાં કિંચિત્ પણ મત મતાંતર નથી. હવે જો માતાપિતાદિક સર્વ પદાર્થોને છોડી દેવાના જ છે તો પછી તેને અંગે ચિંતા અને પ્રયત્નો કરી આખી જીંદગી ગુમાવીએ તો અનન્તરભવને અંગે આ જીવે શું મેળવ્યું ? એ ખરેખર વિચારણીય પ્રશ્ન છે. સુજ્ઞમનુષ્ય એ વાત તો સ્હેજે સમજી શકશે કે કોઇપણ નાસ્તિકમતને ધારણ કરવાવાળો પણ એમ નહિં કહી શકે કે અનન્તરભવ નથી એવું હું જોઇ આવ્યો છું. કોઇપણ નાસ્તિકનો જીવ પરભવ નહિં હોવાથી પાછો આવેલો તો નથી જ, વળી જગતમાં અનેકસ્થાને જાતિસ્મરણનું કંઇક તત્વ પણ દેખાય છે અને તેથી પ્રત્યક્ષ પ્રમાણથી પણ એમ કહી શકીએ કે જીવને માત્ર આ જીવનના નિર્વાહથી કૃતાર્થપણું થતું નથી, પરન્તુ જીવને ભવિષ્યની જીંદગી જરૂર ધારણ કરવાની છે, તો પછી આ જીવે તે પરભવની જીંદગીને માટે કેમ નહિ વિચાર કરવો ? ધ્યાન રાખવું કે થોડી મુદતને માટે બીજા શહેરમાં જવું હોય છે. તો પણ તેને લાયકની લાગવગ અને મુંડી એકઠી કરીએ છીએ તો પછી અહીં સર્વથા છોડીને નીકળવું છે અને આગલી જીંદગીમાં સર્વપ્રકારે દાખલ થવું છે તો તેવી આગલી જીંદગીનો સરંજામ કેમ તૈયાર કરવો નહિં ? બીજી બાજુ વિચાર કરીએ તો આ જીવની મૂલ ઇચ્છા કેવલ આહાર લેવાની જ હતી, કેમકે જીવની સાથે તૈજસ નામની ભટ્ટી હંમેશાં ખાઉં ખાઉં કરતી લાગેલી જ છે.

તૈજસની ભટ્ટી શું કરે છે ?

જગતમાં જેમ અગ્નિ દાહ્યથી ઉત્પન્ન થાય છે, દાહ્યથી ટકે છે, અને દાહ્યને જ પોતાના રૂપે પરિણમાવે છે, તેવી રીતે આ જીવની સાથે લાગેલી તૈજસની ભટ્ટી પણ અનાદિકાળથી ઓલવાયા વગર ઔદારિક આદિ પુદ્ગલોદ્વારાએ ઉત્પન્ન થતી જાય છે વધતી જાય છે અને ઔદારિકઆદિ પુદ્ગલોને રૂપાન્તરમાં નાંખતી જાય છે. અન્યશાસ્ત્રકારો જે લૈક્રિક શરીર કહે છે તેઓ કેવલ એકલા કર્મને જ લૈક્રિક કહે છે પરન્તુ જૈનશાસ્ત્રને હિસાબે અને યુક્તિને અનુસારે કાર્મણ અને તૈજસ બન્ને જાતનાં પુદ્ગલોને લૈક્રિક શરીર તરીકે એટલે ભવાન્તરે જનારાં જીવના ચિન્હરૂપ શરીર તરીકે માનવાં જ પડે છે. અન્યમતની અપેક્ષાએ જેમ મોક્ષપદને નહિં પામેલો કોઇપણ જીવ લૈક્રિક શરીર વગરનો હોતો

જ નથી, તેવી જ રીતે જૈનશાસ્ત્રને હિસાબે કોઈપણ જીવ તૈજસ અને કાર્મણ વગરનો હોતો જ નથી. તે તૈજસ અને કાર્મણમાં પણ સીધો પ્રભાવ તૈજસ શરીર જ દેખાડે છે, અને તે જ તૈજસશરીરના પ્રતાપે જ જીવ ગર્ભમાં આવે તેની સાથે જ બીજો કોઈપણ ખોરાક નહિં, પરન્તુ માતાના રુધિરને અને પિતાના વીર્યને આહાર તરીકે ગ્રહણ કરે છે. અનુક્રમે તે રૂધિર અને વીર્યના પુદ્‌ગલો શરીરની જડરૂપ થાય છે. ગર્ભમાં આવવાવાળા કોઈ પણ જીવે શરીર બાંધવાની ઈચ્છા કરી નહોતી અને તેટલા જ માટે શાસ્ત્રકારોપણ શરીર નામની સંજ્ઞા જણાવતા નથી, પરન્તુ ચારે સંજ્ઞાઓમાં પહેલવહેલી થવાવાળી અને પહેલે નંબરે ગણાવેલી એવી આહારસંજ્ઞા સર્વજીવોને પ્રથમથી જ હોય છે, તે આહાર સંજ્ઞાના પ્રભાવે કરેલા આહારમાંથી કેટલોક ભાગ ખલરૂપ ચાલ્યા જતાં રસરૂપે થયેલો ભાગ જીવની સાથે શરીરરૂપે પરિણમે છે અને તે જ શરીરપણે પરિણમેલા ભાગમાંથી જ પોતપોતાની જાતને લાયક ઇન્દ્રિયોનો આવિર્ભાવ થાય છે. યાદ રાખવું કે આહાર વગર કોઇ દિવસ શરીર થતું નથી, વધતું નથી, ટકતું પણ નથી, અને એટલા જ માટે સમુદ્‌ઘાત અને અયોગી અવસ્થાનો જે અમુક કાળ તે સિવાય સંસારી જીવ માત્રને આહારના દ્રવ્યોનો સંયોગ હોય ત્યાં સુધી આહારકપણું જ છે. પણ અણાહારકપણું એક અંશે પણ નથી. એટલે ચોક્કખું થયું કે શરીરવાળા જીવને પહેલાં આહાર કરવો પડે છે, એટલું જ નહિં પરન્તુ તે પછી પણ આહારમાં ને આહારમાં જ પ્રવૃત્ત રહેવું પડે છે.

કેવલિભગવંતને આહારની મનાઇ શી રીતે કરાય ?

દિગમ્બરભાઈઓ જો કે કેવલિયોને આહાર નથી માનતા, તો પણ તેઓથી શરીર હોય ત્યાં સુધી રૂંવાટાદ્વારાએ આવતી આહારની શ્રેણિ તો રોકી શકાય તેમ નથી જ. વિચાર કરવાની જરૂર છે કે દિગમ્બરભાઈઓ જગતના દુઃખને લીધે કેવલિયોને આહારની મનાઈ માને, તો પ્રથમ તો તે કેવલિયોને મહાદુઃખમય માનવા પડશે. કારણ કે ચર્મચક્ષુથી જોનારા મનુષ્ય બે પાંચ દુઃખી જીવોને જોઈ અપૂર્વદુઃખને ધારણ કરે છે, તો પછી જે કેવલજ્ઞાનીયો સર્વ નિગોદ વગેરે તિર્યંચગતિના જીવો અને સાતે નરકના નારકી જીવોને દુઃખમય અવસ્થામાં દેખનારા કેવલિને દુઃખનો પાર રહે નહિ, એટલે કહેવું જોઈએ કે દિગમ્બર ભાઈઓના મતની અપેક્ષાએ તો દુઃખમય અવસ્થા લેવી હોય તે જ કેવલજ્ઞાન મેળવવા માગે. કદાચ દિગમ્બર ભાઈ એમ કહે કે કેવલિમહારાજાઓ રાગદ્વેષરહિત હોવાથી તેમજ ઉદાસીનતારૂપી કેવલજ્ઞાનનું ફલ હોવાથી કેવલિ મહારાજાઓ સમગ્ર જગતના દુઃખોને દેખે તો પણ તે ઉદાસીનભાવનાના પ્રતાપે તેઓનો આત્મા દુઃખી થાય જ નહિં, તો પછી તિર્યંચ અને નરકના દુઃખો દેખવાથી કેવલી કવલાહાર નથી કરતા એવી માન્યતા જાહેર કરવી તે કેવલ જુઠી

છે. એટલું નહિ પણ કેવલિમહારાજાઓને પણ કલંક દેનારી છે. વળી દિગમ્બરભાઈઓ આહારસંજ્ઞાને અશાતાના ઉદયરૂપે ગણીને કાવલિક આહારનો નિષેધ કરે છે, તો તેમાં પણ તેઓએ વિચારવું જોઈએ કે આહારસંજ્ઞાની અશાતા વધી જાય કે જગતના જીવોને દુઃખી જોઈને કેવલિમહારાજા પણ દુઃખી થઈ જાય અને તેથી આહારના લાભનો અન્તરાય સર્વથા ત્રુટેલો છતાં અને આહારના કારણભૂત તૈજસ શરીરની હયાતિ છતાં પણ આહાર ન કરી શકાવવો તે દુઃખની અશાતા વધી જાય ? વળી દિગમ્બરભાઈઓએ વિચાર કરવો જોઈએ કે છદ્મસ્થજીવોને તો રોમદ્વારાએ થયેલા આહારનો પ્રથમથી ખ્યાલ જ હોતો નથી, પરંતુ તેના પરિણામથી થયેલા મૂત્રાદિકની અધિકતાદ્વારાએ જ તે વસ્તુનો ખ્યાલ થાય છે, પણ કેવલિ મહારાજને તો પ્રથમથી જ રોમદ્વારાએ આવતા પુદ્‌ગલોનો ખ્યાલ હોય છે, અને તે દ્વારાએ શરીરનું પુષ્ટ થવું પણ થઈ શકે છે, તો પછી કવલાહાર દ્વારાએ જે શરીરની પુષ્ટિ થવાની હતી તેજ પુષ્ટિ રોમાહારાદ્વારાએ પણ જ્યારે કેવલિમહારાજાઓને પણ રહી તો પછી જગતના જીવોના દુઃખથી દુઃખીપણાની વાત અને તેથી કેવલાહાર નહિ કરવાની વાત કેવલ હમ્બકરૂપે જ ગણાય.

કેટલા દિગમ્બર ભાઈઓ તો એમ કહેવાને પણ પોતાની જીભ તૈયાર કરે છે કે છદ્મસ્થ પણ આહાર કરે અને કેવલિ પણ આહાર કરે તો તે બેમાં ફરક શો ? પરન્તુ આવુ કહેનારાઓએ વિચાર કરવો જોઈએ કે પ્રથમ તો છદ્મસ્થને પણ વેદનીય વગેરે આયુષ્ય નામ અને ગોત્ર કર્મ છે અને વેદનીય કર્મો કેવલિમહારાજને પણ છે. તો શું તેટલા માત્રથી છદ્મસ્થનો જીવ અને કેવલિમહારાજનો જીવ કંઈપણ ફરક વગરનો છે એમ કહી શકશો ખરા? અને જો એમ કહેવામાં આવે કે કેવલિમહારાજને વેદનીયઆદિક કર્મો છતાં પણ જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મો નથી માટે તેમની અધિકતા છે, તો તે વાત અહિં આહારને અંગે પણ લેવામાં શી અડચણ છે ? વળી છદ્મસ્થ અને કેવલી બન્ને શરીરવાળા છે. દ્રવ્યઈન્દ્રિયવાળા છે, શ્વાસોશ્વાસવાળા છે, ભાષાવાળા છે, દ્રવ્યમનવાળા છે, ગમનાગમનવાળા છે. તો શું એ વિગેરેની સરખાવટથી કેવલિમહારાજને છદ્મસ્થ સરખા ગણશો ખરા ? કહેવું પડશે કે શરીરઆદિક સર્વ છતાં પણ કેવલિમહારાજા ઘાતિકર્મથી રહિત છે માટે ઉંચા જ છે. તો પછી અહિં આહાર કરવાવાળા છદ્મસ્થ અને કેવલિ હોય તો પણ કેવલજ્ઞાની મહારાજ ઘાતિકર્મ રહિત હોવાથી આહાર કરવાવાળા છદ્મસ્થ કરતાં ઉચ્ચતમ ગણાય. વળી કેટલાકોની માન્યતા છે કે આહારસંજ્ઞા અપ્રમત્તને પણ હોતી નથી તો પછી કેવલિ સરખા મહાપુરૂષને તો તે આહારસંજ્ઞા હોય જ ક્યાંથી ?

કેવલિભગવંતોને રસાદિકનો અનુભવ તો હોય છે.

આવું કહેવાવાળાએ આહારસંજ્ઞા અને આહાર કરવો એ બેમાં ભેદ જ વિચાર્યો નથી.

દિગમ્બરભાઈઓએ ધ્યાન રાખવું કે કેવલિ મહારાજાઓને રસનાદિક ઇંદ્રિયોદ્વારાએ રસાદિકનો ઉપભોગ નથી, છતાં રસાદિકનો અનુભવ કેવલિયોને નથી હોતો તેમ કહેવાય નહિ. તીર્થંકર મહારાજને કેવલજ્ઞાન થયા પછી ઘ્રાણેંદ્રિયદ્વારાએ ગંધનો ઉપભોગ નથી, ચક્ષુરિન્દ્રિયદ્વારાએ રૂપનો ઉપભોગ નથી. શ્રોત્રેન્દ્રિયદ્વારાએ શબ્દનો ઉપભોગ નથી. છતાં તીર્થંકર કેવલિ મહારાજા ગંધના, રૂપના કે શબ્દના અજ્ઞાનવાળા છે એમ તો કહી શકાય જ નહિં. તેવી રીતે મોહનીયના ઉદયદ્વારાએ થતી ઇચ્છાપૂર્વકવાળી આહારસંજ્ઞા ન હોય, તો પણ અનપવર્ત્તનીય અને નિરૂપક્રમ આયુષ્યને લીધે શ્વાસોશ્વાસના પુદ્‌ગલોને લેવાની માફક આહારના પુદ્‌ગલો લે તેમાં પ્રમત્તદશાને સ્થાન કહેવાય જ નહિં, આ બધું કહેવાનું તત્વ એટલું જ કે અમુક વખતને બાદ કરતાં આહારની સામગ્રી હોવાથી જીવ આહારને કરે જ છે અને તે આહાર પ્રમત્ત દશા સુધીના જીવો આહારસંજ્ઞાથી જ કરે છે, એટલે કહેવું જોઇએ કે સંસારી જીવ માત્ર તૈજસના સહચારને લીધે માત્ર આહારની જ ઇચ્છાવાળો થયો, અને તે આહારની ઇચ્છાથી આહાર કરતાં શરીર અને ઇન્દ્રિયો તેમજ શ્વાસોશ્વાસ ભાષા અને મન એ વગર ઇચ્છાએ પુદ્‌ગલોના પ્રબંધથી અને કર્મના ઉદયથી ગળે વળગ્યાં, અને પછી જેમ થયેલા ગુમડાને પંપાળ્યા સિવાય છુટકો થતો જ નથી, તેવી રીતે તે ગળે પડેલા શરીરાદિને ટકાવવા માટે વિવિધ પ્રયત્નો કરવા પડે છે. છતાં પણ શરીર અને આહાર કરતાં ઇન્દ્રિયો તો એટલી બધી જબરદસ્ત છે કે રૂપિયા કરતાં વ્યાજ વ્હાલું લાગે એવી દશા થાય છે. ઇન્દ્રિયોના પ્રભાવે તેના વિષયો તરફ અને તે વિષયોના સાધનો તરફ જીવ તનતોડ પ્રયત્નવાળો થાય છે. અને તેને માટે આખી જીંદગી ગુમાવે છે. એવી રીતે દરેક સંસારી જીવ દરેક ભવમાં અનેક પ્રકારના આહારો કરીને શરીર ઇન્દ્રિય અને તેના વિષયના સાધનો એકઠાં કરે છે, પણ પોતાનાં હજાર યોજન સુધી કરેલાં શરીરો જો કે હજારો વર્ષો સુધી મહેનતનું પરિણામ હોય છે, છતાં તે શરીરો, તે ઇંદ્રિયો, તે વિષયો અને તેનાં સાધનોને એક જ સમય કે જેના બે હિસ્સા પણ કલ્પી શકાય પણ નહિ, તેવા બારીક વખતમાં છોડી દઈને પુનર્ભવમાં સધાવવું પડે છે. એટલે ટુંકાણમાં કહીએ તો આ જીવનો દરેક ભવમાં એ જ ધંધો થયો કે મેળવવું અને મ્હેલવું. દરેક ભવમાં નવા-નવા શરીરાદિકો મેળવે અને દરેક ભવમાં મૂકી દે, આગલે ભવે તો ખાલીને ખાલી પ્રવાસ કરે. એટલે કહેવું જોઇએ કે અણઘડ બાઇને અંગે તો એમ કહેવાય છે કે હાથમાં નહિં કોડી અને ઉભી બજારે દોડી, પણ આ જીવ તો તેથી પણ નપાવટ છે, કેમકે અનંતા અનંત જન્મો સુધી મેળવી મેળવીને તેણે મેલ્યાં જ કર્યું તો પણ હજુ આ જીવને સમજણ પડતી નથી. અને ઉપર જણાવેલી ચક્ષુની દૃષ્ટિની રીતિએ બાહ્યદૃષ્ટિ થઈને તે માતપિતાદિક અને આહારદિકમાં જ લીન રહે છે, પરન્તુ જેમ આરિસો આગળ ધરનારો મનુષ્ય પોતાની ચક્ષુથી જ પોતાના નેત્રના

વિકારને સ્પષ્ટપણે જોઈ શકે છે, તેવી રીતે આ જીવ અનાદિકાલથી બાહ્યદૃષ્ટિવાળો છતાં પણ કોઈક એવા મહાપુરૂષના વચનરૂપી આગમના આરિસામાં પોતાના આત્માને જુએ તો તે ખરેખર બાહ્યદૃષ્ટિના સ્વભાવવાળો છતાં પણ અંતદૃષ્ટિવાળો થઈ શકે છે. આટલા વિચારથી આત્માને અંતદૃષ્ટિ થવા માટે તીર્થંકર ભગવાનના વચનરૂપી આગમ આરિસાની જરૂર છે એમ નક્કી થવું. ધ્યાન રાખવું કે ચૌદરાજલોકમાં દરેક ભવે બાહ્યપુદ્‌ગલો મેળવીને મ્હેલવાવાળા અનંતાનંત જીવો ભ્રમણ કરી રહ્યા છે, પરન્તુ પહેલા ભવમાં મેળવેલ શુદ્ધબોધ અને સાચી માન્યતા લઈને આ જીંદગીમાં આવવાવાળા હોય તો તે યુગની આદિમાં તીર્થંકર ભગવાનો જ હોય છે, એટલે આ ઉપરથી નક્કી થવું કે મોક્ષના માર્ગને પહેલ વહેલા કોઈપણ યુગમાં જાણનારા, આદરનારા અને તેના કેવલજ્ઞાનરૂપી અનન્તરફલને મેળવીને જગતને મોક્ષમાર્ગનો પ્રકાશ કરનાર કોઈપણ હોય તો તે અરિહંત પરમાત્મા જ છે.

મુમુક્ષુદશા સર્વ આસ્તિક-દર્શનો શ્રેષ્ઠ જ ગણે છે.

જેવી રીતે જૈનશાસ્ત્રકારોના કથન મુજબ જૈનોને મોક્ષમાર્ગના પ્રકાશક અને આચરનાર તરીકે અરિહંતોને માનવાની જરૂર છે, તેવી જ રીતે દરેક આસ્તિકને પોતપોતાના મતને પ્રવર્ત્તાવનારાઓ મોક્ષને માટે જ જુદા જુદા મતને પ્રવર્ત્તાવનારા હતા એમ માનીને માર્ગ પ્રવર્ત્તક તરીકે આદ્યપુરૂષને માનવા જ પડે છે. અર્થાત્ આસ્તિક માત્રનું મુખ્ય ધ્યેય મોક્ષ હોવાને લીધે દરેક આસ્તિકને તે મોક્ષમાર્ગના પ્રણેતાને ઈશ્વર તરીકે માનવા જ પડે છે. જો કે જેઓ વાસ્તવિક રીતિએ મોક્ષને કથન કરી શક્યા નથી. મોક્ષના સ્વરૂપને જાણી શક્યા નથી. મોક્ષના માર્ગને આચરી શક્યા નથી અને બતાવી પણ શક્યા નથી, છતાં જેમ છોકરાઓ હીરાની પરીક્ષાને જાણતા નથી જ, યવ વિગેરે દ્વારાએ હીરાનું તોલ વિગેરે કરી જાણતા નથી, તેમજ હીરાની કિંમત પણ જાણતા નથી છતાં ઝવેરીલોકોએ સાચા હીરાને માટે વાપરેલો હીરો એવો જે શબ્દ તેને તે બચ્ચાએ પણ પકડી રાખે છે અને તે હીરા શબ્દનો વ્યવહાર કાચના કટકામાં પણ કરે છે, તેવી રીતે આ ઇતરદર્શનકારો પોતાના આત્માને વીતરાગપણાને પ્રાપ્ત કરી કેવલ્યસ્વરૂપ નહિં બનાવેલો હોવાથી મોક્ષના સ્વરૂપને યથાસ્થિત રીતે જાણતા નથી, અને તે મોક્ષના સ્વરૂપને નહિં જાણવાથી તેના કારણો તરીકે સમ્યગ્‌દર્શનાદિ રત્નત્રયીને પણ તેઓ જણાવી શકતા નથી, છતાં પણ જૈનદર્શનના અનુકરણથી છોકરાએ કાચમાં વાપરેલા હીરાશબ્દની માફક પોતપોતાના માર્ગના ફલમાં મોક્ષ શબ્દનો પ્રયોગ કરે છે. અર્થાત્ દરેક આસ્તિક ધર્મવાળા હોય તો કુદેવને દેવરૂપે માને કુગુરૂને ગુરૂરૂપે માને, કુધર્મને ધર્મરૂપે માને, સુદેવને સુદેવરૂપે ન માને, સુગુરૂને સુગુરૂરૂપે ન માને, અને સુધર્મને સુધર્મરૂપે પણ ન માને, તો પણ પોતાનું

સાધ્ય તો મોક્ષ જ છે એમ માને જ છે, અને તેથી દરેક મતવાળાએ મુમુક્ષુદશાને એકસરખી રીતિએ ઉત્તમ ગણેલી છે એટલે ઝવેરીમાં અને બાલકોમાં જેમ હીરાશબ્દો ઉચ્ચાર એક સરખી રીતે ઉત્તમપણે વપરાયેલો છે, તેવી રીતે મોક્ષરૂપ સાધ્યનો નિર્દેશ દરેક મતવાળાએ ઉત્તમોત્તમ રીતે કરેલો છે, આ વાત જ્યારે ખ્યાલમાં લઈશું ત્યારે કોઈક કોઈક ગ્રંથકારે જે જણાવ્યું છે કે અભવ્યજીવો કે જેઓને મોક્ષની ઈચ્છા હોતી જ નથી તેવા અભવ્યજીવોને આ આસ્તિકમતોનું મિથ્યાત્વપણું હોવું સંભવિત નથી, તે ખરેખર દીર્ઘદૃષ્ટિથી થયેલું કથન છે. જો કે ભવગતદેવોને દેવ તરીકે માનવા તે પણ આભોગિક મિથ્યાત્વ છે, પરન્તુ તેવા ભવફલની અપેક્ષાએ ભવગત દેવોને માનવારૂપ મિથ્યાત્વ અગર નાસ્તિકકાદિકના મતે દેવને ન માનતાં કુગુરૂઆદિને માનવારૂપ આભોગિક મિથ્યાત્વ અભવ્યજીવોને હોવું અસંભવિત નથી. પરન્તુ પૂર્વે જણાવેલ મોક્ષની સાધ્યાતાવાળા આસ્તિકદર્શનોને અનુસરવાથી થતું આભોગિક મિથ્યાત્વ તો અભવ્યજીવોમાં હોય નહિં એ સ્વાભાવિક જ છે. ધ્યાન રાખવું કે આવી રીતે મોક્ષબુદ્ધિથી જે જે મતમતાંતરોમાં યથાભદ્રિકભાવે ક્રિયા કરવામાં આવે છે, તેવી ક્રિયાવાળાઓમાં વિનયીપણું, દાનરૂચિપણું, દાક્ષિણ્યતા પ્રિયભાષિપણું વિગેરે ગુણો મિથ્યાત્વીમાં છતાં પણ અનુમોદવા લાયક બને છે. કારણ કે મિથ્યાત્વની વૃદ્ધિ થવાનો પ્રસંગ તે મિથ્યાત્વીઓના ગુણોના વર્ણનથી આવે કે જેઓ પોતાના વર્ણનદ્વારાએ કુમતમાં દૃઢ અભિનિવેશવાળા હોવાથી કુમતના વિસ્તારમાં જ તેના વર્ણનનું પર્યવસાન થાય. આ જ કારણને મુખ્ય રાખીને શાસ્ત્રકારો મિથ્યાદૃષ્ટિના ગુણની પ્રશંસાનો નિષેધ કરે છે, એટલું જ નહિ, પણ જો મિથ્યાદૃષ્ટિના ગુણની પ્રશંસા થઈ જાય તો તેને સમ્યક્ત્વના દૂષણરૂપ ગણે છે. અને જો તે ગુણવાળો ભદ્રકભાવવાળો હોય, તેના ગુણનું વર્ણન કુમતની વૃદ્ધિમાં પર્યવસાન ન પામતું હોય, ફલિતાર્થ તરીકે તે ગુણો માર્ગને અનુસરવાવાળા હોવા સાથે તે પ્રશંસાપાત્ર જીવને અને તેના ગુણોનું વર્ણન સાંભળનાર જીવોને મિથ્યાત્વનું દૃઢીકરણ કરનાર ન થાય, પણ માર્ગની સન્મુખતા કરનાર થાય, તો તેવા ગુણો અનુમોદવા યોગ્ય જ છે. તેથી કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી પણ સુકૃતની અનુમોદનામાં સ્પષ્ટપણે જણાવે છે કે "यत्कृतं सुकृतं किञ्चिद्, रत्नत्रितयगोचरं। तत्सर्वमनुमन्येऽहं मार्गमात्रानुसार्यपि ॥१॥ એટલે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપી રત્નત્રયીને અંગે જે કંઈ સુકૃત કર્યું હોય તેની હું અનુમોદના કરૂં છું, એટલું જ નહિં, પણ માર્ગમાત્રને અનુસરનારા સુકૃતની પણ અનુમોદના કરૂં છું.

નમસ્કાર મંત્રનો એક અક્ષર પામનાર પણ કેટલાં કર્મ ખપાવે ?

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કુમતના આગ્રહી પુરૂષોએ કરાતા પંચાગ્નિતપો ભૃગુપાતનો ઝંપાપાતો માધસ્નાન કાશીકરવત એ વિગેરે કાર્યો

અનુમોદવા લાયક જ નથી, પરન્તુ તે કાર્યો જેટલાં ભયંકર છે તેના કરતાં પણ તેની અનુમોદના સેંકડોગુણી ભયંકર છે અને તેથી તેવા મિથ્યાત્વને દૃઢ કરનાર કાર્યો અકથનીય કષ્ટમય હોય તો પણ સુજ્ઞજનોથી એ કાર્યો પ્રશંસાપાત્ર છે એમ કહેવાય જ નહિં. આટલું છતાં પણ મોક્ષની બુદ્ધિએ મિથ્યાત્વની પણ પ્રાપ્તિ થવી તે ભવ્યજીવ સિવાય બીજાને હોય જ નહિં, સુજ્ઞપુરૂષોએ વિચારવાનું છે કે મોક્ષની બુદ્ધિએ મિથ્યાત્વની પ્રવૃત્તિ પણ જો ભવ્યપણાની છાપ દેનારી છે, તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને નિરૂપણ કરેલ યથાસ્થિત સ્વરૂપવાળા મોક્ષને માટે તે જ ત્રિલોકનાથ તીર્થંકરે તે જ મોક્ષના કારણ તરીકે જણાવેલ સમ્યગ્દર્શનાદિકની વ્યવહારથી થતી પ્રવૃત્તિ તો આત્માની ઉન્નતદશાને કેમ સૂચવે નહિં ? આ વાત વિચારવામાં આવશે તો શાસ્ત્રકારો જે જણાવે છે કે **णमो अरिहंताणं** ના આદ્ય અક્ષર ણકારને અગર **करेमि भंते ! सामाइअं** ના આદ્ય અક્ષર ક્કારને દ્રવ્ય થકી પામનારે પણ અગણોસિત્તેરથી અધિક સ્થિતિ મોહનીયકર્મની તોડી નાખી છે. એવાં શાસ્ત્રોનાં વચનો સુજ્ઞઆત્મામાં ઓતપ્રોત થઈ જશે. જે મોક્ષમાર્ગની નીસરણીના પહેલે પગથીયે દ્રવ્યથકી આવનારને આટલી બધી ઉત્તમતિ છે તે મોક્ષમાર્ગને પ્રગટ કરનાર જો કોઈ પણ હોય તો ફક્ત ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જ છે. આ વાત સુજ્ઞપુરૂષો અંતઃકરણથી વિચારશે તો શ્રી સિદ્ધચક્રના આદ્યપદમાં પાંચે કલ્યાણકોમાં જગતને સુખ કરનાર, ત્રણે જ્ઞાન સહિત ગર્ભમાં આવનાર, દીક્ષા વખતે જ મનઃપર્યવજ્ઞાનને પ્રાપ્ત કરનાર, અઢાર દોષોએ રહિત, અષ્ટમહાપ્રાતિહાર્યથી યુક્ત, ચોત્રીશ અતિશયને ધારણ કરનાર, વાણીના પાંત્રીસ ગુણોએ કરીને સહિત એવી દેશના દેનાર, દેવેન્દ્ર નરેન્દ્ર અને યોગીન્દ્રોથી પૂજય, એવા જીનેશ્વર ભગવાનને પ્રથમ સ્થાન કેમ આપ્યું છે ? તે સારી રીતે સમજાઈ જાશે.

સમ્યગ્દર્શનાદિ રત્નત્રિક શી રીતે પમાય ?

ધ્યાન રાખવું કે હીરાની કિંમત અમૂલ્ય છે છતાં તેને દેખાડનારી ચક્ષુની કિંમત અગર ઉપયોગિતા તેથી પણ ઘણી જ ચઢીયાતી છે. તેવી રીતે મોક્ષમાર્ગની કિંમત જેટલી આંકીયે તેટલી ઓછી છતાં તે મોક્ષમાર્ગને બતાવનાર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન અરિહંત મહારાજની ઉચ્ચતા અનહદ છે. તેથી જ તેમના નમસ્કાર, ભક્તિ, જાપ અને ધ્યાનથી આત્માનું કૃતાર્થપણું કરી શકાય છે. વળી ચિન્તામણિરત્નની હાજરી છતાં પણ તે ચિન્તામણિરત્નથી ફલની પ્રાપ્તિ તો તેવાઓને જ થાય કે જેઓ ચિન્તામણિરત્નની વિધિપૂર્વક આરાધના કરે. જો કે ચિન્તામણિરત્નને ભક્તની આરાધનાથી કંઈ મેળવવાનું નથી, ભક્તિ કરનાર ઉપર કંઈ રાગ નથી, તેમજ ભક્તિ નહિં કરનાર ઉપર દ્વેષ નથી, તો પણ સ્વભાવથી ચિન્તામણિરત્ન આરાધકોને ભાગ્યશાળી બનાવે છે, અને ભક્તિ રહિત તથા વિરાધકોને નિર્ભાગીયા રહેવા દે છે.

તેવી રીતે ભગવાન જીનેશ્વર મહારાજની હયાતિ માત્ર જગતને તારનારી થતી નથી, પરન્તુ તે અરિહંત ભગવાનની પૂજા-ભક્તિ-ધ્યાન-જપ-નમસ્કાર કરવામાં, આવે તેમજ વીતરાગ મહારાજને ભક્તિની અભિલાષા નહિં છતાં, ભક્તિ કરનાર ઉપર રાગ નહિં છતાં, ભક્તિ નહિં કરનાર કે અભક્તિ કરનાર ઉપર દ્વેષ નહિં છતાં, ભક્તિ કરનારને સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીની ભાગ્યશાળી બનાવે છે, અને ભક્તિ નહિં કરનાર કે અભક્તિ કરનારને મિથ્યાત્વરૂપી નિર્ભાગ્ય દશામાં રહેવાનો જ વખત થાય છે.

અરિહંત ભગવંત અને ચાર નિક્ષેપા.

આ વાત સમજવામાં આવશે ત્યારે શ્રી સિદ્ધચક્રમાં પહેલાપદે અરિહંત મહારાજ કરતાં પણ નમસ્કારનું **નમો** પદ પહેલાં કેમ મૂક્યું છે ? એનું તત્વ સમજી શકાશે. યાદ રાખવું કે સૂત્રકારોએ પણ **अरिहंताणं णमो** એમ નહિં કહેતાં **णमो अरिहंताणं** એમ જ સ્થાને સ્થાને કહેલું છે અને એ ઉપરથી અરિહંત મહારાજાથી ફલની પ્રાપ્તિ અરિહંત મહારાજની હયાતિ માત્રથી નથી, પરન્તુ તેમની ભક્તિથી જ છે, આટલું જણાવી એ **णमो अरिहंताणं** માં ચારે નિક્ષેપા કેવી રીતે રહ્યા છે તે ઉપર વિચાર કરીશું, **णमो अरिहंताणं** ને ગણનારો દરેક મનુષ્ય સારી રીતે સમજી શકે તેમ છે કે અરિહંત એ શબ્દ અક્ષરના અનુક્રમવાળો છે, અને તેથી તે વાચ્ય નથી, પણ વાચક જ છે અને એ અનુક્રમે અક્ષરવાળા વાચકને જ નામ કહેવામાં આવે છે. **नमो अरिहंताणं** પદને ગણનારો મનુષ્ય જે અરિહંતપદ દ્વારાએ તો નમસ્કાર કરે છે તે જો અરિહંતનામને ન માનતો હોય તો અરિહંતપદથી નમસ્કાર કરી શકે જ નહિં જગતમાં જે શબ્દ અનેક અર્થને કહેનારો હોય છે પછી તે કહેવાતા અર્થોમાં ભલે આકાશ પાતાળ જેટલું આંતરૂ હોય, છાયા અને આતપ જેવો વિરોધ હોય, ઉદ્યોત અને અન્ધકાર જેવો નાશ્યનાશક ભાવ હોય, છતાં તે અનેકાર્થનું વાચકપણું શબ્દમાંથી ચાલ્યું જતું નથી, તેવી રીતે કોઈક ગોશાલા સરખો મનુષ્ય પોતાનામાં અરિહંતપદની વાચ્યતાનો આરોપ કરી પોતાને અરિહંત કહેવડાવે અને પોતે અરિહંતપદથી વાચ્ય બને તો તેટલા માત્રથી અરિહંતનામની મહત્તા ઘટતી નથી. વળી અરિહંત એ નામ દરેક જૈનો ઉચ્ચારણ કરે છે તે સર્વના મુખમાં કંઇ ભાવઅરિહંતોની હાજરી હોતી નથી. તેથી કહેવું જ જોઈએ કે અરિહંતપદને ઉચ્ચારણ કરનારો મનુષ્ય નામનિક્ષેપાને માનીને જ **नमो अरिहंताणं** એમ બોલે છે. જો કે અરિહંત ભગવાનનો આત્મા અરિહંતપદથી વાચ્ય છે. છતાં અરિહંતપદનું વ્યાપકપણું છે, પણ અરિહંત મહારાજનું તેવું વ્યાપકપણું હંમેશા હોતું નથી, તેથી ભાવની સાથે જોડાયેલા નામની જેટલી ઉત્તમતા છે તેટલી જ ઉત્તમતા ભાવ અરિહંતથી જુદા પડેલા એવા પણ આ અરિહંત નામની માનવી જ જોઈએ. કેમકે જો એમ ન મનાય તો સાક્ષાત્ અરિહંતને નમસ્કાર

કરવાથી જે ફલ મળે તે ફલ નમો અરિહંતાણં બોલવાથી મળે જ નહિં, એટલું જ નહિં, પણ નામમાં વાચ્યનો સંબંધ ન રાખવામાં આવે તો નમો અરિહંતાણં કહેવાથી કંઈપણ ફલ થવું જ જોઈએ નહિં. કારણ કે ભાષાના પુદ્‌ગલો કેવલ અચેતન છે અને તેવા ભાષાપુદ્‌ગલોનો પરિણામ કરવાથી અરિહંત મહારાજના નમસ્કારનું ફલ મળે જ કેમ? માટે એકલા અરિહંતનામમાં પણ મહત્તા માનવી જ જોઈએ. વળી વિશેષે ખ્યાલ કરવા જેવું એ છે કે ભગવાન ઋષભદેવજીઆદિ તીર્થંકરો કોઈ દિવસ પણ એક ક્ષેત્રમાં એકઠા થઈ શકતા નથી, અને તેથી કોઈપણ જીવ એક ક્ષેત્રમાં એકીકાલે બે અરિહંતોના નમસ્કારનું ફલ મેળવી શકે પણ નહિં, છતાં નમો અરિહંતાણં ના ઉચ્ચારણથી અતીત કાલના અનંત અરિહંત ભગવંતો, વર્ત્તમાન કાલના કંઈ અરિહંત ભગવંતો, અને ભવિષ્યકાલના પણ અનંત અરિહંતોને વન્દન કરવાનું થાય છે, આ બધો મહિમા નામની સાથે કહેલાં બહુવચનનો છે. જો કે એ વાત તો ખરી છે કે એક રતિ સોનાનું સ્વરૂપ જે હોય તે જ લાખો તોલા સોનાનું સ્વરૂપ હોય છે. અને જે લાખો તોલા સોનાનું સ્વરૂપ હોય છે તે જ સ્વરૂપ એક રતિ જેટલા સોનામાં પણ હોય છે, તેવી રીતે એક પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનમાં જે ગુણોનો સમુદાય હોય છે તે જ ગુણોનો સમુદાય અતીત અનાગત અને વર્ત્તમાનકાલના તીર્થંકરોમાં રહેલો છે અને અતીત અનાગત અને વર્ત્તમાન એ ત્રણે કાલના અરિહંત ભગવંતોમાં જે ગુણોનો સમુદાય રહેલો હોય છે તે જ ગુણોનો સમુદાય એક તીર્થંકરમાં રહેલો છે અને એજ કારણથી ભગવાન હરિભદ્રસૂરિજી જણાવે છે કે **एगंमि पूयंमि सव्वे ते पूइया हुंति** અર્થાત્ એક પણ તીર્થંકરની પૂજા કરવાથી સર્વ પણ તીર્થંકરોની પૂજા થઇ જાય છે. એવી રીતે એકપણ અરિહંતને નમસ્કાર કરવાથી સર્વપણ અરિહંતોને નમસ્કાર થઈ જાય છે, તો પછી નમો અરિહંતાણં માં બહુવચન કહેવાની જરૂર રહેતી નથી, આવા કથનના સમાધાનમાં એમ કહી શકાય કે સંઘના એકપણ અવયવની, એકપણ સાધુની, એકપણ આચાર્યની ભક્તિ કરવાથી સર્વ સંઘ-મુનિ અને આચાર્યોની ભક્તિ થઇ જાય છે, છતાં પણ પૃથક્‌પૃથક સંઘની વ્યક્તિઓની મુનિઓની અને આચાર્યોની ભક્તિ કરનારાઓને જે ઉલ્લાસ જે ભાવના અને તે દ્વારાએ જે તીવ્રકર્મનો ક્ષયોપશમ એટલે નિર્જરા થાય છે તે અનુભવ અને શાસ્ત્રથી સિદ્ધ છે. માટે જ **નમો અરિહંતાણં** એમ એકવચન ન કહેતાં **નમો અરિહંતાણં** એમ બહુવચનથી જ નમસ્કાર કરેલો છે. વળી પૂજ્યપુરુષોને અંગે એક હોય તો પણ બહુવચન વાસ્તવિક નહિં હોવા છતાં રૂઢિથી ગણાય છે. પરન્તુ **નમો અરિહંતાણં** માં કહેલું બહુવચન માત્ર બહુમાનની રૂઢિને અંગે નથી. પરન્તુ સર્વકાળના સર્વ અરિહંતો લેવાને માટે જ છે. કેમકે શાસ્ત્રોમાં અરિહંત મહારાજને અંગે

બહુમાન છતાં પણ રૂઢિથી બહુવચન લેવા છતાં પણ **नमोत्थुणं समणस्स भगवओ महावीरस्स** તથા **समणे भगवं महावीरे** તેમજ કલ્પસૂત્રમાં પણ સકલકાલના અરિહંતોને માટે **नमोत्थुणं अरिहंताणं** કહેવામાં આવ્યું છે, અને એક ભગવાન્ મહાવીર મહારાજરૂપી વર્ત્તમાન અરિહંતને અંગે **आइगरस्स** વિગેરે કહીને આખા નમોત્થુણંની એક વચનથી સૂચના કરેલી છે. એટલે સ્પષ્ટ થયું કે અરિહંત મહારાજ તરફ બહુમાન છતાં પણ વ્યક્તિને અંગે એક વચનનો પ્રયોગ જ શાસ્ત્રોમાં સ્થાને સ્થાને વાપર્યો છે. છતાં અહિં જે **नमो अरिहंताणं** એ પદથી આરાધન જણાવ્યું છે તે સર્વકાળના સર્વ અરિહંતોના નમસ્કારને માટે જ છે અને તેવી રીતે પદ બોલીને આરાધના કરી માનવાનું અગર નમસ્કારથી ફલ પ્રાપ્ત થવાનું તેઓજ માની શકે કે જેઓ નામનિક્ષેપાને માનતા હોય.

नमो अरिहंताणं માં સ્થાપના

જેવી રીતે **नमो अरिहंताणं** જપનારને નામનિક્ષેપાની અગર નામઅરિહંતની ઉત્તમતા માનવી જ પડે અને ધારવી જ પડે, તેવી જ રીતે **नमो अरिहंताणं** ને બોલવાવાળો જો બાલ્યાદિ અવસ્થામાં ન હોય તો જરૂર અરિહંત મહારાજની આકૃતિને મગજમાં લાવીને જ **नमो अरिहंताणं** બોલી શકે, યાદ રાખવું કે જગતમાં વાચકના ઉચ્ચારની સાથે જેમ વાચ્યની પ્રતીતિ થાય છે અથવા વાચ્યને દેખવાની સાથે તેનું વાચકપદ જરૂર યાદ આવે છે. તેવી જ રીતે વાચ્ય એવા પદનો ઉચ્ચાર કરવાની સાથે વાચ્યના આકારના અનુભવવાળાઓને તે વાચ્યના આકારનું સ્વરૂપ ધ્યાનમાં આવ્યા વિના રહેતું નથી. અગ્નિના પાક સ્વભાવને જાણવાવાળો મનુષ્ય અગ્નિશબ્દના ઉચ્ચારણની સાથે જેમ પાકગુણને સ્મરણ કરનારો થાય છે અથવા અગ્નિના આકારને મગજમાં લાવનારો થાય છે, તેવી જ રીતે અરિહંત મહારાજના પ્રશમ રસનિમગ્નાદિ આકારને જાણવાવાળો મનુષ્ય **नमो अरिहंताणं** પદ ઉચ્ચારણ કરવાની સાથે પ્રશમરસનિમગ્નાદિ આકારને મગજમાં લાવ્યા સિવાય રહી શકતો નથી. વળી **नमो अरिहंताणं** માં આદ્યમાં જણાવેલું **नमो** પદ હાથ અને મસ્તકને જોડીને નમાવવારૂપે હોવાથી નમસ્કાર કરવા પૂર્વક નમોપદ બોલવાવાળો સજ્જન પુરૂષ અરિહંત ભગવાનના પ્રશમરસ-આકારને મગજમાં લીધા સિવાય નમસ્કાર કરી શકે જ નહિ. આ વાત તો સર્વને કબુલે છે કે નમો અરિહંતાણં કહેવાવાળો સમજુ હોય તો જરૂર નમસ્કારની ક્રિયા કરે, અને તે નમસ્કારની ક્રિયા કરવાવાળો જો મનમાં આવેલી અરિહંત ભગવાનની પ્રશમરસનિમગ્નાદિ આકૃતિને ન માનતો હોય તો નમસ્કાર કોને કરે ? નમસ્કાર કરવાની સામા ખાલી ભાગ હોય, ભીંત હોય, કે પટપટાદિ કંઈપણ હોય, તેના આકારને ધારીને શું તે નમસ્કાર કરશે ?

સ્થાપના નિક્ષેપની વ્યાપકતા.

ધ્યાન રાખવું કે જગતમાં દૃષ્ટિએ દેખાતા સર્વપદાર્થોની આકૃતિ ચક્ષુની અંદર પડે જ છે.

કોઈપણ દેખનાર મનુષ્ય એવો નથી હોતો કે ચક્ષુમાં જે પદાર્થની આકૃતિ ન પડે તે પદાર્થની આકૃતિ તે દેખી શકે. એટલે ચોક્ખું થયું કે નિર્જીવ આકૃતિ જેણે ન માનવી હોય તે મનુષ્યે તો આંખ પણ ઉઘાડવી જોઈએ જ નહિ. કેમકે આંખ ઉઘાડીને દેખનારાની આંખમાં તો સ્થાપના આવ્યા વગર રહેવાની જ નથી. એટલે ચોક્ખું થયું કે મોંઢેથી સ્થાપના નથી માનતા એમ કહેનારાને પણ જો દેખનાર તરીકે રહેવું હશે તો તેને આંખમાં તો સ્થાપના લેવી જ પડશે. એટલે મોંઢેથી સ્થાપના નકામી છે. સ્થાપના ફાયદો કરતી નથી વિગેરે બોલવું તે નાના છોકરાઓ ખાતા જાય અને ઉપવાસ કર્યો કહે એના જેવી બાલચેષ્ટા જ કહેવાય. તેવી રીતે જ અરિહંત મહારાજને નમસ્કાર કરવા માટે નમો અરિહંતાણં પદ બોલે તે વખત અરિહંત મહારાજનો આકાર જાણતો હોય તો મગજમાં તે આવ્યા સિવાય રહેતો જ નથી. અને તે જ આકારને ઉદ્દેશીને નમસ્કાર થવાનો અગર બોલાવાનો છે. માટે સ્થાપના મગજમાં જેને ન લાવવી હોય તેને અરિહંતાણં બોલવાનુંયે નથી અને નમસ્કાર કરવાનોયે નથી અને નમો અરિહંતાણં કહેવું વ્યર્થ જ છે.

'નમો અરિહંતાણંથી' દ્રવ્યસિદ્ધિ.

એવી રીતે નમો અરિહંતાણં દ્વારાએ જેમ સર્વવ્યાપક એવા નામ અને સ્થાપના જણાવ્યાં તેવી જ રીતે નમો અરિહંતાણં કહેનારો દ્રવ્યને કોઈપણ પ્રકારે દૂર કરી શકે તેમ નથી. કારણ કે નમો અરિહંતાણં કહેનારો મનુષ્ય અરિહંતપણું આકાશમાં રહેલું છે એવું માનવાવાળો હોતો જ નથી, પરન્તુ સ્પષ્ટ રીતે જાણે છે અને માને છે કે અરિહંતપણું તીર્થંકર મહારાજાના જીવોમાં જ રહેલું છે. જીવદ્રવ્ય સિવાય અજીવમાં અરિહંત નામનું કર્મ હોતું જ નથી, કે જેથી અજીવને અરિહંતપણું મળવાનો વખત આવે. તો પછી અજીવ એવા દ્રવ્યને પણ અરિહંતપણું ધારણ કરવાનું થતું નથી જ. પરન્તુ પૂર્વભવમાં વીસ સ્થાનકની આરાધના કરનારા ભાગ્યશાલી એવા જીવદ્રવ્યમાં જ અરિહંતપણું આવેલું હોય છે તેથી અરિહંતને નમસ્કાર કરવા માટે **નમો અરિ૦** બોલવાવાળો જીવ અરિહંત ભગવાનના જીવદ્રવ્યને લક્ષ્યમાં ન લે એવું તો બને જ નહિ.

દ્રવ્યનિક્ષેપો

જૈનશાસ્ત્રને માનનારા મનુષ્યો **લોગસ્સ** સૂત્રને સર્વપ્રકારે માનનારા જ હોય છે. અને તે **લોગસ્સ** માં ભગવાન ઋષભદેવજી વગેરે ચોવીસ તીર્થંકરોને **અરિહંતે કિત્તઇસ્સં** કહીને જે સ્તવના કરાય છે તે દ્રવ્યનિક્ષેપો નહિં માનનારની અપેક્ષાએ તો જુઠું જ છે. યાદ રાખવું કે ભગવાન ઋષભદેવજીથી માંડીને મહાવીર ભગવાન સુધીના ચોવીસ તીર્થંકરોમાંથી કોઈપણ તીર્થંકરનો જીવ અત્યારે નથી તો શરીરને ધારણ કરનાર અને નથી તો અરિહંત નામકર્મને ભોગવનાર અત્યારે તો

તે ચોવીસે તીર્થંકરો સર્વથા કર્મથી રહિત થઈને સિદ્ધપદને પામેલા છે. તો તેવા સર્વથા કર્મથી રહિત એવા સિદ્ધને અરિહંત નામકર્મના ઉદયથી થતા અરિહંતપણાને અંગે નમસ્કાર કરવો એ ભૂત અરિહંતપણારૂપી દ્રવ્યનિક્ષેપાની ધારણા સિવાય બની શકે જ નહિ. જેઓ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પ્રતિમાની પૂજા કરતાં ભોગીપણાનો આરોપ કરવાવાળા છે તેઓએ વિચારવું જોઈએ કે પ્રતિમાને પૂજવાવાળા તો તમારા મતની અપેક્ષાએ માત્ર અજીવ એવા પાષાણને ભોગી બનાવે છે. પરન્તુ તમે તો સિદ્ધ ભગવાન જેવા નિર્લેપ પરમાત્માને કર્મના કાદવથી ખરડો છો. કેમકે અરિહંતપણું નામકર્મના ઉદયથી જ છે. અને નામકર્મ વેદનીય ગોત્ર અને આયુષ્ય સિવાય હોતું જ નથી, માટે ચારકર્મથી સિદ્ધમહારાજને ખરડો ત્યારે જ લોગસ્સ બોલી શકો ? કદાચ એમ કહેવામાં આવે કે ભગવાન ઋષભદેવજી આદિ ચોવીસ તીર્થંકરો દ્વારાએ અમારા આત્માના ઉદ્ધારનો માર્ગ પ્રગટ કરાવાયો છે તેથી તે ચોવીસે તીર્થંકરો મોક્ષે ગયા છે છતાં અમે તેઓને તીર્થંકરના રૂપે જ ભજીયે છીએ, તો પછી ત્રિલોક તીર્થંકર ભગવાનની પ્રતિમાની પૂજા કરનારાઓ પોતાને થયેલ ઉપકારને અંગે અને વરબોધિલાભને અંગે ભગવાન તીર્થંકરની પ્રતિમાની આરાધના કરે છે તેની અનુમોદના કરવાનું તમારું નસીબ ન હોય તો જુદી વાત છે. પરન્તુ નિંદા કરીને દુર્ભાગ્યનું નોતરું કેમ દો છો ? વળી જો ભૂતકાલના તીર્થંકરોને દ્રવ્યનિક્ષેપાદ્વારાએ જ વન્દન કરવાનું ઈષ્ટ ગણ્યું છે તો પછી ભાવિકાલના તીર્થંકરોના જીવરૂપી દ્રવ્ય તીર્થંકરોને ભાવિભાવના કારણ તરીકે નમસ્કાર કરવામાં શા માટે શ્રદ્ધા થતી નથી ? યાદ રાખવું કે ફલ સન્મુખ તીર્થંકરપણું તેરમે ગુણસ્થાનકે હોય છે. છતાં ભગવાન તીર્થંકર મહારાજના જન્મ વિગેરે કલ્યાણકોની વખતે કુદરત પણ તેઓને તીર્થંકર માનીને સમસ્ત લોકોમાં પણ અજવાળું કરે છે. એથી સ્પષ્ટ થયું કે જેઓ ભવિષ્યના તીર્થંકરપણાને અગં તીર્થંકરના જીવોને ન માને તેઓ પોતાને માથે કુદરતનો કોપ ઓઢી લે છે. વળી તીર્થંકર મહારાજ જન્મ પામે તે વખતે સિદ્ધ બુદ્ધ આદિ ગુણવાળા હોતા નથી. એ વાત સર્વને કબુલ કરવી પડે તેવી છે, છતાં એ વાત પણ સાથે કબુલ જ કરવી પડે તેમ છે કે ચરમભવવાળા આરાધક સમ્યગ્દ્રષ્ટિ અને ભવ્યપણાની છાપ ધરનારા શક્રાદિક ઈંદ્રમહારાજાઓ તે જ જન્મના અભિષેકની વખતે સિદ્ધ બુદ્ધ મુક્ત આદિ ગુણોથી સંબોધન કરવા પૂર્વક સ્તુતિ કરે છે એમ શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં સ્પષ્ટપણે જણાવે છે. એટલે સિદ્ધ થયું કે ભાવવિભાવની અપેક્ષાએ પણ સમ્યગ્દૃષ્ટિઓને તો દ્રવ્યનિક્ષેપો વાંદવા લાયક છે.

ભાવનિક્ષેપ

જેવી રીતે નામ સ્થાપના અને દ્રવ્યનિક્ષેપાને આશ્રીને નમો અરિહંતાણં માં વિચાર કર્યો, તેવી જ રીતે ભાવને અંગે પણ વિચાર કરવાની જરૂર છે. કેમકે જો તેનો વિચાર કરવામાં ન આવે તો

વાસ્તવિક અરિહંતના નમસ્કારની સ્થિતિ ટકે નહિ. સુજ્ઞવાચકોએ ધ્યાનમાં રાખવું કે જેઓ તીર્થંકર ભગવાનની પૂજામાં લાભ માનનારા છે. વળી તીર્થંકર નામકર્મ કે જે બંધે અને ઉદયે શુભરૂપ જ છે, તેના ફલ તરીકે મનુષ્યો શું ? પણ દેવતાઓ પણ જેની અષ્ટપ્રાતિહાર્યાદિકથી પૂજા કરે છે, તેઓ જ અરિહંત કહેવાય છે. ધ્યાનમાં રાખવું કે જગતમાં ગુરૂમહારાજાઓ ધર્મકાર્યનો ઉપદેશ સતત કરે છે, છતાં પ્રાણીરક્ષા અને અભયદાન તથા અનુકંપાદિક કાર્યો સાધનસામગ્રીને ધરાવનારા ગૃહસ્થો જ અધિકરૂપમાં કરે છે. યાદ રાખવું કે સાધુઓ સુપાત્રદાનનો ઉપદેશ કરે છે પરન્તુ સુપાત્ર દાન કરવાને માટે તો ભાગ્યશાળી શ્રાવકો જ બને છે તેવી રીતે સાધુ અને શ્રાવકો અરિહંત મહારાજ તરફ ભક્તિની દૃષ્ટિવાળા હોય છે, છતાં પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પૂજા મહારાજા વાસુદેવ ચક્રવર્તી દેવતા અને ઇંદ્રની પૂજા કરે તે કરતાં પણ અધિક થવી જોઇતી પૂજા કરવાને માટે દેવતાઓ ભાગ્યશાળી બને છે. પ્રતિમાને નહિં માનનાર ઢુંઢક અને તેરાપંથીઓ પણ એ તો કબુલ જ કરશે કે ભગવાન ઋષભદેવજી નિર્વાણ પામ્યા ત્યારે ભગવાન ઋષભદેવજીના નિર્વાણ મહોત્સવને કોઇપણ સાધુ કે શ્રાવકે કર્યો નથી. પરન્તુ જંબુદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર સ્પષ્ટપણે જણાવે છે કે તે નિર્વાણ મહોત્સવ ઇંદ્ર અને દેવતાઓએ જ કરેલો છે. કોઇપણ મનુષ્ય એમ તો નહિ કરી શકે કે ભગવાન ઋષભદેવજીના નિર્વાણની વખતે શ્રાવકો કે સાધુઓ ભક્તિવાળા નહોતા, પરન્તુ કહેવું તો પડશે જ કે દેવતાઓ જ ભક્તિના કાર્યમાં અગ્રપદને ભોગવે છે. તે વાત જે શ્રી જંબુદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર જણાવે છે તેવી જ રીતે શ્રી દશવૈકાલિકસૂત્ર પણ **देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो** એ વાક્યથી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. સુજ્ઞવાચકે ધ્યાન રાખવું કે **नमंसंति** એ પ્રયોગ **नमस्यन्ति** ને જણાવનારો છે અને **नमस्यंति** એ પ્રયોગ પૂજાના અર્થમાં જ બને છે. **नमस्** અવ્યયથી પૂજા અર્થ લાવવો હોય તો જ **क्यन्** પ્રત્યય આવે અને તે **क्यन्** આવવાથી જ **नमस्यंति** એવું રૂપ બને છે. એટલે સ્પષ્ટ થયું કે જે મનુષ્યનું હંમેશાં ધર્મમાં મન છે તેને ધર્મના અવાન્તરફલ તરીકે દેવતાઈ પૂજા મળે છે. એટલે ટીકા અને નિર્યુક્તિકાર વિગેરે પણ એ વાક્યના દૃષ્ટાન્તમાં પણ અરિહંત ભગવાન કે જેઓ હંમેશાં દેવતાઓથી પૂજાયેલા છે તેનું જ દૃષ્ટાન્ત દે છે. જો કે કેટલાક વ્યાખ્યાનકારો **नमंसंति** નો અર્થ **नमन्ति** એવો કરે છે એમાં પણ **णम्** ધાતુ પ્રહ્વપણામાં હોવાથી એટલે ઝુકવામાં હોવાથી સર્વ નમસ્કાર આદિ ભક્તિનો તેમાં સમાવેશ થાય છે. આ બધું કહેવાની મતલબ એટલે જ કે **नमो अरिहंताणं** ને ઉચ્ચારનારો મનુષ્ય જો અરિહંતશબ્દના અર્થ તરફ ધ્યાન રાખે તો જરૂર સમજે કે અશોકાદિ આઠ પ્રતિહાર્યરૂપી પૂજાને જેઓ દેવતાદ્વારાએ પામે છે તેઓ જ અરિહંતો છે અને તેવા અરિહંતોને હું નમસ્કાર કરૂં છું જો કે કેટલીક જગો પર નિરૂક્તિથી કર્મશત્રુને હણનારા હોય તેને અરિહંત કહેવાય એમ

કહેવામાં આવે છે. પરન્તુ એ કર્મશત્રુને હણવાનો અર્થ જગતના જીવોને લાગેલા કર્મોના નાશની અપેક્ષાએ લેવો વધારે યોગ્ય થશે, કેમકે જગતના જીવોને કર્મોના નાશનો રસ્તો બતાવનાર જગતમાં કોઈપણ હોય તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જ છે અને આજ કારણથી અરિહંતના નમસ્કારનો હેતુ જણાવતાં શાસ્ત્રકારો માર્ગના પ્રકાશનને જ જણાવે છે. જો પોતાની અપેક્ષાએ સર્વકર્મનો નાશ લઈએ તો અરિહંતપણામાં તે સંભવતો જ નથી. કેમકે અરિહંતપણું હોય તો સર્વકર્મનો નાશ ન હોય, અને સર્વકર્મનો નાશ હોય ત્યાં અરિહંતપણું ન હોય. કદાચ ભવિષ્યમાં સર્વકર્મનો નાશ ભવને અંતે કરશે, કેમકે અરિહંત મહારાજાને તે ભવના અંતે મોક્ષે જ જવાનું હોય છે, બીજા કોઈ ભવોમાં જવાનું હોતું જ નથી, માટે તેઓ જરૂર આઠે કર્મોનો નાશ ભવને અંતે કરવાના છે. તેમ ધારીને અષ્ટકર્મરૂપી શત્રુને હણનારા અરિહંત છે એમ નિરૂક્તિદ્વારાએ કહીએ તો તેમાં પણ ભાવિભાવના કારણ તરીકે દ્રવ્યપણું માની દ્રવ્ય નિક્ષેપો માન્યા સિવાય છુટકો જ નથી. વળી જો સર્વકર્મના નાશને અંગે અરિહંતપણું કહીએ તો સિદ્ધ અને અરિહંતપણામાં ફરક જ રહે નહિં અને તેથી પંચપરમેષ્ઠિને ન માનતાં ચાર જ પરમેષ્ઠિ માનવા પડે, આ બધી અડચણ તેઓને નહિં આવે કે જેઓ અષ્ટપ્રાતિહાર્યાદિક રૂપી પૂજાને જેઓ દેવતાઓથી યોગ્ય થાય છે તેઓ જ અરિહંત કહેવાય અને તે જ ભાવઅરિહંતપણું છે અને તેવા ભાવઅરિહંતપણામાં વર્ત્તવાવાળા સર્વકાલના સર્વ તીર્થંકરોને નમસ્કાર કરવા માટે જ નમો અરિહંતાણં એ નવપદમાં શ્રી સિદ્ધચક્રના પહેલે પદે સ્થાપન કરવામાં આવ્યું છે.

સિદ્ધચક્રયંત્ર શાનું બનેલું છે ?

આવી રીતે અનેક પ્રકારે નમસ્કાર કરવા લાયક, સ્તુતિ કરવા લાયક, ધ્યાન કરવા લાયક, જપ કરવા લાયક, આરાધવા કરવા લાયક, એવા એવા અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય સાધુ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર અને તપ એ નવપદોનું બનેલું યંત્ર તે જ સિદ્ધચક્ર કહેવાય છે. અને તેની પવિત્રસ્મૃતિને માટે આ પત્રનું અભિધાન પણ 'શ્રી સિદ્ધચક્ર' એમ રાખવામાં આવ્યું છે. તેથી જ દરેક વાચક દરેક વખત આ પત્રને વાંચતાં કે વિચારતાં શ્રી સિદ્ધચક્રજી તરફ લક્ષ્ય રાખે એવી પ્રેરણા કરવી તે યોગ્ય ગણીએ છીએ.

સાત ક્ષેત્રો અને ઉદ્યાપન (ગતાંક પા. ૪૬૨ થી ચાલુ)

તે પછી તે ઘાતકીપણું ગુજારનાર મનુષ્ય ઘાતકીપણાને માટે ગુન્હેગાર નથી, પણ ખરેખર પાપના ફલરૂપે ઘાતકીપણું ગુજારનારો પરમેશ્વર જ છે એમ માનવું પડે. કહેવું જોઈએ કે ઘાતકીપણું ગુજારનારો તો કોર્ટના એક જલ્લાદ તરીકે કામ કરનારો છે. વાચકો સારી રીતે સમજી શકશે કે કોર્ટે સદોષમનુષ્યવધને અંગે ફરમાવેલી ફાંસીની સજાને અમલમાં મેલનારો જલ્લાદ તે ખૂનીનું ખૂન જ કરે છે, છતાં પણ તે એક અંશે પણ ગુન્હેગાર બનતો નથી.

ઘાતકીપણું આદિ કરનારો ઈશ્વરથી પ્રેરાયેલો છે એમ માનવામાં થતી આપત્તિ.

તેવી રીતે અહિં પણ ન્યાયની ખાતર માનવું જોઈએ કે વાઘ, વરૂ, સાપ, કસાઈઓ, મચ્છીમારો, જંગલી મનુષ્યો ઘાતકી મનુષ્યો જુલ્મ કરનારાઓ અને ગુંડાશાહીથી ખુનરેજી ચલાવનારા મનુષ્યો ખરેખર શુધ્ધરીતિએ ગણીએ તો જીવોને પાપના ફળો ભોગવાવનારા હોવાથી ઈશ્વરના પ્રેરાયેલા છે અને તેથી જલ્લાદ જેવા ગણાય અને ઈશ્વરની પ્રેરણાથી ઘાતકીપણું થતું હોવાથી ઘાતકી મનુષ્યોને એક અંશે પણ ગુન્હેગારી હોવી જોઈએ નહિં. વળી એ હિસાબે કોઈપણ જીવને પહેલા પાપ બાંધવાનો વખત જ રહેશે નહિં. કારણ કે જે જીવ અત્યારે હેરાન થાય છે તેને પણ પહેલી જીંદગીમાં મન-વચન-કે કાયાથી જે ઘાતકીપણું ગુજાર્યું હતું તેના ફળ તરીકે આ ભવમાં ઘાતકીપણું પોતાને વેઠવું પડે છે એમ માનવું પડે, પણ તે પહેલા ભવનું ઘાતકીપણું પરમેશ્વરની પ્રેરણાવાળું જ હતું. કેમકે તે પહેલા ભવનું પરમેશ્વરની પ્રેરણા વગરનું ઘાતકીપણું હતું એમ તો કોઈપણ પરમેશ્વરને કર્તા માનનાર સુજ્ઞ મનુષ્યથી તો માની શકાશે નહિ, કારણકે તે પહેલાભવે ગુજારેલું ઘાતકીપણું તે પણ ઘાતકીપણાનો વેઠનારના તેનાથી પહેલા ભવના પાપના ફળ તરીકે જ હતું અને પાપનું ફળ તો પરમેશ્વર જ ભોગવાવે છે એ કર્તા વાદીઓનો સિધ્ધાંત જ છે. એ ઉપરથી સ્પષ્ટ થયું કે મહાપાપના કારણભૂત ઘાતકીપણું કોઈ જીવે કર્યું નથી અગર કોઈપણ જીવથી બનતું નથી. તો પછી જગતના જીવોમાં જે ભયંકર ઘાતકીપણા ચાલે છે તે કોઈપણ પ્રકારે યુક્તિથી વિચારતા સ્વયં બનાવે છે એમ કહેવું ઘટી શકે જ નહિં. અર્થાત્ બનવા જોઈએ જ નહિં.

પાપના ફળનો દાતા ઈશ્વર છે એમ માની કોર્ટમાં જવું તે તેના હક્ક ઉપર ત્રાપ મારવા જેવું છે.

સુજ્ઞમનુષ્યયોએ આ જગા પર એક મોટો વિચાર કરવા જેવો છે અને તે એ કે પાપનું ફળ આપવાનો હક્ક જો પરમેશ્વરનો છે તો પછી ન્યાયની કોર્ટોથી ગુન્હેગારોને હિંસા જુઠ ચોરી કે કામચોરી કે રંડીબાજીની જે સજા કરવા કરાવવામાં આવે છે તે ખરેખર મનુષ્ય થઈને પરમેશ્વરના હક્ક ઉપર ત્રાપ મારવા જેવું છે. અથવા કહેવું જોઈએ કે પરમેશ્વર રાજા વિગેરે એ કરેલી સજાને કબૂલ રાખીને બાકીની સજા કરવાનો હક્ક ધરાવે છે, એટલે માત્ર કોર્ટે આપેલી સજાની પૂરતી માત્ર જ કરનારો પરમેશ્વર છે, અને જો કોર્ટ અન્યાયથી કોઈને સજા કરે તો તેમાં ઈશ્વરે આડા આવવું જ જોઈએ અને ન્યાયની ખાતર માનવું જોઈએ કે ઈશ્વર અન્યાયથી થતી સજામાં આડો ન આવે અને કોર્ટની ગેરસમજુતીથી અન્યાયથી થતી સજાને જોયા કરે તો ખરેખર તે પરમેશ્વરના પરમેશ્વરપણામાં મીંડું વળી જાય. કદાચ માનવામાં આવે કે નિર્દોષને સજા કરનારા ન્યાયાધીશોને ભવિષ્યની જીંદગીમાં સજા કરવાનું પરમેશ્વરે હાથમાં રાખ્યું છે, આ કથન પણ યુકિત શુન્ય હોવાથી વ્યર્થ છે. કેમકે ન્યાયની તુલના કરનારો નિષ્પક્ષપણે અને પુરાવાના આધારે તુલના કરે તેમજ ગુન્હેગારના બધા બચાવો સાંભળ્યા છતાં ગુન્હેગારની અક્કલની ખામી કે બચાવોના સાધનોની

ખામી કે એવી બીજી કોઈપણ કારણની ખામીને લીધે નિર્દોષને પણ એને બચવાના બધા લાભો આપ્યા છતાં ગુન્હેગાર ઠરાવવામાં આવે તેમાં ન્યાયાધીશને જગતમાં એક અંશે પણ દુષિત ગણી શકાય જ નહિં. પણ સ્પષ્ટરૂપે કહેવું જોઈએ કે તે નિર્ગુન્હેગારને ગુન્હેગાર ઠરાવવા માટે ખરેખર જો કોઈનો પણ પ્રયત્ન હોય તો તે ફક્ત પરમેશ્વરનો જ પ્રયત્ન કહી શકાય, એટલે સ્પષ્ટ થયું કે જગતમાં ન્યાયની અદાલતમાં જે કંઈ નિર્દોષોને પણ અન્યાયથી અગર અજાણપણાથી શિક્ષાઓ થાય છે તે સર્વેનો જીમ્મેદાર પાપના ફળ દેનાર કરીકે માનેલો ઈશ્વર જ બને.

કુકર્મના ફળને આપનાર ઈશ્વર છે એવી માન્યતાવાળાઓએ અદાલતમાં જતા બંધ થવું જોઈએ.

ખરેખર આશ્ચર્ય તો એમાં થાય છે કે પાપના ફળ દેનાર તરીકે પરમેશ્વરને માનનારા લોકો રાજાની કચેરીઓનાં શરણાં કેમ લે છે? અર્થાત્ પરમેશ્વર તેવી કચેરીઓને પોતાના અમલને આડી કેમ આવવા દે છે? ચોખ્ખા શબ્દોમાં કહીએ તો કહેવું જોઈએ કે કોઈપણ મનુષ્ય પરમેશ્વરને પાપના ફળ દેનાર માનતો હોય તો તેને કોઈપણ જાતની ફરિયાદ કોર્ટમાં લઈ જવી જોઈએ નહિ. ભલે પછી એ ફરિયાદ કુંટુંબીના ખુનની કે તેની કોશિષની હોય, મહાવ્યથાની હોય, વ્યથાની હોય, અપમાનની હોય, વિશ્વાતઘાતની હોય, ચોરીની હોય, સ્ત્રી ઉપર બળાત્કારની હોય, મિલ્કત લુંટાયાની હોય, ચોરીની હોય, ઉઠાવગીરીની હોય, ખોટા દસ્તાવેજની હોય, અનામતરકમને તફડાવવા સંબંધીની હોય, ચાહે જેવી હોય, પણ તે બધા પાપના ફળને જણાવનારી અને બંધાવનારી છે અને તેની શિક્ષા તે પાપ કરનારને પરમેશ્વર સ્વંય આપનારો જ છે. તો પછી શા માટે પરમેશ્વરને કર્તા તરીકે માનનારો મનુષ્ય કોર્ટના પગથીયાં ઘસી નાખે છે ? અર્થાત્ સ્પષ્ટ થાય છે કે પોતે પોતાના ધર્મના બંધારણને લીધે કહો કે ઉપદેશકની સમજાવટને લીધે કહો અગર સંસર્ગમાં આવનારાઓના અનુયાયીપણાને લીધે કહો, ચાહે તે કારણથી કહો માત્ર તે ન્યાય લેવા માટે કોર્ટમાં જનારો મનુષ્ય જીબાનથી પરમેશ્વરને પણ જો ફળ દેનારો છે એમ કહેનારો હોવા છતાં અંતઃકરણથી પાપનું ફળ પરમેશ્વર દે છે એમ માનનારો નથી. કેમકે એ જો ખરેખર પાપનું ફળ પરમેશ્વર અવશ્ય દે છે અને પરમેશ્વર જ દે છે એમ અંતઃકરણથી માનતો હોત તો તે કોર્ટના પગથીયે પણ ચઢવાની સ્વપ્રે પણ ઈચ્છા કરત નહિં.

ઈશ્વર કર્તૃત્વની માન્યતામાં થતી ખામી

સુજ્ઞ વાચકવૃંદ ઉપર જણાવ્યા પ્રમાણે પરમેશ્વરને કર્તા માનનારાથી સાચી રીતે કોર્ટનો આશરો પણ લઈ શકાય નહિં તો પછી કોઈપણ જાતનો ગુન્હો કરનારી વ્યક્તિ ઉપર નુકશાન વેઠનારાએ ક્રોધ કરવો, દુર્વચનો કહેવા, ઘા કરવો, અગર તે અપરાધીને કોઈપણ જાતનું નુકશાન કરવાનો વિચાર કરવો એ પૂરેપૂરી પરમેશ્વરની બેઅદબી છે એટલે અન્ય શાસ્ત્રકારોએ જ્યારે પોતાના દાન, યજ્ઞ, હોમ, તપસ્યા, વિગેરે પરમેશ્વરને અર્પણ કરવાના લખ્યા છે. ત્યારે ન્યાયની દ્રષ્ટિએ જોઈએ તો તે કોઈ પ્રકારે અર્પણ કરવાના હોય જ નહિં. કેમ કે તે અર્પણ ન કર્યાં અને પોતાની પાસે રહ્યાં તો તેમાં કોઈપણ પ્રકારે અન્યાયનું પોષણ નથી. પણ જો કોઈ વ્યથા કરીને, મહાવ્યથા કરીને, ઘાતકીપણું ગુજારીને કે એવા બીજા કોઈપણ પ્રકારે કેર વર્તાવ્યો છે. તે કેરજ ખરેખર પરમેશ્વરને કર્તા માનનારાઓએ પરમેશ્વરને અર્પણ કરવો જોઈએ. અર્થાત્ જેમ પરમેશ્વરને સાચી રીતે કર્તા માનનારાઓએ કોર્ટનું શરણું લેવાય નહિં તેવી જ રીતે પોતાની જાતથી પણ તે અપકૃત્યના પણ

બદલામાં કોઈપણ જાતનો પ્રયત્ન થઈ શકે જ નહિં, છતાં જે કોટોમાંના પગથીયાં ઘસાય છે અને વિવિધ ચેષ્ટાઓ પણ પોતાની જાતથી કરવામાં આવે છે એ સર્વ પરમેશ્વરના કર્તાપણાની માન્યતામાં ખામી છે એમ જ જણાવે છે.

પરમેશ્વરને જેઓ મોક્ષમાર્ગના દેખાડનાર તરીકે ન માને તેમજ દુર્ગતિનાં કારણોને છોડવા માટે તેને દેખાડનાર તરીકે ન માને, આત્માને ઓળખાવનાર તરીકે ન માને, આત્માના ગુણો જાણનાર તરીકે ન માને, આત્માના ગુણો કેવી રીતે કર્મોથી અવરાય છે તેને સમજાવનાર તરીકે ન માને, આત્માના ગુણોને આવરનાર એવા કર્મોનો બંધ કેવી રીતે થાય છે તેને કહેનાર તરીકે ન માને, આત્માના ગુણોને આવરનાર કર્મોને આવતાં રોકવાનાં સાધનોને સમજાવનાર તરીકે ન માને આત્માના ગુણોને રોકનાર કર્મોના નાશ કરવાના સાધનોને કહેનાર તરીકે ન માને, યાવત્ આત્માની સર્વથા શુદ્ધદશા સર્વદાને માટે કેવી રીતે આત્મા પ્રાપ્ત કરી શકે ? તેવું નિરૂપણ કરનાર પરમેશ્વર છે એમ ન માને, તે સત્ય રીતિએ જૈનશાસન અને જૈનધર્મની ખુબીને ન સમજે તે સ્વાભાવિક જ છે. **કર્મબંધ તોડવાનાં સાધનો ઈશ્વરીય ઉપદેશાધીન છે.** ધ્યાન રાખવાની જરૂર છે કે કર્મને રોકવાનાં, તોડવાનાં અને મોક્ષ પ્રાપ્તિનાં સાધનો ઈશ્વરીય ઉપદેશ સિવાય કોઈપણ સામાન્ય જીવને જાણવામાં આવતાં નથી અને જગતનો એ તો સ્વાભાવિક નિયમ છે કે જે વસ્તુ જાણવામાં ન આવે તે વસ્તુને આદરવાની બુદ્ધિ થાય નહિ, અને જે વસ્તુને આદરવાની બુદ્ધિ ન થાય તે વસ્તુને મેળવવા માટે કોઈપણ જીવ સામાન્ય પણ પ્રયત્ન ઉઠાવે નહિ. તો પછી સંવર નિર્જરા અને મોક્ષની પ્રાપ્તિ માટે તનતોડ મહેનત કરવાનો વખત જીવને પરમેશ્વરના ઉપદેશ સિવાય હોઈ શકેજ નહિ. જો કે આપણે મહાત્માઓના ઉપદેશદ્વારાએ આત્મા અને સંવર આદિનું સ્વરૂપ કંઈપણ અંશે જાણી શકીએ છીએ, અને તેથી આત્માની ઉજ્જવલતા પ્રાપ્ત કરવા માટે સંવર આદિની સિદ્ધિ કરવા સામાન્ય રીતે કે તનતોડ ઉદ્યમ કરીએ છીએ, પણ તેમ તે મહાત્માઓ તરફથી મળતો ઉપદેશ ખુદ તે મહાત્માઓનો પોતાનો હોતો નથી, પરંતુ મૂળ તે ઉપદેશના કરનારા પરમૈશ્વર્યવાળા પરમેશ્વર જ હોય છે. પરમેશ્વર સિવાય કોઈપણ જગતમાં એવો જીવ હોતો જ નથી કે જે પોતાની મેળે ભવાંતરના સંસ્કારને લીધે આત્માનું સ્વરૂપ જાણે, અને તેને સંપૂર્ણપણે પ્રગટ કરવા માટે સંવરાદિકની સાધના કરી તેની સિદ્ધિને મેળવે. એટલું જ નહિ, પણ જગતના જીવોને તે સિદ્ધિ મેળવવા માટે અસ્ખલિતપણે પ્રવાહ ચાલે તેવું સાધન જગત્ સમક્ષ રજુ કરે. એટલે ટુંકામાં કહીએ તો જગતમાં સ્વયંજ્ઞાની પરમેશ્વર જ હોય છે, અને તે પરમેશ્વરના પદાર્થપાઠથી સમગ્ર જગત કલ્યાણને મેળવી શકે. જો કે જેવી રીતે મોક્ષ અને તેના સાધનોનું જ્ઞાન મૂળથી પરમેશ્વરદ્વારાએ મળે છે તેવીજ રીતે પાપ અને કર્મબંધનોના કારણોનું જ્ઞાન પણ તે પરમેશ્વરદ્વારાએ જ મળે છે. પણ તે પાપોની પ્રવૃત્તિ જીવને પૂર્વભવના સંચિતના ઉદયના લીધે થવાની હોય છે અને તેથી તે પાપો જ્ઞાન વિના પણ અજ્ઞાનપણે કરવાને તૈયાર છે.

કાર્યમાત્રને અંગે ઇચ્છાની કારણતાનો નિકાલ

નૈયાયિક શાસ્ત્રકારો જ્યારે કાર્યમાત્રને અંગે ઈચ્છાને કારણ તરીકે જણાવે છે ત્યારે સુજ્ઞમનુષ્યો દુઃખ અને પાપરૂપી કાર્યની વગર ઈચ્છાએ ઉત્પત્તિ થતી દેખીને સામાન્યરીતે ઉત્તમ કાર્ય પ્રત્યે જ ઈચ્છાની કારણતા જણાવે છે. જો કે શુભકાર્ય પ્રત્યે ઈચ્છાની કારણતા માનવામાં આવી છે, પણ તે કારણતા પણ કાર્યની સિદ્ધિ સુધી પહોંચવાવાળી નથી, ઘટને અંગે જેમ દંડને કારણ માનાવમાં આવેલો

છે. છતાં ચકમાં ભ્રમી ઉત્પન્ન થયા પછી દંડ તુટી જાય કે બળી જાય તો પણ ઘટરૂપી કાર્ય થવામાં અડચણ આવતી નથી અને તેથી જ ઘટની ઉત્પત્તિ વખતે દંડની હયાતિ ન હોય તો પણ તે દંડને ઘટના કારણ તરીકે ગણવામાં આવે છે. એનું કારણ એ છે કે ભલે ઘટની ઉત્પત્તિ વખતે દંડની હયાતિ નથી, તો પણ ઘટને ઉત્પન્ન કરનાર ચકનો વેગ કોઈ દિવસ પણ દંડ સિવાય થઈ શકે નહિં. એવી રીતે અહિં પણ સકલકર્મનો ક્ષય કરીને આત્માના શુદ્ધસ્વરૂપમાં અવસ્થાન કરવારૂપી મોક્ષની પ્રાપ્તિ થતી વખતે ઇચ્છાનું અંશે પણ અવસ્થાન નથી. એટલું જ નહિં, પણ મોક્ષની પ્રાપ્તિ થવાના કેટલાક પહેલા વખતે પણ મોક્ષની ઇચ્છા નિવૃત્ત જ થઈ જાય છે અને તેથીજ શાસ્ત્રકારો સ્થાને સ્થાને મહાપુરૂષોને અંગે "मोक्षे भवे च सर्वत्र, निःस्पृहो मुनिसत्तमः" તથા "मोक्षे भवे भविष्यामि निर्विशेषमतिः कदा" ઇત્યાદિ વાક્યોને પ્રગટ કરીને મહાત્માની દશા મોક્ષ અને ભવને અંગે સરખી હોય એમ જણાવે છે, પણ વાચકવૃંદે ધ્યાન રાખવું કે એ મોક્ષ અને ભવના અંગે સરખાપણાની દશા મુનિસત્તમપણાની પ્રાપ્તિની પછી જ જણાવે છે. એ ઉપરથી નક્કી થયું કે મોક્ષની પ્રાપ્તિ કરવાની ઇચ્છાએ મોક્ષને મેળવી આપનારાં સર્વસાધનો મેળવ્યા પછી જ મહાત્માઓ અને મુનિસત્તમો મોક્ષની ઇચ્છાને પણ છોડનારા થાય છે. પણ તે મોક્ષની પ્રાપ્તિનાં સાધનોને મેળવવાનું કાર્ય કોઇકાલે કોઇપણ જીવને વગર ઇચ્છાએ થતું નથી.

વિના ઇચ્છાએ થતું યથાપ્રવૃત્તિકરણ

જૈનશાસ્ત્રકારોએ વગર ઇચ્છાએ જે કર્મનો ક્ષય માનેલો છે અને જેને યથાપ્રવૃત્તિકરણ કહેવામાં આવે તે યથાપ્રવૃત્તિકરણ મોક્ષનો સીધો રસ્તો નથી, અને તે કારણથી જૈનશાસ્ત્રકારો કહે છે કે અભવ્યજીવો અને કેટલાક ભવ્યજીવો પણ અનંતી વખત પણ યથાપ્રવૃત્તકરણને પામી શકે છે. પણ ઇચ્છાપૂર્વક થનારા અપૂર્વકરણાદિક સિવાય કોઇપણ જીવ મોક્ષ તરફ વધી શકતો નથી. માટે માનવું જ જોઇએ કે આત્માના યથાસ્થિત સ્વરૂપને જાણીને તે સ્વરૂપને રોકનારા કર્મોના નાશની ઇચ્છાવાળો જીવ જ્યારે થાય ત્યારેજ મોક્ષના માર્ગે આગળ વધે છે.

આ જણાવેલી હકીકત પ્રમાણે વગર ઇચ્છાએ થતું યથાપ્રવૃત્તિકરણ વ્યર્થ જેવું માલમ પડશે પણ તે યથા પ્રવૃત્તિકરણથી વગર ઇચ્છાએ પણ કર્મનો ક્ષય થયા સિવાય કર્મના ક્ષયની કે મોક્ષની પ્રાપ્તિની ઇચ્છા થવાનો વખત જ આવશે નહિ. એટલું જ નહિં, પણ આત્મા અને કર્માદિકના જ્ઞાન અને તેની માન્યતાનો વખત પણ આવશે નહિં. એટલે કહેવુ જોઇએ કે ભવિતવ્યતાના જોરથી જ જીવને યથાપ્રવૃત્તિકરણદ્વારએજ આત્માનું સ્વરૂપ, કર્મની સ્થિતિ, મોક્ષનું સ્વરૂપ, મોક્ષને રોકનારાં કર્મ અને તેને નાશ કરવાના સાધનોને જાણવાનું મળે છે. દરેક સુજ્ઞમનુષ્યને આ યથાપ્રવૃત્તિકરણમાં તેમજ વિશેષે કરીને અંત્ય યથાપ્રવૃત્તિકરણમાં ભવિતવ્યતાનો જ ઉપકાર માનવાનો છે. પરન્તુ પાણીમાં ડુબેલો મનુષ્ય કદાચિત્ ભવિતવ્યતાને યોગે બચી જાય, વિષનું ભક્ષણ થઈ ગયું હોય અને કદાચ બચી જાય, અગ્નિમાં પડેલો માણસ કદાચ બચી જાય, તો પણ તે મનુષ્યે પાણી વિષ અને અગ્નિનો ભરોસો કોઇ દિવસ બચવાની આશાએ રખાતો નથી. તેવી રીતે સુજ્ઞમનુષ્યોએ યથાપ્રવૃત્તિકરણ ભવિતવ્યતાના યોગે કવચિત્ પ્રાપ્ત કર્યું. પણ તે યથાપ્રવૃત્તિકરણ વારંવાર થશે એવી આશા સ્વપ્ને પણ રાખવી જોઇએ નહિં.

નમસ્કાર આદિની પ્રવૃત્તિ ગુણ પ્રાપ્તિ કે તેની વૃદ્ધિ માટે જ

ઉપર જણાવવામાં આવેલી હકીકતથી સ્પષ્ટ થાય છે કે અનાદિકાલથી રખડતા જીવને પહેલ

વહેલો કર્મનો ક્ષયોપશમ કે ઉપશમ થાય છે તે આત્મા અને તેનું સ્વરૂપ, કર્મ અને તેનું સ્વરૂપ જાણ્યા સિવાય જ માત્ર ભવિતવ્યતાના પ્રતાપે થતા યથાપ્રવૃત્તિકરણના યોગે જ થાય છે, પરન્તુ યથાપ્રવૃત્તિકરણથી થયેલા કર્મના નાશ કરતાં શેષ રહેલાં કર્મોનો નાશ ગુણપ્રાપ્તિદ્વારાએ જ થાય છે, પણ તે ગુણની પ્રાપ્તિ કરવામાં જે કર્મનો ક્ષયોપશમ કે ક્ષય કરવો જોઈએ તેનું મુખ્ય બીજ બીજુ કંઈ નહીં જ, પણ માત્ર ગુણાનુરાગ જ છે, અને તેથી અન્ય પણ એમ કહે છે કે **वन्दे तद्गुणलब्धये** અર્થાત્ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને અને ઉપલક્ષણથી સર્વ ધર્મીવર્ગને તથા ધર્મને જે નમસ્કાર કરવામાં આવે તે તે ગુણની પ્રાપ્તિને માટે જ હોય છે. જૈન શાસ્ત્રકારો પણ તીર્થંકર મહારાજની સ્તુતિ કરવાના ફલ તરીકે મોક્ષને માટે ઉપયોગી થતા એવા બોધિ લાભને જ જણાવે છે. એ સ્થિતિ ધ્યાનમાં લેવાથી સમજાઈ જશે કે જૈનમતને માનનારો જે કોઈ હોય પછી તે ચાહે તો તે શ્વેતામ્બર હોય ચાહેદિગમ્બર હોય ચાહે તો સ્થાનકવાસી હોય ચાહે ગચ્છભેદના હિસાબે શાસનાનુસારી શ્રીતપાગચ્છીય હોય કે ખરતગચ્છવાળો કે અંચલગચ્છવાળો હોય, પણ તે સર્વ ભગવાનનું યાવત્ ધર્મમાત્રનું જે ગુણગાન કરે કે આરાધન કરે, તે સર્વ સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિને માટે અથવા પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનાદિ ગુણોની વૃદ્ધિને માટે જ કરે છે. અને આજ કારણથી મોક્ષને ઉદ્દેશીને કરવામાં આવતી ક્રિયા કોઈની પણ હોય તો તે અનુમોદનાને લાયક થાય છે. પણ એટલી વાત જરૂર ધ્યાનમાં રાખવાની છે કે પરદર્શની મિથ્યાત્વી કે જૈનનામધારી મિથ્યાત્વીઓ જો નિરાગ્રહી હોય અને તેથી તે ભવમાં કે ભવાંતરમાં પોતાના મિથ્યાત્વધર્મને પોષનાર ન બને એવો હોય તો જ તેણે મોક્ષને માટે કરેલા ધર્મની અનુમોદના કર્તવ્યદશામાં આવી શકે છે.

મિથ્યાત્વીના ધર્મકૃત્યની અનુમોદના તે અતિચાર રૂપ છે?

૧ પણ જેઓ જૈનનામધારી કે પરદર્શની પોતાના મિથ્યાત્વમય ધર્મના દૃઢ આગ્રહી હોય અને પોતે કરેલા ધર્મના નામે અજ્ઞાનદૃષ્ટિથી મળેલા ઈહલૌકિક કે પારલૌકિક ફલનો મિથ્યાત્વની વૃદ્ધિને માટેજ ઉપયોગ કરનારા હોય તો તેવા આગ્રહવાળા મિથ્યાત્વીના ધર્મકૃત્યની અનુમોદના કરવી તે મિથ્યાદૃષ્ટિની પ્રશંસા નામના અતિચારને લગાડે તે સ્હેજે સમજાય તેવું છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રજી મહારાજ તથા આચાર્ય મહારાજ શ્રીરત્નશેખરસૂરિજી વિગેરે મહારાજાઓ તો શ્રીયોગશાસ્ત્રવૃત્તિ અને ગુણસ્થાનક ક્રમારોહ વિગેરેમાં મિથ્યાત્વની ગુણસ્થાનક પણ ત્યારે જ જણાવે છે કે જ્યારે મિથ્યાત્વી દશામાં છતાં પણ ભદ્રકત્વાદિની પ્રાપ્તિ હોય અર્થાત્ ભદ્રકત્વાદિની પ્રાપ્તિ સિવાય તો મિથ્યાત્વીઓમાં મિથ્યાત્વ ગુણસ્થાનક માનવાની પણ તેઓ ના પાડે છે. જોકે શ્રમણભગવાન્ મહાવીર મહારાજે શ્રીભગવતી સૂત્રમાં પંદરકર્માદાનાદિ વર્જવાને અંગે ગોશાલાના શ્રાવકોનું દૃષ્ટાંત લીધું છે. પણ ત્યાં ગોશાલાનો આર્હત શાસનથી વિપરીતપણું સ્પષ્ટપણે જણાવ્યું છે. એટલે આગ્રહવાળા મિથ્યાત્વીના પણ કોઈક ધર્મકૃત્યનો નિર્દેશ કરવાનો પ્રસંગ આવે તો શાસ્ત્રના હિસાબે તેનું મિથ્યાત્વીપણું જણાવવા પૂર્વક શાસ્ત્રને અનુસરનારા જીવોને ઉત્સાહ વધારવા માટે પ્રશંસા કે નિર્દેશ કરાય તો તે અયોગ્ય ગણાય નહિ.

તેના માટે મરીચિનું દૃષ્ટાન્ત

જેવી રીતે ચક્રવર્તી ભરત મહારાજે ભવિષ્યમાં તીર્થંકર તરીકે થનારા મરીચિને ભવિષ્યમાં તીર્થંકર થશે તે અપેક્ષાએ વન્દન કર્યું, પણ સ્પષ્ટ શબ્દોમાં સાથે જાહેર રીતે જણાવી દીધું કે આ તારું પરિવ્રાજકપણું કોઈપણ પ્રકારે વન્દનીય નથી, માટે હું તેને વન્દન કરતો નથી તેવીજ રીતે તું ભગવાન્ ઋષભદેવજીના પૌત્ર તરીકે અગર

મારા પુત્ર તરીકે જન્મ્યો છે અને તેથી ઉત્તમકુળનો છું એમ ધારીને તારા ઉત્તમ કુલપણાને લીધે પણ વન્દન કરતો નથી. પણ તું ભવિષ્યમાં તીર્થંકર થવાનો છું તેથી એટલે દ્રવ્ય તીર્થંકરપણાની અપેક્ષાએ જ હું તને વન્દન કરું છું. આ ઉપરથી પણ સ્પષ્ટપણે સમજી શકાશે કે ધર્મથી જીનેશ્વર ભગવાનને દેવ અને નિર્ગ્રંથોને ગુરૂ તથા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને કહેલા ધર્મને માનવાવાળો છતાં પણ માત્ર જીનેશ્વર મહારાજે કહેલા લિંગથી વિપરીતપણાવાળાને ભવિષ્યમાં તીર્થંકરપણારૂપી મોટા ગુણને પામવાવાળા જીવને તે અપેક્ષાએ પણ વન્દનસ્તુતિ કરતાં અવગુણોનું અનુમોદના અને પ્રશંસા ન થાય તેની સાવચેતી રાખવાની જ છે. આ અપેક્ષા ધ્યાનમાં રાખીએ તો પંચાગ્નિ તપ અને માધસ્નાનાદિ મહાકષ્ટોને કરાનારાઓને અંગે જો શાસ્ત્રાનુસારિયોને ઉત્સાહમાં લાવવા હોય તો એમજ કહી શકાય કે યથાસ્થિત રીતે આત્મા અને તેનું સ્વરૂપ કર્મ અને તેનું સ્વરૂપ, તેમજ દેવ ગુરૂ અને ધર્મનું સ્વરૂપ નહિં જાણવાવાળા પણ કર્મક્ષયની ઈચ્છાએ અગર વગર ઈચ્છાએ કેવાં છતાં કષ્ટો ધર્મને નામે સહન કરે છે એ વિચારીને આત્માદિકને સમજવાવાળાએ તો ધર્મને અંગે કષ્ટ સહન કરવામાં પાછી પાની કરાય જ કેમ ?

૨ અજ્ઞાનપણે થતી તપસ્યા તે સકામનિર્જરામાં ન આવે?

આ વાતને યથાસ્થિતસ્વરૂપમાં જો વિચારવામાં આવશે તો સ્પષ્ટપણે માલમ પડશે કે મિથ્યાત્વીપણું સરખું છતાં પણ અને કર્મ અને મોક્ષનું યથાસ્થિત સ્વરૂપ નહિ જાણવા છતાં ગતાનુગતિકપણે પંચાગ્નિતપ અને માધસ્નાનાદિ કષ્ટો ઉઠાવનારા બાલ એટલે મિથ્યાત્વી છતાં પણ કાયકલેશરૂપી તપને કરવાવાળા છે એટલે તેઓની તે માધસ્નાનાદિથી થતી કર્મની નિર્જરા પણ વાસ્તવિક રીતે સકામપણામાં આવી શકે તેમ નથી અને તેથી જ તેવાં કષ્ટોએ થતી નિર્જરાની ગણતરી સમ્યગ્દૃષ્ટિએ મોક્ષને રોકનારાં કર્મના પડલોને દૂર કરવાની અપેક્ષાએ કરતી નિર્જરાના સેંકડોમે ભાગે પણ ગણાતી નથી. જૈનશાસનને અનુસરનારા અસંખ્યાતયોગોમાં સમ્યગ્દૃષ્ટિને થતી નિર્જરામાં અનુષ્ઠાનની અપેક્ષાએ એટલો બધો મોટો ફરક ન રહે એ સ્વાભાવિક જ છે. કેમકે સકામ નિર્જરાના અનુષ્ઠાનમાં જો એટલો બધો ફરક માનવામાં આવે તો જૈનશાસનના અસંખ્યતાયોગોમાં દરેક યોગની આરાધનાથી થતો મોક્ષ ઘટી શકેજ નહિ. ઉપર જણાવેલી સર્વ હકીકતનું તત્વ એટલું જ છે કે સમ્યગ્દૃષ્ટિપણું પ્રાપ્ત થયા પછી જે કોઈ અનુષ્ઠાન કરવામાં આવે તે કર્મક્ષયને માટે જ હોવું જોઈએ અને તેથી જ શાસ્ત્રકારો સ્થાને સ્થાને એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. **नो ईहलोगट्ठयाए तवमहिट्ठिज्जा नो परलोगट्ठयाए तवमहिट्ठिज्जा** । ઈત્યાદિ અર્થાત્ સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય દેવેન્દ્રના સુખોને પણ દુઃખરૂપ માનવાનું હોવાથી મોક્ષ સિવાય બીજાની ઈચ્છાવાળું અંશે પણ હોયજ નહિ અને આજ કારણથી **मुक्खं मोत्तूण न किंपि पत्थेइ** અને એટલે મોક્ષ સિવાય બીજી કોઈપણ પદાર્થની પ્રાર્થના સમ્યગ્દૃષ્ટિને હોય જ નહિ. દેવલોકાદિની પ્રાપ્તિ માટે દેવતાને સાધવા માટે કે મિથ્યાત્વના પોષણ માટે કરાતાં તપો નિર્જરા કરાવે પણ તેથી સકામ નિર્જરાપણાના રસ્તે પણ નથી આવવું.

૩ સાધ્ય એવા મોક્ષ માટે સાધન શું ?

વળી ભગવાન સૂત્રકાર પણ જણાવે છે કે જેને જીવાજીવાદિક અને પુણ્ય પાપ આશ્રવક્રિયાદિક બરોબર જાણવામાં અને સમજવામાં આવ્યાં છે. તેઓ તો દરેક વખતે લોકોને એજ જણાવે અને

માને કે इणमेव निग्गंथं पावयणं अट्ठे परमट्ठे से से अणट्ठे એટલે હે આયુષ્માન આ નિર્ગ્રંથ પ્રવચન એટલે જીનેશ્વર મહારાજનું ત્યાગમય શાસન જ અર્થ અને પરમાર્થ છે. કારણ કે જીવોને સાધ્ય એવો જે મોક્ષ તેનું સાધન આ નિર્ગ્રંથ પ્રવચન જ છે અને આ નિર્ગ્રંથ પ્રવચન સિવાયનો જગતમાં જે કોઈ પદાર્થ હોય તે સર્વ અનર્થકારક જ છે. આ ઉપરથી એ પણ સ્પષ્ટ સમજી શકાશે કે શ્રાવક પોતાની અવસ્થાને અંગે હિંસા જુઠા આદિના ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ ન કરી શકે તો પણ મિથ્યાત્વનાં પચ્ચક્ખાણ તો ત્રિવિધ ત્રિવિધ કરે. અને તેથી જ ધર્મથી હીન એવાં કુંટુમ્બને પ્રતિપાલન કરવાથી પણ દૂર રહેવાનું પસંદ કરે. આ વાત જ્યારે બરોબર વિચારવામાં આવશે ત્યારે જ શ્રાવકના પુત્ર પૌત્રાદિક નિસર્ગ સમ્યક્ત્વ હોવાનું કેમ માન્યું છે અને કેટલાક મહાનુભાવોએ ધર્મ વિરોધી કુંટુંબને કેમ છોડયું છે તેનો ખુલાસો થશે. આ બધી વસ્તુસ્થિતિ વિચારતાં ભગવાન જીનેશ્વર મહારાજના માર્ગને અનુસરનારો જીવ જે કંઈ ધર્મકરણી કરે છે તે કેવલ આત્માના ગુણોની પ્રાપ્તિ માટે જ કરે છે, અને તેથી ત્રિલોકનાથ તીર્થંકર મહારાજની સ્તુતિ કરતાં અને ગુરુને વંદનાદિક તથા દાનાદિક કરતી વખતે પણ પોતાના આત્માને નવા નવા મોક્ષને અનુસરતા ગુણોની પ્રાપ્તિ કરવાનું જ ધ્યેય રાખવાનું હોય છે. સમ્યગ્દષ્ટિ મહાપુરૂષોની જ્યારે આ સ્થિતિ હોય છે ત્યારે અન્યધર્મીઓ કે જેઓ પરમેશ્વરને જગતના કર્ત્તા તરીકે માને છે તેઓને માત્ર પરમેશ્વરે આપેલા ભૌતિક પદાર્થ છે એવા ખોટા બહાના નીચે તેનું આરાધન કરવાનું રહે છે. પણ જો પરમેશ્વરને કર્ત્તા માનવામાં આવે તો પરમેશ્વરને માથે કેટલી બધી ખરાબ જવાબદારી આવી પડે છે તે પરમેશ્વરને કર્ત્તા માનનારાઓએ વિચારી નથી.

પરમેશ્વરમાં કર્ત્તાપણું માનવાથી આવી પડતી મુશ્કેલીઓ

૧ પ્રથમ તો અજ્ઞાન અને અબુઝ જીવને ગર્ભાશય જેવો દુર્ગંધ અને અન્ધકારમય સ્થાનકમાં પરમેશ્વર રાખે છે તે તેની ઉત્તમત્તાને ન શોભે.

૨. જે શરીરમાંથી વાયુનો સંચાર થાય છે તે પણ દુર્ગંધમય હોય છે અને તેથી દરેક આસ્તિકોને પોતાના દેવસ્થાનોમાં વાયુ સરવાનો નિષેધ માનવો પડે છે. તેવા દુર્ગંધસ્થાનમાં અજ્ઞાન અને અબુઝ જીવને પરમેશ્વર રાખે છે એમ માનવાથી પરમેશ્વરની દયાલુતા પૂરેપૂરી રીતે લાજે છે.

૩. વાચકવૃંદે ધ્યાન રાખવાનું છે કે જ્યારે જાનવરના ગર્ભાશયો તિર્યંગ્મુખ હોય છે અને તેથી તે જાનવરના ગર્ભને જેટલું દુઃખ વેઠવું ન પડે, તેના કરતાં મનુષ્યના ગર્ભમાં આવેલા અજ્ઞાન અને અબુઝ જીવને નવમહિના સુધી ઉંધે માથે ટીંગાવવાનું દુઃખ જે અકથનીય છે તેવા અકથનીય દુઃખને કરનારપણ પરમેશ્વર જ માનવો પડે.

૪. વિચારો કે ગર્ભાશયમાં રહેલો ગર્ભનો જીવ આડો થયો તો તે ગર્ભના જીવ અને તેની માતા બન્નેના પ્રાણોને હરનારો થાય છે. તો એ ઉપરથી શું એમ માનવું કે પરમેશ્વરે તો તે ગર્ભના જીવને અને તેની માતાને મારવાનો જ પ્રયત્ન કર્યો, એટલે પરમેશ્વરની પરમદયાળુતા તો દૂર રહી, પણ દયાળુતાનો એક છાંટો પણ પરમેશ્વરમાં ન હોય એમ એટલુંજ નહિ મનાય. પરન્તુ તે પરમેશ્વરમાં ઘાતકીપણાની પરમસીમા આવેલી મનાય. પણ તે ગર્ભને પાછો સીધો કરનાર વૈદ અન ડોકટરો ઘણા હોય છે, અને તે વૈદ અને ડોકટરો ઘણા ગર્ભોને સીધા કરીને તે ગર્ભમાં રહેલા જીવ અને તેની માતાને બચાવે છે. તો પછી કહેવું જોઈએ કે ભૂંડામાં

ભૂંડા ભગવાન અને વહાલામાં વહાલા વૈદ, અર્થાત્ ભૌતિક સ્થિતિને અંગે પરમેશ્વરનું કર્ત્તાપણું માનતા કેવી સ્થિતિ થાય છે તે સ્હેજે સમજાય તેવું છે.

નોંધઃ-અંધશ્રદ્ધાને અનુસરવાવાળાએ જો આ ઉપર જણાવેલી દશા તથા આગળ જણાવીશું એ બધી દશા ભગવાન તે જીવના કર્મને લીધે કરે છે, એમ કહી કર્મની આડી ઢાલ ધરે તો સમજવું જોઈએ કે સર્વ શકિતમાન પરમેશ્વરને પણ જો તે જીવના કર્મો આવી પ્રવૃત્તિ કરવાની ફરજ પાડી શકે છે અને પરમેશ્વરથી પણ એ જીવને કર્મ સિવાય એક અંશ પણ ઓછું અધિકું થઈ શકે નહિ, તો પછી તેવુ જબરજસ્ત કર્મ અજ્ઞાન અને અબુઝ જીવને તેવા સંજોગોમાં મ્હેલે એટલું માનવામાં શી અડચણ આવે ? ધ્યાન રાખવું જોઈએ કે જન્મ થાય પછી આખી જીંદગીમાં જે કંઈ સુખ દુ-ખ જીવિત મરણ લાભ અલાભ વિગેરે થશે તેમાં તો વગર ઈશ્વરની પ્રેરણા વિના જીવના કર્મના ઉદયને લીધે સ્વતંત્ર રીતે થવાનું માનવું જ પડે છે. અને જો તેમ પણ માનવામાં ન આવે તો કર્મની ઉત્પત્તિનો સિદ્ધાંત ટકશે જ નહિ. કારણ કે જેમ જીવ પોતે પોતાની સદ્‌ગતિ દુર્ગતિ સુખ દુઃખ જીવિત મરણ લાભ અને અલાભને અંગે પણ સમર્થ નથી, તો પછી તે જીવ હિંસા, જુઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહ તથા ક્રોધ માન માયા અને લોભને અંગે પણ સમર્થ નથી, અને જો જીવ હિંસાદિકમાં પણ સમર્થ નથી એમ માનીએ તો પછી જીવને કર્મ લાગવા જેવો અને ભોગવવા જેવો સમય રહેતો નથી. માટે જન્મ લીધા પછી જો કર્મોનાં ફલો જીવને સ્વતંત્ર ભોગવવાનાં છે તો પછી ગર્ભની વખતે અજ્ઞાન અને અબુઝ જીવને સ્વતંત્ર રીતે કર્મના ફલને ભોગવનાર ન માનતાં જગતના જલ્લાદ જેવા અધમકાર્યમાં ભગવાનને પરોવવો તે ભગવાનના ભકતને તો કોઈપણ પ્રકારે લાયક હોય જ નહિ. ધ્યાનમાં રાખવું કે પૂર્વના કર્મનો ઉદય તે જ નવા કર્મને બંધાવનાર છે. માટે જો કર્મના ઉદયમાં જીવ સ્વતંત્ર હોય તો કર્મને કરવામાં પણ સ્વતંત્ર હોવો જ જોઈએ, એવી રીતના સત્ય તત્વને માનીને પરમેશ્વરને માનનારા મનુષ્યને પરમેશ્વર ઉપર ઘાતકીપણાનો ટોપલો ચઢાવવાનો વખત નહિ આવે. એ ચોક્કસ છે.

૫ ગર્ભમાંથી નીકળતી વખતે દરેક જીવને કેવી મુશ્કેલી હોય છે, અને જનનારીને કેવાં જમનાં દ્વાર દેખવાં પડે છે, તે કોઈપણ સુજ્ઞથી અજાણ્યું નથી. તો તેવા દુઃખને કરનાર અને જમના દ્વારને દેખાડનાર પરમેશ્વર છે એમ પરમેશ્વરને કર્ત્તા માનનારાઓને માન્યા સિવાય છુટકો નથી.

૬ વાચકવૃંદ સમજી શકે છે કે જન્માવનાર સારી દૈયણો હોતી નથી તો તે જન્મ પામનાર જીવ અને જન્મનારી માતાને અસહ્ય દુઃખો વેઠવાનાં હોય છે. એટલે પરમેશ્વર તો કર્ત્તાવાદિના મત પ્રમાણે અસહ્યદુઃખમાં તે ગર્ભના જીવને અને તે જન્મનારીના જીવને મૂકી દીધાં. પણ સારી દૈયણોએ અને નર્સીંગરૂમોએ ઓછા દુઃખે અગર વગર દુઃખે તે બાઈને જન્માવી એટલે કર્ત્તાવાદિઓને સ્પષ્ટ માનવું પડશે કે પરમેશ્વરે તો દુઃખનો દરિયો ખડો કર્યો, પણ દૈયણોએ તે ગર્ભના જીવને અને જન્મનારીને દુઃખના દરિયામાંથી કાઢી. એટલે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો ખોટું નથી કે પીડા કરનારા પરમેશ્વર થયા. અને પીડાને સંહરનારી દૈયણો થઈ, તો ઉપકાર કોનો માનવો ? (અપૂર્ણ)

પંચમવર્ષની પૂર્ણતાને અંગે
નિવેદન

આ પત્ર પોતાનું પાંચમું વર્ષ પૂરું કરે છે. આ પાંચમા વર્ષની અંદર આ પત્રે પોતાનું ધ્યેય સાચવવા માટે 'આગમરહસ્ય' 'અમોઘદેશના' 'સાગરસમાધાન' વિગેરે દ્વારાએ દૃઢતા રાખેલી છે. આ વર્ષ જૈનજનતામાં શરૂઆતથી જ સંવચ્છરીના મતભેદને લીધે પરસ્પરનાં લખાણના વ્હેળાવાળું થયેલું છે. અન્યપત્રોમાં તો એમ કહીએ તો ચાલે કે આખાંને આખાં પેપરો અઠવાડિયાને અઠવાડીયા સુધી એને એ ચર્ચાથી ભરાયેલા જ પ્રકાશિત થયાં છે. કેટલાંક દૈનિકપેપરો પણ બે પક્ષનો દેખાવ કરવા છતાં એક પક્ષની મુખ્યતાએ જ પ્રવૃતિ કરવામાં પાછા હઠયા નથી, તેમ છતાં આ પત્રને પોતાની નીતિને અંગે ચાલુચર્ચામાં ઝંપલાવવાની જરૂર નહોતી, છતાં આ પત્રમાં જ આવેલા લેખ, સાગરસમાધાન અને સમાલોચના તથા અમોઘદેશનાને અંગે બીજાઓ તરફથી સંવચ્છરીનો વિષય મોટા રૂપે ચર્ચવામાં આવ્યો અને કેવલ આક્ષેપશૈલીથી જ લખાણો લખવામાં આવ્યાં, તેથી તે પ્રતિપક્ષ પેપરોની પેઠે આક્ષેપક લખાણો ન કરાય, તો પણ ઉત્તરદાયિત્વ તો જાળવવું જોઈએ, તે માટે આ પેપરને પણ તે ચર્ચામાં ઓછોવત્તો ભાગ ભજવવો જ પડયો છે.

સિદ્ધચક્રની ફરજ

જો કે કેટલાક એવા ભદ્રિકજીવો હોય છે કે જેઓ વસ્તુસ્થિતિને વિચારવા જેટલી તાકાત ધરાવતા નથી. પરંપરાના રક્ષણને માટે કોણ ઉદ્યમ કરે છે ? અને પરંપરાને તોડવા માટે કોણ ઉદ્યમ કરે છે ? એ વિચારતા નથી. શાસ્ત્રકાર મહારાજાઓએ કરેલા ફરમાન મુજબ કોણ વર્ત્તવા માગે છે અને શાસ્ત્રકારોના ફરમાનથી સર્વથા વિરૂદ્ધ કપોલકલ્પિપણે પોતાનો મત ચલાવવા કોણ માગે છે, એ પણ ધ્યાનમાં લેતા નથી, એટલું જ નહિ પણ આક્ષેપશૈલી સિવાય કેવલ સમાધાનને રસ્તે કયા પેપરની પ્રવૃતિ છે ? અને પોતાનો મત ચાલતો ચાલતો જતા લાગવાથી અગર પોતાના મત ઉપર પ્રહાર પડે છે એમ લાગવાથી ઉશ્કેરાઈને યદ્વા તદ્વા લખાણો જુઠાં લખાણો અને શાસનવિરોધિઓની છાપ જેને કંઈ કાલથી લાગી ગઈ છે તેવા મતધારીયોની કુમકે જવાનાં લખાણો કોણ કરી રહ્યા છે ? એનો વિચાર જેઓ પોતાની ભદ્રિક્તાને લીધે ન કરી શકે, અને તેથી આ પેપરો અને છાપાઓ કેવલ ઝઘડા રૂપ છે, એમ ગણતાં 'શ્રી સિદ્ધચક્ર' ને પણ તેવો અન્યાય આપે એમાં આશ્ચર્ય નથી, પરન્તુ જગતમાં કોઈ મનુષ્યને આપત્તિને વખતે તેની આપત્તિ બચાવવાથી માટે પોતાના ગજા ઉપરાંત કોઈ દયાળુશ્રીમન્તે નાણાં ધીરી મદદ કરી હોય અને પછી તે આપત્તિવાળાની સ્થિતિ સારી થતાં દયાળુ શ્રીમન્તનો નોકર ઉઘરાણી કરવા જાય અને તે વખતે તે પૂર્વદિશામાં આપત્તિમાં આવેલા મનુષ્યની દાનત ખરાબ હોવાથી નોકરની સાથે લડવા માંડે. આવી વખત રસ્તામાં જનારો

મનુષ્ય જો અક્કલવાળો હોય તો તે આપત્તિમાંથી નીકળેલાની બેઇમાની સમજીને તેની તરફ જ ધિક્કાર દર્શાવે, પરન્તુ જગતમાં એવા પણ કેટલાક ભદ્રિક જીવો હોય છે કે જેઓ એ બિનાને વાસ્તવિક રીતિએ સમજે નહિ અને પોતાની કમઅક્કલને લીધે બન્ને તકરાર કરનારા છે અને તકરારી છે એમ માનવા અને બોલવા તૈયાર થાય.

વર્ત્તમાનકાળમાં આવો વર્ગ છે એમ નથી, પરન્તુ ખુદ ભગવાન મહાવીરની વખતે પણ તેવો ભદ્રકવર્ગ ઘણો હતો જ અને એ વાત શ્રી ભગવતીસૂત્રના ગોશાલાશતકની શ્રાવસ્તિ નગરીવાળી અને જૂંભકગામવાળી હકીકતને વાંચનાર સાંભળનાર અને સમજનારથી અજાણી નથી. કેટલાક બિચારા ભદ્રિકો તો એટલા બધા ભદ્રિક હોય છે કે ચર્ચાના વિષયને નામે શાસ્ત્રીય વિષયથી પણ પરાઙ્મુખ થવાને તૈયાર થાય છે. તેવા ભદ્રિકોને માટે એક જ વિચાર રાખવો શ્રેયસ્કર છે કે કાળાનુક્રમે તેઓ તત્ત્વભૂતપદાર્થો અને સત્યપદાર્થોને શોધવાની મનોવૃત્તિવાળા થાય, અને જ્યારે તેઓ તેવા થશે ત્યારે તેઓ તત્ત્વ અને સત્યના ઉપેક્ષક નહિં બને એટલું જ, નહિં, પણ તત્ત્વ અને સત્યને સમજ્યા સિવાય એક પક્ષનું સાંભળી બીજા પક્ષનું સાંભળ્યા સિવાય મોગલાઈ હુકમો થયા હતા તેની પેઠે એકપક્ષીય નહિં બને. તેઓ જ્યારે જિજ્ઞાસુ થશે ત્યારે એકપક્ષનું વાંચવા કે સાંભળવા માત્રથી નહિં દોરાતાં ઉભયપક્ષનું નિરૂપણ શાંતદૃષ્ટિથી અને નિરાગ્રહપણે તપાસી સત્યને પામવાવાળા થશે. આ શ્રી સિદ્ધચક્ર પેપરનું લખાણ તેવા ભદ્રિક અને એકતરફી સાંભળીને હુકમનામું કરનારને રુચિકર નહિં થતાં અરૂચીકર થયું હશે એની અમે ના પાડી શકતા નથી. જો કે તેવા ભદ્રિક અને અજ્ઞાની જીવોને પણ દુઃખ થાય તે વર્જવા લાયક જ છે. પરન્તુ સત્યમાર્ગનું નિરૂપણ કરતાં અજ્ઞાન અગર અસત્યપ્રેમી જીવોને જે દુઃખ થાય છે તેના દુઃખની અપેક્ષાએ सवस्स जीवरासिस्स માં સમાવેશ કરી मिच्छामिदुक्कडं દઈએ એ ગેરવ્યાજબી નથી. પણ સર્વથા વ્યાજબી જ છે. છતાં તેવું નિરૂપણ કરવાનું આ પેપરથી બંધ થઈ શકે જ નહિં. જો તેવું સત્યનું નિરૂપણ કરવું બંધ કરવામાં આવે અને પરંપરાનુસારિ અને શાસ્ત્રના ફરમાન મુજબનું કથન જો રોકી દેવામાં આવે તો તો એમ કહેવું જ પડે કે સજ્જનના ભોગે દુર્જ્જનોને રાજી રાખવાનો માર્ગ અખત્યાર કર્યો. અથવા તો મોક્ષમાર્ગના ભોગે લૌકિકમાર્ગને ઉત્તેજન આવ્યું અને એવું કરવાને તો કોઈપણ સુજ્ઞ જૈન તૈયાર થઈ શકે જ નહિં. યાદ રાખવું કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જીનેશ્વરોનો સ્યાદ્વાદમય મોક્ષમાર્ગ ત્રણસો ત્રેસઠ પાખંડીયોને આકરો લાગતો હતો અને દુઃખ ઉપજાવનારો થતો હતો. શાસ્ત્રકારો પણ કહે છે કે - कुवादिसत्रासनसिंहनादाः અર્થાત્ જીનેશ્વર ભગવાનોનાં વચનો કુવાદિરૂપી મૃગલાઓને ત્રાસ કરવા માટે સિંહનાદ સમાન જ છે. એટલે અજ્ઞાન અને કદાગ્રહી જીવોને સત્યનિરૂપણથી પણ દુઃખ થાય છે એમ સમજ્યાં છતાં ત્રિલોકનાથ તીર્થંકરોએ પણ પોતાની દેશના બંધ કરી નથી. તેવી રીતે આ પત્રને પણ કેટલાક અજ્ઞાની ભોળા અને કદાગ્રહી જીવોને દુઃખ થતું દેખાય છે અને તે દુઃખ ન થાય એવી ઇચ્છા રહે છે. તેમજ તેમને થતા દુઃખને અંગે આઘાત પણ સહન કરવો પડે છે, છતાં મોક્ષમાર્ગને પ્રકાશન કરવાથી થતા અપૂર્વ લાભને અંગે તે વસ્તુની ઉપેક્ષા કર્યા સિવાય છુટકો જ નથી.

સિદ્ધચક્રનામની સાર્થકતા

આ પત્રનું અભિધાન 'શ્રી સિદ્ધચક્ર' એવું જે રાખવામાં આવ્યું છે તે એજ મુદ્દો ધારીને રાખવામાં આવ્યું છે કે કોઈપણ ભોગે મોક્ષમાર્ગને અનુકુલ રીતિએ ગુણ અને ગુણીનો પ્રભાવ પગલે

પગલે વધારવો અને એ જ ઉદ્દેશથી આ પેપરે પોતાના જન્મથી અત્યાર સુધી કાર્ય કરેલું છે. છદ્મસ્થ મનુષ્ય એવો હક્ક કોઇ દિવસે ન કરી શકે કે પોતે કોઇ દિવસ ભૂલે જ નહિં,પરન્તુ એ વાત પણ સાથે જ સમજવાની છે કે સ્ખલનાવાળો પણ મોક્ષમાર્ગનો આરાધક હોય તો તે જે બોલે તે શોભાપાત્ર ગણાય અને એટલા જ માટે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજીનું વચન યાદ કરવું. તેઓશ્રી ફરમાવે છે કે **विशृंखलाऽपि वाग् वृत्तिः श्रद्दधानस्य शोभते** એટલે અસ્તોવ્યસ્ત અને સ્ખલનાવાળી પણ વાણી તેઓને શોભે છે કે જેઓ મોક્ષમાર્ગના તત્ત્વોને અંગે શ્રદ્ધાવાળા હોય, પણ એટલું તો ચોક્કસ છે કે આ પત્રે જ્યારે જ્યારે પોતાની સ્ખલના પોતાની મેળે માલમ પડવાથી અગર બીજાના કહેવાથી માલમ પડવાથી તત્કાલ સુધારવામાં પાછી પાની કરી નથી.

સિદ્ધચક્રના ધ્યેયને બાધ આવે તેવું નથી થતું.

જો કે અન્યપેપરો કેટલીક વખતે સુધારવાનું જણાવે છે, છતાં પણ તેમના કરેલા સુધારા ભૂલોની પરંપરાને વધારનારા થાય છે, અથવા પ્રપંચની જાળ પાથરનારા થાય છે, એવું આ પેપરને કદી કરવું પડયું નથી અને કરશે પણ નહિં, આ પેપરને જ્યારે જ્યારે સુધારવાની જરૂર પડી છે ત્યારે પોતાના લખાણો સ્પષ્ટ શબ્દોમાં જ સુધારેલાં છે કારણ કે આ પેપર ગૌરવની સાથે કહી શકે છે કે અમારા ધ્યેય અને તત્વને કોઇપણ પ્રકારે બાધ આવેલો નથી અને આવે તેમ નથી, પરન્તુ શબ્દની રચનામાં અગર લખાણમાં ફેરફાર થવાનો અસંભવ સર્વથા કહેવાય નહિ, અને તેથી તેની સુધારણા કરવી જ પડે.પરન્તુ મારા વાચકોને આ પાંચમાં વર્ષમાં એટલું બધું તત્ત્વજ્ઞાન મેં પીરસ્યું છે કે જેને તત્ત્વજ્ઞાની મનુષ્યો જ જીરવી શક્યા છે અને જીરવી શકે છે. તત્વથી બાહ્યદૃષ્ટિવાળા જીવોને આ એક વર્ષનું લખાણ જીરવવા માટે પણ ઘણી મુદત જોઇશે. એમ માનવું ખોટું નથી. પત્રના પ્રચારને અંગે એક વાત તો અનિવાર્ય છે કે ભાઇબંધ પત્રકારોને કેટલેક અંશે અરૂચિ થાય, કારણ કે કેટલાક ભાઇબંધ પત્રકારો જીનેશ્વર ભગવાનનાં શાસન, તીર્થ, ધર્મ ઉદ્યોત કે મિથ્યાત્વના પ્રતિઘાત તરફ લક્ષ્યવાળા હોતા નથી, પરન્તુ તેઓને તો માત્ર એક વ્યક્તિ કે એક સંસ્થાના ઉદયમાં કટિબદ્ધપણું રાખવું પડે છે.

પરન્તુ તેવા પત્રકારોને જે અરૂચિ થાય છે અને તે અરૂચિને અંગે પોતાના લાગતાવળગતાઓને ભગવાન મહાવીર મહારાજના વચનના શ્રવણથી જેમ રોહિણીયાના બાપે રોહિણીયાને રોક્યો હતો તેવી રીતે આ પત્રના વાચનથી રોકવાને માટે તૈયાર થાય તો તે અસંભવિત નથી, પણ તે બધું સહન કરીને આ પત્રે હજુ આગળ ઘણું વધવાનું છે. માટે મારા વાચકો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જીનેશ્વરના સિદ્ધાન્તોનું જે હું પ્રતિપાદન કરૂં, મોક્ષમાર્ગના અભિલાષી જીવોની શંકાઓનું સમાધાન કરૂં, જે એકેક વિષય ઉપર અજ્ઞાની જીવ સમજી શકે તેવી રીતે વિવેચન કરૂં, તે બધું સ્થિરચિત્તે વાંચશે અને મનન કરશે એટલું જણાવી સમાલોચનાને અંગે જણાવવું કે આ પેપરમાં આવેલા લેખોને અંગે જે કોઇ પેપરદ્વારાએ પત્રદ્વારાએ કે સાક્ષાત્ શંકા ઉઠાવે કે સમાધાન માગે તેની નોંધ લેવામાં આવે છે. તેથી કેટલાક કુશંકાકારોને તે રૂચિકર નથી પણ થતી, પરન્તુ શંકા કરવી અને સમાધાનમાં રૂચિ ન રાખવી એ સજ્જનને માટે લાયક નથી એ દરેકે ધ્યાનમાં રાખવું જોઇયે.

સમાલોચનાની આવશ્યકતા

વળી અવિચ્છિન્ન પ્રભાવશાળી ત્રિલોકાબાધિત

ભગવાન જીનેશ્વરનાં શાસ્ત્રોથી પ્રતિકૂલ જે લખાણોના અન્ય દૈનિક સાપ્તાહિક પાક્ષિક અગર માસિકમાં આવે છે તેને અંગે પણ આ પત્રને પણ સમાલોચના કરવી જ પડે છે. કારણ કે ભવિષ્યમાં તે વિરૂદ્ધ લેખકોને એમ કહેવાનો વખત ન આવે કે અમારા લેખનો કોઈએ પ્રત્યાઘાત કર્યો નહિં અને વિરોધ ઉઠાવ્યો નહિ તેથી અમારો લેખ સર્વશાસનને માન્ય છે. આવા આવા અનેક કારણોથી સમાલોચના ઘણી વખત તો ટુંકાણથી લખ્યા છતાં પણ કેટલીક વખતે અનિવાર્ય સંજોગને લીધે વિસ્તારવાળી થઈ જાય છે. જો કે અનેક સજ્જનોએ તો ટુંકી ટુંકી આવતી સમાલોચનાને અંગે ઘણી વખત વિસ્તારથી ન લખાવાને અંગે ફરીયાદ કરેલી છે, છતાં પત્રનું મુખ્ય ધ્યેય બગડી ન જાય તેટલા માટે બને ત્યાં સુધી સમાલોચના વિસ્તારથી આપી નથી.

ખરી રીતે તો સમાલોચનાનું તત્વ જ એ છે કે શાસન અને શાસ્ત્રથી વિરૂદ્ધ લખનારાઓને સમાલોચના માર્ગદર્શક થઈ પડે. આ કારણથી બન્ને પક્ષનું સમજીને નહિં. વાંચનારાઓને સમાલોચનાથી કંટાળો આવે અગર તત્વ સમજવામાં ન આવે તે અસંભવિત નથી, પરન્તુ અનેક પેપરો અનેક લેખકોને સાચો માર્ગ દેખાડવામાં એકેક મુદ્દેથી કે વિસ્તારથી જો વિવેચન કરવામાં આવે તો આ ત્રણ ફર્માનું પાક્ષિક પહોંચી વળી શકે જ નહિ. માટે જિજ્ઞાસુઓને માર્ગદર્શિકા થઈ પડે તેટલા પૂરતી ટુંકી જ સમાલોચના લેવાનું આ પેપરે રાખ્યું છે.

આ પેપરનાં ટાઈટલ પેઝો ઘણા ભાગે તિથિ-પર્વ વિગેરેના મહિમા અને તે તે વખતનાં ઉપયોગી કર્ત્તવ્યો દેખાડવા માટે જ લખાયાં છે અને આ પેપર પોતાનાં આગમરહસ્યથી માંડીને ટાઈટલ સુધીના લખાણોમાં ઘણું જ સફળ નિવડયું છે એમ તેના વિદ્વાન વાચકો અને વિદ્વાન અર્થીઓ તરફથી ખાત્રી કરનાર નિવડી શક્યું છે. એવી જ રીતે ભવિષ્યમાં પણ મારા કદરદાન ગ્રાહકોને અને વિદ્વાન્ વાચકો તથા અર્થીઓ મારા સાધ્યને સફળ બનાવી ચૌદરાજલોકની અંદર ચક્રની પેઠે અપ્રત્યાઘાતી અને વ્યાપક એવા શ્રી સિદ્ધચક્રનો મહિમા વધારવા માટે વાંચન, અને મનન, હરહંમેશ કરશે એવી આશા રાખવી તે યોગ્ય જ છે.

શ્રી સિદ્ધચક્ર

(પાક્ષિક પત્ર)

....માત્ર બે રૂપિયા જેટલી નજીવી રકમમાં વિશાલવાંચન.....

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ તરફથી ચાલતું

પાક્ષિક પત્ર

જેની અંદર

આગમ-રહસ્ય

આગમોદ્ધારકની અમોઘદેશના

જૈન-ધર્મ ઉપર, શાસ્ત્ર ઉપર, તેમજ પાક્ષિક ઉપર કરવામાં આવતા જાહેર કે ખાનગી આક્ષેપોના પ્રતિકારરૂપે ટુંકી

સમાલોચના તેમજ સાગર સમાધાન સાથે

અન્ય મનનીય, યુક્તિસિદ્ધ, જૈનધર્મનું રહસ્ય સમજાવતા વાર્ષિકપર્વો વિગેરેના લેખો આવે છે.

વર્ષ દહાડે જેનું વાંચન ૬૦૦ પાના લગભગ

તેમજ

દર વર્ષે દળદાર એક ગ્રંથ કોઈપણ જાતના મૂલ્ય વગર આપવા છતાં

લવાજમ માત્ર રૂા. બે

પ્રત્યેક જૈનને ઘેર આ વંચાવુ જોઈએ

ગ્રાહક થવા આજે જ લખો :-

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

ધનજી સ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ નં૦ ૨

પંચમ વર્ષની વિષયસૂચિ

આગમ રહસ્યમાં શું ?

આ રહસ્ય લગભગ આખું ભગવાન ઋષભદેવજીને અંગે છે ૩૨૦ થી

બ્રાહ્મણઆદિ જાતિની ઉત્પત્તિ પત્ર ૪
જિનેશ્વર ભગવંતનું અનુપકૃતપણું
ઋષભદેવજી ભગવાનનો ત્યાગ ૩૨
પ્રતિમા વહન ૩૨
અભયદેવસૂરિજી ક્યા ગચ્છના ? ૩૨
વર્ણોત્પત્તિ ક્રમનું કારણ ૫૬
ભગવાનનું આદ્ય રાજાપણું ૫૬
સાધુપણાની વિશિષ્ટતા ૫૬
તપસ્યાનું સ્થાન ૮૦
જ્ઞાન કરતાં તપનું બળવત્તરપણું કેમ ? ૮૦
જ્ઞાનની દશા ૮૦
તપસ્યા એ અંતરાયનો ઉદય ગણાય ? ૮૦
જૈનશાસનમાં તપનું સ્થાન ૧૦૪
તપસ્યાધર્મની મુશ્કેલી ૧૦૪
ભગવાનની તપસ્યા ગણાય ખરી ? ૧૦૪
તપસ્યાની પરાકાષ્ઠા ૧૨૮થી
ભાવિ કે ઉદ્યમ ? ૧૨૮થી
ભગવાન મહાવીર અને કર્મવાદ ૧૨૮થી
ઉદ્યમવાદ એટલે શું ? ૧૨૮થી
ભવ્યત્વનો અવળો વિચાર ૧૨૮થી
ભવ્યતાના ભેદોની અનંતતા ૧૨૮થી
ભવ્યતાની વિચિત્રતા ૧૭૬થી
અન્યધર્મો નીકળવાની જડ કઇ ? ૨૪૮થી
નિન્હવો શાથી ?
મોક્ષનો રસ્તો ? ૨૭૩થી
સમ્યગ્જ્ઞાનદર્શનની સહચારિતા
તેનાં કારણ ?
પ્રભુની પરોપકારિતા ૨૯૬થી
ભિક્ષાવૃત્તિ અને દિગંબરો
ભિક્ષાવૃત્તિમાં તેઓનો ઢોંગ
આચાર અને ભક્તોની વિનંતિ ૩૨૦થી
લોચવિધાન
કાલકાચાર્ય અને જૈનશાસન
ભગવાન પ્રત્યે દયાના દુશ્મનોની કપોલકલ્પિત કથા ૩૪૪
શું એક તીર્થંકરની અધિક સ્તુતિ કરવાથી બીજાની અવગણના કરી ?
તીર્થંકરોને આશ્રીને અવધિ ને તેની મર્યાદા
તીર્થંકરો અવધિજ્ઞાનના સતત ઉપયોગ હોય ? ૩૬૮
સંવત્સરી દાન સંબંધી :- સંખ્યાવાળું દાન છતાં મહાદાન, ભવ્ય હોય તે જ દાન પામે, ઈચ્છા પ્રમાણે દાન મળે, સ્ત્રીઓ સંવત્સરી દાન ન લે, રોગ નાશ ઉપર તેનો પ્રભાવ, દેવતાઓનું યાચકપણું, દાન લેવાથી ધર્મપ્રેમીપણાની અને તત્ત્વપ્રેક્ષકત્વની પ્રાપ્તિ

૩૯૨

ગુણાનુરાગ તે ભક્તિરાગ હોઈ પ્રકારાંતરે હોય તો સ્નેહરાગ, ગુણિપણાના સંબંધને લીધે દેવાદિનું આવવું દેવદૂષ્યનો ઉપયોગ શામાં ?

દેવદૂષ્યની મહત્તા

૪૪૦

માતા મરૂદેવાને અંગે અકામનિર્જરાનો પ્રભાવ.

સમ્યક્ત્વ પ્રાપ્તિનું કારણ શું ?

કર્મની ઉત્કૃષ્ટસ્થિતિના ક્ષયનો હેતુ.

સમ્યક્ત્વ પ્રાપ્તિનાં કારણો સાથે અકામનિર્જરાનો સમન્વય.

(આ અંકના આ પત્રમાં આગમરહસ્ય અને અમોઘદેશનામાં છપાતાં ફેરફારો થઈ ગયેલ છે, તે વાંચકો આ પ્રમાણે સુધારી વાંચશો.)

૪૪૨ પત્રની ૪થી લીટીથી અમોઘદેશનામાં લઈ જવું.

(૪૪૩ સુધી)

૪૪૬ પત્રની ૧૮મી લીટીથી ૪૪૨ પત્રની પમી લીટીમાં લઈ જવું. એ લખાણ ૪૪૭ પત્રની બીજા કોલમની ૧૫ લીટી સુધી સમજવું.

૪૬૬

સો ભાગે રાજ્યની વ્હેંચણી કેમ ?

નમિવિનમિનો ભાગ કેમ નહિ ?

ભરત મહારાજની ઉદારતા.

યથાસ્થિતિ ત્રણે કાલ ભગવાનની સુશ્રુષા.

અમોઘ દેશના.

૧૫ પડવાના ભયે દીક્ષા ન રોકાય.

૩૭ કર્મરાજાનો લશ્કરી - ૩૭, ૬૩, ૮૭

૧૧૧ ધમ્મો મંગલં૦

૧૩૫ રાગદ્વેષસમીક્ષા

૧૭૯ આત્માની બાલ્ય અને વૃદ્ધાવસ્થા ૧૭૯,૨૨૯

૨૮૫ સાધુત્વ અને મૃષાવાદ, ૨૮૫, ૩૭૫, ૩૯૯

૪૪૪ ધર્મનું મૂલ્ય, ૪૪૪, ૪૮૧

પરચુરણ લેખો

૧ અમારૂં નવું વર્ષ

૯ સિદ્ધચક્ર એટલે ?

૨૩ પંચવસ્તુક (ચાલુ અંક ૧ થી ૧૧) ૪૭, ૭૧, ૯૫, ૧૧૯, ૧૯૧, ૨૩૯, ૨૬૩, ૨૮૭, ૩૧૧, ૩૩૫, ૩૫૯ ૩૭૧ સંપૂર્ણ.

૪ શ્રાવકગુણોનો સમન્વય, ૪૦, ૮૫, ૧૧૬

અંક ૩ ટાઈટલ-ભગવાનના ચતુર્મુખપણાનું રહસ્ય

અંક ૪ ટાઈટલ-સાતક્ષેત્રમાં ધન વાપરવાની જરૂર

અંક ૫ ટાઈટલ-કુટુંબીઓની કારમી મમતા

૧૪૭ સિધ્ધ બુધ્ધ મુક્ત પરિનિર્વૃત અને સર્વ-દુઃખોનો નાશ કરનાર કોણ ?

૧૫૩ આ ભવ પરભવ અને ભવોભવ માનનાર કોણ ?

અંક ૬-૭ ટાઈટલ-પંચપરમેષ્ટિમંત્રનો મહિમા

અંક ૧૧ ટાઈટલ-ઋષિમતી કહેવાની મતલબ

અંક ૧૨ ટાઈટલ-પ્રવચન પરીક્ષાનો પ્રૌઢ મહિમા

અંક ટાઈટલ-પ્રવચનકારની શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણા૧૨

૩૦૩ પ્રવચન પરીક્ષાની અદ્વિતીય મહત્તા ૩૦૩, ૩૨૭, ૩૫૧, ૩૬૭ સંપૂર્ણ.

અંક ૧૩ સાધનોનું સંઘમાં સ્થાન

અંક ૧૩ અ ના અંશો (કાવ્ય)

અંક ૧૪ ટાઈટલ-પરમપવિત્ર પરમેષ્ઠિપદોનો ક્રમ

૪૨૩ સર્વમાન્ય ધર્મ

૪૫૫સાતક્ષેત્ર અને ઉદ્યાપન ૪૫૫, ૫૬૧ (ચાલુ)

અંક ૧૯ યંગમેન્સ જૈન સોસાયટી વિસર્જનની કે અસહકારની આવશ્યકતા

૪૯૫ પર્યુષણાપર્વ અને શ્રાવકવર્ગ ૪૯૫, ૫૧૯ (ચાલુ)

અંક ૨૩ ટાઈટલ-જૈન શાસનનો સાર

અંક ૨૪ ટાઈટલ-શ્રી સિધ્ધચક્ર ચૌદરાજલોકનું અદ્વિતીયચક્ર છે.

સંવત્સરીને અંગે

૭ સાગર-સમાધાનમાં પ્રશ્ન ૮૩૯, ૮૪૧, ૮૪૨, ૮૪૩, ૮૪૪, ૮૪૫, ૮૪૬, ૮૪૭, ૮૪૮

૨૨ સમાલોચના - જૈનધ્વજ નં. ૫-૬

માનકુવા

૪૪ સિદ્ધચક્રનો વધારો

સમાલોચનામાં-વાડીલાલ નં-૭ અજમેર અમદાવાદ, વીરશાસન, ઉદયપુર, રાધનપુર.

૫૯ સાગરસમાધાન ૮૫૦, ૮૫૧, ૮૫૨

૮૯ સાગરસમાધાન ૮૫૩, ૮૫૪, ૮૫૫, ૮૫૬, ૮૫૭,૮૫૮

૯૪ સમાલોચના-વીરશાસન (?) ૧ થી ૧૩ જનકવિ

૧૦૮ સાગરસમાધાન ૮૫૮-૮૬૬

૧૧૭ સમાલોચનામાં-વીરશાસન ૧-૨-૩ જૈન પ્રવચન

૧૨૬ પર્વની આરાધના-મુંબઈ સુરત અને શ્રી સંઘ

૧૫૨ સમાધાનમાં ૮૬૭-૮૬૯

૧૫૫ સમાલોચના ૮-૯ લીં શ્રી વિજય કુમુદસૂરિ, વીર જનક ૧ થી ૬

૧૯૮ પછી ટાઈટલ-પર્વતિથિના ક્ષયે તે ભેગી કરવી કે અપર્વનો ક્ષય કરવો. ચોમાસી ૧૪ના ક્ષયે તેરસને દિવસે ચૌદશ ન માને અથવા તેરસ માને તેનું કેમ?

૨૦૦ રવિવારની સંવત્સરીવાળી માન્યતા (બૃહલ્લેખ)

૨૪૬ પછી ટાઈટલ-શનીવારની સંવત્સરી કરી અને બુધવારની કરનાર ખુલાશો કરશે ? ભાદરવા સુદ પાંચમ એ પર્વ તિથિ ખરી કે નહિ

૨૫૧ પર્વતિથિની ચર્ચામાં મનનીય પાઠો.

૨૫૮ તત્ત્વતરં૦ અનુ૦ સમાલોનાચ વી૦ આરા૦ ૧ થી ૯ કલમ

૨૭૯ પ્રશ્ન ૯૦૧-૯૦૨ સાગરસમાધાનમાં સમાલોચના પ્રવચનની ૫૯, તા.ક. કલ્યાણવિજયજી, વીર શાસન મુંબઈ સમાચાર, ૩-૪

૨૯૪ પછી ટાઈટલ-શનીવારની સંવત્સરીવાળાં પાસેથી ખુલાશો કયો મેળવવો ?

૨૯૯ ૧ થી ૧૬ સમાલોચના વીર ૭-૮-૯-૧૦ તા.ક.

૩૧૮ પછી ટાઈટલ-કદાગ્રહની પીછાણ કરો.

૩૨૪ સમાલોચના વીર. ૧-૨-૩ પુષ્પ. ૧-૨

૩૨૫ સાગરસમાધાન પ્રશ્ન ૯૦૩

૩૪૨ પછી ટાઈટલ-આરાધના અને ઉદયની તુલના

૩૪૮ સમાલોચના વીર કે.વી.

૩૫૦ સમાલોચના વીર ૫ થી ૧૦

૩૭૨અ સમાધાન પ્રશ્ન ૯૧૦-૯૧૨-૯૧૩-૯૧૪

૩૮૨ પછી ટાઈટલ-ગુરૂવારની સંવચ્છરીવાળાઓની એક નવી યુક્તિ

બુધવારીયાની છાવણીના નોખા રસ્તા

૩૯૭ સમાદાન ૯૨૯ પ્રશ્ન ઘટાઘટ વિચારની ૯૩૧, ૯૩૨ પોકળતા

૪૦૭ સંવત્સરીનિર્ણયવાળા શાસ્ત્રાર્થ બાબત તારવ્યવહાર

૪૨૯ સમાલોચના (પાલીતાણા)૧થી૨૬ મુંબઈ વીર ! ૧ થી ૬ ડભોઈ (જંબુ) ૧ પાલીતાણા ધર્મશાલા પુના કેશવલાલ | વીર!તત્ત્વ મુંબઈ. કલ્યાણ- વિજયજી લી.

૪૩૭ સાગરસમાધાન ૯૩૩ પ્રશ્ન (અહિં ૮૩૩ પ્રશ્ન છે તે સુધારી ૯૩૩થી વાંચવા) ૯૩૪ પ્રશ્ન
૪૩૮ પછી-ટાઈટલ શનિવારવાળા ખુલાસો કરશે કે ? બુધવારની સંવચ્છરીવાળાઓ ખુલાસો કરશે કે ?
૪૫૩ સમાધાન ૯૩૫, ૯૩૬
૪૬૩ સમાલોચના વીર ! જૈન, કલ્યાણવિજયજી
K V ગોરધનદાસ
વધારો - ૫૦ દિવસની ગણતરી
૪૬૯ સમાલોચના વીર. પાલીતાણા ધર્મશાલા
કેશવકાન્ત,
કલ્યાણ વિજયજી
વીરશાસન
૪૭૯ તિથિની ક્ષયવૃદ્ધિની સમજ
૪૯૯ બુધવારની સંવચ્છરીવાળા જવાબ આપશે?
૪૯૧ ગુરૂવારે સંવચ્છરીપર્વ આરાધન માટે
૪૯૨ અવમરાત્ર અને અતિરાત્રની સમજ
૪૯૩ ગુરૂવારની સંવચ્છરી વ્યાજબી કેમ ?
૪૯૪ પછી ટાઈટલ-ઉદયને નામે ફેલાવાતો ભ્રમ
૫૧૮ પછી ટાઈટલ-ચોમાસી અને સંવચ્છરીના ૫૦ દિવસો કેમ ગણવા ?
૫૪૩ સમાલોચના.....
૫૫૭ વીર ! સમાલોચના .....

આ સિવાય સિધ્ધચક્રના વધારા તરીકે 'શાસ્ત્રીય પુરાવા' તિથિવૃદ્ધિ હાનિવિચાર, બુધવારવાળા તરફથી વીરશાસનમાં પૂછેલા પ્રશ્નના ખુલાશા, તા. ૨૦-૨૯-૮-૩૭

-: સમાલોચના :-

૧ શ્રી તત્ત્વરંગિણીકારે ચૌદશના ક્ષયે તેરસનું નામ પણ ન લેવાય અને આરાધનામાં ચૌદશ જ છે એમ કહેવાનો રીવાજ છે. તથા તે દિવસે તેરસ ગણનારો મુર્ખ શિરોમણિ છે એમ સ્પષ્ટ કહેવું હોવાથી તેરસ ચૌદશ આદિને ભેગાં માનનાર અને લખનાર પરંપરા અને શાસ્ત્રથી વિરૂદ્ધ જ છે.

૨ શ્રી હીરસૂરિજી મહારાજ એક જ બીજી તિથિને ઔદયિકી એટલે ઉદયવાળી માને છે, અને ઉદયને આધારે જ તિથિનો વ્યવહાર માને છે, માટે પૂનમ આદિ બેવડી માનનાર શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ જ છે.

૩ શ્રીમાન્ કલ્યાણવિજયજીને સંશોધકને મોકલી ખાતરી કરવા અને જુઠા કલંક દેનારની અધમતામાંથી નીકળવા જાહેર આહ્વાન કર્યા છતાં તેઓ ચુપ જ રહ્યા છે, રાધનપુર પાછી પ્રત ન મોકલાય એટલામાં તેઓએ જુઠાપણાથી બચવા ઉદ્યમ કરવો.

૪ તિથિ હાનિવૃદ્ધિ વિચાર અને શાસ્ત્રીય પુરાવા પૂનમ પાંચમની ક્ષય વૃદ્ધિએ તેરસ ત્રીજની ક્ષય વૃદ્ધિની પરંપરાને મળતા જાહેર થયા જ છે. પણ હજી સુધી બુધવારવાળાઓએ અનેક ચોપડીયો અને લેખો બહાર પાડ્યા છતાં એક પણ પુરાવો ભાદરવા સુદિ પાંચમને પર્વતિથિ ન માનવી અથવા તેની ક્ષય વૃદ્ધિ માનવી એ બાબતનો ખુલાશો આપ્યો નથી એ ચોક્ખું જ છે, માત્ર ૧૯૫૨માં છાણીમાં રહેલા મહાશયે ભાદરવા સુદ પાંચમને ક્ષય માનવાનું શરૂ કર્યું અને તેથી તે મહાશયને અનુસરનારાઓને વૃદ્ધિ પણ માનવી પડે છે બાકી તો આખા તપાગચ્છે તે પાંચમનો ક્ષય કે વૃદ્ધિ માન્યા જ નથી.

તા.ક. જે વસ્તુના ઉત્તરો એકના ઉત્તરથી આવી જાય અને તેથી જુદા ન અપાય તો અનુત્તરપણું કે કબુલાત ગણનારા સમજણથી દૂર ગણાય. ઉદયથી ક્ષીણપર્વ માનનારા પર્વાપર્વમિશ્ર કહે તેમ વાસ્તવિક સ્થિતિ અને તસ્યા એવા એકવચનને ન સમજે તેને કેવો કહેવો !

(વીર (?) શુ. ૯)

જૈનાનન્દ પુસ્તકાલયમાં મળતાં પુસ્તકો

૧	અહિંસાષ્ટક	૦-૮-૦
૨	અનુયોગદ્વાર ચૂર્ણિ	૧-૧૨-૦
૩	આચારાંગસૂત્ર શીલાંકાચાર્ય કૃતટીકા સંપૂર્ણ...	૭-૦-૦
૪	ઉતરાધ્યયન ચૂર્ણી.....	૩-૮-૦
૫	ઉપદેશમાલા મૂલ	૦-૮-૦
૬	ઉપદેશમાલા (પુષ્પમાલા) ટીકા	૬-૦-૦
૭	ઉત્પાદાદિ સિદ્ધિ	૨-૮-૦
૮	ઋષિભાષિતસૂત્રાણિ	૦-૫-૦
૯	કલ્પકૌમુદી	૨-૦-૦
૧૦	કલ્પસૂત્ર બારસા સચિત્ર	૧૨-૦-૦
૧૧	જૈનસ્તુતિદેશના હિન્દી	૦-૧૦-૦
૧૨	જયોતિષ્કરંડક ટીકા	૩-૦-૦
૧૩	તત્ત્વતરંગિણી સટીક	૦-૮-૦
૧૪	તત્ત્વાર્થકર્તૃન્મતસમીક્ષા (હરિભદ્રસૂરિ) સભાષ્ય	૬-૦-૦
૧૫	તત્ત્વાર્થકર્તૃતન્મતસમીક્ષા	૦-૧૦-૦
૧૬	દશવૈકાલિક ચૂર્ણિ	૪-૦-૦
૧૭	દશપયન્ના	૨-૦-૦
૧૮	નવપદપ્રકરણ બૃહદ્વૃત્તિ	૪-૦-૦
૧૯	નંદિસૂત્રચૂર્ણિ	૧-૧૨-૦
૨૦	પર્યુષણા દશશતક સટીક	૦-૧૨-૦
૨૧	પ્રવચનસારોદ્ધાર ઉત્તરાર્ધ	૪-૦-૦
૨૨	પંચાશકાદિ આઠ મૂલ	૪-૦-૦
૨૩	" દેશના આકારાદિ	૪-૦-૦
૨૪	પંચવસ્તુક સટીક	૩-૦-૦
૨૫	પયરણ સંદોહ	૧-૦-૦
૨૬	પ્રવચનપરીક્ષા સટીક ભા-૧	૬-૦-૦
	" ભા-૨	૪-૦-૦
૨૭	પ્રત્યાખ્યાનાદિ પાંચ ગ્રંથ	૧-૪-૦
૨૮	બૃહત્ સિદ્ધપ્રભા વ્યાકરણ (પ્રતાકાર)	૨-૮-૦
	" " (પ્રતાકાર)	૨-૮-૦
૨૯	બુદ્ધિ સાગર	૦-૩-૦
૩૦	ભવભાવના પ્રથમ ભાગ	૩-૮-૦
	" (દ્વિતીય)	પ્રેસમાં
૩૧	મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ	૦-૮-૦
૩૨	સાક્ષિ પાઠ સહિત ૧૨૫,૧૫૦ ૩૫૦, ના સ્તવન	૦-૮-૦
૩૩	યુક્તિ પ્રબોધ	૧-૧૨-૦
૩૪	લલિતવિસ્તરા	૦-૧૦-૦
૩૫	વસ્ત્રવર્ણ સિદ્ધિ	૦-૫-૦
૩૬	વિશેષાવશ્યક ગાથા ક્રમ	૦-૫-૦
૩૭	" ટીકા કોટયાચાર્ય કૃત	૧૧-૦-૦
	" ભાગ-૧	૫-૦-૦
	" ભાગ-૨	૬-૦-૦
૩૮	વંદારૂવૃત્તિ	૧-૪-૦
૩૯	ષોડશક પ્રકરણ	૧-૦-૦
૪૦	ષડાવશ્યક સૂત્રાણિ	૦-૮-૦
૪૧	શ્રાદ્ધ વિધિ ભાષાંતર હિન્દી	૧-૧૨-૦
૪૨	સિદ્ધચક્ર માહાત્મ્ય	૧-૦-૦
૪૩	અંગના બૃહદ વિષય ક્રમ અકારાદિ વિગેરે	૪-૦-૦
૪૪	લોક પ્રકાશ (દ્રવ્ય)	૨-૦-૦
	(ક્ષેત્ર)	૨-૮-૦
૪૫	ભગવતીસૂત્ર સટીક ભા.૧ (અભયદેવસૂરિજી)	૫-૦-૦
૪૬	સામાયિક સૂત્ર વિધિ સહિત	૦-૧-૦
૪૭	દેવસીરાઈ પ્રતિક્રમણ સૂત્ર "	૦-૨-૦

-: મલવાનું સ્થાન :-

૧. શ્રી જૈનાનંદ પુસ્તકાલય
ગોપીપુરા સુરત.

૨. માસ્તર કુંવરજી દામજી
મોતી કડીયાની મેડી પાલીતાણા.

ધર્મવરચાતુરન્તચક્રવર્તી જ્યારે જિનેશ્વર ભગવાન છે ત્યારે શ્રીસિદ્ધચક્ર ચૌદરાજલોકનું અદ્વિતીય ચક્ર છે.

ચૌદરાજલોકમાં દરેક સંસારીજીવ અનાદિ કાલથી અનન્તાનન્ત પુદ્‌ગલપરાવર્તો સુધી જન્મઆદિકની જે આધિને ધારણ કરતો હતો, તે આધિનો નાશ કરનાર હોય તો તે ફક્ત આ શ્રીસિદ્ધચક્ર

ચૌદરાજલોકમાં એવું એકપણ સ્થાન નથી કે જ્યાં દરેક અનન્તકાલીન વ્યવહાર રાશિવાળાએ અનન્તાન્ત વખત મરણ ન કર્યાં હોય, છતાં તે મરણો મરવાં બંધ કરાવી અમરપદ આપનાર પણ આ શ્રીસિદ્ધચક્ર

ચૌદરાજલોકમાં યથાસ્થિત પ્રતીતિને અભાવે કે પૌદ્‌ગલિક પ્રેમને લીધે મિથ્યાત્વ મહાશત્રુની વ્યાપકતા છે તેને દૂર કરનાર આ શ્રીસિદ્ધચક્ર

ચૌદરાજલોકમાં યથાર્થતત્ત્વબોધના અભાવને લીધે શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મનું અજ્ઞાન વ્યાપી રહ્યું છે. તેને દૂર કરનાર એવો ઉદ્યોતકર આ શ્રીસિદ્ધચક્ર

ચૌદરાજલોકમાં કર્મના ઝપાટાથી દૂર અને કાલની કુટિલતાથી નીકળી ગયેલ મહાત્માઓથી શોભિત આ શ્રીસિદ્ધચક્ર

ચૌદરાજલોકમાં મોક્ષમાર્ગે જીવોને પ્રવર્ત્તાવનાર મહાપુરૂષોના પદથી શોભા પામતું એવું આ શ્રીસિદ્ધચક્ર

ચૌદરાજલોકમાં મોક્ષમાર્ગને જ ઉપયોગી થાય એવાં વાક્યો ભણાવનાર મહાપુરૂષોના પદથી દીપતું આ શ્રીસિદ્ધચક્ર

ચૌદરાજલોકમાં શરીર કુંટુંબ સંપત્તિ અને દેશની કારમી દશાને ઓળખાવી અવ્યાબાધપદના અકલંક પંથમાં મદદ કરનાર મહાપુરૂષોના પદથી રાજતું શ્રીસિદ્ધચક્ર

ચૌદરાજલોકમાં જીવના જીવનરૂપ સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્ર અને તપથી અલંકૃત થયેલું એવું આ શ્રીસિદ્ધચક્ર

ભૂમિકા અને કોણાઓ શ્વેત હોવા સાથે ચાર દિશામાં જુદા જુદા રંગોથી અંકિત એવું આ નવપદમય શ્રીસિદ્ધચક્ર એવું છે કે તે ચૌદરાજલોકમાં અપ્રતિહતપણું ધારણ કરે છે. અતીત, વર્ત્તમાન અને અનાગતકાલમાં જે જીવો મહાનન્દપદને પામ્યા છે પામે છે અને પામશે. એ સર્વ નવપદમય શ્રીસિદ્ધચક્રનો જ પ્રતાપ છે.

મહાનુભાવોએ ઉપરની હકીકત ધ્યાનમાં રાખી શાસ્ત્રકારોએ જેને શાશ્વતી અટ્ઠાઈ ગણાવેલી છે. એવી ઓળીની અટ્ઠાઈમાં શ્રીસિદ્ધચક્રને આરાધવા માટે સર્વથા તૈયાર થવું જ જોઈએ.

આજના અંકનો વધારો

श्रीविजयदेवीयानां पूर्णिमामावास्ययोर्वृद्धौ त्रयोदश्या

एव वृद्धिर्भवतीति मतपत्रकम्

॥ श्रीतिथिहानिवृद्धिविचारः ॥

अथ तिथिवृद्धिहानिप्रश्नोत्तरं लिख्यते। इन्द्रवृन्दनतं नत्वा, सर्वज्ञ सर्वदर्शिनम्। ज्ञातारं विश्वतत्त्वानां, वक्ष्ये शास्त्रानुसारतः ॥१॥ कस्यास्तिथेः क्षये जाते, का तिथिः प्रतिपाल्यते ?। वृद्धौ सत्यां च का कार्या, तत्सर्वं कथ्यते मया ॥२॥ तत्र प्रथमतस्तिथिलक्षणं कथ्यते-आदित्योदयवेलायां या तिथिः स्तोकाऽपि भवति सैव तिथिस्तिथित्वेन विज्ञेया, परमुदयं विना प्रभूताऽपि नोच्यते, उक्तं च श्रीसेनप्रश्नप्रथमोल्लासे-'उदयंमि जा तिही सा पमाणमिअरीइ कीरमाणीए। आणाभंगणवत्थामिच्छत्तविराहणं पावे ॥१॥' इति, तस्मादौदयिक्येव तिथिराराध्या, न परेति॥ तथा-पूर्णिमामावास्ययोर्वृद्धौ पूर्वमौदयिकी तिथिराराध्यत्वेन व्यवहियमाणा आसीत्, केनचिदुक्तं श्रीतातपादाः पूर्वतनीमाराध्यत्वेन प्रसादयन्ति तत् किमिति ?, अत्र उत्तरं, पूर्णिमामावास्ययोर्वृद्धो औदयिक्येव तिथिराराध्यत्वेन विज्ञेया इति हीरप्रश्नद्वितीयप्रकाशे प्रोक्तमस्ति तस्मादौदयिक्येव तिथिरंगीकार्या, नान्येति तथा सेनप्रश्नतृतीयोल्लासेऽपि प्रोक्तमस्ति, यथाष्टम्यादितिथिवृद्धौ अग्रेतन्या आराधनं क्रियते, यतस्तद्दिने प्रत्याख्यानवेलायां घटिका द्विघटिका वा भवति तावत्या एव आराधनं भवति। तदुपरि नवम्यादीनां भवनात्, संपूर्णायास्तु विराधनं जातं, पूर्वदिने भवनात्, अथ यदि प्रत्याख्यानवेलायां विलोक्यते तदा पूर्वदिने द्वितयमप्यस्ति प्रत्याख्यानवेलायां

समग्रदिनेऽपीति सुष्ठु आराधनं भवति इति प्रश्नः, अत्रोच्यते-क्षये पूर्वा तिथिर्ग्राह्या, वृद्धौ ज्ञेया तथोत्तरा। श्रीवीरज्ञाननिर्वाणं, कार्यं लोकानुगैरिह ॥१॥ तथा-उदयंमि जा तिही सा पमाणं इत्यादि श्रीउमास्वातिवाचक (प्रभृति) वचनप्रामाण्यात् वृद्धौ सत्यां स्वल्पाऽप्यग्रेतना तिथिः प्रमाणमिति अनेनेदमुक्तं-यासूर्योद्गमवेलायां तिथिः सैव मान्याः ना परेति। तथा हीरप्रश्नचतुर्थोल्लासे त्रुटिततिथिमाश्रित्य प्रश्न एवं कृतोऽस्ति, तथाहि-यदा पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः कस्यां तिथौ क्रियते पूर्णिमायां च त्रुटितायां कुत्रेति, अत्रोत्तरं-यदा पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तप पूर्वस्यां तिथौ क्रियते, पूर्णिमायां च त्रुटितायां त्रयोदशी चतुर्दश्योः क्रियते, त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यपीति प्रतिपादितमस्तीति। अत्र **विजयानंदसूरिगच्छीयाः** प्रतिपद्यपीति अपिशब्दं गृहीत्वा पूर्णिमाभिवृद्धौ प्रतिपद्वृद्धिं कुर्वन्ति तन्मतमपास्तं, यतः पूर्णिमाभिवृद्धौ त्रयोदश्या वृद्धिर्जायते, न तु प्रतिपदः यतष्टिप्पनकादौ चतुर्दश्या पूर्णिमासंक्रमो दृश्यते, न तु प्रतिपदि, ननु पूर्णिमा चतुर्दश्यां संक्रमिता तदा भवद्भिः द्वे चतुर्दश्यौ कथं न क्रियेते ?, **तृतीयस्थानवर्तिनी त्रयोदशी** कथं वर्धिता इति त्वं पृच्छसि शृणु तत्र उत्तरं-जैनटिप्पणके तावत् (पर्व)-तिथीनां वृद्धिरेव न भवति, ततः परमार्थतः त्रयोदश्येव वर्धिता, न तु प्रतिपद्वृद्धिर्भवति लौकिकलोकोत्तरशास्त्रप्रतिषेधितत्त्वात्, तस्मात् सिद्धं चैतत् **पूर्णिमावृद्धौ त्रयोदशीवर्द्धन**, चेदेवं तव न रोचते तदा प्रथमां पूर्णिमां परित्यज्य द्वितीयां पूर्णिमां भज। अथ एवमपि ते न रोचते तर्हि प्रष्टव्योऽसि

१ आनन्दसूरीया पूर्णिमामावास्यावृद्धौ प्रतिपदं ववृधिरे, न तु सांप्रतीनोत्थापकवत् पर्वापर्वतिथ्योमिश्रतां पर्वद्वयमिश्रतां पर्वतिथेर्वृद्धिं च चक्रुः

यत् चतुर्मासकसंबंधिपूर्णिमावृद्धौ त्वं त्रयोदशीवृद्धिं कुरुषे शेषपूर्णिमासु च प्रतिपद इत कुत्र शिक्षितोऽसि ?, यतः सर्वा अपि अमावास्यापूर्णिमादितिथयः पर्वत्वेनाराध्या एव इति, यदुक्तं श्रीश्राद्धदिनकृत्ये 'छण्हं तिहीण मज्झंमि का तिही अज्ज वासरे' इत्यादि, ताः सर्वा अपि तिथय आराध्या एवेति, अथ च 'चाउद्दसअट्ठमुद्दिट्ठपुण्णिमासिणीसु पडिपुन्नं' इत्यस्य व्याख्या। चतुर्दश्यष्टम्यौ प्रतीते उदिष्टासु महाकल्याणकसंबंधितया पुण्यतिथित्वेन प्रख्यातासु, तथा पौर्णमासीषु च तिसृष्वपि चतुर्मासकतिथिषु इत्यर्थः इति सूत्रकृतांगद्वितीयश्रुतस्कन्ध सूत्रवृत्तौ लेपश्रावकाधिकारे, इत्येतत्पर्वाराधनं चरितानुवादरुपम्, शतवारपंचमश्राद्धप्रतिमावाहककार्तिकश्रेष्ठिवत्। न तु विधिवादरुपं, तल्लक्षणं पुनरेकेन केनचिद् यत् क्रियानुष्ठानमाचरितं स चरितानुवादः, सर्वैरपि यत् क्रियानुष्ठानं क्रियते स विधिवादः, विधिवादस्तु सर्वैरपि स्वीकर्तव्य एव, न तु चरितानुवाद इत्यर्थतः सेनप्रश्ने कथितमस्ति, तस्मात् त्यज कदाग्रहं, कुरु **पूर्णिमाभिवृद्धौ द्वे त्रयोदश्यौ**, अन्यथा गुरुलोपी ठको भविष्यसि इति दिक्। तथा श्राद्धविधावपि तिथिस्वरूपं यत् प्रतिपादितमस्ति तदपि त्वं सावधानीभूय शृणु-तिथिश्च प्रातः प्रत्याख्यानवेलायां या स्यात् सा प्रमाणं, सूर्योदयानुसारेणैव लोकेऽपि दिवसादिव्यवहारात्, आहुरपि-चाउम्मासियवरिसे पक्खियपंचट्ठमीसु नायव्वा। ताओ तिहीओजासिं उदेइ सूरो न अन्नाओ ॥१॥ पूआ पच्चक्खाणं पडिकमणं तह य नियमगहणं च। जीए उदेइ सूरो तीइ तिहीए उ कायव्वं ॥२॥ उदयंमि जा तिही सा पमाणमिअरीइ कीरमाणीए. आणाभंगणवत्थामिच्छत्तविराहणं पावे ॥३॥ पारासरस्मृतावपि-आदित्योदयवेलायां,

या स्तोकापि तिथिर्भवेत्। सा संपूर्णेति मंतव्या, प्रभूता नोदयं विना ॥१॥ उमास्वातिवाचकप्रघोषश्चैवं श्रूयते क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा। श्रीवीरज्ञाननिर्वाणं, कार्यं लोकानुगैरिह ॥१॥ इतिश्रीश्राद्धविधौ प्रतिपादितमस्ति, तस्मात् कदाग्रहं त्यक्त्वा यथावदागमानुसारेण पूर्वाचार्यपरंपरया च प्रवर्तितव्यं, परं कदाग्रहेण कृत्वा कुमार्गप्रवर्तनं न कार्यं, उत्सूत्रप्ररूपणेनानंतसंसारवृद्धेः, तस्मात् सिद्धं चैतत्-**पूर्णिमाभिवृद्धौ त्रयोदशीवर्धनं** ॥ इति श्रीप्रश्नविचारः। संवत् १८९५ वर्षे चैत्रसूद १४ दिने, पं० भोजाजीए लखी आपी छे. श्री खरतरगच्छे श्रीपादरामध्ये सा. कपुरसाने लखी आपी छे ॥ तथा । १३ । १४ । ०)) ए त्रिणि तिथि पुरी छतइ जउ लोक चउदसि दीवाली करइ तउ तेरसिचउदसिनो छठ करवउ, जे माटइ श्रीमहावीरनुं निर्वाणकल्याणक लोकनइ अनुसारि करवुं कहिउं छइ श्राद्धविधिमांहि। क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा। श्रीमहावीरनिर्वाणं, ज्ञेयं लोकानुगैरिह ॥१॥

इतिश्रीतिथिहानिवृद्धिविचारः

આચાર્યમહારાજ શ્રીવિજયદેવસૂરિજીના ગચ્છવાલાઓએ પુનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિને માટે કરેલા ગ્રન્થનું ભાષાન્તર નીચે પ્રમાણે છે.

ઈન્દ્રનો સમુદાય જેને નમસ્કાર કરે છે, જે સર્વજ્ઞ અને સર્વદર્શી છે, જે જગત્‌ના સમગ્ર તત્ત્વોના જાણનારા છે એવા જિનેશ્વરને નમસ્કાર કરીને શાસ્ત્રને અનુસારે કંઈક કહું છું. ॥૧॥ કયી તિથિનો ક્ષય થયા છતાં કયી તિથિનું પાલન કરવું જોઈએ ? અને કઈ તિથિની વૃદ્ધિ થયા છતાં કઈ તિથિ કરવી ? તે બધી વાત હું કહું છું. ॥૨॥ તેમાં પહેલાં પર્વતિથિનું લક્ષણ કહેવાય છે- સૂર્યના ઉદય વખતે જે તિથિ થોડીપણ હોય તે જ તિથિ તિથિપણે જાણવી, પણ ઉદય વગરની ઘણી હોય તોપણ તેને તિથિ તરીકે કહેવી નહિ. શ્રીસેનપ્રશ્નના પહેલા ઉલાસમાં કહ્યું છે કે - ઉદયમાં જે તિથિ હોય તે તિથિ પ્રમાણ ગણવી. ઉદય સિવાયની તિથિ જો કરાય તો આજ્ઞાભંગ ૧ અનવસ્થા ૨ મિથ્યાત્વ ૩ અને વિરાધના ૪ ને પામે. ॥૧॥ તેટલા માટે ઉદયવાળી તિથિ જ આરાધન કરવી પણ બીજી નહિ તેવી જ રીતે પુનમ અને અમાવાસ્યાની વૃદ્ધિમાં પહેલાં ઔદયિક (બીજા દિવસના ઉદયવાળી) તિથિ આરાધવા લાયકપણે વ્યવહાર હતો પણ કોઈકે કહ્યું કે શ્રીપૂજ્યજી મહારાજ પહેલી તિથિને આરાધવા લાયક ગણે છે, તો શું કરવું? આ પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે પૂર્ણિમા અને અમાવાસ્યાની વૃદ્ધિ હોય તો ઔદયિકી (એટલે બીજી તિથિ જ) આરાધવી એમ જાણવું. એવી રીતે શ્રીહીરપ્રશ્નના બીજા પ્રકાશમાં કહેલું છે, તેટલા માટે ઉદયવાળી તિથિ જ અંગીકાર કરવી, પણ બીજી નહિ. તેવી જ રીતે સેનપ્રશ્નના ત્રીજા ઉલ્લાસમાં કહેલું છે. તે આવી રીતે કે અષ્ટમ્યાદિ તિથિ વધી હોય તો બીજી તિથિનું આરાધન થાય છે, પણ તે દિવસે પચ્ચખ્ખાણની વખતે તે તિથિ ઘડી બે ઘડી હોય છે, અને તેથી તેટલીનું જ આરાધન થાય કેમકે તેની પછી નોમ આદિ તિથિ થઈ જાય છે, પણ પહેલા દિવસે સંપૂર્ણ તિથિનું તો વિરાધન થાય છે, કેમકે તે તિથિ સંપૂર્ણ પહેલે દહાડે હોય છે કદાચ પચ્ચખ્ખાણની વખતે દેખવા જઈએ તો પહેલે દહાડે પચ્ચખ્ખાણની વખતે પણ હોય છે અને આખો દિવસ પણ હોય છે. તેથી બન્ને વાનાં હોય છે, અને તે જ કારણથી સારૂં આરાધન થાય છે. આવો શિષ્યે પ્રશ્ન કર્યો

તેને ઉત્તર દે છે કે ક્ષયમાં પહેલાની તિથિ લેવી અને વૃદ્ધિમાં બીજી તિથિ લેવી. શ્રીમહાવીરમહારાજનો જ્ઞાનનિર્વાણ મહોત્સવ તો અહિયાં લોકને અનુસાર કરવો ॥૧॥ તેમજ ઉદયને વિષે જે તિથિ હોય તે પ્રમાણ કરવી. ઈત્યાદિક ઉમાસ્વાતિ વાચક (આદિ)ના વચનની પ્રામાણિકતાથી વૃદ્ધિ હોય ત્યારે થોડીપણ બીજી જ તિથિ પ્રમાણ ગણવી. આ ઉપરથી આ નક્કી થયું કે - જે સૂર્ય ઉદય થવાની વખતે તિથિ હોય તેજ માનવી, બીજી નહિ. તેમજ શ્રી હીરપ્રશ્નના ચોથા પ્રકાશમાં ત્રુટેલી તિથિને આશ્રયીને આવી રીતનો પ્રશ્ન કરેલો છે. તે પ્રશ્ન જણાવે છે જ્યારે પાંચમની તિથિનો ક્ષય હોય ત્યારે તેનું તપ કઇ તિથિએ કરવું ? અને પુનમનો ક્ષય હોય ત્યારે તેનું તપ ક્યારે કરવું ? આ પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે - જ્યારે પાંચમની તિથિનો ક્ષય હોય ત્યારે તેનું તપ તેની પહેલાંની તિથિમાં કરવું, અને પુનમનો ક્ષય હોય ત્યારે તેનું તપ તેની પહેલાંની તિથિમાં કરવું, અને પુનમનો ક્ષય હોય ત્યારે તેરસ અને ચઉદસે કરવું, અને તેરસે ભૂલી જવાય તો પડવે પણ કરવું. આવી રીતે નિરૂપણ કરેલું છે. આ જગા પર વિજયાનન્દસૂરિના ગચ્છવાળા પડવે પણ એમ કહ્યું તેનો પણ શબ્દ લઈને પુનમ વધે ત્યારે પડવાની વૃદ્ધિ કરાવે છે તે મત ખોટો છે એમ નક્કી થયું. કેમકે પુનમ વધે ત્યારે તેરસની વૃદ્ધિ થાય, પણ પડવાની વૃદ્ધિ ન થાય. ટીપ્પણાં વિગેરેમાં ચૌદશમાં પુનમનો સંક્રમ હોય છે, પણ પડવામાં હોતો નથી. શંકા કરે છે કે જ્યારે પુનમ ચૌદશમાં સંક્રમી છે તો પછી તમે બે ચૌદશો કેમ કરતા નથી ? પુનમની વૃદ્ધિ હોય ત્યારે તેને ત્રીજે સ્થાને રહેલી એવી તેરશ કેમ વધારો છો ?, એવી રીતે જો તું પૂછે છે તો તેનો ઉત્તર સાંભલ-કે જૈનટીપ્પણામાં પહેલાં તો (તિથિની કે) પર્વતિથિની વૃદ્ધિ જ ન હોય. તેથી પરમાર્થથી તેરસ જ વધેલી ગણવી, પણ પડવાની વૃદ્ધિ ન થાય. લૌકિક અને લોકોત્તર એમઃ બન્ને શાસ્ત્રથી તેનો નિષેધ છે માટે, આ ઉપરથી આટલી વાત સિદ્ધ થઈ કે પુનમની વૃદ્ધિ હોય ત્યારે તેરસની વૃદ્ધિ કરવી. જો એમ તને ન રૂચે તો પહેલી પુનમને છોડીને બીજી પુનમ રાખ. કદાચ એમ પણ તને નરુચે તો અમે તને પૂછીએ છીએ કે ચોમાસા સંબંધી પુનમોની વૃદ્ધિમાં તું તેરસની વૃદ્ધિ કરે છે, અને બાકીનું પુનમોની વૃદ્ધિમાં પડવાની વૃદ્ધિ કરે છે, આવું ક્યાં શીખેલો છે ? કેમકે બધી પણ અમાવાસ્યા અને પુનમાદિક તિથિઓ પર્વપણે

આરાધવા લાયક જ છે, જે માટે શ્રાદ્ધદિનકૃત્યસૂત્રમાં કહ્યું છે કે છ તિથિઓમાંથી આજ કઈ તિથિ છે ? ઈત્યાદિક પાઠથી સર્વે પણ તિથિઓ આરાધવા લાયક છે, વળી ચૌદશ આઠમ ઈત્યાદિક સૂત્રની વ્યાખ્યા આવી રીતે છે- ચઉદશ અને આઠમ તો પ્રસિદ્ધ જ છે. ઉદ્દિષ્ટ એટલે મહાકલ્યાણક સંબંધી હોવાને લીધે પવિત્રતિથિ તરીકે પ્રસિદ્ધ થયેલી તિથિને વિષે તેમજ પુનમ એટલે ત્રણે પણ ચોમાસી તિથિઓમાં (સંપૂર્ણ પૌષધવ્રત લેપશ્રાવક કરતો હતો.) એવી રીતે સૂયગડાંગ સૂત્રના બીજાશ્રુતસ્કંધ સૂત્રની ટીકામાં લેપશ્રાવકના અધિકારમાં છે. આ (ત્રણ પુનમનું) પર્વનું આરાધન ચરિતાનુવાદ રૂપ છે. સો વખત શ્રાવકનીપ્રતિમાને વહેનારા કાર્ત્તિક શ્રેષ્ઠિની પેઠે એ જાણવું. પરન્તુ (ત્રણ જ પુનમનું આરાધન) વિધિવાદરૂપ નથી. ચરિતાંનુવાદ અને વિધિવાદનું લક્ષણ કરાય છે કે જે ક્રિયાનું અનુષ્ઠાન કોઈ એકેજ કરાય તે ચરિતાંનુવાદ, અને જે ક્રિયાનું અનુષ્ઠાન બધાથી કરાય તે વિધિવાદ, અને વિધિવાદ તો બધાએ પણ અંગીકાર કરવો જ જોઈએ. ચરિતાંનુવાદને બધાએ અંગીકાર કરવો એવો નિયમ નથી આ વાત અર્થથી સેનપ્રશ્નમાં કહેલી છે. માટે કદાગ્રહને છોડી દે અને પુનમની વૃદ્ધિએ બે તેરશો કર. નહિંતર તું ગુરૂને લોપનાર અને ઠગ થઈશ. એ સંક્ષેપથી કહ્યું. તેમજ શ્રાદ્ધવિધિમાં પણ તિથિના સ્વરૂપનું જેમ નિરૂપણ કરેલું છે તે પણ તું સાવધાન થઈને સાંભલ-

સવારે પચ્ચખ્ખાણની વખતે જે તિથિ હોય તે પ્રમાણ ગણવી, કેમકે લોકમાં પણ સૂર્યના ઉદયને અનુસારે દિવસ વિગેરેનો વ્યવહાર થાય છે, વલી પૂર્વઋષિઓએ કહેલું પણ છે કે ચોમાસી, સંવચ્છરી, પક્ખી, પાંચમ અને આઠમમાં તે તિથિઓ ગણવી કે જેમાં સૂર્યનો ઉદય હોય, પણ સૂર્ય ઉદય વગરની તે તિથિઓ ન લેવી ॥૧॥ પૂજા પચ્ચખ્ખાણ પ્રતિક્રમણ તેમજ નિયમગ્રહણ જે તિથિમાં સૂર્યનો ઉદય થાય તે તિથિએ કરવું જોઈએ ॥૨॥ ઉદયને વિષે જે તિથિ હોય તે પ્રમાણ કરવી જો બીજી તિથિ કરવામાં આવે તો આજ્ઞાભંગ ૧ અનવસ્થા ૨ મિથ્યાત્વ ૩ અને વિરાધના ૪ પામે ॥૩॥ 'પારાસરસ્મૃતિ' માં પણ કહ્યું છે કે સૂર્યના ઉદયની વખતે જે થોડીપણ તિથિ હોય તે સંપૂર્ણ છે એમ જાણવું, પણ ઉદય વગરની ઘણી હોય તો પણ તે સંપૂર્ણ ન જાણવી. ઉમાસ્વાતિ વાચકનો પ્રઘોષ તો એમ સંભળાય છે કે

- ક્ષયમાં પહેલાની તિથિ કરવી અને વૃદ્ધિમાં બીજી તિથિ કરવી. અને શ્રીવીરજ્ઞાનનિર્વાણનો મહોત્સવ અહીં લોકને અનુસાર કરવો. એ રીતે શ્રાદ્ધવિધિમાં નિરૂપણ કરેલું છે. માટે કદાગ્રહને છોડીને આગમને અનુસારે બરોબર કર અને પૂર્વાચાર્યોની પરંપરા પ્રમાણે પ્રવૃત્તિ રાખ, પણ કદાગ્રહે કરીને કુમાર્ગનું પ્રવર્તન કરીશ માં. ઉત્સૂત્રપ્રરૂપણાથી અનંત સંસારની વૃદ્ધિ થાય છે માટે, તેથી એ સિદ્ધ થયું કે પુનમ વધે ત્યારે તેરસ વધારવી, આવી રીતે શ્રીપ્રશ્નવિચારસમ્પૂર્ણ થયો સં. ૧૮૯૫ વર્ષે ચૈત્ર સુદી ૧૪ને દિવસે પંડિત ભોજાજીએ આ પ્રત લખી આપી છે. ખરતરગચ્છમાં પાદરા ગામમાં શા. કપુરશાહને લખી આપી છે ॥ તેમજ તેરસ ચૌદશ અને અમાવાસ્યા તો ત્રણે તિથિઓ પુરી હોય તોપણ જો લોક ચૌદશે દિવાલી કરે તો તેરસચૌદશનો છઠ્ઠ કરવો, કારણ કે શ્રી મહાવીરભગવાનનું નિર્વાણ કલ્યાણક લોકને અનુસારે કરવું કહ્યું છે. શ્રી શ્રાદ્ધવિધિમાં ક્ષયમાં પહેલી તિથિ અને વૃદ્ધિમાં બીજી લેવી, અને શ્રીમહાવીરનું નિર્વાણ લોકને અનુસારે કરવું એમ કહ્યું છે.

આ પ્રશ્નવિચારને વાંચનારો મનુષ્ય શાસ્ત્ર અને પરમ્પરાને માનતો હશે તો પુનમની વૃદ્ધિએ જરૂર તેરસની વૃદ્ધિ કરશે, અને એ હિસાબે ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિએ ભાદરવા સુદ ત્રીજની જ વૃદ્ધિ કરવી યોગ્ય ઠરે છે, અને તેથી ગુરૂવારની સંવચ્છરી આ વખતે કરનારા શાસ્ત્ર અને પરંપરાને આરાધનારા છે.

માલવાદેશાન્તર્ગત રત્નપુરીય શ્રીઋષભદેવ કેશરીમલજી નામની
શ્વેતામ્બરસંસ્થા તરફથી જામનગરમાં શ્રીજૈનભાસ્કરોદય પ્રેસમાં
મેનેજર બાલચંદ હીરાલાલે છાપ્યું.

વર્તમાન સમયે પૂ.આ. શ્રીઅશોકસાગરસૂરિ મ.સ



શ્રી નાગેશ્વર
પાર્શ્વનાથ તીર્થ
ઊન્દેલ (રાજ.)

શ્રી માંડવગઢ



શ્રી જંબૂદ્વીપ દેરાસર

શ્રી માણિભદ્રતીર્થ
(ઉજ્જૈન-મધ્યપ્રદેશ)

શ્રી નવકાર

ાર્ગદર્શન મુજબ શાસનની સેવાઅર્પી રહેલા તીર્થો.

(મધ્યપ્રદેશ)

(પાલિતાણા)

પ-પાલિતાણા)

અજીતશાંતિ તીર્થ બામણવાડા
(ઉંઝા ઊ.ગુ.)

શ્રી આર્યરક્ષિતસૂરિ તીર્થધામ
મંદસૌર (મ.પ્ર.)

PADMAVATI
(079)5630531

પૂ.આગમોદ્ધારકશ્રીની આગમવાણીને સુરક્ષિત રાખનાર મુખ્ય સ્થાપત્યો

શ્રી વર્ધમાન જૈન
આગમમંદિર સંસ્થા
(પાલિતાણા-સૌરાષ્ટ્ર)

શ્રી વર્ધમાન જૈન
તામ્રપત્ર આગમમંદિર
(સુરત)

પૂજ્ય આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા.



જૈનાનંદ પુસ્તકાલય
(સુરત)

શેઠ શ્રી દેવચંદ લાલભાઇ ઝવેરી
જૈન પુસ્તકોદ્ધાર ફંડ (સુરત)